Hindi / English / Gujarati

शिव पुराण

महर्षि वेद व्यास

महाकाव्य

॥ શ્રીહરિઃ ॥

વિષય—સૂચી

વિષય	પૃષ્ઠ-સંખ્યા
શ્રીશિવપુરાણ-માહાત્મ્ય	
૧—શૌનકજીના સાધનવિષયક પ્રશ્ન કરવા પર સૂતજીએ એમને શિવપુરાણના ઉત્કૃષ્ટ મહિમાનું શ્રવણ કરાવ્યું	૧
૨—શિવપુરાણના શ્રવણથી દેવરાજને શિવલોકની પ્રાપ્તિ અને ચંચુલાને પાપનો ભય તથા સંસાર પ્રત્યે વૈરાગ્ય	૨
૩—ચંચુલાની પ્રાર્થનાથી બ્રાહ્મણનું એને પૂરું શિવપુરાણ સંભળાવવું અને સમયાનુસાર શરીર છૂટ્યા પછી શિવલોકમાં જઈને ચંચુલાનું પાર્વતીજીની સખી થવું અને સુખી થવું	૬
૪—ચંચુલાના પ્રયત્નથી પાર્વતીજીની આજ્ઞા મેળવીને તુમ્બુરુની વિંધ્યપર્વત પર શિવપુરાણની કથા સંભળાવવી અને બિન્દુગનો પિશાચ યોનિથી ઉદ્ધાર પામવો તથા એ બંને દંપતીઓનું શિવધામમાં સુખી થવું	૯
૫—શિવપુરાણના શ્રવણની વિધિ તથા શ્રોતાઓએ પાલન કરવાના નિયમોનું વર્ણન	૧૨
શ્રી શિવમહાપુરાણ (વિદ્યેશ્વરસંહિતા)	
૧—પ્રયાગમાં સૂતજીને મુનિઓ દ્વારા તરત પાપનાશ કરનાર સાધન વિષયક પ્રશ્ન	૧૬
૨—શિવપુરાણનો પરિચય	૧૮
૩—સાધ્ય-સાધન વગેરેનો વિચાર તથા શ્રવણ, કીર્તન અને મનન - આ ત્રણ સાધનોની શ્રેષ્ઠતાનું પ્રતિપાદન	૧૯
૪—ભગવાન શિવના લિંગ અને સાકાર વિગ્રહની પૂજાનું રહસ્ય અને મહત્ત્વનું વર્ણન	૨૧
૫—મહેશ્વરનું બ્રહ્મા અને વિષ્ણુને પોતાનું નિષ્કલ અને સકલ સ્વરૂપનો પરિચય આપવાનું અને લિંગપૂજનનું મહત્ત્વ બતાવવું	૨૩
૬—પાંચ કૃત્યોનું પ્રતિપાદન, પ્રણવ અને પંચાક્ષર-મંત્રની મહત્તા, બ્રહ્મા અને વિષ્ણુ દ્વારા ભગવાન શિવની સ્તુતિ તથા તેમનું અંતર્ધાન થવું	૨૫
૭—શિવલિંગની સ્થાપના, એનાં લક્ષણો અને પૂજનની વિધિનું વર્ણન તથા શિવપદની પ્રાપ્તિ કરાવનારાં સત્કર્મોનું વિવેચન	૨૮
૮—મોક્ષદાયક પુણ્યક્ષેત્રોનું વર્ણન, કાલવિશેષમાં વિભિન્ન નદીઓમાં સ્નાનના ઉત્તમ ફળનો નિર્દેશ અને તીર્થોમાં પાપ ન કરવાની ચેતવણી	૩૨
૯—સદાચાર, શૌચાચાર, સ્નાન, ભસ્મધારણ, સંધ્યાવંદન, પ્રણવ-જપ ગાયત્રી-જપ, દાન, ન્યાયપૂર્વક ધનોપાર્જન અને અગ્નિહોત્ર વગેરેની વિધિ તથા મહિમાનું વર્ણન	૩૫
૧૦—અગ્નિયજ્ઞ, દેવયજ્ઞ અને બ્રહ્મયજ્ઞ વગેરેનું વર્ણન, ભગવાન શિવ દ્વારા સાતેય વારનું નિર્માણ તથા તેમાં દેવ-આરાધનાથી વિભિન્ન પ્રકારનાં ફળની પ્રાપ્તિનું કથન	૪૧
૧૧—દેશ, કાળ, પાત્ર અને દાન અંગે વિચાર	૪૪
૧૨—પૃથ્વી વગેરેથી નિર્મિત દેવ પ્રતિમાઓની પૂજન-વિધિ, નૈવેદ્યનો વિચાર, પૂજનના વિવિધ ઉપચારોનું ફળ, વિશેષ માસ, વાર, તિથિ અને નક્ષત્રોના યોગમાં પૂજનનું વિશેષ ફળ તથા લિંગનું વૈજ્ઞાનિક સ્વરૂપનું વિવેચન	૪૭
૧૩—પ્રણવ સ્વરૂપ પ્રણવનું માહાત્મ્ય, એનું સૂક્ષ્મરૂપ (ઓંકાર) અને સ્થૂલરૂપ (પંચાક્ષર મંત્ર)નું વિવેચન, એના જપની વિધિ અને મહિમા, કાર્ય બ્રહ્મના લોકોથી લઈને કારણ રુદ્રના લોકો સુધીનું વિવેચન કરીને કાલાતીત, પંચાવરણ વિશિષ્ટ શિવલોકના અનિર્વચનીય વૈભવનું નિરૂપણ તથા શિવભક્તોના સત્કારની મહત્તા	૫૩
૧૪—બંધન અને મોક્ષનું વિવેચન, શિવપૂજાનો ઉપદેશ, લિંગ વગેરેમાં શિવ-પૂજનનું વિધાન, ભસ્મના સ્વરૂપનું નિરૂપણ અને મહત્ત્વ, શિવ અને ગુરુ શબ્દની વ્યુત્પત્તિ તથા શિવજ્ઞ ભસ્મ ધારણ કરે છે તેનું રહસ્ય	૬૦
૧૫—પાર્થિવલિંગના નિર્માણની રીતિ તથા વેદ-મંત્રો દ્વારા એના પૂજનની વિસ્તૃત અને સંક્ષિપ્ત વિધિનું વર્ણન	૬૬
૧૬—પાર્થિવપૂજાનો મહિમા, શિવનૈવેદ્યભક્ષણ અંગે નિર્ણય અને બિલ્વનું માહાત્મ્ય	૭૩
૧૭—શિવનામ-જપ તથા ભસ્મ ધારણ કરવાનો મહિમા, ત્રિપુંડ્રના દેવતા અને સ્થાન વગેરેનું પ્રતિપાદન	૭૬
૧૮—રુદ્રાક્ષ ધારણનો મહિમા અને એના વિવિધ ભેદોનું વર્ણન	૮૧
રુદ્રસંહિતા, પ્રથમ (સૃષ્ટિ) ખંડ	
૧—ઋષિઓના પ્રશ્નના ઉત્તરમાં નારદ-બ્રહ્મ સંવાદની અવતારણા કરતાં સૂતજીનો એમને નારદમોહનો પ્રસંગ સંભળાવવો; કામવિજયના ગર્વથી યુક્ત નારદનું શિવ, બ્રહ્મા તથા વિષ્ણુ પાસે જઈને પોતાના તપનો પ્રભાવ બતાવવો	૮૫
૨—માયાનિર્મિત નગરમાં શીલનિધિની કન્યા પર	

વિષય	પૃષ્ઠ-સંખ્યા
૧૧—બ્રહ્માજી પાસેથી દક્ષની અનુમતિ મેળવીને દેવતાઓ અને મુનિઓ સહિત ભગવાન શિવનું દક્ષને ઘેર જવું, દક્ષ દ્વારા સર્વનો સત્કાર તથા સતી અને શિવનો વિવાહ	૧૬૮
૧૨—સતી અને શિવ દ્વારા અગ્નિની પરિક્રમા, શ્રીહરિ દ્વારા શિવતત્ત્વનું વર્ણન, શિવનું બ્રહ્માજીને આપેલા વરદાન અનુસાર વેદી પર સદાને માટે અવસ્થાન તથા શિવ અને સતીનું વિદાય થવું અને કૈલાસ પર જવું	૧૭૦
૧૩—સતીનો પ્રશ્ન તથા તેના ઉત્તરમાં ભગવાન શિવ દ્વારા જ્ઞાન અને નવધા ભક્તિના સ્વરૂપનું વિવેચન	૧૭૨
૧૪—દંડકારણ્યમાં શિવને શ્રીરામ પ્રતિ મસ્તક નમાવતાં જોઈને સતીનો મોહ તથા શિવની આજ્ઞાથી એમના દ્વારા શ્રીરામની પરીક્ષા	૧૭૬
૧૫—શ્રીશિવ દ્વારા ગોકુલધામમાં શ્રીવિષ્ણુનો ગોપેશ પદ પર અભિષેક અને એમને પ્રણામ કર્યા તે પ્રસંગ સાંભળીને શ્રીરામનો સતીના મનનો સંદેહ દૂર કરવો, સતીનો શિવ દ્વારા માનસિક ત્યાગ.....	૧૭૯
૧૬—પ્રયાગમાં સમસ્ત મહાત્મા મુનિઓ દ્વારા કરેલા યજ્ઞમાં દક્ષનો ભગવાન શિવને તિરસ્કારપૂર્વક શાપ દેવો તથા નંદી દ્વારા બ્રાહ્મણકુલને શાપ-પ્રદાન, ભગવાન શિવનું નંદીને શાંત કરવા અંગે આશ્વાસન	૧૮૩
૧૭—દક્ષ દ્વારા મહાન યજ્ઞનું આયોજન, એમાં બ્રહ્મા, વિષ્ણુ, દેવતાઓ અને ઋષિઓનું આગમન, દક્ષ દ્વારા સૌનો સત્કાર, યજ્ઞનો આરંભ, દધીચ દ્વારા ભગવાન શિવને બોલાવવાનો અનુરોધ અને દક્ષે વિરોધ કરવાથી શિવભક્તોનું ત્યાંથી નીકળી જવું	૧૮૬
૧૮—દક્ષયજ્ઞના સમાચાર જાણીને સતીનો શિવજીને ત્યાં જવાનો અનુરોધ, દક્ષના શિવદ્રોહને જાણીને ભગવાન શિવની આજ્ઞાથી દેવી સતીનું પિતાના યજ્ઞમંડપ તરફ અને શિવગણોની સાથે પ્રસ્થાન	૧૮૯
૧૯—યજ્ઞશાળામાં શિવનો ભાગ ન જોતાં સતીનાં રોષપૂર્ણ વચન, દક્ષ દ્વારા શિવ-નિંદાનું શ્રવણ તથા દેવતાઓને ધિક્કાર-ફિટકાર દ્વારા ઠપકો અને સતી દ્વારા પોતાના પ્રાણત્યાગનો નિશ્ચય	૧૯૧
૨૦—સતીનું યોગાગ્નિથી પોતાના શરીરને ભસ્મ કરી દેવું, દર્શકોનો હાહાકાર, શિવપાર્ષદોનો પ્રાણત્યાગ તથા દક્ષ પર આક્રમણ, ઋભુઓ દ્વારા એમનું ભાગી જવું તથા દેવતાઓની ચિંતા	૧૯૪
૨૧—આકાશવાણી દ્વારા દક્ષની ભર્ત્સના, એમના વિનાશની સૂચના તથા સમસ્ત દેવતાઓને યજ્ઞમંડપમાંથી નીકળી જવાની પ્રેરણા	૧૯૬
૨૨—ગણોના મુખથી અને નારદથી પણ સતીના ભસ્મ થઈ જવાની વાત સાંભળીને દક્ષ પર કુપિત થવું અને શિવની જટામાંથી વીરભદ્ર અને મહાકાલીને પ્રગટ કરીને એમને યજ્ઞ-વિધ્વંસ કરવા અને વિરોધીઓને સળગાવી દેવાની આજ્ઞા આપવી	૧૯૮
૨૩—પ્રમથગણો સહિત વીરભદ્ર અને મહાકાલીનું દક્ષયજ્ઞ-વિધ્વંસને માટે પ્રસ્થાન, દક્ષ તથા દેવતાઓને અપશુકન અને ઉત્પાતસૂચક લક્ષણોનું દર્શન અને ભય થવો	૨૦૧
૨૪—દક્ષની યજ્ઞ રક્ષા માટે શ્રીવિષ્ણુને પ્રાર્થના, ભગવાનની શિવદ્રોહજનિત સંકટને ટાળવામાં પોતાની અસમર્થતા બતાવતાં દક્ષને સમજાવવું અને સેનાસહિત વીરભદ્રનું આગમન	૨૦૨
૨૫—દેવતાઓનું પલાયન થવું, ઇન્દ્ર વગેરેના પૂછવા પર બૃહસ્પતિનું રુદ્રદેવ અજેય હોવાનું કહેવું, વીરભદ્ર દેવતાઓને યુદ્ધ માટે લલકારે છે, શ્રીવિષ્ણુ અને વીરભદ્રની વાતચીત અને વિષ્ણુ વગેરેનું પોતપોતાના લોકમાં જવું અને દક્ષ તથા યજ્ઞનો વિનાશ કરીને વીરભદ્રનું કૈલાસમાં પાછા ફરવું	૨૦૫
૨૬—શ્રીવિષ્ણુના પરાજયમાં દધીચ મુનિના શાપને કારણ બનાવતાં દધીચ અને ધ્રુવના વિવાદનો ઇતિહાસ, મૃત્યુંજય-મંત્રના અનુષ્ઠાનથી દધીચની અવધ્યતા અને શ્રીહરિનો ધ્રુવને દધીચના પરાજય માટે યત્ન કરવાનું આશ્વાસન	૨૦૮
૨૭—શ્રીવિષ્ણુ અને દેવતાઓથી અપરાજિત દધીચનો એમને માટે શાપ અને ધ્રુવ પર અનુગ્રહ	૨૧૨
૨૮—દેવતાઓ સહિત બ્રહ્માનું વિષ્ણુલોકમાં જઈને પોતાના દુઃખનું નિવેદન કરવું, શ્રીવિષ્ણુ દ્વારા એમને શિવની ક્ષમા માગવાની અનુમતિ આપવી અને એમને સાથે લઈને કૈલાસ પર જવું તથા ભગવાન શિવને મળવું	૨૧૪
૨૯—દેવતાઓ દ્વારા ભગવાન શિવની સ્તુતિ, ભગવાન શિવનું દેવતા વગેરેનાં અંગોનું ઠીક થવું અને દક્ષના જીવિત હોવાનું વરદાન આપવું, શ્રીહરિ વગેરેની સાથે યજ્ઞમંડપમાં પધારીને શિવજી દ્વારા દક્ષનું જીવિત થવું તથા દક્ષ અને વિષ્ણુ વગેરે દ્વારા એમની સ્તુતિ	૨૧૬
૩૦—ભગવાન શિવની દક્ષને પોતાની ભક્તવત્સલતા, જ્ઞાની ભક્તની શ્રેષ્ઠતા અને ત્રણે દેવોની એકતા બતાવવી, દક્ષે પોતાનો યજ્ઞ પૂર્ણ કર્યો, સર્વ દેવતા વગેરે પોતપોતાને સ્થાને ગયા, અને સતીખંડનો ઉપસંહાર અને માહાત્મ્ય કથન	૨૨૦

વિષય	પૃષ્ઠ-સંખ્યા
રુદ્રસંહિતા, તૃતીય (પાર્વતી) ખંડ	
૧—હિમાલયનાં સ્થાવર-જંગમ દ્વિવિધ સ્વરૂપ અને દિવ્યત્વનું વર્ણન, મેનાની સાથે એમનો વિવાહ તથા મેના વગેરેને પૂર્વજન્મમાં પ્રાપ્ત થયેલ સનકાદિનો શાપ અને વરદાનનું કથન	૨૨૩
૨—દેવતાઓનું હિમાલય પાસે જવું, એમનાથી સત્કૃત થઈને એમને ઉમા આરાધનની વિધિ બતાવીને સ્વયં પણ એક સુંદર સ્થાનમાં જઈને એમની સ્તુતિ કરવા લાગ્યા	૨૨૫
૩—ઉમાદેવીનું દિવ્યરૂપે દેવતાઓને દર્શન દેવું, દેવતાઓનાં એમના અભિપ્રાયનું નિવેદન કરવું અને દેવીએ અવતાર લેવાની સ્વીકૃતિ આપીને દેવતાઓને આશ્વાસન આપવું	૨૨૭
૪—મેનાને પ્રત્યક્ષ દર્શન આપીને શિવાદેવીનું એમને ઈચ્છિત વરદાનથી સંતોષ આપવો અને મેનાથી મૈનાકનો જન્મ	૨૨૯
૫—દેવી ઉમાનું હિમવાનના હૃદય તથા મેનાના ગર્ભમાં આવવું, ગર્ભસ્થા દેવીનું દેવતાઓ દ્વારા સ્તવન, એમનો દિવ્યરૂપે પ્રાદુર્ભાવ, માતા મેના સાથે વાતચીત તથા નવજાત કન્યાના રૂપે પરિવર્તિત થઈ જવું	૨૩૨
૬—પાર્વતીનું નામકરણ અને વિદ્યાધ્યયન, નારદનું હિમવાનને ત્યાં જવું, પાર્વતીનો હાથ જોઈ ભાવિ ફળ બતાવવું, ચિંતિત થયેલા હિમવાનને આશ્વાસન આપીને પાર્વતીનો વિવાહ શિવજી સાથે કરવા કહેવું અને એમના સંદેહનું નિવારણ કરવું	૨૩૩
૭—મેના અને હિમાલયની વાતચીત, પાર્વતી તથા હિમવાનનાં સ્વપ્ન તથા ભગવાન શિવથી 'મંગલ' ગ્રહની ઉત્પત્તિનો પ્રસંગ	૨૩૭
૮—ભગવાન શિવનું ગંગાવતરણ તીર્થમાં તપસ્યા માટે આવવું, હિમવાન દ્વારા એમનું સ્વાગત, પૂજન અને સ્તવન તથા ભગવાન શિવની આજ્ઞા અનુસાર એમના એ સ્થાન પર બીજાઓને ન જવા દેવાની વ્યવસ્થા કરવી	૨૪૦
૯—હિમવાનનો પાર્વતીને શિવની સેવામાં રાખવા માટે એમની પાસે આજ્ઞા માગવી અને શિવે કારણ બતાવતાં એ પ્રસ્તાવનો અસ્વીકાર કરવો	૨૪૨
૧૦—પાર્વતી અને શિવનો દાર્શનિક સંવાદ, શિવની પાર્વતીને પોતાની સેવામાં રહેવા આજ્ઞા આપવી અને પાર્વતી દ્વારા ભગવાન શિવની પ્રતિદિન સેવા	૨૪૪
૧૧—તારકાસુરના સતાવેલા દેવતાઓ દ્વારા બ્રહ્માજીને પોતાની કષ્ટકથા સંભળાવવી, બ્રહ્માજીનો એમને પાર્વતીની સાથે શિવનો વિવાહ થાય તે માટે ઉદ્યોગ કરવાનો આદેશ આપવો, બ્રહ્માજીના સમજાવવાથી તારકાસુરનું સ્વર્ગ છોડવું અને દેવતાઓનું ત્યાં રહીને લક્ષ્યસિદ્ધિ માટે પ્રયત્નશીલ થવું	૨૪૬
૧૨—ઈન્દ્ર દ્વારા કામનું સ્મરણ, એની સાથે એમની વાતચીત તથા એમના કહેવાથી કામે શિવજીને મોહ પમાડવા માટે કરેલું પ્રસ્થાન	૨૪૮
૧૩—રુદ્રના નેત્રાગ્નિથી કામનું ભસ્મ થવું, રતિનો વિલાપ, દેવતાઓની પ્રાર્થનાથી શિવના કામને દ્વાપરમાં પ્રદ્યુમ્નરૂપે નૂતન શરીરની પ્રાપ્તિ માટે વરદાન આપવું અને રતિનું શંબર નગરમાં જવું	૨૫૦
૧૪—બ્રહ્માજીની શિવના ક્રોધ-અગ્નિને વડવાનલની સંજ્ઞા આપીને સમુદ્રમાં સ્થાપના કરીને સંસારનો ભય દૂર કરવો, શિવના વિરહથી પાર્વતીનો શોક તથા નારદજી દ્વારા એમને તપસ્યા માટે ઉપદેશપૂર્વક પંચાક્ષર-મંત્રની પ્રાપ્તિ	૨૫૩
૧૫—શ્રીશિવની આરાધના માટે પાર્વતીજીની દુષ્કર તપસ્યા	૨૫૭
૧૬—પાર્વતીની તપસ્યા બાબતે દૃઢતા, પ્રથમ કરતાં પણ વધારે એમનું ઉગ્ર તપ, એથી ત્રિલોકીનું સંતપ્ત થવું અને સમસ્ત દેવતાઓની સાથે બ્રહ્મા અને વિષ્ણુ ભગવાનનું શિવને સ્થાને જવું	૨૫૯
૧૭—દેવતાઓનો ભગવાન શિવને પાર્વતી સાથે વિવાહ કરવાનો અનુરોધ, ભગવાને વિવાહના દોષો બતાવીને, અસ્વીકાર કર્યો, અને પુનઃ પ્રાર્થના કરવાથી સ્વીકાર કરી લેવો	૨૬૧
૧૮—ભગવાન શિવની આજ્ઞાથી સપ્તર્ષિઓનું પાર્વતીના આશ્રમે જઈને શિવવિષયક અનુરાગની પરીક્ષા કરવી અને ભગવાનને બધો વૃત્તાંત બતાવી સ્વર્ગ તરફ જવું	૨૬૫
૧૯—ભગવાન શંકરનું જટિલ તપસ્વી બ્રાહ્મણના રૂપમાં પાર્વતીના આશ્રમે જવું, એમનાથી સત્કૃત થયા પછી એમની તપસ્યાનું કારણ પૂછવું અને પાર્વતીજી દ્વારા પોતાની સખી વિજયા દ્વારા સર્વ કાંઈ સંભળાવવું	૨૬૮
૨૦—પાર્વતીની વાત સાંભળીને જટાધારી બ્રાહ્મણ શિવની નિંદા કરતાં કરતાં એમના તરફથી મન પાછું વાળવાનો આદેશ આપવો	૨૭૧
૨૧—પાર્વતી દ્વારા શિવની મહત્તાનું પ્રતિપાદન, રોષપૂર્વક જટિલ બ્રાહ્મણને ફટકારવો, સખી દ્વારા પુનઃ બોલવાથી રોકવું તથા ભગવાનનું એમને પ્રત્યક્ષ દર્શન થવું અને સાથે ચાલવાને માટે કહેવું	૨૭૩
૨૨—શિવ અને પાર્વતીની વાતચીત, શિવનો પાર્વતીના અનુરોધનો સ્વીકાર કરવો	૨૭૬

વિષય	પૃષ્ઠ-સંખ્યા
૨૩—પાર્વતીનો પિતાના ઘરમાં સત્કાર, મહાદેવજીની નટલીલાનો ચમત્કાર, એમની મેના વગેરે પાસે પાર્વતીની યાચના અને માતાપિતાની અસ્વીકૃતિ હોવાથી અંતર્ધાન થઈ જવું	૨૭૮
૨૪—દેવતાઓના અનુરોધથી વૈષ્ણવ બ્રાહ્મણના વેશમાં શિવજીનું હિમવાનને ઘેર જવું અને શિવની નિંદા કરીને પાર્વતીનું લગ્ન એમની સાથે ન કરવાનું કહેવું	૨૮૧
૨૫—મેનાનો કોપભવનમાં પ્રવેશ, ભગવાન શિવ દ્વારા હિમવાનની પાસે સપ્તર્ષિઓનું જવું તથા હિમવાન દ્વારા એમનો સત્કાર, સપ્તર્ષિ તથા અરુન્ધતીનું અને મહર્ષિ વસિષ્ઠનો મેના તથા હિમવાનને સમજાવવાનો પ્રયત્ન અને પાર્વતીનો વિવાહ ભગવાન શિવ સાથે કરવા માટે કહેવું	૨૮૩
૨૬—સપ્તર્ષિઓ દ્વારા સમજાવવાથી તથા મેરુ વગેરેના કહેવાથી પત્ની સહિત હિમવાન દ્વારા શિવની સાથે પોતાની પુત્રીનું લગ્ન કરવાનો નિશ્ચય કરવો તથા સપ્તર્ષિઓનું શિવ પાસે જઈને એમને સર્વ વાતો જણાવીને પોતાના ધામમાં જવું	૨૮૭
૨૭—હિમવાન ભગવાન શિવને લગ્ન-પત્રિકા મોકલે છે, વિવાહ-લગ્ન માટે જરૂરી સામાન ભેગો કરવો, મંગલાચારનો આરંભ કરવો, એમનું નિમંત્રણ મેળવીને પર્વતો અને નદીઓનું દિવ્યરૂપમાં આગમન, નગરની સજાવટ અને વિશ્વકર્મા દ્વારા દિવ્ય-મંડપ અને દેવતાઓના નિવાસને માટે દિવ્ય-લોકોનું નિર્માણ કરાવવું	૨૯૦
૨૮—ભગવાન શિવ દ્વારા, નારદજી દ્વારા સર્વ દેવતાઓને આમંત્રણ નિમંત્રણ પાઠવવું, સર્વનું આગમન, શિવનો મંગલાચાર અને ગ્રહપૂજન વગેરે કરીને કૈલાસથી બહાર પ્રસ્થાન કરવું	૨૯૪
૨૯—ભગવાન શિવનું જાન લઈને હિમાલયપુરી તરફ પ્રસ્થાન	૨૯૬
૩૦—હિમવાન દ્વારા જાનનું સામૈયું તથા સર્વને અભિનંદન અને વંદન, મેના દ્વારા નારદજીને બોલાવવા અને જાનૈયાનો પરિચય પ્રાપ્ત કરવો તથા શિવ અને એમના ગણોને જોઈ ભયથી મૂર્છિત થઈ જવું	૨૯૮
૩૧—મેનાનો વિલાપ, શિવની સાથે કન્યાનું લગ્ન ન કરવાની હઠ, દેવતાઓ તથા શ્રીવિષ્ણુ એમને સમજાવે છે તથા એમનું સુંદર રૂપ ધારણ કર્યાથી જ શિવને કન્યાદાન કરવાનો વિચાર પ્રગટ કરવો	૩૦૨
૩૨—ભગવાન શિવનું પોતાનું પરમ સુંદર દિવ્યરૂપ પ્રગટ કરવું, મેનાની પ્રસન્નતા અને ક્ષમા-પ્રાર્થના તથા પુરવાસિની સ્ત્રીઓને શિવરૂપનું દર્શન થવું તથા જન્મ અને જીવનને સફળ માનવાં	૩૦૬
૩૩—મેના દ્વારા ભગવાન શિવનું નિરીક્ષણ, એમના રૂપને જોઈને સંતોષનો અનુભવ, અન્યાન્ય યુવતીઓ દ્વારા વરની પ્રશંસા, પાર્વતીનું અંબિકાપૂજન માટે બહાર જવું તથા દેવતાઓ અને ભગવાન શિવનું એમનું સુંદર રૂપ જોઈને પ્રસન્ન થવું	૩૦૮
૩૪—વરપક્ષનાં આભૂષણોથી વિભૂષિત શિવાની નીરાજના, કન્યાદાનના સમયે બધા દેવતાઓનું હિમાચલના ઘરના આંગણામાં બિરાજવું અને વરવધૂ દ્વારા એકબીજાનું પૂજન	૩૧૦
૩૫—શિવ-પાર્વતીના વિવાહનો આરંભ, હિમાલય દ્વારા શિવના ગોત્ર અંગે પ્રશ્ન થવાથી નારદજી દ્વારા ઉત્તર, હિમાલયનું કન્યાદાન કરવું અને શિવને દહેજ આપવું તથા શિવાનો અભિષેક	૩૧૨
૩૬—શિવના વિવાહનો ઉપસંહાર, એમના દ્વારા દક્ષિણા-વિતરણ, વરવધૂનું કુળદેવતાના પૂજન માટે જવું અને વાસભવનમાં જવું, ત્યાં સ્ત્રીઓ દ્વારા એમની પાસે લોકાચારનું પાલન કરાવવું, રતિની પ્રાર્થનાથી શિવ દ્વારા કામને જીવનદાન અને વરદાન આપવું, વરવધૂનું એકબીજાને મિષ્ટાનભોજન કરાવવું અને શિવનું જાનીવાસે પરત આવવું	૩૧૫
૩૭—રાત્રે પરમ સુંદર રીતે સજાવેલા વાસગૃહમાં શયન કરીને પ્રાતઃકાલ ભગવાન શિવનું જાનીવાસમાં આગમન	૩૧૮
૩૮—ચતુર્થીકર્મ, જાન ઘણા દિવસ રહી, સપ્તર્ષિઓએ સમજાવ્યું ત્યારે હિમાલય જાનને વિદાય આપવા રાજી થયા, મેના શિવને પોતાની કન્યા સોંપે છે અને જાનનું પુરી બહાર જઈને રોકાઈ જવું	૩૨૦
૩૯—મેનાની ઇચ્છા અનુસાર એક બ્રાહ્મણ પત્નીનો પાર્વતીને પતિવ્રત ધર્મનો ઉપદેશ દેવો	૩૨૧
૪૦—શિવ-પાર્વતીની તથા એમની જાનની વિદાય, ભગવાન શિવનું સમસ્ત દેવતાઓને વિદાય કરીને કૈલાસ પર રહેવું અને પાર્વતી ખંડના શ્રવણનું માહાત્મ્ય	૩૨૬
રુદ્રસંહિતા, ચતુર્થ (કુમાર) ખંડ	
૧—દેવતાઓ દ્વારા સ્કન્દને શિવ-પાર્વતી પાસે આણવો, એમનો લાડ પ્યાર, દેવોની માગણી હોવાથી શિવજીનું એનું તારક-વધ માટે સ્વામી કાર્તિકનું પ્રદાન, કુમારની અધ્યક્ષતામાં દેવસેનાનું પ્રસ્થાન, મહીસાગર સંગમ પર તારકાસુરનું આવવું, અને બંને સેનાઓમાં અથડામણ, વીરભદ્રનો તારકાસુર સાથે ઘોર-સંગ્રામ, પુનઃ શ્રીહરિ અને તારકનું ભયાનક યુદ્ધ	૩૨૯

વિષય	પૃષ્ઠ-સંખ્યા
૨—બ્રહ્માજીની આજ્ઞાથી કુમારનું યુદ્ધ માટે જવું, તારકની સાથે એમનો ભીષણ-સંગ્રામ અને એમના દ્વારા તારકનો વધ, ત્યાર પછી દેવતાઓ દ્વારા કુમારને અભિનંદન અને સ્તવન, કુમારનું એમને વરદાન આપીને કૈલાસ પર જઈને શિવ પાર્વતી પાસે તેમનો નિવાસ	૩૩૨
૩—શિવાએ પોતાના મેલથી ગણેશને ઉત્પન્ન કરીને દ્વારપાલ-પદ પર નિયુક્ત કર્યા, ગણેશ દ્વારા શિવજીને રોકવાથી એમનો શિવગણો સાથે ભયંકર સંગ્રામ, શિવજી દ્વારા ગણેશનો શિરચ્છેદ, કુપિત થયેલાં શિવા શક્તિઓને ઉત્પન્ન કરે છે અને એમના દ્વારા પ્રલયનું સર્જન, દેવતાઓ અને ઋષિઓના સ્તવન દ્વારા પાર્વતીને પ્રસન્ન કરવાં, એમના દ્વારા પુત્રને જીવિત કરવાની વાત કહેવા પર શિવજીની આજ્ઞા અનુસાર હાથીનું માથું લવાયું અને એને ગણેશજીના ધડ સાથે જોડીને એમને જીવિત કરવા	૩૩૫
૪—પાર્વતી દ્વારા ગણેશજીને વરદાન, દેવો દ્વારા એમને અગ્રપૂજ્ય મનાયા, શિવજી દ્વારા ગણેશને સર્વાધ્યક્ષપદ પ્રદાન અને ગણેશ - ચતુર્થીવ્રતનું વર્ણન, તે પછી સર્વ દેવોએ એમની સ્તુતિ કરી અને હર્ષપૂર્વક સૌનું પોતપોતાને સ્થાને પરત જવું	૩૪૦
૫—સ્વામિકાર્તિક અને ગણેશની બાળ-લીલા, બંનેનો પરસ્પર વિવાહ બાબત વિવાદ, શિવજી દ્વારા પૃથ્વી-પરિક્રમાનો આદેશ, કાર્તિકેયનું પ્રસ્થાન, ગણેશે માતા-પિતાની પરિક્રમા કરીને એમની પાસે પૃથ્વી - પરિક્રમા કરી હોવાનું સ્વીકૃત કરાવવું, વિશ્વરૂપની સિદ્ધિ અને બુદ્ધિ નામની બંને કન્યાઓનો વિવાહ ગણેશ સાથે અને એમનાથી ક્ષેમ અને લાભ એમ બે પુત્રોની ઉત્પત્તિ, કુમારનું પૃથ્વી પરિક્રમા કરીને પરત આવવું અને ક્રુદ્ધ થઈને તેમનું ક્રૌંચપર્વત પર ચાલ્યા જવું, કુમારખંડના શ્રવણનો મહિમા	૩૪૪

રુદ્રસંહિતા, પંચમ (યુદ્ધ) ખંડ

૧—તારકપુત્ર તારકાક્ષ, વિદ્યુન્માલી અને કમલાક્ષની તપસ્યા, બ્રહ્મા દ્વારા એમને વરદાન પ્રદાન, મયદ્વારા એમને માટે ત્રણ પુરોનું નિર્માણ અને એમની સજાવટ - શોભાનું વર્ણન	૩૪૯
૨—તારક-પુત્રોના પ્રભાવથી સંતપ્ત થયેલા દેવોનું બ્રહ્માની પાસે કરુણ પુકાર, બ્રહ્માનું એ સૌલોકોને શિવની પાસે મોકલવા, શિવની આજ્ઞાથી દેવોનું વિષ્ણુને શરણે જવું અને વિષ્ણુ દ્વારા એ દૈત્યો મોહિત થયા અને એમને આચાર-ભ્રષ્ટ કરવા	૩૫૨
૩—દેવોનું શિવજી પાસે જવું, સ્તવન કરવું, શિવજી ત્રિપુરવધ માટે તૈયાર ન થયા, બ્રહ્મા અને વિષ્ણુને સમજાવવું વિષ્ણુ દ્વારા નિર્દિષ્ટ શિવમંત્રનો દેવો દ્વારા તથા વિષ્ણુ દ્વારા જપ, શિવજીની પ્રસન્નતા અને એમને માટે વિશ્વકર્મા દ્વારા સર્વદેવમય રથનું નિર્માણ	૩૫૪
૪—સર્વદેવમય રથનું વર્ણન, શિવજીનું એ રથ પર ચઢીને યુદ્ધને માટે પ્રસ્થાન, એમનું પશુપતિ નામ પડવાનું કારણ, શિવજી દ્વારા ગણેશ પૂજન, મયદાનવનું ત્રિપુરથી જીવિત બચી જવું	૩૫૮
૫—દેવોના સ્તવનથી શિવજીનો કોપ શાંત થયો, અને શિવજી એમને વરદાન આપે છે, મય દાનવનું શિવજી પાસે આવવું અને એમની પાસે વરદાન – યાચના કરવી, શિવજી પાસેથી વરદાન પામીને મયનું વિતલલોકમાં જતાં રહેવું	૩૬૩
૬—દંભની તપસ્યા અને વિષ્ણુ દ્વારા એને પુત્ર-પ્રાપ્તિનું વરદાન, શંખચૂડનો જન્મ અને તપ તથા એને વરદાનની પ્રાપ્તિ, બ્રહ્માજીની આજ્ઞાથી એનું પુષ્કરમાં તુલસી પાસે આવવું અને એની સાથે વાર્તાલાપ, બ્રહ્માનું પુનઃ તથા પ્રાગટ્ય, બંનેને આશીર્વાદ આપવા, શંખચૂડનું ગાંધર્વ-વિધિથી તુલસીનું પાણિગ્રહણ	૩૬૬
૭—અસુર રાજ્ય પર શંખચૂડનો અભિષેક અને એના દ્વારા દેવોના અધિકારો છીનવાઈ જવા, દેવોનું બ્રહ્માના શરણમાં જવું, બ્રહ્માનું એમને સાથે લઈને વિષ્ણુ પાસે જવું, વિષ્ણુ દ્વારા શંખચૂડના જન્મનારહસ્યનું ઉદ્‌ઘાટન અને પછી બધાંનું શિવ પાસે જવું અને શિવસભામાં એની ઝાંકી તથા પોતાનો અભિપ્રાય પ્રગટ કરવો	૩૭૦
૮—દેવતાઓનું રુદ્ર પાસે જઈ પોતાના દુઃખનું નિવેદન કરવું, રુદ્ર દ્વારા એમને આશ્વાસન અને ચિત્રરથને શંખચૂડ પાસે મોકલવો, ચિત્રરથનું પાછું આવવું, રુદ્રના ગણો, પુત્રો અને ભદ્રકાલીસહિત યુદ્ધ માટે પ્રસ્થાન, પેલી બાજુ શંખચૂડનું સેનાસહિત પુષ્પભદ્રાના તટ પર પડાવ અને દાનવરાજના દૂત અને શિવની વાતચીત	૩૭૩
૯—દેવતાઓ અને દાનવોનું યુદ્ધ, શંખચૂડ સાથે વીરભદ્રનો સંગ્રામ, પુનઃ એની સાથે ભદ્રકાળીનું ભયંકર યુદ્ધ અને આકાશવાણી સાંભળીને નિવૃત્ત થવું, શિવજીનું શંખચૂડ સાથે યુદ્ધ અને આકાશવાણી સાંભળીને યુદ્ધમાંથી નિવૃત્ત થવું અને વિષ્ણુને પ્રેરિત કરવા, વિષ્ણુ દ્વારા કવચ અને તુલસીના શીલનું અપહરણ, પછી રુદ્રના હાથે ત્રિશૂળ દ્વારા શંખચૂડનો વધ, શંખની ઉત્પત્તિનું કથન	૩૭૭
૧૦—વિષ્ણુ દ્વારા તુલસીના શીલ-હરણનું વર્ણન, કુપિત	

વિષય	પૃષ્ઠ-સંખ્યા
થયેલી તુલસી દ્વારા વિષ્ણુને શાપ, શંભુ દ્વારા તુલસી અને શાલગ્રામ - શિલાના માહાત્મ્યનું વર્ણન	૩૮૨
૧૧—ઉમા દ્વારા શંભુનાં નેત્ર ઢંકાઈ જવાથી અંધકારમાં શંભુના પરસેવાથી અંધકાસુરની ઉત્પત્તિ, હિરણ્યાક્ષની પુત્રપ્રાપ્તિ અર્થે તપસ્યા અને શિવનું એને પુત્રરૂપે અંધકનું આપવું, હિરણ્યાક્ષ ત્રિલોકીને જીતીને પૃથ્વીને રસાતલમાં લઈ જાય છે અને વરાહરૂપ ધારી વિષ્ણુ દ્વારા એનો વધ	૩૮૪
૧૨—હિરણ્યકશિપુની તપસ્યા અને બ્રહ્માજી પાસેથી વરદાન મેળવીને એનો અત્યાચાર, નૃસિંહ દ્વારા એનો વધ અને પ્રહ્લાદને રાજ્યપ્રાપ્તિ	૩૮૭
૧૩—ભાઈઓના ઠપકાથી અંધકનું તપ કરવું અને વરદાન મેળવીને ત્રિલોકીને જીતીને સ્વેચ્છાચારમાં પ્રવૃત્ત થવું, એના મંત્રીઓ દ્વારા શિવ-પરિવારનું વર્ણન, પાર્વતીના સૌંદર્ય પર મોહિત થઈને અંધકનું ત્યાં જવું અને નંદીશ્વર સાથે યુદ્ધ, અંધકના પ્રહારથી નંદીશ્વરની મૂર્છા, પાર્વતીના આહ્વાનથી દેવીઓનું પ્રગટ થઈને યુદ્ધ કરવું, શિવનું આગમન અને યુદ્ધ, શિવજી દ્વારા શુક્રાચાર્યનું ગળાઈ જવું, શિવની પ્રેરણાથી વિષ્ણુનું કાલીરૂપ ધારણ કરીને દાનવોના રક્તનું પાન કરવું, શિવે અંધકને પોતાના ત્રિશૂળમાં પરોવ્યો અને યુદ્ધની સમાપ્તિ	૩૮૯
૧૪—નન્દીશ્વર દ્વારા શુક્રાચાર્યનું અપહરણ અને શિવ દ્વારા એમને ગળી જવું, સો વર્ષ બાદ શુક્રનું શિવલિંગને રસ્તે બહાર આવવું, શિવ દ્વારા એમનું નામ 'શુક્ર' પાડવામાં આવ્યું, શુક્ર દ્વારા જપેલા મૃત્યુંજય-મંત્ર અને શિવઅષ્ટોત્તરશતનામ-સ્તોત્રનું વર્ણન, શિવ દ્વારા અંધકને વરદાન મળવું	૩૯૫
૧૫—શુક્રાચાર્યની ઘોર તપસ્યા, શિવજીને પોતાનું ચિત્તરત્ન અર્પણ કરવું તથા અષ્ટમૂર્ત્યષ્ટક-સ્તોત્ર દ્વારા એમનું સ્તવન કરવું, શિવજીનું પ્રસન્ન થવું અને એમને મૃતસંજીવની વિદ્યા તથા અન્યાન્ય વરદાન આપવાં	૪૦૨
૧૬—બાણાસુરની તપસ્યા, શિવદ્વારા વરદાન પ્રાપ્તિ, શિવગણો અને પુત્રોસહિત એનો નગરમાં નિવાસ, બાણની પુત્રી ઉષાને સ્વપ્ન સમયમાં અનિરુદ્ધ સાથેનું મિલન, ચિત્રલેખા દ્વારા અનિરુદ્ધનું દ્વારકાથી અપહરણ, બાણનું અનિરુદ્ધને નાગપાશમાં બંધન, દુર્ગાના સ્તવનથી અનિરુદ્ધનું બંધનમુક્ત થવું, નારદ દ્વારા સમાચાર મેળવીને શ્રીકૃષ્ણની શોણિતપુર પર ચઢાઈ, શિવની સાથે એમનું ઘોર યુદ્ધ. શિવની આજ્ઞાથી શ્રીકૃષ્ણનું એમને જૃંભણાસ્ત્રથી મોહિત કરીને બાણની સેનાનો સંહાર કરવો	૪૦૬
૧૭—શ્રીકૃષ્ણ દ્વારા બાણની ભુજાઓનું છેદાઈ જવું, માથું કાપવા માટે તૈયાર થયેલા શ્રીકૃષ્ણને શિવજી રોકે છે, અને એમને સમજાવે છે, શ્રીકૃષ્ણનું પરિવાર સહિત દ્વારકા પરત જવું, બાણ તાંડવનૃત્ય દ્વારા શિવને પ્રસન્ન કરે છે, શિવ દ્વારા એને અન્યાન્ય વરદાનોની સાથે મહાકાલત્વની પ્રાપ્તિ	૪૧૨
૧૮—ગજાસુરની તપસ્યા, વરદાન-પ્રાપ્તિ અને એનો અત્યાચાર, શિવ દ્વારા એનો વધ, એની પ્રાર્થનાથી શિવનું એના ચર્મનું ધારણ કરવું અને 'કૃત્તિવાસા' નામથી વિખ્યાત થવું તથા કૃત્તિવાસેશ્વર-લિંગની સ્થાપના કરવી	૪૧૪
૧૯—દુન્દુભિનિર્હ્રાદ નામના દૈત્યનું વાયરૂપે શિવ-ભક્ત પર આક્રમણ કરવાનો વિચાર અને શિવ દ્વારા એનો વધ	૪૧૬
૨૦—વિદલ અને ઉત્પલ નામના દૈત્યોનું પાર્વતી પર મોહિત થવું અને પાર્વતીના કન્દુક - પ્રહાર દ્વારા એમને મરણને શરણ પહોંચાડવા, કન્દુકેશ્વરની સ્થાપના અને એનો મહિમા	૪૧૭
શતરુદ્રસંહિતા	
૧—શિવજીના સદ્યોજાત, વામદેવ, તત્પુરુષ, અઘોર અને ઈશાન નામના પાંચ અવતારોનું વર્ણન	૪૧૯
૨—શિવજીની અષ્ટમૂર્તિઓનું તથા અર્ધનારીનરરૂપનું સવિસ્તર વર્ણન	૪૨૧
૩—વારાહ કલ્પમાં થનાર શિવજીના પ્રથમ અવતારથી લઈને નવમ ઋષભ અવતાર સુધીનું વર્ણન	૪૨૪
૪—શિવજી દ્વારા દશમાથી લઈને અઠ્ઠાવીશમા યોગેશ્વર અવતારોનું વર્ણન	૪૨૬
૫—નન્દીશ્વરાવતારનું વર્ણન	૪૨૮
૬—નંદીશ્વરનો જન્મ, વરદાન પ્રાપ્તિ, અભિષેક અને વિવાહનું વર્ણન	૪૩૦
૭—કાલભૈરવનું માહાત્મ્ય, વૈશ્વાનરની તપસ્યા અને શિવજીનું પ્રસન્ન થઈને એમની પત્ની શુચિષ્મતીના ગર્ભથી એમના પુત્રરૂપે પ્રગટ થવું અને એમને વરદાન આપવું	૪૩૩
૮—શિવજીનું શુચિષ્મતીના ગર્ભથી પ્રાગટ્ય બ્રહ્મા દ્વારા બાળકના સંસ્કાર કરાવી 'ગૃહપતિ' નામ રાખવું, નારદજી દ્વારા એનું ભવિષ્ય-કથન, પિતાની આજ્ઞાથી ગૃહપતિનું કાશીમાં જઈને તપ કરવું, ઇન્દ્રનું વરદાન આપવા માટે પ્રગટ થવું, ગૃહપતિની એની અસ્વીકૃતિ, ઠોકર મારવી, શિવજીનું પ્રગટ થઈ જવું અને એમને વરદાન આપીને દિક્પાલપદ પ્રદાન કરવું તથા અગ્નિ ઈશ્વરલિંગ અને અગ્નિનું માહાત્મ્ય	૪૩૬

વિષય	પૃષ્ઠ-સંખ્યા
૯—શિવજીના મહાકાલ વગેરે દસ અવતારોનું તથા એકાદશ રુદ્ર-અવતારોનું વર્ણન	૪૪૧
૧૦—શિવજીનાં 'દુર્વાસા-અવતાર' અને હનુમદ્ અવતારનું વર્ણન	૪૪૩
૧૧—શિવજીના પિપ્પલાદ-અવતારના પ્રસંગમાં દેવતાઓની દધીચિ મુનિ પાસેથી અસ્થિ-યાચના, દધીચિનો શરીરત્યાગ, વજ્રનિર્માણ તથા તે દ્વારા વૃત્રાસુરનો વધ, સુવર્ચાનો દેવતાઓને શાપ, પિપ્પલાદનો જન્મ અને એમનો વિસ્તૃત વૃત્તાંત	૪૪૫
૧૨—ભગવાન શિવની દ્વિજેશ્વરાવતારની કથા - રાજા ભદ્રાયુ તથા રાણી કીર્તિમાલિનીની ધાર્મિક દૃઢતાની પરીક્ષા	૪૪૮
૧૩—ભગવાન શિવનો યતિનાથ અને હંસ નામનો અવતાર	૪૫૧
૧૪—ભગવાન શિવના કૃષ્ણદર્શન નામના અવતારની કથા	૪૫૨
૧૫—ભગવાન શિવના અવધૂતેશ્વરાવતારની કથા અને એના મહિમાનું વર્ણન	૪૫૫
૧૬—ભગવાન શિવના ભિક્ષુવર્ય-અવતારની કથા, રાજકુમાર અને દ્વિજકુમાર પર કૃપા	૪૫૭
૧૭—શિવના સુરેશ્વરાવતારની કથા, ઉપમન્યુની તપસ્યા અને એમને ઉત્તમ વરદાનની પ્રાપ્તિ	૪૬૦
૧૮—શિવજીના કિરાત-અવતારના પ્રસંગમાં શ્રીકૃષ્ણ દ્વારા દ્વૈતવનમાં દુર્વાસાના શાપથી પાંડવોની રક્ષા, વ્યાસજીની અર્જુનને શક્રવિદ્યા અને પાર્થિવ પૂજનની વિધિ બતાવીને તપને માટે સંમતિ આપવી, અર્જુનનું ઇન્દ્રકીલ પર્વત પર તપ, ઇન્દ્રનું આગમન અને અર્જુનને વરદાન, અર્જુનનું શિવજીના ઉદ્દેશ્યથી પુનઃ તપમાં પ્રવૃત્ત થવું	૪૬૨
૧૯—કિરાત અવતારના પ્રસંગમાં મૂક નામના દૈત્યે શૂકરરૂપે અર્જુન પાસે આવવું, શિવજીનું કિરાતવેશે પ્રગટ થવું અર્જુન તથા કિરાત વેશધારી શિવદ્વારા એ દૈત્યનો વધ	૪૬૫
૨૦—અર્જુન અને શિવદૂતનો વાર્તાલાપ, કિરાત વેશધારી શિવજીની સાથે અર્જુનનું યુદ્ધ, ઓળખવા પર અર્જુન દ્વારા શિવ-સ્તુતિ, શિવજીનું અર્જુનને વરદાન આપીને અંતર્ધાન થવું, અર્જુનનું આશ્રમમાં પાછા ફરવું અને ભાઈઓને મળવું, શ્રીકૃષ્ણનું અર્જુનને મળવા ત્યાં પધારવું	૪૬૭
૨૧—શિવજીના દ્વાદશ જ્યોતિર્લિંગાવતારોનું સવિસ્તર વર્ણન	૪૭૩
કોટિરુદ્રસંહિતા	
૧—દ્વાદશ જ્યોતિર્લિંગ તથા એમનાં ઉપલિંગોનું વર્ણન અને એમનાં દર્શન-પૂજનનો મહિમા	૪૭૭

વિષય	પૃષ્ઠ-સંખ્યા
૨—કાશી વગેરે વિભિન્ન લિંગોનું વર્ણન તથા અત્રીશ્વરની ઉત્પત્તિના પ્રસંગમાં ગંગા અને શિવની અત્રિના તપોવનમાં નિત્ય નિવાસ કરવાની કથા	૪૮૦
૩—ઋષિકા પર ભગવાન શિવની કૃપા એક અસુરથી એના ધર્મની રક્ષા કરીને એના આશ્રમમાં 'નન્દિકેશ' નામે નિવાસ કરવો અને વર્ષમાં એક દિવસ ગંગાનું પણ ત્યાં આવવું	૪૮૧
૪—પ્રથમ જ્યોતિર્લિંગ સોમનાથના પ્રાદુર્ભાવની કથા અને એનો મહિમા	૪૮૩
૫—મલ્લિકાર્જુન અને મહાકાલનામનાં જ્યોતિર્લિંગના આવિર્ભાવની કથા તથા એમનો મહિમા	૪૮૫
૬—મહાકાલના માહાત્મ્યના પ્રસંગમાં શિવભક્ત રાજા ચંદ્રસેન તથા ગોપ-બાળક શ્રીકરની કથા	૪૮૭
૭—વિન્ધ્યની તપસ્યા, ઓંકારમાં પરમેશ્વરલિંગનો પ્રાદુર્ભાવ અને એના મહિમાનું વર્ણન	૪૯૧
૮—કેદારેશ્વર તથા ભીમશંકર નામનાં જ્યોતિર્લિંગોના આવિર્ભાવની કથા તથા એમના માહાત્મ્યનું વર્ણન	૪૯૩
૯—વિશ્વેશ્વર જ્યોતિર્લિંગ અને એમના મહિમાના પ્રસંગમાં પંચક્રોશીની મહત્તાનું પ્રતિપદન	૪૯૭
૧૦—વારાણસી તથા વિશ્વેશ્વરનું માહાત્મ્ય	૫૦૦
૧૧—ત્ર્યમ્બક જ્યોતિર્લિંગના પ્રસંગમાં ગૌતમ દ્વારા થયેલા પરોપકારની કથા, એમના તપના પ્રભાવથી અક્ષય જલ પ્રાપ્ત કરીને ઋષિઓની અનાવૃષ્ટિના કષ્ટથી રક્ષા કરવી; ઋષિઓનું છલપૂર્વક એમને ગોહત્યામાં ફસાવીને આશ્રમથી કાઢી મૂકવા અને શુદ્ધિનો ઉપાય બતાવવો	૫૦૨
૧૨—પત્નીસહિત ગૌતમની આરાધનાથી સંતુષ્ટ થઈ ભગવાન શિવે એમને દર્શન આપ્યાં, ગંગાને ત્યાં સ્થાપિત કરીને સ્વયં શિવ પણ ત્યાં સ્થિર થઈ ગયા, દેવતાઓનું જ્યારે બૃહસ્પતિ સિંહ રાશિ પર આવે, ત્યાં આવવું, ગંગાજીના વિશેષ માહાત્મ્યનો સ્વીકાર કરવો, ગંગાનું ગૌતમી (અથવા ગોદાવરી) નામે અને શિવનું ત્ર્યંબક જ્યોતિર્લિંગ નામે વિખ્યાત થવું તથા એ બંનેનો મહિમા	૫૦૫
૧૩—વૈદ્યનાથેશ્વર જ્યોતિર્લિંગના પ્રાગટ્યની કથા તથા મહિમા	૫૦૮
૧૪—નાગેશ્વર નામના જ્યોતિર્લિંગનો પ્રાદુર્ભાવ અને એનો મહિમા	૫૧૦
૧૫—રામેશ્વર નામના જ્યોતિર્લિંગના આવિર્ભાવ તથા માહાત્મ્યનું વર્ણન	૫૧૨
૧૬—ઘુશ્માની શિવભક્તિથી એના મરેલા પુત્રનું જીવિત થવું, ઘુશ્મેશ્વર શિવનો પ્રાદુર્ભાવ તથા એમના મહિમાનું વર્ણન	૫૧૪

વિષય	પૃષ્ઠ-સંખ્યા
કથન	૭૦૯
૬—શિવના શુદ્ધ, બુદ્ધ, મુક્ત, સર્વમય, સર્વવ્યાપક અને સર્વાતીત સ્વરૂપનું અને એમની પ્રણવરૂપતાનું પ્રતિપાદન	૭૧૧
૭—પરમેશ્વરની શક્તિનો ઋષિઓ દ્વારા સાક્ષાત્કાર, શિવના પ્રસાદથી પ્રાણીઓની મુક્તિ, શિવની સેવા-ભક્તિ તથા પાંચ પ્રકારના શિવ-ધર્મનું વર્ણન	૭૧૩
૮—શિવ-જ્ઞાન, શિવની ઉપાસનાથી દેવતાઓને એમનાં દર્શન, સૂર્યદેવમાં શિવની પૂજા કરીને અર્ઘ્યદાનની વિધિ તથા વ્યાસાવતારોનું વર્ણન	૭૧૫
૯—શિવના અવતાર, યોગાચાર્યો તથા એમના શિષ્યોની નામાવલી	૭૧૮
૧૦—ભગવાન શિવ પ્રત્યે શ્રદ્ધા-ભક્તિની આવશ્યકતાનું પ્રતિપાદન, શિવધર્મના ચાર પાદનું વર્ણન અને જ્ઞાનયોગનાં સાધનો તથા શિવધર્મના અધિકારીઓનું નિરૂપણ, શિવપૂજનના અનેક પ્રકાર અને અનન્યચિત્તથી ભજનનો મહિમા	૭૧૯
૧૧—વર્ણાશ્રમ-ધર્મ તથા નારી-ધર્મનું વર્ણન; શિવનાં ભજન, ચિંતન અને જ્ઞાનની મહત્તાનું પ્રતિપાદન	૭૨૨
૧૨—પંચાક્ષર-મંત્રના માહાત્મ્યનું વર્ણન	૭૨૬
૧૩—પંચાક્ષર-મંત્રનો મહિમા, એમાં સમસ્ત વાઙ્મયની સ્થિતિ, એની ઉપદેશ પરંપરા, દેવીરૂપા પંચાક્ષર-વિદ્યાનું ધ્યાન, એના સમસ્ત અને વ્યસ્ત અક્ષરોના ઋષિ, છંદ, દેવતા, બીજ, શક્તિ તથા અંગન્યાસ વગેરેનો વિચાર	૭૨૮
૧૪—ગુરુ પાસેથી મંત્ર લેવાની તથા એના જપની વિધિ, પાંચ પ્રકારના જપ તથા એનો મહિમા, મંત્રની ગણના માટે વિભિન્ન પ્રકારની માળાઓનું મહત્ત્વ તથા આંગળીઓના ઉપયોગનું વર્ણન, જપ માટે ઉપયોગી સ્થાન તથા દિશા જપમાં વર્જનીય વાતો, સદાચારનું મહત્ત્વ, આસ્તિકતાની પ્રશંસા તથા પંચાક્ષર-મંત્રની વિશેષતાનું વર્ણન	૭૩૨
૧૫—ત્રિવિધ દીક્ષાનું નિરૂપણ, શક્તિપાતની, આવશ્યકતા તથા એનાં લક્ષણોનું વર્ણન, ગુરુનું મહત્ત્વ, જ્ઞાની ગુરુથી જ મોક્ષની પ્રાપ્તિ તથા ગુરુ દ્વારા શિષ્યની પરીક્ષા	૭૩૬
૧૬—સમય-સંસ્કાર અથવા સમયાચાર દીક્ષાની વિધિ	૭૩૯
૧૭—ષડધ્વશોધનની વિધિ	૭૪૩
૧૮—ષડધ્વશોધનની વિધિ	૭૪૫
૧૯—સાધક-સંસ્કાર અને મંત્ર-માહાત્મ્યનું વર્ણન	૭૪૯
૨૦—યોગ્ય શિષ્યની આચાર્યપદ પર અભિષેકનું વર્ણન તથા સંસ્કારના વિવિધ પ્રકારોનો નિર્દેશ	૭૫૦
૨૧—અન્તર્યાગ અથવા માનસિક પૂજાવિધિનું વર્ણન	૭૫૨
૨૨—શિવપૂજનની વિધિ	૭૫૩
૨૩—શિવપૂજાની વિશેષ વિધિ તથા શિવભક્તિનો મહિમા	૭૫૭
૨૪—પંચાક્ષર-મંત્રના જપ તથા ભગવાન શિવનાં ભજન-પૂજનનો મહિમા, અગ્નિકાર્ય માટે કુંડ અને વેદી આદિના સંસ્કાર, શિવાગ્નિની સ્થાપના અને એના સંસ્કાર, હોમ, પૂર્ણાહુતિ, ભસ્મનો સંગ્રહ અને રક્ષણની વિધિ તથા હવનાન્તમાં થનારાં કૃત્યોનું વર્ણન	૭૬૦
૨૫—કામ્ય કર્મના પ્રસંગમાં શક્તિ સહિત પંચમુખ મહાદેવની પૂજાના વિધાનનું વર્ણન	૭૬૫
૨૬—આવરણપૂજાની વિસ્તૃત વિધિ તથા ઉક્ત વિધિથી પૂજનના મહિમાનું વર્ણન	૭૬૮
૨૭—શિવનાં પાંચ આવરણોમાં સ્થિત બધા દેવતાઓની સ્તુતિ તથા એમની પાસેથી અભીષ્ટપૂર્તિ અને મંગલની કામના	૭૭૩
૨૮—ઐહિક ફળ દેનાર કર્મો અને એમની વિધિનું વર્ણન, શિવપૂજનની વિધિ, શાંતિ-પુષ્ટિ વગેરે વિવિધ કામ્ય કર્મોમાં વિભિન્ન હવનીય પદાર્થોના ઉપયોગનું વિધાન	૭૮૯
૨૯—પારલૌકિક ફળ દેનારાં કર્મ-શિવલિંગ-મહાવ્રતનો વિધિ અને મહિમાનું વર્ણન	૭૯૩
૩૦—યોગના અનેક ભેદ, એનાં આઠ અને છ અંગોનું વિવેચન યમ, નિયમ, આસન, પ્રાણાયામ, દશવિધ પ્રાણોને જીતવાનો મહિમા, પ્રત્યાહાર, ધારણા, ધ્યાન અને સમાધિનું નિરૂપણ	૭૯૪
૩૧—યોગમાર્ગનાં વિઘ્ન, સિદ્ધિ-સૂચક ઉપસર્ગ તથા પૃથ્વીથી લઈને બુદ્ધિતત્ત્વપર્યંત ઐશ્વર્યગુણોનું વર્ણન, શિવ-શિવાના ધ્યાનનો મહિમા	૭૯૮
૩૨—ધ્યાન અને એનો મહિમા, યોગધર્મ તથા શિવયોગીનું મહત્ત્વ, શિવભક્ત અથવા શિવને માટે પ્રાણ આપવા અથવા શિવક્ષેત્રમાં મરણથી તત્કાલ મોક્ષ-લાભનું કથન	૮૦૩
૩૩—વાયુદેવનું અંતર્ધાન થવું, ઋષિઓનું સરસ્વતીમાં અવભૃથ-સ્નાન અને કાશીમાં દિવ્ય તેજનાં દર્શન કરીને બ્રહ્માજી પાસે જવું, બ્રહ્માજીએ એમને સિદ્ધિ-પ્રાપ્તિની સૂચના આપીને મેરુના કુમારશિખર પર મોકલવા	૮૦૭
૩૪—મેરુગિરિના સ્કંદ-સરોવરના તટ પર મુનિઓનું સનત્કુમારજીને મળવું, ભગવાન નંદીનું ત્યાં પહોંચવું અને દૃષ્ટિપાતમાત્રથી પાશ છેદન અને જ્ઞાનયોગનો ઉપદેશ કરીને ચાલ્યા જવું, શિવપુરાણનો મહિમા તથા ગ્રંથનો ઉપસંહાર	૮૧૦

ચિત્ર-સૂચી

વિષય		પૃષ્ઠ-સંખ્યા
	રેખા-ચિત્ર	
૧.	લિંગસ્થિત ભગવાન્ શિવ	.... મુખપૃષ્ઠ
૨.	શૌનકજીને સૂતજી દ્વારા શિવપુરાણનો ઉત્કૃષ્ટ મહિમા સંભળાવવો	.... ૧
૩.	યમપુરીમાં ગયેલા દેવરાજ બ્રાહ્મણને વિમાનમાં બેસાડીને શિવદૂતોનું કૈલાસ જવા માટે ઉદ્યત થવું તથા ધર્મરાજનું પોતાના ભવનથી બહાર નીકળીને તે બધાની પૂજા અને પ્રાર્થના કરવી.	.... ૩
૪.	વાષ્કલનગર-નીવાસિની ચંચુલાએ ગોકર્ણક્ષેત્રમાં શિવકથા વાંચવાવાળા એક પૌરાણિક બ્રાહ્મણને પોતાનો ઉદ્ધાર કરવાની વાત કરવી	.... ૫
૫.	શિવપુરાણ સાંભળવાના પરિણામ-સ્વરૂપે શિવ દ્વારા મોકલેલ વિમાનમાં બેસીને ચંચુલાનું શિવલોકમાં આગમન તથા પાર્વતીએ તેને પોતાની સખી સ્વીકારી	.... ૮
૬.	ચંચુલાની સાથે જઈને તેના પતિ પિશાચ યોનિવાળા બિન્દુગને શિવપુરાણની કથા સંભળાવવા પાર્વતીદેવીનો ગંધર્વરાજ તુમ્બરુને આદેશ	.... ૧૦
૭.	ચંચુલાની સાથે વિન્ધ્ય પર્વત પર જઈને ગંધર્વરાજ તુમ્બરુનું બિન્દુગ પિશાચને પાશો દ્વારા બાંધવું તથા હાથમાં વીણા લઈને ગૌરી-પતિની કથાનું ગાન આરંભ કરવું	.... ૧૧
૮.	સરસ્વતી નદીના તટ પર તપસ્યારત વ્યાસદેવને સનત્કુમારે સત્યવસ્તુ–ભગવાન શિવના ચિંતનનો આદેશ કરવો.	.... ૨૧
૯.	મહેશ્વરનો બ્રહ્મા અને વિષ્ણુને પોતાના નિષ્કલ અને સકલ સ્વરૂપનો પરિચય આપવો તથા બંનેની મધ્યમાં ભીષણ અગ્નિસ્તમ્ભના રૂપમાં તેમનો આવિર્ભાવ	.... ૨૪
૧૦.	હિમાલયપર્વતની એક ગુફામાં નારદજીની તપસ્યા	૮૬
૧૧.	પોતાના કામ-વિજયનો વૃત્તાંત વિષ્ણુને કહેવા નારદજીનું માટે વિષ્ણુલોકમાં આગમન	.... ૮૮
૧૨.	વિષ્ણુ દ્વારા માયાનિર્મિત નગરમાં રાજા નારદને રત્નસિંહાસન પર બેસાડીને શીલનિધિએ પૂજન કરવું તથા પોતાની કન્યા શ્રીમતીને તેમને પ્રણામ કરવાનો આદેશ આપવો	.... ૯૦
૧૩.	રાજપુત્રોથી સમલંકૃત રાજા શીલનિધિની સ્વયંવરસભામાં બેઠેલા કદરૂપા મોંઢાવાળા નારદજીને જોઈને બ્રાહ્મણ-વેષમાં આવીને બેઠેલા બે રુદ્ર-પાર્ષદોનો વિનોદ કરવો	.... ૯૨
૧૪.	નારદે અરીસામાં પોતાનું વાનર સમાન મોંઢું જોવું અને ઉપહાસ કરવાવાળા બંને રુદ્ર-ગણોને શાપ આપવો	.... ૯૩
૧૫.	નારદજીએ માયા દૂર થઈ જવાથી પશ્ચાત્તાપપૂર્વક ભગવાન વિષ્ણુના ચરણોમાં પડીને પોતાની શુદ્ધિનો ઉપાય પૂછ્યો	.... ૯૪
૧૬.	નારદજીએ બ્રહ્મલોકમાં જઈને બ્રહ્માજીને ભક્તિપૂર્વક નમસ્કાર કરવા અને અનેક પ્રકારના સ્તોત્રો દ્વારા તેમની સ્તુતિ કરીને તેમને શિવતત્ત્વના વિષયમાં પૂછવું	.... ૯૭
૧૭.	સદાશિવ દ્વારા સ્વરૂપભૂતા શક્તિ-(અમ્બિકા)નું પ્રગટીકરણ	.... ૯૯
૧૮.	અવિમુક્તક્ષેત્ર (કાશી)–આનન્દવનમાં પાર્વતીની સાથે વિચરણ કરતા ભગવાન શિવ દ્વારા પોતાના વામભાગના દસમા અંગથી વિષ્ણુને પ્રગટ કરવા.	.... ૧૦૧
૧૯.	શિવે બ્રહ્માનો હાથ પકડીને વિષ્ણુને તેમને સોંપીને સંકટના સમયે સદાય તેમની સહાયતા કરતા રહેવા માટે કહેવું	.... ૧૧૦
૨૦.	બ્રહ્માજીનું ઋષિઓ અને દેવતાઓની સાથે ક્ષીર-સાગરના તટ પર વિષ્ણુની પાસે આગમન	.... ૧૧૬
૨૧.	કૈલાસના શિખર પર નિવાસ કરનારા સામ્બ શિવનું ધ્યાન કરવા યોગ્ય પંચમુખ-રૂપ	.... ૧૨૨
૨૨.	બ્રહ્મા દ્વારા ઘોર અને ઉત્કૃષ્ટ તપ કરવાથી તેમની બંને ભ્રમર અને નાકના મધ્યભાગથી શિવનું અર્ધનારીશ્વરરૂપમાં પ્રાગટ્ય	.... ૧૨૮
૨૩.	બ્રહ્મા દ્વારા પ્રાર્થના કરવાથી શિવનું પોતાના જ સમાન ઘણા રુદ્ર-ગણોનું સર્જન કરવું	.... ૧૨૯
૨૪.	બ્રહ્માએ પોતાના શરીરનું બે ભાગોમાં વિભક્ત કરીને બે રૂપવાળા થઈ જવું તથા એકથી મનુ અને બીજાથી શતરૂપાને ઉત્પન્ન કરવાં.	.... ૧૩૦
૨૫.	કામ્પિલ્ય-નગરમાં નિવાસ કરનારા યજ્ઞદત્ત બ્રાહ્મણના દુરાચારી પુત્ર ગુણનિધિનો શિવમંદિરમાં નૈવેદ્ય ચોરવાની ઇચ્છાથી પ્રવેશ	.... ૧૩૨
૨૬.	કલિંગરાજ દમનો ગ્રામાધ્યક્ષોને બોલાવીને પોતપોતાનાં ગામોનાં શિવાલયોમાં હંમેશાં દીપ પ્રગટાવવાનો આદેશ આપવો	.... ૧૩૨

વિષય		પૃષ્ઠ-સંખ્યા
૨૭.	બ્રહ્માજીને સમસ્ત શુભ-શિવ-ચરિત્ર સંભળાવવા માટે નારદની પ્રાર્થના	૧૩૭
૨૮.	બ્રહ્માના હૃદયથી મનોહર રૂપવાળી સુંદરી નારી સંધ્યાનું ઉત્પન્ન થવું	૧૩૭
૨૯.	મરીચિ આદિ ઋષિઓ દ્વારા મનોભવ કામદેવના મદન, મન્મથ, દર્પક, કંદર્પ આદિ અનેક નામ રાખવાં.	૧૩૯
૩૦.	દક્ષ દ્વારા પોતાના જ શરીરથી પ્રગટેલ 'રતિ' નામની કન્યા કંદર્પને સંકલ્પપૂર્વક સોંપવી	૧૪૦
૩૧.	બ્રહ્માની પ્રેરણાથી વસિષ્ઠનું એક તેજસ્વી બ્રહ્મચારીના રૂપમાં ચન્દ્રભાગ પર્વત પર તપસ્યા કરવાવાળી સંધ્યા પાસે જઈને તેમના નિર્જન પર્વત ઉપર આવવાનું પ્રયોજન પૂછવું તથા તપસ્યા કરવાની વિધિ બતાવવી	૧૪૧
૩૨.	તપસ્યામાં મગ્ન સંધ્યાને શિવજીએ તેના જ આરાધ્યરૂપમાં પ્રત્યક્ષ દર્શન આપવાં	૧૪૩
૩૩.	સંધ્યા દ્વારા મેધાતિથિ મુનિના યજ્ઞની અગ્નિમાં આત્માહુતિ તથા તેના પુરોડાશમય શરીરનું તત્કાળ દગ્ધ થવાથી યજ્ઞની સમાપ્તિ સમયે અગ્નિની જ્વાળામાં મહર્ષિ મેધાતિથિએ તપાવેલા સુવર્ણ સમાન કાન્તિવાળી પુત્રીના રૂપમાં તેને પ્રાપ્ત કરવી	૧૪૮
૩૪.	મહાપ્રજાપતિ દક્ષની તપસ્યાથી પ્રસન્ન થઈને સિંહવાહિની જગદમ્બાનું ચતુર્ભુજરૂપમાં તેમને દર્શન આપવું	૧૫૨
૩૫.	નારદની જ શિક્ષાથી પોતાના હર્યશ્વ તથા શબલાશ્વ વગેરે પુત્રો ઊર્ધ્વગામી થવાથી દક્ષ પ્રજાપતિને કષ્ટનો અનુભવ થવો તથા દૈવવશ અનુગ્રહ કરવા માટે આવેલા નારદને તેમનું ક્રોધપૂર્વક ધિક્કારવું	૧૫૬
૩૬.	પોતાની પત્ની વીરિણી સહિત પ્રજાપતિ દક્ષ દ્વારા જગદમ્બાનું ધ્યાન અને પ્રેમપૂર્વક સ્તવન કરવું	૧૫૭
૩૭.	બધા દેવતાઓની સાથે બ્રહ્મા અને વિષ્ણુ વગેરેનું ગિરિશ્રેષ્ઠ કૈલાસ પર મહાદેવ પાસે આગમન	૧૬૦
૩૮.	સતીએ તપસ્યા કરીને મનોવાંછિત વર પામીને ઘરે આવીને માતા (વીરિણી) અને પિતા (પ્રજાપતિ દક્ષ)ને પ્રણામ કરવા તથા પોતાની સખી દ્વારા તેમને પોતાની તપસ્યાસંબંધી બધા સમાચાર કહેડાવવા	૧૬૭
૩૯.	બ્રહ્મા, વિષ્ણુ, નારદ, દેવતાઓ અને મુનિઓ વગેરેની સાથે શિવની દક્ષના ઘેર સુધીની વિવાહયાત્રા	૧૬૮
૪૦.	વિવાહકૃત્ય સકુશળ સમાપ્ત થઈ જવાથી દક્ષની આજ્ઞાથી શિવનું પ્રસન્નતાપૂર્વક સતીને વૃષભની પીઠે બેસાડીને વિષ્ણુ વગેરે દેવતાઓ અને મુનિઓની સાથે હિમાલય પર્વત તરફ પ્રસ્થાન કરવું	૧૭૧
૪૧.	શિવને પોતાના સ્વરૂપનું ધ્યાન તોડેલા જાણીને જગદમ્બા સતીનું કૈલાસ પર આવવું તથા ઉદારચેતા શમ્ભુ દ્વારા તેમને પોતાની સમક્ષ બેસવા માટે આસન આપવું	૧૮૨
૪૨.	દક્ષ દ્વારા યજ્ઞમાં રુદ્રગણોને શાપ આપવો તથા શિવના પ્રિયભક્ત નન્દીનો દક્ષને પ્રત્યુત્તર	૧૮૪
૪૩.	બ્રાહ્મણકુળ અને વેદોને શાપ આપવાવાળા નન્દીને શિવનું સમજાવવું	૧૮૫
૪૪.	વૃષભ પર સવાર થઈને બહુસંખ્યક પ્રમથગણોની સાથે પોતાના પિતા દક્ષના યજ્ઞ તરફ સતીનું પ્રસ્થાન	૧૯૧
૪૫.	દક્ષના યજ્ઞમાં ઉપસ્થિત સતીના શરીરનું યોગાગ્નિથી બળીને તે જ ક્ષણે ભસ્મ થઈ જવું, શિવના પાર્ષદોનું દક્ષના પ્રાણ લેવા માટે આક્રમણ તથા ભૃગુ દ્વારા યજ્ઞમાં વિઘ્ન નાખનારાઓના વિનાશ માટે યજ્ઞકુંડમાંથી ઋભુ નામક હજારો દેવતાઓને પ્રગટ કરવા અને શિવના પ્રમથગણોનું નાસી જવું	૧૯૫
૪૬.	નારદના મુખેથી દક્ષયજ્ઞમાં સતીના યોગાગ્નિથી ભસ્મ થવા અને અસંખ્ય પ્રમથગણોનો વિનાશ થઈ જવાના સમાચાર સાંભળીને શિવ દ્વારા ક્રોધપૂર્વક માથાની એક જટા ઉખાડીને પર્વત પર ફેંકવી તથા જટાના બે ભાગ થવાથી પૂર્વભાગમાંથી વીરભદ્ર અને બીજા ભાગમાંથી મહાકાળીનું ઉત્પન્ન થવું	૧૯૯
૪૭.	દક્ષે ભગવાન વિષ્ણુની શરણમાં જઈને તેમના ચરણોમાં પડવું તથા યજ્ઞનો વિનાશ રોકવા માટે પ્રાર્થવા કરવી	૨૦૩
૪૮.	શુક્રાચાર્યના આદેશથી દધીચ દ્વારા મહામૃત્યુંજયના કઠોર તપસ્યાપૂર્વક જપ તથા શિવનાં તેમની સામે પ્રત્યક્ષ પ્રગટ થઈને દર્શન આપવાં, દધીચ દ્વારા શિવની સ્તુતિ અને વરની યાચના	૨૧૧
૪૯.	બ્રહ્મા, વિષ્ણુ અને દેવતાઓ સાથે શિવનું કનખલમાં સ્થિત દક્ષની યજ્ઞશાળામાં પધારવું તથા વીરભદ્ર દ્વારા વિધ્વંસ થઈ ગયેલ યજ્ઞસ્થળ નિહાળવું.	૨૧૮
૫૦.	દેવતાઓ દ્વારા સ્તુતિ કરવાથી પરમ અદ્‌ભુત દિવ્ય રત્નમય રથ પર બિરાજમાન જગજ્જનની દેવી ઉમાનું તેમની સામે પ્રગટ થવું	૨૨૭

વિષય		પૃષ્ઠ-સંખ્યા
૫૧.	મનમાં સંતાનની ઇચ્છા લઈને તપ કરનારી હિમવાનની પત્ની મેનાની સામે પ્રસન્નતાપૂર્વક જગદમ્બાનું પ્રગટ થઈને તેમની પર અનુગ્રહ કરવો	૨૩૦
૫૨.	ગિરિરાજ હિમાલયની પ્રાર્થનાથી નારદજી દ્વારા ઉમાની જન્મકુંડલી પર વિચાર કરવા માટે તેમનો હાથ જોવો	૨૩૪
૫૩.	પોતાની પુત્રી ઉમાના વિવાહ કોઈ સુન્દર વરની સાથે કરવા માટે મેનાને પોતાના પતિ હિમવાનની પાસે જઈને વિનંતી કરવી તથા હિમવાનનું તેમને સમજાવવું	૨૩૭
૫૪.	શિવનું ગંગાવતરણતીર્થમાં જઈને આત્મભૂત પરમાત્માનું ચિંતન કરવું તથા સેવકો સહિત ગિરિરાજ હિમવાનનું આવીને તેમને સ્તવનપૂર્વક પ્રણામ કરવું	૨૪૦
૫૫.	શિવનું દર્શન કરવા માટે પોતાની પુત્રી ઉમાની સાથે નિત્ય આવવા હિમવાને તેમની આજ્ઞા માગવી અને શિવ દ્વારા તેમને એકલા જ આવવાની આજ્ઞા આપવી	૨૪૩
૫૬.	ઇન્દ્ર દ્વારા પોતાનું સ્મરણ કરવાથી કામદેવનું તત્કાળ જ તેમની સામે આવી જવું	૨૪૯
૫૭.	રુદ્રની નેત્રાગ્નિથી કામદેવનું ભસ્મ થઈ જવું	૨૫૧
૫૮.	શિવની ક્રોધાગ્નિને વડવાનલની સંજ્ઞા આપીને ઘોડાના રૂપમાં પરિવર્તિત કરીને તેમને સ્થાપિત કરવા માટે બ્રહ્માએ સમુદ્ર કિનારે જવું તથા સમુદ્રએ સાક્ષાત્ પ્રગટ થઈને તેમની સ્તુતિ કરવાનું કારણ પૂછવું	૨૫૪
૫૯.	શિવની આરાધના માટે પાર્વતીની દુષ્કર તપસ્યા તથા તેમના તપના પ્રભાવથી તે સ્થળ પર વિચરણ કરનારા એકબીજાના વિરોધી સિંહ, ગાય, ઉંદર, બિલાડી વગેરેએ પરસ્પરના વિરોધનો ત્યાગ કરવો તથા વૃક્ષોનું સદા ફળથી પરિપૂર્ણ રહેવું	૨૫૮
૬૦.	ભગવાન શિવની આજ્ઞાથી સપ્તર્ષિઓએ તપસ્યામાં મગ્ન પાર્વતીના આશ્રમ પર જઈને તેમની શિવમાં અનુરાગની પરીક્ષા કરવી	૨૬૭
૬૧.	પરીક્ષાના બહાને જટિલ તપસ્વી બ્રાહ્મણના રૂપે પધારેલ શંકર સમક્ષ જ પાર્વતીનું અગ્નિમાં પ્રવેશ કરવું તથા તેમની તપસ્યાના પ્રભાવથી આગનું તે જ ક્ષણે ચંદન-પંક સમાન શીતળ થઈ જવું અને પાર્વતીનું આકાશમાં ઉપર તરફ જવા માંડવું	૨૭૦
૬૨.	ડાબા હાથમાં સિંગડું અને જમણા હાથમાં ડમરૂ લઈને પીઠ ઉપર કથરી રાખીને તથા લાલ વસ્ત્ર પહેરીને શિવજીનું નટના રૂપમાં મેનકાની પાસે જવું તથા મેનકાની પાસે બેઠેલી સ્ત્રીઓના ટોળા નજીક તેમનું સુંદર નૃત્ય કરવું	૨૭૯
૬૩.	દેવતાઓના આગ્રહથી વૈષ્ણવ બ્રાહ્મણના રૂપમાં શિવજીનું હિમવાનના ઘરે જવું અને શિવની નિંદા કરીને પાર્વતીના લગ્ન તેમની સાથે ન કરવા માટે કહેવું	૨૮૨
૬૪.	વસિષ્ઠ વગેરે સપ્તર્ષિઓ તથા મેરુ વગેરે પર્વતોના સમજાવવાથી મેના અને હિમાવાને પ્રસન્નતાપૂર્વક શિવની સાથે પાર્વતીના લગ્નનો નિશ્ચય કરવો	૨૮૭
૬૫.	મેનાનો વિલાપ કરવો તથા પોતાની પુત્રી પાર્વતી અને નારદને કટુવચન સંભળાવવા અને ધિક્કારવું	૩૦૩
૬૬.	સપ્તર્ષિઓના સમજાવવાથી પણ મેનાનો શિવની સાથે પાર્વતીના લગ્ન ન કરવાની હઠ કરવી તથા હિમવાનનું તેમને સમજાવવું અને શિવના પૂજનીય સ્વરૂપનું વર્ણન કરવું	૩૦૪
૬૭.	ભગવાન શિવનું પોતાના પરમ સુંદર દિવ્ય રૂપને પ્રકટ કરવું, ગંગા-યમુનાએ તેમણે સુંદર ચામર વીંઝવા, આઠેય સિદ્ધિઓનું તેમની આગળ નાચવું તથા સિદ્ધ, ઉપદેવતા, બધા જ મુનિઓએ વરરૂપમાં શોભિત શિવની સાથે પ્રસન્નતાપૂર્વક યાત્રા કરવી	૩૦૭
૬૮.	કૈલિગૃહમાં નૂતન દમ્પતી શિવ-પાર્વતીને જોવા માટે સોળ દિવ્ય નારીઓ—સરસ્વતી વગેરેનો પ્રવેશ તથા રત્નમય સિંહાસન ઉપર નવદમ્પતીના બિરાજમાન થવાથી ભગવાન શિવની સમક્ષ રતિએ હાથ જોડીને પોતાના પતિ (કામદેવ)ને જીવિત કરવા માટે પ્રાર્થના કરવી	૩૧૬
૬૯.	મેનાના મનોભાવને જાણીને એક સતી-સાધ્વી બ્રાહ્મણપત્ની દ્વારા ગિરિજાને શ્રેષ્ઠ પાતિવ્રત્યની શિક્ષાનો ઉપદેશ	૩૨૫
૭૦.	બ્રહ્માજીની સત્પ્રેરણાથી સ્વામી કાર્તિકનું વિમાનથી ઊતરીને હાથમાં પોતાની તેજોમય શક્તિને લઈને તારક-અસુર સામે પગપાળા દોડવું	૩૩૨
૭૧.	તારક-અસુરને મારનારા કુમાર સ્કન્દ (કાર્તિક)નું દેવતાઓની સાથે વિમાનમાં બેસીને શિવજી પાસે કૈલાસ પહોંચવું	૩૩૪
૭૨.	સખીઓના સમજાવવાથી પાર્વતી દ્વારા પોતાની જ આજ્ઞામાં તત્પર રહેવાવાળા ચેતન પુરુષ (ગણેશ)નું પોતાના શરીરના મેલથી નિર્માણ	

વિષય		પૃષ્ઠ-સંખ્યા
	કરવું તથા તેમને પોતાના પુત્ર કહીને દ્વારપાળ તરીકે નિયુક્ત કરવા	૩૩૭
૭૩.	દ્વારપાળના પદ ઉપર નિયુક્ત ગણેશ સાથે શિવજીનું લીલાપૂર્વક પોતાના ગણો અને દેવતાઓનું યુદ્ધ કરવું તથા તેમના પરાજિત ન થવાથી શૂલપાણીનું સ્વયં આવીને ઘોર યુદ્ધ પછી ત્રિશૂલ વડે તેમનું (ગણેશનું) મસ્તક કાપી નાખવું તથા સમાચાર પામીને સ્નાનમાં સખીઓ સહિત તત્પર પાર્વતીનું ઘટનાસ્થળે આવીને ઘણી જ શક્તિઓ ઉત્પન્ન કરીને તેમને પ્રલય કરવાની આજ્ઞા આપવી તથા શિવગણોનું ભયભીત થઈને દૂર ભાગી જવું	૩૩૮
૭૪.	દેવતાઓ દ્વારા શિવના સ્મરણપૂર્વક વેદમંત્રોથી જળને અભિમંત્રિત કરીને બાળક(ગણેશ)ના શરીર પર છાંટવું તથા જળના સ્પર્શથી બાળકનું શિવેચ્છાથી ચેતનાયુક્ત થઈને જીવિત થઈ જવું તથા સૂતેલાની જેમ ઊઠવું	૩૪૦
૭૫.	બ્રહ્મા, વિષ્ણુ અને શંકર વગેરે દેવતાઓનું પાર્વતીજીને પ્રસન્ન કરવા માટે ગણેશને સર્વાધ્યક્ષ ઘોષિત કરવા તથા શંકર દ્વારા તેમને સમસ્ત ગણોના અધ્યક્ષ બનાવવા	૩૪૧
૭૬.	પૃથ્વીની પરિક્રમા કરવામાં સ્વયં પોતાને અસમર્થ જાણીને ગણેશજી દ્વારા પોતાનાં માતાપિતાને બે આસનો પર બેસાડીને તેમની સાત વાર પ્રદક્ષિણા કરી પોતાના વિવાહની પ્રાર્થના કરવી	૩૪૫
૭૭.	પ્રજાપતિ વિશ્વરૂપની સુંદર કન્યાઓ–સિદ્ધિ અને બુદ્ધિની સાથે વિશ્વકર્મા દ્વારા ગણેશજીનો વિવાહ-સંસ્કાર સંપન્ન કરાવવો	૩૪૭
૭૮.	તારકના ત્રણેય પુત્રો–તારકાક્ષ, વિદ્યુન્માલી અને કમલાક્ષની તપસ્યાથી અત્યંત સંતોષ પામીને મહાયશસ્વી બ્રહ્માજીનું વર આપવા માટે તેમની સમક્ષ પ્રગટ થવું અને તે ત્રણેયનું અંજલિ બાંધીને પિતામહના ચરણોમાં પ્રણિપાત કરવો	૩૪૯
૭૯.	દેવરાજ ઇન્દ્ર, વિષ્ણુ વગેરે સહિત દેવગણોની ત્રિપુરવાસી દૈત્યોના વિનાશ માટે ભગવાન શિવની સ્તુતિ તથા શિવનું વૃષભ પર સવાર થઈને પ્રગટ થઈ જવું અને નન્દીશ્વરની પીઠથી ઊતરીને વિષ્ણુને આલિંગન કરીને નન્દી પર હાથ ટેકવીને ઊભા રહેવું	૩૫૫
૮૦.	શિવજીએ ધનુષની દોરી ચઢાવીને તેની પર પાશુપતાસ્ત્ર નામના બાણનું સંધાન કરીને તેને ત્રિપુર પર છોડવાનો વિચાર કરવો	૩૬૨
૮૧.	બ્રહ્માજીના આદેશથી શંખચૂડનો બદરિકાશ્રમમાં જઈને તપસ્યામાં મગ્ન તુલસીને મધુર તથા સકામ સંલાપ કરવો	૩૬૮
૮૨.	શિવજીની ઇચ્છાથી વિષ્ણુએ વૃદ્ધ બ્રાહ્મણનું રૂપ ધરીને શંખચૂડ પાસે ઉગ્ર કવચની યાચના કરવી અને શંખચૂડ દ્વારા કવચનું દાન કરી દેવું	૩૮૦
૮૩.	હિરણ્યાક્ષ દ્વારા પુત્રપ્રાપ્તિ માટે ઘોર તપનું અનુષ્ઠાન તથા ગૌરીની સાથે બિરાજમાન શંકરે આનંદપૂર્વક તેને પુત્રરૂપે અન્ધકાસુરને પ્રદાન કરવો	૩૮૬
૮૪.	યુદ્ધમાં શ્રીકૃષ્ણ દ્વારા દૈત્યરાજ બાણાસુરની ઘણીખરી ભુજાઓનું સુદર્શન ચક્ર વડે કાપી નાખવી તથા તેનું માથું કાપી નાખવા માટે ઉદ્યત થવાથી તેને શંકરજીએ સમજાવવો	૪૧૩
૮૫.	શિવનું આનંદપૂર્વક પૂર્ણસચ્ચિદાનંદની કામદામૂર્તિમાં પ્રવેશીને અર્ધનારી-નરના રૂપમાં બ્રહ્માની સમીપ પ્રગટ થવું તથા બ્રહ્માજીના તેમને દંડવત પ્રણામ કરવા	૪૨૩
૮૬.	ઉગ્ર તપસ્યામાં મગ્ન નન્દીને વૃષભધ્વજ શિવનું વર આપવું તથા કમળોની બનેલી પોતાની શિરોમાળાને ઉતારીને તેના ગળામાં કૃપાપૂર્વક નાખી દેવી	૪૩૧
૮૭.	શિવજીએ પ્રગટ થઈને બાળક ગૃહપતિને અભયદાન આપ્યું તથા અગ્નિપદનો ભાગી બનાવ્યો	૪૪૦
૮૮.	રુદ્રના અંશભૂત કપિશ્રેષ્ઠ હનુમાનનું સૂર્યની નજીક જઈને તેમની બધી જ વિદ્યાઓ શીખવી	૪૪૪
૮૯.	ભગવાન શિવે યતિરૂપ ધારણ કરીને ભીલ આહુક અને તેની પત્ની આહુકાની પરીક્ષા લેવી તથા હિંસક પશુઓ દ્વારા રાત્રે પતિનું ભક્ષણ થઈ જવાથી પ્રાતઃકાળે યતિ દ્વારા ચિતા સળગાવીને ભીલડીનો તેમાં પ્રવેશ કરવાથી પર શિવે પોતાના સાક્ષાત્ રૂપમાં પ્રગટ થઈને વરદાન આપવું	૪૫૨
૯૦.	દેવતાઓ તથા બૃહસ્પતિને સાથે લઈને શિવનું દર્શન કરવા માટે ઇન્દ્રે કૈલાસ પર્વત પર જવું તથા વચ્ચે જ અવધૂત વેષ ધારણ કરીને શિવ દ્વારા પરીક્ષા લેવાથી ઇન્દ્રએ તેમના ઉપર વજ્રથી પ્રહાર કરવો, શિવના નેત્રમાંથી રોષવશ અગ્નિનું નિકળવું અને બૃહસ્પતિની પ્રાર્થનાથી શિવદ્વારા તે તેજનું ક્ષારસમુદ્રમાં ફેંકવું અને તેનું બાળક–સિન્ધુપુત્ર જલન્ધરના રૂપમાં પરિણત થઈ જવું	૪૫૬
૯૧.	બ્રાહ્મણપત્નીના સમક્ષ ભિક્ષુકના રૂપમાં શિવનું	

વિષય		પૃષ્ઠ-સંખ્યા
	પ્રગટ થઈને તેને વિદર્ભદેશના સત્યરથ રાજા, તેમની પત્ની તથા તેમના નવજાત શિશુના પૂર્વજન્મનું વૃત્તાંત સંભળાવીને બાળકના પાલન-પોષણનો આદેશ આપવો તથા બ્રાહ્મણીને પોતાના ઉત્તમ સ્વરૂપનું દર્શન કરાવવું	૪૫૯
૯૨.	વ્યાસજીએ અર્જુનને શુકવિદ્યાનો ઉપદેશ આપવો તથા પાર્થિવ લિંગના પૂજનનું વિધાન બતાવીને તેને ઇન્દ્રકીલ પર્વત પર જઈને જાહ્નવીના કિનારે બેસીને તપ કરવાની પ્રેરણા આપવી	૪૬૩
૯૩.	ઇન્દ્રકીલ પર્વત પર ગંગાજીની નજીક એક મનોહર સ્થાન પર અર્જુન દ્વારા તેજોરાશિ શંકરજીનું ધ્યાન કરવું તથા પરીક્ષા કરવા માટે બ્રહ્મચારી બ્રાહ્મણના રૂપમાં આવેલા ઇન્દ્રે પોતાના સ્વરૂપમાં પ્રગટ થવું અને તેને શંકરનો મંત્ર બતાવીને જપ કરવાની આજ્ઞા આપવી	૪૬૪
૯૪.	મૂક નામના દૈત્યનું શૂકરરૂપ ધારણ કરીને અર્જુનની પાસે આવવું તથા કિરાત વેષમાં શિવજીનું અર્જુનની રક્ષા માટે આગળ જવું અને શિવ તથા અર્જુનનાં બાણોથી મરીને શૂકરનું ભૂતલ પર પડી જવું તથા દેવતાઓ દ્વારા જય-જયકારપૂર્વક પુષ્પવૃષ્ટિ અને સ્તુતિ થવી	૪૬૭
૯૫.	અર્જુને બાણ પાછા ન આપવાથી કિરાતવેષધારી શિવ દ્વારા ભીષણ સંગ્રામ	૪૬૯
૯૬.	શિવજીએ અર્જુન પર પ્રસન્ન થઈને તેને પાશુપત નામનું અસ્ત્ર પ્રદાન કરવું	૪૭૨
૯૭.	અત્રિપત્ની અનસૂયા પર ગંગાજીની કૃપા તથા તેમના દ્વારા ગંગાજીને પોતાના આખા વર્ષમાં કરેલું પુણ્ય અર્પણ કરવું તથા ગંગાજીએ તેના ફળસ્વરૂપ કાશીમાં સ્થિરરૂપથી નિવાસ કરવાનું આશ્વાસન આપવું	૪૮૦
૯૮.	બાળવિધવા બ્રાહ્મણપત્ની પર મૂઢ નામના માયાવી દુષ્ટ રાક્ષસની કુદૃષ્ટિ અને સંયોગ-યાચના તથા શિવ દ્વારા પ્રગટ થઈને દૈત્યરાજને તત્કાળ ભસ્મ કરવો અને બ્રાહ્મણી દ્વારા શિવની સ્તુતિ	૪૮૨
૯૯.	રોહિણીમાં જ વધુ આસક્ત થઈ જવાને કારણે ચન્દ્રમાને ક્ષયરોગથી ગ્રસ્ત થઈ જવાનો દક્ષ દ્વારા શાપ તથા રોગના શમનાર્થ ચન્દ્રમાનું શિવલિંગની સ્થાપના કરીને પ્રભાસક્ષેત્રમાં નિરંતર ઊભા રહીને મૃત્યુંજયમંત્રથી ભગવાન વૃષભધ્વજની પૂજા તથા શિવે પ્રસન્ન થઈને ચન્દ્રમાને પ્રત્યક્ષ દર્શન આપવાં અને ચન્દ્રમા દ્વારા ક્ષય રોગના નિવારણની પ્રાર્થના	૪૮૪
૧૦૦.	અવન્તિ પર દૂષણ રાક્ષસનો હુમલો કરવો, બ્રાહ્મણોને શિવ ઉપર વિશ્વાસ રાખવાનું કહેવાથી શિવલિંગના પૂજનમાં ધ્યાનમગ્ન વેદપ્રિયના ચારેય પુત્રો–દેવપ્રિય વગેરેને મારી નાખવા રાક્ષસનો પોતાની સેનાને આદેશ અને શિવલિંગના સ્થાનના ખાડામાંથી જ મહાકાળ શિવનું પ્રગટ થઈને રાક્ષસને ભસ્મ કરી નાંખવો	૪૮૭
૧૦૧.	વાનરરાજ હનુમાનજીએ પ્રગટ થઈને ગોપકુમાર શ્રીકર, રાજા ચન્દ્રસેન અને અન્ય રાજાઓને કૃપાદૃષ્ટિથી જોવું	૪૯૦
૧૦૨.	વિંધ્યાચલની તપસ્યાથી પ્રસન્ન થઈને શિવજીએ યોગીઓ માટે પણ દુર્લભ રૂપમાં પ્રગટ થવું તથા દેવતા અને નિર્મળ અંતઃકરણવાળા ઋષિઓનું ત્યાં આવીને તેમની પૂજા કરીને સ્થિરરૂપમાં ત્યાં જ નિવાસ કરવાની પ્રાર્થના કરવી	૪૯૨
૧૦૩.	નર-નારાયણની પાર્થિવલિંગ-પૂજાથી પ્રસન્ન થઈને શિવનું પ્રગટ થવું તથા બંનેને તેમના હિમાલયના કેદારતીર્થમાં સ્વયં જ્યોતિર્લિંગના રૂપમાં સ્થિર રહેવાનો અનુરોધ	૪૯૩
૧૦૪.	ક્રમરૂપ દેશના રાજા સુદક્ષિણના પાર્થિવલિંગ-પૂજનમાં રાક્ષસ ભીમનું વિઘ્ન નાખવું તથા શિવનું તે લિંગથી ભીમેશ્વરરૂપમાં પ્રગટ થઈને રાક્ષસોથી યુદ્ધ કરવું અને નારદજીની પ્રાર્થનાથી બધા જ રાક્ષસો અને ભીમને ગર્જના માત્રથી જ ભસ્મ કરી નાખવા	૪૯૩
૧૦૫.	રુદ્ર દ્વારા ભગવાન શિવને કાશીપુરીમાં પોતાની રાજધાની બનાવીને ઉમા સહિત ત્યાં બિરાજમાન થવા માટે પ્રાર્થના	૪૯૮
૧૦૬.	પત્ની સહિત મહર્ષિ ગૌતમની આરાધનાથી સંતુષ્ટ થઈને ભગવાન શિવનું શિવા અને પ્રમથગણોની સાથે પ્રગટ થવું અને ગૌતમ દ્વારા તેમનું સ્તવન	૫૦૬
૧૦૭.	ભગવાન શિવને મહર્ષિ ગૌતમની ગંગા-યાચના તથા શિવદત્તે ગંગા-જળનું સ્ત્રીરૂપ ધારણ કરીને ઊભા રહેવું, દેવતા વગેરેએ આવીને ગંગાજીને તથા શિવને ત્યાંજ નિવાસ કરવાની પ્રાર્થના કરવી અને ગંગા તથા શિવનો ક્રમશઃ ગૌતમી અને ત્ર્યમ્બકેશ્વરના રૂપમાં ત્યાં નિવાસ	૫૦૭
૧૦૮.	દેવતાઓ, ઋષિઓના સાંનિધ્યમાં રાવણે પોતાની પત્ની મન્દોદરી સહિત વૈદ્યનાથ શિવલિંગની પૂજા	૫૦૯
૧૦૯.	રાક્ષસી ઘરુકાની સ્તુતિથી દેવી પાર્વતીનું પ્રસન્ન થઈ જવું તથા તેના દ્વારા વંશના રક્ષણ માટેનું વરદાન માગવાથી તેમનો શિવને અનુરોધ કરવો	

વિષય	પૃષ્ઠ-સંખ્યા
કે અહીંયાં જ રાક્ષસોના રાજ્યનું શાસન કરો	૫૧૨
૧૧૦. શ્રીરામની પૂજાથી પ્રસન્ન થઈને શિવનું વામાંગભૂતા પાર્વતી સહિત પ્રગટ થઈને વિજયસૂચક વરદાન આપવું તથા તેમના જ્યોતિર્લિંગ(રામેશ્વર-)ના રૂપમાં સ્થિત થવા માટે શ્રીરામની પ્રાર્થના	૫૧૩
૧૧૧. ધુશ્માની સમક્ષ જ્યોતિઃસ્વરૂપ મહેશ્વર શિવનું પ્રગટ થવું અને ધુશ્માએ પોતાની શોક્ય સુદેહાની પ્રાણરક્ષા માટે તેમને કરેલી પ્રાર્થના	૫૧૬
૧૧૨. બિલ્વના વૃક્ષ પર બેઠેલા ગુરુદ્રુહ ભીલનું હરણી પર બાણ સંધાન કરવું તથા અજાણતા જ તેના હાથના ધક્કાથી વૃક્ષના નીચે શિવલિંગ પર થોડાક જળ અને બિલ્વપત્રનું પડવું	૫૪૯
૧૧૩. પોતાની પ્રતિજ્ઞા અનુસાર હરણ અને બંને હરણીઓનું ગુરુદ્રુહ ભીલ પાસે આવવું તથા શિવપૂજાના પ્રભાવે દુર્લભ જ્ઞાનથી સંપન્ન ભીલનું પરોપકારમાં વ્યસ્ત તે પશુઓની દયા જોઈને સ્વયં પોતાની જાતને ધિક્કારવું અને તેમને જવાની આજ્ઞા આપવી	૫૫૨
૧૧૪. પુત્રની પ્રાપ્તિ માટે શ્રીકૃષ્ણનું તપ કરવું અને તેમના તપથી પ્રસન્ન થઈને પાર્વતી, કાર્તિકેય તથા ગણેશ સહિત શિવનું પ્રગટ થવું અને શ્રીકૃષ્ણનું સ્તુતિપૂર્વક વરદાન માગવું	૫૬૧
૧૧૫. શુભ કર્મ કરનારા પ્રાણીને યમપુરીમાં જવાથી યમરાજ દ્વારા તેને સ્વાગતપૂર્વક આસન આપીને પાદ્ય અને અર્ઘ આપવાં.	૫૬૫
૧૧૬. ક્રૂર કર્મ કરનારાઓએ યમરાજને ભયંકર રૂપમાં જોવાં	૫૬૫
૧૧૭. શિવને કાળચક્રના સંબંધમાં પાર્વતીએ પ્રશ્ન પૂછવો	૫૭૭
૧૧૮. રાજા સુરથનું પોતાના આશ્રમે આવવાથી મુનીશ્વર મેધાએ મીઠાં વચન, ભોજન અને આસન દ્વારા તેમનો આદર-સત્કાર કરવો....	૫૮૫
૧૧૯. રાજા સુરથનું વૈશ્ય સમાધિને સાથે લઈને મેધા મુનિની પાસે આવવું તથા તેમનાથી પોતાના અને વૈશ્યના મોહપાશને કાપવાની પ્રાર્થના	૫૮૬
૧૨૦. જગજ્જનની મહાવિદ્યાનું ત્રૈલોક્ય-મોહિની શક્તિના રૂપમાં પ્રાગટ્ય	૫૮૬
૧૨૧. દૈત્ય શુંભાસુરના દૂત ધનવ શિરોમણિ સુગ્રીવનો હિમાલય પર દેવીની પાસે આવીને શુંભનો સંદેશ-નિવેદન	૫૯૨
૧૨૨. સચ્ચિદાનંદસ્વરૂપિણી શિવપ્રિયા ઉમાનું વર, પાશ, અંકુશ અને અભય ધારણ કરીને પ્રગટ થવું તથા દેવતાઓ દ્વારા ભક્તિભાવથી તેમની સ્તુતિ કરવી	૫૯૭
૧૨૩. દેવતાઓની વ્યાકુળ પ્રાર્થના સાંભળીને કૃપામયી દેવીનું ચારે હાથમાં ક્રમશઃ ધનુષ-બાણ, કમળ તથા અનેક પ્રકારનાં ફળ-મૂલ લઈને પ્રગટ થવું અને પ્રજાજનોને દુઃખી જોઈને નવ દિવસ અને નવ રાત રક્ષા કરવું	૫૯૯
૧૨૪. મેરુના દક્ષિણ શિખર-કુમારશૃંગમાં કુમાર સ્કન્દનાં દર્શન અને પૂજન કરીને મહામુનિ વામદેવ દ્વારા તેમનું સ્તવન	૬૦૧
૧૨૫. સુંદર રમણીય મેરુ શિખર પર જઈને બ્રહ્માજીનું ઋષિઓ દ્વારા દર્શન અને મસ્તક ઉપર અંજલિ બાંધીને સ્તવન કરવું	૬૪૧
૧૨૬. બ્રહ્મા દ્વારા છોડેલા સૂર્ય સમાન તેજસ્વી મનોમય ચક્રનો પીછો કરતા તેના શીર્ણ થવાના સ્થાને (નૈમિષારણ્ય) મુનિઓનું જવું	૬૪૭
૧૨૭. નૈમિષારણ્યમાં દીર્ઘસત્રના અંતમાં મુનિઓની પાસે વાયુદેવતાનું આગમન અને મહાયજ્ઞના સમાપ્ત થયેથી તેઓ શું કરવા ઇચ્છે છે—આ સંબંધમાં મુનિઓને તેમનો પ્રશ્ન	૬૫૧
૧૨૮. બ્રહ્માજી દ્વારા શિવના અર્દ્ધનારીશ્વરરૂપની સ્તુતિ	૬૬૧
૧૨૯. બ્રહ્માજીની તપસ્યાથી પ્રસન્ન થઈને મહાદેવજીએ પોતાના શરીરના વામભાગથી દેવી રુદ્રાણીને પ્રગટ કરવાં અને બ્રહ્મા દ્વારા સર્વલોકમહેશ્વરની સ્તુતિ	૬૬૭
૧૩૦. મહાદેવજી અને પાર્વતીજીની પરસ્પર વાતચીતની વચ્ચે જ દેવી દ્વારા આજ્ઞા પામીને એક સખીનું દેવી દ્વારા જ શંકર માટે ભેટસ્વરૂપ લાવવામાં આવેલ વ્યાઘ્રને લાવીને તેમની સમક્ષ ઊભો કરી દેવો	૬૭૧
૧૩૧. ભગવાન વિષ્ણુના અનુરોધથી શિવનું ઉમા સહિત ઇન્દ્રના રૂપમાં ઐરાવત પર આરૂઢ થઈને ઉપમન્યુ મુનિના તપોવનમાં જવું તથા મુનિએ માથું નમાવીને તેમને પ્રણામ કરવું	૬૭૫
૧૩૨. દેવી પાર્વતી સાથે વૃષભ પર આરૂઢ થયેલા મહાદેવજીનાં દર્શન કરીને ઉપમન્યુનું ભક્તિવિનમ્ર ચિત્તથી પૃથ્વી પર દંડની માફક પડી જવું	૬૭૯
૧૩૩. નૈમિષારણ્યનિવાસી ઋષિઓનું વાયુદેવ દ્વારા શ્રીકૃષ્ણ અને ઉપમન્યુના મિલન તથા શ્રીકૃષ્ણના પાશુપતજ્ઞાનની પ્રાપ્તિનો પ્રસંગ પૂછવો અને વાયુદેવનો તે સંભળાવવો	૬૯૯
૧૩૪. ઉપમન્યુ દ્વારા શ્રીકૃષ્ણને પાશુપતજ્ઞાનનો ઉપદેશ	૭૦૧

॥ શ્રીગણેશાય નમઃ ॥

શ્રીશિવપુરાણ-માહાત્મ્ય

ભવાબ્ધિમગ્નં દીનં માં સમુદ્ધર ભવાર્ણવાત્ ।
કર્મગ્રાહગૃહીતાંગં દાસોઽહં તવ શંકર ॥

શૌનકજીના સાધનવિષયક પ્રશ્ન કરવા પર સૂતજીએ એમને શિવપુરાણના ઉત્કૃષ્ટ મહિમાનું શ્રવણ કરાવ્યું

શ્રી શૌનકજીએ પૂછ્યું—મહાજ્ઞાની સૂતજી! આપ સંપૂર્ણ સિદ્ધાંતોના જ્ઞાતા છો. પ્રભો! મને પુરાણની કથાઓના સારતત્ત્વનું વિશેષરૂપે વર્ણન કરવા કૃપા કરશો. જ્ઞાન અને વૈરાગ્ય-સહિત ભક્તિથી પ્રાપ્ત થનાર વિવેકની વૃદ્ધિ કેવી રીતે થાય છે? અને સાધુપુરુષ કેવી રીતે પોતાના કામ, ક્રોધ વગેરે માનસિક વિકારોનું નિવારણ કરે છે? આ ઘોર કળિયુગમાં જીવ ઘણુંકરીને આસુરી સ્વભાવના થઈ ગયા છે, એ જીવસમુદાયને શુદ્ધ એટલે કે દૈવી સંપત્તિથી યુક્ત કરાવવા માટે સર્વશ્રેષ્ઠ ઉપાય કયો છે? આપ આ સમયે મને એવું કોઈ શાશ્વત સાધન બતાવો, જે કલ્યાણકારી વસ્તુઓમાં પણ ઉત્કૃષ્ટ અને પરમ મંગલકારી હોય તથા પવિત્ર કરનારા ઉપાયોમાં પણ સર્વોત્તમ પવિત્રકારક ઉપાય હોય. તાત! એ સાધન એવું હોય, જેના અનુષ્ઠાનથી તરત જ અંતઃકરણની વિશેષ શુદ્ધિ થઈ જાય અને તેથી નિર્મળ ચિત્તવાળા પુરુષને સદાને માટે શિવની પ્રાપ્તિ જાય.

શ્રીસૂતજી બોલ્યા—મુનિશ્રેષ્ઠ શૌનક! તમે ધન્ય છો, કેમકે, તમારા હૃદયમાં પુરાણ-કથા સાંભળવા માટે વિશેષ પ્રેમ અને લાલસા છે. એટલા માટે હું શુદ્ધબુદ્ધિથી વિચાર કરીને તમને પરમ ઉત્તમ શાસ્ત્રનું વર્ણન કરી રહ્યો છું. વત્સ! તે સંપૂર્ણ શાસ્ત્રોના સિદ્ધાંતથી સંપન્ન, ભક્તિ વગેરેને વધારનારું અને ભગવાન શિવને સંતોષ પમાડનારું છે. કાન માટે રસાયણ, અમૃતસ્વરૂપ અને દિવ્ય છે, તમે એનું શ્રવણ કરો. હે મુને! તે પરમ ઉત્તમ શાસ્ત્ર છે - શિવપુરાણ, જેનું પહેલાં પૂર્વકાળમાં ભગવાન શિવે જ પ્રવચન કર્યું હતું. આ કાલરૂપી સાપથી પ્રાપ્ત થનાર મહાન ત્રાસનો વિનાશ કરનારું ઉત્તમ સાધન છે. ગુરુદેવ વ્યાસે સનત્કુમાર મુનિનો આદેશ મેળવીને સંક્ષેપમાં આ પુરાણનું પ્રતિપાદન કર્યું છે. આ પુરાણની રચના પાછળ હેતુ એ છે કે કળિયુગમાં પેદા થનારા મનુષ્યોના પરમ હિતનું આ સાધન છે.

આ શિવપુરાણ પરમ ઉત્તમ શાસ્ત્ર છે. એને

આ ધરતી પર ભગવાન શિવજીનો સાક્ષાત્ વાઙ્મય વિગ્રહ - શિવસ્વરૂપ - સમજાવો જોઈએ અને બધી રીતે એનું સેવન કરવું જોઈએ. આનું પઠન અને શ્રવણ સર્વસાધનરૂપ છે. આ સાધનથી શિવભક્તિ પ્રાપ્ત કરીને શ્રેષ્ઠતમ સ્થિતિમાં પહોંચેલો માનવ તરત જ શિવપદને પ્રાપ્ત કરી લે છે. એટલા માટે જ સંપૂર્ણ પ્રયત્ન કરીને માનવોએ આ શિવપુરાણ વાંચવા - સાંભળવાની ઇચ્છા કરી છે અથવા આ પુરાણના અધ્યયનને અભીષ્ટ - ઇચ્છિત સાધન માન્યું છે. આ રીતે આનું પ્રેમપૂર્વક શ્રવણ પણ સંપૂર્ણ મનોવાંછિત ફળ પ્રદાન કરનારું છે. ભગવાન શિવના આ પુરાણને સાંભળીને મનુષ્ય બધાં પાપોથી મુક્ત થઈ જાય છે અને આ જીવનમાં મોટા-મોટા ઉત્કૃષ્ટ ભોગ ભોગવીને અંતે શિવલોકને પ્રાપ્ત કરી લે છે.

આ શિવપુરાણ નામનો ગ્રંથ ચોવીશ હજાર શ્લોકોવાળો છે. એની સાત સંહિતાઓ છે. મનુષ્યને માટે એ જરૂરી છે કે તે ભક્તિ, જ્ઞાન અને વૈરાગ્યથી સંપન્ન થઈને બહુ જ આદરથી આનું શ્રવણ કરે. સાત સંહિતાઓથી યુક્ત આ દિવ્ય શિવપુરાણ પરબ્રહ્મ પરમાત્માની જેમ જ બિરાજમાન છે અને સર્વથી ઉત્કૃષ્ટ ગતિ પ્રદાન કરવાવાળું છે.

જે કોઈ નિરંતર અનુસંધાનપૂર્વક આ શિવપુરાણને વાંચે છે અથવા નિત્ય પ્રેમપૂર્વક આનો પાઠ માત્ર કરે છે તે પુણ્યાત્મા છે એમાં કોઈ સંશય નથી. જો ઉત્તમ બુદ્ધિવાળો પુરુષ અંતકાળમાં ભક્તિપૂર્વક આ પુરાણને સાંભળે છે, એના પર અત્યંત પ્રસન્ન થયેલા ભગવાન મહેશ્વર એને પોતાનું શિવપદ-ધામ-પ્રદાન કરે છે. જે દરરોજ આદરપૂર્વક આ શિવપુરાણનું પૂજન કરે છે, તે આ સંસારનાં સંપૂર્ણ સુખો ભોગવીને અંતે ભગવાન શિવના પદને પ્રાપ્ત કરી લે છે. જે પ્રતિદિન આળસ ખંખેરી નાખીને રેશમી વસ્ત્રથી વીંટીને આ શિવપુરાણનો સત્કાર કરે છે તે સદા સુખી રહે છે. આ શિવપુરાણ નિર્મલ અને ભગવાન શિવનું સર્વસ્વ છે, જે ઇહલોકમાં અને પરલોકમાં પણ સુખ ચાહતો હોય એણે આદરપૂર્વક, પ્રયત્નપૂર્વક આનું સેવન કરવું જોઈએ. આ નિર્મળ તથા ઉત્તમ શિવપુરાણ ધર્મ, અર્થ, કામ અને મોક્ષરૂપ ચારે પુરુષાર્થોને આપવાવાળું છે. માટે, સદા પ્રેમપૂર્વક આનું શ્રવણ કરવું જોઈએ અને વિશેષ પાઠ કરવો જોઈએ. **(અધ્યાય-૧)**

*

શિવપુરાણના શ્રવણથી દેવરાજને શિવલોકની પ્રાપ્તિ અને ચંચુલાને પાપનો ભય તથા સંસાર પ્રત્યે વૈરાગ્ય

શ્રીશૌનકજીએ કહ્યું—મહાભાગ સૂતજી! તમે ધન્ય છો, પરમાર્થ તત્ત્વના જ્ઞાતા છો. તમે કૃપા કરીને અમને આ બહુ અદ્‌ભુત અને દિવ્ય કથા સંભળાવી છે. ધરતી પર આ કથા સમાન કલ્યાણનું સર્વશ્રેષ્ઠ સાધન બીજું કોઈ નથી, એ વાત અમે આજે તમારી કૃપાથી નિશ્ચયપૂર્વક સમજી લીધી છે. સૂતજી! કળિયુગમાં આ કથાના શ્રવણ દ્વારા કયા કયા પાપી શુદ્ધ થાય છે? તે અમને કૃપાપૂર્વક બતાવો અને આ જગતને કૃતાર્થ કરો.

સૂતજી બોલ્યા—મુને! જે મનુષ્ય પાપી, દુરાચારી, ખલ અને કામ-ક્રોધ વગેરેમાં નિરંતર ડૂબેલા છે, તે પણ આ પુરાણના શ્રવણ-પઠનથી અવશ્ય જ શુદ્ધ થઈ જાય છે. આ વિષયમાં

જ્ઞાનકાર મુનિ આ પ્રાચીન ઈતિહાસનું ઉદાહરણ આપ્યા કરે છે, જેના શ્રવણ માત્રથી પાપોનો સંપૂર્ણ નાશ થઈ જાય છે.

ઘણા સમય પહેલાંની વાત છે કે કોઈ જગાએ કિરાતોના નગરમાં એક બ્રાહ્મણ રહેતો હતો. તે જ્ઞાનમાં અત્યંત દુર્બળ અને દરિદ્ર હતો. રસ વેચનારો હતો અને વૈદિક ધર્મથી વિમુખ હતો. તે સ્નાન-સંધ્યા વગેરે કર્મોથી ભ્રષ્ટ થઈ ગયો હતો અને વૈશ્યવૃત્તિમાં તત્પર રહેતો હતો. એનું નામ હતું દેવરાજ. તે એવા લોકોને ઠગી લેતો જે એના ઉપર વિશ્વાસ રાખતા હતા. એણે બ્રાહ્મણો, ક્ષત્રિયો, વૈશ્યો અને શૂદ્રો તથા બીજા ઘણાઓને પણ અનેક બહાનાં બનાવીને એમનું ધન હડપી લીધું હતું. પરંતુ એ પાપીનું થોડું પણ ધન ધાર્મિક કાર્યોમાં વપરાતું ન હતું. તે વેશ્યાગામી વ્યભિચારી જીવન જીવતો હતો અને બધી જ રીતે આચારભ્રષ્ટ હતો.

એક દિવસ ફરતાં ફરતાં તે દૈવયોગથી પ્રતિષ્ઠાનપુર (ઝૂસી-પ્રયાગ) જઈ પહોંચ્યો. ત્યાં તેણે એક શિવાલય જોયું. એમાં ઘણા સંત મહાત્માઓ એકત્ર થયા હતા. દેવરાજે તે શિવાલયમાં ધામા નાખ્યા, પરંતુ તે જ અરસામાં તેને તાવ આવી ગયો. એ તાવથી એને ખૂબ જ વેદના થવા લાગી. ત્યાં તે શિવમંદિરમાં એક બ્રાહ્મણદેવતા - કથાકાર શિવપુરાણની કથા સંભળાવી રહ્યા હતા. તાવમાં પડેલા દેવરાજ બ્રાહ્મણે પેલા કથાકારની કથા - શિવકથાને નિરંતર સાંભળ્યા કરી. એક માસ સુધી તે તાવમાં તરફડ્યો અને મરી ગયો. યમરાજના દૂતો આવ્યા અને એને પાશોથી મુશ્કેટાટ બાંધીને બળપૂર્વક યમનગરીમાં લઈ ગયા. એટલામાં જ શિવલોકથી ભગવાન શિવના પાર્ષદો પણ આવી લાગ્યા. એ પાર્ષદોનાં ગૌર અંગ કપૂરની જેમ ઉજ્જ્વળ હતાં, હાથમાં ત્રિશૂલ શોભી રહ્યાં હતાં, એમનાં બધાં અંગોએ ભસ્મ ચોળેલી હતી અને રુદ્રાક્ષની માળાઓ તેમના ગળામાં શોભાની વૃદ્ધિ કરતી હતી. એ બધા પાર્ષદો એકીસાથે ક્રોધપૂર્વક યમનગરીમાં ગયા અને યમરાજના દૂતોને મારી મારીને, વારંવાર ધમકાવીને તેમણે દેવરાજને એમના ચુંગાલમાંથી છોડાવી લીધો અને અત્યંત

અદ્‌ભુત વિમાન પર બેસાડીને જ્યારે એ શિવપાર્ષદો કૈલાસમાં જવા તૈયાર થયા એ સમયે યમપુરીમાં બહુ મોટો કોલાહલ થયો. આ કોલાહલને સાંભળીને ધર્મરાજ પોતાના ભવનમાંથી બહાર આવ્યા. સાક્ષાત્ જાણે બીજા રુદ્રો જ હોય એવા દેખાય તેવા એ ચાર દૂતોને જોઈને ધર્મજ્ઞ ધર્મરાજાએ એ શિવપાર્ષદોનું વિધિપૂર્વક પૂજન કર્યું અને જ્ઞાનદૃષ્ટિથી પામી જઈને સર્વ હકીકત

જાણી લીધી. એમણે ભયને લીધે ભગવાન શિવના મહાત્મા પાર્ષદોને કશી વાત પૂછી નહીં, ઊલટાનું એ બધા પાર્ષદોનું પૂજન કર્યું અને પ્રાર્થના કરી. ત્યાર પછી એ શિવપાર્ષદો કૈલાસ તરફ જતા રહ્યા અને ત્યાં પહોંચીને પેલા દેવરાજ બ્રાહ્મણને દયાસાગર સામ્બ શિવના હાથમાં સોંપી દીધા.

શૌનકજી બોલ્યા—હે મહાભાગ સૂતજી! તમે સર્વજ્ઞ છો. હે મહામતે! આપના કૃપા પ્રસાદથી હું વારંવાર કૃતાર્થ થયો છું. આ ઇતિહાસની કથા સાંભળીને મારું મન અત્યંત આનંદમાં નિમગ્ન થઈ રહ્યું છે. તેથી હવે ભગવાન શિવની ભક્તિ વધે, પ્રેમ વધે તેવી શિવસંબંધી બીજી કથાઓનું પણ શ્રવણ કરાવો.

શ્રી સૂતજી બોલ્યા—શૌનક! સાંભળો, હું તમારી સામે અત્યંત ગોપનીય ગૂઢ કથાવસ્તુનું વર્ણન કરીશ, કેમકે, તમે શિવભક્તોમાં અગ્રગણ્ય છો તથા વેદવેત્તાઓમાં પણ શ્રેષ્ઠ છો. સમુદ્રની પાસેના પ્રદેશમાં વાષ્કલ નામે ગામ છે. ત્યાં વૈદિક ધર્મથી વિમુખ મહાપાપી બ્રાહ્મણદ્વિજો નિવાસ કરે છે. એ બધા જ દુષ્ટ છે. એમનાં મન દૂષિત વિષય-ભોગોમાં જ લાગ્યાં રહે છે. તેમને દેવતાઓ પર વિશ્વાસ નથી અને ભાગ્ય ઉપર પણ વિશ્વાસ નથી. એ સૌ કુટિલ વૃત્તિવાળા છે. ખેતી કરે છે અને જાતજાતનાં ઘાતક હથિયારો - અસ્ત્રશસ્ત્ર રાખે છે. તેઓ વ્યભિચારી અને ખલ છે. જ્ઞાન, વૈરાગ્ય અને સદ્ધર્મનું સેવન જ મનુષ્ય માટે પરમ પુરુષાર્થ છે એ વાતને તેઓ બિલકુલ જાણતા નથી. એ બધા પશુબુદ્ધિવાળા છે (વિચાર કરો કે જ્યાં દ્વિજો આવા હોય, ત્યાંના બીજી વર્ણના લોકો વિશે તો કહેવું જ શું). અન્ય વર્ણના લોકો પણ આ લોકોની જેમ જ કુત્સિત વિચાર ધરાવતા હતા, સ્વધર્મ વિરુદ્ધ છે, ખલ છે. તે સદા કુકર્મમાં જ લાગ્યા રહેતા હતા. નિત્ય વિષયભોગમાં જ ગળા સુધી ડૂબેલા હતા. ત્યાંની સ્ત્રીઓ પણ કુટિલ સ્વભાવની હતી. સ્વેચ્છાચારિણી, પાપાસક્ત, કુત્સિત વિચારોવાળી અને વ્યભિચાર કરવાવાળી એમનામાં સદ્વ્યવહાર અને સદાચારનો લેશમાત્ર છાંટોય નથી. સદાચારથી સર્વથા શૂન્ય છે. આ રીતે તે વાષ્કલ ગામમાં દુષ્ટો જ નિવાસ કરે છે.

એ વાષ્કલ નામના ગામમાં કોઈ એક સમયે બિન્દુગ નામનો બ્રાહ્મણ રહેતો હતો, તે તદ્દન અધમ હતો, દુરાત્મા અને મહાપાપી હતો. જોકે એની પત્ની ખૂબ સુંદર હતી. તો પણ આ બિન્દુગ બ્રાહ્મણ કુમાર્ગે જ જતો હતો. એની પત્નીનું નામ હતું ચંચુલા. એ ચંચુલા સદા ઉત્તમ ધર્મપાલનમાં તત્પર રહેતી હતી તેમ છતાં એને છોડીને આ બિન્દુગ બ્રાહ્મણ - દુષ્ટ બ્રાહ્મણ - વેશ્યાગામી થઈ ગયો હતો. આ રીતે આવા કુકર્મમાં પડેલા બ્રાહ્મણને બહુ વર્ષો થઈ ગયાં. એની પત્ની ચંચુલાને કામ વ્યાપે તો પણ સ્વધર્મનો નાશ થશે એ ભયથી કલેશ સહન કરીને પણ લાંબા સમય સુધી ધર્મભ્રષ્ટ ન થઈ. પરંતુ દુરાચારી પતિના આચરણથી પ્રભાવિત થઈને આગળ જતાં તે ચંચુલા પણ દુરાચારિણી બની ગઈ.

આ રીતે, દુરાચારમાં ગળાડૂબ એ મૂઢ ચિત્તવાળાં પતિ-પત્નીનો ઘણો બધો સમય વ્યર્થમાં વહ્યો ગયો. ત્યાર પછી શૂદ્ર જાતીય વેશ્યાનો પતિ બનેલો પેલો દૂષિત બુદ્ધિવાળો દુષ્ટ બિન્દુગ બ્રાહ્મણ સમય થતાં મરણને શરણ થયો અને નરકમાં પડ્યો. ઘણા દિવસો સુધી નરકનાં દુઃખો ભોગવીને તે મૂઢબુદ્ધિ પાપી વિંધ્યપર્વત પર ભયંકર પિશાચ થયો. આ બાજુ, પેલા દુરાચારી બ્રાહ્મણ પતિ બિન્દુગના મરણ પછી પેલી મૂઢહૃદયા ચંચુલા ઘણો સમય પોતાના પુત્રોની

સાથે ઘરમાં રહેવા લાગી.

એક દિવસ દૈવયોગે કોઈ પુણ્ય પર્વ આવ્યું ત્યારે તે ચંચુલા ભાઈ-બંધુઓ સાથે ગોકર્ણ-ક્ષેત્રમાં ગઈ. તીર્થયાત્રીઓના સંગથી એણે પણ એ સમયે જઈને કોઈ પવિત્ર તીર્થના જલમાં સ્નાન કર્યું. પછી તે સામાન્ય રીતે (મેળો જોવાની વૃત્તિથી) બન્ધુજનો સાથે અહીં - તહીં ફરવા માંડી. ફરતાં ફરતાં તે દેવ-મંદિરમાં ગઈ ત્યાં તેણે એક દૈવજ્ઞ બ્રાહ્મણના મુખે ભગવાન શિવની પરમ પવિત્ર અને મંગલકારિણી ઉત્તમ પૌરાણિક કથા સાંભળી. કથા-વાચક બ્રાહ્મણ કહી રહ્યા હતા કે, "જે સ્ત્રીઓ પરપુરુષો જોડે વ્યભિચાર કરે છે તે મરણ પછી જ્યારે યમલોકમાં જાય છે, ત્યારે યમના દૂત એમનાં ગુપ્તાંગોમાં - યોનિમાં - તપેલા લોખંડના ગોળા ઘુસાડી દે છે." પૌરાણિક બ્રાહ્મણના મુખથી આ વૈરાગ્ય-વધારનાર કથા સાંભળીને ચંચુલા ભયથી વ્યાકુળ

થઈ ગઈ અને ધ્રુજવા માંડી. જ્યારે કથા પૂરી થઈ અને અન્ય શ્રોતાઓ ત્યાંથી બહાર જતા રહ્યા ત્યારે તે ભયભીત ચંચુલા નારી એકાંતમાં શિવપુરાણની કથા વાંચનાર બ્રાહ્મણ દેવીતાને કહેવા લાગી -

ચંચુલા બોલી—બ્રહ્મન્! હું મારો ધર્મ જાણતી નથી. તેથી મારાથી ઘણો દુરાચાર થયો છે. સ્વામિન્! મારા ઉપર અનુપમ કૃપા કરીને તમે મારો ઉદ્ધાર કરો. આજે તમારો વૈરાગ્ય-રસથી ઓતપ્રોત ઉપદેશ સાંભળીને મને બહુ ભય લાગવા માંડ્યો છે. હું ધ્રુજી ઊઠી છું. હવે મને સંસાર પ્રત્યે વૈરાગ્ય થયો છે. હું મૂઢ ચિત્તવાળી પાપિણી સ્વયંને ધિક્કારું છું. હું સર્વથા નિંદાને યોગ્ય છું. કુત્સિત વિષયોમાં ફસાઈ ગયેલી છું અને સ્વયંના ધર્મથી વિમુખ થઈ ગઈ છું. હાય! કોને ખબર મારે કયાં કયાં ઘોર કષ્ટદાયક દુર્ગતિમાં પડવું પડશે અને ત્યાં કોણ બુદ્ધિશાળી પુરુષ કુમાર્ગે ચઢેલી મને પાપિણીને સાથ આપશે. મૃત્યુવેળાએ એ ભયંકર યમદૂતોને હું કેવી રીતે જોઈ શકીશ? જ્યારે બળપૂર્વક તે મારા ગળામાં ફાંસો નાખીને મને બાંધશે ત્યારે મારાથી ધીરજ કેવી રીતે ધારણ થશે? નરકમાં જ્યારે મારા શરીરના ટુકડે-ટુકડા થવા માંડશે એ વિશેષ સમયમાં દુઃખદાયક એ મહાયાતના હું ત્યાં કેવી રીતે સહન કરી શકીશ? હાય! હું મરી ગઈ! હું સળગી ગઈ! મારું હૈયું વિદીર્ણ થઈ ગયું છે. હું સર્વપ્રકારે નષ્ટ થવા લાગી છું, કેમકે હું દરેક પ્રકારનાં પાપમાં ડૂબી રહી છું. બ્રહ્મન્! તમે જ મારા ગુરુ. તમે જ માતા અને તમે જ પિતા છો. તમારા શરણે આવેલી મને દીન અબળા જાણીને તમે જ મારો ઉદ્ધાર કરો, તમે જ મારો ઉદ્ધાર કરો.

સૂતજી કહે છે—શૌનક, આ રીતે ખેદ અને

વૈરાગ્યથી યુક્ત થઈ ગયેલી ચંચુલા બ્રાહ્મણ દેવતાના ચરણોમાં આળોટી પડી. ત્યારે તે બુદ્ધિમાન બ્રાહ્મણે કૃપાપૂર્વક એને ઉઠાડી અને આ પ્રકારે કહેવા લાગ્યા - (અધ્યાય ૨-૩)

*

ચંચુલાની પ્રાર્થનાથી બ્રાહ્મણનું એને પૂરું શિવપુરાણ સંભળાવવું અને સમયાનુસાર શરીર છૂટ્યા પછી શિવલોકમાં જઈને ચંચુલાનું પાર્વતીજીની સખી થવું અને સુખી થવું

બ્રાહ્મણ બોલ્યો—નારી! સૌભાગ્યની વાત છે કે ભગવાન શંકરની કૃપાથી શિવપુરાણની આ વૈરાગ્યયુક્ત કથા સાંભળીને તને સમયસર ચેતવણી મળી. બ્રાહ્મણપત્ની! તું ડર નહીં. ભગવાન શિવના ચરણ-શરણમાં જા. શિવની કૃપાથી બધાં પાપ તત્કાળ નષ્ટ થઈ જાય છે. હું તને ભગવાન શિવની કીર્તિકથાથી યુક્ત એ પરમ વસ્તુનું વર્ણન કરીશ જેથી તને સુખદેનારી ઉત્તમ ગતિ પ્રાપ્ત થશે. શિવની ઉત્તમ કથાના શ્રવણમાત્રથી જ તારી બુદ્ધિ એવી રીતે પશ્ચાત્તાપથી તપ્ત થઈને શુદ્ધ થઈ ગઈ છે. એની સાથે સાથે તારા મનમાં વિષયો તરફ વૈરાગ્ય થઈ ગયો છે. **પશ્ચાત્તાપ પાપ કરનાર પાપીઓ માટે સૌથી મોટું પ્રાયશ્ચિત્ત છે.** સત્પુરુષોએ બધાંને માટે પસ્તાવાને જ સમસ્ત પાપોના શોધક તરીકે વર્ણવ્યો છે, પશ્ચાત્તાપથી જ પાપોની શુદ્ધિ થાય છે. જે પસ્તાવો કરે છે તે જ ખરેખર પાપોનું પ્રાયશ્ચિત્ત કરે છે, કેમકે સત્પુરુષોએ બધાં પાપોની શુદ્ધિ માટે જેમ પ્રાયશ્ચિત્તનો ઉપદેશ કર્યો છે, તે સર્વ પસ્તાવાથી સંપન્ન થઈ જાય છે* જે માણસ વિધિપૂર્વક પ્રાયશ્ચિત્ત કરીને નિર્ભય થઈ જાય છે, પરંતુ પોતાનાં કુકર્મોને માટે પસ્તાવો નથી કરતો, એને પ્રાયઃ ઉત્તમ ગતિ પ્રાપ્ત થતી નથી. **પરંતુ જેને પોતાનાં કુકૃત્યો પર હાર્દિક પસ્તાવો થાય છે તે અવશ્ય ઉત્તમ ગતિનો ભાગી થાય છે, અધિકારી થાય છે, એમાં શંકા નથી.** આ શિવપુરાણની કથા સાંભળવાથી જેવી ચિત્તશુદ્ધિ થાય છે એવી બીજા ઉપાયોથી થતી નથી. જેવી રીતે તકતાને સાફ કરવાથી ચોખ્ખો, નિર્મલ થઈ જાય છે, એવી જ રીતે, આ શિવપુરાણની કથાથી ચિત્ત અત્યંત શુદ્ધ થઈ જાય છે, એમાં પણ સંશય નથી. માનવોના શુદ્ધચિત્તમાં જગદંબા પાર્વતીસહિત ભગવાન શિવ બિરાજમાન રહે છે. તેથી તે વિશુદ્ધાત્મા પુરુષ શ્રીસામ્બ સદાશિવના પદને ઉપલબ્ધ થઈ જાય છે. આ ઉત્તમ કથાનું શ્રવણ સમસ્ત માનવજાત માટે કલ્યાણનું બીજ છે. તેથી યથોચિત (શાસ્ત્રોક્ત) માર્ગથી એની આરાધના અથવા સેવા કરવી જોઈએ. આ ભવબંધરૂપી રોગનો નાશ કરનારી છે. ભગવાન શિવની કથાનું શ્રવણ કરીને પછી સ્વયંના હૃદયમાં એનું મનન અને નિદિધ્યાસન કરવું જોઈએ. આથી પૂર્ણ રીતે ચિત્તશુદ્ધિ થઈ જાય છે. ચિત્ત-શુદ્ધિ થવાથી મહેશ્વરની ભક્તિ પોતાના બંને પુત્રો

---

* પશ્ચાત્તાપ : પાપકૃતાં પાપાનાં નિષ્કૃતિઃ પરા। સર્વેષાં વર્ણિતં સદ્ભિઃ સર્વપાપ વિશોધનમ્ ॥
પશ્ચાત્તાપેનૈવ શુદ્ધિઃ પ્રાયશ્ચિત્તં કરોતિ સઃ। યથોપદિષ્ટં સદ્ભિર્હિ સર્વપાપવિશોધનમ્ ॥
શિવપુરાણ-માહાત્મ્ય અ-૩ શ્લોક ૫-૬

(જ્ઞાન અને વૈરાગ્ય) સાથે નિશ્ચય જ પ્રગટ થાય છે. ત્યાર પછી મહેશ્વરની કૃપાથી, અનુગ્રહથી દિવ્ય મુક્તિ પ્રાપ્ત થાય છે એમાં સંશય નથી. જે મુક્તિથી વંચિત છે એને પશુ જ સમજવો જોઈએ કેમકે, એનું ચિત્ત માયાના બંધનમાં આસક્ત છે. તે ખરેખર, સંસારનાં બંધનોથી મુક્ત થઈ જ શકતો નથી.

બ્રાહ્મણ પત્ની! માટે તું તારા મનને વિષયોમાંથી ખેંચી-ખસેડી લે અને ભક્તિભાવથી ભગવાન શંકરની આ પરમ પાવન કથાનું શ્રવણ કર. પરમાત્મા શંકરની આ કથાનું શ્રવણ કરવાથી તારા ચિત્તની શુદ્ધિ થશે અને આનાથી જ તને મોક્ષની પ્રાપ્તિ થઈ જશે. જે નિર્મલ ચિત્તથી ભગવાન શિવનાં ચરણારવિંદોનું ચિંતન કરે છે, એની એક જ જન્મમાં મુક્તિ થઈ જાય છે - આ હું તને તદ્દન સત્ય સત્ય જ કહું છું.

સૂતજી કહે છે—શૌનક! આટલું કહીને તે શ્રેષ્ઠ શિવભક્ત બ્રાહ્મણ ચૂપ થઈ ગયો. એનું હૃદય કરુણા-દયાથી આર્દ્ર-ભીનું થઈ ગયું. તે શુદ્ધચિત્ત મહાત્મા ભગવાન શિવના ધ્યાનમાં મગ્ન થઈ ગયા. ત્યાર પછી બિન્દુગ બ્રાહ્મણની પત્ની ચંચુલા મનમાં ને મનમાં પ્રસન્ન થઈ ગઈ. બ્રાહ્મણનો ઉક્ત ઉપદેશ સાંભળીને એનાં નેત્રોમાં આનંદ-અશ્રુ છલકાઈ આવ્યાં. તે બ્રાહ્મણ-પત્ની ચંચુલા હર્ષભેર હૃદયપૂર્વક તે શ્રેષ્ઠ બ્રાહ્મણના બંને પગમાં પડી અને હાથ જોડીને બોલી - "હું કૃતાર્થ થઈ ગઈ છું." ત્યાર પછી ઊઠીને વૈરાગ્યયુક્ત ઉત્તમ બુદ્ધિવાળી તે સ્ત્રી, જે પોતાનાં પાપને કારણે ભયભીત હતી ને શિવભક્ત બ્રાહ્મણને હાથ જોડીને ગદ્‌ગદ વાણીમાં બોલવા લાગી-

ચંચુલા બોલવા લાગી—બ્રહ્મન્! શિવભક્તોમાં શ્રેષ્ઠ! સ્વામિન! આપ ધન્ય છો, પરમાર્થદર્શી છો અને સદા પરોપકારમાં લાગ્યા રહો છો તેથી શ્રેષ્ઠ સાધુપુરુષોમાં પ્રશંસાને યોગ્ય છો. સાધો! હું નરકના સમુદ્રમાં પડી રહી છું. આપ મારો ઉદ્ધાર કરો, ઉદ્ધાર કરો. પૌરાણિક અર્થતત્ત્વથી સભર જે સુંદર શિવપુરાણની કથાને સાંભળીને મારા મનમાં સંપૂર્ણ વિષયો પ્રત્યે વૈરાગ્ય ઉત્પન્ન થઈ ગયો એ જ આ શિવપુરાણ સાંભળવા આ સમયે મારા મનમાં બહુ શ્રદ્ધા પ્રગટી રહી છે.

સૂતજી કહે છે—આવું કહીને હાથ જોડીને બ્રાહ્મણ દેવતાનો અનુગ્રહ પ્રાપ્ત કરીને ચંચુલા એ શિવપુરાણની કથાનું શ્રવણ કરવાની ઇચ્છા મનમાં રાખીને તે બ્રાહ્મણ દેવતાની સેવામાં તત્પર થઈને ત્યાં જ રહેવા લાગી. તે પછી, શિવભક્તોમાં શ્રેષ્ઠ અને શુદ્ધવાળા તે બ્રાહ્મણદેવે એ જ સ્થાન પર એ સ્ત્રીને શિવપુરાણની ઉત્તમ કથા સંભળાવી. આ રીતે, તે ગોકર્ણ નામના મહાક્ષેત્રમાં તે જ શ્રેષ્ઠ બ્રાહ્મણ પાસે તેણે શિવપુરાણની પરમ ઉત્તમ કથા સાંભળી. આ કથા ભક્તિ, જ્ઞાન અને વૈરાગ્યને વધારનારી તથા મુક્તિ અપાવનારી છે. એ પરમ ઉત્તમ કથાનું શ્રવણ કરીને તે બ્રાહ્મણ પત્ની ચંચુલા અત્યંત કૃતાર્થ થઈ ગઈ. એનું ચિત્ત શીઘ્ર જ શુદ્ધ થઈ ગયું. પછી ભગવાન શિવના અનુગ્રહથી એના હૃદયમાં શિવના સગુણરૂપનું ચિંતન થવા લાગ્યું. આ રીતે એણે ભગવાન શિવમાં નિરંતર-રાચનારી ઉત્તમ બુદ્ધિ મેળવીને શિવનું સચ્ચિદાનંદમય સ્વરૂપનું વારંવાર ચિંતન આરંભ કર્યું. સમય જતાં, ભક્તિ, જ્ઞાન અને વૈરાગ્યયુક્ત થયેલી ચંચુલાએ કોઈ પણ પ્રકારના કષ્ટ વિના શરીરનો ત્યાગ કર્યો. એટલામાં જ ત્રિપુરશત્રુ ભગવાન શિવનું મોકલેલું એક દિવ્ય વિમાન

ઝડપી ગતિથી ત્યાં પહોંચ્યું. એ વિમાનમાં શિવના અનેક ગણો બેઠેલા હતા અને વિમાન જાતજાતનાં શોભા-સાધનોથી શણગારેલું હતું. ચંચુલા એ વિમાન પર બેઠી અને ભગવાન શિવના શ્રેષ્ઠ પાર્ષદોએ એને તત્કાળ શિવપુરીમાં પહોંચાડી દીધું. ચંચુલાના સઘળા અંતર-મેલ ધોવાઈ ગયા હતા. તેનું અંતઃકરણ અત્યંત શુદ્ધ બની ગયું હતું. તે દિવ્યરૂપધારિણી દિવ્યાંગના થઈ ગઈ હતી, એનાં દિવ્ય અંગો એની શોભામાં ઓર વૃદ્ધિ કરી રહ્યાં હતાં. માથા પર અર્ધચંદ્રનો મુગટ ધારણ કરેલ તે ગૌરાંગી દેવી શોભાશાળી દિવ્ય ઘરેણાંથી વિભૂષિત હતી. શિવપુરીમાં પહોંચીને એણે સનાતન દેવતા ત્રિનેત્રધારી મહાદેવજીને જોયા. પ્રેમપૂર્વક દર્શન કર્યાં. બધા જ મુખ્ય મુખ્ય દેવતા શિવજીની સેવામાં તત્પર હતા. ગણેશજી, ભૃંગી, નન્દીશ્વર તથા વીરભદ્રેશ્વર વગેરે પણ શિવજીની સેવામાં ઉત્તમ ભક્તિભાવથી ખડે પગે સેવા કરી રહ્યા હતા. શિવજીની અંગકાંતિ કરોડો સૂર્યની જેમ પ્રકાશિત થઈ રહી હતી. એમના કંઠમાં નીલ ચિહ્ન શોભી રહ્યું હતું. એમને પાંચ મુખ હતાં અને દરેક મુખને ત્રણ - ત્રણ નેત્ર હતાં. મસ્તક પર અર્ધચંદ્રાકાર મુગટની શોભા અનેરી હતી. એમણે એમના ડાબા અંગમાં - ડાબી બાજુએ - ગૌરી દેવીને બેસાડ્યાં હતાં. ગૌરી દેવી વીજળીનો જાણે ઢગલો હોય તેવી રીતે પ્રકાશી રહ્યાં હતાં. ગૌરીપતિ મહાદેવજીની કાંતિ કપૂરની જેમ ગૌર હતી. એમનું આખું શરીર શ્વેત ભસ્મથી લેપાયમાન હતું. શરીર પર શ્વેત વસ્ત્ર શોભી રહ્યું હતું. આ પ્રકારે, પરમ ઉજ્જવળ ભગવાન શંકરનાં દર્શન કરીને તે બ્રાહ્મણપત્ની ચંચુલા બહુ પ્રસન્ન થઈ ગઈ. અત્યંત પ્રીતિપૂર્વક એણે ખૂબ જ ઉતાવળે ઉતાવળે ભગવાન શંકરને વારંવાર પ્રણામ કરવા માંડ્યા. પછી હાથ જોડીને તે ખૂબ જ પ્રેમ, આનંદ અને સંતોષયુક્ત થઈને

અત્યંત વિનીતભાવથી ઊભી રહી. એનાં નેત્રોમાંથી આનંદ-અશ્રુઓની અવિરલ ધારા વહેવા લાગી તથા સંપૂર્ણ શરીર રોમાંચિત થઈ ગયું. એ વખતે ભગવતી પાર્વતી અને ભગવાન શંકરે એને ખૂબ જ કરુણાપૂર્વક પોતાની પાસે બોલાવી અને સૌમ્ય દૃષ્ટિથી એની તરફ જોયું. પાર્વતીજીએ તો દિવ્યરૂપધારિણી બિન્દુગપ્રિયા ચંચુલાને પ્રેમપૂર્વક પોતાની સખી બનાવી દીધી. તે એ પરમાનંદઘન જ્યોતિઃ સ્વરૂપ સનાતન ધામમાં અવિચલ નિવાસ પામીને દિવ્ય સૌખ્યભાવ પામીને અક્ષય સુખનો અનુભવ કરવા લાગી.

(અધ્યાય ૪)

*

ચંચુલાના પ્રયત્નથી પાર્વતીજીની આજ્ઞા મેળવીને તુમ્બુરુની વિંધ્યપર્વત પર શિવપુરાણની કથા સંભળાવવી અને બિન્દુગનો પિશાચ યોનિથી ઉદ્ધાર પામવો તથા એ બંને દંપતીઓનું શિવધામમાં સુખી થવું

સૂતજી બોલ્યા—શૌનક! એક દિવસ પરમાનંદમાં નિમગ્ન થયેલી ચંચુલાએ ઉમાદેવી પાસે જઈને પ્રણામ કર્યા અને હાથ જોડીને સ્તુતિ કરવા લાગી.

ચંચુલા બોલી—ગિરિરાજનન્દિની! સ્કન્દ-માતા ઉમે! માનવોએ સદા આપની સેવા કરી છે. સમસ્ત સુખોનું પ્રદાન કરનાર શંભુપ્રિયે! આપ બ્રહ્મસ્વરૂપિણી છો. બ્રહ્મા અને વિષ્ણુ વગેરે દેવતાઓનાં આપ આરાધ્ય છો. તમે સ્વયં સગુણ અને નિર્ગુણ છો. તમે જ સૂક્ષ્મ સચ્ચિદાનંદરૂપિણી આદ્યા પ્રકૃતિ છો. તમે જ સંસારની સૃષ્ટિ કરો છો, પાલન કરો છો અને સંહાર પણ કરો છો. ત્રણે ગુણોનો આશ્રય પણ તમે જ છો. બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ્વર - એ ત્રણે દેવતાઓનું આવાસસ્થાન છો અને એમની ઉત્તમ પ્રતિષ્ઠા કરનારાં પરાશક્તિ પણ આપ જ છો.

સૂતજી કહે છે—શૌનક, જેને સદ્‌ગતિ પ્રાપ્ત થઈ ગઈ હતી તે ચંચુલા આ રીતે મહેશ્વરપત્ની ઉમાની સ્તુતિ કરીને નતમસ્તકે ઊભી રહી, ચૂપ થઈ ગઈ. એનાં નેત્રોમાં પ્રેમનાં અશ્રુબિંદુઓની ઝડી લાગી ગઈ, હેલી જામી ગઈ. ત્યારે કરુણામયી શંકરપ્રિયા ભક્તવત્સલા પાર્વતીદેવીએ ચંચુલાને સંબોધિત કરીને ખૂબ જ પ્રેમપૂર્વક આ રીતે કહેવા લાગ્યાં -

પાર્વતીજી બોલ્યાં—સખી ચંચુલે! સુન્દરી! હું તારી સ્તુતિથી અત્યંત પ્રસન્ન થઈ ગઈ છું. બોલ, કયું વરદાન જોઈએ છે? તારે માટે હું સર્વ કાંઈ આપી શકું છું. કશુંય અદેય નથી.

ચંચુલા બોલી—નિષ્પાપ ગિરિરાજકુમારી! મારા પતિ બિન્દુગ આ વખતે ક્યાં હશે, એમની કેવી ગતિ થઈ હશે, એ હું જાણતી નથી! કલ્યાણમયી દીનવત્સલે! હું મારા એ પતિદેવને જે રીતે મળી શકું એવો ઉપાય આપ કરો. મહેશ્વરી! મહાદેવી! મારા પતિ એક શૂદ્રજાતની વેશ્યા તરફ આસક્ત હતા, અને પાપમાં પડેલા હતા. એ મારા પહેલાં જ મૃત્યુ પામ્યા હતા. કોણ જાણે એમની શીય ગતિ થઈ હશે.

ગિરિજા બોલ્યાં—બેટી! તમારો બિન્દુગ નામનો પતિ બહુ મોટો પાપી હતો. એનું અંતઃકરણ જ દૂષિત હતું. વેશ્યાનો સંગ કરનારને મહામૂઢ મૃત્યુ પછી નરકમાં પડ્યો અને અગણિત વર્ષો સુધી નરકમાં વિવિધ પ્રકારનાં દુઃખો ભોગવીને તે પાપાત્મા પોતાનાં બાકી રહેલાં પાપને ભોગવવા માટે વિંધ્યપર્વત પર પિશાચ થયો છે. આ વખતે પણ તે પિશાચ અવસ્થામાં જ છે અને વિવિધ પ્રકારના ક્લેશો સહન કરી રહ્યો છે. એ દુષ્ટ ત્યાં જ વાયુ-પાન કરીને રહે છે અને સદા સર્વ પ્રકારનાં કષ્ટો સહન કરે છે.

સૂતજી કહે છે—શૌનક! ગૌરીદેવીની આ વાત સાંભળીને ઉત્તમ વ્રતનું પાલન કરનારી ચંચુલા એ વખતે પતિના મહાન દુઃખે દુઃખી થઈ ગઈ. પછી મનને સ્થિર કરીને તે બ્રાહ્મણપત્નીએ વ્યથિત હૃદયથી મહેશ્વરીને પ્રણામ કરીને ફરીથી પૂછ્યું.

ચંચુલા બોલી—મહેશ્વરી! મહાદેવી! મારા પર કૃપા કરો અને દૂષિત કર્મ કરનાર મારા એ દુષ્ટ પતિનો હવે ઉદ્ધાર કરો. દેવી! કુત્સિત બુદ્ધિવાળા મારા એ પાપાત્મા પતિની કયા

ઉપાયથી ઉત્તમ ગતિ થાય તે શીઘ્ર જણાવો. આપને મારા નમસ્કાર હો.

પાર્વતીજીએ કહ્યું—તારો પતિ જો શિવપુરાણની પુણ્યમયી ઉત્તમ કથા સાંભળે તો બધી દુર્ગતિમાંથી મુક્ત થઈને ઉત્તમ ગતિને પ્રાપ્ત કરી શકે છે.

અમૃતસમા મધુર અક્ષરોથી યુક્ત ગૌરીદેવીનાં આ વચન આદરપૂર્વક સાંભળીને હાથ જોડીને, મસ્તક નમાવીને વારંવાર પાર્વતીજીને પ્રણામ કર્યા અને પોતાના પતિનાં સમસ્ત પાપોની શુદ્ધિ તથા ઉત્તમ ગતિની પ્રાપ્તિ માટે પાર્વતીજીને આવી પ્રાર્થના કરી કે "મારા પતિને શિવપુરાણનું શ્રવણ કરાવવાની વ્યવસ્થા થવી જોઈએ." એ બ્રાહ્મણપત્નીની વારંવારની પ્રાર્થનાથી શિવપ્રિયા ગૌરીદેવીને બહુ દયા આવી. એ ભક્તવત્સલા મહેશ્વરી ગિરિરાજકુમારીએ ભગવાન શિવની ઉત્તમ કીર્તિનું ગાન કરનાર ગંધર્વરાજ તુમ્બુરુને બોલાવીને પ્રસન્નતાપૂર્વક આ પ્રમાણે કહ્યું - તુમ્બુરો! તમારી પ્રીતિ ભગવાન શિવજીમાં છે. તમે મારા મનની વાત જાણીને મારા ઈચ્છિત કાર્યને સિદ્ધ કરવાવાળા છો. એટલે હું તમને એક વાત કહું છું. તમારું કલ્યાણ થાઓ. તમે મારી આ સખી સાથે તરત જ વિંધ્યપર્વત પર જાઓ. ત્યાં એક મહાઘોર અને ભયંકર પિશાચ રહે છે. એનું વૃત્તાંત તમે આરંભથી જ સાંભળો. હું તમને પ્રસન્નતાપૂર્વક બધું જ જણાવું છું. પૂર્વજન્મમાં તે પિશાચ બિન્દુગ નામનો બ્રાહ્મણ હતો. મારી આ સખી ચંચુલાનો પતિ હતો, પરંતુ તે દુષ્ટ વેશ્યાગામી થઈ ગયો. સ્નાન-સંધ્યા વગેરે નિત્ય કર્મો છોડીને અપવિત્ર રહેવા લાગ્યો. ક્રોધને લીધે એની બુદ્ધિ પર મૂઢતા છવાઈ ગઈ હતી - તેને કર્તવ્યપાલનનો વિવેક રહ્યો ન હતો. અભક્ષ્યાભક્ષ કરતો, સજ્જનોનો દ્વેષ અને દૂષિત વસ્તુઓનું દાન લેતો હતો. આ જ એનું સ્વાભાવિક કર્મ બની ગયું હતું ને અસ્ત્ર-શસ્ત્ર લઈને ફરતો અને હિંસા કરતો હતો. ડાબે હાથે ખાવાનું ખાતો હતો. દીનજનોને પીડા આપતો હતો. ક્રૂરતાપૂર્વક અન્યોનાં ઘરમાં આગ ચાંપી દેતો હતો. ચાંડાલો સાથે એને પ્રેમ હતો. દરરોજ વેશ્યાના સંપર્કમાં રહેતો હતો. બહુ દુષ્ટ હતો. તે પાપી પોતાની પત્નીનો ત્યાગ કરીને દુષ્ટોના સંગમાં જ આનંદ માનતો હતો ને મરણ સુધી દુરાચારમાં જ ફસાયેલો રહ્યો. અંતઃકાળ આવતાં તે મરણને શરણ થયો ને પાપીઓનું જે ભોગસ્થાન એવું ઘોર યમનગરમાં ગયો ત્યાં ઘણાં નરકને ભોગવીને તે દુષ્ટાત્મા જીવ આ સમયે વિંધ્યપર્વત ઉપર પિશાચ બનેલો છે. ત્યાં જ એ દુષ્ટ પિશાચ પોતાનાં પાપોનું ફળ ભોગવી રહ્યો છે. હે તુમ્બરો! તમે એની સામે પ્રયત્નપૂર્વક શિવપુરાણની એ દિવ્ય કથાનું પ્રવચન કરો. એ

દિવ્ય કથા પરમ પુણ્યમયી તથા સમસ્ત પાપોનો નાશ કરનારી છે. શિવપુરાણની કથાનું શ્રવણ સર્વથી ઉત્કૃષ્ટ પુણ્યકર્મ છે. એનાથી એનું હૃદય શીઘ્ર જ સમસ્ત પાપોથી શુદ્ધ થઈ જશે અને પ્રેતયોનિમાંથી મુક્ત થઈ જશે. એ દુર્ગતિમાંથી મુક્ત થવાથી બિન્દુગ નામના પિશાચને મારી આજ્ઞાથી વિમાન પર બેસાડીને તમે ભગવાન શિવજીની સમીપે લઈ આવો."

સૂતજી કહે છે—શૌનક! મહેશ્વરી ઉમાના આ પ્રકારના આદેશ પર ગંધર્વરાજ તુમ્બુરુ મનમાં ને મનમાં બહુ પ્રસન્ન થયા. એમણે સ્વયંના ભાગ્યની સરાહના - પ્રશંસા કરી. ત્યાર પછી એ પિશાચની સતી-સાધ્વી પત્ની ચંચુલાની સાથે વિમાન પર બેસીને નારદના પ્રિય મિત્ર તુમ્બુરુ ઝડપથી વિંધ્યાચલ પર્વત પર ગયા, જ્યાં પેલો પિશાચ રહેતો હતો. ત્યાં જઈને તેમણે પિશાચને જોયો. એનું શરીર વિશાળ હતું. મુખનો દાઢીનો ભાગ બહુ મોટો હતો. એ ઘડીકમાં હસે, ઘડીકમાં રડે અને ઘડીકમાં ઊછળકૂદ કરી લેતો. એની આકૃતિ ખૂબ જ વિકરાળ હતી. ભગવાન શિવજીની ઉત્તમ કીર્તિનું ગાન કરનાર મહાબલી તુમ્બુરુએ એ અત્યંત ભયંકર પિશાચને પાશોથી જકડી-બાંધી લીધો. ત્યાર પછી, તુમ્બુરુએ શિવપુરાણની કથા વાંચવાનો નિશ્ચય કરીને મહોત્સવયુક્ત સ્થાન અને મંડપ વગેરેની રચના કરી. એટલામાં જ, સંપૂર્ણ લોકમાં ખૂબ જ ઝડપથી એવો પ્રચાર થઈ ગયો કે દેવી પાર્વતીજીની આજ્ઞાથી એક પિશાચના ઉદ્ધાર કરવાના હેતુથી શિવપુરાણની ઉત્તમ કથાનું શ્રવણ કરાવવા માટે તુમ્બુરુ વિંધ્યપર્વત પર ગયા છે. પછી તો આ કથા સાંભળવાના લોભે કરીને ઘણા બધા દેવર્ષિ પણ તરત જ ત્યાં પહોંચી ગયા. આદરપૂર્વક શિવપુરાણ સાંભળવા માટે આવેલા શ્રોતાજનોનો એ પર્વત પર ખાસ્સો બહુ મોટો અદ્‌ભુત કલ્યાણકારી સમાજ એકત્ર થઈ ગયો. પછી તુમ્બુરુએ એ પિશાચને પાશોથી બાંધીને આસન પર બેસાડ્યો અને હાથમાં વીણા લઈને ગૌરીપતિની કથાનું ગાન શરૂ કર્યું. પ્રથમ અર્થાત્ વિશ્વેશ્વર સંહિતાથી



માંડીને સાતમી વાયુસંહિતા સુધી માહાત્મ્યસહિત શિવપુરાણની કથાનું તેમણે સ્પષ્ટ વર્ણન કર્યું. સાતેય સંહિતાઓ સહિત શિવપુરાણનું આદરપૂર્વક શ્રવણ કરીને તે બધા શ્રોતા પૂર્ણતઃ કૃતાર્થ થઈ ગયા. એ પરમ પુણ્યમય શિવપુરાણ સાંભળીને પેલા પિશાચે પોતાનાં બધાં જ પાપો ધોઈ નાખ્યાં અને પૈશાચિક શરીરનો ત્યાગ કરી દીધો. પછી તો તરત જ એનું રૂપ દિવ્ય બની ગયું. અંગકાંતિ ગૌરવર્ણની થઈ ગઈ. શરીર પર શ્વેત વસ્ત્ર તથા સર્વ પ્રકારના પુરુષોચિત આભૂષણ એનાં અંગોને શોભા આપવા લાગ્યાં. તે ત્રિનેત્રધારી ચંદ્રશેખરરૂપ થઈ ગયો. આ રીતે દિવ્ય દેહધારી થઈને શ્રીમાન બિન્દુગ પોતાની પ્રાણવલ્લભા ચંચુલાની સાથે સ્વયં પણ

પાર્વતીવલ્લભ શિવજીનાં ગુણગાન કરવા માંડ્યો. એની સ્ત્રીને આ રીતે દિવ્યરૂપથી સુશોભિત જોઈને પેલા બધા દેવર્ષિ બહુ મોટા આશ્ચર્યમાં ગરકાવ થઈ ગયા. એમનું ચિત્ત પરમાનંદથી પરિપૂર્ણ થઈ ગયું. ભગવાન મહેશ્વરનું તે અદ્‌ભુત ચરિત્ર સાંભળીને તે બધા શ્રોતા પરમકૃતાર્થ થઈને પ્રેમપૂર્વક શ્રીશિવજીનું યશોગાન કરતાં કરતાં પોતપોતાના ધામે રવાના થઈ ગયા. દિવ્યરૂપધારી શ્રીમાન બિન્દુગ સુંદર વિમાન પર પોતાની પ્રિયતમાની પાસે બેસીને સુખપૂર્વક આકાશમાં સ્થિત થઈને શોભી રહ્યો હતો.

ત્યાર પછી મહેશ્વરના સુંદર અને મનોહર ગુણોનું ગાન કરતાં કરતાં પોતાની પ્રિયતમા ચંચુલા તથા તુમ્બુરુ સાથે બિન્દુગ બ્રાહ્મણ તરત જ શિવધામમાં પહોંચી ગયો. ત્યાં ભગવાન મહેશ્વર અને પાર્વતીદેવીએ પ્રસન્નતાપૂર્વક બિન્દુગનો ખૂબ સત્કાર કર્યો અને પોતાનો પાર્ષદ બનાવી લીધો. એની પત્ની ચંચુલા પાર્વતીજીની સખી થઈ ગઈ. એ ધનીભૂત જ્યોતિઃસ્વરૂપ પરમાનંદમય સનાતન ધામમાં અવિચલ નિવાસ પામીને એ બંને દંપતી પરમ સુખી થઈ ગયાં.

(અધ્યાય ૫)

*

શિવપુરાણના શ્રવણની વિધિ તથા શ્રોતાઓએ પાલન કરવાના નિયમોનું વર્ણન

શૌનકજી કહે છે—મહાપ્રાજ્ઞ વ્યાસ શિષ્ય સૂતજી! તમને નમસ્કાર હો. તમે ધન્ય છો, શિવભક્તોમાં શ્રેષ્ઠ છો. આપના મહાન ગુણ વર્ણન કરવા યોગ્ય છે. હવે આપ કલ્યાણમય શિવપુરાણના શ્રવણની વિધિ બતાવો, એનાથી સર્વ શ્રોતાઓને સંપૂર્ણ ઉત્તમ ફલની પ્રાપ્તિ થઈ શકે.

સૂતજી કહેવા લાગ્યા—મુને શૌનક! હવે હું તમને સંપૂર્ણ ફલની પ્રાપ્તિ માટે શિવપુરાણના શ્રવણની વિધિ બતાવી રહ્યો છું. સૌપહેલાં કોઈ જ્યોતિષીને બોલાવીને દાન-માન આપીને સંતુષ્ટ કરવો અને તે પછી પોતાના સહયોગી લોકો સાથે બેસીને નિર્વિઘ્ને કથાની સમાપ્તિ થાય એવા ઉદ્દેશ્યથી શુદ્ધ મુહૂર્ત જોવડાવવું અને પ્રયત્નપૂર્વક દેશે દેશમાં આવો સંદેશો પાઠવવો કે, "અમારે ત્યાં શિવપુરાણની કથા થવાની છે. પોતાના કલ્યાણની ઇચ્છા રાખનાર દરેક જણે કથા - શ્રવણ માટે અવશ્ય પધારવું જોઈએ." કેટલાક લોકો ભગવાન શ્રીહરિની કથાથી ઘણા દૂર - નિરુત્સાહ થઈ ગયા છે. ઘણી સ્ત્રીઓ તથા ઘણા શૂદ્રો ભગવાન શંકરનાં કથા-કીર્તનથી સાવ જ વંચિત રહી ગયાં છે. એ સર્વને સૂચના થઈ જાય, એવી વ્યવસ્થા થઈ જવી જોઈએ. દેશેદેશમાં જે શિવભક્તો હોય તથા શિવકથાનું કીર્તન-શ્રવણ માટે ઉત્સુક એ સૌને આદરપૂર્વક નિમંત્રણ આપવું જોઈએ અને પધારેલા શિવભક્તો, શ્રોતાઓનો સર્વ પ્રકારે આદર-સત્કાર કરવો જોઈએ. શિવ-મંદિરમાં, તીર્થમાં, વનપ્રાંતમાં અથવા ઘરમાં શિવપુરાણની કથા સાંભળવા માટે ઉત્તમ સ્થાનનું નિર્માણ કરવું જોઈએ. કેળના થાંભલાઓથી એક ઊંચા કથામંડપની રચના કરવી જોઈએ - અને બધી બાજુએથી ફલ-પુષ્પ વગેરેથી તથા સુંદર ચંદરવો બાંધીને અલંકૃત કરવો જોઈએ. ચારે બાજુ ધ્વજા-પતાકા લગાવીને શણગારીને શોભાસંપન્ન કરવો જોઈએ. ભગવાન શિવ પ્રત્યે સર્વ પ્રકારે ઉત્તમ ભક્તિ કરવી જોઈએ. એ ભક્તિ જ સર્વ

પ્રકારના આનંદનું વિધાન કરનારી છે. પરમાત્મા ભગવાન શંકર માટે દિવ્ય આસન બનાવવું જોઈએ અને કથા-વાચક માટે પણ આવું એક દિવ્ય આસન બનાવવું જોઈએ, જે કથા-વાચકને આરામદાયક હોય. મુને! નિયમપૂર્વક, અનુષ્ઠાનપૂર્વક કથા શ્રવણ કરનાર શ્રોતાઓ માટે પણ યથાયોગ્ય સુંદર સ્થાનની વ્યવસ્થા કરવી જોઈએ. અન્ય લોકો માટે પણ સાધારણ સ્થાન રાખવાં જોઈએ. જે વિદ્વાન વક્તા કે જેના મુખમાંથી નીકળેલી વાણી દેહધારીઓ માટે કામધેનુ સમાન ઈચ્છિત ફળ આપનારી છે તેવા વક્તા પ્રત્યે ક્યારેય તુચ્છબુદ્ધિ ન કરવી જોઈએ. સંસારમાં જન્મ અને ગુણોને લઈને - ગુણોને કારણે ઘણા ગુરુ મળી રહેતા હોય છે, પરંતુ એમાં પણ પુરાણોનો જ્ઞાતા વિદ્વાન જ પરમ ગુરુ મનાય છે. પુરાણવેત્તા પવિત્ર, દક્ષ, શાંત, ઈર્ષ્યારહિત, સાધુ અને દયાળુ સ્વભાવનો હોવો જોઈએ. આવો પ્રવચન-કુશળ વિદ્વાન આ પુણ્યમયી કથા કરે, કથા કહે - સૂર્યોદયથી માંડીને સાડાત્રણ પ્રહર સુધી ઉત્તમ બુદ્ધિવાળા વિદ્વાન પુરુષે શિવપુરાણની કથા સારી રીતે વાંચવી જોઈએ. મધ્યાહ્નકાળમાં બેઘડી સુધી કથાને વિરામ આપવો જોઈએ, જેથી કથા-કીર્તનમાંથી અવકાશ મેળવીને લોકો કુદરતી હાજતો પૂરી કરી શકે.

કથાના પ્રારંભ પૂર્વે એક દિવસ પહેલાં જ વ્રત ધારણ કરવા માટે વક્તાએ ક્ષૌર કર્મ (દાઢી-વાળ કઢાવી લેવા) કરાવી લેવું જોઈએ. જે દિવસોમાં કથા ચાલતી હોય તે દિવસોમાં પ્રયત્નપૂર્વક સવારનાં બધાં જ નિત્યકર્મ સંક્ષેપમાં જ કરી લેવાં જોઈએ. વક્તાની સાથે બીજો પણ એક વિદ્વાન સહાયક હોવો જોઈએ. તે વિદ્વાન સહાયક પણ લોકોના સર્વ પ્રકારના સંશયોની નિવૃત્તિ કરવામાં સમર્થ હોવો જોઈએ તથા લોકોને સમજાવી શકવામાં કુશળ હોવો જોઈએ. કથામાં કોઈ પણ પ્રકારનાં આવતાં વિઘ્નો ટાળવા માટે ગણેશજીનું પૂજન પણ કરવું જોઈએ. કથાના સ્વામી ભગવાન શિવજી તથા વિશેષતઃ શિવપુરાણ-પુસ્તકની પણ ભક્તિભાવપૂર્વક પૂજા કરવી ત્યાર પછી જ ઉત્તમ બુદ્ધિવાળા શ્રોતા તન-મનથી શુદ્ધ થઈને તથા પ્રસન્ન ચિત્તે શિવપુરાણની કથા સાંભળો. **જો વક્તા અને શ્રોતા અનેક પ્રકારનાં કર્મોમાં ભટકી રહ્યા હોય, કામ વગેરે છ વિકારોથી ગ્રસ્ત હોય, સ્ત્રીઓમાં આસક્તિ રાખતા હોય અને પાખંડપૂર્ણ મોટી મોટી વાતો કરતા હોય તે ક્યારેય પુણ્યભાગી બની શકતા નથી,** જે લોકો લૌકિક ચિંતા તથા ધન, ઘર અને પુત્ર વગેરેની ચિંતાને છોડીને કથામાં મન લગાડીને રહે છે. એવા શુદ્ધ-બુદ્ધિ પુરુષોને ઉત્તમ ફળની પ્રાપ્તિ થાય છે. જે શ્રોતા શ્રદ્ધા અને ભક્તિથી યુક્ત થઈને, બીજાં કર્મોમાં ધ્યાનને જવા દેતા નથી અને મૌન રાખીને પવિત્ર તથા ઉદ્વેગરહિત બને છે તે જ પુણ્યના ભાગી બને છે.

સૂતજી બોલ્યા—શૌનક! હવે શિવપુરાણની કથા-શ્રવણનું વ્રત લેનારા પુરુષો માટે જે નિયમો છે તે ભક્તિભાવપૂર્વક સાંભળો-નિયમપૂર્વક આ શ્રેષ્ઠ કથાનું શ્રવણ કરવાથી નિર્વિઘ્ને ઉત્તમ ફળની પ્રાપ્તિ થાય છે. જે લોકોએ દીક્ષા લીધી નથી. એમનો કથા-શ્રવણમાં અધિકાર નથી. તેથી મુને! કથા-શ્રવણની ઇચ્છાવાળાએ પહેલાં વક્તા પાસેથી દીક્ષા ગ્રહણ કરવી જોઈએ. જે લોકો નિયમપુરઃસર કથા સાંભળતા હોય તેમણે બ્રહ્મચર્યનું પાલન કરવું જોઈએ, ભૂમિ-શયન કરવું જોઈએ, પતરાળામાં ભોજન લેવું જોઈએ અને રોજ કથા-સમાપ્તિ પછી જ અન્ન ગ્રહણ કરવું જોઈએ. જો શરીર શક્તિસંપન્ન હોય તો

અગિયાર બ્રાહ્મણોને મધુમિશ્રિત ખીરનું ભોજન કરાવવું અને એમને દક્ષિણા આપવી. હે મુને! જો શક્તિ હોય તો ત્રણ તોલા સોનાનું એક સુંદર સિંહાસન બનાવડાવવું અને એના ઉપર ઉત્તમ અક્ષરોમાં લખેલી કે લખાવેલી શિવપુરાણની પોથીનું વિધિપૂર્વક સ્થાપન કરવું. તે પછી પુરુષ એની આહ્વાન વગેરે વિવિધ ઉપચારો સહિત પૂજા કરીને દક્ષિણા ચઢાવે. ત્યાર પછી જિતેન્દ્રીય આચાર્યનું વસ્ત્ર, આભૂષણ અને ગંધ વગેરેથી પૂજન કરીને દક્ષિણા સહિત તે પુસ્તક તેમને સમર્પિત કરી દે. ઉત્તમ બુદ્ધિવાળા શ્રોતા આ પ્રકારે ભગવાન શિવજીના સંતોષ માટે પુસ્તકનું દાનના કરે. હે શૌનકજી! આ પુરાણના આવા દાન પ્રભાવથી ભગવાન શિવજીનો અનુગ્રહ પ્રાપ્ત કરીને પુરુષ ભવબંધનથી મુક્ત થઈ જાય છે. આ રીતે વિધિ-વિધાનનું પાલન કરવાથી શ્રીસંપન્ન શિવપુરાણ સંપૂર્ણ ફળ આપનારું તથા ભોગ અને મોક્ષ આપનારું બની જાય છે.

હે મુને! શિવપુરાણનું આ સર્વ માહાત્મ્ય, જે સંપૂર્ણ ઇચ્છિત ફળને આપનારું છે તે મેં તમને કહી સંભળાવ્યું. હવે વધારે શું સાંભળવા ઇચ્છા રાખો છો? શ્રીમાન્ શિવપુરાણ સમસ્ત પુરાણોના ભાલનું તિલક મનાયું છે. આ ભગવાન શિવજીને અત્યંત પ્રિય, રમણીય તથા ભવરોગનું નિવારણ કરનાર છે. જેઓ સદા શિવજીનું ધ્યાન કરે છે, જેમની વાણી શિવજીના ગુણકથનમાં વ્યસ્ત છે અને જેના કાન કથા - શ્રવણ કરે છે એવા જીવોનો આ સંસારમાં જન્મ લેવો સફળ થઈ જાય છે. તે નિશ્ચિત રીતે જ સંસારસાગરથી પાર થઈ જાય છે.* ભિન્ન ભિન્ન પ્રકારના સમસ્ત ગુણ જેના સચ્ચિદાનંદમય સ્વરૂપને ક્યારેય સ્પર્શી શકતા નથી, જે સ્વયંના મહિમાથી જગતની બહાર અને અંદર ભાસમાન છે અને જે મનની બહાર અને અંદર વાણી અને મનોવૃત્તિરૂપમાં પ્રકાશિત છે એવા અનંત આનંદઘનરૂપ પરમ શિવનું શરણ હું ગ્રહણ કરું છું.

*

---

* તે જન્મભાજઃ ખલુ જીવલોકે યે વૈ ધ્યાયન્તિ વિશ્વનાથમ્ ।
વાણી ગુણાન્ સ્તૌતિ કથાંશૃણોતિ શ્રોત્રદ્વયં તે ભવમુત્તરન્તિ ॥
(અધ્યાય ૬-૭)

શ્રી પુરાણપુરુષોત્તમાય નમઃ
શ્રી ગણેશાય નમઃ

શ્રી શિવમહાપુરાણ

વિદ્યેશ્વરસંહિતા

પ્રયાગમાં સૂતજીને મુનિઓ દ્વારા તરત પાપનાશ કરનાર સાધન વિષયક પ્રશ્ન

આદ્યન્તમંગલમજાત સમાનભાવ-
માર્યં તમીશમજરામરમાત્મદેવમ્ ।
પંચાનનં પ્રબલપંચવિનોદશીલં
સમ્ભાવયે મનસિ શંકરમમ્બિકેશમ્॥

જે આદિ અને અંતમાં (તથા મધ્યમાં પણ) નિત્ય મંગલમય છે, જેમની સમાનતા અથવા તુલના ક્યાંય નથી, જે આત્માના સ્વરૂપને પ્રકાશિત કરનારા દેવતા (પરમાત્મા) છે, જેમને પાંચ મુખ છે અને જે રમતાં-રમતાં, ખેલખેલમાં, અનાયાસ જગતની રચના, પાલન અને સંહાર તથા અનુગ્રહ અને તિરોભાવરૂપ પાંચ પ્રબલ કર્મ કરતા રહે છે એવા સર્વશ્રેષ્ઠ અજર-અમર અંબિકાપતિ ભગવાન શંકરનું હું મનોમન - મનમાં ને મનમાં જ ચિંતન કરું છું.

વ્યાસજી કહે છે—જે ધર્મનું મહાન ક્ષેત્ર છે અને જ્યાં ગંગા-યમુનાનો સંગમ થયો છે. એવા પરમ પુણ્યમય પ્રયાગમાં, જે બ્રહ્મલોકનો માર્ગ છે, સત્યવ્રતમાં તત્પર રહેનારા મહાતેજસ્વી મહાભાગ મહાત્મા મુનિઓએ એક વિશાળ જ્ઞાનયજ્ઞનું આયોજન કર્યું. એ જ્ઞાનયજ્ઞના સમાચાર સાંભળીને પૌરાણિક-શિરોમણિ વ્યાસશિષ્ય મહામુનિ સૂતજી મુનિઓનાં દર્શનાર્થે પધાર્યા. સૂતજીને આવતા જોઈને તે બધા મુનિ એ સમયે હર્ષથી હર્યાભર્યા થઈ ગયા, ખિલી ઊઠ્યા અને અત્યંત પ્રસન્ન ચિત્તથી તેમણે સૂતજીનું વિધિવત્ સ્વાગત કર્યું અને સત્કાર કર્યો. ત્યાર પછી એ પ્રસન્ન મહાત્માઓએ એમની વિધિવત્ સ્તુતિ કરી વિનયપૂર્વક હાથ જોડીને આ પ્રકારે બોલ્યા -

"સર્વજ્ઞ વિદ્વાન, રોમહર્ષણજી! આપ બહુ મોટા ભાગ્યશાળી છો અને તે દ્વારા આપે વ્યાસજીના મુખે સ્વયંની પ્રસન્નતા માટે સંપૂર્ણ પુરાણવિદ્યા પ્રાપ્ત કરી. એટલે જ આપ આશ્ચર્યસ્વરૂપ કથાઓના ભંડાર છો - ઠીક બરાબર એ જ રીતે, જેમ રત્નાકર સમુદ્ર મોટાં મોટાં રત્નોનો આગાર છે તેમ. આ ત્રણે લોકમાં ભૂત, વર્તમાન અને ભવિષ્ય તથા બીજી પણ કોઈ વસ્તુ છે - એ સર્વથી તમે અજ્ઞાત નથી. અમારું પરમ સૌભાગ્ય કે આ યજ્ઞનાં દર્શન કરવા અહીં પધાર્યા અને આ નિમિત્તે અમારું કશુંક કલ્યાણ કરનારા છો. કેમકે આપનું આગમન નિરર્થક હોઈ શકે જ નહીં. આ પહેલાં પણ અમે આપની પાસેથી શુભાશુભ તત્ત્વનું પૂરેપૂરું વર્ણન સાંભળ્યું છે, પરંતુ એમાં હજુ

અમને સંપૂર્ણ તૃપ્તિ થઈ નથી. અમને તો વારંવાર એને સાંભળવાની ઇચ્છા થાય કરે છે.

હે ઉત્તમ બુદ્ધિવાળા સૂતજી! આ વખતે અમારે એક જ વાત સાંભળવી છે. જો આપનો અનુગ્રહ હોય તો ગોપનીય, ગુપ્ત હોવા છતાં પણ આપ એ વિષયનું વર્ણન કરો. ઘોર કળિયુગ આવવાથી મનુષ્ય પુણ્યકર્મોથી નિવૃત્ત થઈ જાય છે, દુરાચારમાં ફસાઈ જાય છે અને બધા જ સત્ય-ભાષણથી વિમુખ થઈ જાય છે, અન્યોની નિંદામાં તત્પર રહે છે. પારકું ધન હડપ કરી લેવાની ઇચ્છા કરે છે. એમનાં મન પર-સ્ત્રીમાં આસક્ત થઈ જતાં હોય છે અને બીજાં પ્રાણીઓની હિંસા પણ કર્યા કરશે. પોતાના દેહને, શરીરને જ આત્મા સમજશે. મૂઢ, નાસ્તિક અને પશુબુદ્ધિ રાખનાર થશે, માતા-પિતા સાથે પણ દ્વેષ બુદ્ધિ રાખશે. બ્રાહ્મણો લોભરૂપી મગરનો કોળિયો બની જશે અર્થાત્ લોભી બનશે, વેદ વેચીને પણ જીવિકા ચલાવશે. વિદ્યા પણ માત્ર ધનઉપાર્જન માટે જ ભણશે, મદથી ચકચૂર થઈ જશે. સ્વજાતિના ધર્મનો પરિત્યાગ કરશે. ઘણું કરીને લોકોને છેતરશે. ઠગ વિદ્યાનો આશરો લેશે. ત્રણે કાળની સંધ્યા ઉપાસના કરે નહિ. બ્રહ્મજ્ઞાનથી શૂન્ય બનશે. સમસ્ત ક્ષત્રિયો પણ સ્વધર્મનો ત્યાગ કરશે. કુસંગી, પાપી અને વ્યભિચારી થઈ જશે. એમનામાં શૌર્યનો અભાવ હશે. તેઓ કુત્સિત ચોરીનું કર્મ કરશે અને એ દ્વારા જીવિકા ચલાવશે. શૂદ્રો જેવો વર્તાવ કરશે. એમનાં ચિત્ત કામવાસનાનાં દાસ બની રહેશે. વૈશ્ય સંસ્કાર-ભ્રષ્ટ, સ્વધર્મ ત્યાગી, કુમાર્ગી, માત્ર ધનોપાર્જનપરાયણ તથા તોલ-માપમાં પણ પોતાની કુત્સિતવૃત્તિનો પરિચય દેનારા થશે. આ જ રીતે શૂદ્રો બ્રાહ્મણોના આચારમાં તત્પર થશે. એમની આકૃતિ ઉજ્જવળ હશે અર્થાત્ તેઓ પોતાનાં કર્મ-ધર્મ છોડીને ઉજ્જવળ ફૂલફટાક થઈને વ્યર્થ જ ફર્યા કરશે. તે સ્વભાવતઃ પોતાનો ધર્મ છોડશે. એમના વિચાર ધર્મ-વિરુદ્ધ હશે. તે કુટિલ અને દ્વિજનિંદક બનશે. જો ધન મળી જશે તો કુકર્મમાં જોતરાઈ જશે. વિદ્વાન થશે તો વાદ-વિવાદમાં ફસાઈ જશે. પોતાની જાતને કુલીન માનીને ચારે વર્ણો સાથે રોટી-બેટી વ્યવહાર કરશે. સમસ્ત વર્ણોને પોતાના કુસંગ-સંપર્કથી ભ્રષ્ટ કરશે. અધિકારની સીમાનું, મર્યાદાનું ઉલ્લંઘન કરશે અને દ્વિજોચિત્ત સત્કર્મોનું અનુષ્ઠાન કરનારા થઈ જશે. કળિયુગની સ્ત્રીઓ ઘણું કરીને સદાચારથી ભ્રષ્ટ થશે અને વારંવાર પતિનું અપમાન કરનારી થશે. સાસુ-સસરાનો દ્રોહ કરનારી થશે. એમને કોઈનોય ભય નહીં લાગે. મલિન ભોજન કરશે. કુત્સિત હાવ-ભાવ, ચેનચાળા કરવામાં તત્પર રહેશે. એમના શીલ-સ્વભાવ ખરાબ થઈ જશે અને તેઓ પોતાના પતિની સેવાથી વિમુખ બની જશે. હે સૂતજી! આ રીતે જેમની બુદ્ધિ નષ્ટ થઈ ગઈ હશે, જેમણે સ્વધર્મનો ત્યાગ કર્યો હશે આવા લોકોને આલોક અને પરલોકમાં ઉત્તમ ગતિ કેવી રીતે પ્રાપ્ત થશે - આ જ ચિંતાથી અમારાં મન સદા વ્યાકુળ રહે છે. પરોપકાર જેવો બીજો કોઈ ધર્મ નથી. તેથી જે નાના સરખા ઉપાયથી આમનાં સર્વ પાપોનો તત્કાલ નાશ થઈ જાય, એ ઉપાય આ વખતે કૃપાપૂર્વક અમને બતાવો કેમકે તમે સમસ્ત સિદ્ધાંતોના જાણકાર છો, જ્ઞાતા છો.

વ્યાસજી કહે છે—એ ભાવિતાત્મા મુનિઓની આ વાત સાંભળીને સૂતજી મનમાં ને મનમાં ભગવાન શંકરનું સ્મરણ કરીને એમને આ પ્રમાણે કહેવા લાગ્યા -

(અધ્યાય-૧)

*

તે પુરાણની સમાપ્તિ સુધી ઉપવાસ કરીને શુદ્ધતાપૂર્વક ભક્તિભાવથી ઉત્તમ શિવપુરાણ સાંભળે. આ કથાનું વ્રતપૂર્વક શ્રવણ કરનારે દરરોજ એક જ વાર હવિષ્યાન્ન ભોજન કરવું જોઈએ. જે રીતે કથા-શ્રવણનો નિયમ સુખપૂર્વક જળવાઈ શકે એવું જ કરવું જોઈએ - ગરિષ્ઠ અન્ન, પકવાન, દાળ, બળી ગયેલું અન્ન, સેમ=પાપડી કે વાલોળ મસૂર, ભાવદૂષિત તથા વાસી અન્ન ખાઈને **કથા-વ્રતી પુરુષે ક્યારેય કથા-શ્રવણ કરવું નહીં. જેણે કથા-શ્રવણનું વ્રત લીધું હોય તેણે ડુંગળી, લસણ, હીંગ, ગાજર,** માદક વસ્તુ તથા આમિષ કહી શકાય તેવી વસ્તુઓનો ત્યાગ કરવો. કથાનું વ્રત લેનારે કામ, ક્રોધ વગેરે છ વિકારો, બ્રાહ્મણોની નિંદા તથા પતિવ્રતા અને સાધુ-સંતોની નિંદાનો પરિત્યાગ કરવો જોઈએ. કથાવ્રતી પુરુષે હંમેશાં સત્ય, શૌચ, દયા, મૌન, સરળતા, વિનય તથા હાર્દિક ઉદારતા - આ સદ્‌ગુણો સદા અપનાવી લેવા - શ્રોતા સકામ હોય કે નિષ્કામ હોય, તે નિયમપૂર્વક કથા-શ્રવણ તો કરે જ. સકામ પુરુષ પોતાની ઈચ્છિત કામનાને પ્રાપ્ત કરે છે અને નિષ્કામ પુરુષ મોક્ષને ઉપલબ્ધ થઈ જાય છે. દરિદ્ર, ક્ષયરોગી, પાપી, ભાગ્યહીન તથા સંતાનરહિત પુરુષ પણ આ ઉત્તમ કથાનું શ્રવણ કરે. કાક-વંધ્યા વગેરે જે સાત પ્રકારની દુષ્ટ સ્ત્રીઓ છે તેમણે, તથા જેને ગર્ભપાત થતો હોય તેણે શિવપુરાણની ઉત્તમ કથા સાંભળવી જ જોઈએ. હે મુને! સ્ત્રી હોય કે પુરુષ-બધાંએ યત્નપૂર્વક વિધિ-વિધાનથી શિવપુરાણની આ ઉત્તમ કથા સાંભળવી જ જોઈએ.

હે મહર્ષે! આ પ્રમાણે શિવપુરાણની કથાનો પાઠ અને શ્રવણ સંબંધી યજ્ઞ-ઉત્સવની પૂર્ણાહુતિ થાય ત્યારે શ્રોતાઓને ભક્તિ અને પ્રયત્નપૂર્વક ભગવાન શિવજીની પૂજાની જેમ જ પુસ્તક-પુરાણની પણ પૂજા કરવી જોઈએ. ત્યાર પછી વિધિપૂર્વક વક્તાનું પણ પૂજન કરવું આવશ્યક છે. શિવપુરાણના પુસ્તકને આચ્છાદિત કરવા માટે નવીન અને સુંદર પોથી-ઢાંકણ કરવું અને એને બાંધવા માટે દૃઢ અને દિવ્ય દોરી બાંધવી. પછી એનું વિધિવત્ પૂજન કરવું. હે મુનિશ્રેષ્ઠ! આ રીતે મહાન ઉત્સવની સાથે પુસ્તક અને વક્તાની વિધિવત્ પૂજા કરવી. વક્તાની સાથે સહાયમાં બેઠેલા સહાયક પંડિતને પણ એ જ પ્રમાણે ધન વગેરે દ્વારા લગાર ઓછો પણ સત્કાર કરવો. ત્યાં આવેલા બ્રાહ્મણોને અન્ન-ધન વગેરેનું દાન કરવું. સાથે જ ગીત, વાદ્ય અને નૃત્ય દ્વારા મહાઉત્સવનું આયોજન કરવું. હે મુને! જો શ્રોતા વિરક્ત સાધુ- મહાત્મા હોય તો એમને માટે કથા સમાપ્તિને દિવસે વિશેષરૂપે ગીતાપાઠ કરાવવો, એવું શ્રીરામચંદ્રજીને ભગવાન શિવજીએ કહ્યું હતું. જો શ્રોતા ગૃહસ્થ-સંસારી હોય તો તે બુદ્ધિમાનને એ શ્રવણ-કર્મની શાંતિ માટે શુદ્ધ હવિષ્ય દ્વારા હોમ કરવો જોઈએ. હે મુને! રુદ્રસંહિતાના પ્રત્યેક શ્લોક દ્વારા હોમ-હવન કરવો ઉચિત છે અથવા ગાયત્રી-મંત્રથી હોમ કરવો જોઈએ, કેમકે વાસ્તવમાં આ પુરાણ ગાયત્રીમય જ છે, અથવા શિવપંચાક્ષર (નમઃ શિવાય) મૂલમંત્રથી હવન કરવો ઉચિત છે. હોમ-હવન કરવાની શક્તિ ન હોય તો વિદ્વાન, પુરુષ યથાશક્તિ હવનીય હવિષ્યનું બ્રાહ્મણને દાન કરે. ઓછા-વત્તા ન્યૂનાતિરિક્તારૂપ - દોષની શાંતિ માટે ભક્તિપૂર્વક શિવસહસ્રનામનો પાઠ અને શ્રવણ કરે. આનાથી સર્વ કાંઈ સફળ થાય છે, એમાં કોઈ સંશય નથી, કેમકે ત્રણે લોકમાં આનાથી વધારે કોઈ વસ્તુ જ નથી. કથા શ્રવણ- સંબંધી વ્રતની પૂર્ણતાની સિદ્ધિ-અર્થે

શિવપુરાણનો પરિચય

સૂતજી કહે છે—સાધુ મહાત્માઓ! તમે બહુ સરસ વાત પૂછી છે. તમારો આ પ્રશ્ન ત્રણે લોકોના હિતનો છે. હિતકારક છે. હું ગુરુદેવ વ્યાસનું સ્મરણ કરીને આપ લોકાના સ્નેહને વશ થઈને આ વિષયનું વર્ણન કરીશ. તમે આદરપૂર્વક સાંભળો. સૌથી ઉત્તમ જે શિવપુરાણ છે તે વેદાંતનું સારસર્વસ્વ છે. વક્તા અને શ્રોતાનાં સમસ્ત પાપસમૂહનો નાશ કરીને ઉદ્ધાર કરવાવાળું છે. એટલું જ નહીં, તે પરલોકમાં પરમાર્થ વસ્તુનું પ્રદાન કરે છે અને કળિયુગની કલ્મષરાશિનો નાશ કરે છે. એમાં ભગવાન શિવના ઉત્તમ યશનું વર્ણન છે. હે બ્રાહ્મણો, ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચારેય પુરુષાર્થને આપનાર તે પુરાણ સ્વયંના પ્રભાવની દૃષ્ટિથી વિસ્તાર-વૃદ્ધિને પ્રાપ્ત થાય છે. વિપ્રવરો, એ સર્વોત્તમ શિવપુરાણના અધ્યયનમાત્રથી તે કળિયુગના પાપાસક્ત જીવ શ્રેષ્ઠતમ ગતિને પ્રાપ્ત થઈ જશે. જ્યાં સુધી શિવપુરાણનો ઉદય નહીં થાય ત્યાં સુધી કળિયુગના મહા ઉત્પાત જગતમાં નિર્ભય થઈને વિચર્યા કરશે. આ પુરાણ વેદ-તુલ્ય મનાય છે. આ વેદકલ્પ પુરાણનું પ્રણયન સૌથી પહેલાં ભગવાન શિવે જ કર્યું હતું. વિદ્યેશ્વરસંહિતા, રુદ્રસંહિતા, વિનાયકસંહિતા, ઉમાસંહિતા, માતૃસંહિતા, એકાદશરુદ્રસંહિતા, કૈલાસસંહિતા, શતરુદ્રસંહિતા, કોટિરુદ્રસંહિતા, સહસ્રકોટિરુદ્રસંહિતા, વાયવીય સંહિતા અને ધર્મસંહિતા - આ રીતે આ પુરાણના બાર ભેદ અથવા ખંડ છે. આ બાર સંહિતાઓ અત્યંત પુણ્યમયી મનાય છે. હે બ્રાહ્મણો! હવે હું એમાં આવતા શ્લોકોની સંખ્યા બનાવી રહ્યો છું. તમે સૌ એ આદરપૂર્વક સાંભળો. વિદ્યેશ્વરસંહિતામાં દશ હજાર શ્લોક છે, રુદ્રસંહિતા, વિનાયકસંહિતા, ઉમાસંહિતા અને માતૃસંહિતા - એમાં દરેકમાં આઠ આઠ હજાર શ્લોક છે. હે બ્રાહ્મણો, એકાદશરુદ્રસંહિતામાં તેર હજાર, કૈલાસસંહિતામાં છ હજાર, શતરુદ્રસંહિતામાં ત્રણ હજાર, કોટિરુદ્રસંહિતામાં નવ હજાર, સહસ્રકોટિરુદ્રસંહિતામાં અગિયાર હજાર, વાયવીયસંહિતામાં ચાર હજાર અને ધર્મસંહિતામાં બાર હજાર શ્લોક છે. આ રીતે મૂળ શિવપુરાણની શ્લોક સંખ્યા એક લાખ છે, પરંતુ વ્યાસજીએ એને ચોવીશ હજાર શ્લોકોમાં સંક્ષેપ કરી આપ્યો. પુરાણોની ક્રમસંખ્યાના વિચારથી આ શિવપુરાણનું સ્થાન ચોથું છે. એમાં સાત સંહિતાઓ છે.

પૂર્વકાળમાં ભગવાન શિવે શ્લોક સંખ્યાની દૃષ્ટિએ સો કરોડ શ્લોકોનો એક પુરાણગ્રંથ ગ્રથિત કર્યો હતો. સૃષ્ટિના આરંભે નિર્મિત થયેલ એ પુરાણ-સાહિત્ય અત્યંત વિસ્તૃત હતું. પછી દ્વાપર આદિ યુગમાં દ્વૈપાયન (વ્યાસ) વગેરે મહર્ષિઓએ જ્યારે પુરાણોનું અઢાર ભાગમાં વિભાજન કરી દીધું, એ વખતે સંપૂર્ણ પુરાણોનું સંક્ષિપ્ત રૂપ માત્ર ચાર લાખ શ્લોકનું રહી ગયું. એ સમયે એમણે શિવપુરાણનું પ્રતિપાદન ચોવીશ હજાર શ્લોકોમાં કર્યું. આ જ શિવપુરાણની શ્લોકસંખ્યા છે. આ વેદ-તુલ્ય પુરાણ સાત સંહિતાઓમાં વહેંચાયેલું છે. એની પહેલી સંહિતાનું નામ વિદ્યેશ્વરસંહિતા છે, બીજી રુદ્રસંહિતા સમજવી જોઈએ. ત્રીજીનું નામ શતરુદ્રસંહિતા, ચોથીનું નામ કોટિરુદ્રસંહિતા,

પાંચમીનું નામ ઉમાસંહિતા, છઠ્ઠીનું નામ કૈલાસસંહિતા અને સાતમીનું નામ વાયવીયસંહિતા છે. આ રીતે આ સાત સંહિતાઓ માનવામાં આવે છે. આ સાતેય સંહિતાઓથી યુક્ત દિવ્ય શિવપુરાણ વેદ-તુલ્ય પ્રામાણિક અને સૌથી ઉત્કૃષ્ટ ગતિ પ્રદાન કરનારું છે. આ નિર્મલ શિવપુરાણ શિવ દ્વારા જ પ્રતિપાદિત છે. આને શૈવશિરોમણિ ભગવાન વ્યાસે સંક્ષેપમાં સંકલિત કર્યું છે. આ સમસ્ત જીવસમુદાય માટે ઉપકારક, ત્રિવિધ-તાપોને હરનારું, તુલનારહિત અને સત્પુરુષોને કલ્યાણપ્રદ છે. એમાં વેદાંત-વિજ્ઞાનમય, પ્રધાન તથા નિષ્કપટ (નિષ્કામ) ધર્મનું પ્રતિપાદન થયેલું છે. આ પુરાણ ઈર્ષ્યારહિત અંતઃકરણ વિદ્વાનોને માટે જાણવા જેવું છે. એમાં શ્રેષ્ઠ મંત્ર-સમૂહનું સંકલન છે, ધર્મ, અર્થ અને કામ એમ ત્રિવર્ગની પ્રાપ્તિના સાધનનું પણ વર્ણન છે. આ ઉત્તમ શિવપુરાણ સમસ્ત પુરાણોમાં શ્રેષ્ઠ છે. વેદ-વેદાંતમાં વેદ્યરૂપથી વિલસિત પરમ વસ્તુ-પરમાત્માનું એમાં ગાન કરવામાં આવ્યું છે. જે ખૂબ આદરથી આ વાંચશે અને સાંભળશે તે ભગવાન શિવનો પ્રિય થઈને પરમ ગતિને પ્રાપ્ત કરી લે છે. (અધ્યાય ૨)

*

સાધ્ય-સાધન વગેરેનો વિચાર તથા શ્રવણ, કીર્તન અને મનન - આ ત્રણ સાધનોની શ્રેષ્ઠતાનું પ્રતિપાદન

વ્યાસજી કહે છે—સૂતજીનું આ વચન સાંભળીને તે બધા મહર્ષિ બોલ્યા, "હવે આપ અમને વેદાંત સાર-સર્વસ્વરૂપ અદ્‌ભુત શિવપુરાણની કથા સંભળાવો."

સૂતજી બોલ્યા—આપ સૌ મહર્ષિગણ રોગ-શોકરહિત કલ્યાણમય ભગવાન શિવનું સ્મરણ કરીને પુરાણપ્રવર શિવપુરાણની કથા, જે વેદના સારતત્ત્વથી પ્રગટ થઈ છે, તે કથાનું શ્રવણ કરો. શિવપુરાણમાં ભક્તિ, જ્ઞાન અને વૈરાગ્ય - એ ત્રણેયનું પ્રીતિપૂર્વક ગાન કરવામાં આવ્યું છે અને વેદાન્તવેદ્ય સદ્વસ્તુનું વિશેષરૂપે વર્ણન છે. આ વર્તમાન કલ્પમાં જ્યારે સૃષ્ટિનો આરંભ થયો હતો, એ દિવસોમાં છ કુલના મહર્ષિ પરસ્પર વાદ-વિવાદ કરતાં કરતાં કહેવા લાગ્યા કે, "અમુક વસ્તુ સૌથી ઉત્કૃષ્ટ છે અને અમુક નથી." એમના આ વિવાદે અત્યંત મહાન રૂપ ધારણ કરી લીધું. ત્યારે એ બધા જ પોતાની શંકાનું સમાધાન થાય એ માટે સૃષ્ટિકર્તા અવિનાશી બ્રહ્માજી પાસે ગયા અને હાથ જોડીને વિનયભરી વાણીમાં બોલ્યા - "પ્રભો! આપ સંપૂર્ણ જગતનું ધારણ-પોષણ કરનારા છો તથા સમસ્ત કારણોનું કારણ છે. અમે એ જાણવા ઇચ્છીએ છીએ કે સંપૂર્ણ તત્ત્વોથી પર પરાત્પર પુરાણપુરુષ કોણ છે?"

બ્રહ્માજી બોલ્યા—જ્યાંથી મન, વાણી પરમ તત્ત્વને ન પામીને પાછી પડે છે અને જેમનાથી બ્રહ્મા, વિષ્ણુ, રુદ્ર અને ઇન્દ્ર વગેરેથી યુક્ત આ સંપૂર્ણ જગત સમસ્ત ભૂતો અને ઇન્દ્રિયોની સાથે પહેલાં પ્રગટ થયું છે, એ જ એ દેવ, મહાદેવ સર્વજ્ઞ તથા સંપૂર્ણ જગતના સ્વામી છે. તે જ સૌથી ઉત્કૃષ્ટ છે. ભક્તિથી જ એમનો સાક્ષાત્કાર થાય છે. બીજા કોઈ ઉપાયથી ક્યાંય એમનું દર્શન થતું નથી. રુદ્ર, હરિ, હર તથા અન્ય દેવેશ્વર સદા ઉત્તમ

ભક્તિભાવથી એમનાં દર્શન કરવા ચાહે છે. ભગવાન શિવમાં ભક્તિ થવાથી મનુષ્ય સંસાર-બંધનથી મુક્ત થઈ જાય છે. દેવતાના કૃપાપ્રસાદથી એમનામાં ભક્તિ થાય છે અને ભક્તિથી દેવતાનો કૃપાપ્રસાદ પ્રાપ્ત થાય છે, જેમકે, અંકુરથી બીજ ઉત્પન્ન થાય છે અને બીજથી અંકુર ઉત્પન્ન થાય છે તેમ. એટલા માટે તમે બધા બ્રહ્મર્ષિ ભગવાન શંકરનો કૃપાપ્રસાદ પ્રાપ્ત કરવા માટે ભૂતલ પર જઈને હજારો વર્ષ ચાલુ રહે એવા એક વિશાળ યજ્ઞનું આયોજન કરો. આ યજ્ઞપતિ ભગવાન શિવની જ કૃપાથી વેદોક્ત - વિદ્યાનું સારભૂત સાધ્ય-સાધનનું જ્ઞાન થાય છે.

શિવપદની પ્રાપ્તિ જ સાધ્ય છે. એમની સેવા એ જ સાધન છે. એમના પ્રસાદ-કૃપાપ્રસાદથી જે નિત્ય-નૈમિત્તિક ફળથી નિઃસ્પૃહ થાય એ જ સાધક છે. વેદોક્ત કર્મનું અનુષ્ઠાન કરીને એ મહાન ફળને ભગવાન શિવના ચરણોમાં સમર્પિત કરી દેવું એ જ પરમેશ્વરપદની પ્રાપ્તિ છે અને તે જ સાલોક્ય વગેરે ક્રમથી પ્રાપ્ત થનારી મુક્તિ છે. તે તે પુરુષોને પોતાની ભક્તિ અનુસાર એ બધાં ઉત્કૃષ્ટ ફળની પ્રાપ્તિ થાય છે. એ ભક્તિનાં સાધન અનેક પ્રકારનાં છે. સાક્ષાત્ મહેશ્વરે એ સાધનોનું પ્રતિપાદન કરેલું છે, એમાંથી સારભૂત સાધનોનો સંક્ષેપ કરીને હું તમને બતાવી રહ્યો છું. **કાનથી ભગવાનના નામ-ગુણ અને લીલાનું શ્રવણ, વાણી દ્વારા એનું કથન અને મન દ્વારા એનું મનન - આ ત્રણેને મહાન સાધન કહેવામાં આવ્યાં છે.***

તાત્પર્ય એ કે મહેશ્વરનું જ શ્રવણ, કીર્તન અને મનન કરવું જોઈએ - આ શ્રુતિનું વાક્ય આપણા સૌ માટે પ્રમાણભૂત છે. આ સાધનથી જ સંપૂર્ણ મનોરથોની સિદ્ધિમાં સંલગ્ન તમે લોકો પરમ સાધ્યને ઉપલબ્ધ થઈ જાઓ. લોકો પ્રત્યક્ષ વસ્તુને આંખથી જોઈને એમાં પ્રવૃત્ત થાય છે, પરંતુ જે વસ્તુનું ક્યાંય પ્રત્યક્ષ દર્શન થતું નથી, એને શ્રવણ-ઇન્દ્રિય દ્વારા જાણી લઈને, સાંભળી લઈને, મનુષ્ય એની પ્રાપ્તિ માટે ચેષ્ટા, પ્રયત્ન કરે છે, તેથી પ્રથમ સાધન શ્રવણ જ છે. એ દ્વારા ગુરુ-મુખે તત્ત્વ સાંભળીને શ્રેષ્ઠ બુદ્ધિવાળો વિદ્વાન પુરુષ અન્ય સાધન, કીર્તન અને મનનની સિદ્ધિ કરતો હોય છે. ક્રમશઃ મનન સુધી આ સાધનની સારી રીતે સાધના કરી લીધા પછી એ સાલોક્ય વગેરે ક્રમથી ધીરે-ધીરે ભગવાન શિવનો સંયોગ પ્રાપ્ત કરી લે છે. પ્રથમ બધાં અંગોના રોગ નષ્ટ થઈ જાય છે. પછી સર્વ પ્રકારનો લૌકિક આનંદ પણ વિલીન થઈ જાય છે.

ભગવાન શંકરની પૂજા, એમનાં નામોનો જપ, એમના ગુણ, રૂપ, વિલાસ અને નામોનું યુક્તિપરાયણ ચિત્ત દ્વારા નિરંતર પરિશોધન અથવા ચિંતન થાય છે એને જ મનન કહે છે, અને એ મહેશ્વરની કૃપાદૃષ્ટિથી જ ઉપલબ્ધ થાય છે. એને જ સમસ્ત શ્રેષ્ઠ સાધનોમાં પ્રધાન અથવા મુખ્ય કહેવામાં આવે છે.

સૂતજી કહે છે—મુનિશ્વરો! આ સાધનનું માહાત્મ્ય બતાવવાના પ્રસંગમાં હું આપને માટે એક પ્રાચીન વૃત્તાંતનું વર્ણન કરીશ, એને તમે ધ્યાનપૂર્વક સાંભળો. બહુ પહેલાંની વાત છે, પરાશર મુનિના પુત્ર મારા ગુરુ વ્યાસદેવજી સરસ્વતી નદીના સુંદર તટ પર તપસ્યા કરી રહ્યા હતા. એક દિવસ સૂર્ય-સમાન તેજસ્વી વિમાનથી યાત્રા કરતા કરતા ભગવાન સનત્કુમાર અચાનક

* શ્રોત્રેણ શ્રવણં તસ્ય વચસા કીર્તનં તથા । મનસા મનનં તસ્ય મહાસાધનમુચ્યતે ॥
(શિ.પુ.વિદ્યે. ૩-૨૧-૨૨)

ત્યાં જઈ પહોંચ્યા. એમણે મારા ગુરુ વ્યાસદેવજીને ત્યાં જોયા તે તો ધ્યાનમગ્ન હતા. ધ્યાનમાંથી જાગ્યા પછી એમણે બ્રહ્મપુત્ર સનત્કુમારજીને પોતાની સામે ઉપસ્થિત થયેલા જોયા. એમને જોઈને એ ખૂબ જ ઝડપથી ઊઠ્યા અને ચરણોમાં પ્રણામ કર્યા, અર્ઘ્ય આપ્યો, દેવતાઓને બેસવા યોગ્ય એવું આસન આપ્યું. ત્યારે પ્રસન્ન થયેલા ભગવાન સનત્કુમાર વિનીતભાવથી ઊભા રહેલા વ્યાસજી પ્રત્યે ગંભીર વાણીમાં બોલ્યા -

"હે મુને! તમે સત્ય વસ્તુનું ચિંતન કરો. તે સત્ય પદાર્થ ભગવાન શિવ જ છે, જેનો તમે સાક્ષાત્કાર કરવા ચાહો છો. તમારા સાક્ષાત્કારનો

વિષય સ્વયં ભગવાન શિવ છે, ભગવાન શંકરનું શ્રવણ, કીર્તન અને મનન - આ ત્રણેય મહત્તર સાધન કહેવાયાં છે. આ ત્રણેય વેદ-સમ્મત છે. પૂર્વકાળમાં હું બીજાં-બીજાં સાધનોના સંભ્રમમાં પડીને ફરતો ફરતો મંદરાચલ પર જઈ પહોંચ્યો, અને ત્યાં તપસ્યા કરવા માંડી. ત્યાર પછી મહેશ્વર શિવની આજ્ઞાથી ભગવાન નંદિકેશ્વર ત્યાં આવ્યા. એમની મારા પર બહુ મોટી દયા હતી. તે સૌના સાક્ષી તથા શિવગણોના સ્વામી ભગવાન નંદિકેશ્વર મને સ્નેહપૂર્વક મુક્તિનું ઉત્તમ સાધન બતાવતાં બોલ્યા - "ભગવાન શંકરનું શ્રવણ, કીર્તન અને મનન - આ ત્રણે સાધનો વેદસંમત છે અને મુક્તિનાં સાક્ષાત્કારણ છે. આ વાત સ્વયં ભગવાન શિવે મને કહી છે. માટે હે બ્રહ્મન્! તમે શ્રવણ-આદિ ત્રણે સાધનોનું અનુષ્ઠાન કરો." વ્યાસજીને વારંવાર આવું કહીને અનુગામીઓ સહિત બ્રહ્મપુત્ર સનત્કુમાર પરમ સુંદર બ્રહ્મધામમાં જતા રહ્યા. આ રીતે પૂર્વકાળના આ ઉત્તમ વૃત્તાંતનું મેં સંક્ષેપમાં વર્ણન કર્યું છે.

ઋષિ બોલ્યા—હે સૂતજી! શ્રવણ - આદિ ત્રણ સાધનોને તમે મુક્તિનો ઉપાય બતાવ્યો છે. પરંતુ જો કોઈ શ્રવણ આદિ ત્રણ સાધન કરવામાં અસમર્થ હોય એ કયા ઉપાયનું અવલંબન લઈને મુક્તિને પામી શકે? કયા સાધનભૂત કર્મ દ્વારા વગર પ્રયત્ને મોક્ષ મળી શકે ખરો?

(અધ્યાય ૩-૪)

*

ભગવાન શિવના લિંગ અને સાકાર વિગ્રહની પૂજાનું રહસ્ય અને મહત્ત્વનું વર્ણન

સૂતજી કહે છે—હે શૌનક, જે શ્રવણ, કીર્તન અને મનન આ ત્રણે સાધનોના અનુષ્ઠાનમાં સમર્થ ન હોય તો તેણે ભગવાન શંકરના લિંગ અને મૂર્તિની સ્થાપના કરીને નિત્ય એની પૂજા કરે તો સંસાર-સાગરથી પાર થઈ શકે છે. વંચના અથવા છલ કર્યા સિવાય પોતાની શક્તિ

અનુસાર ધનરાશિ લઈ જાય અને એને શિવલિંગ અથવા શિવમૂર્તિની સેવામાં અર્પિત કરી દે. સાથે સાથે નિરંતર એ શિવલિંગ અને મૂર્તિની પૂજા પણ કર્યા કરે. એ માટે ભક્તિભાવપૂર્વક મંડપ, ગોપુર, તીર્થ, મઠ અને ક્ષેત્રની સ્થાપના કરે અને ઉત્સવોનું આયોજન કરે. વસ્ત્ર, ગંધ, પુષ્પ, ધૂપ, દીપ તથા પૂજા અને પૂડા તથા શાક વગેરે વાનગીયુક્ત જાતજાતનાં ભક્ષ્ય-ભોજન અન્ન નૈવેદ્યરૂપે સમર્પિત કરે. છત્ર, ધ્વજા, પંખો, ચમ્મર અને અંગો સહિત રાજોપચારની જેમ બધો સામાન ભગવાનના શિવલિંગ અને મૂર્તિને ચઢાવી દે. પ્રદક્ષિણા, નમસ્કાર તથા યથાશક્તિ જપ કરે, આહ્વાનથી લઈને વિસર્જન સુધી દરરોજ ભક્તિભાવથી પૂજા સંપન્ન કરે, આ રીતે શિવલિંગ અથવા શિવમૂર્તિમાં ભગવાન શંકરની પૂજા કરનાર પુરુષ શ્રવણ-આદિ સાધનોનું અનુષ્ઠાન ન કરે તો પણ ભગવાન શિવની પ્રસન્નતાથી સિદ્ધિ પ્રાપ્ત કરી લે છે. આ પહેલાંના સમયમાં પણ ઘણા મહાત્મા પુરુષ લિંગ અને શિવમૂર્તિની પૂજા કરવા માત્રથી ભવબંધનથી મુક્ત થઈ ચૂક્યા છે.

ઋષિઓએ પૂછ્યું—મૂર્તિમાં જ સર્વત્ર દેવતાઓની પૂજા થાય છે (લિંગમાં નહીં), પરંતુ ભગવાન શિવની પૂજા બધી જગાએ મૂર્તિમાં અને લિંગમાં પણ કેમ થાય છે?

સૂતજીએ કહ્યું—હે મુનીશ્વરો, તમારો આ પ્રશ્ન ખૂબ જ પવિત્ર અને અત્યંત અદ્‌ભુત છે. આ વિષયમાં મહાદેવજી જ વક્તા થઈ શકે છે. બીજા કોઈ પુરુષ ક્યારેય અને ક્યાંય પણ આનું પ્રતિપાદન નથી કરી શકતા. આ પ્રશ્નના સમાધાન માટે ભગવાન શિવે જે કાંઈ કહ્યું અને એને મેં ગુરુ-મુખે જે રીતે સાંભળ્યું છે એવી જ રીતે, ક્રમશઃ હું વર્ણન કરીશ. એકમાત્ર ભગવાન શિવ જ બ્રહ્મરૂપ હોવાને કારણે "નિષ્કલ" (નિરાકાર) કહેવાયા છે. રૂપવાન હોવાને કારણે એમને "સકલ" પણ કહ્યા છે. એટલે શિવ ભગવાન 'સકલ' અને 'નિષ્કલ' બંને છે. શિવ નિષ્કલ-નિરાકાર હોવાને કારણે એમની પૂજાનું આધારભૂત લિંગ પણ નિરાકાર જ પ્રાપ્ત થયું છે. **અર્થાત્ શિવલિંગ શિવના નિરાકાર સ્વરૂપનું પ્રતીક છે.** આ રીતે શિવનું સકલ અથવા સાકાર હોવાનું કારણ એમની પૂજાનો આધારભૂત વિગ્રહ સાકર પ્રાપ્ત થાય છે અર્થાત્ શિવનો **સાકાર વિગ્રહ એમના સાકાર સ્વરૂપનું પ્રતીક હોય છે.** સકલ અને અકલ (સમસ્ત અંગ-આકાર-સહિત સાકાર અને અંગ-આકારથી સર્વથા રહિત નિરાકાર) રૂપ હોવાથી જ તે 'બ્રહ્મ' શબ્દ દ્વારા કહી શકાય તેવા પરમાત્મા છે. આજ કારણ છે કે બધા લોકો લિંગ (નિરાકાર) અને મૂર્તિ (સાકાર) બંનેમાં સદા ભગવાન શિવની પૂજા કરે છે. શિવથી ભિન્ન જે બીજા બીજા દેવતા છે તે સાક્ષાત્ બ્રહ્મ નથી. એટલા માટે જ ક્યાંય પણ એ દેવોને માટે નિરાકાર લિંગ ઉપલબ્ધ થતું નથી.

પૂર્વકાળમાં બુદ્ધિમાન બ્રહ્મપુત્ર સનત્કુમાર મુનિએ મંદરાચલ પર નંદિકેશ્વરને આવો જ પ્રશ્ન કર્યો હતો.

સનત્કુમાર બોલ્યા—હે ભગવન્! શિવથી ભિન્ન જે દેવતાઓ છે એ સૌની પૂજા માટે સર્વત્ર ઘણું કરીને વેર (મૂર્તિ) માત્ર જ અધિક સંખ્યામાં જોવા-સાંભળવા મળે છે. કેવળ શિવની જ પૂજામાં લિંગ અને વેર (મૂર્તિ) બંનેનો ઉપયોગ જોવામાં આવે છે. તેથી હે કલ્યાણમય નંદિકેશ્વર! આ વિષયમાં જે તત્ત્વની વાત હોય તે મને એવી રીતે સમજાવો જેથી મને બરાબર

સમજ-યથાર્થ સમજ પડે.

નંદિકેશ્વરે કહ્યું—હે નિષ્પાપ બ્રહ્મકુમાર! આપનો આ પ્રકારનો પ્રશ્નનો જવાબ અમારા જેવા કોઈ આપી શકે નહીં, કેમકે આ ગોપનીય વિષય છે અને **લિંગ સાક્ષાત્ બ્રહ્મનું પ્રતીક છે.** તેમ છતાં તમે શિવભક્ત છો. એટલે જ આ વિષયમાં ભગવાન શિવે જે કાંઈ બતાવ્યું છે એ જ હું તમારી સમક્ષ કહું છું. ભગવાન શિવ બ્રહ્મસ્વરૂપ છે અને નિષ્કલ (નિરાકાર) છે; એટલે જ એમની પૂજામાં નિષ્કલ લિંગનો ઉપયોગ થાય છે. સંપૂર્ણ વેદોનો આ જ મત છે.

સનત્કુમાર બોલ્યા—હે મહાભાગ યોગીન્દ્ર! તમે ભગવાન શિવ અને બીજા દેવતાઓના પૂજનમાં લિંગ અને વેર (મૂર્તિ)ના પ્રચારનું જે રહસ્ય વિભાગપૂર્વક બતાવ્યું છે તે યથાર્થ છે. એટલે લિંગ અને વેર (મૂર્તિ) આદિની ઉત્પત્તિનું જે ઉત્તમ વૃત્તાંત છે, એને જ હું આ સમયે સાંભળવા ઇચ્છું છું. લિંગના પ્રાગટ્યનું રહસ્ય સૂચિત કરનારો પ્રસંગ મને સંભળાવો.

એના ઉત્તરમાં નંદિકેશ્વરે ભગવાન મહાદેવના 'નિષ્કલ' સ્વરૂપ લિંગના આવિર્ભાવનો પ્રસંગ સંભળાવવાનું શરૂ કર્યું. એમણે બ્રહ્મા અને વિષ્ણુનો વિવાદ, દેવતાઓની વ્યાકુળતા અને ચિંતા, દેવતાઓનું દિવ્ય કૈલાસ-શિખર પર ગમન, એમના દ્વારા ચંદ્રશેખર મહાદેવનું સ્તવન, દેવતાઓ દ્વારા પ્રેરણા પામેલા મહાદેવજીનું બ્રહ્મા અને વિષ્ણુના વિવાદ સ્થળમાં આગમન અને બંને વચ્ચે નિષ્કલ આદિ-અંતરહિત ભીષણ અગ્નિના થાંભલાના રૂપમાં એમનો આવિર્ભાવ થવો વગેરે પ્રસંગોની કથા કહી. ત્યાર પછી શ્રીબ્રહ્મા અને શ્રીવિષ્ણુ બંને દ્વારા એ જ્યોતિર્મય સ્તંભની ઊંચાઈ - અને - ઊંડાઈનો તાગ લેવાની ચેષ્ટા અને કેતકી પુષ્પને શાપ અને વરદાન વગેરે પ્રસંગો સંભળાવ્યા. (અધ્યાય ૫ થી ૮)

*

મહેશ્વરનું બ્રહ્મા અને વિષ્ણુને પોતાનું નિષ્કલ અને સકલ સ્વરૂપનો પરિચય આપવાનું અને લિંગપૂજનનું મહત્ત્વ બતાવવું

નંદિકેશ્વર કહે છે—ત્યાર પછી એ બંને - બ્રહ્મા અને વિષ્ણુ ભગવાન શંકરને પ્રણામ કરીને હાથ જોડીને ડાબે-જમણે ભાગે ચૂપચાપ ઊભા રહી ગયા. પછી, એ બંનેએ ત્યાં સાક્ષાત્ પ્રગટ પૂજનીય મહાદેવજીને શ્રેષ્ઠ આસન પર બેસાડીને પવિત્ર પુરુષ-વસ્તુ વગેરે વસ્તુઓ દ્વારા એમનું પૂજન કર્યું. લાંબા સમય સુધી અવિકૃત ભાવથી સુસ્થિર રહેનારી વસ્તુને 'પુરુષ-વસ્તુ' કહેવાય છે અને થોડોક સમય સુધી જ ટકે તેવી વસ્તુને ક્ષણભંગુર - વસ્તુ કહેવાય છે. આ રીતે વસ્તુના બે ભેદ જાણવા જોઈએ. (હવે કઈ પુરુષ-વસ્તુઓથી શિવપૂજન કર્યું એ બતાવાય છે). હાર, નૂપુર, કેયૂર, કિરીટ, મણિમય કુંડળ, યજ્ઞોપવીત, ઉત્તરીય વસ્ત્ર, પુષ્પ-માળા, રેશમી-વસ્ત્ર, હાર, મુદ્રિકા, પુષ્પ, તાંબૂલ, કપૂર ચંદન અને અગરુનો અનુલેપ, ધૂપ, દીપ, શ્વેતછત્ર, પંખો, ધ્વજા, ચામર અને અન્યોન્ય દિવ્ય ઉપહારો દ્વારા, જેમનો વૈભવ વાણીમાં અવર્ણનીય તથા મનથી પણ પાર છે, જે કેવળ પશુપતિ (પરમાત્મા)ને જ યોગ્ય હતા અને જેને પશુ (બંધાયેલો જીવ) કદાપિ મેળવી શકે નહિ, એ બંનેએ સ્વયંના સ્વામી મહેશ્વરનું પૂજન કર્યું.

સૌથી પહેલાં ત્યાં બ્રહ્મા અને વિષ્ણુએ ભગવાન શંકરની પૂજા કરી. આ પૂજાથી પ્રસન્ન થઈને ભક્તિપૂર્વક ભગવાન શિવે ત્યાં નમ્રભાવે ઊભેલા બંને દેવતાઓને સ્મિત આપતાં કહ્યું -

મહેશ્વર બોલ્યા—હે પુત્રો! આજનો દિવસ મહાન દિવસ છે. એમાં તમે મારું પૂજન કર્યું તેથી હું તમારા પર બહુ પ્રસન્ન છું. આ જ કારણે આ દિવસ પરમ પવિત્ર અને મહાનથી પણ મહાન ગણાશે. આજની તિથિ 'શિવરાત્રિ'ના નામથી વિખ્યાત થઈને મને પરમ પ્રિય થશે. આ સમયે જે મારા લિંગની (નિષ્કલ - અંગ - આકૃતિથી રહિત નિરાકાર સ્વરૂપનું પ્રતીક) પૂજા કરશે તે પુરુષ જગતની સૃષ્ટિ તથા પાલન કરવાનું કાર્ય પણ કરી શકશે. જે કોઈ 'શિવરાત્રિ' એ દિવસ-રાત નિરાહાર રહીને અને જિતેન્દ્રિય રહીને પોતાની શક્તિઅનુસાર નિશ્ચલભાવથી મારી યથોચિત પૂજા કરશે. એને મળનારાં ફળનું વર્ણન હવે સાંભળો. એક વર્ષ લગતાર મારી પૂજા કરનારને જે ફળ મળે છે, જે સમગ્ર ફળ કેવળ 'શિવરાત્રિ'ને નિમિત્તે મારું પૂજન કરનારને તત્કાળ મળી જશે. જેવી રીતે પૂર્ણિમાનો ચંદ્ર સમુદ્રમાં ભરતી આણે છે, એવી જ રીતે શિવરાત્રિની તિથિ મારા ધર્મની વૃદ્ધિનો સમય છે. આ તિથિમાં મારી સ્થાપના વગેરેનો મંગલમય ઉત્સવ થવો જોઈએ. પહેલાં જ્યારે હું "જ્યોતિર્મય સ્તંભરૂપે પ્રગટ થયો હતો એ સમય માગશર માસમાં આર્દ્રા નક્ષત્રયુક્ત પૂર્ણિમા અથવા પ્રતિપદા હતી - જે પુરુષ માગશર માસમાં આર્દ્રા નક્ષત્રમાં પાર્વતી સહિત મારું દર્શન કરશે અથવા મારી મૂર્તિ અથવા લિંગની ઝાંખી કરે છે તે મને કાર્તિકેયથી પણ અધિક પ્રિય છે. એ શુભ દિવસે મારાં દર્શન માત્રથી પૂરું ફળ પ્રાપ્ત થાય છે. જો દર્શનની સાથે સાથે મારું પૂજન પણ થાય તો એટલું બધું પુણ્ય ફળ મળે છે કે જેનું વાણી દ્વારા વર્ણન થઈ શકતું નથી.

ત્યાં હું લિંગરૂપે પ્રગટ થઈને ઘણો મોટો થઈ ગયો હતો. તેથી એ લિંગને કારણે આ ભૂતલ 'લિંગસ્થાન'ના નામથી પ્રસિદ્ધ થયું. જગતના લોકો એનું દર્શન અને પૂજન કરી શકે, એટલા માટે આ અનાદિ-અનંત જ્યોતિઃસ્તંભ અથવા જ્યોતિર્મય લિંગ અત્યંત નાનું થઈ જશે - આ લિંગ સર્વ પ્રકારના ભોગોની પ્રાપ્તિ કરાવશે તથા ભોગ અને મોક્ષનું એકમાત્ર સાધન છે. એનું દર્શન, એનો સ્પર્શ અને એનું ધ્યાન કરવામાં આવે તો પ્રાણીઓનાં જન્મ અને મૃત્યુનાં કષ્ટ છૂટી જતાં હોય છે. અગ્નિના પર્વત - જેવું આ જે શિવલિંગ અહીં પ્રગટ થયું છે એને કારણે જ આ સ્થાન 'અરુણાચલ' નામથી પ્રસિદ્ધ હશે. અહીં અનેક પ્રકારનાં મોટાં મોટાં

તીર્થો પ્રગટ થશે. આ સ્થાનમાં નિવાસ કરનાર અથવા શરીર છોડનાર જીવોનો મોક્ષ પણ થઈ જશે.

મારાં બે રૂપ છે - 'સકલ' અને 'નિષ્કલ'. બીજા કોઈનાં આવાં બે રૂપ નથી. પહેલાં હું સ્તંભરૂપે પ્રગટ થયો, પછી સાક્ષાત્ રૂપે પ્રગટ થયો. 'બ્રહ્મભાવ' મારું 'નિષ્કલ' રૂપ છે અને મહેશ્વર મારું 'સકલ' રૂપ છે. આ બંને રૂપો મારાં સિદ્ધ રૂપો છે. હું જ પરબ્રહ્મ પરમાત્મા છું. કલાયુક્ત અને અકલ મારાં જ સ્વરૂપ છે. બ્રહ્મરૂપ હોવાને કારણે હું જ ઈશ્વર પણ છું. જીવો ઉપર અનુગ્રહ-દયા કરવી - તે મારું કાર્ય છે. હે બ્રહ્મા અને કેશવ! હું સૌથી બૃહત્ છું અને જગતની વૃદ્ધિ કરવાને કારણે 'બ્રહ્મ' છું. સર્વત્ર સમરૂપથી સ્થિત અને વ્યાપક હોવાને કારણે હું બધાનો આત્મા છું. સર્ગથી માંડીને અનુગ્રહ (આત્મા અથવા ઈશ્વરથી ભિન્ન) સુધી જે જગત સંબંધી પાંચ કૃત્ય છે, તે સદા મારાં જ છે, મારાથી વ્યતિરિક્ત કોઈનાંય નથી, કેમકે હું જ સર્વનો ઈશ્વર છું. પહેલાં મારી બ્રહ્મરૂપતાનો બોધ કરાવવાને માટે 'નિષ્કલ' લિંગ પ્રગટ થયું હતું. પછી અજ્ઞાન ઈશ્વરત્વનો સાક્ષાત્કાર કરાવવાને નિમિત્તે હું સાક્ષાત્ જગદીશ્વર જ 'સકલ' રૂપમાં તત્કાલ પ્રગટ થઈ ગયો. તેથી મારામાં જે ઈશત્વ છે, એને જ મારું સકલરૂપ જાણવું જોઈએ અને આજે મારો નિષ્કલ સ્તંભ છે એ મારા બ્રહ્મરૂપનો બોધક છે. આ મારું જ લિંગ (ચિહ્ન) છે. તમે બંને દરરોજ અહીં રહીને એનું પૂજન કરો. આ જ મારું સ્વરૂપ છે અને એ જ મારા સામીપ્યની પ્રાપ્તિ કરાવનારું પણ છે. લિંગ અને લિંગીમાં નિત્ય અભેદ હોવાને કારણે મારા આ લિંગનું મહાન પુરુષોએ પણ પૂજન કરવું જોઈએ. મારા એક લિંગની સ્થાપના કરવાનું આ ફળ બતાવાયું છે કે ઉપાસકને મારી સમાનતાની પ્રાપ્તિ થઈ જાય. જો એક પછી બીજા શિવલિંગની પણ સ્થાપના કરવામાં આવી ગઈ ત્યારે તો ઉપાસકને એના ફળ સ્વરૂપે મારી સાથે એકત્વ (સાયુજ્ય મોક્ષ) રૂપી ફળની પ્રાપ્તિ થઈ જાય છે. પ્રધાનતયા શિવલિંગની જ સ્થાપના કરવી જોઈએ. મૂર્તિની સ્થાપના લિંગની સ્થાપનાની સરખામણીએ ગૌણ કર્મ છે. શિવલિંગના અભાવમાં સર્વ રીતે સવેર (મૂર્તિયુક્ત) થવા પર પણ એ સ્થાન ક્ષેત્ર નથી કહેવાતું. (અધ્યાય ૯)

*

પાંચ કૃત્યોનું પ્રતિપાદન, પ્રણવ અને પંચાક્ષર-મંત્રની મહત્તા, બ્રહ્મા અને વિષ્ણુ દ્વારા ભગવાન શિવની સ્તુતિ તથા તેમનું અંતર્ધાન થવું

બ્રહ્મા અને વિષ્ણુએ પૂછ્યું—હે પ્રભો! સૃષ્ટિ આદિ પાંચ-કૃત્યોનાં લક્ષણ શાં છે, એ અમને બંનેને સમજાવો.

ભગવાન શિવ બોલ્યા—મારાં કર્તવ્યોને સમજવાનું કામ અત્યંત ગહન છે. તેમ છતાં હું કૃપા-પૂર્વક તમને એ વિષયમાં બતાવી રહ્યો છું. હે બ્રહ્મા અને અચ્યુત! 'સૃષ્ટિ', 'પાલન', 'સંહાર', 'તિરોભાવ', અને 'અનુગ્રહ' આ પાંચ જ જગતસંબંધી મારાં કાર્ય છે, જે નિત્યસિદ્ધ છે. સંસારની રચનાનો જે આરંભ છે એને 'સર્ગ'

કે 'સૃષ્ટિ' કહે છે. મારા દ્વારા પાલિત થઈને સૃષ્ટિને સુસ્થિરરૂપે રહેવાની સ્થિતિ છે અને 'સ્થિતિ' કહેવાય છે. એનો વિનાશ થાય એને 'સંહાર' કહે છે. પ્રાણોનું ઉત્ક્રમણ - બહાર નીકળી જવું - એને 'તિરોભાવ' કહે છે અને આ સર્વથી છુટકારો મળી જવો એ જ મારો 'અનુગ્રહ' છે. આ રીતે મારાં પાંચ કૃત્ય છે. સૃષ્ટિ આદિ જે ચાર કૃત્ય છે, તે સંસારનો વિસ્તાર કરનારાં છે. પાંચમું કૃત્ય અનુગ્રહ મોક્ષનો હેતુ છે. તે સદા મારાં જ અવિચલ ભાવથી સ્થિર રહે છે. મારા ભક્તજન આ પાંચે કૃત્યોને પાંચ મહાભૂતોમાં જુએ છે. સૃષ્ટિ ભૂતલમાં, સ્થિતિ જળમાં, સંહાર અગ્નિમાં, તિરોભાવ વાયુમાં અને અનુગ્રહ આકાશમાં સ્થિત છે. પૃથ્વીથી સર્વની સૃષ્ટિ થાય છે, જળથી સર્વની વૃદ્ધિ થાય છે અને જીવનની રક્ષા થાય છે. અગ્નિ સર્વને ભસ્મીભૂત કરી દે છે, સળગાવી દે છે. વાયુ સર્વને એક સ્થાનથી બીજા સ્થાને લઈ જાય છે અને આકાશ સર્વને અનુગૃહીત કરે છે. સર્વ પર ઉપકાર કરે છે. વિદ્વાન પુરુષો આ વિષયને આ જ રીતે જાણે છે. આ પાંચ કૃત્યોનો ભારવહન કરવા માટે જ મારે પાંચ મુખ છે. ચાર દિશાઓમાં ચાર મુખ છે અને એની મધ્યમાં પાંચમું મુખ છે. હે પુત્રો, તમે બંનેએ તપસ્યા કરીને મને પ્રસન્ન કરીને, મને પરમેશ્વરને પ્રસન્ન કરીને સૃષ્ટિ અને સ્થિતિ નામનાં બે કૃત્યો પ્રાપ્ત કર્યાં છે. આ બંને તમને ખૂબ જ પ્રિય છે. એવી જ રીતે મારી વિભૂતિસ્વરૂપ 'રુદ્ર' અને 'મહેશ્વર'માં બે અન્ય ઉત્તમ કૃત્યઃ સંહાર અને તિરોભાવ મારી પાસેથી પ્રાપ્ત કર્યાં છે, પરંતુ અનુગ્રહ નામક કૃત્ય બીજો કોઈ મેળવી શકતો નથી. રુદ્ર અને મહેશ્વર પોતાનાં કર્મને ભૂલ્યા નથી. એટલા માટે મેં એમને માટે મારી સમાનતા પ્રદાન કરી છે. તે રૂપ, વેશ, કૃત્ય, વાહન, આસન અને આયુધ વગેરેમાં મુજ સમાન જ છે. મેં પૂર્વકાલમાં સ્વયંનો સ્વરૂપભૂત મંત્રનો ઉપદેશ કર્યો હતો. તે ઉપકાર ઓંકારના રૂપમાં પ્રસિદ્ધ છે. એ મહામંગલકારી મંત્ર છે. સૌથી પહેલાં મારા મુખમાંથી ઓંકાર (ૐ) પ્રગટ થયો છે, જે મારા જ સ્વરૂપનો બોધક છે. ઓંકાર વાચક છે અને હું વાચ્ય છું. આ મંત્ર મારું પોતાનું સ્વયંનું સ્વરૂપ છે. દરરોજ ઓંકારનું નિરંતર સ્મરણ કરવાથી મારું જ સદા સ્મરણ થાય છે.

મારા ઉત્તરવર્તી મુખથી અકારનું, પશ્ચિમ મુખથી મકારનું, પૂર્વવર્તી મુખથી બિંદુનો તથા મધ્યવર્તી મુખથી નાદનું પ્રાગટ્ય થયું છે. આ રીતે પાંચે અવયવોથી યુક્ત ઓંકારનો વિસ્તાર થયો છે. આ સર્વ અવયવો એકીભૂત થઈને તે પ્રણવ 'ૐ' નામનો એક અક્ષર બની ગયો. આ નામ રૂપાત્મક આખું જગત તથા વેદ ઉત્પન્ન સ્ત્રી-પુરુષ વર્ગરૂપ બંને કુલ આ પ્રણવ-મંત્રથી વ્યાપ્ત છે. આ મંત્ર શિવ અને શક્તિ બંનેનો બોધક છે. આનાથી જ પંચાક્ષર મંત્રની ઉત્પત્તિ થઈ છે, જે મારા સકલરૂપની બોધક છે. તે અકાર-આદિ ક્રમથી મકાર-આદિ ક્રમશઃ પ્રકાશમાં આવ્યા છે. ('ૐ નમઃ શિવાય' આ પંચાક્ષર-મંત્ર છે). આ પંચાક્ષર-મંત્રથી માતૃકા વર્ણ પ્રગટ થયા છે, જે પાંચ ભેદવાળા છે* એનાથી જ શિરોમંત્ર સહિત ત્રિપદા ગાયત્રીનું પ્રાગટ્ય થયું છે. આ

* અ ઇ ઉ ઋ ઌ - આ પાંચ મૂળભૂત સ્વર છે તથા વ્યંજન પણ પાંચ-પાંચ વર્ણથી યુક્ત પાંચ વર્ગવાળા છે.

ગાયત્રીથી સંપૂર્ણ વેદ ઉત્પન્ન થયા છે અને એ જ વેદોમાંથી કરોડો મંત્ર નીકળ્યા છે. તે તે મંત્રોથી ભિન્ન ભિન્ન કાર્યોની સિદ્ધિ થાય છે; પરંતુ આ પ્રણવ અને પંચાક્ષરથી સંપૂર્ણ મનોરથોની સિદ્ધિ થાય છે. આ મંત્રસમુદાયથી ભોગ અને મોક્ષ બંને સિદ્ધ થાય છે. મારા સકલ સ્વરૂપ સાથે સંબંધ રાખવાવાળા સર્વ મંત્રરાજ સાક્ષાત્ ભોગ પ્રદાન કરવાવાળા અને શુભકારક (મોક્ષપ્રદ) છે.

નંદિકેશ્વર કહે છે—ત્યાર પછી જગદંબા પાર્વતીની સાથે બેઠેલા ગુરુવર મહાદેવજીએ ઉત્તરાભિમુખ બેઠેલા બ્રહ્મા તથા વિષ્ણુને ઢાંકનાર વસ્ત્રથી આચ્છાદિત કરીને એમના મસ્તક પર પોતાનો કરકમળ મૂકીને ધીરે-ધીરે ઉચ્ચારણ કરીને એમને ઉત્તમ મંત્રનો ઉપદેશ કર્યો. મંત્ર-તંત્રમાં બતાવેલી વિધિનું પાલનપૂર્વક ત્રણ વાર મંત્રનું ઉચ્ચારણ કરીને ભગવાન શિવે એ બંને શિષ્યોને મંત્રની દીક્ષા આપી. પછી એ શિષ્યોએ ગુરુદક્ષિણારૂપે સ્વયંને જાતે સમર્પિત કરી દીધા અને બંને હાથ જોડીને એમની પાસે ઊભા રહ્યા અને એ દેવેશ્વર જગદ્‌ગુરુનું સ્તવન કર્યું.

બ્રહ્મા અને વિષ્ણુ બોલ્યા—હે પ્રભો! તમે નિષ્કલરૂપ છો. તમને નમસ્કાર હો. તને નિષ્કલ તેજથી પ્રકાશિત થાઓ છો. તમને નમસ્કાર છે. તમે સર્વના સ્વામી છો. તમને નમસ્કાર છે. તમને સર્વાત્માને નમસ્કાર હો અથવા સકલ-સ્વરૂપ આપ મહેશ્વરને નમસ્કાર છે. આપ પ્રણવના વાચ્યાર્થ છો. આપને નમસ્કાર હો. સૃષ્ટિ, પાલન, સંહાર, તિરોભાવ અને અનુગ્રહ કરનાર આપને નમસ્કાર છે. આપનાં પાંચ મુખ છે. તમે પરમેશ્વરને નમસ્કાર હો. પંચબ્રહ્મસ્વરૂપ પાંચ કૃત્યોવાળા આપને નમસ્કાર કરું છું. તમે સર્વના આત્મા છો, તમે બ્રહ્મ છો. આપના ગુણ અને આપની શક્તિઓ અનંત છે. આપને નમસ્કાર હો. આપનાં સકલ અને નિષ્કલ બે સ્વરૂપ છે. તમે સદ્‌ગુરુ અને શંભુ છો. તમને નમસ્કાર કરું છું*

આ પદ્યો દ્વારા પોતાના ગુરુ મહેશ્વરની સ્તુતિ કરીને બ્રહ્મા અને વિષ્ણુએ એમનાં ચરણમાં નમસ્કાર કર્યા.

મહેશ્વર બોલ્યા—"આર્દ્રા" નક્ષત્રથી યુક્ત ચતુર્દશીને દિવસે જપ કરવામાં આવે તો એ અક્ષય ફળ આપનારું થાય છે. સૂર્યની સંક્રાન્તિથી યુક્ત મહા-આર્દ્રા નક્ષત્રમાં એક વાર કરેલો પ્રણવ-જપ કોટિગણા જપનું ફળ આપે છે. 'મૃગશિરા' નક્ષત્રનો અંતિમ ભાગ તથા 'પુનર્વસુ' નક્ષત્ર આદિ ભાગ પૂજા, હોમ અને તર્પણ વગેરે માટે સદા આર્દ્રાની સમાન જ હોય છે એ જાણવું જોઈએ. મારા અથવા મારા લિંગનું દર્શન પ્રભાતકાલમાં જ પ્રાત : અને સંગવ (મધ્યાહ્ન-પૂર્વ) કાલમાં કરવાં જોઈએ. મારાં દર્શન-પૂજન માટે ચતુર્દશી તિથિ નિશીથ-વ્યાપિની અથવા પ્રદોષવ્યાપિની લેવી જોઈએ; કેમકે પરિવર્તિની તિથિથી યુક્ત ચતુર્દશીની પ્રશંસા કરવામાં આવે છે. પૂજા કરનારાઓ માટે મારી મૂર્તિ અથવા લિંગ બંન્ને સમાન છે, તો પણ મૂર્તિ કરતાં લિંગનું સ્થાન ઊંચું છે. એટલા માટે મુમુક્ષુ

---

* નમો નિષ્કલરૂપાય નમો નિષ્કલતેજસે । નમઃ સકલનાથાય નમસ્તે સકલાત્મને ॥
નમઃ પ્રણવવાચ્યાય નમઃ પ્રણવલિંગિને । નમઃ સૃષ્ટ્યાદિકર્ત્રે ચ નમઃ પંચમુખાય તે ॥
પંચબ્રહ્મસ્વરૂપાય પંચકૃત્યાય તે નમઃ । આત્મને બ્રહ્મણે તુભ્યમનન્તગુણશક્તયે ॥
સકલાકલરૂપાય શંભવે ગુરવે નમઃ । (શિ.પુ.વિદ્યે. સં. ૧૦/૨૮-૩૦ ૧/૨)

પુરુષોએ એ કરવું જોઈએ કે તે વેર (મૂર્તિ)થી પણ શ્રેષ્ઠ સમજીને લિંગનું જ પૂજન કરે. લિંગનું ૐકાર મંત્રથી અને વેર (મૂર્તિ)નું પંચાક્ષર-મંત્રથી પૂજન કરવું જોઈએ. શિવલિંગની સ્વયં જ સ્થાપના કરીને અથવા બીજા દ્વારા સ્થાપના કરાવીને ઉત્તમ દ્રવ્યમય ઉપચારોથી પૂજા કરવી જોઈએ. આથી મારું પદ સુલભ થઈ જાય છે.

આ રીતે એ બંને શિષ્યોને ઉપદેશ આપીને ભગવાન શિવ ત્યાં જ અંતર્ધાન થઈ ગયા.

(અધ્યાય ૧૦)

*

શિવલિંગની સ્થાપના, એનાં લક્ષણો અને પૂજનની વિધિનું વર્ણન તથા શિવપદની પ્રાપ્તિ કરાવનારાં સત્કર્મોનું વિવેચન

ઋષિઓએ પૂછ્યું—હે સૂતજી, શિવલિંગની સ્થાપના કેવી રીતે કરવી જોઈએ? એનું લક્ષણ શું છે? એની પૂજા કેવી રીતે કરવી જોઈએ, કયા દેશ-કાળમાં પૂજા કરવી જોઈએ અને કયા દ્રવ્ય દ્વારા એનું નિર્માણ થવું જોઈએ?

સૂતજીએ કહ્યું—હે મહર્ષિઓ! હું આપ સૌને માટે આ વિષયનું વર્ણન કરું છું. તે ધ્યાન દઈને સાંભળો અને સમજો. અનુકૂળ અને શુભ-સમયમાં કોઈ પવિત્ર તીર્થમાં નદી વગેરેના કિનારે પોતાની રુચિ પ્રમાણે એવી જગાએ શિવલિંગની સ્થાપના કરવી જોઈએ જ્યાં તેનું નિત્ય પૂજન થઈ શકે. પાર્થિવ દ્રવ્યથી, જળમય દ્રવ્યથી, અથવા તૈજસ પદાર્થથી સ્વયંની રુચિ અનુસાર કલ્પોમાં કહ્યા અનુસાર લક્ષણોથી યુક્ત શિવલિંગનું નિર્માણ કરીને એની પૂજા કરવાથી ઉપાસકને એ પૂજનનો પૂરેપૂરો લાભ મળે છે, સંપૂર્ણ ફળ મળે છે. સંપૂર્ણ શુભ લક્ષણોથી યુક્ત શિવલિંગની જો પૂજા કરવામાં આવે તો તે તત્કાળ પૂજાનું ફળ આપનાર બને છે. જો ચલ પ્રતિષ્ઠા કરવી હોય તો એને માટે નાનું-સરખું શિવલિંગ અથવા વગેરે શ્રેષ્ઠ મનાય છે. જો અચલ પ્રતિષ્ઠા કરવી હોય તો સ્થૂળ શિવલિંગ અથવા વિગ્રહ સારો મનાય છે. ઉત્તમ લક્ષણોથી યુક્ત શિવલિંગની પીઠ સહિત સ્થાપના કરવી જોઈએ. શિવલિંગની પીઠ (મંડલાકાર), ચોરસ (ચૌકોર) ત્રિકોણ અથવા ખાટલાના પાયાની જેમ ઉપરનીચે જાડો અને વચમાં પાતળો એવો આકાર હોવો જોઈએ. આ પ્રકારે લિંગ-પીઠ મહાન રૂપ આપનાર હોય છે! પહેલાં માટીથી પથ્થર વગેરે અથવા લોખંડ વગેરેથી શિવલિંગનું નિર્માણ કરવું જોઈએ. જે દ્રવ્યથી શિવલિંગનું નિર્માણ થયું હોય તે જ દ્રવ્યથી પીઠ પણ બનાવવી જોઈએ. આ જ સ્થાવર (અચલ પ્રતિષ્ઠાવાળા) શિવલિંગની વિશેષ વાત છે. ચર (ચલ પ્રતિષ્ઠાવાળા) શિવલિંગમાં પણ લિંગ અને પીઠનું ઉપાદાન એક જ હોવું જોઈએ. પરંતુ બાણલિંગ માટે આ નિયમ નથી. લિંગની લંબાઈ નિર્માણકર્તા અથવા સ્થાપના કરાવનાર યજમાનના બાર આંગળ જેટલી હોવી જોઈએ. આવાં શિવલિંગ જ ઉત્તમ કહેવાય છે. આથી ઓછી લંબાઈ હોય તો ફળ ઓછું મળે છે, પણ જો વધારે હોય તો દોષની કોઈ વાત નથી. ચર લિંગમાં પણ આવો જ નિયમ છે. એની લંબાઈ ઓછામાં ઓછી કર્તાના એક આંગળ બરાબર

હોવી જોઈએ. એથી નાની હોય તો ફળ ઓછું મળે છે. પણ વધારે હોય તો દોષની કોઈ વાત નથી. યજમાન માટે જરૂરી છે કે એક વિમાન અથવા દેવાલય બનાવડાવે. જે દેવગણોની મૂર્તિઓથી અલંકૃત હોય. એનું ગર્ભગૃહ બહુ જ સુંદર, સુદૃઢ અને તક્તા જેવું સ્વચ્છ હોવું જોઈએ. એને નવ પ્રકારનાં રત્નોથી વિભૂષિત કરેલ જોઈએ. એમાં પૂર્વ અને પશ્ચિમમાં એમ બે દિશામાં બે મુખ્ય દ્વાર હોવાં જોઈએ. જ્યાં શિવલિંગની સ્થાપના કરવાની હોય એ સ્થાનની નીચેનાં ખાડામાં નીલમ, લાલ વૈદૂર્ય, શ્યામ, મરકત, મોતી, મૂંગા, ગોમેદ અને હીરા આ નવા રત્નો તથા અન્ય મહત્ત્વપૂર્ણ દ્રવ્યોને વૈદિક મંત્રો સાથે ભંડારવાં જોઈએ. સદ્યોજાત વગેરે પાંચ વૈદિક મંત્રો* દ્વારા શિવલિંગનું પાંચ સ્થાનમાં ક્રમશઃ પૂજન કરીને અગ્નિમાં હવિષ્યની અનેક આહુતિ આપવી અને પરિવાર સહિત મારી પૂજા કરીને ગુરુસ્વરૂપ આચાર્યને ધન તથા ભાઈ-બંધુઓને ઇચ્છિત વસ્તુઓ આપીને સંતુષ્ટ કરવા-યાચકોને જડ (સુવર્ણ, ગૃહ અને ભૂ-સંપત્તિ) તથા ચેતન (ગાય વગેરે) વૈભવ પ્રદાન કરવો.

સ્થાવર-જંગમ બધા જીવોને યત્નપૂર્વક સંતુષ્ટ કરીને એક ખાડામાં સુવર્ણ તથા નવ પ્રકારનાં રત્નો ભરીને સદ્યોજાતાદિક વૈદિક-મંત્રોનું ઉચ્ચારણ કરીને પરમ કલ્યાણકારી મહાદેવજીનું ધ્યાન ધરવું. ત્યાર પછી નાદઘોષથી યુક્ત મહામંત્ર ઓંકાર (ૐ)નું ઉચ્ચારણ કરીને પેલા ખાડામાં શિવલિંગની સ્થાપના કરીને એને પીઠથી સંયુક્ત કરવું. આ રીતે પીઠયુક્ત શિવલિંગની સ્થાપના કરીને એને નિત્ય-લેપ (લાંબો વખત સુધી ટકી રહે તેવો મસાલો) ભેગો કરીને તેને સ્થિર કરી દેવું. આ રીતે ત્યાં પરમ સુંદર વેર (મૂર્તિ)ની સ્થાપના કરવી જોઈએ. સારાંશ એ છે કે ભૂમિ-સંસ્કાર વગેરે બધી વિધિ જે શિવલિંગની પ્રતિષ્ઠા માટે કરી છે તેવી જ વેર (મૂર્તિ) પ્રતિષ્ઠા માટે પણ સમજવી જોઈએ. ફેર માત્ર એટલો જ છે કે લિંગ પ્રતિષ્ઠા માટે પ્રણવમંત્રના ઉચ્ચારણનું વિધાન છે પરંતુ વેર (મૂર્તિ)ની પ્રતિષ્ઠા પંચાક્ષર મંત્રથી કરવી જોઈએ. જ્યાં લિંગની પ્રતિષ્ઠા થઈ છે, ત્યાં પણ ઉત્સવ માટે બહાર શોભાયાત્રા (સવારી) કાઢવાના નિમિત્તે વેર (મૂર્તિ) રાખવી પણ જરૂરી છે. મૂર્તિને બહારથી પણ લઈ શકાય છે. એનું ગ્રહણ ગુરુજનો દ્વારા થવું જોઈએ. બાહ્ય વેર (મૂર્તિ) લેવા માટે યોગ્ય તે જ છે જે સાધુપુરુષો દ્વારા પૂજિત હોય. આ પ્રકારે લિંગમાં અને વેરમાં (મૂર્તિમાં) પણ કરેલી મહાદેવજીની પૂજા શિવપદ પ્રદાન કરનારી હોય છે. સ્થાવર અને જંગમ એમ બે ભેદથી લિંગ પણ બે પ્રકારનાં કહ્યાં છે. વૃક્ષ, લતા વગેરેને સ્થાવર લિંગ કહે છે, અને કૃમિ-કીટ વગેરેને જંગમ લિંગ કહે છે. સ્થાવર લિંગનું સિંચન દ્વારા સેવા-પૂજન કરવું જોઈએ, અને જંગમ લિંગને આહાર અને જળ વગેરે આપીને તૃપ્ત કરવાં ઉચિત છે. એ સ્થાવર-જંગમ જીવોને સુખ પમાડવામાં અનુરક્ત રહેવું એ પણ ભગવાન શિવનું પૂજન છે, એવું વિદ્વાન પુરુષો માને છે. (આમ, ચરાચર જીવોને

---

* ૐ સદ્યોજાતં પ્રપદ્યામિ સદ્યોજાતાય વૈ નમો નમઃ। ભવે ભવેનાતિભવે ભવસ્વમાં ભવોદ્ભવાય નમઃ॥ ૐ વામદેવાય નમો જ્યેષ્ઠાય નમઃ શ્રેષ્ઠાય નમઃ કાલાય નમઃ કલવિકરણાય નમો. બલવિકરણાય નમો બલાય નમો બલપ્રમથનાય નમઃ સર્વભૂતદમનાય નમો મનોન્મથાય નમઃ।

જ ભગવાન શંકરનાં પ્રતીક માનીને એમનું પૂજન કરવું જોઈએ.)

આ રીતે મહાલિંગની સ્થાપના કરીને વિવિધ ઉપચારો દ્વારા એનું પૂજન કરો. પોતાની શક્તિ અનુસાર નિત્ય પૂજા કરવી જોઈએ. દેવાલયની પાસે ધ્વજારોપણ વગેરે કરવું જોઈએ. શિવલિંગ સાક્ષાત્ શિવનું પદ પ્રદાન કરનારું છે. અથવા ચર લિંગમાં સોળ ઉપચારો દ્વારા - ષોડશોપચાર - દ્વારા યથોચિત ક્રમશઃ પૂજન કરવું જોઈએ. આ પૂજન પણ શિવપદ પ્રદાન કરનારું છે. આવાહન, આસન, અર્ઘ્ય, પાદ્ય, પાદ્યાંગ - આચમન, અભ્યંગ સ્નાન, વસ્ત્ર અને યજ્ઞોપવીત, ગંધ, પુષ્પ, ધૂપ, દીપ, નૈવેદ્ય, તાંબૂલ-સમર્પણ, નીરાજન (આરતી), નમસ્કાર અને વિસર્જન - આ સોળ ઉપચાર છે, અથવા અર્ઘ્યથી લઈને નૈવેદ્ય સુધી વિધિવત્ પૂજન કરો. અભિષેક, નૈવેદ્ય, નમસ્કાર અને તર્પણ - આ બધું યથાશક્તિ નિત્ય કરો. આ રીતે કરેલું શિવનું પૂજન શિવપદની પ્રાપ્તિ કરાવે છે અથવા કોઈ મનુષ્ય દ્વારા સ્થાપિત શિવલિંગમાં, ઋષિઓ દ્વારા સ્થાપિત શિવલિંગમાં, દેવતાઓ દ્વારા સ્થાપિત શિવલિંગમાં, સ્વયંભૂ પ્રગટ થયેલ સ્વયંભૂશિવલિંગમાં તથા પોતાના દ્વારા નૂતન સ્થાપિત કરેલા શિવલિંગમાં પણ ઉપચાર-સમર્પણપૂર્વક જેમ બતાવ્યું છે તેમ, પૂજન કરવાથી અથવા પૂજન સામગ્રી આપવાથી. ઉપર્યુક્ત સમગ્ર ફળ પ્રાપ્ત કરી લેવાય છે. ક્રમશઃ પરિક્રમા અને નમસ્કાર કરવાથી પણ શિવલિંગ શિવપદને પ્રાપ્ત કરાવે છે. જો નિયમપૂર્વક શિવલિંગનું દર્શન માત્ર કરવામાં આવે તો પણ એ કલ્યાણપ્રદ છે. માટી, લોટ, ગાયનું છાણ, ફૂલ, કરેણનું પુષ્પ, ફળ, ગોળ, માખણ, ભસ્મ અથવા અન્નથી પણ પોતાની રુચિ-અનુસાર શિવલિંગ બનાવીને તદ્-અનુસાર એનું પૂજન કરવામાં આવે અથવા દરરોજ દશ હજાર પ્રણવમંત્રનો જપ કરે અથવા બંને સંધ્યાકાળે એક એક સહસ્ર પ્રણવનો જપ કર્યા કરવો જોઈએ. આ ક્રમ પણ શિવપદની પ્રાપ્તિ કરાવનારું છે એમ જાણવું.

જપ કાળમાં મકારાન્ત પ્રણવનો ઉચ્ચાર મનની શુદ્ધિ કરનાર હોય છે. સમાધિમાં માનસિક જપનું વિધાન છે તથા અન્ય સર્વ સમયમાં ઉપાંશુ* જપ જ કરવો જોઈએ. નાદ અને બિંદુથી યુક્ત ઓંકારના ઉચ્ચારણને વિદ્વાન પુરુષો 'સમાનપ્રણવ' કહે છે. જો દરરોજ આદરપૂર્વક દશ હજાર પંચાક્ષર-મંત્રનો જપ કરવામાં આવે અથવા બંને સંધ્યાસમયે એક એક હજાર જ જપ કરવામાં આવે તો એને શિવપદની પ્રાપ્તિ કરાવનાર સમજવો જોઈએ. બ્રાહ્મણોને માટે આદિમાં પ્રણવથી યુક્ત પંચાક્ષર-મંત્ર સારો મનાયો છે. કલશથી સ્નાન, મંત્રની દીક્ષા, માતૃકાળોના ન્યાસ, સત્યથી પવિત્ર અંતઃકરણવાળા બ્રાહ્મણ તથા જ્ઞાની ગુરુ - આ સર્વને ઉત્તમ મનાયા છે. દ્વિજો માટે 'નમઃ

ૐ અઘોરેભ્યોઽથ ઘોરેભ્યો ઘોરઘોરતરેભ્યઃ સર્વેભ્યઃ સર્વશર્વેભ્યો નમસ્તેઽસ્તુ રુદ્રરૂપેભ્યઃ॥

ૐ તત્પુરુષાય વિદ્મહે મહાદેવાય ધીમહિ તન્નોરુદ્રઃ પ્રચોદયાત્।

ૐ ઈશાનઃ સર્વવિદ્યાનાં ઈશ્વરઃ સર્વભૂતાનાં બ્રહ્માધિપતિર્બ્રહ્મણોઽધિપતિર્બ્રહ્મા શિવો મેઽસ્તુ સદાશિવોમ્॥

* મંત્રાક્ષરોને એટલા ધીમા સ્વરે ઉચ્ચારણ કરવું કે એને બીજો કોઈ સાંભળી ન શકે. આવા જપને ઉપાંશુ કહે છે.

શિવાય'નું ઉચ્ચારણ કરવું એવું વિધાન છે. દ્વિજથી ભિન્ન હોય તેમને માટે અંતમાં નમઃ પદના પ્રયોગની વિધિ છે, એટલે 'શિવાય નમઃ' આમ મંત્રનું ઉચ્ચારણ કરવું જોઈએ. સ્ત્રીઓ માટે પણ ક્યાંક ક્યાંક વિધિપૂર્વક નમઃ અંત ઉચ્ચારણનું જ વિધાન છે અર્થાત્ સ્ત્રીઓએ પણ "શિવાય નમઃ"નો જ જપ કરવો જોઈએ. કોઈ કોઈ ઋષિ બ્રાહ્મણની સ્ત્રીઓ માટે 'નમઃ' પૂર્વક 'શિવાય'ના જપની અનુમતિ આપે છે એટલે તેઓ પણ "નમઃ શિવાય"નો જપ કરે. પંચાક્ષર-મંત્રના પાંચ કરોડ જપ કરીને મનુષ્ય ભગવાન સદાશિવ સમાન થઈ જાય છે. એક, બે, ત્રણ અથવા ચાર કરોડ જપ કરવાની ક્રમશઃ બ્રહ્મા, વિષ્ણુ, રુદ્ર તથા મહેશ્વરનું પદ પ્રાપ્ત થાય છે અથવા મંત્રમાં જેટલા વર્ણ હોય, એના અલગ અલગ એક એક લાખ જપ કરે અથવા બધા વર્ણોને એકસાથે જેટલા વર્ણ હોય એટલા લાખ જપ કરે. આ પ્રકારના જપને શિવપદની પ્રાપ્તિ કરાવનારા સમજવા જોઈએ. જો એક હજાર દિવસમાં દરરોજ એક હજાર જપના ક્રમથી પંચાક્ષર-મંત્રના દશ લાખ જપ પૂરા થઈ જાય અને પ્રતિદિન બ્રાહ્મણ-ભોજન કરાવાય તો એ મંત્રથી ઇચ્છિત કાર્યની સિદ્ધિ થવા માંડે છે.

બ્રાહ્મણો માટે જરૂરી છે કે તે દરરોજ સવારે એક હજાર આઠ વાર ગાયત્રીનો જપ કરે. આવું કરવાથી ગાયત્રી ક્રમશઃ શિવપદને પ્રાપ્ત કરાવનારી બને છે. વેદમંત્રો અને વૈદિક સૂક્તોનો પણ નિયમપૂર્વક જપ કરવો જોઈએ. વેદોનું પારાયણ પણ શિવપદને અપાવનારું છે, એવું જાણવું જોઈએ. અન્યોન્ય જે બીજા મંત્રો છે એમાં પણ જેટલા વર્ણ છે એટલા લાખ જપ કરો. આ રીતે જે યથાશક્તિ જપ કરે છે તે શિવપદ (મોક્ષ)ને પ્રાપ્ત કરી લે છે. પોતાની રુચિ અનુસાર કોઈ એક મંત્રને અપનાવીને મૃત્યુપર્યન્ત પ્રતિદિન એનો જપ કરવો જોઈએ અથવા 'ઓમ (ૐ)' આ મંત્રનો દરરોજ એક હજાર વાર જપ કરવો જોઈએ. આવું કરવાથી ભગવાન શિવની આજ્ઞાથી સંપૂર્ણ મનોરથોની સિદ્ધિ થાય છે.

જે માણસ ભગવાન શિવ માટે ફૂલવાડી અથવા બગીચો બનાવે તથા શિવ-સેવાના કાર્ય માટે મંદિરમાં કચરો વાળવાની વ્યવસ્થા કરે છે તે આ પુણ્યકર્મને કરીને શિવપદને પ્રાપ્ત કરી લે છે. ભગવાન શિવનું જે કાશી આદિ ક્ષેત્ર છે તેમાં ભક્તિપૂર્વક નિત્ય નિવાસ કરવો. આ નિવાસ જડ, ચેતન સર્વને ભોગ-મોક્ષ પ્રદાયક છે. તેથી વિદ્વાન પુરુષે ભગવાન શિવના ક્ષેત્રમાં આમરણ નિવાસ કરવો જોઈએ. પુણ્યક્ષેત્રમાં સ્થિત વાવ, કૂવો અને તળાવ વગેરેને શિવગંગા સમજવાં જોઈએ. ભગવાન શિવનું એવું જ વચન છે. ત્યાં સ્નાન, દાન અને જપ કરીને મનુષ્ય ભગવાન શિવને ઉપલબ્ધ થઈ જાય છે. તેથી મૃત્યુપર્યંત શિવ-ક્ષેત્રનો જ આશ્રય લઈને રહેવું જોઈએ. જો કોઈ શિવક્ષેત્રમાં પોતાના કોઈ મૃત સંબંધીનો અગ્નિ-સંસ્કાર, દશા, શ્રાદ્ધ, માસિક શ્રાદ્ધ, સપિંડીકરણ અથવા વાર્ષિક શ્રાદ્ધ કરે છે અથવા કોઈ વાર ક્યારેય શિવના ક્ષેત્રમાં પોતાના પિતરોને પિંડ-દાન કરે છે તે તત્કાલ સર્વ પાપોથી મુક્ત થઈ જાય છે અને અંતમાં શિવપદને પ્રાપ્ત કરે છે અથવા શિવના ક્ષેત્રમાં સાત, પાંચ, ત્રણ અથવા એક રાત નિવાસ કરી લેવો જોઈએ. આવું કરવાથી પણ શિવપદની પ્રાપ્તિ થાય છે.

લોકમાં પોતપોતાના વર્ણને અનુરૂપ

સદાચારનું પાલન કરવાથી પણ મનુષ્ય શિવપદને પ્રાપ્ત કરી લે છે. વર્ણાનુકૂલ આચરણથી તથા ભક્તિ-ભાવથી તે પોતાનાં સત્કર્મનું અતિશય ફળ મેળવે છે, કામનાપૂર્વક કરેલા કર્મનું ઈચ્છિત ફળ શીઘ્ર જ મળી જાય છે. નિષ્કામભાવથી કરેલું સારું કર્મ સાક્ષાત્ શિવપદની પ્રાપ્તિ કરાવનારું બને છે.

દિવસના ત્રણ વિભાગ હોય છે—પ્રાતઃ, મધ્યાહ્ન અને સાયંકાલ આ ત્રણે કાળમાં ક્રમશઃ એક એક પ્રકારના કર્મનું સંપાદન થઈ શકે છે. સવારે શાસ્ત્રવિહિત નિત્યકર્મનું અનુષ્ઠાન કરવાનો સમય જાણવો. મધ્યાહ્ન કાળને સકામ કર્મને માટે ઉપયોગી છે તેમ જાણવું, અને સાયંકાળ શાંતિ-કર્મ માટે ઉપયુક્ત, ઉચિત છે એવું જાણવું જોઈએ. આ રીતે રાતના પણ સમયનું વિભાજન કરવામાં આવ્યું છે. રાતના ચાર પ્રહરમાં જે વચલા બે પ્રહર છે, તેમને નિશીથકાલ કહ્યા છે. વિશેષતઃ એ સમયમાં કરેલી ભગવાન શિવની પૂજા અભીષ્ટ, ઈચ્છિત ફળને આપનારી છે - આવું જાણીને કર્મ કરવાવાળો મનુષ્ય યથોક્ત ફળનો ભાગી બને છે. વિશેષતઃ કળિયુગમાં તો કર્મથી જ ફળની સિદ્ધિ થાય છે. પોતપોતાના અધિકાર અનુસાર ઉપર કહ્યા પ્રમાણે કોઈ પણ કર્મ દ્વારા શિવનું આરાધન કરનારો પુરુષ જો સદાચારી હોય અને પાપભીરુ હોય તો - પાપથી ડરતો હોય, બીતો હોય તો તેને તે કર્મનાં પૂરેપૂરાં ફળ અવશ્ય પ્રાપ્ત કરી લે છે.

ઋષિઓએ કહ્યું—હે સૂતજી! પુણ્યક્ષેત્ર ક્યાં ક્યાં છે, જેમનો આશ્રય લઈને બધાં સ્ત્રીપુરુષો શિવપદ પ્રાપ્ત કરી લે એ અમને સંક્ષેપનાં સમજાવો. (અધ્યાય ૧૧)

*

મોક્ષદાયક પુણ્યક્ષેત્રોનું વર્ણન, કાલવિશેષમાં વિભિન્ન નદીઓમાં સ્નાનના ઉત્તમ ફળનો નિર્દેશ અને તીર્થોમાં પાપ ન કરવાની ચેતવણી

સૂતજી બોલ્યા—હે વિદ્વાન અને બુદ્ધિશાળી મહર્ષિઓ! મોક્ષદાયક શિવક્ષેત્રોનું વર્ણન સાંભળો. તે પછી હું લોકરક્ષા માટે શિવ-સંબંધી આગમોનું વર્ણન કરીશ. પર્વત, વન અને કાનન સાથે આ પૃથ્વીનો વિસ્તાર પચાસ કરોડ યોજનં છે. ભગવાન શિવની આજ્ઞાથી પૃથ્વી સંપૂર્ણ જગતને ધારણ કરીને સ્થિત છે. ભગવાન શિવે ભૂતલ પર વિભિન્ન સ્થાનોમાં ત્યાં ત્યાના નિવાસીઓને કૃપાપૂર્વક મોક્ષ આપવા માટે શિવક્ષેત્રનું નિર્માણ કર્યું છે. કેટલાંક ક્ષેત્ર એવાં છે જેમને દેવતાઓ તથા ઋષિઓએ પોતાનું નિવાસસ્થાન બનાવીને અનુગૃહીત કર્યાં છે. એટલા માટે એ ક્ષેત્રોમાં તીર્થત્વ પ્રગટ થઈ ગયું છે. તથા એવાં બીજાં પણ ઘણાં તીર્થક્ષેત્રો છે જે લોકોની રક્ષા માટે સ્વયં પ્રાદુર્ભૂત થયાં છે. **તીર્થ અને ક્ષેત્રમાં જઈને મનુષ્યએ સદા સ્નાન, દાન અને જપ વગેરે સત્કર્મ કરવાં જોઈએ. જો ન કરે તો તે રોગ, દરિદ્રતા તથા મૂગાપણું વગેરે દોષોનો ભાગી બને છે.** જો માણસ આ ભારત વર્ષની અંદર મૃત્યુને પ્રાપ્ત થાય છે તો તે પોતાના પુણ્યફળથી બ્રહ્મલોકમાં વાસ કરીને પુણ્યક્ષય પછી પુનઃ મનુષ્ય યોનિમાં જ જન્મ લે છે. (પાપી મનુષ્ય

પાપ કરીને દુર્ગતિમાં જ પડે છે.) હે બ્રાહ્મણો! પુણ્યક્ષેત્રમાં પાપકર્મ કરવામાં આવે તો તે વધારે દૃઢ થઈ જાય છે માટે પુણ્યક્ષેત્રમા નિવાસ કરતી વખતે સૂક્ષ્મથી સૂક્ષ્મ અથવા થોડુંયે પાપ ન કરો.*

સિન્ધુ અને શતદ્રૂ (સતલજ) નદીના તટ પર ઘણાં પુણ્યક્ષેત્ર છે. સરસ્વતી નદી પરમ પવિત્ર અને સાઠ (૬૦) મુખવાળી કહેવાઈ છે એટલે કે, એની સાઠ (૬૦) ધારાઓ છે. વિદ્વાન-પુરુષ સરસ્વતીની એ એ ધારાના તટ પર નિવાસ કરે તો ક્રમશઃ બ્રહ્મપદને પ્રાપ્ત કરી લે છે. હિમાલય પર્વતથી નીકળેલી પુણ્યસલિલા ગંગાજી સો મુખવાળી નદી છે, એના તટ પર કાશી-પ્રયાગ આદિ અનેક પુણ્યક્ષેત્ર છે. ત્યાં જ્યારે સૂર્ય મકર રાશિમાં હોય છે ત્યારે ગંગાની તટ-ભૂમિ પહેલાંથી જ અધિક પ્રશસ્ત અને પુણ્યદાયક થઈ જાય છે. શોણભદ્ર નદીની દશ ધારા છે, જે જ્યારે ગુરુ મકર રાશિમાં આવે છે ત્યારે અત્યંત પવિત્ર તથા ઈચ્છિત ફળ દેનારી થઈ જાય છે. એ વખતે ત્યાં સ્નાન અને ઉપવાસ કરવાથી વિનાયક-પદની પ્રાપ્તિ થાય છે. પુણ્યસલિલા મહાનદી નર્મદાનાં ચોવીશ મુખ (સ્રોત) છે. એમાં સ્નાન તથા તટ પર નિવાસ કરવાથી મનુષ્યને વૈષ્ણવ-પદની પ્રાપ્તિ થાય છે. તમસાનાં બાર તથા રેવાનાં દશ મુખ છે. પરમ પુણ્યમયી ગોદાવરીનાં એકવીશ મુખ બતાવાયાં છે. તે બ્રહ્મહત્યા તથા ગો-વધના પાપનો નાશ કરનારી છે અને રુદ્રલોકની પ્રાપ્તિ કરાવે છે. કૃષ્ણવેલી નદીનું જળ બહુ પવિત્ર છે. તે નદી સમસ્ત પાપોને નષ્ટ કરનારી છે. એનાં અઢાર મુખો કહ્યાં છે, તથા તે વિષ્ણુલોકનું પ્રદાન કરે છે. તુંગભદ્રાનાં દશ મુખ છે. તે બ્રહ્મલોકનું પ્રદાન કરે છે. પુણ્યસલિલા સુવર્ણ-મુખરી નદીનાં નવ મુખ કહેવામાં આવ્યાં છે. બ્રહ્મલોકથી પાછા ફરેલા જીવ એના તટ ઉપર જ જન્મ લે છે. સરસ્વતની નદી, પમ્પાસરોવર, કન્યાકુમારી અંતરીય તથા શુભકારક શ્વેત નદી - આ બધાં પુણ્યક્ષેત્ર છે. આના તટે નિવાસ કરનાર ઈન્દ્રલોકને મેળવે છે. સહ્ય પર્વતથી નીકળેલી મહાનદી કાવેરી પરમ પુણ્યમયી છે. એનાં સત્યાવીશ મુખો કહેલાં છે. તે સંપૂર્ણ ઈચ્છિત પદાર્થોને આપનારી છે. એનો તટ સ્વર્ગલોકની પ્રાપ્તિ કરાવનાર છે તથા બ્રહ્મા અને વિષ્ણુનાં પદ આપનારી છે. કાવેરીના જે તટ શૈવક્ષેત્રમાં આવે છે તે પણ ઈચ્છિત ફળ સહિત શિવલોક પણ આપે છે.

નૈમિષારણ્ય તથા બદરિકાશ્રમમાં સૂર્ય અને ગુરુ મેષ રાશિમાં આવે ત્યારે જો કોઈ સ્નાન કરે તો એ વખતે ત્યાં કરેલું સ્નાન પૂજન વગેરેને બ્રહ્મલોકની પ્રાપ્તિ કરાવનાર જાણવાં. સિંહ અને કર્ક રાશિમાં સૂર્યસંક્રાંતિ થાય તે વખતે સિન્ધુ નદીમાં કરેલું સ્નાન તથા કેદાર તીર્થનું જળ પીવાથી અને સ્નાન જ્ઞાનદાયક મનાયું છે. જ્યારે ગુરુ સિંહ રાશિમાં સ્થિત હોય, એ સમયે સિંહની સંક્રાન્તિથી યુક્ત ભાદરવા માસમાં જો ગોદાવરીના જળમાં સ્નાન કરવામાં આવે તો શિવલોકની પ્રાપ્તિ કરાવનાર થાય છે, એવું પૂર્વકાળમાં સ્વયં ભગવાન શિવે કહ્યું હતું. જ્યારે સૂર્ય અને ગુરુ

---

* ક્ષેત્રે પાપસ્ય કરણં દૃઢં ભવતિ ભૂસુરાઃ। પુણ્યક્ષેત્રે નિવાસે હિ પાપમણ્વપિ નાચરેત્॥

(શિ.પુ.વિ. ૧૨-૭)

કન્યા રાશિમાં હોય ત્યારે યમુના નદીમાં અને શોણભદ્રમાં સ્નાન કરો. આ સ્નાનથી ધર્મરાજ તથા ગણેશજીના લોકમાં મહાન ભોગને પ્રાપ્ત થવાય છે, એવી મહર્ષિઓની માન્યતા છે. જ્યારે સૂર્ય અને ગુરુ તુલા રાશિમાં હોય તે સમયે કાવેરી નદીમાં સ્નાન કરવું. આ સ્નાન, ભગવાન વિષ્ણુના વચનથી, વચનના મહિમાથી સંપૂર્ણ ઈચ્છિત વસ્તુઓને પ્રાપ્ત કરાવનારું મનાયું છે. જ્યારે સૂર્ય અને ગુરુ વૃશ્ચિક રાશિમાં આવી જાય ત્યારે માગશર (અગહન)ના માસમાં નર્મદામાં સ્નાન કરવાથી શ્રીવિષ્ણુલોકની પ્રાપ્તિ થાય છે. સૂર્ય અને ગુરુ જ્યારે ધન રાશિમાં હોય ત્યારે સુવર્ણમુખરી નદીમાં કરેલું સ્નાન શિવલોકને પ્રાપ્ત કરાવે છે, એવું બ્રહ્માજીનું વચન છે. જ્યારે સૂર્ય અને ગુરુ મકર રાશિમાં સ્થિત હોય, એ માઘ માસમાં ગંગાજીના જળમાં સ્નાન કરવું જોઈએ. બ્રહ્માજીનું કથન છે કે આ સ્નાન શિવલોકની પ્રાપ્તિ કરાવે છે. શિવલોક પછી બ્રહ્મા અને વિષ્ણુનાં સ્થાનોમાં સુખ ભોગવીને અંતે મનુષ્યને જ્ઞાનપ્રાપ્તિ થઈ જાય છે. માઘ માસમાં તથા સૂર્ય જ્યારે કુંભ રાશિમાં સ્થિત હોય તેવામાં ફાગણ માસમાં ગંગાજીના તટ પર કરેલું શ્રાદ્ધ, પિંડદાન અથવા તિલોદક-દાન પિતા અને માતાના પિતા (નાના) બંને કુળોના પિતરોની અનેક પેઢીઓનું ઉદ્ધારક માનવામાં આવે છે. સૂર્ય અને ગુરુ જ્યારે મીન રાશિમાં સ્થિત હોય ત્યારે કૃષ્ણવેણી નદીમાં કરેલા સ્નાનની ઋષિઓએ પ્રશંસા કરી છે. તે તે માસમાં પૂર્વોક્ત તીર્થોમાં કરેલાં સ્નાન ઇન્દ્રપદની પણ પ્રાપ્તિ કરાવે છે. વિદ્વાન પુરુષ ગંગા અથવા કાવેરી નદીનો આશ્રય લઈને તીર્થવાસ કરે છે. આવું કરવાથી તત્કાળ કરેલાં પાપોનો નિશ્ચય જ નાશ થઈ જાય છે.

રુદ્રલોક અપાવનારાં ઘણાં ક્ષેત્ર છે. તામ્રપર્ણી અને વેગવતી આ બંને નદીઓ બ્રહ્મલોકની પ્રાપ્તિરૂપ ફળ આપનારી છે. આ બંને નદીના તટ ઉપર કેટલાંય સ્વર્ગદાયક ક્ષેત્રો છે. આ બંને નદીઓની વચ્ચે બહુ પુણ્યપ્રદ ક્ષેત્ર છે. ત્યાં નિવાસ કરનાર વિદ્વાન પુરુષ એવા જ ફળને પામે છે. **સદાચાર, ઉત્તમ વૃત્તિ તથા સદ્‌ભાવના સહિત મનમાં દયાભાવ રાખીને વિદ્વાન-પુરુષોએ તીર્થમાં નિવાસ કરવો જોઈએ.** આવું ન કરે તો એનું ફળ મળે નહીં. પુણ્ય ક્ષેત્રમાં કરેલું થોડું પણ પુણ્ય અનેક પ્રકારે વૃદ્ધિને પ્રાપ્ત થાય છે, તથા પુણ્યક્ષેત્રમાં કરેલું નાનું સરખું પાપ પણ મહાન બની જતું હોય છે. જો પુણ્યક્ષેત્રમાં રહીને જીવન વ્યતીત કરવાનો નિશ્ચય હોય તો એ પુણ્યસંકલ્પથી એનાં પહેલાંનાં બધાં પાપ તત્કાળ નષ્ટ થઈ જશે; કેમકે પુણ્યને ઐશ્વર્યદાયક કહ્યું છે. હે બ્રાહ્મણો! તીર્થવાસજનિત પુણ્યકાયિક, વાચિક અને માનસિક બધાં પાપનો નાશ કરી દે છે. તીર્થક્ષેત્રમાં કરેલું માનસિક પાપ વજ્રલેપ થઈ જાય છે. એ કેટલાય કલ્પો સુધી પીછો છોડતું નથી.* એવું પાપ કેવળ ધ્યાનથી નષ્ટ થાય છે,

---

* પુણ્યક્ષેત્રે કૃતં પુણ્યં બહુધા ઋદ્ધિ મૃચ્છિત। પુણ્યક્ષેત્રે કૃતં પાપં મહદપ્યપિ જાયતે॥
તત્કાલં જીવનાર્થંચેત્ પુણ્યેન ક્ષયમેષ્યતિ। પુણ્યમૈશ્વર્યદં પ્રાહુ કાયિકં વાચિકં તથા॥
માનસં ચ તથા પાપ તાદૃશં નાશયેદ્ દ્વિજાઃ। માનસં વજ્રલેપ તું કલ્પકલ્પાનુગં તથા॥
(શિવપુરાણ, વિદ્યેશ્વર સં. ૧૩/૩૬-૩૮)

એ સિવાય નહીં. વાચિક પાપ જપથી અને કાયિક પાપ શરીરને કૃશ કરવા જેવાં કઠોર તપથી નષ્ટ થાય છે; માટે, સુખની ઇચ્છા રાખનારે દેવતાઓની પૂજા અને બ્રાહ્મણોને દાન દેતા રહેવું જોઈએ અને પાપથી બચી જઈને જ તીર્થમાં નિવાસ કરવો જોઈએ. (અધ્યાય ૧૨)

*

સદાચાર, શૌચાચાર, સ્નાન, ભસ્મધારણ, સંધ્યાવંદન, પ્રણવ-જપ ગાયત્રી-જપ, દાન, ન્યાયપૂર્વક ધનોપાર્જન અને અગ્નિહોત્ર વગેરેની વિધિ તથા મહિમાનું વર્ણન

ઋષિઓએ કહ્યું—હે સૂતજી! હવે આપ અમને શીઘ્ર જ એ સદાચાર અંગે જણાવો જેથી વિદ્વાન પુરુષો પુણ્યલોકો પર વિજય પ્રાપ્ત કરે છે. સ્વર્ગ પ્રદાન કરનાર ધર્મમય આચાર અને નરકનું દુઃખ આપનાર અધર્મમય આચારોનું પણ વર્ણન કરો.

સૂતજી બોલ્યા—સદાચારનું પાલન કરનાર વિદ્વાન બ્રાહ્મણ જ વાસ્તવમાં 'બ્રાહ્મણ' કહેવડાવવાનો અધિકારી છે. જે કેવળ વેદોક્ત આચારનું પાલન કરનાર અને વેદનો અભ્યાસી છે તે બ્રાહ્મણને 'વિપ્ર' કહેવાય છે. સદાચાર, વેદાચાર અને વિદ્યા આમાંથી એક-એક ગુણથી યુક્ત થનારને 'દ્વિજ' કહેવાય છે. જેમાં સ્વલ્પમાત્રામાં જ આચારનું પાલન જોવા મળતું હોય, જેણે વેદાધ્યયન પણ બહુ ઓછું કર્યું હોય અને જે રાજાનો સેવક (પુરોહિત, મંત્રી વગેરે) છે એને 'ક્ષત્રિય-બ્રાહ્મણ' કહે છે. જો બ્રાહ્મણ ખેતી અને વેપારનું કર્મ કરતો હોય અને થોડો ઘણો બ્રાહ્મણોચિત આચાર પણ કરતો હોય તો તે "વૈશ્ય-બ્રાહ્મણ" છે. જે જાતે હળ ચલાવીને ખેતી કરતો હોય એને 'શૂદ્ર-બ્રાહ્મણ' કહેવાયો છે. જે બીજાના દોષો જુએ છે અને પરદ્રોહ કરે છે એને "ચાંડાળ-દ્વિજ" કહે છે. આ રીતે ક્ષત્રિયોમાં પણ જે પૃથ્વીનું પાલન કરે છે તે "રાજા" છે. બીજા લોકો રાજત્વહીન ક્ષત્રિય માનવામાં આવ્યા છે. વૈશ્યોમાં પણ જે ધાન્ય, અનાજ વગેરે વસ્તુઓનો ક્રમ-વિક્રય, ખરીદ-વેચાણ કરે છે તેને "વૈશ્ય" કહે છે, બીજાઓને 'વણિક' કહે છે. જે બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્યોની સેવામાં રત હોય તેને જ વાસ્તવમાં 'શૂદ્ર' કહે છે. જે શૂદ્ર હળ ચલાવવાનું કામ કરે છે તેને 'વૃષભ' સમજવો જોઈએ. સેવા, શિલ્પ અને કર્ષણથી ભિન્ન વૃત્તિનો આશ્રય લેનાર શૂદ્રને 'દસ્યુ' કહેવાય છે. આ સર્વ વર્ણના મનુષ્યોએ બ્રાહ્મમુહૂર્તમાં ઊઠીને, પૂર્વાભિમુખ થઈને સૌ પહેલાં દેવતાઓને, પછી ધર્મ, અર્થ અને એની પ્રાપ્તિ માટે કરવામાં આવેલા ક્લેશો તથા આવક અને જાવકનો વિચાર કરવો જોઈએ.

રાતના પાછલા પ્હોરને ઉષઃકાલ જાણવો જોઈએ. એ છેલ્લા પ્રહરનો જે અડધો મધ્યભાગ છે, એને સંધિ કહે છે. એ સંધિકાળમાં ઊઠીને દ્વિજે મળ-મૂત્રનો ત્યાગ કરવો જોઈએ. ઘરથી દૂર જઈ જ પોતાના શરીરને ઢાંકીને દિવસે ઉત્તરાભિમુખ બેસીને મળ-મૂત્રનો ત્યાગ કરે. જો ઉત્તરાભિમુખ બેસવામાં કોઈ અડચણ હોય તો

બીજી દિશા તરફ મુખ કરીને પણ બેસી શકાય. જળ, અગ્નિ, બ્રાહ્મણ વગેરે તથા દેવતાઓની સામે ન થાય એ રીતે બચીને બેસવું. મળ-ત્યાગ કરીને ઊઠ્યા પછી ફરી એ મળને ન જોવો. ત્યાર પછી જળાશયથી બહાર કાઢેલા જળથી જ ગુદાની શુદ્ધિ કરે અથવા દેવતાઓ, પિતરો અથવા ઋષિઓના તીર્થમાં ઊતર્યા વિના જ પ્રાપ્ત થયેલા જળથી શુદ્ધિ કરવી. ગુદામાં સાત, પાંચ અથવા ત્રણ વાર માટી લગાડીને સ્વચ્છતા કરવી - લિંગમાં ક્કોડા (કંકોળાં)ના ફળ જેટલી માટી લગાડી શુદ્ધિ કરી લેવી, પરંતુ ગુદામાં લગાડવા માટે એક પસર (અર્ધી પોશ) માટીની આવશ્યકતા હોય છે. લિંગ અને ગુદાની શુદ્ધિ કર્યા પછી ઊઠીને અન્યત્ર જવું જોઈએ, હાથ-પગ ધોવા જોઈએ તથા આઠ વાર કોગળા કરવા જોઈએ. જે કોઈ વૃક્ષના પાનથી અથવા એની પાતળી દાંડીથી જળની બહાર જઈને દાતણ કરવું જોઈએ. એ વખતે તર્જની (અંગૂઠા પાસેની પહેલી આંગળી)નો ઉપયોગ ન કરવો જોઈએ. આ દાતણની વિધિ છે. ત્યાર પછી જળ સંબંધી દેવતાઓને નમસ્કાર કરીને મંત્રપાઠ કરતાં કરતાં જળાશયમાં સ્નાન કરવું જોઈએ. જો ગળા સુધી અથવા કેડ સુધી પાણીમાં ઊભા રહેવાની શક્તિ ન હોય તો ઘૂંટણ સુધી જળમાં ઊભા રહીને પોતા પર જળ છાંટવું જોઈએ અને મંત્રોના ઉચ્ચારણ સાથે સ્નાન - કાર્ય પૂરું કરવું જોઈએ વિદ્વાન પુરુષો ત્યાં તીર્થજળથી દેવતા વગેરેનું સ્નાનાંગ-તર્પણ પણ કરી લેવું જોઈએ.

આટલું કર્યા પછી સફેદ વસ્ત્ર-ધોયેલું વસ્ત્ર લઈને પાંચ કચ્છ - ઘડીઓ વાળીને - એને ધારણ કરવું જોઈએ - સાથે જ કોઈ ઉત્તરીય. પણ ધારણ કરવું, કેમકે સંધ્યાવંદન વગેરે કર્મોમાં એની જરૂર પડે છે. નદી વગેરે તીર્થોમાં સ્નાન-સંબંધી કાઢેલાં કપડાં ત્યાં ન ધોવાં જોઈએ. સ્નાન કર્યા પછી વિદ્વાન, પુરુષ એ ભીના વસ્ત્રને કૂવો, વાવ અથવા ઘેર લઈ જઈને ત્યાં પથ્થર, પાયો વગેરેનો ઉપયોગ કરીને જળમાં અથવા સ્થળમાં સારી ધોઈને તે વસ્ત્રને નિચોવી નાખવું. હે દ્વિજો! વસ્ત્રને નિચોવવાથી જે પાણી પડે છે તે એક શ્રેણીના પિતરોની તૃપ્તિ માટે હોય છે, ત્યાર પછી જાબાલિ ઉપનિષદમાં દર્શાવ્યું છે તે પ્રમાણે 'અગ્નિરિતિ' મંત્રથી ભસ્મ લઈને એ દ્વારા ત્રિપુંડ્ર કરવું.*

---

* જાબાલિ - ઉપનિષદમાં ભસ્મ ધારણની વિધિ આ પ્રકારે બતાવાઈ છે - 'ૐ અગ્નિરિતિ ભસ્મ વાયુરિતિ ભસ્મ વ્યોમેતિ ભસ્મ જળમિતિ ભસ્મ સ્થલમિતિ ભસ્મ'
આ મંત્રથી ભસ્મને અભિમંત્રિત કરવી જોઈએ.
'મા નસ્તોકે તનયે મા ન આયુષિમા નો ગોષુ મા નો અશ્વેષુરીરિષઃ। માનો વીરત્રુદ્ર ભામિનો વધીર્હવિષ્મન્તઃ સદમિત્ત્વા હવામહે॥'
આ મંત્ર બોલીને જળથી ઘસીને ત્યાર પછી -
'ત્ર્યાયુષં જમદગ્નેઃ કશ્યપસ્ય ત્ર્યાયુષમ્। યદ્દેવેષુ ત્ર્યાયુષં તન્નોઽસ્તુ ત્ર્યાયુષમ્॥'
વગેરે મંત્રથી મસ્તક, લલાટ, વૃક્ષઃસ્થલ અને ખભા ઉપર ત્રિપુંડ્ર કરો અને
'ત્ર્યમ્બકં યજામહે સુગન્ધિં પુષ્ટિવર્ધનમ્। ઉર્વારુકમિવ બંધનાન્મૃત્યોર્મુક્ષીય માઽમૃતાત્॥'
અને ત્ર્યમ્બકં યજામહે સુગન્ધિં પુષ્ટિવર્ધનમ્। ઉર્વારુકમિવ બંધનાન્મૃન્યોર્મુક્ષીય માઽમૃતાત્॥'
આ બંને મંત્રોનું ત્રણ - ત્રણ વાર પઠન કરીને ત્રણ રેખાઓ કરવી.

આ વિધિનું પાલન ન થાય અને એ પૂર્વે જ જો જળમાં ભસ્મ પડી જાય તો જેનાથી ભસ્મ પડી જાય તે નરકમાં જાય છે. 'આપો હિ ષ્ઠા.' ઇત્યાદિ મંત્રથી પાપ-શાંતિ માટે માથા પર જળ છાંટવું અને 'યસ્ય ક્ષયાય' આ મંત્ર ભણીને પગ પર જળ છાંટવું. આને સંધિપ્રોક્ષણ કહે છે. 'આપો હિ ષ્ઠા.' ઇત્યાદિ મંત્રમાં ત્રણ ઋચા છે. પ્રત્યેક ઋચામાં ગાયત્રી છંદનાં ત્રણ-ત્રણ ચરણ છે. એમાંથી પ્રથમ ઋચાના ત્રણ ચરણોનો પાઠ કરતાં કરતાં ક્રમશઃ પગ, મસ્તક અને હૃદય પર જળ છાંટવું. બીજી ઋચાનાં ત્રણ ચરણનો પાઠ કરીને ક્રમશઃ મસ્તક, હૃદય અને પગ પર જળ છાંટવું અને ત્રીજી ઋચાનાં ત્રણ ચરણોનો પાઠ કરીને ક્રમશઃ હૃદય, પગ અને મસ્તકનું જળથી પ્રોક્ષણ કરવું. આને વિદ્વાન પુરુષ 'મંત્રસ્નાન' માને છે. કોઈ અપવિત્ર વસ્તુનો થોડોય સ્પર્શ થઈ જાય તો, પોતાનું સ્વાસ્થ્ય ઠીક ન હોય તો, રાજા અને રાષ્ટ્ર પર ભય પેદા થયો હોય તો પ્રવાસ-મુસાફરીમાં પાણી ન મળે તો એના જેવી કોઈ વિવશતા આવી જાય તો 'મંત્ર-સ્નાન' કરવું જોઈએ. પ્રાતઃકાળે 'સૂર્યશ્ચ મા મન્યુશ્ચ' ઇત્યાદિ સૂર્યાનુવાકથી તથા સાયંકાળે 'અગ્નિશ્ચ મા મન્યુશ્ચ' ઇત્યાદિ અગ્નિ સંબંધી અનુવાકથી જળનું આચમન કરીને ફરીથી જળથી પોતાનાં અંગોનું પ્રોક્ષણ કરવું જોઈએ. મધ્યાહ્ન કાળમાં પણ 'આપઃ પુનન્તુ' એ મંત્રથી આચમન કરીને પૂર્વવત્ પ્રોક્ષણ અથવા માર્જન કરવું જોઈએ.

પ્રાતઃકાળની સંધ્યા-ઉપાસનામાં ગાયત્રી-મંત્રનો જપ કરીને ત્રણ વાર ઉપરની તરફ સૂર્યદેવને અર્ઘ્ય આપવો જોઈએ. હે બ્રાહ્મણો! મધ્યાહ્નકાળમાં ગાયત્રી-મંત્રના ઉચ્ચારણપૂર્વક સૂર્યને એક જ અર્ઘ્ય આપવો જોઈએ. તે પછી સાયંકાળ થયે પશ્ચિમની બાજુ મુખ કરીને બેસી જાઓ અને પૃથ્વી પર જ અર્ઘ્ય આપો. (ઉપરની તરફ નહીં). પ્રાતઃકાળ અને મધ્યાહ્નના સમયમાં અંજલિમાં અર્ઘ્યજળ લઈને આંગળીઓ તરફથી સૂર્યદેવને માટે અર્ઘ્ય આપો. તે પછી આંગળીઓનાં છિદ્રોથી ઢળતું રાખીને સૂર્યને જોવો જોઈએ તથા એમને માટે જાતે પ્રદક્ષિણા કરીને શુદ્ધ આચમન કરે. સાયંકાળમાં સૂર્યાસ્તથી પહેલાં બે ઘડીમાં કરેલી સંધ્યા નિષ્ફળ હોય છે કેમકે તે સાયં સંધ્યાનો સમય નથી - યોગ્ય સમયે જ સંધ્યા કરવી જોઈએ, એવી શાસ્ત્રની આજ્ઞા છે. જો સંધ્યા-ઉપાસના કર્યા વિના જ દિવસ વીતી જાય તો પ્રત્યેક સમય માટે ક્રમશઃ પ્રાયશ્ચિત્ત કરવું જોઈએ. જો એક દિવસ વીતી ગયો હોય તો પ્રત્યેક વીતી ગયેલા સંધ્યાકાળ માટે નિત્ય-નિયમ કરતાં સો ગાયત્રી-મંત્રનો જપ વધારે કરવો. જો નિત્યકર્મ લુપ્ત થયાને દશ દિવસ થઈ જાય તો એના પ્રાયશ્ચિત્ત રૂપે એક લાખ ગાયત્રીનો જપ કરવો જોઈએ. જો એક માસ નિત્ય-કર્મ છૂટી જાય તો પુનઃ પોતાનો ઉપનયન સંસ્કાર કરાવી લેવો જોઈએ.

અર્થ સિદ્ધિને માટે ઈશ, ગૌરી, કાર્તિકેય, વિષ્ણુ, બ્રહ્મા, ચંદ્રમા અને યમનું તથા આવા જ અન્ય દેવતાઓનું પણ શુદ્ધ જળથી તર્પણ કરો - પછી તર્પણકર્મને બ્રહ્મર્પણ કરીને શુદ્ધ આચમન કરો. તીર્થના દક્ષિણ પ્રશસ્ત મઠમાં, મંત્રાલયમાં, દેવાલયમાં, ઘરમાં અથવા અન્ય કોઈ નિયત સ્થાનમાં આસન પર સ્થિરતાપૂર્વક બેસીને વિદ્વાન પુરુષ પોતાની બુદ્ધિ સ્થિર કરીને

સંપૂર્ણ દેવતાઓને નમસ્કાર કરીને પહેલાં પ્રણવનો જપ કરીને પછી ગાયત્રી - મંત્રની આવૃત્તિ કરે. પ્રણવના અ, ઉ અને મ્ આ ત્રણે વર્ણો - અક્ષરોથી જીવ અને બ્રહ્મની એકતાનું પ્રતિપાદન થાય છે - આ વાત જાણીને પ્રણવ (ૐ)નો જપ કરવો જોઈએ. જપ કરતી વખતે આવી ભાવના કરવી જોઈએ કે, "અમે ત્રણે લોકોની સૃષ્ટિ કરનારા બ્રહ્માજી, પાલન કરનારા વિષ્ણુ અને સંહાર કરનાર રુદ્રની જે સ્વયંપ્રકાશ ચિન્મય છે - ઉપાસના કરીએ છીએ. આ બ્રહ્મસ્વરૂપ ઓંકાર અમારી કર્મેન્દ્રિયો તથા જ્ઞાનેન્દ્રિયોની વૃત્તિઓને, મનની વૃત્તિઓને તથા બુદ્ધિવૃત્તિઓને સદા ભોગ અને મોક્ષ પ્રદાન કરનાર ધર્મ અને જ્ઞાન તરફ પ્રેરિત કરો." પ્રણવના આ અર્થનું બુદ્ધિ દ્વારા ચિંતન કરતાં કરતાં જે આનો જપ કરે છે, તે નિશ્ચય જ બ્રહ્મને પ્રાપ્ત કરી લે છે અથવા અર્થાનુસંધાન વગર પણ પ્રણવનો નિત્ય જપ કરવો જોઈએ. આનાથી 'બ્રાહ્મણત્વની પૂર્તિ' થાય છે. બ્રાહ્મણત્વની પૂર્તિ માટે શ્રેષ્ઠ બ્રાહ્મણે એક હજાર ગાયત્રીમંત્રનો જપ કરવો જોઈએ. મધ્યાહ્નકાળમાં સો વાર અને સાયંકાળમાં ૨૮ અઠ્ઠાવીસ વાર જપની વિધિ છે. અન્ય વર્ણના લોકો એટલે કે ક્ષત્રિય અને વૈશ્યે ત્રણે સંધ્યાઓને સમયે યથાસાધ્ય ગાયત્રી-જપ કરવા જોઈએ.

શરીરની અંદર મૂલાધાર, સ્વાધિષ્ઠાન, મણિપૂર, અનાહત, આજ્ઞા અને સહસ્રાર - એ છ ચક્રો છે. એમાં મૂલાધારથી માંડીને સહસ્રાર સુધી છ યે સ્થાનોમાં ક્રમશઃ વિઘ્નેશ્વર, બ્રહ્મા, વિષ્ણુ, ઈશ, જીવાત્મા અને પરમેશ્વર સ્થિત છે. આ સર્વમાં બ્રહ્મબુદ્ધિ કરીને એમની એકતા ો નિશ્ચય કરો અને 'તે બ્રહ્મ હું છું' એવી ભાવનાપૂર્વક પ્રત્યેક શ્વાસની સાથે 'સોઽહં'નો જપ કરો. એ જ વિઘ્નેશ્વર વગેરેની બ્રહ્મરન્ધ્ર વગેરેમાં અને શરીરથી બહાર પણ ભાવના કરો. પ્રકૃતિના વિકારભૂત મહતત્ત્વથી લઈને પંચભૂતપર્યંત તત્ત્વોથી બનેલું જે આ શરીર છે, એવાં હજારો શરીરોના એક-એક અજપા ગાયત્રીના જપથી એક-એકનો ક્રમથી અતિક્રમણ કરીને જીવને ધીરે ધીરે પરમાત્મા સાથે સંયુક્ત કરો. આ જપનું તત્ત્વ બતાવાયું છે. સો અથવા અઠ્ઠાવીસ મંત્રોના જપથી એટલાં જ શરીરોનું અતિક્રમણ થાય છે. આ રીતે જે મંત્રોના જા છે, એને આદિક્રમથી વાસ્તવિક જપ જાણવ જોઈએ. હજાર વાર કરેલો જપ બ્રહ્મલોકની પ્રાપ્તિ કરાવે છે, એવું જાણવું જોઈએ. સો વા કરેલો જપ ઇન્દ્રપદની પ્રાપ્તિ કરાવનાર મનાયે છે. બ્રાહ્મણેતર પુરુષ આત્મરક્ષાને માટે જે સ્વ માત્રામાં જપ કરે છે, તે બ્રાહ્મણકુળમાં જ ને છે. પ્રતિદિન સૂર્યોપસ્થાન કરીને ઉપર્યુક્ત જ જપનું અનુષ્ઠાન કરવું જોઈએ. બાર લા ગાયત્રીનો જપ કરનારો પુરુષ પૂર્ણરૂપે 'બ્રાહ્મ કહેવાયો છે. જે બ્રાહ્મણે એક લાખ ગાયત્રી પણ જપ ન કર્યો હોય એને વૈદિક કાર્યમાં લગાવાય. સત્તર વર્ષની અવસ્થા સુ નિયમપાલનપૂર્વક કાર્ય કરે. ત્યાર પછી ગૃહત્યા કરીને સંન્યાસ લઈ લે. પરિવ્રાજક અક્ષ સંન્યાસી પુરુષ નિત્ય પ્રાતઃકાળ બાર હજ પ્રણવનો જપ કરે. જો એક દિવસ આ નિય ઉલ્લંઘન થઈ જાય તો બીજે દિવસે બદલા એટલા મંત્ર વધારે અધિક જપમાં લેવા સદા આ પ્રકારે જપને ચલાવવાનો પ્રયત્ન ક

જોઈએ. જો... ક્રમશઃ એક માસ સુધીનું ઉલ્લંઘન થઈ જાય તો દોઢ લાખ જપ કરીને એનું પ્રાયશ્ચિત્ત કરવું જોઈએ. આનાથી પણ વધારે સમયનું ઉલ્લંઘન થઈ જાય તો પુનઃ નવેસરથી ગુરુ પાસે નિયમ ગ્રહણ કરો. આવું કરવાથી દોષોની શાંતિ થઈ જાય છે, ન કરે તો રૌરવ નરકમાં જાય છે. જે સકામ ભાવનાથી યુક્ત ગૃહસ્થ બ્રાહ્મણ છે એણે જ ધર્મ તથા અર્થ માટે પુરુષાર્થ કરવો જોઈએ. મુમુક્ષુ બ્રાહ્મણે તો સદા જ્ઞાનનો જ અભ્યાસ કરવો જોઈએ. **ધર્મથી અર્થની પ્રાપ્તિ થાય છે, અને અર્થથી ભોગ સુલભ થાય છે. પછી એ ભોગથી વૈરાગ્યની સંભાવના થાય છે, ધર્મપૂર્વક ઉપાર્જિત ધનથી જે ભોગ પ્રાપ્ત થાય છે, એનાથી એને એક દિવસ વૈરાગ્યનો ઉદય જરૂર થાય છે. ધર્મથી વિપરીત અધર્મથી ઉપાર્જિત કરેલું ધન અને તે દ્વારા મળતો ભોગ વિષયો તરફ આસક્તિ ઉત્પન્ન કરે છે.** મનુષ્ય ધર્મથી ધન પ્રાપ્ત કરે છે, તપસ્યાથી અને દિવ્ય રૂપની પ્રાપ્તિ થાય છે. કામનાઓનો ત્યાગ કરનાર પુરુષનું અંતઃકરણ શુદ્ધ થાય છે. એ શુદ્ધિથી જ્ઞાનનો ઉદય થાય છે, એમાં સંશય નથી.

સત્યયુગ વગેરેમાં તપની જ પ્રશંસા થઈ છે, પરંતુ કલિયુગમાં દ્રવ્ય-સાધ્ય ધર્મ (દાન વગેરે) ઉત્તમ માનવામાં આવ્યું છે. સત્યયુગમાં ધ્યાનથી, ત્રેતામાં તપસ્યાથી અને દ્વાપરમાં યજ્ઞ કરવાથી જ્ઞાનની સિદ્ધિ થાય છે, પરંતુ કળિયુગમાં મૂર્તિ-પ્રતિમા (ભગવદ્વિગ્રહ)ની પૂજાથી જ્ઞાન લાભ થાય છે. અધર્મ હિંસા (દુઃખ)રૂપ છે અને ધર્મ સુખરૂપ છે. અધર્મથી મનુષ્ય દુઃખી થાય છે. ધર્મથી મનુષ્ય સુખ અને અભ્યુદયને પામે છે. દુરાચારથી દુઃખી બને છે, સદાચારથી સુખી બને છે. માટે ભોગ અને મોક્ષની સિદ્ધિ અર્થે ધર્મનું ઉપાર્જન કરવું જોઈએ. જેના ઘરમાં ઓછામાં ઓછા ચાર મનુષ્ય હોય એવા કુટુંબી બ્રાહ્મણને જે સો વર્ષો સુધી આજીવિકા (જીવન નિર્વાહની સામગ્રી) આપે છે, એને માટે તે દાન બ્રહ્મલોકની પ્રાપ્તિ કરાવી આપે છે. એક હજાર ચાંદ્રાયણવ્રતનું અનુષ્ઠાન બ્રહ્મલોકદાયક મનાયું છે. જે ક્ષત્રિય એક હજાર પરિવારને જીવિકા અને રહેઠાણ આપે છે એનું એ કર્મ એને ઇન્દ્રલોકની પ્રાપ્તિ કરાવનારું થાય છે. હજારેક પરિવારને આપેલું આશ્રયદાન બ્રહ્મલોકની પ્રાપ્તિ કરાવે છે. દાતા પુરુષ જે દેવતાને સામે રાખીને દાન આપે છે એટલે કે દાન દ્વારા જે દેવતાને પ્રસન્ન કરવાની ઇચ્છા હોય એ જ લોકને પ્રાપ્ત થાય છે. આ વાત વેદવેત્તા પુરુષ સારી રીતે જાણે છે. ધનહીન પુરુષે સદા તપસ્યાનું ઉપાર્જન કરવું, કેમકે તપસ્યા અને તીર્થસેવનથી અક્ષય સુખ પ્રાપ્ત કરીને મનુષ્ય એનો ભોગ કરે છે.

હવે હું ન્યાયપૂર્વક ધનના ઉપાર્જનની વિધિ બતાવું છું. બ્રાહ્મણે સદા સાવધાન રહીને વિશુદ્ધ પ્રતિગ્રહ (દાન ગ્રહણ) તથા યાજન (યજ્ઞ કરાવવા)થી ધન મેળવવું જોઈએ. એણે દીનતા ન બતાવવી જોઈએ. અત્યંત કલેશદાયક કર્મ પણ ન કરવું. ક્ષત્રિય બાહુબલથી ધન મેળવે અને વૈશ્ય તથા ગોરક્ષાથી ધન મેળવે. ન્યાયોપાર્જિત ધનનું દાન કરવાથી દાતાને જ્ઞાનસિદ્ધિ પ્રાપ્ત થાય છે. જ્ઞાનસિદ્ધિ દ્વારા બધા પુરુષોને ગુરુકૃપા-મોક્ષસિદ્ધિ સુલભ થઈ જાય છે. મોક્ષસ્વરૂપની સિદ્ધિ (બ્રહ્મરૂપે સ્થિતિ) પ્રાપ્ત થાય છે જેથી - મુક્ત પુરુષ પરમાનંદનો

અનુભવ કરે છે. ગૃહસ્થ પુરુષે ધન-ધાન્ય આદિ સર્વ વસ્તુનું દાન કરવું જોઈએ. એણે તરસ મટાડવા જળનું અને ભૂખ મટાડવા અન્નનું દાન કરવું જોઈએ. ક્ષુધા-તૃષાદિ રોગોનું નિવારણ અન્નજલદાન છે. ખેતર, ધાન્ય, કાચું અન્ન તથા ભક્ષ્ય, ભોજ્ય, લેહ્ય અને ચોષ્ય - આ ચાર પ્રકારનાં સિદ્ધ અન્નનું દાન આપવું જોઈએ. જેનું અન્ન ખાઈને મનુષ્ય જ્યાં સુધી કથા - શ્રવણ વગેરે સદ્-ધર્મનું પાલન કરે છે, એટલા સમય માટે એણે કરેલાં પુણ્યફળનો અર્ધો ભાગ દાતાને મળે છે એમાં સંશય નથી. દાન લેનાર પુરુષે દાનમાં મળેલી વસ્તુનું દાન તથા તપસ્યા કરીને પોતાનો પ્રતિ-ગૃહજનિત પાપની પણ શુદ્ધિ કરી લે. જો તેમ ન કરે તો રૌરવ નરકમાં પડવું પડે છે. પોતાના ધનના ત્રણ ભાગ છે : એક ભાગ ધર્મને માટે, બીજો ભાગ વૃદ્ધિ માટે અને ત્રીજો ભાગ સ્વયંના ઉપભોગ માટે એવા ત્રણ ભાગ છે. નિત્ય, નૈમિત્તિક અને કામ્ય - આ ત્રણે પ્રકારનાં કર્મ ધર્મથી રાખેલા ધનથી કરવાં જોઈએ - સાધકે વૃદ્ધિ માટે રાખેલા ધનમાંથી એવો વેપાર કરવો જોઈએ જેથી તે ધનની વૃદ્ધિ થાય અને ઉપભોગ માટે સંઘરી રાખેલા ધનથી હિતકારક, પરિમિત અને પવિત્ર ભોગ ભોગવે. ખેતીથી પેદા થયેલા ધનનો દશાંશ દાન કરી દેવો જોઈએ. આનાથી પાપની શુદ્ધિ થાય છે. બાકી રહેલા ધનથી ધર્મ, વૃદ્ધિ અને ઉપભોગ કરે, નહીંતર એ પણ રૌરવ નરકમાં પડે છે, અથવા એની બુદ્ધિ પાપપૂર્ણ થઈ જાય છે, અથવા ખેતી બગડી જાય છે. વૃદ્ધિ માટે કરેલા વેપારમાંથી મળેલા ધનનો છઠ્ઠો ભાગ દાન કરી દેવો ઉચિત છે. બુદ્ધિમાન્ પુરુષ અવશ્ય એનું દાન કરી દે.

વિદ્વાન પુરુષે બીજાના દોષોનાં વખાણ ન કરવાં જોઈએ. હે બ્રાહ્મણો! દોષવશ બીજાના સાંભળેલાં કે જોયેલાં છિદ્રોને પ્રગટ ન કરે. વિદ્વાન પુરુષે એવી વાત ક્યારેય ન કરવી જે સમસ્ત પ્રાણીઓના હૃદયમાં રોષ પેદા કરી દે. ઐશ્વર્યની સિદ્ધિ માટે બંને સંધ્યા સમયે અગ્નિહોત્ર અવશ્ય કરે. જો બે સમય અગ્નિહોત્ર કરવામાં અસમર્થ હોય તો એક જ વખત સૂર્ય અને અગ્નિને વિધિપૂર્વક આહુતિ આપીને સંતુષ્ટ કરે. ચોખા, ધાન્ય, ઘી, ફળ, કંદ અને હવિષ્ય - આ દ્વારા વિધિપૂર્વક સ્થાલીપાક બનાવે અને યોગ્ય રીતે સૂર્ય અને અગ્નિને અર્પિત કરે. જો હવિષ્યનો અભાવ હોય તો પ્રધાન હોમ માત્ર કરે. સદા સુરક્ષિત રહેનાર અગ્નિને વિદ્વાન પુરુષ અજસ્ર સંજ્ઞા આપે છે અથવા સંધ્યાકાળમાં જપ માત્ર અથવા સૂર્યને વંદન માત્ર કરી લેવું જોઈએ. આત્મજ્ઞાનની ઇચ્છાવાળાએ તથા ધનાર્થી પુરુષે પણ આ પ્રકારે વિધિવત્ ઉપાસના કરવી જોઈએ. જે સદા બ્રહ્મયજ્ઞમાં તત્પર હોય છે, દેવતાઓની પૂજામાં લાગ્યા રહે છે, નિત્ય અગ્નિપૂજા અને ગુરુપૂજામાં અનુરક્ત રહે છે અને બ્રાહ્મણોને સંતોષ આપતા રહે છે એ બધા લોકો સ્વર્ગલોકના ભાગી થાય છે.

*

અગ્નિયજ્ઞ, દેવયજ્ઞ અને બ્રહ્મયજ્ઞ વગેરેનું વર્ણન, ભગવાન શિવ દ્વારા સાતેય વારનું નિર્માણ તથા તેમાં દેવ-આરાધનાથી વિભિન્ન પ્રકારનાં ફળની પ્રાપ્તિનું કથન

ઋષિઓએ કહ્યું—હે પ્રભો! અગ્નિયજ્ઞ, દેવયજ્ઞ, ગુરુપૂજા અને બ્રહ્મતૃપ્તિનું અમારી સમક્ષ ક્રમશઃ વર્ણન કરો.

સૂતજી બોલ્યા—હે મહર્ષિઓ! ગૃહસ્થ અગ્નિમાં સાયંકાળે અને પ્રાતઃકાળે જે ચોખા વગેરે દ્રવ્યની આહુતિ આપે છે એને અગ્નિયજ્ઞ કહે છે. જે બ્રહ્મચર્ય-આશ્રમમાં સ્થિત છે એ બ્રહ્મચારીઓ માટે સમિધાનું આધાન જ અગ્નિયજ્ઞ છે. તે સમિધાનું જ અગ્નિમાં હવનરૂપે આહુતિ આપી દે. હે બ્રાહ્મણ! બ્રહ્મચર્ય-આશ્રમમાં નિવાસ કરનારા દ્વિજોનો જ્યાં સુધી વિવાહ ન થઈ જાય અને એ ઔપાસનાગ્નિની પ્રતિષ્ઠા ન કરી લે ત્યાં સુધી એમને માટે અગ્નિમાં સમિધાની આહુતિ, વ્રત વગેરેનું પાલન તથા વિશેષ યજન વગેરે જ કર્તવ્ય છે. (આ જ એમને માટે અગ્નિયજ્ઞ છે.) હે દ્વિજો! જેમણે બાહ્ય અગ્નિને વિસર્જિત કરીને સ્વયંના આત્મામાં જ અગ્નિનો આરોપ કરી લીધો છે, એમાં વાનપ્રસ્થીઓ અને સંન્યાસીઓ એ જ હવન અથવા અગ્નિયજ્ઞ છે, જે વિહિત સમય પર હિત, મિત અને શુચિ અન્નનું ભોજન કરે છે. હે બ્રાહ્મણો! સંધ્યાકાળે અગ્નિને આપેલી આહુતિ સંપત્તિ પ્રદાન કરનારી થાય છે, એવું જાણવું જોઈએ. સવારે સૂર્યદેવને આપેલી આહુતિ આયુષ્યને વધારનારી છે, એ વાત પણ સારી રીતે જાણી લેવી જોઈએ. દિવસમાં અગ્નિદેવ સૂર્યમાં જ પ્રવેશ કરી જાય છે. તેથી સવારે સૂર્યને આપેલી આહુતિ પણ અગ્નિયજ્ઞમાં સમાવિષ્ટ થઈ જાય છે. આ રીતે અગ્નિયજ્ઞનું વર્ણન કર્યું છે.

ઇન્દ્ર વગેરે સમસ્ત દેવોને ઉદ્દેશ્યમાં રાખીને અગ્નિમાં જે આહુતિ અપાય છે અને દેવયજ્ઞ સમજવો જોઈએ. સ્થાલીપાક યજ્ઞોને પણ દેવયજ્ઞ જ મનાય છે. લૌકિક અગ્નિમાં પ્રતિષ્ઠિત જે ચૂડાકરણ વગેરે સંસ્કાર-નિમિત્તક હવનકર્મ છે તેને પણ દેવયજ્ઞમાં જ જાણવા જોઈએ. હવે બ્રહ્મયજ્ઞનું વર્ણન સાંભળો. દ્વિજોએ દેવતાઓની તૃપ્તિ માટે નિરંતર બ્રહ્મયજ્ઞ કરવો જોઈએ. વેદોનું જે નિત્ય અધ્યયન અથવા સ્વાધ્યાય થાય એ પણ બ્રહ્મયજ્ઞ કહેવાય છે. પ્રાતઃનિત્યકર્મ કર્યા પછી સાંજ સુધી બ્રહ્મયજ્ઞ થઈ શકે છે. ત્યાર પછી રાત્રે બ્રહ્મયજ્ઞનું વિધાન નથી.

અગ્નિ વગર દેવયજ્ઞ કેવી રીતે સંપન્ન થઈ શકે, એને તમે શ્રદ્ધા અને આદરપૂર્વક સાંભળો. સૃષ્ટિના આરંભમાં સર્વજ્ઞ, દયાળુ અને સર્વસમર્થ મહાદેવજીએ સમસ્ત લોકો પર ઉપકાર કરવા માટે વારોની કલ્પના કરી. તે ભગવાન શિવ સંસારરૂપી રોગને દૂર કરનાર વૈદ છે. સર્વના જ્ઞાતા અને સમસ્ત ઔષધોના ઔષધ છે. એ ભગવાને સ્વયં પહેલાં પોતાના વારની કલ્પના કરી જે આરોગ્ય પ્રદાન કરવાવાળો છે. ત્યાર પછી માયાશક્તિનો વાર બનાવ્યો છે, જે સંપત્તિદાયક છે. જન્મકાળનાં દુર્ગતિગ્રસ્ત બાળકની

રક્ષા માટે એમણે કુમારના વારની કલ્પના કરી ત્યાર પછી સર્વસમર્થ મહાદેવજીએ આળસ અને પાપની નિવૃત્તિ તથા સમસ્ત લોકોના હિતની ઇચ્છાથી લોકરક્ષક ભગવાન વિષ્ણુનો વાર બનાવ્યો. આ પછી સર્વના સ્વામી ભગવાન શિવે પુષ્ટિ અને રક્ષા માટે આયુઃકર્તા ત્રિલોક સ્રષ્ટા પરમેષ્ઠી બ્રહ્માનો આયુષ્કારક વાર બનાવ્યો, જેથી સંપૂર્ણ જગતના આયુષ્યની સિદ્ધિ થઈ શકે. એ પછી ત્રણે લોકોની વૃદ્ધિ માટે પહેલાં પુણ્ય-પાપની રચના થઈ જવાથી એ પુણ્ય-પાપ કરનારા લોકોને શુભાશુભ ફળ આપવા માટે ભગવાન શિવે ઇન્દ્ર અને યમના વારોનું નિર્માણ કર્યું. આ બંને વાર ક્રમશઃ ભોગ પ્રદાયક તથા લોકોના મૃત્યુભયને દૂર કરનાર છે. ત્યાર બાદ સૂર્ય વગેરે સાત ગ્રહોને, જે સ્વયં જ સ્વરૂપભૂત તથા પ્રાણીઓ માટે સુખ-દુઃખના સૂચક છે, ભગવાન શિવે સાતેસાત વારોના સ્વામી નિશ્ચિત કરી દીધા. એ બધાના બધા ગ્રહ-નક્ષત્રોના જ્યોતિર્મય મંડળમાં પ્રતિષ્ઠિત છે. શિવના વાર અથવા દિવસના સ્વામી સૂર્ય છે. શક્તિ સંબંધી વારના સ્વામી સોમ છે. કુમારસંબંધી દિવસના અધિપતિ મંગળ છે. વિષ્ણુવારના સ્વામી બુધ છે. બ્રહ્માજીના વારના અધિપતિ બૃહસ્પતિ છે. ઇન્દ્રવારના સ્વામી શુક્ર છે અને યમવારના સ્વામી શનૈશ્ચર છે. પોતપોતાના વારમાં કેટલીએ દેવતાઓની પૂજા એમનાં એમનાં ફળોને આપનારી છે.

સૂર્ય આરોગ્યના અને ચંદ્રમા સંપત્તિના દાતા છે. મંગળ વ્યાધિનું નિવારણ કરે છે. બુધ પુષ્ટિ આપે છે. બૃહસ્પતિ આયુની વૃદ્ધિ કરે છે. શુક્ર, ભોગ આપે છે અને શનૈશ્ચર મૃત્યુનું નિવારણ કરે છે. આ સાતે વારોનું ક્રમશઃ ફળ બનાવવામાં આવ્યું છે અને તે એ દેવતાઓની પ્રીતિથી પ્રાપ્ત થાય છે. અન્ય દેવતાઓની પૂજાનું ફળ પણ ભગવાન શિવ જ આપે છે. દેવતાઓની પ્રસન્નતા માટે પૂજાની પાંચ પ્રકારની પદ્ધતિ બનાવાઈ છે. એ દેવતાઓના મંત્રનો જપ એ પ્રથમ પ્રકાર છે. એમને માટે હોમ કરવો એ બીજો પ્રકાર છે. દાન કરવું એ ત્રીજો પ્રકાર છે. તપ કરવું એ ચોથો પ્રકાર છે. કોઈ વેદી પર, પ્રતિમામાં, અગ્નિમાં અથવા બ્રાહ્મણ-શરીરમાં આરાધ્ય દેવતાની ભાવના કરીને સોળ પ્રકારે એમની પૂજા કે આરાધના કરવી એ પાંચમો પ્રકાર છે.

આમાં પૂજાના આધાર ઉત્તરોત્તર શ્રેષ્ઠ છે. પૂર્વ પૂર્વના અભાવમાં ઉત્તર-ઉત્તર આધારનું અવલંબન લેવું જોઈએ. બંને નેત્રો તથા મસ્તકના રોગમાં અને કુષ્ઠ રોગની શાંતિ માટે ભગવાન સૂર્યની પૂજા કરીને બ્રાહ્મણોને ભોજન કરાવવું. ત્યાર પછી એક દિવસ, એક માસ, એક વર્ષ અથવા ત્રણ વર્ષ લગાતાર આ પ્રકારની સાધના કરવી જોઈએ. આનાથી જો પ્રબળ પ્રારબ્ધનું નિર્માણ થઈ જાય તો રોગ અને જરાનો નાશ થઈ જાય. ઇષ્ટદેવના નામમંત્રનો જપ વગેરે સાધન વાર વગેરે અનુસાર ફળ આપે છે. રવિવાર સૂર્યદેવ માટે, અન્ય દેવતાઓ અને બ્રાહ્મણોને માટે વિશિષ્ટ વસ્તુ અર્પણ કરવી જોઈએ. આ સાધન વિશિષ્ટ ફળ આપનારું છે એ દ્વારા વિશિષ્ટ પાપોની શાંતિ થઈ જાય છે. સોમવારે વિદ્વાન પુરુષ સંપત્તિ પ્રાપ્તિ માટે લક્ષ્મી વગેરેની પૂજા કરે છે, તથા સપત્નીક બ્રાહ્મણોને ઘૃતપક્વ અન્નનું ભોજન કરાવે છે. મંગળવારે

રોગોની શાંતિ માટે કાલી વગેરેની પૂજા કરે અને અડદ, મગ અને તુવેરની દાળયુક્ત અન્ન બ્રાહ્મણોને ભોજન રૂપે આપવું જોઈએ. બુધવારે વિદ્વાન પુરુષ દહીંયુક્ત અન્નથી ભગવાન વિષ્ણુનું પૂજન કરે. આવું કરવાથી સદા પુત્ર, મિત્ર અને કલત્ર (પત્ની) વગેરેની પુષ્ટિ થાય છે. જે દીર્ઘાયુ ચાહતા હોય એમણે ગુરુવારે દેવતાઓની પુષ્ટિ માટે વસ્ત્ર, જનોઈ તથા ઘી મિશ્રિત દૂધપાક ખીરથી યજન-પૂજન કરે. ભોગોની પ્રાપ્તિ માટે શુક્રવારે એકાગ્ર ચિત્ત થઈને દેવતાઓનું પૂજન કરે અને બ્રાહ્મણોની તૃપ્તિ માટે છ રસયુક્ત અન્ન આપે. આ પ્રકારે સ્ત્રીઓની પ્રસન્નતા માટે સુંદર વસ્ત્ર આદિનું વિધાનકો. શનૈશ્ચર અપમૃત્યુનું નિવારણ કરનારા છે. એ દિવસે બુદ્ધિમાન પુરુષ રુદ્ર વગેરેની પૂજા કરે. તલના હોમથી, દાનથી દેવતાઓને સંતુષ્ટ કરીને બ્રાહ્મણોને તલમિશ્રિત અન્નનું ભોજન કરાવવું જોઈએ. જે આ રીતે દેવતાઓનું પૂજન કરશે તે આરોગ્યને ઉપલબ્ધ થઈ જશે.

દેવતાઓનું નિત્ય-પૂજન, વિશેષ-પૂજન, સ્નાન, દાન, જપ, હોમ અને બ્રાહ્મણ-તર્પણ વગેરેમાં રવિ વગેરે વારમાં વિશેષ તિથિ અને નક્ષત્રનો યોગ પ્રાપ્ત થાય તો વિભિન્ન દેવતાઓના પૂજનમાં સર્વજ્ઞ જગદીશ્વર ભગવાન શિવ જ એ દેવતાઓના રૂપમાં પૂજિત થાય છે અને બધાં માટે આરોગ્ય આદિ ફળ પ્રદાન કરે છે. દેશ, કાળ, પાત્ર, દ્રવ્ય, શ્રદ્ધા અને લોકને અનુસાર એના તારતમ્ય ક્રમનું ધ્યાન રાખીને મહાદેવજીની આરાધના કરનાર લોકો આરોગ્ય આદિ ફળ મેળવે છે. શુભ (માંગલિક કર્મ)ના આરંભે અને અશુભ (અન્ત્યેષ્ટિક વગેરે કર્મ)ના અંતે જન્મનક્ષત્ર આવે ત્યારે ગૃહસ્થ પુરુષ પોતાના ઘરમાં આરોગ્ય આદિની સમૃદ્ધિ માટે સૂર્ય વગેરે ગ્રહનું પૂજન કરે. આથી જ સિદ્ધ છે કે, દેવતાઓનું યજન સંપૂર્ણ ઈચ્છિત વસ્તુઓને આપે છે. બ્રાહ્મણોનું દેવ-યજન કર્મ વૈદિક મંત્રોસહિત થવું જોઈએ. (અહીં બ્રાહ્મણ શબ્દમાં ક્ષત્રિય અને વૈશ્યનો સમાવેશ થઈ જાય છે) શૂદ્ર વગેરે બીજાઓના દેવયજ્ઞ તાંત્રિક વિધિથી થવો જોઈએ. શુભ ફળ ચાહનારો મનુષ્ય સાતેય દિવસ પોતાની શક્તિ અનુસાર સદા દેવપૂજન કરે તો સારું કહેવાય. નિર્ધન મનુષ્ય તપસ્યા (વ્રત વગેરે કષ્ટ-સહન) દ્વારા અને ધનવાને ધન દ્વારા દેવતાઓની આરાધના કરવી જોઈએ. એ વારે વારે શ્રદ્ધાપૂર્વક આ રીતે ધર્મનું અનુષ્ઠાન કરે છે અને વારંવાર પુણ્યલોકમાં વિવિધ પ્રકારનાં ફળ ભોગવીને ફરીથી આ પૃથ્વી પર જન્મ ધારણ કરે છે. ધનવાન પુરુષ સદા ભોગ-સિદ્ધિ માટે માર્ગમાં વૃક્ષારોપણ કરીને લોકો માટે છાયાની વ્યવસ્થા કરે. જળાશય (કૂવો, વાવડી, તળાવ) વગેરે બનાવે. વેદશાસ્ત્રોની પ્રતિષ્ઠા માટે પાઠશાળાનું નિર્માણ કરે અને અન્યોન્ય પ્રકારે પણ ધર્મનો સંગ્રહ કરતો રહે. ધનવાને આ સર્વ કાર્ય કરતા જ રહેવું જોઈએ. સમયાનુસાર પુણ્યકર્મોના પરિપાકથી અંતઃકરણ શુદ્ધ થતાં જ્ઞાનની સિદ્ધિ થઈ જાય છે. હે દ્વિજો, જે આ અધ્યાયનું શ્રવણ કરે છે, વાંચે છે અથવા શ્રવણ કરાવવાની વ્યવસ્થા કરે છે એને દેવયજ્ઞનું ફળ પ્રાપ્ત થાય છે.

(અધ્યાય. ૧૪)

*

દેશ, કાળ, પાત્ર અને દાન અંગે વિચાર

ઋષિઓએ કહ્યું—સમસ્ત પદાર્થોના જ્ઞાતાઓમાં શ્રેષ્ઠ હે સૂતજી! હવે આપ ક્રમશઃ દેશ, કાળ વગેરેનું વર્ણન કરો.

સૂતજી બોલ્યા—હે મહર્ષીઓ! દેવયજ્ઞ વગેરે કર્મોમાં પોતાનું ગૃહ સમાન ફળ દેનારું છે એટલે કે પોતાના ઘરમાં જ કરેલ દેવયજ્ઞ વગેરે શાસ્ત્રોક્ત ફળ સમમાત્રામાં આપનાર બને છે. એમાંથી દશ ગણું ફળ ગોશાળા, એથી પણ દશ ગણું જળાશયનો તટ મહત્ત્વનો છે અને એથી પણ દશ ગણું જ્યાં બેલ, તુલસી અને પીપળાનું વૃક્ષ-મૂળ નિકટ હોય તે મહત્ત્વનું છે. દેવાલય તેથી દશગણું છે, તીર્થભૂમિ દેવાલય કરતાં પણ દશગણું ફળ આપે છે. નદીનો કિનારો તીર્થભૂમિ કરતાં પણ વધારે છે, તીર્થનદીનો તટ તેથી પણ દશગણો વધારે છે. સપ્તગંગા નામનું નદીઓનું તીર્થ તેથી પણ વધારે છે. સપ્તગંગા એટલે ગંગા, ગોદાવરી, કાવેરી, તામ્રવર્ણી, સિન્ધુ, સરયૂ અને નર્મદાને કહેવાય છે. સમુદ્રનો તટ એથી પણ મહત્ત્વનો છે અને પર્વતના શિખરનો પ્રદેશ તો એના કરતાં દશ ગણું ફળ આપે છે. પરંતુ સૌથી અધિક મહત્ત્વનું સ્થાન તો એ મનાય છે કે જ્યાં મન તલ્લીન બની જાય.

અહીં સુધી દેશનું - સ્થળનું વર્ણન થયું. હવે કાળનું તારતમ્ય સાંભળો. સત્યયુગમાં યજ્ઞ, દાન વગેરે કર્મ પૂર્ણ ફળ પ્રદાયક છે એવું જાણવું જોઈએ. ત્રેતાયુગમાં ત્રણ ચતુર્થાંશ ફળ મળે છે. દ્વાપરમાં એનાથી પણ અર્ધું ફળ મળે છે. કળિયુગમાં એક ચતુર્થાંશ જ ફળની પ્રાપ્તિ સમજવી જોઈએ અને અર્ધો કળિયુગ વીતી જાય ત્યાર પછી તે એક ચતુર્થાંશનો પણ એક ચતુર્થાંશ થઈ જાય છે. શુદ્ધ અંતઃકરણવાળા પુરુષને શુદ્ધ અને પવિત્ર દિવસ સમાન ફળ પ્રદાન કરનાર બને છે.

હે વિદ્વાન બ્રાહ્મણો! સૂર્ય સંક્રાન્તિને દિવસે કરેલું સત્કર્મ પૂર્વોક્ત શુદ્ધ દિવસ કરતાં પણ દશગણું ફળ આપે છે, એવું જાણવું જોઈએ. એના કરતાં પણ દશગણું ફળ વિષુવ* નામક યોગમાં કરેલાં કર્મોનું છે. જે દિવસથી દક્ષિણાયન શરૂ થાય એટલે કે કર્ક-સંક્રાન્તિમાં કરેલું કર્મ વિષુવ-યોગથી પણ દશગણું ફળ આપે છે. મકર-સંક્રાન્તિ એથી પણ દશગણું અને ચંદ્રગ્રહણમાં કરેલું કર્મ એથી પણ દશગણું ફળ આપે છે. સૂર્યગ્રહણનો સમય ઉત્તમ-સર્વોત્તમ છે. સૂર્યગ્રહણમાં કરેલું સત્કર્મ ચંદ્રગ્રહણથી પણ અધિક અને પૂર્ણમાત્રામાં હોય છે, આ વાતને વિજ્ઞ પુરુષો જાણે છે. જગદ્રૂપી સૂર્યનો રાહુરૂપી વિષથી સંયોગ થાય છે એટલા માટે, સૂર્યગ્રહણનો સમય રોગ પ્રદાન કરનારો છે. તેથી એ વિષ-ઝેરની શાંતિ માટે તે સમયે સ્નાન, દાન અને જપ કરો. તે સમય ઝેરની શાંતિ માટે ઉપયોગી હોવાને કારણે પુણ્યપ્રદ મનાયો છે. જન-

---

* જ્યોતિષ અનુસાર એ સમય કે જ્યારે સૂર્ય વિષુવ-રેખા પર પહોંચે છે અને દિવસ - રાત બંને સરખી લંબાઈ વાળા થાય છે. વર્ષમાં બે વાર આવું બને છે. એક તો સૌર ચૈત્ર માસની નોમ અથવા અંગ્રેજી ૨૧મી માર્ચ અને બીજી વાર સૌર આસોની નવમી તિથિ અથવા અંગ્રેજી ૨૨મી સપ્ટેમ્બરના દિવસે.

નક્ષત્રને દિવસે તથા વ્રતની પૂર્તિનો દિવસ સૂર્યગ્રહણ જેવો જ સમજવો. પરંતુ મહાપુરુષોના સંગનો સમય - સત્સંગનો સમય તો - કરોડો સૂર્યગ્રહણ સમાન પાવન છે એવું જ્ઞાની જનો જાણે છે, માને છે.

તપોનિષ્ઠ યોની અને જ્ઞાનનિષ્ઠ યતિ - એ બંને પૂજાને પાત્ર છે, કેમકે પાપના નાશમાં તેઓ કારણરૂપ છે. જેમણે ચોવીશ લાખ ગાયત્રીનો જપ કરી લીધો હોય એ બ્રાહ્મણ પણ પૂજા માટે ઉત્તમ પાત્ર છે, તે સંપૂર્ણ ફળ અને ભોગ પ્રદાન કરવામાં સમર્થ છે. જે અધઃપતનથી બચાવે છે, ત્રાણ કરે છે અર્થાત્ નરકમાં પડવાથી બચાવે છે, એને માટે આ ગુણને કારણે જ શાસ્ત્રમાં 'પાત્ર' શબ્દનો પ્રયોગ થાય છે. એ દાતાનું પાતકથી ત્રાણ કરવાને કારણે પાત્ર* કહેવાય છે. ગાયત્રી પોતાના ગાયકનું પતનથી ત્રાણ કરે છે એટલે તે "ગાયત્રી" કહેવાય છે. જેમ, જે આ લોકમાં ધનહીન છે, તે બીજાને ધન આપી શકતો નથી પણ જે ધનવાન હોય તે જ ધન આપી શકે છે એવી જ રીતે જે સ્વંય શુદ્ધ અને પવિત્રાત્મા છે તે જ બીજા મનુષ્યોનો ત્રાણ કે ઉદ્ધાર કરી શકે છે. જે ગાયત્રીનો જપ કરીને શુદ્ધ થઈ ગયો છે તે જ શુદ્ધ બ્રાહ્મણ કહેવાય છે. એટલા માટે દાન, જપ, હોમ અને પૂજા બધાં કર્મોને માટે એ જ શુદ્ધ પાત્ર છે. આવા બ્રાહ્મણ જ દાન જેવા રક્ષા કરવાની પાત્રતા રાખે છે.

સ્ત્રી હોય કે પુરુષ - જે કોઈ પણ ભૂખ્યું હોય તે જ અન્નદાનને પાત્ર છે. જેને જેની ઇચ્છા હોય એને એ વસ્તુ વગર માગે જ આપી દેવામાં આવે તો દાતાને એ દાનનું પૂરેપૂરું ફળ મળી જાય છે, એવી મહર્ષિઓની માન્યતા છે. જે પ્રશ્ન અને યાચના કર્યા પછી અપાય તે દાન અર્ધું જ ફળ આપે છે. પોતાના સેવકને આપેલું દાન એક-ચતુર્થાંશ ફળ આપે છે. હે વિપ્રવરો! જે જાતિમાત્રથી બ્રાહ્મણ છે અને દીનતાપૂર્ણ વૃત્તિથી જીવન પસાર કરે છે એને આપેલું ધનનું દાન દાતાને આ ભૂતલ પર દશ વર્ષ સુધી ભોગ પ્રદાન કરનારું છે. એ જ દાન જો વેદવેત્તા બ્રાહ્મણને અપાય તો તે સ્વર્ગલોકમાં દેવતાઓનાં વર્ષોથી દશ વર્ષ સુધી દિવ્ય ભોગ આપનાર હોય છે. શિલ અને ઉંછવૃત્તિથી• લાવેલું અને ગુરુદક્ષિણામાં પ્રાપ્ત થયેલું અન્નધન શુદ્ધ દ્રવ્ય કહેવાય છે. એ દાનના દાતાને પૂર્ણ ફળ આપનાર કહેવાયો છે. ક્ષત્રિયોનું શૌર્યથી પ્રાપ્ત કરેલું અને વૈશ્યોનું વ્યાપારમાંથી આવેલું

---

* પતનાત્ત્રાયત ઇતિ પાત્રં શાસ્ત્રે પ્રયુજ્યતે। દાતુશ્ચ પાતકાત્ત્રાણાત્પાત્રમિત્યભિધીયતે॥

(શિ.પુ. વિદ્યે. ૧૫/૧૫)

• કોશકાર કહે છે -

'ઉંછઃ કણશ આદાનં કણિશાદ્યર્જનં શિલમ્।'

અર્થાત્ ખેતરમાં કાપણી થઈ જાય અથવા બજાર ઊઠી જાય પછી ત્યાં પડેલા અન્નના એક એક કણને વીણીને એટલાથી જ જીવિકા ચલાવવી 'ઉંછ' વૃત્તિ છે અને ખેતરમાં ફસલ કપાઈ જાય ત્યાર પછી ત્યાં પડેલી ઘઉં વગેરેની કણકી-ટુકડા વીણી લેવા તેને 'શિલા' કહે છે અને એનાથી જીવિકા ચલાવવી. 'શિલા' વૃત્તિ છે.

અને શૂદ્રોનું સેવાવૃત્તિથી પ્રાપ્ત કરેલું ધન પણ ઉત્તમ દ્રવ્ય કહેવાય છે. ધર્મની ઇચ્છા રાખનારી સ્ત્રીઓને જે ધન પિતા અને પતિ પાસેથી મળ્યું હોય, એમને માટે એ ઉત્તમ દ્રવ્ય છે.

ગાય વગેરે બાર વસ્તુઓનું ચૈત્ર વગેરે બાર માસમાં ક્રમશઃ દાન કરવું જોઈએ. ગાય, ભૂમિ, તલ, સુવર્ણ, ઘી, વસ્ત્ર, ધાન્ય, ગોળ, ચાંદી, મીઠું, કોળું (કોંહડા) અને કન્યા એ જ આ બાર વસ્તુઓ છે. આમાં ગોદાનથી કાયિક, વાચિક અને માનસિક પાપોનું નિવારણ થાય છે, અને કાયિક વગેરે પુણ્યકર્મોની પુષ્ટિ થાય છે. હે બ્રાહ્મણો! ભૂમિનું દાન આલોક અને પરલોકમાં પ્રતિષ્ઠા (આશ્રય)ની પ્રાપ્તિ કરાવનાર છે. તલનું દાન બળવર્ધક અને મૃત્યુનું નિવારક છે. સુવર્ણનું દાન જઠરાગ્નિ વર્ધક છે તથા વીર્યદાયક છે. ઘીનું દાન પુષ્ટિકારક છે. વસ્ત્રનું દાન આયુની વૃદ્ધિ કરનારું છે. એવું જાણવું જોઈએ. ધાન્યનું દાન અન્ન-ધનની સમૃદ્ધિમાં કારણરૂપ છે. ગોળનું દાન મધુર ભોજનની પ્રાપ્તિ કરાવે છે. ચાંદીના દાનથી વીર્યની વૃદ્ધિ થાય છે. મીઠાના દાનથી છ-રસ ભોજન મળે છે. સર્વ પ્રકારનું દાન સર્વ સમૃદ્ધિની સિદ્ધિ માટે જ થાય છે. વિજ્ઞપુરુષ કૂહોળા (કૂષ્માંડ)ના દાનને પુષ્ટિદાયક માને છે. કન્યાદાન આજીવન ભોગ પ્રદાન કરનારું કહેવાયું છે. હે બ્રાહ્મણો! તે આલોકમાં અને પરલોકમાં પણ સંપૂર્ણ ભોગોની પ્રાપ્તિ કરાવનારું છે.

વિદ્વાન પુરુષે જે વસ્તુઓથી શ્રવણ આદિ ઇન્દ્રિયોની તૃપ્તિ થાય છે, એનું દાન સદા કરવું જોઈએ. ક્ષેત્ર વગેરે દશ ઇન્દ્રિયો, જે શબ્દ આદિ દશ વિષયો છે એનું દાન કરવામાં આવે તો ભોગોની પ્રાપ્તિ થાય છે, અને દિશા આદિ ઇન્દ્રિય* દેવતાઓને સંતુષ્ટ કરે છે. વેદ અને શાસ્ત્રને ગુરુમુખથી ગ્રહણ કરીને ગુરુના ઉપદેશથી અથવા સ્વયં જ બોધ પ્રાપ્ત કર્યા પછી જે બુદ્ધિનો આવો નિશ્ચય થાય છે કે 'કર્મોનું ફળ અવશ્ય મળે છે' એને જ ઉચ્ચકોટિની 'આસ્તિકતા' કહે છે. ભાઈ-બંધુ અથવા રાજાના ભયથી જે આસ્તિકતા બુદ્ધિ અથવા શ્રદ્ધા થાય છે તે કનિષ્ઠ શ્રેણીની આસ્તિકતા છે. આ સર્વથા દરિદ્ર છે માટે જેની પાસે સર્વ વસ્તુઓનો અભાવ છે. તે વાણી અથવા કર્મ (શરીર) દ્વારા યજન કરે. મંત્ર, સ્તોત્ર અને જપ વગેરેને વાણી દ્વારા કરેલ યજન સમજવો જોઈએ. તીર્થયાત્રા અને વ્રત વગેરેને વિદ્વાન પુરુષ શારીરિક યજન માને છે. ગમે તે ઉપાયથી થોડું અથવા ઘણું દેવતા-અર્પણ બુદ્ધિથી જે કાંઈ અપાય અથવા કરાય તે દાન અથવા સત્કર્મ ભોગોની પ્રાપ્તિ કરાવવામાં સમર્થ છે. તપસ્યા અને દાન - આ બે કર્મો મનુષ્યોએ સદા કરવાં જોઈએ અને એવા ગૃહનું દાન પણ કરવું જોઈએ, જે પોતાના વર્ણ (ચમક-દમક અથવા સફાઈ) અને ગુણ (સુખ-સગવડ)થી સુશોભિત હોય, વિદ્વાન પુરુષ દેવતાઓની તૃપ્તિ માટે જે કાંઈ આપે છે, તે અતિશય માત્રામાં અને સર્વ પ્રકારના ભોગ આપે છે એ દાનથી વિદ્વાન પુરુષ આ અને પરલોકમાં ઉત્તમ જન્મ

---

* શ્રવણ ઇન્દ્રિયોના દેવતા દિશાઓ છે. નેત્રના સૂર્ય, નાકના અશ્વિનીકુમારો રસનેન્દ્રિયના વરુણ, ચામડી વાયુ, વાણીના અગ્નિ, લિંગના પ્રજાપતિ, ગુદાના મિત્રે, હાથના ઇન્દ્ર અને પગના દેવતા વિષ્ણુ છે.

અને સદા સુલભ થનાર ભોગ મેળવે છે. મનુષ્ય મોક્ષ ફળનો ભાગી બને છે.
ઈશ્વરાર્પણ - બુદ્ધિથી યજ્ઞ-દાન વગેરે કર્મ કરીને (અધ્યાય ૧૫)

*

પૃથ્વી વગેરેથી નિર્મિત દેવ પ્રતિમાઓની પૂજન-વિધિ, નૈવેદ્યનો વિચાર, પૂજનના વિવિધ ઉપચારોનું ફળ, વિશેષ માસ, વાર, તિથિ અને નક્ષત્રોના યોગમાં પૂજનનું વિશેષ ફળ તથા લિંગનું વૈજ્ઞાનિક સ્વરૂપનું વિવેચન

ઋષિઓએ કહ્યું—હે સાધુશિરોમણે! હવે આપ પાર્થિવ પ્રતિમાની પૂજાનું વિધાન બતાવો, જેથી સમસ્ત ઈચ્છિત વસ્તુઓની પ્રાપ્તિ થાય છે.

સૂતજી બોલ્યા—હે મહર્ષિઓ! તમે લોકોએ બહુ ઉત્તમ વાત પૂછી છે. પાર્થિવ પ્રતિમાનું પૂજન સદા સંપૂર્ણ મનોરથોને આપનારું છે અને દુઃખનું તત્કાળ નિવારક છે. હું એનું વર્ણન કરું છું તે ધ્યાનપૂર્વક સાંભળો. પૃથ્વી વગેરેથી બનેલી દેવ પ્રતિમાઓની પૂજા આ ભૂતલ પર ઈચ્છિત વસ્તુનું પ્રદાન કરનાર માની ગઈ છે, ચોક્કસ જ આમાં **પુરુષોનો** અને **સ્ત્રીઓનો** પણ અધિકાર છે. નદી, તળાવ અથવા કૂવામાં પેસીને પાણીની અંદરથી માટી લઈ આવવી. પછી ગંધ-ચૂર્ણ દ્વારા એનું સંશોધન કરવું અને શુદ્ધ મંડપમાં રાખીને તેને ઝીણું દળવું અને પછી ચાળી લેવું. ત્યાર પછી હાથથી પ્રતિમા બનાવવી અને દૂધથી એનો સુંદર સંસ્કાર કરવો. એ પ્રતિમામાં અંગપ્રત્યંગ સરસ રીતે પ્રગટ થયેલાં હોવાં જોઈએ. તે સર્વ પ્રકારનાં અસ્ત્ર-શસ્ત્રથી સંપન્ન હોવી જોઈએ. ત્યાર પછી પદ્માસન પર સ્થાપિત કરીને આદરપૂર્વક તેનું પૂજન કરો. ગણેશ, સૂર્ય, વિષ્ણુ, દુર્ગા અને શિવની પ્રતિમાનું, શિવનું અને શિવલિંગનું દ્વિજે સદા પૂજન કરવું જોઈએ. સોળ પ્રકારની પૂજા-જનિત ફળની સિદ્ધિ માટે સોળ ઉપચારો દ્વારા પૂજન કરવું જોઈએ. પુષ્પથી પ્રોક્ષણ અને મંત્ર-પાઠપૂર્વક અભિષેક કરવો જોઈએ. અગહનીના ચોખા (નમાર ચોખા, માગસરના ચોખા, છડ્યા વગરના ચોખા)થી નૈવેદ્ય તૈયાર કરો. બધું નૈવેદ્ય એક કુડવ (લગભગ પાશેર) હોવું જોઈએ. ઘરમાં પાર્થિવ-પૂજન માટે એક કુડવ અને બહાર કોઈ મનુષ્ય દ્વારા સ્થાપિત શિવલિંગની પૂજા માટે એક પ્રસ્થ (શેર જેટલું) નૈવેદ્ય તૈયાર કરવું આવશ્યક છે એવું જાણવું જોઈએ. દેવતાઓ દ્વારા સ્થાપિત શિવલિંગ માટે ત્રણ શેર નૈવેદ્ય અર્પિત કરવું ઉચિત છે અને સ્વયં પ્રગટ થયેલા સ્વયંભૂ લિંગ માટે પાંચ શેર. આવું કરવાથી પૂર્ણ ફળની પ્રાપ્તિ સમજવી જોઈએ. આ રીતે હજાર વાર પૂજા કરવાથી દ્વિજ સત્યલોકની પ્રાપ્તિ કરી લે છે.

બાર આંગળ પહોળું, એનાથી બમણું અને એક આંગળ વધારે એટલે કે પચ્ચીસ આંગળ

લાંબું અને પંદર આંગળ પહોળું જે લોખંડનું અથવા લાકડાનું બનાવેલું પાત્ર હોય છે તેને વિદ્વાનો 'શિવ' કહે છે. એનો આઠમો ભાગ પ્રસ્થ કહેવાય છે, જે ચાર કુડવની બરાબર છે. મનુષ્ય દ્વારા સ્થાપિત શિવલિંગ માટે દશ પ્રસ્થ, ઋષિઓ દ્વારા સ્થાપિત શિવલિંગ માટે સો પ્રસ્થ અને સ્વયંભૂ શિવલિંગ માટે એક હજાર પ્રસ્થ નૈવેદ્યનું નિવેદન કરવું જોઈએ અને જળ, તેલ વગેરે અને ગંધ દ્રવ્યોની પણ યથાયોગ્ય માત્રા રાખવી જોઈએ, તો એ શિવલિંગોની મહાપૂજા બતાવાઈ છે.

દેવતાનો અભિષેક કરવાથી આત્મશુદ્ધિ થાય છે, ગંધથી પુણ્યની પ્રાપ્તિ થાય છે. નૈવેદ્ય ધરવાથી આયુષ્ય વધે છે, અને તૃપ્તિ થાય છે. ધૂપ કરવાથી ધનની પ્રાપ્તિ થાય છે. દીપક પ્રગટાવવાથી જ્ઞાનનો ઉદય થાય છે અને તાંબૂલ અર્પણ કરવાથી ભોગની ઉપલબ્ધિ થાય છે. એટલા માટે સ્નાન વગેરે છ ઉપચારોને યત્નપૂર્વક અર્પિત કરવા જોઈએ. નમસ્કાર અને જપ - એ બંને સંપૂર્ણ ઈચ્છિત ફળ દેવાવાળા છે. એટલા માટે ભોગ અને મોક્ષની ઈચ્છા રાખનારે પૂજાના અંતમાં સદા જ જપ અને નમસ્કાર કરવા જોઈએ. માણસે સદા પહેલાં મનથી પૂજા કરીને તે પછી તે તે ઉપચારોથી પૂજા કરવી જોઈએ. દેવતાઓની પૂજાથી તે તે દેવતાઓના લોકોની પ્રાપ્તિ થાય છે તથા તેમના બીજા અવાન્તર લોકમાં પણ યથેષ્ટ ભોગની વસ્તુઓ પ્રાપ્ત થાય છે.

હવે હું દેવપૂજાથી પ્રાપ્ત થનાર વિશેષ ફળનું વર્ણન કરું છું. હે દ્વિજો! તમે લોકો શ્રદ્ધાપૂર્વક સાંભળો. વિઘ્નરાજ ગણેશની પૂજાથી ભૂ-લોકમાં ઉત્તમ ઈચ્છિત વસ્તુની પ્રાપ્તિ થાય છે. શુક્રવારે, શ્રાવણ અને ભાદરવામાં શુક્લ પક્ષની ચતુર્થીએ અને પોષ માસમાં શતભિષા નક્ષત્ર આવે ત્યારે વિધિ-પૂર્વક ગણેશજીની પૂજા કરવી જોઈએ. સો અથવા હજાર દિવસમાં સો અથવા હજાર વાર પૂજા કરો. દેવતા અને અગ્નિમાં શ્રદ્ધા રાખીને કરેલું એમનું નિત્યપૂજન મનુષ્યને પુત્ર અને ઈચ્છિત વસ્તુ પ્રદાન કરે છે. તે સમસ્ત પાપોનું શમન કરે છે અને ભિન્ન ભિન્ન દુષ્કર્મોનો વિનાશ કરે છે. વિભિન્ન વારોમાં કેટલી શિવ આદિની પૂજા આત્મશુદ્ધિ પ્રદાન કરનારી સમજવી જોઈએ. વાર અથવા દિવસ, તિથિ, નક્ષત્ર અને યોગને આધાર છે. સમસ્ત કામનાઓને આપનાર છે. એમાં વૃદ્ધિ અને ક્ષય થતાં નથી. તેથી એને પૂર્ણ બ્રહ્મસ્વરૂપ માનવું જોઈએ. સૂર્યોદયથી લઈને બીજા સૂર્યોદય થતાં સુધી વારની સ્થિતિ મનાય છે, જે બ્રાહ્મણ આદિ સર્વ વર્ણોના કર્મનો આધાર છે. વિહિત તિથિના પૂર્વ ભાગમાં કરેલી દેવપૂજા પૂર્ણ ભોગ પ્રદાયક હોય છે.

જો મધ્યાહ્ન પછી તિથિનો આરંભ થતો હોય તો રાત્રિયુક્ત તિથિનો પૂર્વભાગ પિતરોના શ્રાદ્ધ વગેરે કર્મ માટે ઉત્તમ મનાયો છે. આવી તિથિનો પરભાગ (પછીનો ભાગ) જ દિવસથી યુક્ત હોય છે તેથી એ જ દેવ કર્મ માટે પ્રશસ્ત મનાયો છે. જો મધ્યાહ્નકાળ સુધી તિથિ પહોંચતી હોય તો ઉદય વ્યાપિની તિથિને જે દેવકાર્યમાં ગ્રહણ કરવી જોઈએ આવી જ રીતે શુભ તિથિ અને નક્ષત્ર વગેરે જ દેવકાર્યમાં ગ્રાહ્ય મનાય છે. વાર વગેરેનો સારી રીતે વિચાર કરીને પૂજા અને જપ કરવાં જોઈએ. વેદોમાં પૂજા-શબ્દ

અર્થની આ પ્રકારે યોજના કરવામાં આવી છે - પૂર્જાયતે અનેન ઇતિ પૂજા, આ પૂજા શબ્દની વ્યુત્પત્તિ છે. પૂ:નો અર્થ છે ભોગ અને ફળની સિદ્ધિ - એ જે કર્મથી સંપન્ન થાય છે એનું નામ પૂજા છે. મનોવાંછિત વસ્તુ તથા જ્ઞાન - એ જ ઇચ્છિત વસ્તુઓ છે. સકામ ભાવવાળાઓને ઇચ્છિત ભોગ જ અપેક્ષિત છે અને નિષ્કામ ભાવવાળાના અર્થ - પારમાર્થિક જ્ઞાન. આ બંને પૂજા શબ્દના અર્થ છે, એની યોજના કરવાથી જ પૂજા-શબ્દની સાર્થકતા છે. આ રીતે લોક અને વેદમાં પૂજા શબ્દનો અર્થ વિખ્યાત છે. નિત્ય અને નૈમિત્તિક કર્મ કાલાન્તરમાં ફળ આપે છે, પરંતુ કામ્ય કર્મનું જો યોગ્ય રીતે અનુષ્ઠાન થયું હોય તો તે તત્કાળ ફલદ થાય છે. દરરોજ એક પક્ષ, એક માસ અને એક વર્ષ લગાતાર પૂજન કરવાથી તે તે કર્મની ફળપ્રાપ્તિ થાય છે અને એથી એવાં જ પાપોનો ક્રમશઃ ક્ષય થાય છે.

પ્રત્યેક માસની કૃષ્ણપક્ષની ચોથે કરેલી મહાગણપતિની પૂજા એક પક્ષનાં પાપોની નાશક છે અને એક પક્ષ સુધી ઉત્તમ ભોગરૂપી ફળનું પ્રદાન કરે છે. ચૈત્ર માસમાં ચતુર્થીને દિવસે કરેલી પૂજા એક માસ માટે કરેલા પૂજનનું ફળ દેનારી છે અને જ્યારે સૂર્ય સિંહ રાશિ પર સ્થિત હોય, એ સમયે ભાદ્રપદ માસની ચતુર્થીને દિવસે કરેલી ગણેશ-પૂજા એક વર્ષ સુધી મનોવાંછિત ભોગનું પ્રદાન કરે છે - એવું જાણવું જોઈએ. શ્રાવણ માસના રવિવારે હસ્ત નક્ષત્ર યુક્ત સપ્તમી તિથિ તથા માઘશુક્લા સપ્તમીને દિવસે ભગવાન સૂર્યનું પૂજન કરવું જોઈએ. જેઠ અને ભાદરવા માસના બુધવારે શ્રવણ નક્ષત્ર યુક્ત બારશે તથા કેવળ બારશે પણ કરેલું ભગવાન વિષ્ણુનું પૂજન ઇચ્છિત સંપત્તિને આપનારું મનાયું છે. શ્રાવણ માસમાં કરેલી શ્રીહરિ પૂજા અભીષ્ટ મનોરથ અને આરોગ્ય પ્રદાન કરનારી છે. અંગો અને ઉપકરણો સહિત પૂર્વોક્ત ગાય વગેરે બાર વસ્તુઓનું દાન કરવાથી જે ફળની પ્રાપ્તિ થાય છે, એને જ દ્વાદશી તિથિમાં આરાધના દ્વારા શ્રીવિષ્ણુની તૃપ્તિ કરીને મનુષ્ય પ્રાપ્ત કરી લે છે. જે દ્વાદશી તિથિને ભગવાન વિષ્ણુનાં બાર નામ દ્વારા બાર બ્રાહ્મણોનું ષોડશોપચાર પૂજન કરે છે તે એમની પ્રસન્નતા પ્રાપ્ત કરી લે છે. આ રીતે સંપૂર્ણ દેવતાઓથી વિભિન્ન બાર નામો દ્વારા કરેલું બાર બ્રાહ્મણોનું પૂજન તે તે દેવોને પ્રસન્ન કરનારું બને છે.

કર્ક સંક્રાન્તિથી યુક્ત શ્રાવણ માસમાં નવમી તિથિએ મૃગશિરા નક્ષત્રના યોગમાં અંબિકાનું પૂજન કરો. તે સંપૂર્ણ મનોવાંછિત ભોગ અને ફળ આપશે ઐશ્વર્યની ઇચ્છા રાખનારે એ દિવસે અવશ્ય એમની પૂજા કરવી જોઈએ. આસો માસની શુક્લપક્ષની નવમી તિથિ સંપૂર્ણ ઇચ્છિત ફળ આપનારી છે. એ જ માસની વદ ચૌદશે જો રવિવાર હોય તો એ દિવસનું મહત્ત્વ વધી જાય છે. એની સાથે સાથે જો આર્દ્રા અને મહાર્દ્રા (સૂર્ય સંક્રાન્તિથી યુક્ત આર્દ્રા)નો યોગ હોય તો ઉક્ત અવસરે કરેલી શિવપૂજાનું વિશેષ મહત્ત્વ મનાયું છે. માઘ માસની કૃષ્ણપક્ષની ચતુર્દશીને દિવસે કરેલી શિવજીની પૂજા સંપૂર્ણ અભીષ્ટ ફળને આપનારી છે. તે મનુષ્યોનાં આયુષ્યને વધારે છે. મૃત્યુના કષ્ટને દૂર કરે છે

અને સમસ્ત સિદ્ધિઓની પ્રાપ્તિ કરાવે છે. જેઠ માસમાં ચતુર્દશીને દિવસે જો મહાર્દ્રાનો યોગ હોય અથવા માગશર માસમાં કોઈ પણ તિથિએ આર્દ્રા નક્ષત્ર હોય તો એ અવસર પર વિભિન્ન વસ્તુઓથી બનેલી મૂર્તિના રૂપમાં શિવની સોળ ઉપચારથી પૂજા કરે તેવા પુણ્યાત્માનાં ચરણોનાં દર્શન કરવાં જોઈએ. ભગવાન શિવની પૂજા મનુષ્યને ભોગ અને મોક્ષ પ્રદાન કરનારી છે. કારતક માસમાં તો પ્રત્યેક વાર અને તિથિએ મહાદેવજીની પૂજાનું વિશેષ મહત્ત્વ છે. કારતક માસ આવે ત્યારે વિદ્વાન પુરુષ દાન, તપ, હોમ, જપ અને નિયમો વગેરે દ્વારા સમસ્ત દેવતાઓનું ષોડશોપચારથી પૂજન કરે છે. એ પૂજનમાં દેવ-પ્રતિમા, બ્રાહ્મણ તથા મંત્રોનો ઉપયોગ આવશ્યક છે. બ્રાહ્મણોને ભોજન કરાવવાથી પણ તે પૂજન-કર્મ સંપન્ન થઈ જાય છે. પૂજકે કામનાઓનો ત્યાગ કરીને પીડારહિત (શાંત) થઈને દેવ-આરાધનમાં તત્પર રહેવું જોઈએ.

કારતક માસમાં દેવતાઓનું યજન-પૂજન સમસ્ત ભોગોનું પ્રદાન કરે છે. વ્યાધિઓને દૂર કરે છે. ભૂત અને ગ્રહોના વિનાશ કરે છે. કારતક માસમાં રવિવારે ભગવાન સૂર્યની પૂજા કરવાથી અને તેલ અને સુતરાઉ વસ્ત્ર આપવાથી મનુષ્યોના કોઢ વગેરે રોગોનો નાશ થાય છે. હરડે, કાળાં મરી, વસ્ત્ર અને ખીરા (કાકડી જેવું ફળ) વગેરેનું દાન અને બ્રાહ્મણોની પ્રતિષ્ઠા કરવાથી ક્ષય રોગનો નાશ થાય છે. દીવો અને સરસવના દાનથી મિરગી (તાણ આવવી)નો રોગ મટી જાય છે. કૃતિકા નક્ષત્રથી યુક્ત સોમવારે કરેલું શિવજીનું પૂજન મનુષ્યોના મહાન દારિદ્રને મટાડે છે અને સંપૂર્ણ સંપત્તિદાયક બને છે. સંપૂર્ણ ઘરવખરી સાથે ઘરનું દાન કરવાથી ઉપર્યુક્ત ફળની પ્રાપ્તિ થાય છે. કૃતિકાયુક્ત મંગળવારે શ્રીસ્કન્દનું પૂજન કરવાથી તથા દીપક અને ઘંટનું દાન કરવાથી મનુષ્યને તરત જ વાક્‌સિદ્ધિ પ્રાપ્ત થઈ જાય છે, એના મુખમાંથી નીકળેલી દરેક વાત સત્ય બની જાય છે. કૃતિકાયુક્ત બુધવારે કરેલું 'શ્રી વિષ્ણુ યજન તથા દહીં-ભાતનું દાન ઉત્તર સંતતિદાયક છે. કૃતિકાયુક્ત ગુરુવારે ઘનથી બ્રહ્માજીનું પૂજન તથા મધ, સોનું અને ઘીનું દાન કરવાથી ભોગ-વૈભવની વૃદ્ધિ થાય છે. કૃતિકાયુક્ત શુક્રવારે ગજાનન* ગણેશજીની પૂજા કરવાથી તથા ગંધ, પુષ્પ અને અન્નનું દાન કરવાથી ભોગ્ય પદાર્થોની વૃદ્ધિ થાય છે. એ દિવસે સોનું, ચાંદી વગેરેનું દાન કરવાથી વંધ્યાને પણ ઉત્તમ પુત્રની પ્રાપ્તિ થાય છે. કૃતિકાયુક્ત શનિવારોને દિવસે દિક્‌પાલોની વંદના, દિગ્ગજો, નાગો અને સેતુપાલોનું પૂજન, ત્રિનેત્રધારી રુદ્ર, પાપહારી વિષ્ણુ તથા જ્ઞાનદાતા બ્રહ્માનું આરાધન અને ધન્વંતરિ અને બંને અશ્વિનીકુમારોનું પૂજન કરવાથી રોગ, અપમૃત્યુ અરે અકાલમૃત્યુનું નિવારણ થાય છે. તથા તાત્કાલિક વ્યાધિઓની શાંતિ થઈ જાય છે. મીઠું, લોખંડ, તેલ અને અડદ વગેરેનું ત્રિકટુ (સૂંઠ, પીપર, ગોળમરી) ફળ, ગંધ અને જળ વગેરે તથા ઘી આદિ પ્રવાહી

---

* મૂળમાં 'ગજકોમેડ' શબ્દ આવ્યો છે જેનું પહેલાંના ટીકાકારોએ 'ગણેશ' અર્થ કર્યો છે. સંભવતઃ 'કોમેડ' શબ્દનો પ્રયોગ અહીં મસ્તક અથવા મુખના અર્થમાં આવ્યો છે.

પદાર્થોનું અને સુવર્ણ, મોતી વગેરે કઠણ વસ્તુઓનું પણ દાન દેવાથી સ્વર્ગલોકની પ્રાપ્તિ થાય છે. આમાંથી મીઠું વગેરેનું પ્રમાણ ઓછામાં ઓછું એક પ્રસ્થ (શેર) હોવું જોઈએ અને સુવર્ણ વગેરેનું પ્રમાણ ઓછામાં-ઓછું એક પલ હોવું જોઈએ.

ધનની સંક્રાન્તિથી યુક્ત પોષ માસમાં ઉષઃકાલમાં શિવ આદિ સમસ્ત દેવતાઓનું પૂજન ક્રમશઃ સમસ્ત સિદ્ધિઓની પ્રાપ્તિ કરાવે છે. આ પૂજનમાં અગહનીના (વગર છડેલા, માગસરના ચોખા, નમાર ચોખા) ચોખાથી તૈયાર થયેલ હવિષ્યનું નૈવેદ્ય ઉત્તમ મનાયું છે. પોષ માસમાં વિવિધ પ્રકારના અન્નનું નૈવેદ્ય વિશેષ મહત્ત્વનું છે. માગશર માસમાં કેવળ અન્નનું દાન કરનાર મનુષ્યની સંપૂર્ણ ઇચ્છિત વસ્તુઓ ફળરૂપે મળે છે. માગશર માસમાં અન્નદાન કરનારનાં બધાં પાપ નષ્ટ થઈ જાય છે તે ઇચ્છિત વસ્તુની સિદ્ધિ, આરોગ્ય, ધર્મ, વેદનું સમ્યક જ્ઞાન, ઉત્તમ અનુષ્ઠાનનું ફળ, ઇહલોક અને પરલોકમાં મહાન ભોગ અને અંતમાં સનાતન યોગ (મોક્ષ) તથા વેદાન્ત જ્ઞાનથી સિદ્ધિ પ્રાપ્ત કરાવી આપે છે. જેને ભોગોની ઇચ્છા છે તે માણસે માગશર માસ આવે ત્યારે ઓછામાં-ઓછા ત્રણ દિવસ ઉષઃકાળમાં અવશ્ય દેવતાઓનું પૂજન કરવું જોઈએ - પોષ માસને પૂજનરહિત ન રહેવા દો. ઉષઃકાળથી માંડીને સંગવકાળ સુધી પોષ માસમાં પૂજનનું વિશેષ માહાત્મ્ય બતાવાયું છે. પોષ માસમાં સંપૂર્ણ માસ સુધી જિતેન્દ્રિય અને નિરાહાર રહીને દ્વિજ પ્રાતઃકાળથી મધ્યાહ્ન સુધી વેદમાતા ગાયત્રીનો જપ કરવો જોઈએ. ત્યાર પછી રાત્રે સૂતી વખત સુધી પંચાક્ષર આદિ મંત્રનો જપ કરવો જોઈએ. આવું કરનાર બ્રાહ્મણ જ્ઞાન પામીને શરીર શાંત થયા પછી મોક્ષ પ્રાપ્ત કરી લે છે. દ્વિજેતર નર-નારીઓએ ત્રિકાળ સ્નાન અને પંચાક્ષર મંત્રનો નિરંતર જપ કરવો જોઈએ. એથી વિશુદ્ધ જ્ઞાન પ્રાપ્ત થશે. ઇષ્ટમંત્રોનો સદા જપ કરવાથી મોટામાં મોટાં પાપનો પણ નાશ થઈ જાય છે.

આખું ચરાચર જગત બિંદુ-નાદસ્વરૂપ છે. બિંદુ શક્તિ છે અને નાદ શિવ છે. આ રીતે આ જગત શિવ-શક્તિસ્વરૂપ જ છે. નાદ બિંદુનો અને બિંદુ આ જગતનો આધાર છે. આ બિંદુ અને નાદ (શક્તિ અને શિવ) સંપૂર્ણ જગતના આધારરૂપે સ્થિત છે. બિંદુ અને નાદથી યુક્ત સર્વ કાંઈ શિવસ્વરૂપ છે, કેમકે એ જ સૌનો આધાર છે. આધારમાં જ આધેયનો સમાવેશ અથવા લય થાય છે. આ જ સરળીકરણ છે. આ જ સરળીકરણની સ્થિતિથી સૃષ્ટિકાળમાં જગતનો પ્રાદુર્ભાવ થાય છે એમાં સંશય નથી. શિવલિંગ બિંદુના સ્વરૂપ છે તેથી તેને જગતનું કારણ કહ્યું છે. બિંદુ દેવ છે અને નાદ શિવ, એ બંનેનું સંયુક્તરૂપ શિવલિંગ કહેવાય છે. તેથી જન્મના સંકટમાંથી છુટકારો પામવા શિવલિંગની પૂજા કરવી જોઈએ. બિંદુરૂપા દેવી ઉમા માતા છે અને નાદ સ્વરૂપ ભગવાન શિવ પિતા છે. આ માતા-પિતાની પૂજા થવાથી પરમાનંદની પ્રાપ્તિ થાય છે. તેથી પરમાનંદનો લાભ લેવા માટે શિવલિંગનું વિશેષ રૂપે પૂજન કરો. ઉમાદેવી જગતની માતા છે અને ભગવાન શિવ જગતના પિતા છે. જે એમની સેવા કરે છે, એવા પુત્ર પર આ બંને માતા-પિતાની કૃપા

નિત્ય અધિકાધિક વધતી રહે છે.* તે પૂજક ઉપર કૃપા કરીને એને પોતાનું આંતરિક ઐશ્વર્ય પ્રદાન કરે છે. તેથી હે મુનીશ્વરો! આંતરિક આનંદની પ્રાપ્તિ માટે શિવલિંગને માતા-પિતાનું સ્વરૂપ માનીને એની પૂજા કરવી જોઈએ. ભર્ગ (શિવ) પુરુષરૂપ છે અને ભર્ગા (શિવા અથવા શક્તિ) પ્રકૃતિ કહેવાય છે. અવ્યક્ત આંતરિક ગર્ભને પુરુષ કહે છે અને સુવ્યક્ત આંતરિક અધિષ્ઠાનભૂત ગર્ભને પ્રકૃતિ કહે છે. પુરુષ આદિગર્ભ છે, તે પ્રકૃતિરૂપ ગર્ભથી યુક્ત થવાને કારણે ગર્ભવાન્ છે; કેમકે તે જ પ્રકૃતિનો જનક છે. પ્રકૃતિમાં જે પુરુષનો સંયોગ થાય છે એ જ પુરુષથી એનો પ્રથમ જન્મ કહેવાય છે. અવ્યક્ત પ્રકૃતિથી મહતત્ત્વાદિનું ક્રમથી જે જગતનું વ્યક્ત થવું છે, એ જ એ પ્રકૃતિનો બીજો જન્મ કહેવાય છે. જીવ પુરુષથી જ વારંવાર જન્મ અને મૃત્યુને પ્રાપ્ત થાય છે. માયા દ્વારા અન્ય રૂપથી પ્રગટ થવું એ જ એનો જન્મ કહેવાય છે. જીવનું શરીર જન્મથી જ જીર્ણ (છ ભાવ વિકારોથી યુક્ત) થવા માંડે છે, એટલે જ એને 'જીવ' સંજ્ઞા અપાઈ છે. જે જન્મ લે છે અને વિવિધ પાશો દ્વારા તણાવમાં (બંધનમાં) પડે છે તેનું નામ 'જીવ' છે. જન્મ અને બંધન જીવ શબ્દના જ અર્થ છે. તેથી જન્મમૃત્યુરૂપી બંધનની નિવૃત્તિ માટે જન્મના અધિષ્ઠાનભૂત માતા-પિતૃ સ્વરૂપ શિવલિંગનું પૂજન કરવું જોઈએ.

ગાયનું દૂધ, ગાયનું દહીં અને ગાયનું ઘી - એ ત્રણેને પૂજન માટે મધ અને સાકાર સાથે જ જુદાં જુદાં પણ રાખે અને સર્વને એક કરીને સમ્મિલિત રૂપે પંચામૃત પણ તૈયાર કરી લેવું. (એ દ્વારા શિવલિંગનો અભિષેક અને સ્નાન કરાવવું), પછી ગાયના દૂધ અને અન્નના મેળથી નૈવેદ્ય તૈયાર કરીને પ્રણવ-મંત્રન ઉચ્ચારણપૂર્વક એને શિવજીને અર્પિત કરી દે સંપૂર્ણ પ્રણવને ધ્વનિલિંગ કહે છે. સ્વયંભૂ લિંગ નાદસ્વરૂપ હોવાને કારણે નાદલિંગ કહેવાય છે. યંત્ર અથવા, અર્ધ બિંદુસ્વરૂપ હોવાને કારણે બિંદુલિંગના રૂપે પણ વિખ્યાત છે. એમાં અચલરૂપે પ્રતિષ્ઠિત જે શિવલિંગ છે તે મ-કાર સ્વરૂપ છે તેથી મ. કારલિંગ કહેવાય છે. જે શોભાયાત્રા કે સવારી કાઢવાની હોય તો જે ચરલિંગ તે જ સવારીમાં કામ આપે. એ ચરલિંગ ઉકાર સ્વરૂપ હોવાને કારણે ઉકારલિંગ કહેવાય છે અને પૂજાની દીક્ષા આપનાર જે ગુરુ કે આચાર્ય છે એમનો વિગ્રહ અકાર પ્રતીક હોવાને કારણે અકારલિંગ મનાય છે. આ રીતે અકાર ઉકાર અને મકાર, બિંદુ, નાદ, અને ધ્વનિ-રૂપમાં છ ભેદ છે. આ છયે લિંગોની નિત્ય પૂજા કરવાથી સાધક જીવનયુક્ત થઈ જાય છે એમાં સંશય નથી.

(અધ્યાય ૧૬

*

* માતા દેવી બિંદુરૂપા નાદરૂપઃ શિવઃ પિતા।।
પૂજિતાભ્યાં પિતૃભ્યાં તુ પરમાનંદ એવ હિ। પરમાનંદલાભાર્થં શિવલિંગં પ્રપૂજયેત્।
સા દેવી જગતાં માતા સ શિવો જગતઃ પિતા। પિત્રોઃ શુશ્રૂષકે નિત્યં કૃપાધિક્યં હિ વર્ધતે।
(શિવપુરાણ વિદ્યે. ૧૬/૯૧-૯

ષડ્‌લિંગ સ્વરૂપ પ્રણવનું માહાત્મ્ય, એનું સૂક્ષ્મરૂપ (ૐકાર) અને સ્થૂલરૂપ (પંચાક્ષર મંત્ર)નું વિવેચન, એના જપની વિધિ અને મહિમા, કાર્ય બ્રહ્મના લોકોથી લઈને કારણ રુદ્રના લોકો સુધીનું વિવેચન કરીને કાલાતીત, પંચાવરણ વિશિષ્ટ શિવલોકના અનિર્વચનીય વૈભવનું નિરૂપણ તથા શિવભક્તોના સત્કારની મહત્તા

ઋષિ બોલ્યા—હે પ્રભો! હે મહામુને! આપ અમારે માટે ક્રમશઃ ષડ્‌લિંગસ્વરૂપ પ્રણવનું માહાત્મ્ય તથા શિવભક્તના પૂજનના પ્રકાર બતાવો.

સૂતજીએ કહ્યું—હે મહર્ષિઓ! તમારી પાસે તપસ્યારૂપી ધન છે. તમે ખૂબ સુંદર પ્રશ્ન ઉપસ્થિત કર્યો છે, પરંતુ એનો સાચેસાચ ઉત્તર તો મહાદેવજી જ જાણે છે, બીજું કોઈ જાણતું નથી. તેમ છતાં ભગવાન શિવની કૃપાથી જ હું આ વિષયનું વર્ણન કરીશ. એ ભગવાન શિવ અમારી અને આપ લોકોની રક્ષાનો ભારે ભાર વારંવાર સ્વયં જ ગ્રહણ કરે. પ્ર નામ છે પ્રકૃતિથી ઉત્પન્ન સંસારરૂપી મહાસાગરનું. પ્રણવ એ વડે પાર કરવાને બીજી (નવ-નવી) નાવ છે. એટલા માટે આ ઓંકારને 'પ્રણવ'ની સંજ્ઞા અપાય છે. ૐકાર જે એનો જપ કરે છે તેવા સાધકોને જાણે કહે છે - પ્ર = પ્રપંચ ન = નથી, વઃ = તમારે માટે. તેથી જ આ ભાવને કેન્દ્રમાં રાખીને પણ જ્ઞાની પુરુષ 'ઓમ્' ને 'પ્રણવ' નામથી જાણે છે. બીજો ભાવ આ પ્રમાણે છે - પ્ર = પ્રકર્ષેણ, ન = નયતે, વઃ = યુષ્માન્ મોક્ષત્ ઇતિ વા પ્રણવઃ। અર્થાત્ આ તમારા જેવા સર્વ ઉપાસકોને બળપૂર્વક મોક્ષ સુધી પહોંચાડી દેશે.' આ જ અભિપ્રાયથી પણ એને ઋષિ-મુનિ 'પ્રણવ' કહે છે. પ્રણવનો જપ કરનારા યોગીઓના તથા મંત્રની પૂજા કરનાર ઉપાસકોનાં સમસ્ત કર્મોને નષ્ટ કરીને એ દિવ્ય નૂતન જ્ઞાન આપે છે, તેથી પણ એનું નામ પ્રણવ* છે. એ માયારહિત મહેશ્વરને જ નવ અર્થાત્ નૂતન કહે છે. તે પરમાત્મા પ્રકૃષ્ટરૂપે નવ એટલે શુદ્ધ સ્વરૂપ છે તેથી 'પ્રણવ' કહેવાય છે. પ્રણવ સાધકને નવ અર્થાત્ નવીન (શિવ સ્વરૂપ) કરી દે છે. એટલા માટે પણ વિદ્વાનો એને પ્રણવ નામથી જાણે છે અથવા પ્રકૃષ્ટ રૂપે નવ-દિવ્ય પરમાત્મા જ્ઞાન પ્રગટ કરે છે તેથી તે પ્રણવ છે.

પ્રણવના બે ભેદ બતાવેલા છે - સ્થૂળ અને સૂક્ષ્મ - એક અક્ષરરૂપ જે 'ઓમ્' છે એને સૂક્ષ્મ પ્રણવ જાણો અને 'નમઃ શિવાય' એ પાંચ અક્ષરવાળા મંત્રને સ્થૂળ પ્રણવ સમજવો જોઈએ. જેમાં પાંચ અક્ષર વ્યક્ત નથી તે સૂક્ષ્મ છે અને જેમાં પાંચેય અક્ષર સુસ્પષ્ટરૂપે વ્યક્ત છે તે સ્થૂળ છે. જીવનમુક્ત પુરુષને માટે સૂક્ષ્મ પ્રણવના જપનું વિધાન છે. એ જ એનાં સમસ્ત સાધનોનો

---

* પ્ર (કર્મક્ષયપૂર્વક) નવ (નૂતન જ્ઞાન આપનાર)

સાર છે. (જોકે જીવનમુક્તને માટે કોઈ સાધનની જરૂર જ નથી, કેમકે તે સિદ્ધરૂપ છે, તેમ છતાં બીજાની દૃષ્ટિમાં જ્યાં સુધી એનું શરીર રહે છે, ત્યાં સુધી તેના દ્વારા પ્રણવ - જપની સહજ સાધના સ્વતઃ થયા કરતી હોય છે). તે પોતાના દેહનો વિલય થવા સુધી સૂક્ષ્મ પ્રણવ મંત્રનો જપ કરતો રહે છે અને એ જપના અર્થભૂત પરમાત્મતત્ત્વનું અનુષ્ઠાન કરતો રહે છે. શરીર જ્યારે નષ્ટ થઈ જાય છે ત્યારે તે પૂર્ણ બ્રહ્મસ્વરૂપ શિવને મેળવી લે છે. એ સુનિશ્ચિત વાત છે. જો કોઈ અર્થનું અનુસંધાન કર્યા વગર કેવળ મંત્રનો જપ કરે છે, એને નિશ્ચય જ યોગની પ્રાપ્તિ થાય છે. જેણે છત્રીસ કરોડ જપ કરી લીધા હોય, તેને અવશ્ય જ યોગની પ્રાપ્તિ થઈ જાય છે. સૂક્ષ્મ પ્રણવનાં પણ બે રૂપ જાણવાં જોઈએ : હ્રસ્વ અને દીર્ઘ એમ બે ભેદ છે. અકાર, ઉકાર, મકાર, બિંદુ, નાદ, શબ્દ, કાલ અને કલા - આ સર્વથી યુક્ત જે પ્રણવ છે એને દીર્ઘ પ્રણવ કહે છે. તે યોગીઓના હૃદયમાં સ્થિત હોય છે. મકાર પર્યંત જે ઓમ્ છે, તે અ ઉ મ્ એ ત્રણ તત્ત્વોથી યુક્ત છે. એને જ 'હ્રસ્વ પ્રણવ' કહે છે. 'અ' શિવ છે, 'ઉ' શક્તિ છે અને મકાર એ બંનેની એકતા છે તે ત્રિતત્ત્વરૂપ છે, એવું સમજીને હ્રસ્વ પ્રણવનો જપ કરવો જોઈએ. જે પોતાનાં સમસ્ત પાપોનો ક્ષય ચાહે છે એમને માટે હ્રસ્વ પ્રણવનો જપ અત્યંત આવશ્યક છે.

પૃથ્વી, જળ, તેજ, વાયુ અને આકાશ-એ પાંચ ભૂત તથા શબ્દ, સ્પર્શ વગેરે એના પાંચ વિષયો - આ બધું મળીને દશ વસ્તુઓ મનુષ્યની કામનાનો વિષય છે. એની જ આશા મનમાં રાખીને જે લોકો કર્મોના અનુષ્ઠાનમાં સંલગ્ન રહે છે, તે દશ પ્રકારના પુરુષ પ્રવૃત્ત (અથવા પ્રવૃત્તિ માર્ગ) કહેવાય છે અને જે નિષ્કામભાવથી શાસ્ત્રવિહિત કર્મોનું અનુષ્ઠાન કરે છે તે નિવૃત્ત (અથવા નિવૃત્તિમાર્ગી) કહેવાયા છે. પ્રવૃત્ત પુરુષે હ્રસ્વ પ્રણવનો જ જપ કરવો જોઈએ અને નિવૃત્ત પુરુષોએ દીર્ઘ પ્રણવનો જપ કરવો જોઈએ. વ્યાહૃતિઓ અને અન્ય મંત્રો વગેરેમાં ઇચ્છા-અનુસાર શબ્દ અને કલાયુક્ત પ્રણવનો ઉચ્ચાર કરવો જોઈએ. વેદના આદિમાં અને બંને સંધ્યાની ઉપાસના સમયે પણ ઓંકારનું ઉચ્ચારણ કરવું જોઈએ.

પ્રણવના નવ કરોડ જપ કરવાથી મનુષ્ય શુદ્ધ થઈ જાય છે. ફરીથી નવ કરોડ જપ કરવાથી તે પૃથ્વી તત્ત્વ પર વિજય મેળવી લે છે. ત્યાર પછી ફરી નવ કરોડ જપ કરવાથી જળ-તત્ત્વને જીતી લે છે. ફરીથી નવ કરોડ જપથી અગ્નિ-તત્ત્વને જીતી શકે છે. ત્યાર પછીના નવ કરોડ જપ વાયુતત્ત્વ પર વિજય અપાવે છે. એ પછી નવ કરોડ જપ આકાશ તત્ત્વને જીતી લે છે, અધિકાર મેળવી લે છે. આ પ્રમાણે નવ નવ કરોડ જપ કરીને ક્રમશઃ ગંધ, રસ, રૂપ, સ્પર્શ અને શબ્દ પર વિજય મેળવી લે છે. એ પછી પુનઃ નવ કરોડ જપ કરીને અહંકારને જીતી લે છે. આ રીતે એકસો આઠ કરોડ જપ કરીને ઉત્કૃષ્ટ બોધને પ્રાપ્ત કરી લેનાર માણસ શુદ્ધ યોગનો લાભ લે છે. શુદ્ધ યોગથી જીવનમુક્ત થવાય છે એમાં શંકા નથી સદા પ્રણવ-જપ અને શિવધ્યાન કરીને સમાધિસ્થ

થયેલ મહાયોગી સાક્ષાત્ શિવ જ છે તેમાં શંકા નથી. પહેલાં પોતાના શરીરમાં પ્રણવના ઋષિ છંદ અને દેવતા વગેરે ન્યાસ કરીને જપનો આરંભ કરવો જોઈએ. અકાર આદિ માતૃકા વર્ણોથી યુક્ત પ્રણવનો પોતાનાં અંગોમાં ન્યાસ કરીને મનુષ્ય ઋષિ થઈ જાય છે. મંત્રોના દશવિધ-સંસ્કાર,[1] માતૃકાન્યાસ તથા ષડધ્વશોધન[2] વગેરેની સાથે સંપૂર્ણ ન્યાસફળ એને પ્રાપ્ત થઈ જાય છે. પ્રવૃત્તિ તથા પ્રવૃત્તિ-નિવૃત્તિથી નિશ્ચિત ભાવવાળા પુરુષો માટે સ્થૂળ પ્રણવનો જપ જ અભીષ્ટ સાધક હોય છે. ક્રિયા, તપ અને જપના યોગથી શિવયોગી

---

૧. મંત્રોના દશ સંસ્કાર આ છે : જનન, દીપન, બોધન, તાડન, અભિષેચન, વિમલીકરણ, જીવન, તર્પણ, ગોપન અને આપ્યાયન. એમની વિધિ આ પ્રકારની છે -

ભોજનાપત્ર પર ગોરોચન, કંકુ, ચંદન વગેરેથી આત્માભિમુખ ત્રિકોણ લખો, પછી ત્રણે કોણોમાં છ છ સમાન રેખાઓ કરો. આવું કરવાથી ૪૯ ત્રિકોણ કોષ્ઠ બનશે. એમાં ઈશાનકોણથી માતૃકાવર્ણ લખીને દેવતાનું આવાહન-પૂજન કરીને મંત્રનો એક એક વર્ણ ઉચ્ચરિત કરીને અલગ પત્ર પર લખો. આવું કરવાથી 'જનન' નામનો પ્રથમ સંસ્કાર થશે.

હંસમંત્રનો સંપુટ કરવાથી એક હજાર જપ દ્વારા મંત્રનો બીજો 'દીપન' સંસ્કાર થાય છે. જેમકે હંસઃ રામાય નમઃ સોઽહમ્!

હૂઁ-બીજ-સંપુટિત મંત્રના પાંચ હજાર જપ કરવાથી 'બોધન' નામનો ત્રીજો સંસ્કાર થાય છે. જેમકે, હૂઁ રામાય નમઃ હૂઁ!

ફટ્ સંપુટિત મંત્રનો એકહજાર વાર જપ કરવાથી 'તાડન' નામનો ચોથો સંસ્કાર થાય છે. જેમકે, ફટ્ રામાય નમઃ ફટ્!

ભૂર્જપત્ર પર મંત્ર લખીને 'રોં હંસઃ ઓં' આ મંત્રથી જળને અભિમંત્રિત કરો અને એ અભિમંત્રિત જળથી અશ્વત્થપત્રાદિ (પીપળાના પાનથી) દ્વારા મંત્રનો અભિષેક કરો. આવું કરવાથી 'અભિષેક' નામનો પાંચમો સંસ્કાર થાય છે.

'ઓં ત્રોં વષટ્' આ વર્ણોથી સંપુટિત મંત્રના એકહજાર જપ કરવાથી 'વિમલીકરણ' નામનો છઠ્ઠો સંસ્કાર થાય છે. જેમકે, ઓં ત્રોં વષટ્ રામાય નમઃ વષટ્ ત્રોં ઓં!

સ્વધા-વષટ્-સંપુટિત મૂળ મંત્રના એકહજાર જપ કરવાથી 'જીવન' નામનો સાતમો સંસ્કાર થાય છે, જેમકે, સ્વધા વષટ્ રામાય નમઃ વષટ્ સ્વધા -

દૂધ, જળ અને ઘી દ્વારા મૂળ મંત્રથી સો વાર તર્પણ કરવું એ 'તર્પણ' સંસ્કાર છે.

હ્રૌં - બીજ - સંપુટિત એક હજાર જપ કરવાથી 'ગોપન' નામનો નવમો સંસ્કાર થાય છે જેમકે, હ્રૌં રામાય નમઃ હ્રૌં.

હ્રૌં-બીજ-સંપુટિત એક હજાર જપ કરવાથી 'આપ્યાયન' નામનો દશમો સંસ્કાર થાય છે, જેમકે, હ્રૌં રામાયનમઃ હ્રૌં ૧૦૦૦.

આ રીતે સંસ્કૃત કરેલો મંત્ર શીઘ્ર જ સિદ્ધિપ્રદ થાય છે.

૨. ષડ્ધ-શોધનનું કાર્ય હૌત્રી દીક્ષામાં અંતર્ગત છે. એમાં પહેલાં કુંડમાં અથવા વેદી પર અગ્નિસ્થાપન થાય છે. ત્યાં ષડ્ધાનું શોધન કરીને હોમથી જ દીક્ષા સંપન્ન થાય છે. વિસ્તાર-ભયથી અધિક વિવરણ આપવામાં આવતું નથી -

ત્રણ પ્રકારના હોય છે : જે ક્રમશઃ ક્રિયોયોગી, તપોયોગી અને જપ યોગી કહેવાય છે. જે ધન વગેરે વૈભવથી પૂજા સામગ્રીને એકઠી કરીને હાથ વગેરે અંગોથી નમસ્કાર વગેરે ક્રિયા કરીને ઇષ્ટદેવની પૂજામાં લાગ્યો રહે છે, તે 'ક્રિયાયોગી' કહેવાય છે. પૂજામાં સંલગ્ન રહીને જે પરિમિત ભોજન કરીને, બાહ્ય ઇન્દ્રિયોને જીતીને-વશમાં કરીને રહે છે અને મનને પણ વશમાં કરી લે અને પરદ્રોહથી દૂર રહે છે તે 'તપોયોગી' કહેવાય છે. આ સર્વ સદ્‌ગુણોથી યુક્ત થઈને જે સદાયે શુદ્ધ ભાવથી રહે છે અને સમસ્ત કામ વગેરે દોષોથી રહિત થઈને શાંત ચિત્તે નિરંતર જપ કર્યા કરે છે એને મહાત્મા પુરુષો 'જપયોગી' માને છે. જે મનુષ્ય સોળ પ્રકારના ઉપચારોથી શિવયોગી મહાત્માઓની પૂજા કરે છે, તે શુદ્ધ થઈને સાલોક્ય વગેરેના ક્રમથી ઉત્તરોત્તર ઉત્કૃષ્ટ મુક્તિને પ્રાપ્ત કરી લે છે.

હે દ્વિજો! હવે હું જપયોગનું વર્ણન કરું છું. તમે ધ્યાનથી સાંભળો. તપસ્યા કરનાર માટે જપનો ઉપદેશ કરવામાં આવ્યો છે, કેમકે તે જપ કરતાં કરતાં સ્વયંને સર્વથા શુદ્ધ (નિષ્પાપ) કરી લે છે. હે બ્રાહ્મણો! પહેલાં 'નમઃ' પદ હોય, એ પછી ચોથી વિભક્તિમાં શિવ શબ્દ હોય તો પંચતત્ત્વાત્મક 'નમઃ શિવાય' મંત્ર થાય છે. આને જ 'શિવ-પંચાક્ષર' કહે છે. આ સ્થૂળ પ્રણવરૂપ છે. આ પંચાક્ષરના જપથી જ મનુષ્ય સંપૂર્ણ સિદ્ધિઓને પ્રાપ્ત કરી લે છે. પંચાક્ષર મંત્રની આગળ ઓંકાર લગાડીને જ સદા એનો જપ કરવો જોઈએ. હે દ્વિજો, ગુરુમુખે પંચાક્ષરમંત્રનો ઉપદેશ પામીને જ્યાં સુખપૂર્વક નિવાસ થઈ શકે એવી ઉત્તમ ભૂમિ પર મહિનાનો પૂર્વપક્ષ (શુક્લ)માં (પ્રતિપદા-એકમથી) આરંભ કરીને વદ પક્ષની ચૌદશ સુધી નિરંતર જપ કરતા રહેવું જોઈએ. માઘ અને ભાદરવાના મહિનાનું પોતાનું વિશિષ્ટ મહત્ત્વ હોય છે. આ સમય સર્વ સમયમાં ઉત્તમ મનાયો છે. સાધક માટે એ જરૂરી છે કે તે દરરોજ એક વાર પરિમિત ખોરાક લે, મૌન પાળે, ઇન્દ્રિયોને વશમાં રાખે, પોતાના સ્વામી અને માતા-પિતાની નિત્ય સેવા કરે. આવા નિયમમાં રહીને જપ કરનારો એકલજાર જપથી જ શુદ્ધ થઈ જાય છે, નહિતર એ ઋણી થાય છે. ભગવાન શિવનું નિરંતર ચિંતન કરતાં કરતાં પંચાક્ષર મંત્રના પાંચ લાખ જપ કરે. જપ કાળમાં આ પ્રકારે ધ્યાન કરે. કલ્યાણદાતા ભગવાન શિવ કમળના આસન પર બિરાજમાન છે. એમનું મસ્તક શ્રીગંગાજી તથા ચંદ્રની કલાથી સુશોભિત છે. એમની ડાબી જાંઘ પર આદિશક્તિ ભગવતી ઉમા બેઠાં છે. ત્યાં ઊભેલા મોટા મોટા ગણ ભગવાન શિવની શોભા વધારે છે. મહાદેવજી પોતાના ચારે હાથમાં મૃગમુદ્રા, ટંક તથા વર અને અભય મુદ્રા ધારણ કરે છે. આ રીતે સદા સર્વ પર અનુગ્રહ કરનાર ભગવાન સદાશિવનું વારંવાર સ્મરણ કરતાં હૃદય અથવા સૂર્યમંડળમાં એમની માનસિક પૂજા કરીને પુનઃ પૂર્વાભિમુખ થઈને પૂર્વોક્ત પંચાક્ષરી વિદ્યાનો જપ કરે. એ દિવસોમાં સાધક સદા શુદ્ધ કર્મ જ કરે (અને દુષ્કર્મથી બચે.) જપની સમાપ્તિને દિવસે કૃષ્ણપક્ષની ચૌદશે પ્રાતઃકાળે નિત્ય-કર્મ કરીને શુદ્ધ અને સુંદર સ્થાનમાં શૌચ-સંતોષ વગેરે નિયમોથી યુક્ત થઈને શુદ્ધ હૃદયથી પંચાક્ષર-મંત્રના બાર હજાર જપ કરે. ત્યાર પછી પાંચ સપત્નીક બ્રાહ્મણોને - જે શ્રેષ્ઠ શિવભક્ત હોય તેમને નીમે, વરણ કરે. એમના ઉપરાંત એક શ્રેષ્ઠ આચાર્ય પ્રવરને પણ નિમણૂક આપે અ

એમને સામ્બ સદાશિવનું સ્વરૂપ જ સમજે. ઈશાન, તત્પુરુષ, અઘોર, વામદેવ અને સદ્યોજાત - આ પાંચેના - પ્રતીક સ્વરૂપ પાંચ જ શ્રેષ્ઠ અને શિવભક્ત બ્રાહ્મણોની વરણી કરીને પછી પૂજન-સામગ્રીને એકત્ર કરીને ભગવાન શિવના પૂજનનો આરંભ કરે. વિધિપૂર્વક શિવની પૂજા સંપન્ન કરીને હોમનો આરંભ કરે.

પોતાના ગૃહ્યસૂત્ર પ્રમાણે સુખાંત કર્મ કરીને એટલે કે પરિસમૂહન, ઉપલેપન, ઉલ્લેખન, મૃદ્-ઉદ્ધરણ અને અભ્યુક્ષણ - આ પાંચ ભૂ-સંસ્કારો કર્યા પછી વેદી પર સ્વાભિમુખ અગ્નિને સ્થાપિત કરીને કુશકંડિકાની પછી પ્રજ્વલિત અગ્નિમાં આજ્યભાગાન્ત આહુતિ આપીને પ્રસ્તુત હોમના કાર્યનો આરંભ કરે. કપિલા ગાયના ઘીથી અગિયાર, એક સો એક અથવા એક હજાર એક આહુતિઓ સ્વયં આપે અથવા વિદ્વાન પુરુષ શિવભક્ત બ્રાહ્મણો પાસે એક સો આઠ આહુતિઓ અપાવે. હોમ કર્મ સમાપ્ત થયા પછી ગુરુને દક્ષિણારૂપે એક ગાય અને બળદ આપવાં જોઈએ. ઈશાન વગેરેના પ્રતીકરૂપે જે પાંચ બ્રાહ્મણોનું વરણ કર્યું હોય એમને ઈશાન આદિનું જ સ્વરૂપ જાણવું જોઈએ તથા આચાર્યને સામ્બ સદાશિવનું જ સ્વરૂપ માનો. આ જ ભાવનાથી એ સર્વેનાં ચરણ પખાળવાં જોઈએ અને ચરણોદક માથે મૂકવું જોઈએ. આવું કરવાથી તે સાધકને અગણિત તીર્થોમાં તત્કાળ સ્નાન કર્યાનું ફળ મળી જાય છે. એ બ્રાહ્મણોને ભક્તિપૂર્વક દશાંશ અન્ન પણ આપવું જોઈએ. ગુરુપત્નીને પરાશક્તિ માનીને એમનું પણ પૂજન કરવું જોઈએ. ઈશાન-આદિ ક્રમથી એ સર્વ બ્રાહ્મણોને ઉત્તમ અન્નથી પૂજન કરીને સ્વયંના વૈભવ-વિસ્તારને અનુરૂપ રુદ્રાક્ષ, વસ્ત્ર, વડાં અને માલપૂઆ વગેરે અર્પિત કરવાં જોઈએ. ત્યાર પછી દિક્પાલાદિકને બલિ આપીને બ્રાહ્મણોને ભરપૂર ભોજન કરાવવું જોઈએ. એ પછી દેવેશ્વર શિવજી પ્રાર્થના કરીને પોતાના જપ સમાપ્ત કરે. આ રીતે પુરશ્ચરણ કરીને મનુષ્ય એ મંત્રને સિદ્ધ કરી લે છે. પછી પાંચ લાખ જપ કરવાથી અતલથી માંડીને સત્યલોક સુધીના ચૌદ ભુવનો પર ક્રમશઃ અધિકાર પ્રાપ્ત થઈ જાય છે.

જો અનુષ્ઠાન પૂર્ણ થતાં પહેલાં જ વચમાં સાધકનું મરણ થાય તો તે પરલોકમાં ઉત્તમ ભોગ ભોગવીને તે પછી પુનઃ પૃથ્વી પર જન્મ લઈને પંચાક્ષર-મંત્રના જપનું અનુષ્ઠાન કરે છે. સમસ્ત લોકોનું ઐશ્વર્ય પામ્યા પછી તે મંત્રને સિદ્ધ કરનાર પુરુષ જો ફરીથી પાંચ લાખ જપ કરે તો એને બ્રહ્માજીનું સામીપ્ય પ્રાપ્ત થાય છે. ફરીથી જો પાંચ લાખ જપ કરે તો સારૂપ્ય નામનું ઐશ્વર્ય મેળવે છે. સો લાખ જપ કરવાથી તે સાક્ષાત્ બ્રહ્મા-સમાન થઈ જાય છે. આ રીતે કાર્ય-બ્રહ્મ (હિરણ્ય-ગર્ભ)નું સાયુજ્ય પ્રાપ્ત કરીને તે એ બ્રહ્માના પ્રલય સુધી તે લોકમાં યથેષ્ટ ભોગ ભોગવતો રહે છે. પછી બીજા કલ્પના આરંભે તે બ્રહ્માજીનો પુત્ર બને છે. એ વખતે પુન તપ કરીને દિવ્ય તેજથી પ્રકાશિત થઈને તે ક્રમશઃ મુક્ત થઈ જાય છે. પૃથ્વી વગેરે કાર્યસ્વરૂપ ભૂતો દ્વારા પાતાલથી લઈને સત્યલોકપર્યંત બ્રહ્માજીના ચૌદ લોક ક્રમશઃ નિર્મિત થયા છે. સત્યલોકથી ઉપર ક્ષમાલોક જે ચૌદ ભુવન છે તે ભગવાન વિષ્ણુના લોક છે. ક્ષમાલોકથી ઉપર રુચિલોક સુધી અઠ્ઠાવીસ ભુવન સ્થિત છે. શુચિલોકની અંતર્ગત - કૈલાસમાં પ્રાણીઓના સંહાર કરનાર રુદ્ર-દેવ

બિરાજમાન છે. શુચિલોકની ઉપર અહિંસાલોક સુધી છપ્પન ભુવનોની સ્થિતિ છે. અહિંસાલોકનો આશ્રય લઈને જે જ્ઞાન-કૈલાસ નામક નગર શોભી રહ્યું છે તેમાં કાર્યભૂત મહેશ્વર સર્વને અદૃશ્ય કરીને રહે છે. અહિંસાલોકના અંતમાં કાલચક્રની સ્થિતિ છે. અહીં સુધી મહેશ્વરના વિરાટ-સ્વરૂપનું વર્ણન કરવામાં આવ્યું છે. ત્યાં સુધી જ લોકોનું તિરોધાન અથવા લય થાય છે. એથી નીચે કર્મોનો ભોગ છે અને એનાથી ઉપર જ્ઞાનનો ભોગ છે. એની નીચે કર્મમાયા છે અને એની ઉપર જ્ઞાનમાયા છે.

(હવે હું કર્મમાયા અને જ્ઞાનમાયાનું તાત્પર્ય બનાવી રહ્યો છું -) 'મા'નો અર્થ છે લક્ષ્મી. એનાથી કર્મભોગ યાન-પ્રાપ્ત થાય છે તેથી એને માયા અથવા કર્મમાયા કહેવાય છે. આ રીતે મા અર્થાત્ લક્ષ્મીથી જ્ઞાનભોગ યાન-અર્થાત્ પ્રાપ્ત થાય છે. તેથી એને માયા અથવા જ્ઞાનમાયા કહેવાય છે. ઉપર્યુક્ત સીમાથી નીચે નશ્વર ભોગ છે અને ઉપર નિત્ય ભોગ છે. એનાથી પણ નીચે જ તિરોધાન અથવા લય છે, ઉપર નહીં. ત્યાંથી પણ નીચે જ કર્મમય પાશો દ્વારા બંધન થાય છે. ઉપર બંધનનો સદા અભાવ છે. એનાથી નીચે જ જીવ સકામ કર્મોનું અનુસરણ કરતાં કરતાં વિભિન્ન લોકો અને યોનિઓમાં ફર્યા કરે છે, ચક્રની જેમ. એનાથી ઉપરના લોકોમાં નિષ્કામ કર્મનો જ ભોગ બતાવાયો છે. બિંદુપૂજામાં તત્પર રહેનાર ઉપાસક ત્યાંથી નીચેના લોકોમાં જ ચક્કર માર્યા કરે છે. એનાથી પણ ઉપર તો નિષ્કામભાવથી શિવલિંગની પૂજા કરનાર ઉપાસકો જાય છે. જેઓ એકમાત્ર શિવની જ ઉપાસનામાં તત્પર છે, તે એનાથી પણ ઉપરના લોકોમાં જાય છે. ત્યાંથી નીચે જીવકોટિ છે, ઉપર ઈશ્વરકોટિ છે. નીચે સંસારી જીવ રહે છે અને ઉપર મુક્ત પુરુષો રહે છે. નીચે કર્મલોક છે અને ઉપર જ્ઞાનલોક છે. ઉપર મદ અને અહંકારનો નાશ કરનારી નમ્રતા છે, ત્યાં જન્મજનિત તિરોધાન નથી. એનું નિવારણ કર્યા વગર ત્યાં કોઈનો પ્રવેશ સંભવતો નથી. આ રીતે તિરોધાન નિવારણ થતાં ત્યાં જ્ઞાન શબ્દનો અર્થ જ પ્રકાશિત થાય છે. આધિભૌતિક પૂજા કરનાર લોકો એથી પણ નીચેના લોકોના ચક્કર કાપે છે. જે આધ્યાત્મિક ઉપાસના કરનારા છે તે જ આથી પણ ઉપર જાય છે.

જે સત્ય-અહિંસા વગેરે ધર્મોથી યુક્ત થઈને ભગવાન શિવના પૂજનમાં તત્પર રહે છે તે કાલચક્રને પાર કરી જાય છે. કાલચક્રેશ્વરની સીમા સુધી જે વિરાટ મહેશ્વર લોક બતાવાયો છે એની ઉપર વૃષભના આકારમાં ધર્મની સ્થિતિ છે. તે બ્રહ્મચર્યનું મૂર્તિમાન રૂપ છે. એના ચા પાદ છે : સત્ય, શૌચ, અહિંસા અને દયા. તે સાક્ષાત્ શિવલોકના દ્વાર પર ઊભો છે. ક્ષમા એનાં શિંગડાં છે, શમ એના કાન છે. તે વેદધ્વનિરૂપ શબ્દથી વિભૂષિત છે. આસ્તિકતા એનાં બે નેત્રો છે, વિશ્વાસ જ એની શ્રેષ્ઠ બુદ્ધિ અને મન છે. ક્રિયા વગેરે ધર્મરૂપી જ વૃષભ છે તે આદિકારણમાં સ્થિત છે, એવું જાણવું જોઈએ. એ ક્રિયારૂપ વૃષભાકાર ધર્મ ઉપર કાલાતીત શિવ આરૂઢ હોય છે. બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ્વરની જે પોતાની આયુષ્ય મર્યાદા હોય છે એને જ દિવસ કહે છે. જ્યાં ધર્મરૂપી વૃષભની સ્થિતિ છે, એથી ઉપર નથી તો દિવસ કે નથી તો રાત. ત્યાં જન્મ-મરણ વગેરે પણ નથી. ત્યાં ફરીથી કારણસ્વરૂપ બ્રહ્માના કારણ સત્યલોકપર્યંત

ચૌદ લોક સ્થિત છે અને તે પાંચ ભૌતિક ગંધ વગેરેથી પર છે. એમની સનાતન સ્થિતિ છે. સૂક્ષ્મ ગંધ જ એમનું સ્વરૂપ છે. એમનાથી ઉપર પુનઃ કારણરૂપ વિષ્ણુના ચૌદ લોક સ્થિત છે. એથી પણ ઉપર કારણરૂપી રુદ્રના અઠ્ઠાવીસ લોકોની સ્થિતિ માનવામાં આવે છે. એથી પણ ઉપર કારણેશ શિવના છપ્પન લોક વિદ્યમાન છે. ત્યાર પછી શિવસમ્મત બ્રહ્મચર્યલોક છે અને ત્યાં જ પંચ-આવરણયુક્ત જ્ઞાનમય કૈલાસ છે. જ્યાં પાંચ મંડળો, પાંચ બ્રહ્મકલાઓ અને આદિ-શક્તિથી સંયુક્ત આદિલિંગ પ્રતિષ્ઠિત છે. એને પરમાત્મા શિવનું શિવાલય કહેવાયું છે. ત્યાં જ પરાશક્તિથી યુક્ત પરમેશ્વર શિવ નિવાસ કરે છે. તે સૃષ્ટિ, પાલન, સંહાર, તિરોભાવ અને અનુગ્રહ - એ પાંચ કૃત્યોમાં પ્રવીણ છે. એમનો શ્રીવિગ્રહ સચ્ચિદાનંદસ્વરૂપ છે. તે સદા ધ્યાનરૂપી ધર્મમાં જ સ્થિત રહે છે અને સદા બધાં પર અનુગ્રહ કર્યા કરે છે. તે સ્વાત્મારામ છે. સમાધિરૂપી આસન પર બેસીને નિત્ય શોભાયમાન રહે છે. કર્મ અને ધ્યાન વગેરેનું અનુષ્ઠાન કરવાથી ક્રમશઃ સાધન-પથ પર આગળ વધાય છે અને એમનું દર્શન સાધ્ય બની જાય છે. નિત્ય-નૈમિતિક વગેરે કર્મો દ્વારા દેવતાઓનું યજન કરવાથી ભગવાન શિવના સમારાધનકર્મમાં મન લાગી જાય છે. ક્રિયા વગેરે જે શિવસંબંધી કર્મ છે એ દ્વારા શિવજ્ઞાન સિદ્ધ કરો. જેમણે શિવતત્ત્વનો સાક્ષાત્કાર કરી લીધો છે અથવા જેના પર શિવની કૃપાદૃષ્ટિ પડી ચૂકી છે, તે બધા મુક્ત જ છે, એમાં સંશય નથી. જે આત્મસ્વરૂપે સ્થિત છે, એ જ મુક્ત છે. એક માત્ર સ્વયંના આત્મામાં જ રમણ અથવા આનંદનો અનુભવ કરવો એ જ મુક્તિનું સ્વરૂપ છે. જે પુરુષ ક્રિયા જપ, તપ, જ્ઞાન અને ધ્યાનરૂપી ધર્મોમાં સારી રીતે સ્થિત છે તે શિવ સાક્ષાત્કાર કરીને સ્વાત્મારામત્વરૂપ મોક્ષને પણ પ્રાપ્ત કરી લે છે. જેવી રીતે સૂર્યદેવ પોતાનાં કિરણોથી અશુદ્ધિને દૂર કરી દે છે, એવી જ રીતે કૃપા કરવામાં કુશળ ભગવાન શિવ પોતાના ભક્તોનું અજ્ઞાન સમાપ્ત કરી દે છે. અજ્ઞાનની નિવૃત્તિ થઈ જતાં, શિવજ્ઞાન સ્વતઃ પ્રગટ થાય છે, શિવજ્ઞાનથી પોતાનું વિશુદ્ધ સ્વરૂપ આત્મારામત્વ પ્રાપ્ત થઈ જાય છે અને આત્મરામત્વની સમ્યક્ સિદ્ધિ થવાથી મનુષ્ય કૃતકૃત્ય થઈ જાય છે.

આ પ્રમાણે અહીં જે કાંઈ બતાવ્યું છે તે પહેલાં મને ગુરુપરંપરાથી પ્રાપ્ત થયું હતું. ત્યાર પછી મેં પુનઃ નંદીશ્વરના મુખે આ વિષય સાંભળ્યો હતો. નંદીસ્થાનથી પર જે સ્વસંવેદ્ય શિવ-વૈભવ છે, એનો અનુભવ કેવળ ભગવાન શિવને જ છે. સાક્ષાત્ શિવલોકના એ વૈભવનું જ્ઞાન સૌને શિવકૃપાથી થઈ શકે છે. નહિતર નહીં, એવું આસ્તિક પુરુષોનું કથન છે.

સાધક માટે જરૂરી છે કે એ પાંચ લાખ જપ કર્યા પણ ભગવાન શિવની પ્રસન્નતા માટે મહા-અભિષેક અને નૈવેદ્યનું નિવેદન કરે, શિવભક્તોનું પૂજન કરે. ભક્તની પૂજાથી ભગવાન શિવ બહુ પ્રસન્ન થાય છે. શિવ અને એમના ભક્તોમાં કોઈ ભેદ નથી. તેઓ સાક્ષાત્ શિવસ્વરૂપ જ છે. શિવસ્વરૂપ મંત્રને ધારણ કરીને તે શિવ જ થઈ જતો હોય છે. શિવભક્તનું શરીર શિવરૂપ જ છે. તેથી એમની સેવામાં તત્પર રહેવું જોઈએ. જે શિવભક્ત છે, એ લોક અને વેદની બધી ક્રિયાઓને જાણે છે. જે ક્રમશઃ જેટલો જેટલો શિવમંત્રનો જપ કરી લે છે, એના

શરીરને એટલો શિવજીનો નિકટ નિવાસ પ્રાપ્ત થઈ જાય છે, એમાં સંશય નથી. શિવભક્ત-સ્ત્રીનું રૂપ દેવી પાર્વતીનું જ સ્વરૂપ છે. તે જેટલા મંત્રનો જપ કરતી જાય એને એટલું જ દેવીનું સાંનિધ્ય પ્રાપ્ત થાય છે. સાધક સ્વયં શિવસ્વરૂપ થઈને પરાશક્તિનું પૂજન કરે. શક્તિ, વેર (મૂર્તિ) અને લિંગનું ચિત્ર બનાવીને અથવા માટી વગેરેથી એમની આકૃતિનું નિર્માણ કરીને પ્રાણપ્રતિષ્ઠાપૂર્વક નિષ્કપટ ભાવથી એમનું પૂજન કરે. શિવલિંગને શિવ જાણીને, સ્વયંને શક્તિ સ્વરૂપ સમજીને, શક્તિલિંગને દેવી માનીને અને સ્વયંને શિવસ્વરૂપ અનુભવીને, શિવલિંગને નાદરૂપ તથા શક્તિને બિંદુરૂપ માનીને પરસ્પર જોડાયેલાં શક્તિલિંગ અને શિવલિંગ પ્રત્યે ઉપપ્રધાન અને પ્રધાનની ભાવના કરીને જે શિવ અને શક્તિનું પૂજન કરે છે, તે મૂળ રૂપની ભાવના કરવાના કારણે શિવસ્વરૂપ જ છે. જે ષોડશોપચાર પૂજા કરે છે, એને ઇચ્છિત વસ્તુની પ્રાપ્તિ થાય છે. જે શિવલિંગ - ઉપાસક શિવભક્તની સેવા વગેરે કરે છે અને એને આનંદ આપે છે, એવા વિદ્વાન પર શિવ ખૂબ પ્રસન્ન થાય છે. પાંચ, દશ અથવા સો પત્ની સહિત શિવભક્તોને બોલાવીને ભોજન વગેરેથી પત્ની સહિત એમનો સમાદર કરે છે તે ધન્ય છે. ધનમાં દેહમાં અને મંત્રમાં શિવભાવના રાખીને એમને શિવ અને શક્તિનું સ્વરૂપ જાણીને નિષ્કપટ ભાવથી પૂજા કરવી જોઈએ. આવું કરનાર પુરુષ આ ધરતી પર પુનઃ જન્મ લેતો નથી.

(અધ્યાય ૧૭)

*

બંધન અને મોક્ષનું વિવેચન, શિવપૂજાનો ઉપદેશ, લિંગ વગેરેમાં શિવ-પૂજનનું વિધાન, ભસ્મના સ્વરૂપનું નિરૂપણ અને મહત્ત્વ, શિવ અને ગુરુ શબ્દની વ્યુત્પત્તિ તથા શિવજી ભસ્મ ધારણ કરે છે તેનું રહસ્ય

ઋષિ બોલ્યા—હે સર્વજ્ઞોમાં શ્રેષ્ઠ સૂતજી! બંધન અને મોક્ષનું સ્વરૂપ શું છે? એ અમને બતાવો.

સૂતજી બોલ્યા—હે મહર્ષિઓ! હું બંધન અને મોક્ષનું સ્વરૂપ તથા મોક્ષના ઉપાયનું વર્ણન કરીશ - તમે આદરપૂર્વક સાંભળો. જે પ્રકૃતિ વગેરે આઠ બંધનોથી બંધાયેલો છે તે જીવ બદ્ધ કહેવાય છે અને જે આઠોથી છુટ્ટો છે, તે મુક્ત છે. પ્રકૃતિ વગેરેને વશમાં કરી લેવી તે મોક્ષ કહેવાય છે. બંધન આગંતુક છે અને મોક્ષ સ્વતઃ સિદ્ધ છે. બદ્ધ જીવ જ્યારે બંધનથી છૂટી જાય છે ત્યારે એને મુક્તજીવ કહે છે. પ્રકૃતિ, બુદ્ધિ (મહત્તત્ત્વ), ત્રિગુણાત્મક અહંકાર અને પાંચ તન્માત્રાઓ - આટલાંને જ્ઞાની પુરુષ પ્રકૃતિ-આદિ અષ્ટક માને છે. પ્રકૃતિ વગેરે આઠ તત્ત્વોના સમૂહથી દેહની ઉત્પત્તિ થઈ છે. દેહથી કર્મ ઉત્પન્ન થાય છે અને કર્મથી પુનઃ નૂતન દેહની ઉત્પત્તિ થાય છે. આ રીતે વારંવાર જન્મ અને કર્મ થયા જ કરે છે. શરીરને સ્થૂળ, સૂક્ષ્મ અને કારણના ભેદને લીધે ત્રણ પ્રકારનું જાણવું

જોઈએ. સ્થૂળ શરીર (જાગ્રત અવસ્થામાં) વ્યાપાર કરનાર, સૂક્ષ્મ શરીર (જાગ્રત અને સ્વપ્ન અવસ્થાઓમાં ઇન્દ્રિય-ભોગ પ્રદાન કરનાર તથા કારણ શરીર (સુષુપ્તિ-અવસ્થામાં) આત્માનંદની અનુભૂતિ કરાવનાર કહેવાયું છે. જીવને એના પ્રારબ્ધ કર્મ અનુસાર સુખદુઃખ પ્રાપ્ત થયા કરે છે. તે પોતાનાં પુણ્યકર્મોના ફળરૂપે સુખ અને પાપકર્મોના ફળરૂપે દુઃખનો ઉપભોગ કરે છે. તેથી કર્મપાશમાં બદ્ધ જીવ પોતા ના ત્રિવિધ શરીરથી થનાર શુભાશુભ કર્મો દ્વારા સદા ચક્રની જેમ વારંવાર ફર્યા જ કરે છે. આ ચક્રવત્ ભ્રમણની નિવૃત્તિ માટે ચક્રકર્તાનું સ્તવન અને આરાધન કરવું જોઈએ. પ્રકૃતિ આદિ જે આઠ પાશ બતાવ્યા છે એમનો સમુદાય જ મહાચક્ર છે અને જે પ્રકૃતિથી પર છે, તે પરમાત્મા શિવ છે. ભગવાન મહેશ્વર જ પ્રકૃતિ આદિ મહાચક્રના કર્તા છે; કેમકે તે પ્રકૃતિથી પર છે. જેવી રીતે બકાયન નામનું વૃક્ષ હોય છે એનું થડ-થાળું જળને પીએ પણ છે અને બહાર કાઢે, આંકે પણ છે, એવી રીતે શિવ પ્રકૃતિ વગેરેને પોતાના વશમાં કરીને એમા ઉપર શાસન પણ કરે છે. એમણે સૌને વશ કરી લીધાં છે, તેથી તે શિવ કહેવાયા છે. શિવ જ સર્વજ્ઞ, પરિપૂર્ણ તથા નિઃસ્પૃહ છે. સર્વજ્ઞતા, તૃપ્તિ, અનાદિબોધ, સ્વતંત્રતા, નિત્ય અલુપ્ત શક્તિથી યુક્ત થઈને પોતાની અંદર અનંત શક્તિઓને ધારણ કરવી - મહેશ્વરનાં આ છ પ્રકારનાં માનસિક ઐશ્વર્યોને કેવળ વેદ જ જાણે છે. તેથી ભગવાન શિવના અનુગ્રહથી જ પ્રકૃતિ આદિ આઠે તત્ત્વ વશમાં હોય છે. ભગવાન શિવનો કૃપા-પ્રસાદ પ્રાપ્ત કરવા માટે એમનું પૂજન કરવું જોઈએ.

જો કોઈ કહે - શિવ તો પરિપૂર્ણ છે, નિઃસ્પૃહ છે; એમની પૂજા કેવી રીતે થઈ શકે? તો એનો ઉત્તર એ છે કે ભગવાન શિવને કેન્દ્રમાં રાખીને - એમની પ્રસન્નતા માટે કરેલાં કર્મો - સત્કર્મો એમના કૃપા પ્રસાદને પ્રાપ્ત કરાવી આપે છે. શિવ-લિંગમાં, શિવની પ્રતિમાનાં તથા શિવભક્તજનોમાં શિવની ભાવના કરીને એમની પ્રસન્નતા માટે પૂજા કરવી જોઈએ. એ પૂજન શરીરથી, મનથી, વાણીથી અને ધનથી પણ કરી શકાય છે. એ પૂજાથી મહેશ્વર શિવ, જે પ્રકૃતિથી પર છે, પૂજક પર વિશેષ કૃપા કરે છે અને એમનો કૃપા-પ્રસાદ સત્ય હોય છે. શિવની કૃપાથી કર્મ વગેરે બધાં બંધન સ્વયંના વશમાં આવી જાય છે. કર્મથી માંડીને પ્રકૃતિ પર્યંત બધું જ જ્યારે વશમાં આવી જાય છે ત્યારે એ જીવ મુક્ત કહેવાય છે અને સ્વાત્મારામરૂપે બિરાજમાન થાય છે. પરમેશ્વર શિવની કૃપાથી જ્યારે કર્મજનિત શરીર પોતાના વશમાં થઈ જાય છે ત્યારે એ ભગવાન શિવના લોકમાં નિવાસ કરવાનું સૌભાગ્ય પ્રાપ્ત કરે છે. આને જ સાલોક્ય-મુક્તિ કહે છે. જ્યારે તન્માત્રાઓ વશમાં થઈ જાય છે, ત્યારે જીવ જગદંબાસહિત શિવસામીપ્ય પ્રાપ્ત કરી લે છે. આ સામીપ્ય મુક્તિ છે, એનાં આયુધ વગેરે અને ક્રિયા વગેરે સર્વ કાંઈ ભગવાન શિવ જેવાં થઈ જાય છે. ભગવાનનો મહાપ્રસાદ પ્રાપ્ત થતાં જ બુદ્ધિ પણ વશમાં આવી જાય છે. બુદ્ધિ પ્રકૃતિનું કાર્ય છે. એનું વશમાં આવવું તે સાર્ષ્ટિ મુક્તિ કહેવાય છે. ફરીથી જ્યારે ભગવાનનો મહાન અનુગ્રહ પ્રાપ્ત થતાં પ્રકૃતિ વશમાં થઈ જાય છે. સમયે ભગવાન શિવના માનસિક ઐશ્વર્યને વગર પ્રયત્ને પ્રાપ્ત થઈ જવાય છે. સર્વજ્ઞતા અને

તૃપ્તિ વગેરે જે શિવનાં ઐશ્વર્ય છે, એને પામીને મુક્ત પુરુષ સ્વયંના આત્મામાં જ બિરાજમાન થઈ જાય છે. વેદ અને શાસ્ત્રમાં વિશ્વાસ રાખનાર વિદ્વાન પુરુષ આને જ સાયુજ્ય-મુક્તિ કહે છે. આ રીતે લિંગ વગેરેમાં શિવની પૂજા કરવાથી ક્રમશઃ મુક્તિ સ્વતઃ પ્રાપ્ત થઈ જાય છે. એટલા માટે, શિવનો કૃપા-પ્રસાદ પ્રાપ્ત કરવા માટે તત્સંબંધ ક્રિયા વગેરે દ્વારા એમનું જ પૂજન કરવું જોઈએ. શિવક્રિયા, શિવતપ, શિવમંત્રજાપ, શિવ-જ્ઞાન અને શિવધ્યાનને માટે સદા ઉત્તરોત્તર અભ્યાસ વધારવો જોઈએ. દરરોજ પ્રાતઃકાળથી રાત્રે સૂતા સુધી અને જન્મથી માંડીને મૃત્યુપર્યંત આખો સમય ભગવાન શિવના ચિંતનમાં જ વ્યતીત કરવો જોઈએ. સદ્યોજાત વગેરે મંત્રો તથા અનેક પ્રકારનાં પુષ્પોથી જે શિવની પૂજા કરે છે તે શિવને જ પ્રાપ્ત થઈ જાય છે.

ઋષિ બોલ્યા—હે ઉત્તમવ્રતનું પાલન કરનાર સૂતજી! લિંગ વગેરેમાં શિવજીની પૂજાનું શું વિધાન છે, એ અમને બતાવો.

સૂતજીએ કહ્યું—હે દ્વિજો! હું લિંગોનું ક્રમપૂર્વક યથાવત્ વર્ણન કરી રહ્યો છું તે તમે બધા સાંભળો. એ પ્રણવ જ સમસ્ત ઈચ્છિત વસ્તુઓનું પ્રદાન કરનાર પ્રથમ લિંગ છે. એને સૂક્ષ્મ પ્રણવ સમજો. સૂક્ષ્મ લિંગ નિષ્કલ હોય છે અને સ્થૂળ લિંગ સકલ હોય છે. પંચાક્ષર-મંત્રને જ સ્થૂળ લિંગ કહે છે. આ બંને પ્રકારનાં લિંગોનું પૂજન જ તપ કહેવાય છે. એ બંને લિંગ સાક્ષાત્ મોક્ષ પ્રદાયક છે. પૌરુષલિંગ અને પ્રકૃતિ-લિંગના રૂપે ઘણાં લિંગ છે. એમને તો ભગવાન શિવ જ વિસ્તારપૂર્વક બતાવી શકે છે. બીજું કોઈ જાણતું નથી. પૃથ્વીનાં વિકારભૂત જે જે લિંગ જ્ઞાત છે, એમને હું તમારી સમક્ષ બતાવી રહ્યો છું. એમાં સ્વયંભૂલિંગ પ્રથમ છે. બીજું બિંદુલિંગ, ત્રીજું પ્રતિષ્ઠિત લિંગ, ચોથું ચર-લિંગ અને પાંચમું ગુરુલિંગ છે. દેવર્ષિઓની તપસ્યાથી સંતુષ્ટ થઈ એમની સમક્ષ પ્રગટ થવા માટે પૃથ્વીની અંદર ભગવાન શિવ વૃક્ષોનાં અંકુરની જેમ ભૂમિને ભેદીને નાદલિંગ રૂપમાં વ્યક્ત થઈ જાય છે. તે સ્વતઃ વ્યક્ત થયેલા શિવ જ સ્વયં પ્રગટ થયેલા હોવાને કારણે સ્વયંભૂ નામ ધારણ કરે છે. જ્ઞાનીજન એમને સ્વયંભૂલિંગરૂપે જાણે છે. એ સ્વયંભૂલિંગની પૂજાથી ઉપાસકનું જ્ઞાન સ્વયં વધવા લાગે છે. સોના-ચાંદીના પતરા પર, ભૂમિ પર અથવા વેદી પર પોતાના હાથે લખેલું જે શુદ્ધ પ્રણવ મંત્રરૂપ લિંગ છે, એમાં તથા મંત્ર લિંગનું આલેખન કરીને એમાં ભગવાન શિવની પ્રતિષ્ઠા અને આહ્વાન કરવું જોઈએ. એવા બિંદુવાદમય લિંગ સ્થાવર અને જંગમ એમ બે પ્રકારનાં હોય છે, એવું નિઃસંદેહ કરી શકાય છે. જેને જ્યાં ભગવાન શંકરના પ્રાગટ્યનો વિશ્વાસ હોય, એને માટે ત્યાં જ પ્રગટ થઈને તે ઈચ્છિત ફળનું પ્રદાન કરે છે. પોતાના હાથે લખેલાં યંત્રમાં, અથવા અકૃત્રિમ સ્થાવર વગેરેમાં ભગવાન શિવનું આહ્વાહન કરીને ષોડશ-ઉપચારથી પૂજન કરો. આવું કરવાથી સાધક સ્વંય જ ઐશ્વર્યને પ્રાપ્ત કરી લે છે અને આ સાધનના અભ્યાસથી એને જ્ઞાન પણ થઈ જાય છે. દેવતાઓ અને ઋષિઓએ આત્મસિદ્ધિ માટે પોતાને હાથે વૈદિક મંત્રોના ઉચ્ચારણપૂર્વક શુદ્ધ મંડળમાં શુદ્ધ ભાવના દ્વારા જે ઉત્તમ શિવલિંગની સ્થાપના કરી છે,

એને પૌરુષ-લિંગ કહે છે અને એ જ પ્રતિષ્ઠિત લિંગ કહેવાય છે. એ લિંગની પૂજા કરવાથી સદૈવ પૌરુષ ઐશ્વર્યની પ્રાપ્તિ થાય છે. મહાન બ્રાહ્મણ! અને મહાધનવાન રાજા કોઈ કારીગર પાસે શિવલિંગનું નિર્માણ કરાવીને જો મંત્રપૂર્વક એની સ્થાપના કરે છે અને એમના દ્વારા સ્થાપિત તે લિંગ પણ પ્રતિષ્ઠિત લિંગ કહેવાય છે. પણ તે પ્રાકૃત લિંગ છે. તેથી પ્રાકૃત ઐશ્વર્ય-ભોગને આપનારું હોય છે. જે શક્તિશાળી અને નિત્ય હોય છે, એને પૌરુષ કહે છે અને જે દૂર્બળ અને અનિત્ય હોય છે એને પ્રાકૃત કહેવાય છે.

લિંગ, નાભિ, જિહ્વા, નાસાગ્રભાગ અને શિખાના ક્રમથી કટિ, હૃદય અને મસ્તક ત્રણે સ્થાનોમાં જો લિંગની ભાવના કરવામાં આવી હોય એ આધ્યાત્મિક લિંગને જ ચર-લિંગ કહે છે. પર્વતને પૌરુષ-લિંગ જાણો, ગુલ્મ વગેરેને પ્રાકૃત લિંગ જાણવું. સાઠી નામક ધાન્ય-અનાજને પ્રાકૃતલિંગ સમજવું જોઈએ અને શાલિ (અગહની) અને ઘઉંને પૌરુષ-લિંગ જાણો. અણિમા વગેરે આઠેય સિદ્ધિઓ આપનાર જે ઐશ્વર્ય છે એને પૌરુષ - ઐશ્વર્ય જાણો. સુંદર સ્ત્રી તથા ધન વગેરે વિષયોને આસ્તિક પુરુષ પ્રાકૃત-ઐશ્વર્ય કહે છે. ચર લિંગોમાં સૌપ્રથમ રસલિંગનું વર્ણન કરવામાં આવે છે. રસલિંગ બ્રાહ્મણોને એમની ઈચ્છિત વસ્તુઓ આપનારું છે. શુભકારક બાણલિંગ ક્ષત્રિયોને મહાન રાજ્યની પ્રાપ્તિ કરાવનારું છે. સુવર્ણલિંગ વૈશ્યોએ મહાધનપતિપદની પ્રાપ્તિ કરાવે છે તથા સુંદર શિવલિંગ શૂદ્રોને મહાશુદ્ધિદાયક છે. સ્ફટિકમય શિવલિંગ તથા બાણલિંગ સર્વલોકોને સમસ્ત કામનાઓનું પ્રદાન કરનારું છે. પોતાનું ન હોય તો બીજાનું પણ સ્ફટિક અથવા બાણલિંગનું પૂજન પણ નિષિદ્ધ નથી. સ્ત્રીઓ, વિશેષતઃ સૌભાગ્યવતીઓ માટે પાર્થિવલિંગની પૂજાનું વિધાન છે. પ્રવૃત્તિમાર્ગમાં સ્થિત વિધવાઓ માટે સ્ફટિક લિંગની પૂજા બતાવાઈ છે. પરંતુ વિરક્ત વિધવાઓ માટે રસલિંગની પૂજા જ શ્રેષ્ઠ માનવામાં આવી છે. ઉત્તમ વ્રતનું પાલન કરનાર હે મહર્ષિઓ! બાળપણમાં, જવાનીમાં અને વૃદ્ધાવસ્થામાં પણ શુદ્ધ સ્ફટિકમય શિવલિંગનું પૂજન સ્ત્રીઓને સમસ્ત ભોગપ્રદાન કરે છે. ગૃહાસક્ત સ્ત્રીઓ માટે પીઠપૂજા પૃથ્વી પર, ભૂતલ પર સંપૂર્ણ ઈચ્છિત ફળને આપનારી છે.

પ્રવૃત્તિ માર્ગમાં ચાલનાર પુરુષ સુપાત્ર ગુરુના સહયોગથી જ સમસ્ત પૂજા કર્મ સંપન્ન કરે. ઇષ્ટદેવનો અભિષેક કર્યા પછી અગહનીના ચોખાથી બનાવેલી ખીર વગેરે પકવાનો દ્વારા નૈવેદ્ય અર્પણ કરે તે ઈચ્છનીય છે. પૂજાના શિવલિંગને સંપૂટમાં પધરાવીને ઘરની અંદર જુદું મૂકી રાખે. જે નિવૃત્તિ પરાયણ પુરુષ છે, એમને માટે હાથ પર જ શિવલિંગ પૂજાનું વિધાન છે. એમણે ભિક્ષા વગેરેથી પ્રાપ્ત કરેલ ભોજનને જ નૈવેદ્ય રૂપે નિવેદિત કરવું જોઈએ. નિવૃત્ત પુરુષો માટે સૂક્ષ્મ લિંગ જ શ્રેષ્ઠ કહ્યું છે. તેઓ વિભૂતિ દ્વારા પૂજન કરે અને વિભૂતિને જ નૈવેદ્યરૂપે નિવેદિત પણ કરે. પૂજા કરીને એ લિંગને સદા પોતાના મસ્તક પર ધારણ કરે.

વિભૂતિ ત્રણ પ્રકારની બતાવવામાં આવી છે : લોકાગ્નિજનિત વેદાગ્નિજનિત અને શિવાગ્નિજનિત. લોકાગ્નિજનિત અથવા લૌકિક

ભસ્મને દ્રવ્યોથી શુદ્ધિ માટે લાવીને રાખો. માટી, લાકડાં અને લોખંડનાં પાત્રોની, અનાજની, તલ વગેરે દ્રવ્યોની તથા વસ્ત્ર વગેરેની અને પર્યુષિત વસ્તુઓની ભસ્મથી શુદ્ધિ થાય છે. કૂતરાં વગેરેથી દૂષિત થયેલાં પાત્રોની ભસ્મ દ્વારા જ શુદ્ધિ માનવામાં આવી છે. વસ્તુ-વિશેષની શુદ્ધિ માટે યથાયોગ્ય સજલ અથવા નિર્જલ ભસ્મનો ઉપયોગ કરવો જોઈએ. વેદાગ્નિજનિત જે ભસ્મ છે, એને તે તે વૈદિક કર્મોના અંતમાં ધારણ કરવી જોઈએ. મંત્ર અને ક્રિયાથી જનિત જે હોમ કર્મ છે તે અગ્નિમાં ભસ્મરૂપ ધારણ કરે છે. એ ભસ્મ ધારણ કરવાથી તે કર્મ આત્મામાં આરોપિત થઈ જાય છે. અઘોર* મૂર્તિધારી શિવનો જે પોતાનો મંત્ર છે, એને ભણીને બેલનાં લાકડાંને પ્રદીપ્ત કરો. એ મંત્રથી અભિમંત્રિત અગ્નિને શિવાગ્નિ કહેવામાં આવે છે. એ અગ્નિ દ્વાર બળી ગયેલ લાકડાની જે ભસ્મ છે તેને શિવાગ્નિજનિત ભસ્મ કહે છે. કપિલા ગાયના છાણ-ગોબરથી કે કોઈ પણ ગાયના છાણ-ગોબરને તથા શમી, પીપળ, પલાશ, અમલતાસ અને બોરનાં લાકડાંને શિવાગ્નિથી પ્રગટાવવાં જોઈએ. એ શુદ્ધ ભસ્મ શિવાગ્નિજનિત મનાય છે અથવા કુશના અગ્નિમાં શિવમંત્રના ઉચ્ચારણપૂર્વક કાષ્ઠને પ્રગટાવવું. પછી એ ભસ્મને કાપડછાણ કરીને નવા ઘડામાં ભરીને મૂકી રાખો. એને સમય-સમયે પોતાની કાન્તિ વધારવા અથવા શોભાની વૃદ્ધિ માટે ધારણ કરવી જોઈએ. આવું કરનારો પુરુષ સન્માનિત અને પૂજિત થાય છે. પૂર્વકાળમાં ભગવાન શિવે ભસ્મ શબ્દનો આવો જ અર્થ પ્રગટ કર્યો હતો. જેવી રીતે રાજા પોતાના રાજ્યમાં સારભૂત તત્ત્વને ગ્રહણ કરે છે, જેવી રીતે મનુષ્ય સસ્ય (અનાજ) વગેરેને રાંધીને એનો સાર ગ્રહણ કરે છે અને જેવી રીતે જઠરાગ્નિ વિવિધ પ્રકારનાં ભક્ષ્ય, ભોજથી વગેરે પદાર્થોને ભારે માત્રામાં ગ્રહણ કરીને પકવીને સારતર વસ્તુને ગ્રહણ કરે છે અને એ સારતર વસ્તુથી સ્વદેહનું પોષણ કરે છે એવી જ રીતે પ્રપંચકર્તા પરમેશ્વર શિવે પણ પોતામાં આધેયરૂપથી વિદ્યમાન પ્રપંચને જળાવીને ભસ્મરૂપે એમા સારતત્ત્વને ગ્રહણ કરે છે, પ્રપંચને દગ્ધ કરીને શિવે એની ભસ્મને પોતાના શરીર પર લગાવી છે. રાખોડી, ભભૂત લગાડવાને બહાને જગતના સારને જ ગ્રહણ કરે છે. પોતાના શરીરમાં પોતાને માટે રત્નસ્વરૂપ ભસ્મને આ રીતે સ્થાપિત કરેલ છે : આકાશના સારતત્ત્વથી કેશ, વાયુના સારતત્ત્વથી મુખ, અગ્નિના સારતત્ત્વથી હૃદય, જળના સારતત્ત્વથી કટિભાગ અને પૃથ્વીના સારતત્ત્વથી ઘૂંટણને ધારણ કરે છે. આ રીતે એમનાં બધાં અંગો વિભિન્ન વસ્તુઓનાં સારરૂપ છે. મહેશ્વરે પોતાના લલાટમાં તિલકરૂપે જે ત્રિપુંડ્ર, ધારણ કર્યું છે તે બ્રહ્મા, વિષ્ણુ અને રુદ્રનું સારતત્ત્વ છે. તે આ સર્વ વસ્તુઓને જગતના અભ્યુદયમાં હેતુ માને છે. આ ભગવાન શિવે જ પ્રપંચના સારસર્વસ્વને પોતાના વશમાં કર્યું છે. તેથી તેમને પોતાના વશમાં કરનાર બીજું કોઈ નથી. જેવી રીતે સમસ્ત મૃગોના હિંસક મૃગ સિંહ કહેવાય છે અને એની હિંસા કરનારું બીજું કોઈ હોતું નથી તેથી તેને સિંહ કહેવામાં આવ્યો છે.

શકારનો અર્થ છે નિત્યસુખ અને આનંદ,

---

* અઘોર મંત્રને પૃષ્ઠ ૩૦ની ટિપ્પણીમાં જુઓ.

ઈકારનો અર્થ છે પુરુષ અને વકારનો અર્થ છે અમૃતસ્વરૂપા શક્તિ. આ સર્વનો સમ્મિલિત રૂપ જ શિવ કહેવાય છે. તેથી આ રૂપમાં ભગવાન શિવને સ્વયંનો આત્મા માનીને એમની પૂજા કરવી જોઈએ, તેથી પહેલાં પોતાનાં અંગો પર ભસ્મ ધારણ કરવી. પછી લલાટમાં ઉત્તમત્રિપુંડ્ર ધારણ કરવું. પૂજાના સમયે સજલ ભસ્મનો ઉપયોગ થાય છે, અને દ્રવ્ય શુદ્ધિ માટે નિર્જલ ભસ્મનો ઉપયોગ થાય છે. ગુણાતીત પરમ શિવ રાજસ આદિ સવિકાર ગુણોનો અવરોધ કરે છે, દૂર હટાવે છે; તેથી તે સર્વના ગુરુરૂપનો આશ્રય લઈને રહે છે. ગુરુ વિશ્વાસી શિષ્યોના ત્રણે ગુણોને પહેલાં દૂર કરીને પછી એમને શિવતત્ત્વનો બોધ કરાવે છે, તેથી તે ગુરુ કહેવાય છે. ગુરુની પૂજા પરમાત્મા શિવની જ પૂજા છે. ગુરુના ઉપયોગમાં આવેલી બધી સામગ્રી આત્મશુદ્ધિ કરનારી હોય છે. ગુરુની આજ્ઞા વિના ઉપયોગમાં લીધેલું બધું એના જ જેવું છે જેવી રીતે ચોર ચોરી કરીને લાવેલી વસ્તુનો ઉપયોગ કરે છે. ગુરુથી પણ વિશેષ જ્ઞાનવાન પુરુષ મળી જાય તો એને પણ યત્નપૂર્વક ગુરુ બનાવી લેવો જોઈએ. અજ્ઞાનરૂપી બંધનથી છૂટવું તે જીવ માત્રને માટે સાધ્ય પુરુષાર્થ છે. તેથી જે વિશેષ જ્ઞાનવાન છે તે જ જીવને એનાં બંધનોમાંથી મુક્ત કરી શકે છે.

જન્મ અને મરણ રૂપ દ્વન્દ્વને ભગવાન શિવની માયાએ જ અર્પિત કર્યા છે. જે આ બંનેને શિવની માયાને અર્પિત કરી દે છે તે ફરીથી શરીરના બંધનમાં પડતો નથી. જ્યાં સુધી શરીર રહે છે ત્યાં સુધી તે ક્રિયાને જ અધીન છે, એવો જીવ બદ્ધ કહેવાય છે. સ્થૂળ, સૂક્ષ્મ અને કારણ - ત્રણે શરીરોને વશમાં કરી લેવાથી જીવનો મોક્ષ થઈ જાય છે, એવું જ્ઞાની પુરુષોનું કથન છે. માયાચક્રના નિર્માતા ભગવાન શિવ જ પરમ કારણ છે. તે પોતાની માયાકૃત દ્વન્દ્વનું સ્વયં જ પરિમાર્જન કરે છે. તેથી શિવ દ્વારા કલ્પિત દ્વન્દ્વ એમને જ સમર્પિત કરી દેવો જોઈએ. જે શિવની પૂજામાં તત્પર હોય તે મૌન પાળે, સત્ય આદિ ગુણોથી સંયુક્ત થાય અને ક્રિયા, તપ, જપ, જ્ઞાન અને ધ્યાનમાંથી એક-એકનું અનુષ્ઠાન કર્યા કરે. ઐશ્વર્ય, દિવ્ય શરીરની પ્રાપ્તિ, જ્ઞાનનો ઉદય, અજ્ઞાનનું નિવારણ થઈ જવાને કારણે શિવભક્ત પુરુષ એના યથોક્ત ફળને પ્રાપ્ત કરે છે. શિવભક્ત પુરુષ દેશ, કાળ, શરીર અને ધનને અનુસાર યથાયોગ્ય ક્રિયા વગેરેનું અનુષ્ઠાન કરે. ન્યાયોપાર્જિત ઉત્તમ ધનથી નિર્વાહ કરતાં કરતાં વિદ્વાન પુરુષ શિવના સ્થાનમાં નિવાસ કરે. જીવહિંસા ઈત્યાદિથી રહિત થઈને અત્યંત ક્લેશશૂન્ય જીવન પસાર કરતાં કરતાં પંચાક્ષરમંત્રનો જપ કરવાથી અભિમંત્રિત અન્ન અને જળને સુખસ્વરૂપ મનાયું છે. અથવા એમ પણ કહેવાય છે કે દરિદ્ર પુરુષ માટે ભિક્ષાથી પ્રાપ્ત થયેલું અન્ન જ્ઞાન દેનારું હોય છે. શિવભક્તને ભિક્ષાન્નને પ્રાપ્ત થાય તો તે શિવભક્તિને વધારે છે. શિવયોગી પુરુષ ભિક્ષાન્ને શંભુસત્ર કહે છે. ગમે તે ઉપાયે કરીને ગમે ત્યાંથી પણ ભૂતલ પર શુદ્ધ અનનું ભક્ષણ કરતાં કરતાં મૌન પાળે, અને સાધનનું રહસ્ય ક્યારેય પ્રગટ ન કરે. ભક્તોની સમક્ષ જ શિવના માહાત્મ્યને પ્રકાશિત કરે. શિવમંત્રના રહસ્યને ભગવાન શિવ જ જાણે છે. બીજા નહિ.

(અધ્યાય ૧૮)

*

પાર્થિવલિંગના નિર્માણની રીતિ તથા વેદ-મંત્રો દ્વારા એના પૂજનની વિસ્તૃત અને સંક્ષિપ્ત વિધિનું વર્ણન

ત્યાર પછી પાર્થિવ લિંગની શ્રેષ્ઠતા તથા મહિમાનું વર્ણન કરીને સૂતજી કહે છે - હે મહર્ષિઓ! હવે હું વૈદિક કર્મ પ્રત્યે શ્રદ્ધા-ભક્તિ રાખનાર લોકોને માટે વેદોક્ત માર્ગથી જ પાર્થિવ-પૂજાની પદ્ધતિનું વર્ણન કરું છું. આ પૂજા ભોગ અને મોક્ષ બંનેને પ્રદાન કરનારી છે. આહ્નિક સૂત્રોમાં બતાવેલી વિધિ-અનુસાર સ્નાન અને સંધ્યા-ઉપાસના કરીને પહેલાં બ્રહ્મયજ્ઞ કરે. તે પછી દેવતાઓ, ઋષિઓ, સનકાદિ મનુષ્યો અને પિતરોનું તર્પણ કરે. સ્વયંની રુચિ-અનુસાર સંપૂર્ણ નિત્યકર્મને પૂર્ણ કરીને શિવસ્મરણપૂર્વક ભસ્મ તથા રુદ્રાક્ષ ધારણ કરે. તે પછી સંપૂર્ણ મનોવાંછિત ફળની સિદ્ધિ માટે ઊંચી ભક્તિ-ભાવનાની સાથે ઉત્તમ પાર્થિવલિંગની વેદોક્ત વિધિથી સારી રીતે પૂજા કરે. નદી અથવા તળાવના કિનારે, પર્વત પર, વનમાં, શિવાલયમાં કે બીજી કોઈ પવિત્ર જગાએ પાર્થિવ પૂજા કરવાનું વિધાન છે. હે બ્રાહ્મણો! શુદ્ધ સ્થળેથી કાઢેલી માટીને યત્નપૂર્વક લાવીને ખૂબ સાવધાની સાથે શિવલિંગનું નિર્માણ કરે. બ્રાહ્મણને માટે સફેદ, ક્ષત્રિયને માટે લાલ, વૈશ્યને માટે પીળી અને શૂદ્રને માટે કાળી માટીથી શિવલિંગ બનાવવાનું વિધાન છે, અથવા જ્યાં જેવી માટી મળી જાય તેનાથી જ શિવલિંગ બનાવવું.

શિવલિંગ બનાવવાને માટે પ્રયત્નપૂર્વક માટીનો સંગ્રહ કરીને શુભ માટીને અત્યંત શુદ્ધ સ્થાનમાં રાખો. પછી એની શુદ્ધિ કરીને જળ મેળવીને પિંડી બનાવી લેવી અને વેદોક્ત માર્ગથી ધીરે ધીરે સુંદર પાર્થિવલિંગની રચના કરવી. તે પછી ભોગ અને મોક્ષરૂપી ફળની પ્રાપ્તિ માટે ભક્તિપૂર્વક એનું પૂજન કરવું. એ પાર્થિવલિંગની જે પૂજન-વિધિ છે એને હું વિધાનપૂર્વક બનાવી રહ્યો છું. તે તમે સાંભળો. 'ૐ નમઃ શિવાય' આ મંત્રનું ઉચ્ચારણ કરીને સમસ્ત પૂજન-સામગ્રીનું પ્રોક્ષણ કરો - જળ છાંટો. એ પછી 'ભૂરસિ૦[1]' વગેરે મંત્રોથી ક્ષેત્ર શુદ્ધિ કરો, પછી 'આપોઽસ્માન્૦[2]' આ મંત્રથી જળ-સંસ્કાર કરો. એ પછી 'નમસ્તે રુદ્ર૦[3]' આ મંત્રથી સ્ફાટિકાબંધ (સ્ફટિક - શિલાનો ઘેરો) બનાવવાની વાત કહી ગઈ છે,

---

૧. પૂરો મંત્ર આ પ્રમાણે છે - ભૂરસિ ભૂમિરસ્યદિતિરસિ વિશ્વધાયા વિશ્વસ્ય ભુવનસ્ય ધર્ત્રી। પૃથિવીં યચ્છ પૃથિવીં દૃં, હ પૃથિવીં મા હિંસીઃ। (યજુ. ૧૩.૧૮)

૨. આપો અસ્માન્ માતરઃ શુન્ધયન્તુ ઘૃતેનનો ઘૃતપ્વઃ પુનન્તુ। વિશ્વં, હિ રિપ્રં પ્રવહન્તિ દેવીરુદિદાભ્યઃ શુચિરા પૂ એમિ। દીક્ષાતપસોસ્તનૂરસિ તાંત્વા શિવાઁ શગ્માં પરિ દધે ભદ્રં વર્ણં પુષ્યન્ (યજુ. ૪.૨)

૩. નમસ્તે રુદ્ર મન્યવ ઉતો ત ઇષવે નમઃ બાહુભ્યામુત તે નમઃ। (યજુ ૧૬.૧)

'નમઃ શંભવાય૦[૧]' આ મંત્રથી ક્ષેત્રશુદ્ધિ અને પંચામૃતનું પ્રોક્ષણ કરે. ત્યાર પછી શિવભક્ત પુરુષ 'નમઃ' પૂર્વક 'નીલગ્રીવાય૦[૨]' મંત્રથી શિવલિંગની ઉત્તમ પ્રતિષ્ઠા કરે. એ પછી વૈદિક રીતિથી પૂજન-કર્મ કરનાર ઉપાસક ભક્તિપૂર્વક 'એતત્તે રુદ્રાવસં૦[૩]' આ મંત્રથી રમણીય આસન આપે. 'મા નો મહાન્તમ્૦[૪]' એ મંત્રથી આવાહન કરે, 'યા તે રુદ્ર૦[૫]' આ મંત્રથી ભગવાન શિવને આસન પર સમાસીન કરે. 'યામિષું૦[૬]' એ મંત્રથી શિવના અંગોમાં ન્યાસ કરે. 'અધ્યવોચન્૦[૭]' આ મંત્રથી પ્રેમપૂર્વક અધિવાસન કરે. 'અસૌ યસ્તામ્રો૦[૮]' આ મંત્રથી શિવનો ન્યાસ કરે. 'અસૌ યોઽવપસર્પતિ૦[૯]' આ મંત્રથી ઉપસપર્ણ (દેવતાની સમીપ ગમન) કરે. એ પછી 'નમોઽસ્તુ નીલગ્રીવાય૦[૧૦]' એ મંત્રથી ઈષ્ટદેવને પાદ્ય સમર્પિત કરે. 'રુદ્ર ગાયત્રી૦[૧૧]'થી અર્ઘ્ય આપે. 'ત્ર્યમ્બકં૦[૧૨]' મંત્રથી આચમન કરાવે. 'પયઃ પૃથિવ્યાં૦[૧૩]' આ મંત્રથી દુગ્ધ સ્નાન કરાવે. 'દધિક્રાવ્ણો૦[૧૪]'

---

૧. નમઃશંભવાય ચ મનોભવાય ચ નમઃ શંકરાય ચ મયસ્કરાય ચ નમઃ શિવાય ચ શિવતરાય ચ।
(યજુ. ૧૬.૪૧)

૨. નમોઽસ્તુ નીલગ્રીવાય સહસ્રાક્ષાય મીઢુષે। અથો યે અસ્ય સત્વાનોઽહં તેભ્યોઽકરં નમઃ (યજુ. ૧૬.૮)

૩. એતત્તે રુદ્રાવસં તેન પરો મૂજવતોઽતીહિ। અવતતધન્વા પિનાકાવસઃ કૃત્તિવાસા અહિંસન્નઃ શિવોઽતીહિ
(યજુ. ૩.૬૧)

૪. મા નો મહાન્તમુત મા નો અર્ભકં મા ન ઉક્ષન્તમુત મા ન ઉક્ષિતમ્ મા નો વધીઃ પિતરં મોત માતરં મા નઃ પ્રિયાસ્તન્વો રુદ્ર રીરિષઃ (યજુ. ૧૬.૧૫)

૫. યા તે રુદ્ર શિવા તનૂરઘોરાઽપાપકાશિની યા ન સ્તન્વા શન્તમયા ગિરિશાન્તાભિ ચાકશીહિ। (યજુ. ૧૬.૨)

૬. યામિષું ગિરિશન્ત હસ્તે બિભર્ષ્યસ્તવે। શિવાં ગિરિત્ર તાં કુરુ મા હિંસીઃ પુરુષં જગત્। (યજુ. ૧૬.૩)

૭. અધ્યવોચદધિવક્તા પ્રથમો દૈવ્યો ભિષક્। અહીઁશ્ચ સર્વાઞ્જમ્ભયન્ત્સર્વાશ્ચયાતુધાન્યોઽધરાચીઃ પરા સુવ।
(યજુ. ૧૬.૫)

૮. અસૌ યસ્તામ્રો અરુણ ઉત બભ્રુઃ સુમંગલઃ। યે ચૈનઁ રુદ્રાઅભિતો દિક્ષુ શ્રિતાઃ સહસ્રશોઽવૈષાઁ હેડ ઈમહે
(યજુ. ૧૬.૬)

૯. અસૌ યોઽવસર્પતિ નીલગ્રીવો વિલોહિતઃ। ઉતૈનં ગોપા અદૃશ્રન્નદૃશ્રન્નુદહાર્યઃ સ દૃષ્ટો મૃડયાતિ નઃ
(યજુ. ૧૬.૭)

૧૦. આ મંત્ર પહેલાં આપેલો છે.

૧૧. તત્પુરુષાય વિદ્મહે મહાદેવાય ધીમહિ તન્નો રુદ્રઃ પ્રચોદયાત્।

૧૨. ત્ર્યમ્બકં યજામહે સુગન્ધિં પુષ્ટિવર્ધનમ્। ઉર્વારુકમિવ બંધનાન્મૃત્યોર્મુક્ષીય માઽમૃતાત્। ત્ર્યમ્બકં યજામહે સુગન્ધિં પતિવેદનમ્। ઉર્વારુકમિવ બંધનાદિતો મામુતઃ। (યજુ. ૩.૬૦)

૧૩. પયઃ પૃથિવ્યાં પય ઓષધીષુ પયો દિવ્યન્તરિક્ષે પયો ધાઃ। પયસ્વતીઃ પ્રદિશઃ સન્તુ મહ્યમ્।
(યજુ. ૧૮.૩૬)

૧૪. દધિક્રાવ્ણો અકારિષં જિષ્ણોરશ્વસ્ય વાજિનઃ। સુરભિ નો મુખા કરત્પ્રણ આયૂઁષિ તારિષત।
(યજુ. ૨૩.૩૨)

આ મંત્રથી દધિ સ્નાન કરાવવું. 'ધૃતં ધૃતપાવા૦[૧] આ મંત્રથી ઘૃતસ્નાન કરાવવું. 'મધુવાતા૦[૨]', મધુનક્તં૦[૩]', મધુ મન્નો૦[૪]' આ ત્રણ ઋચાઓથી મધુસ્નાન અને શર્કરાસ્નાન[૫] કરાવો. આ દૂધ વગેરે પાંચ વસ્તુઓને પંચામૃત કહે છે.

અથવા પાદ્ય-સમર્પણ કહેલા 'નમોઽસ્તુ, નીલગ્રીવાય૦' વગેરે મંત્ર દ્વારા પંચામૃતથી સ્નાન કરાવો, તે પછી 'મા નાસ્તોકે'[૬] આ મંત્રથી ભગવાન શિવને પ્રેમપૂર્વક કટિબંધ (કરધની-કંદોરો) અર્પિત કરો. 'નમો ધૃષ્ણવે૦'[૭] આ મંત્રનું ઉચ્ચારણ કરીને આરાધ્ય દેવતાને ઉત્તરીય ધારણ કરાવો. 'યા તે હેતિ:૦'[૮] ઇત્યાદિ ચાર ઋચાઓ જાણીને વેદજ્ઞ ભક્ત પ્રેમથી વિધિપૂર્વક ભગવાન શિવ માટે વસ્ત્ર (અને જનોઈ સમર્પિત કરે. એ પછી 'નમ:શ્વભ્ય૦'[૯] ઇત્યાદિ મંત્ર ભણીને શુદ્ધ બુદ્ધિવાળો ભક્ત પુરુષ ભગવાનને પ્રેમપૂર્વક ગંધ (સુગંધિત ચંદન અને રોલી) ચડાવે. 'નમસ્તક્ષભ્યો૦'[૧૦] આ મંત્રથી ચોખા અર્પિત કરે. 'નમ:પાર્યાય૦'[૧૧] આ

---

૧. ધૃતં ધૃતપાવનઃ પિબત વસાં વસાપાવાનઃ પિબતાન્તરિક્ષસ્ય હવિરસિ સ્વાહા દિશઃ પ્રદિશ આદિશો વિદિશ ઉદ્દિશો દિગ્ભ્યઃ સ્વાહા (યજુ. ૬.૧૯

૨. મધુ વાતા ઋતાયતે મધુ ક્ષરન્તિ સિન્ધવઃ માધ્વીર્નઃ સન્ત્વોષધીઃ (યજુ. ૧૩.૨૭)

૩. મધુ નક્તમુતોષસો મધુમત્પાર્થિવ઼ રજઃ મધુ દ્યૌરસ્તુ નઃ પિતા (યજુ. ૧૩.૨૮)

૪. મધુમાન્નો વનસ્પતિર્મધુમાઁ અસ્તુ સૂર્યઃ માધ્વીર્ગાવો ભવન્તુ નઃ (યજુ. ૧૩.૨૯)

૫. કેટલાક વિદ્વાન 'મધુ વાતા.' વગેરે ત્રણ ઋચાઓનો ઉપયોગ કેવળ મધુસ્નાનમાં જ કરે છે અને શર્કરા સ્નાન કરાવતી વખતે નિમ્નાંકિત મંત્ર બોલે છે – અયાઁ રસમુદ્વયસઁ સૂર્યે સન્ત સમાહિતમ્ અપાયઁ રસસ્ય યો રસસ્તં વો ગૃહ્ણામ્યુત્તમમુપયામગૃહીતોઽસીન્દ્રાય ત્વાં જુષ્ટં ગૃહ્ણામ્યેષ તે યોનિરિન્દ્રાંય ત્વા જુષ્ટતમમ્ (યજુ. ૯.૩)

૬. મા નસ્તોકે તનયે મા ન આયુષિ માનો ગોષુ મા નો અશ્વેષુ રીરિષઃ। મા નો વીરાન્ રુદ્ર ભામિનો વધીર્હવિષ્મન્તઃ સદમિત્ ત્વા હવામહે। (યજુ. ૧૬.૧૬)

૭. નમો ધૃષ્ણવે ચ પ્રમૃશાય ચ નમો નિષંગણે ચેષુધિમતે ચ નમસ્તીક્ષ્ણેષવે ચાયુધિને ચ નમઃ સ્વાયુધાય ચ સુધન્વને ચ (યજુ. ૧૬.૩૬)

૮. યા તે હેતિર્મીઢુષ્ટમ હસ્તે બભૂવ તે ધનુઃ। તયાસ્માન્વિશ્વતસ્ત્વમયક્ષ્મયા પરિ ભુજ (૧૧) પરિ તે ધન્વનો હેતિરસ્માન્વૃણક્તુ વિશ્વતઃ। અથો ય ઇષુધિસ્તવારે અસ્મન્નિ ધેહિ તમ્ (૧૨) અવતત્ય ધનુષ્ટ્વઁ સહસ્રાક્ષ શતેષુધે। નિશીર્ય શલ્યાનાં મુખા શિવો ન સુમના ભવ (૧૩) નમસ્ત આયુધાયાનાતનાય ધૃષ્ણવે ઉભાભ્યામુત તે નમઃ બાહુભ્યાં નવ ધન્વને (૧૪) (યજુ. ૧૬)

૯. નમઃ શ્વભ્યઃ શ્વપતિભ્યશ્ચ વો નમો નમો ભવાય ચ રુદ્રાય ચ નમઃ શર્વાય ચ પશુપતયે ચ નમો નીલગ્રીવાય ચ શિતિકંઠાય ચ। (યજુ. ૧૬.૨૮)

૧૦. નમસ્તક્ષભ્યો રથકારેભ્યશ્ચ વો નમો નમઃ કુલાલેભ્યઃ કર્મારેભ્યશ્ચ વો નમો નમો નિષાદેભ્યઃ પુઞ્જિષ્ઠેભ્યશ્ચ વો નમો નમઃ શ્વનિભ્યો મૃગયુભ્યશ્ચ વોનમઃ। (યજુ. ૧૬.૨)

૧૧. નમઃ પાર્યાય ચાવાર્યાય ચ નમઃ પ્રતરણાય ચોત્તરણાય ચ નમસ્તીર્થ્યાય ચ કૂલ્યાય ચ નમઃ શષ્પ્યાય ચ ફેન્યાય ચ। (યજુ. ૧૬.૪૨)

મંત્રથી ફૂલ ચડાવો. 'નમઃ પર્ણાય૦'[૧] આ મંત્રથી બિલ્વપત્ર અર્પણ કરો. 'નમઃ કપર્દિને ચ૦'[૨] ઇત્યાદિ મંત્રથી વિધિપૂર્વક ધૂપ કરો. 'નમઃ આશવે૦'[૩] આ ઋચાથી શાસ્ત્રોક્ત વિધિ અનુસાર દીપ નિવેદિત કરો. ત્યાર પછી (હાથ ધોઈને) 'નમો જ્યેષ્ઠાય૦'[૪] એ મંત્રથી ઉત્તમ નૈવેદ્ય ધરો. પછી પૂર્વોક્ત ત્ર્યંબક મંત્રથી આચમન કરાવો. 'ઈમા રુદ્રાય૦'[૫] એ ઋચાથી ફળ અર્પણ કરો. પછી 'નમો વ્રજ્યાય૦'[૬] આ મંત્રથી ભગવાન શિવને પોતાનું સર્વસ્વ સમર્પિત કરી દો. પછી 'મા નો મહાન્તમ્૦' તથા 'મા નસ્તોકે' આ પૂર્વોક્ત મંત્રો દ્વારા માત્ર ચોખાથી અગિયાર રુદ્રોનું પૂજન કરો. ત્યારબાદ 'હિરણ્યગર્ભ૦'[૭] ઇત્યાદિ મંત્રથી જે ત્રણ ઋચાઓના રૂપમાં પઠિત છે, દક્ષિણા ચઢાવવી.* 'દેવસ્યત્વા૦'[૮] આ મંત્રથી વિદ્વાન પુરુષ આરાધ્ય દેવનો અભિષેક કરે. દીપ માટે બતાવેલ 'નમ આશવે૦' વગેરે મંત્રથી શિવની નીરાજના (આરતી) કરો. એ પછી 'ઈમા રુદ્રાય૦' વગેરે ત્રણ ઋચાઓથી ભક્તિપૂર્વક રુદ્રદેવને પુષ્પાંજલિ અર્પિત કરો. 'મા નો મહાન્તમ્૦' એ મંત્રથી વિજ્ઞ ઉપાસક પૂજનીય દેવતાની પરિક્રમા કરે. તે પછી ઉત્તમ બુદ્ધિવાળો ઉપાસક 'મા નસ્તોકે૦' આ મંત્રથી ભગવાનને સાષ્ટાંગ પ્રણામ કરે. 'એષ તે૦'[૯]

---

૧. નમઃ પર્ણાય ચ પર્ણશદાય ચ નમ ઉદ્ગુરમાણાય ચાભિઘ્નતે ચ નમ આખિદતે ચ પ્રખિદતે ચ નમ ઇષુકૃદ્ભ્યો ધનુષ્કૃદ્ભ્યશ્ચ વો નમો નમો વઃ કિરિકેભ્યો દેવાના હૃદયેભ્યો નમો વિચિન્વત્કેભ્યો નમો નમ આનિર્હતેભ્યઃ। (યજુ. ૧૬.૪૬)

૨. નમઃ કપર્દિને ચ વ્યુપ્તકેશાય ચ નમઃ સહસ્રાક્ષાય ચ શતધન્વને ચ નમો ગિરિશયાય ચ શિપિવિષ્ટાય ચ નમો મીઢુષ્ટમાય ચેષુમતે ચ। (યજુ. ૧૬.૨૯)

૩. નમ આશવે ચાજિરાય ચ નમઃ શીઘ્ર્યાય ચ શીભ્યાય ચ નમ ઊર્મ્યાય ચાવસ્વન્યાય ચ નમો નાદેયાય ચ દ્વીપ્યાય ચ। (યજુ. ૧૬.૩૧)

૪. નમો જ્યેષ્ઠાય ચ કનિષ્ઠાય ચ નમઃ પૂર્વજાય ચાપરજાય ચ નમો મધ્યમાય ચાપગલ્ભાય ચ નમો જઘન્યાય ચ બુદન્યાય ચ। (યજુ. ૧૬.૩૨)

૫. ઈમા રુદ્રાય તવસે કપર્દિને ક્ષયદ્વીરાય પ્રભરામહે મતીઃ। યથા શમસદ્ દ્વિપદે ચતુષ્પદે વિશ્વં પુષ્ટં ગ્રામે અસ્મિન્નનાતુરમ્। (યજુ. ૧૬.૪૮)

૬. નમો વ્રજ્યાય ચ ગોષ્ઠાય ચ નમસ્તલ્પ્યાય ચ ગેહ્યાય ચ નમો હૃદય્યાય ચ નિવેષ્યાય ચ નમઃ કાટ્યાય ચ ગહ્વરેષ્ઠાય ચ। (યજુ. ૧૬.૪૪)

૭. હિરણ્યગર્ભઃ સમવર્તતાગ્રે ભૂતસ્ય જાતઃ પતિરેક આસીત્। સ દાધાર પૃથિવીં દ્યામુતેમાં કસ્મૈ દેવાય હવિષા વિધેમ।

* આ મંત્ર યજુર્વેદમાં ત્રણ સ્થાનોમાં પઠિત છે અને ત્રણ મંત્રોના રૂપ પરિગણના છે. જેમ કે, યજુ. ૧૩.૪, ૨૩.૧ અને ૨૫.૧૦માં.

૮. દેવસ્ય ત્વા સવિતુઃ પ્રસવેઽશ્વિ નોર્બાહુભ્યાં પૂષ્ણો હસ્તાભ્યામ્। અશ્વિનોર્ભૈષ-જ્યેન તેજસે બ્રહ્મવર્ચસાયાભિષિઞ્ચામિ સરસ્વત્યૈ ભૈષજ્યેન વીર્યાયા આદ્યાયાભિ ષિઞ્ચામીન્દ્રસ્યેન્દ્રિયેણ બલાય શ્રિયૈ યશસેઽભિષિઞ્ચાભ

૯. એષ તે રુદ્રભાગઃ સહ સ્વસામ્બિકયા તં જુષસ્વ સ્વાહા। એષ ને રુદ્ર ભાગ આખુસ્તે પશુઃ।

એ મંત્રથી શિવમુદ્રાનું પ્રદર્શન કરવું. 'યતો યત૦'[૧] આ મંત્રથી અભય નામક મુદ્રાનું પ્રદર્શન કરવું, 'ત્ર્યંબકં૦' મંત્રથી જ્ઞાન નામક મુદ્રાનું અને 'નમઃ સેના૦'[૨] ઇત્યાદિ મંત્રથી મહામુદ્રાનું પ્રદર્શન કરવું. 'નમો ગોભ્ય૦'[૩] આ ઋચા દ્વારા ધેનુમુદ્રા દેખાડો. આ રીતે પાંચ મુદ્રાનું પ્રદર્શન કરીને શિવસંબંધી મંત્રોનો જપ કરો અથવા વેદજ્ઞ પુરુષ 'શતરુદ્રિય૦'[૪] મંત્રની આવૃત્તિ કરે. ત્યારપછી વેદજ્ઞ પુરુષ પંચાંગ પાઠ કરે. પછી 'દેવાગાતુ૦'[૫] ઇત્યાદિ મંત્રથી ભગવાન શંકરનું વિસર્જન કરે. આ રીતે શિવપૂજાની વૈદિક વિધિનું વિસ્તારથી પ્રતિપાદન કરવામાં આવ્યું છે.

હે મહર્ષિઓ! હવે સંક્ષેપમાં પણ પાર્થિવ પૂજનની વૈદિક વિધિનું વર્ણન સાંભળો. 'સદ્યો જાતં૦'[૬] આ ઋચાથી પાર્થિવ લિંગ બનાવવા માટે માટી લઈ આવવી. 'વામદેવાય૦'[૭] ઇત્યાદિ મંત્ર ભણીને એમાં પાણી રેડવું (જ્યારે ભીની બરાબર રીતે થઈ જાય ત્યારે) 'અઘોર૦'[૮] મંત્રથી લિંગનું નિર્માણ કરવું. ત્યારબાદ 'તત્પુરુષાય૦'[૯] આ મંત્રથી વિધિવત્ એમાં ભગવાન શિવનું આવાહન કરવું. ત્યાર પછી 'ઈશાન૦'[૧૦] મંત્રથી ભગવાન શિવને વેદી પર સ્થાપિત કરો. આ સિવાય અન્ય બધાં વિધાનોને પણ શુદ્ધબુદ્ધિવાળો ઉપાસક સંક્ષેપમાં જ સંપન્ન કરે. એ પછી વિદ્વાન પુરુષ પંચાક્ષર મંત્રથી અથવા ગુરુએ આપેલા અન્ય કોઈ શિવસંબંધી મંત્રથી સોળ ઉપચાર દ્વારા વિધિવત્ પૂજન કરે અથવા

ભવાય ભવનાશાય મહાદેવાય ધીમહિ ।
ઉગ્રાય ઉગ્રનાશાય શર્વાય શશિમૌલિને ॥ (૨૦.૪૩)

આ મંત્ર દ્વારા વિદ્વાન ઉપાસક ભગવાન શંકરની પૂજા કરે. તો ભ્રમ છોડીને ઉત્તમ ભાવ-ભક્તિથી શિવની આરાધના કરે; કેમકે ભગવાન શિવ ભક્તિથી જ મનોવાંછિત ફળ આપે છે. હે બ્રાહ્મણો! અહીં જે વૈદિક વિધિ

---

૧. યતો યતઃ સમીહસે તતો નો અભયં કુરુ । શં નઃ કુરુ પ્રજાભ્યોઽભયં નઃ પશુભ્યઃ ॥ (યજુ. ૩૬.૨૨)

૨. નમઃ સેનાભ્યઃ સેનાનિભ્યશ્ચ વો નમો નમો રથિભ્યો અરથેભ્યશ્ચ વો નમઃ ।
ક્ષત્તૃભ્યઃ સંગ્રહીતૃભ્યશ્ચ વો નમો નમો મહદ્ભ્યો અર્ભકેભ્યશ્ચ વો નમઃ ॥ (યજુ. ૧૬.૨૬)

૩. નમો ગોભ્યઃ શ્રીમતીભ્યઃ સૌરભેયીભ્ય એવ ચ । નમો જગત્પ્રસૂતાભ્યશ્ચ પવિત્રાભ્યો નમો નમઃ ॥ (ગોમતી વિદ્યા)

૪. યજુર્વેદનો એ અંશ, જેમાં રુદ્રનાં સો કે તેથી અધિક નામ આપ્યાં છે અને એ દ્વારા રુદ્રદેવની સ્તુતિ થઈ છે. (જુઓ યજુ. અધ્યાય. ૧૬)

૫. દેવા માતૃવેદો માતું વિત્વા માતૃમિત । મનસસ્પત ઈમં દેવ યજ્ઞં સ્વાહા વાતે ધાઃ ॥ (યજુ. ૮.૨૧)

૬. સદ્યોજાતં પ્રપદ્યામિ સદ્યોજાતાય વૈ નમો નમઃ । ભવે ભવેનાતિભવે ભવસ્વ માં ભવોદ્ભવાય નમઃ ॥

૭. ૐ વામદેવાય નમો જ્યેષ્ઠાય નમઃ શ્રેષ્ઠાય નમઃ નમો રુદ્રાય નમઃ કાલાય નમઃ કલવિકરણાય નમો બલવિકરણાય નમો બલાય નમો બલપ્રમથનાયાય નમઃ સર્વભૂતદમનાય નમો મનોન્મનાય નમઃ ।

૮. ૐ અઘોરેભ્યોઽથ ઘોરેભ્યો ઘોરઘોરતરેભ્યઃ સર્વેભ્યઃ સર્વસર્વેભ્યો નમસ્તેઽસ્તુ રુદ્રરૂપેભ્યઃ ।

૯. ૐ તત્પુરુષાય વિદ્મહે મહાદેવાય ધીમહિ તન્નો રુદ્રઃ પ્રચોદયાત્ ।

૧૦. ૐ ઈશાનઃ સર્વવિદ્યાનામીશ્વરઃ સર્વભૂતાનાં બ્રહ્માધિપતિર્બ્રહ્મણો બ્રહ્મા શિવો મેઽસ્તુ સદા શિવોમ્ ॥

પૂજનનો ક્રમ બતાવ્યો છે, એનો પૂર્ણરૂપે આદર કરતાં હું પૂજાની બીજી વિધિ પણ બતાવી રહ્યો છું, જે ઉત્તમ હોવા સાથે જ સર્વસાધારણને ઉપયોગી છે. હે મુનિવરો! પાર્થિવલિંગની પૂજા ભગવાન શિવનાં નામો દ્વારા બતાવાઈ છે. તે પૂજા સંપૂર્ણ ઇચ્છિતને આપનારી છે. હું તે બતાવું છું, સાંભળો! હર, મહેશ્વર, શંભુ, શૂલપાણિ, પિનાકધૃક્, શિવ, પશુપતિ અને મહાદેવ – એ ક્રમશઃ શિવનાં આઠ નામ કહેવાય છે. આમાંથી પ્રથમ નામ દ્વારા અર્થાત્ 'ૐ હરાય નમઃ'નું ઉચ્ચારણ કરીને પાર્થિવલિંગ બનાવવા માટે માટી લાવો. બીજું નામ અર્થાત્ 'ૐ મહેશ્વરાય નમઃ'નું ઉચ્ચારણ કરીને લિંગ-નિર્માણ કરો. પછી 'ૐ શમ્ભવે નમઃ' બોલીને એ પાર્થિવ-લિંગની પ્રતિષ્ઠા કરો. ત્યારબાદ 'ૐ શૂલપાણયે નમઃ' કહીને એ પાર્થિવ-લિંગમાં ભગવાન શિવનું અવાહન કરો. 'ૐ પિનાકધૃષે નમઃ' કહીને એ શિવલિંગને સ્નાન કરાવો. 'ૐ શિવાય નમઃ' બોલીને એની પૂજા કરો. પછી 'ૐ પશુપતયે નમઃ' કહીને ક્ષમા-પ્રાર્થના કરો અને અન્તમાં 'ૐ મહાદેવાય નમઃ' કહીને આરાધ્ય દેવનું વિસર્જન કરી દો. પ્રત્યેક નામની શરૂઆતમાં ૐકાર અને અંતે ચતુર્થી વિભક્તિ સાથે 'નમઃ' પદ લગાડીને બહુ આનંદ અને ભક્તિભાવથી પૂજાસંબંધી સર્વ કાર્ય કરવાં જોઈએ.[1]

ષડક્ષર-મંત્રથી અંગન્યાસ અને કરન્યાસની વિધિ સારી રીતે સંપન્ન કરીને પછી નીચે લખ્યા પ્રમાણે ધ્યાન કરો. જે કૈલાસ પર્વત પર એક સુંદર સિંહાસનના મધ્યભાગમાં બિરાજમાન છે, જેમની ડાબી બાજુમાં ભગવતી ઉમા એમને અડકીને બેઠેલાં છે, સનક-સનંદન વગેરે ભક્તજન પૂજા કરી રહ્યા છે તથા જે ભક્તોના દુઃખરૂપી દાવાનળને નષ્ટ કરનાર અપ્રમેય-શક્તિશાળી ઈશ્વર છે, એ વિશ્વવિભૂષણ ભગવાન શિવનું ચિંતન કરવું જોઈએ. ભગવાન મહેશ્વરનું પ્રતિદિન આ પ્રકારે ધ્યાન કરવું જોઈએ – એમની અંગ-કાંતિ ચાંદીના પર્વત જેવી ગૌર છે. તેમણે પોતાના મસ્તક પર મનોહર ચંદ્રમાનો મુગટ ધારણ કર્યો છે. રત્નોનાં આભૂષણ ધારણ કરવાથી એમનું શ્રીઅંગ વધારે ને વધારે ઉદ્ભાસિત થઈ રહ્યું છે. એમના ચાર હાથમાં ક્રમશઃ પરશુ, મૃગમુદ્રા, વર અને અભયમુદ્રા સુશોભિત છે. તે સદા પ્રસન્ન રહે છે. કમળના આસન પર બેઠેલા છે અને ચારે બાજુ દેવતાઓ ઊભા રહીને એમની સ્તુતિ કરે છે. એમણે વસ્ત્રને બદલે વ્યાઘ્રચર્મ ધારણ કરેલું છે. એ વિશ્વના આદિ છે. બીજ (કારણ) રૂપ છે અને સર્વના સમસ્ત ભયનું હરણ કરનારા છે. એમને પાંચ મુખ છે અને પ્રત્યેક મુખમંડલમાં ત્રણ ત્રણ નેત્ર છે.*

---

૧. હરો મહેશ્વરઃ શંભુઃ શૂલપાણિઃ પિનાકધૃક્। શિવઃ પશુપતિશ્ચૈવ મહાદેવ ઇતિ ક્રમાત્॥
મૃદાહરણસંયદ્પ્રતિષ્ઠાહ્વાનમેવ ચ। સ્નાપનં પૂજનં ચૈવ તત્સ્વેતિ વિસર્જનમ્॥
ૐકારાદિશ્ચતુર્થ્યન્તૈર્નમોઽન્તૈર્નામભિઃ ક્રમાત્। કર્તવ્યાશ્ચ ક્રિયાઃ સર્વા ભક્ત્યા પરમયા મુદા॥
(શિવપુરાણ વિ. ૨૦/૪૭-૪૯)

* અંગન્યાસ અને કરન્યાસનો પ્રયોગ આ પ્રકારે સમજવો જોઈએઃ ૐ ૐ અંગુષ્ઠાભ્યાં નમઃ ૧। ૐ નં તર્જની ભ્યાં નમઃ ૨। ૐ મં મધ્યમાભ્યાં નમઃ ૩। ૐ શિં અનામિકાભ્યાં નમઃ ૪। ૐ વાં કનિષ્ઠિકાભ્યાં નમઃ ૫। ૐ યં કરતલકરપૃષ્ઠાભ્યાં નમઃ ૬। ઇતિ કરન્યાસઃ। ૐ ૐહૃદયાય નમઃ ૧। ૐ નં શિરસે સ્વાહા ૨।

આ રીતે ધ્યાન તથા ઉત્તમ પાર્થિવલિંગનું પૂજન કરીને ગુરુએ આપેલો પંચાક્ષર મંત્ર છે તેનો વિધિપૂર્વક જાપ કરવો. હે વિપ્રવરો! વિદ્વાન પુરુષ માટે એ જરૂરી છે કે તે દેવેશ્વર શિવને પ્રણામ કરીને વિવિધ પ્રકારની સ્તુતિઓ દ્વારા એમનું સ્તવન કરે તથા શતરુદ્રિય (યજુ. ૧૬મા અધ્યાયના મંત્રો)નો પાઠ કરે. ત્યારબાદ અંજલિમાં ચોખા અને ફૂલ લઈને ઉત્તમ ભક્તિભાવથી નિમ્નાંકિત મંત્રોને ભણીને પ્રેમ અને પ્રસન્નતા સાથે ભગવાન શંકરની આ પ્રકારે પ્રાર્થના કરે –

સૌને સુખ પ્રદાન કરનાર કૃપાનિધાન ભૂતનાથ શિવ! હું તમારો છું. આપના ગુણોમાં જ મારા પ્રાણ રહ્યા છે અથવા આપના ગુણ જ મારા પ્રાણ છે – મારું જીવનસર્વસ્વ છે. મારું ચિત્ત સદા આપના જ ચિંતનમાં લાગ્યું રહો. આ જાણીને મારા પર પ્રસન્ન થાઓ. કૃપા કરો. હે શંકર! મેં અજાણતાં કે જાણી જોઈને જો કયારેય આપનો જપ અને આપનું પૂજન વગેરે કર્યું હોય તો આપની કૃપાથી તે સફળ થઈ જાઓ. હે ગૌરીનાથ! હું આધુનિક યુગનો મહાન પાપી છું, પતિત છું, અને આપ સદાયના પરમ મહાન પતિતપાવન છો. આ વાતનો વિચાર કરીને આપ જેવું ચાહો તેવું કરો. હે મહાદેવ! હે સદાશિવ! વેદો, પુરાણો, વિવિધ પ્રકારના શાસ્ત્રીય સિદ્ધાંતો અને વિભિન્ન મહર્ષિઓએ પણ હજુ સુધી આપને પૂર્ણરૂપે જાણ્યા નથી. પછી હું કેવી રીતે જાણી શકું? હે મહેશ્વર! હું જેવો છું એ જ રૂપમાં સંપૂર્ણ ભાવથી આપનો છું, આપને આશ્રિત છું. એટલે આપની રક્ષા મેળવવા યોગ્ય છું, હે પરમેશ્વર! તમે મારા પર પ્રસન્ન થાવ.* હે મુને! આ રીતે પ્રાર્થના કરીને હાથમાં લીધેલા ચોખા અને ફૂલો

ૐ મં શિખાયૈ વષટ્ ૩। ૐ શિં કવચાય હુમ્ ૪। ૐ વાં નેત્રત્રયાય વૌષટ્ ૫। ૐ યં અસ્ત્રાય ફટ્ ૬। ઇતિ હૃદયાદિષડંગન્યાસઃ। અહીં કરન્યાસ અને હૃદયાદિષડંગન્યાસનાં છ છ વાક્ય આપેલાં છે. એમાં પ્રથમ વાક્ય બોલીને બંને તર્જની આંગળીઓથી અંગૂઠાઓનો સ્પર્શ કરવો જોઈએ. બાકીનાં વાક્યો ભણીને અંગૂઠાઓથી તર્જની વગેરે આંગળીઓને સ્પર્શ કરવો જોઈએ. આ રીતે અંગન્યાસમાં પણ જમણા હાથથી હૃદયાદિ અંગોનો સ્પર્શ કરવાની વિધિ છે. માત્ર કરન્યાસમાં જમણા હાથથી ડાબી ભુજા અને ડાબા હાથથી જમણી ભુજાનો સ્પર્શ કરવો જોઈએ. 'અસ્ત્રાય ફટ્' આ અંતિમ વાક્ય બોલીને જમણા હાથને માથાની ઉપર લઈ આવીને ડાબી હથેળી પર તાળી વગાડવી જોઈએ. ધ્યાનસંબંધી શ્લોક, જેનો ભાવ ઉપર આપ્યો છે તે આ રીતે છે –

કૈલાસપીઠસનમધ્યસંસ્થં ભક્તૈઃ સનન્દાદિભિરર્ચ્યમાનમ્। ભક્તાર્તિદાવાનલશાન્તમનેયં ધ્યાયેદુમાલિંગિત વિશ્વભૂષમ્॥
ધ્યાયેન્નિત્યં મહેશં રજતગિરિનિભં ચારુચંદ્રાવતંસં રત્નાકલ્પોજ્જ્વલાંગં પરશુમૃગવરાભીતિહસ્તં પ્રસન્નમ્।
પદ્માસીનં સમન્તાત્સ્તુતમમરગણૈર્વ્યાઘ્રકૃત્તિં વસાનં વિશ્વાદ્યં વિશ્વબીજં નિખિલભયહરં પંચવક્ત્રં ત્રિનેત્રમ્।
(શિવપુરાણ વિ. ૨૦/૫૧-૫૨)

* તાવકસ્ત્વદ્ગુણપ્રાણસ્ત્વચ્ચિત્તોઽહં સદા મૃડ। કૃપાનિધે ઇતિ જ્ઞાત્વા ભૂતનાથ પ્રસીદ મે॥
અજ્ઞાનાદ્યદિ વા જ્ઞાનાજ્જપપૂજાદિકં મયા। કૃતં તદસ્તુ સફલં કૃપયા તવ શંકર॥
અહં પાપી મહાનદ્ય ચાવનશ્ચ ભવાન્મહાન્। ઇતિ વિજ્ઞાય ગૌરીશ યદિચ્છસિ તથા કુરુ॥
વેદૈઃ પુરાણૈઃ સિદ્ધાન્તૈર્ઋષિભિર્વિવિધૈરપિ। ન જ્ઞાતોઽસિ મહાદેવ કુતોઽહં ત્વાં સદાશિવ॥
યથા તથા ત્વદીયોઽસ્મિ સર્વથાદેર્મહેશ્વર। રક્ષણીયસ્ત્વયાહં વૈ પ્રસીદ પરમેશ્વર॥
(શિવપુરાણ વિ. ૨૦/૬૬-૬૮)

ભગવાન શિવ ઉપર ચઢાવી દેવાં અને એ શંભુદેવને ભક્તિભાવથી વિધિપૂર્વક સાષ્ટાંગ પ્રણામ કરો. ત્યારપછી શુદ્ધ બુદ્ધિવાળા ઉપાસક શાસ્ત્રોક્ત વિધિથી ઇષ્ટદેવની પરિક્રમા કરે. પછી શ્રદ્ધાપૂર્વક સ્તુતિઓથી દેવેશ્વર શિવની સ્તુતિ કરે. એ પછી ગળું વગાડીને (ગળામાંથી અવ્યક્ત શબ્દનું ઉચ્ચારણ કરીને) પવિત્ર અને વિનીત ચિત્તવાળો સાધક ભગવાનને પ્રણામ કરે. ત્યારબાદ આદરપૂર્વક વિજ્ઞપ્તિ કરે અને પછી વિસર્જન કરે. હે મુનિવરો! આ રીતે મેં વિધિપૂર્વક પાર્થિવ પૂજા બનાવી છે. એ ભોગ અને મોક્ષ આપનારી છે અને ભગવાન શિવમાં ભક્તિભાવ વધારનારી છે.

(અધ્યાય ૧૯-૨૦)

*

પાર્થિવપૂજાનો મહિમા, શિવનૈવેદ્યભક્ષણ અંગે નિર્ણય અને બિલ્વનું માહાત્મ્ય

(ત્યારપછી ઋષિઓના પૂછવા પર કે કઈ કામનાની પૂર્તિ માટે કેટલાં પાર્થિવલિંગોની પૂજા કરવી જોઈએ, એ વિષયનું વર્ણન કરીને)

સૂતજી બોલ્યા—હે મહર્ષિઓ! પાર્થિવ-લિંગોની પૂજા કોટિ-કોટિ યજ્ઞોનું ફળ પ્રદાન કરનારી છે. કળિયુગમાં લોકો માટે શિવલિંગ-પૂજન જેવું શ્રેષ્ઠ જણાય છે એવું બીજું કોઈ સાધન જણાતું નથી, આ સમસ્ત શાસ્ત્રોનો સિદ્ધાંત છે. શિવલિંગ ભોગ અને મોક્ષ બંને આપનારું છે. લિંગ ત્રણ પ્રકારનાં કહેવામાં આવ્યાં છે – ઉત્તમ, મધ્યમ અને અધમ. જે ચાર આંગળ ઊંચું અને દેખાવમાં સુંદર હોય તથા વેદીથી યુક્ત હોય એ શિવલિંગને શાસ્ત્ર મહર્ષિઓએ 'ઉત્તમ' કહ્યું છે. એનાથી અર્ધું 'મધ્યમ' અને એથીય અર્ધું 'અધમ' મનાય છે. આ રીતે ત્રણ પ્રકારનાં શિવલિંગ કહ્યાં છે. જે ઉત્તરોત્તર શ્રેષ્ઠ છે. બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય, શૂદ્ર અથવા વિલોમ સંકર – કોઈ પણ કેમ ન હોય, તે પોતાના અધિકાર અનુસાર વૈદિક અથવા તાંત્રિક મંત્રથી સદા આદરપૂર્વક શિવલિંગની પૂજા કરે. હે બ્રાહ્મણો! વધારે કહેવાથી શો લાભ? **શિવલિંગનું પૂજન કરવામાં સ્ત્રીઓનો તથા અન્ય સર્વ લોકોનો પણ અધિકાર છે.*** બ્રાહ્મણો માટે વૈદિક પદ્ધતિથી પૂજા શ્રેષ્ઠ છે; પરંતુ અન્ય લોકો માટે વૈદિક માર્ગથી પૂજા કરવાની સંમતિ નથી. વેદજ્ઞ દ્વિજોએ વૈદિક રીતે જ પૂજા કરવી જોઈએ, અન્ય રીતે નહીં – આ ભગવાન શિવનું કથન છે – દધીચિ અને ગૌતમ વગેરેના શાપથી જેમનાં ચિત્ત દગ્ધ થઈ ગયાં છે, એમની વૈદિક કર્મમાં શ્રદ્ધા નથી હોતી. જે મનુષ્ય વેદ તથા સ્મૃતિઓમાં કરેલ સત્કર્મોની અવહેલના કરીને બીજાં કર્મ કરવા માંડે છે,

---

* બ્રાહ્મણઃ ક્ષત્રિયો વૈશ્યઃ શૂદ્રોવા પ્રતિલોમજઃ। પૂજયેત્ સતતં લિંગં તન્મંત્રેણ સાદરમ્ ॥
વૈ બ્રહ્મોક્તેન મુનયઃ સ્ત્રીણામપિ તથાનઘાઃ। અધિકારોઽસ્તિ સર્વેષાં શિવલિંગાર્ચને દ્વિજાઃ ॥
(શિવપુરાણ વિ. ૨૧/૩૯-૪૦)

એનાં મનોરથ ક્યારેય સફળ થતા નથી.*

આ રીતે વિધિપૂર્વક ભગવાન શંકરનું નૈવેદ્યાન્ત પૂજન કરીને એમની ત્રિભુવનમયી આઠ મૂર્તિઓનું પણ એ પૂજન કરે. પૃથ્વી, જળ, અગ્નિ, વાયુ, આકાશ, સૂર્ય, ચંદ્રમા અને યજમાન - એ ભગવાન શંકરની આઠ મૂર્તિઓ કહેવાય છે. આ આઠેય મૂર્તિઓની સાથે સાથે શર્વ, ભવ, રુદ્ર, ઉગ્ર, ભીમ, ઈશ્વર, મહાદેવ અને પશુપતિ – આ નામોની પણ અર્ચના કરે. ત્યાર પછી ચંદન, અક્ષત અને બિલ્વપત્ર લઈને ત્યાં ઈશાન વગેરેના ક્રમથી ભગવાન શિવના પરિવારનું ઉત્તમ ભક્તિભાવથી પૂજન કરે. ઈશાન, નંદી, ચંડ, મહાકાલ, ભૃંગી, વૃષ, સ્કંદ, કપર્દીશ્વર, સોમ અને શુક્ર – આ દશ શિવજીના પરિવાર છે, જે ક્રમશઃ ઈશાન વગેરે દશે દિશાઓમાં પૂજનીય છે. એ પછી ભગવાન શિવ સમક્ષ વીરભદ્રનું અને પછી કીર્તિમુખનું પૂજન કરીને વિધિપૂર્વક અગિયાર રુદ્રોનું પૂજન કરે. ત્યાર પછી, પંચાક્ષર મંત્રનો જપ કરીને શતરુદ્રિય સ્તોત્રનો, વિવિધ પ્રકારની સ્તુતિઓનો અને શિવપંચાંગનો પાઠ કરે. એ પછી પરિક્રમા અને નમસ્કાર કરીને શિવલિંગનું વિસર્જન કરે. આ પ્રમાણે મેં શિવપૂજનની સંપૂર્ણ વિધિનું આદરપૂર્વક વર્ણન કર્યું છે. રાતે દેવકાર્ય સદા ઉત્તરાભિમુખ થઈને જ કરવું જોઈએ. આ રીતે શિવપૂજન પણ પવિત્ર ભાવથી સદા ઉત્તરાભિમુખ થઈને જ કરવું ઉચિત છે. જ્યાં શિવલિંગ સ્થાપિત હોય એનાથી પૂર્વ દિશાનો આશ્રય લઈને બેસવું નહીં અથવા ઊભા પણ ન રહેવું જોઈએ; કેમકે, એ દિશા ભગવાન શિવની આગળ કે સામે પડે છે (ઈષ્ટદેવનો સામનો રોકવો ઠીક નથી). શિવલિંગથી ઉત્તર દિશામાં પણ ન બેસવું, કેમકે ત્યાં ભગવાન શંકરનું વામાંગ છે, જેમાં શક્તિસ્વરૂપા ઉમા બિરાજમાન છે. પૂજકે શિવલિંગની પશ્ચિમની દિશામાં પણ ન બેસવું, કેમકે, તે આરાધ્ય દેવનો પૃષ્ઠ ભાગ છે. (પાછળથી પૂજા કરવી તે પણ ઉચિત નથી). તેથી બાકી રહેલી દક્ષિણ દિશા જ ગ્રાહ્ય છે. તેથી એનો જ આશ્રય લેવો ઠીક છે. તાત્પર્ય એ છે કે શિવલિંગની દક્ષિણ દિશામાં ઉત્તરાભિમુખ થઈને બેસવું અને પૂજા કરવી. વિદ્વાન પુરુષે ભસ્મનું ત્રિપુંડ્ર લગાવીને, રુદ્રાક્ષની માળા લઈને, બિલ્વપત્રનો સંગ્રહ કરીને જ ભગવાન શંકરની પૂજા કરવી, એ સિવાય નહીં. હે મુનિવરો! શિવપૂજનનો આરંભ કરતી વખતે જો ભસ્મ ન મળે તો માટીથી પણ લલાટમાં ત્રિપુંડ્ર જરૂર કરી લેવું જોઈએ.

ઋષિ બોલ્યા—હે મુને! અમે પહેલાં એવું સાંભળ્યું છે કે ભગવાન શિવનું નૈવેદ્ય ગ્રહણ કરવું ન જોઈએ. આ બાબતમાં શાસ્ત્રનો નિર્ણય શો છે, તે બતાવો. સાથે જ બિલ્વપત્રનું માહાત્મ્ય પણ પ્રગટ કરો.

સૂતજી બોલ્યા—હે મુનિઓ! તમે શિવસંબંધી વ્રતનું પાલન કરવાવાળા છો. તેથી આપ સૌને શતશઃ ધન્યવાદ છે. હું પ્રસન્નતાપૂર્વક જે જ બતાવું છું તે તમે સાવધાન થઈને સાંભળો - જે ભગવાન શિવના ભક્ત છે, અંદર અને બહારથી પવિત્ર અને શુદ્ધ છે, ઉત્તમ વ્રતનું

---

* यो वैदिकमनावृत्य कर्म स्मार्तमथापि वा। अन्यत् समाचरेन्मर्त्यो न सोऽफलमवाप्नुयात्॥
(શિવપુરાણ વિ. ૨૧-૨૨)

પાલન કરનારા છે તથા દૃઢ નિશ્ચયથી યુક્ત છે, તે શિવ-નૈવેદ્યનું જરૂર ભક્ષણ કરે. ભગવાન શિવનું નૈવેદ્ય અગ્રાહ્ય છે, એ ભાવનાને મનમાંથી કાઢી દો. શિવના નૈવેદ્યને તો જોવા માત્રથી - દર્શન માત્રથી - પણ સર્વ પાપ દૂર ભાગી જાય છે અને એ નૈવેદ્ય ખાઈ લેવાથી તો કરોડો પુણ્ય આપણામાં આવી જાય છે. લાવેલું/આવેલું શિવ-નૈવેદ્ય મસ્તક ઝુકાવીને પ્રસન્નતાપૂર્વક ગ્રહણ કરો અને શિવસ્મરણપૂર્વક એનું ભક્ષણ કરવું જોઈએ. આપણા શિવ-નૈવેદ્યને જો એમ કરીને કે હું બીજા સમયે ગ્રહણ કરીશ, અથવા લેવામાં વિલંબ કરશે તો એ મનુષ્ય નિશ્ચય જ પાપથી બંધાઈ જાય છે. જેણે શિવની દીક્ષા લીધી હોય એ શિવભક્ત માટે શિવ-નૈવેદ્ય અવશ્ય ભક્ષણીય છે, એવું કહેવાય છે. શિવની દીક્ષાથી યુક્ત શિવભક્ત પુરુષને માટે બધાં જ શિવલિંગોનું નૈવેદ્ય શુભ અને 'મહાપ્રસાદ' છે માટે તે એનું ભક્ષણ અવશ્ય કરે. પરંતુ જે અન્ય દેવતાઓની દીક્ષાથી યુક્ત છે અને શિવ-ભક્તિમાં પણ મન લાગેલું છે, એમના અંગે શિવ-નૈવેદ્ય-ભક્ષણ વિષયમાં શો નિર્ણય છે - એને તમે પ્રેમપૂર્વક સાંભળો. હે બ્રાહ્મણો! જ્યાંથી શાલગ્રામની ઉત્પત્તિ થાય છે, ત્યાંના ઉત્પન્ન લિંગમાં, રસલિંગ (પારદલિંગ)માં, પથ્થર, રજત અને સુવર્ણથી નિર્મિત લિંગમાં, દેવતાઓ તથા સિદ્ધો દ્વારા પ્રતિષ્ઠિત લિંગમાં, કેસર-નિર્મિત લિંગમાં, રત્ન-નિર્મિત લિંગમાં અને સમસ્ત જ્યોતિર્લિંગોમાં બિરાજમાન શિવનું નૈવેદ્ય અને તેનું ભક્ષણ ચાંદ્રાયણ વ્રત સમાન પુણ્યજનક છે. ગર્ભ હત્યા કરનાર પુરુષ પણ જો પવિત્ર થઈને શિવ-નિર્માલ્યનું ભક્ષણ કરીને એને (માથા ઉપર) ધારણ કરે તો એનાં બધાં પાપ શીઘ્ર જ નષ્ટ થઈ જાય છે. પરંતુ જ્યાં ચંડનો અધિકાર છે, ત્યાં જે શિવ-નિર્માલ્ય છે, એને સાધારણ મનુષ્યોએ ગ્રહણ ન કરવું જોઈએ. જ્યાં ચંડનો અધિકાર નથી, ત્યાંના શિવ-નિર્માલ્યનો સૌને ભક્તિપૂર્વક ભોજન કરવું જોઈએ. બાણલિંગ (નર્મદેશ્વર), લોહ-નિર્મિત (સ્વર્ણાદિ ધાતુમય) લિંગ, સિદ્ધલિંગ (જે લિંગની ઉપાસનાથી કોઈ દ્વારા સિદ્ધિ પ્રાપ્ત થઈ હોય અથવા સિદ્ધો દ્વારા સ્થાપિત છે તે લિંગ), સ્વયંભૂ લિંગ - આ સર્વ લિંગોમાં તથા શિવની પ્રતિમામાં (મૂર્તિઓમાં) ચંડનો અધિકાર નથી. જે મનુષ્ય શિવલિંગને વિધિપૂર્વક સ્નાન કરાવીને એ સ્નાનના જળનું ત્રણ વાર આચમન કરે છે એમાં કાયિક, વાચિક અને માનસિક ત્રણે પ્રકારનાં પાપ અહીં શીઘ્ર નષ્ટ થઈ જાય છે. જે શિવ-નૈવેદ્ય, પત્ર, પુષ્પ, ફળ અને જળ અગ્રાહ્ય છે, તે સર્વ પણ શાલગ્રામશિલાના સ્પર્શથી પવિત્ર - ગ્રહણ કરવા યોગ્ય થઈ જાય છે. હે મુનીશ્વરો! શિવલિંગ ઉપર ચઢાવેલું જે દ્રવ્ય છે, તે અગ્રાહ્ય છે. જે વસ્તુ લિંગસ્પર્શથી રહિત છે અર્થાત્ જે વસ્તુને અલગ રાખીને શિવજીને નિવેદિત કરેલ છે અને લિંગની ઉપર ચઢાવેલ નથી, એને અત્યંત પવિત્ર જાણવી જોઈએ - હે મુનિવરો! આ રીતે નૈવેદ્યના વિષયમાં શાસ્ત્રનો નિર્ણય બતાવ્યો છે.

હવે તમે સાવધાન થઈને આદરપૂર્વક બિલ્વ-માહાત્મ્ય સાંભળો. આ બિલ્વ-વૃક્ષ મહાદેવનું જ રૂપ છે. દેવતાઓએ પણ એની સ્તુતિ કરી છે. પછી ગમે તેવી રીતે તો એનો મહિમા કેમ જાણી શકાય? આ લોકમાં જેટલાં

પુણ્ય-તીર્થ પ્રસિદ્ધ છે, તે સંપૂર્ણ તીર્થ બિલ્વના મૂળ ભાગમાં નિવાસ કરે છે. જે પુણ્યાત્મા મનુષ્ય બિલ્વના મૂળમાં લિંગસ્વરૂપ અવિનાશી મહાદેવજીનું પૂજન કરે છે તે નિશ્ચય જ શિવપદને પ્રાપ્ત કરી લે છે. જે બિલ્વના જડની પાસે પાણીથી પોતાના મસ્તકને સીંચે છે તે સંપૂર્ણ તીર્થોમાં સ્નાન કર્યાનું ફળ મેળવી લે છે અને એ જ આ ભૂતલ પર પાવન મનાય છે. આ બિલ્વના મૂળના પરગ ઉત્તમ થાળાને પાણી ભરેલો જોઈને મહાદેવજી પૂર્ણતયા સંતુષ્ટ થાય છે. જે મનુષ્ય ગંધ, પુષ્પ વગેરેથી બિલ્વના મૂળને પૂજે છે તે શિવલોકને પ્રાપ્ત કરે છે અને આ લોકમાં પણ એની સુખ સંતતિ વધે છે. જે બિલ્વના મૂળ પાસે આદરપૂર્વક દીપમાળા પ્રગટાવી રાખે છે તે તત્ત્વજ્ઞાનથી સંપન્ન થઈને ભગવાન મહેશ્વરમાં ભળી જાય છે. જે બિલ્વની શાખાને પકડીને હાથથી નવાં નવાં પાંદડાં ઉતારે છે અને એ જ પાંદડાંથી બિલ્વવૃક્ષની પૂજા કરે છે, તે સર્વ પાપથી મુક્ત થઈ જાય છે. જે બિલ્વના મૂળ પાસે ભગવાન શિવમાં અનુરાગ રાખનાર ભક્તને પણ ભક્તિપૂર્વક ભોજન કરાવે છે, એને કરોડગણું પુણ્ય પ્રાપ્ત થાય છે. જે બિલ્વના મૂળ પાસે શિવભક્તને ખીર અને ઘીથી યુક્ત અન્ન આપે છે, તે ક્યારેય દરિદ્ર નથી હોતો - હે બ્રાહ્મણો! આ રીતે મેં સાંગોપાંગ શિવલિંગપૂજનનું વર્ણન કર્યું છે. આ પ્રવૃત્તિ માર્ગી અને નિવૃત્તિમાર્ગી પૂજકોના ભેદથી બે પ્રકારનું થાય છે. પ્રવૃત્તિમાર્ગી લોકો માટે પીઠપૂજા આ ભૂતલ પર સંપૂર્ણ ઇચ્છિત વસ્તુઓને આપવાવાળી હોય છે. પ્રવૃત્ત પુરુષ સુપાત્ર ગુરુ વગેરે દ્વારા જ સંપૂર્ણ પૂજા સંપન્ન કરે અને અભિષેકના અંતમાં અગહનીના માગસરના (નિવારના) ચોખાથી બનાવેલું નૈવેદ્ય નિવેદિત કરે. પૂજાના અંતમાં શિવલિંગને શુદ્ધ સંપુટમાં બિરાજમાન કરીને ઘરની અંદર ક્યાંક અલગ મૂકી દે. નિવૃત્તિમાર્ગી ઉપાસકો માટે હાથ પર શિવપૂજનનું વિધાન છે. એમણે ભિક્ષા વગેરેથી પ્રાપ્ત થયેલા ભોજનને જ નૈવેદ્યરૂપમાં નિવેદિત કરી દેવું જોઈએ. નિવૃત્ત પુરુષોને માટે સૂક્ષ્મલિંગ જ શ્રેષ્ઠ બતાવ્યું છે. તે વિભૂતિથી પૂજન કરે અને વિભૂતિને જ નૈવેદ્યરૂપે નિવેદિત પણ કરે. પૂજા કરીને એ લિંગને સદા પોતાના મસ્તક પર ધારણ કરે.

(અધ્યાય ૨૧-૨૨)

*

શિવનામ-જપ તથા ભસ્મ ધારણ કરવાનો મહિમા, ત્રિપુંડ્રના દેવતા અને સ્થાન વગેરેનું પ્રતિપાદન

ઋષિ બોલ્યા—હે મહાભાગ વ્યાસશિષ્ય સૂતજી! આપને નમસ્કાર છે. હવે આપ પરમ ઉત્તમ ભસ્મ-માહાત્મ્યનું વર્ણન કરો. ભસ્મ-માહાત્મ્ય, રુદ્રાક્ષ-માહાત્મ્ય તથા ઉત્તમ નામ-માહાત્મ્ય એ ત્રણેનું પ્રસન્નતાપૂર્વક પ્રતિપાદન કરો અને અમારા હૃદયને આનંદિત કરો.

સૂતજી બોલ્યા—હે મહર્ષિઓ! તમે બ ઉત્તમ વાત પૂછી છે. આ સમસ્ત લોકોને મ હિતકારક વિષય છે. જે લોકો ભગવાન શિવ ઉપાસના કરે છે તે ધન્ય છે, કૃતાર્થ છે. એમ

દેહધારણ સફળ છે તથા તેમનાં સમસ્ત કુળનો ઉદ્ધાર થઈ ગયો. જેના મુખમાં ભગવાન શિવનું નામ છે, જે પોતાના મુખથી સદાશિવ અને શિવ વગેરે નામોનું ઉચ્ચારણ કરતા રહે છે, પાપ એમને સ્પર્શ પણ કરી શકતું નથી. જેવી રીતે ખદિર વૃક્ષના કોલસાને-અંગારાને-સ્પર્શ કરવાનું સાહસ કોઈ પણ પ્રાણી નથી કરતું, 'હે શ્રી શિવ! આપને નમસ્કાર છે' (શ્રી શિવાય નમસ્તુભ્યમ્) એવી વાણી મુખથી નીકળ્યા કરે ત્યારે તે મુખ સમસ્ત પાપનું વિનાશ કરનારું પાવન તીર્થ બની જાય છે. જે મનુષ્ય પ્રસન્નતાપૂર્વક એ મુખનું દર્શન કરે છે એને નિશ્ચિત જ તીર્થસેવનજનિત ફળની પ્રાપ્તિ થઈ જાય છે. હે બ્રાહ્મણો! શિવનું નામ, વિભૂતિ(ભસ્મ) તથા રુદ્રાક્ષ - આ ત્રણે ત્રિવેણીની જેમ પરમ પુણ્યમય મનાયાં છે. જ્યાં આ ત્રણે શુભતર વસ્તુઓ સર્વદા રહે છે, એમના દર્શનમાત્રથી મનુષ્ય ત્રિવેણી-સ્નાનનું ફળ પ્રાપ્ત કરી લે છે. ભગવાન શિવનું નામ 'ગંગા' છે, વિભૂતિ 'યમુના' માનવામાં આવી છે અને રુદ્રાક્ષને સરસ્વતી કહેવામાં આવે છે. આ ત્રણેની સંયુક્ત ત્રિવેણી સમસ્ત પાપનો નાશ કરે છે. હે શ્રેષ્ઠ બ્રાહ્મણો! આ ત્રણેનું માહાત્મ્ય સદ્-અસદ્ વિલક્ષણ ભગવાન મહેશ્વર વિના બીજું કોણ સારી રીતે જાણી શકે. આ બ્રહ્માંડમાં જે કાંઈ છે, તે સર્વ તો કેવળ મહેશ્વર જ જાણે છે.

હે વિપ્રગણ! હું મારી શ્રદ્ધા-ભક્તિ અનુસાર સંક્ષેપમાં ભગવન્નામોનું માહાત્મ્યનું થોડું વર્ણન કરું છું. તમે સૌ પ્રેમપૂર્વક સાંભળો. આ નામ-માહાત્મ્ય સમસ્ત પાપોને હરી લેનારું સર્વોત્તમ સાધન છે. 'શિવ' આ નામરૂપી દાવાનળથી પાતકરૂપી પર્વત અનાયાસ જ ભસ્મ થઈ જાય છે – આ સત્ય છે. આ સત્ય છે. એમાં સંશય નથી. હે શૌનક! પાપમૂલક જે વિવિધ પ્રકારનાં દુઃખ છે, તે એકમાત્ર શિવનામ (ભગવન્નામ)થી જ નષ્ટ થઈ જનારાં છે. બીજાં સાધનોથી સંપૂર્ણ યત્ન કરવાથી પણ પૂર્ણતયા નષ્ટ થતાં નથી. જે મનુષ્ય આ ભૂતલ સદા ભગવાન શિવનાં નામોના જપમાં જ લાગ્યો રહે છે, તે વેદોનો જ્ઞાતા છે, તે પુણ્યાત્મા છે, તે ધન્યવાદને પાત્ર છે અને તે વિદ્વાન મનાયો છે. હે મુને! જેમનો શિવનામ જપમાં વિશ્વાસ છે, એમના દ્વારા આચરિત વિવિધ પ્રકારના ધર્મ તત્કાલ ફળ આપવા સારુ ઉત્સુક થઈ જાય છે. હે મહર્ષે! ભગવાન શિવના નામથી જેટલાં પાપ નષ્ટ થાય છે, એટલાં પાપ તો મનુષ્ય આ ભૂતલ પર કરી જ શકતો નથી.* જે શિવનામરૂપ નાવડી પર આરૂઢ થઈને સંસારરૂપી સમુદ્રને પાર કરે છે, એમનાં જન્મ-મરણ રૂપ સંસારનાં મૂળભૂત તે બધાં પાપ નક્કી જ નષ્ટ થઈ જાય છે. હે મહામુને! સંસારનાં મૂળભૂત પાતકરૂપી વૃક્ષોનો શિવનામરૂપી કુહાડીથી નિશ્ચય જ નાશ થઈ જાય છે. જે પાપરૂપી દાવાનળથી પીડિત છે, એમને શિવ-નામરૂપી અમૃતનું પાન કરવું જોઈએ. પાપોના દાવાનળથી દગ્ધ થનાર લોકોને એ શિવ-નામામૃત વગર શાંતિ મળી શકતી નથી.

---

* લવન્તિ વિવિધા ધર્માસ્તેષાં સદ્યઃ ફલોન્મુખાઃ। યેષાં ભવતિ વિશ્વાસઃ શિવનામજપે મુને ॥
પાતકાનિ વિનશ્યન્તિ યાવન્તિ શિવનામતઃ। તાવન્તિ પાપાનિ કિયન્તે નરૈર્મુને ॥
(શિવપુરાણ વિ. રુ.૨૬-૨૭)

જે શિવનામરૂપી સુધાની વૃષ્ટિજનિત ધારામાં ડુબકી લગાવી રહ્યા છે, તે સંસારરૂપી દાવાનળની વચ્ચમાં પણ ઊભા રહીને ક્યારેય શોકના ભાગી થતા નથી. જે મહાત્માઓના મનમાં શિવનામ પ્રત્યે બહુ ભારે ભક્તિ છે, એવા લોકોની તરત જ અને સર્વથા મુક્તિ થઈ જાય છે.* હે મુનીશ્વર! જેણે અનેક જન્મો સુધી તપસ્યા કરી છે, એમને જ શિવનામ પ્રતિ ભક્તિ થાય છે, જે ભક્તિ સમસ્ત પાપને નષ્ટ કરે છે.

જેના મનમાં ભગવાન શિવના નામ પ્રત્યે ક્યારેય ખંડિત ન થનાર અસાધારણ ભક્તિ પ્રગટ થઈ છે, એને જ માટે મોક્ષ સુલભ છે – આ મારો મત છે. જે અનેક પાપ કરીને પણ ભગવાન શિવના નામજપમાં આદરપૂર્વક લાગી જાય છે, તે સમસ્ત પાપથી મુક્ત થઈ જ જાય છે, એમાં સંશય નથી. જેવી રીતે વનમાં દાવાનળથી બળી ગયેલાં વૃક્ષો ભસ્મ થઈ જાય છે, એવી જે રીતે શિવનામરૂપી દાવાનળથી દગ્ધ થઈને તે સમય સુધીનાં બધાં પાપ ભસ્મ થઈ જાય છે. હે શૌનક! જેનાં અંગ નિત્ય ભસ્મ લગાડવાથી પવિત્ર થઈ ગયાં છે અને જે શિવનામનો જપ આદરથી કરવા માંડ્યો છે તે સંસાર-સાગરને પણ પાર કરીને જ લે છે. સંપૂર્ણ વેદોનું અવલોકન કરીને પૂર્વવર્તી મહર્ષિઓએ આ જ નક્કી કર્યું છે કે ભગવાન શિવના નામનો જપ સંસારસાગરને પાર કરવાનો સર્વોત્તમ ઉપાય છે, હે મુનિવરો! વધારે કહેવાથી શો લાભ, હું શિવ-નામના સર્વપાપાહારી માહાત્મ્યનું એક જ શ્લોકમાં વર્ણન કરું છું. ભગવાન શંકરના એક નામમાં પણ પાપહરણની જેટલી શક્તિ છે, એટલાં પાપ મનુષ્ય ક્યારેય કરી જ શકતો નથી.* હે મુને! પૂર્વકાળમાં મહાપાપી રાજા ઇન્દ્રદ્યુમ્ને શિવનામના પ્રભાવથી ઉત્તમ ગતિ પ્રાપ્ત કરી હતી. આવી રીતે કોઈ બ્રાહ્મણી પણ જેણે બહુ પાપ કર્યાં હતાં તે પણ શિવનામના પ્રભાવથી ઉત્તમ ગતિને પ્રાપ્ત થઈ ગઈ. હે દ્વિજવરો! આ રીતે મેં તમને ભગવન્નામનું ઉત્તમ માહાત્મ્ય સંભળાવ્યું. હવે તમે ભસ્મનું માહાત્મ્ય સાંભળો, જે સમસ્ત પાવન વસ્તુઓને પણ પાવન કરનારું છે.

હે મહર્ષિઓ! ભસ્મ સંપૂર્ણ મંગલને પ્રદાન કરે છે તથા ઉત્તમ છે; એના બે ભેદ બનાવાયા છે, એ ભેદોનું હું વર્ણન કરું છું, તે સાવધાન થઈને સાંભળો. એકને 'મહાભસ્મ' જાણવું જોઈએ અને બીજાને 'સ્વલ્પભસ્મ' કહે છે. 'મહાભસ્મ'ના પણ અનેક ભેદ છે. તે ત્રણ પ્રકારના ભેદ છે : શ્રૌત, સ્માર્ત અને લૌકિક. સ્વલ્પભસ્મના પણ ઘણા ભેદોનું વર્ણન છે. શ્રૌત

---

* શિવનામતરીં પ્રાપ્ય સંસારાબ્ધિં તરન્તિ ને। સંસારમૂલપાપાનિ તાનિ નશ્યન્ત્યસંશયમ્॥
સંસારમૂલભૂતાનાં પાતકાનાં મહામુને। શિવનામકુઠારેણ વિનાશો જાયતે ધ્રુવમ્॥
શિવનામામૃતં પેયં પાપદાવાનલાર્દિતૈઃ। પાપદાવાર્દિતાનાં શાન્તિસ્તેન વિના ન હિ॥
શિવેતિ નામપીયૂષવર્ષોપરિપ્લુતાઃ। સંસારદવમાપેઽપિ ન શોચન્તિ કદાચન॥
શિવનામ્નિ મહદ્ભક્તિર્યેષાં મર્ત્યેષ્વનામ્। તદ્વિષયં તુ સહસા મુક્તિર્ભવતિ સર્વદા॥
(શિવપુરાણ વિ. રુદ્ર. ૨૩:૨૯-૩૩)

• પાપાનાં હરણે શંભોર્નામ્નિઃ શક્તિર્હિ યાવતી। તાવત્ કર્તું ન શક્નોતિ પાતકં પાતકી જનઃ॥
(શિવપુરાણ વિ. રુદ્ર. ૨૩:૪૨)

અને સ્માર્ત ભસ્મ કેવળ દ્વિજો જ ઉપયોગમાં લાવી શકે. ત્રીજો ભેદ જે લૌકિક છે તે અન્ય સર્વેના ઉપયોગમાં આવી શકે. શ્રેષ્ઠ મહર્ષિઓએ એ બતાવ્યું છે કે દ્વિજો વૈદિક મંત્રોના ઉચ્ચારણપૂર્વક ભસ્મ ધારણ કરે. બીજા લોકો માટે મંત્ર વગર જ ધારણ કરવાનું વિધાન છે. બળી ગયેલા છાણાથી પ્રગટ થનારી ભસ્મ અગ્નેય કહેવાય છે. હે મહામુનો! તે પણ ત્રિપુંડ્રનું જ દ્રવ્ય છે, એવું કહેવામાં આવ્યું છે. અગ્નિહોત્રથી ઉત્પન્ન થયેલી ભસ્મનો પણ મનીષી પુરુષોએ સંગ્રહ કરવો જોઈએ. અન્ય યજ્ઞથી પ્રગટ થયેલી ભસ્મ પણ ત્રિપુંડ્ર ધારણના કામમાં આવી શકે છે. જાબાલોપનિષદમાં આવેલા 'અગ્નિઃ' વગેરે સાત મંત્રો દ્વારા જળમિશ્રિત ભસ્મથી ધૂલન (વિભિન્ન અંગોમાં મર્દન અથવા લેપન) કરવું જોઈએ. મહર્ષિ જાબાલિએ સર્વ વર્ણ અને આશ્રમો માટે મંત્ર સાથે કે મંત્ર વગર પણ આદરપૂર્વક ભસ્મથી ત્રિપુંડ્ર કરવાની આવશ્યકતા બતાવી છે. સમસ્ત અંગોમાં ભસ્મનું મર્દન અથવા વિભિન્ન અંગોમાં ત્રાંસુ ત્રિપુંડ્ર લગાવવું - આ કાર્યોને મોક્ષાર્થી પુરુષ પ્રમાદથી ક્યારેય ન છોડે, એવો શ્રુતિનો આદેશ છે. ભગવાન શિવ અને વિષ્ણુએ પણ ત્રાંસું ત્રિપુંડ્ર ધારણ કર્યું છે. અન્ય દેવીઓ સહિત ભગવતી ઉમા અને લક્ષ્મીદેવીએ પણ વાણી દ્વારા આની પ્રશંસા કરી છે. બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય, શૂદ્ર, વર્ણસંકર તથા જાતિભ્રષ્ટ પુરુષોએ પણ ઉદ્ધૂલન અને ત્રિપુંડ્રના રૂપમાં ભસ્મ ધારણ કરી છે.

આ પછી ભસ્મ ધારણ તથા ત્રિપુંડ્રનો મહિમા અને વિધિ દર્શાવીને સૂતજી ફરીથી બોલ્યા – હે મહર્ષિઓ! આ રીતે મેં સંક્ષેપમાં ત્રિપુંડ્રનું માહાત્મ્ય બતાવ્યું છે. આ સમસ્ત પ્રાણીઓ માટે ગોપનીય રહસ્ય છે. તેથી તમારે પણ ગુપ્તતા જાળવવી જોઈએ. હે મુનિવરો! લલાટ વગેરે સર્વ નિર્દિષ્ટ સ્થાનોમાં જે ભસ્મથી ત્રણ તિરછી રેખાઓ દોરાય છે એને જ વિદ્વાનો ત્રિપુંડ્ર કહે છે. ભ્રમરોના મધ્ય ભાગથી લઈને જ્યાં ભ્રમરોનો અંત છે, એટલું મોટું ત્રિપુંડ્ર લલાટમાં ધારણ કરવું જોઈએ. મધ્યમા અને અનામિકા આંગળીઓથી બે રેખાઓ કરીને વચમાં અંગૂઠા દ્વારા પ્રતિલોમ ભાવથી કરેલી રેખાને ત્રિપુંડ્ર કહે છે, અથવા વચલી ત્રણ આંગળીઓથી ભસ્મ લઈને યત્નપૂર્વક ભક્તિભાવથી લલાટમાં ત્રિપુંડ્ર ધારણ કરવું જોઈએ - ત્રિપુંડ્ર અત્યંત ઉત્તમ તથા ભોગ-મોક્ષ પ્રદાયક છે. ત્રિપુંડ્રની ત્રણે રેખાઓમાંથી પ્રત્યેકના નવ-નવ દેવતા છે, જે સર્વ અંગોમાં સ્થિત છે; હું એનો પરિચય આપું છું તે તમે સાવધાન થઈને સાંભળો. હે મુનિવરો! પ્રણવનો પ્રથમ અક્ષર અકાર, ગાર્હપત્ય અગ્નિ, પૃથ્વી, ધર્મ, રજોગુણ-ઋગ્વેદ, ક્રિયાશક્તિ, પ્રાતઃ સવન તથા મહાદેવ - એ ત્રિપુંડ્રની પ્રથમ રેખાના નવ દેવતા છે. આ વાત શિવ-દીક્ષા પરાયણ પુરુષોએ સારી રીતે સમજી લેવી જોઈએ. પ્રણવનો બીજો અક્ષર, ઉકાર, દક્ષિણાગ્નિ, આકાશ, સત્ત્વગુણ, યજુર્વેદ, મધ્યંદિનસવન, ઇચ્છાશક્તિ, અંતરાત્મા તથા મહેશ્વર - એ બીજી રેખાના નવ દેવતા છે. પ્રણવનો ત્રીજો અક્ષર મકાર, આહવનીય અગ્નિ, પરમાત્મા, તમોગુણ, દ્યુલોક, જ્ઞાનશક્તિ, સામવેદ, તૃતીયસવન તથા શિવ – એ ત્રીજી રેખાના નવ દેવતા છે. આ રીતે સ્થાનદેવતાને ઉત્તમ ભક્તિભાવથી નિત્ય નમસ્કાર કરીને સ્નાન આદિથી શુદ્ધ થઈને પુરુષ જો ત્રિપુંડ્ર ધારણ કરે તો ભોગ અને મોક્ષને પ્રાપ્ત કરી લે છે. હે

મુનીશ્વર! આ સંપૂર્ણ અંગોમાં સ્થાન-દેવતા બતાવેલા છે, હવે એમના સંબંધમાં સ્થાન બતાવું છું, તે ધ્યાનપૂર્વક સાંભળો. બત્રીશ, સોળ, આઠ અથવા પાંચ સ્થાનોમાં ત્રિપુંડ્રનો ન્યાસ કરો. મસ્તક, લલાટ, બંને કાન, બંને નેત્ર, બંને નાસિકા, મુખ, કંઠ, બંને હાથ, બંને કોણી, બંને કાંડાં, હૃદય, બંને બાજુના ભાગ, નાભિ (ઢૂંટી), બંને અંડકોશ, બંને સાથળ, બંને ઘૂંટણની ઢાંકણી (ગુલ્ફ), બંને ઘૂંટણ, બંને પિંડી અને બંને પગ - આ બત્રીસ સ્થાન ઉત્તમ છે, એમાં ક્રમશઃ અગ્નિ, જળ, પૃથ્વી, વાયુ દશ દિક્પ્રદેશ, દસ દિક્પાળ અને આઠ વસુઓનો નિવાસ છે. ધર, ધ્રુવ, સોમ, આપ અનિલ, અનલ, પ્રત્યૂષ અને પ્રભાવ - એ આઠ વસુ કહેવાય છે. આ સૌનું નામ માત્ર લઈને એમનાં સ્થાનોમાં વિદ્વાન પુરુષે ત્રિપુંડ્ર ધારણ કરવાં જોઈએ.

અથવા એકાગ્રચિત્ત થઈને સોળ સ્થાનમાં જ ત્રિપુંડ્ર ધારણ કરો. મસ્તક, લલાટ, કંઠ, બંને ખભા, બંને ભુજાઓ, બંને કોણીઓ અને બંને કાંડાં, હૃદયમાં, નાભિમાં, બંને પાંસળીઓમાં અને પૃષ્ઠ ભાગમાં ત્રિપુંડ્ર લગાડીને ત્યાં બંને અશ્વિનીકુમારોનો શિવ, શક્તિ, રુદ્ર, ઈશ તથા નારદ અને વામા આદિ નવ શક્તિઓનું પૂજન કરો. આ બધા મળીને સોળ દેવતા છે. અશ્વિનીકુમાર બે કહેવાયા છે. નાસત્ય અને દસ્ર અથવા મસ્તક, કેશ, બંને કાન, મુખ, બંને ભુજાઓ, હૃદય, નાભિ, બંને જાંઘ, બંને જાનુ, બંને પગ અને પૃષ્ઠ ભાગ એ સોળ સ્થાનોમાં સોળ ત્રિપુંડ્રનો ન્યાસ કરો. મસ્તકમાં શિવ, કેશમાં ચંદ્રમા, બંને કાનમાં રુદ્ર અને બ્રહ્મા, મુખમાં વિઘ્નરાજ ગણેશ, બંને ભુજાઓમાં વિષ્ણુ અને લક્ષ્મી, હૃદયમાં શંભુ, નાભિમાં પ્રજાપતિ, બંને ઊરુઓમાં નાગ અને નાગકન્યાઓ, બંને ઘૂંટણમાં ઋષિકન્યાઓ, બંને પગમાં સમુદ્ર તથા વિશાળ પૃષ્ઠ ભાગમાં સંપૂર્ણ તીર્થ દેવતારૂપે બિરાજમાન છે. આ રીતે સોળ સ્થાનોનો પરિચય આપી દેવાયો. હવે આઠ સ્થાન બતાવી રહ્યો છું. ગુહ્યસ્થાન, લલાટ, પરમ ઉત્તમ કર્ણયુગલ, બંને ભુજા, હૃદય અને નાભિ – એ આઠ સ્થાન છે. એમાં બ્રહ્મા તથા સપ્તર્ષિ - એ આઠ દેવતાઓ બતાવાયા છે. હે મુનીશ્વરો! ભસ્મના સ્થાનને જાણવાવાળા વિદ્વાનોએ આ રીતે આઠ સ્થાનોનો પરિચય આપ્યો છે અથવા મસ્તક, બંને ભુજાઓનો, હૃદય અને નાભિ - આ પાંચ સ્થાનોને ભસ્મવેત્તા પુરુષોએ ભસ્મ ધારણને યોગ્ય કહ્યાં છે. યથાસંભવ દેશ, કાલ આદિની અપેક્ષા રાખીને ઉદ્ધૂલના (ભસ્મ)ને અભિમંત્રિત કરવું અને જળમાં મેળવવાનું કાર્ય કરો. જો ઉદ્ધૂલનમાં પણ અસમર્થ હોય તો ત્રિપુંડ્ર વગેરે લગાડે. ત્રિનેત્રધારી, સર્વ ગુણોનો આધાર અને સર્વ દેવતાઓના જનક ભગવાન શિવનું સ્મરણ કરતાં કરતાં 'નમઃ શિવાય' કહીને લલાટમાં ત્રિપુંડ્ર લગાવવું. 'ઈશાભ્યાં નમઃ' એમ કહીને બંને બાજુના ભાગમાં ત્રિપુંડ્ર ધારણ કરે. 'બીજાભ્યાં નમઃ' એમ બોલીને કાંડામાં ભસ્મ લગાવો. 'પિતૃભ્યાં નમઃ' કહીને નીચેના અંગમાં 'ઉમેશાભ્યાં નમઃ' કહીને ઉપરના અંગમાં અને 'ભીમાય નમઃ' કહીને પીઠમાં અને માદ્ય પાછલા ભાગમાં ત્રિપુંડ્ર લગાવવું જોઈએ.

(અધ્યાય ૨૩-૨૪

રુદ્રાક્ષ ધારણનો મહિમા અને એના વિવિધ ભેદોનું વર્ણન

સૂતજી કહે છે—હે મહાપ્રાજ્ઞ, હે મહામતે, હે શિવરૂપ શૌનક! હવે હું સંક્ષેપમાં રુદ્રાક્ષનું માહાત્મ્ય બતાવી રહ્યો છું તે સાંભળો. રુદ્રાક્ષ શિવને બહુ જ પ્રિય છે. એને પરમ પાવન સમજો. રુદ્રાક્ષના દર્શનથી, સ્પર્શથી તથા એના પર જપ કરવાથી તે સમસ્ત પાપનું અપહરણ કરનાર મનાય છે. હે મુને! પહેલાં પરમાત્મા શિવે સમસ્ત લોકનો ઉપકાર કરવા માટે દેવી પાર્વતીની સામે રુદ્રાક્ષના મહિમાનું વર્ણન કર્યું હતું.

શિવજી ભગવાન બોલ્યા—હે મહેશ્વરિ શિવે! હું તમારા પ્રેમવશ ભક્તોના હિતની કામનાથી રુદ્રાક્ષના મહિમાનું વર્ણન કરું છું તે સાંભળો. હે મહેશાનિ! પૂર્વકાળની વાત છે કે હું મનને સંયમમાં રાખીને હજારો દિવ્ય વર્ષો સુધી ઘોર તપસ્યામાં હતો. એક દિવસે અચાનક મારું મન ક્ષુબ્ધ થઈ ગયું. હે પરમેશ્વરિ! હું સંપૂર્ણ લોકોનો ઉપકાર કરનાર સ્વતંત્ર પરમેશ્વર છું. તેથી એ વખતે મેં લીલાવશ જ બંને નેત્રો ખોલ્યાં, ખોલતાં જ મારાં મનોહર નેત્રપુરોમાંથી થોડાંક જળ-બિંદુ સરી પડ્યાં. આંસુનાં એ બિંદુમાંથી ત્યાં રુદ્રાક્ષ નામ વૃક્ષ પેદા થઈ ગયું. ભક્તો પર અનુગ્રહ કરવા માટે તે અશ્રુબિંદુ સ્થાવરભાવને પ્રાપ્ત થઈ ગયાં. એ રુદ્રાક્ષ મેં વિષ્ણુભક્તોને તથા ચારે વર્ણમાં વહેંચી દીધાં. ભૂતલ પર મારા સ્વયંના પ્રિય રુદ્રાક્ષને મેં ગૌડ દેશમાં ઉત્પન્ન કર્યા. મથુરા, અયોધ્યા, લંકા, મલયાચલ, સહ્યગિરિ, કાશી તથા અન્ય દેશોમાં પણ એના અંકુર લગાવ્યા. એ ઉત્તમ રુદ્રાક્ષ અસહ્ય પાપ-સમૂહનું ભેદન કરનારા અને શ્રુતિઓના પણ પ્રેરક છે. મારી આજ્ઞાથી તે બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર જાતિના ભેદથી આ પૃથ્વી પર પ્રગટ થયા. રુદ્રાક્ષની જ જાતિના શુભાક્ષ પણ છે. એ બ્રાહ્મણ આદિ જાતિવાળા રુદ્રાક્ષોના વર્ણ શ્વેત, રક્ત, પીત અને કૃષ્ણ જાણવા જોઈએ. મનુષ્યો માટે એ જાણવું આવશ્યક છે કે તે ક્રમશઃ વર્ણ અનુસાર પોતાની જાતિનો જ રુદ્રાક્ષ ધારણ કરે. ભોગ અને મોક્ષની ઇચ્છાવાળા ચારે વર્ણોના લોકો અને વિશેષતઃ શિવભક્તોએ શિવ-પાર્વતીની પ્રસન્નતા માટે રુદ્રાક્ષનાં ફળોને અવશ્ય ધારણ કરવાં જોઈએ. આમળાંના ફળ જેટલા જો રુદ્રાક્ષ હોય તે શ્રેષ્ઠ ગણાયા છે. જે બોર જેવડા હોય એ મધ્યમ શ્રેણીના કહેવાય અને જે ચણા જેવડા હોય એમની ગણના નિમ્ન કોટિમાં થાય છે. હવે એની ઉત્તમતા પરખવાની બીજી ઉત્તમ પ્રક્રિયા બતાવવામાં આવે છે. આ બતાવવાનો ઉદ્દેશ્ય છે ભક્તોની હિતકામના. હે પાર્વતી! તમે સારી રીતે આ વિષયને સાંભળો.

હે મહેશ્વરિ! જે રુદ્રાક્ષ બોર જેવડા હોય, તે આટલા નાના હોવા છતાં પણ લોકમાં ઉત્તમ ફળ પ્રદાયક તથા સુખસૌભાગ્યની વૃદ્ધિ કરનારા છે, જે રુદ્રાક્ષ આમળાં જેવડાં હોય તે સમસ્ત અરિષ્ટોના વિનાશક છે. જે ચણોઠી જેવડા નાના હોય તે સંપૂર્ણ મનોરથ અને ફળોની સિદ્ધિ કરવાવાળા છે. રુદ્રાક્ષ જેમ જેમ નાના હોય, તેમ તેમ અધિક ફળ આપનારા હોય છે. એક-એક મોટા રુદ્રાક્ષથી એક એક

નાના રુદ્રાક્ષને વિદ્વાનોએ દશગણું અધિક ફળ આપનાર માન્યા છે. પાપનો નાશ કરવા માટે રુદ્રાક્ષ ધારણ જરૂરી ગણાય છે. તે નિશ્ચય જ ઈચ્છિત મનોરથોનો સાધક છે. તેથી તેને અવશ્ય ધારણ કરવો જોઈએ, હે પરમેશ્વરિ, લોકમાં મંગળમય રુદ્રાક્ષ જેવું ફળદાયક જણાય છે એવું ફળદાયી-રુદ્રાક્ષની માળા જેવી બીજી કોઈ માળા જણાતી નથી. સમાન આકારવાળા, ચીકણા, મજબૂત, સ્થૂળ, કંટકયુક્ત (ઊપસી આવેલા નાના-નાના દાણાવાળા) અને સુંદર રુદ્રાક્ષ અભિલષિત પદાર્થને આપે છે અને ભોગ-મોક્ષ પ્રદાયક છે. જેમાં કીડાઓ પડવાથી દૂષિત થયા હોય, તૂટેલા, જેમાં દાણા ઊપસેલા ન હોય, જેમાં ઘા જેવું જણાય અને જે પૂરેપૂરા ગોળ ન હોય એવા પાંચ પ્રકારના રુદ્રાક્ષ ત્યાજ્ય છે. જે રુદ્રાક્ષમાં દોરી પરોવવા જેટલું યોગ્ય છિદ્ર આપોઆપ હોય એ જ અહીં ઉત્તમ મનાય છે. જેમાં મનુષ્ય દ્વારા કાણું પાડવામાં આવ્યું હોય તે મધ્યમ ગણાય છે. રુદ્રાક્ષ ધારણ મોટાં મોટાં પાતકોને નષ્ટ કરે છે. આ જગતમાં અગિયાર સો રુદ્રાક્ષ ધારણ કરીને મનુષ્ય જે ફળ પ્રાપ્ત કરે છે એનું વર્ણન સેંકડો વર્ષોમાં પણ કરી શકાતું નથી. બુદ્ધિમાન પુરુષ સાડા પાંચ સો રુદ્રાક્ષના દાણાનો સુંદર મુગટ બનાવી લે અને એને શિર પર ધારણ કરે છે. ત્રણ સો સાઠ દાણાને લાંબી દોરીમાં પરોવીને એક હાર બનાવી લેવો જોઈએ. એવા એવા ત્રણ હાર બનાવીને ભક્તિપરાયણ પુરુષ એની જનોઈ તૈયાર કરીને એને યથાસ્થાન ધારણ કર્યા કરવી જોઈએ.

આ પછી કયા અંગમાં કેટલા રુદ્રાક્ષ ધારણ કરવા જોઈએ એ બતાવીને સૂતજી બોલ્યા – હે મહર્ષિઓ! માથા પર ઈશાન-મંત્રથી, કાનમાં તત્પુરુષ મંત્રથી, ગળામાં અને હૃદયમાં અઘોર-મંત્રથી રુદ્રાક્ષ ધારણ કરવા જોઈએ. વિદ્વાન પુરુષ બંને હાથમાં અઘોર-બીજ-મંત્રથી રુદ્રાક્ષ ધારણ કરે. પેટ ઉપર વામદેવ મંત્રથી પંદર રુદ્રાક્ષ દ્વારા ગૂંથેલી માળા ધારણ કરે અથવા અંગો સહિત પ્રણવનો પાંચ વાર જપ કરીને રુદ્રાક્ષની ત્રણ, પાંચ અથવા સાત માળાઓ ધારણ કરે અથવા મૂળ મંત્ર (નમઃ શિવાય)થી જ સમસ્ત રુદ્રાક્ષોને ધારણ કરે. રુદ્રાક્ષધારી પુરુષ પોતાના ખાન-પાનમાં મદિરા, માંસ, લસણ, પ્યાજ, સહિજન, (સરગવો) લિસોડા વગેરેને ત્યાગી દે. હે ગિરિરાજ નંદિની ઉમે! શ્વેત રુદ્રાક્ષ કેવળ બ્રાહ્મણોએ જ ધારણ કરવો. ઘેરા લાલ રંગનો રુદ્રાક્ષ ક્ષત્રિયો માટે હિતકર ગણાયો છે. વૈશ્યો માટે પ્રતિદિન વારંવાર પીળા રુદ્રાક્ષને ધારણ કરવો જરૂરી છે અને શૂદ્રોએ કાળા રંગનો રુદ્રાક્ષ ધારણ કરવો જોઈએ, આ વેદોક્ત માર્ગ છે. બ્રહ્મચારી, વાનપ્રસ્થ, ગૃહસ્થ અને સંન્યાસી – બધાંએ નિયમપૂર્વક રુદ્રાક્ષ ધારણ કરવો ઉચિત છે, એને ધારણ કરવાનું સૌભાગ્ય બહુ પુણ્યથી મળે છે. હે ઉમે, પહેલાં આમળા જેવડો અને પછી એનાથી નાનો રુદ્રાક્ષ ધારણ કરવો. જે રોગી હોય, જેમાં દાણા ન હોય, કીડાઓ પડ્યા હોય, યોગ્ય છિદ્ર ન હોય, એવા રુદ્રાક્ષને મંગલકામી પુરુષોએ ધારણ ન કરવો. રુદ્રાક્ષ મારો મંગલમય શ્રીવિગ્રહ છે. તે છેવટે ચણા જેવડો લઘુતર થઈ જાય છે. સૂક્ષ્મ રુદ્રાક્ષને જ સદા પ્રશસ્ત માનવામાં આવ્યો છે. બધા આશ્રમોમાં, સમસ્ત વર્ણોમાં, સ્ત્રીઓ તથા શૂદ્રોને

પણ ભગવાન શિવની આજ્ઞા અનુસાર સદૈવ રુદ્રાક્ષ ધારણ કરવો જોઈએ.* યતિઓ માટે પ્રણવના ઉચ્ચારણપૂર્વક રુદ્રાક્ષ ધારણ કરવાનું વિધાન છે. જેમાં લલાટમાં ત્રિપુંડ્ર લાગેલું હોય અને સર્વ અંગ રુદ્રાક્ષથી વિભૂષિત હોય અને જે મૃત્યુંજયમંત્રનો જપ કરી રહ્યો હોય એનું દર્શન કરવાથી સાક્ષાત્ રુદ્ર-દર્શનનું ફળ મળે છે.

હે પાર્વતી! રુદ્રાક્ષ અનેક પ્રકારના બતાવ્યા છે. હું એમના ભેદોનું વર્ણન કરું છું. એ ભેદ ભોગ અને મોક્ષરૂપ ફળ દેનારા છે. તમે ઉત્તમ ભક્તિભાવપૂર્વક એનો પરિચય સાંભળો. એક મુખવાળો રુદ્રાક્ષ સાક્ષાત્ શિવનું સ્વરૂપ છે. તે ભોગ અને મોક્ષરૂપી ફળનો પ્રદાયક છે. જ્યાં રુદ્રાક્ષની પૂજા થતી હોય, ત્યાંથી લક્ષ્મી દૂર જતી નથી. એ સ્થાનના બધા જ ઉપદ્રવો નષ્ટ થઈ જાય છે. ત્યાં રહેનારા લોકોની સંપૂર્ણ કામનાઓ પૂર્ણ થઈ જાય છે. બે મુખવાળો રુદ્રાક્ષ દેવદેવેશ્વર કહેવાયો છે. તે સંપૂર્ણ કામનાઓ અને ફળોને આપનારો છે. ત્રણ મુખવાળો રુદ્રાક્ષ સદા સાક્ષાત્ સાધનનું ફળ આપનાર છે, એના પ્રભાવથી બધી વિદ્યાઓ પ્રતિષ્ઠિત થઈ જાય છે. ચાર મુખવાળો રુદ્રાક્ષ સાક્ષાત્ બ્રહ્માનું સ્વરૂપ છે. તે દર્શન અને સ્પર્શથી શીઘ્ર જ ધર્મ, અર્થ, કામ અને મોક્ષ – એ ચારેય પુરુષાર્થોને આપનાર છે. પાંચ મુખવાળા રુદ્રાક્ષ સાક્ષાત્ કાલાગ્નિરુદ્રરૂપ છે. તે સર્વ કાંઈ કરવા સમર્થ છે. સર્વને મુક્તિ-પ્રદ અને સંપૂર્ણ મનોવાંછિત ફળ પ્રદાન કરે છે. પંચમુખ રુદ્રાક્ષ સમસ્ત પાપને દૂર કરે છે. છ મુખી રુદ્રાક્ષ કાર્તિકેયસ્વરૂપ છે. જો જમણી બગલની બાજુમાં ધારણ કરવામાં આવે તો તે ધારક બ્રહ્મહત્યા વગેરે પાપોથી મુક્ત થઈ જાય છે એમાં સંશય નથી. હે મહેશ્વરિ! સાત મુખી રુદ્રાક્ષ અનંગસ્વરૂપ અને અનંગ નામથી પ્રસિદ્ધ છે. હે દેવેશિ! એને ધારણ કરનાર દરિદ્ર પણ ઐશ્વર્યશાળી થઈ જાય છે. અષ્ટમુખી રુદ્રાક્ષ અષ્ટમૂર્તિ ભૈરવરૂપ છે, એને ધારણ કરવાથી મનુષ્ય પૂર્ણાયુ થાય છે અને મરણ પછી શૂલધારી શંકર થઈ જાય છે. નવમુખી રુદ્રાક્ષને ભૈરવ તથા કપિલ મુનિનું પ્રતીક માનવામાં આવ્યું છે અથવા નવરૂપ ધારણ કરનારી મહેશ્વરી દુર્ગા એની અધિષ્ઠાત્રી દેવી માનવામાં આવી છે. જે માણસ ભક્તિપરાયણ થઈને પોતાના ડાબા હાથમાં નવમુખી રુદ્રાક્ષ ધારણ કરે છે તે નિશ્ચય જ ગુજ સમાન સર્વેશ્વર થઈ જાય છે, એમાં સંશય નથી. હે મહેશ્વરિ! દશમુખી રુદ્રાક્ષ સાક્ષાત્ ભગવાન વિષ્ણુનું રૂપ છે. હે દેવેશિ! એને ધારણ કરવાથી મનુષ્યની સંપૂર્ણ કામનાઓ પૂર્ણ થઈ જાય છે. હે પરમેશ્વરિ! અગિયારમુખી જે રુદ્રાક્ષ છે તે રુદ્રસ્વરૂપ છે. એને ધારણ કરવાથી મનુષ્ય સર્વત્ર વિજયી થાય છે. બાર મુખવાળો રુદ્રાક્ષ કેશમાં ધારણ કરવો જોઈએ. એને ધારણ કરવાથી જાણે મસ્તક પર બારે આદિત્યો બિરાજમાન થઈ જાય છે. તેર મુખવાળો રુદ્રાક્ષ વિશ્વદેવાનું સ્વરૂપ છે. એને ધારણ કરીને મનુષ્ય સંપૂર્ણ મનોવાંછિતને પ્રાપ્ત કરે છે તથા સૌભાગ્ય અને મંગળનો લાભ કરાવે છે. ચૌદ મુખવાળો રુદ્રાક્ષ તે પરમ શિવરૂપ છે. એને

---

* સર્વાશ્રમાણાં વર્ણાનાં સ્ત્રીશૂદ્રાણાં શિવાજ્ઞયા । ધાર્યો સદૈવ રુદ્રાક્ષ..... ॥
(શિવપુરાણ વિ. રુ.૪૭)

ભક્તિભાવપૂર્વકમસ્તક પર ધારણ કરો. એનાથી સર્વ પાપ નષ્ટ થઈ જાય છે.

હે ગિરિરાજકુમારી! આ પ્રકારનાં મુખોના ભેદથી રુદ્રાક્ષના ચૌદ ભેદ દર્શાવાયા છે. હવે તમે ક્રમશઃ એ રુદ્રાક્ષોને ધારણ કરવાના મંત્રોને પ્રસન્નતાપૂર્વક સાંભળો. ૧. ૐ હ્રીં નમઃ ૨. ૐ નમઃ ૩. ૐ કલીં નમઃ ૪. ૐ હ્રીં નમઃ ૫. ૐ હ્રીં નમઃ ૬. ૐ હ્રીં હું નમઃ ૭. ૐ હું નમઃ ૮. ૐ હું નમઃ ૯. ૐ હ્રીં હું નમઃ ૧૦. ૐ હ્રીં નમઃ ૧૧. ૐ હ્રીં હું નમઃ ૧૨. ૐ ક્રૌં ક્ષૌં રૌં નમઃ ૧૩. ૐ હ્રીં નમઃ ૧૪. ૐ નમઃ આ ચૌદ મંત્રો દ્વારા ક્રમશઃ એકથી લઈને ચૌદ મુખવાળા રુદ્રાક્ષને ધારણ કરવાનું વિધાન છે. સાધક માટે જરૂરી છે કે તે નિદ્રા અને આળસ છોડીને શ્રદ્ધા-ભક્તિથી સંપન્ન થઈને સંપૂર્ણ મનોરથોની સિદ્ધિ માટે ઉક્ત મંત્રો દ્વારા તે તે રુદ્રાક્ષોને ધારણ કરે. રુદ્રાક્ષની માળા ધારણ કરેલ પુરુષને જોઈને ભૂત, પ્રેત, પિશાચ, ડાકિની, શાકિની અને અન્ય જે દ્રોહકારી રાક્ષસ વગેરે છે તે બધા દૂર ભાગી જાય છે. જે કૃત્રિમ અભિચાર વગેરે પ્રયુક્ત થાય છે તે સર્વ રુદ્રાક્ષધારીને જોઈને સશંક થઈને દૂર ખસી જાય છે. હે પાર્વતી! રુદ્રાક્ષમાળાધારી પુરુષને જોઈને હું શિવ, ભગવાન વિષ્ણુ, દેવી દુર્ગા, ગણેશ તથા સૂર્ય અને અન્ય દેવતા પણ પ્રસન્ન થઈ જાય છે. હે મહેશ્વરિ! આ રીતે રુદ્રાક્ષનો મહિમા જાણીને ધર્મની વૃદ્ધિ માટે ભક્તિપૂર્વક પૂર્વોક્ત મંત્રો દ્વારા વિધિવત્ એમને ધારણ કરવા જોઈએ.

હે મુનીશ્વર! ભગવાન શિવે દેવી પાર્વતીની સામે જે કાંઈ કહ્યું હતું એ બધું તમારા પ્રશ્નને અનુસાર મેં કહી સંભળાવ્યું. હે મુનીશ્વરો! મેં તમારી સમક્ષ આ વિદ્યેશ્વરસંહિતાનું વર્ણન કર્યું છે. આ સંહિતા સંપૂર્ણ સિદ્ધિઓને આપનારી છે તથા ભગવાન શિવની આજ્ઞાથી નિત્ય મોક્ષ પ્રદાન કરનારી છે. (અધ્યાય ૨૫)

*

॥ વિદ્યેશ્વરસંહિતા સંપૂર્ણ ॥

*

રુદ્રસંહિતા, પ્રથમ (સૃષ્ટિ) ખંડ

ઋષિઓના પ્રશ્નના ઉત્તરમાં નારદ-બ્રહ્મ સંવાદની અવતારણા કરતાં સૂતજીનો એમને નારદમોહનો પ્રસંગ સંભળાવવો; કામવિજયના ગર્વથી યુક્ત નારદનું શિવ, બ્રહ્મા તથા વિષ્ણુ પાસે જઈને પોતાના તપનો પ્રભાવ બતાવવો

વિશ્વોદ્ભવસ્થિતિલયાદિષુ હેતુમેકં
ગૌરિપતિં વિદિતતત્ત્વમનંતકીર્તિમ્।
માયાશ્રયં વિગતમાયમચિન્ત્યરૂપં
બોધસ્વરૂપમમલં હિ શિવં નમામિ॥

જે વિશ્વની ઉત્પત્તિ, સ્થિતિ અને લય આદિના એકમાત્ર કારણ છે, ગૌરી ગિરિરાજકુમારી ઉમાના પતિ છે, તત્ત્વજ્ઞ છે, જેમની કીર્તિ અનંત છે, જે માયાનો આશ્રય હોવા છતાં પણ એનાથી અત્યંત દૂર છે તથા જેમનું રૂપ અચિંત્ય છે, એવા વિમલ બોધસ્વરૂપ ભગવાન શિવને હું પ્રણામ કરું છું.

વંદે શિવં તં પ્રકૃતેરનાદિં
પ્રશાન્તમેકં પુરુષોત્તમં હિ।
સ્વમાયયા કૃત્સ્નમિદં હિ સૃષ્ટ્વા
નભોવદન્તર્બહિરાસ્થિતો યઃ॥

હું સ્વભાવથી જ એ અનાદિ, શાંતસ્વરૂપ, એકમાત્ર પુરુષોત્તમ શિવની વંદના કરું છું, જે સ્વયંની માયાથી આ સંપૂર્ણ વિશ્વની સૃષ્ટિ કરીને આકાશની જેમ એની અંદર અને બહાર પણ સ્થિત છે.

વન્દેઽન્તરસ્થં નિજગૂઢરૂપં
શિવં સ્વતસ્ત્વષ્ટુમિદં વિચષ્ટે।
જગન્તિ નિત્યં પરિતો ભ્રમન્તિ
યત્સંનિધૌ ચુમ્બકલોહવત્તમ્॥

જેવી રીતે લોખંડ ચુંબકથી આકૃષ્ટ થઈને એની આસપાસ જ લટકયા કરે છે, એવી રીતે આ આખું જગત સદા સર્વ તરફ જેની આસપાસ જ ભ્રમણ કરે છે, જેમણે સ્વયં જ આ પ્રપંચને રચવાની વિધિ બતાવી હતી, જે સર્વની અંદર અંતર્યામી રૂપે બિરાજમાન છે તથા જેમનું પોતાનું સ્વરૂપ અત્યંત ગૂઢ છે, એ ભગવાન શિવની હું સાદર વંદના કરું છું.

વ્યાસજી કહે છે—હે મહાભાગ સૂતજી! વિદ્યેશ્વરસંહિતાની જે સાધ્ય-સાધન-ખંડ નામવાળી શુભ અને ઉત્તમ કથા છે, તેને અમે બધાંએ સાંભળી લીધી છે. એનો આદિ ભાગ બહુ જ રમણીય છે તથા તે શિવ-ભક્તો પર ભગવાન શિવનો વાત્સલ્ય-સ્નેહ પ્રગટ કરનારી છે. હે વિદ્વન્! હવે આપ શિવ ભગવાનના ઉત્તમ સ્વરૂપનું વર્ણન કરો. સાથે જ શિવ અને પાર્વતીનાં દિવ્ય ચરિત્રોને પૂર્ણરૂપે સંભળાવો અમે પૂછીએ છીએ કે નિર્ગુણ મહેશ્વર લોકમાં સગુણરૂપ કેવી રીતે ધારણ કરે છે? અમે બધા લોકો વિચાર કર્યા છતાં પણ શિવના તત્ત્વને સમજી શકતા નથી. સૃષ્ટિની પહેલાં ભગવાન શિવ કેવી રીતે પોતાના સ્વરૂપથી સ્થિત થાય છે? પછી સૃષ્ટિના મધ્યકાળમાં તે ભગવાન કઈ રીતે ક્રીડા કરતાં કરતાં સમ્યક્ વ્યવહાર-વર્તાવ

કરે છે અને સૃષ્ટિ કલ્પનો અંત આવ્યેથી તે મહેશ્વરદેવ કયા રૂપમાં સ્થિત રહે છે? લોકકલ્યાણકારી શંકર કેવી રીતે પ્રસન્ન થાય છે? અને પ્રસન્ન થયેલા મહેશ્વર પોતાના ભક્તોને અને બીજાઓને કયું ઉત્તમ ફળ પ્રદાન કરે છે? એ બધું અમને કહો. અમે સાંભળ્યું છે કે ભગવાન શિવ શીઘ્ર પ્રસન્ન થઈ જાય છે. તે મહાદયાળુ છે, તેથી ભક્તોનાં કષ્ટ જોઈ શકતા નથી. બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ - આ ત્રણે દેવતા શિવના જ અંગથી ઉત્પન્ન થયા છે. એમના પ્રાગટ્યની કથા તથા એમનાં વિશેષ ચરિત્રોનાં વર્ણન કરો. હે પ્રભો! આપ ઉમાનો આવિર્ભાવ અને વિવાહની પવિત્ર કથા કહો. વિશેષતઃ એમના ગાર્હસ્થ્યધર્મનું અને અન્ય લીલાઓનું પણ વર્ણન કરો. હે નિષ્પાપ સૂતજી! (અગાઉના પ્રશ્નના ઉત્તરમાં) આપ આ બધું અને બીજી વાતો પણ અવશ્ય કહો.

સૂતજી બોલ્યા—હે મુનીશ્વરો! તમે લોકોએ બહુ ઉત્તમ વાત પૂછી છે. ભગવાન સદાશિવની કથામાં આપ લોકોની આત્યંતિક નિષ્ઠા થઈ છે, એ માટે તમે ધન્યવાદને પાત્ર છો. હે બ્રાહ્મણો! ભગવાન શંકરનો ગુણાનુવાદ સાત્ત્વિક, રાજસ અને તામસ ત્રણે પ્રકૃતિના મનુષ્યોને સદા આનંદ પ્રદાન કરવાવાળો છે. પશુઓની હિંસા કરનાર નિષ્ઠુર કસાઈ સિવાય એવો બીજો કોણ પુરુષ છે કે જે આ ગુણાનુવાદ સાંભળીને કંટાળી જઈ શકે છે. જેના મનમાં કોઈ તૃષ્ણા નથી એવા મહાત્મા પુરુષ એ ભગવાન શિવના એ ગુણોનું ગાન કરે છે, કેમકે તે ગુણાનુવાદી સંસારરૂપી રોગની દવા છે. મન અને કાનને પ્રિય લાગનારી અને સંપૂર્ણ મનોરથોનું પ્રદાન કરનારી છે.* હે બ્રાહ્મણો! આપ લોકોના પ્રશ્નાનુસાર હું યથાબુદ્ધિ પ્રયત્નપૂર્વક શિવ-લીલાનું વર્ણન કરું છું. તમે આદરપૂર્વક સાંભળો. જેમ આપ લોકો પૂછી રહ્યા છો, એવી જ રીતે

દેવર્ષિ નારદજીએ શિવરૂપી ભગવાન વિષ્ણુથી પ્રેરિત થઈને પોતાના પિતાને પૂછ્યું હતું. પોતાના પુત્ર નારદનો પ્રશ્ન સાંભળીને શિવભક્ત બ્રહ્માજીનું ચિત્ત પ્રસન્ન થઈ ગયું અને એ તે મુનિશિરોમણિને હર્ષ આપતાં પ્રેમપૂર્વક ભગવાન શિવના યશનું ગાન કરવા લાગ્યા.

એક સમયની વાત છે, મુનિશિરોમણિ

---

* કિંત્વીશ્વરગુણાનુવાદાત્ કો વિરજ્યેત પુમાન્ દ્વિજાઃ। વિના પશુઘ્નં સિવિધેર્જનાનન્દકરાત્ સદા॥
ગીયમાનો વિતૃષ્ણૈશ્ચ ભવરોગૌષધોઽપિ હિ। મનઃ શ્રોત્રાદિરામશ્ચ યતઃ સર્વાર્થદઃ સ વૈ॥
(શિ.પુ.રુદ્ર. સૃ. ૨૩-૨૪)

વિપ્રવર નારદજીએ, જે બ્રહ્માજીના પુત્ર છે, વિનીતચિત્ત થઈને તપસ્યામાં મનને પરોવ્યું. હિમાલય પર્વતપાં કોઈ એક ગુફા હતી, જે ખૂબ શોભા આપતી હતી. એની પાસે દેવનદી ગંગા નિરંતર વેગથી વહી રહી હતી. ત્યાં એક મહાન દિવ્ય આશ્રમ હતો. એ નાના પ્રકારની શોભાથી સુશોભિત હતો. દિવ્યદર્શી નારદજી તપસ્યા કરવા એ જ આશ્રમમાં ગયા. એ ગુફાને જોઈને મુનિવર નારદજી બહુ પ્રસન્ન થયા અને સુદીર્ઘકાળ સુધી ત્યાં રહીને તપસ્યા કરતા રહ્યા. એમનું અંતઃકરણ શુદ્ધ હતું. એ દૃઢતાપૂર્વક આસન બાંધીને મૌન થઈને પ્રાણાયામપૂર્વક સમાધિમાં સ્થિત થઈ ગયા. હે બ્રાહ્મણો! એમણે એ સમાધિ લગાવી, જેમાં બ્રહ્મનો સાક્ષાત્કાર કરનારા 'અહં બ્રહ્માસ્મિ' (હું બ્રહ્મ છું) - એ વિજ્ઞાન પ્રગટ થઈ જાય છે. મુનિવર નારદજી જ્યારે આ રીતે તપસ્યા કરવા લાગ્યા, એ વખતે આ સમાચાર મેળવીને દેવરાજ ઈન્દ્ર કોપાયમાન થઈ ગયા. એ માનસિક સંતાપમાં વિહ્વળ થઈ ગયા. 'આ નારદમુનિ મારું રાજ્ય લેવા ચાહે છે' મનમાં ને મનમાં જ આવું વિચારીને ઈન્દ્રે એમની તપસ્યામાં વિઘ્ન પેદા કરવાના પ્રયત્નની ઇચ્છા કરી. એ સમયે દેવરાજે પોતાના મનથી કામદેવનું સ્મરણ કર્યું. સ્મરણ કરતાં જ કામદેવ આવી ગયા. મહેન્દ્રએ એમને નારદની તપસ્યામાં વિઘ્ન નાખવાનો આદેશ આપ્યો. આ આજ્ઞા મેળવીને કામદેવ વસંતને સાથે લઈને બહુ ગર્વ સાથે એ સ્થાન પર ગયા અને પોતાના ઉપાય કરવા લાગ્યા. એમણે ત્યાં તરત જ પોતાની સર્વ કલા પ્રગટ કરી દીધી. વસંતે પણ મદમત્ત થઈને પોતાનો પ્રભાવ અનેક રીતે પ્રગટ કર્યો. હે મુનિવરો! કામદેવ અને વસંતના અગાધ પ્રયત્નો પછી પણ નારદમુનિના ચિત્તમાં વિકાર ઉત્પન્ન ન થયો. મહાદેવજીના અનુગ્રહથી આ બંનેનું અભિમાન ચૂર્ણ ચૂર્ણ થઈ ગયું.

શૌનક આદિ મહર્ષિઓ! એવું થવામાં જે કારણ હતું તે આદરપૂર્વક સાંભળો. મહાદેવજીની કૃપાથી નારદમુનિ પર કામદેવનો કોઈ પ્રભાવ પડ્યો નહીં. પહેલાં આ જ આશ્રમમાં કામશત્રુ ભગવાન શિવે ઉત્તમ તપસ્યા કરી હતી અને ત્યાં જ એમણે મુનિઓની તપસ્યાનો નાશ કરનાર કામદેવને શીઘ્ર જ ભસ્મ કરી દીધો હતો. એ વખતે રતિએ કામદેવને ફરીથી જીવિત કરવા માટે દેવતાઓ સમક્ષ પ્રાર્થના કરી હતી. ત્યારે દેવતાઓએ સમસ્ત લોકોનું કલ્યાણ કરનાર ભગવાન શંકરને યાચના કરી હતી. એમની યાચના કરવાથી એ બોલ્યા - 'હે દેવતાઓ! થોડો સમય વ્યતીત થશે પછી કામદેવ જીવિત તો થઈ જશે, પરંતુ અહીં એમનો કોઈ ઉપાય નહીં ચાલે. હે અમરગણ! અહીં ઊભા રહીને લોકો ચારે બાજુએ જેટલી દૂર સુધી ભૂમિને નેત્રો દ્વારા જોઈ શકશે, ત્યાં સુધી કામદેવનાં બાણો ચાલી શકશે નહિ, એમાં સંશય નથી.' ભગવાન શંકરની આ ઉક્તિ અનુસાર એ સમયે ત્યાં નારદજી પ્રત્યે કામદેવનો પોતાનો પ્રભાવ મિથ્યા સિદ્ધ થયો. તે તરત જ સ્વર્ગલોકમાં ઈન્દ્ર પાસે પરત ગયા. ત્યાં કામદેવે પોતાનો આખો વૃત્તાંત અને મુનિનો પ્રભાવ કહી બતાવ્યો. ત્યાર પછી ઈન્દ્રની આજ્ઞાથી વસંતની સાથે પોતાને સ્થાને પરત ગયા. એ વખતે દેવરાજ ઈન્દ્રને બહુ વિસ્મત થયો. એમણે નારદજીનાં બહુ વખાણ કર્યાં. પરંતુ શિવની માયાથી મોહિત થવાને કારણે તે પૂર્વવૃત્તાંતને યાદ ન કરી શક્યા. વાસ્તવમાં, આ સંસારની અંદર બધાં પ્રાણીઓ

માટે શંભુની માયા જાણવી અત્યંત કઠિન છે. જેણે ભગવાન શિવનાં ચરણોમાં પોતાની જાતને સમર્પિત કરી દીધી છે એવા ભક્તને છોડીને બાકીનું આખું જગત એમની માયાથી મોહિત થઈ જાય છે.* નારદજી પણ ભગવાન શંકરની કૃપાથી ત્યાં ચિરકાળ સુધી તપસ્યામાં લાગ્યા રહ્યા. જ્યારે એમણે જાણ્યું કે એમની તપસ્યા પૂર્ણ થઈ ગઈ છે, ત્યારે તે મુનિ એ તપસ્યાથી વિરત થઈ ગયા. 'કામદેવ પર મારો વિજય થયો છે' એવું માનીને એ મુનીશ્વરના મનમાં ગર્વનું અભિમાન ઉત્પન્ન થઈ ગયું. ભગવાન શિવની માયાથી મોહિત હોવાને કારણે એમને યથાર્થ વાતનું સ્મરણ રહ્યું નહીં. (એ એટલું ન સમજી શક્યા કે કામદેવના પરાજયમાં ભગવાન શંકરનો પ્રભાવ જ કારણ છે.) એ માયાથી અત્યંત મોહિત થઈને મુનિશિરોમણિ નારદ પોતાના કામવિજયના વૃત્તાંતને બતાવવા તરત જ કૈલાસ પર્વત પર ગયા. એ વખતે એ વિજયના ઉન્માદમાં ઉત્પન્ન હતા. ત્યાં રુદ્રદેવને નમસ્કાર કરીને ગર્વથી ભરેલા મુનિએ સ્વયંને મહાત્મા માનીને તથા પોતાના જ પ્રભાવથી કામદેવ પર વિજય થયો માનીને આખો પ્રસંગ કહી સંભળાવ્યો.

આ બધું સાંભળીને ભક્તવત્સલ ભગવાન શંકરે નારદજીને, જે શિવ માયાથી મોહિત હોવાને કારણે કામવિજયનું યથાર્થ કારણ જાણતા નથી અને સ્વયંના વિવેકને પણ ખોઈ બેઠા છે. રુદ્ર બોલ્યા -

હે તાત નારદ! તમે બહુ વિદ્વાન છો, ધન્યવાદને પાત્ર છો. પરંતુ મારી આ વાત સાંભળો. હવેથી ફરી કયારેય આવી વાત કયાંય કહેશો નહીં, વિશેષતઃ ભગવાન વિષ્ણુની સામે તો આની ચર્ચા કદાપિ ન કરશો. તમે મને જે વૃત્તાંત કહ્યું છે એ કોઈ પૂછે તો પણ બીજાની સામે ન કહેશો. આ સિદ્ધિ સંબંધી વૃત્તાંત સર્વથા ગુપ્ત રાખવા યોગ્ય છે, એને કયારેય બીજા સામે પ્રગટ ન કરવું જોઈએ. તમે મારા પ્રિયજન વિશેષ પ્રિયજન છો એટલે ભારપૂર્વક હું તમને શિખામણ અને આને ન કહેવાની આજ્ઞા કરું છું, કેમકે તમે ભગવાન વિષ્ણુના ભક્ત છો અને એમના ભક્ત હોવા છતાં પણ મારા અત્યંત અનુગામી છો.

આ રીતે ઘણુંબધું કહીને સંસારની સૃષ્ટિ

* દુર્જ્ઞેયા શાંભવી માયા સર્વેષાં પ્રાકૃતાત્મિહ। ભક્તં વિનાર્પિતાત્માનં તથા તંત્રોક્તયે જગત્॥
(શિ.પુ.રુદ્ર. સૃ. ૨-૨૫)

કરનાર ભગવાન રુદ્રે નારદજીને શિખામણ આપી - પોતાનું આ વૃત્તાંત ગુપ્ત રાખવા એમને ખૂબ સમજાવ્યા - પટાવ્યા. પરંતુ નારદજી તો શિવમાયાથી મોહિત હતા. તેથી એમને રુદ્રની આપેલી શિખામણને પોતાને માટે હિતકર ન માની. ત્યાર પછી મુનિશિરોમણિ નારદ બ્રહ્મલોકમાં ગયા. ત્યાં બ્રહ્માજીને નમસ્કાર કરીને એમણે કહ્યું - 'હે પિતાજી! મેં મારા તપોબળથી કામદેવને જીતી લીધા છે.' એમની આ વાત સાંભળીને બ્રહ્માજીએ ભગવાન શિવજીનાં ચરણારવિંદનું ચિંતન કર્યું અને સમગ્ર કારણ જાણીને પોતાના પુત્રને આવું બધું કરવાની ના કહી. પરંતુ નારદજી તો શિવમાયાથી મોહિત હતા. તેથી એમના ચિત્તમાં મદનો અંકુર જામી ગયો. એમની બુદ્ધિ બહેર મારી ગઈ. તેથી નારદજીએ પોતાનું સમગ્ર વૃત્તાંત ભગવાન વિષ્ણુને કહેવા ત્યાંથી તરત જ વિષ્ણુલોકમાં ગયા. નારદમુનિને આવતા જોઈને ભગવાન વિષ્ણુ ખૂબ આદરથી ઊઠ્યા અને તરત જ આગળ વધીને એમણે મુનિને છાતી સરસા ચાંપી લીધા. મુનિના આગમનનો હેતુ શો છે, એવી એમને પહેલાંથી જ અબર હતી. નારદજીને પોતાના આસન પર બેસાડીને ભગવાન શિવજીનાં ચરણારવિંદનું ચિંતન કરીને શ્રીહરિએ એમને પૂછ્યું -

ભગવાન વિષ્ણુ બોલ્યા—હે તાત! ક્યાંથી આવો છો? અહીંયાં તમારું આગમન કેમ થયું છે? હે મુનિશ્રેષ્ઠ! તમે ધન્ય છો. તમારા શુભ-આગમનથી હું પવિત્ર થઈ ગયો છું.

ભગવાન વિષ્ણુનું આ વચન સાંભળીને ગર્વથી ભરેલા નારદમુનિએ મદથી મોહિત થઈને પોતાનું આખું વૃત્તાંત બહુ અભિમાનપૂર્વક કહી સંભળાવ્યું. નારદમુનિના આ અહંકારયુક્ત વચન સાંભળીને મનમાં ને મનમાં ભગવાન વિષ્ણુએ એમની કામવિજયની ઘટનાને યથાર્થ કારણપૂર્વક જાણી લીધી -

ત્યાર પછી શ્રીવિષ્ણુ બોલ્યા - હે મુનિશ્રેષ્ઠ, તમે ધન્ય છો. તપસ્યાના તો ભંડાર જ છો. તમારું હૃદય પણ બહુ ઉદાર છે. હે મુને! જેની અંદર ભક્તિ, જ્ઞાન અને વૈરાગ્ય નથી હોતાં, એમનાં મનમાં સમસ્ત દુઃખને દેનાર કામ, મોહ વગેરે વિકારો શીઘ્ર ઉત્પન્ન થઈ જાય છે. તમે તો નૈષ્ઠિક બ્રહ્મચારી છો, અને સદા જ્ઞાન-વૈરાગ્યથી યુક્ત રહો છો તો પછી તમારામાં કામવિકાર કેવી રીતે આવી શકે. તમે તો જન્મથી જ નિર્વિકાર અને શુદ્ધ બુદ્ધિવાળા છો.

શ્રીહરિની કરેલી આવી વાતો સાંભળીને મુનિશિરોમણિ નારદ જોર જોરથી હસવા લાગ્યા. અને મનમાં ને મનમાં જ ભગવાનને પ્રણામ કરીને આ પ્રમાણે બોલ્યા -

નારદજી બોલ્યા—હે સ્વામિન! જ્યાં સુધી મુજ પર આપની કૃપા છે, ત્યાં સુધી બિચારો કામદેવ પોતાનો શો પ્રભાવ બતાવી શકવાનો હતો.

આવું કહીને ભગવાનના ચરણોમાં મસ્તક ઝુકાવીને ઇચ્છા-અનુસાર વિચરણ કરનાર નારદમુનિ ત્યાંથી ચાલ્યા ગયા.

(અધ્યાય ૧-૨)

*

માયાનિર્મિત નગરમાં શીલનિધિની કન્યા પર મોહિત થયેલા નારદજીનું ભગવાન વિષ્ણુ પાસે એમનું રૂપ માગવું, ભગવાનનું પોતાનું રૂપ અને સાથે એમને વાનર-જેવું મુખ આપવું, કન્યા ભગવાનને વરે છે અને કુપિત થયેલા નારદનો શિવગણોને શાપ આપવો

સૂતજી કહે છે—હે મહર્ષિઓ! જ્યારે નારદમુનિ ઇચ્છાનુસાર ત્યાંથી ચાલ્યા ગયા, ત્યારે ભગવાન શિવની ઇચ્છાથી માયાવિશારદ શ્રીહરિએ તત્કાળ પોતાની માયા પ્રગટ કરી. એમણે મુનિના માર્ગમાં એક વિશાળ નગરની રચના કરી, જેનો વિસ્તાર સો યોજનનો હતો. તે અદ્‌ભુત નગર ખૂબ જ મનોહર હતું. ભગવાને એને પોતાના વૈકુંઠલોકથી પણ વધારે રમણીય બનાવ્યું હતું. વિવિધ પ્રકારની વસ્તુઓ એ નગરની શોભા વધારી રહી હતી. ત્યાં સ્ત્રીઓ અને પુરુષો માટે ઘણાંબધાં વિહાર-સ્થળો હતાં... તે શ્રેષ્ઠ નગર ચારે વર્ણોના લોકોથી ભરેલાં હતાં. ત્યાં શીલનિધિ નામનો ઐશ્વર્યશાળી રાજા રાજ્ય કરતો હતો. તે પોતાની પુત્રીનો સ્વયંવર કરાવવા તૈયાર હતો, તેથી તેણે મહાન ઉત્સવનું આયોજન કર્યું હતું. એની કન્યાને પરણવા માટે ઉત્સુક થઈને ચારે દિશાઓમાંથી ઘણા રાજકુમારો પધાર્યા હતા, જેમણે વિવિધ પ્રકારની વેશભૂષા ધારણ કરી હતી અને સુંદર શોભાથી પ્રકાશિત થઈ રહ્યા હતા. એ રાજકુમારોથી તે નગર ભર્યું-ભાદર્યું દેખાતું હતું. આવા સુંદર રાજનગરને જોઈને નારદજી મોહિત થઈ ગયા. તે રાજા શીલનિધિના દ્વાર પર ગયા. મુનિશિરોમણિ નારદજીને આવેલા જોઈને મહારાજા શીલનિધિએ શ્રેષ્ઠ રત્નમય સિંહાસન પર બેસાડીને એમનું પૂજન કર્યું. ત્યાર પછી પોતાની સુંદર કન્યાને, જેનું નામ શ્રીમતી હતું, બોલાવી અને એની પાસે નારદજીના ચરણોમાં પ્રણામ કરાવ્યા. એ કન્યાને જોઈને નારદમુનિ ચકિત થઈ ગયા અને

બોલ્યા - 'હે રાજન્! આ દેવકન્યા જેવી સુંદર મહાભાગા કન્યા કોણ છે?' એમની વાત સાંભળીને રાજાએ હાથ જોડીને કહ્યું - 'હે મુને! આ મારી પુત્રી છે. એનું નામ શ્રીમતી છે. હવે એના વિવાહનો સમય આવી ગયો છે. એ પોતાને માટે સુંદર પતિ પસંદ કરવાને નિમિત્તે સ્વયંવરમાં જવાની છે. એમાં સર્વ પ્રકારનાં શુભ-લક્ષણ લક્ષિત થાય છે. હે મહર્ષે! આપ એનું ભાગ્ય બતાવો.'

રાજાના આ પ્રકારે પૂછવા પર કામદે

વિહ્વળ થયેલા મુનિશ્રેષ્ઠ નારદ એ કન્યાને પ્રાપ્ત કરવાની ઈચ્છા મનમાં રાખીને રાજાને સંબોધિત કરીને આ રીતે બોલ્યા - હે ભૂપાલ! તમારી આ પુત્રી સમસ્ત શુભ લક્ષણોથી સંપન્ન છે, પરમ સૌભાગ્યવતી છે. પોતાના મહાન ભાગ્યને કારણે એ ધન્ય છે. સાક્ષાત્ લક્ષ્મીની જેમ સમસ્ત ગુણોનો આગાર છે. એનો ભાવિ પતિ નિશ્ચય જ ભગવાન શંકરની જેમ વૈભવશાળી, સર્વેશ્વર, કોઈથી પણ પરાજય ન પામનાર, વીર, કામવિજયી તથા સંપૂર્ણ દેવતાઓમાં શ્રેષ્ઠ થશે.'

આવું કહીને રાજા પાસેથી વિદાય લઈને ઈચ્છા-અનુસાર વિચરણ કરનારા નારદમુનિ ત્યાંથી ચાલ્યા ગયા. તે કામને વશીભૂત થઈ ગયા હતા. શિવની માયાએ એમને વિશેષ મોહમાં નાખી દીધા હતા. તે મુનિ મનમાં ને મનમાં જ વિચારવા લાગ્યા કે 'હું આ રાજકુમારીને કેવી રીતે મેળવું? સ્વયંવરમાં આવેલા નરેશોમાંથી બધાને છોડીને એક માત્ર મને જ પરણે, એ કેવી રીતે સંભવે? સમસ્ત સ્ત્રીઓને સૌંદર્ય સર્વથા પ્રિય હોય છે. સૌંદર્યને જોઈને જ તે પ્રસન્નતાપૂર્વક મારે અધીન થઈ શકે, એમાં સંશય નથી.'

આવું વિચારીને કામથી વિહ્વળ થયેલા મુનિવર નારદ ભગવાન વિષ્ણુનું રૂપ ગ્રહણ કરવા માટે તત્કાળ તેમના લોકમાં જઈ પહોંચ્યા. ત્યાં ભગવાન વિષ્ણુને પ્રણામ કરીને તે આ રીતે બોલ્યા - હે ભગવન્! હું એકાંતમાં તમને મારો બધો જ વૃત્તાંત કહીશ.' ત્યારે 'બહુ સારું' કહીને લક્ષ્મીપતિ શ્રી હરિ નારદજીની સાથે એકાંતમાં જઈને બેઠા અને બોલ્યા - હે મુને! હવે તમે તમારી વાત કહો.'

ત્યારે નારજીએ કહ્યું—'હે ભગવન્! તમારા ભક્ત જે શીલનિધિ રાજા છે, એ સદા ધર્મપાલનમાં તત્પર રહે છે. એમની એક વિશાલલોચના કન્યા છે, જે ખૂબ જ સુંદર છે. એનું નામ શ્રીમતી છે. તે વિશ્વમોહિની રૂપે વિખ્યાત છે અને ત્રણે લોકોમાં સૌથી વધારે સુંદર છે. હે પ્રભો! આજે હું તરત જ એ કન્યા સાથે વિવાહ કરવા ચાહું છું. રાજા શીલનિધિએ પોતાની પુત્રીની ઈચ્છાથી સ્વયંવર રચ્યો છે. એટલે ચારે દિશાઓમાંથી ત્યાં હજારો રાજકુમારો પધાર્યા છે. હે નાથ! હું આપનો પ્રિય સેવક છું. તેથી તમે મને તમારું રૂપ આપી દો જેથી રાજકુમારી શ્રીમતી નક્કી મને જ વરે.

સૂતજી કહે છે—મહર્ષિઓ! નારદમુનિની આવી વાત સાંભળી ભગવાન મધુસૂદન હસી પડ્યા અને ભગવાન શંકરના પ્રભાવનો અનુભવ કરીને એ દયાળુ પ્રભુએ એમને આ પ્રકારે જવાબ આપ્યો -

ભગવાન વિષ્ણુ બોલ્યા—હે મુને! તમે તમારા ઈચ્છિત સ્થાને જાઓ. હું એવી જ રીતે તમારું હિત-સાધન કરીશ, જેવી રીતે શ્રેષ્ઠ વૈદ્ય અત્યંત પીડિત રોગીનું કરે છે, કેમકે તમે મને વિશેષ પ્રિય છો.

આવું કહીને ભગવાન વિષ્ણુએ નારદમુનિને મુખ તો વાનરનું આપી દીધું અને બાકીનાં અંગોમાં પોતાના જેવું સ્વરૂપ આપીને અંતર્ધાન થઈ ગયા. ભગવાનની પૂર્વોક્ત વાત સાંભળીને અને એમનું મનોહર રૂપ મળી ગયું છે એમ સમજીને નારદમુનિને બહુ હર્ષ થયો. તે સ્વયંને કૃતકૃત્ય માનવા લાગ્યા. ભગવાને શો પ્રયત્ન કર્યો છે તે તેઓ સમજી ના શક્યા. ત્યારબાદ મુનિશ્રેષ્ઠ નારદ શીઘ્ર જ એ સ્થાન પર પહોંચી ગયા જ્યાં રાજા શીલનિધિએ રાજકુમારોથી ભરેલી સ્વયંવર સભાનું આયોજન કર્યું હતું - હે

વિપ્રવરો! રાજકુમારોથી ઘેરાયેલી દિવ્ય સ્વયંવર સભા બીજી ઇન્દ્રસભાની જેમ શોભી રહી હતી. નારદજી એ સભામાં જઈને બેઠા અને ત્યાં

બેસીને પ્રસન્ન મનથી વારંવાર એ જ વિચારવા લાગ્યા કે 'હું ભગવાન વિષ્ણુ જેવું જ રૂપ ધારણ કરીને બેઠો છું તેથી પેલી રાજકુમારી અવશ્ય મારા જ ગળામાં વરમાળા પહેરાવશે, બીજાને પરણશે નહીં.' મુનિશ્રેષ્ઠ નારદને એ વાતની ખબર ન હતી કે મારું મોઢું કેટલું કુરૂપ છે. એ સભામાં બેઠેલા સર્વ મનુષ્યોએ મુનિને એમના પૂર્વરૂપમાં જ જોયા. રાજકુમાર વગેરે કોઈ પણ એમના રૂપ-પરિવર્તનના રહસ્યને ન જાણી શક્યા. ત્યાં નારદજીની રક્ષા માટે ભગવાન રુદ્રના બે પાર્ષદ આવેલા હતા, જે બ્રાહ્મણનું રૂપ ધારણ કરીને ગૂઢભાવથી ત્યાં બેઠા હતા. તેઓ જ નારદજીના રૂપ-પરિવર્તનના ઉત્તમ ભેદને જાણતા હતા. મુનિને કામાવેશથી મૂઢ થયેલા જાણી તે બંને પાર્ષદો એમની પાસે ગયા, અને અંદરોઅંદર વાતચીત કરતાં કરતાં એમની મજાક-હાંસી કરવા લાગ્યા. પરંતુ મુનિ તો કામવિહ્વળ હતા જ. તેથી એમણે એમની યથાર્થ વાત પણ સાંભળી ન સાંભળી કરી દીધી. તે મોહિત થઈને શ્રીમતીને પ્રાપ્ત કરવાની ઇચ્છાથી એના આગમનની પ્રતીક્ષા કરવા લાગ્યા.

એ દરમિયાન તે સુંદરી રાજકન્યા સખીઓથી ઘેરાયેલી અંતઃપુરથી નીકળી ત્યાં આવી. એણે પોતાના હાથમાં સોનાની એક સુંદર માળા લઈ રાખી હતી. તે શુભલક્ષણા રાજકુમારી સ્વયંવરના મધ્યભાગમાં લક્ષ્મીની જેમ અપૂર્વ શોભા પ્રાપ્ત કરી રહી હતી. ઉત્તમ વ્રતનું પાલન કરનારી તે ભૂપકન્યા માળા હાથમાં લઈને પોતાના મનને અનુરૂપ વરને શોધતી આખી સભામાં ભ્રમણ કરવા લાગી. નારદમુનિનું ભગવાન વિષ્ણુનું સમાન શરીર અને વાનર-જેવું મોઢું જોઈને એ કુપિત થઈ ગઈ અને એમની તરફથી દૃષ્ટિ હટાવીને પ્રસન્ન મનથી બીજી બાજુ ચાલી ગઈ. સ્વયંવર સભામાં પોતાના મનોવાંછિત વરને ન જોઈને તે ભયભીત થઈ ગઈ. રાજકુમારી એ સભામાં ચૂપચાપ ઊભી રહી ગઈ. એણે કોઈનાયે ગળામાં જયમાળા પહેરાવી નહીં. એટલામાં જ રાજાની જેમ વેશભૂષા ધારણ કરેલા ભગવાન વિષ્ણુ ત્યાં આવી પહોંચ્યા. બીજા કોઈએ એમને ત્યાં જોયા નહીં. માત્ર એ કન્યાની જ દૃષ્ટિ તેમના ઉપર પડી. ભગવાનને જોતાં જ એ પરમ સુંદરી રાજકુમારીનું મુખ પ્રસન્નતાથી ખીલી ઊઠ્યું. એણે તત્કાળ જ એમના કંઠમાં તે જયમાળા પહેરાવી દીધી. રાજાનું રૂપ ધારણ કરનારા ભગવાન વિષ્ણુ એ રાજકુમારીને લઈને તરત જ અદૃશ્ય થઈ ગયા અને પોતાના ધામમાં

જઈ પહોંચ્યા. આ બાજુ બધા રાજકુમાર શ્રીમતી બાબતે નિરાશ થઈ ગયા. નારદમુનિ તો કામવેદનાથી આતુર થઈ રહ્યા હતા. તેથી તે અત્યંત વિહ્વળ થઈ ઊઠ્યા. ત્યારે પેલા બંને વિપ્રરૂપધારી જ્ઞાન વિશારદ રુદ્રગણ કામ-વિહ્વળ નારદજી સામે એ જ ક્ષણે બોલ્યા -

રુદ્રગણોએ કહ્યું—હે નારદ! હે મુને! તમે

અર્ધમાં જ કામમાં મોહિત થઈ રહ્યા છો, અને સૌંદર્યના બળથી રાજકુમારીને મેળવવા ચાહો છો. પોતાનું વાનર જેવું ઘૃણિત મુખ જોઈ લો.

સૂતજી કહે છે—હે મહર્ષિઓ! એ રુદ્રગણોનું આ વચન સાંભળીને નારદજીને ઘણો વિસ્મય થયો. તે શિવની માયાથી મોહિત હતા. એમણે દર્પણમાં પોતાનું મુખ જોયું. વાનર જેવું પોતાનું મુખ જોઈ તે તરત જ ક્રોધથી જાણે સળગી ગયા અને માયાથી મોહિત હોવાને કારણે એ બંને શિવગણોને શાપ દેતાં બોલ્યા - 'અરે! તમે બંનેએ મારા જેવા બ્રાહ્મણનો ઉપહાસ કર્યો છે. તેથી તમે બ્રાહ્મણના વીર્યથી ઉત્પન્ન રાક્ષસ થઈ જાઓ. બ્રાહ્મણનાં સંતાન થવા છતાં તમારા આકાર રાક્ષસ જેવા જ હશે.' આ રીતે પોતાને મળેલો શાપ સાંભળીને પેલા બંને જ્ઞાની-શિરોમણિ શિવગણ મુનિને મોહિત જાણીને કશું બોલ્યા નહીં. હે બ્રાહ્મણો! તેઓ સદા સર્વ ઘટનાઓમાં ભગવાન શિવની જ ઇચ્છા માનતા હતા. તેથી ઉદાસીન ભાવથી પોતાના સ્થાને જતા રહ્યા, અને ભગવાન શિવની સ્તુતિ કરવા લાગ્યા.

(અધ્યાય ૩)

*

નારદજીએ ભગવાન વિષ્ણુને ક્રોધપૂર્વક વચનો કહ્યાં અને શાપ દીધો; પછી માયા દૂર થઈ જવાથી પશ્ચાત્તાપપૂર્વક ભગવાનના પગે પડ્યા અને શુદ્ધિનો ઉપાય પૂછ્યો તથા ભગવાન વિષ્ણુનું એમને સમજાવવું અને શિવ-માહાત્મ્ય જાણવા માટે બ્રહ્માજી પાસે જવાનો આદેશ અને શિવના ભજનનો ઉપદેશ આપવો

સૂતજી કહે છે—હે મહર્ષિઓ! માયામોહિત નારદમુનિ એ બંને શિવગણોને યથોચિત શાપ દઈને પણ ભગવાન શિવની ઇચ્છાવશ મોહનિદ્રાથી જાગી ન શક્યા. એ ભગવાન વિષ્ણુએ કપટને યાદ કરીને મનમાં અસહ્ય ક્રોધ લઈને વિષ્ણુલોકમાં ગયા અને સામિધા મેળવીને

પ્રજ્વલિત થયેલા અગ્નિતત્ત્વની જેમ ક્રોધથી અગ્નિની જેમ થઈને બોલ્યા - એમનું જ્ઞાન નષ્ટ થઈ ગયું હતું, તેથી એ દુર્વચનપૂર્ણ વ્યંગ સંભળાવવા લાગ્યા.

નારદજીએ કહ્યું—હે હરે! તમે બહુ દુષ્ટ છો, કપટી છો અને સમસ્ત વિશ્વને મોહમાં નાખી રહ્યા છો. બીજાઓનો ઉત્સાહ અથવા ઉત્કર્ષ તમારાથી સહન થતો નથી. તમે માયાવી છો, તમારું અંતઃકરણ મલિન છે. પૂર્વકાળમાં તમે જ મોહિનીરૂપ ધારણ કરીને કપટ કર્યું હતું, અસુરોને વારુણી મદિરા પિવડાવી, એમને અમૃત ન પીવા દીધું. છળ કપટમાં જ અનુરાગ રાખનાર હે હરે! જો મહેશ્વર રુદ્ર દયા કરીને વિષ ન પી લેતા તો તમારી બધી માયા એ જ દિવસે સમાપ્ત થઈ જાત. હે વિષ્ણુદેવ! કપટપૂર્ણ ચાલ તમને વધારે પ્રિય છે. તમારો સ્વભાવ સારો નથી તો પણ ભગવાન શંકરે તમને સ્વતંત્ર બનાવી દીધા છે. તમારી આવી જ ચાલ-ઢાલ સમજીને હવે એ (ભગવાન શિવ) પણ પશ્ચાત્તાપ કરતા હશે. પોતાની વાણીરૂપ વેદની પ્રામાણિકતા સ્થાપિત કરનાર મહાદેવજી એ બ્રાહ્મણને સર્વોપરિ બતાવ્યા છે. હે હરે! આ વાતને જાણીને આજે હું બળપૂર્વક તમને એવી શિખામણ આપીશ કે જેથી તમે ફરી ક્યારેય, ક્યાંય આવું કર્મ કરી શકશો નહિ. આજ સુધી તમને કોઈ શક્તિશાળી યા તેજસ્વી પુરુષનો સામનો થયો નથી. તેથી તમે નીડર થઈને ફરો છો. પરંતુ હે વિષ્ણો! હવે તમને તમારી કરણીનું પૂરેપૂરું ફળ મળશે!

ભગવાન વિષ્ણુને આવું કહીને માયામોહિત નારદમુનિ પોતાના બ્રહ્મતેજનું પ્રદર્શન કરતાં ક્રોધથી ખિન્ન થઈ ગયા અને શાપ દેતાં બોલ્યા - 'હે વિષ્ણો, તમે સ્ત્રીને માટે મને વ્યાકુળ કર્યો છે. તમે આ જ રીતે સર્વને મોહમાં નાખો છો. આ કપટપૂર્ણ કાર્ય કરતાં તમે જે સ્વરૂપથી મને સંયુક્ત કર્યો હતો, એ જ સ્વરૂપથી તમે મનુષ્ય થઈ જાઓ અને સ્ત્રીના વિયોગનું દુઃખ ભોગવો. તમે જે વાનરો જેવું મારું મુખ બનાવ્યું હતું

તો જ એ સમયે તમારા સહાયક થશે. તમે બીજાને (સ્ત્રીવિરહ) દુઃખ દેનારા છો તેથી સ્વયં તમને સ્ત્રીના વિયોગનું દુઃખ પ્રાપ્ત થશે. અજ્ઞાનથી મોહિત મનુષ્યો જેવી તમારી સ્થિતિ થાઓ.'

અજ્ઞાનથી મોહિત થયેલા નારદજીએ મોહવશ શ્રીહરિને જ્યારે આવી રીતે શાપ આપ્યો ત્યારે એમણે શંભુની માયાની પ્રશંસા કરતાં કરતાં એ શાપનો સ્વીકાર કરી લીધો ત્યાર પછી મહાલીલા કરનારા શંભુએ પોતાની એ વિશ્વમોહિની માયાને, જેને કારણે જ્ઞાની નારદમુનિ પણ મોહિત થઈ ગયા હતા, ખેંચી

લીધી. એ માયા જેવી તિરોહિત થઈ કે તરત જ નારદજી પૂર્વવત્ શુદ્ધબુદ્ધિથી યુક્ત થઈ ગયા. એમને પૂર્વવત્ જ્ઞાન પ્રાપ્ત થઈ ગયું અને એમની બધી વ્યાકુળતા જતી રહી. આનાથી એમના મનમાં મોટો વિસ્મય થયો. તે વધારે ને વધારે પશ્ચાત્તાપ કરતાં કરતાં વારંવાર સ્વનિંદા કરવા લાગ્યા. એ વખતે એમણે જ્ઞાનીને પણ મોહમાં નાખનારી ભગવાન શંભુની માયાની પ્રશંસા કરી. ત્યાર પછી એ જાણીને કે માયાને કારણે જ હું ભ્રમમાં પડેલો હતો - આ બધું મારો માયા-જનિત ભ્રમ જ હતો, વૈષ્ણવ શિરોમણિ નારદજી ભગવાન વિષ્ણુના ચરણમાં પડી ગયા. ભગવાન શ્રીહરિએ એમને ઊભા કર્યા અને ઉઠાડ્યા. એ વખતે એમની દુર્બુદ્ધિ નષ્ટ થઈ જવાને કારણે તે આ પ્રમાણે બોલ્યા - 'હે નાથ! માયાથી મોહિત હોવાને કારણે મારી બુદ્ધિ બગડી ગઈ હતી. તેથી મેં આપને દુર્વચન કહ્યાં, તમને શાપ સુદ્ધાં આપી દીધો. એ પ્રભો! એ શાપને આપ મિથ્યા કરી દો. હાય! મેં બહુ મોટું પાપ કર્યું છે. હવે હું જરૂર નરકમાં પડીશ. હે હરે! હું તમારો દાસ છું. બતાવો, હું કયો ઉપાય, કયું પ્રાયશ્ચિત્ત કરું, જેથી મારો પાપસમૂહ નષ્ટ થઈ જાય અને મારે નરકમાં ન પડવું પડે.' આવું કહીને શુદ્ધબુદ્ધિવાળા મુનિશિરોમણિ નારદજી પુનઃ ભક્તિભાવથી ભગવાન વિષ્ણુના ચરણોમાં પડી ગયા. એ વખતે એમને ખૂબ જ પશ્ચાત્તાપ થઈ રહ્યો હતો. ત્યારે શ્રીવિષ્ણુએ એમને ઉઠાડીને મધુર વાણીમાં કહ્યું -

ભગવાન વિષ્ણુ બોલ્યા—હે તાત! ખેદ ન કરો. તમે મારા શ્રેષ્ઠ ભક્ત છો, એમાં સંશય નથી. હું તમને એક વાત બતાવું છું, સાંભળો. એનાથી નક્કી જ તમારું પરમ હિત થશે, તમારે નરકમાં નહીં જવું પડે. ભગવાન શિવ તમારું કલ્યાણ કરશે. તમે મદથી મોહિત થઈને જે ભગવાન શિવની વાત ન માની, એમની અવહેલના કરી હતી, એ જ અપરાધનું ભગવાન શિવે તમને આવું ફળ આપ્યું છે, કેમકે એ જ કર્મફળના દાતા છે. તમે તમારા મનમાં એ દૃઢ નિશ્ચય કરી લો કે ભગવાન શિવની ઇચ્છાથી જ આ બધું થયું છે. સર્વના સ્વામી પરમેશ્વર શંકર જ ગર્વને દૂર કરનારા છે. એ જ પરબ્રહ્મ પરમાત્મા છે. એમનો જ સચ્ચિદાનંદઘનરૂપે બોધ થાય છે. તે નિર્ગુણ અને નિર્વિકાર છે. સત્ત્વ, રજ અને તમ - આ ત્રણે ગુણોથી પર છે. તે જ પોતાની માયાને લઈને બ્રહ્મા વિષ્ણુ અને મહેશ - એ ત્રણ રૂપોમાં પ્રગટ થાય છે. નિર્ગુણ અને સગુણ પણ એ જ છે. નિર્ગુણ અવસ્થામાં એમનું જ નામ શિવ છે. એ જ પરમાત્મા, મહેશ્વર, પરબ્રહ્મ, અવિનાશી, અનંત અને મહાદેવ વગેરે નામોથી કહેવાયા છે. એમની જ સેવાથી બ્રહ્માજી જગતના સ્રષ્ટા થયા છે અને હું ત્રણે લોકોનું પાલન કરું છું. તે સ્વયં જ રુદ્રરૂપે સદા સર્વનો સંહાર કરે છે. તે શિવસ્વરૂપે સર્વના સાક્ષી છે, માયાથી ભિન્ન અને નિર્ગુણ છે. સ્વતંત્ર હોવાને કારણે તે પોતાની ઇચ્છા અનુસાર ચાલે છે. એમનો વિહાર-આચાર-વ્યવહાર ઉત્તમ છે અને તે ભક્તો પર દયા કરનારા છે. હે નારદમુને! હું તમને એક સુંદર ઉપાય બતાવું છું, જે સુખદ, સમસ્ત પાપનાશક અને સદા ભોગ અને મોક્ષ આપનાર છે. તમે એને સાંભળો. તમારા પોતાના બધા સંશયો છોડીને તમે ભગવાન શંકરના સુયશનું ગાન કરો અને સદા અનન્ય ભાવથી શિવના શતનામસ્તોત્રનો પાઠ કરો. હે મુને! તમે નિરંતર એમની જ ઉપાસના અને એમનું જ ભજન કરો. એમના જ યશને સાંભળો અને ગાન કરો તથા

પ્રતિદિન એમની જ પૂજા-અર્ચના કરતા રહો. હે નારદ! જે શરીર, મન અને વાણી દ્વારા ભગવાન શંકરની ઉપાસના કરે છે એને પંડિત અથવા જ્ઞાની જાણવો જોઈએ. એ જીવન્મુક્ત કહેવાય છે. 'શિવ' આ નામરૂપી દાવાનળથી મોટાં મોટાં પાતકોના અસંખ્ય પર્વત અનાયાસ ભસ્મ થઈ જાય છે - આ સત્ય છે. આ સત્ય છે. એમાં કોઈ સંશય નથી.* જે ભગવાન શિવના નામરૂપી નૌકાનો આશ્રય લે છે, તે સંસાર-સાગરથી પાર થઈ જાય છે. સંસારનાં મૂળભૂત એનાં બધાં પાપ નિઃસંદેહ નષ્ટ થઈ જાય છે. હે મહામુને! સંસારનાં જે મૂળભૂત જે પાતકરૂપી વૃક્ષ છે, એમનો શિવનામરૂપી કુહાડીથી નિશ્ચય જ નાશ થઈ જાય છે.* જે લોકો પાપરૂપી દાવાનળથી પીડિત છે, એમણે શિવનામરૂપી અમૃતનું પાન કરવું જોઈએ. પાપદાવાગ્નિથી દગ્ધ થનાર પ્રાણીઓનો એ (શિવનામામૃત) વગર શાંતિ નથી મળી શકતી. સંપૂર્ણ વેદોનું અવલોકન કરીને પૂર્વવર્તી વિદ્વાનોએ આ જ નિશ્ચય કર્યો છે કે ભગવાન શિવની પૂજા જ ઉત્કૃષ્ટ સાધન તથા જન્મ-મરણરૂપી સંસારબંધનના નાશનો ઉપાય છે. આજથી યત્નપૂર્વક સાવધાન રહીને વિધિ-વિધાનની સાથે ભક્તિભાવથી નિત્ય-નિરંતર જગદંબા પાર્વતીસહિત મહેશ્વર સદાશિવનું ભજન કરો, નિત્ય શિવની જ કથા સાંભળો અને કહો તથા અત્યંત યત્ન કરીને વારંવાર શિવભક્તોનું પૂજન કર્યા કરો. હે મુનિશ્રેષ્ઠ! પોતાના હૃદયમાં ભગવાન શિવનાં ઉજ્જ્વળ ચરણારવિન્દોની સ્થાપના કરીને પહેલાં શિવનાં તીર્થોમાં વિચરો. હે મુને! આ રીતે પરમાત્મા શંકરના અનુપમ માહાત્મ્યનું દર્શન કરતાં કરતાં અન્તમાં આનંદવન (કાશી) જાઓ, તે સ્થાન ભગવાન શિવને બહુ જ પ્રિય છે. ત્યાં ભક્તિપૂર્વક વિશ્વનાથજીનું દર્શન-પૂજન કરો. વિશેષતઃ એમની સ્તુતિ વંદના કરીને તમે નિર્વિકલ્પ (સંશયરહિત) થઈ જશો, હે નારદજી! આ પછી તમારે મારી આજ્ઞાથી ભક્તિપૂર્વક પોતાના મનોરથની સિદ્ધિ માટે નક્કી જ બ્રહ્મલોકમાં જવું જોઈએ. ત્યાં તમારા પિતા બ્રહ્માજીની વિશેષરૂપે સ્તુતિ-વંદના કરીને તમારે હૃદયથી વારંવાર શિવમહિમાના વિષયમાં પ્રશ્ન કરવો જોઈએ. બ્રહ્માજી શિવભક્તોમાં શ્રેષ્ઠ છે. એ તમને બહુ પ્રસન્નતા સાથે ભગવાન શંકરનું માહાત્મ્ય અને શતનામસ્તોત્ર સંભળાવશે. હે મુને! આજથી તમે શિવ-આરાધનામાં તત્પર રહેનારા શિવભક્ત થઈ જાઓ, અને વિશેષરૂપે મોક્ષના ભાગી બનો. ભગવાન શિવ તમારું કલ્યાણ કરશે. આ રીતે પ્રસન્ન ચિત્તવાળા ભગવાન વિષ્ણુ નારદમુનિને પ્રેમપૂર્વક ઉપદેશ દઈને શ્રી શિવનું સ્મરણ, વંદન અને સ્તવન કરીને ત્યાં અંતર્ધાન થઈ ગયા.

(અધ્યાય ૪)

*

---

* શિવેતિનામદાવાગ્નેર્નષ્ટપાતક પર્વતાઃ । ભસ્મીભવન્ત્યનાયાસાત્ સત્યં સત્યં ન સંશયઃ ॥
(શિ. પુ. રુ. સૂ. ૪-૪૫)

* શિવનામતરીં પ્રાપ્ય સંસારાબ્ધિં તરન્તિ તે । સંસારમૂલપાપાનિ તેષાં નશ્યન્ત્યસંશયમ્ ॥
સંસારમૂલભૂતાનાં પાતકાનાં મહામુને । શિવનામકુઠારેણ વિનાશો જાયતે ધ્રુવમ્ ॥ (શિ.પુ.રુ.સૂ. ૫૬-૫૨)

નારદજીનું શિવતીર્થોમાં ભ્રમણ, શિવગણોને શાપોદ્ધારની વાત બતાવવી અને બ્રહ્મલોકમાં જઈને બ્રહ્માજીને શિવતત્ત્વ વિશે પ્રશ્ન કરવો

સૂતજી કહે છે—હે મહર્ષિઓ! ભગવાન શ્રીહરિના અંતર્ધાન થયા પછી મુનિશ્રેષ્ઠ નારદ શિવલિંગોનાં ભક્તિપૂર્વક દર્શન કરતાં કરતાં પૃથ્વી પર વિચરણ કરવા લાગ્યા. હે બ્રાહ્મણો! ભૂ-મંડલ પર ફરી ફરીને એમણે ભોગ-મોક્ષપ્રદ ઘણાં શિવલિંગોનું પ્રેમપૂર્વક દર્શન કર્યું. દિવ્યદર્શી નારદજી ભૂતલનાં તીર્થોમાં વિચરી રહ્યા છે અને આ સમયે એમનું ચિત્ત શુદ્ધ છે - એ જાણીને પેલા બંને શિવગણો એમની પાસે ગયા. તે એવી ઇચ્છા રાખીને ગયા હતા કે નારદજીએ આપેલા શાપનો ઉદ્ધાર થાય, શાપ પાછો વળે અથવા અત્યંત મંદ થઈ જાય. એમણે આદરપૂર્વક મુનિના બંને પગ પકડી લીધા અને મસ્તક ઝુકાવીને સારી રીતે પ્રણામ કરીને તરત જ આ પ્રકારે બોલ્યા -

શિવગણ બોલ્યા—હે બ્રહ્મન્! અમે બંને શિવના ગણ છીએ. હે મુને! અમે આપનો અપરાધ કર્યો છે. રાજકુમારી શ્રીમતીના સ્વયંવરમાં આપનું ચિત્ત માયાથી મોહિત થઈ રહ્યું હતું. એ વખતે પરમેશ્વરની પ્રેરણાથી આપે અમને બંનેને શાપ આપી દીધો હતો. ત્યાં કુસમય જાણીને અમે ચૂપ રહેવામાં જ અમારી જીવન-રક્ષાનો ઉપાય સમજ્યા. આમાં કોઈનો દોષ નથી. અમને અગાઉ કર્મનું ફળ પ્રાપ્ત થયું. હે પ્રભો! હવે આપ પ્રસન્ન થાઓ અને અમારા પર અનુગ્રહ કરો.

નારદજી બોલ્યા—તમે બંને મહાદેવજીના ગણ છો અને સત્પુરુષો માટે પરમ સન્માનનીય છો. તેથી મારા મોહરહિત અને સુખદાયક યથાર્થ વચનને સાંભળો. પહેલાં ખરેખર મારી બુદ્ધિ જ ભ્રષ્ટ થઈ ગઈ હતી, બગડી ગઈ હતી અને હું સર્વથા મોહને વશીભૂત થઈ ગયો હતો. એટલા માટે તમને બંનેને મેં શાપ આપી દીધો. હે શિવગણો! મેં જે કાંઈ કહ્યું છે, થશે તો એવું જ, તેમ છતાં મારી વાત સાંભળો. હું તમારે માટે શાપોદ્ધારની વાત બતાવી રહ્યો છું. તમે આજે મારા અપરાધની ક્ષમા આપો. મુનિવર વિશ્રવાના વીર્યથી જન્મ ધારણ કરીને તમે સંપૂર્ણ દિશાઓમાં પ્રસિદ્ધ (કુંભકર્ણ-રાવણ) રાક્ષસરાજનું પદ પ્રાપ્ત કરશો અને બળવાન, વૈભવથી યુક્ત અને પરમ પ્રતાપી થશો. સમસ્ત બ્રહ્માંડના રાજા થઈને શિવભક્ત અને જિતેન્દ્રીય થશો અને શિવના જ બીજા સ્વરૂપ શ્રી વિષ્ણુને હાથે મૃત્યુ પામીને પુનઃ પોતાના પદ પર પ્રતિષ્ઠિત થઈ જશો.

સૂતજી કહે છે—હે મહર્ષિઓ! મહાત્મા

નારદમુનિની આ વાત સાંભળીને એ બંને શિવગણ પ્રસન્ન થઈને આનંદસહિત પોતાના સ્થાને જતા રહ્યા. શ્રીનારદજી પણ અત્યંત આનંદિત થઈને અનન્યભાવથી ભગવાન શિવનું ધ્યાન તથા શિવતીર્થોનું દર્શન કરતાં કરતાં વારંવાર ભૂમંડળમાં વિચરણ કરવા લાગ્યા. છેવટે, તે સર્વની ઉપર બિરાજમાન શિવપ્રિયા કાશીપુરીમાં ગયા, જે શિવસ્વરૂપિણી અને શિવને સુખ આપનારી છે. કાશીપુરીનું દર્શન કરીને નારદજી કૃતાર્થ થઈ ગયા. એમણે ભગવાન કાશીનાથનાં દર્શન કર્યાં અને પરમ પ્રેમ અને પરમાનંદથી યુક્ત થઈને એમની પૂજા કરી. કાશીનું સાનંદ સેવન કરીને તે મુનિશ્રેષ્ઠ કૃતાર્થતાનો અનુભવ કરવા લાગ્યા. પ્રેમથી વિહ્વળ થઈને શિવને નમન, તેમનું વર્ણન અને સ્મરણ કરતાં કરતાં બ્રહ્મલોકમાં ગયા. નિરંતર શિવનું સ્મરણ કરવાથી એમની બુદ્ધિ શુદ્ધ થઈ ગઈ હતી. ત્યાં પહોંચીને શિવતત્ત્વનું વિશેષરૂપે જ્ઞાન પ્રાપ્ત કરવાની ઇચ્છાથી નારદજીએ બ્રહ્માજીને ભક્તિપૂર્વક નમસ્કાર કર્યા અને વિવિધ પ્રકારનાં સ્તોત્રો દ્વારા એમની સ્તુતિ કરીને એમને શિવતત્ત્વના વિષયમાં પૂછ્યું. એ સમયે નારદજીનું હૃદય ભગવાન શંકર પ્રતિ ભક્તિભાવનાથી પરિપૂર્ણ હતું.

નારદજી બોલ્યા—હે બ્રહ્મન્! પરં બ્રહ્મ પરમાત્માના સ્વરૂપને જાણનારા હે પિતામહ! હે જગત્પ્રભો! આપના કૃપાપ્રસાદથી મેં ભગવાન વિષ્ણુના ઉત્તમ માહાત્મ્યને પૂર્ણતયા જ્ઞાનરૂપે પ્રાપ્ત કરી લીધું છે. ભક્તિમાર્ગ, જ્ઞાનમાર્ગ, અત્યંત દુસ્તર તપોમાર્ગ, દાનમાર્ગ અને તીર્થમાર્ગનું વર્ણન સાંભળ્યું છે. પરંતુ શિવતત્ત્વનું જ્ઞાન મને હજુ સુધી થયું નથી. હું ભગવાન શંકરની પૂજાવિધિ પણ નથી જાણતો. એટલે હે પ્રભો! તમે ક્રમશઃ આ વિષયોને તથા ભગવાન શિવનાં વિવિધ ચરિત્રો તથા એમનું સ્વરૂપ-તત્ત્વ, પ્રાગટ્ય, વિવાહ, ગાર્હસ્થ્ય ધર્મ - એ સર્વ મને બતાવો. હે નિષ્પાપ પિતામહ! આ સર્વ વાતો તથા બીજી પણ જે આવશ્યક વાતો હોય તો તેનું આપે વર્ણન કરવું જોઈએ. હે પ્રજાનાથ! શિવ અને શિવાનો આવિર્ભાવ અને વિવાહ-પ્રસંગ વિશેષરૂપે કહો, તથા કાર્તિકેયના જન્મની કથા પણ મને સંભળાવો. હે પ્રભો! પહેલાં મેં ઘણા લોકો પાસેથી વાતો સાંભળી છે, પરંતુ તૃપ્તિ થઈ નથી. તેથી આપને શરણે આવ્યો છું. આપ મારા પર કૃપા કરો.

પોતાના પુત્ર નારદની આ વાત સાંભળીને લોક-પિતામહ બ્રહ્મા આ પ્રકારે બોલ્યા -

(અધ્યાય ૫)

*

મહાપ્રલયકાળમાં કેવળ સદ્‌બ્રહ્મની સત્તાનું પ્રતિપાદન, એ નિર્ગુણ નિરાકાર બ્રહ્મથી ઈશ્વરમૂર્તિ (સદાશિવ)નું પ્રાગટ્ય, સદાશિવ દ્વારા સ્વરૂપભૂતા શક્તિ (અંબિકા)નું પ્રગટીકરણ, એ બંને દ્વારા ઉત્તમક્ષેત્ર (કાશી અથવા આનંદવન)નો પ્રાદુર્ભાવ, શિવના વામ-અંગથી પરમ પુરુષ (વિષ્ણુ)નો આવિર્ભાવ અને એમના સામીપ્યથી પ્રાકૃત તત્ત્વોની ક્રમશઃ ઉત્પત્તિનું વર્ણન

બ્રહ્માજીએ કહ્યું—હે બ્રહ્મન્! હે દેવશિરોમણે! તમે સદા સમસ્ત જગતના ઉપકારમાં જ લાગ્યા રહો છો. તમે લોકોના હિતની કામનાથી આ બહુ ઉત્તમ વાત પૂછી છે. જેને સાંભળવાથી સંપૂર્ણ લોકોનાં સમસ્ત પાપોનો ક્ષય થઈ જાય છે, એવા અનામય શિવતત્ત્વનું હું તમારી સમક્ષ વર્ણન કરું છું. શિવતત્ત્વનું સ્વરૂપ બહુ જ ઉત્કૃષ્ટ અને અદ્‌ભુત છે. એ વખતે સમસ્ત ચરાચર જગત નષ્ટ થઈ ગયું હતું. સર્વત્ર કેવળ અંધકાર જ અંધકાર હતો, ન સૂર્ય દેખાતો હતો, ન ચંદ્ર દેખાતો હતો અને અન્યાન્ય ગ્રહો અને નક્ષત્રોનું પણ ઠેકાણું ન હતું, ન દિવસ હતો, ન રાત હતી, અગ્નિ, પૃથ્વી, વાયુ અને જળની પણ સત્તા ન હતી. પ્રધાન તત્ત્વ (અવ્યાકૃત પ્રકૃતિ)થી રહિત સૂનું આકાશમાત્ર શેષ હતું. બીજા કોઈ તેજની ઉપલબ્ધિ ન થતી હતી. અદૃષ્ટ વગેરેનું પણ અસ્તિત્વ ન હતું. શબ્દ અને સ્પર્શનો સાથ પણ છૂટી ગયો હતો. ગંધ અને રૂપની પણ અભિવ્યક્તિ થતી નહોતી. રસનો પણ અભાવ થઈ ગયો હતો. દિશાઓનું પણ ભાન થતું ન હતું. આ રીતે બધી બાજુએ નિરંતર સૂચિ ભેદ્ય ઘોર અંધકાર ફેલાયેલો હતો. એ સમયે 'તત્સદ્‌બ્રહ્મ' એ શ્રુતિમાં જે 'સત્' સંભળાય છે, એક માત્ર તે જ શેષ હતું જ્યારે 'આ', 'તે',

'આવું', 'જે' વગેરે રૂપ દ્વારા નિર્દિષ્ટ થનાર ભાવાભાવાત્મક જગત ન હતું. એ સમયે

એકમાત્ર તે 'સત્' જ શેષ હતું, જેને યોગીજન પોતાના હૃદયાકાશમાં નિરંતર જ જોયા કરે છે. એ સત્-તત્ત્વ મનનો વિષય નથી. વાણી પણ ત્યાં સુધી ક્યારેય પહોંચતી નથી હોતી. તે નામ તથા રૂપ-રંગથી પણ શૂન્ય છે. તે નથી તો સ્થૂળ, નથી સૂક્ષ્મ, દીર્ઘ નથી, હ્રસ્વ નથી, લઘુ નથી, ગુરુ નથી. એમાં ક્યારેય વૃદ્ધિ કે હ્રાસ, શ્રુતિ પણ એના વિષયમાં ચકિતભાવથી માત્ર 'છે' જ એટલું જ કહે છે. અર્થાત્ એની સત્તામાત્રનું જ નિરૂપણ કરી શકે છે, એનું કોઈ વિશેષ વિવરણ આપવામાં અસમર્થ થઈ જાય છે. તે સત્ય, જ્ઞાનસ્વરૂપ, અનંત, પરમાનંદમય, પરમ જ્યોતિસ્વરૂપ, અપ્રમેય, આધારરહિત, નિર્વિકાર, નિરાકાર, નિર્ગુણ, યોગિગમ્ય, સર્વવ્યાપી, સર્વનું એકમાત્ર કારણ, નિર્વિકલ્પ, નિરારંભ, માયાશૂન્ય, ઉપદ્રવરહિત, અદ્વિતીય, અનાદિ, અનંત, સંકોચવિકાસથી શૂન્ય તથા ચિન્મય છે.

જે પરબ્રહ્મના વિષયમાં જ્ઞાન અને અજ્ઞાનથી પૂર્ણ ઉક્તિઓ દ્વારા આ પ્રકારે (ઉપર બતાવ્યા અનુસાર) વિકલ્પો કરવામાં આવે છે, એણે થોડા સમય બાદ (સૃષ્ટિનો સમય આવવાથી) દ્વિતીયની ઇચ્છા પ્રગટ કરી એની અંદર એકથી અનેક થવાનો સંકલ્પ ઉદિત થયો. ત્યારે એ નિરાકાર પરમાત્માએ પોતાની લીલા-શક્તિથી પોતાને માટે મૂર્તિ (આકાર)ની કલ્પના કરી. એ મૂર્તિ સંપૂર્ણ ઐશ્વર્ય-ગુણોથી સંપન્ન હતી. સર્વજ્ઞાનમયી શુભસ્વરૂપા, સર્વવ્યાપિની, સર્વરૂપા, સર્વદર્શિની, સર્વકારિણી બધાંની એકમાત્ર વંદનીયા, સર્વાદ્યા, બધું જ આપનાર અને સંપૂર્ણ સંસ્કૃતિઓનું કેન્દ્ર હતી. એ શુદ્ધરૂપિણી ઈશ્વર-મૂર્તિની કલ્પના કરીને તે અદ્વિતીય, અનાદિ, અનંત, સર્વપ્રકાશક, ચિન્મય, સર્વવ્યાપી અને અવિનાશી પરબ્રહ્મ અંતર્હિત થઈ ગયા. જે મૂર્તિ-રહિત પરબ્રહ્મ છે, એમની મૂર્તિ (ચિન્મય આકાર) ભગવાન સદાશિવ છે. અર્વાચીન અને પ્રાચીન વિદ્વાન એમને જ ઈશ્વર કહે છે. એ સમયે એકાકી રહીને સ્વ-ઇચ્છા અનુસાર વિહાર કરનાર એ સદાશિવે પોતાના વિગ્રહથી (સ્વરૂપ-શરીર) જાતે જ એક સ્વરૂપભૂતા શક્તિની સૃષ્ટિ કરી, જે એમના શ્રીઅંગથી ક્યારેય અલગ થનારી ન હતી. એ પરાશક્તિને પ્રધાન, પ્રકૃતિ, ગુણવતી, માયા, બુદ્ધિતત્ત્વની જનની તથા વિકારરહિત બતાવાઈ છે. એ શક્તિ અંબિકા કહેવાય છે. એને જ પ્રકૃતિ, સર્વેશ્વરી, ત્રિદેવજનની, નિત્યા અને મૂલકારણ પણ કહે છે. સદાશિવ દ્વારા પ્રગટ કરેલી એ શક્તિ આઠ ભુજાઓ છે. એ શુભલક્ષણા દેવીના મુખની શોભા વિચિત્ર છે. તે એકલી જ પોતાના મુખમંડળમાં સદા એક હજાર ચંદ્રમાની કાંતિ ધારણ કરે છે. વિવિધ પ્રકારનાં ઘરેણાં - આભૂષણો એમનાં શ્રીઅંગોની શોભામાં અભિવૃદ્ધિ કરે છે. એ દેવી વિવિધ પ્રકારની ગતિથી સંપન્ન છે અને અનેક પ્રકારનાં અસ્ત્ર-શસ્ત્ર ધારણ કરે છે. એમના ખુલ્લાં નેત્ર ખીલેલાં કમળ સમાન જણાય છે. એ અચિંત્ય તેજથી ઝગમગે છે. એ સર્વની યોનિ છે અને સદા ઉદ્યમશીલ રહે છે. એકાકિની હોવાથી પણ એ માયા સંજોગવશાત્ અનેક થઈ જાય છે.

તે જે સદાશિવ છે એમને પરમ પુરુષ, ઈશ્વર, શિવ, શંભુ અને મહેશ્વર કહે છે. તે પોતાના મસ્તક પર આકાશ-ગંગાને ધારણ કરે છે. એમના ભાલદેશમાં ચંદ્રમા શોભે છે. એમને પાંચ મુખ છે અને દરેક મુખમાં ત્રણ ત્રણ નેત્ર

છે. એમનું ચિત્ત સદા પ્રસન્ન રહે છે. એ દશ ભુજાઓથી યુક્ત છે અને ત્રિશૂલધારી છે. એમનાં શ્રીઅંગોની પ્રભા કપૂરની જેમ શ્વેત-ગૌર છે. એમણે પોતાનાં સર્વ અંગોમાં ભસ્મ ચોળી છે એ કાળરૂપી બ્રહ્મે એક જ સમયે શક્તિના નાથ 'શિવલોક' નામક ક્ષેત્રનું નિર્માણ કર્યું હતું. એ ઉત્તમ ક્ષેત્રને જ કાશી કહે છે. એ પરમ નિર્વાણ અથવા મોક્ષનું સ્થાન છે, જે સર્વની ઉપર બિરાજમાન છે. એ પ્રિયાપ્રિયતમરૂપ શક્તિ અને શિવ, જે પરમાનંદસ્વરૂપ છે. એ મનોરમક્ષેત્રમાં નિત્ય નિવાસ કરે છે. કાશીપુરી પરમાનંદરૂપિણી છે. હે મુને! શિવ અને શિવાને પ્રલયકાળમાં પણ ક્યારેય એ ક્ષેત્રને પોતાના સાંનિધ્યથી મુક્ત કરતા નથી. એટલા માટે વિદ્વાન પુરુષ એને 'અવિમુક્ત ક્ષેત્ર'ના નામે પણ જાણે છે. એ ક્ષેત્ર આનંદનો હેતુ છે. એટલા માટે પિનાકધારી શિવે પહેલાં એનું નામ 'આનંદવન' રાખ્યું હતું. એ પછી એ 'અવિમુક્ત'ના નામે પ્રસિદ્ધ થયું.

હે દેવર્ષે!! એક સમયે એ આનંદવનમાં રમણ કરતાં કરતાં શિવા અને શિવના મનમાં એ ઇચ્છા થઈ કે કોઈ બીજા પુરુષની પણ સૃષ્ટિ કરવી જોઈએ, જેના ઉપર આ સૃષ્ટિ-સંચાલનનો મહાન ભાર મૂકીને આપણે બંને કેવળ કાશીમાં રહીને ઇચ્છા - અનુસાર વિચરણ કરીએ અને નિર્વાણ ધારણ કરીએ. એ જ પુરુષ અમારા અનુગ્રહથી સદા સર્વની સૃષ્ટિ કરે, પાલન કરે અને એ જ અંતે સૌનો સંહાર પણ કરે. આ ચિત્ત એક સમુદ્ર - સમાન છે. એમાં ચિંતાના ઉત્તાલ તરંગો ઊઠી ઊઠીને એને ચંચળ બનાવ્યા કરે છે. એમાં સત્ત્વગુણરૂપી રત્ન, તમોગુણરૂપી ગ્રાહ અને રજોગુણરૂપી મૂંગા (એક જાતના માળામાં પરોવવાના પરવાળાના દાણા) ભરેલા છે. આ વિશાળ ચિત્ત-સમુદ્રને સંકુચિત કરીને આપણે બંને એ પુરુષના પ્રસાદથી આનંદ-કાનન (કાશી)માં સુખપૂર્વક નિવાસ કરીએ. આ આનંદવન એ જ સ્થાન છે, જ્યાં આપણી

મનોવૃત્તિ સર્વ બાજુએથી સંકોચાઈને એમાં જ લાગી રહી છે તથા જેની બહારનું - જગત ચિંતાથી આતુર પ્રતીત થયા કરે છે. આવો નિશ્ચય કરીને શક્તિ સહિત સર્વવ્યાપી પરમેશ્વર શિવે એમના ડાબા ભાગના દશમા અંગ પર અમૃત ઘસી દીધું - પછી તો ત્યાંથી એક પુરુષ પ્રગટ થયો, જે ત્રણે લોકોમાં સૌથી વધારે સુંદર હતો. તે શાંત હતો. એનામાં સત્ત્વગુણની અધિકતા હતી તથા તે ગંભીરતાનો અગાધ સાગર હતો. હે મુને! ક્ષમા નામના ગુણથી યુક્ત એ પુરુષ માટે શોધવા છતાં ક્યાંય પણ કોઈ

ઉપમા નથી મળતી. એની કાંતિ ઇન્દ્રનીલ મણિની જેમ શ્યામ હતી. એનાં અંગ અંગમાંથી દિવ્ય શોભા છલકાઈ રહી હતી, અને નેત્રો પ્રફુલ્લ કમળ જેમ શોભી રહ્યાં હતાં. શ્રીઅંગો પર સોના જેવી કાંતિવાળાં બે રેશમી પીતાંબર શોભા આપી રહ્યાં હતાં. કોઈથી પણ પરાજિત ન થવાવાળો તે વીર પુરુષ પોતાના પ્રચંડ ભુજદંડથી સુશોભિત થઈ રહ્યો હતો. ત્યાર પછી એ પુરુષે પરમેશ્વર શિવને પ્રણામ કરીને કહ્યું - 'હે સ્વામિન્! મારું નામ નિશ્ચિત કરો અને મને કામ બતાવો. એ પુરુષની આ વાત સાંભળીને મહેશ્વર ભગવાન શંકર હસતા હસતા મેઘ-ગંભીર વાણીમાં બોલ્યા -

શિવે કહ્યું—હે વત્સ! વ્યાપક થવાથી તમારું નામ થયું વિષ્ણુ, એ નામે વિખ્યાત થયા. આ સિવાય પણ અનેક નામ થશે, જે ભક્તોને સુખદાયક થશે. તમે સુસ્થિર થઈને ઉત્તમ તપ કરો, કેમકે એ તપ જ સમસ્ત કાર્યોનું સાધન છે.

આવું કહીને ભગવાન શિવે શાસ્ત્રમાર્ગથી શ્રીવિષ્ણુને વેદોનું જ્ઞાન પ્રદાન કર્યું. ત્યાર પછી સ્વયંના મહિમાથી કયારેય ચ્યુત ન થનારા શ્રીહરિ ભગવાન શિવને પ્રણામ કરીને ભારે તપસ્યા કરવા લાગ્યા, શક્તિ સહિત શિવ પણ પાર્ષદગણોની સાથે ત્યાંથી અદૃશ્ય થઈ ગયા. ભગવાન વિષ્ણુએ સુદીર્ઘ કાળ સુધી ઘણી કઠોર તપસ્યા કરી. તપસ્યાના પરિશ્રમથી પુક્ત ભગવાન વિષ્ણુનાં અંગોમાંથી વિવિધ પ્રકારની જળધારાઓ નીકળવા માંડી. આ બધું ભગવાન શિવની માયાથી જ સંભવ બન્યું. હે મહામુને! એ જળથી સમગ્ર સૂનું આકાશ વ્યાપ્ત થઈ ગયું. તે બ્રહ્મરૂપ જળ પોતાના સ્પર્શ માત્રથી બધાં પાપને નષ્ટ કરનારું સિદ્ધ થયું. એ સમયે થાકેલા પરમ પુરુષ વિષ્ણુએ સ્વયં એ જળમાં શયન કર્યું. તે દીર્ઘકાળપર્યંત ખૂબ પ્રસન્નતાથી જળમાં રહ્યા. નાર એટલે જળમાં શયન કરવાને કારણે જ એમનું નામ 'નારાયણ' એ શ્રુતિ સંમત નામ પ્રસિદ્ધ થયું. એ વખતે એ પરમ પુરુષ નારાયણ સિવાય બીજી કોઈ પ્રાકૃત વસ્તુ હતી નહીં. એ પછી જ એ મહાત્મા નારાયણદેવથી યથાસમયે બધાં તત્ત્વો પ્રગટ થયાં. હે મહામતે! હે વિદ્વન્! હું એ તત્ત્વોની ઉત્પત્તિનો પ્રકાર બતાવી રહ્યો છું. સાંભળો, પ્રકૃતિથી મહત્તત્ત્વ પ્રગટ થયું અને મહત્તત્ત્વથી ત્રણ ગુણો ઉત્પન્ન થયા. આ ગુણોના ભેદથી જ ત્રિવિધ અહંકારની ઉત્પત્તિ થઈ. અહંકારથી પાંચ તન્માત્રાઓ થઈ. એ તન્માત્રાઓથી પાંચ ભૂત પ્રગટ થયાં. એ જ સમયે જ્ઞાન-ઇન્દ્રિયો અને કર્મ-ઇન્દ્રિયોનો પણ પ્રાદુર્ભાવ થયો. હે મુનિશ્રેષ્ઠ! આ રીતે મેં તમને તત્ત્વોની સંખ્યા બતાવી છે. એમાંથી પુરુષને છોડીને બાકીનાં બધાં તત્ત્વો પ્રકૃતિથી પ્રગટ થયાં છે, તેથી તે બધાં જ જડ છે. તે તત્ત્વોની સંખ્યા ચોવીશ છે. એ સમયે એકાકાર થયેલાં ચોવીસ તત્ત્વોને ગ્રહણ કરીને તે પરમ પુરુષ નારાયણ ભગવાન શિવની ઇચ્છાથી બ્રહ્મરૂપ જળમાં શયન કરી ગયા.

(અધ્યાય ૬)

*

ભગવાન વિષ્ણુની નાભિમાંથી કમલનો પ્રાદુર્ભાવ, શિવેચ્છાવશ બ્રહ્માજીનું તેમાંથી પ્રગટ થવું, કમલનાલના ઉદ્‌ગમની શોધ કરવામાં અસમર્થ બ્રહ્માજીનું તપ કરવું, શ્રીહરિ એમને દર્શન દે છે, વિવાદગ્રસ્ત બ્રહ્મા વિષ્ણુની વચમાં અગ્નિ-સ્તંભનું પ્રગટ થવું અને એના આરા-ઓવારાનો પત્તો ન ખાવો, બંનેના એમને પ્રણામ કરવા

બ્રહ્માજી કહે છે—હે દેવર્ષે! જ્યારે નારાયણદેવ જળમાં શયન કરતા હતા એ સમયે એમની નાભિમાંથી શંકરની ઇચ્છાવશ એકાએક એક ઉત્તમ કમળ પ્રગટ થયું, જે બહુ જ મોટું હતું. એમાં અસંખ્ય નાલદંડ હતા. એની કાંતિ કરેણનાં ફૂલ જેવી પીળા રંગની હતી તથા એની લંબાઈ અને પહોંચાઈ પણ અનંત યોજન હતી. એ કમળ કરોડો સૂર્યની સમાન પ્રકાશિત થઈ રહ્યું હતું. સુંદર હોવાની સાથે સાથે જ સંપૂર્ણ તત્ત્વોથી યુક્ત તથા અત્યંત અદ્‌ભુત, પરમ રમણીય, દર્શનીય તથા સર્વોત્તમ હતું. ત્યાર પછી કલ્યાણકારી પરમેશ્વર સાંબ સદાશિવે પૂર્વવત્ પ્રયત્ન કરીને મને એમના જમણા અંગમાંથી ઉત્પન્ન કર્યો. હે મુને! એ મહેશ્વરે મને તરત જ પોતાની માયાથી મોહિત કરીને નારાયણદેવના નાભિકમળમાં નાખી દીધો અને લીલાપૂર્વક મને ત્યાં પ્રગટ કરી દીધો. આ રીતે એ કમલથી પુત્રરૂપે મારો - હિરણ્યગર્ભનો જન્મ થયો. મારાં ચાર મુખ થયાં અને શરીરની કાંતિ લાલ થઈ. મારું મસ્તક ત્રિપુંડ્રની રેખાથી અંકિત હતાં. ભગવાન શિવની માયાથી મોહિત હોવાને કારણે મારી જ્ઞાનશક્તિ એટલી બધી દુર્બળ થઈ ગઈ કે મેં કમળ સિવાય બીજા કોઈને પોતાના શરીરનો જનક અથવા પિતા જાણ્યા જ નહીં. હું કોણ છું, ક્યાંથી આવ્યો છું, મારું કાર્ય શું છે, હું કોનો પુત્ર થઈને જન્મ્યો છું અને કોણે આ સમયે મારું નિર્માણ કર્યું છે - આ રીતે સંશયમાં પડેલ મારા મનમાં આ વિચાર ઉત્પન્ન થયો - 'હું શા માટે મોહમાં પડેલો છું? જેણે મને ઉત્પન્ન કર્યો છે, એનો પત્તો મેળવવો તો ઘણું જ સરળ છે. આ કમળપુષ્પનું જે પદ્મયુક્ત નાલ છે, એનું ઉદ્‌ગમસ્થાન આ જળની નીચે અંદરની બાજુ છે. જેણે મને ઉત્પન્ન કર્યો છે, તે પુરુષ પણ ત્યાં જ હશે - એમાં સંશય નથી.'

આવો નિશ્ચય કરીને મેં પોતાની જાતને કમળથી નીચે ઉતારી. હે મુને! હું એ કમળના એક એક નાળમાં ગયો અને સેંકડો વર્ષો સુધી ત્યાં ભ્રમણ કરતો રહ્યો. પરંતુ કયાંય પણ એ કમળનું ઉત્તમ ઉદ્‌ગમસ્થાન મને ના મળ્યું. ત્યારે પુનઃસંશયમાં પડીને હું તે કમળપુષ્પ પર જવા માટે ઉત્સુક થયો અને નાળના માર્ગે એ કમળ પર ચઢવા લાગ્યો. આ રીતે બહુ ઉપર જવા પછી પણ હું એ કમળના કોશને પામી શક્યો નહિ. એ દશામાં હું વધારે મોહિત થઈ ગયો. હે મુને! એ સમયે ભગવાન શિવની ઇચ્છાથી પરમ મંગલમયી ઉત્તમ આકાશવાણી થઈ, જે મારા મોહનો વિધ્વંસ કરનારી થઈ. એ વાણીએ કહ્યું - 'તપ' (તપસ્યા કરો). એ આકાશવાણીને

સાંભળીને મેં મારા - જન્મદાતા પિતાનું દર્શન કરવા માટે એ વખતે ફરીથી પ્રયત્નપૂર્વક બાર વર્ષો સુધી ઘોર તપસ્યા કરી. ત્યારે મારા ઉપર અનુગ્રહ કરવા માટે જ ચાર ભુજાઓ અને સુંદર નેત્રોથી સુશોભિત ભગવાન વિષ્ણુ ત્યાં અચાનક પ્રગટ થઈ ગયા. એ પરમ પુરુષે પોતાના હાથમાં શંખ, ચક્ર, ગદા અને પદ્મ ધારણ કરેલાં હતાં. એમનાં બધાં અંગ સજળ જળધર (વાદળ)ની જેમ શ્યામકાંતિથી સુશોભિત હતાં. એ પરમ પ્રભુએ પીતાંબર પહેર્યું હતું. એમના મસ્તક વગેરે અંગમાં મુગટ આદિ મહામૂલ્યવાન આભૂષણો શોભી રહ્યાં હતાં. એમનું મુખારવિન્દ પ્રસન્નતાથી ભર્યું ભર્યું હતું. હું એમની આવી સુંદર આકૃતિ પર મોહિત થઈ ગયો હતો. એ મને કરોડો કામદેવો સમાન મનોહર લાગતા હતા. એમનું એ સુંદર રૂપ જોઈને મને બહુ આશ્ચર્ય થતું હતું. તો શ્યામ અને સોનેરી આભાથી ઉદ્ભાસિત થઈ રહ્યા હતા. એ વખતે એ સદસત્સ્વરૂપ, સર્વાત્મા, ચારભુજાધારી, મહાબાહુ નારાયણદેવને ત્યાં એ રૂપમાં સ્વયંની સાથે જોઈને મને બહુ હર્ષ થયો.

ત્યાર પછી એ નારાયણદેવની સાથે મારી વાતચીતનો આરંભ થયો. ભગવાન શિવની લીલાથી અમારા બંને વચ્ચે વિવાદ છેડાઈ ગયો. એ જ સમયે અમારી વચ્ચે એક મહાન અગ્નિસ્તંભ (જ્યોતિર્મય લિંગ) પ્રગટ થયું. મેં અને શ્રીવિષ્ણુએ ક્રમશઃ ઉપર અને નીચે જઈને એના આદિ-અંતનો પત્તો મેળવવા માટે બહુ પ્રયત્ન કર્યો પરંતુ અમને એનો આરો-ઓવારો ન મળ્યો. હું થાકીને ઉપરથી નીચે પરત આવી ગયો અને ભગવાન વિષ્ણુ પણ એ જ રીતે નીચેથી ઉપર આવીને મને મળ્યા. અમે બંને શિવની માયાથી મોહિત હતા. શ્રીહરિએ મારી સાથે આગળ-પાછળ અને અગલબગલથી પરમેશ્વર શિવને પ્રણામ કર્યા. પછી એ વિચારવા લાગ્યા કે 'આ કઈ વસ્તુ છે?' એના સ્વરૂપનો નિર્દેશ નથી કરી શકાતો, કેમકે, ન તો એનું કોઈ નામ છે અને ન તો એનું કાંઈ કર્મ છે. લિંગરહિત તત્ત્વ જ અહીં લિંગભાવને પ્રાપ્ત થઈ ગયું છે. ધ્યાનમાર્ગનાં પણ એનાં સ્વરૂપને કાંઈ અનુસાર મળતો નથી. એ પછી હું અને શ્રીહરિ બંનેએ પોતાના ચિત્તને સ્વસ્થ કરીને એ અગ્નિસ્તંભને પ્રણામ કરવાનો આરંભ કર્યો.

અમે બંને બોલ્યા—હે મહાપ્રભો! અમે આપનું સ્વરૂપ જાણતા નથી. તમે ગમે તે હશો, આપને અમારા નમસ્કાર છે. હે મહેશાન! આપ શીઘ્ર જ અમને તમારા યથાર્થ સ્વરૂપનું દર્શન કરાવો.

હે મુનિશ્રેષ્ઠ! આ રીતે અહંકારથી આવિષ્ટ અમે બંને ત્યાં નમસ્કાર કરવા લાગ્યા. અમને કરતાં અમારાં સો વર્ષ વીતી ગયાં.

(અનુસંધાન છે)

*

બ્રહ્મા અને વિષ્ણુને ભગવાન શિવના શબ્દમય શરીરનું દર્શન

બ્રહ્માજી કહે છે—હે મુનિશ્રેષ્ઠ નારદ! આ રીતે અમે બંને દેવતા ગર્વરહિત થઈને નિરંતર પ્રણામ કરતા રહ્યા. અને અમારા મનમાં એ અભિલાષા હતી કે આ જ્યોતિર્લિંગના રૂપે મહે

થયેલા પરમેશ્વર પ્રત્યક્ષ દર્શન દે. ભગવાન શંકર દીનોના પ્રતિપાલક અહંકારીઓના ગર્વને ચૂર્ણ ચૂર્ણ કરનારા અને સર્વના અવિનાશી પ્રભુ છે. એ અમારા બંને પર દયાળુ થઈ ગયા. એ સમયે ત્યાં એક સુરશ્રેષ્ઠથી 'ઓૐમ્' 'ઓૐમ્' એવો શબ્દરૂપ નાદ પ્રગટ થયો, જે સ્પષ્ટરૂપે સંભળાતો હતો. ને નાદ પ્લુત સ્વરમાં અભિવ્યક્ત થયો હતો. જોરથી પ્રગટ થનાર એ શબ્દના બારામાં 'આ શું છે' એવું વિચારતાં સમસ્ત દેવતાઓના આરાધ્ય ભગવાન વિષ્ણુ મારી સાથે સંતુષ્ટચિત્તથી ઊભા રહ્યા. તો સર્વથા વૈરભાવથી રહિત હતા. એમણે લિંગના દક્ષિણભાગમાં સનાતન આદિવર્ણ અકારનું દર્શન કર્યું. ઉત્તરભાગમાં ઉકારનું અને મધ્ય ભાગમાં મકારનું દર્શન કર્યું અને અંતમાં 'ઓૐમ્' એ નાદનું સાક્ષાત્ દર્શન કર્યું અને અનુભવ કર્યો. દક્ષિણભાગમાં પ્રગટ થયેલ આદિવર્ણ અકારને સૂર્યમંડળની જેમ તેજોમય જોઈને જ્યારે એમણે ઉત્તર ભાગમાં દૃષ્ટિપાત કર્યો ત્યારે ત્યાં ઉકારવર્ણ અગ્નિ સમાન દીપ્તિશાળી દેખાયો. હે મુનિશ્રેષ્ઠ! આ જ રીતે એમણે મધ્ય ભાગમાં મકારને ચંદ્રમંડળની જેમ ઉજ્જ્વળ કાંતિથી પ્રકાશમાન જોયો. એ પછી જ્યારે ઉપર જોયું ત્યારે શુદ્ધ સ્ફટિક મણિ સમાન નિર્મલ પ્રભાથી યુક્ત, તુરીયાતીત, અમલ, નિષ્કલ, નિરુપદ્રવી, નિર્દ્વન્દ્વ, અદ્વિતીય, શૂન્યમય, બાહ્ય અને આભ્યન્તરના ભેદથી રહિત, બાહ્યાન્તરભેદથી યુક્ત, જગતની અંદર અને બહાર સ્વયં જ સ્થિત, આદિ, મધ્ય અને અન્ત રહિત, આનંદના આદિ કારણ તથા સર્વના પરમ આશ્રય, સત્ય, આનંદ અને અમૃત સ્વરૂપ પરબ્રહ્મનો સાક્ષાત્કાર કર્યો.

એ સમયે શ્રીહરિ એ વિચારવા લાગ્યા કે 'આ અગ્નિસ્તંભ અહીં કયાંથી પ્રગટ થયો છે? આપણે બંને ફરીથી એની પરીક્ષા કરીએ. હું આ અનુપમ અનલ સ્તંભની નીચે જઈશ.' એવો વિચાર કરતાં શ્રીહરિએ વેદ અને શબ્દ બંનેના આવેશથી યુક્ત વિશ્વાત્મા શિવનું ચિંતન કર્યું. ત્યારે ત્યાં એક ઋષિ પ્રગટ થયા; જે ઋષિ-સમૂહના પરમ સારરૂપ મનાયા છે. એ ઋષિ દ્વારા પરમેશ્વર શ્રીવિષ્ણુએ જાણ્યું કે આ શબ્દબ્રહ્મરૂપ શરીરવાળા પરમ લિંગના રૂપમાં સાક્ષાત્ પરબ્રહ્મસ્વરૂપ મહાદેવજી જ અહીં પ્રગટ થયા છે. એ ચિંતારહિત (અથવા અચિન્ત્ય) રુદ્ર છે. જ્યાં જઈને મનસહિત વાણી એને પ્રાપ્ત કર્યા વગર પરત આવી જાય છે, એ પરબ્રહ્મ પરમાત્મા શિવનો વાચક એકાક્ષર (પ્રણવ) જ છે, એ એના વાચ્યાર્થરૂપ છે. તે પરમ કારણ, ઋત, સત્ય, આનંદ અને અમૃતસ્વરૂપ પરાત્પર પરબ્રહ્મ એકાક્ષરનું વાચ્ય છે. પ્રણવના એક અક્ષર અકારથી જગતના બીજભૂત અંડજન્મા ભગવાન બ્રહ્માનો બોધ થાય છે. એના બીજા અક્ષર એકાક્ષર ઉકારથી પરમ કારણરૂપ શ્રીહરિનો બોધ થાય છે અને ત્રીજા એકાક્ષરથી-મકારથી ભગવાન નીલલોહિત શિવનું જ્ઞાન થાય છે. અકાર સૃષ્ટિકર્તા છે, ઉકાર મોહમાં નાખનાર છે અને મકાર દિવ્ય અનુગ્રહ કરનાર છે. મકાર-બોધ્ય સર્વવ્યાપી શિવ બીજી (બીજ માત્રના સ્વામી) છે અને અકાર સંજ્ઞક મને બ્રહ્માને 'બીજ' કહે છે. 'ઉકાર' નામધારી શ્રીહરિ યોનિ છે. પ્રધાન અને પુરુષના પણ ઈશ્વર જે મહેશ્વર છે તો બીજી, બીજ આજે યોનિ પણ છે. એમને જ નાદ કહેવાય છે. (એમની અંદર સર્વનો સમાવેશ થાય છે). બીજી પોતાની ઇચ્છાથી જ પોતાના બીજને અનેક રૂપોમાં વિભક્ત કરીને

સ્થિત છે. આ બીજી ભગવાન મહેશ્વરના લિંગથી અકારરૂપ બીજ પ્રગટ થયું, જે ઉકારરૂપ યોનિમાં સ્થાપિત થઈને બધી બાજુએ વધવા માંડ્યું. તે સુવર્ણમય અંડના રૂપે જ બતાવવાને યોગ્ય હતું. એનું બીજું કોઈ વિશેષ લક્ષણ લક્ષિત થતું ન હતું. એ દિવ્ય અંડ અનેક વર્ષો સુધી જળમાં જ સ્થિત રહ્યું. ત્યાર પછી એક હજાર વર્ષ બાદ એ અંડના બે કટકા થઈ ગયા. જળમાં રહેલું તે અંડ અજન્મા બ્રહ્માજીની ઉત્પત્તિનું સ્થાન હતું અને સાક્ષાત્ મહેશ્વરના આઘાતથી જ ફૂટીને બે ભાગમાં વહેંચાઈ ગયું હતું. એ અવસ્થામાં એનું ઉપર સ્થિત થયેલ સુવર્ણમય કપાળ બહુ શોભા પ્રાપ્ત કરવા લાગ્યું. તે જ દ્યુલોકરૂપે પ્રગટ થયું અને જે એનું બીજું કપાલ હતું - નીચેવાળું કપાળ - એ જ પાંચ લક્ષણોથી યુક્ત પૃથિવી છે. એ અંડથી ચતુર્મુખ બ્રહ્મા ઉત્પન્ન થયા, જેની સંજ્ઞા 'ક' છે. તે સમસ્ત લોકોના સ્રષ્ટા છે. આ જ રીતે તે ભગવાન મહેશ્વર જ 'અ', 'ઉ' અને 'મ્' એ ત્રિવિધરૂપે વર્ણિત છે. આ અભિપ્રાયથી એ જ્યોતિર્લિંગ સ્વરૂપ સદાશિવને 'ઓરૂમ્' 'ઓરૂમ્' એવું કહેવાયું - આ વાત યજુર્વેદના શ્રેષ્ઠ મંત્ર કહે છે. યજુર્વેદના શ્રેષ્ઠ મંત્રોનું આ કથન સાંભળીને ઋચાનો અને સામમંત્રોએ પણ અમને આદરપૂર્વક કહ્યું - 'હે હરે! હે બ્રહ્મન્! આ વાત આવી જ છે' આ રીતે દેવેશ્વર શિવને જાણીને શ્રીહરિએ શક્તિસંભૂત મંત્રો દ્વારા ઉત્તમ અને મહાન અભ્યુદયથી શોભિત થનાર એ મહેશ્વરદેવનું સ્તવન કર્યું. એ દરમિયાન મારી સાથે વિશ્વપાલક ભગવાન વિષ્ણુએ એક બીજું પણ અદ્‌ભુત અને સુંદર રૂપ જોયું. હે મુને! એ રૂપ પાંચ મુખ અને દશ ભુજાઓથી અલંકૃત હતું. એની કાંતિ કપૂરની જેમ ગૌર હતી. એ વિવિધ પ્રકારની છટાઓથી છબિમાન અને અનેક પ્રકારનાં આભૂષણોથી વિભૂષિત હતું. એ પરમ ઉદાર મહાપરાક્રમી અને મહાપુરુષનાં લક્ષણોથી સંપન્ન અત્યંત ઉત્કૃષ્ટ રૂપનું દર્શન કરીને હું અને શ્રીહરિ બંને કૃતાર્થ થઈ ગયા.

ત્યાર પછી પરમેશ્વર ભગવાન મહેશ પ્રસન્ન થઈ ગયા. પોતાના દિવ્ય શબ્દમયરૂપને પ્રગટ કરીને હસતા હસતા ઊભા થઈ ગયા. અકાર એમનું મસ્તક અને આકાર લલાટ છે એમનો ડાબો કાન કહેવાય છે. ઋકાર એ પરમેશ્વરનું જમણું કપોલ છે અને ૠકાર એમનું ડાબું કપોળ છે. ऌ અને ૡ - એ એમની નાસિકાનાં બે છિદ્રો છે. એકાર એ સર્વવ્યાપી પ્રભુનો ઉપલો હોઠ છે અને ઐકાર એમનો અધર-નીચલો હોઠ છે. ઓકાર અને ઔકાર એ બંને ક્રમશઃ એમની ઉપરની તથા નીચેની દંતપંક્તિઓ છે. 'અં' અને 'અઃ' એ દેવાધિદેવ શૂલધારી શિવનાં બંને તાલુ છે. 'ક' વગેરે પાંચ અક્ષર એમના જમણા પાંચ હાથ છે અને 'ચ' આદિ પાંચ અક્ષર એમના ડાબા પાંચ હાથ છે. 'ટ' આદિ અને 'ત' આદિ પાંચ પાંચ અક્ષર એમના પગ છે. પકાર પેટ છે. ફકાર જમણી બાજુ કહેવાય છે અને બકારનો ડાબી બાજુ કહેવાય છે. ભકાર એમનો ખભો છે. મકાર એ યોગી મહાદેવ શંભુનું હૃદય છે 'ય'થી લઈને 'સ' સુધીના સાત અક્ષર સર્વવ્યાપી શિવના શબ્દમય શરીરની સાત ધાતુઓ છે. હકાર એમની નાભિ છે. ક્ષકારને મેઢ્ર (મૂત્રેન્દ્રિય) કહેવામાં આવે છે. આ રીતે નિર્ગુણ અને ગુણસ્વરૂપ પરમાત્માના શબ્દમય રૂપને ભગવતી ઉમાની સાથે જોઈને હું અને શ્રીહરિ બંને કૃતાર્થ થઈ ગયા. આ રીતે શબ્દ-બ્રહ્મમય-શરીરધારી

મહેશ્વર શિવનું દર્શન પામીને મારી સાથે શ્રીહરિએ એમને પ્રણામ કર્યા અને ફરીથી ઉપરની બાજુ જોયું. એ વખતે એમની પાંચ કળાઓથી યુક્ત ૐકારજનિત મંત્રનો સાક્ષાત્કાર થયો. તત્પશ્ચાત્ મહાદેવજીના 'ૐ તત્ત્વમસિ' એ મહાવાક્ય દૃષ્ટિગોચર થયું, જે પરમ ઉત્તમ મંત્રરૂપ છે જયા શુદ્ધ સ્ફટિકવત્ નિર્મળ છે. પછી સંપૂર્ણ ધર્મ અને ઉત્તમ મંત્રરૂપ છે તથા શુદ્ધ સ્ફટિકવત્ નિર્મળ છે. પછી સંપૂર્ણ ધર્મ અને અર્થના સાધક તથા બુદ્ધિરૂપ ગાયત્રી નામક બીજો મહાન મંત્ર લક્ષિત થયો, જેમાં ચોવીસ અક્ષર છે તથા જે ચારે પુરુષાર્થરૂપી ફળને પ્રદાન કરનાર છે. તે પછી મૃત્યુંજય-મંત્ર પછી પંચાક્ષર-મંત્ર તથા દક્ષિણામૂર્તિસંજ્ઞક ચિંતામણિ-મંત્રનો સાક્ષાત્કાર થયો. આ રીતે પાંચ મંત્રોની ઉપલબ્ધિ કરીને ભગવાન શ્રીહરિ એમનો જપ કરવા લાગ્યા.

ત્યાર પછી ઋક્ યજુઃ અને સામ-એ જેમનાં રૂપ છે, જે ઈશોના મુગુટમણિ ઈશાન છે, જે પુરાતન પુરુષ છે, જેનું હૃદય અઘોર-અર્થાત્ સૌમ્ય છે, જે હૃદયને પ્રિય લાગનાર સર્વગુહ્ય સદાશિવ છે, જેમનાં ચરણ-વામ-પરમ સુંદર છે, જે મહાન દેવતા છે અને મહાન સર્પરાજને આભૂષણરૂપે ધારણ કરે છે, જેમની બધી બાજુએ પગ અને બધી બાજુએ નેમ છે, જે મુજ બ્રહ્મના પણ અધિપતિ, કલ્યાણકારી તથા સૃષ્ટિ, પાલન અને સંહાર કરનારા છે એવા વરદાયક સાંબશિવનું મારી સાથે ભગવાન વિષ્ણુએ પ્રિયવચનો દ્વારા સંતુષ્ટચિત્તથી સ્તવન કર્યું.

(અધ્યાય ૮)

*

ઉમાસહિત ભગવાન શિવનું પ્રાગટ્ય એમના દ્વારા સ્વયંના સ્વરૂપનું વિવેચન તથા બ્રહ્મા આદિ ત્રણે દેવતાઓની એકતાનું પ્રતિપાદન

બ્રહ્માજી કહે છે—હે નારદ! ભગવાન વિષ્ણુ દ્વારા કરાયેલી પોતાની સ્તુતિ સાંભળીને કરુણાનિધિ મહેશ્વર બહુ જ પ્રસન્ન થયા અને ઉમાદેવીની સાથે તરત જ ત્યાં પ્રગટ થઈ ગયા. એ સમયે એમનાં પાંચ મુખ અને પ્રત્યેક મુખમાં ત્રણ ત્રણ નેત્રો શોભી રહ્યાં હતાં. ભાલ પ્રદેશમાં ચંદ્રમાનો મુગટ સુશોભિત હતો. માથા પર જટા ધારણ કરેલી હતી. ગૌરવર્ણ વિશાલ નેત્ર. શિવે પોતાનાં બધાં અંગોમાં વિભૂતિ લગાડી હતી. એમને દશ ભુજાઓ હતી. કંઠમાં નીલ ચિહ્ન હતું. એમનાં શ્રીઅંગ સમસ્ત આભૂષણોથી વિભૂષિત હતાં. એ સર્વાંગ સુંદર શિવનું મસ્તક ભસ્મમય ત્રિપુંડ્રથી અંકિત હતું. આવાં વિશેષતાઓથી યુક્ત પરમેશ્વર મહાદેવજીને ભગવતી ઉમાની સાથે ઉપસ્થિત જોઈને મેં અને ભગવાન વિષ્ણુએ પુનઃ પ્રિયવચનો દ્વારા એમની સ્તુતિ કરી. ત્યારે પાપહારી કરુણાકર ભગવાન મહેશ્વરે પ્રસન્નચિત્ત થઈને તે શ્રીવિષ્ણુદેવને શ્વાસરૂપે વેદનો ઉપદેશ કર્યો. હે મુને! એ પછી શિવે પરમાત્મા શ્રીહરિને ગુહ્ય જ્ઞાન પ્રદાન કર્યું. પછી એ પરમાત્માએ કૃપા કરીને મને પણ તે જ્ઞાન આપ્યું. વેદનું જ્ઞાન પ્રાપ્ત કરીને કૃતાર્થ થયેલા ભગવાન વિષ્ણુએ મારી સાથે હાથ જોડીને મહેશ્વરને નમસ્કાર કરીને પુનઃ એમની પાસે પૂજનની

રજ આદિ ત્રિવિધ ગુણો દ્વારા બ્રહ્મા, વિષ્ણુ અને રુદ્ર નામથી પ્રસિદ્ધ થઈને ત્રણ રૂપોમાં પૃથક્-પૃથક્ પ્રગટ થાઉં છું. સાક્ષાત્ શિવ ગુણોથી ભિન્ન છે. એ પ્રકૃતિ અને પુરુષથી પર છે - અદ્વિતીય, નિત્ય, અનંત, પૂર્ણ અને નિરંજન પરમાત્મા છે. ત્રણે લોકોનું પાલન કરનાર શ્રીહરિ અંદર તમોગુણ અને બહાર સત્ત્વગુણ ધારણ કરે છે, ત્રિલોકીનો સંહાર કરનાર રુદ્રદેવ અંદર સત્ત્વગુણ અને બહાર તમોગુણ ધારણ કરે છે અને ત્રિભુવનની સૃષ્ટિ કરનારા બ્રહ્માજી બહારથી અને અંદરથી રજોગુણી જ છે. આ રીતે બ્રહ્મા, વિષ્ણુ અને રુદ્ર - આ ત્રણે દેવતાઓમાં ગુણ છે, પરંતુ શિવ ગુણાતીત મનાયા છે. હે વિષ્ણો! તમે મારી આજ્ઞાથી આ સૃષ્ટિકર્તા પિતામહનું પ્રસન્નતાપૂર્વક પાલન કરો; આવું કરવાથી તમે ત્રણે લોકમાં પૂજનીય બની જશો.

(અધ્યાય-૯)

*

શ્રીહરિને સૃષ્ટિની રક્ષાનો ભાર અને ભોગ-મોક્ષ દાનનો અધિકાર આપીને ભગવાન - શિવનું અંતર્ધાન થવું

પરમેશ્વર શિવ બોલ્યા—ઉત્તમ વ્રતનું પાલન કરનાર હે હરે! હે વિષ્ણો! હવે તમે મારી બીજી આજ્ઞા સાંભળો. એનું પાલન કરવાથી તમે સદા સમસ્ત લોકોમાં માનનીય અને પૂજનીય બની રહેશો. બ્રહ્માજી દ્વારા રચાયેલા લોકમાં જ્યારે કોઈ દુઃખ અથવા સંકટ ઉત્પન્ન થાય ત્યારે તમે એ સંપૂર્ણ દુઃખોને નાશ કરવા સદા તત્પર રહેજો. તમારાં સંપૂર્ણ દુસ્સહ કાર્યોમાં હું તમારી સહાયતા કરીશ. તમારા જે દુર્જેય અને ઉત્કટ શત્રુ હશે, એ સર્વને હું મારી હટાવીશ. હે હરે! તમે વિવિધ પ્રકારના અવતાર ધારણ કરીને સ્વયંની ઉત્તમ કીર્તિનો વિસ્તાર કરો અને સર્વના ઉદ્ધાર માટે તત્પર રહો. તમે રુદ્રના ધ્યેય છો અને રુદ્ર તમારું ધ્યેય છે. તમારામાં અને રુદ્રમાં કશુંય અંતર નથી* જે મનુષ્ય રુદ્રનો ભક્ત થઈને તમારી નિંદા કરશે, એનું સમગ્ર પુણ્ય

* રુદ્રધ્યેયો ભવાંશ્ચૈવ ભવદ્ધ્યેયો હરસ્તથા। યુવયોરન્તરં નૈવ તવ રુદ્રસ્ય કિંચન॥
(શિ.પુ.રુ.ખ. ૧૦/૬)

તત્કાળ ભસ્મ થઈ જશે. હે પુરુષોત્તમ વિષ્ણો! તમારી સાથે દ્વેષ કરવાને કારણે મારી આજ્ઞાથી એને નરકમાં પડવું પડશે. આ વાત સત્ય છે, સત્ય છે. એમાં સંશય નથી.* તમે આ લોકમાં મનુષ્ય માટે વિશેષતઃ ભોગ અને મોક્ષ પ્રદાન કરવાવાળા બનો અને ભક્તોના ધ્યેય તથા પૂજ્ય થઈને પ્રાણીઓનો નિગ્રહ અને અનુગ્રહ કરો. આવું કહીને ભગવાન શિવે મારો હાથ પકડી લીધો અને શ્રી વિષ્ણુને સોંપીને એમને કહ્યું - 'તમે સંકટ સમયે સદા એમની સહાય કરતા રહેજો. સૌના અધ્યક્ષ થઈને સર્વને ભોગ અને મોક્ષ પ્રદાન કરજો. સર્વદા સમસ્ત કામનાઓના સાધક અને સર્વશ્રેષ્ઠ બની રહેજો. જે તમારી શરણમાં આવ્યો તે નક્કી મારે જ શરણે આવ્યો છે. જે મારામાં અને તમારામાં અંતર સમજે છે તે અવશ્ય નરકે જાય છે*

બ્રહ્માજી કહે છે—હે દેવર્ષે! ભગવાન શિવનું આ વચન સાંભળીને મારી સાથે ભગવાન વિષ્ણુએ સર્વને વશમાં કરનાર વિશ્વનાથને પ્રણામ કરીને મન્દસ્વરમાં કહ્યું -

શ્રી વિષ્ણુ બોલ્યા— હે કરુણાસિન્ધો! જગન્નાથ શંકર! મારી આ વાત સાંભળો. હું આપની આજ્ઞાને અધીન રહીને આ સર્વ કરીશ. હે સ્વામિન્! જે મારો ભક્ત થઈને આપની નિંદા કરે, એને તમે જરૂર જ નરકવાસ પ્રદાન કરજો. હે નાથ! જે તમારો ભક્ત છે, એ મને અત્યંત પ્રિય છે. જે આવું જાણે છે, એને માટે મોક્ષ દુર્લભ નથી.*

શ્રી હરિનું આ કથન સાંભળીને દુઃખનું હરણ કરનારા હરે એમની વાતનું અનુમોદન કર્યું અને વિવિધ પ્રકારના ધર્મોનો ઉપદેશ દઈને અમારા બંનેની હિતની ઇચ્છાથી અમને અનેક પ્રકારનાં વરદાન આપ્યાં. એ પછી ભક્તવત્સલ ભગવાન શંભુ કૃપાપૂર્વક અમારી સામું જોઈને જોતજોતામાં અચાનક અંતર્ધાન થઈ ગયા. ત્યારથી આ લોકમાં લિંગ-પૂજાનું વિધાન ચાલુ થયું છે. લિંગમાં પ્રતિષ્ઠિત ભગવાન શિવ ભોગ અને મોક્ષ આપનારા છે. શિવલિંગની જે વેદી કે અર્ઘા છે, તે મહાદેવીનું સ્વરૂપ છે અને લિંગ સાક્ષાત્ મહેશ્વરનું સ્વરૂપ છે. લયના અધિષ્ઠાન હોવાને કારણે ભગવાન શિવને લિંગ કહેવામાં આવે છે, કેમકે એમનામાં જ નિખિલ જગતનો લય થાય છે. હે મહામુને! જે શિવલિંગની સમીપે કોઈ કાર્ય કરે છે, એના પુણ્યફળનું વર્ણન કરવાની મારામાં શક્તિ નથી.

(અધ્યાય - ૧૦)

*

---

* રુદ્રભક્તો નરો યસ્તુ તવ નિન્દાં કરિષ્યતિ। તસ્ય પુણ્યં ચ નિખિલં દ્રુતં ભસ્મ ભવિષ્યતિ॥
નરકે પતનં તસ્ય ત્વદ્દ્વેષાત્પુરુષોત્તમ। મદાજ્ઞયા ભવેદ્વિષ્ણો સત્યં સત્યં ન સંશયઃ॥
(શિ.પુ.રુ.સૃ.ખં. ૧૦/૮-૯)

* ત્વાં યઃ સમાશ્રિતો નૂનં મામેવસ સમાશ્રિતઃ। અન્તરં યશ્ચ જાનાતિ નિરયે પતતિ ધ્રુવમ્॥
(શિ.પુ.રુ.સૃ.ખં. ૧૦/૧૪)

* મમ ભક્તશ્ચ યઃ સ્વામિંસ્તવ નિંદા કરિષ્યતિ। તસ્ય વૈ નિરયે વાસં પ્રપશ્ય નિયતં ધ્રુવ॥
ત્વદ્ભક્તો યો ભવેત્સ્વામિન્મમ પ્રિયતરો હિ સઃ। એવં વૈ યો વિજાનાતિ તસ્ય મુક્તિર્ન દુર્લભા॥
(શિ.પુ.રુ.સૃ.ખં. ૧૦/૩૦-૩૧)

શિવપૂજાની વિધિ તથા એનું ફળ

ઋષિ બોલ્યા—હે વ્યાસશિષ્ય મહાભાગ સૂતજી! આપને નમસ્કાર છે. આજે આપે ભગવાન શિવની બહુ અદ્‌ભુત અને પરમ પાવન કથા સંભળાવી છે. હે દયાનિધે! બ્રહ્મા અને નારદજીના સંવાદ અનુસાર તમે અમને શિવપૂજનની એ વિધિ બતાવો, જેથી ભગવાન શિવ સંતુષ્ટ થાય છે. બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર-એ સૌ શિવની પૂજા કરે છે. એ પૂજન કેવી રીતે કરવું જોઈએ? તમે વ્યાસજીના મુખે આ વિષયને જે રીતે સાંભળ્યો છે. એ બતાવવું કે - મહર્ષિઓનાં આ કલ્યાણપ્રદ અને શ્રુતિસંમત વચનો સાંભળીને સૂતજીએ એ મુનિઓના પ્રશ્ન અનુસાર સર્વ વાતો પ્રસન્નતાપૂર્વક બતાવી.

સૂતજી બોલ્યા—હે મુનીશ્વરો! તમે બહુ સરસ વાત પૂછી છે, પરંતુ આ રહસ્યની વાત છે. મેં આ વિષયને જેવો સાંભળ્યો છે અને જેવી મારી બુદ્ધિ છે, એ અનુસાર આજે કશું કહી રહ્યો છું. જેવી રીતે આપ સૌ પૂછી રહ્યા છો, એવી જ રીતે પૂર્વકાળમાં વ્યાસજીએ સનત્‌કુમારોને પૂછ્યું હતું. પુનઃ એને ઉપમન્યુજીએ પણ સાંભળ્યું હતું. વ્યાસજીએ શિવપૂજન વગેરે જે કાંઈ વિષય સાંભળ્યો હતો, એને સાંભળીને એમણે લોકહિતની ભાવનાથી મને ભણાવ્યો હતો. આ વિષયને ભગવાન શ્રીકૃષ્ણે મહાત્મા ઉપમન્યુ પાસેથી સાંભળ્યો હતો. પૂર્વકાળમાં બ્રહ્માજીએ નારદજીને આ વિષયમાં કશું કહ્યું હતું, એ જ હું આ સમયે કહીશ.

બ્રહ્માજીએ કહ્યું—હે નારદ! હું સંક્ષેપમાં લિંગપૂજનની વિધિ બતાવી રહ્યો છું, સાંભળો. જેવું પહેલાં કહેવાયું છે, એવું ભગવાન શંકરનું સુખમય અને સનાતન રૂપ છે, એનું ઉત્તમ ભક્તિભાવથી પૂજન કરવું જોઈએ, એથી સમસ્ત મનોવાંછિત ફળોની પ્રાપ્તિ થશે. દરિદ્રતા, રોગ, દુઃખ અને શત્રુજનિત પીડા - એ ચાર પ્રકારનાં પાપ (કષ્ટ) ત્યાં સુધી જ રહે છે, જ્યાં સુધી મનુષ્ય ભગવાન શિવનું પૂજન નથી કરતો. ભગવાન શિવની પૂજા થતાંની સાથે જ સર્વ દુઃખ વિલીન થઈ જાય છે અને સમસ્ત સુખોની પ્રાપ્તિ થઈ જાય છે. ત્યાર પછી સમય આવ્યા પર ઉપાસકની મુક્તિ પણ થઈ જાય છે. જે માનવશરીરનો આશ્રય લઈને મુખ્યતયા સંતાનસુખની કામના કરે છે એણે તે સંપૂર્ણ કાર્યો અને મનોરથના સાધક મહાદેવજીની પૂજા કરવી જોઈએ. બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર પણ સંપૂર્ણ કામનાઓ તથા પ્રયોજનોની સિદ્ધિ માટે ક્રમથી વિધિ અનુસાર ભગવાન શંકરની પૂજા કરે. પ્રાતઃકાળમાં બ્રાહ્મ-મુહૂર્તમાં ઊઠીને ગુરુ તથા શિવનું સ્મરણ કરીને તીર્થોનું ચિંતન કરીને અને ભગવાન વિષ્ણુનું ધ્યાન કરે. પછી મારું, દેવતાઓનું અને મુનિ આદિનું પણ સ્મરણ-ચિંતન કરીને સ્તોત્ર-પાઠપૂર્વક શંકરજીનું વિધિપૂર્વક નામ લે. એ બાદ પથારીમાંથી ઊઠીને નિવાસ-સ્થાનથી દક્ષિણ દિશામાં જઈને મળત્યાગ કરે. હે મુને! એકાંતમાં મલ-ઉત્સર્ગ કરવો જોઈએ. એથી શુદ્ધ થવા માટે જે વિધિ મેં સાંભળી છે, એ જ આજે કહું છું. મનને એકાગ્ર કરીને સાંભળો.

બ્રાહ્મણે ગુદાની શુદ્ધિ માટે એમાં પાંચ વાર માટીનો લેપ કરવો જોઈએ, અને પછી ધોઈ નાખે. ક્ષત્રિયો ચાર વાર વૈશ્યે ત્રણ વાર અને

શૂદ્રે બે વાર વિધિપૂર્વક ગુદાની શુદ્ધિ માટે એમાં માટી લગાડે. લિંગમાં પણ એક વાર પ્રયત્નપૂર્વક માટી લગાડવી જોઈએ. ત્યાર પછી ડાબા હાથમાં દશ વાર અને બંને હાથમાં સાત વાર માટી લગાડીને હાથ ધોવા જોઈએ. હે તાત! પ્રત્યેક પગમાં ત્રણ-ત્રણ વાર માટી લગાડો. પછી બંને હાથમાં પણ માટી લગાડીને ધોઈ નાખો. સ્ત્રીઓએ શૂદ્રની જેમ જ સારી રીતે માટી લગાડવી જોઈએ. હાથ-પગ ધોઈને પૂર્વવત્ શુદ્ધ માટી લેવી અને એ લગાડીને દાંત સાફ કરવા પછી પોતાના વર્ણ અનુસાર મનુષ્ય દાતણ કરે. બ્રાહ્મણે બાર આંગળનું દાતણ લેવું જોઈએ. ક્ષત્રિયે અગિયાર આંગળ, વૈશ્યે દશ આંગળ અને શૂદ્રે નવ આંગળનું દાતણ લેવું જોઈએ. આ દાતણનું માપ બતાવ્યું છે. મનુસ્મૃતિ અનુસાર કાળદોષનો વિચાર કરીને દાતણ કરે અથવા છોડી દે. હે તાત! છઠ, પ્રતિપદા, અમાવાસ્યા, નવમી, વ્રતનો દિવસ, સૂર્યાસ્તનો સમય, રવિવાર તથા શ્રાદ્ધનો દિવસ - આ દંતધાવન માટે વર્જિત છે - આમાં દાતણ કરવું જોઈએ નહિ. દાતણ કર્યા પછી તીર્થ (જળાશય) વગેરેમાં જઈને વિધિપૂર્વક સ્નાન કરવું જોઈએ. વિશેષ દેશ-કાળ આવવા પર મંત્ર-ઉચ્ચારણપૂર્વક કરવું ઉચિત છે. સ્નાન પછી પહેલાં આચમન કરીને તે ધોયેલું વસ્ત્ર ધારણ કરે. પછી સુંદર એકાન્ત સ્થળમાં બેસીને સંધ્યાવિધિનું અનુષ્ઠાન કરે. યથાયોગ્ય સંધ્યાવિધિનું પાલન કરીને પૂજાકાર્યનો આરંભ કરે.

મનને સુસ્થિર કરીને પૂજા-ગૃહમાં પ્રવેશ કરવો. ત્યાં પૂજન-સામગ્રી લઈને સુંદર આસન પર બેસો. પહેલાં ન્યાસ વગેરે કરીને ક્રમશઃ મહાદેવજીની પૂજા કરો. શિવની પૂજા પહેલાં ગણેશજીની, દ્વારપાલોની અને દિક્પાલોની પણ સારી રીતે પૂજા કરીને પછી દેવતા માટે પીઠસ્થાનની કલ્પના કરવી - અથવા અષ્ટદલ કમળ બનાવીને પૂજા દ્રવ્ય સમીપે બેસે અને એ કમળ પર ભગવાન શિવને સમાસીન કરે. ત્યાર પછી, ત્રણ આચમન કરીને ફરીથી બંને હાથ ધોઈને ત્રણ પ્રાણાયામ કરીને મધ્યમ પ્રાણાયામ અર્થાત્ કુંભક કરતી વખતે ત્રિનેત્રધારી ભગવાન શિવનું ધ્યાન આ રીતે કરે - એમને પાંચ મુખ છે, દશ ભુજાઓ છે, શુદ્ધ સ્ફટિકની જેવી કાંતિ છે, સર્વપ્રકારનાં આભૂષણ એમનાં શ્રીઅંગોને વિભૂષિત કરે છે તથા તેમણે વ્યાઘ્રચર્મની ચાદર ઓઢી છે. આ રીતે ધ્યાન કરીને એવી ભાવના કરે કે મને પણ એમના જેવું જ રૂપ પ્રાપ્ત થાઓ. આવી ભાવના કરીને મનુષ્ય સદાને માટે પાપને ભસ્મ કરી દે છે. આ રીતે ભાવના દ્વારા શિવનું જ શરીર ધારણ કરીને એ પરમેશ્વરની પૂજા કરે. શરીરશુદ્ધિ કરીને મૂળમંત્રનો ક્રમશઃ ન્યાસ કરે અથવા સર્વત્ર પ્રણવથી જ ષડંગ ન્યાસ કરે. 'ૐ અદ્યેત્યાદિ.' રૂપથી સંકલ્પ-વાક્યનો પ્રયોગ કરીને પછી પૂજાનો આરંભ કરે - પાદ્ય, અર્ઘ્ય અને આચમન માટે પાત્રોને તૈયાર રાખે. બુદ્ધિમાન પુરુષ વિધિપૂર્વક ભિન્ન ભિન્ન પ્રકારના નવ કળશ સ્થાપિત કરે. એમને કુશથી ઢાંકીને રાખે અને કુશાઓથી જ જળ લઈને એ સર્વનું પ્રોક્ષણ કરે. ત્યાર પછી તે તે સર્વ પાત્રોમાં શીતળ જળ નાખે. પછી બુદ્ધિમાન પુરુષે જોઈ - સંભાળીને પ્રણવમંત્ર દ્વારા એમાં નિમ્ન-અંકિત દ્રવ્ય નાખે. ખસ અને ચંદનને પાદ્યપાત્રમાં રાખે. ચમેલીનાં ફૂલ, શીતલચીની, કપૂર, વડનું મૂળ, તથા તમાલ - આ સર્વને યથોચિત - રૂપે વાટી-દળીને ચૂર્ણ

બનાવી લેવું, આચમનીયનું જે પાત્ર છે તેમાં ભેળવી દેવું. એલાયચી અને ચંદનને તો બધાં પાત્રોમાં નાખી દેવાં જોઈએ - દેવાધિદેવ મહાદેવજીના બાજુના ભાગમાં નંદીશ્વરનું પૂજન કરો. ગંધ, ધૂપ અને વિવિધ જાત-ભાતના દીવાઓ દ્વારા શિવની પૂજા કરો. પછી લિંગશુદ્ધિ કરીને મનુષ્યે પ્રસન્નતાપૂર્વક મંત્રસમૂહોના આદિમાં પ્રણવ તથા અંતમાં 'નમઃ' પદ જોડીને પોતાના દ્વારા ઈષ્ટદેવ માટે યથોચિત આસનની કલ્પના કરવી. પછી પ્રણવથી પદ્માસનની કલ્પના કરીને એ ભાવના કરે કે આ કમળનું પૂર્વદળ સાક્ષાત્ અણિમા નામક ઐશ્વર્યરૂપ તથા અવિનાશી છે. દક્ષિણ દળ લઘિમા છે. પશ્ચિમ દળ મહિમા છે. ઉત્તર દળ પ્રાપ્તિ છે. અગ્નિકોણનું દળ પ્રાકામ્ય છે. નૈર્ઋત્યકોણનું દળ ઈશિત્વ છે. વાયવ્યકોણનું દળ વશિત્વ છે. ઈશાનકોણનું દળ સર્વજ્ઞત્વ છે અને એ કમળની કર્ણિકાને સોમ કહેવાય છે. સોમની નીચે સૂર્ય છે, સૂર્યની નીચે અગ્નિ છે અને અગ્નિની પણ નીચે ધર્મ આદિનાં સ્થાન છે. ક્રમશઃ આવી કલ્પના કરીને ત્યાર પછી ચારે દિશાઓમાં અવ્યક્ત, મહત્તત્ત્વ, અહંકાર તથા એમના વિકારોની કલ્પના કરવી. સોમના અંતમાં સત્ત્વ, રજ અને તમ - આ ત્રણ ગુણોની કલ્પના કરો. એ પછી 'સદ્યોજાતં પ્રપદ્યામિ' ઈત્યાદિ મંત્રથી પરમેશ્વર શિવનું આવાહન કરીને 'ૐ વામદેવાય નમઃ' ઈત્યાદિ વામદેવ-મંત્રથી એમને આસન પર બિરાજમાન કરો. પછી 'ૐ તત્પુરુષાય વિદ્મહે' ઈત્યાદિ રુદ્રગાયત્રી દ્વારા ઈષ્ટદેવનું સાંનિધ્ય પ્રાપ્ત કરીને એમને 'અઘોરેભ્યોઽથ' ઈત્યાદિ અઘોરમંત્રથી ત્યાં નિરુદ્ધ કરો. ત્યાર બાદ 'ઈશાનઃ સર્વવિદ્યાનામ્' વગેરે મંત્રથી આરાધ્યદેવનું પૂજન કરો.

પાદ્ય અને આચમનીય અર્પિત કરીને અર્ઘ્ય આપવો. તે પછી ગંધ અને ચંદનમિશ્રિત જળથી વિધિપૂર્વક રુદ્રદેવને સ્નાન કરાવો. પછી પંચગવ્યનિર્માણની વિધિથી પાંચેય દ્રવ્યોને એક પાત્રમાં લઈને પ્રણવથી જ અભિમંત્રિત કરીને એ મિશ્રિત ગવ્યપદાર્થો દ્વારા ભગવાનને સ્નાન કરાવો. ત્યાર પછી અલગ અલગ દૂધ, દહીં, મધ, શેરડીનો રસ અને ઘીથી નવડાવવા અને સમસ્ત ઈચ્છિત વસ્તુઓના દાતા અને હિતકારી પૂજનીય મહાદેવજી પર પ્રણવના ઉચ્ચારણપૂર્વક પવિત્ર દ્રવ્યો દ્વારા અભિષેક કરો. પવિત્ર જળપાત્રમાં મંત્ર-ઉચ્ચારણપૂર્વક જળ રેડો - રેડતાં પહેલાં સાધકે શ્વેતવસ્ત્રથી એ જળને યથોચિત રીતે ગાળી લેવું - એ જળને ત્યાં સુધી દૂર ન કરવું જ્યાં સુધી ઈષ્ટદેવને ચંદન ન ચઢાવી લેવાય ત્યારે સુંદર અક્ષતો દ્વારા પ્રસન્નતા પૂર્વક શંકરજીની પૂજા કરો. એમની ઉપર કુશ, અપામાર્ગ, કપૂર, ચમેલી, ચમ્પા, ગુલાબ, સફેદ, કરેણ, બેલા, કમળ અને ઉત્પલ વગેરે જાત-જાતનાં અપૂર્વ પુષ્પ અને ચંદન વગેરે ચઢાવીને પૂજા કરો. પરમેશ્વર શિવની ઉપર જળધારા પડતી રહે, એવી પણ વ્યવસ્થા કરવી - જળથી ભરેલાં વિવિધ-પાત્રો દ્વારા મહેશ્વરને સ્નાન કરાવો. મંત્ર-ઉચ્ચારપૂર્વક પૂજા કરવી જોઈએ. એ સમસ્ત ફળને આપનારી છે.

હે તાત! હવે હું સમસ્ત મનોવાંછિત કામનાઓની સિદ્ધિ માટે એ પૂજા સંબંધી મંત્રોને પણ સંક્ષેપમાં બતાવી રહ્યો છું તે સાવધાનીપૂર્વક સાંભળો. પાવમાનમંત્રથી 'વાઙ્મે.' વગેરે મંત્રથી રુદ્રમંત્ર તથા નીલરુદ્રમંત્રથી, સુંદર અને શુભ પુરુષસૂક્તથી - શ્રીસૂક્તથી, સુંદર અથર્વશીર્ષના

મંત્રથી 'આ નો ભદ્રા' વગેરે શાંતિમંત્રથી, શાંતિ સંબંધી બીજા મંત્રોથી, ભારુંડમંત્ર અને અરુણમંત્રોથી, અર્થાભીષ્ટસામ અને દેવવ્રતસામથી 'અભિ ત્વા.' વગેરે રથાન્તર સામથી, પુરુષ સૂક્તથી, મૃત્યુંજયમંત્રથી તથા પંચાક્ષરમંત્રથી પૂજા કરો. એક હજાર અથવા એક સો જળધારાઓ પડ્યા કરે તેવી વ્યવસ્થા કરો. આ બધું વેદમાર્ગથી અથવા નામમંત્રોથી કરવું જોઈએ. તદન્તર ભગવાન શંકરની ઉપર ચંદન અને ફૂલ વગેરે ચઢાવો. પ્રણવથી મુખવાસ (તાંબૂલ) વગેરે અર્પિત કરો. એ પછી જે સ્ફટિકમણિની જેમ નિર્મલ, નિષ્કલ, અવિનાશી, સર્વલોકકારણ, સર્વલોકમય પરમદેવ છે; જે બ્રહ્મા, રુદ્ર, ઇન્દ્ર અને વિષ્ણુ વગેરે દેવતાઓની દૃષ્ટિમાં પણ આવતા નથી; વેદવેત્તા વિદ્વાનોએ જેને વેદાંતમાં મન-વાણીથી અગોચર કહ્યા છે, જે આદિ, મધ્ય અને અંતથી રહિત છે; અને સમસ્ત રોગીજનો માટે ઔષધરૂપ છે; જેમની શિવતત્ત્વના નામથી ખ્યાતિ છે અને જે શિવલિંગરૂપે પ્રતિષ્ઠિત છે એવા ભગવાન શિવના શિવલિંગના મસ્તક ઉપર પ્રણવમંત્રથી જ પૂજન કરવું. ધૂપ, દીપ, નૈવેદ્ય, સુંદર તાંબૂલ અને સુરમ્ય આરતી દ્વારા યથોક્ત વિધિથી પૂજા કરીને સ્તોત્ર તથા અન્ય વિવિધ પ્રકારના મંત્રો દ્વારા એમને નમસ્કાર કરો. પછી અર્ઘ્ય આપીને ભગવાનનાં ચરણોમાં ફૂલ પધરાવે અને સાષ્ટાંગ પ્રણામ કરીને દેવેશ્વર શિવની આરાધના કરે. પછી હાથમાં ફૂલ લઈને ઊભા થઈ જવું અને બંને હાથ જોડીને નિમ્નાંકિત મંત્રથી સર્વેશ્વર શંકરની પુનઃ પ્રાર્થના કરવી -

अज्ञानाद्यदि वा ज्ञानाज्जप पूजादिकं मया।
कृतं तदस्तु सफलं कृपया तव शंकर॥

હે કલ્યાણકારી શિવ! મેં અજાણતાં અથવા જાણીજોઈને જે જપ પૂજા વગેરે સત્કર્મ કર્યાં હોય તે આપની કૃપાથી સફળ થાઓ.

આ રીતે મંત્ર—શ્લોક ભણીને ભગવાન શિવ ઉપર પ્રસન્નતાપૂર્વક ફૂલ ચઢાવવાં. સ્વસ્તિ વાચન[1] કરીને વિવિધ-પ્રકારની આશી[2] પ્રાર્થના કરવી. પછી શિવ ઉપર માર્જન[3] કરવું જોઈએ. માર્જન પછી નમસ્કાર કરીને ક્ષમા[4] પ્રાર્થના કરતાં કરતાં પુનરાગમનને માટે વિસર્જન[5] કરવું જોઈએ. એ પછી 'अद्या'[6]થી આરંભ થનાર મંત્રનું ઉચ્ચારણ કરીને નમસ્કાર કરો. પછી સંપૂર્ણ ભાવથી વિભોર થઈને આ પ્રકારે પ્રાર્થના કરવી -

---

૧. ॐ स्वस्ति न इन्द्रो वृद्धश्रवाः स्वस्ति नः पूषा विश्ववेदाः। स्वस्ति नस्तार्क्ष्यो अरिष्टनेमिः स्वस्तिनो बृहस्पतिर्दधातु॥ ઇત્યાદિ સ્વસ્તિવાચન સંબંધી મંત્ર છે. ૨. काले वर्षतु पर्जन्यः पृथिवी शस्यशालिनी। देशोऽयं क्षोभरहितो ब्राह्मणाः सन्तु निर्भयाः॥ सर्वे च सुखिनः सन्तु सर्वे सन्तु निरामयाः। सर्वे भद्राणि पश्यन्तु मा कश्चिद् दुःख भागभवेत्॥ વગેરે આશીઃ પ્રાર્થનાઓ છે. ૩. 'ॐ आपो हि ष्ठामयोभुवः' (યજુ. ૧૧/૫૦-૫૨) વગેરે ત્રણ માર્જન મંત્રો કહેવાય છે. એ ભણતાં ભણતાં ઇષ્ટદેવ પર પાણી છાંટવું 'માર્જન' કહેવાય છે. ૪. 'अपराध सहस्राणि क्रियन्तेऽहर्निशं मया। तानि सर्वाणि मे देव क्षमस्व परमेश्वर' ॥ વગેરે ક્ષમાપ્રાર્થના સંબંધી શ્લોક છે. ૫. यान्तु देवगणाः सर्वे पूजामादाय मामकीम्। अभीष्टफलदानाय पुनरागमनाय च ॥ વગેરે વિસર્જન સંબંધી શ્લોક છે. ૬. 'ॐ अद्या देवा उदिता सूर्यस्य निरꣳहस पिपृता निरवद्यात्। तन्नो मित्रो वरुणो मामहन्तामदितिः सिन्धुः पृथिवी उत द्यौः॥ (યજુ. ૩૩/૪૨)

ભાવથી વિભોર થઈને આ પ્રકારે પ્રાર્થના કરવી-

शिवे भक्तिः शिवे भक्तिः शिवे भक्ति र्भवे भवे।
अन्यथा शरणं नास्ति त्वमेव शरणं मम॥

'પ્રત્યેક જન્મમાં શિવમાં જ મારી ભક્તિ હો, શિવમાં જ મારી ભક્તિ હો, શિવ સિવાય બીજો કોઈ શરણ આપનાર નથી. હે મહાદેવ! તમે જ મારે માટે શરણદાતા છો'

આ રીતે પ્રાર્થના કરીને સંપૂર્ણ સિદ્ધિઓના દાતા દેવેશ્વર શિવનું પરાભક્તિ દ્વારા પૂજન કરો. વિશેષતઃ કંઠના અવાજથી ભગવાનને સંતુષ્ટ કરો. પછી સપરિવાર નમસ્કાર કરીને અનુપમ પ્રસન્નતાનો અનુભવ કરતાં કરતાં સમસ્ત લૌકિક કાર્ય સુખપૂર્વક કરતા રહો.

જે આ રીતે શિવભક્તિપરાયણ થઈને દરરોજ પૂજન કરે છે એને અવશ્ય જ પગલે ને પગલે સર્વ પ્રકારની સિદ્ધિ પ્રાપ્ત થાય છે. તે ઉત્તમ વક્તા થાય છે તથા એને મનોવાંછિત ફલની નિશ્ચય જ પ્રાપ્તિ થાય છે. રોગ, દુઃખ, બીજાઓને નિમિત્ત થતો ઉદ્વેગ, કુટિલતા, અને વિષ વગેરે રૂપે જે કષ્ટ ઉપસ્થિત થાય છે એને કલ્યાણકારી પરમ શિવ અવશ્ય નષ્ટ કરી દે છે. એ ઉપાસકનું કલ્યાણ થાય છે. ભગવાન શંકરની પૂજાથી એનામાં અવશ્ય સદ્‌ગુણોની વૃદ્ધિ થાય છે, બરાબર એવી જ રીતે જેવી રીતે શુક્લપક્ષમાં ચંદ્રમા વધે છે તેમ - હે મુનિશ્રેષ્ઠ નારદ! આ રીતે મેં શિવ પૂજાનું વિધાન બતાવ્યું છે. હવે તમે શું સાંભળવા ચાહો છો? કયો પ્રશ્ન કરવાના છો?

(અધ્યાય ૧૧)

*

ભગવાન શિવની શ્રેષ્ઠતા અને એમના પૂજનની અનિવાર્ય આવશ્યકતાનું પ્રતિપાદન

નારદજી બોલ્યા—હે બ્રહ્મન્, હે પ્રજાપતે, તમે ધન્ય છો, કેમકે, આપની બુદ્ધિ ભગવાન શિવમાં લાગી રહેલી છે. હે વિધે! તમે પુનઃ આ જ વિષયનું સમ્યક્ રીતે વિસ્તારપૂર્વક વર્ણન કરો.

બ્રહ્માજીએ કહ્યું—હે તાત! એક સમયની વાત છે. હું સર્વ બાજુએથી ઋષિઓ અને દેવતાઓને બોલાવીને એ બધાંને લઈને ક્ષીરસાગરના તટ પર લઈ ગયો. ત્યાં સર્વના હિત-સાધન કરનાર ભગવાન વિષ્ણુ નિવાસ કરે છે. ત્યાં દેવતાઓના પૂછવા પર શ્રી ભગવાન વિષ્ણુએ સર્વને માટે શિવપૂજનની જ શ્રેષ્ઠતા બતાવીને એમ કહ્યું કે, 'એક મુહૂર્ત અથવા એક ક્ષણ પણ જો શિવનું પૂજન ન થાય તો તે જ

હાનિ છે, એ જ મહાન્ છિદ્ર છે, એ જ અંધાપો છે અને એ જ મૂર્ખતા છે. જે શિવની ભક્તિમાં તત્પર છે, જે મનથી એમને જ પ્રણામ કરે છે અને એમનું જ ચિંતન કરે છે, તે ક્યારેય દુઃખી થતા નથી.* જે મહાન સૌભાગ્યશાળી પુરુષ મનોહર ભવન, સુંદર આભૂષણોથી વિભૂષિત સ્ત્રીઓ, જીતવાથી મનને સંતોષ થાય એટલું ધન, પુત્ર-પૌત્ર વગેરે સંતતિ, આરોગ્ય, સુંદર શરીર, અલૌકિક પ્રતિષ્ઠા, સ્વર્ગીય સુખ, અંતમાં મોક્ષરૂપી ફળ અથવા પરમેશ્વર શિવની ભક્તિ ચાહે છે, તે પૂર્વજન્મોમાં મહાન પુણ્યથી ભગવાન સદાશિવની પૂજા-અર્ચામાં પ્રવૃત્ત થાય છે. જે પુરુષ નિત્ય ભક્તિપરાયણ થઈને શિવલિંગની પૂજા કરે છે એને સફળ સિદ્ધિ પ્રાપ્ત થાય છે અને તે પાપના ચક્કરમાં પડતો નથી.

ભગવાને આ પ્રકારે ઉપદેશ આપ્યો તે ઉપર દેવતાઓએ એ શ્રીહરિને પ્રણામ કર્યા અને મનુષ્યની સમસ્ત કામનાઓની પૂર્તિ માટે એમને શિવલિંગ આપવા માટે પ્રાર્થના કરી. હે મુનિશ્રેષ્ઠ! એ પ્રાર્થનાને સાંભળીને જીવોના ઉદ્ધારમાં તત્પર રહેવાવાળા ભગવાન વિષ્ણુએ વિશ્વકર્માને બોલાવીને કહ્યું - 'હે વિશ્વકર્મન્! તમે મારી આજ્ઞાથી સંપૂર્ણ દેવતાઓને સુંદર શિવલિંગનું નિર્માણ કરીને આપી દો.' ત્યારે વિશ્વકર્માએ મારી અને શ્રીહરિની આજ્ઞા અનુસાર એ દેવતાઓને એમના અધિકાર પ્રમાણે શિવલિંગ બનાવીને આપ્યાં.

હે મુનિશ્રેષ્ઠ નારદ! કયા દેવતાને કયું શિવલિંગ પ્રાપ્ત થયું એનું વર્ણન આજે હું કરી રહ્યો છું, તે સાંભળો. ઇન્દ્ર પદ્મરાગમણિથી બનેલા શિવલિંગની અને કુબેર સુવર્ણમય લિંગની પૂજા કરે છે. ધર્મ પીતમણિમય (પોખરાજના બનેલા) લિંગની અને વરુણ શ્યામવર્ણના શિવલિંગની પૂજા કરે છે. ભગવાન વિષ્ણુ ઇન્દ્રનીલમય તથા બ્રહ્મા હેમમય લિંગની પૂજા કરે છે. હે મુને! વિશ્વેદેવગણ ચાંદીના શિવલિંગની અને વસુગણ પીત્તળના બનેલા લિંગની તથા બંને અશ્વિનીકુમાર પાર્થિવલિંગની પૂજા કરે છે. લક્ષ્મીદેવી સ્ફટિકમય લિંગની, આદિત્યગણ તામ્રમય લિંગની, રાજા સોમ મોતીના બનેલા લિંગની તથા અગ્નિદેવ, વજ્ર (હીરો)ના લિંગની ઉપાસના કરે છે. શ્રેષ્ઠ બ્રાહ્મણ અને એમની પત્ની માટીના બનેલા શિવલિંગના, મયાસુર ચંદનનિર્મિત લિંગનાં અને નાગગણ મૂગા (લાલ પદાર્થ)ના બનેલા શિવલિંગનાં પૂજન અર્ચન કરે છે. દેવી માખણથી બનેલા લિંગની, યોગીજન ભસ્મયમ લિંગની, પક્ષીગણ દહીંથી બનેલા લિંગની, છાયા દેવી લોટથી બનેલા લિંગની અને બ્રહ્મપત્ની રત્નમય શિવલિંગની નિશ્ચિતરૂપે પૂજા કરે છે. બાણાસુર પારદ (પારો) અથવા પાર્થિવ લિંગની પૂજા કરે છે. બીજા લોકો પણ આવું જ કરે છે. આવાં આવાં શિવલિંગ બનાવીને વિશ્વકર્માએ વિભિન્ન લોકોને આપ્યાં અને એ બધા દેવતા અને ઋષિઓ એ લિંગોની પૂજા કરે છે. ભગવાન વિષ્ણુએ આ રીતે દેવતાઓને એમના હિતની કામનાથી શિવલિંગ આપીને એમને તથા સ્વયં (હું) બ્રહ્માએ પિનાકપાણિ મહાદેવના પૂજનની વિધિ પણ બતાવી. પૂજન-

* ભવભક્તિપરા યે ચ ભવપ્રણતચેતસા। ભવસંસ્મરણા યે ચ ન તે દુઃખસ્ય ભાજનાઃ॥
(શિ.પુ.રુ.સૃ.ખં. ૧૨/૨૧)

વિધિસંબંધી એમનાં વચનોને સાંભળીને દેવશિરોમણિઓ સહિત હું બ્રહ્માના હૃદયમાં હર્ષની ભાવના લઈને પોતાના ધામમાં આવી ગયો. હે મુને! ત્યાં આવીને મેં સમસ્ત દેવતાઓ અને ઋષિઓને શિવ-પૂજાની ઉત્તમવિધિ બતાવી, જે સંપૂર્ણ ઇચ્છિત વસ્તુઓનું પ્રદાન કરનારી છે.

એ વખતે મને બ્રહ્માએ કહ્યું—હે સમસ્ત દેવતાઓ સહિત ઋષિઓ! તમે પ્રેમપરાયણ થઈને સાંભળો. હું પ્રસન્નતાપૂર્વક તમને શિવપૂજનની એ વિધિનું વર્ણન કરું છું જે ભોગ અને મોક્ષ પ્રદાયક છે. હે દેવતાઓ અને મુનીશ્વરો! સમસ્ત જંતુઓમાં મનુષ્ય-જન્મ પ્રાપ્ત કરવો પ્રાયઃ દુર્લભ છે. એમાં પણ ઉત્તમ કુળમાં જન્મ તો વધારે દુર્લભ છે. ઉત્તમ કુળમાં પણ આચારવાન બ્રાહ્મણોને ત્યાં ઉત્પન્ન થવું તો ઉત્તમ પુણ્યથી જ સંભવે છે. જો આવો જન્મ સુલભ થઈ જાય તો ભગવાન શિવના સંતોષ માટે એ ઉત્તમ કર્મનું અનુષ્ઠાન કરે, જે પોતાના વર્ણ અને આશ્રમને માટે શાસ્ત્રો દ્વારા પ્રતિપાદિત છે. જે જાતિ માટે જે કર્મ બતાવાયું છે એનું ઉલ્લંઘન ન કરો. જેટલી સંપત્તિ હોય એ અનુસાર જ દાન કરો. કર્મમય સહસ્ર યજ્ઞોથી તપોયજ્ઞ વધારે છે. સહસ્ર તપયજ્ઞથી જપયજ્ઞનું મહત્ત્વ વધારે છે. ધ્યાનયજ્ઞથી વધારે કોઈ વસ્તુ નથી. ધ્યાન જ્ઞાનનું સાધન છે, કેમકે, યોગી ધ્યાન દ્વારા પોતાના ઈષ્ટદેવ સમરસ શિવનો સાક્ષાત્કાર કરે છે.* ધ્યાનયજ્ઞમાં તત્પર રહેવાવાળા ઉપાસકને માટે ભગવાન શિવ સદાયે સંનિહિત છે. જે વિજ્ઞાન-સંપન્ન છે એ પુરુષોની શુદ્ધિ માટે કોઈ પણ પ્રકારના પ્રાયશ્ચિત્ત વગેરેની જરૂર નથી -

મનુષ્યને જ્યાં સુધી જ્ઞાન પ્રાપ્તિ થતી નથી ત્યાં સુધી તે વિશ્વાસ અપાવવા માટે કર્મથી જ ભગવાન શિવની આરાધના કરે. જગતના અનેક લોકોને એક જ પરમાત્મા અનેક રૂપોમાં અભિવ્યક્ત થઈ રહ્યો છે. એકમાત્ર ભગવાન સૂર્ય એક સ્થાનમાં રહીને પણ જળાશય વગેરે વિભિન્ન વસ્તુઓમાં અનેક રૂપે દેખાય છે. હે દેવતાઓ! સંસારમાં જે જે સત્ અથવા અસત્ વસ્તુ જોઈ અથવા સાંભળી શકાય છે તે સર્વ પરબ્રહ્મ શિવરૂપ જ છે એવું સમજો. જ્યાં સુધી તત્ત્વજ્ઞાન ન થઈ જાય ત્યાં સુધી પ્રતિમાની પૂજા જરૂરી છે. જ્ઞાનના અભાવમાં પણ જો પ્રતિમા-પૂજાની અવહેલના કરે છે, એનું પતન નિશ્ચિત છે. એટલા માટે હે બ્રાહ્મણો! આ યથાર્થ વાત સાંભળો. પોતાની જાતિ માટે જે કર્મ બતાવાયું છે, એનું પ્રયત્નપૂર્વક પાલન કરવું જોઈએ. જ્યાં જ્યાં યથાવત્ ભક્તિ હોય, એ એ આરાધ્યદેવનું પૂજન વગેરે અવશ્ય કરવું જોઈએ, કેમકે પૂજન અને દાન વિના પાતક દૂર થતાં નથી.* જેવી રીતે મેલા કપડામાં રંગ બહુ સારી રીતે ચઢતો નથી પરંતુ જ્યારે એને ધોઈને સ્વચ્છ કરીને ઊજળું બનાવાય છે ત્યારે એના પર બધી જ જાતના રંગના સારી રીતે ચઢી શકે છે. એ જ પ્રકારે દેવતાઓની સારી રીતની પૂજાથી જ્યારે ત્રિવિધ શરીર પૂર્ણતયા નિર્મળ થઈ જાય છે

---

* ધ્યાનયજ્ઞાત્પરં નાસ્તિ ધ્યાનં જ્ઞાનસ્ય સાધનમ્ । યતઃ સમરસં સ્વેષ્ટં યોગી ધ્યાનેન પશ્યતિ ॥ (શિ.પુ.રુ.સૃ.ખં. ૧૨/૪૬)

* યત્ર યત્ર યથાભક્તિઃ કર્તવ્યં પૂજનાદિકમ્ । વિના પૂજનદાનાદિ પાતકં ન ચ દૂરતઃ ॥ (શિ.પુ.રુ.સૃ.ખં. ૧૨-૬૯)

ત્યારે એના પર જ્ઞાનનો રંગ ચઢે છે અને ત્યારે જ વિજ્ઞાનનું પ્રાગટ્ય થાય છે. જ્યારે વિજ્ઞાન થઈ જાય છે ત્યારે ભેદભાવની નિવૃત્તિ થઈ જાય છે. ભેદની સંપૂર્ણતયા નિવૃત્તિ થઈ જવાથી દ્વન્દ્વ-દુઃખ દૂર થઈ જાય છે અને દ્વન્દ્વ-દુઃખથી રહિત પુરુષ શિવરૂપ થઈ જાય છે.

મનુષ્ય જ્યાં સુધી ગૃહસ્થ-આશ્રમમાં રહે ત્યાં સુધી પંચ દેવતાઓની તથા એમાં શ્રેષ્ઠ ભગવાન શંકરની પ્રતિમાનું ઉત્તમ પ્રેય લઈને પૂજન કરે. અથવા જે સર્વના એકમાત્ર મૂળ છે, એવા ભગવાન શિવની જ પૂજા સર્વથી અધિક છે કેમકે, મૂળમાં સિંચન થવાથી શાખાસ્થાનીય સંપૂર્ણ દેવતા સ્વતઃ તૃપ્ત થઈ જાય છે. તેથી જે સંપૂર્ણ મનોવાંછિત ફળને મેળવવા ઇચ્છે છે તેણે પોતાની અભીષ્ટની સિદ્ધિ માટે સમસ્ત પ્રાણીઓના હિતમાં તત્પર રહીને લોકકલ્યાણકારી ભગવાન શંકરનું પૂજન કરવું જોઈએ.

(અધ્યાય ૧૨)

*

શિવપૂજનની સર્વોત્તમ વિધિનું વર્ણન

બ્રહ્માજી કહે છે—હવે હું પૂજાની સર્વોત્તમ વિધિ બતાવી રહ્યો છું જે સમસ્ત ઈચ્છિત અને સુખને સુલભ કરવાવાળી છે. હે દેવતાઓ તથા ઋષિઓ! તમે ધ્યાન દઈને સાંભળો. ઉપાસકે બ્રાહ્મ મુહૂર્તમાં નિદ્રાત્યાગ કરીને જગદંબા પાર્વતી સહિત ભગવાન શિવનું સ્મરણ કરવું અને હાથ જોડીને માથું નમાવીને ભક્તિપૂર્વક એમની પાસે પ્રાર્થના કરવી - 'હે દેવેશ્વર! ઊઠો ઊઠો, મારા હૃદય-મંદિરમાં શયન કરનારા હે દેવતા! ઊઠો. હે ઉમાકાંત! ઊઠો અને બ્રહ્માંડમાં સૌનું મંગલ કરો. હું ધર્મને જાણું છું, પરંતુ મારી એમાં પ્રવૃત્તિ થતી નથી. હું અધર્મને જાણું છું, પરંતુ હું એથી દૂર રહી શકતો નથી. હે મહાદેવ! આપ મારા હૃદયમાં સ્થિત થઈને મને જેવી પ્રેરણા આપો છો એવું જ હું કરું છું.'' આ રીતે ભક્તિપૂર્વક કહીને અને ગુરુદેવની ચરણપાદુકાઓનું સ્મરણ કરીને ગામની બહાર દક્ષિણ દિશામાં જઈને મળ-મૂત્રનો ત્યાગ કરવો. મળત્યાગ કર્યા પછી માટી અને જળથી ધોયા પછી શરીરની શુદ્ધિ કરીને બંને હાથ-પગને ધોઈને દંતમંજન કરવું જોઈએ. સૂર્યોદય પહેલાં દંતમંજન કરીને મુખને સોળ વખત જળની અંજલિઓથી ધોવું જોઈએ. હે દેવતાઓ અને મહર્ષિઓ! છઠ, પડવો, અમાસ અને નોમ તથા રવિવારને દિવસે શિવભક્તે યત્નપૂર્વક દાતણનો ત્યાગ કરી દેવો જોઈએ. અવકાશને અનુસાર નદી વગેરે સ્થળોએ જઈને અથવા ઘરમાં જ સારી રીતે સ્નાન કરવું. મનુષ્યએ દેશ અને કાળ વિરુદ્ધ સ્નાન ન કરવું જોઈએ. રવિવાર, શ્રાદ્ધ, સંક્રાન્તિ, ગ્રહણ, મહાદાન, તીર્થ, ઉપવાસ-દિવસ અથવા અશૌચ પ્રાપ્ત થવા પર મનુષ્યે ગરમ જળથી સ્નાન ન કરવું જોઈએ. શિવભક્ત મનુષ્યે તીર્થ આદિમાં પ્રવાહની સન્મુખ થઈને સ્નાન કરવું જોઈએ. જો સ્નાન પૂર્વે તેલ લગાડવું હોય તો એણે વિહિત અને નિષિદ્ધ દિવસોનો વિચાર કરીને જ તૈલાભ્યંગ કરવું જોઈએ. જો પ્રતિદિન નિયમપૂર્વક તેલ લગાડતા હો એમને માટે કોઈ પણ દિવસ તૈલાભ્યંગ દૂષિત નથી અથવા જે તેલ અત્તર વગેરેથી વાસિત હોય તો એનું લગાડવું પણ કોઈ દિવસ દૂષિત નથી. સરસિયાનું

તેલ ગ્રહણનો દિવસ છોડીને બીજા કોઈ પણ દિવસે દૂષિત નથી. આ રીતે દેશ-કાળનો વિચાર કરીને જ વિધિપૂર્વક સ્નાન કરવું. સ્નાન કરતી વખતે પોતાના મુખને ઉત્તર અથવા પૂર્વ તરફ રાખવું જોઈએ.

ઉચ્છિષ્ટ વસ્ત્રનો ઉપયોગ ક્યારેય ન કરવો. શુદ્ધ વસ્ત્રથી ઇષ્ટદેવના સ્મરણપૂર્વક સ્નાન કરવું. જે વસ્ત્રને બીજાએ ધારણ કર્યું હોય અથવા જે બીજાને પહેરવાની વસ્તુ હોય તથા જેને પોતે જાતે રાત્રે પહેર્યું હોય એ વસ્ત્ર ઉચ્છિષ્ટ કહેવાય છે. એનાથી ત્યારે જ સ્નાન થાય જ્યારે એ ધોયેલું હોય, સ્નાન પછી દેવતાઓ, ઋષિઓ તથા પિતરોને તૃપ્તિ આપનાર સ્નાનાંગ તર્પણ કરવું જોઈએ. એ પછી ધોયેલું વસ્ત્ર પહેરવું જોઈએ અને પછી આચમન કરવું જોઈએ. હે દ્વિજોત્તમો! ત્યારબાદ છાણ વગેરેથી લિપી-પોતીને સ્વચ્છ કરેલા શુદ્ધ સ્થાનમાં જઈને ત્યાં સુંદર આસનની વ્યવસ્થા કરવી જોઈએ. એ આસન વિશુદ્ધ લાકડાનું બનેલું હોવું જોઈએ, પૂરતું પહોળું અને વિચિત્ર હોવું જોઈએ. આવું આસન સંપૂર્ણ ઇચ્છિત તથા ફળ પ્રદાયક છે. એની ઉપર પાથરવા માટે યથાયોગ્ય મૃગચર્મ વગેરે ગ્રહણ કરે. શુદ્ધ બુદ્ધિવાળો પુરુષ તે આસન પર બેસીને ભસ્મથી ત્રિપુંડ્ર લગાવે. ત્રિપુંડ્રથી જપ-તપ તથા દાન સફળ થાય છે. ભસ્મ ન હોય તો ત્રિપુંડ્રથી જપ-તપ તથા દાન સફળ થાય છે. ભસ્મ ન હોય તો ત્રિપુંડ્રનું સાધન જળ વગેરે બતાવ્યું છે. આ રીતે ત્રિપુંડ્ર કરીને મનુષ્ય રુદ્રાક્ષ ધારણ કરે અને પોતાના નિત્ય કર્મનું સંપાદન કરીને પછી શિવની આરાધના કરે. ત્યાર પછી ત્રણ વાર મંત્ર-ઉચ્ચારણપૂર્વક આચમન કરે. પછી ત્યાં શિવની પૂજા માટે અન્ન અને જળ લાવીને રાખે. બીજી કોઈ પણ જરૂરી જે કોઈ પણ વસ્તુ હોય એને યથાશક્તિ ભેગી કરીને પોતાની પાસે જ રાખે. આ રીતે પૂજન સામગ્રીનો સંગ્રહ કરીને ત્યાં ધૈર્યપૂર્વક સ્થિર ભાવથી બેસે. પછી જળ, ગંધ અને ચોખાથી યુક્ત એક અર્ઘ્યપાત્ર લઈને એને જમણી બાજુ રાખે, આનાથી ઉપચારની સિદ્ધિ થાય છે. પછી ગુરુનું સ્મરણ કરીને એમની આજ્ઞા લઈને વિધિવત્ સંકલ્પ કરીને પોતાની કામનાને અલગ ન રાખતાં પરાભક્તિથી સપરિવાર શિવનું પૂજન કરે. એક મુદ્રા દેખાડીને સિન્દૂર વગેરે ઉપચારો દ્વારા સિદ્ધિ-બુદ્ધિ-સહિત વિઘ્નહારી ગણેશનું પૂજન કરે. લક્ષ અને લાભથી યુક્ત ગણેશજીનું પૂજન કરીને એમના નામના આરંભમાં પ્રણવ તથા અંતમાં નમઃ જોડીને નામની સાથે ચોથી વિભક્તિનો પ્રયોગ કરતાં કરતાં નમસ્કાર કરે. (યથા - ૐ ગણપતયે નમઃ અથવા ૐ લક્ષલાભયુતાય સિદ્ધિ-બુદ્ધિ સહિત ગણપતયે નમઃ) ત્યાર બાદ એમની પાસે ક્ષમાયાચના કરવી અને તે પછી ભાઈ કાર્તિકેય સહિત ગણેશજીનું પરાભક્તિથી પૂજન કરીને એમને વારંવાર નમસ્કાર કરવા - એ પછી સદા દ્વાર પર ઊભા રહેનારા દ્વારપાલ મહોદયનું પૂજન કરીને સતી-સાધ્વી ગિરિરાજનંદિની ઉમાની પૂજા કરવી જોઈએ. ચંપો, કુંકુમ અને ધૂપ, દીપ વગેરે અનેક ઉપચારો તથા વિવિધ પ્રકારનાં નૈવેદ્યોથી શિવાનું પૂજન કરીને નમસ્કાર કરીને પછી જ સાધક શિવજીની સમીપે જાય. યથાસંભવ પોતાના ઘરમાં માટી, સોનું, ચાંદી, ધાતુ અથવા અન્ય પારો વગેરેથી શિવ-પ્રતિમા બનાવી અને એને - નમસ્કાર કરીને ભક્તિપરાયણ થઈને એની પૂજા કરે. એમની પૂજા થઈ જવાથી બીજા બધા

દેવતા પૂજિત થઈ જાય છે.

માટીનું શિવલિંગ બનાવીને વિધિપૂર્વક એની સ્થાપના કરવી જોઈએ. પોતાના ઘરમાં રહેનારા કુટુંબીજનોને પણ સ્થાપના સંબંધી બધા નિયમોનું સર્વથા પાલન કરવા કહેવું જોઈએ. ભૂતશુદ્ધિ અને માતૃકાન્યાસ કરીને પ્રાણપ્રતિષ્ઠા કરો. શિવાલયમાં દિક્પાળોની પણ સ્થાપના કરીને એમની પણ પૂજા કરવી જોઈએ. ઘરમાં હંમેશાં મૂળયંત્રનો પ્રયોગ કરીને શિવની પૂજા કરવી જોઈએ. ત્યાં દ્વારપાળોના પૂજનનો સર્વથા નિયમ નથી - ભગવાન શિવની પાસે જ પોતાને માટે આસનની વ્યવસ્થા કરવી. એ વખતે ઉત્તરાભિમુખ બેસીને પણ આચમન કરવું, ત્યાર પછી બંને હાથ જોડવા અને તે પછી પ્રાણાયામ કરવા - પ્રાણાયામ કાળમાં મનુષ્યે મૂળમંત્રની દશ આવૃત્તિ કરવી જોઈએ. હાથ વડે પાંચ મુદ્રાઓ દર્શાવવી. આ પૂજાનું આવશ્યક અંગ છે. આ મુદ્રાઓનું પ્રદર્શન કરીને જ મનુષ્યે પૂજાવિધિનું અનુસરણ કરવું જોઈએ. તદનંતર ત્યાં દીપ નિવેદન કરીને ગુરુને નમસ્કાર કરવા. અને પદ્માસન અથવા ભદ્રાસન વાળીને બેસવું જોઈએ અથવા ઉત્તાનાસન અથવા પર્યંકાસનનો આશ્રય લઈને સુખપૂર્વક બેસવું જોઈએ અને પુનઃ પૂજનનો પ્રયોગ કરવો જોઈએ. પછી અર્ઘ્યપાત્રથી ઉત્તમ શિવલિંગનું પ્રક્ષાલન કરવું. મનને ભગવાન શિવથી અન્યત્ર ન જવા દેવું અને પૂજા સામગ્રીને પોતાની પાસે રાખીને નિમ્નાંકિત મંત્રસમૂહથી મહાદેવજીનું આવાહન કરવું.

આવાહન

કૈલાસશિખરસ્થં ચ પાર્વતીપતિમુત્તમમ્॥ ૪૭॥
યથોક્તરૂપિણં શંભું નિર્ગુણં ગુણરૂપિણમ્।
પંચવક્ત્રં દશભુજં ત્રિનેત્રં વૃષભધ્વજમ્॥ ૪૮॥
કર્પૂરગૌરં દિવ્યાંગં ચંદ્રમૌલિં કપર્દિનમ્।
વ્યાઘ્રચર્મોત્તરીયં ચ ગજચર્માંબરં શુભમ્॥ ૪૯॥
વાસુક્યાદિપરીતાંગં પિનાકાદ્યાયુધાન્વિતમ્।
સિદ્ધયોઽષ્ટૌ ચ યસ્યાગ્રે નૃત્યન્તીહ નિરંતરમ્॥ ૫૦॥
જય જયેતિ શબ્દૈશ્ચ સેવિતં ભક્તપુંજકૈઃ।
તેજસા દુસ્સહેનૈવ દુર્લક્ષ્યં દેવસેવિનમ્॥ ૫૧॥
શરણ્યં સર્વસત્ત્વાનાં પ્રસન્નમુખપંકજમ્।
વેદૈઃ શાસ્ત્રૈર્યથાગીતં વિષ્ણુબ્રહ્મનુતં સદા॥ ૫૨॥
ભક્તવત્સલમાનંદં શિવમાવાહયામ્યહમ્।

(અધ્યાય ૧૩)

જે કૈલાસના શિખર ઉપર નિવાસ કરે છે, પાર્વતીદેવીના પતિ છે, સમસ્ત દેવતાઓથી ઉત્તમ છે, જેમના સ્વરૂપનું શાસ્ત્રોમાં યથાવત્ વર્ણન કર્યું છે, જે નિર્ગુણ હોવા છતાં પણ ગુણરૂપ છે, જેને પાંચ મુખ, દશ ભુજાઓ અને પ્રત્યેક મુખમંડળમાં ત્રણ-ત્રણ નેત્ર છે, જેમની ધ્વજા પર વૃષભનું ચિહ્ન અંકિત છે, અંગકાંતિ કપૂરની જેમ ગૌર છે, જે દિવ્યરૂપધારી, ચંદ્રમારૂપી મુગટથી સુશોભિત અને માથા પર જટાજૂટ ધારણ કરનારા છે, જે હાથીનું ચામડું પહેરે છે અને વ્યાઘ્રચર્મ ઓઢે છે, જેમનું સ્વરૂપ શુભ છે, જેમનાં અંગોમાં વાસુકિ વગેરે નાગ લપેટાયેલા છે, જે પિનાક વગેરે આયુધ ધારણ કરે છે, જેની આગળ આઠેય સિદ્ધિઓ નિરંતર નૃત્ય કરતી રહે છે, ભક્ત સમુદાય જય-જયકાર કરતા કરતા જેની સેવામાં લાગ્યા રહે છે, દુસ્સહ તેજને કારણે જેમની તરફ જોયું પણ કઠણ છે, જે દેવતાઓથી સેવિત છે અને સંપૂર્ણ પ્રાણીઓને શરણ આપનારા છે, જેમનું મુખારવિંદ પ્રસન્નતાથી વિકસિત છે, વેદ અને શાસ્ત્રોએ જેમની મહિમાનું યથાવત્ ગાન કર્યું છે, વિષ્ણુ અને બ્રહ્મા પણ સદા જેમની સ્તુતિ કરે છે તથા

જે પરમાનંદસ્વરૂપ છે એવા ભક્તવત્સલ શંભુ શિવનું હું આવાહન કરું છું" -

આ પ્રકારે સામ્બ શિવનું ધ્યાન કરીને એમને માટે આસન આપો. ચતુર્થી-અંત પદથી જ ક્રમશઃ સર્વ કાંઈ અર્પિત કરો (યથા - સામ્બાય સદાશિવાય નમઃ આસનં સમર્પયામિ - ઇત્યાદિ) આસન પછી ભગવાન શંકરને પાદ્ય

અને અર્ઘ્ય આપો. પછી પરમાત્મા શંભુને આચમન કરાવીને પંચામૃતસંબંધી દ્રવ્યો દ્વારા પ્રસન્નતાપૂર્વક શંકરને સ્નાન કરાવો. વેદમંત્રો અથવા સમંત્રક ચતુર્થ્યન્ત નામપદોનું ઉચ્ચારણ કરીને ભક્તિપૂર્વક યથાયોગ્ય સમસ્ત દ્રવ્ય ભગવાનને અર્પિત કરો. અભીષ્ટ દ્રવ્યને શંકર ઉપર ચઢાવો. પછી ભગવાન શિવને વારુણ-સ્નાન કરાવો. સ્નાન પછી એમનાં શ્રીઅંગોમાં સુગંધિત ચંદન તથા અન્ય દ્રવ્યોનો યત્નપૂર્વક લેપ કરો. પછી સુગંધિત જળથી જ એમના ઉપર જળધારા ચઢાવીને અભિષેક કરો. વેદમંત્રો, પડંગો અથવા શિવનાં અગિયાર નામ દ્વારા યથાવકાશ જળધારા ચઢાવીને વસ્ત્રથી શિવલિંગને સારી રીતે લૂછવું. પછી આચમનાર્થ જળ આપવું અને વસ્ત્ર સમર્પિત કરવું. વિવિધ પ્રકારના મંત્રો દ્વારા ભગવાન શિવને તલ, જવ, ઘઉં, મગ અને અડદ અર્પિત કરવા. પછી પાંચ મુખવાળા પરમાત્મા શિવને પુષ્પો ચઢાવવાં. પ્રત્યેક મુખ પર ધ્યાન-પ્રમાણે યથોચિત અભિલાષા કરીને કમળ, શતપત્ર, શંખપુષ્પ, કુશપુષ્પ, ધતૂરો, મંદાર, દ્રોણપુષ્પ (ગૂમા), તુલસીદલ અને બિલ્વપત્ર ચઢાવીને પરાભક્તિની સાથે ભક્તવત્સલ ભગવાન શંકરની વિશેષ પૂજા કરો. અન્ય બધી વસ્તુઓનો અભાવ થઈ જવાથી શિવને કેવળ બિલ્વપત્ર જ અર્પિત કરો. બિલ્વપત્ર સમર્પિત કરવાથી જ શિવની પૂજા સફળ થાય છે. ત્યાર પછી સુગંધિત ચૂર્ણ તથા સુવાસિત ઉત્તમ તેલ (અત્તર વગેરે) વિવિધ વસ્તુઓ બહુ હર્ષપૂર્વક ભગવાન શિવને અર્પિત કરો. પછી પ્રસન્નતાપૂર્વક ગુગળ અને અગરુ વગેરે ધૂપ નિવેદિત કરો. તદન્તર શંકરજીને ઘીથી ભરેલો દીપ આપો. એ બાદ નિમ્નાંકિત મંત્રથી ભક્તિપૂર્વક પુનઃ અર્ઘ્ય આપો અને ભાવભક્તિથી વસ્ત્ર દ્વારા એમના મુખનું માર્જન કરો -

અર્ઘ્યમંત્ર

રૂપં દેહિ યશો દેહિ ભોગં દેહિ ચ શંકર
ભુક્તિમુક્તિફલં દેહિ ગૃહીત્વાર્ઘ્યં નમોઽસ્તુ તે॥

'હે પ્રભો, હે શંકર! આપને નમસ્કાર છે. આપ આ અર્ઘ્યનો સ્વીકાર કરીને મને રૂપ આપો, યશ આપો, ભોગ આપો. અને ભોગ અને મોક્ષરૂપી ફળ પ્રદાન કરો.'

એ પછી ભગવાન શિવને જાતજાતનાં અને ભાતભાતનાં ઉત્તમ નૈવેદ્ય અર્પિત કરો. નૈવેદ્ય પછી પ્રેમપૂર્વક આચમન કરાવો. ત્યારબાદ સાંગોપાંગ તાંબૂલ બનાવીને શિવને સમર્પિત કરો. પછી પાંચ દિવેટોના દીવાની આરતી બનાવીને ભગવાનની આરતી ઉતારો. આરતી આ રીતે કરવી - પગ તરફ ચાર વાર, નાભિમંડળની સામે બે વાર, મુખ સામે એક વાર, અને સંપૂર્ણ અંગો સામે સાત વાર આરતી ફેરવવી - ત્યાર પછી વિવિધ પ્રકારનાં સ્તોત્રો દ્વારા પ્રેમપૂર્વક ભગવાન વૃષભધ્વજની સ્તુતિ કરો. પછી ધીરે ધીરે શિવની પરિક્રમા કરો. પરિક્રમા કર્યા પછી ભક્ત પુરુષે સાષ્ટાંગ પ્રણામ કરવા જોઈએ અને નીચે લખેલા મંત્રોથી ભક્તિપૂર્વક પુષ્પાંજલિ આપવી.

પુષ્પાંજલિ

અજ્ઞાનાદ્યદિ વા જ્ઞાનાદ્યદ્યત્પૂજાદિકં મયા।
કૃતં તદસ્તુ સફલં કૃપયા તવ શંકર॥
તાવકસ્ત્વદ્ગતપ્રાણસ્ત્વચ્ચિતોઽહં સદા મૃડ।
ઇતિ વિજ્ઞાય ગૌરીશ ભૂતનાથ પ્રસીદ મે॥
ભૂમૌ સ્ખલિતપાદાનાં ભૂમિરેવાવલંબનમ્।
ત્વયિ જાતાપરાધાનાં ત્વમેવ શરણં પ્રભો॥

(અધ્યાય ૧૩)

'હે શંકર! મેં અજ્ઞાનથી અથવા જાણીને જે પૂજન આદિ કર્યું છે, તે આપની કૃપાથી સફળ થાઓ. હે મૃડ! હું તમારો છું, મારા પ્રાણ સદા આપમાં લાગેલા છે, મારું ચિત્ત સદા તમારું જ ચિંતન કરે છે. એવું જાણીને હે ગૌરીનાથ! હે ભૂતનાથ! આપ મારા પર પ્રસન્ન થાઓ. હે પ્રભો! આ ધરતી પર જેના પગ ડગમગે છે, એમને માટે ભૂમિ જ સહારો છે; એવી રીતે જેણે આપનો અપરાધ કર્યો છે એમને માટે પણ તમે જ શરણદાતા છો.'

- વગેરે રૂપે બહુ બહુ પ્રાર્થના કરીને ઉત્તમ વિધિથી પુષ્પાંજલિ અર્પિત કર્યા પછી પુનઃ ભગવાનને નમસ્કાર કરવા. પછી નીચે લખેલા મંત્રથી વિસર્જન કરવું જોઈએ.

વિસર્જન

સ્વસ્થાનં ગચ્છ દેવેશ પરિવારયુતઃ પ્રભો।
પૂજાકાલે પુનર્નાથ ત્વયાઽઽગન્તવ્યમાદરાત્॥

'હે દેવેશ્વર પ્રભો! હવે તમે પરિવાર સહિત તમારા પોતાના સ્થાને પધારો. હે નાથ! જ્યારે પૂજાનો સમય હોય ત્યારે પુનઃ આપ અહીં સાદર પદાર્પણ કરજો.'

આ રીતે ભક્તવત્સલ ભગવાનની વારંવાર પ્રાર્થના કરીને એમનું વિસર્જન કરો અને એ જળને પોતાના હૃદયે લગાવો તથા મસ્તક પર ચઢાવો.

હે ઋષિઓ! આ રીતે મેં શિવપૂજનની બધી વિધિ બતાવી દીધી છે, જે ભોગ-મોક્ષપ્રદ છે. હવે બીજું શું સાંભળવા ઇચ્છા રાખો છો?

(અધ્યાય ૧૩)

*

વિભિન્ન પુષ્પો, અન્ન તથા જળ-આદિ ધારાઓથી શિવજીની પૂજાનું માહાત્મ્ય

બ્રહ્માજી બોલ્યા—હે નારદ! જે લક્ષ્મી પ્રાપ્તિની ઇચ્છા રાખતા હોય તેમણે બિલ્વપત્ર, શતપત્ર અને શંખપુષ્પથી ભગવાન શિવની પૂજા કરવી. હે બ્રહ્મન્! જો એક લાખ પુષ્પોથી ભગવાન શિવની પૂજા સંપન્ન થઈ જાય તો તમામ પાપોનો નાશ થઈ જાય છે, અને લક્ષ્મીની

પ્રાપ્તિ થઈ જાય છે, એમાં સંશય નથી. પ્રાચીન પુરુષોએ કમળોનો એક પ્રસ્થ બતાવ્યો છે. એક હજાર બિલ્વપત્રોનો પણ એક પ્રસ્થ કહેવાય છે. એક હજાર શતપત્રથી અર્ધા પ્રસ્થની પરિભાષા કરવામાં આવી છે. સોળ પલોનો એક પ્રસ્થ થાય છે. અને દશ ટંકોનો એક પલ થાય છે. (પ્રસ્થ વગેરે એક પ્રકારનું માપ છે.) આ માપથી પત્ર, પુષ્પ વગેરેને તોલવાં જોઈએ. જ્યારે પૂર્વોક્ત સંખ્યાવાળાં ફૂલોથી શિવની પૂજા થઈ ગયા પછી સકામ પુરુષ પોતાનું સંપૂર્ણ ઈચ્છિત પ્રાપ્ત કરી લે છે. જો ઉપાસકના મનમાં કોઈ કામના ન હોય તો તે આ પૂર્વોકત પૂજનથી શિવસ્વરૂપ બની જાય છે.

મૃત્યુંજય-મંત્રના જ્યારે પાંચ લાખ જપ પૂરા થઈ જાય છે ત્યારે ભગવાન શિવ પ્રત્યક્ષ દર્શન આપે છે. એક લાખ જપથી શરીરશુદ્ધિ થાય છે. બીજા લાખ જપથી પૂર્વજન્મની વાતોનું સ્મરણ થાય છે, ત્રીજા લાખ જપથી - પૂરા થઈ જવાથી - કામ્ય વસ્તુઓની પ્રાપ્તિ થઈ જાય છે. ચોથા લાખ પૂરા થવાથી સ્વપ્નમાં ભગવાન શિવનાં દર્શન થાય છે અને પાંચમા લાખ જપ જ્યાં પૂરા થયા ત્યાં તો ભગવાન શિવ ઉપાસક સમક્ષ તત્કાળ પ્રગટ થઈ જાય છે. આ જ મંત્રના દશ લાખ જપ થઈ જાય તો સંપૂર્ણ ફળની પ્રાપ્તિ થઈ જાય છે. જે મોક્ષની અભિલાષા રાખે છે, તે (એક લાખ) દર્ભ દ્વારા શિવનું પૂજન કરે. હે મુનિશ્રેષ્ઠ! સર્વત્ર લાખની જ સંખ્યા સમજવી જોઈએ. આયુષ્યની ઇચ્છાવાળા પુરુષે એક લાખ દૂર્વાથી પૂજન કરવું. જેને પુત્રની અભિલાષા હોય તેણે ધતૂરાનાં એક લાખ ફૂલોથી પૂજા કરવી. લાલ દંડવાળા ધતૂરા પૂજનમાં શુભદાયક માનવામાં આવે છે. અગસ્ત્યનાં એક લાખ ફૂલોથી પૂજા કરનાર પુરુષને મહાન યશની પ્રાપ્તિ થાય છે. જે તુલસીદળથી શિવની પૂજા કરે તો ઉપાસકને ભોગ અને મોક્ષ બંને સુલભ થાય છે. લાલ અને સફેદ આકડો, અપામાર્ગ અને સફેદ કમળનાં એક લાખ ફૂલો દ્વારા પૂજા કરવાથી પણ એ જ ફળ (ભોગ અને મોક્ષ)ની પ્રાપ્તિ થાય છે. જમા (અડહુલ)નાં એક લાખ ફૂલથી કરેલી પૂજા શત્રુઓને મૃત્યુ આપનારી હોય છે. કરવીરનાં એક લાખ ફુલ જો શિવજીના ઉપયોગમાં લાવવામાં આવે તો તે ત્યાં રોગોનું ઉચ્ચાટન કરનારાં બને છે. બન્ધૂક (દુપહરિયા)નાં ફૂલની પૂજા કરવાથી આભૂષણની પ્રાપ્તિ તાય છે. ચમેલીથી શિવ-પૂજા કરવાથી મનુષ્યને વાહનની ઉપલબ્ધિ થાય છે, એમાં સંશય નથી. અલશીનાં ફૂલથી શિવપૂજન કરનાર પુરુષ ભગવાન વિષ્ણુનો પ્રિય બને છે. શમીપત્રથી પૂજા કરનાર મનુષ્ય મોક્ષ મેળવી લે છે. બેલાનાં ફૂલ ચઢાવવાથી ભગવાન શિવ અત્યંત શુભલક્ષણા પત્ની પ્રદાન કરે છે. જૂહીનાં ફૂલોથી પૂજા કરવામાં આવે તો ઘરમાં ક્યારેય અન્નનો અભાવ થતો નથી - કરેણનાં ફૂલથી પૂજા કરવાથી મનુષ્યને વસ્ત્રો મળે છે. સેદુઆરિ અથવા શેફાલિકાનાં ફૂલથી શિવનું પૂજન કરવામાં આવે તો મન નિર્મળ થઈ જાય છે. એક લાખ બિલ્વપત્ર ચઢાવવાથી મનુષ્ય પોતાની બધી કામ્ય વસ્તુઓ પ્રાપ્ત કરી લે છે. શૃંગારહાર (હરસિંગાર)ના ફૂલોથી પૂજા કરવાથી સુખ-સંપત્તિની વૃદ્ધિ થાય છે. વર્તમાન ઋતુમાં ઉત્પન્ન થનાર ફૂલ જો શિવની સેવામાં સમર્પિત કરવામાં આવે તો તે મોક્ષપ્રદ બને છે, એમાં સંશય નથી - રાઈનાં ફૂલ શત્રુઓને મૃત્યુ પ્રદાન કરનારાં બને છે. આ ફૂલોને એક એક લાખની સંખ્યામાં શિવ ઉપર ચઢાવવામાં આવે તો ભગવાન શિવ પ્રચુર ફ

પ્રદાન કરે છે. ચંપો અને કેવડો છોડીને બાકીનાં બધાં ફૂલ ભગવાન શિવને ચઢાવી શકાય છે.

હે વિપ્રવર! મહાદેવજી ઉપર ચોખા ચઢાવવાથી મનુષ્યોની લક્ષ્મી વધે છે. આ ચોખા અખંડિત હોવા જોઈએ; અને ઉત્તમ ભક્તિભાવથી શિવ ઉપર ચઢાવવા જોઈએ. રુદ્ર પ્રધાન મંત્રથી પૂજા કરીને ભગવાન શિવની ઉપર બહુ સુંદર વસ્ત્રો ચઢાવવાં જોઈએ. અને એ વસ્ત્રો પર ચોખા રાખીને સમર્પિત કરો તો ઉત્તમ કહેવાય - ભગવાન શિવની ઉપર ગંધ, પુષ્પ વગેરેની સાથે એક શ્રીફળ ચઢાવીને ધૂપ આદિનું નિવેદન કરે તો પૂજાનું પૂરેપૂરું ફળ પ્રાપ્ત થાય છે. ત્યાં શિવની સમીપમાં જ બાર બ્રાહ્મણોને ભોજન કરાવવું. આથી મંત્રપૂર્વક સાંગોપાંગ લક્ષ પૂજા સંપન્ન થાય છે. જ્યાં સો મંત્રો જપવાની વિધિ હોય ત્યાં એક સો આઠ મંત્ર-જપનું વિધાન છે. તલ દ્વારા શિવજીને એક લાખ આહુતિઓ અપાય અથવા એક લાખ તલથી શિવની પૂજા થાય તો એથી મોટાં મોટાં પાપનો નાશ થઈ જાય છે. જવ દ્વારા કરેલી શિવ-પૂજા સ્વર્ગીય સુખની વૃદ્ધિ કરનારી છે, એવું ઋષિઓનું કથન છે. ઘઉંથી બનાવેલાં પકવાનથી શંકરની પૂજા નિશ્ચય જ ખૂબ ઉત્તમ મનાય છે. જો એનાથી એક લાખ વાર પૂજા થાય તો સંતાનની વૃદ્ધિ થાય છે. જો મગથી પૂજા કરવામાં આવે તો ભગવાન શિવ સુખપ્રદાતા બને છે. પ્રિયંગી (કિંગની) દ્વારા સર્વાધ્યક્ષ પરમાત્મા શિવજીનું પૂજન કરવા માત્રથી ઉપાસકના ધર્મ, અર્થ અને કામ-ભોગની વૃદ્ધિ થાય છે અને તે પૂજા સમસ્ત સુખોને આપનારી બને છે. અરહર (તુવેર)નાં પાનોથી શણગારીને ભગવાન શિવની પૂજા કરો. આ પૂજા વિવિધ પ્રકારનાં સુખો અને સંપૂર્ણ ફળ દેનારી હોય છે. હે મુનિશ્રેષ્ઠ! હવે ફૂલોની લક્ષ સંખ્યાનો તોલ બનાવી રહ્યો છું. તે પ્રસન્નતાપૂર્વક સાંભળો. સૂક્ષ્મ માન (માપ)નું પ્રદર્શન કરવાવાળા વ્યાસજીએ એક પ્રસ્થ શંખપુષ્પને એક લાખ બતાવ્યા છે. અગિયાર પ્રસ્થ ચમેલીનાં ફૂલ હોય તો એ જ એક લાખ ફૂલોનું માપ કહેવાય છે. જૂહીનાં એક લાખ ફૂલોનું પણ એ જ માપ છે. રાઈનાં એક લાખ ફૂલોનું માપ સાડા પાંચ પ્રસ્થ છે ઉપાસકને માટે એ જરૂરી છે કે તે નિષ્કામ થઈને મોક્ષને માટે ભગવાન શિવની પૂજા કરે.

ભક્તિભાવથી વિધિપૂર્વક શિવ-પૂજા કરીને ભક્તોએ પછી જળધારા સમર્પિત કરવી જોઈએ. તાવમાં જે માણસ બકવાદ કરે, જલ્પ કરે તેની શાંતિ માટે જળધારા શુભકારક બતાવવામાં આવી છે. શતરુદ્રિય - મંત્રથી, રુદ્રીના અગિયાર પાઠથી રુદ્રમંત્રોના જપથી, પુરુષસૂક્તથી, છ ઋચાવાળા રુદ્રસૂક્તથી, મહામૃત્યુંજયમંત્રથી, ગાયત્રી-મંત્રથી અથવા શિવનાં શાસ્ત્રોક્ત નામોથી આગળ પ્રણવ અને અંતમાં 'નમઃ' પદ જોડીને બનાવેલા મંત્રો દ્વારા જળધારા વગેરે અર્પિત કરવાં જોઈએ. સુખ અને સંતાનની વૃદ્ધિ માટે જળધારા દ્વારા પૂજન ઉત્તમ ગણાયું છે. ઉત્તમ ભસ્મ ધારણ કરીને ઉપાસકે પ્રેમપૂર્વક શુભ અને દિવ્ય દ્રવ્યો દ્વારા શિવની પૂજા કરવી જોઈએ અને શિવ પર એગનાં સહસ્રનામ મંત્રોથી ઘીની ધારા કરવી જોઈએ. આવું કરવાથી વંશનો વિસ્તાર થાય છે એમાં સંશય નથી. આ પ્રકારે જો દશ હજાર મંત્રો દ્વારા શિવ-પૂજન થાય તો પ્રમેહ રોગની શાંતિ થાય છે અને ઉપાસકને મનોવાંછિત ફળની પ્રાપ્તિ થઈ જાય છે. જો કોઈને નપુંસકતા આવી ગઈ હોય તો તેણે ઘીથી

શિવજીની સારી રીતે પૂજા કરવી જોઈએ અને બ્રાહ્મણોને ભોજન કરાવવું જોઈએ. સાથે જ એને માટે મુનીશ્વરોએ પ્રાજાપત્ય વ્રતનું વિધાન પણ કર્યું છે. જો બુદ્ધિ જડ થઈ જાય તો એ અવસ્થામાં સાધકે-પૂજકે માત્ર શર્કરામિશ્રિત દુગ્ધની ધારા ચઢાવવી જોઈએ. આવું કરવાથી એને બૃહસ્પતિ સમાન ઉત્તમ બુદ્ધિ પ્રાપ્ત થઈ જાય છે. જ્યાં સુધી દશ હજાર મંત્રોના જપ પૂરા ન થઈ જાય ત્યાં સુધી પૂર્વોક્ત દૂધધારા દ્વારા ભગવાન શિવનું ઉત્કૃષ્ટ પૂજન ચાલુ રાખવું જોઈએ. જ્યારે તનમાં - મનમાં અકારણ જ ઉચ્ચાટન થવા લાગે - જીવનમાં નીરસતા આવે, ક્યાંય પ્રેમ ન રહે, કશું ગમે નહિ, દુઃખ વધી જાય અને ઘરમાં ક્લેશ થયા કરે ત્યારે પણ પૂર્વોકતરૂપે દૂધની ધારા કરવાથી બધાં દુઃખોનો અંત આવે છે, દુઃખો નષ્ટ થઈ જાય છે. જો શિવજીની પૂજા મધથી કરવામાં આવે તો રાજયક્ષમા (ક્ષય) રોગ દૂર થઈ જાય છે. જો શિવ પર શેરડીના રસની ધારા કરવામાં આવે તો તે પણ સંપૂર્ણ આનંદને પ્રાપ્ત કરાવી દે છે. ગંગાજળની ધારા તો ભોગ અને મોક્ષ બંને ફળને દેનારી છે. આ બધી જે જે ધારાઓ બતાવવામાં આવી છે, એ સર્વને મૃત્યુંજય-મંત્રથી ચઢાવવી જોઈએ, એમાં પણ ઉત્તમ મંત્રના વિધાનતઃ દશ હજાર જપ કરવા જોઈએ, અને અગિયાર બ્રાહ્મણોને ભોજન કરાવવું જોઈએ. (અધ્યાય ૧૪)

*

સૃષ્ટિનું વર્ણન

ત્યાર બાદ નારદજીના પૂછવાથી બ્રહ્માજી બોલ્યા—હે મુને! અમને પૂર્વોક્ત આદેશ આપીને જ્યારે મહાદેવજી અંતર્ધાન થઈ ગયા, ત્યારે મેં એમની આજ્ઞાનું પાલન કરીને - કરવા માટે - ધ્યાનમગ્ન થઈને કર્તવ્યનો વિચાર કરવા લાગ્યો. એ વખતે ભગવાન શંકરને નમસ્કાર કરીને શ્રીહરિ પાસેથી જ્ઞાન મેળવીને પરમાનંદને પ્રાપ્ત થઈને મેં સૃષ્ટિ કરવાનો જ નિશ્ચય કર્યો. હે તાત! ભગવાન વિષ્ણુ પણ ત્યાં સદાશિવને પ્રણામ કરીને મને આવશ્યક ઉપદેશ આપીને તત્કાળ અદૃશ્ય થઈ ગયા. તેઓ બ્રહ્માંડની બહાર જઈને ભગવાન શિવની કૃપા પ્રાપ્ત કરીને વૈકુંઠધામમાં જઈ પહોંચ્યા અને સદા ત્યાં જ રહેવા લાગ્યા. મેં સૃષ્ટિની ઇચ્છાથી ભગવાન શિવ અને વિષ્ણુનું સ્મરણ કરીને પહેલેથી જ રચી રાખેલાં જળમાં પોતાની અંજલિ નાખીને જળ ઉપર ઉછાળ્યું એમાંથી જ ત્યાં એક અંડ પ્રગટ થયું, જે ચોવીશ તત્ત્વોનો સમૂહ કહેવાય છે. હે વિપ્રવર! ને વિરાટ આકારવાળો અંડ જળરૂપ જ હતું. એમાં ચેતના ન દેખાવાથી મને મોટો સંશય થયો અને હું અત્યંત કઠોર તપ કરવા લાગ્યો. બાર વર્ષ સુધી ભગવાન વિષ્ણુના ચિંતનમાં લાગી રહ્યો. હે તાત! એ સમય પૂર્ણ થવા પર ભગવાન શ્રીહરિ સ્વયં પ્રગટ થયા અને બહુ પ્રેમથી મારાં અંગોને સ્પર્શ કરવા લાગ્યા, અને પ્રસન્નતાપૂર્વક મને કહેવા લાગ્યા.

શ્રીવિષ્ણુએ કહ્યું—હે બ્રહ્મન્! તમે વરદાન માગો. હું પ્રસન્ન છું. મારે માટે તમે માગો તે ક્યારેય અદેય નથી. ભગવાન શિવની કૃપાથી હું સર્વ કાંઈ આપવામાં સમર્થ છું.

બ્રહ્મા બોલ્યા—(અર્થાત્ મેં કહ્યું) - હે મહાભાગ! આપે જે મારા ઉપર કૃપા કરી છે, તે સર્વથા ઉચિત જ છે, કેમકે, ભગવાન શંકરે જ મને આપના હાથમાં સોંપ્યો છે. હે વિષ્ણો! આપને નમસ્કાર છે. આજે હું આપની પાસે જે કાંઈ માગું છું, એ આપો. હે પ્રભો! આ વિરાટરૂપ ચોવીશ તત્ત્વોથી બનેલું આ અંડ કોઈ પણ પ્રકારે ચેતન બની રહ્યું નથી, જડીભૂત જ દેખાય છે. હે હરે! આ સમયે ભગવાન શિવની કૃપાથી આપ અહીં પ્રગટ થયા છો. તેથી શંકરની સૃષ્ટિ-શક્તિ અથવા વિભૂતિ પ્રાપ્ત થયેલ આ અંડમાં ચેતનતા લાવો.

મારું આવું કહેવાથી શિવની આજ્ઞામાં તત્પર રહેનારા મહાવિષ્ણુએ અનંતરૂપનો આશ્રય લઈને એ અંડમાં પ્રવેશ કર્યો. એ વખતે એ પરમ પુરુષનાં હજારો મસ્તકો, હજારો નેત્રો અને હજારો પગ હતા. એમણે ભૂમિને ચારે બાજુએથી ઘેરી લીધી હતી અને પછી એ ખંડને વ્યાપ્ત કરી લીધું. મેં એમની સારી રીતે સ્તુતિ કરી. સ્તુતિ કરવાથી જ્યારે શ્રીવિષ્ણુએ એ અંડમાં પ્રવેશ કર્યો ત્યારે તે ચોવીશ તત્ત્વોના વિકારરૂપ એ અંડ સચેતન થઈ ગયું. પાતાલથી લઈને સત્યલોકની અવધિવાળું એ અંડના રૂપમાં ત્યાં સાક્ષાત્ શ્રીહરિ જ બિરાજવા લાગ્યા. એ વિરાટ અંડમાં વ્યાપક હોવાને કારણે જ તે પ્રભુ 'વૈરાજ પુરુષ' કહેવાયા. પંચમુખવાળા મહાદેવજીએ માત્ર પોતાને રહેવા માટે સુરમ્ય કૈલાસ-નગરનું નિર્માણ કર્યું જે સર્વ લોકોથી ઉપર સુશોભિત થઈ રહ્યું છે. હે દેવર્ષે! સંપૂર્ણ બ્રહ્માંડનો નાશ થઈ જવા છતાં પણ વૈકુંઠ અને કૈલાસ - આ બે ધામો અહીં ક્યારેય નાશ થતો નથી. હે મુનિશ્રેષ્ઠ! હું સત્યલોકનો આશ્રય લઈને રહું છું. હે તાત! મહાદેવજીની આજ્ઞાથી જ મારામાં સૃષ્ટિ રચવાની ઇચ્છા ઉત્પન્ન થઈ છે. હે બેટા! જ્યારે હું સૃષ્ટિની ઇચ્છાથી ચિંતન કરવા લાગ્યો, એ સમય પહેલાં મારાથી અજાણ્યે જ પાપપૂર્ણ તમોગુણી સૃષ્ટિનો પ્રાદુર્ભાવ થયો, જેને અવિદ્યા-પંચક (અથવા પંચપર્વા અવિદ્યા) કહે છે. ત્યાર પછી પ્રસન્ન ચિત્ત થઈને શંભુની આજ્ઞાથી મેં પુનઃ અનાસક્ત ભાવથી સૃષ્ટિનું ચિંતન કરવા માંડ્યું. એ સમયે મારા દ્વારા સ્થાન પર-સંજ્ઞક વૃક્ષ વગેરેની સૃષ્ટિ થઈ, જેને મુખ્ય-સર્ગ કહે છે. (આ પહેલો સર્ગ છે) એને જોઈને તથા તે પોતા માટે પુરુષાર્થનો સાધક નથી એવું જાણીને સૃષ્ટિની ઇચ્છાવાળા મુજ બ્રહ્માથી બીજો સર્ગ પ્રગટ થયો, જે દુઃખથી પરિપૂર્ણ થયો. એનું નામ છે - તિર્યક્સ્રોતા* આ સર્ગ પણ પુરુષાર્થનો સાધક ન હતો. એને પણ પુરુષાર્થ-સાધનની શક્તિથી રહિત જાણીને મેં પુનઃ સૃષ્ટિનું ચિંતન કરવા માંડ્યું, ત્યારે મારાથી તરત જ ત્રીજા સાત્ત્વિક સર્ગનો પ્રાદુર્ભાવ થઈ ગયો, જેને 'ઊર્ધ્વસ્રોતા' કરે છે. આ સર્ગ દેવસર્ગ નામથી વિખ્યાત થયો. દેવસર્ગ સત્યવાદી તથા અત્યંત સુખદાયક છે. એને પણ મેં પુરુષાર્થસાધનની રુચિ અને અધિકાર રહિત માનીને અન્ય સર્ગ માટે પોતાના સ્વામી શ્રીશિવના ચિંતનનો આરંભ કર્યો. ત્યારે ભગવાન શંકરની આજ્ઞાથી એક રજોગુણી સૃષ્ટિનો પ્રાદુર્ભાવ થયો, જેને

---

* પશુ, પક્ષી વગેરે તિર્યક્-સ્રોતા કહેવાય છે. વાયુની જેમ ત્રાંસું (તિરછું) ચાલવાને કારણે એ તિર્યક્ અથવા 'તિર્યક્-સ્રોતા' કહેવાયા.

અર્વાક્‌સ્રોતા કહેવામાં આવ્યો. આ સર્ગનાં પ્રાણી મનુષ્ય છે જે પુરુષાર્થ-સાધનનાં ઉચ્ચ અધિકારી છે. ત્યાર પછી મહાદેવજીની આજ્ઞાથી ભૂત વગેરેની સૃષ્ટિ થઈ. આ રીતે મેં પાંચ પ્રકારની વૈકૃત સૃષ્ટિનું વર્ણન કર્યું છે. આ સિવાય ત્રણ પ્રાકૃત સર્ગ પણ કહેવાયા છે, જે મારા એટલે

કે બ્રહ્માના સાંનિધ્યથી પ્રકૃતિથી જ પ્રગટ થયા છે. એમાં પહેલો મહત્ત્વનો સર્ગ છે. બીજો સૂક્ષ્મ ભૂતોનો સર્ગ છે અને ત્રીજો વૈકારિક સર્ગ કહેવાય છે. આ રીતે આ ત્રણ પ્રાકૃત સર્ગ છે. પ્રાકૃત અને વૈકૃત બંને પ્રકારના સર્ગો મળીને આઠ સર્ગો થાય છે. આ ઉપરાંત નવમો કૌમારસર્ગ છે, જે પ્રાકૃત અને વૈકૃત પણ છે. આ સર્વના અવાંતર ભેદ (પેટા વિભાગો)નું વર્ણન હું નથી કરી રહ્યો, કેમકે એનો ઉપયોગ બહુ થોડો છે.

હવે દ્વિજાત્મક સર્ગનું પ્રતિપાદન કરું છું. એનું જ બીજું નામ કૌમાર સર્ગ છે, જેમાં સનક-સનંદન વગેરે કુમારોની મહત્ત્વપૂર્ણ સૃષ્ટિ થઈ છે. સનક વગેરે મારા ચાર માનસ-પુત્ર છે, જે મુજ બ્રહ્માની સમાન જ છે. તેઓ મહાન વૈરાગ્યથી સંપન્ન તથા ઉત્તમ વ્રતનું પાલન કરવાવાળા છે. એમનું મન સદા ભગવાન શિવના ચિંતનમાં જ લાગ્યું રહે છે. તે સંસારથી વિમુખ અને જ્ઞાની છે. એમણે મારો આદેશ મેળવ્યા છતાં સૃષ્ટિકાર્યમાં મન ન પરોવ્યું. હે મુનિશ્રેષ્ઠ નારદ! સનકાદિ કુમારોએ આપેલ નકારાત્મક જવાબને સાંભળીને મેં બહુ ભયંકર ક્રોધ પ્રગટ કર્યો. એ સમયે મારા ઉપર મોહ છવાઈ ગયો હતો. એ અવસરે મેં મનમાં ને મનમાં ભગવાન વિષ્ણુનું સ્મરણ કર્યું. તે શીઘ્ર જ આવી ગયા, અને એમણે મને સમજાવતાં કહ્યું - 'તમે ભગવાન શિવની પ્રસન્નતા માટે તપસ્યા કરો.' હે મુનિશ્રેષ્ઠ' શ્રીહરિએ જ્યારે મને આવી શિક્ષા (સમજણ) આપી ત્યારે મેં મહાઘોર અને ઉત્કૃષ્ટ તપ કરવાનો આરંભ કર્યો. સૃષ્ટિને માટે તપસ્યા કરતાં કરતાં મારી બંને ભ્રમરો અને નાસિકાના મધ્યભાગથી, જે એમનું પોતાનું જ અવિમુક્ત નામક સ્થાન છે, મહેશ્વરની ત્રણ મૂર્તિઓમાંથી અન્યતમ પૂર્ણાંશ, સર્વેશ્વર અને દયાસાગર ભગવાન શિવ અર્ધનારીશ્વરરૂપે પ્રગટ થયા.

જે જન્મથી રહિત, તેજની રાશિ, સર્વજ્ઞ તથા સર્વસૃષ્ટા છે, એ નીલલોહિત નામધારી સાક્ષાત્ ઉમાવલ્લભ શંકરને સામે જોઈને બહુ ભક્તિથી માથું નમાવીને એમની સ્તુતિ કરીને હું બહુ પ્રસન્ન થયો અને એ દેવદેવેશ્વરને કહ્યું - 'હે પ્રભો! આપ વિવિધ પ્રકારના જીવોની સૃષ્ટિ કરો.' મારી આ વાત સાંભળીને એ

દેવાધિદેવ મહેશ્વર રુદ્રે પોતાના સમાન જ બધાંબધા રુદ્રગણોની સૃષ્ટિ કરી. ત્યારે મેં

પોતાના સ્વામી મહેશ્વર મહારુદ્રને પુનઃ કહ્યું - 'હે દેવ! આપ એવા જીવોની સૃષ્ટિ કરો જે જન્મ અને મૃત્યુના ભયથી યુક્ત હોય.' હે મુનિશ્રેષ્ઠ! મારી આ વાત સાંભળીને કરુણાસાગર મહાદેવજી હસી પડ્યા અને તત્કાળ આ પ્રકારે બોલ્યા.

મહાદેવજીએ કહ્યું—વિધાતઃ! હું જન્મ અને મૃત્યુના ભયથી યુક્ત અશોભન જીવોની સૃષ્ટિ નહીં કરું, કેમકે તે કર્મને અધીન થઈને દુઃખના સમુદ્રમાં ડૂબેલા હશે. હું તો દુઃખના સાગરમાં નિમગ્ન એ જીવોનો ઉદ્ધાર માત્ર કરીશ. ગુરુનું સ્વરૂપ ધારણ કરીને ઉત્તમ જ્ઞાન પ્રદાન કરીને એ સૌને સંસાર સાગરથી પાર કરીશ. હે પ્રજાપતે! દુઃખમાં ડૂબેલા સર્વ જીવોની સૃષ્ટિ તો તમે જ કરો. મારી આજ્ઞાથી આ કાર્યમાં પ્રવૃત્ત હોવાને કારણે તમને માયા બાંધી શકશે નહિ.

મને આવું કહીને શ્રીમાન્ ભગવાન નીલલોહિત મહાદેવ જોતજોતામાં પોતાના પાર્ષદોની સાથે તત્કાળ તિરોહિત થઈ ગયા.

(અધ્યાય ૧૫)

*

સ્વાયંભુવ મન અને શતરૂપાનાં, ઋષિઓનાં તથા દક્ષકન્યાનાં સંતાનોનું વર્ણન તથા સતી અને શિવની મહત્તાનું પ્રતિવાદન

બ્રહ્માજી કહે છે—હે નારદ! ત્યાર પછી મેં શબ્દતન્માત્રા આદિ સૂક્ષ્મ-ભૂતોને સ્વયં જ પંચીકૃત કરીને અર્થાત્ એ પાંચેયનું પરસ્પર સંમિશ્રણ કરીને એમનાથી સ્થૂળ આકાશ, વાયુ, અગ્નિ, જળ અને પૃથ્વીની સૃષ્ટિ કરી. પર્વતો, સમુદ્રો અને વૃક્ષો વગેરે ઉત્પન્ન કર્યાં. કલાથી માંડીને યુગપર્યંત જે કાલ વિભાગ છે એની રચના કરી. હે મુને! ઉત્પત્તિ અને વિનાશવાળા બીજા પણ ઘણા પદાર્થોનું મેં નિર્માણ કર્યું. પરંતુ એથી મને સંતોષ થયો નહીં. ત્યારે સાંબ શિવનું ધ્યાન કરીને મેં સાધનાપરાયણ પુરુષોની સૃષ્ટિ કરી. પોતાનાં બંને નેત્રોથી મરીચિને, હૃદયથી ભૃગુને, માથાથી અંગિરાને, વ્યાનવાયુથી મુનિશ્રેષ્ઠ પુલહને, ઉદાનવાયુથી પુલસ્ત્યને, સમાનવાયુથી વસિષ્ઠને, અપાનથી ક્રતુને, બંને કાનમાંથી અત્રિને, પ્રાણથી દક્ષને, ખોળામાંથી તમને, છાયાથી કર્દમ મુનિને અને સંકલ્પથી સમસ્ત સાધનોના સાધન ધર્મને ઉત્પન્ન કર્યા. હે

સમગ્ર ત્રિલોકી ભરેલી છે.

આ રીતે અંબિકાપતિ મહાદેવજીની આજ્ઞાથી પોતાનાં પૂર્વકર્મોનુસાર ઘણાં પ્રાણી અસંખ્ય શ્રેષ્ઠ દ્વિજોના રૂપે ઉત્પન્ન થયા. કલ્પભેદથી સાઠ કન્યાઓ બતાવાઈ છે. એમાંથી દશ કન્યાઓનો વિવાહ એમણે ધર્મ સાથે કર્યો. સત્યાવીશ કન્યાઓ ચંદ્રમાની સાથે પરણાવી દીધી અને વિધિપૂર્વક તેર કન્યાઓને દક્ષે કશ્યપને આપી દીધી. હે નારદ! એમણે ચાર કન્યાઓ જે શ્રેષ્ઠ રૂપવાળા તાર્ક્ષ્ય (અરિષ્ટનેમિ) જોડે પરણાવી અને ભૃગુ, અંગિરા અને કૃશાશ્વને બબ્બે કન્યાઓ અર્પિત કરી દીધી. એ સ્ત્રીઓથી એમના પતિ દ્વારા બહુસંખ્યક ચરાચર પ્રાણીઓની ઉત્પત્તિ થઈ. હે મુનિશ્રેષ્ઠ! દક્ષે મહાત્મા કશ્યપને જે તેર કન્યાઓનું વિધિપૂર્વક દાન કર્યું હતું, એમનાં સંતાનોથી સમગ્ર ત્રિલોકી વ્યાપ્ત છે. સ્થાવર અને જંગમ કોઈ પણ સૃષ્ટિ એવી નથી જે કશ્યપનાં સંતાનોથી શૂન્ય હોય. દેવતા, ઋષિ, દૈત્ય, વૃક્ષ, પક્ષી, પર્વત તથા તૃણ-લતા વગેરે બધું કશ્યપપત્નીઓથી પેદા થયેલ છે. આ રીતે દક્ષ-કન્યાઓનાં સંતાનોથી ચરાચર જગત વ્યાપ્ત છે. પાતાળથી લઈને સત્યલોકપર્યંત સમસ્ત બ્રહ્માંડ જ એમનાં સંતાનોથી સદા ભરેલાં રહે છે, ક્યારેય ખાલી હોતું જ નથી.

આ રીતે ભગવાન શંકરની આજ્ઞાથી બ્રહ્માજીએ સારી રીતે સૃષ્ટિ કરી. પૂર્વકાળમાં સર્વવ્યાપી શંભુએ જેમને તપસ્યા માટે પ્રગટ કર્યા હતા તથા રુદ્રદેવે ત્રિશૂલના અગ્રભાગ પર રાખીને જેમની રક્ષા કરી છે, તે જ સતીદેવી લોકહિતનું કાર્ય સંપાદિત કરવાને માટે દક્ષથી પ્રગટ થયાં હતાં. એમણે ભક્તોના ઉદ્ધાર માટે અનેક લીલાઓ કરી. આ રીતે દેવી શિવા જ સતી થઈને ભગવાન શંકર સાથે પરણાવ્યાં ગયાં, કિન્તુ પિતાના યજ્ઞમાં પતિનું અપમાન જોઈને એમણે શરીરનો ત્યાગ કરી દીધો, અને પછી શરીર ગ્રહણ કર્યું નહીં. તે પોતાના પરમ પદને ઉપલબ્ધ થઈ ગયાં. પછી દેવતાઓની પ્રાર્થનાથી એ જ શિવા પાર્વતીરૂપે પ્રગટ થયાં અને બહુ કઠોર તપસ્યા કરીને પુનઃ ભગવાન શિવને એમણે પ્રાપ્ત કરી લીધા. હે મુનીશ્વર! આ જગતમાં એમનાં અનેક નામ પ્રસિદ્ધ થયાં. એમનાં કાલિકા, ચંડિકા, ભદ્રા, ચામુંડા, વિજયા, જયા, જયન્તી, ભદ્રકાળી, દુર્ગા, ભગવતી, કામાખ્યા, કામદા, અંબા, મૃડાની અને સર્વમંગલા આદિ અનેક નામ છે, જે ભોગ અને મોક્ષ પ્રદાયક છે. આ બધાં નામ એમના ગુણ અને કર્મ અનુસાર છે.

હે મુનિશ્રેષ્ઠ નારદ! આ રીતે મેં સૃષ્ટિક્રમનું તમારી પાસે વર્ણન કર્યું. બ્રહ્માંડનો આ આખો ભાગ ભગવાન શિવની આજ્ઞાથી મેં રચ્યો છે. ભગવાન શિવને પરબ્રહ્મ પરમાત્મા કહ્યા છે. હું, બ્રહ્મા અને રુદ્ર - એ ત્રણ દેવતા ગુણભેદથી એમનાં જ રૂપે બતાવાય છે. તે મનોરમ શિવલોકમાં શિવા સાથે સ્વચ્છંદ વિહાર કરે છે. ભગવાન શિવ સ્વતંત્ર પરમાત્મા છે. નિર્ગુણ અને સગુણ પણ એ જ છે. (અધ્યાય ૧૬)

*

યજ્ઞદત્ત-કુમારને ભગવાન શિવની કૃપાથી કુબેરપદની પ્રાપ્તિ તથા એમની ભગવાન શિવ સાથે મૈત્રી

સૂતજી કહે છે—હે મુનીશ્વરો! બ્રહ્માજીની આ વાત સાંભળીને નારદજીએ વિનયપૂર્વક

મુનિશ્રેષ્ઠ! આ રીતે આ ઉત્તમ સાધકોની સૃષ્ટિ કરીને મહાદેવજીની કૃપાથી મેં મારી જાતને

કૃતાર્થ માની. હે તાત! ત્યાર પછી સંકલ્પથી ઉત્પન્ન થયેલ ધર્મ મારી આજ્ઞાથી માનવરૂપ ધારણ કરીને સાધકોની પ્રેરણાથી સાધનમાં લાગી ગયો. ત્યાર પછી મેં પોતાનાં વિભિન્ન અંગોથી દેવતા, અસુર વગેરેના રૂપમાં અસંખ્ય પુત્રોની સૃષ્ટિ કરીને એમને ભિન્ન ભિન્ન શરીર પ્રદાન કર્યાં. હે મુને! તદનંતર અંતર્યામી ભગવાન શંકરની પ્રેરણાથી પોતાના શરીરને બે ભાગમાં વિભક્ત કરીને હું બે રૂપવાળો થઈ ગયો. હે નારદ! અર્ધા શરીરથી હું સ્ત્રી થઈ ગયો અને અર્ધાથી પુરુષ. એ પુરુષે પેલી સ્ત્રીના ગર્ભથી સર્વસાધન સમર્થ ઉત્તમ જોડકાંને ઉત્પન્ન કર્યું. એ જોડકામાં જે પુરુષ હતો તે જ સ્વાયંભુવ મનુના નામથી પ્રસન્ન થયો. સ્વાયંભુવ મનુ ઉચ્ચકોટિના સાધક થયા તથા જે સ્ત્રી થઈ તે શતરૂપા કહેવાઈ. હે તાત! તે યોગિની અને તપસ્વિની થઈ. હે તાત! મનુએ વૈધારિક વિધિથી અત્યંત સુંદરી શતરૂપાનું પાણિગ્રહણ કર્યું - એટલે કે લગ્ન કર્યું - અને એનાથી તે મૈથુનજનિત સૃષ્ટિ ઉત્પન્ન કરવા લાગ્યા. એમાંથી શતરૂપાથી પ્રિયવ્રત અને ઉત્તાનપાદ નામના બે પુત્ર અને ત્રણ કન્યાઓ ઉત્પન્ન કરી. કન્યાઓનાં નામ હતાં - આકૃતિ, દેવહૂતિ અને પ્રસૂતિ. મનુએ આકૃતિનો વિવાહ પ્રજાપતિ રુચિ સાથે કર્યો. વચલી પુત્રી દેવહૂતિનો વિવાહ કર્દમની સાથે કરી દીધો અને ઉત્તાનપાદની સૌથી નાની બહેન પ્રસૂતિ પ્રજાપતિ દક્ષને આપી દીધી. એમની સંતાન પરંપરાઓથી સમસ્ત સચરાચર જગત વ્યાપ્ત છે.

રુચિથી આકૃતિના ગર્ભથી યજ્ઞ અને દક્ષિણા નામ સ્ત્રી-પુરુષનું જોડકું ઉત્પન્ન થયું. યજ્ઞના દક્ષિણાથી બાર પુત્ર થયા. હે મુને! કર્દમ દ્વારા દેવહૂતિના ગર્ભથી નવ પુત્રીઓ ઉત્પન્ન થઈ. દક્ષને પ્રસૂતિથી ચોવીસ કન્યાઓ થઈ. એમાંથી શ્રદ્ધા વગેરે તેર કન્યાઓનો વિવાહ દક્ષે ધર્મ સાથે કરી દીધો. હે મુનિશ્વર! ધર્મની એ પત્નીઓનાં નામ સાંભળો - શ્રદ્ધા, લક્ષ્મી, ધૃતિ, તુષ્ટિ, પુષ્ટિ, મેધા, ક્રિયા, બુદ્ધિ, લજ્જા, વપુ શાંતિ, સિદ્ધિ અને કીર્તિ - આ સૌ તેર છે. એનાથી નાની જે બાકીની અગિયાર સુલોચના કન્યાઓ હતી એમનાં નામ આ પ્રકારનાં છે - ખ્યાતિ, સતી, સંભૂતિ, સ્મૃતિ, પ્રીતિ, ક્ષમા, સંનતિ, અનસૂયા, ઊર્જા, સ્વાહા તથા સ્વધા - ભૃગુ, શિવ, મરીચિ, અંગિરા મુનિ, પુલસ્ત્ય, પુલહ મુનિશ્રેષ્ઠ ક્રતુ, અત્રિ, વસિષ્ઠ, અગ્નિ અને પિતરોએ ક્રમશઃ આ ખ્યાતિ વગેરે કન્યાઓ સાથે લગ્ન કર્યાં. ભૃગુ વગેરે મુનિશ્રેષ્ઠ સાધક છે. એમનાં સંતાનોથી ચરાચર પ્રાણીઓ સહિત

સમગ્ર ત્રિલોકી ભરેલી છે.

આ રીતે અંબિકાપતિ મહાદેવજીની આજ્ઞાથી પોતાનાં પૂર્વકર્મોનુસાર ઘણાં પ્રાણી અસંખ્ય શ્રેષ્ઠ દ્વિજોના રૂપે ઉત્પન્ન થયા. કલ્પભેદથી સાઠ કન્યાઓ બતાવાઈ છે. એમાંથી દશ કન્યાઓનો વિવાહ એમણે ધર્મ સાથે કર્યો. સત્યાવીશ કન્યાઓ ચંદ્રમાની સાથે પરણાવી દીધી અને વિધિપૂર્વક તેર કન્યાઓને દક્ષે કશ્યપને આપી દીધી. હે નારદ! એમણે ચાર કન્યાઓ જે શ્રેષ્ઠ રૂપવાળા તાર્ક્ષ્ય (અરિષ્ટનેમિ) જોડે પરણાવી અને ભૃગુ, અંગિરા અને કૃશાશ્વને બબ્બે કન્યાઓ અર્પિત કરી દીધી. એ સ્ત્રીઓથી એમના પતિ દ્વારા બહુસંખ્યક ચરાચર પ્રાણીઓની ઉત્પત્તિ થઈ. હે મુનિશ્રેષ્ઠ! દક્ષે મહાત્મા કશ્યપને જે તેર કન્યાઓનું વિધિપૂર્વક દાન કર્યું હતું, એમનાં સંતાનોથી સમગ્ર ત્રિલોકી વ્યાપ્ત છે. સ્થાવર અને જંગમ કોઈ પણ સૃષ્ટિ એવી નથી જે કશ્યપનાં સંતાનોથી શૂન્ય હોય. દેવતા, ઋષિ, દૈત્ય, વૃક્ષ, પક્ષી, પર્વત તથા તૃણ-લતા વગેરે બધું કશ્યપપત્નીઓથી પેદા થયેલ છે. આ રીતે દક્ષ-કન્યાઓનાં સંતાનોથી ચરાચર જગત વ્યાપ્ત છે. પાતાળથી લઈને સત્યલોકપર્યંત સમસ્ત બ્રહ્માંડ જ એમનાં સંતાનોથી સદા ભરેલાં રહે છે, ક્યારેય ખાલી હોતું જ નથી.

આ રીતે ભગવાન શંકરની આજ્ઞાથી બ્રહ્માજીએ સારી રીતે સૃષ્ટિ કરી. પૂર્વકાળમાં સર્વવ્યાપી શંભુએ જેમને તપસ્યા માટે પ્રગટ કર્યા હતા તથા રુદ્રદેવે ત્રિશૂલના અગ્રભાગ પર રાખીને જેમની રક્ષા કરી છે, તે જ સતીદેવી લોકહિતનું કાર્ય સંપાદિત કરવાને માટે દક્ષથી પ્રગટ થયાં હતાં. એમણે ભક્તોના ઉદ્ધાર માટે અનેક લીલાઓ કરી. આ રીતે દેવી શિવા જ સતી થઈને ભગવાન શંકર સાથે પરણાવ્યાં ગયાં, કિન્તુ પિતાના યજ્ઞમાં પતિનું અપમાન જોઈને એમણે શરીરનો ત્યાગ કરી દીધો, અને પછી શરીર ગ્રહણ કર્યું નહીં. તે પોતાના પરમ પદને ઉપલબ્ધ થઈ ગયાં. પછી દેવતાઓની પ્રાર્થનાથી એ જ શિવા પાર્વતીરૂપે પ્રગટ થયાં અને બહુ કઠોર તપસ્યા કરીને પુનઃ ભગવાન શિવને એમણે પ્રાપ્ત કરી લીધા. હે મુનીશ્વર! આ જગતમાં એમનાં અનેક નામ પ્રસિદ્ધ થયાં. એમનાં કાલિકા, ચંડિકા, ભદ્રા, ચામુંડા, વિજયા, જયા, જયન્તી, ભદ્રકાળી, દુર્ગા, ભગવતી, કામાખ્યા, કામદા, અંબા, મૃડાની અને સર્વમંગલા આદિ અનેક નામ છે, જે ભોગ અને મોક્ષ પ્રદાયક છે. આ બધાં નામ એમના ગુણ અને કર્મ અનુસાર છે.

હે મુનિશ્રેષ્ઠ નારદ! આ રીતે મેં સૃષ્ટિક્રમનું તમારી પાસે વર્ણન કર્યું. બ્રહ્માંડનો આ આખો ભાગ ભગવાન શિવની આજ્ઞાથી મેં રચ્યો છે. ભગવાન શિવને પરબ્રહ્મ પરમાત્મા કહ્યા છે. હું, બ્રહ્મા અને રુદ્ર - એ ત્રણ દેવતા ગુણભેદથી એમનાં જ રૂપે બતાવાય છે. તે મનોરમ શિવલોકમાં શિવા સાથે સ્વચ્છંદ વિહાર કરે છે. ભગવાન શિવ સ્વતંત્ર પરમાત્મા છે. નિર્ગુણ અને સગુણ પણ એ જ છે. (અધ્યાય ૧૬)

*

યજ્ઞદત્ત-કુમારને ભગવાન શિવની કૃપાથી કુબેરપદની પ્રાપ્તિ તથા એમની ભગવાન શિવ સાથે મૈત્રી

સૂતજી કહે છે—હે મુનીશ્વરો! બ્રહ્માજીની આ વાત સાંભળીને નારદજીએ વિનયપૂર્વક

એમને - પ્રણામ કર્યા અને પુનઃ પૂછ્યું - 'હે ભગવન્! ભક્તવત્સલ ભગવાન શંકર કૈલાસ પર્વત પર ક્યારે ગયા અને મહાત્મા કુબેર સાથે તેમની મૈત્રી ક્યારે થઈ? પરિપૂર્ણ મંગલવિગ્રહ મહાદેવજીએ ત્યાં શું કર્યું? એ બધું મને સમજાવો. એ સાંભળવા મારા મનમાં મોટું કુતૂહલ છે.'

બ્રહ્માજીએ કહ્યું—હે નારદ! સાંભળો.

ચંદ્રમૌલિ ભગવાન શંકરના ચરિત્રનું વર્ણન કરું છું. તે કેવી રીતે કૈલાસ પર્વત પર ગયા અને કુબેરની એમની સાથે કયા પ્રકારે મૈત્રી થઈ એ બધું સંભળાવું છું. કામ્પિલ્ય નગરમાં યજ્ઞદત્ત નામે એક બ્રાહ્મણ રહેતા હતા. તે ખૂબ જ સદાચારી હતા. એમને એક પુત્ર થયો જેનું નામ ગુણનિધિ હતું. તે બહુ મોટો દુરાચારી અને જુગારી થઈ ગયો હતો. પિતાએ પુત્રનો ત્યાગ કરી દીધો. તે ઘેરથી નીકળી ગયો અને કેટલાય દિવસ સુધી ભૂખ્યો ભૂખ્યો ભટકતો રહ્યો. એક દિવસ તે નૈવેદ્યની ચોરીની ઇચ્છાથી એક શિવમંદિરમાં ગયો. ત્યાં તેણે પોતાનાં વસ્ત્રોને સળગાવીને અજવાળું કર્યું. આ જાણે કે એના દ્વારા ભગવાન શિવને માટે દીપદાન થઈ ગયું. ત્યાર પછી ચોરીમાં એ પકડાઈ ગયો, અને એને પ્રાણદંડ મળ્યો. પોતાનાં કુકર્મોને કારણે તે યમદૂતો દ્વારા બાંધવામાં આવ્યો. એટલામાં જ ભગવાન શંકરના પાર્ષદ ત્યાં આવી પહોંચ્યા અને એમણે એને બંધનમાંથી મુક્ત કરાવ્યો. શિવગણોના સંગથી એનું હૃદય શુદ્ધ થઈ ગયું હતું. તેથી તે એમની સાથે તત્કાળ શિવલોકમાં ચાલ્યો ગયો. ત્યાં બધા દિવ્ય ભોગોનો ઉપભોગ થયો. ઉમામહેશ્વરનું સેવન કરીને કાલાન્તરમાં તે કલિંગરાજ અરિંદમનો પુત્ર થયો. ત્યાં એનું

નામ દમ હતું. તે નિરંતર ભગવાન શિવની સેવામાં લાગ્યો રહેતો. બાળક હોવા છતાં પણ

બાળકો સાથે શિવનું ભજન કર્યા કરતો હતો. તે જ્યારે ક્રમશઃ યુવાવસ્થાને પ્રાપ્ત થયો અને પિતાના પરલોકગમન પછી રાજસિંહાસન પર બેઠો.

રાજા દમ ખૂબ પ્રસન્નતાપૂર્વક ચારે બાજુ શિવધર્મનો પ્રચાર કરવા લાગ્યા. ભૂપાલ દમનું દમન કરવું બીજાઓ માટે સર્વથા કઠિન હતું. હે બ્રહ્મન્! સમસ્ત શિવાલયોમાં દીપદાન કર્યા સિવાય તે બીજા કોઈ ધર્મને જાણતા ન હતા. એમણે પોતાના રાજ્યમાં રહેનારા સમસ્ત ગ્રામ-અધ્યક્ષોને બોલાવીએ આજ્ઞા આપી દીધી કે 'શિવમંદિરમાં દીપદાન કરવું સૌને માટે ફરજિયાત છે. જે જે ગ્રામ-અધ્યક્ષના ગામની પાસે જેટલાં શિવાલય હોય, ત્યાં ત્યાં કોઈ પણ જાતનો વિચાર કર્યા વિના સદા દીપ પ્રગટાવવો જોઈએ.' આજીવન આ જ ધર્મનું પાલન કરવાને કારણે રાજા દમે બહુ મોટી ધર્મસંપત્તિનો સંચય કરી લીધો. પછી તે કાલ-ધર્મને અધીન થઈ ગયા અર્થાત્ મૃત્યુ પામ્યા. દીપદાનની વાસનાથી યુક્ત હોવાને કારણે એમણે શિવાલયોમાં ઘણા દીપ પ્રગટાવ્યા અને લોકો પાસે પણ પ્રગટાવ્યા અને એના ફલરૂપે જન્મજન્માંતરમાં તે રત્નમય દીપોની પ્રભાનો આશ્રય થઈને અલકાપુરીના સ્વામી થયા. આ રીતે ભગવાન શિવને માટે કરેલું થોડું પણ પૂજન અથવા આરાધન સમયાનુસાર મહાન ફળ આપે છે, એવું જાણીને ઉત્તમ સુખની ઇચ્છા રાખનાર લોકોએ શિવનું ભજન અવશ્ય કરવું જોઈએ. તે દીક્ષિતનો પુત્ર જે હમેશાં સર્વ પ્રકારના અધર્મોમાં જ રચ્યોપચ્યો રહેતો હતો, દૈવયોગથી શિવાલયમાં ધન-ચોરવા માટે ગયો અને પોતાના સ્વાર્થવશ પોતાનાં કપડાંની દીપકની વાટ બનાવીને એના પ્રકાશથી શિવલિંગ પરનું અંધારું દૂર કર્યું - આ સત્કર્મથી તેના ફળસ્વરૂપે તે કલિંગદેશનો રાજા થયો અને ધર્મમાં એનો અનુરાગ થઈ ગયો. પછી દીપકની વાસનાનો ઉદય થવાથી શિવાલયોમાં દીપ પ્રગટાવીને એણે દિક્પાલનું પદ પ્રાપ્ત કરી લીધું. હે મુનીશ્વર! જુઓ તો ખરા, ક્યાં એનું તે કર્મ અને ક્યાં દિક્પાલની પદવી, જેનો આ માનવધર્મ પ્રાણી આ સમયે પણ ઉપભોગ કરી રહ્યો છે. હે તાત! આ તો એના ઉપર શિવના સંતુષ્ટ હોવાની વાત બતાવાઈ છે. હવે એકચિત્ત થઈને એ સાંભળો કે કેવી રીતે સદાને માટે એની ભગવાન શિવ સાથે મિત્રતા થઈ ગઈ. હું આ પ્રસંગનું તમને વર્ણન કરી બતાવું છું.

હે નારદ! પહેલાના પાદ્મકલ્પની વાત છે. મારા બ્રહ્માના માનસપુત્ર પુલસ્ત્યથી વિશ્રવાનો જન્મ થયો અને વિશ્રવાના પુત્ર વૈશ્રવણ (કુબેર) થયા. એમણે પૂર્વકાળમાં અત્યંત ઉગ્ર તપસ્યા દ્વારા ત્રિનેત્રધારી મહાદેવની આરાધના કરીને વિશ્વકર્માની બનાવેલી આ અલકાપુરીનો ઉપભોગ કર્યો. જ્યારે તે કલ્પ વીતી ગયો અને મેઘવાહન કલ્પનો પ્રારંભ થયો, એ સમયે યજ્ઞદત્તનો પુત્ર, જે પ્રકાશનું દાન કરવાવાળો હતો કુબેરરૂપે અત્યંત દુઃસહ તપસ્યા કરવા માંડ્યો. દીપદાન માત્રથી મળનારી શિવભક્તિના પ્રભાવને જાણીને શિવની ચિત્પ્રકાશિકા કાશિકાપુરીગાં ગયો અને પોતાના ચિત્તરૂપી રત્નમય પ્રદીપોથી અગિયાર રુદ્રોને ઉદ્બોધિત કરીને અનન્ય ભક્તિ અને સ્નેહસંપન્ન થઈને તે તન્મયતાપૂર્વક શિવના ધ્યાનમાં મગ્ન થઈને નિશ્ચલભાવથી બેસી ગયો. જે શિવની એકતાનું મહાન પાત્ર છે. તપરૂપી અગ્નિથી વૃદ્ધિ પામેલું છે, કામ, ક્રોધ વગેરે મહાવિઘ્નરૂપી પતંગોના આઘાતથી શૂન્ય છે,

પ્રાણનિરોધરૂપી વાયુશૂન્ય સ્થાનમાં નિશ્ચલભાવથી પ્રકાશિત છે, નિર્મળ દૃષ્ટિને કારણે સ્વરૂપથી પણ નિર્મળ છે તથા સદ્‌ભાવરૂપી પુષ્પોથી જેની પૂજા કરવામાં આવી છે એવા શિવલિંગની પ્રતિષ્ઠા કરીને તે ત્યાં સુધી તપસ્યામાં લાગી રહ્યો જ્યાં સુધી એના શરીરમાં માત્ર હાડકાં અને ચામડી જ અવશિષ્ટ ન રહી. આ રીતે એણે દશ હજાર વર્ષ સુધી તપસ્યા કરી. તદનંતર, વિશાલાક્ષી પાર્વતીદેવી સાથે ભગવાન વિશ્વનાથ કુબેર પાસે આવ્યા. એમણે પ્રસન્નચિત્તે અલકાપુરીપતિ સામે જોયું. તે શિવલિંગમાં મનને એકાગ્ર કરીને લાકડાનું ઠૂંઠું હોય તેમ સ્થિર ભાવથી બેઠા હતા. ભગવાન શિવે એમને કહ્યું, "હે અલકાપતે! હું વરદાન આપવા માટે ઉદ્યત છું. તમે તમારો મનોરથ બતાવો.'

આ વાણી સાંભળીને તપસ્યાના સ્વામી એવા કુબેરે જ્યાં આંખો ખોલીને જોયું ત્યાં તો ઉમાવલ્લભ ભગવાન શ્રીકંઠને સામે ઊભેલા જોયા. તે ઉદયકાળના સહસ્ર સૂર્યોથી પણ અધિક તેજસ્વી હતા. એમના મસ્તક પર ચંદ્રમા ચાંદની પાથરી રહ્યો હતો. ભગવાન શંકરના તેજથી એમની આંખો ઝંખવાઈ ગઈ. એમનું તેજ પ્રતિહત થઈ ગયું અને એ નેત્ર બંધ કરીને મનોરથથી પણ પાર બિરાજમાન દેવદેવેશ્વર શિવ સામે નિવેદન કરવા લાગ્યા - 'હે નાથ! મારાં નેત્રોમાં એ દૃષ્ટિશક્તિ આપો જેથી આપનાં ચરણકમળોનાં દર્શન થઈ શકે. હે સ્વામિન! આપનું પ્રત્યક્ષ દર્શન થાઓ, એ જ મારે માટે સૌથી મોટું વરદાન છે. હે ઈશ! બીજા કોઈ વરદાનથી મારે હવે શું પ્રયોજન છે. હે ચંદ્રશેખર! આપને નમસ્કાર હો.'

કુબેરની આ વાત સાંભળીને દેવાધિદેવ ઉમાપતિએ પોતાની હથેળીઓથી એમનો સ્પર્શ કરીને એમને જોવાની શક્તિ પ્રદાન કરી. દૃષ્ટિશક્તિ મળી જવાથી યજ્ઞદત્તના એ પુત્રે આંખો ફાડી ફાડીને પહેલાં ઉમા તરફ જ જોવાનો પ્રારંભ કર્યો - એ મનમાં ને મનમાં વિચારવા લાગ્યો, 'ભગવાન શંકરની સમીપે આ સર્વાંગ સુંદરી કોણ છે? એણે એવું કયું તપ કર્યું છે, જે મારી તપસ્યાથી પણ વધી ગયું છે. આ રૂપ, આ પ્રેમ, આ સૌભાગ્ય અને અસીમ શોભા - બધું જ અદ્‌ભુત છે.' તે બ્રાહ્મણકુમાર વારે વારે આમ જ બોલવા લાગ્યો. જ્યારે વારે વારે આ પ્રમાણે બોલીને તે ક્રૂર દૃષ્ટિથી એમની તરફ જોવા લાગ્યો ત્યારે તે વામાના અવલોકનથી એની ડાબી આંખ ફૂટી ગઈ. ત્યાર પછી દેવી પાર્વતીએ મહાદેવજીને કહ્યું - 'હે પ્રભો! આ દુષ્ટ તપસ્વી વારે વારે મારી બાજુ જોઈને શું બકી રહ્યો છે? આપ મારી તપસ્યાના તેજને પ્રગટ કરો.' દેવીની આ વાત સાંભળીને ભગવાન શિવે હસતાં હસતાં એમને કહ્યું - 'હે ઉમે! આ તમારો પુત્ર છે. એ તમને ક્રૂર દૃષ્ટિથી નથી જોતો પરંતુ તમારી તપઃસંપત્તિનું વર્ણન કરી રહ્યો છે.' દેવીને આવું કહીને ભગવાન શિવ પુનઃ એ બ્રાહ્મણકુમારને કહેવા લાગ્યા - 'હે વત્સ! હું તારી તપસ્યાથી સંતુષ્ટ થઈને તને વરદાન આપવા ઇચ્છું છું. તું નિધિઓનો સ્વામી અને ગુહ્યકોનો રાજા થઈ જા. હે સુવ્રત! યક્ષ, કિન્નર અને રાજાઓના પણ રાજા થઈને પુણ્યજનોના પાલક અને સર્વને માટે ધનના દાતા બનો. મારી સાથે તમારી સદા મૈત્રી બની રહે અને હું નિત્ય તમારી નિકટમાં જ નિવાસ કરીશ. હે મિત્ર! તમારી પ્રીતિની અભિવૃદ્ધિ કરવા માટે હું અલકાની (અલકાપુરી, નગરી) પાસે

જ રહીશ. આવો, આ ઉમાદેવીનાં ચરણોમાં સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરો કેમકે, એ તમારી માતા છે. હે મહાભક્ત યજ્ઞદત્તકુમાર! તમે અત્યંત પ્રસન્નચિત્તે એમનાં ચરણોમાં પડી જાઓ.'

બ્રહ્માજી કહે છે—હે નારદ! આ પ્રકારે વરદાન આપીને ભગવાન શિવે પાર્વતીને કહ્યું - ફરી કહ્યું - 'હે દેવેશ્વરી! આના ઉપર કૃપા કરો. હે તપસ્વિનિ! આ તમારો પુત્ર છે.' ભગવાન શંકરનું આ કથન સાંભળીને જગદંબા પાર્વતીએ પ્રસન્નચિત્ત થઈને યજ્ઞદત્તકુમારને કહ્યું - 'હે વત્સ! ભગવાન શિવમાં તમારી સદા નિર્મળ ભક્તિ રહ્યા કરો. તમારી ડાબી આંખ તો ફૂટી જ ગઈ છે. એટલે એક જ પિંગલનેત્રથી યુક્ત રહો. મહાદેવજીએ જે વરદાન આપ્યાં છે એ સર્વ તમને એ જ રૂપે સુલભ થાઓ. હે બેટા! મારા રૂપ પ્રત્યે ઈર્ષ્યા કરવાને કારણે તમે કુબેર નામે પ્રસિદ્ધ થશો.' આ પ્રકારે કુબેરને વરદાન દઈને ભગવાન મહેશ્વર પાર્વતીદેવી સાથે પોતાના વિશ્વેશ્વરધામમાં ચાલ્યા ગયા. આ રીતે કુબેરે ભગવાન શિવની મૈત્રી પ્રાપ્ત કરી અને અલકાપુરીની પાસે જે કૈલાસ પર્વત છે તે ભગવાન શંકરનું નિવાસ સ્થાન બની ગયું.

(અધ્યાય ૧૭-૧૯)

*

ભગવાન શિવનું કૈલાસ પર્વત પર ગમન તથા સૃષ્ટિ ખંડનો ઉપસંહાર

બ્રહ્માજી કહે છે—હે નારદ! હે મુને! કુબેરના તપોબળથી ભગવાન શિવનું જે પ્રકારે પર્વતશ્રેષ્ઠ કૈલાસ પર શુભ - આગમન થયું તે પ્રસંગ સાંભળો. કુબેરને વરદાન આપનારા વિશ્વેશ્વર શિવ જ્યારે એમને નિધિપતિ થવાનું વરદાન આપીને પોતાના ઉત્તમ સ્થળે ચાલ્યા ગયા, ત્યારે એમણે મનમાં ને મનમાં જ આ રીતે વિચાર કર્યો - 'બ્રહ્માજીના લલાટથી જેમનો પ્રાદુર્ભાવ થયો છે તથા જે પ્રલયનું કાર્ય સંભાળે છે, એ રુદ્ર મારું પૂર્ણ સ્વરૂપ છે. તેથી એમના જ રૂપે હું ગુહ્યકોના નિવાસસ્થાનમાં કૈલાસ પર્વત પર જઈશ. એમના જ રૂપે હું કુબેરનો મિત્ર બનીને એ જ પર્વત પર વિલાસપૂર્વક રહીશ અને બહુ ભારે તપ કરીશ.'

શિવની આ ઇચ્છાનું ચિંતન કરીને એ રુદ્રદેવે કૈલાસ પર્વત પર જયા ઉત્સુક ડમરુ વગાડ્યું. ડમરુનો એ અવાજ જે ઉત્સાહવર્ધક હતો, ત્રણે લોકોમાં વ્યાપ્ત થઈ ગયો. એનો વિચિત્ર અને ગંભીર શબ્દ આહ્વાનની ગતિથી યુક્ત હતો, અર્થાત્ સાંભળનારાઓને પોતાની પાસે આવવાની પ્રેરણા આપી રહ્યો હતો. એ ધ્વનિને સાંભળીને હું તથા શ્રીવિષ્ણુ વગેરે બધા દેવતા, ઋષિ, મૂર્તિમાન આગમ, નિગમ અને સિદ્ધ ત્યાં આવી પહોંચ્યા - દેવતા અને અસુર વગેરે બધા લોકા મોટા ઉત્સાહમાં સભર થઈને ત્યાં આવ્યા. ભગવાન શિવના સમસ્ત પાર્ષદ તથા સર્વલોકવંદિત મહાભાગ ગણપાલ જ્યાં હતા ત્યાંથી આવી ગયા.

આટલું કહીને બ્રહ્માજીએ ત્યાં આવેલા ગણપાલોનો નામોલ્લેખપૂર્વક પરિચય આપ્યો, પછી આ રીતે કહેવાનો આરંભ કર્યો - તે બોલ્યા - ત્યાં અસંખ્ય મહાબલી ગણપાલ પધાર્યા તે બધા ને બધા હજારો ભુજાઓથી યુક્ત હતા, અને મસ્તક પર જટાનો જ મુગટ ધારણ કરેલો હતો. બધા જ ચંદ્રચૂડ, નીલકંઠ અને ત્રિલોચન હતા. હાર, કુંડળ, કેયૂર અને મુગટ વગેરેથી

અલંકૃત હતા. તેઓ મારા, શ્રીવિષ્ણુના તથા ઇન્દ્રની જેમ તેજસ્વી જણાતા હતા. અણિમા વગેરે આઠે સિદ્ધિઓથી ઘેરાયેલા હતા અને કરોડો સૂર્યોની જેમ ઉદ્‌ભાસિત થઈ રહ્યા હતા. એ સમયે ભગવાન શિવે વિશ્વકર્માને એ પર્વત પર નિવાસ-સ્થાન બનાવવાની આજ્ઞા આપી - અનેક ભક્તોની સાથે પોતાના અને બીજાના રહેણાક માટે યથાયોગ્ય આવાસ તૈયાર કરવાનો આદેશ આપ્યો.

હે મુને! ત્યારે વિશ્વકર્માએ ભગવાન શિવની આજ્ઞા અનુસાર એ પર્વત ઉપર જઈને તરત જ વિવિધ પ્રકારનાં ગૃહોની રચના કરી. પછી શ્રીહરિની પ્રાર્થનાની કુબેર પણ અનુગ્રહ કરીને ભગવાન શિવ સાનંદ કૈલાસ પર્વત પર ગયા. ઉત્તમ મુહૂર્તમાં પોતાના સ્થાનમાં પ્રવેશ કરીને ભક્તવત્સલ પરમેશ્વર શિવે સર્વને પ્રેમદાન દઈને સનાથ કર્યા, એ પછી આનંદથી ભાવ-વિભોર બનેલા શ્રીવિષ્ણુ વગેરે સમસ્ત દેવતાઓ, મુનિઓ અને સિદ્ધોએ શિવનો પ્રસન્નતાપૂર્વક અભિષેક કર્યો. હાથમાં વિવિધ પ્રકારની ભેટસોગાદ લઈને બધાંએ ક્રમશઃ એમનું પૂજન કર્યું અને ભારે ઉત્સવની સાથે એમની આરતી ઉતારી. હે મુને! એ સમયે આકાશમાંથી પુષ્પોની વર્ષા થઈ, જે મંગલસૂચક હતી. બધી બાજુએ જયજયકાર અને નગરકારના શબ્દો ગૂંજવા લાગ્યા - મહાન ઉત્સાહ ફેલાયેલો હતો, જે બધાંની સુખ - વૃદ્ધિ કરી રહ્યો હતો. એ સમયે સિંહાસન પર બેસીને જ શ્રીવિષ્ણુ વગેરે સર્વ સર્વદેવતાઓ દ્વારા કરેલી યથોચિત સેવાને વારંવાર ગ્રહણ કરતાં કરતાં ભગવાન શિવ ખૂબ શોભી રહ્યા હતા - દેવતા વગેરે સર્વલોકોએ સાર્થક અને પ્રિય વચનો દ્વારા લોકકલ્યાણકારી ભગવાન શંકરનાં પૃથક્ પૃથક્ સ્તવનો કર્યાં. સર્વેશ્વર પ્રભુએ પ્રસન્નચિત્તથી એ સ્તવન સાંભળીને સર્વને પ્રસન્નતાપૂર્વક મનોવાંછિત વરદાન અને ઇચ્છિત વસ્તુઓ પ્રદાન કરી. હે મુને! ત્યાર પછી શ્રીવિષ્ણુની સાથે હું તથા અન્ય સર્વ દેવતા અને મુનિ મનોવાંછિત વસ્તુ મેળવીને આનંદિત થઈને શિવની આજ્ઞાથી પોતપોતાના ધામમાં ચાલ્યા ગયા - કુબેર પણ શિવની આજ્ઞાથી પ્રસન્નતાપૂર્વક પોતાના સ્થાને ગયા. પછી ભગવાન શંભુ, જે સર્વથા સ્વતંત્ર છે, યોગપરાયણ અને ધ્યાનતત્પર થઈ પર્વતપ્રવર કૈલાસ પર રહેવા લાગ્યા. થોડે સમય પત્ની વગર જ પસાર કરીને પરમેશ્વર શિવે દક્ષકન્યા સતીને પત્નીરૂપે પ્રાપ્ત કરી લીધી. હે દેવર્ષે! પછી એ મહેશ્વર દક્ષકુમારી સતી સાથે વિહાર કરવા લાગ્યા અને લોકપરાયણ થઈને સુખનો અનુભવ કરવા લાગ્યા - હે મુનીશ્વર! આ પ્રકારે મેં તમને આ રુદ્રના અવતારનું વર્ણન કર્યું. સાથે જ એમનું કૈલાસ પર આગમન અને કુબેર સાથે મૈત્રીનો પ્રસંગ સંભળાવ્યો છે. કૈલાસની અંદર થનારી એમની જ્ઞાનવૃદ્ધિની લીલાનું પણ વર્ણન કર્યું, જે આલોક અને પરલોકમાં સદા સંપૂર્ણ મનોવાંછિત ફળને આપનારી છે. જે એકાગ્રચિત્તે આ કથા સાંભળે અથવા વાંચે છે તે આ લોકમાં ભોગ પામીને પરલોકમાં મોક્ષ લાભ કરે છે.

(અધ્યાય-૨૦)

*

॥ રુદ્રસંહિતાનો સૃષ્ટિખંડ સંપૂર્ણ ॥

*

રુદ્રસંહિતા, દ્વિતીય (સતી) ખંડ

નારદજીના પ્રશ્ન અને બ્રહ્માજી દ્વારા એમના ઉત્તરો, સદાશિવથી ત્રિદેવોની ઉત્પત્તિ અને બ્રહ્માજીથી દેવતા વગેરેની સૃષ્ટિની પછી એક નારી અને એક પુરુષનું પ્રાગટ્ય

નારદજી બોલ્યા—હે મહાભાગ! હે મહાપ્રભો! હે વિધાતઃ! આપના મુખારવિંદથી મંગલકારિણી શંભુકથા સાંભળતાં સાંભળતાં મારું મન હજુ ધરાયું નથી. તેથી ભગવાન શિવનું આખું શુભ ચરિત્ર મને કહી સંભળાવો. હે સંપૂર્ણ વિશ્વની સૃષ્ટિ કરવાવાળા બ્રહ્મદેવ! હું સતીની કીર્તિથી યુક્ત શિવનું દિવ્ય ચરિત્ર સાંભળવા ચાહું છું. શોભાશાલિની સતી કેવી રીતે દક્ષપત્નીના ગર્ભથી ઉત્પન્ન થઈ? મહાદેવજીએ વિવાહનો વિચાર કેવી રીતે કર્યો? પૂર્વકાળમાં દક્ષ પ્રત્યે રોષને કારણે સતીએ પોતાના શરીરનો ત્યાગ કેવી રીતે કર્યો? ચેતનાકાશને પ્રાપ્ત થયા પછી પણ તે ફરીથી હિમાલયની કન્યા કેવી રીતે થઈ? પાર્વતીએ કેવી રીતે ઉગ્ર તપસ્યા કરી અને એમનો વિવાહ કેવી રીતે થયો? કામદેવનો નાશ કરનાર ભગવાન શંકરના અર્ધા શરીરમાં એ કેવી રીતે સ્થાન પામ્યાં? હે મહામતે! આ સર્વ વાતોને તમે વિસ્તારપૂર્વક કહો. આપના જેવો

બીજો કોઈ સંશયનું નિવારણ કરનાર નથી અને થશે પણ નહીં.

બ્રહ્માજીએ કહ્યું—હે મુનિ! દેવી સતી અને ભગવાન શિવનો શુભ યશ પરમ પાવન, દિવ્ય

તથા ગોપનીયથી પણ અત્યંત ગોપનીય છે. તે તે સર્વ મારી પાસેથી સાંભળો. પૂર્વકાળમાં ભગવાન શિવ નિર્ગુણ, નિર્વિકલ્પ, નિરાકાર, શક્તિરહિત, ચિન્મય અને સત્ અને અસત્થી વિલક્ષણ સ્વરૂપમાં પ્રતિષ્ઠિત હતા. પછી એ જ પ્રભુ સગુણ અને શક્તિમાન થઈને વિશિષ્ટરૂપ ધારણ કરીને સ્થિત થયા. એમની સાથે ભગવતી ઉમા બિરાજમાન હતાં. હે વિપ્રવર! તે ભગવાન શિવ દિવ્ય આકૃતિથી સુશોભિત થઈ રહ્યા હતા. એમના મનમાં કોઈ વિકાર ન હતો. તે પોતાના પરાત્પર સ્વરૂપમાં પ્રતિષ્ઠિત હતા. હે મુનિશ્રેષ્ઠ! એમના ડાબા અંગથી ભગવાન વિષ્ણુ, જમણા અંગથી હું-બ્રહ્મા અને મધ્ય અંગથી અર્થાત્ હૃદયથી રુદ્રદેવ પ્રગટ થયા. હું બ્રહ્મા સૃષ્ટિકર્તા થયો, ભગવાન વિષ્ણુ જગતનું પાલન કરવા લાગ્યા અને સ્વયં રુદ્રે સંહારનું કાર્ય સંભાળ્યું. આ રીતે ભગવાન સદાશિવ સ્વયં જ ત્રણ રૂપ ધારણ કરીને સ્થિત થયા. એમની જ આરાધના કરીને મેં લોકપિતામહ બ્રહ્માએ દેવતા, અસુર અને મનુષ્ય વગેરે સંપૂર્ણ જીવોની સૃષ્ટિ કરી. દક્ષ આદિ પ્રજાપતિ અને દેવશિરોમણિઓની સૃષ્ટિ કરીને હું બહુ પ્રસન્ન થયો તથા સ્વયંને સૌથી ઉંચો માનવા લાગ્યો. હે મુને! જ્યારે મરીચિ, અત્રિ, પુલહ, પુલસ્ત્ય, અંગિરા, ક્રતુ, વસિષ્ઠ, નારદ, દક્ષ અને ભૃગુ – આ મહાન પ્રભાવશાળી માનસપુત્રોને મેં ઉત્પન્ન કર્યા ત્યારે મારા હૃદયમાંથી અત્યંત મનોહર રૂપવાળી એક સુંદર નારી ઉત્પન્ન થઈ, જેનું નામ 'સંધ્યા' હતું. તે દિવસે ક્ષીણ થઈ જતી, પરંતુ સાયંકાળમાં એનું રૂપસૌંદર્ય ઝળકી ઊઠતું હતું. તે મૂર્તિમતી સાયં-સંધ્યા હતી, નિરંતર કોઈ મંત્રનો જપ કરતી રહેતી હતી. સુંદર ભ્રમરોવાળી તે નારી સૌંદર્યની ચરમસીમા સુધી પહોંચી ગઈ હતી અને મુનિઓનાં મન પણ મોહી લેતી હતી.

આવી જ રીતે મારા મનથી એક મનોહર પુરુષ પણ પ્રગટ થયો. તે અત્યંત સુંદર હતો. એના શરીરનો મધ્ય ભાગ (કટિપ્રદેશ) પાતળો હતો. દંતપંક્તિઓ ખૂબ જ સુંદર હતી. એનાં અંગોમાંથી મતવાળા હાથી જેવી ગંધ પ્રગટ થતી હતી. એનાં નેત્ર પ્રફુલ્લ કમળની જેમ શોભા આપતાં હતાં. અંગોમાં કેસર લગાડેલું હતું, જેની સુગંધ નાસિકાને તૃપ્ત કરી રહી હતી. એ પુરુષને જોઈને દક્ષ વગેરે મારા બધા પુત્ર અત્યંત ઉત્સુક થઈ ગયા. એમનાં મન વિસ્મયથી ભરાઈ ગયાં. જગતની સૃષ્ટિ કરનાર હું - જગદીશ્વર બ્રહ્માની તરફ અર્થાત્ મારી તરફ જોઈને એ પુરુષે વિનયથી ડોક ઝુકાવી દીધી અને મને પ્રણામ કરીને કહ્યું.

તે પુરુષ બોલ્યો—'હે બ્રહ્મ! હું કયું કાર્ય કરું? મારે યોગ્ય જે કામ હોય એમાં મને લગાડી દો. કેમકે, હે વિધાતા! આજે તમે જ સૌથી અધિક માનનીય અને યોગ્ય પુરુષ છો. આ લોક આપથી જ શોભિત થઈ રહ્યો છે.

બ્રહ્માજીએ કહ્યું—'હે ભદ્રપુરુષ! તમે પોતાના આ જ સ્વરૂપથી તથા પુષ્પથી બનાવેલ પાંચ બાણોથી સ્ત્રીઓ તથા પુરુષોને મોહિત કરતાં કરતાં સૃષ્ટિના સનાતન કાર્યને ચલાવો. આ ચરાચર ત્રિભુવનમાં આ દેવતા આદિ કોઈ પણ જીવ તમારો તિરસ્કાર કરવામાં સમર્થ થશે નહીં. તમે છૂપા રૂપે પ્રાણીઓના હૃદયમાં પ્રવેશ કરીને સદા સ્વયં એમના સુખનો હેતુ બનીને સૃષ્ટિનું સનાતન કાર્ય ચાલુ રાખો. સમસ્ત પ્રાણીઓનાં જે મન છે, તે તમારાં પુષ્પમય બાણના સદાયે અનાયાસ જ અદ્ભુત લક્ષ્ય બને

જશે અને તમે નિરંતર એમને મદમત્ત બનાવતા રહેશો. આ મેં તમારે માટે કર્મ-કાર્ય બતાવ્યું છે, જે સૃષ્ટિનું પ્રવર્તક હશે અને તમારાં ઠીક ઠીક નામ શાં હશે, એ વાતને મારા પુત્રો બતાવશે.

હે સુરશ્રેષ્ઠ! આવું કહીને પોતાના પુત્રોનાં મુખ તરફ દૃષ્ટિપાત કરીને હું ક્ષણભર માટે પોતાના કમલમય આસન પર ચૂપચાપ બેસી ગયો.

(અધ્યાય ૧-૨)

*

કામદેવનાં નામોનો નિર્દેશ, એનો રતિની સાથે વિવાહ તથા કુમારી સંધ્યાનું ચરિત્ર – વસિષ્ઠ મુનિનું ચંદ્રભાગ પર્વત પર એને તપસ્યાની વિધિનું બતાવવું

બ્રહ્માજી કહે છે—હે મુને! ત્યાર પછી મારા અભિપ્રાયને જાણનાર મરીચિ વગેરે મારા પુત્ર બધા મુનિઓએ એ પુરુષનું ઉચિત નામ રાખ્યું. દક્ષ વગેરે પ્રજાપતિઓએ એનું મુખ જોઈને જ પરોક્ષનાં પણ બધાં વૃત્તાંત જાણીને એને રહેવા માટે સ્થાન અને પત્ની પ્રદાન કરી.

મારા પુત્ર મરીચિ વગેરે દ્વિજોએ એ પુરુષનું નામ નિશ્ચિત કરીને એને આ યુક્તિયુક્ત વાત કહી.

ઋષિ બોલ્યા—તમે જન્મ ધારણ કરતાંની સાથે જ અમારાં મનનું પણ મંથન કરવા લાગ્યા. એટલા માટે લોકમાં 'મન્મથ' નામથી તમે વિખ્યાત થશો. હે મનોભવ! ત્રણે લોકમાં તમે ઇચ્છા અનુસાર રૂપ ધારણ કરવાવાળા છો, તમારા સમાન સુંદર બીજું કોઈ નથી, એટલે કામરૂપ હોવાને કારણે તમે 'કામ' નામથી પણ વિખ્યાત થશો. લોકોને મદમત્ત બનાવી દેવાને કારણે તમારું એક નામ 'મદન' હશે. તમે મોટા દર્પથી ઉત્પન્ન થયા છો એટલે 'દર્પક' કહેવાશો અને સદર્પ હોવાને કારણે જ જગતમાં 'કંદર્પ' નામથી તમારી ખ્યાતિ થશે. સમસ્ત દેવતાઓના સમ્મિલિત બલ-પરાક્રમ પણ તમારા સમાન નહીં હોય, તેથી બધાં જ સ્થાનો પર તમારો અધિકાર હશે. તમે સર્વવ્યાપી થશો. જે આદિ પ્રજાપતિ છે એ જ આ પુરુષોમાં શ્રેષ્ઠ દક્ષ તમારી ઇચ્છાને અનુરૂપ પત્ની સ્વયં આપશે. એ તમારી કામિની (તમારામાં અનુરાગ રાખનારી) થશે.

બ્રહ્માજીએ કહ્યું—હે મુને! તદનંતર હું

ત્યાંથી અદૃશ્ય થઈ ગયો. એ પછી દક્ષ મારી વાતનું સ્મરણ રાખીને કંદર્પને કહેવા લાગ્યા – 'હે કામદેવ! મારા શરીરથી ઉત્પન્ન થયેલી મારી આ કન્યા સુંદર રૂપ અને ઉત્તમ ગુણોથી સુશોભિત છે. એને તમે પોતાની પત્ની બનાવવા ગ્રહણ કરો. આ ગુણોની દૃષ્ટિએ સર્વથા તમારે યોગ્ય છે. હે મહાતેજસ્વી મનોભવ! એ સદા તમારી સાથે રહેનારી અને તમારી રુચિ પ્રમાણે ચાલનારી હશે. ધર્મતઃ એ સદા તમારે અધીન હશે.'

આવું કહીને દક્ષે પોતાના શરીરના પરસેવામાંથી પ્રગટ થયેલી એ કન્યાનું નામ 'રતિ' રાખીને એને પોતાની સામે બેસાડી અને 'કંદર્પ'ને સંકલ્પપૂર્વક સોંપી દીધી. હે નારદ! દક્ષની તે પુત્રી બહુ રમણીય અને મુનિઓનાં

મનને પણ મોહી લેનાર હતી. એની સાથે વિવાહ કરીને કામદેવને પણ બહુ મોટી પ્રસન્નતા થઈ. પોતાની 'રતિ' નામક સુંદર સ્ત્રીને જોઈને એના હાવ-ભાવ વગેરેથી અનુરંજિત થઈને કામદેવ મોહિત થઈ ગયો. હે તાત! એ સમયે બહુ મોટો ભારે ઉત્સવ થવા લાગ્યો, જે બધાંના સુખમાં અભિવૃદ્ધિ કરનારો હતો. પ્રજાપતિ દક્ષ એ વાતને વિચારીને બહુ જ પ્રસન્ન હતો કે મારી પુત્રી આ વિવાહથી સુખી છે, કામદેવને પણ મોટું સુખ પ્રાપ્ત થયું, એનાં બધાં દુઃખો દૂર થઈ ગયાં. દક્ષકન્યા રતિ પણ કામદેવને મેળવીને બહુ જ પ્રસન્ન થઈ ગઈ. જેવી રીતે સંધ્યાકાળમાં મનોહારિણી વિદ્યુન્માલાની સાથે મેઘ શોભા આપે છે, એવી રીતે રતિની સાથે પ્રિય વચન બોલનાર કામદેવ ખૂબ શોભી રહ્યો હતો. આ રીતે રતિ તરફ ભારે મોહથી યુક્ત રતિપતિ કામદેવે એને પોતાના હૃદય સિંહાસન પર આસન આપ્યું, જેવી રીતે યોગી પુરુષ યોગવિદ્યાને હૃદયમાં ધારણ કરે છે. આ રીતે પૂર્ણ ચંદ્રમુખી રતિ પણ એ શ્રેષ્ઠ પતિને પ્રાપ્ત કરીને એવી જ રીતે શોભિત થઈ, જેવી રીતે શ્રીહરિને મેળવીને પૂર્ણચંદ્રમાની લક્ષ્મી શોભે છે.

સૂતજી કહે છે—બ્રહ્માજીનું આ વચન સાંભળીને મુનિશ્રેષ્ઠ નારદ મનમાં ને મનમાં બહુ પ્રસન્ન થયા, અને ભગવાન શંકરનું સ્મરણ કરીને હર્ષપૂર્વક બોલ્યા – 'હે મહાભાગ! હે વિષ્ણુશિવ! હે મહામતે! હે વિધાતઃ! તમે ચંદ્રમૌલિ શિવની આ અદ્‌ભુત કથા કહી છે. હવે હું એ જાણવા ચાહું છું કે વિવાહ પછી જ્યારે કામદેવ પ્રસન્નતાપૂર્વક પોતાના સ્થાને ચાલ્યા ગયા, દક્ષ પણ પોતાને ઘેર ચાલ્યા ગયા, અને આપના માનસપુત્ર પણ પોતપોતાના ધામમાં ગયા, ત્યારે પિતરોને ઉત્પન્ન કરનારી બ્રહ્મકુમારી સંધ્યા ક્યાં ગઈ? એણે શું કર્યું એ

કયા પુરુષની સાથે એનો વિવાહ થયો? સંધ્યાનું એ સર્વ ચરિત્ર વિશેષરૂપે મને કહી બતાવો.'

બ્રહ્માજીએ કહ્યું—હે મુને! સંધ્યાનું એ આખું ચરિત્ર સાંભળો, જેનું શ્રવણ કરીને સમસ્ત કામિનિઓ સદાને માટે સતી-સાધ્વી થઈ શકતી હતી. તે સંધ્યા, જે પહેલાં મારી માનસપુત્રી હતી, તપસ્યા કરીને શરીરને છોડીને મુનિશ્રેષ્ઠ મેધાતિથિની બુદ્ધિમતી પુત્રી થઈને અરુન્ધતી નામથી વિખ્યાત થઈ. ઉત્તમ વ્રતનું પાલન કરીને એ દેવીએ બ્રહ્મા, વિષ્ણુ અને મહેશના કહેવાથી શ્રેષ્ઠ વ્રતધારી મહાત્મા વસિષ્ઠની પોતાના પતિ તરીકે પસંદગી કરી. તે સૌમ્ય સ્વરૂપવાળી દેવી સૌની વંદનીયા અને પૂજનીયા શ્રેષ્ઠ પતિવ્રતા રૂપે વિખ્યાત થઈ.

નારદજીએ પૂછ્યું—હે ભગવન્! સંધ્યાએ કેવી રીતે, શા માટે અને ક્યાં તપ કર્યું? કેવી રીતે શરીર છોડીને તે મેધાતિથિની પુત્રી થઈ? બ્રહ્મા, વિષ્ણુ અને શિવ – એ ત્રણે દેવતાઓના બતાવ્યા શ્રેષ્ઠવ્રતધારી મહાત્મા વસિષ્ઠને એણે કેવી રીતે પોતાના પતિ બનાવ્યા? હે પિતામહ! આ બધું હું વિસ્તારથી સાંભળવા માગું છું. અરુન્ધતીના આ કુતૂહલપૂર્ણ ચરિત્રનું આપ યથાર્થરૂપે વર્ણન કરો.

બ્રહ્માજીએ કહ્યું—હે મુને! સંધ્યાના મનમાં એક વાર સકામ ભાવ આવી ગયો, એટલે એ સાધ્વીએ આ નિશ્ચય કર્યો કે 'વૈદિકમાર્ગને અનુસાર હું અગ્નિમાં પોતાના આ શરીરની આહુતિ આપી દઈશ. આજથી આ ભૂતલ પર કોઈ પણ દેહધારી ઉત્પન્ન થતાંની સાથે કામભાવથી યુક્ત ન થાય, એટલા માટે મેં કઠોર તપસ્યા કરીને મર્યાદા સ્થાપિત કરી (તરુણ અવસ્થાથી પૂર્વ કોઈ પર પણ કામનો પ્રભાવ નહીં પડે, એવી સીમા નિર્ધારિત કરીશ) એ પછી આ જીવનનો ત્યાગ કરી દઈશ.'

મનમાં ને મનમાં આવો વિચાર કરીને ચંદ્રભાગ નામક એ શ્રેષ્ઠ પર્વત પર જતી રહી, જ્યાંથી ચંદ્રભાગા નદીનો પ્રાદુર્ભાવ થયો છે. મનમાં તપસ્યાનો દૃઢ નિશ્ચય લઈને સંધ્યાને શ્રેષ્ઠ પર્વત પર ગયેલી જાણીને મેં મારી સમીપ બેઠેલા વેદ-વેદાંગોના પારંગત, વિદ્વાન, સર્વજ્ઞ, જિતાત્મા અને જ્ઞાનયોગી પુત્ર વસિષ્ઠને કહ્યું – 'હે બેટા વસિષ્ઠ! મનસ્વિની સંધ્યા તપસ્યાની અભિલાષાથી ચંદ્રભાગ નામના પર્વત પર ગઈ છે. તમે જાઓ અને વિધિપૂર્વક એને દીક્ષા આપો. હે તાત! તે તપસ્યાના ભાવને જાણતી નથી. એટલા માટે જે પ્રકારે તમારા યથોચિત ઉપદેશથી એને ઈચ્છિત અભીષ્ટ લક્ષ્યની પ્રાપ્તિ થઈ શકે એવો પ્રયત્ન કરો.'

હે નારદ! મેં દયાપૂર્વક વસિષ્ઠને આ પ્રકારે આજ્ઞા આપી ત્યારે તે 'જેવી આજ્ઞા' કહીને એક

તેજસ્વી બ્રહ્મચારીના રૂપે સંધ્યા પાસે ગયા. ચંદ્રભાગા પર્વત પર એક દેવ-સરોવર છે, જે જળાશયોચિત ગુણોથી પરિપૂર્ણ થઈને માનસ સરોવર સમાન શોભી રહ્યું છે. વસિષ્ઠે એ સરોવર જોયું અને એના તટ પર બેઠેલી સંધ્યા તરફ દૃષ્ટિપાત કર્યો. કમળોથી પ્રકાશિત થનાર એ સરોવર તટ પર બેઠેલી સંધ્યાથી ઉપલક્ષિત થઈને એવી રીતે શોભી રહી હતી જેવી રીતે પ્રદોષકાળમાં ઊગેલ ચંદ્રમા અને નક્ષત્રોથી યુક્ત આકાશ શોભે છે તેમ. સુંદર ભાવવાળી સંધ્યાને ત્યાં બેઠેલી જોઈને મુનિએ કુતૂહલપૂર્વક એ બૃહલ્લોહિત નામવાળા સરોવરને સારી રીતે જોયું. એવું જ પ્રાકારભૂત પર્વતનો શિખરથી દક્ષિણ સમુદ્ર તરફ જતી ચંદ્રભાગા નદીનું પણ એમણે દર્શન કર્યું. જેવી રીતે ગંગા હિમાલયમાંથી નીકળીને સમુદ્ર તરફ જાય છે, એવી જ રીતે ચંદ્રભાગાના પશ્ચિમ શિખરને ભેદીને તે નદી સમુદ્ર તરફ જઈ રહી હતી. એ ચંદ્રભાગ પર્વત ઉપર બૃહલ્લોહિત સરોવરને કિનારે બેઠેલી સંધ્યાને જોઈને વસિષ્ઠજીએ આદરપૂર્વક પૂછ્યું.

વસિષ્ઠજી બોલ્યા—'હે ભદ્રે! તું આ નિર્જન પર્વત પર શા માટે આવી છે? કોની પુત્રી છે અને તેં અહીં શું કરવાનો વિચાર કર્યો છે? એ બધું હું સાંભળવા ચાહું છું. જો છુપાવા જેવી વાત ન હોય તો મને કહે.

મહાત્મા વસિષ્ઠની આ વાત સાંભળીને સંધ્યાએ એ મહાત્મા ભણી જોયું. તે મહાત્મા પોતાના તેજથી પ્રજ્વલિત અગ્નિની જેમ પ્રકાશિત થઈ રહ્યા હતા. એમને જોઈને એવું જણાતું હતું કે જાણે બ્રહ્મચર્ય દેહ ધારણ કરીને આવી ગયું હોય. મસ્તક પર જટા ધારણ કરેલ તે બ્રહ્મચારી ખૂબ શોભી રહ્યા હતા. સંધ્યાએ એ તપોધનને આદર સાથે પ્રણામ કરીને કહ્યું

સંધ્યા બોલી—'હે બ્રહ્મન્! હું બ્રહ્માજીની પુત્રી છું. મારું નામ સંધ્યા છે. હું તપસ્યા કરવા આ નિર્જન પર્વત પર આવી છું. જો મને ઉપદેશ આપવાનું આપને યોગ્ય લાગે તો તમે મને તપસ્યાની વિધિ જણાવો. હું એ જ કરવા ચાહું છું. બીજી કશીય ગોપનીય વાત નથી. હું તપસ્યાના ભાવને – એ કરવાના નિયમોને જાણ્યા વિના જ આ તપોવનમાં આવી ગઈ છું. તેથી ચિંતાથી ક્ષીણ થઈ રહી છું અને મારા હૃદયમાં કંપ થાય છે.

સંધ્યાની વાત સાંભળીને બ્રહ્મવેત્તાઓમાં શ્રેષ્ઠ વસિષ્ઠજીએ, જે સ્વયં સર્વ કાર્યોના જ્ઞાતા છે, બીજી કોઈ વાત પૂછી નહીં. એ મનમાં ને મનમાં તપસ્યાનો નિશ્ચય કરી ચૂકી હતી અને એ માટે તે અત્યંત ઉદ્યમશીલ હતી. એ સમયે વસિષ્ઠે મનથી ભક્તવત્સલ ભગવાન શંકરનું સ્મરણ કરીને આ પ્રમાણે કહ્યું.

વસિષ્ઠજી બોલ્યા—હે શુભાનને! જે સૌથી મહાન અને ઉત્કૃષ્ટ તેજ છે અને જે ઉત્તમ અને મહાન તપ છે તથા જે સૌના પરમારાધ્ય પરમાત્મા છે એવા ભગવાન શંભુને તમે હૃદયમાં ધારણ કરો. જે એકલા જ ધર્મ, અર્થ, કામ અને મોક્ષના આદિ કારણ છે, એ ત્રિલોકીના આદિશ્રેષ્ઠ, અદ્વિતીય પુરુષોત્તમ શિવનું ભજન કરો. આગળ બતાવવામાં આવશે એ મંત્રથી દેવેશ્વર શંભુની આરાધના કરો. એનાથી તમને બધું જ મળી જશે, એમાં સંશય નથી. 'ૐ નમઃ શંકરાયઃ ૐ' આ મંત્રનો નિરંતર જપ કરતાં કરતાં મૌન તપસ્યાનો આરંભ કરો અને હું જે નિયમ બતાવું છું, એ સાંભળો. તમારે મૌન રાખીને જ સ્નાન કરવું પડશે, મૌનનું આલંબન

લઈને તે અનુસાર જ મહાદેવજીની પૂજા કરવી જોઈએ. પ્રથમ બે વાર છઠ્ઠા સમયમાં તમારે કેવળ જળનો જ પૂર્ણ આહાર કરવો જોઈએ – કરી શકો. જ્યારે ત્રીજી વાર છઠ્ઠો સમય આવે ત્યારે કેવળ ઉપવાસ કર્યા કરો. આ રીતે તપસ્યાની સમાપ્તિ સુધી છઠ્ઠા કાળમાં જલાહાર અને ઉપવાસની ક્રિયા થયા કરે. હે દેવી! આ રીતે થનારી મૌન તપસ્યા બ્રહ્મચર્યનું ફળ આપનારી તથા સંપૂર્ણ મનોવાંછિત મનોરથોને પૂર્ણ કરનારી હોય છે. આ સત્ય છે, આ સત્ય છે એમાં સંશય નથી. પોતાના ચિત્તમાં આવો શુભ ઉદ્દેશ્ય લઈને ઇચ્છાનુસાર શંકરજીનું ચિંતન કરો. તે પ્રસન્ન થશે પછી તમને અવશ્ય જ અભીષ્ટ ફળ પ્રદાન કરશે.

આ રીતે સંધ્યાને તપસ્યા કરવાની વિધિનો ઉપદેશ આપીને મુનિવર વસિષ્ઠ યથોચિતરૂપે વિદાય લઈને ત્યાં જ અંતર્ધાન થઈ ગયા.

(અધ્યાય ૩-૫)

*

સંધ્યાની તપસ્યા, એના દ્વારા ભગવાન શિવની સ્તુતિ તથા એનાથી સંતુષ્ટ થયેલા શિવનું એને અભીષ્ટ વરદાન આપવું અને મેધાતિથિના યજ્ઞમાં મોકલવી

બ્રહ્માજી કહે છે—મારા પુત્રોમાં શ્રેષ્ઠ મહાપ્રાજ્ઞ હે નારદ! તપસ્યાના નિયમનો ઉપદેશ આપીને જ્યારે વસિષ્ઠજી પોતાને ઘેર ચાલ્યા ગયા ત્યારે તપના એ વિધાનને સમજીને સંધ્યા મનમાં ને મનમાં બહુ પ્રસન્ન થઈ. પછી તો તે સાનંદ મનથી તપસ્વિનીને યોગ્ય એવો વેશ બનાવીને બૃહલ્લોહિત સરોવરના તટ પર જ તપસ્યા કરવા લાગી. વસિષ્ઠજીએ તપસ્યા માટે જે મંત્રનું સાધન બતાવ્યું હતું, એનાથી ઉત્તમ ભક્તિભાવ સાથે તે ભગવાન શંકરની આરાધના કરવા લાગી. એણે ભગવાન શિવમાં પોતાના ચિત્તને જોડી દીધું અને એકાગ્ર મનથી તે બહુ ભારે તપસ્યા કરવા લાગી – એ તપસ્યામાં ને તપસ્યામાં એના ચાર યુગ વ્યતીત થઈ ગયા. ત્યારે ભગવાન શિવ એની તપસ્યાથી સંતુષ્ટ થઈ ખૂબ પ્રસન્ન થયા તથા અંદર-બહાર અને આકાશમાં પોતાના સ્વરૂપનું દર્શન કરાવીને જે રૂપનું એ ચિંતન કરતી હતી એ જ રૂપે એની આંખો સામે પ્રગટ થઈ ગયા. એણે મનથી જેનું ચિંતન કર્યું હતું, એ જ પ્રભુ શંકરને પોતાની સામે ઉપસ્થિત થયેલા જોઈ એ અત્યંત આનંદમાં

નિમગ્ન થઈ ગઈ. ભગવાનનું મુખારવિંદ ખૂબ જ પ્રસન્ન દેખાતું હતું. એમના સ્વરૂપથી જાણે શાંતિની વર્ષા થઈ રહી હતી. તે અચાનક જ ભયભીત થઈને વિચારવા લાગી કે 'હું ભગવાન હરને શું કહું? કેવી રીતે એમની સ્તુતિ કરું?' એ ચિંતામાં પડીને એણે એનાં બંને નેત્રો બંધ કરી લીધાં. નેત્ર બંધ કરી લેવાથી ભગવાન શિવે એના હૃદયમાં પ્રવેશ કરીને એને દિવ્ય જ્ઞાન આપ્યું, દિવ્ય વાણી આપી અને દિવ્ય દૃષ્ટિ પ્રદાન કરી. જ્યારે એ દિવ્ય જ્ઞાન, દિવ્ય દૃષ્ટિ અને દિવ્ય વાણી એને પ્રાપ્ત થઈ ત્યારે તેણે અત્યંત કઠણતાથી જ્ઞાત થવાવાળા જગદીશ્વર શિવને પ્રત્યક્ષ જોઈને એમની સ્તુતિ કરવા માંડી.

સંધ્યા બોલી—જે નિરાકાર અને પરમ જ્ઞાનગમ્ય છે, જે ન તો સ્થૂળ છે, ન તો સૂક્ષ્મ છે અને ઉચ્ચ પણ નથી તથા જેના સ્વરૂપનાં યોગીજનો હૃદયની અંદર ચિંતન કરે છે, એ લોકસૃષ્ટા તમને ભગવાન શિવને નમસ્કાર છે. જેમને શર્વ કહે છે, જે શાંતસ્વરૂપ, નિર્મળ, નિર્વિકાર અને જ્ઞાનગમ્ય છે, જે પોતાના જ પ્રકાશમાં સ્થિત છે અને પ્રકાશિત થાય છે, જેમનામાં વિકારનો અત્યંત અભાવ છે, જે આકાશમાર્ગની જેમ નિર્ગુણ, નિરાકાર બતાવાયા છે તથા જેમનું રૂપ અજ્ઞાન-અંધકારમાર્ગથી સર્વથા પર છે, એ નિત્ય પ્રસન્ન આપ ભગવાન શિવને હું પ્રણામ કરું છું. જેમનું રૂપ એક (અદ્વિતીય), શુદ્ધ, માયાના પ્રકાશ વિનાનું છતાં પ્રકાશમાન, સચ્ચિદાનંદમય, સહજ નિર્વિકાર, નિત્યાનંદમય, સત્ય, ઐશ્વર્યથી યુક્ત, પ્રસન્ન તથા લક્ષ્મીને આપનાર એવા ભગવાન શિવને નમસ્કાર છે. જેમના સ્વરૂપની જ્ઞાનરૂપે જ ઉદ્‌ભાવના કરી શકાય છે, જે આ જગતથી સર્વથા ભિન્ન છે અને સત્ત્વપ્રધાન, ધ્યાનને યોગ્ય, આત્મસ્વરૂપ, સારભૂત, સૌને પાર પહોંચાડી દેનારા તથા વસ્તુઓમાં પણ પરમ પવિત્ર છે એવા આપ મહેશ્વરને મારા નમસ્કાર છે. આપનું જે સ્વરૂપ શુદ્ધ, મનોહર, રત્નમય આભૂષણોથી વિભૂષિત તથા સ્વચ્છ કપૂરની જેમ ગૌરવર્ણ છે, જેણે પોતાના હાથમાં વર, અભય, શૂલ અને મુંડ ધારણ કરેલાં છે એ દિવ્ય, ચિન્મય, સગુણ સાકાર વિગ્રહથી સુશોભિત આપ યોગયુક્ત ભગવાન શિવને નમસ્કાર છે. આકાશ, પૃથ્વી, દિશાઓ, જળ, તેજ અને કાળ-આ જેનાં રૂ છે એવા આપ પરમેશ્વરને નમસ્કાર છે.*

પ્રધાન (પ્રકૃતિ) અને પુરુષ જેમના શરીરથી પ્રગટ થયાં છે અર્થાત્ એ બંને જનાં શરીર છે, એટલા જ માટે જેમનું યથાર્થ રૂપ અવ્યક્ત (બુદ્ધિ વગેરેથી પર) છે, એવા ભગવાન શંકરને વારંવાર નમસ્કાર છે. જે બ્રહ્મા થઈને જગતની સૃષ્ટિ કરે છે, જે વિષ્ણુ થઈને સંસારનું પાલન કરે છે તથા જે રુદ્ર થઈને અંતમાં આ સૃષ્ટિનો સંહાર કરશે, એવા જ આપ ભગવાન સદાશિવને

---

* નિરાકારં જ્ઞાનગમ્યં પરં યન્નૈવ સ્થૂલં નાપિ સૂક્ષ્મં નો ચોચ્ચમ્ । અંતશ્ચિન્ત્યં યોગિભિસ્તસ્ય રૂપં તસ્મૈ તુભ્યં લોકકર્ત્રે નમોઽસ્તુ ।
શર્વં શાન્તં નિર્મલં નિર્વિકારં જ્ઞાનગમ્યં સ્વપ્રકાશેઽવિકારમ્ । ધ્યાધ્યગ્યં ધ્વાન્તમાર્ગાત્પરસ્તાદ્રૂપં યસ્યત્યં નમામિ પ્રસન્નમ્ ।
એકં શુદ્ધં દીપ્યમાનં વિનાજ્ઞં ચિદાનન્દં સહજં ચાવિકારિ । નિત્યાનંદં સત્યમૂર્તિપ્રસન્નં યસ્ય શ્રીદં રૂપમસ્મૈ નમો ।
વિદ્યાકારોદ્ભાવનીયં પ્રભિન્નં સત્ત્વચ્છન્દં ધ્યેયમાન્યસ્વરૂપમ્ । સારં પારં પાવનાનાં પવિત્રં તસ્મૈ રૂપં યસ્ય વૈવં નમો ।
યત્ત્વાકારં શુદ્ધરૂપં મનોજ્ઞં રત્નાકલ્પં સ્વચ્છકર્પૂરગૌરં । ઈષ્ટાભીતી શૂલમુંડે દધાનં હસ્તૈર્નમો યોગયુક્તાયતુભ્યમ્ ।
ગગનં ભૂર્દિશશ્ચૈવ સલિલં જ્યોતિરેવ ચ । પુનઃ કાલશ્ચ રૂપાણિ યસ્ય તુભ્યં નમોઽસ્તુ તે ।
(શિવપુરાણ રુ. સં. સ. ખં. ૬/૧૨-૧૬)

વારંવાર નમસ્કાર છે. જે કારણોનાં પણ કારણ છે, દિવ્ય અમૃતરૂપ જ્ઞાન તથા અણિમા વગેરે ઐશ્વર્ય પ્રદાન કરનારા છે, સમસ્ત લોકાન્તરોનો વૈભવ આપવાવાળો છે, સ્વયં પ્રકાશસ્વરૂપ છે તથા પ્રકૃતિથી પણ પર છે એવા પરમેશ્વર શિવને નમસ્કાર છે, નમસ્કાર છે. આ જગત એમનાથી ભિન્ન ન કહી શકાય, જેમનાં ચરણોમાંથી પૃથ્વી તથા અન્યોન્ય અંગોથી સંપૂર્ણ દિશાઓ, સૂર્ય, ચંદ્રમા, કામદેવ અને અન્ય દેવતાઓ પ્રગટ થયા છે અને જેમની નાભિથી અંતરિક્ષનો આવિર્ભાવ થયો છે એવા આપ ભગવાન શંભુને મારા નમસ્કાર હો. હે પ્રભો! આપ જ સૌથી ઉત્કૃષ્ટ પરમાત્મા છો, તમે જ વિવિધ પ્રકારની વિદ્યાઓ છો, તમે જ હર (સંહારકર્તા) છો, તમે જ સદ્બ્રહ્મ તથા પરબ્રહ્મ છો, તમે સદા વિચારમાં તત્પર રહો છો. જેને આદિ નથી, મધ્ય નથી અને અંત નથી, જેનાથી આખું જગત ઉત્પન્ન થયું છે તથા જે મન અને વાણીનો વિષય નથી એવા મહાદેવજીની સ્તુતિ હું કેવી રીતે કરી શકીશ.*

બ્રહ્મા આદિ દેવતા તથા તપસ્યાના સ્વામી એવા મુનિ પણ જેનાં રૂપોનું વર્ણન કરી શકતા નથી, એવા પરમેશ્વરનું વર્ણન અથવા સ્તવન હું કેવી રીતે કરી શકું? હે પ્રભો! તમે નિર્ગુણ છો, હું મૂઢ સ્ત્રી આપના ગુણોને કેવી રીતે જાણી શકું? આપનું રૂપ તો એવું છે, જેને ઇંદ્રસહિત સંપૂર્ણ દેવતા અને અસુર પણ નથી જાણતા. હે મહેશ્વર! આપને નમસ્કાર હો. હે તપોમય! આપને નમસ્કાર છે. હે દેવેશ્વર! હે શંભો! મારા પર પ્રસન્ન થાઓ. આપને વારંવાર નમસ્કાર છે.+

બ્રહ્માજી કહે છે—હે નારદ! સંધ્યાનું આ સ્તુતિપૂર્ણ વચન સાંભળીને એના દ્વારા સારી રીતે પ્રશંસિત થયેલા ભક્ત વત્સલ પરમેશ્વર બહુ પ્રસન્ન થયા. એમનું શરીર વલ્કલ અને મૃગચર્મથી ઢંકાયેલું હતું. મસ્તક ઉપર પવિત્ર જટાજૂટ શોભી રહ્યો હતો. એ સમયે પાલો પડવાથી (ઓસ-ઝાકળ બિંદુઓ) કમળની જેમ વિલાયેલા મુખને જોઈને ભગવાન હરે દયાથી દ્રવિત થઈને એને આ પ્રકારે કહ્યું –

મહેશ્વરે કહ્યું—હે ભદ્રે! હું તમારી આ ઉત્તમ તપસ્યાથી બહુ જ પ્રસન્ન છું. હે શુદ્ધબુદ્ધિવાળી દેવી! તમારા આ સ્તવનથી પણ મને બહુ જ સંતોષ થયો છે, તેથી આ વખતે તમારી ઇચ્છા અનુસાર કોઈ વરદાન માગી લો. જે વરદાનથી તમને પ્રયોજન હોય તથા જે

---

* પ્રધાન પુરુષૌ યસ્ય કાયત્વેન વિનિર્ગતૌ । તસ્માદવ્યક્તરૂપાય શંકરાય નમો નમઃ ॥
યો બ્રહ્મા કુરુતે સૃષ્ટિં યો વિષ્ણુઃ કુરુતે સ્થિતિમ્ । સંહરિષ્યતિ યો રુદ્રસ્તસ્મૈ તુભ્યં નમો નમઃ ॥
નમો નમઃ કારણકારણાય દિવ્યામૃતજ્ઞાનવિભૂતિદાય । સમસ્ત લોકાન્તર ભૂતિદાય પ્રકાશરૂપાય પરત્પરાય ॥
યસ્યાપરં નો જગદુચ્યતે પ્રકૃતેઃ વિનિર્દિષ્ટઃ સૂર્ય ઇન્દુર્મનોજ્ઞઃ । બહિર્મુખા નાવિતથાન્તરિક્ષં તસ્મૈ તુભ્યં શંભવે મે નમોઽસ્તુ ॥
ત્વં પરઃ પરમાત્મા ચ ત્વં વિદ્યા વિવિધા હરઃ । સદ્બ્રહ્મ ચ પરં બ્રહ્મ વિચારણપરાયણઃ ॥
યસ્ય નાદિર્ન મધ્યં ચ નાન્તમસ્તિ જગદ્યતઃ । કથં સ્તોષ્યામિ તં દેવમપ્રાંગમનસોચરમ્ ॥
(શિવપુરાણ રુ. સં. સ. ખં. ૬/૨૮-૨૩)

+ યસ્ય બ્રહ્માદયો દેવા મુનયશ્ચ તપોધનાઃ । ન વિદુસ્ત્વન્તિ રૂપાણિ વર્ણનીયઃ કથં સ મે ॥
ક્ષમ્યતાં ક્ષમ્યતાં તેઽદ્ય દેવા નિર્ગુણસ્ય ગુણાઃ પ્રભો । નૈવ જાનન્તિ પરમં રૂપં સેન્દ્રા અપિ સુરાસુરાઃ ॥
નમસ્તુભ્યં મહેશાન નમસ્તુભ્યં તપોમય । પ્રસીદ શંભો દેવેશ ભૂયો ભૂયો નમોઽસ્તુ તે ॥
(શિવપુરાણ રુ. સં. સ. ખં. ૬/૨૪-૨૬

તમારા મનમાં હોય, એને હું અહીં અવશ્ય પૂર્ણ કરીશ. તમારું કલ્યાણ હો. હું તમારા વ્રત-નિયમથી બહુ પ્રસન્ન છું.

પ્રસન્નચિત્ત મહેશ્વરનું આ વચન સાંભળીને અત્યંત હર્ષથી સભર થયેલી સંધ્યા એમને વારંવાર પ્રણામ કરીને બોલી – હે મહેશ્વર! જો આપ મને પ્રસન્નતાપૂર્વક વરદાન દેવા ચાહતા હો, જો હું વરદાન પ્રાપ્ત કરવાને યોગ્ય હોઉં અને પાપથી શુદ્ધ થઈ ગયેલી હોઉં અને હે દેવ! આ સમયે જો આપ મારી તપસ્યાથી પ્રસન્ન છો તો મારું માગેલું પહેલું વરદાન સફળ કરો. હે દેવેશ્વર! આ આકાશમાં પૃથ્વી આદિ કોઈ પણ સ્થાનમાં જે પ્રાણીઓ છે, તે બધાંને બધાં જ જન્મ લેતાંની સાથે જ કામભાવથી યુક્ત ન થઈ જાય. હે નાથ! મારી સકામ દૃષ્ટિ ક્યાંય ન પડે. મારા જે પતિ હોય તે પણ મારા અત્યંત સુહૃદ હોય. પતિ સિવાય જે કોઈ પુરુષ મને સકામ ભાવથી જુએ – એના પુરુષત્વનો નાશ થઈ જાઓ, તે તત્કાળ નપુંસક થઈ જાય.

નિષ્પાપ સંધ્યાનું આ વચન સાંભળીને પ્રસન્ન થયેલા ભક્તવત્સલ ભગવાન શંકર બોલ્યા – હે દેવી! હે સંધ્યે! સાંભળ. હે ભદ્રે! તેં જે જે વરદાન માગ્યાં છે એ બધાં તારી તપસ્યાથી સંતુષ્ટ થઈને મેં તને આપી દીધાં. પ્રાણીઓના જીવનમાં મુખ્યતઃ ચાર અવસ્થાઓ હોય છે – પહેલી શૈશવ અવસ્થા, બીજી કૌમાર અવસ્થા, ત્રીજી યૌવન અવસ્થા અને ચોથી વૃદ્ધાવસ્થા. ત્રીજી અવસ્થા પ્રાપ્ત થતાં દેહધારી જીવ કામભાવથી યુક્ત થશે. કયાંક કયાંક બીજી અવસ્થાના અંતિમ ભાગમાં જ પ્રાણી સકામ થઈ જશે. તારી તપસ્યાના પ્રભાવથી મેં આ મર્યાદા સ્થાપિત કરી દીધી છે કે જેથી દેહધારી જીવ જન્મ લેતાંની સાથે જ કામાસક્ત નહીં થઈ જાય. તું પણ લોકમાં એવા જ દિવ્ય સતીભાવને પ્રાપ્ત કર, જેવી રીતે ત્રણે લોકમાં બીજી કોઈ પણ સ્ત્રી માટે સંભવ નહીં થાય. પાણિગ્રહણ કરનાર પતિ સિવાય જે કોઈ પણ પુરુષ તારી સામે જોશે તે તત્કાળ નપુંસક થઈને દુર્બળતાને પ્રાપ્ત થઈ જશે. તારો પતિ મહાન તપસ્વી તથા દિવ્યરૂપથી સંપન્ન એવો એક મહાભાગ મહર્ષિ હશે, જે નારી સાથે સાત કલ્પો સુધી જીવિત રહેશે. તેં જે જે વરદાન માગ્યાં હતાં તે બધાં મેં પૂર્ણ કરી દીધાં. હવે હું તને બીજી વાત કહીશ, જે પૂર્વજન્મ સાથે સંબંધ ધરાવે છે. તેં પહેલેથી જ એ પ્રતિજ્ઞા કરી રાખી છે કે હું અગ્નિમાં મારા શરીરનો ત્યાગ કરીશ. એ પ્રતિજ્ઞાને સફળ કરવાને વાસ્તે હું તને એક ઉપાય બતાવું છું. એ નિઃસંદેહ કર. મુનિવર મેધાતિથિનો એક યજ્ઞ ચાલી રહ્યો છે. જે બાર વર્ષો સુધી ચાલુ રહેવાનો છે. એમાં અગ્નિ પૂર્ણતયા પ્રજ્વલિત છે. તું વગર વિલંબે એ અગ્નિમાં તારા પોતાના શરીરનો ઉત્સર્ગ (ત્યાગ) કરી દે. એ પર્વતની ઉપત્યકામાં ચંદ્રભાગા નદીના તટ પર તામસ-આશ્રમમાં મુનિવર મેધાતિથિ મહાયજ્ઞનું અનુષ્ઠાન કરી રહ્યા છે. તું સ્વચ્છંદતાપૂર્વક ત્યાં જા. મુનિ તને ત્યાં જોઈ શકશે નહીં. મારી કૃપાથી તું મુનિની અગ્નિથી પ્રગટ થયેલી પુત્રી થઈ જઈશ. તારા મનમાં જે કોઈને સ્વામી તરીકે પ્રાપ્ત કરવાની ઇચ્છા હોય, એને હૃદયમાં ધારણ કરીને એનું જ ચિંતન કરતાં કરતાં તું તારા શરીરને એ યજ્ઞના અગ્નિમાં હોમી દેજે. હે સંધ્યે! જ્યારે તું એ પર્વત પર ચાર યુગો સુધી કઠોર તપસ્યા કરી રહી હતી, એ દિવસોમાં એ ચતુર્યુગીનો સત્યયુગ

વીતી ગયો અને ત્રેતાના પ્રથમ ભાગમાં પ્રજાપતિ દક્ષને ઘણી કન્યાઓ થઈ. એમણે પોતાની તે સુશીલ કન્યાઓનો યથાયોગ્ય વર સાથે વિવાહ કરી દીધો. એમાં સત્યાવીશ કન્યાઓના વિવાહ એમણે ચંદ્રમા સાથે કરી દીધો. ચંદ્રમા અન્ય બધી પત્નીઓને છોડી કેવળ રોહિણી સાથે પ્રેમ કરવા લાગ્યો. આ કારણે ક્રોધથી ભરેલા દક્ષે જ્યારે ચંદ્રમાને શાપ આપી દીધો, ત્યારે સમસ્ત દેવતા તમારી પાસે આવ્યા. પરંતુ હે સંધ્યા! તારું મન તો મારામાં પરોવાયેલું હતું, તેથી તેં બ્રહ્માજી સાથે આવેલા એ દેવતાઓ પર દૃષ્ટિપાત સુદ્ધાં ન કર્યો. ત્યારે બ્રહ્માજીએ આકાશની સામે જોઈને અને ચંદ્રમા પુનઃ પોતાના સ્વરૂપને પ્રાપ્ત કરે એ હેતુ મનમાં રાખીને એને શાપથી મુક્તિ અપાવવા એક નદીની સૃષ્ટિ કરી જે ચંદ્ર અથવા ચંદ્રભાગા નદીના નામે વિખ્યાત થઈ. ચંદ્રભાગા નદીના પ્રાદુર્ભાવ સમયે જ મહર્ષિ મેધાતિથિ ત્યાં ઉપસ્થિત થયા હતા. તપસ્યા દ્વારા એમની સમાનતા કરનાર ન તો કોઈ થયો છે, ન તો કોઈ છે અને ન તો કોઈ થશે. એ મહર્ષિએ વિધિ-વિધાન સાથે લાંબા સમય સુધી ચાલનાર જ્યોતિષ્ટોમ નામક યજ્ઞનો આરંભ કર્યો છે. એમાં અગ્નિદેવ પૂર્ણ રૂપે પ્રજ્વલિત થઈ રહ્યા છે. એ જ અગ્નિમાં તું તારા શરીરને હોમી દે અને પરમ પવિત્ર થઈ જા. આવું કરવાથી એ સમયે તારી પ્રતિજ્ઞા પૂરી થઈ જશે.

આ રીતે સંધ્યાને એના હિતાર્થે ઉપદેશ દઈને દેવેશ્વર ભગવાન શિવ ત્યાં અંતર્ધાન થઈ ગયા. (અધ્યાય ૬)

*

સંધ્યાની આત્માહુતિ, એનું અરુન્ધતીના રૂપે અવતીર્ણ થઈને મુનિવર વસિષ્ઠની સાથે વિવાહ કરવો, બ્રહ્માજીનો રુદ્રના વિવાહ માટે પ્રયત્ન અને ચિંતા તથા ભગવાન વિષ્ણુનું એમને 'શિવા'ની આરાધના માટે ઉપદેશ આપીને ચિંતામુક્ત કરવા

બ્રહ્માજી કહે છે—'હે નારદ! જ્યારે વરદાન આપીને ભગવાન શંકર અંતર્ધાન થઈ ગયા ત્યારે સંધ્યા પણ એ જ સ્થાન પર ગઈ. જ્યાં મુનિ મેધાતિથિ યજ્ઞ કરી રહ્યા હતા. ભગવાન શંકરની કૃપાથી એને ત્યાં કોઈ જોઈ શક્યું નહીં. એણે એ તેજસ્વી બ્રહ્મચારીનું સ્મરણ કર્યું, જેણે એને માટે તપસ્યાની વિધિનો ઉપદેશ આપ્યો હતો. હે મહામુને! પૂર્વકાળમાં મહર્ષિ વસિષ્ઠે મને પરમેષ્ઠીની આજ્ઞાથી એક તેજસ્વી બ્રહ્મચારીનો વેશ ધારણ કરીને અને તપસ્યા કરવાને માટે ઉપયોગી નિયમોનો ઉપદેશ કર્યો હતો. સંધ્યા પોતાને તપસ્યાનો ઉપદેશ આપનાર એ જ બ્રહ્મચારી બ્રાહ્મણ વસિષ્ઠને પતિરૂપે મનમાં રાખીને એ મહાયજ્ઞમાં પ્રજ્વલિત અગ્નિની પાસે ગઈ. એ સમયે ભગવાન શંકરની કૃપાથી મુનિઓએ એને જોઈ નહીં. બ્રહ્માજીની તે પુત્રી ખૂબ હરખથી એ અગ્નિમાં પ્રવેશી ગઈ. એનું પુરોડાશમય* શરીર તત્કાળ બળી ગયું. એ

* યજ્ઞ ભાગ

પુરોડાશની અલક્ષિત ગંધ ચારે બાજુ ફેલાઈ ગઈ. અગ્નિએ ભગવાન શંકરની આજ્ઞાથી એના સોના જેવા શરીરને બાળીને શુદ્ધ કરીને પુનઃ સૂર્યમંડળમાં પહોંચાડી દીધું. ત્યારે સૂર્યે પિતરો અને દેવતાઓની તૃપ્તિ માટે એને બે ભાગોમાં વિભક્ત કરીને પોતાના રથમાં સ્થાપિત કરી દીધું.

હે મુનીશ્વર! એના શરીરનો ઉપરનો ભાગ પ્રાતઃસંધ્યા થયો, જે દિવસ અને રાતની વચમાં આવનારી આદિ-સંધ્યા છે અને એના શરીરનો બાકીનો ભાગ સાયં-સંધ્યા થયો અને રાત્રિના મધ્યમાં થનારી અંતિમ-સંધ્યા છે. સાયં-સંધ્યા હંમેશાં જ પિતરોને પ્રસન્નતા પ્રદાન કરનારી હોય છે. સૂર્યોદયથી પહેલાં જ્યારે અરુણોદય થાય, પ્રાચીના ક્ષિતિજમાં લાલી છવાઈ જાય, ત્યારે પ્રાતઃ સંધ્યા પ્રગટ થાય છે અને તે દેવતાઓને પ્રસન્ન કરનારી હોય છે. જ્યારે લાલ કમલની જેમ સૂર્ય અસ્ત થઈ જાય છે એ જ સમય સદા સાયં-સંધ્યાનો ઉદય થાય છે, જે પિતરોને આનંદ પ્રદાન કરનાર હોય છે. પરમ દયાળુ ભગવાન શિવે એના મનસહિત પ્રાણોને દિવ્ય શરીરથી યુક્ત દેહધારી બનાવી દીધી - જ્યારે મુનિના યજ્ઞનો સમાપ્તિનો અવસર આવ્યો, ત્યારે તે અગ્નિની જ્વાળામાં મહર્ષિ મેધાતિથિને તપાવેલા સુવર્ણ જેવી કાન્તિવાળી પુત્રીરૂપે પ્રાપ્ત થઈ. મુનિએ બહુ આનંદ, આમોદથી સાથે એ પુત્રીને ગ્રહણ કરી. હે મુને! એમણે યજ્ઞને માટે એને સ્નાન કરાવીને પોતાના ખોળામાં બેસાડી લીધી. શિષ્યોથી ઘેરાયેલા મહામુનિ મેધાતિથિનો ત્યાં ખૂબ જ આનંદ પ્રાપ્ત થયો. એમણે એનું નામ 'અરુંધતી' રાખ્યું. તે કોઈ પણ કારણસર ધર્મનો અવરોધ કરતી ન હતી, એટલે એ ગુણને કારણે એણે સ્વયં આ ત્રિભુવન વિખ્યાત નામ પ્રાપ્ત કરી લીધું. હે દેવર્ષે! યજ્ઞને સમાપ્ત કરીને કૃતકૃત્ય થઈને એ મુનિ પુત્રીની પ્રાપ્તિ થવાથી બહુ પ્રસન્ન હતા - અને પોતાના શિષ્યો સાથે આશ્રમમાં રહીને સદા એનું લાલનપાલન કરતા હતા. દેવી અરુન્ધતી ચંદ્રભાગા નદીના તટ પર તાપસારણ્યની અંદર મુનિવર મેધાતિથિના એ આશ્રમમાં ધીરે ધીરે મોટી થવા લાગી. જ્યારે તે વિવાહને યોગ્ય થઈ ગઈ ત્યારે મેં, વિષ્ણુ તથા મહેશ્વરે મળીને હું-બ્રહ્મા મારા પુત્ર વસિષ્ઠ સાથે એનો વિવાહ કરાવી દીધો. બ્રહ્મા, વિષ્ણુ અને મહેશના હાથથી નીકળેલા જળથી શિપ્રા આદિ સાત પરમ પવિત્ર નદીઓ ઉત્પન્ન થઈ.

હે મુને! મેધાતિથિની પુત્રી મહાસાધ્વી અરુન્ધતી સમસ્ત પતિવ્રતાઓમાં શ્રેષ્ઠ હતી. એ મહર્ષિ વસિષ્ઠને પતિરૂપે મેળવીને એમની સાથે બહુ શોભા મેળવવા લાગી. એને શક્તિ આદિ શુભ અને શ્રેષ્ઠ પુત્ર ઉત્પન્ન થયા. હે મુનિશ્રેષ્ઠ! તે પ્રિયતમ પતિ વસિષ્ઠને મેળવીને વિશેષ શોભા મેળવવા લાગી. હે મુનિશિરોમણિ! આ રીતે મેં તમારી સમક્ષ સંધ્યાના પવિત્ર ચરિત્રનું વર્ણન કર્યું જે સમસ્ત કામનાઓના ફળને દેનારું છે. પરમ પાવન અને દિવ્ય છે. જે સ્ત્રીઓ શુભ વ્રતનું આચરણ કરનારા પુરુષ આ પ્રસંગને સાંભળે છે, તે સંપૂર્ણ કામનાઓને પ્રાપ્ત કરી લે છે. એમાં અન્યથા બીજો કશો વિચાર કરવાની જરૂર નથી.

પ્રજાપતિ બ્રહ્માજીની આ વાત સાંભળીને નારદજીનું મન પ્રસન્ન થઈ ગયું અને એ આ પ્રકારે બોલ્યા.

નારદજીએ કહ્યું—હે બ્રહ્મન્! આપે અરુન્ધતીની અને પૂર્વજન્મમાં એની જ સ્વરૂપભૂતા સંધ્યાની ખૂબ જ ઉત્તમ કથા સંભળાવી છે, જે શિવભક્તિની વૃદ્ધિ કરનારી છે. હે ધર્મજ્ઞ! હવે આપ ભગવાન શિવના એ પરમ પવિત્ર ચરિત્રનું વર્ણન કરો, જે બીજાનાં પાપોનું વિનાશ કરનારું, ઉત્તમ અને મંગલદાયક હોય. જ્યારે કામદેવ રતિ સાથે વિવાહ કરીને હર્ષપૂર્વક ચાલ્યો ગયો, દક્ષ વગેરે અન્ય મુનિ પણ જ્યારે પોતપોતાના સ્થાને જતા રહ્યા અને જ્યારે સંધ્યા તપસ્યા કરવા માટે ચાલી ગઈ એના પછી ત્યાં શું થયું?

બ્રહ્માજીએ કહ્યું—હે વિપ્રવર નારદ! તમે ધન્ય છો, ભગવાન શિવના સેવક છો તેથી શિવની લીલાથી યુક્ત જે એમનું શુભ ચરિત્ર છે તેને ભક્તિપૂર્વક સાંભળો. હે તાત! પૂર્વકાળમાં હું એક વાર જ્યારે મોહમાં પડી ગયો અને ભગવાન શંકરે મારો ઉપહાસ કર્યો ત્યારે મને બહુ ક્ષોભ થયો હતો. વસ્તુતઃ તો શિવની માયાએ મને મોહ પમાડ્યો હતો એટલા માટે હું ભગવાન શિવની ઈર્ષ્યા કરવા લાગ્યો. કેવી રીતે, એ બતાવું છું, તમે સાંભળો. હું એ સ્થાન પર ગયો જ્યાં દક્ષરાજ મુનિ ઉપસ્થિત હતા. ત્યાં રતિની સાથે કામદેવ પણ હતા. હે નારદ! એ સમયે મેં બહુ પ્રસન્નતા સાથે દક્ષ તથા બીજા પુત્રોને સંબોધિત કરીને વાર્તાલાપનો આરંભ કર્યો. એ વાર્તાલાપના સમયે હું શિવની માયાથી પૂર્ણતઃ મોહિત હતો તેથી મેં કહ્યું – 'હે પુત્રો! તમારે એવો પ્રયત્ન કરવો જોઈએ, જેથી મહાદેવજી કોઈ રમણીય કાન્તિવાળી સ્ત્રીનું પાણિગ્રહણ કરે.' એ પછી મેં ભગવાન શિવને મોહિત કરવાનો ભાર રતિસહિત કામદેવને સોંપ્યો. કામદેવે પણ મારી આજ્ઞા માનીને કહ્યું – 'હે પ્રભો! સુંદર સ્ત્રી જ મારું શસ્ત્ર છે તેથી શિવજીને મોહિત કરવાને માટે કોઈ નારીની સૃષ્ટિ કરો.' આ સાંભળીને હું ચિંતામાં પડી ગયો અને લાંબા લાંબા શ્વાસ લેવા લાગ્યો. મારા એ નિશ્વાસથી ઢગલે ઢગલા પુષ્પોથી વિભૂષિત વસંતનો પ્રાદુર્ભાવ થયો. વસંત અને મલયાનિલ – એ બંને મદનને સહાયક થયા. એમની સાથે જઈને કામદેવને મોહ પમાડવાની વારંવાર ચેષ્ટા કરી, પરંતુ સફળતા ન મળી. જ્યારે તે નિરાશ થઈને પરત આવ્યો ત્યારે એની વાત સાંભળીને મને બહુ દુઃખ થયું. એ સમયે મારા મુખથી જે નિશ્વાસ વાયુ ચાલ્યો એનાથી મારગણોની ઉત્પત્તિ થઈ. એમની મદનની સહાયતા કરવાનો આદેશ આપીને મેં પુનઃ એ સૌને શિવજી પાસે મોકલ્યા, પરંતુ મહાન પ્રયત્ન કરવા છતાં પણ

તે ભગવાન શિવને મોહમાં ન નાખી શક્યા. કામ સપરિવાર પાછો આવ્યો અને મને પ્રણામ કરીને પોતાને સ્થાને ચાલ્યો ગયો.

એના ગયા પછી હું મનમાં ને મનમાં વિચાર કરવા લાગ્યો કે નિર્વિકાર તથા મનને વશમાં રાખનાર યોગપરાયણ ભગવાન શંકર કોઈ સ્ત્રીને પોતાની સહધર્મિણી બનાવવાનું કેવી રીતે સ્વીકારશે? આ જ વિચારતાં વિચારતાં મેં ભક્તિભાવથી પુનઃ શ્રીહરિનું સ્મરણ કર્યું, જે સાક્ષાત્ શિવસ્વરૂપ તથા મારા શરીરના જન્મદાતા છે. મેં દીન વચનોથી યુક્ત શુભ સ્તોત્રો દ્વારા એમની સ્તુતિ કરી. એ સ્તુતિને સાંભળીને ભગવાન શીઘ્ર જ મારી સામે પ્રગટ થઈ ગયા. એમને ચાર ભુજાઓ શોભતી હતી. નેત્ર પ્રફુલ્લ કમળની જેમ શોભતાં હતાં. એમણે હાથમાં શંખ, ચક્ર, ગદા અને પદ્મ ધારણ કરેલાં હતાં. એમના શ્યામ શરીર પર પીતાંબર શોભી રહ્યો હતો. તે ભગવાન શ્રીહરિ ભક્તપ્રિય છે – એમને પોતાના ભક્તો બહુ વહાલા-પ્યારા લાગે છે, સર્વના ઉત્તમ શરણદાતા એ શ્રીહરિને એ રૂપમાં જોઈને મારાં નેત્રોમાંથી પ્રેમાશ્રુઓની ધારા વહેવા માંડી અને હું ગદ્‌ગદ કંઠે વારંવાર એમની સ્તુતિ કરવા લાગ્યો. મારાં એ સ્તોત્રોને સાંભળીને પોતાના ભક્તોનાં દુઃખ દૂર કરનાર ભગવાન વિષ્ણુ બહુ પ્રસન્ન થયા અને શરણમાં આવેલ મને - બ્રહ્માને કહેવા લાગ્યા – 'હે મહાપ્રાજ્ઞ વિધાતઃ! લોકસ્રષ્ટા બ્રહ્મન્! તમે ધન્ય છો. એ બતાવો કે તમે કેમ આજે મારું સ્મરણ કર્યું છે, અને કયા નિમિત્તથી આ સ્તુતિ કરી રહ્યા છો? તમારા પર કયું મહાન દુઃખ આવી પડ્યું છે? એ મને આ સમયે કહો. હું એ બધાં દુઃખ મટાડી દઈશ. એ વિષયમાં કોઈ સંદેહ અથવા અન્યથા વિચાર કરવો ન જોઈએ.'

ત્યારે બ્રહ્માજીએ આખો પ્રસંગ સંભળાવીને કહ્યું, 'હે કેશવ! જો ભગવાન શિવ કોઈ પણ રીતે પત્નીને ગ્રહણ કરે તો હું સુખી થઈ જઈશ, મારા અંતઃકરણનાં બધાં દુઃખ દૂર થઈ જશે. આટલા જ માટે હું આપને શરણે આવ્યો છું.'

મારી આ વાત સાંભળીને ભગવાન મધુસૂદન હસી પડ્યા અને મને - લોકસ્રષ્ટાને - મારો હર્ષ વધારતાં વધારતાં મને શીઘ્ર જ આમ કહ્યું – 'હે વિધાતઃ! તમે મારાં વચન સાંભળો. આ તમારા ભ્રમનું નિવારણ કરવાવાળાં છે. મારું વચન જે વેદ-શાસ્ત્ર આદિનો વાસ્તવિક સિદ્ધાંત છે. શિવ જ સર્વના કર્તા-ભર્તા (પાલક) અને હર્તા (સંહારક) છે. એ જ પરાત્પર છે. પરબ્રહ્મ, પરેશ, નિર્ગુણ, નિત્ય, અનિર્દેશ્ય, નિર્વિકાર, અદ્વિતીય, અચ્યુત, અનંત, સર્વનો અંત કરનાર, સ્વામી અને સર્વવ્યાપી પરમાત્મા અને પરમેશ્વર છે. સૃષ્ટિ, પાલન અને સંહારના કર્તા, ત્રણે ગુણોનો આશ્રય, વ્યાપક, બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ નામથી પ્રસિદ્ધ, રજોગુણ, સત્ત્વગુણ તથા તમોગુણની પાર, માયાથી જ ભેદયુક્ત પ્રતીત થનાર, નિરીહ, માયારહિત, માયાના સ્વામી અથવા પ્રેરક, ચતુર, સગુણ, સ્વતંત્ર, આત્માનંદસ્વરૂપ, નિર્વિકલ્પ, આત્મારામ, નિર્દ્વન્દ્વ, ભક્તપરવશ, સુંદર વિગ્રહથી સુશોભિત યોગી, નિત્ય યોગપરાયણ, યોગમાર્ગદર્શક, સર્વેશ્વર, લોકેશ્વર અને સદા દીનવત્સલ છે. તમે એમને જ શરણે જાઓ. સર્વાત્મના શંભુનું ભજન કરો એથી સંતુષ્ટ થઈને તે તમારું કલ્યાણ કરશે. હે બ્રહ્મન્! જો તમારા મનમાં એ વિચાર હોય કે શંકર પત્નીનું પાણિગ્રહણ કરે તો શિવાને પ્રસન્ન કરવાના ઉદ્દેશ્યથી શિવનું સ્મરણ કરતાં કરતાં

ઉત્તમ તપસ્યા કરો. પોતાના એ મનોરથને હૃદયમાં રાખીને દેવી શિવાનું ધ્યાન કરો. એ દેવેશ્વરી જો પ્રસન્ન થઈ જાય તો બધું કાર્ય સિદ્ધ થઈ જશે. જો શિવા સગુણરૂપે અવતાર ગ્રહણ કરીને લોકમાં કોઈની પુત્રી થઈને માનવ-શરીર ગ્રહણ કરે તો નિશ્ચય જ જાણજો કે તે મહાદેવની પત્ની થઈ શકે છે. હે બ્રહ્મન્! તમે દક્ષને આજ્ઞા આપો, એ ભગવાન શિવને માટે પત્નીનું ઉત્પાદન કરવા માટે નિમિત્તરૂપે સ્વતઃ ભક્તિભાવથી પ્રયત્નપૂર્વક તપસ્યા કરે. હે તાત! શિવા અને શિવ બંનેને ભક્તોને આધીન જાણવાં જોઈએ. તે નિર્ગુણ પરબ્રહ્મસ્વરૂપ હોવા છતાં પણ સ્વેચ્છાથી સગુણ થઈ જાય છે.

'હે વિધે! ભગવાન શિવની ઇચ્છાથી પ્રગટ થયેલા અમે બંનેએ એમને પ્રાર્થના કરી, ત્યારે પૂર્વકાળમાં ભગવાન શંકરે જે વાત કહી હતી તે યાદ કરો. હે બ્રહ્મન્! પોતાની શક્તિથી સુંદર લીલાવિહાર કરનારા નિર્ગુણ શિવે સ્વેચ્છાએ સગુણ થઈને મને અને તમને પ્રગટ કર્યા પછી તમને તો સૃષ્ટિ-કાર્ય કરવાનો આદેશ આપ્યો અને ઉમાસહિત એ અવિનાશી સૃષ્ટિકર્તા પ્રભુએ મને એ સૃષ્ટિના પાલનનું કાર્ય સોંપ્યું. પછી વિવિધ લીલા-વિશારદ એ દયાળુ સ્વામીએ હસીને આકાશ તરફ જોઈને બહુ પ્રેમથી કહ્યું – 'હે વિષ્ણો! મારું ઉત્કૃષ્ટ રૂપ આ વિધાતાના અંગથી આ લોકમાં પ્રગટ થશે, જેનું નામ રુદ્ર હશે. રુદ્રનું રૂપ એવું જ હશે જેવું મારું છે. એ મારું પૂર્ણરૂપ હશે, તમારે બંનેએ સદા એની પૂજા કરવી જોઈએ. એ તમારા બંનેની સંપૂર્ણ મનઃકામનાઓની સિદ્ધિ કરનાર થશે. એ જગતનો પ્રલય કરનાર થશે - એ સમસ્ત ગુણોનો દ્રષ્ટા, નિર્વિશેષ અને ઉત્તમ યોગનો પાલક હશે. જોકે ત્રણે દેવતાઓ મારાં જ રૂપ છે તેમ છતાં વિશેષતઃ રુદ્ર મારું પૂર્ણરૂપ હશે. હે પુત્રો! દેવી ઉમાનાં પણ ત્રણ રૂપ થશે. એક રૂપનું નામ લક્ષ્મી હશે, જે આ શ્રીહરિની પત્ની થશે. બીજું રૂપ બ્રહ્મપત્ની સરસ્વતી છે. ત્રીજું રૂપ સતીના નામથી પ્રસિદ્ધ થશે. સતી ઉમાનું પૂર્ણરૂપ હશે. એ જ ભાવિ રુદ્રની પત્ની થશે!

આવું કહીને ભગવાન મહેશ્વર અમારા પર કૃપા કરીને પછી ત્યાંથી અંતર્ધાન થઈ ગયા. અમે બંને સુખપૂર્વક પોતપોતાને કાર્ય વળગ્યા. હે બ્રહ્મન્! સમય મેળવીને મેં અને તમે બંને સપત્નીક થઈ ગયા અને સાક્ષાત્ ભગવાન શંકર રુદ્રનામથી અવતીર્ણ થયા. તે આ સમયે કૈલાસ પર્વત પર નિવાસ કરે છે. હે પ્રજેશ્વર! હવે શિવા પણ સતી નામથી અવતીર્ણ થનાર છે. એટલે તમે એમના ઉત્પાદન માટે જ યત્ન કરવા લાગો.'

આવું કહીને મુજ પર બહુ મોટી દયા કરીને ભગવાન વિષ્ણુ અંતર્ધાન થઈ ગયા અને મને એમની વાતો સાંભળી બહુ આનંદ પ્રાપ્ત થયો.

(અધ્યાય ૯-૧૦)

*

દક્ષની તપસ્યા અને દેવી શિવાનું એમને વરદાન દેવું

નારદજીએ પૂછ્યું—હે પૂજ્ય પિતાજી! દૃઢતાપૂર્વક ઉત્તમ વ્રતનું પાલન કરનાર દક્ષે તપસ્યા કરીને દેવી પાસેથી કયું વરદાન પ્રાપ્ત કર્યું તથા એ દેવી કેવી રીતે દક્ષની કન્યા થઈ?

બ્રહ્માજીએ કહ્યું—હે નારદ! તમે ધન્ય છો. આ બધા મુનિઓની સાથે ભક્તિપૂર્વક આ પ્રસંગને સાંભળો. મારી આજ્ઞા મેળવીને ઉત્તમ બુદ્ધિવાળા મહાપ્રજાપતિ દક્ષે ક્ષીરસાગરના ઉત્તર તટ પર સ્થિત થઈને જગદમ્બિકાને પુત્રીરૂપે પ્રાપ્ત કરવાની ઇચ્છા અને એમનાં દર્શનની કામના લઈને એમને હૃદયમંદિરમાં બિરાજમાન કરીને તપસ્યાનો પ્રારંભ કર્યો. દક્ષે મનને સંયમમાં રાખીને દૃઢતાપૂર્વક કઠોર વ્રતનું પાલન કરતાં કરતાં શૌચ-સંતોષ આદિ નિયમોથી યુક્ત થઈને ત્રણ હજાર દિવ્ય વર્ષો સુધી તપ કર્યું. તે ક્યારેક પાણી પીને જ રહેતા, ક્યારેક માત્ર હવા જ લેતા અને ક્યારેક ઉપવાસ કરતા હતા. ભોજનના નામે ક્યારેક સૂકાં પાંદડાં ચાવી જતા.

હે મુનિશ્રેષ્ઠ નારદ! ત્યારપછી યમ-નિયમ આદિથી યુક્ત થઈને જગદંબાની પૂજામાં લાગ્યા રહેતા, એવા દક્ષને દેવી શિવાએ પ્રત્યક્ષ દર્શન દીધાં. જગન્મયી જગદંબાનું પ્રત્યક્ષ દર્શન પામીને દક્ષે પોતાને કૃતકૃત્ય માન્યા. એ કાલિકા દેવી સિંહ પર આરૂઢ હતાં. એમની અંગકાંતિ શ્યામ હતી. મુખ ખૂબ જ મનોહર હતું. એમને ચાર ભુજાઓ હતી, હાથમાં વરદ, અભય, નીલ કમલ અને ખડ્ગ ધારણ કરેલાં હતાં. એમની મૂર્તિ બહુ જ મનોહારિણી હતી. નેત્ર થોડાં લાલ હતાં. ખુલ્લા કેશ બહુ સુંદર દેખાતા હતા. ઉત્તમ પ્રભાથી પ્રકાશિત થનારાં એ જગદંબાને સારી રીતે પ્રણામ કરીને દક્ષ વિચિત્ર વચનાવલિઓ દ્વારા એમની સ્તુતિ કરવા લાગ્યા.

દક્ષે કહ્યું—હે જગદંબે! હે મહામાયે! હે મહેશ્વરિ! આપને નમસ્કાર હો. આપે કૃપા કરીને મને આપનાં સ્વરૂપનાં દર્શન કરાવ્યાં છે. હે ભગવતિ! હે આદ્યે! મારા પર પ્રસન્ન થાઓ. હે શિવરૂપિણિ! પ્રસન્ન થાઓ. જગન્માયે! આપને મારા નમસ્કાર હો."

બ્રહ્માજી કહે છે—હે મુને! સંયત ચિત્તવાળા દક્ષની આ પ્રકારની સ્તુતિ કરવાથી મહેશ્વરિ શિવાએ સ્વયં જ એમના અભિપ્રાયને જાણી લીધો છતાં પણ દક્ષને આ પ્રમાણે કહ્યું – 'હે દક્ષ! તમારી આ ઉત્તમ ભક્તિથી હું બહુ જ સંતુષ્ટ છું. તમે તમારું મનોવાંછિત વરદાન માગો. તમારે માટે હું કશુંય અદેય જોતી નથી'

જગદંબાની આ વાત સાંભળીને પ્રજાપતિ દક્ષ ખૂબ જ પ્રસન્ન થયા અને એ શિવાને

---

* પ્રસીદ ભગવત્યાદ્યે પ્રસીદ શિવરૂપિણિ। પ્રસીદ ભક્તવરદે જગન્માયે નમોઽસ્તુ તે।
(શિવપુરાણ સં. સ. ખં. ૧૨/૧૪)

વારંવાર પ્રણામ કરતાં બોલ્યા –

દક્ષે કહ્યું—હે જગદંબ! હે મહામાયે! જો તમે મને વરદાન દેવા તૈયાર થયાં હો તો મારી વાત સાંભળો અને પ્રસન્નતાપૂર્વક મારી ઇચ્છા પૂર્ણ કરો. મારા સ્વામી જે ભગવાન શિવ છે, ને રુદ્ર-નામ ધારણ કરીને બ્રહ્માજીને ત્યાં પુત્રરૂપે અવતીર્ણ થયા છે. તે પરમાત્મા શિવના પૂર્ણાવતાર છે. પરંતુ તમારો કોઈ અવતાર થયો નથી. પછી એમની પત્ની કોણ થશે? માટે હે શિવે! તમે ભૂતલ પર અવતીર્ણ થઈને એ મહેશ્વરને તમારા પોતાના રૂપલાવણ્યથી મોહિત કરો. હે દેવી! તમારા સિવાય બીજી કોઈ સ્ત્રી રુદ્રદેવને ક્યારેય મોહિત કરી શકશે નહિ. તેથી તમે મારી પુત્રી થઈને આ સમયે મહાદેવજીનાં પત્ની બનો. આ રીતે સુંદર લીલા કરીને તમે હરમોહિની (ભગવાન શિવને મોહિત કરનારાં) બનો. હે દેવી! આ જ મારું વરદાન છે એ જ તમે મને આપો. આ કેવળ મારા જ સ્વાર્થની વાત હોય એવું ન વિચારવું જોઈએ. આમાં મારી સાથે સંપૂર્ણ જગતનું પણ હિત સમાયેલું છે. બ્રહ્મા, વિષ્ણુ અને શિવમાંથી બ્રહ્માજીની પ્રેરણાથી હું અહીં આવ્યો છું.

પ્રજાપતિ દક્ષનું આ વચન સાંભળીને જગદંબિકા શિવા હસી પડ્યાં અને મનમાં ને મનમાં જ ભગવાન શિવનું સ્મરણ કરીને આ રીતે બોલ્યાં.

દેવીએ કહ્યું—હે તાત! હે પ્રજાપતે! હે દક્ષ! મારી ઉત્તમ વાત સાંભળો. હું સત્ય કહું છું, તમારી ભક્તિથી અત્યંત પ્રસન્ન થઈને તમને સંપૂર્ણ મનોવાંછિત વસ્તુ આપવા માટે હું તૈયાર છું. હે દક્ષ! યદ્યપિ હું મહેશ્વરી છું તેમ છતાં તમારી ભક્તિને આધીન થઈને તમારી પત્નીના ગર્ભથી તમારી પુત્રીરૂપે અવતીર્ણ થઈશ, એમાં સંશય નથી. હે અનઘ! (પાપરહિત) હું અત્યંત દુસ્સહ તપસ્યા કરીને એવો પ્રયત્ન કરીશ જેથી મહાદેવજી પાસેથી વરદાન મેળવીને એમની પત્ની બની જાઉં. આ સિવાય બીજા કોઈ ઉપાયથી કાર્ય સિદ્ધ નહીં થઈ શકે. કેમકે, ભગવાન સદાશિવ સર્વથા નિર્વિકાર છે, બ્રહ્મા અને વિષ્ણુના પણ આરાધ્ય-સેવ્ય છે તથા નિત્ય પરિપૂર્ણરૂપે જ છે. હું સદા એમની દાસી અને પ્રિયા છું. પ્રત્યેક જન્મમાં તે વિવિધરૂપધારી શંભુ જ મારા સ્વામી હોય છે. ભગવાન સદાશિવે પોતે આપેલા વરદાનના પ્રભાવથી બ્રહ્માજીની ભ્રૂકુટિથી રુદ્રરૂપે અવતીર્ણ થયા છે. હું પણ એમના વરદાનથી એમની આજ્ઞા અનુસાર અહીં અવતાર લઈશ. હે તાત! હવે તમે તમારે ઘેર જાઓ. આ કાર્યમાં જે મારી દૂતી અથવા સહાયક હશે એને મેં જાણી લીધી છે. હવે શીઘ્ર જ હું તમારી પુત્રી થઈને મહાદેવજીની પત્ની બનીશ.

દક્ષને આ ઉત્તમ વચન કહીને મનમાં ને મનમાં જ શિવની આજ્ઞા પ્રાપ્ત કરીને દેવી શિવાએ શિવનાં ચરણારવિંદોનું ચિંતન કરતાં ફરી કહ્યું – 'હે પ્રજાપતે! પરંતુ મારું એક પ્રણ છે, એને તમારે સદા ધ્યાનમાં રાખવું જોઈએ. હું એ પ્રણ સંભળાવી દઉં છું... તમે એને સત્ય સમજો, મિથ્યા ન માનો. ક્યારેક પણ, કોઈ વખતે મારા પ્રતિ તમારો આદર ઘટી જશે તો એ જ વખતે હું મારા શરીરનો ત્યાગ કરીશ, અને પોતાના સ્વરૂપમાં લીન થઈ જઈશ. મારું આ કથન સત્ય છે. હે પ્રજાપતે! પ્રત્યેક સર્ગ અથવા કલ્પને માટે તમને આ વરદાન આપી દીધું છે – હું તમારી પુત્રી થઈને ભગવાન

શિવની પત્ની થઈશ.'

મુખ્ય પ્રજાપતિ દક્ષને આવું કહીને મહેશ્વરી શિવા એમની સામે જોતજોતામાં ત્યાં જ અંતર્ધાન થઈ ગયા. દુર્ગાજીના અંતર્ધાન થયા પછી દક્ષ પણ પોતાના આશ્રમે પાછા ફર્યા અને એમ વિચારીને પ્રસન્ન રહેવા લાગ્યા કે દેવી શિવા મારી પુત્રી થવાનાં છે.

(અધ્યાય ૧૧-૧૨)

*

બ્રહ્માજીની આજ્ઞાથી દક્ષ દ્વારા મૈથુની સૃષ્ટિનો આરંભ, પોતાના પુત્ર હર્યશ્વો અને શબલાશ્વોને નિવૃત્તિમાર્ગમાં મોકલવાને કારણે દક્ષનો નારદજીને શાપ આપવો

બ્રહ્માજી કહે છે—હે નારદ! પ્રજાપતિ દક્ષ પોતાને આશ્રમે જઈને મારી આજ્ઞા મેળવીને હર્ષથી ભરેલા મન વડે વિવિધ પ્રકારની માનસિક સૃષ્ટિ કરવા લાગ્યા. એ પ્રજાસૃષ્ટિને વધતી ન ભાળીને પ્રજાપતિ દક્ષે પોતાના પિતા એટલે મને બ્રહ્માજીને કહ્યું.

દક્ષ બોલ્યા—હે બ્રહ્મન્! હે તાત! હે પ્રજાનાથ! પ્રજા વધતી નથી જતી. હે પ્રભો! મેં જેટલા જીવોની સૃષ્ટિ કરી હતી, એ બધા એટલા ને એટલા જ રહી ગયા છે. હે પ્રજાનાથ! હું શું કરું? જે ઉપાયથી આ જીવ સ્વયં આપોઆપ વધવા માંડે, એ મને બતાવો. તે પ્રમાણે હું પ્રજાની સૃષ્ટિ કરીશ, એમાં સંશય નથી.

બ્રહ્માજી (મેં) એ કહ્યું—હે તાત! હે પ્રજાપતે દક્ષ! મારી ઉત્તમ વાત સાંભળો અને એ પ્રમાણે કાર્ય કરો. સુરશ્રેષ્ઠ ભગવાન શિવ તમારું કલ્યાણ કરશે. હે પ્રજેશ! પ્રજાપતિ પંચજન (વીરણ)ની જે પરમ સુંદરી પુત્રી અસિન્કી છે, એને તમે પત્નીરૂપે ગ્રહણ કરો. સ્ત્રી સાથે મૈથુન-ધર્મનો આશ્રય લઈને તમે પુનઃ આ પ્રજાસર્ગને વધારો. અસિન્કી-જેવી કામિનીના ગર્ભથી ઘણાં સંતાનો ઉત્પન્ન કરી શકશો.

ત્યાર પછી મૈથુન-ધર્મથી પ્રજાની ઉત્પત્તિ કરવાના હેતુથી પ્રજાપતિ દક્ષે મારી આજ્ઞા અનુસાર વીરણ પ્રજાપતિની પુત્રી સાથે વિવાહ કર્યો. પોતાની પત્ની વીરિણીના ગર્ભથી પ્રજાપતિ દક્ષને દશ હજાર પુત્ર ઉત્પન્ન થયા, જે હર્યશ્વ કહેવાયા. હે મુને! એ બધા જ પુત્રો સમાન ધર્મનું આચરણ કરવાવાળા થયા. પિતાની ભક્તિમાં તત્પર રહીને તે સદા વૈદિક માર્ગ પર જ ચાલતા હતા. એક વખત પિતાએ એમને પ્રજાની સૃષ્ટિ કરવાનો આદેશ આપ્યો. હે તાત! ત્યારે તે બધા દાક્ષાયણ નામધારી પુત્ર સૃષ્ટિના ઉદ્દેશ્યથી તપસ્યા કરવા માટે પશ્ચિમ દિશા તરફ ગયા. ત્યાં નારાયણ-સર નામક પરમ પાવન તીર્થ છે, જ્યાં દિવ્ય સિન્ધુ નદી અને સમુદ્રનો સંગમ થયેલો છે. એ તીર્થજળનો જ નિકટથી સ્પર્શ કરતાં એમનું અંતઃકરણ શુદ્ધ અને જ્ઞાનથી સંપન્ન થઈ ગયું. એમની આંતરિક મલરાશિ ધોવાઈ ગઈ અને પરમહંસ-ધર્મમાં સ્થિત થઈ ગયા. દક્ષના બધા જ પુત્રો પિતાના આદેશથી બદ્ધ હતા. તેથી મનને સુસ્થિર કરીને પ્રજાની વૃદ્ધિ માટે ત્યાં તપ કરવા લાગ્યા. તેઓ બધા

સત્પુરુષોમાં શ્રેષ્ઠ હતા.

હે નારદ! જ્યારે તમને ખબર પડી કે હર્યશ્વગણ સૃષ્ટિને માટે તપસ્યા કરી રહ્યા છે, ત્યારે ભગવાન લક્ષ્મીપતિના હાર્દિક અભિપ્રાયને જાણીને તમે પોતે એમની પાસે ગયા, અને આદરપૂર્વક આમ બોલ્યા – 'હે દક્ષપુત્ર હર્યશ્વગણ! તમે લોકો પૃથ્વીનો અંત જોયા વગર સૃષ્ટિ-રચના કરવા માટે કેવી રીતે તૈયાર થઈ ગયા?'

બ્રહ્માજી કહે છે—હે નારદ! હર્યશ્વ આળસથી દૂર રહેનાર હતા અને જન્મથી જ બહુ બુદ્ધિમાન હતા. તે બધા તમારા ઉપર્યુક્ત કથનને સાંભળીને એના પર વિચાર કરવા લાગ્યા. એમણે એ વિચાર કર્યો કે 'જે ઉત્તમ શાસ્ત્રરૂપી પિતાના નિવૃત્તિપરક આદેશને નથી સમજતા એ કેવળ રજ આદિ ગુણો પર વિશ્વાસ કરવાવાળા પુરુષ સૃષ્ટિનિર્માણનું કાર્ય કેવી રીતે આરંભ કરી શકે છે?' એવો નિશ્ચય કરીને તે ઉત્તમ બુદ્ધિ અને એકલા, ચિત્તવાળા દક્ષકુમાર નારદને પ્રણામ અને એમની પરિક્રમા કરીને એવા પથ પર ચાલ્યા ગયા, જ્યાં જઈને કોઈ પરત આવતું નથી. હે નારદ! તમે ભગવાન શંકરનું મન છો અને હે મુને! તમે સમસ્ત લોકોમાં એકલા જ વિચર્યા કરો છો. તમારા મનમાં કોઈ વિકાર નથી, કેમકે, તમે સદા મહેશ્વરની મનોવૃત્તિ અનુસાર જ કાર્ય કરો છો, જ્યારે બહુ વખત વીતી ગયો ત્યારે મારા પુત્ર પ્રજાપતિ દક્ષને એ ખબર પડી કે મારા બધા પુત્રો નારદની શિક્ષા મેળવીને નષ્ટ થઈ ગયા છે (મારા હાથથી નીકળી ગયા છે). આથી તેમને બહુ દુઃખ થયું. એ વારંવાર કહેવા લાગ્યા – ઉત્તમ સંતાનોના પિતા થવું શોકનું જ સ્થાન છે, (કેમકે, શ્રેષ્ઠ પુત્રોનો વિયોગ થવાથી પિતાને બહુ કષ્ટ થાય છે, શિવની માયાથી મોહિત હોવાને કારણે દક્ષને પુત્રવિયોગને કારણે બહુ શોક થવા લાગ્યો - ત્યારે જઈને પોતાના પુત્ર દક્ષને બહુ પ્રેમથી સમજાવ્યો અને સાંત્વના આપી - દૈવનું વિધાન પ્રબળ હોય છે - વગેરે વાતો કરીને એમના મનને શાંત કર્યું. મારી સાંત્વના પછી દક્ષે પુનઃ પંચજનકન્યા અસિક્નીના ગર્ભથી શબલાશ્વ નામના એક હજાર પુત્ર ઉત્પન્ન કર્યા - પિતાનો આદેશ મેળવીને તે પુત્રો પણ પ્રજાસૃષ્ટિ માટે દૃઢતાપૂર્વક પ્રતિજ્ઞાપાલનનો નિયમ લઈને એ જ સ્થાન પર ગયા, જ્યાં એમને સિદ્ધિથી પ્રાપ્ત થયેલા મોટા ભાઈ ગયા હતા. નારાયણ સરોવરના જળના સ્પર્શ માત્રથી એમનાં બધાં પાપ નષ્ટ થઈ ગયાં, અંતઃકરણમાં શુદ્ધતા આવી ગઈ અને એ ઉત્તમ વ્રતના પાલક શબલાશ્વ બ્રહ્મ (પ્રણવ)નો જપ કરતાં કરતાં ત્યાં બહુ ભારે તપસ્યા કરવા લાગ્યા. એમને પ્રજાસૃષ્ટિ માટે તૈયાર થયેલા જાણી તમે પુનઃ પહેલાંની જેમ જ ઈશ્વરીય ગતિનું સ્મરણ કરતાં કરતાં એમની પાસે ગયા અને એ જ વાત કરવા લાગ્યા, જે એમણે પહેલાં એમના ભાઈઓને પહેલાં કહી હતી – હે મુને! તમારું દર્શન અમોઘ છે, એટલા માટે તમે એમને પણ ભાઈઓનો જ માર્ગ બતાવ્યો. તેથી એ ભાઈઓના જ માર્ગનું અનુસરણ કરીને ભાઈઓના જ પથ પર ઊર્ધ્વગતિને પ્રાપ્ત થયા. એ જ વખતે પ્રજાપતિ દક્ષને બહુ ઉત્પાત દેખાવા લાગ્યા. એથી મારા પુત્ર દક્ષને બહુ વિસ્મય થયો અને એ મનોમન દુઃખી થઈ ગયા. પછી એમણે પૂર્વવત્ તમારાં જ કરતૂતથી પોતાના પુત્રોનો નાશ થયો એવું સાંભળી, આથી એમને બહુ

આશ્ચર્ય થયું. એ પુત્રશોકથી મૂર્ચ્છિત થઈ ગયા અને અત્યંત કષ્ટનો અનુભવ કરવા લાગ્યા. પછી દક્ષે તમારા પર બહુ મોટો ક્રોધ કર્યો અને કહ્યું – 'આ નારદ બહુ દુષ્ટ છે.' દૈવવશ એ જ સમયે તમે દક્ષ ઉપર અનુગ્રહ કરવાને માટે ત્યાં આવી પહોંચ્યા. તમને જેતાં જ શોકાવેશથી યુક્ત થયેલા દક્ષના હોઠ ફફડવા લાગ્યા. તમને સામે જોઈને એ ધિક્કારવા અને નિંદા કરવા લાગ્યા.

દક્ષે કહ્યું—ઓ નીચ! તેં આ શું કર્યું? તમે જૂઠ-મૂઠ સાધુઓનો વેશ રાખ્યો છે. એ દ્વારા ઠગીને અમારાં ભોળાંભાળાં બાળકોને જે તેં

ભિક્ષુકોનો માર્ગ બતાવ્યો છે, એ સારું કર્યું નથી. તું નિર્દય અને શઠ છે. એટલે જ તેં અમારાં આ બાળકોને, જે અત્યારે ઋષિઋણ,[1] દેવઋણ[2] અને પિતૃઋણ[3]થી મુક્ત થઈ શક્યા નથી, લોક-પરલોક બંનેના શ્રેયનો નાશ કરી દીધો. જે પુરુષ આ ત્રણ ઋણ (દેવું)ને ઉતાર્યા વિના જ મોક્ષની ઇચ્છા મનમાં રાખીને માતા-પિતાને છોડીને ઘરથી નીકળી જાય - સંન્યાસી થઈ જાય છે, તે અધોગતિને પામે છે. તું બહુ નિર્લજ્જ અને નિર્દય છે. બાળકોની બુદ્ધિમાં ભેદ ઉત્પન્ન કરનાર છે અને સ્વયંના સુયશને જાતે જ નષ્ટ કરી રહ્યો છે. હે મૂઢમતે! તું ભગવાન વિષ્ણુના પાર્ષદોમાં વ્યર્થ જ ઘૂમ્યા-ફર્યા કરે છે. હે અધમાધમ! તેં વારંવાર મારું અમંગલ કર્યું છે. તેથી આજથી ત્રણે લોકમાં વિચરતાં રહીને તારો પગ ક્યાંય સ્થિર નહીં રહે અથવા કોઈ પણ સ્થળે તમને રહેવા માટે સુસ્થિર ઠોર-ઠેકાણું નહીં મળે.'

હે નારદ! જોકે તમે સાધુપુરુષો દ્વારા સન્માનિત છો, તેમ છતાં એ સમયે દક્ષે શોકવશ તમને એવો શાપ આપી દીધો. તે ઈશ્વરની ઇચ્છાને સમજી ન શક્યા. શિવની માયાએ એમને અત્યંત મોહિત કરી દીધા હતા. હે મુને! તમે એ શાપને ચૂપચાપ ગ્રહણ કરી લીધો અને સ્વયંના ચિત્તમાં વિકાર ન આવવા દીધો. આ જ બ્રહ્મભાવ છે. ઈશ્વરકોટિના મહાત્મા પુરુષ સ્વયં શાપનું નિવારણ કરી દેવામાં સમર્થ હોવા છતાં પણ એને સહન કરી લે છે.

(અધ્યાય ૧૩)

*

૧—૩ બ્રહ્મચર્યપાલનપૂર્વક વેદશાસ્ત્રોના સ્વાધ્યાયથી ઋષિ-ઋણ, યજ્ઞ અને પૂજા વગેરેથી દેવઋણ અને પુત્ર-ઉત્પાદનથી પિતૃઋણનું નિવારણ થાય છે.

દક્ષની સાઠ કન્યાઓનો વિવાહ, દક્ષ અને વીરિણીને ત્યાં દેવી શિવાનો અવતાર, દક્ષ દ્વારા એમની સ્તુતિ અને સતીના સદ્‌ગુણો અને ચેષ્ટાઓથી માતાપિતાની પ્રસન્નતા

બ્રહ્માજી કહે છે—હે દેવર્ષે! આ જ સમયે દક્ષના આ વર્તાવને જોઈ-જાણીને હું પણ ત્યાં જઈ પહોંચ્યો અને પૂર્વવત્ એમને શાંત કરવા અને સાંત્વના દેવા માંડ્યો. તમારી પ્રસન્નતા વધારતાં મેં દક્ષની સાથે તમારો સુંદર સ્નેહ સંબંધી સ્થાપિત કરાવી દીધો. તમે મારા પુત્ર છો, મુનિઓમાં શ્રેષ્ઠ અને સંપૂર્ણ દેવોના પ્રિય છો. એટલે બહુ પ્રેમથી તમને આશ્વાસન દઈને હું પુનઃ મારે સ્થાને આવી ગયો. ત્યારપછી પ્રજાપતિ દક્ષે મારા અનુનયને અનુસાર પોતાની પત્નીના ગર્ભથી સાઠ સુંદર કન્યાઓને જન્મ આપ્યો અને આળસ વગર ધર્મ વગેરે સાથે એ બધાંનો વિવાહ કરી દીધો. હે મુનીશ્વર! હું એ પ્રસંગને ખૂબ જ પ્રેમપૂર્વક કહી રહ્યો છું, તમે સાંભળો. હે મુને! દક્ષે પોતાની દશ કન્યા વિધિપૂર્વક ધર્મ સાથે પરણાવી, તેર કન્યાઓ કશ્યપ મુનિને આપી દીધી અને સત્યાવીશ કન્યાઓનાં લગ્ન ચંદ્રમા સાથે કરી દીધાં. ભૂત (અથવા બહુપુત્ર), અંગિરા અને કૃશાશ્વને એમણે બબ્બે કન્યાઓ આપી અને બાકીની ચાર કન્યાઓનો વિવાહ તાર્ક્ષ્ય (અથવા અરિષ્ટનેમિ)ની સાથે કરી દીધો. આ સર્વની સંતાન પરંપરાથી ત્રણે લોકો ભરેલા પડ્યા છે. તેથી વિસ્તાર-ભયથી એમનું વર્ણન નથી કરી શકાતું. કોઈ કોઈ લોકો શિવા અથવા સતીને દક્ષની જ્યેષ્ઠ (મોટી) પુત્રી કહે છે. બીજા લોકો એને વચલી પુત્ર કહે છે અને કેટલાક લોકો એને સૌથી નાની કન્યા માને છે. કલ્પભેદથી આ ત્રણે મતો સાચા છે. ઠીક છે. પુત્ર અને પુત્રીઓની ઉત્પત્તિ પછી પત્નીસહિત પ્રજાપતિએ બહુ પ્રેમથી મનમાં ને મનમાં જગદંબિકાનું ધ્યાન કર્યું. સાથે જ ગદ્‌ગદ વાણીથી પ્રેમપૂર્વક એમની સ્તુતિ પણ કરી. વારંવાર હાથની અંજલિ કરીને નમસ્કાર કરીને

તે વિનીત ભાવથી દેવીને મસ્તક નમાવતા હતા. આથી દેવી શિવા સંતુષ્ટ થઈ ગયાં અને એમણે પોતાના વરદાનની પૂર્તિ માટે મનમાં ને મનમાં જ એ વિચાર કર્યો કે હવે હું વીરિણીના ગર્ભથી અવતાર લઉં. આવો વિચાર કરીને તે જગદંબા દક્ષના હૃદયમાં નિવાસ કરવા લાગ્યાં. હે મુનિશ્રેષ્ઠ! એ વખતે વૃક્ષની શોભા વધી ગઈ

હતી. પછી ઉત્તમ મુહૂર્ત જોઈને દક્ષે પોતાની પત્નીમાં પ્રસન્નતાપૂર્વક ગર્ભાધાન કર્યું. ત્યારે દયાળુ શિવા દક્ષ-પત્નીના ચિત્તમાં નિવાસ કરવા લાગ્યાં. એમનામાં ગર્ભધારણનાં બધાં જ ચિહ્નો પ્રગટ થઈ ગયાં. હે તાત! એ અવસ્થામાં વીરિણીની શોભા વધી ગઈ, અને એના ચિત્તમાં અધિક હર્ષ છવાઈ ગયો. ભગવતી શિવાના નિવાસના પ્રભાવથી વીરિણી મહામંગલરૂપિણી થઈ ગઈ. દક્ષે પોતાના કુલ-સંપ્રદાય, વેદજ્ઞાન અને હાર્દિક ઉત્સાહ પ્રમાણે પ્રસન્નતાપૂર્વક પુંસવન વગેરે સંસ્કારસંબંધી શ્રેષ્ઠ ક્રિયાઓ સંપન્ન કરી. એ કર્મોના અનુષ્ઠાન સમયે મહાન ઉત્સવ થયો. પ્રજાપતિએ બ્રાહ્મણોને એમની ઇચ્છા અનુસાર ધન આપ્યું.

આ અવસર પર વીરિણીના ગર્ભમાં દેવીનો નિવાસ થયો છે એવું જાણીને શ્રીવિષ્ણુ વગેરે સર્વ દેવતાઓને ખૂબ જ પ્રસન્નતા થઈ. એ સૌએ ત્યાં જઈને જગદંબાની સ્તુતિ કરી અને સમસ્ત લોકોનો ઉપકાર કરનારી દેવી શિવાને વારંવાર પ્રણામ કર્યા. એ સર્વ દેવતા પ્રસન્નચિત્ત થઈને દક્ષ પ્રજાપતિ અને વીરિણીની ભારે પ્રશંસા કરીને પોતપોતાને સ્થાને જતા રહ્યા. હે નારદ! જ્યારે નવ મહિના વીતી ગયા, ત્યારે લૌકિક ગતિનો નિર્વાહ કરાવીને દશમો મહિનો પૂર્ણ થયો ત્યારે ચંદ્રમા વગેરે ગ્રહો તથા તારાઓની અનુકૂળતાથી યુક્ત સુખદ મુહૂર્તમાં દેવી શિવા શીઘ્ર જ પોતાની માતા સામે પ્રગટ થઈ ગયાં. એમના અવતાર લેતાંની સાથે જ પ્રજાપતિ દક્ષ બહુ પ્રસન્ન થયા અને એમને મહાન તેજથી દેદીપ્યમાન જોઈને એમના મનમાં એ વિશ્વાસ થઈ ગયો કે સાક્ષાત્ શિવાદેવી જ મારી પુત્રીના રૂપે પ્રગટ થયાં છે. આ સમયે આકાશમાંથી ફૂલોની વર્ષા થવા લાગી અને મેઘ જળ વરસાવા લાગ્યા. હે મુનીશ્વર! સતીના જન્મ સાથે જ સંપૂર્ણ દિશાઓમાં તત્કાળ શાંતિ છવાઈ ગઈ. દેવતા આકાશમાં ઊભા રહીને માંગલિક વાજાં વગાડવા લાગ્યા. અગ્નિશાળાઓના હોલવાયેલો અગ્નિ આપોઆપ પ્રજ્વલિત થઈ ગયો. વીરિણીના ગર્ભથી સાક્ષાત્ જગદંબાને પ્રગટ થયેલાં જોઈ દક્ષે બંને હાથ જોડી નમસ્કાર કર્યા અને બહુ ભક્તિભાવથી એમની બહુ મોટી સુંદર સ્તુતિ કરી.

બુદ્ધિમાન દક્ષની સ્તુતિ થઈ ગઈ પછી જગન્માતા શિવા એ સમયે દક્ષને આ પ્રકારે કહેવા લાગ્યાં, એવી રીતે કહેવા લાગ્યાં કે માતા વીરિણી ન સાંભળી શકે.

દેવી બોલ્યાં—હે પ્રજાપતે! તમે પહેલાં પુત્રીરૂપે મને પ્રાપ્ત કરવા માટે મારી આરાધના કરી હતી, તે તમારો મનોરથ સિદ્ધ થઈ ગયો. હવે તમે એ તપસ્યાનું ફળ ગ્રહણ કરો.

એ સમયે દક્ષને આવું કહીને દેવીએ પોતાની માયાથી શિશુરૂપ ધારણ કરી લીધું અને શૈશવભાવ પ્રગટ કરતાં કરતાં ત્યાં તેમણે રડવું શરૂ કર્યું. એ બાલિકાનું રડવું સાંભળીને બધી સ્ત્રીઓ તથા દાસીઓ બહુ વેગથી પ્રસન્નતાપૂર્વક ત્યાં આવી પહોંચી. અસિન્કીની પુત્રીનું અલૌકિક રૂપ જોઈને એ બધી સ્ત્રીઓને બહુ જ હર્ષ થયો. નગરના સૌ જનો એ સમયે જય-જયકાર કરવા લાગ્યા. ગીત અને વાદ્યો સાથે બહુ મોટો ભારે ઉત્સવ થવા લાગ્યો. પુત્રીનું મનોહર મુખ જોઈને સૌને ખૂબ જ પ્રસન્નતા થઈ. દક્ષે વૈદિક અને કુલોચિત આચારનું વિધિપૂર્વક અનુષ્ઠાન કર્યું. બ્રાહ્મણોને દાન આપ્યું અને બીજાઓને પણ ધન વહેંચ્યું. બધી બાજુ યથોચિત ગાન અને નૃત્ય થવાં લાગ્યાં. વિવિધ પ્રકારનાં મંગલકૃત્યોની સાથે ઘણાં વાજાં વાગવા લાગ્યાં. એ સમયે દક્ષે

સમસ્ત સદ્‌ગુણોની સત્તાથી પ્રશંસિત થનારી પોતાની એ પુત્રીનું નામ પ્રસન્નતાપૂર્વક 'ઉમા' રાખ્યું. ત્યાર પછી સંસારમાં લોકો તરફથી એનાં બીજાં નામો પણ પ્રચલિત કરવામાં આવ્યાં, જે બધાં મહાન મંગલદાયક અને વિશેષતઃ સમસ્ત દુઃખોનો નાશ કરનારાં છે. વીરિણી અને મહાત્મા દક્ષ પોતાની પુત્રીનું પાલન કરવા લાગ્યાં અને એ શુક્લપક્ષની ચંદ્રકલાની જેમ દિવસે દિવસે મોટી થવા લાગી. હે દ્વિજશ્રેષ્ઠ! બાલ્યાવસ્થામાં ઉત્તમોત્તમ ગુણ એમાં એવી રીતે પ્રવેશવા લાગ્યા જેવી રીતે શુક્લપક્ષના બાળ ચંદ્રમામાં પણ સમસ્ત મનોહારિણી કલાઓ પ્રવિષ્ટ થઈ જાય છે. દક્ષ કન્યા સતી સખીઓ વચ્ચે બેઠી બેઠી જ્યારે પોતાના ભાવમાં નિમગ્ન થતી હતી, ત્યારે વારંવાર ભગવાન શિવની મૂર્તિનું ચિત્રણ કરવા લાગતી. મંગલમયી સતી જ્યારે બાલ્યોચિત સુંદર ગીત ગાતી ત્યારે સ્થાણુ, હર અને રુદ્ર નામ લઈને સ્મરશત્રુ શિવનું સ્મરણ કર્યા કરતી.

(અધ્યાય-૧૪)

*

સતીની તપસ્યાથી સંતુષ્ટ દેવતાઓનું કૈલાસમાં જવું, ભગવાન શિવનું સ્તવન કરવું

બ્રહ્માજી કહે છે—હે નારદ! એક દિવસ મેં તમારી સાથે જઈને પિતાની પાસે ઊભેલી સતીને જોઈ. એ ત્રણે લોકોની સારભૂતા સુંદરી હતી. એના પિતાએ મને નમસ્કાર કરીને તમારો પણ સત્કાર કર્યો. આ જોઈને લોક-લીલાનું અનુસરણ કરનારી સતીએ ભક્તિ અને પ્રસન્નતા સાથે મને અને તમને પ્રણામ કર્યા. હે નારદ! ત્યાર પછી સતી બાજી જોતાં જોતાં હું અને તમે દક્ષે આપેલા શુભ આસન પર બેઠા. ત્યાર પછી મેં એ વિનયશીલા બાલિકાને કહ્યું – 'હે સતી! જે કોઈ કેવળ તમને જ ચાહે છે અને તમારા મનમાં પણ એકમાત્ર જેમની કામના છે, એ જ સર્વજ્ઞ જગદીશ્વર મહાદેવજીને તમે પતિરૂપે પ્રાપ્ત કરો. હે શુભે! જે તમારા સિવાય બીજી કોઈ પણ સ્ત્રીને પત્નીરૂપે નથી ગ્રહણ કરી શકતા, ન કરે છે અને ભવિષ્યમાં પણ નહીં ગ્રહણ કરે એ ભગવાન શિવ તમારા પતિ થાઓ. એ જ તમારે યોગ્ય છે, બીજું કોઈ નહીં.'

હે નારદ! સતીને આવું કહીને હું દક્ષને ઘેર થોડી વાર રોકાયો, રહ્યો. પછી એમની પાસેથી વિદાય લઈને હું અને તમે બંને પોતપોતાના સ્થાને જતા રહ્યા. મારી વાતને સાંભળીને દક્ષને ખૂબ જ પ્રસન્નતા થઈ. એમની બધી માનસિક ચિંતા દૂર થઈ ગઈ અને એમણે એમની પુત્રીને પરમેશ્વરી સમજીને ખોળામાં લઈ લીધી. આ પ્રકારે કુમારોચિત લીલાવિહારોથી સુશોભિત થઈ રહેલી ભક્તવત્સલા સતી, જે સ્વેચ્છાએ માનવરૂપ ધારણ કરીને પ્રગટ થયાં હતાં, હવે કૌમાર અવસ્થા પાર કરી ગયાં. બાલ્યાવસ્થા વિતાવીને કિંચિત યુવાવસ્થાને પ્રાપ્ત થયેલી સતી અત્યંત તે જ અને શોભાથી સંપન્ન થઈ સંપૂર્ણ અંગોથી મનોહર દેખાવા લાગી હતી. લોકેશ દક્ષે જોયું કે સતીના શરીરમાં યુવાવસ્થાનાં લક્ષણો પ્રગટ થવા લાગ્યાં છે. ત્યારે એમના મનમાં ચિંતા થવા લાગી કે હું મહાદેવજીની સાથે આનો વિવાહ શી રીતે કરું? સતી સ્વયં

મહાદેવજીને પ્રાપ્ત કરવા પ્રતિદિન અભિલાષા રાખ્યા કરતી હતી. તેથી પિતાના મનોભાવોને સમજીને એ માતા પાસે ગઈ. વિશાળ બુદ્ધિવાળી સતીરૂપિણી પરમેશ્વરી શિવાએ પોતાની માતા વીરિણીને ભગવાન શંકરની પ્રસન્નતાને નિમિત્તે તપસ્યા કરવાની આજ્ઞા માગી. માતાની આજ્ઞા મળી ગઈ. તેથી દૃઢતાપૂર્વક વ્રતનું પાલન કરનારી સ્ત્રીએ મહેશ્વરને પતિરૂપે પ્રાપ્ત કરવા માટે પોતાને ઘેર રહીને જ એમની આરાધનાનો પ્રારંભ કર્યો.

આસો માસમાં નંદા (પ્રતિપદા, છઠ અને અગ્યારસ) તિથિઓમાં એમણે ભક્તિપૂર્વક ગોળ, ભાત અને મીઠું ચઢાવીને ભગવાન શિવનું પૂજન કર્યું અને એમને નમસ્કાર કરીને એ જ નિયમ સાથે એ માસ વ્યતીત કર્યો. કારતક માસની ચૌદશને દિવસે ગોઠવી રાખેલા માલપૂઆ અને ખીરથી પરમેશ્વર શિવની આરાધના કરીને તે નિરંતર એમનું ચિંતન કરવા લાગી. માગસર માસની વદનની આઠમે તલ, જવ અને ચોખાથી હરની પૂજા કરીને જ્યોતિર્મય દીપ પ્રગટાવીને અથવા આરતી કરીને સતી દિવસ પસાર કરી દેતી. પોસ માસમાં સુદ પક્ષની સાતમે રાત આખી જાગરણ કરીને પ્રાતઃકાળે ખીચડીનું નૈવેદ્ય ધરીને શિવની પૂજા કરતી. માઘ માસની પૂનમે રાત્રે જાગરણ કરીને સવારે નદીમાં સ્નાન કરીને ભીનાં વસ્ત્રો પહેરીને જ તટ પર બેસીને ભગવાન શિવની પૂજા કરતી. ફાગણ માસની વદ પક્ષની ચૌદશે રાત્રે જાગરણ કરીને એ રાત્રિએ ચારે પહોરોમાં શિવજીની વિશેષ પૂજા કરતી અને નટો દ્વારા નાટક પણ કરાવતી. ચૈત્ર માસના સુદ પક્ષની ચૌદશે તે દિવસ અને રાત શિવનું સ્મરણ કરીને સમય પસાર કરતી અને ઢાકનાં ફૂલો અને દવનોથી ભગવાન શિવની પૂજા કરતી હતી. વૈશાખ સુદની તૃતીયાએ સતી તલનો આહાર કરતી અને નવા જવનો ભાત બનાવી રુદ્રદેવની પૂજા કરીને એ આખો માસ પસાર કરતી. જેઠ માસની પૂર્ણિમાની રાત્રે સુંદર વસ્ત્ર અને ભટકૈયાનાં ફૂલોથી શંકર-ની પૂજા કરીને તે નિરાહાર રહીને જ તે માસ વ્યતીત કરતી. આષાઢ માસની સુદ ચૌદશે કાળું વસ્ત્ર અને ભટકૈયાનાં ફૂલોથી તે રુદ્રદેવનું પૂજન કરતાં હતાં. શ્રાવણ માસની સુદ આઠમે અને ચૌદશે તે જનોઈ, વસ્ત્ર અને કુશની પવિત્રીઓથી

શિવની પૂજા કર્યા કરતાં હતાં. ભાદરવાની વદ તેરશે વિવિધ પ્રકારનાં પુષ્પો અને ફળોથી શિવપૂજન થતું, અને સતી ચૌદશે કેવળ પાણી પીને રહેતાં, વિવિધ પ્રકારનાં ફળ, ફૂલ અને મૌસમી અનાજ દ્વારા શિવની પૂજન કરતાં. આખો માસ નિયમિત આહાર કરીને જપમાં લાગ્યાં રહેતાં. બધા જ માસમાં આખો દિવસ

સતી શિવની આરાધનામાં જ સંલગ્ન રહેતાં હતાં. પોતાની ઇચ્છાથી માનવરૂપ ધારણ કરનારાં એ દેવી દૃઢતાપૂર્વક ઉત્તમ વ્રતનું પાલન કરતાં. આ રીતે નંદાવ્રતને પૂર્ણરૂપે પૂરું કરીને ભગવાન શિવમાં અનન્ય ભાવ રાખનારાં સતી એકાગ્રચિત્ત થઈને ભગવાન શિવનું ધ્યાન કરવા લાગ્યાં અને એ જ ધ્યાનમાં નિશ્ચલભાવે એમની સ્થિતિ થઈ ગઈ.

હે મુને! આ વખતે બધા દેવતાઓ ભગવાન વિષ્ણુ અને મને (બ્રહ્માને) આગળ કરીને સતીની તપસ્યા જોવા લઈ ગયા - ત્યાં જઈને દેવતાઓએ જોયું કે સતી જાણે મૂર્તિમતી સિદ્ધિ જ જણાય છે. તે ભગવાન શિવના ધ્યાનમાં નિમગ્ન થઈ એ સમયે સિદ્ધાવસ્થાને પ્રાપ્ત થઈ ગયાં હતાં. બધા દેવતાઓએ ખૂબ જ પ્રસન્નતાપૂર્વક બંને હાથ જોડી સતીને નમસ્કાર કર્યા, મુનીઓએ પણ માથાં નમાવ્યાં અને શ્રીહરિ વગેરેના મનમાં પ્રીતિનાં પૂર ચઢી આવ્યાં. શ્રી વિષ્ણુ વગેરે બધા દેવતા અને મુનિ આશ્ચર્યચકિત થઈને દેવીની તપસ્યાની ભારે પ્રશંસા કરવા માંડ્યા. પછી દેવીને પ્રણામ કરીને તે દેવતાઓ અને મુનિઓ તરત જ ગિરિશ્રેષ્ઠ કૈલાસ પર્વત પર ગયા, જે ભગવાન શિવને ખૂબ જ પ્રિય છે. સાવિત્રીની સાથે હું અને લક્ષ્મી સાથે ભગવાન વાસુદેવ પણ પ્રસન્નતાપૂર્વક મહાદેવજી પાસે ગયા. ત્યાં જઈને ભગવાન શિવને જોતાં જ બહુ વેગથી પ્રણામ કરીને બધા દેવતાઓએ બંને હાથ જોડીને વિવિધ પ્રકારનાં સ્તોત્રોથી એમની સ્તુતિ આરંભી અને અંતમાં કહ્યું –

હે પ્રભો! આપની સત્ત્વ, રજ અને તમ નામની જે ત્રણ શક્તિઓ છે, એમના રાગ વગેરે વેગ અસહ્ય છે. વેદત્રયી અથવા લોકત્રયી આપનું સ્વરૂપ છે. તમે શરણાગતોના પાલક છો તથા આપની શક્તિ ખૂબ જ મોટી છે, અસીમ છે. આપને નમસ્કાર હો. હે દુર્ગાપતે! જેમની ઇન્દ્રિયો દુષ્ટ છે, વશમાં રહેતી નથી એમને માટે આપી પ્રાપ્તિનો કોઈ માર્ગ સુલભ નથી. આપ સદા ભક્તોના ઉદ્ધારમાં તત્પર રહો છો, આપનું તેજ છૂપું છે, આપને નમસ્કાર હો. આપની માયાશક્તિરૂપા જે અહંબુદ્ધિ છે તેનાથી આત્માનું સ્વરૂપ ઢંકાયેલું છે તેથી આ મૂઢબુદ્ધિ જીવ પોતાનું સ્વરૂપ જાણી શકતો નથી. આપના મહિમાનો પાર પામવો અત્યંત કઠણ (કઠણ જ નહીં, સર્વથા અસંભવ) છે. અમે આપ મહાપ્રભુને મસ્તક ઝુકાવીએ છીએ.

બ્રહ્માજી કહે છે—હે નારદ! આ રીતે મહાદેવજીની સ્તુતિ કરીને શ્રીવિષ્ણુ વગેરે બધા દેવતાઓ ઉત્તમ ભક્તિથી મસ્તક ઝુકાવીને પ્રભુ શિવજીની સામે ચૂપચાપ ઊભા રહ્યા.

(અધ્યાય-૧૧)

*

બ્રહ્માજીનો રુદ્રદેવને સતી સાથે વિવાહ કરવાનો અનુરોધ, શ્રીવિષ્ણુ દ્વારા અનુમોદન અને શ્રી રુદ્રદેવની એ માટે સ્વીકૃતિ

બ્રહ્માજી કહે છે—શ્રી વિષ્ણુ વગેરે દેવતાઓ દ્વારા કરેલી સ્તુતિને સાંભળીને સર્વની ઉત્પત્તિના હેતુભૂત ભગવાન શંકર બહુ પ્રસન્ન થયા અને જોરજોરથી હસવા લાગ્યા. મને બ્રહ્માને અને વિષ્ણુને પોતપોતાની પત્નીઓ સાથે આવેલા જોઈને મહાદેવજીએ અમારી સાથે યથોચિત વાર્તાલાપ

કર્યો અને અમારા આગમનનું કારણ પૂછ્યું.

રુદ્ર બોલ્યા—હે હરે! હે વિધે! તથા હે દેવતાઓ અને હે મહર્ષિઓ! આજે નિર્ભય થઈને અહીં આવવાનું આપ સૌનું ઠીક ઠીક કારણ બતાઓ. તમે લોકો શા માટે અહીં આવ્યા છો અને કયું મોટું કાર્ય આવી પડ્યું છે? એ બધું હું સાંભળવા ઇચ્છું છું. કેમકે, તમારા દ્વારા કરેલી સ્તુતિથી મારું મન બહુ જ પ્રસન્ન છે.

હે મુને! મહાદેવજીના આ પ્રકારે પૂછવા પર ભગવાન શ્રી વિષ્ણુની આજ્ઞાથી મેં વાર્તાલાપનો આરંભ કર્યો.

મેં બ્રહ્માએ કહ્યું—હે દેવદેવ! હે મહાદેવ! હે કરુણાસાગર! હે પ્રભો! અમે બંને આ દેવતાઓ અને ઋષિઓ સાથે જે ઉદ્દેશ્યથી અહીં આવ્યા છીએ તે સાંભળો. હે વૃષભધ્વજ! વિશેષતઃ તમારે માટે જ અમારું અહીં આગમન થયું છે, કેમકે, આપણે ત્રણે સહાર્થી છીએ - સૃષ્ટિચક્રના સંચાલનરૂપ પ્રયોજનની સિદ્ધિ માટે આપણે એકબીજાના સહાયક છીએ. સહાર્થીઓએ સદા પરસ્પર યથાયોગ્ય સહયોગ કરવો જોઈએ નહિતર આ જગત ટકી શકે નહીં. હે મહેશ્વર! કેટલાક એવા અસુર ઉત્પન્ન થશે, જે મારા હાથે માર્યા જશે. કેટલાક ભગવાન વિષ્ણુ દ્વારા માર્યા જશે અને કેટલાક આપને હાથે નષ્ટ થશે. હે મહાપ્રભો! કેટલાક અસુર એવા હશે જે આપના વીર્યથી ઉત્પન્ન થયેલા પુત્રના હાથે જ માર્યા જશે. હે પ્રભો! ક્યારેક જ કોઈ વિરલા જ અસુર એવા હશે જે માયા દ્વારા જ વધને પ્રાપ્ત થશે, આપ ભગવાન શંકરની કૃપાથી જ દેવતાઓને સદા ઉત્તમ સુખ પ્રાપ્ત થશે. ઘોર અસુરોનો વિનાશ કરીને તમે જગતને સદા સ્વાસ્થ્ય અને અભય પ્રદાન કરશો અથવા એ પણ સંભવ છે કે આપના હાથે કોઈ પણ અસુર ન માર્યો જાય, કેમકે, આપ સદા યોગયુક્ત રહેતા હોઈને રાગ-દ્વેષરહિત છો તથા એક માત્ર દયા કરવામાં જ લાગ્યા રહો છો. હે ઈશ! એ અસુરો પણ આરાધિત હોય - આપી દયાથી અનુગ્રહીત થતા રહે તો સૃષ્ટિનું અને પાલનનું કાર્ય કેવી રીતે ચાલી શકે. તેથી હે વૃષભધ્વજ! તમારે પ્રતિદિન સૃષ્ટિ વગેરેને ઉપયુક્ત કાર્ય કરવાને માટે તૈયાર રહેવું જોઈએ. જો સૃષ્ટિ, પાલન અને સંહારરૂપ કર્મ ન હોય ત્યારે તો અમે માયાથી જે ભિન્ન ભિન્ન શરીર ધારણ કર્યાં છે, એનો કોઈ ઉપયોગ નહીં રહે, એમાં કોઈ ઔચિત્ય નહીં રહે. વાસ્તવમાં તો અમે ત્રણે એક જ છીએ, કાર્યભેદથી ભિન્ન-ભિન્ન દેહ ધારણ કરીને સ્થિત છીએ. જો કોઈ કાર્યભેદ સિદ્ધ ન હોય તો પછી અમારા રૂપભેદનો કોઈ આશય, ઉદ્દેશ્ય જ નથી રહેતો. હે દેવ! એક જ પરમાત્મા મહેશ્વર ત્રણે રૂપોમાં અભિવ્યક્ત થયા છો. આ રૂપભેદમાં એમની પોતાની માયા જ કારણ છે. વાસ્તવમાં પ્રભુ સ્વતંત્ર છે. એ લીલાના ઉદ્દેશ્યથી જ આ સૃષ્ટિ આદિ કાર્ય કરે છે. ભગવાન શ્રીહરિ એમના ડાબા અંગથી પ્રગટ થયા છે, હું બ્રહ્મા એમના જમણા અંગથી પ્રગટ થયો છું અને આપ રુદ્રદેવ એ સદાશિવના હૃદયથી આવિર્ભૂત થયા છો, તેથી તમે જ શિવના પૂર્ણરૂપ છો. હે પ્રભો! આ રીતે અભિન્નરૂપ હોવા છતાં પણ આપણે ત્રણ રૂપોમાં પ્રગટ છીએ. હે સનાતનદેવ! આપણે ત્રણે એ જ ભગવાન સદાશિવ અને શિવાના પુત્ર છીએ, આ યથાર્થ તત્ત્વનો આપ હૃદયથી અનુભવ કરો. હે પ્રભો! હું અને શ્રીવિષ્ણુ આપના આદેશથી પ્રસન્નતાપૂર્વક લોકની સૃષ્ટિ અને પાલનનું કાર્ય કરી રહ્યા છીએ તથા કાર્યકારણવશ સપત્નીક પણ થઈ ગયા છીએ, તેથી આપ પણ વિશ્વહિતને માટે એક પરમ

સુંદરી રમણીને પત્ની બનાવવા માટે ગ્રહણ કરો. હે મહેશ્વર! એક વાત બીજી પણ છે, એ પણ સાંભળો. મને પહેલાંના વૃત્તાંતનું સ્મરણ થઈ આવ્યું છે. પૂર્વકાળમાં આપે જ શિવરૂપે જે વાત અમારી સામે કરી હતી, એ જ આ સમયે સંભળાવી રહ્યો છું. તમે કહ્યું હતું, 'હે બ્રહ્મન્! મારું આવું જ ઉત્તમરૂપ તમારા અંગવિશેષ-લલાટથી પ્રગટ થશે, જેની પ્રસિદ્ધિ લોકમાં 'રુદ્ર' નામથી થશે. તમે બ્રહ્મા સૃષ્ટિના કર્તા થઈ ગયા, શ્રીહરિ જગતના પાલન કરવાવાળા થયા અને હું સગુણ રુદ્રરૂપ થઈને સંહાર કરનાર બનીશ. એક સ્ત્રી સાથે વિવાહ કરીને લોકના ઉત્તમ કાર્યની સિદ્ધિ કરીશ.' પોતાની કહેલી વાતને યાદ કરીને તમે પોતાની જ પૂર્વપ્રતિજ્ઞાને પૂર્ણ કરો. હે સ્વામિન્! આપનો એ આદેશ છે કે હું સૃષ્ટિ કરું, શ્રીહરિ પાલન કરે અને આપ સ્વયં સંહારના હેતુ બનીને પ્રગટ થાઓ. તે તો આપ સાક્ષાત્ શિવ જ સંહારકર્તાના રૂપે પ્રગટ થયા છો. તમારાં વગર અમે બંને પોતપોતાનું કામ કરવામાં સમર્થ નથી તેથી તમે એક એવી કામિનીનો સ્વીકાર કરો, જે લોકહિતનાં કાર્યોમાં તત્પર રહે. હે શંભો! જેવી રીતે લક્ષ્મી ભગવાન વિષ્ણુની અને સાવિત્રી મારી સહધર્મિણી છે. એ જ પ્રકારે આપ આ સમયે આપની જીવનસહચરી પ્રાણવલ્લભાને ગ્રહણ કરો.

મારી આ વાત સાંભળીને લોકેશ્વર મહાદેવજીના મુખ ઉપર હાસ્યની લહેરખી દોડી ગઈ. તે શ્રીહરિની ઉપસ્થિતિમાં મને આમ કહેવા લાગ્યા.

ઈશ્વરે કહ્યું—'હે બ્રહ્મન્! હે હરે! તમે બંને મને સદાથી જ અત્યંત પ્રિય છો. તમને બંનેને જોઈને મને બહુ આનંદ મળે છે. તમે લોકો સમસ્ત દેવતાઓમાં શ્રેષ્ઠ તથા ત્રિલોકીના સ્વામી છો. લોકહિતનાં કાર્યોમાં મન લગાડનારા છો. તમારાં બંનેનાં વચન મારી દૃષ્ટિમાં અત્યંત ગૌરવપૂર્ણ છે. પરંતુ હે સુરશ્રેષ્ઠગણ! મારે માટે લગ્ન કરવું ઉચિત નહીં ગણાય કેમકે, હું તપસ્યામાં સંલગ્ન રહીને સદા સંસારથી વિરક્ત જ રહું છું અને યોગીની રૂપે જ મારી પ્રસિદ્ધિ છે, જે નિવૃત્તિનાં સુંદર માર્ગ પર સ્થિત છે, પોતાના આત્મામાં જ રમણ કરે છે. આનંદ માને છે, નિરંજન (માયાથી નિર્લિપ્ત) છે, જેનું શરીર અવધૂત (દિગંબર) છે, જે જ્ઞાની, આત્મદર્શી અને કામનાથી શૂન્ય છે, જેના મનમાં કોઈ વિકાર જેવી, જે ભોગોથી દૂર રહે છે તથા જે સદા અપવિત્ર અને અમંગલકારી છે - એને સંસારમાં કામિનીથી શું પ્રયોજન છે - એટલું તો આ વખતે મને બતાવો તો ખરા.* મને તો સદા કેવળ યોગમાં જ લાગ્યા રહેવામાં આનંદ આવે છે. જ્ઞાનહીન પુરુષ જ યોગને છોડીને ભોગને અધિક મહત્વ આપે છે. સંસારમાં લગ્ન કરવું એટલે પારકાના બંધનમાં બંધાવું. આને સૌથી મોટું બંધન સમજવું જોઈએ. એટલા માટે હું સત્ય સત્ય-સાચે સાચું કહું છું કે લગ્ન માટે મારા મનમાં લેશમાત્ર પણ અભિરુચિ નથી. આત્મા જ મારો ઉત્તમ અર્થ અથવા સ્વાર્થ છે. એનું જ સારી રીતે ચિંતન કરવાને કારણે જ મારી લૌકિક સ્વાર્થમાં પ્રવૃત્તિ થતી નથી. તેમ છતાં જગતના હિત માટે તમે જે કાંઈ કહ્યું છે, એ કરીશ. તમારાં વચનને

* યો નિવૃત્તિમુમાર્ગસ્થઃ સ્વાત્મારામો નિરંજનઃ। અવધૂત તનુર્જ્ઞાની સ્વસ્થ ક્રમવર્જિતઃ॥
અવિકારી ફલોગી ચ સદા શુચિરમંગલઃ। તસ્ય પ્રયોજનં લોકે કામિન્યા કે વદાધુના॥
(શિવપુરાણ રુ. સં. સ. ખં. ૧૫૬૧-૬૨)

ગરિષ્ઠ મધમીઠાં-માનીને અથવા મેં કહેલી વાતને પૂર્ણ કરવા માટે હું અવશ્ય લગ્ન કરીશ, કેમકે, હું સદા ભક્તોના વશમાં રહું છું, પરંતુ જે ક્ષણે નારીને પ્રિય પત્નીરૂપે ગ્રહણ કરીશ અને જે શરતો સાથે ગ્રહણ કરીશ, એ સાંભળો. હે હરે! હે બ્રહ્મન્! હું જે કાંઈ કહું છું તે સર્વથા ઉચિત જ છે. જે સ્ત્રી મારા તેજને વિભાગપૂર્વક ગ્રહણ કરી શકે, જે યોગિની તથા ઇચ્છા-અનુસાર રૂપ ધારણ કરનારી હોય, એને જ તમે પત્ની બનાવવાને માટે મને બતાવો. જ્યારે હું યોગમાં તત્પર રહું ત્યારે એને પણ યોગિની બનીને રહેવું પડશે અને જ્યારે હું કામાસક્ત થાઉં ત્યારે એણે કામિનીના રૂપે મારી પાસે રહેવું પડશે. વેદવેત્તા વિદ્વાન જેને અવિનાશી બતાવે છે, એ જ્યોતિઃ સ્વરૂપ સનાતન શિવનું હું સદા ચિંતન કરતો રહું છું અને કરતો રહીશ. હે બ્રહ્મન્! એ સદાશિવના ચિંતનમાં જ્યારે હું લાગ્યો ન હોઉં ત્યારે જ એ ભામિનીની સાથે હું સમાગમ કરી શકું છું. જે મારા શિવચિંતનમાં વિઘ્ન કરનારી હશે તે જીવિત નહીં રહી શકે, એને પોતાની જિંદગીથી હાથ ધોઈ નાખવા પડશે. તમે, વિષ્ણુ અને હું ત્રણેય બ્રહ્મસ્વરૂપ શિવના અંગભૂત છીએ. તેથી હે મહાભાગગણ! અમારે માટે તો એમનું નિરંતર ચિંતન કરવું એ જ ઉચિત છે. હે કમલાસન! એમના ચિંતન માટે હું વગર લગ્ને પણ રહી શકીશ (પરંતુ એમનું ચિંતન છોડીને લગ્ન નહીં જ કરીશ) તેથી તમે મને એવી પત્ની પ્રદાન કરો, જે સદા મારા કર્મને અનુસાર ચાલી શકે. હે બ્રહ્મન્! એમાં પણ મારી એક બીજી શરત છે, એને તમે સાંભળો. જો એ સ્ત્રીને મારા ઉપર કે મારા વચન ઉપર અવિશ્વાસ પેદા થશે તો હું એનો ત્યાગ કરી દઈશ.

એમની આ વાત સાંભળીને મેં અને શ્રીહરિએ મંદહાસ્યની સાથે મનમાં ને મનમાં જ પ્રસન્નતા અનુભવી, પછી મેં વિનમ્ર થઈને નિવેદન કર્યું – હે નાથ! હે મહેશ્વર! હે પ્રભો! આપે જેવી સ્ત્રીની શોધ આરંભી છે એવી જ નારી બાબત હું આપને પ્રસન્નતાપૂર્વક કહી રહ્યો છું. સાક્ષાત્ સદાશિવની ધર્મપત્ની જે ઉમા છે, એ જ જગતનું કાર્ય સિદ્ધ કરવા માટે ભિન્ન ભિન્ન રૂપે પ્રગટ થયાં છે. હે પ્રભો! સરસ્વતી અને લક્ષ્મી – એ બે રૂપ ધારણ કરીને તે પહેલેથી જ અહીં આવી ચૂક્યાં છે. એમાં લક્ષ્મી તો શ્રીવિષ્ણુની પ્રાણવલ્લભા થઈ ગયાં છે અને સરસ્વતી મારાં પ્રાણવલ્લભા થઈ ગયાં છે. હવે અમારે માટે એ ત્રીજું રૂપ ધારણ કરીને પ્રગટ થયાં છે. હે પ્રભો! લોકહિતનું કાર્ય કરવાની ઇચ્છાવાળાં દેવી શિવા દક્ષપુત્રીના રૂપે અવતીર્ણ થયાં છે. એમનું નામ સતી છે. સતી જ એવી ભાર્યા થઈ શકે છે જે સદા આપને માટે હિતકારિણી હોય. હે દેવેશ! મહાતેજસ્વિની સતી આપને માટે, આપને પતિરૂપમાં પ્રાપ્ત કરવા માટે દૃઢતાપૂર્વક કઠોર વ્રતનું પાલન કરતાં કરતાં તપસ્યા કરી રહ્યાં છે. હે મહેશ્વર! આપ એને વરદાન દેવાને માટે પ્રસ્થાન કરો, કૃપા કરો અને ખૂબ જ પ્રસન્નતાની સાથે એમની તપસ્યાને અનુરૂપ વરદાન આપીને એમની સાથે લગ્ન કરો. હે શંકર! ભગવાન વિષ્ણુની, મારી તથા આ સંપૂર્ણ દેવતાઓની આ જ ઇચ્છા છે. આપ તમારી શુભ દૃષ્ટિથી અમારી આ ઇચ્છાને પૂર્ણ કરો, જેથી કરીને અમે આદરપૂર્વક આ ઉત્સવને જોઈ-માણી શકીએ. આવું થવાથી ત્રણે લોકોમાં સુખ દેનાર પરમ મંગલ થશે અને સર્વની બધી જ ચિંતા સમાપ્ત થશે, એમાં સંશય નથી.'

ત્યાર પછી મારી વાત સમાપ્ત થયા પછી

લીલા-વિગ્રહ ધારણ કરવાવાળા ભક્તવત્સલ મહેશ્વર સાથે મધુસૂદન અચ્યુતે આનું સમર્થન કર્યું.

ત્યારે ભક્તવત્સલ ભગવાન શિવે હસીને કહ્યું, 'બહુ સારું, એવું જ થશે.' એમનું આવું કહેવાથી અમે બંને એમની પાસેથી આજ્ઞા લઈને પોતાની પત્ની તથા દેવતાઓ અને મુનિઓની સાથે અત્યંત પ્રસન્ન થઈને પોતાના અભીષ્ટ સ્થાને ચાલ્યા આવ્યા.

(અધ્યાય-૧૬)

*

સતીને શિવ પાસેથી વરદાનની પ્રાપ્તિ તથા ભગવાન શિવ દ્વારા બ્રહ્માજીને દક્ષની પાસે મોકલીને સતીનું વરણ કરવું

બ્રહ્માજી કહે છે—હે મુને! બીજી બાજુ સતીએ આસો માસના શુકલ પક્ષની અષ્ટમી તિથિએ ઉપવાસ કરીને ભક્તિભાવથી સર્વેશ્વર શિવનું પૂજન કર્યું. આ રીતે નન્દાવ્રત પૂર્ણ થવાથી નવમી તિથિએ દિવસમાં ધ્યાનમગ્ન થયેલી સતીને ભગવાન શિવે પ્રત્યક્ષ દર્શન આપ્યું. એમનો શ્રીવિગ્રહ સર્વાંગસુંદર અને ગૌરવર્ણનો હતો - એમને પાંચ મુખ હતાં અને પ્રત્યેક મુખે ત્રણ-ત્રણ નેત્ર હતાં. ભાલપ્રદેશમાં ચંદ્ર શોભી રહ્યો હતો. એમનું ચિત્ત પ્રસન્ન હતું. કંઠમાં નીલ ચિહ્ન દૃષ્ટિગોચર થઈ રહ્યું હતું. એમને ચાર ભુજાઓ હતી. એમણે હાથમાં ત્રિશૂલ, બ્રહ્મકપાલ, વર તથા અભય મુદ્રાઓ ધારણ કરી હતી. ભસ્મમય અંગરાગથી એમનું સમગ્ર શરીર ઉદ્ભાસિત થઈ રહ્યું હતું. ગંગાજી એમના મસ્તકની શોભા વધારી રહ્યાં હતાં. એમનાં બધાં અંગ ખૂબ જ મનોહર હતાં. એ મહાન લાવણ્યના ધામ જણાતા હતા - એમનાં મુખ કરોડો ચંદ્રમા સમાન પ્રકાશમાન અને આહ્લાદજનક હતાં. એમની અંગકાંતિ કરોડો કામદેવનો જાણે તિરસ્કાર કરી રહી હતી અને એમની આકૃતિ સ્ત્રીઓ માટે સર્વથા પ્રિય હતી. સતીએ આવા સૌંદર્ય-માધુર્યયુક્ત પ્રભુ મહાદેવજીને પ્રત્યક્ષ જોઈને એમનાં ચરણોમાં વંદના કરી. એ સમયે એમનું મુખ લજ્જાથી નમેલું હતું. તપસ્યાના પુંજનું ફળ પ્રદાન કરવાવાળા મહાદેવજી એમને માટે કઠોર વ્રત ધારણ કરનારી સતીને પત્ની બનાવવાને માટે પ્રાપ્ત કરવાની ઇચ્છા રાખતાં પણ એમને આ પ્રમાણે કહ્યું.

મહાદેવજીએ કહ્યું—હે ઉત્તમ વ્રતનું પાલન કરનાર દક્ષનન્દિની! હું તમારા આ વ્રતથી અત્યંત પ્રસન્ન છું. તેથી કોઈ વરદાન માગો. તમને જે કાંઈ અભીષ્ટ હશે, એ જ વરદાન આપીશ.

બ્રહ્માજી કહે છે—હે મુને! જગદીશ્વર મહાદેવજી જોકે સતીના મનોભાવને જાણતા હતા તો પણ એમની વાત સાંભળવા બોલ્યા – 'કોઈ વરદાન માગો' પરંતુ સતી લજ્જાને આધીન થઈ ગયાં હતાં તેથી એમના હૃદયમાં જે વાત હતી એને એ સ્પષ્ટ શબ્દોમાં કહી ન શક્યાં. એમનો જે ઇચ્છિત મનોરથ હતો તે લજ્જાથી આચ્છાદિત થઈ ગયો હતો - પ્રાણવલ્લભ શિવનું પ્રિય વચન સાંભળીને સતી અત્યંત પ્રેમમાં મગ્ન થઈ ગયાં. આ વાતને જાણીને ભક્તવત્સલ ભગવાન શંકર ખૂબ પ્રસન્ન થયા અને શીઘ્રતાપૂર્વક વારંવાર કહેવા લાગ્યા –

'વરદાન માગો, વરદાન માગો' સત્પુરુષોના આશ્રયભૂત અંતર્યામી શંભુ સતીની ભક્તિને વશીભૂત થઈ ગયા - ત્યારે સતીએ પોતાની લજ્જાને રોકીને મહાદેવજીને કહ્યું – હે વરદાનપ્રદાન કરનારા પ્રભો! મને મારી ઇચ્છાને અનુસાર એવું વરદાન આપો જે કદી ટળી ન શકે. ભક્તવત્સલ ભગવાન શંકરે જોયું કે સતી પોતાની વાત પૂરી કહી શકતાં નથી ત્યારે એ સ્વયં બોલ્યા – હે દેવી! તમે મારાં ભાર્યા થઈ જાઓ' પોતાના ઇચ્છિત ફળને પ્રગટ કરનાર એમનાં આ વચનને સાંભળીને આનંદમગ્ન થયેલાં સતી ચૂપચાપ ઊભાં રહી ગયાં. કેમકે, તે મનોવાંછિત વરદાન મેળવી ચૂક્યાં હતાં. પછી દક્ષકન્યા પ્રસન્ન થઈને બંને હાથ જોડીને, મસ્તક નમાવીને ભક્તવત્સલ શિવને વારંવાર કહેવા લાગ્યાં.

સતી બોલ્યાં—હે દેવાધિદેવ મહાદેવ! હે પ્રભો! હે જગત્પતે! આપ મારા પિતાને કહીને વૈવાહિક વિધિથી મારું પાણિગ્રહણ કરો.

બ્રહ્માજી કહે છે—હે નારદ! સતીની આ વાત સાંભળીને ભક્તવત્સલ મહેશ્વરે પ્રેમથી એમના તરફ જોયું અને જોઈને કહ્યું – 'હે પ્રિયે! એવું જ થશે.' ત્યારે દક્ષ કન્યા સતી પણ ભગવાન શિવને પ્રણામ કરીને ભક્તિપૂર્વક વિદાય માગી - જવાની આજ્ઞા પ્રાપ્ત કરીને મોહ અને આનંદથી યુક્ત થઈને માતા પાસે પરત પહોંચી ગયાં. આ બાજુ ભગવાન શિવ પણ હિમાલય પર પોતાના આશ્રમમાં પ્રવેશીને દક્ષકન્યા સતીના વિયોગથી થોડું કષ્ટ અનુભવ્યું અને એમનું જ ચિંતન કરવા લાગ્યા. હે દેવર્ષે! પછી મનને એકાગ્ર કરીને લૌકિક ગતિનો આશ્રય લઈને ભગવાન શંકરે મનમાં ને મનમાં જ મારું સ્મરણ કર્યું. ત્રિશૂલધારી મહેશ્વરના સ્મરણ કરવાથી એમની સિદ્ધિથી પ્રેરિત થઈને હું તરત જ તેમની સામે જઈને ખડો થઈ ગયો. હે તાત! હિમાલયના શિખર પર જ્યાં સતી વિયોગ અનુભવી રહેલા મહાદેવજી વિદ્યમાન હતા, ત્યાં હું સરસ્વતી સાથે ઉપસ્થિત થઈ ગયો. હે દેવર્ષે! સરસ્વતીસહિત મને ત્યાં પહોંચેલો જોઈ સતીના પ્રેમપાશમાં બદ્ધ એવા શિવ ઉત્સુકતાપૂર્વક બોલ્યા.

શંભુએ કહ્યું—હે બ્રહ્મન્! હું જ્યારથી વિવાહના કાર્યમાં સ્વાર્થબુદ્ધિ કરી બેઠો છું ત્યારથી હવે મને આ સ્વાર્થમાં જ સ્વત્વ જેવું પ્રતીત થાય છે. દક્ષકન્યા સતીએ બહુ ભક્તિથી મારી આરાધના કરી છે. એના નંદાવ્રતના પ્રભાવથી મેં એમને અભીષ્ટ વરદાન આપવાની ઘોષણા કરી. હે બ્રહ્મન્! ત્યારે એમણે મારી પાસે એ વરદાન માગ્યું કે 'તમે મારા પતિ થઈ જાઓ.' આ સાંભળીને સર્વથા સંતુષ્ટ થઈને મેં પણ કહી દીધું – 'તમે મારાં પત્ની થઈ જાઓ.' ત્યારે દાક્ષાયણી સતી મને કહેવાં લાગ્યાં – 'હે જગત્પતે! તમે મારા પિતાને સૂચિત કરીને વૈવાહિક વિધિથી મને ગ્રહણ કરો.' હે બ્રહ્મન્! એમની ભક્તિથી સંતોષ થવાને કારણે મેં એમનો એ અનુરોધ પણ સ્વીકારી લીધો. હે વિપાતઃ! ત્યારે સતી પોતાની માતાને ઘેર ચાલ્યાં ગયાં અને હું અહીં ચાલ્યો આવ્યો. તેથી હવે તમે મારી આજ્ઞાથી દક્ષને ઘેર જાઓ અને એવો યત્ન કરો, જેથી પ્રજાપતિ દક્ષ શીઘ્ર જ મને પોતાની કન્યાનું દાન કરી દે.

એમની આ પ્રકારે આજ્ઞા મળવાથી હું કૃતકૃત્ય અને પ્રસન્ન થઈ ગયો તથા એ ભક્તવત્સલ વિશ્વનાથને આ પ્રકારે કહેવા લાગ્યો.

મેં બ્રહ્માએ આ પ્રમાણે કહ્યું – હે ભગવાન! હે શંભો! આપે જે કાંઈ કહ્યું છે એ ઉપર સારી રીતે વિચાર કરીને અગે લોકોએ પહેલાંથી એ સુનિશ્ચિત કરી લીધું છે. હે વૃષભધ્વજ! એમાં મુખ્યતઃ દેવતાઓનો તથા મારો પણ સ્વાર્થ છે. દક્ષ સ્વયં જ

આપને પોતાની પુત્રી પ્રદાન કરશે, પરંતુ આપની આજ્ઞાથી હું પણ એમની સામે આપનો સંદેશ કહી દઈશ.

સર્વેશ્વર મહાપ્રભુ મહાદેવજીને આવું કહીને હું અત્યંત વેગશાળી રથ દ્વારા દક્ષને ઘેર પહોંચી ગયો.

નારદજીએ પૂછ્યું—હે વક્તાઓમાં શ્રેષ્ઠ મહાભાગ! હે વિધાતઃ! કહો તો ખરા કે જ્યારે સતી ઘેર પરત આવી ગયાં ત્યારે દક્ષે એમને માટે શું કર્યું?

બ્રહ્માજીએ કહ્યું—તપસ્યા કરીને મનોવાંછિત વરદાન મેળવીને સતી જ્યારે ઘેર પરત આવ્યાં ત્યારે ત્યાં એમણે માતાપિતાને પ્રણામ કર્યા. સતીએ પોતાની સખી દ્વારા માતાપિતાને તપસ્યા-સંબંધી સર્વ સમાચાર મોકલ્યા. સખીએ એ પણ સૂચિત કહી દીધું કે 'સતીને મહેશ્વર પાસેથી વરદાનની પ્રાપ્તિ થઈ છે, ભગવાન સતીની ભક્તિથી બહુ જ સંતુષ્ટ

થયા છે.' સખીને મોઢેથી સર્વ વૃત્તાંત સાંભળીને માતાપિતાને આનંદના ઓધ ઊમટ્યા અને એમણે મહાઉત્સવ કર્યો. ઉદાર એવા દક્ષ અને મહાગનસ્વિની વીરિણીએ બ્રાહ્મણોને એમની ઇચ્છા અનુસાર દ્રવ્ય આપ્યું તથા અન્યોન્ય અંધ અને દીનજનોને પણ ધન વહેંચ્યું પ્રસન્નતા વધારનારી પોતાની પુત્રીને હૃદયસરસી ચાંપીને માતા વીરિણીએ એનું મસ્તક સુંઘ્યું અને આનંદમગ્ન થઈને એની વારંવાર પ્રશંસા કરી. ત્યાર પછી કેટલોક સમય વ્યતીત થયો ત્યારે ધર્મજ્ઞોમાં શ્રેષ્ઠ એવા દક્ષ એ ચિંતામાં પડ્યા કે હું મારી પુત્રીનો વિવાહ ભગવાન શંકર સાથે કેવી રીતે કરું? મહાદેવજી પ્રસન્ન થઈને આવ્યા હતા પરંતુ એ તો ચાલ્યા ગયા. હવે મારી પુત્રીને માટે પુનઃ અહીં કેવી રીતે આવશે? જો કોઈને શીઘ્ર જ ભગવાન શિવની પાસે મોકલી આપીએ તો એ પણ ઉચિત જણાતું નથી, કેમકે, જો એ આ રીતે અનુરોધ કરવા છતાં પણ મારી પુત્રીને ગ્રહણ ન કરે તો મારી યાચના નિષ્ફળ થઈ જશે.

આ પ્રકારની ચિંતામાં પ્રજાપતિ દક્ષની સામે હું સરસ્વતી સાથે સહસા ત્યાં ઉપસ્થિત થયો. મને-પિતાને આવેલા જોઈને દક્ષે પ્રણામ કરીને વિનીતભાવથી સામે ઊભા રહ્યા. એમણે મને-સ્વયંભૂને યથાયોગ્ય આસન આપ્યું. પછી દક્ષે જ્યારે મારા આગમનનું કારણ પૂછ્યું, ત્યારે મેં સર્વ વાતો બતાવીને એમને કહ્યું – 'હે પ્રજાપતે! ભગવાન શંકરે તમારી પુત્રીને પ્રાપ્ત કરવાને માટે નક્કી જ મને તમારી પાસે મોકલ્યો છે, આ વિષયમાં જે શ્રેષ્ઠ કૃત્ય હોય, એનો નિશ્ચય કરો. જેવી રીતે સતીએ વિવિધ પ્રકારના ભાવોથી તથા સાત્ત્વિક વ્રત દ્વારા ભગવાન શિવની આરાધના કરી છે, એવી જ રીતે તે પણ સતી-ની આરાધના કરે છે. તેથી હે દક્ષ! ભગવાન શિવને માટે જ સંકલ્પિત અને પ્રગટ થયેલ આ પુત્રીને તમે અવિલંબ એમની સેવામાં સોંપી દો, આનાથી તમે કૃતકૃત્ય થઈ જશો - હું નારદની સાથે

જઈને એમને તમારે ઘેર લઈ આવીશ. પછી તમે એમને માટે જ ઉત્પન્ન થયેલી તમારી આ પુત્રી એમના હાથમાં આપી દો.'

બ્રહ્માજી કહે છે—હે નારદ! મારી આ વાત સાંભળીને મારા પુત્ર દક્ષને બહુ હર્ષ થયો. તે અત્યંત પ્રસન્ન થઈને બોલ્યા – 'હે પિતાજી! એવું જ થશે.' હે મુને! ત્યારે હું અત્યંત હર્ષિત થઈને ત્યાંથી એ સ્થાને પરત આવ્યો, જ્યાં લોકકલ્યાણમાં તત્પર રહેનારા ભગવાન શિવ ખૂબ જ ઉત્સુકતાથી મારી પ્રતીક્ષા કરી રહ્યા હતા - હે નારદ! મારા પરત આવવા પર સ્ત્રી અને પુત્રી સહિત પ્રજાપતિ દક્ષ પણ પૂર્ણકામ થઈ ગયા. તે એટલા સંતુષ્ટ થયા, જાણે અમૃત પીને ધરાઈ ગયા હોય.

(અધ્યાય-૧૭)

*

બ્રહ્માજી પાસેથી દક્ષની અનુમતિ મેળવીને દેવતાઓ અને મુનિઓ સહિત ભગવાન શિવનું દક્ષને ઘેર જવું, દક્ષ દ્વારા સર્વનો સત્કાર તથા સતી અને શિવનો વિવાહ

બ્રહ્માજી કહે છે—હે નારદ! ત્યાર પછી હું હિમાલયના કૈલાસ-શિખર પર રહેવાવાળા પરમેશ્વર મહાદેવ શિવને લાવવાને માટે પ્રસન્નતાપૂર્વક એમની પાસે ગયો અને એમને આ પ્રકારે કહ્યું – "હે વૃષભધ્વજ! સતી માટે મારા પુત્ર દક્ષે જે વાત કહી છે એ સાંભળો અને જે કાર્યને તે પોતાને માટે અસાધ્ય માનતા હતા, એને સિદ્ધ થયેલું જ જાણો. દક્ષે કહ્યું છે કે 'હું મારી પુત્રી ભગવાન શિવના હાથમાં જ સોંપીશ, કેમકે, એમને માટે જ આ ઉત્પન્ન થઈ છે. શિવની સાથે જ સતીનું લગ્ન થાય એ કાર્ય તો મારે માટે અભીષ્ટ છે, પછી આપના પણ કહેવાથી એનું મહત્ત્વ ઓર પણ અધિક વધી જશે. મારી પુત્રીએ જાતે આ ઉદ્દેશ્યથી ભગવાન શિવની આરાધના કરી છે અને આ સમયે શિવજી પણ મને આ વિષયમાં અન્વેષણ (પૂછપરછ) કરી રહ્યા છે, તેથી મારે મારી કન્યા અવશ્ય જ ભગવાન શિવના હાથમાં સોંપવી છે. હે વિધાતઃ! એ ભગવાન શંકર શુભ લગ્નમાં અને શુભ મુહૂર્તમાં અહીં પધારે. એ સમયે હું એમને શિક્ષા પ્રમાણે પોતાની આ પુત્રી આપી દઈશ. હે વૃષભધ્વજ! મને દક્ષે આવી વાત કહી છે. તેથી તમે શુભ મુહૂર્તમાં એમને ઘેર ચાલો અને સતીને લઈ આવો.'

હે મુને! મારી આ વાત સાંભળીને ભક્તવત્સલ રુદ્ર લૌકિક ગતિનો આશ્રય લઈ હસતાં હસતાં તે કહેવા લાગ્યા – 'હે સંસારની સૃષ્ટિ કરનારા બ્રહ્માજી! હું તમારી અને નારદની સાથે જ દક્ષને ઘેર ચાલીશ! તેથી નારદનું સ્મરણ કરો. પોતાના મરીચિ વગેરે માનસપુત્રોને પણ બોલાવી લો. હે વિધે! હું એ સર્વની સાથે દક્ષના નિવાસસ્થાને જઈશ. મારા પાર્ષદ પણ મારી સાથે જ રહેશે.'

હે નારદ! લોકાચારના નિર્વાહમાં લાગેલા ભગવાન શિવની આ પ્રકારે આજ્ઞા મળવા પર મેં તમારું અને મરીચિ વગેરે પુત્રોનું પણ સ્મરણ કર્યું. હું યાદ કરું તેટલામાં જ તમારી સાથે મારા બધા માનસ-પુત્ર મનમાં આદરની ભાવના રાખીને શીઘ્ર જ ત્યાં આવી પહોંચ્યા. એ વખતે તમે લોકો હર્ષથી ઉત્ફુલ્લ થઈ રહ્યા હતા. પછી રુદ્રનું સ્મરણ કરવાથી શિવભક્તોના સમ્રાટ ભગવાન વિષ્ણુ પણ પોતાના સૈનિકો તથા કમલાદેવી સાથે ગરુડ પર આરૂઢ થઈને તરત જ ત્યાં આવી ગયા. ત્યાર પછી ચૈત્ર માસની શુક્લ પક્ષની તેરસે અને રવિવારે પૂર્વાફાલ્ગુની નક્ષત્રમાં હું બ્રહ્મા અને વિષ્ણુ આદિ સમસ્ત દેવતાઓની સાથે મહેશ્વરે લગ્ન માટે યાત્રા કરી. માર્ગમાં એ દેવતાઓ અને ઋષિઓની સાથે યાત્રા કરતાં કરતાં ભગવાન શંકર ખૂબ શોભા પ્રાપ્ત કરી રહ્યા હતા. ત્યાં જનારા દેવતાઓ, મુનિઓ અને આનંદમગ્ન મનવાળા પ્રમથગણોનો રસ્તામાં બહુ મોટો ઉત્સવ થઈ રહ્યો હતો. ભગવાન શિવની ઇચ્છાથી વૃષભ, વાઘ, સર્પ, જટા અને ચંદ્રકલા વગેરે બધાંને બધાં જ એમને માટે યથાયોગ્ય આભૂષણ બની ગયાં. ત્યારપછી વેગથી ચાલનાર બળવાન બલીવર્દ નંદિકેશ્વર પર આરૂઢ થયેલા મહાદેવજી શ્રીવિષ્ણુ વગેરે દેવતાઓને સાથે લઈને ક્ષણભરમાં જ પ્રસન્નતાપૂર્વક દક્ષને ઘેર જઈ પહોંચ્યાં.

ત્યાં વિનીત ચિત્તવાળા પ્રજાપતિ દક્ષ સમસ્ત આત્મીયજનોની સાથે ભગવાન શિવનું સ્વાગત-સામૈયું કરવા એમની સામે આવ્યા. એ વખતે એમનાં સમસ્ત અંગોમાં હર્ષજનિત રોમાંચ થઈ ગયો હતો. સ્વયં દક્ષે પોતાના દ્વાર પર આવેલા સમસ્ત દેવતાઓનો સત્કાર કર્યો. એ બધા લોકો સુરશ્રેષ્ઠ શિવને બેસાડીને એમની બાજુમાં સ્વયં પણ મુનિઓની સાથે ક્રમશઃ બેસી ગયા. એ પછી દક્ષે મુનિઓ સહિત સમસ્ત દેવતાઓની પરિક્રમા કરી, અને સૌની સાથે ભગવાન શિવને ઘરની અંદર લઈ આવ્યા. એ વખતે દક્ષના મનમાં બહુ પ્રસન્નતા હતી. એમણે સર્વેશ્વર શિવને ઉત્તમ આસન આપીને જાતે જ વિધિપૂર્વક એમનું પૂજન કર્યું. તત્પશ્ચાત્ શ્રીવિષ્ણુનું, મારું, બ્રાહ્મણોનું, દેવતાઓનું અને સમસ્ત શિવગણોનું પણ યથોચિત વિધિથી ઉત્તમ ભક્તિભાવ સાથે પૂજન કર્યું. આ રીતે પૂજનીય પુરુષો તથા અન્ય લોકો સહિત એ સર્વનું યથોચિત આદર સત્કાર કરીને દક્ષે મારા માનસપુત્ર મરીચિ વગેરે મુનિઓની સાથે જરૂરી સલાહ કરી. એ પછી મારા પુત્ર દક્ષે મને-પિતાને-ચરણોમાં પ્રણામ કરીને પ્રસન્નતાપૂર્વક કહ્યું – 'હે પ્રભો! આપ જ વૈવાહિક કાર્ય કરાવો.'

ત્યારે હું પણ હર્ષભર્યા હૃદયથી 'બહુ સારું' કહીને ઊઠ્યો અને હું સર્વ કાર્ય કરવા લાગ્યો. ત્યાર પછી ગ્રહોના બળથી યુક્ત શુભ લગ્ન અને મુહૂર્તમાં હર્ષપૂર્વક દક્ષે પોતાની પુત્રી સતીનો હાથ ભગવાન શંકરના હાથમાં આપી દીધો. એ સમયે હર્ષથી ભરેલા ભગવાન વૃષભધ્વજે પણ વૈવાહિક વિધિથી સુંદરી દક્ષકન્યાનો હાથ ગ્રહણ કર્યો. પછી

ગૈ શ્રીહરિને, તમે તથા અન્ય મુનિઓએ, દેવતાઓએ અને પ્રમથગણોએ ભગવાન શિવને પ્રણામ કર્યા અને સર્વેએ વિવિધ પ્રકારની સ્તુતિઓ દ્વારા એમને સંતુષ્ટ કર્યા. એ સમયે નૃત્ય-ગીત સાથે મહાન ઉત્સવ મનાવાયો. સમસ્ત દેવતાઓને અને મુનિઓએ બહુ આનંદ પ્રાપ્ત કર્યો. ભગવાન શિવ માટે કન્યાદાન કરીને મારા પુત્ર દક્ષ કૃતાર્થ થઈ ગયા. શિવા અને શિવ પ્રસન્ન થયાં અને આખો સંસાર મંગલનું નિકેતન (સ્થાન) બની ગયું. (અધ્યાય-૧૮)

*

સતી અને શિવ દ્વારા અગ્નિની પરિક્રમા, શ્રીહરિ દ્વારા શિવતત્ત્વનું વર્ણન, શિવનું બ્રહ્માજીને આપેલા વરદાન અનુસાર વેદી પર સદાને માટે અવસ્થાન તથા શિવ અને સતીનું વિદાય થવું અને કૈલાસ પર જવું

બ્રહ્માજી કહે છે—હે નારદ! કન્યાદાન કરીને દક્ષે ભગવાન શંકરને વિવિધ પ્રકારની વસ્તુઓ દહેજ (દાયજો)માં આપી. આ બધું કરીને તે બહુ પ્રસન્ન થયા. પછી તેમણે બ્રાહ્મણોને પણ વિવિધ પ્રકારનાં ધન વહેંચ્યાં. તત્પશ્ચાત્ લક્ષ્મીસહિત ભગવાન વિષ્ણુ, શંભુ પાસે આવીને હાથ જોડીને ઊભા રહ્યા અને આમ બોલ્યા – 'હે દેવદેવ મહાદેવ! દયાસાગર! પ્રભો! તાત! તમે સંપૂર્ણ જગતના પિતા છો અને સતી દેવી સર્વની માતા છે. આપ બંને સત્પુરુષોમાં કલ્યાણ અને દુષ્ટોના દમન માટે સદા લીલાપૂર્વક અવતાર ગ્રહણ કરો છો – એ સનાતન શ્રુતિનું વચન છે. તમે ઘાટા નીલ અંજન સમાન શોભાવાળી સતી સાથે જે રીતે શોભી રહ્યા છો, હું એનાથી ઊલટું લક્ષ્મીની સાથે શોભી રહ્યો છું – અર્થાત્ સતી નીલવર્ણા છે અને આપ ગૌરવર્ણના છો, એથી ઊંધું હું નીલવર્ણનો છું અને લક્ષ્મી ગૌરવર્ણા છે.'

હે નારદ! ગૈ દેવી સતીની પાસે આવીને ગૃહ્યસૂત્રોક્ત વિધિથી વિસ્તારપૂર્વક સર્વ અગ્નિ કાર્ય કરવા માંડ્યું. હું આચાર્યની તથા બ્રાહ્મણોની આજ્ઞાથી શિવા અને શિવે બહુ હર્ષપૂર્વક વિધિવિધાનપૂર્વક અગ્નિની પરિક્રમા કરી. એ વખતે ત્યાં બહુ અદ્‌ભુત ઉત્સવ થયો. વાજાંગાજાં અને નૃત્યની સાથે થનારો એ ઉત્સવ સર્વને ખૂબ જ સુખદ થયો.

ત્યારપછી ભગવાન વિષ્ણુ બોલ્યા – હે સદાશિવ! હું આપની આજ્ઞાથી શિવતત્ત્વનું વર્ણન કરું છું. સમસ્ત દેવતા તથા બીજા-બીજા મુનિ પોતાના મનને એકાગ્ર કરીને આ વિષયને સાંભળો. હે ભગવન્! આપ પ્રધાન અને અપ્રધાન (પ્રકૃતિ અને એથી પણ અતીત) છો. આપના અનેક ભાગ છે. છતાં આપ ભાગરહિત છો. જ્યોતિર્મય સ્વરૂપવાળા પરમેશ્વરના જ આપણે ત્રણે દેવતા અંશ છીએ. આપ કોણ, બ્રહ્મા કોણ, હું કોણ? આપ પરમાત્માના જ આ ત્રણ અંશ છીએ, જે સૃષ્ટિ, પાલન એ સંહાર કરવાને કારણે એકબીજાથી ભિન્ન પ્રતીત થયા કરીએ છીએ. આપ સ્વયંના સ્વરૂપનું ચિંતન કરો. આપે સ્વયં જ લીલાપૂર્વક શરીર ધારણ કર્યું છે. આપ નિર્ગુણ બ્રહ્મરૂપથી એક છો. આપ જ સગુણ બ્રહ્મ છો અને અમે બ્રહ્મા, વિષ્ણુ તથા રુદ્ર – ત્રણે આપના અંશ છીએ. જેવી રીતે એક જ શરીર ભિન્ન ભિન્ન અવયવ મસ્તક, ગ્રીવા વગેરે નામ ધારણ

કરે છે તથાપિ એ શરીરથી ભિન્ન નથી, એવી જ રીતે આપણે ત્રણેય અંશ આપ પરમેશ્વરનાં જ અંગ છીએ. જે જ્યોર્તિમય, આકાશવત્ સર્વવ્યાપી અને નિર્લેપ, પોતે જ પોતાનું ધામ, પુરાણ, કૂટસ્થ, અવ્યક્ત, અનંત, નિત્ય તથા દીર્ઘ વગેરે વિશેષણો રહિત નિર્ગુણ બ્રહ્મ છો, એ જ શિવ આપ છો, તેથી આપ જ સર્વ કાંઈ છો.

બ્રહ્માજી કહે છે—હે મુનીશ્વર! ભગવાન વિષ્ણુની આ વાત સાંભળીને મહાદેવજી બહુ પ્રસન્ન થયા. ત્યાર પછી એ વિવાહ-યજ્ઞના સ્વામી (યજમાન) પરમેશ્વર શિવ પ્રસન્ન થઈને લૌકિક ગતિનો આશ્રય લઈને હાથ જોડીને ઊભેલા મુજ બ્રહ્માને પ્રેમપૂર્વક કહેવા લાગ્યા.

શિવે કહ્યું—હે બ્રહ્મન્! આપે સર્વ વૈવાહિક કાર્ય સારી રીતે સંપન્ન કરાવી દીધું. હવે હું પ્રસન્ન છું. આપ મારા આચાર્ય છો. હવે બતાવો કે આપને શી દક્ષિણા આપું? હે સુરજ્યેષ્ઠ! આપ દક્ષિણા માગો. હે મહાભાગ! જો તે અત્યંત દુર્લભ હોય તો પણ એ શીઘ્ર કહો. મારે માટે આપને આપવા માટે કશુંય અદેય નથી. એટલે કે હું સર્વ કાંઈ આપી શકું છું.

હે મુને! ભગવાન શંકરનું આ વચન સાંભળીને હું હાથ જોડીને વિનીત ચિત્તથી એમને વારંવાર પ્રણામ કરવા લાગ્યો અને બોલ્યો – 'હે દેવેશ! જો આપ પ્રસન્ન થયા હો અને હે મહેશ્વર! જો હું વરદાન પામવાને યોગ્ય હોઉં તો પ્રસન્નતાપૂર્વક જે વાત કહું છું, એને આપ પૂર્ણ કરો. હે મહાદેવ! આપ આ જ રૂપમાં આ વેદી પર સદા બિરાજમાન રહો, જેથી આપનાં દર્શનથી મનુષ્યોનાં પાપ ધોવાઈ જાય. હે ચંદ્રશેખર! આપનું સાંનિધ્ય હોવાથી હું આ વેદીની પાસે આશ્રમ બનાવીને તપસ્યા કરું – આ જ મારી અભિલાષા છે. ચૈત્ર શુકલ પક્ષની તેરશે પૂર્વાફાલ્ગુની નક્ષત્રમાં રવિવારને દિવસે આ ભૂતલ પર જે મનુષ્ય ભક્તિભાવથી આપનાં દર્શન કરે, એનાં તમામ પાપ તત્કાળ નષ્ટ થઈ જાય, વિપુલ પુણ્યની વૃદ્ધિ થાય અને સમસ્ત રોગોનો સર્વથા નાશ થઈ જાય. જે નારી દુર્ભગા, વંધ્યા, કાણી અથવા રૂપહીના હોય, તે પણ આપનાં દર્શનમાત્રથી જ અવશ્ય નિર્દોષ થઈ જાય.'

મારી આ વાત એમના આત્માને સુખપ્રદ હતી એને સાંભળીને ભગવાન શિવે પ્રસન્ન ચિત્તે કહ્યું – 'હે વિધાતઃ! એવું જ થશે. હું તમારા કહેવાથી સંપૂર્ણ જગતના હિત માટે મારી પત્ની સતીની સાથે આ વેદી પર સુસ્થિરભાવથી સ્થિત રહીશ.'

આવું કહીને પત્નીસહિત ભગવાન શિવ પોતાની અંશરૂપિણી મૂર્તિને પ્રગટ કરીને વેદીના

મધ્યભાગમાં બિરાજમાન થઈ ગયા. ત્યારપછી સ્વજનો પર સ્નેહ રાખનારા પરમેશ્વર શંકર દક્ષ પાસેથી વિદાય લઈ પોતાની પત્ની સતીની સાથે

કૈલાસ જવા માટે તૈયાર થયા. એ સમયે ઉત્તમ બુદ્ધિવાળા દક્ષે વિનયથી માથું નમાવીને હાથ જોડીને ભગવાન વૃષભધ્વજની પ્રેમપૂર્વક સ્તુતિ કરી. પછી શ્રીવિષ્ણુ વગેરે સમસ્ત દેવતાઓ, મુનિઓ અને શિવગણોએ નમસ્કારપૂર્વક વિવિધ પ્રકારની સ્તુતિ કરીને ખૂબ આનંદથી જય-જયકાર કર્યો. તે પછી દક્ષની આજ્ઞાથી ભગવાન શિવે પ્રસન્નતાપૂર્વક સતીને વૃષભની પીઠ પર બેસાડ્યાં અને સ્વયં પણ એના પર, વૃષભ પર, આરૂઢ થઈને એ પ્રભુ હિમાલય પર્વત તરફ ચાલ્યા. ભગવાન શંકરની સમીપ વૃષભ પર બેઠેલાં સુંદર દાંત અને મનોહર હાસ્યવાળાં સતી પોતાના નીલશ્યામ વર્ણને કારણે ચંદ્રમામાં નીલી રેખાની જેમ શોભી રહ્યાં હતાં. એ સમયે એ નવદંપતીની શોભા જોઈને શ્રીવિષ્ણુ વગેરે સમસ્ત દેવતા, મરીચિ વગેરે મહર્ષિ તથા બીજા લોકો દંગ રહી ગયા. હલી-ચાલી પણ ન શકયા અને દક્ષ પણ મોહિત થઈ ગયા. ત્યારપછી કોઈ વાજાં વગાડવા લાગ્યા અને બીજા લોકો મધુર સ્વરે ગીત ગાવા લાગ્યા. કેટલાયે લોક પ્રસન્નતાપૂર્વક શિવના કલ્યાણમય ઉજ્જ્વળ યશનું ગાન કરતાં કરતાં એમની પાછળ પાછળ ચાલ્યા. ભગવાન શંકરે રસ્તા વચ્ચેથી દક્ષને પ્રસન્નતાપૂર્વક પરત જવા કહ્યું અને સ્વયં પ્રેમાકુલ થઈ પ્રમથગણોની સાથે પોતાને ધામ જઈ પહોંચ્યા. યદ્યપિ ભગવાન શિવે વિષ્ણુ વગેરે દેવતાઓને પણ વિદાય આપી દીધી હતી, તો પણ એ બહુ જ પ્રસન્નતા અને ભક્તિ સાથે પુનઃ એમની સાથે થઈ ગયા. એ સર્વ દેવતાઓ, પ્રમથગણો અને પોતાની પત્ની સતીની સાથે હર્ષ ભરેલા શંભુ હિમાલય પર્વતથી સુશોભિત પોતાના કૈલાસધામમાં જઈ પહોંચ્યા. ત્યાં જઈને એમણે દેવતાઓ, મુનિઓ તથા બીજા લોકોને બહુ આદર-સન્માનપૂર્વક મનમાં પ્રસન્નતાની છાપ લઈને પોતપોતાને ધામે ચાલ્યા ગયા. સદાશિવનું ચિંતન કરવાવાળા ભગવાન શિવ પણ અત્યંત આનંદિત થઈને હિમાલયના શિખર પર રહીને પોતાની પત્ની દક્ષ કન્યા સતીની સાથે વિહાર કરવા લાગ્યા.

સૂતજી કહે છે—હે મુનિઓ! પૂર્વકાળમાં સ્વાયમ્ભુવ મન્વન્તરમાં ભગવાન શંકર અને સતીનો જે પ્રકારે વિવાહ થયો એ આખો પ્રસંગ મેં તમને કહી દીધો. જે વિવાહકાળમાં, યજ્ઞમાં અથવા કોઈ પણ શુભકાર્યના આરંભમાં ભગવાન શંકરની પૂજા કરીને શાંતચિત્તથી આ કથાને સાંભળે છે, એનું સમગ્ર કર્મ તથા વૈવાહિક આયોજન કોઈ પણ પ્રકારની વિઘ્નબાધા વગર પૂર્ણ થઈ જાય છે અને બીજાં શુભકર્મ પણ સદા નિર્વિઘ્ને પૂર્ણ થઈ જાય છે. આ શુભ ઉપાખ્યાનને પ્રેમપૂર્વક સાંભળીને વિવાહિત થનાર કન્યા પણ સુખ, સૌભાગ્ય, સુશીલતા અને સદાચાર વગેરે સદ્‌ગુણોથી સંપન્ન સાચ્ચી સ્ત્રી તથા પુત્રવતી થાય છે.

(અધ્યાય ૧૯-૨૦)

સતીનો પ્રશ્ન તથા તેના ઉત્તરમાં ભગવાન શિવ દ્વારા જ્ઞાન અને નવધા ભક્તિના સ્વરૂપનું વિવેચન

કૈલાસ તથા હિમાલય પર્વત પર શ્રી શિવ અને સતીના વિવિધ વિહારોનું વિસ્તારપૂર્વક વર્ણન કર્યા પછી બ્રહ્માજીએ કહ્યું – હે મુને! એક દિવસની વાત છે, દેવી સતી એકાંતમાં [૧

ભગવાન શંકરને મળ્યાં અને એમને ભક્તિપૂર્વક પ્રણામ કરીને બંને હાથ જોડીને ઊભાં રહ્યાં. પ્રભુ શંકરને પૂર્ણ પ્રસન્ન જાણીને નમસ્કાર કરીને વિનીત ભાવે ઊભાં રહીને દક્ષકુમારી સતી ભક્તિભાવથી અંજલિબદ્ધ થઈને બોલ્યાં.

સતીએ કહ્યું—હે દેવદેવ મહાદેવ! કરુણાસાગર! પ્રભો! દીનોદ્ધારપરાયણ! મહાયોગિન્! મારા ઉપર કૃપા કરો. આપ પરમ પુરુષ છો. સર્વના સ્વામી છો. રજોગુણ, સત્ત્વગુણ અને તમોગુણથી પાર છો. નિર્ગુણ પણ છો, સગુણ પણ છો. સર્વના સાક્ષી, નિર્વિકાર અને મહાપ્રભુ છો. હે હર! હું ધન્ય છું, જે આપની કામિની અને આપની સાથે સુંદર વિહાર કરનારી આપની પ્રિયા થઈ. હે સ્વામિન્! આપ સ્વયંની ભક્તવત્સલતાથી પ્રેરિત થઈને મારા પતિ થયા છો. હે નાથ! મેં બહુ વર્ષો સુધી આપની સાથે વિહાર કર્યો છે. હે મહેશાન! હું એથી બહુ સંતુષ્ટ થઈ છું અને હવે મારું મન ત્યાંથી ઊઠી ગયું છે. હે દેવેશ્વર હર! હવે તો હું એ પરમ તત્ત્વનું જ્ઞાન પ્રાપ્ત કરવા ચાહું છું, જે નિરતિશય સુખ પ્રદાયક છે - તથા જે દ્વારા જીવ સંસાર-દુઃખથી અનાયાસ જ ઉદ્ધાર મેળવી લે છે. હે નાથ! જે કર્મનું અનુષ્ઠાન કરીને વિષયી જીવ પણ પરમપદને પ્રાપ્ત કરી લે છે અને સંસારબંધનમાં બંધાતો નથી, એ આપ બતાવો, મારા ઉપર કૃપા કરો.

બ્રહ્માજી કહે છે—હે મુને! આ રીતે આદિ-શક્તિ મહેશ્વરી સતીએ કેવળ જીવોના ઉદ્ધાર માટે જ્યારે ઉત્તમ ભક્તભાવ સાથે ભગવાન શંકરને પ્રશ્ન કર્યો, ત્યારે એમના એ પ્રશ્નને સાંભળીને સ્વેચ્છાએ શરીર ધારણ કરવાવાળા તથા યોગ દ્વારા ભોગથી વિરક્ત ચિત્તવાળા સ્વામી શિવે અત્યંત પ્રસન્ન થઈને સતીને આ પ્રકારે કહ્યું.

શિવ બોલ્યા—હે દેવી! દક્ષનન્દિનિ! મહેશ્વરિ! સાંભળો. હું એ જ પરમતત્ત્વનું વર્ણન કરું છું, જેથી વાસનાબદ્ધ જીવ તત્કાળ મુક્ત થઈ શકે છે. હે પરમેશ્વરિ! તમે વિજ્ઞાનને પરમ તત્ત્વ જાણો. વિજ્ઞાન એ છે કે જેના ઉદય થવાથી 'હું બ્રહ્મ છું' એવા દૃઢ નિશ્ચય થઈ જાય છે, બ્રહ્મ સિવાય બીજી કોઈ પણ વસ્તુનું સ્મરણ રહેતું નથી તથા એ વિજ્ઞાની પુરુષની બુદ્ધિ સર્વથા શુદ્ધ થઈ જાય છે, હે પ્રિયે! એ વિજ્ઞાન દુર્લભ છે. આ ત્રિલોકીમાં એનો જ્ઞાતા કોઈ વિરલો જ હોય છે. એ જે અને જેવો છે, સદા મુજ સ્વરૂપ છે, સાક્ષાત્પરાત્પર બ્રહ્મ છે. એ વિજ્ઞાનની માતા છે મારી ભક્તિ, જે ભોગ અને મોક્ષરૂપ ફળ પ્રદાન કરવાવાળી છે. તે મારી કૃપાથી સુલભ થાય છે. ભક્તિ નવ પ્રકારની બતાવાઈ છે. હે સતી! ભક્તિ અને જ્ઞાનમાં કોઈ ભેદ નથી. ભક્ત અને જ્ઞાની બંનેને જ સદા સુખ પ્રાપ્ત થાય છે. જે ભક્તિનો વિરોધી છે, એને જ્ઞાનની પ્રાપ્તિ થતી નથી. હે દેવી! હું સદા ભક્તને આધીન રહું છું અને ભક્તિના પ્રભાવથી નીતિહીન નીચ મનુષ્યોના ઘરોમાં પણ ચાલ્યો જાઉં છું, એમાં સંશય નથી,* હે સતી! એ ભક્તિ બે પ્રકારની છે. સગુણા અને નિર્ગુણા. જે વૈધી (શાસ્ત્રવિધિથી પ્રેરિત) અને સ્વાભાવિકી

---

* ભક્તૌ જ્ઞાને ન ભેદો હિ તત્કર્તુઃ સર્વદા સુખમ્। વિજ્ઞાનં ન ભવત્યેવ યતિ ભક્તિવિરોધિનઃ॥
ભક્તાધીનઃ સદાહં વૈ તત્પ્રભાવાદ્ ગૃહેષ્વપિ। નીચાનાં જાતિહીનાનાં યામિ દેવી ન સંશયઃ॥
(શિ. પુ. રુ. સં. સ. ખં. ૨૩/૧૬.૧૭)

હૃદયના સહજ અનુરાગથી પ્રેરિત) ભક્તિ હોય છે, તે શ્રેષ્ઠ છે તથા એથી ભિન્ન જે કામનામૂલક ભક્તિ હોય છે તે નિમ્નકોટિની માની ગઈ છે. પૂર્વોક્ત સગુણા અને નિર્ગુણા – આ બંને પ્રકારની ભક્તિ નૈષ્ઠિકી અને અનૈષ્ઠિકી એવા ભેદથી બે પ્રકારની છે. નૈષ્ઠિકી ભક્તિ છ પ્રકારની છે એવું જાણો. અનૈષ્ઠિકી ભક્તિ એક જ પ્રકારની કહેવામાં આવી છે. વિદ્વાન પુરુષ વિહિતા અને અવિહિતા વગેરે ભેદથી એને અનેક પ્રકારની માને છે. આ વિવિધ ભક્તિના બહુ જાતના ભેદ-પ્રભેદ હોવાને કારણે એના તત્ત્વનું અન્યત્ર વર્ણન કર્યું છે. હે પ્રિયે! મુનિઓએ સગુણા અને નિર્ગુણા બંને ભક્તિનાં નવ અંગ કહ્યાં છે. હે દક્ષનન્દિનિ! હું એ નવેનવ અંગોનું વર્ણન કરું છું, તમે પ્રેમથી સાંભળો. હે દેવી! શ્રવણ, કીર્તન, સ્મરણ, સેવન, દાસ્ય, અર્ચન, સદા મને વંદન, સખ્ય અને આત્મસમર્પણ – આ વિદ્વાનોએ ભક્તિનાં નવ અંગ માન્યાં છે.* હે શિવે! ભક્તિનાં ઉપાંગો પણ ઘણાં બતાવાયાં છે.

હે દેવી! હવે તમે મન લગાડીને મેં ભક્તિનાં પૂર્વોક્ત નવેનવ અંગોનું પૃથક્-પૃથક્ લક્ષણ કહું છું તે સાંભળો. એ નવ લક્ષણ ભોગ તથા મોક્ષ પ્રદાયક છે. જે સ્થિર આસનથી બેસીને તન-મન વગેરેથી મારાં કથા-કીર્તન વગેરેનું નિત્ય સન્માન કરતાં કરતાં પ્રસન્નતાપૂર્વક પોતાના કાનને એના અમૃતોપમ રસનું પાન કરીને ભરી દે છે એને એટલે કે એવા સાધનને 'શ્રવણ' કહે છે. જે હૃદયાકાશ દ્વારા મારાં દિવ્ય જન્મ-કર્મોને ચિંતવે છે અને પ્રેમથી વાણી દ્વારા એનું ઉચ્ચ સ્વરથી ઉચ્ચારણ કરે છે એના આવા ભજન-સાધનને 'કીર્તન' કહે છે. હે દેવી! મુજને-નિત્ય મહેશ્વરને - સદા અને સર્વત્ર વ્યાપક જાણીને નિરંતર નિર્ભય રહે છે એને જ સ્મરણ કહેવાય છે. અરુણોદયથી લઈને પ્રત્યેક સમયે સેવ્યની અનુકૂળતાનું ધ્યાન રાખતાં રાખતાં હૃદય અને ઇન્દ્રિયોથી જે નિરંતર સેવા કરવામાં આવે છે તે જ 'સેવન' નામક ભક્તિ છે. પોતાને પ્રભુનો કિંકર માનીને હૃદયામૃતના ભોગથી સ્વામીનું સદા પ્રિય-સંપાદન કરવું 'દાસ્ય' કહેવાવામાં આવે છે. પોતાના ધન-વૈભવ અનુસાર શાસ્ત્રીય વિધિથી મને-પરમાત્માને સદા પાદ્ય વગેરે સોળ ઉપચારો જે સમર્પિત કરે છે એને 'અર્ચન' કહે છે. મનથી ધ્યાન અને વાણીથી વંદનાત્મક મંત્રોનું ઉચ્ચારણપૂર્વક આઠે અંગોથી ભૂતલનો સ્પર્શ કરતાં કરતાં જે ઇષ્ટદેવને નમસ્કાર કરવામાં આવે છે એને 'વન્દન' કહે છે. ઈશ્વર મંગલ અથવા અમંગલ જે કાંઈ પણ કરે છે, એ સર્વ મારા મંગલ અર્થે જ છે. આવો દૃઢ વિશ્વાસ રાખવો 'સખ્ય' વ્યક્તિનું લક્ષણ છે* દેહ વગેરે જે કાંઈ પણ પોતાની કહી શકાય એવી વસ્તુ છે, એ સર્વ

---

* શ્રવણં કીર્તનં ચૈવ સ્મરણં સેવનં તથા। દાસ્યં તથાર્ચનં દેવી વન્દનં મમ સર્વદા॥
સખ્યમાત્મસમર્પણં ચેતિ નવાઙ્ગાનિ વિદુર્બુધાઃ।
(શિ. પુ. રુ. સં. સ. ખં. ૨૨/૨૩)

* મંગલામંગલં યદ્ યત્ કરોતીતેશ્વરો હિ મે। સર્વં તન્મંગલાયેતિ વિશ્વાસઃ સખ્યલક્ષણમ્॥
(શિ. પુ. રુ. સં. સ. ખં. ૨૩/૩૨)

ભગવાનની પ્રસન્નતા માટે એમને જ સમર્પિત કરીને પોતાના નિર્વાહ માટે પણ કશું જ બચાવી ન રાખવું અથવા નિર્વાહની ચિંતાથી પણ રહિત થઈ જવું 'આત્મ સમર્પણ' કહેવાય છે. આ મારી ભક્તિનાં નવ અંગ છે જે ભોગ અને મોક્ષ પ્રદાયક છે. એથી જ્ઞાનનું પ્રાગટ્ય થાય છે અને આ સર્વ સાધન મને અત્યંત પ્રિય છે. મારી ભક્તિનાં ઘણાં ઉપાંગો પણ કહેવાયાં છે, જેમ કે બિલ્વ વગેરેનું સેવન વગેરે એને વિચારથી સમજી લેવાં જોઈએ.

હે પ્રિયે! આ રીતે મારી ભક્તિ સાંગોપાંગ સર્વથી ઉત્તમ છે. એ જ્ઞાન-વૈરાગ્યની જનની છે અને મુક્તિ એની દાસી છે. આ સદા સર્વ સાધનોની ઉપર બિરાજમાન છે. એ દ્વારા સંપૂર્ણ કર્મોનાં ફળની પ્રાપ્તિ થાય છે. આ ભક્તિ મને સદા તમારી સમાન જ પ્રિય છે. જેના ચિત્તમાં નિરંતર નિત્ય આ ભક્તિ નિવાસ કરે છે, એ સાધક મને અત્યંત પ્રિય વહાલો લાગે છે. હે દેવેશ્વરિ! ત્રણે લોકમાં, ચારે યુગોમાં ભક્તિની સમાન બીજો કોઈ સુખદાયક માર્ગ નથી. કલિયુગમાં તો આ વિશેષ સુખદ અને સુવિધાજનક છે.* હે દેવી! કળિયુગમાં ઘણું કરીને જ્ઞાન અને વૈરાગ્યનો કોઈ ગ્રાહક નથી. તેથી એ બંને વૃદ્ધ, ઉત્સાહશૂન્ય અને જર્જર થઈ ગયા છે. પરંતુ ભક્તિ કળિયુગમાં તથા અન્ય સર્વ યુગોમાં પણ પ્રત્યક્ષ ફળ દેનારી છે. ભક્તિના પ્રભાવથી હું સદા એના વશમાં રહું છું, એમાં સંશય નથી. સંસારમાં જે ભક્તિમય પુરુષ છે એને હું સદા સહાયતા કરું છું અને એનાં સર્વ વિઘ્નો દૂર હટાવું છું, એ ભક્તનો જે શત્રુ હોય તેને હું દંડ આપું છું, સજા ફટકારું છું, એમાં પણ સંશય નથી. હે દેવી!• હું મારા ભક્તોનો રક્ષક છું. ભક્તની રક્ષા માટે જ મેં કુપિત થઈને મારા નેત્રજનિત અગ્નિથી કાળને પણ દગ્ધ કરી દીધો હતો. હે પ્રિયે! ભક્તને માટે મેં પૂર્વકાળમાં સૂર્ય પર પણ અત્યંત ક્રુદ્ધ થઈ ગયો હતો અને શૂલ લઈને એમને મારી ભગાવ્યા હતા - હે દેવી! ભક્તને માટે મેં સૈન્યસહિત રાવણને પણ ક્રોધપૂર્વક છોડી દીધો દીધો હતો અને એનો કયારેય પક્ષપાત કર્યો ન હતો. હે સતી! હે દેવેશ્વરિ! બહુ કહેવાથી શો લાભ? હું સદાયે ભક્તોને અધીન રહું છું અને ભક્તિ કરનાર પુરુષના અત્યંત વશમાં થઈ જાઉં છું –

બ્રહ્માજી કહે છે—હે નારદ! આ રીતે ભક્તનું મહત્ત્વ સાંભળીને દક્ષકન્યા સતીને બહુ હર્ષ થયો. એમણે અત્યંત પ્રસન્નતાપૂર્વક ભગવાન શિવને મનોમન પ્રણામ કર્યા. હે મુને! સતી દેવીએ પુનઃ ભક્તિકાંડવિષયક શાસ્ત્રના વિષયમાં ભક્તિપૂર્વક પૂછ્યું. એમણે જિજ્ઞાસા કરી કે જે લોકમાં સુખદાયક તથા જીવોના ઉદ્ધારનાં સાધનોનો પ્રતિપાદક છે એ શાસ્ત્ર ક્યાં છે. એમણે યંત્ર-મંત્ર, શાસ્ત્ર, એમનું માહાત્મ્ય તથા અન્ય જીવોદ્ધારક ધર્મમય સાધનોના વિષયમાં

---

* ત્રૈલોક્યે ભક્તિસદૃશઃ પન્થા નાસ્તિ સુખાવહઃ। ચતુર્યુગેષુ દેવેશિ કલૌતુ સુવિશેષતઃ॥
(શિ. પુ. રુ. સં. સ. ખં. ૨૩/૩૮)

• યો ભક્તિમન્યુમૌલ્લોકે સદાહં તત્સહાયકૃત્। વિઘ્નહર્તા રિપુસ્તસ્ય દંડ્યો નાત્ર ચ સંશયઃ॥
(શિ. પુ. રુ. સં. સ. ખં. ૨૩/૪૧)

વિશેષરૂપે જાણવાની ઇચ્છા પ્રગટ કરી. સતીના આ પ્રશ્નને સાંભળીને શંકરજીના મનમાં બહુ પ્રસન્નતા થઈ. એમણે જીવોના ઉદ્ધાર માટે સર્વ શાસ્ત્રોનું પ્રેમપૂર્વક વર્ણન કર્યું. મહેશ્વરે પાંચેય અંગોસહિત તંત્રશાસ્ત્ર, યંત્રશાસ્ત્ર તથા ભિન્ન ભિન્ન દેવેશ્વરોના મહિમાનું વર્ણન કર્યું. હે મુનીશ્વર! ઇતિહાસ-કથાસહિત એ દેવતાઓના ભક્તોનો મહિમા અને વર્ણાશ્રમધર્મોનું તથા રાજધર્મોનું પણ નિરૂપણ કર્યું. પુત્ર અને સ્ત્રીના ધર્મનો મહિમા, કયારેય નષ્ટ ન થનાર વર્ણાશ્રમધર્મનો અને જીવોને સુખપ્રદાયક વૈદકશાસ્ત્ર તથા જ્યોતિષશાસ્ત્રનું પણ વર્ણન કર્યું. મહેશ્વરે કૃપા કરીને ઉત્તમ સામુદ્રિક શાસ્ત્રનું તથા બીજાં પણ ઘણાં શાસ્ત્રોનું તત્ત્વતઃ વર્ણન કર્યું. આ રીતે લોકોપકાર કરવા માટે સદ્‌ગુણસંપન્ન શરીર ધારણ કરવાવાળા, ત્રિલોક-સુખદાયક અને સર્વજ્ઞ સતી-શિવ હિમાલયના કૈલાસશિખર પર તથા અન્યોન્ય સ્થાનોમાં વિવિધ પ્રકારની લીલા કરતા હતા. એ બંને દંપતી સાક્ષાત્ પરબ્રહ્મસ્વરૂપ છે. (અધ્યાય ૨૧-૨૩)

*

દંડકારણ્યમાં શિવને શ્રીરામ પ્રતિ મસ્તક નમાવતાં જોઈને સતીનો મોહ તથા શિવની આજ્ઞાથી એમના દ્વારા શ્રીરામની પરીક્ષા

નારદજી બોલ્યા—હે બ્રહ્મન્! હે વિધે! હે પ્રજાનાથ! હે મહાપ્રાજ્ઞ! હે દયાનિધે! આપે ભગવાન શંકર તથા દેવી સતીના મંગલકારી સુયશનું શ્રવણ કરાવ્યું. હવે આ સમયે પુનઃ પ્રેમપૂર્વક એમના ઉત્તમ યશનું વર્ણન કરો. એ શિવદંપતીએ ત્યાં રહીને કયું ચરિત્ર કર્યું હતું?

બ્રહ્માજીએ કહ્યું—હે મુને! તમે મારી પાસેથી સતી અને શિવના ચરિત્રનું પ્રેમથી શ્રવણ કરો. એ બંને દંપતી ત્યાં લૌકિક ગતિનો આશ્રય લઈને નિત્ય-નિરંતર ક્રીડા કરતાં હતાં. તે પછી મહાદેવી સતીને પોતાના પતિ શંકરનો વિયોગ થયો, એવું કેટલાક શ્રેષ્ઠ બુદ્ધિવાળા વિદ્વાનોનું કથન છે. પરંતુ હે મુને! વાસ્તવમાં એ બંનેનો પરસ્પર વિયોગ કેવી રીતે થઈ શકે? કેમકે, એ બંને વાણી અને અર્થની જેમ એકબીજા સાથે સદા મળેલા-ભળેલા છે. શક્તિ અને શક્તિમાન છે તથા ચિત્સ્વરૂપ છે. છતાં પણ એમનામાં લીલા-વિષયક રુચિ થવાને કારણે બધું કાંઈ સંઘટિત થઈ શકે છે. સતી અને શિવ યદ્યપિ ઈશ્વર છે તેમ છતાં લૌકિક રીતિનું અનુસરણ કરીને તે જે જે લીલાઓ કરે છે, તે સર્વ સંભવ છે. દક્ષકન્યા સતીએ જ્યારે જોયું કે મારા પતિએ મારો ત્યાગ કર્યો છે ત્યારે તે પોતાના પિતા દક્ષના યજ્ઞમાં ગયાં અને ત્યાં ભગવાન શંકરનો અનાદર જોતાં એમણે એમના શરીરનો ત્યાગ કરી દીધો. એ જ સતી પુનઃ હિમાલયને ઘેર પાર્વતી નામથી પ્રગટ થયાં અને બહુ ભારે તપસ્યા કરીને એમણે પુનઃ ભગવાન શિવને લગ્નમાં પતિરૂપે પ્રાપ્ત કર્યા.

સૂતજી કહે છે—હે મહર્ષિઓ! બ્રહ્માજીની આ વાત સાંભળીને નારદજીએ વિધાતાને શિવા અને શિવના મહાન યશ વિશે આ રીતે પૂછ્યું.

નારદજી બોલ્યા—હે મહાભાગ વિષ્ણુશિષ્ય! હે વિધાતઃ! આપ મને શિવ અને શિવાના ભાવ

તથા આચાર સાથે સંબંધ રાખનાર એમના ચરિત્રને વિસ્તારપૂર્વક સંભળાવો. હે તાત! ભગવાન શંકરે પોતાના પ્રાણોથી પણ વધારે પ્રિય ધર્મપત્ની સતીનો કેમ ત્યાગ કર્યો? આ ઘટના તો મને બહુ જ વિચિત્ર લાગે છે. તેથી એ આપ અવશ્ય કહો. હે અજ! આપના પુત્ર દક્ષના યજ્ઞમાં ભગવાન શિવનો અનાદર કેવી રીતે થયો? અને ત્યાં પિતાના યજ્ઞમાં જઈને સતીએ પોતાના શરીરનો ત્યાગ કેવી રીતે કર્યો? એ પછી ત્યાં શું થયું? ભગવાન મહેશ્વરે શું કર્યું? એ સર્વ વાતો મને કહો. એ સાંભળવા માટે મારા મનમાં બહુ જ શ્રદ્ધા છે.

બ્રહ્માજીએ કહ્યું—હે મારા પુત્રોમાં શ્રેષ્ઠ! હે મહાપ્રાજ્ઞ! હે તાત નારદ! તમે મહર્ષિઓની સાથે ખૂબ પ્રેમથી ભગવાન ચંદ્રમૌલિનું આ ચરિત્ર-વૃત્તાંત સાંભળો. શ્રીવિષ્ણુ આદિ દેવતાઓ દ્વારા સેવિત પરબ્રહ્મ મહેશ્વરને નમસ્કાર કરીને હું એમના અદ્‌ભુત ચરિત્રનું વર્ણન શરૂ કરું છું. હે મુને! આ સર્વ ભગવાન શિવની લીલા જ છે. તે પ્રભુ અનેક પ્રકારની લીલા કરનારા, સ્વતંત્ર અને નિર્વિકાર છે. દેવી સતી પણ તેવાં જ છે. અન્યથા એવું કર્મ કરવામાં સમર્થ પણ કોણ થઈ શકે છે. પરમેશ્વર શિવ જ પરબ્રહ્મ પરમાત્મા છે.

એક સમયની વાત છે કે, ત્રણે લોકોમાં વિચરનાર લીલાવિશારદ ભગવાન રુદ્ર સતીની સાથે બળદ પર આરૂઢ થઈને ભૂતલ પર ભ્રમણ કરી રહ્યા હતા. ફરતાં ફરતાં દંડકારણ્યમાં આવ્યા. ત્યાં એમણે લક્ષ્મણસહિત ભગવાનશ્રીરામને જોયા. જે રાવણ દ્વારા છળપૂર્વક હરણ કરાયેલી પોતાની પ્રિય પત્ની સીતાની શોધ કરી રહ્યા હતા. તે 'હા સીતે!' એવું ઊંચા સ્વરથી બોલી રહ્યા હતા - જ્યાં ત્યાં નજર ફેરવતા હતા, અને વારંવાર રડતા હતા. એમના મનમાં વિરહનો આવેશ છવાઈ ગયો હતો. સૂર્યવંશમાં ઉત્પન્ન, વીર ભૂપાલ, દશરથનંદન, ભરતાગ્રજ શ્રીરામ આનંદરહિત થઈને લક્ષ્મણની સાથે વનમાં ભ્રમણ કરી રહ્યા હતા, અને એમની કાંતિ ફીકી પડી ગઈ હતી. એ સમયે ઉદારચેતા પૂર્ણકામ ભગવાન શંકરે બહુ પ્રસન્નતાથી એમને પ્રણામ કર્યા અને જયજયકાર કરીને એ બીજી બાજુ ચાલ્યા ગયા. ભક્તવત્સલ શંકરે એ સમયે વનમાં શ્રીરામની આગે સ્વયંને પ્રગટ ન કર્યા. ભગવાન શિવની મોહમાં નાખનારી આવી લીલા જોઈને સતીને બહુ વિસ્મય થયો. એ એમની યોગમાયાથી મોહિત થઈને એમને આ પ્રકારે કહેવા માંડ્યા.

સતીએ કહ્યું—હે દેવદેવ સર્વેશ! પરબ્રહ્મ પરમેશ્વર! બ્રહ્મા, વિષ્ણુ વગેરે બધા દેવતા આપની જ સદા સેવા કરે છે. આપ જ સર્વ દ્વારા પ્રણામ કરવાને યોગ્ય છો. સર્વને આપનું જ સર્વદા સેવન અને ધ્યાન કરવું જોઈએ. વેદાન્ત-શાસ્ત્ર દ્વારા યત્નપૂર્વક જાણવાયોગ્ય નિર્વિકાર પરમ પ્રભુ આપ જ છો. હે નાથ! આ બંને પુરુષો કોણ છે, એમની આકૃતિ વિરહવ્યથાથી વ્યાકુળ જણાય છે. એ બંને ધનુર્ધર વીર વનમાં વિચરતાં વિચરતાં ક્લેશયુક્ત અને દીન થઈ રહ્યા છે. એમાં જ જેષ્ઠ, મોટા છે, એમની અંગકાંતિ નીલકમલની જેમ શ્યામ છે. એમને જોઈને કયા કારણે આપ આનંદવિભોર થઈ ગયા હતા? આપનું ચિત્ત કેમ અત્યંત પ્રસન્ન થઈ ગયું હતું? આપ આ સમયે ભક્તની જેમ વિનમ્ર કેમ થઈ ગયા હતા? હે સ્વામિન્! હે કલ્યાણકારી શિવ! આપ મારો સંશય

સાંભળો. હે પ્રભો! સેવ્ય સ્વામી પોતાના સેવકને પ્રણામ કરે એ ઉચિત જણાતું નથી.

બ્રહ્માજી કહે છે—હે નારદ! કલ્યાણમયી પરમેશ્વરી આદિશક્તિ સતી દેવીએ શિવની માયાને વશીભૂત થઈને જ્યારે ભગવાન શિવને આ પ્રકારે પ્રશ્ન કર્યો, ત્યારે સતીની આ વાત સાંભળીને લીલાવિશારદ પરમેશ્વર શંકર હસીને આ પ્રકારે બોલ્યા.

પરમેશ્વરે કહ્યું—હે દેવી! સાંભળો. હું પ્રસન્નતાપૂર્વક યથાર્થ વાત કહું છું. એમાં છળ નથી. વરદાનના પ્રભાવથી જ મેં એમને આદરપૂર્વક પ્રણામ કર્યા છે. હે પ્રિયે! આ બંને ભાઈ વીરો દ્વારા સન્માનિત છે. એમનાં નામ છે શ્રીરામ અને લક્ષ્મણ. એમનું પ્રાગટ્ય સૂર્યવંશમાં થયું છે. એ બંને રાજા દશરથના વિદ્વાન પુત્રો છે. એમાં જે ગોરા રંગના નાના ભાઈ છે, તે સાક્ષાત્ શેષના અંશ છે. એમનું નામ લક્ષ્મણ છે. એમના મોટા ભાઈનું નામ શ્રીરામ છે. એમના રૂપે ભગવાન વિષ્ણુ જ પોતાના સંપૂર્ણ અંશથી પ્રગટ થયા છે. ઉપદ્રવ એમનાથી દૂર જ રહે છે. તે સાધુપુરુષોની રક્ષા અને અમારા લોકોના કલ્યાણ માટે જ પૃથ્વી પર અવતીર્ણ થયા છે.

આવું કહીને સૃષ્ટિકર્તા ભગવાન શંભુ ચૂપ થઈ ગયા. ભગવાન શિવની આવી વાત સાંભળીને સતીના મનને વિશ્વાસ થયો નહીં. આવું કેમ ન થાય, ભગવાન શિવની માયા બહુ પ્રબળ છે, તે તો સંપૂર્ણ ત્રિલોકીને મોહમાં નાખવાવાળી છે. સતીના મનમાં મારી વાત પર વિશ્વાસ નથી એવું જાણીને લીલાવિશારદ પ્રભુ સનાતન શંભુ આમ બોલ્યા.

શિવે કહ્યું—હે દેવી! મારી વાત સાંભળો. જો તમારા મનમાં મારા કથન પર વિશ્વાસ ન હોય તો તમે ત્યાં જઈને સ્વયંની બુદ્ધિથી જ શ્રીરામની પરીક્ષા કરી લો. હે પ્યારી સતી! જેવી રીતે તમારો મોહ અથવા ભ્રમ નષ્ટ થઈ જાય, એ જ કરો. તમે ત્યાં જઈને પરીક્ષા કરો. ત્યાં સુધી હું આ વડના ઝાડ નીચે ઊભો છું.

બ્રહ્માજી કહે છે—હે નારદ! ભગવાન શિવની આજ્ઞાથી ઈશ્વરી સતી ત્યાં ગયાં અને મનમાં ને મનમાં વિચારવા લાગ્યાં કે 'હું વનચારી રામની પરીક્ષા કેવી રીતે કરું, ચાલો સારું. હું સીતાનું રૂપ ધારણ કરીને રામની પાસે પહોંચું. જો રામ સાક્ષાત્ વિષ્ણુ છે તો તો બધું જાણી લેશે, નહિ તો એ મને નહીં ઓળખે.' એવો વિચાર સતી સીતા બનીને શ્રીરામની પાસે એમની પરીક્ષા લેવા માટે સતી ગયાં. સતીને સીતાના રૂપમાં સામે આવેલાં જોઈને શિવ-શિવનો જપ કરતાં કરતાં રઘુકુળનંદન શ્રીરામ બધું જાણી ગયા અને હસતાં હસતાં એમને નમસ્કાર કરીને બોલ્યા.

શ્રીરામે પૂછ્યું—હે સતીજી! આપને નમસ્કાર છે. આપ પ્રેમપૂર્વક બતાવો કે ભગવાન શંભુ ક્યાં ગયા છે? તમે પતિ વિના એકલાં જ આ વનમાં કેમ કેવી રીતે આવ્યાં? હે દેવી! તમે તમારું રૂપ છોડીને શા માટે આ નૂતન રૂપ ધારણ કર્યું છે? મારા પર કૃપા કરીને એનું કારણ જણાવો.

શ્રીરામચંદ્રજીની આ વાત સાંભળીને સતી એ સમયે આશ્ચર્યચકિત થઈ ગયાં. તે શિવજીએ કહેલી વાતનું સ્મરણ કરીને અને એને યથાર્થ સમજીને બહુ લજ્જિત થયાં. શ્રીરામને સાક્ષાત્ વિષ્ણુ જાણીને પોતાના રૂપને પ્રગટ કરીને મનમાં ને મનમાં જ ભગવાન શિવના

ચરણારવિંદોનું ચિંતન કરી પ્રસન્નચિત્ત થયેલાં સતી એમને આ પ્રમાણે કહેવા લાગ્યાં – 'હે રઘુનંદન! સ્વતંત્ર પરમેશ્વર ભગવાન શિવ મારા તથા અન્ય પાર્ષદોની સાથે પૃથ્વી પર ભ્રમણ કરતાં કરતાં આ વનમાં આવી ગયા હતા. અહીં એમણે સીતાની શોધમાં લાગેલા લક્ષ્મણસહિત આપને જોયા. એ વખતે સીતાને માટે તમારા મનમાં ક્લેશ, દુઃખ વધારે હતાં અને તમે વિરહશોકથી પીડિત જણાતા હતા. એ અવસ્થામાં તમને પ્રણામ કરીને એ ચાલ્યા ગયા અને પેલા વડના વૃક્ષની નીચે હજુ સુધી ઊભા છે. ભગવાન શિવ બહુ આનંદ સાથે તમારા વૈષ્ણવરૂપના ઉત્કૃષ્ટ મહિમાનું ગાન કરી રહ્યા હતા. જોકે એમણે તમને ચતુર્ભુજ વિષ્ણુરૂપે નથી જોયા તેમ છતાં દર્શન કરતાં જ એ આનંદવિભોર થઈ ગયા હતા – આ નિર્મલરૂપને જોતાં એમને ખૂબ આનંદ થયો. આ વિશે મારા પૂછવાથી ભગવાન શંભુએ જે વાત કહી, એને સાંભળીને મારા મનમાં ભ્રમ ઉત્પન્ન થઈ ગયો. તેથી હે રાઘવેન્દ્ર! મેં એમની આજ્ઞા લઈને આપની પરીક્ષા કરી છે. હે શ્રીરામ! હવે મને જણાયું કે તમે સાક્ષાત્ વિષ્ણુ છો. તમારી સમગ્ર પ્રભુતા મેં મારાં નેત્રો વડે જોઈ છે. હવે મારો સંશય દૂર થઈ ગયો છે તો પણ હે મહામતે! તમે મારી વાત સાંભળો. મને સાચેસાચું બતાવો કે તમે ભગવાન શિવના વંદનીય કેવી રીતે થઈ ગયા? મારા મનમાં આ જ એક સંદેહ છે. એ દૂર કરી દો અને શીઘ્ર જ મને પૂર્ણ શાંતિ પ્રદાન કરો.'

સતીનું આ વચન સાંભળીને શ્રીરામનાં નેત્ર પ્રફુલ્લ કમળની સમાન ખીલી ઊઠ્યાં. એમણે મનમાં ને મનમાં પોતાના પ્રભુ ભગવાન શિવનું સ્મરણ કર્યું. સાથે એમના હૃદયમાં પ્રેમનાં પૂર રેલાયાં. હે મુને! આજ્ઞા ન હોવાને કારણે તે સતીની સાથે ભગવાન શિવની નિકટ ન ગયા અને મનમાં ને મનમાં એમના મહિમાનું વર્ણન કરીને શ્રીરઘુનાથજીએ સતીને કહેવાનો પ્રારંભ કર્યો. (અધ્યાય-૨૪)

*

શ્રીશિવ દ્વારા ગોકુલધામમાં શ્રીવિષ્ણુનો ગોપેશ પદ પર અભિષેક અને એમને પ્રણામ કર્યા તે પ્રસંગ સાંભળીને શ્રીરામનો સતીના મનનો સંદેહ દૂર કરવો, સતીનો શિવ દ્વારા માનસિક ત્યાગ

શ્રીરામ બોલ્યા—હે દેવી! પ્રાચીનકાળમાં એક સમયે પરમ સ્રષ્ટા ભગવાન શંભુએ પોતાની પરાત્પર ધામમાં વિશ્વકર્માને બોલાવીને એમના દ્વારા પોતાની ગોશાળામાં એક રમણીય ભવન બનાવડાવ્યું, જે બહુ જ વિસ્તૃત હતું. એમાં એક સિંહાસનનું પણ નિર્માણ કરાવ્યું. એ સિંહાસન પર ભગવાન શંકરે વિશ્વકર્મા દ્વારા એક છત્ર બનાવડાવ્યું, જે ખૂબ જ દિવ્ય, સદાને માટે અદ્‌ભુત અને પરમ ઉત્તમ હતું. ત્યાર પછી એમણે બધી જ બાજુએથી ઇન્દ્ર આદિ દેવગણો, સિદ્ધો, ગંધર્વો, નાગ આદિક તથા સંપૂર્ણ ઉપદેવોને પણ ત્યાં બોલાવ્યા. સમસ્ત વેદ અને આગમો, પુત્રોસહિત પ્રજાપતિને, મુનિઓને તથા અપ્સરાઓ સહિત સમસ્ત દેવીઓને, જે વિવિધ પ્રકારની વસ્તુઓથી સંપન્ન હતી, એ સૌને આમંત્રણ આપ્યું. એ સિવાય પણ દેવતાઓ,

ઋષિઓ, સિદ્ધો અને નાગલોકની સોળ-સોળ કન્યાઓને પણ બોલાવી, જેમના હાથમાં માંગલિક વસ્તુઓ હતી. હે મુને! વીણા, મૃદંગ વગેરે વિવિધ પ્રકારનાં વાદ્યો વગાડીને સુંદર ગીતો દ્વારા મહાન ઉત્સવ રચ્યો. સંપૂર્ણ ઔષધિઓની સાથે રાજ્યાભિષેકને યોગ્ય દ્રવ્ય એકત્ર કરવામાં આવ્યું. પ્રત્યક્ષ તીર્થોનાં જળથી ભરેલા પાંચ કલશ પણ મંગાવવામાં આવ્યા. એ સિવાય પણ બીજી ઘણીબધી દિવ્ય સામગ્રી ભગવાન શંકરે પાર્ષદો દ્વારા મંગાવી અને ઉચ્ચ સ્વરથી વેદ-મંત્રોનો ઘોષ કરાવડાવ્યો.

હે દેવી! ભગવાન વિષ્ણુની પૂર્ણ ભક્તિથી મહેશ્વરદેવ સદા પ્રસન્ન રહેતા હતા. એટલા માટે એમણે પ્રીતિયુક્ત હૃદયથી શ્રીહરિને વૈકુંઠથી બોલાવ્યા અને શુભ મુહૂર્તમાં શ્રીહરિને એ શ્રેષ્ઠ સિંહાસન પર બેસાડીને મહાદેવજીએ સ્વયં જ પ્રેમપૂર્વક એમને સર્વપ્રકારનાં આભૂષણોથી વિભૂષિત કર્યા. એમના માથા પર મનોહર મુગટ પહેરાવ્યો અને અનેક મંગલ-કૌતુક થયાં. આ બધું થઈ ગયા પછી મહેશ્વરે સ્વયં બ્રહ્માંડમંડપમાં શ્રીહરિનો અભિષેક કર્યો અને એમને પોતાનું બધું જ ઐશ્વર્ય પ્રદાન કર્યું, જે બીજાઓની પાસે ન હતું. ત્યાર પછી સ્વતંત્ર ઈશ્વર ભક્તવત્સલ શંભુએ શ્રીહરિનું સ્તવન કર્યું અને પોતાની પરાધીનતા (ભક્તપરવશતા)ને સર્વત્ર પ્રસિદ્ધ કરતાં એ લોકકર્તા બ્રહ્માને આ પ્રકારે કહેવા લાગ્યા.

મહેશ્વરે કહ્યું—હે લોકેશ! આજથી મારી આજ્ઞા અનુસાર એ વિષ્ણુહરિ સ્વયં મારા વંદનીય થઈ ગયા છે. આ વાતને બધા જ સાંભળી રહ્યા છો. હે તાત! તમે સંપૂર્ણ દેવતાઓની સાથે શ્રીહરિને પ્રણામ કરો અને આ વેદ મારી આજ્ઞાથી મારી જેમ જ આ શ્રીહરિનું વર્ણન કરે.

શ્રીરામચંદ્રજી કહે છે—હે દેવી! ભગવાન વિષ્ણુની શિવભક્તિ જોઈને પ્રસન્નચિત્ત થયેલા વરદાયક ભક્તવત્સલ રુદ્રદેવે ઉપર્યુક્ત વાત કહીને સ્વયં જ શ્રીગરુડધ્વજને પ્રણામ કર્યા. ત્યારપછી બ્રહ્મા આદિ દેવતાઓ, મુનિઓ અને સિદ્ધો વગેરેએ પણ એ સમયે શ્રીહરિની વંદના કરી. ત્યારપછી અત્યંત પ્રસન્ન થયેલા ભક્તવત્સલ મહેશ્વરે દેવતાઓ સમક્ષ શ્રીહરિને મોટાં મોટાં વરદાનો આપ્યાં.

મહેશ બોલ્યા—હે હરે! તમે મારી આજ્ઞાથી સંપૂર્ણ લોકોના કર્તા, પાલક અને સંહારક થાઓ. ધર્મ, અર્થ અને કામના દાતા તથા દુર્નીતિ અથવા અન્યાય કરનારા દુષ્ટોને દંડ દેનારા બનો, મહાન બળ-પરાક્રમથી સંપન્ન, જગત્પૂજ્ય જગદીશ્વર બની રહો. સમરાંગણમાં તમને કોઈ જીતી શકે નહીં. મારાથી પણ ક્યારેય તમે પરાજિત નહીં થાઓ, તમે મારી આપેલી ત્રણ પ્રકારની શક્તિઓ ગ્રહણ કરો. એક તો ઇચ્છા-આદિની સિદ્ધિ, બીજી વિવિધ પ્રકારની લીલાઓ પ્રગટ કરવાની શક્તિ અને ત્રીજી ત્રણે લોકમાં નિત્ય સ્વતંત્રતા. હે હરે! જેઓ તમારો દ્વેષ કરવાવાળા છે તેઓ નિશ્ચય જ મારા દ્વારા પ્રયત્નપૂર્વક દંડનીય થશે. હે વિષ્ણો! હું તમારા ભક્તોને ઉત્તમ મોક્ષ પ્રદાન કરીશ. તમે આ માયાને પણ ગ્રહણ કરો, જેનું નિવારણ કરવું દેવતા વગેરેને માટે પણ કઠણ છે તથા જેથી મોહિત થઈને આ વિશ્વ જડરૂપ થઈ જશે. હે હરે! તમે મારી ડાબી ભુજા છો અને વિધાતા મારી જમણી ભુજા છે. તમે વિધાતાના પણ ઉત્પાદક અને પાલક થશો. મારા હૃદયરૂપ જે

રુદ્ર છે, એ જ હું છું. એ રુદ્ર તમારા અને બ્રહ્મા વગેરે દેવતાઓના પણ નક્કી પૂજ્ય જ છો. તમે અહીં રહીને વિશેષરૂપે સંપૂર્ણ જગતનું પાલન કરો. વિવિધ પ્રકારની લીલાઓ કરનાર વિભિન્ન અવતારો દ્વારા સદા સર્વની રક્ષા કરતા રહો. મારા ચિન્મય ધામમાં તમારું જે આ પરમ વૈભવશાળી અને અત્યંત ઉજ્જ્વળ સ્થાન છે, તે ગોલોક નામથી પ્રખ્યાત થશે. હે હરિ! ભૂતળ પર જે તમારા અવતાર થશે, તે સર્વના રક્ષક અને મારા ભક્ત હશે. હું એમનાં અવશ્ય દર્શન કરીશ. તેઓ મારા વરદાનથી સદા પ્રસન્ન રહેશે.

શ્રીરામચંદ્રજી કહે છે—હે દેવી! આ રીતે શ્રીહરિને પોતાનું અખંડ ઐશ્વર્ય સોંપીને ઉમાવલ્લભ ભગવાન હર સ્વયં કૈલાસ પર્વત પર રહીને પોતાના પાર્ષદોની સાથે સ્વચ્છંદ ક્રીડા કરે છે. ત્યારથી ભગવાન લક્ષ્મીપતિ ત્યાં ગોપવેશ ધારણ કરીને આવ્યા અને ગોપ-ગોપી તથા ગાયોના અધિપતિ થઈને ખૂબ જ પ્રસન્નતાથી સાથે રહેવા લાગ્યા. તે શ્રીવિષ્ણુ પ્રસન્નચિત્ત થઈને સમસ્ત જગતની રક્ષા કરવા લાગ્યા. તે શિવની આજ્ઞાથી વિવિધ પ્રકારના અવતાર ગ્રહણ કરીને જગતનું પાલન કરે છે. આ સમયે એ જ શ્રીહરિ ભગવાન શંકરની આજ્ઞાથી ચાર ભાઈઓના રૂપે અવતીર્ણ થયા છે. એ ચાર ભાઈઓમાં સૌથી મોટો હું રામ છું, બીજા ભરત, ત્રીજા લક્ષ્મણ છે અને ચોથા ભાઈ શત્રુઘ્ન છે. હે દેવી! હું પિતાની આજ્ઞાથી સીતા અને લક્ષ્મણની સાથે વનમાં આવ્યો હતો. અહીં કોઈ નિશાચરે મારી પત્ની સીતાને હરી લીધી છે અને હું વિરહી થઈને ભાઈની સાથે આ વનમાં મારી પ્રિયાની શોધમાં છું. જ્યારે આપનું દર્શન પ્રાપ્ત થઈ ગયું ત્યારથી મારું કુશળ-મંગળ જ થશે. હે મા સતી! આપની કૃપાથી આવું થવામાં કોઈ સંદેહ નથી. હે દેવી! નિશ્ચય જ આપના તરફથી મને સીતાની પ્રાપ્તિવિષયક વરદાન પ્રાપ્ત થશે. આપના અનુગ્રહથી સર્વ દુઃખદાયી રાક્ષસને મારીને હું સીતાને અવશ્ય પ્રાપ્ત કરીશ. આજે મારું મહાન સૌભાગ્ય છે જે આપ બંનેએ મારા પર કૃપા કરી. જેના ઉપર આ બંને દયાળુ થઈ જાય, એ પુરુષ ધન્ય અને શ્રેષ્ઠ છે.

આ રીતે ઘણી વાતો કહીને કલ્યાણમયી સતી દેવીને પ્રણામ કરીને રઘુકુળ-શિરોમણિ શ્રીરામ એમની આજ્ઞાથી એ વનમાં વિચરણ કરવા લાગ્યા. પવિત્ર હૃદયવાળા શ્રીરામની આ વાત સાંભળીને સતી મનમાં ને મનમાં જ શિવભક્તિપરાયણ રઘુનાથજીની પ્રશંસા કરતાં બહુ જ પ્રસન્ન થયાં. પણ પોતાના કર્મને યાદ કરીને મનમાં બહુ શોક કરવા લાગ્યાં. એમની અંગકાંતિ ફીકી પડી ગઈ. તે ઉદાસ થઈને શિવજી પાસે પરત આવ્યાં. માર્ગમાં જતાં જતાં દેવી સતી વારંવાર ચિંતા કરવા લાગ્યા કે મેં ભગવાન શિવની વાત ન માની અને શ્રીરામ પ્રત્યે કુત્સિત બુદ્ધિ કરી લીધી. હવે શંકરજી પાસે જઈને એમને શો ઉત્તર આપીશ. આ રીતે વારંવાર વિચાર કરીને એમને એ સમયે બહુ પશ્ચાત્તાપ થયો. શિવ પાસે જઈને સતીએ મનોમન એમને પ્રણામ કર્યા. એમના મુખ પર વિષાદ છવાઈ રહ્યો હતો. તે શોકથી વ્યાકુળ અને નિસ્તેજ થઈ ગયાં હતાં. સતીને દુઃખી જોઈને ભગવાન હરિએ એમના કુશળ-સમાચાર પૂછ્યા અને પ્રેમપૂર્વક કહ્યું – 'તમે કેવી રીતે પરીક્ષા કરી?' એમની આ વાત સાંભળીને સતી

મસ્તક ઝુકાવીને એમની પાસે ઊભાં રહી ગયાં. એમનું મન શોક અને વિષાદમાં ડૂબેલું હતું. ભગવાન મહેશ્વરે ધ્યાન લગાવીને સતીનું આખું ચરિત્ર જાણી લીધું અને એમને મનથી એમનો ત્યાગ કરી દીધો. વેદધર્મનું પ્રતિપાલન કરનારા પરમેશ્વર શિવે પોતાની પહેલાં કરેલી પ્રતિજ્ઞાનો નાશ ન થવા દીધો. સતીનો મનથી ત્યાગ કરીને તે પોતાના નિવાસભૂત કૈલાસ પર્વત પર ચાલ્યા ગયા. માર્ગમાં જતાં મહેશ્વર અને સતીને સંભળાવતાં આકાશવાણી થઈ – 'હે પરમેશ્વર! તમે ધન્ય છો અને તમારી આ પ્રતિજ્ઞા પણ ધન્ય છે. ત્રણે લોકોમાં તમારા જેવો મહાયોગી અને મહાપ્રભુ બીજો કોઈ નથી.'

આ આકાશવાણી સાંભળીને દેવી સતીની કાંતિ ફીકી પડી ગઈ. એમણે ભગવાન શિવને પૂછ્યું – 'હે નાથ! હે મારા પરમેશ્વર! આપે કઈ પ્રતિજ્ઞા કરી છે? બતાવો તો ખરા.' સતીના આ પ્રકારે પૂછવા પર પણ એમનું હિત ચાહનારા

પ્રભુએ પહેલાં પોતાના વિવાહના વિષયમાં ભગવાન વિષ્ણુ સામે જે પ્રતિજ્ઞા કરી હતી, એને ન બતાવી. હે મુને! એ સમયે સતીએ પોતાના પ્રાણવલ્લભ પતિ ભગવાન શિવનું ધ્યાન કરીને એ સમસ્ત કારણને જાણી લીધું જેથી એમના પ્રિયતમે એમનો ત્યાગ કર્યો હતો. 'શંભુએ મારો ત્યાગ કરી દીધો છે' એ વાતને જાણીને દક્ષકન્યા સતી શીઘ્ર જ અત્યંત શોકમાં ડૂબી ગયાં અને વારંવાર ડૂસકે ચઢી ગયાં. સતીના મનોભાવ જાણીને શિવે એમને માટે જે પ્રતિજ્ઞા કરી હતી એને ગુપ્ત જ રાખી હતી અને એ બીજી બાજુ બહુ જ કથાઓ કહેવા લાગ્યા. વિવિધ પ્રકારની કથાઓ કહેતાં કહેતાં તે સતીની સાથે કૈલાસ પર જઈ પહોંચ્યા અને શ્રેષ્ઠ આસન પર સ્થિત થઈને ચિત્તવૃત્તિઓના નિરોધપૂર્વક સમાધિ લગાવીને સ્વસ્વરૂપનું ધ્યાન કરવા લાગ્યા. સતી મનમાં અત્યંત વિષાદ લઈને પોતાના એ ધામમાં રહેવા લાગ્યાં. હે મુને! શિવા અને શિવના એ ચિત્રને કોઈ જાણતું ન હતું. હે મહામુને! સ્વેચ્છાથી શરીર ધારણ કરીને લોકલીલાનું અનુસરણ કરનારા એ બંને પ્રભુઓનું આ પ્રકારે ત્યાં રહીને ઘણો દીર્ઘકાળ વ્યતીત થઈ ગયો. તત્પશ્ચાત્ ઉત્તમ લીલા કરનારા મહાદેવજીએ ધ્યાન તોડ્યું. આ જાણીને જગદંબા સતી ત્યાં આવ્યાં અને એમણે વ્યથિત હૃદયથી શિવનાં ચરણોમાં પ્રણામ કર્યા. ઉદારચેતા શંભુએ એમને પોતાની સામે બેસવા માટે આસન આપ્યું અને બહુ પ્રેમથી ઘણી મનોરમ કથાઓ કહી. એમણે એવી જ લીલા કરીને સતીના શોકને તત્કાળ દૂર કરી દીધો. તેઓ પૂર્વવત્ સુખી થઈ ગયાં. તેમ છતાં પણ શિવજીએ પોતાની પ્રતિજ્ઞા છોડી નહીં. હે તાત! પરમેશ્વર શિવના વિષયમાં આ કોઈ આશ્ચર્યની વાત ન સમજવી જોઈએ. હે મુને!

મુનિઓ શિવ અને શિવાની આવી જ કથા કહે છે. કેટલાક એ બંનેમાં વિયોગ માને છે. પરંતુ એમનામાં વિયોગ કેવી રીતે સંભવી શકે? શિવા અને શિવના ચરિત્રને વાસ્તવિકરૂપે કોણ જાણે છે. એ બંને સદા પોતાની ઇચ્છાથી રમે છે અને વિવિધ પ્રકારની લીલાઓ કરે છે. સતી અને શિવ વાણી અને અર્થની જેમ એકબીજાથી જોડે નિત્ય સંયુક્ત છે. એ બંનેમાં વિયોગ થવો અસંભવ છે. એમની ઇચ્છાથી જ એમનામાં લીલા-વિયોગ થઈ શકે છે.* (અધ્યાય-૨૫)

*

પ્રયાગમાં સમસ્ત મહાત્મા મુનિઓ દ્વારા કરેલા યજ્ઞમાં દક્ષનો ભગવાન શિવને તિરસ્કારપૂર્વક શાપ દેવો તથા નંદી દ્વારા બ્રાહ્મણકુલને શાપ-પ્રદાન, ભગવાન શિવનું નંદીને શાંત કરવા અંગે આશ્વાસન

બ્રહ્માજી કહે છે—હે નારદ! પૂર્વકાળમાં સમસ્ત મહાત્મા મુનિ પ્રયાગમાં એકત્ર થયા હતા. ત્યાં સંગિલિત થયેલા એ સર્વ મહાત્માઓનો વિધિ-વિધાનપૂર્વક એક બહુ મોટો યજ્ઞ થયો. એ યજ્ઞમાં સનકાદિ સિદ્ધગણ, દેવર્ષિ, પ્રજાપતિ, દેવતા તથા બ્રહ્મનો સાક્ષાત્કાર કરનારા જ્ઞાની પણ પધાર્યા હતા. હું પણ મૂર્તિમાન મહાતેજસ્વી નિગમો અને આગમોથી યુક્ત થઈને સપરિવાર ત્યાં ગયો હતો. અનેક પ્રકારના ઉત્સવો સાથે ત્યાં એમનો વિચિત્ર સમાજ એકત્ર થયેલો હતો. વિવિધ શાસ્ત્રો બાબત જ્ઞાનચર્ચા અને વાદ-વિવાદ થઈ રહ્યો હતો. હે મુને! એ જ અવસર પર સતી તથા પાર્ષદોની સાથે ત્રિલોક હિતકારી, સૃષ્ટિકર્તા અને સૌના સ્વામી ભગવાન રુદ્ર પણ ત્યાં આવી પહોંચ્યા. ભગવાન શિવને આવેલા જોઈને સંપૂર્ણ દેવતાઓ, સિદ્ધો તથા મુનિઓએ અને મેં પણ ભક્તિભાવપૂર્વક એમને પ્રણામ કર્યા અને એમની સ્તુતિ કરી. પછી શિવની આજ્ઞા મેળવીને બધા લોકો પ્રસન્નતાપૂર્વક યથાસ્થાન બેસી ગયા. ભગવાનનાં દર્શન પામીને બધા લોકો સંતુષ્ટ થયા અને પોતપોતાના ભાગ્યની પ્રશંસા કરતા હતા. એ જ દરમિયાન પ્રજાપતિઓના પણ પતિ પ્રભુ દક્ષ, જે બહુ તેજસ્વી હતા, અકસ્માત્ ફરતાં ફરતાં પ્રસન્નતાપૂર્વક ત્યાં આવ્યા. એ મને પ્રણામ કરીને મારી આજ્ઞા લઈને ત્યાં બેઠા. દક્ષ એ દિવસોમાં સમસ્ત બ્રહ્માંડના અધિપતિ બનાવ્યા ગયા હતા, તેથી સર્વ દ્વારા સમ્માનનીય હતા. પરંતુ પોતાના આ ગૌરવપૂર્ણ પદને લીધે એમના મનમાં મોટો અહંકાર હતો, કેમકે, તે તત્ત્વજ્ઞાનથી શૂન્ય હતા. એ સમયે સમસ્ત દેવર્ષિઓએ નતમસ્તક થઈને સ્તુતિ અને પ્રણામ દ્વારા બંને હાથ જોડીને ઉત્તમ તેજસ્વી દક્ષનો આદર-સત્કાર કર્યો. પરંતુ જે વિવિધ પ્રકારે લીલા વિહાર કરનાર, સર્વના સ્વામી અને ઉત્કૃષ્ટ લીલાકારી સ્વતંત્ર પરમેશ્વર છે એ મહેશ્વરે એ સમયે દક્ષને મસ્તક ન ઝુકાવ્યું. તો પોતાના આસન પર જ બેસી રહ્યા (ઊભા થઈને દક્ષનું સ્વાગત ન કર્યું). મહાદેવજીને ત્યાં મસ્તક ન ઝુકાવતાં જોઈને મારા પુત્ર પ્રજાપતિ મનમાં ને મનમાં અપ્રસન્ન

---

* વાગર્થાવિવ સમ્પૃક્તૌ સદા ખલુ સતીશિવૌ। તયોર્વિયોગોઽસંભાવ્યઃ સમ્ભવેદિચ્છયા તયોઃ॥
(શિ. પુ. રુ. સં. સ. ખં. ૨૫/૬૯)

થઈ ગયા. એમને રુદ્ર પર અચાનક ક્રોધ થઈ ગયો, તે જ્ઞાનશૂન્ય અને અહંકારી હોવાને કારણે મહાપ્રભુ રુદ્રને ક્રૂર દૃષ્ટિથી જોઈને બધાંને સંભળાય એ રીતે ઉચ્ચ સ્વરમાં કહેવા લાગ્યા.

દક્ષે કહ્યું—આ બધા દેવતા, અસુર, શ્રેષ્ઠ બ્રાહ્મણ તથા ઋષિ મને વિશેષરૂપે મસ્તક ઝુકાવે છે. પરંતુ તે જે પ્રેત અને પિશાચોથી ઘેરાયેલા મહામનસ્વી બનીને બેઠો છે, તે દુષ્ટ મનુષ્યની જેમ કેમ મને પ્રણામ કરતો નથી? સ્મશાનમાં નિવાસ કરનારો આ નિર્લજ્જ જે મને આ સમયે પ્રણામ નથી કરતો એનું કારણ શું છે? એનાં વેદોક્ત કર્મ લુપ્ત થઈ ગયાં છે. એ ભૂતો અને પિશાચો દ્વારા સેવિત થઈને મતવાલો બનીને ફરે છે અને શાસ્ત્રીય વિધિની અવહેલના કરીને નીતિમાર્ગને હંમેશાં કલંકિત કર્યા કરે છે. એની સાથે રહેનારા, એનું અનુસરણ કરનારા લોકો પાખંડી, દુષ્ટ, પાપાચારી તથા બ્રાહ્મણને જોઈને ઉદ્દંડતાપૂર્વક એની નિંદા કરનારા હોય છે. એ સ્વયં જ સ્ત્રીમાં આસક્ત રહેનારો તથા રતિકર્મમાં જ દક્ષ છે. તેથી હું શાપ આપું છું, શાપ આપવા તૈયાર થયો છું. આ રુદ્ર ચારે વર્ણોથી પૃથક્ અને કુરૂપ છે. એને યજ્ઞથી બહિષ્કૃત કરવામાં આવે. એ સ્મશાનમાં નિવાસ કરનારો તથા ઉત્તમ કુળ અને જન્મથી હીન છે. એટલે દેવતાઓની સાથે એને યજ્ઞમાં ભાગ નહીં મળે.

બ્રહ્માજી કહે છે—હે નારદ! દક્ષની કહેલી આ વાત સાંભળીને ભૃગુ વગેરે ઘણાબધા મહર્ષિ રુદ્રદેવને દુષ્ટ માનીને દેવતાઓ સાથે એમની નિંદા કરવા લાગ્યા.

દક્ષની વાત સાંભળીને નંદીને બહુ ક્રોધ થયો. એમનાં નેત્ર ચંચળ થઈ ગયાં અને એ દક્ષને શાપ આપવાના વિચારથી તરત જ આ પ્રકારે બોલ્યા.

નંદીશ્વરે કહ્યું—અરે રે મહામૂઢ! દુષ્ટબુદ્ધિ શઠ દક્ષ! તેં મારા સ્વામી મહેશ્વરને યજ્ઞથી બહિષ્કૃત કેમ કર્યા? જેના સ્મરણમાત્રથી યજ્ઞ સફળ અને તીર્થ પવિત્ર થઈ જાય છે એ જ મહાદેવજીને તે શાપ કેવી રીતે દઈ દીધો? હે દુર્બુદ્ધિ દક્ષ! તેં બ્રાહ્મણમતિની ચપળતાથી પ્રેરાઈને આ રુદ્રદેવને અમસ્તો જ શાપ દઈ દીધો. મહાપ્રભુ રુદ્ર સર્વથા નિર્દોષ છે તેમ છતાં તે વ્યર્થ જ એમનો ઉપહાસ કર્યો છે. હે બ્રાહ્મણાધમ! જેમણે આ જગતની સૃષ્ટિ કરી છે, જે એનું પાલન કરે છે અને અંતમાં જેમના દ્વારા આનો સંહાર થશે, એ જ આ મહેશ્વરરૂપને તેં શાપ કેવી રીતે આપી દીધો.

નંદીના આ પ્રકારના ફટકારથી પ્રજાપતિ દક્ષ ક્રોધથી જાણે બળવા લાગ્યો અને એમને શાપ આપતાં આપતાં બોલ્યો – 'અરે રુદ્રગણો!

તમે સૌ વેદથી બહિષ્કૃત થઈ જાઓ. વૈદિક માર્ગથી ભ્રષ્ટ તથા મહર્ષિઓ દ્વારા પરિત્યક્ત થઈ જાઓ અને પાખંડવાદમાં લાગી જાઓ અને શિષ્ટાચારથી દૂર રહો. માથા પર જટા વધારો અને શરીરે ભસ્મ ચોળો અને હાડકાંનાં આભૂષણો ધારણ કરીને મદ્યપાનમાં આસક્ત રહો.'

જ્યારે દક્ષે શિવના પાર્ષદોને આ પ્રકારે શાપ આપી દીધો, ત્યારે એ શાપને સાંભળીને શિવના પ્રિયભક્ત નંદી અત્યંત ક્રોધને વશીભૂત થઈ ગયા. શિલાદપુત્ર નંદી ભગવાન શિવના પ્રિય પાર્ષદ અને તેજસ્વી છે. તે ગર્વથી ભરેલા મહાદુષ્ટ દક્ષને તત્કાળ આ પ્રમાણે ઉત્તર આપવા લાગ્યા –

નંદીશ્વર બોલ્યા—અરે શઠ! દુર્બુદ્ધિ દક્ષ! તને શિવ-તત્ત્વનું બિલકુલ જ્ઞાન નથી. તેથી તેં શિવના પાર્ષદોને વ્યર્થમાં જ શાપ આપ્યો છે. હે અહંકારી દક્ષ! જેના ચિત્તમાં દુષ્ટતા ભરી છે, એ ભૃગુ વગેરેએ પણ બ્રાહ્મણત્વના અભિમાનમાં આવીને મહાપ્રભુ મહેશ્વરનો ઉપહાસ કર્યો છે. તેથી અહીં જે ભગવાન રુદ્રથી વિમુખ એવા તારા જેવા દુષ્ટ બ્રાહ્મણ વિદ્યમાન છે, એમને હું રુદ્રતેજના પ્રભાવથી શાપ આપી રહ્યો છું. તારા જેવા બ્રાહ્મણ કર્મફળના પ્રશંસક વેદવાદમાં ફસાઈ જઈને વેદના તત્ત્વજ્ઞાનથી શૂન્ય થઈ જાઓ. એ બ્રાહ્મણ સદા ભોગમાં તન્મય રહીને સ્વર્ગને જ સૌથી મોટો પુરુષાર્થ માનતા 'સ્વર્ગથી અધિક બીજી કોઈ વસ્તુ નથી' એવું કહેતા રહે અને ક્રોધ, લોભ અને મદથી યુક્ત થઈને નિર્લજ્જ ભિક્ષુક બની જાય. કેટલાય બ્રાહ્મણ વેદમાર્ગને સામે રાખીને શૂદ્રોને યજ્ઞ કરાવનારા અને દરિદ્ર થશે. સદા દાન લેવામાં જ લાગ્યા રહેશે, દૂષિત દાન ગ્રહણ કરવાને કારણે એ બધા જ નરકગામી થશે. એમાંથી કેટલાક બ્રાહ્મણો તો બ્રહ્મરાક્ષસ પણ થશે. જે પરમેશ્વર શિવને સામાન્ય દેવતા જાણીને એમનો દ્રોહ કરે છે, એ દુષ્ટ બુદ્ધિવાળા પ્રજાપતિ દક્ષ તત્ત્વજ્ઞાનથી વિમુખ થઈ જાઓ. એ વિષયસુખની ઇચ્છાથી કામનારૂપી કપટથી મુક્ત ધર્મવાળા ગૃહસ્થાશ્રમમાં આસક્ત રહીને કર્મકાંડની તથા કર્મફળની પ્રશંસા કરનારા સનાતન વેદવાદનો વિસ્તાર કરતા રહો. એનું આનંદદાયી મુખ નષ્ટ થઈ જાઓ. એ આત્મજ્ઞાનને ભૂલી જઈને પશુ સમાન થઈ જાઓ તથા આ દક્ષ કર્મભ્રષ્ટ થઈને શીઘ્ર જ બકરાના મુખથી યુક્ત થઈ જાઓ.

આ પ્રકારે કુપિત થયેલા નંદીએ જ્યારે બ્રાહ્મણોને અને દક્ષને મહાદેવજીનો શાપ આપ્યો ત્યારે ત્યાં મહાન હાહાકાર મચી ગયો. હે નારદ! હું વેદોનો પ્રતિપાદક હોવાને કારણે શિવતત્ત્વને જાણું છું, એટલે દક્ષનો આ શાપ સાંભળીને મેં વારંવાર એની તથા ભૃગુ વગેરે બ્રાહ્મણોની પણ

નિંદા કરી. સદાશિવ મહાદેવજી પણ નંદીની વાત સાંભળીને હસતાં હસતાં મધુર વાણીમાં બોલ્યા – એ નંદીને સમજાવવા લાગ્યા.

સદાશિવે કહ્યું—હે નન્દિન્! મારી વાત સાંભળો. તમે તો પરમ જ્ઞાની છો. તમારે ક્રોધ ન કરવો જોઈએ. તમે ભ્રમથી એમ સમજી બેઠા કે મને શાપ અપાયો છે, તમે વ્યર્થમાં જ બ્રાહ્મણકુળને શાપ આપી દીધો. વાસ્તમાં તો મને કોઈનોયે શાપ સ્પર્શ કરી જ ન શકે, તેથી તમારે ઉત્તેજિત થવું જરૂરી ન હતું, ન થવું જોઈએ. વેદ મંત્ર-અક્ષરમય અને સૂક્તમય છે. એના પ્રત્યેક સૂક્તમાં સમસ્ત દેહધારીઓના આત્મા (પરમાત્મા) પ્રતિષ્ઠિત છે. તેથી એ મંત્રોના જ્ઞાતા નિત્ય આત્મવેત્તા છે. એટલા માટે તમે રોષવશ એમને શાપ ન દો. કોઈની પણ બુદ્ધિ ગમે તેટલીય દૂષિત કેમ ન હોય, તે કયારેય વેદોને શાપ આપી શકે જ નહીં. આ સમયે મને શાપ મળ્યો નથી એ વાતને તમારે સારી રીતે સમજી લેવી જોઈએ. હે મહામતે! તમે સનકાદિ સિદ્ધોને પણ તત્ત્વજ્ઞાનનો ઉપદેશ આપનારા છો. તેથી શાંત થઈ જાઓ. હું જ યજ્ઞ છું. હું જ યજ્ઞકર્મ છું, યજ્ઞોનો સમસ્ત અંગભૂત ઉપકરણ પણ હું જ છું. યજ્ઞનો આત્મા હું છું. યજ્ઞપરાયણ યજમાન પણ હું છું અને યજ્ઞથી બહિષ્કૃત પણ હું જ છું. આ કોણ, તમે કોણ અને આ બધા કોણ? વાસ્તવમાં સર્વ કંઈ હું જ છું. તમે સ્વયં તમારી બુદ્ધિથી વિચાર કરો. તમે બ્રાહ્મણોને નકામો જ શાપ આપી દીધો. હે મહામતે! હે નન્દિન્! તમે તત્ત્વજ્ઞાન દ્વારા પ્રપંચ-રચનાનો બાધ કરીને આત્મનિષ્ઠ જ્ઞાની અને ક્રોધ આદિથી શૂન્ય થઈ જાઓ.

બ્રહ્માજી કહે છે—હે નારદ! ભગવાન શંભુના આ પ્રકારે સમજાવવાથી નંદીકેશ્વર વિવેકપરાયણ થઈને ક્રોધરહિત થઈને શાંત થઈ ગયા. ભગવાન શિવ પણ પોતાના પ્રાણપ્રિય નંદીને શીઘ્ર જ તત્ત્વબોધ કરાવીને પ્રમથગણો સાથે ત્યાંથી પ્રસન્નતાપૂર્વક પોતાને સ્થાને ચાલ્યા ગયા. આ બાજુ રોષ-આવેશથી યુક્ત દક્ષ પણ બ્રાહ્મણોથી ઘેરાયેલા પોતાના સ્થાને પાછા જતા રહ્યા. પરંતુ એમનું ચિત્ત શિવદ્રોહમાં જ તત્પર હતું. એ સમયે રુદ્રને શાપ દીધાની ઘટનાનું સ્મરણ સદા મહાન રોષભર્યા થઈને કરતા રહ્યા. એમની બુદ્ધિ પર મૂઢતા છવાઈ ગઈ હતી. એ શિવ પ્રત્યેની શ્રદ્ધાને છોડીને શિવપૂજકોની નિંદા કરવા લાગ્યા. હે તાત નારદ! આ રીતે પરમાત્મા શંભુની સાથે દુર્વ્યવહાર કરીને દક્ષે પોતાની જે દુષ્ટબુદ્ધિનો પરિચય આપ્યો હતો, એ મેં તમને બતાવી દીધો. હવે તમે એમની પરાકાષ્ઠાએ પહોંચેલી દુર્બુદ્ધિનો વૃત્તાંત સાંભળો. હું બતાવી રહ્યો છું. (અધ્યાય-૨૬)

*

દક્ષ દ્વારા મહાન યજ્ઞનું આયોજન, એમાં બ્રહ્મા, વિષ્ણુ, દેવતાઓ અને ઋષિઓનું આગમન, દક્ષ દ્વારા સૌનો સત્કાર, યજ્ઞનો આરંભ, દધીચ દ્વારા ભગવાન શિવને બોલાવવાનો અનુરોધ અને દક્ષે વિરોધ કરવાથી શિવભક્તોનું ત્યાંથી નીકળી જવું

બ્રહ્માજી કહે છે—હે નારદ! એક સમયે દક્ષે એક બહુ મોટા યજ્ઞનો આરંભ કર્યો. એ

યજ્ઞનો દીક્ષા લઈને એમણે એ સમયે સમસ્ત દેવર્ષિઓને, મહર્ષિઓને તથા દેવતાઓને બોલાવ્યા. તે સૌ એ યજ્ઞમાં પધાર્યા. અગસ્ત્ય, કશ્યપ, અત્રિ, વામદેવ, ભૃગુ, દધીચિ, ભગવાન વ્યાસ, ભારદ્વાજ, ગૌતમ, પૈલ, પરાશર, ગર્ગ, ભાર્ગવ, કકુષ, સિત, સુમન્તુ, ત્રિક, કંક અને વૈશમ્પાયન – આ તથા બીજા બહુસંખ્યક મુનિ પોતાના સ્ત્રીપુત્રોને સાથે લઈને મારા પુત્ર દક્ષના યજ્ઞમાં હર્ષપૂર્વક સંમિલિત થયા હતા. એ સિવાય સમસ્ત દેવગણ, મહાન અભ્યુદયશાળી લોકપાલગણ અને બધા ઉપદેવતા પોતાની ઉપકારક સૈન્યશક્તિ સાથે ત્યાં પધાર્યા હતા. દક્ષે પ્રાર્થના કરીને સદલ-બલ મને વિશ્વસ્રષ્ટા બ્રહ્માને પણ સત્યલોકથી બોલાવ્યા હતા. આ રીતે વિવિધ પ્રકારની સાદર પ્રાર્થના કરીને વૈકુંઠલોકથી ભગવાન વિષ્ણુને પણ એ યજ્ઞમાં બોલાવ્યા હતા. શિવદ્રોહી દુરાત્મા દક્ષે એ બધાનો ખૂબ મોટો ભારે સત્કાર કર્યો. વિશ્વકર્માએ અત્યંત દીપ્તિમાન, વિશાળ અને બહુમૂલ્ય દિવ્ય ભવનો બનાવ્યાં હતાં. દક્ષે એ જ ભવન પધારેલા અતિથિઓને રહેવા માટે આપ્યાં. સર્વ લોક સન્માનિત થઈને એ સંપૂર્ણ ભવનોમાં યથાયોગ્ય સ્થાન પ્રાપ્ત કરીને રહેવા લાગ્યા. દક્ષનો આ મહાયજ્ઞ એ સમયે કનખલ નામક તીર્થમાં થઈ રહ્યો હતો. એમાં દક્ષે ભૃગુ આદિ તપોધનોને ઋત્વિજ બનાવ્યા. સંપૂર્ણ મરુદ્ગણોની સાથે સ્વયં ભગવાન વિષ્ણુ એના અધિષ્ઠાતા હતા. હું વેદત્રયીની વિધિ દેખાડનાર બ્રહ્મા બન્યો હતો. આ રીતે સંપૂર્ણ દિક્પાલ પોતાનાં આયુધો અને પરિવારો સાથે દ્વારપાલ અને રક્ષક બન્યા હતા અને સદા કુતૂહલ પેદા કરતા હતા. સ્વયં યજ્ઞ સુંદર રૂપ ધારણ કરીને દક્ષના એ યજ્ઞમંડપમાં ઉપસ્થિત હતો. મહામુનિઓમાં શ્રેષ્ઠ બધા મહર્ષિ સ્વયં વેદોને ધારણ કરનારા હતા. અગ્નિએ પણ એ યજ્ઞમહોત્સવમાં શીઘ્ર જ હવિષ્ય ગ્રહણ કરવા માટે પોતાનાં હજારો રૂપ પ્રગટ કર્યાં હતાં. ત્યાં અઠ્ઠાસી હજાર ઋત્વિજ એકસાથે હવન કરતા હતા. ચોસઠ હજાર દેવર્ષિઓ ઉદ્ગાતા હતા. અધ્વર્યુ અને હોતા પણ એટલા જ હતા. નારદ આદિ દેવર્ષિ અને સપ્તર્ષિ પૃથક્-પૃથક્-ગાથા-ગાન કરી રહ્યા હતા. દક્ષે પોતાના એ મહાયજ્ઞમાં ગંધર્વો, વિદ્યાધરો, સિદ્ધો, બાર આદિત્યો, એમના ગણો, યક્ષો તથા નાગલોકમાં વિચરણ કરનારા નાગનું પણ બહુ મોટી સંખ્યામાં વરણ કરવામાં આવ્યું હતું. બ્રહર્ષિ, રાજર્ષિ અને દેવર્ષિનો સમુદાય તથા બહુસંખ્યક નરેશ પણ એમાં આમંત્રિત હતા, જે પોતાના મંત્રીઓ, મિત્રો તથા સેનાઓ સાથે આવ્યા હતા. યજમાન દક્ષે એ યજ્ઞમાં વસ્તુ આદિ સમસ્ત દેવતાગણોનું પણ વરણ કર્યું હતું. કૌતુક અને મંગલાચાર કરીને જ્યારે દક્ષે યજ્ઞની દીક્ષા લીધી તથા જ્યારે એમને માટે વારંવાર સ્વસ્તિવાચન થવા લાગ્યાં, ત્યારે તે પોતાની પત્ની સાથે ખૂબ જ શોભી રહ્યા હતા.

આટલું બધું કરવા છતાં પણ દુરાત્મા દક્ષે એ યજ્ઞમાં ભગવાન શંભુને આમંત્રિત કર્યા ન હતા. એમની દૃષ્ટિમાં કપાલધારી હોવાને કારણે તે નિશ્ચય જ યજ્ઞમાં ભાગ લેવા યોગ્ય ન હતા. સતી પ્રજાપતિ દક્ષની પ્રિય પુત્રી હતાં તો પણ કપાલીની પત્ની હોવાના કારણે દોષદર્શી દક્ષે એમને યજ્ઞમાં ન બોલાવ્યાં. આ રીતે દક્ષનો યજ્ઞ-મહોત્સવ આરંભ થયો અને યજ્ઞમંડપમાં આવેલા બધા ઋત્વિજ પોતપોતાના કાર્યમાં જોડાઈ ગયા, એ સમયે ત્યાં ભગવાન શંકરને

ઉપસ્થિત ન જોતાં શિવભક્ત દધીચનું ચિત્ત અત્યંત ઉદ્વિગ્ન થઈ ગયું અને એ આ પ્રમાણે બોલ્યા.

દધીચે કહ્યું—હે મુખ્ય મુખ્ય દેવતાઓ તથા મહર્ષિઓ! આપ સૌ લોકો પ્રશંસાપૂર્વક મારી વાત સાંભળો. આ યજ્ઞ મહોત્સવમાં ભગવાન શંકર નથી આવ્યા એનું શું કારણ છે? યદ્યપિ આ દેવેશ્વર, મોટા મોટા મુનિઓ અને લોકપાલો અહીં પધાર્યા છે તથાપિ એ મહાત્મા પિનાકપાણિ શંકર વગર આ યજ્ઞ અધિક શોભતો નથી. મોટા મોટા વિદ્વાનો કહે છે કે મંગલમય ભગવાન શિવની કૃપાદૃષ્ટિથી જ સમસ્ત મંગલકાર્ય સંપન્ન થાય છે, એ પુરાણ-પુરુષ વૃષભધ્વજ, પરમેશ્વર શ્રીનીલકંઠ અહીં કેમ નથી દેખાતા? હે દક્ષ! જેના સંપર્કમાં આવવાથી અને જેના સ્વીકાર કરી લેવાથી અમંગલ પણ મંગલ થઈ જાય છે અને જેનાં પંદર નેત્રોથી દગ્ધ મોટાં મોટા નગર તત્કાલ મંગલમય થઈ જાય છે, એમનું આ યજ્ઞમાં પદાર્પણ થવું અત્યંત આવશ્યક છે. એટલા માટે તમે સ્વયં જ પરમેશ્વર શિવને અહીં શીઘ્ર બોલાવવાની વ્યવસ્થા કરો અથવા બ્રહ્મા, પ્રભાવશાળી ભગવાન વિષ્ણુ, દેવરાજ ઇંદ્ર, લોકપાલગણ, બ્રાહ્મણો અને સિદ્ધોની સહાયતાથી સર્વથા પ્રયત્ન કરીને આ સમયે યજ્ઞની પૂર્તિ માટે તમારે ભગવાન શંકરને અહીં લઈ આવવા જોઈએ. આપ સૌ લોકો એ સ્થાન પર જાઓ જ્યાં મહેશ્વર દેવ બિરાજમાન છે. ત્યાંથી દક્ષનંદિની સતીની સાથે ભગવાન શંભુને અહીં તરત જ લઈ આવો. હે દેવેશ્વરો! જગદંબાસહિત એ પરમાત્મા શિવ જો અહીં આવી ગયા તો એમના થકી બધું જ પવિત્ર થઈ જશે, એમના સ્મરણથી, એમનું નામ લેવાથી સમગ્ર કાર્ય પુણ્યમય બની જાય છે. તેથી પૂર્ણ પ્રયત્ન કરીને ભગવાન વૃષભધ્વજને અહીં લઈ આવવા જોઈએ. ભગવાન શંકરનું પદાર્પણ થતાં જ આ યજ્ઞ પવિત્ર થઈ જશે; નહીંતર આ પૂરો નહીં થઈ શકે – આ હું સત્ય કહું છું.

દધીચનું આ વચન સાંભળીને દુષ્ટ બુદ્ધિવાળા મૂઢ દક્ષે હસતાં હસતાં જાણે રોષપૂર્વક કહ્યું – 'ભગવાન વિષ્ણુ સંપૂર્ણ દેવતાઓનું મૂળ છે, જેમનામાં સનાતન ધર્મ પ્રતિષ્ઠિત છે. જ્યારે એમને મેં સાદર બોલાવી લીધા છે ત્યારે આ યજ્ઞકાર્યમાં શું ક્યારેય કશી ખોટ હોઈ શકે ખરી? જેમાં વેદ, યજ્ઞ અને વિવિધ પ્રકારનાં સમસ્ત કર્મ પ્રતિષ્ઠિત છે, એ ભગવાન વિષ્ણુ તો અહીં આવી જ ગયા છે. એમના સિવાય સત્યલોકથી બ્રહ્મા વેદો, ઉપનિષદો અને વિવિધ આગમો સાથે અહીં પધાર્યા છે. દેવગણોની સાથે સ્વયં દેવરાજ ઇન્દ્રનું પણ શુભાગમન થઈ ગયું છે તથા આપ જેવા નિષ્પાપ મહર્ષિ પણ અહીં આવી ગયા છે. જે જે મહર્ષિ યજ્ઞમાં સંમિલિત થવાને યોગ્ય છે, શાંત અને સુપાત્ર છે, વેદ અને વેદાર્થ તત્ત્વને જાણનારા છે અને દૃઢતાપૂર્વક વ્રતનું પાલન કરનારા છે એ બધા અને સ્વયં આપ પણ જ્યારે અહીં પદાર્પણ કરી ચૂક્યા છો, ત્યારે અમારે રુદ્રથી શું પ્રયોજન છે? હે વિપ્રવર! મેં બ્રહ્માજીના કહેવાથી જ મારી કન્યા રુદ્ર સાથે પરણાવી દીધી હતી. આમ તો હું જાણું છું કે હર કુલીન નથી. એમને નથી માતા અને નથી પિતા. એ ભૂતો-પ્રેતો અને પિશાચોના સ્વામી છે. એકલા જ રહે છે. એમનું અતિક્રમણ કરવું બીજાઓ માટે અત્યંત કઠિન છે. તે આત્મપ્રશંસક, મૂઢ, જડ મૌની અને ઈર્ષ્યાળુ છે. આ યજ્ઞકાર્યમાં બોલાવાને યોગ્ય નથી. એટલા માટે મેં એમને

બોલાવ્યા નથી. તેથી હે દધીચજી! તમારે ફરી ક્યારેય આવી વાત કહેવી ન જોઈએ. મારી પ્રાર્થના છે કે તમે સૌ મળીને મારા આ મહાન યજ્ઞને સફળ બનાવો.'

દક્ષની આ વાત સાંભળીને દધીચે સમસ્ત દેવતાઓ અને મુનિઓ સાંભળે એમ સારગર્ભિત વાત કહી.

દધીચ બોલ્યા—હે દક્ષ! એ ભગવાન શિવ વિના આ મહાન યજ્ઞ અયજ્ઞ થઈ ગયો – હવે આ યજ્ઞ કહેવાને યોગ્ય જ નથી રહ્યો. વિશેષતઃ આ યજ્ઞમાં તમારો વિનાશ થઈ જશે.

આવું કહીને દધીચ દક્ષની યજ્ઞશાળામાંથી એકલા જ બહાર જતા રહ્યા અને તરત પોતાના આશ્રમે ચાલ્યા ગયા. ત્યાર પછી જે મુખ્ય મુખ્ય શિવભક્ત તથા શિવના મતના અનુસરણ કરનારા હતા, એ પણ દક્ષને આવો જ શાપ આપીને તરત જ ત્યાંથી રવાના થઈને પોતપોતાના આશ્રમે ચાલ્યા ગયા. મુનિવર દધીચ તથા બીજા ઋષિઓના એ યજ્ઞમંડપમાંથી જતા રહેવા પર દુષ્ટબુદ્ધિ શિવદ્રોહી દક્ષે એ મુનિઓનો ઉપહાસ કરતાં કહ્યું.

દક્ષ બોલ્યા—જેમને શિવ પ્રિય છે, તે નામમાત્રના બ્રાહ્મણ દધીચ ચાલ્યા ગયા. એમના સમાન જ જે બીજા હતા તે પણ મારી યજ્ઞશાળામાંથી જતા રહ્યા છે. આ બહુ શુભ વાત થઈ. મને સદા આ અભીષ્ટ છે. હે દેવેશ! દેવતાઓ અને મુનિઓ! હું સત્ય કહું છું – જેમની ચિત્તની વિચારશક્તિ નષ્ટ થઈ ગઈ છે, જે મંદબુદ્ધિ છે અને મિથ્યાવાદમાં લાગ્યા રહે છે એવા વેદબહિષ્કૃત દુરાચારી લોકોનો યજ્ઞકર્મમાં ત્યાગ જ હોવો જોઈએ. વિષ્ણુ વગેરે તમે સૌ દેવતા અને બ્રાહ્મણ વેદવાદી છો. તેથી મારા આ યજ્ઞને શીઘ્ર જ સફળ બનાવો.

બ્રહ્માજી કહે છે—દક્ષની આ વાત સાંભળીને શિવની માયાથી મોહિત થયેલા સમસ્ત દેવર્ષિ એ યજ્ઞમાં દેવતાઓનું પૂજન અને હવન કરવા લાગ્યા. હે મુનીશ્વર નારદ! આ પ્રકારે એ યજ્ઞને જે શાપ મળ્યો એનું વર્ણન થયું. હવે યજ્ઞના વિધ્વંસની ઘટનાને બતાવાય છે, આદરપૂર્વક સાંભળો. (અધ્યાય-૨૭)

*

દક્ષયજ્ઞના સમાચાર જાણીને સતીનો શિવજીને ત્યાં જવાનો અનુરોધ, દક્ષના શિવદ્રોહને જાણીને ભગવાન શિવની આજ્ઞાથી દેવી સતીનું પિતાના યજ્ઞમંડપ તરફ અને શિવગણોની સાથે પ્રસ્થાન

બ્રહ્માજી કહે છે—હે નારદ! જ્યારે દેવર્ષિગણ બહુ ઉત્સાહ અને હર્ષસહિત દક્ષના યજ્ઞમાં જઈ રહ્યા હતા, એ સમયે દક્ષકન્યા દેવી સતી ગંધમાદન પર્વત પર આચ્છાદનથી-ચંદરવાથી યુક્ત ધારાગૃહમાં સખીઓ સાથે ઘેરાયેલાં હતાં. જાતજાતની ઉત્તમ ક્રીડા કરી રહ્યાં હતાં. પ્રસન્નતાપૂર્વક ક્રીડામાં વ્યસ્ત દેવી સતીએ એ સમયે રોહિણી સાથે દક્ષયજ્ઞમાં જતા ચંદ્રમાને જોયો. તે જોઈને તે પોતાની હિતકારિણી પ્રાણપ્રિય સખી વિજયાને કહેવા લાગ્યાં – 'હે મારી સખીઓમાં શ્રેષ્ઠ પ્રાણપ્રિયે વિજયે! જલદી જઈને પૂછ તો કે આ ચંદ્રદેવ રોહિણી સાથે ક્યાં જઈ રહ્યા છે?'

સતીની આ પ્રકારે આજ્ઞા મળવાથી વિજયા

તરત એમની પાસે ગઈ અને એણે યથોચિત શિષ્ટાચાર સાથે પૂછ્યું – 'હે ચંદ્રદેવ! આપ ક્યાં જઈ રહ્યા છો?' વિજયાનો આ પ્રશ્ન સાંભળીને ચંદ્રદેવે પોતાની યાત્રાનો ઉદ્દેશ્ય આદરપૂર્વક બતાવ્યો. દક્ષને ત્યાં થનારા યજ્ઞોત્સવ વગેરેનું બધું વૃત્તાંત કહ્યું. એ બધું સાંભળીને વિજયા ખૂબ જ ઉતાવળથી દેવીની પાસે આવી અને ચંદ્રમાએ જે કાંઈ કહ્યું હતું તે બધું એણે કહી સંભળાવ્યું. એને સાંભળીને કાલિકા સતી દેવીને બહુ વિસ્મય થયો. પોતાને સૂચના ન મળવાનું કયું કારણ છે, એ ખૂબ વિચારણા પછી પણ એમની સમજમાં ન આવ્યું. ત્યારે એમણે પાર્ષદોથી ઘેરાયેલા પોતાના સ્વામી ભગવાન શિવની પાસે આવીને ભગવાન શંકરને પૂછ્યું.

સતી બોલ્યાં—હે પ્રભો! મેં સાંભળ્યું છે કે મારા પિતાજીને ઘેર કોઈ બહુ મોટો યજ્ઞ થઈ રહ્યો છે. એમાં બહુ મોટો ઉત્સવ થશે. એમાં સર્વ દેવર્ષિઓ એકત્ર થઈ રહ્યાં છે. હે દેવેશ્વર! પિતાજીના એ મહાન યજ્ઞમાં જવાની રુચિ આપને કેમ થતી નથી? આ બાબત જે કાંઈ વાત હોય એ બધી મને સમજાવો. હે મહાદેવ! સુહૃદોનો એ ધર્મ છે સુહૃદો સાથે હળે-મળે. આ મિલન એમના પ્રેમને વધારનારું હોય છે. તેથી હે પ્રભો! હે મારા સ્વામી! આપ મારી પ્રાર્થના માનીને સર્વથા પ્રયત્ન કરીને મારી સાથે પિતાજીની યજ્ઞશાળામાં આજે જ ચાલો.

સતીની આ વાત સાંભળીને ભગવાન મહેશ્વર દેવ, જેમનું હૃદય દક્ષનાં વાગ્બાણોથી ઘાયલ થઈ ગયું હતું, મધુર વાણીમાં બોલ્યા – 'હે દેવી! તમારા પિતા દક્ષ મારા વિશેષ દ્રોહી થઈ ગયા છે. જે પ્રમુખ દેવતા અને ઋષિ અભિમાની, મૂઢ અને જ્ઞાનશૂન્ય છે તે બધા જ તમારા પિતાના યજ્ઞમાં ગયા છે. જે લોકો વગર આમંત્રણે બીજાને ઘેર જાય છે, તે ત્યાં અનાદર પામે છે, જે મૃત્યુ કરતાં પણ વધારે કષ્ટદાયક છે. તેથી હે પ્રિયે! તમારે અને મારે તો વિશેષ રીતે દક્ષના યજ્ઞમાં જવું જ ન જોઈએ (કેમકે, ત્યાં અમને બોલાવ્યા નથી.) આ મેં સાચ્ચી વાત કહી છે.'

મહાત્મા મહેશ્વરના આવા કથન પણ સતી રોષપૂર્ણ સ્વરે બોલ્યાં—હે શમ્ભો! આપ સર્વના ઈશ્વર છો. જેના જવાથી યજ્ઞ સફળ થાય છે, એવા આપને મારા દુષ્ટ પિતાએ આ સમયે આમંત્રિત કર્યા નથી. હે પ્રભો! એ દુરાત્માનો અભિપ્રાય શો છે, એ સર્વ હું જાણવા ચાહું છું. સાથે જ ત્યાં આવેલા સંપૂર્ણ દુરાત્મા દેવર્ષિઓના મનોભાવનો તાગ મેળવવા ચાહું છું. માટે હે પ્રભો! હું આજે જ પિતાના યજ્ઞમાં જાઉં છું. હે નાથ! હે મહેશ્વર! આપ મને ત્યાં જવાની આજ્ઞા આપી જ દો.

દેવી સતીના આવા કથન પર સર્વજ્ઞ, સર્વદ્રષ્ટા, સૃષ્ટિકર્તા અને કલ્યાણસ્વરૂપ સાક્ષાત્ ભગવાન રુદ્ર એમને આમ કહેવા લાગ્યા.

શિવે કહ્યું—હે ઉત્તમ વ્રતનું પાલન કરનારાં દેવી! જો આ રીતે તમારી રુચિ ત્યાં અવશ્ય જ જવાની થઈ ગઈ હોય તો મારી આજ્ઞાથી તમે શીઘ્ર જ તમારા પિતાના યજ્ઞમાં જાઓ. આ નંદી વૃષભ સુસજ્જિત છે, તમે એક મહારાણીને અનુરૂપ રાજોપચાર સાથે લઈને સાદર એના પર બેસીને બહુસંખ્યક પ્રમથગણોની સાથે યાત્રા કરો. હે પ્રિયે! આ વિભૂષિત વૃષભ પર આરૂઢ થઈ જાઓ.

રુદ્રનો આ પ્રકારનો આદેશ મળવા પર સુંદર આભૂષણોથી અલંકૃત સતી દેવી સર્વ

સાધનોથી યુક્ત થઈને પિતાના ઘર તરફ ચાલ્યાં. પરમાત્મા શિવે એમને સુંદર વસ્ત્રો, આભૂષણ

તથા પરમ ઉજ્જ્વળ છત્ર, ચામર વગેરે મહારાજોચિત ઉપચાર આપ્યા. ભગવાન શિવની આજ્ઞાથી સાઠ હજાર રુદ્રગણ બહુ પ્રસન્નતા અને મહાન ઉત્સાહ સાથે કુતૂહલપૂર્વક સતીની સાથે થઈ ગયા. એ સમયે ત્યાં યજ્ઞને માટે યાત્રા કરતાં સર્વ બાજુએ મહાન ઉત્સવ થવા માંડ્યો. મહાદેવજીના ગણોએ શિવપ્રિયા સતીને માટે બહુ મોટા ઉત્સવનું આયોજન કર્યું. એ બધા ગણ કુતૂહલપૂર્ણ કાર્ય કરવા માટે તથા સતી અને શિવના યશનું ગાન કરવા લાગ્યા. શિવના પ્રિય અને મહાન વીર પ્રમથગણ પ્રસન્નતાપૂર્વક ઊછળતા-કૂદતા ચાલી રહ્યા હતા. જગદંબાના યાત્રાકાળમાં સર્વ પ્રકારે બહુ ભારે શોભા થઈ રહી હતી. એ સમયે જ સુખદ જયજયકાર વગેરે શબ્દો પ્રગટ થયા એનાથી ત્રણે લોક ગૂંજી ઊઠ્યા.

(અધ્યાય-૨૮)

*

યજ્ઞશાળામાં શિવનો ભાગ ન જોતાં સતીનાં રોષપૂર્ણ વચન, દક્ષ દ્વારા શિવ-નિંદાનું શ્રવણ તથા દેવતાઓને ધિક્કાર-ફિટકાર દ્વારા ઠપકો અને સતી દ્વારા પોતાના પ્રાણત્યાગનો નિશ્ચય

બ્રહ્માજી કહે છે—હે નારદ! દક્ષકન્યા સતી એ સ્થાન પર ગયાં, જ્યાં મહાન પ્રકાશથી યુક્ત યજ્ઞ થઈ રહ્યો હતો. ત્યાં દેવતા, અસુર અને મુનીન્દ્ર વગેરે દ્વારા કુતૂહલપૂર્ણ કાર્ય થઈ રહ્યું હતું. સતીએ ત્યાં પોતાના પિતાના ભવનને વિવિધ પ્રકારની આશ્ચર્યજનક વસ્તુઓથી સંપન્ન, ઉત્તમ પ્રભાથી પરિપૂર્ણ, મનોહર દેવતાઓ અને ઋષિઓના સમુદાયથી ભરેલો જોયો. દેવી સતી ભવનના દ્વાર પર જઈને ઊભાં રહ્યાં અને પોતાનું વાહન નંદી એના પરથી ઊતરીને એકલાં જ શીઘ્રતાપૂર્વક યજ્ઞશાળામાં ચાલ્યાં ગયાં. સતીને આવેલાં જોઈને એમની યશસ્વિની માતા આસિન્કી (વીરિણી)એ તથા બહેનોએ યથોચિત આદર-સત્કાર કર્યો. પરંતુ દક્ષે એમને જોઈને પણ જરાય આદર ન કર્યો અને એમના જ ભયથી શિવની માયાથી મોહિત થયેલા બીજા

લોકોએ પણ એમના પ્રતિ આદરનો ભાવ ન બતાવી શક્યા. હે મુને! સર્વ લોકો દ્વારા તિરસ્કાર પામ્યાથી સતી દેવીને બહુ વિસ્મય થયો તો પણ એમણે માતા-પિતાના ચરણોમાં માથું નમાવ્યું. એ યજ્ઞમાં સતીએ વિષ્ણુ વગેરે દેવતાઓના ભાગ જોયા પરંતુ શંભુનો ભાગ એમને ક્યાંય ન દેખાયો. ત્યારે સતીએ દુસ્સહ ક્રોધ પ્રગટ કર્યો. તે અપમાનિત થવાથી પણ રોષે તો ભરાયેલાં જ હતાં તેથી ક્રોધ કરીને બધા લોકોની તરફ ક્રૂર દૃષ્ટિથી જોતાં અને દક્ષને સળગતી જેવી વાણીમાં બોલ્યાં.

સતીએ કહ્યું—'હે પ્રજાપતે! આપે પરમ મંગલકારી ભગવાન શિવને આ યજ્ઞમાં કેમ ન બોલાવ્યા? જેમના દ્વારા આ સંપૂર્ણ ચરાચર જગત પવિત્ર થાય છે, જે સ્વયં જ યજ્ઞ, યજ્ઞવેત્તાઓમાં શ્રેષ્ઠ, યજ્ઞના અંગ, યજ્ઞની દક્ષિણા અને યજ્ઞકર્તા યજમાન છે એવા ભગવાન શિવ વગર યજ્ઞની સિદ્ધિ કેવી રીતે થઈ શકશે? અહો! જેના સ્મરણમાત્રથી સર્વ કાંઈ પવિત્ર થઈ જાય છે, એમના વિના જ કરેલો આ આખો યજ્ઞ અપવિત્ર થઈ જશે. દ્રવ્ય, મંત્ર વગેરે, હવ્ય અને કવ્ય – એ સર્વ જેનાં સ્વરૂપો છે એવા ભગવાન શિવ વગર આ યજ્ઞનો આરંભ જ કેવી રીતે થયો? શું તમે ભગવાન શિવને સામાન્ય દેવતા સમજીને એમનો અનાદર કર્યો છે? આજે તમારી બુદ્ધિ ભ્રષ્ટ થઈ ગઈ છે. એટલા માટે તમે પિતા થઈને પણ મને અધમ લાગી રહ્યા છો. અરે! આ વિષ્ણુ અને બ્રહ્મા વગેરે દેવતા તથા મુનિ પોતાના પ્રભુ ભગવાન શિવના આવ્યા વિના આ યજ્ઞમાં કેવી રીતે ચાલ્યા આવ્યા?

આવું કહ્યા બાદ શિવસ્વરૂપા પરમેશ્વરી સતીએ ભગવાન વિષ્ણુ, બ્રહ્મા, ઇન્દ્ર વગેરે બધા દેવતાઓને તથા સમસ્ત ઋષિઓને બહુ કડક શબ્દમાં ઠપકો આપ્યો.

બ્રહ્માજી કહે છે—હે નારદ! આ પ્રકારે ક્રોધથી ભરેલાં જગદંબા સતીએ ત્યાં વ્યથિત હૃદયે અનેક પ્રકારની વાતો કહી. શ્રીવિષ્ણુ વગેરે સમસ્ત દેવતાઓ અને મુનિઓ જે ત્યાં ઉપસ્થિત હતા, સતીની વાત સાંભળીને ચૂપ થઈ ગયા - પોતાની પુત્રીનાં એવાં વચન સાંભળીને કુપિત થયેલા દક્ષે સતીની સામે ક્રૂર દૃષ્ટિથી જોયું અને આ પ્રકારે કહ્યું.

દક્ષ બોલ્યા—હે ભદ્રે! તમારા બહુ બોલવાથી શો લાભ – આ સમયે અહીં તમારું કોઈ કામ નથી. તમે જાવ અથવા રહો એ તમારી ઇચ્છા પર નિર્ભર છે. તમે અહીં આવ્યાં જ કેમ? સમસ્ત વિદ્વાનો જાણે છે તમારા પતિ શિવ અમંગલરૂપ છે. એ કુલીન પણ નથી. વેદથી બહિષ્કૃત છે અને ભૂતો, પ્રેત અને પિશાચોના સ્વામી છે. એ બહુ જ કુવેષ ધારણ કર્યા કરે છે. એટલા માટે રુદ્રને આ યજ્ઞમાં નથી બોલાવ્યા – હે બેટી! હું રુદ્રને સારી રીતે જાણું છું. તેથી જાણીજોઈને જ મેં દેવર્ષિઓની સભામાં એમને આમંત્રિત કર્યા નથી. રુદ્રને શાસ્ત્રના અર્થનું જ્ઞાન જ નથી. એ તો ઉદંડ અને દુરાત્મા છે. મેં મૂઢ પાપીએ બ્રહ્માજીના કહેવાથી એની સાથે તારું લગ્ન કરી દીધું હતું. તેથી હે શુચિસ્મિતે! તું ક્રોધ છોડીને શાંત થા. સ્વસ્થ થા. આ યજ્ઞમાં જો તું આવી જ પડી છે તો સ્વયં પોતાનો ભાગ (અથવા દહેજ) ગ્રહણ કર.

દક્ષના આવા કહેવા પર એમની ત્રિભુવનપૂજિતા પુત્રી સતીએ શિવની નિંદા કરનારા પોતાના પિતાની સામે જ્યારે દૃષ્ટિપાત

કર્યો ત્યારે એમનો ક્રોધ, રોષ વધારે જ વધી ગયો. એ મનમાં ને મનમાં વિચારવા લાગ્યાં કે 'હવે હું શંકરજીની પાસે કેવી રીતે જઈશ. જો શંકરજીનાં દર્શનની ઇચ્છાથી ત્યાં ગઈ અને એમણે અહીંના સમાચાર પૂછ્યા તો હું એમને શો ઉત્તર આપીશ?' ત્યાર પછી ત્રણે લોકોનાં જનની સતી રોષના આવેશથી યુક્ત થઈને દીર્ઘ શ્વાસ ખેંચતાં ખેંચતાં પોતાના દુષ્ટહૃદય પિતા દક્ષને કહેવા લાગ્યાં.

સતીએ કહ્યું—જે મહાદેવની નિંદા કરે છે અથવા જે મહાદેવની થતી નિંદા સાંભળે છે એ બંને ત્યાં સુધી નરકમાં પડ્યા રહે છે, જ્યાં સુધી ચંદ્રમા અને સૂર્ય વિદ્યમાન છે.* હવે હે તાત! હું મારા આ શરીરને છોડી દઈશ, સળગતા અગ્નિમાં પ્રવેશી જઈશ. મારા સ્વામીનો અનાદર સાંભળીને હવે મારે પોતાના આ જીવનની રક્ષાથી શું પ્રયોજન, જો કોઈ સમર્થ હોય તો એ સ્વયં વિશેષ પ્રયત્ન કરીને શંભુની નિંદા કરનાર પુરુષની જીભને બળપૂર્વક કાપી નાખો. ત્યારે જ એ શિવ-નિંદા-શ્રવણના પાપથી શુદ્ધ થઈ શકે છે, એમાં સંશય નથી. જો કશું કરવામાં અસમર્થ હોય તો બુદ્ધિમાન પુરુષ માટે જરૂરી છે કે એ બંને કાન બંધ કરીને અહીંથી નીકળી જાય. આથી એ શુદ્ધ રહે છે. દોષનો ભાગી બનતો નથી. આવું શ્રેષ્ઠ વિદ્વાનો કહે છે.

આ રીતે ધર્મનીતિ બતાવ્યા પછી સતીને પોતાના અહીં આવવાના કારણે બહુ પશ્ચાત્તાપ થયો. એમણે વ્યથિત ચિત્તથી ભગવાન શંકરનાં વચનોનું સ્મરણ કર્યું. પછી સતી અત્યંત કુપિત થઈને દક્ષ સામે, એ વિષ્ણુ આદિ સમસ્ત દેવતાઓ તથા મુનિઓથી નીડર થઈને બોલ્યાં.

સતીએ કહ્યું—હે તાત! તમે ભગવાન શંકરના નિંદક છો. એ માટે તમને પશ્ચાત્તાપ થશે. અહીં મહાન દુઃખ ભોગવીને અંતે તમારે યાતના ભોગવવી પડશે. આ લોકમાં જેમને કોઈ નથી તો પ્રિય કે નથી અપ્રિય, એવા નિર્વૈર પરમાત્મા શિવને પ્રતિકૂળ તમારા સિવાય બીજું કોણ ચાલી શકે છે. જે દુષ્ટ લોક છે, તે સદા ઈર્ષ્યાપૂર્વક જો મહાપુરુષોની નિંદા કરે તો એમને માટે કોઈ આશ્ચર્યની વાત નથી. પરંતુ જે મહાત્માઓની ચરણ-રજથી પોતાનો અજ્ઞાન અંધકાર દૂર કરી ચૂક્યા છે, એમને મહાપુરુષોની નિંદા શોભા આપતી નથી. જેમના 'શિવ' આ બે અક્ષરોનું નામ ક્યારેય વાતચીતમાં પ્રસંગવશ મનુષ્યોની વાણી દ્વારા એક વાર પણ બોલાઈ જાય તો એ સંપૂર્ણ પાપરાશિને નષ્ટ કરી દે છે, એ જ પવિત્ર કીર્તિવાળા નિર્મળ શિવ સાથે તમે દ્વેષ કરો છો? આશ્ચર્ય છે. વાસ્તવમાં તમે અશિવ (અમંગલ)રૂપ છો. મહાપુરુષોના મનરૂપી મધુકર બ્રહ્માનંદમય રસનું પાન કરવાની ઇચ્છાથી જેનાં સર્વાર્થદાયક ચરણકમળોનું નિરંતર સેવન કર્યા કરે છે એમનો જ તમે મૂર્ખતાવશ દ્રોહ કરો છો? જેમને તમે નાગથી શિવ અને કામથી અશિવ બનાવો છો એમને શું તમારા સિવાય બીજા વિદ્વાનો નથી જાણતા. બ્રહ્મા વગેરે દેવતાઓ, સનક વગેરે મુનિઓ તથા અન્ય જ્ઞાનીઓ શું એમના સ્વરૂપને નથી સમજતા. ઉદારબુદ્ધિ ભગવાન શિવ જટા ફેલાવીને, કપાલ ધારણ કરીને સ્મશાનમાં ભૂતોની સાથે પ્રસન્નતાપૂર્વક રહેતા તથા ભસ્મ અને નરમુંડોની માળા ધારણ

* યે. નિન્દતે મહાદેવં નિન્દામાનં શૃણોતિ વા તાવુભૌ નરકે યાતો યાવચ્ચન્દ્રદિવાકરૌ ॥
(રુ. પુ. રુ. સં. સ. ખં. ૨૯-૬૮)

કરે છે – આ વાતને જાણીને પણ જે મુનિ અને દેવતા એમનાં ચરણોથી પડેલા નિર્માલ્યને ખૂબ આદર સાથે પોતાના મસ્તક ઉપર ચઢાવે છે એનું શું કારણ છે? એ જ કે ભગવાન શિવ જ સાક્ષાત્ પરમેશ્વર છે. પ્રવૃત્તિ (યજ્ઞ-યજ્ઞાદિ) અને નિવૃત્તિ (શમ, દમ વગેરે) બે પ્રકારનાં કર્મ બતાવાયાં છે. મનીષી પુરુષોએ એનો વિચાર કરવો જોઈએ. વેદમાં વિવેચનપૂર્વક રાગી અને વિરાગી – બે પ્રકારના અલગ અલગ અધિકારી બતાવ્યા છે. પરસ્પર વિરોધી હોવાને કારણે ઉક્ત બંને પ્રકારનાં કર્મોના એકસાથે એક જ કર્તા દ્વારા આચરણ નથી કરી શકાતાં. ભગવાન શંકર તો પરબ્રહ્મ પરમાત્મા છે, એમનામાં બંને પ્રકારનાં કર્મોનો પ્રવેશ નથી. એમને કોઈ કર્મ પ્રાપ્ત થતું નથી, એમને કોઈ પણ પ્રકારનું કર્મ કરવાની આવશ્યકતા નથી. હે પિતાજી! અમારું ઐશ્વર્ય અવ્યક્ત છે. એનું કોઈ લક્ષણ વ્યક્ત નથી, સદા આત્મજ્ઞાની મહાપુરુષ જ એનું સેવન કરે છે. તમારી પાસે એ ઐશ્વર્ય નથી. યજ્ઞશાળાઓમાં રહીને ત્યાંના અન્નથી તૃપ્ત થનારા કર્મઠ લોકોને જે ભોગ પ્રાપ્ત થાય છે, એનાથી તે ઐશ્વર્ય બહુ દૂર છે. જે મહાપુરુષની નિંદા કરનારા અને દુષ્ટ છે, એના જન્મને ધિક્કાર છે. વિદ્વાન પુરુષ તો એ સંબંધને વિશેષરૂપે પ્રયત્ન કરીને છોડી દેવો જોઈએ. જે સમયે ભગવાન શિવ તમારી સાથે મારો સંબંધ દેખાડતાં દેખાડતાં મને દાક્ષાયણી કરીને બોલાવશે, એ સમયે મારું મન અચાનક અત્યંત દુઃખી થઈ જશે. એટલા માટે તમારા અંગથી ઉત્પન્ન થયેલા સદા શબ તુલ્ય ઘૃણિત આ શરીરને આ સમયે હું નક્કી છોડી દઈશ અને એવું કરીને સુખી થઈ જઈશ. હે દેવતાઓ અને મુનિઓ! તમે લોકો મારી વાત સાંભળો. તમારા હૃદયમાં દુષ્ટતા આવી ગઈ છે. તમારા લોકોનું આ કર્મ સર્વથા અનુચિત છે. તમે સર્વ લોકો મૂઢ છો, કેમકે, શિવની નિંદા અને કલહ તમને પ્રિય છે. તેથી ભગવાન હર દ્વારા તમને આ કુકર્મોનો નિશ્ચય જ પૂરેપૂરો દંડ મળશે.

બ્રહ્માજી કહે છે—હે નારદ! એ યજ્ઞમાં દક્ષ તથા દેવતાઓને આવું કહીને સતી દેવી ચૂપ થઈ ગયાં અને મનમાં ને મનમાં જ પોતાના પ્રાણવલ્લભ શંભુનું સ્મરણ કરવા લાગ્યાં.

(અધ્યાય-૨૯)

*

સતીનું યોગાગ્નિથી પોતાના શરીરને ભસ્મ કરી દેવું, દર્શકોનો હાહાકાર, શિવપાર્ષદોનો પ્રાણત્યાગ તથા દક્ષ પર આક્રમણ, ઋભુઓ દ્વારા એમનું ભાગી જવું તથા દેવતાઓની ચિંતા

બ્રહ્માજી કહે છે—હે નારદ! મૌન થયેલાં સતી દેવી પોતાના પતિને સાદર સ્મરીને શાંતચિત્ત થઈને જ અચાનક ઉત્તર દિશામાં ભૂમિ પર બેસી ગયાં. એમણે વિધિપૂર્વક જળનું આચમન કરીને વસ્ત્ર ઓઢી લીધું અને પવિત્ર ભાવથી આંખો બંધ કરીને પતિનું ચિંતન કરતાં કરતાં તે યોગમાર્ગમાં સ્થિત થઈ ગયાં. એમણે આસનને સ્થિર કરીને પ્રાણાયામ દ્વારા પ્રાણ અને અપાનને એકરૂપ કરીને નાભિચક્રમાં સ્થિત કર્યા. પછી ઉદાન વાયુને બળપૂર્વક નાભિચક્રથી ઉપર ઉઠાવીને બુદ્ધિની સાથે હૃદયમાં સ્થાપિત કર્યો. ત્યાર પછી શંકરના પ્રાણવલ્લભ અનિન્દિતા

સતીએ હૃદયસ્થિત વાયુને કંઠમાર્ગથી ભ્રૂકુટિએની વચમાં લઈ આવ્યાં. આ રીતે દક્ષ પર કુપિત થઈને અચાનક સહસા પોતાના શરીરને છોડવાની ઇચ્છાથી સતીએ પોતાનાં સંપૂર્ણ અંગોમાં યોગમાર્ગ અનુસાર વાયુ અને અગ્નિની ધારણા કરી. તદનંતર પોતાના પતિનાં ચરણારવિંદોનું ચિંતન કરતાં કરતાં સતીએ અન્ય સર્વ વસ્તુઓનું વિસ્મરણ કર્યું. એમનું ચિત્ત યોગમાર્ગમાં સ્થિત થઈ ગયું હતું. એટલે ત્યાં એમને પતિનાં ચરણો સિવાય બીજું કશું દેખાયું જ નહીં. હે મુનિશ્રેષ્ઠ! સતીનું નિષ્પાપ શરીર તત્કાળ પડી ગયું અને એમની ઇચ્છા અનુસાર યોગાગ્નિથી સળગીને તે જ ક્ષણે ભસ્મસાત્ થઈ ગયું. એ વખતે ત્યાં આવેલા સમસ્ત દેવતા વગેરેએ જ્યારે આ ઘટના જોઈ ત્યારે એ ખૂબ જ જોરજોરથી હાહાકાર કરવા લાગ્યા. એમનો એ મહાન, અદ્‌ભુત, વિચિત્ર અને ભયંકર હાહાકાર આકાશમાં અને પૃથ્વીતલ પર બધી બાજુ ફેલાઈ ગયો. લોકો કહી રહ્યા હતા – 'હાય! મહાન દેવતા ભગવાન શંકરનાં પરમ પ્રેયસી સતી દેવીએ કોઈ દુષ્ટના દુર્વ્યવહારથી કુપિત થઈને પ્રાણ ત્યાગ કર્યો છે. અહો! બ્રહ્માજીના પુત્ર આ દક્ષની ભારે દુષ્ટતા તો જુઓ. આખું ચરાચર જગત જેની સંતતિ છે, એમની જ પુત્રી મનસ્વિની સતી દેવી, જે સદા માન પામવાને યોગ્ય હતી, એમના દ્વારા નિરાદર પામીને પ્રાણોથી હાથ ધોઈ બેઠી. ભગવાન વૃષભધ્વજનાં પ્રિયા સતી સદા સર્વ સત્પુરુષો દ્વારા નિરંતર સન્માન પામવા અધિકારિણી હતાં. વાસ્તવમાં એમનું હૃદય બહુ જ અસહિષ્ણુ છે. તે પ્રજાપતિ દક્ષ બ્રાહ્મણદ્રોહી છે. એટલે આખા સંસારમાં એને મહા અપયશ પ્રાપ્ત થશે. એમની પોતાની જ પુત્રી એમના જ અપરાધથી પ્રાણત્યાગ કરવા તૈયાર થઈ ગઈ, ત્યારે પણ એ મહાનરકગામી શંકરદ્રોહીએ એમને રોક્યાં પણ નહીં!'

જે સમયે સર્વ લોક આવું કહી રહ્યા હતા, એ જ સમયે શિવજીના પાર્ષદ સતીના આ

અદ્‌ભુત પ્રાણત્યાગ જોઈને તરત જ અસ્ત્ર-શસ્ત્ર લઈને દક્ષને મારવા માટે ઊભા થઈ ગયા. યજ્ઞમંડપના દ્વાર પર ઊભેલા એ ભગવાન શંકરના સમસ્ત સાઠ હજાર પાર્ષદ, જે બહુ જ ભારે પહેલવાન હતા, અત્યંત ક્રોધે ભરાયા, અને 'અગને ધિક્કાર છે, ધિક્કાર છે' એવું કહેતાં કહેતાં ભગવાન શંકરના ગણોના એ સર્વ વીર યૂથપતિ વારંવાર ઉચ્ચ સ્વરથી હાહાકાર કરવા લાગ્યા. હે દેવર્ષિ! કેટલાય પાર્ષદ તો ત્યાં શોકથી એવા વ્યાકુળ થઈ ગયા કે તે અત્યંત તીક્ષ્ણ પ્રાણનાશક શસ્ત્રો દ્વારા પોતાનાં જ મસ્તક અને મુખ વગેરે અંગો પર આઘાત કરવા લાગ્યા. આ રીતે વીસ હજાર પાર્ષદ તો સતયે દક્ષકન્યા સતીની સાથે જ નષ્ટ થઈ ગયા. એ એક અદ્‌ભુત વાત થઈ. નષ્ટ થતાં બચેલા મહાત્મા શંકરના

પ્રમથગણ ક્રોધયુક્ત થઈને દક્ષને મારવા માટે હથિયાર લઈને ઊભા થઈ ગયા. હે મુને! એ આક્રમણકારી પાર્ષદોના વેગને જોઈને ભગવાન ભૃગુએ યજ્ઞમાં વિઘ્ન કરનારાઓનો નાશ કરવા માટે નક્કી 'અપહતા અસુરાઃ રક્ષાꣳસિ વેદિષદઃ' એ યજુર્મંત્રથી દક્ષિણાગ્નિમાં આહુતિ આપી. ભૃગુની આહુતિ આપતાં જ યજ્ઞકુંડમાંથી ઋભુ નામક હજારો મહાન દેવતા, જે બહુ પ્રબલ વીર હતા, ત્યાં પ્રગટ થઈ ગયા. હે મુનીશ્વર! એ સર્વના હાથમાં સળગતાં લાકડાં હતાં. એમની સાથે પ્રમથગણોનું અત્યંત વિકટ યુદ્ધ થયું, જે સાંભળનારાનાં રૂવાં ઊભાં કરી દેનારું હતું. એ બ્રહ્મતેજથી સંપન્ન મહાવીર ઋભુઓનો બધી બાજુથી એવો માર પડ્યો કે જેથી પ્રમથગણ વગર વધારે પ્રયાસે જ ભાગી જવા લાગ્યા. આ રીતે એ દેવતાઓએ એ શિવગણોને તરત જ ભગાવી દીધા. આ અદ્‌ભુત - જેવી ઘટના ભગવાન શિવની મહાશક્તિમતી ઇચ્છાથી જ થઈ. એ સર્વ જોઈને ઋષિ, ઇન્દ્ર વગેરે દેવતા, મરુદ્‌ગણ, વિશ્વદેવ, અશ્વિનીકુમાર અને લોકપાલ ચૂપ જ રહ્યા. કોઈ કોઈ તો બધી બાજુથી આવી આવીને ત્યાં ભગવાન વિષ્ણુની પ્રાર્થના કરવા લાગ્યા કે કોઈ પણ રીતે આ વિઘ્ન ટળી જાય. તે ઉદ્વિગ્ન થઈને વારંવાર વિઘ્ન-નિવારણ માટે અંદરોઅંદર સલાહ કરવા લાગ્યા. પ્રમથગણોનો નાશ થવાથી અને ભગાડી દેવાથી જે ભાવિ પરિણામ થવાનું હતું, એનો સારી પેઠે વિચાર કરીને ઉત્તમ બુદ્ધિવાળા શ્રીવિષ્ણુ આદિ દેવતા અત્યંત ઉદ્વિગ્ન થઈ ગયા. હે મુને! આ રીતે દુરાત્મા શંકરદ્રોહી બ્રહ્મબંધુ દક્ષના યજ્ઞમાં એ સમયે બહુ ભારે વિઘ્ન આવી ગયું.

(અધ્યાય-૩૦)

*

આકાશવાણી દ્વારા દક્ષની ભર્ત્સના, એમના વિનાશની સૂચના તથા સમસ્ત દેવતાઓને યજ્ઞમંડપમાંથી નીકળી જવાની પ્રેરણા

બ્રહ્માજી કહે છે—હે મુનીશ્વર! આ દરમિયાનમાં ત્યાં દક્ષ તથા દેવતા વગેરે સાંભળી શકે એવી આકાશવાણીએ આ યથાર્થ વાત કહી – 'રે - રે દુરાચારી દક્ષ!' ઓ દંભપરાયણ મહામૂઢ! તેં કેવું અનર્થકારી કર્મ કરી દીધું? ઓ મૂર્ખ! શિવભક્તરાજ દધીચના કથનને પણ તેં પ્રામાણિક ન માન્યું, જે તારે માટે સર્વ રીતે આનંદદાયક અને મંગલકારી હતું. એ બ્રાહ્મણદેવતા તને દુસ્સહ શાપ આપીને તારી યજ્ઞશાળાથી નીકળી ગયા તો પણ તને મૂઢને મનમાં કશું પણ સમજાયું નહીં. એ પછી તારા ઘરમાં મંગલમયી સતી દેવી સ્વતઃ પધાર્યાં, જે તારી જ પુત્રી હતાં, પરંતુ તેં એમનો પણ પરમ આદર ન કર્યો! આવું કેમ થયું? હે જ્ઞાનદુર્બલ દક્ષ! તેં સતી અને મહાદેવજીની પૂજા ન કરી, આ શું કર્યું? 'હું બ્રહ્માજીનો દીકરો છું' આવું સમજીને તું વ્યર્થ જ અભિમાનમાં રહ્યા કર્યો અને એટલા માટે જ તારા પર મોહ છવાઈ ગયો છે. એ સતી દેવી જ સત્પુરુષોનાં આરાધ્ય દેવી છે અથવા સદા આરાધ્ય છે, એ સમસ્ત પુણ્યોનું ફળ આપનારાં છે, ત્રણે લોકોની માતા છે, કલ્યાણસ્વરૂપા અને ભગવાન શંકરના અર્ધા

અંગમાં નિવાસ કરનારાં છે. એ સતી દેવી જ પૂજિત થવાથી સદા સંપૂર્ણ સૌભાગ્યપ્રદાન કરનારાં છે. એ જ મહેશ્વરની શક્તિ છે અને પોતાના ભક્તોનું મંગલ કરનારાં છે. એ સતી દેવી જ પૂજિત થવાથી સદા સંસારનો ભય દૂર કરનારાં છે અને મનોવાંછિત ફળ આપનારાં છે તથા એ જ સમસ્ત ઉપદ્રવોને નષ્ટ કરનારાં દેવી છે. એ સતી જ સદા પૂજિત થવાથી કીર્તિ અને સંપત્તિ પ્રદાન કરનારાં છે. એ જ પરાશક્તિ તથા ભોગ-મોક્ષ પ્રદાન કરનારાં પરમેશ્વરી છે. એ સતી જ જગતને જન્મ દેનારાં માતા, જગતની રક્ષા કરનારાં અનાદિ શક્તિ અને પ્રલય કાળમાં જગતનો સંહાર કરનારાં છે. તે જગન્માતા સતી જ ભગવાન વિષ્ણુની માતારૂપે સુશોભિત થવાવાળાં તથા બ્રહ્મા, ઇન્દ્ર, ચંદ્ર, અગ્નિ અને સૂર્યદેવ વગેરેની જનની મનાય છે. એ સતી જ તપ, ધર્મ અને દાન વગેરેનાં ફળ આપનારાં દેવી છે. એ જ શંભુશક્તિ મહાદેવી છે અને દુષ્ટોનું હનન, દલન કરનારાં પરાત્પર શક્તિ છે. આવાં મહિમાવાળાં સતીદેવી જેમના સદા પ્રિય ધર્મપત્ની છે, એ ભગવાન મહાદેવને તે યજ્ઞમાં ભાગ ન આપ્યો!! અરે! તું કેવો મૂઢ અને કુવિચારી છે.

'ભગવાન શિવ જ સર્વના સ્વામી તથા પરાત્પર પરમેશ્વર છે. એ સમસ્ત દેવતાઓના સમ્યક્ સેવ્ય છે અને સર્વનું કલ્યાણ કરનારા છે. એમનાં જ દર્શનની ઇચ્છાથી સિદ્ધ પુરુષો તપસ્યા કરે છે અને એમના જ સાક્ષાત્કારની અભિલાષા મનમાં લઈને યોગી લોકો યોગ-સાધનમાં પ્રવૃત્ત થયા કરે છે. અનંત ધન-ધાન્ય અને યજ્ઞ પણ વગેરેનું સૌથી મહાન ફળ એ જ બતાવ્યું છે કે ભગવાન શંકરનાં દર્શન સુલભ થાય. શિવ જ જગતનું ધારણ-પોષણ કરનારા છે. એ જ સમસ્ત વિદ્યાઓના પતિ અને સર્વ કાંઈ કરવા સમર્થ છે. આદિ વિદ્યાના શ્રેષ્ઠ સ્વામી તથા મંગલોના પણ મંગલ છે, એ જ મંગલ છે. હે દુષ્ટ દક્ષ! તેં એમની શક્તિનો આજે સત્કાર કર્યો નથી. એટલે આ યજ્ઞનો વિનાશ થઈ જવાનો. પૂજનીય વ્યક્તિઓની પૂજા ન કરવાથી અમંગળ જ થાય છે. તેં પરમ પૂજ્ય શિવસ્વરૂપા સતીનું પૂજન ન કર્યું. શેષનાગ પોતાનાં હજાર મસ્તકથી પ્રતિદિન પ્રસન્નતાપૂર્વક જેનાં ચરણોની રજ ધારણ કરે છે, એ જ ભગવાન શિવની શક્તિ સતી દેવી હતાં. જેનાં ચરણકમળોનું નિરંતર ધ્યાન અને સાદર પૂજન કરીને બ્રહ્માજી બ્રહ્મત્વને પ્રાપ્ત થયા છે, એ જ ભગવાન શંકરની પ્રિય પત્ની સતી દેવી હતાં. જેનાં ચરણકમળો નિરંતર ધ્યાન અને સાદર પૂજન કરીને ઇન્દ્ર વગેરે લોકપાલ પોતપોતાના ઉત્તમ પદને પામ્યા છે. તો ભગવાન શિવ સંપૂર્ણ જગતના પિતા છે અને શક્તિસ્વરૂપા સતી દેવી જગતનાં માતા કહેવાયાં છે. હે મૂઢ દક્ષ! તેં એ માતા-પિતાનો સત્કાર ન કર્યો, પછી તારું કલ્યાણ કેવી રીતે થશે.

'તારા ઉપર દુર્ભાગ્યનું આક્રમણ થઈ ગયું છે. વિપત્તિઓ તૂટી પડી. કેમકે, તે એ ભવાની સતી અને ભગવાન શંકરની ભક્તિભાવનાથી આરાધના કરી નથી. 'કલ્યાણકારી શંભુનું પૂજન ન કરીને પણ હું કલ્યાણનો ભાગી થઈશ' આવો તારો કેવો ગર્વ છે? આ દુર્વાર ગર્વ આજે નષ્ટ થઈ જશે. આ દેવતાઓમાંથી કોણ એવું છે, જે સર્વેશ્વર શિવથી વિમુખ થઈને તારી સહાયતા કરશે? મને તો કોઈ એવો દેવ દેખાતો નથી. જો દેવતા આ સમયે તારી સહાયતા કરશે તો

તે સળગતા દીપક સાથે અગનખેલ ખેલનારા પતંગિયાની જેમ નષ્ટ થઈ જશે. આજે તારું મુખ સળગી જાઓ, તારા યજ્ઞનો નાશ થઈ જાઓ અને જેટલા તારા સહાયકો તે પણ આજે શીઘ્ર જ સળગીને મરો. આ દુરાત્મા દક્ષની જે સહાયતા કરનારા છે, એ સમસ્ત દેવતાઓ માટે આજે શપથ છે. એક તારા અમંગલ માટે જ તારી સહાયતાથી વિરત થઈ જાઓ. સમસ્ત દેવતાઓ આજ યજ્ઞમંડપમાંથી નીકળીને પોતપોતાને સ્થાને જતા રહે, નહિતર, સર્વ લોકોનો સર્વ પ્રકારે નાશ થઈ જશે. અન્ય બધા મુનિઓ અને નાગ વગેરે પણ આ યજ્ઞગાંથી નીકળી જાઓ, અન્યથા આજે બધા લોકોનો સર્વથા નાશ થઈ જશે. શ્રીહરે! અને વિધાતઃ। આપ લોકો પણ આ યજ્ઞમંડપમાંથી શીઘ્ર જ નીકળી જાઓ.'

બ્રહ્માજી કહે છે—હે નારદ! સંપૂર્ણ યજ્ઞશાળામાં બેઠેલા લોકોને આવું કહીને સર્વનું કલ્યાણ કરનારી આકાશવાણી મૌન થઈ ગઈ.

(અધ્યાય-૩૧)

*

ગણોના મુખથી અને નારદથી પણ સતીના ભસ્મ થઈ જવાની વાત સાંભળીને દક્ષ પર કુપિત થવું અને શિવની જટામાંથી વીરભદ્ર અને મહાકાલીને પ્રગટ કરીને એમને યજ્ઞ-વિધ્વંસ કરવા અને વિરોધીઓને સળગાવી દેવાની આજ્ઞા આપવી

બ્રહ્માજી કહે છે—હે નારદ! એ આકાશવાણી સાંભળીને સર્વ દેવતા વગેરે ભયભીત તથા વિસ્મિત થઈ ગયા. એમના મુખમાંથી કોઈ વાત ન નીકળી. એ એવી રીતે બેસી કે ઊભા રહી ગયા, જાણે એમના પર વિશેષ મોહ છવાઈ ગયો હોય. ભૃગુના મંત્રબળથી ભાગી જવાને કારણે જે વીર શિવગણ નષ્ટ થવાથી બચી ગયા હતા, તે ભગવાન શિવને શરણે ગયા. એ બધાએ અમિત તેજસ્વી ભગવાન રુદ્રને સારી રીતે સાદર પ્રણામ કરીને ત્યાં યજ્ઞમાં જે કાંઈ થયું હતું, એ આખી ઘટના એમને કહી સંભળાવી.

ગણ બોલ્યા—હે મહેશ્વર! દક્ષ બહુ જ દુરાત્મા અને અભિમાની અહંકારનું પૂતળું છે. એણે ત્યાં પહોંચેલા સતીનું અપમાન કર્યું અને દેવતાઓએ પણ એમનો આદર ન કર્યો. અત્યંત ગર્વથી ભરેલા એ દક્ષે આપને માટે યજ્ઞમાં ભાગ ન આપ્યો. બીજા દેવતાઓ માટે ભાગ હતો અને આપને વિશે ઉચ્ચ સ્વરમાં દુર્વચન કહ્યાં. હે પ્રભો! યજ્ઞમાં આપનો ભાગ ન જોઈને સતી દેવી કુપિત થઈ ગયાં અને પિતાની વારંવાર નિંદા કરીને પોતાના શરીરને યોગાગ્નિ દ્વારા સળગાવીને ભસ્મ કરી દીધું. આ જોઈને દશ હજારથી પણ વધારે પાર્ષદ લજ્જાવશ શસ્ત્રો દ્વારા પોતાનાં અંગોને જ કાપી-કાપીને ત્યાં મરી ગયા. બાકી રહેલા અમે લોકો દક્ષ ઉપર કુપિત થઈ ગયા અને એ બધાને ભયભીત કરીને વેગપૂર્વક એ યજ્ઞનો વિધ્વંસ કરવા તૈયાર થઈ ગયા; પરંતુ વિરોધી ભૃગુએ પોતાના પ્રભાવથી અમને તિરસ્કૃત કરી દીધા. અમે એમના મંત્રબળનો સામનો ન કરી શક્યા. હે પ્રભો! હે વિશ્વંભર! એ જ અમે લોકો આજે આપના

શરણે આવ્યા છીએ. હે દયાળો! ત્યાં પ્રાપ્ત થયેલા ભયથી આપ અમને બચાવો. નિર્ભય કરો. હે મહાપ્રભો! એ યજ્ઞમાં દક્ષ વગેરે સર્વ દુષ્ટોએ અભિમાન-ઘમંડમાં આવીને આપનું વિશેષરૂપે અપમાન કર્યું છે. હે કલ્યાણકારી શિવ! આ રીતે અમે પોતાનું, સતી દેવીનું અને મૂઢ મતિવાળા દક્ષ વગેરેનું સમગ્ર વૃત્તાંત કહી સંભળાવ્યું છે. હવે આપની જેવી ઇચ્છા હોય એવું કરો.

બ્રહ્માજી કહે છે—હે નારદ! પોતાના પાર્ષદોની આ વાત સાંભળીને ભગવાન શિવે ત્યાંની બધી ઘટના જાણવા માટે શીઘ્ર જ તમારું સ્મરણ કર્યું. હે દેવર્ષિ! તમે દિવ્ય દૃષ્ટિથી સંપન્ન છો. તેથી ભગવાનના સ્મરણ કરવાથી તમે તરત જ ત્યાં પહોંચી ગયા અને શંકરજીને ભક્તિપૂર્વક પ્રણામ કરીને ઊભા રહી ગયા. સ્વામી શિવે તમારી પ્રશંસા કરીને દક્ષયજ્ઞમાં ગયેલાં સતીના

સમાચાર અને બીજી ઘટનાઓ વિશે પૂછ્યું. હે તાત! શંભુના પૂછવાથી શિવમાં જ મન રાખનારા તમે તરત જ એ બધું વૃત્તાંત કહી સંભળાવ્યું, જે દક્ષયજ્ઞમાં ઘટિત થયું હતું. હે મુને! તમારા મુખથી નીકળેલી વાત સાંભળીને એ સમયે મહાન રૌદ્ર પરાક્રમથી સંપન્ન સર્વેશ્વર રુદ્રે તરત જ બહુ ભારે ક્રોધ પ્રગટ કર્યો. લોકસંહારકારી રુદ્રે પોતાના માથામાંથી એક જટા ઉખાડી અને એને રોષપૂર્વક એ પર્વત પર ફટકારી. હે મુને! ભગવાન શંકરના એ પટકવાથી એ જટાના બે ટુકડા થઈ ગયા અને મહાપ્રલયની જેમ ભયાનક શબ્દ થયો. હે દેવર્ષે! એ જટાના પૂર્વભાગથી મહાભયંકર મહાબલી વીરભદ્ર પ્રગટ થયા જે સમસ્ત શિવગણોના આગેવાન છે. તે ભૂમંડળને બધી બાજુથી વ્યાપીને એનાથી પણ દશ આંગળ અધિક થઈને ઊભા થયા. તે જોવામાં તો પ્રલય-અગ્નિ જેવા જણાતા હતા. એમનું શરીર બહુ જ ઊંચું હતું. તે એક હજાર ભુજાઓથી યુક્ત હતા. એ સર્વસમર્થ મહારુદ્રના ક્રોધપૂર્વક પ્રગટ થયેલા નિઃશ્વાસથી સો પ્રકારના જ્વર અને તેર પ્રકારના સંનિપાત રોગ પેદા થઈ ગયા. હે તાત! એ જટાના બીજા ભાગથી મહાકાલી ઉત્પન્ન થયાં, જે ખૂબ જ ભયંકર દેખાતાં હતાં. એ કરોડો ભૂતોથી ઘેરાયેલાં હતાં. જે જ્વર પેદા થયા, તે બધા જ શરીરધારી ક્રૂર અને સમસ્ત લોકો માટે ભયંકર હતા. તે પોતાના તેજથી પ્રજ્વલિત થઈ બધી જ તરફ દાહ ઉત્પન્ન કરતા હોય એવું પ્રતીત થતું હતું. વીરભદ્ર વાતચીત કરવામાં બહુ કુશળ હતા. એમણે બંને હાથ જોડીને પરમેશ્વર શિવને પ્રણામ કરીને કહ્યું.

વીરભદ્ર બોલ્યા—હે મહારુદ્ર! સોમ, સૂર્ય અને અગ્નિને ત્રણ નેત્રો રૂપમાં ધારણ કરનારા

હે પ્રભો! શીઘ્ર આજ્ઞા આપો. મારે આ સમયે કયું કાર્ય કરવાનું છે? હે ઈશાન! શું મારી અર્ધી જ ક્ષણમાં બધા જ સમુદ્રોને સૂકવી દેવાના છે? અથવા એટલા જ સમયમાં સંપૂર્ણ પર્વતોને દળી નાખવાના છે? હે હર! હું એક જ ક્ષણમાં બ્રહ્માંડને ભસ્મ કરી દઉં અથવા સમસ્ત દેવતાઓ અને મુનીશ્વરોને સળગાવીને રાખ કરી દઉં? હે શંકર! હે ઈશાન! શું હું સમસ્ત લોકોને અવળા-સવળા કરી દઉં અથવા સંપૂર્ણ પ્રાણીઓનો વિનાશ કરી દઉં? હે મહેશ્વર! આપની કૃપાથી ક્યાંય પણ કોઈ પણ એવું કાર્ય નથી, જે હું ન કરી શકું. પરાક્રમ દ્વારા મારી સમાનતા કરનારો વીર ન તો પહેલાં થયો છે અને ન આગળ થશે. હે શંકર! તમે કોઈ પણ તણખલાને મોકલી દો તો એ પણ વગર કશા પ્રયત્ને ક્ષણભરમાં મોટામાં મોટાં કાર્ય સિદ્ધ કરી શકે છે, એમાં સંશય નથી. હે શંભો! યદ્યપિ આપની લીલામાત્રથી સર્વ કાર્ય સિદ્ધ થઈ જાય છે, તેમ છતાં જે આપ મને મોકલી રહ્યા છો, એ મારા પર આપનો અનુગ્રહ જ છે. હે શંભો! મારામાં જે કાંઈ પણ શક્તિ છે તે આપની કૃપાથી જ મળેલી છે. હે શંકર! આપની કૃપા વિના કોઈમાં પણ કશી શક્તિ નથી હોઈ શકતી. વાસ્તવમાં આપની આજ્ઞા વિના કોઈ તણખલા વગેરેને હલાવવામાં પણ સમર્થ નથી, એવું નિઃસંદેહ કહી શકાય તેમ છે. હે મહાદેવ! હું આપનાં ચરણોમાં વારંવાર પ્રણામ કરું છું. હે હર! આપ આપના ઇચ્છિત કાર્ય માટે, તેની સિદ્ધિ માટે આજે મને તરત જ મોકલો. હે શંભો! મારાં જમણાં અંગો વારંવાર ફરકી રહ્યાં છે. એનાથી સૂચિત થાય છે કે મારો વિજય અવશ્ય થવાનો છે. તેથી હે પ્રભો! મને મોકલો. હે શંકર! આજે મને કોઈ અભૂતપૂર્વ અને વિશેષ હર્ષ તથા ઉત્સાહનો અનુભવ થઈ રહ્યો છે અને મારું ચિત્ત આપના ચરણકમળમાં લાગેલું છે. તેથી ડગલે ને પગલે મારે માટે શુભ પરિણામનો વિસ્તાર થશે. હે શંભો! આપ શુભનો આધાર છો. જેની આપમાં સુદૃઢ ભક્તિ છે, એને સદા વિજય જ પ્રાપ્ત થાય છે અને એનું જ દિનપ્રતિદિન શુભ થાય છે.

બ્રહ્માજી કહે છે—હે નારદ! એની આ વાત સાંભળીને સર્વમંગલોના પતિ ભગવાન શિવ બહુ જ તુષ્ટ થયા, સંતુષ્ટ થયા અને 'હે વીરભદ્ર! તમારો જય થાઓ' એવો આશીર્વાદ આપીને તે પુનઃ બોલ્યા.

મહેશ્વરે કહ્યું—હે મારા પાર્ષદોમાં શ્રેષ્ઠ વીરભદ્ર! બ્રહ્માજીનો પુત્ર દક્ષ બહુ દુષ્ટ છે, એ મૂર્ખને બહુ અભિમાન થઈ ગયું છે. તેથી આ દિવસોમાં તે વિશેષરૂપે મારો વિરોધ કરવા લાગ્યો છે. દક્ષ આ સમયે એક યજ્ઞ કરવા તૈયાર થયો છે. તમે યજ્ઞ-પરિવારસહિત એ યજ્ઞને ભસ્મ કરીને શીઘ્ર જ મારે સ્થાને પરત આવો. જો દેવતા, ગંધર્વ, યજ્ઞ અથવા અન્ય કોઈ તમારો સામનો કરવા તૈયાર થાય તો એમને પણ આજે જ શીઘ્ર જ અચાનક ભસ્મ કરી દેજો. દધીચની અપાવેલી મારી શપથનું - મારા સોગંદનું ઉલ્લંઘન કરીને જે દેવતા વગેરે ત્યાં રહી પડ્યા છે, એમને તે નક્કી જ પ્રયત્નપૂર્વક સળગાવીને ભસ્મ કરી દેજો. જે મારા શપથનું ઉલ્લંઘન કરીને ગર્વયુક્ત થઈને ત્યાં બેસી રહ્યા છે, એ સર્વ મારા દ્રોહી છે. તેથી એમને અગ્નિમયી માયાથી સળગાવી દો. દક્ષની યજ્ઞશાળામાં જે પોતાની પત્નીઓ સાથે અને સારભૂત ઉપકરણો સાથે બેઠા હોય, એ સર્વને જલાવીને ભસ્મ કરી દીધા

પછી પુનઃ તરત જ પરત આવી જજો. તગારા ત્યાં જવાથી વિશ્વદેવ વગેરે દેવગણ પણ જો સામે આવીને તમારી સ્તુતિ કરે તો પણ એમને શીઘ્ર અગ્નિની જ્વાળાથી જલાવીને જ છોડજો. હે વીર! ત્યાં દક્ષ વગેરે સર્વ લોકોની પત્ની અને બંધુ-બાંધવસહિત સળગાવીને (કલશોમાં રાખેલા) જળને લીલાપૂર્વક પી જજો.

બ્રહ્માજી કહે છે—હે નારદ! જે વૈદિક મર્યાદાના પાલક, કાળના પણ શત્રુ તથા સર્વના ઈશ્વર છે, તે ભગવાન રુદ્ર હોવાથી લાલ આંખ કરીને મહાવીર વીરભદ્રને આવું કહીને ચૂપ થઈ ગયા. (અધ્યાય-૩૨)

*

પ્રમથગણો સહિત વીરભદ્ર અને મહાકાલીનું દક્ષયજ્ઞ-વિધ્વંસને માટે પ્રસ્થાન, દક્ષ તથા દેવતાઓને અપશુકન અને ઉત્પાતસૂચક લક્ષણોનું દર્શન અને ભય થવો

બ્રહ્માજી કહે છે—હે નારદ! મહેશ્વરના આ વચનને આદરપૂર્વક સાંભળીને વીરભદ્ર બહુ જ સંતુષ્ટ થયા. એમણે મહેશ્વરને પ્રણામ કર્યા. તત્પશ્ચાત્ એ દેવાધિદેવ શૂલીની ઉપર્યુક્ત આજ્ઞાને શિરોધાર્ય કરીને વીરભદ્ર ત્યાંથી શીઘ્ર જ દક્ષના યજ્ઞમંડપ તરફ ચાલ્યા. ભગવાન શિવે કેવળ શોભા માટે એમની સાથે કરોડો મહાવીર ગણોને મોકલી દીધા. જે પ્રલયાગ્નિ સમાન તેજસ્વી હતા. એ કુતૂહલકારી પ્રબળ વીર પ્રમથગણ વીરભદ્રની આગળ અને પાછળ પણ ચાલી રહ્યા હતા. કાળના પણ કાળ ભગવાન રુદ્રના વીરભદ્રસહિત જે લાખો પાર્ષદગણ હતા, એ સૌનું સ્વરૂપ રુદ્ર જેવું જ હતું. એ ગણો સાથે મહાત્મા વીરભદ્ર ભગવાન શિવની જેમ જ વેશભૂષા ધારણ કરીને રથ પર બેસીને યાત્રા કરી રહ્યા હતા. એમને એક હજાર ભુજાઓ હતી. શરીરમાં નાગરાજ વળગેલા હતા. વીરભદ્ર મોટા પ્રબળ અને ભયંકર દેખાતા હતા. એમનો રથ બહુ જ વિશાળ હતો. એમાં દસ હજાર સિંહ જોડવામાં આવતા હતા, જે પ્રયત્નપૂર્વક રથને ખેંચતા હતા. આ રીતે ઘણા પ્રબળ સિંહો, શાર્દૂલ, મગર, મત્સ્ય અને હજારો હાથી એ રથના બાજુના ભાગની રક્ષા કરતા હતા. કાલી, કાત્યાયની, ઈશાની, ચામુંડા, મુંડમર્દિની, ભદ્રકાલી, ભદ્રા, ત્વરિતા તથા વૈષ્ણવી – આ નવ દુર્ગાઓની સાથે સમસ્ત ભૂતગણોની સાથે મહાકાલી દક્ષનો વિનાશ કરવાને માટે ચાલ્યાં, ડાકિની, શાકિની, ભૂત, પ્રમથ, ગુહ્યક, કૂષ્માંડ, પર્પટ, ચટક, બ્રહ્મરાક્ષસ, ભૈરવ તથા ક્ષેત્રપાલ વગેરે – આ સર્વ વીર ભગવાન શિવની આજ્ઞાનું પાલન અને દક્ષના યજ્ઞનો વિનાશ કરવા માટે તરત જ ચાલવા માંડ્યા. એમના સિવાય ચોસઠ ગણોની સાથે યોગિનીઓનું મંડળ પણ સાહસા કુપિત થઈને દક્ષયજ્ઞનો વિનાશ કરવા માટે ત્યાંથી પ્રસ્થાન કરી રહ્યાં હતાં. આ રીતે કોટિ-કોટિ ગણ અને વિભિન્ન પ્રકારના ગણાધીશ વીરભદ્રની સાથે ચાલ્યા. એ સમયે ભેરીઓનો ગંભીર ધ્વનિ થવા માંડ્યો. વિવિધ પ્રકારના અવાજ કરનારા શંખ વાગવા લાગ્યા. વિવિધ પ્રકારની શિંગીઓ વાગવા લાગી. હે મહામુને! સેનાસહિત વીરભદ્રની યાત્રા સમયે ત્યાં બહુ જ સુખદ શુકન થવા લાગ્યા.

આ રીતે જ્યારે પ્રમથગણો સહિત વીરભદ્રે પ્રસ્થાન કર્યું, ત્યારે પેલી બાજુ દક્ષ તથા દેવતાઓને ઘણાં અશુભ લક્ષણો દેખાવા લાગ્યાં. હે દેવર્ષે! યજ્ઞ-વિધ્વંસની સૂચના દેવાવાળા ત્રિવિધ ઉત્પાત પ્રગટ થવા લાગ્યા. દક્ષની ડાબી આંખ, જમણી ભુજા અને ડાબી જાંઘ ફરકવા લાગ્યાં. હે તાત! ડાબા અંગોનું ફરકવું સર્વથા અશુભસૂચક હતું અને વિવિધ પ્રકારનાં કષ્ટો મળશે એવી સૂચના મળી રહી હતી. એ વખતે દક્ષની યજ્ઞશાળામાં ધરતી ડોલવા લાગી. દક્ષને બપોરને સમયે પણ અદ્‌ભુત તારા દેખાવા લાગ્યા. દિશાઓ મલિન થઈ ગઈ. સૂર્યમંડળ કાબરચીતરું દેખાવા લાગ્યું. એના પર હજારો આવરણો છવાઈ ગયાં, ઘેરો પડી ગયો. વીજળી અને અગ્નિ સમાન તારા તૂટી તૂટીને પડી રહ્યા હતા અને બીજા પણ ઘણા અપશુકન થવા લાગ્યા.

એ દરમિયાન ત્યાં આકાશવાણી પ્રગટ થઈ જે સંપૂર્ણ દેવતાઓ અને વિશેષતઃ દક્ષને પોતાની વાત સંભળાવવા લાગી.

આકાશવાણી બોલી—ઓ દક્ષ! આજે તારા જન્મને ધિક્કાર છે. તું મહામૂઢ એ પાપાત્મા છે. ભગવાન હર તરફથી આજે તને મહાદુઃખ પ્રાપ્ત થશે, જે કેમેય કરીને ટળી શકે નહીં. હવે તો અહીં તારો હાહાકાર પણ સંભળાતો નથી. જે મૂઢ દેવતા વગેરે તારા યજ્ઞમાં સ્થિત છે એમને પણ મહાન દુઃખ થશે એમાં સંશય નથી.

બ્રહ્માજી કહે છે—હે મુને! આકાશવાણીની આ વાત સાંભળીને અને પૂર્વોક્ત અશુભસૂચક લક્ષણોને જોઈને દક્ષ તથા બીજા દેવતા વગેરેને પણ અત્યંત ભય પ્રાપ્ત થયો. એ સમયે દક્ષ મનમાં ને મનમાં અત્યંત વ્યાકુળ થયો અને કંપવા લાગ્યો. પોતાના પ્રભુ લક્ષ્મીપતિ ભગવાન વિષ્ણુના શરણમાં ગયો. તે ભયથી અધીર થઈને બેભાન થઈ રહ્યો હતો. એટલે સ્વજનવત્સલ દેવાધિદેવ ભગવાન વિષ્ણુને પ્રણામ કર્યા અને એમની સ્તુતિ કરતાં કહેવા લાગ્યો.

(અધ્યાય ૩૩-૩૪)

*

દક્ષની યજ્ઞ રક્ષા માટે શ્રીવિષ્ણુને પ્રાર્થના, ભગવાનની શિવદ્રોહજનિત સંકટને ટાળવામાં પોતાની અસમર્થતા બતાવતાં દક્ષને સમજાવવું અને સેનાસહિત વીરભદ્રનું આગમન

દક્ષ બોલ્યો—હે દેવદેવ! હે હરે! હે વિષ્ણો! હે દીનબન્ધો! હે કૃપાનિધિ! આપે મારા તરફથી મારા યજ્ઞની રક્ષા કરવી જોઈએ. હે પ્રભો! આપ જ યજ્ઞના રક્ષક છો, યજ્ઞ જ આપનું કર્મ છે અને આપ યજ્ઞસ્વરૂપ છો. આપે એવી કૃપા કરવી જોઈએ જેથી યજ્ઞનો વિનાશ ન થાય.

બ્રહ્માજી કહે છે—હે મુનીશ્વર! આ રીતે અનેક પ્રકારથી સાદર પ્રાર્થના કરીને દક્ષ ભગવાન શ્રીવિષ્ણુનાં ચરણોમાં પડી ગયો. એનું ચિત્ત ભયથી વ્યાકુળ થઈ રહ્યું હતું. ત્યારે જેના મનમાં ગભરાટ ઉત્પન્ન થયો હતો, એ પ્રજાપતિ દક્ષને બેઠો કરીને એની પૂર્વોક્ત વાત સાંભળીને ભગવાન વિષ્ણુએ દેવાધિદેવ શિવનું સ્મરણ કર્યું. પોતાના પ્રભુ અને મહાન ઐશ્વર્યથી યુક્ત

પરમેશ્વર શિવનું સ્મરણ કરીને શિવતત્ત્વના જ્ઞાતા શ્રીહરિ દક્ષને સમજાવતાં બોલ્યા.

શ્રીહરિએ કહ્યું—હે દક્ષ! હું તમને તત્ત્વની વાત બતાવી રહ્યો છું. તમે મારી વાત ધ્યાનપૂર્વક સાંભળો. મારું આ વચન તમારે માટે સર્વથા હિતકર તથા મહામંત્રની જેમ સુખદાયક થશે. હે દક્ષ! તમને તત્ત્વનું જ્ઞાન નથી. તેથી તમે સર્વના અધિપતિ પરમાત્મા શંકરની અવહેલના કરી છે. ઈશ્વરની અવહેલનાથી સમગ્ર કાર્ય સર્વથા નિષ્ફળ થઈ જાય છે. કેવળ એટલું જ નહીં, ડગલે ને પગલે વિપત્તિઓ પણ આવે છે. જ્યાં અપૂજ્ય પુરુષોની પૂજા થાય અને પૂજનીય પુરુષની પૂજા ન થાય ત્યાં દરિદ્રતા, મૃત્યુ અને ભય – આ ત્રણ પ્રકારનાં સંકટ અવશ્ય પેદા થાય છે.* એટલા માટે સંપૂર્ણ પ્રયત્નથી તમારે ભગવાન વૃષભધ્વજનું સન્માન કરવું જોઈએ. મહેશ્વરનું અપમાન કરવાથી જ તમને મહાન ભય ઉપસ્થિત થયો છે. અમે બધા લોકો પ્રભુ હોવા છતાં પણ આજે તમારી દુર્નીતિને કારણે જે સંકટ આવ્યું છે એને ટાળવામાં સમર્થ નથી. આ હું તમને સાચી વાત કહું છું.

બ્રહ્માજી કહે છે—હે નારદ! ભગવાન વિષ્ણુનું આ વચન સાંભળીને દક્ષ ચિંતામાં ડૂબી ગયો. એના ચહેરાનો રંગ ઊડી ગયો, એ ચૂપચાપ પૃથ્વી પર ઊભો રહી ગયો. એ જ વખતે ભગવાન રુદ્રના મોકલેલા ગણનાયક વીરભદ્ર પોતાની સેના સાથે યજ્ઞસ્થળમાં જઈ પહોંચ્યા. એ બધા જ મોટા મોટા શૂરવીર હતા, નિર્ભય હતા અને ભગવાન રુદ્ર સમાન જ પરાક્રમી હતા. ભગવાન શંકરની આજ્ઞાથી એ ગણોની ગણના અસંભવ હતી. તે વીર શિરોમણિ રુદ્ર-સૈનિકો જોર જોરથી સિંહનાદ કરવા લાગ્યા. એમના એ મહાનાદથી ત્રણે લોકો રણકી-ગૂંજી ઊઠ્યા. આકાશ ધૂળથી છવાઈ ગયું. દિશાઓ અંધકારથી આવૃત્ત થઈ ગઈ. સાતે દ્વિપોથી યુક્ત પૃથ્વી અત્યંત ભયથી વ્યાકુળ થઈ પર્વતો વન અને કાનનો સહિત કંપવા લાગી તથા સંપૂર્ણ સમુદ્રોમાં ભરતી આવવા લાગી. આ રીતે સમસ્ત લોકોનો વિનાશ કરવામાં સમર્થ એ વિશાળ સેનાને જોઈને સમસ્ત દેવતા વગેરે ચકિત થઈ ગયા. સેનાના ઉદ્યોગ-ખંત-ઉત્સાહને જોઈને દક્ષના મુખમાંથી રક્તસ્રાવ થવા લાગ્યો. તે પોતાની સ્ત્રીને સાથે લઈને ભગવાન વિષ્ણુનાં

---

* ઈશ્વરાવજ્ઞયા સર્વં કાર્યં ભવતિ સર્વદા। વિફલં કેવલં નૈવ વિપત્તિશ્ચ પદે પદે॥
અપૂજ્યા યત્ર પૂજ્યન્તે પૂજનીયો ન પૂજ્યતે। ત્રીણિ તત્ર ભવિષ્યન્તિ દારિદ્રં મરણં ભયમ્॥
(શિ. પુ. રુ. સં. સ. ખંડ ૩૫/૮-૯)

ચરણોમાં જેમ દંડ પડે તેમ પડી ગયો અને આ પ્રકારે બોલ્યો.

દક્ષે કહ્યું—હે વિષ્ણો! હે મહાપ્રભો! આપના બળથી જ મેં આ યજ્ઞનો આરંભ કર્યો હતો. સત્કર્મની સિદ્ધિ માટે આપ જ પ્રમાણ માનવામાં આવ્યા છો. હે વિષ્ણો! આપ કર્મોના સાક્ષી અને યજ્ઞોના પરિપાલક છો. હે મહાપ્રભો! આપ વેદોક્ત ધર્મ તથા બ્રહ્માજીના રક્ષક છો. તેથી હે પ્રભો! આપે મારા આ યજ્ઞની રક્ષા કરવી જોઈએ, કેમ કે, આપ સર્વના પ્રભુ છો.

બ્રહ્માજી કહે છે—દક્ષની આ અત્યંત દીનતાપૂર્ણ વાત સાંભળીને ભગવાન શ્રીવિષ્ણુ એ સમયે શિવતત્ત્વથી વિમુખ થયેલા દક્ષને સમજાવવા માટે આ રીતે બોલ્યા.

શ્રીવિષ્ણુએ કહ્યું—હે દક્ષ! એમાં સંદેહ નથી કે મારે તમારા યજ્ઞની રક્ષા કરવી જોઈએ, કેમ કે, ધર્મપરિપાલન વિષયક જે મારી સત્ય પ્રતિજ્ઞા છે, તે સર્વત્ર વિખ્યાત છે. પરંતુ હે દક્ષ! હું જે કાંઈ કહું છું, એ તમે સાંભળો. આ સમયે તમે તમારી ક્રૂરતાપૂર્ણ બુદ્ધિને છોડી દો. દેવતાઓના ક્ષેત્ર નૈમિષારણ્યમાં જે અદ્‌ભુત ઘટના ઘટિત થઈ હતી, એનું તમને સ્મરણ થઈ રહ્યું નથી. શું તમે પોતાની કુબુદ્ધિને કારણે એ ભૂલી ગયા? અહીં કોણ ભગવાન રુદ્રના કોપથી તમારી રક્ષા કરવા સમર્થ છે. હે દક્ષ! તમારી રક્ષા કોઈનેય અભિમત નથી? પરંતુ જે તમારી રક્ષા કરવા તૈયાર થાય છે તે પોતાની દુર્બુદ્ધિનો જ પરિચય આપે છે. હે દુર્મતે! શું કર્મ છે અને શું અકર્મ છે એ તમે સમજી શકતા નથી. કેવળ કર્મ પણ ક્યારેક કશું પણ કરવામાં સમર્થ નથી થઈ શકતું. જેના સહયોગથી કર્મમાં કશું પણ કરવાનું સામર્થ્ય આવે છે, એને જ તમે સ્વકર્મ સમજો. ભગવાન શિવ વિના બીજો કોઈ કલ્યાણ કરવાની શક્તિ દેનાર નથી. જે શાંત થઈને ઈશ્વરમાં મન જોડીને એમની ભક્તિપૂર્વક કાર્ય કરે છે, એને જ ભગવાન શિવ તત્કાળ એ કર્મનું ફળ આપી દે છે. જે મનુષ્ય કેવળ જ્ઞાનનો સહારો લઈને અનીશ્વરવાદી થઈ જાય છે અથવા ઈશ્વરને માનતા નથી, તે શતકોટિ કલ્પો સુધી નરકમાં જ પડી રહે છે.* પછી એ કર્મપાશમાં બંધાયેલા જીવ પ્રત્યેક જન્મમાં નરકોમાં યાતના ભોગવે છે, કેમકે, તે કેવળ સકામ કર્મના સ્વરૂપનો જ આશ્રય લેનારા હોય છે.

આ શત્રુમર્દન વીરભદ્ર, જે યજ્ઞશાળાના આંગણામાં આવી પહોંચ્યા છે, ભગવાન રુદ્રના ક્રોધ-અગ્નિમાંથી પ્રગટ થયેલા છે. આ વખતે સમસ્ત રુદ્રગણોના નાયક એ જ છે. એ આપણા સૌનો વિનાશ કરવા આવ્યા છે, એમાં સંશય નથી. કોઈ પણ કાર્ય કેમ ન હોય, વસ્તુતઃ એમને માટે કશુંય અશક્ય છે જ નહીં. આ મહાન સામર્થ્યશાળી વીરભદ્ર બધા દેવતાઓને જરૂર ભસ્મસાત્ કરીને જ શાંત થશે એમાં સંશય જણાતો નથી. હું ભ્રમથી મહાદેવજીના શપથનું ઉલ્લંઘન કરીને જે અહીં રહી પડ્યો, એ કારણે તમારી સાથે મને પણ આ કષ્ટનો સામનો કરવો જ પડશે.

ભગવાન વિષ્ણુ આ પ્રમાણે કહી જ રહ્યા કે વીરભદ્રની સાથે શિવગણોની સેનાનો સમુદ્ર ધસી આવ્યો. સમસ્ત દેવતા વગેરેએ જોયું.

(અધ્યાય-૩૫)

---

* કેવલં જ્ઞાનમાશ્રિત્ય નિરીશ્વરપરા નરાઃ। નિરયં તે ચ ગચ્છન્તિ કલ્પકોટિશતાનિ ચ॥
(શિ. પુ. રુ. સં. સ. ખં. ૩૫/૩૧)

દેવતાઓનું પલાયન થવું, ઇન્દ્ર વગેરેના પૂછવા પર બૃહસ્પતિનું રુદ્રદેવ અજેય હોવાનું કહેવું, વીરભદ્ર દેવતાઓને યુદ્ધ માટે લલકારે છે, શ્રીવિષ્ણુ અને વીરભદ્રની વાતચીત અને વિષ્ણુ વગેરેનું પોતપોતાના લોકમાં જવું અને દક્ષ તથા યજ્ઞનો વિનાશ કરીને વીરભદ્રનું કૈલાસમાં પાછા ફરવું

બ્રહ્માજી કહે છે—હે નારદ! એ સમયે દેવતાઓની સાથે શિવગણોનું ઘોર યુદ્ધ શરૂ થઈ ગયું. એમાં બધા દેવતા પરાજિત થઈને ભાગવા લાગ્યા. તે એકબીજાનો સાથ છોડીને સ્વર્ગલોકમાં ચાલ્યા ગયા. એ સમયે કેવળ મહાબલી ઇન્દ્ર વગેરે લોકપાલો જ આ યુદ્ધમાં ધૈર્ય ધારણ કરીને ઉત્સુકતાપૂર્વક ઊભા રહ્યા. ત્યાર પછી ઇન્દ્ર વગેરે બધા દેવતા સાથે મળીને એ સમરાંગણમાં બૃહસ્પતિજીને વિનીતભાવથી નમસ્કાર કરીને પૂછવા લાગ્યા.

લોકપાલ બોલ્યા—હે ગુરુદેવ બૃહસ્પતે! હે તાત! હે મહાપ્રાજ્ઞ! હે દયાનિધે! શીઘ્ર જ બતાવો. અમે એ જાણવા ઇચ્છીએ છીએ કે અમારો વિજય કેવી રીતે થશે?

એમની આ વાત સાંભળીને બૃહસ્પતિએ પ્રયત્નપૂર્વક ભગવાન શંભુનું સ્મરણ કર્યું અને જ્ઞાનદુર્બલ મહેન્દ્રને કહ્યું.

બૃહસ્પતિ બોલ્યા—હે ઇન્દ્ર! ભગવાન વિષ્ણુએ પહેલાં જે કાંઈ કહ્યું હતું, એ જ બધું આ સમયે થઈ ગયું છે. હું એને જ સ્પષ્ટ કરી રહ્યો છું. સાવધાન થઈને સાંભળો. સમસ્ત કર્મોનું ફળ આપનારા જો કોઈ ઈશ્વર છે તે કર્તાનો જ આશ્રય લે છે – કર્મ કરનારાને જ એ કર્મનું ફળ આપે છે. જે કર્મ કરતો જ નથી, એને ફળ આપવામાં તો એ પણ સમર્થ નથી. (તેથી જે ઈશ્વરને જાણીને, એમનો આશ્રય લઈને સત્કર્મ કરે છે, એને જ એ કર્મનું ફળ મળે છે, ઈશ્વરદ્રોહીને નહીં). ન મંત્ર, ન ઔષધીઓ, ન સમસ્ત આભિચારિક કર્મ, ન લૌકિક પુરુષ, ન કર્મ, ન વેદ, ન પૂર્વ અને ન ઉત્તર મીમાંસા, ન વિવિધ પ્રકારના વેદોથી યુક્ત અન્યાન્ય શાસ્ત્ર જ ઈશ્વરને જાણવામાં સમર્થ હોય છે – એવું પ્રાચીન વિદ્વાનોનું કથન છે. અનન્ય શરણ ભક્તોને છોડીને બીજા લોકો સંપૂર્ણ વેદોનો દશહજાર વાર સ્વાધ્યાય કરીને પણ મહેશ્વરને સારી પેઠે નથી જાણી શકતા – આ મહાશ્રુતિનું કથન છે. અવશ્ય ભગવાન શિવના અનુગ્રહથી સર્વથા શાંત, નિર્વિકાર અને ઉત્તમ દૃષ્ટિથી સદાશિવના તત્વનો સાક્ષાત્કાર (જ્ઞાન) થઈ શકે છે. હે સુરેશ્વર! શું કર્તવ્ય છે અને શું અકર્તવ્ય છે, એનું વિવેચન કરવું અભીષ્ટ હોવાથી હું જો એમાં સિદ્ધિનો ઉત્તમ અંશ છે એનું જ પ્રતિપાદન કરીશ. તમે તમારા પોતાના હિત માટે એને ધ્યાન દઈને સાંભળો. હે ઇન્દ્ર! તમે લોકપાલોની સાથે આજે નાદાન બનીને દક્ષ-યજ્ઞમાં આવી ગયા. જરા બતાવો તો ખરા, અહીં શું પરાક્રમ કરવાના હતા? ભગવાન રુદ્ર જેના સહાયક છે, એવા આ પરમ ક્રોધી રુદ્રગણ આ યજ્ઞમાં વિઘ્ન નાખવા માટે આવ્યા છે અને એ પોતાનું કામ પૂરું કરશે જ – એમાં સંશય નથી. હું સત્ય-સત્ય કહું છું કે આ યજ્ઞના વિઘ્નનું નિવારણ કરવા માટે વસ્તુતઃ તમારામાં કોઈની પાસે સર્વથા કોઈ ઉપાય જ નથી.

બૃહસ્પતિની આ વાત સાંભળીને તે ઇન્દ્ર

સહિત સમસ્ત લોકપાલ બહુ ચિંતામાં પડી ગયા. ત્યારે મહાવીર રુદ્રગણોથી ઘેરાયેલા વીરભદ્રે મનમાં ને મનમાં ભગવાન શંકરનું સ્મરણ કરીને ઇન્દ્ર વગેરે લોકપાલોને ધમકાવ્યા અને એ પછી રુદ્રગણોના નાયક વીરભદ્રએ રોષે ભરાઈને તરત જ સંપૂર્ણ દેવતાઓને તીખાં તમતમતાં બાણોથી ઘાયલ કરી દીધા. એ બાણોનો માર ખાઈને ઇન્દ્ર વગેરે સમસ્ત સુરેશ્વર ભાગતાં ભાગતાં દશે દિશાઓમાં પલાયન કરી ગયા. જ્યારે લોકપાલો જતા રહ્યા અને દેવતાઓ ભાગી ગયા ત્યારે વીરભદ્ર પોતાના ગણો સાથે યજ્ઞશાળાની સમીપે ગયા. એ વખતે ત્યાં વિદ્યમાન સમસ્ત ઋષિઓ અત્યંત ભયભીત થઈને પરમેશ્વર શ્રીહરિને રક્ષાની પ્રાર્થના કરવા માટે અચાનક નતમસ્તક થઈને શીઘ્ર જ બોલ્યા – 'હે દેવદેવ! હે રમાનાથ! હે સર્વેશ્વર! હે મહાપ્રભો! આપ દક્ષના યજ્ઞની રક્ષા કરો. તમે જ યજ્ઞ છો, એમાં સંશય નથી. યજ્ઞ આપનું કર્મ, રૂપ અને અંગ છે. તમે યજ્ઞના રક્ષક છો. તેથી દક્ષ-યજ્ઞની રક્ષા કરો. તમારા સિવાય બીજું કોઈ એનો રક્ષક નથી.'

બ્રહ્માજી કહે છે—હે નારદ! ઋષિઓનું આ વચન સાંભળીને મારા સહિત ભગવાન વિષ્ણુ, વીરભદ્ર સાથે યુદ્ધ કરવાની ઇચ્છા રાખીને ચાલ્યા. શ્રીહરિને યુદ્ધ માટે તૈયાર જોઈને શત્રુમર્દન વીરભદ્ર, જે વીર પ્રમથગણોથી ઘેરાયેલા હતા, તેમણે કડક શબ્દોમાં ભગવાન વિષ્ણુને ધમકાવવા લાગ્યા.

બ્રહ્માજી કહે છે—હે નારદ! વીરભદ્રની આ વાત સાંભળીને બુદ્ધિમાન દેવેશ્વર વિષ્ણુ ત્યાં પ્રસન્નતાપૂર્વક હસતાં હસતાં બોલ્યા.

શ્રીવિષ્ણુએ કહ્યું—આજે તમારી સાથે હું જે કાંઈ કહું છું એ સાંભળો – હું ભગવાન શંકરનો સેવક છું, તમે મને રુદ્રદેવથી વિમુખ ન કહો. દક્ષ અજ્ઞાની છે. કર્મકાંડમાં જ એની નિષ્ઠા છે. એણે મૂઢતાવશ પહેલાં મને વારંવાર પોતાના યજ્ઞમાં ચાલવાને માટે પ્રાર્થના કરી હતી. હું ભક્તોને આધીન છું, એટલે ચાલ્યો આવ્યો. ભગવાન મહેશ્વર પણ ભક્તોને આધીન જ રહે છે. હે તાત! દક્ષ મારો ભક્ત છે. એટલે જ મારે અહીં આવવું પડ્યું. હે રુદ્રના ક્રોધથી ઉત્પન્ન થયેલા વીર! તમે રુદ્રતેજ સ્વરૂપ છો, ઉત્તમ પ્રતાપના આશ્રય છો, મારી પ્રતિજ્ઞા સાંભળો. હું તમને આગળ વધતાં રોકું છું અને તમે મને રોકો. પરિણામ એ જ હશે, જે થનાર છે તે થઈને જ રહેશે. હું પરાક્રમ કરીશ.

બ્રહ્માજી કહે છે—હે નારદ! ભગવાન વિષ્ણુનું આવું કહેવાથી મહાબાહુ વીરભદ્ર હસીને બોલ્યો – 'આપ મારા પ્રભુના પ્રિય ભક્ત છો, એ જાણીને હું પ્રસન્ન છું.' આટલું કહીને ગણનાયક વીરભદ્ર હસવા લાગ્યો, અને વિનયથી નતમસ્તક થઈને ખૂબ જ પ્રસન્નતાની સાથે શ્રીવિષ્ણુદેવને કહેવા લાગ્યો.

વીરભદ્રે કહ્યું—હે મહાપ્રભો! મેં આપના અંદરના ભાવની પરીક્ષાને માટે જ કઠોર વાતો કરી હતી. આ સમયે હું યથાર્થ વાત કહું છું, સાવધાન થઈને સાંભળો. હે હરે! જેવા શિવ છે તેવા જ આપ છો. જેવા તમે છો તેવા જ શિવ છે. આવું વેદ કહે છે અને વેદોનું આ કથન શિવની આજ્ઞા અનુસાર છે.* હે રમાનાથ!

---

* યથા શિવસ્તથા ત્વં સિ યથા ત્વં ચ તથા શિવઃ। ઇતિ વેદા વર્ણયન્તિ શિવશાસનતો હરે॥ (શિ. પુ. રુ. સં. સૃ. ખંડ ૩૬/૬૬)

ભગવાન શિવની આજ્ઞાથી અમે બધા લોકો એમના સેવક જ છીએ, તેમ છતાં મેં જે વાત કહી છે, તે આ વાદ-વિવાદના અવસરને અનુરૂપ જ છે. તમે મારી દરેક વાતને આપના પ્રતિ આદરભાવથી જ કહેવાઈ છે એમ સમજજો.

બ્રહ્માજી કહે છે—યજ્ઞ ભાગવીરભદ્રનું આ વચન સાંભળીને ભગવાન શ્રીહરિ હસી પડ્યા અને એમને માટે હિતકર વચન બોલ્યા.

શ્રીવિષ્ણુએ કહ્યું—હે મહાવીર! તમે મારી સાથે નિઃશંક થઈને યુદ્ધ કરો. તમારાં અસ્ત્રોથી શરીર ભરાઈ જવા પર જ હું મારે આશ્રમે જઈશ.

બ્રહ્માજી કહે છે—આવું કહીને ભગવાન વિષ્ણુ ચૂપ થઈ ગયા અને યુદ્ધને માટે કેડકસીને સ્થિર થઈ અડગ ઊભા રહ્યા. મહાબલી વીરભદ્ર પણ પોતાના ગણોની સાથે યુદ્ધ માટે તૈયાર થઈ ગયા.

હે નારદ! તદનન્તર ભગવાન વિષ્ણુ અને વીરભદ્રમાં ઘોર યુદ્ધ થયું. અંતમાં વીરભદ્રે ભગવાન વિષ્ણુના ચક્રને સ્તંભિત કરી દીધું અને શાર્ઙ્ગધનુષના ત્રણ ટુકડા કરી દીધા. ત્યારે મારા દ્વારા અને સરસ્વતી દ્વારા બોધિત થયેલા શ્રીવિષ્ણુએ એ મહાન ગણનાયક વીરભદ્રને અસહ્ય તેજથી સંપન્ન જાણીને ત્યાંથી અંતર્ધાન થવાનો વિચાર કર્યો. બીજા દેવતાઓ પણ એ જાણી ગયા કે સતીને જે અન્યાય થયો છે એનું જ આ ભાવિ પરિણામ છે. બીજાઓને માટે આ સંકટનો સામનો કરવો અત્યંત કઠણ છે. આ જાણીને તે બધા દેવતા પોતાના સેવકો સાથે સ્વતંત્ર સર્વેશ્વર શિવનું સ્મરણ કરીને પોતપોતાના લોકમાં ચાલ્યા ગયા. હું પણ પુત્રના દુઃખથી પીડિત થઈ સત્યલોકમાં ચાલ્યો આવ્યો અને અત્યંત દુઃખથી આતુર થઈને વિચારવા લાગ્યો કે હવે મારે શું કરવું જોઈએ. મારા તથા વિષ્ણુના ત્યાંથી ચાલ્યા જવાથી મુનિઓ સહિત સમસ્ત યજ્ઞને આધારે રહેનારા દેવતાઓ શિવગણો દ્વારા પરાજિત થઈને ભાગી ગયા. એ ઉપદ્રવને જોઈને અને મહામખ (મહાયજ્ઞ)નો વિધ્વંસ નિકટ જાણીને એ યજ્ઞ પણ અત્યંત ભયભીત થઈ મૃગનું રૂપ ધારણ કરીને ત્યાંથી ભાગ્યો. મૃગના રૂપમાં આકાશ તરફ દોડતો જોઈને વીરભદ્રે એને પકડી લીધો અને એનું મસ્તક કાપી લીધું. પછી એમણે મુનિઓ તથા દેવતાઓને અંગ-ભંગ કરી દીધા અને ઘણાને મારી નાખ્યા. પ્રતાપી મણિભદ્રે ભૃગુને ઊંચકીને નીચે પછાડ્યા અને એમની છાતીને પગથી દબાવીને તત્કાળ જ એમની દાઢી તથા મૂંછો ઉખાડી લીધી. ચંડે બહુ જ વેગથી પૂખાના (પૂષાના) દાંત પાડી નાખ્યા, કેમકે પૂર્વકાળમાં જે સમયે મહાદેવજીને દક્ષ દ્વારા ગાળો અપાઈ રહી હતી એ સમયે આ પૂષા દાંત દેખાડીને દેખાડીને હસતા હતા. નંદીએ ભગને રોષપૂર્વક પૃથ્વી પર પછાડ્યા, અને એમની બંને આંખો કાઢી લીધી, કેમકે, જ્યારે દક્ષ શિવજીને શાપ આપી રહ્યો હતો ત્યારે આ ભગઋષિ આંખોના સંકેતથી પોતાનું અનુમોદન સૂચિત કરી રહ્યા હતા ત્યાં રુદ્રનાયકોએ સ્વધા, સ્વાહા અને દક્ષિણા દેવીઓની બહુ વિડંબના (દુર્દશા) કરી. ત્યાં જે તંત્ર-મંત્ર તથા બીજા લોકો હતા, એમનો પણ બહુ જ તિરસ્કાર કર્યો. બ્રહ્મપુત્ર દક્ષ ભયનો માર્યો અંતર્વેદીની અંદર સંતાઈ ગયો. વીરભદ્રે એનો પત્તો મેળવીને એને બળપૂર્વક પકડી લાવ્યા. પછી એમના બંને ગાલ પકડીને એના મસ્તક પર તલવારથી આઘાત કર્યો. પરંતુ યોગના પ્રભાવથી દક્ષનું

માથું અભેદ્ય થઈ ગયું હતું એટલે કાપી શકાયું નહિ. જ્યારે વીરભદ્રને જ્ઞાન થઈ કે સંપૂર્ણ અસ્ત્ર-શસ્ત્રોથી એના મસ્તકનું છેદન નહીં થઈ શકે ત્યારે એમણે દક્ષની છાતી ઉપર પગ રાખી દબાવ્યો અને બંને હાથે ગળું મરડી નાખીને તોડી નાખ્યું. પછી શિવદ્રોહી દુષ્ટ દક્ષના એ માથાને ગણનાયક વીરભદ્રે અગ્નિકુંડમાં પધરાવી દીધું. ત્યાર પછી જેવી રીતે સૂર્ય ઘોર અંધકારના જથ્થાનો નાશ કરીને ઉદયાચલ પર આરૂઢ થાય છે તેવી રીતે વીરભદ્ર દક્ષ અને એના યજ્ઞનો વિધ્વંસ કરીને કૃતકાર્ય થઈને તરત જ ત્યાંથી ઉત્તમ કૈલાસ પર્વત પર જતા રહ્યા. વીરભદ્રને કામ પૂરું કરીને આવેલા જોઈને પરમેશ્વર શિવ મનમાં ને મનમાં બહુ સંતોષ પામ્યા અને એમણે એને વીર પ્રમથગણોના અધ્યક્ષ બનાવી દીધા.

(અધ્યાય ૩૬-૩૭)

*

શ્રીવિષ્ણુના પરાજયમાં દધીચ મુનિના શાપને કારણ બનાવતાં દધીચ અને ક્ષુવના વિવાદનો ઈતિહાસ, મૃત્યુંજય-મંત્રના અનુષ્ઠાનથી દધીચની અવધ્યતા અને શ્રીહરિનો ક્ષુવને દધીચના પરાજય માટે યત્ન કરવાનું આશ્વાસન

સૂતજી કહે છે—હે મહર્ષિઓ! અમિત બુદ્ધિમાન બ્રહ્માજીએ કહેલી આ કથા સાંભળીને દ્વિજશ્રેષ્ઠ નારદ વિસ્મયમાં પડી ગયા. એમણે પ્રસન્નતાપૂર્વક પ્રશ્ન કર્યો.

નારદજીએ પૂછ્યું—હે પિતાજી! ભગવાન વિષ્ણુ શિવજીને છોડીને અન્ય દેવતાઓની સાથે દક્ષના યજ્ઞમાં કેમ ચાલ્યા ગયા, જેને કારણે ત્યાં એમનો તિરસ્કાર થયો? શું એ પ્રલયકારી પરાક્રમવાળા ભગવાન શંકરને નહોતા જાણતા? તો પછી એમણે અજ્ઞાની પુરુષની જેમ રુદ્રગણો સાથે યુદ્ધ શા માટે કર્યું? હે કરુણાનિધિ! મારા મનમાં આ બહુ મોટો સંદેહ છે. આપ કૃપા કરીને મારા આ સંશયને નષ્ટ કરી દો અને હે પ્રભો! મનમાં ઉત્સાહ પેદા કરનાર શિવચરિતને કહો.

બ્રહ્માજીએ કહ્યું—હે નારદ! પૂર્વકાળમાં રાજા ક્ષુવની સહાયતા કરનારા શ્રીહરિને દધીચ મુનિએ શાપ આપી દીધો હતો, જેથી એ સમયે તે આ વાતને ભૂલી ગયા અને બીજા દેવતાઓને સાથે લઈને દક્ષના યજ્ઞમાં ચાલ્યા ગયા. દધીચે કેમ શાપ આપ્યો એ સાંભળો. પ્રાચીન કાળમાં ક્ષુવ નામથી પ્રસિદ્ધ એક મહાતેજસ્વી રાજા થઈ ગયા. એ મહાપ્રભાવશાળી મુનીશ્વર દધીચના મિત્ર હતા. દીર્ઘકાળની તપસ્યાના પ્રસંગે ક્ષુવ અને દધીચ વચ્ચે વિવાદ શરૂ થઈ ગયો, જે ત્રણે લોકોમાં મહાન અનર્થકારીના રૂપે વિખ્યાત થયો. એ વિવાદમાં વેદના વિદ્વાન શિવભક્ત દધીચ કહેતા હતા કે શૂદ્ર, વૈશ્ય અને ક્ષત્રિય – એ ત્રણે વર્ણોથી બ્રાહ્મણ જ શ્રેષ્ઠ છે, એમાં સંશય નથી. મહામુની દધીચની આ વાત સાંભળીને ધન-વૈભવના મદથી મોહિત થયેલા રાજા ક્ષુવે એનો આ પ્રકારે પ્રતિવાદ કર્યો.

ક્ષુવ બોલ્યા—રાજા ઇન્દ્ર વગેરે આઠ લોકપાલોનું સ્વરૂપ ધારણ કરે છે. એ સમસ્ત

વર્ણો અને આશ્રમોના પાલક અને પ્રભુ છે. એટલા માટે રાજા જ સર્વથી શ્રેષ્ઠ છે. રાજાની શ્રેષ્ઠતા પ્રતિપાદન કરનારી શ્રુતિ પણ કરે છે કે રાજા સર્વદેવમય છે. હે મુને! આ શ્રુતિના કથનાનુસાર જે સૌથી મોટા દેવતા છે, એ હું જ છું. આ વિવેચનથી બ્રાહ્મણ કરતાં રાજા જ શ્રેષ્ઠ સિદ્ધ થાય છે. હે અવનનંદન! આપ આ વિષયમાં વિચાર કરો અને મારો અનાદર ન કરો, કેમકે, હું સર્વથા આપને માટે પૂજનીય છું.

રાજા ક્ષુવનો આ મત શ્રુતિઓ સ્મૃતિઓની વિરુદ્ધ હતો. એને સાંભળીને ભૃગુકુલભૂષણ મુનિશ્રેષ્ઠ દધીચને બહુ ક્રોધ થયો. હે મુને! પોતાના ગૌરવનો વિચાર કરીને કુપિત થયેલા મહાતેજસ્વી દધીચે ક્ષુવના મસ્તક પર ડાબી બાજુ ઢીંક મારીને પ્રહાર કર્યો. એની ઢીંકનો માર ખાઈને બ્રહ્માંડના અધિપતિ કુત્સિત બુદ્ધિવાળા ક્ષુવ અત્યંત કુપિત થઈને ગર્જના કરવા લાગ્યા અને એમણે વજથી દધીચને કાપી નાખ્યા. એ વજથી આહત થઈને ભૃગુવંશી દધીચ પૃથ્વી પર ઢળી પડ્યા. ભાર્ગવવંશધર દધીચે પડતાં પડતાં એ સમયે શુક્રાચાર્યનું સ્મરણ કર્યું. યોગી શુક્રાચાર્યે જઈને દધીચના શરીરને, જેને ક્ષુવે કાપી નાખ્યું હતું, તે તરત જ જોડી દીધું. દધીચનાં અંગો પૂર્વવત્ જોડીને શિવભક્તશિરોમણિ તથા મૃત્યુંજય-વિદ્યાના પ્રવર્તક શુક્રાચાર્યે એમને કહ્યું.

શુક્ર બોલ્યા—હે તાત દધીચ! મેં સર્વેશ્વર ભગવાન શિવનું પૂજન કરીને તમને શ્રુતિપ્રતિપાદિત મહામૃત્યુંજય નામ શ્રેષ્ઠ મંત્રનો ઉપદેશ આપું છું.

'ત્ર્યમ્બકં યજામહે' અમે ભગવાન ત્ર્યમ્બકનું યજન (આરાધન) કરીએ છીએ. ત્ર્યમ્બકનો અર્થ છે – ત્રણે લોકોના પિતા પ્રભાવશાળી શિવ. તે ભગવાન સૂર્ય, સોમ અને અગ્નિ – ત્રણે મંડળોના પિતા છે. સત્ત્વ, રજ અને તમ – ત્રણે ગુણોના મહેશ્વર છે. આત્મતત્ત્વ, વિદ્યાતત્ત્વ અને શિવતત્ત્વ – આ ત્રણે તત્ત્વોના; આહવનીય, ગાર્હપત્ય અને દક્ષિણાગ્નિ – એ ત્રણે અગ્નિઓનાં; સર્વત્ર ઉપલબ્ધ થનાર પૃથ્વી, જળ અને તેજ આ ત્રણ મૂર્ત ભૂતોના (અથવા સાત્ત્વિક આદિ ભેદથી ત્રિવિધ ભૂતોનાં, ત્રિદિવ (સ્વર્ગ)નાં, ત્રિભુજના, ત્રિધાભૂત સર્વત્ર બ્રહ્મા, વિષ્ણુ અને શિવ – ત્રણે દેવતાઓના મહાન ઈશ્વર મહાદેવજી જ છે. (અહીં સુધી મંત્રના પ્રથમ ચરણની વ્યાખ્યા થઈ.) મંત્રનું દ્વિતીય ચરણ છે – સુગન્ધિં પુષ્ટિવર્ધનમ્ – જેવી રીતે ફૂલોમાં ઉત્તમ ગંધ હોય છે એવી જ રીતે તે ભગવાન શિવ સંપૂર્ણ ભૂતોમાં, ત્રણે ગુણોમાં, સમસ્ત કૂટોમાં, ઇન્દ્રિયોમાં, અન્યાન્ય દેવોમાં અને ગણોમાં એમના પ્રકાશક સારભૂત આત્મારૂપે વ્યાપ્ત છે, એટલે સુગંધયુક્ત અને સંપૂર્ણ દેવતાઓના ઈશ્વર છે. (અહીં સુધી સુગન્ધિમ્ પદની વ્યાખ્યા થઈ. હવે 'પુષ્ટિવર્ધનમ્'ની વ્યાખ્યા કરે છે). ઉત્તમ વ્રતનું પાલન કરનાર હે દ્વિજશ્રેષ્ઠ! મહામુને નારદ! એ અંતર્યામી પુરુષ શિવથી પ્રકૃતિનું પોષણ થાય છે – મહત્ત્વથી લઈને વિશેષપર્યંત સંપૂર્ણ વિકલ્પોની પુષ્ટિ થાય છે તથા મુજ-બ્રહ્માનું, વિષ્ણુનું, મુનિઓનું અને ઇન્દ્રિયો સહિત દેવતાઓનું પણ પોષણ થાય છે, એટલે જ એ જ 'પુષ્ટિવર્ધન' છે. (હવે મંત્રના ત્રીજા અને ચોથા ચરણની વ્યાખ્યા કરે છે). 'ઉર્વારુકમિવ બન્ધનાન્મૃત્યોર્મુક્ષીયમામૃતાત્' – અર્થાત્ 'હે પ્રભો! જેવી રીતે તડબૂચ પાકી જાય કે તરત લતાબંધનથી છૂટી જાય છે, એવી જ રીતે હું મૃત્યુરૂપ બંધનથી મુક્ત થઈ જાઉં, અમૃતપદ (મોક્ષ)થી પૃથક્ ન થાઉં' એ રુદ્રદેવ

અમૃતસ્વરૂપ છે, જે પુણ્યકર્મથી, તપસ્યાથી, સ્વાધ્યાયથી યોગથી અથવા ધ્યાનથી એમની આરાધના કરે છે એને નૂતન જીવન પ્રાપ્ત થાય છે. આ સત્યના પ્રભાવથી ભગવાન શિવ સ્વયં જ પોતાના ભક્તને મૃત્યુના સૂક્ષ્મ બંધનથી મુક્ત કરી દે છે, કેમકે, એ ભગવાન જ બંધન અને મોક્ષ આપનારા છે – ઠીક એવી જ રીતે જેવી રીતે ઉર્વારુક અર્થાત્ કાકડીનો વેલો પોતાના ફળને જાતે જ લતાના બંધનમાં બાંધી રાખે છે અને પાકી જાય ત્યારે સ્વયં જ એને બંધનથી મુક્ત કરી દે છે.

આ મૃતસંજીવની મંત્ર છે, જે મારા મતે સર્વોત્તમ છે. તમે પ્રેમપૂર્વક નિયમથી ભગવાન શિવનું સ્મરણ કરતાં કરતાં આ મંત્રનો જપ કરો. જપ અને હવન પછી આનાથી જ અભિમંત્રિત કરેલા જળે દિવસે અને રાતે પીઓ તથા શિવ-વિગ્રહ (શિવ મૂર્તિ અથવા લિંગ) સમીપે બેસીને એમનું જ ધ્યાન કરતા રહો. આથી ક્યાંય પણ ભય રહેતો - થતો જ નથી. ન્યાસ વગેરે સર્વ કાર્ય કરીને વિધિવત્ ભગવાન શિવની પૂજા કરો. આ બધું કરીને શાંતભાવથી બેસીને ભક્તવત્સલ ભગવાન શંકરનું ધ્યાન કરવું જોઈએ. હું ભગવાન શિવનું ધ્યાન બતાવી રહ્યો છું, જેને અનુસાર એનું ચિંતન કરીને મંત્ર-જપ કરવો જોઈએ. આ રીતે નિરંતર જપ કરવાથી બુદ્ધિમાન પુરુષ ભગવાન શિવના પ્રભાવથી એ મંત્રને સિદ્ધ કરી લે છે.

મૃત્યુંજયનું ધ્યાન

હસ્તામ્ભોજયુગસ્થકુંભયુગલાદુદ્ધૃત્ય તોયં શિરઃ
સિંચ્યન્તં કરયોર્યુગેન દધતં સ્વાંકે સકુમ્ભૌ કરૌ ।
અક્ષસ્રઙ્મૃગહસ્તમમ્બુજગતં મૂર્ધસ્થચંદ્રસ્રવત્
પીયૂષાર્દ્રતનું ભજે સગિરિજં ત્ર્યક્ષં ચ મૃત્યુંજયમ્ ॥

જે પોતાના બે કરકમળોમાં રાખેલા બે કળશોથી જળ કાઢીને એનાથી ઉપરવાળા હાથ દ્વારા પોતાના મસ્તકને સીંચે છે. અન્ય બે હાથોમાં ઘડા લઈને એમને પોતાના ખોળામાં રાખે છે અને બાકીના બે હાથમાં રુદ્રાક્ષ અને મૃગમુદ્રા ધારણ કરે છે, કમળના આસન પર બે હાથમાં રુદ્રાક્ષ અને મૃગમુદ્રા ધારણ કરે છે, કમળના આસન પર બેઠા છે, માથા પર સ્થિત ચંદ્રમાથી નિરંતર ઝરતા અમૃતથી જેમનું આખું શરીર ભીનું થયેલું છે તથા જે ત્રણ નેત્રો ધારણ કરનારા છે એ ભગવાન મૃત્યુંજયનું, જેમની સાથે ગિરિરાજનંદિની ઉમા પણ બિરાજમાન છે, હું ભજન(ચિંતન) કરું છું.

બ્રહ્માજી કહે છે—હે તાત! મુનિશ્રેષ્ઠ દધીચને આ પ્રકારે ઉપદેશ આપીને શુક્રાચાર્ય ભગવાન શંકરનું સ્મરણ કરતાં કરતાં પોતાના સ્થાન પાછા ગયા. એમની એ વાત સાંભળીને મહામુનિ દધીચ બહુ પ્રેમથી શિવજીનું સ્મરણ કરતાં કરતાં તપસ્યા માટે વનમાં ગયા. ત્યાં જઈને એમણે વિધિપૂર્વક મહામૃત્યુંજય મંત્રનો જપ અને પ્રેમપૂર્વક ભગવાન શિવનું ચિંતન કરતાં કરતાં તપસ્યાનો આરંભ કર્યો. દીર્ઘકાળ સુધી મંત્રનો જપ અને તપસ્યા દ્વારા ભગવાન શંકરની આરાધના કરીને દધીચે મહામૃત્યુંજય શિવને સંતુષ્ટ કર્યા. હે મહામુને! એ જપથી પ્રસન્ન ચિત્ત થયેલા ભક્તવત્સલ ભગવાન શિવ દધીચના પ્રેમવશ એમની સામે પ્રગટ થઈ ગયા. પોતાના પ્રભુ શંભુનું સાક્ષાત્ દર્શન કરીને મુનીશ્વર દધીચને બહુ પ્રસન્નતા થઈ. એમણે વિધિપૂર્વક પ્રણામ કરીને બંને હાથ જોડીને ભક્તિભાવથી શંકરનું સ્તવન કર્યું. હે તાત! હે મુને! તદનંતર મુનિના પ્રેમથી પ્રસન્ન થયેલા

શિવે અવનકુમાર દધીચને કહ્યું – 'તમે વરદાન માગો.' ભગવાન શિવનું આ વચન સાંભળીને ભક્તશિરોમણિ દધીચ હાથ જોડીને નતમસ્તક થઈને ભક્તવત્સલ શંકરને કહેવા લાગ્યા.

દધીચે કહ્યું—હે દેવદેવ મહાદેવ! મને ત્રણ વરદાન આપો. મારાં હાડકાં વજ્ર થઈ જાય. કોઈ પણ મારો વધ ન કરી શકે અને હું સર્વત્ર અદીન રહું – ક્યારેય મારામાં દીનતા ન આવે.

દધીચનું આ વચન સાંભળીને પ્રસન્ન થયેલા પરમેશ્વર શિવે 'તથાસ્તુ' કહીને એમને એ ત્રણે વરદાન આપી દીધાં. શિવજી પાસેથી ત્રણ વરદાન મેળવીને વેદમાર્ગમાં પ્રતિષ્ઠિત મહામુનિ દધીચ આનંદમગ્ન થઈ ગયા અને શીઘ્ર જ રાજા ક્ષુવના સ્થાને ગયા. મહાદેવજી પાસે અવધ્યતા, વજ્રમય અસ્થિ અને અદીનતા મેળવીને દધીચે રાજેન્દ્ર ક્ષુવના માથા પર લાત મારી. પછી તો રાજા ક્ષુવે પણ ક્રોધ કરીને દધીચ પર વજ્રથી પ્રહાર કર્યો. તે ભગવાન વિષ્ણુના ગૌરવથી અધિક ગર્વથી ભરેલા હતા પરંતુ ક્ષુવનું ચલાવેલું એ વજ્ર પરમેશ્વર શિવના પ્રભાવથી મહાત્મા દધીચનો નાશ ન કરી શક્યું. આનાથી બ્રહ્મકુમાર ક્ષુવને ખૂબ વિસ્મય થયો. મુનીશ્વર દધીચની અવધ્યતા, અદીનતા તથા વજ્રથી પર ચડિયાતું એવો પ્રભાવ જોઈને બ્રહ્મકુમાર ક્ષુવના મનમાં બહુ આશ્ચર્ય થયું. એમણે શીઘ્ર જ વનમાં જઈને ઇન્દ્રના નાના ભાઈ મુકુન્દની આરાધના શરૂ કરી. તે શરણાગતપાલક નરેશ મૃત્યુંજયસેવક દધીચથી પરાજિત થઈ ગયેલા હતા. ક્ષુવની પૂજાથી ગરુડધ્વજ ભગવાન મધુસૂદન બહુ સંતુષ્ટ થયા. એમણે રાજાને દિવ્ય દૃષ્ટિ પ્રદાન કરી. એ દિવ્ય દૃષ્ટિથી જ જનાર્દન દેવનું દર્શન કરીને એ ગરુડધ્વજે ક્ષુવને પ્રણામ કર્યા અને પ્રિયવચનો દ્વારા એમની સ્તુતિ કરી. આ રીતે દેવેશ્વર વગેરેથી પ્રશંસિત એ અજેય ઈશ્વર શ્રીનારાયણદેવનું પૂજન અને સ્તવન કરીને રાજાએ ભક્તિભાવથી એમની સામે જોયું અને જનાર્દનના ચરણોમાં મસ્તક રાખીને પ્રણામ કર્યા પછી એમણે પોતાના અભિપ્રાય સૂચિત કર્યો.

રાજા બોલ્યા—હે ભગવન્! દધીચ નામથી પ્રસિદ્ધ એક બ્રાહ્મણ છે, જે ધર્મના જ્ઞાતા છે. એમના હૃદયમાં વિનયનો ભાવ છે. એ પહેલાં મારા મિત્ર હતા. એ દિવસોમાં રોગ-શોકથી રહિત મૃત્યુંજય મહાદેવજીની આરાધના કરીને એ એ જ કલ્યાણકારી શિવના પ્રભાવથી સમસ્ત અસ્ત્ર-શસ્ત્રો દ્વારા સદાને માટે અવધ્ય થઈ ગયા છે. એક દિવસ એ મહાતપસ્વી દધીચે ભરી સભામાં આવીને પોતાના ડાબા પગથી મારા મસ્તક પર બહુ વેગથી અવહેલનાપૂર્વક પ્રહાર કર્યો અને બહુ ગર્વથી કહ્યું – 'હું કોઈથી ડરતો નથી ? હે હરે! એ મૃત્યુંજયથી ઉત્તમ વરદાન મેળવીને અનુપમ ગર્વથી ભરાઈ ગયા છે.

બ્રહ્માજી કહે છે—હે નારદ! મહાત્મા દધીચની અવધ્યતાના સમાચાર જાણીને શ્રીહરિએ મહાદેવજીના અતુલિત પ્રભાવનું સ્મરણ કર્યું. પછી તે બ્રહ્મપુત્ર રાજા ક્ષુવને કહેવા લાગ્યા – 'હે રાજેન્દ્ર! બ્રાહ્મણોને ક્યાંય થોડો પણ ભય નથી. હે ભૂપતે! વિશેષતઃ રુદ્રભક્તો માટે તો ભય નામની કોઈ વસ્તુ છે જ નહિ. જો હું તમારા તરફથી કશું કરું તો બ્રાહ્મણ દધીચને દુઃખ થશે અને એ મારા જેવા દેવતાને માટે શાપનું કારણ બની જશે. હે રાજેન્દ્ર! દધીચના શાપથી દક્ષના યજ્ઞમાં સુરેશ્વર શિવથી મારો પરાજય થશે અને ફરી મારું ઉત્થાન પણ થશે. હે મહારાજ! એટલા માટે હું તમારી સાથે રહીને કશું કરવા ચાહતો નથી, હું એકલો જ તમારે માટે દધીચને જીતવાનો પ્રયત્ન કરીશ.

ભગવાન વિષ્ણુના આ વચન સાંભળીને ક્ષુવ બોલ્યા—'બહુ સારું, એવું જ થાઓ' આવું વચન કહીને તે એ કાર્ય માટે મનમાં ને મનમાં ઉત્સુક થઈ પ્રસન્નતાપૂર્વક ત્યાં જ રહી પડ્યા.

(અધ્યાય-૩૮)

*

શ્રીવિષ્ણુ અને દેવતાઓથી અપરાજિત દધીચનો એમને માટે શાપ અને ક્ષુવ પર અનુગ્રહ

બ્રહ્માજી કહે છે—હે નારદ! ભક્તવત્સલ ભગવાન વિષ્ણુ રાજા ક્ષુવનું હિત-સાધન કરવાને માટે બ્રાહ્મણનું રૂપ ધારણ કરીને દધીચના આશ્રમે ગયા. ત્યાં એ જગદ્‌ગુરુ શ્રીહરિએ શિવભક્તશિરોમણિ બ્રહ્મર્ષિ દધીચને પ્રણામ કરીને ક્ષુવના કાર્યની સિદ્ધિ માટે તૈયાર થઈ એમને આ વાત કહી –

શ્રીવિષ્ણુ બોલ્યા—હે ભગવાન શિવની આરાધનામાં તત્પર રહેનારા અવિનાશી બ્રહ્મર્ષિ દધીચ! હું તમારી પાસેથી એક વરદાન માગું છું. એ તમે મને આપી દો.

ક્ષુવના કાર્યની સિદ્ધિ ચાહનારા દેવાધિદેવ શ્રીહરિની આ પ્રકારની યાચના કરવા પર શૈવશિરોમણિ દધીચને શીઘ્ર જ ભગવાન વિષ્ણુને આ પ્રકારે કહ્યું –

દધીચ બોલ્યા—હે બ્રહ્મન્! આપ શું ચાહો છો, એ મને જ્ઞાન થઈ ગયું છે. આપ ક્ષુવનું કામ બની જાય એટલા માટે સાક્ષાત્ શ્રીહરિ બ્રાહ્મણનું રૂપ ધારણ કરીને અહીં આવ્યા છો. એમાં જરાય સંદેહ નથી કે તમે પૂરેપૂરા માયાવી છો. કિંતુ હે દેવેશ! મને ભગવાન રુદ્રની કૃપાથી ભૂત-ભવિષ્ય અને વર્તમાન – ત્રણે કાળનું જ્ઞાન સદા મારામાં રહ્યા કરે છે. હે સુવ્રત! હું આપને જાણું છું. આપ માયાહરી શ્રીહરિ અને વિષ્ણુ છો. આ બ્રાહ્મણનો વેશ છોડો. દુષ્ટ બુદ્ધિવાળા રાજા ક્ષુવે આપની આરાધના કરી છે. (એટલા માટે આપ પધાર્યા છો.) હે ભગવન્! હે હરે! આપની ભક્તવત્સલતાને પણ હું જાણું છું. આ છળ છોડી દો. તમારા સ્વરૂપને ગ્રહણ કરો અને ભગવાન શંકરના સ્મરણમાં મન લગાડો. હું ભગવાન શંકરની આરાધનામાં લાગેલો છું. એવી દશામાં જો મારાથી કોઈને ભય થાય તો આપ એને પ્રયત્નપૂર્વક શપથ સાથે કહેજો. મારું મન શિવસ્મરણમાં જ લાગ્યું રહે છે. હું ક્યારેય

જૂઠું નથી બોલતો. આ સંસારમાં કોઈ દેવતા અથવા દૈત્યથી મને ભય થતો જ નથી.

શ્રીવિષ્ણુ બોલ્યા—હે ઉત્તમ વ્રતનું પાલન કરનાર દધીચ! તમારો ભય સર્વથા નષ્ટ જ છે, કેમકે, તમે શિવની આરાધનામાં તત્પર રહો છો. એટલે સર્વજ્ઞ છો. પરંતુ મારા કહેવાથી તમે એક વાર પોતાના પ્રતિદ્વન્દ્વી રાજા ક્ષુવ પાસે જઈને કહી દો કે 'હે રાજેન્દ્ર! હું તમારાથી ડરું છું.'

ભગવાન વિષ્ણુનું આ વચન સાંભળીને પણ શૈવ શિરોમણિ મહામુનિ દધીચ નિર્ભય જ રહ્યા અને હસીને બોલ્યા –

દધીચે કહ્યું—હું દેવાધિદેવ પિનાકપાણિ ભગવાન શંભુના પ્રસાદથી ક્યાંય પણ, ક્યારેય કોઈથી પણ અને કિંચિત માત્ર નથી ડરતો – સદા જ નિર્ભય રહું છું.

આ ઉપર શ્રીહરિએ મુનિને દબાવવાની ચેષ્ટા કરી. દેવતાઓએ પણ એમને સાથ આપ્યો, પરંતુ બધાંના બધાં જ અસ્ત્રો કુંઠિત થઈ ગયાં. તદનંતર, ભગવાન શ્રીવિષ્ણુએ અગણિત ગણોની સૃષ્ટિ કરી. પરંતુ મહર્ષિએ એમને પણ ભસ્મ કરી દીધા. ત્યારે ભગવાને પોતાની અનંત વિષ્ણુમૂર્તિ પ્રગટ કરી. આ બધું જોઈને ચ્યવનકુમારે ત્યાં જગદીશ્વર ભગવાન વિષ્ણુને કહ્યું.

દધીચ બોલ્યા—હે મહાબાહો! માયાનો ત્યાગ કરો. વિચાર કરવાથી એ પ્રતિભાસ માત્ર પ્રતીત થાય છે. હે માધવ! મેં હજારો દુર્વિજ્ઞેય વસ્તુઓને જાણી લીધી છે. તમે મારામાં પોતા સહિત સંપૂર્ણ જગતને જુઓ. નિરાલસ્ય થઈને મારામાં બ્રહ્મા અને રુદ્રનું પણ દર્શન કરો. હું આપને દિવ્ય દૃષ્ટિ આપું છું.

આવું કહીને ભગવાન શિવના તેજથી પૂર્ણ શરીરવાળા ચ્યવનકુમાર દધીચ મુનિએ પોતાના દેહમાં સમસ્ત બ્રહ્માંડનું દર્શન કરાવ્યું. ત્યારે ભગવાન વિષ્ણુએ એમના પર પુનઃ કોપ કરવા ચાહ્યું. એટલામાં જ મારી સાથે રાજા ક્ષુવ ત્યાં આવી પહોંચ્યા. હું નિશ્ચેષ્ટ થઈને ઊભેલા ભગવાન પદ્મનાભને તથા દેવતાઓને ક્રોધ કરવાથી રોક્યા. મારી વાત સાંભળીને એ લોકોએ બ્રાહ્મણ દધીચને પરાસ્ત ન કર્યા. શ્રીહરિ એમની પાસે ગયા અને એમણે મુનિને પ્રણામ કર્યા. તે પછી ક્ષુવ અત્યંત દીન થઈને મુનીશ્વર દધીચની પાસે ગયા અને એમને પ્રણામ કરીને પ્રાર્થના કરવા લાગ્યા.

ક્ષુવ બોલ્યા—હે મુનિશ્રેષ્ઠ! હે શિવભક્ત શિરોમણે! મારા પર આપ પ્રસન્ન થાઓ. હે પરમેશ્વર! તમે દુર્જનોની દૃષ્ટિથી દૂર રહેનારા છો. મારા પર કૃપા કરો.

બ્રહ્માજી કહે છે—હે નારદ! રાજા ક્ષુવની આ વાત સાંભળીને તપસ્યાની નિધિ બ્રાહ્મણ દધીચે એમના ઉપર અનુગ્રહ કર્યો. તત્પશ્ચાત્ શ્રીવિષ્ણુ વગેરેને જોઈને એ મુનિ ક્રોધથી વ્યાકુલ થઈ ગયા અને મનમાં ને મનમાં શિવનું સ્મરણ કરીને વિષ્ણુ તથા દેવતાઓને શાપ આપવા લાગ્યા.

દધીચે કહ્યું—હે દેવરાજ ઇન્દ્ર સહિત દેવતાઓ અને મુનીશ્વરો! તમે લોકો રુદ્રના ક્રોધાગ્નિથી શ્રીવિષ્ણુ તથા પોતાના ગણો સહિત પરાજિત અને ધ્વસ્ત થઈ જાઓ.

દેવતાઓને આ રીતે શાપ આપીને ક્ષુવ સામે જોઈને દેવતાઓ અને રાજાના પૂજનીય દ્વિજશ્રેષ્ઠ દધીચે કહ્યું – 'હે રાજેન્દ્ર! બ્રાહ્મણો જ બળવાન અને પ્રભાવશાળી હોય છે.' આવું સ્પષ્ટરૂપે કહીને બ્રાહ્મણ દધીચ પોતાના આશ્રમમાં

પ્રવેશી ગયા. પછી દધીચને નમસ્કાર માત્ર કરીને ક્ષુવ પોતાને ઘેર જતા રહ્યા. ત્યાર પછી ભગવાન વિષ્ણુ દેવતાઓની સાથે જેવા આવ્યા હતા એ જ રીતે વૈકુંઠલોકમાં પાછા ફરી ગયા. આ પ્રકારે એ સ્થાન સ્થાનેશ્વર નામક તીર્થરૂપે પ્રસિદ્ધ થઈ ગયું. સ્થાનેશ્વરની યાત્રા કરીને મનુષ્ય શિવસાયુજ્ય પ્રાપ્ત કરી લે છે. હે તાત! મેં તમને સંક્ષેપથી ક્ષુવ અને દધીચના વિવાદની કથા સંભળાવી અને ભગવાન શંકરને છોડીને કેવળ બ્રહ્મા અને વિષ્ણુને જે શાપ પ્રાપ્ત થયો એનું વર્ણન કર્યું. જે ક્ષુવ અને દધીચના વિવાદસંબંધી આ પ્રસંગનો નિત્યપાઠ કરે છે, તે અપમૃત્યુને જીતીને દેહત્યાગ પછી બ્રહ્મલોકમાં જાય છે. જે આનો પાઠ કરીને રણભૂમિમાં પ્રવેશ કરે છે એને ક્યારેય મૃત્યુનો ભય નથી થતો અને એ નિશ્ચય જ વિજયી થાય છે. (અધ્યાય-૩૯)

*

દેવતાઓ સહિત બ્રહ્માનું વિષ્ણુલોકમાં જઈને પોતાના દુઃખનું નિવેદન કરવું, શ્રીવિષ્ણુ દ્વારા એમને શિવની ક્ષમા માગવાની અનુમતિ આપવી અને એમને સાથે લઈને કૈલાસ પર જવું તથા ભગવાન શિવને મળવું

નારદજીએ કહ્યું—હે વિધાતઃ! હે મહાપ્રાજ્ઞ! તમે શિવતત્ત્વનો સાક્ષાત્કાર કરાવનારા છો, તમે આ બહુ અદ્‌ભુત અને રમણીય શિવલીલા સંભળાવી છે. હે તાત! વીરભદ્ર જ્યારે દક્ષના યજ્ઞનો વિનાશ કરીને કૈલાસ પર્વત પર ચાલ્યા ગયા, ત્યારે શું થયું? એ અમને કહો.

બ્રહ્માજી બોલ્યા—હે નારદ! રુદ્રદેવના સૈનિકોએ જેનાં જેનાં અંગ-ભંગ કરી દીધાં હતાં, એ સમસ્ત પરાજિત દેવતા અને મુનિ એ સમયે મારા લોકમાં આવ્યા. ત્યાં મને-સ્વયંભૂને નમસ્કાર કરીને બધાએ વારંવાર મારું સ્તવન કર્યું. પછી પોતાનો જે વિશેષ કલેશ હતો તે પૂર્ણરૂપે સંભળાવ્યો. એ સાંભળીને હું પુત્રશોકથી પીડિત થઈ ગયો અને અત્યંત વ્યથિત ચિત્તથી બહુ ચિંતા કરવા લાગ્યો. પછી મેં ભક્તિભાવથી ભગવાન વિષ્ણુનું સ્મરણ કર્યું. એથી મને સમયોચિત જ્ઞાન પ્રાપ્ત થયું. તદનંતર દેવતાઓ અને મુનિઓની સાથે હું વિષ્ણુલોકમાં ગયો અને ત્યાં ભગવાન વિષ્ણુને નમસ્કાર કર્યા અને વિવિધ પ્રકારનાં સ્તોત્રો દ્વારા એમની સ્તુતિ કરી એમને મારું પોતાનું દુઃખ નિવેદિત કર્યું. મેં કહ્યું – 'હે દેવ! જે રીતે પણ યજ્ઞ પૂર્ણ થાય, યજમાન જીવિત થાય અને સમસ્ત દેવતા તથા મુનિઓ સુખી થઈ જાય, એવો કોઈ ઉપાય કરો. હે દેવદેવ! હે રમાનાથ! હે દેવસુખદાયક વિષ્ણો! અમે દેવતા અને મુનિ નિશ્ચય જ આપને શરણે આવ્યા છીએ.'

મારી-બ્રહ્માની - આ વાત સાંભળીને ભગવાન લક્ષ્મીપતિ વિષ્ણુ, જેમનું મન સદા શિવમાં લાગ્યું રહે છે અને જેમના હૃદયમાં ક્યારેય દીનતા આવતી નથી એવા વિષ્ણુ શિવસ્મરણ કરીને બોલ્યા.

શ્રીવિષ્ણુએ કહ્યું—હે દેવતાઓ! પરમ સમર્થ તેજસ્વી પુરુષથી કોઈ અપરાધ થઈ પણ જાય તો પણ એના બદલામાં અપરાધ કરનારા મનુષ્યોને માટે એ અપરાધ મંગલકારી થઈ શકે

નહિ. હે વિધાતઃ! સમસ્ત દેવતા પરમેશ્વર શિવના અપરાધી છે. કેમકે, એમણે ભગવાન શંભુને યજ્ઞ-ભાગ આપ્યો નથી. હવે તમે બધા લોકો શુદ્ધ હૃદયથી શીઘ્ર જ પ્રસન્ન થનાર એ ભગવાન શિવના પગ પકડીને એમને પ્રસન્ન કરો. એમની ક્ષમા માગો. જે ભગવાનના કુપિત થવાથી આ સમગ્ર જગત નષ્ટ થઈ જાય છે અને જેમના શાસનથી લોકપાલોસહિત યજ્ઞનું જીવન શીઘ્ર જ સમાપ્ત થઈ જાય છે, એ ભગવાન મહાદેવ આ સમયે પોતાની પ્રાણવલ્લભા સતીના વિયોગમાં છે અને અત્યંત દુરાત્મા દક્ષે પોતાનાં દુર્વચનરૂપી બાણોથી એમના હૃદયને પહેલેથી જ ઘાયલ કરી દીધું છે. માટે તમે લોકો શીઘ્ર જ જઈને એમની પાસે પોતપોતાના અપરાધોની ક્ષમા માગો. હે વિધે! એમને શાંત કરવાનો કેવળ આ જ સૌથી મોટો ઉપાય છે. હું સમજું છું કે આવું કરવાથી ભગવાન શંકરને સંતોષ થશે. મેં તમને આ સાચી વાત કહી છે. હે બ્રહ્મન્! હું પણ તમારા બધાંની સાથે શિવ-નિવાસસ્થાન પણ ચાલીશ અને એમની પાસે ક્ષમા માગીશ.

દેવતા વગેરેસહિત મને-બ્રહ્માને આદેશ આપીને શ્રીહરિએ દેવગણોની સાથે કૈલાસ પર્વત પર જવાનો વિચાર કર્યો. ત્યારપછી દેવતા, મુનિ અને પ્રજાપતિ વગેરે જેનાં સ્વરૂપ જ છે, તે શ્રીહરિ એ બધાંને સાથે લઈને પોતાના વૈકુંઠધામથી ભગવાન શિવના શુભ નિવાસ ગિરિશ્રેષ્ઠ કૈલાસ પર ગયા. કૈલાસ ભગવાનને સદાયે અત્યંત પ્રિય છે. મનુષ્યોથી ભિન્ન કિન્નર, અપ્સરાઓ અને યોગસિદ્ધિ મહાત્મા પુરુષ એમને સારી પેઠે સેવે છે અને આ પર્વત બહુ જ ઊંચો છે. એની પાસે રુદ્રદેવના મિત્ર કુબેરની અલકા નામક મહાદિવ્ય અને રમણીય પુરી છે. જેને બધા જ દેવતાઓએ જોઈ છે. એ પુરીની પાસે જ સૌગન્ધિક વન પણ દેવતાઓની દૃષ્ટિમાં આવ્યું, જે વન સર્વપ્રકારનાં વૃક્ષોથી ભર્યું ભર્યું અને દિવ્ય હતું. એની અંદર સર્વત્ર સુગંધ ફેલાવનાર સૌગન્ધિક કમળ વિકસેલાં હતાં. એના બહારના ભાગમાં નંદા અને અલકનંદા – એ બે અત્યંત પાવન દિવ્ય સરિતાઓ વહે છે, જેના દર્શન માત્રથી પ્રાણીઓનાં પાપ હરાઈ જાય છે. યક્ષરાજ કુબેરની અલકાપુરી અને સૌગન્ધિક વનને પાછળ છોડીને આગળ વધતા દેવતાઓએ થોડે જ દૂર શંકરજીના વટવૃક્ષને જોયું. એની ચોતરફ અવિચલ છાયા ફેલાયેલી હતી. વૃક્ષ સો યોજન ઊંચું હતું અને એની શાખાઓ પંચોતેર યોજન સુધી ફેલાયેલી હતી. એના પર કોઈ પણ પ્રકારનો માળો ન હતો અને ગ્રીષ્મનો તાપ તો એનાથી સદાયે દૂર જ રહેતો. બહુ પુણ્યાત્મા પુરુષોને જ એનાં દર્શન થઈ શકે છે. તે પરમ રમણીય અને અત્યંત પાવન છે. એ દિવ્યવૃક્ષ ભગવાન શંભુનું યોગસ્થળ છે. યોગીઓ દ્વારા સેવ્ય અને પરમ ઉત્તમ છે. મુમુક્ષુઓનું આશ્રયભૂત અને એ મહાયોગમય વટવૃક્ષની નીચે વિષ્ણુ વગેરે સર્વ દેવતાઓએ ભગવાન શંકરને બિરાજમાન દીઠા. મારા પુત્ર મહાસિદ્ધ સનકાદિ, જે સદા શિવ-ભક્તિમાં તત્પર રહેનારા અને શાંત છે, બહુ જ પ્રસન્નતાની સાથે એમની સેવામાં બેઠા હતા. ભગવાન શિવનો શ્રીવિગ્રહ (શરીર) પરમ શાંત દેખાતો હતો. એમના સખા કુબેર, જે ગુહ્યકો અને રાક્ષસોના સ્વામી છે, પોતાના સેવકગણો તથા કુટુંબીજનો સાથે સદા વિશેષરૂપે એમની સેવા કર્યા કરે છે એ પરમેશ્વર શિવ એ સમયે

તપસ્વીજનોના પરમપ્રિય લાગે એવું સુંદર રૂપ ધારણ કરીને બેઠા હતા. ભસ્મ વગેરેથી એનાં અંગો ખૂબ શોભી રહ્યાં હતાં. ભગવાન શિવ એમના વત્સલ સ્વભાવને કારણે સમગ્ર સંસારના સુહૃદ્ છે. હે નારદ! એ દિવસે એ એક કુશાસન પર બેઠા હતા અને બધા સંતો સાંભળે તેમ તમે પ્રશ્ન કર્યો ત્યારે તમને ઉત્તમ જ્ઞાનનો ઉપદેશ આપી રહ્યા હતા. એ ડાબો પગ પોતાની જમણી જાંઘ પર અને ડાબો હાથ ડાબા ઘૂંટણ પર રાખીને કાંડામાં રુદ્રાક્ષની માળા રાખીને સુંદર તર્કમુદ્રા*થી બિરાજમાન હતા.

આ રૂપમાં ભગવાન શિવનું દર્શન કરીને એ સમયે વિષ્ણુ વગેરે બધા દેવતાઓએ બંને હાથ જોડીને માથું નમાવીને તરત જ એમનાં ચરણોમાં પ્રણામ કર્યા. મારી સાથે ભગવાન વિષ્ણુને આવેલા જોઈને સત્પુરુષોના આશ્રયદાતા ભગવાન રુદ્ર ઊભા થઈ ગયા અને એમણે મસ્તક નમાવીને એમને પ્રણામ કર્યા. પછી વિષ્ણુ વગેરે સર્વ દેવતાઓએ જ્યારે શિવને પ્રણામ કરી લીધા પછી, ત્યારે એમણે મને નમસ્કાર કર્યા. બરાબર એવી જ રીતે - જેવી રીતે જેમ લોકોને ઉત્તમ ગતિ પ્રદાન કરનારા ભગવાન વિષ્ણુ પ્રજાપતિ કશ્યપને પ્રણામ કરે છે. ત્યાર પછી દેવતાઓ, સિદ્ધો, ગણાધીશો અને મહર્ષિઓ દ્વારા નમસ્કૃત થયા અને સ્વયં પણ (શ્રીવિષ્ણુને અને મને) નમસ્કાર કરનારા ભગવાન શિવ સાથે શ્રીહરિએ આદરપૂર્વક વાર્તાલાપનો પ્રારંભ કર્યો.

(અધ્યાય-૫૦)

*

દેવતાઓ દ્વારા ભગવાન શિવની સ્તુતિ, ભગવાન શિવનું દેવતા વગેરેનાં અંગોનું ઠીક થવું અને દક્ષના જીવિત હોવાનું વરદાન આપવું, શ્રીહરિ વગેરેની સાથે યજ્ઞમંડપમાં પધારીને શિવજી દ્વારા દક્ષનું જીવિત થવું તથા દક્ષ અને વિષ્ણુ વગેરે દ્વારા એમની સ્તુતિ

દેવતાઓએ ભગવાન શિવજીની અત્યંત વિનયની સાથે સ્તુતિ કરતાં કરતાં અંતમાં કહ્યું – આપ પર (ઉત્કૃષ્ટ), પરમેશ્વર, પરાત્પર તથા પરાત્પરતર છો. આપ સર્વવ્યાપી વિશ્વમૂર્તિ મહેશ્વરને નમસ્કાર હો. આપ વિષ્ણુકલત્ર, વિષ્ણુક્ષેત્ર, ભાનુ, ભૈરવ, શરણાગત વત્સલ, ત્ર્યમ્બક તથા વિહરણશીલ છો. આપ મૃત્યુંજય છો. શોક પણ આપનું જ રૂપ છે. આ ત્રિગુણ અને ગુણાત્મા છો. ચંદ્રમા, સૂર્ય અને અગ્નિ આપનાં નેત્ર છે. આપ સર્વના કારણ તથા ધર્મમર્યાદાસ્વરૂપ છો. આપને નમસ્કાર હો. આપે સ્વયં પોતાના તેજથી સંપૂર્ણ જગતને વ્યાપ્ત કરી રાખ્યું છે. આપ નિર્વિકાર, પ્રકાશપૂર્ણ, ચિદાનંદસ્વરૂપ, પરબ્રહ્મ પરમાત્મા છો. હે મહેશ્વર! બ્રહ્મા, વિષ્ણુ, ઇન્દ્ર અને ચંદ્ર આદિ સમસ્ત દેવતા તથા મુનિ આપથી જ ઉત્પન્ન

---

* તર્જનીને અંગૂઠા સાથે જોડીને અને બાકીની આંગળીઓને પરસ્પર ભેગી કરીને ફેલાવી દેવાથી જે બન્ધ સિદ્ધ થાય છે, એને 'તર્કમુદ્રા' કહે છે. એનું જ નામ જ્ઞાનમુદ્રા પણ છે.

થયા છે. કેમકે, આપ પોતાના શરીરને આઠ ભાગોમાં વિભક્ત કરીને સમસ્ત સંસારનું પોષણ કરો છો, એટલા માટે અષ્ટમૂર્તિ તરીકે આપનું સંબોધન થાય છે એ આપની ઓળખ છે. આપ જ સર્વના આદિકારણ કરુણામય ઈશ્વર છો. આપના ભયથી આ વાયુ વાય છે. આપના ભયથી અગ્નિ સળગવાનું કામ કરે છે, આપના ભયથી સૂર્ય તપે છે અને આપના જ ભયથી મૃત્યુ ચોતરફ દોડ્યા કરે છે. હે દયાસિન્ધો! હે મહેશાન! હે પરમેશ્વર! પ્રસન્ન થાઓ. અમે બેભાન અને નષ્ટ થઈ રહ્યા છીએ. તેથી સદાયે અમારી રક્ષા કરો, રક્ષા કરો. હે નાથ! હે કરુણાનિધે! હે શમ્ભો! આપે અત્યાર સુધી વિવિધ પ્રકારની આપત્તિઓથી જેવી રીતે અમને સદા સુરક્ષિત રાખ્યા છે, એવી જ રીતે આજે પણ અમારી રક્ષા કરો. હે નાથ! હે દુર્ગેશ! આપ શીઘ્ર જ કૃપા કરીને આ અપૂર્ણ યજ્ઞનો અને પ્રજાપતિ દક્ષનો પણ ઉદ્ધાર કરો. ભગને એની આંખો મળી જાય, યજમાન દક્ષ જીવિત થઈ જાય, પૂષાના દાંત જામી જાય અને ભૃગુનું દાઢી-મૂછ પહેલાં જેવી થઈ જાય. હે શંકર! આયુધો અને પથ્થરોની વર્ષાથી જેનાં અંગભંગ થયાં છે, એ દેવતાઓ પર આપ સર્વથા અનુગ્રહ કરો જેથી એમને પૂર્ણતઃ આરોગ્ય લાભ થાય. હે નાથ! યજ્ઞકર્મ પૂર્ણ થયા પછી જે કાંઈ શેષ રહે, તે સર્વ આપનો પૂરેપૂરો ભાગ હો. (એમાં બીજા કોઈ હસ્તક્ષેપ ન કરે). હે રુદ્રદેવ! આપના ભાગથી જ યજ્ઞ પૂર્ણ થાઓ, અન્યથા નહીં.

આવું કહી હું-બ્રહ્માની સાથે બધા દેવતા અપરાધ ક્ષમા કરાવવાને માટે તૈયાર થઈ ગયા. હાથ જોડીને ભૂમિ પર દંડની જેમ પડી ગયા.

બ્રહ્માજી કહે છે—હે નારદ! હું-બ્રહ્મા, લોકપાલ, પ્રજાપતિ તથા મુનિઓ સહિત શ્રીપતિ વિષ્ણુના અનુનય-વિનય કરવાથી પરમેશ્વર શિવ પ્રસન્ન થઈ ગયા. દેવતાઓને આશ્વાસન આપીને હસીને એમના પર પરમ અનુગ્રહ કરતાં કરતાં કરુણાનિધાન પરમેશ્વર શિવે કહ્યું.

શ્રીમહાદેવજી બોલ્યા—હે સુરશ્રેષ્ઠ બ્રહ્મા અને હે વિષ્ણુદેવ! આપ બંને સાવધાન થઈને મારી વાત સાંભળો. હું સાચી જ વાત કહું છું. હે તાત! આપ બંનેની બધી જ વાતો મેં સદા માની છે. દક્ષના યજ્ઞનો આ વિધ્વંસ મેં નથી કર્યો. દક્ષ સ્વયં જ બીજાઓનો દ્વેષ કરે છે. બીજા પ્રત્યે જેવો વર્તાવ કરીએ તે પોતાને માટે જ ફલિત થાય. તેથી આવું કર્મ ક્યારેય ન કરવું જોઈએ, જે બીજાઓને કષ્ટ આપવાવાળું હોય.* દક્ષનું મસ્તક સળગી ગયું છે એટલે એમના મસ્તકને સ્થાને બકરાનું માથું જોડી દેવાય; ભગ દેવતા મિત્રની આંખથી પોતાના યજ્ઞભાગને જુએ. હે તાત! પૂષા નામક દેવતા જેમના દાંત તૂટી ગયા છે, યજમાનના દાંતથી સારી પેઠે દબાયેલા યજ્ઞાન્નનું ભક્ષણ કરે. આ મેં સાચી વાત કહી છે. મારો વિરોધ કરનારા ભૃગુને દાઢીને બદલે બકરાની દાઢી લાગી જાઓ. બાકીના બધા દેવતાઓ જેમણે મને યજ્ઞભાગના રૂપે યજ્ઞની અવશિષ્ટ વસ્તુઓ આપી છે, એમનાં બધાં અંગો પહેલાંની જેમ જ ઠીક થઈ જાઓ. અધ્વર્યુ વગેરે યાજ્ઞિકોમાંથી જેમની ભુજાઓ ભાંગી ગઈ છે, તે અશ્વિનીકુમારોની ભુજાઓથી અને જેમના હાથ નષ્ટ થઈ ગયા છે, તે પુષાના

---

* પરદ્વેષ્ટિ પરેષાં યદાત્મનસ્તદ્વિચિન્તતિ ॥ પરેષાં ક્લેદનં કર્મ ન કાર્યં તત્કદાચન ।
(શિ. પુ. રુ. સં. સ. ખંડ ૪૨/૫-૬)

હાથથી પોતાનું કામ ચલાવે. આ બધું મેં આપ લોકોના પ્રેમને વશ થઈને કહ્યું છે.

બ્રહ્માજી કહે છે—હે નારદ! આવું કહીને વેદનું અનુસરણ કરનારા સુરસમ્રાટ ચરાચરપતિ દયાળુ પરમેશ્વર મહાદેવજી ચૂપ થઈ ગયા. ભગવાન શંકરનું તે ભાષણ સાંભળીને શ્રીવિષ્ણુ અને બ્રહ્માસહિત સંપૂર્ણ દેવતાઓ સંતોષ પામ્યા અને તત્કાળ તેમને સાધુવાદ કરવા લાગ્યા. ત્યાર પછી ભગવાન શંભુને આમંત્રિત કરીને મને-બ્રહ્માને અને દેવર્ષિઓની સાથે શ્રીવિષ્ણુ અત્યંત હર્ષપૂર્વક પુનઃ દક્ષની યજ્ઞશાળા તરફ ચાલ્યા. આ રીતે એમની પ્રાર્થનાથી ભગવાન શંભુ વિષ્ણુ વગેરે દેવતાઓની સાથે કનખલમાં સ્થિત પ્રજાપતિ દક્ષની યજ્ઞશાળામાં પધાર્યા. એ સમયે રુદ્રદેવે

ત્યાં યજ્ઞનો અને વિશેષતઃ દેવતાઓ તથા ઋષિઓનો જે વીરભદ્ર દ્વારા વિધ્વંસ થયો હતો. એ જોયો. સ્વાહા, સ્વધા, પૂષા, તુષ્ટિ, ધૃતિ, સરસ્વતી, અન્ય સમસ્ત ઋષિ, પિતર, અગ્નિ અને અન્યાન્ય ઘણા બધા યક્ષ, ગંધર્વ અને રાક્ષસ ત્યાં પડ્યા હતા. એમાંના કેટલાકનાં અંગો તોડી નાખવામાં આવ્યાં હતાં, કેટલાય લોકોના વાળ ખેંચી લેવામાં આવ્યા હતા અને કેટલાય એ સમરાંગણમાં પોતાના પ્રાણ ખોઈ બેઠા હતા. એ યજ્ઞની આવી દુરવસ્થા જોઈને ભગવાન શંકરે પોતાના ગણનાયક મહાપરાક્રમી વીરભદ્રને બોલાવીને હસતાં હસતાં કહ્યું – 'હે મહાબાહુ વીરભદ્ર! આ તમે કેવું કામ કર્યું? હે તાત! તમે થોડી જ વારમાં દેવતા અને ઋષિઓને બહુ ભારે દંડ આપી દીધો. હે વત્સ! જેણે આવું દ્રોહપૂર્ણ કાર્ય કર્યું, આ વિલક્ષણ યજ્ઞનું આયોજન કર્યું અને જેને આવું ફળ મળ્યું, એ દક્ષને તમે શીઘ્ર અહીં લઈ આવો.'

ભગવાન શંકરના આવા કથન પર વીરભદ્રે તરત જ દક્ષનું ધડ એમની સામે નાખી દીધું. દક્ષના એ શબને મસ્તકરહિત લોકકલ્યાણકારી ભગવાન શંકરે આગળ ઊભેલા વીરભદ્રને હસીને કહ્યું – 'દક્ષનું માથું ક્યાં છે?' ત્યારે પ્રભાવશાળી વીરભદ્રે કહ્યું – 'હે પ્રભો શંકર! મેં તો તે જ સમયે દક્ષના મસ્તકને આગમાં હોમી દીધું હતું.' વીરભદ્રની આ વાત સાંભળીને ભગવાન શંકરે દેવતાઓને પ્રસન્નતાપૂર્વક એવી જ આજ્ઞા આપી, જે પહેલાં આપી જ રાખી હતી. ભગવાન ભવે એ સમયે જે કાંઈ કહ્યું, એની મારા દ્વારા પૂર્તિ કરાવીને શ્રીહરિ વગેરે સર્વ દેવતાઓએ ભૃગુ વગેરે બધાને શીઘ્ર જ ઠીક કરી દીધા. તદનંતર શંભુના આદેશથી પ્રજાપતિના ધડની સાથે યજ્ઞપશુ બકરાનું માથું જોડી દેવાયું. એ માથું જોડતાંની સાથે જ શંભુની

શુભ દૃષ્ટિ પડવાથી પ્રજાપતિના શરીરમાં પ્રાણ આવી ગયા અને તે તત્કાળ જાણે ઊંઘતો માણસ જાગી પડે તેવી રીતે ઊઠીને ઊભા થઈ ગયા. ઊઠતાંની સાથે જ એમણે પોતાની સામે જ કરુણાનિધિ ભગવાન શંકરને જોયા. જોતાંની સાથે જ દક્ષના હૃદયમાં પ્રેમ ભરાઈ આવ્યો. એ પ્રેમે એમના અંતઃકરણને નિર્મળ અને પ્રસન્ન કરી દીધું. પહેલાં મહાદેવજી સાથે દ્વેષ કરવાને કારણે એમનું અંતઃકરણ મલિન થઈ ગયું હતું. પરંતુ એ સમયે શિવના દર્શનથી તે તત્કાળ શરદઋતુના ચંદ્રમાની જેમ નિર્મળ થઈ ગયા. એમના મનમાં ભગવાન શિવની સ્તુતિ કરવાનો વિચાર ઉત્પન્ન થયો. પરંતુ તે અનુરાગની અધિકતાને કારણે તથા મૃત્યુ પામેલી પોતાની પુત્રીનું સ્મરણ કરીને વ્યાકુળ થઈ જવાને કારણે તત્કાળ એમનું સ્તવન ન કરી શક્યા. થોડો વખત થયો તે પછી મન સ્થિર થયું ત્યારે દક્ષે લજ્જિત થઈને લોકશંકર શિવશંકરને પ્રણામ કર્યા અને એમની સ્તુતિનો આરંભ કર્યો. એમણે ભગવાન શંકરનો મહિમા ગાતાં ગાતાં વારંવાર એમને પ્રણામ કર્યા. પછી અંતે બોલ્યા –

'હે પરમેશ્વર! આપે જ બ્રહ્મા થઈને સૌથી પહેલાં આત્મતત્ત્વનું જ્ઞાન પ્રાપ્ત કરવા માટે સ્વમુખે વિદ્યા, તપ અને વ્રત ધારણ કરનારા, બ્રાહ્મણોને ઉત્પન્ન કર્યા હતા. જેવી રીતે ગોવાળિયો લાકડી લઈને ગાયોની રક્ષા કરે છે, એવી રીતે મર્યાદાનું પાલન કરનારા આપ પરમેશ્વર દંડ ધારણ કરીને એ સાધુ બ્રાહ્મણોની સર્વ વિપત્તિઓમાંથી રક્ષણ કરે છે. મેં દુર્વચનરૂપી બાણોથી આપ પરમેશ્વરને વીંધી નાખ્યા હતા. તેમ છતાં આપ મુજ પર અનુગ્રહ કરવાને માટે અહીં આવી ગયા. હવે મારી જેમ જ અત્યંત દૈત્યપૂર્ણ આશાવાળા આ દેવતાઓ પર પણ કૃપા કરો. હે ભક્તવત્સલ! હે દીનબન્ધો! હે શંભો! મારામાં આપને પ્રસન્ન કરવાનો કોઈ ગુણ નથી. આપ તો ષડ્વિધ ઐશ્વર્યથી સંપન્ન પરાત્પર પરમાત્મા છો. તેથી પોતાના જ બહુમૂલ્ય ઉદારતાપૂર્ણ વર્તાવથી મારા પર સંતુષ્ટ થાઓ.'

બ્રહ્માજી કહે છે—હે નારદ! આ રીતે લોકકલ્યાણકારી મહાપ્રભુ મહેશ્વર શંકરની સ્તુતિ કરીને વિનીતચિત્ત પ્રજાપતિ દક્ષ ચૂપ થઈ ગયા. ત્યારબાદ શ્રીવિષ્ણુએ હાથ જોડીને ભગવાન વૃષભધ્વજને પ્રણામ કર્યા અને પ્રસન્નતાપૂર્ણ હૃદય અને વાષ્પગદ્ગદ વાણી દ્વારા એમની સ્તુતિનો આરંભ કર્યો.

ત્યારબાદ મેં કહ્યું—હે દેવદેવ! હે મહાદેવ! હે કરુણાસાગર! હે પ્રભો! આપ સ્વતંત્ર પરમાત્મા છો, અદ્વિતીય અને અવિનાશી પરમેશ્વર છો. હે દેવ! હે ઈશ્વર! આપે મારા પુત્ર પર અનુગ્રહ કર્યો છે. પોતાના અપમાન તરફ કંઈ પણ ધ્યાન ન દઈને હવે દક્ષના યજ્ઞનો ઉદ્ધાર કરો. હે દેવેશ્વર! આપ પ્રસન્ન થાઓ અને સમસ્ત શાપોને દૂર કરી દો. આપ સજ્ઞાન છો.. તેથી આપ જ મને કર્તવ્ય પ્રતિ પ્રેરિત કરનારા છો, અને તમે જ અકર્તવ્યથી રોકનારા પણ છો.

હે મહામુને! આ રીતે પરમ મહેશ્વરની સ્તુતિ કરીને મેં બંને હાથ જોડીને મસ્તક નમાવીને પ્રણામ કરીને એમની સામે હું ઊભો રહ્યો. ત્યારે સુંદર વિચાર રાખનાર ઇન્દ્ર વગેરે દેવતા અને લોકપાલ શંકરદેવની સ્તુતિ કરવા લાગ્યા. એ સમયે ભગવાન શિવનું મુખારવિન્દ પ્રસન્નતાથી ખીલી ઊઠ્યું હતું. એ પછી પ્રસન્નચિત્ત થયેલા સમસ્ત દેવતાઓ, બીજા

બીજા સિદ્ધો, ઋષિઓ અને પ્રજાપતિઓએ પણ પૃથક્ પ્રણામપૂર્વક બહુ ભક્તિભાવથી એમની શંકરજીનું સહર્ષ સ્તવન કર્યું. આ ઉપરાંત સ્તુતિ કરી.
ઉપદેવો, નાગ, સદસ્યો તથા બ્રાહ્મણોએ પૃથક્ (અધ્યાય ૪૧-૪૨)

*

ભગવાન શિવની દક્ષને પોતાની ભક્તવત્સલતા, જ્ઞાની ભક્તની શ્રેષ્ઠતા અને ત્રણે દેવોની એકતા બતાવવી, દક્ષે પોતાનો યજ્ઞ પૂર્ણ કર્યો, સર્વ દેવતા વગેરે પોતપોતાને સ્થાને ગયા, અને સતીખંડનો ઉપસંહાર અને માહાત્મ્ય કથન

બ્રહ્માજી કહે છે—હે નારદ! આ રીતે શ્રીવિષ્ણુની, મારી, દેવતાઓની અને ઋષિઓની તથા અન્ય લોકોની સ્તુતિ કરવાથી મહાદેવજી બહુ પ્રસન્ન થયા. પછી એ શંભુએ સમસ્ત ઋષિઓ, દેવતા વગેરેને કૃપાદૃષ્ટિથી જોઈને તથા મને-બ્રહ્માને અને વિષ્ણુનું સમાધાન કરીને દક્ષને આ પ્રમાણે કહ્યું.

મહાદેવજી બોલ્યા—હે પ્રજાપતિ દક્ષ! હું જે કાંઈ કહું છું તે સાંભળો. હું તમારા પર પ્રસન્ન છું. યદ્યપિ હું સર્વનો ઈશ્વર અને સ્વતંત્ર છું તો પણ સદાયે પોતાના ભક્તોને આધીન રહું છું. ચાર પ્રકારના પુણ્યાત્મા પુરુષ મારું ભજન કરે છે, હે દક્ષ પ્રજાપતે! એ ચારે ભક્તોમાં પૂર્વ પૂર્વની અપેક્ષાએ ઉત્તરોત્તર શ્રેષ્ઠ છે. એમાં પહેલા આર્ત, બીજા જિજ્ઞાસુ, ત્રીજા અર્થાર્થી અને ચોથા જ્ઞાની છે. પહેલા ત્રણ તો સામાન્ય શ્રેણીના ભક્ત છે. પરંતુ ચોથા ભક્તનું વિશેષ મહત્ત્વ છે. આ સર્વ ભક્તોમાં જ્ઞાની જ મને અધિક પ્રિય છે. તે તો મારું સ્વરૂપ જ મનાય છે. એનાથી અધિક બીજું કોઈ મને પ્રિય નથી, આ હું સાચેસાચ્યું કહું છું.* હું આત્મજ્ઞ છું. વેદ-વેદાંતના પારંગત વિદ્વાન જ્ઞાન દ્વારા મને જાણી શકે છે. કર્મને આધીન થયેલા મૂઢ માનવ મને વેદ, યજ્ઞ, દાન અને તપસ્યા દ્વારા પણ ક્યારેય નથી મેળવી શકતા.

માટે હે દક્ષ! આજથી તમે બુદ્ધિ દ્વારા મને પરમેશ્વરને જાણીને જ્ઞાનનો આશ્રય લઈને સમાહિતચિત્ત થઈને કર્મ કરો. હે પ્રજાપતે! તમે ઉત્તમ બુદ્ધિ દ્વારા મારી બીજી વાત પણ સાંભળો. હું મારા પોતાના સગુણ સ્વરૂપના વિષયમાં પણ આ ગોપનીય રહસ્યને ધર્મની દૃષ્ટિએ તમારી સામે પ્રગટ કરું છું. જગતના પરમ કારણરૂપ હું જ બ્રહ્મા અને વિષ્ણુ છું. હું સર્વનો આત્મા ઈશ્વર અને સાક્ષી છું. સ્વયંપ્રકાશ અને નિર્વિશેષ છું. હે મુને! મારી પોતાની ત્રિગુણાત્મક માયાનો સ્વીકાર કરીને હું જ જગતની સૃષ્ટિ, પાલન અને

---

* ચતુર્વિધા ભજન્તે માં જનાઃ સુકૃતિનઃ સદા।
આર્તો જિજ્ઞાસુરર્થાર્થી જ્ઞાની ચૈવ ચતુર્થકઃ।
તત્ર જ્ઞાની પ્રિયતરો મમ રૂપં ચ સ સ્મૃતઃ।
ઉત્તરોત્તરતઃ શ્રેષ્ઠાસ્તેષાં દક્ષ પ્રજાપતે॥
પૂર્વે ત્રયશ્ચ સામાન્યાશ્ચતુર્થો હિ વિશિષ્યતે॥
તસ્માત્પ્રિયતરો નાન્યઃ સત્યં સત્યં વદામ્યહમ્॥
(શિ. પુ. રુ. સં. સ. ખં. ૪૩/૪-૬)

સંહાર કરું છું અને તેમ કરતાં કરતાં એ ક્રિયાઓને અનુરૂપ બ્રહ્મા, વિષ્ણુ અને રુદ્ર નામ ધારણ કરું છું. એ અદ્વિતીય (ભેદરહિત) કેવળ (વિશુદ્ધ) મુજ પરબ્રહ્મ પરમાત્મામાં જ અજ્ઞાની પુરુષ બ્રહ્મ, ઈશ્વર અને અન્ય સમસ્ત જીવોને ભિન્નરૂપ દેખે છે. જેવી રીતે મનુષ્ય પોતાનું મસ્તક અને હાથ વગેરે અંગોમાં 'આ મારાથી ભિન્ન છે' એવી પરકીય બુદ્ધિ ક્યારેય નથી કરતો, એ જ રીતે મારો ભક્ત પ્રાણીમાત્રમાં મારાથી ભિન્નતા નથી જોતો. હે દક્ષ! હું, બ્રહ્મા અને વિષ્ણુ ત્રણે સ્વરૂપતઃ એક જ છે અને અમે જ સંપૂર્ણ જીવરૂપ છીએ – એવું સમજીને જો અમે ત્રણેય દેવતાઓમાં ભેદ નથી જોતો, એ જ શાંતિ પ્રાપ્ત કરે છે. જે નરાધમ અમારા ત્રણે દેવતાઓમાં ભેદબુદ્ધિ રાખે છે, તે નિશ્ચય જ જ્યાં સુધી ચંદ્રમા અને તારા રહે છે. ત્યાં સુધી નરકમાં નિવાસ કરે છે.* હે દક્ષ! જો કોઈ વિષ્ણુભક્ત થઈને મારી નિંદા કરશે અને મારો ભક્ત થઈને વિષ્ણુની નિંદા કરશે તો તમને આપેલા પૂર્વોક્ત બધા શાપ એ બંનેને પ્રાપ્ત થશે. અને નિશ્ચય જ એમની તત્ત્વજ્ઞાનની પ્રાપ્તિ નથી થઈ શકતી.•

બ્રહ્માજી કહે છે—હે મુને! ભગવાન મહેશ્વરના આ સુખદાયક વચનને સાંભળીને બધા દેવતા, મુનિ વગેરેને એ અવસર ઉપર બહુ હર્ષ થયો. કુટુંબસહિત દક્ષ બહુ જ પ્રસન્નતા સાથે શિવભક્તિમાં તત્પર થઈ ગયા. એ દેવતા વગેરે પણ શિવને જ સર્વેશ્વર જાણીને ભગવાન શિવના ભજનમાં લાગી ગયા. જેમણે જે પ્રકારે પરમાત્મામાં શંભુની સ્તુતિ કરી હતી, એને એ પ્રકારે સંતુષ્ટચિત્ત શંભુએ વરદાન આપ્યું. હે મુને! ત્યારપછી ભગવાન શિવની આજ્ઞા મેળવીને પ્રસન્નચિત્ત થયેલા દક્ષે શિવના જ અનુગ્રહ પોતાનો યજ્ઞ પૂરો કર્યો. એમણે દેવતાઓને તો યજ્ઞભાગ આપ્યો જ, શિવને પણ પૂર્ણ ભાગ આપ્યો. સાથે જ બ્રાહ્મણોને દાન આપ્યું. આ રીતે એમને શંભુનો અનુગ્રહ પ્રાપ્ત થયો. આ રીતે મહાદેવજીના એ મહાન કર્મનું વિધિપૂર્વક વર્ણન થયું છે. પ્રજાપતિએ ઋત્વિજોના સહયોગથી એ યજ્ઞકર્મને વિધિવત્ સમાપ્ત કર્યું. હે મુનીશ્વર! આ રીતે પરબ્રહ્મસ્વરૂપ શંકરના પ્રસાદથી તે દક્ષનો યજ્ઞ પૂરો થયો. તદનંતર બધા દેવતા અને ઋષિ સંતુષ્ટ થઈને ભગવાન શિવના યશનું વર્ણન કરતાં કરતાં પોતપોતાને સ્થાને ચાલ્યા ગયા. બીજા લોકો પણ એ સમયે ત્યાંથી સુખપૂર્વક રવાના થઈ ગયા. હું અને વિષ્ણુ પણ અત્યંત પ્રસન્ન થઈને ભગવાન શિવના સર્વમંગલદાયક સુયશનું નિરંતર ગાન કરતાં કરતાં પોતપોતાને સ્થાને આનંદપૂર્વક ચાલ્યા આવ્યા. સત્પુરુષોના આશ્રયભૂત મહાદેવજી પણ દક્ષથી સન્માનિત થઈને પ્રીતિ અને પ્રસન્નતા સાથે ગણોસહિત પોતાના નિવાસસ્થાન કૈલાસ પર્વત પર ચાલ્યા ગયા. પોતાના પર્વત પર આવીને શંભુએ પોતાની પ્રિયા સતીનું સ્મરણ

---

* સર્વભૂતાત્મનામેકભાવાનાં યો ન પશ્યતિ । ત્રિસુરાણાં ભિદાં દક્ષ સ શાન્તિમધિગચ્છતિ ॥
યઃ કરોતિ ત્રિદેવેષુ ભેદબુદ્ધિં નરાધમઃ । નરકે સ વસેન્નૂનં યાવદાચન્દ્રતારકમ્ ॥
(શિ. પુ. રુ. સં. સ. ખં. ૪૩/૧૬, ૧૭)

• હરિભક્તો હિ માં નિન્દેત્તથા શૈવો ભવેદ્યદિ । તયોઃ શાપા ભવેયુસ્તે તત્ત્વપ્રાપ્તિર્ભવેન્નહિ ॥
(શિ. પુ. રુ. સં. સ. ખં. ૪૩/૨૧)

કર્યું અને પ્રધાન પ્રધાન ગણોને એમની કથા કહી.

આ રીતે દક્ષ-કન્યા સતી યજ્ઞમાં પોતાના શરીરનો ત્યાગ કરીને પુનઃ હિમાલયની પત્ની મેનાના ગર્ભથી ઉત્પન્ન થયાં, એ વાત પ્રસિદ્ધ છે. પછી ત્યાં તપસ્યા કરીને ગૌરી શિવાએ ભગવાન શિવને પતિરૂપે વરણમાં પ્રાપ્ત કર્યા. તે એમના વામ-અંગમાં સ્થાન મેળવીને અદ્‌ભુત લીલાઓ કરવા લાગ્યાં. હે નારદ! આ રીતે મેં તમને સતીના પરમ અદ્‌ભુત દિવ્ય ચરિત્રનું વર્ણન કર્યું છે, જે ભોગ અને મોક્ષ પ્રદાયક છે અને સંપૂર્ણ કામનાઓને પૂર્ણ કરનારું છે. આ ઉપાખ્યાન પાપને દૂર કરનારું, પવિત્ર અને પરમ પાવન છે. સ્વર્ગ, યશ અને આયુને આપનાર તથા પુત્ર-પૌત્રરૂપ ફળ પ્રદાન કરનારું છે. હે તાત! જે ભક્તિમાન પુરુષ ભક્તિભાવથી લોકોને આ કથા સંભળાવે છે, તે આ લોકમાં સંપૂર્ણ કર્મોનું ફળ પ્રાપ્ત કરીને પરલોકમાં પરમગતિને પ્રાપ્ત કરી લે છે.

(અધ્યાય-૪૩)

*

॥ રુદ્રસંહિતાનો સતીખંડ સંપૂર્ણ ॥

*

રુદ્રસંહિતા, તૃતીય (પાર્વતી) ખંડ

હિમાલયનાં સ્થાવર-જંગમ દ્વિવિધ સ્વરૂપ અને દિવ્યત્વનું વર્ણન, મેનાની સાથે એમનો વિવાહ તથા મેના વગેરેને પૂર્વજન્મમાં પ્રાપ્ત થયેલ સનકાદિનો શાપ અને વરદાનનું કથન

નારદજીએ પૂછ્યું—હે બ્રહ્મન્! પિતાના યજ્ઞમાં પોતાના શરીરનો પરિત્યાગ કરીને દક્ષકન્યા જગદંબા સતી દેવી કેવી રીતે ગિરિરાજ હિમાલયન પુત્રી થયાં? કેવી રીતે અત્યંત ઉગ્ર તપ કરીને એમણે પુનઃ શિવને જ પતિરૂપે પ્રાપ્ત કર્યા? આ મારો પ્રશ્ન છે. આપ આ ઉપર સારીપેઠે અને વિશેષરૂપે પ્રકાશ કરો.

બ્રહ્માજીએ કહ્યું—હે મુને! હે નારદ! તમે પહેલાં પાર્વતીનાં માતાનો જન્મ, વિવાહ અને અન્ય ભક્તિવર્ધક પાવન ચરિત્ર સાંભળો. હે મુનિશ્રેષ્ઠ! ઉત્તર દિશામાં પર્વતોના રાજા હિમવાન નામક મહાન પર્વત છે, જે મહાતેજસ્વી અને સમૃદ્ધિશાળી છે. એમનાં બે રૂપ પ્રસિદ્ધ છે – એક સ્થાવર અને બીજું જંગમ. હું સંક્ષેપમાં એમના સૂક્ષ્મ (સ્થાવર) સ્વરૂપનું વર્ણન કરું છું. તે રમણીય પર્વત વિવિધ પ્રકારનાં રત્નોનો આકર (ખાણ) છે અને પૂર્વ તથા પશ્ચિમ સમુદ્રની અંદર પ્રવેશ કરીને એવી રીતે ઊભો છે જાણે કોઈ ભૂમંડળને માપવા માટે કોઈ માનદંડ (માપ લેવાનું સાધન) હોય. એ વિવિધ પ્રકારનાં વૃક્ષોથી વ્યાપ્ત છે અને અનેક શિખરોને કારણે વિચિત્ર શોભાથી સંપન્ન દેખાય છે. સિંહ, વાઘ વગેરે પશુ સદા સુખપૂર્વક એનું સેવન કરે છે. બરફનો તો તે ભંડાર જ છે, એટલા માટે અત્યંત ઉગ્ર જણાય છે. વિવિધ પ્રકારનાં આશ્ચર્યજનક દૃશ્યોથી એની વિચિત્ર શોભા દેખાય છે. દેવતા, ઋષિ, સિદ્ધ અને મુનિ એ પર્વતનો આશ્રય લઈને રહે છે. ભગવાન શિવને એ બહુ જ પ્રિય છે, તપસ્યા કરવાનું સ્થાન છે. સ્વરૂપથી જ તે અત્યંત પવિત્ર અને મહાત્માઓને પણ પાવન કરનારો છે. તપસ્યામાં તે અત્યંત શીઘ્ર સિદ્ધિ પ્રદાન કરે છે. અનેક પ્રકારની ધાતુઓની ખાણ છે, શુભ છે. એ જ દિવ્ય શરીર ધારણ કરીને સર્વાંગ-સુંદર રમણીય દેવતાનાં રૂપે પણ સ્થિત છે. ભગવાન વિષ્ણુનો અવિકૃત અંશ છે, એટલા માટે તે શૈલરાજ સાધુ-સંતોને અધિક પ્રિય છે.

એક સમયે ગિરિવર હિમવાને પોતાની કુલ-પરંપરાની સ્થિતિ અને ધર્મ-વૃદ્ધિ માટે દેવતાઓ અને પિતરોની વૃદ્ધિ કરવાની અભિલાષાથી પોતાનો વિવાહ કરવાની ઇચ્છા કરી. હે મુનીશ્વર! એ અવસર પર સંપૂર્ણ દેવતા પોતાના સ્વાર્થનો વિચાર કરીને દિવ્ય પિતરોની પાસે જઈને એમને પ્રસન્નતાપૂર્વક કહ્યું.

દેવતાઓએ કહ્યું—હે પિતરો! આપ સૌ લોકો પ્રસન્નચિત્ત થઈને અમારી વાત સાંભળો અને દેવતાઓનું કાર્ય સિદ્ધ કરવાની ઇચ્છા આપને પણ અભીષ્ટ હોય તો શીઘ્ર જ એવું કરો. આપની જ્યેષ્ઠ પુત્રી જે મેના નામથી પ્રસિદ્ધ છે, તે મંગલકારિણી છે. એનો વિવાહ આપ લોકો અત્યંત પ્રસન્નતાપૂર્વક હિમવાન પર્વત સાથે કરી દો. આવું કરવાથી આપ સૌ

લોકોને મહાન લાભ થશે અને દેવતાઓનાં દુઃખોનું નિવારણ પણ ડગલે ને પગલે થતું રહેશે.

દેવતાઓની આ વાત સાંભળીને પિતરોએ પરસ્પર વિચાર કરીને સ્વીકૃતિ આપી દીધી અને પોતાની પુત્રી મેનાને વિધિપૂર્વક હિમાલયના હાથમાં સોંપી દીધી. એ પરમ મંગલમય વિવાહમાં મોટો ઉત્સવ થયો. હે મુનીશ્વર નારદ! મેનાનો હિમાલય સાથેનો શુભવિવાહનો આ સુખદ પ્રસંગ મેં તમને પ્રસન્નતાપૂર્વક કહ્યો છે. હવે વધારે શું સાંભળવા ચાહો છો?

નારદજીએ પૂછ્યું—હે વિધે! હે વિદ્વન્! હવે આદરપૂર્વક મને મેનાની ઉત્પત્તિનું વર્ણન કરો. એને કઈ રીતે શાપ પ્રાપ્ત થયો હતો એ કહો અને મારા સંદેહનું નિવારણ કરો.

બ્રહ્માજી બોલ્યા—હે મુને! મેં મારા દક્ષ નામક જે પુત્રની પહેલાં ચર્ચા કરી છે, એને સાઠ કન્યાઓ થઈ હતી, જે સૃષ્ટિની ઉત્પત્તિનું કારણ બની. હે નારદ! દક્ષે કશ્યપ વગેરે શ્રેષ્ઠ મુનિઓ સાથે એમનો વિવાહ કરી દીધો હતો, એ સર્વ વૃત્તાંત તો તમે જાણો જ છો. હવે પ્રસ્તુત વિષયને સાંભળો. એ કન્યાઓમાં એક સ્વધા નામની કન્યા હતી, જેનો વિવાહ એમણે પિતરોની સાથે કર્યો. સ્વધાને ત્રણ પુત્રીઓ હતી જે સૌભાગ્યશાલિની તથા ધર્મની મૂર્તિઓ હતી. એમનામાંથી જેષ્ઠ પુત્રીનું નામ હતું 'મેના.' વચલી કન્યા 'ધન્યા'ના નામથી પ્રસિદ્ધ હતી અને સૌથી નાની કન્યાનું નામ 'કલાવતી' હતું. આ બધી કન્યાઓ પિતરોની માનસી પુત્રીઓ હતી – એમના મનથી પ્રગટ થઈ હતી. એમનો જન્મ કોઈ માતાના ગર્ભથી થયો ન હતો, તેથી તે અયોનિજા હતી, કેવળ લોકવ્યવહારમાં સ્વધાની પુત્રી મનાતી હતી. એમનાં સુંદર નામોનું કીર્તન કરીને મનુષ્ય સંપૂર્ણ વાંછિતોને પ્રાપ્ત કરી લે છે. તે સદા સંપૂર્ણ જગતની વંદનીયા લોકમાતાઓ છે અને ઉત્તમ અભ્યુદયથી સુશોભિત રહે છે. સૌ પુત્રીઓ પરમ યોગિની, જ્ઞાનવિધિ અને ત્રણે લોકોમાં સર્વત્ર આવાગમન કરવાની શક્તિ ધરાવતી હતી. હે મુનીશ્વર! એક વખત આ ત્રણે બહેનો ભગવાન વિષ્ણુના નિવાસસ્થાન શ્વેતદ્વીપમાં એમનું દર્શન કરવા ગયાં. ભગવાન વિષ્ણુને પ્રણામ અને ભક્તિભાવપૂર્વક એમની સ્તુતિ કરીને એમની આજ્ઞાથી ત્યાં જ રહેવા લાગી. એ સમયે ત્યાં સંતોનો બહુ મોટો સમાજ એકત્ર થયો હતો.

હે મુને! એ અવસરે મારા પુત્ર સનકાદિ સિદ્ધગણ પણ ત્યાં ગયા હતા અને શ્રીહરિની સ્તુતિ-વંદના કરીને એમની આજ્ઞાથી ત્યાં રહેવા લાગ્યા. સનકાદિ મુનિ દેવતાઓના આદિપુરુષ અને સંપૂર્ણ લોકોમાં વંદિત છે. એ જ્યારે ત્યાં જઈને ઊભા રહ્યા એ સમયે શ્વેતદ્વીપના સૌ લોકોએ એમને જોઈને પ્રણામ કર્યા અને ઊભા થઈ ગયા, પરંતુ આ ત્રણે બહેનો એમને જોઈને પણ ત્યાંથી ન ઊઠી. એટલે સનત્કુમારે એમને (મર્યાદાના રક્ષણ અર્થે) સ્વર્ગથી દૂર રહીને નર-સ્ત્રી બનવાનો શાપ આપી દીધો. પછી એમની પ્રાર્થના કરવાથી તે પ્રસન્ન થઈ ગયા અને બોલ્યા.

સનત્કુમારોએ કહ્યું—હે પિતરોની ત્રણે કન્યાઓ! તમે પ્રસન્નચિત્ત થઈને મારી વાત સાંભળો, એ તમારા શોકનો નાશ કરનારી અને સદા તમને સુખ આપનારી છે. તમારામાંથી જે સૌથી મોટી છે તે ભગવાન વિષ્ણુની અંશભૂત હિમાલય ગિરિની પત્ની થાવ. એનાથી જે કન્યા થશે, તે 'પાર્વતી'ના નામથી વિખ્યાત થશે. પિતરોની બીજી પ્રિય કન્યા યોગિની ધન્યા રાજા જનકની પત્ની થશે. એને કન્યાના રૂપે મહાલક્ષ્મી

અવતીર્ણ થશે જેનું નામ 'સીતા' હશે. આ રીતે પિતરોની સૌથી નાની પુત્રી કલાવતી દ્વાપરના અંતિમ ભાગમાં વૃષભાનુ વૈશ્યની પત્ની થશે અને એની પ્રિય પુત્રી 'રાધા'ના નામથી વિખ્યાત થશે. યોગિની મેનકા (મેના) પાર્વતીજીના વરદાનથી પોતાના પતિની સાથે એ જ શરીરથી કૈલાસ નામક પરમપદને પ્રાપ્ત થઈ જશે. ધન્યા તથા તેના પતિ, જનકકુલમાં ઉત્પન્ન થયેલ જીવનમુક્ત મહાયોગી રાજા સીરધ્વજ, લક્ષ્મીરૂપા સીતાના પ્રભાવથી વૈકુંઠધામમાં જશે. વૃષભાનુની સાથે વૈવાહિક મંગલકૃત સંપન્ન હોવાને કારણે જીવનમુક્ત યોગિની કલાવતી પણ પોતાની કન્યા રાધાની સાથે ગોલોકધામમાં જશે - એમાં સંશય નથી. વિપત્તિમાં પડ્યા વગર ક્યાં કોઈનોય મહિમા પ્રગટ થાય છે. ઉત્તમ કર્મ કરનારા પુણ્યાત્મા પુરુષોનાં સંકટ જ્યારે ટળી જાય છે ત્યારે એમને દુર્લભ સુખની પ્રાપ્તિ થાય છે. હવે તમે લોકો પ્રસન્નતાપૂર્વક બીજી વાત પણ સાંભળો, જે સદા સુખદાયક છે. મેનાની પુત્રી જગદંબા પાર્વતી દેવી અત્યંત દુસ્સહ તપ કરીને ભગવાન શિવની પત્ની - પ્રિય પત્ની બનશે. ધન્યાની પુત્રી સીતા ભગવાન શ્રીરામજીની પત્ની બનશે અને લોકાચારનો આશ્રય લઈને શ્રીરામ સાથે વિહાર કરશે. સાક્ષાત્ ગોલોકધામમાં નિવાસ કરનારી રાધા જ કલાવતીની પુત્રી થશે. એ ગુપ્ત સ્નેહગાં બંધાઈને શ્રીકૃષ્ણની પ્રિયતમા બનશે.

બ્રહ્માજી કહે છે—હે નારદ! આ રીતે શાપના બહાનાથી દુર્લભ વરદાન આપીને સૌ દ્વારા પ્રશંસા મેળવીને ભગવાન સનત્કુમાર મુનિ ભાઈઓ સહિત ત્યાં જ અંતર્ધાન થઈ ગયા. હે તાત! પિતરોની માનસી પુત્રી એ ત્રણે બહેનો આ પ્રકારે શાપમુક્ત થઈને સુખ પ્રાપ્ત કરીને તરત પોતાને ઘેર ચાલ્યાં ગયાં. (અધ્યાય ૧-૨)

*

દેવતાઓનું હિમાલય પાસે જવું, એમનાથી સત્કૃત થઈને એમને ઉમા આરાધનની વિધિ બતાવીને સ્વયં પણ એક સુંદર સ્થાનમાં જઈને એમની સ્તુતિ કરવા લાગ્યા

નારદજી બોલ્યા—હે મહામતે! આપે મેનાના પૂર્વજન્મની આ શુભ અને અદ્‌ભુત કથા કહી છે. એમના વિવાહનો પ્રસંગ પણ મેં સાંભળી લીધો. હવે આગળનું ઉત્તમ ચરિત્રનું વર્ણન કરો.

બ્રહ્માજીએ કહ્યું—હે નારદ! જ્યારે મેનાની સાથે લગ્ન કરીને હિમવાન પોતાને ઘેર ગયા ત્યારે ત્રણે લોકોમાં બહુ ભારે ઉત્સવ થયો. હિમાલય પણ અત્યંત પ્રસન્ન થઈ મેનાની સાથે પોતાના સુખદાયક સદનમાં નિવાસ કરવા લાગ્યા. હે મુને! એ સમયે શ્રીવિષ્ણુ વગેરે સમસ્ત દેવતા અને મહાત્મા મુનિ ગિરિરાજ પાસે ગયા. એ સૌ દેવતાઓને આવેલા જોઈને મહાન હિમગિરિએ પ્રશંસાપૂર્વક એમને પ્રણામ કર્યા અને પોતાના ભાગ્યની પ્રશંસા કરતાં કરતાં ભક્તિભાવથી એ સૌનું આદર-માન કર્યું, સત્કાર કર્યો. હાથ જોડીને મસ્તક નમાવીને તો ખૂબ જ પ્રેમથી સ્તુતિ કરવા તૈયાર થયા. શૈલરાજના શરીરમાં મહાન રોમાંચ થઈ આવ્યો. એમનાં નેત્રોમાં પ્રેમની સરવાણી ફૂટી નીકળી. હે મુને!

હિમશૈલે પ્રસન્ન મનથી અત્યંત પ્રેમપૂર્વક પ્રણામ કર્યા અને વિનીત ભાવથી ઊભા રહ્યા અને શ્રીવિષ્ણુ વગેરે દેવતાઓને કહ્યું.

હિમાલય બોલ્યા—આજે મારો જન્મ સફળ થઈ ગયો, મારી બહુ ભારે તપસ્યા સફળ થઈ. આજે મારું જ્ઞાન સફળ થયું અને આજે મારી બધી ક્રિયાઓ સફળ થઈ ગઈ. આજે હું ધન્ય થઈ ગયો. મારી આખી ભૂમિ ધન્ય થઈ ગઈ. મારું કુળ ધન્ય થઈ ગયું. મારી સ્ત્રી તથા મારું સર્વસ્વ ધન્ય થઈ ગયું. એમાં કોઈ સંશય નથી, કેમકે, આપ સર્વ દેવતા એક સાથે મળીને એક જ સમયે અહીં પધાર્યા છો. મને આપનો સેવક સમજીને પ્રસન્નતાપૂર્વક ઉચિત કાર્યને માટે આજ્ઞા આપો.

હિમગિરિનું આ વચન સાંભળીને તે બધા દેવતા ખૂબ પ્રસન્ન થયા અને પોતાના કાર્યની સિદ્ધિ થતી જોઈને બોલ્યા.

દેવતાઓએ કહ્યું—હે મહાપ્રાજ્ઞ હિમાલય! અમારું હિતકારક વચન સાંભળો. અમે બધા અહીં જે કામ માટે આવ્યા છીએ એ પ્રસન્નતાપૂર્વક બતાવી રહ્યા છીએ. હે ગિરિરાજ! પહેલાં જે જગદંબા ઉમા દક્ષકન્યા સતીના રૂપે પ્રગટ થયાં હતાં અને રુદ્રપત્ની થઈને સુદીર્ઘકાળ સુધી આ ભૂતળ પર ક્રીડા કરી રહ્યાં હતાં એ જ અંબિકા સતી પોતાના પિતાથી અપમાનિત થઈને - અનાદર પામીને - પોતાની પ્રતિજ્ઞાનું સ્મરણ કરીને યજ્ઞમાં શરીર-ત્યાગ કરીને પરમ ધામ પધારી ગયાં હતાં. હે હિમગિરે! એ કથા લોકમાં વિખ્યાત છે અને તમને પણ તે વિદિત જ છે. જો એ સતી પુનઃ તમારા ઘરમાં પ્રગટ થઈ જાય તો દેવતાઓને મહાન લાભ થઈ શકે છે.

બ્રહ્માજી કહે છે—શ્રીવિષ્ણુ વગેરે દેવતાઓની આ વાત સાંભળીને ગિરિરાજ હિમાલય મનમાં ને મનમાં પ્રસન્ન થઈ આદરથી નમી ગયા અને બોલ્યા – 'હે પ્રભો! આવું થાય તો બહુ સૌભાગ્યની વાત છે? તદનંતર દેવતા એમને બહુ આદરથી ઉમાને પ્રસન્ન કરવાની વિધિ બતાવીને સ્વયં સદાશિવ-પત્ની ઉમાને શરણે ગયા. એક સુંદર સ્થાનમાં સ્થિત થઈને સમસ્ત દેવતાઓએ જગદંબાનું સ્મરણ કર્યું અને વારંવાર પ્રણામ કરીને તેઓ શ્રદ્ધાપૂર્વક એમની સ્તુતિ કરવા લાગ્યા.

દેવતા બોલ્યા—હે શિવલોકમાં નિવાસ કરનારાં દેવી! હે ઉમે! હે જગદંબે! હે સદાશિવ-પ્રિયે! હે દુર્ગે! હે મહેશ્વરિ! અમે આપને નમસ્કાર કરીએ છીએ. આપ પાવન શાંતસ્વરૂપ શ્રીશક્તિ છો, પરમપાવન પુષ્ટિ છો. અવ્યક્ત પ્રકૃતિ અને મહત્તત્ત્વ – એ આપનાં જ રૂપ છે. અમે ભક્તિભાવપૂર્વક આપને નમસ્કાર કરીએ છીએ. આપ કલ્યાણમયી શિવા છો. આપના હાથ કલ્યાણકારી છે. આપ શુદ્ધ, સ્થૂળ, સૂક્ષ્મ અને સૌનો પરમ આશ્રય છો. અંતર્વિદ્યા અને સુવિદ્યાથી અત્યંત પ્રસન્ન રહેનારાં આપ દેવીને અમે પ્રણામ કરીએ છીએ. આપ શ્રદ્ધા છો. આપ ધૃતિ છો. આપ શ્રી છો. તમે જ સર્વમાં વ્યાપ્ત થઈને રહેનારાં દેવી છો. તમે જ સૂર્યનાં કિરણો છો અને તમે જ પોતાના પ્રપંચનાં પ્રકાશક છો. બ્રહ્માંડરૂપ શરીરમાં અને જગતના જીવોમાં રહીને જે બ્રહ્માથી માંડીને તૃણપર્યન્ત સંપૂર્ણ જગતની પુષ્ટિ કરનારાં છો. એવાં આદિદેવીને અમે નમસ્કાર કરીએ છીએ. તમે જ વેદમાના ગાયત્રી છો, તમે સાવિત્રી અને સરસ્વતી છો. તમે જ સંપૂર્ણ જગતને માટે વાર્તા નામક વૃત્તિ છો અને તમે જ ધર્મસ્વરૂપા વેદત્રયી છો. તમે જ સંપૂર્ણ ભૂતોમાં નિદ્રા બનીને રહો છો. એમની ક્ષુધા અને તૃપ્તિ પણ તમે જ છો. તમે જ તૃષ્ણા, કાન્તિ,

છબિ, તુષ્ટિ અને સદા સંપૂર્ણ આનંદ આપનારાં છો. તમે જ પુણ્યકર્તાઓને ત્યાં લક્ષ્મી બનીને રહો છો અને તમે જ પાપીઓને ઘેર સદા જ્યેષ્ઠા (લક્ષ્મીની મોટી બહેન દરિદ્રતા)ના રૂપે વાસ કરો છો. આપ જ સંપૂર્ણ જગતની શાંતિ છો. આપ જ ધારણ કરનાર ધાત્રી અને પ્રાણોનું પોષણ કરનારાં શક્તિ છો. તમે જ પાંચે ભૂતોના સારતત્ત્વને પ્રગટ કરનારાં તત્ત્વરૂપા છો. તમે જ નીતિજ્ઞોની નીતિ તથા વ્યવસાયરૂપિણી છો. આપ જ સામવેદની ગીતિ છો. તમે જ ગ્રંથિ છો. તમે જ યજુર્મંત્રોનાં આહુતિ છો. ઋગ્વેદનાં ગાત્રા તથા અથર્વવેદનાં પરમ ગતિ પણ આપ જ છો. જે પ્રાણીઓનાં નાક, કાન, નેત્ર, મુખ, ભુજા, વક્ષઃસ્થલ અને હૃદયમાં ધૃતિરૂપે સ્થિત થઈને સદાને માટે એમના સુખનો વિસ્તાર કરો છો. જે નિદ્રારૂપે સંસારના લોકોને અત્યંત સુભગ પ્રતીત થાઓ છો, એ દેવી ઉમા જગતની સ્થિતિ અને પાલનને માટે અમારા સૌ પર પ્રસન્ન થાઓ.

આ રીતે જગતજનની સતી-સાધ્વી મહેશ્વરી ઉમાની સ્તુતિ કરીને પોતાના હૃદયમાં શુદ્ધ પ્રેમ રાખીને બધા દેવતા એમનાં દર્શનની ઇચ્છાથી ત્યાં ઊભા રહ્યા. (અધ્યાય-૩)

*

ઉમાદેવીનું દિવ્યરૂપે દેવતાઓને દર્શન દેવું, દેવતાઓનાં એમના અભિપ્રાયનું નિવેદન કરવું અને દેવીએ અવતાર લેવાની સ્વીકૃતિ આપીને દેવતાઓને આશ્વાસન આપવું

બ્રહ્માજી કહે છે—હે નારદ! દેવતાઓની આ પ્રકારે સ્તુતિ કરવાથી દુર્ગમ પીડાનો નાશ કરનારાં જગતજનની દેવી દુર્ગા એમની સામે પ્રગટ થયાં. એ પરમ અદ્‌ભુત દિવ્ય રથ પર બેઠેલાં હતાં. એ શ્રેષ્ઠ રથમાં ઘૂઘરમાળ લગેલી હતી અને મુલાયમ પથારી પણ પાથરેલી હતી. એમના શ્રીવિગ્રહનું એકેએક અંગ કરોડો સૂર્યોથી પણ અધિક પ્રકાશમાન અને રમણીય હતું. એવા અવયવોથી એ અત્યંત ઉદ્‌ભાસિત થઈ રહ્યાં હતાં. સર્વત્ર ફેલાયેલી એમની તેજરાશિના મધ્યભાગમાં તે બિરાજમાન હતાં. એમનું રૂપ બહુ જ સુંદર હતું, અને એમની છવિની ક્યાંય તુલના થઈ શકે તેમ ન હતું. સદાશિવ સાથે વિલાસ કરનારાં એ મહામાયાની કોઈની પણ સાથે સમાનતા થઈ શકે નહીં. શિવલોકમાં નિવાસ કરનારાં એ દેવી ત્રિવિધ ચિન્મય ગુણોથી યુક્ત હતાં. પ્રાકૃત ગુણોનો અભાવ હોવાથી એમને નિર્ગુણા પણ કહેવાય. એ

નિત્યરૂપા છે. એ દુષ્ટો પર પ્રચંડ કોપને ધારણ કરવાને કારણે ચંડી પણ કહેવાયાં, પરંતુ સ્વરૂપથી શિવા (કલ્યાણમયી) છે. સર્વની સંપૂર્ણ પીડાઓનો નાશ કરનારાં છે તથા સંપૂર્ણ જગતનાં માતા છે. એ જ પ્રલયકાળમાં મહાનિદ્રા થઈને સૌને પોતાના ખોળામાં ઊંઘાડી દે છે તથા એ સમસ્ત સ્વજનો (ભક્તો)નો સંસાર-સાગરથી ઉદ્ધાર કરી દે છે. શિવાદેવીની તેજોરાશિના પ્રભાવથી દેવતા એમને સારી રીતે જોઈ ન શક્યા. ત્યારે એમનાં દર્શનની અભિલાષાથી દેવતાઓએ પુનઃ એમનું સ્તવન કર્યું. તદનંતર દર્શનની ઇચ્છા રાખનાર વિષ્ણુ વગેરે સૌ દેવતાઓએ જગદંબાની કૃપા મેળવીને ત્યાં એમનાં સુસ્પષ્ટ દર્શન કરી શક્યા.

એ પછી દેવતા બોલ્યા—હે અંબિકે! હે મહાદેવી! અમે સદા આપના દાસ છીએ. આપ પ્રસન્નતાપૂર્વક અમારું નિવેદન સાંભળો. પહેલાં આપ દક્ષનાં પુત્રીરૂપે અવતીર્ણ થઈને લોકમાં રુદ્રદેવનાં વલ્લભા થયાં. એ સમયે આપે બ્રહ્માજી તથા બીજા દેવતાઓનાં મહાન દુઃખનું નિવારણ કર્યું હતું. ત્યાર પછી પિતાથી અનાદર મેળવીને પોતે કરેલી પ્રતિજ્ઞા અનુસાર આપે શરીર ત્યાગ કરી દીધો હતો અને સ્વધામમાં પધાર્યાં હતાં. એથી ભગવાન હરને પણ બહુ ભારે દુઃખ થયું હતું. હે મહેશ્વરિ! આપના ચાલ્યા જવાથી દેવતાઓનું કાર્ય પૂરું ન થયું. તેથી અમે દેવતા અને મુનિ વ્યાકુળ થઈને આપને શરણે આવ્યા છીએ. હે મહેશાનિ! હે શિવે! આપ દેવતાઓનો મનોરથ પૂર્ણ કરો, જેથી સનતકુમારનું વચન સફળ થાય. હે દેવી! આપ ભૂતલ પર અવતીર્ણ થઈને પુનઃ રુદ્રદેવની પત્ની બનો અને યથાયોગ્ય એવી લીલા કરો જેથી દેવતાઓને સુખ થાય. હે દેવી! આથી કૈલાસ પર્વત પર નિવાસ કરનારા રુદ્રદેવ પણ સુખી થશે. આપ એવી કૃપા કરો, જેથી બધા સુખી થઈ જાય અને સર્વનું બધું જ દુઃખ નષ્ટ થઈ જાય.

બ્રહ્માજી કહે છે—હે નારદ! આવું કહીને વિષ્ણુ વગેરે બધા દેવતા પ્રેમમાં મગ્ન થઈ ગયા અને ભક્તિથી વિનમ્ર બનીને ચૂપચાપ ઊભા રહ્યા. દેવતાઓની આ સ્તુતિ સાંભળીને શિવાદેવી પણ બહુ પ્રસન્ન થયાં. એમના હેતુનો વિચાર કરીને પોતાના પ્રભુ શિવનું સ્મરણ કરતાં કરતાં ભક્તવત્સલા દયામયી ઉમાદેવી એ સમયે વિષ્ણુ વગેરે દેવતાઓને સંબોધિત કરતાં બોલ્યાં.

ઉમાએ કહ્યું—હે હરે! હે વિધે! અને હે દેવતાઓ અને મુનિઓ! તમે સૌ મનમાંથી વ્યથા કાઢી દો અને મારી વાત સાંભળો. હું તમારા ઉપર પ્રસન્ન છું, એમાં સંશય નથી. તમે સૌ લોકો પોતપોતાને સ્થાને પ્રસ્થાન કરો અને ચિરકાલ સુધી સુખી રહો. હું અવતાર લઈને મેનાની પુત્રી થઈને એમને સુખ આપીશ અને રુદ્રદેવની પત્ની થઈ જઈશ. આ ગારો અત્યંત ગુપ્ત મત છે. ભગવાન શિવની લીલા અદ્‌ભુત છે. એ તો જ્ઞાનીઓને પણ મોહમાં નાખનાર છે. હે દેવતાઓ! એ યજ્ઞમાં જઈને પિતા દ્વારા મારા સ્વામીનો અનાદર જોઈને મેં દક્ષજનિત શરીરનો ત્યાગ કર્યો છે, ત્યારથી જ મારા સ્વામી કાલાગ્નિ રુદ્રદેવ તત્કાળ દિગંબર થઈ ગયા. એ મારી જ ચિંતામાં ડૂબેલા રહે છે. એમના મનમાં આ વિચાર ઊઠ્યા કરે છે કે ધર્મને જાણનારી સતી મારો રોષ જોઈને પિતાના યજ્ઞમાં ગઈ અને ત્યાં મારો અનાદર જોઈ મારામાં પ્રેમ હોવાને કારણે એણે પોતાના શરીરનો ત્યાગ કર્યો. આવું વિચારીને તે ઘરબાર છોડીને

અલૌકિક વેશ ધારણ કરીને યોગી બની ગયા. મારા સ્વરૂપભૂતા સતીના વિયોગને એ મહેશ્વર સહન ન કરી શક્યા. હે દેવતાઓ! ભગવાન રુદ્રની પણ એ અત્યંત ઇચ્છા છે કે ભૂતલ પર મેના અને હિમાચલના ઘરમાં મારો અવતાર થાઓ કેમકે, તે પુનઃ મારા પાણિગ્રહણની અભિલાષા રાખે છે. તેથી હું રુદ્રદેવના સંતોષ માટે અવતાર લઈશ અને લૌકિક ગતિનો આશ્રય લઈને હિમાલયની પત્ની મેનાની પુત્રી થઈશ.

બ્રહ્માજી કહે છે—હે નારદ! આવું કહીને જગદંબા શિવા એ સમયે સમસ્ત દેવતાઓ સામે જોતજોતામાં અદૃશ્ય થઈ ગયાં અને તરત જ પોતાના લોકમાં જતાં રહ્યાં. તદનંતર હર્ષથી ભરેલા વિષ્ણુ વગેરે સમસ્ત દેવતા અને મુનિ એ દિશાને પ્રણામ કરીને પોતપોતાનાં ધામોમાં ચાલ્યા ગયા.

(અધ્યાય-૪)

*

મેનાને પ્રત્યક્ષ દર્શન આપીને શિવાદેવીનું એમને ઇચ્છિત વરદાનથી સંતોષ આપવો અને મેનાથી મૈનાકનો જન્મ

નારદજીએ પૂછ્યું—હે પિતાજી! જ્યારે દેવી દુર્ગા અંતર્ધાન થઈ ગયાં અને દેવગણ પોતપોતાને ધામે ચાલ્યા ગયા, એ પછી શું થયું?

બ્રહ્માજીએ કહ્યું—હે મારા પુત્રોમાં શ્રેષ્ઠ વિપ્રવર નારદ! જ્યારે વિષ્ણુ વગેરે દેવસમુદાય હિમાલય અને મેનાને દેવીની આરાધનાનો ઉપદેશ આપીને ચાલ્યા ગયા, ત્યારે ગિરિરાજ હિમાચલ અને મેના બંને દંપતિએ બહુ ભારે તપસ્યાનો આરંભ કર્યો. તે દિવસ-રાત શંભુ અને શિવાનું ચિંતન કરતાં કરતાં ભક્તિયુક્ત ચિત્તથી નિત્ય એમની સમ્યક્ રીતિથી આરાધન કરવા લાગ્યાં. હિમવાનની પત્ની મેના બહુ પ્રસન્નતાથી શિવસહિત શિવાદેવીની પૂજા કરવા લાગી. તે એમના સંતોષને માટે સદા બ્રાહ્મણોને દાન દેવા લાગી. મનમાં સંતાનની કામના લઈને મેના ચૈત્રમાસના આરંભથી લઈને સત્યાવીશ વર્ષો સુધી પ્રતિદિન તત્પરતાપૂર્વક શિવાદેવીની પૂજા અને આરાધનામાં લાગ્યાં રહ્યાં. તે આઠમે ઉપવાસ કરીને નવમીએ લાડુ, બલિ-સામગ્રી, પીઠી, ખીર અને ગંધ-પુષ્પ દેવીને ધરવા લાગ્યાં. ગંગાને કિનારે ઔષધિપ્રસ્થમાં ઉમાની માટીની મૂર્તિ બનાવીને વિવિધ પ્રકારની વસ્તુઓ સમર્પિત કરીને એમની પૂજા કર્યા કરતાં હતાં. મેના દેવી ક્યારેક નિરાહાર રહેતાં, ક્યારેક વ્રતના નિયમોનું પાલન કરતાં, ક્યારેક માત્ર પાણી પીને રહેતાં અને ક્યારેક હવા લઈને જ રહી જતાં. વિશુદ્ધ તેજથી ચમકતી-દમકતી દીપ્તિમતી મેનાએ પ્રેમપૂર્વક શિવામાં ચિત્ત પરોવીને સત્યાવીશ વર્ષ વ્યતીત કરી દીધાં. સત્યાવીશ વર્ષ પૂરાં થયા પછી જગન્મયી શંકરકામિની જગદંબા ઉમા અત્યંત પ્રસન્ન થયાં. મેનાની ઉત્તમ ભક્તિથી સંતુષ્ટ થઈને તે પરમેશ્વરી દેવી એમના પર અનુગ્રહ કરવા માટે એમની સામે પ્રગટ થયાં. તેજોમંડલની વચ્ચે બિરાજમાન તથા દિવ્ય અવયવોથી સંયુક્ત ઉમાદેવી પ્રત્યક્ષ દર્શન આપીને મેનાને હસતાં હસતાં કહેવા લાગ્યાં.

દેવીએ કહ્યું—હે ગિરિરાજ હિમાલયની રાણી મહાસાધ્વી મેના! હું તમારી તપસ્યાથી

બહુ પ્રસન્ન છું. તમારા મનમાં જે અભિલાષા હોય, એ કહો. હે મેના! તમે તપસ્યા, વ્રત અને સમાધિ દ્વારા જે જે વસ્તુને માટે પ્રાર્થના કરી છે એ સર્વ હું આપને આપીશ. ત્યારે મેનાએ પ્રત્યક્ષ પ્રગટ થયેલાં કાલિકાદેવીને જોઈને પ્રણામ કર્યા અને આ પ્રકારે કહ્યું –

મેના બોલ્યાં—હે દેવી! આ સમયે મને આપનાં પ્રત્યક્ષ દર્શન થયાં છે. તેથી હું આપની સ્તુતિ કરવા ચાહું છું. હે કાલિકે! એટલા માટે આપ પ્રસન્ન થાઓ.

બ્રહ્માજી બોલ્યા—હે નારદ! મેનાનું આવું કહેવાથી સર્વમોહિની કાલિકાદેવીએ મનમાં અત્યંત પ્રસન્ન થઈને બંને હાથ વડે ખેંચીને મેનાને હૃદયસરસી ચાંપી દીધી - એથી એમને તત્કાલ મહાજ્ઞાનની પ્રાપ્તિ થઈ ગઈ. પછી તો મેનાદેવી પ્રિય વચનો દ્વારા ભક્તિભાવથી પોતાની સામે ઊભેલાં કાલિકાદેવીની સ્તુતિ કરવા લાગ્યાં.

મેના બોલ્યાં—જે મહામાયા જગતને ધારણ કરનારાં ચંડિકા, લોકધારિણી તથા સંપૂર્ણ મનોવાંછિત પદાર્થોને આપનારાં એ મહાદેવીને હું પ્રણામ કરું છું. જે નિત્ય આનંદ પ્રદાન કરનારાં માયા, યોગનિદ્રા, જગતજનની તથા જે સુંદર કમળોની માળાથી અલંકૃત છે, એવાં નિત્યસિદ્ધા ઉમાદેવીને હું નમસ્કાર કરું છું. જે સર્વની માતામહી, નિત્ય આનંદમયી, ભક્તોના શોકનો નાશ કરનારાં તથા કલ્પપર્યંત નારીઓ અને પ્રાણીઓની બુદ્ધિરૂપિણી છે, એ દેવીને હું પ્રણામ કરું છું. આપ યતિઓનાં અજ્ઞાનમય બંધનના નાશની હેતુભૂતા બ્રહ્મવિદ્યા છો. પછી મારા જેવી સ્ત્રીઓ આપના પ્રભાવનું શું વર્ણન કરી શકે. અથર્વવેદની જે હિંસા (મારણ વગેરે પ્રયોગ) છે, તે જ આપ છો. હે દેવી! આપ મારા મનોવાંછિત ફળને સદા પ્રદાન કરો. ભાવહીન (આકારરહિત) તથા અદૃશ્ય નિત્યાનિત્ય તન્માત્રાઓથી આપ જ પંચભૂતોના સમુદાયને સંયુક્ત કરો છો. આપ જ એમની શાશ્વત શક્તિ છો. આપનું સ્વરૂપ નિત્ય છે. આપ સમય સમય પર યોગયુક્ત અને સમર્થ નારીરૂપે પ્રગટ થાઓ છો. આપ જ જગતનાં યોનિ છો. આધાર-શક્તિ છો. તમે જ પ્રાકૃત તત્ત્વોથી પર નિત્ય પ્રકૃતિ કહેવાવ છો. જે દ્વારા બ્રહ્મના સ્વરૂપને વશમાં કરી શકાય (જાણી શકાય) છે, તે નિત્ય વિદ્યા આપ જ છો. હે માતઃ! આપ મુજ પર પ્રસન્ન થાઓ. તમે જ અગ્નિની અંદર વ્યાપ્ત ઉગ્ર અગ્નિ છો. તમે જ સૂર્યકિરણોમાં સ્થિત પ્રકાશિકા

શક્તિ છો. ચંદ્રમામાં જે આહ્લાદિકા શક્તિ છે, તે પણ આપ જ છો – એવાં આ ચંડીદેવીનું હું સ્તવન અને વંદન કરું છું. આપ સ્ત્રીઓને બહુ પ્રિય છો. ઊર્ધ્વરેતા બ્રહ્મચારીઓની ધ્યેયભૂતા નિત્યા બ્રહ્મશક્તિ પણ આપ જ છો. સંપૂર્ણ જગતની વાંછા તથા શ્રીહરિની માયા પણ આપ જ છો. જે દેવી ઇચ્છાનુસાર રૂપ ધારણ કરીને સૃષ્ટિ, પાલન અને સંહારમયી થઈ એ કાર્યોને સંપાદિત કરે છે તથા બ્રહ્મા, વિષ્ણુ અને રુદ્રના શરીરની પણ હેતુભૂતા છે તે આપ જ છો. હે દેવી! આપ મુજ પર પ્રસન્ન થાઓ. આપને પુનઃ મારા નમસ્કાર હો.

બ્રહ્માજી કહે છે—હે નારદ! મેનાની આ પ્રકારની સ્તુતિ કરવાથી દુર્ગા કાલિકાએ પુનઃ એ મેનાદેવીને કહ્યું – 'તમે તમારું મનોવાંછિત વરદાન માગી લો. હે હિમાલય પ્રિયે! તમે મને પ્રાણોની જેમ પ્યારાં છો. તમારી જે ઇચ્છા હોય, તે માગો. એ હું નિશ્ચય જ આપી દઈશ. તમારે માટે કશુંય અદેય નથી.'

મહેશ્વરી ઉમાનું આ અમૃત સમાન મધુર વચન સાંભળીને હિમગિરિકામિની મેના ખૂબ જ સંતુષ્ટ થયાં અને આ પ્રકારે બોલ્યાં – 'હે શિવે! આપનો જય હો, જય હો. ઉત્કૃષ્ટ જ્ઞાનવાળાં હે મહેશ્વરિ! હે જગદંબિકે! જો હું વરદાન મેળવવાને યોગ્ય હોઉં તો પછી હું આપની પાસે શ્રેષ્ઠ વરદાન માગું છું. હે જગદંબે! પહેલાં તો મને સો પુત્રો થાઓ. એ સૌનું આયુષ્ય બહુ લાંબું હોય. તે બળ-પરાક્રમથી યુક્ત હોય તથા રિદ્ધિ-સિદ્ધિથી સંપન્ન હોય. એ પુત્રો પછી ભારે એક પુત્રી હોય, જે સ્વરૂપ અને ગુણોથી સુશોભિત હોય. એ બંને કુળોને આનંદ આપનારી હોય અને ત્રણે લોકોમાં પૂજિત હોય. હે જગદંબિકે! હે શિવે! આપ જ દેવતાઓનાં કાર્ય સિદ્ધ કરવા માટે મારી પુત્રી તથા રુદ્રદેવની પત્ની થાઓ અને તદનુસાર લીલા કરો.'

બ્રહ્માજી કહે છે—હે નારદ! મેનકાની આ વાત સાંભળી પ્રસન્ન હૃદયા દેવી ઉમાએ એમના મનોરથ પૂર્ણ કરવાને માટે હસતાં હસતાં કહ્યું.

દેવી બોલ્યાં—પહેલાં તમને સો બળવાન પુત્રો પ્રાપ્ત થશે એમાં પણ એક સૌથી અધિક બળવાન અને પ્રધાન હશે, જે સૌથી પહેલાં ઉત્પન્ન થશે. તમારી ભક્તિથી સંતુષ્ટ થઈને હું સ્વયં તમારે ત્યાં પુત્રીના રૂપમાં અવતીર્ણ થઈશ અને સમસ્ત દેવતાઓથી સેવિત થઈને એમનું કાર્ય સિદ્ધ કરીશ.

આવું કહીને જગદ્ધાત્રી પરમેશ્વરી કાલિકા શિવા મેનકાના જોતાં જોતાં ત્યાં અદૃશ્ય થઈ ગયાં. હે તાત! મહેશ્વરી પાસેથી મનોવાંછિત વરદાન મેળવીને મેનકાને અપાર હર્ષ થયો. એમનો તપસ્યા-જનિત બધો ક્લેશ નષ્ટ થઈ ગયો. હે મુને! પછી કાળક્રમથી મેનાને ગર્ભ રહ્યો અને એ પ્રતિદિન વધવા લાગ્યો. સમયાનુસાર એમણે એક ઉત્તમ પુત્રને ઉત્પન્ન કર્યો, જેનું નામ મૈનાક હતું. એણે સમુદ્ર સાથે ઉત્તમ મૈત્રી બાંધી. આ અદ્‌ભુત પર્વત નાગવધૂઓના ઉપભોગનું સ્થળ બનેલું છે. એનાં સમસ્ત અંગો શ્રેષ્ઠ છે. હિમાલયના સો પુત્રોમાં તે સર્વથી શ્રેષ્ઠ અને મહાન બળ-પરાક્રમથી સંપન્ન છે. પોતાનાથી અથવા પોતાના બાદ પ્રગટ થયેલા સમસ્ત પર્વતોમાં એકમાત્ર મૈનાક જ પર્વતરાજના પદ પર પ્રતિષ્ઠિત છે.

(અધ્યાય-૫)

*

દેવી ઉમાનું હિમવાનના હૃદય તથા મેનાના ગર્ભમાં આવવું, ગર્ભસ્થા દેવીનું દેવતાઓ દ્વારા સ્તવન, એમનો દિવ્યરૂપે પ્રાદુર્ભાવ, માતા મેના સાથે વાતચીત તથા નવજાત કન્યાના રૂપે પરિવર્તિત થઈ જવું

બ્રહ્માજી કહે છે—હે નારદ! તદનંતર મેના અને હિમાલય આદરપૂર્વક દેવકાર્યની સિદ્ધિ માટે કન્યાપ્રાપ્તિના હેતુ માટે ત્યાં જગતજનની ભગવતી ઉમાનું ચિંતન કરવા લાગ્યાં. જે પ્રસન્ન થાય તો સંપૂર્ણ મનોવાંછિત વસ્તુઓનો આપનારાં છે. એ મહેશ્વરી ઉમા પોતાના પૂર્ણ અંશે ગિરિરાજ હિમવાનના ચિત્તમાં પ્રવિષ્ટ થયાં. આથી એમનાં શરીરમાં અપૂર્વ અને સુંદર પ્રભા ઊતરી આવી. તે આનંદમગ્ન થઈ અત્યંત પ્રકાશિત થવા લાગ્યા. એ અદ્‌ભુત તેજોરાશિથી સંપન્ન મહાગના હિમાલય અગ્નિની જેમ અદૃશ્ય થઈ ગયા હતા. તત્પશ્ચાત્ સુંદર કલ્યાણકારી સમયે હિમાલયે પોતાની પ્રિયા મેનાના ઉદરમાં શિવાના એ પરિપૂર્ણ અંશનું આધાન કર્યું. આ રીતે ગિરિરાજની પત્ની મેનાએ હિમવાનના હૃદયમાં બિરાજમાન કરુણાનિધાન દેવીની કૃપાથી સુખદાયક ગર્ભ ધારણ કર્યો. સંપૂર્ણ જગતની નિવાસભૂતા દેવીના ગર્ભમાં આવવાથી ગિરિપ્રિયા મેના સદા તેજોમંડલની વચમાં સ્થિત થઈને અધિક શોભવા લાગ્યાં. પોતાની પ્રિયા શુભાંગી મેનાને જોઈને ગિરિરાજ હિમવાન બહુ પ્રસન્નતાનો અનુભવ કરવા લાગ્યા. ગર્ભમાં જગદંબાના આવી જવાથી એ મહાન તેજથી સંપન્ન થઈ ગયાં હતાં. હે મુને! એ અવસરે વિષ્ણુ વગેરે દેવતા અને મુનિઓએ ત્યાં આવીને ગર્ભમાં નિવાસ કરનારાં શિવાદેવીની સ્તુતિ કરી અને ત્યારપછી મહેશ્વરીની વિવિધ પ્રકારે સ્તુતિ કરીને પ્રસન્નચિત્ત દેવતા પોતપોતાને ધામે ચાલ્યા ગયા. જ્યારે નવમો મહિનો વીતી ગયો અને દશમો પણ પૂરો થવા આવ્યો, ત્યારે જગદંબા કાલિકાએ સમયપૂર્ણ થવા પર ગર્ભસ્થ શિશુની જે ગતિ થાય છે, એને ધારણ કરી અર્થાત્ જન્મ લઈ લીધો. એ અવસર પર આદ્યાશક્તિ સતી-સાધ્વી શિવા પહેલાં મેનાની સામે પોતાના જ સ્વરૂપે પ્રગટ થયાં. વસંત ઋતુમાં ચૈત્ર માસની નવમી તિથિએ મૃગશિરા નક્ષત્રમાં અર્ધરાત્રિના સમયે ચંદ્રમંડળથી આકાશ-ગંગાની જેમ મેનકાના ઉદરથી દેવી શિવાનો પોતાના જ સ્વરૂપે પ્રાદુર્ભાવ થયો. એ સમયે સંપૂર્ણ સંસારમાં પ્રસન્નતા છવાઈ ગઈ. અનુકૂળ હવા આવવા માંડી, જે સુંદર, સુગંધિત અને ગંભીર હતી. એ સમયે જળની વર્ષા સાથે પુષ્પ-વર્ષા પણ થવા લાગી. વિષ્ણુ વગેરે દેવતાઓ ત્યાં આવ્યા. સૌએ સુખી થઈને પ્રસન્નતાની સાથે જગદંબાનાં દર્શન કર્યાં, અને શિવલોકમાં નિવાસ કરનારી દિવ્યરૂપા મહામાયા શિવકામિની મંગલમયી કાલિકા માતાનું સ્તવન કર્યું.

હે નારદ! જ્યારે દેવતાલોકો સ્તુતિ કરીને ચાલ્યા ગયા, ત્યારે મેનકા એ સમયે પ્રગટ થયેલી નીલ કમળદળ જેવી કાન્તિવાળી શ્યામવર્ણા દેવીને જોઈને અતિશય આનંદનો અનુભવ કરવા લાગી. દેવીના એ દિવ્યરૂપનું દર્શન કરીને ગિરિપ્રિયા મેનકાને જ્ઞાન પ્રાપ્ત થઈ ગયું. એ એમને પરમેશ્વરી સમજીને અત્યંત હર્ષથી ઉલ્લસિત થઈ ઊઠ્યાં અને સંતોષપૂર્વક બોલ્યાં.

મેનાએ કહ્યું—હે જગદંબે! હે મહેશ્વરિ! આપે બહુ મોટી કૃપા કરી, જે મારી સામે પ્રગટ થયાં. હે અંબિકે! આપની બહુ શોભા થઈ રહી છે. હે શિવે! આપ સંપૂર્ણ શક્તિઓમાં આદ્યાશક્તિ તથા ત્રણે લોકોની જનની છો. હે દેવી! આપ ભગવાન શિવને સદાયે પ્રિય છો અને સંપૂર્ણ દેવતાઓ દ્વારા પ્રશંસિત પરાશક્તિ છો. હે મહેશ્વરિ! આપ કૃપા કરો, અને આ જ રૂપે મારા ધ્યાનમાં સ્થિત જાઓ. સાથે જ મારી પુત્રીને અનુરૂપ પ્રત્યક્ષ દર્શનીય રૂપ પણ ધારણ કરો.

બ્રહ્માજી કહે છે—હે નારદ! પર્વત-પત્ની મેનાની આ વાત સાંભળીને અત્યંત પ્રસન્ન થયેલાં શિવાદેવીએ એ ગિરિપ્રિયાને આ રીતે ઉત્તર આપ્યો.

દેવી બોલ્યાં—હે મેના! તમે પહેલાં તત્પરતાપૂર્વક મારી બહુ સેવા કરી હતી. એ સમય તમારી ભક્તિથી પ્રસન્ન થઈને હું વરદાન આપવા તમારી પાસે આવી હતી – 'વરદાન માગો' એવી મારી વાણી સાંભળીને તમે જે વરદાન માગ્યું હતું તે આ પ્રકારે છે – 'હે મહાદેવી! તમે મારી પુત્રી થઈ જાઓ અને દેવતાઓનું હિત-સાધન કરો.' ત્યારે મેં 'તથાસ્તુ' કહીને તમને આદરપૂર્વક વરદાન આપી દીધું અને હું મારા ધામમાં જતી રહી. હે ગિરિકામિની! એ વરદાન અનુસાર સમય થયે આજે હું તમારી પુત્રી થઈ છું. આજે મેં જે દિવ્યરૂપનું દર્શન કરાવ્યું છે એનો ઉદ્દેશ્ય એટલો જ છે કે તેમને મારા સ્વરૂપનું સ્મરણ થઈ જાય; અન્યથા મનુષ્યરૂપે પ્રગટ થવાથી મારી બાબત તમે અજાણ્યાં જ બની રહત. હવે તમે બંને દંપતિ પુત્રીભાવથી અથવા દિવ્ય ભાવે મારું નિરંતર ચિંતન કરતાં કરતાં મારામાં સ્નેહ રાખો. એથી મારી ઉત્તમ ગતિ પ્રાપ્ત થશે. હું પૃથ્વી પર અદ્‌ભુત લીલા કરીને દેવતાઓનું કાર્ય સિદ્ધ કરીશ. ભગવાન શંભુની પત્ની બનીશ અને સજ્જનોનો સંકટથી ઉદ્ધાર કરીશ.

આવું કહીને જગન્માતા શિવા ચૂપ થઈ ગયાં અને એ જ ક્ષણે માતા જોતજોતામાં પ્રસન્નતાપૂર્વક નવજાત પુત્રીરૂપે પરિવર્તિત થઈ ગયાં.

(અધ્યાય-૬)

*

પાર્વતીનું નામકરણ અને વિદ્યાધ્યયન, નારદનું હિમવાનને ત્યાં જવું, પાર્વતીનો હાથ જોઈ ભાવિ ફળ બતાવવું, ચિંતિત થયેલા હિમવાનને આશ્વાસન આપીને પાર્વતીનો વિવાહ શિવજી સાથે કરવા કહેવું અને એમના સંદેહનું નિવારણ કરવું

બ્રહ્માજી કહે છે—હે નારદ! મેનાની સામે મહાતેજસ્વી કન્યા થઈને લૌકિક ગતિનો આશ્રય લઈને તે રડવા લાગી. એનું મનોહર રુદન સાંભળીને ઘરની બધી સ્ત્રીઓ હર્ષથી નાચી ઊઠી અને બહુ વેગથી ત્યાં આવી પહોંચી. નીલ-કમલદલ જેવી શ્યામ કાન્તિવાળી એ પરમ તેજસ્વિની અને મનોરમ કન્યાને જોઈને ગિરિરાજ હિમાલય અતિશય આનંદમાં નિમગ્ન થઈ ગયા.

તદનંતર સુંદર મુહૂર્તમાં મુનિઓની સાથે હિમવાને પુત્રીનું કાલી વગેરે સુખદાયક નામ રાખ્યાં. દેવી શિવા ગિરિરાજના ભવનમાં દિવસે દિવસે મોટાં થવા માંડ્યાં – બરાબર એ જ રીતે જેવી રીતે વર્ષાના સમયમાં ગંગાની જલરાશિ અને શરદ-ઋતુના શુક્લ પક્ષમાં ચાંદની વધે છે. સુશીલતા વગેરે ગુણોથી સંયુક્ત તથા બંધુજનોની વહાલી એ કન્યાને કુટુંબીજનો પોતાના કુળને અનુરૂપ પાર્વતી નામથી બોલાવવા લાગ્યાં. માતાએ કાલિકાને 'ઉમા' (અરે! તપસ્યા ન કર) કહીને તપ કરતાં રોક્યાં હતાં. હે મુને! એ સુંદર મુખવાળાં ગિરિરાજનંદિની આગળ જતાં ઉમાના નામે વિખ્યાત થઈ ગયાં. હે નારદ! તદનંતર જ્યારે વિદ્યાના ઉપદેશનો સમય થયો ત્યારે શિવાદેવી પોતાના ચિત્તને એકાગ્ર કરીને બહુ પ્રસન્નતાથી શ્રેષ્ઠ ગુરુ પાસે વિદ્યા ભણવા માંડ્યાં. પૂર્વજન્મની સર્વ વિદ્યા એમને એવી જ રીતે પ્રાપ્ત થઈ ગઈ, જેવી રીતે શરતકાળમાં હંસોની પંક્તિ પોતાની મેળે જ સ્વર્ગંગાને તટે પહોંચી જાય છે, અને રાતે પોતાનો પ્રકાશ જાતે જ મહાઔષધિઓને પ્રાપ્ત થઈ જાય છે. હે મુને! આ રીતે મેં શિવાની કોઈ એક લીલાનું જ વર્ણન કર્યું છે. હવે અન્ય લીલાનું વર્ણન કરીશ. સાંભળો.

એક વખતની વાત છે કે તમે ભગવાન શિવની પ્રેરણાથી પ્રસન્નતાપૂર્વક હિમાચલને ઘેર ગયા. હે મુને! તમે શિવતત્ત્વના જ્ઞાતા અને એમની લીલાઓના શ્રેષ્ઠ જાણકાર છો. હે નારદ! ગિરિરાજ હિમાલયે તમને ઘેર આવેલા જોઈ પ્રણામ કરીને તમારી પૂજા કરી અને પોતાની પુત્રીને બોલાવીને એને તમારાં ચરણોમાં પ્રણામ કરાવ્યા. હે મુનીશ્વર! પછી જાતે જ તમને નમસ્કાર કરીને હિમાચલે પોતાના સૌભાગ્યની પ્રશંસા કરી અને મસ્તકને અત્યંત નમાવીને હાથ જોડીને તમને કહ્યું.

હિમાલય બોલ્યા—હે મુને નારદ! હે બ્રહ્મપુત્રોમાં શ્રેષ્ઠ જ્ઞાનવાન પ્રભો! આપ સર્વજ્ઞ છો, અને કૃપાપૂર્વક બીજાના ઉપકારમાં સતત રત રહો છો, મારી પુત્રીની જન્મકુંડળીમાં જે ગુણ-દોષ હોય એ બતાવો. મારી પુત્રી કોની સૌભાગ્યવતી પ્રિય પત્ની બનશે.

બ્રહ્માજી કહે છે—હે મુનિશ્રેષ્ઠ! તમે વાતચીતમાં કુશળ અને કૌતુકી તો છો જ, ગિરિરાજ હિમાલયના આવા કહેવા પર તમે બાલિકાના હાથ જોયા અને એનાં સંપૂર્ણ અંગો પર વિશેષ દૃષ્ટિપાત કરીને હિમાલયને આ પ્રકારે કહેવાનું શરૂ કર્યું.

નારદ બોલ્યા—હે શૈલરાજ અને મેના! આપની આ પુત્રી ચંદ્રમાની આદિકલાની જેમ વૃદ્ધિ પામી છે. સમસ્ત શુભ લક્ષણ એનાં

અંગોની શોભા વધારે છે. પોતાના પતિ માટે અત્યંત સુખદાયિની થશે અને માતા-પિતાની કીર્તિ વધારશે. સંસારની સમસ્ત નારીઓમાં આ પરમ સાધ્વી અને સ્વજનોને સદા મહાન આનંદ આપનારી થશે. હે ગિરિરાજ! તમારી પુત્રીના હાથમાં સર્વ ઉત્તમ લક્ષણ જ વિદ્યમાન છે, કેવળ એક જ રેખા જરા વિલક્ષણ છે, એનું યથાર્થ ફળ સાંભળો. આને એવો પતિ પ્રાપ્ત થશે, જે યોગી, નાગોપૂગો રહેનારો, નિર્ગુણ અને નિષ્કામ હશે. એને નહીં મા હોય, નહીં બાપ હોય. એને માન-સન્માનની પણ કોઈ ચિંતા નહીં હોય, કોઈ પ્રશ્ન જ નહીં હોય અને એ સદા અમંગલ વેશ જ ધારણ કરનાર હશે.

બ્રહ્માજી કહે છે—હે નારદ! તમારી આ વાત સાંભળીને અને સત્ય માનીને મેના તથા હિમાચલ બંને પતિ-પત્ની બહુ દુઃખી થયાં, પરંતુ જગદંબા શિવા તમારાં આવાં વચનો સાંભળીને અને લક્ષણો દ્વારા એ ભાવિ પતિને શિવ માનીને મનમાં ને મનમાં હર્ષથી મ્હોરી ઊઠી. 'નારદની વાત ક્યારેય જુઠ્ઠી ન હોઈ શકે' એ વિચારીને શિવા ભગવાન શિવનાં યુગલ ચરણોમાં સંપૂર્ણ હૃદયથી અત્યંત સ્નેહ કરવા લાગી. હે નારદ! એ સમયે મનમાં ને મનમાં દુઃખી થઈને હિમવાને તમને કહ્યું – 'હે મુને! એ રેખાનું ફળ સાંભળીને મને બહુ દુઃખ થયું છે. હું મારી પુત્રીને એનાથી બચાવવાને માટે કયો ઉપાય કરું?'

'હે મુને! તમે મહાન કૌતુક કરનારા છો અને વાર્તાલાપ-વિશારદ છો.' હિમવાનની આ વાત સાંભળીને પોતાનાં મંગલકારી વચનો દ્વારા એમનો હર્ષ વધારતાં તમે આ પ્રકારે કહ્યું.

નારદ બોલ્યા—હે ગિરિરાજ! તમે સ્નેહપૂર્વક સાંભળો, મારી વાત સાચી છે. એ અસત્ય નહીં જ હોય. હાથની રેખા બ્રહ્માજીની લિપિ છે. નક્કી જ તે મિથ્યા નથી થઈ શકતી. તેથી હે શૈલપ્રવર! આ કન્યાને આવો જ પતિ મળશે, એમાં સંશય નથી. પરંતુ આ રેખાના કુફળથી બચવાને માટે એક ઉપાય પણ છે, એને પ્રેમપૂર્વક સાંભળો. એ કરવાથી તમને સુખ મળશે. મેં જેવા વરનું નિરૂપણ કર્યું છે એવા જ ભગવાન શંકર છે. તે સર્વસમર્થ છે અને લીલાને માટે અનેક રૂપ ધારણ કરતા રહે છે. એમનામાં સમસ્ત કુલક્ષણો સદ્‌ગુણો સમાન થઈ જશે. સમર્થ પુરુષોમાં કોઈ દોષ પણ હોય તો એ એને દુઃખ નથી દેતો. અસમર્થ માટે જ એ દુઃખદાયક હોય છે. આ વિષયમાં સૂર્ય, અગ્નિ અને ગંગાનાં દૃષ્ટાંત સામે રાખવાં જોઈએ. એટલા માટે તમે વિવેકપૂર્વક પોતાની કન્યા શિવાને ભગવાન શિવના હાથમાં સોંપી દો. ભગવાન શિવ સર્વના ઈશ્વર, સેવ્ય, નિર્વિકાર, સામર્થ્યશાળી અને અવિનાશી છે. તે જલદીથી પ્રસન્ન થઈ જાય છે. માટે શિવાને સ્વીકારી લેશે એમાં સંશય નથી. વિશેષતઃ એ તપસ્યાથી વશમાં આવી જાય છે. જો શિવા તપ કરે તો સર્વ કામ ઠીક થઈ જશે. સર્વેશ્વર શિવ સર્વ પ્રકારે સમર્થ છે. એ ઇન્દ્રના વજ્રનો પણ વિનાશ કરી શકે છે. બ્રહ્માજી એમને આધીન છે તથા તે સર્વને સુખ આપનારા છે. પાર્વતી ભગવાન શંકરની વહાલી પત્ની થશે. તે સદાયે રુદ્રદેવને અનુકૂળ રહેશે, કેમકે, આ મહાસાધ્વી અને ઉત્તમ વ્રતોનું પાલન કરનારી છે તથા માતાપિતાના સુખને વધારનારી છે. આ તપસ્યા કરીને ભગવાન શિવના મનને પોતાના વશમાં કરી લેશે અને એ ભગવાન પણ એના સિવાય કોઈ પણ બીજી સ્ત્રી સાથે વિવાહ કરશે નહિ. એ બંનેનો પ્રેમ એકબીજાને અનુરૂપ હશે. આવો

ઉચ્ચકોટિનો પ્રેમ ન તો કોઈનો થયો છે, ન આ સમયે છે અને આગળ પણ આવો પ્રેમ નહીં હોય. હે ગિરિશ્રેષ્ઠ! એમને દેવતાઓનાં કાર્ય કરવાં છે. એમનાં જે જે કામ નષ્ટપ્રાય થઈ ગયાં છે એ સર્વનો આપના દ્વારા પુનઃ ઉજ્જીવન અથવા ઉદ્ધાર થશે. હે અદ્રિરાજ! આપની કન્યાને મેળવીને જ ભગવાન હર અર્ધનારીશ્વર થશે. આ બંનેનું પુનઃ હર્ષપૂર્વક મિલન થશે. આપની આ પુત્રી પોતાની તપસ્યાના પ્રભાવથી સર્વેશ્વર મહેશ્વરને સંતુષ્ટ કરીને એમના શરીરના અર્ધા ભાગને પોતાના અધિકારમાં કરી લેશે. એમનું અર્ધાંગ બની જશે. હે ગિરિશ્રેષ્ઠ! તમારે તમારી આ કન્યા ભગવાન શંકર સિવાય બીજા કોઈનેય ન જ આપવી જોઈએ. આ દેવતાઓનું ગુપ્ત રહસ્ય છે, એને ક્યારેય પ્રકાશિત ન કરવું જોઈએ.

હિમાલયે કહ્યું—હે જ્ઞાની મુને નારદ! હું આપને એક વાત બતાવી રહ્યો છું એને પ્રેમપૂર્વક સાંભળો અને આનંદનો અનુભવ કરો. સંભળાય છે કે, મહાદેવજી બધી જ આસક્તિઓનો ત્યાગ કરીને પોતાના મનને સંયમમાં રાખીને નિત્ય તપસ્યા કરતા રહે છે. દેવતાઓની પણ દૃષ્ટિમાં આવતા નથી. હે દેવર્ષિ! ધ્યાનમાર્ગમાં સ્થિત થયેલા તે ભગવાન શંભુ પરબ્રહ્મમાં લગાડેલ પોતાના મનને કેવી રીતે હટાવી શકશે? ધ્યાન છોડીને વિવાહ કરવા કેવી રીતે તૈયાર થશે? આ બાબત મારા મનમાં મહાન સંદેહ છે. દીપકની જ્યોતની જેમ પ્રકાશમાન, અવિનાશી, પ્રકૃતિથી પર, નિર્વિકાર, નિર્ગુણ, સગુણ, નિર્વિશેષ અને નિરીહ જે પરબ્રહ્મ છે, એ જ એમનું પોતાનું સદાશિવ નામક સ્વરૂપ છે – માટે એ એમનો જ સર્વત્ર સાક્ષાત્કાર કરે છે, કોઈ પણ બાહ્ય-અનાત્મવસ્તુ પર દૃષ્ટિ જ નથી કરતા. હે મુને! અહીં આવેલા કિન્નરોના મુખે એમના વિષયમાં નિત્ય જ આવી જ વાત સાંભળી શકાય છે. વિશેષતઃ એ વાત પણ સંભળાય છે કે ભગવાન હરેએ પૂર્વકાલમાં સતીની સામે એક પ્રતિજ્ઞા કરી હતી. એમણે કહ્યું હતું – 'હે દક્ષકુમારી પ્યારી સતી! હું તમારા સિવાય કોઈ પણ સ્ત્રીને પોતાની પત્ની બનાવવા માટે પસંદ પણ નહીં કરું અને ગ્રહણ પણ નહીં કરું. આ હું તમને સત્ય કહું છું' આ રીતે સતીની સાથે એમણે પહેલેથી જ પ્રતિજ્ઞા કરી લીધી છે. હવે સતીના મરી જવાથી એ બીજી કોઈ પણ સ્ત્રીને કેવી રીતે ગ્રહણ કરશે?

આ સાંભળીને તમે (નારદે) કહ્યું—હે મહામતે! હે ગિરિરાજ! આ વિષયમાં તમારે ચિંતા ન કરવી જોઈએ. તમારી આ પુત્રી કાલી જ પૂર્વકાળમાં દક્ષકન્યા સતી થઈ હતી. એ સમયે એનું જ સદા સર્વમંગલદાયી સતી નામ હતું. એ સતી દક્ષકન્યા થઈને રુદ્રની પ્રિય પત્ની થઈ હતી. એમણે પિતાના યજ્ઞમાં અનાદર પામીને તથા ભગવાન શંકરનું પણ અપમાન થયેલું જોઈ ક્રોધપૂર્વક પોતાનું શરીર છોડી દીધું હતું. એ સતી જ ફરીથી તમારા ઘરમાં ઉત્પન્ન થયાં છે. તમારી પુત્રી સાક્ષાત્ જગદંબા શિવા છે. આ પાર્વતી ભગવાન હરનાં પત્ની થશે, એમાં સંશય નથી.

હે નારદ! આ બધી વાતો તમે હિમવાનને વિસ્તારપૂર્વક બતાવી – પાર્વતીનું એ પૂર્વરૂપ અને ચરિત્ર પ્રીતિ વધારનાર છે. કાલીના આ સંપૂર્ણ પૂર્વવૃત્તાંતને તમારે મુખે સાંભળીને હિમવાન પોતાની પત્ની અને પુત્ર સાથે તત્કાળ સંદેહરહિત થઈ ગયા. આ રીતે તમારા મુખથી પોતાની એ પૂર્વકથા સાંભળીને કાલીએ લજ્જાવશ મસ્તક નમાવી લીધું અને એમના મુખ પર મંદ

સ્મિતની પ્રભા ફેલાઈ ગઈ. ગિરિરાજ હિમાલય પાર્વતીના એ ચરિત્રને સાંભળીને માથા પર હાથ ફેરવવા લાગ્યા અને મસ્તક સુંઘીને એને પોતાના આસનની પાસે જ બેસાડી લીધાં.

હે નારદ! આ પછી તમે એ જ ક્ષણે પ્રસન્નતાપૂર્વક સ્વર્ગલોકમાં ચાલ્યા ગયા અને ગિરિરાજ હિમવાન પણ મનમાં ને મનમાં મનોહર આનંદથી યુકત થઈને પોતાના સર્વસંપત્તિશાળી ભવનમાં પ્રવેશી ગયા.

(અધ્યાય ૭-૮)

*

મેના અને હિમાલયની વાતચીત, પાર્વતી તથા હિમવાનનાં સ્વપ્ન તથા ભગવાન શિવથી 'મંગલ' ગ્રહની ઉત્પત્તિનો પ્રસંગ

બ્રહ્માજી કહે છે—હે નારદ! જ્યારે તમે સ્વર્ગલોકમાં ચાલ્યા ગયા ત્યારથી થોડો સમય પસાર થયા બાદ એક દિવસ મેનાએ હિમાલયની પાસે જઈને એમને પ્રણામ કર્યા. પછી એ ઊભાં રહ્યાં એ ગિરિકામિની મેના પોતાના પતિને વિનયપૂર્વક કહેવા લાગી.

મેનાએ કહ્યું—હે પ્રાણનાથ! એ દિવસે નારદ મુનિએ જે વાત કરી હતી, એને સ્ત્રીસ્વભાવ હોવાને કારણે હું સારી રીતે સમજી શકી નથી; મારી તો એ પ્રાર્થના છે કે આપ કન્યાનો વિવાહ કોઈ સુંદર વરની સાથે કરી દો. આ વિવાહ સર્વથા અપૂર્વ સુખ આપનાર હશે. ગિરિજાનો વર શુભ લક્ષણોથી સંપન્ન અને કુલીન હોવો જોઈએ. મારી દીકરી મને પ્રાણથી પણ અધિક પ્રિય છે. તે ઉત્તમ વર મેળવીને જે રીતે પણ પ્રસન્ન અને સુખી થઈ શકે, એવું કરો. આપને મારા નમસ્કાર છે.

આવું કહીને મેના પોતાના પતિના ચરણોમાં પડી ગયાં. એ સમયે એમનું મુખ આંસુઓથી તરબતર થઈ રહ્યું હતું. પ્રાજ્ઞશિરોમણિ હિમવાને એમને બેઠાં કર્યાં અને યથાવત્ સમજાવવાનો પ્રારંભ કર્યો.

હિમાલય બોલ્યા—હે દેવી મેનકે! હું યથાર્થ અને તત્ત્વની વાત કહું છું, સાંભળો. ભ્રમ છોડો. મુનિની વાત ક્યારેય જૂઠી ન હોઈ શકે. જો તમને દીકરી ઉપર સ્નેહ હોય તો એને આદરપૂર્વક શિક્ષા-ઉપદેશ આપો કે તે ભક્તિપૂર્વક સુસ્થિર ચિત્તથી ભગવાન શંકરને માટે તપ કરે. હે મેનકે! જો ભગવાન શિવ પ્રસન્ન થઈને કાલીનું પાણિગ્રહણ કરી લે છે તો સર્વકાંઈ શુભ જ શુભ થશે. નારદજીએ દર્શાવેલું અમંગલ અથવા અશુભ નષ્ટ થઈ જશે. શિવની પાસે સર્વ અમંગલ સદા મંગલરૂપ થઈ જાય છે. એટલા માટે તમે દીકરીને શિવની પ્રાપ્તિને માટે તપસ્યા કરવાનો શીઘ્ર જ ઉપદેશ આપો શિક્ષા, શિખામણ આપો.

બ્રહ્માજી કહે છે—હે નારદ! હિમવાનની આ વાત સાંભળીને મેનાને ખૂબ જ પ્રસન્નતા થઈ. તે તપસ્યામાં રુચિ ઉત્પન્ન કરવાને વાસ્તે પુત્રીને ઉપદેશ આપવાને નિમિત્તે એની પાસે ગયાં. પરંતુ દીકરીનાં સુકુમાર અંગ પર દૃષ્ટિપાત કરીને મેનાના મનમાં બહુ વ્યથા થઈ. એમનાં બંને નેત્રોમાં શ્રાવણ-ભાદરવો વહેવા લાગ્યા. પછી તો ગિરિપ્રિયા મેનાના પોતાની દીકરીને ઉપદેશ આપવાની પણ શક્તિ રહી નહીં. પોતાની માતાની આ ચેષ્ટાને પાર્વતી શીઘ્ર જ પામી ગયાં. ત્યારે તે સર્વજ્ઞ પરમેશ્વરી કાલિકા દેવી માતાને વારંવાર આશ્વાસન આપીને તરત બોલ્યાં.

પાર્વતીએ કહ્યું—હે મા! તમે તો ખૂબ જ સમજુ છો. મારી આ વાત સાંભળો. આજે પાછલી રાતના સમયે બ્રાહ્મમુહૂર્તમાં મેં એક સ્વપ્ન જોયું છે તે બતાવું છું, કહું છું. હે માતાજી! સ્વપ્નમાં એક દયાળુ અને તપસ્વી બ્રાહ્મણે મને શિવની પ્રસન્નતાને માટે ઉત્તમ તપસ્યા કરવાનો પ્રસન્નતાપૂર્વક ઉપદેશ આપ્યો છે.

હે નારદ! આ સાંભળીને મેનકાએ તરત જ પોતાના પતિને બોલાવ્યા અને પુત્રીએ જોયેલા સ્વપ્નને પૂર્ણતઃ કહી સંભળાવ્યું. મેનકાના મુખે પુત્રીના સ્વપ્નને સાંભળીને ગિરિરાજ હિમાલય ખૂબ પ્રસન્ન થયા અને પોતાની પ્રિય પત્નીને સમજાવતાં બોલ્યાં.

ગિરિરાજે કહ્યું—હે પ્રિયે! પાછલી રાતે મેં પણ એક સ્વપ્ન જોયું છે. હું આદરપૂર્વક એ કહું છું. તમે પ્રેમપૂર્વક એને સાંભળો. એક બહુ ઉત્તમ તપસ્વી હતા. નારદજીએ વરનાં જેવાં લક્ષણો બતાવ્યાં હતાં. એ જ લક્ષણોથી યુક્ત શરીરને એમણે ધારણ કરી રાખ્યું હતું. એ ખૂબ જ પ્રસન્નતાની સાથે મારા નગરની પાસે તપસ્યા કરવા માટે આવ્યા. એમને જોઈને મને બહુ હર્ષ થયો અને હું મારી દીકરીને સાથે લઈને એમની પાસે ગયો એ સમયે મને જ્ઞાન થયું કે નારદજીએ બતાવેલા વર ભગવાન શંભુ આ જ છે. ત્યારે મેં એ તપસ્વીની સેવાને માટે પોતાની પુત્રીને ઉપદેશ આપીને એમને પણ પ્રાર્થના કરી કે તે એની સેવા સ્વીકારે. પરંતુ તે સમયે એમણે મારી વાત માની નહીં, એટલામાં જ ત્યાં સાંખ્ય અને વેદાન્ત અનુસાર બહુ મોટો વિવાદ છેડાઈ ગયો. તદનંતર એમની આજ્ઞાથી મારી પુત્રી ત્યાં જ રહી ગઈ અને પોતાના હૃદયમાં એમની જ કામના રાખીને ભક્તિપૂર્વક એમની સેવા કરવા લાગી. હે સુમુખિ! આ જ મારું જોયેલું સ્વપ્ન છે, જે મેં તમને સંભળાવી દીધું, કહી દીધું. તેથી હે પ્રિય મેને! થોડો સમય સુધી આ સ્વપ્નના ફળની પરીક્ષા અથવા પ્રતીક્ષા કરવી જોઈએ. આ સમયે તો એ જ ઉચિત ભાસે છે. તમે નિશ્ચિત સમજો, એ જ મારો વિચાર છે.

બ્રહ્માજી કહે છે—હે મુનીશ્વર નારદ! આવું કહીને ગિરિરાજ હિમવાન અને મેનકા શુદ્ધ હૃદયથી એ સ્વપ્નના ફળની પરીક્ષા અને પ્રતીક્ષા કરવા લાગ્યાં.

હે દેવર્ષે! હે ભક્તિશિરોમણે! ભગવાન શંકરનો યશ પરમ પાવન, મંગલકારી, ભક્તિવર્ધક અને ઉત્તમ છે. તમે એને આદરપૂર્વક સાંભળો. દક્ષ-યજ્ઞથી પોતાના નિવાસસ્થાન કૈલાસ પર્વત પર આવીને ભગવાન શંભુ પ્રિયાવિરહથી દુઃખી દુઃખી થઈ ગયા અને પ્રાણથી પણ અધિક પ્રિય સતી દેવીનું હૃદયથી ચિંતન કરવા લાગ્યા. પોતાના પાર્ષદોને બોલાવીને સતીને માટે શોક કરતાં કરતાં એમના પ્રેમવર્ધક ગુણોનું અત્યંત પ્રીતિપૂર્વક વર્ણન કરવા લાગ્યા. આ બધું તેમણે સાંસારિક ગતિને બતાવવા માટે કર્યું. પછી, ગૃહસ્થ-આશ્રમની સુંદર સ્થિતિ તથા નીતિ-

રીતિનો પરિત્યાગ કરીને તે દિગંબર થઈ ગયા. બધા લોકોમાં ઉન્મત્તની જેમ ભ્રમણ કરવા લાગ્યા. લીલાકુશળ હોવાને કારણે વિરહીની અવસ્થાનું પ્રદર્શન કરવા લાગ્યા. સતીના વિરહથી દુઃખિત થઈને ક્યાંય પણ એમનું દર્શન ન થતાં ભક્તકલ્યાણકારી ભગવાન શંકર પુનઃ કૈલાસગિરિ પર પાછા, પરત આવી ગયા અને મનને યત્નપૂર્વક એકાગ્ર કરીને એમણે સમાધિ લગાવી લીધી, જે સમસ્ત દુઃખોનો નાશ કરનારી છે. સમાધિમાં એ અવિનાશી સ્વરૂપનું દર્શન કરવા લાગ્યા. આ રીતે ત્રણે ગુણોથી રહિત થઈને તે ભગવાન શિવ ચિરકાળ સુધી સુસ્થિર ભાવથી સમાધિમાં બેસી રહ્યા. તે પ્રભુ સ્વયં જ માયાના અધિપતિ નિર્વિકાર પરબ્રહ્મ છે. તદનંતર જ્યારે અસંખ્ય વર્ષો વહી ગયાં, ત્યારે એમણે સમાધિ છોડી. એ પછી તરત જ જે ચરિત્ર થયું, એ હું તમને બતાઉં છું, કહું છું. ભગવાન શિવના લલાટેથી એ સમયે શ્રમજનિત પરસેવાનું એક ટીપું પૃથ્વી પર પડ્યું અને તે તરત જ એક શિશુના રૂપે પરિણત થઈ ગયું. હે મુને! એ બાળકને ચાર ભુજાઓ હતી, શરીરની કાન્તિ લાલ હતી અને આકાર મનોહર હતો. દિવ્ય દ્યુતિથી દીપ્તિમાન તે શોભાશાળી બાળક અત્યંત દુસ્સહ તેજથી સંપન્ન હતો, તો પણ લોકાચાર-પરાયણ પરમેશ્વર શિવ-સામે તે સાધારણ શિશુની જેમ રડવા લાગ્યો. આ જોઈને પૃથ્વી ભગવાન શંકરથી ભય પામીને ઉત્તમ બુદ્ધિથી વિચાર કર્યા પછી સુંદર સ્ત્રીનું રૂપ ધારણ કરીને ત્યાં પ્રગટ થઈ ગઈ. એ પૃથ્વીએ એ સુંદર બાળકને તરત જ ઉપાડીને પોતાના ખોળામાં લઈ લીધો અને પોતાની ઉપર પ્રગટ થનાર દૂધને જ ધાવણરૂપે એને આપવા લાગી. એણે સ્નેહથી એના મુખને ચૂમ્યું અને પોતાનો જ બાળક માનીને હસતાં હસતાં એને રમાડવા લાગી. પરમેશ્વર શિવના હિતસાધન કરનારી પૃથ્વી દેવી સાચા ભાવથી સ્વયં એની માતા બની ગયાં.

સંસારની સૃષ્ટિ કરનારા, પરમ કૌતુકી અને વિદ્વાન અંતર્યામી શંભુ આ ચરિત્ર જોઈને હસી પડ્યા અને પૃથ્વીને ઓળખીને એમને કહેવા લાગ્યા – 'હે ધરણિ! તમે ધન્ય છો. મારા આ પુત્રનું પ્રેમપૂર્વક પાલન કરો. આ શ્રેષ્ઠ શિશુ મારા મહાતેજસ્વી શંભુના શ્રમજલ (પરસેવાથી)થી તમારા ઉપર ઉત્પન્ન થયું છે. હે વસુધે! આ પ્રિયકારી બાળક જો કે મારા શ્રમજલ (પરસેવાથી)થી પ્રગટ થયો છે તો પણ તમારા નામથી જ તમારા જ પુત્રરૂપે એની ખ્યાતિ થશે. એ સદા ત્રિવિધ તાપથી રહિત થશે. અત્યંત ગુણવાન અને ભૂમિનું દાન કરનાર થશે. આ મને ખૂબ જ સુખ પ્રદાન કરશે. તમે એને પોતાની રુચિ અનુસાર ગ્રહણ કરો'

બ્રહ્માજી કહે છે—હે નારદ! આવું કહીને ભગવાન શિવ ચૂપ થઈ ગયા. એમના હૃદયમાંથી વિરહનો પ્રભાવ થોડો ઓછો થઈ ગયો. એમનામાં વિરહ તો ક્યાંથી હોય, તે તો લોકાચારનું પાલન કરી રહ્યા હતા. વાસ્તવમાં સત્પુરુષોને પ્રિય શ્રીરુદ્રદેવ નિર્વિકાર પરમાત્મા જ છે, શિવની ઉપર્યુક્ત આજ્ઞાને શિરોધાર્ય કરીને પુત્રસહિત પૃથ્વી દેવી શીઘ્ર જ પોતાને સ્થાને ચાલ્યાં ગયાં. એમને આત્યંતિક સુખ પ્રાપ્ત થયું. તે બાળક 'ભૌમ' નામે પ્રસિદ્ધ થયો. યુવાન થતાં તે તરત જ કાશી ચાલ્યો ગયો અને ત્યાં એણે દીર્ઘકાળ સુધી ભગવાન શંકરની સેવા કરી. વિશ્વનાથજીની કૃપાથી ગ્રહની પદવી પામીને તે ભૂમિકુમાર તરત જ શ્રેષ્ઠ અને દિવ્ય લોકમાં ચાલ્યા ગયા, જે શુક્રલોકથી પર છે.

*

ભગવાન શિવનું ગંગાવતરણ તીર્થમાં તપસ્યા માટે આવવું, હિમવાન દ્વારા એમનું સ્વાગત, પૂજન અને સ્તવન તથા ભગવાન શિવની આજ્ઞા અનુસાર એમના એ સ્થાન પર બીજાઓને ન જવા દેવાની વ્યવસ્થા કરવી

બ્રહ્માજી કહે છે—હે નારદ! હિમવાનની પુત્રી લોકપૂજિત શક્તિસ્વરૂપા પાર્વતી હિમાલયના ઘરમાં રહીને મોટી થવા માંડી. જ્યારે એની અવસ્થા આઠ વર્ષની થઈ ગઈ, ત્યારે સતીના વિરહથી દુઃખી થયેલા શંભુને એમના જન્મના સમાચાર મળ્યા. હે નારદ! એ અદ્‌ભુત બાલિકા પાર્વતીને હૃદયમાં રાખીને એ મનમાં ને મનમાં બહુ આનંદનો અનુભવ કરવા લાગ્યા. એ દરમિયાન લૌકિક ગતિનો આશરો લઈને શંભુએ પોતાના મનને એકાગ્ર કરવા માટે તપ કરવાનો વિચાર કર્યો. નંદી વગેરે થોડા શાંત પાર્ષદોને સાથે લઈને તે હિમાલયના ઉત્તમ શિખર ઉપર ગંગાવતાર (ગંગોત્તરી) નામના તીર્થમાં ચાલ્યા આવ્યા, જ્યાં પૂર્વકાળમાં બ્રહ્મધામથી ચ્યુત થઈને સમસ્ત પાપરાશિનો વિનાશ કરવાને માટે વહેલી પરમ પાવની ગંગા સૌથી પહેલાં ભૂતલ પર અવતીર્ણ થયાં હતાં. જિતેન્દ્રિય હરે ત્યાં રહીને તપસ્યાનો આરંભ કર્યો. તે આળસરહિત થઈને ચેતન, જ્ઞાન સ્વરૂપ, નિત્ય, જ્યોતિર્મય, નિરામય, જગન્મય, ચિદાનંદસ્વરૂપ, દ્વૈતહીન તથા આશ્રયરહિત પોતાના આત્મભૂત પરમાત્માનું એકાગ્રભાવથી ચિંતન કરવા લાગ્યા. ભગવાન હરનું ધ્યાન પરાયણ થઈને નંદી-ભૃંગી વગેરે બીજા અન્ય પાર્ષદગણ પણ ધ્યાનમાં તત્પર થઈ ગયા. એ સમયે થોડા જ પ્રમથગણ પરમાત્મા શંભુની સેવા કરતા હતા. તે સૌ એકદમ મૌન રાખતા હતા અને એક શબ્દ પણ બોલતા ન હતા. કેટલાક દ્વારપાલ થઈ ગયા હતા.

આ જ સમયે ગિરિરાજ હિમવાન એ ઔષધિ-બહુલ શિખર ઉપર ભગવાન શંકરનું શુભાગમન સાંભળીને એમના પ્રતિ આદરની ભાવનાથી ત્યાં આવ્યા. આવીને સેવકો સહિત ગિરિરાજે ભગવાન રુદ્રને પ્રણામ કર્યા. એમની પૂજા કરી અને અત્યંત પ્રસન્ન થઈને હાથ જોડીને એમનું સુંદર સ્તવન કર્યું. પછી હિમાલયે કહ્યું – 'હે પ્રભો! મારા સૌભાગ્યનો ઉદય થયો છે, જે આપ અહીં પધાર્યા છો. આપે તો મને સનાથ કરી દીધો છે. આવું કેમ ન થાય? અલબત્ત થાય જ મહાત્માઓએ આ ઠીક જ વર્ણન કર્યું છે કે આપ દીનવત્સલ છો. આજે મારો જન્મ સફળ થઈ ગયો. આજે મારું જીવન

સફળ થઈ ગયું, કેમકે, આપે અહીં પદાર્પણ કરવાનું કષ્ટ કર્યું છે. હે મહેશ્વર! આપ મને પોતાનો દાસ સમજીને શાંતભાવથી મને સેવાને માટે આજ્ઞા આપો. હું બહુ પ્રસન્નતાથી અનન્યચિત્ત થઈને આપની સેવા કરીશ.'

બ્રહ્માજી કહે છે—હે નારદ! ગિરિરાજનું આ વચન સાંભળીને મહેશ્વરે થોડી આંખો ખોલી અને સેવકોસહિત હિમવાનને જોયો. સેવકોસહિત ગિરિરાજને ઉપસ્થિત જોઈને ધ્યાનયોગમાં સ્થિત થયેલા જગદીશ્વર વૃષભધ્વજે જાણે હસતાં હસતાં કહ્યું.

મહેશ્વર બોલ્યા—હે શૈલરાજ! હું તમારા શિખર ઉપર એકાંતમાં તપસ્યા કરવા માટે આવ્યો છું. તમે એવો પ્રબંધ કરો, જેથી કોઈ પણ મારી નિકટ ન આવી શકે. તમે મહાત્મા છો, તપસ્યાના ધામ છો તથા મુનિઓ, દેવતાઓ, રાક્ષસો અને અન્ય મહાત્માઓને પણ સદા આશ્રય આપનારા છો. દ્વિજ વગેરેનું તમારા ઉપર સદાયે નિવાસ રહે છે. તમે ગંગાથી અભિષિક્ત થઈને સદાને માટે પવિત્ર થઈ ગયા છો. બીજાઓ ઉપર ઉપકાર કરનાર તથા સંપૂર્ણ પર્વતોમાં સામર્થ્યશાળી રાજા છો. હે ગિરિરાજ! હું અહીં ગંગાવતરણ-સ્થળમાં તમારે આશ્રિત થઈને આત્મસંયમપૂર્વક બહુ પ્રસન્નતાની સાથે તપસ્યા કરીશ. હે શૈલરાજ! હે ગિરિશ્રેષ્ઠ! જે સાધનથી અહીં મારી તપસ્યા વગર કોઈ વિઘ્ન-બાધાએ ચાલુ રહી શકે, એને આ સમયે પ્રયત્નપૂર્વક કરો. હે પર્વતપ્રવર! મારી આ જ સૌથી મોટી સેવા છે. તમે તમારે ઘેર જાઓ અને મેં જે કાંઈ કહ્યું છે, એનો ઉત્તમ પ્રીતિથી યત્ન પૂર્વક પ્રબંધ કરો.

બ્રહ્માજી કહે છે—હે નારદ! આવું કહીને સૃષ્ટિકર્તા જગદીશ્વર ભગવાન શંભુ ચૂપ થઈ ગયા. એ સમયે ગિરિરાજે શંભુને આ વાત કહી – 'હે જગન્નાથ! હે પરમેશ્વર! આજે મેં પોતાના પ્રદેશમાં સ્થિત થયેલા આપનું સ્વાગતપૂર્વક પૂજન કર્યું છે, એ જ મારે માટે મહાન સૌભાગ્યની વાત છે. હવે આપને બીજી કઈ પ્રાર્થના કરું. હે મહેશ્વર! કેટકેટલાય દેવતા મોટા મોટા યત્નનો આશ્રય લઈને મહાન તપ કરીને પણ આપને પ્રાપ્ત કરી શકતા નથી. એ જ આપ અહીં સ્વયં ઉપસ્થિત થઈ ગયા. મારાથી અધિક શ્રેષ્ઠ સૌભાગ્યશાળી અને પુણ્યાત્મા બીજો કોઈ નથી, કેમકે, આપ મારા પૃષ્ઠભાગ પર તપસ્યા માટે ઉપસ્થિત થયા છો. હે પરમેશ્વર! આજે હું પોતાને દેવરાજ ઈન્દ્રથી પણ વધારે ભાગ્યવાન માનું છું, કેમકે, સેવકોસહિત આપે અહીં આવીને મારા પર અનુગ્રહ કર્યો. ભાગ્યશાળી બનાવી દીધો. હે દેવેશ! આપ સ્વતંત્ર છો. અહીં કોઈ પણ વિઘ્ન-બાધા વગર ઉત્તમ તપસ્યા કરો. હે પ્રભો! હું આપનો દાસ છું. તેથી સદા આપની આજ્ઞા અનુસાર સેવા કરીશ.'

બ્રહ્માજી કહે છે—હે નારદ! આવું કહીને ગિરિરાજ હિમાલય તરત જ પોતાને ઘેર જતા રહ્યા. એમણે પોતાની પ્રિયા મેનાને બહુ આદરથી એ સર્વ વૃત્તાંત કહ્યો. સંભળાવી દીધો. ત્યારપછી શૈલરાજે સાથે જનાર પરિજનો તથા સમસ્ત સેવકગણોને બોલાવીને એમને સારીપેઠે સમજાવ્યા.

હિમાલય બોલ્યા—આજથી કોઈ પણ ગંગાવતરણ નામના સ્થાનમાં, જે મારા પૃષ્ઠભાગમાં જ છે, મારી આજ્ઞા અનુસાર ન જાય. હું આ સાચી વાત કહું છું. જો કોઈ ત્યાં

જશે તો એને મહાદુષ્ટને - હું વિશેષ દંડ આપીશ. હે મુને! આ રીતે પોતાના સમસ્ત ગણોને શીઘ્ર જ નિયંત્રિત કરીને હિમવાને વિઘ્નનિવારણ માટે જે સુંદર પ્રયત્ન કર્યો, એ તમને બતાવું છું, સાંભળો. (અધ્યાય-૧૧)

*

હિમવાનનો પાર્વતીને શિવની સેવામાં રાખવા માટે એમની પાસે આજ્ઞા માગવી અને શિવે કારણ બતાવતાં એ પ્રસ્તાવનો અસ્વીકાર કરવો

બ્રહ્માજી કહે છે—હે નારદ! તદનંતર શૈલરાજ હિમાલય ઉત્તમ ફળ-ફૂલ લઈને પોતાની પુત્રીની સાથે હર્ષપૂર્વક ભગવાન હર પાસે ગયા. ત્યાં જઈને એમણે ધ્યાનપરાયણ ત્રિલોકીનાથ શિવને પ્રણામ કર્યા અને પોતાની અદ્‌ભુત કન્યા કાલીને હૃદયપૂર્વક એમની સેવામાં અર્પિત કરી દીધી. ફળ-ફૂલ વગેરે બધી સામગ્રી એમની સામે મૂકીને પુત્રીને આગળ કરીને શૈલરાજે શંભુને કહ્યું – 'હે ભગવન્! મારી પુત્રી આપ ભગવાન ચંદ્રશેખરની સેવા કરવાને માટે ઉત્સુક છે. માટે આપની આરાધનાની ઇચ્છાથી હું એને સાથે લાવ્યો છું. આ એની બે બહેનપણીઓ સાથે સદા આપ શંકરની જ સેવામાં રહો. હે નાથ! જો આપનો મુજ પર અનુગ્રહ હોય તો આ કન્યાને સેવા માટે આજ્ઞા આપો.'

ત્યારે ભગવાન શંકરે એ પરમ મનોહર કામરૂપિણી કન્યાને જોઈને આંખો બંધ કરી દીધી અને પોતાના ત્રિગુણાતીત, અવિનાશી, પરમતત્ત્વમય ઉત્તમ રૂપનું ધ્યાન આરંભી દીધું. એ સમયે સર્વેશ્વર અને સર્વવ્યાપી જટાજૂટધારી વેદાન્તવેદ્ય ચંદ્રકલાવિભૂષણ શંભુ ઉત્તમ આસન પર બેસીને નેત્રો બંધ કરીને તપ (ધ્યાન)માં જ લાગી ગયા. આ જોઈને હિમાચલે મસ્તક નમાવીને ફરીથી એમનાં ચરણોમાં પ્રણામ કર્યા. જોકે એમના હૃદયમાં દીનતા ન હતી, તો પણ એ તે સમયે એ સંશયમાં પડી ગયા કે ન જાણે ભગવાન મારી પ્રાર્થનાનો સ્વીકાર કરશે કે નહીં. વક્તાઓમાં શ્રેષ્ઠ ગિરિરાજ હિમવાને જગતના એક માત્ર બંધુ ભગવાન શિવને આ પ્રકારે કહ્યું.

હિમાલય બોલ્યા—હે દેવદેવ! હે મહાદેવ, હે કરુણાકર, હે શંકર! હે વિભો! હું આપને શરણે આવ્યો છું. આંખો ખોલીને મારી તરફ નજર કરો. હે શિવ! હે શર્વ! હે મહેશ્વર! જગતને આનંદ પ્રદાન કરનારા હે પ્રભો! હે મહાદેવ! આપ સંપૂર્ણ આપત્તિઓનું નિવારણ કરનારા છો. હું આપને પ્રણામ કરું છું. હે સ્વામિન્! હે પ્રભો! હું મારી આ પુત્રની સાથે પ્રતિદિન આપનાં દર્શન કરવાને માટે આવીશ. એ માટે મને આદેશ આપો.

એમની આ વાત સાંભળીને દેવદેવ મહેશ્વરે આંખો ખોલી ધ્યાન છોડી દીધું અને થોડો સોચ-વિચાર કરીને કહ્યું.

મહેશ્વર બોલ્યા—હે ગિરિરાજ! તમે તમારી આ કુમારી કન્યાને ઘરમાં રાખીને જ નિત્ય મારાં દર્શને આવી શકો છો, નહીં તો મારાં દર્શન નહીં થઈ શકે.

મહેશ્વરની આવી વાત સાંભળીને શિવાના પિતા હિમવાન મસ્તક નમાવીને એ ભગવાન શિવને કહેવા લાગ્યા – 'હે પ્રભો! એ તો કહો કે કયા કારણથી હું આ કન્યાની સાથે દર્શનને

માટે ન આવી શકું. શું એ આપની સેવાને યોગ્ય નથી? પછી એને તેડીને આવવાનું શું કારણ છે, એ મારી સમજમાં આવતું નથી.'

આ સાંભળીને ભગવાન વૃષભધ્વજ શંભુ હસવા લાગ્યા અને વિશેષતઃ દુષ્ટ યોગીઓને લોકાચારનું દર્શન કરાવતાં કરાવતાં તે હિમાલયને કહેવા લાગ્યા – 'હે શૈલરાજ! આ કુમારી સુંદર કટિપ્રદેશથી સુશોભિત, તન્વંગી, ચંદ્રમુખી અને શુભ લક્ષણોથી યુક્ત છે, સંપન્ન છે. એટલા માટે એને મારી પાસે તમારે ન લાવવી જોઈએ. એટલા માટે હું તમને વારંવાર રોકું છું. વેદના પારંગત વિદ્વાનોએ નારીને માયારૂપિણી કહી છે. વિશેષતઃ યુવાન સ્ત્રી તો તપસ્વીજનોના તપમાં વિઘ્ન ઉપસ્થિત કરનારી જ હોય છે. હે ગિરિશ્રેષ્ઠ! હું તપસ્વી, યોગી અને સદા માયાથી નિર્લિપ્ત રહેનારો છું. મારે યુવાન સ્ત્રીનું શું પ્રયોજન. તપસ્વીઓ માટે શ્રેષ્ઠ આશ્રયરૂપ હે હિમાલય! એટલા માટે ફરીથી તમારે આવી વાત ન કહેવી, કરવી જોઈએ, કેમકે, તમે વેદોક્ત ધર્મમાં પ્રવીણ, જ્ઞાનીઓમાં શ્રેષ્ઠ અને વિદ્વાન છો. હે અચલરાજ! સ્ત્રીના સંગથી મનમાં શીઘ્ર જ વિષયવાસના ઉત્પન્ન થઈ જાય છે. એથી વૈરાગ્ય નષ્ટ થઈ જાય છે અને વૈરાગ્ય ન હોવાને કારણે પુરુષ ઉત્તમ તપસ્યાથી ભ્રષ્ટ થઈ જાય છે એટલા માટે હે શૈલ! તપસ્વીઓએ સ્ત્રીઓનો સંગ ન કરવો જોઈએ, કેમકે, સ્ત્રી મહા વિષય-વાસનાનું મૂળ અને જ્ઞાનવૈરાગ્યનો વિનાશ કરનારી હોય છે.*

બ્રહ્માજી કહે છે—હે નારદ! આ પ્રકારની ઘણી વાતો કહીને મહાયોગિશિરોમણિ ભગવાન મહેશ્વર ચૂપ થઈ ગયા. હે દેવર્ષે! શંભુના આ નિરામય, નિઃસ્પૃહ અને નિષ્ઠુર વચન સાંભળીને કાલીના પિતા હિમવાન ચકિત, થોડા થોડા વ્યાકુળ અને ચૂપ થઈ ગયા. તપસ્વી શિવની કહેલી વાત સાંભળીને અને ગિરિરાજ હિમવાનને ચકિત થયેલા જાણીને ભવાની પાર્વતી એ સમયે ભગવાન શિવને પ્રણામ કરીને વિશદ વચન બોલ્યાં.

(અધ્યાય-૧૨)

*

* ભવત્યચલ તત્સંગાદ્ વિષયોત્પત્તિરાશુ વૈ। વિનશ્યતિ ચ વૈરાગ્યં તતો ભ્રશ્યતિ મત્તપઃ॥
અતસ્તપસ્વિના શૈલ ન કાર્યા સ્ત્રીષુ સંગતિઃ। મહાવિષયમૂલ સા જ્ઞાનવૈરાગ્યનાશિની॥
(શિ. પુ. રુ. સં. પા. ખં. ૧૨/૩૧-૩૨)

પાર્વતી અને શિવનો દાર્શનિક સંવાદ, શિવની પાર્વતીને પોતાની સેવામાં રહેવા આજ્ઞા આપવી અને પાર્વતી દ્વારા ભગવાન શિવની પ્રતિદિન સેવા

ભવાનીએ કહ્યું—હે યોગિન! તમે તપસ્વી થઈને ગિરિરાજને આ શી વાત કહી દીધી? હે પ્રભો! આપ જ્ઞાનવિશારદ છો, તો પણ તમારી વાતનો હું જવાબ આપું છું તે સાંભળો. હે શમ્ભો! આપ તપઃશક્તિથી સંપન્ન થઈને જ બહુ ભારે તપ કરો છો. એ શક્તિને કારણે જ આપ મહાત્માને તપસ્યા કરવાનો વિચાર થયો છે. સર્વ કર્મોને કરવાની જે એ શક્તિ છે, એને જ પ્રકૃતિ જાણવી જોઈએ. પ્રકૃતિથી જ સર્વની સૃષ્ટિ, સર્વનું પાલન અને સંહાર થાય છે. હે ભગવન્! આપ કોણ છો? અને સૂક્ષ્મ પ્રકૃતિ શી ચીજ છે? એનો વિચાર કરો. પ્રકૃતિ વગર લિંગરૂપી મહેશ્વર કેવી રીતે થઈ શકે છે? આપ સદા પ્રાણીઓને માટે જે અર્ચનીય, વંદનીય અને ચિંતનીય છો, એ પ્રકૃતિને કારણે જ છો. આ વાતને હૃદયથી વિચારીને જ આપને જે કહેવાનું હોય, તે સર્વ કહો.

બ્રહ્માજી કહે છે—હે નારદ! પાર્વતીજીનાં આ વચનને સાંભળીને મહતી લીલા કરવામાં લાગેલા પ્રસન્નચિત્ત મહેશ્વર હસતાં હસતાં બોલ્યાં.

મહેશ્વરે કહ્યું—હું ઉત્કૃષ્ટ તપસ્યા દ્વારા જ પ્રકૃતિનો નાશ કરું છું અને તત્ત્વતઃ પ્રકૃતિરહિત શંભુરૂપે સ્થિત રહું છું. તેથી સત્પુરુષોએ ક્યારેય અથવા ક્યાંય પ્રકૃતિનો સંગ્રહ કરવો ન જોઈએ. લોકાચારથી દૂર અને નિર્વિકાર રહેવું જોઈએ.

હે નારદ! જ્યારે શંભુએ લૌકિક વ્યવહાર અનુસાર આ વાત કહી, ત્યારે કાલી મનમાં ને મનમાં હસીને મધુર વાણીમાં બોલ્યાં.

કાલીએ કહ્યું—હે કલ્યાણકારી પ્રભો! હે યોગિન! આપે જે વાત કહી છે, શું તે વાણી પ્રકૃતિ નથી? તો પછી આપ એનાથી પણ પાર કેમ ન થઈ ગયા? (શા માટે પ્રકૃતિની સહાય લઈને બોલવા લાગ્યા?) આ સર્વ વાતોનો વિચાર કરીને તાત્ત્વિક દૃષ્ટિથી જે યથાર્થ વાત હોય, એને જ કહેવી જોઈએ. આ સર્વ કાંઈ સદા પ્રકૃતિથી બંધાયેલું છે. એટલા માટે આપે ન તો બોલવું જોઈએ અને ન કાંઈ કરવું પણ જોઈએ; કેમકે, કહેવું અને કરવું – સર્વ વ્યવહાર પ્રાકૃત જ છે. આપ સ્વયંની બુદ્ધિથી આને સમજો. આપ જે કાંઈ સાંભળો છો, ખાવ છો, જુઓ છો અને કરો છો એ સર્વ પ્રકૃતિનું જ કાર્ય છે. જૂઠો વાદ-વિવાદ કરવો વ્યર્થ છે. હે પ્રભો! હે શંભો! જો આપ પ્રકૃતિથી પર છો તો આ સમયે આ હિમવાન પર્વત પર આપ તપસ્યા શા માટે કરો છો? હે હર! પ્રકૃતિ આપને ગળી ગઈ છે તેથી આપ સ્વયંનું સ્વરૂપ જાણતા નથી. હે ઈશ! જો આપ આપના સ્વરૂપને જાણતા હોત તો શા માટે તપ કરો છો? હે યોગિન! મારી આપની સાથે વાદ-વિવાદ કરવાની શી આવશ્યકતા છે? પ્રત્યક્ષ પ્રમાણ ઉપલબ્ધ હોય તો વિદ્વાન પુરુષ અનુમાન પ્રમાણ નથી માનતા. જે કાંઈ પ્રાણીઓની ઇન્દ્રિયોનો વિષય થાય છે. તે સર્વ જ્ઞાની પુરુષોએ બુદ્ધિથી વિચાર કરીને પ્રાકૃત જ માનવું જોઈએ. હે યોગીશ્વર! બહુ કહેવાથી શો લાભ? મારી ઉત્તમ વાત સાંભળો. હું પ્રકૃતિ છું. આપ પુરુષ છો. આ સત્ય છે. સત્ય છે. એમાં સંશય નથી. મારા

અનુગ્રહથી જ આપ સગુણ અને સાકાર મનાયા છો. મારા વગર તો આપ નિરીહ છો. કશું જ કરી શકો નહીં. આપ જિતેન્દ્રિય હોવા છતાં પણ પ્રકૃતિને અધીન થઈને સદા વિવિધ પ્રકારનાં કર્મ કરતા રહો છો. પછી નિર્વિકાર કેવી રીતે કહી શકાય? આપ મારાથી લિપ્ત કેમ ન કહેવાવ? હે શંકર! જો આપ પ્રકૃતિથી પર છો અને જો આપનું આ કથન સત્ય હોય તો આપને હું સમીપ રહું તો પણ ડરવું ન જોઈએ.

બ્રહ્માજી કહે છે—પાર્વતીનાં આ સાંખ્ય-શાસ્ત્ર અનુસાર કહેલાં વચન સાંભળીને ભગવાન શિવ વેદાંતમતમાં સ્થિત થઈને એમને આમ કહ્યું.

શ્રીશિવે કહ્યું—હે સુંદર ભાષણ કરનારાં ગિરિજે! જો તમે સાંખ્ય-મતને ધારણ કરીને આવી વાત કહેતાં હો તો પ્રતિદિન મારી સેવા કરો, પરંતુ એ સેવા શાસ્ત્રનિષિદ્ધ ન હોવી જોઈએ.

ગિરિજાને આવું કહીને ભક્તો પર અનુગ્રહ અને એમનું મનોરંજન કરનારા ભગવાન શિવ હિમવાનને કહેવા લાગ્યા.

શિવે કહ્યું—હે ગિરિરાજ! હું અહીં તમારા અત્યંત રમણીય શ્રેષ્ઠ શિખરની ભૂમિ પર ઉત્તમ તપસ્યા તથા પોતાના આનંદમય પરમાર્થસ્વરૂપનો વિચાર કરતાં કરતાં વિચરણ કરીશ. હે પર્વતરાજ! આપ મને અહીં તપસ્યા કરવાની અનુમતિ આપો. આપની અનુજ્ઞા વગર કોઈ તપ નહીં કરી શકાય.

દેવાધિદેવ શૂલધારી ભગવાન શિવની આ ઉક્તિ સાંભળીને હિમવાને એમને પ્રણામ કરીને કહ્યું – 'હે મહાદેવ! દેવતા, અસુર અને મનુષ્યોસહિત સંપૂર્ણ જગત તો આપનાં જ છે. હું તુચ્છ થઈને આપને શું કહું?'

બ્રહ્માજી કહે છે—હે નારદ! ગિરિરાજ હિમવાનનું આવું કહેવાથી લોકકલ્યાણકારી ભગવાન શંકર હસી પડ્યા અને આદરપૂર્વક એમને કહ્યું – 'હવે તમે જાઓ' શંકરની આજ્ઞા મેળવીને હિમવાન પોતાને ઘેર પરત ગયા. તે ગિરિજાની સાથે પ્રતિદિન એમનાં દર્શન માટે આવતા હતા. કાલી પોતાના પિતા વગર પણ બંને સખીઓની સાથે નિત્ય શંકરજીની પાસે જતાં અને ભક્તિપૂર્વક એમની સેવામાં રત રહેતાં. નંદીશ્વર વગેરે કોઈ પણ ગણ એમને રોકતું ન હતું. હે તાત! મહેશ્વરના આદેશથી જ આવું થતું હતું. પ્રત્યેક ગણ પવિત્રતાપૂર્વક રહીને એમની આજ્ઞાનું પાલન કરતા હતા. જે વિચાર દ્વારા પરસ્પર અભિન્ન સિદ્ધ થાય છે, એ જ શિવા અને શિવે સાંખ્ય અને વેદાંત મતમાં સ્થિત થઈને જે કલ્યાણદાયક સંવાદ કર્યો, તે સર્વદા સુખ પ્રદાયક છે. એ સંવાદ મેં અહીં કહી સંભળાવ્યો. ઇન્દ્રિયાતીત ભગવાન શંકરે ગિરિરાજના કહેવાથી એમનું ગૌરવ માનીને એમની પુત્રીને પોતાની પાસે રહીને સેવા કરે તે માટે સ્વીકૃતિ આપી દીધી.

કાલી પોતાની બે સખીઓની સાથે ચંદ્રશેખર મહાદેવજીની સેવા માટે પ્રતિદિન આવતી-જતી હતી. તે ભગવાન શંકરનાં ચરણ ધોઈને એ ચરણામૃતનું પાન કરતાં હતાં. અગ્નિથી તપાવીને શુદ્ધ કરેલા વસ્ત્ર (અથવા ગરમ પાણીથી ધોયેલા વસ્ત્ર દ્વારા) એમના શરીરનું માર્જન કરતાં, એને માલીશ કરતાં અને લૂછતાં. પછી સોળ ઉપચારથી વિધિવત્ હરની પૂજા કરીને વારંવાર એમના ચરણોમાં પ્રણામ કર્યા પછી પ્રતિદિન પિતાને ઘેર પરત જતાં. હે મુનિશ્રેષ્ઠ! આ રીતે

ધ્યાનપરાયણ શંકરની સેવામાં રત થયેલી શિવાનો મોટા ભાગનો સમય વ્યતીત થઈ ગયો, તો પણ એ પોતાની ઇન્દ્રિઓને સંયમમાં રાખીને પૂર્વવત્ એમની સેવા કરતાં રહ્યાં. મહાદેવજીએ જ્યારે ફરી તેમને પોતાની સેવામાં નિત્ય તત્પર જોયાં, ત્યારે તે દયાથી દ્રવિત થઈ ગયા અને આ પ્રકારે વિચારવા લાગ્યા – 'આ કાલી જ્યારે તપશ્ચર્યાવ્રત કરશે અને એમનામાં ગર્વનું બીજ પણ નહીં રહી જાય, ત્યારે હું એમનું પાણિગ્રહણ કરીશ.'

આવો વિચાર કરીને મહાલીલા કરનાર મહાયોગીશ્વર ભગવાન ભૂતનાથ તત્કાલ ધ્યાનમાં લીન થઈ ગયા. હે મુને! પરમાત્મા શિવ જ્યારે ધ્યાનમાં લાગી ગયા, ત્યારે એમના હૃદયમાં બીજી કોઈ ચિંતા રહી નહીં. કાલી પ્રતિદિન મહાત્મા શિવના સ્વરૂપનું નિરંતર ધ્યાન કરતાં કરતાં ઉત્તમ ભક્તિભાવથી એમની સેવામાં લાગી ગયાં. ધ્યાનપરાયણ ભગવાન હર શુદ્ધ ભાવથી ત્યાં રહેલાં કાલીને રોજ જોતા હતા. તેમ છતાં પણ પૂર્વચિંતાને ભૂલીને એમને જોવા છતાં જોતા ન હતા.

આ દરમિયાન ઇન્દ્ર વગેરે દેવતાઓ તથા મુનિઓએ બ્રહ્માજીની આજ્ઞાથી કામદેવને આદરપૂર્વક ત્યાં મોકલ્યા. એ કામની પ્રેરણાથી કાલીનો રુદ્ર સાથે સંયોગ કરાવવા ઇચ્છતા હતા. એમનું આવું કરવામાં એ કારણ હતું કે મહાપરાક્રમી તારકાસુરથી તેઓ બહુ પીડિત હતા (અને શંકરજીથી કોઈ મહાન બળવાન પુત્રની ઉત્પત્તિ ચાહતા હતા). કામદેવે ત્યાં પહોંચીને પોતાના સર્વ ઉપાયોનો પ્રયોગ કર્યો, પરંતુ મહાદેવજીના મનમાં જરા સરખો પણ ક્ષોભ ન થયો. બલકે એને બદલે એમણે કામદેવને બાળીને ભસ્મ કરી દીધો. હે મુને! ત્યારે સતી પાર્વતી પણ ગર્વરહિત થઈને એમની આજ્ઞાથી બહુ મોટી તપસ્યા કરીને શિવને પતિરૂપે પ્રાપ્ત કર્યા. પછી એ પાર્વતી અને પરમેશ્વર પરસ્પર અત્યંત પ્રેમથી અને પ્રસન્નતાપૂર્વક રહેવા લાગ્યાં. એ બંનેએ પરોપકારમાં તત્પર રહીને દેવતાઓના મહાન કાર્યને સિદ્ધ કર્યું.

(અધ્યાય-૧૩)

*

તારકાસુરના સતાવેલા દેવતાઓ દ્વારા બ્રહ્માજીને પોતાની કષ્ટકથા સંભળાવવી, બ્રહ્માજીનો એમને પાર્વતીની સાથે શિવનો વિવાહ થાય તે માટે ઉદ્યોગ કરવાનો આદેશ આપવો, બ્રહ્માજીના સમજાવવાથી તારકાસુરનું સ્વર્ગ છોડવું અને દેવતાઓનું ત્યાં રહીને લક્ષ્યસિદ્ધિ માટે પ્રયત્નશીલ થવું

સૂતજી કહે છે—તદનંતર નારદજીના ઉપસ્થિત કરતાં બ્રહ્માજીએ તારકાસુરની ઉત્પત્તિ, એનું ઉગ્ર તપ, મનોવાંછિત વરદાનની પ્રાપ્તિ તથા દેવતા અને અસુર સર્વને જીતીને જાતે ઇન્દ્રપદ પર પ્રતિષ્ઠિત થઈ જવાની કથા પૂછવાથી પાર્વતીના વિવાહનો વિસ્તૃત પ્રસંગને સંભળાવી.

ત્યાર બાદ બ્રહ્માજીએ કહ્યું—તારકાસુર ત્રણે લોકોને પોતાના વશમાં કરીને જ્યારે સ્વયં ઇન્દ્ર બની ગયો ત્યારે એની સામે એના સમાન

બીજો કોઈ જ શાસક ન રહ્યો. તે જિતેન્દ્રિય અસુર ત્રિભુવનનો એકમાત્ર સ્વામી થઈને અદ્‌ભુત રીતે રાજ્યનું સંચાલન કરવા લાગ્યો. એણે સમસ્ત દેવતાઓને હાંકી કાઢ્યા અને એમની જગાએ દૈત્યોને સ્થાપિત કરી દીધા અને વિદ્યાધર વગેરે દેવયોનિઓને સ્વયં પોતાના કર્મમાં જોતરી દીધા. હે મુને! ત્યાર પછી તારકાસુરના સતાવેલા ઇન્દ્ર વગેરે સંપૂર્ણ દેવતા અત્યંત વ્યાકુળ અને અનાથ થઈને મારે શરણે આવ્યા. એ સૌએ મુજ પ્રજાપતિને પ્રણામ કરીને ખૂબ ભક્તિથી મારું સ્તવન કર્યું અને પોતાના દારુણ દુઃખથી વ્યથા-કથા કહેવા લાગ્યા – 'હે પ્રભો! આપ જ અમારી ગતિ છો. આપ જ અમને કર્તવ્યનો ઉપદેશ દેનારા છો અને આપ જ અમારા ધાતા અને ઉદ્ધારક છો. અમે બધા દેવતા તારકાસુર નામક અગ્નિમાં બળી રહ્યા છીએ અને અત્યંત વ્યાકુળ થઈ રહ્યા છીએ. જેવી રીતે સંનિપાત રોગમાં પ્રબળ દવાઓ પણ નિર્બળ થઈ જાય છે એવી જ રીતે એ અસુરે અમારા સર્વ ક્રૂર ઉપાયોને બલહીન બનાવી દીધા છે. ભગવાન વિષ્ણુનાં સુદર્શન પર જ અમારા વિજયની આશા રહેલી છે, પરંતુ તે સુદર્શન પણ એના કંઠ પર કુંઠિત થઈ ગયું. એના ગળામાં પડીને તે એવું દેખાવા લાગ્યું જાણે એ અસુરને ફૂલની માળા ન પહેરાવી હોય.

હે મુને! દેવતાઓનું આ કથન સાંભળીને મેં એમને સૌને સમયોચિત વાત કહી – 'હે દેવતાઓ! મારા જ વરદાનથી દૈત્ય તારકાસુર આટલો બધો વધી ગયો છે. તેથી મારા જ હાથે તો એનો વધ થવો ઉચિત નથી. જે જેના વડે પોષણ મેળવે, એના જ દ્વારા એનો વધ થાય એ યોગ્ય કાર્ય નથી. વિષના વૃક્ષને પણ જો સ્વયં સીંચીને મોટું કર્યું હોય તો એને કાપવું એ અનુચિત મનાયું છે. તમારા સૌનું કાર્ય કરવા યોગ્ય ભગવાન શંકર છે. પરંતુ તે તમારા કહેવાથી પણ સ્વયં એ અસુરનો સામનો નહીં કરી શકે. તારક દૈત્ય સ્વયં પોતાના જ પાપથી નષ્ટ થઈ જશે. હું જેવો ઉપદેશ આપું છું, તમે તેવું જ કાર્ય કરો, મારા વરદાનના પ્રભાવથી ન તો હું તારકાસુરનો વધ કરી શકું અને ન વિષ્ણુ ભગવાન પણ વધ કરી શકે અને ભગવાન શંકર પણ એનો વધ કરી શકે. બીજો કોઈ વીર પુરુષ અથવા સર્વ દેવતાઓ ભેગા મળીને પણ એને નહીં મારી શકે, આ હું સત્ય કહું છું. હે દેવતાઓ જો શિવજીના વીર્યથી કોઈ પુત્ર ઉત્પન્ન થાય તો તે જ તારક દૈત્યનો વધ કરી શકે, બીજો કોઈ નહીં. હે સુરશ્રેષ્ઠ! એ માટે હું જે ઉપાય બતાવું છું, એ કરો. મહાદેવજીની કૃપાથી એ ઉપાય અવશ્ય સિદ્ધ થશે. પૂર્વકાળમાં જે દક્ષકન્યા સતીએ દક્ષ યજ્ઞમાં પોતાના દેહનો ત્યાગ કર્યો હતો, એ જ આ સમયે હિમાલય પત્ની મેનકાના ગર્ભથી ઉત્પન્ન થયાં છે. આ વાત તો તમે પણ જાણો છો. મહાદેવજી એ કન્યાનું પાણિગ્રહણ અવશ્ય કરશે, તથાપિ હે દેવતાઓ! તમે સ્વયં પણ એને માટે પ્રયત્ન કરો. તમે પોતાના પ્રયત્નથી એવો ઉદ્યોગ કરો જેથી મેનકાકુમારી પાર્વતીમાં ભગવાન શંકર પોતાના વીર્યનું આધાન કરી શકે. ભગવાન શંકર ઊર્ધ્વરેતા છે (એમનું વીર્ય ઉપર તરફ ઊઠેલું છે.) એમના વીર્યને પ્રસ્ખલિત કરવામાં કેવળ પાર્વતી જ સમર્થ છે. બીજી કોઈ અબળા પોતાની શક્તિથી આવું કરી શકે નહિ. ગિરિરાજની પુત્રી એ પાર્વતી આ સમયે યુવાવસ્થામાં પ્રવેશી ગઈ

છે અને હિમાલય પર તપસ્યામાં રત મહાદેવજીની પ્રતિદિન સેવા કર્યા કરે છે. પોતાના પિતા હિમવાનના કહેવાથી કાલી શિવા પોતાની બે સખીઓ સાથે ધ્યાનપરાયણ પરમેશ્વર શિવની સાગ્રહ સેવા કરી રહ્યાં છે. ત્રણે લોકોમાં સૌથી અધિક સુંદરી પાર્વતી શિવની સામે રહીને પ્રતિદિન એમની પૂજા કરે છે, તો પણ તે ધ્યાનમગ્ન મહેશ્વર મનથી પણ ધ્યાનહીન સ્થિતિમાં આવતા નથી. અર્થાત્ ધ્યાનભંગ કરીને પાર્વતી ભણી જોવાનો મનથી પણ વિચાર કરતા નથી. હે દેવતાઓ! ચંદ્રશેખર શિવ જે પ્રકારે કાલીને પોતાની ભાર્યા બનાવવાની ઇચ્છા કરે એવો જ પ્રયત્ન તમે લોકો શીઘ્ર જ કરો. હું એ દૈત્યના સ્થાન પર જઈને તારકાસુરને ખોટી હઠથી હટાવવાની ચેષ્ટા કરીશ. તેથી હવે તમે લોકો પોતપોતાને સ્થાને જતા રહો.'

હે નારદ! દેવતાઓને આવું કહીને હું તરત જ તારકાસુરને મળ્યો અને એને બહુ પ્રેમથી બોલાવીને મેં એને આ રીતે કહ્યું – 'હે તારક! આ સ્વર્ગ અમારા તેજનું સારતત્ત્વ છે. પરંતુ તમે અહીંના રાજ્યનું પાલન કરો છો. જેને માટે તમે ઉત્તમ તપસ્યા કરી હતી, એને વધારે ને વધારે ચાહવા લાગ્યા છો. મેં તમને આથી નાનું સરખું જ વરદાન આપ્યું હતું. મેં સ્વર્ગનું રાજ્ય કદાપિ આપ્યું ન હતું. એટલા માટે તમે સ્વર્ગને છોડીને પૃથ્વી પર રાજ્ય કરો. હે અસુરશ્રેષ્ઠ! દેવતાઓને યોગ્ય જેટલાં પણ કાર્યો છે, તે સર્વ તમને સુલભ થશે. આમાં અન્યથા બીજો કોઈ વિચાર કરવાની જરૂર નથી.'

આવું કહીને એ અસુરને સમજાવ્યા બાદ હું શિવા અને શિવનું સ્મરણ કરીને ત્યાંથી અદૃશ્ય થઈ ગયો. તારકાસુર પણ સ્વર્ગને છોડીને પૃથ્વી પર આવી ગયો. અને શોણિતપુરમાં રહીને તે રાજ્ય કરવા લાગ્યો. પછી બધા દેવતા પણ મારી વાત સાંભળીને મને પ્રણામ કરીને ઇન્દ્રની સાથે પ્રસન્નતાપૂર્વક બહુ જ સાવધાનીની સાથે ઇન્દ્રલોકમાં ગયા. ત્યાં જઈને પરસ્પર મળીને અંદર અંદર સલાહ કરીને સર્વ દેવતા ઇન્દ્રને પ્રેમપૂર્વક કહેવા લાગ્યા – 'હે ભગવન્! શિવની શિવામાં જે રીતે પણ કામમૂલક રુચિ થાય, એવો બ્રહ્માજીનો બતાવેલો સંપૂર્ણ પ્રયત્ન આપે કરવો જોઈએ.'

આ રીતે દેવરાજ ઇન્દ્રને સંપૂર્ણ વૃત્તાંત નિવેદિત કરીને એ દેવતા પ્રસન્નતાપૂર્વક બધા પોતપોતાને સ્થાને ચાલ્યા ગયા.

(અધ્યાય ૧૪-૧૬)

*

ઇન્દ્ર દ્વારા કામનું સ્મરણ, એની સાથે એમની વાતચીત તથા એમના કહેવાથી કામે શિવજીને મોહ પમાડવા માટે કરેલું પ્રસ્થાન

બ્રહ્માજી કહે છે—હે નારદ! દેવતાઓના ચાલ્યા ગયા પછી દુરાત્મા તારક દૈત્યથી પીડિત થયેલા ઇન્દ્રે કામદેવનું સ્મરણ કર્યું. કામદેવ તત્કાળ ત્યાં આવી પહોંચ્યા ત્યારે ઇન્દ્રે મિત્રતાનો ધર્મ બતાવતાં બતાવતાં કામને કહ્યું – 'હે મિત્ર! કાલવશાત્ મારા પર અસાધ્ય દુઃખ આવી પડ્યું છે, એને તમારા વગર કોઈ પણ દૂર કરી શકે નહીં. દાતાની પરીક્ષા દુષ્કાળ-દુર્ભિક્ષમાં, શૂરવીરની પરીક્ષા રણભૂમિમાં, મિત્રની પરીક્ષા આપત્તિકાળમાં તથા સ્ત્રીઓના કુળની પરીક્ષા

પતિના અસમર્થ થઈ જવા પર થાય છે. હે તાત! સંકટ પડવા પર વિનયની પરીક્ષા થાય છે અને પરોક્ષમાં સત્ય અને ઉત્તમ સ્નેહની પરીક્ષા થાય છે અન્યથા પરીક્ષા થતી નથી. આ મેં સાચી વાત કહી છે.* હે મિત્રવર! આ સમયે મારા પર જે વિપત્તિ આવી છે, એનું નિવારણ બીજા કોઈથી થઈ શકે તેમ નથી. તેથી આજે તમારી પરીક્ષા થઈ જશે. આ કાર્ય કેવળ મારું જ છે અને મને જ સુખ મળવાનું છે, એવી વાત નથી. પરંતુ આ સમસ્ત દેવતા વગેરેનું કાર્ય છે, એમાં સંશય નથી.'

ઈન્દ્રની આ વાત સાંભળીને કામદેવ મલકાયા અને પ્રેમપૂર્ણ ગંભીર વાણીમાં બોલ્યા.

કામે કહ્યું—હે દેવરાજ! આપ આવી વાત કેમ કરો છો? હું આપને જવાબ નથી આપી

રહ્યો (જરૂરી નિવેદન માત્ર કરી રહ્યો છું). લોકમાં કોણ ઉપકારી મિત્ર છે અને કોણ બનાવટી - એ તો સ્વયં પરખવાની વસ્તુ છે, કહેવાની નહીં. જે સંકટના સમયમાં બહુ વાતો કરે, બહુ ચર્ચા કરે, તે કામ શું કરશે? તથાપિ હે મહારાજ! હે પ્રભો! હું કશુંક કહું છું, એ સાંભળો. હે મિત્ર! જે આપના ઇન્દ્રપદને ઝૂંટવી લેવા માટે દારુણ તપસ્યા કરી રહ્યો છે, આપના એ શત્રુને હું સર્વથા તપસ્યાથી ભ્રષ્ટ કરી દઈશ. જે કામ જેનાથી પૂરું થઈ શકે, બુદ્ધિમાન પુરુષ એને એ જ કામમાં લગાડી દે. મારે યોગ્ય જે કાર્ય હોય, એ સર્વ આપ મને સોંપી દો.

બ્રહ્માજી કહે છે—કામદેવનું આ કથન સાંભળીને ઇન્દ્ર બહુ જ પ્રસન્ન થયા. એ કામિનીઓને સુખ આપનાર કામને પ્રણામ કરીને એમની સાથે આ પ્રકારે બોલ્યા.

ઇન્દ્રએ કહ્યું—હે તાત! હે મનોભવ! મેં મારા મનમાં જે કાર્યને પૂર્ણ કરવાનો ઉદ્દેશ્ય રાખ્યો છે, એને સિદ્ધ કરવામાં કેવળ તમે જ સમર્થ છો. બીજા કોઈ દ્વારા એ કામનું થવું સંભવ નથી. હે મિત્રવર! હે મનોભવ કામ! જે માટે આજે તમારા સહયોગની અપેક્ષા થઈ છે, એને બરાબર ઠીક ઠીક બતાવી રહ્યો છું; સાંભળો. તારક નામક પ્રસિદ્ધ જે મહાન દૈત્ય છે, તે બ્રહ્માજી દ્વારા અદ્‌ભુત વરદાન મેળવીને અજેય થઈ ગયો છે અને સર્વને દુઃખ દઈ રહ્યો છે. એ આખા સંસારને પીડા પહોંચાડી રહ્યો છે. એના દ્વારા વારંવાર ધર્મનો નાશ થયો છે.

---

* દાતુઃ પરીક્ષા દુર્ભિક્ષે રણે યુદ્ધસ્ય જાયતે। આપત્કાલે તુ મિત્રસ્યાભક્તૌ સ્ત્રીણાં કુલસ્ય હિ॥
વિનયેઃ સંકટે પ્રાપ્તેઽવિનયસ્ય પરોક્ષતઃ। સુસ્નેહસ્ય તથા તાત નાન્યથા સત્યમીરિતમ્॥
(શિ. પુ. રુ. સં. પા. ખ. ૧૭।૧૨-૧૩)

એનાથી બધા દેવતા અને સમસ્ત ઋષિ દુઃખી દુઃખી થઈ ગયા છે. સંપૂર્ણ દેવતાઓએ પહેલાં એની સાથે પોતાની પૂરી શક્તિથી યુદ્ધ કર્યું હતું; પરંતુ એના ઉપર બધાં જ અસ્ત્ર-શસ્ત્ર નિષ્ફળ થઈ ગયાં. જળના સ્વામી વરુણના પાશ તૂટી ગયા. શ્રીહરિનું સુદર્શનચક્ર પણ ત્યાં સફળ થયું નહીં. શ્રીવિષ્ણુએ એના કંઠ પર ચક્ર ચલાવ્યું, પરંતુ તે ત્યાં કુંઠિત થઈ ગયું. બ્રહ્માજીએ મહાયોગીશ્વર ભગવાન શંભુના વીર્યથી ઉત્પન્ન થયેલા બાળકના હાથે જ આ દુરાત્મા દૈત્યનું મૃત્યુ ભાખ્યું છે. આ કાર્ય તમારે સારીપેઠે અને પ્રયત્નપૂર્વક કરવાનું છે. હે મિત્રવર! એ થઈ જવાથી અમને દેવતાઓને બહુ મોટું સુખ મળશે. ભગવાન શંભુ ગિરિરાજ હિમાલય પર ઉત્તમ તપસ્યામાં લીન છે. એ તો અમારા પણ પ્રભુ છે, કામનાના વશમાં નથી, સ્વતંત્ર પરમેશ્વર છે. મેં સાંભળ્યું છે કે ગિરિરાજનન્દિની પાર્વતી પિતાની આજ્ઞા મેળવીને પોતાની બે સખીઓ સાથે એમની પાસે રહીને એમની સેવામાં છે. એમનો એ પ્રયત્ન મહાદેવજીને પતિરૂપે પ્રાપ્ત કરવા માટે જ છે. પરંતુ ભગવાન શિવ પોતાના મનને સંયમ-નિયમથી વશમાં રાખે છે. હે માર! જે રીતે પણ એમની પાર્વતીમાં અત્યંત રુચિ થાય, એવો જ પ્રયત્ન તમારે કરવો જોઈએ. આ જ કાર્ય કરીને તમે કૃતાર્થ થઈ જશો અને અમારાં સર્વ દુઃખો નષ્ટ થઈ જશે. એટલું જ નહીં, લોકમાં તમારો સ્થાયી પ્રતાપ પણ ફેલાઈ જશે.

બ્રહ્માજી કહે છે—હે નારદ! ઇન્દ્રના આવા કહેવાથી કામદેવનું મુખારવિંદ પ્રસન્નતાથી ખીલી ઊઠ્યું. એમણે દેવરાજ ઇન્દ્રને પ્રેમપૂર્વક કહ્યું – 'હું આ કાર્ય કરીશ. એમાં સંશય નથી' આવું કહીને શિવની માયાથી મોહિત થઈને કામે એ કાર્ય માટે સ્વીકૃતિ આપી દીધી અને શીઘ્ર જ એનો ભાર લઈ લીધો. તે પોતાની પત્ની રતિ અને વસંતને સાથે લઈને ખૂબ પ્રસન્નતાથી એ સ્થાન પર ગયો, જ્યાં સાક્ષાત્ યોગીશ્વર શિવ ઉત્તમ તપસ્યા કરી રહ્યા હતા. (અધ્યાય-૧૭)

*

રુદ્રના નેત્રાગ્નિથી કામનું ભસ્મ થવું, રતિનો વિલાપ, દેવતાઓની પ્રાર્થનાથી શિવના કામને દ્વાપરમાં પ્રદ્યુમ્નરૂપે નૂતન શરીરની પ્રાપ્તિ માટે વરદાન આપવું અને રતિનું શંબર-નગરમાં જવું

બ્રહ્માજી કહે છે—હે મુને! કામદેવ પોતાના સાથી વસંત વગેરેને લઈને ત્યાં પહોંચ્યો. એણે ભગવાન શિવ પર પોતાનાં બાણ ચલાવ્યાં. ત્યારે શંકરજીના મનમાં પાર્વતી પ્રત્યે આકર્ષણ થવા માંડ્યું અને એમનું ધૈર્ય છૂટવા લાગ્યું. પોતાના ધૈર્યનો હ્રાસ થતો જોઈ મહાયોગી મહેશ્વર અત્યંત વિસ્મિત થઈ ગયા અને મનમાં ને મનમાં આ પ્રકારે ચિંતન કરવા લાગ્યા.

શિવ બોલ્યા—હું તો ઉત્તમ તપસ્યા કરી રહ્યો હતો, એમાં વિઘ્ન કેવી રીતે આવી ગયું? કયા દુષ્કર્મીએ અહીં મારા ચિત્તમાં વિકાર પેદા કરી દીધો?

આ રીતે વિચાર કરીને સત્પુરુષોના આશ્રયદાતા મહાયોગી પરમેશ્વર શિવ શંકાયુક્ત થઈને સંપૂર્ણ દિશાઓમાં જોવા લાગ્યા. એ જ સમયે ડાબા ભાગમાં બાણ તાણીને ઊભેલા

કામદેવ પર એમની દૃષ્ટિ પડી. એ મૂઢચિત્ત મદન પોતાની શક્તિના અભિમાનમાં આવીને પુનઃ પોતાનાં બાણ ચલાવવા જ ચાહતો હતો. હે નારદ! આ અવસ્થામાં કામદેવ પર દૃષ્ટિ પડતાં જ પરમાત્મા ગિરીશને તત્કાળ ક્રોધ-રોષ ચઢી ગયો. હે મુને! ત્યાં પણે આકાશમાં બાણ સહિત ધનુષ લઈને ઊભેલા કામે ભગવાન શંકર ઉપર પોતાનું અમોઘ શસ્ત્ર છોડી દીધું, જેનું નિવારણ કરવું બહુ જ કઠણ હતું. પરંતુ પરમાત્મા શિવ પર અમોઘ અસ્ત્ર પણ મોઘ (વ્યર્થ) થઈ ગયું. કુપિત થયેલા પરમેશ્વર પાસે જતાં જ તે શાંત થઈ ગયું. ભગવાન શિવ પર પોતાના અસ્ત્રને વ્યર્થ થઈ જતું હોવાથી મન્મથ (કામ)ને બહુ ભય લાગ્યો. ભગવાન મૃત્યુંજયને સામે જોઈને એ કમ્પી ઊઠ્યો અને ઈન્દ્ર વગેરે સમસ્ત દેવતાઓનું સ્મરણ કરવા લાગ્યો. હે મુનિશ્રેષ્ઠ! પોતાનો પ્રયાસ નિષ્ફળ થઈ જવાથી કામ ભયથી વ્યાકુળ થઈ ગયો હતો. હે મુનીશ્વર! કામદેવના સ્મરણ કર્યા થકી તે ઈન્દ્ર વગેરે બધા દેવતા ત્યાં આવી પહોંચ્યા અને શંભુને પ્રણામ કરીને એમની સ્તુતિ કરવા લાગ્યા.

દેવતાઓ સ્તુતિ કરી જ રહ્યા હતા કે કુપિત થયેલા ભગવાન હરના લલાટમાંથી - એના મધ્યભાગમાં સ્થિત તૃતીય નેત્રથી ભારે આગ તત્કાળ પ્રગટ થઈને બહાર નીકળી. એની જ્વાળાઓ ઉપરની તરફ જઈ રહી હતી. આગ ધૂ-ધૂ કરીને જોરદાર થવા લાગી. એની પ્રભા પ્રલયના અગ્નિની જેમ જણાતી હતી. એ આગ તરત જ આકાશમાં છવાઈ ગઈ અને પૃથ્વી પર પડી ગઈ. પછી ચારે બાજુએ ચક્કર મારતી મારતી ધરાશાયિની થઈ ગઈ. હે સાધો! 'હે ભગવન્! ક્ષમા કરો, ક્ષમા કરો' આ વાત જ્યાં સુધી દેવતાઓના મુખથી નીકળે ત્યાં સુધીમાં તો આગે કામદેવને સળગાવીને ભસ્મ કરી દીધો. એ વીર કામદેવના મરણ પર દેવતાઓને બહુ દુઃખ થયું. તે વ્યાકુળ થઈ ગયા. 'હાય! આ શું થઈ ગયું?' એવું કહી કહીને જોરજોરથી ચિત્કાર કરતા કરતા ધ્રુસકે ને ધ્રુસકે રડી પડ્યા.

એ સમયે વિકૃત ચિત્ત થયેલાં પાર્વતીનું શરીર સફેદ પડી ગયું, કાપો તો લોહી ન નીકળે.

એ સખીઓને સાથે લઈને પોતાના ભવન તરફ ચાલ્યાં ગયાં. કામદેવના સળગી જવાથી રતિ ત્યાં એક ક્ષણ સુધી બેભાન થઈને પડી રહી. પતિના મૃત્યુનું દુઃખથી એ એવી રીતે પડી હતી જાણે મરી જ ગઈ છે. થોડી વારે જ્યારે ભાન આવ્યું ત્યારે અત્યંત વ્યાકુળ થઈને રતિ એ સમયે વિવિધ પ્રકારની વાતોનું સ્મરણ કરીને વિલાપ કરવા લાગી.

રતિ બોલી—હાય! હવે હું શું કરું? ક્યાં જાઉં? દેવતાઓએ આ શું કર્યું? મારા ઉદંડ સ્વામીને બોલાવીને નષ્ટ કરાવી દીધો. હાય! હાય! હે નાથ! હે સ્મર! હે સ્વામિન! હે પ્રાણપ્રિય! હાય મને સુખ આપનાર હે પ્રિયતમ, હા પ્રાણનાથ! અહીં આ શું થઈ ગયું?

બ્રહ્માજી કહે છે—હે નારદ! આ રીતે

રડતી, દુઃખી થતી અને અનેક પ્રકારનાં સ્મરણો કરતી રતિ હાથ-પગ પછાડવા લાગી અને પોતાના મસ્તકના વાળ ખેંચીને શોક-વિલાપ કરવા લાગી. એ સમયે એનો વિલાપ સાંભળીને ત્યાં રહેનારા સમસ્ત વનવાસી જીવ તથા વૃક્ષ વગેરે સ્થાવર પ્રાણી પણ બહુ દુઃખી દુઃખી થઈ ગયાં. એ દરમિયાન ઇન્દ્ર વગેરે સંપૂર્ણ દેવતાઓ મહાદેવજીનું સ્મરણ કરતાં કરતાં રતિને આશ્વાસન આપતાં આપતાં આ પ્રકારે બોલ્યાં.

દેવતાઓએ કહ્યું—તમે કામદેવના શરીરની થોડીક ભસ્મ લઈ લો અને પ્રયત્નપૂર્વક રાખી લો અને ભય છોડી દો. અમે સર્વના સ્વામી મહાદેવજી કામદેવને પુનઃ જીવિત કરી દેશે અને પછી પોતાના પ્રિયતમને પ્રાપ્ત કરી લેશો. કોઈ કોઈને નથી તો સુખ આપી શકતું અને કોઈ કોઈને નથી તો દુઃખ આપી શકતું. સર્વ લોકો પોતપોતાની કરણીનું જ ફળ ભોગવે છે. તમે દેવતાઓને દોષ દઈને વ્યર્થમાં જ શોક કર્યા કરો છો.

આ પ્રકારે રતિને આશ્વાસન આપીને સર્વ દેવતાઓ ભગવાન શિવ પાસે આવ્યા અને એમને ભક્તિભાવથી પ્રસન્ન કરીને આ પ્રમાણે બોલ્યા.

દેવતાઓએ કહ્યું—હે ભગવન્! હે શરણાગત-વત્સલ મહેશ્વર! આપ કૃપા કરીને અમારાં આ શુભ-વચન સાંભળો. હે શંકર! તમે કામદેવનાં કરતૂત પર સારીપેઠે પ્રસન્નતાપૂર્વક વિચાર કરો. હે મહેશ્વર! કામદેવે જે કાર્ય કર્યું છે એમાં એનો કોઈ સ્વાર્થ નહોતો. દુષ્ટ તારકાસુરથી પીડિત અમે બધા દેવતાઓએ સાથે મળીને એની પાસે આમ કરાવ્યું છે. હે નાથ! હે શંકર! આને આપ અન્યથા ન સમજો. બધું જ આપનારા હે દેવ, હે ગિરીશ! સતી-સાધ્વી રતિ એકલી અતિ દુઃખી થઈને વિલાપ કરી રહી છે. આપ એને સાંત્વના પ્રદાન કરો. હે શંકર જો આ કોપ દ્વારા આપે કામદેવને મારી નાખ્યો તો અમે તો એમ જ સમજીશું કે આપ દેવતાઓ સહિત સમસ્ત પ્રાણીઓનો સંહાર કરી નાખવા ચાહો છો. રતિનું દુઃખ જોઈને દેવતા નષ્ટપ્રાયઃ થઈ રહ્યા છે, માટે આપે રતિનો શોક દૂર કરી દેવો જોઈએ.

બ્રહ્માજી કહે છે—હે નારદ! સંપૂર્ણ દેવતાઓનાં આ વચન સાંભળીને ભગવાન શિવ પ્રસન્ન થઈ ગયા અને આ પ્રમાણે બોલ્યા.

શિવે કહ્યું—હે દેવતાઓ અને ઋષિઓ! તમે સૌ આદરપૂર્વક મારી વાત સાંભળો. મારા કોપથી જે કાંઈ થઈ ગયું છે તે તો અન્યથા થઈ શકશે નહિ, તેમ છતાં રતિના શક્તિશાળી પતિ કામદેવ ત્યાં સુધી અનંગ-અજ (શરીરરહિત) રહેશે, જ્યાં સુધી રુક્મિણીપતિ શ્રીકૃષ્ણનું ધરતી પર અવતરણ નથી થઈ જતું. જ્યારે શ્રીકૃષ્ણ દ્વારકામાં રહીને પુત્રોને ઉત્પન્ન કરશે, ત્યારે તે રુક્મિણીના ગર્ભથી કામને પણ જન્મ આપશે. એ કામનું જ નામ એ સમયે 'પ્રદ્યુમ્ન' થશે, એમાં સંશય નથી. એ પુત્રનો જન્મ લેતાં જ શમ્બરાસુર એને હરી લેશે. હરણ પછી દાનવશિરોમણિ શમ્બર એ શિશુને સમુદ્રમાં નાખી દેશે. પછી એ મૂઢ એને મરેલો જાણીને પોતાના નગર તરફ પરત જતો રહેશે. હે રતે! એ સમય સુધી તને શમ્બરાસુરના નગરમાં સુખપૂર્વક નિવાસ કરવો જોઈએ. એ જ ત્યાં તમને તમારા પતિ પ્રદ્યુમ્નની પ્રાપ્તિ થશે. ત્યાં જ એ તને મળીને કામદેવ યુદ્ધમાં શમ્બરાસુરનો વધ કરશે અને સુખી થશે. હે દેવતાઓ! પ્રદ્યુમ્ન નામધારી કામદેવ પોતાની કામિની રતિને તથા શમ્બરાસુરનું ધન લઈને એની સાથે પુનઃ

નગરમાં જશે. મારું આ કથન સર્વથા સત્ય થશે.

બ્રહ્માજી કહે છે—હે નારદ! ભગવાન શિવની આ વાત સાંભળીને દેવતાઓના ચિત્તમાં થોડો ઉલ્લાસ થયો અને તેઓ એમને પ્રણામ કરીને હાથ જોડીને વિનીતભાવથી બોલ્યા.

દેવતાઓએ કહ્યું—હે દેવદેવ, હે મહાદેવ! હે કરુણાસાગર! હે પ્રભો! આપ કામદેવને શીઘ્ર જ જીવનદાન આપો તથા રતિના પ્રાણોની રક્ષા કરો.

દેવતાઓની આ વાત સાંભળીને સર્વના સ્વામી કરુણાસાગર પરમેશ્વર શિવ પુનઃ પ્રસન્નચિત્ત થઈને બોલ્યા – 'હે દેવતાઓ! હું બહુ જ પ્રસન્ન છું. હું કામદેવને સર્વના હૃદયમાં જીવિત કરી દઈશ. એ સદા મારો ગણ થઈને વિહાર કરશે. હવે પોતપોતાને સ્થાને પધારો. હું તમારાં દુઃખોનો સર્વથા નાશ કરી દઈશ.'

આવું કહીને રુદ્રદેવ સ્તુતિ કરનારા દેવતાઓની સામે જોતજોતામાં અંતર્ધાન થઈ ગયા. દેવતાઓનો વિસ્મય દૂર થઈ ગયો અને એ બધા જ પ્રસન્ન થઈ ગયા. હે મુને! તદનન્તર રુદ્રની વાત પર ભરોસો કરીને સ્થિર રહેનારા દેવતા રતિને એમનું કથન સંભળાવીને આશ્વાસન આપી પોતપોતાને સ્થાને ચાલ્યા ગયા. હે મુનીશ્વર! કામદેવની પત્ની રતિએ શિવના બતાવેલા શમ્બરનગર તરફ ચાલી ગઈ અને રુદ્રદેવે જે સમય બતાવ્યો હતો એની પ્રતીક્ષા કરવા લાગી.

(અધ્યાય ૧૮-૧૯)

*

બ્રહ્માજીની શિવના ક્રોધ-અગ્નિને વડવાનલની સંજ્ઞા આપીને સમુદ્રમાં સ્થાપના કરીને સંસારનો ભય દૂર કરવો, શિવના વિરહથી પાર્વતીનો શોક તથા નારદજી દ્વારા એમને તપસ્યા માટે ઉપદેશપૂર્વક પંચાક્ષર-મંત્રની પ્રાપ્તિ

બ્રહ્માજી કહે છે—હે નારદ! જ્યારે ભગવાન રુદ્રના ત્રીજા નેત્રથી પ્રગટ થયેલા અગ્નિએ કામદેવને શીઘ્ર જલાવીને ભસ્મ કરી દીધો, ત્યારે તે વગર કોઈ પ્રયોજને જ પ્રજ્વલિત થઈને ચારે બાજુએ ફેલાવા લાગ્યો. એથી સચરાચર પ્રાણીઓ સહિત ત્રણે લોકોમાં મહાન હાહાકાર મચી ગયો. હે તાત! સંપૂર્ણ દેવતાઓ અને ઋષિઓ તરત જ મારે શરણે આવ્યા. એ સૌએ અત્યંત વ્યાકુળ થઈને માથું નમાવીને બંને હાથ જોડીને મને પ્રણામ કર્યા અને મારી સ્તુતિ કરીને તેમણે દુઃખનું નિવેદન કર્યું. એ સાંભળીને હું ભગવાન શિવનું સ્મરણ કરીને એમના હેતુને સારી પેઠે વિચારીને ત્રણે લોકોની રક્ષા કરવા માટે વિનીતભાવથી ત્યાં પહોંચ્યો! એ અગ્નિની જ્વાલમાલા અત્યંત ઉદ્દીપ્ત થઈને જગતને બાળી દેવાને માટે તૈયાર હતી. પરંતુ ભગવાન શિવની કૃપાથી પ્રાપ્ત થયેલા ઉત્તમ તેજથી મેં એ અગ્નિને તત્કાળ સ્તંભિત કરી દીધો. હે મુને! ત્રિલોકીને દગ્ધ કરવાની ઇચ્છાવાળા એ ક્રોધમય અગ્નિને એક એવા ઘોડાના રૂપમાં પરિણત કરી દીધો. જેના મુખમાંથી સૌમ્ય જ્વાળા પ્રગટ થઈ રહી હતી. ભગવાન શિવની ઇચ્છાથી એ વાડવ શરીર (ઘોડા)વાળા અગ્નિને લઈને હું લોકહિત માટે સમુદ્રતટ પર ગયો. હે મુને! મને ત્યાં

આવેલો જોઈને સમુદ્ર એક દિવ્ય પુરુષનું રૂપ ધારણ કરીને હાથ જોડીને મારી પાસે આવ્યો. મારી – સંપૂર્ણ લોકોના પિતામહની - સારી પેઠે વિધિવત્ સ્તુતિ-વંદના કરીને સિંધુએ મને પ્રસન્નતાપૂર્વક કહ્યું.

સાગર બોલ્યો—હે સર્વેશ્વર બ્રહ્મન્! આપશ્રી અહીં કેમ પધાર્યા છો? મને આપનો સેવક જાણીને આ વાતને પ્રીતિપૂર્વક કહો.

સાગરની વાત સાંભળીને ભગવાન શંકરનું સ્મરણ કરીને લોકહિતનું ધ્યાન રાખતાં મેં એને

પ્રસન્નતાપૂર્વક કહ્યું – હે તાત સમુદ્ર! તમે બહુ બુદ્ધિમાન અને સંપૂર્ણ લોકોના હિતકારી છો. હું શિવની ઇચ્છાથી પ્રેરિત થઈને હાર્દિક પ્રીતિપૂર્વક તમને કહી રહ્યો છું. આ ભગવાન મહેશ્વરનો ક્રોધ છે, જે મહાન શક્તિશાળી અશ્વરૂપે અહીં ઉપસ્થિત છે. આ કામદેવને ભસ્મ કરીને તરત જ સંપૂર્ણ જગતને ભસ્મ કરી દેવા તૈયાર થઈ રહ્યો હતો. આ જોઈને દુઃખી થયેલા દેવતાઓની પ્રાર્થનાથી હું શંકરની ઇચ્છાને વશ થઈને ત્યાં ગયો અને આ અગ્નિને સ્તંભિત કરી દીધો. પછી એણે ઘોડાનું રૂપ ધારણ કર્યું અને એને લઈને હું અહીં આવ્યો છું. હે જલાધાર! હું જગત ઉપર દયા કરીને તમને આ આદેશ આપી રહ્યો છું – આ મહેશ્વરના ક્રોધને, જે વાડવરૂપ ધારણ કરીને મુખમાંથી જ્વાળા પ્રગટ કરતો અહીં ઊભો છે, તેને તમે પ્રલયકાળપર્યંત ધારણ કરતા રહો. હે સરિત્પતે! જ્યારે હું અહીં આવીને વાસ (નિવાસ) કરીશ, ત્યારે તમે ભગવાન શંકરના આ અદ્‌ભુત ક્રોધને છોડી દેજો. તમારું જળ જ પ્રતિદિન આનું ભોજન હશે. તમે યત્નપૂર્વક એને ઉપર જ ધારણ કરી રાખજો, જેથી એ તમારી અનંત જલરાશિની અંદર ન ચાલ્યો જાય.

બ્રહ્માજી કહે છે—હે નારદ! મારું આવું કહેવાથી સમુદ્રે રુદ્રની ક્રોધાગ્નિરૂપ વડવાનલને ધારણ કરવાનું સ્વીકારી લીધું; જે બીજાઓ માટે તો અસંભવ જ હતું. તદનંતર, એ વડવાગ્નિ સમુદ્રમાં પ્રવેશી ગયો અને જ્વાલામાલાઓથી પ્રદીપ્ત થઈને સાગરની જલરાશિને દગ્ધ કરવા લાગ્યો. હે મુને! આથી સંતુષ્ટ ચિત્ત થઈને હું મારે પોતાને લોક પરત આવ્યો અને એ દિવ્યરૂપધારી સમુદ્ર મને પ્રણામ કરીને અદૃશ્ય થઈ ગયો. હે મહામુને! રુદ્રનો એ ક્રોધાગ્નિના ભયથી છૂટીને સંપૂર્ણ જગત સ્વસ્થતાનો અનુભવ કરવા લાગ્યું અને દેવતાઓ તથા મુનિઓ સુખી થઈ ગયા.

નારદજી બોલ્યા—હે દયાનિધે! મદનદહન પછી ગિરિરાજનંદિની પાર્વતી દેવીએ શું કર્યું? તે પોતાની બંને સખીઓ સાથે ક્યાં ક્યાં ગયાં?

એ સર્વ મને કહી બતાવો.

બ્રહ્માજીએ કહ્યું—ભગવાન શંકરના નેત્રથી ઉત્પન્ન થયેલા અગ્નિએ જ્યારે કામદેવને બાળીને ભસ્મ કરી દીધો, ત્યારે ત્યાં મહાન અદ્‌ભુત શબ્દ (નાદ, ધ્વનિ) પ્રગટ થયો. જેથી આખું આકાશ ધ્વનિત થઈ ગયું. એ મહાન શબ્દની સાથે જ કામદેવને દગ્ધ થયેલો જોઈ ભયભીત અને વ્યાકુળ થયેલાં પાર્વતી બંને સખીઓ સાથે પોતાને ઘેર ચાલ્યાં ગયાં. એ શબ્દથી પરિવારસહિત હિમવાન પણ બહુ મોટા વિસ્મયમાં પડી ગયા અને ત્યાં ગયેલી પોતાની પુત્રીનું સ્મરણ કરીને એમને બહુ ક્લેશ થયો. એટલામાં જ પાર્વતી દૂરથી આવતાં દેખાયાં. તે શંભુના વિરહથી રડી રહ્યાં હતાં. પોતાની પુત્રીને અત્યંત વિહ્વળ જોઈને શૈલરાજ હિમવાનને બહુ શોક થયો અને એ શીઘ્ર જ એમની પાસે જઈ પહોંચ્યા. પછી તેમણે હાથથી એમની બંને આંખો લૂછીને બોલ્યા – 'હે શિવે! ડરો નહીં, રડો નહીં' આવું કહીને અચલેશ્વર હિમાવાને અત્યંત વિહ્વળ થયેલાં પાર્વતીને શીઘ્ર જ પોતાના ખોળામાં લઈ લીધાં અને સાંત્વના આપતાં આપતાં તે પોતાને ઘેર લઈ આવ્યા.

કામદેવનો દાહ કરીને મહાદેવજી અદૃશ્ય થઈ ગયા હતા. તેથી એમના વિરહથી પાર્વતી અત્યંત વિહ્વળ થઈ ગયાં હતાં. એમને ક્યાંય પણ સુખ કે શાંતિ ન હતાં. પિતાને ઘેર જઈને જ્યારે તે પોતાની માતાને મળ્યાં, એ સમયે પાર્વતી શિવાએ પોતાનો નવો જન્મ થયો એવું માન્યું. તે પોતાના રૂપની નિંદા કરવા લાગ્યાં અને બોલ્યાં – 'હાય! હું મારી ગઈ' સખીઓના સમજાવવા છતાં તે ગિરિરાજકુમારી કશું સમજી શકતાં ન હતાં. તે સૂતાં-જાગતાં, ખાતાં-પીતાં, નહાતાં-ધોતાં, ચાલતાં-ફરતાં અને સખીઓની વચ્ચે રહેવાને સમયે પણ કિંચિન્માત્ર પણ સુખનો અનુભવ કરતાં ન હતાં. 'મારા સ્વરૂપને તથા જન્મ-કર્મને ધિક્કાર હો' આવું કહેતાં કહેતાં તે સદા મહાદેવજીની પ્રત્યેક ચેષ્ટાનું ચિંતન કર્યા કરતાં હતાં. આ રીતે પાર્વતી ભગવાન શિવના વિરહથી મનમાં ને મનમાં જ અત્યંત ક્લેશ અનુભવ કરવા લાગ્યાં, અને લેશમાત્ર સુખ મેળવી શક્યાં નહીં. તે સદા 'શિવ, શિવ'નો જપ કર્યા કરતાં હતાં. શરીરથી તો પિતાના ઘરમાં જ હતાં પણ ચિત્તથી તે પિનાકપાણિ ભગવાન શંકરની પાસે જ પહોંચેલાં રહેતાં હતાં. હે તાત! શિવા શોકમગ્ન થઈને વારંવાર મૂર્ચ્છિત થઈ જતાં હતાં. શૈલરાજ હિમવાન એમની પત્ની મેનકા તથા એમના મૈનાક વગેરે બધા પુત્ર જે બહુ ઉદારચિત્તવાળા હતા, એ સૌ પાર્વતીને સાંત્વના આપતા રહેતા હતા. તેમ છતાં તે પાર્વતી ભગવાન શંકરને ન ભૂલી શક્યાં.

હે બુદ્ધિમાન દેવર્ષે! તદનંતર એક દિવસ ઈન્દ્રની પ્રેરણાથી ઇચ્છા અનુસાર ફરનારા, ભ્રમણ કરનારા તમે હિમાલય પર્વત પર પહોંચી ગયા. એ સમયે મહાત્મા હિમવાને તમારો આદરસત્કાર-સ્વાગત કર્યું અને કુશળ-મંગલ પૂછવા લાગ્યા. પછી તમે એમણે આપેલા ઉત્તમ આસન પર બેઠા. ત્યાર પછી શૈલરાજે પોતાની કન્યાના ચરિત્રનું આરંભથી જ વર્ણન કર્યું. કેવી રીતે તેણે મહાદેવજીની સેવાનો આરંભ કર્યો અને કેવી રીતે મહાદેવજી દ્વારા કામદેવનું દહન થયું – એ બધું જણાવી દીધું. હે મુને! આ બધું સાંભળીને તમે ગિરિરાજને કહ્યું – 'હે શૈલેશ્વર! ભગવાન શિવનું ભજન કરો' પછી એમની પાસેથી વિદાય લઈને તમે ઊઠ્યા અને મનમાં

ને મનમાં શિવનું સ્મરણ કરીને શૈલરાજને છોડીને શીઘ્ર જ એકાંતમાં કાલીની પાસે આવી ગયા. હે મુને! તમે લોકોપકારી, જ્ઞાની તથા શિવના ભક્ત છો; સમસ્ત જ્ઞાનવાનોના શિરોમણિ છો, તેથી કાલીની પાસે આવીને એમને સંબોધિત કરીને એમના હિતમાં સ્થિત થઈને એમને સાદર આ સત્ય વચન બોલ્યા.

નારદજીએ (તમે) કહ્યું—કાલિકે! તમે મારી વાત સાંભળો. હું દયાવશ સાચી વાત કહી રહ્યો છું. મારું વચન તમારે માટે સર્વથા હિતકર, નિર્દોષ અને ઉત્તમ કામ્ય વસ્તુઓને આપનાર હશે. તમે ત્યાં મહાદેવજીની સેવા અવશ્ય કરી હતી, પરંતુ એ વગર તપસ્યાએ ગર્વમુક્ત થઈને કરી હતી. દીનજનો પર અનુગ્રહ કરનાર શિવે તમારા એ જ ગર્વને નષ્ટ કર્યો છે. હે શિવે! તમારા સ્વામી મહેશ્વર વિરક્ત અને મહાયોગી છે. એમણે માત્ર કામદેવને ભસ્મ કરીને તમને જે સકુશળ છોડી દીધાં છે એમાં એ જ કારણ છે કે તે ભગવાન ભક્તવત્સલ છે. તેથી તમે ઉત્તમ તપસ્યામાં લાગી જાઓ અને ચિરકાળ સુધી મહેશ્વરની આરાધના કરો. તપસ્યાથી તમારા સંસ્કાર થઈ જવાથી રુદ્રદેવ તમને પોતાનો સહધર્મિણી બનાવશે અને તમે પણ ક્યારેય એ કલ્યાણકારી શંભુનો પરિત્યાગ નહીં કરી શકો. હે દેવી! તમે હઠપૂર્વક શિવને અપનાવવાનો યત્ન કરો. શિવ સિવાય બીજા કોઈને પણ પોતાના પતિ તરીકે સ્વીકારશો નહિ.

બ્રહ્માજી કહે છે—હે મુને! તમારી આ વાત સાંભળીને ગિરિરાજકુમારી કાલી કંઈક ઉલ્લસિત થયાં અને હાથ જોડીને પ્રસન્નતાપૂર્વક તમારી સાથે બોલ્યાં.

શિવાએ કહ્યું—હે પ્રભો! આપ સર્વજ્ઞ તથા જગતનો ઉપકાર કરનાર છો. હે મુને! મને રુદ્રદેવની આરાધના કરવા માટે કોઈ મંત્ર આપો.

બ્રહ્માજી કહે છે—હે નારદ! પાર્વતીનું આ વચન સાંભળીને તમે પંચાક્ષર શિવમંત્ર (નમઃ શિવાય)નો એમને વિધિપૂર્વક ઉપદેશ કર્યો. સાથે જ એ મંત્રરાજમાં શ્રદ્ધા ઉત્પન્ન કરવાને માટે તમે એનો સૌથી વધારે પ્રભાવ બનાવ્યો.

નારદ (તમે) બોલ્યા—હે દેવી! આ મંત્રનો પરમ અદ્‌ભુત પ્રભાવ સાંભળો. એના શ્રવણમાત્રથી ભગવાન શંકર પ્રસન્ન થઈ જાય છે. આ મંત્ર સર્વ મંત્રોનો રાજા છે અને મનોવાંછિત ફળ આપનારો છે. ભગવાન શંકરને ખૂબ જ પ્રિય છે તથા સાધકને ભોગ અને મોક્ષ આપવામાં સમર્થ છે. હે સૌભાગ્યશાલિનિ! આ મંત્રનો વિધિપૂર્વક જપ કરવાથી તમારા દ્વારા આરાધિત થયેલા ભગવાન શિવ અવશ્ય અને શીઘ્ર જ તમારી આંખોની સામે પ્રગટ થઈ જશે. હે શિવે! શૌચ-સંતોષ વગેરે નિયમોમાં તત્પર રહીને ભગવાન શિવના સ્વરૂપનું ચિંતન કરતાં કરતાં તમે પંચાક્ષર-મંત્રનો જપ કરો. એથી આરાધ્યદેવ શિવ શીઘ્ર જ સંતુષ્ટ થશે. હે સાધ્વી! આ રીતે તપસ્યા કરો. તપસ્યાથી મહેશ્વર વશમાં થઈ શકે છે, તપસ્યાથી જ સર્વને મનોવાંછિત ફળની પ્રાપ્તિ થાય છે, અન્યથા થતી નથી.

બ્રહ્માજી કહે છે—હે નારદ! તમે ભગવાન શિવના પ્રિયભક્ત અને ઇચ્છા અનુસાર વિચરણ કરનારા છો. તમે કાલીને ઉપર્યુક્ત વાત કહીને દેવતાઓના હિતમાં તત્પર થઈ સ્વર્ગલોક પ્રસ્થાન કર્યું. તમારી વાત સાંભળીને એ સમયે પાર્વતી બહુ જ પ્રસન્ન થયાં. એમને પરમ ઉત્તમ પંચાક્ષર મંત્ર પ્રાપ્ત થઈ ગયો હતો.

(અધ્યાય ૨૦-૨૧)

*

શ્રીશિવની આરાધના માટે પાર્વતીજીની દુષ્કર તપસ્યા

બ્રહ્માજી કહે છે—હે દેવર્ષે! તમે ચાલ્યા ગયા પછી પ્રફુલ્લચિત્ત થયેલાં પાર્વતીએ મહાદેવજીને તપસ્યાથી જ સાધ્ય માન્યા અને તપસ્યા માટે મનમાં ને મનમાં જ નિશ્ચય કર્યો. ત્યારે એમણે પોતાની સખીઓ – જયા અને વિજયા દ્વારા પિતા હિમાચલ અને માતા મેના પાસે આજ્ઞા માગી. પિતાએ તો સ્વીકાર કરી લીધો; પરંતુ માતા મેના સ્નેહવશ અનેક પ્રકારે સમજાવ્યાં અને ઘરથી દૂર વનમાં જઈને તપ કરવા જતી પુત્રીને રોકી. મેનાએ તપસ્યા માટે વનમાં જતાં રોકતાં રોકતાં 'ઉ', 'મા' (બહાર ન જાઓ) એવું કહ્યું, એટલા માટે તે સમયે શિવાનું નામ ઉમા થઈ ગયું. હે મુને! શૈલરાજની પ્યારી પત્ની મેનાના રોકવાથી શિવાને દુઃખી જોઈ પોતાનો વિચાર બદલી નાખ્યો અને પાર્વતીને તપસ્યા માટે જવાની આજ્ઞા આપી દીધી. હે મુનિશ્રેષ્ઠ! માતાની એ આજ્ઞા મેળવીને ઉત્તમ વ્રતનું પાલન કરનારાં પાર્વતીએ ભગવાન શંકરનું સ્મરણ કરીને પોતાના મનમાં બહુ જ સુખનો અનુભવ કર્યો. માતાપિતાને પ્રસન્નતાપૂર્વક પ્રણામ કરીને બંને સખીઓની સાથે તેઓ તપસ્યા કરવા માટે ચાલ્યાં ગયાં. અનેક પ્રકારનાં પ્રિય વસ્ત્રોનો પરિત્યાગ કરીને પાર્વતીએ કટિપ્રદેશમાં સુંદર મૂંજની મેખલા બાંધી અને શીઘ્ર જ વલ્કલ ધારણ કરી લીધાં. હારનો પરિહાર કરીને ઉત્તમ મૃગચર્મને છાતી સરસું ચાંપ્યું. ત્યાર પછી તેઓ તપસ્યા માટે ગંગાવતરણ (ગંગોતરી) તીર્થ તરફ ચાલ્યાં.

જ્યાં ધ્યાન કરતાં કરતાં ભગવાન શંકરે કામદેવને ભસ્મ કર્યો હતો, હિમાલયનું તે શિખર ગંગાવતરણના નામથી પ્રસિદ્ધ છે. ત્યાં જ પરમ ઉત્તમ શૃંગિતીર્થમાં પાર્વતીએ તપસ્યાનો પ્રારંભ કર્યો. ગૌરીએ તપ કર્યું એટલા માટે જ એનું 'ગૌરી-શિખર' નામ થઈ ગયું. હે મુને! શિવાએ પોતાના તપની પરીક્ષા માટે ત્યાં ઘણાં સુંદર અને પવિત્ર વૃક્ષો રોપ્યાં. જે ફળ આપનારાં હતાં. ફળાઉ વૃક્ષો વાવ્યાં. સુંદરી પાર્વતીએ પહેલાં ભૂમિ-શુદ્ધ કરીને ત્યાં એક વેદીનું નિર્માણ કર્યું. ત્યાર પછી એવી તપસ્યાનો આરંભ કર્યો. જે મુનિઓ માટે પણ દુષ્કર હતી. એ મનસહિત સંપૂર્ણ ઇન્દ્રિઓને શીઘ્ર જ કાબૂમાં કરીને એ વેદી પર ઉચ્ચકોટિની તપસ્યા કરવા લાગ્યાં. ગ્રીષ્મ ઋતુમાં પોતાની ચારે બાજુ દિવસ-રાત અગ્નિ સળગાવી રાખીને વચમાં બેસતાં અને નિરંતર પંચાક્ષર-મંત્રનો જપ કર્યા કરતાં હતાં. વર્ષાઋતુમાં વેદી પર સુસ્થિર આસને બેસીને અથવા કોઈ પથ્થરની શિલા પર જ આસન લગાવીને તેઓ નિરંતર જલધારાથી ભીનાં જ રહેતાં હતાં. શિયાળામાં નિરાહાર રહીને ભગવાન શંકરના ભજનમાં તત્પર થઈને તેઓ સદા શીતલ જળની અંદર ઊભાં રહેતાં અને આખી રાત બરફની શિલા પર બેસી રહેતાં હતાં. આ રીતે તપ કરતાં કરતાં પંચાક્ષર-મંત્રના જપમાં સંલગ્ન થઈને શિવા સંપૂર્ણ મનોવાંછિત ફળોના દાતા શિવનું ધ્યાન ધરતાં હતાં. પ્રતિદિન નવરાશની વેળાએ તે સખીઓ સાથે પોતે ઉછેરેલાં વૃક્ષોને પ્રસન્નતાપૂર્વક પાણી પાતાં અને ત્યાં પધારેલા અતિથિઓનું આતિથ્ય કરતાં, સત્કાર પણ કરતાં હતાં.

શુદ્ધ ચિત્તવાળાં પાર્વતીએ પ્રચંડ વાવાઝોડું,

ગાત્ર ગાળી દે તેવી ઠંડી, અનેક પ્રકારની વર્ષા તથા દુસ્સહ તડકાનું પણ સેવન કર્યું. એમના ઉપર વિવિધ પ્રકારનાં દુઃખો આવ્યાં પરંતુ એમણે એને ગણકાર્યાં નહીં. તે તો કેવળ શિવમાં જ મન લગાડીને રહ્યાં. સુસ્થિર ભાવે બેસી જ રહ્યાં અથવા ઊભાં રહી ગયાં. એમનું પ્રથમ વર્ષ ફળાહાર કરવામાં જ વીતી ગયું. બીજે વર્ષે માત્ર પાંદડાં જ ચાવીને રહ્યાં! આ રીતે તપસ્યા કરતાં કરતાં દેવી પાર્વતીએ ક્રમશઃ અસંખ્ય વર્ષ વ્યતીત કરી દીધાં. તદનંતર હિમવાનની પુત્રી શિવાદેવીએ પાંદડાં ખાવાનાં પણ છોડી દીધાં અને સર્વથા નિરાહાર જ રહેવા લાગ્યાં, તેમ છતાં પણ તપસ્યામાં એમનો અનુરાગ તો વધતો જ ચાલ્યો. હિમાચલની પુત્રી શિવાએ ભોજનમાં પાંદડાં-પર્ણનો પણ પરિત્યાગ કરી દીધો. એટલા માટે દેવતાઓએ એમનું નામ 'અપર્ણા' રાખી લીધું. એ પછી પાર્વતી ભગવાન શિવના સ્મરણપૂર્વક એક પગ પર ઊભાં રહીને પંચાક્ષર-મંત્રનો જપ કરતાં કરતાં ભારે તપસ્યા કરવા માંડ્યાં. એમનાં અંગો ચીર અને વલ્કલથી ઢંકાયેલાં હતાં. એમના મસ્તક પર જટાઓનો સમૂહ થઈ ગયો હતો. આ રીતે શિવને ચિંતનમાં લાગેલા પાર્વતીએ તપસ્યા દ્વારા મુનિઓને જીતી લીધા. એ તપોવનમાં મહેશ્વરનું ચિંતનપૂર્વક ધ્યાન કરતાં કરતાં કાલીનાં ત્રણ હજાર વર્ષો વીતી ગયાં.

ત્યાર પછી મહાદેવજીએ સાઠ હજાર વર્ષો સુધી તપ કર્યું હતું, એ સ્થાન પર ક્ષણભર રહીને શિવાદેવી આ રીતે ચિંતા કરવા લાગ્યાં – 'શું મહાદેવજી આ સમયે એ નથી જાણતા કે મેં એમને માટે નિયમોના પાલનમાં તત્પર થઈને તપસ્યા કરી રહી છું? તો પછી કયું કારણ છે કે સુદીર્ઘકાળ સુધી તપસ્યામાં મંડી પડી છું એવી આપની સેવિકાની પાસે કેમ ન આવ્યા? લોકમાં, વેદમાં અને મુનિઓ દ્વારા સદા ગિરિશના મહિમાનું ગાન થયા જ કરે છે. બધા એ જ કહે છે કે ભગવાન શંકર સર્વજ્ઞ, સર્વાત્મા, સર્વદર્શી, સમસ્ત ઐશ્વર્યોના દાતા, દિવ્ય શક્તિસંપન્ન, સૌના મનોભાવ સમજી લેનારા, ભક્તોને એમની ઇચ્છિત વસ્તુઓ આપનારા અને સદા સમસ્ત ક્લેશોનું નિવારણ કરનારા છો. જો હું સમસ્ત કામનાઓનો પરિત્યાગ કરીને વૃષભધ્વજમાં અનુરક્ત થઈ હોઉં તો એ કલ્યાણકારી ભગવાન શિવ અહીં મારા પર પ્રસન્ન થાઓ. જો મેં નારદજીએ આપેલા શિવપંચાક્ષર-મંત્રનો સદા ઉત્તમ ભક્તિભાવપૂર્વક જપ કર્યો હોય તો ભગવાન શંકર મારા પર પ્રસન્ન થાઓ. જો હું સર્વેશ્વર શિવની ભક્તિથી યુક્ત અને નિર્વિકાર હોઉં તો ભગવાન શંકર



મુજ પર અત્યંત પ્રસન્ન હો.'

આ રીતે નિત્ય ચિંતન કરતાં કરતાં જટાવલ્કલધારિણી નિર્વિકારા પાર્વતી સુદીર્ઘકાળ સુધી તપસ્યામાં લાગ્યાં રહ્યાં. એમણે એવી તપસ્યા કરી, જે મુનિઓ માટે પણ દુષ્કર હતી. ત્યાં એ તપસ્યાનું સ્મરણ કરીને પુરુષોને બહુ વિસ્મય થયો. હે મહર્ષે! પાર્વતીજી તપસ્યાનો જે બીજો પ્રભાવ પડ્યો હતો, એ પણ આ સમયે સાંભળી લો. જગદંબા પાર્વતીનું આ મહાન તપ પરમ આશ્ચર્યકારક હતું. જે સ્વભાવથી જ એકબીજાનાં વિરોધી હોય એવાં પ્રાણી પણ એ આશ્રમની પાસે જઈને એમની તપસ્યાના પ્રભાવથી વિરોધરહિત થઈ જતાં હતાં. સિંહ અને ગાય વગેરે સદા રાગ વગેરે દોષોથી સંયુક્ત રહેનારાં પશુ પણ પાર્વતીના તપના મહિમાથી ત્યાં બાધા પહોંચાડતાં ન હતાં. હે મુનિશ્રેષ્ઠ! આ ઉપરાંત જે સ્વભાવતઃ એકબીજાનાં વેરી છે એ ઉંદર-બિલાડીઓ વગેરે બીજા બીજા જીવ પણ આશ્રમ પર ક્યારેય રોષ વગેરે વિકારોથી મુક્ત રહેતા ન હતા. ત્યાંનાં વૃક્ષોમાં સદાએ ફળ લાગેલાં રહેલાં. વિવિધ પ્રકારનાં ઘાસ અને વિચિત્ર ફૂલો એ વનની શોભામાં અભિવૃદ્ધિ કરતાં. ત્યાંનો સમગ્ર વનપ્રાંત કૈલાસ-સમાન થઈ ગયો હતો. પાર્વતીના તપની સિદ્ધિ સાકારરૂપ બની ગઈ હતી.

(અધ્યાય-૨૨)

*

પાર્વતીની તપસ્યા બાબતે દૃઢતા, પ્રથમ કરતાં પણ વધારે એમનું ઉગ્ર તપ, એથી ત્રિલોકીનું સંતપ્ત થવું અને સમસ્ત દેવતાઓની સાથે બ્રહ્મા અને વિષ્ણુ ભગવાનનું શિવને સ્થાને જવું

બ્રહ્માજી કહે છે—હે મુનીશ્વર! શિવની પ્રાપ્તિ માટે આ પ્રકારે તપસ્યા કરતાં કરતાં પાર્વતીનાં બહુ વર્ષો વતી ગયાં, તો પણ ભગવાન શંકર પ્રગટ થયા નહીં. ત્યારે હિમાચલ, મેના, મેરુ અને મંદરાચલ વગેરેએ આવીને પાર્વતીને સમજાવ્યાં અને શિવની પ્રાપ્તિને અત્યંત દુષ્કર બતાવીને એમને એવો અનુરોધ કર્યો કે તમે તપસ્યા છોડીને ઘેર આવતાં રહો.

ત્યારે એ સર્વની વાત સાંભળીને પાર્વતીએ કહ્યું—હે પિતાજી! હે માતાજી! તથા મારા બધા બાંધવ! મેં જે વાત પહેલાં કહી હતી એ શું આપ બધા ભૂલી ગયા? અસ્તુ. ઠીક છે. આ સમયે પણ મારી જે પ્રતિજ્ઞા છે એ આપ સૌ લોકો સાંભળી લો. જેમણે રોષથી કામદેવને બાળીને ભસ્મ કરી દીધા છે એ મહાદેવજી વિરક્ત હોવા છતાં, હું મારી તપસ્યાથી એ ભક્તવત્સલ ભગવાન શંકરને અવશ્ય સંતુષ્ટ કરીશ. આપ સૌ પ્રસન્નતાપૂર્વક પોતપોતાને ઘેર જાઓ. મહાદેવજી સંતુષ્ટ થશે જ, એમાં અન્યથા વિચારવાની જરૂર નથી. જેમણે કામદેવને બાળ્યા છે, જેમણે આ પર્વતના વનને બાળીને ભસ્મ કરી દીધું છે એ ભગવાન શંકરને હું કેવળ તપસ્યાથી અહીં બોલાવીશ. હે મહાભાગગણ! આપ સૌ એ જાણી લો કે મહાન તપોબળથી જ ભગવાન સદાશિવની સેવા સુલભ થઈ શકે છે. આ હું આપ લોકોને સત્ય, સત્ય કહું છું.

સુમધુર ભાષણ કરનારાં પર્વતરાજકુમારી શિવા માતા મેનકા, ભાઈ મૈનાક, પિતા હિમાલય અને મંદરાચલ વગેરેને ઉપર્યુક્ત વાત કહીને શીઘ્ર જ ચૂપ થઈ ગયાં. શિવાનું આવું કહ્યા

૫૨ તે ચતુર-ચાલાક પર્વત, ગિરિરાજ સુમેરુ વગેરે ગિરિજાની વારંવાર પ્રશંસા કરતાં કરતાં અત્યંત વિસ્મિત થઈ જેવા આવ્યા હતા તેવા જ જતા રહ્યા. એ સૌના ચાલ્યા ગયા પછી સખીઓથી ઘેરાયેલાં પાર્વતીએ મનમાં ને મનમાં નિશ્ચય કરીને પહેલાં કરતાં પણ વધારે અધિક ઉગ્ર તપસ્યા કરવા લાગ્યાં. હે મુનિશ્રેષ્ઠ! દેવતાઓ, અસુરો, મનુષ્યો અને ચરાચર પ્રાણીઓ સહિત સમસ્ત ત્રિલોકી એ મહતી તપસ્યાથી સંતપ્ત થઈ ઊઠી. એ સમયે સમસ્ત દેવતા, અસુર, યક્ષ, કિન્નર, ચારણ, સિદ્ધ, સાધ્ય, મુનિ, વિદ્યાધર, મોટા-મોટા નાગ, પ્રજાપતિ, ગુહ્યક તથા અન્ય મોટા મોટા લોકો મહાન કષ્ટમાં પડી ગયા. પરંતુ એનું કોઈ કારણ એમની સમજમાં ન આવ્યું. ત્યારે ઈન્દ્ર વગેરે બધા દેવતાઓ મળીને ગુરુ બૃહસ્પતિ પાસેથી સલાહ લઈને ખૂબ વિહ્વળતા સાથે સુમેરુ પર્વત પર મુજ વિધાતાની શરણમાં આવ્યા. એ સમયે એમનાં સર્વ અંગો સંતપ્ત થઈ રહ્યાં હતાં. ત્યાં આવીને મને પ્રણામ કરીને એ સર્વ વ્યાકુળ અને કાન્તિહીન દેવતાઓએ મારી સ્તુતિ કરીને એકસાથે જ મને પૂછ્યું – 'હે પ્રભો! જગત સંતપ્ત થયું છે એનું કારણ શું છે?'

એમનો એ પ્રશ્ન સાંભળીને મનમાં ને મનમાં શિવનું સ્મરણ કરીને વિચારપૂર્વક મેં સર્વ કાંઈ જાણી લીધું. આ સમયે વિશ્વમાં જે દાહ ઉત્પન્ન થઈ ગયો છે તે ગિરિજાની તપસ્યાનું ફળ છે – આ જાણીને હું એ સૌની સાથે શીઘ્ર જ ક્ષીરસાગર ગયો. ત્યાં જવાનો ઉદ્દેશ્ય ભગવાન વિષ્ણુને સર્વ કાંઈ બતાવવાનો હતો. ત્યાં જઈને જોયું તો ભગવાન શ્રીહરિ સુખદ આસન પર બિરાજમાન છે. દેવતાઓની સાથે મેં હાથ જોડીને પ્રણામપૂર્વક એમની સ્તુતિ કરી અને પાર્વતીના પરમ ઉગ્ર તપથી સંતપ્ત થઈને અમે સૌ આપને શરણે આવ્યા છીએ. તમે જ અમને બચાવો, બચાવો.' અમારા દેવતાઓની આ વાત સાંભળીને શેષશૈયા પર બેઠેલા ભગવાન લક્ષ્મીપતિ અમને આ પ્રમાણે કહેવા લાગ્યા.

શ્રીવિષ્ણુએ કહ્યું—હે દેવતાઓ મેં આજે પાર્વતીજીની તપસ્યાનું સંપૂર્ણ કારણ જાણી લીધું છે. તેથી તમે સૌની સાથે હવે હું પણ પરમેશ્વર શિવ સમીપ આવું છું. આપણે સૌ સાથે મળીને એ પ્રાર્થના કરીશું કે તેઓ શિવજી ગિરિજાને પરણીને અહીં લઈ આવે. હે અમરો! આ સમયે સમસ્ત સંસારના કલ્યાણ માટે ભગવાન સાથે શિવાનું પાણિગ્રહણ કરવાનો અનુરોધ કરવાનો છે. દેવાધિદેવ પિનાકધારી ભગવાન શિવ શિવાને વરદાન આપવા માટે જેવી રીતે પણ ત્યાં એમના આશ્રમ પર જાય, આ સમયે તો અમે આવો જ પ્રયત્ન કરીશું. તેથી પરમ મંગલમય મહાપ્રભુ રુદ્ર જ્યાં ઉગ્ર તપસ્યામાં લાગેલા છે ત્યાં જ આપણે સૌ ચાલો.

ભગવાન વિષ્ણુની આ વાત સાંભળીને સમસ્ત દેવતા વગેરે હઠી, ક્રોધી અને બાળવા માટે તૈયાર રહેનારા પ્રલયંકર રુદ્રથી અત્યંત ભયભીત થઈને બોલ્યા.

દેવતાઓએ કહ્યું—હે ભગવાન! જો મહાભયંકર, કાલાગ્નિ સમાન દીપ્તિમાન અને ભયાનક નેત્રોથી યુક્ત છે એવા રોષે ભરાયેલા મહાપ્રભુ રુદ્રની પાસે અમે લોકો નહીં જઈ શકીએ; કેમકે, જેવી રીતે એમણે ક્રોધે ભરાઈને દુર્જય કામદેવને પણ બાળી દીધો હતો, એ જ રીતે એ અમને પણ બાળીને ભસ્મ કરી દેશે – એમાં સંશય નથી.

હે મુને! ઈન્દ્ર વગેરે દેવતાઓની વાત

સાંભળીને લક્ષ્મીપતિ શ્રીહરિએ એ સૌને સાંત્વના આપતાં આપતાં કહ્યું.

શ્રીહરિ બોલ્યા—હે દેવતાઓ! તમે સૌ લોકો પ્રેમ અને આદરથી મારી વાત સાંભળો. ભગવાન શિવ દેવતાઓના સ્વામી તથા એમના ભયનો નાશ કરનારા છે. એ તમને દગ્ધ કરી શકે નહિ, દગ્ધ કરશે નહિ. તમે સૌ લોકો બહુ ચતુર છો. તેથી તમારે શંભુને કલ્યાણકારી માનીને અમારી સાથે સર્વના ઉત્તમ પ્રભુ એ મહાદેવજીના શરણમાં જવું જોઈએ. ભગવાન શિવ પુરાણપુરુષ સર્વેશ્વર, વરણીય, પરાત્પર, તપસ્વી અને પરમાત્મસ્વરૂપ છે તેથી આપણે એમને શરણે અવશ્ય જવું જોઈએ.

પ્રભાવશાળી વિષ્ણુના આવા કથન પર બધા દેવતાઓ એમની સાથે પિનાકપાણિ શિવનું દર્શન કરવા માટે ગયા. માર્ગમાં પાર્વતીનો આશ્રમ પહેલો આવતો હતો. તેથી એ ગિરિરાજનંદિનીની તપસ્યા જોવા માટે સર્વ દેવતાઓ કુતૂહલપૂર્વક એમના આશ્રમે ગયા. પાર્વતીના શ્રેષ્ઠ તપને જોઈને બધા દેવતાઓ એમના ઉષ્મ તેજથી વ્યાપ્ત થઈ ગયા. એમણે સૌએ તપસ્યામાં રત એ તેજોમયી જગદંબાને નમસ્કાર કર્યા અને સાક્ષાત્ સિદ્ધિસ્વરૂપા શિવાદેવીના તપની ખૂબ ખૂબ પ્રશંસા કરતાં કરતાં એ બધા દેવતા એ સ્થાન પર પહોંચ્યા જ્યાં ભગવાન વૃષભધ્વજ બિરાજમાન હતા. હે મુને! ત્યાં પહોંચીને બધા દેવતાઓએ પહેલાં તમને એમની પાસે મોકલ્યા અને સ્વયં તે મદનદહનકારી ભગવાન હરથી દૂર જ ઊભા રહ્યા. તેઓ ત્યાંથી જ એ જોતા રહ્યા કે ભગવાન શિવ કુપિત છે કે પ્રસન્ન છે. હે નારદ! તમે સદા નિર્ભય રહેનાર હોવાને કારણે અને વિશેષતઃ શિવભક્ત છો તેથી તમને ભગવાન શિવના સ્થાન પર જઈને એમને સર્વથા પ્રસન્ન જોયા. પછી ત્યાંથી પરત આવીને તમે શ્રીવિષ્ણુ વગેરે બધા દેવતાઓને ભગવાન શિવના સ્થાન પર લઈ ગયા. ત્યાં પહોંચીને વિષ્ણુ વગેરે દેવતાઓએ જોયું કે ભક્તવત્સલ ભગવાન શિવ સુખપૂર્વક પ્રસન્ન મુદ્રામાં બેઠા છે. પોતાના ગણોથી ઘેરાયેલા શંભુ તપસ્વીનું રૂપ ધારણ કરીને યોગપટ્ટ પર બેઠેલા હતા. એ પરમેશ્વરરૂપી શંકરનું દર્શન કરીને મુજ સહિત શ્રીવિષ્ણુ તથા અન્ય દેવતાઓ, સિદ્ધો અને મુનીશ્વરોએ એમને પ્રણામ કરીને વેદો અને ઉપનિષદોનાં સૂત્રો દ્વારા એમનું સ્તવન કર્યું.

(અધ્યાય-૨૩)

*

દેવતાઓનો ભગવાન શિવને પાર્વતી સાથે વિવાહ કરવાનો અનુરોધ, ભગવાને વિવાહના દોષો બતાવીને, અસ્વીકાર કર્યો, અને પુનઃ પ્રાર્થના કરવાથી સ્વીકાર કરી લેવો

બ્રહ્માજી કહે છે—હે નારદ! દેવતાઓએ ત્યાં પહોંચીને ભગવાન રુદ્રને પ્રણામ કરીને એમની સ્તુતિ કરી. ત્યારે નંદિકેશ્વરે ભગવાન શિવને એમની દીનબંધુતા અને ભક્તવત્સલતાની પ્રશંસા કરતાં કરતાં કહ્યું – 'હે પ્રભો! દેવતાઓ અને મુનિઓ સંકટમાં પડ્યા છે અને આપને શરણે આવ્યા છે. હે સર્વેશ્વર! આપ એમનો ઉદ્ધાર કરો.'

દયાળુ નંદીના આ પ્રકારના સૂચન પર ભગવાન શંભુએ ધીરે ધીરે આંખો ખોલીને ધ્યાનથી ઉપરત થયા, ધ્યાન છોડ્યું. સમાધિમાંથી ઊઠીને પરમ જ્ઞાની પરમાત્મા અને ઈશ્વર શંભુએ સમસ્ત દેવતાઓને આ પ્રકારે કહ્યું.

શંભુ બોલ્યા—હે શ્રીવિષ્ણુ અને બ્રહ્મા વગેરે દેવેશ્વરો! તમે સૌ મારી સમીપ કેવી રીતે આવ્યા? તમારું અહીં આવવાનું જે કાંઈ કારણ હોય તે શીઘ્ર જ મને જણાવો.

ભગવાન શંકરનું આ વચન સાંભળીને બધા દેવતાઓ પ્રસન્ન થઈને કારણ બતાવવા ભગવાન શ્રીવિષ્ણુના મુખ તરફ તાકવા લાગ્યા. ત્યારે શિવના મહાન ભક્ત અને દેવતાઓના હિતકારી શ્રીવિષ્ણુએ મારા બતાવેલા દેવતાઓનાં મહત્તર કાર્યોને સૂચિત કરવાનું શરૂ કર્યું. એમણે કહ્યું – 'હે શંભો! તારકાસુરે દેવતાઓને અત્યંત અદ્‌ભુત અને મહાન કષ્ટ આપ્યું છે. આ જ બતાવવા, કહેવા માટે અમે બધા દેવતા અહીં આવ્યા છીએ. ભગવન્! આપના ઔરસ પુત્રથી જ તારકાસુર દૈત્ય મરી શકે છે અને બીજે કોઈ પ્રકારે તેનું મરણ નથી. મારું આ કથન સર્વથા સત્ય છે. હે મહાદેવ! આ રીતે વિચાર કરીને આપ કૃપા કરો. આપને નમસ્કાર છે. હે સ્વામિન્! તારકાસુર દ્વારા ઉપસ્થિત કરેલાં આ કષ્ટોથી આપ જ આ દેવતાઓનો ઉદ્ધાર કરો. હે દેવ! હે શંભો! આપ જમણે હાથે ગિરિજાનું પાણિગ્રહણ કરો. ગિરિરાજ હિમવાન દ્વારા અપાયેલી મહાનુભાવા પાર્વતીને પાણિગ્રહણ દ્વારા જ અનુગૃહીત કરો.'

શ્રીવિષ્ણુનું આ વચન સાંભળીને યોગપરાયણ ભગવાન શિવે એ સૌને ઉત્તમ ગતિનું દર્શન કરાવતાં કરાવતાં આ રીતે કહ્યું – 'હે દેવતાઓ! જે ક્ષણે મેં સર્વાંગસુંદરી ગિરિજા દેવીનો સ્વીકાર કર્યો એ જ ક્ષણે સમસ્ત સુરેશ્વર તથા ઋષિમુનિ સકામ થઈ જશે. પછી તો એ પરમાર્થપથ પર ચાલવામાં સમર્થ જ નહીં રહે. દુર્ગા પોતાના પાણિગ્રહણ માત્રથી જ કામદેવને જીવિત કરી દેશે. હે વિષ્ણો! મેં કામદેવને ભસ્મ કરીને દેવતાઓનું બહુ મોટું કાર્ય સિદ્ધ કર્યું છે, આજથી બધા લોકો મારી સાથે સુનિશ્ચિતરૂપથી નિષ્કામ થઈને રહો. હે દેવતાઓ! જેવો હું છું એવી રીતે તમે સૌ લોકો પૃથક્-પૃથક્ રહીને કોઈ વિશેષ પ્રયત્ન કર્યા વિના અત્યંત દુષ્કર અને ઉત્તમ તપસ્યા કરી શકશો. હવે એ મદનના ન રહેવાથી તમે બધા દેવતા સમાધિ દ્વારા પરમાનંદનો અનુભવ કરતાં કરતાં નિર્વિકાર થઈ જાઓ, કેમકે, કામ નરકની પ્રાપ્તિ કરાવનાર છે. કામથી ક્રોધ થાય છે, ક્રોધથી મોહ થાય છે અને મોહથી તપસ્યા નષ્ટ થાય છે. તેથી તમે સૌ શ્રેષ્ઠ દેવતાઓએ કામ અને ક્રોધનો પરિત્યાગ કરી દેવો જોઈએ. મારા આ કથનને ક્યારેય અન્યથા ન માનવું જોઈએ.*

બ્રહ્માજી કહે છે—હે નારદ! વૃષભના ચિહ્નથી યુક્ત ધ્વજા ધારણ કરવાવાળા ભગવાન મહાદેવે આ પ્રકારની વાતો સંભળાવીને બ્રહ્મા, વિષ્ણુ, દેવતાઓ તથા મુનિઓને નિષ્કામધર્મનો ઉપદેશ આપ્યો. તદનંતર, ભગવાન શંભુ પુનઃ ધ્યાન લગાવીને ચૂપ થઈ ગયા અને પહેલાંની

---

* કામો હિ નરકાયૈવ તસ્માત્ ક્રોધોઽભિજાયતે। ક્રોધાદ્ભવતિ સમ્મોહો મોહાચ્ચ ભ્રંશતે તપઃ॥
કામક્રોધૌ પરિત્યાજ્યૌ ભવદ્ભિઃ સુરસત્તમૈઃ। સર્વૈરેવ ચ મન્તવ્યં મદ્વાક્યં નાન્યથા ક્વચિત્॥
(શિ. પુ. રુ. સં. પા. ખં. ૨૪/૨૭-૨૮)

જેમ જ પાર્ષદોથી ઘેરાયેલા સુસ્થિર ભાવથી બેસી ગયા. એ પોતાના મનમાં જ સ્વયં આત્મસ્વરૂપ, નિરંજન, નિરાભાસ, નિર્વિકાર, નિરામય, પરાત્પર, નિત્ય મમતારહિત, નિરવગ્રહ, શબ્દાતીત, નિર્ગુણ, જ્ઞાનગમ્ય અને પ્રકૃતિથી પર પરમાત્માનું ચિંતન કરવા લાગ્યા. આ રીતે પરમ સ્વરૂપનું ચિંતન કરતાં કરતાં એ ધ્યાનમાં સ્થિત થઈ ગયા. અનેક પ્રાણીઓની સૃષ્ટિ કરનારા ભગવાન શિવ ધ્યાન કરતાં કરતાં જ પરમ આનંદમાં નિમગ્ન થઈ ગયા. શ્રીહરિ અને ઇન્દ્ર વગેરે દેવતાઓએ જ્યારે પરમેશ્વર શિવને ધ્યાનમગ્ન જોયા, ત્યારે એમણે નંદીની સંમતિ લીધી. નંદીએ પુનઃ દીનભાવથી સ્તુતિ કરવા કહ્યું. એમની આ સત્ સંમતિ અનુસાર દેવતા સ્તુતિ કરવા લાગ્યા. એ બોલ્યા – 'હે દેવદેવ! હે મહાદેવ! હે કરુણાસાગર પ્રભો! અમે આપને શરણે આવ્યા છીએ. આપ મહાન કલેશથી અમારો ઉદ્ધાર કરો.'

બ્રહ્માજી કહે છે—હે નારદ! આ રીતે બહુ દીનતાપૂર્ણ ઉક્તિથી દેવતાઓએ ભગવાન શંકરની સ્તુતિ કરી. એ પછી તે બધા દેવતાઓ પ્રેમથી વ્યાકુળ ચિત્તે થઈને ઉચ્ચ સ્વરથી જોરજોરથી રડવા લાગ્યા. મારી સાથે ભગવાન શ્રીહરિ ઉત્તમ ભક્તિભાવથી યુક્ત થઈને મનમાં ને મનમાં જ ભગવાન શંભુનું સ્મરણ કરતાં કરતાં અત્યંત દીનતાપૂર્ણ વાણી દ્વારા શંભુ એમના પોતાના અભિપ્રાયનું નિવેદન કરવા લાગ્યા.

દેવતાઓનું, મારું તથા દેવતાઓનું આ પ્રકારે બહુ સ્તુતિયુક્ત વચનો સાંભળીને પોતાની ભક્તવત્સલતાને કારણે ધ્યાનથી વિરત થયા. એમનું મન અત્યંત પ્રસન્ન હતું. તે ભક્તવત્સલ શંકર શ્રીહરિ વગેરેને કરુણાદૃષ્ટિથી જોઈને એમનો હર્ષ વધારવા આમ બોલ્યા – 'હે વિષ્ણો! હે બ્રહ્મન્! તથા ઇન્દ્ર વગેરે દેવતાઓ! તમે બધા લોકો એક સાથે અહીં કયા અભિપ્રાયથી આવ્યા છો? મારી સામે સાચેસાચું કહી બતાવો.'

શ્રીહરિએ કહ્યું—હે મહેશ્વર! આપ સર્વજ્ઞ છો, સર્વના અંતર્યામી ઈશ્વર છો. શું આપ અમારા મનની વાત નથી જાણતા? અવશ્ય જાણો છો, તેમ છતાં આપની આજ્ઞાથી હું સ્વયં પણ કહું છું. હે સુખદાયક શંકર! અમે બધા દેવતાઓ તારકાસુરથી અનેક પ્રકારનાં દુઃખો પ્રાપ્ત કરીએ છીએ. એટલા જ માટે દેવતાઓએ આપને પ્રસન્ન કર્યા છે. તમારે માટે જ એમણે ગિરિરાજ હિમાલય દ્વારા શિવાની ઉત્પત્તિ કરાવી છે. શિવાના ગર્ભથી આપ દ્વારા જે પુત્ર ઉત્પન્ન થશે એનાથી જ તારકાસુરનું મૃત્યુ થશે, બીજો કોઈ આ સિવાય ઉપાય જ નથી. બ્રહ્માજીએ એ દૈત્યને આ જ વરદાન આપ્યું છે. એ કારણે બીજા દ્વારા એનું મૃત્યુ થઈ રહ્યું નથી – તેથી તે નીડર થઈને આખા સંસારને કષ્ટ આપી રહ્યો છે. આ બાજુ નારદજીની આજ્ઞાથી પાર્વતી કઠોર તપસ્યા રહ્યાં રહી છે. એમના તેજથી સમસ્ત ચરાચર પ્રાણીઓ સહિત ત્રિલોકી આચ્છાદિત થઈ ગઈ છે. એટલા માટે હે પરમેશ્વર! આપ શિવાને વરદાન આપવા માટે જાઓ. હે સ્વામિન્! દેવતાઓનું દુઃખ મટાડો અને અમને સુખ આપો. હે શંકર! મારા તથા દેવતાઓના હૃદયમાં આપના વિવાહનો ઉત્સવ જોવા માટે બહુ ભારે ઉત્સાહ છે. તેથી આપ યથોચિત રીતે વિવાહ કરો. હે પરાત્પર પરમેશ્વર! આપે રતિને જે વરદાન આપ્યું હતું, એની પૂર્તિનો અવસર આવી ગયો છે. તેથી પોતાની પ્રતિજ્ઞાને શીઘ્ર જ સફળ કરો.

બ્રહ્માજી કહે છે—હે નારદ! આવું કહીને એમને પ્રણામ કરીને શ્રીવિષ્ણુ વગેરે દેવતાઓ અને મહર્ષિઓએ વિવિધ પ્રકારનાં સ્તોત્રો દ્વારા પુનઃ એમની સ્તુતિ કરી. પછી એ બધા એમની સામે ઊભા રહી ગયા. ભક્તોને અધીન રહેવાવાળા ભગવાન શંકર પણ, જે વેદમર્યાદાના રક્ષક છે, દેવતાઓની વાત સાંભળીને હસતાં હસતાં બોલ્યાં – 'હે હરે! હે વિધે! અને હે દેવતાઓ! તમે સૌ આદરપૂર્વક સાંભળો. હું યથોચિત, વિશેષતઃ વિવેકપૂર્ણ વાત કહી રહ્યો છું. વિવાહ કરવો મનુષ્યોને માટે ઉચિત કાર્ય નથી; કેમકે, વિવાહ દૃઢતાપૂર્વક બાંધી રાખનારી બહુ મોટી બેડી છે. જગતમાં ઘણા પ્રકારના કુસંગ છે; પરંતુ સ્ત્રીનો સંગ એમાં સૌથી વધારે મોટો કુસંગ છે. મનુષ્ય બધાં બંધનોથી છુટકારો મેળવી શકે છે, પરંતુ સ્ત્રીપ્રસંગરૂપી બંધનથી તે મુક્ત નથી થઈ શકતો. લોઢાની અને લાકડાની બનાવેલી બેડીઓમાં દૃઢતાપૂર્વક બંધાયેલો પુરુષ પણ એક દિવસ એ કેદથી છુટકારો મેળવી શકે છે, પરંતુ સ્ત્રીપુત્ર આદિ બંધનમાં બંધાયેલો મનુષ્ય ક્યારેય છૂટી શકતો નથી. મહાન બંધનમાં નાખનાર વિષય સદા વધ્યા જ કરે છે. જેનું મન વિષયોને વશીભૂત થયું છે એને માટે મોક્ષ સ્વપ્નમાં પણ દુર્લભ છે. વિદ્વાન પુરુષ જો સુખ ચાહતો હોય તો તેણે વિષયોને વિધિપૂર્વક છોડી દેવા જોઈએ. વિષયોને વિષ જેવા કહ્યા છે, જે દ્વારા મનુષ્ય માર્યો જાય છે. વિષયીની સાથે વાર્તા કરવા માત્રથી મનુષ્ય ક્ષણભરમાં જ પતિત થઈ જાય છે. આચાર્યોએ વિષયને સાકર લગાડેલી વારુણી (મદિરા) કહ્યો છે.* યદ્યપિ હું આ વાતને જાણું છું અને યદ્યપિ વિષયોના આ બધા દોષોનું મને વિશેષ જ્ઞાન છે, તથાપિ હું તમારી પ્રાર્થનાને સફળ કરીશ; કેમકે, હું ભક્તોને અધીન રહું છું અને ભક્તવત્સલતાવશ ઉચિત-અનુચિત બધાં કાર્યો કરું છું. એટલા માટે ત્રણે લોકમાં 'અયથોચિતકર્તા'ને રૂપે મારી પ્રસિદ્ધિ છે. ભક્તોને માટે મેં અનેક વાર બહુ પ્રયત્ન કરીને કષ્ટ સહન કર્યાં છે. ગૃહપતિ થઈને વિશ્વાનર મુનિનું દુઃખ દૂર કર્યું છે. હે હરે! હે વિધે! હવે વધારે કહેવાની શી આવશ્યકતા છે. મારી જે પ્રતિજ્ઞા છે, એને તમે સૌ લોકો સારી પેઠે જાણો છો. હું આ સત્ય કહું છું કે જ્યારે જ્યારે ભક્તો પર કોઈ પણ જગાએ વિપત્તિ આવે છે ત્યારે ત્યારે હું તત્કાળ એમનાં બધાં જ કષ્ટો હરી લઉં છું. તારકાસુરથી તમને લોકોને જે દુઃખ પ્રાપ્ત થયું છે, એ હું જાણું છું અને એનું હરણ કરીશ, એ પણ સાચેસાચું બતાવી રહ્યો છું. યદ્યપિ મારા મનમાં વિવાહ કરવાની કોઈ રુચિ નથી. તથાપિ હું પુત્રોત્પાદન માટે ગિરિજા સાથે લગ્ન કરીશ. તમે બધા દેવતાઓ હવે નિર્ભય થઈને પોતપોતાને ઘેર જાઓ. હું તમારું કાર્ય સિદ્ધ કરીશ. આ

---

* કુસંગા બહવો લોકે સ્ત્રીસંગસ્તત્ર ચાધિકઃ । ઉદ્ધરેત્સકલૈર્બન્ધૈર્નસ્ત્રીસંગાત્ પ્રમુચ્યતે ॥
લોહદારુમયૈઃ પાશૈર્દૃઢં બદ્ધોઽપિ મુચ્યતે । સ્ત્રાદિપાશસુસમ્બદ્ધો મુચ્યતે ન કદાચન ॥
વર્દ્ધન્તે વિષયાઃ શશ્વન્મહાબન્ધનકારિણઃ । વિષયાક્રાન્તમનસઃ સ્વપ્ને મોક્ષોઽપિ દુર્લભઃ ॥
સુખમિચ્છતિ ચેત્ પ્રાજ્ઞો વિધિવદ્ વિષયાંસ્ત્યજેત્ । વિષવદ્ વિષયાનાહુર્વિષયૈર્વૈર્નિહન્યતે ॥
જનો વિષયિણા સાકં વાર્તાતઃ પતતિ ક્ષણાત્ । વિષયં પ્રાહુરાચાર્યાઃ સિતાલિપ્તેન્દ્રવારુણિમ્ ॥
(શિ. પુ. રુ. સં. પા. ખં. ૨૪/૬૧-૬૫)

બાબતે હવે કોઈ વિચાર કરવો જોઈએ નહીં.'

બ્રહ્માજી કહે છે—હે નારદ! આવું કહીને ભગવાન શંકર મૌન થઈને સમાધિમાં સ્થિત થઈ ગયા અને વિષ્ણુ વગેરે દેવતાઓ પોતપોતાના ધામમાં ચાલ્યા ગયા.

(અધ્યાય-૨૪)

*

ભગવાન શિવની આજ્ઞાથી સપ્તર્ષિઓનું પાર્વતીના આશ્રમે જઈને શિવવિષયક અનુરાગની પરીક્ષા કરવી અને ભગવાનને બધો વૃત્તાંત બનાવી સ્વર્ગ તરફ જવું

બ્રહ્માજી કહે છે—દેવતાઓ પોતપોતાના આશ્રમે ચાલ્યા ગયા પછી પાર્વતીના તપની પરીક્ષા માટે ભગવાન શંકર સમાધિસ્થ થઈ ગયા. તે સ્વયં પોતામાં જ, પોતાના પરાત્પર, સ્વસ્થ, માયારહિત તથા ઉપદ્રવ શૂન્ય સ્વરૂપનું ચિંતન કરવા લાગ્યા એ ધ્યેય વસ્તુના રૂપમાં સાક્ષાત્ ભગવાન મહેશ્વર જ બિરાજમાન છે. એમની ગતિનું કોઈને ય જ્ઞાન થતું નથી. એ ભગવાન વૃષભધ્વજ જ સર્વના સ્રષ્ટા છે–પરમેશ્વર છે.

હે તાત! એ દિવસોમાં પાર્વતીદેવી બહુ ભારે, કઠોર તપસ્યા કરી રહ્યાં હતાં. ભક્તાધીન હોવાને કારણે જ એ સમાધિથી વિચલિત થઈ ગયા હતા, એ સિવાય બીજું કશું કારણ જ ન હતું. તદનંતર સૃષ્ટિકર્તા હરે વસિષ્ઠ આદિ સપ્તર્ષિઓનું સ્મરણ કર્યું. એમના સ્મરણ કરતાં જ એ સાતે ઋષિઓ શીઘ્ર જ ત્યાંથી આવી પહોંચ્યા. એમના મુખ પર પ્રસન્નતા છવાઈ રહી હતી તથા તે સૌ પોતપોતાના ભાગ્યની અધિક સરાહના (વખાણ) કરતા હતા. એમને આવેલા જોઈને ભગવાન શિવનાં નેત્ર પ્રસન્નતાથી પ્રફુલ્લ કમળની જેમ ખીલી ઊઠ્યાં અને તે હસતાં હસતાં બોલ્યા–'હે તાત સપ્તર્ષિઓ! તમે સૌ મારા હિતકારી અને સંપૂર્ણ વસ્તુઓને જાણવામાં નિપુણ છો. તેથી શીઘ્ર જ મારી વાત સાંભળો. ગિરિરાજકુમારી દેવેશ્વરી પાર્વતી આ સમયે સુસ્થિર ચિત્ત થઈને ગૌરી-શિખર નામક પર્વત ઉપર તપસ્યા કરી રહ્યાં છે. મને પતિરૂપે પ્રાપ્ત કરવાનો એકમાત્ર ઉદ્દેશ્ય તેમની તપસ્યાનો છે. હે દ્વિજો! આ સમયે કેવળ સખીઓ જ એમની સેવામાં છે. મારા સિવાય બીજી સમસ્ત કામનાઓનો પરિત્યાગ કરીને એ એક ઉત્તમ નિશ્ચય પર પહોંચી ચૂક્યાં છે. હે મુનિવરો! તમે બધા મારી આજ્ઞાથી ત્યાં જાઓ અને પ્રેમપૂર્ણ હૃદયથી એમની દૃઢતાની પરીક્ષા કરો. ત્યાં જઈને તમારે સર્વથા છલયુક્ત વાતો કરવાની છે–કરવી જોઈએ. હે ઉત્તમ વ્રતધારી મહર્ષિઓ! મારી આજ્ઞાથી આવું કરવાનું છે. તેથી તમારા મનમાં કોઈ સંશય ન કરવો જોઈએ.'

ભગવાન શંકરની આ આજ્ઞા મેળવીને તે સાતેય ઋષિ તરત જ એ સ્થાન પર જઈ પહોંચ્યા, જ્યાં દીપ્તિમતી જગન્માતા પાર્વતી બિરાજમાન હતાં. સપ્તર્ષિઓએ ત્યાં શિવાને તપસ્યાની મૂર્તિમયી બીજી સિદ્ધિની સમાન જોઈ. એમનું તેજ મહાન હતું. તે પોતાના ઉત્તમ તેજથી પ્રકાશિત થઈ રહ્યાં હતાં. એ ઉત્તમ

વ્રતધારી સપ્તર્ષિઓએ એમને મનમાં ને મનમાં પ્રણામ કર્યા અને એમના દ્વારા વિશેષતઃ પૂજિત થઈને તેમણે મસ્તક નમાવીને આ રીતે કહેવા માંડ્યું–

ઋષિઓએ કહ્યું—હે દેવી! હે ગિરિરાજનંદિની! અમારી આ વાત સાંભળો. અમે એ જાણવા ઇચ્છીએ છીએ કે તમે શા માટે તપસ્યા કરો છો? અને આ તપસ્યા દ્વારા કયા દેવતાને અને કયા પ્રકારનું ફળ ચાહો છો?

એ દ્વિજોના આવા પ્રકારના પ્રશ્ન પર ગિરિરાજકુમારી દેવી શિવાએ એમની સામે અત્યંત ગોપનીય હોવા છતાં પણ સાચી વાત કરી દીધી.

પાર્વતી બોલ્યાં—હે મુનીશ્વરો! તમે લોકો પ્રસન્નતાપૂર્ણ હૃદયથી મારી વાત સાંભળો. મેં મારી પોતાની બુદ્ધિથી જેનું ચિંતન કર્યું છે, એવો મારો વિચાર હું આપની સામે પ્રગટ કરું છું. તમે લોકો મારી અસંભવ વાતો સાંભળીને મારો ઉપહાસ કરશો, એટલા માટે એ વાતો કહેવામાં સંકોચ જ થાય છે તેમ છતાં કહું છું. શું કરું? આ મારું મન અત્યંત દૃઢતાપૂર્વક એક ઉત્કૃષ્ટ કર્મના અનુષ્ઠાનમાં લાગ્યું છે અને આવું કરવાને માટે વિવશ થઈ ગયું છે. આ મન તો પાણીની ઉપર બહુ મોટી અને ઊંચી દીવાલ ખડી કરવા ચાહે છે. દેવર્ષિ નારદનો ઉપદેશ મેળવીને મેં 'ભગવાન રુદ્ર મારા પતિ થાઓ' એ મનોરથ મનમાં રાખીને અત્યંત કઠોર તપ કરી રહી છું. મારું મન રૂપી પંખી વગર પાંખે જ હઠપૂર્વક આકાશમાં ઊડી રહ્યું છે. મારા સ્વામી કરુણાનિધાન ભગવાન શંકર જ મનની આ આશાની પૂર્તિ કરી શકે છે.

પાર્વતીનાં આ વચન સાંભળીને તે મુનિઓ હસી પડ્યા અને ગિરિજાનું સન્માન કરતાં કરતાં પ્રસન્નતાપૂર્વક છલયુક્ત મિથ્યા વચન બોલ્યા.

ઋષિઓએ કહ્યું—હે ગિરિરાજનંદિની! દેવર્ષિ નારદ વ્યર્થમાં જ પોતાને પંડિત માને છે. એમના મનમાં તો ક્રૂરતા ભરેલી રહે છે. તમે સમજદાર થઈને પણ શું એમના ચરિત્રને નથી જાણતાં. નારદ છળ-કપટની વાતો કરે છે અને બીજાઓના ચિત્તને મોહમાં નાખીને મથી કાઢે છે. એમની વાતો સાંભળવાથી સર્વથા હાનિ જ થાય છે. બ્રહ્મપુત્ર દક્ષના પુત્રોને નારદે જે છલપૂર્ણ ઉપદેશ આપ્યો હતો, એનું ફળ એ થયું કે તે બધાને બધા પોતાના પિતાને ઘેર પરત આવી જ ન શક્યા. આવા જ હાલ એમણે દક્ષના બીજા પુત્રોના પણ કર્યા. તેઓ પણ એમના ચક્કરમાં આવીને ભિખારી બની ગયા. વિદ્યાધર ચિત્રકેતુને એમણે એવો ઉપદેશ દીધો કે એનું ઘર જ ઊજડી ગયું. પ્રહ્લાદને પોતાનો ચેલો બનાવીને એમણે હિરણ્યકશિપુ દ્વારા મોટાં મોટાં દુઃખો અપાવ્યાં. એ નારદજી તો હંમેશાં બીજાની બુદ્ધિમાં ભેદ જ ભેદ પેદા કર્યા કરે છે. નારદ મુનિ સાંભળવી ગમે એવી પોતાની વિદ્યા જેમને જેમને સંભળાવે છે, તે પોતાનું ઘર છોડીને તત્કાળ ભીખ માગવા લાગે છે. એમનું મન મલિન છે. કેવળ શરીર જ સદા ઉજ્જ્વળ જણાયા કરે છે. અમે એમને વિશેષરૂપે જાણીએ છીએ, કેમકે, અમે એમની સાથે જ રહીએ છીએ. એમના ઉપદેશ મેળવીને, પ્રાપ્ત કરીને, મોટા મોટા વિદ્વાનો દ્વારા સન્માનિત થનારાં તમે પણ વ્યર્થમાં જ ભુલાવામાં આવી ગયાં અને મૂર્ખ બનીને દુષ્કર તપસ્યા કરવા લાગ્યાં.

હે બાલે! તમે જેમને માટે આ ભારે તપસ્યા કરો છો, તે રુદ્ર સદા ઉદાસીન, નિર્વિકાર અને કામના શત્રુ છે—એમાં સંશય નથી. એ અમાંગલિક વસ્તુઓથી યુક્ત શરીર ધારણ કરે છે. લજ્જાને

તો તિલાંજલિ આપી જ દીધી છે, નથી તો એમને ઘર કે નથી દ્વાર. તે કયા કુળમાં ઉત્પન્ન થયા છે એની કોઈને જ ખબર નથી. કુત્સિત વેશ ધારણ કરીને ભૂતો તથા પ્રેત વગેરેની સાથે રહે છે અને નંગ-ધડંગ થઈને શૂલ ધારણ કરીને ફર્યા કરે છે. ધૂર્ત નારદે પોતાની માયાથી તમારા સમગ્ર વિજ્ઞાનને (બુદ્ધિને) નષ્ટ કરી દીધું છે, યુક્તિથી તમને મોહ પમાડ્યો છે અને તમારા દ્વારા તપસ્યા કરાવી છે. હે દેવેશ્વરિ! હે ગિરિરાજનંદિની! તમે વિચાર કરો કે આવા પતિને મેળવીને તમને કયું સુખ મળશે. પહેલાં રુદ્રે બુદ્ધિથી ખૂબ વિચાર કરીને સાધ્વી સતી સાથે લગ્ન કર્યું હતું. પરંતુ એ તો એવા મૂઢ છે કે થોડા દિવસ પણ એમની સાથે નિર્વાહ કરી શક્યા નહીં. એ બિચારીને એમનેમ દોષ દઈને એમણે એનો ત્યાગ કર્યો, અને સ્વયં સ્વતંત્ર થઈને પોતે નિષ્કળ અને શોકરહિત ધ્યાન કરતાં કરતાં એમાં જ સુખપૂર્વક રમી રહ્યા. હે દેવી! જે સદાય એકલા રહેનારા, શાંત, સંગરહિત, અદ્વિતીય છે એમની સાથે કોઈ પણ સ્ત્રીનો નિર્વાહ જ કેવી રીતે થશે? હજુ આજે પણ કશું બગડ્યું નથી. જાગ્યા ત્યાંથી સવાર. તમે અમારી આજ્ઞા માનીને ઘેર પાછાં જતાં રહો અને આ દુર્બુદ્ધિને છોડી દો. હે મહાભાગે! આમાં જ તમારું ભલું છે. તમારે યોગ્ય વર તો છે ભગવાન વિષ્ણુ, જે સમસ્ત સદ્‌ગુણોથી યુક્ત છે. તે વૈકુંઠમાં રહે છે, લક્ષ્મીના સ્વામી છે અને વિવિધ-પ્રકારની ક્રીડાઓ કરવામાં કુશળ છે. એમની સાથે તમારું લગ્ન કરાવી દઈશું અને એ લગ્ન તમારે માટે સમસ્ત સુખોને આપનાર હશે. હે પાર્વતી! તમારી રુદ્રની સાથે લગ્ન કરવાની હઠ છે એ હઠને છોડી દો અને સુખી થઈ જાઓ.

બ્રહ્માજી કહે છે—હે નારદ! એ ઋષિઓની આવી વાત સાંભળીને જગદંબિકા પાર્વતી હસી પડ્યાં અને ફરીથી પુનઃ એ જ્ઞાનવિશારદ મુનિઓને કહેવા લાગ્યાં.

પાર્વતીએ કહ્યું—હે મુનીશ્વરો! તમે તમારી સમજ પ્રમાણે ઠીક જ કહ્યું છે. પરંતુ હે દ્વિજો! મારી હઠ પણ છૂટવાની નથી. મારું શરીર

પર્વતથી ઉત્પન્ન થવાને કારણે મારામાં સ્વાભાવિક કઠોરતા વિદ્યમાન છે. પોતાની બુદ્ધિથી આવો વિચાર કરીને તમે લોકો મને તપસ્યા કરવાથી રોકવાનું કષ્ટ ન કરશો. દેવર્ષિનું-નારદજીનું વાક્ય-ઉપદેશ-વાક્ય મારે માટે પરમ હિતકારક છે. તેથી હું એને ક્યારેય છોડવાની નથી. વેદવેત્તા પણ એ માને છે કે ગુરુજનોનું વચન હિતકારક હોય છે. 'ગુરુઓનું વચન સત્ય હોય છે,' એવો જેમનો દૃઢ વિચાર છે એવાને આલોકમાં તથા પરલોકમાં પરમ સુખથી પ્રાપ્તિ થાય છે અને દુઃખ ક્યારેય થતું જ નથી– 'ગુરુઓનું વચન સત્ય હોય છે' આવો વિચાર

જેમના હૃદયમાં નથી, એમને આલોકમાં અને પરલોકમાં પણ દુઃખની જ પ્રાપ્તિ થાય છે, સુખ ક્યારેય મળતું જ નથી. તેથી હે દ્વિજો! ગુરુઓનાં વચનોનો ક્યારેય કોઈ પણ રીતે ત્યાગ ન કરવો જોઈએ. મારું ઘર વસે કે ઉજ્જડ થઈ જાય તો ભલે, મને તો આ હઠ જ સદા સુખ દેનારી છે. હે મુનિવરો! આપે જે વાતો કહી છે, એનો મેં આપના કહેલા તાત્પર્યથી ભિન્ન અર્થ સમજી લીધો છે અને એનો અહીં સંક્ષેપમાં એનું થોડું વિવેચન પ્રસ્તુત કરું છું, તમે એ ઠીક જ કહ્યું કે ભગવાન વિષ્ણુ સદ્‌ગુણોના ધામ તથા લીલાવિહારી છે. સાથે જ આપે સદાશિવને નિર્ગુણ કહ્યા છે. એમાં જે કારણ છે, એ હું બતાવું છું. ભગવાન શિવ સાક્ષાત્ પરબ્રહ્મ છે તેથી જ તે નિર્વિકાર છે. તે કેવળ ભક્તોને માટે જ શરીર ધારણ કરે છે, તેમ છતાં પણ લૌકિકી પ્રભુતાને દેખાડવા ઇચ્છતા નથી. તેથી પરમહંસોની જે પ્રિય ગતિ છે, એને જ એ ધારણ કરે છે, કેમકે, તે ભગવાન શંભુ પરમ આનંદમય છે એટલે અવધૂતરૂપે રહે છે. માયાથી લિપ્ત જીવોને જ ભૂષણ વગેરેની રુચિ થયા કરે છે, બ્રહ્મને નહીં. તે પ્રભુ ગુણાતીત, અજન્મા, માયારહિત, અલક્ષ્ય ગતિ અને વિરાટ છે. હે દ્વિજો! ભગવાન શંભુ કોઈ વિશેષ ધર્મ અથવા જાતિ વગેરેને કારણે કોઈ પર અનુગ્રહ કરતા નથી. હું ગુરુની કૃપાથી શિવને યથાર્થરૂપે જાણું છું. હે મહર્ષિઓ! જો શિવ મારી સાથે લગ્ન નહીં કરે તો હું સદા કુમારી જ રહી જઈશ, પરંતુ બીજાની સાથે લગ્ન તો નહીં જ કરું. આ હું સાચ્ચેસાચું જણાવી રહી છું. જો સૂર્ય પશ્ચિમ દિશામાં ઊગે, મેરુ પર્વત વિચલિત થઈ જાય તો પણ, અને કમલ પર્વતશિખરની શિલા ઉપર ઊગવા માંડે તો પણ મારી હઠ છૂટશે નહીં, આ હું એકદમ સાચ્ચી વાત કહું છું.

બ્રહ્માજી કહે છે—હે નારદ! આવું કહીને એ મુનિઓને પ્રણામ કરીને ગિરિરાજકુમારી પાર્વતી નિર્વિકાર ચિત્તથી શિવનું સ્મરણ કરતાં કરતાં ચૂપ થઈ ગયાં. આ રીતે ગિરિજાનો એ ઉત્તમ નિશ્ચયને જાણીને તે સપ્તર્ષિ પણ એમનો જયજયકાર કરવા લાગ્યા, અને એમણે પાર્વતીને ઉત્તમ આશીર્વાદ આપ્યા. હે મુને! ગિરિજાદેવીની પરીક્ષા કરનારા એ સાતેય ઋષિ એમને પ્રણામ કરીને પ્રસન્નચિત્ત થઈને શીઘ્ર જ ભગવાન શિવના સ્થાને રવાના થઈ ગયા. ત્યાં પહોંચીને શિવને મસ્તક નમાવ્યું, એમને સર્વ વૃત્તાંતનું નિવેદન કર્યું અને એમની આજ્ઞા લઈને તેઓ પુનઃ સાદર સ્વર્ગલોકમાં ચાલ્યા ગયા.

(અધ્યાય-૨૫)

*

ભગવાન શંકરનું જટિલ તપસ્વી બ્રાહ્મણના રૂપમાં પાર્વતીના આશ્રમે જવું, એમનાથી સત્કૃત થયા પછી એમની તપસ્યાનું કારણ પૂછવું અને પાર્વતીજી દ્વારા પોતાની સખી વિજયા દ્વારા સર્વ કાંઈ સંભળાવવું

બ્રહ્માજી કહે છે—હે નારદ! એ સપ્તર્ષિઓના પોતાના લોકમાંથી જતા રહ્યા પછી સુંદર લીલા કરનારા સાક્ષાત્ ભગવાન શંકરે દેવીના તપની પરીક્ષા લેવાનો વિચાર કર્યો. એ મનમાં ને મનમાં પાર્વતીથી બહુ જ સંતુષ્ટ હતા. પરીક્ષાને બહાને પાર્વતીજીને જોવા માટે જટાધારી તપસ્વીનું રૂપ ધારણ કરીને ભગવાન શંભુ એમના વનમાં ગયા. પોતાના તેજથી પ્રકાશમાન

અત્યંત વૃદ્ધ બ્રાહ્મણનું રૂપ ધારણ કરીને પ્રસન્નચિત્ત થઈને તે દંડ અને છત્ર લઈને ત્યાંથી પ્રસ્થિત થયા. આશ્રમમાં પહોંચીને એમણે જોયું કે દેવી શિવા સખીઓથી ઘેરાઈને વેદી પર બેઠાં છે અને ચંદ્રમાની વિશુદ્ધ કલાની જેમ પ્રતીત થઈ રહ્યાં છે. બ્રહ્મચારીનું સ્વરૂપ ધારણ કરેલ ભક્તવત્સલ શંભુ પાર્વતીદેવીને જોઈને પ્રીતિપૂર્વક એમની પાસે ગયા. એ અદ્‌ભુત તેજસ્વી બ્રાહ્મણદેવતાને આવેલા જોઈને એ સમયે દેવી શિવો સમસ્ત પૂજનસામગ્રી દ્વારા એમની પૂજા કરી. જ્યારે એમનો સારી પેઠે સત્કાર થઈ રહ્યો, બધી સામગ્રી દ્વારા એમની પૂજા પૂરેપૂરી થઈ ગઈ, તે પછી પાર્વતીએ બહુ પ્રસન્નતા અને પ્રેમપૂર્વક એ બ્રાહ્મણદેવને આદરપૂર્વક કુશળ-સમાચાર પૂછ્યા.

પાર્વતી બોલ્યા—બ્રહ્મચારીનું સ્વરૂપ ધારણ કરીને આવેલા આપ કોણ છો? અને ક્યાંથી પધાર્યા છો? વેદવેત્તાઓમાં હે શ્રેષ્ઠ વિપ્રવર! તમે તો તમારા તેજથી આ વનને પ્રકાશિત કરી રહ્યા છો. મેં જે કાંઈ પૂછ્યું છે એ બતાવો.

બ્રાહ્મણે કહ્યું—હું ઇચ્છા અનુસાર વિચરણ કરનાર વૃદ્ધ બ્રાહ્મણ છું. પવિત્ર બુદ્ધિ, તપસ્વી, બીજાઓને સુખ આપનારો અને પરોપકારી છું—એમાં સંશય નથી. તમે કોણ છો? તમે કોની પુત્રી છો? અને આ નિર્જન વનમાં શા માટે આવી તપસ્યા કરી રહ્યાં છો? આ તપસ્યા તો પગના પંજા ઉપર ઊભા રહીને તપ કરનારા મુનિઓને પણ દુર્લભ છે. તમે ન તો બાલિકા છો, ન તો વૃદ્ધા છો, પણ સુંદર તરુણી જણાઓ છો. તો પછી પતિ વગર શા માટે આ વનમાં આવીને કઠોર તપસ્યા કરો છો? હે ભદ્રે! શું તમે કોઈ તપસ્વિની સહચારિણી તપસ્વિની છો? હે દેવી! શું એ તપસ્વી તમારું પાલન-પોષણ કરતા નથી, જે તમને છોડીને ક્યાંક અન્યત્ર જતા રહ્યા છે? બોલો તો ખરાં કે તમે કોના કુળમાં ઉત્પન્ન થયાં છો? તમારા પિતા કોણ છે? તમારું નામ શું છે? તમે મહાસૌભાગ્યરૂપા જણાવ છો. તમારો તપસ્યામાં અનુરાગ વ્યર્થ છે. શું તમે વેદમાતા ગાયત્રી છો, લક્ષ્મી છો અથવા શું સુંદર રૂપવાળા સરસ્વતી છો? આ ત્રણેમાંથી તમે કોણ છો—એ હું અનુમાનથી નિશ્ચય નથી કરી શકતો.

પાર્વતી બોલ્યાં—હે વિપ્રવર! ન તો હું વેદમાતા ગાયત્રી છું, ન તો લક્ષ્મી છું અને ન તો સરસ્વતી છું. આ સમયે તો હું હિમાચલની પુત્રી છું અને મારું નામ પાર્વતી છે. પૂર્વકાળમાં આના પહેલાં—પહેલાં જન્મમાં હું પ્રજાપતિ દક્ષની પુત્રી હતી. એ સમયે મારું નામ સતી હતું. એક દિવસ પિતાએ મારા પતિની નિંદા કરી હતી, જેથી કુપિત થઈને મેં યોગ દ્વારા શરીરનો ત્યાગ કર્યો હતો—આ જન્મમાં પણ ભગવાન શિવ મને મળી ગયા હતા, પરંતુ ભાગ્યવશ કામને ભસ્મ કરીને મને પણ છોડીને તે ચાલ્યા ગયા. હે બ્રહ્મન્! શંકરજીના જતા રહેવાથી હું વિરહતાપથી ઉદ્વિગ્ન થઈ ગઈ અને તપસ્યા માટે દૃઢ નિશ્ચય કરીને પિતાને ઘેરથી ગંગાજીના તટ પર ચાલી આવી—અહીં દીર્ઘકાળ સુધી કઠોર તપસ્યા કરીને પણ હું મારા પ્રાણવલ્લભને ન મેળવી શકી—એટલા માટે અગ્નિમાં પ્રવેશ કરી જવા ચાહતી હતી. એટલામાં જ આપને આવેલા જોઈને હું ક્ષણભરને માટે રોકાઈ ગઈ. હવે આપ પધારો. હું અગ્નિમાં પ્રવેશ કરીશ, કેમકે, ભગવાન શિવે મારો સ્વીકાર કર્યો નથી. પરંતુ જ્યાં જ્યાં હું જન્મ

લઈશ, ત્યાં ત્યાં શિવને જ પતિરૂપે વરણ કરીશ.

બ્રહ્માજી કહે છે—હે નારદ! આવું કહીને પાર્વતી એ બ્રાહ્મણદેવતાની સામે જ અગ્નિમાં સમાઈ ગયાં, જોકે બ્રાહ્મણદેવ સામેથી એમને વારંવાર આવું કરવાથી રોકી રહ્યા હતા. અગ્નિમાં પ્રવેશ કરતાં પર્વતરાજકુમારી પાર્વતીની તપસ્યાના પ્રભાવથી એ અગ્નિ એ જ ક્ષણે ચંદનના કાદવ જેવો શીતળ થઈ ગયો. ક્ષણભર તો એ આગની અંદર રહીને જ્યારે પાર્વતી આકાશમાં ઉપર તરફ જવા લાગ્યાં ત્યારે બ્રાહ્મણરૂપધારી શિવે સહસા જ હસતાં હસતાં એમને પુનઃ પૂછ્યું–'અહો ભદ્રે! તમારું તપ શું છે, એ કાંઈ પણ મારી સમજમાં આવતું નથી. આ બાજું અગ્નિથી તમારું શરીર બળ્યું નહિ, એ તો તપસ્યાની સફળતાનું સૂચક છે; પરંતુ

હજુ સુધી તમને તમારો મનોરથ પ્રાપ્ત થયો નથી તેથી એની વિફળતા પણ પ્રગટ થાય છે. અતઃ હે દેવી! સૌને આનંદદાયક મને શ્રેષ્ઠ બ્રાહ્મણની સામે તમે તમારો અભીષ્ટ-ઈચ્છિત મનોરથ શો છે તે સાચ્ચેસાચું જણાવો.'

બ્રહ્માજી કહે છે—હે નારદ! બ્રાહ્મણના આ પ્રકારે પૂછવા પર ઉત્તમ વ્રતનું પાલન કરનારી અંબિકાએ પોતાની સખીને ઉત્તર આપવાની પ્રેરણા કરી. પાર્વતીથી પ્રેરિત થઈને એમની વિજયા નામની પ્રાણપ્યારી સખીએ, જે ઉત્તમ વ્રતને જાણતી હતી, તેણે જટાધારી તપસ્વીને કહ્યું.

સખી બોલી—હે સાધો! તમારી આગળ પાર્વતીના ઉત્તમ ચરિત્રનું અને એમની તપસ્યાનાં સમસ્ત કારણોનું હું વર્ણન કરું છું. જો આપ સાંભળવા ઈચ્છતા હો તો સાંભળો. મારી સખી ગિરિરાજ હિમાચલની પુત્રી છે. એ પાર્વતી અને કાલી નામથી વિખ્યાત છે. તથા માતા મેનકાની કન્યા છે. અત્યાર સુધી કોઈએ એની સાથે વિવાહ નથી કર્યો. એ ભગવાન શિવ સિવાય બીજા કોઈને ચાહતી પણ નથી. એમને જ માટે ત્રણ હજાર વર્ષોથી તપસ્યા કરી રહ્યાં છે. ભગવાન શિવની પ્રાપ્તિ માટે જ મારી આ સખીએ આવા તપનો પ્રારંભ કર્યો છે. હે વિપ્રવર! એમાં જે કારણ છે તે હું બતાવું છું, સાંભળો. એ પર્વતરાજકુમારી બ્રહ્મા, વિષ્ણુ તથા ઇન્દ્ર વગેરે દેવતાઓને પણ છોડીને કેવળ પિનાકપાણિ ભગવાન શંકરને જ પતિરૂપે પ્રાપ્ત કરવા ચાહે છે, અને નારદજીના આદેશથી આ કઠોર તપસ્યા કરી રહ્યાં છે. હે દ્વિજશ્રેષ્ઠ! તમે જે કાંઈ પૂછ્યું હતું એ અનુસાર મેં પ્રસન્નતાપૂર્વક મારી સખીનો મનોરથ બતાવી દીધો. હવે આપ શું વધારે જાણવા ચાહો છો?

બ્રહ્માજી કહે છે—હે નારદ! વિજયાનું આ યથાર્થ વચન સાંભળીને જટાધારી તપસ્વી રુદ્ર

હસતાં હસતાં બોલ્યા–'સખીએ આ જે કાંઈ કહ્યું છે, એમાં મને પરિહાસનું અનુમાન થાય છે. જો આ બધું ઠીક અને સાચું હોય તો પાર્વતી દેવી પોતાને સ્વમુખે કહે.' જટિલ બ્રાહ્મણના આ પ્રકારના કથન પર પાર્વતીદેવી સ્વયં પોતાને મુખે આમ કહેવા લાગ્યાં. (અધ્યાય-૨૬)

*

પાર્વતીની વાત સાંભળીને જટાધારી બ્રાહ્મણ શિવની નિંદા કરતાં કરતાં એમના તરફથી મન પાછું વાળવાનો આદેશ આપવો

પાર્વતી બોલ્યાં—હે જટાધારી વિપ્રવર! મારું આખું વૃત્તાંત સાંભળો. મારી સખીએ જે કાંઈ કહ્યું છે, તે જેમ ને તેમ અક્ષરશઃ સત્ય છે; એમાં અસત્ય કશું જ નથી. મેં સાક્ષાત્ પતિભાવે ભગવાન શંકરનું વરણ કરી લીધું છે. જોકે હું જાણું છું કે દુર્લભ વસ્તુ ભલા મને કેવી રીતે પ્રાપ્ત થઈ શકશે, તેમ છતાં મનની ઉત્કંઠાથી વિવશ થઈને હું તપસ્યા કરી રહી છું.

બ્રાહ્મણે આવી વાત કહીને પાર્વતીદેવી એ સમયે ચૂપ થઈ ગયાં. ત્યારે એમની એ વાત સાંભળીને બ્રાહ્મણે કહ્યું.

બ્રાહ્મણ બોલ્યા—આ સમય સુધી મારા મનમાં એ જાણવાની પ્રબળ ઇચ્છા હતી કે આ દેવી કઈ દુર્લભ વસ્તુને ચાહે છે? જેને માટે આવું મહાન તપ કરી રહ્યાં છે. પરંતુ હે દેવી! તમારા મુખારવિંદથી બધું સાંભળીને એ ઇચ્છિત વસ્તુને જાણી લીધા પછી હવે હું અહીંથી જઈ રહ્યો છું. તમારી જેવી ઇચ્છા હોય એવું કરો. જો તમે ન કહેત તો મિત્રતા નિષ્ફળ થઈ જાત. હવે જેવું તમારું કાર્ય છે, એવું જ એનું પરિણામ હશે. જ્યારે તમને એમાં જ સુખ જણાય છે તો પછી મારે કશું જ કહેવું નથી.

ત્યાં આવી વાત કહીને બ્રાહ્મણે જેવો જવાનો વિચાર કર્યો. ત્યાં જ પાર્વતીદેવીએ પ્રણામ કરીને એમને આ પ્રકારે કહ્યું.

પાર્વતી બોલ્યાં—હે વિપ્રવર! તમે શા માટે જાઓ છો? જરા ઊભા રહો અને મારા હિતની વાત કરો.

પાર્વતીના આવા કથન પર દંડધારી બ્રાહ્મણ-દેવતા થોભી ગયા અને આ પ્રકારે બોલ્યા–'હે દેવી! જો મારી વાત સાંભળવાનું મન હોય અને મને ભક્તિભાવપૂર્વક રોકી રહ્યાં છો તો હું એ સર્વ તત્ત્વ બનાવી રહ્યો છું, જેથી તમને હિત-અહિતનું જ્ઞાન થઈ જશે. મહાદેવજી પ્રતિ મારા મનમાં ગૌરવ-બુદ્ધિ છે, તેથી હું એમને સર્વ પ્રકારે જાણું છું, તો પણ યથાર્થ વાત કહું છું, તમે સાવધાન થઈને સાંભળો. વૃષભના ચિહ્નથી અંકિત ધ્વજા ધારણ કરનારા મહાદેવજી આખા શરીરે ભસ્મ ચોળે છે, માથા પર જટા ધારણ કરે છે, ધોતીને બદલે વાઘનું ચામડું પહેરે છે અને ચાદરને બદલે હાથીની ચામડી (ખાલ) ઓઢે છે. હાથમાં ભીખ માગવા વાસ્તે એક ખોપરી (ખપ્પર) રાખે છે. ઝુંડના ઝુંડ સાપ એમના આખા શરીરે વળગેલા દેખાય છે તે ઝેર ખાઈને જ પુષ્ટ થાય છે, અભક્ષ્યભક્ષી છે, એમનાં નેત્રો ઘણાં ભદ્દાં-ગંદા છે અને દેખાવમાં ડરામણાં લાગે છે. એમનો જન્મ ક્યારેય, ક્યાં અને કોને ત્યાં થયો તે આજ સુધી પ્રગટ નથી

થયું. ઘરગૃહસ્થીના ભોગથી એ સદા દૂર જ રહે છે. નાગાપૂગા ફર્યા કરે છે, અને ભૂત-પ્રેતોને સદા સાથે રાખે છે. એમને એક-બે નહિ, દશ ભુજાઓ છે. હે દેવી! મને એ સમજ પડતી નથી કે કયા કારણથી તમે એમને પતિ બનાવવા ચાહો છો. તમારું જ્ઞાન ક્યાં ચાલ્યું ગયું, એ વાતને આજે સમજી-વિચારીને મને જણાવો. દક્ષે પોતાના યજ્ઞમાં પોતાની જ પુત્રી સતીને કેવળ એટલું જ વિચારીને નહિ બોલાવી હોય કે તે સતી તો કપાલધારી ભિક્ષુકની ભાર્યા છે. એટલું જ નહિ, એમણે યજ્ઞમાં ભાગ આપવાને માટે બધા દેવોને બોલાવ્યા પરંતુ શંભુને છોડી દીધા– સતી એ અપમાનને કારણે જ અત્યંત ક્રોધથી વ્યાકુળ થઈ ઊઠ્યાં. એમણે પોતાના પ્યારા પ્રાણોને તો છોડ્યા જ, શંકરજીનો પણ ત્યાગ કર્યો.

'તમે તો સ્ત્રીઓમાં રત્ન છો, તમારા પિતા સમસ્ત પર્વતોના રાજા છે, પછી તમે શા માટે આ ઉગ્ર તપસ્યા દ્વારા આવા પતિને મેળવવાની અભિલાષા રાખો છો? સોનાની મુદ્રા (અશર્ફી) આપીને બદલામાં એટલા જ મોટા કાચ લેવા ચાહો છો? ઉજ્જ્વળ ચંદન છોડીને પોતાનાં અંગોમાં કાદવ લગાડવા ચાહો છો? સૂર્યના તેજનો પરિત્યાગ કરીને આગિયાની ચમક પ્રાપ્ત કરવા ચાહો છો? ઝીણાં વસ્ત્રો છોડીને પોતાના શરીરને ચામડાથી ઢાંકવા ચાહો છો? ઘરમાં રહેવાનું છોડીને વનમાં ધૂણી ધખાવીને રાખ ચોળીને રહેવા માગો છો? તથા હે દેવેશ્વરિ! જો તમે ઇન્દ્ર વગેરે લોકપાલોનો ત્યાગ કરીને શિવ તરફ અનુરક્ત હો તો અવશ્ય જ રત્નોના ઉત્તમ ભંડારનો ત્યાગ કરીને લોખંડ પ્રાપ્ત કરવાની ઇચ્છા કરો છો. લોકોમાં આ વાતને સારી માનવામાં આવતી નથી. શિવની સાથે તમારો સંબંધ મને આ સમયે પરસ્પર વિરુદ્ધ જણાય છે. ક્યાં તમે, જેનાં નેત્ર પ્રફુલ્લ કમલદલ સમાન શોભી રહ્યાં છે અને ક્યાં તે રુદ્ર, જે ત્રણ કદરૂપી આંખો ધારણ કરે છે. તમે તો ચંદ્રમુખી* છો અને શિવ તો પંચમુખી કહેવાય છે. તમારા માથા પર દિવ્ય વેણી સાપણ જેવી શોભા આપી રહી છે, પરંતુ શિવના મસ્તક જે જટાજૂટ છે તે તો પ્રસિદ્ધ જ છે. તમારાં અંગોમાં ચંદનનો અંગરાગ હશે અને શિવના શરીર પર ચિતાની ભસ્મ! ક્યાં તમારી સુંદર મૃદુલ સાડી અને ક્યાં શંકરજીના શરીર પર ગજચર્મ! હાથીનું ચામડું લગાડેલું હશે! ક્યાં તમારાં અંગોમાં દિવ્ય આભૂષણ અને ક્યાં શંકરના સર્વાંગમાં લપેટેલા સર્પ! ક્યાં તમારી સેવામાં તત્પર રહેનારા સંપૂર્ણ દેવતા અને ક્યાં ભૂતોએ આપેલી બલિને પસંદ કરનારા શિવ? ક્યાં મૃદંગનો મધુર ધ્વનિ અને ક્યાં ડમરુની ડમડમ? ક્યાં ભેરિઓના સમૂહનો ગડગડાટ અને ક્યાં અશુભ શૃંગીનાદ? ક્યાં ઢક્કાનો શબ્દ અને ક્યાં અશુ ગલનાદ? તમારું આ ઉત્તમ રૂપ શિવને યોગ્ય ક્યારેય કદાપિ નથી. જો એમની પાસે ધન હોત તો તે દિગમ્બર (નગ્ન) કેમ રહે છે? સવારી કરવા એક માત્ર વાહન છે અને તે પણ ઘરડો બળદ અને બીજી પણ કોઈ સામગ્રી એમની પાસે નથી. કન્યાને શોધવામાં આવતા

---

* અંકોની સંજ્ઞાઓમાં ચંદ્રમાને એક સંખ્યાનો બોધક મનાય છે. એક મુખવાળા પુરુષ અને સ્ત્રીઓ જ સુંદર મનાય છે, એકથી વધારે મુખવાળા નહીં. આ રીતે એકમુખ અને પંચમુખ પણ તુલના કરવામાં આવી છે. 'ચંદ્રમુખી' એ પદનો બીજો ભાવ એ છે કે તમારું મુખ ચંદ્રમાની જેમ મનોહર છે અને એ પંચાનન સિંહની જેમ ભયંકર છે.

વરોમાં જે નારીઓને સુખ આપનારા ગુણો બતાવ્યા છે, એમાંનો એક પણ ગુણ કદરૂપી આંખોવાળા રુદ્રમાં નથી. તમારા પરમ પ્રિય કામને પણ એ હર દેવતાએ બાળીને ભસ્મ કરી દીધો છે અને તમારા પ્રતિ એમનો અનાદર કેવો હતો તે તો ત્યારે જ જણાઈ ગયો હતો જ્યારે તે તમને છોડીને અન્યત્ર ચાલ્યા ગયેલા. એમની કોઈ જ જાતિ જણાતી નથી. એમનામાં વિદ્યા તથા જ્ઞાનનો પણ કશો પત્તો જડતો નથી. પિશાચો જ એમના સહાયકો છે અને હળાહળ ઝેર તો એમના કંઠમાં દેખાય જ છે. તે સદા એકલા જ રહેવાવાળા છે અને વિશેષરૂપે વિરક્ત છે. એટલા માટે જ તમારે હરની સાથે પોતાના મનને જોડવું ન જોઈએ. ક્યાં તમારા કંઠમાં સુંદર હાર અને ક્યાં એમના ગળામાં નરમુંડોની માળા? હે દેવી! તમારા રૂપમાં અને હરના રૂપમાં ખૂબ જ વિરોધ દેખાયા કરે છે. તેથી મને તો આ સંબંધ રુચતો-ગમતો નથી. પછી જેવી તમારી ઇચ્છા હોય એવું કરો. સંસારમાં જે કાંઈ પણ અસદ્ વસ્તુ છે એ બધી તમે પોતે ચાહવા લાગ્યાં છો. તેથી જ હું કહું છું તમે એ અસત્ તરફથી તમારું મન હટાવી લો. અન્યથા જેવી ઇચ્છા હોય એવું કરો, મારે કશું જ કહેવાનું નથી.'

બ્રહ્માજી કહે છે—હે નારદ! આ વાત સાંભળીને પાર્વતી શિવ-નિંદક બ્રાહ્મણ પર મનમાં ને મનમાં જ કુપિત થયાં અને આ પ્રકારે બોલવા લાગ્યાં. (અધ્યાય-૨૭)

*

પાર્વતી દ્વારા શિવની મહત્તાનું પ્રતિપાદન, રોષપૂર્વક જટિલ બ્રાહ્મણને ફટકારવો, સખી દ્વારા પુનઃ બોલવાથી રોકવું તથા ભગવાનનું એમને પ્રત્યક્ષ દર્શન થવું અને સાથે ચાલવાને માટે કહેવું

પાર્વતીજી બોલ્યાં—હે બાબાજી! અત્યાર સુધી તો હું એમ સમજી હતી કે કોઈ બીજા જ્ઞાની મહાત્મા આવ્યા છે, પરંતુ હવે તો જાણી લીધું–બધું જ જાણી લીધું. તમારી પોલ ખુલી ગઈ છે. હવે આપને શું કહું? વિશેષતઃ એ દશામાં, જ્યારે આપ અવધ્ય બ્રાહ્મણ છો. હે બ્રાહ્મણ-દેવતા! તમે જે કાંઈ કહ્યું છે એ બધું જ મને જ્ઞાત છે, પરંતુ એ સર્વ જુઠાણું છે, એમાં સત્યનો છાંટો યે નથી. તમે કહ્યું હતું કે હું શિવને જાણું છું. જો આપની એ વાત સાચી હોત તો આપ આવી યુક્તિ અને બુદ્ધિ વિરુદ્ધ વાત ન બોલત. એ વાત સાચી છે કે ક્યારેક ક્યારેક મહેશ્વર પોતાની લીલાશક્તિથી પ્રેરિત થઈને તથાકથિત અદ્‌ભુત વેશ ધારણ કરી લે છે. પરંતુ વાસ્તવમાં તો તે સાક્ષાત્ પરબ્રહ્મ પરમાત્મા છે. એમણે સ્વેચ્છાએ જ શરીર ધારણ કર્યું છે. તમે બ્રહ્મચારીનું સ્વરૂપ ધારણ કરીને મને ઠગવાને માટે તૈયાર થઈને અહીં આવ્યા છો અને અનુચિત અને અસંગત યુક્તિઓનો આધાર લઈને છળ-કપટયુક્ત વાતો કહી રહ્યા છો! હું ભગવાન શંકરના સ્વરૂપને સારીપેઠે જાણું છું. એટલે જ યથાયોગ્ય વિચાર કરીને જ એમના તત્ત્વનું હું વર્ણન કરું છું. વાસ્તવમાં શિવ નિર્ગુણ બ્રહ્મ છે, કારણવશ સગુણ થઈ ગયા છે. જે નિર્ગુણ છે, સમસ્ત ગુણ જેના સ્વરૂપભૂત છે. એમની જાતિ કેવી

રીતે હોઈ શકે? એ ભગવાન સદાશિવ સમસ્ત વિદ્યાઓના આધાર છે. પછી એ પૂર્ણ પરમાત્માને બીજી કોઈ વિદ્યાથી શો લાભ, શું કામ? પૂર્વકાળમાં કલ્પના આરંભે ભગવાન શંભુએ શ્રીવિષ્ણુને ઉચ્છ્વાસરૂપે સંપૂર્ણ વેદ પ્રદાન કર્યા હતા. તેથી એમના સમાન ઉત્તમ પ્રભુ બીજો કોણ છે? જે સર્વના આદિ કારણ છે, એમની અવસ્થા અથવા આયુનું માપ-તોલ કેવી રીતે થઈ શકે? પ્રકૃતિ એમનાથી જ ઉત્પન્ન થઈ છે. પછી એમની શક્તિનું બીજું શું કારણ હોઈ શકે? જે લોકો સદા પ્રેમપૂર્વક શક્તિના સ્વામી ભગવાન શંકરનું ભજન કરે છે એમને ભગવાન શંભુ પ્રભુશક્તિ, ઉત્સાહશક્તિ અને મંત્ર-શક્તિ—એ ત્રણેય અક્ષય શક્તિઓ પ્રદાન કરે છે. ભગવાન શિવના ભજનથી જ જીવ મૃત્યુને જીતી લે છે અને નિર્ભય થઈ જાય છે. એટલા જ માટે ત્રણે લોકોમાં એમનું 'મૃત્યુંજય' નામ પ્રસિદ્ધ છે. એમના જ અનુગ્રહ વિષ્ણુ વિષ્ણુત્વને, બ્રહ્મા બ્રહ્મત્વ અને દેવતાઓને દેવત્વ પ્રાપ્ત થયાં છે. શિવજીના પક્ષે બહુ બોલવાથી શો લાભ? તે તો ભગવાન સ્વયં જ મહાપ્રભુ છે. કલ્યાણરૂપી શિવની સેવાથી અહીં એવો કયો મનોરથ છે કે જે સિદ્ધ થતો નથી? એ મહાદેવજી પાસે કશી વાતની કમી નથી, કે જેથી કરીને એ ભગવાન સદાશિવ સ્વયં મને પ્રાપ્ત કરવાની ઇચ્છા કરે? જો શંકરની સેવા ન કરે તો મનુષ્ય સાત જન્મો સુધી દરિદ્ર રહે છે અને એમની સેવાથી સેવકને લોકમાં ક્યારેય નષ્ટ ન થનારી લક્ષ્મી પ્રાપ્ત થાય છે. જેમની સામે આઠેય સિદ્ધિઓ નિત્ય આવીને માથું નીચે નમાવીને એ ઇચ્છાથી નૃત્ય કરે છે કે ભગવાન અમારા ઉપર સંતુષ્ટ થઈ જાય, એમને માટે કોઈ પણ હિતકર વસ્તુ દુર્લભ કેવી રીતે હોઈ શકે? જોકે અહીં માંગલિક કહી શકાય એવી વસ્તુઓ શંકરનું સેવન નથી કરતી. તેમ છતાં એમના સ્મરણમાત્રથી જ સર્વનું મંગલ થઈ જાય છે. જેમની પૂજાથી કે પૂજાના પ્રભાવથી ઉપાસકની સંપૂર્ણ કામનાઓ સિદ્ધ થઈ જાય છે, સદા નિર્વિકાર રહેનારા એ પરમાત્મા શિવમાં વિકાર કેવી રીતે આવી શકે? જે પુરુષના મુખમાં નિરંતર 'શિવ' એ મંગલમય નામ નિવાસ કરે છે. એના દર્શનમાત્રથી અન્ય સર્વ કાંઈ સદા પવિત્ર થઈ જાય છે. જેવું કે તમે કહ્યું કે તે ચિતાની ભસ્મ લગાડે છે. પરંતુ જો એમની લગાડેલી ભસ્મ અપવિત્ર હોય તો એમના શરીરથી ખરી પડેલી એ ભસ્મને દેવતાલોકો સદા પોતાના માથા પર કેમ અને કેવી રીતે ધારણ કરે છે? (તેથી શિવનાં અંગોના સ્પર્શથી અપવિત્ર વસ્તુ પણ પવિત્ર થઈ જાય છે). જે મહાદેવ સગુણ થઈને ત્રણે લોકોના કર્તા, ભર્તા અને હર્તા થાય છે અને નિર્ગુણરૂપે શિવ કહેવાય છે, તે બુદ્ધિ દ્વારા પૂર્ણરૂપે કેવી રીતે જાણી શકાય? પરબ્રહ્મ પરમાત્મા શિવનું જે નિર્ગુણ રૂપ છે, એને તમારા જેવા બહિર્મુખ લોકો કેવી રીતે જાણી શકે છે? જે દુરાચારી અને પાપી છે, એ દેવતાઓ દ્વારા બહિષ્કૃત થઈ જાય છે. આવા લોકો નિર્ગુણ શિવના તત્ત્વને નથી જાણતા. જે પુરુષ તત્ત્વને ન જાણવાને કારણે, અહીં શિવની નિંદા કરે છે, એનું જન્મારા આખાનું બધું જ સંચિત પુણ્ય ભસ્મ થઈ જાય છે. તમે જે અહીં અમિત તેજસ્વી મહાદેવજીની નિંદા કરી છે અને મેં જે આપની પૂજા કરી છે, તેથી મારે પાપમાં ભાગીદાર થવું પડ્યું છે. શિવદ્રોહીને જોઈને વસ્ત્ર સહિત સ્નાન કરવું

જોઈએ, શિવદ્રોહીનાં દર્શન થઈ જવાથી પ્રાયશ્ચિત્ત કરવું જોઈએ.

આટલું કહીને પાર્વતીજી એ બ્રાહ્મણ પર અધિક ક્રોધે ભરાઈને બોલ્યાં—અરેરે હે દુષ્ટ! તેં કહ્યું હતું કે હું શંકરને જાણું છું, પરંતુ નક્કી જ તેં એ સનાતન શિવને નથી જાણ્યા. ભગવાન રુદ્ર તું જેવા કહે છે એવા જ કેમ ન હોય, એમના જેવા બહુસંખ્યક રૂપ કેમ ન હોય, સત્પુરુષોના પ્રિયતમ નિત્ય-નિર્વિકાર એ ભગવાન શિવ જ મારા અભીષ્ટતમ દેવ છે. બ્રહ્મા અને વિષ્ણુ પણ હરની બરાબરી ન કરી શકે. પછી બીજા દેવતાઓની તો વાત જ શી? કેમકે, એ બધા સદા કાળને અધીન છે. આ રીતે પોતાની શુદ્ધબુદ્ધિથી તત્ત્વતઃ વિચાર કરીને મેં શિવને માટે વનમાં આવીને બહુ ભારે તપસ્યા કરવાનો નિશ્ચય કર્યો છે. એ ભક્તવત્સલ સર્વેશ્વર શિવ જ આપણા બધાંના પરમેશ્વર છે. દીનજનો પર અનુગ્રહ કરનારા એ મહાદેવને જ પ્રાપ્ત કરવાની મારી ઇચ્છા છે.

બ્રહ્માજી કહે છે—હે નારદ! આવું કહીને ગિરિરાજનંદિની ગિરિજા ચૂપ થઈ ગયાં અને નિર્વિકાર ચિત્તથી ભગવાન શિવનું ધ્યાન કરવા માંડ્યા. દેવીની વાત સાંભળીને તે બ્રહ્મચારી બ્રાહ્મણ જ્યાં કશું કહેવા ફરીથી તૈયાર થયો ત્યાં જ શિવમાં આસક્તચિત્ત હોવાને કારણે શંકરની નિંદા સાંભળવાથી વિમુખ થયેલાં પાર્વતી પોતાની સખી વિજ્યા સાથે શીઘ્ર બોલ્યાં.

પાર્વતીએ કહ્યું—હે સખી! આ અધમ બ્રાહ્મણને પ્રયત્નપૂર્વક રોકો, એ ફરીથી કશુંક કહેવા પ્રયત્ન કરી રહ્યો છે. એ તો કેવળ શિવની નિંદા જ કરે છે, માત્ર એને જ પાપ નથી લાગતું, જે એ નિંદા સાંભળે છે તે પણ પાપમાં ભાગીદાર બને છે.* ભગવાન શિવના ઉપાસકોએ તો શિવની નિંદા કરનારાનો સર્વથા વધ કરવો જોઈએ—જો કદાચ એ બ્રાહ્મણ હોય તો એને અવશ્ય જ છોડી દો અને જાતે એ નિંદાના સ્થાનથી શીઘ્ર જ દૂર જતા રહેવું. આ દુષ્ટ બ્રાહ્મણ ફરીથી શિવની નિંદા કરશે. બ્રાહ્મણ હોવાને કારણે એ વધ્ય (વધ કરવાને યોગ્ય) તો નથી, તેથી તેનો ત્યાગ કરી દેવો એ જ યોગ્ય છે. કોઈ પણ પ્રકારે એનું મુખ જોવું ન જોઈએ. આ સ્થાનને છોડીને આજે જ બીજા સ્થાનમાં ચાલ્યાં જઈએ, જેથી પુનઃ આ અજ્ઞાનીની સાથે વાત કરવાનો અવસર જ ન મળે.

બ્રહ્માજી કહે છે—હે નારદ! આવું કહીને ઉમાએ જ્યાં અન્યત્ર જવાને માટે જેવો પગ ઉઠાવ્યો, ત્યાં જ ભગવાન શિવે પોતાના સાક્ષાત્ સ્વરૂપમાં પ્રગટ થઈને પ્રિયા પાર્વતીનો હાથ પકડી લીધો. શિવા જેવા સ્વરૂપનું ધ્યાન કરતાં હતાં, એવું જ સુંદર રૂપ ધારણ કરીને શિવે એમને દર્શન આપ્યાં. પાર્વતીએ લજ્જાવશ પોતાનું મુખ નીચેની તરફ કરી દીધું.

ત્યારે ભગવાન શિવ એમને કહેવા લાગ્યા—હે પ્રિય! મને છોડીને ક્યાં જશો? હવે હું તમારો ત્યાગ ક્યારેય નહિ કરું. હું પ્રસન્ન છું. વરદાન માગો. મારે માટે તમને આપવા કશુંય અદેય નથી, મતલબ કે હું સર્વસ્વ આપી શકું તેમ છું. હે દેવી! આજથી હું તપસ્યા દ્વારા ખરીદાયેલો તમારો દાસ છું. તમારા સૌંદર્યે પણ મને મોહી લીધો છે. હવે તમારા વગર એક

* ન કેવલં ભવેત્ પાપં નિન્દાકર્તુઃ શિવસ્ય હિ। યો વૈ શૃણોતિ તન્નિન્દાં પાપભાક્ સ ભવેદિહ ॥
(શિ. પુ. રુ. સં. પા. ખં. ૨૮/૩૮)

ક્ષણ પણ યુગ જેવી લાગે છે. લજ્જા છોડો. તમે તો સનાતન મારાં પત્ની છો જ. હે ગિરિરાજનંદિની! હે મહેશ્વરિ! મેં જે કાંઈ કહ્યું છે, એ ઉપર શ્રેષ્ઠ બુદ્ધિથી વિચાર કરો. હે સુસ્થિર ચિત્તવાળાં પાર્વતી! મેં વિવિધ પ્રકારે તમારી વારંવાર પરીક્ષા લીધી છે. લોકલીલાનું અનુસરણ કરનાર મુજ સ્વજનના અપરાધની ક્ષમા કરી દો. હે શિવે! ત્રણે લોકમાં તમારા જેવી અનુરાગિણી મને બીજી કોઈ જણાતી-દેખાતી નથી. હું સર્વથા તમારે આધીન છું. તમારી ઇચ્છા પૂર્ણ થાઓ—હે પ્રિયે! મારી પાસે આવો. તમે મારાં પત્ની છો અને હું તમારો વર છું. તમારી સાથે હું શીઘ્ર જ પોતાના નિવાસસ્થાન ઉત્તમ પર્વત કૈલાસ ચાલ્યો જઈશ.

બ્રહ્માજી કહે છે—દેવાધિદેવ મહાદેવજીના આ કથન પર પાર્વતીદેવી આનંદમગ્ન થઈ ગયાં. એમનું તપસ્યાજનિત પહેલાંનાં બધાં કષ્ટ મટી ગયાં. હે મુનિશ્રેષ્ઠ! સતી-સાધ્વી પાર્વતીનો બધો જ થાક દૂર થઈ ગયો; કેમકે, પરિશ્રમ-ફળ પ્રાપ્ત થઈ જાય ત્યાર પછી પ્રાણીનો પહેલાં કરેલો શ્રમ નષ્ટ થઈ જાય છે.

(અધ્યાય-૨૮)

*

શિવ અને પાર્વતીની વાતચીત, શિવનો પાર્વતીના અનુરોધનો સ્વીકાર કરવો

બ્રહ્માજી કહે છે—હે નારદ! પરમાત્મા હરની આ વાત સાંભળીને અને એમના આનંદદાયી રૂપનાં દર્શન પામીને પાર્વતીને ખૂબ જ હર્ષ થયો. એમનું મુખ પ્રસન્નતાથી ઝગારા મારવા લાગ્યું. એ ખૂબ જ સુખનો અનુભવ કરવા લાગ્યાં. પછી એ મહાસાધ્વી શિવાએ પોતાની પાસે ઊભેલા ભગવાન શિવને કહેવા લાગ્યાં.

પાર્વતી બોલ્યાં—હે દેવેશ્વર! આપ મારા સ્વામી છો. હે પ્રભો! ભૂતકાળમાં આપે જેને માટે હર્ષપૂર્વક દક્ષના યજ્ઞનો વિનાશ કર્યો હતો, એને કેમ વિસરી ગયા? તે આપ જ છો અને એ જ હું છું. હે દેવદેવેશ્વર! આ સમયે હું તારકાસુરથી દુઃખ પામેલા દેવતાઓની કાર્યસિદ્ધિ માટે રાણી મેનાના ગર્ભથી ઉત્પન્ન થઈ છું. હે દેવેશ! જો આપ પ્રસન્ન છો અને જો મારા પર કૃપા કરો છો તો આપ મારા પતિ થઈ જાઓ. હે ઈશાન! હે પ્રભો! મારી આ વાત માની લો. આપની આજ્ઞા લઈને હું પિતાને ઘેર જાઉં છું. હવે આપ પોતાના વિવાહરૂપ પરમ ઉત્તમ વિશુદ્ધ યશનો સર્વત્ર ફેલાવો કરો. હે નાથ! હે પ્રભો! આપ તો લીલા કરવામાં કુશળ છો. તેથી મારા પિતા હિમવાનની પાસે ચાલો અને યાચક બનીને એમની પાસે મારી યાચના કરો. લોકમાં મારા પિતાના યશનો ફેલાવો કરવા આપે આવું જ કરવું જોઈએ—આ રીતે આપ મારા સંપૂર્ણ ગૃહસ્થાશ્રમને સફળ બનાવો. જ્યારે તમે પ્રસન્નતાપૂર્વક ઋષિઓ દ્વારા મારા પિતાને બધી વાતોની જાણકારી આપશો ત્યારે મારા પિતા પોતાના ભાઈ-બંધુઓની સાથે આપની આજ્ઞાનું પાલન કરશે—એમાં સંદેહ નથી. જ્યારે પહેલાં હું પ્રજાપતિ દક્ષની કન્યા હતી અને મારા પિતાએ આપના હાથમાં મારો હાથ આપ્યો હતો, એ સમયે આપે શાસ્ત્રોક્ત વિધિથી વિવાહનું કાર્ય પૂરું કર્યું નહોતું. મારા પિતા દક્ષે ગ્રહોની પૂજા કરી ન હતી—તેથી એ લગ્નમાં ગ્રહપૂજન વિષયક બહુ ભારે ત્રુટિ રહી ગઈ હતી. માટે હે પ્રભો! હે મહાદેવ! આ વખતે

દેવતાઓના કાર્યની સિદ્ધિને માટે આપ શાસ્ત્રોક્ત વિધિથી વિવાહકાર્યનું સંપાદન કરો–વિવાહની જેવી પ્રથા છે, એનું પાલન આપે અવશ્ય કરવું જોઈએ. મારા પિતા હિમવાનને એ સારી પેઠે જ્ઞાન થઈ જવું જોઈએ કે મારી પુત્રીએ શુભકારક તપસ્યા કરી છે.

પાર્વતીની આવી વાત સાંભળીને સદાશિવ બહુ જ પ્રસન્ન થયા અને એમને હસતાં હસતાં કહેવા લાગ્યા.

શિવે કહ્યું—હે દેવી! હે મહેશ્વરિ! મારી આ ઉત્તમ વાતા સાંભળો, એ ઉચિત, મંગલકારક અને નિર્દોષ છે. એ સાંભળી એવું જ કરો. હે વરાનને! બ્રહ્મા વગેરે જેટલાંય પ્રાણીઓ છે તે સૌ અનિત્ય છે. હે ભામિનિ! આ સર્વ જે કાંઈ દેખાય છે એને નશ્વર સમજો. હું નિર્ગુણ પરમાત્મા જ ગુણોથી યુક્ત થઈને એકમાંથી અનેક થઈ ગયો છું. જે સ્વયં પોતે પોતાના જ પ્રકાશથી પ્રકાશિત થાય એ જ પરમાત્મા. હું બીજાના પ્રકાશથી પ્રકાશિત થનારો થઈ ગયો. હે દેવી! હું સ્વતંત્ર છું, પરંતુ તમે મને પરતંત્ર બનાવી દીધો. સમસ્ત કર્મોને કરનારાં પ્રકૃતિ અને મહામાયા તમે જ છો. આ સંપૂર્ણ જગત માયામય જ રચાઈ ગયું છે. મેં સર્વાત્મા, પરમાત્માએ પોતાની ઉત્તમ બુદ્ધિ દ્વારા આને ધારણમાત્ર કરી રાખ્યું છે. સર્વત્ર પરમાત્મભાવ રાખનારા સર્વાત્મા પુણ્યવાનોએ એને પોતાની અંદર સિંચિત કરી રાખ્યો છે, અને એ ત્રણ ગુણોથી આવેષ્ટિત–વીંટળાયેલો છે. હે દેવી! હે વરવર્ણિનિ! કયો ગ્રહ મુખ્ય છે? કયા કયા ઋતુ-સમૂહ છે? અથવા કયા કયા ઉપગ્રહ છે? આ સમયે તમે શિવને માટે શું કહ્યું છે? કયા કર્તવ્યનું વિધાન કર્યું છે? ગુણ અને કાર્યના ભેદથી એ બંને–આપણે બંને–આ જગતમાં ભક્તવત્સલતાને કારણે ભક્તોને સુખ આપવાના હેતુથી જ અવતાર ધારણ કરીએ છીએ, કર્યો છે. તમે જ રજઃ સત્વતમોમયી (ત્રિગુણાત્મક) સૂક્ષ્મ પ્રકૃતિ છો, સદા વ્યાપારકુશળ સગુણા અને નિર્ગુણા પણ છો. હે સમુધ્યમે! હું અહીં સંપૂર્ણ ભૂતોનો આત્મા, નિર્વિકાર અને નિરીહ છું. ભક્તની ઇચ્છાથી મેં શરીર ધારણ કર્યું છે. હે શૈલજે! હું તમારા પિતા હિમાલયની પાસે નહીં જઈ શકું તથા ભિક્ષુક થઈને કોઈ પણ રીતે તમારી તેમની પાસે યાચના પણ ન કરી શકું. હે ગિરિરાજનંદિની! મહાન ગુણોથી અત્યંત ગૌરવશાળી મહાત્મા પુરુષ પણ પોતાના મુખથી 'દેહિ' (આપો) એવી વાત પ્રગટ કરીને તત્કાળ લઘુતાને પ્રાપ્ત થઈ જાય છે. હે કલ્યાણિ! આવું જાણીને હવે તમે અમારે માટે શું કહો છો? હે ભદ્રે! તમારી આજ્ઞા પ્રમાણે મારે બધું જ કરવાનું છે. તેથી જેવી તમારી ઇચ્છા હોય એવું કરો.

મહાદેવજીના આ કથનને સાંભળીને પણ સતી-સાધ્વી કમલલોચના મહાદેવી શિવાએ એ ભગવાન શંકરને વારંવાર ભક્તિ-ભાવપૂર્વક પ્રણામ કરીને કહ્યું.

પાર્વતી બોલ્યાં—હે નાથ! આપ આત્મા છો અને હું પ્રકૃતિ છું. આ અંગે વિચાર કરવાની કોઈ વાત નથી. આપણે બંને સ્વતંત્ર અને નિર્ગુણ હોવા છતાં પણ ભક્તોને અધીન હોવાને કારણે સગુણ થઈ જઈએ છીએ. હે શંભો! હે પ્રભો! આપે પ્રયત્નપૂર્વક મારી પ્રાર્થનાને અનુસાર કાર્ય કરવું જોઈએ. હે શંકર! આપ મારે માટે યાચના કરો અને હિમવાનને દાતા બનવાનું સૌભાગ્યપ્રદાન કરો. હે મહેશ્વર! હું સદા આપની ભક્તા છું, તેથી મારા ઉપર કૃપા કરો. હે નાથ! સદા જન્મે-જન્મે હું જ તમારી પત્ની થતી રહું. આપ પરબ્રહ્મ પરમાત્મા છો, નિર્ગુણ

છો, પ્રકૃતિથી પર છો, નિર્વિકાર, નિરીહ અને સ્વતંત્ર પરમેશ્વર છો. તેમ છતાં ભક્તોના ઉદ્ધારમાં સંલગ્ન થઈને અહીં સગુણ પણ થઈ જાઓ છો, સ્વાત્મારામ હોવા છતાં પણ લીલાવિહારી બની જાઓ છો; કેમકે, તમે વિવિધ પ્રકારની લીલા કરવામાં કુશળ છો. હે મહાદેવ! હે મહેશ્વર! હું બધી રીતે તમને જાણું છું. હે સર્વજ્ઞ! હવે વધારે કહેવાથી શો લાભ? મારા ઉપર દયા કરો. હે નાથ! મહાન અદ્‌ભુત લીલા કરીને લોકમાં પોતાના સુયશનો વિસ્તાર કરો, જેનું ગાન કરી કરીને લોકો વગર પ્રયત્ને જ ભવસાગરથી પાર થઈ જાય.

બ્રહ્માજી કહે છે—હે નારદ! આવું કહીને ગિરિજાએ મહેશ્વરને વારંવાર પ્રણામ કર્યા અને મસ્તક નમાવી નમાવીને હાથ જોડીને એ ચૂપ થઈ ગયાં. એમના આવા કથન પર મહેશ્વરે લોકલીલાનું અનુસરણ કરવા માટે એવું જ કરવાનું સ્વીકારી લીધું. પાર્વતીએ જે કાંઈ કહ્યું હતું, એને જ પ્રસન્નતાપૂર્વક કરવા માટે તૈયાર થઈને એ હસવા લાગ્યા. ત્યાર પછી હર્ષથી સભર એવા શંભુ અંતર્ધાન થઈને કૈલાસમાં જતા રહ્યા. એ સમયે કાલીના વિરહથી એમનું ચિત્ત એમની તરફ જ ખેંચાયેલું રહ્યું. કૈલાસ પર જઈને પરમાનંદમાં નિમગ્ન થયેલા મહેશ્વરે પોતાના નંદી વગેરે ગણોનો સઘળો વૃત્તાંત કહી સંભળાવ્યો. તે ભૈરવ વગેરે બધા ગણ પણ એ સર્વ સમાચાર સાંભળીને અત્યંત સુખી થઈ ગયા અને મહાન ઉત્સવ કરવા લાગ્યા. હે નારદ! એ સમયે ત્યાં મહાન મંગલ થવાનો આરંભ થઈ ગયો. બધાંના દુઃખ નષ્ટ થઈ ગયાં તથા રુદ્રદેવને પણ પૂર્ણ આનંદ પ્રાપ્ત થયો.

(અધ્યાય-૨૯)

*

પાર્વતીનો પિતાના ઘરમાં સત્કાર, મહાદેવજીની નટલીલાનો ચમત્કાર, એમની મેના વગેરે પાસે પાર્વતીની યાચના અને માતાપિતાની અસ્વીકૃતિ હોવાથી અંતર્ધાન થઈ જવું

બ્રહ્માજી કહે છે—હે નારદ! ભગવાન શંકર પોતાને સ્થાને જતા રહ્યા પછી સખીઓ સહિત પાર્વતી પણ પોતાના રૂપને સફળ કરીને મહાદેવજીનું નામ લેતાં લેતાં પિતાજીને ઘેર ચાલ્યાં ગયાં. પાર્વતીનું આગમન સાંભળીને મેના અને હિમાચલ દિવ્યરથ પર બેસીને હર્ષથી વિહ્વળ થઈને એમને લેવા સામે ચાલ્યા, સામૈયું કર્યું. પુરોહિત, પુરવાસી, અનેકાનેક સખીઓ તથા અન્ય સર્વ સંબંધીઓ પણ આવી પહોંચ્યાં. પાર્વતીના બધા ભાઈ મૈનાક વગેરે બહુ હર્ષથી જયજયકાર કરતાં કરતાં એમને ઘેર લઈ આવવા ત્યાં ગયા.

એ દરમિયાન પાર્વતી પોતાના નગર સમીપ આવી પહોંચ્યાં. નગરમાં પ્રવેશ કરતી વખતે શિવા દેવીએ માતા-પિતાને જોયાં, જે અત્યંત પ્રસન્ન અને હર્ષથી વિહ્વળચિત્ત થઈને દોડતાં દોડતાં આવી રહ્યાં હતાં. એમને જોઈને હર્ષથી સભર કાલીએ સખીઓ સહિત પ્રણામ કર્યા. માતાપિતાએ પૂર્ણરૂપે આશીર્વાદ આપીને પુત્રીને છાતી સરસી ચાંપી લીધી અને 'ઓ, મારી દીકરી!' એમ કહીને પ્રેમથી વિહ્વળ થઈને રડવા લાગ્યાં. ત્યારપછી પોતાના ઘરની બીજી બીજી સ્ત્રીઓ તથા ભાભીઓ પણ બહુ પ્રસન્નતાથી પ્રેમપૂર્વક એમને ભુજાઓમાં ભરીને ભરપેટ

આનંદ માણ્યો. 'હે દેવી! તમે પોતાના કુળનો ઉદ્ધાર કરનાર ઉત્તમ કાર્યને બહુ સારી રીતે સિદ્ધ કર્યું છે. તમારા સદાચરણથી અમે બધા પવિત્ર થઈ ગયા.' એવું કહીને બધા લોકો હર્ષ સાથે પાર્વતીની ખૂબ ખૂબ પ્રશંસા કરતાં કરતાં પ્રણામ કરવા લાગ્યા. લોકોએ ચંદન અને સુંદર ફૂલોથી શિવાદેવીનું સાનંદ પૂજન કર્યું. એ અવસરે વિમાન પર બેઠેલા દેવતાઓએ પાર્વતીને નમસ્કાર કરીને એમના પર ફૂલોની વર્ષા કરી અને સ્તુતિ કરી. હે નારદ! એ સમયે તમને પણ એક સુંદર રથ પર બેસાડીને બ્રાહ્મણ વગેરે સૌ લોકોએ નગરમાં ફેરવ્યા. પછી બ્રાહ્મણો, સખીઓ અને બીજી સ્ત્રીઓએ ખૂબ આદરસત્કાર સાથે શિવાને ગૃહપ્રવેશ કરાવ્યો. સ્ત્રીઓએ એમના પર ઘણી વસ્તુઓ ન્યોચ્છાવર કરી દીધી. બ્રાહ્મણોએ આશીર્વાદ આપ્યા. હે મુનીશ્વર! પિતા હિમવાન અને માતા મેનકાને ખૂબ જ પ્રસન્નતા થઈ. એમણે પોતાના ગૃહસ્થ-આશ્રમને સફળ માન્યો અને એ અનુભવ કર્યો કે કુપુત્ર કરતાં સુપુત્રી જ શ્રેષ્ઠ છે. ગિરિરાજે બ્રાહ્મણો અને વન્દીજનોને ધન આપ્યું અને બ્રાહ્મણો પાસે મંગલપાઠ કરાવ્યા. હે મુને! આ રીતે પાર્વતીની સાથે માતાપિતા, ભાઈ અને ભાભીઓ પણ ઘરના આંગણે પ્રસન્નતાપૂર્વક બેઠાં.

ત્યારપછી હિમવાન પ્રસન્નચિત્તે સૌનો આદર સત્કાર કરીને ગંગાસ્નાને ગયા. એ દરમિયાન સુંદર લીલા કરનાર ભક્તવત્સલ ભગવાન શંભુ એક સારા નાચનારા નર બનીને મેનકા પાસે ગયા. એમણે ડાબા હાથમાં શિંગી અને જમણા હાથમાં ડમરુ લીધું હતું. પીઠ પર કથરી (કંથા) રાખી હતી. લાલ વસ્ત્ર પહેર્યાં હતાં. એ ભગવાન રુદ્ર નૃત્ય અને ગાનમાં પોતાની નિપુણતાનો પરિચય આપી રહ્યા હતા.

સુંદર નટનું રૂપ ધારણ કરેલા ભગવાન શિવે મેનકાની પાસે બેઠેલી સ્ત્રીઓની ટોળી પાસે સુંદર નૃત્ય કર્યું અને અત્યંત મનોહર વિવિધ પ્રકારનાં સુંદર ગીત ગાયાં. ત્યાં એમણે સુંદર ધ્વનિથી ખૂબ મનોહારિણી લીલા કરી. નટરાજની એ લીલાને જોવા માટે નગરના સર્વ સ્ત્રી-પુરુષો અને બાળકો તથા વૃદ્ધો પણ અચાનક ત્યાં આવી પહોંચ્યાં. હે મુને! એ સુમધુર ગીતને સાંભળીને અને એ મનોહર ઉત્તમ નૃત્યને જોઈને ત્યાં આવેલા બધા લોકો તત્કાળ મોહિત થઈ ગયા. મેના પણ મોહ પામ્યાં. બીજી બાજુ પાર્વતીએ પોતાના હૃદયમાં ભગવાન શંકરનાં સાક્ષાત્ દર્શન કર્યા. એ ત્રિશૂળ વગેરે ચિહ્નો, ધારણ કરેલ અત્યંત સુંદર દેખાતા હતા. એમનાં સર્વ અંગો વિભૂતિથી-ભસ્મથી-વિભૂષિત હતાં. એ હાડકાંઓની માળાથી અલંકૃત હતા. એમનું મુખ

સૂર્ય, ચંદ્ર અને અગ્નિરૂપ ત્રણે નેત્રોથી ઉદ્‌ભાસિત હતું. એમણે નાગની જનોઈ ધારણ કરી હતી. એમના એ સુરમ્ય રૂપને જોઈને દુર્ગા પ્રેમાવશથી મૂર્ચ્છિત થઈ ગયાં. ગૌરવવિભૂષિત દીનબંધુ દયાસિંધુ અને સર્વથા મનોહર મહેશ્વર પાર્વતીને કહી રહ્યા હતા કે 'વરદાન માગો' પોતાના હૃદયમાં મહાદેવજીને આ રૂપમાં જોઈને પાર્વતી દેવીએ એમને પ્રણામ કર્યા અને મનમાં ને મનમાં જ એ વરદાન મળ્યું કે 'આપ મારા પતિ થઈ જાઓ' પ્રીતિયુક્ત હૃદયથી શિવાને એવું જ કલ્યાણકારી વરદાન આપીને તે પુનઃ અંતર્ધાન થઈ ગયા અને ત્યાં પૂર્વવત્ ભિક્ષા માગનારા નટ બનીને ઉત્તમ નૃત્ય કરવા લાગ્યા.

એ સમયે મેનાએ સોનાની થાળીમાં રાખેલાં ઘણાં બધાં બહુ સુંદર રત્ન લઈને એમને પ્રસન્નતાપૂર્વક આપવા ગયાં. એમનું એ ઐશ્વર્ય જોઈને ભગવાન શંકર મનમાં ને મનમાં બહુ પ્રસન્ન થયા. પરંતુ એમણે એ રત્નોનો સ્વીકાર ન કર્યો. એ ભિક્ષામાં એમની પુત્રી શિવાને જ માગવા લાગ્યા અને પુનઃ કૌતુકવશ સુંદર નૃત્ય અને ગાન કરવા તૈયાર થયા. મેના એ ભિક્ષુક નટની વાત સાંભળીને અત્યંત ક્રોધે ભરાયાં અને ધમકાવવા લાગ્યાં. એમના મનમાં એમને બહાર કાઢી મૂકવાની ઇચ્છા થઈ. એ દરમિયાન વચમાં જ ગિરિરાજ હિમવાન ગંગા-સ્નાન કરીને પરત આવી ગયા. એમણે પોતાની સામે એ નરાકાર ભિક્ષુકને આંગણામાં ઊભેલો જોયો. મેનાના મુખે સર્વ વાતો સાંભળીને એમને પણ ઘણો ક્રોધ ઉત્પન્ન થયો. એમણે પોતાના સેવકોને આજ્ઞા કરી કે આ નટને બહાર કાઢી મૂકો. હે મુનિશ્રેષ્ઠ! તે નટરાજ વિશાળકાય અગ્નિની જેમ પોતાના ઉત્તમ તેજથી પ્રજ્વલિત થઈ રહ્યા હતા. એમને અડકવું એ પણ કઠણ હતું. એટલા માટે કોઈ પણ એમને બહાર કાઢી શક્યું નહિ. હે તાત! પછી તો વિવિધ પ્રકારની લીલાઓમાં વિશારદ એ ભિક્ષુક શિરોમણિએ શૈલરાજને પોતાનો અનંત પ્રભાવ બતાવવાનો આરંભ કર્યો. હિમવાને જોયું કે ભિક્ષુએ ત્યાં તત્કાળ જ ભગવાન વિષ્ણુનું રૂપ ધારણ કરી લીધું છે. એમના મસ્તક પર કિરીટ-મુગટ, કાનોમાં કુંડળ અને શરીર પર પીતવસ્ત્ર-પીતાંબર શોભા આપી રહ્યાં છે. એમને ચાર ભુજાઓ છે. હિમવાને પૂજાને વખતે ગદાધારી શ્રીહરિને જે જે પુષ્પ વગેરે ચઢાવ્યાં હતાં એ સર્વ એમણે ભિક્ષુના શરીર ઉપર તથા મસ્તક પર જોયાં. ત્યારપછી ગિરિરાજે એ ભિક્ષુશિરોમણિને જગતસ્રષ્ટા ચતુર્મુખ બ્રહ્માના રૂપે જોયા—એમના શરીરનો વર્ણ લાલ હતો અને એ વૈદિક સૂક્તનો પાઠ કરી રહ્યા હતા. ત્યાર પછી શૈલરાજે એ કૌતુકકારી નટરાજને એક ક્ષણમાં જગતના નેત્રરૂપ સૂર્યના આકારમાં જોયા. હે તાત! આ પછી એ મહાન અદ્‌ભુત રુદ્રના રૂપે દેખાયા. એમની સાથે દેવી પાર્વતી પણ હતાં. તે ઉત્તમ તેજથી સંપન્ન રમણીય રુદ્ર ધીરે ધીરે હસી રહ્યા હતા. પછી તે કેવળ તેજોમય રૂપે જ દૃષ્ટિગોચર થયા. એમનું એ સ્વરૂપ નિરાકાર, નિરંજન, ઉપાધિશૂન્ય, નિરીહ અને અત્યંત અદ્‌ભુત હતું. આ રીતે હિમવાને એમનાં અનેક રૂપ જોયાં. આથી એમને બહુ વિસ્મય થયો અને તરત જ પરમાનંદમાં નિમગ્ન થઈ ગયા. ત્યાર પછી સુંદર લીલા કરનાર એ ભિક્ષુશિરોમણિએ હિમવાન અને મેના પાસે દુર્ગાને ભિક્ષારૂપે માગી. બીજી કોઈ જ વસ્તુ ગ્રહણ કરી નહિ. પરંતુ શિવની માયાથી મોહિત હોવાને કારણે શૈલરાજે એમની એ પ્રાર્થનાનો સ્વીકાર ન કર્યો. પછી ભિક્ષુએ કોઈ વસ્તુ ન લીધી અને તે ત્યાંથી અંતર્ધાન થઈ

ગયા. ત્યારે મેના અને શૈલરાજને ઉત્તમ જ્ઞાન થયું અને એ વિચારવા લાગ્યા—'ભગવાન શિવ અમને પોતાની માયાથી છેતરીને પોતાને સ્થાને જતા રહ્યા છે.' આવું વિચારીને એ બંનેની ભગવાન શિવમાં પરાભક્તિ થઈ, જે મહાન મોક્ષની પ્રાપ્તિ કરાવનાર હતી, દિવ્ય તથા સંપૂર્ણ આનંદ પ્રદાન કરવાવાળી છે.

(અધ્યાય-૩૦)

*

દેવતાઓના અનુરોધથી વૈષ્ણવ બ્રાહ્મણના વેશમાં શિવજીનું હિમવાનને ઘેર જવું અને શિવની નિંદા કરીને પાર્વતીનું લગ્ન એમની સાથે ન કરવાનું કહેવું

બ્રહ્માજી કહે છે—હે નારદ! મેના અને હિમવાનની શિવ પ્રત્યેની ઉચ્ચકોટિની અનન્ય ભક્તિ જોઈને ઇન્દ્ર વગેરે સર્વ દેવતા પરસ્પર વિચાર કરવા લાગ્યા. ત્યાર પછી ગુરુ બૃહસ્પતિ અને બ્રહ્માજીની સમ્મતિ અનુસાર સર્વ મુખ્ય મુખ્ય દેવતાઓએ શિવજીની પાસે જઈને એમને પ્રણામ કર્યા અને એ હાથ જોડીને એમની સ્તુતિ કરવા લાગ્યા.

દેવતાઓ બોલ્યા—હે દેવદેવ! હે મહાદેવ! હે કરુણાકર! હે શંકર! અમે સૌ આપને શરણે આવ્યા છીએ, કૃપા કરો. આપને નમસ્કાર છે. હે સ્વામિન્! આપ ભક્તવત્સલ હોવાને કારણે સદા ભક્તોનાં કાર્યો સિદ્ધ કરો છો. દીનોનો ઉદ્ધાર કરનારા અને દયાના સિંધુ છો તથા ભક્તોને વિપત્તિઓથી છોડવનાર છો.

આ પ્રકારે મહેશ્વરની સ્તુતિ કરીને ઇન્દ્રસહિત સંપૂર્ણ દેવતાઓએ મેના અને હિમવાનની અનન્ય શિવભક્તિના વિષયમાં સર્વ વાતો આદરપૂર્વક કહી. દેવતાની આ વાત સાંભળીને મહેશ્વરે એમની પ્રાર્થનાનો સ્વીકાર કર્યો અને હસતાં હસતાં એમને આશ્વાસન આપીને વિદાય કર્યા. ત્યારે સર્વ દેવતા પોતાનું કાર્ય સિદ્ધ થયું છે એમ માનીને સદાશિવની પ્રશંસા કરતાં કરતાં શીઘ્ર જ પોતાને ઘેર પાછા જઈને પ્રસન્નતાનો અનુભવ કરવા લાગ્યા. ત્યાર પછી ભક્તવત્સલ મહેશ્વર ભગવાન શંભુ, જે માયાના સ્વામી છે, નિર્વિકાર ચિત્તે શૈલરાજને ત્યાં ગયા. એ સમયે ગિરિરાજ હિમવાન સભાભવનમાં બંધુવર્ગથી ઘેરાયેલા પાર્વતીસહિત પ્રસન્નતાપૂર્વક બેઠેલા હતા. એ જ અવસર પર ત્યાં સદાશિવે પદાર્પણ કર્યું. એ હાથમાં દંડ, છત્ર, શરીર પર દિવ્ય વસ્ત્ર, લલાટમાં ઉજ્જ્વળ તિલક, એક હાથમાં સ્ફટિકની માળા અને ગળામાં શાલગ્રામ ધારણ કરીને ભક્તિપૂર્વક હરિનામનો જપ કરી રહ્યા હતા અને દેખાવમાં સાધુવેશધારી બ્રાહ્મણ જણાતા હતા—એમને આવેલા જોઈને સપરિવાર હિમવાન ઊભા થઈ ગયા—એમણે એ અપૂર્વ અતિથિદેવતાને ભૂતલ પર પડીને દંડવત્ પ્રણામ અને ભક્તિભાવથી અત્યંત પ્રણામ કર્યા. દેવી પાર્વતી બ્રાહ્મણરૂપધારી પ્રાણેશ્વર શિવને ઓળખી ગયાં હતાં. તેથી એમણે પણ એમને મસ્તક નમાવીને અને મનમાં ને મનમાં ખૂબ જ પ્રસન્નતાથી એમની સ્તુતિ કરી. બ્રાહ્મણના રૂપધારી શિવે સૌને પ્રેમપૂર્વક આશીર્વાદ આપ્યા. પરંતુ શિવાને સૌથી અધિક મનોવાંછિત શુભ આશીર્વાદ પ્રદાન કર્યા. શૈલાધિરાજ હિમવાને બહુ આદરથી એમને મધુપર્ક વગેરે પૂજન-સામગ્રી ભેટ આપી અને બ્રાહ્મણે બહુ પ્રસન્નતાની સાથે એ સર્વનું ગ્રહણ કર્યું. તત્પશ્ચાત્ ગિરિશ્રેષ્ઠ

હિમાલયે એમના કુશળ સમાચાર પૂછ્યા. હે મુને! અત્યંત પ્રીતિપૂર્વક એ દ્વિજરાજની વિધિવત્ પૂજા

કરીને શૈલરાજે પૂછ્યું—'આપ કોણ છો?' ત્યારે એ બ્રાહ્મણશિરોમણિએ ગિરિરાજને શીઘ્ર જ આદરપૂર્વક કહ્યું.

એ શ્રેષ્ઠ બ્રાહ્મણ બોલ્યા—હે ગિરિશ્રેષ્ઠ! હું ઉત્તમ વિદ્વાન વૈષ્ણવ બ્રાહ્મણ છું અને જ્યોતિષના વ્યવસાયનો આશ્રય લઈને ભૂતલ પર ભ્રમણ કર્યા કરું છું. મનની જેવી મારી ગતિ છે. હું સર્વત્ર જવામાં સમર્થ છું અને ગુરુએ આપેલી શક્તિથી સર્વજ્ઞ, પરોપકારી, શુદ્ધાત્મા, દયાસિંધુ અને વિકારનાશક છું. મને જાણવા મળ્યું છે કે તમે પોતાની આ લક્ષ્મી-જેવી સુંદર રૂપવાળી દિવ્ય સુલક્ષણા પુત્રીને એક આશ્રયરહિત, અસંગ, કુરૂપ અને ગુણહીને વર-મહાદેવજીના હાથમાં આપવા ચાહો છો. એ રુદ્રદેવતા સ્મશાનમાં વાસ કરે છે. શરીર પર સર્પ લપેટીને રહે છે ને યોગસાધના કરે છે, સાધના કરતાં કરતાં ફર્યા-ભમ્યા કરે છે. એમની પાસે પહેરવા સરખું એક વસ્ત્ર પણ નથી. આમેય નંગધડંગ-નાગાપૂગા ફર્યા કરે છે. આભૂષણની જગ્યાએ સર્પ ધારણ કરે છે. એમના કુળનું નામ આજ સુધી કોઈ જાણતું નથી. એ તો કુપાત્ર અને કુશીલ છે. સ્વભાવથી જ વિકારથી દૂર રહે છે. આખા શરીરમાં ભસ્મ લગાડે છે. ક્રોધી અને અવિવેકી છે. એમની અવસ્થા (વય) કેટલી છે તે પણ કોઈ જાણતું જ નથી. એ તો અત્યંત કુત્સિત જટાનો બોજ સદા માથા પર ધારણ કર્યા કરે છે. એ સારા-ખોટા સર્વને આશ્રય આપવાવાળા છે. ભ્રમણશીલ, નાગહારધારી, ભિક્ષુક, કુમાર્ગ પરાયણ તથા હઠપૂર્વક વૈદિકમાર્ગનો ત્યાગ કરનારા છે. આવા અયોગ્ય વર સાથે તમે તમારી કન્યાનું લગ્ન કરવા ચાહો છો? હે અચલરાજ! જરૂર ખરેખર આપનો આ વિચાર મંગલદાયક નથી. હે નારાયણકુળમાં ઉત્પન્ન! હે જ્ઞાનીઓમાં શ્રેષ્ઠ ગિરિરાજ! મારા કથનનો મર્મ સમજો. તમે જે પાત્રને શોધ્યું છે તે આને યોગ્ય નથી કે એના હાથમાં પાર્વતીનો હાથ આપી શકાય. હે શૈલરાજ, તમે જ જુઓ, કે એને એક પણ ભાઈબંધુ નથી. તમે તો મોટાં મોટાં રત્નોની ખાણ છો. પરંતુ એમના ઘરમાં તો વાટી ભાંગ પણ નથી. અરે, એ તો સર્વથા નિર્ધન છે. હે ગિરિરાજ! તમે શીઘ્ર જ પોતાનાં ભાઈબંધુઓને, મેનાદેવીને, બધા દીકરાઓને અને પંડિતોને પણ પ્રયત્નપૂર્વક પૂછી લો. પરંતુ પાર્વતીને ન પૂછશો; કેમકે, એમને શિવના ગુણ-દોષની પરખ નથી.

બ્રહ્માજી કહે છે—હે નારદ! આવું કહીને એ બ્રાહ્મણ દેવતા, જે વિવિધ પ્રકારની લીલા કરનારા શાંત સ્વરૂપ શિવ જ હતા, શીઘ્ર જ ખાઈ-પીને આનંદપૂર્વક ત્યાંથી પોતાના ઘર ભણી ચાલવા લાગ્યા. (અધ્યાય-૩૧)

*

તમે લોકો પૂર્ણકામ છો. અમારા જેવા દીનોને ઘરમાં આપને શું કામ હોઈ શકે. તેમ છતાં મુજ સેવકને યોગ્ય જો કોઈ કાર્ય હોય તો કૃપાપૂર્વક એ અવશ્ય કહેશો. એને પૂર્ણ કરવાથી મારું જીવન સફળ થઈ જશે.

ઋષિ બોલ્યા—હે શૈલરાજ! ભગવાન શિવને જગતના પિતા કહેવાયા છે અને શિવા જગન્માતા મનાયાં છે. તેથી તમારે મહાત્મા શંકરને તમારી કન્યા આપવી જોઈએ. હે હિમાલય! આવું કરવાથી તમારો જન્મ સફળ થઈ જશે અને તમે જગદ્‌ગુરુના પણ ગુરુ થઈ જશો, એમાં સંશય નથી.

હે મુનીશ્વર! સપ્તર્ષિઓનું આ વચન સાંભળીને હિમવાને બંને હાથ જોડીને એમને પ્રણામ કરીને આ પ્રકારે કહ્યું.

હિમાલય બોલ્યા—હે મહાભાગ સપ્તર્ષિઓ! આપ લોકોએ જે વાત કહી છે, એ મેં શિવની ઇચ્છાથી પહેલાંથી જ માની રાખી હતી; પરંતુ હે પ્રભો! એ દિવસોમાં એક વૈષ્ણવધર્મી બ્રાહ્મણે આવીને ભગવાન શિવ અંગે પ્રસન્નતાપૂર્વક ઘણીબધી ઊંધી-ઊલટી વાતો કરી છે. ત્યારથી જ શિવાની માતાનું જ્ઞાન ભ્રષ્ટ થઈ ગયું છે. તે પોતાની દીકરીનું લગ્ન એ યોગી રુદ્ર સાથે કરવા ચાહતી નથી. હે બ્રાહ્મણો! મારી પત્નીએ બહુ ભારે હઠ કરીને મેલાં કપડાં પહેરીને કોપભવનમાં નિવાસ કર્યો છે અને સમજાવવા છતાં પણ કશું સમજી રહ્યાં નથી. હું પણ એ વૈષ્ણવ બ્રાહ્મણની વાતો સાંભળીને જ્ઞાનભ્રષ્ટ થઈ ગયો છું. આપને સાચું કહું, ભિક્ષુકરૂપધારી મહેશ્વરને દીકરી આપવાની મારી પણ હવે ઇચ્છા નથી.

બ્રહ્માજી કહે છે—હે નારદ! મુનિઓની વચમાં બેસીને શૈલરાજ શિવની માયાથી મોહિત થઈને ઉપર્યુક્ત વાત કહીને મૌન થઈ ગયા. ત્યારે એ સર્વ સપ્તર્ષિઓએ શિવની માયાની પ્રશંસા કરીને મેનકા પાસે અરુન્ધતીને મોકલ્યાં. પતિની આજ્ઞા મેળવીને જ્ઞાનદાયિની અરુન્ધતી દેવી તરત એ ઘરમાં ગયાં, જ્યાં મેના અને પાર્વતી હતાં. જઈને એમણે જોયું, મેના શોકથી આકુળવ્યાકુળ થઈને પૃથ્વી પર પડ્યાં છે. ત્યારે એ સાધ્વી દેવીએ ખૂબ જ સાવધાની સાથે મધુર અને હિતકર વાત કહી.

અરુન્ધતી બોલ્યાં—હે સાધ્વી રાણી મેનકે! ઊઠો, હું અરુન્ધતી તમારા ઘરમાં આવી છું તથા દયાળુ સપ્તર્ષિઓ પણ પધાર્યા છે. અરુન્ધતીનો સ્વર સાંભળીને મેનકા શીઘ્ર જ બેઠાં થઈ ગયાં અને લક્ષ્મી-જેવી તેજસ્વિની એ પતિવ્રતા દેવીનાં ચરણોમાં મસ્તક રાખીને બોલ્યાં–

મેનાએ કહ્યું—અહો! અમારા જેવા પુણ્યજન્મા જીવોને આજે આ કયા પુણ્યનું ફળ પ્રાપ્ત થયું છે કે અમારા આ ઘરમાં જગત્સ્રષ્ટા બ્રહ્માજીની પુત્રવધૂ અને મહર્ષિ વસિષ્ઠની પત્ની પધાર્યાં છે. હે દેવી! આપ શા માટે આવ્યાં છો? એ મને કહો. હું અને મારી પુત્રી આપની દાસી સમાન છીએ. આપ અમારા ઉપર કૃપા કરો.

મેનકાના આવા કથન પર સાધ્વી અરુંધતીએ એમને બહુ સારી પેઠે સમજાવ્યાં, બુઝાવ્યાં અને એમને સાથે લઈને તે પ્રસન્નતાપૂર્વક એ સ્થાન પર આવ્યાં, જ્યાં સપ્તર્ષિ વિદ્યમાન હતા. સપ્તર્ષિગણ વાતચીતમાં બહુ જ નિપુણ હતા– એ સર્વેએ ભગવાન શિવનાં યુગલચરણારવિન્દનું સ્મરણ કરીને શૈલરાજને સમજાવવાનું શરૂ કર્યું.

ઋષિ બોલ્યા—હે શૈલેન્દ્ર! અમારાં શુભકારક વચન સાંભળો. તમે પાર્વતીનું લગ્ન

શિવ સાથે કરી દો અને સંહારકર્તા રુદ્રના સસરા થઈ જાઓ. શંભુ સર્વેશ્વર છે. તે કોઈ પાસે પણ ક્યારેય યાચના નથી કરતા. સ્વયં બ્રહ્માજીએ તારકાસુરના વિનાશ માટે એક વીરપુત્ર ઉત્પન્ન કરવાના હેતુને લઈને ભગવાન શંકરને આ પ્રાર્થના કરી છે કે તે લગ્ન કરી લે. ભગવાન શંકર તો યોગીઓમાં શિરોમણિ છે. તે લગ્ન માટે ઉત્સુક નથી. માત્ર બ્રહ્માજીની પ્રાર્થનાથી જ એ મહાદેવ તમારી કન્યાનું પાણિગ્રહણ કરશે. તમારી પુત્રીએ જ્યારે તપસ્યા કરી હતી, એ સમયે એમની સામે એમણે એની સાથે લગ્ન કરવાની પ્રતિજ્ઞા કરી લીધી હતી. આ જ બે કારણોસર એ યોગીરાજ શિવ લગ્ન કરશે.

ઋષિઓની આ વાત સાંભળીને હિમાલય હસી પડ્યા. થોડાક ભયભીત થઈને વિનયપૂર્વક બોલ્યા–

હિમાલયે કહ્યું—હું શિવ પાસે કોઈ રાજાને ઉચિત સામગ્રી, સરસામાન જોતો નથી. એમને કોઈ ઘર નથી. નથી કંઈ ઐશ્વર્ય અને નથી તો કોઈ સ્વજન કે બંધુબાંધવ. હું અત્યંત નિર્લિપ્ત યોગીને મારી દીકરી આપવા ચાહતો નથી. તમે લોકો વેદવિધાતા બ્રહ્માજીના પુત્ર છો; તેથી તમારો નિશ્ચિત વિચાર કહો. જે પિતા કામથી, મોહથી અથવા ભયથી કે લોભથી કોઈ અયોગ્ય વરના હાથમાં પોતાની પુત્રી આપી દે છે, તે મર્યા પછી નરકમાં જાય છે.* તેથી હું સ્વેચ્છાથી ભગવાન શૂલપાણિને મારી કન્યા નહીં આપું. એટલા માટે હે મહર્ષિઓ! જે ઉચિત વિધાન હોય, એ આપ લોકો કરો.

હે મુનીશ્વર નારદ! હિમાચલના આ વચનને સાંભળીને વાતચીત કરવામાં નિપુણ મહર્ષિ વસિષ્ઠ એમને આ પ્રમાણે કહ્યું.

વસિષ્ઠ બોલ્યા—હે શૈલેશ્વર! મારી વાત સાંભળો. આ સર્વથા તમારે માટે હિતકારક, ધર્મને અનુકૂળ, સત્ય તથા આલોક અને પરલોકમાં સુખદાયક છે. હે શૈલરાજ! લોક તથા વેદમાં ત્રણ પ્રકારનાં વચનો ઉપલબ્ધ થાય છે. શાસ્ત્રજ્ઞ પુરુષ પોતાની નિર્મળ જ્ઞાનદૃષ્ટિથી એ સર્વ પ્રકારનાં વચનો જાણે છે. એક તો એ વચન છે, જે સાંભળવામાં તત્કાળ બહુ સુંદર (પ્રિય) લાગે છે, પરંતુ પછીથી તે અસત્ય અને અહિતકારી સિદ્ધ થાય છે. આવું વચન બુદ્ધિમાન શત્રુ જ કહે છે, એથી ક્યારેય હિત થતું નથી. બીજું એ છે કે જે આરંભમાં સારું લાગતું નથી, એ સાંભળીને અપ્રસન્નતા થાય છે, પરંતુ પરિણામમાં એ સુખ દેનારું હોય છે. આ પ્રકારનું વચન કહીને દયાળુ ધર્મશીલ બાંધવજન કર્તવ્યનો બોધ કરાવે છે. ત્રીજી શ્રેણીનું જે વચન છે તે એ છે કે જે સાંભળતાં જ અમૃત સમાન મધુર લાગે છે અને સર્વકાળમાં સુખ આપનારું હોય છે. સત્ય એ જ એનો સાર હોય છે. એટલા માટે તે હિતકારક થયા કરે છે. આવું વચન સૌથી શ્રેષ્ઠ અને સૌને માટે અભીષ્ટ-ઇચ્છિત હોય છે. હે શૈલરાજ! આ રીતે નીતિશાસ્ત્રમાં ત્રણ પ્રકારનાં વચનો કહેવામાં આવ્યાં છે. આ ત્રણેમાંથી તમને કયું વચન ઇચ્છિત-અભીષ્ટ છે? બતાવો, હું તમારે માટે એવું જ વચન કહીશ– ભગવાન શંકર સંપૂર્ણ દેવતાઓના સ્વામી છે. એમની પાસે બાહ્ય સંપત્તિ નથી, એનું કારણ એ છે કે એમનું ચિત્ત એક માત્ર જ્ઞાનમાર્ગના

---

* વરાયાનનુરૂપાય પિતા કન્યાં દદાતિ ચેત્ । કામાન્મોહાદ્ભયાલ્લોભાત્ સ ભ્રષ્ટો નરકં વ્રજેત્ ॥
(શિ. પુ. રુ. સં. પા. ખં. ૩૩/૨૬)

સાગરમાં મગ્ન રહે છે. જે જ્ઞાનાનન્દસ્વરૂપ અને સર્વના ઈશ્વર છે, એમને લૌકિક-બાહ્ય વસ્તુઓની શી ઇચ્છા હશે? ગૃહસ્થ પુરુષ રાજય અને સંપત્તિથી સુશોભિત થનાર વરને પોતાની પુત્રી આપે છે, કેમકે કોઈ દીનદુખિયાને કન્યા આપવાથી પિતા કન્યાઘાતી થઈ જાય છે—એને કન્યાના વધનું પાપ લાગે છે.* કોણ જાણે છે કે ભગવાન શંકર દુઃખી છે? કુબેર જેમના કિંકર છે, જે પોતાના ભ્રૂભંગની લીલામાત્રથી સંસારની સૃષ્ટિ તથા સંહાર કરવામાં સમર્થ છે, જેમને ગુણાતીત, પરમાત્મા અને પ્રકૃતિથી પર પરમેશ્વર કહેવામાં આવ્યા છે, સૃષ્ટિ, પાલન અને સંહાર કરનારી જેમની ત્રિવિધમૂર્તિ જ બ્રહ્મા, વિષ્ણુ અને હર નામ ધારણ કરે છે, એમને કોણ નિર્ધન અથવા દુઃખી કરી શકે છે? બ્રહ્મલોકમાં નિવાસ કરનારા બ્રહ્મા, ક્ષીરસાગરમાં રહેનારા વિષ્ણુ તથા કૈલાસવાસી હર—આ સર્વ શિવની જ વિભૂતિઓ છે. શિવથી પ્રગટ થયેલી પ્રકૃતિ પણ પોતાના અંશથી ત્રણ પ્રકારની મૂર્તિઓને ધારણ કરે છે. જગતમાં લીલાશક્તિ પ્રેરિત થઈને પોતાની કલાથી અનેક પ્રકાર જેવાં રૂપ ધારણ કરે છે. સમસ્ત વાઙ્મયની અધિષ્ઠાત્રી દેવી વાણી એમના મુખથી પ્રગટ થઈ છે અને સર્વસંપત્તિસ્વરૂપિણી લક્ષ્મી વક્ષઃસ્થળથી આવિર્ભૂત થઈ છે તથા શિવાએ દેવતાઓના એકત્ર થયેલા તેજથી પોતાને પ્રગટ કર્યાં હતાં અને સંપૂર્ણ દાનવોનો વધ કરીને દેવતાઓને સ્વર્ગની લક્ષ્મી પ્રદાન કરી હતી—

દેવી શિવા કલ્પાંતરમાં દક્ષપત્નીના ઉદરથી જન્મ લઈ સતી નામથી પ્રસિદ્ધ થયાં અને હરને એમણે પોતાના પતિરૂપે પ્રાપ્ત કર્યા. દક્ષે સ્વયં જ ભગવાન શિવને પોતાની પુત્રી આપી હતી. સતીએ પતિની નિંદા સાંભળીને યોગબળથી પોતાના શરીરનો ત્યાગ કર્યો હતો. એ જ કલ્યાણમયી સતી હવે તમારા વીર્યથી અને મેનાના ગર્ભથી પ્રગટ થયાં છે. હે શૈલરાજ! આ શિવા જન્મેજન્મે શિવની જ પત્ની હોય છે. પ્રત્યેક કલ્પમાં બુદ્ધિરૂપા દુર્ગા જ્ઞાનીઓની શ્રેષ્ઠ માતા હોય છે. એ સદા સિદ્ધ, સિદ્ધિદાયિની અને સિદ્ધિરૂપિણી છે. ભગવાન હર ચિતાભસ્મરૂપે સતીના અસ્થિચૂર્ણને જ સ્વયં પ્રેમપૂર્વક પોતાનાં અંગોમાં ધારણ કરે છે. તેથી હે ગિરિરાજ! તમે સ્વેચ્છાથી જ તમારી મંગલમયી કન્યાને ભગવાન હરના હાથમાં આપી દો. તમે જો નહિ આપો તો તે સ્વયં પ્રિયતમના સ્થાનમાં જતાં રહેશે. દેવેશ્વર શિવ તમારી પુત્રીનો અનંત કલેશ જોઈને બ્રાહ્મણના રૂપમાં એમની તપસ્યાને સ્થાને આવ્યા હતા અને એમની સાથે લગ્નની પ્રતિજ્ઞા કરીને આશ્વાસન અને વરદાન આપીને પોતાના નિવાસસ્થાને પાછા જતા રહ્યા હતા. હે ગિરે! પાર્વતીની પ્રાર્થનાથી જ શંભુએ તમારી પાસે આવીને એમને માટે યાચના કરી અને તમે બંનેએ શિવભક્તિમાં મન પરોવીને એ યાચનાનો સ્વીકાર કરી લીધો હતો. હે ગિરીશ્વર! બતાવો તો ખરા કે પછી કયા કારણસર તમારી બુદ્ધિ વિપરીત થઈ ગઈ? ભગવાન શિવે દેવતાઓની પ્રાર્થનાથી પ્રભાવિત થઈને અમે સર્વે ઋષિઓને અને અરુન્ધતી દેવીને પણ તમારી પાસે મોકલ્યાં છે. અમે તમને એ જ શિક્ષા-શિખામણ આપીએ છીએ કે તમે પાર્વતીને રુદ્રના હાથમાં આપી

* ગૃહી દદાતિ સ્વસુતાં રાજયસમ્પતિશાલિને। કન્યકાં દુઃખિને દત્ત્વા કન્યાઘાતી ભવેત્પિતા ॥
(શિ. પુ. રુ. સં. પા. ખં. ૩૩/૩૬)

દો. હે ગિરે! આવું કરવાથી તમને મહાન આનંદ પ્રાપ્ત થશે. હે શૈલેન્દ્ર! જો તમે સ્વેચ્છાથી તમારી દીકરી શિવાને શિવના હાથમાં નહીં સોંપો તો ભાવિના બળથી જ એ બંનેનાં લગ્ન થઈ જશે. હે તાત! ભગવાન શંકરે તપસ્યામાં રત બનેલાં પાર્વતીને આવું જ વરદાન આપ્યું હતું. ઈશ્વરની કરેલી પ્રતિજ્ઞા ક્યારેય પલટી શકે નહિ. હે ગિરિરાજ! ઈશ્વરના વશમાં રહેનારા સમસ્ત સાધુપુરુષોની પણ પ્રતિજ્ઞાનો આખા સંસારમાં કોઈના દ્વારા પણ ઉલ્લંઘન થવું કઠણ છે. પછી ઈશ્વરની પ્રતિજ્ઞાની તો વાત જ શી, એમાં તો કહેવાનું પણ શું હોય? (અધ્યાય ૩૨-૩૩)

*

સપ્તર્ષિઓ દ્વારા સમજાવવાથી તથા મેરુ વગેરેના કહેવાથી પત્ની સહિત હિમવાન દ્વારા શિવની સાથે પોતાની પુત્રીનું લગ્ન કરવાનો નિશ્ચય કરવો તથા સપ્તર્ષિઓનું શિવ પાસે જઈને એમને સર્વ વાતો જણાવીને પોતાના ધામમાં જવું

બ્રહ્માજી કહે છે—હે નારદ! ત્યાર પછી વસિષ્ઠે પ્રાચીન કાળમાં રાજા અનરણ્ય દ્વારા પોતાની કન્યા પદ્માનું લગ્ન પિપ્પલાદ સાથે કરવાની તથા ધર્મના વરદાનથી પિપ્પલાદની

તરુણ અવસ્થા, રૂપ, ગુણ, સદા સ્થિર રહેનારું યૌવન, કુબેર અને ઇન્દ્રથી પણ વધારે ધન-ઐશ્વર્ય, ભક્તિ, સિદ્ધિ અને સમતા પ્રાપ્ત કરવાની તથા પદ્માનું સ્થિર યૌવન, સૌભાગ્ય, સંપત્તિ અને ભર્તા દ્વારા પરમ ગુણવાન દશ પુત્રોની પ્રાપ્તિની કથા સંભળાવીને કહ્યું–'હે શૈલેન્દ્ર! તમે મારી કથાનું સારતત્ત્વ સમજીને તમારી પુત્રી પાર્વતીનો હાથ મહાદેવજીના હાથમાં આપી દો અને મેના સહિત તમારા મનમાં જે કુરોષ છે એનો ત્યાગ કરી દો. આજથી એક સપ્તાહ પછી અત્યંત શુભ અને દુર્લભ મુહૂર્ત આવવાનું છે. એ સમયે ચંદ્રમા લગ્નના સ્વામી થઈને પોતાના પુત્ર બુધની સાથે લગ્નમાં જ સ્થિત થવાના છે. એમનો રોહિણી નક્ષત્રની સાથે યોગ થશે. ચંદ્રમા અને તારાઓ શુદ્ધ થશે. માગશર માસ અંતર્ગત સંપૂર્ણ દોષોથી રહિત સોમવારે, જ્યારે કે લગ્ન પર સંપૂર્ણ શુભ ગ્રહોની દૃષ્ટિ હશે, પાપગ્રહોની દૃષ્ટિ નહીં હોય અને બૃહસ્પતિ એવા સ્થાન પર સ્થિત હશે, જ્યાંથી એ ઉત્તમ સંતાન અને પતિનું સૌભાગ્ય આપવામાં સમર્થ થશે. આવા મુહૂર્તમાં તમે તમારી કન્યા મૂળ પ્રકૃતિ ઈશ્વરી જગદંબા

પાર્વતીને ભગવાન શિવના હાથમાં સોંપી કૃતાર્થ થઈ જાઓ.'

આવું કહીને જ્ઞાનશિરોમણિ મુનિવર વસિષ્ઠ વિવિધ પ્રકારની લીલા કરનારા ભગવાન શિવનું સ્મરણ કરીને ચૂપ થઈ ગયા. વસિષ્ઠજીની વાત સાંભળીને સેવકો અને પત્ની સહિત હિમાલય બહુ જ વિસ્મિત થયા અને બીજા-બીજા પવર્તો સાથે બોલ્યા.

હિમાલયે કહ્યું—ગિરિરાજ મેરુ! સહ્ય, ગન્ધમાદન, મંદરાચલ, મૈનાક અને વિન્ધ્યાચલ વગેરે પર્વતેશ્વરો! આપ સૌ લોકો મારી વાત સાંભળો. વસિષ્ઠજી આવી વાત કહી રહ્યા છે. હવે મારે શું કરવું જોઈએ, એ વાતનો વિચાર કરવાનો છે. તમે લોકો પોતાના મનથી સર્વે વાતોનો નિર્ણય કરીને જેવું યોગ્ય લાગે તેવું કરો.

હિમાચલની આ વાત સાંભળીને સુમેરુ વગેરે પર્વત સારી પેઠે નિર્ણય કરીને એમને પ્રસન્નતાપૂર્વક કહેવા લાગ્યા.

પર્વતોએ કહ્યું—હે મહાભાગ! આ સમયે વિચાર કરવાથી શો લાભ? જેવું ઋષિ લોકો કહે છે એ અનુસાર જ કાર્ય કરવું જોઈએ. વાસ્તવમાં આ કન્યા દેવતાઓનું કાર્ય સિદ્ધ કરવા જ ઉત્પન્ન થઈ છે. એમણે શિવને માટે જ અવતાર લીધો છે. એટલા માટે એ શિવને જ આપી દેવી જોઈએ. જો એમણે રુદ્રદેવની આરાધના કરી છે અને રુદ્રએ આવીને એમની સાથે વાર્તાલાપ કર્યો છે તો એમનું લગ્ન એમની સાથે થવું જોઈએ.

બ્રહ્માજી કહે છે—હે નારદ! એ મેરુ પર્વત વગેરેની આ વાત સાંભળીને હિમાચલ બહુ પ્રસન્ન થયા અને ગિરિજા પણ મનમાં ને મનમાં હસવા લાગ્યાં. અરુન્ધતીએ પણ અનેક કારણ બતાવીને, વિવિધ પ્રકારની વાતો સંભળાવીને અને વિવિધ પ્રકારના ઇતિહાસોનું વર્ણન કરીને મેનાદેવીને સમજાવ્યાં. ત્યારે શૈલપત્ની મેનકા સર્વ કાંઈ સમજી ગયાં અને પ્રસન્નચિત્ત થઈને એમણે મુનિઓને, અરુન્ધતીજીને અને હિમાચલને પણ ભોજન કરાવીને સ્વયં ભોજન કર્યું. ત્યારબાદ જ્ઞાની ગિરિશ્રેષ્ઠ હિમાચલે એ મુનિઓની સારી પેઠે સેવા કરી. એમનું મન પ્રસન્ન થઈ ગયું હતું અને સર્વ પ્રકારના ભ્રમ દૂર થઈ ગયા હતા. એમણે હાથ જોડીને પ્રસન્નતાપૂર્વક એ મહર્ષિઓને કહ્યું.

હિમાલય બોલ્યા—હે મહાભાગ સપ્તર્ષિઓ! આપ લોક મારી વાત સાંભળો. મારા બધા સંદેહો દૂર થઈ ગયા છે. મેં શિવ-પાર્વતીનાં ચરિત્ર સાંભળી લીધાં છે, હવે મારું શરીર, મારી પત્ની મેના, મારાં પુત્ર-પુત્રી, ઋદ્ધિ-સિદ્ધિ તથા અન્ય સર્વે વસ્તુઓ ભગવાન શિવની છે, બીજા કોઈની નથી.

બ્રહ્માજી કહે છે—હે નારદ! આવું કહીને હિમાચલે પોતાની પુત્રી ભણી આદરપૂર્વક જોયું અને એમને વસ્ત્ર-આભૂષણોથી વિભૂષિત કરીને ઋષિઓના ખોળામાં બેસાડી દીધી. ત્યારપછી એ શૈલરાજ પુનઃ પ્રસન્ન થઈને એ ઋષિઓને કહેવા લાગ્યા—'આ ભગવાન રુદ્રનો ભાગ છે. એને હું એમને જ આપીશ—એવો નિશ્ચય કરી લીધો છે.'

ઋષિ બોલ્યા—હે ગિરિરાજ! ભગવાન શંકર તમારા યાચક છે, તમે સ્વયં એના દાતા છો અને પાર્વતીદેવી ભિક્ષા છે. આથી વધારે ઉત્તમ બીજું શું હોઈ શકે? હે હિમાચલ! તમે સમસ્ત પર્વતોના રાજા, સર્વથી શ્રેષ્ઠ અને ધન્ય છો. માટે તમારાં શિખરોની સામાન્ય ગતિ છે—

તમારાં બધાં શિખરો સામાન્ય રીતે પવિત્ર અને શ્રેષ્ઠ છે.

બ્રહ્માજી કહે છે—હે નારદ! આવું કહીને નિર્મળ અંતઃકરણવાળા એ મુનિઓએ ગિરિરાજકુમારી પાર્વતીને હાથથી અડકીને આશીર્વાદ આપતાં આપતાં કહેવા લાગ્યા–'હે શિવે! તમે ભગવાન શિવને માટે સુખદાયિની થાઓ. તમારું કલ્યાણ થશે. જેવી રીતે શુક્લપક્ષમાં ચંદ્ર વધે છે, એ જ રીતે તમારા ગુણોની વૃદ્ધિ થાઓ.' આવું કહીને બધા મુનિઓએ ગિરિરાજને પ્રસન્નતાપૂર્વક ફળ-ફૂલ આપીને લગ્ન પાકું–નક્કી થવાનો દૃઢ વિશ્વાસ કરી લીધો. એ સમયે પરમ સતી સુમુખી અરુન્ધતીએ પ્રસન્નતાપૂર્વક ભગવાન શિવના ગુણોની પ્રશંસા કરીને મેનાને મનાવી-પટાવી લીધી. ત્યાર પછી ગિરિરાજ હિમવાને પરમ ઉત્તમ માંગલિક લોકાચારનો આશ્રય લઈને તરત જ કંકુથી પોતાની દાઢી-મૂંછનું માર્જન કર્યું. ત્યાર પછી ચોથે દિવસે ઉત્તમ લગ્નનો નિશ્ચય કરીને પરસ્પર સંતોષ આપીને તે સપ્તર્ષિ ભગવાન શિવની પાસે ચાલ્યા ગયા. ત્યાં જઈને શિવને નમસ્કાર કર્યા, વિવિધ સૂક્તિઓથી એમનું સ્તવન કરીને એ વસિષ્ઠ વગેરે બધા મુનિ પરમેશ્વર શિવને કહેવા લાગ્યા.

ઋષિઓએ કહ્યું—હે દેવદેવ! હે મહાદેવ! હે પરમેશ્વર! હે મહાપ્રભો! આપ પ્રેમપૂર્વક અમારી વાત સાંભળો. આપના આ (અમે બધા) સેવકોએ જે કાર્ય કર્યું છે એ જાણી લો. હે મહેશ્વર! અમે વિવિધ પ્રકારનાં સુંદર વચન અને ઇતિહાસ સંભળાવીને ગિરિરાજ અને મેનાને સમજાવી લીધાં છે. ગિરિરાજે આપને માટે પાર્વતીનું વાગ્દાન કરી દીધું છે. હવે એમાં કંઈ હા ના-ન્નનુ-નચ-નો પ્રશ્ન જ નથી. હવે આપ પોતાના પાર્ષદો તથા દેવતાઓની સાથે એમને ત્યાં લગ્નને માટે જાઓ. હે મહાદેવ! હે પ્રભો! હવે શીઘ્ર જ હિમાચલને ઘેર પધારો અને વેદોક્ત પદ્ધતિ અનુસાર પાર્વતીનું તમારા પોતા માટે પાણિગ્રહણ કરો.

સપ્તર્ષિઓનું આ વચન સાંભળીને લોકાચાર-પરાયણ મહેશ્વર પ્રસન્નચિત્ત થઈ ગયા અને હસતાં હસતાં આ રીતે બોલ્યા.

મહેશ્વરે કહ્યું—હે મહાભાગ સપ્તર્ષિઓ! લગ્નને તો મેં ક્યારેય નથી જોયું અને નથી સાંભળ્યું. તમે લોકોએ પહેલાં જેવું જોયું હોય એ અનુસાર વિવાહ-લગ્નની વિશેષ વિધિનું વર્ણન કરો.

મહેશ્વરનાં એ લૌકિક શુભ-વચનને સાંભળીને તે ઋષિ હસતાં હસતાં દેવાધિદેવ સદાશિવને કહેવા લાગ્યા.

ઋષિઓએ કહ્યું—હે પ્રભો! આપ પ્રથમ તો ભગવાન વિષ્ણુને, વિશેષતઃ એમના પાર્ષદો સહિત શીઘ્ર જ બોલાવી લો. પછી પુત્રોસહિત બ્રહ્માજીને, દેવરાજ ઇન્દ્રને, સમસ્ત ઋષિઓને, યક્ષ, ગંધર્વ, કિન્નર, સિદ્ધ, વિદ્યાધર અને અપ્સરાઓને પ્રસન્નતાપૂર્વક આમંત્રિત કરો. એમને તથા બીજા બધા લોકોને અહીં આદરપૂર્વક બોલાવી લો. એ બધા ભેગા મળીને આપના કાર્યનું સાધન કરી લેશે, એમાં સંશય નથી.

બ્રહ્માજી કહે છે—હે નારદ! આવું કહીને મેં સાતેય ઋષિ એમની આજ્ઞા લઈને ભગવાન શંકરની સ્થિતિનું વર્ણન કરતાં કરતાં ત્યાંથી પ્રસન્નતાપૂર્વક પોતપોતાને ધામે જતા રહ્યા.

(અધ્યાય ૩૪–૩૬)

*

હિમવાન ભગવાન શિવને લગ્ન-પત્રિકા મોકલે છે, વિવાહ-લગ્ન માટે જરૂરી સામાન ભેગો કરવો, મંગલાચારનો આરંભ કરવો, એમનું નિમંત્રણ મેળવીને પર્વતો અને નદીઓનું દિવ્યરૂપમાં આગમન, નગરની સજાવટ અને વિશ્વકર્મા દ્વારા દિવ્ય-મંડપ અને દેવતાઓના નિવાસને માટે દિવ્ય-લોકોનું નિર્માણ કરાવવું

નારદજીએ પૂછ્યું—હે તાત! હે મહાપ્રાજ્ઞ! હે પ્રભો! આપ કૃપાપૂર્વક એ જણાવો કે સપ્તર્ષિઓ જતા રહ્યા તે પછી હિમાચલે શું કર્યું?

બ્રહ્માજીએ કહ્યું—હે મુનીશ્વર! અરુન્ધતીસહિત એ સપ્તર્ષિઓના જતા રહ્યા પછી હિમવાને જે કાર્ય કર્યું એ હું તમને જણાવી રહ્યો છું. સપ્તર્ષિઓના ગયા પછી પોતાના મેરુ વગેરે ભાઈ-બંધુઓને આમંત્રણ આપીને પુત્ર અને પત્નીસહિત મહામનસ્વી ગિરિરાજ હિમવાન બહુ હર્ષનો અનુભવ કરવા લાગ્યા. ત્યાર પછી ઋષિઓની આજ્ઞા અનુસાર હિમવાને પોતાના પુરોહિત ગર્ગજીને બહુ પ્રસન્નતાપૂર્વક લગ્ન-પત્રિકા લખવા કહ્યું અને લગ્ન-પત્રિકા લખાવી—એ પત્રિકાને એમણે ભગવાન શિવ પાસે મોકલી આપી. પર્વતરાજનાં ઘણાં આત્મીયજનો પ્રસન્નમનથી વિવિધ પ્રકારની સામગ્રી લઈને ત્યાં ગયાં, કૈલાસ પર ભગવાન શિવની સમીપ પહોંચીને એ લોકોએ ભગવાન શિવના લલાટે તિલક કર્યું અને પેલી લગ્ન-પત્રિકા એમના હાથમાં આપી. ત્યાં ભગવાન શિવે એ સૌનું યથાયોગ્ય વિશેષ સન્માન કર્યું. પછી એ બધા લોકો પ્રસન્નચિત્ત થઈને શૈલરાજ પાસે પાછા આવી ગયા. મહેશ્વર દ્વારા વિશેષ સન્માનિત થઈને બહુ હર્ષની સાથે પાછા આવેલા એ સૌને જોઈને હિમવાનના હૃદયમાં અત્યંત હર્ષ થયો. ત્યાર પછી આનંદિત થઈને શૈલરાજે વિવિધ દેશોમાં રહેનારા પોતાના બંધુઓને લિખિત નિમંત્રણ મોકલ્યાં, જે એ સૌને સુખ પ્રદાન કરનારાં હતાં. એ પછી તે ખૂબ આદર અને ઉત્સાહ સાથે ઉત્તમ અન્ન અને વિવિધ પ્રકારની વિવાહોચિત સામગ્રીનો સંગ્રહ કરવા લાગ્યા. એમણે ચોખા, ગોળ, ખાંડ, લોટ, દૂધ, દહીં, ઘી, મીઠાઈ, ફરસાણના પદાર્થો, માખણ, પકવાન, મહાસ્વાદિષ્ટ રસ અને વિવિધ પ્રકારની વાનગીઓ એટલા બધા પ્રમાણમાં ભેગી કરી કે નક્કર પદાર્થોના પર્વત ઊભા થઈ ગયા, અને પ્રવાહી પદાર્થોની વાવડીઓ ભરાઈ ગઈ. શિવના પાર્ષદો અને દેવતાઓ માટે હિતકર વિવિધ પ્રકારની વસ્તુઓ, ભાતભાતનાં બહુમૂલ્ય વસ્ત્રો, અગ્નિમાં તપાવીને શુદ્ધ કરેલું સુવર્ણ, ચાંદી અને વિભિન્ન પ્રકારના મણિ-રત્નો—એમના તથા અન્ય ઉપયોગી દ્રવ્યોનો વિધિપૂર્વક સંગ્રહ કરીને ગિરિરાજે મંગલકારી દિવસે માંગલિક કૃત્ય કરવાનો આરંભ કરી દીધો. પર્વતરાજના ઘરની સ્ત્રીઓએ પાર્વતીના સંસ્કાર કરાવ્યા. વિવિધ પ્રકારનાં આભૂષણોથી વિભૂષિત થયેલા રાજભવનની એ સુંદર સ્ત્રીઓએ સાનંદ મંગલકાર્યોનું સંપાદન કર્યું. નગરના બ્રાહ્મણોની સ્ત્રીઓએ સ્વયં બહુ હર્ષપૂર્વક લોકાચારનું અનુષ્ઠાન કર્યું. એમાં મંગલપૂર્વક જાતજાતના ઉત્સવો થવા માંડ્યા.

હર્ષથી સભર હૃદયથી ઉત્તમ મંગલાચારનું સંપાદન કરીને હિમાલય પણ સર્વતોભાવેન–બધી જ રીતે ખૂબ પ્રસન્ન થયા અને પોતે નિમંત્રિત બંધુજનોના આગમનની ઉત્સુકતાપૂર્વક પ્રતીક્ષા કરવા લાગ્યા.

એ દરમિયાનમાં એમના નિમંત્રિત બંધુ-બાંધવ આવવા લાગ્યા. દેવતાઓના નિવાસસ્થાન તરીકે વિખ્યાત ગિરિરાજ સુમેરુ દિવ્યરૂપ ધારણ કરીને વિવિધ પ્રકારના મણિ અને મહારત્નોને લઈને સ્ત્રી-પુત્ર પરિવાર સહિત હિમાચલને ઘેર આવ્યા. મંદરાચલ, અસ્તાચલ, ઉદયાચલ, મલય, દર્દુર, નિષદ, ગંધમાદન, કરવીર, મહેન્દ્ર, પારિપાત્ર, ક્રૌંચ, પુરુષોત્તમશૈલ, નીલ, ત્રિકૂટ, ચિત્રકૂટ, વેંકટ, શ્રીશૈલ, ગોકામુખ, નારદ, વિંધ્ય, કાલંજર, કૈલાસ તથા અન્ય પર્વત દિવ્યરૂપ ધારણ કરીને પોતાના સ્ત્રીપુત્ર પરિવાર સાથે ઘણી બધી ભેટ સામગ્રી લઈને ત્યાં ઉપસ્થિત થઈ ગયા. બીજા દ્વીપોમાં તથા અહીં પણ જે જે પર્વત છે એ બધા હિમાલયને ઘેર પધાર્યા. શિવા અને શિવનો વિવાહ છે એ જાણીને સૌને મોટી પ્રસન્નતા છે અને પ્રસન્ન થઈને ત્યાં પદાર્પણ કર્યું. શોણભદ્ર વગેરે નદ અને સંપૂર્ણ નદીઓ દિવ્ય નર-નારીઓનાં રૂપ ધારણ કરીને વિવિધ પ્રકારના અલંકારોથી અલંકૃત થઈને શિવ-પાર્વતીનું લગ્ન જોવા માટે આવી ગયા. ગોદાવરી, યમુના, સરસ્વતી, વેણી, ગંગા, નર્મદા તથા અન્ય શ્રેષ્ઠ સરિતાઓ પણ ખૂબ જ પ્રસન્ન થઈને હિમવાનને ત્યાં આવ્યાં. એ સર્વના આગમનથી હિમાલયની દિવ્યપુરી બધી જ બાજુથી સભર ભરાઈ ગઈ. સર્વ પ્રકારની શોભાથી સંપન્ન થઈ ગઈ. ત્યાં મોટા મોટા ઉત્સવો થઈ રહ્યા હતા. ધ્વજાપતાકા ફરકી રહ્યાં હતાં. તોરણોથી શોભા અધિક જણાતી હતી. ચારે બાજુ ચંદરવા તણાવ્યા હતા તેથી સૂર્યનાં દર્શન પણ થતાં ન હતાં. ભાતભાતની નીલ અને પીત વગેરે પ્રભાથી એ પૂરી શોભતી હતી. હિમાલયે પણ ખૂબ જ પ્રસન્નતાથી પોતાને ત્યાં પધારેલાં સર્વ સ્ત્રી-પુરુષોનો યથાયોગ્ય આદર સત્કાર કર્યો અને સૌને અલગ અલગ રહેઠાણ આપ્યાં. અનેકાનેક ઉપયુક્ત સામગ્રી આપીને સર્વને પૂર્ણ સંતુષ્ટ કર્યાં.

હે મુનિશ્રેષ્ઠ! ત્યાર પછી શૈલરાજ હિમવાને પ્રસન્ન થઈને મહાન ઉત્સવથી પરિપૂર્ણ નગરને વિચિત્ર રીતે શણગારવાનો આરંભ કર્યો. સડકો ચોખ્ખા ચંદન જેવી બની ગઈ. સાફસફાઈ કરાવીને માર્ગો પર છંટકાવ કર્યો. બહુમૂલ્ય સાધનોથી સુસજ્જિત અને શોભિત કરી દીધા. પ્રત્યેક ઘરના દરવાજા પર કેળ વગેરે માંગલિક વૃક્ષો રોપાવ્યાં અને એમને માંગલિક દ્રવ્યોથી સંયુક્ત કર્યા. આંગણામાં કદલી સ્તંભો સજાવ્યા. રેશમની દોરથી આંબાનાં પલ્લવ બાંધીને તોરણો બંધાવ્યાં. એ તોરણ ચારે બાજુ બંધાવી દીધાં. માલતીનાં ફૂલોની માળાઓ એ આંગણાંની ચારે બાજુએ લટકાવી દીધી. અત્યંત સુંદર તોરણોથી એ ભાગ અત્યંત પ્રકાશમાન જણાતો હતો. ચારે દિશાઓમાં મંગલસૂચક શુભ દ્રવ્યો રખાયાં હતાં, જેથી પ્રાંગણની શોભા વધતી હતી. આ રીતે અત્યંત પ્રસન્નતાથી ભરેલા ગિરિરાજ હિમવાન મહાન પ્રભાવશાળી ગર્ગમુનિને આગળ કરીને પોતાની પુત્રી માટે પ્રસ્તુત કરવાયોગ્ય બધાં ઉત્તમ મંગલકાર્યો સંપન્ન કર્યાં. એમણે વિશ્વકર્માને બોલાવીને આદરપૂર્વક એક મંડપ બનાવ્યો, જેનો ખૂબ જ મોટો વિસ્તાર હતો. વેદી વગેરેને કારણે આ મંડપ ખૂબ જ મનોહર જણાતો હતો. હે દેવર્ષે! એ મંડપ કેટલાંય યોજન વિસ્તૃત હતો.

અનેક શુભ લક્ષણોથી યુક્ત તથા વિવિધ પ્રકારનાં આશ્ચર્યોથી પરિપૂર્ણ હતો ત્યાં સ્થાવર-જંગમ બધી વસ્તુઓ કૃત્રિમ બની હતી; પરંતુ અસલી વસ્તુઓની જેમ પ્રતીત થતી હતી. એથી કરીને એ મંડપની મનોહરતા ઓર વધી ગઈ હતી. ત્યાં બધી બાજુએ એવી અદ્‌ભુત વસ્તુઓ હતી તે જાણે કે મંડપનું સર્વસ્વ જણાતું હતું. વિવિધ પ્રકારની નિરાળી વસ્તુઓનો ચમત્કાર ત્યાં છવાઈ રહ્યો હતો. ત્યાં સ્થાવર વસ્તુઓથી જંગમ અને જંગમ વસ્તુઓથી સ્થાવર જાણે પરાજિત થઈ રહી હતી, અર્થાત્ એકબીજાથી ચઢિયાતી થઈને શોભાશાળી અને ચમત્કારપૂર્ણ જણાતી હતી. એ મંડપની સ્થળભૂમિ જળથી જાણે પરાજિત થઈ રહી હતી. અર્થાત્ ચતુરમાં ચતુર મનુષ્ય પણ એ જાણી શકતા ન હતા કે અહીં ક્યાં જળ છે અને ક્યાં સ્થળ છે. કોઈ સ્થળે કૃત્રિમ સિંહો બનાવેલા હતા અને કેટલીયે જગાએ સારસ પક્ષીની બેલડીઓની પંક્તિ જણાતી હતી. કેટલીયે જગાએ બનાવટી મોર હતા, જે પોતાની આગવી સુંદરતાથી મનને મોહી લેતા હતા. ક્યાંક તો કૃત્રિમ સ્ત્રીઓ હતી, જે પુરુષોની સાથે નૃત્ય કરતી હોય એમ જણાતું હતું. તે કૃત્રિમ હોવા છતાં પણ સર્વ લોકો તરફ જાણે જોતી હતી અને એમનાં મનને મોહમાં નાખી દેતી. એ જ વિધિથી દ્વારપાલો પણ બનાવેલા હતા, જે સ્થાવર હોવા છતાં જંગમ જણાતા હતા. તે પોતાના હાથમાં જાણે ધનુષ્ય ઉઠાવીને ખેંચતા હોય એવું દેખાતું હતું.

દ્વાર પર કૃત્રિમ મહાલક્ષ્મી ઊભાં હતાં, જેમની રચના અદ્‌ભુત હતી. તે સંપૂર્ણ શુભલક્ષણોથી યુક્ત જણાતાં હતાં. એમને જોઈને એવું જણાતું હતું કે જાણે ક્ષીરસાગરથી સાક્ષાત્ લક્ષ્મી જ આવી ગયાં છે. એ મંડપમાં ઠેકાણે ઠેકાણે સુસજ્જ કૃત્રિમ હાથી ઊભા કરેલા હતા જે અસલી હાથી જ જણાતા હતા. ઘોડેસ્વારોસહિત ઘોડા જણાતા હતા, અને હાથી સવારોસહિત હાથી બનાવાયા હતા. જ્યાંત્યાં સારથિસહિત રથ બનેલા હતા, જે કૃત્રિમ ઘોડાઓથી ખેંચાતા હતા એવું જણાતું હતું. એમને જોઈને લોકો આશ્ચર્યમાં પડી જતા હતા. એ ઉપરાંત પણ બીજાં કૃત્રિમ વાહનો પણ જાણે ત્યાં ઊભાં હતાં. પાયદળ સૈનિકોની કૃત્રિમ સેના પણ ત્યાં હાજર હતી. હે મુને! પ્રસન્ન ચિત્તવાળા વિશ્વકર્માએ દેવતાઓ અને મુનિઓને પણ મોહ (આશ્ચર્યમાં) નાખી દેવા ત્યાં આવી અદ્‌ભુત રચનાઓ કરી હતી. મંડપનાં વિશાળ દ્વારો પર કૃત્રિમ નંદી ઊભા હતા, જે શુદ્ધ સ્ફટિકમણિની જેમ ઉજ્જ્વળ કાન્તિથી સુશોભિત હતા. ભગવાન શિવના વાહનની જેવી આકૃતિ છે તેવી જ આકૃતિના નંદી પણ ત્યાં હતા. એ કૃત્રિમ નંદી ઉપર રત્નવિભૂષિત મહાદિવ્ય પુષ્પક શોભી રહ્યું હતું, જે પલ્લવ તથા શ્વેત ચામરથી સજાવેલું હતું. એની ડાબી બાજુએ બે કૃત્રિમ હાથી ઊભા હતા, જેમનો રંગ વિશુદ્ધ કેસર જેવો હતો. તે ચાર દાંતવાળા બનાવેલા હતા અને સાઠ વર્ષના પાઠ-પ્રૌઢ, પક્વ જેવા જણાતા હતા. તે જાણે પરસ્પર પ્રેમ કરતા હોય એવા પ્રતીત થઈ રહ્યા હતા. એમનામાં એક મોટી ચમક હતી. આ જ રીતે સૂર્યસમાન અત્યંત પ્રકાશમાન બે દિવ્ય અશ્વ પણ વિશ્વકર્માએ બનાવ્યા હતા, જે ચામરથી અલંકૃત અને દિવ્ય આભૂષણોથી વિભૂષિત હતા. શ્રેષ્ઠ રત્નમય આભૂષણોથી સંપન્ન, કવચધારી લોકપાલ તથા સંપૂર્ણ દેવતાઓ પણ ત્યાં વિશ્વકર્મા દ્વારા રચાયા હતા, જે બરાબર એ જ લોકપાલો અને

દેવતાઓ સાથે સરખે સરખા મળતા આવતા હતા—આ જ રીતે ભૃગુ વગેરે સમસ્ત તપોધન ઋષિ, અન્યાન્ય ઉપદેવતા અને સિદ્ધ પણ એમના દ્વારા ત્યાં નિર્મિત થયા હતા.

ગરુડ વગેરે સમસ્ત પાર્ષદોથી યુક્ત ભગવાન વિષ્ણુનો કૃત્રિમ વિગ્રહ (મૂર્તિ) પણ વિશ્વકર્માએ બનાવ્યો હતો, જેનું સ્વરૂપ સાક્ષાત્ શ્રીહરિ-સમાન જ આશ્ચર્યજનક હતું. હે નારદ! એ જ રીતે પુત્રો, વેદો અને સિદ્ધોથી ઘેરાયેલા મુજ બ્રહ્માની પ્રતિમા પણ ત્યાં બનાવેલી હતી, જે મુજ સમાન જ વૈદિક સૂક્તોનો પાઠ કરી રહી હતી. ઐરાવત હાથી પર ચઢેલા દેવરાજ ઇન્દ્ર પણ ત્યાં દલ-બલ સાથે ઊભા હતા. એ પણ કૃત્રિમ રીતે જ બનાવેલા હતા અને પરિપૂર્ણ ચંદ્રમાની જેમ પ્રકાશિત થઈ રહ્યા હતા. હે દેવર્ષિ! બહુ વર્ણન કરવાથી હવે શો લાભ છે? હિમાચલથી પ્રેરિત વિશ્વકર્માએ શીઘ્ર જ સંપૂર્ણ દેવસમાજની કૃત્રિમ મૂર્તિઓનું નિર્માણ કરી દીધું હતું. આ રીતે એમણે દિવ્ય મંડપની રચના કરી હતી. એ મંડપ અનેક આશ્ચર્યોથી યુક્ત, મહાન તથા દેવતાઓને પણ મોહી લે તેવો હતો.

ત્યાર પછી ગિરિરાજ હિમવાનની આજ્ઞાથી પરમ બુદ્ધિમાન વિશ્વકર્મા દેવતા વગેરેના નિવાસ માટે એમના એમના કૃત્રિમ લોકોનું પણ યત્નપૂર્વક નિર્માણ કર્યું હતું. એ જ લોકમાં એમણે એ દેવતાઓ માટે અત્યંત તેજસ્વી, પરમ અદ્‌ભુત અને સુખદાયક મોટાં મોટાં દિવ્ય સિંહાસનો (મંચ)ની રચના કરી હતી. આ જ રીતે એમણે મુજ સ્વયંભૂ બ્રહ્મા (મારે માટે) માટે નિવાસસ્થાન ક્ષણભરમાં અદ્‌ભુત સત્યલોકની રચના કરી દીધી, જે ઉત્તમ દીપ્તિથી ઉદ્દીપ્ત થઈ રહ્યો હતો. સાથે જ ભગવાન વિષ્ણુને માટે પણ ક્ષણભરમાં જ બીજા દિવ્ય વૈકુંઠધામનું નિર્માણ કરી દીધું, જે પરમ ઉજ્જ્વળ તથા વિવિધ પ્રકારનાં આશ્ચર્યોથી પરિપૂર્ણ હતું. આ જ રીતે વિશ્વકર્માએ દેવરાજ ઇન્દ્રને માટે પણ દિવ્ય, અદ્‌ભુત, ઉત્તમ અને સમસ્ત ઐશ્વર્યોથી સંપન્ન ગૃહની રચના કરી. અન્ય લોકપાલો માટે પણ એમણે પ્રસન્નતાપૂર્વક બહુ સુંદર, દિવ્ય, અદ્‌ભુત અને મોટાં મોટાં ભવનો બનાવી દીધાં. પછી ક્રમશઃ સમસ્ત દેવતાઓ માટે પણ એમણે ક્રમશઃ વિચિત્ર ગૃહોનું નિર્માણ કર્યું. પરમ બુદ્ધિમાન વિશ્વકર્માને ભગવાન શંકરનું વરદાન પ્રાપ્ત હતું, તેથી જ એમણે શિવના સંતોષ ખાતર ક્ષણભરમાં જ આ બધી વસ્તુઓની રચના કરી દીધી. ત્યાર પછી એ જ રીતે ભગવાન શંકર માટે પણ એમણે એક શોભાશાળી ગૃહનું નિર્માણ કર્યું, જે શિવનાં ચિહ્નોથી યુક્ત તથા શિવલોકવર્તી દિવ્ય ભવનની જેમ જ અનુપમ હતું. શ્રેષ્ઠ દેવતાઓએ એની પેટ ભરીને પ્રશંસા કરી હતી. એ પરમ ઉજ્જ્વળ, મહાન પ્રભાપુંજથી ઉદ્‌ભાસિત, ઉત્તમ અને અદ્‌ભુત હતું. વિશ્વકર્માએ ભગવાન શિવની પ્રસન્નતા માટે ત્યાં એવી અદ્‌ભુત રચના કરી હતી જે પરમ ઉજ્જ્વળ હોવાની સાથે સાથે જ સાક્ષાત્ મહાદેવજીને પણ આશ્ચર્યમાં ગરકાવ કરી દે તેવી હતી—આ રીતે આખો લૌકિક વ્યવહાર કરીને હિમાચલ બહુ પ્રસન્નતાની સાથે ભગવાન શંભુના શુભ-આગમનની પ્રતીક્ષા કરવા લાગ્યા. દેવર્ષે! હિમાલયનો આ આખો આનંદદાયક વૃત્તાંત મેં તમને કહી સંભળાવ્યો. હવે વધારે શું સાંભળવા ચાહો છો? (અધ્યાય ૩૭-૩૮)

*

ભગવાન શિવ દ્વારા, નારદજી દ્વારા સર્વ દેવતાઓને આમંત્રણ-નિમંત્રણ પાઠવવું, સર્વનું આગમન, શિવનો મંગલાચાર અને ગ્રહપૂજન વગેરે કરીને કૈલાસથી બહાર પ્રસ્થાન કરવું

નારદજી બોલ્યા—હે વિષ્ણુશિષ્ય મહાપ્રજ્ઞ તાત વિધાતઃ! આપને નમસ્કાર છે. હે કૃપાનિધે! આપના મુખથી આ અદ્‌ભુત કથા મને સાંભળવા મળી છે. હવે હું ભગવાન ચંદ્રમૌલિના પરમ મંગલમય તથા સમસ્ત પાપરાશિના વિનાશક વૈવાહિક ચરિત્રનું શ્રવણ કરવા ચાહું છું. મંગલપત્રિકા મેળવીને મહાદેવજીએ શું કર્યું? પરમાત્મા શંકરની એ દિવ્ય કથા મને સંભળાવો.

બ્રહ્માજીએ કહ્યું—હે બેટા! તમે બહુ બુદ્ધિમાન છો. ભગવાન શંકરના યશનું શ્રવણ કરો. મંગલ-પત્રિકા પ્રાપ્ત કર્યા પછી ભગવાન શંકરે જે કાંઈ કર્યું, તે બતાવી રહ્યો છું. ભગવાન શિવ એ મંગલપત્રિકાને પ્રસન્નતાપૂર્વક હાથમાં લઈને હૃદયમાં બહુ હર્ષનો અનુભવ કરતાં કરતાં હસવા માંડ્યા. પછી એ ભગવાને એ પત્રિકા-લાવનારાઓનું સન્માન કર્યું. તત્પશ્ચાત્ એને વાંચીને વિધિપૂર્વક સ્વીકાર કર્યો. એ પછી હિમાલયને ત્યાંથી આવેલા લોકોને બહુ આદરસન્માન સાથે વિદાય કર્યા. તદનંતર એ મુનિઓને કહ્યું—'આપ લોકોએ મારા શુભકાર્યનું સારી પેઠે સંપાદન કર્યું, હવે મેં વિવાહનો સ્વીકાર કરી લીધો છે. તેથી આપ લોકોએ મારા લગ્નમાં આવવું જોઈએ.'

ભગવાન શંકરનું આ વચન સાંભળીને તે ઋષિ બહુ પ્રસન્ન થયા અને એમને પ્રણામ અને એમની પરિક્રમા કરીને પોતાના સદ્‌ભાગ્યની પ્રશંસા કરતાં કરતાં પોતપોતાના ધામે ચાલ્યા ગયા. હે મુને! ત્યાર પછી મહાલીલા કરનારા દેવેશ્વર ભગવાન શંભુએ લોકાચારનો આશ્રય લઈને તત્કાળ તમારું સ્મરણ કર્યું. તમે પોતાના સૌભાગ્યની પ્રશંસા કરતાં કરતાં બહુ પ્રસન્નતાથી સાથે ત્યાં પહોંચ્યા અને મસ્તક નમાવીને પ્રણામ કરીને હાથ જોડીને વિનીતભાવે ઊભા રહી ગયા.

ત્યારે ભગવાન શિવે કહ્યું—હે નારદ! તમારા ઉપદેશથી દેવી પાર્વતીએ બહુ ભારે તપસ્યા કરી અને એથી સંતુષ્ટ થઈને મેં એમને વરદાન આપ્યું કે હું પતિરૂપે તમારું પાણિગ્રહણ કરીશ—પાર્વતીની ભક્તિ જોઈને હું એમને વશ થઈ ગયો છું. એટલા માટે એમની સાથે લગ્ન કરીશ. સપ્તર્ષિઓએ લગ્નનું સાધન અને શોધન કરી દીધું છે. તેથી આજથી સાતમે દિવસે મારું લગ્ન થશે. એ અવસર ઉપર લૌકિક રીતિનો આશ્રય લઈને હું મહાન ઉત્સવ કરીશ. હે મુને! તમે વિષ્ણુ વગેરે સર્વ દેવતાઓને, મુનિઓ અને સિદ્ધોને તથા અન્ય લોકોને પણ મારા વતી નિમંત્રિત કરો. બધા લોકો મારા શાસનની ગુરુતા સમજીને પ્રસન્નતા અને ઉત્સાહની સાથે સર્વ રીતે સજ-ધજ બનીઠનીને સ્ત્રી-પુત્ર પરિવાર સહિત અહીં આવે.

બ્રહ્માજી કહે છે—હે મુને! ભગવાન શંકરની આ આજ્ઞાને શિરોધાર્ય કરીને તમે શીઘ્ર જ સર્વત્ર જઈને એ સર્વને નિમંત્રણ આપી આવ્યા. તત્પશ્ચાત્ શંભુની પાસે આવીને એમની આજ્ઞા અનુસાર ત્યાં જ રહી ગયા. ભગવાન શિવ પણ એ સર્વે દેવતાઓના આગમનની ઉત્કંઠાપૂર્વક રાહ જોતાં જોતાં પોતાના ગણોની સાથે ત્યાં જ રહ્યા.

એમના બધા ગણ બધી જ દિશાઓમાંથી નાચતાં નાચતાં ત્યાં બહુ મોટો ઉત્સવ કરી રહ્યા હતા. એ દરમિયાન ભગવાન વિષ્ણુ સુંદર વેશ ધારણ કરીને પોતાની પત્ની અને દલબલની સાથે શીઘ્ર જ કૈલાસ પર્વત પર આવ્યા અને ભક્તિભાવથી ભગવાન શિવને પ્રણામ કરીને એમની આજ્ઞા મેળવીને પ્રસન્નતાપૂર્વક ઉત્તમ સ્થાનમાં રહેવાસ કરવા લાગ્યા. એ જ રીતે હું મારા ગણો સાથે સ્વતંત્રતાપૂર્વક શીઘ્ર જ કૈલાસ ગયો અને ભગવાન શંભુને પ્રણામ કરીને પોતાના સેવકોસહિત સાનંદ ત્યાં રહ્યો. ત્યાર પછી ઇન્દ્ર વગેરે લોકપાલો અને એમની સ્ત્રીઓ આવશ્યક સરસામાન સાથે ખૂબ જ બનીઠનીને, સજધજ થઈને ત્યાં આવી—એ બધા જ ઉત્સવ કરી રહ્યા હતા. તત્પશ્ચાત્ મુનિ, નાગ, સિદ્ધ, ઉપદેવતા તથા અન્ય લોકો પણ નિમંત્રિત થઈને ઉત્સવ મનાવતા મનાવતા ત્યાં આવી પહોંચ્યા. એ સમયે મહેશ્વરે ત્યાં આવેલા બધા દેવતા વગેરેનું પૃથક્ પૃથક્ સહર્ષ સ્વાગત-સત્કાર કર્યા. પછી તો કૈલાસ પર્વત પર બહુ અદ્‌ભુત અને મહાન ઉત્સવ થવા લાગ્યો. દેવાંગનાઓએ એ અવસર પર યથાયોગ્ય નૃત્ય વગેરે કર્યાં. વિષ્ણુ વગેરે જે દેવતા ભગવાન શંભુની વૈવાહિક યાત્રા સંપન્ન કરાવવાને માટે આ સમયે ત્યાં આવ્યા હતા એ બધા યથાસ્થાને રહેવા લાગ્યા. ભગવાન શિવની આજ્ઞા મેળવીને બધા લોકો એમના પ્રત્યેક કાર્યને પોતાનું કાર્ય સમજીને નિયંત્રિતરૂપે કરવા લાગ્યા. એ સમયે સાતેય માતૃકાઓ ખૂબ પ્રસન્નતાની સાથે શિવને યથાયોગ્ય આભૂષણો પહેરાવવા લાગી. હે મુનિશ્રેષ્ઠ! પરમેશ્વર ભગવાન શિવનો જે સ્વાભાવિક વેષ હતો, તે જ એમની ઇચ્છાથી એમને માટે આભૂષણની સામગ્રી બની ગયો. એ સમયે ચંદ્રમા સ્વયં એમના મુગટ પર જઈને બિરાજમાન થવા લાગ્યા. એમનું જે સુંદર લલાટવર્તી ત્રીજું નેત્ર હતું એ જ જાણે શુભ તિલક બની ગયું. હે મુને! કાનમાં આભૂષણરૂપે જે બે સર્પ દર્શાવ્યા છે તે વિવિધ પ્રકારનાં રત્નોથી યુક્ત બે કુંડળ બની ગયાં. અન્યાન્ય અંગોમાં સ્થિત સર્પ તે તે અંગોનાં અતિ રમણીય વિવિધ રત્નમય આભૂષણ થઈ ગયાં. એમના શરીર પર જે ભસ્મ લાગેલી હતી. એ જ ચંદન વગેરેનો અંગરાગનો બની ગયો અને એમનાં જે ગજચર્મ વગેરે પરિધાન હતાં તે સુંદર દિવ્ય દુકૂલ બની ગયાં.

આ રીતે એમનું રૂપ એટલું સુંદર થઈ ગયું કે એનું વર્ણન કરવું કઠણ છે. એ સાક્ષાત્ ઈશ્વર તો હતા જ, એમણે પૂરેપૂરું ઐશ્વર્ય પ્રાપ્ત કરી લીધું. તે પછી સમસ્ત દેવતા, યક્ષ, દાનવ, નાગ, પક્ષી, અપ્સરા અને મહર્ષિગણ સૌ ભેગા થઈને ભગવાન શિવ સમીપે ગયા, અને મહાન ઉત્સવ કરતાં કરતાં બોલવા લાગ્યા—'હે મહાદેવ! હે મહેશ્વર! આપ હવે મહાદેવી ગિરિજાને પરણી લાવવા અમારી સાથે ચાલો, ચાલો જ. અમારા ઉપર કૃપા કરો.' ત્યાર પછી વિજ્ઞાનથી પ્રસન્ન હૃદયવાળા ભગવાન વિષ્ણુએ ભગવાન શંકરને ભક્તિભાવથી પ્રણામ કરીને ઉપર્યુક્ત પ્રસ્તાવને અનુરૂપ જ વાત કહી.

ભગવાન વિષ્ણુ બોલ્યા—હે શરણાગત-વત્સલ દેવદેવ! હે મહાદેવ! હે પ્રભો! આપ તો પોતાના ભક્તજનોનું કાર્ય સિદ્ધ કરનારા છો, તેથી મારું એક નિવેદન સાંભળો. હે કલ્યાણકારી શંભો! આપ ગૃહ્યસૂત્રોક્ત વિધિ અનુસાર ગિરિરાજ પાર્વતીદેવીની સાથે પોતાના વિવાહનું કાર્ય કરાવો. હે હર! તમારા દ્વારા વિવાહની

વિધિ સંપાદિત થવાથી તે જ લોકમાં સર્વત્ર વિખ્યાત થઈ જશે, તેથી હે નાથ! તમે કુલધર્મ અનુસાર પ્રેમપૂર્વક મંડપસ્થાપન અને નાન્દીમુખ શ્રાદ્ધ કરાવો અને લોકમાં પોતાના યશનો વિસ્તાર કરો.

બ્રહ્માજી કહે છે—હે નારદ! ભગવાન વિષ્ણુના આ કથન પર લોકાચારપરાયણ પરમેશ્વર શંભુએ વિધિપૂર્વક સર્વ કાર્ય કર્યાં. એમણે બધાં આભ્યુદયિક કાર્ય કરાવવા માટે મને જ અધિકાર આપી દીધો હતો. તેથી ત્યાં મુનિઓને સાથે લઈને મેં આદર અને પ્રસન્નતાની સાથે એ સર્વે કાર્યો સંપન્ન કર્યાં. હે મહામુને! એ સમયે કશ્યપ, અત્રિ, વસિષ્ઠ, ગૌતમ, ભાગુરિ, ગુરુ, કણ્વ, બૃહસ્પતિ, શક્તિ, જમદગ્નિ, પરાશર, માર્કંડેય, શિલાપાક, અરુણાપાલ, અકૃતશ્રમ, અગસ્ત્ય, ચ્યવન, ગર્ગ, શિલાદ, દધીચિ, ઉપમન્યુ, ભરદ્વાજ, અકૃતવ્રણ, પિપ્પલાદ, કુશિક, કૌત્સ તથા શિષ્યોસહિત વ્યાસ—આ અને બીજા ઘણાબધા ઋષિ, જે ભગવાન શિવ પાસે આવ્યા હતા, મારી પ્રેરણાથી વિધિપૂર્વક ત્યાં આભ્યુદયિક કર્મ કરાવવા લાગ્યા. એ બધા જ વેદોના પારંગત વિદ્વાન હતા. તેથી વેદોક્ત વિધિથી વૈવાહિક મંગલાચાર કરીને ઋગ્વેદ, યજુર્વેદ અને સામવેદનાં વિવિધ ઉત્તમ સૂક્તો દ્વારા મહેશ્વરની રક્ષા કરવા લાગ્યા. એ બધા ઋષિઓએ બહુ પ્રસન્નતા સાથે ઘણાંબધાં મંગલકાર્યો કરાવ્યાં. મારી અને શંભુની પ્રેરણાથી એમણે વિઘ્નોની શાંતિ માટે પ્રીતિપૂર્વક ગ્રહોનું અને સમસ્ત મંડલવર્તી દેવતાઓનાં પૂજન કર્યાં. આ સર્વ લૌકિક, વૈદિક કર્મ યથોચિત રીતે કરીને ભગવાન શિવ બહુ સંતુષ્ટ થયા અને એમણે પ્રસન્નતાપૂર્વક બ્રાહ્મણોને પ્રણામ કર્યા. ત્યાર પછી સર્વેશ્વર મહાદેવ દેવતાઓ તથા બ્રાહ્મણોને આગળ કરી એ ગિરિશ્રેષ્ઠ કૈલાસ પર્વત પરથી હર્ષપૂર્વક નીકળ્યા. કૈલાસની બહાર જઈને દેવતાઓ અને બ્રાહ્મણોની સાથે ભગવાન શંભુ, જે વિવિધ પ્રકારની લીલાઓ કરનારા છે, સાનંદ ત્યાં ઊભા રહી ગયા. એ સમયે ત્યાં મહેશ્વરના સંતોષને માટે દેવતા વગેરેએ મળીને બહુ મોટો ઉત્સવ કર્યો. વિવિધ પ્રકારનાં વાદ્યો વાગ્યાં તથા ગાન અને નૃત્યો થયાં.

(અધ્યાય-૩૯)

*

ભગવાન શિવનું જાન લઈને હિમાલયપુરી તરફ પ્રસ્થાન

બ્રહ્માજી કહે છે—હે મુને! ત્યારપછી ભગવાન શંભુએ નંદી વગેરે બધા ગણોને પોતાની સાથે હિમાચલપુરી તરફ ચાલવાની પ્રસન્નતાપૂર્વક આજ્ઞા આપતાં કહ્યું—'તમે લોકો થોડા ગણો અહીં રહો અને બાકીના બધા મારી સાથે બહુ ઉત્સાહ અને આનંદથી યુક્ત થઈને ગિરિરાજ હિમવાનના નગરે જાઓ' પછી તો ભગવાન શિવની આજ્ઞા મેળવીને ગણેશ્વર શંખકર્ણ, વેકરાક્ષ, વિકૃત, વિશાખ, પારિજાત, વિકૃતાનન, દુન્દુભ, કપાલ, સંદારક, કન્દુક, કુંડક, વિષ્ટમ્ભ, પિપ્પલદ, સનાદક, આવેશન, કુંડ, પર્વતક, ચંદ્રતાપન, કાલ, કાલક, મહાકાલ, અગ્નિક, અગ્નિમુખ, આદિત્યમૂર્દ્ધા, ધનવાહ, સંનાહ, કુમુદ, અમોઘ, કોકિલ, સુમન્ત્ર, કાકપાદોદર, સંતાનક, મધુપિંગ, કોકિલ, પૂર્ણભદ્ર, નીલ, ચતુર્વક્ત્ર, કરણ, એહિરોમક, યજ્ઞવાહ,

શતમન્યુ, મેઘમન્યુ, કાષ્ઠાગૂઢ, વિરૂપાક્ષ, સુકેશ, વૃષભ, સનાતન, તાલકેતુ, ષણ્મુખ, ચૈત્ર, સ્વયંપ્રભુ, લકુલીશ, લોકાન્તક, દીપ્તાત્મા, દૈત્યાન્તક, ભૃગિરિટિ, દેવદેવપ્રિય, અશનિ, ભાનુક, પ્રમથ તથા વીરભદ્ર પોતાના અસંખ્ય કોટિકોટિ ગણો તથા ભૂતોને સાથે લઈને ચાલ્યા. નંદી વગેરે ગણરાજ અસંખ્ય ગણોથી ઘેરાઈને ચાલ્યા તથા ક્ષેત્રપાલ અને ભૈરવ પણ કોટિકોટિ ગણોને લઈને ઉત્સવ કરતાં કરતાં પ્રેમ અને ઉત્સાહની સાથે ચાલી નીકળ્યા. એ બધાને હજાર હાથ હતા. માથા ઉપર જટાનો મુગટ ધારણ કરેલો હતો. એ સૌના મસ્તક ઉપર ચંદ્રમા અને ગળામાં નીલ ચિહ્ન હતું. એ બધા જ ત્રિનેત્રધારી હતા. એ બધાએ રુદ્રાક્ષનાં આભૂષણ પહેરી રાખ્યાં હતાં. સર્વેએ ઉત્તમ ભસ્મ લગાડી હતી અને હાર, કુંડળ, કેયૂર તથા મુગટ વગેરેથી અલંકૃત હતા. આ રીતે દેવતાઓ તથા બીજા-બીજા ગણોને સાથે લઈને ભગવાન શંકર પોતાના લગ્ન માટે હિમવાનના નગર ભણી ચાલ્યા. ચંડીદેવી રુદ્રદેવની બહેન બનીને ખૂબ ઉત્સવ મનાવીને બહુ જ પ્રસન્નતાની સાથે ત્યાં આવી પહોંચ્યાં. એ શત્રુઓને અત્યંત ભય પમાડતાં હતાં. એમણે સર્પોનાં આભૂષણોથી પોતાને વિભૂષિત કર્યાં હતાં. એમનું વાહન પ્રેત હતું. એ એના પર જ આરૂઢ થઈને પોતાના માથા પર એક સોનાનો ભરેલો કળશ લઈને ચાલી રહ્યાં હતાં. એ કળશ મહા પ્રભાપુંજથી પ્રકાશિત થઈ રહ્યો હતો.

હે મુને! ત્યાં કરોડો દિવ્ય ભૂતગણ શોભી રહ્યા હતા, જેમનું રૂપ વિકરાળ હતું. એમનાં રૂપ-રંગ પણ અનેક પ્રકારનાં હતાં. એ સમયે ડમરુઓના ડિમ ડિમ ઘોષથી, ભેરીઓના ગડગડાહટથી અને શંખોના ગંભીર નાદથી ત્રણે લોકો ગૂંજી ઊઠ્યા હતા. દુંદુભિઓના ધ્વનિથી મહાન કોલાહલ થઈ રહ્યો હતો. એ જગતનું મંગલ કરતાં કરતાં અમંગલનો નાશ કરતો હતો– દેવતાલોક શિવગણોની પાછળ થઈને બહુ જ ઉત્સુકતાથી જાનનું અનુસરણ કરતા હતા. સંપૂર્ણ સિદ્ધ અને લોકપાલ વગેરે પણ દેવતાઓની સાથે હતા. દેવમંડળીના મધ્યભાગમાં ગરુડના આસન પર બેસીને લક્ષ્મીપતિ ભગવાન વિષ્ણુ ચાલી રહ્યા હતા. હે મુને! એમના ઉપર મહાન છત્ર ખેંચાયેલું હતું, જેથી એમની શોભા વિવિધ રીતે જણાતી હતી. એમના ઉપર ચામર હલાવાતાં હતાં. એ પોતે પોતાના ગણોથી ઘેરાઈને આવી રહ્યા હતા. એમના શોભાશાળી પાર્ષદોએ એમને પોતાની રીતે આભૂષણ વગેરે દ્વારા વિભૂષિત કર્યા હતા. આ રીતે હું પણ મૂર્તિમાન વેદો, શાસ્ત્રો, પુરાણો, આગમો, સનકાદિ મહાસિદ્ધો, પ્રજાપતિઓ, પુત્રો તથા અન્યાન્ય પરિજનો સાથે માર્ગમાં ચાલતાં ચાલતાં ખૂબ શોભી રહ્યો હતો અને શિવની સેવામાં તત્પર હતો. દેવરાજ ઇન્દ્ર પણ વિવિધ પ્રકારનાં આભૂષણોથી વિભૂષિત થઈને ઐરાવત હાથી પર આરૂઢ થઈને પોતાની સેનાની વચમાં ચાલતા ચાલતા અત્યંત સુશોભિત થઈ રહ્યા હતા. એ સમયે જાનની સાથે યાત્રા કરતા ઘણાબધા ઋષિઓ પણ પોતાના તેજથી પ્રકાશિત થઈ રહ્યા હતા. તે બધા શિવજીનું લગ્ન જોવા માટે ખૂબ જ ઉત્કંઠિત હતા. શાકિની, યાતુધાન, વૈતાલ, બ્રહ્મરાક્ષસ, ભૂત, પ્રેત, પિશાચ, પ્રમથ વગેરે ગણ; તુંબરુ, નારદ, હાહા અને હૂહૂ વગેરે શ્રેષ્ઠ ગંધર્વ અને કિન્નર પણ હર્ષથી સભર વાજાં વગાડતાં વગાડતાં ચાલ્યા. સંપૂર્ણ જગન્માતાઓ, બધી જ દેવકન્યાઓ, ગાયત્રી,

સાવિત્રી, લક્ષ્મી અને અન્ય દેવાંગનાઓ—આ અને બીજી દેવ-પત્નીઓ જે સંપૂર્ણ જગતની માતાઓ છે, શંકરજીનું લગ્ન છે, એવું વિચારીને બહુ જ પ્રસન્નતાની સાથે એમાં જોડાઈ ગયાં. વેદો, શાસ્ત્રો, સિદ્ધો અને મહર્ષિઓ દ્વારા જે સાક્ષાત્ ધર્મનું સ્વરૂપ મનાય છે તથા જેમની અંગકાંતિ શુદ્ધ સ્ફટિકવત્ ઉજ્જ્વળ છે, તે સર્વાંગસુંદર વૃષભ ભગવાન શિવનું વાહન છે. ધર્મવત્સલ મહાદેવજી એ વૃષભ પર આરૂઢ થઈને સૌની સાથે યાત્રા કરતાં કરતાં બહુ મોટી શોભા પામી રહ્યા હતા. દેવર્ષિઓનો સમુદાય એમની સેવામાં ઉપસ્થિત હતો. આ સર્વ દેવતાઓ અને મહર્ષિઓના એકત્ર થયેલા સમુદાયથી મહેશ્વરની શોભા વધી રહી હતી. એમનો ખૂબ જ શૃંગાર કરવામાં આવ્યો હતો. એ શિવાનું પાણિગ્રહણ કરવાને માટે હિમાલયના ભવન તરફ જઈ રહ્યા હતા. હે નારદ! આ રીતે જાન સંબંધી ઉત્તમ ઉત્સવથી યુક્ત શંભુનું ચરિત્ર કહેવામાં આવ્યું છે. હવે હિમાલયનગરમાં જે સુંદર વૃત્તાંત ઘટિત થયો, એ પણ સાંભળો. (અધ્યાય ૪૦)

*

હિમવાન દ્વારા જાનનું સામૈયું તથા સર્વને અભિનંદન અને વંદન, મેના દ્વારા નારદજીને બોલાવવા અને જાનૈયાનો પરિચય પ્રાપ્ત કરવો તથા શિવ અને એમના ગણોને જોઈ ભયથી મૂર્છિત થઈ જવું

બ્રહ્માજી કહે છે—ત્યાર પછી ભગવાન શિવે નારદજીને હિમાચલને ઘેર મોકલ્યા. એ ત્યાંની વિલક્ષણ સજાવટ જોઈને દંગ રહી ગયા. વિશ્વકર્માએ જે વિષ્ણુ, બ્રહ્મા વગેરે સમસ્ત દેવતા તથા નારદ વગેરે ઋષિઓની ચેતન જેવી જણાતી મૂર્તિઓ બનાવી હતી, એ જોઈને તો દેવર્ષિ નારદ ચકિત જ થઈ ગયા—ત્યાર પછી હિમાચલે દેવર્ષિને જાન તેડી લાવવાને માટે મોકલ્યા. સાથે જ એ જાનની આગેવાની લેવા માટે મૈનાક વગેરે પર્વત પણ ગયા. તદનંતર વિષ્ણુ વગેરે દેવતાઓ તથા આનંદિત થયેલા પોતાના ગણો સાથે ભગવાન શિવ હિમાલયનગર સમીપ સાનંદ આવી પહોંચ્યા.

ગિરિરાજ હિમવાને જ્યારે એ સાંભળ્યું કે સર્વવ્યાપી શંકર મારા નગરસમીપે આવી પહોંચ્યા છે, ત્યારે એમને બહુ પ્રસન્નતા થઈ. ત્યાર પછી એમણે ઘણો બધો સામાન એકત્ર કરીને પર્વતો અને બ્રાહ્મણોને મહાદેવજીની સાથે વાર્તાલાપ કરવાને માટે મોકલ્યા. જાતે પણ ખૂબ ભક્તિભાવપૂર્વક તે પ્રાણપ્યારા મહેશ્વરનાં દર્શન કરવા માટે ગયા. એ સમયે એમનું હૃદય અધિક પ્રેમને કારણે દ્રવિત થઈ રહ્યું હતું. તે પ્રસન્નતાપૂર્વક પોતાના સદ્‌ભાગ્યની પ્રશંસા કરી રહ્યા હતા. એ સમયે સમસ્ત દેવતાઓની સેનાને ઉપસ્થિત જોઈને હિમવાનને બહુ જ વિસ્મય થયો, અને એ પોતાની જાતને ધન્ય માનતાં માનતાં એમની સામે ગયા. દેવતા અને પર્વત એકબીજાને મળીને બહુ જ પ્રસન્ન થયા. અને પોતપોતાને કૃતકૃત્ય માનવા લાગ્યા. મહાદેવજીને સામે જોઈને હિમાલયે એમને પ્રણામ કર્યા. સાથે જ સમસ્ત પર્વતો અને બ્રાહ્મણોએ પણ સદાશિવની વંદના કરી. તે વૃષભ પર આરૂઢ હતા. એમના મુખ ઉપર પ્રસન્નતા છવાઈ રહી હતી. તે વિવિધ પ્રકારનાં આભૂષણોથી વિભૂષિત હતા.

એમનાં દિવ્ય અંગો લાવણ્યથી સંપૂર્ણ દિશાઓને પ્રકાશિત કરી રહ્યાં હતાં. એમનું શ્રીઅંગ અત્યંત કોમળ, નૂતન અને સુંદર રેશમી વસ્ત્રથી સુશોભિત હતું. એમના મસ્તકનો મુગટ ઉત્તમ રત્નોથી જડેલો હતો અને તે કારણે ખૂબ જ શોભી રહ્યો હતો. તે પોતાની પાવન પ્રભાનો પ્રસાર કરતાં કરતાં હસી રહ્યા હતા. એમનું પ્રત્યેક અંગ ભૂષણ બનેલા સર્પોથી યુક્ત હતું અને એમની અંગકાંતિ બહુ જ અદ્‌ભુત જણાતી હતી. દિવ્ય કાંતિથી સંપન્ન એવા એ મહેશ્વરને સુરેશ્વર ગણો હાથમાં ચામર લઈને હવા નાખી રહ્યા હતા, સેવા કરી રહ્યા હતા. એમની ડાબી બાજુએ ભગવાન વિષ્ણુ હતા અને જમણી બાજુ હું - બ્રહ્મા હતો. પાછળ દેવરાજ ઇન્દ્ર અને અન્ય દેવતા વગેરે પણ પાછળ તથા આજુબાજુ વિદ્યમાન હતા. વિવિધ પ્રકારના દેવતા આદિ એ લોકકલ્યાણકારી ભગવાન શંકરની સ્તુતિ કર્યા કરતા હતા. એમણે સ્વેચ્છાથી દિવ્ય શરીર ધારણ કરી રાખ્યું હતું. વાસ્તવમાં તો સાક્ષાત્ પરબ્રહ્મ પરમાત્મા, સૌના ઈશ્વર, ઉપાસકને મનોવાંછિતે વરદાન દેનારા, કલ્યાણમય ગુણોથી યુક્ત, પ્રાકૃત ગુણોથી રહિત, ભક્તોને અધીન રહેનાર, બધાં ઉપર કૃપા કરનાર, પ્રકૃતિ અને પુરુષથી પણ વિલક્ષણ તથા સચ્ચિદાનંદસ્વરૂપ છે. એમનાં દર્શન કર્યા પછી હિમવાને ભગવાન શિવના ડાબા ભાગમાં અચ્યુત શ્રીહરિનાં દર્શન કર્યાં, જે વિવિધ પ્રકારનાં આભૂષણોથી વિભૂષિત હતા અને વિનતાનંદન ગરુડની પીઠ પર બિરાજમાન હતા. હે મુને! ભગવાનની જમણી બાજુના ભાગમાં એમણે ચાર મુખોથી યુક્ત, મહાશોભાશાળી તથા પોતાના પરિવારથી સંયુક્ત મુજ-બ્રહ્માને જોયા. ભગવાન શિવના સદાયે અત્યંત પ્રિય આ બન્ને દેવેશ્વરોનાં દર્શન કરીને પરિવાર સહિત ગિરિરાજે આદરપૂર્વક પ્રણામ કર્યા.

આ રીતે ભગવાન શિવની પાછળ તથા આજુબાજુમાં ઊભેલા દીપ્તિમાન દેવતા વગેરેને પણ જોઈને ગિરિરાજે એ બધાંને મસ્તક નમાવ્યું. ત્યાર પછી શિવની આજ્ઞાથી આગળ થઈને હિમવાન પોતાને નગરે ગયા. એમની સાથે મહાદેવજી, ભગવાન વિષ્ણુ તથા સ્વયંભૂ બ્રહ્મા પણ મુનિઓ અને દેવતાઓ સહિત શીઘ્રતાપૂર્વક ચાલવા લાગ્યા. હે મુને! એ અવસર પર એમના મનમાં ભગવાન શિવનાં દર્શન કરવાની ઇચ્છા થઈ. એટલે એમણે તમને બોલાવ્યા. એ સમયે ભગવાન શિવથી પ્રેરિત થઈને એમનો હાર્દિક અભિપ્રાય પૂર્ણ કરવાની ઇચ્છાથી તમે ત્યાં ગયા.

મેના તમને પ્રણામ કરીને બોલ્યાં—હે મુને! ગિરિજાના થનારા પતિને પહેલાં હું જોઈશ. શિવનું રૂપ કેવું છે, કે જેને માટે મારી દીકરીએ આવી ઉત્કૃષ્ટ તપસ્યા કરી છે.

હે તાત! એ સમયે ભગવાન શિવે પણ મેનાની અંદર રહેલા અહંકારને જાણીને શ્રીવિષ્ણુ અને મને અદ્‌ભુત લીલા કરતાં કરતાં બોલ્યા.

શિવે કહ્યું—હે તાત! આપ બંને મારી આજ્ઞાથી દેવતાઓ સહિત જુદા જુદા થઈને ગિરિરાજના દ્વારે જાઓ. હું પછીથી આવીશ.

આ સાંભળીને ભગવાન શ્રીહરિએ સર્વ દેવતાઓને બોલાવીને એવું જ કરવા કહ્યું. શિવના ચિંતનમાં તત્પર રહેનાર સમસ્ત દેવતાઓએ શીઘ્ર એવી જ વ્યવસ્થા કરીને ઉત્સુકતાપૂર્વક ત્યાંથી અલગ અલગ યાત્રા કરી. હે મુને! મેના પોતાના મકાનના સૌથી ઉપરના ભવનમાં તમારી સાથે - નારદ સાથે ઊભાં રહ્યાં. એ સમયે ભગવાન

વિશ્વેશ્વરે પોતાને એવી વેશભૂષામાં દેખાડ્યા જેથી મેનાના હૃદયને ઠોકર-ઠેસ વાગી સૌપ્રથમ જાનના સમુદાયમાં વિવિધ વાહનો પર બિરાજિત ખૂબ જ સજધજ વાજાંગાજાં સાથે ધજાઓ ફરકાવતા વસુ વગેરે ગંધર્વ આવ્યાં; પછી મણિગ્રીવ વગેરે યક્ષ, ત્યાર પછી ક્રમશઃ યમરાજ, નિર્ઋતિ, વરુણ, વાયુ, કુબેર, ઈશાન, દેવરાજ ઈન્દ્ર, ચન્દ્રમા, સૂર્ય, ભૃગુ વગેરે મુનીશ્વર તથા બ્રહ્મા આવ્યા. આ બધા ઉત્તરોત્તર એકથી એક વિશેષ સુંદર શોભામય રૂપગુણથી સંપન્ન હતા. એમાંથી પ્રત્યેક દળના સ્વામીને જોઈને મેના પૂછતી હતી કે 'શું આ જ શિવ છે?' નારદજી કહેતા - 'આ તો શિવના સેવકો છે.' મેના આ સાંભળીને બહુ પ્રસન્ન થતાં અને હર્ષમાં ને હર્ષમાં મનમાં ને મનમાં કહેતાં - આ એમના સેવકો જ જ્યારે આટલા સુંદર છે, તો એ સૌના સ્વામી શિવ તો કોણ જાણે કેટલાય સુંદર હશે.

એ દરમિયાન ત્યાં ભગવાન વિષ્ણુ પધાર્યા. તે સંપૂર્ણ શોભાથી સંપન્ન શ્રીમાન નૂતન જલધરની જેમ શ્યામ તથા ચાર ભુજાઓથી સંયુક્ત હતા. એમનું લાવણ્ય કરોડો કંદર્પને લજ્જા પમાડે તેવું હતું. તે પીતાંબર ધારણ કરીને પોતાની સહજ પ્રભાથી પ્રકાશિત થઈ રહ્યા હતા. એમનાં સુંદર નેત્ર પ્રફુલ્લ કમળની શોભાને જાણે ઝૂંટવી લેતાં હતાં. એમની આકૃતિથી જાણે શાંતિની વર્ષા થઈ રહી હતી. પક્ષીરાજ ગરુડ એમનું વાહન હતું. શંખ, ચક્ર વગેરે લક્ષણોથી યુક્ત મુગટ વગેરેથી વિભૂષિત, વક્ષઃસ્થળમાં શ્રીવત્સનું ચિહ્ન ધારણ કરેલું હતું. તે લક્ષ્મીપતિ વિષ્ણુ પોતાના જ અપ્રમેય પ્રભાપુંજથી પ્રકાશમાન હતા. એમને જોતાં જ મેનાનાં નેત્ર ચકિત થઈ ગયાં. એ ખૂબ જ હર્ષથી બોલ્યાં - 'જરૂર આ જ મારી શિવાના પતિ સાક્ષાત્ ભગવાન શિવ છે. એમાં સંશય નથી.'

હે મુને! તમે પણ લીલા કરવાવાળા જ છો ને. તેથી મેનાની આ વાત સાંભળીને એમને કહેવા લાગ્યા - 'હે દેવી! એ શિવાના પતિ નથી, પરંતુ ભગવાન કેશવ હરિ છે. ભગવાન શંકરનાં સંપૂર્ણ કાર્યોના અધિકારી અને એમના પ્રિય છે. પાર્વતીના પતિ જે વરરાજા શિવ છે, એમને તો આમનાથી પણ વધારે સમજો. એમની શોભાનું વર્ણન મારાથી થઈ શકે નહિ. એ તો સંપૂર્ણ બ્રહ્માંડના અધિપતિ, સર્વેશ્વર તથા સ્વયંપ્રકાશ પરમાત્મા છે.'

બ્રહ્માજી કહે છે—હે નારદ! તમારી આ વાતને સાંભળીને મેનાએ એ શુભલક્ષણા ઉમાને મહાન ધન-વૈભવથી સંપન્ન, સૌભાગ્યવતી અને ત્રણે કુળોને માટે સુખદાયિની માની. તે મુખ પર પ્રસન્નતા લાવીને પ્રીતિયુક્ત હૃદયથી પોતાના સર્વાધિક સૌભાગ્યનું વારંવાર વર્ણન કરતાં બોલ્યાં.

મેનાએ કહ્યું—આ સમયે મેં પાર્વતીને જન્મ આપીને સર્વથા ધન્ય થઈ ગઈ. એ ગિરીશ્વર પણ ધન્ય છે તથા મારું સર્વકાંઈ ધન્ય થઈ ગયું છે. જે જે અત્યંત તેજસ્વી દેવતાઓ અને દેવેશ્વરોનાં મેં દર્શન કર્યાં છે, એ સર્વના જે પતિ છે, એ મારી પુત્રીના પતિ થશે. એના સૌભાગ્યનું તો વર્ણન જ શી રીતે થાય? ભગવાન શિવને પતિરૂપે પ્રાપ્ત કરવામાં પાર્વતીના સૌભાગ્યનું સો વર્ષોમાં પણ વર્ણન થઈ શકે નહિ.

બ્રહ્માજી કહે છે—હે નારદ! મેનાએ પ્રેમપૂર્વક હૃદયથી જેવી ઉપર્યુક્ત વાત કહી તેટલામાં જ અદ્‌ભુત લીલા કરનારા ભગવાન રુદ્ર સામે જ આવી ગયા. હે તાત! એમના બધા જ

ગણ અદ્‌ભુત તથા મેનાના અહંકારને ચૂર્ણ કરી નાખનારા હતા. ભગવાન શિવ પોતે પોતાને માયાથી નિર્લિપ્ત અને નિર્વિકાર બતાવતાં બતાવતાં ત્યાં આવ્યા. હે મુને! એમને આવ્યા જાણીને તમે મેનાને શિવાના પતિનાં દર્શન કરાવતાં કરાવતાં એમને આ પ્રમાણે કહ્યું - 'હે સુંદરી! જુઓ, આ સાક્ષાત્ ભગવાન શંકર છે, જેમની પ્રાપ્તિ માટે શિવાએ વનમાં ભારે તપસ્યા કરી હતી.'

તમારા આવા કથન પર મેનાએ બહુ પ્રસન્નતાની સાથે અદ્‌ભુત આકારવાળા ભગવાન મહેશ્વર સામે જોયું. તે તો સ્વયં અદ્‌ભુત હતા જ. એમના અનુચરો પણ બહુ અદ્‌ભુત હતા. એટલામાં જ રુદ્રદેવની પરમ અદ્‌ભુત સેના પણ આવી પહોંચી, જે ભૂત-પ્રેત વગેરેથી સંયુક્ત તથા વિવિધ પ્રકારના ગણોથી સંપન્ન હતી. એમાંથી તો કેટલાંય વાવાઝોડાનું રૂપ ધારણ કરીને આવ્યા હતા. કેટલાય ધજાના મર્મરધ્વનિ જેવો અવાજ કરતા હતા. કેટલાંકનાં મોઢાં વાંકાં હતાં તો કોઈ અત્યંત કુરૂપ દેખાતા હતા - કેટલાક તો બહુ જ વિકરાળ હતા. કોઈનાં મોઢાં દાઢી-મૂછોથી ભરેલાં હતાં. કોઈ લંગડા હતા. કોઈ આંધળા હતા. કોઈ દંડ અને પાશ ધારણ કરીને આવ્યા હતા. કોઈના હાથમાં મુદ્‌ગર હતું. કેટલાક તો પોતાના વાહનોને ઊંધાં જ ચલાવી રહ્યા હતા. કોઈ સીંગી, કોઈ ડમરુ અને કોઈ ગોમુખ વગાડતા હતા. ગણોમાંથી કેટલાંકનાં તો મુખ જ ન હતાં. કેટલાકનાં મુખ પાછળ ગોઠવાયેલાં હતાં અને ઘણા બધાને તો ઘણાં બધાં મુખ હતાં. એવી જ રીતે કોઈ હાથ વગરના હતા. કોઈના હાથ ઊંધા લટકી રહ્યા હતા. કેટલાકને ઘણા હાથ હતા. કેટલાક નેત્રહીન હતા તો કોઈને ઘણાં નેત્રો હતાં. કેટલાકને તો મસ્તક જ ન હતાં અને કેટલાકને બહુ ખરાબ માથાં હતાં. કેટલાકને તો કાન જ ન હતા, તો કોઈને કોણ જાણે કેટલાય કાન હતા. આવી રીતે બધા જ ગણો વિવિધ પ્રકારની વેશભૂષા ધારણ કરીને આવ્યા હતા. હે તાત! તે વિકૃત આકારવાળા અનેક પ્રબળ ગણ મોટા વીર અને ભયંકર હતા. એમની કોઈ જ સંખ્યા ન હતી. હે મુને! તમે આંગળીથી નિર્દેશ કરીને રુદ્રગણો બતાવતાં બતાવતાં મેનાને કહેવા લાગ્યા - 'હે વરાનને! તમે પહેલાં ભગવાન હરના સેવકોને જુઓ, પછી એમનાં દર્શન કરજો.' એ અસંખ્ય ભૂત-પ્રેત વગેરે ગણોને જોઈને મેના તત્કાળ ભયથી વ્યાકુળ થઈ ગયાં. એમની જ વચમાં ભગવાન શંકર પણ હતા, જે નિર્ગુણ હોવા છતાં પરમ ગુણવાન હતા - તેમણે વૃષભ પર સવારી કરી હતી. એમને પાંચ મુખ હતાં અને પ્રત્યેક મુખમાં ત્રણ ત્રણ નેત્ર હતાં. જે એમને માટે ભૂષણનું કામ આપતાં હતાં. મસ્તક પર જટાજૂટ અને ચંદ્રમાનો મુગટ, દશ હાથ અને એમાંથી એકમાં કપાલ લીધું હતું, શરીર પર વ્યાઘ્રચર્મનો દુપટ્ટો હતો અને હાથમાં પિનાક અને ત્રિશૂલ, આંખો ભયાનક, આકૃતિ વિકરાળ અને હાથીના ચામડાનું વસ્ત્ર! આ બધું જોઈને શિવાની માતા ખૂબ જ ડર પામ્યાં, ચકિત થઈ ગયાં, વ્યાકુળ થઈને થરથર ધ્રુજવા લાગ્યાં અને એમની બુદ્ધિ ચકરાવે ચઢી ગઈ. આ અવસ્થામાં તમે આંગળીથી નિર્દેશ કરતાં કરતાં એમને કહેવા લાગ્યા - "આ જ છે ભગવાન શિવ." તમારી આ વાત સાંભળીને સતી મેના દુઃખથી ભરાઈ ગયાં અને હવાના ઝોકાથી પડેલી લતાની જેમ તરત ભૂમિ પર પડી ગયાં. 'આ કેવું વિકૃત દૃશ્ય છે. હું દુરાગ્રહમાં પડીને ઠગાઈ ગઈ.' આવું કહીને મેના તે જ ક્ષણે મૂર્ચ્છિત

થઈ ગયાં. ત્યાર પછી સખીઓએ જ્યારે વિવિધ પ્રકારના ઉપાય કરીને એમની સમુચિત સેવા કરી, ત્યારે ગિરિરાજપ્રિયા મેના ધીરે ધીરે ભાનમાં આવ્યાં. (અધ્યાય ૪૧-૪૩)

*

મેનાનો વિલાપ, શિવની સાથે કન્યાનું લગ્ન ન કરવાની હઠ, દેવતાઓ તથા શ્રીવિષ્ણુ એમને સમજાવે છે તથા એમનું સુંદર રૂપ ધારણ કર્યાથી જ શિવને કન્યાદાન કરવાનો વિચાર પ્રગટ કરવો

બ્રહ્માજી કહે છે—હે નારદ! જ્યારે હિમાચલ પ્રિયા સતી મેનાને ભાન આવ્યું ત્યારે તે અત્યંત ક્ષુબ્ધ થઈને વિલાપ અને તિરસ્કાર કરવા લાગ્યાં. પહેલાં તો એમણે એમના પુત્રોની નિંદા કરી એ પછી એમણે તમને પોતાની પુત્રીને દુર્વચન સંભળાવવા માંડ્યાં.

મેના બોલ્યાં—હે મુને! પહેલાં તો તમે એમ કહ્યું કે 'શિવા શિવનું વરણ કરશે' પછી મારા પતિ હિમવાનનું કર્તવ્ય બનાવીને આરાધના - પૂજામાં લગાડ્યા. પરંતુ એનું યથાર્થ ફળ કયું જોવા મળ્યું? હે વિપરીત અને અનર્થકારી! હે દુર્બુદ્ધિ દેવર્ષે! તમે મને અધમ નારીને બધી જ રીતે છેતરી. પછી મારી દીકરીએ એવું તપ કર્યું, જે મુનિઓ માટે પણ દુષ્કર છે, એની તપસ્યાનું આ ફળ મળ્યું, જે જોનારાઓને પણ દુઃખમાં નાખે છે. હાય! હું શું કરું? ક્યાં જાઉં? કોણ મારા દુઃખને દૂર કરશે? મારું કુળ વગેરે નષ્ટ થઈ ગયાં. મારા જીવનનો પણ નાશ થઈ ગયો. ક્યાં ગયા પેલા દિવ્ય ઋષિ? જો મને એ મળી જાયને તો હું તેમનાં દાઢી-મૂઢ ખેંચી કાઢું. વસિષ્ઠની પેલી તપસ્વિની પત્ની પણ બહુ મોટી ધૂર્ત છે, તે જાતે આ વિવાહ માટે આગેવાન બનીને આવી હતી. કોણ જાણે કયા કયા અપરાધથી આ સમયે મારું સર્વકાંઈ લુટાઈ ગયું.

આવું કહીને મેના પોતાની પુત્રી શિવા તરફ જોઈને એને કટુ વચન સંભળાવવા લાગ્યાં - અરે દુષ્ટ છોકરી! તેં આવું કયું કર્મ કર્યું જે મારે માટે દુઃખદાયક સિદ્ધ થયું. તેં દુષ્ટાએ જાતે જ સોનું આપીને કાચ ખરીદ્યો છે, ચંદન છોડીને પોતાનાં અંગોમાં કાદવનો ઢગલો ચોળી લીધો છે. હાય! હાય! હંસને ઉડાવીને તે પાંજરામાં કાગડો પાળ્યો છે. ગંગાજળને દૂર ફેંકીને કૂવાનું જળ પીધું છે. પ્રકાશ પામવાની ઇચ્છાથી સૂર્યને છોડીને યત્નપૂર્વક આગિયાને પકડ્યો છે. ચોખા છોડીને ફોતરાં ખાઈ લીધાં છે. ઘી ફેંકીને મીણના તેલનો આદરપૂર્વક ભોગ લગાડ્યો છે. સિંહનો આશ્રય છોડીને શિયાળનું સેવન કર્યું છે. બ્રહ્મવિદ્યા છોડીને કુત્સિત ગાથાનું શ્રવણ કર્યું છે. હે દીકરી! તેં ઘરમાં રાખેલી યજ્ઞની મંગલમયી વિભૂતિને દૂર હટાવીને ચિતાની અમંગલ રાખોડી પાલવમાં બાંધી લીધી; કેમકે, સમસ્ત શ્રેષ્ઠ દેવતાઓ અને વિષ્ણુ વગેરે પરમેશ્વરોને છોડીને પોતાની કુબુદ્ધિને કારણે શિવને પામવા માટે આવું તપ કર્યું? તને તારી બુદ્ધિને, તારા રૂપને અને તારા ચરિત્રને પણ વારંવાર ધિક્કાર છે. તને તપસ્યાનો ઉપદેશ આપનાર નારદને અને તારી સહાયતા કરનારી બંને બહેનપણીઓને પણ ધિક્કાર છે. હે બેટી! અમને બન્ને માતા-પિતાને પણ ધિક્કાર છે, જેમણે

મને જન્મ આપ્યો. હે નારદ! તમારી બુદ્ધિને પણ ધિક્કાર છે. સુબુદ્ધિ આપનારા એ સપ્તર્ષિઓને

પણ ધિક્કાર છે. તમારા કુળને પણ ધિક્કાર છે. તમારી ક્રિયા-દક્ષતાને પણ ધિક્કાર છે તથા તમે જે કાંઈ કર્યું છે એ સર્વને ધિક્કાર છે. તમે તો મારું ઘર જ સળગાવી દીધું. આ તો મારું મરણ જ છે. આ પર્વતોના રાજા આજે મારી નિકટ ન આવે. સપ્તર્ષિઓ સ્વયં મને ક્યારેય હવે તેમનું મુખ ન બતાવે. એ બધાએ ભેગા થઈને શું સાધ્યું, શું ઉકાળ્યું? મારા કુળનો નાશ કરી દીધો. હાય! હું વંધ્યા કેમ ન રહી? મારો ગર્ભ કેમ ગળી ન ગયો? હું અથવા મારી પુત્રી મરી કેમ ન ગયાં? અથવા રાક્ષસ વગેરેએ પણ આકાશમાં લઈ જઈને એને કેમ ન ખાઈ ગયા? હે પાર્વતી! આજે હું તારું માથું કાપી નાખીશ, પરંતુ એ શરીરના ટુકડા લઈને શું કરીશ? હાય! હાય! તને છોડીને ક્યાં ચાલી જાઉં? મારું તો જીવન જ નષ્ટ થઈ ગયું.'

બ્રહ્માજી કહે છે—હે નારદ! આવું કહીને મેના મૂર્ચ્છિત થઈને જમીન પર ઢળી પડ્યાં. શોક, રોષ વગેરેથી વ્યાકુળ હોવાને કારણે તે પતિ સમીપ પણ ન ગયાં. હે દેવર્ષે! એ સમયે બધા દેવતા ક્રમશઃ એમની પાસે ગયા. સૌથી પહેલાં હું પહોંચ્યો. હે મુનિશ્રેષ્ઠ! મને જોઈને તમે સ્વયં મેનાને કહેવા લાગ્યા.

નારદે કહ્યું—હે પતિવ્રતે! તમને ખબર નથી, વાત્સવમાં ભગવાન શિવનું રૂપ બહુ જ સુંદર છે. એમણે તો લીલાથી આવું રૂપ ધારણ કરી લીધું છે, આ એમનું યથાર્થ રૂપ નથી. એટલા માટે તમે ક્રોધ છોડીને સ્વસ્થ થઈ જાઓ. હઠ છોડીને વિવાહકાર્ય કરો અને પોતાની શિવાનો હાથ શિવના હાથમાં આપી દો. તમારી આ વાત સાંભળીને મેનાએ તમને કહ્યું - 'ઊઠો, અહીંથી દૂર ચાલ્યા જાઓ. તમે તો દુષ્ટો અને અધમોના શિરોમણિ છો.' મેનાના આવા કથનથી મારી સાથે ઇન્દ્ર વગેરે બધા દેવતાઓ અને દિક્પાળો ક્રમશઃ આવીને આમ બોલ્યા - 'હે પિતરોની કન્યા મેને! તમે અમારાં વચન પ્રસન્નતાથી સાંભળો. આ શિવ નિશ્ચય જ સૌથી ઉત્કૃષ્ટ દેવતા છે અને સર્વને સુખ આપનારા છે, આપની પુત્રીનું અત્યંત દુસ્સહ તપ જોઈને એ ભક્તવત્સલ પ્રભુએ કૃપાપૂર્વક એમને દર્શન આપ્યાં છે. યજ્ઞ શ્રેષ્ઠ વરદાન પણ આપ્યું હતું.

આ સાંભળીને મેનાએ દેવતાઓને વારંવાર અત્યંત વિલાપ કરીને કહ્યું - શિવનું રૂપ ખૂબ જ ભયંકર છે. હું એમને મારી પુત્રી નહિ આપું. આપ સર્વ દેવતાઓ પ્રપંચ કરીને શા માટે મારી આ કન્યાના ઉત્કૃષ્ટ રૂપને વ્યર્થ કરવા માટે તૈયાર થયા છો?

હે મુનીશ્વર! એમના આવા કથન ઉપર

વસિષ્ઠ વગેરે સપ્તર્ષિઓએ ત્યાં આવીને આ વાત કહી - 'હે પિતરોની કન્યા અને ગિરિરાજની રાણી મેને! અમે લોકો તમારું કાર્ય સિદ્ધ કરવા આવ્યા છીએ. જે કાર્ય સર્વથા ઉચિત અને ઉપયોગી છે, એને તમારી હઠને લીધે અમે વિપરીત કેવી રીતે માની લઈએ? ભગવાન શંકરનાં દર્શન એ જ સૌથી મોટો લાભ છે. તેઓ દાનપાત્ર થઈને સ્વયં તમારે ઘેર પધાર્યા છે.'

એમના આવા કથન પર પણ જ્ઞાનદુર્બલા મેનાએ એમની વાત મિથ્યા કરી દીધી અને રુષ્ટ થઈને એમને કહ્યું - 'હું શસ્ત્ર વગેરેથી મારી દીકરીના ટુકડેટુકડા કરી નાખીશ, પરંતુ એને શંકરના હાથમાં નહીં સોંપું, તમે બધા આઘા ખસી જાઓ, કોઈએ મારી પાસે આવવું નહીં.'

આવું કહીને અત્યંત વિહ્વળ થઈ વિલાપ કરીને મેના ચૂપ થઈ ગયાં. હે મુને! ત્યાં એમના આવા વર્તનથી હાહાકાર થઈ ગયો. ત્યારે હિમાલય અત્યંત વ્યાકુળ થઈને ત્યાં આવ્યા અને મેનાને સમજાવવા માટે પ્રેમપૂર્વક તત્ત્વ દર્શાવતાં બોલ્યા.

હિમાલયે કહ્યું—હે પ્રિયે મેને! મારી વાત સાંભળો. તમે આટલાં બધાં વ્યાકુળ શા માટે થઈ ગયાં છો? જુઓ તો ખરાં, કયા કયા મહાત્માઓ તમારે ઘેર પધાર્યા છે. તમે એમની નિંદા શા માટે કરો છો? ભગવાન શંકરને તો તમે પણ જાણો છો, પરંતુ વિવિધ નામરૂપવાળા શંભુના વિકટ રૂપને જોઈને તમે ગભરાઈ ગયાં છો. હું શંકરજીને ઘણી સારી પેઠે જાણું છું. એ જ સર્વના પ્રતિપાલક છે. પૂજનીયોના પણ પૂજનીય છે. તથા અનુગ્રહ અને નિગ્રહ કરનારા છે. હે નિષ્પાપ પ્રાણપ્રિયે! હઠ ન કરો. માનસિક દુઃખ છોડી દો. હે સુવ્રતે! શીઘ્ર ઊઠો અને સર્વ કાર્ય કરો. પહેલી વાર વિકટ રૂપધારી શંભુએ મારા દ્વાર પર આવીને જે વિવિધ પ્રકારની લીલાઓ કરી હતી, હું એની આજે તમને યાદ અપાવું છું. સ્મરણ કરાવું છું. એમના આવા પરમ માહાત્મ્યને જોઈ અને સમજીને એ સમયે મેં અને તમે એમને આપણી કન્યા આપવાનો સ્વીકાર કર્યો હતો. હે પ્રિયે! પોતાની એ વાતને પ્રમાણ માનીને એને સાર્થક કરો.

આ વાતને સાંભળીને શિવાની માતા મેના હિમાલયને કહેવા લાગી—હે નાથ! મારી વાત સાંભળો અને સાંભળીને આપે તેવું જ કરવું જોઈએ. આપની પુત્રી પાર્વતીના ગળામાં દોરડું બાંધીને એને નિઃસંકોચ, બે ખટકે પર્વતની નીચે ફેંકી દો, પરંતુ હું એને હરના હાથમાં નહીં આપું અથવા હે નાથ! પોતાની આ દીકરીને લઈ જઈને નિર્દયતાપૂર્વક સમુદ્રમાં ડુબાડી દો. હે ગિરિરાજ! આવું કરવાથી તમે પૂર્ણ સુખી થઈ જાઓ. હે સ્વામિન્! જો વિકટરૂપધારી રુદ્રને તમે પુત્રી આપી

દેશો તો નિશ્ચય જ હું મારું શરીર છોડી દઈશ.

મેનાએ જ્યારે હઠપૂર્વક આવી વાત કહી ત્યારે પાર્વતી સ્વયં આવીને રમણીય વચન બોલ્યાં - 'હે મા! તમારી બુદ્ધિ તો બહુ શુભકારક છે. આ સમયે વિપરીત કેવી રીતે થઈ ગઈ? ધર્મનું અવલંબન કરનારી થઈને પણ તમે ધર્મને કેવી રીતે છોડી રહ્યાં છો? આ રુદ્રદેવ સૌથી ઉત્પત્તિના કારણભૂત સાક્ષાત્ ઈશ્વર છે, એમનાથી અધિક તો બીજો કોઈ છે જ નહીં. સમસ્ત શ્રુતિઓમાં આ વર્ણન છે કે ભગવાન શંભુ સુંદર રૂપવાળા તથા સુખદ છે. કલ્યાણકારી મહેશ્વર સમસ્ત દેવતાઓના સ્વામી તથા સ્વયં પ્રકાશ છે. એમનાં નામ અને રૂપ અનેક છે. હે માતાજી! શ્રીવિષ્ણુ અને બ્રહ્મા વગેરે પણ એમની સેવા કરે છે. એ તો સર્વના અધિષ્ઠાન છે, કર્તા, હર્તા અને સ્વામી છે. વિકારો તો એમને સ્પર્શી શકતા નથી - વિકારોની ત્યાં પહોંચ પણ નથી. એ તો ત્રણે દેવતાઓના સ્વામી છે. અવિનાશી અને સનાતન છે. એમને માટે જ બધા દેવતા કિંકર થઈને તમારા દ્વાર પર પધાર્યા છે અને ઉત્સવ મનાવી રહ્યા છે. આનાથી વધારે સુખની વાત બીજી શી હોઈ શકે? માટે યત્નપૂર્વક ઊઠો અને જીવનને સફળ કરો. મને શિવજીના હાથમાં સોંપી દો અને તમારા પોતાના ગૃહસ્થાશ્રમને સાર્થક કરો. હે મા! મને પરમેશ્વર શંકરની સેવામાં આપી દો. હું સ્વયં તમને આ વાત કહું છું. તમે મારી આટલી વિનંતી માની લો. જો તમે મને તેમના હાથમાં નહીં સોંપો તો હું બીજા કોઈ વરનું વરણ કરીશ નહીં; કેમકે, જે સિંહનો ભાગ છે, એને બીજાને છેતરનાર શિયાળ કેવી રીતે મેળવી શકે? હે મા, મેં તો મન, વાણી અને ક્રિયા દ્વારા સ્વયં હરનું વરણ કરી જ લીધું છે, હરનું જ વરણ કર્યું છે. હવે તમારી જેવી ઇચ્છા હોય તે કરો.'

બ્રહ્માજી કહે છે—હે નારદ! પાર્વતીની આ વાત સાંભળીને શૈલેશ્વરપ્રિયા મેના બહુ જ ઉત્તેજિત થઈ ગયાં અને પાર્વતીને ધમકાવતાં ધમકાવતાં દુર્વચન કહીને રડવા તથા વિલાપ કરવા લાગ્યાં. ત્યાર પછી સ્વયં મેં તથા સનકાદિ સિદ્ધોએ પણ મેનાને બહુ સમજાવ્યાં. પરંતુ એ કોઈની વાત માનતાં જ ન હતાં અને સર્વને ધમકાવતાં જ રહ્યાં. એ દરમિયાન એમની સુદૃઢ અને મહાન હઠની વાત સાંભળીને શિવપ્રિય ભગવાન વિષ્ણુ પણ તરત જ ત્યાં આવી પહોંચ્યા અને આ પ્રકારે બોલ્યા.

શ્રીવિષ્ણુએ કહ્યું—હે દેવી! તમે પિતરોની માનસી પુત્રી અને એમને બહુ જ વહાલાં છો; સાથે જ ગિરિરાજ હિમાલયની ગુણવતી પત્ની છો. આ રીતે તમારો સંબંધ સાક્ષાત્ બ્રહ્માજીના ઉત્તમ કુળ સાથે છે. સંસારમાં તમારા સહાયક પણ એવા જ છે. તમે ધન્ય છો. હું તમને વધારે શું કહું? તમે તો ધર્મનાં આધારભૂત છો, પછી ધર્મનો ત્યાગ કેવી રીતે કરી શકો? તમે પોતે સારી રીતે વિચારો તો ખરાં. સંપૂર્ણ દેવતા, ઋષિઓ, બ્રહ્માજી અને હું - એ બધા લોકો વિપરીત વાત શું કામ કહેશે? તમે શિવને નથી જાણતાં. તે નિર્ગુણ પણ છે અને સગુણ પણ છે. કુરૂપ પણ છે અને સુરૂપ પણ છે. સર્વના સેવ્ય છે અને સત્પુરુષોના આશ્રય છે. એમણે જ મૂળપ્રકૃતિરૂપા દેવી ઈશ્વરીનું નિર્માણ કર્યું છે અને એમની જ બાજુમાં પુરુષોત્તમનું નિર્માણ કરીને બેસાડ્યા છે. એ જ બંનેથી સગુણરૂપે મારી તથા બ્રહ્માજીની ઉત્પત્તિ થઈ છે. પછી લોકોનું હિત કરવા માટે તે સ્વયં રુદ્રરૂપે પ્રગટ થયા. ત્યાર પછી વેદ, દેવતા તથા સ્થાવર જંગમ રૂપે જે કાંઈ દેખાય છે, એ સંપૂર્ણ

જગત પણ ભગવાન શંકરથી જ ઉત્પન્ન થયું. એમના રૂપનું યથાર્થ ઠીક ઠીક વર્ણન આ જ સુધી કોણ કરી શક્યું છે? અથવા કોણ એમના રૂપને જાણે છે? હું અને બ્રહ્માજી પણ જેમનો અન્ત પામી શક્યા નથી, એનો પાર ભલા કોણ પામી શકે? બ્રહ્માથી લઈને કીટ પર્યંત જે કાંઈ જગત દેખાય છે એ સર્વ શિવનું જ રૂપ છે - એવું જાણો. આ વિષયમાં કોઈ અન્યથા વિચાર જ ન કરવો જોઈએ. તે જ પોતાની લીલાથી આવા રૂપમાં અવતીર્ણ થયા છે અને શિવાના તપના પ્રભાવથી તમારે દ્વારે આવ્યા છે. માટે હે હિમાચલની પત્ની! તમે દુઃખ છોડો અને શિવનું ભજન કરો. એનાથી તમને મહાન આનંદ પ્રાપ્ત થશે અને તમારા સર્વ કલેશ મટી જશે.

બ્રહ્માજી કહે છે—હે નારદ! શ્રીવિષ્ણુ દ્વારા આ રીતે સમજાવવાથી મેનાનું મન થોડુંક કોમળ થયું. પરંતુ શિવને કન્યા ન આપવાની હઠ તેમણે ત્યારે પણ ન છોડી. શિવની માયાથી મોહિત હોવાને કારણે જે એમણે આવો દુરાગ્રહ કર્યો હતો. એ સમયે મેનાએ શિવના મહત્ત્વનો સ્વીકાર કરી લીધો. થોડુંક જ્ઞાન થઈ જવાથી એમણે શ્રીહરિને કહ્યું - 'જો ભગવાન શિવ સુંદર શરીર ધારણ કરી લે ત્યારે જ હું મારી પુત્રી આપી શકું; અન્યથા કોટિ ઉપાય કરવા છતાં પણ નહીં જ આપું. આ વાત હું સચ્ચાઈ અને દૃઢતા સાથે કહી રહી છું.'

આવું કહીને દૃઢતાપૂર્વક ઉત્તમ વ્રતનું પાલન કરનારાં મેના શિવની ઇચ્છાથી પ્રેરિત થઈ ચૂપ થઈ ગયાં. ધન્ય છે શિવની માયા, જે સર્વને મોહમાં આવરી લે છે. (અધ્યાય-૪૪)

*

ભગવાન શિવનું પોતાનું પરમ સુંદર દિવ્યરૂપ પ્રગટ કરવું, મેનાની પ્રસન્નતા અને ક્ષમા-પ્રાર્થના તથા પુરવાસિની સ્ત્રીઓને શિવરૂપનું દર્શન થવું તથા જન્મ અને જીવનને સફળ માનવાં

બ્રહ્માજી કહે છે—હે નારદ! આ જ વખતે ભગવાન વિષ્ણુથી પ્રેરિત થઈ તમે શીઘ્ર જ ભગવાન શંકરને અનુકૂળ બનાવવા માટે એમની નિકટમાં ગયા. ત્યાં જઈને દેવતાઓનું કાર્ય સિદ્ધ કરવાની ઇચ્છાથી વિવિધ પ્રકારનાં સ્તોત્રો દ્વારા તમે રુદ્રદેવને સંતુષ્ટ કર્યા, તમારી વાત સાંભળીને પ્રસન્નતાપૂર્વક શંભુએ અદ્‌ભુત, ઉત્તમ અને દિવ્યરૂપ ધારણ કરી લીધું. આવું કરીને એમણે પોતાના દયાળુ સ્વભાવનો પરિચય આપ્યો. હે મુને! ભગવાન શંભુનું તે સ્વરૂપ કામદેવથી પણ અધિક સુંદર તથા લાવણ્યનો પરમ આશ્રય હતું; એમનું દર્શન કરીને તમે બહુ જ પ્રસન્ન થયા અને એ સ્થાન પર ગયા, જ્યાં સેવક સાથે મેના વિદ્યમાન હતાં.

ત્યાં પહોંચીને તમે કહ્યું—હે વિશાળ નેત્રોવાળી મેને! ભગવાન શિવના એ સર્વોત્તમ રૂપનું દર્શન કરો. આ રૂપ પ્રગટ કરીને એ કરુણામય શિવે તમારા ઉપર બહુ મોટી કૃપા કરી છે.

તમારી આ વાત સાંભળીને શૈલરાજની પત્ની મેના આશ્ચર્યચકિત થઈ ગયાં. એમણે શિવનાં એ પરમ આનંદદાયક રૂપનાં દર્શન કર્યાં જે કરોડો સૂર્યની સમાન તેજસ્વી, સર્વાંગસુંદર, વિચિત્રવસ્ત્રધારી તથા વિવિધ પ્રકારનાં આભૂષણોથી વિભૂષિત હતું. તે અત્યંત પ્રસન્ન, સુંદર હાસ્યથી

સુશોભિત, લલિત લાવણ્યથી લસિત, મનોહર, ગૌરવર્ણ, દ્યુતિમાન્ તથા ચંદ્રલેખાથી અલંકૃત હતા. વિષ્ણુ વગેરે સંપૂર્ણ દેવતાઓ બહુ પ્રેમથી

ભગવાન શિવની સેવા કરી રહ્યા હતા. સૂર્યદેવે છત્ર લગાવી રાખ્યું હતું. ચંદ્રદેવ મસ્તકનો મુગટ બનીને એમની શોભા વધારી રહ્યો હતો. આ સર્વ સાધનોથી ભગવાન શંકર સર્વથા રમણીય જણાતા હતા. એમનું વાહન પણ અનેક પ્રકારનાં આભૂષણોથી વિભૂષિત હતું. એની મહાશોભાનું વર્ણન થઈ શકે તેમ નથી. ગંગા અને યમુના ભગવાન શિવને ચામર ઢાળી રહ્યાં હતાં. અને આઠેય સિદ્ધિઓ એમની આગળ નાચી રહી હતી. એ સમયે હું, ભગવાન વિષ્ણુ તથા ઇન્દ્ર આદિ દેવતા પોતપોતાના વેશને સારી પેઠે વિભૂષિત કરીને પર્વતવાસી ભગવાન શિવની સાથે ચાલી રહ્યા હતા. વિવિધ રૂપધારી શિવના ગણ સજીધજીને અત્યંત આનંદિત થઈ શિવની આગળ આગળ ચાલી રહ્યા હતા. સિદ્ધ, ઉપદેવતા, સમસ્ત મુનિ તથા અન્ય સર્વ લોકો પણ મહાન સુખનો અનુભવ કરતાં કરતાં અત્યંત પ્રસન્નતાપૂર્વક શિવની સાથે યાત્રા કરી રહ્યા હતા. આ રીતે દેવતા વગેરે બધા લોકો વિવાહ જોવા માટે ઉત્કંઠિત થઈને ખૂબ સાજસજાવટ કરીને પોતાની પત્ની સાથે શિવનું યશોગાન કરતાં કરતાં આવી પહોંચ્યા. વિશ્વાવસુ વગેરે ગંધર્વ અપ્સરાઓની સાથે થઈને શંકરજીના ઉત્તમ યશનું ગાન કરતાં કરતાં એમની આગળ આગળ ચાલી રહ્યા હતા. હે મુનિશ્રેષ્ઠ! મહેશ્વર શૈલરાજના દ્વાર પર પધાર્યા તે સમયે આ પ્રકારે ત્યાં વિવિધ પ્રકારના મહાન ઉત્સવો થઈ રહ્યા હતા. હે મુનીશ્વર! એ સમયે ત્યાં શિવની જેવી શોભા દેખાઈ રહી હતી એનું વિશેષરૂપે વર્ણન કરવામાં તો કોણ સમર્થ થઈ શકે? એમને આવા વિલક્ષણ રૂપમાં જોઈને મેના ક્ષણભર તો ચિત્રવત્ થઈ ગયાં. પછી ખૂબ જ પ્રસન્નતાથી બોલ્યાં - 'હે મહેશ્વર! મારી પુત્રી ધન્ય છે, જેણે બહુ ભારે તપ કર્યું અને એ તપના પ્રભાવથી આપ મારા આ ઘરમાં પધાર્યા. પહેલાં મેં જે આપની અક્ષમ્ય નિંદા કરી હતી, એને હે મારી શિવાના સ્વામી શિવ! આપ ક્ષમા કરો અને આ સમયે પૂર્ણતઃ પ્રસન્ન થઈ જાઓ.'

બ્રહ્માજી કહે છે—હે નારદ! આ રીતે વાત કરીને ચંદ્રમૌલિ શિવની સ્તુતિ કરતાં શૈલપ્રિયા મેનાએ એમને હાથ જોડીને પ્રણામ કર્યા. એટલામાં જ ઘણીબધી પુરવાસિની સ્ત્રીઓ ભગવાન શિવનાં દર્શનની લાલસાથી અનેક પ્રકારનાં કામ છોડીને ત્યાં આવી પહોંચી. જે જેવી હતી, તેવી જ અસ્તવ્યસ્તરૂપે દોડતી ચાલી આવી. ભગવાન શંકરનું એ મનોહર રૂપ જોઈને એ બધાં મોહિત થઈ ગઈ. શિવનાં દર્શનથી હર્ષ પામીને

પ્રેમપૂર્ણ હૃદયવાળી તે નારીઓ મહેશ્વરની એ મૂર્તિને પોતાના મનોમંદિરમાં બેસાડીને આ પ્રકારે બોલી.

પુરવાસિની સ્ત્રીઓએ કહ્યું—ઓહો! હિમવાનના નગરમાં રહેનારાંઓના નેત્ર આજે સફળ થઈ ગયાં. જે જે વ્યક્તિઓએ આ દિવ્ય સ્વરૂપનાં દર્શન કર્યાં છે, જરૂર તેમનો જન્મ સાર્થક થઈ ગયો છે. એનો જ જન્મ સફળ છે અને એની જ બધી ક્રિયાઓ સફળ છે, જેણે સંપૂર્ણ પાપનો નાશ કરનારા સાક્ષાત્ શિવનાં દર્શન કર્યાં છે. પાર્વતીએ શિવ માટે જે તપ કર્યું છે, એ દ્વારા એમણે તો પોતાના બધા જ મનોરથ સિદ્ધ કરી લીધા છે. શિવને પતિરૂપે પ્રાપ્ત કરીને શિવા ધન્ય અને કૃતકૃત્ય થઈ ગયાં છે. જો વિધાતા શિવા અને શિવની આ જુગલ જોડીને સાનંદ એકબીજા મેળવી ન દેત તો એમનો આખો પરિશ્રમ નિષ્ફળ થઈ જાત. આ ઉત્તમ જોડીને મેળવીને બ્રહ્માજીએ બહુ જ સારું કાર્ય કર્યું છે. એથી સર્વનાં બધાં જ કાર્યો સાર્થક થઈ ગયાં છે. તપસ્યા વગર તો મનુષ્યોને માટે શંભુનાં દર્શન દુર્લભ જ છે. ભગવાન શંકરનાં દર્શન માત્રથી સર્વ લોકો કૃતાર્થ થઈ ગયા. જે જે સર્વેશ્વર ગિરિજાપતિ શંકરનાં દર્શન કરે છે તે બધા જ પુરુષો શ્રેષ્ઠ છે અને અમે બધી જ સ્ત્રીઓ પણ ધન્ય છે.

બ્રહ્માજી કહે છે—હે નારદ! આવી વાત કહીને એ સ્ત્રીઓએ ચંદન અને ચોખાથી શિવનું પૂજન કર્યું અને બહુ આદરથી એમના ઉપર મંગલ દ્રવ્યોની વર્ષા કરી. એ બધી સ્ત્રીઓ મેનાની સાથે ઉત્સુક થઈને ઊભી રહી અને મેના તથા ગિરિરાજના પરમ સૌભાગ્યની પ્રશંસા કરવા માંડી. હે મુને! સ્ત્રીઓના મુખથી એવી શુભ વાતો સાંભળીને વિષ્ણુ વગેરે સર્વ દેવતાઓની સાથે ભગવાન શિવને બહુ હર્ષ થયો.

(અધ્યાય ૪૫)

*

(શિવને પોંકવા)

મેના દ્વારા ભગવાન શિવનું નિરીક્ષણ, એમના રૂપને જોઈને સંતોષનો અનુભવ, અન્યાન્ય યુવતીઓ દ્વારા વરની પ્રશંસા, પાર્વતીનું અંબિકાપૂજન માટે બહાર જવું તથા દેવતાઓ અને ભગવાન શિવનું એમનું સુંદર રૂપ જોઈને પ્રસન્ન થવું

બ્રહ્માજી કહે છે—હે નારદ! ત્યાર પછી ભગવાન શિવ પ્રસન્ન ચિત્ત થઈને પોતાના ગણો, સમસ્ત દેવતાઓ તથા અન્ય લોકોની સાથે કુતૂહલપૂર્વક ગિરિરાજ હિમવાનના ધામમાં ગયા. હિમાચલની શ્રેષ્ઠ પત્ની મેના પણ એ સ્ત્રીઓ સાથે ઘરની અંદર ગયાં અને શંભુની આરતી ઉતારવાને માટે હાથમાં દીપકોથી સજાવેલી થાળી લઈને સર્વ ઋષિપત્નીઓ તથા અન્ય સ્ત્રીઓની સાથે આદરપૂર્વક દ્વાર પર આવ્યાં. ત્યાં આવીને મેનાએ સંપૂર્ણ દેવતાઓથી સેવિત ગિરિજાપતિ મહેશ્વર શંકરને, જે દ્વાર પર ઉપસ્થિત હતા, ખૂબ જ પ્રેમ વાત્સલ્યથી જોયા. એમની અંગકાંતિ મનોહર ચમ્પા જેવી હતી. એમને એક મુખ અને ત્રણ નેત્રો હતાં. પ્રસન્ન મુખારવિંદ પર મંદ સ્મિત લહેરાઈ રહ્યું હતું. તેની અદ્‌ભુત છટા છવાઈ રહી હતી. તે રત્ન અને સુવર્ણ વગેરેથી વિભૂષિત હતા

ગળામાં માલતીની માળા પહેરેલી હતી. સુંદર રત્નમય મુગટ ધારણ કરવાથી એમનું મુખમંડળ ઉજ્જવળ પ્રભાથી ઉદ્‌ભાસિત થઈ રહ્યું હતું. કંઠમાં હાર વગેરે સુંદર આભૂષણો શોભા આપી રહ્યાં હતાં. સુંદર કડાં અને બાજુબંધ એમની ભુજાઓને વિભૂષિત કરી રહ્યાં હતાં... અગ્નિની જેમ નિર્મળ અને અનુપમ અત્યંત સૂક્ષ્મ મનોહર, વિચિત્ર અને બહુમૂલ્ય યુગલ વસ્ત્રથી એમની ભારે શોભા જણાતી હતી. ચંદન, અગર, કસ્તૂરી તથા મનોહર કંકુના અંગરાગથી એમનાં અંગો વિભૂષિત હતાં. એમણે હાથમાં રત્નમય દર્પણ લઈ રાખ્યું હતું, અને એમનાં બંને નેત્રો કાજળથી સુશોભિત હતાં. એમણે પોતાની પ્રભાથી બધાંને આચ્છાદિત કરી લીધા હતા. તે અત્યંત મનોહર જણાતા હતા. અત્યંત તરુણ, પરમ સુંદર અને આભરણભૂષિત અંગોથી સુશોભિત હતા. કામિનીઓને અત્યંત કમનીય પ્રતીત થતા હતા. એમનામાં વ્યગ્રતા લેશમાત્ર પણ જણાતી ન હતી. વ્યગ્રતાનો અભાવ હતો. એમનું મુખારવિંદ કોટિ ચંદ્રમાઓથી પણ અધિક આહ્લાદદાયક હતું. એમનાં શ્રીઅંગોની છબિ કોટિ કામદેવોથી પણ અધિક મનોહારિણી હતી. તે પોતાનાં સર્વ અંગોથી પરમ સુંદર હતા. આવા સુંદર રૂપવાળા - રૂપાળા - ઉત્કૃષ્ટ દેવતા ભગવાન શિવને જમાઈના રૂપે પોતાની સામે ઊભેલા જોઈને મેનાની બધી જ શોક-ચિંતા દૂર થઈ ગઈ. એ તો પરમાનંદસિન્ધુમાં નિમગ્ન થઈ ગયાં અને પોતાના ભાગ્યની, ગિરિજાની, ગિરિરાજ હિમવાનની અને એમના સમસ્ત કુળની ભારે પ્રશંસા કરવા લાગ્યાં. એમણે પોતાની જાતને કૃતાર્થ માની અને વારંવાર હર્ષનો અનુભવ કરવા લાગ્યાં. સતી મેનાનું મુખ હર્ષથી ખીલી ઊઠ્યું હતું. તે પોતાના જમાઈની શોભાનું સાનન્દ અવલોકન કરતાં કરતાં એમની આરતી ઉતારવા લાગ્યાં. ગિરિજાની કહેલી વાતને વારંવાર યાદ કરીને મેનાને ભારે વિસ્મય થઈ રહ્યો હતો. તે હર્ષોત્ફુલ્લ મુખારવિંદથી યુક્ત મનમાં ને મનમાં જ આમ કહેવા લાગ્યાં - 'પાર્વતીએ મને પહેલાં જેવું કહ્યું - બતાવ્યું હતું. એનાથી પણ અધિક સૌંદર્ય હું આ પરમેશ્વર શિવનાં અંગોમાં જોઈ રહી છું. મહેશ્વરના મનોહર લાવણ્યનું વર્ણન થઈ શકે તેમ નથી. અવર્ણનીય લાવણ્ય છે.' આવું વિચારીને આશ્ચર્યચકિત થયેલાં મેના પોતાના ઘરની અંદર આવ્યાં.

ત્યાં આવેલી યુવતીઓએ પણ વરની - વરના મનોહર રૂપની ખૂબ ખૂબ પ્રશંસા કરી. એ બોલ્યાં - 'ગિરિરાજનંદિની શિવા ધન્ય છે, ધન્ય છે.' કેટલીક બીજી સ્ત્રીઓ બોલી - 'દુર્ગા તો સાક્ષાત્ ભગવતી છે.' બીજી કન્યાઓ મહારાણી મેનાને કહેવા લાગી - 'અમે તો ક્યારેય આવો વર જોયો જ નથી અને ન ધ્યાનમાંય ક્યારેય આવા વરનું અવલોકન કર્યું છે. એમને મેળવીને ગિરિજા ધન્ય ધન્ય થઈ ગઈ છે.' ભગવાન શંકરનું એ રૂપ જોઈને સમસ્ત દેવતાઓ હર્ષથી ખીલી ઊઠ્યા. શ્રેષ્ઠ ગંધર્વ એમનો યશ ગાવા લાગ્યા. અપ્સરાઓ નૃત્ય કરવા લાગી. વાજાં વગાડનાર લોકો મધુર ધ્વનિમાં અનેક પ્રકારની કલાનું પ્રદર્શન કરી દેખાડતાં આદરપૂર્વક જાત જાતનાં વાદ્યો-વાજાં વગાડી રહ્યા હતા. હિમાચલે પણ આનંદિત થઈને દ્વાર ઉપર કરવાનાં મંગલ કાર્યો કર્યાં. સમસ્ત નારીઓની સાથે મેનાએ પણ ઉત્સવ મનાવતાં મનાવતાં વરરાજાને પોંક્યા. પછી તે પ્રસન્નતાપૂર્વક ઘરમાં ચાલ્યાં ગયાં. ત્યાર પછી ભગવાન શિવ પોતાના ગણો અને દેવતાઓ સાથે પોતાને અપાયેલા જાનીવાસે જતા રહ્યા.

એ દરમિયાન ગિરિરાજના અંતઃપુરની સ્ત્રીઓ દુર્ગાને સાથે લઈ કુળદેવીની પૂજા માટે

બહાર આવ્યાં. ત્યાં દેવતાઓએ કે જેમની પલક ક્યારેય પડતી નથી, તેમણે પ્રસન્નતાપૂર્વક પાર્વતીને જોયાં. એમની અંગકાંતિ નીલ અંજનની જેમ હતી. તે પોતાનાં મનોહર અંગોથી જ વિભૂષિત હતાં. એમનો કટાક્ષ કેવળ ભગવાન ત્રિલોચન પર જ આદરપૂર્વક પડતો હતો. બીજા કોઈ પુરુષ તરફ એમનાં નેત્રો જતાં જ નહોતા. એમનું પ્રસન્ન મુખ મંદસ્મિત મુસ્કાનથી સુશોભિત હતું. એ કટાક્ષપૂર્ણ દૃષ્ટિથી જોતાં હતાં અને ખૂબ જ મનોહારિણી જણાતાં હતાં. એમના વાળનો ચોટલો બહુ જ સુંદર દેખાતો હતો. ગાલ પર બનેલી મનોહર પત્રભંગીની રેખાઓ એમની શોભામાં અભિવૃદ્ધિ કરી રહી હતી. લલાટમાં કસ્તૂરીનો ચાંલ્લો સાથે જ સિંદૂરની બિંદી શોભા આપી રહી હતી. એમના વક્ષઃસ્થળ પર શ્રેષ્ઠ રત્નોના સારભૂત હારથી દિવ્ય દીપ્તિ છવાઈ ગઈ હતી. રત્નોથી બનેલા કેયૂર, વલય અને કંકણથી એમની ભુજાઓ અલંકૃત હતી. ઉત્તમ રત્નમય કુંડળોથી એમના-મનોહર કપોલ ઝગમગી રહ્યા હતા. એમની દંતપંક્તિ મણિઓ તથા રત્નોની પ્રભાને પણ ઝાંખી પાડી દેતી હતી અને મુખની શોભામાં વધારો થતો હતો. મધુથી પૂરિત નીચલો હોઠ-અધર-અને ઓષ્ઠ બિમ્બફલની જેમ લાલ હતા. બંને પગમાં રત્નોની આભાથી યુક્ત મહાવર - ઝાંઝર શોભા આપી રહ્યા હતા. એમણે એક હાથમાં રત્ન જડિત દર્પણ લઈ રાખ્યું હતું અને એમનો બીજો હાથ કીડાકમલથી સુશોભિત હતો. એમનાં અંગોમાં ચંદન, અગર, કસ્તૂરી અને કંકુનો અંગરાગ લગાડેલો હતો. પગમાં ઝાંઝર રણકી રહ્યાં હતાં. પગ લાલઘૂમ તળિયાંને કારણે બહુ શોભા આપી રહ્યા હતા. સમસ્ત દેવતા વગેરેએ જગતનાં આદિકારણરૂપ જગતજનની પાર્વતી દેવીને જોઈને ભક્તિભાવપૂર્વક મસ્તક નમાવીને મેના સહિત એમને પ્રણામ કર્યા. ત્રિલોચન શિવે પણ બહુ પ્રસન્નતાની સાથે આંખોના ખૂણેથી એમને જોયાં અને એમનામાં સતીની આકૃતિ જોઈને પોતાની વિરહવેદનાનો ત્યાગ કર્યો. શિવા પર આંખો સ્થિર કરી. ભગવાન શિવ એ વખતે જાણે બધું જ ભૂલી ગયા. એમના આખા અંગમાં રોમાંચ વ્યાપી ગયો. એ હર્ષનો અનુભવ કરતાં કરતાં ગૌરી ભણી જોવા લાગ્યા. ગૌરી એમની આંખોમાં સમાઈ ગઈ હતી.

આ બાજુ કાલી પુરીથી બહાર જઈને અંબિકાદેવીની પૂજા કર્યા પશ્ચાત્ બ્રાહ્મણપત્નીઓ સાથે પુનઃ પોતાના પિતાના રમણીય ભવનમાં પરત આવી ગયાં. ભગવાન શંકર પણ હું - બ્રહ્મા, વિષ્ણુ અને દેવતાઓ સાથે હિમાચલે બતાવેલા નિયત સ્થાન પર પ્રસન્નતાપૂર્વક ગયા. ત્યાં ગિરિરાજ દ્વારા વિવિધ પ્રકારની સુંદર સમૃદ્ધિથી સન્માનિત થયેલા એ બધા લોકો સુખપૂર્વક નિવાસ કરવા લાગ્યા અને ભગવાન શંકરની સેવા કરવા લાગ્યા. (અધ્યાય ૪૬)

*

વરપક્ષનાં આભૂષણોથી વિભૂષિત શિવાની નીરાજના, કન્યાદાનના સમયે બધા દેવતાઓનું હિમાચલના ઘરના આંગણામાં બિરાજવું અને વરવધૂ દ્વારા એકબીજાનું પૂજન

બ્રહ્માજી કહે છે—હે નારદ! તદનંતર ગિરિશ્રેષ્ઠ હિમવાને પ્રસન્નતા અને ઉત્સાહ સાથે વેદમંત્રો દ્વારા દુર્ગા અને શિવને ઉપસ્નાન કરાવ્યું. તત્પશ્ચાત્ ગિરિરાજની પ્રાર્થનાથી શ્રીવિષ્ણુ વગેરે

દેવતા તથા મુનિ કુતૂહલપૂર્વક એમના ઘરની અંદર ગયા. ત્યાં એમણે વૈદિક અને લૌકિક આચારનું યથાર્થ રીતે પાલન કરીને ભગવાન શિવનાં આપેલાં આભૂષણોથી દેવી શિવાને અલંકૃત કર્યાં. સખીઓ અને બ્રાહ્મણપત્નીઓએ પહેલાં પાર્વતીને સ્નાન કરાવ્યું, પછી સર્વપ્રકારે વસ્ત્ર-આભૂષણ દ્વારા વિભૂષિત કરીને એમની આરતી ઉતારી. ત્રણે લોકોની જનની મહાશૈલપુત્રી સુંદરી શિવા દિવ્ય વસ્ત્ર-આભૂષણોથી સુસજ્જિત થઈને મનમાં ને મનમાં ભગવાન શિવનું ધ્યાન કરતાં કરતાં ત્યાં જ બેસી ગયાં. એ વખતે એમનું સૌંદર્ય ખૂબ શોભી રહ્યું હતું. એ અવસરે બંને પક્ષોમાં મહાન આનંદદાયક ઉત્સવ થવા લાગ્યો. બ્રાહ્મણોને શાસ્ત્રોક્ત રીતે વિવિધ પ્રકારનાં દાન દેવાયાં. અન્ય લોકોને પણ ત્યાં સારી પેઠે ઘણું બધું દ્રવ્ય વહેંચવામાં આવ્યું. વિશેષ ઉત્સવની સાથે ગીત અને વાદ્ય વગેરે દ્વારા લોકોનું મનોરંજન કરવામાં આવ્યું. ત્યાર પછી હું - બ્રહ્મા, ભગવાન વિષ્ણુ, ઇન્દ્ર આદિ દેવતા તથા મુનિઓએ બધા જ બહુ જ પ્રસન્નતાની સાથે સાનંદ ઉત્સવ મનાવતાં મનાવતાં ભક્તિભાવથી શિવાને પ્રણામ કરીને શિવનાં ચરણારવિન્દોનું ચિંતન કરતાં કરતાં હિમાચલની આજ્ઞા લઈને પોતપોતાને સ્થાને ચાલ્યા ગયા.

એ પછી ગર્ગે કન્યાદાનનો સમય થયેલો જાણીને હિમાચલને શ્રીશંકર તથા જાનૈયાઓને બોલાવી લાવવા કહ્યું. પછી તો અનેક પ્રકારનાં વાદ્યો વાગવા લાગ્યાં. હિમાચલના મંત્રીઓએ જઈને વર અને જાનૈયાઓને શીઘ્ર પધારવા માટે પ્રાર્થના કરી. એ બોલ્યા - 'કન્યાદાન માટે ઉચિત સમય થયો છે. તેથી આપ લોકો શીઘ્ર જ મંડપમાં પધારો.' ત્યાર પછી ભગવાન શિવને સુંદર વસ્ત્ર-આભૂષણથી સુસજ્જ કરીને વૃષભની પીઠ પર બેસાડ્યા અને જયકારો બોલાવીને સૌ લોકો ચાલ્યા. ભગવાન શંકરને આગળ કરીને વાજાં વગાડતા અને કૌતુક કરતા કરતા બધા જાનૈયાઓ હિમાલયને ઘેર ગયા. હિમાલયે મોકલેલા બ્રાહ્મણ તથા શ્રેષ્ઠ પર્વત કુતૂહલપૂર્વક શંભુની આગળ આગળ ચાલતા હતા. ભગવાનના મસ્તક ઉપર બહુ જ મોટું છત્ર તાણેલું હતું. બધી જ બાજુએથી એમને ચામર ઢોળવામાં આવતા હતા. એ મહેશ્વર એ ચંદરવા નીચે દઈને ચાલતા હતા. હું વિષ્ણુ, ઇન્દ્ર અને લોકપાલ આગળ રહીને ઉત્તમ શોભાથી સુશોભિત થઈ રહ્યા હતા - એ મહાન ઉત્સવ વખતે શંખ, ભેરી, પટહ, આનક અને ગોમુખ વગેરે વાજાં વારંવાર વાગી રહ્યાં હતાં. આ સૌની સાથે જગતના એક માત્ર જીવનબંધુ ભગવાન શિવ પરમેશ્વરને ઉચિત એવા તેજથી સંપન્ન થઈને યાત્રા કરી રહ્યા હતા. એ સમયે સમસ્ત દેવેશ્વર એમની સેવામાં ઉપસ્થિત થઈને હર્ષ-ઉલ્લાસ સાથે એમના પર પુષ્પવૃષ્ટિ કરતા હતા. આ રીતે પૂજિત અને બહુ જ સ્તુતિઓ દ્વારા પ્રશંસિત થઈને પરમેશ્વર શિવે યજ્ઞમંડપમાં પ્રવેશ કર્યો. ત્યાં શ્રેષ્ઠ પર્વતોએ શિવને વૃષભ પરથી ઉતાર્યા અને મહાન ઉત્સવની સાથે એમને ઘરની અંદર લઈ ગયા. હિમાલયે પણ ઘરમાં આવેલા દેવતાઓ સહિત મહેશ્વરને વિધિપૂર્વક ભક્તિભાવથી પ્રણામ કરીને એમની આરતી ઉતારી. પછી મહાન ઉત્સવપૂર્વક પોતાના ભાગ્યનાં વખાણ કરતાં કરતાં એમણે અન્ય સમસ્ત દેવતાઓ અને મુનિઓને પ્રણામ કરીને એ સૌનો સમાદર કર્યો. શ્રીવિષ્ણુ સહિત મહેશ્વરને તથા મુખ્ય મુખ્ય દેવતાઓને પાદ્ય-અર્ઘ્ય આપીને હિમાલય એમને પોતાના ભવનની અંદર લઈ ગયા અને આંગણામાં રત્નમય સિંહાસનો પર

મને, વિષ્ણુને, શંકરજીને તથા અન્ય વિશિષ્ટ વ્યક્તિઓને બેસાડ્યા. એ સમયે મેનાએ પોતાની સખીઓ તથા બ્રાહ્મણપત્નીઓ તથા અન્ય પુરન્ધ્રિયોની સાથે આવીને સાનંદ આરતી ઉતારી- કર્મકાંડના જ્ઞાતા પુરોહિત મહાત્મા શંકર માટે મધુપર્ક - પૂજન વગેરે જે જે આવશ્યક કૃત્ય હતાં, એ સર્વને સહર્ષ સંપન્ન કર્યાં. પછી મારા કહેવાથી પુરોહિતે પ્રસ્તાવને અનુરૂપ ઉત્તમ મંગલકાર્યોનો આરંભ કર્યો.

એ પછી હિમાલય અંતર્વેદીમાં જ્યાં સમસ્ત આભૂષણોથી વિભૂષિત એમની કૃશાંગી કન્યા વેદી પર બિરાજમાન હતી, ત્યાં મારી અને શ્રીવિષ્ણુની સાથે મહાદેવજીને લઈ ગયા. ત્યાર પછી બૃહસ્પતિ વગેરે વિદ્વાન બહુ ઉત્સાહથી સંપન્ન થઈને કન્યાદાનને ઉચિત એવા લગ્નની પ્રતીક્ષા કરવા લાગ્યા. ગર્ગ ઋષિએ પુણ્યાહવાચન કરતાં કરતાં પાર્વતીજીની અંજલિમાં ચોખા ભરાવ્યા અને શિવજી ઉપર તે ચોખા પધરાવ્યા. પરમ ઉદાર સુમુખી પાર્વતીએ દહીં, અક્ષત, કુશ અને જળથી ત્યાં રુદ્રદેવનું પૂજન કર્યું. જેને માટે શિવાએ બહુ ભારે તપસ્યા કરી હતી, એ ભગવાન શિવને બહુ પ્રેમથી જોઈ રહ્યાં હતાં તે ત્યાં અત્યંત શોભા પામી રહ્યાં હતાં. પછી મારા અને ગર્વ આદિના કહેવાથી લોકાચારવશ શંભુએ શિવાનું પૂજન કર્યું. આ પ્રકારે પરસ્પર પૂજન કરતાં કરતાં એ બંને જગન્મય પાર્વતી-પરમેશ્વર ત્યાં સુશોભિત થઈ રહ્યાં હતાં. ત્રિભુવનની શોભાથી સંપન્ન થઈ પરસ્પર જોતાં એ બંને દંપતિની લક્ષ્મી વગેરે દેવીઓએ વિશેષરૂપે આરતી ઉતારી.

(અધ્યાય ૪૭)

*

શિવ-પાર્વતીના વિવાહનો આરંભ, હિમાલય દ્વારા શિવના ગોત્ર અંગે પ્રશ્ન થવાથી નારદજી દ્વારા ઉત્તર, હિમાલયનું કન્યાદાન કરવું અને શિવને દહેજ આપવું તથા શિવાનો અભિષેક

બ્રહ્માજી કહે છે—હે નારદ! એ જ સમયે ત્યાં ગર્ગાચાર્યથી પ્રેરિત થઈને મેના સહિત હિમવાને કન્યાદાનના કાર્યનો આરંભ કર્યો. એ સમયે વસ્ત્ર-આભૂષણોથી વિભૂષિત મહાભાગા મેના સોનાનો કળશ લઈ પતિ હિમવાનની જમણી બાજુએ બેઠાં. તત્પશ્ચાત્ પુરોહિત સહિત હર્ષથી ભરેલા શૈલરાજને પાદ્ય વગેરે દ્વારા વરનું પૂજન કરીને વસ્ત્ર, ચંદન અને આભૂષણો દ્વારા એમનું વરણ કર્યું. ત્યાર પછી હિમાચલે બ્રાહ્મણોને કહ્યું - 'તમે લોકો તિથિ વગેરેના કીર્તનપૂર્વક કન્યાદાનના સંકલ્પનો પ્રયોગ બોલો. એ માટે અવસર આવી ગયો છે.' એ બધા દ્વિજશ્રેષ્ઠ કાલના જ્ઞાતા હતા. તેથી 'તથાસ્તુ' કહીને એ સર્વ ખૂબ જ પ્રસન્નતાની સાથે તિથિ આદિનું કીર્તન કરવા લાગ્યા. તદનંતર સુંદર લીલા કરનારા શંભુ દ્વારા મનમાં ને મનમાં પ્રેરિત થઈને હિમાચલે પ્રસન્નતાપૂર્વક હસીને કહ્યું - 'હે શંભો! આપ આપનું ગોત્ર કયું છે તેનો પરિચય આપો. પ્રવર, કુલ, નામ, વેદ અને શાખાનું પ્રતિપાદન કરો. હવે અધિક સમય જવા ન દો.'

હિમાચલની આ વાત સાંભળીને ભગવાન શંકર સુમુખ થઈને પણ વિમુખ થઈ ગયા. અશોચનીય થઈને પણ તત્કાળ શોચનીય અવસ્થામાં પડી ગયા. એ સમયે શ્રેષ્ઠ દેવતાઓ

મુનિઓ, ગંધર્વો, યક્ષો અને સિદ્ધોએ જોયું કે ભગવાન શિવના મુખથી કોઈ ઉત્તર જ આવી રહ્યો નથી. હે નારદ! આ જોઈને તમે હસવા માંડ્યા અને મહેશ્વરનું મનમાં ને મનમાં સ્મરણ કરીને ગિરિરાજને કહેવા લાગ્યા.

નારદે કહ્યું—હે પર્વતરાજ! તમે મૂઢતાને વશીભૂત થઈને કશું જ જાણતા નથી. મહેશ્વરને શું કહેવું જોઈએ અને શું ન કહેવું જોઈએ એની તમને ખબર જ નથી. વાસ્તવમાં તમે બહુ જ બહિર્મુખ છો. તમે આ સમયે સાક્ષાત્ હરને એમનું ગોત્ર પૂછ્યું છે અને એ બતાવવા માટે એમને પ્રેરિત કર્યા છે. તમારી આ વાત અત્યંત ઉપહાસજનક છે. હે પર્વતરાજ! એમનું ગોત્ર, કુળ અને નામને તો વિષ્ણુ અને બ્રહ્મા વગેરે પણ જાણતા નથી, પછી બીજાઓની તો વાત જ શી કરવી? હે શૈલરાજ! જેના એક દિવસમાં કરોડો બ્રહ્માઓનો લય થાય છે, એ જ ભગવાન શંકરને તમે આજે કાલીને તમે પ્રત્યક્ષ જોયા છે. એમને કોઈ રૂપ નથી, એ તો પ્રકૃતિથી પણ પરે, નિર્ગુણ પરબ્રહ્મ પરમાત્મા છે. નિરાકાર, નિર્વિકાર, માયાધીશ અને પરમાત્મ છે. ગોત્ર, કુળ અને નામથી રહિત સ્વતંત્ર પરમેશ્વર છે. સાથે જ પોતાના ભક્તો પ્રત્યે ખૂબ જ દયાળુ છે. ભક્તોની ઇચ્છાથી જ એ નિર્ગુણથી સગુણ થઈ જાય છે, નિરાકાર હોવા છતાં પણ સુંદર શરીર ધારણ કરી લે છે અને અનામા હોવા છતાં પણ અનેક નામવાળા થઈ જાય છે. એ ગોત્રહીન હોવા છતાં પણ ઉત્તમ ગોત્રવાળા છે. કુળહીન થઈને પણ કુલીન છે, પાર્વતીની તપસ્યાથી જ એ આજે તમારા જમાઈ બની ગયા છે, એમાં સંશય નથી. હે ગિરિશ્રેષ્ઠ! આ લીલાવિહારી પરમેશ્વરે ચરાચર જગતને મોહમાં નાખ્યું છે. કોઈ કેટલોય બુદ્ધિમાન કેમ ન હોય, તે ભગવાન શિવને સારી પેઠે અચ્છી તરહ નથી જાણતો.

બ્રહ્માજી કહે છે—હે મુને! આવું કહીને શિવની ઇચ્છાથી કાર્ય કરનારા તમે જ્ઞાની દેવર્ષિએ શૈલરાજને પોતાની વાણીથી ફરી આ રીતે ઉત્તર આપ્યો.

નારદ બોલ્યા—શિવાને જન્મ આપનાર હે તાત મહાશૈલ! મારી વાત સાંભળો અને એ સાંભળીને તમારી પુત્રી શંકર ભગવાનના હાથમાં આપી દો. લીલાપૂર્વક રૂપ ધારણ કરનારા સગુણ મહેશ્વરનું ગોત્ર અને કુળ કેવળ નાદ જ છે, એ વાતને સારી રીતે સમજી લો. શિવ નાદમય છે અને નાદ શિવમય છે. આ સર્વથા સાચ્ચી જ વાત છે. નાદ અને શિવ - એ બંનેમાં કોઈ અંતર નથી. હે શૈલેન્દ્ર! સૃષ્ટિની વેળાએ સૌથી પ્રથમ લીલાને માટે સગુણરૂપ ધારણ કરનારા શિવથી નાદ જ પ્રગટ થયો હતો. માટે તે સૌથી ઉત્કૃષ્ટ છે. હે હિમાલય! એટલા માટે મનમાં ને મનમાં સર્વેશ્વર શંકર દ્વારા પ્રેરિત થઈને મેં આજે અત્યારે વીણા વગાડવાનો આરંભ કરી દીધો હતો.

બ્રહ્માજી કહે છે—હે મુને! તમારી આ વાત સાંભળીને ગિરિરાજ હિમાલયને સંતોષ પ્રાપ્ત થયો અને એમના મનનો બધો વિસ્મય જતો રહ્યો. તદનંતર શ્રીવિષ્ણુ આદિ દેવતા તથા મુનિ બધા જ વિસ્મયરહિત થઈ ગયા અને નારદને સાધુવાદ આપવા માંડ્યા. મહેશ્વરની ગંભીરતા જાણીને બધા વિદ્વાન આશ્ચર્યચકિત થઈને ખૂબ જ પ્રસન્નતાની સાથે પરસ્પર બોલ્યા - 'અહો! જેમની આજ્ઞાથી આ વિશાળ જગતનું પ્રાગટ્ય થયું છે, જે પરાત્પર, આત્મબોધસ્વરૂપ,

સ્વતંત્ર લીલા કરનાર તથા ઉત્તમ ભાવથી જ જાણવાયોગ્ય છે, એ ત્રિલોકનાથ ભગવાન શંભુનાં અમે લોકોએ સારી પેઠે દર્શન કર્યાં છે.

તદનંતર હિમાલયે વિવિધ દ્વારા પ્રેરિત થઈને ભગવાન શિવને પોતાની કન્યાનું દાન કરી દીધું. કન્યાદાન કરતી વખતે એ બોલ્યા -

"ઇમાં કન્યાં તુભ્યમહં દદામિ પરમેશ્વર।
ભાર્યાર્થં પરિગૃહ્ણીષ્વ પ્રસીદ સકલેશ્વર॥

'હે પરમેશ્વર! હું મારી આ કન્યા આપને આપું છું. આપ એને તમારી પત્ની બનાવવા માટે ગ્રહણ કરો. હે સર્વેશ્વર! આ કન્યાદાનથી આપ સંતુષ્ટ થાઓ.'

આ મંત્રનું ઉચ્ચારણ કરીને હિમાચલે પોતાની પુત્રી ત્રિલોકજનની પાર્વતીને એ મહાન દેવતા રુદ્રના હાથમાં આપી દીધી. આ રીતે શિવાનો હાથ શિવના હાથમાં રાખીને આપીને શૈલરાજ મનમાં ને મનમાં બહુ પ્રસન્ન થયા. એ સમયે તે પોતાના મનોરથના મહાસાગરને પાર કરી ગયા હતા. પરમેશ્વર મહાદેવજીએ પ્રસન્ન થઈ વેદમંત્રના ઉચ્ચારણપૂર્વક ગિરિજાના કરકમલને શીઘ્ર જ પોતાના હાથમાં લઈ લીધો. હે મુને! લોકાચારના પાલનની આવશ્યકતાને જોતાં એ ભગવાન શંકરે પૃથ્વીનો સ્પર્શ કરીને **'કોઽદાત્૦'*** ઇત્યાદિ રૂપે કામસંબંધી મંત્રનો પાઠ કર્યો. એ સમયે ત્યાં બધી બાજુએ મહાન આનંદદાયક મહોત્સવ થવા માંડ્યો. પૃથ્વી પર, અંતરિક્ષમાં તથા સ્વર્ગમાં પણ જયજયકારના શબ્દ ગૂંજવા લાગ્યા. સર્વ લોકો અત્યંત હર્ષથી સભર બન્યા અને સાધુવાદ આપવા લાગ્યા. નમસ્કાર કરવા લાગ્યા. ગંધર્વગણ પ્રેમપૂર્વક ગાવા લાગ્યા અને અપ્સરાઓ નૃત્ય કરવા લાગી. હિમાચલ નગરના લોકો પણ પોતાના મનમાં પરમ આનંદનો અનુભવ કરવા લાગ્યા. એ સમયે મહાન ઉત્સવની સાથે સાથે પરમ મંગલ પણ મનાવા માંડ્યું. હું, વિષ્ણુ, ઇન્દ્ર, દેવગણ તથા સંપૂર્ણ મુનિ હર્ષથી સભર ભરાઈ ગયા. ત્યાર પછી શૈલરાજ હિમાચલે અત્યંત પ્રસન્ન થઈને શિવને માટે કન્યાદાનની યથા-ઉચિત સાંગતા પ્રદાન કરી. ત્યાર પછી બંધુજનોએ ભક્તિપૂર્વક શિવાનું પૂજન કરીને વિવિધ પ્રકારનાં વિધિ-વિધાનથી ભગવાન શિવને ઉત્તમ દ્રવ્ય સમર્પિત કર્યાં. હિમાલયે દહેજમાં દાયજામાં હાથમાં અનેક પ્રકારનાં દ્રવ્ય, રત્ન, પાત્ર, એક લાખ સુસજ્જિત ગાયો, એક લાખ સાજસજ્જાથી યુક્ત ઘોડા, કરોડ હાથી અને એટલા જ સુવર્ણજડિત રથ વગેરે વસ્તુઓ આપી. આ રીતે શિવને વિધિ-પૂર્વક પોતાની પુત્રી કલ્યાણમયી પાર્વતીનું દાન કરીને હિમાલય કૃતાર્થ થઈ ગયા. એ પછી શૈલરાજે યજુર્વેદની માધ્યંદિની શાખામાં વર્ણિત સ્તોત્ર દ્વારા બંને હાથ જોડીને પ્રસન્નતાપૂર્વક ઉત્તમ વાણીમાં પરમેશ્વર શિવની સ્તુતિ કરી. તત્પશ્ચાત્ વેદવેત્તા હિમાલયની આજ્ઞા મળ્યા પછી મુનિઓએ બહુ ઉત્સાહની સાથે શિવાના મસ્તક પર અભિષેક કર્યો અને મહાદેવજીનું નામ લઈને એ અભિષેકની વિધિ પૂરી કરી. હે મુને! એ સમયે બહુ મોટો આનંદદાયક મહોત્સવ થઈ રહ્યો હતો.

(અધ્યાય ૪૮)

*

* વિવાહમાં કન્યા-પ્રતિગ્રહ પછી વર આ કામસ્તુતિનો પાઠ કરે છે. પૂરો મંત્ર આ પ્રમાણે છે: **કોઽદાત્કસ્મા અદાત્કામોઽદાત્કામાયાદાત્કામો દાતા કામઃ પ્રતિગ્રહીતા કામૈતત્તે** (શુ. યજુર્વેદસંહિતા ૭/૪૮)

શિવના વિવાહનો ઉપસંહાર, એમના દ્વારા દક્ષિણા-વિતરણ, વરવધૂનું કુળદેવતાના પૂજન માટે જવું અને વાસભવનમાં જવું, ત્યાં સ્ત્રીઓ દ્વારા એમની પાસે લોકાચારનું પાલન કરાવવું, રતિની પ્રાર્થનાથી શિવ દ્વારા કામને જીવનદાન અને વરદાન આપવું, વરવધૂનું એકબીજાને મિષ્ટાનભોજન કરાવવું અને શિવનું જાનીવાસે પરત આવવું

બ્રહ્માજી કહે છે—હે નારદ! તદનંતર મારી આજ્ઞા મેળવીને મહેશ્વરે બ્રાહ્મણો દ્વારા અગ્નિની સ્થાપના કરાવી અને પાર્વતીને પોતાની આગળ બેસાડીને ત્યાં ઋગ્વેદ, યજુર્વેદ તથા સામવેદના મંત્રો દ્વારા અગ્નિમાં આહુતિઓ આપી. હે તાત! એ સમયે કાલીના ભાઈ મૈનાકે લાવાની (લાજા-ડાંગર)ની અંજલિ આપી અને કાલી તથા શિવ બંનેએ આહુતિ આપીને લોકાચારનો આશ્રય લઈને પ્રસન્નતાપૂર્વક અગ્નિદેવની પરિક્રમા કરી.

હે નારદ! ત્યાર પછી શિવની આજ્ઞાથી મુનિઓ સહિત મેં શિવા-શિવ-વિવાહનો બાકીનો ભાગ પ્રસન્નતાપૂર્વક પૂરો કર્યો. પછી એ બંને દંપતિના મસ્તક પર અભિષેક થયો. બ્રાહ્મણોએ એમને ઉદારતાપૂર્વક ધ્રુવનું દર્શન કરાવ્યું. ત્યાર પછી હૃદયાલંભનનું કાર્ય થયું. પછી બહુ ઉત્સાહની સાથે સ્વસ્તિવાચન થયું. એ પછી બ્રાહ્મણોની આજ્ઞાથી શિવે શિવાની સેંથીમાં સિંદૂર પૂર્યું. એ સમયે ગિરિરાજનન્દિની ઉમાની શોભા અદ્‌ભુત અને અવર્ણનીય થઈ ગઈ. પછી બ્રાહ્મણોના આદેશથી શિવ-દંપતી એક આસન પર બિરાજમાન થઈ ભક્તોના ચિત્તને આનંદદાયક ઉત્તમ શોભાને પ્રાપ્ત થયાં. હે મુને! ત્યાર પછી અદ્‌ભુત લીલા કરનારા એ નવદંપતિએ મારી આજ્ઞા મેળવીને પોતાના સ્થાન પર આવીને સંસ્રવપ્રાશન* કર્યું. આ રીતે વિધિપૂર્વક એ વૈવાહિક - યજ્ઞ પૂરો થઈ ગયા પછી ભગવાન શિવે મુજને-લોકસ્રષ્ટા બ્રહ્માને પૂર્ણ પાત્ર દાન કર્યું. પછી શંભુએ આચાર્યને ગોદાન આપ્યું. મંગળદાયક જે મોટાં મોટાં દાનો કહેવાય છે તે પણ બધાં જ સંપન્ન થયાં. ત્યાર પછી એમણે ઘણાબધા બ્રાહ્મણોને જુદી જુદી સો સો સુવર્ણ મુદ્રાઓ આપી. કરોડો રત્નોનું દાન કર્યું, અનેક પ્રકારનાં દ્રવ્યો વહેંચ્યાં. એ સમયે સર્વ દેવતા તથા બીજા બીજા ચરાચર જીવ મનમાં ને મનમાં ખૂબ જ પ્રસન્ન થયા અને જોર જોરથી જય જયકારનો ધ્વનિ થવા લાગ્યો. બધી બાજુએ માંગલિક શબ્દો અને ગીતો ગવાવવામાં લાગ્યાં. વાદ્યોનો મનોહર ધ્વનિ બધાના આનંદની વૃદ્ધિ કરવા લાગ્યો. ત્યાર પછી શ્રીવિષ્ણુ, હું, દેવતા, ઋષિ તથા અન્ય સર્વ લોકો ગિરિરાજ પાસેથી આજ્ઞા લઈને ખૂબ જ પ્રસન્નતાની સાથે શીઘ્ર જ પોતપોતાના રહેવાના સ્થાને ચાલ્યા આવ્યા. એ સમયે હિમાલયનગરની સ્ત્રીઓ આનંદમગ્ન થઈને શિવ અને પાર્વતીને લઈને કુળદેવતાના પૂજનના સ્થાને લઈ ગયાં. ત્યાં

---

* અગ્નિમાં ઘીની આહુતિ આપીને સરવામાં અવશિષ્ટ ઘીને પ્રોક્ષણી પાત્રમાં નાખવાની વિધિ છે. પ્રત્યેક આહુતિમાં આમ કરવામાં આવે છે. પ્રોક્ષણીપાત્રમાં નાખેલા ઘીને જ 'સંસ્રવ' કહે છે. અંતમાં યજમાન એને પીએ છે. એને જ 'સંસ્રવપ્રાશન' કહેવામાં આવે છે.

એ સૌએ આદરપૂર્વક વર-વધૂ પાસે લોકાચારનું સંપાદન કરાવ્યું. એ સમયે સર્વત્ર પરમાનંદદાયક મહાન ઉત્સવ છવાઈ રહ્યો હતો. ત્યાર પછી તે સ્ત્રીઓએ લોકકલ્યાણકારી દંપતીને સાથે લઈને પરમ દિવ્ય વાસભવન (કૌતુકાગાર)માં ગઈ અને ત્યાં પ્રસન્નતાપૂર્વક લોકાચારનું સંપાદન કર્યું. એ પછી ગિરિરાજના નગરની સ્ત્રીઓએ પાસે આવીને મંગલકૃત્ય કરીને એ નવદંપતીને કેલિગૃહમાં પહોંચાડ્યાં, અને જયધ્વનિ કરતાં કરતાં એમના ગઠબંધનની ગાંઠ ખોલવાનું વગેરે કાર્ય સંપન્ન કર્યું.

એ સમયે એ નૂતન દંપતિને જોવા માટે સોળ દિવ્ય નારીઓ બહુ આદરની શીઘ્રતાપૂર્વક ત્યાં આવી. એમનાં નામ આ પ્રમાણે છે - સરસ્વતી, લક્ષ્મી, સાવિત્રી, ગંગા, અદિતિ, શચી, લોપામુદ્રા, અરુન્ધતી, અહલ્યા, તુલસી, સ્વાહા, રોહિણી, પૃથ્વી, શતરૂપા, સંજ્ઞા તથા રતિ. આ દેવાંગનાઓ તથા મનોહારિણી દેવકન્યા, નાગકન્યા અને મુનિકન્યાઓ પણ ત્યાં આવી પહોંચી. ત્યાં એટલી સ્ત્રીઓ હાજર હતી કે એ સૌની ગણના કરવામાં કોણ સમર્થ છે? એમના આપેલા રત્નસિંહાસન

'ર ભગવાન શિવ પ્રસન્નતાપૂર્વક બેઠા. એ સમયે
ધાંએ શિવ સાથે વિવિધ પ્રકારની વિનોદપૂર્ણ
વાત
પોતા. ત્યાર બાદ પ્રસન્નચિત્ત થયેલ મહેશ્વરે
આચમનીની સાથે મિષ્ટાન્ન ભોજન અને
આ કપૂરવાળું પાન ખાધું.
પ્રસન્ન થયેલ પર અનુકૂળ સમય જાણીને
કહ્યું - 'હે ભગ નવત્સ ભગવાન શંકરને
આપે અત્યંત દુ નું પાણિગ્રહણ કરીને
બતાવો તો ખરા, પ્રાપ્ત કર્યું છે.
સ્વાર્થરહિત હતા, આપ . જે સર્વથા
ીધા? હવે

અહીં મારા પતિને જીવિત કરો અને પોતાના અંતઃકરણમાં કામ-સંબંધી વ્યાપારને જાગ્રત કરો. તમને અને મને જે સમાનરૂપે વિયોગજનિત સંતાપ પ્રાપ્ત થયો છે એને દૂર કરો. હે મહેશ્વર! આપના આ વિવાહ-ઉત્સવમાં બધા જ લોકો સુખી થયા છે. માત્ર હું જ પોતાના પતિ વિના દુઃખમાં ગળાડૂબ છું. હે દેવ! હે શંકર! પ્રસન્ન થાઓ, અને મને સનાથ કરો. હે દીનબંધો! હે પરમ પ્રભો! આપે કહેલું વચન સત્ય કરો. ચરાચર પ્રાણીઓ સહિત ત્રણે લોકોમાં આપના સિવાય બીજું કોણ છે, જે મારા દુઃખના નાશ કરવામાં સમર્થ હોય? આવું જાણીને આપ મુજ પર દયા કરો. દીનો પર દયા કરનારા હે નાથ! સર્વને આનંદ પ્રદાન કરનારા પોતાના આ વિવાહ ઉત્સવમાં મને પણ ઉત્સવસંપન્ન બનાવો. મારા પ્રાણનાથના જીવિત થવાથી જ પોતાની પ્રિયા પાર્વતીની સાથે આપનો સુંદર વિવાહ પરિપૂર્ણ થશે, એમાં સંશય નથી.

હે સર્વેશ્વર! આપ સર્વ કાંઈ કરવામાં સમર્થ છો. કેમકે, આપ જ પરમેશ્વર છો. અહીં હવે વધારે કહેવાથી શો લાભ? હે સર્વેશ્વર! આપ શીઘ્ર જ મારા પતિને જીવિત કરો.'

આવું કહીએ રતિએ ગાંઠમાં બાંધેલ કામદેવના શરીરની ભસ્મ શંભુને આપી દીધી અને એમની સામે 'હા નાથ! હા નાથ!' કહીને રડવા લાગી. - રતિનું રુદન સાંભળીને સરસ્વતી વગેરે બધી જ દેવીઓ રડવા લાગી અને અત્યંત દીન વાણીમાં બોલી - 'હે પ્રભો! આપનું નામ ભક્તવત્સલ છે. આપ દીનબંધુ અને દયાના સાગર છો. તેથી કામને જીવનદાન આપો અને રતિને ઉત્સાહિત કરો. આપને નમસ્કાર છે.'

બ્રહ્માજી કહે છે—હે નારદ! એ સર્વની એ વાત સાંભળીને મહેશ્વર પ્રસન્ન થઈ ગયા. એ કરુણાસાગર પ્રભુએ તત્કાળ જ રતિ પર કૃપા કરી. ભગવાન શૂલપાણિની અમૃતમયી દૃષ્ટિ પડતાંની સાથે જ પહેલાં જેવું રૂપ, વેશ અને ચિહ્નથી યુક્ત અદ્‌ભુત મૂર્તિધારી સુંદર કામદેવએ ભસ્મથી પ્રગટ થઈ ગયા. પોતાના પતિને એવાં જ રૂપ, આકૃતિ, મંદમુસ્કાન અને ધનુષ-બાણથી યુક્ત જોઈને રતિએ મહેશ્વરને પ્રણામ કર્યા. તે કૃતાર્થ થઈ ગઈ. એણે પ્રાણનાથની પ્રાપ્તિ કરાવનારા ભગવાન શિવનું પોતાના જીવિત પતિની સાથે હાથ જોડીને વારંવાર સ્તવન કર્યું. પત્નીસહિત કામની કરેલી સ્તુતિને સાંભળીને દયાર્દ્ર હૃદય ભગવાન શંકર અત્યંત પ્રસન્ન થયા અને આ પ્રકારે બોલ્યા -

શંકરે કહ્યું—હે મનોભવ! પત્નીસહિત તમે જે સ્તુતિ કરી છે એનાથી હું બહુ પ્રસન્ન છું. સ્વયં પ્રગટ થનાર હે કામ! તમે વરદાન માગો. હું તમને મનોવાંછિત વસ્તુ આપીશ.

શંભુનું આ વચન સાંભળીને કામદેવ મહાન આનંદમાં નિમગ્ન થઈ ગયા અને હાથ જોડીને મસ્તક નમાવી ગદ્‌ગદ વાણીમાં બોલ્યા.

કામદેવે કહ્યું—હે દેવદેવ મહાદેવ! કરુણાસાગર હે પ્રભો! જો આપ મારા ઉપર પ્રસન્ન થયા હોય તો મારે માટે આનંદદાયક થાઓ. હે પ્રભો! પૂર્વકાળમાં મેં જે અપરાધ કર્યો હતો, એની મને ક્ષમા કરો. સ્વજનો પ્રતિ પરમ પ્રેમ અને આપનાં ચરણોમાં ભક્તિ આપો.

કામદેવનું આ કથન સાંભળીને પરમેશ્વર શિવ પ્રસન્ન થઈને બોલ્યા - 'બહુ સારું' એ પછી એ કરુણાનિધિએ હસીને કહ્યું - હે મહામતે કામદેવ! હું તમારા ઉપર પ્રસન્ન છું. તમે મનમાંથી ભય કાઢી નાખો. ભગવાન વિષ્ણુની પાસે જાઓ અને આ ઘરથી બહાર જ રહો.'

ત્યાર પછી કામ શિવજીને પ્રણામ કરીને બહાર આવી ગયો. વિષ્ણુ વગેરે દેવતાઓએ એને આશીર્વાદ આપ્યા એ પછી ભગવાન શંકરે એ વાસભવનમાં પાર્વતીને ડાબી બાજુ બેસાડીને મિષ્ટાન્ન ભોજન કરાવ્યું અને પાર્વતીએ પણ પ્રસન્નતાપૂર્વક એમનું મુખ મીઠું કરાવ્યું. એ પછી ત્યાં લોકાચારનું પાલન કરતાં કરતાં આવશ્યક કૃત્ય કરીને મેના અને હિમવાનની આજ્ઞા લઈને ભગવાન શિવ જાનીવાસે ચાલ્યા ગયા. હે મુને! એ સમયે મહાન ઉત્સવ થયો અને વેદમંત્રોનો ધ્વનિ થવા લાગ્યો. લોકો ચાર પ્રકારનાં* વાદ્યો વગાડવા લાગ્યા. જાનીવાસે

---

* અમરકોશમાં જે ચાર પ્રકારનાં વાદ્યો બતાવાયાં છે, સંસારમાં અથવા અર્વાચીન વાદ્યો એમાં જ સમાઈ જાય છે. એમનાં નામ આ પ્રકારે છે. તત, આનદ્ધ, સુષિર અને ઘન. તત એ વાદ્ય છે જેમાં તારનો વિસ્તાર હોય જેમકે, વીણા, સિતાર

પોતાના સ્થાન પર પહોંચીને લોકાચારવશ મુનિઓને પ્રણામ કર્યા. શ્રીહરિને અને મને પણ એમણે મસ્તક નમાવ્યું. નમસ્કાર કર્યા. પછી બધા દેવતાઓએ એમની વંદના કરી. એ સમયે ત્યાં જયજયકાર, નમસ્કાર તથા સમસ્ત વિઘ્નોનો નાશ કરનાર વેદધ્વનિ પણ થવા લાગ્યો. એ પછી મેં, ભગવાન વિષ્ણુએ તથા ઇન્દ્ર, ઋષિ અને સિદ્ધોએ વગેરેએ પણ શંકરજીની સ્તુતિ કરી. ગિરિજાનાયક મહેશ્વરની સ્તુતિ કરીને એ વિષ્ણુ આદિ દેવતા પ્રસન્નતાપૂર્વક એમની યથોચિત સેવામાં લાગી ગયા. ત્યાર બાદ લીલાપૂર્વક શરીર ધારણ કરનાર મહેશ્વર શંભુએ એ સૌને સન્માન આપ્યું. પછી એ પરમેશ્વરની આજ્ઞા મેળવીને વિષ્ણુ આદિ દેવતાઓ અત્યંત પ્રસન્ન થઈ પોત-પોતાને વિશ્રામ સ્થાને ગયા.

(અધ્યાય ૪૯-૫૧)

*

રાત્રે પરમ સુંદર રીતે સજાવેલા વાસગૃહમાં શયન કરીને પ્રાતઃકાલ ભગવાન શિવનું જાનીવાસમાં આગમન

બ્રહ્માજી કહે છે—હે તાત! ત્યાર પછી ભાગ્યવાનોમાં શ્રેષ્ઠ અને ચતુર ગિરિરાજ હિમવાને જાનૈયાઓને ભોજન કરાવવાને માટે પોતાનું આંગણું સુંદર રીતે સજાવ્યું તથા પોતાના પુત્રો તથા અન્યાન્ય પર્વતોને મોકલીને શિવસહિત સર્વ દેવતાઓને ભોજનને માટે બોલાવ્યા. જ્યારે બધા લોકો આવી ગયા, ત્યારે એમને ખૂબ આદર સાથે ઉત્તમોત્તમ ભોજ્ય પદાર્થોનું ભોજન કરાવ્યું. ભોજન પછી હાથ-મોં ધોવડાવ્યાં અને કોગળા કરીને વિષ્ણુ વગેરે દેવતાઓ વિશ્રામને માટે પ્રસન્નતાપૂર્વક પોતપોતાના ડેરામાં ગયા. મેનાની આજ્ઞાથી સાધ્વી સ્ત્રીઓએ ભગવાન શિવની પ્રાર્થનાભક્તિપૂર્વકની પ્રાર્થના - કરીને એમને મહાન ઉત્સવથી પરિપૂર્ણ સુંદર વાસભુવનમાં બિરાજમાન કર્યા. મેનાએ આપેલા મનોહર રત્નસિંહાસન પર બેસીને આનંદિત થયેલા શિવજીએ એ વાસમંદિરનું નિરીક્ષણ કર્યું. એ ભવન પ્રજ્વલિત થયેલા સેંકડો રત્નમય પ્રદીપોને કારણે અદ્‌ભુત પ્રભાથી ઉદ્‌ભાસિત થઈ રહ્યું હતું. ત્યાં રત્નમય પાત્ર અને રત્નોના જ કળશો રાખેલા હતા. મોતી અને મણિઓથી આખું ભવન ઝગારા મારી રહ્યું હતું. રત્નમય દર્પણની શોભાથી સંપન્ન અને શ્વેત ચામરથી અલંકૃત હતું. મુક્તામણિઓની સુંદર માળાઓ (વંદનવાર) તોરણોથી આવેષ્ટિત (છવાયેલું) એ વાસભવન બહુ જ સમૃદ્ધિશાળી જણાતું હતું. એની કોઈ ઉપમા ક્યાંય મળતી ન હતી. એ મહાદિવ્ય, અતિવિચિત્ર, પરમ મનોહર તથા મનને આહ્લાદ પ્રદાન કરનારું હતું. એના ફર્શ પર વિવિધ પ્રકારની રચનાઓ - આકૃતિઓ દોરેલી હતી, વેલ-ફૂલના બુટ્ટા ચિત્રિત હતા. શિવજીના આપેલા વરદાનનો જ મહાન અને અનુપમ

વગેરે જેને ચામડાથી મઢીને કસી રાખ્યું હોય તે 'આનદ્ધ' કહેવાય છે. જેમકે, ઢોલ, મૃદંગ, નગારાં વગેરે. જેમાં છે હોય, કાણું હોય, અને એમાં હવા ભરીને સ્વર કાઢી શકાય એને 'સુષિર' કહે છે જેમકે, વંશી, શંખ, બ્યુગલ, હાર્મોનિય વગેરે. કાંસના ઝાંઝ કરતાલ વગેરેને 'ઘન' કહે છે.

પ્રભાવ જણાવ્યું એ શોભાશાળી ભવન શિવલોકના નામથી પ્રસિદ્ધ કરેલું હતું. વિવિધ પ્રકારનાં સુગંધિત શ્રેષ્ઠ દ્રવ્યોથી સુવાસિત તથા સુંદર પ્રકાશથી પરિપૂર્ણ હતું. ત્યાં ચંદન અને અગરની મિશ્રિત ગંધ ફેલાઈ રહી હતી. એ ભવનમાં ફૂલોની સેજ પાથરેલી હતી. વિશ્વકર્માએ બનાવેલું એ ભવન વિવિધ પ્રકારનાં વિચિત્ર ચિત્રોથી સુસજ્જિત હતું. શ્રેષ્ઠ રત્નોના સારભૂત મણિઓથી નિર્મિત સુંદર હારોથી એ વાસગૃહને અલંકૃત કરેલું હતું. એમાં વિશ્વકર્મા દ્વારા નિર્મિત કૃત્રિમ વૈકુંઠ, બ્રહ્મલોક, કૈલાસ, ઇન્દ્રભવન તથા શિવલોક વગેરે દેખાઈ રહ્યા હતા. આવી આશ્ચર્યજનક શોભાથી સંપન્ન એ વાસભવનને જોઈને ગિરિરાજ હિમાલયની પ્રશંસા કરતાં કરતાં ભગવાન મહેશ્વર બહુ સંતુષ્ટ થયા. ત્યાં અતિ રમણીય રત્નજડિત ઉત્તમ પલંગ પર પરમેશ્વર શિવ ખૂબ જ પ્રસન્નતાથી લીલાપૂર્વક સૂઈ ગયા. આ બાજુ હિમાલયે ખૂબ જ પ્રસન્નતાથી પોતાના ભાઈ-બંધુઓને અને બીજા લોકોને પણ ભોજન કરાવ્યું. જે કાર્ય બાકી રહી ગયાં હતાં એમને પણ પૂર્ણ કર્યાં.

શૈલરાજ હિમાલય આ પ્રકારે આવશ્યક કાર્યમાં વ્યસ્ત હતા અને પ્રિયતમ પરમેશ્વર શિવ શયન કરી રહ્યા હતા. એટલામાં જ આખી રાત વીતી ગઈ અને પ્રાતઃકાળ થયો. પ્રભાતકાળ હોવા પર ધૈર્યવાન અને ઉત્સાહી પુરુષ વિવિધ પ્રકારનાં વાજાં વગાડવા લાગ્યા. એ સમયે વિષ્ણુ આદિ સર્વ દેવતાઓ આનંદપૂર્વક ઊઠ્યા અને પોતાના ઇષ્ટદેવ દેવેશ્વર શિવનું સ્મરણ કરીને ત્યાંથી કૈલાસ જવાને માટે જલદી જલદી તૈયાર થઈ ગયા. એમણે પોતાનાં વાહનો પણ સુસજ્જિત કરી લીધાં. ત્યાર પછી ધર્મને શિવ સમીપે મોકલ્યા. યોગશક્તિથી સંપન્ન ધર્મ નારાયણની આજ્ઞાથી વાસગૃહમાં પહોંચીને યોગીશ્વર શંકરને સમયોચિત વાત કહેવા લાગ્યા - 'હે પ્રમથગણોના સ્વામી મહેશ્વર! ઊઠો-ઊઠો; આપનું કલ્યાણ થાઓ. આપ અમારે માટે પણ કલ્યાણકારી બનો; જાનીવાસેથી ચાલો અને ત્યાં સર્વ દેવતાઓને કૃતાર્થ કરો.'

ધર્મની આ વાત સાંભળીને ભગવાન મહેશ્વર હસ્યા-એમણે ધર્મ તરફ કૃપાદૃષ્ટિથી જોયું અને શૈયા ત્યાગ કરી દીધો. ત્યાર પછી ધર્મને હસતાં હસતાં કહ્યું - 'તમે આગળ ચાલો. હું પણ શીઘ્ર જ ત્યાં જઈશ, એમાં સંશય નથી.'

ભગવાન શિવના આવા કથન પર ધર્મ જાનીવાસે ગયા. ત્યાર પછી શંભુ પણ સ્વયં ત્યાં જવા તૈયાર થયા. આ જાણીને મહાન ઉત્સવ કરતી સ્ત્રીઓ ત્યાં આવી અને ભગવાન શંભુનાં યુગલ ચરણારવિન્દોનું દર્શન કરીને મંગલગાન કરવા લાગી - તદનંતર લોકાચારનું પાલન કરતા શંભુ પ્રાતઃકાલિક કૃત્યો કરીને મેના અને હિમાલયની આજ્ઞા લઈને જાનીવાસે ગયા. હે મુને! એ સમયે બહુ ભારે ઉત્સવ થયો. વેદમંત્રોનો ધ્વનિ થવા માંડ્યો અને લોકો ચારે પ્રકારનાં વાદ્યો વગાડવા લાગ્યા - પોતાના સ્થાન પર આવીને શંભુએ લોકાચાર વશ મુનિઓને, વિષ્ણુને અને મને પ્રણામ કર્યા. પછી દેવતા વગેરે મેળવી વંદના કરી. એ સમયે જયજયકારનો મંગલધ્વનિ થવા લાગ્યો. આથી ચારે બાજુ કોલાહલ છવાઈ ગયો. (અધ્યાય-૫૨)

*

ચતુર્થીકર્મ, જાન ઘણા દિવસ રહી, સપ્તર્ષિઓએ સમજાવ્યું ત્યારે હિમાલય જાનને વિદાય આપવા રાજી થયા, મેના શિવને પોતાની કન્યા સોંપે છે અને જાનનું પુરી બહાર જઈને રોકાઈ જવું

બ્રહ્માજી કહે છે—ત્યાર પછી વિષ્ણુ વગેરે દેવતા તથા ઋષિ કૈલાસે પરત જવાનો વિચાર કરવા લાગ્યા - ત્યારે હિમાલયે જાનીવાસે આવીને સર્વને ભોજન માટે નિમંત્રિત કર્યા. ત્યાર પછી દેવેશ્વર શિવને આમંત્રિત કરીને હિમાચલ પોતાને ઘેર ગયા અને વિવિધ પ્રકારના વિધાનથી ભોજનોત્સવની તૈયારી કરવા લાગ્યા. એમણે પ્રસન્નતા અને ઉત્કંઠા સાથે ભોજન માટે પરિવાર સહિત ભગવાન શિવને યથોચિત રીતે પોતાને ઘેર બોલાવ્યા. શંભુનાં, વિષ્ણુનાં, મારાં, અન્ય સર્વે દેવતાઓનાં મુનિઓનાં તથા ત્યાં આવેલા અન્ય સર્વ લોકોનાં પણ ચરણોને બહુ જ આદર સાથ ધોઈને સર્વને ગિરિરાજે મંડપની અંદર સુંદર આસનો પર બેસાડ્યા. પછી પોતાના ભાઈ-બંધુઓને સાથે લઈને એમના સહયોગથી વિવિધ પ્રકારના સરસ પદાર્થો દ્વારા પૂર્ણતયા તૃપ્ત કર્યા. મારી, વિષ્ણુ અને શંભુની સાથે બધા લોકોએ સારી રીતે ભોજન કર્યું. હે નારદ! વિધિવત્ ભોજન અને આચમન કરીને તૃપ્ત અને પ્રસન્ન થયેલા બધા લોકો હિમાલય પાસેથી આજ્ઞા લઈને પોતપોતાના નિવાસસ્થાને ગયા. હે મુને! આ રીતે ત્રીજે દિવસે પણ ગિરિરાજે વિધિવત્ દાન, માન અને આદર વગેરે દ્વારા એ સૌનો સત્કાર કર્યો. ચોથે દિવસે શુદ્ધતાપૂર્વક સવિધિ ચતુર્થીકર્મ થયું, જેના વગર વિવાહ યજ્ઞ અધૂરો જ રહી જતો હોય છે. એ સમયે વિવિધ પ્રકારના ઉત્સવો થયા. સાધુવાદ અને જય-જયકારનો ધ્વનિ થયો. ઘણાં બધાં સુંદર દાન દેવાયાં. વિવિધ પ્રકારનાં ગાન અને નૃત્યો થયાં. પાંચમે દિવસે સર્વ દેવતાઓએ ખૂબ હર્ષ અને અત્યંત પ્રેમપૂર્વક શૈલરાજને સૂચિત કર્યું કે 'હવે અમે લોકો અહીંથી જવા માગીએ છીએ. આપ આજ્ઞા પ્રદાન કરો.' એમની એ વાત સાંભળીને ગિરિરાજ હિમવાન હાથ જોડીને બોલ્યા - 'હે દેવગણ! આપ લોકો થોડા દિવસ વધારે રહો તથા મારા ઉપર કૃપા કરો.' આમ કહીને એમણે સ્નેહપૂર્વક એ દેવતાઓને, ભગવાન શિવને, વિષ્ણુને અને મને તથા અન્ય લોકોને બહુ દિવસો સુધી રાખ્યા અને પ્રતિદિન વિશેષ આદરસત્કાર કર્યો.

આ રીતે દેવતાઓને ત્યાં ઘણા દિવસે રહેવું પડ્યું. ઘણા દિવસ રહ્યા, ત્યારે એમણે ગિરિરાજ પાસે સપ્તર્ષિઓને મોકલ્યા. સપ્તર્ષિઓએ હિમવાન અને મેનાને સમયોચિત વાત કહીને એમને સમજાવ્યાં, પરમ શિવતત્ત્વનું વર્ણન કર્યું અને પ્રસન્નતાપૂર્વક એમના સૌભાગ્યની પ્રશંસા કરી. હે મુને! એમના સમજાવવાથી ગિરિરાજે જાનને વિદાય કરવાનું સ્વીકારી લીધું. ત્યાર પછી ભગવાન શંભુ યાત્રાને માટે તૈયાર થયા અને દેવતા વગેરેની સાથે શૈલરાજ પાસે આવ્યા. દેવેશ્વર શિવ દેવતાઓ સહિત કૈલાસની યાત્રા માટે જ્યારે તૈયાર થયા, એ સમયે મેના ઉચ્ચ સ્વરે રડવા લાગ્યાં, અને એ કૃપાનિધાનને કહેવા લાગ્યાં.

મેનાએ કહ્યું—હે કૃપાનિધે! કૃપા કરીને મારી શિવાનું સારી પેઠે લાલન-પાલન કરજો.

તમે તો આશુતોષ છો. પાર્વતીના હજારો અપરાધોને પણ ક્ષમા કરી દેજો. મારી દીકરી જન્મે-જન્મે આપનાં જ ચરણારવિન્દોની ભક્ત રહી છે અને રહેશે. એને સૂતાં-જાગતાં પણ પોતાના સ્વામી મહાદેવ સિવાય બીજી કોઈ વસ્તુની યાદ રહેતી નથી, શુદ્ધ નથી રહેતી. હે મૃત્યુંજય! આપના પ્રતિ ભક્તિભાવની વાતો સાંભળીને જ એ હર્ષનાં આંસુ વહેરાવી પુલક્તિ થઈ ઊઠે છે, અને આપની નિંદા સાંભળીને એવું મૌન સાધી લે છે જાણે મરી જ ગઈ હોય!

બ્રહ્માજી કહે છે—હે નારદ! આવું કહીને મેનાએ પોતાની પુત્રી શિવને સોંપી દીધી અને એ બંનેની સામે જ ઉચ્ચ સ્વરથી રડતી રડતી તે મૂર્ચ્છિત થઈ ગયાં. ત્યારે મહાદેવજીએ મેનાને સમજાવીને ભાનમાં આવી અને એમની પાસેથી વિદાય લઈને દેવતાઓની સાથે મહાન ઉત્સવપૂર્વક યાત્રા કરી. એ સૌ દેવતા પોતાના સ્વામી શિવ તથા સેવકગણો સાથે ચૂપચાપ કૈલાસ પર્વત તરફ પ્રસ્થાન કરી ગયા. એ મનમાં ને મનમાં શિવનું ચિંતન કરી રહ્યા હતા. હિમાચલપુરીના બહારના બાગમાં આવીને શિવ સહિત બધા દેવતા હર્ષ અને ઉત્સાહ સાથે ઊભા રહ્યા અને શિવાના આગમનની પ્રતીક્ષા કરવા લાગ્યા. હે મુનીશ્વર! આ રીતે દેવતાઓ સહિત શિવની શ્રેષ્ઠ યાત્રાનું વર્ણન કરવામાં આવ્યું છે. હવે શિવાની યાત્રાનું વર્ણન સાંભળો, જે વિરહ વ્યથા અને આનંદ બંનેથી સંયુક્ત છે.

(અધ્યાય ૫૩)

*

મેનાની ઇચ્છા અનુસાર એક બ્રાહ્મણ પત્નીનો પાર્વતીને પતિવ્રત ધર્મનો ઉપદેશ દેવો

બ્રહ્માજી કહે છે—હે નારદ! ત્યાર પછી સપ્તર્ષિઓએ હિમાલયને કહ્યું - 'હે ગિરિરાજ! હવે તમે તમારી પોતાની દીકરી પાર્વતી દેવીની યાત્રાનો ઉચિત પ્રબંધ કરો.' હે મુનીશ્વર! આ સાંભળીને પાર્વતીનો ભાવિ વિરહનો અનુભવ કરીને ગિરિરાજ કેટલોક સમય તો અધિક પ્રેમને કારણે વિષાદમાં ડૂબેલા જ રહ્યા. થોડી વાર પછી સચેત - ભાનમાં આવીને શૈલરાજે 'તથાસ્તુ' કહીને મેનાને સંદેશ આપ્યો. હે મુને! હિમવાનનો સંદેશ મેળવીને હર્ષ અને શોકને વશીભૂત થયેલી મેના પાર્વતીને વિદાય આપવા તૈયાર થયાં. શૈલરાજની પ્યારી પત્ની મેનાએ વિધિપૂર્વક વૈદિક અને લૌકિક કુલાચારનું પાલન કર્યું અને એ સમયે વિવિધ પ્રકારના ઉત્સવો યોજાયા. પછી એમણે વિવિધ પ્રકારનાં રત્નજડિત વસ્ત્રો અને બાર આભૂષણો દ્વારા રાજોચિત શૃંગાર કરીને પાર્વતીને વિભૂષિત કરી. ત્યાર પછી મેનાના મનોભાવ જાણીને એક સતી સાધ્વી બ્રાહ્મણ-પત્નીએ ગિરિજાને ઉત્તમ પાતિવ્રતની શિક્ષા-ઉપદેશ આપ્યો.

બ્રાહ્મણ-પત્ની બોલી—હે ગિરિરાજ કિશોરી! તમે પ્રેમપૂર્વક મારું આ વચન સાંભળો. એ ધર્મને વધારનાર, આલોક અને પરલોકમાં પણ આનંદદાયક તથા શ્રોતાઓને પણ સુખની પ્રાપ્તિ કરાવનારું છે. સંસારમાં પતિવ્રતા નારી જ ધન્ય છે, બીજી નહીં. તે જ વિશેષરૂપે પૂજનીય છે. પતિવ્રતા સર્વ લોકોને પવિત્ર કરનારી અને સમસ્ત પાપરાશિને નષ્ટ કરી દેનારી છે. હે શિવે! જે પતિને પરમેશ્વરની સમાન માનીને પ્રેમથી એની

સેવા કરે છે, તે આ લોકમાં સંપૂર્ણ ભોગોનો ઉપભોગ કરીને અંતમાં કલ્યાણમયી ગતિને પામે છે.* સાવિત્રી, લોપામુદ્રા, અરુન્ધતી, શાંડિલી, શતરૂપા, અનસૂયા, લક્ષ્મી, સ્વધા, સતી, સંજ્ઞા, સુમતિ, શ્રદ્ધા, મેના અને સ્વાહા - આ તથા બીજી પણ ઘણી બધી સ્ત્રી સાધ્વીનાં નામ બતાવવામાં આવેલ છે. અહીં વિસ્તારભયથી એમનાં નામ નથી લેવાયાં. તે પોતાના પાતિવ્રત્યના બળથી જ સર્વ લોકોની પૂજનીય તથા બ્રહ્મા, વિષ્ણુ, શિવ અને મુનીશ્વરોની પણ માનનીયા થઈ ગઈ. એટલા માટે તમારે તમારા પતિ ભગવાન શંકરની સદા સેવા કરવી જોઈએ. એ દીનદયાળુ સર્વના સેવનીય, સત્પુરુષોનો આશ્રય છે. શ્રુતિઓ અને સ્મૃતિઓમાં પતિવ્રતા ધર્મને મહાન કહેવાયો છે. એને જેવો શ્રેષ્ઠ બતાવ્યો છે એવો તો બીજો કોઈ ધર્મ જ નથી - આ નિશ્ચયપૂર્વક કહી શકાય છે.

પાતિવ્રત્ય-ધર્મમાં તત્પર રહેનારી સ્ત્રી પોતાના પ્રિય પતિના ભોજન કરી લીધા પછી જ ભોજન કરે. હે શિવે! જ્યારે પતિ ઊભા હોય ત્યારે સાધ્વી સ્ત્રીએ પણ ઊભાં જ રહેવું જોઈએ - શુદ્ધબુદ્ધિવાળી સાધ્વી સ્ત્રી પ્રતિદિન પોતાનો પતિ ઊંઘી જાય પછી જ ઊંઘે અને પતિના જાગવા પહેલાં જાગી જાય. તે છળકપટ છોડીને સદા પતિને માટે જ હિતકર કાર્ય કરતી રહે. હે શિવે! સાધ્વી સ્ત્રીએ જ્યાં સુધી પોતે વસ્ત્ર-આભૂષણથી વિભૂષિત ન થઈ લે ત્યાં સુધી પોતાને પતિની દૃષ્ટિ સન્મુખ ન લાવે. જો પતિ કોઈ કાર્ય માટે પરદેશ ગયો હોય તો એ દિવસોમાં એણે કદાપિ શૃંગાર ન કરવો જોઈએ. પતિવ્રતા સ્ત્રી ક્યારેય પતિનું નામ ન લે. પતિનાં કટુ-વચન સાંભળીને પણ એ સામે બદલાયાં કડવી, કઠોર વાત ન કરે. પતિ બોલાવે કે તરત ઘરનાં બધાં કામ છોડી તરત એમની પાસે જાય અને હાથ જોડીને પ્રેમથી મસ્તક નમાવીને પૂછે - 'હે નાથ! શા કામ માટે આ દાસીને બોલાવી છે? મને સેવા માટે આદેશ આપીને તમારી કૃપાથી અનુગૃહીત કરો.' પછી પતિ જે આદેશ આપે એનું એ પ્રસન્ન હૃદયથી પાલન કરે. તેણે ઘરના દરવાજે ઘણો વખત ઊભાં ન રહેવું જોઈએ. બીજાને ઘેર ન જવું. કોઈ ગુપ્ત વાત જાણીને દરેકની સામે એ પ્રકાશિત ન કરે. પતિના કહ્યા વગર એમને માટે પૂજાની સામગ્રી જાતે એકત્ર કરી દેવી જોઈએ અને એમના હિત-સાધનાને યથા-ઉચિત અવસરની પ્રતીક્ષા કરતી રહે. પતિની આજ્ઞા લીધા વિના ક્યાંય પણ તીર્થયાત્રા માટે પણ ન જાય. લોકોની ભીડ ભરેલી સભા અથવા મેળા આદિ ઉત્સવોને જોવા તે દૂરથી જ છોડી દે. જે નારીને તીર્થયાત્રાનું ફળ પામવાની ઇચ્છા હોય, એણે પોતાના પતિનું ચરણોદક પીવું જોઈએ. એને માટે તો એમાં જ સર્વ તીર્થ અને ક્ષેત્ર છે - એમાં સંશય નથી.*

પતિવ્રતા નારી પતિની ઉચ્છિષ્ટ - ખાતાં વધેલું - અન્ન વગેરેને પરમ પ્રિય ભોજન માનીને ગ્રહણ કરે. અને પતિ જે કાંઈ આપે એને મહાપ્રસાદ માનીને શિરોધાર્ય કરે. દેવતા, પિતર,

---

* ધન્યા પતિવ્રતા નારી નાન્યા પૂજ્યા વિશેષતઃ। પાવની સર્વલોકાનાં સર્વપાપૌઘનાશિની॥
સેવતે યા પતિં પ્રેમ્ણા પરમેશ્વરવચ્છિવે। ઈહ ભુક્ત્વાખિલાનભોગાનન્તે પત્યા શિવાંગતિમ્॥
(શિ.પુ.રુ.સં.પા.ખં. ૫૪/૯-૧૦)

• તીર્થાર્થિની તુ યા નારી પતિપાદોદકં પિબેત્। તસ્મિન્ સર્વાણિ તીર્થાનિ ક્ષેત્રાણિ ચ ન સંશયઃ॥
(શિ.પુ.રુ.સં.પા.ખં. ૫૪/૨૫)

અતિથિ, સેવક વર્ગ, ગાય તથા ભિક્ષુકસુદાય માટે અન્નનો ભાગ કાઢ્યા વિના કદાપિ ભોજન ન કરે. પતિવ્રત ધર્મમાં તત્પર રહેનારી ગૃહદેવી ઘરની સામગ્રીને સંયત રાખવી અને સુરક્ષિત રાખવી જોઈએ. ગૃહકાર્યમાં કુશળ હોય, સદા પ્રસન્ન રહે. અને ખર્ચ કરવામાં સંકોચ કરે. પતિની આજ્ઞા લીધા વગર ઉપવાસ-વ્રત વગેરે ન કરે, અન્યથા એને એનું કોઈ જ ફળ મળતું નથી અને પરલોકમાં પણ નરકગામિની થાય છે. પતિ સુખપૂર્વક બેઠો હોય અથવા ઇચ્છા અનુસાર ક્રીડાવિનોદ અથવા મનોરંજનમાં લાગેલો હોય એ વખતે કોઈ આંતરિક કાર્ય આવી પડે તો પણ પતિવ્રતા સ્ત્રી પોતાના પતિને કદાપિ ન ઉઠાડે. પતિ નપુંસક બની ગયો હોય, દુર્ગતિમાં પડ્યો હોય, રોગી હોય, ઘરડો હોય, સુખી હોય અથવા દુઃખી હોય, કોઈ પણ દશામાં નારી પોતાના એ એકમાત્ર પતિનું ઉલ્લંઘન ન કરે. રજસ્વલા થવા પર એણે ત્રણ રાત સુધી પતિને પોતાનું મુખ ન દેખાડવું જોઈએ. અર્થાત્ એનાથી અલગ રહેવું જોઈએ. જ્યાં સુધી સ્નાન કરીને શુદ્ધ ન થઈ જાય ત્યાં સુધી કોઈ વાત પણ પતિના કાનમાં ન પડવા દે. સારી રીતે સ્નાન કરીને સૌથી પહેલાં તે પોતાના મુખનું દર્શન કરે, બીજા કોઈનું મુખ કદાપિ ન જુએ અથવા મનમાં ને મનમાં પતિનું ચિંતન કરીને સૂર્યનું દર્શન કરે. પતિનું આયુ વધે એવી અભિલાષા રાખનારી પતિવ્રતા નારી હળદર, રોલી, સિન્દૂર, કાજલ વગેરે; ચોળી, પાન, માંગલિક આભૂષણ વગેરે, વાળ ઓળવા, ચોટલો ગૂંથવો, તથા હાથ-કાનનાં આભૂષણો - આ સૌને પોતાના શરીરથી દૂર ન કરે. ઘોબરા, છિનાળ અથવા કુલટા, સંન્યાસિની અને ભાગ્યહીન સ્ત્રીઓને તે ક્યારેય પોતાની બહેનપણી ન બનાવે. પતિ સાથે દ્વેષ રાખનાર સ્ત્રીનો તેણે ક્યારેય આદર ન કરવો જોઈએ. ક્યાંય એકલી ન ઊભી રહે. ક્યારે વસ્ત્રવિહીન થઈને સ્નાન ન કરે. સતી સ્ત્રીએ ઓખલી, મૂસળ, સાવરણી, સિલ, જાંત અને દ્વારના ઊંબરે નીચેવાલી લાકડી પર ક્યારેય ન બેસે. મૈથુનકાળ સિવાય બીજા કોઈ સમયે તે પતિ સામે ધૃષ્ટતા ન કરે. જે જે વસ્તુઓમાં પતિની રુચિ હોય, એને એ સ્વયં પ્રેમ કરે. પતિવ્રતા દેવી સદા પતિનું હિત ચાહનારી હોય છે. તે પતિ હર્ષમાં હર્ષ માને છે. પતિના મુખ પર વિષાદની છાયા જોઈ સ્વયં પણ વિષાદમાં ડૂબી જાય તથા તે પ્રિયતમ પતિ પ્રત્યે એવો જ વર્તાવ કરે, જેની તે પતિને વહાલી લાગે - પુણ્યાત્મા પતિવ્રતા સ્ત્રી સંપત્તિમાં અને વિપત્તિમાં પણ પતિને માટે સમાન - એક ભાવવાળી - જ રહે. પોતાના મનમાં ક્યારેય વિકારને ન આવવા દે અને સદા ધૈર્ય ધારણ કરે.

ઘી, મીઠું, તેલ વગેરે ખલાસ થઈ જાય તો પણ પતિવ્રતા સ્ત્રી પતિને સહસા એમ ન કરે કે અમુક વસ્તુ નથી. તે પતિને કષ્ટ યા ચિંતામાં ન નાખે. હે દેવેશ્વરિ! પતિવ્રતા નારીને માટે પતિ જ બ્રહ્મા, વિષ્ણુ અને શિવથી પણ અધિક માને છે. એને માટે તો એનો પતિ શિવરૂપ જ છે.* જે સ્ત્રી પતિની આજ્ઞાનું ઉલ્લંઘન કરીને વ્રત ઉપવાસ વગેરે નિયમોનું પાલન કરે છે તે પતિના આયુષ્યનો ક્ષય કરે છે અને મર્યા પછી નરકમાં

---

* વિધેર્વિષ્ણોર્હરાદ્ધાપિ પતિરેકોઽધિકો મતઃ। પતિવ્રતાયા દેવેશિ સ્વપતિઃ શિવ એવ ચ॥
(શિ.પુ.રુ.સં.પા.ખં. ૫૪/૪૩)

જાય છે. જે સ્ત્રી પતિના કશુંક કહેવા પર ક્રોધપૂર્વક કઠોર ઉત્તર આપે છે તે ગામમાં કૂતરી અને નિર્જન વનમાં શિયાળવી થાય છે. નારીએ પતિથી ઊંચા આસન પર ન બેસવું જોઈએ. દુષ્ટ પુરુષ નિકટ ન જાય. પતિ સાથે ક્યારેય કાતર વચન ન બોલે. કોઈની પણ નિંદા ન કરે. કલહને તો દૂરથી જ છોડી દે. ગુરુજનો બેઠા હોય ત્યાં ન તો ઉચ્ચ સ્વરે બોલવું જોઈએ કે ન તો હસવું જોઈએ. જે બહારથી આવતા પતિને જોઈને તરત જ અન્ન, જળ, ભોજ્ય વસ્તુ, પાન અને વસ્ત્ર વગેરેથી એની સેવા કરે છે. એમનાં બંને ચરણો દબાવે છે, મીઠાં વચનો બોલે છે તથા પ્રિયતમનો ખેદ દૂર કરવા અન્યાન્ય ઉપાયોથી પ્રસન્નતાપૂર્વક એમને સંતુષ્ટ કરે છે એણે માનો કે ત્રણે લોકોને તૃપ્ત અને સંતુષ્ટ કરી દીધા છે. પિતા, ભાઈ અને પુત્ર પરિમિત સુખ આપે છે, પરંતુ પતિ તો અસીમ સુખ આપે છે. તેથી નારીએ સદા પોતાના પતિનું પૂજન - આદર - સત્કાર કરવો જોઈએ. પતિ જ દેવતા છે, પતિ જ ગુરુ છે અને પતિ જ ધર્મ, તીર્થ અને વ્રત છે. એટલા માટે સૌને છોડીને એક માત્ર પતિની જ આરાધના કરવી જોઈએ."

જે દુર્બુદ્ધિ નારી પોતાના પતિનો ત્યાગ કરીને એકાંતમાં વિચરણ કરે છે (અથવા વ્યભિચાર કરતી હોય), તે વૃક્ષની બખોલોમાં શયન કરનારી ક્રૂર ઉલૂકી (ઘુવડ) થાય છે. જે પારકા પુરુષને કટાક્ષપૂર્ણ દૃષ્ટિથી જુએ છે તે બાડૂંની જોનારી થાય છે. જે પતિને છોડીને એકલી મીઠાઈ ખાય છે, તે ગામમાં સૂઅરી થાય છે અથવા બકરી થઈને પોતાની જ વિષ્ઠા ખાય છે. જે પતિને તું કહીને કરીને બોલાવે છે, તે ગૂંગી થાય છે. જે શોક્યથી સદા ઈર્ષ્યા રાખે છે તે દુર્ભાગ્યવતી હોય છે. જે પતિથી છાને છાને બીજા પુરુષ પર દૃષ્ટિ નાખે છે તે કાણી, વાંકા મોંવાળી, કુરૂપા થાય છે. જેવી રીતે નિર્જીવ શરીર તત્કાળ અપવિત્ર થઈ જાય છે એ જ રીતે પતિહીના નારી સારી પેઠે સ્નાન કરવા છતાં પણ સદાયે અપવિત્ર જ રહે છે. લોકમાં એ માતા ધન્ય છે, તે જન્મદાતા પિતા ધન્ય છે તથા એ પતિ પણ ધન્ય છે જેના ઘરમાં પતિવ્રતા દેવી વાસ કરતી હોય છે. પતિવ્રતાના પુણ્યથી પિતા, માતા અને પતિના કુળોની ત્રણ ત્રણ પેઢીઓના લોકો સ્વર્ગ લોકમાં સુખ ભોગવે છે.* જે દુરાચારિણી સ્ત્રીઓ પોતાનું શીલ ભંગ કરી દે છે, તે પોતાનાં માતા-પિતા અને પતિ ત્રણે કુલોને નીચે પાડે છે તથા આ લોકમાં અને પરલોકમાં પણ દુઃખ ભોગવે છે. પતિવ્રતાનાં ડગ જ્યાં જ્યાં પૃથ્વી પર સ્પર્શ કરે છે, ત્યાંની ભૂમિ પાપહારિણી તથા પરમ પાવન બની જાય છે.* ભગવાન સૂર્ય, ચંદ્રમા તથા વાયુદેવ પણ પોતાની જાતને પવિત્ર કરવા માટે જ પતિવ્રતાનો સ્પર્શ કરે છે. બીજ કોઈ દૃષ્ટિ નહીં. જળ પણ સદા પતિવ્રતાનો સ્પર્શ

---

* ભર્તા દેવો ગુરુર્ભર્તા ધર્મતીર્થવ્રતાનિ ચ। તસ્માત્ સર્વં પરિત્યજ્ય પતિમેકં સમર્ચયેત॥
(શિ.પુ.રુ.સં.પા.ખં. ૫૪/૫૧)

• સા ધન્યા જનની લોકે સ ધન્યો જનકઃ પિતા। ધન્યઃ સ ચ પતિર્યસ્ય ગૃહે દેવી પ્રતિવ્રતા॥
પિતૃવંશ્યાઃ માતૃવંશ્યાઃ પતિવંશ્યાસ્તથ સ્ત્રયઃ। પતિવ્રતાયાઃ પુણ્યેન સ્વર્ગે સૌખ્યાતિ ભુંજતે॥
(શિ.પુ.રુ.સં.પા.ખં. ૫૪/૫૮-૫૯)

• પતિવ્રતાયાશ્ચરણૌ યત્ર યત્ર સ્પૃશેદ્ધુવમ્। તત્ર તત્ર ભવેત્ સા હિ પાપહન્ત્રી સુપાવની॥
(શિ.પુ.રુ.સં.પા.ખં. ૫૪/૬૧)

ઝંખે છે અને એનો સ્પર્શ કરીને એ અનુભવ કરે છે કે આજે મારી જડતાનો નાશ થઈ ગયો છે તથા આજથી હું બીજાઓને પવિત્ર કરનાર બની ગયો છું. ભાર્યા જ તો ગૃહસ્થ-આશ્રમની જડ છે, મૂળ છે. ભાર્યા જ સુખનું મૂળ છે. સ્રોત છે. ભાર્યાથી જ ધર્મના ફળની પ્રાપ્તિ થાય છે તથા ભાર્યા જ સંતાનની વૃદ્ધિમાં કારણ છે.[1]

શું ઘેર ઘેર પોતાના રૂપ અને લાવણ્ય પર ગર્વ કરનારી સ્ત્રીઓ નથી? પરંતુ પતિવ્રતા સ્ત્રી તો વિશ્વનાથ શિવ પ્રત્યે ભક્તિ હોવાથી જ પ્રાપ્ત થાય છે. ભાર્યાથી આ લોક અને પરલોક બંને પર

વિજય મેળવી શકાય છે. ભાર્યાહીન પુરુષ દેવયજ્ઞ, પિતૃયજ્ઞ તથા અતિથિ યજ્ઞ કરવાનો અધિકારી નથી થતો. વાસ્તવમાં ગૃહસ્થ તે જ છે, જેના ઘરમાં પતિવ્રતા સ્ત્રી છે. બીજી સ્ત્રી તો પુરુષને એવી જ રીતે પોતાનો કોળિયો બનાવે છે, જેવી રીતે જરા-અવસ્થા અને રાક્ષસી. જેવી રીતે ગંગાસ્નાન કરવાથી શરીર પવિત્ર થાય છે. એવી જ રીતે પતિવ્રતા સ્ત્રીનું દર્શન કરવાથી બધું પાવન થઈ જાય છે.[2] પતિને જ ઇષ્ટદેવ માનનારી સતી નારી અને ગંગામાં કોઈ ભેદ નથી. પતિવ્રતા અને એના પતિદેવ ઉમા અને મહેશ્વર સમાન છે, તેથી વિદ્વાન મનુષ્ય એ બંનેનું પૂજન કરે. પતિ પ્રણવ છે અને નારી વેદની ઋચા છે; પતિ તપ છે અને સ્ત્રી ક્ષમા છે. નારી સત્કર્મ છે અને પતિ અને એનું ફળ છે. હે શિવે! સતી નારી અનો પતિ બંને દંપતી ધન્ય છે.[3]

હે ગિરિરાજકુમારી! આ પ્રકારે મેં તમને પતિવ્રતા ધર્મનું વર્ણન કર્યું છે. હવે તમે સાવધાન થાઓ. આજે મારી પાસેથી પ્રસન્નતાપૂર્વક પતિવ્રતાના ભેદોનું વર્ણન સાંભળો. હે દેવી! પતિવ્રતા નારીઓ ઉત્તમા વગેરે ભેદથી ચાર પ્રકારની કહેવામાં આવે છે, જે પોતાનું સ્મરણ કરનારા પુરુષોનાં બધાં પાપ હરી લે છે. ઉત્તમા, મધ્યમા નિકૃષ્ટા અને અતિનિકૃષ્ટા - એ પવિત્રતાના ચાર ભેદ છે. હવે હું એમનાં લક્ષણો બતાવું છું. ધ્યાન દઈને સાંભળો. હે ભદ્રે! જેનું મન સદા

---

૧ ભાર્યા મૂલં ગૃહસ્થસ્ય ભાર્યા મૂલં સુખસ્ય ચ। ભાર્યા ધર્મફલાવાપ્ત્યૈ ભાર્યા સંતાનવૃદ્ધયે॥
(શિ.પુ.રુ.સં.પા.ખં. ૫૪/૫૧)

૨ યથા ગંગાવગાહેન શરીરં પાવનં ભવેત્। તથા પતિવ્રતાં દૃષ્ટ્વા સકલં પાવનં ભવેત્॥
(શિ.પુ.રુ.સં.પા.ખં. ૫૪/૬૮)

૩ તારઃ પતિઃ શ્રુતિર્નારી ક્ષમા સા સ સ્વયં તપઃ। ફલં પતિઃ સત્ક્રિયા સા ધન્યૌ તૌ દમ્પતી શિવે॥
(શિ.પુ.રુ.સં.પા.ખં. ૫૪/૭૦)

સ્વપ્નમાં પણ પોતાના પતિને જ જુએ છે, બીજા કોઈ પરપુરુષને નહીં - તે સ્ત્રી ઉત્તમા અથવા ઉત્તમ શ્રેણીની પતિવ્રતા કહેવામાં આવે છે. હે શૈલજે! જે બીજા પુરુષને ઉત્તમ બુદ્ધિથી પિતા, ભાઈ અને પુત્ર સમાન જુએ છે એને મધ્યમ શ્રેણીની પતિવ્રતા માનવામાં આવે છે. હે પાર્વતી! જે મનથી પોતાના ધર્મનો વિચાર કરીને વ્યભિચાર નથી કરતી, સદાચારમાં જ સ્થિત રહે છે. એ નિકૃષ્ટા અથવા નિમ્ન શ્રેણીની પતિવ્રતા કહેવાય છે. જે પતિના ભયથી અથવા કુલમાં કલંક લાગવાના ડરથી વ્યભિચારથી બચવાનો પ્રયત્ન કરે છે એને પૂર્વકાળના વિદ્વાનોએ અતિનિકૃષ્ટા અથવા નિમ્નતમ કોટિની પતિવ્રતા કહી છે. હે શિવે! આ ચારે પ્રકારની પતિવ્રતાઓ સમસ્ત લોકોનાં પાપ નાશ કરનારી છે અને એને પવિત્ર બનાવનારી છે. અત્રિની સ્ત્રી અનસૂયાએ બ્રહ્મા, વિષ્ણુ અને શિવને એ ત્રણે દેવતાઓની પ્રાર્થનાથી પાતિવ્રત્યના પ્રભાવનો ઉપભોગ કરીને વારાહના શાપથી મરેલા એક બ્રાહ્મણને જીવિત કરી દીધો હતો. હે શૈલકુમારી શિવે! આવું જાણીને તમે નિત્ય પ્રસન્નતાપૂર્વક પતિની સેવા જ કરતાં રહો - કરવી જ જોઈએ. પતિ સેવન સદા સમસ્ત ઇચ્છિત ફળ આપનારી છે. તમે સાક્ષાત્ જગદંબા મહેશ્વરી છો અને તમારા પતિ સાક્ષાત્ ભગવાન શિવ છે. તમારું તો ચિંતન માત્ર કરવાથી સ્ત્રીઓ પતિવ્રતા થઈ જશે. હે દેવી! જોકે તમારી આગળ આ સર્વ કહેવાનું કાંઈ પ્રયોજન નથી તેમ છતાં આજે લોકાચારનો આશરો લઈને મેં તમને સતી-ધર્મનો ઉપદેશ આપ્યો છે.

બ્રહ્માજી કહે છે—હે નારદ! આવું કહીને તે બ્રાહ્મણ-પત્ની શિવાદેવીને મસ્તક નમાવીને ચૂપ થઈ ગઈ. એ ઉપદેવને સાંભળીને શંકરપ્રિયા પાર્વતીદેવીને બહુ હર્ષ થયો. (અધ્યાય ૫૪)

*

શિવ-પાર્વતીની તથા એમની જાનની વિદાય, ભગવાન શિવનું સમસ્ત દેવતાઓને વિદાય કરીને કૈલાસ પર રહેવું અને પાર્વતી-ખંડના શ્રવણનું માહાત્મ્ય

બ્રહ્માજી કહે છે—હે નારદ! બ્રાહ્મણીએ દેવી પાર્વતીને પતિવ્રત ધર્મનો ઉપદેશ આપ્યો ને પછી મેનાને બોલાવીને કહ્યું - 'હે મહારાણીજી! હવે તમારી પુત્રીને યાત્રા કરાવો - એને વિદાય આપો. ત્યારે 'બહુ સારું' કહીને તે પ્રેમને વશીભૂત થઈ ગયાં. પછી ફરીથી ધૈર્યને ધારણ કરીને એમણે કાલીને બોલાવ્યાં અને એના વિયોગના ભયથી વ્યાકુળ થઈ મેં પુત્રીને વારંવાર ગળે વળગાડીને અત્યંત ઉચ્ચસ્વરથી રડવા લાગ્યાં. પછી તો પાર્વતીજી પણ કરુણાજનક વાત કહેતાં કહેતાં જોર જોરથી રડી પડ્યાં. મેના અને શિવા બંનેયે વિરહ શોકથી પીડિત થઈને મૂર્ચ્છિત થઈ પડ્યાં. પાર્વતીજીના રુદનથી તો દેવપત્નીઓ પણ પોતાની સુધબુધ ખોઈ બેઠી. બધી જ સ્ત્રીઓ ત્યાં રડવા લાગી. એ બધી સ્ત્રીઓ અચેત જેવી બની રહી. એ યાત્રાને સમયે પરમ પ્રભુ સાક્ષાત્ યોગીશ્વર પણ રડી પડ્યા. તો પછી બીજા કોણ રહી શકે તેમ હતું? આ જ સમયે પોતાના સમસ્ત

પુત્રો, મંત્રીઓ અને ઉત્તમ બ્રાહ્મણોની સાથે હિમાલય શીઘ્ર જ ત્યાં આવી પહોંચ્યા, અને મોહવશ પોતાની દીકરીને છાતીસરસી ચાંપીને રડવા લાગ્યા - 'દીકરી! તું મને છોડીને ક્યાં ચાલી જાય છે?' આવું કહીને આખા જગતને સૂનું માનતા હોવા છતાં તે વારંવાર વિલાપ કરવા લાગ્યા - ત્યારે જ્ઞાનીઓમાં શ્રેષ્ઠ પુરોહિતે અન્ય બ્રાહ્મણોના સહયોગથી કૃપાપૂર્વક અધ્યાત્મવિદ્યાનો ઉપદેશ આપતાં આપતાં સૌને સુખદ રીતે સમજાવ્યા. પાર્વતીએ ભક્તિભાવથી માતા-પિતા તથા ગુરુને પ્રણામ કર્યા. એ તો મહામાયા થઈને પણ લોકાચારવશ વારંવાર રડી ઊઠતાં હતાં. પાર્વતીના રુદનથી બધી સ્ત્રીઓ રડવા લાગતી. માતા મેના તો બહુ જ રડ્યાં. ભાભીઓ પણ રડવા માંડી. આ જ દશા ભાઈઓની હતી. શિવાની મા, ભાભીઓ તથા અન્ય યુવતીઓ વારંવાર રડવા લાગી. ભાઈ અને પિતા પણ પ્રેમ અને સૌહાર્દવશ રડ્યા વિના ન રહી શક્યા. એ સમયે બ્રાહ્મણોએ મળીને સૌને આદરપૂર્વક સમજાવ્યા અને એ સૂચિત કર્યું કે યાત્રાને માટે આ જ સૌથી ઉત્તમ તથા સુખદ લગ્ન છે.

ત્યારે હિમાલય અને મેનાએ વિવેકપૂર્વક ધૈર્ય ધારણ કરીને શિવાને બેસવાને માટે પાલખી મંગાવી. બ્રાહ્મણોની પત્નીઓએ શિવાને એ પાલખી પર ચઢાવ્યાં અને સૌએ મળીને આશીર્વાદ આપ્યા. પિતા-માતા અને બ્રાહ્મણોએ પણ પોતાની શુભકામના પ્રગટ કરી. મેના અને હિમાલયે પાર્વતીને એવો એવો સામાન આપેલો, જે મહારાણીને યોગ્ય હતો. વિવિધ પ્રકારનાં દ્રવ્યોની શુભરાશિ ભેટ આપી, જે બીજાઓ માટે તો દુર્લભ હતી. શિવાએ સમસ્ત ગુરુજનોને, માતા-પિતાને પુરોહિત અને બ્રાહ્મણોને ભાભીઓ અને બીજી સ્ત્રીઓને પ્રણામ કરીને યાત્રા કરી. પુત્રોસહિત બુદ્ધિમાન હિમાચલ પણ સ્નેહને વશીભૂત થઈને પાછળ-પાછળ ગયા, અને એ સ્થાને પહોંચ્યા. જ્યાં દેવતાઓ સહિત ભગવાન શિવ પ્રસન્નતાપૂર્વક પ્રતીક્ષા કરી રહ્યા હતા. ત્યાં બધા લોકોએ બહુ પ્રેમ અને આનંદથી પરસ્પરને બોલાવ્યા, મળ્યા. એ બધાએ ભગવાનને પ્રણામ કર્યા અને એમની પ્રશંસા કરતાં કરતાં એ નગરમાં પાછા જતા રહ્યા.

નદનંતર કૈલાસ પહોંચીને શિવે પાર્વતીને કહ્યું - 'હે દેવેશ્વરિ! તમે તો સદાયે મારી પ્રાણપ્રિયા છો. તમને લીલાપૂર્વક એ વાતની યાદ અપાવી રહ્યા છો. તમને પૂર્વજન્મનું - પૂર્વજન્મની વાતોનું સ્મરણ છે. તેથી મારા અને પોતાના નિત્ય સંબંધની જો તમને સ્મરણમાં હોય તો બતાવો.' પોતાના પ્રાણનાથ મહેશ્વરની આ વાત સાંભળીને શંકરની નિત્યપ્રિયા પાર્વતી મલકાતાં મલકાતાં આમ બોલ્યાં - 'હે પ્રાણેશ્વર! મને બધી વાતોનું સ્મરણ છે પરંતુ આ સમયે આપ ચૂપ રહો અને આ અવસરને અનુરૂપ જે કાર્ય હોય, એને જ શીઘ્ર પૂર્ણ કરો.'

બ્રહ્માજી કહે છે—હે નારદ! પ્રિયા પાર્વતીના સેંકડો સુધા-ધારા સમાન મધુર વચનોને સાંભળીને લોકાચાર-પરાયણ ભગવાન વિશ્વનાથ બહુ પ્રસન્ન થયા. એમણે ઘણીબધી સામગ્રી એકત્ર કરીને નારાયણ વગેરે દેવતાઓને જાત-જાતની મનોહર ભોજ્ય વસ્તુઓ ખવડાવી આ રીતે પોતાના લગ્નમાં પધારેલા બીજા લોકોને પણ ભગવાન શંકરે પ્રેમપૂર્વક સુમધુર રસથી યુક્ત વિવિધ પ્રકારનું અન્ન જમાડ્યું. ભોજન કર્યા પછી એ સર્વ દેવતાઓએ વિવિધ રત્નોથી વિભૂષિત થઈ પોતાની સ્ત્રીઓ અને સેવકગણોની સાથે આવીને

પ્રભુ ચંદ્રશેખરને પ્રણામ કર્યા. પછી પ્રિય વચનો દ્વારા પ્રસન્નતાપૂર્વક એમની સ્તુતિ અને પરિક્રમા કરીને શિવ-વિવાહની પ્રશંસા કરતાં કરતાં એ બધા લોકો પોતપોતાને ધામે ચાલ્યા ગયા. હે મુને! સાક્ષાત્ ભગવાન શિવે લોકાચારવશ વિષ્ણુને અને મને પણ પ્રણામ કર્યા - ઠીક એ જ રીતે જેમ વામનરૂપ ધારી શ્રીહરિએ મહર્ષિ કશ્યપને નમસ્કાર કર્યા હતા ત્યારે મેં અને વિષ્ણુએ શિવને છાતીસરસા ચાંપ્યા અને એમને આશીર્વાદ આપ્યા. તદનંતર શ્રીહરિએ એમને પરબ્રહ્મ પરમાત્મા માનીને એમની ઉત્તમ સ્તુતિ કરી. એ પછી મારી સાથે ભગવાન શ્રીવિષ્ણુ શિવ પાસેથી વિદાય લઈ શિવા અને શિવને પ્રસન્નતાપૂર્વક હાથ જોડીને એમના વિવાહની પ્રશંસા કરતાં કરતાં પોતાના ઉત્તમ ધામે પહોંચી ગયા. ભગવાન શિવ પણ પાર્વતી સાથે આનંદવિહાર કરતાં કરતાં પોતાના નિવાસભૂત કૈલાસ પર્વત પર રહેવા લાગ્યા. સમસ્ત શિવગણોને આ વિવાહથી બહુ સુખ મળ્યું. તે અત્યંત ભક્તિપૂર્વક શિવા અને શિવની આરાધના કરવા લાગ્યા.

હે તાત! આ રીતે મેં પરમ મંગલમય શિવ-વિવાહનું વર્ણન કર્યું. આ શોકનાશક, આનંદદાયક તથા ધન અને આયુની બુદ્ધિ કરનાર છે. જે પુરુષ ભગવાન શિવ અને શિવામાં મન પરોવીને પવિત્ર થઈને પ્રતિદિન આ પ્રસંગને સાંભળે છે અથવા નિયમપૂર્વક બીજાઓએ સંભળાવે છે તે શિવલોક પ્રાપ્ત કરી લે છે; આ અદ્‌ભુત આખ્યાન કહેવામાં આવ્યું, જે મંગલનું આવાસસ્થાન છે. એ સંપૂર્ણ વિઘ્નોનો નાશ કરીને સમસ્ત રોગોનો નાશ કરે છે. એ દ્વારા સ્વર્ગ, યશ, આયુ તથા પુત્ર અને પૌત્રોની પ્રાપ્તિ થાય છે. એ સંપૂર્ણ કામનાઓને પૂર્ણ કરે છે, આ લોકમાં ભોગ આપે છે અને પરલોકમાં મોક્ષ પ્રદાન કરે છે. આ શુભ પ્રસંગને સાંભળવાથી અપમૃત્યુનું શયન થાય છે અને પરમ શાંતિની પ્રાપ્તિ થાય છે. આ સમસ્ત દુઃસ્વપ્નોનું નાશક તથા બુદ્ધિ અને વિવેક વગેરેનું સાધક છે. પોતાના હિતની કામના કરનારાઓ લોકોને શિવ-સંબંધી બધા જ ઉત્સવોમાં પ્રસન્નતાની સાથે પ્રયત્નપૂર્વક આનો પાઠ કરવો જોઈએ. એ ભગવાન શિવને સંતોષ પ્રદાન કરનારો છે. વિશેષતઃ દેવતા વગેરેની પ્રતિષ્ઠાને સમયે તથા શિવ-સંબંધી બધાં કાર્યોના પ્રસંગો પ્રસન્નતાપૂર્વક આનો પાઠ કરવો જોઈએ અથવા પવિત્ર થઈને શિવ-પાર્વતીના આ કલ્યાણકારી ચરિત્રનું શ્રવણ કરવું જોઈએ, આવું કરવાથી સમસ્ત કાર્ય સિદ્ધ થાય છે. આ સત્ય છે. આ સત્ય છે. એમાં સંશય નથી. (અધ્યાય ૫૫)

*

॥ રુદ્રસંહિતાનો પાર્વતીખંડ સંપૂર્ણ ॥

*

રુદ્રસંહિતા, ચતુર્થ (કુમાર) ખંડ

દેવતાઓ દ્વારા સ્કન્દને શિવ-પાર્વતી પાસે આણવો, એમનો લાડ-પ્યાર, દેવોની માગણી હોવાથી શિવજીનું એનું તારક-વધ માટે સ્વામી કાર્તિકનું પ્રદાન, કુમારની અધ્યક્ષતામાં દેવસેનાનું પ્રસ્થાન, મહીસાગર સંગમ પર તારકાસુરનું આવવું, અને બંને સેનાઓમાં અથડામણ, વીરભદ્રનો તારકાસુર સાથે ઘોર-સંગ્રામ, પુનઃ શ્રીહરિ અને તારકનું ભયાનક યુદ્ધ

વન્દે વન્દનતુષ્ટમાનસમતિપ્રેમપ્રિયં પ્રેમદં
પૂર્ણં પૂર્ણકરં પ્રપૂર્ણનિખિલૈશ્વર્યૈકવાસં શિવમ્।
સત્યં સત્યમયં ત્રિસત્યવિભવં સત્યપ્રિયં સત્યદં
વિષ્ણુબ્રહ્મનુતં સ્વકીયકૃપયોપાત્તાકૃતિં શંકરમ્॥

વંદના કરવાથી જેનું મન પ્રસન્ન થઈ જાય છે, જેમને પ્રેમ અત્યંત વ્હાલો છે, જે પ્રેમ પ્રદાન કરનાર છે, પૂર્ણાનંદમય, ભક્તોની અભિલાષા પૂર્ણ કરનારા, સંપૂર્ણ ઐશ્વર્યોના એકમાત્ર આવાસસ્થાન અને કલ્યાણસ્વરૂપ છે, સત્ય જ જેમનો શ્રીવિગ્રહ છે, જે સત્યમય છે, જેમનું ઐશ્વર્ય ત્રિકાલાબાધિત છે, જે સત્યપ્રિય અને સત્ય-પ્રદાતા છે, બ્રહ્મા અને વિષ્ણુ જેની સ્તુતિ કરે છે, સ્વેચ્છાનુસાર શરીર ધારણ કરનાર એ ભગવાન શંકરની હું વંદના કરું છું.

શ્રી નારદજીએ પૂછ્યું—હે દેવતાઓનું મંગલ કરનારા દેવ! પરમાત્મા શિવ તો સર્વસમર્થ છે. આત્મારામ થઈને પણ એમણે જે પુત્રની ઉત્પત્તિ માટે પાર્વતીની સાથે લગ્ન કર્યું હતું, એમનો એ પુત્ર કેવી રીતે ઉત્પન્ન થયો? તથા તારકાસુરનો વધ કેવી રીતે થયો? મારા પર કૃપા કરીને આ આખું વૃત્તાંત પૂર્ણરૂપે વર્ણન કરીને જણાવો.

એના ઉત્તરમાં બ્રહ્માજીએ કથાપ્રસંગ સંભળાવીને કુમાર ગંગાથી ઉત્પન્ન થયા હોવાની તથા કૃતિકા વગેરે છ સ્ત્રીઓ દ્વારા એમનું લાલનપાલન થયેલું, એ છએની સંતુષ્ટિ માટે એમનાં છ મુખ ધારણ કરવા અને કૃત્તિકાઓ દ્વારા પાલન થયું હોવાથી 'કાર્તિકેય' નામ હોવાની વાત કહી. ત્યાર પછી એમને શંકર-ગિરિજાની સેવામાં લાવવામાં આવ્યાની કથા સંભળાવી પછી બ્રહ્માજીએ કહ્યું - ભગવાન શંકરે કુમારને ખોળામાં બેસાડી અત્યંત સ્નેહ કર્યો. દેવતાઓએ એમને વિવિધ પ્રકારના પદાર્થ, વિદ્યાઓ, શક્તિ અને અસ્ત્ર-શસ્ત્ર વગેરે પ્રદાન કર્યાં. પાર્વતીના હૃદયમાં પ્રેમ માતો ન હતો. એમણે હર્ષપૂર્વક હસીને, સ્મિત ફરકાવીને, કુમારને પરમોત્તમ ઐશ્વર્ય આપ્યું, સાથે જ ચિરંજીવી પણ બનાવી દીધા. લક્ષ્મીએ દિવ્ય સંપન્ન તથા એક વિશાળ અને મનોહર હાર અર્પિત કર્યો. સાવિત્રીએ પ્રસન્ન થઈને સર્વ વિદ્યાઓ પ્રદાન કરી. હે મુનિશ્રેષ્ઠ! આ રીતે ત્યાં મહોત્સવ થયો. સર્વનાં મન પ્રસન્ન હતાં. વિશેષતઃ શિવ અને પાર્વતીના આનંદનો પાર ન હતો. એ દરમિયાન દેવતાઓએ ભગવાન શંકરને કહ્યું - હે પ્રભો! આ તારકાસુર કુમારના હાથે જ માર્યો જવાનો છે, એટલા માટે આ (પાર્વતી-પરિણામ તથા કુમારોત્પત્તિ) ઉત્તમ ચરિત ઘટિત થયું છે. તેથી અમારા લોકોના સુખાર્થ એનું કામ તમામ - એનો અંત કરવાના હેતુ માટે કુમારને આજ્ઞા આપો. અમે લોકો આજે

જ અસ્ત્ર-શસ્ત્રથી સુસજ્જિત થઈને તારકને મારવા માટે રણ-યાત્રા કરીશું.

બ્રહ્માજી કહે છે—હે મુને! આ સાંભળીને ભગવાન શંકરનું હૃદય દયાર્દ્ર થઈ ગયું. એમણે એમની પ્રાર્થનાનો સ્વીકાર કર્યો અને તે જ સમયે તારકનો વધ કરવા માટે પોતાના પુત્ર કુમારને દેવતાઓને સોંપી દીધો. પછી તો શિવજીની આજ્ઞા મળી ગઈ હોવાથી બ્રહ્મા, વિષ્ણુ વગેરે બધા દેવતા એકત્ર થઈને ગુહને આગળ કરીને તરત જ એ પર્વત પરથી ચાલી નીકળ્યા. એ સમયે શ્રીહરિ વગેરે દેવતાઓના મનમાં પૂર્ણ વિશ્વાસ હતો કે (આ અવશ્ય તારકનો વધ કરી દેશે); તે ભગવાન શંકરના તેજથી ભાવિત થઈ કુમારના સેનાપતિત્વમાં તારકનો સંહાર કરવાને માટે (રણક્ષેત્રમાં) આવ્યા. પેલી બાજુ તારકે દેવતાઓના આ યુદ્ધ-ઉદ્યોગને સાંભળીને તે વખતે તે પણ એક વિશાળ સેના સાથે દેવો સાથે યુદ્ધ કરવાને માટે તત્કાળ જ ચાલી નીકળ્યો. એની વિશાળ વાહિનીને આવતી જોઈ દેવતાઓને પરમ વિસ્મય થયો. પછી તો તે બળપૂર્વક વારંવાર સિંહનાદ કરવા લાગ્યા. એ જ સમયે તરત જ ભગવાન શંકરની પ્રેરણાથી વિષ્ણુ વગેરે સંપૂર્ણ દેવતાઓ પ્રતિ આકાશવાણી થઈ.

આકાશવાણીએ કહ્યું—હે દેવગણ! તમે લોકો જે કુમારના અધિનાયકત્વમાં યુદ્ધ કરવા તૈયાર થયા છો, એથી તમે સંગ્રામમાં દૈત્યોને જીતીને વિજયી થશો.

બ્રહ્માજી કહે છે—હે મુને! એ આકાશવાણી સાંભળીને બધા દેવતાઓનો ઉત્સાહ વધી ગયો. એમનો ભય જતો રહ્યો અને એ વીરોચિત ગર્જના કરવા લાગ્યા. એમની યુદ્ધ-કામના બળવતી થઈ ગઈ. એ બધા જ કુમારને અગ્રણી બનાવી ખૂબ જ ઉતાવળથી મહી-સાગર સંગમે ગયા. પેલી બાજુ બહુસંખ્યક અસુરોથી ઘેરાયેલો તે તારક પણ બહુ મોટી સેનાની સાથે શીઘ્ર જ ત્યાં આવી પહોંચ્યો, જ્યાં દેવતાઓ ઊભા હતા. એ અસુરના આગમન વખતે પ્રલયકાલીન મેઘોની જેમ ગર્જના કરનારી રણભેરીઓ તથા અન્યાન્ય કર્કશ શબ્દ કરનારાં રણવાદ્યો વાગી રહ્યાં હતાં. એ સમયે તારકાસુરની સાથે આવનારા દૈત્ય તાલ ઠોકતાં ઠોકતાં ગર્જના કરી રહ્યા હતા. એમના પદાઘાતથી પૃથ્વી કંપી ઊઠતી હતી. એ અત્યંત ભયંકર કોલાહલ સાંભળીને પણ સર્વ દેવતાઓ નિર્ભય જ બની રહ્યા હતા. એ એકસાથે મળીને તારકાસુરનો સામનો કરવા માટે દૃઢ રીતે અડીખમ ઊભા થઈ ગયા. એ સમયે દેવરાજ ઇન્દ્રકુમારને ગજરાજ પર બેસાડીને સૌથી આગળ ઊભા રહ્યા. તે લોકપાલોથી ઘેરાયેલા હતા, એમની સાથે દેવતાઓની મરતી સેના હતી. તત્પશ્ચાત્ કુમારે એ ગજરાજને તો મહેન્દ્રને જ આપી દીધો અને તે સ્વયં એક એવા વિમાન પર આરૂઢ થયા, જે પરમ આશ્ચર્યજનક અને વિવિધ પ્રકારનાં રત્નોથી સુશોભિત હતું. એ સમયે એ વિમાન પર સવાર થવાથી સર્વગુણસંપન્ન મહાયશસ્વી શંકર-પુત્ર શોભાથી સંયુક્ત થઈને સુશોભિત થઈ રહ્યા હતા. એમને પરમ પ્રકાશમય ચામર ઢાળવામાં આવી રહ્યા હતા. એ દરમિયાન બલાભિમાની અને મહાવીર દેવતા અને દૈત્ય ક્રોધથી વિહ્વળ થઈને પરસ્પર યુદ્ધ કરવા લાગ્યા. એ સમયે દેવતાઓ અને દૈત્યોમાં બહુ જ ઘમસાણ યુદ્ધ થયું. ક્ષણભરમાં તો આખી રણભૂમિ રુડમુંડોથી વ્યાપ્ત થઈ ગઈ.

ત્યારે મહાબલી તારકાસુર બહુ મોટી સેના સાથે દેવતાઓ સાથે યુદ્ધ કરવા વેગપૂર્વક આગળ વધ્યો. એ રણમાં એટલે કે યુદ્ધમાં ખોટે

મદ ધારણ કરનાર તારકને યુદ્ધની ઇચ્છાથી આગળ વધતો જોઈ ઇન્દ્ર વગેરે દેવતા તરત જ એની સામે આવી ગયા. પછી તો બંને સેનામાં મહાન કોલાહલ થવા લાગ્યો. ત્યાર પછી દેવો અને અસુરોનો વિનાશ કરનારું એવું દ્વન્દ્વ યુદ્ધ શરૂ થયું, જેને જોઈને વીરો હર્ષોત્ફુલ્લ થઈ ગયા અને કાયરો-ડરપોકોના મનમાં ભય છવાઈ ગયો. આ જ સમયે વીરભદ્ર કુપિત થઈને મહાબલી પ્રમથગણોની સાથે વીરાભિમાન તારકની પાસે આવી પહોંચ્યા. એ બળવાન ગણનાયક ભગવાન શિવના કોપથી ઉત્પન્ન થયેલા હતા, તેથી સમસ્ત દેવતાઓને પાછળ છોડીને યુદ્ધની અભિલાષાથી તારકની સામે અડીખમ ઊભા રહી ગયા. એ સમયે પ્રમથગણો તથા બધા જ અસુરોના મનમાં પરમ ઉલ્લાસ હતો, તેથી એ મહાસમરમાં પરસ્પર બથ્થંબથ્થા કરીને ઝૂઝવા માંડ્યા. ત્યાર પછી વીરભદ્ર અને તારકાસુરનું ભયાનક યુદ્ધ થયું. એ દરમિયાન અસુરોની સેના રણથી વિમુખ થઈ ભાગવા માંડી. આ રીતે પોતાની સેનાને તિતરબિતર (અસ્તવ્યસ્ત) થતી જોઈને એનો નાયક તારકાસુર ક્રોધે ભરાયો અને દશ હજાર ભુજાઓ ધારણ કરીને સિંહ પર સવાર થઈને દેવગણોને મારી નાખવા એમના તરફ ઝપાટો બોલાવ્યો. તે યુદ્ધના સમયે દેવો તથા પ્રમથગણોને મારી મારીને પાડી દેતો હતો. ત્યારે પ્રમથગણોના નેતા મહાબલી વીરભદ્ર એ કર્મને જોઈને એનો વધ કરવા માટે અત્યંત કુપિત થઈ ઊઠ્યા. પછી તો એમણે ભગવાન શિવનાં ચરણકમળનું ધ્યાન કરીને એક એવું શ્રેષ્ઠ ત્રિશૂળ હાથમાં લીધું, જેના તેજથી બધી દિશાઓ અને આકાશ પ્રકાશિત થઈ ઊઠે. આ અવસર પર મહાન કૌતુક પ્રદર્શિત કરનાર સ્વામી કાર્તિક તરત જ વીરભદ્રને કહેવડાવીને એ યુદ્ધને રોકી દીધું. ત્યારે સ્વામીની આજ્ઞાથી વીરભદ્ર એ યુદ્ધમાંથી દૂર ખસી ગયા. આ જોઈને અસુર-સેનાપતિ મહાવીર તારક ક્રોધે ભરાઈ ગયો. તે યુદ્ધ-કુશળ તથા વિવિધ પ્રકારનાં અસ્ત્રોનો જાણકાર હતો, તેથી દેવતાઓને લલકારી લલકારીને એમના પર બાણોની વૃષ્ટિ કરવા લાગ્યો. એ સમયે બલવાનોમાં શ્રેષ્ઠ અસુરરાજ તારકે એવું મહાન કર્મ કર્યું કે બધા દેવતા ભેગા મળીને પણ એમનો સામનો ન કરી શક્યા. એ ભયભીત દેવતાઓને આમ માર ખાતા જોઈને ભગવાન અચ્યુતને ક્રોધ થઈ ગયો અને એ શીઘ્ર જ યુદ્ધ કરવાને માટે તૈયાર થઈ ગયા. એ ભગવાન શ્રીહરિએ પોતાનાં આયુધ સુદર્શનચક્ર અને શાર્ઙ્ગધનુષને લઈને યુદ્ધસ્થળમાં મહાદૈત્ય તારક પર આક્રમણ કર્યું. હે મુને! ત્યાર પછી બધાનાં દેખતાં જ શ્રીહરિ અને તારકાસુરની વચ્ચે અત્યંત ભયંકર અને રોમાંચકારી મહાયુદ્ધ છેડાઈ ગયું. એ દરમિયાન અચ્યુતે કુપિત થઈને મહાન સિંહનાદ કર્યો અને ધગધગતી જ્વાળાઓના જેવા પ્રકાશવાળા પોતાના ચક્રને ઉઠાવ્યું. પછી તો શ્રીહરિએ એ જ ચક્રથી દૈત્યરાજ તારક પર પ્રહાર કર્યો. એના ઘાથી અત્યંત વ્યથિત થઈને એ અસુર જમીન પર પડી ગયો. પરંતુ તે અસુરનાયક તારક અત્યંત બળવાન હતો, તેથી તરત જ ઊઠીને એ દૈત્યરાજે પોતાની શક્તિથી ચક્રના ટુકડેટુકડા કરી દીધા. હે મુને! ભગવાન વિષ્ણુ અને તારકાસુર બંને બળવાન હતા અને બંનેમાં અગાધ બળ હતું. તેથી યુદ્ધસ્થળમાં તેઓ પરસ્પર લડવા લાગ્યા.

(અધ્યાય ૧ થી ૮)

*

બ્રહ્માજીની આજ્ઞાથી કુમારનું યુદ્ધ માટે જવું, તારકની સાથે એમનો ભીષણ-સંગ્રામ અને એમના દ્વારા તારકનો વધ, ત્યાર પછી દેવતાઓ દ્વારા કુમારને અભિનંદન અને સ્તવન, કુમારનું એમને વરદાન આપીને કૈલાસ પર જઈને શિવ-પાર્વતી પાસે તેમનો નિવાસ

ત્યારે બ્રહ્માજીએ કહ્યું—શંકરસુવન, શંકરપુત્ર સ્વામી હે કાર્તિક! તમે તો દેવાધિદેવ છો. હે પાર્વતીસુત! વિષ્ણુ અને તારકાસુરનું આ વ્યર્થ યુદ્ધ શોભતું નથી, કેમકે વિષ્ણુને હાથે આ તારકનું મૃત્યુ નહીં થાય. એણે મારી પાસેથી વરદાન મેળવીને અત્યંત બળ પ્રાપ્ત કર્યું છે. આ હું બિલકુલ સત્ય વાત કહી રહ્યો છું. હે પાર્વત-નંદન! તમારા સિવાય આ પાપીને કોઈ મારી શકે નહીં. માટે હે મહાપ્રભો! તમારે મારા કથન અનુસાર જ કાર્ય કરવું જોઈએ. હે પરંતપ! તમે શીઘ્ર જ એ દૈત્યનો વધ કરવા માટે તૈયાર થઈ જાઓ, કેમકે, હે પાર્વતીપુત્ર! તારકનો સંહાર કરવાના નિમિત્તે જ તમે શંકરથી ઉત્પન્ન થયા છો.

બ્રહ્માજી કહે છે—હે મુને! આવું મારું કથન સાંભળીને શંકરનંદન કુમાર કાર્તિકેય જોરથી હસી પડ્યા અને પ્રસન્નતાપૂર્વક બોલ્યા - 'તથાસ્તુ - એવું જ થશે.' ત્યારે મહાન ઐશ્વર્યશાળી શંકરસુવન કુમાર તારકાસુરના વધનો નિશ્ચય કરીને વિમાનમાંથી ઊતરી પડ્યા અને પગપાળા ચાલવા લાગ્યા. જે સમયે મહાબલી શિવપુત્ર કુમાર પોતાની અત્યંત ચમકતી શક્તિને જે અગ્નિની લપેટોથી દમકતી-ચમકતી એક મોટી ઉલ્કા જેવી જણાતી હતી, તેને હાથમાં લઈને તે પગપાળા જ દોડી રહ્યા હતા, એ સમયે એમની શોભા અદ્‌ભુત હતી. એમના મનમાં લેશમાત્ર પણ વ્યાકુળતા હતી નહીં. એ પરમ પ્રચંડ અને અપ્રમેય બળશાળી

હતા. એ છ મુખવાળા કાર્તિકેયને પોતાની સા ધસી આવતા જોઈને તારક સુરશ્રેષ્ઠોને પૂછ લાગ્યો - 'શું શત્રુઓનો સંહાર કરનાર કુમા આ જ છે? હું એકલો વીર જ એની સાથે યુ કરીશ અને હું જ સમસ્ત વીરો, પ્રમથગણ લોકપાલો તથા શ્રીહરિ જેના નાયક છે, દેવોને પણ મારી નાખીશ.'

ત્યાર પછી દેવતાઓને દુર્વચન કહીને અસુર તારક ભીષણ યુદ્ધ કરવા લાગ્યો.

સમયે બહુ વિકટ સંગ્રામ થયો. ત્યારે શત્રુ-વીરોનો સંહાર કરનાર કુમારે શિવજીનાં ચરણ-કમળોનું સ્મરણ કરીને તારકના વધનો વિચાર કર્યો. પછી તો મહા તેજસ્વી અને મહાબલી કુમાર રોષ અને આવેશમાં આવીને ગર્જના કરવા માંડ્યા અને બહુ મોટી સેનાની સાથે યુદ્ધમાં દૃઢતાથી ઊભા રહ્યા. એ સમયે સમસ્ત દેવતાઓએ જયજયકારનો ધ્વનિ કર્યો અને દેવર્ષિઓએ ઇષ્ટ વાણી દ્વારા એમની સ્તુતિ કરી. ત્યારે તારક અને કુમારના સંગ્રામનો પ્રારંભ થયો, જે અત્યંત દુસ્સહ, મહાભયંકર અને સંપૂર્ણ પ્રાણીઓને ભયભીત કરનારો હતો. કુમાર અને તારક બંનેયે શક્તિ-યુદ્ધમાં પરમ પ્રવીણ હતા, તેથી અત્યંત રોષ-આવેશમાં તેઓ પરસ્પર એક-બીજા પર પ્રહાર કરવા લાગ્યા. પરમ પરાક્રમી એ બંને વિવિધ પ્રકારના પેંતરા-દાવ બદલી બદલીને ગર્જના કરી રહ્યા હતા. અનેક પ્રકારના દાવપેચથી એકબીજા પર આઘાત કરી રહ્યા હતા. એ સમયે દેવતા, ગંધર્વ અને કિન્નર-સૌ ચૂપચાપ ઊભા રહીને એ દૃશ્ય જોઈ રહ્યા હતા. એમને પરમ વિસ્મય થયો. તે એટલે સુધી કે વાયુ પણ વહેવો બંધ થઈ ગયો. સૂર્યની પ્રભા ફિક્કી પડી ગઈ અને પર્વત તથા વનકાનનોસહિત આખી પૃથ્વી ધ્રુજવા લાગી, કંપી ઊઠી. આ જ અવસર પર હિમાલય વગેરે પર્વત સ્નેહથી અભિભૂત થઈને કુમારની રક્ષા માટે ત્યાં આવી પહોંચ્યા. ત્યારે એ સર્વ પર્વતોને ભયભીત થયેલા જોઈને શંકર અને ગિરિજાના પુત્ર કુમારે એમને સાંત્વના આપી અને બોલ્યા.

કુમારે કહ્યું—'હે મહાભાગ પર્વતો! તમે લોકો ખેદ ન કરો. તમારે કોઈ પ્રકારે ચિંતા ન કરવી. હું આજે તમારા બધાંના દેખતાં જ આ પાપીને મારી નાખીશ.' આ રીતે એ પર્વતો અને દેવગણોને ધૈર્ય ધારણ કરવા કહ્યું. કુમારે ગિરિજા અને શંભુને પ્રણામ કર્યા તથા પોતાની કાંતિમયી શક્તિને હાથમાં લીધી. શંભુપુત્ર કુમાર મહાબલી અને મહાન ઐશ્વર્યશાળી તો હતા જ. જ્યારે એમણે તારકનો વધ કરવાની ઇચ્છાથી શક્તિ હાથમાં લીધી, એ સમયે એમની શોભા અદ્‌ભુત થઈ ગઈ. ત્યાર પછી શંકરજીના તેજથી સંપન્ન કુમારે એ શક્તિથી તારકાસુર પર, જે સમસ્ત લોકોને કષ્ટ આપતો હતો. તેના પર પ્રહાર કર્યો. એ શક્તિના આઘાતથી તારકાસુરનાં બધાં અંગ છિન્નભિન્ન થઈ ગયાં અને સંપૂર્ણ અસુરગણોનો અધિપતિ તે મહાવીર સહસા ધરાશાયી થઈ ગયો. હે મુને! બધાંનાં જોતજોતામાં ત્યાં જ કુમાર દ્વારા માર્યા ગયેલા તારકનું પ્રાણપંખેરું ઊડી ગયું. એ ઉત્કૃષ્ટ વીર તારકને મહાસમરમાં પ્રાણરહિત થઈને પડેલા જોઈને વીરવર કુમારે પુનઃ એ વીર પર વાર-ઘા કર્યો નહિ. એ મહાબલી દૈત્યરાજ તારકના માર્યા જવાથી દેવતાઓએ ઘણા અસુરોને મોતને ઘાટ ઉતારી દીધા. એ યુદ્ધમાં કેટલાક અસુરોએ ભયભીત થઈને હાથ જોડી દીધા, કેટલાકનાં શરીર છિન્નભિન્ન થઈ ગયાં, હજારો દૈત્ય મૃત્યુના અતિથિ બની ગયા. કેટલાક શરણાર્થી દૈત્ય અંજલિબદ્ધ થઈને 'પાહિ પાહિ - રક્ષા કરો, રક્ષા કરો' એવું બોલતાં બોલતાં કુમારને શરણે આવી ગયા. કેટલાક માર્યા ગયા અને કેટલાક મેદાન છોડીને ભાગી ગયા. હજારો દૈત્યો જીવનની આશાએ દોડીને પાતાળમાં ઘૂસી ગયા. એ બધાંની આશાઓ ભગ્ન થઈ ગઈ હતી અને મુખ પર દીનતા છવાઈ ગઈ હતી.

હે મુનીશ્વર! આ રીતે તે આખી દૈત્યસેના વિનષ્ટ થઈ ગઈ. દેવગણોના ભયથી કોઈ ત્યાં ટકી શક્યું નહીં. એ દુરાત્મા તારકના માર્યા

જવાથી સર્વ લોક નિષ્કંટક થઈ ગયા અને ઇન્દ્ર વગેરે બધા દેવતા આનંદમગ્ન થઈ ગયા. આમ કુમારને વિજયી જોઈને એકીસાથે બધા દેવતાઓ તથા ત્રિલોકીના સમસ્ત પ્રાણીઓને મહાન આનંદ થયો. એ સમયે ભગવાન શંકર પણ કાર્તિકેયના વિજયના સમાચાર મેળવીને પ્રસન્નતાથી સભર ભરાઈ ગયા અને પાર્વતીજી સાથે ગણોથી ઘેરાયેલા શિવજી ત્યાં પધાર્યા. પાર્વતીજી ઊભરાતા હૃદયે પરમ પ્રેમપૂર્વક સૂર્ય સમાન તેજસ્વી પોતાના પુત્ર કુમારને ખોળામાં લઈને સ્નેહ વરસાવી રહ્યાં હતાં. એ જ અવસરે હિમાલય બંધુ-બાંધવો અને અનુયાયીઓની સાથે આવીને શંભુ-પાર્વતી તથા ગુહનું સ્તવન કર્યું. તત્પશ્ચાત્ દેવગણ, મુનિ, સિદ્ધ અને ચારણોએ શિવનંદન કુમાર, શંભુ અને પરમ પ્રસન્ન થયેલાં પાર્વતીની સ્તુતિ કરી. એ જ સમયે ઉપદેવોએ પણ ખૂબ જ પુષ્પ વર્ષા કરી. સર્વ પ્રકારનાં વાજાં વાગવા લાગ્યાં. વિશેષરૂપે જયજયકાર અને નમસ્કારના શબ્દ ઉચ્ચ સ્વરે ગૂંજવા માંડ્યા. એ સમયે ત્યાં એક મહાન વિજય ઉત્સવ મનાવાયો, જેમાં કીર્તનની વ્યવસ્થા હતી અને એ સ્થાન ગાયન-વાદનના ધ્વનિ તથા અધિકાધિક બ્રહ્મઘોષથી વ્યાપી હતું. હે મુને! સમસ્ત દેવગણોએ પ્રસન્નતાપૂર્વક ગાઈ બજાવીને તથા હાથ જોડીને ભગવાન જગન્નાથની સ્તુતિ કરી. ત્યાર પછી સર્વથી પ્રશંસિત તથા પોતાના ગણોથી ઘેરાયેલા ભગવાન રુદ્ર જગ જનની ભવાની સાથે પોતાના નિવાસસ્થાન કૈલાસ પર્વત પર ચાલ્યા ગયા.

આ બાજુ તારક માર્યો ગયો છે એ જોઈ-જાણીને બધા દેવતાઓ તથા અન્ય સમસ્ત પ્રાણીઓનો મુખ હાસ્યથી છવાઈ ગયાં. તે ભક્તિપૂર્વક શંકરસુવન કુમારની સ્તુતિ કરવા લાગ્યા. 'હે દેવ! તમે દાનવશ્રેષ્ઠ તારકનું હનન કરનારા છો, તમને નમસ્કાર હો. હે શંકરનંદન! તમે બાણાસુરના પ્રાણોનું અપહરણ કરનાર અને પ્રલંબાસુરના વિનાશક છો. તમારું સ્વરૂપ પરમ પવિત્ર છે, તમારું અમે અભિવાદન કરીએ છીએ.'

બ્રહ્માજી કહે છે—હે મુને! જ્યારે વિષ્ણુ વગેરે દેવતાઓએ આ રીતે કુમારનું સ્તવન કર્યું, ત્યારે એ પ્રભુએ બધા દેવોને ક્રમશઃ નવાં નવાં વરદાન આપ્યાં. ત્યાર પછી પર્વતોને સ્તુતિ કરતા જોઈને તે શંકરતનયે પરમ પ્રસન્નતા અનુભવી અને એમને વરદાન આપતાં બોલ્યા -

સ્કંદે કહ્યું—હે ભૂધરો! તમે બધા જ પર્વત તપસ્વીઓ દ્વારા પૂજનીય અને કર્મઠ અને જ્ઞાનીઓ દ્વારા સેવનીય થશો. આ જે મારા માતામહ (નાના) પર્વત શ્રેષ્ઠ હિમવાન છે તે મહાભાગ આજથી તપસ્વીઓ માટે ફલદાતા થશે.

ત્યારે દેવતા બોલ્યા—હે કુમાર! આ

અસુરરાજ તારકને મારીને તથા દેવોને વરદાન આપીને તમે અમે સૌને તથા ચરાચર જગતને સુખી કરી દીધું. હવે તમારે પરમ પ્રસન્નતાપૂર્વક તમારાં માતા-પિતા પાર્વતી અને શંકરનાં દર્શન કરવા માટે શિવના નિવાસભૂત કૈલાસ પર ચાલ્યા જવું જોઈએ.

બ્રહ્માજી કહે છે—હે મુને! ત્યાર પછી બધા દેવતાઓની સાથે વિમાન પર ચડીને કુમાર સ્કંદ શિવજીની સમીપે કૈલાસ જઈ પહોંચ્યા. એ સમયે શિવ-શિવાએ બહુ આનંદ મનાવ્યો. દેવતાઓએ શિવની સ્તુતિ કરી. શિવજીએ એમને વરદાન તથા અભયદાન આપીને વિદાય કર્યા. હે મુને! એ અવસર પર દેવતાઓને પરમ આનંદ પ્રાપ્ત થયો. તે શિવ, પાર્વતી અને શંકરનંદન કુમારના રમણીય યશનાં વખાણ કરતાં કરતાં પોતપોતાને લોક ચાલ્યા ગયા. આ બાજુ પરમેશ્વર શિવ પણ શિવા, કુમાર તથા ગણો સાથે સાથે આનંદપૂર્વક એ પર્વત ઉપર નિવાસ કરવા લાગ્યા. હે મુને! આ રીતે જે શિવભક્તિથી ઓતપ્રોત, સુખદાયક અને દિવ્ય છે એવા કુમારનું ને આખું ચરિત્ર મેં તમારી આગળ વર્ણવી બતાવ્યું; હવે વધારે બીજું શું સાંભળવા ચાહો છો?

(અધ્યાય ૯ થી ૧૨)

*

શિવાએ પોતાના મેલથી ગણેશને ઉત્પન્ન કરીને દ્વારપાલ-પદ પર નિયુક્ત કર્યા, ગણેશ દ્વારા શિવજીને રોકવાથી એમનો શિવગણો સાથે ભયંકર સંગ્રામ, શિવજી દ્વારા ગણેશનો શિરચ્છેદ, કુપિત થયેલાં શિવા શક્તિઓને ઉત્પન્ન કરે છે અને એમના દ્વારા પ્રલયનું સર્જન, દેવતાઓ અને ઋષિઓના સ્તવન દ્વારા પાર્વતીને પ્રસન્ન કરવાં, એમના દ્વારા પુત્રને જીવિત કરવાની વાત કહેવા પર શિવજીની આજ્ઞા અનુસાર હાથીનું માથું લવાયું અને એને ગણેશજીના ધડ સાથે જોડીને એમને જીવિત કરવા

સૂતજી કહે છે - તારકારિ કુમારના ઉત્તમ અને અદ્‌ભુત વૃતાન્તની સાંભળીને નારદજીને ખૂબ પ્રસન્નતા થઈ. એમણે પુનઃ પ્રેમપૂર્વક બ્રહ્માજીને પૂછ્યું.

નારદજી બોલ્યા - હે દેવદેવ! આપ તો શિવ-સંબંધી જ્ઞાનના અગાધ સાગર છો. હે પ્રજ્ઞનાથ! મેં સ્વામી કાર્તિકના સદ્‌વૃત્તાંતને, જે અમૃતથી પણ ઉત્તમ છે, સાંભળ્યો. હવે ગણેશનું ઉત્તમ ચરિત્ર સાંભળવા ચાહું છું. આપ એમનો જન્મ-વૃત્તાંત તથા દિવ્ય-ચરિત્ર, જે સંપૂર્ણ મંગલોને માટે પણ મંગલસ્વરૂપ છે, એનું વર્ણન કરો.

સૂતજી કહે છે - મહામુનિ નારદનાં આવાં વચન સાંભળીને બ્રહ્માજીનું મન હર્ષથી ગદ્‌ગદ થઈ ગયું. એ શિવજીનું સ્મરણ કરીને બોલ્યા.

બ્રહ્માજીએ કહ્યું - હે નારદ! પહેલાં જે મેં વિધિપૂર્વક ગણેશની ઉત્પત્તિનું વર્ણન કર્યું હતું કે શનિની દૃષ્ટિ પડવાથી ગણેશનું માથું કપાઈ ગયું હતું. ત્યારે એના પર હાથીનું મુખ લગાવી દીધું હતું, ને કલ્પાન્તરની કથા છે! હવે

શ્વેતકલ્પમાં ઘટિત થયેલી ગણેશની જન્મ-કથાનું વર્ણન કરું છું, જેમાં કૃપાળુ શંકરે જ એમનું મસ્તક કાપી લીધું હતું. હે મુને! આ બાબત તમારે સંદેહ ન કરવો જોઈએ, કેમકે ભગવાન શંભુ કલ્યાણકારી, સૃષ્ટિકર્તા અને સૌના સ્વામી છે. તે જ સગુણ પણ છે અને નિર્ગુણ પણ છે. એમની લીલાથી સમગ્ર વિશ્વની સૃષ્ટિ, રક્ષા અને વિનાશ થાય છે. હે મુનિશ્રેષ્ઠ! હવે પ્રસ્તુત વિષયને આદરપૂર્વક સાંભળો.

એક સમયે પાર્વતીજીની જયા-વિજયા નામવાળી સખીઓ એમની પાસે આવીને વિચાર કરવા લાગી - 'સખી! બધા જ ગણ રુદ્રના જ છે. નંદી, ભૃંગી વગેરે જે અમારા છે તે પણ શિવની જ આજ્ઞાપાલનમાં તત્પર રહે છે. જે અસંખ્ય પ્રમથગણ છે, એમનામાં પણ આપણું કોઈ નથી. એ બધાય શિવ-આજ્ઞા પરાયણ થઈને દ્વાર ઉપર ઊભા રહે છે. જોકે તેઓ બધા આપણા પણ છે જ. તેમ છતાં એમની સાથે અમારો મનમેળ નથી. તેથી હે પાપરહિતે! તમારે પણ અમારે માટે એક ગણની રચના કરવી જોઈએ.'

બ્રહ્માજી કહે છે—હે મુને! જ્યારે બહેનપણીઓએ પાર્વતીજીને આવાં સુંદર વચન કહ્યાં, ત્યારે એમણે એને હિતકારક માન્યાં અને એવું જ કરવાનું વિચાર્યું પણ ખરું. ત્યાર બાદ કોઈ એક સમયે જ્યારે પાર્વતીજી સ્નાન કરી રહ્યાં હતાં, ત્યારે સદાશિવ નન્દીને ડરાવી-ધમકાવીને ઘરની અંદર ચાલ્યા આવેલા. શંકરજીને આવતા જોઈને સ્નાન કરતાં કરતાં જગજનની પાર્વતી ઊભાં થઈ ગયાં. એ સમયે એમને બહુ લજ્જા આવી. તો આશ્ચર્યચકિત થઈ ગયાં. એ અવસર પર એમને સખીઓનાં વચન હિતકારક અને સુખપ્રદ માન્યાં. એ સમયે એવી ઘટના ઘટિત થવા પર પરમાયા પરમેશ્વરી શિવપત્ની પાર્વતીએ મનમાં એવો વિચાર કર્યો કે મારો કોઈ એવો સેવક હોવો જોઈએ, જે પરમ શુભ, કાર્યકુશળ અને મારી જ આજ્ઞામાં તત્પર રહેનારો હોય, એ જરાય વિચલિત થનાર ન હોય. આવો વિચાર કરીને પાર્વતીદેવીએ પોતાના શરીરના મેલથી એક એવા ચેતન પુરુષનું નિર્માણ કર્યું, જે સંપૂર્ણ શુભલક્ષણોથી સંયુક્ત હતો. એનાં બધાં જ અંગ સુંદર અને દોષરહિત હતાં. એમનું એ શરીર વિશાળ, પરમ શોભાયમાન અને મહાન બલ-પરાક્રમથી સંપન્ન હતું. દેવીએ એને અનેક પ્રકારનાં વસ્ત્ર, વિવિધ પ્રકારનાં આભૂષણથી ખૂબ જ ઉત્તમ આશીર્વાદ દઈને કહ્યું - 'તમે મારા પુત્ર છો. મારા પોતાના જ છો. તમારા સમાન વહાલું મારું અહીં કોઈ બીજું નથી.' પાર્વતીના આવા કથન પર તે પુરુષ એમને નમસ્કાર કરીને બોલ્યો.

ગણેશે કહ્યું—હે મા! આજે આપને કયું કાર્ય આવી પડ્યું છે? હું આપના કથન અનુસાર એને પૂર્ણ કરીશ.' ગણેશના આવા પૂછવાથી પાર્વતીજી પોતાના પુત્રને ઉત્તર આપતાં બોલ્યાં-

શિવાએ કહ્યું—હે તાત! તમે મારા પુત્ર છો. મારા પોતાના જ છો. તેથી તમે મારી વાત સાંભળો. આજથી તમે મારા દ્વારપાળ થઈ જાઓ. હે સત્પુત્ર! મારી આજ્ઞા સિવાય કોઈ પણ હઠપૂર્વક મારા મહેલની અંદર પ્રવેશી ન શકે, ભલેને એ ગમે ત્યાંથી આવે અને કોઈ પણ હોય. હે બેટા! આ મેં તમને બિલકુલ સત્ય વાત કહી છે.

બ્રહ્માજી કહે છે—હે મુને! આમ કહીને પાર્વતીએ ગણેશના હાથમાં એક સુદૃઢ છડી આપી દીધી. એ સમયે એમના સુંદર મુખ

જોઈને પાર્વતી હર્ષમગ્ન થઈ ગયાં. એમણે પરમ

પ્રેમપૂર્વક પોતાના પુત્રનું મુખ ચૂમી લીધું અને કૃપાપરવશ થઈ છાતી સરસા ચાંપી દીધા. પછી દંડધારી ગણરાજને પોતાના દ્વાર પર સ્થાપિત કરી દીધા. હે બેટા નારદ! ત્યાર પછી પાર્વતીનંદન મહાવીર ગણેશ પાર્વતીની હિતકામનાથી હાથમાં છડી લઈને ગૃહ-દ્વાર પર પહેરો ભરવા માંડ્યા. પેલી બાજુ શિવા પોતાના પુત્ર ગણેશને પોતાના દરવાજા પર નિયુક્ત કરીને જાતે સખીઓ સાથે સ્નાન કરવા લાગ્યાં. હે મુનિશ્રેષ્ઠ! આ જ સમયે ભગવાન શિવ, જે પરમ કૌતુકી તથા વિવિધ પ્રકારની લીલાઓ રચવામાં નિપુણ છે તે દ્વાર પર આવી પહોંચ્યા. ગણેશ એ પાર્વતીપતિને ઓળખતા તો હતા જ નહીં તેથી બોલી ઊઠ્યા - 'હે દેવ! માતાની આજ્ઞા વિના તમે અત્યારે અંદર ન જાઓ. માતા સ્નાન કરવા બેઠાં છે. તમે ક્યાં જવા ચાહો છો? આ વખતે તો અહીંથી ખસી જ જાઓ.' આમ કહીને ગણેશે એમને રોકવા માટે છડી હાથમાં લઈ લીધી. એમને આવું કરતાં જોઈ શિવજી બોલ્યા - 'હે મૂર્ખ! તું કોને રોકી રહ્યો છે? હે દુર્બુદ્ધે! શું તું મને નથી જાણતો? હું શિવ સિવાય બીજો કોઈ નથી.'

પછી મહેશ્વરના ગણ એમને સમજાવીને ખસેડવા માટે ત્યાં આવ્યા અને ગણેશને કહેવા લાગ્યા - સાંભળો, અમે મુખ્ય શિવગણ જ દ્વારપાલ છીએ અને સર્વવ્યાપી ભગવાન શંકરની આજ્ઞાથી તમને ખસેડવા માટે અહીં આવ્યા છીએ. તમને પણ ગણ સમજીને અમે લોકોએ તમને માર્યા નથી, નહિતર તમે તો ક્યારનાય માર્યા ગયા હોત. એ કુશળતા એમાં જ છે તમે જાતે જ દૂર હટી જાઓ. શા માટે મૃત્યુને વ્યર્થમાં જ બોલાવી રહ્યા છો?

બ્રહ્માજી કહે છે—હે મુને! આ કહેવાયું તો પણ ગિરિજાનંદ ગણેશ નિર્ભય જ રહ્યા. એમણે શિવગણોને ફટકાર્યા અને દ્વાર પર અડીખમ ઊભા રહ્યા. ત્યારે એ બધા શિવગણોએ શિવજીની પાસે જઈને એમનો બધો વૃત્તાંત સંભળાવ્યો. હે મુને! ગણો પાસેથી સર્વ વાતો સાંભળીને સંસારની ગતિ સ્વરૂપ અદ્‌ભુત લીલાવિહારી મહેશ્વર પોતાનાં ગણોને ધમકાવીને એમને કહેવા લાગ્યા.

મહેશ્વરે કહ્યું—'હે ગણો! આ છે કોણ? જે આટલો ઉચ્છૃંખલ થઈને શત્રુની જેમ બકી રહ્યો છે? આ નવીન દ્વારપાલને દૂર ભગાડી દો. તમે લોકો બાયલાની જેમ ઊભા રહીને એનો વૃત્તાંત મને શા માટે સંભળાવી રહ્યા છો?' વિચિત્ર લીલાની રચના કરનાર પોતાના સ્વામી શંકરના આવા કથન પર તે ગણ પુનઃ ત્યાં જ જતા રહ્યા. ત્યાર પછી ગણેશ દ્વારા ફરીથી રોકવાથી શિવજીએ ગણોને આજ્ઞા આપી કે

'તમે તપાસ કરો, આ કોણ છે અને કેમ આવું કરી રહ્યો છે?' ગણોએ પત્તો મેળવીને બતાવ્યું કે 'એ શ્રીગિરિજાના પુત્ર છે તથા દ્વારપાળરૂપે બેઠા છે.' ત્યારે લીલાસ્વરૂપ શંકરે વિચિત્ર લીલા કરવા ચાહ્યું અને પોતાના ગણોનો ગર્વ પણ ગલિત કરવાની ઇચ્છા થઈ આવી. એટલે ગણો અને દેવતાઓને બોલાવીને ગણેશજી સાથે ભીષણ યુદ્ધ કરાવ્યું. પરંતુ તેઓ કોઈ પણ ગણેશને પરાજિત ન કરી શક્યા. ત્યારે સ્વયં શૂલપાણિ મહેશ્વર આવ્યા. ગણેશજીએ માતાનાં

ચરણોનું સ્મરણ કર્યું, ત્યારે શક્તિએ એમને બળ પ્રદાન કર્યું. બધા જ દેવતાઓ શિવજીના પક્ષમાં આવી ગયા અને ઘોર યુદ્ધ થયું. છેવટે સ્વયં શૂલપાણિ મહેશ્વરે આવીને ત્રિશૂળથી ગણેશજીનું મસ્તક કાપી નાખ્યું. જ્યારે આ સમાચાર પાર્વતીજીને મળ્યા ત્યારે તે ક્રુદ્ધ થઈ ગયાં અને ઘણીબધી શક્તિઓને ઉત્પન્ન કરીને એમણે વિચાર કર્યા વિના જ એમને પ્રલય કરી દેવાની આજ્ઞા આપી દીધી. પછી તો શક્તિઓ દ્વારા પ્રલય થવા લાગ્યો. એ શક્તિઓનો તે જાજવલ્યમાન પ્રકાશ, એમનું તેજ સર્વ દિશાઓને દગ્ધ-જવું કરી નાખવા લાગ્યું. એને જોઈને તે બધા શિવગણ ભયભીત થઈ ગયા અને દોડી-ભાગીને દૂર જઈને ઊભા રહ્યા.

હે મુને! આ જ સમયે તમે દિવ્યદર્શન નારદ ત્યાં આવી પહોંચ્યા. તમારું ત્યાં જવાનું પ્રયોજન દેવગણોને સુખ આપવાનું હતું. ત્યારે તમે મુજ દેવતાઓ સહિત શંકરને પ્રણામ કરીને કહ્યું કે આ વિષયમાં સૌએ સાથે મળીને વિચાર કરવો જોઈએ. ત્યારે તે સૌ દેવતા તમે મહામના સાથે સલાહ કરવા લાગ્યા કે આ દુઃખનું શમન કેવી રીતે થાય. પછી એમણે નિશ્ચય કર્યો કે જ્યાં સુધી ગિરિજાદેવી કૃપા નહીં કરે ત્યાં સુધી સુખની પ્રાપ્તિ થઈ શકે નહીં. હવે આ વિષયમાં વધારે વિચાર કરવો વ્યર્થ છે. આવી ધારણા કરીને તમારી સાથે સર્વ દેવતાઓ અને ઋષિ ભગવતી શિવાની નિકટ ગયા અને ક્રોધની શાંતિને માટે એમને પ્રસન્ન કરવા લાગ્યા. એમણે પ્રેમપૂર્વક એમને પ્રસન્ન કરતાં કરતાં અનેકો સ્તોત્રો દ્વારા એમની સ્તુતિ કરીને વારંવાર એમનાં ચરણોમાં અભિવાદન કર્યું. પછી દેવગણની આજ્ઞાથી ઋષિ બોલ્યા.

દેવર્ષિઓએ કહ્યું—હે જગદંબે! તમને નમસ્કાર છે. હે શિવપત્ની! તમને પ્રણામ છે. હે ચંડિકે! તમને અમારાં અભિવાદન પ્રાપ્ત હો. હે કલ્યાણિ! તમને વારંવાર પ્રણામ હો. હે અંબે! તમે જ આદિશક્તિ છો. તમે જ સદા સમગ્ર સૃષ્ટિની નિર્માણકર્ત્રી છો, પાલક શક્તિ છો અને સંહાર કરનારાં પણ છો. હે દેવેશિ! તમારા કોપથી આખું ત્રિલોક વિકળ થઈ રહ્યું છે. હવે

આપ પ્રસન્ન થઈ જાઓ. ક્રોધને શાંત કરો. હે દેવી! અમે લોકો તમારા ચરણોમાં મસ્તક નમાવીએ છીએ.

બ્રહ્માજી કહે છે—હે નારદ! આમ તમે સર્વ ઋષિઓ દ્વારા સ્તુતિ કરવામાં આવી છતાં પણ પરાદેવી પાર્વતીએ એમની તરફ ક્રોધભરી દૃષ્ટિથી જ જોયું, પણ કશું કહ્યું નહિ. ત્યારે એ ઋષિઓએ પુનઃ તેમનાં ચરણકમળમાં મસ્તક નમાવ્યાં અને ભક્તિપૂર્વક હાથ જોડીને પાર્વતીજીને નિવેદન કર્યું.

ઋષિઓએ કહ્યું—હે દેવી! હવે સંહાર થવાની તૈયારીમાં છે; એટલે ક્ષમા કરો, ક્ષમા કરો. હે અંબિકે! તમારા સ્વામી શિવ પણ અહીં જ સ્થિત છે એમની તરફ તો સ્હેજ દૃષ્ટિપાત કરો. અમે લોકો, બ્રહ્મા, વિષ્ણુ વગેરે દેવતા અને આખી પ્રજા સર્વ કોઈ તમારાં જ છે અને વ્યાકુળ થઈને હાથ જોડીને અંજલિબદ્ધ થઈને તમારી સામે ઊભા છે. હે પરમેશ્વરિ! એ સર્વના અપરાધને ક્ષમા કરો. હે શિવે! હવે એમને શાંતિ પ્રદાન કરો.

બ્રહ્માજી કહે છે—હે મુને! બધા જ દેવર્ષિ આમ કહીને અત્યંત દીનભાવથી વ્યાકુળ થઈને બે હાથ જોડીને ચંડિકાની સામે ઊભા રહી ગયા. એમનું આવું કથન સાંભળીને ચંડિકા પ્રસન્ન થઈ ગયાં. એમના હૃદયમાં કરુણાનો સંચાર થઈ આવ્યો. ત્યારે તે ઋષિઓને કહેવા લાગ્યાં.

દેવીએ કહ્યું—હે ઋષિઓ! જો મારો પુત્ર જીવિત થઈ જાય અને એ તમારા સર્વમાં પૂજનીય મનાય તો સંહાર નહીં થાય. જ્યારે તમે લોકો એને 'સર્વાધ્યક્ષ'નું પદ પ્રદાન કરી દેશો ત્યારે જ લોકોમાં શાંતિ થઈ શકશે, અન્યથા તમને સુખ પ્રાપ્ત થશે નહિ.

બ્રહ્માજી કહે છે—હે મુને! પાર્વતીના આવા કથન પર તમે સર્વ ઋષિઓ દેવતાઓની પાસે આવીને સર્વ વૃત્તાંત કહી સંભળાવ્યો. એને સાંભળીને ઇન્દ્ર વગેરે બધા દેવતાઓના ચહેરા પર ઉદાસી છવાઈ ગઈ. એ શંકરજીની પાસે આવ્યા. હાથ જોડીને એમનાં ચરણોમાં નમસ્કાર કરીને સર્વ સમાચારોનું નિવેદન કરી દીધું. દેવતાઓનું કથન સાંભળીને શિવજીએ કહ્યું - 'ઠીક છે, જે રીતે આખા ત્રિલોકને સુખ મળી શકે એ જ કરવું જોઈએ. માટે હવે ઉત્તર દિશા તરફ જવું જોઈએ અને જે જીવ પહેલો મળે, એનું મસ્તક કાપીને એ બાળકના શરીર પર ચોંટાડી દેવું જોઈએ.'

બ્રહ્માજી કહે છે—હે મુને! ત્યાર બાદ શિવજીની આજ્ઞાનું પાલન કરનાર દેવતાઓએ સર્વ કાર્યો સંપન્ન કર્યાં. એમણે એ શિશુ-શરીરને ધોઈને-લુછીને વિધિવત્ એની પૂજા કરી. પછી એ ઉત્તર દિશા તરફ ગયા. ત્યાં એમને પહેલવહેલ એક દાંતવાળો હાથી મળ્યો. એમણે એનું મસ્તક લાવીને પેલા શરીર પર જોડી દીધું. હાથીના એ શિરને સંયુક્ત કરી દીધા પછી સર્વ દેવતાઓએ ભગવાન શિવ વગેરેને પ્રણામ કરીને કહ્યું કે અમે લોકોએ અમારું કામ પૂરું કરી દીધું છે. હવે જે કરવાનું બાકી છે, તેને આપ પૂર્ણ કરો.

બ્રહ્માજી કહે છે—ત્યારે શિવ આજ્ઞાપાલન સંબંધી દેવતાઓની વાત સાંભળીને સર્વ દેવો અને પાર્ષદોને મહાન આનંદ થયો. ત્યાર પછી બ્રહ્મા, વિષ્ણુ વગેરે બધા દેવતા પોતાના સ્વામી નિર્ગુણ સ્વરૂપ શંકરને પ્રણામ કરીને બોલ્યા - 'હે સ્વામિન્! આપ મહાત્માના જે તેજથી અમે બધા ઉત્પન્ન થયા છીએ, આપનું તે જ તેજ તેના વેદમંત્રના અભિયોગથી આ બાળકમાં પ્રવેશે.' આ રીતે બધા દેવતાઓએ મળીને

વેદમંત્ર દ્વારા જલને અભિમંત્રિત કર્યું, પછી શિવજીનું સ્મરણ કરીને એ ઉત્તમ જળ બાળકના શરીર પર છાંટી દીધું. એ જલનો સ્પર્શ થતાં જ એ બાળક શિવ-ઇચ્છાથી તરત જ ચેતનાયુક્ત થઈને જીવિત થઈ ગયું અને ઊંઘમાંથી ઊઠેલો માણસ બેઠો થાય તેમ તે ઊઠીને બેઠો. એ સૌભાગ્યશાળી બાળક અત્યંત સુંદર હતો. એમનું મુખ હાથી જેવું હતું. શરીરનો રંગ સાધારણ લીલાશ પડતો લાલ હતો. ચહેરા પર પ્રસન્નતા છવાઈ રહી હતી. એમની આકૃતિ કમનીય હતી. સુંદર પ્રભા ફેલાઈ રહી હતી. હે મુનીશ્વર! પાર્વતીનંદન એ બાળકને જીવિત જોઈને ત્યાં ઉપસ્થિત બધા લોકો આનંદમગ્ન થઈ ગયા અને બધાં જ દુઃખો વિલીન થઈ ગયાં. ત્યારે હર્ષવિભોર થઈને બધા જ લોકોએ એ બાળક પાર્વતીને બતાવ્યો. પોતાના પુત્રને જીવિત જોઈને પાર્વતીજી પરમ પ્રસન્ન થયાં.

(અધ્યાય ૧૩ થી ૧૮)

*

પાર્વતી દ્વારા ગણેશજીને વરદાન, દેવો દ્વારા એમને અગ્રપૂજ્ય મનાયા, શિવજી દ્વારા ગણેશને સર્વાધ્યક્ષપદ પ્રદાન અને ગણેશ - ચતુર્થીવ્રતનું વર્ણન, તે પછી સર્વ દેવોએ એમની સ્તુતિ કરી અને હર્ષપૂર્વક સૌનું પોતપોતાને સ્થાને પરત જવું

બ્રહ્માજી કહે છે—હે મુને! જ્યારે વિકૃત સ્વરૂપવાળા ગિરિજા-પુત્ર ગજાનન વ્યગ્રતારહિત થઈને જીવિત થઈ ઊઠ્યા, ત્યારે ગણનાયક દેવોએ એમનો અભિષેક કર્યો. પોતાના પુત્રને જોઈને પાર્વતીદેવી આનંદમગ્ન થઈ ગયાં અને એમણે હર્ષના અતિરેકથી એ બાળકને બંને હાથથી પકડીને છાતી સરસો ચાંપી લીધો. પછી અંબિકાએ પ્રસન્ન થઈને પોતાના પુત્ર ગણેશને અનેક પ્રકારનાં દિવ્ય વસ્ત્રો આપ્યાં અને આભૂષણો પ્રદાન કર્યાં. ત્યાર પછી સિદ્ધિઓએ અનેક વિધિવિધાનથી એમનું પૂજન કર્યું અને માતાએ પોતાના સર્વદુઃખહારી હાથથી એમનાં અંગોનો સ્પર્શ કર્યો. આ પ્રકારે શિવ-પત્ની પાર્વતીદેવીએ પોતાના પુત્રનો સત્કાર કરીને એનું મુખ ચૂમી લીધું. પ્રેમપૂર્વક વરદાન આપતાં કહ્યું - 'હે બેટા! આ સમયે તારે બહુ કષ્ટ વેઠવું પડ્યું છે પરંતુ હવે તું કૃતકૃત્ય થઈ ગયો છે. તું ધન્ય છે. હવેથી સંપૂર્ણ દેવતાઓમાં તારી

અગ્રપૂજા થતી રહેશે અને તારે ક્યારેય દુઃખનો સામનો નહીં કરવો પડે, કેમકે આ સમયે તારા મુખ પર સિંદૂર દેખાઈ રહ્યું છે. એટલા માટે મનુષ્યોએ સદા સિંદૂરથી તારી પૂજા કરવી જોઈએ. જે મનુષ્ય પુષ્પ, ચંદન, સુંદર ગંધ, નૈવેદ્ય, રમણીય આરતી, તાંબૂલ અને દાન તથા પરિક્રમા અને નમસ્કાર કરીને વિધિપૂર્વક તારી પૂજા કરશે, એને સર્વપ્રકારની સિદ્ધિઓ હસ્તગત થઈ જશે. સર્વ પ્રકારનાં વિઘ્નો નષ્ટ થઈ જશે, એમાં લેશમાત્ર પણ સંશય નથી.'

બ્રહ્માજી કહે છે—હે મુને! મહેશ્વરી દેવીએ પોતાના પુત્રને આમ કહીને એને નાના પ્રકારની વસ્તુઓ પ્રદાન કરીને પુનઃ એનું અભિનંદન કર્યું. હે વિપ્ર! ત્યારે ગિરિજાની કૃપાથી એ જ ક્ષણે દેવતાઓ અને શિવગણોનું મન વિશેષરૂપે શાન્ત થઈ ગયું. ત્યાર પછી ઇન્દ્ર વગેરે દેવતાઓએ હર્ષાતિરેકથી શિવાની સ્તુતિ કરી અને એમને પ્રસન્ન કરીને તે ભક્તિભાવિત ચિત્તથી ગણેશદેવને લઈ શિવજીની સમીપે ચાલ્યા. ત્યાં પહોંચીને એમણે ત્રિલોકીની કલ્યાણકામનાથી ભવાનીના એ બાળકને શિવજીના ખોળામાં બેસાડી દીધો. ત્યારે શિવજી પણ એ બાળકના મસ્તક ઉપર પોતાનો કરકમળ ફેરવતાં ફેરવતાં દેવતાઓને કહેવા લાગ્યા - 'આ મારો બીજો પુત્ર છે.' ત્યાર પછી ગણેશે પણ ઊઠીને શિવજીનાં ચરણોમાં અભિવાદન કર્યાં. પછી પાર્વતીને, મને-બ્રહ્માને, વિષ્ણુને અને નારદ વગેરે સર્વ ઋષિઓને પ્રણામ કરીને આગળ ઊભા રહીને એમણે કહ્યું - 'આમ તો અભિમાન કરવાનો તો મનુષ્યોનો સ્વભાવ જ છે. તેથી આપ લોક મારો અપરાધ ક્ષમા કરો.' ત્યારે હું બ્રહ્મા, શંકર અને વિષ્ણુ એ ત્રણેય દેવતાઓએ એકસાથે જ પ્રેમપૂર્વક એમને વરદાન આપતાં કહ્યું - 'હે સુરવરો! જેવી રીતે ત્રિલોકમાં અમારા ત્રણેની પૂજા થાય છે, એવી જ રીતે તમારે સૌએ આ ગણેશનું પણ પૂજન કરવું જોઈએ. પહેલાં એમની પૂજા કરવી જોઈએ, ત્યાર પછી મનુષ્યોએ અમારા લોકોનું પૂજન કરવું જોઈએ. આવું કરવાથી અમારા લોકોની પૂજા સંપન્ન થશે. હે દેવગણો! જો ક્યાંક એમની પૂજા પહેલાં ન કરીને અન્ય દેવનું પૂજન કર્યું તો એ પૂજનનું ફળ નષ્ટ થઈ જશે. એમાં અન્યથા વિચાર કરવાની જરૂર નથી.

બ્રહ્માજી કરે છે—'હે મુને! ત્યાર બાદ બ્રહ્મા, વિષ્ણુ અને શંકર વગેરે સર્વે દેવતાઓએ મળીને પાર્વતીને પ્રસન્ન કરવા માટે ગણેશને 'સર્વાધ્યક્ષ' ઘોષિત કરી દીધા. એ જ સમયે શિવજીએ પરમ પ્રસન્ન ચિત્તથી પુનઃ ગણેશને લોકમાં સર્વદા સુખ આપનારાં અનેક વરદાનો પ્રદાન કરતાં બોલ્યા -

શિવજીએ કહ્યું—હે ગિરિજાનંદન! નિઃસંદેહ હું તમારા પર પરમ પ્રસન્ન છું. હું પ્રસન્ન થયો એટલે હવે તું આખું જગત જ પ્રસન્ન થઈ ગયું એમ સમજ. હવે કોઈ પણ તારો વિરોધ નહીં કરી શકે. તું શક્તિનો પુત્ર છે, તેથી અત્યંત તેજસ્વી છે. બાળક હોવા છતાં પણ તેં મહાન પરાક્રમ પ્રગટ કર્યું છે, તેથી તું સદા સુખી રહીશ. વિઘ્નનાશના કાર્યમાં તારું નામ સૌથી શ્રેષ્ઠ થશે. તું સૌનો પૂજ્ય છે, તેથી હવે મારા સંપૂર્ણ ગણોનો અધ્યક્ષ થઈ જા.

આટલું કહ્યા પછી મહાત્મા શંકર અત્યંત પ્રસન્નતાને કારણે ગણેશને પુનઃ વરદાન આપતાં બોલ્યા - હે ગણેશ્વર! તું ભાદરવા માસની કૃષ્ણપક્ષની ચતુર્થી તિથિએ ચંદ્રમાના શુભ-ઉદય થયો ત્યારે ઉત્પન્ન થયો છે. જે સમયે ગિરિજાના સુંદર ચિત્તથી તારું રૂપ પ્રગટ થયું એ સમયે રાત્રિનો પ્રથમ પ્રહર વીતી રહ્યો હતો. એટલા માટે એ જ દિવસથી આરંભ કરીને એ જ તિથિએ મારું ઉત્તમ વ્રત કરવું જોઈએ. આ વ્રત પરમ શોભન તથા સંપૂર્ણ સિદ્ધિઓનું પ્રદાતા છે. વર્ષના અંતે જ્યારે ફરીથી એ જ ચતુર્થી આવી જાય ત્યારે ત્યાં સુધી મારા કથન અનુસાર તારા વ્રતનું પાલન કરવું જોઈએ. જેને સંસારનાં અનેક પ્રકારનાં અનુપમ સુખોની કામના હોય એમણે ચતુર્થીનિ દિવસે ભક્તિપૂર્વક વિધિ-સહિત તમારું પૂજન કરવું જોઈએ. જ્યારે માગશર માસની વદ ચોથ આવે ત્યારે એ દિવસે પ્રાતઃકાલે સ્નાન કરીને વ્રત માટે બ્રાહ્મણો સામે નિવેદન કરવું જોઈએ. પૂર્વોક્ત વિધિ પ્રમાણે ઉપવાસ કરવો જોઈએ. પછી ધાતુની, મૂંગાની (પરવાળા)ની, શ્વેત મદારની (આકડા)ની અથવા માટીની મૂર્તિ બનાવીને એની પ્રાણપ્રતિષ્ઠા કરવી જોઈએ અને ભક્તિભાવથી વિવિધ પ્રકારના દિવ્ય ગંધ, ચંદન અને પુષ્પોથી એની પૂજા કરવી જોઈએ. પછી ફરીથી રાત્રિનો પ્રથમ પ્રહર વીતી ગયા પછી સ્નાન દુર્વાદલથી (ધરો) પૂજન કરવું જોઈએ. આ દૂર્વા જડરહિત, બાર આંગળ લાંબી, અને ત્રણ ગાંઠોવાળી હોવી જોઈએ. એવી એકસો એક અથવા એકવીશ દૂર્વાથી એ પ્રસ્થાપિત પ્રતિમાની પૂજા કરે, ત્યાર પછી ધૂપ, દીપ, અનેક પ્રકારનાં નૈવેદ્ય, તામ્બૂલ, અર્ઘ્ય અને ઉત્તમ ઉત્તમ પદાર્થોથી ગણેશની પૂજા કરે અને સ્તવન કરીને એની આગળ સાષ્ટાંગ પ્રણામ કરવા જોઈએ. આમ ગણેશની પૂજા કર્યા પછી બાલચંદ્રમાનું પૂજન કરે. ત્યાર બાદ હર્ષપૂર્વક બ્રાહ્મણોની પૂજા કરીને એમને મિષ્ટાનનું ભોજન કરાવવું જોઈએ. બ્રાહ્મણો જમી રહે ત્યાર પછી પોતે પણ મીઠાવગર મિષ્ઠાનનો જ પ્રસાદ ગ્રહણ કરે. પછી ગણેશનું સ્મરણ કરીને પોતાના બધા નિયમોનું વિસર્જન કરી દે. આ રીતે કરવાથી આ શુભવ્રત પૂર્ણ થાય છે.

'હે બેટા! આમ વ્રત કરતાં કરતાં જ્યારે વર્ષ પૂરું થઈ જાય ત્યારે વ્રત કરનાર મનુષ્યે આ વ્રતની પૂર્તિ માટે વ્રતોદ્યાપનનું કાર્ય પણ સંપન્ન કરવું જોઈએ. એમાં મારી આજ્ઞા અનુસાર બાર બ્રાહ્મણોને ભોજન કરાવવું જોઈએ. વ્રત રાખનાર માટે એ જરૂરી છે કે તેણે એક કલશ સ્થાપિત કરીને એની ઉપર તમારી મૂર્તિની પૂજા કરે. ત્યાર પછી વેદવિધિ અનુસાર વેદીનું નિર્માણ કરીને એના ઉપર અષ્ટદલ કમળ બનાવે, પછી એના પર ધનની કંજૂસી છોડીને હવન કરે. પુનઃ મૂર્તિની સામે બે સ્ત્રીઓ તથા બે બાળકોને બેસાડી વિધિપૂર્વક એમની પૂજા કરવી જોઈએ અને આદરસહિત ભોજન કરાવવું જોઈએ. રાત્રે જાગરણ કરવું જોઈએ. સવારે ફરી પૂજન કરીને પુનરાગમન માટે વિર્સજન કરી દે

બાળકો પાસેથી આશીર્વાદ ગ્રહણ કરે, સ્વસ્તિવાચન કરાવે અને વ્રતની પૂર્તિ અર્થે પુષ્પાંજલિ નિવેદિત કરે. પછી નમસ્કાર કરીને પછી વિવિધ પ્રકારનાં કાર્યોની કલ્પના કરે. આ રીતે જે આ વ્રતને પૂર્ણ કરે છે એને મનોવાંછિત ફળની પ્રાપ્તિ થાય છે. હે ગણેશ! જે શ્રદ્ધાસહિત પોતાની શક્તિ અનુસાર નિત્ય તમારી પૂજા કરશે એના સર્વ મનોરથ સફળ થઈ જશે. મનુષ્યોએ સિંદૂર, ચંદન, ચોખા, કેતકી-પુષ્પ વગેરે અનેક ઉપચારો દ્વારા ગણેશ્વરનું પૂજન કરવું જોઈએ. આ રીતે જે લોકો વિવિધ પ્રકારના ઉપચારોથી ભક્તિપૂર્વક તમારી પૂજા કરશે, એમનાં વિઘ્નોનો સદાને માટે નાશ થઈ જશે અને એમની કાર્ય સિદ્ધિ થતી રહેશે. બધી જ વર્ણના લોકો, વિશેષ કરીને સ્ત્રીઓએ આ પૂજા અવશ્ય કરવી જોઈએ તથા અભ્યુદયની કામના કરવાવાળા રાજાઓ માટે પણ આ વ્રત અવશ્ય કર્તવ્ય છે. વ્રતી મનુષ્ય જે જે વસ્તુઓની કામના કરે છે એને નિશ્ચિત જ તે વસ્તુ પ્રાપ્ત થઈ જાય છે; માટે જેને પણ કોઈ વસ્તુની અભિલાષા હોય, એણે અવશ્ય તમારી સાધના કરવી જોઈએ.

બ્રહ્માજી કહે છે—હે મુને! જ્યારે શિવજીએ મહાત્મા ગણેશને આ પ્રકારે વરદાન આપ્યું ત્યારે સંપૂર્ણ દેવતાઓ, શ્રેષ્ઠ ઋષિઓ અને શિવના વહાલા સમસ્ત ગણોએ 'તથાસ્તુ' કહીને એનું સમર્થન કર્યું અને અત્યંત વિધિપૂર્વક ગણાધીશનું પૂજન કર્યું. ત્યાર પછી શિવગણોએ આદરપૂર્વક વિવિધ પ્રકારની પૂજન સામગ્રીથી ગણેશ્વરની વિશેષરૂપે અર્ચના કરી અને એમનાં ચરણમાં પ્રણામ કર્યા. હે મુનીશ્વર! એ સમયે ગિરિજાદેવીને જે આનંદ પ્રાપ્ત થયો એનું વર્ણન મારાં ચારમુખે પણ થઈ શકતું નથી; તો પછી હું એને કેવી રીતે બતાવું. એ અવસર પર દેવતાઓની દુન્દુભિઓ વાગવા લાગી. અપ્સરાઓ નૃત્ય કરવા લાગી. ગંધર્વશ્રેષ્ઠ ગાન કરવા લાગ્યા અને પુષ્પોની વર્ષા થવા લાગી. આ રીતે ગણેશ ગણાધીશપદ પર પ્રતિષ્ઠિત થયા ત્યાં મહાન ઉત્સવ થવા માંડ્યો. આખા જગતમાં શાંતિ સ્થાપિત થઈ ગઈ અને બધાં દુઃખો જતાં રહ્યાં. હે નારદ! શિવ અને પાર્વતીને તો વિશેષ આનંદ પ્રાપ્ત થયો અને સર્વત્ર અનેક પ્રકારનાં સુખદાયક મંગળ વરતાવા લાગ્યાં. ત્યાર પછી સંપૂર્ણ દેવગણ અને ઋષિગણ જે ત્યાં પધાર્યા હતા, એ બધા શિવની આજ્ઞાથી પોતપોતાને સ્થાને ચાલ્યા ગયા. એ સમયે તે શિવજીની સ્તુતિ કરીને ગણેશ અને પાર્વતીની વારંવાર પ્રશંસા કરી રહ્યા હતા અને "કેવું અદ્‌ભુત યુદ્ધ થયું" એમ પરસ્પર વાર્તાલાપ કરતાં કરતાં ચાલીને જઈ રહ્યા હતા. આ બાજુ ગિરિજાદેવીનો ક્રોધ શાંત થઈ ગયો, ત્યારે શિવજી પણ, જે સ્વાત્મારામ હોવા છતાં પણ સદાયે ભક્તોનું કાર્ય સિદ્ધ કરવા માટે તૈયાર રહે છે, ગિરિજાની પાસે આવ્યા અને લોકોની હિતકામનાથી પૂર્વવત્ વિવિધ પ્રકારનાં સુખદાયક કાર્યો કરવા લાગ્યા - ત્યારે હું - બ્રહ્મા અને વિષ્ણુ બંને ભક્તિપૂર્વક શિવ-શિવાની સેવા કરીને શિવની આજ્ઞા લઈને પોતપોતાના ધામે પરત આવી ગયા. જે મનુષ્ય જિતેન્દ્રિય થઈને આ પરમ માંગલિક આખ્યાનનું શ્રવણ કરે છે, તે સંપૂર્ણ મંગલોનો ભાગી બને છે અને મંગલભવન થઈ જાય છે. આના શ્રવણથી પુત્રહીનને પુત્રની, નિર્ધનને ધનની અને ભાર્યાર્થીને ભાર્યાની પ્રજાર્થીને પ્રજાની, રોગીને આરોગ્યની અને અભાગાને સૌભાગ્યની પ્રાપ્તિ થાય છે. જે સ્ત્રીનાં પુત્ર અને ધન નષ્ટ થઈ ગયાં હોય અને પતિ પરદેશ ચાલ્યો ગયો

હોય, એને પતિ પાછો મળી જાય છે. જે શોકસાગરમાં ડૂબેલો હોય તે આના શ્રવણથી નિઃસંદેહ શોકરહિત થઈ જાય છે. આ ગણેશ-ચરિત્રસંબંધી ગ્રંથ જેના ઘરમાં સદા વર્તમાન રહે છે, તે મંગલ સંપન્ન થઈ જાય છે - એમાં લેશમાત્ર પણ સંશયની સંભાવના નથી. જે યાત્રાના અવસરે અથવા કોઈ પુણ્યપર્વ પર આને મન લગાડીને સાંભળે છે તે શ્રીગણેશજીની કૃપાથી સંપૂર્ણ મનોવાંછિત ફળ પ્રાપ્ત કરી લે છે. (અધ્યાય ૧૯)

*

સ્વામિકાર્તિક અને ગણેશની બાળ-લીલા, બંનેનો પરસ્પર વિવાહ બાબત વિવાદ, શિવજી દ્વારા પૃથ્વી-પરિક્રમાનો આદેશ, કાર્તિકેયનું પ્રસ્થાન, ગણેશે માતા-પિતાની પરિક્રમા કરીને એમની પાસે પૃથ્વી - પરિક્રમા કરી હોવાનું સ્વીકૃત કરાવવું, વિશ્વરૂપની સિદ્ધિ અને બુદ્ધિ નામની બંને કન્યાઓનો વિવાહ ગણેશ સાથે અને એમનાથી ક્ષેમ અને લાભ એમ બે પુત્રોની ઉત્પત્તિ, કુમારનું પૃથ્વી પરિક્રમા કરીને પરત આવવું અને ક્ષુબ્ધ થઈને તેમનું ક્રૌંચપર્વત પર ચાલ્યા જવું, કુમારખંડના શ્રવણનો મહિમા

નારદજીએ પૂછ્યું—હે તાત! મેં ગણેશના જન્મ-સંબંધી અનુપમ વૃત્તાંત તથા પરમ પરાક્રમથી વિભૂષિત એમનું દિવ્ય ચરિત્ર પણ સાંભળી લીધું. હે સુરેશ્વર! એ પછી કઈ ઘટના ઘટી, એનું વર્ણન કરો, કેમકે હે પિતાજી! શિવ અને પાર્વતીનો ઉજ્જ્વળ યશ મહાન આનંદ પ્રદાન કરનારો છે.

બ્રહ્માજીએ કહ્યું—હે મુનિશ્રેષ્ઠ! તમે તો બહુ મોટા કારુણિક છો. તમે બહુ મોટી ઉત્તમ વાત પૂછી છે. હે ઋષિસત્તમ! સારું, હવે હું એનું વર્ણન કરું છું. તમે ધ્યાનપૂર્વક સાંભળો. હે વિપેન્દ્ર! શિવ અને પાર્વતી બંને પુત્રોની બાળલીલા જોઈ જોઈને મહાન પ્રેમમાં મગ્ન થઈને રહેવા લાગ્યાં. પુત્રોને લાડપ્યાર કરવાને કારણે માતાપિતાનું સુખ દિવસે દિવસે વૃદ્ધિ પામતું હતું અને એ બંને કુમાર પ્રીતિપૂર્વક આનંદની સાથે ભાતભાતની લીલાઓ કરતા હતા. હે મુનીશ્વર! એ બંને બાળક સ્વામી કાર્તિક અને ગણેશ ભક્તિપૂરિત ચિત્તથી સદા માતા-પિતાની સેવા-ચાકરી કર્યા કરતા હતા. એથી માતા-પિતાનો મહાન સ્નેહ સન્મુખ અને ગણેશ પર શુક્લપક્ષના ચંદ્રમાની જેમ દિન-પ્રતિદિન વધતો જ ગયો. એક સમયે શિવ અને શિવા બંને પ્રેમપૂર્વક એકાંતમાં બેસીને આવું વિચારવા લાગ્યાં કે 'આપણા આ બંને પુત્રો વિવાહને યોગ્ય થઈ ગયા છે, હવે આ બંનેના શુભ-વિવાહ કેવી રીતે સંપન્ન થાય. આપણને તો જેવા ષડાનન વહાલા છે એવી જ ગણેશજી પણ વહાલા છે.' આવી ચિંતામાં પડીને એ બંને લીલાવશ આનંદમગ્ન થઈ ગયાં. હે મુને! માતા-પિતાના વિચાર જાણીને એ બંને પુત્રોના મનમાં પણ વિવાહની ઇચ્છા થઈ આવી. એ બંને

'પહેલાં હું વિવાહ કરીશ, પહેલાં હું વિવાહ કરીશ' એમ વારંવાર કરીને પરસ્પર વિવાદ કરવા લાગ્યા. ત્યારે જગતના અધીશ્વર એ બંને દંપતી પુત્રોની વાત સાંભળીને લૌકિક આચારનો આશ્રય લઈને પરમ વિસ્મયને પ્રાપ્ત થયાં. થોડો સમય ગયો પછી એમણે પોતાના બંને પુત્રોને બોલાવ્યા અને એમને આ રીતે કહ્યું.

શિવ-પાર્વતી બોલ્યાં—હે સુપુત્રો! અમે લોકોએ પહેલેથી જ એક નિયમ બનાવી રાખ્યો છે. જે તમને બંને સુખદાયક હશે. હવે અમે યથાર્થરૂપે એનું વર્ણન કરીએ છીએ તે તમે લોકો પ્રેમપૂર્વક સાંભળો. હે વહાલાં બાળકો! અમને તો તમે પુત્ર સમાન વહાલા છો; કોઈ એક પર વિશેષ પ્રેમ હોય - એવી વાત નથી; તેથી અમે તમારા બંનેના વિવાહના વિષયમાં એક એવી શરત બનાવી છે જે બંનેને માટે કલ્યાણકારી છે (અને એ શરત એ છે કે) જે આખી પૃથ્વીની પરિક્રમા કરીને પહેલો અહીં આવી પહોંચશે એનો જ શુભવિવાહ પ્રથમ કરવામાં આવશે.

બ્રહ્માજી કહે છે—હે મુને! માતા-પિતાની આ વાત સાંભળીને શરજન્મા મહાબલી કાર્તિકેય તરત જ પોતાના સ્થાનથી પૃથ્વીની પરિક્રમા કરવા માટે ચાલી નીકળ્યા. પરંતુ અગાધ-બુદ્ધિ-સંપન્ન ગણેશ ત્યાં જ ઊભા રહી ગયા. તે પોતાની ઉત્તમ બુદ્ધિનો આશ્રય લઈને વારંવાર મનમાં વિચાર કરવા લાગ્યા કે - 'હવે હું શું કરું? ક્યાં જાઉં? પરિક્રમા તો મારાથી થાય નહીં, કેમકે હું તો માંડ એક કોસભર ચાલું તે પછી મારાથી આગળ જવાતું જ નથી. પછી આખી પૃથ્વીની પરિક્રમા કરીને હું કેવી રીતે સુખ પ્રાપ્ત કરી શકીશ.' આવો વિચાર કરીને ગણેશે જે કાંઈ કર્યું એ તમે સાંભળો એમણે પોતાને ઘેર જઈને વિધિપૂર્વક સ્નાન કર્યું અને પછી માતા-પિતાને આમ કહ્યું.

ગણેશજી બોલ્યા—હે પિતાજી અને માતાજી! મેં આપ લોકોની પૂજા કરીને અહીં બે આસન સ્થાપિત કર્યાં છે. આપ બંને આ આસનો પર બિરાજો, અને મારો મનોરથ પૂર્ણ કરો.

બ્રહ્માજી કહે છે—હે મુને! ગણેશની વાત સાંભળીને પાર્વતી અને પરમેશ્વર એમની પૂજા ગ્રહણ કરવા માટે આસન પર બિરાજમાન થઈ ગયાં. ત્યારે ગણેશજીએ એમની વિધિપૂર્વક પૂજા કરી અને વારંવાર પ્રણામ કરતાં કરતાં એમની સાત પરિક્રમા પ્રદક્ષિણા કરી. હે બેટા નારદ! ગણેશ તો બુદ્ધિસાગર હતા જ, તે હાથ જોડીને પ્રેમમગ્ન માતા-પિતાની બહુ પ્રકારે સ્તુતિ કરીને બોલ્યા.

ગણેશજીએ કહ્યું—હે માતાજી! તથા હે

પિતાજી! આપ લોકો મારી ઉત્તમ વાત સાંભળો અને શીઘ્ર જ મારો શુભ વિવાહ કરી દો.

બ્રહ્માજી કહે છે—હે મુને! મહાત્મા ગણેશનું આવું વચન સાંભળીને એ બંને માતા-પિતા મહાબુદ્ધિમાન ગણેશને કહેવા લાગ્યાં.

શિવ-શિવાએ કહ્યું—હે બેટા! તું પહેલાં જંગલો સહિત આ આખી પૃથ્વીની પરિક્રમા તો કરી આવ. કુમાર ગયો છે. તું પણ જા અને એનાથી પહેલાં અહીં પરત આવી જા (ત્યારે તારો વિવાહ પહેલો કરી દેવાશે)

બ્રહ્માજી કહે છે—હે મુને! નિયમપરાયણ ગણેશ માતાપિતાની આવી વાત સાંભળીને કુપિત થઈને તરત બોલી ઊઠ્યા.

ગણેશજીએ કહ્યું—હે માતાજી! તથા હે પિતાજી! આપ બંને સર્વશ્રેષ્ઠ, ધર્મરૂપ, અને મહાબુદ્ધિમાન છો, તેથી ધર્માનુસાર મારી વાત સાંભળો. મેં સાત વાર પૃથ્વીની પરિક્રમા કરી છે, તમે લોકો કેમ આવી વાત કરી રહ્યાં છો?

બ્રહ્માજી કહે છે—હે મુને! શિવ-પાર્વતી તો બહુ જ લીલાનંદી હતાં જ, તેઓ ગણેશનું કથન સાંભળીને લૌકિક ગતિનો આશ્રય લઈને બોલ્યા.

શિવ-પાર્વતીએ કહ્યું—હે પુત્ર! તેં સમુદ્રપર્યંત વિસ્તારવાળી મોટાં મોટાં કાનનો-જંગલોથી યુક્ત આ સપ્તદ્વીપવતી વિશાળ પૃથ્વીની પરિક્રમા ક્યારે કરી લીધી?

બ્રહ્માજી કહે છે—હે મુને! જ્યારે શિવ-પાર્વતીએ આવું કહ્યું, ત્યારે એ સાંભળીને મહાન બુદ્ધિસંપન્ન ગણેશ બોલ્યા.

ગણેશજીએ કહ્યું—હે માતાજી - અને પિતાજી! મેં પોતાની બુદ્ધિથી તમે બંને શિવ-પાર્વતીની પૂજા કરીને પ્રદક્ષિણા કરી લીધી છે, તેથી મારી સમુદ્રપર્યંત પૃથ્વીની પરિક્રમા પૂરી થઈ ગઈ. ધર્મના સંગ્રહભૂત વેદો અને શાસ્ત્રોમાં જે એવાં વચન મળે છે તે સત્ય છે કે અસત્ય છે? (તે વચન છે કે) જે પુત્ર માતા-પિતાની પૂજા કરીને એમની પ્રદક્ષિણા કરે છે, એને પૃથ્વી-પરિક્રમાજનિત ફળ સુલભ થઈ જાય છે. જે માતા-પિતાને ઘેર રાખીને તીર્થયાત્રાએ જાય છે, તે માતાપિતાની હત્યાથી મળનારા પાપનો ભાગી બને છે; કેમકે, પુત્રને માટે માતા-પિતાનાં ચરણસરોજ જ મહાન તીર્થ છે. અન્ય તીર્થ તો દૂર જવાથી પ્રાપ્ત થાય છે, પરંતુ ધર્મના સાધનભૂત આ તીર્થ તો પાસે જ સુલભ છે. પુત્રને માટે (માતા-પિતા) અને સ્ત્રીને માટે (પતિ) આ બંને સુંદર તીર્થ ઘરમાં જ વર્તમાન છે. એવું જે વેદ-શાસ્ત્ર નિરંતર ઉદ્‌ઘોષિત કરતા રહે છે; એને ફરી આપ લોક અસત્ય કરી દો (અને જો એ અસત્ય થઈ જશે તો) નિઃસંદેહ વેદ પણ અસત્ય થઈ જશે અને વેદ દ્વારા વર્ણિત આપનું આ સ્વરૂપ પણ જૂઠું સમજાશે. એટલા માટે યા તો શીઘ્ર જ મારો વિવાહ કરી દો અથવા એમ કહી દો કે વેદ-શાસ્ત્ર જૂઠાં છે. આપ બંને ધર્મરૂપ છો. તેથી સારી પેઠે વિચાર કરીને આ બંનેમાં જે પરમોત્તમ પ્રતીત થતું હોય, એને પ્રયત્નપૂર્વક કરવું જોઈએ.

બ્રહ્માજી કહે છે—હે મુને! ત્યારે જે બુદ્ધિમાનોમાં શ્રેષ્ઠ, ઉત્તમ બુદ્ધિ-સંપન્ન તથા મહાન જ્ઞાની છે, એ પાર્વતીનંદન ગણેશ આટલું કહીને ચૂપ થઈ ગયા. પેલી બાજુ બંને પતિ-પત્ની જગદીશ્વર શિવ-પાર્વતી ગણેશનાં વચન સાંભળીને પરમ વિસ્મિત થયાં. ત્યાર પછી તે યથાર્થભાષી અને અદ્‌ભુત બુદ્ધિવાળા પોતાના પુત્ર ગણેશની પ્રશંસા કરતાં કરતાં બોલ્યાં -

શિવ-શિવાએ કહ્યું—હે બેટા! તું મહાન આત્મબળથી સંપન્ન છે, તેથી જ તારામાં નિર્મળ

બુદ્ધિ ઉત્પન્ન થઈ છે. તેં જે વાત કહી છે, તે બિલકુલ સત્ય છે, અન્યથા નથી જ. દુઃખનો અવસર આવવા પર જેની બુદ્ધિ વિશિષ્ટ થઈ જાય છે, એનું દુઃખ એવી રીતે વિનષ્ટ થઈ જાય છે. જેમ સૂર્યનો ઉદય થતાંની સાથે જ અંધકાર નષ્ટ થઈ જાય છે. જેની પાસે બુદ્ધિ છે એ જ બળવાન છે; બુદ્ધિહીન પાસે બળ ક્યાંથી હોય? હે પુત્ર! વેદ-શાસ્ત્ર અને પુરાણમાં બાળકને માટે ધર્મપાલનની જેવી વાત કહેવામાં આવી છે, એ બધી તેં પૂરી કરી લીધી છે. તેં જે વાત કહી છે, તે બીજો કોણ કરી શકે છે. અમે તારી વાત માની લીધી. હવે એનાથી વિપરીત નહીં કરીએ.

બ્રહ્માજી કહે છે—હે નારદ! આમ કહીને બંનેએ બુદ્ધિસાગર ગણેશને સાંત્વના આપી અને

ફરી એ એમના વિવાહ-અંગે ઉત્તમ વિચાર કરવા લાગ્યાં. એ સમયે જ્યારે પ્રસન્ન બુદ્ધિવાળા પ્રજાપતિ વિશ્વરૂપને શિવજીના ઉદ્યોગની ખબર પડી, ત્યારે એના પર વિચાર કરીને એમને પરમ સુખ પ્રાપ્ત થયું. એ પ્રજાપતિ વિશ્વરૂપને દિવ્યરૂપસંપન્ન અને સર્વાંગશોભના બે સુંદર કન્યાઓ હતી જેમનાં નામ 'સિદ્ધિ' અને 'બુદ્ધિ' હતાં. ભગવાન શંકર અને ગિરિજાએ એ બંનેની સાથે હર્ષપૂર્વક ગણેશનો વિવાહ સંસ્કારસંપન્ન કરાવ્યો. એ વિવાહના અવસરે સંપૂર્ણ દેવતા પ્રસન્ન થઈને પધાર્યા. એ સમયે શિવ અને પાર્વતીનો જેવો મનોરથ હતો, એને જ અનુસાર વિશ્વકર્માએ તે વિવાહ કર્યો. એને જોઈને ઋષિઓ તથા દેવતાઓને પરમ હર્ષ પ્રાપ્ત થયો. હે મુને! ગણેશને પણ એ બંને પત્નીઓ પ્રાપ્ત થવાથી જે સુખ પ્રાપ્ત થયું એનું વર્ણન થઈ શકે નહીં. થોડા સમય પછી મહાત્મા ગણેશને એ બંને પત્નીઓથી બે દિવ્ય પુત્રો ઉત્પન્ન થયા. એમાં ગણેશપત્ની સિદ્ધિના ગર્ભથી 'ક્ષેમ' નામનો પુત્ર ઉત્પન્ન થયો અને બુદ્ધિના ગર્ભથી જે પરમ સુંદર પુત્રે જન્મ લીધો એનું નામ 'લાભ' થયું. આ રીતે જ્યારે ગણેશ અચિન્ત્ય સુખનો ભોગ કરતાં નિવાસ કરી રહ્યા હતા, ત્યારે બીજો પુત્ર સ્વામિકાર્તિક પૃથ્વીની પરિક્રમા કરીને પરત આવ્યો. એ સમયે નારદજીએ આવીને કુમાર સ્કંદને સર્વ સમાચાર સંભળાવ્યા. એ સાંભળીને કુમારના મનમાં મોટો ક્ષોભ થયો અને એ માતા-પિતા શિવા-શિવ દ્વારા રોકવા છતાં ન રોકાયા અને ક્રૌંચ પર્વત તરફ ચાલી નીકળ્યા.

હે દેવર્ષે! એ જ દિવસથી શિવપુત્ર સ્વામિકાર્તિકેયનું કુમારત્વ (કુંવારાપણું) પ્રસિદ્ધ થઈ ગયું. એમનું નામ ત્રિલોકમાં વિખ્યાત થઈ ગયું. તે શુભદાયક, સર્વપાપહારી, પુણ્યમય અને ઉત્કૃષ્ટ બ્રહ્મચર્યની શક્તિ પ્રદાન કરનારા છે. કાર્તિકી પૂર્ણિમાએ બધા દેવતા, ઋષિ, તીર્થ અને

મુનીશ્વર સદાયે કુમારનાં દર્શન કરવા માટે (ક્રૌંચ પર્વત પર) જાય છે. જે મનુષ્ય કાર્તિકી પૂર્ણિમાને દિવસે કૃતિકા નક્ષત્રનો યોગ થવા પર સ્વામિકાર્તિકનાં દર્શન કરે છે, એનાં સંપૂર્ણ પાપ નષ્ટ થઈ જાય છે અને એને મનોવાંછિત ફળની પ્રાપ્તિ થાય છે. આ બાજુ સ્કંદનો વિયોગ થઈ જવાથી ઉમાને મહાન દુઃખ થયું. એમણે દીનભાવથી પોતાના સ્વામી શિવજીને કહ્યું - 'હે પ્રભો! આપ મને સાથે લઈને ત્યાં ચાલો.' ત્યારે પ્રિયાને સુખ આપવાને નિમિત્તે સ્વયં ભગવાન શંકર પોતાના એક અંશથી એ પર્વત પર ગયા અને સુખદાયક મલ્લિકાર્જુન નામે જ્યોતિર્લિંગ રૂપે ત્યાં પ્રતિષ્ઠિત થઈ ગયા. એ સત્પુરુષોની ગતિ તથા પોતાના સઘળા ભક્તોના મનોરથ પૂર્ણ કરનારા છે. તે આજે પણ શિવાની સાથે એ પર્વત ઉપર બિરાજમાન છે.

હે બેટા નારદ! એ બંને શિવ-શિવા પણ પુત્ર સ્નેહથી વિહ્વળ થઈને પ્રત્યેક પર્વ પર કુમારને જોવા માટે જાય છે. અમાસને દિવસે ત્યાં સ્વયં શંભુ પધારે છે અને પૂર્ણિમાને દિવસે પાર્વતીજી જાય છે. હે મુનીશ્વર! તમે સ્વામિકાર્તિક અને ગણેશનો જે જે વૃત્તાંત મને પૂછ્યો હતો, એ બધો મેં તમને કહી સંભળાવ્યો. આને સાંભળીને બુદ્ધિમાન મનુષ્ય સમસ્ત પાપોથી મુક્ત થઈ જાય છે અને એની સર્વ શુભ કામનાએ પૂર્ણ થઈ જાય છે. જે મનુષ્ય આ ચરિત્રને વાંચે છે અથવા વંચાવે છે અને સાંભળે તથા સંભળાવે છે, નિઃસંદેહ એના સર્વ મનોરથ સફળ થઈ જાય છે. આ અનુપમ આખ્યાન પાપનાશક, કીર્તિપ્રદ, સુખવર્ધક, આયુ વધારનાર, સ્વર્ગની પ્રાપ્તિ કરાવનાર, પુત્ર-પૌત્રની વૃદ્ધિ કરનાર, મોક્ષપ્રદ, શિવજીના ઉત્તમ જ્ઞાનના પ્રદાતા, શિવ-પાર્વતીમાં પ્રેમ ઉત્પન્ન કરનાર અને શિવભક્તિવર્ધક છે. આ કલ્યાણકારક, શિવજીના અદ્વૈત જ્ઞાનના દાતા તથા સર્વ શિવમય છે, તેથી મોક્ષકામી અને નિષ્કામી ભક્તોએ સદા એનું શ્રવણ કરવું જોઈએ.

(અધ્યાય ૨૦)

*

॥ રુદ્રસંહિતાનો કુમાર ખંડ સંપૂર્ણ ॥

*

રુદ્રસંહિતા, પંચમ (યુદ્ધ) ખંડ

તારકપુત્ર તારકાક્ષ, વિદ્યુન્માલી અને કમલાક્ષની તપસ્યા, બ્રહ્મા દ્વારા એમને વરદાન પ્રદાન, મયદ્વારા એમને માટે ત્રણ પુરોનું નિર્માણ અને એમની સજાવટ - શોભાનું વર્ણન

નારદજીએ કહ્યું—હે પિતાજી! જે ગણેશ અને સ્વામિકાર્તિકની ઉત્તમ કથાઓથી ઓતપ્રોત તથા આનંદપ્રદાન કરનાર છે, ભગવાન શંકરના ગૃહસ્થ-સંબંધી એ ઉત્તમ ચરિત્રને અમે સાંભળી લીધું. હવે આપ કૃપા કરીને એ પરમોત્તમ ચરિત્રનું વર્ણન કરો, જેમાં રુદ્રદેવે રમતાં રમતાં જ દુષ્ટોનો વધ કર્યો હતો. મહાન વીર્યશાળી ભગવાન શંકરે દેવ-દ્રોહીઓનાં ત્રણે નગરોનો એકસાથે એક જ બાણથી કયા કારણે અને કેવી રીતે ભસ્મ કર્યાં હતાં? હે ભગવાન! જેમના ભાલમાં બાલચંદ્રમા સુશોભિત છે તથા જે સદા માયાની સાથે વિહાર કરનારા છે, એ ભગવાન શંકરનું ચરિત તો દેવર્ષિઓને આનંદપ્રદાન કરનારું છે. આપ એ આખુંય ચરિત્ર વિસ્તારપૂર્વક વર્ણવો.

બ્રહ્માજી બોલ્યા—હે ઋષિશ્રેષ્ઠ! પહેલાં કોઈ સમયમાં વ્યાસે સનત્કુમારને આવો જ પ્રશ્ન કર્યો હતો. એ સમયે સનત્કુમારને જે કાંઈ ઉત્તર અપાયો હતો. એનું જ હું વર્ણન કરું છું.

એ સમયે સનત્કુમારે કહ્યું હતું—હે મહાબુદ્ધિમાન વ્યાસજી! વિશ્વનો સંહાર કરનારા ચંદ્રમૌલિ શિવે જે રીતે એક જ બાણથી ત્રિપુરને ભસ્મ કર્યાં હતાં તે ચરિત્ર હું કહું છું; સાંભળો. હે મુનીશ્વર! જ્યારે શિવકુમાર સ્કન્દે તારકાસુરને મારી નાખ્યો, ત્યારે એના ત્રણે પુત્રોને મહાન સંતાપ થયો. એમાં તારકાક્ષ સૌથી મોટો હતો, વિદ્યુન્માલી વચલો હતો અને નાનાનું નામ કમલાક્ષ હતું. એ ત્રણેમાં સરખું બળ હતું. તે જિતેન્દ્રિય, સદા કાર્ય કરવા તૈયાર, સંયમી, સત્યવાદી, દૃઢચિત્ત, મહાન વીર અને દેવો સાથે દ્રોહ કરનારા હતા. એ ત્રણે જણે સર્વ પ્રકારના ઉત્તમોત્તમ મનોહર ભોગોનો પરિત્યાગ કરીને મેરુ પર્વતની એક કંદરામાં જઈને પરમ અદ્‌ભુત તપસ્યા શરૂ કરી. ત્યાં એમણે હજારો વર્ષો સુધી બ્રહ્માજીની પ્રસન્નતા માટે અત્યંત ઉગ્ર તપ કર્યું. ત્યારે સુર અને અસુરોના ગુરુ મહાયશસ્વી બ્રહ્માજી એમની તપસ્યાથી અત્યંત સંતુષ્ટ થઈને એમને વરદાન આપવા પ્રગટ થયા.

બ્રહ્માજીએ કહ્યું—હે મહાદૈત્યો! હું તમારા

લોકોના તપથી પ્રસન્ન થઈ ગયો છું, તેથી તમારી કામના અનુસાર તમને વરદાન પ્રદાન

કરીશ. હે દેવ દ્રોહીઓ! હું બધાની તપસ્યાનો ફલદાતા છું અને સર્વદા બધું જ કરવામાં સમર્થ છું. માટે બતાવો, કહો, તમે લોકોએ આટલું ઘોર તપ શા માટે કર્યું છે?

સનત્કુમારજી કહે છે—હે મુને! બ્રહ્માજીની આ વાત સાંભળીને બધાએ અંજલિબદ્ધ થઈને પિતામહનાં ચરણોમાં પ્રણિપાત કર્યો, પ્રણામ કર્યા અને પછી ધીરે ધીરે પોતાના મનની વાત કહેવાનો આરંભ કર્યો.

દૈત્ય બોલ્યા—હે દેવશ! જો તમે અમારા પર પ્રસન્ન થયા છો અને અમને વરદાન આપવા ચાહો છો. તો એ વરદાન આપો કે સમસ્ત પ્રાણીઓમાં અમે બધાંને માટે અવધ્ય થઈ જઈએ. હે જગન્નાથ! આપ અમને સ્થિર કરી દો અને અમારા રોગ, જરા વગેરે બધા જ શત્રુઓ નષ્ટ થઈ જાય તથા ક્યારેય મૃત્યુ અમારી પાસે ફરકી પણ ન શકે. અમારો એવો વિચાર છે કે અમે લોકો અજર-અમર બની જઈએ અને ત્રિલોકમાં અન્ય સર્વ પ્રાણીઓને મોતને ઘાટ ઉતરતા રહીએ; કેમકે, હે બ્રહ્મન્! જો પાંચ જ દિવસોમાં કાલના ગાલમાં ચાલ્યા જવાનું નિશ્ચિત જ હોય તો અતુલ લક્ષ્મી, ઉત્તમોત્તમ નગર, અન્યાન્ય ભોગસામગ્રી, ઉત્કૃષ્ટ પદ અને ઐશ્વર્યનું શું પ્રયોજન છે. મારા વિચારથી તો એ બધું પ્રાણીઓ માટે બધું વ્યર્થ જ છે.

સનત્કુમારજી કહે છે—હે મહર્ષે! એ તપસ્વી દૈત્યોની આ વાત સાંભળીને બ્રહ્મા પોતાના સ્વામી ગિરિશાયી ભગવાન શંકરનું ધ્યાન કરીને બોલ્યા.

બ્રહ્માજીએ કહ્યું—હે અસુરો! અમરત્વ બધાંને ન મળી શકે, તેથી તમે લોકો એ વિચાર જ છોડી દો. એ સિવાય અન્ય કોઈ વરદાન જે તમને રુચતું હોય તે માગી લો. કેમકે, હે દૈત્યો! આ ભૂતલ પર જ્યાં ક્યાંય પણ જે પ્રાણી જન્મ્યું છે અથવા જન્મ લેશે તે આ જગતમાં અજર-અમર થઈ જ ન શકે. એટલા માટે હે પાપરહિત અસુરો! તમે લોકો સ્વયં પોતાની બુદ્ધિથી વિચાર કરીને મૃત્યુની વંચના કરતાં કોઈ એવું દુર્લભ અને દુસ્સાધ્ય વરદાન માગી લો, જે દેવતા અને અસુરને માટે અશક્ય હોય. એ પ્રસંગે તમે લોકો પોતાના બળનો આશરો લઈને પૃથક્-પૃથક્ પોતાના ચરણમાં કોઈ હેતુ માગી લો, જેથી તમારી રક્ષા થઈ જાય અને મૃત્યુ તમારું વરણ ન કરી શકે.

સનત્કુમારજી કહે છે—હે મહર્ષે! બ્રહ્માજીનાં આવાં વચન સાંભળીને તે દૈત્યો ઘડી-બેઘડી સુધી તો ધ્યાનસ્થ થઈ ગયા, પછી કશુંક વિચારી સમજીને સર્વલોકપિતામહ બ્રહ્માજીને કહેવા લાગ્યા.

દૈત્યોએ કહ્યું—હે ભગવન્! યદ્યપિ અમે લોકો પ્રબળ પરાક્રમી છીએ તથાપિ અમારી પાસે કોઈ એવું ઘર નથી, જ્યાં અમે શત્રુઓથી સુરક્ષિત રહીને સુખપૂર્વક નિવાસ કરી શકીએ; તેથી આપ અમારે માટે એવાં ત્રણ નગરોનું નિર્માણ કરાવી આપો, જે અત્યંત અદ્‌ભુત અને સંપૂર્ણ સંપત્તિથી સંપન્ન હોય તથા દેવતા જેનું પ્રધર્ષણ ન કરી શકે. હે લોકેશ! આપ તો જગત્ ગુરુ છો. અમે લોકો આપની કૃપાથી એવા ત્રણે પુરોમાં અધિષ્ઠિત થઈને આ પૃથ્વી પર વિચરણ કરીશું. એ દરમિયાન તારકાક્ષે કહ્યું કે વિશ્વકર્મા મારે માટે જે નગરનું નિર્માણ કરે તે સ્વર્ણમય હોય અને દેવતાઓ પણ તેનું ભેદન ન કરી શકે. ત્યાર પછી કમલાક્ષે ચાંદીથી બનેલા અત્યંત વિશાળ નગરની યાચના કરી અને વિદ્યુન્માલીએ પ્રસન્ન થઈને વજ્ર સમાન લોખંડનું બનેલું

મહાનગર માગ્યું. હે બ્રહ્મન્! એ ત્રણે પુર મધ્યાહ્ન સમયે અભિજિત મુહૂર્તમાં ચંદ્રમા જ્યારે પુષ્ય નક્ષત્રમાં રહીને એક સ્થાન પર મળ્યા કરે અને આકાશમાં નીલ વાદળો પર સ્થિર થઈને એ એક ઉપર એક એમ રહેતાં અમારી દૃષ્ટિથી ઓઝલઆડ, સંતાઈને રહે. પછી પુષ્કરાવર્ત નામક કાલમેઘોની વર્ષા થાય એ સમયે એ હજાર વર્ષ પછી આ ત્રણે નગરો પરસ્પર મળે અને એકીભાવને પ્રાપ્ત થાય, અન્યથા નહીં. એ સમયે કૃત્તિવાસા એટલે મૃગચર્મ પહેરેલા ભગવાન શંકર, જે વૈરભાવથી રહિત છે, સર્વદેવમય અને બધાના દેવ છે તે લીલાપૂર્વક સંપૂર્ણ સામગ્રીઓથી યુક્ત એક અસંભવ રથ પર બેસીને એક અનોખા બાણથી અમારાં પુરોનું ભેદન કરે. પરંતુ ભગવાન શંકર સદા અમારે માટે વંદનીય, પૂજ્ય અને અભિવાદનને પાત્ર છે તેથી કરીને તે અમને લોકોને કેવી રીતે ભસ્મ કરશે - મનમાં આવી ધારણા કરીને અમે આવું દુર્લભ વરદાન માગી રહ્યા છીએ.

સનત્કુમારજી કહે છે—હે વ્યાસજી! દૈત્યોના કથન અનુસાર સૃષ્ટિકર્તા લોકપિતામહ બ્રહ્માએ શિવજીનું સ્મરણ કરીને એમને કહ્યું કે, 'બહુ સારું, એવું જ થશે.' પછી મયને પણ આજ્ઞા આપતાં એમને કહ્યું - 'હે મય! તમે સોનું, ચાંદી અને લોખંડનાં ત્રણ નગર બનાવી દો.' આમ મયને આદેશ આપીને બ્રહ્માજી એ તારક-પુત્રોના જોતાં જોતાં પોતાને ધામે સ્વર્ગે ચાલ્યા ગયા. ત્યાર પછી ધૈર્યશાળી મયે પોતાના તપોબળથી નગરોના નિર્માણનું કાર્ય આરંભ કરી દીધું. એમણે તારકાક્ષ માટે સ્વર્ણમય, કમલાક્ષને માટે રજતમય અને વિદ્યુન્માળી માટે લૌહમય - એમ ત્રણ પ્રકારનાં ઉત્તમ દુર્ગ - કિલ્લાઓ તૈયાર કર્યા. એ પુર ક્રમશઃ સ્વર્ગ, અંતરિક્ષ અને ભૂતલ પર નિર્મિત થયા હતા. અસુરોના હિતમાં તત્પર રહેનારા મય આ ત્રણે પુરોને તારકાક્ષ વગેરે અસુરોને હવાલે કરીને પોતે પણ એમાં જ પ્રવેશી ગયા. આ રીતે એ ત્રણે પુરોને મેળવીને મહાન બલ-પરાક્રમથી સંપન્ન એ તારકાસુરના પુત્રો એમાં પ્રવિષ્ટ થયા અને સમસ્ત ભોગોનો ઉપભોગ કરવા લાગ્યા. તે નગર કલ્પવૃક્ષોથી વ્યાપ્ત અને હાથીઘોડાથી સપન્ન હતાં. એમાં મણિનિર્મિત જાળીઓથી આચ્છાદિત ઘણાબધા મહેલ બનેલા હતા. તે પદ્મરાગથી બનેલા અને સૂર્યમંડળની જેમ ચમકીલાં વિમાનોથી, જેમાં ચારે બાજુએ દરવાજા હતા, શોભાયમાન હતા. કૈલાસ - શિખરની જેમ ઊંચાં અને ચંદ્રમા સમાન ઉજ્જ્વલ દિવ્ય પ્રાસાદો તથા ગોપુરોથી એમની શોભા અદ્‌ભુત દેખાતી હતી. તે સ્થળ અપ્સરાઓ, ગંધર્વો, સિદ્ધો અને ચારણોથી ખચાખચ ભરેલું હતું. પ્રત્યેક મહેલમાં શિવાલય અને અગ્નિહોત્રશાળાની પ્રતિષ્ઠા થયેલી હતી. એમાં શિવભક્તિ-પરાયણ શાસ્ત્રજ્ઞ બ્રાહ્મણ સદા નિવાસ કરતા હતા. ત્યાં વાવડી, કૂપ, તળાવ અને મોટી મોટી તલાવડીઓ તથા સમૂહના સમૂહ સ્વર્ગથી પડેલાં વૃક્ષોથી યુક્ત બાગ-બગીચાઓ અને વનોથી બધું સુશોભિત હતું. મોટી મોટી નદીઓ, નદ અને નાની નાની સરિતાઓ, જેમાં કમળ ખિલેલાં હતાં વગેરેથી શોભા ઓર વધી ગઈ હતી. એમાં સંપૂર્ણ કામનાઓ પૂર્ણ કરનારાં અનેક ફળોથી લચી પડેલાં વૃક્ષો હતાં, જેથી એ નગર વિશેષ મનોહર લાગી રહ્યાં હતાં. તે ઝુંડના ઝુંડ મદમત્ત ગજરાજોથી, સુંદર સુંદર ઘોડાથી, વિવિધ પ્રકારના આકાર-પ્રકારના રથ અને શિબિકાઓથી અલંકૃત હતાં. એમાં સમય અનુસાર પૃથક્-પૃથક્ ક્રીડાંસ્થળો બનેલાં હતાં અને વેદ-અધ્યયની પાઠશાળાઓ પણ હતી. જુદે

જુદે સ્થળે તે બની હતી. તે નગરો પાપી પુરુષો માટે મનવાણીથી અગોચર હતાં. એમને સદાચારી પુણ્યશીલ મહાત્મા જ જોઈ શકતા હતા. પતિસેવાપરાયણ તથા કુકર્મથી વિમુખ રહેનારી પતિવ્રતા નારીઓએ નગરોનાં ઉત્તમ સ્થળોને સર્વત્ર પવિત્ર કરી રાખ્યાં હતાં. એમાં મહાભાગ શૂરવીર દૈત્ય અને શ્રુતિ-સ્મૃતિના અર્થના તત્ત્વજ્ઞ અને સ્વધર્મપરાયણ બ્રાહ્મણ પોતાની સ્ત્રીઓ તથા પુત્રોની સાથે નિવાસ કરતા હતા. એમાં મયદ્વારા સુરક્ષિત એવા સુદૃઢ પરાક્રમી વીર ભરેલા હતા, જેમના કેશ નીલકમલ સમાન નીલરંગવાળા હતા અને વાંકડિયા હતા. એ બધા સુશિક્ષિત હતા. જેથી એમનામાં સદા યુદ્ધની લાલસા ભરેલી રહેતી હતી. એ લોકો મોટાં-મોટાં યુદ્ધ સમર-પ્રેમી હતા. બ્રહ્મા અને શિવનું પૂજન કરવાથી એમનાં પરાક્રમ વિશુદ્ધ હતાં, એ સૂર્ય, મરુદ્‌ગણ અને મહેન્દ્ર સમાન બળવાન હતા અને દેવતાઓને પણ મથનારા હતા. વેદો, શાસ્ત્રો અને પુરાણોમાં જે જે ધર્મોનું વર્ણન કરવામાં આવ્યું છે, તે સર્વ ધર્મ અને શિવપ્રેમી દેવતા ત્યાં ચારે બાજુએ વ્યાપ્ત હતા. એ નગરોમાં પ્રવેશ કરીને એ દૈત્ય સદા શિવભક્તિમાં નિરત રહેતા અને ત્રિલોકને બાધિત કરીને વિશાળ રાજ્યનો ઉપભોગ કરવા લાગ્યા. હે મુને! આ રીતે ત્યાં નિવાસ કરનારા એ પુણ્યાત્માનાં સુખ પ્રીતિપૂર્વક ઉત્તમ રાજ્યનું પાલન કરતાં કરતાં બહુ દીર્ઘ કાળ વ્યતીત થઈ ગયો. (અધ્યાય-૧)

*

તારક-પુત્રોના પ્રભાવથી સંતપ્ત થયેલા દેવોનું બ્રહ્માની પાસે કરુણ પુકાર, બ્રહ્માનું એ સૌલોકોને શિવની પાસે મોકલવા, શિવની આજ્ઞાથી દેવોનું વિષ્ણુનાં શરણે જવું અને વિષ્ણુ દ્વારા એ દૈત્યો મોહિત થયા અને એમને આચાર-ભ્રષ્ટ કરવા

સનત્કુમારજી કહે છે—હે મહર્ષે! ત્યાર પછી તારક-પુત્રોના પ્રભાવથી દગ્ધ થયેલા ઈન્દ્ર વગેરે દેવતા દુઃખી થઈ પરસ્પર સલાહ કરીને બ્રહ્માજીને શરણે ગયા. ત્યાં સંપૂર્ણ દેવતાઓએ દીન થઈને પ્રેમપૂર્વક પિતામહને પ્રણામ કર્યા અને અવસર જોઈને એમને પોતાનાં દુખડાં કહ્યાં.

દેવતા બોલ્યા—હે ધાતઃ! ત્રિપુરોના સ્વામી તારક-પુત્રોએ તથા મયાસુરે સમસ્ત સ્વર્ગમાં રહેનારાને સંતપ્ત કરી દીધા છે. હે બ્રહ્મન્! એટલા માટે અમે દુઃખી થઈને આપને શરણે આવ્યા છીએ. તમે એમના વધનો કોઈ ઉપાય કરો, જેથી અમે લોકો સુખેથી રહી શકીએ.

બ્રહ્માજીએ કહ્યું—હે દેવગણો! તમારે એ દાનવોથી વિશેષ ભયભીત થવાની જરૂર નથી. ન ડરવું જોઈએ. હું એમના વધનો ઉપાય બતાવું છું. ભગવાન શિવ તમારું કલ્યાણ કરશે. મેં જ આ દૈત્યોને ચઢાવ્યા છે, એટલે મારે જ હાથે એમનો વધ થાય એ ઉચિત નથી. સાથે જ ત્રિપુરમાં એમનું પુણ્ય પણ વધતું જ રહેશે. તેથી ઈન્દ્ર સહિત બધા દેવતાઓ શિવજીને પ્રાર્થના કરો. એ સર્વાધીશ જો પ્રસન્ન થઈ જશે તો એ જ તમારું કાર્ય પૂર્ણ કરશે.

સનત્કુમારજી કહે છે—હે વ્યાસજી!

બ્રહ્માજીની આ વાણી સાંભળીને ઇન્દ્ર સહિત દેવતાઓ દુઃખી થઈને એ સ્થાન પર ગયા, જ્યાં વૃષભધ્વજ શિવ આસીન હતા. ત્યારે એ બધાએ અંજલિબદ્ધ થઈને દેવેશ્વર શિવને ભક્તિપૂર્વક પ્રણામ કર્યા અને ખભા નમાવીને લોકકલ્યાણ કર્તા શંકરનું સ્તવન કર્યું. હે મુને! આ પ્રકારે વિવિધ રીતે દિવ્ય સ્તોત્રો દ્વારા ત્રિશૂળધારી પરમેશ્વરની સ્તુતિ કરીને સ્વાર્થ-સાધનમાં નિપુણ ઇન્દ્ર વગેરે દેવોએ દીનભાવથી ખભા નમાવીને હાથ જોડીને પ્રસ્તુત સ્વાર્થનું નિવેદન કરવાનું આરંભ કર્યું.

દેવતાઓએ કહ્યું—હે મહાદેવ! તારકના પુત્ર ત્રણે ભાઈઓએ ભેગા મળીને ઇન્દ્રસહિત સમસ્ત દેવતાઓને હરાવી દીધા છે. હે ભગવન્! એમણે ત્રિલોકને તથા મુનીશ્વરોને પોતાને અધીન કરી લીધા છે અને સંપૂર્ણ સિદ્ધ સ્થાનોને નષ્ટ-ભ્રષ્ટ કરીને આખા જગતને ઉત્પીડિત કરી રાખ્યું છે. એ દારુણ દૈત્ય સમસ્ત યજ્ઞભાગને સ્વયં ગ્રહણ કરી લે છે. એમણે ઋષિ-ધર્મનું નિવારણ કરીને અધર્મનો વિસ્તાર કરી દીધો છે. હે શંકર! નિશ્ચય જ એ તારક-પુત્ર સમસ્ત પ્રાણીઓ દ્વારા અવધ્ય છે, એટલા માટે જ તે સ્વઇચ્છા-અનુસાર બધાં જ કાર્યો કરતા રહે છે. હે પ્રભો! એ ત્રિપુરનિવાસી દારુણ દૈત્ય જ્યાં સુધીમાં જગતનો વિનાશ ન કરી દે એ પહેલાં જ તમે કોઈ એક એવી નીતિનું વિધાન કરો. જેથી એની રક્ષા થાય.

સનત્કુમારજી કહે છે—હે મુને! આવું ભાષણ કરતાં કરતાં એ સ્વર્ગવાસી ઇન્દ્ર-આદિ દેવોની વાત સાંભળીને શિવજી જવાબ આપતાં બોલ્યા.

શિવજીએ કહ્યું—હે દેવગણ! આ સમયે તો ત્રિપુરાધીશ મહાન પુણ્ય-કાર્યમાં લાગેલા છે; અને એવો નિયમ છે કે જે પુણ્યાત્મા હોય, એની પર વિદ્વાનોએ કોઈ પણ પ્રકારે પ્રહાર ન કરવો જોઈએ. હું દેવતાઓનાં બધાં જ કષ્ટોને જાણું છું; તેમ છતાં એ દૈત્યો બહુ પ્રબળ છે, તેથી દેવતા અને અસુર મળીને પણ એનો વધ નથી કરી શકતા. એ તારકપુત્ર બધાયે પુણ્યસંપન્ન છે, એટલા માટે એ સર્વ ત્રિપુરવાસીઓનો વધ કરવો દુસ્સાધ્ય છે. જોકે હું રણકર્કશ છું તેમ છતાં જાણીજોઈને હું મિત્ર-દ્રોહ કેવી રીતે કરી શકું; કેમકે, પહેલાં કોઈ એક સમયે બ્રહ્માજીએ કહ્યું હતું કે મિત્રદ્રોહથી વધીને બીજું કોઈ પાપ નથી. સત્પુરુષોને બ્રહ્મહત્યાને, શરાબી, ચોર તથા વ્રત-ભંગ કરનારા માટે પ્રાયશ્ચિત્તનું વિધાન કરેલું છે પરંતુ કૃતઘ્નનો ઉદ્ધારનો તો કોઈ ઉપાય જ નથી* હે દેવતાઓ! તમે લોકો પણ ધર્મજ્ઞ તો છો જ એટલે ધર્મદૃષ્ટિએ વિચાર કરીને તમે જ બતાવો કે જ્યારે એ દૈત્ય મારા ભક્ત છે, ત્યારે હું કઈ રીતે તેમને મારી નાખું. એટલા માટે હે અમરો! જ્યાં સુધી તે દૈત્યો મારી ભક્તિગાં તત્પર છે ત્યાં સુધી એમનો વધ અસંભવ છે. તેમ છતાં તમે લોકો વિષ્ણુ પાસે જઈને એમની પાસે આ કારણનું નિવેદન કરો.

ત્યાર પછી દેવગણ ભગવાન શ્રીવિષ્ણુ પાસે ગયા અને એમના દ્વારા એવી વ્યવસ્થા કરવામાં આવી કે જેવી અસુર શૈવ સનાતન ધર્મથી વિમુખ બને અને સર્વથા અનાચાર પરાયણ થઈ ગયા. વૈદિક ધર્મનો નાશ થવાથી ત્યાં સ્ત્રીઓએ પતિવ્રત-ધર્મ છોડી દીધો. પુરુષો ઇન્દ્રિયોના વશમાં થઈ ગયા. આ રીતે સ્ત્રી-પુરુષ બધાં

---

* બ્રહ્મઘ્ને ચ સુરપે ચ સ્તેને ભગ્નવ્રતે તથા। નિષ્કૃતિર્વિહિતા સદ્ભિઃ કૃતઘ્ને નાસ્તિ નિષ્કૃતિઃ ॥
(શિ.પુ.રુ.સં. યુદ્ધ ખંડ ૩/૫)

દુરાચારી થઈ ગયાં. દેવ-આરાધના, શ્રાદ્ધ, યજ્ઞ, વ્રત, તીર્થ, શિવ-વિષ્ણુ-સૂર્ય-ગણેશ વગેરેનું પૂજન, સ્નાન, દાન વગેરે સર્વ શુભ આચરણોનો નાશ થઈ ગયો. ત્યારે માયા અને અલક્ષ્મી એ નગરમાં જઈ પહોંચ્યાં. તપથી પ્રાપ્ત થયેલી લક્ષ્મી ત્યાંથી ચાલી ગઈ. આ રીતે ત્યાં અધર્મનો વિસ્તાર થઈ ગયો. હે મુને! ત્યારે શિવ-ઇચ્છાથી ભાઈઓ સહિત એ દૈત્યરાજ તથા મયની શક્તિ પણ કુંઠિત થઈ ગઈ.

(અધ્યાય ૨થી ૫)

*

દેવોનું શિવજી પાસે જવું, સ્તવન કરવું, શિવજી ત્રિપુરવધ માટે તૈયાર ન થયા, બ્રહ્મા અને વિષ્ણુને સમજાવવું વિષ્ણુ દ્વારા નિર્દિષ્ટ શિવમંત્રનો દેવો દ્વારા તથા વિષ્ણુ દ્વારા જપ, શિવજીની પ્રસન્નતા અને એમને માટે વિશ્વકર્મા દ્વારા સર્વદેવમય રથનું નિર્માણ

વ્યાસજીએ પૂછ્યું—હે સનત્કુમારજી! જ્યારે ભાઈઓ તથા પુરવાસીઓ સહિત એ દૈત્યરાજની બુદ્ધિ વિશેષરૂપે મોહાચ્છન્ન થઈ ગઈ, ત્યારે એ પછી કઈ ઘટના ઘટી? હે વિભો! સંપૂર્ણ વૃત્તાંતનું વર્ણન કરો.

સનત્કુમારજીએ કહ્યું—હે મહર્ષે! જ્યારે ત્રણેયે પુરોની પૂર્વોક્ત દશા થઈ, દૈત્યોએ શિવ-અર્ચનનો પરિત્યાગ કરી દીધો, સંપૂર્ણ સ્ત્રીધર્મ નષ્ટ થઈ ગયો અને ચારે બાજુએ દુરાચાર ફેલાઈ ગયો, ત્યારે ભગવાન વિષ્ણુ અને બ્રહ્માની સાથે બધા દેવતા કૈલાસ પર્વત પર ગયા અને સુંદર શબ્દોમાં શિવની સ્તુતિ કરવા લાગ્યા - 'હે મહેશ્વર દેવ! આપ પરમોત્કૃષ્ટ આત્મબળથી સંપન્ન છો; તમે જ સૃષ્ટિના કર્તા બ્રહ્મા, પાલક વિષ્ણુ અને સંહર્તા રુદ્ર છો; પરબ્રહ્મસ્વરૂપ આપને નમસ્કાર હો.' આમ મહાદેવજીનું સ્તવન કરીને દેવોએ એમને સાષ્ટાંગ પ્રણામ કર્યા. પછી ભગવાન વિષ્ણુએ જળમાં ઊભા રહીને પોતાના સ્વામી પરમેશ્વર શિવનું મનમાં ને મનમાં સ્મરણ કરીને તન્મય થઈને દક્ષિણામૂર્તિ દ્વારા પ્રગટિત રુદ્રમંત્રનો દોઢ કરોડની સંખ્યા સુધી જપ કર્યો. ત્યાં સુધીમાં બધા દેવતાઓએ મહેશ્વરમાં મન પરોવીને આમ કહેતાં સ્તુતિ કરવા લાગ્યા.

દેવોએ કહ્યું—હે પ્રભો! આપ સમસ્ત પ્રાણીઓના આત્મસ્વરૂપ, કલ્યાણકર્તા અને સમસ્ત ભક્તોની પીડા હરનારા છો. આપના ગળામાં નીલ ચિહ્ન છે તેથી આપ નીલકંઠ કહેવાયા છો. આપ ચિદ્રૂપ અને પ્રચેતા છો. આપ રુદ્રને અમારા પ્રણામ છે. હે અસુરનિકંદન! તમે જ અમારી બધી આપત્તિઓનું નિવારણ કરનારા છો. માટે સદાયે આપ જ અમારી ગતિ છો. આપ જ સર્વદા અમારા વંદનીય છો. આપ સૌના આદિ છો અને આપ જ અનાદિ પણ છો. તમે જ આનંદસ્વરૂપ, અવ્યય, પ્રભુ, પ્રકૃતિ-પુરુષના પણ સાક્ષાત્ સ્રષ્ટા છો અને જગદીશ્વર છો. આપ જ રજોગુણ, સત્ત્વગુણ, અને તમોગુણના આશ્રયથી બ્રહ્મા, વિષ્ણુ અને રુદ્ર થઈને જગતના કર્તા, ભર્તા અને સંહારક બનો છો. તમે જ આ ભવસાગરથી તારનારા છો. તમે સમસ્ત પ્રાણીઓના સ્વામી, અવિનાશી, વરદાતા, વાઙ્મયસ્વરૂપ, વેદપ્રતિપાદ્ય અને વાચ્ય-વાચકતાથી રહિત છો. યોગવેત્તા યોગી આપ

ઈશાન પાસે અમે મુક્તિની યાચના કરીએ છીએ. તમે યોગીઓના હૃદયકમળની કર્ણિકાપર બિરાજમાન રહો છો. વેદ અને સંતજન કહે છે કે આપ પરબ્રહ્મસ્વરૂપ, તત્ત્વરૂપ અને પરાત્પર છો. હે શર્વ! તમે સર્વવ્યાપી, સર્વાત્મા અને ત્રિલોકના અધિપતિ છો. હે ભવ! આ જગતમાં જેને પરમાત્મા કહે છે તે આપ જ છો. હે જગદ્‌ગુરો! આ જગતમાં દર્શન કરવા, શ્રવણ કરવા, સ્તવન કરવા તથા જાણવા યોગ્ય કહેવાયા છો અને જે અણુથી પણ સૂક્ષ્મ અને મહાનથી પણ મહાન આપ જ છો. આપ ચારે બાજુએ હાથ, પગ, નેત્ર, મસ્તક, મુખ, કાન અને નાકવાળા છો; તેથી આપને ચોતરફથી નમસ્કાર છે. હે સર્વવ્યાપિન્! આપ સર્વજ્ઞ, સર્વેશ્વર, અનાવૃત્ત અને વિશ્વરૂપ છો. આપ વિરૂપાક્ષને બધી બાજુએથી અભિવાદન છે. આપ સર્વેશ્વર, ભવાધ્યક્ષ, સત્યમય, કલ્યાણકર્તા, અનુપમેય અને કરોડો સૂર્ય સમાન પ્રભાવશાળી છો. આપને અમે બધી બાજુએથી દંડવત્ પ્રણામ કરીએ છીએ. વિશ્વરાધ્ય, આદિ-અંતશૂન્ય, છવ્વીશમું તત્ત્વ, નિયામકરહિત તથા સમસ્ત પ્રાણીઓને પોતપોતાનાં કાર્યોમાં પ્રવૃત્ત કરનારા આપને બધી બાજુએથી પ્રણામ છે. તમે પ્રકૃતિના પણ પ્રવર્તક છો, સર્વના પ્રપિતામહ છો અને સમસ્ત શરીરમાં વ્યાપ્ત છો, આપ પરમેશ્વરને અમારા નમસ્કાર છે. શ્રુતિઓ તથા શ્રુતિતત્ત્વના જ્ઞાતા વિજ્ઞજન આપને વરદાયક, સમસ્ત ભૂતોમાં નિવાસ કરનારા સ્વયંભૂ અને શ્રુતિ તત્ત્વજ્ઞ બતાવે છે. હે નાથ! આપે જગતમાં અનેક એવાં કાર્યો કર્યાં છે, જે અમારી સમજથી પર છે. અમે સમજી શકતા નથી, તેથી દેવતા, અસુર, બ્રાહ્મણ અને અન્યાન્ય સ્થાવર-જંગમ પણ આપની જ સ્તુતિ કરે છે. હે શંભો! ત્રિપુરવાસી દૈત્યોએ અમને પ્રાયઃ નષ્ટ જેવા કરી દીધા છે, તેથી આપ શીઘ્ર જ એ અસુરોનો વિનાશ કરીને અમારી રક્ષા કરો, કેમકે, હે દેવવલ્લભ! અમે સર્વ દેવોની એકમાત્ર આપ જ ગતિ છો. હે પરમેશ્વર! આ સમયે તે આપની માયાથી મોહિત થઈ ગયા છે, માટે હે પ્રભો! તે ભગવાન વિષ્ણુ દ્વારા બતાવેલી યુક્તિના ચક્કરમાં ફસાઈને બધાં જ ધર્મ-કર્મ છોડી બેઠા છે. હે ભક્તવત્સલ! અમારા સૌભાગ્યવશ આ સમયે એ દૈત્યોએ સંપૂર્ણ ધર્મોનો પરિત્યાગ કરી દીધો છે અને નાસ્તિક શાસ્ત્રનો આશ્રય લઈ રાખ્યો છે. હે શરણદાતા! આપ તો સદાથી દેવતાઓનાં કાર્ય કરતા જ આવ્યા છો. એટલા જ માટે આજે પણ અમે લોકો આપને શરણે આવ્યા છીએ. શરણાપન્ન થયા છીએ. હવે આપની જેવી ઇચ્છા હોય એવું કરો.

સનત્કુમારજી કહે છે—હે મુનિવર! આ પ્રકારે મહેશ્વરનું સ્તવન કરીને દેવગણ દીનભાવથી અંજલિબદ્ધ થઈને સામે ઊભા રહ્યા. એ સમયે એમનાં મસ્તક નમેલાં હતાં. આ રીતે જ્યારે સુરેન્દ્ર વગેરે દેવોએ મહેશ્વરની સ્તુતિ કરી અને

વિષ્ણુએ ઈશાન-સંબંધી મંત્રનો જપ કર્યો, ત્યારે સર્વેશ્વર ભગવાન શિવ પ્રસન્ન થઈ ગયા અને વૃષ પર સવાર થઈને ત્યાં પ્રગટ થઈ ગયા. એ સમયે પાર્વતીપતિ શિવનું મન પ્રસન્ન હતું. એમણે નંદીશ્વરની પીઠ પરથી ઊતરીને વિષ્ણુનું આલિંગન કર્યું અને પછી તે નન્દી પર હાથ ટેકવીને ઊભા થઈ ગયા અને સંપૂર્ણ દેવતાઓ તરફ કૃપાભરી દૃષ્ટિથી જોઈને ગંભીર વાણીમાં શ્રીહરિને કહેવા લાગ્યા.

શિવજીએ કહ્યું—હે દેવશ્રેષ્ઠ! એ અધર્મનિષ્ઠ દૈત્યોનાં ત્રણે પુરોને હું નષ્ટ કરી દઈશ - એમાં સંશય નથી, પરંતુ એ મહાદૈત્ય મારા ભક્ત હતા અને એમનું મન સુદૃઢરૂપે મારામાં લાગેલું રહેતું હતું; તેથી યદ્યપિ આ સમયે એમણે બહાનાવશ ઉત્તમ ધર્મનો પરિત્યાગ કરી દીધો છે, તથાપિ શું મારા દ્વારા વધને યોગ્ય છે? એટલા માટે જેમણે ત્રિપુરવાસી દૈત્યોને ધર્મભ્રષ્ટ કરીને મારી ભક્તિથી વિમુખ કરી દીધા છે તે વિષ્ણુ અથવા અન્ય કોઈ દેવતા જ એમને કેમ નથી મારી નાખતા? હે મુનીશ્વર! શંભુનાં આ વચન સાંભળીને એ સમસ્ત દેવતાઓ તથા શ્રીહરિનું મન પણ ઉદાસ થઈ ગયું. જ્યારે સૃષ્ટિકર્તા બ્રહ્માએ જોયું કે દેવતાઓ અને વિષ્ણુના મુખ પર ઉદાસી છવાઈ ગઈ છે, ત્યારે એમણે હાથ જોડીને શંભુને કહેવાનો આરંભ કર્યો.

બ્રહ્માજી બોલ્યા—હે પરમેશ્વર! આપ યોગવેત્તાઓ શ્રેષ્ઠ, પરબ્રહ્મ તથા સદાય દેવો તથા ઋષિઓની રક્ષામાં તત્પર રહેનારા છો; તેથી પાપનો આપને સ્પર્શ જ નથી. સાથે જ આપના આદેશથી જ તો એમને મોહમાં નાખવામાં આવ્યા હતા. એના પ્રેરક તો આપ જ છો. આ સમયે જરૂર એમણે પોતાના ધર્મનો પરિત્યાગ કરી દીધો છે અને એ આપની ભક્તિથી વિમુખ થઈ ગયા છે. તેમ છતાં આપના સિવાય કોઈ એમનો વધ કરી શકે તેમ નથી. દેવો અને ઋષિઓના પ્રાણરક્ષક હે મહાદેવ! સાધુઓની રક્ષા માટે આપે એ મ્લેચ્છોનો વધ કરવો ઉચિત છે. આપ તો રાજા છો, તેથી રાજાને ધર્મ અનુસાર વધ કરવાથી પાપ લાગતું નથી, માટે આ કાંટાને ઉખેડીને સાધુ-બ્રાહ્મણોની રક્ષા કરો. રાજા જો પોતાનું રાજ્ય તથા સર્વલોકાધિપત્યને સ્થિર રાખવા ચાહતો હોય તો એણે પોતાના રાજ્યમાં અને અન્યત્ર પણ આવો જ વ્યવહાર કરવો જોઈએ. એટલા માટે આપ દેવગણોની રક્ષા માટે તૈયાર થઈ જાઓ, વિલંબ ન કરશો. હે દેવદેવેશ! મોટા મોટા મુનીશ્વર, યજ્ઞ, સંપૂર્ણ વેદ, શાસ્ત્ર, હું બ્રહ્મા અને વિષ્ણુ પણ નિશ્ચય જ આપની પ્રજા છીએ. હે પ્રભો! આપ દેવતાઓના સાર્વભૌમ સમ્રાટ છો. આ શ્રીહરિ વગેરે દેવગણ અને આખું જગત આપનું જ કુટુંબ છે. હે અજન્મા દેવ! શ્રીહરિ આપના યુવરાજ છે. અને હું - બ્રહ્મા આપનો પુરોહિત છું તથા આપની આજ્ઞાનું પાલન કરનાર શક્ર રાજ્યકારભાર સંભાળનાર મંત્રી છે, હે સર્વેશ! અન્ય દેવતાઓ પણ આપના શાસન-નિયંત્રણમાં રહીને સદા પોતપોતાના કાર્યમાં તત્પર રહે છે. આ બિલકુલ સત્ય છે.

સનત્કુમારજી કહે છે—હે વ્યાસજી! બ્રહ્માની આ વાત સાંભળીને સુરપાલક પરમેશ્વર શિવનું મન પ્રસન્ન થઈ ગયું ત્યારે એમણે બ્રહ્માજીને કહ્યું.

શિવજી બોલ્યા—હે બ્રહ્મન્! જો તમે મને દેવતાઓનો સમ્રાટ કરી રહ્યા છો તો મારી પાસે એ પદને યોગ્ય કોઈ એવી સામગ્રી તો છે નહીં, જેથી હું એ પદને ગ્રહણ કરી શકું; કેમકે ન તો મારી પાસે કોઈ મહા દિવ્ય રથ છે, કે નથી

એને ઉપર્યુક્ત સારથિ અને સંગ્રામમાં વિજય અપાવનારાં ધનુષબાણ પણ નથી કે જેને લઈને હું મનોયોગપૂર્વક સંગ્રામમાં એ પ્રબળ દૈત્યોનો વધ કરી શકું. આમ કહીને એ ચૂપ થઈ ગયા. પરંતુ શિવજીને શીઘ્ર જ પ્રસ્તુ થતા ન જોઈને દેવતા, કશ્યપ વગેરે ઋષિ અત્યંત વ્યાકુળ તથા દુઃખી થઈ ગયા. ત્યારે ભગવાન હરિએ એમને કહ્યું.

ભગવાન વિષ્ણુ બોલ્યા—"હે દેવો તથા મુનિઓ! તમે લોકો દુઃખી શા માટે થાઓ છો? તમારે પોતાનાં બધાં જ દુઃખોનો પરિત્યાગ કરી દેવો જોઈએ. હવે તમે બધા લોકો આદરપૂર્વક મારી વાત સાંભળો. હે દેવગણ! તમે જ લોકો વિચાર કરો કે મહાન પુરુષોની આરાધના સુખસાધ્ય નથી હોતી. મેં એવું સાંભળ્યું છે કે મહદ્ આરાધનમાં પહેલાં મહાન કષ્ટ વેઠવું પડે છે. પછી ભક્તની દૃઢતા જોઈને ઇષ્ટદેવ અવશ્ય પ્રસન્ન થઈ જાય છે. પરંતુ શિવ તો સમસ્ત ગણોના અધ્યક્ષ તથા પરમેશ્વર છે. એ તો આખરે આશુતોષ રહ્યાને. તેથી પહેલાં 'ૐ'નું ઉચ્ચારણ કરીને પછી 'નમઃ'નો પ્રયોગ કરો. પછી 'શિવાય' કહીને બે વાર શુભમ્નું ઉચ્ચારણ કરો. એ પછી બે વાર 'કુરુ'નો પ્રયોગ કરીને પછી 'શિવાય નમઃ' 'ૐ' જોડી દો. (આવું કરવાથી 'ૐ નમઃ શિવાય શુભં શુભં કુરુ કુરુ શિવાય નમઃ ૐ' એ મંત્ર બને છે). હે બુદ્ધિવિશારદો! જો તમે લોકો શિવની પ્રસન્નતા માટે આ મંત્રના પુનઃ એક કરોડ જપ કરશો તો શિવજી અવશ્ય તમારાં કાર્ય પૂર્ણ કરશે.' હે મુને! પ્રભાવશાળી શ્રીહરિએ જ્યારે આમ કહ્યું, ત્યારે બધા દેવતા પુનઃ શિવ-આરાધનામાં લાગી ગયા. ત્યાર પછી શ્રીહરિ પણ દેવો તથા મુનિઓના કાર્યોની સિદ્ધિને માટે શિવમાં મન લગાવીને વિધિપૂર્વક જપમાં તત્પર થઈ ગયા. હે મુનિશ્રેષ્ઠ! આ બાજુ દેવગણ ધૈર્યસંપન્ન થઈને વારંવાર 'શિવ-શિવ' એમ ઉચ્ચારણ કરતાં કરતાં એક કરોડ જપ કરવા સામે ઊભા રહ્યા. એ સમયે સ્વયં સાક્ષાત્ શિવ પૂર્વોક્ત સ્વરૂપ ધારણ કરીને પ્રગટ થઈ ગયા અને આમ કહેવા લાગ્યા.

શ્રી શિવજી બોલ્યા—હે હરે હે બ્રહ્મન્! હે દેવગણ તથા ઉત્તમ વ્રતનું પાલન કરનારા મુનિઓ! હું તમારા આ જપથી પ્રસન્ન થઈ ગયો છું, માટે હવે તમે લોકો તમારું મનોવાંછિત વરદાન માગી લો.

દેવતાઓએ કહ્યું—હે દેવાધિદેવ! હે કલ્યાણકર્તા જગદીશ્વર! જો આપ અમારા પર પ્રસન્ન થયા હો તો દેવોની વિકલતાનો વિચાર કરીને શીઘ્ર જ ત્રિપુરનો સંહાર કરી દો. હે પરમેશ્વર! આપ તો દીનબંધુ છો, કૃપાની ખાણ છો. આપે જ સદાયે અમારી - દેવતાઓની વારંવાર આપત્તિઓથી રક્ષા કરી છે, માટે આ સમયે પણ આપ અમારી રક્ષા કરો.

સનત્કુમારજી કહે છે—હે બ્રહ્મન્! ત્યારે બ્રહ્મા અને વિષ્ણુસહિત દેવોની એ વાત સાંભળીને શિવજી મનમાં ને મનમાં પ્રસન્ન થયા અને પુનઃ આ પ્રકારે બોલ્યા.

મહેશ્વરે કહ્યું—હે હરે! હે બ્રહ્મન્! હે દેવગણ! તથા હે મુનિઓ! હવે ત્રિપુરને નષ્ટ થયું જ સમજો. તમે લોકો આદરપૂર્વક મારી વાત સાંભળો (અને એ અનુસર કાર્ય કરો). મેં પહેલાં જે દિવ્ય રથ, સારથિ, ધનુષ અને ઉત્તમ બાણોનો અંગીકાર કર્યો છે, એ બધું જ શીઘ્ર તૈયાર કરો. હે વિષ્ણો અને વિધે! નિશ્ચય જ તમે બંને ત્રિલોકના અધિપતિ છો; એટલા માટે મારે માટે પ્રયત્નપૂર્વક સમ્રાટને યોગ્ય બધાં

ઉપકરણો તમારે પ્રસ્તુત કરી દેવાં જોઈએ. તમે બંને સૃષ્ટિના સર્જન અને પાલન કાર્યમાં નિયુક્ત છો તેથી ત્રિપુરને નષ્ટ જ થયેલો જાણીને દેવતાઓની સહાયતા માટે આ કાર્ય અવશ્ય કરો. આ શુભ-મંત્ર (જેનો તમે લોકોએ જપ કર્યો છે) મહાન પુણ્ય તથા મને પ્રસન્ન કરનારો છે. એ ભુક્તિ-મુક્તિનો દાતા, સંપૂર્ણ કામનાઓનો પૂરક, શિવભક્તોને આનંદપ્રદ છે. એ સ્વર્ગકામી પુરુષોને માટે ધન, યશ અને આયુની વૃદ્ધિ કરનારો છે. એ નિષ્કામ માટે મોક્ષ તથા સાધન કરનારા પુરુષોને માટે ભુક્તિ-મુક્તિનો સાધક છે. જે મનુષ્ય પવિત્ર થઈને સદા આ મંત્રનું કીર્તન કરે છે, સાંભળે છે અથવા બીજાને સંભળાવે છે, એની બધી જ અભિલાષા પૂર્ણ થઈ જાય છે.

સનત્કુમારજી કહે છે—હે મુને! પરમાત્મા શિવની આ વાત સાંભળીને બધા દેવતા પરમ પ્રસન્ન થયા અને બ્રહ્મા તથા વિષ્ણુને તો વિશેષ આનંદ પ્રાપ્ત થયો. એ સમયે વિશ્વકર્માએ શિવની આજ્ઞા અનુસાર વિશ્વના હિત માટે એક સર્વદેવમય તથા પરમ શોભન દિવ્ય રથનું નિર્માણ કર્યું. (અધ્યાય ૬ થી ૮)

*

સર્વદેવમય રથનું વર્ણન, શિવજીનું એ રથ પર ચઢીને યુદ્ધને માટે પ્રસ્થાન, એમનું પશુપતિ નામ પડવાનું કારણ, શિવજી દ્વારા ગણેશ-પૂજન, મયદાનવનું ત્રિપુરથી જીવિત બચી જવું

વ્યાસજીએ કહ્યું—હે શૈવપ્રવર સનત્કુમારજી! આપની બુદ્ધિ ઉત્તમ છે, આપ સર્વજ્ઞ છો. હે તાત! તમે પરમેશ્વર શિવની જે કથા સંભળાવી તે અત્યંત અદ્‌ભુત છે. હવે બુદ્ધિમાન વિશ્વકર્માએ શિવજીને માટે જે દેવમય અને પરમોત્કૃષ્ટ દિવ્ય રથનું નિર્માણ કર્યું હતું, એનું વર્ણન કરો.

સૂતજી કહે છે—હે મુને! વ્યાસજીની આ વાત સાંભળીને મુનીશ્વર સનત્કુમાર શિવજીનાં ચરણકમળોનું સ્મરણ કરીને બોલ્યા - હે મહાબુદ્ધિમાન મુનિવર વ્યાસજી! મેં શિવજીનાં પાદપદ્મોનું સ્મરણ કરીને પોતાની બુદ્ધિ અનુસાર રથની નિર્માણ-કથાનું વર્ણન કરું છું. સાંભળો - ત્યારબાદ વિશ્વકર્માએ રુદ્રદેવ માટે બહુ યત્નથી આદરપૂર્વક દિવ્ય રથની રચના કરી. તે સર્વસંમત તથા સર્વભૂતમય રથ સોનાનો બનેલો હતો. એના જમણા ચક્રમાં સૂર્ય અને વામચક્રમાં ચંદ્રમા બિરાજમાન હતા. જમણા ચક્રમાં બાર આરા લાગેલા હતા, જેમાં બારેય સૂર્યો પ્રતિષ્ઠિત હતા અને ડાબા પૈંડામાં સોળ આરા હતા. જેમાં ચંદ્રમાની સોળ કળાઓ બિરાજમાન હતી. હે ઉત્તમ વ્રતનું પાલન કરનારા વિપેન્દ્ર! અશ્વિની વગેરે સત્યાવીશ નક્ષત્ર પણ એના વામ ચક્રની શોભા વધારી રહ્યાં હતાં. હે વિપ્રશ્રેષ્ઠ! છયે ઋતુ એ બંને પૈંડાની પરિધ-(નેમિ) બની ગઈ. અંતરિક્ષ રથનો અગ્રભાગ થયો અને મંદરાચલે રથની બેઠકનું સ્થાન ગ્રહણ કર્યું. ઉદયાચલ અને અસ્તાચલ એ બંને કૂબર (વળાંક દેનાર) થયા. મહામેરુ અધિષ્ઠાન (મુખ્ય આધાર) અને શાખાપર્યંત એનાં આશ્રયસ્થાન બન્યા. સંવત્સર એ રથનો વેગ, ઉત્તરાયણ અને દક્ષિણાયન બંને લોહધારક, મુહૂર્ત બન્ધુર (રસ્તી-દોરડું), કલાઓ એના કીલ

(ખીલી, કાંટો કે ખીલડો) બને છે. કાષ્ઠાઓ (દિશાઓ) એના નાસિકારૂપ અગ્રભાગ (ઘોણા), ક્ષણ અક્ષદંડ (ધુરા), નિમેષ અનુકર્ષ (નીચેનું લાકડું) અને લવ ઈષાદંડ (દાંડો) થાય છે. દ્યુલોક એ રથનો વરૂથ (ઉપલો પર્દો) તથા સ્વર્ગ અને મોક્ષ ધ્વજા થાય છે. અભ્રમુ (ઐરાવતની પત્ની) અને કામધેનુ ઝૂંસરીના છેલ્લા છેડા પર સ્થિત થયા. અવ્યક્ત (પ્રકૃતિ) એનો ઈષાદંડ (દાંડો), બુદ્ધિ નડ્વલ (ચાડું, સરોડું), અહંકાર ખૂણો અને પંચમહાભૂત એનું બળ હતું. હે મુનિશ્રેષ્ઠ! ઈન્દ્રિયો એને ચારે બાજુએથી વિભૂષિત કરી રહી હતી. શ્રદ્ધા રથની ચાલ હતી. એ સમયે વેદોનાં છએ અંગો જ એનાં ભૂષણ હતાં અને પુરાણ, ન્યાય, મીમાંસા અને ધર્મશાસ્ત્ર ઉપભૂષણ (ગૌણધરેણાં) થયાં. સંપૂર્ણ શુભ લક્ષણોથી યુક્ત બલસંપન્ન શ્રેષ્ઠ મંત્ર ઘૂઘરમાળનાદ કરનાર ઘંટની જગાએ છે. વર્ણ અને આશ્રમ એના પાદ બન્યા. સહસ્ર ફેણોથી સુશોભિત શેષનાગ બંધનરજ્જુ થાય છે, દિશાઓ અને ઉપદિશાઓ એને પાદ બને છે. પુષ્કર વગેરે તીર્થો રત્નજડિત સ્વર્ણમય ધજાઓ - પતાકાઓનું સ્થાન ગ્રહણ કરે છે અને ચારેય સમુદ્રો એ રથના આચ્છાદન - વસ્ત્ર બને છે. ગંગા વગેરે બધી શ્રેષ્ઠ નદીઓએ સુંદર સ્ત્રીઓનાં રૂપ ધારણ કર્યાં છે અને સમસ્ત આભૂષણોથી વિભૂષિત થઈ હાથમાં ચામર લઈ અહીં-તહીં સ્થિત થઈને એ રથની શોભા વધારવા લાગી-આવહ વગેરે સાત વાયુઓએ સ્વર્ણમય ઉત્તમ સોપાનનું કામ સંભાળ્યું. લોકાલોક પર્વત ચારે બાજુએ ઉપસોપાન અને માનસ વગેરે સરોવર એના સુંદર બાહ્ય વિષમસ્થાન થયા. બધા વર્ષાચલ એની ચારે બાજુએ પાશ બન્યા. નીચેના લોકોના નિવાસી રથના તળિયાના ભાગ થયા. દેવાધિદેવ ભગવાન બ્રહ્મા લગામ પકડનાર સારથિ થયા અને બ્રહ્મદૈવત ઓંકાર એ બ્રહ્મદેવની ચાબુક બને છે. 'અ'કારે વિશાળ છત્રનું રૂપ ધારણ કર્યું મંદરાચલ પાર્શ્વભાગનો દંડ થયો. શૈલરાજ હિમાલય ધનુષ અને સ્વયં નાગરાજ શેષ એની પ્રત્યંચા (દોરી) બન્યા. શ્રુતિરૂપિણી સરસ્વતી દેવી ધનુષની ઘંટા બની અને મહાતેજસ્વી વિષ્ણુ બાણ બન્યા અને અગ્નિ એ બાણની અણી બન્યા. હે મુને! ચારેય વેદ એ રથમાં જોડનાર ચાર ઘોડા કહેવાયા છે. એ પછી બાકી રહેલી જ્યોતિઓ એ અશ્વનાં આભૂષણ બની. વિષથી ઉત્પન્ન થયેલી વસ્તુઓને સેનાનું રૂપ ધારણ કર્યું, વાયુ વાજાં વગાડવા લાગ્યા અને વ્યાસ વગેરે મુખ્ય-મુખ્ય ઋષિ વાહવાહક બન્યા (ભાર ખેંચનાર). હે મુનીશ્વર! અધિક કહેવાથી શો લાભ, હું સંક્ષેપમાં જ બતાવી દઉં છું કે બ્રહ્માંડમાં જે કાંઈ વસ્તુ હતી, એ સર્વ એ રથમાં વિદ્યમાન હતી. આ રીતે બુદ્ધિમાન વિશ્વકર્માએ બ્રહ્મા અને વિષ્ણુની આજ્ઞાથી એ શુભ રથ અને રથની સામગ્રીનું નિર્માણ કર્યું.

સનત્કુમારજી કહે છે—હે મહર્ષે! આ પ્રકાર મહાન દિવ્યરથમાં, જે અનેકવિધ આશ્ચર્યોથી યુક્ત હતો, વેદરૂપી અશ્વોને જોડીને બ્રહ્માએ શિવને સમર્પિત કરી દીધો. શંભુને નિવેદિત કર્યા પછી વિષ્ણુ વગેરે દેવોના સંમાનનીય અને ત્રિશૂળ ધારણ કરનારા છે, એ દેવેશ્વરની પ્રાર્થના કરીને બ્રહ્માજી શંકર ભગવાનને એ રથ પર આરૂઢ કરવા લાગ્યા. ત્યારે મહાન ઐશ્વર્યશાળી સર્વદેવમય શંભુ રથસામગ્રીથી યુક્ત રથ પર આરૂઢ થયા. એ સમયે ઋષિ, દેવતા, ગંધર્વ, નાગ, લોકપાલ અને બ્રહ્મા, વિષ્ણુ પણ એમની સ્તુતિ કરી રહ્યા હતા. ગાનવિદ્યા-વિશારદ અપ્સરાઓના ગણ એમને ઘેરી રહ્યા

હતા. સારથિના સ્થાન પર બ્રહ્માને જોઈને એ વરદાયક શંભુની શોભા વિશેષ થઈ. લોકની બધી જ વસ્તુઓથી કલ્પિત એ રથ પર શિવજી ચઢી જ રહ્યા હતા કે વેદસંભૂત તે ઘોડા અવળે માથે ભૂમિ પર પડી ગયા. પૃથ્વી પર ધરતીકંપ આવી ગયો. બધા પર્વત ડગમગવા લાગ્યા. સહસા શેષનાગ શિવજીનો ભાર ન સહી શકવાને કારણે આતુર થઈને કંપવા લાગ્યા. ત્યારે એ જ ક્ષણે ભગવાન ધરણીધરે ઊઠીને નન્દીશ્વરનું રૂપ ધારણ કર્યું અને રથની નીચે જઈને રથને ઉપર ઉઠાવ્યો; પરંતુ નન્દીશ્વર પણ રથારૂઢ મહેશના એ ઉત્તમ તેજને સહન ન કરી શક્યા, તેથી તેમણે તત્કાળ જ પૃથ્વી પર ઘૂંટણ ટેકવી દીધા. ત્યાર પછી ભગવાન બ્રહ્માએ શિવજીની આજ્ઞાથી હાથમાં ચાબુક લઈને ઘોડાઓને ઉઠાવીને એ શ્રેષ્ઠ રથને ઊભો કર્યો. તદનંતર મહેશ દ્વારા અધિષ્ઠિત એ ઉત્તમ રથમાં બેઠેલા બ્રહ્માએ રથને જોડેલા મન અને વાયુ સમાન વેગવાળા વેદમય અશ્વોને એ તપસ્વી દાનવોના આકાશસ્થિત ત્રણે પુરોને લક્ષ્ય કરીને આગળ કર્યો. ત્યાર પછી લોકોના કલ્યાણકર્તા ભગવાન રુદ્ર દેવોની તરફ જોઈને કહેવા લાગ્યા – 'હે સુરશ્રેષ્ઠો! જો તમે બધા દેવલોકો તથા અન્ય પ્રાણીઓના વિષયમાં પૃથક્ પૃથક્ પશુત્વની કલ્પના કરીને એ પશુઓનું આધિપત્ય મને પ્રદાન કરશો ત્યારે જ હું એ અસુરોનો સંહાર કરીશ; કેમકે એ દૈત્યશ્રેષ્ઠ ત્યારે જ માર્યા જશે, અન્યથા એમનો વધ અસંભવ છે.'

સનત્કુમારજી કહે છે—હે મુને! અગાધ બુદ્ધિસંપન્ન દેવાધિદેવ ભગવાન શંકરની આ વાત સાંભળીને બધા દેવતા પશુત્વ પ્રતિ સશંકિત થઈ ગયા, જેથી એમનું મન ખિન્ન થઈ ગયું. ત્યારે એમના ભાવને સમજીને દેવદેવ અંબિકાપતિ શંભુ કરુણાર્દ્ર થઈ ગયા. પછી એ હસીને દેવતાઓને આ પ્રમાણે કહેવા લાગ્યા.

શંભુએ કહ્યું—હે દેવશ્રેષ્ઠો! પશુભાવ પ્રાપ્ત થવા છતાં પણ તમારા લોકોનું પતન થશે નહિ. હું એ પશુભાવથી વિમુક્ત થવાનો ઉપાય બતાવું છું એ સાંભળો અને એવું જ કરો. સમાહિત મનવાળા હે દેવતાઓ! હું તમારા લોકો સામે સાચ્ચી પ્રતિજ્ઞા કરું છું કે જે આ દિવ્ય પાશુપત-વ્રતનું પાલન કરશે, તે પશુત્વથી મુક્ત થઈ જશે. હે સુરશ્રેષ્ઠો! તમારા સિવાય જે અન્ય પ્રાણી પણ મારું પાશુપત-વ્રત કરશે, એ પણ નિસ્સંદેહ પશુત્વથી છૂટી જશે. જે નૈષ્ઠિક બ્રહ્મચર્યનું પાલન કરતાં કરતાં બાર વર્ષ, છ વર્ષ અથવા ત્રણ વર્ષ મારી સેવા કરશે અથવા કરાવશે તે પશુત્વથી વિમુક્ત થઈ જશે. એટલા માટે હે દેવતાઓ! તમે લોકો પણ આ પરમોત્કૃષ્ટ દિવ્ય વ્રતનું પાલન કરશો તો એ જ સમયે પશુત્વથી મુક્ત થઈ જશો – એમાં કશો જ સંશય નથી.

સનત્કુમારજી કહે છે—હે મહર્ષે! પરમાત્મા મહેશ્વરનું વચન સાંભળીને વિષ્ણુ અને બ્રહ્મા વગેરે દેવતાઓએ કહ્યું – "તથેતિ" – બહુ સારું. એવું જ થશે. એટલા માટે મોટા મોટા દેવતા તથા અસુર ભગવાન શંકરનાં પશુ બન્યા અને પશુત્વરૂપી પાપથી વિમુક્ત કરનારા રુદ્ર પશુપતિ થયા ત્યારથી મહેશ્વર 'પશુપતિ' એ નામથી વિશ્વમાં વિખ્યાત થઈ ગયા. આ નામ સમસ્ત લોકોમાં કલ્યાણ પ્રદાન કરનારું છે. એ સમયે સંપૂર્ણ દેવતા તથા ઋષિ, હર્ષમગ્ન થઈને જય-જયકાર કરવા લાગ્યા અને દેવેશ્વર બ્રહ્મા, વિષ્ણુ તથા અન્યાન્ય પ્રાણી પણ પરમાનંદમગ્ન થઈ ગયાં. એ અવસર પર મહાત્મા શિવનું જેવું

રૂપ પ્રગટ થયું હતું એનું વર્ણન સેંકડો વર્ષોમાં પણ ન થઈ શકે. તદનંતર જે શિવા અને સંપૂર્ણ જગતના સ્વાર્થ અને સંપૂર્ણ પ્રાણીઓને સુખ દેનારા છે એ મહેશ્વર આપ સુસજ્જિત થઈને ત્રિપુર સંહાર કરવા પ્રસ્થિત થયા. જે સમયે દેવદેવ મહાદેવ ત્રિપુરનો વિનાશ કરવાને માટે ચાલી નીકળ્યા, એ અવસર પર દેવરાજ વગેરે બધા પ્રધાન પ્રધાન દેવતા પણ એમની સાથે પ્રસ્થિત થયા. પર્વતની સમાન વિશાળકાય એ સુરેશ્વરોનાં મન પ્રસન્ન હતાં, એ સૂર્ય સમાન પ્રકાશિત થઈ રહ્યા હતા. એ બધા હળ, શાલ, મુસલ, ભુશુંડિ અને વિવિધ પ્રકારનાં પર્વત - જેવાં વિશાળ આયુધો ધારણ કરીને હાથી, ઘોડા, સિંહ, રથ અને બળદ પર સવાર થઈને ચાલી રહ્યા હતા. એ સમયે જેમનાં શરીર પરમ પ્રકાશમાન હતાં અને મન મહાન ઉત્સાહથી સંપન્ન હતાં અને જે વિવિધ પ્રકારનાં અસ્ત્રશસ્ત્રથી સુસજ્જિત હતા, તે ઇન્દ્ર, બ્રહ્મા અને વિષ્ણુ વગેરે દેવ શંભુનો જયજયકાર કરતા હતા. મહેશ્વરની આગળ ચાલ્યા. બધા દંડી અને જટાધારી મુનિ હર્ષમાં આવી ગયા. આકાશચારી સિદ્ધ તથા ચારણ પુષ્પોની વૃષ્ટિ કરવા લાગ્યા. હે વિપ્રેન્દ્ર! ત્રિપુરની યાત્રા કરતી વખતે જેટલા ગણેશ્વર શિવજી સાથે હતા, એની ગણનાનો પાર કોણ પામી શકે, તથાપિ હું થોડુંક વર્ણન કરું છું. હે યોગિન! સમસ્ત ગણરાજોમાં શ્રેષ્ઠ ભૃંગી ગણેશ્વરો તથા દેવગણોથી ઘેરાઈને વિમાન પર આરૂઢ થઈને મહેન્દ્રની જેમ જ ત્રિપુરનો વિનાશ કરવા માટે ચાલવા લાગ્યા. એમની સાથે કેશ, વિગતવાસ, મહાકેશ, મહાજ્વર, સોમવલ્લી-સવર્ણ, સોમપ, સનક, સોમપૃક્ષ, સૂર્યવર્ચા, સૂર્યપ્રેક્ષણક, સૂર્યાક્ષ, સૂરિનામા, સુર, સુંદર, પ્રસ્કન્દ, કુન્દર, ચંડ, કંપન, અતિકંપન, ઈન્દ્ર, ઈન્દ્રજય, પન્ના, હિમકર, શતાક્ષ, પંચાક્ષ, સહસ્રાક્ષ, મહોદર, સતીજરુ, શતાસ્ય, રંક, કર્પૂરપૂતન, દ્વિશિખ, ત્રિશિખ, અહંકારકારક, અજવક્ત્ર, અષ્ટવક્ત્ર, હ્રયવક્ત્ર, અર્ધવક્ત્ર વગેરે ઘણા અપ્રમેય બળશાળી વીર ગણાધ્યક્ષ લક્ષ્ય લક્ષણની પરવા ન કરતાં મહેશ્વરને ઘેરીને ચાલી રહ્યા હતા.

હે વ્યાસજી! તદનંતર મહાદેવ શંભુ સંપૂર્ણ પ્રાણીઓ સહિત એ રથ પર સ્થિત થઈને એ સુર-દ્રોહીઓનાં ત્રણે પુરોને પૂર્ણતયા બાળી દેવા તૈયાર થયા. એમણે રથના શીર્ષ-સ્થાન પર સ્થિત થઈને એ મહાન અદ્‌ભુત ધનુષ પર પ્રત્યંચા ચઢાવી અને એના પર ઉત્તમ બાણનું સંધાન કરીને શેષમાં એમના હોઠ ફડફડવા માંડ્યા. પછી ધનુષના મૂઠને દૃઢતાપૂર્વક પકડીને અને દૃષ્ટિમાં દૃષ્ટિ પરોવીને તે અચલભાવે ત્યાં ઊભા રહી ગયા. પરંતુ એમના અંગૂઠાના અગ્રભાગમાં સ્થિત થઈને ગણેશ નિરંતર પીડા પહોંચાડતા રહ્યા હતા, જેથી કરીને એ ત્રણે પુર ત્રિશૂળધારી શંકરનું લક્ષ્ય બની શકતાં ન હતાં. ત્યારે ધનુષબાણધારી મુંજકેશ વિરૂપાક્ષ શંકરે પરમ શોભન આકાશવાણી સાંભળી (એ વ્યોમવાણીએ કહ્યું) – 'હે ઐશ્વર્યશાળી જગદીશ્વર! જ્યાં સુધી તમે એ ગણેશની અર્ચના નહીં કરી લો, ત્યાં સુધી આ ત્રણ પુરોનો સંહાર નહીં કરી શકો.' ત્યારે આવી વાત સાંભળીને અંધકાસુરના નિહંતા ભગવાન શિવે ભદ્રકાલીને બોલાવીને ગજાનનનું પૂજન કર્યું. જ્યારે હર્ષપૂર્વક વિધિ-વિધાન સહિત અગ્રભાગમાં સ્થિત એ વિનાયકની પૂજા કરી દીધી ત્યારે તે પ્રસન્ન થઈ ગયા. પછી તો ભગવાન શંકરને એ તારકપુત્ર મહામનસ્વી

દૈત્યોનાં ત્રણે નગરો યથોક્તરૂપે આકાશમાં સ્થિત દેખાયાં. આ વિષયમાં કેટલાક લોકો એવું પણ કહે છે કે જ્યારે શિવજી સ્વયં સ્વતંત્ર, પરબ્રહ્મ, સગુણ, નિર્ગુણ, બધાં જ દ્વારા અલક્ષ્ય, સ્વામી, પરમાત્મા, નિરંજન, પંચદેવમય, પંચદેવોના પરમ ઉપાસ્ય અને પરાત્પર પ્રભુ છે. એ જ સૌના ઉપાસ્ય છે, એમનો ઉપાસ્ય કોઈ નથી, ત્યારે બધાંના વંદનીય પરબ્રહ્મસ્વરૂપ એ દેવેશ્વર મહેશ્વર વિશે એ વાત ઉચિત નથી જણાતી કે એમની કાર્યસિદ્ધિ અન્યની કૃપા પર અવલંબિત હોય. પરંતુ હે મુને! એ દેવાધિદેવ વરદાની મહેશ્વરના ચરિત્રમાં લીલાવશ બધું જ ઘટિત થઈ શકે છે. અસ્તુ. આ રીતે જ્યારે ગણાધિપનું પૂજન કરીને મહાદેવજી સ્થિત થયા ત્યારે એ ત્રણે પુર કાલવશ શીઘ્ર જ એકતાને પ્રાપ્ત થઈ ગયાં. હે મુને! એ ત્રિપુર પરસ્પર ભેગાં થઈ જતાં મહાન આત્મબળથી સંપન્ન દેવતાઓને મહાન હર્ષ થયો. ત્યારે સંપૂર્ણ દેવગણ, સિદ્ધ અને પરમર્ષિ અષ્ટમૂર્તિધારી શિવની સ્તુતિ કરીને ઉચ્ચ સ્વરે જયજયકાર કરવા લાગ્યા. એ સમયે બ્રહ્મા અને જગદીશ્વર વિષ્ણુએ કહ્યું – 'હે મહેશ્વર! તારકના પુત્ર એ ત્રિલોકનિવાસી દૈત્યોના વધનો સમય પણ આવી ગયો છે. હે વિભો! એટલા માટે જ આ પુરો એકતાને પ્રાપ્ત થયાં છે. તેથી હે દેવેશ! જ્યાં સુદી આ ત્રિપુટ પુનઃ અલગ થઈ જાય એ પહેલાં જ આપ બાણ છોડીને એમને ભસ્મ કરી દો અંને દેવતાઓનાં કાર્યોને સિદ્ધ કરો.'

હે મુને! ત્યારબાદ શિવજીએ ધનુષની દોરી ચઢાવીને એના પર પાશુપતાસ્ત્ર નામક બાણનું સંધાન કર્યું અને એ ત્રિપુર પર છોડવાનો વિચાર કરવા લાગ્યા. શંકરજીએ જે સમયે પોતાના અદ્‌ભુત ધનુષને ખેંચ્યું હતું, એ સમયે અભિજિત મુહૂર્ત ચાલી રહ્યું હતું. એમણે ધનુષનો ટંકાર તથા દુસ્સહ સિંહનાદ કરીને પોતાનું નામ ઘોષિત કર્યું અને એ મહાસુરોને લલકારીને કરોડો સૂર્ય સમાન પ્રકાશમાન એ ભીષણ બાણ એમના પર છોડી દીધું. ત્યારે જેની અણી પર અગ્નિદેવ પ્રતિષ્ઠિત હતા અને જે વિષયરૂપે પાપના વિનાશક અને વિષ્ણુમય હતા, એ મહાન જાજવલ્યમાન શીઘ્રગામી બાણે એ ત્રિપુરનિવાસી દૈત્યોને દગ્ધ કરી દીધા. ત્યાર

પછી એ ત્રણે પુરો પણ ભસ્મ થઈ ગયાં અને એકીસાથે ચારે સમુદ્રરૂપી મેખલાવાળી ભૂમિ પર પડી ગયાં. એ સમયે શિવજીની પૂજાનું અતિક્રમણ કરી દેવાને કારણે સેંકડો દૈત્ય એ બાણસ્થિત અગ્નિથી સળગીને હાહાકાર મચાવી રહ્યા હતા – જ્યારે ભાઈઓ સહિત તારકાક્ષ સળગવા માંડ્યો, ત્યારે એણે પોતાના સ્વામી ભક્તવત્સલ ભગવાન શંકરનું સ્મરણ કર્યું અને મનમાં નેં મનમાં મહાદેવને જોઈને પરમ ભક્તિપર્વક વિવિધ પ્રકારે વિલાપ કરતાં કરતાં

એમને કહેવા લાગ્યો.

તારકાક્ષ બોલ્યો—'હે ભવ! તમે અમારા ઉપર પ્રસન્ન છો એ અમે જાણી ગયા છીએ. આ સત્યના પ્રભાવથી તમે પુનઃ ક્યારે ભાઈઓસહિત અમને દગ્ધ કરી દેશો. હે ભગવન્! જે દેવતા અને અસુરોને માટે અપ્રાપ્ય છે તે (આપના હાથે મરણ રૂપ) દુર્લભ લાભ અમને પ્રાપ્ત થઈ ગયો છે. હવે અમે જે જે યોનિમાં જન્મ ધારણ કરીશું, ત્યાં અમારી બુદ્ધિ આપની ભક્તિથી ભાવિત રહો.' હે મુને! આમ આ દૈત્યો વિલાપ કરી જ રહ્યા હતા કે શિવજીની આજ્ઞાથી એ અગ્નિએ એમને અદ્‌ભુત રીતે સળગાવીને રાખની ઢગલી બનાવી દીધા. હે વ્યાસજી! અને બીજા પણ જે બાળક અને વૃદ્ધ દાનવ હતા, એ શિવ-આજ્ઞા અનુસાર એ અગ્નિ દ્વારા શીઘ્ર જ સળગીને ભસ્મ થઈ ગયા અને એ પણ ત્યાં સુધી કે એ ત્રિપુરમાં જેટલી સ્ત્રીઓ તથા જેટલા પુરુષો હતા એ બધાય એ અગ્નિથી એ જ પ્રકારે સળગી ગયા, જેવી રીતે કલ્પના અંતમાં જગત ભસ્મ થઈ જાય છે તેમ. એ સમયે એ ભીષણ અગ્નિથી કોઈ પણ સ્થાવર-જંગમ બળ્યા વગર ન રહ્યું, પરંતુ અસુરાના વિશ્વકર્મા અવિનાશી મય બચી ગયા; કેમકે, એ દેવોના અવિરોધી હતા. શંભુના તેજથી સુરક્ષિત અને સદ્‌ભક્ત હતા. વિપત્તિના અવસરે પણ તે મહેશ્વરના શરણાગત બની રહેતા. જે દૈત્યો તથા અન્ય પ્રાણીઓનો ભાવ-અભાવ અથવા કૃત-અકૃતની પ્રાપ્તિ થવાથી નાશકારક પતન થતું નથી, એ વિનાશથી બચી જાય છે. એટલા માટે સત્પુરુષોએ અત્યંત સંભવિત - ઉત્તમ કર્મ માટે પ્રયત્ન કરવો જોઈએ, કેમકે નિંદિત કર્મ કરવાથી પ્રાણી માત્રનો વિનાશ થઈ જાય છે. તેથી ગર્હિત કર્મનું આચરણ ભૂલેચૂકે પણ ન કરવું.* એ સમયે પણ જે દૈત્ય બંધુ-બાંધવોસહિત શિવજીની પૂજામાં તત્પર હતા, તે બધાય શિવ-પૂજાના પ્રભાવથી (બીજા જન્મમાં) ગણોના અધિપતિ થઈ ગયા.

(અધ્યાય ૯-૧૦)

*

દેવોના સ્તવનથી શિવજીનો કોપ શાંત થયો, અને શિવજી એમને વરદાન આપે છે, મય દાનવનું શિવજી પાસે આવવું અને એમની પાસે વરદાન – યાચના કરવી, શિવજી પાસેથી વરદાન પામીને મયનું વિતલલોકમાં જતાં રહેવું

વ્યાસજીએ પૂછ્યું—હે મહાબુદ્ધિમાન સનત્કુમારજી! આપ તો બ્રહ્માના પુત્ર અને શિવભક્તોમાં સર્વશ્રેષ્ઠ છો તેથી આપ ધન્ય છો. હવે એ બતાવો કે ત્રિપુરના દગ્ધ થઈ ગયા પછી સંપૂર્ણ દેવતાઓએ શું કર્યું? મય ક્યાં ગયો અને એ ત્રિપુર-અધ્યક્ષોની શી ગતિ થઈ? જો

---

* तस्माद् यत्नः सुसंभाव्यः सद्‌भिः कर्तव्य एव हि। गर्हणात् क्षीयते लोको न तत्कर्म समाचरेत्॥
(शि. पु. रु. सं. युद्ध खंड १०।४२)

તે વૃત્તાંત શંભુની કથા સાથે સુસંબદ્ધ હોય તો એ સર્વ વિસ્તારપૂર્વક મને વર્ણન કરીને સંભળાવો.

સૂતજી કહે છે—હે મુને! વ્યાસજીનો પ્રશ્ન સાંભળીને સૃષ્ટિકર્તા બ્રહ્માજીના પુત્ર સનત્કુમાર શિવજીનાં યુગલ ચરણોનું સ્મરણ કરીને બોલ્યા.

સનતકમારજીએ કહ્યું—હે મહાબુદ્ધિમાન વ્યાસજી! જ્યારે મહેશ્વર દૈત્યોથી ખીચોખીચ ભરેલા સંપૂર્ણ ત્રિલોકને ભસ્મ કરી દીધો, ત્યારે સર્વ દેવતાઓને મહા આશ્ચર્ય થયું. એ સમયે શંકરજીના મહાભયંકર રૌદ્ર રૂપને, જે કરોડો સૂર્યની સમાન પ્રકાશમાન અને પ્રલયકાલીન અગ્નિની જેમ તેજસ્વી હતું તથા જેના તેજથી દશે દિશાઓ પ્રજ્જ્વલિત-શી જણાતી હતી, તેવા રૂપને જોઈને જ સાથે હિમાચલ-પુત્રી પાર્વતીદેવીજી તરફ દૃષ્ટિપાત કરીને સંપૂર્ણ દેવતા ભયભીત થઈ ગયા. ત્યારે મુખ્ય મુખ્ય દેવતા વિનમ્ર થઈને સામે ઊભા રહ્યા. એ અવસર પર મોટા મોટા ઋષિ પણ દેવતાઓની સેનાને ભયભીત જોઈને ઊભા ને ઊભા જ રહી ગયા, કશું જ બોલી ન શક્યા. એ ચારે બાજુએથી શંભુને પ્રણામ કરવા લાગ્યા. ત્યાર પછી બ્રહ્મા પણ શિવજીના એ રૂપને જોઈને ભયગ્રસ્ત થઈ ગયા. ત્યારે એમણે ડરેલા વિષ્ણુ તથા દેવગણોની સાથે પ્રસન્ન મનથી સાવધાનીપૂર્વક એ ગિરિજાસહિત મહેશ્વરનું, જે દેવોના પણ દેવ, ભવ તથા હર નામથી પ્રસિદ્ધ, ભક્તોને અધીન રહેનારા અને ત્રિપુરહન્તા છે, એમનું સ્તવન કર્યું. ત્યારબાદ બધા જ પ્રમુખ દેવતાઓએ ભગવાન શિવની સ્તુતિ કરી. આમ સ્તુતિ થવાથી લોકોના કલ્યાણકર્તા શંકર પ્રસન્ન થઈને બોલ્યા.

શંકરજીએ કહ્યું—હે બ્રહ્મા, વિષ્ણુ તથા દેવગણ! હું તમારા સૌ પર વિશેષરૂપે પ્રસન્ન છું, તેથી હવે તમે સર્વ પ્રકારે વિચાર કરીને પોતાનું મનોવાંછિત વરદાન માગી લો.

સનત્કુમારજી કહે છે—હે મુનિશ્રેષ્ઠ! શિવ દ્વારા કહેલાં વચનો સાંભળીને બધા જ દેવતાઓનાં મન મ્હોરી ઊઠ્યાં. પછી તો એ બોલી ઊઠ્યા.

દેવતાઓએ કહ્યું—હે ભગવન્! હે દેવદેવેશ! જો તમે અમારા પર પ્રસન્ન છો અને અમે દેવગણોને પોતાના દાસ સમજીને વરદાન આપવા ચાહતા હો તો હે સત્તમ! જ્યારે જ્યારે દેવતાઓ ઉપર દુઃખની સંભાવના હોય ત્યારે ત્યારે તમે પ્રગટ થઈને સદા એમનાં દુઃખોનો વિનાશ કરજો.

સનત્કુમારજી કહે છે—હે મહર્ષે! જ્યારે બ્રહ્મા, વિષ્ણુ અને દેવતાઓએ ભગવાન રુદ્રને આવી પ્રાર્થના કરી, ત્યારે એ શાંત અને પ્રસન્ન થઈને એક સાથે જ સૌને કહ્યું – 'સારું સારું, સદાયે એવું જ થશે' એવું કહીને શંકરજીએ, જે સદા દેવોનું દુઃખ હરણ કરનારા છે, પ્રસન્નતાપૂર્વક દેવોને જે અભીષ્ટ હતું, ઇચ્છિત હતું, તે બધુંય એમને પ્રદાન કરી દીધું. આ જ સમયે મય દાનવ, જે શિવની કૃપાથી બળી જતાં બચી ગયો હતો, શંભુને પ્રસન્ન જોઈને હર્ષિત મનથી ત્યાં આવ્યો. એણે વિનીત ભાવથી હાથ જોડીને હર તથા અન્યાન્ય દેવોને પણ પ્રણામ કર્યા. પછી તે શિવજીના ચરણોમાં આળોટી પડ્યો. ત્યાર પછી દાનવશ્રેષ્ઠ મયે ઊઠીને શિવજી તરફ જોયું. એ સમયે પ્રેમને કારણે એ ગદ્‌ગદ થઈ ગયો, એનું ગળું ભરાઈ આવ્યું અને એ ભક્તિપૂર્ણ ચિત્તે એમની સ્તુતિ

કરવા લાગ્યો. હે દ્વિજશ્રેષ્ઠ! મય દ્વારા થયેલા એ સ્તવનથી પરમેશ્વર શિવ પ્રસન્ન થઈ ગયા અને આદરપૂર્વક એને કહેવા લાગ્યા.

શિવજીએ કહ્યું—હે દાનવશ્રેષ્ઠ મય! હું તારા પર પ્રસન્ન છું, તેથી તું વરદાન માગી લે. આ સમયે જે કાંઈ પણ તારા મનની અભિલાષા હશે તેને હું અવશ્ય પૂર્ણ કરીશ.

સનત્કુમારજી કહે છે—હે મુને! શંભુનાં આ મંગલમય વચન સાંભળીને દાનવશ્રેષ્ઠ મયે અંજલિબદ્ધ થઈને, વિનમ્રતાપૂર્વક એ પ્રભુનાં ચરણમાં નમસ્કાર કરીને બોલ્યો.

મય બોલ્યો—હે દેવાધિદેવ! જો આપ મુજ પર પ્રસન્ન છો અને મને વરદાન પામવાનો અધિકારી સમજતા હો તો આપની શાશ્વતી ભક્તિ પ્રદાન કરો. હે પરમેશ્વર! હું સદા પોતાના ભક્તો સાથે મિત્રતા કરું, દીનો પર સદા મારો દયાભાવ રહ્યા કરો અને અન્યાન્ય દુષ્ટ પ્રાણીઓની હું ઉપેક્ષા કરતો રહું. હે મહેશ્વર! મારામાં ક્યારેય આસુરીભાવનો ઉદય ન થાઓ. હે નાથ! નિરંતર આપના શુભ ભજનમાં તલ્લીન રહીને નિર્ભય બન્યો રહું.

સનત્કુમારજી કહે છે—હે વ્યાસજી! શંકર તો સર્વના સ્વામી છે અને ભક્તવત્સલ છે. મયે જ્યારે આ રીતે એ પરમેશ્વરની પ્રાર્થના કરી, ત્યારે તે પ્રસન્ન થઈને મયને કહેવા લાગ્યા.

મહેશ્વરે કહ્યું—હે દાનવસત્તમ! તું મારો ભક્ત છે, તારામાં કોઈ પણ પ્રકારનો વિકાર નથી, તેથી તું ધન્ય છે. હવે હું તારા જે કોઈ ઈચ્છિત વરદાન છે, તે બધાંય તને પ્રદાન કરું છું. હવે તું મારી આજ્ઞાથી તારા પરિવારસહિત વિતલલોકમાં જતો રહે. તે સ્વર્ગથી પણ રમણીય છે. તું ત્યાં પ્રસન્ન ચિત્તથી મારું ભજન કરતાં કરતાં નિર્ભય થઈને ત્યાં નિવાસ કર. મારી આજ્ઞાથી ક્યારેય તુજમાં આસુર ભાવનું પ્રાગટ્ય થશે નહીં.

સનત્કુમારજી કહે છે—હે મુને! મયે મહાત્મા શંકરની એ આજ્ઞાને માથું નમાવીને સ્વીકાર કર્યો અને એમને તથા અન્યાન્ય દેવોને પણ પ્રણામ કરીને તે વિતલલોકમાં ચાલ્યો ગયો. ત્યાર પછી મહાદેવજી એ દેવતાઓનાં એ મહાન કાર્યને પૂર્ણ કરીને દેવી પાર્વતી, પોતાના પુત્ર અને સંપૂર્ણ ગણસહિત અંતર્ધાન થઈ ગયા. જ્યારે પરિવારસહિત ભગવાન શંકર અંતર્હિત થઈ ગયા, ત્યારે એ ધનુષ, બાણ, રથ વગેરે બધાં ઉપકરણો પણ અદૃશ્ય થઈ ગયાં. ત્યાર પછી બ્રહ્મા, વિષ્ણુ તથા અન્યાન્ય દેવ, મુનિ, ગંધર્વ, કિન્નર, નાગ, સર્પ, અપ્સરા અને મનુષ્યોને મહાન હર્ષની પ્રાપ્તિ થઈ. એ બધા શંકરજીના ઉત્તમ યશનું વર્ણન કરતાં કરતાં આનંદપૂર્વક પોતપોતાને સ્થાને ચાલ્યા ગયા. ત્યાં પહોંચીને એમને પરમ સુખની પ્રાપ્તિ થઈ. હે મહર્ષે! આ રીતે મેં શશિમૌલિ શંકરજીના વિશાળ ચરિતનું, જે ત્રિપુરવિનાશને સૂચિત કરનારું હતું અને પરમોત્કૃષ્ટ લીલાથી યુક્ત છે તે આખેઆખું તમને સંભળાવી દીધું.

(અધ્યાય ૧૧-૧૨)

*

દંભની તપસ્યા અને વિષ્ણુ દ્વારા એને પુત્ર-પ્રાપ્તિનું વરદાન, શંખચૂડનો જન્મ અને તપ તથા એને વરદાનની પ્રાપ્તિ, બ્રહ્માજીની આજ્ઞાથી એનું પુષ્કરમાં તુલસી પાસે આવવું અને એની સાથે વાર્તાલાપ, બ્રહ્માનું પુનઃ તથા પ્રાગટ્ય, બંનેને આશીર્વાદ આપવા, શંખચૂડનું ગાંધર્વ-વિધિથી તુલસીનું પાણિગ્રહણ

ત્યાર પછી જલંધરની ઉત્પત્તિથી માંડીને એના વધ સુધીનો પ્રસંગ સંભળાવીને સનત્કુમારજીએ કહ્યું—હે મુને! હવે શંભુનું બીજું ચરિત્ર પ્રેમપૂર્વક શ્રવણ કરો. એના શ્રવણ-માત્રથી શિવભક્તિ સુદૃઢ થઈ જાય છે. હે વ્યાસજી! શંખચૂડ નામનો એક મહાવીર દાનવ હતો, જે દેવોને માટે કંટકરૂપ હતો. એને શિવજીએ રણાંગણમાં ત્રિશૂળ વડે મારી નાખ્યો હતો. શિવજીનું આ દિવ્ય ચરિત્ર પરમ પાવન તથા પાપનાશક છે. તમારા ઉપર અધિક સ્નેહ હોવાને કારણે હું એનું વર્ણન કરું છું, તમે પ્રેમપૂર્વક એનું શ્રવણ કરો. બ્રહ્માના પુત્ર જે મહર્ષિ મરીચિ હતા, એમના પુત્ર કશ્યપ થયા. તે મનનશીલ, ધર્મિષ્ઠ, સૃષ્ટિકર્તા, વિદ્યાસંપન્ન અને પ્રજાપતિ હતા. દક્ષે પ્રસન્ન થઈને પોતાની તેર કન્યાઓનો વિવાહ એમની સાથે કરી દીધો. એમનાં સંતાનોનો એટલો અધિક વિસ્તાર થયો કે એનું વર્ણન કરવું કઠણ છે. એ કશ્યપ-પત્નીઓમાં એકનું નામ દનુ હતું. તે શ્રેષ્ઠ સુંદરી અને મહારૂપવતી હતી. એ સાધ્વીનું સૌભાગ્ય ઘણું વધારે હતું. હે મુને! એ દનુને ઘણાબધા મહાબલી પુત્ર ઉત્પન્ન થયા. વિસ્તાર-ભયને લીધે અહીં એમનાં નામ ગણાવ્યાં નથી. એમનામાં એકનું નામ વિપ્રચિત્તિ હતું, જે બળવાન, મહા બલ-પરાક્રમથી સંપન્ન હતો. એને દમ્ભ નામનો પુત્ર થયો, જે જિતેન્દ્રિય, ધાર્મિક અને વિષ્ણુભક્ત હતો. જ્યારે એને કોઈ પુત્ર ન થયો ત્યારે એ વીર ચિંતાથી વ્યાપ્ત થઈ ગયો. એણે શુક્રાચાર્યને ગુરુ બનાવીને એમની પાસેથી શ્રીકૃષ્ણ-મંત્ર પ્રાપ્ત કર્યો અને પુષ્કરમાં જઈને ઘોર તપનો આરંભ કર્યો. ત્યાં સુદૃઢ આસન લગાવીને કૃષ્ણ-મંત્રનો જપ કરતાં કરતાં એક લાખ વર્ષ વીતી ગયાં. ત્યારે એ તપસ્વીના મસ્તકમાંથી એક જાજ્વલ્યમાન તેજ નીકળીને સર્વત્ર વ્યાપ્ત થઈ ગયું. એ તેજ એટલું બધું દુસ્સહ એનાથી સંપૂર્ણ દેવતા, મુનિ તથા મનુ સંતપ્ત થઈ ગયા ત્યારે એમણે ઇન્દ્રને આગળ રાખીને બ્રહ્માજીને શરણે ગયા. ત્યાં એમણે સંપૂર્ણ સંપત્તિઓના દાતા વિધાતાને પ્રણામ કરીને એમની સ્તુતિ કરી પછી વિશેષરૂપે વ્યાકુળ થઈને પોતાનો બધો વૃત્તાંત એમને કહી સંભળાવ્યો. એમની વાત સાંભળીને એમને સાથે લઈને એ આખો વૃત્તાંત વિષ્ણુને સંભળાવવા માટે વૈકુંઠ ગયા. ત્યાં પહોંચીને એ લોકોએ ત્રિલોકીના અધિશ્વર તથા રક્ષક પરમાત્મા વિષ્ણુને વિનીતભાવથી પ્રણામ કરવા લાગ્યા.

દેવતા બોલ્યા—હે દેવદેવ! અમને ખબર નથી કે અહીં કયું કારણ ઉત્પન્ન થઈ ગયું છે. અમે કોઈ તેજથી સંતપ્ત થઈ ગયા છીએ, એ આપ જ બતાવો. હે દીનબંધો! પોતાના દુઃખી સેવકોના રક્ષક તો આપ જ છો; માટે હે શરણદાતા! હે રમાનાથ! અમ શરણાગતોની

રક્ષા કરો. રક્ષા કરો.

સનત્કુમારજી કહે છે—હે મુને! બ્રહ્મા વગેરે દેવતાઓનાં વચન સાંભળીને શરણાગતવત્સલ ભગવાન વિષ્ણુ હસવા લાગ્યા અને પ્રેમપૂર્વક બોલ્યા.

વિષ્ણુએ કહ્યું—હે અમરો! શાંત રહો, ગભરાઈ જશો નહીં, ભયભીત ન થશો. કશું આડું-અવળું થવાનું નથી, કેમકે હજુ સુધી પ્રલયનો સમય આવ્યો નથી. (આ તેજ તો) દંભ નામના દાનવનું છે, જે મારો ભક્ત છે અને પુત્રની કામનાથી તપ કરી રહ્યો છે. હું એને વરદાન આપીને શાંત કરી દઈશ.

સનત્કુમારજી કહે છે—હે મુને! ભગવાન વિષ્ણુના કથન પર બ્રહ્મા વગેરે દેવતાઓની વ્યગ્રતા જતી રહી, એ બધા ધૈર્ય ધારણ કરીને પોતપોતાના ધામમાં ગયા. આ બાજુ ભગવાન અચ્યુત પણ વરદાન આપવા માટે પુષ્કર તરફ ચાલવા લાગ્યા, જ્યાં દંભ નામનો દાનવ તપ કરી રહ્યો હતો. ત્યાં પહોંચીને શ્રીહરિએ પોતાના મંત્રનો જપ કરનાર ભક્તને દંભને સાંત્વના આપતાં આપતાં મધુર વાણીમાં બોલ્યા – 'વરદાન માગ' ત્યારે વિષ્ણુનાં ઉપર્યુક્ત વચનો સાંભળીને અને એમને પોતાની સમક્ષ ઉપસ્થિત જોઈને દંભ બહુ ભક્તિ સાથે એમનાં ચરણમાં આળોટી પડ્યો, લોટપોટ થઈ ગયો અને વારંવાર સ્તુતિ કરતાં કરતાં બોલ્યો.

દંભે કહ્યું—હે દેવાધિદેવ! હે કમલનયન! આપને નમસ્કાર હો. હે રમાનાથ! મુજ પર કૃપા કરો. હે ત્રિલોકેશ! મને એક વીર પુત્ર આપો, જે આપનો ભક્ત હોય અને મહા બલ-પરાક્રમથી સંપન્ન હોય. એ ત્રિલોકીને જીતી લે, પરંતુ દેવતા એને પરાજિત ન કરી શકે.

સનત્કુમારજી કહે છે—હે મુને! દાનવરાજ દંભના આવા કથન પર શ્રીહરિએ એ વરદાન આપી દીધું અને એ ઘોર તપથી એને નિવૃત્ત કરીને સ્વયં અંતર્ધાન થઈ ગયા. દાનવેન્દ્ર દંભની તપસ્યા સિદ્ધ થઈ ગઈ હતી, જેથી એનો મનોરથ પૂર્ણ થઈ ગયો હતો. તેથી એ પણ શ્રીહરિના જતા રહ્યા પછી એ દિશાને નમસ્કાર કરીને પોતાને ઘેર પાછો જતો રહ્યો. થોડા જ સમયમાં એની ભાગ્યવતી પત્ની ગર્ભવતી થઈ ગઈ. તે પોતાના તેજથી ઘરના અંદરના ભાગને પ્રકાશિત કરતાં કરતાં શોભાને પ્રાપ્ત થવા લાગી. હે મુને! શ્રીકૃષ્ણના પાર્ષદોના અગ્રણી જે સુદામા નામના ગોપ હતા, જેને રાધાજીએ શાપ આપી દીધો હતો, એ જ એના ગર્ભમાં પ્રવિષ્ટ થઈ ગયો હતો, ત્યાર પછી સમય થવાથી સાધ્વી દંભ-પત્નીએ એક તેજસ્વી બાળકને જન્મ આપ્યો ત્યારે પિતાએ ઘણાબધા મુનીશ્વરોને બોલાવીને એનો વિધિપૂર્વક જાતકર્મ આદિ સંસ્કાર સંપન્ન કર્યા. હે દ્વિજોત્તમ! એ પુત્રના ઉત્પન્ન થવા પર બહુ મોટો ઉત્સવ થયો. પછી શુભ દિવસ આવવા પર પિતાએ એ બાળકનું 'શંખચૂડ' એવું નામકરણ કર્યું. તે પોતાના પિતાના ઘરમાં શુકલપક્ષના ચંદ્રમાની જેમ મોટો થવા લાગ્યો. તે અત્યંત તેજસ્વી હતો, તેથી એણે શૈશવ - બાલ્યાવસ્થામાં જ બધી વિદ્યાઓ જાણી લીધી. તે નિત્ય બાલક્રીડા કરીને પોતાનાં માતા-પિતાના હર્ષમાં વધારો કરવા લાગ્યો અને એણે સમસ્ત કુટુંબીઓને તો વિશેષરૂપે પ્રેમભાજન-લાડકો બની રહ્યો

ત્યાર પછી જ્યારે શંખચૂડ મોટો થયો ત્યારે તે જૈગીષવ્ય મુનિના ઉપદેશથી પુષ્કરમાં જઈને બ્રહ્માજીને પ્રસન્ન કરવા માટે ભક્તિપૂર્વક તપસ્યા કરવા લાગ્યો. એ સમયે એ એકાગ્રમન થઈને પોતાની ઇન્દ્રિયોને કાબૂમાં કરીને ગુરુપદિષ્ટ

બ્રહ્મવિદ્યાનો જપ કરતો રહ્યો. આમ પુષ્કરમાં તપસ્યા કરતાં કરતાં દાનવરાજ શંખચૂડને વરદાન આપવા માટે લોકગુરુ અને ઐશ્વર્યશાળી બ્રહ્મા શીઘ્ર જ ત્યાં પધાર્યા અને એ દાનવેન્દ્રને કહ્યું, 'વરદાન માગ' બ્રહ્માજીને જોઈને એણે અત્યંત નમ્રતાથી એમને અભિવાદન કર્યું અને પછી ઉત્તમ વાણીથી એમની સ્તુતિ કરી. તત્પશ્ચાત્ એણે બ્રહ્માજી પાસે વરદાન માગતા કહ્યું 'હે ભગવન્! હું દેવતાઓને માટે અજેય થઈ જાઉં? ત્યારે બ્રહ્માજી પરમ પ્રસન્ન થઈને બોલ્યા 'તથાસ્તુ - એવું જ થશે.' પછી એમણે શંખચૂડને તે દિવ્ય શ્રીકૃષ્ણકવચ આપ્યું, જે સંપૂર્ણ જગતનાં મંગલોનું પણ મંગલ છે અને સર્વત્ર વિજય પ્રદાન કરનારું છે. ત્યાર પછી બ્રહ્માજીએ એને આજ્ઞા આપી કે તમે બદરીવનમાં જાઓ. ત્યાં ધર્મધ્વજની કન્યા તુલસી સકામભાવથી તપસ્યા કરી રહી છે. તમે એની સાથે લગ્ન કરી લો.' આવું કહીને બ્રહ્માજી તે જ ક્ષણે એમની સામે જ અંતર્ધાન થઈ ગયા. ત્યારે તપઃસિદ્ધ શંખચૂડ પણ, જેના બધા મનોરથ તપોબળથી પૂર્ણ થઈ ગયા હતા અને મુખ પર પ્રસન્નતા રમી રહી હતી, પુષ્કરમાં જ એ જગતનાં મંગલોનું મંગળ એવું મંગલસ્વરૂપ કવચનો ગળામાં બાંધી લીધું અને બ્રહ્માની આજ્ઞા અનુસાર તે તત્કાળ જ દરિકાશ્રમ તરફ ચાલી નીકળ્યો. ત્યાં દાનવ શંખચૂડ સહસા એ જ સ્થાન પર જઈ પહોંચ્યો જ્યાં ધર્મધ્વજની પુત્રી તુલસી તપ કરી રહી હતી. સુંદરી તુલસીનું રૂપ અત્યંત કમનીય અને મનોહર હતું. તે ઉત્તમ શીલ સંપન્ન હતી. એ સતીને જોઈને શંખચૂડ એની પાસે જ ઊભો રહી ગયો અને મધુર વાણીમાં એની સાથે બોલવા લાગ્યો.

શંખચૂડે કહ્યું—'સુંદરી! તમે કોણ છો? કોનાં પુત્રી છો? તમે અહીં ચૂપચાપ બેસીને શું કરી રહ્યાં છો? આ બધું રહસ્ય મને બતાવો.'

સનત્કુમારજી કહે છે—હે મુને! શંખચૂડનાં આ સકામ વચન સાંભળીને તુલસીએ એને કહ્યું.

તુલસી બોલી—હું ધર્મધ્વજની તપસ્વિની કન્યા છું. અહીં તપોવનમાં તપ કરી રહી છું. તમે કોણ છો? તમે સુખપૂર્વક મનોવાંછિત સ્થાન પર ચાલ્યા જાઓ, કેમકે, નારીજાતિ બ્રહ્મા વગેરેને પણ મોહમાં નાખી દેનારી હોય છે. આ વિષતુલ્ય, નિંદનીય, દોષ ઉત્પન્ન કરનારી, માયારૂપિણી તથા વિચારશીલોને પણ શૃંખલા સમાન જકડી લેનારી હોય છે.

સનત્કુમારજી કહે છે—હે મહર્ષે! તુલસી જ્યારે આ પ્રકારની રસભરી વાતો કરીને ચૂપ થઈ ગઈ, ત્યારે એને મંદસ્મિત કરતી જોઈને શંખચૂડે પણ કહેવાનું શરૂ કર્યું.

શંખચૂડ બોલ્યો—હે દેવી! તમે જે વાત કહી છે, તે બધી જ મિથ્યા હોઈ શકે એવી વાત નથી. એમાં કશું સત્ય છે અને થોડું અસત્ય પણ હોય. એનું વિવરણ મારી પાસેથી સાંભળો. હે

શોભને! જગતમાં જેટલી પતિવ્રતા સ્ત્રીઓ છે, એમાં તમે અગ્રણી છો. મારો તો એવો વિચાર છે કે જેવી રીતે હું પાપબુદ્ધિ કામી નથી, એ જ રીતે તમે પણ કામ-પરાધીના નથી. છતાં પણ આ સમયે હું બ્રહ્માજીની આજ્ઞાથી તમારી સમીપ આવ્યો છું અને ગાંધર્વ વિવાહની વિધિથી તમને ગ્રહણ કરીશ. હે ભદ્રે! શું તમે મને નથી જાણતાં અથવા તમે ક્યારેય મારું નામ પણ નથી સાંભળ્યું? અરે! દેવતાઓમાં પણ દોડાદોડી કરાવનારો શંખચૂડ હું પોતે છું. હું દનુનો વંશજ તથા દંભ નામના દાનવનો પુત્ર છું. પૂર્વકાળમાં હું શ્રીહરિનો પાર્ષદ હતો. મારું નામ સુદામા ગોપ હતું. આ સમયે હું રાધિકાજીના શાપથી દાનવરાજ શંખચૂડ થઈને ઉત્પન્ન થયો છું. આ બધી વાતો મને જ્ઞાત છે, કેમકે શ્રીકૃષ્ણના પ્રભાવથી મને પોતાના પૂર્વ જન્મનું સ્મરણ રહ્યું છે.

સનત્કુમારજી કહે છે—હે મુને! તુલસીની સમક્ષ આમ કહીને શંખચૂડ ચૂપ થઈ ગયો. જ્યારે દાનવરાજે આદરપૂર્વક તુલસીને આવું સત્યવચન કહ્યું ત્યારે તે પ્રસન્ન થઈ અને મંદસ્મિત કરતાં કરતાં કહેવા લાગી.

તુલસી બોલી—હે ભદ્રપુરુષ! આજે તમે પોતાના સાત્ત્વિક વિચારથી મને પરાજિત કરી દીધી છે. જે પુરુષ સ્ત્રી દ્વારા પરાસ્ત ન થઈ શકે, તે સંસારમાં ધન્યવાદને પાત્ર છે, કેમકે, જેને સ્ત્રી જીતી લે છે, તે પુરુષ સદાચારી હોવા છતાં સદા અપાવન જ રહે છે. દેવતા, પિતર અને સમસ્ત માનવ એની નિંદા કરે છે. જનમ-સૂતક અને મરણ-સૂતકમાં બ્રાહ્મણ દશ દિવસમાં, ક્ષત્રિય બાર દિવસમાં અને વૈશ્ય પંદર દિવસમાં શુદ્ધ થઈ જાય છે, તથા શૂદ્રની શુદ્ધિ એક માસમાં થઈ જાય છે – એવું વેદનું અનુશાસન છે; પરંતુ સ્ત્રીથી પરાજિત થયેલા પુરુષની શુદ્ધિ ચિતાદાહ સિવાય અન્ય કોઈ પ્રકારે સંભવિત નથી. આ જ કારણે એના પિતરો એના દ્વારા અપાયેલ પિંડ-તર્પણ વગેરેને ઇચ્છાપૂર્વક ગ્રહણ નથી કરતા તથા દેવતા પણ એણે અર્પેલાં પુષ્પ-ફળ વગેરેનો સ્વીકાર નથી કરતા. જેનું મન સ્ત્રીઓ દ્વારા આહત થઈ જાય છે, એનું જ્ઞાન, ઉત્તમ તપ, જપ, હોમ, પૂજન, વિદ્યા અને દાનથી શો લાભ? અર્થાત્ એને માટે એ બધું નિષ્ફળ થઈ જાય છે. મેં આપનાં વિદ્યા, પ્રભાવ અને જ્ઞાનની જાણકારી માટે જ આપની પરીક્ષા લીધી છે; કેમકે કામિનીના માટે એ જરૂરી છે કે તે પોતાના મનોનીત કાન્તની પરીક્ષા કરીને જ એનું પતિરૂપે વરણ કરે.

સનત્કુમારજી કહે છે—હે વ્યાસજી! જે સમયે તુલસી આ રીતે વાર્તાલાપ કરી રહી હતી, એ જ સમયે સૃષ્ટિકર્તા બ્રહ્મા ત્યાં જઈ પહોંચ્યા અને આ પ્રકારે બોલવા લાગ્યા.

બ્રહ્માજીએ કહ્યું—હે શંખચૂડ! તમે આની સાથે શો વ્યર્થમાં વાદ-વિવાદ કરી રહ્યા છો? તમે ગાંધર્વવિધિથી વિવાહ કરીને એનું પાણિ ગ્રહણ કરો; કેમકે નિશ્ચય જ તમે પુરુષરત્ન છો અને આ સતી-સાધ્વી સ્ત્રીઓમાં રત્નસ્વરૂપા છે. આવી દશામાં નિપુણાનો નિપુણ સાથે સમાગમ ગુણકારી જ થશે. (પછી તુલસી તરફ લક્ષ્ય કરીને બોલ્યા). હે સતી-સાધ્વી તુલસી! તું આવા ગુણવાન કાન્તની શી પરીક્ષા લઈ રહી છે? આ તો દેવતાઓ, અસુરો તથા દાનવોનાં માનમર્દન કરનારો છે. હે સુંદરી! તું એની સાથે સંપૂર્ણ લોકમાં સર્વદા ઉત્તમ ઉત્તમ સ્થાનો પર ચિરકાળ સુધી યથેચ્છ વિહાર કર. શરીરનો અંત થઈ ગયા પછી પુનઃ ગોલોકમાં શ્રીકૃષ્ણને જ એ પ્રાપ્ત થશે અને તેનું મૃત્યુ થઈ ગયા પછી તું વૈકુંઠમાં ચતુર્ભુજ ભગવાનને પ્રાપ્ત કરીશ.

સનત્કુમારજી કહે છે—હે મુને! આ રીતે આશીર્વાદ આપીને બ્રહ્મા પોતાના ધામમાં ચાલ્યા ગયા. ત્યારે દાનવ શંખચૂડે ગાંધર્વ વિવાહની વિધિથી તુલસીનું પાણિગ્રહણ કર્યું. આમ તુલસીની સાથે વિવાહ કરીને તે પોતાના પિતાના સ્થાને ચાલ્યો ગયો અને મનોરમ ભવનમાં એ રમણી સાથે વિહાર કરવા લાગ્યો.

(અધ્યાય ૧૩ થી ૨૯)

*

અસુર રાજ્ય પર શંખચૂડનો અભિષેક અને એના દ્વારા દેવોના અધિકારો છીનવાઈ જવા, દેવોનું બ્રહ્માના શરણમાં જવું, બ્રહ્માનું એમને સાથે લઈને વિષ્ણુ પાસે જવું, વિષ્ણુ દ્વારા શંખચૂડના જન્મનારહસ્યનું ઉદ્‌ઘાટન અને પછી બધાંનું શિવ પાસે જવું અને શિવસભામાં એની ઝાંકી તથા પોતાનો અભિપ્રાય પ્રગટ કરવો

સનત્કુમારજી કહે છે—હે મહર્ષે! જ્યારે શંખચૂડે તપ કરીને વરદાન પ્રાપ્ત કર્યું અને તે વિવાહિત થઈને પોતાને ઘેર આવ્યો ત્યારે દાનવો અને દૈત્યોને ખૂબ જ પ્રસન્નતા થઈ. એ બધા પોતાના ગુરુ શુક્રાચાર્યને સાથે લઈને એક દળ બનાવીને એની પાસે આવ્યા અને વિનયપૂર્વક એને પ્રણામ કરીને અનેક પ્રકારે આદર પ્રદર્શિત કરતાં કરતાં એનું સ્તવન કરવા લાગ્યા. પછી એને પોતાના અત્યંત તેજસ્વી સ્વામી માનીને અત્યંત પ્રેમભાવથી એમની પાસે ઊભા રહી ગયા. આ બાજુ દંભકુમાર શંખચૂડે પણ પોતાના કુલગુરુ શુક્રાચાર્યને આવેલા જોઈને બહુ આદર અને ભક્તિ સહિત એમને સાષ્ટાંગ પ્રણામ કર્યા. તદનંતર શુક્રાચાર્યે સમસ્ત અસુરોની સાથે સલાહ કરીને એમની સંમતિથી શંખચૂડને દાનવો તથા અસુરોનો અધિપતિ બનાવી દીધો. દંભપુત્ર શંખચૂડ પ્રતાપી અને વીર તો હતો જ, એ સમયે અસુર રાજ્ય પર અભિષિક્ત થવાને કારણે તે અસુરરાજ વિશેષ રીતે શોભવા માંડ્યો. ત્યારે એણે સહસા દેવતાઓ પર આક્રમણ કરીને વેગપૂર્વક એમનો સંહાર કરવાનું શરૂ કરી દીધું. સંપૂર્ણ દેવતા ભેગા મળીને પણ એના ઉત્કૃષ્ટ તેજને સહન ન કરી શક્યા, તેથી સમરભૂમિમાંથી ભાગી ગયા અને દીન થઈને યત્ર-તત્ર પર્વતોની ગુફાઓમાં જઈને સંતાઈ ગયા. એમની સ્વતંત્રતા જતી રહી. તેઓ શંખચૂડના વશવર્તી બનવાને કારણે પ્રભાહીન થઈ ગયા. આ બાજુ શૂરવીર પ્રતાપી દંભકુમાર દાનવરાજ શંખચૂડે પણ સંપૂર્ણ લોકોને જીતીને દેવતાઓના બધા અધિકાર છીનવી લીધા. તે ત્રિલોકીને પોતાને અધીન કરીને સંપૂર્ણ લોકો પર શાસન કરવા લાગ્યો અને સ્વયં ઇન્દ્ર બનીને બધા યજ્ઞ ભાગોને પણ હડપ કરવા માંડ્યો તથા પોતાની શક્તિથી કુબેર, સોમ, સૂર્ય, અગ્નિ, યમ અને વાયુ વગેરેના અધિકારોનું પણ પાલન કરાવવા લાગ્યો. એ સમયે મહાન બલ-પરાક્રમથી સંપન્ન મહાવીર શંખચૂડ સમસ્ત દેવતાઓ, અસુરો, દાનવો, રાક્ષસો, ગંધર્વો, નાગ, કિન્નર, મનુષ્યો તથા ત્રિલોકીનાં અન્યાન્ય પ્રાણીઓનો તે એકછત્ર સમ્રાટ હતો. આ રીતે મહાન રાજરાજેશ્વર

શંખચૂડ બહુ વર્ષો સુધી સંપૂર્ણ ભુવનોના રાજ્યનો ઉપયોગ કરતો રહ્યો. એના રાજ્યમાં ન તો દુષ્કાળ પડતો હતો, ન તો કોઈ મહામારી રોગચાળો અને ન તો અશુભ ગ્રહોનો પણ પ્રકોપ થતો; આધિવ્યાધિઓ પણ પોતાનો પ્રભાવ પાથરી શકતી નહીં. આમ આખી પ્રજા સદા સુખી રહેતી હતી. પૃથ્વી ખેડ્યા વગર પણ અનેક પ્રકારનાં ધાન્ય, અનાજ ઉત્પન્ન કરતી હતી. વિવિધ પ્રકારની ઔષધીઓ ઉત્તમ ઉત્તમ ફળો અને રસથી યુક્ત હતી. ઉત્તમ ઉત્તમ મણિઓની ખાણો હતી. સમુદ્ર પોતાના તટ પર લચકાલોળ રત્નો વેર્યા કરતો હતો. વૃક્ષોમાં સદા પુષ્પ-ફળ લાગેલાં જ રહેતાં. સરિતાઓમાં સુસ્વાદુ મધુર પાણી વહ્યા જ કરતું હતું. દેવતાઓ સિવાય બધા જ જીવો સુખી હતા. એમનામાં કોઈ પણ પ્રકારનો વિકાર ઉત્પન્ન થતો ન હતો. ચારે વર્ણ અને આશ્રમના બધા લોકો પોતપોતાના ધર્મમાં સ્થિત હતા. આ રીતે જ્યારે એ ત્રિલોકીનું શાસન કરી રહ્યો હતો, એ સમયે કોઈ દુઃખી ન હતું; કેવળ દેવતાઓ ભ્રાતૃદ્રોહાવશ દુઃખ પામી રહ્યા હતા. હે મુને! મહાબલી શંખચૂડ ગોલોકનિવાસી શ્રીકૃષ્ણનો પરમ મિત્ર હતો. સાધુસ્વભાવવાળો તે સદાયે શ્રીકૃષ્ણની ભક્તિમાં નિરત જ રહેતો હતો. પૂર્વપાપવશ એને દાનવની યોનિમાં જન્મ લેવો પડ્યો હતો, પરંતુ દાનવ હોવા છતાં એની બુદ્ધિ દાનવ-જેવી ન હતી.

હે પ્રિય વ્યાસજી! ત્યારપછી જે પરાજિત થઈને રાજ્ય ખોઈ બેઠા હતા એ બધા સુરગણ તથા ઋષિ પરસ્પર મંત્રણા કરીને બ્રહ્માજીની સભામાં ગયા. ત્યાં પહોંચીને એમણે બ્રહ્માજીનાં દર્શન કર્યાં અને એમના ચરણોમાં અભિવાદન કરીને વિશેષરૂપે એમની સ્તુતિ કરી. પછી આકુળતાપૂર્વક પોતાનો આખો વૃત્તાંત એમને - બ્રહ્માને કહી સંભળાવ્યો. ત્યારે બ્રહ્માએ બધા દેવતાઓ તથા મુનિઓને ધીરજ આપી અને એમને સાથે લઈને સત્પુરુષોને સુખ આપનારા વૈકુંઠ લોક તરફ ચાલી નીકળ્યા. ત્યાં પહોંચીને દેવગણોસહિત બ્રહ્માએ રમાપતિનાં દર્શન કર્યાં. એમના મસ્તક પર કિરીટ સુશોભિત હતો, કાનમાં કુંડળ ઝગારા મારી રહ્યાં હતાં અને કંઠ વનમાળાથી વિભૂષિત હતો. એ ચતુર્ભુજ દેવે પોતાની ચારે ભુજાઓમાં શંખ, ચક્ર, ગદા અને પદ્મ ધારણ કર્યાં હતાં. શ્રીવિગ્રહ પર પીતાંબર શોભી રહ્યો હતો અને સનંદન વગેરે સિદ્ધ એમની સેવામાં નિયુક્ત હતા. આવા સર્વવ્યાપી વિષ્ણુની ઝાંકી કરીને બ્રહ્મા વગેરે દેવતાઓ તથા મુનીશ્વરોએ એમને પ્રણામ કર્યા અને પછી ભક્તિપૂર્વક હાથ જોડીને તે એમની સ્તુતિ કરવા લાગ્યા.

દેવતાઓ બોલ્યા—હે સામર્થ્યશાળી વૈકુંઠાધિપતે! આપ દેવોના પણ દેવ અને લોકોના સ્વામી છો. આપ તો ત્રિલોકીના ગુરુ છો. હે શ્રીહરે! અમે સો આપના શરણાપન્ન છીએ, આપ અમારી રક્ષા કરો. સ્વયંના મહિમાથી ક્યારેય ચ્યુત ન થનારા હે ઐશ્વર્યશાળી ત્રિલોકેશ! આપ જ લોકોના પાલક છો. હે ગોવિંદ! લક્ષ્મી આપમાં જ નિવાસ કરે છે અને તમે પોતાના ભક્તોના પ્રાણસ્વરૂપ છો, આપને અમારા નમસ્કાર હો. આ રીતે સ્તુતિ કરીને બધા દેવતા શ્રીહરિ પાસે રડી પડ્યા. એમની વાત સાંભળીને ભગવાન વિષ્ણુએ બ્રહ્માને કહ્યું.

વિષ્ણુ બોલ્યા—હે બ્રહ્મન્! આ વૈકુંઠ યોગીઓ માટે પણ દુર્લભ છે. તમે અહીં શા માટે આવ્યા છો? તમારા પર કયું મોટું કષ્ટ આવી પડ્યું છે? એ યથાર્થરૂપે મારી સામે

વર્ણવો.

સનત્કુમારજી કહે છે—હે મુને! શ્રીહરિનું વચન સાંભળીને બ્રહ્માજીએ વિનમ્ર ભાવથી મસ્તક નમાવીને એમને વારંવાર પ્રણામ કર્યા અને અંજલિબદ્ધ થઈને પરમાત્મા વિષ્ણુ સમક્ષ સ્થિત થઈને દેવતાઓના કષ્ટથી સભર શંખચૂડનાં બધાં કરતૂત કહી સંભળાવ્યાં. ત્યારે સમસ્ત પ્રાણીઓના ભાવોના જ્ઞાતા ભગવાન શ્રીહરિ એ વાત સાંભળીને હસી પડ્યા અને બ્રહ્મા પાસે એ રહસ્યનું ઉદ્‌ઘાટન કરતાં બોલ્યા.

શ્રીભગવાને કહ્યું—હે કમલયોનિ! હું શંખચૂડનો સમગ્ર વૃત્તાંત જાણું છું. પૂર્વજન્મમાં તે મહાતેજસ્વી ગોપ હતો, જે મારો ભક્ત હતો. હું એના વૃત્તાંતથી સંબંધિત પુરાતન ઇતિહાસનું વર્ણન કરું છું તે સાંભળો. એમાં કોઈ પણ પ્રકારનો સંદેહ ન કરવો જોઈએ. ભગવાન શંકર સૌનું કલ્યાણ કરશે. ગોલોકમાં મારા જ સ્વરૂપે શ્રીકૃષ્ણ રહે છે. એમની સ્ત્રી શ્રીરાધા નામથી વિખ્યાત છે. તે જગતજનની તથા પ્રકૃતિની પાંચમી મૂર્તિ છે. તે જ ત્યાં સુંદરરૂપે વિહાર કરનારાં છે. એમનાં અંગથી ઉદ્‌ભુત ઘણાબધા ગોપ અને ગોપીઓ પણ ત્યાં નિવાસ કરે છે. તે નિત્ય રાધા-કૃષ્ણનું અનુવર્તન કરતાં કરતાં ઉત્તમ ઉત્તમ ક્રીડાઓમાં તત્પર રહે છે. એ જ ગોપ આ સમયે શંભુની આ લીલાથી મોહિત થઈને શાપવશ પોતાને દુઃખ આપનારી દાનવયોનિને પ્રાપ્ત થઈ ગયો છે. શ્રીકૃષ્ણે પહેલાંથી જ રુદ્રના ત્રિશૂળથી એનું મૃત્યુ નિર્ધારિત કરી દીધું છે. આ રીતે એ દાનવ-દેહનો પરિત્યાગ કરીને પુનઃ કૃષ્ણ-પાર્ષદ થઈ જશે. હે દેવેશ! આવું જાણીને તમારે ભયભીત થવાની જરૂર નથી. ચાલો, આપણે બંને શંભુને શરણે જઈએ; તે શીઘ્ર જ કલ્યાણનું વિધાન કરશે. હવે આપણે, તમારે તથા સમસ્ત દેવોએ નિર્ભય થઈ જવું જોઈએ.

સનત્કુમારજી કહે છે—હે મુને! આમ કહીને બ્રહ્માસહિત વિષ્ણુ શિવલોક તરફ ચાલ્યા. માર્ગમાં તે મનમાં ને મનમાં ભક્તવત્સલ સર્વેશ્વર શંભુનું સ્મરણ કરી રહ્યા હતા. હે વ્યાસજી! આ રીતે તે રમાપતિ વિષ્ણુ બ્રહ્મા સાથે એ જ સમયે એ શિવલોકમાં જઈ પહોંચ્યા, જે મહાન દિવ્ય, નિરાધાર તથા ભૌતિકતાથી રહિત છે. ત્યાં પહોંચીને એમણે શિવસભાનાં દર્શન કર્યાં. ઊંચી અને ઉત્કૃષ્ટ પ્રભાવશાળી સભા પ્રકાશયુક્ત શરીરવાળા શિવ-પાર્ષદોએ ઘેરાયેલી હોવાને કારણે વિશેષરૂપે શોભિત થઈ રહી હતી. એ પાર્ષદોનું રૂપ સુંદર કાંતિથી યુક્ત મહેશ્વર જેવું હતું. એમને દશ ભુજાઓ હતી. પાંચ મુખ અને ત્રણ નેત્રો હતાં. ગળામાં નીલચિહ્ન તથા શરીરનો વર્ણ અત્યંત ગૌર હતો. એ બધા શ્રેષ્ઠ રત્નોથી યુક્ત રુદ્રાક્ષ અને ભસ્મના આભરણથી વિભૂષિત હતા. તે મનોહર સભા નવીન ચંદ્રમંડળની જેમ આકારવાળી અને ચોખંડી હતી. ઉત્તમ ઉત્તમ મણિઓ તથા હીરાના હારથી તે સજાવેલી હતી. અમૂલ્ય રત્નોના બનેલા કમલ-પત્રોથી સુશોભિત હતી. એમાં મણિઓની જાળી - બારીઓથી યુક્ત ગવાક્ષ (ગોખ) બનેલા હતા, જેથી તે ચિત્રવિચિત્ર દેખાઈ રહ્યા હતા. શંકરની ઇચ્છાથી એમાં પદ્મરાગમણિ જડેલા હતા, જેથી તે બહુ અદ્‌ભુત જેવી જણાતી હતી. તે સ્યમન્તકમણિની બનેલી હતી અને સેંકડો નિસરણીથી યુક્ત હતી. એમાં ચારે બાજુએ ઇન્દ્રનીલમણિના થાંભલા લાગેલા હતા, જેના પર સ્વર્ણસૂત્રથી ગ્રથિત ચંદનનાં સુંદર પલ્લવ લટકી રહ્યાં હતાં, જેથી તે મનને મોહી લેતી હતી. તે સારી પેઠે સંસ્કૃત અને સુગંધિત વાયુથી

સુવાસિત હતી. એક હજાર યોજન વિસ્તારવાળી એ સભા ઘણા બધા સેવક-ચાકરોથી ખચોખચ ભરેલી હતી. એના મધ્યભાગમાં અમૂલ્ય રત્નો દ્વારા નિર્મિત એક વિચિત્ર સિંહાસન હતું, એના ઉપર જ ઉમાસહિત શંકર બિરાજમાન હતા. એમને સુરેશ્વર વિષ્ણુએ જોયા. તે તારાઓથી ઘેરાયેલા ચંદ્રમા સમાન જણાતા હતા. તે કિરીટ, કુંડળ અને રત્નોની માળાઓથી વિભૂષિત હતા. એમનાં બધાં અંગોમાં ભસ્મ લગાડેલી હતી અને એમણે લીલા-કમળ ધારણ કર્યું હતું. મહાન ઉલ્લાસથી સભર એવા ઉમાકાન્તનું મન શાંત અને પ્રસન્ન હતું. દેવી પાર્વતીએ એમને સુવાસિત તાંબૂલ પ્રદાન કર્યું હતું, જેને એ ચાવી રહ્યા હતા. શિવગણ હાથમાં શ્વેત ચામર લઈને પરમ ભક્તિ સાથે એમની સેવા કરી રહ્યા હતા. સિદ્ધ ભક્તિવશ મસ્તક નમાવીને એમના સ્તવનમાં લાગી ગયા હતા. તે ગુણાતીત, પરેશાન, ત્રિદેવોના જનક, સર્વવ્યાપી, નિર્વિકલ્પ, નિરાકાર, સ્વેચ્છાનુસાર સાકાર, કલ્યાણસ્વરૂપ, માયારહિત, અજન્મા, આદ્ય, માયાના અધીશ્વર, પ્રકૃતિ અને પુરુષથી પણ પરાત્પર, સર્વસમર્થ પરિપૂર્ણતમ અને સમતાયુક્ત છે. આવા વિશિષ્ટ ગુણોથી યુક્ત શિવને જોઈને બ્રહ્મા અને વિષ્ણુએ હાથ જોડીને એમને પ્રણામ કર્યા. સ્તુતિ કરવા લાગ્યા. વિવિધ પ્રકારની સ્તુતિ કરીને અંતે એ બોલ્યા – 'હે ભગવન્! તમે દીનો અને અનાથોના સહાયક, દીનોના પ્રતિપાલક, દીનબંધુ, ત્રિલોકીના અધીશ્વર અને શરણાગતવત્સલ છો. હે ગૌરીશ! અમારો ઉદ્ધાર કરો. હે પરમેશ્વર! અમારા પર કૃપા કરો. હે નાથ! અમે તો તમારે જ અધીન છીએ. હવે આપની જેવી ઇચ્છા હોય એવું કરો.

(અધ્યાય ૨૯-૩૦)

*

દેવતાઓનું રુદ્ર પાસે જઈ પોતાના દુઃખનું નિવેદન કરવું, રુદ્ર દ્વારા એમને આશ્વાસન અને ચિત્રરથને શંખચૂડ પાસે મોકલવો, ચિત્રરથનું પાછું આવવું, રુદ્રના ગણો, પુત્રો અને ભદ્રકાલીસહિત યુદ્ધ માટે પ્રસ્થાન, પેલી બાજુ શંખચૂડનું સેનાસહિત પુષ્પભદ્રાના તટ પર પડાવ અને દાનવરાજના દૂત અને શિવની વાતચીત

સનત્કુમારજી કહે છે—હે મુને! ત્યારપછી જે અત્યંત દીન થઈ ગયા હતા એ બ્રહ્મા અને વિષ્ણુનાં વચન સાંભળીને શિવજી મંદ સ્મિત કરવા લાગ્યા અને મેઘગંભીર વાણીમાં ગર્જના કરતાં કરતાં બોલ્યા.

શિવજીએ કહ્યું—હે હરે! હે બ્રહ્મન્! તમે લોકો શંખચૂડ દ્વારા ઉત્પન્ન થયેલા ભયને સર્વથા છોડી દો. હું શંખચૂડનો આખો વૃત્તાંત યથાર્થરૂપે જાણું છું. એ પૂર્વજન્મમાં એક ગોપ હતો, જે ઐશ્વર્યશાળી ભગવાન શ્રીકૃષ્ણનો ભક્ત હતો. એનું નામ સુદામા હતું. એ જ સુદામા રાધાજીના શાપથી શંખચૂડ નામનો દાનવરાજ થઈને ઉત્પન્ન થયો છે. એ પરમ ધર્મજ્ઞ અને દેવતાઓના દ્રોહી છે. એ દુર્બુદ્ધિવશ પોતાના

ઉત્કૃષ્ટ બળને ભરોસે સંપૂર્ણ દેવગણોને કલેશ આપી રહ્યો છે. હવે તમે લોકો પ્રેમપૂર્વક મારી વાત સાંભળો અને દેવોને આનંદિત કરવાને માટે શીઘ્ર જ કૈલાસવાસી રુદ્રની સમીપે જાઓ. એ રુદ્રરૂપ મારું જ ઉત્તમ પૂર્ણરૂપ છે. હું જ દેવસિદ્ધિને માટે પૃથક્ સ્વરૂપ ધારણ કરીને ત્યાં પ્રગટ થયો છું. મારું તે રૂપ ઐશ્વર્યશાળી તથા પરિપૂર્ણતમ છે. હે હરે! એટલા માટે હું ભક્તોને વશ થઈને કૈલાસપર્વત પર સદા નિવાસ કરું છું.

ત્યાર પછી કૈલાસ પહોંચીને દેવતાઓએ ભગવાન મહેશની સ્તુતિ કરી અને અંતમાં બોલ્યા – 'હે મહેશન્! તમે તો કૃપાના આકર-સાગર છો. દીનોનો ઉદ્ધાર કરવો એ તો આપની રીત જ છે. હે પ્રભો! દાનવરાજ શંખચૂડનો વધ કરીને ઇન્દ્રને એના ભયથી મુક્ત કરો અને દેવોને આ વિપત્તિથી ઉગારો, બચાવો.' ત્યારે ભક્તવત્સલ શંભુ દેવતાઓની આ પ્રાર્થના સાંભળીને હસ્યા અને મેઘગર્જન જેવી ગંભીર વાણીમાં બોલ્યા.

શ્રીશંકરે કહ્યું—હે હરે! હે બ્રહ્મન્! હે દેવગણ! તમે લોકો પોતપોતાને સ્થાને પાછા જતા રહો. હું નિશ્ચય જ સૈનિકોસહિત શંખચૂડનો વધ કરી દઈશ. એમાં જરાય સંશય નથી.

સનત્કુમારજી કહે છે—હે વ્યાસજી! મહેશ્વરનાં એ અમૃતસ્રાવી વચન સાંભળીને સંપૂર્ણ દેવતાઓને પરમ આનંદ થયો. એ જ સમયે એમણે માની લીધું કે હવે દાનવ શંખચૂડ માર્યો જ ગયો છે. ત્યારે મહેશ્વરનાં ચરણોમાં પ્રણિપાત કરીને વિષ્ણુ વૈકુંઠમાં ગયા અને બ્રહ્મા સત્યલોકમાં જતા રહ્યા અને સંપૂર્ણ દેવતાઓ પણ પોતપોતાને સ્થાને પ્રસ્થાપિત થયા. આ બાજુ એ મહારુદ્રે, જે પરમેશ્વર, દુષ્ટોને માટે કાલરૂપ અને સત્પુરુષોની ગતિ છે, દેવતાઓની ઇચ્છાથી શંખચૂડના વધનો નિશ્ચય કર્યો. ત્યારે એમણે પ્રસન્નતાપૂર્વક પોતાના પ્રેમી ગંધર્વરાજ ચિત્રરથને દૂત બનાવીને શીઘ્ર જ શંખચૂડ પાસે મોકલ્યો. ચિત્રરથે ત્યાં જઈને શંખચૂડને ખૂબ સમજાવીને કહ્યું, પરંતુ એણે વગર યુદ્ધે દેવતાઓનું રાજ્ય પાછું સોંપવાનું સ્વીકાર્યું નહીં અને બોલ્યો – 'મેં એવો દૃઢ નિશ્ચય કરી લીધો છે કે મહેશ્વરની સાથે યુદ્ધ કર્યા વગર ન તો હું રાજ્ય પાછું આપીશ, અને ન તો અધિકારોને પાછા આપીશ. તું કલ્યાણકર્તા રુદ્ર પાસે પાછો જતો રહે અને મેં કહેલી વાત યથાર્થરૂપે એમને કહી દેજે. એમને જે ઉચિત લાગશે તે કરશે. તું વ્યર્થ બકવાશ ન કર.'

સનત્કુમારજી કહે છે—હે મુનિશ્રેષ્ઠ! આવું કહેવાયા પછી તે શિવદૂત પુષ્પદન્ત (ચિત્રરથ) પોતાના સ્વામી મહેશ્વર પાસે પાછો આવ્યો અને એણે બધી વાતો સારીપેઠે કહી દીધી. ત્યારે એ દૂતનાં વચન સાંભળીને દેવતાઓના સ્વામી ભગવાન શંકરને ક્રોધ આવી ગયો. એમણે પોતાના વીરભદ્ર વગેરે ગણોને કહ્યું.

રુદ્ર બોલ્યા—હે વીરભદ્ર! હે નંદિન્! હે ક્ષેત્રપાળ, હે આઠેય ભૈરવ! હું શીઘ્ર જ શંખચૂડનો વધ કરવાને નિમિત્તે પ્રસ્થાન કરું છું, તેથી મારી આજ્ઞાથી મારા બધા જ બળશાળી ગણ આયુધોથી કટિબદ્ધ તૈયાર થઈ જાઓ અને હમણાં હમણાં કુમારો (સ્વામીકાર્તિક અને ગણેશ)-ની સાથે રણયાત્રા કરો. ભદ્રકાલી પણ પોતાની સેના સાથે યુદ્ધને માટે પ્રસ્થાન કરે.

સનત્કુમારજી કહે છે—હે મુને! આવી

આજ્ઞા આપીને શિવજી પોતાની સેના સાથે ચાલી નીકળ્યા. પછી તો બધા વીરગણ હર્ષમગ્ન થઈને એમની પાછળ પાછળ ચાલવા માંડ્યા. આ જ સમયે સંપૂર્ણ સેનાઓના અધ્યક્ષ સ્કંદ અને ગણેશ પણ હર્ષથી સભર ભર્યા થઈને કવચ ધારણ કરીને સશસ્ત્ર શિવજીની નિકટ આવી પહોંચ્યા. પછી વીરભદ્ર, નન્દી, મહાકાલ, સુભદ્રક, વિશાલાક્ષ, બાણ, પિંગલાક્ષ, વિકંપન, વિરૂપ, વિકૃતિ, મણિભદ્ર, બાષ્કલ, કપિલ, દીર્ઘદંષ્ટ્ર, વિકાર, તામ્રલોચન, કાલંકર, બલીભદ્ર, કાલજિહ્વ, કુટીચર, બલોન્મત્ત, રણશ્લાધ્ય, દુર્જય તથા દુર્ગમ વગેરે ગણનાયક જે પ્રધાન પ્રધાન સેનાપતિ હતા, શિવજીની સાથે ચાલવા લાગ્યા. એમના ગણોની સંખ્યા કરોડો કરોડોની હતી. આઠેય ભૈરવ, એકાદશ ભયંકર રુદ્ર, આઠેય વસુ, ઈન્દ્ર, બાર આદિત્ય, અગ્નિ, ચંદ્રમા, વિશ્વકર્મા, બંને અશ્વિનીકુમાર, કુબેર, યમ, નિર્ઋતિ, નલકૂબર, વાયુ, વરુણ, બુધ, મંગલ તથા અન્યાન્ય ગ્રહ, પરાક્રમી કામદેવ, ઉગ્રદંષ્ટ્ર, ઉગ્રદંડ, કોરટ તથા કોટભ વગેરેએ પણ મહેશ્વરનું અનુગમન કર્યું. સ્વયં મહેશ્વરી દેવી ભદ્રકાલી પણ સો ભુજા ધારણ કરીને શિવજીની સાથે ચાલ્યાં. તે ઉત્તમોત્તમ રત્નોથી બનેલા વિમાન પર આરૂઢ હતાં. એમના શરીર પર લાલ ચંદનનો અનુલેપ લગાડેલો હતો અને લાલ વસ્ત્ર શોભી રહ્યું હતું. તે હર્ષમગ્ન થઈને હસતાં, નૃત્ય કરતાં અને ઉત્તમ સ્વરથી ગાન કરતાં કરતાં પોતાના ભક્તોને અભય અને શત્રુઓને ભય પ્રદાન કરી રહ્યાં હતાં. એમની એક યોજન લાંબી ભીષણ-આકારવાળી જિહ્વા લપલપતી હતી. તે પોતાના હાથમાં શંખ, ચક્ર, ગદા, પદ્મ, ઢાલ, તલવાર, ધનુષ, બાણ, એક યોજન વિસ્તારવાળું ઊંડું ગોળાકાર ખપ્પર, ગગનચુંબી ત્રિશૂળ, એક યોજન લાંબી શક્તિ, મુદ્ગર, મુસલ, વજ્ર, ખડ્ગ, તીખી નક્કર ઢાલ, વૈષ્ણવાસ્ત્ર, વારુણાસ્ત્ર, વાયવ્યાસ્ત્ર, નાગપાશ, નારાયણાસ્ત્ર, ગંધર્વાસ્ત્ર, બ્રહ્માસ્ત્ર, ગારુડાસ્ત્ર, પર્જન્યાસ્ત્ર, પાશુપતાસ્ત્ર, જૃંભણાસ્ત્ર, પર્વતાસ્ત્ર, મહાન પરાક્રમી સૂર્યાસ્ત્ર, કાલકાલ, મહાનલ, મહેશ્વરાસ્ત્ર, યમદંડાસ્ત્ર, સંમોહનાસ્ત્ર તથા સમર્થ દિવ્ય અસ્ત્ર અને અન્યાન્ય સેંકડો દિવ્યાસ્ત્ર ધારણ કરેલાં હતાં. કરોડો યોગિનીઓ તથા ડાકિનીઓ એમની સાથે હતી. પછી ભૂત, પ્રેત, પિશાચ, કૂષ્માંડ, બ્રહ્મરાક્ષસ, વેતાલ, રાક્ષસ, યક્ષ અને કિન્નર વગેરેથી ઘેરાયેલા સ્કંદે પિતાની પાસે જઈને એ ચંદ્રશેખરને પ્રણામ કર્યા અને એમની આજ્ઞાથી પાર્શ્વભાગમાં – બાજુમાં સ્થિત થઈને સહાયકનું સ્થાન ગ્રહણ કર્યું. ત્યારપછી રુદ્રરૂપધારી શંભુ પોતાની આખી સેનાને એકત્ર કરીને શંખચૂડ સાથે લડી લેવા નિર્ભયતાપૂર્વક આગળ વધ્યા અને દેવતાઓનો ઉદ્ધાર કરવા માટે ચંદ્રભાગા નદીના તટ પર મનોહર વટવૃક્ષ નીચે ઊભા રહી ગયા.

હે વ્યાસજી! પેલી બાજુ જ્યારે શિવદૂત ચાલ્યો ગયો તે પછી પ્રતાપી શંખચૂડે મહેલની અંદર જઈને તુલસીને બધી વાતો કહી સંભળાવી.

શંખચૂડે કહ્યું—'હે દેવી! શંભુના દૂતના મુખે (રણનિમંત્રણ સાંભળીને) હું યુદ્ધને માટે તૈયાર થયો છું અને એમની સાથે ઝૂઝવા માટે હું નક્કી જ જઈશ. તું મને એ માટે આજ્ઞા આપ.' આમ કહીને એ જ્ઞાનીએ પોતાની પ્રિયાને વિવિધ પ્રકારે સમજાવી. પછી બ્રાહ્મમુહૂર્તમાં ઊઠીને પ્રાતઃકર્મ પૂરાં કરીને અને પહેલાં નિત્યકર્મ પૂરાં કરીને ઘણુંબધું દાન આપ્યું.

તત્પશ્ચાત્ પોતાના પુત્રને સંપૂર્ણ દાનવોના રાજ્ય પર અભિષિક્ત કરીને એને પોતાની ભાર્યા, રાજ્ય અને સર્વ સંપત્તિ સમર્પિત કરી દીધી. પુનઃ જ્યારે એની પ્રિયા તુલસી રડતાં રડતાં એની રણયાત્રાનો નિષેધ કરવા લાગી ત્યારે રાજા શંખચૂડે વિવિધ પ્રકારની કથાઓ કહીને એને ધીરજ ધારણ કરવા કહ્યું. ત્યાર બાદ એ સારી રીતે આદર પામેલા દાનવરાજે કવચ ધારણ કરીને યુદ્ધ કરવા માટે તૈયાર થઈને પોતાના વીર સેનાપતિને બોલાવીને આદેશ આપતાં કહ્યું.

શંખચૂડ બોલ્યો—હે સેનાપતે! મારા બધા જ વીરો, જે સંપૂર્ણ કાર્યોમાં કુશળ અને સમરમાં શોભા પામનાર, આજે કવચ ધારણ કરો અને યુદ્ધને માટે પ્રસ્થાન કરો. શૂરવીર દાનવો અને દૈત્યોની છ્યાસી ટુકડીઓ અને બળશાળી યોદ્ધાઓની નિર્ભીક સેનાઓ અસ્ત્ર-શસ્ત્રથી સુસજ્જિત થઈને નગરની બહાર પ્રસ્થાન કરો. કરોડો પ્રકારનાં પરાક્રમ પ્રગટ કરનારાં જે અસુરોનાં પચાશ કુલ છે, તે પણ દેવોનાં પક્ષપાતી શંભુ સાથે યુદ્ધ કરવાને માટે પ્રસ્થિત થઈ જાઓ. મારી આજ્ઞાથી ધૌમ્રો (એક વિશેષ જાતિ?)ના સો કુળ પણ કવચથી વિભૂષિત થઈ શંભુ સાથે ટક્કર લેવા શીઘ્ર જ રવાના થાય. કાલકેયો, મૌર્યો, દૌર્હદો તથા કાલકોને પણ મારી આ આજ્ઞા સંભળાવી દો, કે તે રુદ્ર સાથે સંગ્રામ કરવા માટે સામગ્રીથી સુસજ્જ થઈને ચાલે.

સનત્કુમારજી કહે છે—હે મુને! સેનાપતિને આવો આદેશ આપીને અસુરોના રાજા મહાબલી દાનવેન્દ્ર શંખચૂડ સહસ્ર પ્રકારની બહુ મોટી સેનાઓથી ઘેરાયેલો નગરની બહાર નીકળ્યો. એનો સેનાપતિ પણ યુદ્ધશાસ્ત્રમાં નિપુણ, મહારથી, મહાન શૂરવીર અને રણભૂમિમાં રથિઓમાં અગ્રગણ્ય હતો. આ રીતે યુદ્ધ-સ્થળમાં વીરોને ભયભીત કરનારો એ દાનવરાજ ત્રણ લાખ અક્ષૌહિણી સેનાઓ પર શાસન કરતાં કરતાં શિબિરથી બહાર આવ્યો અને ઉત્તમોત્તમ રત્નો દ્વારા નિર્મિત વિમાન પર આરૂઢ થઈને ગુરુજનોને આગળ કરીને યુદ્ધને માટે ચાલવા લાગ્યો. આગળ વધતાં તે પુષ્પભદ્રા નદીના તટ પર સિદ્ધાશ્રમમાં જઈ પહોંચ્યો. ત્યાં એક મનોહર વટવૃક્ષ બિરાજમાન હતું. તે સિદ્ધિક્ષેત્ર સિદ્ધોને ઉત્તમ સિદ્ધિ પ્રદાન કરનારું હતું. પુણ્યક્ષેત્ર ભારતમાં એ કપિલનું તપઃસ્થાન કહેવાતું હતું. એ ભૂ-ભાણ પશ્ચિમ સમુદ્રથી પૂર્વ, મલય પર્વતથી પશ્ચિમે, શ્રી શૈલથી ઉત્તરે અને ગંધમાદનથી દક્ષિણે હતો. એની ચૌડાઈ-પહોળાઈ પાંચ યોજન અને લંબાઈ પાંચ સો યોજન હતી. ભારતના એ ભાગમાં ઉત્તમ પુણ્ય પ્રદાન કરનારી તથા શુદ્ધ સ્ફટિક જેવાં સ્વચ્છ જળથી પરિપૂર્ણ પુષ્પભદ્રા અને સરસ્વતી નામની બે નદીઓ વહેતી હતી. સદાસૌભાગ્ય સંયુક્ત રહેનારી લવણસાગરની પ્રિયા ભાર્યા, પુષ્પભદ્રા સરસ્વતીની સાથે હિમાલયથી નીકળી છે અને ગોમન્ત પર્વતની ડાબી બાજુએથી પશ્ચિમ સમુદ્રમાં જઈ ભળે છે. ત્યાં પહોંચીને શંખચૂડે શિવજીની સેના જોઈ.

હે મુને! એણે પહેલાં શિવજીની પાસે એક દાનવેશ્વરને દૂતરૂપે મોકલ્યો. એણે શિવજીને યુદ્ધ ન કરવા કહ્યું અને શિવજીએ એને દેવતાઓનું રાજ્ય પાછું આપી દેવાનું કહ્યું. અંતમાં મહેશ્વરે કહ્યું – 'હે દૂત! અમે કોઈનો પણ પક્ષ લેતા નથી, કેમકે અમે તો ક્યારેય સ્વતંત્ર રહેતા જ નથી, સદા ભક્તોને અધીન રહીએ છીએ અને

એમની જ ઇચ્છાથી એમનાં જ કાર્ય કરતા રહીએ છીએ. જુઓ, પૂર્વકાળમાં બ્રહ્માજીની પ્રાર્થનાથી પહેલ-વહેલો પ્રલય-સમુદ્રમાં શ્રીહરિ અને દૈત્યશ્રેષ્ઠ મધુ-કૈટભનું પણ યુદ્ધ થયું હતું. પુનઃ ભક્તોના હિતકારી એ જ શ્રીવિષ્ણુએ દેવતાઓની પ્રાર્થના પર પ્રહ્લાદને કારણે હિરણ્યકશિપુનો વધ કર્યો હતો. તમે એ પણ સાંભળ્યું હશે કે પહેલાં મેં જે ત્રિપુરોની સાથે યુદ્ધ કરીને એમને ભસ્મ કરી દીધા હતા, એ પણ દેવોની પ્રાર્થનાને લીધે જ થયું હતું. પૂર્વકાળમાં સર્વેશ્વરી જગત્જનનીનું જે શુમ્ભ આદિની સાથે યુદ્ધ થયું હતું અને જેમાં એમણે એ દૈત્યોનો વધ કરી દીધો હતો એ પણ દેવતાઓની પ્રાર્થના દ્વારા જ ઘટિત થયું હતું. એ જ બધા દેવગણ આજે પણ બ્રહ્માને શરણાપન્ન થયા છે. ત્યારે એ દેવતાઓ અને શ્રીહરિની સાથે મારે શરણે આવ્યા હતા. હે દૂત! આ રીતે બ્રહ્મા, વિષ્ણુ અને દેવગણોની પ્રાર્થનાને વશીભૂત થઈને દેવોનો અધીશ્વર હોવાને કારણે જ હું પણ યુદ્ધને માટે જ આવ્યો છું. તમે પણ તો મહાત્મા શ્રીકૃષ્ણના શ્રેષ્ઠ પાર્ષદ છો. અત્યાર સુધીમાં જે દૈત્યો માર્યા ગયા છે, એમાંથી કોઈ પણ તમારી સમાનતા કરી શકતું નથી. એટલા માટે હે રાજન્! દેવકાર્યની સિદ્ધિ માટે તમારી સાથે યુદ્ધ કરવામાં મને કઈ મોટી લજ્જા હશે. અર્થાત્ કશીય નહિ; કેમકે હું ઈશ્વર છું અને દેવતાઓએ મને વિનયપૂર્વક મોકલ્યો છે. માટે તમે જાઓ અને શંખચૂડને મારી વાત કહી દો. એ જે ઉચિત સમજશે એવું જ કરશે. મારે તો દેવતાઓનું કાર્ય કરવું જ છે.' આમ કહીને કલ્યાણકર્તા મહેશ્વર ચૂપ થઈ ગયા. ત્યારે શંખચૂડનો તે દૂત ઊઠ્યો અને એમની પાસે ચાલ્યો ગયો.

(અધ્યાય ૩૧ થી ૩૫)

*

દેવતાઓ અને દાનવોનું યુદ્ધ, શંખચૂડ સાથે વીરભદ્રનો સંગ્રામ, પુનઃ એની સાથે ભદ્રકાળીનું ભયંકર યુદ્ધ અને આકાશવાણી સાંભળીને નિવૃત્ત થવું, શિવજીનું શંખચૂડ સાથે યુદ્ધ અને આકાશવાણી સાંભળીને યુદ્ધમાંથી નિવૃત્ત થવું અને વિષ્ણુને પ્રેરિત કરવા, વિષ્ણુ દ્વારા કવચ અને તુલસીના શીલનું અપહરણ, પછી રુદ્રના હાથે ત્રિશૂળ દ્વારા શંખચૂડનો વધ, શંખની ઉત્પત્તિનું કથન

સનત્કુમારજી કહે છે—હે મહર્ષે! જ્યારે એ દૂતે શંખચૂડની પાસે જઈને વિસ્તારપૂર્વક શિવજીનાં વચન કહી સંભળાવ્યાં અને તત્ત્વતઃ એમના યથાર્થ નિશ્ચયને પણ પ્રગટ કર્યો, ત્યારે એ સાંભળીને પ્રતાપી દાનવરાજ શંખચૂડે પણ પરમ પ્રસન્નતાપૂર્વક યુદ્ધનો જ અંગીકાર કરી લીધો. પછી તો એ તરત જ મંત્રીઓ સહિત રથ પર જઈ બેઠો અને એણે પોતાની સેનાને શંકર સાથે યુદ્ધ કરવાનો આદેશ આપ્યો. આ બાજુ અખિલેશ્વર શિવજીએ પણ તત્કાળ પોતાની સેનાને અને દેવોને આગેકૂચ કરવાની આજ્ઞા આપી અને સ્વયં પણ લીલાવશ યુદ્ધ કરવા

સંનદ્ધ-તૈયાર થઈ ગયા. પછી તો શીઘ્ર જ યુદ્ધનો આરંભ થઈ ગયો. એ સમયે વિવિધ પ્રકારનાં રણવાદ્યો વાગવા લાગ્યાં. વીરોના શબ્દ અને કોલાહલ ચારેય બાજુ ગુંજી ઊઠ્યો. હે મુને! આ રીતે દેવતાઓ અને દાનવોમાં પરસ્પર યુદ્ધ થવા માંડ્યું. એ સમયે બંને સેનાઓ ધર્મપૂર્વક ઝૂઝવા લાગી. સ્વયં મહેન્દ્ર વૃષપર્વા સાથે લડવા લાગ્યા અને વિપ્રચિત્તિની સાથે સૂર્યનું ધર્મયુદ્ધ થવા લાગ્યું. વિષ્ણુ દમ્ભની સાથે ભીષણ સંગ્રામ કરવા લાગ્યા. કાલાસુર સાથે કાળ, ગોકર્ણ સાથે અગ્નિ, કાલકેય સાથે કુબેર, મય સાથે વિશ્વકર્મા, ભયંકર સાથે મૃત્યુ, સંહાર સાથે યમ, કાલામ્બિકા સાથે વરુણ, ચંચલ સાથે વાયુ, ઘટપૃષ્ઠ સાથે બુધ, રક્નાક્ષ સાથે શનૈશ્ચર, રત્નસાર સાથે જયંત, વર્ચાગણો સાથે વસુગણ, બંને દીપ્તિમાનો સાથે બંને અશ્વિનીકુમારો, ધૂમ્ર સાથે નલકૂબર, ધુરંધર સાથે ધર્મ, ગણકાક્ષ સાથે મંગલ, શોભાકર સાથે વૈશ્વાનર, પિપિટ સાથે મન્મથ, ગોકામુખ, ચૂર્ત્ર, ખડ્ગ, ધૂમ્ર, સંહલ, પ્રતાપી વિશ્વ અને પલાશ નામના અસુરો સાથે બારેય આદિત્યો ધર્મપૂર્વક ટક્કર લેવા ગયા. આ રીતે શિવજીની સહાયતા માટે આવેલા અમરોનું અસુરોની સાથે યુદ્ધ થવા લાગ્યું. અગિયારેય મહારુદ્રો મહાન બલ-પરાક્રમથી સંપન્ન અગિયાર ભયંકર અસુરવીરો સાથે મચી પડ્યા. ઉગ્ર અને ચંડ વગેરેની સાથે મહામણિ, રાહુની સાથે ચંદ્રમા અને શુક્રાચાર્ય સાથે બૃહસ્પતિ ધર્મયુદ્ધ કરવા લાગ્યા. આ રીતે એ મહાયુદ્ધમાં નંદીશ્વર વગેરે બધા જ શિવગણ શ્રેષ્ઠ દાનવોની સાથે સંગ્રામ કરવા લાગ્યા. વિસ્તારભયથી એનું પૃથક્ વર્ણન કરવામાં આવ્યું નથી. હે મુને! એ સમયે બધી જ સેના નિરંતર યુદ્ધમાં વ્યસ્ત હતી અને શંભુ કાલ્પસુતની સાથે વટવૃક્ષ નીચે બિરાજમાન હતા. પેલી બાજુ શંખચૂડ પણ રત્ન-આભૂષણોથી વિભૂષિત થઈને કરોડો દાનવોની સાથે રત્નસિંહાસન પર બેઠો હતો. પછી દેવતાઓમાં અને અસુરોમાં ચિરકાળ સુધી અત્યંત ભયાનક યુદ્ધ થતું રહ્યું. ત્યાર પછી શંખચૂડ પણ આવીને એ ભીષણ સંગ્રામમાં જોડાઈ ગયો. એ દરમિયાન મહાબલી વીર વીરભદ્ર સમરભૂમિમાં બળશાળી શંખચૂડ સાથે ટક્કર લેવા લાગ્યો. એ યુદ્ધમાં દાનવરાજ જે જે અસ્ત્રોની વર્ષા કરતો હતો, એને વીરભદ્ર રમતાં રમતાં પોતાનાં બાણો વડે કાપી નાખતો હતો.

હે વ્યાસજી! આ જ વખતે દેવી ભદ્રકાલીએ સમરભૂમિમાં જઈને બહુ જ મોટો સિંહનાદ કર્યો. એમની એ ગર્જનાને સાંભળીને જ બધા દાનવો મૂર્ચ્છિત થઈ ગયા. એ સમયે દેવીએ વારંવાર અટ્ટહાસ્ય કર્યું અને મધુપાન કરીને એ રણની મોખરે-મથાળે નૃત્ય કરવા લાગ્યાં. એમની સાથે જ ઉગ્રદંષ્ટ્રા, ઉગ્રદંડા અને કોટવીએ પણ મધુપાન કર્યું તથા અન્યાન્ય દેવીઓ પણ બહુ જ મધુ પીને યુદ્ધસ્થળમાં નૃત્ય કરવાનો આરંભ કર્યો. એ સમયે શિવગણો અને દેવોના દળોમાં મહાન કોલાહલ મચી ગયો. આખો સુર-સમુદાય વિવિધ પ્રકારે ગર્જના કરતાં કરતાં હર્ષમગ્ન બની ગયો. ત્યાર પછી કાલીએ શંખચૂડ પર પ્રલયકાલીન અગ્નિની શિખા સમાન ઉદિપ્ત આગ્નેયાસ્ત્ર છોડ્યું પરંતુ દાનવરાજે એને શીઘ્ર જ વૈષ્ણવાસ્ત્રથી શાંત કરી દીધું. ત્યારે દેવી ભદ્રકાલીએ એના પર નારાયણાસ્ત્રનો પ્રયોગ કર્યો. તે અસ્ત્ર દાનવ-શત્રુને જોઈને વધવા લાગ્યું. ત્યારે પ્રલયાગ્નિની જ્વાળા સમાન ઉદ્દીપ્ત થયેલ નારાયણાસ્ત્રને જોઈને શંખચૂડ દંડની જેમ ભૂમિ પર આળોટી

પડ્યો અને વારંવાર પ્રણામ કરવા લાગ્યો. ત્યારે એ દાનવને નમ્ર બનેલો જોઈને તે અસ્ત્ર નિવૃત્ત થઈ ગયું. ત્યારપછી દેવીએ એના પર મંત્રપૂર્વક બ્રહ્માસ્ત્ર છોડ્યું. એ અસ્ત્રને પ્રજ્વલિત થતું જોઈને દાનવરાજ ભૂમિ પર ઊભો થઈને એને પ્રણામ કરવા લાગ્યો અને બ્રહ્માસ્ત્રથી જ એનું નિવારણ કરી દીધું. ત્યાર બાદ દાનવરાજ કુપિત થઈ ઊઠ્યો અને વેગપૂર્વક પોતાના ધનુષને ખેંચીને દેવી પર મંત્રપાઠ કરતાં કરતાં દિવ્ય અસ્ત્રોની વર્ષા કરવા લાગ્યો. ભદ્રકાલી સમરભૂમિમાં પોતાના વિસ્તૃત મુખને ફેલાવીને એ અસ્ત્રોને ગળી ગયાં અને અટ્ટહાસપૂર્વક ગર્જના કરવા લાગ્યાં, જેથી દાનવો ભયભીત બની ગયા. ત્યારે શંખચૂડે કાલી પર એક સો જોજન લાંબી શક્તિથી પ્રહાર કર્યો, પરંતુ દેવીએ પોતાના દિવ્ય-અસ્ત્રસમૂહથી એના સો ટુકડા કરી દીધા. આમ એ બંનેમાં ચિરકાલ સુધી યુદ્ધ થતું રહ્યું અને બધા દેવતા તથા દાનવ દર્શક બનીને એ યુદ્ધને જોતા જ રહી ગયા. અંતમાં દેવીએ મહાન કોપ-આવેશમાં એના ઉપર વેગપૂર્વક મુષ્ટિ-પ્રહાર કર્યો. એની ચોટથી તે દાનવરાજ ચક્કર ચક્કર ફરવા લાગ્યો અને એ જ ક્ષણે તે મૂર્ચ્છિત થઈ ગયો. પછી ક્ષણભરમાં જ એ ભાનમાં આવી ગયો અને બેઠો થઈ ગયો; પરંતુ એ પ્રતાપીએ માતૃબુદ્ધિ થવાને કારણે દેવીની સાથે બાહુયુદ્ધ ન કર્યું. ત્યારે દેવીએ એ દાનવને પકડીને એને વારંવાર ફેરવ્યો અને બહુ ક્રોધથી વેગપૂર્વક એને ફંગોળી દીધો. પ્રતાપી શંખચૂડ વેગથી ઉપર ફંગોળાયો અને પૃથ્વી પર પડીને પુનઃ બેઠો થઈ ગયો. એ મહાયુદ્ધમાં એ લેશમાત્ર પણ ભ્રાન્ત ન થયો, પરંતુ તેથી ઊલટું તેનું મન પ્રસન્ન હતું. તત્પશ્ચાત્ તે ભદ્રકાલીને પ્રણામ કરીને બહુમૂલ્ય રત્નો દ્વારા નિર્મિત પોતાના પરમ મનોહર વિમાન પર જઈ બેઠો. આ બાજુ કાલિકા ભૂખથી વિહ્વળ થઈને દાનવોનું રક્તપાન કરવા લાગ્યાં. આ જ અવસરે ત્યાં આ પ્રમાણે આકાશવાણી થઈ – 'હે ઈશ્વરિ! હજુ રણભૂમિમાં સિંહનાદ કરનારા દોઢ લાખ દાનવેન્દ્ર હજુ બચીને રહી ગયા છે. એ બધા બહુ ઉદ્ધત છે, તેથી તમે એમને પોતાનો આહાર બનાવી લો. પરંતુ હે દેવી! સંગ્રામમાં દાનવરાજ શંખચૂડને મારવા માટે મનને ન દોડાવો, કેમકે એ તમારે માટે અવધ્ય છે – એવું નક્કી સમજો.' આકાશવાણી દ્વારા કહેલાં વચન સાંભળીને દેવી ભદ્રકાલીએ ઘણા બધા દાનવોનું માંસ ભક્ષણ કર્યું અને એમનું રક્તપાન કર્યું અને પછીથી એ શિવજી પાસે ચાલ્યાં ગયાં. ત્યાં એમણે પૂર્વાપરના ક્રમથી આખું યુદ્ધ-વૃત્તાંત કહી સંભળાવ્યું.

વ્યાસજીએ પૂછ્યું—હે મહાબુદ્ધિમાન સનત્કુમારજી! કાલીનું આ કથન સાંભળીને મહેશ્વરે એ સમયે શું કહ્યું અને કયું કાર્ય કર્યું. એનું આ વર્ણન કરવાની કૃપા કરો, કેમકે મારા મનમાં એ સાંભળવાની પ્રબળ ઉત્કંઠા જાગી ઊઠી છે.

સનત્કુમારજી બોલ્યા—હે મુને! શંભુ તો જીવોના કલ્યાણકર્તા, પરમેશ્વર અને બહુ લીલાવિહારી છે. તે કાલી દ્વારા કહેલાં વચન સાંભળીને એમને આશ્વાસન આપતાં આપતાં હસવા લાગ્યા. તદનંતર આકાશવાણીને સાંભળીને તત્ત્વજ્ઞાન-વિશારદ સ્વયં શંકર પોતાના ગણો સાથે સમરભૂમિ તરફ ચાલ્યા. એ સમયે એ મહાવૃષભ નંદીશ્વર પર સવાર હતા અને એમના સમાન પરાક્રમી વીરભદ્ર, ભૈરવ અને ક્ષેત્રપાલ

વગેરે એમની સાથે હતા. રણભૂમિમાં પહોંચીને મહેશ્વરે વીરરૂપ ધારણ કર્યું. એ સમયે એ રુદ્રની શોભા ઘણી બધી હતી અને એ મૂર્તિમાન કાળ-શા દેખાઈ રહ્યા હતા. જ્યારે શંખચૂડની દૃષ્ટિ શિવજી પર પડી, ત્યારે એ વિમાનમાંથી નીચે ઊતરી પડ્યો અને પરમ ભક્તિ સાથે દંડની જેમ પૃથ્વી પર આળોટીને મસ્તક નમાવીને શિવજીને પ્રણામ કર્યા. આ રીતે નમસ્કાર કરીને તત્પશ્ચાત્ એ તરત જ પોતાના વિમાન પર જઈને બેસી ગયો અને કવચ ધારણ કરીને એણે ધનુષ-બાણ ઉઠાવ્યાં. પછી તો બંને બાજુથી બાણોની ઝડી લાગી ગઈ. એમનેમ જ વ્યર્થમાં જ બાણવર્ષા કરનારા શિવ અને શંખચૂડનું આ ઉગ્ર યુદ્ધ સેંકડો વર્ષો સુધી ચાલતું રહ્યું. અંતમાં યુદ્ધસ્થળમાં શંખચૂડનો વધ કરવા માટે મહાબલી મહેશ્વરે સહસા પોતાનું તે ત્રિશૂળ ઉઠાવ્યું, જેનું નિવારણ કરવું મોટા મોટા તેજસ્વીઓ માટે પણ અશક્ય છે. ત્યારે તત્કાળ જ એનો નિષેધ કરવા માટે આ પ્રમાણે આકાશવાણી થઈ – 'હે શંકર! મારી પ્રાર્થના સાંભળો અને આ સમયે આ ત્રિશૂળ ન ચલાવશો. હે ઈશ! યદ્યપિ આપ ક્ષણમાત્રમાં પૂરા બ્રહ્માંડનો વિનાશ કરવામાં સર્વથા સમર્થ છો, પછી આ એકલા જ દાનવ શંખચૂડની તો વાત જ શી, તો પણ, આપ જેવા સ્વામી દ્વારા દેવમર્યાદાનો વિનાશ, ભંગ ન થવો જોઈએ. હે મહાદેવ! આપ એ (દેવમર્યાદા) સાંભળો અને એને સત્ય અને સફળ બનાવો. (એ દેવમર્યાદા એ છે કે) જ્યાં સુધી શંખચૂડના હાથમાં શ્રીહરિનું પરમ ઉગ્ર કવચ વર્તમાન રહેશે અને એની પતિવ્રતા પત્ની (તુલસી)નું સતીત્વ અખંડિત રહેશે ત્યાં સુધી જરા અને મૃત્યુ પોતાનો પ્રભાવ એના પર પાથરી શકશે નહિ તેથી હે જગદીશ્વર શંકર! બ્રહ્માના આ વચનને સત્ય કરો.'

ત્યારે સત્પુરુષોના આશ્રય સ્વરૂપ શિવજીએ એ આકાશવાણી સાંભળીને 'તથાસ્તુ' કહીને એનો સ્વીકાર કરી લીધો અને વિષ્ણુને એ કાર્ય માટે પ્રેરિત કર્યા. પછી તો શિવજીની ઇચ્છાથી વિષ્ણુ ત્યાંથી ચાલી નીકળ્યા. એ તો બધા માયાવીઓમાં શ્રેષ્ઠ માયાવી રહ્યા છે, તેથી એમણે એક વૃદ્ધ બ્રાહ્મણનો વેશ ધારણ કર્યો અને શંખચૂડ પાસે જઈને આમ બોલ્યા.

વૃદ્ધ બ્રાહ્મણ બોલ્યા—'હે દાનવેન્દ્ર! આ સમયે હું યાચક થઈને તમારી પાસે આવ્યો છું, તમે મને ભિક્ષા આપો. હે દીનવત્સલ! હમણાં હું મારો મનોરથ પ્રગટ નહીં કરું. (જ્યારે તમે ભિક્ષા આપવાનું સ્વીકાર કરી લેશો, ત્યારે) પછી હું એ બતાવીશ અને તમે એને પૂર્ણ કરજો.' બ્રાહ્મણની વાત સાંભળીને રાજેન્દ્ર શંખચૂડનું મુખ અને એનાં નેત્રો પ્રસન્નતાથી ખીલી ઊઠ્યાં. જ્યારે એણે 'ઓમ્' કહીને એનો સ્વીકાર કરી લીધો, ત્યારે બ્રાહ્મણે છળપૂર્વક કહ્યું – 'હું તમારું કવચ ચાહું છું.' આ સાંભળીને ઐશ્વર્યશાળી

દાનવરાજ શંખચૂડે, જે બ્રાહ્મણભક્ત અને સત્યવાદી હતો, તે દિવ્ય કવચ, જે એને પ્રાણ સમાન હતું, બ્રાહ્મણને આપી દીધું. આ રીતે શ્રીહરિએ માયા દ્વારા એની પાસેથી એ કવચ લઈ લીધું અને પછી શંખચૂડનું રૂપ ધારણ કરીને તે તુલસી પાસે પહોંચ્યા. ત્યાં જઈને સર્વના આત્મા અને તુલસીના નિત્ય સ્વામી શ્રીહરિએ શંખચૂડરૂપે એનું – તુલસીનું શીલ હરી લીધું.

આ જ વખતે વિષ્ણુભગવાને શંભુને બધી વાત કહી સંભળાવી. ત્યારે શિવજીએ શંખચૂડના વધ નિમિત્તે પોતાનું ઉદ્દીપ્ત ત્રિશૂળ હાથમાં લીધું. પરમાત્મા શંકરનું એ વિજય નામનું ત્રિશૂળ પોતાની ઉત્કૃષ્ટ પ્રભા પાથરી રહ્યું હતું. એનાથી બધી દિશાઓ, પૃથ્વી અને આકાશ પ્રકાશિત થઈ ગયાં. તે મધ્યાહ્નકાલીન કરોડો સૂર્યો તથા પ્રલયાગ્નિની શિખા સમાન ચમકદાર હતું. એનું નિવારણ અસંભવ હતું. તે દુર્ધર્ષ, ક્યારેય વ્યર્થ ન થનારું અને શત્રુનું સંહારક હતું. તે તેજોનો અત્યંત ઉગ્ર સમૂહ, સંપૂર્ણ શસ્ત્રાસ્ત્રોનું સહાયક, ભયંકર અને બધા દેવતાઓ તથા અસુરો માટે દુસ્સહ હતું. તે એક જ સ્થાન પર એવું દમકી રહ્યું હતું, જાણે લીલાનો આશ્રય લઈને સંપૂર્ણ બ્રહ્માંડનો સંહાર કરવા તૈયાર હોય. એની લંબાઈ એક હજાર ધનુષ અને પહોળાઈ સો હાથ હતી. એ જીવ-બ્રહ્મસ્વરૂપ શૂળનું કોઈ પણ દ્વારા નિર્માણ થયું નહતું. એનું રૂપ નિત્ય હતું. આકાશમાં ચક્કર ચક્કર ફરતું તે ત્રિશૂળ શિવજીની આજ્ઞાથી શંખચૂડ પર પડ્યું અને એણે એ જ ક્ષણે એને રાખની ઢગલી બનાવી દીધો. હે વિપ્ર! મહેશ્વરનું એ શૂળ મન જેટલા વેગવાળું હતું. તે શીઘ્ર જ પોતાનું કાર્ય પૂર્ણ કરીને શંકરની પાસે આવી પહોંચ્યું અને પછી આકાશમાર્ગે ચાલ્યું ગયું. એ સમયે સ્વર્ગમાં દુન્દુભિઓ વાગવા માંડી. ગંધર્વ અને કિન્નર ગાન કરવા લાગ્યા. દેવો તથા મુનિઓએ સ્તુતિ કરવાનો આરંભ કર્યો અને અપ્સરાઓ નૃત્ય કરવા લાગી. શિવજીની ઉપર લગાતાર પુષ્પોની વર્ષા થવા લાગી. બ્રહ્મા, વિષ્ણુ, ઇન્દ્ર વગેરે દેવતા તથા મુનિગણ એમની પ્રશંસા કરવા લાગ્યા. દાનવ શંખચૂડ પણ શિવજીની કૃપાથી શાપમુક્ત થઈ ગયો અને એને એના પૂર્વ (શ્રીકૃષ્ણ-પાર્ષદ) રૂપની પ્રાપ્તિ થઈ ગઈ. શંખચૂડનાં હાડકાંમાંથી શંખ-જાતિનો પાદુર્ભાવ થયો, જે શંખનું જળ શંકર સિવાય સમસ્ત દેવતાઓ માટે પ્રશસ્ત મનાયું છે. હે મહામુને! શ્રીહરિ અને લક્ષ્મીને તથા એમના સંબંધીઓને પણ શંખજળ વિશેષરૂપે પ્રિય છે; પરંતુ શંકરને માટે નહીં. આ રીતે શંખચૂડને મારીને શંકર ઉમા, સ્કંદ અને ગણો સાથે પ્રસન્નતાપૂર્વક નન્દીશ્વર પર સવાર થઈને શિવલોક ચાલ્યા ગયા. ભગવાન વિષ્ણુએ વૈકુંઠ માટે પ્રસ્થાન કર્યું અને દેવગણ પરમાનંદમગ્ન થઈને પોતપોતાને લોકે ચાલ્યા ગયા. એ સમયે જગતમાં ચારે બાજુએ પરમ શાંતિ છવાઈ ગઈ હતી. સૌને નિર્વિઘ્ને સુખ મળવા માંડ્યું. આકાશ નિર્મળ થઈ ગયું અને આખી પૃથ્વી પર ઉત્તમ-ઉત્તમ મંગલકાર્ય થવા લાગ્યાં. હે મુને! આ રીતે મેં તમને મહેશનું જે ચરિત્ર કહ્યું છે, વર્ણન કર્યું છે, તે આનંદદાયક, સર્વદુઃખહારી, લક્ષ્મીપ્રદ અને સંપૂર્ણ કામનાઓને પૂર્ણ કરનારું છે.

(અધ્યાય ૩૬-૪૦)

*

વિષ્ણુ દ્વારા તુલસીના શીલ-હરણનું વર્ણન, કુપિત થયેલી તુલસી દ્વારા વિષ્ણુને શાપ, શંભુ દ્વારા તુલસી અને શાલગ્રામ - શિલાના માહાત્મ્યનું વર્ણન

પછી વ્યાસજીના પૂછવા પર સનત્કુમારજીએ કહ્યું—હે મહર્ષે! રણભૂમિમાં આકાશવાણી સાંભળીને જ્યારે દેવેશ્વર શંભુએ શ્રીહરિને પ્રેરિત કર્યા, ત્યારે તે તરત જ પોતાની માયાથી બ્રાહ્મણનો વેશ ધારણ કરીને શંખચૂડ પાસે ગયા અને એમણે એની પાસેથી પરમોત્કૃષ્ટ કવચ માગી લીધું. પછી શંખચૂડનું રૂપ બનાવીને તે તુલસીના ઘર તરફ ચાલ્યા. ત્યાં પહોંચીને એમણે તુલસીના મહેલને દ્વાર પાસે નગારાં વગાડ્યાં અને જયજયકારથી સુંદરી તુલસીને પોતાના આગમનની સૂચના આપી. એ સાંભળીને સતી-સાધ્વી ખૂબ આદર સાથે ઝરોખા દ્વારા રાજમાર્ગ તરફ જોવા લાગી અને પોતાના પતિને આવ્યા જાણી તે પરમાનંદમાં મગ્ન થઈ ગઈ. એણે તત્કાળ બ્રાહ્મણોને ધન-દાન કરીને એમની પાસે મંગલાચાર કરાવ્યો અને પછી પોતાનો શણગાર કર્યો. આ બાજુ દેવતાઓનું કાર્ય સિદ્ધ કરવા માટે માયાથી શંખચૂડનું સ્વરૂપ ધારણ કરનારા ભગવાન વિષ્ણુ રથથી ઊતરીને દેવી તુલસીને ભવને ગયા. તુલસીએ પતિરૂપમાં આવેલા ભગવાનનું પૂજન કર્યું, ઘણીબધી વાતો કરી, ત્યારબાદ એમની સાથે રમણ કર્યું. ત્યારે એ સાધ્વીએ સુખ, સામર્થ્ય અને આકર્ષણમાં વ્યતિક્રમ-ઊલટો ક્રમ જોઈને સર્વ પર વિચાર કર્યો અને (સંદેહ ઉત્પન્ન થવાથી) તે 'તું કોણ છે!' એમ ધમકાવતાં, વઢતાં બોલી.

તુલસીએ કહ્યું—હે દુષ્ટ! મને શીઘ્ર જ કહે કે માયા દ્વારા મારો ઉપભોગ કરનાર તું કોણ છે? તે મારું સતીત્વ નષ્ટ કરી દીધું છે, તેથી હું હમણાં જ તને શાપ આપું છું.

સનત્કુમારજી કહે છે—હે બ્રહ્મન્! તુલસીનું વચન સાંભળીને શ્રીહરિએ લીલાપૂર્વક પોતાની પરમ મનોહર મૂર્તિ ધારણ કરી લીધી. ત્યારે એ રૂપને જોઈને તુલસીએ લક્ષણોથી ઓળખી લીધું કે આ સાક્ષાત્ વિષ્ણુ છે, પરંતુ એનું પાતિવ્રત્ય તો નષ્ટ થઈ ચૂક્યું હતું, એટલે કુપિત થઈને વિષ્ણુને કહેવા લાગી.

તુલસીએ કહ્યું—હે વિષ્ણો! તમારું મન પથ્થરની જેમ કઠોર છે. તમારામાં દયાનો લેશમાત્ર પણ નથી. મારા પતિધર્મનો ભંગ થઈ જવાથી નિશ્ચય જ મારા સ્વામી માર્યા ગયા. કેમકે તમે પાષાણની જેમ કઠોર, દયારહિત અને દુષ્ટ છો, એટલા માટે હવે તમે મારા શાપથી પાષાણ-સ્વરૂપ જ થઈ જાઓ.

સનત્કુમારજી કહે છે—હે મુને! આમ કહીને શંખચૂડની તે સતી-સાધ્વી પત્ની તુલસી હૈયાફાટ રુદન કરવા લાગી અને શોકાર્ત થઈને બહુ જ વિલાપ કરવા લાગી. એટલામાં ત્યાં ભક્તવત્સલ ભગવાન શંકર ત્યાં પ્રગટ થઈ ગયા અને એમણ સમજાવીને કહ્યું – 'હે દેવી! હવે તું દુઃખને દૂર કરનારી મારી વાત સાંભળ. શ્રીહરિ પણ સ્વસ્થ મનથી સાંભળે, કેમકે તમને બંનેને જે સુખકારક હશે, તે જ હું કહીશ. હે ભદ્રે! તમે (જે મનોરથને લઈને) તપ કર્યું હતું, એ તપસ્યાનું ફળ છે. ભલા, તે અન્યથા કેવી રીતે થઈ શકે? એટલા માટે તમને એને અનુરૂપ

જ ફુલ પ્રાપ્ત થયું છે. હવે તમે આ શરીરનો ત્યાગ કરીને દિવ્ય દેહ ધારણ કરી લો અને લક્ષ્મીની જેમ થઈને નિત્ય શ્રીહરિ સાથે (વૈકુંઠમાં) વિહાર કરતાં રહો. તમારું આ શરીર, જેને તમે છોડી દેશો, નદી રૂપે પરિવર્તિત થઈ જશે. એ નદી ભારતવર્ષમાં પુણ્યરૂપા ગંડકી નામે પ્રસિદ્ધ થશે. હે મહાદેવી! થોડા સમય પછી મારા વરદાનના પ્રભાવથી દેવપૂજન-સામગ્રીમાં તુલસીનું પ્રધાન સ્થાન થઈ જશે. હે સુંદરી! તમે સ્વર્ગલોકમાં, મૃત્યુલોકમાં અને પાતાળમાં સદાયે શ્રીહરિની સાથે જ નિવાસ કરશો અને પુષ્પોમાં શ્રેષ્ઠ તુલસી વૃક્ષ થઈ જશો. તમે વૈકુંઠ લોકમાં દિવ્યરૂપ ધારિણી વૃક્ષાધિષ્ઠાત્રી દેવી બનીને સદા એકાંતમાં શ્રીહરિ સાથે ક્રીડા કરશો. પેલી બાજુ ભારતવર્ષમાં જે નદીઓની અધિષ્ઠાત્રી દેવી હશે, તે પરમ પુણ્ય પ્રદાન કરનારી થશે અને શ્રીહરિના અંશભૂત લવણસાગરની પત્ની બનશે તથા શ્રીહરિ પણ તમારા શાપવશ પથ્થરરૂપે ભારતમાં ગંડકી નદીના જલ પાસે નિવાસ કરશે. ત્યાં તીક્ષ્ણ દાઢવાળા કરોડો ભયંકર કીડા એ પથ્થરને કાપીને એની મધ્યમાં ચક્રનો આકાર બનાવશે. એ ભેદે કરીને તે અત્યંત પુણ્ય પ્રદાન કરનારી શાલગ્રામશિલા કહેવાશે અને ચક્રના ભેદથી એનું લક્ષ્મીનારાયણ વગેરે પણ નામ હશે. વિષ્ણુની શાલગ્રામશિલા અને વૃક્ષરૂપિણી તુલસીનો સમાગમ સદા અનુકૂળ તથા બહુ પ્રકારે પુણ્યોની વૃદ્ધિ કરનાર થશે. હે ભદ્રે! જે શાલગ્રામશિલા ઉપરથી તુલસીપત્ર દૂર કરશે, એને જન્માંતરમાં સ્ત્રીવિયોગની પ્રાપ્તિ થશે અને જે શંખને દૂર કરીને તુલસીપત્રને હટાવશે તે પણ ભાર્યાહીન થશે અને સાત જન્મ સુધી રોગી બન્યો રહેશે. જે મહાજ્ઞાની પુરુષ શાલગ્રામશિલા, તુલસી અને શંખને એકત્ર રાખીને એમની રક્ષા કરશે, તે શ્રીહરિને ખૂબ વ્હાલો લાગશે.

સનત્કુમારજી કહે છે—હે વ્યાસજી! આ રીતે કહીને શંકરજીએ એ સમયે શાલગ્રામશિલા અને તુલસીના પરમ પુણ્યદાયક માહાત્મ્યનું વર્ણન કર્યું. ત્યાર પછી શ્રીહરિને તથા તુલસીને આનંદિત કરીને અંતર્ધાન થઈ ગયા. આ રીતે સદા સત્પુરુષોનું કલ્યાણ કરનારા શંભુ પોતાને સ્થાને ચાલ્યા ગયા. પેલી બાજુ શંકરનું કથન સાંભળીને તુલસીને ખૂબ પ્રસન્નતા થઈ. એમણે પોતાના એ શરીરનો પરિત્યાગ કરીને દિવ્યરૂપ ધારણ કરી લીધું, ત્યારે કમલાપતિ વિષ્ણુ એમને સાથે લઈને વૈકુંઠમાં ચાલ્યા ગયા. એનું પરિત્યક્ત શરીરથી ગંડકી નદી પ્રગટ થઈ ગઈ અને ભગવાન અચ્યુત પણ એના તટ પર મનુષ્યોને પુણ્ય પ્રદાન કરનાર શિલારૂપે પરિણત થઈ ગયા. હે મુને! એમાં કીડા અનેક પ્રકારનાં છિદ્ર બનાવતા રહ્યા છે. એમાં જે શિલાઓ ગંડકીના પાણીમાં પડે છે, એ પરમ પુણ્યપ્રદ અને જે સ્થળ ઉપર જ રહી જાય છે, એને પિંગલા કહે છે અને એ પ્રાણીઓ માટે સંતાપકારક હોય છે. હે વ્યાસજી! આ રીતે તમારા પ્રશ્ન અનુસાર મેં શંભુના આખા ચરિતને, જે પુણ્યપ્રદાન તથા મનુષ્યની સર્વ મંગલકામનાઓ પૂર્ણ કરનાર છે, તમને સંભળાવ્યું. આ પુણ્ય આખ્યાન, જે વિષ્ણુના માહાત્મ્યથી સંયુક્ત તથા ભોગ અને મોક્ષ પ્રદાતા છે તેનું વર્ણન તમારી સમક્ષ કર્યું છે. હવે વધારે શું સાંભળવા ચાહો છો?

(અધ્યાય ૪૧)

*

ઉમા દ્વારા શંભુનાં નેત્ર ઢંકાઈ જવાથી અંધકારમાં શંભુના પરસેવાથી અંધકાસુરની ઉત્પત્તિ, હિરણ્યાક્ષની પુત્રપ્રાપ્તિ અર્થે તપસ્યા અને શિવનું એને પુત્રરૂપે અંધકનું આપવું, હિરણ્યાક્ષ ત્રિલોકીને જીતીને પૃથ્વીને રસાતલમાં લઈ જાય છે અને વરાહરૂપ ધારી વિષ્ણુ દ્વારા એનો વધ

સનત્કુમારજી કહે છે—હે વ્યાસજી! હવે જે રીતે અંધકાસુરે પરમાત્મા શંભુના ગણાધ્યક્ષ-પદને પ્રાપ્ત કર્યું હતું, મહેશ્વરના એ મંગલમય ચરિતનું શ્રવણ કરો. હે મુનીશ્વર! અંધકાસુરે પહેલાં શિવજીની સાથે બહુ મોટો ઘોર સંગ્રામ કર્યો હતો, પરંતુ પછી વારંવાર સાત્ત્વિક ભાવના ઉદ્રેકથી એણે શંભુને પ્રસન્ન કરી લીધા; કેમકે વિવિધ પ્રકારની લીલા કરનારા શંભુ શરણાગતરક્ષક તથા પરમ ભક્તવત્સલ છે. એમનું માહાત્મ્ય પરમ અદ્‌ભુત છે.

વ્યાસજીએ પૂછ્યું—હે ઐશ્વર્યશાળી મુનિવર! તે અંધક કોણ હતો? ભૂતલ પર કયા વીર્યવાન કુળમાં તે ઉત્પન્ન થયો હતો? દૈત્યોમાં પ્રધાન તથા મહામનસ્વી એ બળવાન અંધકનું સ્વરૂપ કેવું હતું અને એ કોનો પુત્ર હતો? એણે પરમ તેજસ્વી શંભુની ગણાધ્યક્ષતા કેવી રીતે પ્રાપ્ત કરી? જો અંધક ગણેશ્વર થઈ ગયો તો તે પરમ ધન્યવાદને પાત્ર છે.

સનત્કુમારજીએ કહ્યું—હે મુને! પૂર્વકાળની વાત છે, એક સમયે ભક્તો પર કૃપા કરનારા તથા દેવતાઓમાં ચક્રવર્તી સમ્રાટ ભગવાન શંકરને વિહાર કરવાની ઇચ્છા થઈ ત્યારે તે પાર્વતી અને ગણોને સાથે લઈને પોતાના નિવાસભૂત કૈલાસ પર્વત પરથી ચાલીને કાશીપુરમાં આવ્યા. ત્યાં એમણે એ પુરીને પોતાની રાજધાની બનાવી અને ભૈરવ નામના વીરને એનો રક્ષક નિયુક્ત કરી દીધો. પછી પાર્વતીજી સાથે રહેતાં રહેતાં એ ભક્તજનોને સુખ આપનારી અનેક પ્રકારની લીલાઓ કરવા લાગ્યા. એક સમયે તે એના વરદાનના પ્રભાવવશ અનેક વીરાગ્રગણ્ય ગણેશ્વરો અને શિવા સાથે મંદરાચલ પર ગયા. ત્યાં પણ વિવિધ પ્રકારની ક્રીડાઓ કરવા લાગ્યા. એક દિવસ જ્યારે પ્રચંડ પરાક્રમી કપર્દી શિવ મંદરાચલની પૂર્વ દિશામાં બેઠા હતા, એ સમયે ગિરજાએ નર્મક્રીડાવશ એમનાં નેત્રો બંધ કરી દીધાં. આ રીતે જ્યારે પાર્વતીએ મૂંગા, સોનું અને કમળના પ્રભાવવાળા પોતાના કરકમળોથી હરનાં નેત્ર ઢાંકી દીધાં, ત્યારે એમનાં નેત્રો બંધ થઈ જવાને કારણે ત્યાં ક્ષણભરમાં જ ઘોર અંધકાર ફેલાઈ ગયો. પાર્વતીના હાથનો મહેશ્વરના શરીરને સ્પર્શ થતાં જ શંભુના લલાટમાં સ્થિત અગ્નિથી સંતપ્ત થઈને મદ-જલ પ્રગટ થઈ ગયું અને જલનાં થોડાં ઘણાં બિંદુઓ ટપકી પડ્યાં. ત્યારબાદ એ બિંદુઓએ એક ગર્ભનું રૂપ ધારણ કરી લીધું. એનાથી એક એવો જીવ પેદા થયો, જેનું મુખ વિકરાળ હતું. તે અત્યંત ભયંકર, ક્રોધી, કૃતઘ્ન, અંધ, કુરૂપ, જટાધારી, કાળા રંગનો, મનુષ્યથી ભિન્ન, બેડોળ અને સુંદર વાળ ધરાવતો હતો. એના કંઠથી ઘોર ઘર-ઘર અવાજ પેદા થઈ રહ્યો હતો. તે ક્યારેક ગાતો, ક્યારેક હસતો અને ક્યારેક રડતો હતો અને એનાં જડબાં ચાટતાં ચાટતાં નાચી રહ્યો હતો. એ અદ્‌ભુત દૃશ્યવાળા જીવના પ્રાગટ્યથી શિવજી મંદસ્મિત કરીને

પાર્વતીજીને કહેવા લાગ્યા.

શ્રીમહેશ્વરે કહ્યું—'હે પ્રિયે! મારાં નેત્રોને ઢાંકીને તમે જ તો આ કર્મ કર્યું છે, પછી તમે એનાથી ડરી શા માટે રહ્યાં છો?' શંકરજીનાં એ વચન સાંભળીને ગૌરી હસી પડ્યાં અને એમનાં નેત્રો પરથી એમણે પોતાના હાથ હટાવી લીધા. પછી તો ત્યાં પ્રકાશ છવાઈ ગયો, પરંતુ એ પ્રાણીનું રૂપ ભયંકર જ રહ્યું અને અંધકારથી ઉત્પન્ન થયો હોવાને કારણે એ અંધ પણ હતો. ત્યારે આવા પ્રાણીને પ્રગટ થયેલું જોઈને ગૌરીએ મહેશ્વરને પૂછ્યું.

ગૌરીએ કહ્યું—હે ભગવન્! મને સાચ્ચેસાચું કહો કે આપની સામે પ્રગટ થયેલ આ બેડોળ પ્રાણી કોણ છે. એ તો અત્યંત ભયંકર છે. કયા નિમિત્તે કોણે આનું નિર્માણ કર્યું અને આ કોનો પુત્ર છે?

સનત્કુમારજી કહે છે—હે મહર્ષે! જ્યારે લીલા રચનારાં તથા ત્રણે લોકોનાં જનની ગૌરીએ સૃષ્ટિકર્તાની એ અંધસૃષ્ટિના વિષયે આમ પ્રશ્ન કર્યો, ત્યારે લીલા-વિહારી ભગવાન શંકરજી પોતાની પ્રિયાનું એ વચન સાંભળીને થોડું હસ્યા અને આ પ્રકારે બોલ્યા.

મહેશ્વરે કહ્યું—હે અદ્‌ભુત ચરિત્ર રચનારાં અંબિકે! સાંભળો. જ્યારે તમે મારાં નેત્રો ઢાંકી દીધાં હતાં, એ જ સમયે આ અદ્‌ભુત અને પ્રચંડ પરાક્રમી પ્રાણી મારા પરસેવાથી પ્રગટ થયું. એનું નામ અંધક છે. તમે જ એને પ્રગટ કરનારાં છો, તેથી સખીઓ સહિત તમે કરુણાપૂર્વક એની ગણોથી યથાયોગ્ય રક્ષા કરતાં રહેવું જોઈએ. હે આર્યે, આ રીતે બુદ્ધિપૂર્વક વિચાર કરીને જ તમારે બધાં કાર્યો કરવાં જોઈએ.

સનત્કુમારજી કહે છે—હે મુને! પોતાના સ્વામીનાં આવાં વચન સાંભળીને ગૌરીનું હૃદય કરુણાર્દ્ર થઈ ગયું. એ પોતાની સખીઓ સહિત અંધકની પોતાના પુત્રની જેમ વિવિધ પ્રકારના ઉપાયો દ્વારા રક્ષા કરવા લાગ્યાં. ત્યારબાદ શિશિર ઋતુ આવતાં દૈત્ય હિરણ્યાક્ષ પુત્રની કામનાથી એ જ વનમાં આવ્યો, કેમકે એની પત્નીએ એના મોટા બંધુની સંતાન-પરંપરા જોઈને એને સંતાન-અર્થે તપશ્ચર્યા માટે પ્રેરિત કર્યો હતો. ત્યાં તે કશ્યપનંદન હિરણ્યાક્ષ વનનો આશ્રય લઈને પુત્રપ્રાપ્તિ માટે ઘોર તપ કરવા લાગ્યો. એના મનમાં મહેશ્વરનાં દર્શનની ઇચ્છા હતી, તેથી તે ક્રોધ વગેરે દોષોને કાબૂમાં કરીને ઠૂંઠાની જેમ નિશ્ચલ થઈને સમાધિસ્થ થઈ ગયો. હે દ્વિજેન્દ્ર! ત્યારે જેની ધજામાં વૃષનું ચિહ્ન વર્તમાન છે તથા જે પિનાક ધારણ કરનારા છે, એ મહેશ એની તપસ્યાથી પૂર્ણતયા પ્રસન્ન થઈને એને વરદાન આપવા માટે ચાલ્યા અને એ સ્થળ પર જઈને હિરણ્યાક્ષને કહેવા લાગ્યા.

મહેશ્વરે કહ્યું—હે દૈત્યનાથ! હવે તું પોતાની ઇન્દ્રિયોનો વિનાશ ન કર. શા માટે તેં આ વ્રતનો આશ્રય લીધો છે? તું પોતાનો મનોરથ તો પ્રગટ કર. હું વરદાન દેનાર શંકર છું, તેથી તારી જે અભિલાષા હશે, એ સર્વ હું તને પ્રદાન કરીશ.

સનત્કુમારજી કહે છે—હે મહર્ષે! મહેશ્વરનાં એ સરસ વચન સાંભળીને દૈત્યરાજ હિરણ્યાક્ષ પરમ પ્રસન્ન થયો. એણે ગિરીશનાં ચરણોમાં નમસ્કાર કરીને અનેક પ્રકારની સ્તુતિ કરી, પછી તે અંજલિબદ્ધ થઈને માથું નમાવીને કહેવા લાગ્યો.

હિરણ્યાક્ષે કહ્યું—હે ચંદ્રભાલ! મારે ઉત્તમ પરાક્રમ સંપન્ન તથા દૈત્યકુળને અનુરૂપ કોઈ પુત્ર નથી, એટલા માટે મેં આ વ્રતનું અનુષ્ઠાન કર્યું છે, હે દેવેશ! મારે પરમ બળશાળી પુત્ર

જોઈએ છે તે આપો.

સનત્કુમારજી કહે છે—હે મુને! દૈત્યરાજનાં આ વચન સાંભળીને પરમ કૃપાળુ શંકર પ્રસન્ન થઈ ગયા અને એને કહેવા લાગ્યા – 'હે દૈત્યાધિપ! તારા ભાગ્યમાં તારા વીર્યથી ઉત્પન્ન થનાર પુત્ર તો નથી લખાયો, પરંતુ હું તને એક પુત્ર આપું છું. મારો એક પુત્ર છે, જેનું નામ અંધક છે. એ તારા જેવો જ પરાક્રમી અને અજેય છે. તું સંપૂર્ણ દુઃખોનો ત્યાગ કરીને એને જ પુત્રરૂપે પસંદ કરી લે અને આ પ્રકારે પુત્ર પ્રાપ્ત કરી લે.'

સનત્કુમારજી કહે છે—હે મહર્ષે! એને આમ કહીને ગૌરીની સાથે બિરાજમાન એ મહાત્મા ભૂતનાથ ત્રિપુરારિ શંકરે પ્રસન્ન થઈને હિરણ્યાક્ષને તે પુત્ર આપી દીધો. આ પ્રકારે શિવજી પાસેથી પુત્ર પ્રાપ્ત કરીને તે મહામનસ્વી દૈત્ય પરમ પ્રસન્ન થયો. એણે અનેકો સ્તોત્રો દ્વારા રુદ્રની પૂજા કરીને પ્રદક્ષિણા કરી અને પછી

તે પોતાના રાજ્યમાં ચાલ્યો ગયો. ગિરીશ પાસેથી પુત્ર પ્રાપ્ત કરી લીધા બાદ તે પ્રચંડ પરાક્રમી દૈત્ય સંપૂર્ણ દેવતાઓને જીતીને આ પૃથ્વીને પોતાના દેશ રસાતલમાં ઉઠાવીને લઈ ગયો. ત્યારે દેવતાઓ, મુનિઓ અને સિદ્ધોએ અત્યંત પરાક્રમી વિષ્ણુની આરાધના કરી. પછી તો ભગવાન વિષ્ણુ સર્વાત્મક યજ્ઞમય વિકરાળ વારાહમય શરીર ધારણ કરીને લાંબા મુખથી અનેક પ્રકારે પૃથ્વીને વિદીર્ણ કરીને પાતાલ લોકમાં ઘૂસી ગયા. ત્યાં એમણે પોતાની અતૂટ આગલી દાઢથી તથા લાંબા મુખથી સેંકડો દૈત્યોનું કચુંબર કરીને પોતાના વ્રજ જેવા કઠોર પાદપ્રહારોથી નિશાચરોની સેનાને ધમરોળી નાખી. ત્યાર પછી અદ્‌ભુત અને પ્રચંડ તેજસ્વી વિષ્ણુએ કરોડો સૂર્યો સમાન પ્રકાશમાન સુદર્શન ચક્રથી હિરણ્યાક્ષના પ્રજ્વલિત મસ્તકને કાપી લીધું અને દુષ્ટ દૈત્યોને સળગાવીને ભસ્મ કરી દીધા. આ જોઈને દેવરાજ ઇન્દ્રને ખૂબ જ પ્રસન્નતા થઈ. એમણે એ અસુર રાજ્ય પર અંધકને અભિષિક્ત કરી દીધો. પછી મહાત્મા ઇન્દ્ર વિષ્ણુને પોતાની દાઢો દ્વારા પાતાલલોકથી પૃથ્વીને લાવતાં જોઈને પરમ પ્રસન્ન થયા અને પોતાના સ્થાન પર આવીને પૂર્વવત્ સ્વર્ગ અને ભૂતલની રક્ષા કરવા લાગ્યા. આ બાજુ વારાહરૂપ ધારણ કરીને ઉત્તમ કાર્ય કરનારા ઉગ્રરૂપધારી શ્રીહરિ પ્રસન્નચિત્ત થઈને સમસ્ત દેવો, મુનિઓ અને પદ્મયોનિ બ્રહ્મા દ્વારા પ્રશંસિત થઈને પોતાને લોક ચાલ્યા ગયા. આ રીતે વારાહરૂપધારી વિષ્ણુ દ્વારા અસુરરાજ હિરણ્યાક્ષના માર્યા જવાથી સમસ્ત દેવ, મુનિ તથા અન્યાન્ય બધા જ જીવ સુખી થઈ ગયા.

(અધ્યાય ૪૨)

*

હિરણ્યકશિપુની તપસ્યા અને બ્રહ્માજી પાસેથી વરદાન મેળવીને એનો અત્યાચાર, નૃસિંહ દ્વારા એનો વધ અને પ્રહ્લાદને રાજ્યપ્રાપ્તિ

સનત્કુમારજી કહે છે—હે વ્યાસજી! આ બાજુ વરાહરૂપધારી શ્રીહરિ દ્વારા આ પ્રકારે ભાઈના માર્યા જવાથી હિરણ્યકશિપુ શોક અને ક્રોધથી રાતો-પીળો થઈ ગયો. શ્રીહરિ સાથે વેર કરવાનું તો એનો રુચતું જ હતું, તેથી એણે સંહારપ્રેમી વીર અસુરોને પ્રજાનો વિનાશ કરવાની આજ્ઞા આપી દીધી. ત્યારે તે સંહારપ્રિય અસુર સ્વામીની આજ્ઞાને માથે ચઢાવીને દેવતાઓ તથા પ્રજાઓનો વિનાશ કરવા લાગ્યા. આ રીતે જ્યારે એ દુષ્ટચિત્તવાળા અસુરો દ્વારા આખો દેવલોક છિન્નભિન્ન કરી દીધો, ત્યારે દેવતાઓ સ્વર્ગ છોડીને ગુપ્તરૂપે ભૂતલ પર વિચરણ કરવા લાગ્યા. પેલી બાજુ ભાઈના મૃત્યુથી દુઃખી થયેલ હિરણ્યકશિપુએ ભાઈને જલ-અંજલિ આપીને એની સ્ત્રી વગેરેને ધૈર્ય ધારણ કરવા કહ્યું. તત્પશ્ચાત્ એ દૈત્યરાજે પોતાને માટે વિચાર કર્યો કે 'હું અજેય, અજર અને અમર થઈ જાઉં. મારું જ એકછત્ર સામ્રાજ્ય રહે અને મોટો પ્રતિદ્વન્દ્વી કોઈ જ ન રહી જાય.' આવી ધારણા બનાવીને તે મંદરાચલ પર ગયો અને ત્યાં એક ગુફામાં અત્યંત ઘોર તપસ્યા કરવા લાગ્યો. એ સમયે એ એક પગના અંગૂઠા પર ઊભો હતો. એની ભુજાઓ ઉપર ઊઠેલી હતી. એની દૃષ્ટિ આકાશ તરફ હતી. એની તપસ્યાથી સંતપ્ત થઈને દેવતાઓનાં મુખ વિકૃત થઈ ગયાં, તે સ્વર્ગને છોડીને બ્રહ્મલોકમાં જઈ પહોંચ્યા અને એમણે બ્રહ્માને પોતાનાં દુખડાં કહી સંભળાવ્યાં. હે વ્યાસજી! એ દેવતાઓનું આ પ્રકારે કહેવાથી સ્વયંભૂ બ્રહ્મા, ભૃગુ, દક્ષ વગેરેની સાથે એ દૈત્યેશ્વરના આશ્રમે ગયા. ત્યારે જેણે પોતાના તપથી સંપૂર્ણ લોકોને સંતપ્ત કરી દીધા હતા. એ હિરણ્યકશિપુએ વરદાન દેવા માટે આવેલા પદ્મયોનિ બ્રહ્માને પોતાની સામે ઉપસ્થિત જોયા. આ બાજુ પિતામહે એને કહ્યું – 'વરદાન માગ!' ત્યારે જેની બુદ્ધિ મોહિત થયેલી ન હતી એવા અસુરે વિધાતાની એ મધુર વાણીને સાંભળીને આ પ્રકારે કહ્યું.

હિરણ્યકશિપુ બોલ્યો—હે ઐશ્વર્યશાળી પ્રજાપતિ, હે પિતામહ! હું ચાહું છું કે સ્વર્ગમાં, ભૂતલ પર, દિવસે, રાતે, ઉપર અથવા નીચે - ક્યાંય પણ શસ્ત્ર, અસ્ત્ર, પાશ, વજ્ર, શુષ્ક વૃક્ષ, પર્વત, જલ, અગ્નિરૂપે, શત્રુના પ્રહારથી, દેવતા, દૈત્ય, મુનિ, સિદ્ધ અથવા વધારે તો શું પણ આપ દ્વારા રચાયેલા જીવોના હાથે મને ક્યારેય પણ મૃત્યુનો ભય ન થાય.

સનત્કુમારજી કહે છે—હે મુને! હિરણ્યકશિપુનાં આવાં વચન સાંભળીને પદ્મયોનિ બ્રહ્માના મનમાં દયાનો ભાવ જાગી ઊઠ્યો. એમણે મનમાં ને મનમાં વિષ્ણુને પ્રણામ કરીને એને કહ્યું – 'હે દૈત્યેન્દ્ર! હું તારા પર પ્રસન્ન છું, તેથી તને બધી વસ્તુઓ પ્રાપ્ત થશે. તેં છન્નુ હજાર વર્ષ સુધી તપ કર્યું છે, હવે તારી કામના પૂર્ણ થઈ ગઈ છે, તેથી હવે તપથી વિરત થઈ જા અને દાનવોના રાજ્યનો ઉપભોગ કર.' બ્રહ્માની વાણી સાંભળીને હિરણ્યકશિપુનું મુખ પ્રસન્નતાથી ખીલી ઊઠ્યું. આ રીતે જ્યારે પિતામહે એને દાનવરાજ્ય પર અભિષિક્ત કરી દીધો, ત્યારે તે ઉન્મત્ત થઈ ગયો અને ત્રિલોકીને

નષ્ટ કરવાનો વિચાર કરવા લાગ્યો. પછી તો એણે સંપૂર્ણ ધર્મોનો ઉચ્છેદ કરીને સંગ્રામમાં સમસ્ત દેવતાઓને પણ જીતી લીધા. ત્યારે દેવતાઓ ભાગીને વિષ્ણુ પાસે પહોંચ્યા. ત્યાં શ્રીહરિએ દેવતાઓની અને મુનિઓની દુઃખગાથા સાંભળીને એમને આશ્વાસન આપ્યું અને શીઘ્ર જ એ દૈત્યનો વધ કરવાનું વચન આપ્યું. ત્યારે દેવતા પોતાને સ્થાને જતા રહ્યા. તદનંતર મહાત્મા વિષ્ણુએ એવું રૂપ ધારણ કર્યું, જે અર્ધું સિંહનું અને અર્ધું મનુષ્યનું હતું. તે અત્યંત ભયંકર તથા વિકરાળ દેખાઈ રહ્યા હતા. એમનું મુખ ખૂબ જ ફેલાયેલું વિસ્તૃત હતું, નાક ખૂબ સુંદર દેખાતું હતું અને નખ તીક્ષ્ણ, તીખા, અણીદાર હતા. ગર્દન પર કેશવાળી (યાળ) લહેરાઈ રહી હતી. દાઢો જ આયુધ હતી. એથી કરોડો સૂર્ય સમાન પ્રભા વેરાઈ રહી હતી અને એનો પ્રભાવ પ્રલયકાલીન અગ્નિ જેવો હતો. વધારે શું કહીએ, તે રૂપ જગન્મય હતું. આ જ રૂપે તે ભગવાન ભાસ્કર જ્યારે અસ્તાચલ તરફ વળ્યા ત્યારે અસુરોની નગરીમાં પ્રવિષ્ટ થયા. એ અતુલ પ્રભાવશાળી નૃસિંહને જોઈને બધા દૈત્ય એકસામટા એમના પર તૂટી પડ્યા, જ્યારે એ અદ્‌ભુત પરાક્રમી નૃસિંહે મહાબલી દૈત્યોની સાથે યુદ્ધ કરીને ઘણા બધાને મારી નાખ્યા અને ઘણાને તો પકડીને તોડી-મરોડીને ફેંકી દીધા પછી તે નગરમાં ફરવા લાગ્યા. ત્યારે એ સર્વમય સિંહને જોઈને દૈત્યરાજના પુત્ર પ્રહ્લાદે રાજાને કહ્યું – 'આ મૃગેન્દ્ર તો જગન્મય દેખાઈ રહ્યો છે. તે અહીં શું કામ આવ્યો હશે?'

પ્રહ્લાદે પુનઃ કહ્યું—હે પિતાજી! મને તો એવું પ્રતીત થાય છે કે આ ભગવાન અનંત છે અને નૃસિંહનું રૂપ ધારણ કરીને આપના નગરમાં પ્રવેશ્યા છે, કેમકે મને એમની મૂર્તિ ખૂબ જ વિશાળ દેખાઈ રહી છે. તેથી તમે યુદ્ધથી પાછા વળીને એમને શરણે જાઓ. આનાથી વધીને ત્રિલોકીમાં બીજો કોઈ યોદ્ધો જ નથી, એટલે તમે આ મૃગેન્દ્રની સામે નમીને પોતાના રાજ્યનો ઉપભોગ કરો. પોતાના પુત્રની વાત સાંભળીને એ દુરાત્માએ એને કહ્યું – 'હે બેટા, શું તું ભયભીત થઈ ગયો છે?' પોતાના પુત્રને આમ કહીને દૈત્યોના અધિપતિ રાજા હિરણ્યકશિપુએ મહાબલી દૈત્યોને આજ્ઞા આપતાં કહ્યું – 'હે વીરો! તમે લોકો આ બેડોળ ભ્રુકુટિ અને નેત્રવાળા સિંહને પકડી લો.' ત્યારે સ્વામીની આજ્ઞાથી એ મૃગેન્દ્રને પકડવાની ઇચ્છાથી એ બધા મોટા મોટા દૈત્ય રણભૂમિમાં ધસ્યા, ઘૂસ્યા, પરંતુ જેવી રીતે રૂપની અભિલાષાથી અગ્નિમાં પ્રવેશ કરનારા પતંગિયાં બળી-સળગી જાય છે એવી જ રીતે તે બધાયે ક્ષણભરમાં જ બળીને ભસ્મ થઈ ગયા. દૈત્યોના દગ્ધ થઈ જવાથી પણ તે દૈત્યરાજ સંપૂર્ણ શસ્ત્ર, અસ્ત્ર, શક્તિ, ઋષ્ટિ, પાશ, અંકુશ અને પાવક વગેરેથી એ મૃગેન્દ્રની સાથે ટક્કર લેતો રહ્યો. આ રીતે બહુ કાળ સુધી ભયાનક યુદ્ધ થયું. અંતમાં એ નૃસિંહે વજ્ર સમાન કઠોર પોતાની અનેક ભુજાઓથી એ દૈત્યને પકડી લીધો અને એનો પોતાના ઘૂંટણ પર સુવડાવીને દાનવોનાં મર્મ સ્થાનોને વિદીર્ણ કરનારા નખ-અંકુરોથી એની છાતી ચીરી નાખી તથા લોહીથી લથબથ થયેલા એના હૃદય-કમળને કાઢી લીધું. પછી તો એ જ ક્ષણે એનું પ્રાણપંખેરું ઊડી ગયું. ત્યારે ભગવાન નૃસિંહે વારંવાર આઘાતથી જેનાં બધાં અંગ ચૂર ચૂર થઈ ગયાં હતાં, એ કાષ્ઠભૂત

દૈત્યને છોડી દીધો. એ સમયે એ દેવશત્રુના માર્યા જવાથી એમને ખૂબ પ્રસન્નતા થઈ. એ જ અવસર પર પ્રહ્લાદે આવીને એમનાં ચરણોમાં માથું નમાવ્યું. ત્યારે અદ્‌ભુત પરાક્રમી વિષ્ણુએ પ્રહ્લાદને બોલાવીને એને દૈત્યોના રાજ પર અભિષિક્ત કરીં દીધો, અને સ્વયં અતર્કિત ગતિને પ્રાપ્ત થઈ ગયા. અર્થાત્ અંતર્ધાન થઈ ગયા. ત્યાર પછી પિતામહ વગેરે સમસ્ત સુરેશ્વર પરમ પ્રસન્ન થઈને પોતાનું કાર્ય સિદ્ધ કરનારા પૂજનીય શ્રીવિષ્ણુને એ જ દિશામાં પ્રણામ કરીને પોતપોતાને સ્થળે ચાલ્યા ગયા. હે વિપ્રવર! પ્રસંગવશ મેં રુદ્રથી અંધકની ઉત્પત્તિ, વરાહથી હિરણ્યાક્ષનું મૃત્યુ, નૃસિંહના હાથે એના ભાઈનો વિનાશ અને પ્રહ્લાદની રાજ્ય-પ્રાપ્તિનું વર્ણન કરી દીધું છે. હે દ્વિજશ્રેષ્ઠ! હવે હું શિવની કૃપાથી પ્રાપ્ત થયેલા અંધકના પ્રભાવનું, શંકરજી સાથે એનું યુદ્ધ અને પછી જે પ્રકારે એને મહેશના ગણાધ્યક્ષ-પદની પ્રાપ્તિ થઈ, એ કથાનું વર્ણન કરું છું. સાંભળો.

(અધ્યાય-૪૩)

*

ભાઈઓના ઠપકાથી અંધકનું તપ કરવું અને વરદાન મેળવીને ત્રિલોકીને જીતીને સ્વેચ્છાચારમાં પ્રવૃત્ત થવું, એના મંત્રીઓ દ્વારા શિવ-પરિવારનું વર્ણન, પાર્વતીના સૌંદર્ય પર મોહિત થઈને અંધકનું ત્યાં જવું અને નંદીશ્વર સાથે યુદ્ધ, અંધકના પ્રહારથી નંદીશ્વરની મૂર્ચ્છા, પાર્વતીના આહ્વાનથી દેવીઓનું પ્રગટ થઈને યુદ્ધ કરવું, શિવનું આગમન અને યુદ્ધ, શિવજી દ્વારા શુક્રાચાર્યનું ગળાઈ જવું, શિવની પ્રેરણાથી વિષ્ણુનું કાલીરૂપ ધારણ કરીને દાનવોના રક્તનું પાન કરવું, શિવે અંધકને પોતાના ત્રિશૂળમાં પરોવ્યો અને યુદ્ધની સમાપ્તિ

સનત્કુમારજી કહે છે—હે મુનિવર! એક સમયે હિરણ્યાક્ષનો પુત્ર અંધક પોતાના ભાઈઓ સાથે વિહારમાં સંલગ્ન હતો. એ જ સમયે એના કામાસક્ત મદાંધ ભાઈઓને એણે કહ્યું – 'અરે અન્યે! તમારે હવે રાજ્યનું શું પ્રયોજન છે? હિરણ્યાક્ષ તો મૂર્ખ હતો, જે એણે ઘોર તપ દ્વારા શંકરજીને પ્રસન્ન કરીને પણ તમારા જેવા કુરૂપ, બેડોળ, કલિપ્રિય અને નેત્રહીનને પ્રાપ્ત કર્યો. આવા તમે રાજ્યના ભાગી તો થઈ શકતા નથી, કેમકે ભલા, તમે જ વિચાર કરો કે ક્યાંક

દૂરથી ઉત્પન્ન થયેલો પુત્ર પણ રાજ્ય મેળવી શકે છે? સાચું પૂછો તો નિશ્ચય જ આ રાજ્યના ભાગી તો અમે લોકો જ છીએ.'

સનત્કુમારજી કહે છે—હે મુને! એ લોકોની આ વાત સાંભળીને અંધક દીન બની ગયો. પછી એણે જાતે જ બુદ્ધિપૂર્વક વિચાર કરીને જાતજાતની વાતોથી એને શાંત કર્યો અને રાતને સમયે તે નિર્જન વનમાં ચાલ્યો ગયો. ત્યાં એણે હજારો વર્ષો સુધી ઘોર તપ કરીને પોતાના શરીરને કૃશ કરી લીધું અને અંતમાં એ શરીરને અગ્નિમાં હોમી દેવાનું ચાહ્યું. ત્યારે બ્રહ્માજીએ એને એવું કરતાં રોકીને કહ્યું – 'હે દાનવ! હવે તું વરદાન માગી લે. આખા સંસારમાં જે દુર્લભ વસ્તુ પ્રાપ્ત કરવાની તારી અભિલાષા હોય, એને તું મારી પાસેથી લઈ લે.' પદ્મયોનિ બ્રહ્માનાં આ વચન સાંભળીને તે દૈત્ય દીનતા અને નમ્રતાપૂર્વક કહેવા લાગ્યો – 'હે ભગવન્! જે નિષ્ઠુરોએ મારું રાજ ઝૂંટવી લીધું છે, એ બધા દૈત્ય વગેરે મારા નોકર થઈ જાય, સેવક, દાસ થઈ જાય, ઈન્દ્ર વગેરે દેવતા મને કર આપ્યા કરે. દેવતા, દૈત્ય, ગંધર્વ, યક્ષ, નાગ, મનુષ્ય, દૈત્યોના શત્રુ નારાયણ, સર્વમય શંકર તથા અન્યાન્ય કોઈ પણ પ્રાણીથી મારું મૃત્યુ ન થાય.' એનાં એ અત્યંત દારુણ વચનો સાંભળીને બ્રહ્માજી સશંકિત થઈ ગયા અને એને કહેવા લાગ્યા.

બ્રહ્માજીએ કહ્યું—હે દૈત્યેન્દ્ર! એ બધી વાતો તો થઈ જશે, પરંતુ તું તારા વિનાશનું કોઈ કારણ તો પણ સ્વીકાર કરી લે; કેમકે જગતમાં એવું કોઈ પ્રાણી નથી થયું અને નહીં થાય, જે કાલના ગાલમાં ન ગયું હોય. પછી તારા જેવા સત્પુરુષે તો અત્યંત લાંબા જીવનનો વિચાર જ છોડી દેવો જોઈએ. બ્રહ્માનાં આ અનુનયભર્યાં વચનને સાંભળીને એ દૈત્ય પુનઃ બોલ્યો.

અંધકે કહ્યું—હે પ્રભો! ત્રણે કાળમાં જે ઉત્તમ, મધ્યમ અને નીચ સ્ત્રીઓ હોય છે એ સ્ત્રીઓમાંથી કોઈ રત્નભૂતા સ્ત્રી મારી પણ જનની હશે. એ મનુષ્યને માટે દુર્લભ તથા શરીર, મન અને વચનથી પણ અગમ્ય છે. એમાં રાક્ષસ-ભાવને કારણે મારી કામ-ભાવના ઉત્પન્ન થઈ જાય, ત્યારે જ મારો નાશ થાય. એની વાત સાંભળીને સ્વયંભૂ ભગવાન બ્રહ્માને મહાન આશ્ચર્ય થયું. એ શંકરજીનાં ચરણકમળોનું સ્મરણ કરવા માંડ્યા. ત્યારે શંભુની આજ્ઞા મેળવીને તે એ અંધકને કહેવા લાગ્યા.

બ્રહ્માજીએ કહ્યું—હે દૈત્યવર! તે જે કાંઈ પણ ચાહ્યું છે, તારાં એ બધાં સકામ વચન પૂર્ણ થશે. હે દૈત્યેન્દ્ર! હવે તું ઊઠ, પોતાની અભીષ્ટ પ્રાપ્ત કર અને સદા વીરોની સાથે યુદ્ધ કરતો રહે. હે મુનીશ! હિરણ્યાક્ષપુત્ર અંધકના શરીરમાં નસો અને હાડકાં જ બાકી રહી ગયાં. એ બ્રહ્માજીનાં આવાં વચન સાંભળીને શીઘ્ર જ ભક્તિપૂર્વક એ લોકેશ્વરનાં ચરણમાં આળોટી પડ્યો અને બોલ્યો.

અંધકે કહ્યું—હે વિભો! હવે તો મારા શરીરમાં નસો અને હાડકાં માત્ર જ શેષ રહી ગયાં છે. ત્યારે ભલા આ દેહથી શત્રુસેનામાં પ્રવેશ કરીને હું કેવી રીતે યુદ્ધ કરી શકીશ; માટે હવે તમે તમારા પવિત્ર હાથથી મારો સ્પર્શ કરીને આ શરીરને માંસલ બનાવી દો.

સનત્કુમારજી કહે છે—હે મહર્ષે! અંધકની

પ્રાર્થના સાંભળીને બ્રહ્માજીએ પોતાના હાથથી એના શરીરને સ્પર્શ કર્યો અને પછી એ મુનિગણ તથા સિદ્ધસમૂહોથી સારી પેઠે પૂજિત થઈને દેવતાઓની સાથે પોતાના ધામમાં ચાલ્યા ગયા. બ્રહ્માના સ્પર્શ કરતાં જ એ દૈત્યરાજનું શરીર ભર્યું-પૂર્યું થઈ ગયું, હટ્ટુંકટ્ટું થઈ ગયું, જેનાથી એમાં બળસંચાર થઈ આવ્યો અને નેત્રોની પ્રાપ્તિ થઈ જવાથી એ સુંદર દેખાવા લાગ્યો. ત્યારે એણે પ્રસન્નતાપૂર્વક પોતાના નગરમાં પ્રવેશ કર્યો. એ સમયે પ્રહ્લાદ વગેરે શ્રેષ્ઠ દાનવોએ જ્યારે એ વરદાન પ્રાપ્ત કરીને આવેલા જાણીને, તે બધું જ રાજ્ય એન સમર્પિત કરીને એના વશવર્તી સેવક બની ગયા. ત્યારબાદ અંધક સેના અને સેવકવર્ગને સાથે લઈને સ્વર્ગને જીતવા માટે ગયો. ત્યાં સંગ્રામમાં સમસ્ત દેવતાઓને પરાજિત કરીને એણે વજ્રધારી ઇન્દ્રને પોતાનો કરદાતા બનાવ્યો. એણે યત્ર-તત્ર ઘણી લડાઈઓ લડીને નાગ, સુવર્ણ, શ્રેષ્ઠ રાક્ષસ, ગંધર્વ, યક્ષ, મનુષ્યો, મોટા મોટા પર્વતો, વૃક્ષો અને સિંહો વગેરે સમસ્ત ચોપગાંને પણ જીતી લીધાં. તે એટલે સુધી કે એણે ચરાચર ત્રિલોકીને પણ પોતાના વશમાં કરી લીધો. ત્યાર પછી એ રસાતલમાં, ભૂતલ પર તથા સ્વર્ગમાં જેટલી સુંદર રૂપાળી નારીઓ હતી, એમનામાંથી હજારોને જે અત્યંત દર્શનીય અને પોતાને અનુકૂળ હતી, સાથે લઈને વિભિન્ન પર્વતો પર તથા નદીઓના રમણીય તટ પર વિહાર કરવા લાગ્યો. દૈત્યરાજ અંધક સદા દુષ્ટોનો જ સંગ કરતો હતો. એની બુદ્ધિ મદથી અંધ થઈ ગઈ હતી, જેથી એ મૂઢને એવું કશું પણ જ્ઞાન ન રહ્યું કે પરલોકમાં પણ આત્માને સુખ દેનાર કોઈ પણ કર્મ કરવું જોઈએ. આ રીતે આ મહામનસ્વી દૈત્ય ઉન્મત્ત થઈને પોતાના બધા પ્રધાન-પ્રધાન પુત્રોને કુતર્કવાદથી પરાજિત કરીને દૈત્યો સહિત સંપૂર્ણ વૈદિક ધર્મોનો વિનાશ કરતાં કરતાં વિચરણ કરવા લાગ્યો. એ ધનના મદને વશીભૂત થઈને અભિભૂત થઈને વેદ, દેવતા, બ્રાહ્મણ અને ગુરુ વગેરે કોઈને પણ માનતો ન હતો. પ્રારબ્ધવશ એનું આયુષ્ય સમાપ્ત થઈ ચૂક્યું હતું, એથી જ એ સ્વેચ્છાચારમાં પ્રવૃત્ત થઈને વ્યર્થમાં જ પોતાના આયુષ્યના બાકી દિવસો ગુમાવી દેતો રમણ કરી રહ્યો હતો. એ દાનવશ્રેષ્ઠના ત્રણ મંત્રીઓ હતા દુર્યોધન, વૈધસ અને હસ્તી. એક સમયે એ ત્રણેને એ પર્વતના કોઈ રમણીય સ્થાન પર એક પરમ રૂપવતી નારી જોઈ. એને જોઈને એ શીઘ્રગામી શ્રેષ્ઠ દૈત્ય હર્ષમગ્ન થઈ તરત જ મહાદૈત્યપતિ વીરવર અંધક પાસે જઈ પહોંચ્યો અને બહુ જ પ્રેમથી એ જોયેલી ઘટનાનું વર્ણન કરવા લાગ્યો.

મંત્રીઓએ કહ્યું—હે દૈત્યેન્દ્ર! ત્યાં એક ગુફાની અંદર અમે એક મુનિને જોયો છે. ધ્યાનસ્થ હોવાને કારણે એનાં નેત્ર બંધ છે. એ ખૂબ જ રૂપવાન છે. એના મસ્તક પર અર્ધચંદ્રની કલા પોતાની શોભા પાથરી રહી છે અને કમરમાં ગજેન્દ્રનું ચામડું બાંધેલું છે. મોટા મોટા નાગ એમના આખા શરીરે વળગેલા છે. ખોપરીઓની માળા જ એ જટાધારીનું આભૂષણ છે. એમના હાથમાં ત્રિશૂળ છે તથા એક વિશાળ ધનુષ, બાણ, ભાથું પણ ધારણ કરેલાં છે. એમની અક્ષમાલા સ્પષ્ટ દેખાઈ રહી છે. એમને ચાર ભુજાઓ છે તથા લાંબી લાંબી જટાઓ છે. તે ખડ્ગ, ત્રિશૂળ અને લકુટ-લાકડી ધારણ કરેલાં

છે. એમની આકૃતિ અત્યંત ગૌર છે અને એના પર ભસ્મનો અનુલેપ લાગેલો છે. તે પોતાના ઉત્કૃષ્ટ તેજથી સુશોભિત થઈ રહ્યા છે. આ રીતે એ શ્રેષ્ઠ તપસ્વીનો આખો વેષ જ અદ્‌ભુત છે. એથી થોડે જ દૂર અમે એક પુરુષને જોયો છે, જે વિકરાળ વાનર જેવો છે. એનું મુખ બહુ ભયંકર છે. એણે બધાં જ આયુધ ધારણ કર્યાં છે. પરંતુ તેના હાથ રૂક્ષ છે. તે પેલા તપસ્વીની રક્ષામાં તત્પર છે. એની પાસે જ એક વૃદ્ધ સફેદ રંગનો બળદ પણ બેઠો છે. એ બેઠેલા તપસ્વીની બાજુમાં અમે એક શુભલક્ષણસંપન્ના નારી પણ જોઈ છે. એ ભૂતલ પર રત્નસ્વરૂપા છે. એનું રૂપ બહુ મનોહર છે અને તરુણી હોવાને કારણે તે મનને મોહી લે તેવી છે. મૂંગા, મોતી, મણિ, સુવર્ણ અને રત્ન અને ઉત્તમ વસ્ત્રોથી એ સુસજ્જિત છે. એના ગળામાં સુંદર માળાઓ લટકી રહી છે (હવે ક્યાં સુધી કહીએ કે એટલી સુંદરી છે કે) જેણે એને એક વાર જોઈ લીધી છે, એનાં જ નેત્ર ધરવાનું સફળ છે, એને ફરી અન્ય આ લોકમાં બીજી વસ્તુઓ જોવાનું શું પ્રયોજન છે. તે દિવ્ય નારી પુણ્યાત્મા મુનિવર મહેશની માન્યા અને પ્રિયતમા ભાર્યા છે. હે દૈત્યેન્દ્ર! તમે તો ઉત્તમોત્તમ રત્નોનો ઉપભોગ કરનાર છો. માટે એને અહીં બોલાવીને જુઓ. એ આપને પણ દર્શનીય છે.

સનત્કુમારજી કહે છે—હે મુનિશ્રેષ્ઠ! મંત્રીઓનાં આ વચન સાંભળીને દૈત્યરાજ અંધક કામાતુર થઈ ગયો. એના આખા શરીરમાં કંપ છવાઈ ગયો. પછી તો એણે તરત જ દુર્યોધન વગેરેને એ મુનિ પાસે મોકલ્યા. મંત્રીઓએ ત્યાં જઈને મુનીશ્વરને પ્રણામ કર્યા અને એમને અંધકાસુરનો સંદેશો કહ્યો તથા બદલામાં શિવજીનો ઉત્તર સાંભળીને તે પાછા આવ્યા અને અંધકને કહેવા લાગ્યા.

મંત્રીઓએ કહ્યું—હે રાજન્! આપ તો સંપૂર્ણ દૈત્યોના સ્વામી છો, તેમ છતાં પણ એ મહાન પરાક્રમી વીરવર તપસ્વી મુનિએ પોતાની બુદ્ધિથી ત્રિલોકીને તૃણ-સમાન સમજીને હસતાં હસતાં તમારે માટે આવી વાતો કહી છે – 'એ નિશાચરનાં શૌર્ય અને ધૈર્ય અસ્થિર છે. ને દાનવ કૃપણ, સત્ત્વહીન, ક્રૂર, કૃતઘ્ન અને સદાયે પાપ કર્મ કરનારો છે. શું એને સૂર્યપુત્ર યમનો ભય નથી? ક્યાં હું, મારાં દારુણ શસ્ત્ર અને મૃત્યુને પણ સંત્રસ્ત કરી દેનાર યુદ્ધ અને ક્યાં પેલો વાનર-જેવા મુખવાળો ડરપોક નિશાચર, જેનાં બધાં અંગો વૃદ્ધાવસ્થાથી જર્જર થઈ ગયાં છે ને! ક્યાં મારું સ્વરૂપ અને ક્યાં તારી મન્દભાગ્યતા! તારી સેના પણ તો શૂન્યવત્ છે. પછી પણ જો તારામાં કંઈ સામર્થ્ય હોય તો યુદ્ધને માટે તૈયાર થઈ જા, અને આવીને કંઈ પોતાનાં કરતૂત દેખાડ. મારી પાસે તારા-જેવાં પાપીઓના વિનાશ કરનારાં ભયંકર શસ્ત્ર છે અને તારું શરીર તો કમળની સમાન કોમળ છે. આવી દશામાં વિચાર કરીને તને જે રુચિકર પ્રતીત હોય, તે કર.'

સનત્કુમારજી કહે છે—હે મુનિવર! મંત્રીઓની વાત સાંભળીને (માતા) પાર્વતી પર મોહિત થયેલો એ કામાંધ રાક્ષસ વિશાળ સેના લઈને ચાલવા લાગ્યો અને ત્યાં પહોંચીને નંદીશ્વર સાથે યુદ્ધ કરવા લાગ્યો. બહુ ભયાનક યુદ્ધ થયું. એ સમયે યુદ્ધસ્થળમાં ચરબી, મજ્જા, માંસ અને રક્તની સેરો વહેવા માંડી. ખાબડાં

ભરાઈ ગયાં. ત્યાં મસ્તક વગરનાં ધડ નાચી રહ્યાં છે અને કાચું માંસ ખાનારાં જાનવર ચારે બાજુએ વ્યાપ્ત થઈ ગયાં હતાં, જેથી એ બધું બહુ ભયંકર લાગી રહ્યું હતું. થોડી જ વારમાં દૈત્યો ભાગી છૂટ્યા. ત્યારે પિનાકધારી ભગવાન શંકર દક્ષ કન્યા સતીને સારી પેઠે ધીરજ આપતાં બોલ્યા – 'હે પ્રિયે! મેં જે પહેલાં અત્યંત ભયંકર મહાન પાશુપત-વ્રતનું અનુષ્ઠાન કર્યું હતું, એમાં રાત-દિવસ તમારે પ્રસંગવશ જે અમારી સેનાનો વિનાશ થયો છે, આ વિઘ્ન જેવું આવી પડ્યું છે. હે દેવી! મરણધર્મા પ્રાણીઓનો જે અમરોપર પ્રહાર થયો છે, એ માનો કે પુણ્યનો વિનાશ કરનારો કોઈ ગ્રહ પ્રગટ થઈ ગયો છે. તેથી હવે હું પુનઃ કોઈ નિર્જન વનમાં જઈને એ પરમ અદ્‌ભુત દિવ્ય વ્રતની દીક્ષા લઈશ અને એ કઠણ વ્રતનું અનુષ્ઠાન કરીશ. હે સુંદરી! તમારો ભય અને શોક દૂર થઈ જવા જોઈએ.'

સનત્કુમારજી કહે છે—હે મુને! આટલું કહીને ઉગ્ર પ્રભાવશાળી મહાત્મા શંકરે ધીમેથી પોતાનું રણશિંગું વગાડીને એક અત્યંત ભયંકર પાવન વનમાં ચાલ્યા ગયા. ત્યાં તેમણે એક હજાર વર્ષ માટે પાશુપાત-વ્રતના અનુષ્ઠાનમાં તત્પર થઈ ગયા. આ વ્રતને પાળવું દેવો અને અસુરોની શક્તિ બહારનું હતું. આ બાજુ શીલગુણથી સંપન્ન પતિવ્રતા દેવી પાર્વતી મંદરાચલ પર જ રહીને શિવજીના આગમનની રાહ જોઈ રહ્યાં હતાં. જોકે પુત્રસ્થાનીય-પુત્ર જેવા-વીરકગણ એમની સુરક્ષામાં તત્પર હતા, તો પણ એ ગુફાની અંદર જ રહેવાને કારણે એ સદા ભયભીત રહેતાં હતાં, જેથી એમને બહુ દુઃખ થતું હતું. એ દરમિયાન વરદાનના પ્રભાવથી ઉત્પન્ન થયેલો એ દૈત્ય અંધક, જેનું ધૈર્ય કામદેવનાં બાણોથી છિન્નભિન્ન થઈ ગયું હતું, પોતાના મુખ્ય મુખ્ય યોદ્ધાઓને સાથે લઈને પુનઃ એ ગુફા પર ચઢી આવ્યો. ત્યાં સૈનિકો સહિત એણે વીરકગણ સાથે અત્યંત અદ્‌ભુત યુદ્ધ કર્યું. એ સમયે બધા જ વીરોએ અન્ન, જળ અને ઊંઘનો પરિત્યાગ કરી દીધો હતો. આ રીતે તે યુદ્ધ લગાતાર પાંચ સો પાંચ દિવસ અને રાત ચાલતું રહ્યું. અંતે દૈત્યોની ભુજાઓમાંથી છૂટેલાં આયુધોના પ્રહારથી નંદીશ્વરનું શરીર ઘાયલ થઈ ગયું, જેથી એ ગુફાદ્વાર પર જ પડ્યા અને મૂર્ચ્છિત થઈ ગયા. એમના પડવાથી ગુફાનો આખો દરવાજો જ ઢંકાઈ ગયો, જેથી એનું ખોલવાનું કામ જ અસંભવ બની ગયું. પછી દૈત્યોએ બે જ ઘડીમાં બધા વીરકગણોને પોતાના અસ્ત્રસમૂહથી આચ્છાદિત કરી દીધા. ત્યારે પાર્વતીજીએ ભગવાન વિષ્ણુ અને બ્રહ્માજીનું સ્મરણ કર્યું. સ્મરણ કરતાં જ બ્રાહ્મી, નારાયણી, ઐન્દ્રી, વૈશ્વાનરી, યામ્યા, નૈર્ઋતિ, વારુણી, વાયવી, કૌબેરી, યક્ષેશ્વરી, ગારુડી વગેરે દેવીઓના રૂપે સમસ્ત દેવતા, યક્ષ, સિદ્ધ, ગુહ્યક વગેરે શસ્ત્ર-અસ્ત્રથી સુસજ્જિત થઈને પોતપોતાનાં વાહનો પર બેસીને પાર્વતી પાસે આવી પહોંચ્યા અને રાક્ષસો સાથે બાખડી પડ્યા. થોડા સમય પછી ભગવાન શિવ પણ આવી ગયા. પછી તો ઘોર યુદ્ધ થયું. ત્યાર પછી શુક્રાચાર્યને સંજીવની વિદ્યા દ્વારા દૈત્યોને જીવિત કરતા જોઈને ભૂતનાથ શિવજી એમને ગળી ગયા. આથી દૈત્યો ઢીલા પડ્યા.

હે વ્યાસજી! અંધક મહાન પરાક્રમી, વીર અને ત્રિપુરહન્તા શિવ સમાન બુદ્ધિમાન હતો. સેંકડો વરદાન મળવાને કારણે તે ઉન્માદને

વશીભૂત થઈ રહ્યો હતો. જોકે બહુસંખ્યક શસ્ત્ર-અસ્ત્રની ચોટથી એનું શરીર જર્જર થઈ ગયું હતું, છતાં પણ શિવજી પર વિજય મેળવવાને માટે એણે બીજી માયા રચી. જ્યારે પ્રલયકાલીન અગ્નિની જેમ શરીર ધારણ કરનારા ભૂતનાથ ત્રિપુરારિ શંકરે પોતાનાં ત્રિશૂળથી એને અત્યંત ખરાબ રીતે છેદી નાખ્યો, ત્યારે ભૂતલ પર પડેલા એનાં રક્તકણોથી યૂથના યૂથ અંધક પ્રગટ થઈ ગયા. એથી આખી રણભૂમિ વ્યાપ્ત થઈ ગઈ. તે વિકૃત મુખવાળા ભયંકર રાક્ષસ અંધકની જેમ જ પરાક્રમી હતા. આ રીતે જ્યારે પશુપતિ દ્વારા માર્યા ગયેલા સૈનિકોના ઘાથી નીકળેલાં અત્યંત ગરમ ગરમ રક્તબિંદુઓથી બીજા અસુર સૈનિકો ઉત્પન્ન થવા લાગ્યા, ત્યારે ઘણી બધી ભુજાઓ રૂપી લતાઓ દ્વારા આકાન્ત થવાને કારણે કુપિત થયેલા બુદ્ધિમાન ભગવાન વિષ્ણુએ પ્રમથનાથ શિવને બોલાવીને યોગબળથી એક એવું અજેય સ્ત્રીરૂપ ધારણ કર્યું. જેનું મુખ વિકૃત હતું અને રૂપ ઉગ્ર, વિકરાળ અને કંકાલ-હાડપિંજર માત્ર હતું. એ સ્ત્રીરૂપ શંભુના કાનમાંથી પ્રગટ થયું હતું. જ્યારે એ દેવીએ રણભૂમિમાં ઉપસ્થિત થઈને પોતાનાં યુગલ ચરણોથી પૃથ્વીને અલંકૃત કરી, ત્યારે બધા જ દેવતા એમની સ્તુતિ કરવા લાગ્યા. ત્યાર બાદ ભગવાને એની બુદ્ધિને પ્રેરિત કરી. પછી તો તે ક્ષુધાર્ત થઈને એ સૈનિકો તથા દૈત્યરાજના શરીરથી નીકળેલું અત્યંત ગરમ ગરમ રુધિરનું પાન કરવા લાગી. (જેથી રાક્ષસોનું ઉત્પન્ન થવું બંધ થઈ ગયું). તદનંતર, એક માત્ર અંધક જ બચ્યો રહી ગયો. જોકે એના શરીરનું રક્ત સુકાઈ ગયું હતું, તો પણ તે પોતાના કુલોચિત સનાતન ક્ષાત્રધર્મનું સ્મરણ કરીને અવિનાશી ભગવાન શંકર સાથે ભયંકર થપ્પડોથી વજ્ર-સમાન ઘૂંટણો અને ચરણોથી, વજ્રાકાર નખથી, મુખ, ભુજા અને મસ્તકથી એ સંગ્રામ કરતો રહ્યો. ત્યારે પ્રમથનાથ શિવે રણભૂમિમાં એનું હૃદય વિદીર્ણ કરીને એને શાંત કરી દીધો. પછી ત્રિશૂળ ભોંકીને એને સ્થાણુની જેમ-થાંભલાની જેમ ઉપર ઉઠાવી લીધો. એનું જર્જર શરીર નીચે લટકી રહ્યું હતું. સૂર્યનાં કિરણોએ એને સૂકવી દીધું હતું. પવનની લહેરીઓથી યુક્ત મેઘોએ મુશળધાર જળ વર્ષાવીને-વરસાવીને – એને ભીનો કરી દીધો. હિમખંડની જેમ શીતલ ચંદ્રમાનાં કિરણોએ એને વિશીર્ણ કરી દીધો. તો પણ દૈત્યરાજે પોતાના પ્રાણોનો પરિત્યાગ ન કર્યો. એણે વિશેષરૂપે શિવજીનું સ્તવન કર્યું. ત્યારે કરુણાના અગાધ સાગર શંભુ પ્રસન્ન થઈ ગયા અને એણે એને પ્રેમપૂર્વક ગણાધ્યક્ષનું પદ પ્રદાન કરી દીધું. તત્પશ્ચાત્ યુદ્ધ સમાપ્ત થઈ જવાથી લોકપાલોએ વિવિધ પ્રકારનાં સારગર્ભિત સ્તોત્રો દ્વારા વિધિપૂર્વક શિવજીની અર્ચના કરી અને હર્ષિત થયેલા બ્રહ્મા, વિષ્ણુ વગેરે દેવોએ નતમસ્તક થઈને ઉત્તમોત્તમ સ્તુતિ દ્વારા એમનું સ્તવન કર્યું. પછી જયજયકાર કરતાં કરતાં એ આનંદ માણવા લાગ્યા. તદનંતર શિવજી એ બધાંને સાથે લઈને આનંદપૂર્વક ગિરિરાજની ગુફામાં પરત આવી ગયા. ત્યાં એમણે પોતાના જ અંશભૂત પૂજનીય દેવતાઓને વિવિધ પ્રકારની ભેટો અર્પણ કરીને એમને વિદાય કર્યા અને સ્વયં પ્રમુદિત થયેલાં ગિરિરાજકુમારીની સાથે ઉત્તમોત્તમ લીલાઓ કરવા લાગ્યા.

(અધ્યાય ૪૪-૪૬)

*

નન્દીશ્વર દ્વારા શુક્રાચાર્યનું અપહરણ અને શિવ દ્વારા એમને ગળી જવું, સો વર્ષ બાદ શુક્રનું શિવલિંગને રસ્તે બહાર આવવું, શિવ દ્વારા એમનું નામ 'શુક્ર' પાડવામાં આવ્યું, શુક્ર દ્વારા જપેલા મૃત્યુંજય-મંત્ર અને શિવઅષ્ટોત્તરશતનામ-સ્તોત્રનું વર્ણન, શિવ દ્વારા અંધકને વરદાન મળવું

વ્યાસજીએ પૂછ્યું—હે મહાન બુદ્ધિમાન સનત્કુમારજી! જ્યારે એ મહાન ભયંકર અને રોમાંચકારી સંગ્રામ ચાલી રહ્યો હતો, એ સમયે ત્રિપુરારિ શંકરે દૈત્યગુરુ વિદ્વાન શુક્રાચાર્યને ગળી લીધા હતા – એ ઘટના મેં સંક્ષેપમાં જ સાંભળી હતી. હવે આપ એનું વિસ્તારપૂર્વક વર્ણન કરો. પિનાકધારી શિવના ઉદરમાં જઈને એ મહાયોગી શુક્રાચાર્યે શું કર્યું? શંભુના જઠરાગ્નિએ એમને બાળ્યા નહીં? ભૃગુનંદન બુદ્ધિમાન શુક્ર પણ તો કલ્પાંતકાલીન અગ્નિની જેમ ઉગ્ર તેજસ્વી હતા. તે શંભુના જઠર-પંજરથી બહાર કેવી રીતે આવ્યા? એમણે કેવી રીતે અને કેટલા કાળપર્યંત આરાધના કરી હતી? હે તાત! એમને જે મૃત્યુનું શમન કરનારી પરાવિદ્યા પ્રાપ્ત થઈ હતી, એ વિદ્યા કઈ છે, જેથી મૃત્યુનું નિવારણ થઈ જાય છે? હે મુને! લીલાવિહારી દેવાધિદેવ ભગવાન શંકરના ત્રિશૂળથી છૂટવા અંધકને ગણાધ્યક્ષતાની પ્રાપ્તિ કેવી રીતે થઈ? હે તાત! મને શિવલીલામૃત શ્રવણ કરવાની વિશેષ લાલસા છે, તેથી આપ મુજ પર કૃપા કરીને એ આખા વૃત્તાંતનું પૂર્ણરૂપે વર્ણન કરો.

બ્રહ્માજી કહે છે—અમિત તેજસ્વી વ્યાસજીનાં આ વચનો સાંભળીને સનત્કુમાર શિવજીનાં ચરણકમળનું સ્મરણ કરીને કહેવા લાગ્યા.

સનત્કુમારજીએ કહ્યું—હે મુનિવર! ભગવાન શંકરના પ્રમથોની જ્યારે અત્યંત જીત થવા લાગી, વિજય મળવા માંડ્યો ત્યારે અંધક ગભરાઈને શુક્રાચાર્યજીને શરણે ગયો અને એણે કાલાવાલા કરીને મૃતસંજીવની વિદ્યા દ્વારા મરેલા અસુરોને જીવિત કરવાની પ્રાર્થના કરી. એ વાત પર શુક્રાચાર્યે શરણાગત ધર્મની રક્ષા કરવાનું ઉચિત સમજ્યું. પછી તો એ યુદ્ધસ્થળે ગયા અને આદરપૂર્વક વિદ્યાના સ્વામી શંકરનું સ્મરણ કરીને એક એક દૈત્ય પણ મૃતસંજીવની વિદ્યાનો પ્રયોગ કરવા લાગ્યા. એ વિદ્યાનો પ્રયોગ થતો જોઈને એ બધા દૈત્ય દાનવવીર એકસાથે જ હથિયાર લઈને એવી રીતે બેઠા થઈ ગયા જાણે હમણાં જ ઊંઘમાંથી જાગ્યા હોય તેમ. જેવી રીતે પૂર્ણતયા અભ્યસ્ત કરેલો વેદ, સમરભૂમિમાં બાદલ અને શ્રદ્ધાપૂર્વક બ્રાહ્મણોને આપેલું ધન દાન આપત્તિને સમયે તરત જ પ્રગટ થઈ જાય છે એ જ રીતે એ દૈત્ય-દાનવો જાગી ઊઠ્યા. શુક્રાચાર્યજીના સંજીવની-પ્રયોગથી મોટા મોટા દાનવો જીવિત થઈને પ્રમથોને બૂરી રીતે મારવા લાગ્યા, ત્યારે પ્રમથોએ જઈને પ્રમથેશ્વર શિવને આ સમાચાર કહ્યા. ત્યારે શિવજીએ કહ્યું – 'હે નંદિન્! તમે અત્યારે જ તરત જ જાઓ અને દૈત્યોની વચ્ચેથી દ્વિજશ્રેષ્ઠ શુક્રાચાર્યને એવી જ રીતે ઉઠાવી લાવો જેમ બાજ પક્ષી

લવા-એક પક્ષી-ને ઉઠાવીને લઈ જાય છે તેમ.

સનત્કુમારજી કહે છે—હે મહર્ષે! વૃષભધ્વજના આવા કથન પર નંદી આખલાની જેમ બહુ જ જોરથી ગર્જના કરવા લાગ્યા અને તરત જ સેનાને ઓળંગીને એ સ્થાન પર પહોંચી ગયા જ્યાં ભૃગુવંશના દીપક શુક્રાચાર્ય બિરાજમાન હતા. ત્યાં સમસ્ત દૈત્ય હાથમાં પાશ, ખડ્ગ, વૃક્ષ, પથ્થર અને પર્વતખંડ લઈને એમની રક્ષા કરી રહ્યા હતા. આ જોઈને બલશાળી નન્દીએ એ દૈત્યોને વિક્ષુબ્ધ કરીને શુક્રાચાર્યજી ને એવી જ રીતે અપહરણ કરી લીધું, જેવી રીતે શરભ-હાથીનું બચ્ચું હાથીને ઉઠાવીને લઈ જાય છે. મહાબલી નંદી દ્વારા પકડાઈ જવાથી શુક્રાચાર્યજીનાં વસ્ત્રો અસ્તવ્યસ્ત થઈ ગયાં. એમનાં આભૂષણો પડવા માંડ્યા, અને વાળ ખૂલી ગયા. ત્યારે દેવશત્રુ દાનવ એમને છોડાવવા માટે સિંહનાદ કરતાં કરતાં નન્દીની પાછળ દોડ્યા. જેમ મેઘ જલની વર્ષા કરે છે તેમ નંદીશ્વર ઉપર વજ્ર, ત્રિશૂળ, તલવાર, ફરસો, બરછી (એક પ્રકારનું આયુધ) અને ગોફણ વગેરે અસ્ત્રોની ઉગ્ર વૃષ્ટિ કરવા લાગ્યા. ત્યારે એ દેવાસુર સંગ્રામે વિકરાળ રૂપ ધારણ કર્યું. આમ થવાથી ગણાધિરાજ નંદીએ પોતાના મુખની આગથી સેંકડો શસ્ત્રો ભસ્મીભૂત કરી દીધાં અને એ ભૃગુનન્દનને દબાવી લીધો અને શત્રુદળને વ્યથિત કરતાં કરતાં તે શિવજી સમીપ આવી પહોંચ્યા અને શીઘ્ર જ એમની સામે નિવેદન કરતાં બોલ્યા – 'હે ભગવન્! આ શુક્રાચાર્ય ઉપસ્થિત છે.' ત્યારે ભૂતનાથ દેવાધિદેવ શંકરે પવિત્ર પુરુષ દ્વારા અપાયેલા ઉપહારની જેમ શુક્રાચાર્યને પકડી લીધા અને કશુંય કહ્યા વિના એમને ફળની જેમ મુખમાં પધરાવી દીધા. એ સમયે સમસ્ત અસુર ઉચ્ચ સ્વરે હાહાકાર કરવા લાગ્યા.

હે વ્યાસજી! જ્યારે ગિરિજેશ્વરે શુક્રાચાર્યને ગળી લીધા ત્યારે દૈત્યોની વિજયની આશા જતી રહી. એ સમયે એની દશા સૂંઢરહિત ગજરાજ, શિંગડા વિનાનો સાંઢ, મસ્તકવિહીન દેહ, અધ્યયનરહિત બ્રાહ્મણ, ઉદ્યમહીન પ્રાણી, ભાગ્યહીન ઉદ્યમ, મતિરહિત સ્ત્રી, ફળા વગરનું બાણ, પુણ્યહીનોનું આયુષ્ય, વ્રતરહિત વેદાધ્યયન, એકમાત્ર વૈભવશક્તિ વગરનો નિષ્ફળ થયેલ કર્મસમૂહ, શૂરતાહીન ક્ષત્રિય અને સત્ય વિના ધર્મસમુદાયની જેમ શોચનીય થઈ ગઈ. દૈત્યોનો આખો ઉત્સાહ જતો રહ્યો. ત્યારે અંધકે મહાન દુઃખ પ્રગટ કરતાં પોતાના શૂરવીરોને બહુ ઉત્સાહિત કર્યા અને કહ્યું – 'હે વીરો! જે રણાંગણ છોડીને ભાગી જાય છે, એમની ખ્યાતિ અપયશરૂપી કાલિમાથી મલિન થઈ જાય છે અને એમને આ લોકમાં તથા પરલોકમાં ક્યાંય પણ સુખ નથી મળતું. જો પુનર્જન્મરૂપ મલનું અપહરણ કરનાર ધરા તીર્થ – રણતીર્થમાં અવગાહન (સ્નાન ડૂબકી) કરી લેવામાં આવે તો અન્ય તીર્થોમાં સ્નાન, દાન અને તપની શી આવશ્યકતા છે અર્થાત્ એનું ફળ રણભૂમિમાં પ્રાણ ત્યાગ કરવાથી જ મળી જાય છે.' દૈત્યરાજના આ વચનને પૂર્ણરૂપે ધારણ કરીને એ દૈત્ય તથા દાનવ રણભેરી વગાડીને રણભૂમિમાં પ્રમથગણો પર તૂટી પડ્યા અને એમને મથવા લાગ્યા તથા બાણ, ખડ્ગ, વજ્ર સરખા કઠોર પથ્થર, ભુશુંડિ, ભિન્દિપાલ, શક્તિ, ભાલા, ફરસા, ખટ્વાંગ, પટ્ટિશ, ત્રિશૂળ, લકુટ અને

મુસલો દ્વારા પરસ્પર પ્રહાર કરતા ભયંકર માર-કાટ કરવા લાગ્યા. આ રીતે અત્યંત ઘમાસાણ યુદ્ધ થયું. એ દરમિયાન વિનાયક, સ્કંદ, નન્દી, સમનંદી, વીર નૈત્રમેય અને મહાબલી વૈશાખ વગેરે ઉગ્ર ગણોએ ત્રિશૂળ, શક્તિ અને બાણસમૂહોની ધારાવાહિક વર્ષા કરીને અંધકને આંધળો બનાવી દીધો. પછી તો પ્રમથો અને અસુરોની સેનામાં મહાન કોલાહલ મચી ગયો, એ ઘોર શબ્દ સાંભળીને શંભુના ઉદરમાં સ્થિત શુક્રાચાર્ય આશ્રયરહિત વાયુની જેમ નીકળવાનો માર્ગ શોધતાં શોધતાં ચક્કર કાપવા લાગ્યા. એ સમયે એમણે રુદ્રના ઉદરમાં પાતાલસહિત સાતે લોક, બ્રહ્મા, નારાયણ, ઇન્દ્ર, આદિત્ય અને અપ્સરાઓનાં વિચિત્ર ભુવન અને તે પ્રમથાસુર-સંગ્રામ પણ જોવા મળ્યો. આ રીતે તે સો વર્ષો સુધી શિવજીની કુક્ષિમાં ચારે બાજુ ભ્રમણ કરતા રહ્યા, પરંતુ એમને એ જ પ્રકારનું કોઈ છિદ્ર ન દેખાયું, જેવી રીતે દુષ્ટની દૃષ્ટિ સદાચારીનાં છિદ્ર નથી જોઈ શકતી. ત્યારે ભૃગુનંદને શૈવયોગનો આશ્રય લઈ એક મંત્રનો જપ કર્યો. એ મંત્રના પ્રભાવથી તે શંભુના જઠરપંજરથી શુક્રરૂપે લિંગમાર્ગથી બહાર નીકળ્યા. ત્યારે એમણે શિવજીને પ્રણામ કર્યા. ગૌરીએ એમને પુત્રરૂપમાં સ્વીકારી લીધા અને વિઘ્નરહિત બનાવી દીધા. તદનંતર કરુણાસાગર મહેશ્વર ભૃગુનંદન શુક્રાચાર્યને વીર્યને રસ્તે નીકળેલા જોઈને હસતાં હસતાં બોલ્યા.

મહેશ્વરે કહ્યું—હે ભૃગુનંદન! કેમકે તે મારા લિંગમાંથી શુક્રની જેમ નીકળ્યા છો, એટલા માટે તમે શુક્ર કહેવાશો. જાઓ, હવે તમે મારા પુત્ર થઈ ગયા.

સનત્કુમારજી કહે છે—હે મુનિવર! દેવેશ્વર શંકરનાં વચન સાંભળીને સૂર્યની જેમ કાન્તિમાન શુક્રે પુનઃ શિવજીને પ્રણામ કર્યા અને તે હાથ જોડીને સ્તુતિ કરવા લાગ્યા.

શુક્રે કહ્યું—'હે ભગવાન! આપના પગ, મસ્તક, નેત્ર, હાથ અને ભુજાઓ અનંત છે. આપની મૂર્તિઓની પણ ગણના નથી થઈ શકતી. એવી દશામાં હું આપ સ્તુત્યની મસ્તક નમાવીને કેવી રીતે સ્તુતિ કરું. આપની આઠ મૂર્તિઓ કહેવાય છે અને આપ અનંતમૂર્તિ પણ છો. આપ સંપૂર્ણ સુરો અને અસુરોની કામનાઓ પૂર્ણ કરનારા છો તથા અનિષ્ટ-દૃષ્ટિથી જોવા પર સંહાર પણ કરી દો છો. એવા સ્તવનને યોગ્ય આપની કેવી રીતે સ્તુતિ કરું.'

સનત્કુમારજી કહે છે—હે મુને! આ રીતે શુક્રે શિવજીની સ્તુતિ કરીને એમને નમસ્કાર કર્યા અને એમની આજ્ઞાથી એ પુનઃ દાનવોની સેનામાં પ્રવિષ્ટ થયા, ઠીક એવી જ રીતે જેમ ચંદ્રમા મેઘોની ઘટામાં પ્રવેશ કરે છે તેમ. હે વ્યાસજી! આ રીતે રણભૂમિમાં શંકર જે રીતે શુક્રને ગળી ગયા હતા, એ વૃત્તાંત તો તમને સંભળાવ્યું. હવે શંભુના ઉદરમાં શુક્રે જે મંત્રનો જપ કર્યો હતો તેનું વર્ણન સાંભળો.

હે મહર્ષે! એ મંત્ર આ પ્રકારનો છે –

ૐ નમસ્તે દેવેશાય સુરાસુરનમસ્કૃતાય ભૂતભવ્યમહાદેવાય હરિતપિંગલલોચનાય બલાય બુદ્ધિરૂપિણે વૈયાઘ્રવસનચ્છદાયારણેયાય ત્રૈલોક્યપ્રભવે ઈશ્વરાય હરાય હરિનેત્રાય યુગાન્તકરણાયાનલાય ગણેશાય લોકપાલાય મહાભુજાય મહાહસ્તાય શૂલિને મહાદંષ્ટ્રિણે કાલાય મહેશ્વરાય અવ્યાય કાલરૂપિણે

નીલગ્રીવાય મહોદરાય ગણાધ્યક્ષાય સર્વાત્મને સર્વભાવનાય સર્વગાય મૃત્યુહન્ત્રે પારિપાત્ર-સુવ્રતાય બ્રહ્મચારિણે વેદાન્તગાય તપોઽન્તગાય પશુપતયે વ્યંગાય શૂલપાણયે વૃષકેતવે હરયે જટિને શિખંડિને લકુટિને મહાયશસે ભૂતેશ્વરાય ગુહાવાસિને વીણાપલવતાલવતે અમરાય દર્શનીયાય બાલસૂર્યનિભાય શ્મશાનવાસિને ભગવતે ઉમાપતયે અરિંદમાય ભગસ્યક્ષિ-પાતિને પૂષ્ણો દશનનાશય ક્રૂરકર્તકાય પાશહસ્તાય પ્રલયકાલાય ઉલ્કામુખાયાગ્નિ-કેતવે મુનયે દીપ્તાય વિશામ્પતયે ઉન્નયતે જનકાય ચતુર્થકાય લાકસત્તમાય વામદેવાય વાગ્દાક્ષિણ્યાય વામનો ભિક્ષવે ભિક્ષુરૂપિણે જટિને સ્વયં જટિલાય શુક્રહસ્તપ્રતિસ્તંભકાય વસૂનાં સ્તંભકાય ક્રતવે ક્રતુકરાય કાલાય મેધાવિને મધુકરાય ચલાય વાનસ્પત્યાય ભૂતલ પર મહેશ્વરથી ઉત્પન્ન થયા. એ સમયે વાજસનેતિસમાશ્રમપૂજિતાય જગદ્ધાત્રે જગત્કર્ત્રે પુરુષાય શાશ્વતાય ધ્રુવાય ધર્માધ્યક્ષાય ત્રિવર્ત્મને ભૂતભાવનાય ત્રિનેત્રાય બહુરૂપાય સૂર્યાયુત-સમપ્રભાય દેવાય સર્વતૂર્યનિનાદિને સર્વબાધા-વિમોચનાય બન્ધનાય સર્વધારિણે ધર્મોત્તિમાય પુષ્યદંતાયાવિભાગાય મુખાય સર્વહરાય હિરણ્યશ્રવસે દ્વારિણે ભીમાય ભીમપરાક્રમાય ૐ નમો નમઃ।*

આજ શ્રેષ્ઠ મંત્રનો જપ કરીને શુક્ર શંભુના જઠર-પંજરથી લિંગને રસ્તે ઉત્કટ વીર્યની જેમ નીકળ્યા હતા. એ સમયે ગૌરીએ એમને પુત્રરૂપે અપનાવ્યા અને જગદીશ્વર શિવે અજર-અમર બનાવી દીધા. ત્યારે એ બીજા શંકરની જેમ શોભાવા માંડ્યા. ત્રણ હજાર વર્ષ વ્યતીત થયા પછી એ જ વેદનિધિ મુનિવર શુક્ર પુનઃ આ

---

* ૐ જે દેવતાઓના સ્વામી, સુર-અસુર દ્વારા વંદિત, ભૂત અને ભવિષ્યના મહાન દેવતા, લીલાં અને પીળાં નેત્રોથી યુક્ત, મહાબલી, બુદ્ધિસ્વરૂપ, વાઘાંબર ધારણ કરનારા, અગ્નિસ્વરૂપ, ત્રિલોકીનું ઉત્પત્તિ સ્થાન, ઈશ્વર, હર, હરિનેત્ર, પ્રલયકારી, અગ્નિસ્વરૂપ, ગણેશ, લોકપાલ, મહાભુજ, મહાહસ્ત, ત્રિશૂળ ધારણ કરનાર, મોટી મોટી દાઢોવાળા, કાલસ્વરૂપ, મહેશ્વર અવિનાશી, કાલરૂપી, નીલકંઠ, મહોદર, ગણાધ્યક્ષ, સર્વાત્મા, બધાંને ઉત્પન્ન કરનારા, સર્વવ્યાપી, મૃત્યુને મારી હટાવનારા, પારિયાત્ર પર્વત પર ઉત્તમ વ્રત ધારણ કરનારા, બ્રહ્મચારી, વેદાન્તપ્રતિપાદ્ય, તપની અંતિમ સીમા સુધી પહોંચનાર, પશુપતિ, વિશિષ્ટ અંગોવાળા, શૂલપાણિ, વૃષધ્વજ, પાપાપહારી, જટાધારી, શિખંડ ધારણ કરનારા, દંડધારી, મહાયશસ્વી, ભૂતેશ્વર, ગુફામાં નિવાસ કરનારા, વીણા અને પલ્લવ પર તાલ લગાડનારા, અમર, દર્શનીય, બાલસૂર્ય જેવું રૂપ ધારણ કરનારા, સ્મશાનવાસી, ઐશ્વર્યશાળી, ઉમાપતિ, શત્રુદમન, ભગનાં નેત્રોને નષ્ટ કરી દેનારા, પૂષાના દાંતના વિનાશક, ક્રૂરતાપૂર્વક સંહાર કરનારા, પાશધારી, પ્રલયકાલરૂપ, ઉલ્કામુખ, અગ્નિકેતુ, મનનશીલ, પ્રકાશમાન, પ્રજાપતિ, ઉપર ઉઠાવનારા, જીવોને ઉત્પન્ન કરનારા, તુરીયતત્ત્વરૂપ, લોકોમાં સર્વશ્રેષ્ઠ, વામદેવ, વાણીની ચતુરતારૂપ, વામમાર્ગમાં ભિક્ષુરૂપ, ભિક્ષુક, જટાધારી, જટિલ – દુરારાધ્ય, ઇન્દ્રના હાથને સ્તંભિત કરનારા, વસુઓને વિજિડિત કરી દેનારા, યજ્ઞસ્વરૂપ, યજ્ઞકર્તા, કાલ, મેધાવી, મધુકર, ચાલતા-ફરતા, વનસપતિનો આશ્રય લેનાર, વાજસન નામથી સંપૂર્ણ આશ્રમો દ્વારા પૂજિત, જગદ્ધાતા, જગત્કર્તા, સર્વાન્તર્યામી, સનાતન, ધ્રુવ, ધર્માધ્યક્ષ, ભૂઃ-ભુવઃ, સ્વઃ – એ ત્રણે લોકોમાં વિચરનારા, ભૂતભાવન, ત્રિનેત્ર, બહુરૂપ, દશ હજાર સૂર્ય સમાન પ્રભાશાળી, મહાદેવ, બધાં વાદ્યિંત્ર વગાડનાર, સંપૂર્ણ બાધાઓથી વિમુક્ત કરનારા, બંધનસ્વરૂપ, સર્વને ધારણ કરનાર, ઉત્તમ ધર્મરૂપ, પુષ્યદંત, વિભાગરહિત, મુખ્યરૂપ, સર્વનું હરણ કરનારા, સુવર્ણ સમાન દીપ્ત કીર્તિવાળા, મુક્તિના દ્વારસ્વરૂપ, ભીમ તથા ભીમપરાક્રમી છો. એમને નમસ્કાર છે, નમસ્કાર છે.

એમણે ધૈર્યશાળી અને તપસ્વી દાનવરાજ અંધકને જોયો. એનું શરીર સાવ કૃશ થઈ ગયું હતું અને એ ત્રિશૂળ પર લટકેલો પરમેશ્વર શિવનું ધ્યાન કરી રહ્યો હતો. (તે શિવજીનાં ૧૦૮ નામોનું આ પ્રકારે સ્મરણ કરી રહ્યો હતો.)

મહાદેવ-દેવતાઓમાં મહાન, વિરૂપાક્ષ-વિકરાળ નેત્રોવાળા, ચન્દ્રાર્ધકૃત શેખર-મસ્તક પર અર્ધચંદ્ર ધારણ કરનાર, અમૃત-અમૃતસ્વરૂપ, શાશ્વત-સનાતન, સ્થાણુ-સમાધિસ્થ થવાથી ઠૂંઠ સમાન સ્થિર, નીલકંઠ – ગળામાં નીલ ચિહ્ન ધારણ કરનારા, પિનાકી – પિનાક નામનું ધનુષ ધારણ કરનારા, વૃષભાક્ષ – વૃષભનાં નેત્ર જેવાં વિશાળ નેત્રોવાળા, મહાજ્ઞેય – 'મહાન' રૂપે જાણવાયોગ્ય, પુરુષ – અંતર્યામી, સર્વકામદ – સંપૂર્ણ કામનાઓને પૂર્ણ કરનાર, કામારિ – કામદેવના શત્રુ, કામદહન – કામદેવને દગ્ધ કરનારા, કામરૂપ – ઇચ્છા અનુસાર રૂપ ધારણ કરનારા, કપર્દી – વિશાળ જટાઓવાળા, વિરૂપ – વિકરાળ રૂપધારી, ગિરિશ – ગિરિવર કૈલાસ પર શયન કરનારા, ભીમ – ભયંકર રૂપવાળા, સૃક્કી – મોટાં મોટાં જડબાંવાળા, રક્તવાસા – લાલ વસ્ત્રધારી, યોગી – યોગના જ્ઞાતા, કાલદહન – કાલને ભસ્મ કરનાર, ત્રિપુરઘ્ન – ત્રિપુરોના સંહારકર્તા, કપાલી – કપાલ ધારણ કરનાર, ગૂઢવ્રત – જેનું વ્રત પ્રગટ થતું નથી. ગુપ્તમંત્ર – ગોપનીય મંત્રવાળા, ગંભીર – ગંભીર સ્વભાવવાળા, ભાવગોચર – ભક્તોની ભાવના અનુસાર પ્રગટ થનારા, અણિમાદિગુણાધાર – અણિમા વગેરે સિદ્ધિઓના અધિષ્ઠાન, ત્રિલોકૈશ્વર્યદાયક – ત્રિલોકીને ઐશ્વર્ય પ્રદાન કરનાર, વીર – બળશાળી, વીરહન્તા – શત્રુવીરોને મારનારા, ઘોર – દુષ્ટો માટે ભયંકર, વિરૂપ – વિકટ રૂપ ધારણ કરનાર, માંસ – મોટા તાજા શરીરવાળા, પટુ – નિપુણ, મહામાંસાદ – શ્રેષ્ઠ ફળનો ગર ખાનાર, ઉન્મત્ત – મતવાલા, ભૈરવ – કાલભૈરવસ્વરૂપ, મહેશ્વર – દેવેશ્વરોમાં પણ શ્રેષ્ઠ, ત્રૈલોક્યદ્રાવણ – ત્રિલોકીનો વિનાશ કરનારા, લુબ્ધ – સ્વજનોના લોભી, લુબ્ધક – મહાવ્યાધસ્વરૂપ, યજ્ઞસૂદન – દક્ષયજ્ઞના વિનાશક, કૃત્તિકાસુતયુક્ત – કૃત્તિકાઓના પુત્ર (સ્વામી કાર્તિક)થી યુક્ત, ઉન્મત્ત – ઉન્મત્ત જેવો વેશ ધારણ કરનાર, કૃત્તિવાસા – ગજાસુરના ચામડાને જ વસ્ત્રરૂપે ધારણ કરનાર, ગજકૃત્તિયરીધાન – હાથીનું ચર્મ લપેટનારા, ક્ષુબ્ધ – ભક્તોનાં કષ્ટ જોઈને ક્ષુબ્ધ થઈ જનાર, ભુજગભૂષણ – સર્પોને ભૂષણરૂપે ધારણ કરનાર, દત્તાલંબ – ભક્તોના અવલંબનદાતા, વેતાલ – વેતાલ સ્વરૂપ, ઘોર – ઘોર, શાકિનીપૂજિત-શાકિનિઓ દ્વારા સમારાધિત, અઘોર – અઘોર પથના પ્રવર્તક, ઘોર દૈત્યઘ્ન – ભયંકર દૈત્યોના સંહારક, ઘોરઘોષ – ભીષણ શબ્દ ગર્જના કરનાર, વનસ્પતિ – વનસ્પતિસ્વરૂપ, ભસ્માંગ – શરીર પર ભસ્મ ચોળનાર, જટિલ – જટાધારી, શુદ્ધ – પરમ પાવન, ભેરુંડશતસેવિત – સેંકડો ભેરુંડ નામનાં પક્ષીઓ દ્વારા સેવિત, ભૂતેશ્વર – ભૂતોના અધિપતિ, ભૂતનાથ – ભૂતગણોના સ્વામી, પંચભૂતાશ્રિત – પંચભૂતોને આશ્રય દેનાર, ખગ – ગગનવિહારી, ક્રોધિત – ક્રોધયુક્ત, નિષ્ઠુર – દુષ્ટો સાથે કઠોર વ્યવહાર કરનાર, ચંડ – પ્રચંડ પરાક્રમી, ચંડીશ – ચંડીના પ્રાણનાથ, ચંડિકાપ્રિય – ચંડિકાના પ્રિયતમ, ચંડતુંડ – અત્યંત કુપિત મુખવાળા, ગરુત્માન – ગરુડસ્વરૂપ,

નિસ્ત્રિંશ – ખડ્ગ સ્વરૂપ, શવભોજન – શવનો ભોગ લગાડનારા, લેલિહાન – ક્રુદ્ધ થયા પછી જીભ લપલપાવનારા, મહારૌદ્ર – અત્યંત ભયંકર, મૃત્યુ – મૃત્યુસ્વરૂપ, મૃત્યોરગોચર – મૃત્યુની પહોંચની બહાર, મૃત્યોર્મૃત્યુ – મૃત્યુના પણ કાલ, મહાસન – વિશાળ સેનાવાળા કાર્તિકેય-સ્વરૂપ, શ્મશાનારણ્યવાસી – શ્મશાન અને અરણ્યમાં વિચરનારા, રાગ – પ્રેમસ્વરૂપ, વિરાગ – આસક્તિરહિત, રાગાંધ – પ્રેમમાં મસ્ત રહેનાર, વીતરાગ – વૈરાગી, શતાર્ચિ – તેજની અસંખ્ય ચિન્ગારીઓથી યુક્ત, સત્ત્વ – સત્ત્વગુણરૂપ, રજઃ – રજોગુણરૂપ, તમઃ – તમોગુણરૂપ, ધર્મ – ધર્મસ્વરૂપ, અધર્મ – અધર્મસ્વરૂપ, વાસવાનુજ – ઇન્દ્રના નાના ભાઈ ઉપેન્દ્ર સ્વરૂપ, સત્ય – સત્ય સ્વરૂપ, અસત્ય – સત્યથી પણ પર, સદ્રૂપ – ઉત્તમ રૂપવાળા, અસદ્રૂપ – બીભત્સ રૂપધારી, અહેતુક – હેતુરહિત, અર્ધનારીશ્વર – અર્ધું પુરુષનું અને અર્ધું નારીનું રૂપ ધારણ કરનાર, ભાનુ – સૂર્યરૂપ, ભાનુકોટિશતપ્રભ – કોટિશત સૂર્ય સમાન પ્રભાવશાળી, યજ્ઞ – યજ્ઞસ્વરૂપ, યજ્ઞપતિ – યજ્ઞેશ્વર, રુદ્ર – સંહારકર્તા, ઈશાન – ઈશ્વર, વરદ – વરદાતા, શિવ – કલ્યાણસ્વરૂપ. પરમાત્મા શિવની આ ૧૦૮ મૂર્તિઓનું ધ્યાન કરવાથી એ દાનવ મહાન ભયથી મુક્ત થઈ ગયો.* એ સમયે પ્રસન્ન થયેલા જટાધારી શંકરે એને મુક્ત કરીને તે ત્રિશૂળના અગ્રભાગથી ઉતારી લીધો અને દિવ્ય અમૃતની વર્ષાથી અભિષિક્ત કરી દીધો. ત્યાર પછી મહાત્મા મહેશ્વર એણે જે કાંઈ કર્યું હતું, એ સર્વનું સાન્ત્વનાપૂર્વક વર્ણન કરતાં એ મહાદૈત્ય અન્ધકને કહેવા લાગ્યા –

ઈશ્વરે કહ્યું—હે દૈત્યેન્દ્ર! હું તારો ઇન્દ્રિય-નિગ્રહ, નિયમ, શૌર્ય અને ધૈર્યથી પ્રસન્ન થઈ ગયો છું; તેથી હે સુવ્રત! હવે તું કોઈ વરદાન માગી લે. હે દૈત્યોના રાજાધિરાજ! તેં નિરંતર

---

* મહાદેવં વિરૂપાક્ષં ચંદ્રાર્ધકૃતશેખરમ્ । અમૃતં શાશ્વતં સ્થાણું નીલકંઠં પિનાકિનમ્ ॥
વૃષભાક્ષં મહાજ્ઞેયં પુરુષં સર્વકામદમ્ । કામારિં કામદહનં કામરૂપ કપર્દિનમ્ ॥
વિરૂપં ગિરિશં ભીમં સૃક્કિણં રક્તવાસસમ્ । યોગિનં કાલદહનં ત્રિપુરઘ્નં કપાલિનમ્ ॥
ગૂઢવ્રતં ગુપ્તમંત્રં ગંભીરં ભાવગોચરમ્ । અણિમાદિગુણાધારં ત્રિલોકૈશ્વર્યદાયકમ્ ॥
વીરં વીરહણં ઘોરં વિરૂપં માંસલં પટુમ્ । મહામાંસાદમુન્મત્તં ભૈરવં વૈ મહેશ્વરમ્ ॥
ત્રૈલોક્યદ્રાવણં લુબ્ધં લુબ્ધકં ભુજગભૂષણમ્ । દત્તાલંબં ચ વેતાલં ઘોરં શાકિનિ પૂજિતમ્ ॥
અઘોરં ઘોર દૈત્યઘ્નં ઘોરઘોષં વનસ્પતિમ્ । ભસ્માંગં જટિલં શુદ્ધં ભેરુંડશતસેવિતમ્ ॥
ભૂતેશ્વરં ભૂતનાથં પંચભૂતાશ્રિતં ખગમ્ । ક્રોધિતં નિષ્ઠુરં ચંડં ચંડીશં ચંડિકાપ્રિયમ્ ॥
ચંડતુંડં ગરુત્મંતં નિસ્ત્રિંશં શવભોજનમ્ । લેલિહાનં મહારૌદ્રં મૃત્યુ મૃત્યોરગોચરમ્ ॥
મૃત્યોર્મૃત્યું મહાસેનં શ્મશાનારણ્યવાસિનમ્ । રાગં વિરાગં રાગાઢ્યં વીતરાગં શતાર્ચિષમ્ ॥
સત્ત્વં રજસ્તમોધર્મમધર્મં વાસવાનુજનમ્ । સત્યં ત્વસત્યં સદ્રૂપમસદ્રૂપમહેતુકમ્ ॥
અર્ધનારીશ્વરં ભાનું ભાનુકોટિશતપ્રભમ્ । યજ્ઞં યજ્ઞપતિં રુદ્રમીશાનં વરદં શિવમ્ ॥
અષ્ટોત્તરશતં હ્યેતન્મૂર્તીનાં પરમાત્મનઃ । શિવસ્ય દાનવો ધ્યાયન્ મુક્તસ્તસ્માન્મહાભયાત્ ॥
(શિ. પુ.રુ. સં. યુદ્ધખંડ ૪૯/૫-૧૮)

મારી આરાધના કરી છે, એથી તારાં પાપ ધોવાઈ ગયાં છે, હવે તું વરદાન મેળવવાને માટે અધિકારી બની ગયો છે. એટલા માટે હું તને વરદાન આપવા આવ્યો છું; કેમ કે ત્રણ હજાર વર્ષ ખાધા-પીધા વિના પ્રાણ ધારણ કરી રાખ્યા તેથી તું પુણ્ય કમાયો છે, એના ફળસ્વરૂપ તને સુખની પ્રાપ્તિ થવી જોઈએ.

સનત્કુમારજી કહે છે—હે મુને! આ સાંભળીને ભૂમિ પર ઘૂંટણ ટેકવીને પછી હાથ જોડીને થર થર કાંપતાં કાંપતાં તે ભગવાન ઉમાપતિને કહેવા લાગ્યો.

અંધકે કહ્યું—હે ભગવન્! આપનો મહિમા જાણ્યા સિવાય મેં પહેલાં રણાંગણમાં હર્ષ ગદ્‌ગદ વાણીથી આપને જે દીન, હીન અને નીચમાં નીચ કહ્યા છે અને મૂર્ખતાવશ લોકમાં જે જે નિંદિત કર્મ કર્યાં છે, હે પ્રભો! એ સર્વને આપ મનમાં સ્થાન ન આપશો અર્થાત્ ભૂલી જશો. હે મહાદેવ! હું અત્યંત હલકટ અને દુઃખી છું. મેં કામદોષવશ પાર્વતીના વિષયમાં પણ જે દૂષિત ભાવના કરી લીધી હતી, એને આપ ક્ષમા કરી દો. તમારે તો પોતાના કૃપણ, દુઃખી અને દીન ભક્ત પર સદાયે વિશેષ જ દયા કરવી જોઈએ. હું એ જ રીતે એક દીન ભક્ત છું અને આપને શરણે આવેલો છું. જુઓ, હું આપની સામે અંજલિબદ્ધ થઈને ઊભો છું; હવે તમારે મારી રક્ષા કરવી જોઈએ. એ જગજ્જનની પાર્વતી દેવી પણ મુજ પર પ્રસન્ન થઈ જાવ અને બધા ક્રોધને છોડીને મને કૃપાદૃષ્ટિથી જુએ. હે ચંદ્રશેખર! ક્યાં તો એમનો ભયંકર ક્રોધ અને ક્યાં હું તુચ્છ દૈત્ય? હે ચંદ્રમૌલિ! હું કોઈ પણ રીતે એ ક્રોધને સહન નહીં કરી શકું. હે શંભો! ક્યાં તો પરમ ઉદાર આપ અને ક્યાં વૃદ્ધાવસ્થા, મૃત્યુ તથા કામ-ક્રોધ વગેરે દોષોને વશીભૂત હું? (અર્થાત્ મારી આપની સાથે શી તુલના થઈ શકે છે?) હે મહેશ્વર! આપના આ યુદ્ધકલા નિપુણ મહાબલી વીર પુત્ર મારી કૃપણતા પર વિચાર કરીને હવે ક્રોધને વશીભૂત ન થશો. તુષાર, હાર, ચંદ્રકિરણ, શંખ, કંદપુષ્પ અને ચંદ્રમા-શા વર્ણવાળા હે શિવ! હું આ પાર્વતીને ગુરુતાને ગૌરવવશ નિત્ય માતૃદૃષ્ટિ જોઉં! હું નિત્ય આપ બંનેનો ભક્ત બની રહું. દેવતાઓની સાથે થનારું મારું વેર દૂર થઈ જાઓ તથા હું શાંત ચિત્ત થઈને યોગ-ચિંતન કરતાં કરતાં ગણો સાથે નિવાસ કરું. હે મહેશાન! આપની કૃપાથી હું ઉત્પન્ન થયેલ આ વિરોધી દાનવભાવનું પુનઃ ક્યારેય સ્મરણ ન કરું, એ જ ઉત્તમ વરદાન મને પ્રદાન કરો.

સનત્કુમારજી કહે છે—હે મુનિસત્તમ! આટલી વાત કહીને તે દૈત્યરાજ માતા પાર્વતી તરફ જોઈને ત્રિનયન શંકરનું ધ્યાન કરતાં કરતાં મૌન થઈ ગયો. ત્યારે રુદ્રે એના તરફ કૃપાદૃષ્ટિથી જોયું. એમની દૃષ્ટિ પડતાં જ એને પોતાના પૂર્વવૃત્તાંત તથા અદ્‌ભુત જન્મનું સ્મરણ થઈ આવ્યું. પછી તો માતા-પિતા (ઉમા-મહેશ્વર)ને પ્રણામ કરીને તે કૃતકૃત્ય થઈ પૂર્વસ્મરણ થતાં જ એના મનોરથ પૂર્ણ થઈ ગયા. તે કૃતકૃત્ય થઈ ગયો. એ સમયે પાર્વતી તથા બુદ્ધિમાન શંકરે એનું મસ્તક સૂંઘ્યું અને વ્હાલ કર્યું. આ પ્રકારે અંધકે પ્રસન્ન થયેલ ચંદ્રશેખર પાસેથી બધા મનોરથ પ્રાપ્ત કરી લીધા. હે મુને! મહાદેવજીની કૃપાથી અંધકને જે રીતે પરમ સુખદ ગણાધ્યક્ષ-પદ પ્રાપ્ત થયું હતું તે સમગ્ર

પુરાતન વૃત્તાંત મેં તમને સંભળાવી દીધું અને મૃત્યુંજય-મંત્રનું પણ વર્ણન કરી દીધું. આ મંત્ર મૃત્યુવિનાશક અને સંપૂર્ણ કામનાઓનું ફળ પ્રદાન કરનારો છે. એનો પ્રયત્નપૂર્વક જપ કરવો જોઈએ.

(અધ્યાય ૪૭ થી ૪૯)

*

શુક્રાચાર્યની ઘોર તપસ્યા, શિવજીને પોતાનું ચિત્તરત્ન અર્પણ કરવું તથા અષ્ટમૂર્ત્યષ્ટક-સ્તોત્ર દ્વારા એમનું સ્તવન કરવું, શિવજીનું પ્રસન્ન થવું અને એમને મૃતસંજીવની વિદ્યા તથા અન્યાન્ય વરદાન આપવાં

સનત્કુમારજી કહે છે—હે વ્યાસજી! મુનિવર શુક્રાચાર્યને શિવ પાસેથી મૃત્યુંજય નામક મૃત્યુનું પ્રશમન કરનારી પરા વિદ્યા કેવી રીતે પ્રાપ્ત થઈ હતી, હવે એનું હું વર્ણન કરું છું. સાંભળો. પૂર્વકાળની વાત છે એ ભૃગુનંદનને વારાણસીપુરીમાં જઈને પ્રભાવશાળી વિશ્વનાથનું ધ્યાન કરતાં બહુ સમય સુધી તપ કર્યું હતું. હે વેદવ્યાસજી! એ સમયે એમણે ત્યાં જ એક શિવલિંગની સ્થાપના કરી. એની સામે એક પરમ રમણીય કૂપ તૈયાર કરાવ્યો. પછી પ્રયત્નપૂર્વક એ દેવેશ્વરને એકલાખવાર પડિયા ભર પંચામૃત તથા ઘણાંબધાં સુગન્ધિત દ્રવ્યોથી સ્નાન કરાવ્યું. પછી એક હજારવાર પરમ પ્રીતિપૂર્વક ચંદન, યક્ષ-કર્દમ* અને સુગન્ધિત ઉબટનનો એ લિંગ પર અનુલેપ કર્યો. તત્પશ્ચાત્ સાવધાની સાથે પરમ પ્રેમપૂર્વક રાજચંપક (અમલતાસ), ધતૂર, કરેણ, કમલ, માલતી, કર્ણિકાર, કદંબ, મૌલસિરી, ઉત્પલ, મલ્લિકા (ચમેલી), શતપુત્રી, સિન્ધુવાર, ઢાક, બંધૂક પુષ્પ (ગુલદુપહરી), પુંનાગ, નાગકેસર, કેસર, નવમલ્લિક (વેલમોગરો), ચિબિલિક (રક્તદબા), કુન્દ (માધપુષ્પ), મુચુકુન્દ (મોતિયો), મન્દાર, બિલ્વપત્ર, ગૂમા, મરુવૃક્ (મરુઆ), વૃક (ધૂપ), ગંઠિવન, દૌના, અત્યંત સુંદર આંબાનાં પાન, તુલસી, દેવજવાસો, બૃહ-ત્પત્રી, કુશાંકુ, નન્દાવર્ત (નાંદરુખ), અગસ્ત્ય, સાલ, દેવદારુ, કચનાર, કુરબક (ગુલખેરો), દુર્વાંકુર, કુરંટક (કરસૈલા) – આમાંથી પ્રત્યેકનાં પુષ્પો અને અન્ય પલ્લવોથી તથા વિવિધ પ્રકારનાં રમણીય પાનાં-પત્તાં અને સુંદર કમળોથી શંકરજીની વિધિવત્ અર્ચના કરી. એમને ઘણાબધા ઉપહાર સમર્પિત કર્યા. તથા શિવલિંગની આગળ નૃત્ય કરતાં કરતાં શિવ-સહસ્રનામ અને અન્યાન્ય સ્તોત્રોનું ગાન કરીને શંકરજીનું સ્તવન કર્યું. આ રીતે શુક્રાચાર્ય પાંચ હજાર વર્ષ સુધી વિવિધ-પ્રકારનાં વિધિ-વિધાનોથી મહેશ્વરનું પૂજન કરતા રહ્યા; પરંતુ જ્યારે એમને થોડુંય વરદાન આપવા તૈયાર ન થયેલા જોયા ત્યારે એમણે એક બીજા અત્યંત દુઃસ્સહ અને ઘોર નિયમનો આશ્રય લીધો. એ સમયે શુક્રે ઇન્દ્રિયોસહિત મનના અત્યંત ચંચળતારૂપી મહાન

* એક પ્રકારનો અંગલેપ, જે કપૂર, અગુરુ, કસ્તૂરી અને કંકોલને એકઠા કરીને બનાવી શકાય છે.

દોષને વારંવાર ભાવનારૂપી જલથી પ્રક્ષાલિત કર્યો. આ રીતે ચિત્તરત્નને નિર્મલ કરીને એને પિનાકધારી શિવને અર્પણ કરી દીધું અને સ્વયં ધૂમકણનું પાન કરતાં કરતાં તપ કરવા લાગ્યા. આ પ્રકારે એમનાં એક હજાર વર્ષ બીજાં વીતી ગયાં. ત્યારે ભૃગુનંદન શુક્રને આ દૃઢચિત્તવૃત્તિથી ઘોર તપ કરતા જોઈને મહેશ્વર એમના ઉપર પ્રસન્ન થઈ ગયા. પછી તો દક્ષ-કન્યા પાર્વતીના સ્વામી સાક્ષાત્ વિરૂપાક્ષ શંકર, જેમના શરીરની કાંતિ હજારો સૂર્યોથી વધારે હતી, તે લિંગથી નીકળીને શુક્રને કહેવા લાગ્યા.

મહેશ્વરે કહ્યું—હે મહાભાગ ભૃગુનંદન! તમે તો તપસ્યાની નિધિ (ખજાનો) છો. હે મહામુને! હું તમારા આ અવિચ્છિન્ન તપથી વિશેષ પ્રસન્ન છું. હે ભાર્ગવ! તમે તમારા બધાં જ મનોવાંછિત વરદાનો માગી લો. હું પ્રીતિપૂર્વક તમારા બધા જ મનોરથો પૂર્ણ કરી દઈશ. તમારે માટે કશુંય અદેય નથી. તમે માગો તે મળી જશે.

સનત્કુમારજી કહે છે—હે મુને! શંભુનાં આ પરમ સુખદાયક અને ઉત્કૃષ્ટ વચનને સાંભળીને શુક્ર પ્રસન્ન થઈ ગયા, જાણે આનંદ સમુદ્રમાં નિમગ્ન થઈ ગયા. એ કમલનયન દ્વિજવર શુક્રનું શરીર પરમાનંદજનિત રોમાંચને કારણે પુલકાયમાન થઈ ગયું. ત્યારે એમણે હર્ષપૂર્વક શંભુનાં ચરણોમાં પ્રણામ કર્યા. એ સમયે એમનાં નેત્રો હર્ષથી ખિલી ઊઠ્યાં. પછી તે મસ્તક પાસે અંજલિ રાખીને પ્રણામ કરતાં, જયજયકાર કરતાં કરતાં અષ્ટમૂર્તિ* વરદાયક શિવની સ્તુતિ કરવા લાગ્યા.

ભાર્ગવે કહ્યું—હે સૂર્યસ્વરૂપ ભગવન્! આપ ત્રિલોકીનું હિત કરવા માટે આકાશમાં પ્રકાશિત થાઓ છો અને પોતાનાં કિરણોથી સમસ્ત અંધકારને અભિભૂત કરીને રાતે વિચરણ કરનારા અસુરોના મનોરથ નષ્ટ કરી દે છે. હે જગદીશ્વર! આપને નમસ્કાર હો. હે ઘોર અંધકાર માટે ચંદ્રસ્વરૂપ શંકર! આપ અમૃતના પ્રવાહથી પરિપૂર્ણ તથા જગતનાં બધાં પ્રાણીઓનાં નેત્ર છો. આપ આપનાં – અમર્યાદ તેજોમય કિરણોથી આકાશમાં અને ભૂતલ પર અપાર પ્રકાશ ફેલાવો છો, જેથી બધો જ અંધકાર દૂર થઈ જાય છે, આપને પ્રણામ છે. હે સર્વવ્યાપિન્! આપ પાવન-પથ – યોગમાર્ગનો આશ્રય લેનારાઓની સદા ગતિ છો, ઉપાસ્ય દેવ છો. હે ભુવન-જીવન! આપના વગરના ભલા, આ લોકમાં કોણ જીવિત રહી શકે છે. હે સર્વકુળના સંતોષદાતા! આપ નિશ્ચલ વાયુરૂપે સંપૂર્ણ પ્રાણીઓની વૃદ્ધિ કરનારા છો. આપને અભિવાદન હો. હે વિશ્વના એકમાત્ર પાવનકર્તા! આપ શરણાગતરક્ષક અને અગ્નિની એકમાત્ર શક્તિ છો. પાવક આપનું જ સ્વરૂપ છે. આપના વિના મૃતકોનો વાસ્તવિક દિવ્યકાર્ય દાહ વગેરે ન થઈ શકે. હે જગતના અંતરાત્મા! આપ પ્રાજ્ઞ-શક્તિના દાતા, જગતસ્વરૂપ અને ડગલે ને પગલે શાંતિ પ્રદાન કરનારા છો; આપનાં ચરણોમાં હું મસ્તક નમાવું છું. હે જલસ્વરૂપ

---

* પૃથ્વી, જલ, અગ્નિ, વાયુ, આકાશ, યજમાન, ચંદ્રમા અને સૂર્ય – એ આઠેયમાં અધિષ્ઠિત શર્વ, ભવ, રુદ્ર, ઉગ્ર, ભીમ, પશુપતિ, મહાદેવ અને ઈશાન – એ અષ્ટમૂર્તિઓમાં નામ છે.

પરમેશ્વર! આપ નક્કી જ જગતના પવિત્રકર્તા છો અને ચિત્રવિચિત્ર સુંદર ચરિત્ર કરનારા છો. હે વિશ્વનાથ! જલમાં અવગાહન (સ્નાન) કરવાથી આપ વિશ્વને નિર્મળ અને પવિત્ર બનાવી દો છો. એટલા માટે આપને નમસ્કાર છે. હે આકાશરૂપ ઈશ્વર! આપની પાસેથી અવકાશ પ્રાપ્ત કરવાને કારણે આ વિશ્વ બહાર અને અંદર વિકસિત થઈને સદા સ્વભાવવશ શ્વાસ લે છે અર્થાત્ એની પરંપરા ચાલતી રહે છે અને આપ દ્વારા એ સંકુચિત પણ થાય છે અર્થાત્ નષ્ટ થઈ જાય છે; એટલા માટે હે દયાળુ ભગવાન! હું આપની આગળ નતમસ્તક છું. હે વિશ્વંભરાત્મક! આપ જ આ વિશ્વનું ભરણ-પોષણ કરો છો. હે વિશ્વવ્યાપિન! આપના સિવાય બીજો કોણ અજ્ઞાન-અંધકારને દૂર કરવામાં સમર્થ થઈ શકે છે. અતઃ હે વિશ્વનાથ! અભિવાદન છે.* આપ મારા અજ્ઞાનરૂપી અંધકારનો વિનાશ કરી દો. હે નાગભૂષણ!! આપ સ્તવનીય પુરુષોમાં સર્વશ્રેષ્ઠ છો. એટલા માટે આપ પરાત્પર પ્રભુને હું વારંવાર પ્રણામ કરું છું. હે આત્મસ્વરૂપ શંકર! આપ સમસ્ત પ્રાણીઓના અંતરાત્મામાં નિવાસ કરનારા છો, પ્રત્યેક રૂપમાં વ્યાપ્ત છો અને હું આપ પરમાત્માનો જન છું. હે અષ્ટમૂર્તે! આપની આ રૂપ-પરંપરાઓથી આ ચરાચર વિશ્વ વિસ્તારને પ્રાપ્ત થયું છે. તેથી હું સદા આપને નમસ્કાર કરું છું. હે મુક્તપુરુષોના બન્ધો! આપ વિશ્વનાં સમસ્ત પ્રાણીઓના સ્વરૂપ છો. પ્રણતજનોના સંપૂર્ણ યોગક્ષેમનો નિર્વાહ કરનારા અને પરમાર્થ સ્વરૂપ છો. આપ પોતાની આ અષ્ટમૂર્તિઓથી યુક્ત થઈને આ ફેલાયેલા વિશ્વને સારી પેઠે વિસ્તૃત કરો છો, તેથી આપને મારાં

---

* ત્વં ભાભિરાભિરભિભૂય તમસ્સામસ્તમસ્તં નયસ્યભિમતાનિ નિશાચરણામ્ ।
દેદીપ્યસે દિવમણે ગગને હિતાય લોકત્રયસ્ય જગદીશ્વર તન્નમસ્તે ॥
લોકેઽતિવેલમતિવેલમહામહોભિર્નિર્ભાસિ કૌ ચ ગગનેઽખિલલોકનેત્રઃ ।
વિદ્રાવિતાખિલતમાસ્સુતમો હિમાંશો પીયૂષપૂરપરિપૂરિત તન્નમસ્તે ॥
ત્વં પાવને પથિ સદા ગતિરપ્યુપાસ્યઃ કરત્વાં વિના ભુવનજીવન જીવતીહ ।
સ્તબ્ધપ્રભંજન વિવર્ધિતસર્વજન્તો સંતોષિતાહિકુલ સર્વત્ર વૈ નમસ્તે ॥
વિશ્વૈકપાવક નતાવક પાવકૈક શક્તે ઋતે મૃતવતામૃતદિવ્યકાર્યમ્ ।
પ્રાણિપ્યદો જગદહો જગદાન્તરાત્મંસ્ત્વં પાવકઃ પ્રતિપદં શમદો નમસ્તે ॥
પાનીયરૂપ પરમેશ જગત્પવિત્ર ચિત્રાતિચિત્રસુચરિત્રકરોઽસિનૂનમ્ ।
વિશ્વં પવિત્રમમલં કિલ વિશ્વનાથ પાનીયગાહનત એતદતો નતોઽસ્મિ ॥
આકાશરૂપબહિરન્તરુતાવકાશદાનાદ્ વિકસ્વરમિહેશ્વર વિશ્વમેતત્ ।
ત્વત્તસ્મદા સદય સંશ્વસિતિ સ્વભાવાન્ સંકોચમેતિ ભવતોઽસ્મિ નતસ્તતસ્ત્વામ્ ॥
વિશ્વમ્ભરાત્મક વિભર્ષિ વિભોઽત્ર વિશ્વં કો વિશ્વનાથ ભવતોઽન્યતમસ્તમોઽરિઃ ।
સ ત્વં વિનાશય નમો મમ ચાહિભૂષ સ્તવ્યાત્પરઃ પરપરં પ્રણતસ્તતસ્ત્વામ્ ॥
આત્મસ્વરૂપ તવ રૂપપરમ્પરાભિરાભિસ્તતં હર ચરાચરરૂપમેતત્ ।
સર્વાન્તરાત્મનિલય પ્રતિરૂપરૂપ નિત્યં નતોઽસ્મિ પરમાત્મજનોઽષ્ટમૂર્તે ॥
ઇત્યષ્ટમૂર્તિભિરિમાભિરબન્ધ્યબન્ધો યુક્તઃ કરોષિ ખલુ વિશ્વજનીનમૂર્તે ।
એતત્તતં સુવિતતં પ્રણતપ્રણીત સર્વાર્થસાર્થપરમાર્થ તતો નતોઽસ્મિ ॥
(શિ. પુ. રુ. સં. યુદ્ધખંડ ૫૦/૨૪-૩૨)

સનત્કુમારજી કહે છ—હે મુનિવર! ભૃગુનંદન શુક્રે આ પ્રકારે અષ્ટમૂર્ત્યષ્ટક સ્તોત્ર દ્વારા શિવજીનું સ્તવન કરીને ભૂમિ પર મસ્તક રાખીને એમને વારંવાર પ્રણામ કર્યા. જ્યારે અમિત તેજસ્વી ભાર્ગવે મહાદેવની આ પ્રકારે સ્તુતિ કરી. ત્યારે શિવજીએ ચરણોમાં પડેલા એ દ્વિજવરને પોતાની બંને ભુજાઓથી પકડીને ઉઠાવી લીધા અને પરમપ્રેમપૂર્વક મેઘગર્જન-શી ગંભીર અને મધુર વાણીમાં કહ્યું. એ સમયે શંકરજીના દાંતની ચમકથી બધી દિશાઓ પ્રકાશિત થઈ ગઈ.

મહાદેવજી બોલ્યા—હે વિપ્રવર કવે! તમે મારા પાવન ભક્ત છો. હે તાત! તમારા આ ઉગ્ર તપથી, ઉત્તમ આચરણથી, લિંગસ્થાપનજન્ય પુણ્યથી, લિંગની આરાધનાથી, ચિત્તનો ઉપહાર પ્રદાન કરવાથી, પવિત્ર અટલ ભાવથી, અવિમુક્ત મહાક્ષેત્ર કાશીમાં પાવન આચરણ કરવાથી હું તમને પુત્રરૂપે જોઉં છું; માટે તમારે માટે કશુંય અદેય નથી. તમે પોતાના આ જ શરીરથી મારી ઉદરદરીમાં પ્રવેશ કરશો અને મારા શ્રેષ્ઠ ઇન્દ્રિયમાર્ગથી નીકળીને પુત્રરૂપે જન્મ ગ્રહણ કરશો. હે મહાશુચે! મારી પાસે જે મૃતસંજીવની નામની નિર્મળ વિદ્યા છે, જેનું મેં જ પોતાના મહાન તપોબલથી નિર્માણ કર્યું છે, એ મહામંત્રરૂપા વિદ્યા આજે હું તમને પ્રદાન કરીશ, કેમકે તમે પવિત્ર તપની નિધિ (ખજાનો, ભંડાર) છો, તેથી તમારામાં એ વિદ્યા ધારણ કરવાની યોગ્યતા-વર્તમાન છે. તમે નિયમપૂર્વક જે જે ઉદ્દેશ્યથી વિદ્યેશ્વરની આ શ્રેષ્ઠ વિદ્યાનો પ્રયોગ કરશે, તે નિશ્ચય જ જીવિત થઈ જશે – આ સર્વથા સત્ય છે. તમે આકાશમાં અત્યંત દીપ્તિમાન તારારૂપે સ્થિત થશો. તમારું તેજ સૂર્ય અને અગ્નિના તેજનું પણ અતિક્રમણ કરી જશે. તમે ગ્રહોમાં પ્રધાન માનશો. જે સ્ત્રી અથવા પુરુષ તમારી સન્મુખ રહીને યાત્રા કરશે, એમનાં બધાં કાર્યો તમારી દૃષ્ટિ પડવાથી નષ્ટ થઈ જશે. હે સુવ્રત! તમારા ઉદય થવાથી જગતમાં મનુષ્યોનાં વિવાહ વગેરે સમસ્ત ધર્મકાર્યો સફળ થશે. બધી જ નંદા તિથિઓ (પ્રતિપદા, છઠ અને એકાદશી) તમારા સંયોગથી શુભ થઈ જશે અને તમારા ભક્ત વીર્યસંપન્ન તથા ઘણાંબધાં સંતાનોવાળા થશે. તમારા દ્વારા સ્થાપિત થયેલ આ શિવલિંગ 'શુક્રેશ'ના નામે વિખ્યાત થશે. જે મનુષ્ય આ શિવલિંગનું પૂજન કરશે, અર્ચન કરશે, એમને સિદ્ધિ પ્રાપ્ત થઈ જશે. જે લોકો વર્ષપર્યંત નક્તવ્રતપરાયણ (રાત્રિભોજન) થઈને શુક્રવારને દિવસે શુક્રકૂપના જલથી બધી ક્રિયાઓ સંપન્ન કરશે અને શુક્રેશનું અર્ચન કરશે એને જે ફળની પ્રાપ્તિ થશે એનું મારી પાસેથી શ્રવણ કરો. એ મનુષ્યોમાં વીર્યની અધિકતા હશે, એમનું વીર્ય ક્યારેય નિષ્ફળ નહીં થાય; તે પુત્રવાન્ તથા પુરુષત્વના સૌભાગ્યથી સંપન્ન થશે. એમાં લેશમાત્ર પણ સંશય નથી. એ બધા જ મનુષ્ય ઘણીબધી વિદ્યાઓના જ્ઞાતા અને સુખના ભાગી થશે. આમ વરદાન આપીને મહાદેવ એ જ લિંગમાં સમાઈ ગયા. ત્યારે ભૃગુનંદન શુક્ર પણ પ્રસન્ન મનથી પોતાને ધામ ચાલ્યા ગયા. હે વ્યાસજી! આમ શુક્રાચાર્યને જે રીતે પોતાના તપોબળથી મૃત્યુંજય નામની વિદ્યાની પ્રાપ્તિ એ વૃત્તાંતનું મેં તમારી આગળ વર્ણન કરી દીધું છે. હવે તમે બીજું શું સાંભળવા ચાહો છો?

(અધ્યાય ૫૦)

*

બાણાસુરની તપસ્યા, શિવદ્વારા વરદાન પ્રાપ્તિ, શિવગણો અને પુત્રોસહિત એનો નગરમાં નિવાસ, બાણની પુત્રી ઉષાને સ્વપ્ન-સમયમાં અનિરુદ્ધ સાથેનું મિલન, ચિત્રલેખા દ્વારા અનિરુદ્ધનું દ્વારકાથી અપહરણ, બાણનું અનિરુદ્ધને નાગપાશમાં બંધન, દુર્ગાના સ્તવનથી અનિરુદ્ધનું બંધનમુક્ત થવું, નારદ દ્વારા સમાચાર મેળવીને શ્રીકૃષ્ણની શોણિતપુર પર ચઢાઈ, શિવની સાથે એમનું ઘોર યુદ્ધ. શિવની આજ્ઞાથી શ્રીકૃષ્ણનું એમને જૃંભણાસ્ત્રથી મોહિત કરીને બાણની સેનાનો સંહાર કરવો

વ્યાસજી બોલ્યા—હે સર્વજ્ઞ સનત્કુમારજી! આપે અનુગ્રહ કરીને પ્રેમપૂર્વક આવી અદ્‌ભુત અને સુંદર કથા સંભળાવી છે, જે શંકરની કૃપાથી ઓતપ્રોત છે. હવે મને શશિમૌલિના એ ઉત્તમ ચરિત્રનું શ્રવણ કરવાની ઇચ્છા છે, જેમાં એમણે પ્રસન્ન થઈને બાણાસુરને ગણાધ્યક્ષપદ પ્રદાન કર્યું હતું.

સનત્કુમારજીએ કહ્યું—હે વ્યાસજી! પરમાત્મા શંભુની એ કથા, જેમાં એમણે પ્રસન્ન થઈને બાણાસુરને ગણનાયક બનાવ્યો હતો, એ આદરપૂર્વક સાંભળો. આ પ્રસંગમાં જ મહાપ્રભુ શંકરનું એ પણ સુંદર ચરિત્ર આવશે જેમાં એમણે બાણાસુર પર આગ્રહ કરીને શ્રીકૃષ્ણ સાથે સંગ્રામ કર્યો હતો. હે વ્યાસજી! દક્ષ પ્રજાપતિની તેર કન્યાઓ કશ્યપ મુનિની પત્નીઓ હતી. એ બધી જ પતિવ્રતા તથા સુશીલ હતી. એમાં દિતિ સૌથી મોટી હતી, જેના છોકરા દૈત્ય કહેવાય છે. અન્ય પત્નીઓથી પણ દેવતા તથા ચરાચરસહિત સમસ્ત પ્રાણી પુત્રરૂપે ઉત્પન્ન થયાં હતાં. જ્યેષ્ઠ પત્ની દિતિના ગર્ભથી બે મહાબલી પુત્ર પેદા થયા, એમાં હિરણ્યકશિપુ જ્યેષ્ઠ હતો અને નાના ભાઈનું નામ હતું હિરણ્યાક્ષ. હિરણ્યકશિપુને ચાર પુત્રો થયા. એ દૈત્યશ્રેષ્ઠોનાં નામ ક્રમશઃ હ્લાદ, અનુહ્લાદ, સંહ્લાદ અને પ્રહ્લાદ હતાં. એમાં પ્રહ્લાદ જિતેન્દ્રિય તથા મહાન વિષ્ણુભક્ત થયા. એમનો નાશ કરવા માટે કોઈ પણ દૈત્યમાં સામર્થ્ય નહોતું. કોઈ સમર્થ ન થઈ શક્યું. પ્રહ્લાદનો પુત્ર વિરોચન થયો, એ દાનવોમાં સર્વશ્રેષ્ઠ હતો. એણે વિપ્રરૂપે યાચના કરનાર ઇન્દ્રને પોતાનું માથું જ આપી દીધું હતું. એનો પુત્ર બલિ થયો. એ મહાદાની અને શિવભક્ત હતો. એણે વામનરૂપધારી વિષ્ણુને આખી પૃથ્વી દાનમાં આપી દીધી. બલિનો ઔરસ પુત્ર બાણ થયો. તે શિવભક્ત, માની, ઉદાર, બુદ્ધિમાન, સત્યપ્રતિજ્ઞ અને સહસ્રોનું દાન કરનારો હતો. એ અસુરરાજે પૂર્વકાળમાં ત્રિલોકીને તથા ત્રિલોકાધિપતિઓને બળપૂર્વક જીતીને શોણિતપુરમાં પોતાની રાજધાની બનાવી અને ત્યાં જ રહીને રાજ્ય કરવા લાગ્યો. એ સમયે દેવગણ શંકરની કૃપાથી એ શિવભક્ત બાણાસુરના કિંકર (નોકર) સમાન થઈ ગયા હતા. એના રાજ્યમાં દેવતાઓ સિવાય બીજી કોઈ પ્રજા દુઃખી નહોતી. શત્રુધર્મનો વર્તાવ કરનારા દેવતા શત્રુતાવશ જ કષ્ટ ભોગવી રહ્યા

હતા. એક સમયે એ મહા અસુર પોતાની સહસ્ર ભુજાઓથી તાળી વગાડતાં વગાડતાં તાંડવ નૃત્ય કરીને મહાદેવ શિવને પ્રસન્ન કરવાની ચેષ્ટા કરવા લાગ્યો. એના એ નૃત્યથી ભક્તવત્સલ શંકર સંતુષ્ટ થઈ ગયા. પછી એમણે પરમ પ્રસન્ન થઈ એની તરફ કૃપાદૃષ્ટિથી જોયું. ભગવાન શંકર તો સંપૂર્ણ લોકોના સ્વામી, શરણાગતવત્સલ અને ભક્ત વાંછાકલ્પતરુ જ હતા. એમણે બલિનંદન મહાસુર બાણને વરદાન આપવાની ઈચ્છા પ્રગટ કરી.

હે મુને! બલિનંદન મહાદૈત્ય બાણ શિવભક્તોમાં શ્રેષ્ઠ અને પરમ બુદ્ધિમાન હતો. એણે પરમેશ્વર શંકરને પ્રણામ કરીને એમની સ્તુતિ કરી અને કહ્યું -

બાણાસુર બોલ્યો—હે પ્રભો! આપ મારા રક્ષક થઈ જાઓ અને પુત્રો તથા ગણોસહિત મારા નગરના અધ્યક્ષ બનીને સર્વથા પ્રીતિનો નિર્વાહ કરતાં કરતાં મારી પાસે જ નિવાસ કરો.

સનત્કુમારજી કહે છ—હે મહર્ષે! એ બલિપુત્ર બાણ નિશ્ચય જ શિવની માયાથી મોહમાં પડી ગયો હતો, એટલે એણે મુક્તિ પ્રદાન કરનારા મહેશ્વરને મેળવીને પણ આવું વરદાન માગ્યું. ત્યારે ઐશ્વર્યશાળી ભક્તવત્સલ શંભુ એને વરદાન આપીને પુત્રો અને ગણોની સાથે પ્રેમપૂર્વક ત્યાં જ નિવાસ કરવા લાગ્યા - એક વાર બાણાસુરને બહુ જ ગર્વ થઈ ગયો. એણે તાંડવનૃત્ય કરીને શંકરને સંતુષ્ટ કર્યા. જ્યારે બાણાસુરને એ જ્ઞાન થઈ ગયું કે પાર્વતીવલ્લભ શિવ પ્રસન્ન થઈ ગયા છે ત્યારે બે હાથ જોડીને મસ્તક નમાવીને બોલ્યો.

બાણાસુરે કહ્યું—હે દેવાધિદેવ મહાદેવ! આપ સમસ્ત દેવતાઓના શિરોમણિ છો. આપની કૃપાથી જ હું બલી થયો છું. આપ મારાં ઉત્તમ વચન સાંભળો. હે દેવ! આપે જે મને એક હજાર ભુજા આપી છે, એ તો હવે મને મહાન ભારરૂપ લાગી રહી છે; કેમકે, આ ત્રિલોકીમાં મને આપના સિવાય પોતાનો સમકક્ષ અને કોઈ યોદ્ધો જ ન મળ્યો. એટલા માટે હે વૃષભધ્વજ! યુદ્ધ વિના આ પર્વત જેવી હજાર ભુજાઓ લઈને હું કરું શું? મેં આપની પરિપુષ્ટ ભુજાઓની ચળ મટાડવા યુદ્ધની લાલસાથી નગર અને પર્વતોને ચૂર્ણ કરીને દિગ્ગજોની પાસે ગયો; પરંતુ એ પણ ભયભીત થઈને ભાગી ગયાં. મેં યમને યોદ્ધા, અગ્નિને મહાન કાર્ય કરનારા, વરુણને ગાયોના પાલન કર્તા ગોપાલ, કુબેરને ગજાધ્યક્ષ નિર્ઋતિને સૈરન્ધ્રી અને ઇન્દ્રને જીતીને સદાને માટે કર આપનારો કરદ બનાવી લીધો છે. હે મહેશ્વર! હવે મને કોઈ એવા યુદ્ધને પ્રાપ્ત થવાની વાત બતાવો. જેમાં મારી આ ભુજાઓ યા તો શત્રુઓને હાથે છૂટેલાં શસ્ત્રાસ્ત્રથી જર્જર થઈને પડી જાય અથવા હજારો પ્રકારથી શત્રુઓની ભુજાઓ પાડી દે. આ જ મારી અભિલાષા છે, એને પૂર્ણ કરવાની કૃપા કરો.

સનત્કુમારજી કહે છે—હે મુનિશ્રેષ્ઠ એની વાત સાંભળીને ભક્તોનાં દુઃખ દૂર કરનાર તથા મહામન્યુ સ્વરૂપ રુદ્રને થોડોક ક્રોધ થયો. ત્યારે એ મહાન અદ્‌ભુત અટ્ટહાસ કરીને બોલ્યા.

રુદ્રે કહ્યું—'અરે અભિમાની! સંપૂર્ણ દૈત્યોમાં નીચ! તને સર્વથા ધિક્કાર છે, ધિક્કાર છે. તું બલિનો પુત્ર અને મારો ભક્ત છે. તારે માટે આવી વાત કહેવી ઉચિત નથી. હવે તારો દર્પ ચૂર્ણ થશે. તારે શીઘ્ર જ મારા સમાન બળવાન સાથે અકસ્માત મહાન ભીષણ યુદ્ધ પ્રાપ્ત થશે. એ સંગ્રામમાં તારી આ પર્વત જેવી ભુજાઓ

જલાઉ લાકડાંની જેમ શસ્ત્ર-અસ્ત્રથી છિન્નભિન્ન થઈને ભૂમિ પર પડશે. હે દુષ્ટાત્મન્! તારા આયુધાગાર પર સ્થાપિત નારી જે આ મનુષ્યના માથાવાળી મયૂરધ્વજ ફરકી રહી છે એનો જ્યારે વાયુ-ભય વગર જ પતન થઈ જશે. ત્યારે તું તારા ચિત્તમાં સમજી લેજે કે તે મહાન ભયાનક યુદ્ધ આવી પહોંચ્યું છે. એ સમયે તું ઘોર સંગ્રામનો નિશ્ચય કરીને પોતાની સમગ્ર સેના સાથે ત્યાં જજે. આ સમયે તો તું પોતાના મહેલમાં પાછો ચાલ્યો જા, કેમકે, એમાં જ તારું કલ્યાણ છે. હે દુર્મતે! ત્યાં તને પ્રસિદ્ધ મોટા મોટા ઉત્પાતો જોવા મળશે.' આમ કહીને ગર્વહારી ભક્તવત્સલ ભગવાન શંકર ચૂપ થઈ ગયા.

સનત્કુમારજી કહે છે—હે મુને! આ સાંભળીને બાણાસુરે દિવ્ય પુષ્પોથી કળીઓથી અંજલિ ભરીને રુદ્રની અભ્યર્ચના કરી અને પછી એ મહાદેવને પ્રણામ કરીને તે પોતાને ઘેર પાછો ફર્યો. તદનંતર કોઈ એક વખતે દૈવવશ એનો એ ધ્વજ પોતાની મેળે જ તૂટીને પડી ગયો. આ જોઈને બાણાસુર હર્ષિત થઈ ગયો અને યુદ્ધને માટે તૈયાર થઈ ગયો. એ પોતાના હૃદયમાં વિચાર કરવા લાગ્યો કે કયો યુદ્ધપ્રેમી યોદ્ધો કયા દેશથી આવશે. જે વિવિધ પ્રકારનાં શસ્ત્ર-અસ્ત્રોનો પારગામી વિદ્વાન હશે અને મારી હજાર ભુજાઓને ઇંધણની જેમ કાપી નાખશે તથા હું પણ પોતાનાં અત્યંત તીક્ષ્ણ શસ્ત્રોથી એના સેંકડો ટુકડા કરી દઈશ. એ જ સમયે શંકરની પ્રેરણાથી એ સમય આવી ગયો. એક દિવસ બાણાસુરની કન્યા ઉષા વૈશાખ માસમાં માધવની પૂજા કરીને માંગલિક શૃંગારથી સુસજ્જિત થઈને રાત્રિના સમયે પોતાના ગુપ્ત અંતઃપુરમાં સૂઈ રહી હતી, એ જ સમયે તે (કામભાવ-)ને પ્રાપ્ત થઈ ગઈ. ત્યારે દેવી પાર્વતીની શક્તિથી સ્વપ્નમાં શ્રીકૃષ્ણના પૌત્ર અનિરુદ્ધનું મિલન પ્રાપ્ત થયું. જાગ્યા પછી તે વ્યાકુળ થઈ ગઈ અને એણે એની સખી ચિત્રલેખાને સ્વપ્નમાં મળેલ એ પુરુષને લાવી આપવા કહ્યું.

ત્યારે ચિત્રલેખાએ કહ્યું—'હે દેવી! તમે સ્વપ્નમાં જે પુરુષ જોયો છે, એને ભલા હું કેવી રીતે લાવી શકું, જ્યારે કે હું તો એને જાણતી જ નથી.' એના આવા કથન પર દૈત્યકન્યા ઉષા પ્રેમાન્ધ થઈને મરવા માટે તૈયાર થઈ ગઈ, ત્યારે તે દિને એની એ સખીએ તેને બચાવી. હે મુનિશ્રેષ્ઠ! કુંભાંડની પુત્રી ચિત્રલેખા ખૂબ બુદ્ધિમતી હતી, તે બાણતન્યા ઉષાને પુનઃ કહેવા લાગી.

ચિત્રલેખાએ કહ્યું—હે સખી! જે પુરુષે તમારા મનનું હરણ કર્યું છે, એને બતાવો તો ખરાં. જો એ ત્રિલોકીમાં ક્યાંય પણ હશે તો હું એને લઈ આવીશ અને તમારા કષ્ટને દૂર કરીશ.

સનત્કુમારજી કહે છે—હે મહર્ષે! આમ કહીને ચિત્ર-લેખાએ વસ્ત્રના પડદા પર દેવતાઓ, દૈત્યો, દાનવો, ગંધર્વો, સિદ્ધો, નાગ અને પક્ષ વગેરેનાં ચિત્ર અંકિત કર્યાં. પછી તે મનુષ્યોનાં ચિત્રો દોરવા લાગી. એમાં વૃષ્ણિવંશીઓના પ્રકરણના આરંભ થવા પર એણે શૂર, વસુદેવ, રામ, કૃષ્ણ, અને નરશ્રેષ્ઠ પ્રદ્યુમ્નનાં ચિત્ર બનાવ્યાં. પછી જ્યારે એણે પ્રદ્યુમ્ન-નંદન અનિરુદ્ધનું ચિત્ર દોર્યું. ત્યારે એને જોઈને ઉષા લજ્જિત થઈ ગઈ. એનું મુખ અવનત થઈ ગયું અને હૃદય હર્ષથી પરિપૂર્ણ થઈ ગયું.

ઉષાએ કહ્યું—'હે સખી! રાત્રે જે મારી

પાસે આવ્યો હતો અને જેણે શીઘ્ર જ મારા ચિત્તરૂપી રત્નને ચોરી લીધું છે, તે ચોર પુરુષ આ જ છે.' તદનંતર ઉષાએ અનુરોધ કર્યો ત્યારે ચિત્રલેખા જેઠ વદ ચતુર્દશીના ત્રીજે પ્રહરે દ્વારકાપુરી પહોંચી ગઈ અને ક્ષણમાત્રમાં જ પલંગ પર બેઠેલા અનિરુદ્ધને મહેલમાંથી ઉઠાવી લાવી. તે દિવ્ય યોગિની હતી. ઉષા પોતાના પ્રિયતમને મેળવીને પ્રસન્ન થઈ ગઈ. આ બાજુ અંતઃપુરના દ્વારનું રક્ષણ કરનારા નેતરની લાકડી ધારણ કરેલા પહેરેદારોએ ચેષ્ટાઓથી તથા અનુમાનથી એ વાતને લક્ષ્યમાં લઈ લીધી. એમણે એક દિવ્ય શરીરધારી, દર્શનીય, સાહસી તથા સમરપ્રિય નવયુવકને કન્યાની સાથે દુઃશીલતાનું આચરણ કરતાં જોઈ પણ લીધો હતો. એને જોઈને કન્યાના અંતઃપુરની રક્ષા કરનારા એ મહાબલી પુરુષોએ બલિપુત્ર બાણાસુર પાસે જઈને બધી વાતો નિવેદિત કરી દીધી.

દ્વારપાળ બોલ્યા—હે દેવ! ખબર નહીં, આપના અંતઃપુરમાં બળપૂર્વક પ્રવેશ કરીને કયો પુરુષ સંતાયો છે. તે ઇન્દ્ર તો નથી લાગતો, જે વેશ બદલીને આપની કન્યાનો ઉપભોગ કરી રહ્યો છે? હે મહાબાહુ દાનવરાજ! એને અહીં જુઓ, જુઓ અને જેવું ઉચિત સમજો તેવું કરો. આમાં અમારા લોકોનો કોઈ દોષ નથી.

સનત્કુમારજી કહે છે—હે મુનિશ્રેષ્ઠ! દ્વારપાલોનું આ વચન સાંભળીને તથા કન્યાનું દૂષિત થવાનું કથન સાંભળીને મહાબલી દાનવરાજ બાણ આશ્ચર્યચકિત થઈ ગયો. ત્યારબાદ તે કુપિત થઈને અંતઃપુરમાં જઈ પહોંચ્યો. ત્યાં એણે પ્રથમ અવસ્થામાં વર્તમાન દિવ્ય શરીરધારી અનિરુદ્ધને જોયો. એને મહાન આશ્ચર્ય થયું. પછી એણે એનું બળ બતાવવા - શક્તિ પ્રદર્શન કરવા - દશ હજાર સૈનિકોને મોકલીને આજ્ઞા આપી કે એને મારી નાખો. સેનાએ અનિરુદ્ધ પર આક્રમણ કર્યું. ત્યારે અનિરુદ્ધે જોત જોતામાં, વાત વાતમાં, દશ હજાર સૈનિકોને કાલને હવાલે કરી દીધા, પછી તો અસંખ્ય સેના પર સેના આવવા લાગી અને અનિરુદ્ધ એમને કાળનો કોળિયો બનાવતો ગયો. ત્યાર પછી એમણે બાણાસુરનો વધ કરવાને માટે એક શક્તિ હાથમાં લીધી, જે કાલાગ્નિની સમાન ભયંકર હતી. પછી એનાથી જ રથની બેઠક પર બેઠેલા બાણાસુર પર પ્રહાર કર્યો. એનો ઘોર ઘા, ચોટ, ખાઈને વીરવર બાણ ત્યાં જ અંતર્ધાન થઈ ગયો. પછી મહાવીર બલિપુત્ર બાણે, જે મહાન બળસંપન્ન તથા શિવભક્ત હતો, છળપૂર્વક અનિરુદ્ધને નાગપાશથી બાંધી લીધો. આ રીતે એમને બાંધીને એને પાંજરામાં કેદ કરીને તે યુદ્ધથી ઉપરામ થઈ ગયો. ત્યાર પછી બાણ કુપિત થઈને મહાબલી સૂતપુત્રને કહેવા લાગ્યો.

બાણાસુરે કહ્યું—હે સૂતપુત્ર! ઘાસફૂસથી ઢંકાયેલા અગાધ કૂવામાં ધકેલી દો અને આ પાપીને મારી નાખો. વધારે તો શું કહું, એને સર્વથા મારી જ નાખવો જોઈએ.

સનત્કુમારજી કહે છે—હે મુને! એની આ વાત સાંભળીને ઉત્તમ મંત્રીઓમાં શ્રેષ્ઠ ધર્મબુદ્ધિ નિશાચરે કુંભાંડે બાણાસુરને કહ્યું.

કુંભાંડ બોલ્યો—હે દેવ! થોડો વિચાર તો કરો. મારી સમજમાં તો આ કર્મ કરવું ઉચિત નથી પ્રતીત થતું; કેમકે, એના માર્યા જવાથી આપણો આત્મા જ આહત થશે. પરાક્રમમાં તો એ વિષ્ણુ-સમાન જણાય છે. જણાય છે કે, તમારા પર કુપિત થઈને ચંદ્રચૂડે પોતાના ઉત્તમ તેજથી એને વધારી દીધો છે. સાહસમાં એ

શશિમૌલિની સમાનતા કરી રહ્યો છે; કેમકે આ અવસ્થા અથવા દશાએ પહોંચી ગયો હોવા છતાં પણ એ પુરુષાર્થ પર અડગ ટકી રહ્યો છે. એ એવો બલી છે કે યદ્યપિ નાગ એને બળપૂર્વક ડંખી રહ્યા છે. તથાપિ એ આપણા લોકોને લણવત્ જ સમજી રહ્યો છે.

સનત્કુમારજી કહે છે—હે વ્યાસજી! દાનવ કુંભાંડ રાજનીતિના જ્ઞાતાઓમાં શ્રેષ્ઠ હતો. એ બાણને આવું કહીને પુનઃ અનિરુદ્ધને કહેવા લાગ્યો.

કુંભાંડે કહ્યું—'હે નરાધમ! હવે તું વીરવર દૈત્યરાજની સ્તુતિ કર અને દીન વાણીથી બોલ 'હું હારી ગયો છું.' આવું કહીને વારંવાર નમસ્કાર કર. હાથ જોડ. આવું કરવાથી જ તું મુક્ત થઈ શકીશ, અન્યથા તારે બંધન વગેરેનું દુઃખ ભોગવવું પડશે.' એની વાત સાંભળીને અનિરુદ્ધ ઉત્તર આપતાં બોલ્યા.

અનિરુદ્ધે કહ્યું—હે દુરાચારી નિશાચર! તને ક્ષત્રિય ધર્મનું જ્ઞાન નથી. અરે! શૂરવીર માટે દીનતા દેખાડવી અને યુદ્ધથી વિમુખ થવું મરણથી પણ વધારે કષ્ટદાયક હોય છે. મારા વિચારથી તો વિરુદ્ધાચરણ કાંટાની જેમ ભોંકાઈ જનારું હોય છે. વીરમાની ક્ષત્રિય માટે તો રણભૂમિમાં સદા સન્મુખ લડતાં લડતાં મરવું જ શ્રેયસ્કર છે, ભૂમિ પર પડીને હાથ જોડીને દીનની તરફ મરવાનું ક્યારેય નથી હોતું*

સનત્કુમારજી કહે છે—હે મુને! આ રીતે અનિરુદ્ધે ઘણીબધી વીરતાની વાતો કહી, જેને સાંભળીને બાણાસુરને મહાન વિસ્મય થયો અને એને ક્રોધ પણ થયો. એ જ સમયે સમસ્ત વીરોના, અનિરુદ્ધના અને મંત્રી કુંભાંડના સાંભળતાં સાંભળતાં બાણાસુરના આશ્વાસનાર્થે આકાશવાણી થઈ.

આકાશવાણીએ કહ્યું—'હે મહાબલી બાણ! તું બલિનો પુત્ર છે, તેથી થોડો તો વિચાર કર. હે પરમ બુદ્ધિમાન શિવભક્ત! તારે માટે ક્રોધ કરવો ઉચિત નથી. શિવ સમસ્ત પ્રાણીઓના ઈશ્વર, કર્મોના સાક્ષી અને પરમેશ્વર છે. આ આખું ચરાચર જગત્ એમને જ અધીન છે. એ જ સદા રજોગુણ, સત્ત્વગુણ અને તમોગુણનો આશ્રય લઈને બ્રહ્મા, વિષ્ણુ અને રુદ્રરૂપે લોકોની સૃષ્ટિ, લોકોનું ભરણપોષણ અને લોકોનો સંહાર કરે છે. તે સર્વાન્તરયામી, સર્વેશ્વર, સૌના પ્રેરક, સર્વશ્રેષ્ઠ વિકારરહિત, અવિનાશી, નિત્ય અને માયાધીશ હોવા છતાં પણ નિર્ગુણ છે. હે બલિના શ્રેષ્ઠ પુત્ર! એમની ઇચ્છાથી નિર્બળને પણ બળવાન સમજવા જોઈએ. હે મહામતે! મનમાં આવી રીતે વિચાર કરીને સ્વસ્થ થઈ જાઓ. વિવિધ પ્રકારની લીલાઓ રચવામાં નિપુણ ભગવાન શંકર ગર્વને સમાપ્ત કરી દેનારા છે. તે આ સમયે તમારા ગર્વના ચૂરેચૂરા કરી દેશે.

સનત્કુમારજી કહે છે—હે મહામુને! આટલું કહીને આકાશવાણી બંધ થઈ ગઈ. ત્યારે એનાં વચનને માનીને બાણાસુરે અનિરુદ્ધનો વધ કરવાનો વિચાર માંડી વાળ્યો. ત્યાર બાદ ઝેરી નાગના પાશથી બંધાયેલા અનિરુદ્ધ એ જ ક્ષણે દુર્ગાનું સ્મરણ કરવા લાગ્યા.

અનિરુદ્ધે કહ્યું—હે શરણાગતવત્સલે! આપ

---

* ક્ષત્રિયસ્ય રણે શ્રેયો મરણં સમ્મુખે સદા। ન વીરમાનિની ભૂમૌ દીનસ્યેવ કૃતાંજલેઃ॥
(શિ.પુ.રુ.સં. યુદ્ધખંડ ૫૩:૩૫)

તો યશપ્રદાન કરનારાં છો, આપનો રોષ બહુ ઉગ્ર હોય છે. હે દેવી! હું નાગપાશથી બંધાયેલો છું અને નાગોની વિષજ્વાલાઓથી સંતપ્ત થઈ રહ્યો છું, માટે આપ શીઘ્ર જ પધારો અને મારી રક્ષા કરો.

સનત્કુમારજી કહે છ—હે મુનીશ્વર! જ્યારે અનિરુદ્ધે દળેલા કાળા કોલસા સમાન કૃષ્ણવર્ણવાળાં કાલીને આ પ્રકારે સંતુષ્ટ કર્યાં, ત્યારે જેઠ વદ ચતુર્દશીના મહારાત્રિમાં ત્યાં પ્રગટ થયાં. એમણે એ સર્પરૂપી ભયાનક બાણોને ભસ્મસાત્ કરીને પોતાના બલિષ્ઠ મુક્કાના આઘાતથી એ નાગ-પંજરને વિદીર્ણ કરી દીધું. આ રીતે દુર્ગાએ અનિરુદ્ધને બંધનમુક્ત કરીને એમને પુનઃ અંતઃપુરમાં પહોંચાડી દીધા અને સ્વયં ત્યાં જ અંતર્ધાન થઈ ગયાં. આ રીતે શિવની શક્તિ સ્વરૂપા દેવીની કૃપાથી અનિરુદ્ધ કષ્ટથી છૂટી ગયા, એમની બધી જ વ્યથા મટી ગઈ અને એ સુખી થઈ ગયા. ત્યાર પછી પદ્યુમ્નનંદન અનિરુદ્ધ શિવશક્તિના પ્રતાપથી વિજયી થઈને પોતાની પ્રિયા બાણતનયાને મેળવીને પરમ હર્ષિત થયા અને પોતાની પ્રિયતમા એ ઉષાની સાથે પૂર્વવત્ સુખપૂર્વક વિહાર કરવા લાગ્યા. આ બાજુ પૌત્ર અનિરુદ્ધના અદૃશ્ય થઈ જવાથી તથા નારદજીના મુખે એનું બાણાસુર દ્વારા નાગપાશથી બંધન થયું જાણ્યાના સમાચાર સાંભળીને બાર અક્ષૌહિણી સેનાની સાથે પ્રદ્યુમ્ન વગેરે વીરોને સાથે લઈને ભગવાન શ્રીકૃષ્ણે શોણિતપુર પર ચઢાઈ કરી દીધી. પેલી બાજુ ત્યાં ભગવાન શ્રીરુદ્ર પણ પોતાના ભક્તના પક્ષમાં સજધજ થઈને આવીને મક્કમ રીતે ઊભા રહ્યા. પછી તો શ્રીકૃષ્ણ અને શ્રીશિવનું બહુ ભયાનક યુદ્ધ થયું. બંને બાજુથી જ્વર છોડવામાં આવ્યા. અંતમાં શ્રીકૃષ્ણે સ્વયં શ્રીરુદ્રની પાસે આવીને એમનું સ્તવન કરીને કહ્યું, હે સર્વવ્યાપી શંકર! આપ તો ગુણોથી નિર્લિપ્ત થઈને પણ ગુણોથી ગુણોને પ્રકાશિત કરો છો. હે ગિરિશાયી ભૂમન્! આપ સ્વપ્રકાશ છો. જેની બુદ્ધિ આપની માયાથી મોહિત થઈ ગઈ છે, તે સ્ત્રી, પુત્ર, ગૃહ વગેરે વિષયોમાં આસક્ત થઈને દુઃખસાગરમાં ડૂબી જાય છે, ઊતરી જાય છે. જે અજિતેન્દ્રિય પુરુષ પ્રારબ્ધવશ આ મનુષ્ય-જન્મને પ્રાપ્ત કરીને પણ આપનાં ચરણોને પ્રેમ નથી કરતો, તે શોચનીય તથા આત્મવંચક છે. હે ભગવન્! આપ ગર્વહારી છો, આપે જ તો આ ગર્વવાળા બાણને શાપ આપ્યો હતો; તેથી આપની જ આજ્ઞાથી મેં બાણાસુરની ભુજાઓનું છેદન કરવાને માટે અહીં આવ્યો છું. એટલા માટે હે મહાદેવ! આપ આ યુદ્ધથી નિવૃત્ત થઈ જાઓ. હે પ્રભો! મને બાણની ભુજાઓ કાપવા માટે આજ્ઞા પ્રદાન કરો, જેથી આપનો શાપ વ્યર્થ ન જાય.'

મહેશ્વરે કહ્યું—હે તાત! આપે ઠીક જ કહ્યું છે કે મેં જ આ દૈત્યરાજને શાપ આપ્યો હતો અને મારી જ આજ્ઞાથી આપ બાણાસુરની ભુજાઓ કાપવા અહીં પધાર્યા છો; કિન્તુ હે રમાનાથ! હે હરે! શું કરું, હું તો સદા ભક્તોને જ અધીન રહું છું. આવી દશામાં હે વીર! મારા દેખતાં જ બાણની ભુજાઓ કેવી રીતે કપાઈ શકે? એટલા માટે મારી આજ્ઞાથી આપ પહેલાં જૃંભણાસ્ત્ર દ્વારા મને જૃંભિત કરી દો ત્યાર પછી પોતાનું અભીષ્ટ કાર્ય સંપન્ન કરો અને સુખી થઈ જાઓ.

સનત્કુમારજી કહે છે—હે મુનીશ્વર! શંકરજીના આમ કહેવાથી શાર્ઙ્ગપાણિ શ્રીહરિને મહાન વિસ્મય થયો. તે પોતાને યુદ્ધ-સ્થાન પર આવીને પરમ આનંદિત થયા. હે વ્યાસજી! ત્યારબાદ વિવિધ પ્રકારનાં અસ્ત્રોના સંચાલનમાં નિપુણ શ્રીહરિએ તરત જ પોતાના ધનુષ પર જૃંભણાસ્ત્રનું સંધાન કરીને એને પિનાક-પાણિ શંકર પર છોડી દીધું. આ રીતે શ્રીકૃષ્ણ જૃંભણાસ્ત્ર દ્વારા જૃંભિત થયેલા શંકરને મોહમાં નાખીને ખડ્ગ, ગદા અને ઋષ્ટિ વગેરેથી બાણની સેનાનો સંહાર કરવા લાગ્યા.

(અધ્યાય ૫૧ થી ૫૪)

*

શ્રીકૃષ્ણ દ્વારા બાણની ભુજાઓનું છેદાઈ જવું, માથું કાપવા માટે તૈયાર થયેલા શ્રીકૃષ્ણને શિવજી રોકે છે, અને એમને સમજાવે છે, શ્રીકૃષ્ણનું પરિવાર સહિત દ્વારકા પરત જવું, બાણ તાંડવનૃત્ય દ્વારા શિવને પ્રસન્ન કરે છે, શિવ દ્વારા એને અન્યાન્ય વરદાનોની સાથે મહાકાલત્વની પ્રાપ્તિ

સનત્કુમારજી કહે છે—હે મહાપ્રાજ્ઞ વ્યાસજી! લોકલીલાનું અનુસરણ કરનારા શ્રીકૃષ્ણ અને શંકરની એ પરમ અદ્‌ભુત કથાનું શ્રવણ કરો. હે તાત! જ્યારે ભગવાન રુદ્ર લીલાવશ પુત્રો તથા ગણો સહિત ઊંઘી ગયા, ત્યારે દૈત્યરાજ બાણ શ્રીકૃષ્ણ સાથે યુદ્ધ કરવા માટે ચાલ્યો. એ સમયે કુંભાંડ એના અશ્વોની લગામ સંભાળી રહ્યો હતો અને વિવિધ પ્રકારનાં શસ્ત્ર-અસ્ત્રથી સજ્જિત હતો. પછી એ મહાબલી બલિપુત્ર ભીષણ યુદ્ધ કરવા લાગ્યો. આ રીતે એ દિવસોમાં એ બંનેમાં ચિરકાલ સુધી બહુ ઘોર સંગ્રામ ચાલતો રહ્યો; કેમકે વિષ્ણુના અવતાર શ્રીકૃષ્ણ શિવરૂપ જ હતા અને પેલી બાજુ બળવાન બાણાસુર ઉત્તમ શિવભક્ત હતો. હે મુનીશ્વર! ત્યાર બાદ વીર્યવાન શ્રીકૃષ્ણ, જેમને શિવની આજ્ઞાથી બળ પ્રાપ્ત થઈ ગયું હતું, ચિરકાલ સુધી બાણની સાથે આમ યુદ્ધ કરીને અત્યંત કુપિત થઈ ગયા. ત્યારે શત્રુવીરોનો સંહાર કરનાર ભગવાન શ્રીકૃષ્ણે શંભુના આદેશથી શીઘ્ર જ સુદર્શન-ચક્ર દ્વારા બાણની ઘણીબધી ભુજાઓ કાપી નાખી. અન્તમાં એની અત્યંત સુંદર ચાર ભુજા જ બાકી રહી ગઈ અને શંકરની કૃપાથી શીઘ્ર જ એની વ્યથા પણ મટી ગઈ. જ્યારે બાણની સ્મૃતિ લુપ્ત થઈ ગઈ અને વીરભાવને પ્રાપ્ત થયેલ શ્રીકૃષ્ણ એનું માથું કાપી લેવા તૈયાર થયા, ત્યારે શંકરજી મોહનિદ્રાનો ત્યાગ કરીને ઊઠ્યા, ઊભા થઈને બોલ્યા.

રુદ્રે કહ્યું—હે દેવકીનંદન! આપ તો સદાયે મારી આજ્ઞાનું પાલન કરતા જ આવ્યા છો. હે ભગવન્! મેં પહેલાં આપને જે કામને માટે આજ્ઞા આપી હતી, એ તો આપે પૂરી કરી દીધી. હવે બાણનો શિરચ્છેદ ન કરશો અને સુદર્શન-ચક્રને પાછું વાળી લો. મારી આજ્ઞાથી આ ચક્ર સદા મારા ભક્તો પર અમોઘ રહ્યું છે. હે ગોવિંદ! મેં પહેલાં જ આપને યુદ્ધમાં અનિવાર્ય ચક્ર આપ્યું હતું અને જય અપાવ્યો હતો. હવે

આપ યુદ્ધથી નિવૃત્ત થઈ જાઓ. હે લક્ષ્મીશ! પૂર્વકાળમાં પણ આપે તો મારી આજ્ઞા વગર દધીચ, વીરવર રાવણ અને તારકાક્ષ વગેરેના પુરો પર પ્રયોગ કર્યો ન હતો. હે જનાર્દન! આપ તો યોગીશ્વર, સાક્ષાત્ પરમાત્મા અને સંપૂર્ણ પ્રાણીઓના હિતમાં રત રહેનારા છો. તમે સ્વયં જ પોતાના મનથી વિચાર કરો. મેં એને વરદાન આપી રાખ્યું છે કે તને મૃત્યુનો ભય નહીં થાય. મારું એ વચન સદા સત્ય થવું જોઈએ. હું આપ પર પરમ પ્રસન્ન છું. હે હરે! બહુ દિવસો પહેલાં એ ગર્વથી ભરાઈ ગયો હતો અને ઉન્મત્ત થઈ ગયો હતો અને પોતાની જાતને ભૂલી ગયો હતો. ત્યારે પોતાની ભુજાઓને ખંજવાળતો હતો અને મારી પાસે આવી પહોંચ્યો અને બોલ્યો - 'મારી સાથે યુદ્ધ કરો.' ત્યારે મેં એને શાપ આપતાં કહ્યું હતું - 'થોડા જ સમયમાં તારી ભુજાઓનું છેદન કરનારો આવશે. ત્યારે તારો આ બધો ગર્વ ગળી જશે.' (બાણ તરફ જોઈને) કહ્યું – 'મારી આજ્ઞાથી જ તારી ભુજાઓ કાપનારા આ શ્રીહરિ આવ્યા છે.' (પછી શ્રીકૃષ્ણને) હવે આપ યુદ્ધ બંધ કરી દો અને વર-વધૂને સાથે લઈને તમારે ઘેર પાછા જતા રહો.' આમ કહીને મહેશ્વરે એ બંનેમાં મિત્રતા કરાવી દીધી. અને એમની આજ્ઞા લઈને તે પુત્રો અને ગણોની સાથે પોતાના નિવાસસ્થાને ચાલ્યા ગયા.

સનત્કુમારજી કહે છે—હે મુને! શંભુનું આ કથન સાંભળીને અક્ષત શરીરવાળા શ્રીકૃષ્ણે સુદર્શનને વાળી લીધું અને વિજયશ્રીથી સુશોભિત થઈને તે બાણાસુરના અંતઃપુરમાં પધાર્યા. ત્યાં એમણે ઉષા સહિત અનિરુદ્ધને આશ્વાસન આપ્યું અને બાણ દ્વારા અપાયેલાં અનેક પ્રકારનાં રત્નો અને રત્નસમૂહોને ગ્રહણ કર્યાં. ઉષાની સખી પરમ યોગિની ચિત્રલેખાને મેળવીને તો શ્રીકૃષ્ણને મહાન હર્ષ થયો. આ રીતે શિવના આદેશ અનુસાર જ્યારે એમનું બધું કાર્ય પૂર્ણ થઈ ગયું ત્યારે તે શ્રીહરિ હૃદયથી શંકરને પ્રણામ કરીને અને બલિપુત્ર બાણાસુરની આજ્ઞા લઈને પરિવાર સહિત પોતાની પુરીમાં પરત જતા રહ્યા. દ્વારકામાં પહોંચીને એમણે ગરુડને વિદાય કરી દીધું. પછી હર્ષપૂર્વક મિત્રોને મળ્યા અને સ્વેચ્છા-અનુસાર આચરણ કરવા લાગ્યા.

આ બાજુ નંદીશ્વરે બાણાસુરને સમજાવીને આમ કહ્યું—'હે ભક્તશાર્દૂલ! તમે વારંવાર શિવજીનું સ્મરણ કરો. તે ભક્તો પર અનુકમ્પા કરનારા છે, તેથી એ આદિગુરુ શંકરમાં મન

સમાહિત કરીને નિત્ય એમનો મહોત્સવ કરો.' ત્યારે દ્વેષરહિત થયેલો મહામનસ્વી બાણ નંદીના કહેવાથી ધૈર્ય ધારણ કરીને તરત જ શિવસ્થાને જતો રહ્યો. ત્યાં પહોંચીને એણે વિવિધ પ્રકારનાં સ્તોત્રો દ્વારા શિવજીની સ્તુતિ કરી અને એમને પ્રણામ કર્યા. પછી તે પગથી ઠેકડા મારતો, હાથને વીંઝતો વિવિધ પ્રકારનાં સ્થાનભેદ અને

પ્રતિસ્થાનભેદ (આલીઢ અને પ્રત્યાલીઢ) વગેરે પ્રમુખ સ્થાનકો દ્વારા સુશોભિત નૃત્યોમાં પ્રધાન તાંડવનૃત્ય કરવા લાગ્યો. એ સમયે તે હજારો પ્રકારથી મુખ દ્વારા વાજાં વગાડી રહ્યો હતો અને વચમાં વચમાં ભ્રમર વાંકીચૂકી કરીને તથા મસ્તકને કંપાવીને હજારો પ્રકારના ભાવ પણ પ્રગટ કરતો જતો હતો. આ પ્રકારે નૃત્યમાં મસ્ત થયેલા મહાભક્ત બાણાસુરે મહાન નૃત્ય કરીને નતમસ્તક થઈને ત્રિશૂળધારી ચંદ્રશેખર ભગવાન શિવને પ્રસન્ન કરી દીધા. ત્યારે નાચગાનના પ્રેમી ભક્તવત્સલ ભગવાન હર હર્ષિત થઈને બાણને કહેવા લાગ્યા.

રુદ્રે કહ્યું—હે બલિપુત્ર પ્યારા બાણ! તારા નૃત્યથી હું સંતુષ્ટ થઈ ગયો છું, તેથી હે દૈત્યેન્દ્ર! તારા મનમાં જે અભિલાષા હોય, એને અનુરૂપ વરદાન માગી લે.

સનત્કુમારજી કહે છે—હે મુને! શંભુની વાત સાંભળીને દૈત્યરાજ બાણે આ પ્રકારનું વરદાન માગ્યું.

'મારા બધા ઘા રુઝાઈ જાય, બાહુયુદ્ધની મારી ક્ષમતા એમની એમ જ બની રહે, મને અક્ષય ગણનાયકત્વ પ્રાપ્ત થાય, શોણિતપુરમાં ઉષાપુત્ર અર્થાત્ મારો દૌહિત્રનું રાજ્ય થાઓ, દેવતાઓ તથા વિશેષ કરીને વિષ્ણુ સાથે મારો વૈરભાવ મટી જાય, મુજમાં રજોગુણ અને તમોગુણયુક્ત દૂષિત દૈત્યભાવનો પુનઃ ઉદય ન થાય, મુજમાં સદાયે નિર્વિકાર શંભુ-ભક્તિ બની રહે અને શિવભક્તો પર મારો સ્નેહ અને સમસ્ત પ્રાણીઓ પર દયાભાવ રહે.' આમ શંભુ પાસે વરદાન માગીને બલિપુત્ર મહાસુર બાણ અંજલિ બાંધીને રુદ્રની સ્તુતિ કરવા લાગ્યો. એ સમયે એનાં નેત્રોમાં પ્રેમનાં આંસુ છલકાઈ આવ્યાં હતાં. ત્યાર બાદ જેનાં બધાં જ અંગો પ્રેમથી પ્રફુલ્લિત થઈ ગયાં હતાં, તે બલિનંદન બાણાસુર મહેશ્વરને પ્રણામ કરીને મૌન થઈ ગયો. પોતાના ભક્ત બાણની પ્રાર્થના સાંભળીને ભગવાન શંકર 'તને સર્વ કાંઈ પ્રાપ્ત થઈ જશે' એમ કહીને ત્યાં જ અંતર્ધાન થઈ ગયા. ત્યારે શંભુની કૃપાથી મહાકાલત્વને પ્રાપ્ત થયો અને રુદ્રનો અનુચર બાણ પરમાનંદમાં નિમગ્ન થઈ ગયો. હે વ્યાસજી! આ રીતે મેં સંપૂર્ણ ભુવનોમાં નિત્ય ક્રીડા કરનારા સમસ્ત ગુરુજનોના પણ સદ્‌ગુરુ શૂલપાણિ ભગવાન શંકરનું બાણવિષયક ચરિત, જે પરમોત્તમ છે, કર્ણપ્રિય મધુર વચનો દ્વારા તમારી આગળ વર્ણવી બનાવ્યું છે.

(અધ્યાય ૫૫-૫૬)

*

ગજાસુરની તપસ્યા, વરદાન-પ્રાપ્તિ અને એનો અત્યાચાર, શિવ દ્વારા એનો વધ, એની પ્રાર્થનાથી શિવનું એના ચર્મનું ધારણ કરવું અને 'કૃત્તિવાસા' નામથી વિખ્યાત થવું તથા કૃત્તિવાલેશ્વર-લિંગની સ્થાપના કરવી

સનત્કુમારજી કહે છે—હે વ્યાસજી! હવે પરમ પ્રેમપૂર્વક શશિમૌલિ શિવના એ ચરિત્રનું

શ્રવણ કરો, જેમાં એમણે ત્રિશૂળ દ્વારા દાનવરાજ ગજાસુરનો વધ કર્યો હતો. ગજાસુર મહિષાસુરનો પુત્ર હતો. જ્યારે એણે સાંભળ્યું કે દેવતાઓથી પ્રેરિત થઈને દેવીએ મારા પિતાને મારી નાખ્યા હતા, ત્યારે એનો બદલો લેવાની ભાવનાથી એણે ઘોર તપ કર્યું. એના તપની જ્વાળાથી બધું જ સળગવા માંડ્યું. દેવતાઓએ જઈને બ્રહ્માજીને પોતાનું દુઃખ કહ્યું, ત્યારે બ્રહ્માજીએ એમની સામે પ્રગટ થઈને એની પ્રાર્થના અનુસાર એને વરદાન આપી દીધું કે તે કામને વશ થનાર કોઈ પણ સ્ત્રી અથવા પુરુષથી નહીં મરે, મહાબલી અને સર્વથી અજેય થશે.

વરદાન મેળવીને એ ગર્વથી છલકાઈ ગયો. બધી દિશાઓમાં તથા સર્વ લોકપાલોનાં સ્થાનો પર એણે અધિકાર જમાવી લીધો. અંતમાં ભગવાન શંકરની રાજધાની આનંદવન કાશીમાં જઈને તે બધાંને સતાવવા લાગ્યો. દેવતાઓએ શંકરને પ્રાર્થના કરી શંકર કામવિજયી તો છે જ. એમણે ઘોર યુદ્ધમાં એને હરાવીને ત્રિશૂળમાં પરોવી લીધો. ત્યારે એણે ભગવાન શંકરનું સ્તવન કર્યું. શંકર એના પર પ્રસન્ન થઈ ગયા અને ઇચ્છિત વરદાન માગવા માટે કહ્યું.

ત્યારે ગજાસુરે કહ્યું—હે દિગંબર સ્વરૂપ મહેશાન! જો આપ મુજ પર પ્રસન્ન છો તો પોતાના ત્રિશૂળના અગ્નિથી પવિત્ર થયેલા મારા આ ચર્મને આપ સદા ધારણ કરતા રહો. હે વિભો! હું પુણ્યગંધોની નિધિ છું, એટલા માટે મારું આ ચર્મ ચિરકાલ સુધી ઉગ્ર તપરૂપી અગ્નિની જ્વાળામાં પડીને પણ દગ્ધ નથી થયું. હે દિગંબર! જો મારું આ ચર્મ પુણ્યવાન ન હોત તો રણાંગણમાં એને આપનાં અંગોનો સંગ કેવી રીતે પ્રાપ્ત થાત. હે શંકર! જો આપ તુષ્ટ હો તો મને એક બીજું વરદાન વધારાનું આપો અને એ તે એ છે કે આજથી આપનું નામ 'કૃત્તિવાસા' વિખ્યાત થઈ જાય.

સનત્કુમારજી કહે છે—'હે મુને! ગજાસુરની વાત સાંભળીને ભક્તવત્સલ શંકરે પરમ પ્રસન્નતાપૂર્વક મહિષાસુરનંદન ગજને કહ્યું - 'તથાસ્તુ' - સારું, એવું જ થશે.' તદનંતર પ્રસન્નાત્મા ભક્તપ્રિય મહેશાન એ દાનવરાજ ગજને, જેનું મન ભક્તિને કારણે નિર્મલ થઈ ગયું હતું, શંકરે પુનઃ કહ્યું.

ઈશ્વર બોલ્યા—હે દાનવરાજ! તારું આ પાવન શરીર મારા આ મુક્તિસાધક ક્ષેત્ર કાશીમાં મારા લિંગરૂપે સ્થિત થઈ જાવ! એનું નામ કૃત્તિવાસેશ્વર થશે. એ સમસ્ત પ્રાણીઓ માટે મુક્તિદાતા, મહાન પાતકોનું વિનાશક, સંપૂર્ણ લિંગોમાં શિરોમણિ અને મોક્ષપ્રદ થશે. આમ કહીને દેવેશ્વર દિગંબર શિવે ગજાસુરના એ વિશાળ ચર્મ લઈને ઓઢી લીધું. હે મુનીશ્વર! એ દિવસે બહુ મોટો ઉત્સવ મનાવવામાં આવ્યો. કાશીનિવાસી બધી જનતા તથા પ્રમથગણ હર્ષમગ્ન થઈ ગયા. વિષ્ણુ અને બ્રહ્મા વગેરે દેવતાઓનાં મન હર્ષથી પરિપૂર્ણ થઈ ગયાં. તે હાથ જોડીને મહેશ્વરને નમસ્કાર કરીને સ્તુતિ કરવા લાગ્યા. (અધ્યાય ૫૭)

*

દુન્દુભિનિર્હ્રાદ નામના દૈત્યનું વાઘરૂપે શિવ-ભક્ત પર આક્રમણ કરવાનો વિચાર અને શિવ દ્વારા એનો વધ

સનત્કુમારજી કહે છે—હે વ્યાસજી! હવે હું ચંદ્રમૌલિના એ ચરિત્રનું વર્ણન કરીશ, જેમાં શંકરજીએ દુન્દુભિનિર્હ્રાદ નામના દૈત્યને માર્યો હતો. તમે સાવધાન થઈને શ્રવણ કરો. દિતિપુત્ર મહાબલી હિરણ્યાક્ષનો વિષ્ણુ દ્વારા વધ થઈ ગયા પછી દિતિને બહુ દુઃખ થયું. ત્યારે દેવશત્રુ દુન્દુભિનિર્હ્રાદે એને આશ્વાસન આપીને એ નિશ્ચય કર્યો કે 'દેવતાઓનું બળ બ્રાહ્મણ છે. બ્રાહ્મણ નષ્ટ થઈ જશે તો યજ્ઞ નહીં થાય, યજ્ઞ ન થવાથી દેવતાઓ આહાર પ્રાપ્ત કરી શકે નહીં તેથી નિર્બળ થઈ જશે. ત્યારે હું એમના પર સહજમાં જ વિજય મેળવી લઈશ.' આવો વિચાર કરીને તે બ્રાહ્મણોને મારવા લાગ્યો. બ્રાહ્મણોનું પ્રધાન સ્થાન વારાણસી છે, એ વિચારીને તે કાશી પહોંચ્યો અને વનમાં વનચર બનીને સમિધા લેનાર, જલમાં જલચર બનીને સ્નાન કરનાર અને રાત્રે વાઘ બનીને સૂતેલા બ્રાહ્મણોને ખાવા માંડ્યો.

એક વાર શિવરાત્રિના અવસર પર એક ભક્ત પોતાની પર્ણશાળામાં દેવાધિદેવ શંકરનું પૂજન કરીને ધ્યાનસ્થ થઈને બેઠો હતો. બલાભિમાની દૈત્યરાજ દુન્દુભિનિર્હ્રાદે વાઘનું રૂપ ધારણ કરીને એને ખાઈ જવાનો વિચાર કર્યો; પરંતુ તે ભક્ત દૃઢચિત્તથી શિવદર્શનની લાલસા લઈને ધ્યાનમાં તલ્લીન થઈ રહ્યો હતો, એટલા માટે એણે પહેલાંથી જ મંત્રરૂપી અસ્ત્રનો વિન્યાસ કરી લીધો હતો. આ કારણે તે દૈત્ય એના પર આક્રમણ કરવામાં સમર્થ ન થઈ શક્યો. આ બાજુ સર્વવ્યાપી ભગવાન શંભુને એ દુષ્ટ રૂપવાળા દૈત્યના અભિપ્રાયની ખબર પડી ગઈ હતી. ત્યારે શંકરે એને મારી નાખવાનો વિચાર કર્યો. એટલામાં જ, જેવો જ એ દૈત્ય વ્યાઘ્રરૂપે એ ભક્તને પોતાનો કોળિયો બનાવવા ચાહે છે, ત્યાં જ જગતની રક્ષા માટે મણિસ્વરૂપ તથા ભક્તરક્ષણમાં કુશળ બુદ્ધિવાળા ત્રિલોચન ભગવાન શંકર ત્યાં પ્રગટ થઈ ગયા અને એને બગલમાં દબાવી ઘાલીને એના માથા પર વજ્રથી પણ કઠોર મુક્કો માર્યો. એ મુષ્ટિ-પ્રહારથી તથા બગલમાં દબાવાથી તે વાઘ અત્યંત વ્યથિત થઈ ગયો અને પોતાની ગર્જનાથી પૃથ્વી તથા આકાશને કંપાવતો તે મૃત્યુનો ગ્રાસ બની ગયો. એ ભયંકર શબ્દને ધ્વનિને સાંભળીને તપસ્વીઓનાં હૃદય કંપી ઊઠ્યાં. તે રાતમાં જ એ શબ્દનું અનુસરણ કરતાં કરતાં એ સ્થાન પર આવી પહોંચ્યા. ત્યાં પરમેશ્વર શિવને બગલમાં એ પાપીને દબાવેલો જોઈને બધા લોકો એમનાં ચરણમાં પડ્યા અને જયજયકાર કરતાં એમની સ્તુતિ કરવા લાગ્યા.

તદનંતર મહેશ્વરે કહ્યું—જે મનુષ્ય અહીં આવીને શ્રદ્ધાપૂર્વક મારા આ રૂપનાં દર્શન કરશે, નિસ્સંદેહ હું એના બધાં ઉપદ્રવો નષ્ટ કરી દઈશ. જે માનવ મારા આ ચરિત્રને સાંભળીને અને હૃદયમાં મારા આ લિંગનું સ્મરણ કરીને સંગ્રામમાં પ્રવેશ કરશે, એને અવશ્ય વિજયની પ્રાપ્તિ થશે.

હે મુને! જે મનુષ્ય વ્યાઘ્રેશ્વરના પ્રાગટ્ય

સંબંધી આ પરમોત્તમ ચરિત્રને સાંભળશે અથવા બીજાને સંભળાવશે, વાંચશે અથવા વંચાવશે, તે પોતાની સમસ્ત મનોવાંછિત પ્રાપ્ત કરી લેશે અને અંતમાં સંપૂર્ણ દુઃખોથી રહિત થઈને મોક્ષનો ભાગી થશે..શિવલીલા સંબંધી અમૃતમય અક્ષરોથી પરિપૂર્ણ આ અનુપમ આખ્યાન સ્વર્ગ, યશ અને આયુષ્યને આપનાર તથા પુત્રપૌત્રની વૃદ્ધિ કરનારું છે. (અધ્યાય ૫૮)

*

વિદલ અને ઉત્પલ નામના દૈત્યોનું પાર્વતી પર મોહિત થવું અને પાર્વતીના કન્દુક - પ્રહાર દ્વારા એમને મરણને શરણ પહોંચાડવા, કન્દુકેશ્વરની સ્થાપના અને એનો મહિમા (કન્દુક = બોલ, દડો.)

સનત્કુમારજી કહે છે—હે વ્યાસજી! જે રીતે પરમેશ્વર શિવે સંકેતથી દૈત્યને લક્ષ્ય કરાવીને પોતાની પ્રિયા દ્વારા એનો વધ કરાવ્યો હતો, એમના એ ચરિત્રને તમે પરમ પ્રેમપૂર્વક શ્રવણ કરો. વિદલ અને ઉત્પલ નામના બે દૈત્યો - મહાદૈત્યો હતા. એમણે બ્રહ્માજી પાસેથી કોઈ પણ પુરુષના હાથે ન મરી શકાય એવું વરદાન પ્રાપ્ત કરીને બધા જ દેવતાઓને જીતી લીધા હતા. ત્યારે દેવતાઓએ બ્રહ્માજી પાસે જઈને પોતાનું દુઃખ સંભળાવ્યું. એમની કષ્ટ-કહાણી સાંભળીને બ્રહ્માએ એમને કહ્યું – 'તમે લોકો શિવા સહિત શિવનું આદરપૂર્વક સ્મરણ કરીને ધૈર્ય ધારણ કરો. એ બંને દૈત્યો નિશ્ચય જ દેવીને હાથે માર્યા જશે. શિવાસહિત શિવ પરમેશ્વર, કલ્યાણકર્તા અને ભક્તવત્સલ છે. તે શીઘ્ર જ તમારા લોકોનું કલ્યાણ કરશે.'

સનત્કુમારજી કહે છે—હે મુને! દેવોને આમ કહીને બ્રહ્માજી શિવનું સ્મરણ કરતાં કરતાં મૌન થઈ ગયા. ત્યારે દેવગણ પણ આનંદિત થઈને પોતપોતાને ધામે જતા રહ્યા. એક સમયે નારદજી દ્વારા પાર્વતીના સૌંદર્યની પ્રશંસા સાંભળીને એ બંને દૈત્ય એમનું અપહરણ કરવાની વાત વિચારવા લાગ્યા અને પાર્વતીજી જ્યાં દડો ઉછાળી રહ્યાં હતાં, ત્યાં જ તે જઈને આકાશમાં વિચરવા લાગ્યા. એ બંને ઘોર દુરાચારી હતા. એમનું મન અત્યંત ચંચળ થઈ રહ્યું હતું. એ ગણોનું રૂપ ધારણ કરીને અંબિકાની નિકટ આવ્યા. ત્યારે દુષ્ટોનો સંહાર કરનારા શિવે અવહેલનાપૂર્વક એમની તરફ જોઈને એમનાં નેત્રોથી પ્રગટ થયેલી ચંચળતાને કારણે તરત એમને ઓળખી લીધા. પછી તો સર્વસ્વરૂપી મહાદેવે દુર્ગતિનાશિની દુર્ગાને કટાક્ષ દ્વારા સૂચિત કરી દીધું કે આ બંને દૈત્ય છે, ગણ નથી. હે તાત! ત્યારે પાર્વતી પોતાના સ્વામી મહાકૌતુકી પરમેશ્વર શંકરના એ નેત્ર-સંકેતને સમજી ગયાં. તદનંતર, સર્વજ્ઞ શિવની અર્ધાંગિની પાર્વતીએ એ સંકેતને સમજીને એ જ દડાથી એકીસાથે જ એ બંને પર ઘા કર્યો. ત્યારે મહાદેવીના દડાથી આહત થઈને એ બંને મહાબલી દુષ્ટ દૈત્ય ચક્કર ફરતાં ફરતાં એ રીતે ભૂતલ પર પડી ગયા, જેવી રીતે વાયુના સપાટાથી ચંચળ થઈને બે પાકેલાં તાડનાં ફળ

પોતાના થડથી તૂટીને પડી જાય છે અથવા જેવી રીતે વજ્રના આઘાતથી મહાગિરિનાં બે શિખરો ધરાશાયી થઈ જાય છે. આ રીતે અકાર્ય કરવાને માટે તૈયાર થયેલા એ બંને મહાદૈત્યોને ધરાશાયી કરીને એ દંડો લિંગરૂપે પરિણત થઈ ગયો. સમસ્ત દુષ્ટોનું નિવારણ કરનાર એ લિંગ કન્દુકેશ્વર નામે વિખ્યાત થયું અને જયેષ્ઠેશ્વર સમીપે સ્થિત થઈ ગયું. કાશીમાં સ્થિત કન્દુકેશ્વર-લિંગ દુષ્ટોનું વિનાશક, ભોગ-મોક્ષનું પ્રદાન અને સર્વદા સત્પુરુષોની સમસ્ત કામનાઓને પૂર્ણ કરનારું છે. જે મનુષ્ય આ અનુપમ આખ્યાનને હર્ષપૂર્વક સાંભળે, સંભળાવે અથવા વાંચે છે એને ભયનું દુઃખ ક્યાં, તે આ લોકમાં વિવિધ પ્રકારનાં સંપૂર્ણ ઉત્તમોત્તમ સુખો ભોગવીને અને દેવદુર્લભ દિવ્ય ગતિને પ્રાપ્ત કરી લે છે.

બ્રહ્માજી કહે છે – હે મુનિસત્તમ! મેં તમારી આગળ રુદ્રસંહિતા અંતર્ગત યુદ્ધખંડનું વર્ણન કરી દીધું છે. આ ખંડ સંપૂર્ણ મનોરથોનું ફળ પ્રદાન કરનારો છે. આ રીતે મેં પૂરી-ને પૂરી રુદ્રસંહિતાનું વર્ણન કરી દીધું છે. આ શિવજીને સદા પરમ પ્રિય છે અને ભુક્તિ-મુક્તિરૂપ ફળપ્રદાન કરનારી સંહિતા છે.

સૂતજી કહે છે - આ રીતે શિવાનુગામી બ્રહ્મપુત્ર નારદ શંકરના ઉત્તમ યશને તથા શિવ-શતનામને સાંભળીને કૃતાર્થ થઈ ગયા. આમ એ સંપૂર્ણ ચરિત્રોમાં પ્રધાન તથા કલ્યાણકારક આ બ્રહ્મા અને નારદનો સંવાદ પૂર્ણરૂપે કહી દીધો છે, હવે તમારી વધારે શું સાંભળવાની ઇચ્છા છે?

(અધ્યાય-૫૯)

*

॥ રુદ્રસંહિતાનો યુદ્ધખંડ સંપૂર્ણ ॥

*

॥ રુદ્રસંહિતા સમાપ્ત ॥

*

શતરુદ્રસંહિતા

શિવજીના સદ્યોજાત, વામદેવ, તત્પુરુષ, અઘોર અને ઈશાન નામના પાંચ અવતારોનું વર્ણન

વંદે મહાનન્દમનન્તલીલં મહેશ્વરં સર્વવિભું મહાન્તમ્।
ગૌરીપ્રિયં કાર્તિક વિઘ્નરાજસમુદ્ભવં શંકરમાદિદેવમ્।।

જે પરમાનંદમય છે, જેમની લીલાઓ અનંત છે, જે ઈશ્વરોના પણ ઈશ્વર છે, સર્વવ્યાપક, મહાન, ગૌરીના પ્રિયતમ તથા સ્વામી કાર્તિક અને વિઘ્નરાજ ગણેશને ઉત્પન્ન કરનારા છે, એ આદિદેવ શંકરની હું વંદના કરું છું.

શૌનકજીએ કહ્યું—હે મહાભાગ સૂતજી! આપ તો (પુરાણકર્તા) વ્યાસજીના શિષ્ય તથા જ્ઞાન અને દયાના નિધિ છો, તેથી હવે આપ શંભુના એ અવતારોનું વર્ણન કરો જે ધારણ કરીને એમણે સત્પુરુષોનું કલ્યાણ કર્યું છે.

સૂતજી બોલ્યા—હે શૌનકજી! આપ તો મનનશીલ વ્યક્તિ છો, અતઃ હવે હું આપને શિવજીના એ અવતારોનું વર્ણન કરું છું, આપ સ્વયંની ઇન્દ્રિયોને વશમાં કરીને સદ્ભક્તિપૂર્વક મન લગાડીને શ્રવણ કરો. હે મુને! પૂર્વકાળમાં સનત્કુમારજીએ નન્દીશ્વરને, જે સત્પુરુષોની ગતિ તથા શિવસ્વરૂપ જ છે, આ જ પ્રશ્ન કર્યો હતો; એ સમયે નંદીશ્વરે શિવજીનું સ્મરણ કરતાં કરતાં એમને આમ ઉત્તર આપ્યો હતો.

નંદીશ્વરે કહ્યું—હે મુને! આમ તો સર્વવ્યાપી સર્વેશ્વર શિવના કલ્પકલ્પાન્તરોમાં અસંખ્ય અવતાર થયા છે, તથાપિ આ સમયે હું મારી બુદ્ધિ અનુસાર એમાંથી કેટલાકનું વર્ણન કરું છું. ઓગણીસમો કલ્પ, જે શ્વેતલોહિત નામે વિખ્યાત છે, એમાં શિવજીનો 'સદ્યોજાત' નામનો અવતાર થયો હતો. તે એમનો પ્રથમ અવતાર કહેવાય છે. એ કલ્પમાં જ્યારે બ્રહ્મા પરબ્રહ્મનું ધ્યાન કરી રહ્યા હતા, એ જ સમયે એક શ્વેત અને લોહિત વર્ણવાળો શિખાધારી કુમાર ઉત્પન્ન થયો. એને જોઈને બ્રહ્માએ મનમાં ને મનમાં વિચાર કર્યો. જ્યારે એમને જ્ઞાન થઈ ગયું કે આ પુરુષ બ્રહ્મરૂપી પરમેશ્વર છે, ત્યારે એમણે અંજલિબદ્ધ થઈને એમની વંદના કરી, પછી જ્યારે ભુવનેશ્વર બ્રહ્માને જાણ થઈ ગઈ કે આ સદ્યોજાત કુમાર શિવ જ છે, ત્યારે એમને મહાન હર્ષ થયો. તે પોતાની સદ્બુદ્ધિથી વારંવાર એ પરબ્રહ્મનું ચિંતન કરવા લાગ્યા. બ્રહ્માજી ધ્યાન ધરી જ રહ્યા કે ત્યાં શ્વેત વર્ણવાળા ચાર યશસ્વી કુમાર પ્રગટ થયા. એ પરમોત્કૃષ્ટ જ્ઞાનસંપન્ન તથા પરબ્રહ્મ સ્વરૂપ હતા. એમનાં નામ હતાં—સુનન્દ, નન્દન, વિશ્વનન્દ અને ઉપનન્દન. એ બધાયે મહાત્મા હતા અને બ્રહ્માજીના શિષ્ય થયા. એમનાથી તે બ્રહ્મલોક વ્યાપ્ત થઈ ગયો. તદનંતર સદ્યોજાતરૂપે પ્રગટ થયેલા પરમેશ્વર શિવે પરમ પ્રસન્ન થઈને બ્રહ્માને જ્ઞાન તથા સૃષ્ટિરચનાની શક્તિ પ્રદાન કરી. (આ સદ્યોજાત નામનો પહેલો અવતાર થયો).

તદનંતર 'રક્ત' નામથી પ્રસિદ્ધ વીશમો કલ્પ આવ્યો. એ કલ્પમાં બ્રહ્માજીએ રક્તવર્ણનું શરીર ધારણ કર્યું હતું. જે સમયે બ્રહ્માજી પુત્રની કામનાથી ધ્યાન કરી રહ્યા હતા, એ જ સમયે એમનાથી એક પુત્ર પ્રગટ થયો. એના શરીર પર લાલ રંગની માળા હતી અને લાલ જ વસ્ત્ર

શોભા આપી રહ્યું હતું. એનાં નેત્ર પણ લાલ હતાં અને તેણે આભૂષણ પણ લાલ રંગનું જ ધારણ કરેલું હતું. એ મહાન આત્મબળથી સંપન્ન કુમારને જોઈને બ્રહ્માજી ધ્યાનસ્થ થઈ ગયા. જ્યારે એમને જ્ઞાત થયું કે એ વામદેવ શિવ છે, ત્યારે એમણે હાથ જોડીને એ કુમારને પ્રણામ કર્યા. તત્પશ્ચાત્ એમને વિરજા, વિવાહ, વિશોક અને વિશ્વભાવન નામના ચાર પુત્રો ઉત્પન્ન થયા, જેમણે બધાએ લાલ વસ્ત્ર ધારણ કરેલાં હતાં. ત્યારે વામદેવ-રૂપધારી પરમેશ્વર શંભુએ પરમ પ્રસન્ન થઈને બ્રહ્માને જ્ઞાન તથા સૃષ્ટિ રચનાની શક્તિ પ્રદાન કરી. (આ 'વામદેવ' નામનો બીજો અવતાર થયો).

એ પછી એકવીશમો કલ્પ આવ્યો, જે 'પીતવાસા' નામથી કહ્યો જાય છે. એ કલ્પમાં મહાભાગ બ્રહ્મા પીતવસ્ત્રધારી થયા. જ્યારે એ પુત્રની કામનાથી ધ્યાન કરી રહ્યા હતા, એ સમયે એમનાથી એક મહાતેજસ્વી કુમાર ઉત્પન્ન થયો. એ પ્રૌઢ કુમારની ભુજાઓ વિશાળ હતી અને એના શરીર પર પીતાંબર ઝળકી રહ્યું હતું. એ ધ્યાનમગ્ન બાળકને જોઈને બ્રહ્માજીએ પોતાની બુદ્ધિના બળે એને 'તત્પુરુષ' શિવ સમજ્યા. ત્યારે એમણે ધ્યાનયુક્ત ચિત્તથી સંપૂર્ણ લોકો દ્વારા નમસ્કૃત મહાદેવી શાંકરી ગાયત્રી (તત્પુરુષાય વિદ્મહે મહાદેવાય ધીમહિ)નો જપ કરીને એમને નમસ્કાર કર્યા, એથી મહાદેવજી પ્રસન્ન થઈ ગયા. ત્યાર પછી એમના પાર્શ્વભાગથી પીતવસ્ત્રધારી દિવ્યકુમાર પ્રગટ થયા, એ બધાયે યોગમાર્ગના પ્રવર્તક થયા. (એ 'તત્પુરુષ' નામનો ત્રીજો અવતાર થયો).

ત્યાર પછી સ્વયંભૂ બ્રહ્માના એ પીતવર્ણ નામના કલ્પના વીતી ગયા પછી પુનઃ બીજો કલ્પ પ્રવૃત્ત થયો. એનું નામ 'શિવ' હતું. જ્યારે એકાર્ણવની દશામાં એક સહસ્ર દિવ્ય વર્ષ વ્યતીત થઈ ગયાં, ત્યારે બ્રહ્માજી પ્રજાઓની સૃષ્ટિ કરવાની ઇચ્છાથી દુઃખી થઈને વિચાર કરવા લાગ્યા. એ સમયે એ મહાતેજસ્વી બ્રહ્માની સમક્ષ એક કુમાર ઉત્પન્ન થયો. એ મહાપરાક્રમી બાળકના શરીરનો રંગ કાળો હતો. તે પોતાના તેજથી ઉદ્દીપ્ત થઈ રહ્યો હતો તથા કાળું વસ્ત્ર, કાળી પાઘડી અને કાળી જનોઈ ધારણ કરેલ હતી. એનો મુગટ પણ કાળો હતો અને સ્નાન પછી અનુલેપ - ચંદન પણ કાળા રંગનું હતું. એ ભયંકર - પરાક્રમી, મહામનસ્વી, દેવદેવેશ્વર, અલૌકિક, કૃષ્ણપિંગલ વર્ણવાળા અઘોરને જોઈને બ્રહ્માજીએ એની વંદના કરી. ત્યારબાદ બ્રહ્માજીએ ભક્તવત્સલ અવિનાશી અઘોરને બ્રહ્મરૂપ સમજીને ઇષ્ટ વચનો દ્વારા એમની સ્તુતિ કરવા લાગ્યા. ત્યારે એમના પાર્શ્વભાગમાંથી કૃષ્ણવર્ણવાળા તથા કાળા રંગનો અનુલેપ ધારણ કરેલ ચાર મહામનસ્વી કુમાર ઉત્પન્ન થયા. એ બધાયે પરમ તેજસ્વી, અવ્યક્તનામા તથા શિવ સરખા રૂપવાળા હતા. એમનાં નામ હતાં : કૃષ્ણ, કૃષ્ણશિખ, કૃષ્ણાસ્ય અને કૃષ્ણકંઠધૃક્. આ પ્રકારે ઉત્પન્ન થઈને આ મહાત્માઓએ બ્રહ્માજીની સૃષ્ટિ રચના નિમિત્તે મહાન અદ્‌ભુત 'ઘોર' નામના યોગનો પ્રચાર કર્યો. (આ 'અઘોર' નામનો ચોથો અવતાર થયો).

હે મુનીશ્વરો! ત્યાર પછી બ્રહ્માનો બીજો કલ્પ શરૂ થયો. એ પરમ અદ્‌ભુત હતો અને 'વિશ્વરૂપ' નામે વિખ્યાત હતો. એ કલ્પમાં જ્યારે બ્રહ્માજી પુત્ર-કામનાથી મનમાં ને મનમાં શિવજીનું ધ્યાન ધરી રહ્યા હતા, એ જ સમયે મહાન સિંહનાદ કરનારી વિશ્વરૂપા સરસ્વતી પ્રગટ થયાં તથા એ જ પ્રકારે પરમેશ્વર ભગવાન ઈશાનનો પ્રાદુર્ભાવ થયો હતો, જેમનો વર્ણ શુદ્ધ સ્ફટિક

સમાન ઉજ્જ્વળ હતો અને જે સમસ્ત આભૂષણોથી વિભૂષિત હતા. એ અજન્મા, સર્વવ્યાપી, સર્વાન્તર્યામી, બધું જ પ્રદાન કરનારા, સર્વસ્વરૂપ, સુંદર રૂપવાળા અને અરૂપ ઈશાનને જોઈને બ્રહ્માજીએ એમને પ્રણામ કર્યા. ત્યારે શક્તિસહિત વિભુ ઈશાને પણ બ્રહ્માને સન્માર્ગના ઉપદેશ આપીને ચાર સુંદર બાળકોની કલ્પના કરી. એ ઉત્પન્ન થયેલાં શિશુઓનાં નામ-હતાં-જટી, મુંડી, શિખંડી અને અર્ધમુંડ. તે યોગ અનુસાર સદ્ધર્મનું પાલન કરીને યોગગતિને પ્રાપ્ત થઈ ગયા. (આ 'ઈશાન' નામનો પાંચમો અવતાર થયો).

હે સર્વજ્ઞ સનત્કુમારજી! આ પ્રકારે મેં જગતની હિતકામનાથી સદ્યોજાત વગેરે અવતારોનું પ્રાગટ્ય સંક્ષેપમાં વર્ણન કરી બતાવ્યું. એમનો એ સમગ્ર લોકહિતકારી વ્યવહાર યાથાતથ્યરૂપે બ્રહ્માંડમાં વર્તમાન છે. મહેશ્વરની ઈશાન, પુરુષ, ઘોર, વામદેવ અને બ્રહ્મ—એ પાંચ મૂર્તિઓ વિશેષરૂપે પ્રસિદ્ધ છે. એમાં ઈશાન, જે શિવસ્વરૂપ તથા સૌથી મોટા છે, પહેલા કહેવાય છે, તે સાક્ષાત્ પ્રકૃતિના ભોક્તા ક્ષેત્રજ્ઞમાં નિવાસ કરે છે. શિવજીનું બીજું સ્વરૂપ તત્પુરુષ નામથી ખ્યાત છે. તે ગુણોના આશ્રયરૂપ તથા ભોગ્ય સર્વજ્ઞમાં અધિષ્ઠિત છે. પિનાકધારી શિવનું જે અઘોર નામનું ત્રીજું સ્વરૂપ છે, તે ધર્મને માટે અંગોસહિત બુદ્ધિતત્ત્વનો વિસ્તાર કરીને અંદર બિરાજમાન રહે છે. વામદેવ નામવાળા શંકરનું ચોથું સ્વરૂપ અહંકારનું અધિષ્ઠાન છે. તે સદા અનેકો પ્રકારનું કાર્ય કરતું રહે છે. વિચારશીલ બુદ્ધિમાનોનું કથન છે કે શંકરનું ઈશાન-સંજ્ઞક સ્વરૂપ સદા કર્ણ, વાણી અને સર્વવ્યાપી આકાશનું અધીશ્વર છે તથા મહેશ્વરનું પુરુષ નામનું રૂપ ત્વક્, પાણિ અને સ્પર્શગુણ-વિશિષ્ટ વાયુનો સ્વામી છે. મનીષીગણ અઘોર નામવાળા રૂપને શરીર, રસ, રૂપ અને અગ્નિનું અધિષ્ઠાન કહે છે. શંકરજીનું વામદેવ સંજ્ઞક સ્વરૂપ રસના, પાયુ, રસ અને જળના સ્વામી તરીકે ઓળખાય છે. પ્રાણ, ઉપસ્થ, ગંધ અને પૃથ્વી ઈશ્વર શિવજીનું સદ્યોજાત નામનું રૂપ બતાવાય છે. કલ્યાણકામી મનુષ્યોએ શંકરજીનાં આ સ્વરૂપોની સદા પ્રયત્નપૂર્વક વંદના કરવી જોઈએ; કેમકે એ શ્રેયઃપ્રાપ્તિમાં એકમાત્ર હેતુ છે, કારણ છે. જે મનુષ્ય સદ્યોજાત વગેરે અવતારોના પ્રાગટ્યને ભણે છે, અથવા સંભળાવે છે, તે જગતમાં સમસ્ત કામ્ય ભોગોનો ઉપભોગ કરીને અંતમાં પરમગતિને પ્રાપ્ત થાય છે.

(અધ્યાય-૧)

*

શિવજીની અષ્ટમૂર્તિઓનું તથા અર્ધનારીનરરૂપનું સવિસ્તર વર્ણન

નંદીશ્વરજી કહે છે—હે ઐશ્વર્યશાળી મુને! હવે તમે મહેશ્વરના એ શ્રેષ્ઠ અવતારોનું વર્ણન શ્રવણ કરો, જે લોકમાં સંપૂર્ણ કાર્યોને પૂર્ણ કરનાર અને તેથી સુખદાતા છે. હે તાત! આ જગત એ પરમેશ્વર શંભુની આઠ મૂર્તિઓનું સ્વરૂપ જ છે. જેવી રીતે દોરીમાં મણિ પરોવાઈ રહે છે, એવી જ રીતે આ વિશ્વ એ આઠ મૂર્તિઓમાં વ્યાપ્ત થઈને સ્થિત છે. એ પ્રસિદ્ધ આઠ મૂર્તિઓ આ છે : શર્વ, ભવ, રુદ્ર, ઉગ્ર, ભીમ, પશુપતિ, ઈશાન અને મહાદેવ, શિવજીની

આ શર્વ વગેરે અષ્ટમૂર્તિઓ દ્વારા પૃથ્વી, જલ, અગ્નિ, વાયુ, આકાશ, ક્ષેત્રજ્ઞ, સૂર્ય અને ચંદ્રમા અધિષ્ઠિ છે. શાસ્ત્રનો એવો નિશ્ચય છે કે કલ્યાણકર્તા મહેશ્વરનું વિશ્વંભરાત્મક રૂપ જ ચરાચર વિશ્વને ધારણ કરી રહેલ છે. પરમાત્મા શિવનું સલિલાત્મકરૂપ જે સમસ્ત જગતને જીવન પ્રદાન કરે છે, 'ભવ' નામથી કહેવાય છે. જે જગતની બહાર અને અંદર વર્તમાન છે અને સ્વયં જ વિશ્વનું ભરણ-પોષણ કરે છે અને સ્પંદિત થાય છે, ઉગ્રરૂપધારી પ્રભુના એ રૂપને સત્પુરુષ 'ઉગ્ર' કહે છે. મહાદેવ જે સર્વને અવકાશ આપવાવાળું સર્વવ્યાપી-આકાશાત્મક રૂપ છે, એને 'ભીમ' કહે છે. તે ભૂતવૃંદનું ભેદક છે. જે રૂપ સમસ્ત આત્માઓનું અધિષ્ઠાન, સંપૂર્ણ ક્ષેત્રોમાં નિવાસ કરનાર અને જીવોના ભવપાશનું છેદક છે, એને 'પશુપતિ'નું રૂપ સમજવું જોઈએ. મહેશ્વરનું સંપૂર્ણ જગતને પ્રકાશિત કરનારું જે સૂર્ય નામનું રૂપ છે, એને 'ઈશાન' કહે છે. એ દ્યુલોકમાં ભ્રમણ કરે છે. અમૃતમયી રશ્મિઓવાળો જે ચંદ્રમા સંપૂર્ણ વિશ્વને આહ્લાદિત કરે છે, શિવનું એ રૂપ 'મહાદેવ' નામે બોલાય છે. 'આત્મા' પરમાત્મા શિવનું આઠમું રૂપ છે. આ મૂર્તિ અન્ય મૂર્તિઓની વ્યાપિકા છે. એટલા માટે આખું વિશ્વ શિવમય છે. જે રીતે વૃક્ષના મૂળમાં પાણી રેડવાથી એની શાખાઓ પુષ્પિત થઈ જાય છે, તે રીતે શિવનું પૂજન કરવાથી શિવરૂપ-શિવસ્વરૂપ-વિશ્વ પરિપુષ્ટ થઈ જાય છે. જેવી રીતે આ લોકમાં પુત્ર-પૌત્ર વગેરેને પ્રસન્ન જોઈને પિતા હર્ષિત થાય છે, એ જ રીતે વિશ્વને સારીપેઠે હર્ષિત જોઈને શંકરને આનંદ મળે છે. એટલા માટે જો કોઈ, કોઈ પણ દેહધારીને કષ્ટ આપે છે તો નિઃસંદેહ માનો કે એણે અષ્ટમૂર્તિ શિવનું જ અનિષ્ટ કર્યું છે. હે સનત્કુમારજી! આ રીતે ભગવાન શિવ પોતાની અષ્ટમૂર્તિઓ દ્વારા સમસ્ત વિશ્વને અધિષ્ઠિત કરીને બિરાજમાન છે, તેથી તમે પૂર્ણ ભક્તિભાવથી એ પરમ કારણ રુદ્રનું ભજન કરો.

હે પ્રિય સનત્કુમારજી! હવે તમે શિવજીના અનુપમ અર્ધનારીનરરૂપનું વર્ણન સાંભળો. હે મહાપ્રાજ્ઞ! આ રૂપ બ્રહ્માની કામનાઓને પૂર્ણ કરનારું છે. (સૃષ્ટિ આરંભે) જ્યારે સૃષ્ટિકર્તા બ્રહ્મા દ્વારા રચેલી બધી પ્રજાઓ વિસ્તારને પ્રાપ્ત ન થઈ, ત્યારે બ્રહ્મા એ દુઃખે દુઃખી થઈને ચિંતાકુલ થઈ ગયા. એ સમયે આમ આકાશવાણી થઈ—'હે બ્રહ્મન્! હવે મૈથુની સૃષ્ટિની રચના કરો.' એ વ્યોમવાણી સાંભળીને બ્રહ્માએ મૈથુની સૃષ્ટિ ઉત્પન્ન કરવાનો વિચાર કર્યો, પરંતુ આના પહેલાં નારીઓનાં કુલ ઈશાનથી પ્રગટ જ ન હતાં થયાં, એટલા માટે પદ્મયોનિ બ્રહ્મા મૈથુની સૃષ્ટિ રચવામાં સમર્થ ન થઈ શક્યા. ત્યારે એ આપ વિચાર કરીને કે શંભુની કૃપા વિના મૈથુની પ્રજા ઉત્પન્ન થઈ શકે નહીં, તપ કરવા તૈયાર થયા. એ સમયે બ્રહ્મા પરાશક્તિ શિવાસહિત પરમેશ્વર શિવનું પ્રેમપૂર્વક હૃદયમાં ધ્યાન કરીને ઘોર તપ કરવા માંડ્યા. તદનંતર તપ અનુષ્ઠાનમાં લાગેલા બ્રહ્માના એ તીવ્ર તપથી થોડા જ સમયમાં શિવજી પ્રસન્ન થઈ ગયા. ત્યારે તે કષ્ટહારી શંકર પૂર્ણસચ્ચિદાનંદની કામદા મૂર્તિમાં પ્રવિષ્ટ થઈને અર્ધનારીનરના રૂપે બ્રહ્માની નિકટે પ્રગટ થઈ ગયા. એ દેવાધિદેવ શંકરને પરાશક્તિ શિવાની સાથે આવેલા જોઈને બ્રહ્માએ દંડવત્ પ્રણામ કર્યા અને પછી હાથ જોડીને સ્તુતિ કરવા લાગ્યા. ત્યારે વિશ્વકર્તા દેવાધિદેવ મહાદેવ

મહેશ્વર પરમ પ્રસન્ન થઈને બ્રહ્માજીને મેઘ-ગંભીર વાણીમાં કહેવા લાગ્યા.

ઈશ્વરે કહ્યું—હે મહાભાગ વત્સ! મારા પ્યારા પુત્ર પિતામહ! મને તમારો બધોય મનોરથ પૂર્ણતયા જ્ઞાત થઈ ગયો છે. તમે જે આ સમયે પ્રજાઓની વૃદ્ધિ માટે ઘોર તપ કર્યું છે, તમારા એ તપથી હું પ્રસન્ન થઈ ગયો છું અને તમને તમારું મનોવાંછિત જરૂર પ્રદાન કરીશ. આમ સ્વાભાવિક રીતે જ મધુર તથા પરમ ઉદાર વચન કહીને શિવજીએ પોતાના શરીરના અર્ધભાગથી શિવાદેવીને પૃથક્ કરી દીધાં. ત્યારે શિવથી પૃથક્-જુદાં થઈને પ્રગટ થયેલાં એ પરમા શક્તિને જોઈને બ્રહ્મા વિનમ્ર ભાવથી પ્રણામ કરીને એમની પ્રાર્થના કરવા લાગ્યા.

બ્રહ્માએ કહ્યું—હે શિવે! સૃષ્ટિના પ્રારંભમાં તમારા પતિ દેવાધિદેવ પરમાત્મા શંભુએ મારી સૃષ્ટિ કરી હતી અને (મારા દ્વારા) બધી પ્રજાઓની રચના કરી હતી. હે શિવે! ત્યારે મેં દેવતા વગેરે સમસ્ત પ્રજાઓની માનસિક સૃષ્ટિ કરી; પરંતુ વારંવાર રચના કરવા છતાં એમની વૃદ્ધિ થતી જ ન હતી, તેથી હવે મેં સ્ત્રીપુરુષના સમાગમથી ઉત્પન્ન થનારી સૃષ્ટિનું નિર્માણ કરીને પોતાની આખી પ્રજાઓની વૃદ્ધિ કરવા ચાહું છું. પરંતુ હજુ સુધી તમારા જેવા અક્ષય નારીકુલનું પ્રાગટ્ય નથી થયું, એ કારણે નારીકુલની સૃષ્ટિ કરવાનું મારી શક્તિની બહાર છે. કેમકે, બધી જ શક્તિઓનું ઉદ્ગમસ્થાન તમે જ છો, એટલા માટે મેં તમને અખિલેશ્વરી પરમા શક્તિની પ્રાર્થના કરું છું. હે શિવે! હું તમને નમસ્કાર કરું છું, તમે મને નારીકુલની સૃષ્ટિ કરવા માટે શક્તિ પ્રદાન કરો; કેમકે, હે શિવપ્રિયે! આને જ તમે ચરાચર જગતની ઉત્પત્તિનું કારણ સમજો. હે વરદેશ્વરિ! હું તમારી પાસે એક વધારાનું વરદાન માગું છું, હે જગન્માતઃ! કૃપા કરીને એ વરદાન પણ મને આપો. હું તમારાં ચરણોમાં નમસ્કાર કરું છું. (એ વરદાન એ છે કે) હે સર્વ વ્યાપિની જગતજનની! તમે ચરાચર જગતની વૃદ્ધિને માટે પોતાના એક સર્વસમર્થરૂપે મારા પુત્ર દક્ષની પુત્રી થઈ જાઓ. બ્રહ્મા દ્વારા આવી યાચના થવાથી પરમેશ્વરી દેવી શિવાએ 'તથાસ્તુ'—'એવું જ થશે.' કહીને એ શક્તિ બ્રહ્માને પ્રદાન કરી દીધી. સુતરાં - તેથી જગન્મયી શિવશક્તિ શિવાદેવીએ પોતાની ભ્રમરના મધ્યભાગમાંથી પોતાના સમાન જ પ્રભાવાળી એક શક્તિની રચના કરી. એ શક્તિને જોઈને દેવશ્રેષ્ઠ ભગવાન શંકર, જે લીલાકારી, કષ્ટહારી અને કૃપાના સાગર છે. હસતાં હસતાં જગદંબિકાને કહેવા લાગ્યા.

શિવજીએ કહ્યું,—'હે દેવી! પરમેષ્ઠી બ્રહ્માએ તપસ્યા દ્વારા તમારી આરાધના કરી છે, તેથી

હવે તમે એમના પર પ્રસન્ન થઈ જાઓ અને એમના બધા મનોરથ પૂરા કરો.' ત્યારે શિવાદેવીએ પરમેશ્વર શિવની એ આજ્ઞાને મસ્તક નમાવીને ગ્રહણ કરી અને બ્રહ્માના કથન અનુસાર દક્ષની પુત્રી થવાનું સ્વીકારી લીધું. હે મુને! આ રીતે શિવાદેવી બ્રહ્માને અનુપમ શક્તિ પ્રદાન કરીને શંભુના શરીરમાં પ્રવિષ્ટ થઈ ગયા. ત્યારબાદ ભગવાન શંકર પણ તરત જ અંતર્ધાન થઈ ગયા. ત્યારથી આ લોકમાં સ્ત્રીભાગની કલ્પના થઈ અને મૈથુની સૃષ્ટિ શરૂ થઈ ગઈ; આથી બ્રહ્માને મહાન આનંદ પ્રાપ્ત થયો. હે તાત! આ પ્રકારે મેં તમને શિવજીના મહાન અનુપમ અર્ધનારીનરાર્ધરૂપનું વર્ણન કરી સમજાવ્યું. એ સત્પુરુષોને માટે મંગલદાયક છે.

(અધ્યાય ૨-૩)

*

વારાહ કલ્પમાં થનાર શિવજીના પ્રથમ અવતારથી લઈને નવમ ઋષભ અવતાર સુધીનું વર્ણન

નંદીશ્વરજી કહે છે—હે સર્વજ્ઞ સનત્કુમારજી! એક વાર રુદ્રે હર્ષિત થઈને બ્રહ્માજીને શંકરનું ચરિત્ર પ્રેમપૂર્વક વર્ણવી બતાવ્યું હતું. એ ચરિત્ર સદા પરમ સુખદાયક છે. (એને તમે સાંભળો. એ ચરિત્ર આ રીતે છે).

શિવજીએ કહ્યું હતું—હે બ્રહ્મન્! વારાહ કલ્પના સાતમા મન્વંતરમાં સંપૂર્ણ લોકોને પ્રકાશિત કરનારા ભગવાન કલ્પેશ્વર, જે તમારા પ્રપૌત્ર છે, વૈવસ્વત મનુના પુત્ર હશે. ત્યારે એ મન્વંતરની ચતુર્યુગીઓના કોઈ દ્વાપર યુગમાં હું લોકો પર અનુગ્રહ કરવા તથા બ્રાહ્મણોનું હિત કરવા માટે પ્રગટ થઈશ. હે બ્રહ્મન્! યુગ-પ્રવૃત્તિ અનુસાર પ્રથમ ચતુર્યુગીના પ્રથમ દ્વાપર યુગમાં જ્યારે પ્રભુ સ્વયં જ વ્યાસ થશે, ત્યારે હું એ કળિયુગના અંતમાં બ્રાહ્મણોના હિત-અર્થે શિવાસહિત શ્વેત નામના મહામુનિ થઈને પ્રગટ થઈશ. એ સમયે હિમાલયના રમણીય શિખર છાગલ નામના પર્વતશ્રેષ્ઠ પર મારા શિખાધારી ચાર શિષ્ય ઉત્પન્ન થશે. એમનાં નામ હશે શ્વેત, શ્વેતશિખ, શ્વેતાશ્વ અને શ્વેતલોહિત. એ ચારેય ધ્યાનયોગના આશ્રયે મારા નગરમાં જશે. ત્યાં એ મુજ અવિનાશીને તત્ત્વતઃ જાણીને મારા ભક્ત થઈ જશે તથા જન્મ, જરા અને મૃત્યુથી રહિત થઈને પરબ્રહ્મની સમાધિમાં લીન રહેશે. હે વત્સ પિતામહ! એ સમયે મનુષ્ય ધ્યાન ઉપરાંત દાન, ધર્મ વગેરે કર્મહેતુક સાધનો દ્વારા મારાં દર્શન કરી નહીં શકે. બીજા દ્વાપરમાં પ્રજાપતિ સત્ય વ્યાસ થશે. એ સમયે હું કળિયુગમાં સુનાર નામે ઉત્પન્ન થઈશ. ત્યાં પણ મારા દુન્દુભિ, શતરૂપ, ઋષિક તથા કેતુમાન નામના ચાર વેદવાદી દ્વિજ શિષ્ય થશે. એ ચારેય ધ્યાનયોગના બળે કરીને મારા નગરમાં જશે અને મુજ અવિનાશીને તત્ત્વતઃ જાણીને મુક્ત થઈ જશે. ત્રીજા દ્વાપરમાં જ્યારે ભાર્ગવ નામના વ્યાસ થશે, ત્યારે હું પણ નગરની પાસે જ દમન નામથી પ્રગટ થઈશ. એ સમયે પણ મારા વિશોક, વિશેષ, વિપાપ અને પાપનાશન નામના ચાર પુત્રો થશે. હે ચતુરાનન! એ અવતારમાં હું શિષ્યોને સાથે લઈને વ્યાસની સહાયતા કરીશ અને એ કળિયુગમાં નિવૃત્તિ માર્ગને સુદૃઢ

બનાવીશ. ચોથા દ્વાપરમાં જ્યારે અંગિરા વ્યાસ કહેવાશે, એ સમયે હું સુહોત્ર નામે અવતાર લઈશ. એ સમયે પણ મારા ચાર યોગસાધક મહાત્મા પુત્ર થશે. હે બ્રહ્મન્! એમનાં નામ હશે : સુમુખ, દુર્મુખ, દુર્દમ અને દુરતિક્રમ. એ અવસર પર પણ આ શિષ્યોની સાથે હું વ્યાસની મદદમાં લાગ્યો રહીશ. પાંચમા દ્વાપરમાં સવિતા વ્યાસ નામ કહેવાશે. ત્યારે હું કંક નામનો મહાતપસ્વી યોગી થઈશ. હે બ્રહ્મન્! ત્યાં પણ મારા ચાર યોગસાધક પુત્ર હશે. એમનાં નામ કહું છું; તે સાંભળો - સનક, સનાતન, પ્રભાવશાળી સનંદન અને સર્વવ્યાપક નિર્મલ તથા અહંકારરહિત સનત્કુમાર. એ સમયે પણ કંક નામધારી હું સવિતા નામના વ્યાસનો સહાયક બનીશ અને નિવૃત્તિમાર્ગને આગળ વધારીશ. ફરીથી જ્યારે છઠ્ઠો દ્વાપર પ્રવૃત્ત થવા પર જ્યારે મૃત્યુ લોકકારક વ્યાસ હશે અને વેદોનું વિભાજન કરશે, એ સમયે પણ હું વ્યાસની સહાયતા કરવા માટે લોકાક્ષિ નામે પ્રગટ થઈશ અને નિવૃત્તિ-પથની ઉન્નતિ કરીશ. ત્યાં પણ મારા ચાર દૃઢવ્રતી શિષ્ય હશે. એમનાં નામ હશે : સુધામા, વિરજા, સંજય અને વિજય. હે વિધે! સાતમા દ્વાપરના આરંભે જ્યારે શતક્રતુ નામના વ્યાસ હશે, એ સમયે પણ હું યોગમાર્ગમાં પરમ નિપુણ જૈગીષાય નામે પ્રગટ થઈશ અને કાશીપુરીમાં ગુફાની અંદર દિવ્યદેશમાં કુશાસન પર બેસીને યોગને સુદૃઢ બનાવીશ. તથા શતક્રતુ નામના વ્યાસની મદદ અને સંસારભયથી ભક્તોનો ઉદ્ધાર કરીશ. એ યુગમાં પણ મારા સારસ્વત, યોગીશ, મેઘવાહ અને સુવાહન નામના ચાર પુત્રો હશે. આઠમા દ્વાપરના આગમન પર મુનિવર વસિષ્ઠ વેદોનું વિભાજન કરનારા વેદવ્યાસ હશે. હે યોગવિત્તમ! એ યુગમાં પણ હું દધિવાહન નામે અવતાર લઈશ અને વ્યાસની સહાયતા કરીશ. એ સમયે કપિલ, આસુરિ, પંચશિખ અને શાલ્વલ નામના મારા ચાર યોગી પુત્ર ઉત્પન્ન થશે, જે મારા સમાન જ હશે. હે બ્રહ્મન્! નવમી ચતુર્યુગીના દ્વાપર યુગમાં મુનિશ્રેષ્ઠ સારસ્વત વ્યાસ નામે પ્રસિદ્ધ હશે. એ વ્યાસના નિવૃત્તિ માર્ગની વૃદ્ધિ માટે ધ્યાન કરવાથી હું ઋષભ નામે અવતાર લઈશ. એ સમયે પરાશર, ગર્ગ, ભાર્ગવ અને ગિરીશ નામના ચાર મહાયોગી મારા શિષ્ય હશે. હે પ્રજાપતે! એમના સહયોગથી હું યોગમાર્ગને સુદૃઢ બનાવીશ. હે સન્મુને! આ રીતે હું વ્યાસનો સહાયક બનીશ. હે બ્રહ્મન્! એ જ રૂપે હું ઘણાબધા દુઃખી ભક્તો પર દયા કરીને એમને ભવસાગરથી પાર કરીને એમનો ઉદ્ધાર કરીશ. મારો એ ઋષભ નામનો અવતાર યોગમાર્ગનો પ્રવર્તક, સારસ્વત વ્યાસના મનને સંતોષ દેનારો અને વિવિધ પ્રકારે રક્ષા કરનારો હશે. એ અવતારમાં હું ભદ્રાયુ નામના રાજકુમારને જે વિષદોષથી મરી જવાને કારણે પિતા દ્વારા પરિત્યક્ત થઈ જશે. તેને જીવન પ્રદાન કરીશ. ત્યાર પછી એ રાજપુત્રના આયુના સોળમા વર્ષમાં ઋષભ ઋષિ, જે મારા જ અંશ છે, એમને ઘેર પધારશે. હે પ્રજાપતે! એ રાજકુમાર દ્વારા પૂજિત થઈને તે સદ્‌રૂપધારી કૃપાળુ મુનિ એને રાજધર્મનો ઉપદેશ કરશે, તત્પશ્ચાત્ એ દીનવત્સલ મુનિ હર્ષિત ચિત્તે એને દિવ્ય કવચ, શંખ અને સંપૂર્ણ શત્રુઓનો વિનાશ કરનાર એક ચમકતું ખડ્ગ આપશે. પછી કૃપાપૂર્વક એના શરીર પર ભસ્મ લગાવીને એને બાર હજાર હાથીઓનું બળ પણ આપશે. આમ માતાસહિત ભદ્રાયુને સારીપેઠે

આશ્વાસન આપીને તથા એ બંને દ્વારા પૂજિત થઈને પ્રભાવશાળી ઋષભ મુનિ સ્વેચ્છા અનુસાર ચાલ્યા જશે. હે બ્રહ્મન્! ત્યારે રાજર્ષિ ભદ્રાયુ પણ રિપુગણોને જીતીને અને કીર્તિ માલિનીની સાથે વિવાહ કરીને ધર્મપૂર્વક રાજ્ય કરશે. હે મુને! મુજ શંકરનો તે ઋષભ નામનો નવમો અવતાર એવો પ્રભાવશાળી હશે, તે સત્પુરુષોની ગતિ તથા દીનોને માટે બન્ધુ-જેવો હિતકારી હશે. મેં એનું વર્ણન તમને સંભળાવી દીધું. આ ઋષભ-ચરિત્ર પરમ પાવન, મહાન તથા સ્વર્ગ, યશ અને આયુ આપનારું છે; તેથી એને પ્રયત્નપૂર્વક સાંભળવું જોઈએ. (અધ્યાય-૪)

*

શિવજી દ્વારા દશમાથી લઈને અટ્ઠાવીશમા યોગેશ્વર-અવતારોનું વર્ણન

શિવજી કહે છે—હે બ્રહ્મન્! દશમા દ્વાપરમાં ત્રિધામા નામના મુનિ વ્યાસ થશે. તે હિમાલયના રમણીય શિખર પર્વતોત્તમ ભૃગુતુંગ પર નિવાસ કરશે. ત્યાં પણ મારા શ્રુતિવિદિત ચાર પુત્રો હશે. એમનાં નામ હશે : ભૃંગ, બલબન્ધુ, નરામિત્ર અને તપોધન કેતુશૃંગ. અગિયારમા દ્વાપરમાં જ્યારે ત્રિવૃત્ત નામના વ્યાસ થશે, ત્યારે હું કળિયુગમાં ગંગાદ્વારમાં તપ નામે પ્રગટ થઈશ. ત્યાં પણ મારા લંબોદર, લંબાક્ષ, કેશલંબ અને પ્રલંબક નામના ચાર દૃઢવ્રતી પુત્ર હશે. બારમી ચતુર્યુગીના દ્વાપર યુગમાં શતતેજા નામના વેદવ્યાસ થશે. એ સમયે હું દ્વાપરની સમાપ્તિ થવા લાગશે ત્યારે કળિયુગમાં હેમકંચુકમાં જઈને અત્રિ નામથી અવતાર લઈશ અને વ્યાસની સહાયતાને માટે નિવૃત્તિ માર્ગને પ્રતિષ્ઠિત કરીશ. હે મહામુને! ત્યાં પણ મારા સર્વજ્ઞ, સમબુદ્ધિ, સાધ્ય અને શર્વ નામના ચાર ઉત્તમ યોગી પુત્ર હશે. તેરમા દ્વાપરયુગમાં જ્યારે ધર્મસ્વરૂપ નારાયણ વ્યાસ થશે, ત્યારે હું પર્વતશ્રેષ્ઠ ગંધમાદન પર વાલખિલ્યાશ્રમમાં મહામુનિ બલિ નામે ઉત્પન્ન થઈશ. ત્યાં પણ મારા સુધામા, કાશ્યપ, વસિષ્ઠ અને વિરજા નામના ચાર સુંદર પુત્ર હશે. ચૌદમી ચતુર્યુગીમાં દ્વાપર યુગમાં જ્યારે રક્ષ નામના વ્યાસ હશે, એ સમયે હું અંગિરાના વંશમાં ગૌતમ નામે ઉત્પન્ન થઈશ. એ કળિયુગમાં પણ અત્રિ, વશદ, શ્રવણ અને શ્રવિષ્કટ મારા પુત્ર હશે. પંદરમા દ્વાપરમાં જ્યારે ત્રય્યારુણિ વ્યાસ હશે, એ સમયે હું હિમાલયના પૃષ્ઠ ભાગમાં સ્થિત વેદશીર્ષ નામના પર્વત પર સરસ્વતીના ઉત્તરતટનો આશ્રય લઈને વેદશિરા નામે અવતાર ધારણ કરીશ. એ સમયે મહાપરાક્રમી વેદશિર જ મારું અસ્ત્ર હશે. ત્યાં પણ મારા ચાર દૃઢ પરાક્રમી પુત્ર હશે. એમનાં નામ હશે : કુણિ, કુણિબાહુ, કુશરીર અને કુનેત્રક.

સોળમા દ્વાપરયુગમાં જ્યારે વ્યાસનું નામ દેવ હશે, ત્યારે હું યોગ પ્રદાન કરવાને માટે પરમ પુણ્યમય ગોકર્ણવનમાં ગોકર્ણ નામે પ્રગટ થઈશ. ત્યાં પણ મારા કાશ્યપ, ઉશના, ચ્યવન અને બૃહસ્પતિ નામના ચાર પુત્ર થશે. તે જલ સમાન નિર્મલ અને યોગી થશે તથા એ જ માર્ગના આશ્રયથી શિવલોકને પ્રાપ્ત થઈ જશે. સત્તરમી ચતુર્યુગીના દ્વાપરમાં દેવકૃતંજય વ્યાસ થશે, એ સમયે હું હિમાલયના અત્યંત ઊંચા

અને રમણીય શિખર મહાલય પર્વત પર ગુહાવાસી નામથી અવતાર ધારણ કરીશ, કેમકે, હિમાલય શિવક્ષેત્ર કહેવાય છે. ત્યાં ઉતથ્ય, વામદેવ, મહાયોગ અને મહાબલ નામના મારા પુત્ર પણ હશે. અઢારમી ચતુર્યુગીના દ્વાપરયુગમાં જ્યારે ઋતંજય વ્યાસ થશે, ત્યારે હું હિમાલયના એ સુંદર શિખર પર, જેનું નામ શિખંડી પર્વત છે અને જ્યાં મહાન પુણ્યમય સિદ્ધક્ષેત્ર તથા સિદ્ધો દ્વારા સેવિત શિખંડીવન પણ છે. શિખંડી નામે ઉત્પન્ન થઈશ. ત્યાં પણ વાચઃ શ્રવા, રુચીક, શ્યાવાસ્ય અને યતીશ્વર નામના મારા ચાર તપસ્વી પુત્ર થશે. ઓગણીસમા દ્વાપરમાં મહામુનિ ભરદ્વાજ વ્યાસ હશે. એ સમયે પણ હું હિમાલયના શિખર પર માલી નામે ઉત્પન્ન થઈશ અને મારા માથા પર લાંબી લાંબી જટાઓ હશે. ત્યાં પણ મારા સાગર-શા ગંભીર સ્વભાવવાળા હિરણ્યનામા, કૌસલ્ય, લોકાક્ષિ અને પ્રધિમિ નામના પુત્ર થશે. વીશમી ચતુર્યુગીના દ્વાપરમાં થનારા વ્યાસ ગૌતમ હશે. ત્યારે હું પણ હિમવાનના પૃષ્ઠ ભાગમાં સ્થિત પર્વત શ્રેષ્ઠ અટ્ટહાસપર, જે સદા દેવતા, મનુષ્ય, યક્ષેન્દ્ર, સિદ્ધ અને ચારણો દ્વારા અધિષ્ઠિત રહે છે, અટ્ટહાસ નામે અવતાર ધારણ કરીશ. એ યુગના મનુષ્ય અટ્ટહાસના પ્રેમી હશે. એ સમયે પણ મારા ઉત્તમ યોગસંપન્ન ચાર પુત્ર હશે. એમનાં નામ હશે. સુમન્ત, વર્વરિ, વિદ્વાન, કબંધ અને કુણિકંધર એકવીશમા દ્વાપરયુગમાં જ્યારે વાચઃશ્રવા નામના વ્યાસ થશે, ત્યારે હું દારુક નામે પ્રગટ થઈશ. એટલા માટે એ શુભ સ્થાનનું નામ દારુવન પડી જશે. ત્યાં પણ મારા પ્લક્ષ, દાર્ભાયણિ, કેતુમાન અને ગૌતમ નામના ચાર પરમ યોગી પુત્ર ઉત્પન્ન થશે. બાવીશમી ચતુર્યુગીના દ્વાપરમાં શુષ્માયણ નામના વ્યાસ થશે, ત્યારે હું વારાણસીપુરીમાં લાંગલી ભીમ નામે મહામુનિના રૂપે અવતરિત થઈશ. એ કળિયુગમાં ઇન્દ્ર સહિત સમસ્ત દેવતા મુજ હલાયુધધારી શિવનાં દર્શન કરશે. એ અવતારમાં પણ મારા ભલ્લવી, મધુ, પિંગ અને શ્વેતકેતુ નામના ચાર પરમ ધાર્મિક પુત્ર થશે. ત્રેવીશમી ચતુર્યુગીમાં જ્યારે તૃણબિન્દુ નામના મુનિ વ્યાસ થશે, ત્યારે હું સુંદર કાલિંજરગિરિ પર શ્વેત નામે પ્રગટ થઈશ. ત્યાં પણ મારા ઉશિક, બૃહદશ્વ, દેવલ અને કવિ નામથી પ્રસિદ્ધ ચાર તપસ્વી પુત્ર થશે. ચોવીશમી ચતુર્યુગીમાં જ્યારે ઐશ્વર્યશાળી યક્ષ વ્યાસ થશે ત્યારે એ યુગમાં હું નૈમિષક્ષેત્રમાં શૂલી નામનો મહાયોગી થઈને ઉત્પન્ન થઈશ. એ યુગમાં પણ મારા ચાર તપસ્વી શિષ્ય હશે. એમનાં નામ હશે : શાલિહોત્ર, અગ્નિવેશ, યુવનાશ્વ અને શરદ્વસુ. પચ્ચીશમા દ્વાપરમાં જ્યારે વ્યાસ શક્તિ નામે પ્રસિદ્ધ હશે, ત્યારે હું પણ પ્રભાવશાળી અને દંડધારી મહાયોગીરૂપે પ્રગટ થઈશ. મારું નામ મુંડીશ્વર હશે. એ અવતારમાં પણ છગલ, કુંડકર્ણ, કુંભાંડ અને પ્રવાહક મારા તપસ્વી શિષ્ય હશે. છવ્વીશમા દ્વાપરમાં જ્યારે વ્યાસનું નામ પરાશર હશે, ત્યારે હું ભદ્રવટ નામના નગરમાં સહિષ્ણુ નામે અવતાર લઈશ. એ સમયે પણ ઉલૂક, વિદ્યુત, શમ્બૂક અને આશ્વલાયન નામવાળા ચાર તપસ્વી શિષ્ય થશે. સત્યાવીશમા દ્વાપરમાં જ્યારે જાતૂકર્ણ્ય વ્યાસ હશે, ત્યારે હું પણ પ્રભાસતીર્થમાં સોમશર્મા નામથી પ્રગટ થઈશ. ત્યાં પણ અક્ષપાદ, કુમાર, ઉલૂક અને વત્સ નામથી પ્રસિદ્ધ મારા ચાર તપસ્વી શિષ્ય હશે. અઠ્ઠાવીશમા દ્વાપરમાં જ્યારે ભગવાન શ્રીહરિ

પરાશરના પુત્રરૂપે દ્વૈપાયન નામના વ્યાસ હશે, ત્યારે પુરુષોત્તમ શ્રીકૃષ્ણ પોતાના છઠ્ઠા અંશથી વસુદેવના શ્રેષ્ઠ પુત્રરૂપે ઉત્પન્ન થઈને વાસુદેવ કહેવાશે. એ જ સમયે યોગાત્મા હું પણ લોકોને આશ્ચર્યમાં નાખવા માટે યોગમાયાના પ્રભાવથી બ્રહ્મચારીનું શરીર ધારણ કરીને પ્રગટ થઈશ. પછી સ્મશાન ભૂમિમાં મૃતકરૂપે પડેલા અવિચ્છિન્ન શરીરને જોઈને હું બ્રાહ્મણોના હિત-સાધન માટે યોગમાયાના આશ્રયથી એમાં ઘૂસી જઈશ અને પછી તમારી તથા વિષ્ણુની સાથે મેરુગિરિની પુણ્યમયી દિવ્ય ગુહામાં પ્રવેશ કરીશ. હે બ્રહ્મન્! ત્યાં મારું નામ લકુલી હશે. આ રીતે મારો આ કાયાવતાર ઉત્કૃષ્ટ સિદ્ધક્ષેત્ર કહેવાશે અને જ્યાં સુધી પૃથ્વી કાયમ રહેશે ત્યાં સુધી લોકમાં પરમ વિખ્યાત રહેશે. એ અવતારમાં પણ મારા ચાર તપસ્વી શિષ્યો હશે. એમનાં નામ કુશિક, ગર્ગ, મિત્ર અને પૌરુષ્ય હશે. એ વેદોના પારગામી ઊર્ધ્વરેતા બ્રાહ્મણ યોગી થશે અને માહેશ્વર યોગને પ્રાપ્ત કરીને શિવલોકને પામશે.

હે ઉત્તમવ્રતનું પાલન કરનાર મુનિઓ! આ રીતે પરમાત્મા શિવે વૈવસ્વત મન્વંતરની બધી ચતુર્યુગીઓના યોગેશ્વરાવતારોનું સમ્યક્ રૂપે વર્ણન કર્યું હતું. હે વિભો! અઠ્યાવીશ વ્યાસ ક્રમશઃ એક એક કરીને પ્રત્યેક દ્વાપરમાં થશે અને યોગેશ્વરાવતાર પ્રત્યેક કળિયુગના પ્રારંભમાં થશે. પ્રત્યેક યોગાવતારની સાથે એના ચાર અવિનાશી શિષ્યો પણ હશે, જે મહાન શિવભક્ત અને યોગમાર્ગની વૃદ્ધિ કરનારા હશે. એ પશુપતિના શિષ્યોના શરીરો પર ભસ્મ લગાવેલી હશે, લલાટ ત્રિપુંડ્રથી સુશોભિત રહેશે અને રુદ્રાક્ષની માળા જ એમનું આભૂષણ હશે. એ બધા શિષ્ય ધર્મપરાયણ, વેદ-વેદાંગના પારગામી વિદ્વાન અને અંદર-બહારથી લિંગાર્ચનમાં તત્પર રહેનારા હશે. એ શિવજીમાં ભક્તિ રાખીને યોગપૂર્વક ધ્યાનમાં નિષ્ઠા રાખનારા અને જિતેન્દ્રિય હશે. વિદ્વાનોએ એમની સંખ્યા એક સો બાર બતાવી છે. આ રીતે મેં અઠ્યાવીસ યુગોના ક્રમથી મનુથી લઈને કૃષ્ણાવતાર પર્યંત બધા જ અવતારોનાં લક્ષણોનું વર્ણન કરી દીધું છે. જ્યારે શ્રુતિસમૂહોનો વેદાન્ત રૂપે પ્રયોગ થશે, ત્યારે એ કલ્પમાં કૃષ્ણદ્વૈપાયન વ્યાસ થશે. આ મહેશ્વરે બ્રહ્માજી પર અનુગ્રહ કરીને યોગેશ્વરાવતારોનું વર્ણન કર્યું અને પછી એ દેવેશ્વરે એમની તરફ દૃષ્ટિપાત કરીને ત્યાં જ અંતર્ધાન થઈ ગયા.

(અધ્યાય-૫)

*

નન્દીશ્વરાવતારનું વર્ણન

અહીં સુધી બેતાલીસ અવતારોનું વર્ણન કરવામાં આવ્યું છે. હવે નન્દીશ્વરાવતારનું વર્ણન થાય છે.

સનત્કુમારજીએ પૂછ્યું—હે પ્રભો! આપ મહાદેવના અંશથી ઉત્પન્ન થઈને પછી શિવજીને કેવી રીતે પ્રાપ્ત થયા? એ આખું વૃત્તાંત હું સાંભળવા ચાહું છું, એનું વર્ણન કરવાની કૃપા કરો.

નન્દીશ્વર બોલ્યા—હે સર્વજ્ઞ સનત્કુમારજી! મેં જે રીતે મહાદેવના અંશથી જન્મ થઈને શિવને પ્રાપ્ત થયો, એ પ્રસંગનું વર્ણન કરું છું; તમે સાવધાનીપૂર્વક શ્રવણ કરો. શિલાદ નામના

એક ધર્માત્મા મુનિ હતા. પિતરોના આદેશથી એમણે અયોનિજ સુવ્રત મૃત્યુહીન પુત્રની પ્રાપ્તિ માટે તપ કરીને દેવેશ્વર ઇન્દ્રને પ્રસન્ન કર્યાં, પરંતુ દેવરાજ ઇન્દ્રે આવો પુત્ર પ્રદાન કરવામાં પોતાને અસમર્થ બતાવીને સર્વેશ્વર મહાશક્તિસંપન્ન મહાદેવની આરાધના કરવાનો ઉપદેશ આપ્યો. ત્યારે શિલાદ ભગવાન મહાદેવને પ્રસન્ન કરવા માટે તપ કરવા લાગ્યા. એમના તપથી પ્રસન્ન થઈને મહાદેવ ત્યાં પધાર્યા અને મહાસમાધિમગ્ન શિલાદને થાબડીને જગાડ્યા. ત્યારે શિલાદે શિવનું સ્તવન કર્યું અને ભગવાન શિવનું એમને વરદાન આપવા પ્રસ્તુત થવા પર એણે કહ્યું - 'હે પ્રભો! આપના જેવો જ મૃત્યુહીન અયોનિજ પુત્ર ચાહું છું.' ત્યારે શિવજી પ્રસન્ન થઈને મુનિને કહેવા લાગ્યા.

શિવજીએ કહ્યું—હે તપોધન વિપ્ર! પૂર્વકાળમાં બ્રહ્માજી, મુનિઓ તથા મોટા મોટા દેવતાઓએ મારા અવતાર ધારણ કરવા માટે તપસ્યા દ્વારા મારી આરાધના કરી હતી. એટલા માટે હે મુને! યદ્યપિ હું આખા જગતનો પિતા છું તો પણ તમે મારા પિતા બનશો અને હું તમારો અયોનિજ પુત્ર થઈશ અને મારું નામ નંદી હશે.

નંદીશ્વરજી કહે છે—હે મુને! આમ કહીને કૃપાળુ શંકરે પોતાના ચરણોમાં પ્રણિપાત કરીને ઊભેલા શિલાદ મુનિ તરફ કૃપાદૃષ્ટિથી જોયું અને એમને એવો આદેશ આપીને તે તરત જ ઉમાસહિત ત્યાં જ અંતર્ધાન થઈ ગયા. મહાદેવજીની ચાલ્યા ગયા પછી મહામુનિ શિલાદે પોતાના આશ્રમમાં આવીને એ આખો વૃત્તાંત કહી સંભળાવ્યો. થોડો સમય વીતી ગયા પછી જ્યારે યજ્ઞવેત્તાઓમાં શ્રેષ્ઠ મારા પિતાજી યજ્ઞ કરવા માટે યજ્ઞક્ષેત્રને ખેડી-તૈયાર કરી રહ્યા હતા. એ જ સમયે હું શંભુની આજ્ઞાથી યજ્ઞ પૂર્વે જ એમના શરીરથી ઉત્પન્ન થઈ ગયો. એ સમયે મારા શરીરની પ્રભા યુગાન્તકાલીન અગ્નિ જેવી હતી. ત્યારે બધી જ દિશાઓમાં પ્રસન્નતા છવાઈ ગઈ અને શિલાદ મુનિની પણ ખૂબ પ્રશંસા થઈ. આ બાજુ શિલાદે પણ જ્યારે મુજ બાળકને પ્રલયકાલીન સૂર્ય અને અગ્નિની જેમ પ્રભાશાળી, ત્રિનેત્ર, ચતુર્ભુજ, પ્રકાશમાન, જટામુકુટધારી, ત્રિશૂળ વગેરે આયુધોથી યુક્ત, સર્વથા રુદ્રરૂપે જોયા, ત્યારે તે મહાન આનંદમાં નિમગ્ન થઈ ગયા અને મુજ-પ્રણમ્યને નમસ્કાર કરતાં કરતાં કહેવા લાગ્યા.

શિલાદ બોલ્યા—હે સુરેશ્વર! કેમકે તમે નન્દી નામે પ્રગટ થઈને મને આનંદિત કર્યો છે, એટલા માટે હું તમને આનંદમય જગદીશ્વરને નમસ્કાર કરું છું.

નંદીશ્વરજી કહે છે—હે મુને! તદનંતર જેવી રીતે નિર્ધનને ખજાનો પ્રાપ્ત થઈ જવાથી પ્રસન્નતા થાય છે, એવી જ રીતે મારી પ્રાપ્તિથી હર્ષિત થઈને પિતાજીએ મહેશ્વરની સારીપેઠે વંદના કરી અને પછી મને લઈને તે શીઘ્ર જ પોતાની પર્ણશાળા તરફ ચાલ્યા ગયા. હે મહામુને! જ્યારે હું શિલાદની ઝૂંપડીમાં પહોંચી ગયો ત્યારે મેં પોતાના એ રૂપનો પરિત્યાગ કરીને મનુષ્યરૂપ ધારણ કરી લીધું. ત્યાર પછી શાલંકાયન-નંદન પુત્રવત્સલ શિલાદે મારા જાતકર્મ વગરે બધા સંસ્કાર સંપન્ન કર્યા. પછી પાંચમા વર્ષે પિતાજીએ મને સાંગોપાંગ વેદોનું તથા અન્યાન્ય શાસ્ત્રોનું પણ અધ્યયન કરાવ્યું. સાતમું વર્ષ પૂરું થયા પછી શિવજીની આજ્ઞાથી મિત્ર અને વરુણ નામના મુનિ મને જોવાને માટે પિતાજીના આશ્રમે પધાર્યા. શિલાદ મુનિએ એમની પૂરી આગતાસ્વાગતા કરી. જ્યારે એ

બંને મહાત્મા મુનીશ્વર આનંદપૂર્વક આસન પર બેસી ગયા, ત્યારે મારી બાજુ વારંવાર જોઈને બોલ્યા.

મિત્ર અને વરુણે કહ્યું—'હે તાત શિલાદ! યદ્યપિ તમારો પુત્ર નંદી સંપૂર્ણ શાસ્ત્રોના અર્થોનો પારગામી વિદ્વાન છે, તથાપિ એનું આયુષ્ય બહુ જ થોડું છે. અમે બધી રીતે વિચાર કરીને જોયું, પરંતુ આનું આયુષ્ય એક વર્ષથી વધારે દેખાતું નથી.' એ વિપ્રવરોના આમ કહેવાથી પુત્રવત્સલ શિલાદ નંદીને છાતીએ વળગાળીને દુઃખાર્ત થઈને ધ્રુસકે ને ધ્રુસકે રડવા લાગ્યા. ત્યારે પિતા અને પિતામહને મૃતકની જેમ પડેલા જોઈને નંદી શિવજીનાં ચરણકમળોનું સ્મરણ કરીને પ્રસન્નતાપૂર્વક પૂછવા માંડ્યો—'હે પિતાજી! આપને એવું કયું દુઃખ આવી પડ્યું છે, જેને કારણે આપનું શરીર કંપી રહ્યું છે અને આપ રડી રહ્યા છો? આપને એ દુઃખ ક્યાંથી પ્રાપ્ત થયું છે, તે હું સારીપેઠે જાણવા ચાહું છું.'

પિતાએ કહ્યું—હે બેટા, તારા અલ્પાયુને કારણે હું અત્યંત દુઃખી થઈ રહ્યો છું. (તું જ કહે) મારા આ કષ્ટને કોણ દૂર કરી શકે છે? હું એને શરણે જાઉં.

પુત્ર બોલ્યો—હે પિતાજી! હું આપની સામે શપથ લઉં છું અને આ બિલકુલ સત્ય વાત કહી રહ્યો છું કે ચાહે તો દેવતા, દાનવ, યમ, કાલ તથા અન્યાન્ય પ્રાણી-એ બધાં મળીને પણ મને મારવા ચાહે તો પણ બાલ્યકાલમાં મારું મૃત્યુ નહીં થાય. તેથી આપ દુઃખી ન થશો.

પિતાજીએ પૂછ્યું—હે મારા પ્યારા લાલ! તેં એવું કયું તપ કર્યું છે અથવા તને એવું કયું જ્ઞાન, યોગ કે ઐશ્વર્ય પ્રાપ્ત છે, જેના બળ વડે તું આ દારુણ દુઃખને નષ્ટ કરી દઈશ.

પુત્રે કહ્યું—હે તાત! હું ન તો તપથી મૃત્યુને હટાવીશ અને તો વિદ્યાથી મૃત્યુને હટાવીશ. હું તો મહાદેવજીના ભજનથી મૃત્યુને જીતી લઈશ, એના સિવાય અન્ય કોઈ ઉપાય નથી.

નન્દીશ્વરજી કહે છે—હે મુને! આમ કરીને મેં મસ્તક નમાવીને પિતાજીનાં ચરણોમાં પ્રણામ કર્યા અને પછી એમની પ્રદક્ષિણા કરીને ઉત્તમ વનની રાહ પકડી.

(અધ્યાય-૬)

*

નંદીશ્વરનો જન્મ, વરદાન પ્રાપ્તિ, અભિષેક અને વિવાહનું વર્ણન

નંદીકેશ્વર કહે છે—હે મુને! વનમાં જઈને મેં એકાંત સ્થાનમાં આસન લગાવ્યું અને ઉત્તમ બુદ્ધિનો આશ્રય લઈને હું ઉગ્ર તપમાં પ્રવૃત્ત થયો, જે મોટા મોટા મુનિઓ માટે પણ દુષ્કર હતું. એ સમયે મેં નદીના પાવન તટ પર સુદૃઢરૂપે ધ્યાન લગાવીને આસન જમાવ્યું અને એકાગ્ર તથા સમાહિત મનથી પોતાના હૃદયકમળના મધ્યભાગમાં ત્રણ નેત્ર, દશ ભુજા તથા પાંચ મુખવાળા શાંતિસ્વરૂપ દેવાધિદેવ સદાશિવનું ધ્યાન કરીને રુદ્રમંત્રનો જપ કરવા લાગ્યો. ત્યારે એ જપમાં મને તલ્લીન જોઈને ચંદ્રાર્ધભૂષણ પરમેશ્વર મહાદેવ પ્રસન્ન થઈ થઈ ગયા અને ઉમાસહિત ત્યાં પધારીને પ્રેમપૂર્વક બોલ્યા -

શિવજીએ કહ્યું—'હે શિલાદનંદન! તમે બહુ મોટું ઉત્તમ તપ કર્યું છે. તમારી આ

તપસ્યાથી સંતુષ્ટ થઈને હું તમને વરદાન આપવાને માટે આવ્યો છું. તમારા મનમાં જે મનોવાંછિત હોય, તે માગી લો.' મહાદેવજીના આમ કહેવાથી મેં દંડવત્ પ્રણામ કર્યા, પ્રભુનાં ચરણોમાં આળોટી પડ્યો પછી ઘડપણ અને શોકનો વિનાશ કરનારા પરમેશાનની સ્તુતિ કરવા લાગ્યો. ત્યારે પરમ કષ્ટહારી વૃષભધ્વજ પરમેશ્વર શંભુએ મુજ પરમ ભક્તિસંપન્ન નંદીને જેનાં નેત્રો આંસુથી છલકાઈ ગયાં હતાં અને જે ચરણોમાં આળોટી પડ્યો હતો, તેને બંને હાથે પકડીને ઉઠાવી લીધો અને શરીર પર હાથ પસવારવા માંડ્યા. પછી એ જગદીશ્વર ગણાધ્યક્ષો તથા હિમાચલકુમારી પાર્વતીદેવી તરફ દૃષ્ટિપાત કરીને મને કૃપાદૃષ્ટિથી જોઈને આમ કહેવા લાગ્યા—'હે વત્સ નંદી! એ બંને વિપ્રોને મેં જ મોકલ્યા હતા. હે મહાપ્રાજ્ઞ! તને વળી મૃત્યુનો ભય કેવો? તું તો મુજ સમાન જ છે. એમાં લેશમાત્ર સંશય નથી. તું અમર, અજર, દુઃખરહિત, અવ્યય અને અક્ષર થઈને સદા ગણનાયક બની રહીશ તથા પિતા અને સુહૃદ્વર્ગ મારા પ્રિયજન થશો. તારામાં મારા જેટલું જ બળ હશે. તું નિત્ય મારી બાજુમાં જ સ્થિત રહીશ. તારા પર નિરંતર મારી પ્રીતિ બની રહેશે, મારી કૃપાથી જન્મ, જરા અને મૃત્યુ તારા પર પોતાનો પ્રભાવ પાડી શકશે નહિ.'

નંદીશ્વરજી કહે છે—હે મુને! આમ કહીને કૃપાસાગર શંભુએ કમળોની બનેલી પોતાની શિરોમાળા કાઢીને તરત જ મારા કંઠમાં પહેરાવી દીધી. હે વિપ્રવર! એ શુભ માળા ગળામાં પડતાં જ હું ત્રણ નેત્ર અને દશ ભુજાઓથી સંપન્ન થઈ ગયો તથા બીજા શંકર જેવો જ પ્રતીત થવા લાગ્યો. તદનંતર પરમેશ્વર શિવે મારો હાથ પકડીને પૂછ્યું—'બતાવ, હવે તને કયું વરદાન આપું?' પછી એ વૃષભધ્વજે પોતાની જટામાં સ્થિત હાર-સમાન નિર્મલ જલને હાથમાં લઈને 'તું નદી થઈ જા' એમ કહીને જલ મૂકી દીધું - ત્યારે તે જળ ઉત્તમ રીતે વહેનારી, સ્વચ્છ

જલથી પરિપૂર્ણ, મહાન વેગશાલિની, દિવ્યરૂપા પાંચ સુંદર નદીઓના રૂપે પરિવર્તિત થઈ ગઈ. એમનાં નામ આ મુજબ છે : જટોદકા, ત્રિસ્રોતા, વૃષધ્વનિ, સ્વર્ણોદકા અને જમ્બૂ નદી - હે મુને! આ પંચનદ શિવના પૃષ્ઠ ભાગની જેમ પરમ શુભ છે. મહેશ્વરની પાસે એમનાં નામ લેવાથી તે પરમ પાવન થઈ જાય છે. જે મનુષ્ય પંચનદ પર જઈને સ્નાન અને જપ કરીને પરમેશ્વર શિવનું પૂજન કરે છે, તે શિવસાયુજ્યને પ્રાપ્ત થઈ જાય છે, એમાં સંશય નથી. તત્પશ્ચાત્ શંભુએ ઉમાને કહ્યું—'હે અવ્યયે! હું નંદીનો અભિષેક કરીને એને ગણાધ્યક્ષ બનાવવા ચાહું છું! આ વિષયમાં તમારો શો અભિપ્રાય છે?'

ત્યારે ઉમા બોલ્યાં—હે દેવેશ! આપ નંદીને ગણાધ્યક્ષપદનું પ્રદાન કરી શકો છો;

કેમકે હે પરમેશ્વર! આ શિલાદનંદન મારે માટે પુત્ર-સમાન છે, એટલા માટે હે નાથ! એ મને બહુ જ વ્હાલો છે. તદનંતર ભક્તવત્સલ ભગવાન શંકરે પોતાના અતુલબલશાળી ગણોને બોલાવીને એમને કહ્યું.

શિવજી બોલ્યા—હે ગણનાયકો! તમે બધા મારી એક આજ્ઞાનું પાલન કરો. આ મારો પ્રિય પુત્ર નંદીશ્વર બધા જ ગણનાયકોનો અધ્યક્ષ અને ગણોનો નેતા છે; એટલા માટે તમે બધા લોકો મળીને એનો મારા ગણોના અધિપતિ-પદ પર પ્રેમપૂર્વક અભિષેક કરો. આજથી આ નંદીશ્વર તમારા લોકોનો સ્વામી થશે.

નંદીશ્વરજી કહે છે—હે મુને! શંકરજીના આ કથન પર બધા ગણનાયકોએ 'એવમસ્તુ' કહીને એનો સ્વીકાર કર્યો અને તેઓ સામગ્રી એકઠી કરવાના કામમાં પરોવાઈ ગયા. પછી બધા દેવતાઓ અને મુનિઓએ મળીને મારો અભિષેક કર્યો. ત્યારબાદ મરુતોની મનોહારિણી દિવ્ય કન્યા સુયશા સાથે મારો વિવાહ કરાવી દીધો. એ સમયે મને ઘણીબધી દિવ્ય વસ્તુઓ મળી. હે મહામુને! એ પ્રકારે વિવાહ કરીને મેં પોતાની એ પત્ની સાથે શંભુ, શિવા, બ્રહ્મા અને શ્રીહરિનાં ચરણોમાં પ્રણામ કર્યા. ત્યારે ત્રિલોકેશ્વર ભક્તવત્સલ ભગવાન શિવ પત્નીસહિત મને પરમ પ્રેમપૂર્વક કહેવા લાગ્યા.

ઈશ્વરે કહ્યું—હે સન્પુત્ર! આ તારી પ્રિયા સુયશા અને તું મારી વાત સાંભળો. તમે મને પરમ પ્રિય છો, એટલે હું સ્નેહપૂર્વક તમને મનોવાંછિત વરદાન આપીશ. હે ગણેશ્વર નન્દીશ! દેવી પાર્વતી સહિત હું સદા તમારાથી સંતુષ્ટ છું, એટલે હે વત્સ! તમે મારું વચન શ્રવણ કરો. તું મારો અતૂટ પ્રેમી, વિશિષ્ટ, પરમ ઐશ્વર્યસંપન્ન, મહાયોગી, મહાન ધનુર્ધારી, અજેય, સર્વને જીતનારો, મહાબલી અને સદા પૂજ્ય થઈશ. જ્યાં હું રહીશ, ત્યાં તારી સ્થિતિ થશે અને જ્યાં તું રહીશ ત્યાં હું ઉપસ્થિત રહીશ. આ જ દશા તમારા પિતા અને પિતામહની પણ હશે. તમારા આ મહાબલી પિતા પરમ ઐશ્વર્યશાળી, મારા ભક્ત અને ગણાધ્યક્ષ થશે. હે વત્સ! આ જ નિયમ તમારા પિતામહ પર લાગુ પડશે. અંતમાં, તમે બધા મારી પાસેથી વરદાન પ્રાપ્ત કરીને મારા સાંનિધ્યને પ્રાપ્ત કરશો.

નંદીશ્વરજી કહે છે—હે મુને! ત્યાર પછી મહાભાગા ઉમાદેવી વરદાન આપવા ઉત્સુક થઈને મુજ-નંદીને કહેવા લાગ્યાં—'હે બેટા! તું મારી પાસેથી પણ વરદાન માગી લે, હું તારી સર્વ મનોવાંછિત કામનાઓને પૂર્ણ કરી દઈશ.' ત્યારે દેવીનાં એ વચન સાંભળીને મેં હાથ જોડીને કહ્યું—'હે દેવી! આપનાં ચરણોમાં મારી સદા ભક્તિ રહો, ભક્તિ બની રહો' એવી યાચના સાંભળીને દેવીએ કહ્યું—'એવમસ્તુ - એવું જ થશે.' પછી શિવા નંદીની પ્રિયતમા સુયશાને કહેવા લાગ્યાં.

દેવીએ કહ્યું—હે વત્સે! તું પણ તારું અભીષ્ટ વરદાન ગ્રહણ કરી લે. તારે ત્રણ નેત્ર હશે, તું જન્મ-બંધનથી છૂટી જઈશ એ પુત્ર-પૌત્રોથી સંપન્ન રહીશ તથા તારી ભુજમાં અને પોતાના સ્વામીમાં અટલ ભક્તિ બની રહેશે.

નંદીશ્વરજી કહે છે—હે મુને! તદનંતર શિવજીની આજ્ઞાથી પરમ પ્રસન્ન થયેલા બ્રહ્મા, વિષ્ણુ તથા સમસ્ત દેવગણોએ પણ પ્રેમપૂર્વક અમને બંનેને વરદાન આપ્યાં. તત્પશ્ચાત્ પરમેશ્વર શિવ કુટુંબસહિત મને અપનાવીને તથા ઉમાસહિત

વૃષ પર આરૂઢ થઈને સંબંધીઓ તથા બાંધવોની સાથે પોતાના નિવાસસ્થાને ચાલ્યા ગયા. ત્યારે ત્યાં ઉપસ્થિત વિષ્ણુ વગેરે સમસ્ત દેવતા મારી પ્રશંસા તથા શિવ-શિવાની સ્તુતિ કરતાં કરતાં પોત-પોતાને ધામે જતાં રહ્યાં. હે વત્સ! આ રીતે મેં તમને પોતાના અવતારનું વર્ણન કરી દીધું છે. હે મહામુને! આ મનુષ્યોને માટે સદા આનંદદાયક અને શિવભક્તિ-વર્ધક છે. જે શ્રદ્ધાળુ માનવ ભક્તિભાવિત ચિત્તથી મારો-નંદીનો જન્મ, વરદાન-પ્રાપ્તિ અને વિવાહના વૃત્તાંતને સાંભળશે, અથવા બીજાને સંભળાવશે અથવા વાંચશે કે વંચાવશે, એ આ લોકમાં સંપૂર્ણ સુખોને ભોગવીને અંતે પરમગતિને પ્રાપ્ત થશે. (અધ્યાય-૭)

*

કાલભૈરવનું માહાત્મ્ય, વૈશ્વાનરની તપસ્યા અને શિવજીનું પ્રસન્ન થઈને એમની પત્ની શુચિષ્મતીના ગર્ભથી એમના પુત્રરૂપે પ્રગટ થવું અને એમને વરદાન આપવું

તદનંતર ભગવાન શંકરના ભૈરવ-અવતારનું વર્ણન કરીને નંદીશ્વરે કહ્યું—હે મહામુને! પરમેશ્વર શિવ ઉત્તમોત્તમ લીલાઓ રચનારા તથા સત્પુરુષોના પ્રેમી છે. એમણે માગશર માસની વદ આઠમે ભૈરવરૂપે અવતાર લીધો હતો. એટલા માટે જે મનુષ્ય માગશર માસની વદ આઠમે કાલભૈરવ પાસે ઉપવાસ કરીને રાત્રિમાં જાગરણ કરે છે, તે સમસ્ત પાપથી મુક્ત થઈ જાય છે. જે મનુષ્ય અન્યત્ર પણ ભક્તિપૂર્વક જાગરણસહિત આ વ્રતનું અનુષ્ઠાન કરશે, તે પણ મહાપાપોથી મુક્ત થઈને સદ્‌ગતિને પ્રાપ્ત થઈ જશે. પ્રાણીઓના લાખો જન્મોમાં કરેલાં જે પાપ છે, તે બધાં જ કાલભૈરવનાં દર્શનથી નિર્મલ થઈ જાય છે. જે મૂર્ખ કાલભૈરવના ભક્તોનું અનિષ્ટ કરે છે, એ આ જન્મમાં દુઃખ ભોગવીને પુનઃ દુર્ગતિને પ્રાપ્ત થાય છે. જે લોકો વિશ્વનાથના તો ભક્ત છે પરંતુ કાલભૈરવની ભક્તિ નથી કરતા, એમને મહાન દુઃખની પ્રાપ્તિ થાય છે. કાશીમાં તો આનો વિશેષ પ્રભાવ પડે છે. જે મનુષ્ય વારાણસીમાં નિવાસ કરીને કાલભૈરવનું ભજન કરતો નથી, એનાં પાપ શુક્લ પક્ષના ચંદ્રમાની જેમ વધતાં જ રહે છે. જો કાશીમાં પ્રત્યેક ભૌમવારની—મંગળવારની - વદ આઠમે કાલરાજાનું ભજન-પૂજન નથી કરતો, એનું પુણ્ય કૃષ્ણપક્ષના ચંદ્રમા સમાન ક્ષીણ થઈ જાય છે.

તદનંતર નંદીશ્વરે વીરભદ્ર તથા શરભાવતારનો વૃત્તાંત સંભળાવીને કહ્યું—હે બ્રહ્મપુત્ર! ભગવાન શિવ જે પ્રકારે પ્રસન્ન થઈને વિશ્વાનર મુનિને ઘેર અવતીર્ણ થયા હતા, શશિમૌલિના એ ચરિતને તમે પ્રેમપૂર્વક શ્રવણ કરો. એ સમયે એ તેજની નિધિ અગ્નિરૂપ સર્વાત્મા પરમ પ્રભુ શિવ અગ્નિલોકના અધિપતિરૂપે ગૃહપતિ નામે અવતીર્ણ થયા હતા. પૂર્વકાળની વાત છે, નર્મદાના રમણીય તટ પર નર્મપુર નામનું એક નગર હતું. એ જ નગરમાં વિશ્વાનર નામે એક મુનિ નિવાસ કરતા હતા. એમનો જન્મ શાંડિલ્ય ગોત્રમાં થયો હતો. તે પરમ પાવન પુણ્યાત્મા, શિવભક્ત, બ્રહ્મતેજનો ખજાનો અને જિતેન્દ્રિય હતા. બ્રહ્મચર્યાશ્રમમાં

એમની ખૂબ નિષ્ઠા હતી. ને સદા બ્રહ્મયજ્ઞમાં તત્પર રહેતા હતા. પછી એમણે શુચિષ્મતી નામની એક સદ્‌ગુણવતી કન્યા સાથે વિવાહ કરી લીધો અને તે બ્રાહ્મણોચિત કર્મ કરતાં કરતાં દેવતા તથા પિતરોને પ્રિય લાગનારું જીવન વ્યતીત કરવા લાગ્યા. આ રીતે જ્યારે ઘણોબધો સમય પસાર થઈ ગયો, ત્યારે એ બ્રાહ્મણની ભાર્યા શુચિષ્મતી, જે ઉત્તમ વ્રતનું પાલન કરનારી હતી, પોતાના પતિને કહેવા લાગી - 'હે પ્રાણનાથ! સ્ત્રીઓને યોગ્ય જેટલા આનંદપ્રદ ભોગ છે, એ સર્વને મેં આપની કૃપાથી આપની સાથે રહીને ભોગવી લીધા છે; પરંતુ હે નાથ! મારા હૃદયમાં એક લાલસા ચિરકાલથી વર્તમાન છે અને એ ગૃહસ્થો માટે ઉચિત પણ છે, એને આપ પૂર્ણ કરવાની કૃપા કરો. હે સ્વામીન્! જો હું વરદાન મેળવવા યોગ્ય હોઉં અને આપ વરદાન આપવા ચાહતા હો તો મને મહેશ્વર-સરખો પુત્ર પ્રદાન કરો. એ સિવાય હું બીજું વરદાન ચાહતી નથી.'

નંદીશ્વરજી કહે છે—હે મુને! પત્ની વાત સાંભળીને પવિત્ર વ્રતપરાયણ બ્રાહ્મણ ક્ષણભર માટે સમાધિસ્થ થઈ ગયા અને હૃદયમાં આમ વિચારવા લાગ્યા—"અહો! મારી આ સૂક્ષ્મ-અંગી પત્નીએ કેવું અત્યંત દુર્લભ વરદાન માગ્યું છે. આ મારા મનોરથ-પથથી બહુ જ દૂર છે. અચ્છા, શિવજી તો સર્વકાંઈ કરવામાં સમર્થ છે. એવું પ્રતીત થાય છે કે, જાણે એ શંભુએ જ એના મુખમાં બેસીને વાણીરૂપે આવી વાત કહી છે, અન્યથા બીજો કોણ એમ કરવામાં સમર્થ હોઈ શકે છે. તદનંતર તે એકપત્નીવ્રતી મુનિ વિશ્વાનર પત્નીને આશ્વાસન આપીને વારાણસીમાં ગયા અને ઘોર તપ દ્વારા ભગવાન શિવના વીરેશ લિંગની આરાધના કરવા લાગ્યા. આ રીતે એમણે એક વર્ષપર્યંત ભક્તિપૂર્વક ઉત્તમ વીરેશ લિંગની ત્રિકાળ અર્ચના કરતાં કરતાં અદ્‌ભુત તપ કર્યું. તેરમો માસ આવ્યા પછી એક દિવસ તે દ્વિજવર પ્રાતઃકાલે ત્રિપથગામિની ગંગાના જળમાં સ્નાન કરીને જેવા જ વીરેશ નિકટ પહોંચ્યા ત્યાં જ તપોધનને એ લિંગની મધ્યમાં એક અષ્ટવર્ષીય વિભૂતિભૂષિત બાળક જણાયો. એ નગ્ન શિશુનાં નેત્ર કાન સુધી ફેલાયેલાં હતાં, હોઠો પર ઘેરી લાલિમા છવાઈ રહી હતી, મસ્તક પર પીળા રંગની સુંદર જટા સુશોભિત હતી અને મુખ પર હાસ્ય રેલાઈ રહ્યું હતું. એ શૈશવ-ઉચિત અલંકાર અને ચિતાભસ્મ ધારણ કરેલ હતા તથા પોતાની લીલાથી હસતાં હસતાં શ્રુતિસૂક્તોનો પાઠ કરી રહ્યા હતા. એ બાળકને જોઈને વિશ્વાનર મુનિ કૃતાર્થ થઈ ગયા અને આનંદને કારણે એમનું શરીર રોમાંચિત થઈ ઊઠ્યું તથા વારંવાર 'નમસ્કાર છે, નમસ્કાર છે' આમ એમના હૃદય-ઉદ્‌ગાર સરી પડ્યા. પછી એ અભિલાષા પૂર્ણ કરનારાં આઠ પદ્યો દ્વારા બાલરૂપધારી પરમાનંદસ્વરૂપ શંભુનું સ્તવન કરતાં કરતાં બોલ્યા.

વિશ્વાનરે કહ્યું—હે ભગવન્! આપ જ એકમાત્ર અદ્વિતીય બ્રહ્મ છો, આ આખું જગત આપનું જ સ્વરૂપ છે, અહીં અનેક જેવું કશું જ નથી. એ બિલકુલ સત્ય છે કે એકમાત્ર રુદ્ર સિવાય બીજા કોઈની સત્તા નથી, એટલા માટે હું આપ મહેશને શરણે આવ્યો છું. હે શંભો! તમે જ સર્વના કર્તા-હર્તા છો, તથા જેવી રીતે આત્મધર્મ એક હોવા છતાં પણ અનેક રૂપે ભાસે છે, એ જ પ્રકારે આપ પણ એકરૂપ થઈને વિવિધ પ્રકારે-નાના પ્રકારે-અનેક રૂપે વ્યાપ્ત

છો. છતાં પણ આપ રૂપરહિત છો. એટલા માટે આપ ઈશ્વર સિવાય હું કોઈ બીજાનું શરણ નથી લઈ શકતો. જેવી રીતે દોરીમાં સાપ, છિપોલીમાં ચાંદી અને ઝાંઝવાનાં જળમાં જળપ્રવાહનું ભાન મિથ્યા છે, એ જ રીતે, જેને જાણી લેવાથી આ વિશ્વપ્રપંચ મિથ્યા ભાસિત થાય છે, એ મહેશ્વરને શરણે હું આવ્યો છું. હે શંભો! જલમાં જે શીતલતા, અગ્નિમાં દાહકતા, સૂર્યમાં ગરમી, ચંદ્રમામાં આહ્લાદકારિતા, પુષ્પમાં ગંધ અને દૂધમાં ઘી વર્તમાન છે, એ આપનું જ સ્વરૂપ છે, તેથી હું આપને શરણે આવ્યો છું. આપ કાનરહિત થઈને પણ શબ્દ સાંભળો છો, નાક વિહીન થઈને પણ ગંધ ગ્રહણ કરો છો, પગ ન હોવા છતાં ઘણે દૂર સુધી ચાલ્યા જાઓ છો, નેત્રહીન હોવા છતાં બધું જ જુઓ છો અને જિહ્વારહિત થઈને પણ સમસ્ત રસોના જ્ઞાતા છો. ભલા આપને સમ્યક્ રૂપે કોણ જાણી શકે છે. એટલા માટે હું આપના શરણે આવું છું. હે ઈશ! આપના રહસ્યને ન તો વેદ જ જાણે છે, ન વિષ્ણુ, ન અખિલ વિશ્વના વિધાતા બ્રહ્મા, ન યોગીન્દ્ર અને ન ઇન્દ્ર વગેરે પ્રધાન દેવતાઓને એ રહસ્યની ખબર નથી; પરંતુ આપનો ભક્ત એને જાણી છે. તેથી હું આપનું શરણ ગ્રહણ કરું છું. હે ઈશ! ન તો આપનું કોઈ ગોત્ર છે, ન જન્મ છે, ન નામ છે, ન રૂપ છે, ન શીલ છે અને ન દેશ છે; આવું હોવા છતાં આપ ત્રિલોકીના અધીશ્વર તથા સંપૂર્ણ કામનાઓને પૂર્ણ કરનારા છો. એટલા માટે હું આપનું ભજન કરું છું. હે સ્મરારે! આપ સર્વસ્વરૂપ છો, આ આખો વિશ્વપ્રપંચ આપથી જ પ્રગટ થયો છે. આપ ગૌરીના પ્રાણનાથ, દિગંબર અને પરમ શાંત છો. બાલ, યુવા અને વૃદ્ધરૂપે આપ જ વર્તમાન છો. એવી કઈ વસ્તુ છે, જેમાં આપ વ્યાપ્ત નથી; તેથી હું આપનાં ચરણોમાં નતમસ્તક છું*

નંદીશ્વર કહે છે—હે મુને! આમ સ્તુતિ કરીને વિપ્રવર વિશ્વાનર હાથ જોડીને ભૂમિ પર આળોટવા જ ચાહતો હતો, ત્યાં સુધીમાં તો સંપૂર્ણ વૃદ્ધોના પણ વૃદ્ધ બાલરૂપધારી શિવ પરમ હર્ષિત થઈને એ ભૂદેવને કહેવા લાગ્યા.

બાલરૂપી શિવે કહ્યું—હે મુનિશ્રેષ્ઠ! હે વિશ્વાનર! તમે આજે મને સંતુષ્ટ કરી દીધો છે. હે ભૂદેવ! મારું મન પરમ પ્રસન્ન થઈ ગયું છે, તેથી હવે તમે ઉત્તમ વરદાન માગી લો. આવું સાંભળીને મુનિશ્રેષ્ઠ વિશ્વાનર કૃતકૃત્ય થઈ ગયા અને એમનું મન હર્ષમગ્ન થઈ ગયું. ત્યારે

---

* વિશ્વાનર ઉવાચ -

એકં બ્રહ્મૈવાદ્વિતીયં સમસ્તં સત્યં સત્યં નેહ નાનાસ્તિ કિંચિત્ । એકો રુદ્રો ન દ્વિતીયોઽવતસ્થે તસ્માદેકં ત્વાં પ્રપદ્યે મહેશમ્ ॥
કર્તા હર્તા ત્વં હિ સર્વસ્ય શંભો નાનારૂપેષ્વેકરૂપોઽપ્યરૂપઃ । યદ્વત્પ્રત્યગ્ધર્મ એકોઽપ્યનેકસ્તત્ સ્માન્નાન્યે ત્વાં વિનેશં પરપ્રપદ્યે ॥
રજ્જ્વે સર્પઃ શુક્તિકાયાં ચ રૌપ્ય નરૈઃ પૂરસ્તન્મૃગાખ્યે મરીચૌ । યદ્વત્તદ્વદ્વિશ્વમેષ પ્રપંચો યસ્મિન જ્ઞાતે તં પ્રપદ્યે મહેશમ્ ॥
તોયે શૈત્યં દાહકત્વં ચ વહ્નૌ તાપો ભાનુ શીતલાનો પ્રસાદઃ । પુષ્પે ગન્ધો દૂગ્ધમધ્યેઽપિ સર્પિર્યત્તચ્છમ્ભો ત્વં તતસ્ત્વાંપ્રપદ્યે ॥
શબ્દં ગૃહ્ણાસ્ય શ્રવાસ્ત્વં હિ જિહ્રસ્ય ઘ્રાણસ્ત્વં વ્યંઘ્રિરાયાસિ દૂરાત્ । વક્તા પશ્યેસ્ત્વં રસજ્ઞોઽપ્યજિહ્વઃ કસ્ત્વાં સમ્યગ્વેત્યસ્ત્વાં પ્રપદ્યે ॥
નો વેદસ્ત્વામીશ સાક્ષાદ્ધિ વેદ નો વા વિષ્ણુર્નો વિધાતા ખિલસ્ય । નો યોગીન્દ્ર નેન્દ્રમુખ્યાશ્ચ દેવા ભક્તો વેદ ત્વામતસ્ત્વાં પ્રપદ્યે ॥
નો તે ગોત્રં નેશ જન્માપિ નાખ્યા નો વા રૂપં નૈવ શીલં ન દેશઃ । ઇત્થંભૂતોઽપીશ્વરસ્ત્વં ત્રિલોક્યાઃ સર્વાન્ કામાન્ પૂરયેસ્તદ્ ભજે ત્વામ્ ॥
ત્વત્તઃ સર્વં ત્વં હિ સર્વં સ્મરારે ત્વં ગૌરીશસ્ત્વં ચ નગ્નોઽતિશાંતઃ । ત્વં વૈ વૃદ્ધસ્ત્વં યુવા ત્વં ચ બાલસ્ત્વં યત્ કિં નાસ્યતસ્ત્વાં નતોઽહમ્ ॥
(શિ.પુ. શતરુદ્રસંહિતા ૧૩/૪૨-૪૯)

એ ઊઠીને બાલરૂપધારી શંકરજીને કહેવા લાગ્યા.

વિશ્વાનરે કહ્યું—હે પ્રભાવશાળી મહેશ્વર! આપ તો સર્વાન્તર્યામી, ઐશ્વર્યસંપન્ન, શર્વ તથા ભક્તોને બધું જ આપી દેનારા છો. ભલા, આપ સર્વજ્ઞથી શું છાનું છે. તો આપ મને દીનતા પ્રગટ કરનારી યાંચા પ્રતિ આકૃષ્ટ થવા માટે શા માટે કહી રહ્યા છો. હે મહેશાન! આવું જાણીને આપની જેવી ઇચ્છા હોય તેવું કરો.

નંદીશ્વરજી કહે છે—હે મુને! પવિત્ર વ્રતમાં તત્પર વિશ્વાનરનાં એ વચન સાંભળીને પાવન શિશુરૂપ ધારી મહાદેવ હસીને શુચિ (વિશ્વાનર)ને કહેવા લાગ્યા—'હે શુચે! તમે તમારા હૃદયમાં પોતાની પત્ની શુચિષ્મતી પ્રતિ જે અભિલાષા કરી રાખી છે, તે નિસ્સંદેહ થોડા જ દિવસમાં પૂર્ણ થઈ જશે. હે મહામતે! હું શુચિષ્મતીના ગર્ભથી તમારો પુત્ર થઈને પ્રગટ થઈશ. મારું નામ ગૃહપતિ હશે. હું પરમ પાવન તથા સમસ્ત દેવતાઓનો પ્રિય બનીશ. જે મનુષ્ય એક વર્ષ સુધી શિવજીની પાસે તમારા દ્વારા કવિત આ પુણ્યમય અભિલાષા-અષ્ટક સ્તોત્રનો ત્રણે કાળમાં પાઠ કરશે, એની બધી જ અભિલાષાઓ એ પૂર્ણ કરી દેશે. આ સ્તોત્રનો પાઠ પુત્ર, પૌત્ર અને ધનનો પ્રદાતા, સર્વથા શાંતિકારક, બધી જ વિપત્તિઓનો વિનાશક, સ્વર્ગ અને મોક્ષરૂપ સંપત્તિનો કર્તા તથા સમસ્ત કામનાઓને પૂર્ણ કરનારો છે. નિસ્સંદેહ આ એકલો જ સમસ્ત સ્તોત્રો સમાન છે.'

નંદીશ્વરજી કહે છે—હે મુને! આટલું કહીને બાલરૂપધારી શંભુ, જે સત્પુરુષોની ગતિ છે, અંતર્ધાન થઈ ગયા. ત્યારે વિપ્રવર વિશ્વાનર પણ પ્રસન્ન મનથી પોતાને ઘેર જતો રહ્યો.

(અધ્યાય ૮ થી ૧૩)

*

શિવજીનું શુચિષ્મતીના ગર્ભથી પ્રાગટ્ય બ્રહ્મા દ્વારા બાળકના સંસ્કાર કરાવી 'ગૃહપતિ' નામ રાખવું, નારદજી દ્વારા એનું ભવિષ્ય-કથન, પિતાની આજ્ઞાથી ગૃહપિતનું કાશીમાં જઈને તપ કરવું, ઈન્દ્રનું વરદાન આપવા માટે પ્રગટ થવું, ગૃહપતિની એની અસ્વીકૃતિ, ઠોકર મારવી, શિવજીનું પ્રગટ થઈ જવું અને એમને વરદાન આપીને દિક્પાલપદ પ્રદાન કરવું તથા અગ્નિ-ઈશ્વરલિંગ અને અગ્નિનું માહાત્મ્ય

નંદીશ્વરજી કહે છે—હે મુને! ઘેર આવીને એ બ્રાહ્મણે બહુ હર્ષ સાથે પોતાની પત્નીને તે સમગ્ર વૃત્તાંત કહી સંભળાવ્યો. એ સાંભળીને વિપ્રપત્ની શુચિષ્મતીને મહાન આનંદ પ્રાપ્ત થયો. એ અત્યંત પ્રેમપૂર્વક પોતાના ભાગ્યની પ્રશંસા કરવા લાગી. તદનંતર સમય થવા પર બ્રાહ્મણ દ્વારા વિધિપૂર્વક ગર્ભાધાન કર્મ સંપન્ન કરવાથી તે નારી ગર્ભવતી થઈ. પછી એ વિદ્વાન મુનિએ ગર્ભ સ્પંદન કરવા પૂર્વે જ પુંસ્ત્વની બુદ્ધિ માટે ગૃહ્યસૂત્રમાં વર્ણિત વિધિ અનુસાર સમ્યક્ રૂપે પુંસવન સંસ્કાર કર્યો. તત્પશ્ચાત્ આઠમો માસ આવવાથી કૃપાળુ વિશ્વાનરે સુખપૂર્વક

પ્રસવ થાય એ અભિપ્રાયથી ગર્ભના રૂપની સમૃદ્ધિ કરનાર સીમન્ત-સંસ્કાર સંપન્ન કરાવ્યા. તદુપરાંત તારાઓ જ્યારે અનુકૂળ થયા જ્યારે બૃહસ્પતિ કેન્દ્રવર્તી થયા અને શુભ ગ્રહોનો યોગ આવ્યો, ત્યારે શુભ-લગ્નમાં ભગવાન શંકર, જેમના મુખની કાંતિ પૂર્ણિમાના ચંદ્ર સમાન છે તથા જે અરિષ્ટરૂપી દીપકને હોલવનાર છે, સમસ્ત અરિષ્ટોના વિનાશક અને ભૂઃ, ભુવઃ, સ્વઃ ત્રણેય લોકોના નિવાસીઓને સર્વ રીતે સુખ દેનારા છે, એ શુચિષ્મતીના ગર્ભથી પુત્રરૂપે પ્રગટ થયા. એ સમયે ગન્ધને વહન કરનાર વાયુ-વાહન મેઘ દિશારૂપી બધુઓના મુખ પર વસ્ત્ર-શા બની ગયા અર્થાત્ ચારે બાજુ કાળી વટા છવાઈ ગઈ. એ ઘનઘોર વાદળ ઉત્તમ ગંધવાળા પુષ્પસમૂહોની વર્ષા કરવા લાગ્યા. દેવતાઓની દુન્દુભિઓ વાગવા લાગી. ચારેય દિશાઓ નિર્મળ થઈ ગઈ. પ્રાણીઓના મન સાથે સરિતાઓનાં જલ નિર્મલ થઈ ગયાં. પ્રાણીઓની વાણી સર્વથા કલ્યાણી અને પ્રિયભાષિણી થઈ ગઈ. સંપૂર્ણ પ્રસિદ્ધ ઋષિ-મુનિ તથા દેવતા, યક્ષ, કિન્નર, વિદ્યાધર વગેરે મંગલ દ્રવ્ય લઈ લઈને પધાર્યા. સ્વયં બ્રહ્માજીએ નમ્રતાપૂર્વક એના જાતકર્મ સંસ્કાર કર્યા અને એ બાળકનું રૂપ જોઈને તથા વેદનો વિચાર કરીને એ નિશ્ચય કર્યો કે આનું નામ ગૃહપતિ હોવું જોઈએ. પછી અગિયારમે દિવસે એમણે નામકરણની વિધિ અનુસાર વેદમંત્રોનું ઉચ્ચારણ કરીને એનું 'ગૃહપતિ' એવું નામકરણ કર્યું. તત્પશ્ચાત્ બધાના પિતામહ બ્રહ્મા ચારે વેદોમાં કથિત આશીર્વાદાત્મક મંત્રો દ્વારા એનું અભિનંદન કરીને હંસ પર આરૂઢ થઈને પોતાને લોક ચાલ્યા ગયા. તદુપરાંત શંકર પણ લૌકિકી ગતિનો આશ્રય લઈને એ બાળકની ઉચિત રક્ષાનું વિધાન કરીને પોતાના વાહન પર ચઢીને પોતાને ધામે પધારી ગયા. આ જ રીતે શ્રીહરિએ પણ પોતાના લોકની રાહ લીધી. આ રીતે બધા જ દેવતા, ઋષિ-મુનિ વગેરે પણ પ્રશંસા કરતાં કરતાં પોતપોતાને સ્થાનકે પધારી ગયા. તદનંતર બ્રાહ્મણ દેવતાએ યથાસમય બધા સંસ્કાર કરાવતાં બાળકને વેદ-અધ્યયન કરાવ્યું. તત્પશ્ચાત્ નવમું વર્ષ બેઠું ત્યારે માતા-પિતાની સેવામાં તત્પર રહેનાર વિશ્વાનર-નંદન ગૃહપતિને જોવા માટે ત્યાં નારદજી પધાર્યા. બાળકે માત-પિતા સહિત નારદજીને પ્રણામ કર્યા. પછી નારદજીએ બાળકની હસ્તરેખા, જિહ્વા, તાળુ વગેરે જોઈને કહ્યું— 'હે મુનિવર વિશ્વાનર! હું તમારા પુત્રનાં લક્ષણોનું વર્ણન કરું છું, તમે આદરપૂર્વક એનું શ્રવણ કરો. તમારો આ પુત્ર પરમ ભાગ્યવાન છે, એનાં સંપૂર્ણ અંગોનાં લક્ષણ શુભ છે. પરંતુ એના સર્વગુણ સંપન્ન, સંપૂર્ણ શુભ લક્ષણોથી સમન્વિત અને ચંદ્રમા સમાન સંપૂર્ણ નિર્મલ કલાઓથી સુશોભિત હોવા છતાં પણ વિધાતા જ એનું રક્ષણ કરે. એટલા માટે બધી જ રીતના ઉપાયો દ્વારા આ શિશુની રક્ષા કરવી જોઈએ; કેમકે વિધાતા જો વિપરીત હોય તો ગુણ પણ દોષ બની જાય છે. મને શંકા છે કે એના બારમા વર્ષમાં એના પર વીજળી અને અગ્નિ દ્વારા વિઘ્ન આવશે.' આમ કહીને નારદજી જેવા આવ્યા હતા તેવા જ દેવલોક ચાલ્યા ગયા.

હે સનત્કુમારજી! નારદજીનું કથન સાંભળીને પત્નીસહિત વિશ્વાનરે સમજી લીધું કે આ તો બહુ ભયંકર વજ્રપાત થયો. પછી તો તે 'હાય! હું માર્યો ગયો.' એમ કહીને છાતી કૂટવા માંડ્યો અને પુત્રશોકથી વ્યાકુળ થઈને

ઘેરી મૂર્ચ્છાને વશીભૂત થઈ ગયો. પેલી બાજુ શુચિષ્મતી પણ દુઃખથી પીડિત થઈને અત્યંત ઊંચે સ્વરે હાહાકાર કરતી પોક મૂકીને રડવા લાગી, એની બધી ઇન્દ્રિયો અત્યંત વ્યાકુળ થઈ ગઈ. ત્યારે પત્નીના આર્તનાદને સાંભળીને વિશ્વાનર પણ મૂર્ચ્છા ત્યાગીને ઊઠીને બેઠો અને 'હેં! આ શું છે? શું થયું' એમ ઉચ્ચ સ્વરે બોલતાં બોલતાં કહેવા લાગ્યો—'હે ગૃહપતિ! જે મારો બહાર વિચરનારો પ્રાણ, મારી બધી ઇન્દ્રિયોના સ્વામી તથા મારા અંતરાત્મામાં નિવાસ કરનાર છે, તે ક્યાં છે?' ત્યારે માતા-પિતાને આ રીતે અત્યંત શોકગ્રસ્ત જોઈને શંકરના અંશથી ઉત્પન્ન થયેલ એ બાળક ગૃહપતિ મંદસ્મિત કરીને બોલ્યા.

ગૃહપતિએ કહ્યું—હે માતાજી તથા પિતાજી! બતાવો તો ખરાં કે આ સમયે આપ લોકોનું રડવાનું કારણ શું છે? શા માટે આપ લોકો પોકે પોકે રડી રહ્યા છો? ક્યાંથી આવો ભય તમને લોકોને પ્રાપ્ત થયો છે? જો આપની ચરણરેણુથી પોતાના શરીરની રક્ષા કરી લઉં તો મુજ પર કાલ પણ પોતાનો પ્રભાવ નાખી નહિ શકે; પછી આ તુચ્છ, ચંચલ અને અલ્પ બળવાળું મૃત્યુની તો વાત જ શી? હે માતા-પિતાજી! હવે તમે લોકો મારી પ્રતિજ્ઞા સાંભળો—'જો હું આપ લોકોનો પુત્ર હોઉં તો એવો પ્રયત્ન કરીશ જેથી મૃત્યુ પણ ભયભીત થઈ જશે. મેં સત્પુરુષોને સર્વસ્વ આપી દેનાર સર્વજ્ઞ મૃત્યુંજયની સારીપેઠે આરાધના કરીને મહાકાલને પણ જીતી લઈશ—આ હું આપ લોકોને બિલકુલ સત્ય કરી રહ્યો છું.'

નંદીશ્વરજી કહે છે—હે મુને! ત્યારે તે દ્વિજદંપતી, જે શોકથી સંતપ્ત હતાં, ગૃહપતિનાં આવાં વચન, જે દુષ્કાળમાં થયેલી અમૃતની ઘનઘોર વૃષ્ટિ સમાન હતાં, તે સાંભળીને સંતાપરહિત થઈને કહેવા લાગ્યાં - 'હે બેટા! તું એ શિવના શરણમાં જા, જે બ્રહ્મા વગેરેના પણ કર્તા, મેઘવાહન, પોતાના મહિમાથી ક્યારેય ન ચ્યુત થનાર અને વિશ્વના રક્ષામણિ છે.'

નંદીશ્વરજી કહે છે—હે મુને! માતાપિતાની આજ્ઞા મેળવીને ગૃહપતિએ એમનાં ચરણોમાં પ્રણામ કર્યા. પછી એમની પ્રદક્ષિણા કરીને અને એમને ઘણી રીતે આશ્વાસન આપીને તે ત્યાંથી ચાલી નીકળ્યા અને એ કાશીપુરીમાં જઈ પહોંચ્યા, જે બ્રહ્મા અને નારાયણ વગેરે દેવોને માટે (પણ) દુષ્પ્રાપ્ય, મહાપ્રલયના સંતાપનો વિનાશ કરનારી અને વિશ્વનાથ દ્વારા સુરક્ષિત હતી તથા જે કંઠપ્રદેશમાં હારની જેમ પડેલી ગંગાથી સુશોભિત તથા વિચિત્ર ગુણશાલિની હરપત્ની ગિરિજાથી વિભૂષિત હતી. ત્યાં પહોંચીને તે વિપ્રવર પહેલાં મણિકર્ણિકા પર ગયા. ત્યાં એમણે વિધિપૂર્વક સ્નાન કરીને ભગવાન વિશ્વનાથનાં દર્શન કર્યાં. પછી બુદ્ધિમાન ગૃહપતિએ પરમાનંદમગ્ન થઈને ત્રિલોકીનાં પ્રાણીઓની પ્રાણરક્ષા કરનારા શિવને પ્રણામ કર્યા. એ સમયે એમની અંજલિ બાંધેલી હતી અને મસ્તક નમાવેલું હતું. તે વારંવાર શિવલિંગ તરફ જોઈને હૃદયમાં હર્ષિત થઈ રહ્યા હતા. (અને એવું વિચારી રહ્યા હતા કે) આ લિંગ નિસ્સંદેહ સ્પષ્ટરૂપે આનંદકંદ જ છે. (એ કહેવા લાગ્યા) અહો! આજે મને જે સર્વવ્યાપી શ્રીમાન વિશ્વનાથનાં દર્શન પ્રાપ્ત થયાં, એટલા માટે આ ચરાચર ત્રિલોકીમાં મારાથી અધિક ધન્યવાદને પાત્ર બીજું કોઈ છે જ નહીં. જણાય છે કે, મારો ભાગ્યોદય થવાથી જ એ દિવસોમાં મહર્ષિ

નારદે આવીને એવી વાત કહી હતી, જેને કારણે આજે હું કૃતકૃત્ય થઈ રહ્યો છું.

નંદીશ્વરજી કહે છે—હે મુને! આ રીતે આનંદામૃતરૂપી રસો દ્વારા સંતોષીને ગૃહપતિએ શુભ દિવસમાં સર્વહિતકારી શિવલિંગની સ્થાપના કરી અને પવિત્ર ગંગાજલથી ભરેલા એક સો આઠ કળશો દ્વારા શિવજીને સ્નાન કરાવીને એવા ઘોર નિયમોનો સ્વીકાર કર્યો, જે અકૃતાત્મા પુરુષોને માટે દુષ્કર હતું. હે નારદજી! આ રીતે એકમાત્ર શિવમાં મન લગાડીને તપસ્યા કરતાં કરતાં એ મહાત્મા ગૃહપતિના આયુષ્યનું એક વર્ષ વ્યતીત થઈ ગયું. ત્યારે જન્મથી બારમું વર્ષ આવ્યું ત્યારે નારદજીનાં કહેલાં એ વચનને સત્ય-શાં બનાવતા એ વજ્રધારી ઈન્દ્ર એમની પાસે આવ્યા અને બોલ્યા—'હે વિપ્રવર! હું ઈન્દ્ર છું, અને તમારા શુભ વ્રતથી પ્રસન્ન થઈને આવ્યો છું. હવે તમે વરદાન માગો, હું તમારી મનોવાંછના પૂર્ણ કરી દઈશ.'

ત્યારે ગૃહપતિએ કહ્યું—હે મઘવન! હું જાણું છું. આપ વજ્રધારી ઈન્દ્ર છો; પરંતુ હે વૃત્રશત્રો! હું આપની પાસે વરદાનની યાચના કરવા નથી ચાહતો, મારા વરદાયક તો શંકરજી જ હશે.

ઈન્દ્ર બોલ્યા—હે શિશો! શંકર મારાથી ભિન્ન થોડા જ છે. અરે! હું દેવરાજ છું, તેથી તું તારી મૂર્ખતાનો પરિત્યાગ કરીને વરદાન માગી લે, વિલંબ ન કર.

ગૃહપતિએ કહ્યું—એ પાકશાસન! આપ અહલ્યાનું સતીત્વ નષ્ટ કરનારા દુરાચારી પર્વત-શત્રુ જ છો ને. આપ જાવ, કેમકે હું પશુપતિ - સિવાય કોઈ અન્ય દેવની સામે સ્પષ્ટરૂપે પ્રાર્થના કરવા નથી ચાહતો.

નંદીશ્વરજી કહે છે—હે મુને! ગૃહપતિનું એ વચન સાંભળીને ઈન્દ્રનાં નેત્રો ક્રોધથી લાલ લાલ થઈ ગયાં. એ પોતાના ભયંકર વજ્રને ઉઠાવીને એ બાળકને ડરાવવા - ધમકાવવા લાગ્યા - ત્યારે વીજળીની જ્વાળાઓથી વ્યાપ્ત તે વજ્રને જોઈને બાળક ગૃહપતિને નારદજીનાં વાક્યોનું સ્મરણ થયું. પછી તો એ ભયથી વ્યાકુળ થઈને મૂર્છિત થઈ ગયો. તદનંતર અજ્ઞાન-અંધકારને દૂર ભગાડનાર ગૌરીપતિ શંભુ ત્યાં પ્રગટ થઈ ગયા અને પોતાના હસ્તસ્પર્શથી એને જનજીવન આપતાં બોલ્યા - 'હે વત્સ! ઊઠ, ઊઠ. તારું કલ્યાણ થાઓ.' ત્યારે રાત્રિના સમયે બંધ થયેલાં કમળની જેમ એમાં નેત્ર કમળ ખૂલી ગયાં અને એણે ઊઠીને પોતાની સામે સેંકડો સૂર્યોથી પણ અધિક પ્રકાશમાન શંભુને ઉપસ્થિત જોયા. એમના લલાટમાં ત્રીજું નેત્ર ચમકી રહ્યું હતું, ગળામાં નીલચિહ્ન-નીલકંઠ હતું. ધ્વજા પર વૃષભનું દેખાઈ રહ્યું હતું. વામ-અંગે ગિરિજાદેવી બિરાજમાન હતાં. મસ્તક પર ચંદ્રમા સુશોભિત હતો. મોટી મોટી જટાઓમાંથી એમની અદ્‌ભુત શોભા થઈ રહી હતી. તે પોતાનાં આયુધ ત્રિશૂળ અને આજગવ ધનુષ ધારણ કરેલ હતા. કપૂરની જેમ ગૌરવર્ણનું શરીર પોતાની પ્રભા પાથરી રહ્યું હતું, એમણે ગજચર્મ લપેટેલું હતું. એમને જોઈને શાસ્ત્રકથિત લક્ષણો તથા ગુરુવચનોથી જ્યારે ગૃહપતિએ સમજી લીધું કે આ મહાદેવ જ છે, ત્યારે હર્ષનો માર્યો એ નેત્રોમાંથી આંસુ વહાવવા લાગ્યો, આંખો છલકાઈ ગઈ. કંઠાવરોધ થઈ ગયો. ગદ્‌ગદ થઈ ગયો, આખા શરીરે રોમાંચિત થઈ ગયો. તે ક્ષણભર તો પોતાની જાતને ભૂલીને ચિત્રકૂટ અને ત્રિપુત્રક પર્વતની જેમ નિશ્ચલ ઊભો રહી ગયો.

જ્યારે એ સ્તવન કરવા અને નમસ્કાર કરવા અથવા કશું પણ કહેવામાં સમર્થ ન થઈ શક્યા, ત્યારે શિવજી મંદસ્મિત કરીને બોલ્યા.

ઈશ્વરે કહ્યું—હે ગૃહપતે! એવું જણાય છે કે તું વજ્રધારી ઈન્દ્રથી ડરી ગયો છે. હે વત્સ! તારે ભયભીત થવાની જરૂર નથી, કેમકે મારા ભક્ત પર ઈન્દ્ર અને વજ્રની તો વાત જ જવા દે, યમરાજ પણ પોતાનો પ્રભાવ પાડી શકે નહિ.

એ તો મેં તારી પરીક્ષા લીધી છે અને મેં જ તને ઈન્દ્રનું રૂપ ધારણ કરીને ડરાવ્યો છે. હે ભદ્ર! હવે હું તને વરદાન આપું છું—આજથી તું અગ્નિપદનો ભાગી થઈ જઈશ. તું સમસ્ત દેવતાઓને માટે વરદાતા બનીશ. હે અગ્ને! તું સમસ્ત પ્રાણીઓની અંદર જઠરાગ્નિરૂપે વિચરણ કરીશ. તને દિક્પાલ રૂપે ધર્મરાજ અને ઈન્દ્રની મધ્યમમાં રાજ્યની પ્રાપ્તિ થશે. તારા દ્વારા સ્થાપિત આ શિવલિંગ તારા નામે 'અગ્નિશ્વર' નામથી પ્રસિદ્ધ થશે. એ સર્વ પ્રકારના તેજોની વૃદ્ધિ કરનારું થશે. જે લોકો આ અગ્નિશ્વરલિંગના ભક્ત થશે. એમને વીજળી અને અગ્નિનો ભય નહિ થાય, મંદાગ્નિ-અગ્નિમાંદ્ય નામનો રોગ નહીં થાય અને તેનું ક્યારેય અકાલ મૃત્યુ નહિ થાય. કાશીપુરીમાં સ્થિત સંપૂર્ણ સમૃદ્ધિઓના પ્રદાતા અગ્નિશ્વરની સારીપેઠે અર્ચના કરનાર ભક્ત એ પ્રારબ્ધવશ કોઈ અન્ય સ્થાનમાં પણ મૃત્યુ પામશે તો પણ એ વહ્નિલોકમાં પ્રતિષ્ઠિત થશે.

નંદીશ્વરજી કહે છે—હે મુને! આમ કહીને શિવજીએ ગૃહપતિના બંધુઓને બોલાવીને એમનાં માતાપિતાની સામે એ અગ્નિના દિક્પતિ પદ એનો અભિષેક કરી દીધો, અને સ્વયં એ લિંગમાં સમાઈ ગયા. હે તાત! આ રીતે મેં તમને પરમાત્મા શંકરના ગૃહપતિ નામના અગ્નિ-અવતારનું, જે દુષ્ટોને પીડિત કરનાર છે, તેનું વર્ણન કરી દીધું. જે સુદૃઢ પરાક્રમી જિતેન્દ્રિય પુરુષ અથવા સત્ત્વસંપન્ન સ્ત્રીઓ અગ્નિપ્રવેશ કરી જાય છે એ બધાં અગ્નિસરખાં તેજસ્વી હોય છે. આ રીતે જે બ્રાહ્મણ અગ્નિહોત્ર પરાયણ, બ્રહ્મચારી તથા પંચ-અગ્નિનું સેવન કરનારા છે. એ અગ્નિ સમાન વર્ચસ્વી થઈને અગ્નિલોકમાં વિચરે છે. જે શીતકાળમાં શીત-નિવારણ નિમિત્ત ભારે-ભારા લાકડાંનું દાન કરે છે અથવા જે અગ્નિની ઈષ્ટ (હોમ) તે અગ્નિને સંનિકટ નિવાસ કરે છે. જે શ્રદ્ધાપૂર્વક કોઈ અનાથ મૃતકનો અગ્નિસંસ્કાર કરી દે છે અથવા સ્વંય શક્તિ ન હોય અને બીજાને પ્રેરિત કરે છે તે પણ અગ્નિલોકમાં પ્રશંસિત થાય છે. દ્વિજાતિઓ માટે પરમ કલ્યાણકારક એક અગ્નિ જ છે. એ જ નિશ્ચિતરૂપે ગુરુ, દેવતા, વ્રત, તીર્થ અર્થાત્ સર્વ કાંઈ છે. જેટલી અપાવન

વસ્તુઓ છે, એ બધી અગ્નિનો સંસર્ગ થવાથી તે જ ક્ષણે પાવન થઈ જાય છે; એટલા માટે જ અગ્નિ પાવક કહ્યો છે. એ શંભુની પ્રત્યક્ષ તેજોમયી દહનાત્મિકા મૂર્તિ છે, જે સૃષ્ટિ રચનારી અને સંહાર કરનારી છે. ભલા, એના વિના કોઈ વસ્તુ દૃષ્ટિગોચર થઈ શકે છે. એમના દ્વારા ભક્ષણ કરેલ ધૂપ, દીપ, નૈવેદ્ય, દૂધ, દહીં, ઘી અને ખાંડ વગેરેનું દેવગણ સ્વર્ગમાં સેવન કરે છે.

(અધ્યાય ૧૪-૧૫)

*

શિવજીના મહાકાલ વગેરે દસ અવતારોનું તથા એકાદશ રુદ્ર-અવતારોનું વર્ણન

તદનંતર યક્ષેશ્વરાવતારની વાત કહીને નંદીશ્વરે કહ્યું—હે મુને! હવે શંકરજીના ઉપાસના કાંડ દ્વારા સેવિત મહાકાલ વગેરે દસ અવતારોનું વર્ણન ભક્તિપૂર્વક શ્રવણ કરો. એમાં પહેલો અવતાર છે 'મહાકાલ.' ને મહાકાલ નામે પ્રસિદ્ધ છે, જે સત્પુરુષોને ભોગ અને મોક્ષ પ્રદાન કરનારો છે. એ અવતારની શક્તિ ભક્તોની મનોવાંછના પૂર્ણ કરનારી મહાકાલી છે. બીજો 'તાર' નામનો અવતાર થયો, જેની શક્તિ તારા દેવી થયાં. એ બંને ભુક્તિ-મુક્તિના પ્રદાતા અને પોતાના સેવકો માટે સુખદાયક છે. 'બાલભુવનેશ' નામે ત્રીજો અવતાર થયો. એમાં બાલા ભુવનેશી શિવા શક્તિ થયાં, જે સજ્જનોને સુખ આપનાર થયાં. ચોથો ભક્તોને માટે સુખદ તથા ભોગ - મોક્ષ પ્રદાયક 'ષોડશ શ્રીવિદ્યેશ' નામનો અવતાર થયો અને ષોડશી શ્રીવિદ્યા શિવા એની શક્તિ છે. પાંચમો અવતાર 'ભૈરવ' નામથી થયો, જે સર્વદા ભક્તોની કામનાઓને પૂર્ણ ઘનાર છે. એ અવતારની શક્તિનું નામ છે ભૈરવી ગિરિજા જે પોતાના ઉપાસકોને મનોવાંછિત વસ્તુઓ આપનારી છે. છઠ્ઠો અવતાર 'છિન્નમસ્તક' નામે કહેવાય છે અને ભક્તકામપ્રદા ગિરિજાનું નામ છિન્નમસ્ત છે. સંપૂર્ણ મનોરથોના દાતા શંભુનો સાતમો અવતાર 'ધૂમવાન' નામે વિખ્યાત થયો. એ અવતારમાં શ્રેષ્ઠ ઉપાસકોની લાલસા પૂર્ણ કરનારી શિવા ધૂમાવતી થયાં. શિવજીનો આઠમો અવાતર 'બગલામુખ' છે. એની શક્તિ મહાન આનંદદાયિની બગલામુખી નામથી વિખ્યાત થઈ. નવમો શિવાવતાર 'માતંગ' નામે કહેવાય છે. એ સમયે સંપૂર્ણ અભિલાષાઓને પૂર્ણ કરનારી શર્વાણી માતંગી થયાં. શંભુનો ભુક્તિ-મુક્તિરૂપ ફલ પ્રદાન કરનારો દસમો અવતાર થયો તેનું નામ 'કમલ' છે, જેમાં પોતાના ભક્તોનું સર્વથા પાલન કરનારાં ગિરિજા કમલા કહેવાયાં છે. આ જ શિવજીના દશ અવતારો છે. એ બધાએ ભક્તો તથા સત્પુરુષોને માટે સુખદાયક તથા ભોગ-મોક્ષના પ્રદાતા છે. જે લોકો મહાત્મા શંકરના આ દશે અવતારોની નિર્વિકારભાવે સેવા કરે છે, એમને એ નિત્ય વિવિધ પ્રકારનાં સુખ આપતા રહે છે. હે મુને! આ રીતે મેં દશેય અવતારોનું માહાત્મ્ય વર્ણવ્યું છે. તંત્રશાસ્ત્રમાં તો આ સર્વકામપ્રદ બતાવાય છે. હે મુને! આ શક્તિઓનો અદ્‌ભુત મહિમા છે. તન્ત્ર આદિ શાસ્ત્રોમાં આ મહિમાનું સર્વકામપ્રદરૂપે વર્ણન કરવામાં આવ્યું છે. એ નિત્ય દુષ્ટોને દંડ દેનારી અને બ્રહ્મતેજથી વિશેષ

રૂપે વૃદ્ધિ કરનારી છે. હે બ્રહ્મન્! આ રીતે મેં તમને મહેશ્વરના મહાકાલ વગેરે દશ શુભ અવતારોનું શક્તિસહિત વર્ણન કરી દીધું. જે મનુષ્ય શિવપર્વોના અવસર પર આ પરમ પાવન કથાનો ભક્તિપૂર્વક પાઠ કરે છે, તે શિવજીનો પરમ પ્રિય થઈ જાય છે. (આ આખ્યાનનો પાઠ કરવાથી) બ્રાહ્મણની બ્રહ્મતેજમાં વૃદ્ધિ થાય છે, ક્ષત્રિય વિજય લાભ કરે છે, વૈશ્ય ધનપતિ થઈ જાય છે અને શૂદ્રને સુખની પ્રાપ્તિ થાય છે. સ્વધર્મપરાયણ શિવભક્તોને આ ચરિત્ર સાંભળીને સુખ પ્રાપ્ત થાય છે અને એમની શિવભક્તિ વિશેષ રૂપે વધી જાય છે.

હે મુને! હવે હું શંકરજીના એકાદશ શ્રેષ્ઠ અવતારોનું વર્ણન કરું છું, સાંભળો. એનું શ્રવણ કરવાથી અસત્ય વગેરે જનિત બાધા કોઈ પણ પ્રકારની પીડા પહોંચાડી શકે નહિ. પૂર્વકાલની વાત છે, એક વાર ઇન્દ્ર વગેરે સમસ્ત દેવતાઓ દૈત્યોથી પરાજિત થઈ ગયા. ત્યારે તે ભયભીત થઈને પોતાની નગરી અમરાવતી છોડીને ભાગી ગયા. આમ દૈત્યો દ્વારા અત્યંત પીડિત એ બધા દેવતા કશ્યપજી પાસે ગયા. ત્યાં એમણે પરમ વ્યાકુળતાપૂર્વક હાથ જોડીને, મસ્તક નમાવીને એમનાં ચરણોમાં અભિવાદન કર્યું અને એમનું સારી પેઠે સ્તવન કરીને આદરપૂર્વક પોતાના આવવાનું કારણ કહ્યું તથા દૈત્યો દ્વારા પરાજિત થવાથી ઉત્પન્ન બધાં જ દુઃખો કહી સંભળાવ્યાં. હે તાત! ત્યારે એમના પિતા કશ્યપજી દેવતાઓની એ કષ્ટ-કહાણીને સાંભળીને અધિક દુઃખી ન થયા, કેમકે, એમની બુદ્ધિ શિવજીમાં આસક્ત હતી. હે મુને! એ શાંતબુદ્ધિ મુનિએ ધૈર્ય ધારણ કરીને દેવતાઓને આશ્વાસન આપ્યું અને સ્વયં પરમ સુખપૂર્વક વિશ્વનાથપુરી કાશી જતા રહ્યા. ત્યાં પહોંચીને એમણે ગંગાજીના જલમાં સ્નાન કરીને પોતાનો નિત્ય-નિયમ પૂરો કર્યો અને પછી આદરપૂર્વક ઉમાસહિત સર્વેશ્વર ભગવાન વિશ્વનાથની સારી પેઠે અર્ચના કરી. તદનંતર શંભુ-દર્શનના ઉદ્દેશ્યથી એક શિવલિંગની સ્થાપના કરીને એ દેવતાઓના હિતાર્થ પરમ પ્રસન્નતાપૂર્વક ઘોર તપ કરવા લાગ્યા. હે મુને! શિવજીનાં ચરણ-કમલોમાં આસક્ત મનવાળા ધૈર્યશાળી મુનિવર કશ્યપને જ્યારે આમ તપ કરતાં કરતાં બહુ સમય વ્યતીત થઈ ગયો, ત્યારે સત્પુરુષોની ગતિસ્વરૂપ ભગવાન શંકર પોતાનાં ચરણોમાં તલ્લીન મનવાળા કશ્યપ ઋષિને વરદાન આપવા ત્યાં પ્રગટ થયા. ભક્તવત્સલ મહેશ્વર પરમ પ્રસન્ન તો હતા જ, તેથી એ પોતાના ભક્ત મુનિવર કશ્યપને કહેવા લાગ્યા - 'વરદાન માગો.' એ મહેશ્વરને જોતાં જ પ્રસન્ન બુદ્ધિવાળા દેવતાઓના પિતા કશ્યપજી હર્ષમગ્ન થઈ ગયા અને હાથ જોડીને એમનાં ચરણોમાં નમસ્કાર કરીને સ્તુતિ કરતાં કરતાં આમ બોલ્યા - 'હે મહેશ્વર! હું સર્વથા આપનો શરણાગત છું. હે સ્વામિન્! દેવતાઓનાં દુઃખનો વિનાશ કરીને મારી અભિલાષા પૂર્ણ કરો. હે દેવેશ! હું પુત્રોનાં દુઃખથી વિશેષ દુઃખી છું, તેથી હે ઈશ! મને સુખી કરો, કેમકે, આપ દેવતાઓના સહાયક છો. હે નાથ! મહાબલી દૈત્યોએ દેવતાઓ અને યક્ષોને પરાજિત કરી દીધા છે, એટલે હે શંભો! આપ મારા પુત્રરૂપે પ્રગટ થઈને દેવતાઓ માટે આનંદદાતા બનો.'

નન્દીશ્વરજી કહે છે—હે મુને! કશ્યપજીએ આવું કહીને સર્વેશ્વર ભગવાન શંકરે એમને 'તથેતિ-એવું જ થશે' આમ કહીને એમની સામે ત્યાં જ અંતર્ધાન થઈ ગયા ત્યારે કશ્યપ પણ

મહાન આનંદની સાથે તરત જ પોતાને સ્થાને જતા રહ્યા. ત્યાં એમણે આખું વૃત્તાંત આદરપૂર્વક દેવતાઓને કહી બતાવ્યું. તદનંતર ભગવાન શંકર પોતાનું વચન સત્ય કરવા માટે કશ્યપ દ્વારા સુરભીના પેટે અગિયાર રૂપ ધારણ કરીને પ્રગટ થયા. એ સમયે મહાન ઉત્સવ થયો. આખું જગત જ શિવમય થઈ ગયું. કશ્યપ મુનિની સાથે સાથે બધા જ દેવતાઓ હર્ષવિભોર થઈ ગયા. એમનાં નામ (અગિયાર રુદ્રનાં) રાખવામાં આવ્યાં— કપાલી, પિંગલ, ભીમ, વિરૂપાક્ષ, વિલોહિત, શાસ્તા, અજપાદ, અહિર્બુધ્ન્ય, શંભુ, ચંડ અને ભવ. આ અગિયારે અગિયાર રુદ્ર સુરભીના પુત્ર કહેવાય છે. એ સુખનું આવાસસ્થાન છે તથા દેવતાઓની કાર્યસિદ્ધિ માટે શિવથી ઉત્પન્ન થયા. એ કશ્યપનંદન વીરવર રુદ્ર બલપરાક્રમ સંપન્ન હતા; એમણે સંગ્રામમાં દેવતાઓની સહાય કરીને દૈત્યોનો સંહાર કરી દીધો. આજ રુદ્રોની કૃપાથી ઇન્દ્ર વગેરે દેવગણ દૈત્યોને જીતીને નિર્ભય થઈ ગયા. એમનાં મન સ્વસ્થ થઈ ગયાં. પોતપોતાનું રાજ્ય-કાર્ય સંભાળવા લાગ્યા. હજુ પણ શિવસ્વરૂપધારી એ બધા મહારુદ્ર દેવતાઓની રક્ષા માટે સદા સ્વર્ગમાં બિરાજમાન રહે છે. હે તાત! આ રીતે મેં તમને શંકરજીના અગિયાર રુદ્રાવતારોનું વર્ણન કરી બતાવ્યું. એ બધા જ સમસ્ત લોકોને માટે સુખદાયક છે. આ નિર્મલ આખ્યાન સંપૂર્ણ પાપોનું વિનાશક, ધન, યશ અને આયુનું પ્રદાતા તથા સંપૂર્ણ મનોરથોને પૂર્ણ કરનારું છે. (અધ્યાય ૧૬-૧૮)

*

શિવજીનાં 'દુર્વાસા-અવતાર' અને હનુમદ્-અવતારનું વર્ણન

નંદીશ્વરજી કહે છે—હે મહામુને! હવે તમે શંભુના એક બીજા જ ચરિતને, જેમાં શંકરજી ધર્મને માટે દુર્વાસા થઈને પ્રગટ થયા હતા, પ્રેમપૂર્વક શ્રવણ કરો. અનસૂયાના પતિ બ્રહ્મવેત્તા તપસ્વી અત્રિએ બ્રહ્માજીના નિર્દેશ અનુસાર પત્ની સહિત ઋક્ષકુલ પર્વત પર જઈને પુત્રકામના મનમાં લઈને ઘોર તપ કર્યું. એમના તપથી પ્રસન્ન થઈને બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ્વર ત્રણે એમના આશ્રમ પર ગયા. એમણે કહ્યું કે - 'અમે ત્રણે સંસારના ઈશ્વર છીએ. અમારા અંશથી તમને ત્રણ પુત્ર થશે, જે ત્રિલોકીમાં વિખ્યાત તથા માતા-પિતાનો યશ વધારનાર હશે.' આમ કહીને તેઓ ચાલ્યા ગયા. બ્રહ્માજીના અંશથી ચંદ્રમા થયા, જે દેવતાઓને સમુદ્રમાં ફેંકી દેવાથી સમુદ્રથી પ્રગટ થયા હતા. વિષ્ણુના અંશથી શ્રેષ્ઠ સંન્યાસ-પદ્ધતિને પ્રચલિત કરનારા 'દત્ત' ઉત્પન્ન થયા અને રુદ્રના અંશથી મુનિવર દુર્વાસાએ જન્મ લીધો.

આ દુર્વાસાએ મહારાજ અંબરીષની પરીક્ષા કરી હતી. જ્યારે સુદર્શન ચક્ર એમની પાછળ પડ્યું ત્યારે શિવજીના આદેશથી અંબરીષ દ્વારા પ્રાર્થના થવાથી ચક્ર શાંત થયું. એમણે ભગવાન રામની પરીક્ષા કરી. કાળે મુનિનો વેશ ધારણ કરીને શ્રીરામની સાથે એવી શરત કરી હતી કે 'મારી સાથે વાત કરતી વખતે શ્રીરામ પાસે કોઈ જ ન આવે. જે આવશે એનું નિર્વાસન (દેશવટો) કરી દેવામાં આવશે.' દુર્વાસાજીએ હઠ કરીને લક્ષ્મણને મોકલ્યા, ત્યારે શ્રીરામે તરત જ લક્ષ્મણનો ત્યાગ કરી દીધો. એમણે ભગવાન શ્રી કૃષ્ણની પરીક્ષા કરી અને એમને શ્રી

રુક્મિણી સહિત રથમાં જોડ્યા. આ પ્રકારે દુર્વાસા મુનિએ વિચિત્ર ચરિત્ર કર્યાં.

હે મુને! હવે આ પછી તમે હનુમાનજીના ચરિત્રનું શ્રવણ કરો. હનુમદ્રૂપે શિવજીએ બહુ મોટી ઉત્તમ લીલાઓ કરી છે. હે વિપ્રવર! આ જ રૂપે મહેશ્વરે ભગવાન રામનું પરમ હિત કર્યું હતું. એ આખું ચરિત્ર સર્વપ્રકારનાં સુખોનું દાતા છે, એને તમે પ્રેમપૂર્વક સાંભળો. એક સમયની વાત છે, જ્યારે અત્યંત અદ્‌ભુત લીલા કરનારા ગુણશાળી ભગવાન શંભુને વિષ્ણુનાં મોહિની રૂપનાં દર્શન પ્રાપ્ત થયાં, ત્યારે તે કામદેવનાં બાણોથી આહત થયેલા હોય એમ ક્ષુબ્ધ થઈ ગયા. એ સમયે એ પરમેશ્વરે રામકાર્યની સિદ્ધિ માટે પોતાનો વીર્યપાત કર્યો. ત્યારે સપ્તર્ષિઓએ વીર્યને પત્રપુટકમાં (પડિયામાં) સ્થાપિત કરી લીધું, કેમકે, શિવજીએ જ રામકાર્યને માટે આદરપૂર્વક એમના મનમાં પ્રેરણા કરી હતી. તત્પશ્ચાત્ એ મહર્ષિઓએ શંભુના એ વીર્યને રામકાર્યની સિદ્ધિ માટે ગૌતમકન્યા અંજનીના કાનને માર્ગે સ્થાપિત કરી દીધું. ત્યારે યોગ્ય સમયે એ ગર્ભથી શંભુ મહાન બલપરાક્રમસંપન્ન વાનર-શરીર ધારણ કરીને ઉત્પન્ન થયા, એમનું નામ હનુમાન રાખ્યું. મહાબલી કપીશ્વર હનુમાન જ્યારે શિશુ જ હતા, એ જ સમયે ઉદય થતા સૂર્યબિંબને નાનું સરખું ફળ સમજીને તરત ગળી ગયા. જ્યારે દેવતાએ એમની પ્રાર્થના કરી, ત્યારે એમણે એને મહાબલી સૂર્ય જાણીને ઓકી કાઢ્યા, મુખમાંથી બહાર કાઢી દીધા. ત્યારે દેવર્ષિઓએ એમને શિવનો અવતાર માનીને અને ઘણાંબધાં વરદાનો આપ્યાં. તદનંતર હનુમાન અત્યંત હર્ષિત થઈને પોતાની માતા પાસે ગયા; અને એમણે આ આખો વૃત્તાંત આદરપૂર્વક કહી સંભળાવ્યો. પછી માતાની આજ્ઞાથી ધીર-વીર કપિ હનુમાને નિત્ય સૂર્ય પાસે જઈને એમની પાસેથી અનાયાસ જ બધી વિદ્યાઓ જાણી લીધી. તદનંતર રુદ્રના અંશભૂત

કપિશ્રેષ્ઠ હનુમાન સૂર્યની આજ્ઞાથી સૂર્ય-અંશથી ઉત્પન્ન થયેલા સુગ્રીવ પાસે ચાલ્યા ગયા. એ માટે એમને પોતાની માતાની અનુજ્ઞા મળી ચૂકી હતી.

તદનંતર, નંદીશ્વરે ભગવાન રામનું સંપૂર્ણ ચરિત્ર સંક્ષેપમાં વર્ણન કરીને કહ્યું—'હે મુને! આ રીતે કપિશ્રેષ્ઠ હનુમાને સર્વ રીતે શ્રીરામનું કાર્ય પૂરું કર્યું, વિવિધ પ્રકારની લીલાઓ કરી, અસુરોનું માન-મર્દન કર્યું, ભૂતલ પર રામભક્તિની સ્થાપના કરી. સ્વયં ભક્ત-અગ્રગણ્ય થઈને સીતા-રામને સુખ પ્રદાન કર્યું. એ રુદ્રાવતાર ઐશ્વર્યશાળી હનુમાન લક્ષ્મણના પ્રાણદાતા, સંપૂર્ણ દેવતાઓના ગર્વહારી અને ભક્તોનો ઉદ્ધાર કરનારા છે. મહાવીર હનુમાન સદા રામકાર્યમાં તત્પર રહેનારા, લોકોમાં 'રામદૂત' નામથી વિખ્યાત, દૈત્યોના સંહારક અને ભક્તવત્સલ છે. હે તાત! આ રીતે મેં હનુમાનજીનું શ્રેષ્ઠ ચરિત

- જે ધન, કીર્તિ અને આયુનું વર્ધક તથા સંપૂર્ણ મનોવાંછિત ફળોના દાતા છે - તમારી સામે વર્ણન કરી દીધું. જે મનુષ્ય આ ચરિતને ભક્તિપૂર્વક સાંભળે છે અથવા સમાહિત ચિત્તથી બીજાને સંભળાવે છે, ને આ લોકમાં સંપૂર્ણ ભોગ ભોગવીને અંતે પરમ મોક્ષને પ્રાપ્ત કરી લે છે.

(અધ્યાય ૧૯-૨૦)

*

શિવજીના પિપ્પલાદ-અવતારના પ્રસંગમાં દેવતાઓની દધીચિ-મુનિ પાસેથી અસ્થિ-યાચના, દધીચિનો શરીરત્યાગ, વજ્રનિર્માણ તથા તે દ્વારા વૃત્રાસુરનો વધ, સુચર્ચાનો દેવતાઓને શાપ, પિપ્પલાદનો જન્મ અને એમનો વિસ્તૃત વૃત્તાંત

તદનંતર મહેશાવતાર તથા વૃશેશાવતારનું ચરિત સંભળાવીને નંદીશ્વરે કહ્યું—હે મહાબુદ્ધિમાન સનત્કુમારજી! હવે તમે અત્યંત આહ્લાદપૂર્વક મહેશ્વરના 'પિપ્પલાદ' નામના પરમોત્કૃષ્ટ અવતારનું વર્ણન શ્રવણ કરો. આ ઉત્તમ આખ્યાન ભક્તિની વૃદ્ધિ કરનારું છે. હે મુનીશ્વર! એક સમયે દૈત્યોએ વૃત્રાસુરની સહાયતાથી ઇન્દ્ર વગેરે સમસ્ત દેવતાઓને પરાજિત કરી દીધા. ત્યારે એ બધા દેવતાઓએ સહસા દધીચિના આશ્રમમાં પોત-પોતાનાં અસ્ત્રો ફેંકીને તત્કાળ જ હાર માની લીધી. તત્પશ્ચાત્ માર ખાતા તે ઇન્દ્રસહિત સંપૂર્ણ દેવતા તથા દેવર્ષિ શીઘ્ર જ બ્રહ્મલોકમાં જઈ પહોંચ્યા અને ત્યાં (બ્રહ્માજીને) એમણે પોતાનાં દુઃખડાં કહી સંભળાવ્યાં. દેવતાઓનું આ કથન સાંભળીને લોકપિતામહ બ્રહ્માએ બધું રહસ્ય યથાર્થરૂપે પ્રગટ કરી દીધું કે 'આ બધું ત્વષ્ટાનાં કરતૂત છે, ત્વષ્ટાએ જ તમારા લોકોનો વધ કરવાને માટે તપસ્યા દ્વારા આ મહાતેજસ્વી વૃત્રાસુરને ઉત્પન્ન કર્યો છે. આ દૈત્ય મહાન આત્મબળથી સંપન્ન તથા સમસ્ત દૈત્યોનો અધિપતિ છે. તેથી હવે એવો પ્રયત્ન કરો કે એનો વધ થઈ શકે. હે બુદ્ધિમાન દેવરાજ! હું ધર્મને કારણે આ વિષયમાં એક ઉપાય બતાવું છું, સાંભળો. જે દધીચિ નામના મહામુનિ છે, એ તપસ્વી અને જિતેન્દ્રિય છે. એમણે પૂર્વકાળમાં શિવજીની સમારાધના કરીને વજ્ર જેવાં અસ્થિઓ પ્રાપ્ત થાય એવું વરદાન પ્રાપ્ત કર્યું છે. તેથી તમે લોકો એમની પાસે એમનાં અસ્થિની યાચના કરો. તે જરૂર આપી દેશે. પછી એ અસ્થિઓથી વજ્રદંડનું નિર્માણ કરીને તમે નિશ્ચય જ એનાથી વૃત્રાસુરને મારી નાખજો.'

નંદીશ્વરજી કહે છે—હે મુને! બ્રહ્માનું આ વચન સાંભળીને ઇન્દ્ર દેવગુરુ બૃહસ્પતિ તથા દેવતાઓને સાથે લઈને તરત જ દધીચિ ઋષિના ઉત્તમ આશ્રમે આવ્યા. ત્યાં ઇન્દ્રે સુવર્ચાસહિત દધીચિ મુનિનાં દર્શન કર્યાં અને આદરપૂર્વક હાથ જોડીને એમને નમસ્કાર કર્યા; પછી દેવગુરુ બૃહસ્પતિ તથા અન્ય દેવતાઓએ પણ નમ્રતાપૂર્વક એમને મસ્તક નમાવ્યાં. દધીચિ મુનિ વિદ્વાનોમાં શ્રેષ્ઠ તો હતા જ, તે તરત જ એમના અભિપ્રાયને વરતી ગયા, સમજી ગયા. સમજી

ગયા ત્યારે એમણે પોતાની પત્ની સુવર્ચાને પોતાના આશ્રમથી અન્યત્ર મોકલી દીધી. તત્પશ્ચાત્ દેવતાઓ સહિત દેવરાજ ઇન્દ્ર, જે સ્વાર્થ સાધનમાં અત્યંત દક્ષ, ચતુર છે. અર્થશાસ્ત્રનો આશ્રય લઈને મુનિવરને કહેવા લાગ્યા.

ઇન્દ્રે કહ્યું—'હે મુને! આપ મહાન શિવભક્ત, દાતા અને શરણાગતરક્ષક છો. એટલા માટે અમે બધા દેવતા તથા દેવર્ષિ ત્વષ્ટા દ્વારા અપમાનિત થવાને કારણે આપને શરણે આવ્યા છીએ. હે વિપ્રવર! આપ આપનાં વજ્રમય અસ્થિ અમને પ્રદાન કરો. કેમકે, આપનાં હાડકાંમાંથી વજ્રનું નિર્માણ કરીને હું એ દેવદ્રોહીનો વધ કરીશ.' ઇન્દ્રના આમ કહેવા પર પરોપકાર પરાયણ દધીચિ મુનિએ પોતાના સ્વામી શિવનું ધ્યાન કરીને પોતાનું શરીર છોડી દીધું. એમનાં સમસ્ત બંધનો છૂટી ગયાં હતાં, તેથી એ તરત જ બ્રહ્મલોકમાં ચાલ્યા ગયા. એ સમયે ત્યાં પુષ્પોની વર્ષા થવા લાગી અને બધા જ લોકો આશ્ચર્યચકિત થઈ ગયા. ત્યાર પછી ઇન્દ્રે શીઘ્ર જ સુરભિ ગાયને બોલાવીને એ શરીર ચાટી જવા જણાવ્યું અને એ હાડકાંથી અસ્ત્ર નિર્માણ કરવા માટે વિશ્વકર્માને આદેશ આપ્યો. ત્યારે ઇન્દ્રની આજ્ઞા મેળવીને વિશ્વકર્માએ શિવજીના તેજથી સુદૃઢ મુનિનાં વજ્રમય અસ્થિઓથી સંપૂર્ણ અસ્ત્રોની કલ્પના કરી. એમની કરોડ (મેરુદંડ)ના અસ્થિથી વજ્ર બનાવ્યું અને બ્રહ્મશિર નામનું બાણ બનાવ્યું તથા અન્ય અસ્થિઓથી અન્યાન્ય ઘણાંબધાં અસ્ત્રોનું નિર્માણ કર્યું. ત્યારે શિવજીના તેજથી ઉત્કર્ષને પ્રાપ્ત થયેલા ઇન્દ્રએ એ વજ્રને લઈને ક્રોધપૂર્વક વૃત્રાસુર પર આક્રમણ એવી રીતે કર્યું, જે રીતે રુદ્રએ યમરાજ પર આક્રમણ કર્યું હતું. પછી તો કવચ વગેરેથી સારી પેઠે સુરક્ષિત થઈ ઇન્દ્રે તરત જ પરાક્રમ બતાવીને એ વજ્ર દ્વારા વૃત્રાસુરના પર્વતશિખર-સરખા મસ્તકને કાપી નાખ્યું. હે તાત! એ સમયે સ્વર્ગવાસીઓએ મહાન વિજયોત્સવ કર્યો ઇન્દ્ર પર પુષ્પ-વૃષ્ટિ થવા માંડી અને બધા જ દેવતા એમની સ્તુતિ કરવા લાગ્યા. તદનંતર મહાન આત્મબળથી સંપન્ન દધીચિની પત્ની સુવર્ચા પતિની આજ્ઞા અનુસાર પોતાના આશ્રમની અંદર ગઈ. ત્યાં દેવતાઓને માટે પતિને મૃત જાણીને તે દેવતાઓને શાપ દેતાં બોલી.

સુવર્ચાએ કહ્યું—'અહો! ઇન્દ્ર સહિત આ બધા દેવતા ખૂબ જ દુષ્ટ છે. પોતાનું કાર્ય સિદ્ધ કરવામાં નિપુણ, મૂર્ખ તથા લોભી છે; એટલા માટે એ બધાયે આજથી મારા શાપથી પશુ થઈ જાય.' આ રીતે એ તપસ્વી મુનિપત્ની સુવર્ચાએ ઇન્દ્ર વગેરે સમસ્ત દેવતાઓને શાપ દઈ દીધો. તત્પશ્ચાત્ એ પતિવ્રતાએ પતિલોકમાં જવાનો વિચાર કર્યો. પછી તો મનસ્વિની સુવર્ચાએ પવિત્ર લાકડાંની એક ચિતા તૈયાર કરી. એ દરમિયાન શંકરજીની પ્રેરણાથી સુખદાયિની આકાશવાણી થઈ, તે એ મુનિપત્ની સુવર્ચાને આશ્વાસન આપતાં બોલી.

આકાશવાણીએ કહ્યું—હે પ્રાજ્ઞે! આવું સાહસ ન કરો, મારી વાત સાંભળો. હે દેવી! તમારા ઉદરમાં મુનિનું તેજ વર્તમાન છે, તમે એને યત્નપૂર્વક ઉત્પન્ન કરો. પછી તમારી જેવી ઇચ્છા હોય એવું જ કરજો; કેમકે, શાસ્ત્રનો એવો આદેશ છે ગર્ભવતીએ પોતાનું શરીર ન બાળવું જોઈએ, અર્થાત્ સતી ન થવું જોઈએ.

નંદીશ્વરજી કહે છે—હે મુનીશ્વર! આમ

કહીને એ આકાશવાણી શાંત થઈ ગઈ, એને સાંભળીને એ મુનિપત્ની ક્ષણભર માટે તો વિસ્મયમાં પડી ગઈ. પરંતુ એ સતી-સાધ્વી સુવર્ચાને તો પતિલોકની પ્રાપ્તિ જ મનોવાંછિત હતી, તેથી એણે બેસીને પથ્થરથી પોતાના ઉદરને વિદીર્ણ કરી દીધું. ત્યારે એના પેટમાંથી મુનિવર દધીચિનો એ ગર્ભ બહાર નીકળી આવ્યો. એનું શરીર પરમ દિવ્ય અને પ્રકાશમાન હતું તથા એ પોતાની પ્રભાથી દશે દિશાઓને ઉદ્‌ભાસિત કરી રહ્યો હતો. હે તાત! દધીચિના ઉત્તમ તેજથી પ્રાદુર્ભૂત થયેલો એ ગર્ભ પોતાની લીલા કરવામાં સમર્થ સાક્ષાત્ રુદ્રનો અવતાર હતો. મુનિપ્રિયા સુવર્ચાએ દિવ્યસ્વરૂપધારી પોતાના એ પુત્રને જોઈને મનમાં ને મનમાં સમજી લીધું કે આ રુદ્રનો અવતાર છે. પછી તો એ મહાસાધ્વી પરમાનંદમગ્ન થઈ ગઈ અને શીઘ્ર જ એને નમસ્કાર કરીને એની સ્તુતિ કરવા લાગી. હે મુનીશ્વર! એણે એ સ્વરૂપને હૃદયમાં ધારણ કરી લીધું. તદનંતર, પતિલોકની કામના કરનારી વિમલેક્ષણા માતા સુવર્ચા મંદસ્મિત કરીને પોતાના પુત્રને પરમ સ્નેહપૂર્વક કહેવા લાગી.

સુવર્ચાએ કહ્યું—એ તાત પરમેશાન! તમે આ અશ્વત્થા (પીપળાનું વૃક્ષ) નિકટે ચિરકાલ સુધી સ્થિત રહો. હે મહાભાગ! તું સમસ્ત પ્રાણીઓ માટે સુખદાતા થા અને હવે મને પ્રેમપૂર્વક પતિલોકમાં જવાની આજ્ઞા આપ. ત્યાં પતિની સાથે રહીને હું રુદ્રરૂપધારી તમારું ધ્યાન કરતી રહીશ.

નંદીશ્વરજી કહે છે—હે મુને! સાધ્વી સુવર્ચાએ પોતાના પુત્રને આમ કહીને પરમ સમાધિ દ્વારા પતિનું જ અનુગમન કર્યું. હે મુનિવર! આ રીતે દધીચિપત્ની સુવર્ચા પોતાના પતિને જઈ મળી અને આનંદપૂર્વક શંકરજીની સેવા કરવા લાગી. હે તાત! એટલામાં જ હર્ષથી ભરેલા ઇન્દ્રસહિત સમસ્ત દેવતા મુનિઓની સાથે જાણે આમંત્રિત હોય તેમ શીઘ્રતાથી ત્યાં આવી પહોંચ્યા. ત્યારે પ્રસન્ન બુદ્ધિવાળા બ્રહ્માએ એનું નામ (બાળકનું નામ) પિપ્પલાદ રાખ્યું. પછી બધા દેવતાઓ મહોત્સવ કરીને પોતપોતાને ધામે જતા રહ્યા. તદનંતર મહાન ઐશ્વર્યશાળી રુદ્રાવતાર પિપ્પલાદ એજ અશ્વત્થની નીચે લોકોની હિતકામનાથી ચિરકાલિક તપમાં પ્રવૃત્ત થયા. લોકાચારનું અનુસરણ કરીને આપ તપસ્યા કરતાં પિપ્પલાદનો ઘણોબધો સમય વ્યતીત થઈ ગયો.

તદનંતર પિપ્લાદે રાજા અનરણ્યની કન્યા પદ્મા સાથે વિવાહ કરીને તરુણ થઈને એની સાથે વિલાસ કર્યો. એ મુનિને દશ પુત્રો ઉત્પન્ન થયા, જે બધા એ પિતાની જેમ મહાત્મા અને ઉગ્ર તપસ્વી હતા. તે પોતાની માતા પદ્માની સુખવૃદ્ધિ કરનારા થયા. આ રીતે મહાપ્રભુ શંકરના લીલાવતાર મુનિ પિપ્લાદે મહાન ઐશ્વર્યશાળી તથા વિવિધ પ્રકારની લીલાઓ કરી. એ કૃપાળુએ જગતમાં શનૈશ્ચરની પીડાને, જેનું નિવારણ કરવું બધા લોકોની શક્તિ બહાર હતું, જોઈને લોકોને વરદાન આપ્યું કે, જન્મથી માંડીને સોળ વર્ષના આયુવાળા મનુષ્યોને તથા શિવભક્તોને શનિની પીડા નહીં થઈ શકે, આ મારું વચન સર્વથા સત્ય છે. જો ક્યાંક શનિ મારા વચનનો અનાદર કરીને એ મનુષ્યને પીડા કરશે તો નિઃસંદેહ એ ભસ્મ થઈ જશે. હે તાત! એટલા માટે એ ભયથી ભીત થયેલા ગ્રહશ્રેષ્ઠ શનૈશ્ચર વિકૃત થવા છતાં પણ એવા મનુષ્યોને

ક્યારેય પીડા કરતા નથી. હે મુનિવર! આ પ્રકારે મેં લીલાથી મનુષ્યરૂપ ધારણ કરનાર પિપ્પલાદનું ઉત્તમ ચરિત્ર તમને સંભળાવ્યું, એ સંપૂર્ણ કામનાઓને પૂર્ણ કરનારું છે. ગાધિ, કૌશિક અને મહામુનિ પિપ્પલાદ - એ ત્રણેના સ્મરણથી શનૈશ્ચરજનિત પીડાનો નાશ થઈ જાય છે. તે મુનિવર દધીચિ, જે પરમ જ્ઞાની, સત્પુરુષોના પ્રિય, મહાન શિવભક્તને ધન્ય છે. જેમને ત્યાં સ્વયં આત્મજ્ઞાની મહેશ્વર પિપ્પલાદ નામના પુત્ર થઈને જન્મ્યા. હે તાત! આ આખ્યાન નિર્દોષ, સ્વર્ગપ્રદ, કુગ્રહજનિત દોષોનું સંહારક, સંપૂર્ણ મનોરથોનું પૂરક અને શિવભક્તિની વિશેષ વૃદ્ધિ કરનારું છે.

(અધ્યાય ૨૧ થી ૨૫)

*

ભગવાન શિવની દ્વિજેશ્વરાવતારની કથા - રાજા ભદ્રાયુ તથા રાણી કીર્તિમાલિનીની ધાર્મિક દૃઢતાની પરીક્ષા

તદનંતર વૈશ્યનાથ અવતારનું વર્ણન કરીને નંદીશ્વરે દ્વિજેશ્વરાવતારનો પ્રસંગ ચલાવ્યો અને બોલ્યા—હે તાત! પહેલાં જે નૃપશ્રેષ્ઠ ભદ્રાયુનો પરિચય અપાયો હતો. અને જેના પર ભગવાન શિવે ઋષભરૂપે અનુગ્રહ કર્યો હતો, એ જ નરેશના ધર્મની પરીક્ષા લેવાને માટે એ ભગવાન પુનઃ દ્વિજેશ્વરરૂપે પ્રગટ થયા. ઋષભના પ્રભાવથી રણભૂમિમાં શત્રુઓ પર વિજય મેળવીને શક્તિશાળી રાજકુમાર ભદ્રાયુ જ્યારે રાજ્યસિંહાસન પર આરૂઢ થયા ત્યારે રાજા ચંદ્રાંગ તથા રાણી સીમંતિની પુત્રી સતી-સાધ્વી કીર્તિમાલીનીની સાથે એમનો વિવાહ થયો. કોઈ એક સમયે રાજા ભદ્રાયુએ પોતાની ધર્મપત્ની સાથે વસંત ઋતુમાં વનવિહાર કરવા માટે એક ગહન વનમાં પ્રવેશ કર્યો. એમની પત્ની શરણાગતજનોનું પાલન કરનારી હતી. રાજાનો પણ એવો જ નિયમ હતો. એ રાજદંપતીની ધર્મમાં કેટલી દૃઢતા છે, એની પરીક્ષા માટે પાર્વતી સહિત શિવે એક લીલા રચી. શિવા અને શિવ એ વનમાં બ્રાહ્મણ અને બ્રાહ્મણીરૂપે પ્રગટ થયાં. એ બંનેએ લીલાપૂર્વક એક માયામય વાઘનું નિર્માણ કર્યું. એ બંને ભયથી વિહ્વળ થઈ વાઘથી થોડે જ દૂર આગળ રડતા-બૂમો પાડતા ભાગવા માંડ્યાં અને વાઘ એમનો પીછો કરવા લાગ્યો. રાજાએ એમને આ અવસ્થામાં દીઠાં. તે બ્રાહ્મણ-દંપતી પણ ભયથી વિહ્વળ થઈને મહારાજાને શરણે ગયા અને આ પ્રકારે બોલવા લાગ્યાં.

બ્રાહ્મણદંપતીએ કહ્યું—હે મહારાજ! અમારી રક્ષા કરો, રક્ષા કરો. આ વાઘ અમને બંનેને ખાઈ જવા આવી રહ્યો છે. સમસ્ત પ્રાણીઓના કાળ સમાન ભય દેનાર આ હિંસક પ્રાણી અમને એનો આહાર બનાવે, એ પૂર્વે તમે જ અમને બંનેને બચાવી લો.

એ બંનેનું આ કરુણક્રંદન સાંભળીને મહાવીર રાજાએ જેવું ધનુષ ઉઠાવ્યું, ત્યાં જ વાઘ એમની નિકટમાં આવીને ઊભો. એણે બ્રાહ્મણીને પકડી લીધી. તે બિચારી 'હા નાથ! હા નાથ! હા પ્રાણવલ્લભ! હા શંભો! હા જગદ્‌ગુરો!' વગેરે કહીને રડવા લાગી, વિલાપ કરવા લાગી. વાઘ બહુ ભયાનક હતો. એણે જેવી બ્રાહ્મણીને પોતાનો કોળિયો બનાવવાની ચેષ્ટા કરી, ત્યાં

જ ભદ્રાયુને તીક્ષ્ણ બાણોથી એના મર્મમાં આઘાત કર્યો; પરંતુ એ બાણોથી એ મહાબલી વાઘને લગીરે પણ વ્યથા ન થઈ. એ બ્રાહ્મણીને બળપૂર્વક ઘસડતો ઘસડતો તત્કાલ દૂર નીકળી ગયો. પોતાની પત્નીને વાઘના પંજામાં પડેલી જોઈને બ્રાહ્મણને બહુ દુઃખ થયું અને તે વારંવાર રડવા લાગ્યો. ઘણી વાર સુધી રડીને એણે રાજા ભદ્રાયુને કહ્યું—'હે રાજન્! તમારાં પેલાં મોટાં મોટાં અસ્ત્રો ક્યાં છે? દુઃખીઓની રક્ષા કરનારું તમારું વિશાળ ધનુષ ક્યાં છે? સાંભળ્યું હતું કે તમારામાં તો બાર બાર હજાર મોટા મોટા હાથીઓનું બળ છે. તેનું શું થયું? તમારા શંખ, ખડ્ગ અને મંત્રાસ્ત્ર-વિદ્યાથી શો લાભ થયો? બીજાઓને ક્ષીણ થતાં બચાવી લેવાનો ક્ષત્રિયનો પરમ ધર્મ છે. ધર્મજ્ઞ રાજા પોતાનું ધન અને પ્રાણ આપીને પણ શરણમાં આવેલાં દીનદુખીઓની રક્ષા કરે છે. જે પીડિતોની પ્રાણરક્ષા નથી કરી શકતા, એવા લોકોએ તો જીવવાને બદલે મરી જવું જ બહેતર છે.'

આ પ્રકારે બ્રાહ્મણનો વિલાપ અને એના મુખથી પોતાના પરાક્રમની નિંદા સાંભળીને રાજાએ શોકથી મનમાં ને મનમાં આ રીતે વિચાર કર્યો—'અહો! આજે ભાગ્યના પલટ-ફેરથી મારું પરાક્રમ નષ્ટ થઈ ગયું. મારા ધર્મનો પણ નાશ થઈ ગયો. તેથી હવે મારી સંપદા, રાજ્ય અને આયુનો પણ નિશ્ચય જ નાશ થઈ જશે.' આવું વિચારીને રાજા ભદ્રાયુ બ્રાહ્મણનાં ચરણોમાં પડી ગયો અને એને ધીરજ આપતાં બોલ્યો—'હે બ્રહ્મન્! મારું પરાક્રમ નષ્ટ થઈ ગયું છે. હે મહામતે! મુજ ક્ષત્રિય-અધમ પર કૃપા કરીને શોક છોડી દો. હું આપને મનોવાંછિત પદાર્થ આપીશ. આ રાજ્ય, આ રાણી અને મારું આ શરીર બધું જ આપને અધીને છે. બોલો, આપ શું ચાહો છો?'

બ્રાહ્મણ બોલ્યા—હે રાજન્! આંધળાને દર્પણ શા કામનું? જે ભિક્ષા માગીને જીવન-નિર્વાહ કરતો હોય, એ ઘણાંબધાં ઘર લઈને કરે પણ શું? જે મૂર્ખ છે, એને પુસ્તક સાથે શી લેવાદેવા, અને જેની પાસે સ્ત્રી નથી, એ ધનને લઈને કરશે પણ શું? મારી પત્ની જતી રહી, મેં ક્યારેય કામભોગનો ઉપભોગ કર્યો નથી. એટલે કામભોગને માટે તમે તમારી આ મોટી રાણી મને આપી દો.

રાજાએ કહ્યું—હે બ્રહ્મન્! શું આ જ તમારો ધર્મ છે? શું ગુરુએ તમને આ જ ઉપદેશ આપ્યો છે? શું તમે નથી જાણતા કે પારકી સ્ત્રીનો સ્પર્શ સ્વર્ગ અને સુયશની હાનિ કરનારો છે? પરસ્ત્રીના ઉપભોગથી જે પાપ કમાશો, એને સેંકડો પ્રાયશ્ચિત્તો દ્વારા પણ ધોઈ શકાતું નથી.

બ્રાહ્મણ બોલ્યા—હે રાજન્! હું મારી તપસ્યાથી ભયંકર બ્રહ્મહત્યા અને મદિરાપાન જેવાં પાપનો પણ નાશ કરી નાખીશ. પછી પરસ્ત્રી-સંગમની તો ગણતરી જ શી. એટલે આપ તમારી આ ભાર્યાને મને અવશ્ય આપી દો અન્યથા તમે નિશ્ચય જ નરકમાં પડશો.

બ્રાહ્મણની આ વાત પર રાજાએ મનમાં ને મનમાં વિચાર કર્યો કે બ્રાહ્મણના પ્રાણોની રક્ષા ન કરવાથી મહાપાપ થશે, તેથી કરીને એનાથી બચવા માટે પત્નીને આપી દેવી એ જ શ્રેષ્ઠ છે. આ શ્રેષ્ઠ બ્રાહ્મણને મારી પત્ની આપીને હું પાપથી મુક્ત થઈને શીઘ્ર જ અગ્નિ-પ્રવેશ કરીશ. મનમાં ને મનમાં આવો નિશ્ચય કરીને રાજાએ આગ સળગાવી અને બ્રાહ્મણને બોલાવીને એને પોતાની પત્ની આપી દીધી

તત્પશ્ચાત્ સ્નાન કરીને પવિત્ર થઈને દેવતાઓને પ્રણામ કરીને એણે અગ્નિની બે વાર પરિક્રમા કરી અને એકાગ્રચિત્ત થઈને ભગવાન શિવનું ધ્યાન કર્યું. આ રીતે રાજાને અગ્નિમાં પડવાને માટે તૈયાર થયેલો જોઈ જગત્પતિ વિશ્વનાથ સહસા ત્યાં પ્રગટ થઈ ગયા. એમને પાંચ મુખ હતાં. મસ્તક પર ચંદ્રકલા આભૂષણનું કામ આપી રહી હતી. થોડાક પીળા રંગની જટા લટકેલી હતી. એ કોટિ કોટિ સૂર્ય સમાન તેજસ્વી હતા. હાથમાં ત્રિશૂળ, ખટ્વાંગ, કુઠાર, ઢાલ, મૃગ, અભય, વરદ અને પિનાક ધારણ કરેલાં હતાં, બળદ (પોઠિયો) પર બેઠેલા ભગવાન નીલકંઠને રાજાએ પોતાની સામે પ્રત્યક્ષ જોયા. એમનાં દર્શનજનિત આનંદથી યુક્ત થઈને રાજા ભદ્રાયુએ હાથ જોડીને સ્તવન કર્યું.

રાજાની સ્તુતિ કરવાથી તે સાંભળીને પાર્વતી સાથે પ્રસન્ન થયેલા મહેશ્વરે કહ્યું— હે રાજન્! તમે કોઈ અન્યનું ચિંતન ન કરીને જે સદાસર્વદા મારું પૂજન કર્યું છે, તમારી આ ભક્તિને કારણે અને તમારા દ્વારા આ પવિત્ર સ્તુતિને સાંભળીને હું બહુ જ પ્રસન્ન થયો છું. તમારા ભક્તિભાવની પરીક્ષા લેવા માટે જ હું સ્વયં બ્રાહ્મણ બનીને આવ્યો હતો. જેને વાઘે ગ્રસી લીધી હતી તે બ્રાહ્મણ બીજી કોઈ નહીં, એ તો ગિરિરાજનંદિની ઉમાદેવી જ હતાં. તમારા બાણ મારવાથી પણ જેના શરીરને ઘા પડ્યો નથી, ને વાઘ પણ માયાનિર્મિત હતો. તમારા ધૈર્યને જોવા માટે જ મેં તમારી પત્નીને માગી હતી, એ કીર્તિમાલિનીની અને તમારી ભક્તિથી હું સંતુષ્ટ છું. તમે કોઈ દુર્લભ વરદાન માગો, હું એ આપીશ.

રાજા બોલ્યા— હે દેવ! તમે સાક્ષાત્ પરમેશ્વર છો. આપે સાંસારિક તાપથી ઘેરાયેલા મને અધમને જે પ્રત્યક્ષ દર્શન દીધાં છે એ જ મારે માટે મહાન વરદાન છે. હે દેવ! આપ તો વરદાન આપનારાઓમાં શ્રેષ્ઠ છો. આપની પાસેથી હું બીજું કોઈ વરદાન નથી ચાહતો. મારી ઇચ્છા છે કે હું, મારી રાણી, મારાં માતા-પિતા, પદ્માકર વૈશ્ય અને એના પુત્ર સનય-એ સૌને આપ આપના પાર્શ્વવર્તી અંતેવાસી સેવક બનાવી લો.

તત્પશ્ચાત્ રાણી કીર્તિમાલિનીએ પ્રણામ કરીને પોતાની ભક્તિથી ભગવાન શંકરને પ્રસન્ન કર્યા અને આ ઉત્તમ વરદાન માગ્યું—'હે મહાદેવ! મારા પિતા ચંદ્રાંગ અને માતા સીમન્તની એ બંનેને પણ આપની પાસે નિવાસ આપો.' ભક્તવત્સલ ભગવાન ગૌરીપતિએ પ્રસન્ન થઈને 'એવમસ્તુ' કહ્યું અને એ બંને પતિ-પત્નીને ઇચ્છા અનુસાર વરદાન આપીને તે ક્ષણભરમાં જ અંતર્ધાન થઈ ગયા. આ બાજુ રાજાએ ભગવાન શંકરનો પ્રસાદ પ્રાપ્ત કરીને કીર્તિમાલિની સાથે પ્રિય ભોગોનો ઉપભોગ કર્યો અને દસ હજાર વર્ષ રાજ્ય કર્યા પછી પોતાના પુત્રોને રાજ્ય આપીને એમણે શિવજીના પરમ પદને પ્રાપ્ત કર્યું. રાજા અને રાણી બંનેએ જ ભક્તિપૂર્વક મહાદેવજીની પૂજા કરીને ભગવાન શિવના ધામની પ્રાપ્તિ કરી. પરમપદ પામ્યાં. આ પરમ પવિત્ર, પાપનાશક અને અત્યંત ગોપનીય ભગવાન શિવના વિચિત્ર ગુણાનુવાદ જે વિદ્વાનોને સંભળાવે છે અથવા સ્વયં પણ શુદ્ધચિત્ત થઈને વાંચે છે, ભણે છે તે આ લોકમાં ભોગ-ઐશ્વર્યને પ્રાપ્ત કરીને અંતે ભગવાન શિવને પ્રાપ્ત થઈ જાય છે.

(અધ્યાય ૨૬ થી ૨૭)

*

ભગવાન શિવનો યતિનાથ અને હંસ નામનો અવતાર

નંદીશ્વર કહે છે—હે મુને! હવે હું પરમાત્મા શિવના યતિનાથ નામના અવતારનું વર્ણન કરું છું. હે મુનીશ્વર! અર્બુદાચલ નામના પર્વત પાસે એક ભીલ રહેતો હતો, જેનું નામ હતું આહુક. એની પત્નીને લોકો આહુમ કહેતા હતા. તે ઉત્તમ વ્રતનું પાલન કરનારી હતી. એ બંને પતિ-પત્ની મહાન શિવભક્ત હતાં અને શિવની આરાધના-પૂજામાં લાગ્યાં રહેતાં હતાં. એક દિવસ તે શિવભક્ત ભીલ પોતાની પત્ની માટે આહારની શોધ કરવા નિમિત્તે જંગલમાં બહુ દૂર ચાલ્યો ગયો. એ જ વખતે સંધ્યાકાળમાં ભીલની પરીક્ષા લેવા માટે ભગવાન શંકર સંન્યાસીનું રૂપ ધારણ કરીને ઘેર આવ્યા. એટલામાં જ ઘરનો માલિક ભીલ પણ ચાલ્યો આવ્યો અને એણે બહુ પ્રેમથી એ યતિરાજનું પૂજન કર્યું. એના મનોભાવની પરીક્ષા માટે એ યતીશ્વરે દીનવાણીમાં કહ્યું—'હે ભીલ! આજની રાત અહીં રહેવાને માટે સ્થાન આપી દે. સવાર થતાં જ હું ચાલ્યો જઈશ, તમારું સદા કલ્યાણ થાઓ.'

ભીલ બોલ્યો—હે સ્વામીજી! આપ ઠીક કહો છો, તથાપિ મારી આ વાત સાંભળો. મારા ઘરમાં જગા-સ્થાન તો હું થોડું જ છે. પછી આપનું રહેવું કેવી રીતે થઈ શકે છે?

ભીલની આ વાત સાંભળીને સ્વામીજી ત્યાંથી ચાલ્યા જવા તૈયાર થઈ ગયા.

ત્યારે ભીલનીએ કહ્યું—હે પ્રાણનાથ! આપ સ્વામીજીને સ્થાન આપી દો. ઘેર આવેલા અતિથિને નિરાશ કરીને પાછા ન કાઢો. અન્યથા આપણા ગૃહસ્થ-ધર્મના પાલનમાં બાધા પહોંચશે. આપ સ્વામીજીની સાથે સુખપૂર્વક ઘરની અંદર રહો અને હું મોટાં મોટાં અસ્ત્ર-શસ્ત્ર લઈને બહાર ઊભી રહીશ.

પત્નીની આ વાત સાંભળીને ભીલે વિચાર કર્યો. સ્ત્રીને ઘરની બહાર કાઢીને હું અંદર કેવી રીતે રહી શકું? સંન્યાસીજીનું અન્યત્ર જવું પણ મારે માટે અધર્મકારક જ હશે. એ બંને જ કાર્ય એક ગૃહસ્થને માટે અનુચિત છે. માટે મારે જ ઘરની બહાર રહેવું જોઈએ. જે થવાનું હશે તે થશે. હોનહાર, નિયતિને કોણ ટાળી શક્યું છે? આવું વિચારીને આગ્રહ કરીને એણે સ્ત્રીને અને સંન્યાસીને તો સાનંદ ઘરની અંદર રહેવા દીધાં અને સ્વયં ભીલ પોતાનાં આયુધ પાસે રાખીને ઘરની બહાર ઊભો રહી ગયો. રાત્રે જંગલી ક્રૂર અને હિંસક પશુ એને પીડા આપવા લાગ્યાં. એણે પણ યથાશક્તિ એ પ્રાણીઓથી બચવા માટે મહાન યત્ન કર્યો. આ રીતે યત્ન કરતાં એ ભીલ બળવાન હોવા છતાં પ્રારબ્ધપ્રેરિત હિંસક પશુઓ દ્વારા બળપૂર્વક શિકાર બની ગયો, પ્રાણીઓ એને ખાઈ ગયાં. સવારે ઊઠીને જ્યારે યતિએ જોયું કે હિંસક પશુઓ ભીલને ખાઈ ગયાં છે, ત્યારે એમને મહાન દુઃખ થયું. સંન્યાસીને દુઃખી જોઈને ભીલની દુઃખથી વ્યાકુળ હોવા છતાં ધૈર્યપૂર્વક એ દુઃખને દબાવીને આ પ્રમાણે બોલી—'હે સ્વામીજી! આપ દુઃખી શા માટે થઈ રહ્યા છો? આ ભીલરાજાનું તો આ સમયે કલ્યાણ જ થયું છે. એ ધન્ય અને કૃતાર્થ થઈ ગયા, જેને આવું મૃત્યુ મળે. હું ચિતાની આગમાં સળગી જઈને એમનું અનુસરણ કરીશ. આપ પ્રસન્નતાપૂર્વક મારે માટે એક ચિતા તૈયાર કરી આપો, કેમકે સ્વામીનું અનુસરણ કરવું એ સ્ત્રીઓને માટે સનાતન ધર્મ છે. એની વાત

સાંભળીને સંન્યાસીજીએ સ્વયં ચિતા તૈયાર કરી અને ભીલનીએ પોતાના ધર્મ અનુસાર એમાં

પ્રવેશ કર્યો. એ જ સમયે ભગવાન શંકર પોતાના સાક્ષાત્‌સ્વરૂપે એની સામે પ્રગટ થઈ ગયા અને એની પ્રશંસા કરતાં બોલ્યા—તું ધન્ય છે, ધન્ય હો. હું તારા પર પ્રસન્ન છું તું ઇચ્છા-અનુસાર વરદાન માગ - તારે માટે કશુંય અદેય નથી. અર્થાત્‌ તું માગીશ એ આપીશ. વરદાન માગ.'

ભગવાન શંકરનું આ પરમ આનંદદાયક વચન સાંભળીને ભીલનીને બહુ સુખ પ્રાપ્ત થયું. તે એવી તો આનંદ-વિભોર થઈ ગઈ કે એને કોઈ વાતની સુધ જ ન રહી. એની આ અવસ્થાને લક્ષ્ય કરીને ભગવાન શંકર વધારે પ્રસન્ન થયા અને એણે ન માગ્યું છતાં એને વરદાન આપતાં બોલ્યા—'મારું' જે આ યતિરૂપ છે, એ ભાવિ જન્મમાં હંસરૂપે પ્રગટ થશે અને તે હંસ પ્રસન્નતાપૂર્વક તમારા બંનેનો પરસ્પર સંયોગ કરાવશે. આ ભીલ નિષધ દેશની ઉત્તમ રાજધાનીમાં રાજા વીરસેનનો શ્રેષ્ઠ પુત્ર થશે. એ સમયે નળના નામથી એની ખ્યાતિ થશે અને તું વિદર્ભ નગરમાં ભીમરાજની પુત્રી દમયંતી થઈશ. તમે બંને મળીને રાજભોગ ભોગવ્યા બાદ એ મોક્ષ પ્રાપ્ત કરશો, જે મોટા મોટા યોગીશ્વરોને માટે પણ દુર્લભ છે.'

નંદીશ્વરજી કહે છે—હે મુને! આવું કહીને ભગવાન એ સમયે લિંગરૂપે સ્થિત થઈ ગયા. ને ભીલ પોતાના ધર્મથી વિચલિત થયો ન હતો, તેથી કરીને એના જ નામ પર એ લિંગને 'અચલેશ' સંજ્ઞા આપવામાં આવી. બીજા જન્મમાં તે આહુક નામે ભીલ નૈષધનગરમાં વીરસેનનો પુત્ર થઈને મહારાજ નળ નામે વિખ્યાત થયા. અને આહુકા નામની ભીલની વિદર્ભનગરના રાજા ભીમની પુત્રી દમયંતી થઈ એ તે યતિનાથ શિવ ત્યાં હંસરૂપે પ્રગટ થયા. એમણે દમયંતીના નળની સાથે વિવાહ કરાવ્યો. પૂર્વ જન્મના સત્કારજનિત પુણ્યથી પ્રસન્ન થઈ ભગવાન શિવે હંસનું રૂપ ધારણ કરીને એ બંને સુખ આપ્યું. હંસાવતારી શિવ વિવિધ પ્રકારની વાતો કરવામાં અને સંદેશો પહોંચાડવામાં કુશળ હતા. એ નળ અને દમયંતી બંનેને માટે પરમ આનંદદાયક થયા. (અધ્યાય ૨૮)

*

ભગવાન શિવના કૃષ્ણદર્શન નામના અવતારની કથા

નંદીશ્વરજી કહે છે—હે સનત્કુમારજી! ભગવાનના એક ઉત્તમ અવતારનું નામ છે કૃષ્ણદર્શન, જેણે રાજા નભગને જ્ઞાન પ્રદાન કર્યું હતું. એનું વર્ણન કરું છું. સાંભળો. શ્રાદ્ધદેવ નામના મનુના જે ઇક્ષ્વાકુ વગેરે પુત્રો હતા, એમાં નવમ પુત્રનું નામ નભગ હતું. જેનો પુત્ર નાભાગ નામથી પ્રસિદ્ધ થયો. નાભાગના જ પુત્ર અંબરીશ થયા, જે ભગવાન વિષ્ણુના ભક્ત હતા

તથા જેમની બ્રાહ્મણભક્તિ જોઈને એના પર મહર્ષિ દુર્વાસા પ્રસન્ન થયા હતા. હે મુને! અંબરીષના પિતામહ જે નભગ કહેવાયા છે, એમનું ચરિત્ર-વર્ણન સાંભળો. એમને જ ભગવાન શિવે જ્ઞાન પ્રદાન કર્યું હતું. મનુપુત્ર નભગ બહુ બુદ્ધિમાન હતા. એમણે વિદ્યા-અધ્યયન માટે દીર્ઘકાળ સુધી ઇન્દ્રિય-સંયમપૂર્વક ગુરુકુળમાં નિવાસ કર્યો. એ દરમિયાન ઇક્ષ્વાકુ વગેરે ભાઈઓ નભગ માટે કોઈ ભાગ ન આપીને પિતાની સંપત્તિ અંદરોઅંદર વહેંચી લીધી, અને પોત-પોતાનો ભાગ લઈને તે ઉત્તમ રીતે રાજ્યનું પાલન કરવા લાગ્યા. એ બધાએ પિતાની આજ્ઞાથી જ ધન વહેંચી લીધું હતું. થોડા સમય પછી બ્રહ્મચારી નભગ ગુરુકુલથી સાંગોપાંગ વેદોનું અધ્યયન કરીને ત્યાં ગયા. એમણે જોયું કે બધા ભાઈઓએ બધી સંપત્તિ વહેંચી લીધી છે, અને પોતપોતાનો ભાગ લઈ ચૂક્યા છે, ત્યારે એમણે પણ બહુ સ્નેહથી દાયભાગ મેળવવાની ઇચ્છા રાખીને પોતાના ઇક્ષ્વાકુ વગેરે બંધુઓને કહ્યું—'હે ભાઈઓ! મને ભાગ આપ્યા વિના જ તમે લોકોએ અંદરોઅંદર સંપત્તિ વહેંચી લીધી છે. તેથી હવે પ્રસન્નતાપૂર્વક મારો ભાગ આપો. હું મારો દાયભાગ લેવાને માટે અહીં આવ્યો છું.'

ભાઈ બોલ્યા—જ્યારે સંપત્તિની વહેંચણી થઈ રહી હતી, એ સમયે અમે તારો ભાગ રાખવાનું ભૂલી ગયા હતા. હવે આ સમય પિતાજીને જ તમારા ભાગરૂપે આપીએ છીએ. તું એમને લઈ લે, એમાં સંશય નથી.

ભાઈઓનું આ કથન સાંભળી નભગને બહુ આશ્ચર્ય થયું, વિસ્મય થયો. તે પિતાની પાસે જઈને બોલ્યો 'હે તાત! હું વિદ્યા-અધ્યયન માટે ગુરુકુલમાં ગયો હતો અને ત્યાં હજુ સુધી બ્રહ્મચારી રહ્યો છું. એ દરમિયાન ભાઈઓએ મને છોડીને પરસ્પર ધન વહેંચી લીધું. ત્યાંથી પરત આવીને મેં મારા ભાગ વિશે એમને પૂછ્યું, ત્યારે એમણે મારો હિસ્સો, ભાગ બતાવી દીધો. તેથી જ એ માટે હું આપની સેવામાં આવ્યો છું.' નભગની આ વાત સાંભળીને પિતાજીને બહુ વિસ્મય થયો. શ્રાદ્ધદેવે પુત્રને આશ્વાસન આપતાં કહ્યું—'હે બેટા! ભાઈઓની એ વાત પર વિશ્વાસ ન કર. એ વાત એમણે તને ઠગવા વાસ્તે કહી છે. હું તારે માટે ભોગસાધક ઉત્તમ દાય ન બની શકું, તથાપિ છેતરપિંડી કરનારાઓએ જો મને જ દાયભાગના રૂપે તને આપ્યો છે તો હું તને તારી જીવિકાનો એક ઉપાય બતાવું છું. સાંભળ - આ દિવસોમાં બુદ્ધિવાળા આંગિરસગોત્રીય બ્રાહ્મણ એક બહુ મોટો યજ્ઞ કરી રહ્યો છે. એ કર્મમાં પ્રત્યેક છઠ્ઠા દિવસનું કાર્ય એ ઠીક ઠીક રીતે નથી સમજી શકતા—એમાં એમની ભૂલ થઈ જાય છે. તું ત્યાં જા અને એ બ્રાહ્મણોને વિશ્વેદેવ સંબંધી બે સૂક્ત બતાવી દીધા કર. તેથી એ યજ્ઞ શુદ્ધરૂપે સંપાદિત થશે. તે યજ્ઞ સમાપ્ત થઈ ગયા પછી એ બ્રાહ્મણો જ્યારે સ્વર્ગમાં જવા લાગશે, એ સમયે સંતુષ્ટ થઈને એ યજ્ઞથી બચેલું બધું જ ધન તને આપી દેશે.'

પિતાની આ વાત સાંભળીને સત્યવાદી નભગ ખૂબ પ્રસન્નતા સાથે એ ઉત્તમ યજ્ઞમાં ગયો. હે મુને! ત્યાં છઠ્ઠા દિવસના કર્મમાં બુદ્ધિમાન મનુપુત્રે વૈશ્વદેવ સંબંધી બંને સૂક્તોનું સ્પષ્ટરૂપે ઉચ્ચારણ કર્યું. યજ્ઞકર્મ પૂરું થઈ ગયા પછી એ આંગિરસ બ્રાહ્મણ યજ્ઞથી બચેલું પોતપોતાનું ધન નભગને આપીને સ્વર્ગલોકે ચાલ્યા ગયા. એ યજ્ઞશિષ્ટ ધનને જ્યારે તે ગ્રહણ કરવા લાગ્યા, એ જ સમયે સુંદર લીલા કરનારા

પ્રભુ ભગવાન શિવ તત્કાળ ત્યાં પ્રગટ થઈ ગયા. એમનાં બધાં જ અંગો સુંદર હતાં, પરંતુ નેત્ર કાળાં હતાં. એમણે નભગને પૂછ્યું—'તમે કોણ છો? જે આ ધનને લઈ રહ્યા છો. આ તો મારી સંપત્તિ છે. તમને કોણે અહીં મોકલ્યા છે; એ બધી વાતો મને ઠીક ઠીક રીતે બતાવો.'

નભગે કહ્યું—આ તો યજ્ઞનું બચેલું ધન છે, જે ઋષિઓએ મને આપ્યું છે, હવે એ મારી સંપત્તિ છે. એ લેવામાં તમે મને કેવી રીતે રોકી શકો છો?

કૃષ્ણદર્શને કહ્યું—'હે તાત! આપણા બેના ઝઘડામાં તમારા પિતા જ પંચ રહેશે. જઈને એમને પૂછો અને એ જે નિર્ણય આપે તે ઠીક ઠીક રીતે અહીં આવીને બતાવો.' એની વાત સાંભળીને નભગે પિતાની પાસે જઈને ઉક્ત પ્રશ્નને એમની સામે મૂક્યો. શ્રાદ્ધદેવને કોઈ જૂની વાત યાદ આવી ગઈ અને એમણે ભગવાન શિવનાં ચરણકમળોનું ધ્યાન કરતાં કહ્યું.

મનુ બોલ્યા—'હે તાત! એ પુરુષ જે તને તે ધન લેવાથી રોકી રહ્યા છે, તે સાક્ષાત્ ભગવાન શિવ છે. આમ તો સંસારની બધી જ વસ્તુઓ એમની જ છે. પરંતુ યજ્ઞથી પ્રાપ્ત થયેલા ધન પર એમનો વિશેષ અધિકાર છે. યજ્ઞ કરવાથી જે ધન બચે છે, એને ભગવાન રુદ્રનો ભાગ નિશ્ચિત કરવામાં આવ્યો છે. માટે યજ્ઞ-અવશિષ્ટ બધી વસ્તુઓને ગ્રહણ કરવાનો અધિકાર સર્વેશ્વર મહાદેવજીનો જ છે. પોતાની ઇચ્છાથી જ બીજા લોકો એ વસ્તુને લઈ શકે છે. ભગવાન શિવ તારા ઉપર કૃપા માટે જ ત્યાં આવું રૂપ ધારણ કરીને આવ્યા છે. તું ત્યાં જ જા અને એમને પ્રસન્ન કર. તારા અપરાધ માટે ક્ષમા માગજે અને પ્રણામપૂર્વક એમની સ્તુતિ કરજે.' નભગ પિતાની આજ્ઞાથી ત્યાં ગયા અને ભગવાનને પ્રણામ કરીને હાથ જોડીને બોલ્યા—'હે મહેશ્વર! આ આખી ત્રિલોકી આપની જ છે. પછી યજ્ઞમાં બચેલા ધનની તો વાત જ નથી. નિશ્ચય જ એના પર આપનો અધિકાર છે, મારા પિતાએ નિર્ણય આપી દીધો છે. હે નાથ! મેં યથાર્થ વાત ન જાણવાને કારણે ભ્રમવશ જે કાંઈ કહ્યું છે તે મારા અપરાધને ક્ષમા કરો. હું આપનાં ચરણોમાં મસ્તક નમાવીને, રાખીને એ પ્રાર્થના કરું છું કે આપ મુજ પર પ્રસન્ન થાઓ.'

આવું કહીને નભગે અત્યંત દીનતાપૂર્વક હૃદયથી બંને હાથ જોડીને મહેશ્વર કૃષ્ણદર્શનનું સ્તવન કર્યું. પેલા શ્રાદ્ધદેવ પણ પોતાના અપરાધની ક્ષમા માગતાં ભગવાન શિવની સ્તુતિ કરી. ત્યાર પછી ભગવાન રુદ્રે મનમાં ને મનમાં જ પ્રસન્ન થઈને નભગને કૃપાદૃષ્ટિથી જોયો અને મંદસ્મિત કરતાં કરતાં બોલ્યા.

કૃષ્ણદર્શન બોલ્યા—'હે નભગ! તમારા પિતાજીએ જે ધર્માનુકૂળ વાત કહી છે તે ઠીક છે. તમે પણ સાધુ-સ્વભાવને કારણે સત્ય જ કહ્યું છે. એટલા માટે હું તમારા પર બહુ પ્રસન્ન છું અને કૃપાપૂર્વક તમને સનાતન બ્રહ્મતત્ત્વનું જ્ઞાન પ્રદાન કરું છું. આ સમયે આ બધું ધન મેં તમને આપી દીધું. હવે તમે એને ગ્રહણ કરો. આ લોકમાં નિર્વિકાર રહીને સુખ ભોગવો. અંતે મારી કૃપાથી તમને સદ્‌ગતિ પ્રાપ્ત થશે.' આવું કહીને ભગવાન રુદ્ર બધાંના દેખતાં જ ત્યાં અંતર્ધાન થઈ ગયા. સાથે જ શ્રાદ્ધદેવ પણ પોતાના પુત્ર નભગની સાથે પોતાના સ્થાને પાછા આવ્યા. આ લોકમાં વિપુલ ભોગોનો

ઉપભોગ કરીને અંતે તે ભગવાન શિવના ધામમાં ચાલ્યા ગયા. હે બ્રહ્મન્! આ રીતે તમને મેં ભગવાન શિવના કૃષ્ણદર્શન નામના અવતારનું વર્ણન કરી બતાવ્યું. જે આ આખ્યાનને વાંચે અથવા સાંભળે છે, એને સંપૂર્ણ મનોવાંછિત ફળ પ્રાપ્ત થઈ જાય છે. (અધ્યાય ૨૯)

*

ભગવાન શિવના અવધૂતેશ્વરાવતારની કથા અને એના મહિમાનું વર્ણન

નંદીશ્વર કહે છે—હે સનત્કુમાર! હવે તમે પરમેશ્વર શિવના અવધૂતેશ્વર નામના અવતારનું વર્ણન સાંભળો, જેણે ઇન્દ્રના અભિમાનને ચૂર ચૂર કરી દીધું હતું. પહેલાંની વાત છે, ઇન્દ્ર સંપૂર્ણ દેવતાઓ તથા બૃહસ્પતિજીને સાથે લઈને ભગવાન શિવનાં દર્શન કરવા માટે કૈલાસ પર્વત પર ગયા. એ સમયે બૃહસ્પતિ અને ઇન્દ્રના શુભ-આગમનની વાત જાણીને ભગવાન શંકર એ બંનેની પરીક્ષા લેવા માટે અવધૂત બની ગયા. એમના શરીર પર કોઈ વસ્ત્ર ન હતું. તે પ્રજ્વલિત અગ્નિની જેમ તેજસ્વી હોવાને કારણે મહાભયંકર જણાતા હતા. એમની આકૃતિ ખૂબ સુંદર જણાતી હતી. તે રસ્તો રોકીને વચમાં ઊભા હતા. બૃહસ્પતિ અને ઇન્દ્રએ શિવ સમીપે જતી વખતે જોયું, એક અદ્‌ભુત શરીરધારી પુરુષ રસ્તાની વચમાં ઊભો છે. ઇન્દ્રને પોતાના અધિકાર પર ઘણો ગર્વ હતો. એટલા માટે તે એ ન જાણી શક્યો આ સાક્ષાત્ શંકર છે. એમણે માર્ગમાં ઊભેલા પુરુષને પૂછ્યું—'તમે કોણ છો? આ નગ્ન અવધૂતવેશમાં ક્યાંથી આવ્યા છો? તમારું નામ શું છે? બધી વાતો ઠીક ઠીક રીતે બતાવો - વિલંબ ન કરો. ભગવાન શિવ પોતાના સ્થાન પર છે કે આ સમયે ક્યાંક અન્યત્ર ગયા છે? હું દેવતાઓ તથા ગુરુજી સાથે એમનાં દર્શન કરવા માટે જઈ રહ્યો છું.

ઇન્દ્રના વારંવાર પૂછવા પર પણ મહાન કૌતુક કરનારા અહંકાર-હારી મહાયોગી ત્રિલોકીનાથ શિવ કાંઈ જ ન બોલ્યા. ચૂપ જ રહ્યા. ત્યારે પોતાના ઐશ્વર્યનું અભિમાન કરનાર દેવરાજ ઇન્દ્રે ક્રોધમાં આવીને એ જટાધારી પુરુષને ફટકાર્યો અને આ પ્રકારે કહ્યું.

ઇન્દ્ર બોલ્યા—અરે મૂઢ! દુર્મતે! તું વારંવાર પૂછવા છતાં પણ ઉત્તર કેમ નથી આપતો. એટલે હું તને વજથી મારું છું. જોઉં છું કે કોણ તારી રક્ષા કરે છે.

આવું કહીને એ દિગંબર પુરુષ તરફ ક્રોધપૂર્વક જોઈને એને મારી નાખવા માટે વજ ઉગામ્યું. આ જોઈને ભગવાન શંકરે શીઘ્ર જ એ વજનું સ્તંભન કરી દીધું. એની બાંહ અકડાઈ ગઈ. એટલા માટે એ વજનો પ્રહાર ન કરી શક્યો. ત્યાર બાદ તે પુરુષ તત્કાળ જ ક્રોધને કારણે તેજથી પ્રજ્વલિત થઈ ગયા, જાણે ઇન્દ્રને સળગાવી ન દેતા હોય. ભુજાઓ સ્તંભિત થઈ જવાને કારણે શચીવલ્લભ ઇન્દ્ર ક્રોધથી સર્પની જેમ સળગવા લાગ્યો, જેનું પરાક્રમ મંત્રના બળથી અવરુદ્ધ થઈ ગયું હોય. બૃહસ્પતિએ એ પુરુષને પોતાના તેજથી પ્રજ્વલિત થતો જોઈને તત્કાળ જ સમજી લીધું કે આ સાક્ષાત્ ભગવાન હર છે. પછી તો એ હાથ જોડીને પ્રણામ કરીને એમની સ્તુતિ કરવા લાગ્યા. સ્તુતિ પછી એમણે ઇન્દ્રને એમનાં ચરણોમાં પાડી દીધા અને કહ્યું—'હે દીનાનાથ!

હે મહાદેવ! આ ઇન્દ્ર આપનાં ચરણોમાં પડ્યો છે. આપ એનો અને મારો ઉદ્ધાર કરો. અમારા બંને પર ક્રોધ નહિ, પ્રેમ કરો. હે મહાદેવ! શરણાગત ઇન્દ્રની રક્ષા કરો. આપના લલાટમાંથી પ્રગટેલી આ આગ એમને સળગાવી દેવા આવી રહી છે.'

બૃહસ્પતિની આ વાત સાંભળીને અવધૂતવેશધારી કરુણાસિન્ધુ શિવે હસતાં હસતાં કહ્યું—'મારા નેત્રથી રોષવશ બહાર નીકળેલ અગ્નિને હું પુનઃ કેવી રીતે ધારણ કરી શકું? શું સાપ પોતાની છોડી દીધેલી કાંચળી ફરી ગ્રહણ કરે છે?'

બૃહસ્પતિ બોલ્યા—હે દેવ! હે ભગવન્! ભક્ત સદાયે કૃપાને પાત્ર હોય છે. આપ પોતાનું ભક્તવત્સલ નામને ચરિતાર્થ કરો અને આ ભયંકર તેજને કોઈ અન્યત્ર સ્થળે ફેંકી દો.

રુદ્રે કહ્યું—હે દેવગુરો! હું તમારા ઉપર પ્રસન્ન છું. એટલા માટે ઉત્તમ વરદાન આપું છું. ઇન્દ્રને જીવનદાન દેવાને કારણે આજથી તમારું એક નામ જીવ પણ હશે. મારા લલાટવર્તી નેત્રથી જે આ આગ પ્રગટ થઈ છે, એને દેવતા નહીં સહી શકે, તેથી એને હું બહુ દૂર છોડીશ, જેથી આ ઇન્દ્રને પીડા ન આપી શકે.

આવું કહીને પોતાના એ તેજઃસ્વરૂપ એ અદ્‌ભુત અગ્નિને હાથમાં લઈને શિવે ક્ષાર સમુદ્રમાં ફેંકી દીધો. ત્યાં ફેંકી દેવાથી શિવનું એ તેજ તત્કાળ એક બાળકના રૂપે પરિણત થઈ ગયું, જે સિન્ધુપુત્ર જલન્ધર નામથી વિખ્યાત થયું. પછી દેવતાઓની પ્રાર્થનાથી ભગવાન શિવે જ અસુરોના સ્વામી જલન્ધરનો વધ કર્યો હતો. અવધૂતરૂપે આવી સુંદર લીલા કરીને લોકકલ્યાણકારી શંકર ત્યાંથી અંતર્ધાન થઈ ગયા. પછી બધા દેવતા અત્યંત નિર્ભય અને સુખી થયા. ઇન્દ્ર અને બૃહસ્પતિ પણ એ ભયથી મુક્ત થઈને ઉત્તમ સુખના ભાગી થયા. જેને માટે એમનું આવવું થયું હતું, તે ભગવાન શિવનાં દર્શન પામીને કૃતાર્થ થયા. ઇન્દ્ર અને બૃહસ્પતિ પ્રસન્નતાપૂર્વક પોતપોતાને સ્થાને ચાલ્યા ગયા. હે સનત્કુમાર! આ પ્રકારે મેં તમને પરમેશ્વર શિવના અવધૂતેશ્વર નામના અવતારનું વર્ણન કર્યું છે, જે દુષ્ટોને દંડ અને ભક્તોને પરમ આનંદ પ્રદાન કરનાર છે. આ દિવ્ય આખ્યાન પાપનું નિવારણ કરીને યશ, સ્વર્ગ, ભોગ, મોક્ષ તથા સંપૂર્ણ મનોવાંછિત ફળનું પ્રાપ્તિ કરાવનારું છે. જે પ્રતિદિન એકાગ્રચિત્ત થઈને એને સાંભળે છે કે સંભળાવે છે, તે આ લોકમાં સંપૂર્ણ સુખોનો ઉપભોગ કરીને અંતે શિવગતિ પ્રાપ્ત કરી લે છે. (અધ્યાય ૩૦)

*

ભગવાન શિવના ભિક્ષુવર્ય-અવતારની કથા, રાજકુમાર અને દ્વિજકુમાર પર કૃપા

નંદીશ્વર કહે છે—હે મુનિશ્રેષ્ઠ! હવે તમે ભગવાન શંભુનો નારી-સંદેહભંજક ભિક્ષુ અવતારનું વર્ણન સાંભળો, જેને એમણે પોતાના ભક્ત પર દયા કરીને ગ્રહણ કર્યો હતો. વિદર્ભ દેશમાં સત્યરથ નામથી પ્રસિદ્ધ એક રાજા હતા, જે ધર્મમાં તત્પર, સત્યશીલ અને મોટા મોટા શિવભક્તોને પ્રેમ કરનારા હતા. ધર્મપૂર્વક પૃથ્વીનું પાલન કરતાં કરતાં એમનો ઘણોબધો વખત સુખપૂર્વક વીતી ગયો. તદનંતર કોઈ એક સમયે શાલ્વદેશના રાજાઓને એ રાજાની રાજધાની પર આક્રમણ કરીને એને ચારે બાજુથી ઘેરી લીધી. બલોન્મત્ત શાલ્વદેશીય ક્ષત્રિયોની સાથે, જેમની પાસે બહુ મોટી સેના હતી, રાજા સત્યરથનું બહુ ભયંકર યુદ્ધ થયું. શત્રુઓની સાથે દારુણ યુદ્ધ કરીને એમની બહુ ભારે સેના નષ્ટ થઈ ગઈ. પછી દૈવયોગથી રાજા પણ શાલ્વોના હાથે માર્યા ગયા. એ નરેશના માર્યા જવાથી મરતાં મરતાં બચી ગયેલા સૈનિક મંત્રીઓ સહિત ભયથી વિહ્વળ થઈને ભાગી જવા તૈયાર થયા. હે મુને! એ સમયે વિદર્ભરાજ સત્યરથની મહારાણી શત્રુઓથી ઘેરાયેલી હોવા છતાં પણ કશો પ્રયત્ન કરીને રાતને સમયે પોતાના નગરની બહાર નીકળી ગઈ. તે ગર્ભવતી હતાં; તેથી શોકથી સંતપ્ત થઈને ભગવાન શંકરનાં ચરણારવિંદોનું ચિંતન કરતાં તે ધીરે ધીરે પૂર્વદિશા તરફ બહુ દૂર ચાલ્યાં ગયાં. સવાર થતાં રાણીને ભગવાન શંકરની દયાથી એક નિર્મળ સરોવર જોવા મળ્યું. એ સમય દરમિયાન તે બહુ દૂરનો રસ્તો કાપી ચૂક્યાં હતાં. સરોવર તટ પર આવીને તે સુકુમાર રાણી એક ઘટાદાર, છાયાદાર વૃક્ષની નીચે બેસી ગયાં. ભાગ્યવશ એ જ નિર્જન સ્થાનમાં વૃક્ષની નીચે જ રાણીએ ઉત્તમ ગુણોથી યુક્ત શુભ મુહૂર્તમાં એક દિવ્ય બાળકને જન્મ આપ્યો, જે બધાં શુભ લક્ષણોથી સંપન્ન હતો. દૈવવશ એ બાળકની જનની મહારાણીને ખૂબ જ તીવ્ર તરસ લાગી. ત્યારે એ પાણી પીવા માટે એ સરોવરમાં ઊતર્યાં. એટલામાં જ એક બહુ ભારે ગ્રાહે-મગરે આવીને રાણીને પોતાનો કોળિયો કરી લીધો. પેલો બાળક પેદા થતાંની સાથે જ માતા-પિતા હીન થઈ ગયો અને ભૂખ-તરસથી પીડિત થઈને એ તળાવને કિનારે જોરશોરથી રડવા માંડ્યો. એટલામાં જ એના પર કૃપા કરીને ભગવાન મહેશ્વર ત્યાં આવી ગયા અને એ શિશુની રક્ષા કરવા લાગ્યા. એમની જ પ્રેરણાથી એક બ્રાહ્મણી અકસ્માત ત્યાં આવી ગઈ. તે વિધવા હતી, ઘેર ઘેર ભીખ માગીને જીવનનિર્વાહ કરતી હતી, અને પોતાના એક વર્ષના બાળકને ખોળામાં લઈને એ તળાવના કિનારે આવી પહોંચી હતી. એણે એક અનાથ શિશુને ત્યાં ક્રન્દન કરતાં દીઠો. નિર્જન વનમાં એ બાળકને જોઈને બ્રાહ્મણીને બહુ વિસ્મય થયો અને મનમાં ને મનમાં વિચાર કરવા લાગી—'અહો! આ મને આ સમયે મોટા આશ્ચર્યની વાત જણાય છે કે આ નવજાત શિશુ, જેની નાળ પણ હજુ કપાઈ નથી, પૃથ્વી પર પડ્યો છે. પિતા વગેરે કોઈ સહાયક પણ અહીં જણાતા નથી. શું કારણ હશે? ન જાણે કોનો પુત્ર છે? એને જાણનારો અહીં પણ નથી, જેને આ બાળકના જન્મ વિશે પૂછું. એને જોઈને મારા હૃદયમાં કરુણા ઉત્પન્ન થઈ ગઈ છે. હું આ

બાળકને પોતાના ઔરસ (કાયદેસરનો પત્ની દ્વારા જન્મેલો) પુત્રની જેમ પાલનપોષણ કરવા ચાહું છું. પરંતુ એનું કુળ અને જન્મ આદિનું જ્ઞાન ન હોવાને કારણે એનો સ્પર્શ કરવાનું સાહસ પણ થતું નથી.'

બ્રાહ્મણી જ્યારે આ પ્રકારે વિચાર કરી રહી હતી, એ સમયે ભક્તવત્સલ ભગવાન શંકરે મોટી કૃપા કરી. મોટી મોટી લીલાઓ કરનારા મહેશ્વર એક સંન્યાસીનું રૂપ ધારણ કરીને સહસા ત્યાં આવી પહોંચ્યા, જ્યાં તે બ્રાહ્મણી સંદેહમાં પડી હતી અને યથાર્થ વાત જાણવા ચાહતી હતી. શ્રેષ્ઠ ભિક્ષુકનું રૂપ ધારણ કરીને આવેલા કરુણાનિધાન શિવે એને હસીને કહ્યું—'હે બ્રાહ્મણી! તું તારા ચિત્તમાં સંદેહ અને ખેદને સ્થાન ન આપતી. આ બાળક પરમ પવિત્ર છે. તું એને તારો જ પુત્ર સમજ અને પ્રેમપૂર્વક એનું પાલન કર.'

બ્રાહ્મણી બોલી—હે પ્રભો! આપ મારા ભાગ્યથી જ અહીં પધાર્યા છો. એમાં સંદેહ નથી કે હું આપની આજ્ઞાથી આ બાળકનું પોતાના પુત્રની જેમ જ પાલન-પોષણ કરીશ; તેમ છતાં હું વિશેષરૂપે એ જાણવા ચાહું છું કે વાસ્તવમાં આ કોણ છે, કોનો પુત્ર છે, અને આપ કોણ છો. જે આ સમયે અહીં પધાર્યા છો. હે ભિક્ષુવર! મારા મનમાં વારંવાર એ જ વાત આવ્યા કરે છે કે આપ કરુણાસિન્ધુ શિવ જ છો અને આ બાળક પૂર્વજન્મમાં આપનો ભક્ત રહ્યો છે. કોઈ કર્મદોષથી આ આવી દુરવસ્થામાં પડી ગયો છે. એને ભોગવીને પુનઃ આપની કૃપાથી પરમ કલ્યાણનો ભાગી થશે. હું પણ આપની માયાથી મોહિત થઈને માર્ગ ભૂલીને અહીં આવી ગઈ છું. આપે જ એના પાલનને માટે મને અહીં મોકલી છે.

ભિક્ષુપ્રવર શિવે કહ્યું—હે બ્રાહ્મણી! સાંભળ આ બાળક શિવભક્ત વિદર્ભરાજ સત્યરથનો પુત્ર છે. સત્યરથનો સાલ્વદેશીય ક્ષત્રિયોએ યુદ્ધમાં મારી નાખ્યા છે. એમની પત્ની અત્યંત વ્યગ્ર થઈને રાતમાં શીઘ્રતાપૂર્વક પોતાના મહેલથી બહાર ભાગી આવ્યાં. એમણે અહીં આવીને બાળકને જન્મ આપ્યો. સવારે તે તરસથી પીડિત થઈને સરોવરમાં ઊતરી. એ જ સમયે દૈવવશ એક ગ્રાહે આવીને એમને પોતાનો આહાર બનાવી લીધો.

બ્રાહ્મણીએ પૂછ્યું—હે ભિક્ષુદેવ! એવું કયું કારણ છે કે આના પિતા રાજા સત્યરથ શ્રેષ્ઠ ભોગોનો ઉપભોગ કરીને વચમાં જ શાલ્વદેશીય શત્રુઓ દ્વારા માર્યા ગયા. કયા કારણે શિશુની માતાને ગ્રાહ ખાઈ ગયો? અને આ શિશુ જન્મથી જ અનાથ અને બંધુહીન થઈ ગયો, એનું શું કારણ છે? મારો પોતાનો પુત્ર પણ અત્યંત દરિદ્ર અને ભિક્ષુક કેમ થયો તથા મારા આ બંને પુત્રોને ભવિષ્યમાં કેવું સુખ પ્રાપ્ત થશે?

ભિક્ષુવર્ય શિવે કહ્યું—આ રાજકુમારના પિતા વિદર્ભરાજ પૂર્વજન્મમાં પાંડ્યદેશના શ્રેષ્ઠ રાજા હતા. એ બધા જ ધર્મોના જ્ઞાતા હતા. અને સંપૂર્ણ પૃથ્વીનું ધર્મપૂર્વક પાલન કરતા હતા. એક દિવસ પ્રદોષકાલમાં રાજા ભગવાન શંકરનું પૂજન કરી રહ્યા હતા અને ખૂબ ભક્તિથી ત્રિલોકીનાથ મહાદેવજીની આરાધનામાં સંલગ્ન હતા. એ જ સમયે નગરમાં બધી બાજુએ બહુ ભારે કોલાહલ મચ્યો. એ ઉત્કટ શબ્દથી રાજાએ વચમાં જ ભગવાન શંકરની પૂજા છોડી દીધી અને નગરમાં ક્ષોભ ફેલાવાની આશંકાથી રાજભવનથી બહાર નીકળી ગયા. આ જ સમયે

રાજાના મહાબલી મંત્રી શત્રુને પકડીને એમની પાસે આવ્યો. ને શત્રુ પાંડ્યરાજાનો જ સામંત હતો. એને જોઈને રાજાએ ક્રોધપૂર્વક એનું માથું કપાવી નાખ્યું. શિવ-પૂજા છોડીને નિયમને સમાપ્ત કર્યા વગર જ રાજાએ રાત્રે ભોજન પણ કરી લીધું. આ રીતે રાજકુમાર પણ પ્રદોષકાળમાં શિવજી પૂજા કર્યા વિના ભોજન કરીને સૂઈ ગયો. એ જ રાજા બીજા જન્મમાં વિદર્ભરાજ થયો હતો. શિવજીની પૂજામાં વિઘ્ન થવાને કારણે શત્રુઓને એને સુખ-ભોગ દરમિયાન જ મારી દીધો. પૂર્વજન્મમાં જે એનો પુત્ર હતો, એ જ આ જન્મમાં પણ પુત્ર થયો છે. શિવજીની પૂજાનું ઉલ્લંઘન કરવાને કારણે દરિદ્રતાને પ્રાપ્ત થયો છે. એની માતાએ પૂર્વજન્મમાં છળથી પોતાની શોક્યને મારી નાખી હતી. એ મહાન પાપને કારણે જ તે આ જન્મમાં મગર દ્વારા મરી ગઈ. હે બ્રાહ્મણી! આ તમારો પુત્ર પૂર્વજન્મમાં ઉત્તમ બ્રાહ્મણ હતો. એણે આખું આયખું કેવળ દાન દેવામાં જ વિતાવ્યું છે, યજ્ઞ વગેરે સત્કર્મ કર્યાં નથી. એટલા જ માટે એ દરિદ્રતાને પ્રાપ્ત થયો છે. એ દોષનું નિવારણ કરવા માટે હવે તમે ભગવાન શંકરને શરણે જાઓ. આ બંને બાળકો યજ્ઞોપવીત-સંસ્કાર પછી ભગવાન શિવની આરાધના કરે. ભગવાન શિવ એમનું કલ્યાણ કરશે.

આ રીતે બ્રાહ્મણીને ઉપદેશ આપીને ભિક્ષુ (શ્રેષ્ઠ સંન્યાસી)નું શરીર ધારણ કરનારા ભક્તવત્સલ શિવે એને પોતાના ઉત્તમ સ્વરૂપનાં દર્શન કરાવ્યાં. એમને સાક્ષાત્ શિવ જાણીને બ્રાહ્મણપત્નીએ પ્રણામ કર્યા અને પ્રેમથી ગદ્‌ગદ વાણી દ્વારા એમની સ્તુતિ કરી. તત્પશ્ચાત્ ભગવાન શિવ ત્યાં જ અંતર્ધાન થઈ ગયા.

એમના ચાલ્યા જવા પછી બ્રાહ્મણી એ બાળકને લઈને પોતાના પુત્રની સાથે પોતાને ઘેર ચાલી

ગઈ. એક ચક્ર, નામના સુંદર ગામમાં એણે ઘર બનાવી રાખ્યું હતું. તે ઉત્તમ અન્નથી પોતાનો પુત્ર તથા રાજકુમારનું પણ પાલન-પોષણ કરવા લાગી. યથા સમયે બ્રાહ્મણીએ બંનેનો યજ્ઞોપવીત સંસ્કાર કરી દીધો. એ બંને શિવની પૂજામાં તત્પર રહેતાં રહેતાં ઘરમાં જ મોટા થયા. શાંડિલ્ય મુનિના ઉપદેશથી નિયમપરાયણ થઈને એ બંને શુભવ્રત રાખીને પ્રદોષકાળમાં શંકરજીની પૂજા કરતા હતા. એક દિવસ દ્વિજકુમાર રાજકુમારને સાથે લીધા વગર જ નદીમાં સ્નાન કરવા માટે ગયો. ત્યાં એને નિધિથી ભરેલો એક સુંદર કળશ મળી ગયો. આ રીતે ભગવાન શંકરની પૂજા કરતાં બંને કુમારોનું એક વર્ષ એ જ ઘરમાં વીતી ગયું. તદનંતર એક દિવસ રાજકુમાર એ બ્રાહ્મણકુમાર સાથે વનમાં ગયો. ત્યાં અકસ્માત એક ગંધર્વ કન્યા આવી ગઈ. એના પિતાએ એ કન્યા રાજકુમારને આપી દીધી. ગંધર્વ કન્યા સાથે વિવાહ કરીને રાજકુમાર

નિષ્કંટક રાજ્ય ભોગવવા લાગ્યો. જે બ્રાહ્મણપત્નીએ પહેલાં પોતાના પુત્રની જેમ જ એનું પાલનપોષણ કર્યું હતું, તે જ એ સમયે રાજમાતા બની અને એ બ્રાહ્મણકુમાર એનો ભાઈ થયો. રાજાનું નામ ધર્મગુપ્ત હતું. આ રીતે દેવેશ્વર શિવની આરાધના કરીને રાજા ધર્મગુપ્ત પોતાની એ રાણી સાથે વિદર્ભ દેશમાં રાજોચિત સુખનો ઉપભોગ કરવા લાગ્યો. આ મેં તમારી સામે શિવના ભિક્ષુવર્ય અવતારનું વર્ણન કર્યું છે, જેમણે રાજા ધર્મગુપ્તને બાલ્યકાળમાં સુખ પ્રદાન કર્યું હતું. આ પવિત્ર આખ્યાન પાપહારી, પરમ પાવન, ચારેય પુરુષાર્થોનું સાધક, અને સંપૂર્ણ અભીષ્ટને આપનારું છે. જે પ્રતિદિન એકાગ્રચિત્ત થઈને આને સાંભળે છે કે સંભળાવે છે, તે આ લોકમાં સંપૂર્ણ ભોગોનો ઉપભોગ કરીને અને ભગવાન શિવના ધામમાં જાય છે.

(અધ્યાય ૩૧)

*

શિવના સુરેશ્વરાવતારની કથા, ઉપમન્યુની તપસ્યા અને એમને ઉત્તમ વરદાનની પ્રાપ્તિ

નંદીશ્વરજી કહે છે—હે સનત્કુમારજી! હવે હું પરમાત્મા શિવના સુરેશ્વરાવતારનું વર્ણન કરીશ, જેમણે ધૌમ્યના મોટા ભાઈ ઉપમન્યુનું હિતસાધન કર્યું હતું. ઉપમન્યુ વ્યાઘ્રપાદ મુનિના પુત્ર હતા. એમણે પૂર્વજન્મમાં જ સિદ્ધિ પ્રાપ્ત કરી લીધી હતી અને વર્તમાન જન્મમાં મુનિકુમારરૂપે પ્રગટ થયા હતા. એ શૈશવ અવસ્થાથી જ માતાની સાથે મામાને ઘેર રહેતા હતા અને દૈવવશ દરિદ્ર હતા. એક દિવસ એમને બહુ જ થોડું દૂધ પીવા મળ્યું. એટલે પોતાની માતા પાસે વારંવાર દૂધ માગવા લાગ્યા. એમની તપસ્વિની માતાએ ઘરની અંદર જઈને એક ઉપાય કર્યો. ઉંછવૃત્તિથી લાવેલાં કેટલાંક બીજ પથ્થર પર ઘસીને એને પાણીમાં મેળવીને કૃત્રિમ દૂધ તૈયાર કર્યું. પછી બેટાને પ્રેમથી પટાવીને તે એને પીવા આપ્યું. માનું આપેલું કૃત્રિમ નકલી દૂધ પીને બાળક ઉપમન્યુ બોલ્યો—'આ તો દૂધ નથી' એટલું કહીને એ ફરી રડવા લાગ્યો. બેટાનું રડવું અને દુઃખ સાંભળીને માને બહુ દુઃખ થયું. પોતાના હાથે ઉપમન્યુની બંને આંખો લુછીને એમની લક્ષ્મી જેવી માતાએ કહ્યું—'હે બેટા! આપણે લોકો સદા વનમાં નિવાસ કરીએ છીએ. આપણને અહીં દૂધ ક્યાંથી મળે. ભગવાન શિવની કૃપા વગર કોઈને પણ દૂધ મળતું નથી. હે વત્સ! પૂર્વજન્મમાં જે કાંઈ થયું હોય, વર્તમાન જન્મમાં એ જ મળે છે.'

માતાની આ વાત સાંભળીને ઉપમન્યુએ ભગવાન શિવની આરાધના કરવાનો નિશ્ચય કર્યો. એ તપસ્યા માટે હિમાલય પર્વત પર ગયા અને ત્યાં વાયુ પીને રહેવા લાગ્યા. એમણે આઠ ઈંટોનું એક મંદિર બનાવ્યું અને એની અંદર માટીના શિવલિંગની સ્થાપના કરી અને એમાં માતા પાર્વતી સહિત શિવનું આહ્વાન કર્યું. ત્યારબાદ જંગલનાં પત્રપુષ્પ વગેરે લઈ આવીને ભક્તિભાવથી પંચાક્ષરમંત્રના ઉચ્ચારણપૂર્વક સામ્બ શિવની પૂજા કરવા માંડ્યા. માતા પાર્વતી અને

શિવનું ધ્યાન કરીને એમની પૂજા કર્યા પછી એ પંચાક્ષર મંત્રનો જપ કર્યા કરતા હતા. આ રીતે દીર્ઘકાલ સુધી એમણે બહુ ભારે તપસ્યા કરી.

હે મુને! બાલક ઉપમન્યુની તપસ્યાથી ચરાચર પ્રાણીઓ સહિત ત્રિભુવન સંતપ્ત થઈ ગયું. ત્યારે દેવતાઓની પાર્થનાથી ઉપમન્યુના ભક્તિભાવની પરીક્ષા લેવા માટે ભગવાન શંકર એમની સમીપે પધાર્યા. એ સમયે શિવે દેવરાજ ઇન્દ્રનું, પાર્વતીએ શચીનું, નંદીશ્વર વૃષભે ઐરાવત હાથીનું અને શિવના ગણોએ સંપૂર્ણ દેવતાઓનું રૂપ ધારણ કરી લીધું. પાસે આવતાં સુરેશ્વરરૂપધારી શિવે બાળક ઉપમન્યુને વરદાન માગવા કહ્યું. ઉપમન્યુએ પહેલાં તો શિવભક્તિ માગી. પછી પોતાને ઇન્દ્ર બતાવીને જ્યારે એમણે શિવની નિંદા કરી, ત્યારે એ બાળકે ભગવાન શિવ સિવાય બીજા કોઈ પાસેથી કશુંયે લેવાનો અસ્વીકાર કર્યો. તે ઇન્દ્રને મારીને સ્વયં પણ મરી જવા તૈયાર થઈ ગયા. એમણે જે અઘોરાસ્ત્ર ચલાવ્યું. એને નંદીએ પકડી લીધું અને એમણે બળી મરવા અગ્નિ પ્રગટાવ્યો એને ભગવાન શિવે શાંત કરી દીધો. પછી એ બધાયે પોતાના યથાર્થ સ્વરૂપમાં પ્રગટ થઈ ગયા. શિવે ઉપમન્યુને પોતાનો પુત્ર માન્યો અને એનું મસ્તક સૂંઘીને કહ્યું - 'હે વત્સ! હું તમારો પિતા અને આ પાર્વતીદેવી તમારી માતા છે. તમને આજથી સનાતન કુમારત્વ પ્રાપ્ત થશે. હું તમારે માટે દૂધ, દહીં અને મધના હજારો સમુદ્રો આપું છું. ભક્ષ્ય-ભોજ્ય વગેરે પદાર્થોના પણ સમુદ્ર તમારે માટે સુલભ થશે. હું તમને અમરત્વ તથા પોતાના ગણોનું આધિપત્ય પ્રદાન કરું છું.' આવું કહીને શંભુએ ઉપમન્યુને ઘણાંબધાં દિવ્ય વરદાનો આપ્યાં. પાશપત-વ્રત, પાશુપત-જ્ઞાન તથા વ્રતયોગનો ઉપદેશ કર્યો. પ્રવચનની શક્તિ આપી અને પોતાનું પરમપદ અર્પિત કર્યું. પછી બંને હાથે ઉપમન્યુને હૃદય સરસો ચાંપીને મસ્તક સૂંઘ્યું અને દેવી પાર્વતીને સોંપતાં કહ્યું—'આ તમારો બેટો છે.' પાર્વતીએ પણ એના મસ્તક પર કરકમલ રાખ્યા અને એમને અક્ષયકુમાર-પદ પ્રદાન કર્યું. શિવે સંતુષ્ટ થઈને એમને માટે પિંડીભૂત અને અવિનાશી સાકાર ક્ષીર-સાગર પ્રસ્તુત કરી દીધો. સાથે જ યોગસંબંધી ઐશ્વર્ય, નિત્ય સંતોષ, અક્ષય બ્રહ્મવિદ્યા તથા ઉત્તમ સમૃદ્ધિ પ્રદાન કરી. એમનો કુળ અને ગોત્ર અક્ષય થાઓ તેવું વરદાન આપ્યું અને એ પણ કહ્યું કે હું તમારા આ આશ્રમ પર નિત્ય નિવાસ કરીશ.

આટલું કહીને ભગવાન શિવ અંતર્ધાન થઈ ગયા. ઉપમન્યુ વરદાન મેળવીને પ્રસન્નતાપૂર્વક ઘેર આવ્યા. એમણે માતાને બધી વાતો સંભળાવી દીધી. સાંભળીને માતાને બહુ હર્ષ થયો. ઉપમન્યુ સર્વના પૂજનીય અને અધિક સુખી થઈ ગયા. હે તાત! આ રીતે મેં તમને પરમેશ્વર શિવના સુરેશ્વરાવનારનું વર્ણન કર્યું છે. આ અવતાર સત્પુરુષોને સદાયે સુખ આપનાર છે. સુરેશ્વરાવતારની આ કથા પાપને દૂર કરનારી તથા સંપૂર્ણ મનોવાંછિત ફળ દેનારી છે, જે આને ભક્તિપૂર્વક સાંભળે છે અથવા સંભળાવે છે, તે સંપૂર્ણ સુખોને ભોગવીને અંતે ભગવાન શિવને પ્રાપ્ત થાય છે. (અધ્યાય-૩૨)

*

શિવજીના કિરાત-અવતારના પ્રસંગમાં શ્રીકૃષ્ણ દ્વારા દ્વૈતવનમાં દુર્વાસાના શાપથી પાંડવોની રક્ષા, વ્યાસજીની અર્જુનને શક્રવિદ્યા અને પાર્થિવ પૂજનની વિધિ બતાવીને તપને માટે સંમતિ આપવી, અર્જુનનું ઈન્દ્રકીલ પર્વત પર તપ, ઈન્દ્રનું આગમન અને અર્જુનને વરદાન, અર્જુનનું શિવજીના ઉદ્દેશ્યથી પુનઃ તપમાં પ્રવૃત્ત થવું

તદનંતર પાર્વતીના વિવાહપ્રસંગમાં થયેલ જટિલ, નર્તક તથા દ્વિજ અવતારોની, પછી અશ્વત્થામા અવતારની વાત કહી નંદીશ્વરજી આગળ કહે છે—હે બુદ્ધિમાન સનત્કુમારજી! હવે તમે પિનાકધારી ભગવાન શિવના કિરાત નામના અવતારનું વર્ણન સાંભળો. એ અવતારમાં એમણે મૂક નામના દૈત્યનો વધ અને પ્રસન્ન થઈને અર્જુનને વરદાન આપ્યું હતું. જ્યારે સુયોધને મહાબલી પાંડવોને જુગારમાં જીતી લીધા, ત્યારે તે સતી-સાધ્વી દ્રૌપદીની સાથે દ્વૈતવનમાં ચાલ્યા આવ્યા. ત્યાં તે પાંડવ સૂર્યદ્વારા પ્રદત્ત વટલોઈ - તાંબડી-નો આશ્રય લઈને સુખપૂર્વક પોતાનો સમય વિતાવવા લાગ્યા. હે પ્રિયવર! એ જ સમયે સુયોધને આદરપૂર્વક મુનિવર દુર્વાસાને છલ કરવાના પ્રયોજનથી પાંડવો પાસે જવા માટે પ્રેરિત કર્યા. ત્યારે મહર્ષિ દુર્વાસા પોતાના દસ હજાર શિષ્યો સાથે આનંદપૂર્વક ત્યાં ગયા અને પાંડવો પાસેથી મનને અનુકૂળ ભોજનની યાચના કરી. ત્યારે એ બધા જ પાંડવોએ એમની પ્રાર્થના સ્વીકારી અને દુર્વાસા વગેરે તપસ્વી મુનિઓને સ્નાન કરવા માટે મોકલ્યા. હે મુનીશ્વર! આ બાજુ અન્ન-અભાવને કારણે એ બધાં પાંડવ મોટા સંકટમાં પડી ગયા અને મનમાં ને મનમાં પ્રાણત્યાગ કરી દેવાનો વિચાર કરવા લાગ્યા. ત્યારે દ્રૌપદીએ શ્રીકૃષ્ણનું સ્મરણ કર્યું. તે તત્કાળ જ ત્યાં આવી પહોંચ્યા અને શાકનાં પત્તાંનો ભોગ લગાડીને બધા જ તપસ્વીઓને તૃપ્ત કરી દીધા. પછી તો મહર્ષિ દુર્વાસા પોતાના શિષ્યોને તૃપ્ત થયેલા જાણીને ત્યાંથી ચાલતા થયા. આ પ્રકારે શ્રીકૃષ્ણની કૃપાથી એ સમયે પાંડવ સંકટથી મુક્ત થઈ ગયા.

તદનંતર ભગવાન શ્રીકૃષ્ણે પાંડવોને શિવજીની આરાધના કરવાની સંમતિ આપી. પછી વ્યાસજીએ પણ આવીને એમને શંકરનું સમારાધન કરવાનો આદેશ આપતાં કહ્યું—'શંકરજી - શિવજી સંપૂર્ણ દુઃખોના વિનાશ કરનાર છે.' તે ભક્તિ કરવાથી થોડા જ સમયમાં પ્રસન્ન થઈ જાય છે. એટલા માટે બધા લોકોએ શંકરજીની સેવા કરવી જોઈએ. એ મહેશ્વર પ્રસન્ન થાય ત્યારે ભક્તોની બધી જ અભિલાષાઓ પૂર્ણ કરી દે છે, તે એટલે સુધી કે આ લોકમાં સારા ભોગ અને પરલોકમાં મોક્ષ સુદ્ધાં દઈ દે છે—આ બિલકુલ નિશ્ચિત વાત છે. એટલા માટે ભુક્તિ-મુક્તિ રૂપી ફળની કામનાવાળાઓએ સદા શંભુની સેવા કરવી જોઈએ; કેમકે ભગવાન શંકર સાક્ષાત્ પરમ પુરુષ દુષ્ટોના સંહારક અને સત્પુરુષોના આશ્રય સ્વરૂપ છે. હવે અર્જુન પહેલાં દૃઢતાપૂર્વક શક્રવિદ્યાનો જપ કરે. ત્યારે ઈન્દ્ર પહેલાં પરીક્ષા

લેશે, પછી સંતુષ્ટ થઈ જશે. પ્રસન્ન થાય ત્યારે તે સદા સર્વદા વિઘ્નોનો નાશ કરતા રહેશે અને શિવજીનો શ્રેષ્ઠ મંત્ર પ્રદાન કરશે.'

નંદીશ્વરજી કહે છે—હે મુને! આટલું કહીને વ્યાસજી અર્જુનને બોલાવીને એમને શકવિદ્યાનો ઉપદેશ આપવા તૈયાર થયા. ત્યારે તીક્ષ્ણબુદ્ધિ અર્જુને સ્નાન કરીને પૂર્વમુખ બેસીને એ વિદ્યા ગ્રહણ કરી લીધી. પછી ઉદાર બુદ્ધિ મુનિવર વ્યાસજી અર્જુનને પાર્થિવલિંગની પૂજાનું વિધાન બતાવીને એમને કહેવા માંડ્યા.

વ્યાસજી બોલ્યા—'હે પાર્થ! હવે તમે અહીંથી પરમ રમણીય ઇન્દ્રકીલ પર્વત પર જાવ અને ત્યાં જાહ્નવી તટે બેસીને સમ્યક્ રૂપે તપસ્યા કરો. આ વિદ્યા અદૃશ્યરૂપે સદા તમારું હિત કરતી રહેશે.' અર્જુનને એવા આશીર્વાદ દઈને વ્યાસજી પાંડવોને કહેવા લાગ્યા - 'હે નૃપશ્રેષ્ઠો! તમે બધા લોકો ધર્મ પર દૃઢ બનીને રહેજો, એથી જ તમને સર્વથા શ્રેષ્ઠ સિદ્ધિ પ્રાપ્ત થશે; એમાં અન્યથા વિચાર કરવાની આવશ્યકતા નથી.'

નંદીશ્વરજી કહે છે—હે મુને! આ પ્રકારે મુનિવર વ્યાસે એ પાંડવોને આશીર્વાદ દઈને તથા શિવજીના ચરણકમળનું સ્મરણ કરીને તરત જ અંતર્ધાન થઈ ગયા. પેલી બાજુ શિવ-મંત્ર ધારણ કરવાથી અર્જુનમાં પણ અનુપમ તેજ વ્યાપી ગયું. એ તે સમયે ઉદ્દીપ્ત થઈ ગયા. અર્જુનને જોઈને બધા જ પાંડવોને નિશ્ચય થઈ ગયો કે જરૂર વિજય અમારો જ થશે, કેમકે અર્જુનમાં વિપુલ તેજ ઉત્પન્ન થઈ ગયું છે. (ત્યારે એમણે અર્જુનને કહ્યું-) વ્યાસજીના કથન અનુસાર એવું પ્રતીત થાય છે કે આ કાર્યને કેવળ તમે જ કરી શકો છો, એ બીજા દ્વારા ક્યારેય સિદ્ધ ન થઈ શકે; તેથી જાવ અને અમારા લોકોનું જીવન સફળ બનાવો.' ત્યારે અર્જુને ચારે ભાઈઓની તથા દ્રૌપદીની અનુમતિ માગી. એ લોકોને અર્જુનના વિયોગનું દુઃખ તો થયું પણ કાર્યની મહત્તા જોઈને બધાંએ અનુમતિ આપી દીધી. પછી તો અર્જુન મનમાં ને મનમાં પ્રસન્ન થતાં એ ઉત્તમ પર્વત (ઇન્દ્રકીલ) તરફ ચાલ્યો ગયો. ત્યાં પહોંચીને ગંગાજીને સમીપે એક મનોરમ સ્થાન પર, જે સ્વર્ગથી પણ ઉત્તમ હતું અને અશોકવનથી સુશોભિત હતું, ત્યાં રહી પડ્યો. ત્યાં એમણે સ્નાન કરીને ગુરુવરને નમસ્કાર કર્યા અને જેવો ઉપદેશ મળ્યો હતો, એ જ અનુસાર સ્વયં જ પોતાનો વેશ બનાવી લીધો. પછી, પહેલાં મનમાં ને મનમાં ઇન્દ્રિયોનો અપકર્ષ કરીને ને આસન લગાવીને બેસી ગયો. તત્પશ્ચાત્ સમસૂત્રવાળા સુંદર પાર્થિવ (શિવલિંગ)નું નિર્માણ કરીને એમની સામે અનુપમ તેજોરાશિ શંકરનું ધ્યાન કરવા લાગ્યા. એ ત્રણે સમય સ્નાન કરીને અનેક પ્રકારે

વારંવાર શિવજીની પૂજા કરતાં કરતાં ઉપાસનામાં તત્પર થઈ ગયા. ત્યારે અર્જુનના શિરોભાગમાંથી તેજની જ્વાળા નીકળવા લાગી. એને જોઈને ઇન્દ્રના ગુપ્તચર ભયભીત થઈ ગયા. એ વિચારવા લાગ્યા—આ અહીં ક્યારે આવી ગયો? પુનઃ એમણે એવો વિચાર કર્યો કે આ ઘટના ઇન્દ્રને બતાવી દેવી જોઈએ. આવું વિચારીને તે તત્કાળ જ ઇન્દ્રની પાસે ગયા.

ગુપ્તચરોએ કહ્યું—હે દેવેશ! વનમાં એક પુરુષ તપ કરી રહ્યો છે; પરંતુ અમને ખબર નથી કે તે દેવતા છે, ઋષિ છે, સૂર્ય છે અથવા અગ્નિ છે. એના જ તેજથી સંતપ્ત થઈને અમે

આપની સંનિકટ આવ્યા છીએ. અમે એનું ચરિત્ર પણ આપને નિવેદિત કરી દીધું છે. હવે આપ જેવું ઉચિત સમજો, એવું કરો.

નંદીશ્વરજી કહે છે—હે મુને! એ ગુપ્તચરોનું આમ કહેવાથી ઇન્દ્રને પોતાના પુત્ર અર્જુનનો બધો મનોરથ જ્ઞાત થઈ ગયો. ત્યારે એ પર્વતરક્ષકોને વિદાય કરીને સ્વયં ત્યાં જવાનો વિચાર કરવા લાગ્યા. હે વિપ્રવર! ઇન્દ્ર અર્જુનની પરીક્ષા કરવા માટે વૃદ્ધ બ્રહ્મચારી બ્રાહ્મણનો વેશ બનાવીને ત્યાં પહોંચ્યા. એ સમયે એમને આવેલા જોઈને પાંડુપુત્ર અર્જુનને એમની પૂજા કરી અને પછી એમની સ્તુતિ કરીને સામે ઊભા રહીને પૂછવા લાગ્યો - 'હે બ્રહ્મન્! બતાવો કે આ સમયે ક્યાંથી આપનું શુભાગમન થયું છે?' એ પર બ્રાહ્મણવેશધારી ઇન્દ્રે અર્જુનને એવાં વચન કહ્યાં, જેથી તે તપથી ડગી જાય; પણ જ્યારે અર્જુનને દૃઢનિશ્ચયવાળો જોયો - જાણ્યો ત્યારે પોતાના સ્વરૂપમાં પ્રગટ થઈને ઇન્દ્રે અર્જુનને ભગવાન શંકરનો મંત્ર બતાવ્યો અને એનો જપ કરવાની આજ્ઞા આપી. તદનંતર પોતાના અનુચરોને સાવધાનીથી અર્જુનની રક્ષા કરવાનો આદેશ આપીને તે અર્જુનને કહેવા લાગ્યા—'હે ભદ્ર! તમારે ક્યારેય પ્રમાદપૂર્વક રાજ્ય ન કરવું જોઈએ. હે પરંતપ! આ વિદ્યા તમારે માટે શ્રેયસ્કરી થશે. સાધકે સર્વથા ધૈર્ય ધારણ કરીને રહેવું જોઈએ, રક્ષક તો ભગવાન શિવ છે જ. એ સંપત્તિ અને ફળ (મોક્ષ) બંને સમાનરૂપે આપશે. એમાં તનિક પણ સંશય નથી.'

નંદીશ્વરજી કહે છે—હે મુને! આ પ્રકારે અર્જુનને વરદાન આપીને દેવરાજ ઇન્દ્ર શિવજીનાં ચરણકમળોનું સ્મરણ કરીને પોતાને ભવને જતા રહ્યા. ત્યારે મહાવીર અર્જુને પણ સુરેશ્વરને પ્રણામ કર્યા અને પછી તે મનને વશમાં કરીને ઇન્દ્રના ઉપદેશ અનુસાર શિવજીને કેન્દ્રમાં રાખીને ઉદ્દેશ્યથી તપસ્યા કરવા લાગ્યા.

(અધ્યાય-૩૩ થી ૩૮)

*

કિરાત અવતારના પ્રસંગમાં મૂક નામના દૈત્યે શૂકરરૂપે અર્જુન પાસે આવવું, શિવજીનું કિરાતવેશે પ્રગટ થવું અર્જુન તથા કિરાત વેશધારી શિવદ્વારા એ દૈત્યનો વધ

નંદીશ્વરજી કહે છે—હે મુને! તદનંતર અર્જુન વ્યાસજીના ઉપદેશ અનુસાર વિધિપૂર્વક સ્નાન તથા ન્યાસ વગેરે કરીને પરમ ભક્તિની સાથે શિવજીનું ધ્યાન કરવા લાગ્યા. એ સમયે તે એક શ્રેષ્ઠ મુનિની જેમ એક પગ પર ઊભા રહીને સૂર્ય તરફ એકાગ્ર દૃષ્ટિ કરીને ઊભાં-ઊભાં મંત્ર જપ કરી રહ્યા હતા. આ રીતે તે પરમ પ્રેમપૂર્વક મનમાં ને મનમાં શિવજીનું સ્મરણ કરીને શંભુનો સર્વોત્કૃષ્ટ પંચાક્ષર મંત્રનો જપ કરતાં ઘોર તપ કરવા લાગ્યા. એ તપસ્યાનું એવું ઉત્કૃષ્ટ તેજ પ્રગટ થયું, જેથી દેવગણ વિસ્મિત થઈ ગયા. પુનઃ એ શિવજીની પાસે ગયા અને સમાહિત ચિત્તે બોલ્યા.

દેવતાઓએ કહ્યું—હે સર્વેશ! એક મનુષ્ય આપને માટે તપસ્યામાં નિરત છે. હે પ્રભો! એ વ્યક્તિ જે કાંઈ ચાહે છે, તેને આપ આપી કેમ નથી દેતા?

નંદીશ્વરજી કહે છે—હે મુને! આમ કહીને દેવતાઓએ અનેક પ્રકારે એમની સ્તુતિ કરી. પછી એમનાં ચરણો તરફ દૃષ્ટિ લગાવીને તે વિનમ્રભાવથી ઊભા રહ્યા. ત્યારે ઉદારબુદ્ધિ અને પ્રસન્નાત્મા મહાપ્રભુ શિવજી એ સાંભળીને ખડખડાટ હસી પડ્યા અને દેવતાઓને આ પ્રમાણે કહેવા લાગ્યા.

શિવજીએ કહ્યું—હે દેવતાઓ! હવે તમે લોકો તમારે ઘેર જાઓ. હું બધી રીતે તમારા લોકોનું કાર્ય સંપન્ન કરીશ. આ બિલકુલ સત્ય છે, એમાં સંદેહની કોઈ ગુંજાશ જ નથી.

નંદીશ્વરજી કહે છે—હે મુને! શંભુનાં આ વચન સાંભળીને દેવતાઓને પૂર્ણતયા નિશ્ચય થઈ ગયો. ત્યારે તે બધા પોતાને સ્થાને જતા રહ્યા. આ જ વખતે મૂક નામનો દૈત્ય શૂકર-ભૂંડનું રૂપ ધારણ કરીને ત્યાં આવ્યો. હે વિપેન્દ્ર! એને એ સમયે માયાવી દુરાત્મા દુર્યોધને અર્જુનની પાસે મોકલ્યો હતો. એ જ્યાં અર્જુન હતો, એ જ માર્ગે અત્યંત વેગપૂર્વક પર્વત શિખરોને ઉખાડતો, વૃક્ષોને છિન્ન-ભિન્ન કરતો અને અનેક પ્રકારના શબ્દ કરતો કરતો આવ્યો. ત્યારે અર્જુનની પણ દૃષ્ટિ એ મૂક નામના અસુર પર પડી, એ શિવજીનાં પાદપદ્મોને સ્મરીને આમ વિચાર કરવા લાગ્યા.

અર્જુન (મનમાં ને મનમાં) કહે છે—'આ કોણ છે અને ક્યાંથી આવી રહ્યો છે? આ તો ક્રૂરકર્મા જણાય છે. નિશ્ચય જ મારું અનિષ્ટ કરવા માટે જ આવી રહ્યો છે. એમાં જરાયે સંશય નથી, કેમકે જેનું દર્શન થવાથી પોતાનું મન પ્રસન્ન થઈ જાય તે જરૂર આપણો હિતૈષી હોય અને જેને જોવાથી મન વ્યાકુળ થઈ જાય, તે શત્રુ જ છે. આચારથી કુળનો, શરીરથી ભોજનનો, વાર્તાલાપથી શાસ્ત્રજ્ઞાનનો, અને નેત્રથી સ્નેહનો પરિચય મળી જાય છે. આકારથી, ચાલઢાલથી, ચેષ્ટાથી, બોલવાથી તથા નેત્ર અને મુખના વિકારથી મનની અંદરનો ભાવ જાણી શકાતો હોય છે. નેત્ર ચાર પ્રકારનાં કહ્યાં છે : ઉજ્જ્વળ, સરસ, તીરછાં અને લાલ. વિદ્વાનોએ એના ભાવ પણ અલગ અલગ બતાવ્યા છે.

નેત્ર મિત્રનો સંયોગ થવાથી ઉજ્જ્વલ, પુત્રદર્શનને સમયે સરસ, કામિનીની પ્રાપ્તિ પર વક્ર અને શત્રુને જોવાથી લાલ થઈ જાય છે. (આ નિયમને અનુસાર) એને જોતાં જ મારી બધી ઇન્દ્રિયો ક્લુષિત થઈ છે, તેથી આ નિસ્સંદેહ શત્રુ જ છે અને મારી નાખવા યોગ્ય જ છે. આ બાજુ મારે માટે ગુરુજીની આજ્ઞા પણ એવી છે કે હે રાજન્! જે તમને કષ્ટ આપવા તૈયાર હોય, એને તારે કોઈ પણ પ્રકારનો વિચાર કર્યે અવશ્ય મારી નાખવો અને મેં એટલા માટે આયુધ પણ ધારણ કરી રાખ્યાં છે.' આમ વિચારીને અર્જુન બાણનું અનુસંધાન કરીને ત્યાં દૃઢતાપૂર્વક ઊભો રહ્યો.

એ દરમિયાન ભક્તવત્સલ ભગવાન શંકર અર્જુનની રક્ષા, એમની ભક્તિની પરીક્ષા અને એ દૈત્યનો નાશ કરવા શીઘ્ર જ ત્યાં આવી પહોંચ્યા. એ સમયે એમની સાથે ગણોનું જૂથ પણ હતું. એ મહાન અદ્‌ભુત સુશિક્ષિત ભીલનું રૂપ ધારણ કરી રહ્યા હતા. એમની કાછ-કાછડી-બાંધેલી હતી અને એમણે વસ્ત્રખંડોથી ઈશાનધ્વજ બાંધી રાખ્યો હતો. એમના શરીર પર શ્વેત રેખાઓ ચમકી રહી હતી. પીઠ પર બાણોથી ભરેલું ભાથું-તિરકસ - બાંધેલું હતું, અને એ સ્વયં ધનુષ-બાણ ધારણ કરેલ હતા. એમનું ગણ-જૂથ પણ એવી જ સાજ-સજ્જાથી યુક્ત હતું. આ રીતે શિવ ભિલ્લરાજ બનેલા હતા. તે સેનાધ્યક્ષ થઈને જાતજાતના શબ્દ કરતાં કરતાં આગળ વધી રહ્યા હતા. એટલામાં જ ભૂંડના ઘૂરકવાનો, ઘરઘર અવાજનો શબ્દ દશે દિશાઓમાં ગુંજી ઊઠ્યો. એ શબ્દથી પર્વત વગેરે બધા પદાર્થ ઝણઝણી ઊઠ્યા. ત્યારે એ વનેચરના શબ્દથી ગભરાઈને અર્જુન વિચારવા લાગ્યો— 'અહો! શું આ ભગવાન શિવ તો નથીને, જે અહીં શુભ કરવા માટે પધાર્યા છે; કેમકે મેં પહેલાંથી જ સાંભળી રાખ્યું છે. પુનઃ શ્રીકૃષ્ણ અને વ્યાસજીએ પણ એવું જ કહ્યું છે તથા દેવતાઓએ પણ વારંવાર સ્મરણ કરીને એવી ઘોષણા કરી કે શિવજી કલ્યાણકર્તા અને સુખદાતા છે. તે મુક્તિ પ્રદાન કરવાને કારણે મુક્તિ દાતા પણ કહેવાય છે. એમનું નામસ્મરણ કરવાથી મનુષ્યોનું નિશ્ચય જ કલ્યાણ થાય છે. જે લોકો સર્વભાવથી એમનું ભજન કરે છે, એમને સ્વપ્નમાં પણ દુઃખનાં દર્શન થતાં નથી. જો ક્યારેક થોડું દુઃખ આવી પણ જાય છે તો એને કર્મજનિત સમજવું જોઈએ. એ પણ વધારે હોવાની આશંકા થવા પર પણ થોડું જ થાય છે અથવા એને વિશેષરૂપે પ્રારબ્ધનો દોષ જ માનવો જોઈએ અથવા ક્યારેક ક્યારેક ભગવાન શંકર પોતાની ઇચ્છાથી થોડું યા વધારે દુઃખ ભોગવાવીને પછી નિઃસંદેહ એને દૂર કરી દે છે. એ વિષને અમૃત અને અમૃતને વિષ બનાવી દે છે. આમ જેવી એમની ઇચ્છા હોય છે, તેવું જ તે કરે છે. ભલા, એ સમર્થને કોણ ના કહી શકે છે. અન્યાન્ય પ્રાચીન ભક્તોની પણ આવી જ ધારણા હતી, તેથી ભાવિ ભક્તોએ સદા આ જ વિચાર પર પોતાના મનને સ્થિર રાખવું જોઈએ. લક્ષ્મી રહે અથવા ચાલી જાય, મૃત્યુ આંખોની સામે જ કેમ ન ઉપસ્થિત થઈ જાય, લોકો નિંદા કરે અથવા પ્રશંસા; પરંતુ શિવભક્તિથી દુઃખોનો વિનાશ થાય જ છે. શંકર પોતાના ભક્તોને, ચાહે તે પાપી હોય કે પુણ્યાત્મા, સદા સુખ આપે છે. જો ક્યારેક તે પરીક્ષા માટે ભક્તને કષ્ટમાં નાખી દે છે તો અંતમાં દયાળુ સ્વભાવ હોવાને કારણે એ જ એમના સુખના દાતા પણ હોય છે. પછી તો તે ભક્ત એ જ રીતે નિર્મળ થઈ જાય છે. જેવી

રીતે અગ્નિમાં તપાવેલું સોનું શુદ્ધ થઈ જાય છે એવી જ રીતની વાતો મેં પહેલાં મુનિઓના મુખે સાંભળી રાખી છે; તેથી હું શિવજીનું ભજન કરીને એવી જ ઉત્તમ સુખની પ્રાપ્તિ કરીશ.'

અર્જુન આમ વિચાર કરી જ રહ્યો હતો, ત્યાં સુધી બાણનું લક્ષ્ય-ભૂત તે ભૂંડ ત્યાં આવી પહોંચ્યું. પેલી બાજુ શિવજી પણ એ ભૂંડની પાછળ પડેલા જણાયા. એ સમયે એ બંનેની મધ્યમાં તે શૂકર અદ્‌ભુત શિખર જેવું જણાતું હતું. એનો મોટો મહિમા પણ કહેવાયો છે. ત્યારે ભક્તવત્સલ ભગવાન શંકર અર્જુનની રક્ષાને માટે ખૂબ જ વેગથી આગળ વધ્યા. આ સમયે એ બંનેએ ભૂંડ પર બાણ ચલાવ્યાં શિવજીના બાણનું લક્ષ્ય હતું એનો પુચ્છભાગ અને અર્જુને એના મુખને પોતાનું નિશાન બનાવ્યું હતું. શિવજીનું બાણ એના પુચ્છભાગથી પ્રવેશ કરીને મોં વાટે નીકળી ગયું અને શીઘ્ર જ ભૂમિમાં વિલીન થઈ ગયું. તથા અર્જુનનું બાણ એના પાછલા ભાગથી નીકળીને બાજુમાં જ પડી ગયું. ત્યારે એ ભૂંડ વેશધારી દૈત્ય એ જ ક્ષણે મૃત્યુ પામીને ભૂતલ પર પડી ગયો. એ સમયે દેવતાઓને મહાન હર્ષ પ્રાપ્ત થયો. એમણે પહેલાં તો જય-જયકાર કરતાં પુષ્પોની વૃષ્ટિ કરી, પછી તેઓ વારંવાર નમસ્કાર કરીને સ્તુતિ

કરવા લાગ્યા. એ સમયે એ બંનેએ ક્રૂર રૂપ તરફ દૃષ્ટિપાત કર્યો. એને જોઈને શિવજીનું મન સંતુષ્ટ થઈ ગયું અને અર્જુનને મહાન સુખ પ્રાપ્ત થયું. તત્પશ્ચાત્ અર્જુન મનમાં ને મનમાં જ વિશેષરૂપે સુખનો અનુભવ કરતાં કહેવા લાગ્યા— 'અહો! આ શ્રેષ્ઠ દૈત્ય અદ્‌ભુતરૂપ ધારણ કરીને મને મારવા જ આવ્યો હતો, પરંતુ શિવજીએ જ મારી રક્ષા કરી છે. નિસ્સંદેહ એ પરમેશ્વરે જ આજ (આને મારવા માટે) મારી બુદ્ધિને પ્રેરિત કરી છે. આવો વિચાર કરીને અર્જુન શિવનામ સંકીર્તન કરવા લાગ્યો અને પછી વારંવાર એમનાં ચરણોમાં પ્રણામ કરીને એમની સ્તુતિ કરી. (અધ્યાય ૩૯)

*

અર્જુન અને શિવદૂતનો વાર્તાલાપ, કિરાત વેશધારી શિવજીની સાથે અર્જુનનું યુદ્ધ, ઓળખવા પર અર્જુન દ્વારા શિવ-સ્તુતિ, શિવજીનું અર્જુનને વરદાન આપીને અંતર્ધાન થવું, અર્જુનનું આશ્રમમાં પાછા ફરવું અને ભાઈઓને મળવું, શ્રીકૃષ્ણનું અર્જુનને મળવા ત્યાં પધારવું

નંદીશ્વરજી કહે છે—હે મહાજ્ઞાની સનત્કુમારજી! હવે પરમાત્મા શિવની એ લીલા સાંભળો, જે ભક્તવત્સલતાથી યુક્ત તથા એમની દૃઢતાથી ભરેલી છે. તદનંતર શિવજીએ એ

બાણને લાવવા માટે તરત જ એક પોતાના અનુચરને મોકલ્યો. પેલી બાજુ અર્જુન પણ બાણ લેવા ત્યાં આવ્યા. આ રીતે એક જ સમયે રુદ્ર-અનુચર અને અર્જુન બંને બાણ ઉઠાવવા માટે ત્યાં પહોંચ્યા. ત્યારે અર્જુને એને ડરાવી - ધમકાવીને પોતાનું બાણ ઉઠાવી લીધું. આ જોઈને એ અનુચરે કહ્યું—'હે ઋષિસત્તમ! આપ શા માટે આ બાણ લઈ રહ્યા છો? એ તો અમારું સાયક છે, એને છોડી દો.' ભિલ્લરાજના અનુચરનું આવું કહેવાથી મુનિશ્રેષ્ઠ અર્જુને શંકરજીનું સ્મરણ કર્યું અને પછી આ પ્રકારે કહ્યું.

અર્જુન બોલ્યા—હે વનેચર! તું મોટો મૂર્ખ છે. તું વગર જાણ્યે-સમજ્યે શું બક બક કરે છે? આ બાણને તો મેં હમણાં હમણાં છોડ્યું છે, પછી એ તારું કેવી રીતે કહી શકાય? એની ધાર અને આગલાં પીછાં પર મારું જ નામ અંકિત છે, પછી એ તારું કેવી રીતે થઈ ગયું? ઠીક છે, તારો કુટિલ સ્વભાવ છૂટવો કઠણ છે.

નંદીશ્વરજી કહે છે—હે મુને! અર્જુનનું આ કથન સાંભળીને ભિલ્લરૂપી ગણેશ્વરને હસવું આવ્યું. ત્યારે તે ઋષિરૂપે વર્તમાન અર્જુનને આમ ઉત્તર આપતાં બોલ્યો—'રે તાપસ! સાંભળ. જણાય છે કે તું તપસ્યા નથી કરી રહ્યો, કેવળ તારો વેશ તપસ્વીનો છે; કેમકે સાચો તપસ્વી છળ-કપટ કરતો નથી. ભલા, જે મનુષ્ય તપસ્યામાં નિરત હશે, એ કેવી રીતે મિથ્યા ભાષણ કરશે, કેવી રીતે છલ કરશે. અરે તું મને એકલો ન જાણતો. તને જ્ઞાત હોવું જોઈએ કે હું એક સેનાનો અધિપતિ છું. અમારા સ્વામી ઘણાબધા વનચારી ભીલો સાથે ત્યાં બેઠા છે. તે વિગ્રહ અને અનુગ્રહ કરવામાં સર્વથા સમર્થ છે. આ બાણ, જેને તેં હમણાં ઊંચક્યું છે, તે એમનું જ છે. આ બાણ ક્યારેય તારી પાસે ટકી નહીં શકે. હે તાપસ! તું શા માટે તારી તપસ્યાનું ફળ નષ્ટ કરવા ચાહે છે. મેં તો એવું સાંભળી રાખ્યું છે કે ચોરી કરવાથી, છલકપટપૂર્વક કોઈને કષ્ટ પહોંચાડવાથી, વિસ્મય કરવાથી તથા અન્યનો ત્યાગ કરવાથી પ્રાણીનું તપ ક્ષીણ થઈ જાય છે—આ બિલકુલ સત્ય છે.* આવી દશામાં તને હવે તપનું ફળ કેવી રીતે પ્રાપ્ત થશે? એ બાણને લઈ લેવાથી તું તપથી ચ્યુત તથા કૃતઘ્ન થઈ જઈશ, કેમકે નિશ્ચય જ આ મારા સ્વામીનું બાણ છે અને તારી રક્ષા માટે જ એમણે એને છોડ્યું હતું. આ બાણથી તો એમણે શત્રુને મારી જ દીધો અને પછી બાણને પણ સુરક્ષિત રાખ્યું. તું તો મહાન કૃતઘ્ન તથા તપસ્યામાં અમંગલ કરનારો છે. જ્યારે તું સત્ય નથી બોલી રહ્યો, ત્યારે પછી આ તપથી સિદ્ધિની અભિલાષા કેવી રીતે કરી શકાય? અથવા જો તારે બાણનું જ પ્રયોજન હોય તો મારા સ્વામી પાસે માગી લે. તે સ્વયં આ પ્રકારનાં ઘણાંબધાં બાણ તને આપી શકે છે. મારા સ્વામી આજ અહીં વર્તમાન છે. તું એમની પાસે કેમ યાચના નથી કરતો? તું જો ઉપકારનો પરિત્યાગ કરીને અપકાર કરવા ચાહે છે તથા હમણાં હમણાં કરી રહ્યો છે, તે તારે માટે ઉચિત નથી. તું ચપલતા છોડી દે.'

આ ઉપર કુપિત થઈને અર્જુને એને કેટકેટલીય વાતો કહી. બંનેમાં મોટો વિવાદ થયો. અંતમાં અર્જુને કહ્યું- 'હે વનચારી ભીલ! તું મારી મૂળ સારવાત સાંભળી લે. જે સમયે

---

* ચૌર્યા ચ્છલાર્થમાનાચ્ચ વિસ્મયાત્સત્યભંજનાત્। તપસા ક્ષીયતે સત્યમેતદેવ મયા શ્રુતમ્॥
(શિ.પુ. શતરુદ્રસંહિતા ૪૦/૧૩-૧૪)

તારો સ્વામી આવશે, એ સમયે હું એને એનાં ફળ ચખાડીશ. તારી સાથે યુદ્ધ કરવું તો મને શોભતું નથી. તેથી હું તો તારા સ્વામી સાથે જ લડી લઈશ, સામનો કરીશ, લડી લઈશ, કેમકે સિંહ અને શિયાળનું યુદ્ધ ઉપહાસાસ્પદ જ માનવામાં આવે છે. હે ભીલ! તેં મારી વાત સાંભળી જ લીધી છે. હવે તું મારા મહાન બળને પણ જોઈશ. જા તારા સ્વામી પાસે પાછો જતો રહે અથવા જેવી રીતે ઇચ્છા હોય એવું કર.'

નંદીશ્વરજી કહે છે—હે મુને! અર્જુનના આમ કહેવા પર તે ભીલ જ્યાં શિવાવતાર કિરાત બિરાજમાન હતા, ત્યાં ગયા અને એ ભિલ્લરાજને અર્જુનનાં બધાં વચન વિસ્તારપૂર્વક કહી સંભળાવ્યાં. એની વાત સાંભળીને એ કિરાતેશ્વરને મહાન હર્ષ થયો. ત્યારે ભીલરૂપધારી ભગવાન શંકર પોતાની સેના સાથે ત્યાં ગયા. પેલી બાજુ પાંડુપુત્ર અર્જુને પણ એ સેના જોઈ, ત્યારે તે પણ ધનુષબાણ લઈને સામે આવીને દૃઢતાપૂર્વક ઊભો રહ્યો. તદનંતર કિરાતે પુનઃ એ દૂતને મોકલ્યો અને એના દ્વારા ભરતવંશીય મહાત્મા અર્જુનને આમ કહેવડાવ્યું.

કિરાતે કહ્યું—હે તપસ્વિન્! જરા આ સેનાની તરફ દૃષ્ટિપાત તો કરો. અરે! હવે તમે બાણ છોડીને જલદીથી ભાગી જાઓ. શા માટે તમે આ સમયે એક સામાન્ય કામ માટે પ્રાણ ગુમાવવા ચાહો છો? તમારા ભાઈઓ દુઃખથી પીડિત છે, સ્ત્રી તો એમના કરતાં પણ વધારે દુઃખી છે. મારો તો એવો વિચાર છે કે આવું કરવાથી પૃથ્વી પણ તમારા હાથમાંથી ચાલી જશે.

નંદીશ્વરજી કહે છે—હે મુને! જ્યારે અર્જુનની બધી રીતે રક્ષા કરવા માટે કિરાતરૂપધારી પરમેશ્વર શંભુએ એની ભક્તિની દૃઢતાની પરીક્ષા નિમિત્તે આવી વાત કહી, ત્યારે તે દૂત એ જ સમયે અર્જુનની પાસે પહોંચ્યો અને એને આખો વૃત્તાંત વિસ્તારપૂર્વક કહી સંભળાવ્યો. એની વાત સાંભળીને અર્જુને એ આવેલા તને પુનઃ કહ્યું—'હે દૂત! તું જઈને તારા સેનાપતિને કહે કે તમારા કથન અનુસાર કરવાથી બધી વાતો વિપરીત થઈ જશે. જો હું તમને પોતાનું બાણ આપી દઉં તો નિસ્સંદેહ પોતાના કુળને દૂષિત કરનારો સિદ્ધ થઈશ. એટલા માટે ભલેને મારા ભાઈ દુઃખાર્ત થઈ જાય તથા મારી બધી વિદ્યાઓ નિષ્ફળ થઈ જાય, પરંતુ તમે આવો તો ખરા. મેં એવું ક્યારેય નથી સાંભળ્યું કે ક્યાંય સિંહ શિયાળથી ડરી ગયો હોય. આ જ પ્રકારે રાજા (ક્ષત્રિય) ક્યારેય પણ વનેચરથી ભયભીત ન થઈ શકે.

નંદીશ્વરજી કહે છે—હે મુને! અર્જુનનું આવું કહેવાથી તે દૂત પુનઃ પોતાના સ્વામી પાસે પાછો આવ્યો અને અર્જુને કહેલી બધી વાત એમની સાથે વિશેષરૂપે નિવેદિત કરી દીધી. એ સાંભળીને કિરાતવેશધારી સેનાનાયક મહાદેવજી પોતાની સેના સાથે અર્જુનની સામે આવ્યા. એમને આવ્યા જાણીને જોઈને અર્જુને શિવજીનું

ધ્યાન કર્યું. પછી પાસે જઈને એમની સાથે અત્યંત ભીષણ સંગ્રામ છેડી દીધો. આ રીતે ગણોસહિત મહાદેવજીની સાથે અર્જુનનું ઘોર યુદ્ધ થયું. અંતમાં અર્જુને શિવજીનાં ચરણકમલોનું ધ્યાન કર્યું. એમનું ધ્યાન કરવાથી અર્જુનનું બળ વધી ગયું. ત્યારે અર્જુન શંકરજીના બંને પગ પકડીને એમને ઘુમાવા માંડ્યા. એ વખતે ભક્તવત્સલ મહાદેવજી હસી રહ્યા હતા. હે મુને! ભક્તપરાધીન હોવાને કારણે એ અર્જુનને પોતાની દાસતા પ્રદાન કરવા ચાહતા હતા, એટલા જ માટે એમણે આવી લીલા રચી હતી; અન્યથા આવું થવું સર્વથા અસંભવ હતું. તત્પશ્ચાત્ શંકરજીએ ભક્તપરવશતાને કારણે મંદસ્મિત કરીને ત્યાં પોતાનું સૌમ્ય અને અદ્‌ભુત રૂપ સહસા પ્રગટ કરી દીધું. હે પુરુષોત્તમ! શિવજીનું જે સ્વરૂપ વેદો, શાસ્ત્રો તથા પુરાણોમાં વર્ણિત છે તથા વ્યાસજીએ અર્જુનને ધ્યાન કરવાને માટે જે સર્વસિદ્ધિદાતા રૂપનો ઉપદેશ આપ્યો હતો, શિવજીએ તે જ રૂપ દેખાડ્યું. ત્યારે ધ્યાન દ્વારા પ્રાપ્ત થનાર શિવજીના એ સુંદર રૂપને જોઈને અર્જુનને મહા વિસ્મય થયો. પછી તે લજ્જિત થઈને સ્વયં પશ્ચાત્તાપ કરવા લાગ્યા—'અહો! જેમને મેં પ્રમુખરૂપે વરણ કર્યા છે, તે ત્રિલોકીના અધીશ્વર કલ્યાણકર્તા સાક્ષાત્ સ્વયં શિવ તો આ જ છે. હાય! આ સમયે મેં આ શું કરી નાખ્યું? અહો! ભગવાન શિવની માયા બહુ બલવતી છે. એ ભલભલા મોટા મોટા માયાવીઓને પણ મોહમાં નાખી દે છે (પછી મારી તો વિસાત જ શી?) એ જ પ્રભુએ પોતાના રૂપને છુપાવીને આ કઈ લીલા રચી છે? હું તો એમના દ્વારા છેતરાઈ ગયો.' આ રીતે પોતાની બુદ્ધિથી સારી પેઠે વિચાર કરીને અર્જુને હાથ જોડીને મસ્તક નમાવીને ભગવાન શિવને પ્રણામ કર્યા, પછી ખિન્ન મનથી આમ કહ્યું.

અર્જુન બોલ્યા—હે દેવાધિદેવ મહાદેવ! આપ તો બહુ જ કૃપાળુ તથા ભક્તોના કલ્યાણકર્તા છો. હે સર્વેશ! આપે મારો અપરાધ ક્ષમા કરી દેવો જોઈએ. આ સમયે આપે પોતાનું રૂપ છુપાવીને આ કયો ખેલ કર્યો છે? તમે તો મારી સાથે છલ કર્યું છે. મને છેતર્યો છે. હે પ્રભો! આપ સ્વામીની સાથે યુદ્ધ કરનાર મને ધિક્કાર છે.

નંદીશ્વરજી કહે છે—હે મુને! આ પ્રકારે પાંડુપુત્ર અર્જુનને મહાન પશ્ચાત્તાપ થયો. તત્પશ્ચાત્ એ શીઘ્ર જ મહાપ્રભુ શંકરનાં ચરણોમાં આળોટી પડ્યા. આ જોઈને ભક્તવત્સલ મહેશ્વરનું ચિત્ત પ્રસન્ન થઈ ગયું. ત્યારે તે અર્જુનને અનેક પ્રકારે આશ્વાસન આપીને બોલ્યા.

શંકરજીએ કહ્યું—હે પાર્થ! તમે તો મારા પરમ ભક્ત છો, તેથી ખેદ ન કરો. આ તો મેં તમારી પરીક્ષા લેવા આવી લીલા રચી હતી, એટલે તમે શોક કરવાનું છોડી દો.

નંદીશ્વરજી કહે છે—હે મુને! આમ કહીને ભગવાન શિવે પોતાના બંને હાથ વડે પકડીને અર્જુનને ઊભો કર્યો અને પોતાની સામે તથા પોતાના ગણો સમક્ષ એમની લાજનું નિવારણ કર્યું. પછી ભક્તવત્સલ ભગવાન શંકર વીરોમાં માન્ય પાંડુપુત્ર અર્જુનને બધી રીતે હર્ષ પ્રદાન કરીને પ્રેમપૂર્વક બોલ્યા.

શિવજીએ કહ્યું—હે પાંડવોમાં શ્રેષ્ઠ અર્જુન! હું તમારા પર પરમ પ્રસન્ન છું, એટલે હવે તમે વરદાન માગો. આ સમયે તમે મારા પર જે પ્રહાર અને આઘાત કર્યા છે. એને મેં મારી પૂજા માની લીધી છે. સાથે જ આ બધું તો

મેં મારી ઇચ્છાથી કર્યું છે. એમાં તમારો અપરાધ જ શો છે? તેથી તમારી જે લાલસા હોય, તે માગી લો, કેમકે મારી પાસે એવી કોઈ પણ વસ્તુ નથી, જે તમારે માટે અદેય હોય. આ જે કાંઈ થયું છે, તે શત્રુઓમાં તમારો યશ સ્થાપિત થાય અને રાજ્યની સ્થાપના માટે સારું જ થયું છે. તમારે એનું દુઃખ ન માનવું. હવે તમે બધી ગભરામણ છોડી દો.

નંદીશ્વરજી કહે છે—હે મુને! ભગવાન શંકરના આમ કહેવાથી અર્જુન ભક્તિપૂર્વક સાવધાનીથી ઊભો થઈને શંકરજીને કહેવા લાગ્યો.

અર્જુને કહ્યું—'હે શંભો! આપ તો બહુ ઉત્તમ સ્વામી છો. આપને ભક્ત બહુ પ્રિય છે. હે દેવ! ભલા, હું આપની કરુણાનું શું વર્ણન કરી શકું. હે સદાશિવ! આપ તો બહુ કૃપાળુ છો.' આમ કહીને અર્જુને મહાપ્રભુ શંકરની સદ્‌ભક્તિયુક્ત અને વેદસમ્મત સ્તુતિનો આરંભ કર્યો.

અર્જુન બોલ્યા—આપ દેવાધિદેવને નમસ્કાર છે. હે કૈલાસવાસિન્! આપને પ્રણામ છે. હે સદાશિવ! આપને અભિવાદન છે. હે પંચમુખ પરમેશ્વર! આપને હું મસ્તક નમાવું છું. આપ જટાધારી અને ત્રણ નેત્રોથી વિભૂષિત છો, આપને વારંવાર નમસ્કાર છે, આપ પ્રસન્નરૂપવાળા છો તથા હજારો મુખથી યુક્ત છો, આપને પ્રણામ છે. હે નીલકંઠ! આપને મારા નમસ્કાર પ્રાપ્ત હો. હું સદ્યોજાતનું અભિવાદન કરું છું. વામ-અંગમાં ગિરિજાને ધારણ કરનાર હે વૃષધ્વજ! આપને પ્રણામ છે. દશ ભુજાધારી આપ પરમાત્માને પુનઃ પુનઃ અભિવાદન છે. આપના હાથમાં ડમરુ અને કપાલ શોભા પામે છે. આપ મુંડોની માળા ધારણ કરો છો, આપને નમસ્કાર છે. આપનો શ્રીવિગ્રહ શુદ્ધ સ્ફટિક તથા નિર્મલ કર્પૂર સમાન ગૌરવર્ણનો છે, હાથમાં પિનાક શોભે છે તથા આપ ઉત્તમ ત્રિશૂળ ધારણ કરેલ છો, આપને પ્રણામ છે. હે ગંગાધર! આપ વ્યાઘ્રચર્મનું ઉત્તરીય અને ગજચર્મનું વસ્ત્ર લપેટનાર છો, આપનાં અંગોમાં નાગ વળગેલા રહે છે, આપને વારંવાર અભિવાદન છે. સુંદર લાલ લાલ ચરણોવાળા આપને નમસ્કાર છે. નંદી વગેરે ગણો દ્વારા સેવિત આપ ગણનાયકને પ્રણામ છે. જે ગણેશસ્વરૂપ છે, કાર્તિકેય જેના અનુગામી છે, જે ભક્તોને ભક્તિ અને મુક્તિ પ્રદાન કરનારા છો, એવા આપને પુનઃ પુનઃ નમસ્કાર છે. આપ નિર્ગુણ, સગુણ, રૂપરહિત, રૂપવાન, કલાયુક્ત તથા નિષ્કલ છો, આપને હું વારંવાર મસ્તક નમાવું છું. જેમણે મારા પર અનુગ્રહ કરવા માટે કિરાતવેશ ધારણ કર્યો છે, જે વીરોની સાથે યુદ્ધ કરવાના પ્રેમી તથા વિવિધ પ્રકારની લીલાઓ કરનારા છો, એ મહેશ્વરને પ્રણામ છે. જગતમાં જે કાંઈ પણ રૂપ દૃષ્ટિગોચર થઈ રહ્યું છે, તે બધું આપનું જ તેજ કહેવાય છે. આપ ચિદ્‌રૂપ છો અને અન્વયભેદથી ત્રિલોકીમાં રમણ કરી રહ્યા છો. જેવી રીતે ધૂળકણોની આકાશમાં ઉદિત થયેલી તારકાઓની તથા વરસતા જળની ગણતરી થઈ ન શકે એ જ રીતે આપની ગુણોની પણ સંખ્યા નથી. હે નાથ! આપના ગુણોની ગણના કરવામાં તો વેદ પણ સમર્થ નથી, હું તો એક મંદબુદ્ધિ વ્યક્તિ છું, પછી હું એમનું વર્ણન કેવી રીતે કરી શકું. હે મહેશાન! આપ જે કોઈ પણ હો, આપને મારા નમસ્કાર છે. હે મહેશ્વર! આપ મારા સ્વામી છો અને હું તમારો દાસ છું; તેથી આપે

મારા પર કૃપા કરવી જ જોઈએ.

નંદીશ્વરજી કહે છે—અર્જુન દ્વારા કરેલા આ સ્તવનને સાંભળીને ભગવાન શંકરનું મન પરમ પ્રસન્ન થઈ ગયું, ત્યારે તે હસતાં હસતાં પુનઃ અર્જુનને કહેવા લાગ્યા.

શંકરજીએ કહ્યું—હે વત્સ! હવે વધારે કહેવાથી શો લાભ, તમે મારી વાત સાંભળો અને પોતાનું મનોવાંછિત વરદાન માગી લો. આ સમયે તમે જે કાંઈ કહેશો, એ બધું હું તમને પ્રદાન કરીશ.

નંદીશ્વરજી કહે છે—હે મહર્ષે! શંકરજીના આવા કથન પર અર્જુને હાથ જોડીને નતમસ્તક થઈને સદાશિવને પ્રણામ કર્યા અને ફરી પ્રેમપૂર્વક ગદ્‌ગદ વાણીમાં કહેવાનો આરંભ કર્યો.

અર્જુને કહ્યું—હે વિભો! આપ તો સ્વયં જ અંતર્યામીરૂપે સૌની અંદર બિરાજમાન છો (એટલે ઘટઘટની જાણકારી છે), આવી દશામાં હું શું કહું; તથાપિ હું જે કાંઈ કહું છું, એને આપ સાંભળો. હે ભગવન્! મુજ પર શત્રુઓ દ્વારા જે સંકટ પ્રાપ્ત થયું હતું, તે તો આપનાં દર્શનથી જ વિનષ્ટ થઈ ગયું. હવે જે પ્રકારે મને આ લોકની પરાસિદ્ધિ પ્રાપ્ત થઈ શકે, એવી કૃપા કરો.

નંદીશ્વરજી કહે છે—હે મુને! આટલું કહીને અર્જુને ભક્તવત્સલ ભગવાનને નમસ્કાર કર્યા અને પછી તે હાથ જોડીને માથું નમાવીને એમની પાસે ખડા થઈ ગયા. જ્યારે સ્વામી શિવજીને એ જ્ઞાન થયું કે આ પાંડુપુત્ર અર્જુન મારો અનન્ય ભક્ત છે, ત્યારે તે પણ પરમ પ્રસન્ન થયા. પછી એ મહેશ્વરે પોતાના પાશુપત નામના અસ્ત્રને, જે સર્વથા સમસ્ત પ્રાણીઓ માટે દુર્જય છે, અર્જુનને આપી દીધું અને આ પ્રકારે કહ્યું.

શિવજી બોલ્યા—હે વત્સ! મેં તમને મારું મહાન અસ્ત્ર આપી દીધું છે. એને ધારણ કરવાથી હવે તમે સમસ્ત શત્રુઓને માટે અજેય થઈ

જશો. જાઓ, વિજય લાભ કરો. સાથે જ હું શ્રીકૃષ્ણને પણ કહીશ, તે તમારી સહાયતા કરશે; કેમકે શ્રીકૃષ્ણ મારા આત્મસ્વરૂપ ભક્ત અને મારું કાર્ય કરનારા છે. હે ભારત! મારા પ્રભાવથી તમે નિષ્કંટક રાજ્ય ભોગવો અને પોતાના ભાઈ યુધિષ્ઠિર દ્વારા સર્વદા વિવિધ પ્રકારનાં ધર્મકાર્ય કરાવતા રહો.

નંદીશ્વરજી કહે છે—હે મુને! આમ કહીને શંકરજીએ અર્જુનના મસ્તક ઉપર પોતાના કરકમળ ધર્યા અને અર્જુન દ્વારા પૂજિત થઈને તે શીઘ્ર જ અંતર્ધાન થઈ ગયા. આ પ્રકારે ભગવાન શંકર પાસેથી વરદાન અને અસ્ત્ર મેળવીને અર્જુનનું મન પ્રસન્ન થઈ ગયું, ત્યારે તે પોતાના મુખ્ય ગુરુ શિવનું ભક્તિપૂર્વક સ્મરણ

કરતાં કરતાં પોતાને આશ્રમે પાછા જતા રહ્યા. ત્યાં અર્જુનને મળીને બધા ભાઈઓને એવો આનંદ થયો જાણે કે મૃતકના શરીરમાં પ્રાણનો સંચાર થઈ ગયો હોય. ઉત્તમ વ્રતનું પાલન કરનારી દ્રૌપદીને અત્યંત સુખ મળ્યું. જ્યારે એ પાંડવોએ જાણ્યું કે શિવજી પરમ સંતુષ્ટ થઈ ગયા છે, ત્યારે એમના હર્ષનો પાર ન રહ્યો. એમને એ સંપૂર્ણ વૃત્તાંત સાંભળવાથી તૃપ્તિ થતી ન હતી. એ સમયે એ આશ્રમમાં મહામનસ્વી પાંડવોનું ભલું કરવાને માટે ચંદનયુક્ત પુષ્પોની વૃષ્ટિ થવા લાગી. ત્યારે એમણે હર્ષપૂર્વક સંપત્તિદાતા અને કલ્યાણકર્તા શિવને નમસ્કાર કર્યા. (તેર વર્ષની) અવધિ સમાપ્ત થઈ જાણી એ નિશ્ચય કર્યો કે અવશ્ય જ અમારો વિજય થશે. આ જ અવસર પર જ્યારે શ્રીકૃષ્ણને ખબર પડી કે અર્જુન પાછો આવી ગયો છે, ત્યારે એ સમાચાર સાંભળીને એમને બહુ સુખ મળ્યું અને એ અર્જુનને મળવા ત્યાં પધાર્યા તથા કહેવા લાગ્યા કે 'એટલા જ માટે મેં કહ્યું હતું કે શંકરજી સંપૂર્ણ કષ્ટોનો વિનાશ કરનારા છે. હું નિત્ય એમની સેવા કરું છું. તેથી આપ લોકો પણ એમની સેવા કરો.' હે મુને! આ રીતે મેં શંકરજીના કિરાત નામના અવતારનું વર્ણન કર્યું. જે આને સાંભળે છે અથવા બીજાને સંભળાવે છે, એની બધી જ કામનાઓ પૂર્ણ થઈ જાય છે. (અધ્યાય ૪૦ થી ૪૧)

*

શિવજીના દ્વાદશ જ્યોતિર્લિંગાવતારોનું સવિસ્તર વર્ણન

નંદીશ્વરજી કહે છે—હે મુને! હવે તમે સર્વવ્યાપી ભગવાન શંકરના બાર અન્ય જ્યોતિર્લિંગસ્વરૂપી અવતારોનું વર્ણન શ્રવણ કરો, જે અનેક પ્રકારનાં મંગલ કરનાર છે. (એમનાં નામ આ છે). સૌરાષ્ટ્રમાં સોમનાથ, શ્રી શૈલ પર મલ્લિકાર્જુન, ઉજ્જયિનીમાં મહાકાલ, ઓંકારમાં અમરેશ્વર, હિમાલય પર કેદાર, ડાકિનીમાં ભીમશંકર, કાશીમાં વિશ્વનાથ, દારુકવનમાં નાગેશ્વર, સેતુબંધ પર રામેશ્વર અને શિવાલયમાં ઘુશ્મેશ્વર. હે મુને! પરમાત્મા શંભુના આ જ તે બાર અવતાર છે. એ દર્શન અને સ્પર્શથી મનુષ્યોને સર્વ પ્રકારે આનંદ પ્રદાન કરે છે. હે મુને! એમાં પહેલો અવતાર સોમનાથનો છે. એ ચંદ્રમાના દુઃખનો વિનાશક છે. એમનું પૂજન કરવાથી ક્ષય અને કુષ્ઠ વગેરે રોગોનો નાશ થઈ જાય છે. આ સોમેશ્વર નામનો શિવ-અવતાર સૌરાષ્ટ્ર નામના પાવન પ્રદેશમાં સ્થિત છે. પૂર્વકાળમાં ચંદ્રમાએ એમની પૂજા કરી હતી. ત્યાં સંપૂર્ણ પાપોનો વિનાશ કરનાર એક ચંદ્રકુંડ છે, જેમાં સ્નાન કરવાથી બુદ્ધિમાન મનુષ્ય સંપૂર્ણ રોગોથી મુક્ત થઈ જાય છે. પરમાત્મા શિવના સોમેશ્વર નામના 'મહાલિંગનું દર્શન કરવાથી મનુષ્ય પાપથી છૂટી જાય છે અને એને ભોગ અને મોક્ષ સુલભ થઈ જાય છે. હે તાત! શંકરજીના મલ્લિકાર્જુન નામનો બીજો અવતાર શ્રીશૈલ પર થયો. તે ભક્તોને મનોવાંછિત ફળ આપનારો છે. હે મુને! ભગવાન શિવ પરમ પ્રસન્નતાપૂર્વક પોતાના નિવાસભૂત કૈલાસગિરિથી લિંગરૂપે શ્રીશૈલ પર પધારે છે. પુત્ર-પ્રાપ્તિ માટે એમની સ્તુતિ કરવામાં આવે છે. હે મુને! આ

જે બીજું જ્યોતિર્લિંગ છે, તે દર્શન અને પૂજન કરવાથી મહાસુખકારક થાય છે અને અંતે મુક્તિ પણ આપે છે—એમાં લેશમાત્ર સંશય નથી. હે તાત! શંકરજીનો મહાકાલ નામનો ત્રીજો અવતાર ઉજ્જયિની નગરીમાં થયો. એ પોતાના ભક્તોની રક્ષા કરનારો છે. એક વાર રત્નમાલ-નિવાસી દૂષણ નામનો અસુર, જે વૈદિક ધર્મનો વિનાશક, વિપ્રદ્રોહી તથા સર્વ કાંઈ નષ્ટ કરી દેનારો હતો, ઉજ્જયિનીમાં આવી પહોંચ્યો, ત્યારે વેદ નામના બ્રાહ્મણના પુત્રે શિવજીનું ધ્યાન કર્યું. પછી તો શંકરજી તરત જ પ્રગટ થઈને હુંકાર દ્વારા એ અસુરને ભસ્મ કરી દે છે. તત્પશ્ચાત્ પોતાના ભક્તોનું સર્વથા પાલન કરનારા શિવ દેવતાઓની પ્રાર્થના થવાથી મહાકાલ નામના જ્યોતિર્લિંગ સ્વરૂપથી ત્યાં જ પ્રતિષ્ઠિત થઈ ગયા. આ મહાકાલ નામના લિંગનાં પ્રયત્નપૂર્વક દર્શન અને પૂજન કરવાથી મનુષ્યની બધી જ કામનાઓ પૂર્ણ થઈ જાય છે અને અંતે એને પરમ ગતિની પ્રાપ્તિ થાય છે. પરમ આત્મબલથી સંપન્ન પરમેશ્વર શંભુએ અભીષ્ટ ફલ પ્રદાન કરનારો ઓંકાર નામનો ચોથો અવતાર ધારણ કર્યો. હે મુને! વિન્ધ્યગિરિએ ભક્તિપૂર્વક વિધિ-વિધાનથી શિવજીના પાર્થિવલિંગની સ્થાપના કરી. એ જ લિંગથી વિંધ્યનો મનોરથ પૂર્ણ કરનારા મહાદેવ પ્રગટ થયા. ત્યારે દેવતાઓની પ્રાર્થના પર ભુક્તિ-મુક્તિના પ્રદાતા ભક્તવત્સલ લિંગરૂપી શંકર ત્યાં બે રૂપોમાં વિભક્ત થઈ ગયા. હે મુનીશ્વર! એમાંનો એક ભાગ ઓંકારમાં ઓંકારેશ્વર નામના ઉત્તમ લિંગ રૂપે પ્રતિષ્ઠિત થયો અને બીજો પાર્થિવલિંગ પરમેશ્વર નામથી પ્રસિદ્ધ થયો. હે મુને! આ બંનેમાં જે કોઈનું પણ દર્શન-પૂજન થાય એને ભક્તોની અભિલાષા પૂર્ણ કરનાર સમજવો જોઈએ. હે મહામુને! આ રીતે મેં તમને આ બન્ને મહાદિવ્ય જ્યોતિર્લિંગોનું વર્ણન સંભળાવી દીધું. પરમાત્મા શિવના પાંચમા અવતારનું નામ છે કેદારેશ તે કેદારમાં જ્યોતિર્લિંગરૂપે સ્થિત છે. હે મુને! ત્યાં શ્રીહરિના જે નર-નારાયણ નામના અવતાર છે, એમની પ્રાર્થના પર શિવજી હિમગિરિના કેદાર શિખર પર સ્થિત થઈ ગયા. એ બંને એ કેદારેશ્વર લિંગની નિત્ય પૂજા કરે છે. ત્યાં શંભુ દર્શન અને પૂજન કરનારા ભક્તો મનોવાંછિત પામે છે. હે તાત! સર્વેશ્વર હોવા છતાં પણ શિવ આ ખંડના વિશેષરૂપે સ્વામી છે. શિવજીનો આ અવતાર સંપૂર્ણ અભીષ્ટોને પ્રદાન કરનારો છે. મહાપ્રભુના છઠ્ઠા અવતારનું નામ ભીમશંકર છે. આ અવતારમાં એમણે મોટી મોટી લીલાઓ કરી છે અને ભીમાસુરનો વિનાશ કર્યો છે. કામરૂપ દેશના અધિપતિ રાજા સુદક્ષિણ શિવજીના ભક્ત હતા. ભીમાસુર એમને દુઃખ દેતો હતો ત્યારે શંકરજી પોતાના ભક્તોને દુઃખ દેનાર એ અદ્‌ભુત અસુરનો વધ કરીને એની રક્ષા કરી. પછી રાજા સુદક્ષિણની પ્રાર્થના પર સ્વયં શંકરજી ડાકિનીમાં ભીમશંકર નામક જ્યોતિર્લિંગ સ્વરૂપે સ્થિત થઈ ગયા. હે મુને! જે સમસ્ત બ્રહ્માંડસ્વરૂપ તથા ભોગ-મોક્ષના પ્રદાતા છે તે વિશ્વેશ્વર નામનો સાતમો અવતાર કાશીમાં થયો. મુક્તિદાતા સિદ્ધસ્વરૂપ સ્વયં ભગવાન શંકર પોતાની પુરી કાશીમાં જ્યોતિર્લિંગરૂપમાં સ્થિત છે. વિષ્ણુ વગેરે બધા દેવતા, કૈલાસપતિ શિવ અને ભૈરવ નિત્ય એમની પૂજા કરે છે. જે કાશી વિશ્વનાથના ભક્ત છે અને નિત્ય એમનાં નામોનો જપ કરતા રહે છે, તે કર્મોથી નિર્લિપ્ત થઈને કૈવલ્યપદને પામે છે. ચંદ્રશેખર શિવનો

જે ત્ર્યમ્બક નામનો આઠમો અવતાર છે, તે ગૌતમ ઋષિની પ્રાર્થના થવાથી ગૌતમી નદીના તટે પ્રગટ થયો હતો. ગૌતમની પ્રાર્થનાથી એ મુનિને પ્રસન્ન કરવા માટે શંકરજી પ્રેમપૂર્વક જ્યોતિર્લિંગ સ્વરૂપે ત્યાં અચલ થઈને સ્થિત થઈ ગયા. અહો! એ મહેશ્વરનાં દર્શન અને સ્પર્શથી કરવાથી બધી જ કામનાઓ સિદ્ધ થાય છે. તત્પશ્ચાત્ મુક્તિ પણ મળી જાય છે. શિવજીના અનુગ્રહથી શંકરપ્રિયા પરમ પાવની ગંગા ગૌતમના સ્નેહવશ ત્યાં ગૌતમી નામે પ્રવાહિત થયાં. એમાં નવમા અવતાર વૈદ્યનાથ નામથી પ્રસિદ્ધ છે. આ અવતારમાં ઘણીબધી વિચિત્ર લીલાઓ કરનારા ભગવાન શંકર રાવણ માટે આવિર્ભૂત થયા હતા. એ સમયે રાવણ દ્વારા પોતાને લાવવામાં આવેલ હોવાને કારણે જ મહેશ્વર જ્યોતિર્લિંગ સ્વરૂપે ચિતા-ભૂમિમાં પ્રતિષ્ઠિત થઈ ગયા. એ સમયથી એ ત્રિલોકીમાં વૈદ્યનાથેશ્વર નામે વિખ્યાત થયા. તે ભક્તિપૂર્વક દર્શન અને પૂજન કરનારને ભોગ-મોક્ષ આપે છે. હે મુને! જે લોકો આ વૈદ્યનાથેશ્વર શિવના માહાત્મ્યને વાંચે છે અથવા સાંભળે છે, એમને એ ભુક્તિ-મુક્તિના ભાગી બનાવી દે છે. દશમો અવતાર નાગેશ્વરાવતાર કહેવાય છે. તે પોતાના ભક્તોની રક્ષા કરવા માટે પ્રાદુર્ભૂત થયા હતા. તે સદા દુષ્ટોને દંડ આપે છે. આ અવતારમાં શિવજીએ દારુક નામના રાક્ષસને, જે ધર્મઘાતી હતો, મારીને વૈશ્યોના સ્વામી પોતાના સુપ્રિય નામના ભક્તની રક્ષા કરી હતી. તત્પશ્ચાત્ ઘણીબધી લીલા કરનાર એ પરાત્પર શંભુ લોકો પર ઉપકાર કરવાને માટે અંબિકા સહિત જ્યોતિર્લિંગ સ્વરૂપે સ્થિત થઈ ગયા. હે મુને! નાગેશ્વર નામના એ શિવલિંગનું દર્શન અને અર્ચન કરવાથી ઢગલેઢગલા મહાન પાતક તરત જ વિનષ્ટ થઈ જાય છે. હે મુને! શિવજીનો અગિયારમો અવતાર રામેશ્વરાવતાર કહેવાય છે. તે શ્રીરામચંદ્રજીનું પ્રિય કરનારા છે. એની સ્થાપના શ્રીરામજીએ કરી હતી, જે ભક્તવત્સલ શંકરે પરમ પ્રસન્ન થઈને શ્રીરામને પ્રેમપૂર્વક વિજયનું વરદાન આપ્યું, તે જ લિંગરૂપે આવિર્ભૂત થયા. હે મુને! ત્યારે શ્રીરામજીએ અત્યંત પ્રાર્થના કરી ત્યારે તે સેતુબંધ પર જ્યોતિર્લિંગરૂપે સ્થિત થઈ ગયા. એ સમયે શ્રીરામજીએ એમની સારી પેઠે સેવા-પૂજા કરી. રામેશ્વરના અદ્‌ભુત મહિમાની ભૂતલ પર કોઈની સાથે તુલના કરી શકાય નહિ. એ સર્વદા ભુક્તિ-મુક્તિ પ્રદાયિની તથા ભક્તોની કામના પૂર્ણ કરનારી છે. જે મનુષ્ય સદ્‌ભક્તિપૂર્વક રામેશ્વર લિંગને ગંગાજળથી સ્નાન કરાવશે, તે જીવનમુક્ત જ છે. તે આ લોકમાં જે દેવતાઓ માટે પણ દુર્લભ છે એવા સંપૂર્ણ ભોગોને ભોગવીને પછી પરમ જ્ઞાનને પ્રાપ્ત થઈ જાય છે. પછી એને કૈવલ્ય મોક્ષ મળી જશે. ઘુશ્મેશ્વરાવતાર શંકરજીનો બારમો અવતાર છે. હે મુને! ઘુશ્માનું પ્રિય કરવા માટે ભગવાન શંકર દક્ષિણ દિશામાં સ્થિત દેવશૈલ પાસે એક સરોવરમાં પ્રગટ થયા. હે મુને! ઘુશ્મના પુત્રને સુદેહ્યને મારી નાખ્યો હતો (એને જીવિત કરવા માટે ઘુશ્માએ શિવજીની આરાધના કરી.) ત્યારે એમની ભક્તિથી સંતુષ્ટ થઈને ભક્તવત્સલ શંભુએ એના પુત્રને બચાવી લીધો. ત્યારબાદ કામનાઓના પૂરક શંભુ ઘુશ્માને પ્રાર્થનાથી એ તડાગ (સરોવર)માં જ્યોતિર્લિંગરૂપે સ્થિત થઈ ગયા. એ સમયે એમનું નામ ઘુશ્મેશ્વર થયું. જે મનુષ્ય એ શિવલિંગનાં ભક્તિપૂર્વક દર્શન કરશે અને પૂજન કરશે તે આ લોકમાં સંપૂર્ણ સુખોને

ભોગવીને અંતે મુક્તિ લાભ કરે છે. હે સનત્કુમારજી! આ રીતે મેં તમને બાર દિવ્ય જ્યોતિર્લિંગોનું વર્ણન કરી બતાવ્યું. એ સર્વ ભોગ અને મોક્ષના પ્રદાન છે. જે મનુષ્ય જ્યોતિર્લિંગોની આ કથા વાંચે છે, જાણે છે અથવા સાંભળે છે, તે સંપૂર્ણ પાપોથી મુક્ત થઈ જાય છે, તથા ભોગ-મોક્ષને પ્રાપ્ત કરે છે. આ રીતે મેં આ શતરુદ્ર નામની સંહિતાનું વર્ણન કરી દીધું છે. આ શિવના સો અવતારોની ઉત્તમ કીર્તિથી સંપન્ન તથા સંપૂર્ણ અભીષ્ટ ફળને આપનારી છે. જે મનુષ્ય આને નિત્ય સમાહિત ચિત્તથી વાંચે છે અથવા સાંભળે છે, એની સંપૂર્ણ લાલસાઓ પૂર્ણ થઈ જાય છે અને અંતે નિશ્ચય જ મુક્તિ મળી જાય છે. (અધ્યાય ૪૨)

*

॥ શતરુદ્રસંહિતા સંપૂર્ણ ॥

*

કોટિરુદ્રસંહિતા

દ્વાદશ જ્યોતિર્લિંગ તથા એમનાં ઉપલિંગોનું વર્ણન અને એમનાં દર્શન-પૂજનનો મહિમા

યો ધત્તે નિજમાયયૈવ ભુવનાકારં વિકારોજ્ઝિતો યસ્યાહુઃ કરુણાકટાક્ષવિભવૌ સ્વર્ગાપવર્ગાભિધૌ। પ્રત્યાબોધસુખાદ્વયં હૃદિ સદા પશ્યન્તિ યં યોગિન-સ્તસ્મૈ શૈલસુતાશ્લિતાર્દ્ધવપુષે શશ્વન્નમસ્તેજસે॥૧॥

જે નિર્વિકાર હોવા છતાં પણ પોતાની માયાથી જ વિરાટ વિશ્વનો આકાર ધારણ કરી લે છે, સ્વર્ગ અને અપવર્ગ (મોક્ષ) જેના કૃપાકટાક્ષનો જ વૈભવ બતાવાય છે તથા યોગીજન જેમને સદા પોતાના હૃદયની અંદર અદ્વિતીય આત્મજ્ઞાનાનંદસ્વરૂપમાં જ દેખે છે, એ તેજોમય ભગવાન શંકરને, જેમનું અર્ધું શરીર શૈલરાજકુમારી પાર્વતીથી સુશોભિત છે, નિરંતર મારા નમસ્કાર છે. ॥૧॥

કૃપા લલિતવીક્ષણં સ્મિતમનોજ્ઞવક્ત્રામ્બુજં શશાંકકલયોજ્જ્વલં શમિતઘોરતાપત્રયમ્। કરોતુ કિમપિ સ્ફુરત્પરમસૌખ્યસિચ્ચદ્વપુ-ર્ધરાધરસુતાભુજોદ્વિલયિતં મહો મંગલમ્॥૨॥

જેમની કૃપાપૂર્ણ દૃષ્ટિ બહુ જ સુંદર છે, જેમનું મુખારવિન્દ મંદ સ્મિતની છટાથી અત્યંત મનોહર જણાય છે, જે ચંદ્રમાની કલાથી પરમ ઉજ્જ્વળ છે, જે આધ્યાત્મિક વગેરે ત્રણેય તાપોને શાંત કરી દેવામાં સમર્થ છે, જેમનું રૂપ-સ્વરૂપ સચ્ચિન્મય અને પરમાનંદરૂપે પ્રકાશિત થાય છે તથા જે ગિરિરાજનંદિની પાર્વતીના ભુજપાશથી આવેષ્ટિત, છે, ને શિવ નામના કોઈ અનિર્વચનીય તેજઃપુંજ સર્વનું મંગલ કરો.॥૨॥

ઋષિ બોલ્યા—હે સૂતજી! આપે સંપૂર્ણ લોકોના હિતની કામનાથી વિવિધ પ્રકારનાં આખ્યાનોથી યુક્ત જે શિવ-અવતારનું માહાત્મ્ય બતાવ્યું છે, તે બહુ જ ઉત્તમ છે. હે તાત! આપ પુનઃ શિવના પરમ ઉત્તમ માહાત્મ્યનું તથા શિવલિંગના મહિમાનું પ્રસન્નતાપૂર્વક વર્ણન કરો. આપ શિવભક્તોમાં શ્રેષ્ઠ છો, તેથી ધન્ય છો. હે પ્રભો! આપના મુખારવિન્દથી નીકળેલા ભગવાન શિવના સુરમ્ય યશરૂપી અમૃતનું પોતાના કર્ણપુટો દ્વારા પાન કરીને અમે તૃપ્ત થતા નથી, તેથી ફરી એનું જ વર્ણન કરો. હે વ્યાસશિષ્ય! ભૂમંડળમાં, તીર્થ તીર્થમાં જે જે શુભ લિંગ છે અથવા અન્ય સ્થળોમાં પણ જે જે પ્રસિદ્ધ શિવલિંગ બિરાજમાન છે, પરમેશ્વર શિવનાં એ બધાં જ દિવ્ય લિંગોનું સમસ્ત લોકોના હિતની ઇચ્છાથી આપ વર્ણન કરો.

સૂતજીએ કહ્યું—હે મહર્ષિઓ! સંપૂર્ણ તીર્થ લિંગમય છે. સર્વ કાંઈ લિંગમાં જ પ્રતિષ્ઠિત છે. એ શિવલિંગોની કોઈ ગણના નથી, તથાપિ હું એમનું કિંચિત્ વર્ણન કરું છું. જે કોઈ પણ દૃશ્ય જોવાય છે અથવા જેનું વર્ણન અને સ્મરણ કર્યું જાય છે, એ સર્વ ભગવાન શિવનું જ રૂપ છે; કોઈ પણ વસ્તુ શિવના સ્વરૂપથી ભિન્ન નથી. હે સાધુ શિરોમણિઓ! ભગવાન શંભુએ સર્વ લોકો પર અનુગ્રહ કરવાને માટે જ દેવતા, અસુર અને મનુષ્યોસહિત ત્રણે લોકોને લિંગરૂપે વ્યાપ્ત કરી રાખ્યા છે. સમસ્ત લોકો પર કૃપા કરવાના ઉદ્દેશ્યથી જ ભગવાન મહેશ્વર તીર્થ-તીર્થમાં અને અન્ય સ્થળોમાં પણ વિવિધ પ્રકારનાં લિંગ ધારણ કરે છે. જ્યાં જ્યાં જ્યારે જ્યારે

ભક્તોએ ભક્તિપૂર્વક શંભુનું સ્મરણ કર્યું, ત્યાં ત્યાં ત્યારે ત્યારે અવતાર લઈ કાર્ય કરીને તે સ્થિત થઈ ગયા; લોકોનો ઉપકાર કરવાને માટે એમણે સ્વયં પોતાના સ્વરૂપભૂત લિંગની કલ્પના કરી. એ લિંગની પૂજા કરીને શિવભક્ત પુરુષ અવશ્ય સિદ્ધિ પ્રાપ્ત કરી લે છે. હે બ્રાહ્મણો! ભૂમંડલમાં જે લિંગ છે, એની ગણના થઈ શકે નહિ; તેમ છતાં હું પ્રધાન પ્રધાન શિવલિંગોનો પરિચય આપું છું. હે મુનિશ્રેષ્ઠ શૌનક! આ ભૂતલ પર જે મુખ્ય મુખ્ય જ્યોતિર્લિંગ છે, એમનું આજે હું વર્ણન કરું છું. એમનાં નામના શ્રવણ માત્રથી પાપ દૂર થઈ જાય છે. સૌરાષ્ટ્રમાં સોમનાથ,[૧] શ્રી શૈલપર મલ્લિકાર્જુન;[૨] ઉજ્જૈનીમાં મહાકાલ,[૩] ઓંકાર તીર્થમાં પરમેશ્વર,[૪] હિમાલયના શિખર પર કેદાર,[૫] ડાકિનીમાં ભીમશંકર,[૬] વારાણસીમાં વિશ્વનાથ,[૭] ગોદાવરીના તટ પર ત્ર્યમ્બક,[૮] ચિતાભૂમિમાં વૈદ્યનાથ,[૯] દારુકાવનમાં નાગેશ,[૧૦] સેતુબન્ધમાં રામેશ્વર,[૧૧] તથા શિવાલયમાં ઘુશ્મેશ્વરનું[૧૨] સ્મરણ કરે. જે પ્રતિદિન પ્રાતઃકાળે ઊઠીને આ બાર નામનો પાઠ કરે છે, તે સર્વ પાપથી મુક્ત થઈને સંપૂર્ણ સિદ્ધિઓને પ્રાપ્ત કરી લે છે.*

૧. શ્રી સોમનાથનાં દર્શન કરવા માટે કાઠિયાવાડ પ્રદેશ અંતર્ગત પ્રભાસક્ષેત્રમાં જવું જોઈએ. ૨. શ્રી મલ્લિકાર્જુન નામનું જ્યોતિર્લિંગ જે પર્વત પર બિરાજમાન છે, એનું નામ શ્રી શૈલ અથવા શ્રી પર્વત છે. આ સ્થાન મદ્રાસ પ્રાંતના કૃષ્ણા જિલ્લામાં કૃષ્ણાનદીના તટ પર છે. એને દક્ષિણનું કૈલાસ પણ કહે છે. ૩. મહાકાળ અથવા મહાકાલેશ્વર માલવા પ્રદેશમાં ક્ષિપ્રા નદીના તટ પર ઉજ્જૈન નામના નગરમાં બિરાજમાન છે. ઉજ્જૈનને અવન્તિકાપુરી પણ કહે છે. ૪. આ શિવલિંગને ઓંકારેશ્વર પણ કહે છે, ઓંકારેશ્વરનું સ્થાન માલવા પ્રાંતમાં નર્મદા નદીના તટ પર છે. ઉજ્જૈનથી ખંડવા જનારી રેલવેની નાની લાઈન પર મોરટક્કા નામનું સ્ટેશન છે. ત્યાંથી આ સ્થાન સાત માઈલ દૂર છે. અહીં ઓંકારેશ્વર અને અમલેશ્વર નામનાં બે પૃથક્ પૃથક્ લિંગ છે. પરંતુ બંને એક જ જ્યોતિર્લિંગનાં બે સ્વરૂપ માનવામાં આવે છે. ૫. શ્રી કેદારનાથ અથવા કેદારેશ્વર હિમાલયના કેદાર નામના શિખર પર સ્થિત છે. શિખરની પૂર્વ બાજુએ અલકનંદાના તટ પર શ્રીબદરીનાથ અવસ્થિત છે અને પશ્ચિમે મંદાકિનીના કિનારે શ્રીકેદારનાથ બિરાજમાન છે. આ સ્થાન હરિદ્વારથી એક સો પચાશ માઈલ અને ઋષિકેશથી એકસો બત્રીસ માઈલ દૂર છે. ૬. શ્રી ભીમશંકરનું સ્થાન મુંબઈથી પૂર્વ અને પૂનાથી ઉત્તર ભીમા નદીને કિનારે એના ઉદ્ગમ-સ્થાન સહ્ય પર્વત પર છે. આ સ્થાન લારીના રસ્તે જવાથી નાસિકથી એક સો વીસ માઈલ દૂર છે. સહ્ય પર્વતના એ શિખરનું નામ, જ્યાં આ જ્યોતિર્લિંગનું પ્રાચીન મંદિર છે, ડાકિની છે. એનાથી અનુમાન થાય છે કે ક્યારેક અહીં ડાકિની અને ભૂતોનો નિવાસ હતો. શિવપુરાણની એક કથાના આધાર પર ભીમશંકર જ્યોતિર્લિંગ આસામના કામરૂપ જિલ્લામાં ગોહાટી પાસે બ્રહ્મપુર પહાડી પર સ્થિત કહ્યું જાય છે. કોઈ લોકો કહે છે કે નૈનીતાલ જિલ્લાના ઉજ્જનક સ્થાનમાં એક વિશાળ શિવમંદિર છે, તે જ ભીમશંકરનું સ્થાન છે. ૭. કાશીના શ્રી વિશ્વનાથજી તો પ્રસિદ્ધ જ છે. ૮. આ જ્યોતિર્લિંગ ત્ર્યમ્બક અથવા ત્ર્યમ્બકેશ્વરના નામથી પ્રસિદ્ધ છે. મુંબઈ પ્રાંતના નાસિક જિલ્લામાં પંચવટીથી અઢાર માઈલ દૂર ગોદાવરીના ઉદ્ગમસ્થાન બ્રહ્મગિરિની પાસે ગોદાવરીના તટ પર જ એમની સ્થિતિ છે. ૯. આ સ્થાન સંથાલ પરગણામાં ઈ. આઈ. રેલવેના જસીડીઠ સ્ટેશન પાસે વૈદ્યનાથ ધામથી પ્રસિદ્ધ છે. પુરાણો અનુસાર આ જ ચિતાભૂમિ છે. ક્યાંક ક્યાંક 'પરલ્યાં વૈદ્યનાથં ચ' એવો પાઠ પણ મળે છે. એ અનુસાર પરલીમાં વૈદ્યનાથની સ્થિતિ છે. દક્ષિણ હૈદ્રાબાદ નગરથી આ બાજુ પરભની નામનું એક જંક્શન છે, ત્યાંથી પરલી સુધી એક બ્રાંચ લાઈન ગઈ છે. આ પરલી સ્ટેશનથી થોડે દૂર પરલી ગામની પાસે શ્રી વૈદ્યનાથ નામનું જ્યોર્તિલગ છે. ૧૦. નાગેશ નામનું જ્યોતિર્લિંગનું સ્થાન વડોદરા રાજ્ય અંતર્ગત ગોમતી દ્વારકાથી ઈશાનકોણમાં બાર-તેર માઈલના અંતરે છે. દારુકાવન એનું જ નામ છે. કોઈ કોઈ દારુકાવનને બદલે 'દ્વારકાવન' પાઠ માને છે. આ પાઠને અનુસાર પણ આ જ સ્થાન સિદ્ધ થાય છે, કેમકે એ દ્વારકાની પાસે છે અને એ જ ક્ષેત્ર અંતર્ગત છે. કોઈ કોઈ દક્ષિણ હૈદ્રાબાદ અંતર્ગત ઔઢા ગામમાં સ્થિત શિવલિંગને જ નાગેશ્વર જ્યોતિર્લિંગ માને છે. કેટલાક લોકોને મતે અલ્મોડાથી સત્તર માઈલ ઉત્તર-પૂર્વમાં સ્થિત યાગેશ (જાગેશ્વર) શિવલિંગ જ નાગેશ જ્યોતિર્લિંગ છે. ૧૧. શ્રીરામેશ્વર તીર્થને જ સેતુબન્ધ તીર્થ પણ કહે છે. આ સ્થાન મદ્રાસ પ્રાંતના રામનાથમ્ અથવા રામનદ જિલ્લામાં છે. અહીં સમુદ્રના તટ પર રામેશ્વરનું વિશાળ મંદિર શોભી રહ્યું છે. ૧૨. શ્રી ઘુશ્મેશ્વરને ઘુસૃણેશ્વર અથવા ઘૃષ્ણેશ્વર પણ કહે છે. એનું સ્થાન હૈદરાબાદ રાજ્ય અંતર્ગત દૌલતાબાદ સ્ટેશનથી બાર માઈલ દૂર બેરુલ ગામ પાસે છે. આ સ્થાનને શિવાલય કહે છે.

હે મુનીશ્વરો! જે જે મનોરથને પ્રાપ્ત કરવાની ઈચ્છા રાખીને શ્રેષ્ઠ મનુષ્ય આ બાર નામોનો પાઠ કરશે, તે આ લોકમાં અને પરલોકમાં એ મનોરથને અવશ્ય પ્રાપ્ત કરી લેશે. જો શુદ્ધ અંતઃકરણવાળા પુરુષ નિષ્કામ ભાવે આ નામનો પાઠ કરશે, એમને ક્યારેય માતાના ગર્ભમાં નિવાસ નહીં કરવો પડે. આ સર્વના પૂજન માત્રથી આ લોકમાં સમસ્ત વર્ણોના લોકાનાં દુઃખોનો નાશ થઈ જાય છે, અને પરલોકમાં એમને અવશ્ય મોક્ષ પ્રાપ્ત થાય છે. આ બાર જ્યોતિર્લિંગોનું નૈવેદ્ય યત્નપૂર્વક ગ્રહણ કરવું (ખાવું) જોઈએ. આવું કરનાર પુરુષનાં બધાં જ પાપ એ જ ક્ષણે બળીને ભસ્મ થઈ જાય છે.+

આ મેં જ્યોતિર્લિંગોનાં દર્શન અને પૂજનનું ફળ બતાવ્યું. હવે જ્યોતિર્લિંગોનાં ઉપલિંગ બતાવવામાં આવે છે. હે મુનીશ્વરો! ધ્યાન દઈને સાંભળો. સોમનાથનું જે ઉપલિંગ છે એનું નામ અન્નકેશ્વર છે. એ ઉપલિંગ મહી નદી અને સમુદ્રના સંગમ પર સ્થિત છે. મલ્લિકાર્જુનથી પ્રગટ ઉપલિંગ રુદ્રેશ્વરના નામે પ્રસિદ્ધ છે. તે ભૃગુકક્ષમાં સ્થિત છે અને ઉપાસકોને સુખ આપનારું છે. મહાકાલ સંબંધી ઉપલિંગ દુગ્ધેશ્વર અથવા દૂધનાથ નામે પ્રસિદ્ધ છે. તે નર્મદા તટ પર છે તથા સમસ્ત પાપોનું નિવારણ કરનાર મનાય છે. ઓંકારેશ્વર સંબંધી ઉપલિંગ કર્દમેશ્વરના નામે પ્રસિદ્ધ છે. તે બિન્દુ સરોવરના તટ પર છે. ઉપાસકોને સંપૂર્ણ મનોવાંછિત ફળ પ્રદાન કરે છે. કેદારેશ્વર સંબંધી ઉપલિંગ ભૂતેશ્વર નામથી પ્રસિદ્ધ છે અને તે યમુના તટ પર સ્થિત છે. જે લોકો એનાં દર્શન-પૂજન કરે છે એમનાં મોટાં મોટાં પાપોનું નિવારણ થઈ જાય છે. ભીમશંકર સંબંધી ઉપલિંગ ભીમેશ્વર નામે પ્રસિદ્ધ છે. તે પણ સહ્ય પર્વત પર જ સ્થિત છે અને મહાન બળની વૃદ્ધિ કરનારું છે. નાગેશ્વર સંબંધી ઉપલિંગનું નામ પણ ભૂતેશ્વર જ છે, તે મલ્લિકા સરસ્વતીના તટ પર સ્થિત છે અને દર્શન માત્રથી સર્વ પાપ હરી લે છે. રામેશ્વરથી પ્રગટ થયેલ ઉપલિંગને ગુપ્તેશ્વર અને ઘુશ્મેશ્વરથી પ્રગટ થયેલા ઉપલિંગને વ્યાઘ્રેશ્વર કહેવાય છે. હે બ્રાહ્મણો! આ રીતે અહીં મેં જ્યોતિર્લિંગોનાં ઉપલિંગોનો પરિચય આપી દીધો. એ દર્શન માત્રથી પાપહારી તથા સંપૂર્ણ અભીષ્ટ મનોવાંછિતનાં દાતા હોય છે. હે મુનિવરો! આ મુખ્યતાને પ્રાપ્ત થયેલાં પ્રધાન પ્રધાન શિવલિંગ બનાવ્યાં. હવે અન્ય પ્રમુખ શિવલિંગોનું વર્ણન સાંભળો.

(અધ્યાય-૧)

*

* સૌરાષ્ટ્રે સોમનાથં ચ શ્રીશૈલે મલ્લિકાર્જુનમ્ । ઉજ્જયિન્યાં મહાકાલમોંકારે પરમેશ્વરમ્ ॥
કેદારે હિમવત્પૃષ્ઠે ડાકિન્યાં ભીમશંકરમ્ । વારાણસ્યાં જ વિશ્વેશં ત્ર્યંબકં ગૌતમીતટે ॥
વૈદ્યનાથં ચિતાભૂમૌ નાગેશં દારુકાવને । સેતુબન્ધે તુ રામેશં ઘુશ્મેશં તુ શિવાલયે ॥
દ્વાદશૈતાનિ નામાનિ પ્રાતરુત્થાય યઃ પઠેત્ । સર્વપાપ વિનિર્મુક્તઃ સર્વસિદ્ધિફલં લભેત્ ॥
(શિ.પુ. કોટિ રુ. સં. ૧/૨૧-૨૪)

+ ગ્રાહ્યમેષાં ચ નૈવેદ્યં ભોજનીયં પ્રયત્નતઃ । તત્કર્તુઃ સર્વપાપાનિ ભસ્મસાદ્યાન્તિ વૈ ક્ષણાત્ ॥
(શિ.પુ.કો.રુ.સં. ૧/૨૮)

કાશી વગેરે વિભિન્ન લિંગોનું વર્ણન તથા અત્રીશ્વરની ઉત્પત્તિના પ્રસંગમાં ગંગા અને શિવની અત્રિના તપોવનમાં નિત્ય નિવાસ કરવાની કથા

સૂતજી કહે છે—હે મુનીશ્વરો! ગંગાજીના તટ પર મુક્તિદાયિની કાશીપુરી સુપ્રસિદ્ધ જ છે. એ ભગવાન શિવની નિવાસ સ્થલી મનાય છે. એને શિવલિંગમયી જ સમજવી જોઈએ. આટલું કહીને સૂતજીએ કાશીના અવિમુક્ત કૃત્તિવાસેશ્વર, તિલભાંડેશ્વર, દશાશ્વમેધ વગેરે અને ગંગાસાગર વગેરેના સંગમેશ્વર, ભૂતેશ્વર, નારીશ્વર, વટુકેશ્વર, પૂરેશ્વર, સિદ્ધનાથેશ્વર, દૂરેશ્વર, શૃંગેશ્વર, વૈદ્યનાથ, જપ્યેશ્વર, ગોપેશ્વર, રંગેશ્વર, વામેશ્વર, નાગેશ, કામેશ, વિમલેશ્વર; પ્રયાગના બ્રહ્મેશ્વર, સોમેશ્વર, ભારદ્વાજેશ્વર, શૂલટંકેશ્વર, માધવેશ તથા અયોધ્યાના નાગેશ વગેરે અનેક શિવલિંગોનું વર્ણન કરીને અત્રીશ્વરની કથાના પ્રસંગમાં એ બતાવ્યું કે અત્રિપત્ની અનસૂયા પર કૃપા કરીને ગંગાજી ત્યાં પધાર્યાં. અનસૂયાએ ગંગાજીને સદા ત્યાં નિવસ કરવા માટે પ્રાર્થના કરી.

ત્યારે ગંગાજીએ કહ્યું—હે અનસૂયે! જો તમે એક વર્ષ સુધીની શંકરજીની પૂજા અને પતિસેવાનું ફળ મને આપી દો તો હું દેવતાઓ પર ઉપકાર કરવાને માટે સદાયે અહીં સ્થિત રહીશ. પતિવ્રતાનાં દર્શન કરીને મારા મનને જેવી પ્રસન્નતા થાય છે, એવી બીજા ઉપાયોથી થતી નથી. હે સતી અનસૂયે! આ મેં તમને સાચ્ચી વાત કહી છે. પતિવ્રતા સ્ત્રીનાં દર્શન કરવાથી મારાં પાપનો નાશ થઈ જાય છે, હું વિશેષ શુદ્ધ થઈ જાઉં છું; કેમકે, પતિવ્રતા નારી પાર્વતી સમાન પવિત્ર હોય છે. તેથી જો તમે જગતનું કલ્યાણ કરવા ચાહતાં હો અને લોકહિત માટે મારી માગેલી વસ્તુ મને આપી દો તે હું અવશ્ય અહીં સ્થિરરૂપે નિવાસ કરીશ.

સૂતજી કહે છે—હે મુનીશ્વરો! ગંગાજીની આ વાત સાંભળીને પતિવ્રતા અનસૂયાએ વર્ષભરનું એ સમગ્ર પુણ્ય એમને આપી દીધું.

અનસૂયા પતિવ્રત સંબંધી એ મહાન કર્મને જોઈને ભગવાન મહાદેવજી પ્રસન્ન થઈ ગયા. પાર્થિવલિંગથી તત્કાળ પ્રગટ થઈને એમણે સાક્ષાત્ દર્શન આપ્યા.

શંભુ બોલ્યા—હે સાધ્વી અનસૂયે! તમારું આ કર્મ જોઈને હું બહુ જ પ્રસન્ન છું. હે પ્રિય પતિવ્રતે! વરદાન માગો. કેમકે, તમે મને બહુ જ પ્રિય છો.

એ સમયે એ બંને પતી-પત્ની અદ્‌ભુત સુંદર આકૃતિ અને પંચમુખ વગેરેથી યુક્ત ભગવાન શિવને ત્યાં પ્રગટ થયેલા જોઈને બહુ

વિસ્મય પામ્યાં. એમણે હાથ જોડીને નમસ્કાર અને સ્તુતિ કરીને બહુ ભક્તિભાવથી શંકરનું પૂજન કર્યું. પછી એ લોકકલ્યાણકારી શિવને કહ્યું.

બ્રાહ્મણ દંપતિ બોલ્યાં—હે દેવેશ્વર! જો આપ પ્રસન્ન છો અને જગદંબા ગંગા પણ પ્રસન્ન છે તો આપ આ તપોવનમાં નિવાસ કરો અને સમસ્ત લોકોને માટે સુખદાયક થઈ જાઓ.

ત્યારે ગંગા અને શિવ બંનેએ પ્રસન્ન થઈ એ સ્થાન પર, જ્યાં એ ઋષિશિરોમણિ રહેતા હતા, ત્યાં પ્રતિષ્ઠિત થઈ ગયાં. આ જ શિવનું નામ ત્યાં અત્રીશ્વર થયું.

(અધ્યાય ૨-૪)

*

ઋષિકા પર ભગવાન શિવની કૃપા એક અસુરથી એના ધર્મની રક્ષા કરીને એના આશ્રમમાં 'નન્દિકેશ' નામે નિવાસ કરવો અને વર્ષમાં એક દિવસ ગંગાનું પણ ત્યાં આવવું

તદનંતર શ્રી સૂતજીએ જ્યારે ઘણાંબધાં શિવલિંગોના કથા પ્રસંગો સંભળાવી દીધા, ત્યારે ઋષિઓએ પૂછ્યું - 'હે મહામતે સૂતજી! વૈશાખ સુદ સાતમે ગંગાજી નર્મદામાં કેવી રીતે આવ્યાં? એનું વિશેષરૂપે વર્ણન કરો. ત્યાં મહાદેવજીનું નામ નંદિકેશ્વર કેવી રીતે પડ્યું? એ વાતને પ્રસન્નતાપૂર્વક બતાવો.'

સૂતજીએ કહ્યું—હે મહર્ષિઓ! એક બ્રાહ્મણી હતી, જેનું નામ ઋષિકા હતું. તે કોઈ એક બ્રાહ્મણ પુત્રી હતી એક બ્રાહ્મણ સાથે જ વિધિપૂર્વક તેનાં લગ્ન થઈ ગયાં હતાં. હે વિપ્રવરો! યદ્યપિ એ દ્વિજપત્ની ઉત્તમ વ્રતનું પાલન કરનારી હતી, તથાપિ પોતાના પૂર્વજન્મના કોઈ અશુભ કર્મના પ્રભાવથી 'બાલવૈધવ્ય'ને પ્રાપ્ત થઈ ગઈ. ત્યારે એ બ્રાહ્મણપત્ની બ્રહ્મચર્યવ્રતના પાલનમાં તત્પર થઈ પાર્થિવ પૂજન પૂર્વક અત્યંત કઠોર તપસ્યા કરવા લાગી. એ સમયે અવસર જાણીને મૂઢ નામથી પ્રસિદ્ધ એક દુષ્ટ અને બલવાન અસુર, જે મોટો માયાવી હતો, કામબાણથી પીડિત થઈને ત્યાં ગયો. એ અત્યંત સુંદરી કામિનીને તપસ્યા કરતી જોઈ તે અસુર વિવિધ પ્રકારના લોભ દેખાડતો એની સાથે સંભોગની યાચના કરવા લાગ્યો. હે મુનીશ્વરો! પરંતુ ઉત્તમ વ્રતનું પાલન કરવામાં તથા શિવના ધ્યાનમાં તત્પર રહેનારી તે સાધ્વી નારી કામભાવથી એના પર દૃષ્ટિ ન નાખી શકી. તપસ્યામાં લાગેલી એ બ્રાહ્મણીએ અસુરનું સન્માન ન કર્યું; કેમકે તે અત્યંત તપોનિષ્ઠ અને શિવધ્યાન પરાયણા હતી. એ કૃશાંગી યુવતીથી તિરસ્કૃત થઈને એ દૈત્યરાજ મૂઢ એના ઉપર ક્રોધ પ્રગટ કર્યો અને પછી પોતાનું વિકટ રૂપ એને બતાવ્યું. એ પછી એક દુષ્ટ આત્માએ દુર્વચન કહ્યાં અને એ બ્રાહ્મણ પત્નીને વારંવાર ત્રાસ આપવાનું શરૂ કર્યું. એ સમયે એ અસુરના ભયથી પ્રભુજી રહી હતી અને અનેક વાર-સ્નેહપૂર્વક શિવ-શિવના પોકાર કરવા લાગી. એ તન્વંગી દ્વિજપત્નીએ ભગવાન શિવનો પૂર્ણતયા આશરો લઈ રાખ્યો હતો. શિવનું નામ જપનારી

તે નારી અત્યંત વિહ્વળ થઈ પોતાના ધર્મની રક્ષા માટે ભગવાન શંભુને શરણે ગઈ.

ત્યારે શરણાગતની રક્ષા, સદાચારની પ્રતિષ્ઠા અને એ બ્રાહ્મણીને આનંદ પ્રદાન કરવા માટે ભગવાન શિવ ત્યાં પ્રગટ થઈ ગયા. ભક્તવત્સલ પરમેશ્વર શંકરે એ કામવિહ્વળ દૈત્યરાજ મૂઢને તત્કાળ ભસ્મ કરી દીધો અને બ્રાહ્મણી તરફ કૃપાદૃષ્ટિથી જોઈને ભક્તની રક્ષા માટે દત્ત-ચિત્ત થઈને કહ્યું—'વરદાન માગો.' મહેશ્વરનું આ વચન સાંભળીને એ સાધ્વી બ્રાહ્મણપત્નીએ

એમના એ આનંદજનક મંગલમય સ્વરૂપનાં દર્શન કર્યાં. પછી સર્વને સુખ આપનારા પરમેશ્વર શંભુને પ્રણામ કરીને શુદ્ધ અંતઃકરણવાળી એ સાધ્વીએ હાથ જોડીને મસ્તક નમાવીને એમની સ્તુતિ કરી.

ઋષિકા બોલી—હે દેવદેવ મહાદેવ! શરણાગતવત્સલ! આપ દીનબંધુ છો. ભક્તોની સદા રક્ષા કરનારા ઈશ્વર છો. આપે મૂઢ નામના અસુર પાસેથી છોડાવી મારા ધર્મની રક્ષા કરી છે; કેમકે, આપના દ્વારા એ અસુર માર્યો ગયો છે. આવું કરીને આપે સંપૂર્ણ જગતની રક્ષા કરી છે. હવે આપ મને પોતાનાં ચરણોની પરમ ઉત્તમ અને અનન્ય ભક્તિ પ્રદાન કરો. હે નાથ! આ જ મારું વરદાન છે. આનાથી વધારે શું હોઈ શકે? હે પ્રભો! હે મહેશ્વર! મારી બીજી પ્રાર્થના પણ સાંભળો. આપ લોકોના ઉપકાર માટે અહીં જ સ્થિત રહો.

મહાદેવજીએ કહ્યું—'હે ઋષિકે! તું સદાચારિણી અને વિશેષતઃ મારામાં ભક્તિભાવ રાખનારી છે. તે જે જે વરદાન માગ્યાં છે, એ બધાં જ મેં તને આપી દીધાં છે.

હે બ્રાહ્મણો! એ દરમિયાન શ્રીવિષ્ણુ અને બ્રહ્મા વગેરે દેવતાઓ જ્યાં ભગવાન શિવનો આવિર્ભાવ થયો જાણીને હર્ષથી સભર ભર્યા ત્યાં આવ્યા અને અત્યંત પ્રેમપૂર્વક શિવને પ્રણામ કરીને એ બધાંએ સારી પેઠે પૂજન કર્યું. પછી શુદ્ધ હૃદયથી હાથ જોડીને મસ્તક નમાવીને એમની સ્તુતિ પણ કરી. એ જ સમયે સાધ્વી દેવનદી ગંગાએ ઋષિકાને એના ભાગ્ય ની પ્રશંસા કરતાં કરતાં પ્રસન્ન થઈ બોલ્યાં -

ગંગાએ કહ્યું—હે ઋષિકે! વૈશાખ માસમાં એક દિવસ અહીં રહેવા માટે મારે પણ તમને વચન આપવું જોઈએ. એ દિવસે હું પણ આ તીર્થમાં નિવાસ કરવા ચાહું છું.

સૂતજી કહે છે—હે મહર્ષિઓ! ગંગાજીની આ વાત સાંભળીને ઉત્તમ વ્રતનું પાલન કરનારી સતી સાધ્વી ઋષિકાએ લોકહિત માટે પ્રસન્નતાપૂર્વક કહ્યું—'બહુ સારું, એવું જ હો.' ભગવાન શિવ ઋષિકાને આનંદ પ્રદાન કરવા માટે અત્યંત પ્રસન્ન થઈને એ પાર્થિવ લિંગમાં પોતાના પૂર્ણ અંશથી વિલીન થઈ ગયા. આ

જોઈને બધા દેવતા આનંદિત થયા અને શિવ તથા ઋષિકાની પ્રશંસા કરવા લાગ્યા અને પોતપોતાને ધામે ચાલ્યા ગયા. એ દિવસથી નર્મદાનું એ તીર્થ પાવન થઈ ગયું અને સંપૂર્ણ પાપનો નાશ કરનારા શિવ ત્યાં નંદિકેશ નામથી વિખ્યાત થયા. ગંગા પણ પ્રતિવર્ષ વૈશાખ માસની સપ્તમીને દિવસે શુભ ઇચ્છાથી પોતાના એ પાપને ધોવા માટે ત્યાં જાય છે, જે મનુષ્યો પાસેથી એ ગ્રહણ કરે છે.

(અધ્યાય ૫-૭)

*

પ્રથમ જ્યોતિર્લિંગ સોમનાથના પ્રાદુર્ભાવની કથા અને એનો મહિમા

તદનંતર કપિલાનગરીના કાલેશ્વર, રામેશ્વર વગેરેનો મહિમા બતાવતાં સૂતજીએ સમુદ્રના તટ પર સ્થિત ગોકર્ણક્ષેત્રનાં શિવલિંગોનો મહિમા વર્ણવી બતાવ્યો. પછી મહાબલ નામના શિવલિંગનું અદ્‌ભુત માહાત્મ્ય સંભળાવીને અન્ય ઘણાં શિવલિંગોની વિચિત્ર માહાત્મ્ય-કથાનું વર્ણન કરીને પછી ઋષિઓના પૂછવા પર એ જ્યોતિર્લિંગોનું વર્ણન કરવા લાગ્યા.

સૂતજી બોલ્યા—હે બ્રાહ્મણો! મેં સદ્‌ગુરુ પાસેથી જે કાંઈ સાંભળ્યું છે, તે જ્યોતિર્લિંગોનું માહાત્મ્ય તથા એમના પ્રાગટ્યનો પ્રસંગ મારી પોતાની બુદ્ધિસાર સંક્ષેપમાં જ સંભળાવીશ. તમે બધા લોકો સાંભળો. હે મુને! જ્યોતિર્લિંગોમાં સૌથી પહેલાં સોમનાથનું નામ આવે છે, તેથી પહેલાં એમનું જ માહાત્મ્ય સાવધાન થઈને સાંભળો. હે મુનીશ્વરો! મહામના પ્રજાપતિ દક્ષે પોતાની અશ્વિની વગેરે સત્યાવીશ કન્યાઓનો વિવાહ ચંદ્રમા સાથે કર્યો હતો. ચંદ્રમાને સ્વામીરૂપે મેળવીને તે દક્ષકન્યાઓ વિશેષ શોભવા લાગી. તથા ચંદ્રમા પણ એમને પત્નીના રૂપમાં મેળવીને નિરંતર સુશોભિત થવા લાગ્યો. એ સર્વ પત્નીઓમાં પણ જે રોહિણી નામની પત્ની હતી, એકમાત્ર તે જ ચંદ્રમાને જેટલી પ્રિય હતી, એટલી બીજી કોઈ પત્ની કદાપિ પ્રિય ન થઈ. આથી બીજી સ્ત્રીઓને બહુ દુઃખ થયું. તે સર્વે પોતાના પિતાના શરણમાં ગઈ. ત્યાં જઈને એમણે જે દુઃખ હતું એનું નિવેદન પિતા સમક્ષ કરી દીધું. હે દ્વિજો! આ બધું સાંભળીને દક્ષ પણ દુઃખી થઈ ગયા અને ચંદ્રમા પાસે આવીને શાંતિપૂર્વક બોલ્યા.

દક્ષે કહ્યું—હે કલાનિધે! તમે નિર્મલકુલમાં ઉત્પન્ન થયા છો. તમારા આશ્રયમાં રહેનારી જેટલી સ્ત્રીઓ છે, એ સૌ પ્રતિ તમારા મનમાં ઓછોવત્તો--ન્યૂનાધિક-ભાવ કેમ છે? તમે કોઈને અધિક તો કોઈને થોડો ઓછો પ્રેમ કેમ કરો છો? અત્યાર સુધી તો જે કર્યું, તે કર્યું, હવે આગળ ફરી ક્યારેય આવો વિષમતાપૂર્ણ વર્તાવ તમારે ન કરવો જોઈએ; કેમકે એને નરક આપનાર કહેવાય છે.

સૂતજી કહે છે—હે મહર્ષિઓ! પોતાના જમાઈ ચંદ્રમાને સ્વયં આવી પ્રાર્થના કરીને પ્રજાપતિ દક્ષ ઘેર ચાલ્યા ગયા. એમને પૂર્ણ નિશ્ચય થઈ ગયો કે હવે ફરી આવું નહીં થાય. પણ ચંદ્રમાએ પ્રબળ ભાવિથી વિવશ થઈને એમની વાત ન માની. એ રોહિણીમાં એટલા બધા આસક્ત થઈ ગયા હતા કે બીજી કોઈ

પત્નીનો ક્યારેય આદર કરતા ન હતા. આ વાતને સાંભળીને દક્ષ દુઃખી થઈને ફરી સ્વયં આવીને ચંદ્રમાને ઉત્તમ નીતિથી સમજાવવાનો તથા ન્યાય-ઉચિત વર્તાવ માટે પ્રાર્થના કરવા લાગ્યા.

દક્ષ બોલ્યા—હે ચંદ્રમા! સાંભળો. હું તમને પહેલાં પણ અનેક વાર પ્રાર્થના કરી ચૂક્યો છું. તો પણ તમે મારી વાત માની નથી. એટલા માટે આજ શાપ આપું છું કે તમને ક્ષયનો રોગ થઈ જાઓ.

સૂતજી કહે છે—દક્ષના આટલા કહેવાથી જ ક્ષણભરમાં ચંદ્રમા ક્ષયરોગથી ગ્રસ્ત થઈ ગયા. એમના ક્ષીણ થવાથી જ એ સમયે બધી બાજુ મહાન હાહાકાર મચી ગયો. બધા દેવતા અને ઋષિ કહેવા લાગ્યા કે, 'હાય! હાય! હવે શું કરવું જોઈએ, ચંદ્રમા કેવી રીતે ઠીક થશે?' હે મુને! આ રીતે દુઃખમાં પડીને એ બધા વિહ્વળ થઈ ગયા. ચંદ્રમાએ ઇન્દ્ર વગેરે બધા દેવતાઓને તથા ઋષિઓને એમની પોતાની અવસ્થા સૂચિત કરી દીધી. ત્યારે ઇન્દ્ર વગેરે દેવતા તથા વસિષ્ઠ વગેરે ઋષિ બ્રહ્માજીને શરણે ગયા.

એમની વાત સાંભળીને બ્રહ્માજીએ કહ્યું—હે દેવતાઓ! જે થયું તે થયું. એ હવે નિશ્ચિત રીતે બદલી ન શકાય, તેથી તેના નિવારણને માટે હું તમને એક ઉત્તમ ઉપાય બતાવું છું. આદરપૂર્વક સાંભળો. ચંદ્રમા દેવતાઓની સાથે પ્રભાસ નામના શુભ ક્ષેત્રમાં જાય અને ત્યાં મૃત્યુંજય મંત્રનું વિધિપૂર્વક અનુષ્ઠાન કરીને ભગવાન શિવનું આરાધન કરે. પોતાની સામે શિવલિંગની સ્થાપના કરીને ત્યાં ચંદ્રદેવ નિત્ય તપસ્યા કરે. આથી પ્રસન્ન થઈને શિવ એમને ક્ષયરહિત કરી દેશે.

ત્યારે દેવતાઓ અને ઋષિઓના કહેવાથી બ્રહ્માજીની આજ્ઞા અનુસાર ચંદ્રમાએ ત્યાં ૬ માસ સુધી નિરંતર તપસ્યા કરી, મૃત્યુંજય મંત્રથી ભગવાન વૃષભધ્વજનું પૂજન કર્યું. દશ કરોડ મંત્રના જપ અને મૃત્યુંજયનું ધ્યાન કરતાં કરતાં ચંદ્રમા ત્યાં સ્થિર ચિત્ત થઈને લગાતાર ઊભા રહ્યા. એમને તપસ્યા કરતા જોઈને ભક્તવત્સલ ભગવાન શંકર પ્રસન્ન થઈને એમની સામે પ્રગટ થઈ ગયા અને પોતાના ભક્ત ચંદ્રમાને કહેવા લાગ્યા.

શંકરજીએ કહ્યું—હે ચંદ્રદેવ! તમારું કલ્યાણ હો; તમારા મનમાં જે અભીષ્ટ-મનોવાંછિત હો, ને વરદાન માગો. હું પ્રસન્ન છું. તમને સંપૂર્ણ ઉત્તમ વરદાન આપીશ.

ચંદ્રમા બોલ્યા—હે દેવેશ્વર! જો આપ

પ્રસન્ન છો તો પછી મારે માટે શું અસાધ્ય છે; તથાપિ હે પ્રભો! હે શંકર! આપ મારા શરીરના આ ક્ષયરોગનું નિવારણ કરો. મારાથી જે અપરાધ થઈ ગયો, એને ક્ષમા કરો.

શિવજીએ કહ્યું—હે ચંદ્રદેવ! એક પક્ષમાં પ્રતિદિન તમારી કલા ક્ષીણ થશે અને બીજા પક્ષમાં પછી ફરી નિરંતર વધતી રહેશે.

તદનંતર ચંદ્રમાએ ભક્તિભાવથી ભગવાન શંકરની સ્તુતિ કરી. આથી પહેલા નિરાકાર હોવા છતાં પણ એ ભગવાન શિવ ફરી સાકાર થઈ ગયા. દેવતાઓ પર પ્રસન્ન થઈ એ ક્ષેત્રના માહાત્મ્યને વધારવા તથા ચંદ્રમાના યશને વિસ્તારવા ભગવાન શંકર એમના નામ પર ત્યાં સોમેશ્વર કહેવાયા અને ત્રણે લોકોમાં વિખ્યાત થયા. હે બ્રાહ્મણો! સોમનાથનું પૂજન કરવાથી એ ઉપાસકના ક્ષય તથા કોઢ વગેરે રોગોનો નાશ કરી દે છે. એ ચંદ્રમા ધન્ય છે, કૃતકૃત્ય છે, જેના નામથી ત્રણે લોકોના સ્વામી સાક્ષાત્ ભગવાન શંકર ભૂતલને પવિત્ર કરતાં પ્રભાસક્ષેત્રમાં વિદ્યમાન છે. ત્યાં સંપૂર્ણ દેવતાઓએ સોમકુંડની પણ સ્થાપના કરી છે, જેમાં શિવ અને બ્રહ્માનો સદા નિવાસ મનાય છે. ચંદ્રકુંડ આ ભૂતલ પર પાપનાશન તીર્થને રૂપે પ્રસિદ્ધ છે. જે મનુષ્ય એમાં સ્નાન કરે છે, એ બધાં જ પાપોથી મુક્ત થઈ જાય છે. ક્ષય વગેરે જે અસાધ્ય રોગ હોય છે, એ બધા એ કુંડમાં છ માસ સ્નાન કરવા માત્રથી નષ્ટ થઈ જાય છે. મનુષ્ય જે ફળના ઉદ્દેશ્યથી આ ઉત્તમ તીર્થનું સેવન કરે છે, એ ફળને સર્વથા પ્રાપ્ત કરી લે છે - એમાં સંશય નથી.

ચંદ્રમા નીરોગ થઈને પોતાનું જૂનું કાર્ય સંભાળવા લાગ્યા. આ રીતે મેં સોમનાથની ઉત્પત્તિનો આખો પ્રસંગ સંભળાવી દીધો. હે મુનીશ્વરો! આ રીતે સોમેશ્વરલિંગનો પ્રાદુર્ભાવ થયો. જે મનુષ્ય સોમનાથના પ્રાદુર્ભાવની આ કથા સાંભળે છે અથવા બીજાઓને સંભળાવે છે, તે સંપૂર્ણ મનોવાંછિતને પ્રાપ્ત કરી લે છે અને બધાં જ પાપથી મુક્ત થઈ જાય છે.

(અધ્યાય ૮થી ૧૪)

*

મલ્લિકાર્જુન અને મહાકાલનામનાં જ્યોતિર્લિંગના આવિર્ભાવની કથા તથા એમનો મહિમા

સૂતજી કહે છે—હે મહર્ષિઓ! હવે હું મલ્લિકાર્જુનના પ્રાદુર્ભાવનો પ્રસંગ સંભળાવું છું, જેને સાંભળીને બુદ્ધિમાન પુરુષ બધાં જ પાપથી મુક્ત થઈ જાય છે. જ્યારે મહાબલી તારકશત્રુ શિવાપુત્ર કુમાર કાર્તિકેય આખી પૃથ્વીની પરિક્રમા કરીને ફરી કૈલાસ પર્વત પર આવ્યા અને ગણેશના વિવાહની વાત સાંભળીને ક્રૌંચ પર્વત પર ચાલ્યા ગયા, પાર્વતી અને શિવજીનો ત્યાં જઈને અનુરોધ કરવા છતાં પણ પાછા ન આવ્યા તથા ત્યાંથી બાર કોસ દૂર ચાલ્યા ગયા, ત્યારે શિવ અને પાર્વતી જ્યોતિર્મય રૂપે ત્યાં પ્રતિષ્ઠિત થઈ ગયાં. એ બંને પુત્રસ્નેહથી આતુર થઈને પર્વને દિવસે પોતાના પુત્ર કુમારને જોવા માટે એમની પાસે જતા-આવતા રહેતા હતા. અમાસને દિવસે ભગવાન્ત શંકર ત્યાં જતા હતા અને પૂર્ણિમાને દિવસે પાર્વતીજી નિશ્ચય જ ત્યાં પદાર્પણ કરતાં હતાં. એ દિવસથી લઈને શિવનું મલ્લિકાર્જુન નામનું એક લિંગ ત્રણે લોકોમાં પ્રસિદ્ધ થયું. (એમાં પાર્વતી અને શિવ બંનેની જ્યોતિ પ્રતિષ્ઠિત છે. 'મલ્લિકા'નો અર્થ પાર્વતી છે અને 'અર્જુન' શબ્દ શિવવાચક છે). આ લિંગનું જે દર્શન કરે છે, તે સમસ્ત પાપથી મુક્ત

થઈ જાય છે અને સંપૂર્ણ અભીષ્ટની પ્રાપ્તિ કરી લે છે. એમાં સંશય નથી. આ રીતે મલ્લિકાર્જુન નામના બીજા જ્યોતિર્લિંગનું વર્ણન કરવામાં આવ્યું, જે દર્શન માત્રથી લોકોને માટે બધાં જ પ્રકારનાં સુખ આપનારું કહેવાય છે.

ઋષિઓએ પૂછ્યું—હે પ્રભો! હવે આપ વિશેષ કૃપા કરીને ત્રીજા જ્યોતિર્લિંગનું વર્ણન કરો.

સૂતજીએ કહ્યું—હે બ્રાહ્મણો! હું ધન્ય છું. હું કૃતકૃત્ય છું, જે આપ શ્રીમાનોનો સંગ મને પ્રાપ્ત થયો છે. સાધુ પુરુષોનો સંગ નિશ્ચય જ ધન્ય છે. તેથી હું પોતાનું સૌભાગ્ય સમજીને પાપનાશિની પરમ પાવની દિવ્ય કથાનું વર્ણન કરું છું. તમે લોકો આદરપૂર્વક સાંભળો. અવન્તિ નામની પ્રસિદ્ધ એક રમણીય નગરી છે, જે સમસ્ત દેહધારીઓને મોક્ષ પ્રદાન કરનારી છે. તે ભગવાન શિવને ખૂબ જ પ્રિય, પરમ પુણ્યમયી અને લોકપાવની છે. એ પુરીમાં એક શ્રેષ્ઠ બ્રાહ્મણ રહેતો હતો, જે શુભકર્મપરાયણ, વેદોના સ્વાધ્યાયમાં સંલગ્ન અને વૈદિક કર્મોના અનુષ્ઠાનમાં સદા તત્પર રહેતો હતો. તે ઘરમાં અગ્નિની સ્થાપના કરીને પ્રતિદિન અગ્નિહોત્ર કરતો અને શિવની પૂજામાં સદા તત્પર રહેતો હતો. તે બ્રાહ્મણ દેવતા પાર્થિવ શિવલિંગ બનાવીને એની પૂજા કરતો. વેદપ્રિય નામના એ બ્રાહ્મણ દેવતા સમ્યક્ જ્ઞાન અર્જુનમાં લાગ્યા રહેતા; એટલા માટે એમણે સંપૂર્ણ કર્મોનું ફળ મેળવીને સદ્‌ગતિ પ્રાપ્ત કરી લીધી જે સંતોને જ સુલભ હોય છે. એમને શિવપૂજાપરાયણ ચાર તેજસ્વી પુત્ર હતા, જે માતા-પિતાથી ગુણોમાં જરાય ઓછા ન હતા. એમનાં નામ : દેવપ્રિય, પ્રિયમેધા, સુકૃત અને સુવ્રત હતાં. એમના સુખદાયક ગુણ ત્યાં સદા વૃદ્ધિ પામવા લાગ્યા. એમને કારણે અવન્તિ નગરી બ્રહ્મતેજથી પરિપૂર્ણ થઈ ગઈ હતી.

એ જ સમયે રત્નમાલ પર્વત પર દૂષણ નામનો એક ધર્મદ્વેષી અસુરે બ્રહ્માજી પાસેથી વરદાન મેળવીને વેદ, ધર્મ અને ધર્માત્માઓ પર આક્રમણ કર્યું. અંતમાં એણે સેના લઈને અવન્તિ (ઉજ્જૈન)ના બ્રાહ્મણો પર પણ ચડાઈ કરી દીધી. એની આજ્ઞાથી ચાર ભયાનક દૈત્ય ચારે દિશાઓમાં પ્રલય-અગ્નિની જેમ પ્રગટ થઈ ગયા, પરંતુ તે શિવવિશ્વાસી બ્રાહ્મણબંધુ ડર્યા નહિ. જ્યારે મગરના બ્રાહ્મણ બહુ ગભરાઈ ગયા, ત્યારે એમણે એમને આશ્વાસન આપતાં કહ્યું—'તમે લોકો ભક્તવત્સલ ભગવાન શંકર પર ભરોસો રાખો.' આમ કહીને શિવલિંગનું પૂજન કરીને તે ભગવાન શિવનું ધ્યાન કરવા લાગ્યા.

એટલામાં જ સેનાસહિત દૂષણે આવીને એ બ્રાહ્મણોને જોયા અને કહ્યું—'એમને મારી નાખો, બાંધી લો' વેદપ્રિયના પુત્ર એ બ્રાહ્મણોએ સમયે કહેલી વાત ન સાંભળી, કેમકે તે ભગવાન શંભુના ધ્યાન-માર્ગમાં સ્થિત હતા. એ દુષ્ટાત્મા દૈત્યે જેવી જ એ બ્રાહ્મણોને મારવાની ઇચ્છા કરી, ત્યાં જ એમના દ્વારા પૂજિત પાર્થિવ શિવલિંગના સ્થાનમાં બહુ ભારે અવાજ સાથે એક ખાડો થઈ ગયો. એ ખાડામાંથી વિકટરૂપધારી ભગવાન શિવ પ્રગટ થઈ ગયા, જે મહાકાલને નામે વિખ્યાત થયા. એ દુષ્ટોના વિનાશક અને સત્પુરુષોના આશ્રયદાતા છે. એમણે એ દૈત્યોને કહ્યું—'અરે ખલ! હું તારા જેવા દુષ્ટોને માટે મહાકાલ પ્રગટ થયો છું. તમે આ બ્રાહ્મણોથી દૂર ભાગી જાઓ.'

આવું કહીને મહાકાલ શંકરે સેનાસહિત દૂષણને પોતાના હુંકાર માત્રથી તત્કાળ ભસ્મ કરી દીધો. કેટલીક સેના એમના દ્વારા હણાઈ ગઈ અને કેટલીક ભાગી ગઈ. પરમાત્મા શિવે દૂષણનો વધ કરી દીધો. જેવી રીતે સૂર્યને જોઈને સંપૂર્ણ અંધકાર નષ્ટ થઈ જાય છે, તેવી રીતે ભગવાન શિવને જોઈને સમગ્ર સેના અદૃશ્ય થઈ ગઈ. દેવતાઓની દુન્દુભિઓ વાગવા લાગી અને આકાશમાંથી પુષ્પવૃષ્ટિ થવા લાગી. એ બ્રાહ્મણોને આશ્વાસન આપીને સુપ્રસન્ન થયેલા સ્વયં

મહાકાલ મહેશ્વર શિવે એમને કહ્યું—'વરદાન માગો.' એમની એ વાત સાંભળીને તે બધા બ્રાહ્મણો હાથ જોડીને ભક્તિભાવથી સારી પેઠે પ્રણામ કરીને નતમસ્તક થઈને બોલ્યા.

દ્વિજોએ કહ્યું—હે મહાકાલ! હે મહાદેવ! હે દુષ્ટોને દંડ દેનારા પ્રભો! હે શંભો! આપ અમને સંસારસાગરથી મોક્ષ પ્રદાન કરો. હે શિવ! આપ જનસાધારણની રક્ષા કાજે સદા અહીં જ રહો. હે પ્રભો! હે શંભો! આપનાં દર્શન કરનારા મનુષ્યોનો આપ સદા ઉદ્ધાર કરો.

સૂતજી કહે છે—હે મહર્ષિઓ! એમના આવા કથન પર એમને સદ્‌ગતિ આપીને ભગવાન શિવ પોતાના ભક્તોની રક્ષાને માટે એ પરમ સુંદર ખાડામાં સ્થિત થઈ ગયા. એ બ્રાહ્મણોને મોક્ષ મળ્યો અને ત્યાં ચારે બાજુની એક એક કોસની ભૂમિ લિંગરૂપી ભગવાન શિવનું સ્થાન બની ગઈ. એ શિવ ભૂતલ પર મહાકાલેશ્વર નામે વિખ્યાત થયા. હે બ્રાહ્મણો! એમનાં દર્શન કરવાથી સ્વપ્નમાં પણ કોઈ દુઃખ થતું નથી. જે જે કામનાને લઈને કોઈ એ લિંગની ઉપાસના કરે છે તેને તેનો સર્વ મનોરથ પ્રાપ્ત થઈ જાય છે, તથા પરલોકમાં મોક્ષ પણ મળી જાય છે. (અધ્યાય ૧૫-૧૬)

*

મહાકાલના માહાત્મ્યના પ્રસંગમાં શિવભક્ત રાજા ચંદ્રસેન તથા ગોપ-બાળક શ્રીકરની કથા

સૂતજી કહે છે—હે બ્રાહ્મણો! ભક્તોની રક્ષા કરનારા મહાકાલ નામના જ્યોતિર્લિંગનું માહાત્મ્ય ભક્તિભાવને વધારનારું છે. એને આદરપૂર્વક સાંભળો. ઉજ્જયિનીમાં ચંદ્રસેન નામના એક મહાન રાજા હતા, જે સંપૂર્ણ શાસ્ત્રોના તત્ત્વજ્ઞ, શિવભક્ત અને જિતેન્દ્રિય હતા. શિવના પાર્ષદોમાં પ્રધાન તથા સર્વલોકવન્દિત મણિભદ્રજી રાજા ચંદ્રસેનના સખા બની ગયા હતા. એક વખતે એમણે રાજા પર પ્રસન્ન થઈને એમને ચિંતામણિ નામનો મહામણિ

આપ્યો, જે કૌસ્તુભમણિ તથા સૂર્ય સમાન દેદીપ્યમાન હતો. તે જોવાથી, સાંભળવાથી અથવા ધ્યાન કરવાથી પણ મનુષ્યને નિશ્ચય જ મંગલ પ્રદાન કરનારો મણિ હતો. ભગવાન શિવને આશ્રયે રહેનારો રાજા ચંદ્રસેન એ ચિંતામણિને કંઠમાં ધારણ કરીને જ્યારે સિંહાસન પર બેસતા, ત્યારે દેવતાઓમાં સૂર્ય નારાયણની જેમ એમની શોભા થતી. નૃપશ્રેષ્ઠ ચંદ્રસેનના કંઠમાં ચિંતામણિ શોભા વધારે છે, એ સાંભળીને સમસ્ત રાજાઓના મનમાં એ મણિ તરફ લોભની માત્રા વધી ગઈ અને તે ક્ષુબ્ધ રહેવા લાગ્યા. ત્યાર પછી એ બધા રાજા ચતુરંગિણી સેના સાથે આવીને યુદ્ધમાં ચંદ્રસેનને જીતી લેવા તૈયાર થઈ ગયા. એ બધા પરસ્પર એક થઈ ગયા, મળી ગયા અને એમની સાથે મોટું સૈન્ય પણ હતું. એમણે અંદરોઅંદર સંકેત અને સલાહ કરીને આક્રમણ કર્યું અને ઉજ્જયિનીને ચારે બાજુથી ઘેરી લીધી. પોતાની નગરીને ચારે બાજુએથી ઘેરાયેલી જાણી ચંદ્રસેન એ જ ભગવાન મહાકાલેશ્વરને શરણે ગયો. મનને સંદેહ રહિત કરીને દૃઢ નિશ્ચય સાથે ઉપવાસ કરીને દિવસ-રાત અનન્ય ભાવથી મહાકાલની આરાધના કરવા લાગ્યો.

એ અરસામાં એ શ્રેષ્ઠ નગરમાં કોઈ ગોવાલણી રહેતી હતી, જેને એકમાત્ર પુત્ર હતો. તે વિધવા હતી, અને ઉજ્જયિનીમાં બહુ દિવસોથી રહેતી હતી. તે પોતાના પાંચ વર્ષના બાળકને લઈને મહાકાલના મંદિરમાં ગઈ અને એણે રાજા ચંદ્રસેન દ્વારા કરેલી મહાપૂજા(મહાકાલની)નું આદરપૂર્વક દર્શન કર્યું. રાજાના શિવપૂજનના તે આશ્ચર્યમય ઉત્સવ જોઈને એણે પ્રણામ કર્યા અને પછી તે પોતાને નિવાસસ્થાને પાછી આવી ગઈ. ગોવાલણીના એ બાળકે પણ તે બધી પૂજા જોઈ, તેથી ઘેર આવીને કુતૂહલવશ શિવજીની પૂજા કરવાનો વિચાર કર્યો. એક સુંદર પથ્થર લાવીને એને પોતાના શિબિરથી થોડે દૂર પર બીજા શિબિરના એકાંત સ્થાનમાં મૂકી દીધો અને એને જ શિવલિંગ માનવા લાગ્યો. પછી એણે ભક્તિપૂર્વક કૃત્રિમ ગંધ, અલંકાર, વસ્ત્ર, ધૂપ, દીપ અને અક્ષત વગેરે દ્રવ્યો મેળવીને એ દ્વારા પૂજન કરીને મનઃકલ્પિત નૈવેદ્ય પણ અર્પિત કર્યું. સુંદર સુંદર પત્તાં અને પુષ્પોથી વારંવાર પૂજન કરીને જાત જાતનું નૃત્ય કર્યું અને વારંવાર ભગવાનનાં ચરણોમાં મસ્તક નમાવ્યું. એ જ સમયે ગોવાલણીએ ભગવાન શિવમાં આસક્ત ચિત્ત થયેલા પોતાના પુત્રને બહુ પ્રેમથી ભોજન માટે બોલાવ્યો પરંતુ એનું મન તો ભગવાન શિવની પૂજામાં લાગેલું હતું. તેથી જ્યારે વારંવાર બોલાવવાથી પણ એ બાળકને ભોજન કરવાની ઇચ્છા જ ન થઈ, ત્યારે એની મા જાતે એની પાસે આવી અને એને શિવજીની પાસે આંખો બંધ કરીને ધ્યાન લગાવીને બેઠેલો જોઈ એનો હાથ પકડીને ખેંચવા માંડી - આટલું કર્યું છતાં જ્યારે તે ન ઊઠ્યો, ત્યારે તેણે ક્રોધ કરીને એને ખૂબ માર માર્યો. ખેંચીને, મારપીટ કરવા છતાં જ્યારે એનો પુત્ર ન જ આવ્યો, ત્યારે તેણે તે શિવલિંગને ઉઠાવીને દૂર ફેંકી દીધું અને એના પર ચઢાવેલી બધી સામગ્રી નષ્ટ કરી દીધી. આ જોઈને બાળક 'હાય હાય' કરીને રડી ઊઠ્યો. રોષથી ભરેલી ગોવાલણી પોતાના પુત્રને ડરાવી ધમકાવીને પુનઃ ઘરમાં જતી રહી. ભગવાન શિવની પૂજાને માતા દ્વારા નષ્ટ કરેલી જોઈ તે બાળક 'હે દેવ, હે દેવ, હે મહાદેવ'નું ઉચ્ચારણ કરીને મુર્ચ્છિત થઈને સહસા પડી ગયો. એનાં નેત્રોથી આંસુઓની ધારા પ્રવાહિત થવા લાગ્યાં. બે ઘડી પણ જ્યારે એને ભાન આવ્યું, ત્યારે

તેણે આંખો ખોલી.

આંખો ખુલવા પર એ શિશુએ જોયું, એનું તે જ શિબિર ભગવાન શિવના અનુગ્રહથી તત્કાલ મહાકાલનું સુંદર મંદિર બની ગયું, મણિઓના ચમકતા થાંભલા એની શોભા વધારી રહ્યા હતા. ત્યાંથી ભૂમિ સ્ફટિકમણિથી મઢાઈ ગઈ હતી. તપાવેલા સોનાના ઘણાબધા વિચિત્ર કળશ એ શિવાલયને શોભાવી રહ્યા હતા. એનું વિશાળ દ્વાર, કપાટ અને પ્રધાન દ્વારા સુવર્ણમય જણાતાં હતાં. ત્યાં બહુમૂલ્ય નીલમણિ તથા હીરાના બનાવેલા ચબૂતરા શોભી રહ્યા હતા. એ શિવાલયના મધ્યભાગમાં ધ્યાનિધાન શંકરનું રત્નમય લિંગ પ્રતિષ્ઠિત હતું. ગોવાલણીના એ પુત્રે જોયું, એ શિવલિંગ પર એની પોતાની ચડાવેલી પૂજન-સામગ્રી સુસજ્જિત છે. આ બધું જોઈને તે બાળક સહસા ઊઠીને ઊભો થઈ ગયો. એને મનમાં ને મનમાં બહુ આશ્ચર્ય થયું અને તે પરમાનંદના સમુદ્રમાં જાણે નિમગ્ન થઈ ગયો. ત્યારબાદ ભગવાન શિવની સ્તુતિ કરીને એણે વારંવાર ચરણોમાં મસ્તક નમાવ્યું અને સૂર્યાસ્ત થયા પછી તે ગોપ-બાળક શિવાલયની બહાર આવ્યો. બહાર આવીને એણે પોતાના શિબિરને જોયો. તે ઈન્દ્રભવનની જેમ શોભી રહ્યો હતો. ત્યાં બધું જ તત્કાળ સુવર્ણમય થઈને વિચિત્ર અને પરમ ઉજ્જ્વળ વૈભવથી પ્રકાશિત થવા લાગ્યું. પછી તે પોતાના તે ભવનની અંદર ગયો, જે સર્વ પ્રકારની શોભાથી સંપન્ન હતું. એ ભવનમાં સર્વત્ર મણિ, રત્ન અને સુવર્ણ જ જડેલાં હતાં. પ્રદોષકાળમાં સાનંદ અંદર પ્રવેશ કરીને બાળકે જોયું, એની મા દિવ્ય લક્ષણોથી લક્ષિત થઈને એક સુંદર પલંગ પર સૂઈ રહી છે. રત્નમય અલંકારોથી એનાં બધાં અંગ ઉદ્દીપ્ત થઈ રહ્યાં છે અને તે સાક્ષાત્ દેવાંગના સમાન દેખાઈ રહી છે. મુખથી વિહ્વળ થયેલા એ બાળકે પોતાની માતાને ખૂબ વેગથી જગાડી. તે ભગવાન શિવની કૃપાપાત્ર બની ચૂકી હતી. ગોવાલણીએ ઊઠીને જોયું, બધું જ અપૂર્વ-શું થઈ ગયું હતું. એ મહાઆનંદમાં નિમગ્ન થઈ ગઈ અને પોતાના પુત્રને છાતી સરસો ચાંપી લીધો. પુત્રના મુખે ગિરિજાપતિના કૃપાપ્રસાદનો એ આખો વૃત્તાંત સાંભળીને ગોવાલણીએ રાજાને સૂચના આપી દીધી, જે નિરંતર ભગવાન શિવના ભજનમાં લાગ્યા રહેતા હતા. રાજા પોતાનો નિયમ પૂરો કરીને રાત્રે અચાનક ત્યાં આવ્યા અને ગોવાલણીના પુત્રનો એ પ્રભાવ, જે શંકરને સંતુષ્ટ કરનારો હતો, તે જોયો. મંત્રીઓ અને પુરોહિતો સહિત રાજા ચંદ્રસેન આ બધું જોઈને પરમાનંદના સાગરમાં ડૂબી ગયા અને નેત્રોથી પ્રેમનાં આંસુ વહેવા માંડ્યાં અને પ્રસન્નતાપૂર્વક શિવના નામનું કીર્તન કરતાં કરતાં એ બાળકને છાતી સરસો ચાંપી લીધો. હે બ્રાહ્મણો! એ સમયે ત્યાં બહુ ભારે ઉત્સવ થવા લાગ્યો. બધા લોકો આનંદવિભોર થઈને મહેશ્વરનું નામ અને યશનું કીર્તન ગાન કરવા લાગ્યા. આ રીતે શિવનું આ અદ્‌ભુત માહાત્મ્ય જોઈને પુરવાસીઓને બહુ હર્ષ થયો અને એની ચર્ચામાં એ આખી રાત એક ક્ષણની જેમ વ્યતીત થઈ ગઈ.

યુદ્ધને માટે નગરને ચારે બાજુએથી ઘેરીને ઊભેલા રાજાઓએ પણ સવારે પોતાના ગુપ્તચરોના મુખે આ આખું અદ્‌ભુત ચરિત્ર સાંભળ્યું. એ સાંભળીને બધા આશ્ચર્યચકિત થઈ ગયા અને ત્યાં આવેલા બધા નરેશ એકત્ર થઈ પરસ્પર આ પ્રમાણે બોલ્યા—'આ રાજા ચંદ્રસેન બહુ ભારે શિવભક્ત છે, તેથી એના પર વિજય મેળવવો કઠણ છે. એ સર્વથા નિર્ભય થઈને

મહાકાલની નગરી ઉજ્જયિનીનું પાલન કરે છે. જે નગરીનાં બાળક પણ આવાં શિવભક્ત છે, તે રાજા ચંદ્રસેન તો મહાન શિવભક્ત છે જ. એમની સાથે વિરોધ કરવાથી નિશ્ચય જ ભગવાન શિવ ક્રોધ કરશે અને એમના ક્રોધથી આપણે બધા લોકો નષ્ટ થઈ જઈશું. માટે આ નરેશ સાથે આપણે મેળમિલાપ જ કરી લેવો જોઈએ. આવું થવાથી મહેશ્વર આપણા પર બહુ કૃપા કરશે.'

સૂતજી કહે છે—હે બ્રાહ્મણો! આવો નિશ્ચય કરીને શુદ્ધ હૃદયવાળા એ બધા ભૂપાલોએ હથિયાર હેઠાં નાખી દીધાં. એમના મનમાંથી વેરભાવ નીકળી ગયો. એ બધા જ રાજા અત્યંત પ્રસન્ન થઈને ચંદ્રસેનની અનુમતિ લઈને મહાકાલની એ રમણીય નગરીમાં ગયા. ત્યાં એમણે મહાકાલનું પૂજન કર્યું. પછી એ બધા પેલી ગોવાલણીના મહાન અભ્યુદયપૂર્ણ દિવ્ય સૌભાગ્યની ભારે પ્રશંસા કરતાં કરતાં પોતાને ઘેર ગયા. ત્યાં રાજા ચંદ્રસેને આગળ વધીને એમનો સ્વાગત-સત્કાર કર્યો. એમને બહુમૂલ્ય આસનો પર બેસાડ્યા. એ લોકો આશ્ચર્યચકિત અને આનંદિત થઈ ગયા. ગોપબાલક પર કૃપા કરવા માટે સ્વતઃ પ્રગટ થયેલા શિવાલય અને શિવલિંગનાં દર્શન કરીને ત્યારે બધા રાજાઓએ પોતાની ઉત્તમ બુદ્ધિ ભગવાન શિવના ચિંતનમાં લગાવી તદનંતર એ બધા નરેશોએ ભગવાન શિવની કૃપા પ્રાપ્ત કરવા માટે એ ગોપશિશુને બહુ વસ્તુઓ પ્રસન્નતાપૂર્વક ભેટમાં આપી સંપૂર્ણ જનપદોમાં જે બહુસંખ્યક ગોપ રહેતા હતા, એ બધાના રાજા એમણે એ જ બાળકને બનાવી દીધો.

આ જ સમયે સમસ્ત દેવતાઓથી પૂજિત પરમ તેજસ્વી વાનરરાજ હનુમાનજી ત્યાં પ્રગટ થયા. એમના આવતાંવેંત બધા રાજા ખૂબ વેગે કરીને ઊઠીને ઊભા થઈ ગયા. એ બધાએ ભક્તિભાવથી વિનમ્ર થઈને એમને મસ્તક નમાવ્યું. રાજાઓથી પૂજિત થઈને વાનરરાજ હનુમાનજી એ સૌની વચ્ચે બેઠા અને એ ગોપબાળકને હૃદય સાથે ચાંપીને એ નરેશો તરફ જોઈને બોલ્યા, 'હે રાજાઓ! તમે બધા લોકો અને બીજા દેહધારી પણ મારી વાત સાંભળો. એથી તમારા બધાંનું ભલું થશે. ભગવાન શિવ સિવાય દેહધારીઓને માટે બીજી કોઈ ગતિ જ નથી. એ બહુ મોટા સૌભાગ્યની વાત છે કે આ ગોપબાળકે શિવની પૂજાનું દર્શન કરીને એનાથી પ્રેરણા લીધી અને વગર મંત્રે પણ શિવનું પૂજન કરીને એમને પ્રાપ્ત કરી લીધા. ગોપવંશની કીર્તિ વધારનાર આ બાળક ભગવાન શંકરનો શ્રેષ્ઠ ભક્ત છે, આ લોકમાં સંપૂર્ણ ભોગોનો ઉપભોગ કરીને અંતે એ મોક્ષ પ્રાપ્ત કરી લેશે. એની વંશપરંપરાની અંતર્ગત આઠમી પેઢીમાં મહાયશસ્વી નંદ ઉત્પન્ન થશે, જેમને ત્યાં સાક્ષાત્ ભગવાન નારાયણ એમના પુત્રરૂપે

પ્રગટ થઈને શ્રીકૃષ્ણ નામથી પ્રસિદ્ધ થશે. આજથી આ ગોપકુમાર આ જગતમાં શ્રીકર નામે વિશેષ ખ્યાતિ પ્રાપ્ત કરશે.'

સૂતજી કહે છે—હે બ્રાહ્મણો! આવું કહીને અંજનીનંદન શિવસ્વરૂપ વાનરરાજ હનુમાનજીએ સમસ્ત રાજાઓને તથા મહારાજ ચંદ્રસેનને પણ કૃપાદૃષ્ટિથી જોયા. તદનંતર એ બુદ્ધિમાન ગોપબાળક શ્રીકરને ખૂબ પ્રસન્નતાની સાથે શિવ ઉપાસનાના એ આચાર-વ્યવહારનો ઉપદેશ આપ્યો, જે ભગવાન શિવને બહુ જ પ્રિય છે. એ પછી પરમ પ્રસન્ન થયેલા હનુમાનજી ચંદ્રસેન અને શ્રીકર પાસેથી વિદાય લઈને એ બધા રાજાઓના દેખતાં જ ત્યાં અંતર્ધાન થઈ ગયા. એ બધા રાજા હર્ષમાં આવીને સન્માનિત થઈને મહારાજ ચંદ્રસેનની આજ્ઞા લઈને જેવા આવ્યા હતા તેવા જ પાછા જતા રહ્યા. મહાતેજસ્વી શ્રીકર પણ હનુમાનજીનો ઉપદેશ મેળવીને ધર્મજ્ઞ બ્રાહ્મણો સાથે શંકરજીની ઉપાસના કરવા માંડ્યો. મહારાજા ચંદ્રસેન અને ગોપબાળક શ્રીકર બંને બહુ જ પ્રસન્નતાની સાથે મહાકાલની સેવા કરતા હતા. એમની જ આરાધનાથી એ બંનેએ પરમ પદને પ્રાપ્ત કરી લીધું. આ રીતે મહાકાલ નામનું શિવલિંગ સત્પુરુષોનો આશ્રય છે. ભક્તવત્સલ શંકર દુષ્ટ પુરુષોનું સર્વથા હનન કરનારા છે. આ પરમ પવિત્ર રહસ્યમય આખ્યાન કહેવાયું છે, જે સર્વપ્રકારે સુખ આપનારું છે. એ શિવભક્તિ વધારનારું અને સ્વર્ગની પ્રાપ્તિ કરાવનારું છે. (અધ્યાય ૧૭)

*

વિન્ધ્યની તપસ્યા, ઓંકારમાં પરમેશ્વરલિંગનો પ્રાદુર્ભાવ અને એના મહિમાનું વર્ણન

ઋષિઓએ કહ્યું—હે મહાભાગ સૂતજી! આપે પોતાના ભક્તોની રક્ષા કરનારા મહાકાલ નામના શિવલિંગની બહુ અદ્‌ભુત કથા સંભળાવી છે. હવે કૃપા કરીને ચોથા શિવલિંગનો પરિચય આપો—ઓંકાર તીર્થમાં સર્વપાતકહારી પરમેશ્વરનું જે જ્યોતિર્લિંગ છે, એના આવિર્ભાવની કથા સંભળાવો.

સૂતજી બોલ્યા—હે મહર્ષિઓ! ઓંકાર તીર્થમાં પરમેશ નામે જ્યોતિર્લિંગ જે પ્રકારે પ્રગટ થયું છે તે હું બતાવું છું. પ્રેમથી સાંભળો. એક સમયની વાત છે, ભગવાન નારદ મુનિ ગોકર્ણ નામના શિવની પાસે જઈને બહુ ભક્તિપૂર્વક એમની સેવા કરવા લાગ્યા. થોડા સમય બાદ તે મુનિશ્રેષ્ઠ ત્યાંથી ગિરિરાજ વિન્ધ્ય પર આવ્યા. વિન્ધ્યે ત્યાં બહુ મોટા આદર સાથે એમનું પૂજન કર્યું. મારે ત્યાં સર્વ કાંઈ છે, કોઈ પણ વાતે કમી નથી, આવો ભાવ મનમાં રાખીને વિંધ્યાચલ નારદજીની સામે ઊભો રહી ગયો. એની એ અભિમાનભરેલી વાત સાંભળીને અહંકારનાશક નારદમુનિ દીર્ઘશ્વાસ લઈને ચૂપચાપ ઊભા રહી ગયા. આ જોઈને વિન્ધ્ય પર્વતે પૂછ્યું - 'આપે મારે ત્યાં કઈ કમી જોઈ છે? આપ આ પ્રમાણે દીર્ઘ શ્વાસ ખેંચીને ઊભા છો તેનું કારણ શું છે?'

નારદજીએ કહ્યું—'હે ભૈયા! તમારે ત્યાં બધું જ છે તો પણ મેરુ પર્વત તમારાથી બહુ

ઊંચો છે. એનો શિખરોનો વિભાગ દેવતાઓના લોકમાં પણ પહોંચેલો છે. પરંતુ તમારા શિખરનો ભાગ ત્યાં ક્યારેય નથી પહોંચી શક્યો.

સૂતજી કહે છે—આવું કહીને નારદજી ત્યાંથી જેવા આવ્યા હતા, તેવી જ રીતે ચાલ્યા ગયા. પરંતુ વિન્ધ્ય પર્વત 'મારા જીવન વગેરેને ધિક્કાર છે.' એવું વિચારતો મનમાં ને મનમાં સંતપ્ત થઈ ઊઠ્યો. સારું, 'હવે હું વિશ્વનાથ ભગવાનની શંભુની આરાધનાપૂર્વક તપસ્યા કરીશ.' આવો હાર્દિક નિશ્ચય કરીને તે ભગવાન શંકરને શરણે ગયો. તદનંતર જ્યાં સાક્ષાત્ ઓંકારની સ્થિતિ છે, ત્યાં પ્રસન્નતાપૂર્વક જઈને એણે શિવની પાર્થિવ મૂર્તિ બનાવી અને છ માસ સુધી નિરંતર શંભુની આરાધના કરીને ધ્યાનમાં તત્પર થઈને પોતાની તપસ્યાના સ્થાનેથી હાલ્યો સુધ્યાં નહીં. વિન્ધ્યાચલની આવી તપસ્યા જોઈને પાર્વતીપતિ પ્રસન્ન થઈ ગયા. એમણે વિન્ધ્યાચલને તે સ્વરૂપ બતાવ્યું. જે યોગીઓને માટે પણ દુર્લભ છે. એ પ્રસન્ન થઈને એ જ સમયે એને કહેવા લાગ્યા—'હે વિન્ધ્ય! તમે મનોવાંછિત વરદાન માગો. હું ભક્તોને મનગમતું વરદાન આપનારો છું અને તમારી તપસ્યાથી પ્રસન્ન છું.'

વિન્ધ્ય બોલ્યો—હે દેવેશ્વર શંભો! આપ તો સદાયે ભક્તવત્સલ છો જ. જો આપ મારા પર પ્રસન્ન થયા છો તો મને તે અભીષ્ટ બુદ્ધિ પ્રદાન કરો, જે પોતાના કાર્યને સિદ્ધ કરનારી હોય.

ભગવાન શંભુએ એને એ ઉત્તમ વરદાન આપી દીધું અને કહેવા લાગ્યા—'હે પર્વતરાજ વિન્ધ્ય! તમે જેવું ચાહો, તેવું કરો.' આ સમયે દેવતા તથા નિર્મળ અંતઃકરણવાળા ઋષિ ત્યાં આવ્યા અને શંકરજીની પૂજા કરીને બોલ્યા—'હે પ્રભો! આપ અહીં સ્થિરરૂપે નિવાસ કરો.'

દેવતાઓની આ વાત સાંભળીને પરમેશ્વર

શિવ પ્રસન્ન થઈ ગયા અને લોકોને સુખ આપવા માટે એમણે સહર્ષ એવું જ કર્યું. ત્યાં જે એક ઓંકારલિંગ હતું, તે બે સ્વરૂપોમાં વિભક્ત થઈ ગયું. પ્રણવમાં જે સદાશિવ હતા, તે ઓંકાર નામથી વિખ્યાત થયા અને પાર્થિવ મૂર્તિમાં જે જ્યોતિ પ્રતિષ્ઠિત થઈ, એનું નામ પરમેશ્વર થયું. (પરમેશ્વરને જ અમલેશ્વર કહે છે.) આ રીતે ઓંકાર અને પરમેશ્વર એ બંને શિવલિંગ મનોવાંછિત ફળ પ્રદાર કરનારાં છે. એ સમયે દેવતાઓ અને ઋષિઓએ બંને લિંગોની પૂજા કરી અને ભગવાન વૃષભધ્વજને સંતુષ્ટ કરીને અનેક વરદાન પ્રાપ્ત કર્યાં. ત્યાર પછી દેવતાઓ પોત-પોતાને સ્થાને ગયા અને વિન્ધ્યાચલ પણ અધિક પ્રસન્નતાનો અનુભવ કરવા લાગ્યો. એણે પોતાનું અભીષ્ટ કાર્ય સિદ્ધ કર્યું અને માનસિક પરિતાપને છોડી દીધો. જે પુરુષ આ રીતે ભગવાન શંકરનું પૂજન કરે છે, તે માતાના ગર્ભમાં ફરી આવતો નથી અને પોતાના મનોવાંછિત ફળ પ્રાપ્ત કરી લે છે.

સૂતજી કહે છે—હે મહર્ષિઓ! ઓંકારમાં જે જ્યોતિર્લિંગ પ્રગટ થયું અને એની આરાધનાથી જે ફળ મળે છે, એ બધું અહીં તમને બતાવી દીધું. એ પછી હું ઉત્તમ કેદાર નામના જ્યોતિર્લિંગનું વર્ણન કરીશ.

(અધ્યાય ૧૮)

*

કેદારેશ્વર તથા ભીમશંકર નામનાં જ્યોતિર્લિંગોના આવિર્ભાવની કથા તથા એમના માહાત્મ્યનું વર્ણન

સૂતજી કહે છે—હે બ્રાહ્મણો! ભગવાન વિષ્ણુના જે નર-નારાયણ નામના બે અવતાર છે અને ભારત વર્ષના બદરિકાશ્રમતીર્થમાં તપસ્યા કરે છે, એ બંનેએ પાર્થિવલિંગ બનાવીને એમાં સ્થિત થઈને પૂજા ગ્રહણ કરવા માટે ભગવાન શંભુને પ્રાર્થના કરી. શિવજી ભક્તોને અધીન હોવાને કારણે પ્રતિદિન એમના બનાવેલા પાર્થિવલિંગમાં પૂજિત થવા વાસ્તે આવ્યા કરતા હતા. જ્યારે એ બંનેને પાર્થિવ-પૂજન કરતાં બહુ દિવસ વીતી ગયા, ત્યારે એક સમયે પરમેશ્વર શિવે પ્રસન્ન થઈને કહ્યું—'હું તમારી આરાધનાથી બહુ જ સંતુષ્ટ છું. તમે બંને મારી પાસેથી વરદાન માગો. એ સમયે એમનું આવું કહેવું સાંભળીને નર અને નારાયણે લોકોના હિતની કામનાથી કહ્યું—'હે દેવેશ્વર! જો આપ પ્રસન્ન છો અને મને વરદાન આપવા ચાહો છો તો પોતાના સ્વરૂપથી પૂજા ગ્રહણ કરવા માટે અહીં જ સ્થિત થઈ જાઓ.'

એ બંને બંધુઓના આ પ્રકારના અનુરોધથી કલ્યાણકારી મહેશ્વર હિમાલયના એ કેદારતીર્થમાં સ્વયં જ્યોતિર્લિંગના રૂપે સ્થિત થઈ ગયા. એ બંનેથી પૂજિત થઈને સંપૂર્ણ દુઃખ અને ભયનો નાશ કરનારા શંભુ લોકો ઉપર ઉપકાર કરવા

અને ભક્તોને દર્શન દેવા માટે સ્વયં કેદારેશ્વર નામથી પ્રસિદ્ધ થઈ ત્યાં જ રહે છે. એ દર્શન અને પૂજન કરનારા ભક્તોને સદા અભીષ્ટ વસ્તુ પ્રદાન કરે છે. તે જ દિવસથી લઈને જેણે પણ ભક્તિભાવથી કેદારેશ્વરનું પૂજન કર્યું એને માટે સ્વપ્નમાં પણ દુઃખ દુર્લભ થઈ ગયું. જે ભગવાન શિવનો પ્રિય ભક્ત ત્યાં શિવલિંગની પાસે શિવના રૂપથી અંકિત વલય (કંકણ અથવા કડું) ચઢાવે છે, તે એ વલયયુક્ત સ્વરૂપનું દર્શન કરીને સમસ્ત પાપોથી મુક્ત થઈ જાય છે, સાથે જ જીવનમુક્ત પણ થઈ જાય છે. જે બદરીવનની યાત્રા કરે છે, એને પણ જીવનમુક્તિ પ્રાપ્ત થઈ જાય છે. નર અને નારાયણ તથા કેદારેશ્વર શિવનાં દર્શન કરીને તે મનુષ્ય મોક્ષનો ભાગી હોય છે, એમાં કોઈ સંશય નથી. કેદારેશ્વરમાં ભક્તિ રાખનાર જે પુરુષ ત્યાંની યાત્રાનો આરંભ કરીને એમની પાસે પહોંચતાં પહેલાં જ મરી જાય છે, તે પણ મોક્ષ મેળવે છે— એમાં વિચાર કરવાની આવશ્યકતા નથી* કેદારતીર્થમાં પહોંચીને ત્યાં પ્રેમપૂર્વક કેદારેશ્વરની પૂજા કરીને ત્યાંનું જળ પી લીધા પછી મનુષ્યનો ફરી જન્મ થતો નથી. હે બ્રાહ્મણો! આ ભારતવર્ષમાં સંપૂર્ણ જીવોએ ભક્તિભાવથી ભગવાન નર-નારાયણની તથા કેદારેશ્વર શંભુની પૂજા કરવી જોઈએ.

હવે હું ભીમશંકર નામના જ્યોતિર્લિંગનું માહાત્મ્ય કહીશ. કામરૂપ દેશમાં લોકહિતની કામનાથી સાક્ષાત્ ભગવાન શંકર જ્યોતિર્લિંગરૂપે અવતીર્ણ થયા હતા. એમનું તે સ્વરૂપ કલ્યાણ અને સુખનો આશ્રય છે. હે બ્રાહ્મણો! પૂર્વકાળમાં એક મહાપરાક્રમી રાક્ષસ થયો હતો, જેનું નામ ભીમ હતું. એ સદાયે ધર્મનો વિધ્વંસ કરતો અને સમસ્ત પ્રાણીઓને દુઃખ દેતો હતો. તે મહાબલી રાક્ષસ કુંભકર્ણના વીર્ય અને કર્કટીના ગર્ભથી ઉત્પન્ન થયો હતો તથા પોતાની માતા સાથે સહ્ય પર્વત પર નિવાસ કરતો હતો. એક દિવસ સમસ્ત લોકોને દુઃખ દેનારો ભયાનક પરાક્રમી દુષ્ટ ભીમે પોતાની માતાને પૂછ્યું - 'હે મા! મારા પિતાજી ક્યાં છે? તમે એકલાં જ કેમ રહો છો? હું એ બધું જાણવા ચાહું છું. તેથી યથાર્થ વાત બતાવો.'

કર્કટી બોલી—હે બેટા! રાવણનો નાનોભાઈ કુંભકર્ણ તારા પિતા હતા. ભાઈ સહિત મહાબલી વીરને શ્રીરામે મારી નાખ્યા. પોતાના પ્રિય સ્વામીના માર્યા જવાથી હું મારાં માતા-પિતા પાસે રહેતી હતી. એક દિવસ મારાં માતા-પિતા અગસ્ત્ય મુનિના શિષ્ય સુતીક્ષ્ણને પોતાનો આહાર બનાવવા ગયા. એ બહુ મોટા તપસ્વી અને મહાત્મા હતા. એમણે કુપિત થઈને મારાં માતા-પિતાને ભસ્મ કરી દીધાં. એ બંને મરી ગયાં. ત્યારથી હું એકલી થઈને બહુ દુઃખપૂર્વક આ પર્વત પર રહેવા લાગી. મારું કોઈ અવલંબન રહ્યું નથી. હું અસહાય અને દુઃખથી આતુર થઈને અહીં નિવાસ કરતી હતી. એ જ સમયે મહાન બલપરાક્રમી સંપન્ન રાક્ષસ દુઃખથી આતુર થઈને અહીં નિવાસ કરતી હતી. એ જ સમયે મહાન બલપરાક્રમથી સંપન્ન રાક્ષસ કુંભકર્ણ, જે રાવણના નાના ભાઈ હતા, અહીં

---

* કેદારેશસ્ય ભક્તા યે માર્ગસ્થાસ્તસ્ય વૈ મૃતાઃ। તેઽપિ મુક્તા ભવન્ત્યેવ નાત્ર કાર્યા વિચારણા॥
(શિ.પુ. કોટિરુદ્રસંહિતા ૧૮ થી ૨૨)

આવ્યા. એમણે મારી સાથે બળજબરીપૂર્વક સમાગમ કર્યો. પછી એ મને છોડીને લંકા જતા રહ્યા. ત્યાર પછી તારો જન્મ થયો. તું પણ પિતાની જેમ જ મહાન બળવાન અને પરાક્રમી થા. હવે તો હું તારે જ આશરે રહીને કાલક્ષેપ-સમય પસાર કરું છું.

સૂતજી કહે છે—હે બ્રાહ્મણો! કર્કટીની આ વાત સાંભળીને ભયાનક પરાક્રમી ભીમ કુપિત થઈને એ વિચાર કરવા લાગ્યો કે, 'હું વિષ્ણુની સાથે કેવો વર્તાવ કરું.' એમણે મારા પિતાને માર્યા. મારાં નાના-નાની (માતાના પિતા-માતાનાં માતા) પણ એમના જ ભક્તના હાથે હણાયાં. વિરાધને પણ એમણે જ મારી નાખ્યો અને આ રીતે બહુ દુઃખ દીધું. જો હું મારા પિતાને પુત્ર હોઉં તો શ્રીહરિને અવશ્ય પીડા આપીશ.'

આવો નિશ્ચય કરીને ભીમ મહાન તપ કરવા માટે ચાલી નીકળ્યો. એણે બ્રહ્માજીની પ્રસન્નતા માટે એક હજાર વર્ષ સુધી મહાન તપ કર્યું. તપસ્યાની સાથે સાથે મનમાં ન મનમાં ઇષ્ટદેવનું ધ્યાન કર્યા કરતો હતો. ત્યારે લોકપિતામહ બ્રહ્મા એને વરદાન આપવા ગયા અને આ પ્રકારે બોલ્યા.

બ્રહ્માએ કહ્યું—હે ભીમ! હું તમારા પર પ્રસન્ન છું; તમારી જે ઇચ્છા હોય, એને અનુસાર વરદાન માગો.

ભીમ બોલ્યો—હે દેવેશ્વર! હે કમલાસન! જો આપ પ્રસન્ન હો અને મને વરદાન આપવા ચાહતા હો તો આજે મને એવું બળ આપો, જેની ક્યાંય તુલના ન થાય.

સૂતજી કહે છે—આવું કહીને એ રાક્ષસે બ્રહ્માજીને નમસ્કાર કર્યા અને બ્રહ્માજી પણ એને મનોવાંછિત વરદાન આપીને પોતાને ધામ જતા રહ્યા. બ્રહ્માજી પાસેથી અત્યંત બળ મેળવીને રાક્ષસ પોતાને ઘેર આવ્યો અને માતાને પ્રણામ કરીને ખૂબ જ ગર્વથી બોલ્યો—'મા! હવે તમે મારું બળ જુઓ. હું ઇન્દ્ર વગેરે દેવતાઓ તથા એમની સહાયતા કરનાર શ્રીહરિનો મહાન સંહાર કરી દઈશ, આવું કહીને ભયાનક પરાક્રમી ભીમે પહેલા ઇન્દ્ર વગેરે દેવતાઓને જીતી લીધા અને એ બધાને પોતપોતાના સ્થાનથી બહાર કાઢી મૂક્યા. તદનંતર દેવતાઓની પ્રાર્થનાથી એમનો પક્ષ લેનાર શ્રીહરિને પણ એણે યુદ્ધમાં હરાવ્યા. પછી પ્રસન્નતાપૂર્વક પૃથ્વીને જીતવાનો પ્રારંભ કર્યો. સૌથી પહેલાં કામરૂપ દેશના રાજા સુદક્ષિણને જીતવા માટે ગયો. ત્યાંના રાજા સાથે એનું ભયંકર યુદ્ધ થયું. દુષ્ટ આતુર ભીમ બ્રહ્માજીના આપેલા વરદાનના પ્રભાવથી શિવને આશ્રયે રહેનારા મહાવીર મહારાજ સુદક્ષિણને હરાવી દીધો અને સર્વ સામગ્રીસહિત એનું રાજ્ય તથા સર્વસ્વ પોતાના અધિકારમાં કરી લીધું. ભગવાન શિવના પ્રિય ભક્ત ધર્મપ્રેમી પરમ ધર્માત્મા રાજાને પણ એણે કેદ કરી લીધા અને એમના પગોમાં બેડી નાખીને એકાંત સ્થાનમાં ગોંધી રાખ્યા. ત્યાં એમણે ભગવાનની પ્રીતિ માટે શિવની ઉત્તમ પાર્થિવ મૂર્તિ બનાવીને તેનું જ ભજન-પૂજન શરૂ કરી દીધું. એમણે વારંવાર ગંગાજીની સ્તુતિ કરી અને માનસિક સ્નાન વગેરે કરીને પાર્થિવપૂજનની વિધિથી શંકરની પૂજા સંપન્ન કરી. વિધિપૂર્વક ભગવાન શિવનું ધ્યાન કરીને તે પ્રણવયુક્ત પંચાક્ષરમંત્ર (ૐ નમઃ શિવાય)નો જપ કરવા લાગ્યા. હવે એમને બીજું કોઈ કામ કરવા માટે નવરાશ જ મળતી ન હતી. એ દિવસોમાં એમની સાધ્વી

પત્ની રાજવલ્લભા દક્ષિણા પ્રેમપૂર્વક પાર્થિવ પૂજન કર્યા કરતાં હતાં. તે દંપતી અનન્યભાવે ભક્તોનું કલ્યાણ કરનારા ભગવાન શંકરનું ભજન કરતાં અને પ્રતિદિન એમની જ આરાધનામાં તત્પર રહેતાં હતાં. પેલી તરફ એ રાક્ષસ વરદાનના અભિમાનથી મોહિત થઈ યજ્ઞકર્મ વગેરેનો લોપ કરવા લાગ્યો અને બધાંને કહેવા લાગ્યો—'તમે લોકો સર્વ કાંઈ મને જ આપી દો' હે મહર્ષિઓ! દુરાત્મા રાક્ષસોની બહુ મોટી સેના સાથે લઈને આખી પૃથ્વીને પોતાના વશમાં કરી લીધી. ને વેદો, શાસ્ત્રો, સ્મૃતિઓ અને પુરાણોમાં બતાવેલા ધર્મનો લોપ કરીને શક્તિશાળી હોવાને કારણે બધાનો ઉપભોગ સ્વયં કરવા લાગ્યો.

ત્યારે બધા દેવતા તથા ઋષિ અત્યંત પીડિત થઈને મહાકોશીના તટ પર ગયા અને શિવની આરાધના તથા સ્તવન કરવા લાગ્યા. એમની આવી સ્તુતિ કરવાથી ભગવાન શિવ અત્યંત પ્રસન્ન થઈને દેવતાઓને કહેવા લાગ્યા - 'હે દેવગણ તથા મહર્ષિઓ! હું પ્રસન્ન છું. વરદાન માગો. તમારું કયું કાર્ય સિદ્ધ કરું?'

દેવતા બોલ્યા—હે દેવેશ્વર! આપ અંતર્યામી છો, તેથી બધાંના મનની બધી વાતો જાણો છો. આપથી કશું જ અજ્ઞાત નથી. હે પ્રભો! હે મહેશ્વર! કુંભકર્ણથી ઉત્પન્ન કર્કટીનો બલવાન પુત્ર રાક્ષસ ભીમ બ્રહ્માજીના આપેલા વરદાનથી શક્તિશાળી થઈ દેવતાઓને નિરંતર પીડા આપી રહ્યો છે. તેથી આપ આ દુઃખદાયી રાક્ષસનો નાશ કરી દો. અમારા ઉપર કૃપા કરો. વિલંબ કરશો નહિ.

શંભુએ કહ્યું—હે દેવતાઓ! કામરૂપ દેશના રાજા સુદક્ષિણ મારા શ્રેષ્ઠ ભક્ત છે. એમને મારો એક સંદેશ પહોંચાડી દો. પછી તમારું કાર્ય શીઘ્ર જ પૂરું થયું સમજો. એમને કહેજો - 'હે કામરૂપ દેશના અધિપતિ મહારાજ સુદક્ષિણ! પ્રભો! તમે મારા વિશેષ ભક્ત છો. તેથી પ્રેમપૂર્વક મારું ભજન કરો. દુષ્ટ રાક્ષસ ભીમ બ્રહ્માજી પાસેથી વરદાન મેળવીને પ્રબળ થઈ ગયો છે. એટલા માટે એણે તમારો તિરસ્કાર કર્યો છે. પરંતુ હવે હું એ દુષ્ટને મારી નાખીશ એમાં સંદેહ નથી.'

સૂતજી કહે છે—હે બ્રાહ્મણો! ત્યારે એ બધા બ્રાહ્મણોએ પ્રસન્નતાપૂર્વક ત્યાં જઈને એ મહારાજને શંભુની કહેલી બધી વાત કહી સંભળાવી - એમને એ સંદેશ કહીને દેવતાઓ અને મહર્ષિઓને ખૂબ આનંદ પ્રાપ્ત થયો. એ બધા શીઘ્ર જ પોતપોતાને આશ્રયે જતા રહ્યા.

આ બાજુ ભગવાન શિવ પણ પોતાના ગણોની સાથે લોકહિતની કામનાથી પોતાના ભક્તની રક્ષા કરવા માટે સાદર એમની પાસે ગયા અને ગુપ્ત રૂપે ત્યાં જ રહી ગયા. આ જ સમયે કામરૂપ નરેશે પાર્થિવ શિવ સામે ગાઢ ધ્યાન લગાવવાનું શરૂ કર્યું. એટલામાં જ કોઈ રાક્ષસે જઈને કહી દીધું કે રાજા તમારા (નાશને માટે) કોઈ પુરશ્ચરણ કરી રહ્યા છે.

આ સમાચાર સાંભળતાં જ તે રાક્ષસ કુપિત થઈ ગયાં અને મારી નાખવાની ઇચ્છાથી ખુલ્લી તલવાર હાથમાં લઈને રાજા પાસે ગયો. ત્યાં પાર્થિવ વગેરે જે સામગ્રી સ્થિત હતી, એને જોઈને એના પ્રયોજન અને સ્વરૂપને સમજીને રાક્ષસે એ માની લીધું કે રાજા મારે માટે જ કશું કરી રહ્યા છે.

તેથી 'બધી સામગ્રીસહિત આ નરેશને હું બળપૂર્વક હમણાં જ નષ્ટ કરી દઉં છું. એવો વિચાર કરીને એ મહાક્રોધી રાક્ષસે રાજાને બહુ

ધમકાવ્યો, ડરાવ્યો અને પૂછ્યું, 'શું કરી રહ્યા છો?' રાજાએ ભગવાન શંકર પર રક્ષાનો ભાર સોંપીને કહ્યું—'હું ચરાચર જગતના સ્વામી ભગવાન શિવનું પૂજન કરું છું.' ત્યારે રાક્ષસ ભીમે ભગવાન શંકર પ્રતિ બહુ જ તિરસ્કારયુક્ત દુર્વચન કરીને રાજાને ધમકાવ્યા અને ભગવાન શંકરના પાર્થિવ લિંગ પર તલવાર ચલાવી. એ તલવાર એ પાર્થિવલિંગનો સ્પર્શ સુધ્ધાં ન કરી શકી કે એનાથી સાક્ષાત્ ભગવાન હર ત્યાં પ્રગટ થઈ ગયા અને બોલ્યા—'જો, હું ભીમેશ્વર છું અને પોતાના ભક્તની રક્ષા કાજે પ્રગટ થયો છું. મારું પહેલાંથી જ એ વ્રત છે કે હું સદા પોતાના ભક્તનું રક્ષણ કરું. એટલા માટે ભક્તોને સુખ આપનાર મારા બળ તરફનો દૃષ્ટિપાત કર.'

આવું કહીને ભગવાન શિવે પિનાકથી એની તલવારના બે ટુકડા કરી દીધા. ત્યારે રાક્ષસે પાછું પોતાનું ત્રિશૂળ ચલાવ્યું, પરંતુ શંભુએ એ દુષ્ટના ત્રિશલના પણ સેંકડો ટુકડા કરી નાખ્યા. તદનંતર શંકરજીની સાથે એનું ઘોર યુદ્ધ થયું જેથી સમગ્ર જગત ક્ષુબ્ધ થઈ ગયું. ત્યારે નારદજીએ આવીને ભગવાન શંકરને પ્રાર્થના કરી.

નારદ બોલ્યા—હે લોકોને ભ્રમમાં નાખનાર મહેશ્વર! મારા નાથ! આપ ક્ષમા કરો. ક્ષમા કરો. તરાખલાને કાપવા માટે કુહાડી ચલાવવાની શી જરૂર છે. શીઘ્ર જ આનો સંહાર કરી દો.

નારદજીની આ પ્રકારે પ્રાર્થના કરવાથી ભગવાન શંભુએ હુંકારમાત્રથી એ સમયે સમસ્ત રાક્ષસોને ભસ્મ કરી દીધા. હે મુને! બધા દેવતાઓના દેખતાં દેખતાં જ શિવજીએ એ બધા રાક્ષસોને બાળી દીધા. તદનંતર ભગવાન શંકરની કૃપાથી ઇન્દ્ર વગેરે સમસ્ત દેવતાઓ અને મુનીશ્વરોને શાંતિ મળી તથા સંપૂર્ણ જગત સ્વસ્થ થયું. એ સમયે દેવતાઓ અને વિશેષતઃ મુનિઓએ ભગવાન શંકરની પ્રાર્થના કરી, કે 'હે પ્રભો! આપ લોકોને અહીં સુખ આપવા માટે સદા નિવાસ કરો. આ દેશ નિન્દિત મનાયો છે. અહીં આવનારા લોકોને ઘણું કરીને દુઃખ જ પ્રાપ્ત થાય છે. પરંતુ આપનાં દર્શન કરવાથી અહીં બધાંનું કલ્યાણ થશે. આપ ભીમશંકરના નામે વિખ્યાત થશો. સર્વના સંપૂર્ણ મનોરથોની સિદ્ધિ કરશો. આપનું આ જ્યોતિર્લિંગ સદા પૂજનીય અને સમસ્ત આપત્તિઓનું નિવારણ કરનારું થશે.'

સૂતજી કહે છે—હે બ્રાહ્મણો! એમની આ પ્રકારની પ્રાર્થના કરવાથી લોકહિતકારી અને ભક્તવત્સલ પરમ સ્વતંત્ર શિવ પ્રસન્નતાપૂર્વક ત્યાં જ સ્થિત થઈ ગયા.

(અધ્યાય ૧૯-૨૧)

*

વિશ્વેશ્વર જ્યોતિર્લિંગ અને એમના મહિમાના પ્રસંગમાં પંચકોશીની મહત્તાનું પ્રતિપદન

સૂતજી કહે છે—હે મુનિવરો! હવે હું કાશીના વિશ્વેશ્વર નામના શિવલિંગનું માહાત્મ્ય બતાવીશ, જે મહાપાતકોનો પણ નાશ કરનારું છે. તમે લોકો સાંભળો, આ ભૂતલ પર જે કોઈ પણ વસ્તુ દૃષ્ટિગોચર થાય છે, તે સચ્ચિદાનંદરૂપ, નિર્વિકાર અને સનાતન બ્રહ્મરૂપ છે. પોતાના

કૈવલ્ય (અદ્વૈત) ભાવમાં જ રમનારા એ અદ્વિતીય પરમાત્મામાં ક્યારેક એકથી બે થઈ જવાની ઇચ્છા જાગૃત થઈ* પછી તે જ પરમાત્મા સગુણરૂપે પ્રગટ થઈને શિવ કહેવાયા. એ શિવ જ પુરુષ અને સ્ત્રી બે રૂપોમાં પ્રગટ થઈ ગયા. એમાં જે પુરુષ હતો, એનું 'શિવ' નામ થયું અને સ્ત્રી થઈ, એને 'શક્તિ' કહે છે. એ ચિદાનંદસ્વરૂપ શિવ અને શક્તિએ સ્વયં અદૃષ્ટ રહીને સ્વભાવથી જ બે ચેતન (પ્રકૃતિ અને પુરુષ)ની સૃષ્ટિ કરી. હે મુનિવરો! એ બંને માતા-પિતાને એ સમયે સામે ન જોઈને એ બંને પ્રકૃતિ અને પુરુષ મહાન સંશયમાં પડી ગયાં. એ સમયે નિર્ગુણ પરમાત્માથી આકાશવાણી પ્રગટ થઈ—'તમારે બંનેએ તપસ્યા કરવી જોઈએ. પછી તમારાથી પરમ ઉત્તમ સૃષ્ટિનો વિસ્તાર થશે.'

તે પ્રકૃતિ અને પુરુષ બોલ્યાં—'હે પ્રભો! હે શિવ! તપસ્યાને માટે તો કોઈ સ્થાન જ નથી. પછી અમે બંને આ સમયે ક્યાં સ્થિત થઈને આપની આજ્ઞા અનુસાર તપ કરીએ.'

ત્યારે નિર્ણય શિવે તેજના સારભૂત પાંચ કોસ લાંબા-પહોળા શુભ અને સુંદર નગરનું નિર્માણ કર્યું, જે એમનું પોતાનું જ સ્વરૂપ-નિજ સ્વરૂપ હતું. એ બધાં જ જરૂરી ઉપકરણોથી યુક્ત હતું. એ નગરનું નિર્માણ કરીને એમણે એ બંનેને માટે મોકલ્યું. એ નગર આકાશમાં પુરુષ પાસે આવીને સ્થિત થઈ ગયું. ત્યારે પુરુષ—શ્રીહરિએ એ નગરમાં સ્થિત થઈને સૃષ્ટિની કામનાથી શિવનું ધ્યાન કરતાં કરતાં ઘણાં વર્ષો સુધી તપ કર્યું. એ સમયે પરિશ્રમને કારણે એમના શરીરમાંથી શ્વેત જલની અનેક ધારાઓ પ્રગટ થઈ, જેનાથી આખું શૂન્ય આકાશ વ્યાપ્ત થઈ ગયું. ત્યાં બીજું કશું જ નજરે પડતું ન હતું. એ જોઈને ભગવાન વિષ્ણુ મનમાં ને મનમાં બોલી ઊઠ્યા - આ કેવી અદ્‌ભુત વસ્તુ જણાયા કરે છે? એ સમયે આ આશ્ચર્ય જોઈને એમણે પોતાનું મસ્તક હલાવ્યું, જેથી એ પ્રભુની સામે જ એમના એક કાનથી મણિ પડી ગયો. જ્યાં તે મણિ પડ્યો, તે સ્થાન મણિકર્ણિકા નામનું મહાન તીર્થ થઈ ગયું. જ્યારે પૂર્વોક્ત જલરાશિમાં જ્યારે તે આખી પંચકોશી ડૂબવા લાગી, વહેવા લાગી, ત્યારે નિર્ગુણ શિવે શીઘ્ર જ એને પોતાના ત્રિશૂળ દ્વારા ધારણ કરી લીધી. પછી વિષ્ણુએ પોતાની પત્ની પ્રકૃતિ સાથે ત્યાં જ શયન કર્યું. ત્યારે એમની નાભિમાંથી એક કમળ પ્રગટ થયું અને એ કમળથી બ્રહ્મા ઉત્પન્ન થયા. એમની ઉત્પત્તિમાં પણ શંકરનો આદેશ જ કારણ હતું. તદનંતર એમણે શિવ પાસેથી આજ્ઞા મેળવીને

*"स द्वितीयमैच्छत्' (બૃહદારણ્યક ઉ. ૧-૪-૩) એ શ્રુતિથી પણ આ જ વાત સિદ્ધ થાય છે.

અદ્‌ભુત સૃષ્ટિનો આરંભ કર્યો. બ્રહ્માજીએ બ્રહ્માંડમાં ચૌદ ભુવન બનાવ્યાં. બ્રહ્માંડનો વિસ્તાર મહર્ષિઓએ પચાશ કરોડ યોજનનો બતાવ્યો છે. પછી ભગવાન શિવે એમ વિચાર્યું કે - 'બ્રહ્માંડની અંદર કર્મપાશથી, બંધાયેલાં પ્રાણીઓ મને કેવી રીતે પ્રાપ્ત કરી શકશે? આવું વિચારીને એમણે મુક્તિદાયિની પંચક્રોશીને આ જગતમાં છોડી દીધી.

"આ પંચક્રોશી કાશી લોકમાં કલ્યાણદાયિની, કર્મબંધનનો નાશ કરનારી, જ્ઞાનદાત્રી તથા મોક્ષને પ્રકાશિત કરનારી માનવામાં આવી છે. તેથી મને પરમ પ્રિય છે. અહીં સ્વયં પરમાત્માએ 'અવિમુક્ત'લિંગની સ્થાપના કરી છે. તેથી હે મારા અંશભૂત હરે! તમારે આ ક્ષેત્રનો ત્યાગ ન કરવો જોઈએ." આવું કહીને ભગવાન હરે કાશીપુરીને સ્વયં પોતાના ત્રિશૂળ પર ઉતારીને મૃત્યુલોક જગતમાં છોડી દીધી. બ્રહ્માજીનો એક દિવસ પૂરો થઈ જવાથી જ્યારે આખા જગતનો પ્રલય થઈ જાય છે, ત્યારે પણ નિશ્ચય જ આ કાશીપુરીનો નાશ થતો નથી હોતો. એ સમયે ભગવાન શિવ એને પોતાના ત્રિશૂળ પર ધારણ કરી લે છે અને જ્યારે બ્રહ્મા દ્વારા પુનઃ નવી સૃષ્ટિ કરવામાં આવે છે, ત્યારે એને ફરીથી તે આ ભૂતલ પર સ્થાપિત કરી દે છે. કર્મોનું કર્ષણ કરવાથી જ આ પુરીને 'કાશી' કહે છે. કાશીમાં અવિમુક્તેશ્વર લિંગ સદા બિરાજમાન રહે છે. એ મહાપાતકી પુરુષોને પણ મોક્ષ પ્રદાન કરનારું (અવિમુક્તેશ્વરલિંગ) છે. હે મુનીશ્વરો! અન્ય મોક્ષદાયક ધામોમાં સારૂપ્ય વગેરે મુક્તિ પ્રાપ્ત થાય છે. કેવળ આ કાશીમાં જ જીવોને સાયુજ્ય નામની સર્વોત્તમ મુક્તિ સુલભ થાય છે. જેમની ક્યાંય ગતિ થતી નથી. એમને માટે વારાણસી પુરી જ ગતિ છે. મહાપુણ્યમયી પંચક્રોશી કરોડો હત્યાઓનો વિનાશ કરનારી છે. અહીં સમસ્ત અમરગણ પણ મરણની ઇચ્છા કરે છે. પછી બીજાઓની તો વાત જ શી. આ શંકરની પ્રિય નગરી કાશી સદા ભોગ અને મોક્ષ પ્રદાન કરનારી છે.

કૈલાસના પતિ, જે અંદરથી સત્ત્વગુણી અને બહારથી તમોગુણી કહેવાય છે, કાલાગ્નિ રુદ્ર નામે વિખ્યાત છે. તે નિર્ગુણ હોવા છતાં પણ સગુણરૂપે પ્રગટ થયેલા શિવ છે. એમણે વારંવાર પ્રણામ કરીને નિર્ગુણ શિવને આ પ્રમાણે કહ્યું.

રુદ્ર બોલ્યા—હે વિશ્વનાથ! હે મહેશ્વર, ! હું આપનો જ છું, એમાં સંશય નથી. હે સામ્બ મહાદેવ! મુજ આત્મજ પર કૃપા કરો. હે જગત્પતે! લોકહિતની કામનાથી આપે અહીં જ રહેવું જોઈએ. હે જગન્નાથ! હું આપને પ્રાર્થના કરું છું. આપ અહીં રહીને જીવોનો ઉદ્ધાર કરો.

સૂતજી કહે છે—ત્યારબાદ મન અને ઇન્દ્રિયોને વશમાં રાખનાર અવિમુક્તે પણ શંકરને વારંવાર પ્રાર્થના કરી નેત્રોથી આંસુ વહેવડાવીને જ પ્રસન્નતાપૂર્વક કહ્યું.

અવિમુક્ત બોલ્યા—કાલરૂપી રોગના સુંદર ઔષધ હે દેવાધિદેવ મહાદેવ! આપ વાસ્તવમાં ત્રણે લોકોના સ્વામી તથા બ્રહ્મા અને વિષ્ણુ વગેરે દ્વારા પણ સેવનીય છો, હે દેવ! કાશીપુરીને આપ પોતાની રાજધાની તરીકે સ્વીકારો. હું અચિંત્ય સુખની પ્રાપ્તિ માટે અહીં સદા આપનું ધ્યાન લગાવીને સ્થિર ભાવથી બેસી રહીશ. આપ જ મુક્તિ આપનારા તથા સંપૂર્ણ કામનાઓના પૂરક છો. બીજું કોઈ નથી. તેથી

આપ પરોપકારને માટે ઉમાસહિત સદા અહીં બિરાજમાન રહો. હે સદાશિવ! આપ સમસ્ત જીવોને સંસારસાગરથી પાર કરો. હે હર! હું વારંવાર પ્રાર્થના કરું છું કે આપના ભક્તોનાં કાર્યો આપ સિદ્ધ કરો.

સૂતજી કહે છે—હે બ્રાહ્મણો! જ્યારે વિશ્વનાથે ભગવાન શંકરને આ રીતે પ્રાર્થના કરી, ત્યારે સર્વેશ્વર શિવ સમસ્ત લોકોનો ઉપકાર કરવા વાસ્તે ત્યાં જ બિરાજમાન થઈ ગયા. જે દિવસે ભગવાન શિવ કાશીમાં આવી ગયા, એ જ દિવસથી કાશી સર્વશ્રેષ્ઠ પુરી થઈ ગઈ.

(અધ્યાય ૨૨)

*

વારાણસી તથા વિશ્વેશ્વરનું માહાત્મ્ય

સૂતજી કહે છે—હે મુનીશ્વરો! હું સંક્ષેપથી જ વારાણસી તથા વિશ્વેશ્વરના પરમ સુંદર માહાત્મ્યનું વર્ણન કરું છું, સાંભળો. એક સમયની વાત છે કે પાર્વતી દેવીએ લોક-હિતની કામનાથી બહુ પ્રસન્નતાથી ભગવાન શિવને અવિમુક્ત ક્ષેત્ર અને અવિમુક્ત લિંગનું માહાત્મ્ય પૂછ્યું.

ત્યારે પરમેશ્વર શિવે કહ્યું—આ વારાણસી પુરી સદાને માટે મારું ગુહ્યતમ ક્ષેત્ર છે અને બધા જીવોની મુક્તિનો સર્વથા હેતુ છે. આ ક્ષેત્રમાં સિદ્ધગણ સદા મારા વ્રતનો આશ્રય લઈ વિવિધ પ્રકારના વેશ ધારણ કરીને મારા લોકને પ્રાપ્ત કરવાની ઇચ્છા રાખીને જિતાત્મા અને જિતેન્દ્રિય થઈ નિત્ય મહાયોગનો અભ્યાસ કરે છે. એ ઉત્તમ મહાયોગનું નામ છે પાશુપત યોગ. એનું શ્રુતિઓ દ્વારા પ્રતિપાદન થયું છે. એ ભોગ અને મોક્ષરૂપ ફળ પ્રદાન કરનારો છે. હે મહેશ્વરિ! વારાણસી પુરીમાં નિવાસ કરવાનું મને સદાયે ખૂબ જ ગમે છે, સારું લાગે છે. જે કારણથી હું બધું જ છોડીને કાશીમાં રહું છું, એ બતાવું છું. સાંભળો. જે મારો ભક્ત તથા મારા તત્ત્વનો જ્ઞાની છે, એ બંને અવશ્ય જ મોક્ષના ભાગી હોય છે. એમને માટે તીર્થની અપેક્ષા નથી. વિહિત અને અવિહિત બંને પ્રકારનાં કર્મ એમને માટે સમાન છે. એમને જીવન્મુક્ત જ સમજવા જોઈએ. એ બંને ગમે ત્યાં મૃત્યુ પામે, તરત જ મોક્ષ પ્રાપ્ત કરી લે છે. આ મેં નિશ્ચિત વાત કહી છે. હે સર્વોત્તમશક્તિ દેવી ઉમે! આ પરમ ઉત્તમ અવિમુક્ત તીર્થમાં જે વિશેષ વાત છે, એને તમે મન દઈને સાંભળો. બધા વર્ણ અને સમસ્ત આશ્રમોના લોકો ચાહે તે બાળક, જવાન યા વૃદ્ધ કોઈ પણ કેમ ન હોય - જો આ પુરીમાં મૃત્યુ પામે તો મુક્ત થઈ જાય છે, એમાં સંશય નથી. સ્ત્રી અપવિત્ર હોય અથવા પવિત્ર હોય, કુમારી હોય અથવા વિવાહિતા, વિધવા હોય કે વન્ધ્યા હોય, રજસ્વલા, પ્રસૂતા, સંસ્કારહીન અથવા જેવી તેવી અને કેવી પણ કેમ ન હોય. જો તે આ ક્ષેત્રમાં મરે તો અવશ્ય તે મોક્ષની ભાગિની બની જાય છે, એમાં સંદેહ નથી. સ્વેદજ, અંડજ, ઉદ્ભિજ્જ અથવા જરાયુજ જેવાં પ્રાણી અહીં મરે ત્યારે મોક્ષ પ્રાપ્ત કરે છે. એવું બીજું કાંઈ ક્યાંય નથી પ્રાપ્ત થતું. હે દેવી! અહીં મરનારાને નથી તો જ્ઞાનની અપેક્ષા કે

નથી ભક્તિની અપેક્ષા; નથી તો કર્મની અપેક્ષા કે દાનની અપેક્ષા ન તો ક્યારેય સંસ્કૃતિની અપેક્ષા છે અને ન તો ધર્મની અપેક્ષા છે. અહીં નામકીર્તન, પૂજન તથા ઉત્તમ જાતિની પણ અપેક્ષા હોતી નથી. જે મનુષ્ય મારા આ મોક્ષદાયક ક્ષેત્રમાં નિવાસ કરે છે. તે ગમે તે રીતે મૃત્યુ પામે, એને માટે મોક્ષની પ્રાપ્તિ સુનિશ્ચિત છે. હે પ્રિયે! મારું આ દિવ્ય પુર ગુહ્યથી પણ ગુહ્યતર છે. બ્રહ્મા વગેરે દેવતા પણ એના માહાત્મ્યને જાણતા નથી. એટલા માટે આ મહાન ક્ષેત્ર અવિમુક્ત નામથી પ્રસિદ્ધ છે, કેમકે નૈમિષ વગેરે બધાં તીર્થોથી શ્રેષ્ઠ છે. આ તીર્થ મૃત્યુ થવાથી જરૂર મોક્ષ આપનાર છે. ધર્મનો સાર સત્ય છે, મોક્ષનો સાર સમતા છે તથા સમસ્ત ક્ષેત્રો અને તીર્થોનો સાર આ 'અવિમુક્ત' તીર્થ (કાશી) છે - એવી વિદ્વાનોની માન્યતા છે. ઇચ્છા અનુસાર ભોજન, શયન, ક્રીડા તથા વિવિધ કર્મોનું અનુષ્ઠાન કરતાં કરતાં પણ મનુષ્ય જો આ અવિમુક્ત તીર્થમાં પ્રાણ ત્યાગ કરે તો એને મોક્ષ મળી જાય છે. જેમનાં ચિત્ત વિષયોમાં આસક્ત છે અને જેમણે ધર્મની રુચિ છોડી દીધી છે તે પણ આ ક્ષેત્રમાં મૃત્યુને પ્રાપ્ત થાય તો પુનઃ સંસાર-બંધનમાં નથી પડતો. તો પછી જે મમતારહિત, ધીર, સત્ત્વગુણી, દંભહીન, કર્મકુશળ અને કર્તાપણાના અભિમાનરહિત હોવાને કારણે કોઈ પણ કર્મ આરંભ ન કરનારા છે તેમની તો વાત જ શી. એ બધા મુજમાં સ્થિત છે.

આ કાશીપુરીમાં શિવભક્તો દ્વારા અનેક શિવલિંગ સ્થાપિત થયાં છે. હે પાર્વતી! એ સંપૂર્ણ મનોવાંછિતને આપનારાં તથા મોક્ષદાયક છે. ચારે દિશાઓમાં પાંચ પાંચ કોસ ફેલાયેલું આ ક્ષેત્ર 'અવિમુક્ત' કહેવાય છે. એ સર્વપ્રકારે મોક્ષદાયક છે. જીવને મૃત્યુકાળમાં આ ક્ષેત્ર ઉપલબ્ધ થઈ જાય તો એને અવશ્ય મોક્ષની પ્રાપ્તિ થાય છે. જો નિષ્પાપ મનુષ્ય કાશીમાં મરે તો એનો તત્કાલ મોક્ષ થઈ જાય છે અને જો પાપી મનુષ્ય મરી જાય છે, તે કાયવ્યૂહોને પ્રાપ્ત થઈ જાય છે. એને પહેલાં યાતનાનો અનુભવ કરીને પછી મોક્ષની પ્રાપ્તિ થાય છે. હે સુંદરી! જે આ અવિમુક્ત ક્ષેત્રમાં પાતક કરે છે, તે હજારો વર્ષો સુધી ભૈરવી યાતના પામીને પાપનું ફળ ભોગવ્યા પછી જ મોક્ષ પામે છે. શતકોટિ કલ્પોમાં પણ પોતાનાં કરેલાં કર્મોનો ક્ષય થતો નથી. જીવે પોતાના દ્વારા કરેલાં શુભાશુભ કર્મનાં ફળ અવશ્ય જ ભોગવવાં પડે છે. કેવળ અશુભ કર્મ નરક અપાવે છે, કેવળ શુભ કર્મ સ્વર્ગની પ્રાપ્તિ કરાવે છે તથા શુભ અને અશુભ બંને કર્મોથી મનુષ્ય-યોનિની પ્રાપ્તિ કહેવામાં આવી છે. હે પાર્વતી! જ્યારે શુભ અને અશુભ બંનેયે કર્મોનો ક્ષય થઈ જાય છે, ત્યારે જીવને સાચા મોક્ષની પ્રાપ્તિ થાય છે. જો કોઈએ પૂર્વજન્મમાં આદરપૂર્વક કાશીનાં દર્શન કર્યાં છે તો એને આ જન્મમાં કાશીમાં પહોંચીને મૃત્યુની પ્રાપ્તિ થાય છે. જે મનુષ્ય કાશી જઈને ગંગામાં સ્નાન કરે છે, એનાં ક્રિયમાણ અને સંચિત કર્મોનો નાશ થઈ જાય છે, પરંતુ પ્રારબ્ધ કર્મ ભોગવ્યા વિના નષ્ટ થતું નથી. એ નિશ્ચિત વાત છે. જેની કાશીમાં મુક્તિ થઈ જાય છે. એનાં પ્રારબ્ધ કર્મનો પણ ક્ષય થઈ જાય છે. હે પ્રિયે! જેણે એક બ્રાહ્મણને પણ કાશીવાસ કરાવ્યો છે તે સ્વયં પણ કાશીવાસનો અવસર મેળવીને મોક્ષ લાભ કરી લે છે.

સૂતજી કહે છે—હે મુનિવરો! આ રીતે

કાશીનું તથા વિશ્વેશ્વરલિંગનું પ્રચુર માહાત્મ્ય બતાવાયું છે, જે સત્પુરુષોને ભોગ અને મોક્ષ પ્રદાન કરનારાં છે. આ પછી હું ત્ર્યંબક નામના જ્યોતિર્લિંગનું માહાત્મ્ય બતાવીશ, જેને સાંભળીને મનુષ્ય ક્ષણભરમાં સમસ્ત પાપથી મુક્ત થઈ જાય છે. (અધ્યાય ૨૩)

*

ત્ર્યમ્બક જ્યોતિર્લિંગના પ્રસંગમાં ગૌતમ દ્વારા થયેલા પરોપકારની કથા, એમના તપના પ્રભાવથી અક્ષય જલ પ્રાપ્ત કરીને ઋષિઓની અનાવૃષ્ટિના કષ્ટથી રક્ષા કરવી; ઋષિઓનું છલપૂર્વક એમને ગોહત્યામાં ફસાવીને આશ્રમથી કાઢી મૂકવા અને શુદ્ધિનો ઉપાય બતાવવો

સૂતજી કહે છે—હે મુનિવરો! સાંભળો; મેં સદ્‌ગુરુ વ્યાસજીના મુખે જેવી સાંભળી છે એ જ રૂપે એક પાપનાશક કથા તમને સંભળાવી રહ્યો છું. પૂર્વકાળની વાત છે, ગૌતમ નામથી વિખ્યાત એક શ્રેષ્ઠ ઋષિ રહેતા હતા, જેમની પરમ ધાર્મિક પત્નીનું નામ અહલ્યા હતું. દક્ષિણ દિશામાં જે બ્રહ્મગિરિ છે ત્યાં એમણે દશ હજાર વર્ષો સુધી તપસ્યા કરી હતી. ઉત્તમ વ્રતનું પાલન કરનાર હે મહર્ષિઓ! એક સમયે ત્યાં સો વર્ષો સુધી બહુ મોટો ભયાનક અવર્ષણ (દુકાળ) થઈ ગયો. બધા લોકો મહાન દુઃખમાં પડી ગયા. આ ભૂતલ પર ક્યાંય ભીનું પાન પણ દેખાતું ન હતું. પછી જીવોના આધારભૂત જલની ક્યાં વાત જ રહી. જલ ક્યાંથી દૃષ્ટિગોચર થાય. આ સમયે મુનિ, મનુષ્ય, પશુ, પક્ષી અને મૃગ બધાં ત્યાંથી દશે દિશાઓમાં ચાલ્યાં ગયાં. ત્યારે ગૌતમ ઋષિએ છ માસ તપ કરીને વરુણને પ્રસન્ન કરી લીધા. વરુણે પ્રગટ થઈને વરદાન માગવા કહ્યું - ઋષિએ વૃષ્ટિ માટે પ્રાર્થના કરી. વરુણે કહ્યું—'દેવતાઓના વિધાનની વિરુદ્ધ વૃષ્ટિ ન કરીને હું તમારી ઇચ્છા અનુસાર તમને સદા અક્ષય રહેનારું જલ આપું છું. તમે એક ખાડો તૈયાર કરો.'

એમના આવા કહેવા પર ગૌતમે એક હાથનો ઊંડો ખાડો ખોદ્યો અને વરુણે એને દિવ્ય જલ દ્વારા ભરી દીધો તથા પરોપકારથી સુશોભિત થનારા મુનિશ્રેષ્ઠ ગૌતમને કહ્યું—'હે મહામુને! ક્યારેય ક્ષીણ ન થનારું આ જળ તમારે માટે તીર્થરૂપ થશે અને પૃથ્વી પર તમારા જ નામે એની ખ્યાતિ થશે. અહીં કરેલાં દાન, હોમ, તપ, દેવપૂજન તથા પિતરોનું શ્રાદ્ધ - બધું જ અક્ષય થશે.'

આવું કહીને એ મહર્ષિથી પ્રશંસિત થઈને વરુણ દેવ અંતર્ધાન થઈ ગયા. એ જલ દ્વારા બીજાઓનો ઉપકાર કરીને મહર્ષિ ગૌતમને પણ બહુ જ સુખ મળ્યું. મહાત્મા પુરુષનો આશ્રય મનુષ્યો માટે મહત્ત્વની પ્રાપ્તિ કરાવનાર હોય છે. મહાન પુરુષ જ મહાત્માના એ સ્વરૂપને દેખે છે, સમજે છે, બીજા અધમ મનુષ્યો નથી જોઈ - સમજી શકતા - મનુષ્ય જેવા પુરુષનો સંગ - સેવન કરે છે, એવું જ ફળ પ્રાપ્ત કરે છે. મહાન પુરુષની સેવાથી મહત્તા મળે છે અને ક્ષુદ્રની સેવાથી ક્ષુદ્રતા મળે છે. ઉત્તમ પુરુષોનો સ્વભાવ જ છે કે એ બીજાનાં દુઃખો સહન કરી

શકતો નથી. પોતાનો દુઃખ પ્રાપ્ત થઈ જાય. એને પણ સ્વીકારી લે છે, પરંતુ બીજાનાં દુઃખોનું નિવારણ જ કરે છે. દયાળુ, અભિમાનશૂન્ય, ઉપકારી અને જિતેન્દ્રિય - એ પુણ્યના ચાર થાંભલા છે, જેના આધાર પર પૃથ્વી ટકી રહી છે.*

ત્યાર પછી ગૌતમજી ત્યાં એ પરમ દુર્લભ જળને મેળવીને વિધિપૂર્વક નિત્ય નૈમિત્તિક કર્મ કરવા લાગ્યા. એ મુનીશ્વરે ત્યાં નિત્ય હોમની સિદ્ધિને માટે ડાંગર, જવ અને અનેક પ્રકારનાં નીવાર (એક પ્રકારના ચોખા વગેરે) વાવી દીધાં. જાતજાતનાં ધાન્ય, વિવિધ પ્રકારનાં વૃક્ષ અને અનેક પ્રકારનાં ફળ-ફૂલ ત્યાં લહેરાવા માંડ્યાં. એ સમાચાર સાંભળીને ત્યાં બીજા હજારો ઋષિ-મુનિઓ, પશુ-પક્ષી અને બહુસંખ્યક જીવ જઈને રહેવા લાગ્યાં. આ વન આખા ભૂમંડળમાં બહુ જ સુંદર થઈ ગયું. એ અક્ષય જલના સંયોગથી અનાવૃષ્ટિ ત્યાંને માટે દુઃખદાયિની ન રહી. એ વનમાં અનેક શુભ કર્મપરાયણ ઋષિ પોતાના શિષ્ય, ભાર્યા અને પુત્રો વગેરે સાથે વાસ કરવા લાગ્યા. એમણે કાલક્ષેપ કરવા માટે ત્યાં ડાંગર વાવી દીધી. ગૌતમજીના પ્રભાવથી એ વનમાં ચારે બાજુએ આનંદ છવાઈ ગયો.

એક વાર ત્યાં ગૌતમના આશ્રમમાં જઈને વસેલી બ્રાહ્મણની સ્ત્રીઓ જલને નિમિત્ત બનાવી અહલ્યા પર નારાજ થઈ ગઈ. એમણે એમના પતિને પણ ઉશ્કેર્યા. એ લોકોએ ગૌતમનું અનિષ્ટ કરવા માટે ગણેશજીની આરાધના કરી. ભક્તપરાધીન ગણેશજીએ પ્રગટ થઈને વરદાન માગવા કહ્યું, ત્યારે તે બોલ્યા - 'હે ભગવન! જો આપ અમને વરદાન આપવા ચાહતા હો તો કોઈ એવો ઉપાય કરો, જેનાથી બધા ઋષિઓ ડરાવી ધમકાવીને ગૌતમને આશ્રમથી બહાર કાઢી મૂકે.'

ગણેશજીએ કહ્યું—હે ઋષિઓ! તમે બધા સાંભળો. આ સમયે તમે ઉચિત કાર્ય નથી કરી રહ્યા. કોઈ પણ અપરાધ વગર એમના પર ક્રોધ કરવાને કારણે તમારી હાનિ જ થશે. જેમણે પહેલાં ઉપકાર કર્યો હોય, એમને જો દુઃખ દેવામાં આવે તો તે પોતાને માટે હિતકારક નથી હોતું. જ્યારે ઉપકારીને દુઃખ દેવામાં આવે છે, ત્યારે તેનાથી આ જગતમાં પોતાનો જ નાશ થાય છે* આવી તપસ્યા કરીને ઉત્તમ ફળની સિદ્ધિ કરી શકાય છે. સ્વયં જ શુભફળનો પરિત્યાગ કરીને અહિતકારક ફળને ગ્રહણ કરાતું નથી. બ્રહ્માજીએ જે આ કહ્યું છે કે અસાધુ ક્યારેય સાધુતાને અને સાધુ ક્યારેય અસાધુતાને ગ્રહણ નથી કરતા, આ વાત નિશ્ચય જ સાચી

---

* ઉત્તમાનાં સ્વભાવોઽયં પરદુઃખસહિષ્ણુતા॥
સ્વયં દુઃખં ચ સમ્પ્રાપ્તં મન્યતેઽન્યસ્ય વાર્યતે।
દયાલુરમદસ્પર્શ ઉપકારી જિતેન્દ્રિયઃ॥
એનૈશ્ચ પુણ્યસ્તંભૈસ્તુ ચતુર્ભિર્ધાર્યતે મહી।
(શિ.પુ. કોટિ. સં. ૨૪/૨૪-૨૬)

* અપરાધં બિના તસ્મૈ ક્રુધ્યતાં હાનિરેવ ચ॥
ઉપસ્કૃતં પુરા યૈસ્તુ તેભ્યો દુઃખં હિતં નહિ।
યદા ચ દીયતે દુઃખં તદા નાશો ભવેદિહ॥
(શિ.પુ.કો.રુ. સં. ૨૫/૧૪-૧૫)

પવાસને કારણે જ્યારે તમારે
ાવવું પડ્યું, ત્યારે મહર્ષિ
સ્થા કરીને તમને સૌને સુખ
મયે તમે બધા લોકો એમને
. સંસારમાં આવું કાર્ય કરવું
આ વાત ઉપર તમે બધા
કરી લો. સ્ત્રીઓની શક્તિથી
લોકો જો મારી વાત નહીં
આ વર્તાવ ગૌતમને માટે
જ થશે એમાં કોઈ સંશય
ગૌતમ તમને પુનઃ નિશ્ચય
ી એમની સાથે છળ કરવું
એટલા માટે તમે કોઈ બીજું

છે—હે બ્રાહ્મણો! મહાત્મા
આ વાત કહી, તે યદ્યપિ
હતી, તો પણ એમણે તેનો
. ત્યારે ભક્તોને અધીન
વકુમારે કહ્યું—'તમે લોકોએ
ા કરી છે, એને હું અવશ્ય
ાનું હશે તે તો થઈને જ
હીને તે અંતર્ધાન થઈ ગયા.
પછી એ દુષ્ટ ઋષિઓના
ને પ્રાપ્ત થયેલા વરદાનને
ટિત થઈ એ સાંભળો. ત્યાં
જે ડાંગર અને જવ હતા,

એ તણખલાંનો સ્પર્શ થતાં જ ગાય પૃથ્વી પર પડી ગઈ અને ઋષિના દેખતાં દેખતાં જ એ જ ક્ષણે મરી ગઈ.

તે બીજા-બીજા (દ્વિજી) બ્રાહ્મણ અને એમની દુષ્ટ સ્ત્રીઓ ત્યાં સંતાઈને બધું જોઈ રહ્યાં હતાં. એ ગાય પડીને મરી ગઈ કે તરત જ એ બધા સાથે બોલી ઊઠ્યા—'ગૌતમે આ શું કરી નાખ્યું?' ગૌતમ પણ આશ્ચર્યચકિત થઈને, અહલ્યાને બોલાવીને વ્યથિત હૃદયથી દુઃખપૂર્વક બોલ્યા—'હે દેવી! આ શું થઈ ગયું, કેવી રીતે થઈ ગયું? લાગે છે કે પરમેશ્વર મારા પર કુપિત થઈ ગયા છે. હવે શું કરું? ક્યાં જાઉં? મને હત્યા લાગી ગઈ.'

આ જ સમયે બ્રાહ્મણો અને એમની પત્નીઓ ગૌતમને ધમકાવવા લાગ્યાં અને દુર્વચનો દ્વારા અહલ્યાને પીડિત કરવા લાગ્યાં. એમના દુર્બુદ્ધિ શિષ્ય અને પુત્ર પણ ગૌતમને વારંવાર ધિક્કારવા અને ફિટકાર કરવા લાગ્યા.

બ્રાહ્મણો બોલ્યા—હવે તમારે તમારું મોં બતાવવું ન જોઈએ. અહીંથી જાઓ, જાઓ. ગોહત્યારાનું મુખ જોઈ જવાય તો તત્કાલ વસ્ત્રસહિત સ્નાન કરવું જોઈએ. જ્યાં સુધી તમે આ આશ્રમમાં રહેશો, ત્યાં સુધી અગ્નિદેવ અને પિતર અમારા આપેલ હવ્યકવ્યને ગ્રહણ નહીં કરે (કાવ્ય = પિંડ વગેરે). એટલા માટે હે પાપી ગોહત્યારા! તમે પરિવાર સહિત અહીંથી અન્યત્ર

અન્યત્ર જઈને રહીશ' એવું કહીને ગૌતમ તે સ્થાનથી તત્કાળ નીકળી ગયા અને એ બધાંની આજ્ઞાથી એક કોસ દૂર જઈને એમણે પોતાને માટે આશ્રમ બનાવ્યો. ત્યાં પણ જઈને એ બ્રાહ્મણોએ કહ્યું—'જ્યાં સુધી તમારા પર હત્યા લાગી છે, ત્યાં સુધી તમારે કોઈ યજ્ઞ-યાગાદિ કર્મ ન કરવાં જોઈએ. કોઈ પણ વૈદિક દેવયજ્ઞ અથવા પિતૃયજ્ઞનું અનુષ્ઠાન કરવાનો તમને અધિકાર રહ્યો નથી.' મુનિવર ગૌતમ એમના કથન અનુસાર કોઈ પણ રીતે એક પક્ષ પસાર કરીને એ દુઃખથી દુઃખી થઈને વારંવાર એ મુનિઓ પાસે પોતાની શુદ્ધિ માટે પ્રાર્થના કરવા લાગ્યા. એમણે દીનભાવે પ્રાર્થના કરી ત્યારે એ બ્રાહ્મણોએ કહ્યું—'હે ગૌતમ! તમે તમારા પાપનો પ્રગટ કરીને ત્રણ વાર આખી પૃથ્વીની પરિક્રમા કરો. પછીથી - ફરી આવીને અહીં એક માસ સુધી વ્રત કરો. એ પછી આ હતા. બ્રહ્મગિરિની એકસો એક પરિક્રમા કરો ત્યાર પછી જ તમારી શુદ્ધિ થશે અથવા ગંગાજીને લઈ આવીને એમના જળથી સ્નાન કરો તથા એક કરોડ પાર્થિવલિંગ બનાવીને મહાદેવજીની આરાધના કરો. પછી ગંગામાં સ્નાન કરીને આ પર્વતની અગિયાર વાર પરિક્રમા કરો. તત્પશ્ચાત્ સો ઘડાના જળથી પાર્થિવ શિવલિંગને સ્નાન કરાવવાથી તમારો ઉદ્ધાર થશે.' એ ઋષિઓના આ પ્રકારના કથન પર ગૌતમે - બહુ સારું - કહીને એમની વાત માની લીધી. તે બોલ્યા—'હે મુનિવરો! હું આપ શ્રીમાનોની આજ્ઞાથી અહીં પાર્થિવપૂજન તથા બ્રહ્મગિરિની પરિક્રમા કરીશ.' આવું કહીને મુનિશ્રેષ્ઠ ગૌતમે એ પર્વતની પરિક્રમા કર્યા પછી પાર્થિવલિંગોનું નિર્માણ કરીને એમનું પૂજન કર્યું. સાધ્વી અહલ્યાએ પણ સાથે રહીને બધું જ કર્યું. એ સમયે શિષ્ય-પ્રશિષ્ય એ બંનેની સેવા કરતા (અધ્યાય ૨૪-૨૫)

*

પત્નીસહિત ગૌતમની આરાધનાથી સંતુષ્ટ થઈ ભગવાન શિવે એમને દર્શન આપ્યાં, ગંગાને ત્યાં સ્થાપિત કરીને સ્વયં શિવ પણ ત્યાં સ્થિર થઈ ગયા, દેવતાઓનું જ્યારે બૃહસ્પતિ સિંહ રાશિ પર આવે, ત્યાં આવવું, ગંગાજીના વિશેષ માહાત્મ્યનો સ્વીકાર કરવો, ગંગાનું ગૌતમી (અથવા ગોદાવરી) નામે અને શિવનું ત્ર્યંબક જ્યોતિર્લિંગ નામે વિખ્યાત થવું તથા એ બંનેનો મહિમા

સૂતજી કહે છે—પત્ની સહિત ગૌતમ ઋષિની આ પ્રકારે આરાધના કરવાથી સંતુષ્ટ થયેલા ભગવાન શિવ ત્યાં શિવા અને પ્રમથગણો સાથે પ્રગટ થઈ ગયા. તદનંતર પ્રસન્ન થયેલા કૃપાનિધાન શંકરે કહ્યું—'હે મહામુને! હું તમારી ઉત્તમ ભક્તિથી બહુ પ્રસન્ન છું. તમે કોઈ વરદાન માગો.' એ સમયે મહાત્મા શંભુના સુંદર રૂપને જોઈને આનંદિત થયેલા ગૌતમે ભક્તિભાવથી શંકરને પ્રણામ કરીને એમની સ્તુતિ કરી. લાંબી સ્તુતિ અને પ્રણામ કરીને

બંને હાથ જોડીને તે એમની સામે ઊભા રહી ગયા અને બોલ્યા—'હે દેવ! મને નિષ્પાપ કરી દો.'

ભગવાન શિવે કહ્યું—'હે મુને! તમે ધન્ય છો. કૃતકૃત્ય છો અને સદાયે જ નિષ્પાપ છો. એ દુષ્ટોએ તમારી સાથે છળ કર્યું છે. જગતના લોકો તમારાં દર્શનથી પાપરહિત થઈ જાય છે. પછી સદા મારી ભક્તિમાં તત્પર રહેનારા તમે

શું પાપી હોઈ શકો? હે મુને! જે દુરાત્માઓએ તમારા પર અત્યાચાર કર્યો છે, એ જ પાપી, દુરાચારી અને અત્યાચારી છે. એમનાં દર્શનથી

મહર્ષિ, જેમણે મારે માટે પરમ કલ્ કર્યું છે. એમના એ દુરાચારથી જ સ્વાર્થ સિદ્ધ થયો છે.

ગૌતમની આ વાત સાંભળીને પ્રસન્ન થયા. એમણે ગૌતમને કૃપા એમને શીઘ્ર જ આમ ઉત્તર અ

શિવજી બોલ્યા—હે વિપ્રવ છો. બધા ઋષિઓમાં શ્રેષ્ઠતર છ પર બહુ પ્રસન્ન થયો છું. એવું મારી પાસેથી વરદાન માગો.

ગૌતમ બોલ્યા—હે નાથ! આ કહો છો, તેમ છતાં પાંચ માણસ દીધું અથવા કરી દીધું, તે અન્ય શકતું. એટલે જે થઈ ગયું તે ભલે જો આપ પ્રસન્ન છો તો મને ગંગ અને આવું કરીને લોકોનો મહાન આપને મારા નમસ્કાર છે, નમ

આમ કહીને ગૌતમે દેવેશ્વર બંને ચરણારવિંદ પકડી લીધાં અને કામનાથી એમને નમસ્કાર કર્યા. પૃથિવી અને સ્વર્ગના સારભૂત

ઉત્તમ તીર્થ અને વિવિધ પ્રકારનાં ક્ષેત્ર ત્યાં આવી પહોંચ્યાં. એ બધાંએ બહુ આદરથી જયજયકાર કરતા ગૌતમ, ગંગા અને ગિરિશાયી શિવનું પૂજન કર્યું. ત્યાર પછી એ સર્વ દેવતાઓએ મસ્તક નમાવીને હાથ જોડીને એ સર્વની પ્રસન્નતાપૂર્વક સ્તુતિ કરી. એ સમયે પ્રસન્ન થયેલા ગંગા અને ગિરીશે એમને કહ્યું—'હે શ્રેષ્ઠ દેવતાઓ! વરદાન માગો. તમારું પ્રિય કરવાની ઇચ્છાથી એ વરદાન અમે તમને આપીશું.'

દેવતા બોલ્યા—હે દેવેશ્વર! જો આપ સંતુષ્ટ છો અને હે સરિતાઓમાં શ્રેષ્ઠ ગંગે! જો તમે પણ પ્રસન્ન છો તો અમારા તથા મનુષ્યોનું પ્રિય કરવા આપ લોકો કૃપાપૂર્વક અહીં નિવાસ કરો.

ગંગા બોલ્યાં—હે દેવતાઓ! પછી તો સર્વનું પ્રિય કરવા માટે તમે લોકો સ્વયં જ અહીં કેમ નથી રહેતા? હું તો ગૌતમજીના પાપનું પ્રક્ષાલન કરીને જેવી આવી છું એવી જ પાછી જતી રહીશ. આપના સમાજમાં અહીં મારી કોઈ વિશેષતા સમજી જાય છે, એ વાતની ખબર શી રીતે પડે? જો તમે મારી વિશેષતા સિદ્ધ કરી શકો તો હું અવશ્ય અહીં રહીશ—એમાં સંશય નથી.

બધા દેવતાઓએ કહ્યું—હે સરિતાઓમાં શ્રેષ્ઠ ગંગે! બધાના પરમ સુહૃદ બૃહસ્પતિનું જ્યારે જ્યારે સિંહ રાશિ પર સ્થિત થશે, ત્યારે ત્યારે અમે બધા લોકો અહીં આવ્યા કરીશું—

સમસ્ત લોકો પર અનુગ્રહ અને અમારું પ્રિય કરવા વાસ્તે અહીં નિત્ય નિવાસ કરવો જોઈએ. ગુરુ જ્યાં સુધી સિંહરાશિ પર રહેશે, ત્યાં સુધી અમે અહીં નિવાસ કરીશું. એ સમયે તમારાં જલમાં ત્રિકાલ સ્નાન અને ભગવાન શંકરનાં દર્શન કરીને અમે શુદ્ધ થઈશું. પછી તમારી આજ્ઞા લઈને પોતાને સ્થાને પાછા જઈશું.

સૂતજી કહે છે—આ રીતે એ દેવતાઓ તથા મહર્ષિ ગૌતમની પ્રાર્થનાથી ભગવાન શંકર અને સરિતાઓમાં શ્રેષ્ઠ ગંગા બંને ત્યાં સ્થિત ગયાં. ત્યાંની ગંગા ગૌતમી (ગોદાવરી) નામે વિખ્યાત થઈ અને ભગવાન શિવનું જ્યોતિર્મય લિંગ ત્ર્યમ્બક કહેવાયું. આ જ્યોતિર્લિંગ મહાન પાતકોનો નાશ કરનારું છે એ દિવસથી માંડીને જ્યારે જ્યારે બૃહસ્પતિ સિંહ રાશિમાં સ્થિત થાય છે, ત્યારે ત્યારે બધાં તીર્થ, ક્ષેત્ર, દેવતા, પુષ્કર વગેરે સરોવર, ગંગા વગેરે નદીઓ તથા શ્રીવિષ્ણુ વગેરે દેવગણ અવશ્ય જ ગૌતમીના તટ પર પધારે છે અને વાસ કરે છે. એ બધા જ્યાં સુધી ગૌતમીને કિનારે રહે છે, ત્યાં સુધી પોતાના સ્થાન પર એમનું કોઈ ફળ હોતું નથી. જ્યારે તે પોતાના પ્રદેશમાં પાછા ફરે છે, ત્યારે જ ત્યાં એમના સેવનનું ફળ મળે છે. આ ત્ર્યમ્બક નામે પ્રસિદ્ધ જ્યોતિર્લિંગ ગૌતમીના તટ પર સ્થિત છે અને મોટાં મોટાં પાતકોનો નાશ કરનારું છે. જે ભક્તિભાવથી આ ત્ર્યમ્બક લિંગનાં દર્શન, પૂજન, સ્તવન અને વંદન કરે છે તે સમસ્ત પાપથી મુક્ત થઈ જાય છે. ગૌતમ દ્વારા પૂજિત ત્ર્યમ્બક નામે જ્યોતિર્લિંગ આ લોકમાં સમસ્ત મનોવાંછિતને આપનારું છે. પરલોકમાં ઉત્તમ મોક્ષ પ્રદાન કરનારું છે. હે મુનીશ્વરો! આ રીતે તમે જે કાંઈ પૂછ્યું હતું એ બધું મેં તમને કહી સંભળાવ્યું. હવે વધારે શું સાંભળવા ચાહો છો તે, કહો. હું એ જ તમને કહીશ એમાં સંશય નથી.

(અધ્યાય ૨૬)

*

વૈદ્યનાથેશ્વર જ્યોતિર્લિંગના પ્રાગટ્યની કથા તથા મહિમા

સૂતજી કહે છે—હવે હું વૈદ્યનાથેશ્વર જ્યોતિર્લિંગના પાપહારી માહાત્મ્યનું વર્ણન કરીશ. સાંભળો. રાક્ષસરાજ રાવણ જે બહુ જ અભિમાની અને પોતાનો અહંકાર પ્રગટ કરનારો હતો, ઉત્તમ પર્વત કૈલાસ પર ભક્તિભાવથી ભગવાન શિવની આરાધના કરી રહ્યો હતો. થોડો સમય આરાધના કર્યા પછી પણ જ્યારે મહાદેવજી પ્રસન્ન ન થયા, ત્યારે તે શિવની પ્રસન્નતા માટે બીજું તપ કરવા માંડ્યો. પુલસ્ત્યકુલનંદન શ્રીમાન્ સિદ્ધના સ્થાનભૂત હિમાલય પર્વતની દક્ષિણે વૃક્ષોથી ભરેલા વનમાં પૃથ્વી પર એક બહુ મોટો ખાડો ખોદીને એમાં અગ્નિની સ્થાપના કરી અને એની પાસે જ ભગવાન શિવને સ્થાપિત કરીને એણે હવન આરંભ કર્યો. ગ્રીષ્મ ઋતુમાં એ પાંચ અગ્નિની વચમાં બેસતો, વર્ષા ઋતુમાં મેદાનમાં ચોરાયબૂતરા પર સૂતો અને શિયાળામાં જળની અંદર ઊભો રહેતો. આ રીતે ત્રણ પ્રકારથી એની તપસ્યા ચાલતી હતી. આ રીતે રાવણે બહુ તપ કર્યું તો પણ દુરાત્માઓ માટે જેમને ખુશ કરવાનું કામ કઠણ છે, તે પરમાત્મા મહેશ્વર એના પર પ્રસન્ન ન થયા. ત્યારે મહામનસ્વી દૈત્યરાજ રાવણે પોતાનું મસ્તક કાપીને શંકરજીનું પૂજન કરવાનો આરંભ કર્યો. વિધિપૂર્વક શિવની પૂજા કરીને તે પોતાનું એક મસ્તક કાપતો અને

ભગવાનને સમર્પિત કરી દેતો હતો. આ રીતે એણે ક્રમશઃ પોતાનાં નવ મસ્તક કાપી નાખ્યાં. જ્યારે એક જ મસ્તક બાકી રહી ગયું, ત્યારે ભક્તવત્સલ ભગવાન શંકર સંતુષ્ટ અને પ્રસન્ન થઈ ત્યાં જ એની સામે પ્રગટ થઈ ગયા. ભગવાન શિવે એનાં બધાં મસ્તકોને પૂર્વવત્ નીરોગ કરીને એને એની ઇચ્છા અનુસાર અનુપમ ઉત્તમ બળ પ્રદાન કર્યું. ભગવાન શિવનો કૃપાપ્રસાદ મેળવીને રાક્ષસ રાવણે નતમસ્તક થઈને હાથ જોડીને એમને કહ્યું—'હે દેવેશ્વર! પ્રસન્ન થઈ જાઓ. હું આપને લંકામાં લઈ જાઉં છું. આપ મારા આ મનોરથને સફળ કરો. હું આપને શરણે આવ્યો છું.'

રાવણના આવા કથન પર ભગવાન શંકર ભારે સંકટમાં પડી ગયા અન્યમનસ્ક, ઉદાસ અને ખિન્ન થઈને બોલ્યા—'હે રાક્ષસરાજ! મારી સારગર્ભિત વાત સાંભળો. તમે મારા આ ઉત્તમ લિંગને ભક્તિભાવથી પોતાને ઘેર લઈ જાઓ. પરંતુ જ્યારે તમે એને ક્યાંય ભૂમિ પર મૂકી દેશો, ત્યારે તે ત્યાં જ સુસ્થિર થઈ જશે એમાં સંદેહ નથી. હવે તમારી જેવી ઇચ્છા હોય, તેવું કરો.'

સૂતજી કહે છે—હે બ્રાહ્મણો! ભગવાન શંકરના આ કથન પર રાક્ષસરાજ રાવણ 'બહુ સારું' કહીને તે શિવલિંગ સાથે લઈને પોતાના ઘર તરફ ચાલી નીકળ્યો. પરંતુ માર્ગમાં ભગવાન શિવની માયાથી લઘુશંકાની ઇચ્છા થઈ. પુલસ્ત્યનંદન રાવણ સામર્થ્યશાળી હોવા પર પણ લઘુશંકાના આવેગને રોકી ન શક્યો. આ જ સમયે ત્યાં આસપાસ એક ભરવાડને જોઈને એણે પ્રાર્થનાપૂર્વક તે શિવલિંગ એના હાથમાં પકડાવી દીધું અને સ્વયં લઘુશંકા માટે બેઠો. એક મુહૂર્ત જેટલો સમય વીતતાં વીતતાં તે ભરવાડ એ શિવલિંગના ભારથી અત્યંત પીડિત થઈને વ્યાકુળ થઈ ગયો, ત્યારે તેણે તે શિવલિંગને પૃથ્વી પર મૂકી દીધું. પછી તો હીરકમય શિવલિંગ ત્યાં જ સ્થિત થઈ ગયું. એ દર્શનમાત્રથી સંપૂર્ણ મનોવાંછિત આપનારું અને પાપરાશિનું

હરણ કરનારું થયું. હે મુને! એ જ શિવલિંગ ત્રણે લોકોમાં વૈદ્યનાથેશ્વર નામે પ્રસિદ્ધ થયું, જે સત્પુરુષોને ભોગ અને મોક્ષ આપનારું છે. આ દિવ્ય ઉત્તમ અને શ્રેષ્ઠ જ્યોતિર્લિંગ દર્શન અને પૂજનથી પણ સમસ્ત પાપનું હરણ કરી લે છે અને મોક્ષની પ્રાપ્તિ કરાવે છે. એ શિવલિંગ જ્યારે સંપૂર્ણ લોકોના હિતને માટે ત્યાં જ સ્થિત ગયું, ત્યારે રાવણ ભગવાન શિવનું પરમ ઉત્તમ વરદાન પામીને પોતાને ઘેર જતો રહ્યો. ત્યાં જઈને એ મહાન અસુરે બહુ હર્ષ સાથે પોતાની પ્રિયા મંદોદરીને બધી વાતો કહી સંભળાવી. ઇન્દ્ર વગેરે સંપૂર્ણ દેવતાઓ અને નિર્મળ મુનિઓએ જ્યારે આ સમાચાર સાંભળ્યા, ત્યારે તે પરસ્પર સલાહ કરીને ત્યાં આવ્યા. એ બધાંનું મન ભગવાન શિવમાં લાગેલું હતું. એ બધા દેવતાઓએ એ સમયે ત્યાં બહુ પ્રસન્નતાની સાથે શિવનું વિશેષ પૂજન કર્યું.

ત્યાં ભગવાન શંકરનાં પ્રત્યક્ષ દર્શન કરીને દેવતાઓએ એ શિવલિંગની વિધિવત્ સ્થાપના કરી એનું નામ 'વૈદ્યનાથ રાખીને એની વંદના અને સ્તવન કરીને તે સ્વર્ગલોકમાં ચાલ્યા ગયા.

ઋષિઓએ પૂછ્યું—હે સૂતજી! જ્યારે તે લિંગ ત્યાં સ્થિત થઈ ગયું તથા રાવણ પોતાને ઘેર જતો રહ્યો, ત્યારે ત્યાં કઈ ઘટના ઘટિત થઈ—એ આપ બતાવો.

સૂતજીએ કહ્યું—હે બ્રાહ્મણો! ભગવાન શિવનું પરમ ઉત્તમ વરદાન મેળવીને મહાન અસુર રાવણ પોતાને ઘેર ચાલ્યો ગયો. ત્યાં એણે એની પ્રિયાને બધી વાતો કહી અને તે અત્યંત આનંદનો અનુભવ કરવા લાગ્યો. આ બાજુ આ સમાચાર સાંભળીને દેવતા ગભરાઈ ગયા કે ખબર નહીં ક્યારે આ દેવદ્રોહી રાવણ ભગવાન શિવના વરદાનથી બળ મેળવીને કોણ જાણે શું યે કરશે. એમણે નારદજીને મોકલ્યા. નારદજીએ જઈને રાવણને કહ્યું—'તમે કૈલાસ પર્વતને ઊંચકો, ત્યારે ખબર પડે કે શિવનું આપેલું વરદાન કેટલું સફળ થયું છે.' રાવણને આ વાત ગમી ગઈ, મનમાં ઠસી ગઈ. એણે જઈને કૈલાસને ઉખાડી લીધો. એથી સમગ્ર કૈલાસ ઘણઘણી, હાલી ઊઠ્યો. ત્યારે ગિરિજાના કહેવાથી મહાદેવજીએ રાવણને ઘમંડી, અભિમાની સમજીને આ રીતે શાપ આપ્યો.

મહાદેવજી બોલ્યા—રે રે દુષ્ટ ભક્ત દુર્બુદ્ધિ રાવણ! તું તારા બળ પર આટલો ઘમંડ, આટલું અભિમાન ન કર. તારી આ ભુજાઓના ઘમંડને ચૂર કરનારો વીર પુરુષ શીઘ્ર જ આ જગતમાં અવતીર્ણ થશે.

સૂતજી કહે છે—આ રીતે ત્યાં જે ઘટના થઈ એને નારદજીએ સાંભળી. રાવણ પર પ્રસન્ન ચિત્ત થઈને જેવો આવ્યો હતો, એવી જ રીતે પોતાને ઘેર ચાલ્યો ગયો. આ રીતે મેં વૈદ્યનાથેશ્વરનું માહાત્મ્ય કહ્યું છે. આને સાંભળનારા મનુષ્યનાં પાપ ભસ્મ થઈ જાય છે.

(અધ્યાય ૨૭-૨૮)

*

નાગેશ્વર નામના જ્યોતિર્લિંગનો પ્રાદુર્ભાવ અને એનો મહિમા

સૂતજી કહે છે—હે બ્રાહ્મણો! હવે હું પરમાત્મા શિવના નાગેશ નામના પરમ ઉત્તમ જ્યોતિર્લિંગના આવિર્ભાવનો પ્રસંગ સંભળાવીશ. દારુકા નામની કોઈ પ્રસિદ્ધ રાક્ષસી હતી, જે પાર્વતીના વરદાનથી સદા ઘમંડથી ભરેલી રહેતી હતી. અત્યંત બળવાન રાક્ષસ દારુક એનો પતિ હતો. એણે ઘણાબધા રાક્ષસોને સાથે લઈને ત્યાં સત્પુરુષોનો સંહાર કરીને ઉત્પાત્ત મચાવી દીધો હતો. એ લોકોના યજ્ઞ અને ધર્મનો નાશ કર્યા કરતો હતો અને સ્વચ્છંદ વિચરણ કર્યા કરતો હતો. પશ્ચિમ સમુદ્રના તટ પર એનું એક વન હતું, જે સંપૂર્ણ સમૃદ્ધિઓથી ભરેલું રહેતું હતું. એ વનનો વિસ્તાર બધી બાજુએથી સોળ યોજન હતો. દારુકા પોતાના વિલાસ માટે જ્યાં જતી હતી, ત્યાં જ ભૂમિ, વૃક્ષ તથા અન્ય બધાં ઉપકરણોથી યુક્ત વન પણ ચાલ્યું જતું હતું. દેવી પાર્વતીએ એ વનની દેખરેખનો ભાર દારુકાને સોંપી દીધો હતો. દારુકા પોતાના પતિ સાથે ઇચ્છા અનુસાર એમાં વિચરણ કર્યા કરતી હતી. રાક્ષસ દારુક પોતાની પત્ની દારુકા સાથે ત્યાં રહીને બધાને ભય પમાડતો હતો. એથી પીડિત થયેલી પ્રજાએ મહર્ષિ ઔર્વની શરણમાં

જઈને પોતાનાં દુઃખ સંભળાવ્યાં. ઔર્વએ શરણાગતોની રક્ષા માટે રાક્ષસોને એ શાપ આપી દીધો કે 'આ રાક્ષસ જો પૃથ્વી પર પ્રાણીઓની હિંસા અથવા યજ્ઞોનો વિધ્વંસ કરશે તો એ જ સમયે તે પોતાના પ્રાણોથી હાથ ધોઈ બેસશે.' દેવતાઓએ જ્યારે આ વાત સાંભળી, ત્યારે એમણે દુરાચારી રાક્ષસો પર ચડાઈ કરી દીધી. રાક્ષસો ગભરાયા. જો તે લડાઈમાં દેવતાઓને મારે તો મુનિના શાપને કારણે સ્વયં મરી જાય અને જો નથી મારતા તો પરાજિત થઈને ભૂખે મરી જાય છે. એ અવસ્થામાં રાક્ષસી દારુકાએ કહ્યું કે, 'ભવાનીના વરદાનથી હું આખા વનને ગમે ત્યાં ચાહું ત્યાં લઈ જઈ શકું છું!' આમ કહીને સમસ્ત વનને જેવું હતું તેવું જ લઈ જઈને સમુદ્રમાં વસી. રાક્ષસ લોકો પૃથ્વી પર ન રહીને જળમાં નિર્ભય થઈને રહેવા લાગ્યા, અને ત્યાં પ્રાણીઓને પીડા પહોંચાડવા માંડ્યા.

એક વાર ઘણી બધી નૌકાઓ એ બાજુ આવી નીકળી, જે મનુષ્યોથી ભરેલી હતી. રાક્ષસોએ એમાં બેઠેલા બધા લોકોને પકડી લીધા અને બેડીઓથી બાંધીને કારાગારમાં નાખી દીધા. તે એમને વારંવાર ધમકી આપવા લાગ્યા. એમાં સુપ્રિય નામે પ્રસિદ્ધ એક વૈશ્ય હતો, જે એ દળનો સરદાર હતો. તે બહુ સદાચારી, ભસ્મ રુદ્રાક્ષધારી તથા શિવનો પરમ ભક્ત હતો. સુપ્રિય શિવની પૂજા કર્યા સિવાય ભોજન કરતો ન હતો. એ સ્વયં તો શંકરનું પૂજન કરતો જ હતો, ઘણાબધા પોતાના સાથીઓને પણ એણે શિવપૂજા શીખવી, ભણાવી દીધી હતી. પછી બધા લોકો 'નમઃ શિવાય' મંત્રનો જપ અને શંકરજીનું ધ્યાન કરવા લાગ્યા. સુપ્રિયને ભગવાન શિવનાં દર્શન પણ થતાં હતાં. દારુક રાક્ષસને જ્યારે આ વાતની ખબર પડી, ત્યારે એણે સુપ્રિયને ધમકાવ્યો. એના સાથી રાક્ષસ સુપ્રિયને મારવા દોડ્યા. એ રાક્ષસોને આવેલા જોઈને સુપ્રિયનાં નેત્રો ભયથી કાતર-અધીર થઈ ગયાં, એ બહુ જ પ્રેમથી શિવનું ચિંતન અને એમનાં નામોનું જપ કરવા લાગ્યો.

વૈશ્યપતિએ કહ્યું—હે દેવેશ્વર શંકર! મારી રક્ષા કરો. હે કલ્યાણકારી ત્રિલોકીનાથ! હે દુષ્ટહન્તા ભક્તવત્સલ શિવ! અમને આ દુષ્ટોથી બચાવો. હે દેવ! હવે આપ જ અમારા સર્વસ્વ છો; હે પ્રભો! હું આપનો છું, આપને અધીન છું અને આપ જ સદા મારું જીવન અને પ્રાણ છો

સૂતજી કહે છે—સુપ્રિયની આ પ્રકારની પ્રાર્થના કરવાથી ભગવાન શંકર એક વિવર-કાણું-ગુફા-બોડમાંથી નીકળી પડ્યા. એમની સાથે જ ચાર દરવાજાવાળું એક ઉત્તમ મંદિર પણ પ્રગટ થઈ ગયું. એના મધ્યભાગમાં અદ્‌ભુત જ્યોતિર્મય શિવલિંગ પ્રકાશિત થઈ રહ્યું હતું. એની સાથે શિવપરિવારના બધા જ લોકો વિદ્યમાન હતા. સુપ્રિયે એમનાં દર્શન કરીને પૂજન કર્યું, પૂજિત થવાથી ભગવાન શંભુએ પ્રસન્ન થઈને સ્વયં પાશુપત-અસ્ત્ર લઈને પ્રધાન-પ્રધાન રાક્ષસો, એમનાં બધાં ઉપકરણો તથા સેવકોને પણ તત્કાળ જ નષ્ટ કરી દીધાં અને એ દુષ્ટહન્તા શંકરે પોતાના ભક્ત સુપ્રિયની રક્ષા કરી. ત્યારબાદ અદ્‌ભુત લીલા કરનારા અને લીલાથી જ શરીર ધારણ કરનારા શંભુએ એ વનને એ વરદાન આપ્યું કે આજથી આ વનમાં સદા બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર-એ ચારે વર્ણોના ધર્મોનું પાલન થાવ. અહીં શ્રેષ્ઠ મુનિ નિવાસ કરે અને તમોગુણી રાક્ષસ એમાં ક્યારેય ન રહે. શિવધર્મના ઉપદેશક, પ્રચારક અને પ્રવર્તક લોકો આમાં નિવાસ કરે.

સૂતજી કહે છે—એ જ સમયે રાક્ષસી દારુકાએ દીનચિત્તથી દેવી પાર્વતીની સ્તુતિ કરી. દેવી પાર્વતી-પ્રસન્ન થઈ ગયાં અને બોલ્યાં—'કહે, તારું શું કાર્ય કરું?' એણે કહ્યું—'મારા વંશની રક્ષા કરો.' દેવી બોલ્યાં—'હું સાચું કહું છું, તારા કુળની રક્ષા કરીશ.' આવું કહીને દેવી ભગવાન શિવને કહેવા લાગ્યાં—'હે નાથ! આપની આ વાત યુગના અંતમાં સાચ્ચી થશે. ત્યાં સુધી તામસી સૃષ્ટિ પણ રહે, એવો મારો વિચાર છે. હું પણ આપની જ છું અને આપના

આશ્રયે રહું છું. એટલે મારી વાતને પણ પ્રમાણિત (સત્ય) કરો. આ રાક્ષસી દારુકા દેવી-મારી જ શક્તિ છે અને રાક્ષસીઓમાં બલિષ્ઠ છે. તેથી એ જ રાક્ષસોના રાજ્યનું શાસન કરે. આ રાક્ષસ-પત્નીઓ જે પુત્રોને પેદા કરશે, એ બધા મળીને આ વનમાં નિવાસ કરે એવી મારી ઇચ્છા છે.

શિવ બોલ્યા—હે પ્રિયે! જો તમે આવી વાત કહેતાં હો તો મારું આ વચન સાંભળો. હું ભક્તોનું પાલન કરવા માટે પ્રસન્નતાપૂર્વક આ વનમાં રહીશ. જે પુરુષ વર્ણધર્મના પાલનમાં તત્પર થઈને પ્રેમપૂર્વક મારાં દર્શન કરશે, તે ચક્રવર્તી રાજા થશે. કળિયુગના અંતમાં અને સત્યયુગના આરંભમાં મહાસેનનો પુત્ર વીરસેન રાજાઓનો પણ રાજા થશે. એ મારો ભક્ત અને અત્યંત પરાક્રમી થશે અને અહીં આવીને મારાં દર્શન કરશે. દર્શન કરતાં વેંત જ તે ચક્રવર્તી સમ્રાટ થઈ જશે.

સૂતજી કહે છે—હે બ્રાહ્મણો! આ રીતે મોટી મોટી લીલાઓ કરનાર એ દંપતી પરસ્પર હાસ્યયુક્ત વાર્તાલાપ કરીને સ્વયં ત્યાં જ સ્થિત થઈ ગયાં. જ્યોતિર્લિંગસ્વરૂપ મહાદેવજી ત્યાં નાગેશ્વર કહેવાયા અને શિવાદેવી નાગેશ્વરી નામથી વિખ્યાત થયાં. એ બંને જ સત્પુરુષોને પ્રિય છે.

આ રીતે જ્યોતિઓના સ્વામી નાગેશ્વર નામના મહાદેવજી જ્યોતિર્લિંગરૂપે પ્રગટ થયા. એ ત્રણે લોકોની સંપૂર્ણ કામનાઓને સદા પૂર્ણ કરનારા છે. જે પ્રતિદિન આદરપૂર્વક નાગેશ્વરના પ્રાદુર્ભાવનો આ પ્રસંગ સાંભળે છે, એ બુદ્ધિમાન માનવ મહાપાતકોનો નાશ કરનાર સંપૂર્ણ મનોરથોને પ્રાપ્ત કરી લે છે.

(અધ્યાય ૨૯-૩૦)

*

રામેશ્વર નામના જ્યોતિર્લિંગના આવિર્ભાવ તથા માહાત્મ્યનું વર્ણન

સૂતજી કહે છે—હે ઋષિઓ! હવે એ બતાવી રહ્યો છું કે રામેશ્વર નામનું જ્યોતિર્લિંગ પહેલાં કેવી રીતે પ્રગટ થયું. આ પ્રસંગને તમે આદરપૂર્વક સાંભળો. ભગવાન વિષ્ણુના

રામાવતારમાં જ્યારે રાવણ સીતાજીનું હરણ કરીને લંકા લઈ ગયો, ત્યારે સુગ્રીવ સાથે અઢાર પદ્મ વાનરસેના લઈને શ્રીરામ સમુદ્ર તટ પર આવ્યા. ત્યાં એ વિચાર કરવા લાગ્યા કે કેવી રીતે અમે સમુદ્ર પાર કરીશું અને કેવી રીતે રાવણને જીતીશું. એટલામાં જ શ્રીરામને તરસ લાગી. એમણે જળ માગ્યું અને વાનર મીઠું પાણી લઈ આવ્યા. શ્રીરામે પ્રસન્ન થઈને તે જળ લઈ લીધું. ત્યાર સુધીમાં એમને સ્મરણ થઈ આવ્યું કે 'મેં મારા સ્વામી ભગવાન શંકરનાં દર્શન તો કર્યાં જ નથી. પછી આ જલ કેવી રીતે ગ્રહણ કરી શકું?' આવું કહીને એમણે એ જળને ન પીધું. જળ મૂકી દીધા પછી રઘુનંદને પાર્થિવ પૂજન કર્યું. આવાહન વગેરે સોળ ઉપચારોને પ્રસ્તુત કરીને વિધિપૂર્વક બહુ પ્રેમથી શંકરજીની અર્ચના કરી. પ્રણામ તથા દિવ્ય સ્તોત્રથી યત્નપૂર્વક શંકરજીને સંતુષ્ટ કરીને શ્રીરામે ભક્તિભાવથી એમને પ્રાર્થના કરી.

શ્રીરામ બોલ્યા—હે ઉત્તમ વ્રતનું પાલન કરનારા મારા સ્વામી દેવ મહેશ્વર! આપે મારી સહાયતા કરવી જોઈએ. આપના સહયોગ વગર મારા કાર્યની સિદ્ધિ અત્યંત કઠિન છે. રાવણ પણ આપનો ભક્ત છે. તે બધાંને માટે સર્વથા દુર્જેય છે. પરંતુ તમે આપેલા વરદાનથી એ સદા દર્પથી ભરેલો જ રહે છે. એ ત્રિભુવન વિજયી મહાવીર છે. આ બાજુ હું પણ આપનો દાસ છું, સર્વથા આપને જ અધીન રહેનારો છું. હે સદાશિવ! આવો વિચાર કરીને આપે મારા પ્રત્યે પક્ષપાત કરવો જોઈએ.

સૂતજી કહે છે—આ પ્રકારની પ્રાર્થના અને વારંવાર નમસ્કાર કરીને એમણે ઊંચા સ્વરે 'જય શંકર, જય શિવ' ઇત્યાદિનો ઉદ્‌ઘોષ કરતાં કરતાં શિવનું સ્તવન કર્યું. પછી એમના મંત્રના જપ અને ધ્યાનમાં તત્પર થઈ ગયા. ત્યાર બાદ પુનઃ પૂજન કરીને તે સ્વામીની આગળ નાચવા લાગ્યા. એ સમયે એમનું હૃદય પ્રેમથી દ્રવિત થઈ રહ્યું હતું, પછી એમણે શિવના સંતોષ ખાતર ગાલ વગાડીને અવ્યક્ત શબ્દ કર્યો. એ સમયે ભગવાન શંકર એમના પર બહુ પ્રસન્ન થયા અને એ જ્યોતિર્મય મહેશ્વર વામાંગાભૂતા પાર્વતી તથા પાર્ષદ ગણોની સાથે શાસ્ત્રોક્ત નિર્મળ રૂપ ધારણ કરીને તત્કાળ ત્યાં પ્રગટ થઈ ગયા. શ્રીરામની ભક્તિથી સંતુષ્ટ ચિત્તથી થઈને મહેશ્વરે એમને કહ્યું—'હે શ્રીરામ! તમારું કલ્યાણ થાઓ, વરદાન માગો.' એ સમયે એમનું રૂપ જોઈને ત્યાં ઉપસ્થિત રહેલા બધા લોકો પવિત્ર થઈ ગયા. શિવધર્મપરાયણ શ્રીરામજીએ સ્વયં એમનું પૂજન કર્યું. પછી વિવિધ પ્રકારની સ્તુતિ અને પ્રણામ કરીને એમણે ભગવાન શિવને લંકામાં રાવણ સાથે ઘનાર યુદ્ધમાં પોતાના વિજય માટે પ્રાર્થના કરી. ત્યારે રામભક્તિથી પ્રસન્ન થયેલા મહેશ્વરે કહ્યું—'હે મહારાજ! તમારો જય હો.' ભગવાન શિવના આપેલા વિજયસૂચક વરદાન અને યુદ્ધની આજ્ઞા મેળવીને શ્રીરામે નતમસ્તક થઈને હાથ જોડીને

એમની પુનઃ પ્રાર્થના કરી.

શ્રીરામ બોલ્યા—હે મારા સ્વામી શંકર! જો આપ સંતુષ્ટ છો તો જગતના લોકોને પવિત્ર કરવા તથા બીજાઓની ભલાઈ કરવા માટે સદા અહીં નિવાસ કરો.

સૂતજી કહે છે—શ્રીરામના આવા કથન પર ભગવાન શિવ ત્યાં જ્યોતિર્લિંગ રૂપે સ્થિત થઈ ગયા. ત્રણે લોકોમાં રામેશ્વર નામે એમની પ્રસિદ્ધિ થઈ. એમના પ્રભાવથી જ અપાર સમુદ્રને અનાયાસે જ પાર કરીને શ્રીરામે રાવણ વગેરે રાક્ષસોનો શીઘ્ર જ સંહાર કર્યો અને પોતાની પ્રિયા સીતાને પ્રાપ્ત કરી લીધી. ત્યારથી આ ભૂતલ પર રામેશ્વરના અદ્‌ભુત મહિમાનો પ્રચાર થયો. ભગવાન રામેશ્વર સદા ભોગ અને મોક્ષ દેનારા છે તથા ભક્તોની ઇચ્છા પૂર્ણ કરનારા છે. જે દિવ્ય ગંગાજળથી રામેશ્વર શિવને ભક્તિપૂર્વક સ્નાન કરાવે છે, તે જીવન્મુક્ત જ છે. આ સંસારમાં દેવદુર્લભ સમસ્ત ભોગોનો ઉપભોગ કરીને અંતે ઉત્તમ જ્ઞાન મેળવીને તે નિશ્ચય જ કૈવલ્ય મોક્ષને પ્રાપ્ત કરી લે છે. આ રીતે મેં તમને લોકોને ભગવાન શિવના રામેશ્વર નામના દિવ્ય જ્યોતિર્લિંગનું વર્ણન કરી બતાવ્યું છે, જે તેમનો મહિમા સાંભળનારાઓનાં સમસ્ત પાપનું અપહરણ કરનારા છે. (અધ્યાય-૩૧)

*

ઘુશ્માની શિવભક્તિથી એના મરેલા પુત્રનું જીવિત થવું, ઘુશ્મેશ્વર શિવનો પ્રાદુર્ભાવ તથા એમના મહિમાનું વર્ણન

સૂતજી કહે છે—હવે હું ઘુશ્મેશ નામના જ્યોતિર્લિંગનો પ્રાદુર્ભાવ અને એના માહાત્મ્યનું વર્ણન કરીશ. હે મુનિવરો! ધ્યાન દઈને સાંભળો. દક્ષિણ દિશામાં એક શ્રેષ્ઠ પર્વત છે, જેનું નામ દેવગિરિ છે. તે દેખાવમાં અદ્‌ભુત તથા નિત્ય પરમ શોભાથી સંપન્ન છે. એની પાસે કોઈ ભરદ્વાજ કુળમાં ઉત્પન્ન સુધર્મા નામનો બ્રહ્મવેત્તા બ્રાહ્મણ રહેતો હતો. એની પ્રિય પત્નીનું નામ સુદેહા હતું, તે સદા શિવધર્મનું પાલન કરવામાં તત્પર રહેતી હતી, ઘરનાં કામકાજમાં કુશળ હતી અને સદા પતિની સેવામાં લાગી રહેતી હતી. દ્વિજશ્રેષ્ઠ સુધર્મા પણ દેવતાઓ અને અતિથિઓના પૂજક હતા. તે વેદવર્ણિત માર્ગ પર ચાલતા હતા. નિત્ય અગ્નિહોત્ર કર્યા કરતા હતા. ત્રિકાળ સંધ્યા કરવાથી એમની કાંતિ સૂર્ય સમાન ઉદ્દીપ્ત હતી. તે વેદ-શાસ્ત્રના મર્મજ્ઞ હતા અને શિષ્યોને ભણાવ્યા કરતા હતા. ધનવાન હોવાની સાથે સાથે તે મોટા દાતા હતા. સૌજન્ય વગેરે સદ્‌ગુણોના ભાજન (પાત્ર) હતા. શિવસંબંધી પૂજન વગેરે કાર્યમાં સદા લાગ્યા રહેતા હતા. એ સ્વયં તો શિવભક્ત હતા જ, શિવભક્તો સાથે બહુ પ્રેમ રાખતા હતા. શિવભક્તોને પણ એ બહુ જ પ્રિય હતા.

આટલું બધું હોવા છતાં એમને પુત્ર ન હતો. તેથી બ્રાહ્મણને તો દુઃખ થતું ન હતું પરંતુ એમની પત્ની બહુ જ દુઃખી રહેતી હતી. પડોશી અને બીજા લોકો પણ એને મ્હેણાંટોણાં માર્યા કરતા હતા. તે પોતાના પતિને વારેવારે પુત્ર માટે પ્રાર્થના કરતી હતી. પતિ એને જ્ઞાન-ઉપદેશ આપીને સમજાવતા હતા, પરંતુ તેનું મન માનતું ન હતું. છેવટે, બ્રાહ્મણે કોઈ ઉપાય પણ કર્યો, પરંતુ તે સફળ ન થયો. ત્યારે બ્રાહ્મણીએ

અત્યંત દુઃખી થઈને બહુ જ હઠ કરીને પોતાની બહેન ઘુશ્મા સાથે પતિનો બીજો વિવાહ કરાવી દીધો. વિવાહથી પહેલાં સુધર્માએ એને સમજાવ્યું હતું કે 'આ સમયે તો તું બહેનને પ્રેમ કરી રહી છે, પરંતુ જ્યારે એને (ઘુશ્માને) પુત્ર થઈ જશે, ત્યારે એની સાથે સ્પર્ધા કરવા લાગીશ.' એણે વચન આપ્યું કે હું બહેનની સાથે ક્યારેય ઈર્ષ્યા-ડાહ-કરીશ નહીં. વિવાહ થઈ ગયા પછી ઘુશ્મા દાસીની જેમ મોટી બહેનની સેવા કરવા લાગી. સુદેહા પણ એને બહુ પ્રેમ-પ્યાર કરતી હતી. ઘુશ્મા પોતાની શિવભક્તા બહેનની આજ્ઞાથી નિત્ય એક સો પાર્થિવલિંગ બનાવીને વિધિપૂર્વક પૂજા કરવા લાગી. પૂજા કરીને તે નિકટવર્તી તળાવમાં એ પાર્થિવ લિંગોનું વિસર્જન કરી દેતી.

શંકરજીની કૃપાથી એને એક સુંદર સૌભાગ્યવાન અને સદ્‌ગુણસંપન્ન પુત્ર થયો. ઘુશ્માનું માન થોડું વધ્યું. તેથી સુદેહાના મનમાં ડાહ-ઈર્ષ્યા ઉત્પન્ન થયાં. સમય પર એ પુત્રનો વિવાહ થયો. પુત્રવધૂ ઘરમાં આવી ગઈ. હવે તો એ સુદેહા વધારે ને વધારે બળવા લાગી. એની બુદ્ધિ ભ્રષ્ટ થઈ ગઈ. એક દિવસે રાત્રે સૂઈ ગયેલા પુત્રને છરા મારીને એને ટુકડેટુકડા કરીને મારી નાખ્યો અને કપાયેલાં અંગોને એ જ તળાવમાં લઈ જઈને નાખી દીધાં, જ્યાં ઘુશ્મા પ્રતિદિન પાર્થિવ લિંગોનું વિસર્જન કરતી હતી. પુત્રનાં અંગોને એ તળાવમાં ફેંકીને તે પાછી ફરી અને ઘરમાં સુખપૂર્વક ઊંઘી ગઈ. ઘુશ્મા સવારે ઊઠીને પ્રતિદિનની પૂજા-પૂજન વગેરે કર્મ કરવા લાગી. શ્રેષ્ઠ બ્રાહ્મણ સુધર્મા સ્વયં પણ નિત્યકર્મમાં લાગી ગયા હતા. આ જ સમયે એમની જ્યેષ્ઠ પત્ની સુદેહા પણ ઊઠી અને ખૂબ જ આનંદથી ઘરનાં કામકાજ કરવા લાગી; કેમકે એના હૃદયમાં પહેલાં જે ઈર્ષ્યાની આગ સળગતી હતી, તે તો હવે હોલવાઈ ગઈ, શાંત થઈ ગઈ. પ્રાતઃકાળે જ્યારે વહુએ ઊઠીને પતિની શૈયાને જોઈ તો એ તો લોહીથી ભીની જણાઈ અને એના પર શરીરના કોઈ કોઈ ટુકડા દેખાયા. એનાથી એને બહુ દુઃખ થયું. એણે સાસુની (ઘુશ્મા) પાસે આવીને નિવેદન કર્યું—'હે ઉત્તમ વ્રતનું પાલન કરનારાં આર્યે! આપના પુત્ર ક્યાં ગયા? એમની શૈયા તો રક્તથી ભીની થયેલી છે અને શરીરના કેટલાક ટુકડા જણાયા છે. હાય! હું તો મારી ગઈ! કોણે આ દુષ્ટ કર્મ કર્યું છે?' આવું કહીને તે બેટાની પ્રિય પત્ની જાતજાતના કરુણ વિલાપ કરતાં કરતાં રડવા લાગી. સુધર્માની મોટી પત્ની સુદેહા પણ 'હાય! હું મારી ગઈ' એવું કહીને દુઃખમાં ડૂબી ગઈ. એણે ઉપર ઉપરથી તો દુઃખ જણાવ્યું પરંતુ મનમાં ને મનમાં તો તે હર્ષથી ભરેલી હતી. ઘુશ્મા પણ એ સમયે એ વધૂના દુઃખને સાંભળીને પોતાના નિત્ય પાર્થિવ-પૂજનના વ્રતથી વિચલિત ન થઈ. એનું મન પુત્રને જોવા માટે લેશ માત્ર પણ ઉત્સુક થયું નહીં. એના પતિની પણ એવી જ અવસ્થા હતી. જ્યાં સુધી નિત્ય-નિયમ પૂરા ન થયા, ત્યાં સુધી બીજી કોઈ વાતની ચિંતા ન થઈ. બપોરે પૂજન સમાપ્ત થયા પછી ઘુશ્માએ પોતાના પુત્રની ભયંકર શૈયા પર દૃષ્ટિપાત કર્યો, તેમ છતાં એણે મનમાં કિંચિત્ માત્ર પણ દુઃખ ન માન્યું. એ વિચારવા લાગી—'જેમણે આ પુત્ર આપ્યો હતો, એ જ એની રક્ષા કરશે. તે ભક્તપ્રિય કહેવાય છે, કાળના પણ કાળ છે અને સત્પુરુષના આશ્રય છો. એકમાત્ર તે પ્રભુ સર્વેશ્વર શંભુ જ અમારા રક્ષક છે. એ તો માળા ગૂંથનાર પુરુષની જેમ જેમને જોડે છે, એમને અલગ પણ કરે છે તેથી હવે મારે ચિંતા કરવાનો

અર્થ શો? ચિંતા કરવાથી શું થશે?' આ તત્ત્વનો વિચાર કરીને એણે શિવને ભરોસે ધૈર્ય ધારણ કર્યું અને એ સમયે દુઃખનો અનુભવ ન કર્યો. તે પૂર્વવત્ પાર્થિવ શિવલિંગોને લઈને સ્વસ્થચિત્તે શિવનાં નામોનું ઉચ્ચારણ કરતી કરતી તે તળાવને કિનારે ગઈ. એ પાર્થિવ લિંગોને તળાવમાં પધરાવી જ્યારે એ પાછી ઘર તરફ આવવા લાગી ત્યારે તો એને પોતાનો પુત્ર એ તળાવને કિનારે જ ઊભેલો જણાયો.

સૂતજી કહે છે—હે બ્રાહ્મણો! એ સમયે ત્યાં પોતાના પુત્રને જીવિત જોઈને એની માતા ઘુશ્માને ન તો હર્ષ થયો અને ન વિષાદ થયો. તે પૂર્વવત્ સ્વસ્થ જ બની રહી. આ સમયે એના પર સંતુષ્ટ થયેલા જ્યોતિસ્વરૂપ મહેશ્વર શિવ શીઘ્ર જ એની સામે પ્રગટ થઈ ગયા.

શિવ બોલ્યા—હે સુમુખિ! હું તમારા પર પ્રસન્ન છું. વરદાન માગો. તારી દુષ્ટ શોક્યે આ બચ્ચાને મારી નાખ્યો હતો, તેથી હું એને ત્રિશૂળથી મારીશ.

સૂતજી કહે છે—ત્યારે ઘુશ્માએ શિવને પ્રણામ કરીને એ સમયે એ વરદાન માગ્યું—'હે નાથ! આ સુદેહા મારી મોટી બહેન છે, તેથી આપે એની રક્ષા કરવી જોઈએ.'

શિવ બોલ્યા—એણે તો ભારે અપકાર કર્યો છે, તમે એના પર ઉપકાર શા માટે કરો છો? દુષ્ટ કર્મ કરનારી સુદેહા તો મારી નાખવાને જ યોગ્ય છે.

ઘુશ્મા બોલી—'હે દેવ! આપનાં દર્શન માત્રથી પાતક ઊભાં રહેતાં નથી. આ સમયે આપનાં દર્શન કરીને એનાં પાપ ભસ્મ થઈ જાઓ. 'જે અપકાર કરનારાઓ પર પણ ઉપકાર કરે છે, એનાં દર્શન માત્રથી પાપ બહુ દૂર ભાગી જાય છે.'* હે પ્રભો! આ અદ્‌ભુત ભગવદ્‌વાક્ય મેં સાંભળી રાખ્યું છે. એટલા માટે હે સદાશિવ! જેણે આવું કુકર્મ કર્યું છે, તે જ કરે; હું એવું શા માટે કરું? (મારે તો ખોટું કરનારાનું પણ ભલું જ કરવું છે.)

સૂતજી કહે છે—ઘુશ્માના આવા કથન પર દયાસિન્ધુ ભક્તવત્સલ મહેશ્વર વધારે પ્રસન્ન થયા અને આ પ્રકારે બોલ્યા—'હે ઘુશ્મે! તમે બીજું કોઈ વધારાનું એક બીજું વરદાન માગો. હું તમારે માટે હિતકર વરદાન અવશ્ય આપીશ; કેમકે તમારી આ ભક્તિથી અને વિકારશૂન્ય સ્વભાવથી હું બહુ પ્રસન્ન છું.

ભગવાન શિવની વાત સાંભળીને ઘુશ્મા બોલી- 'હે પ્રભો! જો આપ વરદાન દેવા ચાહો જ છો તો લોકોની રક્ષા કરવા માટે સદા અહીં

---

* અપકારેષુ યશ્ચૈવ સુપકારં કરોતિ વૈ। તસ્ય દર્શનમાત્રેણ પાપં દૂરતરં વ્રજેત્ ॥ (શિ.પુ.કો.રુ.સં. ૩૩/૨૯)

નિવાસ કરો અને મારા નામથી જ આપની ખ્યાતિ થાય.' ત્યારે મહેશ્વર શિવે અત્યંત પ્રસન્ન થઈને કહ્યું—'હું તમારા જ નામે ઘુશ્મેશ્વર કહેવાઈશ અને સદા અહીં નિવાસ કરીશ અને બધાંને માટે સુખદાયક થઈશ. મારું શુભ જ્યોતિર્લિંગ ઘુશ્મેશ નામે પ્રસિદ્ધ થાઓ. આ સરોવર શિવલિંગોનું આલય થઈ જાઓ અને તેથી જ એની ત્રણે લોકમાં શિવાલય નામે પ્રસિદ્ધ થાઓ. આ સરોવર સદા દર્શનમાત્રથી સંપૂર્ણ મનોવાંછિત આપનાર હો. હે સુવ્રતે! તમારા વંશમાં થનારી એક સો એક પેઢીઓ સુધી આવા જ શ્રેષ્ઠ પુત્ર ઉત્પન્ન થશે, એમાં સંશય નથી. એ બધા જ સુંદર સ્ત્રી, ઉત્તમ ધન અને પૂર્ણ આયુષ્યથી સંપન્ન હશે, ચતુર અને વિદ્વાન થશે, ઉદાર તથા ભોગ અને મોક્ષરૂપી ફળ મેળવવાના અધિકારી હશે. એક સો એક પેઢીઓ સુધી બધા પુત્ર ગુણોમાં ચઢિયાતા હશે. તમારા વંશનો આવો વિસ્તાર બહુ શોભાદાયક હશે.'

આવું કહીને ભગવાન શિવ ત્યાં જ્યોતિર્લિંગરૂપે સ્થિત થઈ ગયા. એમની ઘુશ્મેશ નામે પ્રસિદ્ધ થઈ અને એ સરોવરનું નામ શિવાલય થઈ ગયું. સુધર્મા, ઘુશ્મા અને સુદેહા-ત્રણેયે આવીને તત્કાળ જ એ શિવલિંગની એક સો એક દક્ષિણાવર્ત પરિક્રમા કરી. પૂજા કરીને પરસ્પર મળીને મનનો મેલ દૂર કરીને બધા ત્યાં બહુ સુખનો અનુભવ કરવા લાગ્યાં. પુત્રને જીવિત જોઈને સુદેહા બહુ જ લજ્જિત થઈ અને પતિ તથા ઘુશ્મા પાસે ક્ષમા પ્રાર્થના કરીને પોતાના પાપના નિવારણ માટે પ્રાયશ્ચિત્ત કર્યું. હે મુનીશ્વરો! આ પ્રકારે તે ઘુશ્મેશ્વર લિંગ પ્રગટ થયું. એમનાં દર્શન અને પૂજન કરવાથી સદા સુખની વૃદ્ધિ થાય છે. હે બ્રાહ્મણો! આ રીતે મેં તમને બાર જ્યોતિર્લિંગનો મહિમા બતાવ્યો. એ બધાં લિંગ સંપૂર્ણ કામનાઓનાં પૂરક તથા ભોગ અને મોક્ષ આપનારાં છે. જે આ જ્યોતિર્લિંગોની કથા વાંચશે, ભણશે અને સાંભળશે, તે સર્વ પાપથી મુક્ત થઈ જાય છે તથા ભોગ અને મોક્ષ મેળવે છે.

(અધ્યાય ૩૨-૩૩)

દ્વાદશ જ્યોતિર્લિંગોના માહાત્મ્યની સમાપ્તિ

*

શંકરજીની આરાધનાથી ભગવાન વિષ્ણુને સુદર્શન-ચક્રની પ્રાપ્તિ તથા ચક્ર દ્વારા દૈત્યોનો સંહાર

વ્યાસજી કહે છે—સૂતનું એ વચન સાંભળીને એ મુનીશ્વરોએ એમની ભારોભાર પ્રશંસા કરીને લોકહિતની કામનાથી આ પ્રકારે બોલ્યા.

ઋષિ બોલ્યા—હે સૂતજી! આપ બધું જ જાણો છો. એટલા માટે તો અમે તમને પૂછીએ છીએ. હે પ્રભો! હરીશ્વર-લિંગના મહિમાનું વર્ણન કરો. હે તાત! અમે પહેલાંથી જ સાંભળી રાખ્યું છે કે ભગવાન વિષ્ણુએ શિવની આરાધનાથી સુદર્શન ચક્ર પ્રાપ્ત કર્યું હતું, તેથી એ કથા પર પણ વિશેષરૂપે પ્રકાશ ફેંકો.

સૂતજીએ કહ્યું—'હે મુનીશ્વરો! હરીશ્વર લિંગની શુભ કથા સાંભળો. ભગવાન વિષ્ણુએ પૂર્વકાળમાં હરીશ્વર શિવ પાસેથી સુદર્શન ચક્ર પ્રાપ્ત કર્યું હતું. એક સમયની વાત છે, દૈત્ય અત્યંત પ્રબળ થઈને લોકોને પીડા પહોંચાડી રહ્યા હતા. અને ધર્મનો લાપ કરવા લાગ્યા હતા. એ મહાબલી અને પરાક્રમી દૈત્યોથી પીડિત થઈને દેવતાઓએ દેવરક્ષક ભગવાનને પોતાનાં બધાં દુઃખ કહી બતાવ્યાં. ત્યારે શ્રીહરિ કૈલાસ પર જઈને ભગવાન શિવની વિધિપૂર્વક આરાધના કરવા લાગ્યા. એ હજાર નામથી શિવની સ્તુતિ કરતા હતા તથા પ્રત્યેક નામ પર એક કમળ ચઢાવતા હતા. ત્યારે ભગવાન શંકરે વિષ્ણુના ભક્તિભાવની પરીક્ષા કરવા માટે એમનાં લાવેલાં એક હજાર કમળમાંથી એક કમળ સંતાડી દીધું. શિવની માયાને કારણે ઘટિત થયેલી આ ઘટનાની ભગવાન વિષ્ણુને ખબર ન હતી. એમણે એક ફૂલ ઓછું જાણીને એની શોધ આરંભી દૃઢતાપૂર્વક ઉત્તમ વ્રતનું પાલન કરનારા શ્રીહરિએ ભગવાન શિવની પ્રસન્નતા માટે એ એક ફૂલની પ્રાપ્તિ ઉદ્દેશ્યને લઈને આખી પૃથ્વી પર ભ્રમણ કર્યું. પરંતુ ક્યાંય એમને ફૂલ ન મળ્યું. ત્યારે વિશુદ્ધ એના વિષ્ણુએ એક ફૂલની પૂર્તિ માટે પોતાનું કમળસમાન એક નેત્ર જ કાઢીને ચઢાવી દીધું. આ જોઈને સર્વનાં દુઃખ દૂર કરનાર ભગવાન શંકર ખૂબ પ્રસન્ન થયા અને ત્યાં જ એમની સામે પ્રગટ થઈ ગયા. પ્રગટ થઈને તે શ્રીહરિને કહેવા લાગ્યા—'હે હરે! હું તમારા પર બહુ પ્રસન્ન છું. તમે ઇચ્છા અનુસાર વરદાન માગો. હું તમને મનોવાંછિત વસ્તુ આપીશ. તમારે માટે મારી પાસે કશું એવું નથી જે અદેય હોય.'

વિષ્ણુ બોલ્યા—હે નાથ! આપને માટે શું કહેવાનું હોય. આપ અંતર્યામી છો, તેથી બધું જ જાણો છો, તેમ છતાં આપના આદેશના ગૌરવ વાસ્તે કહું છું. દૈત્યોએ આખા જગતને પીડિત કરી દીધું છે. હે સદાશિવ! અમને લોકોને સુખ મળતું નથી. હે સ્વામિન્! મારાં પોતાનાં અસ્ત્ર-શસ્ત્ર દૈત્યોના વધમાં ખપ લાગતાં નથી. હે પરમેશ્વર! એટલા માટે હું આપને શરણે આવ્યો છું.

સૂતજી કહે છે—શ્રી વિષ્ણુનું આ વચન સાંભળીને દેવાધિદેવ મહેશ્વરે તેજોરાશિમય પોતાનું સુદર્શન ચક્ર એમને આપી દીધું. એ મેળવીને ભગવાન વિષ્ણુએ એ સમસ્ત પ્રબળ દૈત્યોનો એ ચક્ર દ્વારા વગર પરિશ્રમે જ સંહાર કરી દીધો. એથી આખું જગત સ્વસ્થ થઈ ગયું. દેવતાઓને પણ સુખ મળ્યું અને પોતાને માટે એ આયુધ મેળવીને ભગવાન વિષ્ણુ પણ અત્યંત પ્રસન્ન અને પરમ સુખી થઈ ગયા.

ઋષિઓએ પૂછ્યું—શિવનાં એ સહસ્ર નામ કયાં છે, તે કહો, જેથી સંતુષ્ટ થઈને મહેશ્વરે શ્રીહરિને ચક્ર પ્રદાન કર્યું હતું? એ નામોનું માહાત્મ્ય પણ વર્ણવો. શ્રીવિષ્ણુ ઉપર શંકરજીની જેવી કૃપા થઈ હતી, એનું યથાર્થરૂપે પ્રતિપાદન કરો.

શુદ્ધ અંતઃકરણવાળા એ મુનિઓની વાત સાંભળીને સૂતે શિવનાં ચરણારવિંદોનું ચિંતન કરીને કહેવાનો આરંભ કર્યો. (અધ્યાય-૩૪)

*

ભગવાન વિષ્ણુ દ્વારા પઠિત શિવસહસ્રનામ-સ્તોત્ર

સૂત ઉવાચ

શ્રૂયતાં ભો ઋષિશ્રેષ્ઠા યેન તુષ્ટો મહેશ્વરઃ।
તદહં કથયામ્યદ્ય શૈવં નામ સહસ્રકમ્ ॥ ૧॥

સૂતજી બોલ્યા—હે મુનિવરો! સાંભળો, જેનાથી મહેશ્વર સંતુષ્ટ થાય છે, તે શિવસહસ્રનામ-સ્તોત્ર આજે તમને બધાંને સંભળાવી રહ્યો છું.॥ ૧॥

વિષ્ણુ રુવાચ

શિવો હરો મૃડો રુદ્રઃ પુષ્કરઃ પુણ્યલોચનઃ।
અર્થિગમ્યઃ સદાચારઃ શર્વઃ શંભુર્મહેશ્વરઃ ॥ ૨॥

ભગવાન વિષ્ણુએ કહ્યું- ૧ શિવઃ-કલ્યાણસ્વરૂપ, ૨ હરઃ—ભક્તોનાં તાપ-પાપને હરી લેનારા, ૩ મૃડઃ—સુખદાતા, ૪ રુદ્રઃ—દુઃખ દૂર કરનારા, ૫ પુષ્કર :—આકાશસ્વરૂપ, ૬ પુષ્પલોચનઃ—પુષ્પ સમાન ખિલેલાં નેત્રવાળા, ૭ અર્થિગમ્યઃ—પ્રાર્થિઓને પ્રાપ્ત થનાર, ૮ સદાચારઃ—શ્રેષ્ઠ આચરણવાળા, ૯ શર્વઃ—સંહારકારી, ૧૦ શંભુઃ કલ્યાણ નિકેતન, ૧૧ મહેશ્વરઃ મહાન ઈશ્વર॥ ૨॥

ચંદ્રાપીડશ્ચન્દ્રમૌલિર્વિશ્વં વિશ્વંભરેશ્વરઃ।
વેદાન્તસારસંદોહઃ કપાલી નીલલોહિતઃ ॥ ૩॥

૧૨ ચંદ્રાપીડ-ચંદ્રમાને શિરો આભૂષણરૂપે ધારણ કરનારા, ૧૩ ચંદ્રમૌલિ—માથા પર ચંદ્રમાનો મુગટ ધારણ કરનારા, ૧૪ વિશ્વમ્—સર્વસ્વરૂપ, ૧૫ વિશ્વંભરેશ્વરઃ—વિશ્વનું ભરણપોષણ કરનારા શ્રી વિષ્ણુના પણ ઈશ્વર ૧૬ વેદાન્તસારસંદેહઃ—વેદાંતના સારતત્ત્વ સચ્ચિદાનંદ બ્રહ્મની સાકાર મૂર્તિ, ૧૭ કપાલી—હાથમાં કપાલ ધારણ કરનાર, ૧૮ નીલલોહિતઃ (ગળામાં) નીલ અને (શેષ બાકી અંગોમાં) લોહિત વર્ણવાળા॥ ૩॥

ધ્યાનાધારોઽપરિચ્છેદ્યો ગૌરીભર્તા ગણેશ્વરઃ।
અષ્ટમૂર્તિર્વિશ્વમૂર્તિસ્ત્રિવર્ગસ્વર્ગસાધનઃ ॥ ૪॥

૧૯ ધ્યાનાધારઃ—ધ્યાનના આધાર, ૨૦ અપરિચ્છેદ્યઃ—દેશ, કાળ અને વસ્તુની સીમાથી અવિભાજ્ય, ૨૧ ગૌરીભર્તા-ગૌરી અર્થાત્ પાર્વતીના પતિ, ૨૨ ગણેશ્વર—પ્રમથગણોના સ્વામી, ૨૩ અષ્ટમૂર્તિઃ—જલ, અગ્નિ, વાયુ, આકાશ, સૂર્ય, ચંદ્રમા પૃથ્વી અને યજમાન - એ આઠ રૂપવાળા, ૨૪ વિશ્વમૂર્તિ :—અખિલ બ્રહ્માંડમય વિરાટ પુરુષ. ૨૫ ત્રિવર્ગ સ્વર્ગસાધન—ધર્મ, અર્થ, કામ તથા સ્વર્ગની પ્રાપ્તિ કરાવનારી ॥ ૪॥

જ્ઞાનગમ્યો દૃઢપ્રજ્ઞો દેવદેવસ્ત્રિલોચનઃ।
વામદેવો મહાદેવઃ પટુઃ પરિવૃઢો દૃઢઃ ॥ ૫॥

૨૬ જ્ઞાનગમ્યઃ—જ્ઞાનથી જ અનુભવમાં આવવાને યોગ્ય, ૨૭ દૃઢપ્રજ્ઞઃ—સુસ્થિર બુદ્ધિવાળા, ૨૮ દેવદેવઃ—દેવતાઓના પણ આરાધ્ય, ૨૯ ત્રિલોચનઃ—સૂર્ય, ચંદ્રમા અને અગ્નિરૂપ ત્રણ

આંખોવાળા, ૩૦ વામદેવઃ—લોકોના વિપરીત સ્વભાવવાળા દેવતા, ૩૧ મહાદેવઃ—મહાન દેવતા બ્રહ્માદિકોના પણ પૂજનીય, ૩૨ પટુઃ—સર્વ કાંઈ કરવામાં સમર્થ અને કુશળ, ૩૩ પરિવૃઢઃ—સ્વામી, ૩૪ દૃઢઃ—ક્યારેય વિચલિત ન થનાર॥ ૫॥

વિશ્વરૂપો વિરૂપાક્ષો વાગીશઃ શુચિસત્તમઃ।
સર્વ પ્રમાણસંવાદી વૃષાંકો વૃષવાહનઃ॥ ૬॥

૩૫ વિશ્વરૂપઃ—જગત્ સ્વરૂપ, ૪૬ વિરૂપાક્ષઃ—વિકટ નેત્રવાળા, ૩૭ વાગીશઃ—વાણીના અધિપતિ, ૩૮ શુચિસત્તમઃ—પવિત્ર પુરુષોમાં પણ સર્વથી શ્રેષ્ઠ, ૩૯ સર્વપ્રમાણમાં સંવાદી—સંપૂર્ણ પ્રમાણોમાં સામંજસ્ય સ્થાપિત કરનારા, ૪૦ વૃષાંકઃ પોતાની ધજામાં વૃષભનું ચિહ્ન ધારણ કરનાર, ૪૧ વૃષવાહનઃ વૃષભ અથવા ધર્મને વાહન બનાવનાર॥ ૬॥

ઈશઃ પિનાકી ખટ્વાંગી ચિત્રવેષશ્ચિરંતનઃ।
તમોહરો મહાયોગી ગોપ્તા બ્રહ્મા ચ ધૂર્જટિઃ॥ ૭॥

૪૨ ઈશઃ—સ્વામી અથવા શાસક, ૪૩ પિનાકી પિનાક નામનું ધનુષ ધારણ કરનાર, ૪૪ ખટ્વાંગી—ખાટલાના પાયાની આકૃતિનું એક આયુધ ધારણ કરનાર, ૪૫ ચિત્રવેષઃ—વિચિત્ર વેશધારી, ૪૬ ચિરંતનઃ—પુરાણ (અનાદિ) પુરુષોત્તમ, ૪૭ તમોહરઃ—અજ્ઞાન અંધકારને દૂર કરનારા, ૪૮ મહાયોગી-મહાન યોગથી સંપન્ન, ૪૯ ગોપ્તા-રક્ષક, ૫૦ બ્રહ્મા-સૃષ્ટિકર્તા, ધૂર્જટિઃ—જટાના ભારથી યુક્ત॥ ૭॥

કાલકાલઃ કૃત્તિવાસાઃ સુભગઃ પ્રણવાત્મકઃ।
ઉન્નદ્રઃ પુરુષો જુષ્યો દુર્વાસાઃ પુરશાસનઃ॥ ૮॥

૫૨ કાલકાલઃ કાળના પણ કાળ, ૫૩ કૃત્તિવાસઃ—ગજાસુરના ચામડાને વસ્ત્રરૂપે ધારણ કરનારા, ૫૪ સુભગઃ—સૌભાગ્યશાળી, ૫૫ પ્રણવાત્મકઃ—ઓંકારસ્વરૂપ અથવા પ્રણવના વાચ્યાર્થ, ૫૬ ઉન્નદ્રઃ—બંધનરહિત, ૫૭ પુરુષઃ—અંતર્યામી આત્મા, ૫૮ જુષ્યઃ—સેવન કરવા યોગ્ય, ૫૯ દુર્વાસાઃ 'દુર્વાસા' નામના મુનિના રૂપમાં અવતીર્ણ, ૬૦ પુરશાસનઃ—ત્રણ માયામય અસુરપુરોનું દમન કરનારા॥ ૮॥

દિવ્યાયુધઃ સ્કંધગુરુઃ પરમેષ્ઠી પરાત્પરઃ।
અનાદિમધ્યનિધનો ગિરીશો ગિરિજા ધવઃ॥ ૯॥

૬૧ દિવ્યાયુધઃ—'પાશુપત' વગેરે દિવ્ય અસ્ત્ર ધારણ કરનાર, ૬૨ સ્કંદગુરુઃ—કાર્તિકેયજીના પિતા, ૬૩ પરમેષ્ઠી—પોતાના પ્રકૃષ્ટ મહિમામાં સ્થિત રહેનારા, ૬૪ પરાત્પરઃ કારણના પણ કારણ, ૬૫ અનાદિમધ્યનિધનઃ—આદિ, મધ્ય અને અંતથી રહિત, ૬૬ ગિરીશઃ કૈલાસના અધિપતિ, ગિરિજાધવઃ પાર્વતીના પતિ॥ ૯॥

કુબેરબન્ધુઃ શ્રીકંઠો લોકવર્ણોત્તમો મૃદુઃ।
સમાધિવેદ્યઃ કોદંડી નીલકંઠઃ પરશ્વધી॥ ૧૦॥

૬૮ કુબેર બન્ધુઃ—કુબેરને પોતાના બન્ધુ (મિત્ર) માનનારા, ૬૯ શ્રીકંઠઃ—શ્યામસુષમાથી સુશોભિત કંઠવાળા, ૭૦ લોકવર્ણોત્તમ : - સમસ્ત લોકો અને વર્ણોમાં શ્રેષ્ઠ, મૃદુઃ—કોમળ સ્વભાવવાળા, સમાધિવેદ્યઃ—સમાધિ અથવા ચિત્તવૃત્તિઓના નિરોધથી અનુભવમાં આવવા યોગ્ય, ૭૩ કોદંડી—ધનુર્ધર, ૭૪ નીલકંઠઃ—કંઠમાં હળાહળ વિષનું નીલ ચિહ્ન ધારણ કરનારા, પરશ્વધી—પરશુધારી॥ ૧૦॥

વિશાલાક્ષો મૃગવ્યાધઃ સુરેશઃ સૂર્યતાપનઃ।
ધર્મધામ ક્ષમાક્ષેત્રં ભગવાન ભગનેત્રભિત્॥ ૧૧॥

૭૬ વિશાલાક્ષઃ—મોટાં મોટાં નેત્રોવાળા, ૭૭ મૃગવ્યાધઃ—વનમાં વાધ અથવા કિરાતરૂપે પ્રગટ થઈ શૂકર ઉપર બાણ ચલાવનારા, ૭૮ સુરેશઃ—દેવતાઓના સ્વામી, ૭૯ સૂર્યતાપનઃ—સૂર્યને પણ દંડ દેનારા, ૮૦ ધર્મધામ—ધર્મના આશ્રય, ૮૧

ક્ષમાક્ષેત્રમ્—ક્ષમાનું ઉત્પત્તિ સ્થાન, ૮૨ ભગવાન—સંપૂર્ણ ઐશ્વર્ય, ધર્મ, યશ, શ્રી જ્ઞાન અને વૈરાગ્યના આશ્રય, ૮૩ ભગનેત્રભિત્—ભગદેવતાનાં નેત્રનું ભેદન કરનારા ॥ ૧૧॥

ઉગ્રઃ પશુપતિસ્તાર્ક્ષ્યઃ પ્રિયભક્તઃ પરંતપઃ ।
દાતા દયાકરી દક્ષ કપર્દી કામશાસનઃ ॥ ૧૨॥

૮૪ ઉગ્રઃ—સંહારકાળમાં ભયંકરરૂપ ધારણ કરનારા, ૮૫ પશુપતિઃ માયારૂપમાં બંધાયેલાં પાશબદ્ધ પશુઓ (જીવો)ને તત્ત્વજ્ઞાન દ્વારા મુક્ત કરાવીને યથાર્થરૂપે એમનું પાલન કરનારા, ૮૬ તાર્ક્ષ્યઃ—ગરુડરૂપ, ૮૭ પ્રિયભક્તઃ—ભક્તોને પ્રેમ કરનારા, ૮૮ પરંતપઃ—શત્રુતા રાખનારાઓને સંતાપ દેનારા, ૮૯ દાતા—દાની, ૯૦ દયાકરઃ—દયાનિધાન અથવા કૃપા કરનાર, ૯૧ દક્ષઃ—કુશળ, કપર્દી—જટાજૂટધારી, ૯૨ કામશાસનઃ—કામદેવનું દમન કરનારા ॥ ૧૨॥

શ્મશાનનિલયઃ સૂક્ષ્મઃ શ્મશાનસ્થો મહેશ્વરઃ ।
લોકકર્તા મૃગપતિર્મહાકર્તા મહૌષધિઃ ॥ ૧૩॥

૯૪ શ્મશાનનિલયઃ—શ્મશાનવાસી, ૯૫ સૂક્ષ્મઃ—ઇન્દ્રિયાતીત અને સર્વવ્યાપી, ૯૬ શ્મશાનસ્થઃ—શ્મશાનભૂમિમાં વિશ્રામ કરનારા, ૯૭ મહેશ્વરઃ—મહાન ઈશ્વર અથવા પરમેશ્વર, ૯૮ લોકકર્તા—જગતની સૃષ્ટિ કરનાર, ૯૯ મૃગપતિઃ—મૃગના પાલક અથવા પશુપતિ, ૧૦૦ મહાકર્તા—વિરાટ બ્રહ્માંડની સૃષ્ટિ કરતી વખતે મહાન કર્તૃત્વથી સંપન્ન, ૧૦૧ મહૌષધિઃ—ભવરોગનું નિવારણ કરવા માટે મહાન ઔષધીરૂપ॥ ૧૩॥

ઉત્તરો ગોપતિર્ગોપ્તા જ્ઞાનગમ્યઃ પુરાતનઃ ।
નીતિઃ સુનીતિઃ શુદ્ધાત્મા સોમઃ સોમરતઃ સુખી ॥ ૧૪॥

૧૦૨ ઉત્તરઃ—સંસાર સાગરથી પાર ઉતારનારા, ૧૦૩ ગોપતિઃ—પૃથ્વી, સ્વર્ગ, પશુ,વાણી, કિરણ, ઇન્દ્રિય અને જલના સ્વામી, ૧૦૪ ગોપ્તા—રક્ષક, ૧૦૫ જ્ઞાનગમ્યઃ—તત્ત્વજ્ઞાન દ્વારા જ જ્ઞાનરૂપથી જ જાણવા યોગ્ય, ૧૦૬ પુરાતનઃ- સૌથી પુરાણા, જૂના, ૧૦૭નીતિઃ- ન્યાય - સ્વરૂપ, ૧૦૮ સુનીતિઃ—ઉત્તમ નીતિવાળા, ૧૦૯ શુદ્ધાત્મા—વિશુદ્ધ આત્મસ્વરૂપ, ૧૧૦ સોમઃ—ઉમા સહિત, ૧૧૧ સોમરતઃ—ચંદ્રમા પર પ્રેમ રાખનારા, ૧૧૨ સુખી આત્માનંદથી પરિપૂર્ણ—॥ ૧૪॥

સોમપોઽમૃતપઃ સૌમ્યો મહાતેજા મહાદ્યુતિઃ ।
તેજોમયોઽમૃતમયોઽન્નમયશ્ચ સુધાપતિઃ ॥ ૧૫॥

૧૧૩ સોમપઃ—સોમપાન કરનારા અથવા સોમનાથરૂપે ચંદ્રમાના પાલક ૧૧૪ અમૃતપઃ—સમાધિ દ્વારા સ્વરૂપભૂત અમૃતનું આસ્વાદન કરનારા, ૧૧૫ સૌમ્યઃ ભક્તોને માટે સૌમ્યરૂપધારી, ૧૧૬ મહાતેજાઃ—મહાન તેજથી સંપન્ન, ૧૧૭ મહાદ્યુતિઃ- પરમ કાન્તિમાન્, ૧૧૮ તેજોમયઃ—પ્રકાશ સ્વરૂપ, ૧૧૯ અમૃતમયઃ— અમૃતરૂપ, ૧૨૦ અન્નમયઃ—અન્નરૂપ, ૧૨૧ સુધાપતિઃ—અમૃતના પાલક ॥ ૧૫॥

અજાતશત્રુરાલોકઃ સમ્ભાવ્યો હવ્યવાહનઃ ।
લોકકરો વેદકરઃ સૂત્રકારઃ સનાતનઃ ॥ ૧૬॥

૧૨૨ અજાતશત્રુઃ—જેના મનમાં ક્યારેય કોઈનાયે પ્રતિ શત્રુભાવ પેદા જ નથી થયો, એવા સમદર્શી, ૧૨૩ આલોકઃ—પ્રકાશસ્વરૂપ, સમ્ભાવ્યઃ—સમ્માનીય, ૧૨૫ હવ્યવાહનઃ—અગ્નિસ્વરૂપ, ૧૨૬ લોકકરઃ—જગતના સ્રષ્ટા, ૧૨૭ વેદકરઃ—વેદોને પ્રગટ કરનારા, ૧૨૮ સૂત્રકારઃ ઢક્કાનાદના રૂપમાં ચતુર્દશ માહેશ્વર સૂત્રોના પ્રણેતા ૧૨૯ સનાતનઃ નિત્યસ્વરૂપ॥ ૧૬॥

મહર્ષિકપિલાચાર્યો વિશ્વદીપ્તિસ્ત્રિલોચનઃ ।
પિનાકપાણિર્ભૂદેવઃ સ્વસ્તિદઃ સ્વસ્તિકૃત્સુધીઃ ॥ ૧૭॥

૧૩૦ મહર્ષિકપિલાચાર્યઃ—સાંખ્યશાસ્ત્રના પ્રણેતા

ભગવાન કપિલાચાર્ય, ૧૩૧ વિશ્વદીપ્તિઃ—પોતાની પ્રભાથી સર્વને પ્રકાશિત કરનારા, ૧૩૨ ત્રિલોચનઃ—ત્રણે લોકોના દ્રષ્ટા, ૧૩૩ પિનાકપાણિઃ—હાથમાં પિનાક નામનું ધનુષ ધારણ કરનાર, ૧૩૪ ભૂદેવઃ—પૃથ્વીના દેવતા—બ્રાહ્મણ અથવા પાર્થિવલિંગરૂપ, ૧૩૫ સ્વસ્તિદઃ—કલ્યાણદાતા, ૧૩૬ સ્વસ્તિકૃત્—કલ્યાણકારી, ૧૩૭ સુધીઃ—વિશુદ્ધ બુદ્ધિવાળા॥ ૧૭॥

ધાતૃધામા ધામકરઃ સર્વગઃ સર્વગોચરઃ ।
બ્રહ્મસૃગ્વિશ્વસકસર્ગઃ કર્ણિકારપ્રિયઃ કવિઃ ॥ ૧૮॥

૧૩૮ ધાતૃધામા—વિશ્વનું ધારણ પોષણ કરવામાં સમર્થ તેજવાળા, ૧૩૯ ધામકરઃ—તેજની સૃષ્ટિ કરનારા, ૧૪૦ સર્વગઃ સર્વવ્યાપી ૧૪૧ સર્વગોચરઃ—બધામાં વ્યાપ્ત, ૧૪૨ બ્રહ્મસૃક્—બ્રહ્માજીના ઉત્પાસ ૧૪૩ વિશ્વસૃક્-જગતના સ્રષ્ટા, ૧૪૪ સર્ગઃ—સૃષ્ટિરૂપ, ૧૪૫ કર્ણિકારપ્રિયઃ—કનેરનાં ફૂલને પસંદ કરનાર, ૧૪૬ કવિઃ—ત્રિકાલદર્શી ॥ ૧૮॥

શાખો વિશાખો ગોશાખઃ શિવો ભિષગનુત્તમઃ ।
ગંગાપ્લવોદકો ભવ્યઃ પુષ્કલઃ સ્થપતિઃ સ્થિરઃ ॥ ૧૯॥

૧૪૭ શાખઃ—કાર્તિકેયના નાના ભાઈ શાખસ્વરૂપ, ૧૪૮ વિશાખઃ—સ્કંદના નાના ભાઈ વિશાખ સ્વરૂપ અથવા વિશાખ નામના ઋષિ, ૧૪૯ ગોશાખઃ—વેદવાણીની શાખાઓનો વિસ્તાર કરનાર, ૧૫૦ શિવઃ—મંગલમય, ૧૫૧ ભિષગનુત્તમઃ—ભવરોગનું નિવારણ કરનાર વૈદ્યોમાં (જ્ઞાનીઓમાં) સર્વશ્રેષ્ઠ; ૧૫૨ ગંગાપ્લવોદકઃ—ગંગાના પ્રવાહરૂપ જલને મસ્તક પર ધારણ કરનાર, ૧૫૩ ભવ્યઃ—કલ્યાણસ્વરૂપ, ૧૫૪ પુષ્કલઃ પૂર્ણતમ અથવા વ્યાપક, ૧૫૫ સ્થપતિઃ બ્રહ્માંડરૂપી ભવનના નિર્માતા (થવઈ), ૧૫૬ સ્થિરઃ અચંચળ અથવા સ્થાણુરૂપ ॥ ૧૯॥

વિજિતાત્મા વિધેયાત્મા ભૂતવાહનસારથિઃ ।
સગણો ગણકાયશ્ચ સુકીર્તિશ્છિન્નસંશયઃ ॥ ૨૦॥

૧૫૭ વિજિતાત્મા—મનને વશમાં રાખનારા, ૧૫૮ વિધેયાત્મા શરીર, મન અને ઇન્દ્રિયો પાસેથી ઇચ્છા અનુસાર કામ લેનાર, ૧૫૯ ભૂતવાહન સારથિઃ પાંચ ભૌતિક રથ (શરીર)નું સંચાલન કરનારા બુદ્ધિરૂપ સારથિ, ૧૬૦ સગણઃ—પ્રમથગણોની સાથે રહેનાર, ૧૬૧ ગણકાયઃ ગણસ્વરૂપ, ૧૬૨ સુકીર્તિઃ ઉત્તમ કીર્તિવાળા, ૧૬૩ છિન્નસંશયઃ—સંશયોને કાપી નાખનાર ॥ ૨૦॥

કામદેવઃ કામપાલો ભસ્મોદ્ધૂલિતવિગ્રહઃ ।
ભસ્મપ્રિયો ભસ્મશાયી કામી કાન્તઃ કૃતાગમઃ ॥ ૨૧॥

૧૬૪ કામદેવઃ—મનુષ્યો દ્વારા અભિલષિત સમસ્ત કામનાઓના અધિષ્ઠાતા પરમદેવ ૧૬૫ કામપાલઃ—સકામ ભક્તોની કામનાઓને પૂર્ણ કરનારા, ૧૬૬ ભસ્મોદ્ધૂલિતવિગ્રહઃ—પોતાનાં શ્રીઅંગોમાં ભસ્મ લગાડનાર, ૧૬૭ ભસ્મપ્રિયઃ—ભસ્મના પ્રેમી, ૧૬૮ ભસ્મશાયી—ભસ્મ પર શયન કરનાર, ૧૬૯ કામી—પોતાના પ્રિય ભક્તોને ચાહનાર, ૧૭૦ કાન્તઃ—પરમ કમનીય પ્રાણવલ્લભરૂપ ૧૭૧ કૃતાગમઃ—સમસ્ત તંત્રશાસ્ત્રોના રચયિતા॥ ૨૧॥

સમાવર્તોઽનિવૃત્તાત્મા ધર્મપુંજઃ સદાશિવઃ ।
અકલ્મષશ્ચતુર્બાહુર્દુરાવાસો દુરાસદઃ ॥ ૨૨॥

૧૭૨ સમાવર્તઃ—સંસારચક્રને સારી પેઠે ફેરવનાર, ૧૭૩ અનિવૃત્તાત્મા—સર્વત્ર વિદ્યમાન હોવાને કારણે જેનો આત્મા ક્યાંયથી પણ ખસતો નથી, એવા, ૧૭૪ ધર્મપુંજઃ—ધર્મ અથવા પુણ્યનો ઢગલો, ૧૭૫ સદાશિવઃ—નિરંતર કલ્યાણકારી, ૧૭૬ અકલ્મષઃ પાપરહિત, ૧૭૭ ચતુર્બાહુઃ ચાર ભુજાધારી, ૧૭૮ દુરાવાસઃ—જેને યોગીજનો

પણ બહુ કઠણતાથી પોતાના હૃદયમંદિરમાં વસાવી શકે છે તેવા, ૧૭૯ કુરાસદઃ પરમ દુર્જય ॥ ૨૨॥

દુલર્ભો દુર્ગમો દુર્ગઃ સર્વાયુધવિશારદઃ।
અધ્યાત્મયોગનિલયઃ સુતન્તુસ્તન્તુવર્ધનઃ ॥ ૨૩॥

૧૮૦ દુર્લભઃ—ભક્તિહીન પુરુષોને કઠિનતાથી પ્રાપ્ત થનાર, ૧૮૧ દુર્ગમઃ—જેમની પાસે પહોંચવું કોઈને માટે પણ કઠણ છે એવા, ૧૮૨ દુર્ગઃ—પાપ-તાપથી રક્ષા કરવા માટે દુર્ગરૂપ અથવા દુર્જ્ઞેય, ૧૮૩ સર્વાયુધવિશારદઃ—સંપૂર્ણ અસ્ત્રોના પ્રયોગની કલામાં કુશળ, ૧૮૪ અધ્યાત્મયોગનિલયઃ—અધ્યાત્મયોગમાં સ્થિત, ૧૮૫ સુતન્તુઃ—સુંદર વિસ્તૃત જગત્‌રૂપ તંતુવાળા, ૧૮૬ તંતુવર્ધનઃ—જગત્‌રૂપ તંતુને વધારનાર ॥ ૨૩॥

શુભાંગો લોકસારંગો જગદીશો જનાર્દનઃ।
ભસ્મશુદ્ધિ કરો મેરુરોજસ્વી શુદ્ધવિગ્રહઃ ॥ ૨૪॥

૧૮૭ શુભાંગઃ—સુંદર અંગવાળા, ૧૮૮ લોકસારંગઃ—લોકસારગ્રાહી, ૧૮૯ જગદીશઃ—જગતના સ્વામી, ૧૯૦ જનાર્દનઃ—ભક્તજનોની યાચનાના આલંબન, ૧૯૧ ભસ્મશુદ્ધિકરઃ—ભસ્મથી શુદ્ધિનું સંપાદન કરનારા, ૧૯૨ મેરુઃ સુમેરુ પર્વત-સમાન કેન્દ્રરૂપ, ૧૯૩ ઓજસ્વી—તેજ અને બળથી સંપન્ન, ૧૯૪ શુદ્ધવિગ્રહઃ—નિર્મળ શરીરવાળા ॥ ૨૪॥

અસાધ્યઃ સાધુસાધ્યશ્ચ ભૃત્યમર્કટરૂપધૃક્।
હિરણ્યરેતાઃ પૌરાણો રિપુજીવહરો બલી ॥ ૨૫॥

૧૯૫ અસાધ્યઃ—સાધન-ભજનથી દૂર રહેનારાઓ માટે અલભ્ય, ૧૯૬ સાધુ-સાધ્યઃ—સાધન-ભજન પરાયણ સત્પુરુષો માટે સુલભ, ૧૯૭ ભૃત્યમર્કટરૂપધૃક્—શ્રીરામના સેવક વાનર હનુમાનનું રૂપ ધારણ કરનાર, ૧૯૮ હિરણ્યરેતાઃ—અગ્નિસ્વરૂપ અથવા સુવર્ણમય વીર્યવાળા, ૧૯૯ પૌરાણઃ—પુરાણો દ્વારા પ્રતિપાદિત, ૨૦૦ રિપુજીવહરઃ શત્રુઓના પ્રાણ હરણ કરી લેનારા, ૨૦૧ બલી-બળશાળી॥ ૨૫॥

મહાહ્રદો મહાગર્તઃ સિદ્ધવૃન્દારવન્દિતઃ।
વ્યાઘ્રચર્મામ્બરો વ્યાલી મહાભૂતો મહાનિધિઃ ॥ ૨૬॥

૨૦૨ મહાહ્રદઃ—પરમાનંદના મહાન સરોવર, ૨૦૩ મહાગર્તઃ—મહાન આકાશરૂપ, ૨૦૪ સિદ્ધવૃન્દારવંદિતઃ—સિદ્ધો અને દેવતાઓ દ્વારા વન્દિત, ૨૦૫ વ્યાઘ્રચર્મામ્બરઃ—વ્યાઘ્રચર્મને વસ્ત્ર સમાન ધારણ કરનાર, ૨૦૬ વ્યાલીઃ—સર્પોને આભૂષણની જેમ ધારણ કરનાર, ૨૦૭ મહાભૂતઃ—ત્રિકાળમાં પણ ક્યારેય નષ્ટ ન થનાર મહાભૂત સ્વરૂપ, ૨૦૮ મહાનિધિઃ—સર્વના મહાન નિવાસસ્થાન॥ ૨૬॥

અમૃતાશોઽમૃતવપુઃ પાંચજન્યઃ પ્રભંજનઃ।
પંચવિંશતિતત્ત્વસ્થઃ પારિજાત પરાવરઃ ॥ ૨૭॥

૨૦૯ અમૃતાશઃ—જેની આશા ક્યારેય વિફળ ન થાય એવા અમોઘ સંકલ્પ, ૨૧૦ અમૃતવપુઃ—જેમનું કલેવર ક્યારેય નષ્ટ ન થાય એવા-નિત્યવિગ્રહ ૨૧૧ પાંચજન્યઃ—પાંચજન્ય નામના શંખસ્વરૂપ, ૨૧૨ પ્રભંજનઃ—વાયુરૂપ અથવા સંહારકારી, ૨૧૩ પંચવિંશતિત તત્ત્વસ્થઃ—પ્રકૃતિ, મહતત્ત્વ (બુદ્ધિ), અહંકાર, ચક્ષુ, શ્રોત્ર, ઘ્રાણ, રસના, ત્વક્, વાક્, પાણિ, પાયુ, પાદ, ઉપસ્થ, મન, શબ્દ, સ્પર્શ, રૂપ, રસ, ગંધ, પૃથ્વી, જલ, તેજ, વાયુ અને આકાશ-આ ચોવીશ જડ તત્ત્વોસહિત પરચશમો ચેતનતત્ત્વ પુરુષમાં વ્યાપ્ત ૨૧૪ પારિજાતઃ—યાચકોની ઇચ્છા પૂર્ણ કરવામાં કલ્પવૃક્ષરૂપ, ૨૧૫ પરાવરઃ—કાર્ય-કારણરૂપ॥ ૨૭॥

સુલભઃ સુવ્રતઃ શૂરો બ્રહ્મવેદનિધિર્નિધિઃ।
વર્ણાશ્રમગુરુર્વર્ણી શત્રુજિચ્છત્રુતાપનઃ॥ ૨૮॥

૨૧૬ સુલભઃ—નિત્ય-નિરંતર ચિંતન કરનારને એક નિષ્ઠ શ્રદ્ધાળુ ભક્તને સુગમતાથી પ્રાપ્ત થનાર, ૨૧૭ સુવ્રતઃ—ઉત્તમ વ્રતધારી, ૨૧૮ શૂરઃ—શૌર્યસંપન્ન, ૨૧૯ બ્રહ્મવેદનિધિઃ—બ્રહ્મા અને વેદના પ્રાદુર્ભાવનું સ્થાન, ૨૨૦ નિધિઃ—જગતરૂપ રત્નનું ઉત્પત્તિસ્થાન, ૨૨૧ વર્ણાશ્રમ ગુરુઃ—વર્ણ અને આશ્રમોના ગુરુ (ઉપદેષ્ટા) ૨૨૨ વર્ણી-બ્રહ્મચારી, ૨૨૩ શત્રુજિત-અંધકાસુર વગેરે શત્રુઓને જીતનાર, ૨૨૪ શત્રુતાપનઃ—શત્રુઓને સંતાપ દેનાર॥૨૮॥

આશ્રમઃ ક્ષપણઃ ક્ષામો જ્ઞાનવાનચલેશ્વરઃ।
પ્રમાણભૂતો દુર્જ્ઞેયઃ સુપર્ણોઽથ વાયુવાહનઃ॥ ૨૯॥

૨૨૫ આશ્રમ-સૌનું વિશ્રામસ્થાન, ક્ષપણઃ—જન્મ-મરણના કષ્ટનો મૂળમાંથી ઉચ્છેદ કરનારા, ૨૨૭ ક્ષામઃ—પ્રલય કાળમાં પ્રજાને ક્ષીણ કરનારા, ૨૨૮ જ્ઞાનવાન્—જ્ઞાની, ૨૨૯ અચલેશ્વરઃ—પર્વતો અથવા સ્થાવર પદાર્થના સ્વામી, ૨૩૦ પ્રમાણભૂતઃ—નિત્યસિદ્ધ પ્રમાણરૂપ, ૨૩૧ દુર્જ્ઞેયઃ—કઠણતાથી જાણવાયોગ્ય, ૨૩૨ સુપર્ણઃ—વેદમય સુંદર પાંખવાળા, ગરુડરૂપ, ૨૩૩ વાયુવાહનઃ—પોતાના ભયથી વાયુને પ્રવાહિત કરનાર॥૨૯॥

ધનુર્ધરો ધનુર્વેદો ગુણરાશિર્ગુણાકરઃ।
સત્યઃ સત્યપરોઽદીનો ધર્માંગો ધર્મસાધનઃ॥ ૩૦॥

૨૩૪ ધનુર્ધરઃ—પિનાકધારી, ૨૩૫ ધનુર્વેદઃ—ધનુર્વેદના જ્ઞાતા, ૨૩૬ ગુણરાશિઃ—અનંત કલ્યાણમય ગુણોની રાશિ-ઢગલો, ૨૩૭ ગુણાકરઃ—સદ્ગુણોની ખાણ, ૨૩૮ સત્યઃ—સત્યસ્વરૂપ, ૨૩૯ સત્યપરઃ—સત્યપરાયણ, ૨૪૦ અદીનઃ—દીનતારહિત ઉદાર, ૨૪૧ ધર્માંગઃ—ધર્મમય વિગ્રહવાળા, ૨૪૨ ધર્મસાધનઃ—ધર્મનું અનુષ્ઠાન કરનાર॥ ૩૦॥

અનન્તદૃષ્ટિરાનન્દો દણ્ડો દમયિતા દમઃ।
અભિવાદ્યો મહામાયો વિશ્વકર્મવિશારદઃ॥ ૩૧॥

૨૪૩ અનંતદૃષ્ટિઃ—અસીમિત દૃષ્ટિવાળા, ૨૪૪ આનંદઃ—પરમાનંદમય, ૨૪૫ દંડઃ—દુષ્ટોને દંડ આપનાર અથવા દંડસ્વરૂપ, ૨૪૬ દમયિતા-દુર્દાન્ત દાનવોનું દમન કરનાર, ૨૪૭ દમઃ—દમનસ્વરૂપ, ૨૪૮ અભિવાદ્યઃ—પ્રણામ કરવા યોગ્ય, ૨૪૯ મહામાયઃ—માયાવીઓને પણ મોહ ઉત્પન્ન કરનાર મહામાયાવી, ૨૫૦ વિશ્વકર્મવિશારદઃ—સંસારની સૃષ્ટિ કરવાના કર્મમાં કુશળ॥ ૩૧॥

વીતરાગો વિનીતાત્મા તપસ્વી ભૂતભાવનઃ।
ઉન્મત્તવેષઃ પ્રચ્છન્નો જિતકામોઽજિતપ્રિયઃ॥ ૩૨॥

૨૫૧ વીતરાગઃ—પૂર્ણતયા વિરક્ત, ૨૫૨ વિનીતાત્મા-મનથી વિનયશીલ અથવા મનને વશમાં રાખનાર, ૨૫૩ તપસ્વીઃ-તપસ્યાપરાયણ, ૨૫૪ ઉન્મત્તવેષઃ—પાગલોની જેમ વેશ ધારણ કરનાર, ૨૫૬ પ્રચ્છન્નઃ—માયાની આડમાં સંતાયેલા, ૨૫૭ જિતકામઃ—કામવિજયી, ૨૫૮ અજિતપ્રિયઃ—ભગવાન વિષ્ણુના પ્રેમી॥ ૩૨॥

કલ્યાણપ્રકૃતિઃ કલ્પઃ સર્વલોકપ્રજાપતિઃ।
તરસ્વી તારકો ધીમાન્ પ્રધાનઃ પ્રભુરવ્યયઃ॥ ૩૩॥

૨૫૯ કલ્યાણપ્રકૃતિઃ—કલ્યાણકારી સ્વભાવવાળા, ૨૬૦ કલ્પઃ—સમર્થ, ૨૬૧ સર્વલોક પ્રજાપતિઃ—સંપૂર્ણ લોકોની પ્રજાના પાલક, ૨૬૨ તરસ્વીઃ—વેગશાળી, ૨૬૩ તારકઃ—ઉદ્ધારક, ૨૬૪ ધીમાન્-વિશુદ્ધ બુદ્ધિથી યુક્ત, ૨૬૫ પ્રધાનઃ—સૌથી શ્રેષ્ઠ, ૨૬૬ પ્રભુઃ—સર્વસમર્થ, ૨૬૭ અવ્યયઃ—અવિનાશી॥ ૩૩॥

લોકપાલોઽન્તર્હિતાત્મા કલ્પાદિઃ કમલેક્ષણઃ ।
વેદશાસ્ત્રાર્થતત્ત્વજ્ઞોઽનિયમો નિયતાશ્રયઃ ॥ ૩૪॥

૨૬૮ લોકપાલઃ—સમસ્ત લોકોની રક્ષા કરનારા, ૨૬૯ અંતર્હિતાત્મા અંતર્યામી આત્મા અથવા અદૃશ્ય સ્વરૂપવાળા, ૨૭૦ કલ્પાદિઃ—કલ્પના આદિકારણ, ૨૭૧ કમલેક્ષણ-કમળ સમાન નેત્રવાળા, વેદશાસ્ત્રાર્થ તત્ત્વજ્ઞઃ—વેદો અને શાસ્ત્રોનો અર્થ અને તત્ત્વને જાણનારા, ૨૭૩ અનિયમઃ—નિયંત્રણ રહિત, ૨૭૪ નિયતાશ્રમઃ—સૌના સુનિશ્ચિત આશ્રયસ્થાન॥ ૩૪॥

ચન્દ્રઃ સૂર્યઃ શનિઃ કેતુર્વરાઙ્ગો વિદ્રુમચ્છવિઃ ।
ભક્તિવશ્યઃ પરબ્રહ્મ મૃગબાણાર્પણોઽનઘઃ ॥ ૩૫॥

૨૭૫ ચંદ્રઃ—ચંદ્રમાના રૂપે આહ્લાદકારી, ૨૭૬ સૂર્યઃ—સર્વની ઉત્પત્તિના હેતુભૂત સૂર્ય, ૨૭૭ શનિઃ— શનૈશ્ચરરૂપ, ૨૭૮ કેતુઃ—કેતુ નામના ગ્રહસ્વરૂપ, ૨૭૯ વરાંગઃ—સુંદર શરીરવાળા, ૨૮૦ વિદ્રુમચ્છવિઃ—પરવાળા જેવી લાલ કાન્તિવાળા, ૨૮૧ ભક્તિવશ્યઃ—ભક્તિ દ્વારા ભક્તના વશમાં રહેનારા, ૨૮૨ પરબ્રહ્મ-પરમાત્મા, ૨૮૩ મૃગબાણાર્પણઃ મૃગરૂપધારી યજ્ઞ પર બાણ ચલાવનાર, ૨૮૪ અનઘઃ—પાપરહિત॥ ૩૫॥

અદ્રિરદ્રયાલયઃ કાન્તઃ પરમાત્મા જગદ્ગુરુઃ ।
સર્વકર્માલયસ્તુષ્ટો મઙ્ગલ્યો મઙ્ગલાવૃતઃ ॥ ૩૬॥

૨૮૫ અદ્રિઃ—કૈલાસ વગેરે પર્વતરૂપ, ૨૮૬ અદ્રયાલયઃ—કૈલાસ અને મન્દર વગેરે પર્વતો પર નિવાસ કરનારા, ૨૮૭ કાન્તઃ—સૌના પ્રિયતમ, ૨૮૮ પરમાત્મા-પરબ્રહ્મ પરમેશ્વર, ૨૮૯ જગદ્ગુરુઃ—સમસ્ત સંસારની ગુરુ, ૨૯૦ સર્વકર્માલયઃ—સંપૂર્ણ કર્મોના આશ્રયસ્થાન, ૨૯૧ તુષ્ટઃ— સદા પ્રસન્ન, ૨૯૨ મંગલ્યઃ—મંગલકારી, ૨૯૩ મંગલાવૃત્તઃ—મંગલકારિણી શક્તિથી સંયુક્ત॥ ૩૬॥

મહાતપા દીર્ઘતપાઃ સ્થવિષ્ઠઃ સ્થવિરો ધ્રુવઃ ।
અહઃસંવત્સરો વ્યાપ્તિઃ પ્રમાણં પરમં તપઃ ॥ ૩૭॥

૨૯૪ મહાતપાઃ—મહાન તપસ્વી, દીર્ઘતપાઃ—દીર્ઘકાળ સુધી તપ કરનારા, ૨૯૬ સ્થવિષ્ઠઃ—અત્યંત સ્થૂળ, ૨૯૭ સ્થવિરોધ્રુવઃ—અતિ પ્રાચીન અને અત્યંત સ્થિર, ૨૯૮ અહઃ સંવત્સરઃ—દિન અને સંવત્સર વગેરે કાલરૂપે સ્થિત, અંશકાલ સ્વરૂપ, ૨૯૯ વ્યાપ્તિઃ—વ્યાપકતા સ્વરૂપ, ૩૦૦ પ્રમાણમ્-પ્રત્યક્ષ વગેરે પ્રમાણસ્વરૂપ, ૩૦૧ પરમં તપઃ—ઉત્કૃષ્ટ તપસ્યા સ્વરૂપ॥ ૩૭॥

સંવત્સરકરો મન્ત્રપ્રત્યયઃ સર્વદર્શનઃ ।
અજઃ સર્વેશ્વરઃ સિદ્ધો મહારેતા મહાબલઃ ॥ ૩૮॥

૩૦૨ સંવત્સરકરઃ— સંવત્સર વગેરે કાલવિભાગના ઉત્પાદક, ૩૦૩ મંત્રપ્રત્યયઃ—વેદ આદિ મંત્રોથી પ્રતીત (પ્રત્યક્ષ) થવા યોગ્ય, ૩૦૪ સર્વદર્શનઃ—સર્વના સાક્ષી, ૩૦૫ અજઃ—અજન્મા, ૩૦૬ સર્વેશ્વરઃ—સૌના શાસક, ૩૦૭ સિદ્ધઃ—સિદ્ધિઓના આશ્રય, ૩૦૮ મહારેતાઃ—શ્રેષ્ઠ વીર્યવાળા, ૩૦૯ મહાબલઃ—પ્રમથગણોની મહતી સેનાથી સંપન્ન॥ ૩૮॥

યોગી યોગ્યો મહાતેજાઃ સિદ્ધિઃ સર્વાદિરગ્રહઃ ।
વસુર્વસુમનાઃ સત્યઃ સર્વપાપહરો હરઃ ॥ ૩૯॥

૩૧૦ યોગી યોગ્યઃ—સુયોગ્ય યોગી, ૩૧૧ મહાતેજાઃ—મહાનતેજથી સંપન્ન, ૩૧૨ સિદ્ધિઃ—સમસ્ત સાધનોનું ફળ, ૩૧૩સર્વાદિઃ—બધાં ભૂતોનું આદિ કારણ, ૩૧૪ અગ્રહઃ—ઇન્દ્રિયોની ગ્રહણ શક્તિનો અવિષય, ૩૧૫ વસુઃ—સર્વ પ્રકારનાં ભૂતોનું વાસસ્થાન, ૩૧૬ વસુમનાઃ—ઉદાર મનવાળા, ૩૧૭ સત્યઃ—સત્યસ્વરૂપ, ૩૧૮

સર્વપાપહરો હરઃ—સમસ્ત પાપનું અપહરણ કરવાને કારણે હર નામે પ્રસિદ્ધ॥ ૩૯॥

સુકીર્તિશોભનઃ શ્રીમાન્ વેદાજ્ઞો વેદવિન્મુનિઃ ।
ભ્રાજિષ્ણુર્ભોજનં ભોક્તા લોકનાથો દુરાધરઃ ॥ ૪૦॥

૩૧૯ સુકીર્તિશોભનઃ—ઉત્તમકીર્તિથી સુશોભિત થનારા, ૩૨૦ શ્રીમાન્-વિભૂતિસ્વરૂપા ઉમાથી સંપન્ન, ૩૨૧ વેદાંગઃ—વેદરૂપ અંગોવાળા, ૩૨૨ વેદવિન્મુનિઃ—વેદોનો વિચાર કરનારા મનનશીલ મુનિ, ૩૨૩ ભ્રાજિષ્ણુઃ—એક રસ પ્રકાશસ્વરૂપ, ૩૨૪ ભોજનમ્-જ્ઞાનીઓ દ્વારા ભોગને યોગ્ય અમૃતસ્વરૂપ, ૩૨૫ ભોક્તા-પુરુષરૂપે ઉપભોગ કરનારા, ૩૨૬ લોકનાથઃ—ભગવાન વિશ્વનાથ, ૩૨૭ દુરાધરઃ—અજિતેન્દ્રિય પુરુષો દ્વારા જેની આરાધના અત્યંત કઠિન છે, એવા॥ ૪૦॥

અમૃતઃ શાશ્વતઃ શાન્તો બાણહસ્તઃ પ્રતાપવાન્ ।
કમણ્ડલુધરો ધન્વી અવાઙ્મનસગોચરઃ ॥ ૪૧॥

૩૨૮ અમૃતઃ શાશ્વતઃ—સનાતન અમૃતસ્વરૂપ, ૩૨૯ શાન્તઃ—શાંતિમય, ૩૩૦ બાણહસ્તઃ પ્રતાપવાન્-હાથમાં બાણ ધારણ કરનાર પ્રતાપી વીર ૩૩૧ કમંડલુધરઃ—કમંડલુ ધારણ કરનાર, ૩૩૨ ધન્વી-પિનાકધારી, ૩૩૩ અવાંગમનસગોચરઃ—મન અને વાણીનો અવિષય॥ ૪૧॥

અતીન્દ્રિયો મહામાયઃ સર્વાવાસશ્ચતુષ્પથઃ ।
કાલયોગી મહાનાદો મહોત્સાહો મહાબલઃ ॥ ૪૨॥

૩૩૪ અતીન્દ્રિયો મહામાયાઃ ઇન્દ્રિયાતીત અને મહામાયાવી, ૩૩૫ સર્વાવાસઃ—સૌનું વાસસ્થાન, ૩૩૬ ચતુષ્પથઃ—ચારેય પુરુષાર્થની સિદ્ધિનો એક માત્ર માર્ગ, ૩૩૭ કાલયોગી-પ્રલય વખતે સૌને કાલથી સંયુક્ત કરનારા, ૩૩૮ મહાનાદઃ—ગંભીર શબ્દ કરનાર અથવા અનાહત નાદરૂપ, ૩૩૯ મહોત્સાહો મહાબલઃ—મહાન ઉત્સાહ, બળથી સંપન્ન॥ ૪૨॥

મહાબુદ્ધિર્મહાવીર્યો ભૂતચારી પુરંદરઃ ।
નિશાચરઃ પ્રેતચારી મહાશક્તિર્મહાદ્યુતિઃ ॥ ૪૩॥

૩૪૦ મહાબુદ્ધિઃ—શ્રેષ્ઠ બુદ્ધિવાળા, ૩૪૧ મહાવીર્યઃ—અનંત પરાક્રમી, ૩૪૨ ભૂતચારી—ભૂતગણોની સાથે વિચરણ કરનાર, ૩૪૩ પુરંદરઃ—ત્રિપુરસંહારક, ૩૪૪ નિશાચરઃ—રાત્રિમાં વિચરણ કરનારા, ૩૪૫ પ્રેતચારી—પ્રેતોની સાથે ભ્રમણ કરનારા, ૩૪૬ મહાશક્તિઃ અને મહાદ્યુતિઃ—અનંતશક્તિ અને શ્રેષ્ઠ કાન્તિથી સંપન્ન॥ ૪૩॥

અનિર્દેશ્યવપુઃ શ્રીમાન્ સર્વાચાર્યમનોગતિઃ ।
બહુશ્રુતોઽમહામાયો નિયતાત્મા ધ્રુવોઽધ્રુવઃ ॥ ૪૪॥

અનિર્દેશ્યવપુઃ—અનિર્વચનીય સ્વરૂપવાળા, ૩૪૮ શ્રીમાન્—ઐશ્વર્યવાન ૩૪૯ સર્વાચાર્યમનોગતિઃ—બધાંને માટે અવિચાર્ય મનોગતિવાળા, ૩૫૦ બહુશ્રુતઃ બહુજ્ઞ અથવા સર્વજ્ઞ, ૩૫૧ અમહામાયઃ—મોટામાં મોટી માયા પણ જેના પર પ્રભાવ નાખી શકે નહિ એવા, ૩૫૨ નિયતાત્મા—મનને વશમાં રાખનાર, ૩૫૩ ધ્રુવોઽધ્રુવઃ—ધ્રુવ (નિત્યકારણ) અને અધ્રુવ (અનિત્યકાર્ય)-રૂપ॥ ૪૪॥

ઓજસ્તેજોદ્યુતિધરો જનકઃ સર્વશાસનઃ ।
નૃત્યપ્રિયો નિત્યનૃત્યઃ પ્રકાશાત્મા પ્રકાશકઃ ॥ ૪૫॥

૩૫૪ ઓજસ્તેજોદ્યુતિધરઃ—ઓજ (પ્રાણ અને બળ), તેજ (શૌર્ય વગેરે ગુણ) તથા જ્ઞાનની દીપ્તિને ધારણ કરનાર, ૩૫૫ જનકઃ—સૌના ઉત્પાદક, ૩૫૬ સર્વશાસનઃ—સર્વના શાસક, ૩૫૭ નૃત્યપ્રિયઃ—નૃત્યના પ્રેમી, ૩૫૮ નિત્યનૃત્યઃ—પ્રતિદિન તાંડવ નૃત્ય કરનાર, ૩૫૯ પ્રકાશાત્મા—પ્રકાશસ્વરૂપ, ૩૬૦ પ્રકાશકઃ—સૂર્ય

વગેરેને પણ પ્રકાશ આપનાર॥ ૪૫॥

સ્પષ્ટાક્ષરો બુધો મન્ત્રઃ સમાનઃ સારસમ્પ્લવઃ ।
યુગાદિકૃદ્યુગાવર્તો ગમ્ભીરો વૃષવાહનઃ ॥ ૪૬॥

૩૬૧ સ્પષ્ટાક્ષરઃ— ઓંકારસ્વરૂપ સ્પષ્ટ અક્ષરવાળા, ૩૬૨ બુધઃ—જ્ઞાનવાન્, ૩૬૩ મંત્રઃ—ઋક્, સામ અને યજુર્વેદના મંત્રસ્વરૂપ, ૩૬૪ સમાનઃ—સૌના પ્રત્યે સમાન ભાવ રાખનાર, ૩૬૫ સારસમ્પ્લવઃ—સંસારસાગરથી પાર થવા માટે નૌકારૂપ, ૩૬૬ યુગાદિકૃદ્યુગાવર્તઃ—યુગ-આદિનો આરંભ કરનારા તથા ચારે યુગને ચક્રની પેઠે ફેરવનાર, ૩૬૭ ગંભીરઃ—ગાંભીર્ય-ભાવથી યુક્ત, ૩૬૮ વૃષવાહનઃ—નન્દી નામના વૃષભપર સવાર થનાર॥ ૪૬॥

ઇષ્ટોઽવિશિષ્ટઃ શિષ્ટેષ્ટઃ સુલભઃ સારશોધનઃ ।
તીર્થરૂપસ્તીર્થનામા તીર્થદૃશ્યસ્તુ તીર્થદઃ ॥ ૪૭॥

૩૬૯ ઇષ્ટઃ—પરમાનંદસ્વરૂપ હોવાથી સર્વપ્રિય, ૩૭૦ અવિશિષ્ટઃ—સંપૂર્ણ વિશેષણોથી રહિત, ૩૭૧ શિષ્ટેષ્ટઃ—શિષ્ટપુરુષોના ઇષ્ટદેવ, ૩૭૨ સુલભઃ—અનન્યચિત્તથી નિરંતર સ્મરણ કરનારને ભક્તોને માટે સુગમતાથી પ્રાપ્ત થવા યોગ્ય, ૩૭૩ સારશોધનઃ—સારતત્ત્વની શોધ કરનાર, ૩૭૪ તીર્થરૂપઃ—તીર્થસ્વરૂપ, ૩૭૫ તીર્થનામા-તીર્થ નામધારી અથવા જેમનું નામ ભવસાગરથી પાર કરનારું છે એવા, ૩૭૬ તીર્થદૃશ્યઃ તીર્થસેવનથી પોતાનાં સ્વરૂપનાં દર્શન કરાવનાર અથવા ગુરુકૃપાથી પ્રત્યક્ષ થનાર, ૩૭૭ તીર્થદઃ ચરણોદક સ્વરૂપ તીર્થ આપનાર॥ ૪૭॥

અપાંનિધિરધિષ્ઠાનં દુર્જયો જયકાલવિત્ ।
પ્રતિષ્ઠિતઃ પ્રમાણજ્ઞો હિરણ્યકવચો હરિઃ ॥ ૪૮॥

૩૭૮ અપાંનિધિઃ—જલના નિધાન સમુદ્રરૂપ, ૩૭૯ અધિષ્ઠાનમ્—ઉપાદાન કારણથી બધાં ભૂતોનો આશ્રય અથવા જગતરૂપ પ્રપંચનું અધિષ્ઠાન, ૩૮૦ દુર્જયઃ જેમને જીતવા કઠણ છે એવા, ૩૮૧ જયકાલવિત્ વિજયના અવસરને સમજનારા, ૩૮૨ પ્રતિષ્ઠિતઃ—પોતાના જ મહિમામાં સ્થિત, ૩૮૩ પ્રમાણજ્ઞઃ પ્રમાણોના જ્ઞાતા, ૩૮૪ હિરણ્યકવચઃ સુવર્ણમય કવચ ધારણ કરનારા, ૩૮૫ હરિઃ શ્રી હરિ સ્વરૂપ॥ ૪૮॥

વિમોચનઃ સુરગણો વિદ્યેશો વિન્દુસંશ્રયઃ ।
બાલરૂપોઽબલોન્મત્તોઽવિકર્તા ગહનો ગુહઃ ॥ ૪૯॥

૩૮૬ વિમોચનઃ—સંસારબંધનથી સદાને માટે છોડાવનાર, ૩૮૭ સુરગણઃ—દેવસમુદાયરૂપ, ૩૮૮ વિદ્યેશઃ—સંપૂર્ણ વિદ્યાઓના સ્વામી, ૩૮૯ વિન્દુસંશ્રયઃ—બિન્દુરૂપ પ્રણવનો આશ્રય, ૩૯૦ બાલરૂપઃ—બાળકનું રૂપ ધારણ કરનારા ૩૯૧ અબલોન્મત્તઃ—બળથી ઉન્મત્ત ન થનાર, ૩૯૨ અવિકર્તા-વિકારરહિત, ૩૯૩ ગહનઃ દુર્બોધસ્વરૂપ અથવા અગમ્ય, ૩૯૪ ગુહઃ—ગાયાથી પોતાના યથાર્થ સ્વરૂપને સંતાડનાર॥ ૪૯॥

કરણં કારણં કર્તા સર્વબન્ધવિમોચનઃ ।
વ્યવસાયો વ્યવસ્થાનઃ સ્થાનદો જગદાદિજઃ ॥ ૫૦॥

૩૯૫ કરણં—સંસારની ઉત્પત્તિનું સૌથી મોટું સાધન, ૩૯૬ કારણમ્—જગતનું ઉપાદાન અને નિમિત્તકારણ, ૩૯૭ કર્તા-સર્વના રચયિતા, ૩૯૮ સર્વબંધવિમોચનઃ—સંપૂર્ણ બંધનોમાંથી છોડવનાર, ૩૯૯ વ્યવસાયઃ નિશ્ચયાત્મક જ્ઞાનસ્વરૂપ, ૪૦૦ વ્યવસ્થાનઃ—સંપૂર્ણ જગતની વ્યવસ્થા કરનારા, ૪૦૧ સ્થાનદઃ ધ્રુવ વગેરે ભક્તોને અવિચલ સ્થિતિ પ્રદાન કરનારા, ૪૦૨ જગદાદિજઃ—હિરણ્યગર્ભરૂપે જગતના આદિમાં પ્રગટ થનાર॥ ૫૦॥

ગુરુદો લલિતોઽભેદો ભાવાત્માઽઽત્મનિ સંસ્થિતઃ ।
વીરેશ્વરો વીરભદ્રો વીરાસનવિધિર્વિરાટ્ ॥ ૫૧॥

૪૦૩ ગુરુદઃ શ્રેષ્ઠ વસ્તુ પ્રદાન કરનાર અથવા

જિજ્ઞાસુઓને ગુરુની પ્રાપ્તિ કરાવનારા, ૪૦૪ લલિતઃ—સુંદર સ્વરૂપવાળા, ૪૦૫ અભેદઃ—ભેદરહિત, ૪૦૬ ભાવાત્મકાત્મનિ સંસ્થિતઃ—સત્સ્વરૂપ આત્મામાં સ્થિત, પ્રતિષ્ઠિત, ૪૦૭ વીરેશ્વરઃ—વીર શિરોમણિ, ૪૦૮ વીરભદ્રઃ—વીરભદ્ર નામના ગણાધ્યક્ષ, ૪૦૯ વીરાસનવિધિઃ—વીરાસનથી બેસનારા, ૪૧૦ વિરાટ્-અખિલ બ્રહ્માંડ સ્વરૂપ॥ ૫૧॥

વીરચૂડામણિર્વેત્તા ચિદાનન્દો નદીધરઃ।
આજ્ઞાધારસ્ત્રિશૂલી ચ શિપિવિષ્ટઃ શિવાલયઃ ॥ ૫૨॥

૪૧૧ વીરચૂડામણિઃ—વીરોમાં શ્રેષ્ઠ, ૪૧૨ વેત્તા-વિદ્વાન, ૪૧૩ ચિદાનંદઃ—વિજ્ઞાન-આનંદસ્વરૂપ, ૪૧૪ નદીધરઃ—મસ્તક પર ગંગાજીને ધારણ કરનાર, ૪૧૫ આજ્ઞાધારઃ—આજ્ઞાનું પાલન કરનાર, ૪૧૬ ત્રિશૂળી—ત્રિશૂળધારી, ૪૧૭ શિપિવિષ્ટઃ તેજોમયી કિરણોથી વ્યાપ્ત, ૪૧૮ શિવાલયઃ ભગવતી શિવાનો આશ્રય ॥ ૫૨॥

વાલખિલ્યો મહાચાપસ્તિગ્માંશુર્બધિરઃ ખગઃ।
અભિરામઃ સુશરણઃ સુબ્રહ્મણ્યઃ સુધાપતિઃ ॥ ૫૩॥

૪૧૯ વાલખિલ્યઃ—વાલખિલ્ય ઋષિરૂપ, ૪૨૦ મહાચાપઃ—મહાન ધનુર્ધર, ૪૨૧ તિગ્માંશુઃ—સૂર્યરૂપ, ૪૨૨ બધિરઃ—લૌકિક વિષયોની ચર્ચા ન સાંભળનાર, ૪૨૩ ખગઃ—આકાશચારી, ૪૨૪ અભિરામઃ—પરમ સુંદર, ૪૨૫ સુશરણઃ—બધાને માટે સુંદર આશ્રયસ્વરૂપ, ૪૨૬ સુબ્રહ્મણ્યઃ—બ્રાહ્મણોના પરમ હિતૈષી, ૪૨૭ સુધાપતિઃ—અમૃતકળશના રક્ષક॥ ૫૩॥

મઘવાન્કૌશિકો ગોમાન્વિરામઃ સર્વસાધનઃ।
લલાટાક્ષો વિશ્વદેહઃ સારઃ સંસારચક્રભૃત્ ॥ ૫૪॥

૪૨૮ મઘવાન્ કૌશિકઃ—કુશિકવંશીય ઇન્દ્રસ્વરૂપ, ૪૨૯ ગોમાન્-પ્રકાશ કિરણોથી યુક્ત, ૪૩૦ વિરામઃ—સમસ્ત પ્રાણીઓનું લય સ્થાન, ૪૩૧ સર્વસાધનઃ- સમસ્ત કામનાઓને સિદ્ધ કરનારા, ૪૩૨ લલાટાક્ષઃ—લલાટમાં ત્રીજું નેત્ર ધારણ કરનારા, ૪૩૩ વિશ્વદેહઃ જગત્સ્વરૂપ, ૪૩૪ સારઃ—સારતત્ત્વરૂપ, ૪૩૫ સંસારચક્રભૃત-સંસાર ચક્રને ધારણ કરનારા॥ ૫૪॥

અમોઘદણ્ડો મધ્યસ્થો હિરણ્યો બ્રહ્મવર્ચસી।
પરમાર્થઃ પરો માયી શમ્બરો વ્યાઘ્રલોચનઃ ॥ ૫૫॥

૪૩૬ અમોઘદંડઃ જેમનો દંડ ક્યારેય વ્યર્થ જતો નથી, એવા, ૪૩૭ મધ્યસ્થઃ—ઉદાસીન, ૪૩૮ હિરણ્યઃ—સુવર્ણ અથવા તેજસ્વરૂપ, ૪૩૯ બ્રહ્મવર્ચસી-બ્રહ્મતેજથી સંપન્ન, ૪૪૦ પરમાર્થઃ—મોક્ષરૂપ ઉત્કૃષ્ટ અર્થની પ્રાપ્તિ કરાવનાર, ૪૪૧ પરોમાયી—મહામાયાવી, ૪૪૨ શમ્બરઃ કલ્યાણપ્રદ, ૪૪૩ વ્યાઘ્રલોચનઃ—વાઘનાં જેવાં સમાન ભયાનક નેત્રવાળા॥ ૫૫॥

રુચિર્વિરંચિઃ સ્વર્બન્ધુર્વાચસ્પતિરહર્પતિઃ।
રવિર્વિરોચનઃ સ્કન્દઃ શાસ્તા વૈવસ્વતો યમઃ ॥ ૫૬॥

૪૪૪ રુચિઃ—દીપ્તિરૂપ, ૪૪૫ વિરંચિઃ—બ્રહ્મસ્વરૂપ, ૪૪૬ સ્વર્બન્ધુઃ—સ્વલોકમાં બન્ધુની જેમ સુખદ, ૪૪૭ વાચસ્પતિઃ—વાણીના અધિપતિ, ૪૪૮ અહર્પતિઃ—દિવસના સ્વામી સૂર્યરૂપ, ૪૪૯ રવિઃ—સમસ્ત રસોનું શોષણ કરનારા, ૪૫૦ વિરોચનઃ—વિવિધ પ્રકારે પ્રકાશ ફેલાવનારા, ૪૫૧ સ્કંદઃ—સ્વામી કાર્તિકેયરૂપ, ૪૫૨ શાસ્તા વૈવસ્તોયમઃ—સર્વ પર શાસન કરનાર સૂર્ય કુમાર યમ॥ ૫૬॥

યુક્તિરુન્નતકીર્તિશ્ચ સાનુરાગઃ પરંજયઃ।
કૈલાસાધિપતિઃ કાન્તઃ સવિતા રવિલોચનઃ ॥ ૫૭॥

૪૫૩ યુક્તિરુન્નતકીર્તિઃ—અષ્ટાંગ યોગ સ્વરૂપ તથા ઊર્ધ્વલોકમાં ફેલાયેલી કીર્તિથી યુક્ત, ૪૫૪ સાનુરાગઃ—ભક્તજનો પર પ્રેમ રાખનારા, ૪૫૫

પરંજપઃ—બીજાઓ પર વિજય મેળવનારા, ૪૫૬ કૈલાસાધિપતિઃ—કૈલાસના સ્વામી, ૪૫૭ કાન્તઃ—કમનીય અથવા કાન્તિમાન ૪૫૮ સવિતા-સમસ્ત જગતને ઉત્પન્ન કરનારા, ૪૫૯ રવિલોચનઃ—સૂર્યરૂપ નેત્રવાળા॥ ૫૭॥

વિદ્વત્તમો વીતભયો વિશ્વભર્ત્તાનિવારિતઃ।
નિત્યો નિયતકલ્યાણઃ પુણ્યશ્રવણકીર્તનઃ ॥ ૫૮॥

૪૬૦ વિદ્વત્તમઃ—વિદ્વાનોમાં સર્વશ્રેષ્ઠ, પરમ વિદ્વાન, ૪૬૧ વીતભયઃ—બધા પ્રકારના ભયથી રહિત, વિશ્વભર્તા—જગતનું ભરણ-પોષણ કરનારા, ૪૬૩ અનિવારિતઃ જેને કોઈ રોકી શકે નહિ તેવા, ૪૬૪ નિત્યઃ સત્યસ્વરૂપ, ૪૬૫ નિયતકલ્યાણઃ—સુનિશ્ચિતરૂપે કલ્યાણકારી, ૪૬૬ પુણ્યશ્રવણકીર્તનઃ—જેમનાં નામ, ગુણ, મહિમા અને સ્વરૂપનાં શ્રવણ કીર્તનથી પરમ પાવન થાય છે, એવા॥ ૫૮॥

દૂરશ્રવા વિશ્વસહો ધ્યેયો દુઃસ્વપ્નનાશનઃ।
ઉત્તારણો દુષ્કૃતિહા વિજ્ઞેયો દુસ્સહોઽભવઃ ॥ ૫૯॥

૪૬૭ દૂરશ્રવા—સર્વવ્યાપી હોવાને કારણે દૂરની વાત પણ સાંભળી લેનારા, ૪૬૮ વિશ્વસહઃ—ભક્તજનોના અપરાધો કૃપાપૂર્વક સહી લેનારા, ૪૬૯ ધ્યેયઃ—ધ્યાન કરવા યોગ્ય, ૪૭૦ દુઃસ્વપ્નનાશનઃ—ચિંતન કરવા માત્રથી દુઃસ્વપ્નોનો નાશ કરનારા, ૪૭૧ ઉત્તારણઃ—સંસાર સાગરથી પાર ઉતારનારા, ૪૭૨ દુષ્કૃતિહાઃ—પાપનો નાશ કરનારા, ૪૭૩ વિજ્ઞેયઃ—જાણવા યોગ્ય, ૭૪૭ દુસ્સહઃ—જેના વેગને સહન કરવો બીજાઓને માટે અત્યંત કઠણ છે એવા, ૪૭૫ અભવઃ—સંસાર બંધનથી રહિત અથવા અજન્મા॥ ૫૯॥

અનાદિર્ભૂર્ભુવો લક્ષ્મીઃ કિરીટી ત્રિદશાધિપઃ।
વિશ્વગોપ્તા વિશ્વકર્તા સુવીરો રુચિરાઙ્ગદઃ ॥ ૬૦॥

૪૭૬ અનાદિઃ—જેનો કોઈ આદિ નથી, એવા સર્વના કારણરૂપ, ૪૭૭ ભૂર્ભુવો લક્ષ્મીઃ—ભૂર્લોક અને ભુવલોકની શોભા, ૪૭૮ કિરીટી-મુગટધારી, ૪૭૯ ત્રિદશાધિપઃ દેવતાઓના સ્વામી, ૪૮૦ વિશ્વગોપ્તા - જગતના રક્ષક, ૪૮૧ વિશ્વકર્તા—સંસારની સૃષ્ટિ કરનારા, ૪૮૨ સુવીરઃ—શ્રેષ્ઠ વીર, ૪૮૩ રુચિરાંગદઃ—સુંદર બાજૂબંદ-ઘરેણું ધારણ કરનારા॥ ૬૦॥

જનનો જનજન્માદિઃ પ્રીતિમાન્નીતિમાન્ધવઃ।
વસિષ્ઠઃ કશ્યપો ભાનુર્ભીમો ભીમપરાક્રમઃ ॥ ૬૧॥

૪૮૪ જનનઃ—પ્રાણીમાત્રને જન્મ આપનાર, ૪૮૫ જનજન્માદિઃ—જન્મ લેનાર જન્મનું મૂળ કારણ, ૪૮૬ પ્રીતિમાન્—પ્રસન્ન, ૪૮૭ નીતિમાન્ સદાનીતિપરાયણ, ૪૮૮ ધવઃ— સૌના સ્વામી, ૪૮૯ વસિષ્ઠઃ—મન અને ઇન્દ્રિયોને અત્યંત વશમાં રાખનાર અથવા વસિષ્ઠ ઋષિરૂપ, ૪૯૦ કશ્યપઃ—દૃષ્ટા અથવા કશ્યપ ઋષિરૂપ, ૪૯૧ ભાનુઃ—પ્રકાશમાન, અથવા સૂર્યરૂપ, ૪૯૨ ભીમઃ—દુષ્ટોને ભય આપનારા, ૪૯૩ ભીમપરાક્રમઃ—અતિશય ભયદાયક પરાક્રમથી યુક્ત ॥ ૬૧॥

પ્રણવઃ સત્પથાચારો મહાકોશો મહાધનઃ।
જન્માધિપો મહાદેવઃ સકલાગમપારગઃ ॥ ૬૨॥

૪૯૪ પ્રણવઃ—ઓંકારસ્વરૂપ, ૪૯૫ સત્પથાચારઃ—સત્પુરુષોના માર્ગ પર ચાલનારા, ૪૯૬ મહાકોશઃ—અન્નમય આદિ પાંચ કોશોને પોતાની અંદર ધારણ કરનાર મહાકોશરૂપ, ૪૯૭ મહાધનઃ—અપરિમિત ઐશ્વર્યવાળા અથવા કુબેરને પણ ધન આપવાને કારણે મહાધનવાન, ૪૯૮ જન્માધિપઃ—જન્મ (ઉત્પાદન) રૂપી કાર્યના અધ્યક્ષ બ્રહ્મા, ૪૯૯ મહાદેવઃ—સર્વોત્કૃષ્ટ દેવતા, ૫૦૦ સકલાગમપારગઃ—સમસ્ત શાસ્ત્રના પારંગત વિદ્વાન॥ ૬૨॥

तत्त्वं तत्त्वविदेकात्मा विभुर्विश्वविभूषणः ।
ऋषिर्ब्राह्मण ऐश्वर्यजन्ममृत्युजरातिगः ॥ ६३॥

૫૦૧ तत्त्वम्-યથાર્થ તત્ત્વરૂપ, ૫૦૨ तत्त्ववित्-યથાર્થ તત્ત્વને પૂર્ણતયા જાણનાર, ૫૦૩ એકાત્મા-અદ્વિતીય આત્મરૂપ, ૫૦૪ વિભુઃ—સર્વત્રવ્યાપક, ૫૦૫ વિશ્વભૂષણઃ—સંપૂર્ણ જગતને ઉત્તમ ગુણોથી વિભૂષિત કરનારા, ૫૦૬ ઋષિઃ મંત્ર દૃષ્ટા, ૫૦૭ બ્રાહ્મણઃ—બ્રહ્મવેત્તા, ૫૦૮ ઐશ્વર્યજન્મમૃત્યુ જરાતિગઃ—ઐશ્વર્ય, જન્મ, મૃત્ય અને જરાથી અતીત॥ ૬૩॥

पंचयज्ञसमुत्पत्तिर्विश्वेशो विमलोदयः ।
आत्मयोनिरनाद्यन्तो वत्सलो भक्तलोकधृक् ॥ ६४॥

૫૦૯ પંચયજ્ઞસમુત્પત્તિઃ—પંચમહાયજ્ઞોની ઉત્પત્તિના હેતુ, ૫૧૦ વિશ્વેશઃ—વિશ્વનાથ, ૫૧૧ વિમલોદયઃ—નિર્મલ અભ્યુદયની પ્રાપ્તિ કરાવનારા ધર્મરૂપ, ૫૧૨ આત્મયોનિઃ સ્વયંભૂ, ૫૧૩ અનાદ્યન્તઃ—આદિ-અંતથી રહિત, ૫૧૪ વત્સલઃ—ભક્તો પ્રત્યે વાત્સલ્ય-સ્નેહથી યુક્ત, ૫૧૫ ભક્તલોકધૃક્-ભક્તજનોના આશ્રય॥ ૬૪॥

गायत्रीवल्लभः प्रांशुर्विश्वावासः प्रभाकरः ।
शिशुर्गिरिरतः सम्राट् सुषेणः सुरशत्रुहा ॥ ६५॥

૫૧૬ ગાયત્રીવલ્લભઃ—ગાયત્રીમંત્રના પ્રેમી, ૫૧૭ પ્રાંશુઃ—ઊંચા શરીરવાળા, ૫૧૮ વિશ્વાવાસઃ—સંપૂર્ણ જગતના આવાસસ્થાન, ૫૧૯ પ્રભાકરઃ—સૂર્યરૂપ, ૫૨૦ શિશુઃ બાળકરૂપ, ૫૨૧ ગિરિરતઃ કૈલાસ પર્વત પર રમણ કરનારા, ૫૨૨ સમ્રાટઃ—દેવેશ્વરોના પણ ઈશ્વર, ૫૨૩ સુષેણ સુરશત્રુહા-પ્રમથ ગણોની સુંદર સેનાથી યુક્ત તથા દેવશત્રુઓનો સંહાર કરનારા॥ ૬૫॥

अमोघोऽरिष्टनेमिश्च कुमुदो विगतज्वरः ।
स्वयंज्योतिस्तनुज्योतिरात्मज्योतिरचंचलः ॥ ६६॥

૫૨૪ અમોઘોઽરિષ્ટનેમિઃ—અમોઘ સંકલ્પવાળા મહર્ષિ કશ્યપરૂપ, ૫૨૫ કુમુદઃ—ભૂતલને આહ્લાદ પ્રદાન કરનારા ચંદ્રમારૂપ, ૫૨૬ વિગત જ્વરઃ—ચિન્તારહિત, ૫૨૭ સ્વયંજ્યોતિસ્તનુજ્યોતિઃ—પોતાના જ પ્રકાશથી પ્રકાશિત થનારા સૂક્ષ્મજ્યોતિઃ સ્વરૂપ, ૫૨૮ આત્મજ્યોતિ પોતાના સ્વરૂપભૂત જ્ઞાનની પ્રભાથી પ્રકાશિત, ૫૨૯ અચંચલઃ—ચંચાળતાથી રહિત.॥ ૬૬॥

पिङ्गलः कपिलश्मश्रुर्भालनेत्रस्त्रयीतनुः ।
ज्ञानस्कन्दो महानीतिर्विश्वोत्पत्तिरुपप्लवः ॥ ६७॥

૫૩૦ પિંગલઃ—પિંગલવર્ણવાળા, ૫૩૧ કપિલશ્મશ્રુઃ—કપિલ વર્ણનાં દાઢી-મૂછ રાખનારા દુર્વાસા મુનિનારૂપે અવતીર્ણ, ૫૩૨ ભાલનેત્રઃ—લલાટમાં તૃતીયનેત્ર ધારણ કરનારા, ૫૩૩ ત્રયીતનુઃ—ત્રણે લોકો અથવા ત્રણે વેદો જેનાં સ્વરૂપ છે, એવા, ૫૩૪ જ્ઞાન સ્કંદો મહાનીતિઃ—જ્ઞાનપ્રદ અને શ્રેષ્ઠ નીતિવાળા, ૫૩૫ વિશ્વોત્પત્તિઃ—જગતના ઉત્પાદક, ૫૩૬ ઉપપ્લવઃ—સંહારકારી॥ ૬૭॥

भगो विवस्वानादित्य योगपारो दिवस्पतिः ।
कल्याणगुणनामा च पापहा पुण्यदर्शनः ॥ ६८॥

૫૩૭ ભગો વિવસ્વાનાદિત્યઃ—અદિતિનંદન ભગ અને વિવસ્વાન્ ૫૩૮ યોગપારઃ—યોગવિદ્યામાં પારંગત, ૫૩૯ દિવસ્પતિઃ—સ્વર્ગલોકમા સ્વામી, ૫૪૦ કલ્યાણગુણનામા-કલ્યાણકારી ગુણ અને નામવાળા, ૫૪૧ પાપહા—પાપનાશક, ૫૪૨ પુણ્યદર્શનઃ—પુણ્યજનક દર્શન દેનારા અથવા પુણ્યથી જ જેનાં દર્શન થાય છે એવા॥ ૬૮॥

उदारकीर्तिरुद्योगी सद्योगी सदसन्मयः ।
नक्षत्रमाली नाकेशः स्वाधिष्ठानपदाश्रयः ॥ ६९॥

૫૪૩ ઉદારકીર્તિઃ—ઉત્તમ કીર્તિવાળા, ૫૪૪ ઉદ્યોગી-ઉદ્યોગશીલ, ૫૪૫ સદ્યોગી—શ્રેષ્ઠયોગી, ૫૪૬ સદસન્મયઃ સદ્સત્સ્વરૂપ, ૫૪૭ નક્ષત્રમાલી-

નક્ષત્રોની માળાથી અલંકૃત આકાશરૂપ, ૫૪૮ નાકેશઃ—સ્વર્ગના સ્વામી, ૫૪૯ સ્વાધિનષ્ઠાન પદાશ્રયા—સ્વાધિષ્ઠાન ચક્રના આશ્રય॥ ૬૯॥

પવિત્રઃ પાપહારી ચ મણિપૂરો નભોગતિઃ ।
હૃત્પુણ્ડરીકમાસીનઃ શક્રઃ શાન્તો વૃષાકપિઃ ॥ ૭૦॥

૫૫૦ પવિત્રઃ પાપહારીઃ—નિત્ય શુદ્ધ અને પાપનાશક, ૫૫૧ મણિપુરઃમણિપુર નામના ચક્રસ્વરૂપ, ૫૫૨ નભોગતિઃ આકાશચારી, ૫૫૩ હૃત્પુંડરીકમાસીનઃ—હૃદયકમળમાં સ્થિત, ૫૫૪ શક્રઃ—ઇન્દ્રરૂપ, ૫૫૫ શાંત-શાંતીસ્વરૂપ, ૫૫૬ વૃષાકપિઃ—હરિહર॥ ૭૦॥

ઉષ્ણો ગૃહપતિઃ કૃષ્ણઃ સમર્થોઽનર્થનાશનઃ ।
અધર્મશત્રુરજ્ઞેયઃ પુરુહૂતઃ પુરુશ્રુતઃ ॥ ૭૧॥

૫૫૭ ઉષ્ણઃ—હળાહળ વિષની ગરમીથી ઉષ્ણતા યુક્ત, ૫૫૮ ગૃહપતિઃ—સમસ્ત બ્રહ્માંડરૂપી ગૃહના સ્વામી, ૫૫૯ કૃષ્ણઃ—સચ્ચિદાનંદસ્વરૂપ, ૫૬૦ સમર્થઃ—સામર્થ્યશાળી, ૫૬૧ અનર્થનાશનઃ—અનર્થનો નાશ કરનારા, ૫૬૨ અધર્મશત્રુઃ—અધર્મનાશક, ૫૬૩ અજ્ઞેયઃ—બુદ્ધિની પહોંચની બહાર અથવા જાણી ન શકાય તેવા, ૫૬૪ પુરુહૂતઃ પુરુશ્રુતઃ ઘણાં નામો દ્વારા બોલાવી શકાય અને સાંભળી શકાય॥ ૭૧॥

બ્રહ્મગર્ભો બૃહદ્ગર્ભો ધર્મધેનુર્ધનાગમઃ ।
જગદ્ધિતૈષી સુગતઃ કુમારઃ કુશલાગમઃ ॥ ૭૨॥

૫૬૫ બ્રહ્મગર્ભઃ—બ્રહ્મા જેના ગર્ભસ્થ શિશુ જેવા છે, એવા, ૫૬૬ બૃહદ્ગર્ભઃ—વિશ્વબ્રહ્માંડ પ્રલયકાળમાં જેના ગર્ભમાં રહે છે, એવા, ૫૬૭ ધર્મધેનુઃ—ધર્મરૂપી વૃષભને ઉત્પન્ન કરવા માટે ધેનુસ્વરૂપ, ૫૬૮ ધનાગમઃ—ધનની પ્રાપ્તિ કરાવનાર, ૫૬૯ જગદ્ધિતૈષી-સમસ્ત સંસારનું હિત ચાહનાર, ૫૭૦ સુગતઃ ઉત્તમજ્ઞાનથી સંપન્ન અથવા બુદ્ધસ્વરૂપ, ૫૭૧ કુમારઃ કાર્તિકેયસ્વરૂપ, ૫૭૨ કુશલાગમઃ—કલ્યાણદાતા ॥ ૭૨॥

હિરણ્યવર્ણો જ્યોતિષ્માન્નાનાભૂરતો ધ્વનિઃ ।
અરાગો નયનાધ્યક્ષો વિશ્વામિત્રો ધનેશ્વરઃ ॥ ૭૩॥

૫૭૩ હિરણ્યવર્ણો જ્યોતિષ્માનઃ—સુવર્ણસમાન ગૌર વર્ણવાળા અને તેજસ્વી, ૫૭૪ નાનાભૂતરતઃ—વિવિધ પ્રકારનાં ભૂતો સાથે ક્રીડા કરનારા, ૫૭૫ ધ્વનિઃ—નાદસ્વરૂપ, ૫૭૬ અરાગઃ—આસક્તિશૂન્ય, ૫૭૭ નયનાધ્યક્ષઃ—નેત્રોમાં દ્રષ્ટારૂપે વિદ્યમાન, ૫૭૮ વિશ્વામિત્રઃ—સંપૂર્ણ જગત પ્રત્યે મૈત્રીભાવના રાખનાર મુનિસ્વરૂપ, ૫૭૯ ધનેશ્વરઃ—ધનના સ્વામી કુબેર॥ ૭૩॥

બ્રહ્મજ્યોતિર્વસુધામા મહાજ્યોતિરનુત્તમઃ ।
માતામહો માતરિશ્વા નભસ્વાન્નાગહારધૃક્ ॥ ૭૪॥

૫૮૦ બ્રહ્મજ્યોતિઃ જ્યોતિઃ સ્વરૂપ બ્રહ્મ, ૫૮૧ વસુધામા—સુવર્ણ અને રત્નોના તેજથી પ્રકાશિત અથવા વસુધારૂપ, ૫૮૩ વસુધામા-સુવર્ણ અને રત્નોના તેજથી પ્રકાશિત અથવા વસુધારૂપ, ૫૮૩ મહાનજ્યોતિ-રનુત્તમ-સૂર્ય વગેરે જ્યોતિઓના પ્રકાશક સર્વોત્તમ મહાજ્યોતિઃ સ્વરૂપ, ૫૮૩ માતામહઃ માતૃકાઓના જન્મદાતા હોવાને કારણે માતામહ, ૫૮૪ માતરિશ્વા નભસ્વાન્—આકાશમાં વિચરનાર વાયુદેવ, ૫૮૫ નાગહારધૃક્—સર્પમય હાર ધારણ કરનારા॥ ૭૪॥

પુલસ્ત્યઃ પુલહોઽગસ્ત્યો જાતૂકર્ણ્યઃ પરાશરઃ ।
નિરાવરણનિર્વારો વૈરંચ્યો વિષ્ટરશ્રવાઃ ॥ ૭૫॥

૫૮૬ પુલસ્ત્યઃ—પુલસ્ત્ય નામના મુનિ, ૫૮૭ પુલહઃ—પુલહ નામના ઋષિ, ૫૮૮ અગસ્ત્યઃ—કુંભજન્મા અગસ્ત્ય ઋષિ ૫૮૯ જાતૂકર્ણ્ય—આ જ નામના પ્રસિદ્ધ મુનિ, ૫૯૦ પરાશરઃ—શક્તિના પુત્ર તથા વ્યાસજીના પિતા મુનિવર પરાશર, ૫૯૧ નિરાવરણનિર્વારઃ આવરણ શૂન્ય

તથા અવરોધરહિત, ૫૯૨ વૈરંચ્યઃ-બ્રહ્માજીના પુત્ર નીલલોહિત રુદ્ર, ૫૯૩ વિષ્ટરશ્રવા—વિસ્તૃત યશવાળા વિષ્ણુસ્વરૂપ॥ ૭૫॥

આત્મભૂરનિરુદ્ધોઽત્રિર્જ્ઞાનમૂર્તિર્મહાયશાઃ ।
લોકવીરાગ્રણીર્વીરશ્ચણ્ડઃ સત્યપરાક્રમઃ ॥ ૭૬॥

૫૯૪ આત્મભૂઃ—સ્વયંભૂ બ્રહ્મા, ૫૯૫ અનિરુદ્ધઃ—અકુંઠિત ગતિવાળા, ૫૯૬ અત્રિઃ—અત્રિ નામના ઋષિ અથવા ત્રિગુણાતીત, ૫૯૭ જ્ઞાનમૂર્તિઃ જ્ઞાનસ્વરૂપ, ૫૯૮ મહાયશાઃ—મહાયશસ્વી, ૫૯૯ લોકવીરાગ્રણીઃ—વિશ્વવિખ્યાત વીરોમાં અગ્રગણ્ય, ૬૦૦ વીરઃ—શૂરવીર, ૬૦૧ ચંડઃ—પ્રલય સમાન અત્યંત ક્રોધ કરનારા, ૬૦૨ સત્યપરાક્રમઃ સાચ્ચા પરાક્રમીઃ—॥ ૭૬॥

વ્યાલાકલ્પો મહાકલ્પઃ કલ્પવૃક્ષઃ કલાધરઃ ।
અલંકરિષ્ણુરચલો રોચિષ્ણુર્વિક્રમોન્નતઃ ॥ ૭૭॥

૬૦૩ વ્યાલાકલ્પઃ—સર્પોના આભૂષણોથી શણગાર કરનારા, ૬૦૪ મહાકલ્પઃ—મહાકલ્પસંજ્ઞક કાલસ્વરૂપવાળા, ૬૦૫ કલ્પવૃક્ષઃ—શરણાગતોની ઇચ્છા પૂર્ણ કરનાર કલ્પવૃક્ષ સમાન, ઉદાર, ૬૦૬ કલાધરઃ—ચંદ્રકલાધારી, ૬૦૭ અલંકરિષ્ણુઃ—અલંકાર ધારણ કરનાર અથવા કરાવનાર, ૬૦૮ અચલઃ—વિચલિત ન થનારા, ૬૦૯ રોચિષ્ણુઃ—પ્રકાશમાન, ૬૧૦ વિક્રમોન્નતઃ પરાક્રમમાં વધેલા-ચડેલા॥ ૭૭॥

આયુઃ શબ્દપતિર્વેગી પ્લવનઃ શિખિસારથિઃ ।
અસંસૃષ્ટોઽતિથિઃ શકપ્રમાથી પાદપાસનઃ ॥ ૭૮॥

૬૧૧ આયુઃ શબ્દપતિઃ—આયુ તથા વાણીના સ્વામી, ૬૧૨ વેગી પ્લવનઃ—વેગશાળી તથા કૂદનારા અથવા તરનારા, ૬૧૩ શિખિસારથિઃ—અગ્નિસ્વરૂપ સહાયકવાળા, ૬૧૪ અસંસૃષ્ટઃ—નિર્લેપ, ૬૧૫ અતિથિઃ—પ્રેમી ભક્તોને ઘેર અતિથિની જેમ ઉપસ્થિત થઈને એમનો સત્કાર ગ્રહણ કરનાર, ૬૧૬ શકપ્રમાથી મર્દન કરનારા, ૬૧૭ પાદપાસન અથવા વૃક્ષોની નીચે આસન લગાવ

વસુશ્રવા હવ્યવાહઃ પ્રતપ્તો વિશ્વભો
જપ્યો જરાદિશમનો લોહિતાત્મા તનૂ

૬૧૮ વસુશ્રવાઃ—યશરૂપી ધનથી સ હવ્યવાહઃ—અગ્નિસ્વરૂપ, ૬૨૦ પ્રત પ્રચંડ તાપ આપનારા, ૬૨૧ વિ પ્રલયકાળમાં વિશ્વબ્રહ્માંડને પો (કોળિયો) બનાવી લેનારા, ૬૨૨ જ યોગ્ય નામવાળા, ૬૨૩ જરાદિશમન વગેરે દોષોનું નિવારણ કરનારા, ૬૨ તનૂનપાત્ઃ—લોહિત વર્ણવાળા અગ્

બૃહદશ્વો નભોયોનિઃ સુપ્રતીકસ્તમિ
નિદાઘસ્તપનો મેઘઃ સ્વક્ષઃ પરપુરં

૬૨૫ બૃહદશ્વઃ—વિશાળ અશ્વ નભોયોનિઃ—આકાશનું ઉત્પત્તિ સ સુપ્રતીકઃ—સુંદર શરીરવાળા, ૬૨ અજ્ઞાન અંધકારના નાશક, ૬૨૯ નિદ તપનારા ગ્રીષ્મરૂપ, ૬૩૦ મેઘ ઉપલક્ષિત વર્ષારૂપ, ૬૩૧ સ્વક્ષઃ—સુંદ ૬૩૨ પરપુરંજયઃ—ત્રિપુરરૂપ શ વિજય મેળવનાર॥ ૮૦॥

સુખાનિલઃ સુનિષ્પન્નઃ સુરભિઃ શિશિરા
વસન્તો માધવો ગ્રીષ્મો નભસ્યો બીજવ

૬૩૩ સુખાનિલઃ—સુખદાયક વાયુને શરદકાલરૂપ, ૬૩૪ સુનિષ્પન્નઃ—જે સુંદરરૂપે પરિપાક થાય છે તે હેમ ૬૩૫ સુરભિઃ—શિશિરાત્મ મલયાનિલથી યુક્ત શિબિર ઋત વસંતો માધવઃ—ચૈત્ર-વૈશાખ-આ યુક્ત વસંતરૂપ, ૬૩૭ ગ્રીષ્મ-ગ્રી

૬૩૮ નભસ્ય-ભાદ્રપદમાસરૂપ, ૬૩૯ વીજવાહનઃ—ડાંગર વગેરે બીજોની પ્રાપ્તિ કરાવનાર શરત્કાલ॥ ૮૧॥

અઙ્ગિરા ગુરુરાત્રેયો વિમલો વિશ્વવાહનઃ।
પાવનઃ સુમતિર્વિદ્વાંસ્ત્રૈવિદ્યો વરવાહનઃ॥ ૮૨॥

૬૪૦ અંગિરા ગુરુઃ—અંગિરાનામના ઋષિ તથા એમના પુત્ર દેવગુરુ બૃહસ્પતિ, ૬૪૧ આત્રેયઃ—અત્રિકુમાર દુર્વાસા, ૬૪૨ વિમલઃ—નિર્મળ, ૬૪૩ વિશ્વવાહનઃ—સંપૂર્ણ જગતનો નિર્વાહ કરનારા, ૬૪૪ પાવનઃ—પવિત્ર કરનારા, ૬૪૫ સુમતિર્વિદ્વાનઃ—ઉત્તમબુદ્ધિવાળા વિદ્વાન, ૬૪૬ ત્રૈવિદ્યઃ—ત્રણે વેદોના વિદ્વાન અથવા ત્રણે વેદો દ્વારા પ્રતિપાદિત, ૬૪૭ વરવાહનઃ—વૃષભરૂપ શ્રેષ્ઠવાહનવાળા,॥ ૮૨॥

મનોબુદ્ધિરહંકારઃ ક્ષેત્રજ્ઞઃ ક્ષેત્રપાલકઃ।
જમદગ્નિર્બલનિધિર્વિગાલો વિશ્વગાલવઃ॥ ૮૩॥

૬૪૮ મનોબુદ્ધિરહંકારોઃ—મન, બુદ્ધિ અને અહંકારરૂપ, ૬૪૯ ક્ષેત્રજ્ઞઃ આત્મા, ૬૫૦ ક્ષેત્રપાલકઃ—શરીરરૂપી ખેતરનું પાલન કરનારા પરમાત્મા, ૬૫૧ જમદગ્નિઃ—નામના ઋષિરૂપ, ૬૫૨ બલનિધિઃ અનંત બળના સાગર, ૬૫૩ વિગાલઃ- પોતાની જટામાંથી ગંગાજીના જળને ટપકાવનારા, ૬૫૪ વિશ્વગાલવઃ—વિશ્વવિખ્યાત ગાલવ મુનિ અથવા પ્રલયકાળમાં કાલાગ્નિસ્વરૂપે જગતને ગળી જનારા॥ ૮૩॥

અધોરોઽનુત્તરો યજ્ઞઃ શ્રેષ્ઠો નિઃશ્રેયસપ્રદઃ।
શૈલો ગગનકુન્દાભો દાનવારિરરિંદમઃ॥ ૮૪॥

૬૫૫ અઘોરઃ—સૌમ્યરૂપવાળા, ૬૫૬ અનુત્તરઃ—સર્વશ્રેષ્ઠ, ૬૫૭ યજ્ઞઃ—શ્રેષ્ઠઃ—શ્રેષ્ઠ યજ્ઞરૂપ, ૬૫૮ નિઃશ્રેયસપ્રદઃ કલ્યાણદાતા ૬૫૯ શૈલઃ—શિલામય લિંગરૂપ, ૬૬૦ ગગનકુંદાભઃ—આકાશકુન્દ-ચંદ્રમા સમાન ગૌર કાન્તિવાળા, ૬૬૧ દાનવારિઃ—દાનવશત્રુ, ૬૬૨ અરિંદમઃ—શત્રુઓનું દમન કરનારા॥ ૮૪॥

રજનીજનકશ્ચાર્નિનિશલ્યો લોકશલ્યધૃક્।
ચતુર્વેદશ્ચતુર્ભાવશ્ચતુરશ્ચતુરપ્રિયઃ॥ ૮૫॥

૬૬૩ રજનીજનકશ્ચારુઃ—સુંદર નિશાકરરૂપ, ૬૬૪ નિઃશલ્યઃ—નિષ્કંટક, ૬૬૫ લોકશલ્યધૃક્—શરણાગતજનોના શોકશલ્યને કાઢનાર અને તે સ્વયં ધારણ કરનારા, ૬૬૬ ચતુર્વેદઃ—ચારે વેદો દ્વારા જાણવા યોગ્ય, ૬૬૭ ચતુર્ભાવઃ—ચારેય પુરુષાર્થોની પ્રાપ્તિ કરાવનાર, ૬૬૮ ચતુરશ્ચતુરપ્રિયઃ—ચતુર અને ચતુર પુરુષોના પ્રિયા॥ ૮૫॥

આમ્નાયોઽથ સમામ્નાયસ્તીર્થદેવશિવાલયઃ।
બહુરૂપો મહારૂપઃ સર્વરૂપશ્ચરાચરઃ॥ ૮૬॥

૬૬૯ આમ્નાયઃ—વેદસ્વરૂપ, ૬૭૦ સમામ્નાયઃ—અક્ષર સમામ્નાય-શિવસૂત્રરૂપ, ૬૭૧ તીર્થદેવશિલાલયઃ—તીર્થોના દેવતા અને શિવાલયરૂપ, ૬૭૨ બહુરૂપઃ—અનેકરૂપવાળા, ૬૭૩ મહારૂપઃ—વિરાટરૂપધારી, ૬૭૪ સર્વરૂપશ્ચરાચરઃ—ચર અને અચર સંપૂર્ણ રૂપવાળા॥ ૮૬॥

ન્યાયનિર્માયકો ન્યાયીન્યાયગમ્યો નિરંજનઃ।
સહસ્રમૂર્દ્ધા દેવેન્દ્રઃ સર્વશસ્ત્રપ્રભંજનઃ॥ ૮૭॥

૬૭૫ ન્યાયનિર્માયકો ન્યાયી - ન્યાયકર્તા તથા ન્યાયશીલ, ૬૭૬ ન્યાયગમ્યઃ—ન્યાયયુક્ત આચરણથી પ્રાપ્ત થવાને યોગ્ય, ૬૭૭ નિરંજનઃ—નિર્મલ, ૬૭૮ સહસ્રમૂર્દ્ધા—સહસ્ર મસ્તકવાળા, ૬૭૯ દેવેન્દ્રઃ—દેવતાઓના સ્વામી, ૬૮૦ સર્વશસ્ત્રપ્રભંજનઃ—વિપક્ષી યોદ્ધાઓનાં સંપૂર્ણ શસ્ત્રોનો નાશ કરનારા॥ ૮૭॥

મુંડો વિરૂપો વિકાન્તો દંડી દાન્તો ગુણોત્તમઃ।
પિંગલાક્ષો જનાધ્યક્ષો નીલગ્રીવો નિરામયઃ॥ ૮૮॥

૬૮૧ મુંડઃ—મૂંડાવેલા મસ્તકવાળા સંન્યાસી, ૬૮૨ વિરૂપઃ—વિવિધ રૂપવાળા, ૬૮૩ વિકાન્તઃ—વિક્રમશીલ, ૬૮૪ દંડી—દંડધારી, ૬૮૫ દાન્તઃ—મન અને ઇન્દ્રિયોનું દમન કરનારા, ૬૮૬ ગુણોત્તમઃ—ગુણોમાં સૌથી શ્રેષ્ઠ, ૬૮૭ પિંગલાક્ષઃ—પિંગળ નેત્રોવાળા, ૬૮૮ જનાધ્યક્ષઃ—જીવમાત્રના સાક્ષી, ૬૮૯ નીલગ્રીવઃ—નીલકંઠ, ૬૯૦ નિરામયઃ—નીરોગ ॥ ૮૮॥

સહસ્રબાહુઃ સર્વેશઃ શરણ્યઃ સર્વલોકકૃક્ ।
પદ્માસનઃ પરં જ્યોતિઃ પારમ્પર્યફલપ્રદઃ ॥ ૮૯॥

૬૯૧ સહસ્રબાહુઃ—હજારો ભુજાઓવાળા, ૬૯૨ સર્વેશઃ—સૌના સ્વામી, ૬૯૩ શરણ્યઃ—શરણાગતના હિતૈષી, ૬૯૪ સર્વ-લોકકૃક્—સંપૂર્ણ લોકોને ધારણ કરનારા, ૬૯૫ પદ્માસનઃ—કમળના આસન પર બિરાજમાન, ૬૯૬ પરં જ્યોતિઃ—પરમ પ્રકાશ સ્વરૂપ, ૬૯૭ પારંપર્યફલપ્રદઃ—પરંપરાગત ફળની પ્રાપ્તિ કરાવનારા ॥ ૮૯॥

પદ્મગર્ભો મહાગર્ભો વિશ્વગર્ભો વિચક્ષણઃ ।
પરાવરજ્ઞો વરદો વરેણ્યશ્ચ મહાસ્વનઃ ॥ ૯૦॥

૬૯૮ પદ્મગર્ભઃ—પોતાની નાભિથી કમળને પ્રગટ કરનારા વિષ્ણુરૂપ, ૬૯૯ મહાગર્ભઃ—વિરાટ બ્રહ્માંડને ગર્ભમાં ધારણ કરવાને કારણે મહાન ગર્ભવાળા, ૭૦૦ વિશ્વગર્ભઃ—સંપૂર્ણ જગતને પોતાના ઉદરમાં ધારણ કરનારા, ૭૦૧ વિચક્ષણઃ—ચતુર, ૭૦૨ પરાવરજ્ઞઃ—કારણ અને કાર્યના જ્ઞાતા, ૭૦૩ વરદઃ—મનોવાંછિત વરદાન આપનારા, ૭૦૪ વરેણ્યઃ—વરણીય અથવા શ્રેષ્ઠ, ૭૦૫ મહાસ્વનઃ—ડમરુનો ગંભીર નાદ કરનારા ॥ ૯૦॥

દેવાસુરગુરુર્દેવો દેવાસુરનમસ્કૃતઃ ।
દેવાસુરમહામિત્રો દેવાસુરમહેશ્વરઃ ॥ ૯૧॥

૭૦૬ દેવાસુરગુરુર્દેવઃ—દેવતાઓ તથા અસુરોના ગુરુદેવ તથા આરાધ્ય, ૭૦૭ દેવાસુરનમસ્કૃતઃ—દેવતાઓ તથા અસુરોથી વંદિત, ૭૦૮ દેવાસુરમહામિત્રઃ—દેવતા તથા અસુર બંનેના મોટા મિત્ર, ૭૦૯ દેવાસુરમહેશ્વરઃ—દેવતા અને અસુરોના મહાન ઈશ્વર ॥ ૯૧॥

દેવાસુરેશ્વરો દિવ્યો દેવાસુરમહાશ્રયઃ ।
દેવદેવમયોઽચિંત્યો દેવદેવાત્મસંભવઃ ॥ ૯૨॥

૭૧૦ દેવાસુરેશ્વરઃ—દેવતાઓ અને અસુરના શાસક, ૭૧૧ દિવ્યઃ—અલૌકિક સ્વરૂપવાળા, ૭૧૨ દેવાસુરમહેશ્વરઃ—દેવતાઓ અને અસુરોના મહાન આશ્રય, ૭૧૩ દેવદેવમયઃ—દેવતાઓને માટે પણ દેવતારૂપ, ૭૧૪ અચિંત્યઃ—ચિત્તની સીમાની આગળ વિદ્યમાન, ૭૧૫ દેવદેવાત્મસંભવઃ—દેવાધિદેવ બ્રહ્માજી રુદ્રરૂપે ઉત્પન્ન ॥ ૯૨॥

સદ્યોનિરસુરવ્યાઘ્રો દેવસિંહો દિવાકરઃ ।
વિબુધાગ્રચરશ્રેષ્ઠઃ સર્વદેવત્તમોત્તમઃ ॥ ૯૩॥

૭૧૬ સદ્યોનિઃ—સત્ પદાર્થોની ઉત્પત્તિનો હેતુ, ૭૧૭ અસુરવ્યાઘ્રઃ—અસુરોનો વિનાશ કરવા માટે વ્યાઘ્રરૂપ, ૭૧૮ દેવસિંહઃ—દેવતાઓમાં શ્રેષ્ઠ, ૭૧૯ દિવાકરઃ— સૂર્યરૂપ, ૭૨૦ વિબુધાગ્રચરશ્રેષ્ઠઃ—દેવતાઓના નાયકોમાં સર્વશ્રેષ્ઠ, ૭૨૧ સર્વદેવોત્તમોત્તમઃ—સંપૂર્ણ શ્રેષ્ઠ દેવતાઓના પણ શિરોમણિ ॥ ૯૩॥

શિવજ્ઞાનરતઃ શ્રીમાંછ્ખિશ્રીપર્વતપ્રિયઃ ।
વજ્રહસ્તઃ સિદ્ધખડ્ગો નરસિંહનિપાતનઃ ॥ ૯૪॥

૭૨૨ શિવજ્ઞાનરતઃ— કલ્યાણમય શિવતત્ત્વના વિચારમાં તત્પર, ૭૨૩ શ્રીમાન્—અણિમા વગેરે વિભૂતિઓથી સંપન્ન, ૭૨૪ શિખિશ્રીપર્વતપ્રિયઃ—કુમાર કાર્તિકેયના નિવાસભૂત શ્રીશૈલ નામના પર્વતને પ્રેમ કરનારા, ૭૨૫ વજ્રહસ્તઃ—વજ્રધારી ઇન્દ્રરૂપ, ૭૨૬ સિદ્ધખડ્ગઃ—શત્રુઓને મારી

હઠાવવામાં જેની તલવાર ક્યારેય અસફળ નથી થતી એવા, ૭૨૭ નરસિંહનિપાતનઃ–શરભરૂપે નૃસિંહને પરાશાયી કરનારા ॥ ૯૪॥

બ્રહ્મચારી લોકચારી ધર્મચારી ધનાધિપઃ ।
નન્દી નંદીશ્વરોઽનન્તો નગ્નવ્રતધરઃ શુચિઃ ॥ ૯૫॥

૭૨૮ બ્રહ્મચારી–ભગવતી ઉમાના પ્રેમની પરીક્ષા લેવા માટે બ્રહ્મચારીરૂપે પ્રગટ, ૭૨૯ લોકચારી-સમસ્તલોકોમાં વિહરનાર, ૭૩૦ ધર્મચારી–ધર્મનું આચરણ કરનારા, ધનાધિપઃ–ધનના અધિપતિ કુબેર, ૭૩૨ નંદી–નંદી નામના ગણ, ૭૩૩ નંદીશ્વરઃ–આ નામનો પ્રસિદ્ધ વૃષભ, ૭૩૪ અનંતઃ–અંતરહિત, ૭૩૫ નગ્નવ્રતધરઃ– દિગંબર રહેવાનું વ્રત ધારણ કરનારા, ૭૩૬ શુચિઃ– નિત્યશુદ્ધઃ ॥ ૯૫॥

લિંગાધ્યક્ષઃ સુરાધ્યક્ષો યોગાધ્યક્ષો યુગાવહઃ ।
સ્વધર્મા સ્વર્ગતઃ સ્વર્ગસ્વરઃ સ્વરમયસ્વનઃ ॥ ૯૬॥

૭૩૭ લિંગાધ્યક્ષઃ–લિંગદેહના દ્રષ્ટા, ૭૩૮ સુરાધ્યક્ષઃ–દેવતાઓના અધિપતિ, ૭૩૯ યોગાધ્યક્ષઃ–યોગેશ્વર, ૭૪૦ યુગાવહઃ–યુગના નિર્વાહક, ૭૪૧ સ્વધર્મા–આત્મવિચારરૂપ ધર્મમાં સ્થિત અથવા સ્વધર્મપરાયણ, ૭૪૨ સ્વર્ગતઃ– સ્વર્ગલોકમાં સ્થિત, ૭૪૩ સ્વર્ગસ્વરઃ–સ્વર્ગલોકમાં જેના યશનાં ગાન ગવાય છે તે, ૭૪૪ સ્વરમયસ્વનઃ–સાત પ્રકારના સ્વરોથી યુક્ત ધ્વનિવાળા ॥ ૯૬॥

બાણાધ્યક્ષો બીજકર્તા ધર્મકૃદ્ધર્મસંભવઃ ।
દંભોઽલોભોઽર્થવિચ્છંભુઃ સર્વભૂત મહેશ્વરઃ ॥ ૯૭॥

૭૪૫ બાણાધ્યક્ષો–બાણાસુરના સ્વામી અથવા બાણલિંગ નર્મદેશ્વરમાં અધિદેવતારૂપ સ્થિત, ૭૪૬ બીજકર્તા–બીજના ઉત્પાદક, ૭૪૭ ધર્મકૃદ્ધર્મસંભવઃ–ધર્મના પાલક તથા ઉત્પાદક, ૭૪૮ દંભઃ–માયામયરૂપધારી, ૭૪૯ અલોભઃ– લોભરહિત, ૭૫૦ અર્થવિચ્છંભુઃ–સર્વના પ્રયોજનને જાણનારા, કલ્યાણનિકેતન શિવ, ૭૫૧ સર્વભૂતમહેશ્વરઃ સંપૂર્ણ પ્રાણીઓના પરમેશ્વર ॥ ૯૭॥

સ્મશાનનિલયસ્ત્ર્યક્ષઃ સેતુરપ્રતિમાકૃતિઃ ।
લોકોત્તરસ્ફુટાલોકસ્ત્ર્યમ્બકો નાગભૂષણઃ ॥ ૯૮॥

૭૫૨ સ્મશાનનિલયઃ–સ્મશાનવાસી, ૭૫૩ ત્ર્યક્ષઃ–ત્રિનેત્રધારી, ૭૫૪ સેતુઃ–ધર્મમર્યાદાના પાલક, ૭૫૫ અપ્રતિમાકૃતિઃ–અનુપમરૂપવાળા, ૭૫૬ લોકોત્તરસ્ફુટાલોકઃ–અલૌકિક અને સુસ્પષ્ટ પ્રકાશથી યુક્ત ૭૫૭ ત્ર્યમ્બકઃ–ત્રિનેત્રધારી અથવા ત્ર્યમ્બક નામનું જ્યોતિર્લિંગ, ૭૫૮ નાગભૂષણઃ–નાગહારથી વિભૂષિત ॥ ૯૮॥

અંધકારિર્મખદ્વેષી વિષ્ણુકન્ધરપાતનઃ ।
હીનદોષોઽક્ષયગુણો દક્ષારિઃ પૂષદન્તભિત્ ॥ ૯૯॥

૭૫૯ અન્ધકારિઃ–અંધકાસુરનો વધ કરનારા, ૭૬૦ મખદ્વેષી–દક્ષના યજ્ઞનો વિધ્વંસ કરનારા, ૭૬૧ વિષ્ણુકન્ધરપાતનઃ–યજ્ઞમય વિષ્ણુનું ગળું કાપનારા, ૭૬૨ હીનદોષઃ–દોષરહિત, ૭૬૩ અક્ષયગુણઃ–અવિનાશી ગુણોથી સંપન્ન, ૭૬૪ દક્ષારિઃ–દક્ષદ્રોહી ૭૬૫ પૂષદન્તભિત્–પૂષા દેવતાના દાંત તોડનાર ॥ ૯૯॥

ધૂર્જટિઃ ખંડપરશુઃ સકલો નિષ્કલોઽનઘઃ ।
અકાલઃ સકલાધારઃ પાંડુરાભો મૃડો નટઃ ॥ ૧૦૦॥

૭૬૬ ધૂર્જટિઃ–જટાના ભારથી વિભૂષિત, ૭૬૭ ખંડપરશુઃ–ખંડિત પરશુવાળા, ૭૬૮ સકલો નિષ્કલઃ–સાકાર અને નિરાકાર પરમાત્મા, ૭૬૯ અનઘઃ–પાપના સ્પર્શથી શૂન્ય, ૭૭૦ અકાલઃ– કાલના પ્રભાવથી રહિત, ૭૭૧ સકલાધારઃ– સર્વનો આધાર, ૭૭૨ પાંડુરાભઃ–શ્વેત કાંતિવાળા, ૭૭૩ મૃડોનટઃ–સુખદાયક અને તાંડવનૃત્ય કારી ॥ ૧૦૦॥

पूर्णः पूरयिता पुण्यः सकुमारः सुलोचनः ।
सामगेयप्रियोऽकूरः पुण्यकीर्तिरनामयः ॥ १०१॥

૭૭૪ પૂર્ણઃ–સર્વવ્યાપી-પરબ્રહ્મ પરમાત્મા, ૭૭૫ પૂરયિતા–ભક્તોની અભિલાષા પૂર્ણ કરનારા, ૭૭૬ પુણ્યઃ–પરમપવિત્ર, ૭૭૭ સુકુમારઃ–સુંદર કુમાર છે જેનાં, એવા, ૭૭૮ સુલોચનઃ–સુંદર નેત્રવાળા, ૭૭૯ સામગેયપ્રિયઃ–સામગાનના પ્રેમી, ૭૮૦ અકૂરઃ–ક્રૂરતારહિત, ૭૮૧ પુણ્યકીર્તિઃ–પવિત્ર કીર્તિવાળા, અનામયઃ–શોકથી રોગથી રહિત ॥ ૧૦૧॥

मनोजवस्तीर्थकरो जटिलो जीवितेश्वरः ।
जीवितान्तकरो नित्यो वसुरेता वसुप्रदः ॥ १०२॥

૭૮૩ મનોજવઃ–મન-સમાન વેગવાળા, ૭૮૪ તીર્થકરઃ–તીર્થોના નિર્માતા, ૭૮૫ જટિલઃ–જટાધારી, ૭૮૬ જીવિતેશ્વરઃ–સૌના પ્રાણેશ્વર, ૭૮૭ જીવિતાન્તકરઃ–પ્રલયકાળમાં સૌના જીવનનો અંત કરનાર, ૭૮૮ નિત્યઃ–સનાતન, ૭૮૯ વસુરેતાઃ–સુવર્ણમય વીર્યવાળા, ૭૯૦ વસુપ્રદઃ–ધનદાતા ॥ ૧૦૨॥

सद्गतिःसत्कृतिःसिद्धिःसज्जातिःखलकंटकः ।
कलाधरो महाकालभूतः सत्यपरायणः ॥ १०३॥

૭૯૧ સદ્ગતિઃ–સત્પુરુષોનો આશ્રય, ૭૯૨ સત્કૃતિઃ–શુભ કર્મ કરનારા, ૭૯૩ સિદ્ધિઃ–સિદ્ધિસ્વરૂપ, ૭૯૪ સજ્જાતિઃ–સત્પુરુષોના જન્મદાતા, ૭૯૫ ખલકંટકઃ–દુષ્ટોને માટે કાંટારૂપ, ૭૯૬ કલાધરઃ–કલાધારી, ૭૯૭ મહાકાલભૂત–મહાકાલ નામનું જ્યોતિર્લિંગસ્વરૂપ અથવા કાળના પણ કાળ હોવાથી મહાકાલ, ૭૯૮ સત્યપરાયણઃ–સત્યનિષ્ઠ ॥ ૧૦૩॥

लोकलावण्यकर्ता च लोकोत्तरसुखालयः ।
चंद्रसंजीवनः शास्ता लोकगूढो महाधिपः ॥ १०४॥

૭૯૯ લોકલાવણ્યકર્તા–સૌને સૌંદર્ય પ્રદાન કરનારા, ૮૦૦ લોકોત્તર-સુખાલયઃ–લોકોત્તર સુખનો આશ્રય, ૮૦૧, ચંદ્રસંજીવનઃ શાસ્તા–સોમનાથરૂપે ચંદ્રમાને જીવન પ્રદાન કરનારા સર્વશાસક શિવ, ૮૦૨ લોકગૂઢઃ–સમસ્ત સંસારમાં અવ્યક્તરૂપે વ્યાપક, ૮૦૩ મહાધિપઃ–મહેશ્વર ॥ ૧૦૪॥

लोकबन्धुर्लोकनाथः कृतज्ञः कीर्तिभूषणः ।
अनपायोऽक्षरः कान्तः सर्वशस्त्रभृतां वरः ॥ १०५॥

૮૦૪ લોકબન્ધુર્લોકનાથઃ–સંપૂર્ણ લોકોના બંધુ અને રક્ષક, ૮૦૫ કૃતજ્ઞઃ–ઉપકારને માનનારા, ૮૦૬ કીર્તિભૂષણઃ–ઉત્તમ યશથી વિભૂષિત, ૮૦૭ અનપાયોઽક્ષરઃ–વિનાશરહિત-અવિનાશી, ૮૦૮ કાન્તઃ–પ્રજાપતિ દક્ષનો અન્ત કરનાર, ૮૦૯ સર્વશસ્ત્રભૃતાં વરઃ–સંપૂર્ણ શસ્ત્રધારીઓમાં શ્રેષ્ઠઃ ॥ ૧૦૫॥

तेजोमयो द्युतिधरो लोकनामग्रणीरणुः ।
शुचिस्मितः प्रसन्नात्मा दुर्जेयो दुरतिक्रमः ॥ १०६॥

૮૧૦ તેજોમયો દ્યુતિધરઃ–તેજસ્વી અને કાન્તિમાન, ૮૧૧ લોકનામગ્રણીઃ–સંપૂર્ણ જગતને માટે અગ્રગણ્ય દેવતા અથવા જગતને આગળ વધારનાર, ૮૧૨ અણુઃ–અત્યંત સૂક્ષ્મ, ૮૧૩ શુચિસ્મિતઃ–પવિત્ર સ્મિતવાળા, ૮૧૪ પ્રસન્નાત્માઃ–હર્ષભર્યા હૃદયવાળા, ૮૧૫ દુર્જેયઃ–જેના પર વિજય પામવો અત્યંત કઠણ છે એવા, ૮૧૬ દુરતિક્રમઃ–દુર્લંઘ્ય ॥ ૧૦૬॥

ज्योतिर्मयो जगन्नाथो निराकारो जलेश्वरः ।
तुम्बवीणो महाकोपो विशोकः शोकनाशनः ॥ १०७॥

૮૧૭ જ્યોતિર્મયઃ– તેજોમય, ૮૧૮ જગન્નાથઃ વિશ્વનાથ, ૮૧૯ નિરાકારઃ–આકારરહિત પરમાત્મા, ૮૨૦ જલેશ્વરઃ–જલના સ્વામી, ૮૨૧ તુંબવીણઃ–તૂંબીની વીણા વગાડનાર, ૮૨૨ મહાકોપઃ–સંહારને સમયે મહાન કોપ કરનાર,

૮૨૩ વિશોકઃ–શોકરહિત, ૮૨૪ શોકનાશનઃ–શોકનો નાશ કરનારા ॥ ૧૦૭॥

ત્રિલોકપસ્ત્રિલોકેશઃ સર્વશુદ્ધિરધોક્ષજઃ ।
અવ્યક્તલક્ષણો દેવો વ્યક્તાવ્યક્તો વિશામ્પતિઃ ॥ ૧૦૮॥

૮૨૫ ત્રિલોકપઃ–ત્રણે લોકોનું પાલન કરનારા, ૮૨૬ ત્રિલોકેશઃ–ત્રિભુવનના સ્વામી, ૮૨૭ સર્વશુદ્ધિઃ–સૌની શુદ્ધિ કરનારા, ૮૨૮ અધોક્ષજઃ–ઇન્દ્રિયો અને એના વિષયોથી અતીત, ૮૨૯ અવ્યક્તલક્ષણો દેવઃ–અવ્યક્ત લક્ષણવાળા દેવતા, ૮૩૦ વ્યક્તાવ્યક્તઃ–સ્થૂળસૂક્ષ્મરૂપ, ૮૩૧ વિશામ્પતિઃ–પ્રજાઓના પાલક ॥ ૧૦૮॥

વરશીલો વરગુણઃ સારો માનધનો મયઃ ।
બ્રહ્મા વિષ્ણુઃપ્રજાપાલો હંસો હંસગતિર્વયઃ ॥ ૧૦૯॥

૮૩૨ વરશીલઃ–શ્રેષ્ઠ સ્વભાવવાળા, ૮૩૩ વરગુણઃ–ઉત્તમ ગુણોવાળા, ૮૩૪ સારઃ–સારતત્ત્વ, ૮૩૫ માનધનઃ–સ્વાભિમાનના સ્વામી, ૮૩૬ મયઃ–સુખસ્વરૂપ, ૮૩૭ બ્રહ્માઃ–સૃષ્ટિકર્તા બ્રહ્મા, ૮૩૮ વિષ્ણુઃ પ્રજાપાલઃ–પ્રજાપાલક વિષ્ણુ, ૮૩૯ હંસઃ–સૂર્યસ્વરૂપ, ૮૪૦ હંસગતિઃ–હંસ જેવી ચાલવાળા, ૮૪૧ વયઃ–ગરુડ પક્ષી ॥ ૧૦૯॥

વેધા વિધાતા ધાતા ચ સ્રષ્ટા હર્તા ચતુર્મુખઃ ।
કૈલાસશિખરાવાસી સર્વાવાસી સદાગતિઃ ॥ ૧૧૦॥

૮૪૨ વેધા વિધાતા ધાતા–બ્રહ્મા, ધાતા અને વિધાતા નામના દેવતા સ્વરૂપ, ૮૪૩ સ્રષ્ટા–સૃષ્ટિકર્તા, ૮૪૪ હર્તા–સંહારકારી, ૮૪૫ ચતુર્મુખઃ–ચાર મુખવાળા બ્રહ્મા, ૮૪૬ કૈલાસશિખરાવાસી–કૈલાસના શિખર ઉપર નિવાસ કરનારા, ૮૪૭ સર્વાવાસી–સર્વવ્યાપી, ૮૪૮ સદાગતિઃ–નિરંતર ગતિશીલ વાયુદેવતા ॥ ૧૧૦॥

હિરણ્યગર્ભો દ્રુહિણો ભૂતપાલોઽથ ભૂપતિઃ ।
સદ્યોગી યોગવિદ્યોગી વરદો બ્રાહ્મણપ્રિયઃ ॥ ૧૧૧॥

૮૪૯ હિરણ્યગર્ભઃ–બ્રહ્મા, ૮૫૦ દ્રુહિણઃ–બ્રહ્મા, ૮૫૧ ભૂતપાલઃ–પ્રાણીઓનું પાલન કરનારા, ૮૫૨ ભૂપતિઃ–પૃથ્વીના સ્વામી, ૮૫૩ સદ્યોગીઃ–શ્રેષ્ઠ યોગી, ૮૫૪ યોગવિદ્યોગી–યોગવિદ્યાના જ્ઞાતા યોગી, ૮૫૫ વરદઃ–વરદાન દેનારા, ૮૫૬ બ્રાહ્મણપ્રિયઃ–બ્રાહ્મણોના પ્રેમી ॥ ૧૧૧॥

દેવપ્રિયો દેવનાથો દેવજ્ઞો દેવચિન્તકઃ ।
વિષમાક્ષો વિશાલાક્ષો વૃષદો વૃષવર્ધનઃ ॥ ૧૧૨॥

૮૫૭ દેવપ્રિયો દેવનાથઃ–દેવતાઓના પ્રિય તથા રક્ષક, ૮૫૮ દેવજ્ઞઃ–દેવતત્ત્વના જ્ઞાતા, ૮૫૯ દેવચિન્તકઃ–દેવતાનો વિચાર કરનારા, ૮૬૦ વિષમાક્ષઃ–વિષમનેત્રવાળા, ૮૬૧ વિશાલાક્ષઃ–મોટાં મોટાં નેત્રવાળા, ૮૬૨ વૃષદો વૃષવર્ધનઃ–ધર્મનું દાન અને બુદ્ધિ કરનારા ॥ ૧૧૨॥

નિર્મમો નિરહંકારો નિર્મોહો નિરુપદ્રવઃ ।
દર્પહા દર્પદો દૃપ્તઃ સર્વર્તુપરિવર્તકઃ ॥ ૧૧૩॥

૮૬૩ નિર્મમઃ–મમતારહિત, ૮૬૪ નિરહંકારઃ–અહંકારશૂન્ય, ૮૬૫ નિર્મોહઃ–મોહશૂન્ય, ૮૬૬ નિરુપદ્રવઃ–ઉપદ્રવ અથવા ઉત્પાતથી દૂર, ૮૬૭ દર્પહા દર્પદઃ–દર્પનું હનન અને ખંડન કરનારા, ૮૬૮ દૃપ્તઃ–સ્વાભિમાની, ૮૬૯ સર્વર્તુપરિવર્તકઃ–સમસ્ત ઋતુઓને બદલતા રહેનારા ॥ ૧૧૩॥

સહસ્રજિત્ સહસ્રાર્ચિઃ સ્નિગ્ધપ્રકૃતિદક્ષિણઃ ।
ભૂતભવ્યભવન્નાથઃ પ્રભવો ભૂતિનાશનઃ ॥ ૧૧૪॥

૮૭૦ સહસ્રજિત્–હજારો પર વિજય પ્રાપ્ત કરનાર ૮૭૧ સહસ્રાર્ચિઃ–હજારો કિરણોથી પ્રકાશમાન સૂર્યરૂપ, ૮૭૨ સ્નિગ્ધપ્રકૃતિદક્ષિણઃ–સ્નેહયુક્ત સ્વભાવવાળા તથા ઉદાર, ૮૭૩ ભૂતભવ્યભવન્નાથઃ–ભૂત, ભવિષ્ય અને વર્તમાનના સ્વામી, ૮૭૪ પ્રભવઃ–સૌની ઉત્પત્તિનું કારણ, ૮૭૫ ભૂતિનાશનઃ–દુષ્ટોના ઐશ્વર્યનો નાશ કરનારા ॥ ૧૧૪॥

અર્થોઽનર્થો મહાકોશો પરકાર્યૈક પંડિતઃ ।
નિષ્કંટકઃ કૃતાનન્દો નિર્વ્યાજો વ્યાજમર્દનઃ ॥ ૧૧૫॥

૮૭૬ અર્થઃ–પરમ પુરુષાર્થરૂપ, ૮૭૭ અનર્થઃ–પ્રયોજનરહિત, ૮૭૮ મહાકોશઃ–અનંત ધનરાશિના સ્વામી, ૮૭૯ પરકાર્યૈકપંડિતઃ–પારકાનાં કાર્યોને સિદ્ધ કરવાની કલાના એક માત્ર વિદ્વાન, ૮૮૦ નિષ્કંટકઃ–કંટક રહિત, ૮૮૧ કૃતાનન્દઃ–નિત્યસિદ્ધ આનંદસ્વરૂપ, ૮૮૨ નિર્વ્યાજો વ્યાજમર્દનઃ–સ્વયં કપટરહિત થઈને બીજાને કપટને નાશ કરનાર ॥ ૧૧૫॥

સત્ત્વવાન્સાત્ત્વિકઃ સત્યકીર્તિઃ સ્નેહકૃતાગમઃ ।
અકંપિતો ગુણગ્રાહી નૈકાત્મા નૈકકર્મકૃત્ ॥ ૧૧૬॥

૮૮૩ સત્ત્વવાન્–સત્ત્વગુણથી યુક્ત, ૮૮૪ સાત્ત્વિકઃ–સત્ત્વનિષ્ઠ, ૮૮૫ સત્યકીર્તિઃ–સત્યકીર્તિવાળા, ૮૮૬ સ્નેહકૃતાગમઃ–જીવો પ્રત્યે સ્નેહને કારણે વિભિન્ન આગમોને પ્રકાશમાં લાવનારા, ૮૮૭ અકંપિતઃ–સુસ્થિર, ૮૮૮ ગુણગ્રાહી–ગુણોનો આદર કરનારા, ૮૮૯ નૈકાત્મા નૈકકર્મકૃત્–અનેકરૂપ થઈને અનેક પ્રકારનાં કર્મ કરનાર ॥ ૧૧૬॥

સુપ્રીતઃ સુમુખઃ સૂક્ષ્મઃ સુકરો દક્ષિણાનિલઃ ।
નન્દિસ્કંધધરો ધુર્યઃ પ્રકટઃ પ્રીતિવર્ધનઃ ॥ ૧૧૭॥

૮૯૦ સુપ્રીતઃ–અત્યંત પ્રસન્ન, ૮૯૧ સુમુખઃ–સુંદર મુખવાળા, ૮૯૨ સૂક્ષ્મઃ–સ્થૂળસ્વભાવથી રહિત, ૮૯૩ સુકરઃ–સુંદર હાથવાળા, ૮૯૪ દક્ષિણાનિલઃ–મલયાનિલની જેમ સુખદ, ૮૯૫ નન્દિસ્કંધધરઃ–નન્દીની પીઠ પર સવારી કરનારા, ૮૯૬ ધુર્યઃ–જવાબદારીનું ભાર વહન કરવામાં સમર્થ, ૮૯૭ પ્રકટઃ–ભક્તોની સામે પ્રગટ થનારા અથવા જ્ઞાનીઓ સામે નિત્ય પ્રગટ, ૮૯૮ પ્રીતિવર્ધનઃ–પ્રેમ વધારનારા ॥ ૧૧૭॥

અપરાજિતઃ સર્વસત્ત્વો ગોવિન્દઃ સત્ત્વવાહનઃ ।
અધૃતઃ સ્વધૃતઃ સિદ્ધઃ પૂતમૂર્તિર્યશોધનઃ ॥ ૧૧૮॥

૮૯૯ અપરાજિતઃ–કોઈથી પણ ન હારનારા, ૯૦૦ સર્વસત્ત્વઃ–સંપૂર્ણ સત્ત્વગુણનો આશ્રય અથવા સમસ્ત પ્રાણીઓની ઉત્પત્તિનું કારણ, ૯૦૧ ગોવિન્દઃ–ગોલોકની પ્રાપ્તિ કરાવનારા, ૯૦૨ સત્ત્વવાહનઃ–સત્ત્વસ્વરૂપ ધર્મમય વૃષભ પાસેથી વાહનનું કામ લેનારા, ૯૦૩ અધૃતઃ–આધારરહિત, ૯૦૪ સ્વધૃતઃ–પોતામાં જ સ્થિત, ૯૦૫ સિદ્ધઃ–નિત્યસિદ્ધ, ૯૦૬ પૂતમૂર્તિઃ–પવિત્ર શરીરવાળા, ૯૦૭ યશોધનઃ–સુયશના સ્વામી ॥ ૧૧૮॥

વારાહશૃંગવૃક્ષૃંગી બલવાનેકનાયકઃ ।
શ્રુતિપ્રકાશઃ શ્રુતિમાનેકબંધુરનેકકૃતઃ ॥ ૧૧૯॥

૯૦૮ વારાહશૃંગવૃક્ષૃંગી–વારાહને મારીને એના દાઢરૂપી શૃંગોને (શિંગડાંને) ધારણ કરવાને કારણ શૃંગી નામે પ્રસિદ્ધ, ૯૦૯ બલવાન્–શક્તિશાળી, ૯૧૦ એકનાયકઃ–અદ્વિતીય નેતા, ૯૧૧ શ્રુતિપ્રકાશઃ–વેદોને પ્રકાશિત કરનારા, ૯૧૨ શ્રુતિમાન્–વેદજ્ઞાનથી સંપન્ન, ૯૧૩ એકબન્ધુઃ–સૌના એકમાત્ર સહાયક, ૯૧૪ અનેકકૃત્–અનેક પ્રકારના પદાર્થોની સૃષ્ટિ કરનારા ॥ ૧૧૯॥

શ્રીવત્સલશિવારંભઃ શાન્તભદ્રઃ સમો યશઃ ।
ભૂશયો ભૂષણો ભૂતિર્ભૂતકૃદ્ ભૂતભાવનઃ ॥ ૧૨૦॥

૯૧૫ શ્રીવત્સલશિવારંભઃ–શ્રીવત્સધારી વિષ્ણુને માટે મંગલકારી, ૯૧૬ શાન્તભદ્રઃ–શાંત અને મંગલરૂપ, ૯૧૭ સમઃ–સર્વત્ર સમભાવ રાખનારા, ૯૧૮ યશઃ–યશસ્વરૂપ, ૯૧૯ ભૂશયઃ–પૃથ્વી પર શયન કરનારા, ૯૨૦ ભૂષણઃ સૌને વિભૂષિત કરનારા, ૯૨૧ ભૂતઃ–કલ્યાણસ્વરૂપ, ૯૨૨ ભૂતકૃત્–પ્રાણીઓની સૃષ્ટિ કરનારા, ૯૨૩ ભૂતભાવનઃ–ભૂતોના ઉત્પાદક ॥ ૧૨૦॥

અકંપો ભક્તિકાયસ્તુ કાલહા નીલલોહિતઃ ।
સત્યવ્રતમહાત્યાગી નિત્યશાંતિપરાયણઃ ॥ ૧૨૧॥

૯૨૪ અકંપઃ–કંપિત ન થનારા, ૯૨૫ ભક્તિકાયઃ–ભક્તિસ્વરૂપ, ૯૨૬ કાલહા–કાલનાશક, ૯૨૭ નીલલોહિતઃ–નીલ અને લોહિત વર્ણવાળા, ૯૨૮ સત્યવ્રતમહાત્યાગી–સત્યવ્રતધારી અને મહાન ત્યાગી, ૯૨૯ નિત્યશાંતિપરાયણઃ–નિરંતર શાંત રહેનારા ॥ ૧૨૧॥

પરાર્થવૃત્તિર્વરદો વિરક્તસ્તુ વિશારદઃ ।
શુભદઃ શુભકર્તા ચ શુભનામા શુભઃ સ્વયમ્ ॥ ૧૨૨॥

૯૩૦ પરાર્થવૃત્તિર્વરદઃ–પરોપકારવ્રતી અને મનોવાંછિત વરદાન આપનારા, ૯૩૧ વિરક્તઃ–વૈરાગ્યવાન્, ૯૩૨ વિશારદઃ–વિજ્ઞાનવાન, ૯૩૩ શુભદઃ શુભકર્તા–શુભ આપનારા અને શુભ કરનારા, શુભનામા શુભઃ સ્વયમ્–સ્વયં શુભસ્વરૂપ હોવાને કારણે શુભનામધારી ॥ ૧૨૨॥

અનર્થિતોઽગુણઃ સાક્ષી હ્યકર્તા કનકપ્રભઃ ।
સ્વભાવભદ્રો મધ્યસ્થઃ શત્રુઘ્નો વિઘ્વનાશનઃ ॥ ૧૨૩॥

૯૩૫ અનર્થિતઃ–યાચનારહિત, ૯૩૬ અગુણઃ–નિર્ગુણ, ૯૩૭ સાક્ષી અકર્તા–દ્રષ્ટા અને કર્તૃત્વરહિત, ૯૩૮ કનકપ્રભઃ–સુવર્ણ સમાન કાન્તિમાન, ૯૩૯ સ્વભાવભદ્રઃ–સ્વભાવતઃ કલ્યાણકારી, ૯૪૦ મધ્યસ્થઃ–ઉદાસીન, ૯૪૧ શત્રુઘ્નઃ–શત્રુનાશક, ૯૪૨ વિઘ્નનાશનઃ–વિઘ્નોનું નિવારણ કરનાર ॥ ૧૨૩॥

શિખંડી કવચી શૂલી જટી મુંડી ચ કુંડલી ।
અમૃત્યુઃ સર્વદૃક્સિંહસ્તેજોરાશિર્મહામણિઃ ॥ ૧૨૪॥

૯૪૩ શિખંડી કવચી શૂલી–મોરપંખ, કવચ અને ત્રિશૂળ ધારણ કરનારા, ૯૪૪ જટી મુંડી કુંડલી–જટા, મુંડમાળા અને કવચ ધારણ કરનારા, ૯૪૫ અમૃત્યુઃ–મૃત્યુરહિત, ૯૪૬ સર્વદૃક્સિંહઃ–સર્વજ્ઞોમાં શ્રેષ્ઠ, ૯૪૭ તેજોરાશિર્મહામણિઃ–તેજઃ પુંજ મહામણિ કૌસ્તુભ વગેરે રૂપ ॥ ૧૨૪॥

અસંખ્યેયોઽપ્રમેયાત્મા વીર્યવાન્ વીર્યકોવિદઃ ।
વેદ્યશ્ચૈવ વિયોગાત્મા પરાવરમુનીશ્વરઃ ॥ ૧૨૫॥

૯૪૮ અસંખ્યેયોઽપ્રમેયાત્મા–અસંખ્ય નામ, રૂપ અને ગુણોથી યુક્ત હોવાને કારણે કોઈનાથી પણ માપી ન શકનારા, ૯૪૯ વીર્યવાન્ વીર્યકોવિદઃ–પરાક્રમી અને પરાક્રમના જ્ઞાતા, ૯૫૦ વેદ્યઃ–જાણવાયોગ્ય, ૯૫૧ વિયોગાત્મા–દીર્ઘકાળ સુધી સતીના વિયોગમાં અથવા વિશિષ્ટ યોગની સાધનામાં સંલગ્ન મનવાળા, ૯૫૨ પરાવરમુનીશ્વરઃ–ભૂત અને ભવિષ્યના જ્ઞાતા મુનીશ્વરરૂપ ॥ ૧૨૫॥

અનુત્તમો દુરાધર્ષો મધુરપ્રિયદર્શનઃ ।
સુરેશઃ શરણં સર્વઃ શબ્દબ્રહ્મ સતાં ગતિઃ ॥ ૧૨૬॥

૯૫૩ અનુત્તમો દુરાધર્ષઃ–સર્વોત્તમ અને દુર્જય, ૯૫૪ મધુરપ્રિયદર્શનઃ–જેમનું દર્શન મનોહર અને પ્રિય લાગે છે એવા, ૯૫૫ સુરેશઃ–દેવતાઓના ઈશ્વર, ૯૫૬ શરણમ્–આશ્રયદાતા, ૯૫૭ સર્વઃ–સર્વસ્વરૂપ, ૯૫૮ શબ્દબ્રહ્મ સતાં ગતિઃ–પ્રણવરૂપ તથા સત્પુરુષોનો આશ્રય ॥ ૧૨૬॥

કાલપક્ષઃ કાલકાલઃ કંકણીકૃતવાસુકિઃ ।
મહેષ્વાસો મહીભર્તા નિષ્કલંકો વિશૃંખલઃ ॥ ૧૨૭॥

૯૫૯ કાલપક્ષઃ–કાલ જેનો સહાયક છે એવા, ૯૬૦ કાલકાલઃ–કાળના પણ કાળ, ૯૬૧ કંકણીકૃતવાસુકિઃ–વાસુકિ નાગને પોતાના હાથમાં કંગનની જેમ ધારણ કરનારા, ૯૬૨ મહેષ્વાસો–મહાધનુર્ધર, ૯૬૩ મહીભર્તા–પૃથ્વીપાલક, ૯૬૪ નિષ્કલંકઃ–કલંકશૂન્ય, ૯૬૫ વિશૃંખલઃ–બન્ધનરહિત ॥ ૧૨૭॥

દ્યુમણિસ્તરણિર્ધન્યઃ સિદ્ધિદઃ સિદ્ધિસાધનઃ ।
વિશ્વતઃ સંવૃતઃ સ્તુત્યો વ્યૂઢોરસ્કો મહાભુજઃ ॥ ૧૨૮॥

૯૬૬ ધુમણિસ્તરણિઃ–આકાશમાં મણિ સમાન પ્રકાશમાન અને ભક્તોને ભવસાગરથી તારવા માટે નૌકારૂપ સૂર્ય, ૯૬૭ ધન્યઃ–કૃતકૃત્ય, ૯૬૮ સિદ્ધિદઃ સિદ્ધિસાધનઃ–સિદ્ધિદાતા અને સિદ્ધિના સાધક, ૯૬૯ વિશ્વતઃ સંવૃત્તઃ–બધી બાજુએથી માયાથી આવૃત્ત, ૯૭૦ સ્તુત્યઃ–સ્તુતિને યોગ્ય, ૯૭૧ વ્યૂઢોરસ્કઃ–પહોળી છાતીવાળા, ૯૭૨ મહાભુજઃ–બહુ મોટી ભુજાવાળા ॥ ૧૨૮॥

સર્વયોનિર્નિરાતંકો નરનારાયણપ્રિયઃ ।
નિર્લેપો નિષ્પ્રપંચાત્મા નિર્વ્યંગો વ્યંગનાશનઃ ॥ ૧૨૯॥

૯૭૩ સર્વયોનિઃ–સૌની ઉત્પત્તિનું સ્થાન, ૯૭૪ નિરાતંકઃ–નિર્ભય, ૯૭૫ નરનારાયણપ્રિયઃ–નરનારાયણના પ્રેમી અથવા પ્રિયતમ, ૯૭૬ નિર્લેપો નિષ્પ્રપંચાત્માઃ–દોષસંપર્કથી રહિત તથા જગતપ્રપંચથી અતીતરૂપવાળા, ૯૭૭, નિર્વ્યંગઃ–વિશિષ્ટ અંગવાળાં પ્રાણીઓના પ્રાગટ્યમાં કારણરૂપ હેતુ, ૯૭૮ વ્યંગનાશનઃ–યજ્ઞ વગરે કર્મમાં થનારા અંગવૈગુણ્યનો નાશ કરનારા ॥ ૧૨૯॥

સ્તવ્યઃ સ્તવપ્રિયઃ સ્તોતા વ્યાસમૂર્તિર્નિરંકુશઃ ।
નિરવદ્યમયોપાયો વિદ્યારાશી રસપ્રિયઃ ॥ ૧૩૦॥

૯૭૯ સ્તવ્યઃ–સ્તુતિને યોગ્ય, ૯૮૦ સ્તવપ્રિયઃ–સ્તુતિના પ્રેમી, ૯૮૧ સ્તોતા-સ્તુતિ કરનારા, ૯૮૨ વ્યાસમૂર્તિઃ- વ્યાસસ્વરૂપ, ૯૮૩ નિરંકુશઃ- અંકુશરહિત સ્વતંત્ર, ૯૮૪ નિરવદ્યમયોપાયઃ મોક્ષ પ્રાપ્તિના નિર્દોષ ઉપાયરૂપ, ૯૮૫ વિદ્યારાશિઃ વિદ્યાઓના સાગર, ૯૮૬ રસપ્રિયઃ બ્રહ્માનંદરસના પ્રેમી ॥ ૧૩૦॥

પ્રશાંત બુદ્ધિરક્ષુણ્ણઃ સંગ્રહી નિત્યસુન્દરઃ ।
વૈયાઘ્રધુર્યો ધાત્રીશઃ શાકલ્યઃ શર્વરીપતિ ॥ ૧૩૧॥

૯૮૭ પ્રશાન્ત બુદ્ધિઃ–શાંત બુદ્ધિવાળા, ૯૮૮ અક્ષુણ્ણ-ક્ષોભ અથવા નાશથી રહિત, ૯૮૯ સંગ્રહી-ભક્તોનો સંગ્રહ કરનારા, ૯૯૦ નિત્યસુંદરઃ સતત મનોહર ૯૯૧ વૈયાઘ્રધુર્યઃ વ્યાઘ્રચર્મધારી, ૯૯૨ ધાત્રીશઃ–બ્રહ્માજીના સ્વામી, ૯૯૩ શાકલ્યઃ શાકલ્ય ઋષિરૂપ, ૯૯૪ શર્વરીપતિઃ રાત્રિના સ્વામી ચંદ્રમારૂપ ॥ ૧૩૧॥

પરમાર્થગુરુર્દત્તઃ સૂરિરાશ્રિતવત્સલઃ ।
સોમો રસજ્ઞો રસદઃ સર્વસત્ત્વાવલંબનઃ ॥ ૧૩૨॥

૯૯૫ પરમાર્થ ગુરુર્દત્તઃ સૂરિઃ–પરમાર્થ તત્ત્વનો ઉપદેશ દેનારા જ્ઞાની ગુરુ દત્તાત્રેયરૂપ, ૯૯૬ આશ્રિતવત્સલઃ–શરણાગતો પર દયા કરનારા, ૯૯૭ સોમઃ–ઉમાસહિત ૯૯૮ રસજ્ઞઃ–ભક્તિરસના જ્ઞાતા, ૯૯૯ રસદઃ–પ્રેમરસ પ્રદાન કરનારા, ૧૦૦૦ સર્વ સત્ત્વાવલંબન સમસ્ત પ્રાણીઓને સહારો આપનારા ॥ ૧૩૨॥

આ રીતે શ્રીહરિ પ્રતિદિન સહસ્ર નામ દ્વારા ભગવાન શિવની સ્તુતિ, સહસ્ર કમળો દ્વારા એમનું પૂજન અને પ્રાર્થના કર્યા કરતા હતા. એક દિવસ ભગવાન શિવની લીલાથી એક કમળ ઘટ્યું તેથી ભગવાન વિષ્ણુએ પોતાના કમલ-જેવા નેત્રને ચડાવી દીધું. આવી રીતે એમના પૂજિત અને પ્રસન્ન થઈને શિવે એમને ચક્ર આપ્યું અને આ પ્રકારે કહ્યું—'હે હરે! બધા જ પ્રકારના અનર્થોની શાંતિ માટે તમારે મારા સ્વરૂપનું ધ્યાન કરવું જોઈએ. અનેકાનેક દુઃખોનો નાશ કરવા માટે આ સહસ્ર નામનો પાઠ કરશે અથવા કરાવશે, એમને સ્વપ્નમાં પણ કોઈ દુઃખ પ્રાપ્ત થશે નહિ. રાજાઓ તરફથી સંકટ આવે તો જો મનુષ્ય સાંગોપાંગ વિધિપૂર્વક આ સહસ્રનામસ્તોત્રનો સો વાર પાઠ કરે તો નિશ્ચય જ તે કલ્યાણનો ભાગી બને છે. આ ઉત્તમ સ્તોત્ર રોગનાશક, વિદ્યા અને ધન દેનાર, સંપૂર્ણ મનોવાંછિતનું પ્રદાન કરનાર, પુણ્યજનક અને

શિવભક્તિ આપનારું આ સ્તોત્ર છે. જે ફળના ઉદ્દેશ્યથી મનુષ્ય અહીં આ શ્રેષ્ઠ સ્તોત્રનો પાઠ કરશે એ ઉદ્દેશને નિઃસંદેહ પ્રાપ્ત કરી લેશે. જે રોજ સવારે ઊઠીને મારી પૂજા પછી મારી સામે આનો પાઠ કરે છે, સિદ્ધિ ક્યારેય એનાથી દૂર જતી નથી. એને આ લોકમાં સંપૂર્ણ મનોવાંછિત આપનારી સિદ્ધિ પૂર્ણતયા પ્રાપ્ત થાય છે અને અંતે સાયુજ્ય મોક્ષનો ભાગી બને છે, એમાં સંશય નથી.'

સૂતજી કહે છે—હે મુનીશ્વરો! આવું કહીને સર્વદેવેશ્વર ભગવાન રુદ્ર શ્રીહરિના અંગને સ્પર્શ કરે છે અને એમના દેખતાં દેખતાં જ અંતર્ધાન થઈ ગયા. ભગવાન વિષ્ણુ શંકરજીના વચનથી તથા એ શુભ ચક્ર કરીને મનમાં ને મનમાં બહુ જ પ્રસન્ન પછી એ પ્રતિદિન શંભુના ધ્યાનપૂ સ્તોત્રનો પાઠ કરવા લાગ્યા. એમણે ભક્તોને પણ આનો જ ઉપદેશ કર્યો. પ્રશ્નને અનુસાર મેં આ પ્રસંગ કહ્યો શ્રોતાઓનાં પાપને હરી લે છે. હવે વ સાંભળવા ચાહો છો?

(અધ્યાય ૩

*

ભગવાન શિવને સંતુષ્ટ કરનારાં વ્રતોનું વર્ણન, શિવરાત્રિ-વ્રતની વિધિ મહિમાનું કથન

તદનંતર ઋષિઓના પૂછવા પર સૂતજીએ શિવજીની આરાધના દ્વારા ઉત્તમ અને મનોવાંછિત ફળ પ્રાપ્ત કરનારાં ઘણાંબધાં મહાન સ્ત્રી-પુરુષોનાં નામ બતાવ્યાં. એ પછી ઋષિઓએ પુનઃ પૂછ્યું—'હે વ્યાસશિષ્ય! કયા વ્રતથી સંતુષ્ટ થઈને ભગવાન શિવ ઉત્તમ ઉત્તમ સુખનું પ્રદાન કરે છે? જે વ્રતના અનુષ્ઠાનથી ભક્તજનોને ભોગ અને મોક્ષની પ્રાપ્તિ થઈ શકે, એનું આપ વિશેષરૂપે વર્ણન કરો.'

સૂતજીએ કહ્યું—હે મહર્ષિઓ! તમે જે કાંઈ પૂછ્યું છે, એ જ વાત કોઈ એક સમયે બ્રહ્મા, વિષ્ણુ અને પાર્વતીજીએ ભગવાન શિવને પૂછી હતી. એના ઉત્તરમાં શિવજીએ જે કાંઈ કહ્યું, એ હું તમને સૌને બતાવી રહ્યો છું.

ભગવાન શિવ બોલ્યા—મારાં ઘણાંબધાં વ્રત છે, જે ભોગ અને મોક્ષ પ્રદાન કરનારાં છે. એમાં મુખ્ય દશ વ્રત છે, જેને શ્રુતિના વિદ્વાન 'દશ શૈવવ્રત' કહે છે. સદા યત્નપૂર્વક આ વ્રતોનું પાલન કરવું હે હરે! પ્રત્યેક આઠમે કેવળ રાત્રે જ કરવું. વિશેષતઃ વદની આઠમે ભોજનનો ત્યાગ કરવો. શુક્લ પક્ષની અગિયા ભોજન છોડી દેવું. પરંતુ કૃષ્ણપક્ષની એ રાત્રે મારું પૂજન કરીને પછી ભોજન કર છે. શુક્લપક્ષની ચૌદશે તો શિવવ્રતધારી માટે ભોજનનો સર્વથા નિષેધ છે. બંને પ સુદ અને વદમાં - દરેક સોમવારે પ્ર માત્ર રાત્રે જ ભોજન કરવું જોઈએ. વ્રતમાં તત્પર રહેનારા લોકો માટે આ નિયમ છે. આ બધાં વ્રતોમાં વ્રતની પૂ પોતાની શક્તિ અનુસાર શિવભક્ત બ્ ભોજન કરાવવું જોઈએ. દ્વિજોએ

વ્રતોનું નિયમ-પૂર્વક પાલન કરવું જોઈએ. જે દ્વિજ આનો ત્યાગ કરે છે, તે ચોર થાય છે. મુક્તિમાર્ગમાં પ્રવીણ પુરુષોની મોક્ષની પ્રાપ્તિ કરાવનાર ચાર વ્રતોનું નિયમપૂર્વક પાલન કરવું જોઈએ. એ ચાર વ્રત આ પ્રકારે છે : ભગવાન શિવની પૂજા, રુદ્રમંત્રોનો જપ, શિવમંદિરમાં ઉપવાસ અને કાશીમાં મરણ. આ મોક્ષના સનાતન માર્ગ છે. સોમવારની આઠમ અને કૃષ્ણપક્ષની ચૌદશ-આ બે તિથિઓને દિવસે ઉપવાસપૂર્વક વ્રત કરવામાં આવે તો તે ભગવાન શિવને સંતુષ્ટ કરનારું થાય છે, એમાં અન્યથા વિચાર કરવાની આવશ્યકતા નથી.

હે હરે! આ ચારેયમાં પણ શિવરાત્રિનું વ્રત જ સૌથી અધિક બળવાન છે. એટલા માટે ભોગ અને મોક્ષની ઇચ્છા રાખનારે મુખ્યતઃ એનું જ પાલન કરવું જોઈએ. આ વ્રત સિવાય બીજું કોઈ મનુષ્યોને માટે હિતકારક વ્રત નથી. આ વ્રત સર્વને માટે ધર્મનું ઉત્તમ સાધન છે. નિષ્કામ અથવા સકામ ભાવ રાખનારા બધા જ મનુષ્યો, વર્ણો, આશ્રમો, સ્ત્રીઓ, બાળકો, દાસો, દાસીઓ તથા દેવતા વગેરે બધાં જ દેહધારીઓ માટે આ શ્રેષ્ઠ વ્રત હિતકારક ગણવામાં આવ્યું છે.

માઘમાસના* કૃષ્ણપક્ષમાં શિવરાત્રિ તિથિનું વિશેષ માહાત્મ્ય ગણાયું છે. જે દિવસે અડધી રાતના સમય સુધી એ તિથિ વિદ્યમાન હોય, એ જ દિવસે એને વ્રતને માટે ગ્રાહ્ય ગણવી જોઈએ. શિવરાત્રિ કરોડો હત્યાઓનાં પાપનો નાશ કરનારી છે. હે કેશવ! એ દિવસે સવારથી લઈને જે કાર્ય કરવું આવશ્યક હોય છે, તે હું પ્રસન્નતાપૂર્વક તમને બતાવી રહ્યો છું, તમે ધ્યાન દઈને સાંભળો. બુદ્ધિમાન પુરુષ સવારે ઊઠીને બહુ આનંદપૂર્વક સ્નાન વગેરે નિત્ય કર્મ કરે. આળસને તો પાસે ફરકવા જ ન દે. પછી શિવાલયમાં જઈને શિવલિંગનું વિધિવત્ પૂજન કરીને મુજને - શિવને નમસ્કાર કરીને પછી ઉત્તમ રીતિથી સંકલ્પ કરે.

સંકલ્પ

દેવદેવ મહાદેવ નીલકંઠ નમોઽસ્તુ તે।
કર્તુમિચ્છામ્યહં દેવ શિવરાત્રિવ્રતં તવ॥
તવ પ્રભાવાદ્દેવેશ નિર્વિઘ્નેન ભવેદિતિ।
કામાદ્યાઃ શત્રવો માં વૈ પીડાં કુર્વન્તુ નૈવ હિ॥

'હે દેવદેવ! હે મહાદેવ! હે નીલકંઠ! આપને નમસ્કાર છે. હે દેવ! હું આપના શિવરાત્રિ-વ્રતનું અનુષ્ઠાન કરવા ચાહું છું. હે દેવેશ્વર! આપના પ્રભાવથી આ વ્રત વિઘ્ન બાધા વગર પૂર્ણ થાઓ અને કામ વગેરે શત્રુ મને પીડા ન આપે.'

આવો સંકલ્પ કરીને પૂજન-સામગ્રીનો સંગ્રહ કરે અને ઉત્તમ સ્થાનમાં જે શાસ્ત્ર પ્રસિદ્ધ શિવલિંગ હોય, એની પાસે રાત્રે જઈને સ્વયં ઉત્તમ વિધિ-વિધાનનું સંપાદન કરે; પછી શિવના દક્ષિણ ભાગમાં સુન્દર સ્થાન પર બેસીને એમની પાસે જ પૂજા માટે એકત્ર કરેલી સામગ્રી મૂકે. તદનંતર શ્રેષ્ઠ પુરુષ ત્યાં ફરી સ્નાન કરે. સ્નાન પછી સુંદર વસ્ત્ર અને ઉપવસ્ત્ર ધારણ કરીને ત્રણ વાર આચમન કર્યા પછી પૂજનનો આરંભ કરે. જે મંત્રને માટે જે દ્રવ્ય નિયત હોય, નક્કી કરેલું હોય, એ મંત્રનું ઉચ્ચારણ કરીને એ જ દ્રવ્ય

---

* શુક્લ પક્ષથી માસનો આરંભ માનવાથી ફાગણ માસની વદ તેરસ માઘ માસની કહેવામાં આવી છે. જ્યાં કૃષ્ણ પક્ષથી માસનો આરંભ મનાય છે, એમને અનુસાર અહીં માઘનો અર્થ ફાગણ સમજવો જોઈએ.

દ્વારા પૂજા કરવી જોઈએ. મંત્ર વગર મહાદેવજીની પૂજા ન કરવી જોઈએ. ગીત, વાદ્ય, નૃત્ય વગેરે સાથે ભક્તિભાવથી સંપન્ન થઈ પ્રથમ પ્રહરમાં પૂજન કરીને વિદ્વાન પુરુષ મંત્રનો જપ કરે. જો મંત્રજ્ઞ પુરુષ એ સમયે શ્રેષ્ઠ પાર્થિવ લિંગનું નિર્માણ કરે તો નિત્યકર્મ કર્યા પછી પાર્થિવ લિંગનું જ પૂજન કરે. પહેલાં પાર્થિવ બનાવીને પછી એની વિધિવત્ સ્થાપના કરે. પછી પૂજન કર્યા બાદ વિવિધ-પ્રકારનાં સ્તોત્રો દ્વારા ભગવાન વૃષભધ્વજને સંતુષ્ટ કરે. બુદ્ધિમાન પુરુષે એ સમયે શિવરાત્રિ-વ્રતના માહાત્મ્યનો પાઠ કરવો જોઈએ. શ્રેષ્ઠ ભક્ત પોતાના વ્રતની પૂર્તિ માટે એ માહાત્મ્યને શ્રદ્ધાપૂર્વક સાંભળે. રાત્રિના ચારે પ્રહરમાં પાર્થિવ લિંગોનું નિર્માણ કરીને આવાહનથી માંડીને વિસર્જન સુધી ક્રમશઃ એમની પૂજા કરે અને બહુ મોટો ઉત્સવ પ્રસન્નતાપૂર્વક કરે અને જાગરણ કરે. પ્રાતઃકાલે સ્નાન કરીને પુનઃ ત્યાં પાર્થિવ શિવનું સ્થાપન અને પૂજન કરે. આ રીતે વ્રત પૂરું કરીને હાથ જોડીને મસ્તક નમાવીને વારંવાર નમસ્કારપૂર્વક ભગવાન શંભુની આ પ્રકારે પ્રાર્થના કરે.

પ્રાર્થના અને વિસર્જન

નિયમો યો મહાદેવ કૃતશ્ચૈવ ત્વદાજ્ઞયા।
વિસૃજ્યતે મયા સ્વામિન્ વ્રતં-જાતમનુત્તમમ્॥
વ્રતેનાનેન દેવેશ યથાશક્તિકૃતેન ચ।
સંતુષ્ટો ભવ શર્વાદ્ય કૃપાં કુરુ મમોપરિ॥

'હે મહાદેવ! આપની આજ્ઞાથી મેં જે વ્રત ગ્રહણ કર્યું હતું, હે સ્વામિન્! એ પરમ ઉત્તમ વ્રત પૂર્ણ થઈ ગયું. માટે હવે એનું વિસર્જન કરું છું. હે દેવેશ્વર શર્વ! યથાશક્તિ કરેલા આ વ્રતથી આપ આજે મુજપર કૃપા કરીને સંતુષ્ટ થાઓ.'

ત્યાર પછી શિવને પુષ્પાંજલિ સમર્પિત કરીને વિધિપૂર્વક દાન આપે. પછી શિવજીને નમસ્કાર કરીને વ્રત સંબંધી નિયમનું વિસર્જન કરી દે. પોતાની શક્તિ અનુસાર શિવભક્ત બ્રાહ્મણો, વિશેષતઃ સંન્યાસીઓને ભોજન કરાવીને પૂર્ણતયા સંતુષ્ટ કરીને પોતે પણ ભોજન કરે.

હે હરે! શિવરાત્રિએ પ્રત્યેક પ્રહરમાં શ્રેષ્ઠ શિવભક્તોએ જે પ્રકારે વિશેષ પૂજા કરવી જોઈએ, એ હું બતાવું છું, સાંભળો. પ્રથમ પ્રહરમાં પાર્થિવ લિંગની સ્થાપના કરીને અનેક સુંદર ઉપચારો દ્વારા ઉત્તમ ભક્તિભાવથી પૂજા કરે. પહેલાં ગંધ, પુષ્પ વગેરે - પાંચ દ્રવ્યો દ્વારા સદા મહાદેવજીની પૂજા કરવી જોઈએ. તેને દ્રવ્ય સંબંધિત મંત્રનું ઉચ્ચારણ કરીને પૃથક્-પૃથક્ તે દ્રવ્ય સમર્પિત કરે. આ રીતે દ્રવ્ય સમર્પિત કર્યા પછી ભગવાન શિવને જલધારા અર્પિત કરે. વિદ્વાન પુરુષ ચઢાવેલાં દ્રવ્યોને જલધારાથી જ ઉતારે. જલધારાની સાથે સાથે એક સો આઠ મંત્રનો જપ કરીને ત્યાં નિર્ગુણ-સગુણરૂપ શિવનું પૂજન કરે. ગુરુ દ્વારા પ્રાપ્ત થયેલ મંત્ર દ્વારા શિવપૂજા કરે. અન્યથા નામ-મંત્ર દ્વારા સદાશિવનું પૂજન કરવું જોઈએ. વિચિત્ર ચંદન, અખંડ ચોખા અને કાળા તલથી પરમાત્મા શિવની પૂજા કરવી જોઈએ. કમળ અને કનેરનાં ફૂલ ચઢાવવાં જોઈએ. આઠ નામ-મંત્રો દ્વારા શંકરજીને પુષ્પ સમર્પિત કરવાં જોઈએ. એ આઠ નામ આ પ્રકારે છે : ભવ, શર્વ, રુદ્ર, પશુપતિ, ઉગ્ર, મહાન, ભીમ અને ઈશાન એના આરંભમાં શ્રી અને અનંતમાં ચોથી વિભક્તિ જોડીને 'શ્રી ભવાય નમઃ' વગેરે મંત્રો દ્વારા શિવનું પૂજન કરે. પુષ્પ સમર્પણ પછી ધૂપ, દીપ અને નૈવેદ્યનું નિવેદન કરવું જોઈએ. પછી શ્રીફળ યુક્ત વિશેષ અર્ઘ્ય

આપીને તાંબૂલ સમર્પિત કરવું જોઈએ. તદનંતર નમસ્કાર અને ધ્યાન કરીને ગુરુએ આપેલા મંત્રનો જપ કરે. ગુરુદત્ત - ગુરુએ આપેલો-મંત્ર ન હોય તો પંચાક્ષર (નમઃ શિવાય) મંત્રના જપથી ભગવાન શંકરને સંતુષ્ટ કરવા જોઈએ અને ધેનુમુદ્રા* બતાવીને ઉત્તમ જલથી તર્પણ કરવું. પછી પોતાની શક્તિ અનુસાર પાંચ બ્રાહ્મણોને ભોજન કરાવવાનો સંકલ્પ કરો. પછી જ્યાં સુધી પ્રથમ પ્રહર પૂરો ન થઈ જાય ત્યાં સુધી મહાન ઉત્સવ કરતા રહો.

બીજો પ્રહર શરૂ થાય ત્યારે પુનઃ પૂજનને માટે સંકલ્પ કરો અથવા એક જ સમયે ચારે પ્રહર માટે સંકલ્પ કરીને પ્રથમ પ્રહરની જેમ પૂજા કરતા રહો. પહેલાં પૂર્વોક્ત દ્રવ્યોથી પૂજન કરીને પછી જલધારા સમર્પિત કરે. પ્રથમ પ્રહરની અપેક્ષાએ બમણા મંત્રોનો જપ કરીને શિવની પૂજા કરે. પૂર્વોક્ત તલ, જવ અને કમળ-પુષ્પોથી શિવની અર્ચના કરે. વિશેષતઃ બિલ્વપત્રોથી પરમેશ્વર શિવનું પૂજન કરવું જોઈએ. બીજા પ્રહરમાં બિજોરું લિંબુ સાથે અર્ઘ્યરૂપે આપીને ખીરનું નૈવેદ્ય નિવેદિત કરે. હે જનાર્દન! એમાં પહેલાંની અપેક્ષાએ મંત્રોની બમણી આવૃત્તિ કરવી જોઈએ. પછી બ્રાહ્મણોને ભોજન કરાવવાનો સંકલ્પ કરે. બાકીની બધી વિધિ પહેલાંની જેમ જ ત્યાં સુધી કરતો રહે, જ્યાં સુધી બીજો પ્રહર પૂરો ન થઈ જાય. ત્રીજા પ્રહરના આગમને પૂજન તો પ્રથમની જેમ જ કરે; પરંતુ જવને બદલે ઘઉંનો ઉપયોગ કરે. એ પછી વિવિધ પ્રકારના ધૂપ અને દીપ કરીને પૂડો કે માલપૂઓ-નું નૈવેદ્ય કરીને ભોગ લગાડવો. એની સાથે સાથે વિવિધ પ્રકારનાં શાક પણ ધરવાં જોઈએ. આ રીતે પૂજન કરીને કપૂરથી આરતી ઉતારે-દાડમના ફળ સાથે અર્ઘ્ય આપે અને બીજા પ્રહરની અપેક્ષાએ બમણા મંત્ર-જપ કરે. તદનંતર દક્ષિણાસહિત બ્રાહ્મણ-ભોજનનો સંકલ્પ કરે અને ત્રીજા પ્રહરની સમાપ્તિ થવા સુધી પૂર્વવત્ ઉત્સવ કરતો રહે. ચોથા પ્રહરે ત્રીજા પ્રહરની પૂજાનું વિસર્જન કરી દે. પુનઃ આવાહન કરીને વિધિવત્ પૂજા કરે. અડદ, કાંગ, મગ, સપ્તધાન્ય, શંખીપુષ્પ અને બિલ્વપત્રથી ભગવાન શંકરનું પૂજન કરે. એ પ્રહરમાં વિવિધ પ્રકારની મીઠાઈઓનું નૈવેદ્ય કરે અથવા અડદનાં વડાં વગેરે બનાવીને સદાશિવને સંતુષ્ટ કરે. કેળાં સાથે અન્ય વિવિધ ફળોનો અર્ઘ્ય શિવજીને આપે. ત્રીજા પ્રહરની અપેક્ષાએ બમણા મંત્ર-જપ કરે અને યથાશક્તિ બ્રાહ્મણ-ભોજનનો સંકલ્પ કરે. ગીત, વાદ્ય તથા નૃત્યથી શિવની આરાધનામાં સમય પસાર કરવો. ભક્તજનોએ ત્યાં સુધી મહાન ઉત્સવ કરતાં રહેવું જોઈએ જ્યાં સુધી અરુણોદય ન થઈ જાય.

---

* ૧. ધેનુમુદ્રાનું લક્ષણ આ પ્રકારે છે.

વામાંગુલીનાં મધ્યેષુ દક્ષિણાંગુલિકાસ્તથા। સંયોજ્ય તર્જની દક્ષા મધ્યમાનામયોસ્તથા ॥
દક્ષમધ્યમયોર્વામાં તર્જની ચ નિયોજયેત્। વામયાનામયા દક્ષકનિષ્ઠાં ચ નિયોજયેત્ ॥
દક્ષયાનામયા વામાં કનિષ્ઠાં ચ નિયોજયેત્। વિહિતાધોમુખી ચૈષા ધેનુમુદ્રા પ્રકીર્તિતા ॥

'ડાબા હાથની આંગળીઓની વચમાં જમણા હાથની આંગળીઓને સંયુક્ત કરીને જમણી તર્જનીને મધ્યમામાં લગાવો, જમણા હાથની મધ્યમામાં ડાબા હાથની તર્જનીને મેળવો. પછી ડાબા હાથની અનામિકાથી જમણા હાથની કનિષ્ઠિકા અને જમણા હાથની અનામિકાની સાથે ડાબા હાથની કનિષ્ઠિકાને સંયુક્ત કરો. પછી એ સૌનાં મુખ નીચેની બાજુએ કરો. આને જ ધેનુમુદ્રા કરી છે.'

અરુણોદય થયા પછી પુનઃ સ્નાન કરીને વિવિધ પ્રકારના પૂજન-ઉપચારો અને ઉપહારો દ્વારા શિવજીની પૂજા કરે. ત્યાર પછી પોતાનો અભિષેક કરાવે, વિવિધ પ્રકારનાં દાન આપે અને પ્રહરની સંખ્યા અનુસાર બ્રાહ્મણો અને સંન્યાસીઓને અનેક પ્રકારના ભોજ્ય પદાર્થો જમાડે. પછી શંકરને નમસ્કાર કરીને પુષ્પાંજલિ આપે. બુદ્ધિમાન પુરુષ ઉત્તમ સ્તુતિ કરીને નીચે લખેલા મંત્રોથી પ્રાર્થના કરે.

तावकस्त्वद्गतप्राणस्त्वच्चित्तोऽहं सदा मृड ।
कृपानिधे ईति ज्ञात्वा यथा योग्यं तथा कुरु ॥
अज्ञानाद्यदि वा ज्ञानाज्जपपूजादिकं मया ।
कृपानिधित्वाज्ज्ञात्वैव भूतनाथ प्रसीद मे ॥
अनेनैवोपवासेन यज्जातं फलमेव च ।
तेनैव प्रीयतां देवः शंकरः सुखदायकः ॥
कुले मम महादेव भजनं तेऽस्तु सर्वदा ।
माभूत्तस्य कुले जन्म यत्र त्वं नहि देवता ॥

'હે સુખદાયક કૃપાનિધાન શિવ! હું આપનો છું. મારા પ્રાણ આપમાં જ લાગેલા છે અને મારું ચિત્ત સદા આપનું ચિંતન કરે છે. આવું જાણીને આપ જેવું ઉચિત સમજો, એવું જ કરજો. હે ભૂતનાથ! મેં જાણે કે અજાણ્યે જે જપ અને પૂજન વગેરે કર્યાં છે, એને સમજીને દયાસાગર હોવાને કારણે તમે મુજ પર પ્રસન્ન થાઓ. એ ઉપવાસ, વ્રતથી જે ફળ થયું હોય, એનાથી જ સુખદાયક ભગવાન શંકર મુજ પર પ્રસન્ન થાઓ. હે મહાદેવ! મારા કુળમાં સદા આપનું ભજન થતું રહે. જ્યાં આપ કુળદેવતા ન હો, એ કુળમાં ક્યારેય મારો જન્મ ન હો.'

આ રીતે પ્રાર્થના કર્યા પછી ભગવાન શિવને પુષ્પાંજલિ સમર્પિત કરીને બ્રાહ્મણો પાસેથી તિલક અને આશીર્વાદ ગ્રહણ કરે. તદનંતર શંભુનું વિસર્જન કરે. જેણે આ પ્રકારે વ્રત કર્યું હોય, એનાથી હું દૂર રહેતો નથી. આ વ્રતના ફળનું વર્ણન કરી શકાતું નથી. મારી પાસે એવી કોઈ વસ્તુ નથી, જેને શિવરાત્રિ-વ્રત કરનારાને માટે હું આપી ન દઉં. અર્થાત્ સર્વસ્વ આપી શકું છું. જેના દ્વારા અનાયાસ જ આ વ્રતનું પાલન થઈ જાય, એને માટે અવશ્ય જ મુક્તિનું બીજ વવાઈ ગયું છે. મનુષ્યોએ પ્રતિમાસ ભક્તિપૂર્વક શિવરાત્રિનું વ્રત કરવું જોઈએ. ત્યાર પછી એનું ઉદ્યાપન કરીને મનુષ્ય સાંગોપાંગ ફળનો લાભ મેળવે છે. આ વ્રતનું પાલન કરવામાં શિવ નિશ્ચય જ ઉપાસકનાં સમસ્ત દુઃખોનો નાશ હું કરી દઉં છું અને એને ભોગ-મોક્ષ વગેરે સંપૂર્ણ મનોવાંછિત ફળ પ્રદાન કરું છું.

સૂતજી કહે છે—હે મહર્ષિઓ! ભગવાન શિવનું આ અત્યંત હિતકારક અને અદ્‌ભુત વચન સાંભળીને શ્રીવિષ્ણુ પોતાને ધામે ચાલ્યા ગયા. એ પછી આ ઉત્તમ વ્રતના પોતાના ચાહક-વર્ગમાં પ્રચાર થયો. કોઈ સમયે કેશવે નારદજીને ભોગ અને મોક્ષ આપનાર આ દિવ્ય શિવરાત્રિ-વ્રતનું વર્ણન કર્યું હતું. (અધ્યાય ૩૭-૩૮)

*

શિવરાત્રિ-વ્રતના ઉદ્યાપનની વિધિ

ઋષિ બોલ્યા–હે સૂતજી! હવે અમને શિવરાત્રિ વ્રતના ઉદ્યાપનની વિધિ બતાવો, જેનું અનુષ્ઠાન કરવાથી સાક્ષાત્ ભગવાન શંકર નિશ્ચય જ પ્રસન્ન થાય છે.

સૂતજીએ કહ્યું–હે ઋષિઓ! તમે લોકો ભક્તિભાવથી આદરપૂર્વક શિવરાત્રિના ઉદ્યાપનની વિધિ સાંભળો, જેનું અનુષ્ઠાન કરવાથી આ વ્રત અવશ્ય જ પૂર્ણ ફળ આપનારું બને છે. લગાતાર ચૌદ વર્ષ સુધી શિવરાત્રિના શુભવ્રતનું પાલન કરવું જોઈએ. તેરશે એક સમય ભોજન કરીને ચૌદશે પૂરો ઉપવાસ કરવો જોઈએ. શિવરાત્રિને દિવસે નિત્યકર્મ સંપન્ન કરીને શિવાલયમાં જઈને વિધિપૂર્વક શિવનું પૂજન કરો. તત્પશ્ચાત્ ત્યાં યત્નપૂર્વક એક દિવ્ય મંડળ બનાવડાવવું, જે ત્રણે લોકમાં ગૌરીતિલક નામથી પ્રસિદ્ધ છે. એના મધ્યભાગમાં દિવ્ય લિંગતોભદ્ર મંડળની રચના કરવી અથવા મંડપથી અંદર સર્વતોભદ્ર મંડળનું નિર્માણ કરવું. ત્યાં પ્રાજાપત્ય નામના કળશોની સ્થાપના કરવી જોઈએ. એ બધાને મંડપના પાર્શ્વભાગમાં યત્નપૂર્વક સ્થાપિત કરવા જોઈએ. મંડપના મધ્યભાગમાં એક સોનાનો અથવા બીજી ધાતુ તાંબા વગેરેનો બનેલો કળશ સ્થાપિત કરો. વ્રતી પુરુષ એ કળશ પર પાર્વતી સહિત શિવની સુવર્ણમયી પ્રતિમા બનાવીને રાખે. તે પ્રતિમા એક પલ (તોલાની) અથવા અર્ધા પલ સોનાની હોવી જોઈએ, અથવા જેવી પોતાની શક્તિ હોય એ અનુસાર પ્રતિમા બનાવડાવી લેવી જોઈએ. ડાબા ભાગમાં પાર્વતીજી અને જમણી બાજુ શિવની પ્રતિમા સ્થાપિત કરીને રાત્રે એનું પૂજન કરવું. આળસ છોડીને પૂજનનું કામ કરવું જોઈએ. આ કાર્યમાં ચાર ઋત્વિકો સાથે સાથે એક પવિત્ર આચાર્યનું વરણ કરવું જોઈએ અને એમની આજ્ઞા લઈને ભક્તિપૂર્વક શિવની પૂજા કરો. રાત્રે પ્રત્યેક પ્રહરમાં પૃથક્ પૃથક્ પૂજા કરીને જાગરણ કરો. વ્રત કરનાર પુરુષે ભગવત્સંબંધી કીર્તન, ગીત અને નૃત્ય વગેરે દ્વારા રાત વ્યતીત કરવી જોઈએ. આ પ્રકારે વિધિવત્ પૂજન કરીને ભગવાન શિવને સંતુષ્ટ કરીને પ્રાતઃકાળે પુનઃ પૂજન કરીને પછી સવિધિ હોમ કરો; પછી યથાશક્તિ પ્રાજાપત્ય વિધાન કરો. પછી બ્રાહ્મણોને ભક્તિપૂર્વક ભોજન કરાવવું અને યથાશક્તિ દાન આપવું.

એ પછી વસ્ત્ર, અલંકાર તથા આભૂષણો દ્વારા પત્ની સહિત ઋત્વિજોને અલંકૃત કરીને એમને વિધિપૂર્વક પૃથક્-પૃથક્ દાન આપવું. પછી આવશ્યક સામગ્રીયુક્ત વાછરડાસહિત ગાયનું આચાર્યને આમ કહીને વિધિપૂર્વક દાન દેવું કે આ દાનથી ભગવાન શિવ મુજ પર પ્રસન્ન થાઓ. ત્યારબાદ કળશ સહિત એ મૂર્તિને વસ્ત્રની સાથે વૃષભની પીઠ પર રાખીને સંપૂર્ણ અલંકારો સહિત એને આચાર્યને અર્પિત કરી દેવું. એ પછી બે હાથ જોડીને મસ્તક નમાવીને ખૂબ પ્રેમથી ગદ્‌ગદ વાણીમાં મહાપ્રભુ મહેશ્વરદેવની પ્રાર્થના કરવી.

પ્રાર્થના

દેવદેવ મહાદેવ શરણાગત વત્સલ।
વ્રતેનાનેન દેવેશ કૃપાં કુરુ મમોપરિ॥

મયા ભક્ત્યનુસારેણ વ્રતમેતત્ કૃતં શિવા
ન્યૂનં સંપૂર્ણતાં યાતુ પ્રસાદાત્તવ શંકર॥
અજ્ઞાનાદ્યદિ વા જ્ઞાનાજ્જપપૂજાદિકં મયા।
કૃતં તદસ્તુ કૃપયા સફલં તવ શંકર॥

'હે દેવદેવ! હે મહાદેવ! હે શરણાગતવત્સલ! હે દેવેશ્વર! આ વ્રતથી સંતુષ્ટ થઈ આપ મારા ઉપર કૃપા કરો. હે શિવ-શંકર! મેં ભક્તિભાવથી આ વ્રતનું પાલન કર્યું છે. એમાં કશી ઊણપ રહી ગઈ હોય તો તે આપની કૃપાથી-કૃપા પ્રસાદથી પૂરી થઈ જજો. હે શંકર! મેં અજાણતાં અથવા જાણીને જે જપપૂજન કર્યું છે, તે આપની કૃપાથી સફળ થાઓ.'

આ રીતે પરમાત્મા શિવને પુષ્પાંજલિ અર્પણ કરીને ફરી નમસ્કારપૂર્વક પ્રાર્થના કરવી. જેણે આ રીતે વ્રત પૂરું કરી લીધું, એના એ વ્રતમાં કોઈ પણ પ્રકારની ઊણપ રહેતી નથી. એથી એને મનોવાંછિત સિદ્ધિ મળી જાય છે, એમાં સંશય નથી. (અધ્યાય ૩૯)

*

અજાણતામાં પણ શિવરાત્રિ-વ્રત કરવાથી એક ભીલ પર ભગવાન શંકરની અદ્‌ભુત કૃપા

ઋષિઓએ પૂછ્યું—એ સૂતજી! પૂર્વકાળમાં કોણે આ ઉત્તમ શિવરાત્રિ-વ્રતનું પાલન કર્યું હતું અને અજાણતાં પણ આ વ્રતનું પાલન કરીને કોણે કયું ફળ પ્રાપ્ત કર્યું હતું?

સૂતજીએ કહ્યું—હે ઋષિઓ! તમે બધા સાંભળો. હું આ વિષયમાં એક નિષાદનો પ્રાચીન ઇતિહાસ સંભળાવું છું, જે પાપનો નાશ કરનારો છે. પહેલાંની વાત છે, કોઈ એક વનમાં એક ભીલ રહેતો હતો, જેનું નામ હતું ગુરુદ્રુહ, એનું કુટુંબ બહુ મોટું હતું, તથા એ બળવાન અને ક્રૂર સ્વભાવનો હોવાથી જ ક્રૂરતા-પૂર્ણ કર્મમાં તત્પર રહેતો હતો. તે પ્રતિદિન વનમાં જઈને પશુઓને, મૃગોને મારતો અને ત્યાં રહીને વિવિધ પ્રકારની ચોરી પણ કરતો હતો. એણે નાનપણથી જ ક્યારેય કોઈ શુભકર્મ કર્યું જ ન હતું. આ રીતે વનમાં રહેતાં રહેતાં એ દુરાત્મા ભીલનો ઘણો સમય વ્યતીત થઈ ગયો. ત્યાર પછી એક દિવસ બહુ સુંદર અને શુભકારક શિવરાત્રિ આવી - પરંતુ તે દુરાત્મા તો ગાઢ જંગલમાં નિવાસ કરતો હતો. એટલે એને એ વ્રતને જાણતો ન હતો. એ જ દિવસે એ ભીલનાં માતા-પિતા અને પત્નીએ ભૂખથી પીડિત થઈ એની પાસે યાચના કરી, 'હે વનેચર! અમને ખાવાનું આપો.'

એમની આ પ્રકારની યાચના કરવાથી તે તરત જ ધનુષ લઈને અને મૃગોના શિકાર માટે વનમાં ફરવા-રખડવા લાગ્યો. દૈવયોગે એને એ દિવસે કશું જ મળ્યું નહીં અને સૂર્ય અસ્ત થઈ ગયો. આથી એને બહુ દુઃખ થયું અને એ વિચારવા લાગ્યો—'હવે હું શું કરું? ક્યાં જાઉં? આજે તો કશું જ મળ્યું નથી. ઘરમાં જે બાળકો છે, એમનું તથા માતા-પિતાનું શું થશે? મારી જે પત્ની છે એની શી દશા થશે? તેથી મારે ઘેર તો કશું લઈને જ જવું પડશે, અન્યથા નહીં.'

આવું વિચારીને તે વ્યાધ એક જળાશય પાસે પહોંચ્યો અને જ્યાં પાણીમાં ઊતરવાનો ઘાટ હતો, ત્યાં જઈને ઊભો રહી ગયો. તે મનમાં ને મનમાં એ વિચાર કરતો હતો કે, 'અહીં કોઈ ને કોઈ જીવ પાણી પીવા માટે જરૂર આવશે. એને મારીને કૃતકૃત્ય થઈ જઈશ અને એને સાથે લઈને પ્રસન્નતાપૂર્વક ઘેર જઈશ.' આવો નિશ્ચય કરીને તે વ્યાધ એક બીલીના ઝાડ ઉપર ચઢી ગયો અને ત્યાં જળ સાથે લઈને બેઠો. એના મનમાં કેવળ એ જ ચિંતા હતી ક્યારે કોઈ જીવ આવે અને ક્યારે હું એને મારું. આ પ્રતીક્ષામાં, વાટ જોવામાં ભૂખ-તરસથી પીડિત થઈને તે બેસી રહ્યો. એ રાતના પ્રથમ પ્રહરમાં એક તરસી હરિણી ત્યાં આવી, જે

ચકિત થઈને જોર જોરથી ફલાંગ મારતી હતી. હે બ્રાહ્મણો! એ મૃગીને જોઈને વ્યાધને બહુ હર્ષ થયો અને એણે તરત જ એના વધ માટે શરસંધાન કર્યું. આવું કરતાં એના હાથના હલનચલન-ધક્કાથી થોડું પાણી અને બિલ્વપત્ર નીચે પડી ગયાં. એ વૃક્ષની નીચે શિવલિંગ હતું. ઉક્ત જળ અને બિલ્વપત્રથી શિવની પ્રથમ પ્રહરની પૂજા સંપન્ન થઈ ગઈ. એ પૂજાના માહાત્મ્યથી એ વ્યાધનાં થોડાં ઘણાં પાતકોનો તત્કાળ નાશ થઈ ગયો. ત્યાં થનાર ખડખડાટને સાંભળીને હરિણીએ ભયથી ઉપર જોયું. વ્યાધને જોઈને જ તે વ્યાકુળ થઈ ગઈ અને બોલી–

મૃગીએ કહ્યું—હે વ્યાધ! તું શું કરવા ચાહે છે તે મને સાચ્ચેસાચું કહી દે.

હરિણીની વાત સાંભળીને વ્યાધે કહ્યું– આજે મારાં કુટુંબીજનો ભૂખ્યાં છે, તેથી તને મારીને એમની ભૂખ મટાડીશ, એમને તૃપ્ત કરીશ.

વ્યાધનું તે દારુણ વચન સાંભળીને તથા જેને રોકવા અત્યંત કઠણ છે, એ દુષ્ટ ભીલને બાણ તાણીને ઊભેલો જોઈને મૃગી વિચારવા લાગી કે, 'હવે હું શું કરું? ક્યાં જાઉં? ચાલો કોઈ વિચાર કરીને ઉપાય શોધી લઉં.' આવો વિચાર કરીને એણે ત્યાં આ રીતે કહ્યું.

મૃગી બોલી—હે ભીલ! મારા માંસથી તમને સુખ થશે, આ અનર્થકારી શરીર માટે આનાથી વધારે મહાન પુણ્ય કાર્ય બીજું શું હોઈ શકે? ઉપકાર કરનાર પ્રાણીને આ લોકમાં જે પુણ્ય થાય છે એનું સો વર્ષોમાં પણ વર્ણન થઈ શકતું નથી.* પરંતુ આ સમયે મારાં બધાં બચ્ચાં

* ઉપકારકરસ્યૈવ યત્ પુણ્યં જાયતે ત્વિહ। તત્પુણ્યં શક્યતે નૈવ વક્તું વર્ષશતૈરપિ॥
(શિ.પુ.કો.રુ.સં. ૪૬/૨૬)

મારા આશ્રમમાં જ છે. હું એમને મારી બહેનને અથવા સ્વામીને સોંપીને પાછી આવું છું. હે વનેચર! તું મારી આ વાતને મિથ્યા ન માનતો. હું ફરી તારી પાસે આવીશ જ એમાં સંશય નથી. સત્યથી તો ધરતી ટકી છે, સત્યથી સમુદ્ર પોતાની મર્યાદામાં સ્થિત છે અને સત્યથી તો નિર્ઝરો (ઝરણાં)થી જલની ધારાઓ પડ્યા કરે છે. સત્યમાં જ સર્વ કાંઈ સ્થિત છે.*

સૂતજી કહે છે—મૃગીના આવા કથન પર પણ જ્યારે વ્યાધે એની વાત ન માની, ત્યારે એણે અત્યંત વિસ્મિત અને ભયભીત થઈને પુનઃ આ પ્રકારે કહેવાનું શરૂ કર્યું.

મૃગી બોલી—હે વ્યાધ! સાંભળો, હું તમારી પાસે એવા શપથ ખાઉં છું, લઉં છું, જેથી હું ઘેર જઈને અવશ્ય તારી પાસે પરત આવી જઈશ. બ્રાહ્મણ જો વેદ વેચે અને ત્રિકાળ સંધ્યા ન કરે તો એને જે પાપ લાગે, પતિની આજ્ઞાનું ઉલ્લંઘન કરીને સ્વેચ્છાનુસાર કાર્ય કરનારી સ્ત્રીઓને જે પાપની પ્રાપ્તિ થાય, કરેલા ઉપકારને ન માનનારો, ભગવાન શંકરથી વિમુખ રહેનારો, બીજાઓનો દ્રોહ કરનારો, ધર્મને ઓળંગનારો, તથા વિશ્વાસઘાત અને છળ કરનારાઓને જે પાપ લાગે, એવાં જ પાપથી હું પણ લિપ્ત થઈ જાઉં, જો જઈને પાછી ન ફરું તો.

આ રીતે અનેક સોગંદ ખાઈને જ્યારે મૃગી ચૂપચાપ ઊભી રહી ગઈ, ત્યારે એ વ્યાધે એના ઉપર વિશ્વાસ કર્યો અને બોલ્યો - 'સારું, હવે તું તારે ઘેર જા.' ત્યારે મૃગી બહુ હર્ષ સાથે પાણી પીને પોતાના આશ્રમ-મંડળમાં જતી હતી. એટલામાં જ રાતનો પ્રથમ પ્રહર વ્યાધના જાગરણમાં જ વીતી ગયો. ત્યારે એ હરિણીની બહેન બીજી મૃગી, જેનું પહેલી એ સ્મરણ કર્યું હતું, એની જ રાહ જોઈને જલ પીવા ત્યાં આવી પહોંચી. એને જોઈને ભીલે સ્વયં ભાથામાંથી તીર કાઢ્યું. આવું કરતી વખતે પુનઃ પહેલાંની જેમ જ ભગવાન શિવ ઉપર જળ અને બિલ્વપત્ર પડ્યાં. એ દ્વારા મહાત્મા શંભુની બીજા પ્રહરની પૂજા સંપન્ન થઈ ગઈ. જોકે પૂજા પ્રસંગવશ જ થઈ હતી, તો પણ વ્યાધને માટે તો સુખદાયિની જ થઈ ગઈ. મૃગીએ એને શરસંધાન કરતો જોઈને પૂછ્યું–'હે વનેચર! આ શું કરે છે?' વ્યાધે પૂર્વવત્ ઉત્તર આપ્યો–'હું મારા ભૂખ્યા કુટુંબને તૃપ્ત કરવા માટે તને મારીશ.' આ સાંભળીને મૃગી બોલી-

મૃગીએ કહ્યું—હે વ્યાધ! મારી વાત સાંભળ. હું ધન્ય છું. મારું દેહ-ધારણ કરવાનું સફળ થઈ ગયું; કેમકે, આ અનિત્ય શરીર દ્વારા ઉપકાર થશે. પણ મારાં નાનાં નાનાં બાળકો ઘેર છે. તેથી હું એક વાર જઈને એમની મારા સ્વામીને સોંપણી કરીને પછી તારી પાસે પાછી ફરીશ.

વ્યાધ બોલ્યો—તારી વાત પર મને વિશ્વાસ નથી. હું તને મારીશ, એમાં સંશય નથી.

આ સાંભળીને તે હરિણી ભગવાન વિષ્ણુના સમ ખાઈને કહેવા લાગી–'હે વ્યાધ! હું જે કાંઈ કહું છું તે સાંભળ–જો જઈને પાછી ન આવું તો હું મારાં બધાં પુણ્યો હારી જાઉં, કેમકે જે

---

* સ્થિતા સત્યેન ધરણી સત્યેનૈવ ચ વારિધિઃ। સત્યેન જલધારાશ્ચ સત્યે સર્વં પ્રતિષ્ઠિતમ્॥
(શિ.પુ.કો.રુ.સં. ૪૦/૨૯)

વચન આપીને ફરી જાય છે, તે પોતાનાં પુણ્યો ખોઈ બેસે છે. જે પુરુષ પોતાની વિવાહિતા સ્ત્રીને છોડીને બીજી પાસે જાય છે, વૈદિક ધર્મનું ઉલ્લંઘન કરીને કપોલકલ્પિત ધર્મ પર ચાલે છે, ભગવાન વિષ્ણુનો ભક્ત થઈને શિવની નિંદા કરે છે, માતા-પિતાની પુણ્યતિથિએ શ્રાદ્ધ ન કરીને તે તિથિ એમ ને એમ જવા દે છે તથા મનમાં સંતાપનો અનુભવ કરીને પોતાના આપેલા વચનને પૂરાં કરે છે, એવા લોકોને જે પાપ લાગે છે તે મને પણ લાગો. જો હું જઈને પરત ન આવું તો?'

સૂતજી કહે છે—એના આવા કહેવા પર વ્યાધે એ મૃગીને કહ્યું—'જા'... મૃગી જલ પીને હર્ષપૂર્વક પોતાને આશ્રમે ગઈ. એટલામાં રાતનો બીજો પ્રહર પણ વ્યાધના જાગતા જાગતામાં જ વીતી ગયો. આ જ સમયે ત્રીજો પ્રહર શરૂ થયો. હવે મૃગીને આવવામાં વિલંબ થયેલો જાણી વ્યાધ એને ખોળવા લાગ્યો. એટલામાં જ એણે એ જ જલના માર્ગમાં એક હરણને જોયું. એ ખૂબ જ હૃષ્ટપુષ્ટ હતું. એને જોઈને વનેચરને બહુ હર્ષ થયો. અને એણે શરસંધાન કરીને એને મારી નાખવાની તૈયારી કરી. આવું કરતાં જ પ્રારબ્ધવશ થોડું જળ અને બિલ્વપત્ર શિવલિંગ પર પડ્યાં એનાથી એના સૌભાગ્યથી ભગવાન શિવની ત્રીજા પ્રહરની પૂજા સંપન્ન થઈ ગઈ. આ રીતે ભગવાને એના ઉપર પોતાની દયા બતાવી - પત્તાં પડવાના અવાજથી એ મૃગે વ્યાધની તરફ જોયું અને પૂછ્યું—'શું કરો છો?' વ્યાધે જવાબ આપ્યો—'હું મારા કુટુંબને ભોજન આપવા માટે તારો વધ કરીશ.' વ્યાધની આ વાત સાંભળીને હરણના મનમાં બહુ હર્ષ થયો અને તરત જ વ્યાધને આ પ્રમાણે કહેવા લાગ્યો.

હરણે કહ્યું—હું ધન્ય છું. મારું હૃષ્ટપુષ્ટ હોવું આજે સફળ થઈ ગયું, કેમકે, મારા શરીરથી આપ લોકોની તૃપ્તિ થશે. જેનું શરીર પરોપકારના કામમાં લાગતું નથી, એનું બધું જ વ્યર્થ ગયું. જે સામર્થ્ય હોવા છતાં પણ કોઈનો ઉપકાર નથી કરતો, એનું સામર્થ્ય વ્યર્થ ચાલ્યું જાય છે અને તે પરલોકમાં નરક ગામી થાય છે.* પરંતુ એક વાર મને જવા દે. હું મારાં બાળકોને એની માને સોંપીને અને એમને ધીરજ આપીને અહીં પાછો આવી જઈશ.

એનું આવું વચન સાંભળીને વ્યાધ મનમાં ને મનમાં બહુ વિસ્મય પામ્યો. એનું હૃદય થોડું શુદ્ધ થઈ ગયું હતું. આજે એનો પાપપુંજ નષ્ટ થઈ ગયો હતો. એણે આમ કહ્યું—

વ્યાધ બોલ્યો—જે જે અહીં આવ્યા, એ બધા તારી જેમ વિવિધ પ્રકારની વાતો કરીને ચાલ્યાં ગયાં; પરંતુ તે વંચક (છેતરપિંડી કરનાર) હજુ સુધી અહીં પાછાં આવ્યાં નથી. હે મૃગ! તું પણ આ વખતે સંકટમાં છે તેથી જૂઠું બોલીને ચાલ્યો જઈશ. પછી આજે મારો જીવન-નિર્વાહ કેવી રીતે થશે?

મૃગ બોલ્યો—હે વ્યાધ! હું જે કાંઈ કહું છું એ સાંભળો. મારામાં અસત્ય છે જ નહીં. આખું ચરાચર બ્રહ્માંડ સત્યથી જ ટકેલું છે. જેની

---

* યો વૈ સામર્થ્યયુક્તશ્ચ નોપકારં કરોતિ વૈ। તત્સામર્થ્યં ભવેદ્ વ્યર્થં પરત્ર નરકં વ્રજેત્॥
(શિ.પુ.કો.રુ.સં. ૪૦/૫૭)

વાણી જુઠી હોય એનું પુણ્ય એ જ ક્ષણે નષ્ટ થઈ જાય છે, તેમ છતાં હે ભીલ! તું મારી સાચી પ્રતિજ્ઞા સાંભળ. સંધ્યાકાળમાં મૈથુન અને શિવરાત્રિને દિવસે ભોજન કરવાથી જે પાપ લાગે છે, જુઠી સાક્ષી આપનારને, થાપણ હડપ કરી જનારને, સંધ્યા ન કરનાર દ્વિજને જે પાપ લાગે છે, એ પાપ મને લાગો, જો હું જઈને પાછો ન આવું તો. જેના મુખથી ક્યારેય શિવનામ નથી નીકળ્યું, જે સામર્થ્ય હોવા છતાં બીજા પર ઉપકાર નથી કરતો, પર્વને દિવસે શ્રીફળ તોડે છે, અભક્ષ્ય ભક્ષણ કરનાર, શિવની પૂજા કર્યા વિના અને ભસ્મ લગાડ્યા વિના જે ભોજન કરી લે છે, એ બધાંનાં પાતક મને લાગો, જો હું જઈને પાછો ન આવું તો.

સૂતજી કહે છે—એની વાત સાંભળીને વ્યાધે કહ્યું—'જા. તરત જ પાછો આવજે.' વ્યાધના આ કથન પર તે મૃગ પાણી પીને ચાલ્યો ગયો. એ બધાં પોતાના આશ્રમ પર મળ્યાં. ત્રણેયે પ્રતિજ્ઞાબદ્ધ-વચનબદ્ધ થઈ ચૂક્યાં હતાં. અંદરોઅંદર એક બીજાના વૃત્તાંતને સારી પેઠે સાંભળીને સત્યના પાશથી બંધાયેલાં એ બધાંએ એ જ નિશ્ચય કર્યો કે પાછા ત્યાં અવશ્ય જવું જોઈએ. આ નિશ્ચય પછી બાળકોને આશ્વાસન આપીને એ બધાંયે જવા માટે ઉત્સુક થઈ ગયાં. એ સમયે મોટી મૃગીએ ત્યાં પોતાના સ્વામીને કહ્યું—'હે સ્વામિન્! તમારા વગર અહીં બાળકો કેવી રીતે રહેશે? હે પ્રભો! મેં જ ત્યાં પહેલાં જઈને પ્રતિજ્ઞા કરી છે એટલા માટે કેવળ મારે જ જવું જોઈએ. તમે બંને અહીં જ રહો.' એની વાત સાંભળીને નાની મૃગી બોલી—'બહેન! હું તમારી સેવિકા છું એટલા માટે આજે હું જ એ વ્યાધ પાસે જાઉં છું. તમે અહીં જ રહો.' આ સાંભળીને મૃગ બોલ્યો—'હું જ ત્યાં જાઉં છું. તમે બંને અહીં રહો, કેમકે, શિશુઓની રક્ષા માતાથી જ થાય છે.' સ્વામીની આ વાત સાંભળીને એ બંને મૃગીઓએ ધર્મની દૃષ્ટિથી એનો સ્વીકાર ન કર્યો. એ બંને પોતાના પતિને પ્રેમપૂર્વક કહેવા લાગી—'હે પ્રભો! પતિ વગર આ જીવનને ધિક્કાર છે.' ત્યારે એ સૌએ પોતાનાં બચ્ચાંને સાંત્વના આપીને પડોશીઓને સોંપીને સ્વયં શીઘ્ર એ સ્થાને જવા પ્રસ્થાન કર્યું, જ્યાં તે વ્યાધ-શિરોમણિ એમની પ્રતીક્ષામાં બેઠો હતો. એમને જતાં જોઈને એમનાં બધાં બચ્ચાં પણ પાછળ પાછળ ચાલી નીકળ્યાં. એમણે એ નિશ્ચય કર્યો હતો કે જે ગતિ અમારાં માતા-

પિતાની થશે એ જ ગતિ અમારી થશે. એ બધાંને એકસાથે આવેલાં જોઈને વ્યાધને બહુ હર્ષ થયો એણે શરસંધાન કર્યું, એ સમયે થોડું

જળ અને બિલ્વપત્ર શિવજી પર પડ્યાં. એથી શિવની ચોથા પ્રહરની શુભ પૂજા પણ સંપન્ન થઈ ગઈ. એ સમયે વ્યાધનાં બધાં પાપ તત્કાળ ભસ્મ થઈ ગયાં. એટલામાં જ બે મૃગીઓ અને મૃગ બોલી ઊઠ્યાં—'હે વ્યાધ-શિરોમણે! શીઘ્ર કૃપા કરીને અમારાં શરીરને સાર્થક કરો.'

એમની આ વાત સાંભળીને વ્યાધને બહુ વિસ્મય થયો. શિવપૂજાના પ્રભાવથી એને દુર્લભ જ્ઞાન પ્રાપ્ત થઈ ગયું. એણે વિચાર્યું—'આ મૃગ જ્ઞાનહીન પશુ હોવા છતાં પણ ધન્ય છે, સર્વથા આદરણીય છે, કેમકે, પોતાના શરીરથી જ પરોપકારમાં લાગ્યાં છો. મેં આ સમયે મનુષ્ય-જન્મ પ્રાપ્ત કરીને પણ ક્યાં પુરુષાર્થનું સાધન કર્યું? બીજાનાં શરીરને પીડા આપીને જ પોતાના શરીરનું પાલન-પોષણ કર્યું છે. પ્રતિદિન અનેક પ્રકારનાં પાપ કરીને મારા કુટુંબનું પાલન કર્યું છે. હાય! આવાં પાપ કર્યા પછી મારી શી ગતિ થશે? અથવા હું કઈ ગતિને પ્રાપ્ત થઈશ. મેં જન્મથી માંડીને આજ સુધી જે પાપ કર્યાં છે એનું આ સમયે મને સ્મરણ થઈ રહ્યું છે. મારા જીવનને ધિક્કાર છે, ધિક્કાર છે.' આ રીતે જ્ઞાનસંપન્ન થઈને વ્યાધે પોતાના બાણને રોકી લીધું અને કહ્યું—'હે શ્રેષ્ઠ મૃગો! તમે બધાં જાઓ. તમારું જીવન ધન્ય છે.'

વ્યાધના આ કથન પર ભગવાન શંકર તત્કાળ પ્રસન્ન થઈ ગયા અને એમણે વ્યાધને પોતાનું સન્માનિત અને પૂજિત સ્વરૂપનાં દર્શન કરાવ્યાં. કૃપાપૂર્વક એના શરીરનો સ્પર્શ કરીને એને પ્રેમથી કહ્યું—'હે ભીલ! હું તારા વ્રતથી પ્રસન્ન છું. વરદાન માગ' - વ્યાધ પણ ભગવાન શિવના એ રૂપને જોઈને તત્કાળ જીવનમુક્ત થઈ ગયો અને 'મને બધું જ મળી ગયું છે' એમ કહીને એમનાં ચરણોમાં આળોટી પડ્યો. એના આ ભાવને જોઈને ભગવાન શિવ પણ મનમાં ને મનમાં બહુ પ્રસન્ન થયા અને એને 'ગુહ' નામ આપીને કૃપાદૃષ્ટિથી જોઈને એમણે એને દિવ્ય વરદાન આપ્યાં.

શિવ બોલ્યા—હે વ્યાધ! સાંભળો, આજથી તમે શૃંગવેરપુરમાં ઉત્તમ રાજધાનીનો આશ્રય લઈ દિવ્ય ભોગોનો ઉપભોગ કરો. તમારા વંશની વૃદ્ધિ નિર્વિઘ્નરૂપે થતી રહેશે. દેવતા પણ તમારી પ્રશંસા કરશે. હે વ્યાધ! મારા ભક્તો પર સ્નેહ રાખનારા ભગવાન શ્રીરામ એક દિવસ નિશ્ચય જ તમારે ઘેર પધારશે. તમારી સાથે મિત્રતા કરશે. તમે મારી સેવામાં મન લગાવીને દુર્લભ મોક્ષને પ્રાપ્ત કરશો.

આ જ સમયે પેલાં બધાં મૃગ ભગવાન શંકરનાં દર્શન કરે છે અને પ્રણામ કરીને મૃગયોનિથી મુક્તિ મેળવે છે. દિવ્ય દેહધારી થઈને વિમાન પર બેસીને શિવનાં દર્શન માત્રથી શાપમુક્ત થઈ દિવ્ય ધામે જતાં રહ્યાં. ત્યારથી અર્બુદ પર્વત પર ભગવાન શિવ વ્યાધેશ્વર નામે પ્રસિદ્ધ થયા, જે દર્શનથી અને પૂજનથી તત્કાળ ભોગ અને મોક્ષ આપે છે. હે મહર્ષિઓ! આ વ્યાધ પણ એ જ દિવસથી દિવ્ય ભોગોનો ઉપભોગ કરતાં પોતાની રાજધાનીમાં રહેવા લાગ્યો. એણે ભગવાન શ્રીરામની કૃપા મેળવીને શિવ-સાયુજ્યને ઉપલબ્ધ થઈ ગયો. અજ્ઞાતાં જ આ વ્રતનું અનુષ્ઠાન કરવાથી એને સાયુજ્ય મોક્ષ મળી ગયો, તો પછી જે ભક્તિભાવથી સંપન્ન થઈને આ વ્રત કરે છે, તે શિવના શુભ સાયુજ્યને પ્રાપ્ત કરી લે છે, એમાં તો કહેવાનું

જ શું હોય. સંપૂર્ણ શાસ્ત્રો તથા અનેક પ્રકારના ધર્મોના વિષયમાં સારી પેઠે વિચાર કરીને આ શિવરાત્રિના વ્રતને સૌથી ઉત્તમ કહેવાયું છે. આ લોકમાં વિવિધ પ્રકારનાં વ્રત, વિવિધ તીર્થ, જાતજાતનાં વિચિત્ર દાન, અનેક પ્રકારના યજ્ઞ, જાતજાતનાં તપ અને બહુ પ્રકારના જપ છે, એ બધાં આ શિવરાત્રિ વ્રતની સમાનતા ન કરી શકે. એટલા માટે પોતાનું હિત ચાહનારા મનુષ્યોએ આ શુભતર વ્રતનું અવશ્ય પાલન કરવું જોઈએ. આ શિવરાત્રિનું વ્રત દિવ્ય વ્રત છે. એ કરવાથી સદા ભોગ અને મોક્ષની પ્રાપ્તિ થાય છે. હે મહર્ષિઓ! આ શુભ શિવરાત્રિ-વ્રત વ્રતરાજ નામે વિખ્યાત છે. એ વિષયમાં બધી વાતો મેં તમને જણાવી દીધી છે. હવે વધારે શું સાંભળવા ચાહો છો?

(અધ્યાય ૪૦)

*

મુક્તિ અને ભક્તિના સ્વરૂપનું વિવેચન

ઋષિઓએ પૂછ્યું—હે સૂતજી! આપે વારંવાર મુક્તિનું નામ લીધું છે. અહીં મુક્તિ મળવાથી શું થાય છે? મુક્તિમાં જીવની કેવી અવસ્થા હોય છે? એ અમને બતાવો.

સૂતજીએ કહ્યું—હે મહર્ષિઓ! સાંભળો. હું તમને સંસાર ક્લેશનું નિવારણ અને પરમાનંદનું ઘન કરનારી મુક્તિનું સ્વરૂપ બનાવું છું. મુક્તિ ચાર પ્રકારની કહેવાય છે : સારૂપ્યા, સાલોક્યા, સાંનિધ્યા અને ચોથી સાયુજ્યા. આ શિવરાત્રિના વ્રતથી સર્વ પ્રકારની મુક્તિ સુલભ થઈ જાય છે જે જ્ઞાનરૂપ અવિનાશી, સાક્ષી, જ્ઞાનગમ્ય અને છેવટે આ જેમાં લીન થઈ જાય છે તે જ શિવ છે. જેમનાથી આ આખું જગત વ્યાપ્ત છે તે જ શિવનું રૂપ છેઃ હે મુનીશ્વરો! વેદોમાં શિવનાં બે રૂપ બતાવ્યાં છે. સકલ અને નિષ્કલ. શિવતત્ત્વ સત્ય, જ્ઞાન, અનંત અને સચ્ચિદાનંદ નામે પ્રસિદ્ધ છે. નિર્ગુણ, ઉપાધિરહિત, અવિનાશી, શુદ્ધ અને નિરંજન (નિર્મલ) છે. તે નથી તો લાલ, નથી તો પીળો; ન સફેદ, ન નીલો; ન નાનો, ન મોટો; ન જાડો, ન પાતળો, જ્યાંથી મનસહિત વાણી એને ન પામીને પાછી વળે છે તે પરબ્રહ્મ પરમાત્મા જ શિવ કહેવાય છે.

પ્રાપ્તિ થાય છે.*

સંસારમાં જ્ઞાનની પ્રાપ્તિ અત્યંત કઠિન છે, છતાં ભગવાનનું ભજન અત્યંત સુકર મનાય છે. એટલા માટે સંતશિરોમણિ પુરુષ મુક્તિને માટે પણ શિવનું ભજન જ કરે છે. જ્ઞાનસ્વરૂપ મોક્ષદાતા પરમાત્મા શિવ ભજનને જ અધીન છે. ભક્તિથી જ ઘણાબધા પુરુષો સિદ્ધિ લાભ કરીને પ્રસન્નતાપૂર્વક મોક્ષને ઉપલબ્ધ થઈ ગયા છે. ભગવાન શંભુની ભક્તિ જ્ઞાનની જળની મનાય છે જે સદા ભોગ અને મોક્ષ આપનારી છે. તે સાધુ મહાપુરુષોના કૃપા-પ્રસાદથી સુલભ થાય છે. ઉત્તમ પ્રેમનો અંકુર જ એનું લક્ષણ છે. હે દ્વિજો! આ ભક્તિ પણ સગુણ અને નિર્ગુણ બે પ્રકારની જાણવી જોઈએ. પહેલી વૈધી અને સ્વાભાવિકી - એ બે ભેદ વધારાના છે. એમાં વૈધીની અપેક્ષાએ સ્વાવિકી શ્રેષ્ઠ મનાઈ છે. એ સિવાય નૈષ્ઠિકી અને અનૈષ્ઠિકીના ભેદથી ભક્તિના બીજા બે પ્રકાર બતાવાય છે. નૈષ્ઠિકી ભક્તિ છ પ્રકારની જાણવી જોઈએ અને અનૈષ્ઠિકી એક જ પ્રકારની છે. પહેલી વિહિતા અને અવિહિતા ભેદથી વિદ્વાનોએ એના અનેક પ્રકાર માન્યા છે. એમના ઘણાબધા ભેદ હોવાને કારણે અહીં વિસ્તૃત વર્ણન નથી થઈ શકતું. આ બંને પ્રકારની ભક્તિના શ્રવણ વગેરે ભેદથી નવ અંગ જાણવાં. ભગવાનની કૃપા વગર આ ભક્તિનું સંપાદન થવું કઠણ છે અને એમની કૃપાથી સુગમતાપૂર્વક એનું સાધન થઈ શકે છે. હે દ્વિજો! ભક્તિ અને જ્ઞાનને શંભુએ એકબીજાથી ભિન્ન નથી કહ્યાં. એટલે એમાં ભેદ ન કરવો જોઈએ. જ્ઞાન અને ભક્તિ બંને સાધકને સદા સુખ આપે છે. હે બ્રાહ્મણો! જે ભક્તિના વિરોધી છે, એમને જ્ઞાનની પ્રાપ્તિ થતી નથી. ભગવાન શિવની ભક્તિ કરનારાઓને શીઘ્રતાપૂર્વક જ્ઞાન પ્રાપ્ત થઈ જાય છે. માટે હે મુનીશ્વરો! મહેશ્વરની ભક્તિનું સાધન કરવું જરૂરી છે. એનાથી સર્વની સિદ્ધિ થશે એમાં કોઈ સંશય નથી. હે મહર્ષિઓ! તમે જે કાંઈ પૂછ્યું હતું, એનું મેં વર્ણન કર્યું છે. આ પ્રસંગને સાંભળીને મનુષ્ય બધાં પાપથી નિસ્સંદેહ મુક્ત થઈ જાય છે. (અધ્યાય ૪૧)

*

શિવ, વિષ્ણુ, રુદ્ર અને બ્રહ્માનાં સ્વરૂપનું વિવેચન

ઋષિઓએ પૂછ્યું—શિવ કોણ છે? વિષ્ણુ કોણ છે? રુદ્ર કોણ છે અને બ્રહ્મા કોણ છે? આ બધામાં નિર્ગુણ કોણ છે? અમારા આ સંદેહનું આપ નિવારણ કરો.

સૂતજીએ કહ્યું—હે મહર્ષિઓ! વેદ અને વેદાંતના વિદ્વાન એવું માને છે કે નિર્ગુણ

---

* સત્યં જ્ઞાનમનન્તં ચ સચ્ચિદાનંદસંજ્ઞિતમ્। નિર્ગુણો નિરુપાધિશ્ચાવ્યયઃ શુદ્ધો નિરંજનઃ॥
ન રક્તો નૈવ પીતશ્ચ ન શ્વેતો નીલ એવ ચ। ન હ્રસ્વો ન ચ દીર્ઘશ્ચ ન સ્થૂલઃ સૂક્ષ્મ એવ ચ॥
યતો વાચો નિવર્તન્તે અપ્રાપ્ય મનસા સહ। તદેવ પરમં પ્રોક્તં બ્રહ્મૈવ શિવસંજ્ઞકમ્॥
આકાશં વ્યાપકં યદ્વત્ તદ્વૈવ વ્યાપકં ત્વિદમ્। માયાતીતં પરમાત્માનં દ્વન્દ્વાતીતં વિમત્સરમ્॥
તત્પ્રાપ્તિશ્ચ ભવેદત્ર શિવજ્ઞાનોદયાદ્ ધ્રુવમ્। ભજનાદ્ધિ શિવસ્યૈવ સુલભમત્યા સતાં દ્વિજાઃ॥
(શિ.પુ.કો.રુ.સં. ૪૧/૧૨ થી ૧૬)

પરમાત્માથી સર્વ પ્રથમ જે સગુણરૂપ પ્રગટ થયું, એનું જ નામ શિવ છે. શિવથી પુરુષ-સહિત પ્રકૃતિ ઉત્પન્ન થઈ. એ બંનેએ મૂળસ્થાનમાં સ્થિત જળની અંદર તપ કર્યું. તે સ્થાન પંચકોશી કાશી નામે વિખ્યાત છે, જે ભગવાન શિવને અત્યંત પ્રિય છે. આ જળ સંપૂર્ણ વિશ્વમાં વ્યાપ્ત હતું. એ જળનો આશ્રય લઈને યોગમાયાથી યુક્ત શ્રીહરિ ત્યાં સૂતા-નાર અર્થાત્ જળને અયન (નિવાસસ્થાન) બનાવવાને કારણે પછી 'નારાયણ' નામે પ્રસિદ્ધ થયા અને પ્રકૃતિ નારાયણી કહેવાઈ. નારાયણના નાભિકમળથી જેની ઉત્પત્તિ થઈ, તે બ્રહ્મા કહેવાય છે. બ્રહ્માએ તપસ્યા કરીને જેનો સાક્ષાત્કાર કર્યો, તેમને વિષ્ણુ કહેવાયા. બ્રહ્મા અને વિષ્ણુના વિવાદને શાંત કરવા માટે નિર્ગુણ શિવે જે રૂપ પ્રગટ કર્યું, એનું નામ 'મહાદેવ' છે. એમણે કહ્યું– 'હું શંભુ બ્રહ્માજીના લલાટમાંથી પ્રગટ થઈશ' આ કથન અનુસાર સમસ્ત લોકો પર અનુગ્રહ કરવાને માટે જે બ્રહ્માજીના લલાટમાંથી પ્રગટ થયા એમનું નામ રુદ્ર પડ્યું. આ રીતે રૂપરહિત પરમાત્મા સૌના ચિંતનનો વિષય બનવા માટે સાકારરૂપે પ્રગટ થયા. એ જ સાક્ષાત્ ભક્તવત્સલ શિવ છે. ત્રણ ગુણોથી ભિન્ન શિવમાં તથા ગુણોના ધામ રુદ્રમાં એ જ રીતે વાસ્તવિક ભેદ નથી; જેવી રીતે સુવર્ણ અને સુવર્ણનાં આભૂષણોમાં ભેદ નથી. બંનેનાં રૂપ અને કર્મ સમાન છે. બંને સમાનરૂપે ભક્તોને ઉત્તમ ગતિ પ્રદાન કરનારા છે બંને સમાનરૂપે સર્વના સેવનીય છે અને વિવિધ પ્રકારનાં લીલા-વિહાર કરનારા છે. ભયાનક પરાક્રમી રુદ્ર સર્વથા શિવરૂપ જ છે. એ ભક્તોનાં કાર્યની સિદ્ધિ નિમિત્ત વિષ્ણુ અને બ્રહ્માની સહાયતા કરવા માટે પ્રગટ થયા છે. અન્ય જે જે દેવતા જે ક્રમથી પ્રગટ થયા છે, એ જ ક્રમે લય પામે છે. પરંતુ રુદ્ર દેવ એ રીતે લીન થતા નથી. એમનો સાક્ષાત્ શિવમાં જ લય થાય છે. એ પ્રાકૃત પ્રાણી રુદ્રમાં મળીને જ લય પામે છે, પરંતુ રુદ્ર એ પ્રાણીઓમાં મળીને લય પામતા નથી. આ ભગવતી શ્રુતિનો ઉપદેશ છે. બધા લોકો રુદ્રનું ભજન કરે છે, પરંતુ રુદ્ર કોઈનું ભજન કરતા નથી. તે ભક્તવત્સલ હોવાને કારણે ક્યારેક ક્યારેક પોતાની મેળે જ ભક્તજનોનું ચિંતન કરી લે છે. જે બીજા દેવતાઓનું ભજન કરે છે, તે એમનામાં જ લીન થાય છે, એટલા જ માટે તે દીર્ઘકાળ પછી રુદ્રમાં લીન થઈ જવાનો અવસર પામે છે. જે કોઈ રુદ્રનો ભક્ત છે તે તત્કાળ શિવ થઈ જાય છે. તેથી એમને માટે બીજાની અપેક્ષા રહેતી નથી. આ સનાતન શ્રુતિનો સંદેશ છે.

હે દ્વિજો! અજ્ઞાન અનેક પ્રકારનું હોય છે, પરંતુ વિજ્ઞાનનું એક જ સ્વરૂપ છે. એ અનેક પ્રકારનું હોતું નથી. એને સમજવાનો પ્રકાર હું બતાવીશ, તમે લોકો આદરપૂર્વક સાંભળો. બ્રહ્માથી લઈને તણખલા પર્યંત જે કાંઈ પણ અહીં જોવા મળે છે તે બધું શિવરૂપ જ છે. એમાં નાનાત્વ-અનેકત્વની કલ્પના મિથ્યા છે. સૃષ્ટિની પૂર્વે પણ શિવની સત્તા બતાવાઈ છે, સૃષ્ટિના મધ્યમાં પણ શિવ બિરાજી રહ્યા છે, સૃષ્ટિના અંતમાં પણ શિવ રહે છે, અને જ્યારે સર્વ કાંઈ શૂન્યતામાં પરિણીત થઈ જાય છે, એ સમયે પણ શિવની સત્તા રહે જ છે. તેથી હે મુનીશ્વરો! શિવને જ ચતુર્ગુણ કહેવામાં આવ્યા છે. એ જ શિવ શક્તિમાન હોવાને કારણે 'સગુણ' જાણવા યોગ્ય છે. આ રીતે એ સગુણ-

નિર્ગુણના ભેદથી બે પ્રકારના છે. જે શિવે જ અનેકતાને
ભગવાન વિષ્ણુને સંપૂર્ણ સનાતન વેદ, અનેક પણ એક
વર્ણ, અનેક માત્રા, તથા પોતાનું ધ્યાન અને બહાર થ
પૂજન આપ્યાં છે, તે જ સંપૂર્ણ વિદ્યાઓના ઈશ્વર થયું પુન
છે—એવી સનાતન શ્રુતિ છે. તેથી શંભુને 'વેદોના આ રીતે
પ્રાગટ્યકર્તા' તથા 'વેદપતિ' કહેવાયા છે. એ હોવામાં
જ સૌ પર અનુગ્રહ કરનારા સાક્ષાત્ શંકર છે. બતાવવા
કર્તા, ભર્તા, હર્તા, સાક્ષી તથા નિર્ગુણ પણ તે જાણે છે.
જ છે. બીજાઓ માટે કાલનું માન છે (માપવાનું મુનિ
સાધન) પરંતુ કાલસ્વરૂપ રુદ્રને માટે કાલની કોઈ સહિત જ્ઞ
ગણના નથી, કેમકે તે સાક્ષાત્ સ્વયં મહાકાલ શિવભાવ
છે અને મહાકાલી એમને આશ્રયે છે. બ્રાહ્મણ, શિવ કેવી
રુદ્ર અને કાલીને એક જ બતાવે છે. એ બંનેએ કેવી રીતે
સત્ય લીલા કરનારી પોતાની ઈચ્છાથી જ સર્વ ઋષિ
કાંઈ પ્રાપ્ત કર્યું છે. શિવનું કોઈ ઉત્પાદક નથી. શિરોમણિ
એમનો કોઈ પાલક નથી અને કોઈ સંહારક ચરણારવિં
નથી. તે સ્વયં સર્વના હેતુ છે. એક થઈને પણ

*

શિવસંબંધી તત્ત્વજ્ઞાનનું વર્ણન તથા એનો માહાત્મ્ય અને ઉપસં

સૂતજીએ કહ્યું—હે ઋષિઓ! મેં શિવજ્ઞાન પર્યંત જે

થતો નથી, એ જ રીતે સાક્ષાત્ શિવના વિષયમાં પણ સમજવું જોઈએ. વસ્તુતઃ તો એ સ્વયં જ સર્વ કાંઈ છે. મતભેદ એ જ અજ્ઞાન છે, કેમકે શિવથી ભિન્ન કોઈ દ્વૈત વસ્તુની સત્તા જ નથી. સંપૂર્ણ દર્શનોમાં મતભેદ જ જણાય છે, પરંતુ વેદાન્તી નિત્ય અદ્વૈતતત્ત્વનું જ વર્ણન કરે છે. જીવ પરમાત્મા શિવનો જ અંશ છે, પરંતુ અવિદ્યાથી મોહિત થઈને અવશ થઈ રહ્યો છે અને પોતાને શિવથી ભિન્ન સમજે છે. અવિદ્યાથી મુક્ત થયા પછી તે શિવ જ થઈ જાય છે. શિવ સૌને વ્યાપ્ત કરીને સ્થિત છે અને સંપૂર્ણ જંતુઓમાં વ્યાપક છે. તે જડ અને ચેતન - સૌના ઈશ્વર થઈને સ્વયં જ સૌનું કલ્યાણ કરે છે. જે વિદ્વાન પુરુષ વેદાન્ત માર્ગનો આશ્રય લઈને એમના સાક્ષાત્કાર માટે સાધના કરે છે, એને તે સાક્ષાત્કારરૂપ ફળ અવશ્ય પ્રાપ્ત થાય છે. વ્યાપક અગ્નિ-તત્ત્વ પ્રત્યેક લાકડામાં છે, પરંતુ જે એ કાષ્ઠનું મંથન કરે છે, ઘર્ષણ કરે છે, તે જ અસંદિગ્ધરૂપે અગ્નિને પ્રગટ કરીને દેખે છે. એ જ રીતે બુદ્ધિમાન અહીં ભક્તિ વગેરે સાધનોનું અનુષ્ઠાન કરે છે એને અવશ્ય શિવનાં દર્શન પ્રાપ્ત થાય છે, એમાં સંદેહ નથી - સર્વત્ર કેવળ શિવ છે, શિવ છે, શિવ છે. એમાં

જ ભેદબુદ્ધિનો નાશ થઈ જાય
અંકુર ઉત્પન્ન થાય છે,
અનેકત્વ, વિવિધતા પ્રગટ
તે બીજરૂપે જ સ્થિત થાય
થઈ જાય છે. જ્ઞાની બીજરૂપે
વિવિધ પ્રકારના વિકાર
વિકારરૂપ અંકુરોની નિવૃત્તિ
ફરીથી જ્ઞાનીરૂપે જ સ્થિત
અન્યથા વિચાર ન કરવો
શિવ જ છે અને શિવ જ
તથા સંપૂર્ણ જગતમાં કોઈ ભે
કોઈ અનેકતા જુએ છે અને
શોધે છે. જેવી રીતે એક જ સૂ
જળ વગેરે ઉપાધિઓમાં
પ્રકારની દેખાય છે, એ જ
છે - જેવી રીતે આકાશ સર્વ
પણ સ્પર્શ વગેરે બંધનમાં અ
જ રીતે વ્યાપક શિવ પણ કર્
અહંકારથી યુક્ત હોવાને કા
જીવ કહેવાય છે. એ અહંકા
તે સાક્ષાત્ શિવ જ છે. કર્મો
હોવાને કારણે જીવ તુચ્છ

સ્મરણ વગેરે કરે. ગુરુમાં શિવબુદ્ધિ કરવાથી બધાં જ પાપ વગેરે મળ શરીરમાંથી નીકળી જાય છે. એ સમયે અજ્ઞાન નષ્ટ થઈ જાય છે અને મનુષ્ય જ્ઞાનવાન થઈ જાય છે. એ અવસ્થામાં અહંકારયુક્ત નિર્મળ બુદ્ધિવાળો જીવ ભગવાન શંકરના પ્રસાદથી પુનઃ શિવરૂપ થઈ જાય છે. જેવી રીતે દર્પણમાં પોતાનું રૂપ જણાય છે, એ જ રીતે એને સર્વત્ર શંભુનો સાક્ષાત્કાર થવા લાગે છે. એ જ જીવન્મુક્ત કહેવાય છે. શરીર પડી ગયા પછી, એટલે કે શરીર સમાપ્ત થયા પછી, એ જીવન્મુક્ત જ્ઞાની શિવમાં મળી જાય છે. શરીર પ્રારબ્ધને અધીન છે, જે એ દેહના અભિમાનથી રહિત છે, એને જ્ઞાની માનવામાં આવે છે. જે શુભ વસ્તુ મેળવીને હર્ષથી ખીલી ઊઠતો નથી, અશુભ વસ્તુ મેળવીને ક્રોધ કે શોક નથી કરતો તથા સુખદુઃખ વગેરે બધા જ દ્વન્દ્વોમાં સમભાવ રાખે છે તે જ્ઞાનવાન કહેવાય છે.* આત્મચિંતનથી તથા તત્ત્વોના વિવેકથી એવો પ્રયત્ન કરે કે શરીરથી પોતાની પૃથક્તાનો બોધ થઈ જાય. મુક્તિની ઇચ્છા રાખનાર પુરુષ શરીર અને એના અભિમાનને છોડીને અહંકારશૂન્ય અને મુક્ત થઈને સદાશિવમાં વિલીન થઈ જાય છે. અધ્યાત્મચિંતન અને ભગવાન શિવની ભક્તિ—એ જ્ઞાનનાં મૂળ કારણ છે. ભક્તિથી સાધનવિષયક પ્રેમની ઉપલબ્ધિ બતાવી છે. પ્રેમથી શ્રવણ થાય છે, શ્રવણથી સત્સંગ પ્રાપ્ત થાય છે અને સત્સંગથી જ્ઞાની ગુરુની ઉપલબ્ધિ થાય છે. ગુરુની કૃપાથી જ્ઞાન પ્રાપ્ત થઈ ગયા પછી મનુષ્ય નિશ્ચય જ યુક્ત થઈ જાય છે. એટલા માટે જે સમજદાર છે, એણે સદા શંભુનું જ ભજન કરવું જોઈએ. જે અનન્ય ભક્તિથી યુક્ત થઈને શંભુનું પૂજન કરે છે, એને અંતે અવશ્ય જ મોક્ષ પ્રાપ્ત થઈ જાય છે. તેથી મુક્તિની પ્રાપ્તિ માટે ભગવાન શંકરથી અધિક બીજા કોઈ દેવતા નથી. એમનું શરણ લઈને જીવ સંસાર બંધનથી છૂટી જાય છે.

હે બ્રાહ્મણો! આ રીતે અહીં પધારેલા ઋષિઓએ પરસ્પર નિશ્ચય કરીને જે આ જ્ઞાનની વાત બતાવી છે, એને પોતાની બુદ્ધિ દ્વારા પ્રયત્નપૂર્વક ધારણ કરવી જોઈએ. હે મુનીશ્વરો! તમે જે કાંઈ પૂછ્યું હતું, એ બધું મેં તમને બતાવી દીધું. આને તમારે પ્રયત્નપૂર્વક ગુપ્ત રાખવું જોઈએ. બતાવો, હવે વધારે શું સાંભળવા ચાહો છો?

ઋષિ બોલ્યા—હે વ્યાસ શિષ્ય! આપને નમસ્કાર હો. આપ ધન્ય છો, શિવભક્તોમાં શ્રેષ્ઠ છો. આપે અમને શિવતત્ત્વ સંબંધી પરમ ઉત્તમ જ્ઞાનનું શ્રવણ કરાવ્યું છે. આપની કૃપાથી અમારા મનની ભ્રાંતિ મટી ગઈ છે. અમે આપની પાસેથી મોક્ષદાયક શિવતત્ત્વનું જ્ઞાન મેળવીને બહુ જ સંતુષ્ટ થયા છીએ.

સૂતજીએ કહ્યું—હે દ્વિજો! જે નાસ્તિક હોય, શ્રદ્ધાહીન હોય અને શઠ હોય, જે ભગવાન શિવનો ભક્ત ન હોય તથા આ વિષયને સાંભળવામાં રુચિ ન રાખતો હોય, એને આ તત્ત્વજ્ઞાનનો ઉપદેશ ન આપવો જોઈએ. વ્યાસજીએ ઇતિહાસ, પુરાણ, વેદ અને શાસ્ત્રોનો વારંવાર વિચાર કરીને અને એનો સાર કાઢીને

---

* શુભં લબ્ધ્વા ન હ્યેત કુર્યેલ્લબ્ધ્વાશુભં નહિ। દ્વન્દ્વેષુ સમતા યસ્ય જ્ઞાનવાનુચ્યતે હિ સઃ॥ (શિ.પુ.કો.રુ.સં. ૪૩/૩૧)

મને ઉપદેશ આપ્યો છે. આનું એક વાર શ્રવણ કરવા માત્રથી બધાં પાપ ભસ્મ થઈ જાય છે, અભક્તને ભક્તિ પ્રાપ્ત થાય છે અને ભક્તની ભક્તિ વધે છે. બીજી વાર સાંભળવાથી ઉત્તમ ભક્તિ પ્રાપ્ત થાય છે. ત્રીજી વાર સાંભળવાથી મોક્ષ પ્રાપ્ત થાય છે. તેથી ભોગ અને મોક્ષરૂપ ફળની ઈચ્છા રાખનારા લોકોએ આનું વારંવાર શ્રવણ કરવું જોઈએ. ઉત્તમ ફળ મેળવવાના ઉદ્દેશ્યથી આ પુરાણની પાંચ આવૃત્તિ કરવી જોઈએ. આવું કરવાથી મનુષ્ય એને અવશ્ય મેળવે છે, એમાં સંદેહ નથી, કેમકે આ વ્યાસજીનું વચન છે. જેણે ઉત્તમ પુરાણ સાંભળ્યું છે, એને કશુંયે દુર્લભ નથી.

આ શિવ-વિજ્ઞાન ભગવાન શંકરને અત્યંત પ્રિય છે. એ ભોગ અને મોક્ષ આપનારું તથા શિવભક્તિને વધારનારું છે. આ રીતે મેં શિવપુરાણની ચોથી આનંદદાયિની તથા પરમ પુણ્યમયી સંહિતા કહી છે, જે કોટિરુદ્રસંહિતાને નામે વિખ્યાત છે. જે પુરુષ એકાગ્રચિત્ત થઈને ભક્તિભાવથી આ સંહિતા સાંભળશે અથવા સંભળાવશે તે સમસ્ત ભોગોનો ઉપભોગ કરીને અંતે પરમગતિને પ્રાપ્ત કરી લેશે.

(અધ્યાય ૪૩)

*

॥ કોટિરુદ્રસંહિતા સંપૂર્ણ ॥

*

ઉમાસંહિતા

ભગવાન શ્રીકૃષ્ણના તપથી સંતુષ્ટ થઈ શિવ અને પાર્વતીનું એમને ઇચ્છિત વરદાન આપવું તથા શિવનો મહિમા

यो धत्ते भुवनानि सप्त गुणवान् स्रष्टा रजःसंश्रयः
संहर्ता तमसान्वितो गुणवतीं मायामतीत्य स्थितः।
सत्यानन्दमनन्त बोधममलं ब्रह्मादि संज्ञास्पदं
नित्यं सत्त्वसमन्वयादधिगतं पूर्णं शिवं धीमहि॥

જે રજોગુણનો આશ્રય લઈ સંસારની સૃષ્ટિ કરે છે, સત્ત્વગુણથી સંપન્ન થઈ સાતે ભુવનોનું ધારણ-પોષણ કરે છે, તમોગુણથી યુક્ત થઈને સર્વનો સંહાર કરે છે તથા ત્રિગુણમયી માયાને વટાવી જઈને પોતાના શુદ્ધ સ્વરૂપમાં સ્થિત રહે છે, એ સત્યાનન્દ સ્વરૂપ, અનંતબોધમય, નિર્મલ અને પૂર્ણ બ્રહ્મ શિવનું અમે ધ્યાન ધરીએ છીએ. એ જ સૃષ્ટિકાલમાં બ્રહ્મા, પાલનના સમયમાં વિષ્ણુ અને સંહાર કાલમાં રુદ્ર નામ ધારણ કરે છે તથા સદૈવ સાત્ત્વિક ભાવ અપનાવવાથી જ પ્રાપ્ત થાય છે.

ઋષિ બોલ્યા—હે મહાજ્ઞાની વ્યાસશિષ્ય સૂતજી! આપને નમસ્કાર છે. તમે કોટિરુદ્ર નામની ચોથી સંહિતા અમને સંભળાવી દીધી. હવે ઉમાસંહિતા અંતર્ગત વિવિધ પ્રકારનાં ઉપાખ્યાનોથી યુક્ત જે પરમાત્મા સામ્બ સદાશિવનું ચરિત્ર છે, એનું વર્ણન કરો.

સૂતજીએ કહ્યું—હે શૌનક વગેરે ઋષિઓ! ભગવાન શંકરનું મંગલમય ચરિત્ર પરમ દિવ્ય અને ભોગ તથા મોક્ષ આપનારું છે. તમે લોકો પ્રેમથી એનું શ્રવણ કરો. પૂર્વકાળમાં મુનિવર પાસે સનત્કુમારની સામે આવો જ પવિત્ર પ્રશ્ન ઉપસ્થિત કર્યો હતો અને એના ઉત્તરમાં એમણે ભગવાન શિવના ઉત્તમ ચરિત્રનું ગાન કર્યું હતું.

એ સમયે પુત્રની પ્રાપ્તિ નિમિત્તે શ્રીકૃષ્ણનું હિમવાન પર્વત પર જઈને મહર્ષિ ઉપમન્યુને મળવાની, એમની બતાવેલી પદ્ધતિ અનુસાર ભગવાન શિવને પ્રસન્ન કરવા તપ કરવા, એમના તપથી પ્રસન્ન થઈ પાર્વતી, કાર્તિકેય તથા ગણેશસહિત શિવનું પ્રગટ થવું તથા શ્રીકૃષ્ણ દ્વારા એમની સ્તુતિપૂર્વક વરદાન માગવાની કથા સંભળાવીને સનત્કુમારજીએ કહ્યું—શ્રીકૃષ્ણનું વચન સાંભળીને ભગવાન ભવે એમને કહ્યું—'હે વાસુદેવ! તમે જે કાંઈ મનોરથ કર્યો છે, તે બધો જ પૂર્ણ થશે.' આટલું કહીને ત્રિશૂળધારી ભગવાન શિવ ફરી બોલ્યા - 'હે યાદવેન્દ્ર! તમને સામ્બ નામે પ્રસિદ્ધ એક મહાપરાક્રમી બળવાન પુત્ર પ્રાપ્ત થશે. એક સમયે મુનિઓએ ભયાનક સંવર્તક (પલયંકર) સૂર્યને શાપ આપ્યો હતો કે 'તમે મનુષ્ય યોનિમાં ઉત્તમ થશો' તેથી તે સંવર્તક સૂર્ય જ તમારા પુત્ર થશે. એ સિવાય પણ જે જે વસ્તુ તમે ચાહતા હો, એ સર્વ તમે પ્રાપ્ત કરો.'

સનત્કુમારજી કહે છે—આ રીતે પરમેશ્વર શિવ પાસેથી સંપૂર્ણ વરદાનોને પ્રાપ્ત કરીને શ્રીકૃષ્ણે વિવિધ પ્રકારની ઘણીબધી સ્તુતિઓ દ્વારા એમને પૂર્ણતયા સંતુષ્ટ કર્યા. તદનંતર ભક્તવત્સલા ગિરિરાજકુમારી શિવાએ પ્રસન્ન થઈને એ તપસ્વી શિવભક્ત મહાત્મા વાસુદેવને કહ્યું.

પાર્વતી બોલ્યાં—હે પરમ બુદ્ધિમાન વસુદેવનંદન શ્રીકૃષ્ણ! હું તમારાથી બહુ જ સંતુષ્ટ છું. હે અનઘ! તમે મારી પાસેથી પણ મનોવાંછિત વરદાન ગ્રહણ કરો, જે ભૂતલ પર દુર્લભ છે.

શ્રીકૃષ્ણે કહ્યું—હે દેવી! જો આપ મારા આ સત્ય તપથી સંતુષ્ટ છો અને મને વરદાન આપી જ રહ્યાં છો તો હું એ ચાહું છું કે મારા મનમાં બ્રાહ્મણો પ્રત્યે ક્યારેય દ્વેષ ન થાય, હું સદા દ્વિજોનું પૂજન કરતો રહું. મારાં માતા-પિતા સદા મુજથી સંતુષ્ટ રહે. હું જ્યાં પાત્ર ક્યાંય જાઉં, સમસ્ત પ્રાણીઓ પ્રતિ મારા મનમાં

અનુકૂળ ભાવ રહે. આપનાં દર્શનના પ્રભાવથી મારી સંતતિ ઉત્તમ હો. હું સેંકડો યજ્ઞો કરીને ઇન્દ્ર વગેરે દેવતાઓને તૃપ્ત કરું. હજારો સાધુ-સંન્યાસીઓને સદા ઘર પર શ્રદ્ધાથી પવિત્ર અન્નનું ભોજન કરાવું. ભાઈ બંધુઓ સાથે નિત્ય મારો પ્રેમ રહ્યા કરે અને હું સદા સંતુષ્ટ રહું.

સનત્કુમારજી કહે છે—શ્રીકૃષ્ણનું આ વચન સાંભળીને સંપૂર્ણ મનોવાંછિતોને આપનારાં સનાતની દેવી પાર્વતી વિસ્મિત થયાં અને બોલ્યાં—'હે વાસુદેવ! એવું જ થશે. તમારું કલ્યાણ થાઓ.' આ રીતે શ્રીકૃષ્ણ પર કૃપા કરીને એમને એ વરદાનો આપીને પાર્વતીદેવી અને પરમેશ્વર શિવ બંને ત્યાં જ અંતર્ધાન થઈ ગયાં. તદનંતર કેશિહન્તા શ્રીકૃષ્ણે મુનિવર ઉપમન્યુને પ્રણામ કરીને એમને વરદાન પ્રાપ્તિના બધા સમાચાર કહ્યા. ત્યારે એ મુનિએ કહ્યું—'હે જનાર્દન! સંસારમાં ભગવાન શિવ સિવાય બીજો કોણ મહાદાની ઈશ્વર છે તથા કોપને સમયે બીજો કોણ અત્યંત દુસ્સહ થઈ ઊઠે છે. હે મહાયશસ્વી ગોવિંદ! દાન, તપ, શૌર્ય તથા સ્થિરતામાં શિવથી અધિક કોણ છે. તેથી તમે શંભુના દિવ્ય ઐશ્વર્યનું સદા શ્રવણ કરતા રહો.*

ત્યાર પછી ઉપમન્યુ દ્વારા શિવનો મહિમા સાંભળ્યા બાદ એ મુનીશ્વરને નમસ્કાર કરીને વસુદેવનંદન મનમાં ને મનમાં શંભુનું સ્મરણ કરતાં કરતાં દ્વારકાપુરી ચાલ્યા ગયા.

(અધ્યાય ૧ થી ૩)

*

* મહર્ષિ ઉપમન્યુ દ્વારા શ્રીકૃષ્ણ પ્રતિ શિવતત્ત્વનો ઉપદેશ તથા ઉપમન્યુની કથા વાયવીય સંહિતામાં વિસ્તારથી કહેવાશે.

નરકમાં લઈ જનારાં પાપોનું સંક્ષિપ્ત વર્ણન

સનત્કુમારજી કહે છે—હે વ્યાસજી! જે પાપ-પરાયણ જીવ મહાનરકના અધિકારી છે, એમનો સંક્ષિપ્ત પરિચય અપાય છે; સાવધાન થઈને સાંભળો. પરસ્ત્રીને પ્રાપ્ત કરવાનો સંકલ્પ, પારકા ધનનું અપહરણ કરવાની ઇચ્છા, ચિત્ત દ્વારા અનિષ્ટ-ચિંતન તથા ન કરવા યોગ્ય - નિષિદ્ધ કર્મમાં પ્રવૃત્ત થવાનો દુરાગ્રહ - આ ચાર પ્રકારનાં માનસિક પાપકર્મ છે. અસંગત પ્રલાપ, (મોંમાથા વગરની વાત) અપ્રિય બોલવું અને પીઠ પાછળ ચાડી-ચુગલી કરવી—એ ચાર વાચિક (વાણી દ્વારા થનારાં) પાપ કર્મ છે. અભક્ષ્ય ભક્ષણ, પ્રાણીઓની હિંસા, વ્યર્થનાં કાર્યોમાં લાગવું અને બીજાના ધનને બથાવી પાડવું—એ ચાર પ્રકારનાં શારીરિક પાપ કર્મ છે. આ રીતે આ બાર કર્મ બતાવ્યાં ગયાં છે, જે મન, વાણી અને શરીર એ ત્રણે સાધનોથી સંપન્ન હોય છે. જે સંસાર-સાગરથી પાર કરનાર મહાદેવજીનો દ્વેષ કરે છે, એ બધાંય નરકોના સમુદ્રમાં પાડનાર છે. એમને બહુ ભારે પાતક લાગે છે. જે શિવજ્ઞાનનો ઉપદેશ દેનારા તપસ્વિની, ગુરુજનોની અને પિતા-મોટા કાકાની નિંદા કરે છે તે ઉન્મત્ત મનુષ્ય નરક-સમુદ્રમાં પડે છે. બ્રહ્મહત્યારા, મદિરા પીનારા, સોનું ચોરનારા, ગુરુપત્નીગામી તથા આ ચારેય સાથે સંબંધ રાખનારા પાંચમી શ્રેણીના પાપી—એ બધાયે મહાપાતકી કહેવાયા છે.

જે ક્રોધથી, લોભથી ભયથી તથા દ્વેષથી બ્રાહ્મણના વધને માટે મર્મભેદી દોષોનું વર્ણન કરે છે તે બ્રહ્મહત્યારો થાય છે. જે બ્રાહ્મણને બોલાવીને એને કોઈ વસ્તુ આપી દીધા પછી ફરી લઈ લે છે, તથા જે નિર્દોષ પુરુષ પર દોષારોપણ કરે છે, એ મનુષ્ય પણ બ્રહ્મહત્યારો થાય છે, જે ભરી સભામાં ઉદાસીન ભાવથી બેઠેલા શ્રેષ્ઠ દ્વિજને પોતાની વિદ્યાના અભિમાનથી અપમાનિત કરીને એને નિસ્તેજ (હત પ્રતિભા) કરી દે છે, એને પણ બ્રહ્મહત્યારો કહેવાયો છે. જે બીજાના યથાર્થ ગુણોનું પણ બલાત્ ખંડન કરીને જૂઠા ગુણો દ્વારા પોતાને ઉત્કૃષ્ટ સિદ્ધ કરે છે, તે પણ નક્કી બ્રહ્મહત્યારો જ થાય છે. જે સાંઢો દ્વારા વહન થતી ગાયોને તથા ગુરુ પાસેથી ઉપદેશ ગ્રહણ કરતા દ્વિજોનાં કાર્યોમાં વિઘ્ન કરે છે એને બ્રહ્મહત્યારો કહે છે. જે દેવતાઓ, બ્રાહ્મણો, તથા ગાયોના ઉપયોગ માટે અપાઈ ગયેલી જમીનને હડપ કરી લે છે તે બ્રહ્મહત્યારો છે. દેવતા અને બ્રાહ્મણના ધનને હરી લે છે તથા અન્યાયથી ધન કમાઈ લેવું તે પણ બ્રહ્મહત્યા સમાન જ છે, પાતક જ છે. જે કોઈ વ્રત, નિયમ તથા યજ્ઞને ગ્રહણ કરીને એને છોડી દે છે તથા પંચમહાયજ્ઞોનું અનુષ્ઠાન નથી કરતો તેને મદિરાપાન કરનાર સમાન પાતક બતાવ્યો છે. પિતા અને માતાને છોડી દેવાં, જૂઠી સાક્ષી ભરવી, શિવભક્તોને માંસ ખવડાવવું તથા અભક્ષ્ય વસ્તુનું ભક્ષણ કરાવવું તે બ્રહ્મહત્યા તુલ્ય મનાયું છે. વનમાં નિરપરાધ પ્રાણીઓનો વધ કરવો તે પણ બ્રહ્મહત્યા તુલ્ય જ છે. સાધુ પુરુષો માટે એ આવશ્યક છે કે તે બ્રાહ્મણના ધનને છોડી દે. એને ધર્મના કાર્યમાં ન લગાવે, અન્યથા બ્રહ્મહત્યાનો દોષ લાગશે. ગાયોના માર્ગમાં, વનમાં તથા ગામમાં જે લોકો આગ ચાંપે છે તે પણ બ્રહ્મહત્યા જ કરે છે આ રીતનાં

જે ભયાનક પાપ છે બ્રહ્મહત્યા સમાન જ ગણાય છે.

બ્રાહ્મણના દ્રવ્યનું અપહરણ કરવું, પૈતૃક-સંપત્તિની વહેંચણીમાં ઊલટ-ફેર કરવો, અત્યંત અભિમાન, અધિક ક્રોધ કરવો, પાખંડ ફેલાવવો, કૃતઘ્નતા કરવી, વિષયોમાં અત્યંત આસક્તિ થવું, કંજૂસી કરવી, સત્પુરુષોનો દ્વેષ કરવો, પરસ્ત્રી સમાગમ કરવો, શ્રેષ્ઠ કુળની કન્યાઓને કલંકિત કરવી, યજ્ઞ, બાગ-બગીચા, સરોવર તથા સ્ત્રી-પુરુષોનો વિક્રય કરવો, તીર્થયાત્રા, ઉપવાસ તથા વ્રત અને ઉપનયન વગેરેનો સોદો કરવો, સ્ત્રીધનથી જીવિકા ચલાવવી, સ્ત્રીઓને અત્યંત વશીભૂત થવું, સ્ત્રીઓની રક્ષા ન કરવી, છલથી પારકી સ્ત્રીનું સેવન કરવું, બ્રહ્મચર્ય વગેરે વ્રતો છોડી દેવાં, બીજાઓના આચારનું સેવન કરવું, અસત્ શાસ્ત્રોનું અધ્યયન કરવું, કોરા તર્કો કર્યા કરવા, દેવતા, અગ્નિ, ગુરુ, સાધુ તથા બ્રાહ્મણની નિંદા કરવી, પિતૃયજ્ઞ અને દેવયજ્ઞ છોડી દેવા, પોતાનાં કર્મોનો પરિત્યાગ કરવો, ખરાબ સ્વભાવ અપનાવવો, નાસ્તિક હોવું, પાપોમાં રચ્યાપચ્યા રહેવું અને સદાયે જૂઠું બોલવું - આ પ્રકારનાં પાપથી યુક્ત સ્ત્રી-પુરુષોને ઉપપાતકી કહ્યા છે.

જે મનુષ્ય ગાયો, બ્રાહ્મણ કન્યાઓ, સ્વામી, મિત્ર તથા તપસ્વી મહાત્માઓનાં કાર્યો નષ્ટ કરી દે છે, તે નરક ગામી મનાયા છે. જે બ્રાહ્મણોને દુઃખ દે છે, એમને મારવા શસ્ત્ર ઉગામે છે, જે દ્વિજ થઈને શુદ્રોની સેવા કરે છે તથા જે કામવશ મદિરાપાન કરે છે, જે પાપપરાયણ, ક્રૂર તથા હિંસાના પ્રેમી છે, જે ગૌશાળામાં, અગ્નિમાં, જલમાં, સડકો પર, વૃક્ષોની છાયાઓ, પર્વતો પર, બગીચામાં તથા દેવમંદિરોની આસપાસ લઘુ-ગુરુ શંકા કરે છે, વાંસ, ઈંટ, લાકડું, શિંગડું, અને ખીલીઓ દ્વારા રસ્તો અવરોધે કે રોકે, બીજાનાં ખેતર વગેરેની સીમા (પાળ, નાનો બંધ) તોડી નાખે છે, છલથી શાસન કરે છે, છળ-કપટમાં જ રચ્યાપચ્યા રહે છે, કોઈને ઠગીને લાવેલો પાક, અન્ન અને વસ્ત્રનો છલથી ઉપયોગ કરે છે, જે સ્ત્રી, પુત્ર, મિત્ર, બાલ, વૃદ્ધ, દુર્બલ, આતુર, ભૃત્ય (સેવક) અતિથિ તથા બંધુજનોને ભૂખ્યા રાખીને સ્વયં જમી લે છે, જે અજિતેન્દ્રિય પુરુષ સ્વયં નિયમોને ગ્રહણ કરીને પછી એમને છોડી દે છે, સંન્યાસ ધારણ કરીને પુનઃ ઘરબાર વસાવી લે છે, જે શિવપ્રતિમાનું ભેદન કરનારા છે, ગાયોની ક્રૂરતાપૂર્વક હત્યા કરે છે, જે દુર્બળ પશુઓનું પોષણ નથી કરતા, સદા એમને છોડી દે છે, વધારે ભાર લાદીને એમને પીડા પહોંચાડે છે તથા સહન ન કરવા છતાં પણ બળપૂર્વક એમને હળમાં કે ગાડામાં જોડે છે અથવા એમની પાસે અસહ્ય ભાર વહન કરાવે છે, જે એ પશુઓને ખવડાવ્યા વિના ભાર વહન કરવા અથવા હળે જોડે છે, બાંધેલાં પશુઓને જે ભૂખ્યાં છે તેમને છોડતો નથી તથા જે ભારથી ઘાયલ, રોગથી પીડિત અને ભૂખથી આતુર ગાય-બળદનું યત્નપૂર્વક પાલન કરતો નથી તે બધાય ગોહત્યારા છે અને નરકગામી માન્યા ગયા છે.

જે પાપિષ્ઠ મનુષ્ય બળદોમાં અંડકોશ છૂંદાવી નાખે છે અને વંધ્યા ગાયને હળે જોડે છે, તે મહાનારકી છે. જે આશાથી ઘેર આવેલાને ભૂખ, તરસ અને પરિશ્રમથી થાકેલા અને અન્નની ઇચ્છા રાખનારા અતિથિઓ, અનાથો, સ્વાધીન પુરુષો, દીનો, બાલ, વૃદ્ધ, દુર્બળ અને રોગીઓ ઉપર કૃપા કરતા નથી, તે મૂઢ નરક-સાગરમાં પડે છે. મનુષ્ય જ્યારે મરે છે ત્યારે તેણે કમાયેલું ધન ઘરમાં જ રહી જાય છે. ભાઈ-

બંધુ પણ સ્મશાન સુધી જઈને પાછા ફરી જાય છે, કેવળ એણે કરેલાં પાપ અને પુણ્ય જ પરલોકના પથ પર જનારા જીવ સાથે જાય છે.

જે ઔચિત્યની મર્યાદાને ઓળંગીને મનમાન્યો વેરો વસૂલ કરે છે, બીજાઓને દંડ દેવામાં રુચિ રાખે છે. એ રાજા પણ નરકમાં શેકાય છે. જે રાજાના રાજ્યમાં પ્રજા રુશ્વતખોરો, પોતાની રુચિ અનુસાર ઓછા પૈસા આપીને અધિક કિંમતનો માલ લઈ લેનારા અધિકારીઓ તથા ચોર-ડાકુઓથી અધિક સતામણી અનુભવે છે, તે રાજા પણ નરકમાં શેકાયા કરે છે. પારકી સ્ત્રી સાથે વ્યભિચાર અને ચોરી કરનારા પ્રચંડ પુરુષોને જે પાપ લાગે છે, તે જ પાપ પરસ્ત્રીગામી રાજાને પણ લાગે છે. જે સાધુને ચોર અને ચોરને સાધુ સમજે છે તથા વગર વિચાર્યે જ નિરપરાધને પ્રાણદંડ આપી દે છે, તે રાજા પણ નરકમાં પડે છે. જે કોઈ પારકા દ્રવ્યને સરસવના દાણા જેટલુંય ચોરી લે છે તે મનુષ્ય નરકમાં પડે છે એમાં સંશય નથી. આ રીતે પાપથી યુક્ત મનુષ્ય મર્યા પછી યાતના ભોગવવા માટે નવું શરીર મેળવે છે, જેમાં સંપૂર્ણ આકાર અભિવ્યક્ત રહે છે. એટલા માટે કરેલાં પાપનું પ્રાયશ્ચિત્ત કરી લેવું જોઈએ. નહિતર સો કરોડ કલ્પમાં પણ વગર ભોગવે પાપનો નાશ થતો નથી. જે મન, વાણી અને શરીર દ્વારા પાપ કરે છે અને બીજા પાસે કરાવે છે તથા કોઈ દુષ્કર્મને ટેકો આપે છે, અનુમોદન કરે છે, એને માટે પણ પાપગતિ (નરક) જ ફળ છે.

(અધ્યાય ૪-૬)

*

પાપીઓ અને પુણ્યાત્માઓની યમલોકયાત્રા

સનત્કુમારજી કહે છે—હે વ્યાસજી! મનુષ્ય ચાર પ્રકારનાં પાપથી યમલોકમાં જાય છે. યમલોક અત્યંત ભયદાયક અને ભયંકર છે. ત્યાં સમસ્ત દેહધારીઓને વિવશ થઈને જવું પડે છે. એવું કોઈ પણ પ્રાણી નથી, જે યમલોકમાં ન જતું હોય. કરેલાં કર્મનું ફળ અવશ્ય ભોગવવું જ પડે છે, એનો વિચાર કરો. જીવોમાં જે શુભ કર્મ કરનારા છે, સૌમ્યચિત્ત અને દયાળુ છે તે સૌમ્યમાર્ગે યમપુરીના પૂર્વ દ્વારે જાય છે. જે પાપી પાપકર્મપરાયણ તથા દાનથી રહિત છે તે ભયાનક દક્ષિણ માર્ગથી યમલોકની યાત્રા કરે છે. મૃત્યુલોકથી છ્યાશી હજાર યોજનનું અંતર કાપીને વિવિધરૂપવાળા યમલોકની સ્થિતિ છે, એ જાણવું જોઈએ. પુણ્યકર્મ કરનારા લોકોને તો તે નગર પાસે જ જણાય છે, પરંતુ ભયાનક માર્ગથી યાત્રા કરનારા પાપીને એ બહુ દૂર જણાયા કરે છે. ત્યાંનો માર્ગ ક્યાંક તો કાંટાળો છે, ક્યાંક કાંકરાથી વ્યાપ્ત છે, ક્યાંય ચપ્પુની ધાર સમાન અણીદાર પથ્થર એ માર્ગ પર જોવા છે, ક્યાંક ભારે કાદવકીચડ ફેલાયેલ છે. નાનાં-મોટાં પાતકો અનુસાર ત્યાંથી કઠિનાઈઓમાં પણ ભારેપણું અને હલકાપણું હોય છે. ક્યાંક ક્યાંક યમપુરીના માર્ગ પર લોઢાની સોય સમાન અણીવાળા ડાભ (દર્ભ) ફેલાયેલા હોય છે.

ત્યાર પછી યમપુરીના માર્ગની ભીષણ યાતનાઓ અને કષ્ટોનું વર્ણન કરીને સનત્કુમારજી બોલ્યા—હે વ્યાસજી! જેણે ક્યારેય કશું દાન આપ્યું નથી, એવા લોકો જ આ પ્રકારનાં દુઃખ

વેઠે છે અને સુખની યાચના કરતાં કરતાં એ માર્ગ ઉપર જાય છે. જેમણે પહેલેથી જ દાનરૂપી પાથેય (વાટખર્ચ, ભાથું) લઈ રાખ્યું હોય, તે સુખપૂર્વક યમલોકની યાત્રા કરે છે. આ રીતે કષ્ટ ઉઠાવીને પાપી જીવ જ્યારે પ્રેતપુરીમાં પહોંચી જાય છે, ત્યારે એને વિશે યમરાજને સૂચના અપાય છે. એમની આજ્ઞા મેળવીને દૂત એ પાપીઓને યમરાજ આગળ લઈ જઈને ખડા કરે છે. ત્યાં જે શુભ કર્મ કરનારા લોકો હોય છે એમને યમરાજ સ્વાગતપૂર્વક આસન આપીને પાદ્ય અને અર્ઘ્ય નિવેદિત કરીને પ્રિય વર્તાવ દ્વારા સન્માનિત કરે છે અને કહે છે–'હે વેદોક્ત કર્મ કરનારા મહાત્માઓ! તમે લોકો ધન્ય છો, જેમણે દિવ્ય સુખની પ્રાપ્તિ માટે પુણ્યકર્મ કર્યું છે. તેથી આપ લોકો દિવ્યાંગનાના ભોગથી ભૂષિત તથા સંપૂર્ણ મનોવાંછિત પદાર્થોથી સંપન્ન થઈને સ્વર્ગલોકમાં જાઓ. ત્યાં મહાન ભોગોનો ઉપભોગ કરીને અંતે પુણ્ય ક્ષીણ થઈ જવાને કારણે જો કાંઈ થોડુંઘણું અશુભ શેષ રહી જાય; એને ફરી અહીં આવીને ભોગવજો? જે ધર્માત્મા

મનુષ્ય હોય છે, તે માનો કે યમરાજાને મા
મિત્ર સમાન છે. એ યમરાજને સુખપૂર્વક સૌમ
ધર્મરાજના રૂપે જુએ છે.

પરંતુ જે ક્રૂર કર્મ કરનારા છે, તે યમરાજ
ભયાનક રૂપે જુએ છે. એમની દૃષ્ટિમાં યમરાજ
મુખ દાઢોને કારણે વિકરાળ જણાય છે. આંખ
વક્ર ભ્રમરોથી યુક્ત પ્રતીત થાય છે. એમન
વાળ ઉપર ઊડતા હોય છે. મોટી મોટી દાઢી
મૂછોવાળા જણાય છે. હોઠ ઉપરની બાજુ ફફડત
હોય છે. એમને અઢાર ભુજાઓ હોય છે,
કુપિત હોય છે. કાળા કોલસાના ઢગલા જેવ
દેખાય છે. એમના હાથમાં સર્વ પ્રકારનાં અસ્ત્ર
શસ્ત્ર ઉગામેલાં હોય છે. એ બધા પ્રકારના દંડ

ભય દેખાડીને એ પાપીઓને ધમકાવતા રહેત
હોય છે. બહુ મોટા પાડા પર આરૂઢ, લાલ વસ્
લાલ માળા ધારણ કરીને બહુ ઊંચા મહામે
સમાન દૃષ્ટિગોચર થાય છે. એમનાં નેત્ર
પ્રજ્વલિત અગ્નિની જેમ ઉદ્દીપ્ત દેખાય છે

એમનો શબ્દ પ્રલયકાળના મેઘગર્જના સમાન ગંભીર હોય છે. એ એવા જણાય છે કે જાણે મહાસાગરને પી રહ્યા છે, ગિરિરાજને ઓહિયાં કરી રહ્યા છે અને મુખમાંથી જાણે અગ્નિ ઓકી રહ્યા છે.

એમની પાસે પ્રલયકાલીન અગ્નિસમાન પ્રભાવાળા મૃત્યુ દેવતા ઊભા હોય છે. કાજળ સમાન કાળાચંટ કાળદેવતા અને ભયાનક કૃત્તાંત દેવતા પણ રહેતા હોય છે. એમના સિવાય ભારી ઉગ્ર, મહામારી, (કોગળિયું-પ્લેગ જેવા રોગ), ભયંકર કાલરાત્રિ, અનેક પ્રકારના રોગો, જાતજાતના ભયાવહ કુષ્ઠ મૂર્તિમાન થઈને હાથમાં શક્તિ, શૂલ, અંકુશ, પાશ, ચક્ર અને ખડ્ગ લઈને ખડા રહેતા હોય છે.

વજ્રતુલ્ય મુખ ધારણ કરનાર રુદ્રગણ છરો, તરકસ (ભાથો) અને ધનુષ ધારણ કરીને ત્યાં હાજર હોય છે. બધાયે વિવિધ પ્રકારનાં આયુધો ધારણ કરેલાં હોય છે. તે મહાન વીર અને ભયંકર હોય છે. એમના ઉપરાંત અસંખ્ય મહાવીર યમદૂત, જેમની અંગકાંતિ કાળા કોલસા સમાન કાળી હોય છે, સંપૂર્ણ અસ્ત્ર-શસ્ત્ર લઈને બહુ જ ભયંકર જણાય છે. આવા પરિવારથી ઘેરાયેલા ઘોર યમરાજ તથા ભીષણ ચિત્રગુપ્તને પાપિષ્ઠ પ્રાણીઓ જુએ છે. યમરાજ એ પાપકર્મીઓને બહુ જ ધમકાવે-ફટકારે છે, અને ભગવાન ચિત્રગુપ્ત ધર્મયુક્ત વચનોથી એમને સમજાવે છે.

(અધ્યાય ૭)

*

નરકોની અઠ્યાવીસ કોટિઓ તથા પ્રત્યેકના પાંચ પાંચ નાયકના ક્રમથી એક સો ચાલીશ રૌરવ આદિ નરકોની નામાવલી

સનત્કુમારજી કહે છે—હે વ્યાસજી! પછી યમદૂત પાપીઓને અત્યંત તપાવેલા પથ્થર પર ખૂબ વેગથી પછાડે છે, જાણે વજ્રથી મોટાં મોટાં વૃક્ષો ધરાશાયી ન કરી દીધાં હોય. એ સમયે શરીરથી જર્જર થયેલો દેહધારી જીવના કાનમાંથી લોહી વહેવા માંડે છે, બેભાન થઈને નિશ્ચેષ્ટ બની જાય છે. ત્યારે વાયુનો સ્પર્શ કરાવીને એ યમદૂત એમને ભાનમાં લાવી દે છે અને એનાં પાપોની શુદ્ધિ માટે એને નરક-સમુદ્રમાં ફેંકી દે છે. પૃથ્વીની નીચે નરકની સાત કોટિઓ છે, જે સાતમા તળના અંતે ઘોર અંધકારમાં સ્થિત છે. એ અઠ્યાવીસ કોટિઓ છે. પહેલી કોટિ ઘોરા કહેવાય છે. બીજી સુઘોરા છે એથી પણ નીચે છે. ત્રીજી અતિઘોરા, ચોથી મહાઘોરા, પાંચમી ઘોરરૂપા, છઠ્ઠી તલાતલા, સાતમી ભયાનકા, આઠમી કાલરાત્રિ, નવમી ભયોત્કટા, એની નીચે દશમી ચંડા, એની નીચે મહાચંડા, પછી ચંડ-કોલાહલા તથા એથી ભિન્ન પ્રચંડા છે જે ચંડોની નાયિકા કહેવાય છે, એ પછી પદ્મા, પદ્માવતી, ભીતા અને ભીમા છે, જે ભીષણ નરકોની નાયિકા મનાય છે. અઠ્ઠારમી કરાલા, ઓગણીસમી વિકરાલા, વીસમી નરક કોટિ વજ્રા કહેવાય છે. ત્યાર પછી ત્રિકોણા, પંચકોણા, સુદીર્ઘા, અખિલાર્તિદા, સમા, ભીમબલા, ભીમા તથા અઠ્યાવીસમી દીપ્તપ્રાયા છે. આ રીતે મેં તમને ભયાનક નરક કોટિઓનાં નામ

બતાવ્યાં છે. એમની સંખ્યા અઠ્ઠાવીસ જ છે, જે પાપીઓને યાતના આપનારી છે. એ કોટિઓના ક્રમશઃ પાંચ પાંચ નાયક જાણવા જોઈએ.

હવે એ બધી કોટિઓનાં નામ કહેવામાં આવે છે, તે સાંભળો. એમાં પ્રથમ રૌરવ નરક છે, જ્યાં પહોંચીને દેહધારી જીવ રડવા લાગે છે. મહા રૌરવની પીડાથી તો મહાન પુરુષ પણ રડી દે છે. એ પછી શીત અને ઉષ્ણ નામનાં નરક છે. પછી સુઘોર છે. રૌરવથી સુઘોર સુધી વગેરેમાં પાંચ નરક નાયક માનવામાં આવ્યા છે. એ પછી સુમહાતીક્ષ્ણા, સંજીવન, મહાતમ, વિલોમ, વિલોપ, કંટક, તીવ્રવેગ, કરાલ, વિકરાલ, પ્રકંપન, મહાવક, કાલ, કાલસૂત્ર, પ્રગર્જન, સૂચિમુખ, સુનેતિ, ખાદક, સુપ્રપીડન, કુંભીપાક, સુપાક, કકચ, અતિદારુણ, અંગારરાશિભવન, મેરુ, અસૃક્પ્રહિત, તીક્ષ્ણતુંડ, શકુનિ, મહાસંવર્તક, કતુ, તપ્તજંતુ, પંકલેપ, પ્રતિમાંસ, ત્રપુદ્રવ, ઉચ્છ્વાસ, સુનિરુચ્છ્વાસ, સુદીર્ઘ, કૂટશાલ્મલિ, દુરિષ્ટ, સુમહાવાદ, પ્રવાહ, સુપ્રતાપન, મેઘ, વૃષ, શાલ્મ, સિંહમુખ, વ્યાઘ્રમુખ, ગજમુખ, કુક્કુરમુખ, સૂકરમુખ, અજમુખ, મહિષમુખ, ધૂકમુખ, કોકમુખ, વૃકમુખ, ગ્રાહ, કુંભીનસ, નક, સર્પ, કૂર્મ, કાક, ગૃધ્ર, ઉલૂક, હલૌક, શાર્દૂલ, કથ, કર્કટ, મંડૂક, પૂતિમુખ, રક્તાક્ષ, પૂતિમૃત્તિક, કણધૂમ્ર, અગ્નિ, કૃમિ, ગન્ધિવપુ, અગ્નિધ્ર, અપ્રતિષ્ઠ, રુધિરાભ, શ્વભોજન, લાલાભક્ષ, અન્ત્રભક્ષ, સર્વભક્ષ, સુદારુણ, કંટક, સુવિશાળ, વિકટ, કટપૂતન, અંબરીષ, કટાહ, કષ્ટદાયિની, વૈતરણી નદી, સુતપ્ત લોહશયન, એકપાદ, પ્રપૂરણ, ગોર અસિતાલવન, અસ્થિભંગ, સુપૂરણ, વિલાતસ, અસુયંત્ર, કૂટપાશ, પ્રમર્દન, મહાચૂર્ણ, અસુચૂર્ણ, તપ્તલોહમય, પર્વત, ક્ષુરધારા, યમલપર્વત, મૂત્રકૂપ, વિષ્ઠાકૂપ, અશ્રુકૂપ, શીતલ ક્ષારકૂપ, મુસલોલૂખલ, યંત્ર, શિલા, શકટ, લાંગલ, તાલપત્રવન, અસિપત્રવન, મહાશકટમંડપ, સમ્મોહ, અસ્થિભંગ, તપ્ત, ચંચલ, અયોગુડ (લોઢાની ગોળી), બહુદુઃખ, મહાક્લેશ, કશ્મલ, શમલ, મલાત, હાલાહલ, વિરૂપ, સ્વરૂપ, યમાનુગ, એકપાદ, ત્રિપાદ, તીવ્ર, અચીવર અને તમ.

આ રીતે આ અઠ્ઠાવીસ નરક અને ક્રમશઃ એના પાંચ પાંચ નાયક કહ્યા છે. અઠ્ઠાવીસ કોટિઓના ક્રમશઃ રૌરવ વગેરે પાંચ પાંચ નાયક બનાવ્યા છે. ઉપર્યુક્ત ૨૮ કોટિઓને છોડીને લગભગ સો નરક માનવામાં આવે છે અને મહાનરકમંડલ એક સો ચાલીસ નરકોનું બતાવાયું છે.*

(અધ્યાય ૮)

*

* અહીં ૨૮ કોટિઓનું પહેલાં પૃથક્-પૃથક્ વર્ણન આવ્યું છે. પછી પ્રત્યેકના પાંચ પાંચ નાયક બનાવીને બરાબર ૧૪૦ નરકોનો નામ-ઉલ્લેખ છે. કોટિઓની સંખ્યા મેળવી દેવાથી ૧૬૮ થાય છે.

વિભિન્ન પાપને કારણે મળનારી નરકયાતનાનું વર્ણન અને કુક્કુરબલિ, કાકબલિ અને દેવતા વગેરે માટે આપેલી બલિની આવશ્યકતા અને મહત્તાનું પ્રતિપાદન

સનત્કુમારજી કહે છે—હે વ્યાસજી! આ બધાં ભયાનક પીડાદાયક નરકોમાં પાપી જીવોને અત્યંત ભીષણ યાતના ભોગવવી પડે છે. જે મિથ્યા આગમ (પાખંડીઓનાં શાસ્ત્રો)માં પ્રવૃત્ત થાય છે, તે લિજિહ્વ નામના નરકમાં જાય છે અને જિહ્વાના આકારમાં અર્ધા કોસ સુધી ફેલાયેલા તીક્ષ્ણ હળો દ્વારા ત્યાં એને વિશેષ પીડા આપવામાં આવે છે. જે ક્રૂર મનુષ્ય માતા, પિતા અને ગુરુને ધમકાવે છે, એના મુખમાં કીડાઓથી યુક્ત વિષ્ઠા ઠાંસી ઠાંસીને ભરી દેવાય છે અને ખૂબ જ માર મારવામાં આવે છે. જે મનુષ્ય શિવમંદિર, બગીચો, વાવડી, કૂપ, તળાવ તથા બ્રાહ્મણોના સ્થાનને નષ્ટભ્રષ્ટ કરી દે છે ત્યાં સ્વેચ્છાચારપૂર્વક રમણ કરે છે તે વિવિધ પ્રકારની ભયંકર ધાતુ દ્વારા પિલાય છે અને એમને પકવવામાં આવે છે. પરસ્ત્રીગામી પુરુષ એ એ રૂપે જ અભિચાર કરતાં કરતાં જ માર ખાય છે. પુરુષ પોતાના પહેલાં જેવા શરીરને ધારણ કરીને લોખંડની બનેલી અને ખૂબ જ તપાવેલી-નારીનું ગાઢ આલિંગન કરીને બધી બાજુએથી બળવા માંડે છે. એને દુરાચારિણી સ્ત્રીનું ગાઢ આલિંગન કરે છે અને પોક મૂકીને રડે છે. જે સત્પુરુષોની નિંદા સાંભળે છે, એમના કાનમાં લોખંડ અથવા તાંબાની વગેરે ધાતુની બનાવેલી ખીલીઓ આગથી ખૂબ તપાવીને ખોસી દેવામાં આવે છે, એ સિવાય જસત, સીસું અને પિત્તળને ઓગાળીને પ્રવાહી બનાવીને એમના કાનમાં ભરી દેવાય છે. પછી વારંવાર ગરમ દૂધ અને ખૂબ જ તપાવેલું તેલ એના કાનમાં નંખાય છે. પછી એ કાનો પર વજ્ર જેવો લેપ કરી દેવાય છે. આ રીતે ક્રમશઃ એમના કાનોમાં ઉપર્યુક્ત વસ્તુઓ ભરીને એમને નરકોમાં યાતના અપાય છે. ક્રમશઃ બધાં નરકોમાં બધે જ આ યાતનાઓ પ્રાપ્ત થતી હોય છે. બધાં જ નરકોની યાતનાઓ બહુ કષ્ટ આપનારી હોય છે. જે માતા-પિતા સામે આંખો કાઢે છે અથવા એમના પ્રત્યે ઉદ્દંડતાપૂર્વક દૃષ્ટિ કરે છે અથવા હાથ ઉગામે છે, એમનાં મુખમાં અંત સુધી લોખંડના ખીલા દૃઢતાપૂર્વક ભરી દેવામાં આવે છે. જે મનુષ્ય સ્ત્રીઓને લોભાવીને, ભોળવીને અપલક દૃષ્ટિથી જુએ છે, એમની આંખોમાં તપાવીને લાલઘૂમ કરેલી સોયો ભરી દેવામાં આવે છે.

જે દેવતા, અગ્નિ, ગુરુ તથા બ્રાહ્મણોને અગ્રભાગ નિવેદિત કર્યા વિના જ ભોજન કરી લે છે, એમની જીભમાં તથા મુખમાં લોખંડની સેંકડો ખીલીઓ ગરમ કરીને ઠાંસી દેવામાં આવે છે. જે લોકો ધર્મનો ઉપદેશ કરનારા મહાત્મા તથા કથાવાચકની નિંદા કરે છે, દેવતા, ગુરુ અને અગ્નિ, ગુરુભક્તોની તથા સનાતન ધર્મશાસ્ત્રની મજાક ઉડાવે છે, એમની છાતી, કંઠ, જિહ્વા, દાંતોની સંધિ, તાળુ, હોઠ, નાસિકા, મસ્તક તથા સંપૂર્ણ અંગોના સાંધાઓમાં આગ સમાન તપાવેલી ત્રણ શાખાવાળી લોખંડની

ખીલીઓ મગદળથી ઠોકી બેસાડવામાં આવે છે. એ સમયે એમને બહુ જ કષ્ટ થાય છે. ત્યાર પછી બધી બાજુએથી એના ઘા ઉપર ગરમ કરીને તપાવેલું મીઠું છાંટી દેવાય છે. પછી એને આખે શરીરે બધી બાજુએથી બહુ ભારે યાતનાઓ અપાય છે. જે પાપી શિવમંદિરની પાસે અથવા દેવતાઓના બગીચામાં મળમૂત્રનો ત્યાગ કરે છે એમનાં લિંગ અને અંડકોશને લોખંડના મગદળથી ચૂર્ણ કરી દેવાય છે અથવા આગમાં તપાવેલા સણિયા એમાં ભરી દેવાય છે, જેથી મન અને ઇન્દ્રિયોને મહાન દુઃખ થાય છે. જો ધન હોવા છતાં તૃષ્ણાને કારણે એનું દાન નથી કરતો અને ભોજનને સમયે ઘેર આવેલા અતિથિનો અનાદર કરે છે, તે પાપનું ફળ ભોગવીને અપવિત્ર નરકમાં પડે છે.*

જે ગાય-કૂતરાને એમનો ભાગ એટલે બલિ નથી આપતો અને સ્વયં ભોજન કરી લે છે, એના ખુલ્લા મોંમાં બે ખીલા ઠોકી દેવામાં આવે છે, 'યમરાજના માર્ગનું અનુસરણ કરનારા જે શ્યામ અને શબળ (શામળું અને કાબરચીતરું) બે કૂતરા છે, હું એમને માટે આ અન્નનો ભાગ આપું છું, તે આ બલિને ગ્રહણ કરો.' 'પશ્ચિમ, વાયવ્ય, દક્ષિણ અને નૈર્ઋત્ય દિશામાં રહેનારા બે પુણ્યકર્મા કાગડાઓ છે, તે મારી આપેલ આ બલિનું ગ્રહણ કરો.+ આ અભિપ્રાયના બે મંત્રોથી ક્રમશઃ કૂતરા માટે અને કાગડા માટે બલિ આપવી જોઈએ. જે લોકો યત્નપૂર્વક ભગવાન શંકરની પૂજા વિધિવત્ અગ્નિમાં આહુતિ આપીને શિવસંબંધ મંત્રો દ્વારા બલિ સમર્પિત કરે છે તે યમરાજને જોતા નથી અને સ્વર્ગે જાય છે. એટલા માટે દરરોજ બલિ આપવી જોઈએ.

એક ચોખંડો મંડપ બનાવીને એને ગંધ વગેરેથી અધિવાસિત કરો. પછી ઈશાન કોણમાં ધનવંતરિને માટે અને પૂર્વ દિશામાં ઇન્દ્રને માટે બલિ આપો. દક્ષિણ દિશામાં યમને માટે, પશ્ચિમ દિશામાં, સુદક્ષોમને માટે અને દક્ષિણ દિશામાં પિતરોને માટે બલિ આપીને પૂર્વ દિશામાં અર્યમાને અન્નનો ભાગ અર્પિત કરો. દ્વાર દેશમાં માતા અને વિધાતાને માટે બલિનું નિવેદન કરો. ત્યાર બાદ કૂતરા, કૂતરાના સ્વામી અને પક્ષીઓ માટે ભૂતલ પર અન્ન પાથરી દો. દેવતા, પિતર, મનુષ્ય, પ્રેત, ભૂત, ગુહ્યક, પક્ષી, કૃમિ, અને કીટ – એ સૌ ગૃહસ્થો પાસેથી પોતાની જીવિકા ચલાવે છે. સ્વાહાકાર, સ્વધાકાર, વષટ્કાર તથા હન્તકાર - એ ધર્મમયી ધેનુના ચાર આંચળ છે. સ્વાહાકાર નામના આંચળનું પાન દેવતા કરે છે, સ્વધાનું પિતર લોકો, વષટ્કારનું બીજા બીજા દેવતાઓ અને ભૂતેશ્વર અને હન્તકાર નામના આંચળનું દૂધ સદાયે મનુષ્યગણ પાન કરે છે. જે માનવ શ્રદ્ધાપૂર્વક આ ધર્મમયી ધેનુનું સદા ઠીક સમયે પાલન કરે છે તે અગ્નિહોત્રી

---

* પને સત્યપિ યે દાનં ન પ્રયચ્છન્તિ તૃષ્ણયા ॥
અતિથિં ચાવમન્યન્તે કાલે પ્રાપ્તે ગૃહાશ્રમે । તસ્માત્ તે દુષ્કૃતં પ્રાપ્ય ગચ્છન્તિ નિરયેઽશુચૌ ॥
(શિ.પુ.કો.સં. ૧૦/૩૧-૩૨)

+ દ્વૌ શ્વાનૌ શ્યામશબલૌ યમમાર્ગાનુસેવકૌ । તૌ સ્તસ્તાભ્યાં પ્રયચ્છામિ તૌ ગૃહ્ણીતામિમં બલિમ્ ॥
ઐન્દ્રવારુણવાયવ્યા યામ્યા નૈર્ઋત્યકાસ્તથા । વાયસાઃ પુણ્યકર્માણસ્તે ગૃહ્ણન્તુ મે બલિમ્ ॥
(શિ.પુ.કો.સં. ૧૦/૩૫-૩૬)

થઈ જાય છે. જે સ્વસ્થ રહેવા છતાં પણ એનો ત્યાગ કરી દે છે તે અંધકારપૂર્ણ નરકમાં ગોથાં ખાય છે. એટલા માટે એ સૌને બલિ આપ્યા પછી દ્વાર પર ઊભા રહીને ક્ષણભર અતિથિની પ્રતીક્ષા કરવી જોઈએ. જો કોઈ ભૂખથી પીડિત અતિથિ અથવા એ જ ગામનો નિવાસી પુરુષ મળી જાય તો એને પોતાના ભોજન પહેલાં યથાશક્તિ શુભ અન્નનું ભોજન કરાવવું, જેને ઘેરથી અતિથિ નિરાશ થઈને જાય છે, એને તે પોતાનાં પાપ આપીને બદલામાં એનાં પુણ્ય લઈને જતો રહે છે.*

(અધ્યાય ૯-૧૦)

*

યમલોકના માર્ગમાં સુવિધા પ્રદાન કરનારાં વિવિધ દાનોનું વર્ણન

વ્યાસજી બોલ્યા—હે પ્રભો! પાપી મનુષ્ય બહુ દુઃખથી યમલોકના માર્ગે જાય છે. હવે આપ મને એ ધર્મોનો પરિચય આપો જેથી જીવ સુખપૂર્વક યમમાર્ગ પર યાત્રા કરે છે.

સનત્કુમારજી બોલ્યા—હે મુને! પોતાનાં કરેલાં શુભ-અશુભ કર્મ વગરવિચાર્યે વિવશ થઈને ભોગવવાં જ પડે છે. હવે હું એ ધર્મોનું વર્ણન કરું છું, જે સુખ દેનારાં છે. આ લોકમાં જે શ્રેષ્ઠ કર્મ કરનારા છે, કોમલચિત્ત અને દયાળુ પુરુષ છે, તે ભયંકર યમમાર્ગ પર સુખેથી યાત્રા કરે છે. જે શ્રેષ્ઠ બ્રાહ્મણોને પગરખાં અને પાવડીઓનું દાન કરે છે તે મનુષ્ય વિશાળ ઘોડા પર સવાર થઈને ખૂબ સુખેથી યમલોકમાં જાય છે. છત્રનું દાન કરવાથી એ માર્ગ પર એ જ રીતે છત્રી લઈને ચાલે છે જેવી રીતે છત્રીવાળા લોકો ચાલે છે. ડોળી અથવા પાલખીનું દાન કરવાથી મનુષ્ય રથ દ્વારા સુખેથી યાત્રા કરે છે. શૈયા અને આસનનું દાન કરવાથી દાતા યમલોકના માર્ગમાં વિશ્રામ કરતાં કરતાં સુખપૂર્વક જાય છે. જે બાગ-બગીચા લગાવે છે અને ઘટાદાર વૃક્ષો વાવે છે અથવા સડકને કિનારે વૃક્ષારોપણ કરે છે તે તડકામાં પણ વગર કષ્ટે યમલોક જાય છે. જે મનુષ્ય ફૂલવાડી લગાવે છે, તે પુષ્પક વિમાનથી યાત્રા કરે છે. દેવમંદિર બનાવનાર એ માર્ગ પર ઘરની અંદર ક્રીડા કરે છે. જે દેવતા, અગ્નિ, ગુરુ, બ્રાહ્મણ, માતા અને પિતાની પૂજા કરે છે, તે મનુષ્ય સ્વયં જ પૂજિત થઈ પોતાની ઇચ્છા અનુસાર, અનુકૂળ માર્ગ દ્વારા યાત્રા કરે છે. દીપદાન કરનાર મનુષ્ય સંપૂર્ણ દિશાઓને પ્રકાશિત કરીને ચાલતા હોય છે. ગૃહદાન કરવાથી દાતા રોગ-શોકથી રહિત થઈને સુખપૂર્વક યાત્રા કરે છે. ગુરુજનોની સેવા કરનારા માનવ વિશ્રામ કરતાં કરતાં જાય છે. વાદ્ય આપનારા એવી રીતે યાત્રા કરે છે, જાણે પોતાને ઘેર જ જઈ રહ્યા છે. ગો-દાન કરનારા સંપૂર્ણ મનોવાંછિત વસ્તુઓથી સભર થઈને માર્ગે

---

* અતિથિર્યસ્ય ભગ્નાશો ગૃહાત્પ્રતિ નિવર્તતે ॥ સ તસ્મૈ દુષ્કૃતં દત્ત્વા પુણ્યમાદાય ગચ્છતિ ॥
(શિ.પુ.કો.સં. ૧૦-૪૮)

દ્વારા જાય છે. મનુષ્ય એ માર્ગ પર આ લોકમાં આપેલાં અન્ન-પાનને જ પામે છે. જે કોઈને પગ ધોવા માટે પાણી આપે છે, તે એવા માર્ગમાં જાય છે, જ્યાં જળની સુવિધા હોય છે. જે આદરણીય પુરુષોના પગમાં માલિશ માટેની સુગંધિત બનાવટ-ઉબટન લગાવે છે, તે ઘોડાની પીઠ પર બેસીને યાત્રા કરે છે.

હે વ્યાસજી! જે પાદ્ય, અભ્યંગ (અંતરાગ-લેપ), દીપક, અન્ન અને ઘરનું દાન કરે છે, એની પાસે યમરાજા ક્યારેય જતા નથી. સુવર્ણ અને રત્નનું દાન કરવાથી મનુષ્ય દુર્ગમ સંકટો અને સ્થળોને ઉલ્લંઘી જાય છે. ચાંદી, ગાડાં ખેંચનાર બળદ અને ફૂલોની માળાનું દાન કરનાર દાતા સુખપૂર્વક યમલોકમાં જાય છે. આ રીતનાં દાનથી મનુષ્ય સુખપૂર્વક યમલોકની યાત્રા કરે છે અને સ્વર્ગમાં સદાયે જાતજાતના ભોગ ભોગવે છે. સર્વ દાનોમાં અન્નદાનને જ ઉત્તમ કહેવાયું છે, કેમકે એ તત્કાળ તૃપ્તિ પ્રદાન કરનારું, મનને પ્રિય લાગનારું અને બુદ્ધિમાં વૃદ્ધિ કરનારું છે. હે મુનિશ્રેષ્ઠ! અન્નદાન સમાન બીજું કોઈ દાન નથી, કેમકે અન્નથી જ પ્રાણી ઉત્પન્ન થાય છે અને અન્નના અભાવમાં મરી જાય છે. તેથી અન્નની જ બધા લોકો પ્રશંસા કરે છે, કેમકે અન્નમાં જ બધું પ્રતિષ્ઠિત છે. અન્ન સમાન દાન થયું નથી અને થશે નહિ. હે મુને! આ સંપૂર્ણ જગત અન્નથી જ ધારણ કરાય છે. લોકોમાં અન્ન બલકારક ગણાયું છે, કેમકે અન્નમાં જ પ્રાણ પ્રતિષ્ઠિત છે.*

પ્રાપ્ત કરેલા અન્નની ક્યારેય નિંદા ન કરો અને કોઈ રીતે એને ફેંકી ન દો. કૂતરાને અને ચાંડાલને માટે કરેલું દાન ક્યારેય નષ્ટ થતું નથી. જે મનુષ્ય થાક્યા-માંદા હોય અને અપરિચિત પથિકને અન્ન આપે છે અને આપતી વખતે લગારે કચવાટ અનુભવતો નથી, તે સમૃદ્ધિનો ભાગી થાય છે. હે મહામુને! જે દેવતાઓ, પિતરો, બ્રાહ્મણો અને અતિથિઓને અન્નથી તૃપ્ત કરે છે એને મહાન ફળની - પુણ્યરૂપની - પ્રાપ્તિ થાય છે. અન્ન અને જલનું દાન શૂદ્ર અને બ્રાહ્મણને માટે સમાનરૂપે મહત્ત્વનું છે. અન્નની ઇચ્છાવાળા પુરુષે એનું ગોત્ર, શાખા, સ્વાધ્યાય અને દેશ ન પૂછવાં જોઈએ.

અન્ન સાક્ષાત્ બ્રહ્મા છે, અન્ન સાક્ષાત્ વિષ્ણુ અને શિવ છે. એટલા માટે અન્ન સમાન દાન થયું નથી અને થશે પણ નહીં. જે પહેલાં બહુ મોટું ભારે પાપ કરનારો થઈ જાય છે તે પછી અન્નનું દાન કરનારો બને, તો તે બધાં પાપથી મુક્ત થઈને સ્વર્ગલોકમાં જાય છે. અન્ન, જલ, ઘોડો, ગાય, વસ્ત્ર, શૈયા, છત્ર અને આસન – એ આઠ વસ્તુઓનું દાન યમલોક માટે ઉત્તમ મનાયું છે. આ રીતે દાન-વિશેષથી મનુષ્ય

---

* सर्वेषामेव दानानामन्नदानं परं स्मृतम् । सद्यः प्रीतिकरं नृणां बलबुद्धिविवर्धनम् ॥
नान्नदानसमं दानं विद्यते मुनिसत्तम । अन्नाद्भवन्ति भूतानि तदभावे म्रियन्ति च ॥
अतश्चैव महत्पुण्यमन्नदाने प्रकीर्तितम् । तथा सुरागिनः तृप्ताः म्रियन्ते सर्वदेहिनः ॥
अन्नमेव प्रशंसन्ति सर्वमन्ने प्रतिष्ठितम् । अन्नेन सदृशं दानं न भूतं न भविष्यति ॥
अन्नेन धार्यते सर्वं विश्वं जगदिदं मुने । अन्नमूर्जस्करं लोके प्राणा अन्ने प्रतिष्ठिताः ॥

(शि.पु.वि.सं. १६।१७-१८,२४,२५,३०

વિમાન પર બેસીને ધર્મરાજાના નગરમાં જાય છે, તેથી બધાએ દાન કરવું જોઈએ. હે મહામુને! જે આ પ્રસંગને સાંભળે છે અથવા શ્રાદ્ધમાં બ્રાહ્મણોને સંભળાવે છે, એના પિતરોને અક્ષય અન્નદાન પ્રાપ્ત થાય છે. (અધ્યાય ૧૧)

*

જલદાન, જલાશય-નિર્માણ, વૃક્ષારોપણ, સત્યભાષણ અને તપનો મહિમા

સનત્કુમારજી કહે છે—હે વ્યાસજી! જલદાન સર્વથી શ્રેષ્ઠ છે. તે બધાં જ દાનોમાં સદા ઉત્તમ છે, કેમકે જલ બધા જ જીવસમુદાયને તૃપ્ત કરનારું જીવન કહેવાયું છે.* એટલા માટે બહુ સ્નેહ સાથે અનિવાર્યરૂપે પ્રપાદાન (પરબ બંધાવીને બીજાઓને પાણી મળી રહે તે માટે પ્રબંધ) કરવો જોઈએ. જળાશયનું નિર્માણ આ લોકમાં અને પરલોકમાં પણ મહાન આનંદની પ્રાપ્તિ કરાવનારું છે - આ સત્ય છે, સત્ય છે. એમાં સંશય નથી. એટલા માટે મનુષ્યએ કૂવો, વાવડી અને તળાવ બનાવવાં જોઈએ. કૂવામાં જ્યારે પાણી નીકળવા લાગે છે, ત્યારે તે પાપી પુરુષનાં પાપકર્મોનો અર્ધો ભાગ હરી લે છે. તથા સત્કર્મમાં રત મનુષ્યનાં સદા સમસ્ત પાપને હરી લે છે. જેણે કૂવો કે ગમે તે જળાશય ખોદાવ્યું હોય તે જળાશયમાં ગાય, બ્રાહ્મણ અને સાધુપુરુષ સદા પાણી પીએ છે, તે પોતાના આખા વંશનો ઉદ્ધાર કરી દે છે. જેનું જળાશય બારે માસ ભરેલું રહે, ઉનાળામાં પણ અનિવાર્ય રીતે પાણી ટકી રહે, તે ક્યારેય દુર્ગમ અને વિષમ સંકટને પ્રાપ્ત થતો નથી. જેના તળાવમાં માત્ર વર્ષાઋતુમાં જ જલ રહે, એને દરરોજ અગ્નિહોત્ર કરવાનું ફળ મળે છે—એવું બ્રહ્માજીનું કથન છે. જેના તળાવમાં શરત્કાલ સુધી જળ રહે છે, એને સહસ્ર ગોદાનનું ફળ મળે છે એમાં સંશય નથી. જે તળાવમાં હેમંત અને શિશિર ઋતુ સુધી પાણી જળવાઈ રહે, તે વણી બધી સુવર્ણ-મુદ્રાઓની દક્ષિણાથી યુક્ત યજ્ઞનું ફળ મેળવે છે. જે સરોવરમાં વસંત અને ગ્રીષ્મકાળ સુધી પાણી રહે, એને અતિરાત્ર અને અશ્વમેધ યજ્ઞનું ફળ મળે છે—એવું મનીષી મહાત્માઓનું કથન છે.

હે મુનિવર વ્યાસ! જીવોને તૃપ્તિ પ્રદાન કરનારાં જળાશયોનું વર્ણન થયું. હવે વૃક્ષો ઉગાડવામાં જે ગુણ છે તેનું વર્ણન સાંભળો. જે વેરાન, ઉજ્જડ અને દુર્ગમ સ્થાનોમાં વૃક્ષ લગાવે છે, તે પોતાની વીતી ગયેલી પેઢી અને આવનારી સંપૂર્ણ પેઢીને તારી દે છે. એટલા માટે અવશ્ય વૃક્ષ વાવવાં જોઈએ.* આ વૃક્ષ રોપનારને ત્યાં દીકરા થાય છે એમાં સંશય નથી.

---

* પાનીયદાનં પરમં દાનાનામુત્તમં તદા। સર્વેષાં જીવપુંજાનાં તર્પણં જીવનં સ્મૃતમ્॥ (શિ.પુ.ઉ.સં. ૧૨/૧)

* અતીતાનાગતાન્ સર્વાન્ પિતૃવંશાંસ્તુ તારયેત્। કાન્તારે વૃક્ષરોપી યસ્તસ્માદ્ વૃક્ષાંસ્તુ રોપયેન્નરઃ॥ (શિ.પુ.ઉ.સં. ૧૨/૧૭)

વૃક્ષ રોપનાર પુરુષ પરલોકમાં ગયા પછી અક્ષય લોકોને પામે છે. તળાવ ખોદાવનાર, વૃક્ષ રોપનાર અને યજ્ઞ કરાવનાર જે દ્વિજ છે, તે તથા બીજા બીજા સત્યવાદી પુરુષ-એ સ્વર્ગમાંથી ક્યારેય નીચે નથી પડતા.

સત્ય જ પરબ્રહ્મ છે, સત્ય જ પરમ તપ છે, સત્ય જ શ્રેષ્ઠ યજ્ઞ છે અને સત્ય જ ઉત્કૃષ્ટ શાસ્ત્રજ્ઞાન છે. ઊંઘતા પુરુષોમાં સત્ય જ જાગે છે, સત્ય જ પરમપદ છે, સત્યથી જ પૃથ્વી ટકેલી છે અને સત્યમાં જ બધું પ્રતિષ્ઠિત છે. તપ, યજ્ઞ, પુણ્ય, દેવતા, ઋષિ અને પિતરોનું પૂજન, જલ અને વિદ્યા—એ સત્ય પર જ અવલંબિત છે. સૌનો આધાર જ સત્ય છે. સત્ય એ જ સૌનો આદાર છે. સત્ય જ યજ્ઞ, તપ, દાન, મંત્ર, સરસ્વતી દેવી તથા બ્રહ્મચર્ય છે. ઓંકાર પણ સત્યરૂપ જ છે. સત્યથી જ વાયુ વહે છે, સત્યથી જ સૂર્ય તપે છે, સત્યથી જ આગ સળગે છે, સત્યથી જ સ્વર્ગ ટકેલું છે. લોકોમાં સંપૂર્ણ વેદોનું પાલન તથા સંપૂર્ણ તીર્થોનું સ્નાન કેવળ સત્યથી સુલભ થઈ જાય છે. સત્યથી સર્વ કાંઈ પ્રાપ્ત થઈ જાય છે, એમાં સંશય નથી. એક હજાર અશ્વમેધ અને લાખો યજ્ઞ એક બાજુ ત્રાજવા પર મૂકો અને બીજી બાજુ સત્ય હોય તો સત્યનું જ પલડું ભારે થશે. દેવતા, પિતર, મનુષ્ય, નાગ, રાક્ષસ તથા ચરાચર પ્રાણીઓ સહિત સમસ્ત લોક સત્યથી જ પ્રસન્ન થાય છે. સત્યને પરમ ધર્મ કહ્યો છે. સત્યને જ પરમપદ માન્યું છે અને સત્યને જ પરમ બ્રહ્મ પરમાત્મા કહે છે. એટલા માટે સત્ય બોલવું જોઈએ.* સત્યનારાયણ મુનિ અત્યંત દુષ્કર તપ કરીને સ્વર્ગને પ્રાપ્ત થયા છે તથા સત્યધર્મમાં અનુરક્ત રહેનારા સિદ્ધ પુરુષ પણ સત્યથી જ સ્વર્ગના નિવાસી થયા છે. તેથી સદા સત્ય બોલવું જોઈએ. સત્યથી અધિકો બીજો કોઈ ધર્મ નથી. સત્યરૂપી તીર્થ અગાધ, વિશાળ, સિદ્ધ અને પવિત્ર જળાશય છે. એમાં યોગયુક્ત થઈને મન દ્વારા સ્નાન કરવું જોઈએ. સત્યને પરમપદ કહ્યું છે. જે મનુષ્ય પોતાને માટે, બીજાને માટે અથવા પોતાના પુત્ર માટે પણ જૂઠું નથી બોલતા તે જ સ્વર્ગગામી થાય છે. વેદ, યજ્ઞ તથા મંત્ર—એ બ્રાહ્મણોમાં સદા નિવાસ કરે છે, પરંતુ અસત્યવાદી બ્રાહ્મણોમાં એની પ્રતીતિ થતી નથી. તેથી સદાયે સત્ય બોલવું જોઈએ.

તદનંતર તપનો બહુ મોટો ભારે મહિમા બતાવતાં સનત્કુમારજીએ કહ્યું—હે મુને! સંસારમાં એવું કોઈ સુખ નથી જે તપસ્યા વિના સુલભ થતું હોય. તપથી જ બધાં સુખ મળે છે, આ વાતને

---

* सत्यमेव परं ब्रह्म सत्यमेव परं तपः। सत्यमेव परो यज्ञः सत्यमेव परं श्रुतम्॥
सत्यं सुप्तेषु जागर्ति सत्यं च परमं पदम्। सत्येनैव धृता पृथ्वी सत्ये सर्वं प्रतिष्ठितम्॥
तपो यज्ञश्च पुण्यं च देवर्षिपितृपूजने। आपो विद्या च ते सर्वे सर्वं सत्ये प्रतिष्ठितम्॥
सत्यं यज्ञस्तपो दानं मंत्रा देवी सरस्वती। ब्रह्मचर्यं तथा सत्यमोंकारः सत्यमेव च॥
सत्येन वायुरभ्येति सत्येन तपते रविः। सत्येनाग्निर्दहति स्वर्गः सत्येन तिष्ठति॥
पालनं सर्ववेदानां सर्वतीर्थावगाहनम्। सत्येन वहते लोके सर्वमाप्नोत्यसंशयम्॥
अश्वमेधसहस्रं च सत्यं च तुलया धृतम्। लक्षाग्नि क्रतवश्चैव सत्यमेव विशिष्यते॥
सत्येन देवाः पितरो मानवोरगराक्षसाः। प्रीयन्ते सत्यतः सर्वे लोकाश्च सचराचराः॥
सत्यमाहुः परं धर्मं सत्यमाहुः परंपदम्। सत्यमाहुः परं ब्रह्म तस्मात्सत्यं सदा वदेत्॥
(शि.पु.वि.सं. १२/२३-३१)

વેદવેત્તા પુરુષો જાણે છે. જ્ઞાન, વિજ્ઞાન, આરોગ્ય, સુંદરરૂપ, સૌભાગ્ય તથા શાશ્વત સુખ તપથી જ મળે છે. તપસ્યાથી જ બ્રહ્મા વગર પરિશ્રમે જ સંપૂર્ણ વિશ્વની સૃષ્ટિ કરે છે. તપસ્યાથી જ વિષ્ણુ એનું પાલન કરે છે. તપસ્યાના બળથી જ રુદ્ર દેવ સંહાર કરે છે. તપના પ્રભાવથી જ શેષ(નાગ) અશેષ(સંપૂર્ણ) ભૂમંડળને ધારણ કરે છે.

(અધ્યાય ૧૨)

*

વેદ અને પુરાણોનો સ્વાધ્યાય તથા વિવિધ પ્રકારનાં દાનનો મહિમા, નરકોનું વર્ણન તથા એમાં પાડનારાં પાપનું દિગ્દર્શન, પાપ માટે સર્વોત્તમ પ્રાયશ્ચિત્ત શિવસ્મરણ તથા જ્ઞાનના મહત્ત્વનું પ્રતિપાદન

સનત્કુમારજી કહે છે—હે મુને! જે વનમાં જંગલી ફળ-મૂળ ખાઈને તપ કરે છે અને જે વેદોની એક ઋચાનો સ્વાધ્યાય કરે છે એ બંનેનું ફળ સમાન છે. શ્રેષ્ઠ દ્વિજ વેદ-અધ્યયનથી જે ફળ મેળવે છે, એનાથી બમણું ફળ તે એ વેદ ભણાવીને મેળવે છે. હે મુને! જેવી રીતે ચંદ્રમા અને સૂર્ય વગર જગતમાં અંધકાર છવાઈ જાય છે, એ જ રીતે પુરાણ વગર જ્ઞાનનો આલોક(પ્રકાશ) નથી રહેતો—અજ્ઞાનનો અંધકાર છવાયેલો રહે છે. એટલા માટે સદા પુરાણનું અધ્યયન કરવું જોઈએ. અજ્ઞાનને કારણે નરકમાં પડીને સદા સંતપ્ત રહેનારા લોકોને જે શાસ્ત્ર-જ્ઞાન આપીને સમજાવે છે, તે પુરાણવક્તા પોતાની આ મહત્તાને કારણે સદા પૂજનીય બને છે. જે સાધુ પુરુષ પુરાણવક્તા વિદ્વાન પુરુષને દાનનું પાત્ર સમજીને બહુ પ્રસન્નતાની સાથે ઉત્તમોત્તમ વસ્તુઓનું દાન આપે છે, તે પરમ ગતિને પ્રાપ્ત થાય છે. જે સુપાત્ર બ્રાહ્મણને ભૂમિ, ગાય, રથ, હાથી અને સુંદર ઘોડા આપે છે, એના પુણ્યરૂપનું વર્ણન સાંભળો, તે આ જન્મમાં અને પરલોકમાં પણ સંપૂર્ણ અક્ષય મનોરથોને મેળવી લે છે તથા અશ્વમેધનું ફળ પામે છે.

હે મુનીશ્વર! જે પુરુષ ભગવાન શિવની કથા સાંભળે છે તે કર્મોના વિશાળ વનને સળગાવીને સંસારથી તરી જાય છે. જે બે ઘડી, એક ઘડી અથવા એક ક્ષણ પણ ભક્તિભાવથી ભગવાન શંકરની કથા સાંભળે છે, એમની ક્યારેય દુર્ગતિ થતી નથી. હે મુને! સંપૂર્ણ દાન અથવા સંપૂર્ણ યજ્ઞનું જે પુણ્ય હોય છે તે જ ફળ શિવપુરાણ સાંભળવાથી અવિચલરૂપને પામે છે. હે વ્યાસજી! વિશેષતઃ કળિયુગમાં પુરાણશ્રવણ સિવાય મનુષ્યો માટે બીજો કોઈ શ્રેષ્ઠ ધર્મ જ નથી. એ જ એને માટે મોક્ષ અને ધ્યાનરૂપી ફળ દેનારું છે એમ કહેવાય છે. શિવપુરાણનું શ્રવણ અને શિવ-નામનું કીર્તન મનુષ્યોને માટે કલ્પવૃક્ષનું રમણીય ફળ છે એમાં સંશય નથી. યજ્ઞ, દાન, તપ અને તીર્થસેવનથી જે ફળ મળે છે, એ જ ફળ મનુષ્યોને પુરાણોના શ્રવણ માત્રથી મળે છે.

પ્રતિદિન સુપાત્ર લોકોને મોટાં મોટાં દાન આપવાં જોઈએ, એ દાન દાતાઓનાં ઉદ્ધારક હોય છે. હે વિપ્રવર! સુવર્ણદાન, ગોદાન અને

ભૂમિદાન–એ પવિત્ર દાન છે, જે દાતાને તો તારે જ છે પણ લેનારનો પણ ઉદ્ધાર કરે છે. સુવર્ણદાન, ગોદાન અને પૃથ્વીદાન–આ શ્રેષ્ઠ દાન કરીને મનુષ્ય બધાં જ પાપથી મુક્ત થઈ જાય છે. તુલાદાન (ત્રાજવાનું દાન)ની બહુ પ્રશંસા કરવામાં આવી છે, ગાય અને પૃથ્વીનું દાન પણ પ્રશસ્ત અને સમાન શક્તિવાળું છે, પરંતુ સરસ્વતીનું દાન તો આ સૌથી અધિક ઉત્તમ છે. નિત્ય દોહેલી ગાય, છત્રી, વસ્ત્ર, બૂટ-ચંપલ, ચાખડી, પાવડી વગેરે પગરખાં અને અન્ન તથા જળ–એ સર્વે વસ્તુઓ યાચકને આપવી જોઈએ. બ્રાહ્મણો અને અપીડિત યાચકોને જે સંકલ્પપૂર્વક ધન-આદિ વસ્તુઓનું દાન કરે છે એથી દાતા મનસ્વી થાય છે. લોકમાં જે જે અત્યંત મનોવાંછિત અને પ્રિય છે, એ જો ઘરમાં હોય તો એને અક્ષય બનાવવાની ઇચ્છાવાળા પુરુષે ગુણવાન પુરુષને દાન કરવું જોઈએ. તુલા પુરુષનું દાન સર્વ દાનમાં ઉત્તમ છે. જે પોતાનું કલ્યાણ ચાહે છે એણે ત્રાજવા પર બેસવું અને પોતાના શરીર સાથે તોલેલી વસ્તુનું દાન કરવું જોઈએ. દિવસે, રાતે, બંને સંધ્યાના સમયે, બપોરે, અર્ધી રાત્રે તથા ભૂત, વર્તમાન અને ભવિષ્ય ત્રણે કાળોમાં મન, વાણી અને શરીર દ્વારા કરેલાં બધાં પાપને તુલા-પુરુષનું દાન દૂર કરી દે છે.

એ પછી બ્રહ્માંડ દાનનું માહાત્મ્ય અને બ્રહ્માંડનું વર્ણન કરીને સનત્કુમારજીએ કહ્યું–હે મુનિવરોમાં શ્રેષ્ઠ વ્યાસજી! પાતાળ લોકથી ઉપર જે નરક છે, એનું વર્ણન મારી પાસેથી સાંભળો. પાપી પુરુષ એમાં જ યાતના પામે છે. રૌરવ, શૂકર, રોધ, તાલ, વિવસન અથવા વિશસન, મહાજ્વાલ, તપ્તકુંભ, લવણ, વિલોહિત, પાક વહાવનારી વૈતરણી, કૃમિ યા કૃમીશ, કૃમિભોજન, કૃષ્ણ, અસિપત્રવન, દારુણ લાલાભક્ષ, પૂયવહ (પરુનું વહન કરનાર), પાપ, વહ્નિજ્વાલ, અધઃશિરા, સંદંશ, કાલસૂત્ર, તમસ, અવીચિ, રોધન,શ્વભોજન, અપ્રતિષ્ઠ, મહારૌરવ અને શાલ્મલિ ઇત્યાદિ બહુ દુઃખદાયક નરક ત્યાં છે. હે વ્યાસજી! એમાં જે પાપકર્મપરાયણ પુરુષોને રાંધવામાં આવે છે એનું ક્રમશઃ વર્ણન કરું છું, સાવધાન થઈને સાંભળો. જે મનુષ્ય બ્રાહ્મણો, દેવતાઓ તથા ગાયોને માટે હિતકર કાર્યો સિવાય અન્ય કોઈ પણ કાર્ય માટે જૂઠી સાક્ષી ભરે છે અથવા સદા જૂઠું બોલે છે તે રૌરવ નરકમાં જાય છે.

જે ભ્રૂણ (ગર્ભસ્થ શિશુ)ની હત્યા અને સુવર્ણની ચોરી કરનારા, ગાયને વાડામાં ગોંધી રાખનારા, વિશ્વાસઘાતી, શરાબી, બ્રહ્મહત્યારો, બીજાના દ્રવ્યનું અપહરણ કરનારો તથા આ સૌનો જે સંગ કરે છે, તે મર્યા પછી તપ્તકુંભ નામના નરકમાં જાય છે. ગુરુના વધથી પણ આ જ નરકની પ્રાપ્તિ થાય છે. બહેન, માતા, ગાય તથા પુત્રીને વધ કરવાથી પણ તપ્તકુંભમાં જ પડાય છે. સાધ્વી સ્ત્રીને વેચનારો, અધિક વ્યાજ લેનારો, કેશ-વિક્રય કરનારો તથા પોતાના ભક્તને છોડનારો–આ બધાં પાપી તપ્તલોહ નામના નરકમાં રંધાઈ જાય છે. જે નરાધમ ગુરુજનોનું અપમાન કરનારા તથા એમને વિશે દુર્વચન બોલનારા છે, જે વેદની નિંદા કરનારા છે, વેદ વેચનારા છે તે બધા જ લવણ નામના નરકમાં જાય છે. મર્યાદાને દૂષિત કરનારા પુરુષની પણ એવી જ ગતિ થાય છે. જે પુરુષ દેવતા, બ્રાહ્મણ અને પિતૃગણ સાથે દ્વેષ કરે છે, જે રત્નને દૂષિત (મિલાવટ કરે છે) કરે છે તે

કૃમિભક્ષ નામના નરકમાં પડે છે. જે દૂષિત યજ્ઞ (બીજાઓને હાનિ પહોંચાડવા માટે આભિચારિક પ્રયોગ અથવા હિંસાપ્રધાન તામસ યજ્ઞ) કરે છે તે કૃમિશ નામના નરકમાં પડે છે. જે નરાધમ પિતૃગણ, દેવગણ અને અતિથિઓને છોડીને (બલિ વૈશ્વદેવ દ્વારા દેવતા વગેરેનો ભાગ એમને અર્પણ કર્યા વિના જ) ભોજન કરી લે છે. તે ઉગ્ર લાલાભક્ષ નરકમાં પડે છે. જે શસ્ત્ર-સમૂહોનું નિર્માણ કરે છે એ પણ આ જ નરકમાં જાય છે. જે દ્વિજ અંત્યજથી સેવા લે છે, અસત્ દાન ગ્રહણ કરે છે, યજ્ઞના અનધિકારીઓ પાસે યજ્ઞ કરાવે છે અને અભક્ષ્ય ભક્ષણ કરે છે તે બધા જ રુધિરૌઘ (પૂયવહ) નામના નરકમાં પડે છે. જે સોમરસને વેચનારા છે, એમની પણ આ જ ગતિ થાય છે. યજ્ઞ અને ગામને નષ્ટ કરનારા ઘોર વૈતરણી નદીમાં પડે છે.

જે નવી જવાનીથી મતવાલા થઈને ધર્મની મર્યાદા તોડે છે, અપવિત્ર આચાર-વિચારથી રહે છે અને ઠગ-કપટથી જીવિકા ચલાવે છે, તે કૃત્ય નામના નરકમાં જાય છે. જે અકારણ જ વૃક્ષને કાપે છે, તે અસિપત્રવન નામના નરકમાં પડે છે. ઘેટાં, બકરાં વેચીને જીવિકા ચલાવનાર અને પશુઓની હિંસા કરનારા કસાઈ વહ્નિજ્વાલ નામના નરકમાં પડે છે. ભ્રષ્ટાચારી બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્ય અથવા જે કાચાં નળિયાં, ઈંટ વગેરેને પકાવવાને માટે ભઠ્ઠામાં આગ આપે છે તે બધા વહ્નિજ્વાલ નામના નરકમાં પડે છે. જે વ્રતોનો લોપ કરનારા છે તથા પોતાના આશ્રયથી પડેલા છે એ બંને પ્રકારના લોકો અત્યંત દારુણ સંદંશ નામના નરકની યાતના વેઠે છે. જે બ્રહ્મચારી થઈને પણ વીર્યસ્ખલન કરે છે તથા જે પુત્રોથી વિદ્યા ભણે છે, તે શ્વભોજન નામના નરકમાં પડે છે. આ રીતે આ અને બીજાં સેંકડો, હજારો નરક છે, જેમાં પાપકર્મી પ્રાણી યાતનાઓની આગમાં શેકાય છે. આ ઉપર્યુક્ત પાપ સમાન બીજાં પણ સહસ્ર પાપ છે, પાપકર્મ છે જેને નરકમાં પડીને માણસો ભોગવે છે. જે લોકો મન, વાણી અને ક્રિયા દ્વારા પોતાના વર્ણ અને આશ્રમ વિરુદ્ધ કર્મ કરે છે, એ નરકમાં પડે છે. નરકમાં માથું નીચે લટકાવેલું હોય છે એવાં પ્રાણી સ્વર્ગલોકમાં રહેનારા દેવતાઓને જોયા કરે છે અને દેવતા લોકો પણ નીચે દૃષ્ટિ કરીને એ બધા અધોમુખ નારકી જીવોને જુએ છે. પાપી લોકો નરક ભોગ અનંતર ક્રમશઃ ઉન્નતિ કરતાં કરતાં સ્થાવર, કૃમિ, જલચર, પક્ષી, પશુ, મનુષ્ય, ધર્માત્મા, માનવદેવતા તથા મુમુક્ષુ થતાં અને અંતે મોક્ષ પ્રાપ્ત કરી લે છે. જેટલા જીવ સ્વર્ગમાં છે એટલા જ નરકમાં છે. જે પાપી પુરુષ પોતાના પાપનું પ્રાયશ્ચિત્ત નથી કરતો તે જ નરકમાં જાય છે.

હે કાલીનંદન! સ્વયંભુ મનુએ મહાન પાપ માટે મહાન અને લઘુ પાપ માટે લઘુ પ્રાયશ્ચિત્ત બતાવ્યાં છે. એ અશેષ પાપ કર્મોને માટે જે જે પ્રાયશ્ચિત્ત સંબંધી કર્મો બતાવ્યાં એ સૌમાં ભગવાન શંકરનું સ્મરણ જ સર્વશ્રેષ્ઠ પ્રાયશ્ચિત્ત છે. જે પુરુષના ચિત્તમાં પાપકર્મ કર્યા પછી પશ્ચાત્તાપ થાય છે, એને માટે તો એકમાત્ર ભગવાન શિવનું સ્મરણ જ સર્વોત્તમ પ્રાયશ્ચિત્ત છે. પ્રાતઃકાળ, સાયંકાળ અને રાત્રે તથા મધ્યાહ્ન વગેરેમાં શિવનું સ્મરણ કરવાથી પાપરહિત થયેલો મનુષ્ય માહેશ્વર ધામને પ્રાપ્ત કરી લે છે, ભગવાન શિવના સ્મરણથી સમસ્ત પાપ અને ક્લેશોનો ક્ષય થઈ જવાને કારણે મનુષ્ય સ્વર્ગમાં જાય છે અથવા મોક્ષ પ્રાપ્ત કરી લે છે. જેનું

ચિત્ત જપ, હોમ અને પૂજા વગેરે કરતી વખતે નિરંતર ભગવાન મહેશ્વરમાં જ લાગેલું રહે છે એને માટે તો ઇન્દ્ર વગેરે પદની પ્રાપ્તિરૂપ ફળ તો અંતરાય (વિઘ્ન) જ છે. જે પુરુષ ભક્તિભાવથી હે મુને! દિવસરાત ભગવાન શિવનું સ્મરણ કરે છે, એનાં બધાં જ પાતક નષ્ટ થઈ જાય છે. એટલા માટે તે ક્યારેય નરકમાં પડતો નથી. નરક અને સ્વર્ગ—એ પાપ અને પુણ્યનાં જ બીજાં નામ છે. એમાંથી એક દુઃખ આપનારું છે, બીજું સુખ આપનારું છે. જ્યારે એક જ વસ્તુ ક્યારે પ્રીતિ પ્રદાન કરનારી હોય છે અને ક્યારેક દુઃખ દેનારી બની જતી હોય છે ત્યારે એ નિશ્ચય થાય છે કોઈ પણ પદાર્થ ન તો સુખમય છે અને ન તો દુઃખમય છે. આ સુખ અને દુઃખ એ તો મનના વિકાર છે. જ્ઞાન જ પરંબ્રહ્મ છે અને જ્ઞાન જ તત્ત્વબોધનું કારણ છે. આ આખું ચરાચર વિશ્વ જ્ઞાનમય જ છે. એ પરમ વિજ્ઞાનથી ભિન્ન બીજી કોઈ વસ્તુ છે જ નહીં.

(અધ્યાય ૧૩-૧૬)

*

મૃત્યુકાલ નિકટ આવવાનાં કયાં કયાં લક્ષણ છે, તેનું વર્ણન

આ પછી દ્વીપો, લોકો અને મનુષ્યોનો પરિચય આપીને સંગ્રામનું ફળ, શરીર અને સ્ત્રીસ્વભાવ વગેરેનું વર્ણન થયું. ત્યાર પછી કાલ વિશે વ્યાસજીના પૂછવા પર સનત્કુમારજી બોલ્યા—હે મુનિશ્રેષ્ઠ! પૂર્વકાળમાં પાર્વતીજીએ વિવિધ પ્રકારની દિવ્ય કથાઓ સાંભળીને પરમેશ્વર શિવને પ્રણામ કરીને એમને આ જ વાત પૂછી હતી.

પાર્વતીજી બોલ્યાં—હે ભગવન્! મેં આપની કૃપાથી સંપૂર્ણ મત જાણી લીધો છે. હે દેવ! જે મંત્રો દ્વારા જે વિધિથી જેવી રીતે આપની પૂજા થાય છે, એ બધું હું જાણી ગઈ છું. મને જ્ઞાન છે. પરંતુ હે પ્રભો! હજુ એક સંશય રહી ગયો છે. એ સંશય છે કાલચક્રના સંબંધમાં. હે દેવ! મૃત્યુનું ચિહ્ન શું છે? આયુનું પ્રમાણ શું છે. હે નાથ! જો હું આપની પ્રિયા હોઉં તો મને આ બધી વાતો સમજાવો.

મહાદેવજીએ કહ્યું—હે પ્રિયે! જો અકસ્માત શરીર બધી બાજુથી સફેદ અથવા પીળું પડી જાય અને ઉપરથી થોડું લાલ જણાય તો એ જાણવું જોઈએ કે એ મનુષ્યનું મૃત્યુ છ માસની

અંદર જ થઈ જશે. હે શિવે! જ્યારે મુખ, નેત્ર અને જિહ્વાનું સ્તંભન થઈ જાય ત્યારે પણ છ માસની અંદર જ મૃત્યુ જાણવું જોઈએ. હે ભદ્રે! જે રુરુ મૃગ (એક જાતિ વિશેષનો મૃગ) પાછળ થનાર શિકારીઓનો ભયાનક અવાજ પણ જલદી સાંભળી શકતો નથી. એનું મૃત્યુ પણ છ માસની અંદર જ જાણવું. જ્યારે સૂર્ય, ચંદ્રમા અને અગ્નિના સાંનિધ્યથી પ્રગટ થનારા પ્રકાશને મનુષ્ય ન જોઈ શકે, એને બધે જ કાળું-કાળું–અંધકારાચ્છન્ન જ દેખાય છે, ત્યારે એનું જીવન છ માસથી અધિક નથી હોતું. હે દેવી! હે પ્રિયે! જ્યારે મનુષ્યનો ડાબો હાથ લગાતાર એક સપ્તાહ સુધી ફરક્યા કરે ત્યારે એનું જીવન એક જ માસ બાકી છે એવું જાણવું જોઈએ. એમાં સંશય નથી. જ્યારે આખાં અંગોમાં જકડાઈ જઈને અક્કડ થઈ જવાતું હોય,, શરીર ફાટતું લાગે અને આળસ જણાય અને નાળવું સુકાઈ જાય, ત્યારે તે મનુષ્ય એક માસ સુધી જ જીવિત રહે છે એમાં સંશય નથી. ત્રિદોષમાં જેનું નાક ગળવા માંડે, એનું જીવન પંદર દિવસથી વધારે ચાલતું નથી. મુખ અને કંઠ સુકાઈ જાય તો એ જાણવું કે છ માસ વીતતા વીતતાં તો એનું આયુષ્ય સમાપ્ત થઈ જશે. હે ભામિની! જેની જીભ ફૂલી જાય, જાડી થઈ જાય અને દાંતોમાંથી પરુ નીકળવા લાગે એનું પણ છ માસની અંદર જ મૃત્યુ થઈ જાય છે. આ ચિહ્નોથી મૃત્યુકાળ સમજવો. હે સુંદરી! જલ, તેલ, ઘી અને દર્પણમાં પણ જ્યારે પોતાનું પ્રતિબિંબ ન જણાય અથવા વિકૃત જણાય, ત્યારે કાલચક્રના જ્ઞાતા પુરુષે એ જાણી લેવું જોઈએ કે એનું પણ આયુષ્ય છ માસથી વધારે નથી. હે દેવેશ્વરિ! હવે બીજી વાત સાંભળો, જેથી મૃત્યુનું જ્ઞાન થાય છે. જ્યારે પોતાના પડછાયાને મસ્તકરહિત જુએ અથવા પોતાને પડછાયા વગરનો જુએ, ત્યારે તે મનુષ્ય એક માસ પણ જીવિત રહી શકતો નથી.

હે પાર્વતી! આ મેં અંગોથી પ્રગટ થનારાં મૃત્યુનાં લક્ષણો બતાવ્યાં છે. હે ભદ્રે! હવે બહાર પ્રગટ થનારાં લક્ષણોનું વર્ણન કરું છું, સાંભળો. હે દેવી! જ્યારે ચંદ્રમંડળ અથવા સૂર્યમંડળ પ્રભાહીન અને લાલ જણાય તો અર્ધા માસમાં જ મનુષ્યનું મૃત્યુ થઈ જાય છે. અરુંધતી, મહાયાન અને ચંદ્રમા–એને જે ન જોઈ શકે અથવા જેને તારાઓનાં દર્શન ન થાય એવો પુરુષ એક માસ સુધી જીવિત રહી શકે છે. જો ગ્રહોનું દર્શન થયા પછી પણ દિશાઓનું જ્ઞાન ન થાય–મન પર મૂઢતા છવાઈ રહે તો છ માસમાં નિશ્ચય મૃત્યુ થઈ જાય છે. જો ઉતથ્ય નામના તારાનું, ધ્રુવનું અથવા સૂર્યમંડળનું પણ દર્શન ન કરી શકે, રાતમાં ઈન્દ્રધનુષ અને મધ્યાહ્નમાં ઉલ્કાપાત થતો દેખાય તથા ગીધ અને કાગડા તેને ઘેરી રહે તો એ મનુષ્યનું આયુષ્ય છ માસ કરતાં અધિક નથી–જો આકાશમાં સપ્તર્ષિ તથા સ્વર્ગ માર્ગ (છાયા પથ) ન દેખાય તો કાલજ્ઞ પુરુષે જાણવું કે એનું આયુષ્ય છ જ માસનું છે. જો અકસ્માત સૂર્ય અને ચંદ્રમાને રાહુથી ગ્રસ્ત જુએ છે અને સંપૂર્ણ દિશાઓ જેને ફરતી લાગે તે અવશ્ય જ છ માસમાં મરી જાય છે. જો અકસ્માત લીલી માખો આવીને પુરુષને ઘેરી વળે તો વાસ્તવમાં એનું આયુષ્ય એક જ માસનું બાકી છે તેમ જાણવું. જો ગીધ, કાગડા અથવા કબૂતર માથા પર ચઢી જાય તો તે પુરુષ એક માસની અંદર જ મરી જાય છે, એમાં સંશય નથી.

(અધ્યાય ૧૭-૨૫)

*

કાલને જીતવાનો ઉપાય, નવધા શબ્દબ્રહ્મ અને તુંકારનું અનુસંધાન અને એનાથી પ્રાપ્ત થનારી સિદ્ધિઓનું વર્ણન

દેવી પાર્વતીજીએ કહ્યું–હે પ્રભો! કાલથી આકાશનો પણ નાશ થાય છે. તે ભયંકર કાળ બહુ વિકરાળ છે. તે સ્વર્ગનો પણ એકમાત્ર સ્વામી છે. તમે એને દગ્ધ કરી દીધો હતો, પરંતુ અનેક પ્રકારનાં સ્તોત્રો દ્વારા જ્યારે એણે આપની સ્તુતિ કરી, ત્યારે તમે પુનઃ સંતુષ્ટ થઈ ગયા અને એ કાળ ફરીથી પોતાની પ્રકૃતિને પ્રાપ્ત થઈ ગયો. પૂર્ણતઃ સ્વસ્થ થઈ ગયો. તમે એને વાતમાં અને વાતમાં કહ્યું–'હે કાળ! તમે સર્વત્ર વિચરણ કરશો, પરંતુ લોકો તમને દેખશે-જોશે નહિ.' આપ પ્રભુની કૃપાદૃષ્ટિ થવાથી અને વરદાન મળવાથી તે કાળ જીવી ઊઠ્યો અને એનો પ્રભાવ બહુ વધી ગયો. તેથી હે મહેશ્વર! શું એવું કોઈ સાધન છે, જેથી એ કાલને નષ્ટ કરી શકાય? જો હોય તો મને બતાવો, કેમકે આપ યોગીઓમાં શિરોમણિ અને સ્વતંત્ર પ્રભુ છો. આપે પરોપકાર માટે જ શરીર ધારણ કરો છો.

શિવ બોલ્યા–હે દેવી! શ્રેષ્ઠ દેવતા, દૈત્ય, યક્ષ, રાક્ષસ, નાગ અને મનુષ્ય–કોઈ પણ દ્વારા કાળનો નાશ નથી થઈ શકતો, પરંતુ જે ધ્યાનપરાયણ યોગી છે, તે શરીરધારી હોવા છતાં પણ સુખપૂર્વક કાલને નષ્ટ કરી દે છે. હે વરારોહે! આ પાંચ ભૌતિક શરીર સદા એ ભૂતોના ગુણોથી યુક્ત જ ઉત્પન્ન થાય છે અને એમાં જ લય પામે છે. માટીનો દેહ માટીમાં જ મળી જાય છે. આકાશથી વાયુ ઉત્પન્ન થાય છે, વાયુથી તેજ તત્ત્વ પ્રગટ થાય છે, તેજથી જલનું પ્રાગટ્ય થાય છે અને જલથી પૃથ્વીનો આવિર્ભાવ થાય છે. પૃથ્વી આદિ ભૂત ક્રમશઃ પોતાના કારણમાં લીન થાય છે. પૃથ્વીના પાંચ, જલના ચાર, તેજના ત્રણ અને વાયુના બે ગુણ હોય છે. આકાશનો એક માત્ર શબ્દ જ ગુણ છે. પૃથ્વી વગેરેમાં જે ગુણ બતાવ્યા છે એમનાં નામ આ પ્રમાણે છે : શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ. જ્યારે ભૂત પોતાના ગુણનો ત્યાગ કરી દે છે, ત્યારે તે નષ્ટ થઈ જાય છે અને જ્યારે તે ગુણને ગ્રહણ કરે છે ત્યારે એનો પ્રાદુર્ભાવ કહેવાય છે. હે દેવેશ્વરિ! આ રીતે તમે પાંચે ભૂતોના યથાર્થ સ્વરૂપને સમજો. હે દેવી! આ કારણે કાળને જીતવાની ઇચ્છાવાળા યોગીઓ માટે જરૂરી છે કે તે પ્રતિદિન પ્રયત્નપૂર્વક પોતાના-પોતાના કાળમાં એના અંશભૂત ગુણોનું ચિંતન કરે.

યોગવેત્તા પુરુષ માટે જરૂરી છે કે સુખદ આસન પર બેસીને વિશુદ્ધ શ્વાસ (પ્રાણાયામ) દ્વારા યોગાભ્યાસ કરે. રાત્રે જ્યારે બધા લોકો સૂઈ જાય, એ સમયે દીપક હોલાવીને અંધકારમાં યોગ ધારણ કરે. તર્જની આંગળીથી બંને (નાકનાં) છિદ્રો નસકોરાં બંધ કરીને બે ઘડી સુધી દબાવી રાખે. એ અવસ્થામાં અગ્નિપ્રેરિત શબ્દ સંભળાય છે. એથી સંધ્યાકાળ પછી ખાધેલું અન્ન ક્ષણભરમાં પચી જાય છે અને સંપૂર્ણ રોગ તથા જ્વર વગેરે બધાંબધા ઉપદ્રવો શીઘ્ર જ નષ્ટ થઈ જાય છે. જે સાધક પ્રતિદિન આ રીતે બે ઘડી સુધી શબ્દબ્રહ્મનો સાક્ષાત્કાર કરે છે, તે મૃત્યુ તથા કામને જીતીને આ જગતમાં સ્વચ્છંદ વિચરણ કરે છે અને

સર્વજ્ઞ અને સમદર્શી થઈને સંપૂર્ણ સિદ્ધિઓને પ્રાપ્ત કરી લે છે. જેવી રીતે આકાશમાં વર્ષાથી યુક્ત વાદળ ગરજે છે, એવી જ રીતે એ શબ્દને સાંભળીને યોગી તત્કાળ સંસાર-બંધનથી મુક્ત થઈ જાય છે. ત્યાર પછી યોગીઓ દ્વારા પ્રતિદિન ચિંતન કરવામાં આવેલો તે શબ્દ ક્રમશઃ સૂક્ષ્મથી સૂક્ષ્મતર થતો જાય છે. હે દેવી! આ રીતે મેં તમને શબ્દબ્રહ્મના ચિંતનનો ક્રમ બતાવ્યો છે. જેવી રીતે ડાંગરની ઇચ્છા રાખનારા પુરુષને પરાળ (છોડાં) છોડવાં પડે છે તેવી જ રીતે મોક્ષની ઇચ્છાવાળા યોગીએ બધાં બંધનોનો ત્યાગ કરવો પડે.

આ શબ્દબ્રહ્મને મેળવીને પણ જે બીજી વસ્તુની અભિલાષા રાખે છે તે મુક્તાથી આકાશને મારવાની અને ભૂખ-તરસની કામના કરે છે. આ શબ્દબ્રહ્મ જ સુખદ, મોક્ષનું કારણ, બહાર-અંદરના ભેદથી રહિત, અવિનાશી અને સમસ્ત ઉપાધિઓથી રહિત પરબ્રહ્મ છે. એને જાણીને મનુષ્ય મુક્ત થઈ જાય છે. જે લોકો કાલપાશથી મોહિત થઈને શબ્દબ્રહ્મને નથી જાણતા, એ પાપી અને કુબુદ્ધિ મનુષ્ય મોતના ફંદામાં ફસાયેલા રહે છે. મનુષ્ય ત્યાં સુધી સંસારમાં જન્મ લેતો રહે છે, જ્યાં સુધી તેને સર્વના આશ્રયભૂત પરમતત્ત્વ (પરબ્રહ્મ પરમાત્મા)ની પ્રાપ્તિ થતી નથી. પરમતત્ત્વનું જ્ઞાન થઈ જવાથી મનુષ્ય જન્મ-મૃત્યુના બંધનથી મુક્ત થઈ જાય છે. નિદ્રા અને આળસ સાધનાનાં બહુ મોટાં વિઘ્ન છે. આ શત્રુને યત્નપૂર્વક જીતીને સુખદ આસન પર આસીન થઈને, બેસીને, પ્રતિદિન શબ્દબ્રહ્મનો અભ્યાસ કરવો જોઈએ. સો વર્ષની અવસ્થાવાળો વૃદ્ધ પુરુષ આજીવન આનો અભ્યાસ કરે તો એનો શરીરરૂપી સ્તંભ મૃત્યુને જીતનારો થઈ જાય છે અને એને પ્રાણવાયુની શક્તિને વધારનાર આરોગ્ય પ્રાપ્ત થઈ જાય છે. વૃદ્ધ પુરુષમાં પણ બ્રહ્મના અભ્યાસથી થનારા લાભનો વિશ્વાસ જોવા મળે છે, પછી તરુણ મનુષ્યને તો આ સાધનાથી પૂર્ણ લાભ થાય એ માટે તો કહેવું જ શું. આ શબ્દબ્રહ્મ ન તો ઓંકાર છે, ન મંત્ર છે, ન બીજ છે, ન અક્ષર છે. આ અનાહત નાદ(વગર આઘાતે અથવા વગર બજાવ્યે પ્રગટ થનાર શબ્દ) છે. એનું ઉચ્ચારણ કર્યા વિના જ ચિંતન થાય છે. આ શબ્દબ્રહ્મ પરમ કલ્યાણમય છે. હે પ્રિયે! શુદ્ધબુદ્ધિવાળો પુરુષ યત્નપૂર્વક નિરંતર એનું અનુસંધાન કરે છે. તેથી નવ પ્રકારના શબ્દ બતાવેલા છે, જેને પ્રાણવેત્તા પુરુષોએ લક્ષિત કર્યા છે. હું એમને પ્રયત્ન કરીને બતાવી રહ્યો છું. એ શબ્દોને નાદસિદ્ધિ પણ કહે છે. એ શબ્દ ક્રમશઃ આ પ્રકારે છે–

ઘોષ, કાંસ્ય (ઝાંઝ વગેરે), શૃંગ (સિંગુ વગેરે), ઘંટા, વીણા વગેરે, વાંસળી, દુન્દુભિ, શંખ અને નવમો મેઘગર્જન–આ નવ પ્રકારના શબ્દોને છોડીને તુંકારનો અભ્યાસ કરે. આ પ્રકારે સદાયે ધ્યાન કરનારો યોગી પુણ્ય અને પાપથી લિપ્ત થતો નથી. હે દેવી! યોગાભ્યાસ દ્વારા સાંભળવાનો પ્રયત્ન કરવા છતાં પણ જ્યારે યોગી એ શબ્દોને નથી સાંભળતો અને અભ્યાસ કરતાં કરતાં મરણાસન્ન થઈ જાય છે, ત્યારે પણ તે દિવસ-રાત એ અભ્યાસમાં જ રત રહે છે. આવું કરવાથી સાત દિવસમાં તે શબ્દ પ્રગટ થઈ જાય છે, જે મૃત્યુને જીતનાર છે. હે દેવી! તે શબ્દ નવ પ્રકારનો છે. એનું હું યથાર્થરૂપે વર્ણન કરું છું. પહેલાં તો ઘોષાત્મક નાદ પ્રગટ થાય છે, જે આત્મશુદ્ધિનું ઉત્કૃષ્ટ

સાધન છે. એ ઉત્તમ નાદ સર્વ રોગને હરી લેનારો છે તથા મનને વશીભૂત કરીને પોતાની તરફ ખેંચનારો છે. બીજો કાંસ્યનાદ છે, જે પ્રાણીઓની ગતિને સ્તંભિત કરી દે છે. તે વિષ, ભૂત અને ગ્રહ વગેરે સર્વને બાંધે છે એમાં સંશય નથી. ત્રીજો શૃંગનાદ છે, જેનો સંબંધ અભિચાર સાથે છે. એનો શત્રુના ઉચ્ચાટન અને મારણ નિયોગ અને પ્રયોગ કરવો. ચોથો ઘંટનાદ છે, જેનું સાક્ષાત્ પરમેશ્વર શિવ ઉચ્ચારણ કરે છે. તે નાદ સંપૂર્ણ દેવતાઓને આકૃષ્ટ કરી લે છે પછી ભૂતલ પર વસતા મનુષ્યોની તો વાત જ શી? યક્ષ અને ગંધર્વ કન્યાઓ એ નાદથી આકૃષ્ટ થઈ યોગીને એની ઇચ્છા અનુસાર મહાસિદ્ધિનું પ્રદાન કરે છે તથા એની અન્ય કામનાઓ પણ પૂર્ણ કરે છે. પાંચમો નાદ વીણાનાદ છે, જેને યોગી પુરુષો સદા સાંભળે છે. હે દેવી! એ વીણા-નાદથી દૂરદર્શનની શક્તિ પ્રાપ્ત થાય છે. વંશીનાદનું ધ્યાન ધરનારા યોગીને સંપૂર્ણ તત્ત્વની પ્રાપ્તિ થઈ જાય છે. દુન્દુભિ-નાદનું ચિંતન કરનારો સાધક જરા અને મૃત્યુના કષ્ટથી છૂટી જાય છે. હે દેવેશ્વરિ! શંખનાદનું અનુસંધાન થવાથી ઇચ્છા અનુસાર રૂપ ધારણ કરવાની શક્તિ પ્રાપ્ત થઈ શકે છે. મેઘનાદના ચિંતનથી યોગીને ક્યારેય વિપત્તિનો સામનો કરવો પડતો નથી. હે વરાનને! જે પ્રતિદિન એકાગ્રચિત્તથી બ્રહ્મરૂપી ૐકારનું ધ્યાન કરે છે એને માટે કશું પણ અસાધ્ય નથી હોતું. એને મનોવાંછિત સિદ્ધિ પ્રાપ્ત થઈ જાય છે તે સર્વજ્ઞ, સર્વદર્શી અને ઇચ્છા અનુસાર રૂપધારી થઈને સર્વત્ર વિચરણ કરે છે, ક્યારેય વિકારોને વશીભૂત થતો નથી. તે તો સાક્ષાત્ શિવ જ છે, એમાં સંશય નથી. હે પરમેશ્વરિ! આ રીતે મેં તમારી સમક્ષ શબ્દબ્રહ્મના નવમા સ્વરૂપનું પૂર્ણતયા વર્ણન કર્યું છે. હવે વધારે શું સાંભળવા ચાહો છો? (અધ્યાય ૨૬)

*

કાલ યા મૃત્યુને જીતીને અમરત્વ પ્રાપ્ત કરવાની ચાર યૌગિક સાધનાઓ—પ્રાણાયામ, ભ્રૂમધ્યમાં અગ્નિનું ધ્યાન, મુખથી વાયુપાન અને વળેલી જીભ દ્વારા ગળાની અંદરની પડજીભનો સ્પર્શ

પાર્વતીજી બોલ્યાં—હે પ્રભો! જો આપ પ્રસન્ન છો તો યોગી યોગ-આકાશજનિત વાયુપદને જે પ્રકારે પ્રાપ્ત થાય છે, એ બધું મને બતાવો.

ભગવાન શિવે કહ્યું—હે સુંદરી! પહેલાં એ યોગીઓની હિત-કામનાથી બધું જ બનાવ્યું છે, જે અનુસાર યોગીઓએ કાલ પર વિજય મેળવ્યો હતો. યોગી જે પ્રકારે વાયુનું સ્વરૂપ ધારણ કરે છે એ વિષયમાં પણ કહેવાયું છે. એટલા માટે યોગશક્તિ દ્વારા મૃત્યુ-દિવસને જાણીને પ્રાણાયામમાં તત્પર થઈ જવું જોઈએ. આવું કરવાથી અર્ધા માસમાં જ તે આવેલા કાલને જીતી લે છે. હૃદયમાં સ્થિત થયેલો પ્રાણવાયુ સદા અગ્નિને ઉદ્દીપ્ત કરનારો છે. એ અગ્નિનો સહાયક મનાયો છે. એ વાયુ બહાર અને અંદર સર્વત્ર વ્યાપ્ત અને મહાન છે. જ્ઞાન, વિજ્ઞાન અને ઉત્સાહ—એ સર્વની પ્રવૃત્તિ વાયુથી જ થતી હોય છે. જેણે અહીં વાયુને જીતી લીધો, એણે

સંપૂર્ણ જગત પર વિજય મેળવી લીધો.

સાધક માટે જરૂરી છે કે તે જરા અને મૃત્યુને જીતવાની ઇચ્છા સદા ધારણામાં સ્થિત રહે, કેમકે યોગપરાયણ યોગીએ સારીપેઠે ધારણા અને ધ્યાનમાં તત્પર રહેવું જોઈએ. જેવી રીતે લુહાર મુખથી ફૂંકણી કે ધમણને ફૂંકી-ફૂંકીને એ વાયુ દ્વારા પોતાનાં બધાં કાર્યોને સિદ્ધ કરે છે, એવી જ રીતે યોગીએ પ્રાણાયામનો અભ્યાસ કરવો જોઈએ. પ્રાણાયામ વખતે જેનું ધ્યાન કરવામાં આવે છે, તે આરાધ્ય દેવ પરમેશ્વર હજારો મસ્તક, નેત્ર, પગ અને હાથથી મુક્ત હોય છે, તથા સમસ્ત ગ્રંથિઓને આવૃત્ત કરીને પણ દશ આંગળ આગળ ઉપર સ્થિત છે. આદિમાં વ્યાહૃતિ અને અંતમાં શિરોમંત્રસહિત ગાયત્રીનો ત્રણ વાર જપ કરે અને પ્રાણવાયુને રોકી રાખે. પ્રાણોના આ આયામનું નામ પ્રાણાયામ છે. ચંદ્રમા અને સૂર્ય વગેરે ગ્રહ જઈ-જઈને પાછા આવે છે, પરંતુ પ્રાણાયામ પૂર્વક ધ્યાનપરાયણ યોગી ગયા પછી આજ સુધી પાછો આવ્યો નથી (અર્થાત્ મુક્ત થઈ ગયો છે.) હે દેવી! જે દ્વિજ સો વર્ષો સુધી તપસ્યા કરીને કુશના અગ્રભાગથી એક બિંદુ જળ પીએ છે તે જે ફળને પામે છે, એ જ બ્રાહ્મણોને એક માત્ર ધારણા અથવા પ્રાણાયામ દ્વારા મળી જાય છે. જે દ્વિજ સવારે ઊઠીને એક પ્રાણાયામ કરે છે, તે પોતાનાં સંપૂર્ણ પાપને શીઘ્ર જ નષ્ટ કરી દે છે અને બ્રહ્મલોક તરફ જતો રહે છે. જે આળસરહિત થઈને સદા એકાંતમાં પ્રાણાયામ કરે છે તે જરા અને મૃત્યુને જીતીને વાયુ સમાન ગતિશીલ થઈને આકાશમાં વિચરણ કરે છે. તે સિદ્ધોનાં સ્વરૂપ, કાન્તિ, મેધા, પરાક્રમ અને શૌર્યને પ્રાપ્ત કરી લે છે. એની ગતિ વાયુ જેવી થઈ જાય છે તથા એને સ્પૃહણીય સૌમ્ય અને પરમ સુખની પ્રાપ્તિ થાય છે.

હે દેવેશ્વરિ! યોગી જે પ્રકારે વાયુથી સિદ્ધિ પ્રાપ્ત કરે છે, એ સર્વ વિધાન મેં બતાવી દીધું. હવે તેજથી જે રીતે તે સિદ્ધિ લાભ કરે છે એ પણ બતાવી રહ્યો છું. જ્યાં બીજા લોકોની વાતચીતનો કોલાહલ ન પહોંચતો હોય, એવા શાંત-એકાંત સ્થાનમાં પોતાના સુખદ આસન પર બેસીને ચંદ્રમા અને સૂર્ય (ડાબું અને જમણું નેત્ર)ની કાન્તિથી પ્રકાશિત મધ્યવર્તી દેશ ભ્રૂમધ્યભાગમાં જે અગ્નિનું તેજ અવ્યક્તરૂપે પ્રકાશિત થઈ રહ્યું છે, એને આળસરહિત યોગી દીપકરહિત અંધકારપૂર્ણ સ્થાનમાં ચિંતન કરવાથી નક્કી જ જોઈ શકે છે–એમાં સંશય નથી. યોગી હાથની આંગળીઓથી યત્નપૂર્વક બંને નેત્રોને થોડાં થોડાં દબાવી રાખે અને એના તારા જોતાં જોતાં એકાગ્રચિત્તથી અર્ધા મુહૂર્ત સુધી એનું જ ચિંતન કરે. તદનંતર, અંધકારમાં પણ ધ્યાન કરવાથી તે એ ઈશ્વરીય જ્યોતિને જોઈ શકે છે. તે જ્યોતિ સફેદ, લાલ, પીળી, કાળી અને ઇન્દ્રધનુષ જેવી હોય છે. ભ્રમરોની વચ્ચે લલાટવર્તી બાલસૂર્ય સમાન તેજવાળા એ અગ્નિદેવનો સાક્ષાત્કાર કરીને યોગી ઇચ્છા અનુસાર રૂપ ધારણ કરીને ક્રીડા કરે છે. તે યોગી કારણ-તત્ત્વને શાંત કરીને એમાં પ્રવિષ્ટ થવું, પરકાયામાં પ્રવેશ કરવો, અણિમા વગેરે ગુણોને મેળવી લેવા, મનથી જ બધું જોઈ લેવું, બીજાની વાતો સાંભળવી, અને જાણવી તથા અદૃશ્ય થઈ જવું, બહુરૂપ ધારણ કરવા તથા આકાશમાં વિચરવું વગેરે સિદ્ધિઓનો નિરંતર અભ્યાસના પ્રભાવથી બધું પ્રાપ્ત કરી લે છે. જે અંધકારથી પર અને સૂર્ય સમાન તેજસ્વી છે, એ જ આ મહાન જ્યોતિર્મય પુરુષ (પરમાત્મા)ને હું જાણું છું. એને જાણીને જ મનુષ્ય કાલ અથવા મૃત્યુને

ઉલ્લંઘી જાય છે. મોક્ષને માટે આના સિવાય બીજો કોઈ માર્ગ નથી.* હે દેવી! આ રીતે મેં તમને તેજતત્ત્વના ચિંતનની ઉત્તમ વિધિનું વર્ણન કરી બતાવ્યું છે, જેથી યોગી કાલ પર વિજય મેળવીને અમરત્વને પ્રાપ્ત કરી લે છે.

હે દેવી! હવે પુનઃ બીજો શ્રેષ્ઠ ઉપાય બતાવું છું, જેથી મનુષ્યનું મૃત્યુ થતું નથી.

હે દેવી! ધ્યાન કરનારા યોગીઓની ચોથી ગતિ (સાધના) બતાવાઈ છે. યોગી પોતાના ચિત્તને વશમાં કરીને યથાયોગ્ય સુખદ આસન પર બેસે. તે શરીરને ઊંચું કરીને અંજલિબદ્ધ થઈને ચાંચની જેવી આકૃતિવાળા મુખ દ્વારા ધીરે ધીરે વાયુનું પાન કરે. આવું કરવાથી ક્ષણભરમાં તાળુ (તાળવું)ની અંદર સ્થિતિ જીવનદાયી જળનાં બિંદુઓ ટપકવા લાગે છે. એ બિંદુઓને વાયુ દ્વારા લઈને સૂંઘવાને શીતળ જળ અમૃતસ્વરૂપ છે. જે યોગી એને પ્રતિદિન પીએ છે, તે ક્યારેય મૃત્યુને આધીન થતો નથી. એને ભૂખ-તરસ પણ લાગતાં નથી. એનું શરીર દિવ્ય અને તેજ મહાન થઈ જાય છે. તે બળમાં હાથી અને વેગમાં ઘોડા સમાન થઈ જાય છે. એની દૃષ્ટિ ગરુડ જેવી તીવ્ર-તીક્ષ્ણ થઈ જાય છે અને દૂરની વાતો સંભળાવા લાગે છે. એના વાળ કાળા અને વાંકડિયા થઈ જાય છે. અંગકાન્તિ ગંધર્વ અને વિદ્યાધરો સમાન થઈ જાય છે. તે મનુષ્ય દેવતાઓનાં સો વર્ષો સુધી જીવે છે તથા પોતાની ઉત્તમ બુદ્ધિ દ્વારા બૃહસ્પતિ તુલ્ય થઈ જાય છે. એનામાં ઇચ્છા-અનુસાર વિચરણ કરવાની શક્તિ આવી જાય છે તે સદાયે સુખી રહીને આકાશમાં પણ વિચરણ કરવાની શક્તિ પ્રાપ્ત કરી લે છે.

હે વરાનને! હવે મૃત્યુ પર વિજય મેળવવાની બીજી વિધિ બતાવી રહ્યો છું, જેને દેવતાઓએ પણ પ્રયત્નપૂર્વક ગોપનીય રાખી છે. એ તમે સાંભળો. યોગીપુરુષ પોતાની જિહ્વાને વાળીને તાલુમાં લગાડવાનો પ્રયત્ન કરે. થોડા સમય સુધી આવું કરતાં તે ક્રમશઃ લાંબી થઈને ગળાની પડજીભ સુધી પહોંચી જાય છે. તદનંતર જ્યારે જીભ પડજીભ સાથે જોડાઈ જાય છે ત્યારે શીતલ સુધાનો સ્રાવ કરે છે. એ સુધાને જે યોગી સદા પીએ છે, તે અમરત્વને પ્રાપ્ત થઈ જાય છે.

(અધ્યાય ૨૭)

*

ભગવતી ઉમાના કાલિકા અવતારની કથા—સમાધિ ને સુરથ સમક્ષ મેધાનો દેવીની કૃપાથી મધુકૈટભના વધનો પ્રસંગ સંભળાવવો

એ પછી છાયા પુરુષ, સર્ગ, કશ્યપવંશ, મન્વંતર, મનુવંશ, સત્યવ્રતાદિવંશ, પિતૃકલ્પ તથા વ્યાસ-ઉત્પત્તિ વગેરેનું વર્ણન સાંભળ્યા પછી મુનિઓએ સૂતજીને કહ્યું—હે બ્રહ્મવેત્તાઓમાં શ્રેષ્ઠ સૂતજી! અમે આપને મુખે ભગવાન શિવની અનેક ઇતિહાસથી યુક્ત રમણીય કથા સાંભળી, જે એમના વિવિધ અવતારો સાથે સંબંધિત છે તથા મનુષ્યોને ભોગ અને મોક્ષ

* વેદાહમેતં પુરુષં મહાન્તમાદિત્યવર્ણં તમસઃ પરસ્તાત્ । તમેવ વિદિત્વાતિમૃત્યુમેતિ નાન્યઃ પન્થા વિદ્યતે અયનાય ॥
(શ્વે.પુ.ઉ.સં. ૩૭/૨૫)

દાન કરનારી છે. હવે અમે આપની પાસેથી
ગજનની ભગવતી ઉમાનાં મનોહર ચરિત્ર
ાંભળવા ઇચ્છીએ છીએ. પરબ્રહ્મ પરમાત્મા
હેશ્વરની જે આદ્યા સનાતની શક્તિ છે, તે
મા નામથી વિખ્યાત છે. એ જ ત્રિલોકીને
ત્પન્ન કરનારી પરાશક્તિ છે. હે મહામતે!
ક્ષકન્યા સતી અને હિમવાનની પુત્રી પાર્વતી–
ે ઉમાના બે અવતાર અમે સાંભળ્યા. હે
ૂતજી! હવે એમના બીજા અવતારોનું વર્ણન
રો. લક્ષ્મી-જનની જગદંબા ઉમાના ગુણોને
ાંભળવામાં કયો બુદ્ધિમાન પુરુષ વિરક્ત થઈ
કે છે. જ્ઞાની પુરુષ પણ ક્યારેય એમની કથા-
વણના અવસર છોડતા નથી.

સૂતજીએ કહ્યું—હે મહાત્માઓ! તમે લોકો
ન્ય છો. સર્વદા કૃતકૃત્ય છો; કેમકે પરા અંબા
માના મહાન ચરિત્ર વિશે પૂછી રહ્યા છો. જે
ા કથાને સાંભળે છે, પૂછે છે અને વાંચે છે,
મનાં ચરણકમળની ધૂળને જ ઋષિઓ તીર્થ
ાને છે. જેમનું ચિત્ત પરમ સંવિત્-સ્વરૂપા
ીઉમાદેવીના ચિંતનમાં લીન છે તે પુરુષો ધન્ય
, કૃતકૃત્ય છે, એમની માતા અને કુળ પણ
ન્ય છે. જે સમસ્ત કારણોની પણ કારણરૂપ,
વેશ્વરી ઉમાની સ્તુતિ નથી કરતા તે માયાના
ુણોથી મોહિત થાય છે અને ભાગ્યહીન છે.
માં સંશય નથી. જે કરુણારસની સિન્ધુસ્વરૂપા
હાદેવીનું ભજન નથી કરતા. તે સંસારરૂપી ઘોર
ંધકૂપમાં પડે છે. જે દેવી ઉમાને છોડીને બીજા
વી-દેવતાઓ શરણ લે છે, તે જાણે કે ગંગાજીને
ોડીને તરસ મટાડવા મરુસ્થળના જળાશય
શકે છે.

પૂર્વકાળમાં મહામના સુરથે મહર્ષિ મેધાને આ જ વાત પૂછી હતી. એ સમયે મેધાએ જે ઉત્તર આપ્યો હતો, હું એ જ બતાવી રહ્યો છું. તમે લોકો સાંભળો. પહેલાં સ્વારોચિષ મન્વંતરમાં વિરથ નામે પ્રસિદ્ધ એક રાજા થઈ ગયા. એમના પુત્ર સુરથ થયા, જે મહાન બળ અને પરાક્રમથી સંપન્ન હતા. તો દાનનિપુણ, સત્યવાદી, સ્વધર્મકુશળ, વિદ્વાન, દેવીભક્ત, દયાસાગર અને પ્રજાજનોનું સારીપેઠે પાલન કરનારા હતા. ઇન્દ્રસમાન તેજસ્વી રાજા સુરથના પૃથ્વી પર શાસન કરતી વખતે નવ એવા રાજા થયા, જે એમના હાથમાંથી ભૂમંડળનું રાજ્ય પડાવી લેવાના પ્રયત્નમાં લાગ્યા રહેતા હતા. એમણે ભૂપાલ સુરથની રાજધાની કોલાપુરીને ચારે બાજુથી ઘેરી લીધી. એમનું રાજા સાથે બહુ ભયાનક યુદ્ધ થયું. એમના શત્રુગણ બહુ પ્રબળ હતા. તેથી યુદ્ધમાં સુરથનો પરાજય થયો. શત્રુઓએ આખું રાજ્ય પોતાના અધિકારમાં કરી લીધું અને સુરથને કોલાપુરીમાંથી કાઢી મૂકવામાં આવ્યો. રાજા પોતાની બીજી પુરીમાં આવ્યા અને ત્યાં મંત્રીઓ સાથે રહીને રાજ્ય કરવા લાગ્યા. પરંતુ પ્રબળ વિપક્ષીઓએ ત્યાં પણ આક્રમણ કરીને એમને પરાજિત કરી દીધા. દૈવયોગે રાજાના મંત્રી વગરે બધા પણ એમના શત્રુ બની બેઠા અને ખજાનામાં જે ધન સંચિત હતું, એ બધું એ વિરોધી મંત્રીઓએ પોતાના હાથમાં લઈ લીધું.

ત્યારે રાજા સુરથ શિકારને બહાને એકલા

મુનિનો આશ્રમ દીઠો, જેની ચારે બાજુએ ફૂલો અને બગીચાઓથી શોભી રહ્યો હતો. ત્યાં

વેદમંત્રોનો ધ્વનિ ગુંજી રહ્યો હતો. બધાં જીવજંતુ શાંત ભાવથી રહેતાં હતાં. મુનિના શિષ્યો, પ્રશિષ્યો તથા એમના પણ શિષ્યોએ બધી બાજુથી આશ્રમને ઘેરી લીધો હતો. હે મહામતે! વિપ્રવર મેધાના પ્રભાવથી એ આશ્રમમાં મહાબલી વાઘ વગેરે અલ્પ શક્તિવાળા ગાય આદિ પશુઓને પીડા પહોંચાડતાં ન હતાં. ત્યાં રાજા ગયા તે પછી મુનીશ્વર મેધાએ મીઠાં વચન, ભોજન અને આસન દ્વારા પરમ દયાળુ વિદ્વાન નરેશનો આદરસત્કાર કર્યો.

એક દિવસ રાજા સુરથ બહુ જ ચિંતિત તથા મોહને વશીભૂત થઈને અનેક પ્રકારના વિચાર કરી રહ્યા હતા. એટલામાં જ ત્યાં એક વૈશ્ય આવી પહોંચ્યો. રાજાએ એને પૂછ્યું—'હે ભાઈ! તમે કોણ છો અને અહીં શા માટે આવ્યા છો? શું કારણ છે કે તમે દુઃખી જણાવ છો? એ મને કહો.' રાજાના મુખે મધુર વચન સાંભળીને વૈશ્યપ્રવર સમાધિએ બંને આંખોમાંથી અશ્રુ વહેવડાવતાં પ્રેમ અને નમ્રતાપૂર્ણ વાણીમાં આ પ્રકારે ઉત્તર આપ્યો.

વૈશ્ય બોલ્યો—હે રાજન્! હું વૈશ્ય છું. મારું નામ સમાધિ છે. હું ધનવાન કુળમાં ઉત્પન્ન થયેલો છું. પરંતુ મારા પુત્રો અને સ્ત્રી વગેરેએ ધનના લોભથી મને ઘરથી બહાર તગેડી મૂક્યો છે. તેથી પોતાનાં પ્રારબ્ધ કર્મથી દુઃખી થઈને હું વનમાં ચાલ્યો આવ્યો છું. હે કરુણાસાગર પ્રભો! અહીં આવીને મેં પુત્ર, પૌત્ર, પત્ની, ભાઈ-ભત્રીજા અને અન્ય સુહૃદોના કુશળ સમાચાર પણ જાણ્યા નથી.

રાજા બોલ્યા—જે દુરાચારી અને ધનના લોભી પુત્ર વગેરેએ તમને કાઢી મૂક્યા એમના પ્રત્યે મૂર્ખ જીવની જેમ તમે પ્રેમ શા માટે કરો છો?

વૈશ્યે કહ્યું—હે રાજન્! આપે ઉત્તમ વાત કહી છે. આપની વાણી સારગર્ભિત છે તેમ છતાં સ્નેહપાશથી બંધાયેલું મારું મન અત્યંત મોહને પ્રાપ્ત થઈ રહ્યું છે.

આ રીતે મોહથી વ્યાકુળ થયેલ વૈશ્ય અને રાજા બંને મુનિવર મેધા પાસે ગયા. વૈશ્યસહિત રાજાએ હાથ જોડીને મુનિને પ્રણામ કર્યા અને આ પ્રકારે બોલ્યા—'હે ભગવન્! આપ અમને બંનેના મોહપાશને કાપી નાખો. મને રાજ્યલક્ષ્મીએ છોડી દીધો છે અને મેં ગહન વનમાં શરણ લીધું છે, તેમ છતાં રાજ્ય ઝૂંટવાઈ જવાને કારણે મને સંતોષ નથી અને આ વૈશ્ય છે, જેને સ્ત્રી વગેરે સ્વજનોને હાંકી કાઢ્યો છે; તેમ છતાં એ લોકો પ્રત્યે એની મમતા દૂર નથી થઈ રહી. એનું શું કારણ છે? બતાવો. સમજદાર

હોવા છતાં પણ અમારાં બંનેનાં મન મોહથી વ્યાકુળ થઈ ગયાં છે, આ તો ભારે મૂર્ખતા જ છે.

ઋષિ બોલ્યા—હે રાજન્! સનાતન શક્તિસ્વરૂપા જગદંબા મહામાય કહેવાઈ છે. એજ બધાંનાં મનને ખેંચીને મોહમાં નાખે છે. હે પ્રભો! એમની માયાથી મોહિત થવાને કારણે બ્રહ્મા વગેરે સમસ્ત દેવતા પણ પરમ તત્ત્વને જાણી શકતા નથી, પછી મનુષ્યોની તો વાત જ શી? એ પરમેશ્વરી જ રજ, સત્ત્વ અને તમ એ ત્રણ ગુણોનો આશ્રય લઈ સમય અનુસાર સંપૂર્ણ વિશ્વની સૃષ્ટિ, પાલન અને સંહાર કરે છે. હે નૃપશ્રેષ્ઠ! જેના પર તે ઈચ્છા અનુસાર રૂપ ધારણ કરનારાં વરદાયિની જગદંબા પ્રસન્ન થાય છે, તે જ મોહના ઘેરામાંથી છૂટી જાય છે. મોહ અંધકારને ઉલ્લંઘી જાય છે.

રાજાએ પૂછ્યું—હે મુને! જે સર્વને મોહિત કરે છે તે દેવી મહામાયા કોણ છે? અને કયે પ્રકારે એમનો આવિર્ભાવ થયો? તે કૃપા કરીને મને કહો.

ઋષિ બોલ્યા—જ્યારે આખું જગત એક અર્ણવના જલમાં નિમગ્ન હતું અને યોગેશ્વર ભગવાન કેશવ શેષની શૈયા પર યોગનિદ્રાનો આશ્રય લઈ શયન કરી રહ્યા હતા, એ દિવસોમાં ભગવાનના બંને કાનમાંથી જે મેલ નીકળે છે તેમાંથી બે અસુર ઉત્પન્ન થયા, જે ભૂતલ પર મધુ અને કૈટભ નામે વિખ્યાત છે એ બંને વિશાળકાય ઘોર અસુર પ્રલયકાળના સૂર્યની જેમ

તેજસ્વી હતા. એમનાં જડબાં બહુ મોટાં હતાં. એમનાં મુખ દાઢોને કારણે એવાં વિકરાળ દેખાતાં હતાં, જાણે આખા જગતને ખાઈ જવા તૈયાર ન હોય! એને બંનેએ ભગવાન વિષ્ણુની નાભિથી પ્રગટ થયેલા કમળ ઉપર બ્રહ્માને જોઈને પૂછ્યું–'અરે તું કોણ છે?' આવું કહીને

એમને મારી નાખવાને માટે તૈયાર થઈ ગયા. બ્રહ્માજીએ જોયું–એ બંને દૈત્ય આક્રમણ કરવા ચાહે છે અને ભગવાન જનાર્દન સમુદ્રના જળમાં પોઢી ગયા છે, ત્યારે એમણે પરમેશ્વરીનું સ્તવન કર્યું અને એમની પ્રાર્થના કરી–'હે અંબિકે! તમે બંને દુર્જય અસુરોને મોહિત કરો અને અજન્મા ભગવાન નારાયણને જગાડી દો.'

ઋષિ કહે છે—આ રીતે મધુ અને કૈટભના નાશ માટે બ્રહ્માજીની પ્રાર્થના પર સંપૂર્ણ વિદ્યાઓની અધિદેવી જગજજનની મહાવિદ્યા ફાગણ સુદ બારસને દિવસે ત્રૈલોક્ય-મોહિની શક્તિરૂપે પ્રગટ થઈને મહાકાલીના નામે વિખ્યાત થયાં. તદનંતર આકાશવાણી થઈ–'હે કમલાસન! ડરો નહિ. આજે યુદ્ધમાં મધુ-કૈટભને મારીને હું તમારા કંટકનો નાશ કરીશ' આમ કહીને તે મહામાયા શ્રીહરિનાં નેત્ર અને મુખ વગેરેમાંથી નીકળીને અવ્યક્તજન્મા બ્રહ્માના દૃષ્ટિપથમાં આવી ઊભાં થઈ ગયાં. પછી તો દેવાધિદેવ હૃષીકેશ જનાર્દન જાગી ગયા. એમણે પોતાની સામે બંને દૈત્ય મધુ અને કૈટભને જોયા. એ દૈત્યોની સાથે અતુલ તેજસ્વી વિષ્ણુનાં પાંચ હજાર વર્ષ સુધી બાહુયુદ્ધ થયું. ત્યારે મહામાયાના પ્રભાવથી મોહિત થયેલા એ શ્રેષ્ઠ દાનવોએ લક્ષ્મીપતિને કહ્યું–' મનોવાંછિત વરદાન

નારાયણ બોલ્યા

થયા હો તો મારે હ
મારું વરદાન છે. એ
બીજું વરદાન ચાહતો

ઋષિ કહે છે–

આખી પૃથ્વી એક-અ
ત્યારે તે કેશવને કહે
એવી જગાએ મારો,
ધરતી ન હોય.' 'બ
વિષ્ણુએ પોતાના પર
અને પોતાની જાંઘ પ
કાપી નાખ્યાં. હે
ઉત્પત્તિનો પ્રસંગ કહ
મહાલક્ષ્મીના પ્રાદુર્ભા
ઉમા નિર્વિકાર અને
દેવતાઓનું દુઃખ દૂ
સાકારરૂપ ધારણ કરી
શરીરગ્રહણ એમની ઈ
તે લીલાથી એટલા
ભક્તજન એમના ગુ

*

સંપૂર્ણ દેવતાઓના તેજથી દેવીનો મહાલક્ષ્મી
અને એમના દ્વારા મહિષાસુરનો વ

શરણમાં ગયા. બ્રહ્માજી પણ એ બધાંને સાથે લઈ એ સ્થાને ગયા, જ્યાં ભગવાન શિવ અને વિષ્ણુ બિરાજમાન હતા. ત્યાં પહોંચીને બધા દેવતાઓએ શિવને કેશવને નમસ્કાર કર્યા તથા પોતાનું વૃત્તાંત યથાર્થરૂપે વિગતવાર કહી સંભળાવ્યું. તે બોલ્યા–'હે ભગવન્! દુરાત્મા મહિષાસુરે અમને બધાને સમરાંગણમાં જીતીને સ્વર્ગલોકમાંથી હાંકી કાઢ્યા છે. એટલા માટે અમે મૃત્યુલોકમાં ભટકી રહ્યા છીએ અને ક્યાંય પણ અમને શાંતિ મળતી નથી, એ અસુરે ઇન્દ્ર વગેરે દેવતાઓની કઈ કઈ દુર્દશા નથી કરી. સૂર્ય, ચંદ્રમા, વરુણ, કુબેર, યમ, ઇન્દ્ર, અગ્નિ, વાયુ, ગંધર્વ, વિદ્યાધર અને ચારણ–એ બધાંનાં તથા અન્ય લોકોનાં પણ જે કર્તવ્યકર્મ છે, એ બધાં તે પાપાત્મા અસુર જાતે કરે છે. એણે દૈત્યપક્ષને અભયદાન આપી દીધું છે. એટલા માટે અમે બધા દેવતા તમારે શરણે આવ્યા છીએ. આપ બંને અમારી રક્ષા કરો અને એ અસુરના વધનો ઉપાય તરત જ વિચારો, કેમકે આપ બંને એમ કરવામાં સમર્થ છો.'

દેવતાઓની આ વાત સાંભળીને ભગવાન શિવે અને વિષ્ણુએ અત્યંત ક્રોધ કર્યો. રોષને લીધે એમનાં નેત્રો મકળાવકળા થવા લાગ્યાં. ત્યારે અત્યંત ક્રોધથી ભરેલા શિવ અને વિષ્ણુના મુખે અને અન્ય દેવતાઓનાં શરીરથી તેજ પ્રગટ થયું. તેજનો એ મહાન પુંજ અત્યંત પ્રજ્વલિત થઈને દશે દિશાઓમાં પ્રકાશિત થઈ ઊઠ્યો. દુર્ગાજીના ધ્યાનમાં લાગેલા બધા દેવતાઓએ એ તેજને પ્રત્યક્ષ જોયું. સંપૂર્ણ દેવતાઓનાં શરીરોમાંથી નીકળેલા એ અત્યંત ભીષણ તેજ એકત્ર થઈને એક નારીના રૂપે પરિણત થઈ ગયું. તે નારી સાક્ષાત્ મહિષમર્દિની દેવી હતાં. એમનું પ્રકાશમાન મુખ ભગવાન શિવના તેજથી પ્રગટ થયું હતું. ભુજાઓ વિષ્ણુના તેજથી ઉત્પન્ન થઈ હતી. કેશ યમરાજાના તેજથી આવિર્ભૂત થયા હતા. એમનાં બંને સ્તન ચંદ્રમાના તેજથી પ્રગટ થયાં હતાં. કટિભાગ ઇન્દ્રના તેજથી અને જંઘા અને સાથળ વરુણના તેજથી ઉત્પન્ન થયાં હતાં. પૃથ્વીના તેજથી નિતંબ અને બ્રહ્માજીના તેજથી બંને ચરણોનો આવિર્ભાવ થયો હતો. પગની આંગળીઓ સૂર્યના તેજથી અને હાથની આંગળીઓ વસુઓના તેજથી ઉત્પન્ન થઈ હતી. નાસિકા કુબેરના, દાંત પ્રજાપતિના, ત્રણે નેત્રો અગ્નિના, બંને ભ્રમરો સાધ્યગણોના, બંને કાન વાયુના તથા અન્ય દેવતાઓના તેજથી પ્રગટ થયા હતા. આ રીતે દેવતાઓના તેજથી પ્રગટ થયેલા કમલાલયા લક્ષ્મી જ તે પરમેશ્વરી હતાં. સંપૂર્ણ દેવતાઓની તેજોરાશિથી પ્રગટ થયેલાં એ દેવીને જોઈને બધા દેવતાઓને બહુ હર્ષ પ્રાપ્ત થયો. પરંતુ એમની પાસે કોઈ અસ્ત્ર હતાં નહિ. આ જોઈને બ્રહ્મા વગેરે દેવેશ્વરોએ શિવા દેવીને અસ્ત્ર-શસ્ત્રથી સંપન્ન કરવાનો વિચાર કર્યો ત્યારે મહેશ્વરે મહેશ્વરીને શૂલ સમર્પિત કર્યું. ભગવાન વિષ્ણુએ ચક્ર, વરુણે પાશ, અગ્નિદેવે શક્તિ, વાયુ દેવતાએ ધનુષ તથા બાણોથી ભરેલાં બે ભાથાં અને શચીપતિ ઇન્દ્રએ વજ્ર અને ઘંટાનું પ્રદાન કર્યું. યમરાજાએ કાલદંડ, પ્રજાપતિએ અક્ષમાલા, બ્રહ્માએ કમંડલ અને સૂર્યદેવે સમસ્ત રોમકૂપમાં પોતાનાં કિરણો અર્પિત કર્યાં. કાલએ એમને ચમકતી ઢાલ અને તલવાર આપી, ક્ષીરસાગરે સુંદર હાર તથા ક્યારેય જૂનાં ન થાય એવાં બે દિવ્ય વસ્ત્ર ભેટ આપ્યાં. સાથે જ એમણે એમને દિવ્ય ચૂડામણિ, બે કુંડળ, ઘણાં બધાં

કડાં, અર્ધચંદ્ર, કેયૂર, મનોહર નૂપુર, ગળાની માળા (હંસુલી-હાંસડી) અને બધી જ આંગળીએ પહેરવા માટે રત્નોની બનેલી વીંટીઓ પણ આપી. વિશ્વકર્માએ એમને મનોહર ફરસો ભેટમાં આપ્યો. સાથે જ અનેક પ્રકારનાં અસ્ત્ર અને અભેદ્ય કવચ આપ્યાં. સમુદ્રએ સદા સુરમ્ય અને સરસ રહેનારી માળા આપી અને એક કમળનું ફૂલ આપ્યું. હિમવાને સવારી કરવા માટે સિંહ તથા આભૂષણ માટે વિવિધ રત્નો આપ્યાં. કુબેરે એમને મધ ભરેલું પાત્ર આપ્યું તથા સર્પોના નેતા શેષનાગે વિચિત્ર રચના કૌશલથી સુશોભિત એક નાગહાર આપ્યો, જેમાં વિવિધ પ્રકારના મણિ પરોવેલા હતા. આ સૌ લોકોએ તથા બીજા દેવતાઓએ પણ આભૂષણ અને અસ્ત્ર-શસ્ત્ર આપીને દેવીનું સન્માન કર્યું. ત્યાર પછી એમણે વારંવાર અટ્ટહાસ કરીને ઉચ્ચ સ્વરે ગર્જના કરી. એથી પણ વધારે જોરથી એનો પડઘો પડ્યો, જેથી ત્રણે લોકમાં હલચલ મચી ગઈ. ચારેય સમુદ્રોએ પોતાની મર્યાદા છોડી દીધી. પૃથ્વી ડોલવા લાગી. એ સમયે મહિષાસુરથી પીડિત થયેલા દેવતાઓએ દેવીનો જયજયકાર કર્યો.

ત્યાર પછી બધા દેવતાઓએ એ મહાલક્ષ્મી સ્વરૂપા પરાશક્તિ જગદંબાનું ભક્તિ ગદ્‌ગદ વાણીથી સ્તવન કર્યું. સંપૂર્ણ ત્રિલોકીને ક્ષોભગ્રસ્ત જોઈને દેવવૈરી દૈત્ય પોતાની સમસ્ત સેનાને કવચ વગેરેથી સુસજ્જ કરીને હાથમાં હથિયાર લઈને સહસા બેઠો થઈને ઊભો રહી ગયો. રોષથી ભરેલો મહિષાસુર પણ એ શબ્દ તરફ લક્ષ્ય કરીને દોડ્યો અને આગળ પહોંચીને એણે દેવીને જોયાં, જે પોતાના પ્રભાવથી ત્રણે લોકોને દ્વારા પાલિત કરોડો શસ્ત્રધારી મહાવીર ત્યાં આવી પહોંચ્યા. ચિક્ષુર, ચામર, ઉદગ્ર, કરાલ, ઉદ્ધત બાષ્કલ, તામ્ર, ઉગ્રાસ્ય, ઉગ્રવીર્ય, બિડાલ, અંધક, દુર્ધર, દુર્મુખ, ત્રિનેત્ર અને મહાહનુ-એ તથા અન્ય ઘણા બધા યુદ્ધકુશળ શૂરવીર સમરાંગણમાં દેવીની સાથે યુદ્ધ કરવા લાગ્યા. તે બધા અસ્ત્ર-શસ્ત્રની વિદ્યામાં પારંગત હતા. આ રીતે દેવી અને દૈત્યગણ બંને પરસ્પર ઝૂઝવા લાગ્યા. એમનો એ ભીષણ સમય મારકાપમાં જ વીતી જવા લાગ્યો. આ રીતે ભયાનક યુદ્ધ થયા પછી મહિષાસુર દેવી સાથે માયાયુદ્ધ કરવા લાગ્યો.

ત્યારે દેવીએ કહ્યું–રે મૂઢ! તારી બુદ્ધિ મારી ગઈ છે. તું વ્યર્થ શા માટે હઠ કરે છે? ત્રણે લોકમાં કોઈ પણ અસુર યુદ્ધમાં મારી સામે ટકી શકે નહિ.

આમ કહીને સર્વકલામયી દેવી કૂદીને મહિષાસુર પર ચઢી ગયાં અને પોતાના પગથી એને દબાવીને ભયંકર શૂલથી એના કંઠમાં આઘાત કર્યો, એને પગથી દબાવી દીધો હોવા છતાં પણ મહિષાસુર પોતાના મુખથી બીજા રૂપે બહાર આવવા લાગ્યો. એનું હજુ તો અર્ધું શરીર બહાર આવ્યું હતું કે દેવીએ પોતાના પ્રભાવથી તે રોકી દીધું. અર્ધું બહાર આવેલું શરીર હોવા છતાં પણ તે મહાઅધમ દૈત્ય દેવીની સાથે યુદ્ધ કરવા લાગ્યો. ત્યારે દેવીએ બહુ મોટી તલવારથી એનું મસ્તક કાપીને એ અસુરને પરાશાયી કરી દીધો. પછી તો એના સૈનિકગણ 'હાય! હાય!' કરતા નીચું મુખ કરીને ભયભીત થઈને રણભૂમિમાંથી ભાગવા લાગ્યા અને ત્રાહિ ત્રાહિ

વા લાગ્યા અને અપ્સરાઓ નૃત્ય કરવા
ી. હે રાજન્! આ રીતે મેં તમને દેવીના
ાલક્ષ્મી અવતારની કથા કહી છે. હવે તમે

સુસ્થિર ચિત્તથી સરસ્વતીના પ્રાદુર્ભાવનો પ્રસંગ સાંભળો.

(અધ્યાય ૪૬)

*

દેવી ઉમાના શરીરથી સરસ્વતીનો આવિર્ભાવ, એમના રૂપની પ્રશંસા સાંભળીને શુંભે એમની પાસે દૂત મોકલ્યો, દૂતનું નિરાશ થઈને પાછા આવવું, તે પછી શુંભ દ્વારા ક્રમશઃ ધૂમ્રલોચન, ચંડ, મુંડ તથા રક્તબીજને મોકલવા અને દેવી દ્વારા એ સૌનો વધ

ઋષિ કહે છે—પૂર્વકાળમાં શુંભ અને શંભુ નામે બે પ્રતાપી દૈત્ય હતા, જે બંને ઈ હતા. એ બંનેએ ચરાચર પ્રાણીઓ સહિત સ્ત ત્રિલોકીના રાજ્ય પર બળપૂર્વક આક્રમણ ું. એનાથી પીડિત થઈને દેવતાઓએ હિમાલય તનું શરણું લીધું અને સંપૂર્ણ મનોવાંછિતને પનારાં સર્વભૂતજનની દેવી ઉમાનું સ્તવન ું.

દેવતા બોલ્યા—હે મહેશ્વરિ દુર્ગે! આપનો ય હો. હે પોતાનાં ભક્તજનોનું પ્રિય કરનારાં ી! આપનો જય હો. આપ ત્રણે લોકોની રક્ષા નારાં શિવા છો, આપને વારંવાર નમસ્કાર . આપ જ મોક્ષ પ્રદાન કરનારાં પરા અંબા . આપને વારંવાર નમસ્કાર હો. આપ સમસ્ત સારની ઉત્પત્તિ, સ્થિતિ અને સંહાર કરનારાં . આપને નમસ્કાર હો. હે કાલિકા અને ભુવનેશ્વરિ! આપને નમસ્કાર હો. હે ભૈરવરૂપિણિ! આપને નમસ્કાર છે. આપ જ બગલામુખી અને ધુમાવતી છો. આપને વારંવાર નમસ્કાર હો. તમે જ ત્રિપુરસુંદરી અને માતંગી છો. આપને વારંવાર નમસ્કાર છે. અજિતા, વિજયા, જયા, મંગલા અને વિલાસિની—એ સર્વે તમારાં જ વિભિન્ન રૂપોની સંજ્ઞાઓ છે. એ સર્વરૂપોમાં આપને નમસ્કાર હો. દોગ્ધ્રી (માતા અથવા કામધેનુ) રૂપે આપને નમસ્કાર છે. ઘોર આકાર ધારણ કરનારાં આપને નમસ્કાર છે. અપરાજિતારૂપે આપને પ્રણામ છે. નિત્યા મહાવિદ્યાના રૂપમાં આપને વારંવાર નમસ્કાર છે. તમે જ શરણાગતોનું પાલન કરનારાં રુદ્રાણી છો. આપને નમસ્કાર છે. વેદાન્ત દ્વારા આપના જ સ્વરૂપનો બોધ થાય છે. આપને નમસ્કાર છે. તમે પરમાત્મા છો. અનંતકોટિ બ્રહ્માંડોનું

વરદાયિની અને કલ્યાણરૂપિણી ગૌરી દેવી બહુ જ પ્રસન્ન થયાં. એમણે સમસ્ત દેવતાઓને પૂછ્યું–'તમે લોકો અહીં કોની સ્તુતિ કરો છો?' ત્યારે એ જ ગૌરીના શરીરમાંથી એક કુમારી પ્રગટ થઈ. તે બધા દેવતાઓ જોતા રહી ગયા. શિવશક્તિને આદરપૂર્વક કુમારી કહેવા લાગી– 'હે માં! આ સમસ્ત સ્વર્ગવાસી દેવતા નિશુંભ અને શુંભ નામે પ્રબળ દૈત્યોથી અત્યંત પીડિત થઈને પોતાની રક્ષા માટે મારી સ્તુતિ કરે છે.' પાર્વતીના શરીરકોશથી તે કુમારી નીકળી હતી, એટલા માટે કૌશિકી નામે પ્રસિદ્ધ થઈ. કૌશિકી જ સાક્ષાત્ શુંભાસુરનો નાશ કરનારાં સરસ્વતી છે. એમને જ ઉગ્રતારા અને મહોગ્રતારા પણ કહેવાય છે. માતાના શરીરથી સ્વતઃ પ્રગટ થવાને કારણે તે આ ભૂતલ પર માતંગી પણ કહેવાય છે. એમણે સમસ્ત દેવતાઓને કહ્યું– 'તમે લોકો નિર્ભય રહો. હું સ્વતંત્ર છું. તેથી કોઈનો પણ સહારો લીધા વિના જ તમારું કાર્ય સિદ્ધ કરીશ.' આવું કહીને તે દેવી તત્કાળ ત્યાં અદૃશ્ય થઈ ગયાં.

એક દિવસ શુંભ અને નિશુંભના સેવક ચંડ અને મુંડે દેવીને જોયાં. એમનું મનોહર રૂપ નેત્રોને સુખ પ્રદાન કરનારું હતું. એ દેવીને જોતાં જ તે મોહિત થઈને સૂધ-બૂધ ખોઈને પૃથ્વી પર પડી ગયા, પછી ભાનમાં આવ્યા ત્યારે તે પોતાના રાજાની પાસે ગયા અને આરંભથી જ આખો વૃત્તાંત બતાવીને કહેવા લાગ્યા–'હે મહારાજ! અમે બંનેએ એક અપૂર્વ સુંદર નારી જોઈ છે, જે હિમાલયના રમણીય શિખર પર રહે છે અને સિંહ પર સવારી કરે છે.' ચંડ-મુંડની આ વાત સાંભળીને મહાન અસુર શુંભે દેવીની પાસે સુગ્રીવ નામે પોતાનો દૂત મોકલ્યો અને કહ્યું–'હે દૂત! હિમાલય પર કોઈ અપૂર્વ સુંદરી રહે છે. તમે ત્યાં જાઓ અને એને મારો સંદેશો કહીને એને યત્નપૂર્વક અહીં લઈ આવો.' આ આજ્ઞા મેળવીને દાનવશિરોમણિ સુગ્રીવ હિમાલય પર ગયો અને જગદંબા મહેશ્વરીને આમ કહેવા લાગ્યો.

દૂતે કહ્યું—હે દેવી! દૈત્ય શુંભાસુર પોતાના મહાન બલ અને વિક્રમને લીધે ત્રણે લોકમાં વિખ્યાત છે. એને નાનો ભાઈ નિશુંભ પણ એવો જ છે. શુંભે મને તમારી પાસે દૂત બનાવીને મોકલ્યો છે. તેથી હું અહીં આવ્યો છું. હે સુરેશ્વરિ! એણે જે સંદેશ આપ્યો છે, તે આ સમયે સાંભળો. 'મેં સમરાંગણમાં ઇન્દ્ર વગેરે દેતાઓને જીતીને એમનાં સમસ્ત રત્નોનું અપહરણ કરી લીધું છે. યજ્ઞમાં દેવતા વગેરે માટે આપેલો દેવભાગનો હું સ્વયં જ ઉપભોગ

નમો મુક્તિપ્રદાયિન્યૈ પરામ્બાયૈ નમો નમઃ । નમઃ સમસ્તસંસારોત્પત્તિસ્થિત્યન્તકારિકે ॥
કાલિકારૂપસંપન્ને નમસ્તારાકૃતે નમઃ । છિન્નમસ્તાસ્વરૂપાયૈ શ્રીવિદ્યાયૈ નમોઽસ્તુ તે ॥
ભુવનેશિ નમસ્તુભ્યં નમસ્તે ભૈરવાકૃતે । નમોઽસ્તુ બગલામુખ્યૈ ધૂમાવત્યૈ નમો નમઃ ॥
નમસ્ત્રિપુરસુન્દર્યૈ માતંગ્યૈ તે નમો નમઃ । અજિતાયૈ નમસ્તુભ્યં વિજયાયૈ નમો નમઃ ॥
જયાયૈ મંગલાયૈ તે વિલાસિન્યૈ નમો નમઃ । દોગ્ધ્રીરૂપે નમસ્તુભ્યં નમો ઘોરાકૃતેઽસ્તુતે ॥
નમોઽપરાજિતાકારે નિત્યાકારે નમો નમઃ । શરણાગતપાલિન્યૈ રુદ્રાણ્યૈ તે નમો નમઃ ॥
નમઃ વેદાન્તવેદ્યાયૈ નમસ્તે પરમાત્મને । અનંતકોટિબ્રહ્માંડનાયિકાયૈ નમો નમઃ ॥
(શિ.પુ.રુ.સં. ૪૩;૩-૧૦)

કરું છું. હું માનું છું કે તમે સ્ત્રીઓમાં રત્ન છો, સર્વ રત્નોની ઉપર સ્થિત છો. એટલા માટે કામજનિત રસની સાથે મને અથવા મારા ભાઈનો અંગીકાર કરો.'

દૂતના મુખે શુંભનો આ સંદેશ સાંભળીને ભૂતનાથ ભગવાન શિવની પ્રાણવલ્લભા મહામાયાએ આ પ્રકારે કહ્યું.

દેવી બોલ્યાં—હે દૂત! તમે સાચું કહો છો. તમારા કથનમાં જરાય અસત્ય નથી. પરંતુ મેં

પહેલાં એક પ્રતિજ્ઞા કરી લીધી છે, એ સાંભળો. જે મારો ઘમંડ ચૂર કરી દે, જે મને યુદ્ધમાં જીતી લે, એને જ હું પતિ બનાવી શકું છું, બીજાને નહિ. આ મારી અટલ પ્રતિજ્ઞા છે. એટલા માટે તમે શુંભ અને નિશુંભને મારી આ પ્રતિજ્ઞા કહી દો. પછી એ બાબતે જેવું ઉચિત હોય, તેવું જ તે કરે.

દેવીની આ વાત સાંભળીને દાનવ સુગ્રીવ પાછો જતો રહ્યો. ત્યાં જઈને એણે વિસ્તારપૂર્વક રાજાને બધી વાત કહી. દૂતની વાત સાંભળીને ઉગ્ર શાસન કરનારો શુંભ કુપિત થઈ ગયો અને બળવાનોમાં શ્રેષ્ઠ સેનાપતિ ધૂમ્રાક્ષને કહ્યું—'હે ધૂમ્રાક્ષ! હિમાલય પર કોઈ સુંદરી રહે છે. તમે શીઘ્ર ત્યાં જઈને જેવી રીતે એ અહીં આવે એવી જ રીતે લઈ આવો. હે અસુરપ્રવર! એને લાવવામાં ભય ન માનશો. જો તે યુદ્ધ કરવા ચાહે તો તમારે પ્રયત્નપૂર્વક એની સાથે યુદ્ધ પણ કરવું જોઈએ.'

શુંભની આવી આજ્ઞા મેળવીને દૈત્ય ધૂમ્રલોચન હિમાલય પર ગયો અને ઉમાના અંશથી પ્રગટ થયેલાં ભગવતી ભુવનેશ્વરીને કહ્યું—'હે નિતમ્બિનિ! મારા સ્વામી પાસે ચાલો, નહિતર તમને મરાવી નાખીશ. મારી સાથે સાઠ હજાર અસુરોની સેના છે.'

દેવી બોલ્યાં—હે વીર! તમને દૈત્યરાજે મોકલ્યા છે. જો મને મારી જ નાખશો તો હું શું કરીશ. પરંતુ યુદ્ધ વગર મારું ત્યાં જવું અસંભવ છે. મારી આવી જ માન્યતા છે.

દેવીના આવા કથન પર દાનવ ધૂમ્રલોચન એમને પકડવા દોડ્યો પરંતુ મહેશ્વરીએ 'હું'ના ઉચ્ચારણ માત્રથી એને ભસ્મ કરી દીધો. ત્યારથી તે દેવી આ ભૂતલ પર ધૂમાવતી તરીકે પ્રસિદ્ધ થયાં. એમની આરાધના કરવાથી તે પોતાના ભક્તોના શત્રુઓનો સંહાર કરી દે છે. ધૂમ્રાક્ષના માર્યા જવાથી અત્યંત કુપિત થયેલા દેવીના વાહન સિંહ એમની સાથે આવેલા સમસ્ત અસુરગણોને ચાવી ગયો. જે મરણથી બચ્યા તે ભાગી છૂટ્યા. આ રીતે દેવીએ દૈત્ય ધૂમ્રલોચનને મારી નાખ્યો. આ સમાચાર સાંભળીને પ્રતાપી શુંભે બહુ ક્રોધ કર્યો. તે પોતાના બંને હોઠને દાંત નીચે દબાવીને રહી ગયો. એણે ક્રમશ:

ચંડ, મુંડ અને રક્તબીજ નામે અસુરોને મોકલ્યા. આજ્ઞા મેળવીને એ દૈત્ય એ સ્થાન પર ગયા જ્યાં દેવી બિરાજમાન હતાં. અણિમા વગેરે સિદ્ધિથી સેવિત અને પોતાની પ્રભાથી સંપૂર્ણ દિશાઓને પ્રકાશિત કરતાં ભગવતી સિંહવાહિનીને જોઈને એ શ્રેષ્ઠ દાનવ વીર બોલ્યા—'હે દેવી! તમે શીઘ્ર જ શુંભ અને નિશુંભ પાસે ચાલો, નહિતર તમને ગણ અને વાહનસહિત મારી નંખાશે. હે વામે! શુંભને તમારા પતિ બનાવી લો. લોકપાલ વગેરે પણ એમની સ્તુતિ કરે છે. શુંભને પતિ બનાવી લીધા પછી તમને એ મહાન આનંદથી પ્રાપ્તિ થશે, જે દેવતાઓને પૂર્ણ દુર્લભ છે.

એમની આવી વાત સાંભળીને પરમેશ્વરી અંબા મંદસ્મિત કરીને સરસ મધુર વાણીમાં બોલ્યાં.

દેવીએ કહ્યું—અદ્વિતીય મહેશ્વર પરમાત્મા સર્વત્ર બિરાજમાન છે, જે સદાશિવ કહેવાય છે. વેદ પણ એમના તત્ત્વને જાણતા નથી, પછી વિષ્ણુ વગેરેની તો વાત જ શી? એ જ સદાશિવની હું સૂક્ષ્મ પ્રકૃતિ છું. પછી બીજાને કેવી રીતે પતિ બનાવી શકું. સિંહણ ગમે તેટલી કામાતુર કેમ ન થઈ જાય તે શિયાળને ક્યારેય પોતાનો પતિ બનાવી શકે નહિ. હાથિણી ગધેડાને અને વાઘણ સસલાને ક્યારેય વરે નહીં. હે દૈત્યો! તમે બધા લોકો જૂઠું બોલો છો, કેમકે તમે કાલરૂપી સર્પના ફંદામાં ફસાયેલા છો. તમે યા તો પાતાળમાં પાછા જતા રહો અથવા શક્તિ હોય તો યુદ્ધ કરો.

દેવીનાં આ ક્રોધ પેદા કરનારાં વચનો સાંભળીને તે દૈત્ય બોલ્યા—'અમે લોકો પોતાના મનમાં તમને અબળા માનીને મારતા ન હતા. પરંતુ જો તમારા મનમાં યુદ્ધની જ ઇચ્છા છે તો સિંહ પર સુસ્થિર થઈને બેસી જાઓ અને યુદ્ધ માટે આગળ વધો.' આ પ્રકારે વાદ-વિવાદ કરતાં કરતાં એમનામાં કલહ વધી ગયો, અને સમરાંગણમાં બંને દળો પર તીક્ષ્ણ બાણોની વર્ષા થવા લાગી. આ રીતે એમની સાથે લીલાપૂર્વક યુદ્ધ કરીને પરમેશ્વરીએ ચંડમુંડ સહિત મહાન અસુર રક્તબીજને મારી નાખ્યા. એ દેવવૈરી અસુર દ્વેષબુદ્ધિ કરીને આવ્યા હતા, તો પણ અંતે એમને ઉત્તમ લોકની પ્રાપ્તિ થઈ, જ્યાં દેવીના ભક્તો જાય છે.

(અધ્યાય ૪૭)

*

દેવી દ્વારા સેના અને સેનાપતિઓ સહિત નિશુંભ અને શુંભનો સંહાર

ઋષિ કહે છે—હે રાજન્! પ્રશંસનીય પરાક્રમશાળી મહાન અસુર શુંભે આ શ્રેષ્ઠ દૈત્યો માર્યા ગયા છે તે જાણ્યું ત્યારે પોતાના દુર્જેય ગણોને યુદ્ધ માટે જવાની આજ્ઞા આપી, જે સંગ્રામનું નામ સાંભળતાં જ હર્ષથી નાચી ઊઠતા હતા. એણે કહ્યું—'આજે મારી આજ્ઞાથી કાલક, કાલકેય મૌર્ય, દૌર્હૃદ તથા અન્ય અસુર ગણ બહુ ભારે સેના સાથે સંગઠિત થઈને વિજયની આશા રાખીને શીઘ્ર યુદ્ધ માટે પ્રસ્થાન કરો.' નિશુંભ અને શુંભ બંને ભાઈ એ દૈત્યોને પૂર્વોક્ત આદેશ આપીને રથ પર આરૂઢ થઈને સ્વયં પણ નગરથી બહાર નીકળ્યા. એ મહાબલી વીરોની

આજ્ઞાથી એમની સેનાઓ એ જ રીતે યુદ્ધને માટે આગળ વધી, જાણે મરણોન્મુખ પતંગિયાં આગમાં કૂદવા માટે તૈયાર થઈ ગયાં હોય. એ સમયે અસુરરાજે યુદ્ધસ્થળમાં મૃદંગ, મર્દલ, ભેરી, ડિંડિમ, ઝાંઝ અને ઢોલ વગેરે વાદ્યો વગાડાવ્યાં. એ યુદ્ધ-સંબંધી વાદ્યોનો અવાજ સાંભળીને યુદ્ધપ્રેમી વીર હર્ષ અને ઉત્સાહથી ભરાઈ ગયા, પરંતુ જેમને પોતાના પ્રાણ જ વધારે પ્યારા હતા, તે રણભૂમિમાંથી ભાગી ગયા. યુદ્ધસંબંધી વસ્ત્રો તથા કવચ વગેરેથી આચ્છાદિત અંગોવાળા એ યોદ્ધા વિજયની અભિલાષાથી અસ્ત્રશસ્ત્ર ધારણ કરીને યુદ્ધસ્થળે આવી પહોંચ્યા. કેટલાય સૈનિકો હાથી પર સવાર હતા, ઘણા દૈત્યો ઘોડા પર સવાર હતા અને અન્ય અસુર રથ પર ચઢીને જઈ રહ્યા હતા. એ સમયે એમને પારકા-પોતાની ઓળખ ન હતી. એમણે અસુરરાજ સાથે સમરાંગણમાં પહોંચીને બધી બાજુથી યુદ્ધનો આરંભ કરી દીધો. વારંવાર શતઘ્ની (તોપ)નો અવાજ થવા લાગ્યો, જે સાંભળીને દેવતાઓ પણ કંપાયમાન થઈ ગયા. ધૂળ અને ધુમાડાથી આકાશમાં મહાન અંધકાર છવાઈ ગયો. સૂર્યનો રથ પણ દેખાતો બંધ થઈ ગયો. અત્યંત અભિમાની કરોડો ભૂમિદળના યોદ્ધા વિજયની અભિલાષા લઈને યુદ્ધસ્થળમાં અડીખમ ઊભા થઈ ગયા. ઘોડેસવાર, હાથીસવાર અને અન્ય રથારૂઢ અસુર પણ બહુ પ્રસન્નતાની સાથે કરોડોની સંખ્યામાં ત્યાં આવ્યા હતા. એ મહાસમરમાં કાળા પર્વતોની જેમ વિશાળ મદમત્ત ગજરાજ જોરજોરથી ચીસો પાડી રહ્યા હતા, નાનાં નાનાં શૈલ શિખરો જેવાં ઊંટ પણ પોતાના ગળામાંથી ગલ્‌ગલ્‌ ધ્વનિનો વિસ્તાર કરવા લાગ્યાં. સારી ભૂમિમાં ઉત્પન્ન થયેલા જાતવાન ઘોડા ગળામાં વિશાળ કંઠહાર ધારણ કરીને જોરજોરથી હણહણી રહ્યા હતા. તે અનેક પ્રકારની ચાલ જાણતા હતા અને હાથીઓના મસ્તક પર પગ રાખીને આકાશ માર્ગે પક્ષીઓની જેમ જાણે ઊડતા હતા. શત્રુની આવી સેનાને આક્રમણ કરતી જોઈને જગદંબાએ પોતાના ધનુષ પર પ્રત્યંચા ચઢાવી. સાથે જ શત્રુઓને હતોત્સાહ કરનારો ઘંટ પણ વગાડ્યો. આ જોઈને સિંહ પણ પોતાની ડોક અને મસ્તકની કેશવાળીને ખંખેરતો જોરજોરથી ગર્જના કરવા લાગ્યો.

એ સમયે હિમાલય પર્વત પર ઊભેલાં રમણીય આભૂષણો અને અસ્ત્રોથી સુશોભિત શિવા દેવી તરફ જોઈને નિશુંભ વિલાસિની રમણીઓના મનોભાવોને સમજવામાં નિપુણ પુરુષની જેમ સરસ વાણીમાં બોલ્યો—'હે મહેશ્વરિ! તમારા જેવી સુંદરીઓના રમણીય શરીર પર માલતીનું એકાદ ફૂલ પણ ફેંકવામાં આવે તો પણ તે વ્યથા ઉત્પન્ન કરી દે છે. એવા મનોહર શરીરથી તમે વિકરાળ યુદ્ધનો વિસ્તાર કેવી રીતે કરી રહ્યાં છો?' આ વાત કહીને તે મહાન અસુર ચૂપ થઈ ગયો, ત્યારે ચંડિકા દેવીએ કહ્યું—'હે મૂઢ અસુર! વ્યર્થની વાતો શા માટે બકે છે? યુદ્ધ કર, નહિતર પાતાળમાં ચાલ્યો જા.' આ સાંભળીને તે મહારથી વીર અત્યંત રુષ્ટ થઈને સમરભૂમિમાં બાણોની અદ્‌ભુત વૃષ્ટિ કરવા લાગ્યો, જાણે વાદળો જળધારા વરસાવી ન રહ્યાં હોય. એ સમયે એ રણક્ષેત્રમાં વર્ષાઋતુનું જાણે આગમન થઈ રહ્યું હતું એવું જણાતું હતું. મદથી ઉદ્ધત થયેલો તે અસુર તીક્ષ્ણ બાણ, શૂલ, ફરસો, ભિન્દિપાલ, પરિઘ, પનુષ, ભુશુંડિ, પ્રાસ, ક્ષુરપ્ર અને મોટી મોટી તલવારોથી યુદ્ધ કરવા લાગ્યો. કાળા પર્વતો જેવા મોટા મોટા

ગજરાજ કુંભસ્થળ વિદીર્ણ થઈ જવાને કારણે સમરાંગણમાં આમતેમ ચક્કર ચક્કર ફરી રહ્યા હતા. એમની પીઠ પર ફરકતી શુંભ-નિશુંભની ધ્વજાઓ જે ઊડતાં હોય તેવા બગલાની પંક્તિ સમાન શ્વેત દેખાતી હતી, પોતાના સ્થાનથી ખંડિત થઈને નીચે પડવા લાગી હતી. ક્ષત-વિક્ષત શરીરવાળા દૈત્ય પૃથ્વી પર પડીને માછલીની જેમ તરફડી રહ્યા હતા. ડોકાં કપાઈ જવાને કારણે ઘોડાના સમૂહ બહુ જ ભયંકર જણાતા હતા. કાલિકાએ કેટલાયે દૈત્યોને મોતને ઘાટ ઊતારી દીધા હતા અને દેવીના વાહન સિંહે અન્ય ઘણાબધા અસુરોને પોતાનો આહાર બનાવી દીધા હતા. એ સમયે દૈત્યોના માર્યા જવાથી એ રણભૂમિમાં રક્તની ધારા વહેવડાવનારી કેટલીયે નદીઓ વહી ચાલી. સૈનિકોના કેશ પાણીમાં શેવાળની જેમ જણાતા હતા. આ એમની ચાદર સફેદ ફેણનો ભ્રમ ઉત્પન્ન કરતી હતી.

આ રીતે ઘોર યુદ્ધનું થવું તથા રાક્ષસોનો મહાન સંહાર થઈ ગયા પછી દેવી અંબિકાએ ઝેર પાયેલાં તીક્ષ્ણ બાણ દ્વારા નિશુંભને મારીને ધરાશાયી કરી દીધો. પોતાના અસીમ શક્તિશાળી નાના ભાઈના માર્યા જવાથી શુંભ રોષે ભરાયો અને રથ પર બેસીને આઠ ભુજાઓથી યુક્ત થઈને મહેશ્વરપ્રિયા અંબિકા પાસે આવ્યો. એણે જોરજોરથી શંખ વગાડ્યો અને શત્રુઓનું દમન કરનાર ધનુષને દુઃસહ ટંકારધ્વનિ કર્યો તથા દેવીનો સિંહ પણ પોતાની યાળ હલાવતો ગર્જના કરવા લાગ્યો. આ ત્રણ પ્રકારના ધ્વનિઓથી આકાશમંડળ ગુંજી ઊઠ્યું.

તદનંતર જગદંબાએ અટ્ટહાસ કર્યું, જેથી સમસ્ત અસુર સંત્રસ્ત થઈ ગયાં. જ્યારે દેવીએ શુંભને કહ્યું કે 'તમે યુદ્ધમાં સ્થિરતાપૂર્વક ઊભા રહો' ત્યારે દેવતાઓ બોલી ઊઠ્યા 'જય હો, જય હો જગદંબાની.' આ સમયે દૈત્યરાજ શુંભે બહુ ભારે શક્તિ છોડી, જેની શિખાથી આગની જ્વાળાઓ નીકળી રહી હતી. પરંતુ દેવીએ એક ઉલ્કા દ્વારા એને મારી હઠાવી. શુંભનાં ચલાવેલાં બાણ દેવીએ અને દેવીનાં ચલાવેલાં બાણોને શુંભે હજારો ટુકડા કરી દીધા. તત્પશ્ચાત્ ચંડિકાએ ત્રિશૂળ ઉઠાવીને એ મહાન અસુર પર આઘાત કર્યાં. ત્રિશૂળની ચોટથી મૂર્છિત થઈને તે ઇન્દ્ર દ્વારા પાંખ કપાઈ ગયા પછી પડનારા પર્વતની જેમ આકાશ, પૃથ્વી તથા સમુદ્રને કંપિત કરતો ધરતી પર પડી ગયો. તદનંતર શૂલના આઘાતથી થનારી વ્યથાને સહન કરી એ મહાબલી અસુરે દશ હજાર બાહુઓ ધારણ કરી લીધા અને દેવતાઓનો પણ નાશ કરવામાં સમર્થ ચક્રો દ્વારા સિંહસહિત મહેશ્વરી શિવા પર આઘાત કરવાનો પ્રારંભ કર્યો. એણે ચલાવેલાં ચક્રોને ખેલ-ખેલમાં જ વિદીર્ણ કરીને દેવીએ ત્રિશૂળ ઉઠાવ્યું અને એ અસુર પર ઘાતક પ્રહાર કર્યો. શિવાના લોકપાવન પાણિપંકજથી મૃત્યુને પ્રાપ્ત થઈને એ બંને અસુરો પરમપદના ભાગી થયા.

એ મહાપરાક્રમી નિશુંભ અને ભયાનક બળશાળી શુંભના માર્યા જવાથી સમસ્ત દૈત્ય પાતાળમાં પેસી ગયા, અન્ય ઘણાબધા અસુરોને કાલી અને સિંહ વગેરેએ ખાઈ લીધા અને બાકીના દૈત્ય ભયથી વ્યાકુળ થઈ દશે દિશાઓમાં ભાગી ગયા. નદીઓનાં જળ સ્વચ્છ થઈ ગયાં. તે યોગ્ય માર્ગે વહેવા લાગી. મંદ મંદ વાયુ વહેવા લાગ્યો, જેનો સ્પર્શ સુખદ પ્રતીત થતો હતો. આકાશ નિર્મળ થઈ ગયું હતું.

દેવતાઓ અને બ્રહ્મર્ષિઓએ પુનઃ યજ્ઞયાગાદિનો આરંભ કરી દીધો. ઇન્દ્ર વગેરે દેવતા સુખી થઈ ગયા. હે પ્રભો! દૈત્યરાજના વધ-પ્રસંગથી યુક્ત આ પરમ પવિત્ર ઉમાચરિત્રનું જે શ્રદ્ધાપૂર્વક વારંવાર શ્રવણ કરે છે અથવા પાઠ કરે છે તે આ લોકમાં દેવદુર્લભ ભોગોનો ઉપભોગ કરીને પરલોકમાં મહામાયાના પ્રસાદથી ઉમાધામે જાય છે. હે રાજન્! આ રીતે શુંભાસુરનો સંહાર કરનારાં દેવી સરસ્વતીના ચરિત્રનું વર્ણન કર્યું, જે સાક્ષાત્ ઉમાના અંશથી પ્રગટ થયાં હતાં.

(અધ્યાય ૪૮)

*

દેવતાઓનો ગર્વ દૂર કરવા માટે તેજઃપુંજરૂપિણી ઉમાનો પ્રાદુર્ભાવ

મુનિઓએ કહ્યું—હે સંપૂર્ણ પદાર્થોના પૂર્ણ જ્ઞાતા સૂતજી! ભુવનેશ્વરી ઉમાના, જેમનાથી સરસ્વતી પ્રગટ થયાં હતાં, અવતારનું પુનઃ વર્ણન કરો. તે દેવી પરબ્રહ્મ, મૂલપ્રકૃતિ, ઈશ્વરી, નિરાકાર હોવા છતાં પણ સાકાર તથા નિત્યાનંદમયી સતી કહેવાય છે.

સૂતજીએ કહ્યું—હે તપસ્વી મુનિઓ! તમે લોકો દેવીના ઉત્તમ અને મહાન ચરિત્રને પ્રેમપૂર્વક સાંભળો, જેને જાણવામાત્રથી મનુષ્ય પરમ ગતિને પ્રાપ્ત થાય છે. એક સમયે દેવતાઓ અને દાનવોમાં પરસ્પર યુદ્ધ થયું. એમાં મહામાયાના પ્રભાવથી દેવતાઓની જીત થઈ ગઈ. આ કારણે દેવતાઓને પોતાની શૂરવીરતા પર બહુ ગર્વ થયો. તે આત્મપ્રશંસા કરતાં કરતાં એ વાતનો પ્રચાર કરવા લાગ્યા કે 'અમે લોકો ધન્ય છીએ, ધન્યવાદને યોગ્ય છીએ, અસુરો શું કરી લેવાના છે. તેઓ તો અમારા લોકોનો અત્યંત દુસ્સહ પ્રભાવ જોઈને ભયભીત થઈને 'ભાગી જાવ, ભાગી જાવ' કહેતાં કહેતાં પાતાળ લોકમાં ચાલ્યા ગયા. અમારું બળ અદ્‌ભુત છે. અમારામાં આશ્ચર્યજનક તેજ છે. અમારાં બળ અને તેજ દૈત્યકુળનો વિનાશ કરવામાં સમર્થ છે. અહો! દેવતાઓનું કેવું સૌભાગ્ય છે.' આ રીતે દેવતાઓ જ્યાં ત્યાં ડીંગ હાંકવા લાગ્યા.

તદનંતર એ જ સમયે એમની સામે તેજનો એક મહાન પુંજ પ્રગટ થયો, જે પહેલાં ક્યારેય કોઈના જોવામાં આવ્યો ન હતો. એને જોઈને બધા દેવતાઓ વિસ્મયમાં પડી ગયા. તેમનાં ગળાં રુંધાઈ ગયાં અને પરસ્પર પૂછવા લાગ્યા–'આ શું છે? આ શું છે?' એમને ખબર ન હતી કે શ્યામા (ભગવતી ઉમા)નો જ ઉત્કૃષ્ટ પ્રભાવ છે, જે દેવતાઓના અભિમાનના ચૂરેચૂરા કરનારો છે.

એ સમયે દેવરાજ ઇન્દ્રએ દેવતાઓને આજ્ઞા આપી–'તમે લોકો જાઓ અને યથાર્થરૂપે પરીક્ષા કરો કે આ કોણ છે.' દેવેન્દ્રના મોકલ્યા વાયુદેવ અને તેજઃપુંજ પાસે ગયા. ત્યારે એ તેજોરાશિએ એમને સંબોધિત કરીને પૂછ્યું–'અરે ભાઈ, તમે કોણ છો?' એ મહાન તેજના આ પ્રકારના પ્રશ્ન પર વાયુદેવતા અભિમાનપૂર્વક બોલ્યા–'હું વાયુ છું, સંપૂર્ણ જગતનો પ્રાણ છું, મુજ સર્વાધાર પરમેશ્વરમાં જ આ સ્થાવર-જંગમરૂપ આખું જગત ઓતપ્રોત છે. હું જ સમસ્ત જગતનું સંચાલન કરું છું.' ત્યારે એ મહાતેજે કહ્યું–'હે વાયો! જો તમે જગતના

સંચાલનમાં સમર્થ હો તો આ તણખલું મૂક્યું છે તેને તમારી ઇચ્છાનુસાર ચલાવો તો ખરા.' ત્યારે વાયુદેવતાએ બધા ઉપાય કરીને પોતાની બધી જ શક્તિ કામે લગાડી દીધી. પરંતુ તે તણખલું પોતાના સ્થાનેથી તલભર પણ ન ખસ્યું. એથી વાયુદેવ લજ્જિત થઈ ગયા. તે ચૂપ થઈને ઇન્દ્રની સભામાં પાછા આવ્યા અને પોતાના પરાજયની સાથે ત્યાંનો બધો વૃત્તાંત એમણે કહી સંભળાવ્યો. એ બોલ્યા–'હે દેવેન્દ્ર! આપણે બધા જ મિથ્યા જ પોતામાં સર્વેશ્વર હોવાનું અભિમાન રાખીએ છીએ, કેમકે કોઈ પણ નાનામાં નાની વસ્તુને પણ અમે કશું કરી શકતા નથી.' ત્યારે ઇન્દ્રે વારાફરતી સમસ્ત દેવતાઓને મોકલ્યા. જ્યારે એ બધા એને જાણવામાં અસમર્થ થયા, ત્યારે ઇન્દ્ર સ્વયં ગયા. ઇન્દ્રને આવતા જોઈને તે અત્યંત દુસ્સહ તેજ તત્કાળ અદૃશ્ય થઈ ગયું. આથી ઇન્દ્ર બહુ વિસ્મિત થઈ ગયા અને મનમાં ને મનમાં બોલ્યા–'જેનું આવું ચરિત્ર છે, એ જ સર્વેશ્વરને શરણે હું જાઉં છું.' સહસ્રનેત્રધારી ઇન્દ્ર વારંવાર આ ભાવનું ચિંતન કરવા લાગ્યા. એ જ સમયે નિશ્ચલ કરુણામય શરીર ધારણ કરનારાં સચ્ચિદાનંદસ્વરૂપિણી શિવપ્રિયા ઉમા એ દેવતાઓ પર દયા કરવા અને એમના ગર્વને હરવા માટે ચૈત્ર સુદ નોમને દિવસે બપોરે ત્યાં પ્રગટ થયાં. તે એ તેજઃપુંજની મધ્યમમાં બિરાજમાન હતાં, પોતાની કાન્તિથી દશે દિશાઓને પ્રકાશિત કરી રહ્યાં હતાં અને સમસ્ત દેવતાઓને સુસ્પષ્ટરૂપે એ જણાવી રહ્યા હતાં કે 'હું સાક્ષાત્ પરબ્રહ્મ પરમાત્મા જ છું' એ ચાર હાથમાં ક્રમશઃ વર, પાશ, અંકુશ અને અભય ધારણ કરી રહ્યાં હતાં. શ્રુતિઓ સાકાર થઈને એમની સેવા કરી રહી હતી. એ ખૂબ જ રમણીય જણાતાં હતાં તથા પોતાના નૂતન યૌવન પર એમને ગર્વ હતો. તેમણે લાલ રંગની સાડી પહેરી હતી, લાલ ફૂલોની માળા ધારણ કરી હતી અને લાલ ચંદનથી એમને શણગાર થયો હતો. તે કોટિ-કોટિ કંદર્પ સમાન તથા કરોડો ચંદ્રમા સમાન છટાદાર ચાંદનીથી સુશોભિત હતાં. સૌનાં અંતર્યામિણી, સમસ્ત ભૂતોની સાક્ષિણી તથા પરબ્રહ્મસ્વરૂપિણી એ મહામાયાએ આ પ્રમાણે કહ્યું.

ઉમા બોલ્યાં—હું જ પરબ્રહ્મ, પરમ જ્યોતિ, પ્રણવરૂપિણી તથા યુગલરૂપધારિણી છું. હું જ

સર્વકાંઈ છું. મારાથી ભિન્ન કોઈ પદાર્થ નથી. હું નિરાકાર હોવા છતાં સાકાર છું. સર્વતત્ત્વસ્વરૂપિણી છું. મારા ગુણ અતર્ક્ય છે. હું નિત્યસ્વરૂપા તથા કાર્યકારણરૂપિણી છું. હું જ ક્યારેક પ્રાણવલ્લભાનો આકાર ધારણ કરું છું અને ક્યારેક પ્રાણવલ્લભ પુરુષનો આકાર ધારણ કરું છું. ક્યારેક સ્ત્રી અને પુરુષ બંને રૂપોમાં એકસાથે પ્રગટ થાઉં છું. (આ જ મારું અર્ધનારીશ્વર રૂપ છે) હું સર્વરૂપિણી ઈશ્વરી છું. હું જ સૃષ્ટિકર્તા બ્રહ્મા છું. હું જ જગત્પાલક

વિષ્ણુ છું. હું જ સંહારકર્તા રુદ્ર છું. સંપૂર્ણ વિશ્વને મોહ પમાડનાર મહામાયા હું જ છું. કાલી, લક્ષ્મી અને સરસ્વતી વગેરે સંપૂર્ણ શક્તિઓ તથા આ સકલ કલાઓ મારા જ અંશથી પ્રગટ થયેલી છે. મારા જ પ્રભાવથી તમે લોકોએ સંપૂર્ણ દૈત્યો પર વિજય મેળવ્યો છે. મુજ સર્વવિજયિની ન જાણીને તમે લોકો વ્યર્થ જ પોતાને સર્વેશ્વર માની રહ્યા હતા. જેવી રીતે ઇન્દ્રજાળ (જાદુ) કરનારો સૂત્રધાર કઠપૂતળીઓને નચાવે છે, એવી જ રીતે હું ઈશ્વરી જ સમસ્ત પ્રાણીઓને નચાવું છું. મારા જ ભયથી હવા ચાલે છે, મારા જ ભયથી અગ્નિ સર્વને સળગાવે છે તથા મારો જ ભય માનીને લોકપાલ નિરંતર પોતપોતાના કર્મમાં લાગ્યા રહે છે. હું સર્વથા સ્વતંત્ર છું અને પોતાની લીલાથી જ ક્યારેક દેવસમુદાયને વિજયી બનાવું છું તથા ક્યારેક દૈત્યોને વિજયી બનાવું છું. માયાથી પર જે અવિનાશી પરાત્પર ધામનું શ્રુતિઓ વર્ણન કરે છે તે મારું જ રૂપ છે. સગુણ અને નિર્ગુણ– એ મારાં બે પ્રકારનાં રૂપ મનાયાં છે. એમાંથી પ્રથમ તો માયાયુક્ત છે અને બીજું માયારહિત છે. હે દેવતાઓ! આવું જાણીને ગર્વ છોડો અને મુજ સનાતની પ્રકૃતિની પ્રેમપૂર્વક આરાધના કરો.*

દેવીનું આ કરુણાયુક્ત વચન સાંભળીને દેવતા ભક્તિભાવથી મસ્તક નમાવીને એ પરમેશ્વરીની સ્તુતિ કરવા લાગ્યા–'હે જગદીશ્વરિ! ક્ષમા કરો. હે પરમેશ્વરિ! પ્રસન્ન થાઓ. હે માતઃ! એવી કૃપા કરો, જેથી ફરી ક્યારેય અમને ગર્વ ન થાય.'

ત્યારથી બધા દેવતા ગર્વ છોડીને એકાગ્રચિત્ત થઈને પૂર્વવત્ વિધિપૂર્વક ઉમાદેવીની આરાધના કરવા લાગ્યા. હે બ્રાહ્મણો! આ રીતે મેં તમને ઉમાના પ્રાદુર્ભાવનું વર્ણન કરી બતાવ્યું, જેના શ્રવણમાત્રથી પરમપદની પ્રાપ્તિ થાય છે. (અધ્યાય ૪૯)

*

---

* ઉમોવાચ :
પરં બ્રહ્મ પરં જ્યોતિઃ પ્રકૃતિપુરુષાત્મિકા । અહમેવાસ્મિ સકલં મદન્યો નાસ્તિ કશ્ચન ॥
નિરાકારાપિ સાકારા સર્વતત્ત્વસ્વરૂપિણી । અમૃતકર્મગુણા નિત્યા કાર્યકારણરૂપિણી ॥
કદાચિદ્ધૃતાકારા કદાચિત્પુરુષાકૃતિઃ । કદાચિદુભયાકારા સર્વાકારાહમીશ્વરી ॥
વિરંચિઃ સૃષ્ટિકર્તાહં જગન્નાતાહમચ્યુતઃ । રુદ્રઃ સંહારકર્તાહં સર્વવિદ્યાવિમોહિની ॥
કાલિકાકમલાવાણીમુખાઃ સર્વા હિ શક્તયઃ । મદંશાદેવ સંજાતાસ્તથેમાઃ સકલાઃ કલાઃ ॥
મત્પ્રભાવાજિજતાઃ સર્વે યુષ્માભિર્દિતિનન્દનાઃ । તામવિજ્ઞાય માં યૂયં વૃથા સર્વેશમાનિનઃ ॥
યથાદારુમયી યોષાં નર્તયત્યેન્દ્રજાલિકઃ । તથૈવ સર્વમુતાનિ નર્તયામ્યહમીશ્વરી ॥
મદ્ભયાદ્ વાતિ પવનઃ સર્વં દહતિ હવ્યભુક્ । લોકપાલાઃ પ્રકુર્વન્તિ સ્વસ્વકર્માણ્યનારતમ્ ॥
કદાચિદેવવર્ગાણાં કદાચિદિતિજન્મનામ્ । કરોમિ વિજયં સમ્યક્ સ્વતંત્રતા નિજલીલયા ॥
અવિનાશિપરં ધામ માયાતીતં પરાત્પરમ્ । શ્રુતયો વર્ણયન્તે યત્તદ્રૂપં તુ મમૈવ હિ ॥
સગુણં નિર્ગુણં ચેતિ મદ્રૂપં દ્વિવિધં મતમ્ । માયાશબલિતં હ્યેકં દ્વિતીયં તદનાશ્રિતમ્ ॥
એવં વિજ્ઞાય માં દેવાઃ સ્વં સ્વં ગર્વં વિહાય ચ । ભજત પ્રકૃત્યોપેતાઃ પ્રકૃતિં માં સનાતનીમ્ ॥
(શિ.પુ.ઉ.સં. ૪૯/૨૭-૩૮)

દેવી દ્વારા દુર્ગમાસુરનો વધ તથા એમનાં દુર્ગા, શતાક્ષી, શાકંભરી અને ભ્રામરી વગેરે નામ પડવાનું કારણ

મુનિઓએ કહ્યું—હે મહાપ્રાજ્ઞ સૂતજી! અમે બધા લોકો પ્રતિદિન દુર્ગાજીનું ચરિત્ર સાંભળવા ચાહીએ છીએ. તેથી આપ કોઈ બીજું અદ્‌ભુત લીલાતત્ત્વનું અમારી સમક્ષ વર્ણન કરો. હે સર્વજ્ઞશિરોમણે સૂત! આપના મુખારવિંદથી વિવિધ પ્રકારની સુધા-સમ મધુર કથાઓ સાંભળતાં સાંભળતાં ક્યારેય અમારાં મન તૃપ્ત થતાં નથી.

સૂતજી બોલ્યા—હે મુનિઓ! દુર્ગમ નામે એક વિખ્યાત અસુર હતો, જે રુરુનો મહાબળવાન પુત્ર હતો. એણે બ્રહ્માજીના વરદાનથી ચારે વેદોને હસ્તગત કરી લીધા હતા અને દેવતાઓ માટે અજેય બળ પ્રાપ્ત કરીને એણે ભૂતલ પર ઘણાબધા ઉત્પાત કર્યા, જે સાંભળીને દેવલોકમાં દેવતા પણ કંપિત થઈ ગયા. વેદોના અદૃશ્ય થઈ જવાથી બધી વૈદિક ક્રિયાઓ નષ્ટ થવા લાગી. એ સમયે બ્રાહ્મણ અને દેવતા પણ દુરાચારી થઈ ગયા. કોઈ જગાએ ન તો દાન દેવાય છે, નથી તો અત્યંત ઉગ્ર તપ થતું હતું, ન યજ્ઞ થતા હતા કે ન હોમ-હવન થતા. આનું પરિણામ એ આવ્યું કે પૃથ્વી પર સો વર્ષો સુધી વરસાદ જ ન પડ્યો. ત્રણે લોકોમાં હાહાકાર મચી ગયો. બધા લોકો દુઃખી થઈ ગયા. બધાંને ભૂખ-તરસનું મહાન કષ્ટ સતાવવા લાગ્યું. કૂવા, વાવડી, સરોવર, સરિતાઓ અને સમુદ્રો પણ જળરહિત થઈ ગયા. સમસ્ત વૃક્ષ અને લતા સુકાઈ ગયાં. આનાથી સમસ્ત પ્રજાઓના ચિત્તમાં બહુ જ દીનતા આવી ગઈ. એમનાં મહાન દુઃખ જોઈને બધા દેવતાઓ મહેશ્વરી યોગમાયાને શરણે ગયા.

દેવતાઓએ કહ્યું—હે મહામાયે! તમારી બધી પ્રજાની રક્ષા કરો, રક્ષા કરો. તમારા પોતાના ક્રોધને રોકો, નહિતર બધા જ લોકો નિશ્ચય જ નષ્ટ થઈ જશે. હે કૃપાસિંધો! હે દીનબંધો! જેવી રીતે શુંભ નામે દૈત્ય, મહાબલી નિશુંભ, ધૂમ્રાક્ષ, ચંડ, મુંડ, મહાન શક્તિશાળી રક્તબીજ, મધુ, કૈટભ તથા મહિષાસુરનો તમે વધ કર્યો હતો, એ જ રીતે દુર્ગમાસુરનો શીઘ્ર જ સંહાર કરો. બાળકોથી તો ડગલે ને પગલે અપરાધ થતા જ રહે છે. કેવળ માતા સિવાય સંસારમાં બીજું કોણ છે, જે એ અપરાધને સહન કરતું હોય. દેવતાઓ અને બ્રાહ્મણો પર જ્યારે જ્યારે દુઃખ આવે છે, ત્યારે ત્યારે શીઘ્ર જ અવતાર લઈને તમે લોકોને સુખી કરો છો.

દેવતાઓની આ વ્યાકુળ પ્રાર્થના સાંભળીને કૃપામયી દેવીએ એ સમયે પોતાના અનંત નેત્રોથી યુક્ત રૂપનું દર્શન કરાવ્યું. એમનું મુખારવિંદ પ્રસન્નતાથી ખીલી ગયું હતું અને એમના ચારે હાથમાં ક્રમશઃ ધનુષ, બાણ, કમળ તથા વિવિધ પ્રકારનાં ફળ-મૂળ હતાં. એ સમયે પ્રજાજનોને કષ્ટ ઉઠાવતાં જોઈને એમનાં નેત્રોમાં કરુણાનાં આંસુ છલકાઈ આવ્યાં. તે વ્યાકુળ થઈને લગાતાર નવ દિવસ અને નવ રાત રડતાં રહ્યાં. એમણે પોતાના નેત્રોથી અશ્રુજલની હજારો ધારાઓ પ્રવાહિત કરી. એ ધારાઓથી બધા લોકો તૃપ્ત થઈ ગયા અને સમસ્ત ઔષધિઓનું સિંચન પણ થઈ ગયું. સરિતાઓ અને સમુદ્રોમાં અગાધ જળ ભરાઈ ગયાં. પૃથ્વી પર શાક અને ફળ-મૂળના અંકુર ઉત્પન્ન થવા લાગ્યા. દેવી શુદ્ધ હૃદયવાળા મહાત્મા પુરુષોને પોતાના હાથમાં રાખેલાં ફળ વહેંચવા લાગ્યાં. એમણે ગાયોને સુંદર ઘાસ અને બીજાં પ્રાણીઓ માટે યથાયોગ્ય ભોજન પ્રસ્તુત કર્યાં. દેવતા, બ્રાહ્મણ અને મનુષ્યોસહિત સંપૂર્ણ પ્રાણી સંતુષ્ટ થઈ ગયાં. ત્યારે દેવીએ દેવતાઓને પૂછ્યું—'તમારાં બીજાં કયાં કાર્યો સિદ્ધ કરું?' એ સમયે બધા દેવતા એકત્ર થઈને બોલ્યા—'હે દેવી! આપે બધા લોકોને સંતુષ્ટ કરી દીધા. હવે કૃપા કરીને દુર્ગમાસુર દ્વારા લઈ જવાયેલ વેદ લાવીને અમને આપો? ત્યારે દેવીએ 'તથાસ્તુ' કહીને દેવતાઓને કહ્યું, 'હે દેવતાઓ! તમે સૌ તમારે ઘેર જાઓ, જાઓ. હું શીઘ્ર જ સંપૂર્ણ વેદ લાવીને તમને અર્પિત કરીશ.'

આ સાંભળીને બધા દેવતા બહુ પ્રસન્ન થયા. તે પ્રફુલ્લ નીલકમળ-સમાન નેત્રોવાળાં જગત-યોનિ જગદંબાને સારી રીતે પ્રણામ કરીને પોતપોતાને ધામે ચાલ્યા ગયા. પછી તો સ્વર્ગ, અંતરિક્ષ અને પૃથ્વી પર બહુ મોટો કોલાહલ મચી ગયો, એને સાંભળીને એ ભયાનક દૈત્યે ચારે બાજુથી દેવપુરીને ઘેરી લીધી. ત્યારે શિવાએ દેવતાઓની રક્ષા માટે ચારે બાજુ તેજોમય મંડળનું નિર્માણ કરીને સ્વયં એના ઘેરાથી બહાર આવી ગયાં. પછી તો દેવી અને દૈત્ય બંનેમાં ઘોર યુદ્ધનો આરંભ થઈ ગયો. સમરાંગણમાં બંને બાજુએથી કવચને છિન્ન-ભિન્ન કરી દેનારાં તીક્ષ્ણ બાણોનો વરસાદ વરસવા લાગ્યો. એ દરમિયાન દેવીના શરીરથી સુંદર રૂપવાળી કાલી, તારા, છિન્નમસ્તા, શ્રીવિદ્યા, ભુવનેશ્વરી, ભૈરવી, બગલા, ધૂમ્રા, શ્રીમતી ત્રિપુરસુંદરી અને માતંગી—એ દશમહાવિદ્યાઓ અસ્ત્ર-શસ્ત્ર લઈને નીકળી. ત્યારપછી દિવ્ય મૂર્તિવાળી અસંખ્ય માતૃકાઓ પ્રગટ થઈ. એ બધાંએ એમના મસ્તક પર ચંદ્રમાનો મુગટ ધારણ કરી રાખ્યો હતો અને એ સર્વ વિદ્યુત જેમ દીપ્તિમતી દેખાતી હતી. એ પછી એ માતૃગણો સાથે દૈત્યોનું ભયંકર યુદ્ધ શરૂ થયું. એ બધાંએ મળીને એ રૌરવ અથવા દુર્ગમ દૈત્યની સો અક્ષૌહિણી સેનાનો નાશ કરી દીધો. ત્યારબાદ દેવીએ ત્રિશૂળની ધારથી એ દુર્ગમ દૈત્યને મારી નાખ્યો. તે દૈત્ય મૂળથી જ ખોદાઈ ગયેલા વૃક્ષની જેમ પૃથ્વી પર પડી ગયો. આ રીતે ઈશ્વરીએ એ સમયે દુર્ગમાસુર નામે દૈત્યને મારીને ચારેય વેદ પાછા લાવીને દેવતાઓને આપી દીધા.

ત્યારે દેવતાઓ બોલ્યા—હે અંબિકે! આપે અમારે માટે અસંખ્ય નેત્રોયુકત રૂપ ધારણ કર્યું હતું, એટલે મુનિજનો આપને 'શતાક્ષી' કહેશે. આપના શરીરથી ઉત્પન્ન થયેલાં શાક દ્વારા તમે

સમસ્ત લોકોનું ભરણ-પોષણ કર્યું છે, તેથી 'શાકંભરી'ના નામે આપની ખ્યાતિ થશે. હે શિવે! આપે દુર્ગમ નામના મહાદૈત્યનો વધ કર્યો છે એટલા માટે લોકો તમને કલ્યાણમયી ભગવતીને 'દુર્ગા' કહેશે. હે યોગનિદ્રે! આપને નમસ્કાર છે. હે મહાબલે! આપને નમસ્કાર હો. હે જ્ઞાનદાયિને! આપને નમસ્કાર છે. આપ જગન્માતાને વારંવાર નમસ્કાર છે. 'તત્ત્વમસિ' આદિ મહાવાક્યો દ્વારા જે પરમેશ્વરીનું જ્ઞાન થાય છે, એ અનંત કોટિ બ્રહ્માંડોનું સંચાલન કરનારાં ભગવતી દુર્ગાને વારંવાર નમસ્કાર છે. હે માતઃ! આપ સુધી મન, વાણી અને શરીરની પહોંચ કઠણ છે. સૂર્ય, ચંદ્રમા અને અગ્નિ—એ ત્રણેય આપનાં નેત્ર છે. અમે આપના પ્રભાવને જાણતા નથી, એટલે આપની સ્તુતિ કરવામાં અસમર્થ છીએ. સુરેશ્વરી માતા શતાક્ષીને છોડીને બીજું કોણ છે, જે અમારા જેવા અમરો પર દૃષ્ટિપાત કરીને આવી દયા કરે. હે દેવી! આપે સદાયે એવો જ પ્રયત્ન કરવો જોઈએ કે જેથી ત્રણે લોક નિરંતર વિઘ્ન-બાધાઓથી તિરસ્કૃત ન થાય. આપ અમારા શત્રુઓનો નાશ કરતાં રહો.

દેવીએ કહ્યું—હે દેવતાઓ! જેવી રીતે વાછરડાંને જોઈને ગાયો વ્યગ્ર થઈને ઉતાવળે ઉતાવળે એમની સાથે એમના તરફ દોડે છે, એ જ રીતે હું તમે સૌને જોઈને વ્યાકુળ થઈને દોડી આવું છું. તમને ન જોવાથી મારી એક ક્ષણ પણ યુગની જેમ વીતે છે. હું તમને મારાં બાળકોની જેમ સમજું છું અને તમારે માટે મારા પ્રાણ પણ આપી શકું છું. તમે લોકો મારા પ્રત્યે ભક્તિભાવથી સુશોભિત રહો છો તેથી તમને કોઈ પણ જાતની ચિંતા થશે નહિ. ચિંતા ન કરો. હું તમારી આપત્તિઓનું નિવારણ કરવા માટે સદૈવ તૈયાર છું. જેવી રીતે પૂર્વકાળમાં તમારી રક્ષાને માટે મેં દૈત્યોને માર્યા છે, એવી જ રીતે આગળ ભવિષ્યમાં પણ અસુરોનો સંહાર કરીશ, એમાં તમારે સંશય કરવો નહિ. આ હું સત્ય સત્ય કહું છું. ભવિષ્યમાં જ્યારે પુનઃ શુંભ અને નિશુંભ નામના બીજા દૈત્યો થશે, એ સમયે હું યશોમયી દેવી નંદપત્ની યશોદાના ગર્ભથી યોનિજ રૂપ ધારણ કરીને ગોકુળમાં ઉત્પન્ન થઈશ અને યથાસમયે એ અસુરોનો વધ કરીશ. નંદની પુત્રી હોવાને કારણે એ સમયે લોકો મને 'નંદની' કહેશે. જ્યારે હું ભ્રમરનું રૂપ ધારણ કરીને અરુણ નામના અસુરનો વધ કરીશ, ત્યારે સંસારના મનુષ્યો મને 'ભ્રામરી' કહેશે. પછી હું ભીમ (ભયંકર) રૂપ ધારણ કરીને રાક્ષસોને ખાવા માંડીશ એ સમયે મારું 'ભીમાદેવી' નામ પ્રસિદ્ધ થશે. જ્યારે જ્યારે પૃથ્વી પર અસુરો તરફથી બાધા ઉત્પન્ન થશે, ત્યારે ત્યારે હું અવતાર લઈને પ્રજાજનોનું કલ્યાણ કરીશ એમાં સંશય નથી. જે દેવી શતાક્ષી કહેવાય છે, એ જ શાકંભરી મનાય છે તથા એમને જ દુર્ગા કહે છે. ત્રણે નામ દ્વારા એક જ વ્યક્તિનું પ્રતિપાદન થાય છે. આ પૃથ્વી પર મહેશ્વરી શતાક્ષી સમાન બીજો કોઈ દયાળુ દેવતા નથી; કેમકે એ દેવી સમસ્ત પ્રજાને સંતપ્ત જોઈને નવ દિવસ સુધી રડતાં રહ્યાં હતાં.

(અધ્યાય ૫૦)

*

દેવીના ક્રિયાયોગનું વર્ણન–દેવીની મૂર્તિ અને મંદિરનું નિર્માણ, સ્થાપન અને પૂજનનું મહત્ત્વ, પરા અમ્બાની શ્રેષ્ઠતા, વિભિન્ન માસો અને તિથિઓમાં દેવીનાં વ્રત, ઉત્સવ અને પૂજન વગેરેનાં ફળ તથા આ સંહિતાના શ્રવણનું અને પાઠનું માહાત્મ્ય

વ્યાસજી બોલ્યા—હે મહામતે! હે બ્રહ્મપુત્ર! હે સર્વજ્ઞ સનત્કુમાર! હું ઉમાના પરમ અદ્‌ભુત ક્રિયાયોગનું વર્ણન સાંભળવા ચાહું છું. એ ક્રિયાયોગનું લક્ષણ શું છે? એનું અનુષ્ઠાન કરવાથી કયા ફળની પ્રાપ્તિ થાય છે અને જે પરા અમ્બા ઉમાને અધિક પ્રિય છે, તે ક્રિયાયોગ શું છે? આ બધી વાતો મને બતાવો.

સનત્કુમારજીએ કહ્યું—હે મહાબુદ્ધિમાન દ્વૈપાયન! તમે જે રહસ્યની વાત પૂછી રહ્યા છો, એ બધું હું તમને બતાવીશ, ધ્યાન દઈને સાંભળો. જ્ઞાનયોગ, ક્રિયાયોગ અને ભક્તિયોગ એ શ્રીમાતાની ઉપાસનાના ત્રણ માર્ગો કહેવાય છે, જે ભોગ અને મોક્ષ આપનારા છે. ચિત્તનો જે આત્મા સાથે સંયોગ થાય છે, એનું નામ 'જ્ઞાનયોગ' છે; એનો બાહ્ય વસ્તુઓ સાથે જે સંયોગ થાય છે, એને 'ક્રિયાયોગ' કહે છે. દેવીની સાથે આત્માની એકતાની ભાવનાને 'ભક્તિયોગ' માનવામાં આવે છે. ત્રણેય યોગોમાં જે 'ક્રિયાયોગ' છે એનું પ્રતિપાદન કરવામાં આવે છે. કર્મથી ભક્તિ ઉત્પન્ન થાય છે, ભક્તિથી જ્ઞાન થાય છે અને જ્ઞાનથી મુક્તિ થાય છે—આવો શાસ્ત્રોમાં નિશ્ચય કરવામાં આવ્યો છે. હે મુનિશ્રેષ્ઠ! મોક્ષનું પ્રધાન કારણ યોગ છે, પરંતુ યોગના ધ્યેયનું ઉત્તમ સાધન ક્રિયાયોગ છે. પ્રકૃતિને માયા જાણો અને સનાતન બ્રહ્મને માયાવી અથવા માયાના સ્વામી સમજો. આ બંને સ્વરૂપને એક બીજાથી અભિન્ન જાણીને મનુષ્ય સંસારબંધનથી મુક્ત થઈ જાય છે.*

હું કાલીનંદન! જે મનુષ્ય દેવીને માટે પથ્થર, લાકડાં અથવા માટીનું મંદિર બનાવે છે, એના પુણ્યફળનું વર્ણન સાંભળો. પ્રતિદિન યોગ દ્વારા આરાધના કરનારને જે મહાન ફળની પ્રાપ્તિ થાય છે, તે સમગ્ર ફળ એ પુરુષને મળી જાય છે, જે દેવીને માટે મંદિર બનાવડાવે છે. શ્રીમાતાનું મંદિર બનાવનારો ધર્માત્મા પુરુષ પોતાની વીતી ગયેલી પેઢી તથા આગળ આવનારી પેઢી-હજાર હજાર પેઢીનો ઉદ્ધાર કરી દે છે. કરોડો જન્મમાં કરેલાં થોડાં અથવા વધારે પાપ જે બાકી રહી જાય છે, શ્રીમાતાના મંદિરના નિર્માણનો આરંભ કરતાંની ક્ષણે જ નષ્ટ થઈ જાય છે. જેવી રીતે નદીઓમાં ગંગા, સંપૂર્ણ નદોમાં શોણભદ્ર, ક્ષમામાં પૃથ્વી, ગહનતામાં સમુદ્ર અને સમસ્ત ગ્રહોમાં સૂર્યદેવનું વિશિષ્ટ સ્થાન છે, એ જ પ્રકારે સમસ્ત દેવતાઓમાં શ્રીપરા અમ્બા શ્રેષ્ઠ મનાય છે, એ સમસ્ત દેવતાઓમાં મુખ્ય છે. જે એમને માટે મંદિર બનાવે છે, તે જન્મે જન્મે પ્રતિષ્ઠા પ્રાપ્ત કરે છે. કાશી, કુરુક્ષેત્ર, પ્રયાગ, પુષ્કર, ગંગાસાગર-

---

* માયાં તુ પ્રકૃતિં વિદ્યાન્માયાપિ બ્રહ્મ શાશ્વતમ્। અભિન્નં તદ્વયોર્જ્ઞાત્વા મુચ્યતે ભવબંધનાત્॥ (શિ.પુ.કો.સં. ૫૧/૧૨)

તટ, નૈમિષારણ્ય, અમરકંટક પર્વત, પરમ પુણ્યમય શ્રીપર્વત, જ્ઞાનપર્વત, ગોકર્ણ, મથુરા, અયોધ્યા અને દ્વારકા વગેરે પુણ્યપ્રદેશોમાં અને ગમે તે પણ કોઈ સ્થાનમાં માતાનું મંદિર બનાવનારો મનુષ્ય સંસારબંધનથી મુક્ત થઈ જાય છે. મંદિરમાં ઈંટો જોડાયેલી રહે અથવા મંદિર જેટલાં વર્ષ રહે એટલાં હજાર વર્ષ સુધી તે પુરુષ મણિદ્વીપમાં પ્રતિષ્ઠિત રહે છે. જે સમસ્ત શુભ લક્ષણોથી સંપન્ન ઉમાની પ્રતિમા બનાવડાવે છે, તે નિર્ભય થઈને અવશ્ય એમના પરમધામમાં જાય છે. શુભ ઋતુ, શુભ ગ્રહ અને શુભ નક્ષત્રમાં દેવીની મૂર્તિની સ્થાપના કરીને મહામાયાના પ્રસાદથી મનુષ્ય કૃતકૃત્ય થઈ જાય છે. કલ્પના આરંભથી લઈને અંત સુધી કુળમાં જેટલી પેઢીઓ વીતી ગઈ છે અને જેટલી પેઢી આવનારી છે, એ સૌને મનુષ્ય સુંદર દેવી મૂર્તિની સ્થાપના કરીને તારી દે છે.

જે કેવળ જગત-યોનિ પરા અમ્બાને શરણે જાય છે, એમને મનુષ્ય ન માનવા જોઈએ. તે સાક્ષાત્ દેવીના ગણ છે. જે ચાલતાં-ફરતાં, ઊંઘતાં-જાગતાં અથવા ઊભા થતી વખતે 'ઉમા' આ બે અક્ષરના નામનું ઉચ્ચારણ કરે છે, તે શિવાના જ ગણ છે. જે નિત્ય-નૈમિત્તિક કર્મમાં પુષ્પ, ધૂપ અને દીપક દ્વારા દેવી પરા શિવાનું પૂજન કરે છે, તે શિવાના ધામમાં જાય છે. જે પ્રતિદિન છાણ અથવા માટીથી દેવીના મંદિરને લીપે છે અથવા તેમાં સાવરણી ફેરવી કચરો કાઢે છે, તે પણ ઉમાના ધામમાં જાય છે. જેમણે દેવીના પરમ ઉત્તમ અને રમણીય મંદિરનું નિર્માણ કરાવ્યું છે, એમના કુળના લોકોને માતા ઉમા સદા આશીર્વાદ આપે છે. તે કહે છે–'આ લોકો મારા છે. તેથી મારા પ્રેમમાં ભાગી બની રહીને સો વર્ષો સુધી જીવે અને એમના પર કોઈ પણ આપત્તિ ન આવે' આ પ્રકારે શ્રીમાતા દિવસ-રાત આશીર્વાદ આપે છે. જેણે મહાદેવી ઉમાની શુભ મૂર્તિનું નિર્માણ કરાવ્યું છે, એમના કુળની દશ હજાર પેઢીઓના લોકો મણિદ્વીપમાં સન્માનપૂર્વક રહે છે. મહામાયાની મૂર્તિને સ્થાપિત કરીને એની સારીપેઠે પૂજા કર્યા પછી - સાધક જે જે મનોરથને માટે પ્રાર્થના કરે છે, તે તે મનોરથને જરૂર પ્રાપ્ત કરી લે છે.

જે શ્રીમાતાની સ્થાપિત થયેલી ઉત્તમ મૂર્તિને મધમિશ્રિત ઘીથી સ્નાન કરાવે છે, એના પુણ્યફળની તો કોણ ગણતરી કરી શકે તેમ છે? ચંદન, અગરુ, કપૂર, જટામાંસી અને નાગરમોથ વગેરેથી યુક્ત જલ તથા એક રંગની ગાયોનું દૂધ લઈને તેનાથી પરમેશ્વરીને સ્નાન કરાવો ત્યાર પછી અષ્ટદશાંગધૂપ દ્વારા અગ્નિમાં ઉત્તમ આહુતિ આપે તથા ઘી અને કપૂર સહિત બત્તીઓ (દીપકો) દ્વારા દેવીની આરતી ઉતારવી– વદ પક્ષની આઠમ, નોમ અને અમાસ અથવા સુદ પક્ષની પંચમી અથવા દશમ તિથિઓને ગંધ, પુષ્પ વગેરે ઉપચારો દ્વારા જગદંબાની વિશેષ પૂજા કરવી જોઈએ. રાત્રિસૂક્ત, શ્રીસૂક્ત અથવા દેવીસૂક્ત વાંચતાં વાંચતાં અથવા મૂળમંત્રનો જપ કરતાં કરતાં દેવીની આરાધના કરવી જોઈએ. વિષ્ણુકાન્તા અને તુલસીને છોડીને બાકીનાં બધાં પુષ્પ દેવીને માટે પ્રીતિકારક જાણવાં જોઈએ. કમળનું પુષ્પ એમને માટે વિશેષ પ્રીતિકારક છે. જે દેવીને સોના-ચાંદીનાં ફૂલ ચઢાવે છે, તે કરોડો સિદ્ધોથી યુક્ત એમના પરમ ધામમાં જાય છે. દેવીના ઉપાસકોએ પૂજનનાં અંતે સદા પોતાના અપરાધો માટે ક્ષમા

પ્રાર્થના કરવી જોઈએ. 'જગતને આનંદ પ્રદાન કરનારાં પરમેશ્વરિ! પ્રસન્ન થાઓ.' વગેરે વાક્યો દ્વારા સ્તુતિ અને મંત્ર પાઠ કરતાં કરતાં દેવીના ભજનમાં રહેનારો ઉપાસક એમનું આ પ્રકારે ધ્યાન કરે. દેવી સિંહ પર સવાર છે. એમના હાથમાં અભય અને વર મુદ્રાઓ છે તથા એ ભક્તોને મનોવાંછિત ફળ પ્રદાન કરનારાં છે. આ રીતે મહેશ્વરીનું ધ્યાન કરીને એમને નૈવેદ્યરૂપે પાકાં ફળ અર્પિત કરે. જે પરમાત્મા શંભુશક્તિના નૈવેદ્યનું ભક્ષણ કરે છે, તે મનુષ્ય પોતાનાં બધા પાપકર્મને ધોઈને નિર્મળ થઈ જાય છે. જે ચૈત્ર સુદ ત્રીજે ભવાનીની પ્રસન્નતા માટે વ્રત કરે છે, તે જન્મ-મરણનાં બંધનથી મુક્ત થઈને પરમ પદને પ્રાપ્ત કરે છે. વિદ્વાન પુરુષ આ જ ત્રીજે દોલોત્સવ કરે છે. એમાં શંકરસહિત જગદંબા ઉમાની પૂજા કરે. ફૂલ, કંકુ, વસ્ત્ર, કપૂર, અગુરુ, ચંદન, ધૂપ, દીપ, નૈવેદ્ય, પુષ્પહાર અને અન્ય ગંધદ્રવ્યો દ્વારા શિવસહિત સર્વકલ્યાણકારિણી મહામાયા મહેશ્વરી શ્રીગૌરી દેવીનું પૂજન કરે અને એમને હીંચોળે. જે પ્રતિવર્ષ ઉક્ત તિથિએ દેવીનું વ્રત અને દોલોત્સવ કરે છે, એને શિવાદેવી સંપૂર્ણ મનોવાંછિત પદાર્થો આપે છે.

વૈશાખ માસના સુદ પક્ષમાં જે અખાત્રીજ આવે છે, એમાં આળસરહિત થઈને જે જગદંબાનું વ્રત કરે છે તથા બેલા (મોગરો), માલતી, ચંપા, જવા (અઢઉલ), બન્ધૂક (દુપહરિયા) અને કમલનાં ફૂલોથી શંકરસહિત ગૌરીદેવીની પૂજા કરે છે તે કરોડો જન્મોમાં કરેલાં માનસિક, વાચિક અને શારીરિક પાપનો નાશ કરીને ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચારેય પુરુષાર્થોને અક્ષયરૂપે પ્રાપ્ત કરે છે.

જેઠ સુદ ત્રીજે વ્રત કરીને જે અત્યંત પ્રસન્નતાની સાથે મહેશ્વરીનું પૂજન કરે છે એને માટે કશુંયે અસાધ્ય નથી. અષાઢ સુદની ત્રીજે પોતાના વૈભવ અનુસાર રથોત્સવ કરો. આ ઉત્સવ દેવીને અત્યંત પ્રિય છે. પૃથ્વીને રથ સમજો, ચંદ્રમા અને સૂર્યને એનાં પૈડાં જાણો, વેદને ઘોડા જાણો અને બ્રહ્માજીને સારથિ જાણો. આ ભાવનાથી મણિજડિત રથની કલ્પના કરીને એને પુષ્પમાળાઓથી સુશોભિત કરો. પછી એની અંદર શિવાને બિરાજમાન કરો. ત્યાર પછી બુદ્ધિમાન પુરુષ એ ભાવના કરે કે પરા અમ્બા ઉમાદેવી સંપૂર્ણ જગતની રક્ષા માટે એની દેખભાળ કરવા નિમિત્તે રથની અંદર બેઠાં છે, જ્યારે રથ ધીરે-ધીરે ચાલે, ત્યારે જયજયકાર કરતાં કરતાં પ્રાર્થના કરવી—'હે દેવી! હે દીનવત્સલ! અમે આપને શરણે આવ્યા છીએ. આપ અમારી રક્ષા કરો. (પાહિ દેવી જનાનસ્માન્ પ્રપન્નાન્ દીનવત્સલે) આ વાક્યો દ્વારા દેવીને સંતુષ્ટ કરો અને યાત્રાના સમયે વિવિધ પ્રકારનાં વાદ્યો વગાડાવવાં. ગ્રામ અથવા નગરની સીમાના અંત સુધી રથને લઈ જઈને ત્યાં એ રથ પર દેવીની પૂજા કરો અને વિવિધ પ્રકારનાં સ્તોત્રોથી એમની સ્તુતિ કરીને પછી એમને પોતાને ઘેર લઈ આવવાં. તદનંતર સેંકડો વાર પ્રણામ કરીને જગદંબાની પ્રાર્થના કરે. જે વિદ્વાન આ પ્રકારે દેવીનું પૂજન, વ્રત અને રથોત્સવ કરે છે, તે આ લોકમાં સંપૂર્ણ ભોગોનો ઉપભોગ કરીને અંતે દેવીના ધામે જાય છે.

શ્રાવણ અને ભાદરવા માસની સુદ ત્રીજે જે વિધિપૂર્વક અંબાનું વ્રત અને પૂજન કરે છે, તે આ લોકમાં પુત્ર, પૌત્ર અને ધન વગેરેથી સંપન્ન થઈને સુખ ભોગવે છે તથા અંતે સૌ

લોકોથી ઉપર બિરાજમાન ઉમાલોકમાં જાય છે.

આસો માસના સુદ પક્ષમાં નવરાત્ર વ્રત કરવું જોઈએ. એ કરવાથી સંપૂર્ણ કામનાઓ સિદ્ધ થઈ જ જાય છે, એમાં સંશય નથી. આ નવરાત્ર વ્રતના પ્રભાવનું વર્ણન કરવામાં ચતુરાનન બ્રહ્મા, પંચાનન મહાદેવ તથા ષડાનન કાર્તિકેય પણ સમર્થ નથી, પછી બીજું કોણ સમર્થ હોઈ શકે છે. હે મુનિશ્રેષ્ઠ! નવરાત્ર વ્રતનું અનુષ્ઠાન કરીને વિરથનો પુત્ર રાજા સુરથે પોતે ગુમાવેલા રાજ્યને પ્રાપ્ત કરી લીધું. અયોધ્યાના બુદ્ધિમાન નરેશ ધ્રુવસંધિકુમાર સુદર્શને આ નવરાત્રના પ્રભાવથી જ રાજ્ય પ્રાપ્ત કર્યું, જે પહેલાં એના હાથમાંથી નીકળી ગયું હતું. આ વ્રતરાજનું અનુષ્ઠાન અને મહેશ્વરીની આરાધના કરીને સમાધિ વૈશ્ય સંસારબંધનથી મુક્ત થઈને મોક્ષના ભાગી બન્યા હતા–જે મનુષ્ય આસો માસના શુકલ પક્ષમાં વિધિપૂર્વક વ્રત કરીને ત્રીજ, પાંચમ, સાતમ, આઠમ, નોમ અને ચૌદશ તિથિઓએ દેવીનું પૂજન કરે છે, દેવી શિવા નિરંતર એના સંપૂર્ણ મનોવાંછિત મનોરથની પૂર્તિ કરતાં જ રહે છે. જે કાર્તિક, માગશર, પોષ, મહા અને ફાગણ માસના સુદ પક્ષમાં ત્રીજે વ્રત કરે અને લાલ કરેણ વગેરે ફૂલો અને સુગંધિત ધૂપથી મંગલમયી દેવીની પૂજા કરે છે, તે સંપૂર્ણ મંગલને પ્રાપ્ત થાય છે. સ્ત્રીઓએ પોતાના સૌભાગ્યની પ્રાપ્તિ અને રક્ષા માટે સદા આ મહાન વ્રતનું આચરણ કરવું જોઈએ તથા પુરુષોને પણ વિદ્યા, ધન અને પુત્રની પ્રાપ્તિ માટે આનું અનુષ્ઠાન કરવું જોઈએ. આ સિવાય અન્ય પણ જે દેવીને પ્રિય લાગનારાં ઉમા-મહેશ્વર વગેરે વ્રત છે, મુમુક્ષુ પુરુષોએ એમનું ભક્તિભાવપૂર્વક આચરણ કરવું જોઈએ.

આ ઉમાસંહિતા પરમ પુણ્યમયી તથા શિવભક્તિને વધારનારી છે. એમાં વિવિધ પ્રકારનાં ઉપાખ્યાનો છે. આ કલ્યાણમયી સંહિતા ભોગ અને મોક્ષ આપનારી છે, જે આજે ભક્તિભાવથી સંભળાવે છે અથવા વાંચે-વંચાવે છે તે પરમગતિને પ્રાપ્ત થાય છે. જેના ઘરમાં સુંદર અક્ષરોથી લખેલી આ સંહિતા વિધિવત્ પૂજિત થાય છે. તે સંપૂર્ણ અભીષ્ટોને પ્રાપ્ત કરી લે છે. એને ભૂત, પ્રેત અને પિશાચ વગેરે દુષ્ટોથી ક્યારેય ભય નથી થતો. તે પુત્ર-પૌત્ર વગેરે સંપત્તિને અવશ્ય પામે છે એમાં સંશય નથી. માટે શિવાની ભક્તિ ઇચ્છનારા પુરુષોએ સદા આ પરમ પુણ્યમયી રમણીય ઉમાસંહિતાનું શ્રવણ કરવું જોઈએ અને પાઠ કરવો જોઈએ.

(અધ્યાય - ૫૧)

*

॥ ઉમાસંહિતા સંપૂર્ણ ॥

*

કૈલાસસંહિતા

ઋષિઓનો સૂતજીને અને વામદેવજીનો સ્કંદને પ્રશ્ન–પ્રણવાર્થ–નિરૂપણ માટે અનુરોધ

નમઃ શિવાય સામ્બાય સગણાય સસૂનવે ॥
પ્રધાનપુરુષેશાય સર્ગસ્થિત્યન્તહેતવે ॥

જે પ્રધાન (પ્રકૃતિ) અને પુરુષના નિયન્તા તથા સૃષ્ટિ, પાલન અને સંહારનું કારણ છે, એ પાર્વતીસહિત શિવને અનેક પાર્ષદો અને પુત્રો સાથે પ્રણામ છે.

ઋષિ બોલ્યા—હે સૂતજી! અમે અનેક આખ્યાનોથી યુક્ત પરમ મનોહર ઉમાસંહિતા સાંભળી. હવે આપ શિવતત્ત્વનું જ્ઞાન વધારનાર કૈલાસસંહિતાનું વર્ણન કરો.

વ્યાસજીએ કહ્યું—હે પુત્રો! શિવતત્ત્વનું પ્રતિપાદન કરનારી દિવ્ય કૈલાસ-સંહિતાનું વર્ણન કરું છું. તમે પ્રેમપૂર્વક સાંભળો. તમારા પ્રત્યે સ્નેહ હોવાને કારણે જ હું તમને આ પ્રસંગ સંભળાવી રહ્યો છું.

આટલું કહીને વ્યાસજીએ કાશીમાં મુનિઓ તથા સૂતજીનો સંવાદ, વ્યાસ-મુનિ સંવાદ, શિવ-પાર્વતી સંવાદ, શિવજી દ્વારા કહેવાયેલી પાર્વતી પ્રતિ સંન્યાસ-પદ્ધતિ, સંન્યાસાચાર, સંન્યાસ-મંડળ, સંન્યાસ પદ્ધતિન્યાસ, વર્ણપૂજન, પ્રણવાર્થપદ્ધતિ વગેરે પ્રસંગોનું વર્ણન કરીને પુનઃ ઋષિગણ તથા સૂતજીના મિલન અને સંવાદની અવતારણા કરતાં સૂતજી પ્રતિ ઋષિઓના પ્રશ્નનું આમ વર્ણન કર્યું.

ઋષિ બોલ્યા—હે મહાભાગ સૂતજી! આપ અમારા શ્રેષ્ઠ ગુરુ છો. તેથી જો આપનો અમારા પર અનુગ્રહ હોય તો અમે આપને એક પ્રશ્ન પૂછીએ છીએ. શ્રદ્ધાળુ શિષ્યો પર આપ-જેવા ગુરુજન સદા સ્નેહ રાખે છે એ વાતને આપે આ સમયે અમને પ્રત્યક્ષ કરી બતાવી છે. હે મુને! વિરજા હોમ સમય પહેલાં આપે જે વામદેવનો મત સૂચિત કર્યો હતો, એને અમે વિસ્તારપૂર્વક નથી સાંભળ્યો. હવે અમે બહુ આદર અને શ્રદ્ધા સાથે એ સાંભળવા ઇચ્છીએ છીએ. હે કૃપાસિંધો! આપ પ્રસન્નતાપૂર્વક એનું વર્ણન કરો.

ઋષિઓની આ વાત સાંભળીને સૂતના શરીરમાં રોમાંચ થઈ આવ્યો. એમણે ગુરુના પણ પરમ ઉત્કૃષ્ટ ગુરુ મહાદેવજીને, ત્રિભુવન-જનની મહાદેવી ઉમાને તથા ગુરુ વ્યાસને પણ ભક્તિપૂર્વક નમસ્કાર કરીને મુનિઓને આહ્લાદિત કરતાં કરતાં ગંભીર વાણીમાં આ પ્રકારે કહ્યું.

સૂતજી બોલ્યા—હે મુનિઓ! તમારું કલ્યાણ થાઓ, તમે લોકો સદા સુખી રહો, હે મહાભાગ મહાત્માઓ! તમે ભગવાન શિવના ભક્ત તથા દૃઢતાપૂર્વક વ્રતનું પાલન કરનારા છો, એ નિશ્ચિતરૂપે જાણીને જ હું તમારા લોકો સમક્ષ આ વિષયનું પ્રસન્નતાપૂર્વક વર્ણન કરું છું. ધ્યાન દઈને સાંભળો. પૂર્વકાળના રથન્તર કલ્પમાં મહામુનિ વામદેવ માતાના ગર્ભમાંથી બહાર નીકળતાં જ શિવતત્ત્વના જ્ઞાતાઓમાં શ્રેષ્ઠ મનાવા લાગ્યા. તે વેદો, આગમો, પુરાણો અને અન્ય સર્વ શાસ્ત્રોના પણ તાત્ત્વિક અર્થને જાણતા હતા. દેવતા, અસુર તથા મનુષ્ય વગેરે જીવોનાં જન્મ-કર્મનું એમને સારી પેઠે જ્ઞાન હતું. એમનું સંપૂર્ણ અંગ ભસ્મ લગાડવાથી ઉજ્જ્વળ દેખાતું હતું. એમના મસ્તક પર જટાઓનો સમૂહ શોભી રહ્યો હતો. એ કોઈનાયે આશ્રિત ન હતા. એમના મનમાં કોઈ પણ વસ્તુની ઇચ્છા જ ન હતી. તે શીત-ઉષ્ણ વગેરે દ્વન્દ્વોથી પર અને અહંકારશૂન્ય હતા. તે દિગંબર મહાજ્ઞાની મહાત્મા બીજા મહેશ્વર સમાન જણાતા હતા. એમના જેવા જ સ્વભાવવાળા મોટા મોટા મુનિ શિષ્ય થઈને એમને ઘેરી લેતા હતા. તે પોતાનાં ચરણોના સ્પર્શજનિત પુણ્યથી આ પૃથ્વીને પવિત્ર કરતાં કરતાં બધે વિચક્ષણ કરતા હતા અને પોતાના ચિત્તને નિરંતર પરમધામ-સ્વરૂપ પરબ્રહ્મ પરમાત્મામાં પરોવી રાખતા હતા. આ રીતે ફરતાં ફરતાં વામદેવજીએ મેરુના દક્ષિણ શિખર-કુમારશૃંગમાં પ્રસન્નતાપૂર્વક પ્રવેશ કર્યો, જ્યાં મયૂરવાહન શિવકુમાર, જ્ઞાનમય શક્તિ ધારણ કરનારા, સમસ્ત અસુરોના નાશક અને સર્વદેવ-વંદિત ભગવાન સ્કંદ રહેતા હતા. એમની સાથે એમની શક્તિભૂતા 'ગજાવલ્લી' પણ હતાં. ત્યાં સ્કંદસર નામનું પ્રસિદ્ધ સરોવર હતું, જે સમુદ્ર સમાન અગાધ અને વિશાળ જણાતું હતું. એનું જળ શીતળ અને બહુ જ સ્વાદિષ્ટ હતું. તે સરોવર સ્વચ્છ, અગાધ અને બહુ જ જલરાશિથી પૂર્ણ હતું. એમાં સંપૂર્ણ આશ્ચર્યજનક ગુણ વિદ્યમાન હતા. તે જળાશય સ્કંધસ્વામી નજીક જ હતું. મહામુનિ વામદેવે શિષ્યોની સાથે એમાં સ્નાન કરીને શિખર પર બેઠેલા મુનિવૃંદ-સેવિત કુમારનાં દર્શન કર્યાં. તે ઊગતા સૂર્યની જેમ તેજસ્વી હતા. મોર એમનું શ્રેષ્ઠ વાહન હતું. એમને ચાર ભુજાઓ હતી. બધાં જ અંગોથી ઉદારતા સૂચિત થતી હતી. મુગટ વગેરેથી એમની શોભા વધી રહી હતી. રત્નભૂત બે શક્તિઓ એમની ઉપાસના કરતી હતી. એમણે પોતાના ચાર હાથમાં ક્રમશઃ શક્તિ, કુક્કુટ, વર અને અભય ધારણ કરી રાખ્યાં હતાં. સ્કંદનાં દર્શન અને પૂજન કરીને એ મુનીશ્વરે બહુ ભક્તિથી એમના સ્તવનનો આરંભ કર્યો.

વામદેવ બોલ્યા—જે પ્રણવનો વાચ્યાર્થ, પ્રણવાર્થના પ્રતિપાદક, પ્રણવાક્ષર બીજથી યુક્ત તથા પ્રણવરૂપ છે એવા આપ સ્વામી કાર્તિકેયને વારંવાર નમસ્કાર છે. વેદાંતનો અર્થભૂત બ્રહ્મ જ જેમનું સ્વરૂપ છે, જે વેદાંતનો અર્થ કરે છે, વેદાંતના અર્થને જાણે છે અને નિત્ય-વિદિત છે એવા સ્કંદ સ્વામીને વારંવાર નમસ્કાર છે. સમસ્ત પ્રાણીઓની હૃદયગુફામાં પ્રતિષ્ઠિત ગુહને નમસ્કાર છે. જે સ્વયં ગુહ્ય છે, જેમનું રૂપ ગુહ્ય છે તથા જે ગુહ્ય-શાસ્ત્રોના જ્ઞાતા છે એ સ્વામી કાર્તિકેયને નમસ્કાર હો. હે પ્રભો! આપ અણુથી પણ અત્યંત અણુ અને મહાનથી પણ પરમ મહાન છો, કારણ અને કાર્ય અથવા ભૂત અને

ભવિષ્યના પણ જ્ઞાતા છો. આપ પરમાત્મસ્વરૂપને નમસ્કાર હો. આપ સ્કંદ (માતાના ગર્ભથી ચ્યુત) છો. સ્કંદન (ગર્ભથી સ્ખલન) જ આપનું રૂપ છે. આપ સૂર્ય અને અરુણ સમાન તેજસ્વી છો. પારિજાતની માળાથી સુશોભિત, મુગટ વગેરે ધારણ કરનારા આપ સ્કંદસ્વામીને સદા નમસ્કાર છે. આપ શિવના શિષ્ય અને પુત્ર છો, શિવ (કલ્યાણ) આપનારા છે, શિવને પ્રિય છો તથા શિવા અને શિવ માટે આનંદના નિધિ (ખજાનો) છે. આપને નમસ્કાર છે. આપ ગંગાજીના બાળક, કૃત્તિકાઓના કુમાર, ભગવતી ઉમાના પુત્ર તથા (સરુ) સરપટ-સરકંડાના વનમાં શયન કરનારા છો. આપ મહાબુદ્ધિમાન દેવતાને નમસ્કાર છે. છ અક્ષર-મંત્ર આપનું શરીર છે. આપ છ પ્રકારના અર્થનું વિધાન કરનારા છો. આપનું રૂપ છ માર્ગોથી પર છે. આપ ષડાનનને વારંવાર નમસ્કાર છે. હે દ્વાદશાત્મન્! આપનાં બાર વિશાળ નેત્ર અને બાર ઊંચી કરેલી ભુજાઓ છે, એ ભુજાઓમાં આપ બાર આયુધ ધારણ કરો છો. આપને નમસ્કાર છે. આપ ચતુર્ભુજધારી, શાંત તથા ચારે ભુજાઓમાં ક્રમશઃ શક્તિ, કુકુટ, વર અને અભય ધારણ કરો છો. આપ અસુરવિદારણ દેવને નમસ્કાર છે. આપનું વક્ષઃસ્થળ ગજાવલ્લીના કુચોમાં લાગેલા કંકુથી અંકિત છે. પોતાના નાના ભાઈ ગણેશજીનો આનંદમય મહિમા સાંભળીને મનમાં ને મનમાં આનંદિત થાવ છો. આપને નમસ્કાર છે. બ્રહ્મા વગેરે દેવતા, મુનિ અને કિન્નરગણ દ્વારા ગવાતી ગાથા વિશેષ દ્વારા જેના પવિત્ર કીર્તિધામનું ચિંતન કરવામાં આવે છે, એવા આપ સ્કંદને નમસ્કાર છે. દેવતાઓના નિર્મલ કિરીટને (મુગટને) વિભૂષિત કરનારી પુષ્પમાળાઓથી આપનાં મનોહર ચરણારવિંદોની પૂજા કરવામાં આવે છે. આપને નમસ્કાર હો. જે વામદેવ દ્વારા વર્ણિત આ દિવ્ય સ્કંદસ્તોત્રનો પાઠ કરશે અથવા સાંભળશે તે પરમગતિને પ્રાપ્ત થશે. આ સ્તોત્ર બુદ્ધિને વધારનાર, શિવભક્તિમાં વૃદ્ધિ કરનાર, અભુ, આરોગ્ય તથા ધનની પ્રાપ્તિ કરાવનાર છે અને સદા સંપૂર્ણ અભીષ્ટ-મનોવાંછિતને આપનાર છે.*

વામદેવે આ પ્રકારે દેવ-સેનાપતિ ભગવાન સ્કંદની સ્તુતિ કરીને ત્રણ વાર એમની પરિક્રમા

---

* વામદેવ ઉવાચ—

ॐ નમઃ પ્રણવાર્થાય પ્રણવાર્થવિધાયિને । પ્રણવાક્ષરબીજાય પ્રણવાય નમો નમઃ ॥
વેદાન્તાર્થસ્વરૂપાય વેદાન્તાર્થવિધાયિને । વેદાન્તાર્થવિદે નિત્યં વિદિતાય નમો નમઃ ॥
નમો ગુહાય ભૂતાનાં ગુહાસુ નિહિતાય ચ । ગુહ્યાય ગુહ્યરૂપાય ગુહ્યાગમવિદે નમઃ ॥
અણોરણીયસે તુભ્યં મહતોઽપિ મહીયસે । નમઃ પરાવરજ્ઞાય પરમાત્મસ્વરૂપિણે ॥
સ્કન્દાય સ્કન્દરૂપાય નિહિતારુણતેજસે । નમો મંદારમાલોલ્લસન્મુકુટાદિવિભૂતે સદા ॥
શિવશિષ્યાય પુત્રાય શિવસ્ય શિવદાયિને । શિવપ્રિયાય શિવયોરાનંદનિધયે નમઃ ॥
ગાંગેયાય નમસ્તુભ્યં કાર્તિકેયાય શ્રીમતે । ઉમાપુત્રાય મહતે શરકાનનશાયિને ॥
ષડક્ષરશરીરાય ષડ્વિધાર્થવિધાયિને । ષડ્ગાતીતસ્વરૂપાય ષણ્મુખાય નમો નમઃ ॥
દ્વાદશાયતનેત્રાય દ્વાદશોદ્યતબાહવે । દ્વાદશાયુધધારાય દ્વાદશાત્મન્ નમોઽસ્તુતે ॥
ચતુર્ભુજાય શાન્તાય શક્તિકુક્કુટધારિણે । વરદાભયહસ્તાય નમોઽસુરવિદારિણે ॥
ગજાવલ્લીકુચાલિપ્તકુંકુમાંકિતવક્ષસે । નમો ગજાનનાનન્દમહિમા નન્દિતાત્મને ॥

કરી અને પૃથ્વી પર દંડની જેમ પડીને નતમસ્તક થઈને વારંવાર સાષ્ટાંગ પ્રણામ અને પરિક્રમા કર્યા પછી તે વિનીત ભાવથી એમની પાસે ઊભા રહી ગયા. વામદેવજી દ્વારા કરેલા આ પરમાર્થપૂર્ણ સ્તોત્રને સાંભળીને મહેશ્વર પુત્ર ભગવાન સ્કંદ બહુ પ્રસન્ન થયા. એ સમયે તે મહાસેન વામદેવજીને કહેવા લાગ્યા—'હે મુને! હું તમારી કરેલી પૂજાથી, સ્તુતિ અને ભક્તિથી તમારા ઉપર બહુ જ પ્રસન્ન છું. તમારું કલ્યાણ થાઓ. આજે હું તમારું કયું પ્રિય કાર્ય સિદ્ધ કરું? તમે યોગીઓમાં પ્રધાન, સર્વથા પરિપૂર્ણ અને નિઃસ્પૃહ છો. આ જગતમાં એવી કોઈ વસ્તુ નથી, જેને માટે તમારા જેવા વીતરાગ મહર્ષિ યાચના કરે, છતાં પણ ધર્મની રક્ષા અને સંપૂર્ણ જગત પર અનુગ્રહ કરવા માટે તમારા જેવા સાધુ-સંત ભૂતલ પર વિચરતા રહે છે. હે બ્રહ્મન્! જો આ વખતે મારી પાસેથી કશું સાંભળવું હોય તો કહો; હું લોક પર અનુગ્રહ કરવા માટે એ વિષયનું વર્ણન કરીશ.'

સ્કંદની આ વાત સાંભળીને મહામુનિ વામદેવે વિનયાવનત થઈને મેઘ-ગંભીર વાણીમાં કહ્યું.

વામદેવ બોલ્યા—હે ભગવન્! આપ પરમેશ્વર છો. અલૌકિક અને લૌકિક—બધા પ્રકારની વિભૂતિઓના દાતા છો. સર્વજ્ઞ, સર્વકર્તા, સંપૂર્ણ શક્તિઓને ધારણ કરનારા અને સૌના સ્વામી છો. અમે તો સાધારણ જીવ છીએ. આપ પરમેશ્વરની સમીપ બોલવાની શક્તિ અથવા વાત કરવાની યોગ્યતા અમારામાં નથી, તેમ છતાં એ આપનો અનુગ્રહ છે કે આપ મારી સાથે વાત કરો છો. હે મહાપ્રાજ્ઞ! હું કૃતાર્થ છું. કણ માત્ર વિજ્ઞાનથી પ્રેરિત થઈને આપની સમક્ષ પોતાનો પ્રશ્ન કરી રહ્યો છું. મારા આ અપરાધની ક્ષમા ચાહું છું. પ્રણવ સૌથી ઉત્તમ મંત્ર છે. તે સાક્ષાત્ પરમેશ્વરનો વાચક છે. પશુઓ (જીવો)ના પાશ (બંધન)ને છોડાવનાર ભગવાન પશુપતિ જ એનો વાચ્યાર્થ છે. 'ઓમિતીદં સર્વમ્ (તૈ. ૩૦ ૧/૮/૧) - ઓંકાર જ આ પ્રત્યક્ષ દેખાનારું સમસ્ત જગત છે. તે સનાતન શ્રુતિનું કથન છે. 'ઓમિતિ બ્રહ્મ' (તૈ. ૩૦ ૧/૮/૧) અર્થાત્ ૐ એ બ્રહ્મ છે' તથા 'સર્વં હ્યેતદ્ બ્રહ્મ' (માંડૂ. ૨) 'આ સર્વ કાંઈ બ્રહ્મ છે' વગેરે વાતો પણ શ્રુતિઓ દ્વારા કહેવામાં આવી છે. આ પ્રકારે મેં સમષ્ટિ તથા વ્યષ્ટિભાવથી પ્રણવાર્થનું શ્રવણ કર્યું છે. તાત્પર્ય એ છે કે સમષ્ટિ અને વ્યષ્ટિ—બધા પદાર્થ પ્રણવના જ અર્થ છે, પ્રણવ દ્વારા સર્વનું પ્રતિપાદન થાય છે—આ વાત મેં સાંભળી રાખી છે. હે મહાસેન! મને ક્યારેય આપ જેવા ગુરુ નથી મળ્યા, માટે કૃપા કરીને આપ પ્રણવના અર્થનું પ્રતિપાદન કરો. ઉપદેશની વિધિથી તથા સદાચાર-પરંપરાને ધ્યાનમાં રાખીને અમને પ્રણવાર્થનો ઉપદેશ આપો.

મુનિના આ પ્રકારે પૂછવા પર સ્કંદે પ્રણવસ્વરૂપ, આડત્રીસ શ્રેષ્ઠ કલાઓ દ્વારા લક્ષિત તથા સદા પાર્શ્વભાગમાં ઉમાને સાથે

ब्रह्मादिदेवमुनिकिन्नरगीयमानजगद्धा विशेष शुचिचिंतित कीर्तिधाम्ने । वृन्दारकामलकिरीटविघृष्टपत्रद्रुपुष्पाभिरामपदपंकज ते नमोऽस्तु ॥
इति स्कन्दस्तवं दिव्यं वामदेवेन भाषितम् । यः पठेच्छृणुयाद्वापि स याति परमां गतिम् ॥
महाप्रज्ञाकरं केतच्छिवभक्तिविवर्धनम् । आयुरारोग्यधनकृत्सर्वकामप्रदं सदा ॥
(शि.पु.कै.सं. ११।२२-३५)

રાખનારા અને મુનિવરોથી ઘેરાયેલા ભગવાન સદાશિવને પ્રણામ કરીને એ શ્રેયનું વર્ણન કરવાનું આરંભ કર્યું, જેને શ્રુતિઓએ પણ છુપાવી રાખ્યું છે. (અધ્યાય ૧થી ૧૧)

*

પ્રણવના વાચ્યાર્થરૂપ સદાશિવના સ્વરૂપનું ધ્યાન, વર્ણાશ્રમ-ધર્મના પાલનનું મહત્ત્વ, જ્ઞાનમયી પૂજા, સંન્યાસના પૂર્વાંગભૂત નાન્દીશ્રાદ્ધ અને બ્રહ્મયજ્ઞ વગેરેનું વર્ણન

શ્રીસ્કંદે કહ્યું—હે મહાભાગ મુનીશ્વર વામદેવ! તમને સાધુવાદ છે; કેમકે તમે ભગવાન શિવના અત્યંત ભક્ત છો અને શિવતત્ત્વના જ્ઞાતાઓમાં શ્રેષ્ઠ છો. ત્રણે લોકમાં ક્યાંય કોઈ એવી વસ્તુ નથી, જે તમને જ્ઞાત ન હોય. તથાપિ તમે લોકો પર અનુગ્રહ કરનારા છો, એટલે તમારી સમક્ષ આ વિષયનું વર્ણન કરીશ. આ લોકમાં જેટલા જીવ છે, તે બધા વિવિધ પ્રકારનાં શાસ્ત્રોથી મોહિત છે. પરમેશ્વરની અતિ વિચિત્ર માયાએ એમને પરમાર્થથી વંચિત કરી દીધા છે. તેથી પ્રણવના વાચ્યાર્થભૂત સાક્ષાત્ મહેશ્વરને તેઓ નથી જાણતા. તે મહેશ્વર જ સગુણ-નિર્ગુણ તથા ત્રિદેવોના જનક પરબ્રહ્મ પરમાત્મા છે. હું મારો જમણો હાથ ઉઠાવીને તમને શપથપૂર્વક કહું છું કે આ સત્ય છે, સત્ય છે, સત્ય છે. હું વારંવાર સત્યને બેવડાવું છું કે પ્રણવનો અર્થ સાક્ષાત્ શિવ જ છે. શ્રુતિઓ, સ્મૃતિ-શાસ્ત્રો, પુરાણો તથા આગમોમાં પ્રધાનતયા એમને જ પ્રણવના વાચ્યાર્થ કહ્યા છે. જ્યાંથી મનસહિત વાણી એ પરમેશ્વરને મેળવ્યા વગર પાછી ફરે છે, જેના આનંદનો અનુભવ કરનારો પુરુષ કોઈથી પણ ડરતો નથી, બ્રહ્મા, વિષ્ણુ તથા ઇન્દ્રસહિત આ સંપૂર્ણ જગત ભૂતો અને ઇન્દ્રિય-સમુદાયની સાથે સર્વપ્રથમ જેનાથી પ્રગટ થાય છે, જે પરમાત્મા સ્વયં કોઈનાથી અને ક્યારેય પણ ઉત્પન્ન થતો નથી, જેની નિકટ વિદ્યુત્, સૂર્ય અને ચંદ્રમાનો પ્રકાશ કામ આપતો નથી તથા જેના પ્રકાશથી જ આ સંપૂર્ણ જગત બધી બાજુથી પ્રકાશિત થઈ રહ્યું છે તે પરબ્રહ્મ પરમાત્મા સંપૂર્ણ ઐશ્વર્યથી સંપન્ન હોવાને કારણે સ્વયં જ સર્વેશ્વર 'શિવ' નામ ધારણ કરે છે.* હૃદયાકાશની અંદર બિરાજમાન જે ભગવાન શંભુ મુમુક્ષુ પુરુષોના ધ્યેય છે, જે સર્વવ્યાપી પ્રકાશાત્મા, ભાસસ્વરૂપ અને ચિન્મય છે, જે પરમ પુરુષની પરાશક્તિ શિવા ભક્તિભાવથી સુલભ, મનોહરા, નિર્ગુણ અને પોતાના ગુણોથી જ નિગૂઢ અને નિષ્કલ છે, એ પરમેશ્વરનાં ત્રણ રૂપ છે—સ્થૂળ, સૂક્ષ્મ અને એ બંનેથી પર. હે

---

* યતો વાચો નિવર્તન્તે અપ્રાપ્ય મનસા સહ। આનંદં યસ્ય વૈ વિદ્વાન્ન બિભેતિ કુતશ્ચન॥
યસ્માજ્જડાદિદં સર્વં વિષ્ણ્વિન્દ્રાદિપૂર્વકમ્। સહ ભૂતેન્દ્રિયગ્રામૈઃ પ્રથમં સમ્પ્રસૂયતે॥
ન સમ્પ્રસૂયતે યો વૈ કુતશ્ચન કદાચન। યસ્મિન્ ભાસતે વિદ્યુન્ન ચ સૂર્યો ન ચંદ્રમાઃ॥
યસ્ય ભાસો વિભાત્યેતદ્ જગત સર્વં સમન્તતઃ। સર્વૈશ્વર્યેણ સંપન્નો નામ્ના સર્વેશ્વરઃ સ્વયમ્॥
(શિ.પુ.કૈ.સં. ૧૨/૭-૧૦)

મુને! મુમુક્ષુ યોગીઓને નિત્ય ક્રમશઃ એમનાં આ સ્વરૂપોનું ધ્યાન કરવું જોઈએ. તે શંભુ નિષ્કલ, સંપૂર્ણ દેવતાઓના સનાતન આદિદેવ, જ્ઞાન-ક્રિયા-સ્વભાવ અને પરમાત્મા કહેવાય છે, એ દેવાધિદેવની સાક્ષાત્ મૂર્તિ સદાશિવ છે. ઈશાનાદિ પાંચમંત્ર એમનું શરીર છે. તે મહાદેવજી પંચકલા રૂપ છે. એમની અંગકાન્તિ શુદ્ધ સ્ફટિક સમાન ઉજ્જ્વળ છે. તે સદા પ્રસન્ન રહેનારા તથા શીતળ આભાથી યુક્ત છે. એ પ્રભુનાં પાંચ મુખ, દશ ભુજાઓ અને પંદર નેત્ર છે. 'ઈશાન' મંત્ર એમનું મુગટ-મંડિત મસ્તક છે! 'તત્પુરુષ' મંત્ર એ પુરાતન પ્રભુનું મુખ છે. 'અઘોર' મંત્ર હૃદય છે. 'વામદેવ' મંત્ર ગુહ્ય પ્રદેશ છે તથા 'સદ્યોજાત' મંત્ર એમના પગ છે. આ પ્રકારે તે પંચમંત્ર રૂપ છે. તે જ સાક્ષાત્ સાકાર અને નિરાકાર પરમાત્મા છે. સર્વજ્ઞતા વગેરે છ શક્તિઓ એમના શરીરનાં છ અંગ છે. તે શબ્દ વગેરે શક્તિઓથી સ્ફુરિત હૃદય-કમળ દ્વારા સુશોભિત છે. વામભાગમાં મનોન્મની નામક પોતાની શક્તિથી વિભૂષિત છે.

હવે હું મંત્ર વગેરે છ પ્રકારના અર્થોને પ્રગટ કરવા માટે જે અર્થોપન્યાસની પદ્ધતિ છે, તે દ્વારા પ્રણવના સમષ્ટિ અને વ્યષ્ટિ-સંબંધી ભાવાર્થનું વર્ણન કરીશ, પરંતુ પહેલાં ઉપદેશનો ક્રમ બતાવવો ઉચિત છે, એટલે એને જ સાંભળો. હે મુને! આ માનવલોકમાં ચાર વર્ણ પ્રસિદ્ધ છે. એમાંથી બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્ય—એ ત્રણ વર્ણ છે; એમનો જ વૈદિક આચારથી સંબંધ છે. ત્રૈવર્ણિકોની સેવા જ જેમને માટે સારભૂત ધર્મ છે, એ શૂદ્રોને વેદ-અધ્યયનમાં અધિકાર નથી. જો બધા ત્રૈવર્ણિક પોતપોતાના આશ્રમ ધર્મના પાલનમાં હાર્દિક અનુરાગ સાથે લાગ્યા રહેલા હોય તો એમનો જ શ્રુતિઓ અને સ્મૃતિઓમાં પ્રતિપાદિત ધર્મના અનુષ્ઠાનમાં અધિકાર છે, બીજાનો કદાપિ નહીં. શ્રુતિ અને સ્મૃતિમાં પ્રતિપાદિત કર્મનું અનુષ્ઠાન કરનારો પુરુષ અવશ્ય સિદ્ધિને પ્રાપ્ત થાય છે, આ વાત વેદોક્ત માર્ગને દેખાડનારા પરમેશ્વરે સ્વયં કહી છે. વર્ણધર્મ અને આશ્રમ ધર્મના પાલનજનિત પુણ્યથી પરમેશ્વરનું પૂજન કરીને ઘણાબધા મુનિ એમનું સાયુજ્ય મેળવી ચૂક્યા છે. બ્રહ્મચર્યના પાલનથી ઋષિઓની, યજ્ઞકર્મોના અનુષ્ઠાનથી દેવતાઓની તથા સંતાન-ઉત્પાદનથી પિતરોની તૃપ્તિ થાય છે—એવું શ્રુતિએ કહ્યું છે. આ રીતે ઋષિ-ઋણ, દેવ-ઋણ તથા પિતૃ-ઋણ—એ ત્રણેથી મુક્ત થઈને વાનપ્રસ્થ-આશ્રમમાં પ્રવિષ્ટ થઈને મનુષ્ય શીત, ઉષ્ણ તથા સુખ-દુઃખ વગેરે દ્વન્દ્વોને સહન કરતાં જિતેન્દ્રિય, તપસ્વી અને મિતાહારી થઈ યમ-નિયમ વગેરે યોગનો અભ્યાસ કરે, જેનાથી બુદ્ધિ નિશ્ચલ તથા અત્યંત દૃઢ થઈ જાય. આ પ્રકારે ક્રમશઃ અભ્યાસ કરીને શુદ્ધ-ચિત્ત થયેલો પુરુષ સંપૂર્ણ કર્મોનો સંન્યાસ કરી દે. સમસ્ત કર્મોનો સંન્યાસ કર્યા પછી જ્ઞાનના સમાદરમાં તત્પર રહે. જ્ઞાનના સમાદરને જ જ્ઞાનમયી પૂજા કહે છે. તે પૂજા જીવની સાક્ષાત્ શિવની સાથે એકતાનો બોધ કરાવીને જીવન્મુક્તિ રૂપ ફળ આપનારી છે. યતિઓને માટે આ પૂજાને સર્વોત્તમ તથા નિર્દોષ સમજવી જોઈએ. હે મહાપ્રાજ્ઞ! તમારા પર સ્નેહ હોવાને કારણે લોકાનુગ્રહની કામનાથી હું એ પૂજાની વિધિ બનાવી રહ્યો છું, સાવધાન થઈને સાંભળો.

સાધકને માટે જરૂરી છે કે તે સંપૂર્ણ શાસ્ત્રોના તત્ત્વાર્થના જ્ઞાતા, વેદાન્તજ્ઞાનના પારંગત તથા બુદ્ધિમાનોમાં શ્રેષ્ઠ આચાર્યને શરણે જાય.

ઉત્તમ બુદ્ધિથી યુક્ત અને ચતુર સાધક આચાર્યની પાસે જઈને વિધિપૂર્વક દંડ-પ્રણામ વગેરે દ્વારા એમને યત્નપૂર્વક સંતુષ્ટ કરે. પછી ગુરુની આજ્ઞા લઈ તે બાર દિવસ સુધી માત્ર દૂધ પીને રહે. તદનંતર શુકલ પક્ષની ચતુર્થી અથવા દશમને દિવસે પ્રાતઃકાલ વિધિવત્ સ્નાન કરીને શુદ્ધચિત્ત થયેલો વિદ્વાન સાધક નિત્ય-કર્મ કરીને ગુરુને બોલાવીને શાસ્ત્રોક્ત વિધિથી નાન્દીશ્રાદ્ધ કરે. નાંદીશ્રાદ્ધમાં વિશ્વેદેવોની સંખ્યા સત્ય અને વસુ બતાવી છે. પ્રથમ દેવશ્રાદ્ધમાં નાન્દીમુખ દેવતા બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ કહેવાયા છે. બીજા ઋષિ શ્રાદ્ધમાં એમને બ્રહ્મર્ષિ, દેવર્ષિ અને રાજર્ષિ કહ્યા છે. ત્રીજા દિવ્ય શ્રાદ્ધમાં એમની વસુ, રુદ્ર અને આદિત્ય સંજ્ઞા બતાવાઈ છે. ચોથા મનુષ્ય શ્રાદ્ધમાં સનક[1] વગેરે ચાર મુનીશ્વર જ નાન્દીમુખ-દેવતા છે. પાંચમા ભૂતશ્રાદ્ધમાં પાંચભૂત, નેત્ર વગેરે અગિયાર ઇન્દ્રિય-સમૂહ તથા જરાયુજ આદિ ચતુર્વિધ પ્રાણીસમુદાય નાન્દી-મુખ મનાય છે. છઠ્ઠા પિતૃશ્રાદ્ધમાં પિતા, પિતામહ અને પ્રપિતામહ—એ ત્રણ નાન્દીમુખ-દેવતા કહેવાયા છે તથા આઠમા આત્મ-શ્રાદ્ધમાં આત્મા, પિતા, પિતામહ અને પ્રપિતામહ એ ચાર નાન્દીમુખ-દેવતા કહેવાયા છે.[2] માતામહાત્મક શ્રાદ્ધમાં માતામહ, પ્રમાતામહ અને વૃદ્ધ-પ્રમાતામહ—એ ત્રણ નાન્દીમુખ દેવતા સપત્નીક બતાવાયા છે. પ્રત્યેક શ્રાદ્ધમાં બે બે બ્રાહ્મણ કરીને જેટલા બ્રાહ્મણ આવશ્યક હોય એમને આમંત્રિત કરવા અને સ્વયં યત્નપૂર્વક આચમન કરીને પવિત્ર થઈને એ બ્રાહ્મણોના પગ ધોવા. એ સમયે આ પ્રકારે કહેવું—'જે સમસ્ત સંપત્તિની પ્રાપ્તિમાં કારણ, આવેલી આપત્તિના સમૂહને નષ્ટ કરવા માટે ધૂમકેતુ (અગ્નિ) રૂપ તથા અપાર સંસારસાગરથી પાર લગાડનાર સેતુ સમાન છે, એ બ્રાહ્મણોની ચરણરજ મને પવિત્ર કરે. જે આપત્તિરૂપ ગહન અંધકારને દૂર કરવા માટે સૂર્ય, મનોવાંછિત અર્થને આપનાર કામધેનુ અને સમસ્ત તીર્થોનાં જલથી પવિત્ર મૂર્તિઓ છે, તે બ્રાહ્મણોની ચરણ-ધૂલિ મારી રક્ષા કરે.'[3]

આવું કહી પૃથ્વી પર દંડની જેમ પડીને સાષ્ટાંગ પ્રણામ કરે. તત્પશ્ચાત્ પૂર્વાભિમુખ બેસીને ભગવાન શંકરનાં યુગલ ચરણારવિન્દનું ચિંતન કરીને દૃઢતાપૂર્વક આસન ગ્રહણ કરે, હાથમાં પવિત્રી લઈ શુદ્ધ થઈને નૂતન યજ્ઞોપવીત ધારણ કરીને ત્રણ વાર પ્રાણાયામ કરે. તદનંતર તિથિ આદિનું સ્મરણ કરીને આ રીતે સંકલ્પ કરે—'મારા સંન્યાસના અંગભૂત જે પહેલાં વિશ્વદેવનું પૂજન, પછી દેવાદિ અષ્ટશ્રાદ્ધ તથા અંતે માતામહશ્રાદ્ધ છે, એને આપ લોકોની આજ્ઞા લઈને હું પાર્વણ-વિધિથી સંપન્ન કરીશ.' (પાર્વણ=પર્વશ્રાદ્ધ—પર્વસંબંધી) આવો સંકલ્પ કરીને આસન માટે દક્ષિણ દિશાથી આરંભ કરીને ઉત્તરોત્તર કુશનો ત્યાગ કરે. તત્પશ્ચાત્ આચમન કરીને ઊભા થઈને વર્ણક્રમનો આરંભ

---

૧. સનક, સનંદન, સનાતન અને સનત્કુમાર.

૨. ધર્મસિન્ધુકાર વગેરેએ આત્મશ્રાદ્ધમાં પણ ત્રણ જ નાન્દીમુખ કહે છે—આત્મા, પિતા અને પિતામહ.

૩. સમસ્ત સંપત્સમવાપ્તિ હેતવઃ સમુત્થિતાપત્કુલધૂમકેતવઃ। અપારસંસારસમુદ્રસેતવઃ પુનન્તુ માં બ્રાહ્મણપાદરેણવઃ॥
આપદ્ઘનધ્વાન્તસહસ્રભાનવઃ સમીહિતાર્થાર્પણકામધેનવઃ। સમસ્તતીર્થાંબુપવિત્રમૂર્તયો રક્ષન્તુ માં બ્રાહ્મણપાદપાંસવઃ॥
(શિ.પુ.કૈ.સં. ૧૨;૪૪-૪૫)

કરે. પોતાના હાથમાં પવિત્રી ધારણ કરીને બે બ્રાહ્મણોના હાથનો સ્પર્શ કરતાં આ પ્રકારે કહે–

'વિશ્વેદેવાર્થં ભવન્તૌ વૃણે।
ભવદ્ભ્યાં નાન્દીશ્રાદ્ધે ક્ષણઃ પ્રસાદનીયઃ॥

અર્થાત્ 'અમે વિશ્વેદેવ શ્રાદ્ધને માટે આપ બંનેનું વરણ કરીએ છીએ. આપ બંને નાન્દીશ્રાદ્ધમાં પોતાનો સમય આપવાની કૃપા કરો.' આટલું બધા શ્રાદ્ધના બ્રાહ્મણો માટે કરે. સર્વત્ર બ્રાહ્મણવરણની વિધિનો આ જ ક્રમ છે.

આ પ્રમાણે વરણનું કાર્ય પૂરું કરીને દશ મંડળોનું નિર્માણ કરે. ઉત્તરથી આરંભ કરીને દશે મંડળોનું અક્ષતથી પૂજન કરીને એમાં ક્રમશઃ બ્રાહ્મણોને સ્થાપિત કરે. પછી એમનાં ચરણો પર પણ ચોખા વગેરે ચઢાવે. તદનંતર સંબોધનપૂર્વક વિશ્વેદેવ વગેરે નામોનું ઉચ્ચારણ કરે અને કુશ, પુષ્પ, અક્ષત અને જલથી 'ઇદં વઃ પાદ્યમ્' કહીને પાદ્ય નિવેદન કરે.*

આ પ્રકારે પાદ્ય આપીને સ્વયં પોતાના પગ ધોઈ લે અને ઉત્તરાભિમુખ થઈ આચમન કરીને એક-એક શ્રાદ્ધ માટે જે બે બે બ્રાહ્મણો કલ્પિત થયા છે, એ સૌને આસન પર બેસાડે અને કહે– 'વિશ્વેદેવસ્વરૂપાય બ્રાહ્મણસ્ય ઇદમાસનમ્'– વિશ્વેદેવ-સ્વરૂપ બ્રાહ્મણને માટે આ આસન સમર્પિત છે, આવું કરીને કુશ-આસન આપે, સ્વયં પણ હાથમાં કુશ લઈને આસન પર બેસે– અને સ્થિત થઈ જાય. એ પછી કહે– અસ્મિન્નાન્દીમુખશ્રાદ્ધે વિશ્વેદેવાર્થે ભવદ્ભ્યાં ક્ષણઃ ક્રિયતામ્–આ નાન્દીમુખ શ્રાદ્ધમાં વિશ્વેદેવ માટે આપ બંને ક્ષણ (સમય પ્રદાન) કરો.' તદનંતર 'પ્રાપ્નુતાં ભવન્તૌ' આપ બંને ગ્રહણ કરો- એવું કહે. પછી એ બંને શ્રેષ્ઠ બ્રાહ્મણ આ પ્રકારે ઉત્તર આપે–'પ્રાપ્નુવાવ'–અમે બંને ગ્રહણ કરીશું' તે પછી યજમાન એ શ્રેષ્ઠ બ્રાહ્મણોને પ્રાર્થના કરે–'મારા મનોરથોની પૂર્તિ હો, સંકલ્પની સિદ્ધિ હો–એટલા માટે આપ અનુગ્રહ કરો.'

તત્પશ્ચાત્ (પદ્ધતિ પ્રમાણે અર્ઘ્ય આપે, પૂજન કરે) શુદ્ધ કેળાનાં પાન વગેરે ધોયેલાં પાત્રોમાં પરિપક્વ અન્ન આદિ ભોજ્ય પદાર્થોને પીરસીને પૃથક્-પૃથક્ કુશ પાથરીને અને સ્વયં ત્યાં જળ છાંટીને પ્રત્યેક પાત્ર પર આદરપૂર્વક બંને હાથ અડકાડીને 'પૃથ્વી તે પાત્રમ્'[1] વગેરે મંત્રોનો પાઠ કરે. ત્યાં સ્થિત થયેલા દેવતા વગેરેનું ચતુર્થ્યન્ત ઉચ્ચારણ કરીને જલ લઈને 'સ્વાહા' બોલીને અન્ન અર્પિત કરે અને અંતે 'ન મમ' એ વાક્યનું ઉચ્ચારણ કરે.[2] સર્વત્ર માતા વગેરે માટે પણ અન્ન અર્પણની આજ વિધિ છે. અંતમાં આ પ્રકારે પ્રાર્થના કરે–

---

* પ્રથમ મંડળમાં બે વિશ્વેદેવો માટે, પછી આઠ મંડળોમાં ક્રમશઃ દેવાદિ આઠ શ્રાદ્ધોના અધિકારીઓ માટે તથા દશમા મંડળમાં સપત્નીક માતામહ વગેરે માટે પાદ્ય અર્પણ કરવું જોઈએ. અર્પણ વાક્યનો પ્રયોગ આ પ્રકારે છે —
ૐ સત્યવસુસંજ્ઞકાઃ વિશ્વેદેવાઃ નાન્દીમુખાઃ ભૂર્ભુવઃ સ્વઃ ઇદં વઃ પાદ્યં પાદાવનેજનં પાદપ્રક્ષાલનં વૃદ્ધિઃ॥ ૧॥
ૐ બ્રહ્મવિષ્ણુ મહેશ્વરાઃ નાન્દીમુખાઃ ભૂર્ભુવઃ સ્વઃ ઇદં વઃ પાદ્યં પાદાવનેજનં પાદપ્રક્ષાલનં વૃદ્ધિઃ॥ ૨॥
ૐ દેવર્ષિબ્રહ્મર્ષિક્ષત્રર્ષયો નાન્દીમુખાઃ ભૂર્ભુવઃ સ્વઃ ઇદં વઃ પાદ્યં પાદાવનેજનં પાદપ્રક્ષાલનં વૃદ્ધિઃ॥ ૩॥
આ પ્રકારે અન્ય શ્રાદ્ધો માટે વાક્યની ઊહા (અનુમાન, કલ્પના) કરી લેવી જોઈએ.

૧. 'પૃથિવી તે પાત્રં દ્યૌરપિધાનં બ્રાહ્મણસ્ય મુખેઽમૃતેઽમૃતં જુહોમિ સ્વાહા' આ પૂરો મંત્ર છે.

૨. વાક્યનો પ્રયોગ આ પ્રકારે છે—ૐ સત્યવસુસંજ્ઞકેભ્યો વિશ્વેભ્યો દેવેભ્યો નાન્દીમુખેભ્યઃ સ્વાહા ન મમ' ઇત્યાદિ.

યત્પાદપદ્મસ્મરણાદ્ યસ્ય નામજપાદપિ।
ન્યૂનં કર્મ ભવેત્ પૂર્ણં તં વંદે સામ્બમીશ્વરમ્॥

'જેનાં ચરણારવિન્દોનું ચિંતન અને નામ-જપથી ન્યૂનતાપૂર્ણ અથવા અપૂરું કર્મ પણ પૂરું થઈ જાય છે, એ સામ્બ સદાશિવ (ઉમામહેશ્વર)ની હું વંદના કરું છું.'

આનો પાઠ કરીને કહે—'હે બ્રાહ્મણો! મારા દ્વારા કરેલું આ નાન્દીમુખ શ્રાદ્ધ યથોક્તરૂપે પરિપૂર્ણ હો, એ આપ કહો.' એવી પ્રાર્થનાની સાથે એ શ્રેષ્ઠ બ્રાહ્મણોને પ્રસન્ન કરીને એમના આશીર્વાદ લે અને પોતાના હાથમાં લીધેલું જલ મૂકી દે. પછી પૃથ્વી પર દંડની જેમ પડીને પ્રણામ કરે અને ઊઠીને બ્રાહ્મણોને કહે—'આ અન્ન અમૃતરૂપ હો' પછી ઉદારચેતા સાધક હાથ જોડીને અત્યંત પ્રસન્નતાપૂર્વક પ્રાર્થના કરે. શ્રીરુદ્ર સૂક્તનો ચમક-અધ્યાયસહિત પાઠ કરે. પુરુષસૂક્તની પણ વિધિવત્ આવૃત્તિ કરે. મનમાં ભગવાન સદાશિવનું ધ્યાન કરતાં 'ઈશાનઃ સર્વવિદ્યાનમ્' ઇત્યાદિ પાંચ મંત્રોનો જપ કરે. જ્યારે બ્રાહ્મણો જમી લે, ત્યારે રુદ્રસૂક્તનો પાઠ સમાપ્ત કરીને ક્ષમા-પ્રાર્થનાપૂર્વક એ બ્રાહ્મણોને પુનઃ 'અમૃતાપિધાનમસિ સ્વાહા' આ મંત્ર ભણીને ઉત્તરાપોશન માટે જળ આપે.

તદનંતર હાથ-પગ ધોઈને આચમન કરીને પિંડદાનના સ્થાન પર જાય. ત્યાં પૂર્વાભિમુખ બેસીને મૌનભાવથી ત્રણ વાર પ્રાણાયામ કરે. એ પછી 'હું 'નાન્દીમુખ' શ્રાદ્ધના અંગભૂત પિંડદાન કરીશ' એવો સંકલ્પ કરીને દક્ષિણથી લઈને ઉત્તર તરફ નવ રેખાઓ ખેંચે અને એ રેખાઓ પર ક્રમશઃ બાર બાર પૂર્વાગ્ર કુશળ પાથરે. પછી દક્ષિણ તરફથી દેવતા આદિના પાંચ[1] સ્થાનો પર ચૂપચાપ ચોખા મૂકે અને જલ ચઢાવે. પિતૃવર્ગના ત્રણે[2] સ્થાનો પર ક્રમશઃ અક્ષત્ જલ છોડીને નવે માતામહાદિના સ્થાન પર પણ માર્જન કરે.[3] તત્પશ્ચાત્ 'અત્ર પિતરો માદયધ્વમ્' કહીને દેવાદિ પાંચેય સ્થાનો પર ક્રમશઃ અક્ષત, જલ વગેરે ચઢાવે. આ પ્રકારે અવનેજન (પ્રક્ષાલન, પરિમાર્જન) આપે, પાંચેય સ્થાનો પર પ્રત્યેકને માટે ત્રણ ત્રણ પિંડ આપે.[4] (આવી જ રીતે બાકી સ્થાનો પર પણ કરો). પોતાના ગુહ્યસૂત્રમાં બતાવેલી પદ્ધતિ અનુસાર બધા પિંડ પૃથક્-પૃથક્ આપવા જોઈએ. પછી પિતરોના સાદ્‌ગુણ્યને માટે જલ-અક્ષત અર્પિત કરે. ત્યાર પછી પોતાના હૃદય-કમળમાં સદાશિવદેવનું ધ્યાન કરે અને પૂર્વોક્ત 'યત્પાદપદ્મસ્મરણાત્....' વગેરે શ્લોકનું પુનઃ પઠન કરીને બ્રાહ્મણોને નમસ્કારપૂર્વક યથાશક્તિ દક્ષિણા આપવી. પછી ત્રુટિઓ માટે ક્ષમા-પ્રાર્થના કરીને દેવતા-પિતરોનું વિસર્જન કરે. પિંડોનો ઉત્સર્ગ (ત્યાગ) કરીને ગાયોને ખાવા

---

૧. દેવ, ઋષિ, દિવ્ય મનુષ્ય અને ભૂત—એનાં પાંચ સ્થાન સમજવાં.

૨. પિતા આદિ, માતા આદિ તથા આત્મા આદિ—એ ત્રણ સ્થાન છે.

૩. એ સમયે આ રીતે કહે—'શુન્ધન્તાં બ્રહ્માણો નાન્દીમુખાઃ શુન્ધન્તાં પિતરો નાન્દીમુખાઃ શુન્ધન્તાં મહેશ્વરા નાન્દીમુખાઃ' આ પ્રથમ રેખા પર માર્જન કરતી વખતે કહે. આ રીતે અન્ય રેખાઓ પર પણ કહેતો જાય.

૪. પિંડદાન વાક્ય આ પ્રકારે છે —
'બ્રહ્મણે નાન્દીમુખાય સ્વાહા', 'વિષ્ણવે નાન્દીમુખાય સ્વાહા' વગેરે. ધર્મસિન્ધુકારે પ્રત્યેક દેવતા માટે બે બે પિંડનું વિધાન કર્યું છે. તેથી નવ સ્થાનોના દસ દેવતાઓ માટે ૫૪ પિંડ મળે.

આપી દેવા, અથવા જળમાં પધરાવી દેવા. ત્યાર બાદ પુણ્યાહવાચન કરીને સ્વજનો સાથે ભોજન કરે.

બીજે દિવસે સવારે ઊઠીને શુદ્ધબુદ્ધિવાળો સાધક ઉપવાસપૂર્વક વ્રત રાખે. બગલના તથા ઉપસ્થના વાળને છોડીને બાકીના બધા વાળ મૂંડાવી દે, પરંતુ શિખાના સાત-આઠ વાળ અવશ્ય બચાવી રાખવા. પછી સ્નાન કરીને ધોયેલાં વસ્ત્રો પહેરીને શુદ્ધ થઈને બે વાર આચમન કરીને મૌન થઈને વિધિવત્ ભસ્મ ધારણ કરે, પુણ્યાહવાચન કરીને પોતે પોતાનું પ્રોક્ષણ કરે બહાર-અંદરથી શુદ્ધ થઈને હોમ, દ્રવ્ય અને આચાર્યની દક્ષિણા જેટલું દ્રવ્ય રહેવા દઈને બાકીનું બધું દ્રવ્ય મહેશ્વરાર્પણ-બુદ્ધિથી બ્રાહ્મણોને અને વિશેષતઃ શિવભક્તોને વહેંચી દે. તદનંતર ગુરુરૂપધારી શિવને માટે વસ્ત્ર વગેરેની દક્ષિણા આપે, પૃથ્વી પર દંડવત્ પ્રણામ કરીને દોરો, કૌપીન, વસ્ત્ર તથા દંડ વગેરે જે ધોઈને પવિત્ર કરેલ હોય, તે ધારણ કરે. તદનંતર હોમ દ્રવ્ય અને સમિધા વગેરે લઈને સમુદ્ર કે નદીના તટ પર, પર્વત પર, શિવાલયમાં, વનમાં અથવા ગોશાળામાં કોઈ ઉત્તમ સ્થાનનો વિચાર કરીને ત્યાં બેસી જાય અને આચમન કરીને પહેલાં માનસિક જપ કરે. પછી 'ૐ નમો બ્રહ્મણે' આ મંત્રનો ત્રણ વાર જપ કરીને 'અગ્નિમીળે પુરોહિતમ્' એ મંત્રનો પાઠ કરે. એ પછી 'અથ મહાવ્રતમ્', 'અગ્નિર્વૈ દેવાનામ્', 'એતસ્ય સમામ્નાયમ્', 'ૐ ઈષે ત્વોર્જે ત્વા વાયવસ્થ', 'અગ્ન આયાહિ વીતયે' તથા 'શં નો દેવી રભીષ્ટયે' ઇત્યાદિનો પાઠ કરે. ત્યારપછી 'મ ય ર સ ત જ ભ ન લ ગ', 'પંચસંવત્સરમયમ્', 'સમામ્નાયઃ સમામ્નાતઃ', 'અથાતો ધર્મજિજ્ઞાસા', 'અથાતો બ્રહ્મજિજ્ઞાસા' આ બધાનો પાઠ કરે. તદનંતર યથાસંભવ વેદ, પુરાણ વગેરેનો સ્વાધ્યાય કરે. એ પછી 'ૐ બ્રહ્મણે નમઃ', 'ૐ ઇન્દ્રાય નમઃ', 'ૐ સૂર્યાય નમઃ', 'ૐ સોમાય નમઃ', 'ૐ પ્રજાપતયે નમઃ', 'ૐ આત્મને નમઃ', 'ૐ અંતરાત્મને નમઃ', 'ૐ જ્ઞાનાત્મને નમઃ', 'ૐ પરમાત્મને નમઃ' ઇત્યાદિ રૂપે બ્રહ્મા આદિ શબ્દોના આદિમાં 'ૐ' અને અંતમાં 'નમઃ' લગાવીને ચતુર્થ્યન્ત રૂપનો જપ કરે. એ પછી ત્રણ મુઠ્ઠી સત્તુ (સાથવો) લઈને પ્રણવના ઉચ્ચારણપૂર્વક ત્રણ વાર ખાય અને પ્રણવથી જ બે વાર આચમન કરીને નાભિનો સ્પર્શ કરે. એ સમયે આગળ બતાવીશું તેવા શબ્દો આદિમાં પ્રણવ અને અંતમાં 'નમઃ સ્વાહા' જોડીને એમનું ઉચ્ચારણ કરે—જેમ કે, 'ૐ આત્મને નમઃ સ્વાહા', 'ૐ અંતરાત્મને નમઃ સ્વાહા', 'ૐ જ્ઞાનાત્મને નમઃ સ્વાહા', 'ૐ પરમાત્મને નમઃ સ્વાહા', 'ૐ પ્રજાપતયે નમઃ સ્વાહા' ઇતિ. ત્યાર પછી પૃથક્ પૃથક્ પ્રણવ મંત્રથી[1] જ દૂધ-દહીં મેળવેલ ઘી (અથવા કેવળ જલ) ત્રણ વાર ચાટીને પુનઃ બે વાર આચમન કરે. એ પછી મનને સ્થિર કરીને સુસ્થિર આસન પર પૂર્વાભિમુખ બેસીને શાસ્ત્રોક્ત વિધિથી ત્રણ વાર પ્રાણાયામ કરે. (અધ્યાય ૧૨)

*

૧. ધર્મસિંધુકારે આને માટે ત્રણ મંત્રો લખ્યા છે. પ્રથમ વાર ચાટીને કહે 'ત્રિવૃદસિ', બીજી વાર 'પ્રવૃદસિ' અને ત્રીજી વાર 'વિવૃદસિ'

સંન્યાસગ્રહણની શાસ્ત્રીય વિધિ—ગણપતિ-પૂજન, હોમ, તત્ત્વશુદ્ધિ, સાવિત્રી-પ્રવેશ, સર્વસંન્યાસ અને દંડ-ધારણ આદિના પ્રકાર

સ્કંદ કહે છે—હે વામદેવ! ત્યાર પછી મધ્યાહ્નકાળમાં સ્નાન કરીને સાધકે પોતાના મનને વશમાં રાખીને ગંધ, પુષ્પ અને અક્ષત વગેરે પૂજા-દ્રવ્યો લઈ આવે અને નૈર્ઋત્યકોણમાં દેવપૂજિત વિઘ્નરાજ ગણેશની પૂજા કરે. 'ગણાનાં ત્વાં' ઇત્યાદિ મંત્રથી વિધિપૂર્વક ગણેશજીનું આવાહન કરે. આવાહન પછી એમના સ્વરૂપનું આ રીતે ધ્યાન કરવું જોઈએ. એમની અંગકાંતિ લાલ છે, શરીર વિશાળ છે, સર્વ પ્રકારનાં આભૂષણ એમની શોભા વધારી રહ્યાં છે. એમણે પોતાના કરકમળમાં ક્રમશઃ પાશ, અંકુશ, અક્ષમાલા તથા વર નામક મુદ્રાઓ ધારણ કરી રાખી છે. આ પ્રકારે આવાહન અને ધ્યાન કર્યા પશ્ચાત્ શંભુપુત્ર ગજાનનની પૂજા કરીને ખીર, પૂઆ, નાળિયેર અને ગોળ વગેરેનું ઉત્તમ નૈવેદ્ય નિવેદિત કરવું, ત્યાર પછી તાંબૂલ વગેરે આપીને એમને સંતુષ્ટ કરીને નમસ્કાર કરે અને અભીષ્ટ કાર્યની નિર્વિઘ્ને પૂર્તિ થાય એ માટે પ્રાર્થના કરે.

તદનંતર પોતાના ગૃહ્યસૂત્રમાં બતાવેલી વિધિ અનુસાર ઔપાસનાગ્નિમાં આજ્યભાગાન્ત* હવન કરીને અગ્નિદેવતા સંબંધી યજ્ઞવિષયક સ્થાલીપાક હોમ કરવો જોઈએ એ પછી 'ભૂઃ સ્વાહા' એ મંત્રથી પૂર્ણાહુતિ હોમ કરીને હવનનું કાર્ય સમાપ્ત કરે. ત્યાર પછી આલસ્યરહિત થઈને અપહરણકાલ સુધી ગાયત્રી મંત્રનો જપ કરતો રહે. તદનંતર સ્નાન કરીને સાયંકાળની સંધ્યોપાસના તથા સાયંકાલિક ઉપાસના સંબંધી નિત્ય હોમ વગેરે કરીને મૌન થઈને ગુરુની આજ્ઞા લઈને ચરુ પકાવે. પછી અગ્નિમાં સમિધા, ચરુ અને ઘીની રુદ્રસૂક્તથી અને સદ્યોજાતાદિ પાંચ મંત્રોથી પૃથક્-પૃથક્ આહુતિ આપે. અગ્નિમાં ઉમાસહિત મહેશ્વરની ભાવના અને ગૌરી દેવીનું ચિંતન કરતાં 'ગૌરીર્મિમાય*' આ મંત્રથી એક સો આઠ વાર હોમ કરીને 'અગ્નયે સ્વિષ્ટકૃતે સ્વાહા' એ મંત્રથી એક વાર આહુતિ આપે.

આ પ્રકારે તંત્રથી હવન કર્યા પછી વિદ્વાન પુરુષ અગ્નિથી ઉત્તરમાં એક આસન પર બેસે, જેમાં નીચે કુશા, એની ઉપર મૃગચર્મ અને એની ઉપર વસ્ત્ર પાથરેલું હોય. આવા સુખદ આસન પર બેસીને મૌનભાવથી સુસ્થિરચિત્ત થઈ જાગરણપૂર્વક બ્રાહ્મમુહૂર્ત આવ્યા સુધી ગાયત્રીનો જપ કર્યા કરે. એ પછી સ્નાન કરે. જે જલથી સ્નાન કરવામાં અસમર્થ હોય, તે ભસ્મથી જ વિધિપૂર્વક સ્નાન કરે પછી એ અગ્નિ પર જ ચરુ પકાવીને (ચરુ=યજ્ઞ માટે અન્ન) એને ઘીથી

---

* કુશકંડિકા પછી અગ્નિમાં જે, ચાર આહુતિઓ અપાય છે, એમાં પહેલી બેને 'આપાર' અને અંતિમ બેને 'આજ્યભાગ' કહે છે. પ્રજાપતિ અને ઇન્દ્રના ઉદ્દેશથી 'આપાર' તથા અગ્નિ અને સોમના ઉદ્દેશથી 'આજ્યભાગ' અપાય છે.

* પૂરો મંત્ર આ પ્રકારે છે—

ગૌરીર્મિમાય સલિલાનિ તક્ષત્યેકપદી દ્વિપદી સા. ચતુષ્પદી । અષ્ટાપદી નવપદી બભૂવુષી સહસ્રાક્ષરા પરમે વ્યોમન્ સ્વાહા ॥

(ઋગ્વેદ. મંત્ર ૧, સૂ. ૧૬૪।૪૧)

તરબોળ કરી દે. એને ઉતારીને અગ્નિથી ઉત્તર દિશામાં કુશ પર રાખે. પુનઃ ઘીથી ચરુને મિશ્રિત કરે. એ પછી વ્યાહૃતિ-મંત્ર, રુદ્રસૂક્ત તથા સદ્યોજાતાદિ પાંચ મંત્રોનો જપ કરે અને એ દ્વારા એક એક આહુતિ પણ આપે. ચિત્તને ભગવાન શિવના ચરણારવિંદોમાં પરોવીને પ્રજાપતિ, ઇન્દ્ર, વિશ્વેદેવ અને બ્રહ્મા માટે પણ એક એક આહુતિ આપે. એ સૌ નામના આદિમાં ૐ અને અંતમાં 'નમઃ સ્વાહા' જોડીને ચતુર્થ્યન્તનું ઉચ્ચારણ કરે (યથા—ૐ પ્રજાપતયે નમઃ સ્વાહા—વગેરે) તત્પશ્ચાત્ પુણ્યાહવાચન કરાવીને 'અગ્નેય સ્વાહા' એ મંત્રથી અગ્નિના મુખમાં આહુતિ આપવા સુધીનું કાર્ય સંપન્ન કરે પછી 'પ્રાણાય સ્વાહા' ઇત્યાદિ પાંચ મંત્રો દ્વારા ઘી સહિત ચરુની આહુતિ આપે. એ પછી 'અગ્નયે સ્વિષ્ટકૃતે સ્વાહા' બોલીને એક વધારાની આહુતિ આપે. ત્યાર પછી ફરી રુદ્રસૂક્ત તથા ઈશાનાદિ પાંચ મંત્રોનો જપ કરે. મહેશ આદિ ચતુર્વ્યૂહ મંત્રોનો પણ પાઠ કરે. આ પ્રકારે તંત્ર-હોમ કરીને પોતાની ગૃહ્યશાખામાં બતાવેલી પદ્ધતિ અનુસાર તે તે દેવતાઓના ઉદ્દેશ્યથી બુદ્ધિમાન પુરુષ સાંગ હોમ કરે. આ રીતે જે અગ્નિમુખ વગેરે કર્મતંત્રને પ્રવર્તિત કરવામાં આવ્યો છે, એનો નિર્વાહ કરીને વિરજા હોમ કરે. છવ્વીસ તત્ત્વરૂપ આ શરીરમાં છુપાયેલા તત્ત્વસમુદાયની શુદ્ધિ માટે વિરજા હોમ કરવો જોઈએ.

એ સમયે તે કહે કે, 'મારા શરીરમાં જે આ તત્ત્વ છે, એ સૌની શુદ્ધિ થાઓ. એ પ્રસંગમાં આત્મતત્ત્વની શુદ્ધિ માટે આરુણકેતુક મંત્રોનો પાઠ કરતાં પૃથ્વી આદિ તત્ત્વથી લઈને પુરુષતત્ત્વપર્યંત ક્રમશઃ બધાં તત્ત્વોની શુદ્ધિને નિમિત્તે ઘૃતયુક્ત ચરુનો હોમ કરે તથા શિવનાં ચરણારવિન્દોનું ચિંતન કરતાં મૌન રહે.* પૃથ્વી, જલ, તેજ, વાયુ અને આકાશ એ પૃથિવ્યાદિપંચક કહેવાય છે. શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ—એ શબ્દાદિપંચક છે. વાક્, પાણિ, પાદ, વાયુ અને ઉપસ્થ એ વાગાદિપંચક છે. શ્રોત્ર, નેત્ર, નાસિકા, રસના અને ત્વક્—એ શ્રોત્રાદિપંચક છે. શિર, પાર્શ્વ, પૃષ્ઠ અને ઉદર—એ ચાર છે. એમાં જ જંઘાને પણ જોડી લો. પછી ત્વક્ વગેરે સાત ધાતુઓ છે. પ્રાણ, અપાન આદિ પાંચ વાયુઓએ પ્રાણાદિપંચક કહે છે. અન્નમયાદિ પાંચે કોશોને કોશપંચક કહે છે (એમનાં નામ આ પ્રકારે છે—અન્નમય, પ્રાણમય, મનોમય, વિજ્ઞાનમય અને આનંદમય. એ સિવાય મન, ચિત્ત, બુદ્ધિ, અહંકાર, ખ્યાતિ, સંકલ્પ, ગુણ, પ્રકૃતિ અને પુરુષ છે. ભોક્તાપણાને પ્રાપ્ત થયેલા પુરુષ માટે ભોગકાળમાં જે પાંચ અંતરંગ સાધન છે, એમને તત્ત્વપંચક કહે છે. એમનાં નામ છે : નિયતિ, કાળ, રાગ, વિદ્યા અને કલા. આ પાંચે માયાથી ઉત્પન્ન છે. 'માયાં તુ પ્રકૃતિં વિદ્યાત્' એ શ્રુતિમાં પ્રકૃતિ જ માયા કહેવાઈ છે. એનાથી જ આ તત્ત્વો ઉત્પન્ન થયાં છે, એમાં સંશય નથી. કાળનો સ્વભાવ 'નિયતિ' છે, એવું શ્રુતિનું કથન

---

* તત્ત્વશુદ્ધિને માટે પૃથક્ પૃથક્ વાક્ય-યોજના કરવી જોઈએ. જેમકે, પૃથ્વી વગેરે માટે—
પૃથ્વીવ્યાપસ્તેજો વાયુરાકાશો મે શુધ્યતાં જ્યોતિરહં વિરજા વિપાપ્મા ભૂયાસꣳ સ્વાહા' આટલું બોલીને સમિધા, ચરુ અને આજ્યની ચાલીસ ચાલીસ આહુતિઓ આપે. આ જ રીતે બધાં તત્ત્વોનાં નામ લઈને વાક્ય-યોજના કરે.

છે. એ નિયતિ વગેરે જે પાંચ તત્ત્વ છે, એને જ પંચકંચુક કહે છે. આ પાંચે તત્ત્વોને ન જાણનારા વિદ્વાન પણ મૂઢ જ કહેવાયા છે.

નિયતિ પ્રકૃતિથી નીચે છે અને આ પુરુષ પ્રકૃતિથી ઉપર છે. જેવી રીતે કાગડાની એક જ આંખ એનાં બંને ગોલકોમાં ફરતી રહે છે એ જ રીતે પુરુષ પ્રકૃતિ અને નિયતિ બંનેની પાસે રહે છે. આને વિદ્યાતત્ત્વ કહેવાય છે. શુદ્ધ વિદ્યા, મહેશ્વર, સદાશિવ, શક્તિ અને શિવ– એ પાંચેયને શિવતત્ત્વ કહે છે. હે બ્રહ્મન્! 'પ્રજ્ઞાનં બ્રહ્મ' એ શ્રુતિવાક્યથી આ શિવતત્ત્વનું જ પ્રતિપાદન થયું છે. હે મુનીશ્વર! પૃથ્વીથી લઈને શિવપર્યંત જે તત્ત્વસમૂહ છે, એમાંથી પ્રત્યેકને ક્રમશઃ પોતપોતાના કારણમાં લીન કરતાં એની શુદ્ધિ કરો. ૧. પૃથિવ્યાદિપંચક, ૨. શબ્દાદિપંચક, ૩. વાગાદિપંચક, ૪. શ્રોત્રાદિપંચક, ૫. શિરાદિપંચક, ૬. ત્વગાદિધાતુ સપ્તક, ૭. પ્રાણાદિપંચક, ૮. અન્નમયાદિકોશપંચક, ૯. મન આદિ પુરુષાની તત્ત્વ, ૧૦. નિયત્યાદિ તત્ત્વપંચક (અથવા પંચકંચુક) અને ૧૧. શિવતત્ત્વપંચક– એ અગિયાર વર્ગ છે : આ એકાદશ વર્ગ સંબંધી મંત્રોના અંતમાં 'પરસ્મૈ' શિવજ્યોતિષે ઇદં ન મમ' એ વાક્યનું ઉચ્ચારણ કરે* એ દ્વારા પોતાના ઉદ્દેશ્યનો ત્યાગ બતાવાયો છે.

એ પછી 'વિવિધા' તથા 'કર્યોત્ક' સંબંધી મંત્રોના અંતમાં અર્થાત્ 'વિવિધાયૈ સ્વાહા', 'કર્યોત્કાય સ્વાહા' એના અંતમાં સ્વત્વત્યાગ માટે 'વ્યાપકાય પરમાત્મને શિવજ્યોતિષે વિશ્વભૂતદાસનોત્સુકાય પરસ્મૈ દેવાય ઇદં ન મમ' એનું ઉચ્ચારણ કરે. તત્પશ્ચાત્ 'ઉચ્ચા બ્રહ્મણસ્પતે દેવયન્તસ્ત્વેમહે । ઉપ પ્র યન્તુ મરુતઃ સુદાનવ ઇન્દ્ર પ્રાશુર્ભવાઃ સ ચા' એ મંત્રના અંતમાં 'વિશ્વરૂપાય પુરુષાય ૐ સ્વાહા' બોલીને સ્વત્વત્યાગને માટે 'લોકત્રયવ્યાપિને પરમાત્મને શિવાયેદં ન મમ'નું ઉચ્ચારણ કરે. તદનંતર પોતાની શાખામાં બતાવેલી વિધિ અનુસાર તંત્રકર્મનું સંપાદન કરીને ઘૃતમિશ્રિત ચરુનું પ્રાશન અને આચમન કર્યા પછી પુરોધા આચાર્યને સુવર્ણ વગેરેથી સંપન્ન સમુચિત દક્ષિણા આપે.

પછી બ્રહ્માનું વિસર્જન કરીને પ્રાતઃકાલિક ઉપાસનાસંબંધી નિત્ય હોમ કરે. એ પછી મનુષ્ય 'સં મા સિંચન્તુ મરુતઃ' એ મંત્રનો જપ કરે.[1] તત્પશ્ચાત્ 'યા તે અગ્ને યજ્ઞિયા

---

* 'યથા—પૃથિવ્યાદિપંચકં મે શુધ્યતાં જ્યોતિરહં વિરજા વિપાપ્મા ભૂયાસં, સ્વાહા—પૃથિવ્યાદિપંચકાય પરસ્મૈ શિવજ્યોતિષે ઇદં ન મમ ।'

૧. મર્મજ્ઞ-ઋષિકારે કહ્યું છે કે 'સં મા સિંચન્તુ મરુતઃ' આ મંત્રથી અગ્નિનું ઉપસ્થાન કરીને એમાં કાષ્ઠમય યજ્ઞપાત્રોને સળગાવી દેવાં, જો પાત્રો તૈજસ ધાતુનાં હોય તો એ આચાર્યને આપી છે. પૂરો મંત્ર આ પ્રમાણે છે—

સં મા સિંચન્તુ મરુતઃ સમિન્દ્રઃ સં બૃહસ્પતિઃ ।
સં માયમગ્નિઃ સિંચત્વાયુષા ચ ધનેન ચ અન્નેન વાયુમન્તં કરોતુ મા ॥

અર્થાત્ મરુદ્ગણ, ઇન્દ્ર, બૃહસ્પતિ તથા અગ્નિ—આ બધા દેવતા મારા પર કલ્યાણની વર્ષા કરે. એ અગ્નિદેવ મને આયુ, જ્ઞાનરૂપી ધન તથા સાધનની શક્તિથી સંપન્ન કરે, સાથે જ મને દીર્ઘજીવી પણ બનાવે છે.

તનૂસ્તયેદ્યારોહાત્માત્માનમ્'[૨] ઇત્યાદિ મંત્રોથી હાથને અગ્નિમાં તપાવીને એ અગ્નિને અદ્વૈતધામસ્વરૂપ પોતાના આત્મામાં આરોપિત કરે. તદનંતર પ્રાતઃકાલની સંધ્યોપાસના કરીને સૂર્યોપસ્થાન પશ્ચાત્ જળાશયમાં જઈને નાભિ સુધી જલની અંદર પ્રવેશ કરે. ત્યાં પ્રસન્નતાપૂર્વક મનને સ્થિર કરીને ઉત્સુકતાપૂર્વક વેદ-મંત્રોનો જપ કરે[૩] જે અગ્નિહોત્રી હોય, તે સ્થાપિત અગ્નિમાં પ્રાજાપત્યેષ્ટિ'[૪] કરે તથા વેદોક્ત વૈશ્વાનર સ્થાલીપાક હોમ કરીને એમાં પોતાનું બધું જ દાન કરી દે. પૂર્વોક્તરૂપે અગ્નિનો આત્મામાં આરોપ કરીને બ્રાહ્મણ ઘરમાંથી નીકળી જાય. હે મુનીશ્વર! પછી તે સાધક નિમ્ન-અંકિતરૂપે 'સાવિત્રી પ્રવેશ' કરે –

ૐ ભૂઃ સાવિત્રીં પ્રવેશયામિ, ૐ તત્સવિતુર્વરેણ્યમ્ ૐ ભુવઃ સાવિત્રીં પ્રવેશયામિ[૫] ભર્ગો દેવસ્ય ધીમહિ, ૐ સ્વઃ સાવિત્રીં પ્રવેશયામિ, ધિયો યો નઃ પ્રચોદયાત્, ૐ ભૂર્ભુવઃ સ્વઃ સાવિત્રીં પ્રવેશયામિ, તત્સવિતુર્વરેણ્યં ભર્ગો દેવસ્ય ધીમહિ ધિયો યો નઃ પ્રચોદયાત્ ।

– આ વાક્યોનું પ્રેમપૂર્વક ઉચ્ચારણ કરે અને ચિત્તને ચંચળ ન થવા દે.

એ સમયે ગાયત્રીનું આ પ્રકારે ધ્યાન કરે– આ ભગવતી ગાયત્રી સાક્ષાત્ ભગવાન શંકરના અર્ધા શરીરમાં વાસ કરનારાં છે. એમને પાંચ મુખ અને દશ ભુજાઓ છે. એ પંદર નેત્રોથી પ્રકાશિત થાય છે. નૂતન રત્નમય કિરીટથી ઝગમગતી ચંદ્રલેખા એમના મસ્તકને વિભૂષિત કરે છે. એમની અંગકાંતિ શુદ્ધ સ્ફટિક મણિની જેમ ઉજ્જ્વળ છે. એ શુભલક્ષણા દેવી પોતાના

---

૨. પૂરો મંત્ર અને અર્થ આમ છે—

યા તે અગ્ને યજ્ઞિયા તનૂસ્તયેદ્યારોહાત્માત્માનમ્ ।
અચ્છા વસૂનિ કૃણ્વન્નસ્યે નર્યા પુરૂણિ ॥
યજ્ઞો ભૂત્વા યજ્ઞમાસીદ સ્વાં યોનિમ્ ।
જાતવેદો ભુવ આજાયમાનઃ સક્ષય એતિ ॥

હે અગ્નિદેવ! જે તમારું યજ્ઞિય (યજ્ઞોમાં પ્રગટ થનારું) સ્વરૂપ છે, એ જ સ્વરૂપથી તમે અહીં પધારો અને મારે માટે ઘણું બધું મનુષ્ય-ઉપયોગી વિશુદ્ધ ધન (સાધન-સામગ્રી)ની વૃષ્ટિ કરતાં કરતાં આત્મા રૂપે મારા આત્મામાં વિરાજમાન થઈ જાઓ. તમે યજ્ઞરૂપ થઈને પોતાના કારણરૂપ યજ્ઞમાં પહોંચી જાઓ. હે જાતવેદા! તમે પૃથ્વીથી ઉત્પન્ન થઈને પોતાના ધામ સાથે અહીં પધારો.'

૩. ત્યાં જલ લઈને એને 'આશુઃ શિશાનઃ' એ સૂક્તથી અભિમંત્રિત કરીને 'સર્વાભ્યો દેવતાભ્યઃ સ્વાહા' એવું કહીને પાત્રી મૂકી દેવું. પછી સંન્યાસનો સંકલ્પ લઈ ત્રણ વાર જલ અંજલિ આપે. એના મંત્ર આ પ્રમાણે છે —

ૐ એષ હ વા અગ્નિઃ સૂર્યઃ પ્રાણં ગચ્છ સ્વાહા ॥ ૧॥ ૐ સ્વામ યોનિં ગચ્છ સ્વાહા ॥ ૨॥ ૐ આપો વૈ ગચ્છ સ્વાહા ॥ ૩॥ (ધર્મસિન્ધુ)

૪. 'યદિષ્ટં યજ્ઞ પૂર્તં યજ્ઞાપદ્ધનાપહિ પ્રજાપતૌ તન્મનસિ જુહોમિ । વિમુક્તોઽહં દેવકિલ્બિષાત્સ્વાહા' એવું કહીને ઘીની આહુતિ આપો. 'ઇદં પ્રજાપતયે ન મમ' કહીને ત્યાગ કરે. આ જ પ્રાજાપત્યેષ્ટિ છે.

૫. ધર્મસિન્ધુમાં 'પ્રવિશામિ' પાઠ છે.

દશે હાથમાં દશ પ્રકારનાં આયુધ ધારણ કરે છે. હાર, કેયૂર (બાજૂબંધ), કડાં, કરધની (કંદોરો) અને નૂપુર વગેરે આભૂષણોથી એમનાં અંગ વિભૂષિત છે. એમણે દિવ્ય વસ્ત્રો ધારણ કર્યા છે. એમનાં બધાં જ આભૂષણ રત્નનિર્મિત છે. વિષ્ણુ, બ્રહ્મા, દેવતા, ઋષિ તથા ગંધર્વરાજ અને મનુષ્ય પણ સદા એમનું સેવન કરે છે. એ સર્વવ્યાપિની શિવા સદાશિવદેવની મનોહારિણી ધર્મપત્ની છે. સંપૂર્ણ જગતની માતા, ત્રણે લોકોની જનની, ત્રિગુણમયી, નિર્ગુણા તથા અજન્મા છે. આ પ્રકારે ગાયત્રીદેવીના સ્વરૂપનું ચિંતન કરતાં શુદ્ધબુદ્ધિવાળા પુરુષ બ્રાહ્મણત્વ વગેરે પ્રદાન કરનારાં અજન્મા આદિ દેવી ત્રિપદા ગાયત્રીનો જપ કરે. ગાયત્રી વ્યાહૃતિઓથી ઉત્પન્ન થયાં છે અને એમાં જ લીન થાય છે. વ્યાહૃતિઓ પ્રણવથી પ્રગટ થઈ છે અને પ્રણવમાં જ લય પામે છે. પ્રણવ સંપૂર્ણ વેદોનો આદિ છે. તે શિવનો વાચક, મંત્રોનો રાજાધિરાજ, મહાબીજ સ્વરૂપ અને શ્રેષ્ઠ મંત્ર છે. શિવ પ્રણવ છે અને પ્રણવ શિવ કહેવાય છે, કેમકે વાચ્ય અને વાચકમાં વધારે ભેદ હોતો નથી. આ જ મહામંત્રને કાશીમાં શરીર-ત્યાગ કરનારા જીવોને મરણકાલમાં એમને સંભળાવી ભગવાન શિવ પરમ મોક્ષ પ્રદાન કરે છે. એટલા માટે શ્રેષ્ઠ પતિ પોતાના હૃદયકમળની મધ્યમાં બિરાજમાન એકાક્ષર પ્રણવરૂપ પરમ કારણ શિવદેવની ઉપાસના કરે છે. બીજા મુમુક્ષુ, ધીર અને વિરક્ત લૌકિક પુરુષ પણ મનથી વિષયોનો ત્યાગ કરીને પ્રણવરૂપ પરમ શિવની ઉપાસના કરે છે.

આ પ્રકારે ગાયત્રી શિવવાચક પ્રણવમાં લય કરીને 'અહં વૃક્ષસ્ય રેરિવા'[૧] એ અનુવાકનો જપ કરે તત્પશ્ચાત્ 'યશ્છન્દસામૃષભઃ' (તૈત્તરીય ૧/૪/૧ એ અનુવાકને આરંભથી લઈને... શ્રુતં મે ગોપાય'[૨] સુધી ભણીને કહે—'દારૈષણાયાશ્ચ વિત્તૈષણાયાશ્ચ લોકૈષણાયાશ્ચ વ્યુત્થિતોઽહમ્' અર્થાત્ હું સ્ત્રીની કામના, ધનની કામના અને લોકોમાં ખ્યાતિની કામનાથી ઉપર ઊઠી ગયો છું.' હે મુને! આ વાક્યનું મંદ, મધ્યમ અને ઉચ્ચસ્વરથી ક્રમશઃ ત્રણ વાર ઉચ્ચારણ કરે. તત્પશ્ચાત્ સૃષ્ટિ, સ્થિતિ અને લયના ક્રમથી પહેલાં પ્રણવમંત્રનો ઉદ્ધાર કરીને પછી ક્રમશઃ આ વાક્યોનું ઉચ્ચારણ કરે. 'ૐ ભૂઃ સંન્યસ્તં

---

૧. અહં વૃક્ષસ્ય રે રિવા। કીર્તિઃ પૃષ્ઠં ગિરેરિવ। ઊર્ધ્વપવિત્રો વાજિનીવ સ્વમૃતમસ્મિ। દ્રવિણં સવર્ચસમ્। સુમેધા અમૃતોક્ષિતઃ। ઇતિ ત્રિશંકોર્વેદાનુવચનમ્ (તૈત્તિરીય ૧/૧૦/૧)

હું સંસારવૃક્ષનો ઉચ્છેદ કરનારો છું, મારી કીર્તિ પર્વતના શિખરની જેમ ઉન્નત છે, અન્નોત્પાદક શક્તિથી યુક્ત સૂર્યમાં જેમ ઉત્તમ અમૃત છે, એ જ રીતે હું પણ અતિશય પવિત્ર અમૃતરૂપ છું તથા હું પ્રકાશયુક્ત ધનનો ભંડાર છું, પરમાનંદમય અમૃતથી અભિષિક્ત તથા શ્રેષ્ઠ બુદ્ધિવાળો છું—આ પ્રકારે આ ત્રિશંકુ ઋષિનું અનુભવ કરેલું વૈદિક પ્રવચન છે.

૨. યશ્છન્દસામૃષભો વિશ્વરૂપઃ। છન્દોભ્યોઽધ્યમૃતાત્સંબભૂવ। સ મેન્દ્રો મેધયા સ્પૃણોતુ। અમૃતસ્ય દેવ ધારણો ભૂયાસમ। શરીરં મે વિચર્ષણમ્। જિહ્વા મે મધુમત્તમા। કર્ણાભ્યાં ભૂરિ વિશ્રુવમ્। બ્રહ્મણઃ કોશોઽસિ મેધયા પિહિતઃ શ્રુતં મે ગોપાય।

મયા', 'ૐ ભુવઃ સંન્યસ્તં મયા', 'ૐ સુવઃ સંન્યસ્તં મયા', 'ૐ ભૂર્ભુવઃ સુવઃ સંન્યસ્તં મયા'* આ વાક્યોનો મન્દ, મધ્યમ અને ઉચ્ચ સ્વરથી હૃદયમાં સદાશિવનું ધ્યાન કરતાં કરતાં સાવધાન ચિત્તથી ઉચ્ચારણ કરે. તદનંતર 'અભયં સર્વભૂતેભ્યો મત્તઃ સ્વાહા' (મારી તરફથી સર્વ પ્રાણીઓને અભયદાન દેવાયું છે) એવું કહીને પૂર્વ દિશામાં એક અંજલિ જળ લઈને મૂકી દે. એ પછી શિખાના શેષ વાળને હાથથી ઊખેડી દે અને યજ્ઞોપવીતને (જનોઈને) કાઢીને જલની સાથે હાથમાં લઈને આ પ્રકારે કહ્યું–'ૐ ભૂઃ સમુદ્રં ગચ્છ સ્વાહા' એમ કહીને એનો જલમાં જ હોમ કરી દે. પછી 'ૐ ભૂઃ સંન્યસ્તં મયા', 'ૐ ભુવઃ સંન્યસ્તં મયા', 'ૐ સુવઃ સંન્યસ્તં મયા' આ પ્રકારે ત્રણ વાર કહીને ત્રણ વાર જલને અભિમંત્રિત કરીને એનું આચમન કરે. પછી જલાશયને કિનારે આવીને વસ્ત્ર અને કટિવસ્ત્ર ભૂમિ પર છોડી દે, વસ્ત્રનો ત્યાગ કરે અને ઉત્તર અથવા પૂર્વ તરફ મુખ રાખીને સાત ડગલાંથી વધારે ચાલે. થોડે દૂર ગયા પછી આચાર્ય એને કહે, 'ઊભા રહો, ઊભા રહો, ભગવન્! લોકવ્યવહારને માટે કૌપીન અને દંડ સ્વીકારો.' આમ કહીને આચાર્ય પોતાના હાથે જ એને કટિસૂત્ર અને કૌપીન આપેને ભગવો (ગેરુઆ) વસ્ત્ર પણ અર્પિત કરે. તત્પશ્ચાત્ સંન્યાસી જ્યારે વસ્ત્રોથી પોતાના શરીરને ઢાંકીને બે વાર આચમન કરી લે ત્યારે આચાર્ય શિષ્યને કહે–'ઇન્દ્રસ્ય વજ્રોઽસિ' આ મંત્ર બોલીને દંડ ગ્રહણ કરો. ત્યારે તે આ મંત્ર ભણે અને 'સખા મા ગોપાયૌજઃ સખા યોઽસીન્દ્રસ્ય વજ્રોઽસિ વાર્ત્રઘ્નઃ શર્મ મે ભવ યત્પાપં તન્નિવારય'* આ મંત્રનું ઉચ્ચારણ કરતાં દંડની પ્રાર્થના કરીને એને હાથમાં લે. (તત્પશ્ચાત્ પ્રણવ અથવા ગાયત્રીનું ઉચ્ચારણ કરીને કમંડલુ ગ્રહણ કરે.)

તદનંતર ભગવાન શિવનાં ચરણારવિન્દોનું ચિંતન કરતાં કરતાં ગુરુની પાસે જઈને ત્રણ વાર પૃથ્વીમાં આળોટીને દંડવત્ પ્રણામ કરે. એ સમયે તે પોતાના મનને પૂર્ણતયા સંયમમાં રાખે. પછી ધીરે ધીરે ઊઠીને પ્રેમપૂર્વક પોતાના ગુરુ તરફ જોઈને હાથ જોડીને એમનાં ચરણો પાસે ઊભો રહે. સંન્યાસ-દીક્ષા વિષયક કર્મ આરંભ થતાં પહેલાં જ શુદ્ધ છાણ લઈને આમળા-બરાબર એનો ગોળો બનાવી લે અને સૂર્ય-કિરણોથી એને સૂકવી નાખે. પછી હોમ આરંભ થાય ત્યારે આવા બનાવેલા ગોળા હોમાગ્નિની વચ્ચે નાખી દે. હોમ સમાપ્ત થઈ જાય પછી

+ મેં ભૂલોકનો સંન્યાસ (પૂર્ણતઃ ત્યાગ) કરી દીધો. મેં ભુવઃ (અંતરિક્ષ) લોકનો પરિત્યાગ કરી દીધો તથા મેં સ્વર્ગલોકનો પણ સર્વથા ત્યાગ કરી દીધો છે. મેં ભૂર્લોક, ભુવર્લોક અને સ્વર્ગલોક—એ ત્રણેને સારી પેઠે છોડી દીધાં છે. ત્યાગ કરી દીધાં છે.

* હે દંડ! તમે મારા સખા (સહાયક) છો, મારી રક્ષા કરો. મારા ઓજ (પ્રાણશક્તિ)ની રક્ષા કરો. તમે મારા એ જ સખા છો, જે ઇન્દ્રના હાથમાં વજ્રરૂપે રહો છો. તમે જ વજ્રરૂપે આઘાત કરીને વૃત્રાસુરનો સંહાર કર્યો છે. તમે મારે માટે કલ્યાણમય બનો. મુજમાં જે પાપ હોય, એનું નિવારણ કરો. (સં.શિ.પુ. ૨૧)

એ સૌનો સંગ્રહ કરીને સુરક્ષિત રાખે. તદનંતર દંડધારણ પશ્ચાત્ ગુરુ વિરજાગ્નિજનિત એ શ્વેત ભસ્મને લઈને એને જ શિષ્યનાં અંગોમાં લગાવે અથવા એને લગાવવાની આજ્ઞા આપે. એનો ક્રમ આ પ્રકારે છે. 'ૐ અગ્નિરિતિ ભસ્મ વાયુરિતિ ભસ્મ જલમિતિ ભસ્મ સ્થલમિતિ ભસ્મ વ્યોમેતિ ભસ્મ સર્વં હ વા ઇદં ભસ્મ મન એતાનિ ચક્ષું ષિ' આ મંત્રથી ભસ્મને અભિમંત્રિત કરે. તદનંતર ઈશાનાદિ પાંચ મંત્રો દ્વારા એ ભસ્મનો શિષ્યનાં અંગો સાથે સ્પર્શ કરાવીને એને માથાથી લઈને પગ સુધી સર્વાંગમાં લગાવવામાં આપી દે. શિષ્ય એ ભસ્મને વિધિપૂર્વક હાથમાં લઈને 'ત્र्यायुषम्'[1] તથા 'त्र्यम्बकम्'[2] એ બંને મંત્રોને ત્રણ ત્રણ વાર ભણે અને લલાટે ઇત્યાદિ અંગોમાં ક્રમશઃ ત્રિપુણ્ડ્ર ધારણ કરે.

તત્પશ્ચાત્ શ્રેષ્ઠ શિષ્ય પોતાના હૃદય-કમળમાં બિરાજમાન ઉમાસહિત ભગવાન શંકરનું ભક્તિયુક્ત ચિત્તે ધ્યાન કરે. પછી ગુરુ શિષ્યના માતા પર હાથ રાખીને એના જમણા કાનમાં ઋષિ, છંદ અને દેવતા સહિત પ્રણવનો ઉપદેશ કરે. એ પછી કૃપા કરીને પ્રણવના અર્થનો પણ બોધ કરાવે. શ્રેષ્ઠ ગુરુએ તો પ્રણવના છ પ્રકારના અર્થનું જ્ઞાન કરાવતાં એના બાર ભેદોનો ઉપદેશ આપવો જોઈએ. ત્યાર પછી શિષ્ય દંડની જેમ પૃથ્વી પર પડીને ગુરુને સાષ્ટાંગ પ્રણામ કરે અને સદા એમને અધીન રહે, એમની આજ્ઞા વિના બીજું કોઈ કાર્ય ન કરે. ગુરુની આજ્ઞાથી શિષ્ટ શિષ્ય વેદાન્તના તાત્પર્ય અનુસાર સગુણ-નિર્ગુણ ભેદથી શિવના જ્ઞાનમાં તત્પર રહે. ગુરુ પોતાના એ જ શિષ્ય દ્વારા શ્રવણ, મનન અને નિદિધ્યાસનપૂર્વક જપના અંતમાં પ્રાતઃકાલિક આદિ નિયમોનું અનુષ્ઠાન કરાવે. કૈલાસ પ્રસ્તર નામક મંડળમાં શિવ દ્વારા પ્રતિપાદિત માર્ગ અનુસાર શિષ્ય ત્યાં જ રહીને શિવપૂજન કરે. જો ગુરુના આદેશ અનુસાર તે પ્રતિદિન ત્યાં રહીને મંગલમય દેવતા શિવના પૂજનમાં અસમર્થ હોય તો એમની પાસેથી અર્ઘાસહિત સ્ફટિકમય શિવલિંગ ગ્રહણ કરી લે અને ગમે ત્યાં પણ રહીને નિત્ય એનું પૂજન કર્યા કરે. તે ગુરુ પાસે શપથપૂર્વક આ રીતે પ્રતિજ્ઞા કરે-'મારા પ્રાણ ચાલ્યા જાય, એ સારું છે. મારું મસ્તક કપાઈ જાય એ પણ સારું છે, પરંતુ હું ભગવાન ત્રિલોચનની પૂજા કર્યા વિના કદાપિ ભોજન નહીં કરી શકું.' આવું કહીને સુદૃઢ ચિત્તવાળો શિષ્ય મનમાં શિવભક્તિ લઈને ગુરુની પાસે ત્રણ વાર શપથ લે અને ત્યારથી જ મનમાં ઉત્સાહ રાખીને ઉત્તમ ભક્તિભાવથી પંચાવરણ પૂજનની પદ્ધતિ અનુસાર પ્રતિદિન મહાદેવજી પૂજા કરે. (અધ્યાય ૧૩)

*

---

૧. ત્र्यायुषं જમદગ્નેઃ કશ્યપસ્ય ત્र्यायુષમ્ । યદ્દેવેષુ ત્र्यायુષં તન્નોઽસ્તુ ત્र्यायુષમ્ ॥ (યજુર્વેદ ૩।૬૨)

૨. ત્र्यम्બકં યજામહે સુગન્ધિં પુષ્ટિવર્ધનમ્ । ઉર્વારુકમિવ બન્ધનાન્મૃત્યોર્મુક્ષીય માઽમૃતાત્ ॥ (યજુર્વેદ ૩।૬૦)

પ્રણવના અર્થોનું વિવેચન

વામદેવજી બોલ્યા—હે ભગવાન ષડાનન! હે સંપૂર્ણ વિજ્ઞાનમય અમૃતના સાગર! હે સમસ્ત દેવતાઓના સ્વામી મહેશ્વરના પુત્ર! હે પ્રણતાર્તિના ભંજન કાર્તિકેય! આપે કહ્યું છે કે પ્રણવના છ પ્રકારના અર્થોનું પરિજ્ઞાન અભીષ્ટ વસ્તુને આપનારું છે. આ છ પ્રકારના અર્થોનું જ્ઞાન શું છે? હે પ્રભો! તે છ પ્રકારના અર્થ કયા કયા છે અને એનું પરિજ્ઞાન શી વસ્તુ છે? એમના દ્વારા પ્રતિપાદ્ય વસ્તુ શું છે? અને એ અર્થોનું પરિજ્ઞાન થવાથી કયા ફળની પ્રાપ્તિ થાય છે? હે પાર્વતીનંદન! મેં જે જે વાતો પૂછી છે, એ સર્વનું સમ્યક્ રૂપે વર્ણન કરો.

સુબ્રહ્મણ્ય સ્કંદ બોલ્યા—હે મુનિશ્રેષ્ઠ! તમે જે કાંઈ પૂછ્યું છે, એને આદરપૂર્વક સાંભળો. સમષ્ટિ અને વ્યષ્ટિ ભાવથી મહેશ્વરનું પરિજ્ઞાન જ પ્રણવાર્થનું પરિજ્ઞાન છે. હું આ વિષયને વિસ્તારની સાથે કહું છું. હે ઉત્તમવ્રતનું પાલન કરનારા મુનીશ્વર! મારા આ પ્રવચનથી એ છ પ્રકારના અર્થોની એકતાનો પણ બોધ થશે. પહેલો મંત્રરૂપ અર્થ છે, બીજો યંત્રભાવિત અર્થ છે, ત્રીજો દેવતાબોધક અર્થ છે, ચોથો પ્રપંચરૂપ અર્થ છે, પાંચમો અર્થ ગુરુના રૂપને બતાડનારો છે અને છઠ્ઠો અર્થ, શિષ્યના સ્વરૂપનો પરિચય આપનાર છે. આ પ્રકારે આ છ અર્થ બતાવાયા છે. હે મુનિશ્રેષ્ઠ! આ છયે અર્થોમાં જે મંત્રરૂપ અર્થ છે, એ તમને બતાવું છું. એનું જ્ઞાન થવા માત્રથી મનુષ્ય મહાજ્ઞાની થઈ જાય છે. પ્રણવમાં વેદોએ પંચ અક્ષર બતાવ્યા છે, પહેલો આદિસ્વર—'અ', બીજો પાંચમો સ્વર 'ઉ', ત્રીજો પંચમ વર્ગ 'ય' વર્ગનો અંતિમ અક્ષર 'મ', એ પછી ચોથો અક્ષર બિંદુ અને પાંચમો અક્ષર નાદ. એ સિવાય બીજા કોઈ વર્ણ નથી. આ સમષ્ટિરૂપ વેદાદિ (પ્રણવ) કહેવાય છે. નાદ બધા અક્ષરોનું સમષ્ટિરૂપ છે; બિંદુયુક્ત જે ચાર અક્ષર છે, તે વ્યષ્ટિરૂપે શિવવાચક પ્રણવમાં પ્રતિષ્ઠિત છે.

હે વિદ્વન્! હવે યંત્રરૂપ અથવા યંત્રભાવિત અર્થ સાંભળો. તે યંત્ર જ શિવલિંગરૂપમાં સ્થિત છે. સૌથી નીચે પીઠ (અર્ધા) લખે. એની ઉપર પહેલો સ્વર અકાર લખે. એની ઉપર ઉકાર અંકિત કરે અને એની પણ ઉપર પવર્ગનો અંતિમ અક્ષર મકાર લખે. મકારની ઉપર અનુસ્વાર અને એની પણ ઉપર અર્ધચન્દ્રાકાર નાદ અંકિત કરે. આ રીતે યંત્ર પૂરું થઈ જવાથી સાધકના સંપૂર્ણ મનોરથ સિદ્ધ થઈ જાય છે. આ રીતે યંત્ર લખીને એને પ્રણવથી જ વેષ્ટિત કરે. એ પ્રણવથી જ પ્રગટ થનાર નાદના દ્વારા નાદનું અવસાન સમજો.

હે મુને! હવે હું દેવતારૂપ ત્રીજા અર્થને બતાવીશ, જે સર્વત્ર ગૂઢ છે. હે વામદેવ! તમારા સ્નેહવશ ભગવાન શંકર દ્વારા પ્રતિપાદિત એ અર્થનું હું તમને વર્ણન કરું છું. 'સદ્યોજાતં પ્રપદ્યામિ' અહીંથી લઈને—શરૂ કરીને—'સદાશિવોમ્' સુધી જે પાંચ* મંત્ર છે, શ્રુતિએ પ્રણવને આ સર્વનો વાચક કહ્યો છે. એમને બ્રહ્મરૂપી પાંચ સૂક્ષ્મ દેવતા સમજવા જોઈએ. એમનું જ શિવની મૂર્તિરૂપે પણ વિસ્તારપૂર્વક

* આ પાંચે મંત્રોનો ઉલ્લેખ પહેલાં થઈ ગયો છે.

વર્ણન છે. શિવના વાચક મંત્ર શિવમૂર્તિના પણ વાચક છે; કેમકે મૂર્તિ અને મૂર્તિમાનમાં અધિક ભેદ નથી. 'ઈશાનઃ મુકુટોપેતઃ' એ શ્લોકથી આરંભ કરીને પહેલાં એ મંત્રો દ્વારા શિવના વિગ્રહનું પ્રતિપાદન થઈ ગયું છે. હવે એમનાં પાંચ મુખોનું વર્ણન સાંભળો. પ્રથમ મંત્ર 'ઈશાનઃ સર્વવિદ્યાનામ્'ને આદિ માનીને ત્યાંથી લઈને ઉપરના 'સદ્યોજાત' મંત્ર સુધી ક્રમશઃ એક ચક્રમાં અંકિત કરે. પછી 'સદ્યોજાત'થી લઈને 'ઈશાન' મંત્ર સુધી ક્રમશઃ એ જ ચક્રમાં અંકિત કરે. આ જ પાંચ ભગવાન શિવનાં પાંચ મુખ બતાવ્યાં છે. પુરુષથી લઈને સદ્યોજાત સુધી જે બ્રહ્મરૂપ ચાર મંત્ર છે, તે જ મહેશ્વરદેવના ચતુર્વ્યૂહ પદ પર પ્રતિષ્ઠિત છે. 'ઈશાન' મંત્ર સદ્યોજાત આદિ પાંચે મંત્રોના સમષ્ટિ રૂપ છે. હે મુને! પુરુષથી લઈને સદ્યોજાત સુધી જે ચાર મંત્ર છે, તે ઈશાનદેવના વ્યષ્ટિરૂપ છે.

આને અનુગ્રહમય ચક્ર કહે છે. આજ પંચાર્થનું કારણ છે. એ સૂક્ષ્મ, નિર્વિકાર, અનામય પરબ્રહ્મસ્વરૂપ છે. અનુગ્રહ પણ બે પ્રકારનો છે. એક તો તિરોભાવ વગેરે પાંચ[1] કૃત્યો અંતર્ગત છે, બીજો જીવોને કાર્યકારણ વગેરે બંધનોથી મુક્તિ આપવામાં સમર્થ છે. આ બંને પ્રકારના અનુગ્રહ સદાશિવના જ દ્વિવિધ કૃત્ય કહેવામાં આવે છે. હે મુને! અનુગ્રહમાં પણ સૃષ્ટિ વગેરે કૃત્યોનો યોગ હોવાથી ભગવાન શિવના પાંચ કૃત્યો માનવામાં આવ્યાં છે. આ પાંચેય કૃત્યોમાં પણ સદ્યોજાત આદિ દેવતા પ્રતિષ્ઠિત બતાવાયા છે. એ પાંચે પરબ્રહ્મસ્વરૂપ તથા સદાયે કલ્યાણદાયક છે. અનુગ્રહમય ચક્ર શાન્ત્યતીત[2] કલારૂપ છે. સદાશિવથી અધિષ્ઠિત હોવાને કારણે એને પરમપદ કહે છે. શુદ્ધ અંતઃકરણવાળા સંન્યાસીઓને મળનારું યોગ્ય પદ આ જ છે. **જે સદાશિવના ઉપાસક છે અને જેમનાં ચિત્ત પ્રણવોપાસનામાં સંલગ્ન છે, એમને પણ આ જ પદની પ્રાપ્તિ થાય છે.** આ પદને મેળવીને મુનીશ્વરગણ એ બ્રહ્મરૂપી મહાદેવજી સાથે પ્રચુર દિવ્ય ભોગોનો ઉપભોગ કરીને મહાપ્રલય કાળમાં શિવની સમતાને પ્રાપ્ત થઈ જાય છે, તે મુક્ત જીવ પછી ક્યારેય સંસારસાગરમાં પડતા નથી 'તે બ્રહ્મલોકેષુ પરાન્તકાલે પરામૃતાઃ પરિમુચ્યન્તિ સર્વે ।' (મુંડક ૩/૨/૬)

આ સનાતન શ્રુતિએ આ જ અર્થનું પ્રતિપાદન કર્યું છે. શિવનું ઐશ્વર્ય પણ આ સમષ્ટિરૂપ જ છે. અથર્વવેદની શ્રુતિ પણ કહે છે કે તે સંપૂર્ણ ઐશ્વર્યથી સંપન્ન છે. સંપૂર્ણ ઐશ્વર્ય પ્રદાન કરવાની શક્તિ સદાશિવમાં જ બતાવવામાં આવી છે. ચમક-અધ્યાયના પદથી એ સૂચિત થાય છે કે શિવથી વધીને બીજું કોઈ પદ નથી. બ્રહ્મપંચકના વિસ્તારને જે પ્રપંચ કહે છે. આ પાંચ બ્રહ્મમૂર્તિઓમાંથી જ નિવૃત્તિ આદિ પાંચ કલાઓ થઈ છે. એ બધી જ સૂક્ષ્મભૂત સ્વરૂપિણી હોવાથી કારણરૂપ વિખ્યાત છે. હે ઉત્તમ વ્રતનું પાલન કરનારા વામદેવ! સ્થૂળરૂપે પ્રગટ જે આ જગત-પ્રપંચ છે, એને જેણે પાંચરૂપો દ્વારા વ્યાપ્ત કરી રાખ્યો છે. તે બ્રહ્મ પોતાના એ પાંચે રૂપો સાથે બ્રહ્મપંચક નામ

---

૧. સૃષ્ટિ, સ્થિતિ, સંહાર, તિરોભાવ અને અનુગ્રહ—એ પાંચ પરમેશ્વરનાં કૃત્ય છે.

૨. કલાઓ પાંચ છે—નિવૃત્તિકલા, પ્રતિષ્ઠાકલા, વિદ્યાકલા, શાંતિકલા અને શાન્ત્યતીતાકલા.

ધારણ કરે છે. હે મુનિશ્રેષ્ઠ! પુરુષ, શ્રોત્ર, વાણી શબ્દ અને આકાશ એ પાંચેને બ્રહ્મે ઈશાનરૂપ વ્યાપ્ત કરી રાખ્યાં છે. હે મુનીશ્વર! પ્રકૃતિ, ત્વચા, પાણિ, સ્પર્શ અને વાયુ–એ પાંચેને બ્રહ્મે પુરુષરૂપ વ્યાપ્ત કરી રાખ્યાં છે. અહંકાર, નેત્ર, પગ, રૂપ અને અગ્નિ–એ પાંચ અઘોરરૂપી બ્રહ્મથી વ્યાપ્ત છે, બુદ્ધિ રસના, પાયુ, રસ અને જલને–એ વામદેવ-રૂપી બ્રહ્મથી નિત્ય વ્યાપ્ત રહે છે. મન, નાસિકા, ઉપસ્થ, ગંધ અને પૃથ્વી એ પાંચ સદ્યોજાતરૂપી બ્રહ્મથી વ્યાપ્ત છે. આ પ્રકારે આ જગત પંચબ્રહ્મસ્વરૂપ છે. યંત્રરૂપે બતાવેલ જે શિવ-વાચક પ્રણવ છે. તે નાદ-પર્યંત પાંચે વર્ણોના સમષ્ટિરૂપ છે તથા બિંદુયુક્ત જે ચાર વર્ણ છે, તે પ્રણવનું વ્યષ્ટિરૂપ છે. શિવના ઉપદેશ કરેલા માર્ગથી ઉત્કૃષ્ટ મંત્રાધિરાજ શિવરૂપી પ્રણવનું પૂર્વોક્ત યંત્રરૂપે ચિંતન કરવું જોઈએ.

(અધ્યાય ૧૪)

*

શૈવદર્શન અનુસાર શિવતત્ત્વ, જગત-પ્રપંચ અને જીવતત્ત્વ વિષયક વિશદ વિવેચન તથા શિવથી જીવ અને જગતની અભિન્નતાનું પ્રતિપાદન

તદનંતર ઉત્તમ શ્રેષ્ઠ પદ્ધતિનું વર્ણન કરીને સૃષ્ટિ, સ્થિતિ અને સંહાર–સર્વને શક્તિમાન શિવની લીલા બતલાવતાં વામદેવજીના પૂછવા પર સ્કંદે કહ્યું–હે મુને! કર્માસ્તિતત્ત્વથી લઈને જે વિસ્તૃત શાસ્ત્રવાદ છે અર્થાત્ કર્મસત્તાના પ્રતિપાદક કર્મફલવાદથી આરંભ કરીને શાસ્ત્રમાં જે વિવિધ વિષયોનું વિશદ વિવેચન છે, તે જ્ઞાન પ્રદાન કરનારું છે, તેથી જ્ઞાનવાન પુરુષે વિવેકપૂર્વક એનું શ્રવણ કરવું જોઈએ. તમે જે શિષ્યોને ઉપદેશ આપ્યો છે, એમાંથી કોણ તમારા સમાન છે. તે અધમ શિષ્ય આજે પણ અન્યાન્ય શાસ્ત્રોમાં ભટકી રહ્યા છે. અનીશ્વરવાદી દર્શનોના ચક્કરમાં પડીને મોહિત થઈ રહ્યા છે. છ મુનિઓએ એમને શાપ આપી રાખ્યો છે; કેમકે પહેલાં એ શિવની નિંદા કરતા હતા. તેથી તેમની વાતો ન સાંભળવી જોઈએ, કેમકે તે અન્યથાવાદી (શિવ-શાસ્ત્રથી વિપરીત વાત કરનારા) છે. અહીં પાંચ* અવયવોથી યુક્ત અનુમાનના પ્રયોગ માટે પણ અવકાશ છે જ. ઉત્તમ વ્રતનું પાલન કરનાર હે વામદેવ! જેવી

---

* પ્રતિજ્ઞા, હેતુ, ઉદાહરણ, ઉપનય અને નિગમન—એ અનુમાનના પાંચ અવયવ છે. 'પર્વતો વહ્નિમાન્' (પર્વત પર આગ છે)—આ **પ્રતિજ્ઞા** છે. 'ધૂમવત્ત્વાત્' (કેમકે ત્યાં ધૂમ દેખાય છે). એ **હેતુ** છે. 'જ્યાં જ્યાં ધુમાડો હોય છે, ત્યાં ત્યાં અગ્નિ અવશ્ય રહે છે, જેવી રીતે રસોઈઘર—આ **ઉદાહરણ** છે. 'તથાઽયં ધૂમવાન્' (કેમકે આ પર્વત ધૂમવાન છે)—એ **ઉપનય** છે. 'અતઃ અગ્નિમાન્' (અતઃ અગ્નિથી યુક્ત છે—એ **નિગમન** છે. આ જ રીતે ઈશ્વરને માટે પણ અનુમાન થાય છે. જેમકે, 'ક્ષિત્યંકુરાદિકં કર્તૃજન્યમ્' (પૃથ્વી તથા અંકુર આદિ કોઈ કર્તા દ્વારા ઉત્પન્ન થયા છે)—એ પ્રતિજ્ઞા છે. 'કાર્યત્વાત્' (કેમકે એ કાર્ય છે)—એ હેતુ છે. 'યત્ યત્ કાર્યં તત્તત્ કર્તૃજન્યં યથા ઘટઃ કુંભકારજન્યઃ' (જે જે કાર્ય છે, તે કોઈને કોઈ કર્તાથી ઉત્પન્ન થાય છે. જેવી રીતે ઘડો કુંભારથી ઉત્પન્ન થયો છે—આ ઉદાહરણ થયું. 'યત ઈદં કાર્યમ્ (કેમકે એ પૃથ્વી આદિ કાર્ય છે)—એ ઉપનય થયો. 'અતઃ કર્તૃજન્યમ્' (એટલે કર્તાથી ઉત્પન્ન થયા છે)—એ નિગમન થયું. પૃથ્વી આદિ કાર્ય આપત્રા જેવા લોકોથી ઉત્પન્ન થયાં છે, એ કહેવું સંભવ નથી, તેથી એનો કોઈ વિલક્ષણ કર્તા છે. તે જ સર્વશક્તિમાન્ ઈશ્વર છે.

રીતે ધુમાડાનું દર્શન થવાથી લોકો અનુમાન દ્વારા પર્વત પર અગ્નિની સત્તાનું પ્રતિપાદન કરે છે, એ જ પ્રકારે આ પ્રત્યક્ષ પ્રપંચના દર્શનરૂપ હેતુનું અવલંબન કરીને પરમેશ્વર પરમાત્માને માની શકાય છે, એમાં સંશય નથી.

આ વિશ્વ સ્ત્રી-પુરુષરૂપ છે, એવું પ્રત્યક્ષ દેખાય છે. છ કોશરૂપ જે શરીર છે, એમાં આદિના ત્રણ માતાના અંશથી ઉત્પન્ન થયા છે અને અંતિમ ત્રણ પિતાના અંશથી—આ શ્રુતિનું કથન છે. આ પ્રકારે બધાં શરીરોમાં સ્ત્રીપુરુષભાવને જાણનારા લોકો છે, હે મુને! વિદ્વાનોએ પરમાત્મામાં પણ સ્ત્રીપુરુષભાવને જાણ્યો છે. શ્રુતિ કહે છે, પરબ્રહ્મ પરમાત્મા સત્, ચિત્ અને આનંદરૂપ છે. અસત્ પ્રપંચને નિવૃત્ત કરનારો શબ્દ જ સદ્રૂપ કહેવાય છે. ચિત્-શબ્દથી જડ જગતની નિવૃત્તિ કરી શકાય છે. જોકે સત્ શબ્દ ત્રણે લિંગોમાં વિદ્યમાન છે, તેમ છતાં અહીં પરબ્રહ્મ પરમાત્માના અર્થમાં પુલ્લિંગ સત્-શબ્દને ગ્રહણ કરવો જોઈએ. તે સત્-શબ્દ પ્રકાશનો વાચક છે. 'સન્-પ્રકાશઃ' સન્ શબ્દ સ્પષ્ટરૂપે પ્રકાશનો વાચક છે. પરમાત્મામાં જે સત્તા અથવા પ્રકાશરૂપતા છે, તે એના પુરુષભાવને સૂચિત કરે છે. જ્ઞાન શબ્દનો પર્યાયવાચી જે ચિત્-શબ્દ છે, તે સ્ત્રીલિંગ છે અર્થાત્ પરમાત્મામાં ચિદ્રૂપતા એના સ્ત્રીભાવને સૂચિત કરે છે. પ્રકાશ અને ચિત્—એ બંને જગતના કારણ-ભાવને પ્રાપ્ત થયા છે. આ રીતે સચ્ચિદાત્મા પરમેશ્વર પણ જ્યારે જગતના કારણભાવને પ્રાપ્ત થાય છે ત્યારે એ એકમાત્ર પરમાત્મામાં જ 'શિવ' ભાવ અને 'શક્તિ' ભાવનો ભેદ કરવામાં આવે છે. જ્યારે તેલ અને બત્તીમાં મલિનતા હોય છે ત્યારે એના પ્રકાશમાં પણ મલિનતા આવી જાય છે. ચિતાની આગ આદિમાં અશિવતા અને મલિનતા સ્પષ્ટ દેખાય છે. તેથી મલિનતા આદિ આરોપિત વસ્તુ છે, એના નિર્વતક હોવાને કારણે પરમાત્માના શિવતત્ત્વનું શ્રુતિ દ્વારા પ્રતિપાદિત થયું છે.

જીવ આશ્રિત જે ચિચ્છક્તિ છે, તે સદા દુર્બળ હોય છે. એની નિવૃત્તિને માટે જ પરમાત્મામાં સાર્વકાલિક સર્વશક્તિમત્તા વિદ્યમાન છે. ઈશ્વર બળવાન છે, શક્તિમાન છે—એ વ્યવહાર દેખાય છે. હે મહામુને વામદેવ! લોક અને વેદમાં પણ સદાયે પરમાત્માની શિવરૂપતા અને શક્તિરૂપતાનો સાક્ષાત્કાર કરાવવામાં આવ્યો છે. શિવ અને શક્તિના સંયોગથી નિરંતર આનંદ પ્રગટ થતો રહે છે, અતઃ હે મુને! તમે એ આનંદને પ્રાપ્ત કરવાના ઉદ્દેશ્યથી જ પાપરહિત મુનિ શિવમાં મન પરોવીને નિરામય (પરમ કલ્યાણ અને પરમાનંદ) શિવને પ્રાપ્ત થયા છો. ઉપનિષદોમાં શિવ અને શક્તિને જ સર્વાત્મા અને બ્રહ્મ કહ્યા છે. બ્રહ્મ-શબ્દથી બૃંહિત્વર્થગત વ્યાપકતા અને સર્વાત્મતાનું જ પ્રતિપાદન થાય છે. શંભુ નામક વિગ્રહમાં બૃંહકત્વ અને બૃહત્ત્વ (વ્યાપકતા અને વિશાળતા) નિત્ય વિદ્યમાન છે. સદ્યોજાતાદિ પંચબ્રહ્મમય શિવવિગ્રહમાં વિશ્વની પ્રતીતિ બ્રહ્મ-શબ્દથી જ કહેવામાં આવી છે.

હે વામદેવ! 'હંસઃ' પદને ઊંધું કરી દેવાથી—પલટી નાખવાથી 'સોઽહમ્' પદ બને છે. એમાં પ્રણવનું પ્રાગટ્ય કેવી રીતે થાય છે એ તમારા સ્નેહવશ હું બતાવી રહ્યો છું, સાવધાન થઈને સાંભળો. 'સોઽહમ્' પદમાંથી

સકાર અને હકાર નામક વ્યંજનોનો ત્યાગ કરી દેવાથી સ્થૂળ 'ઓમ્' શબ્દ બાકી રહે છે, જે પરમાત્માનો વાચક છે! તત્ત્વદર્શી મુનિ કહે છે કે એને મહામંત્રરૂપ જાણવો જોઈએ. એમાં જે સૂક્ષ્મ મહામંત્ર છે એનો ઉદ્ધાર હું તમને બતાવી રહ્યો છું. 'હંસઃ' પદમાં ત્રણ અક્ષર છે–'હ, અ, સ, આ ત્રણેમાં જે 'અ' છે તે પંદરમો (અનુસાર) અને સોળમો (વિસર્ગ)ની સાથે છે. સકારની સાથે જે 'અ' છે, તે વિસર્ગસહિત છે; તે જો સકારની સાથે જ ઊઠીને 'હં'ના આદિમાં ચાલ્યો જાય તો 'હંસઃ'નું વિપરીત 'સોઽહમ્' એ મહામંત્ર થઈ જશે. એમાં જે સકાર છે, તે શિવનો વાચક છે. અર્થાત્ શિવ જ સકારનો અર્થ માનવામાં આવ્યા છે. શક્ત્યાત્મક શિવ જ આ મહામંત્રના વાચ્યાર્થ છે, એ વિદ્વાનોનો નિર્ણય છે. ગુરુ જ્યારે શિષ્યને આ મહામંત્રનો ઉપદેશ આપે છે, ત્યારે 'સોઽહમ્' પદથી એને શક્ત્યાત્મક શિવનો જ બોધ કરાવવાનું અભીષ્ટ હોય છે. અર્થાત્ તે એ અનુભવ કરે કે 'હું શક્ત્યાત્મક શિવરૂપ છું.' આ રીતે જ્યારે આ મહામંત્ર જીવપરક થાય છે અર્થાત્ જીવની શિવરૂપતાનો બોધ કરાવે છે, ત્યારે પશુ (જીવ) પોતાને શક્ત્યાત્મક અને શિવનો અંશ જાણીને શિવની સાથે પોતાની એકતા સિદ્ધ થઈ જવાથી શિવની સમતાનો ભાગી થઈ જાય છે.

હવે શ્રુતિના 'પ્રજ્ઞાનં બ્રહ્મ' આ વાક્યમાં જે 'પ્રજ્ઞાનમ્' પદ આવ્યું છે, એનો અર્થ બતાવાઈ રહ્યો છે. 'પ્રજ્ઞાન' શબ્દ 'ચૈતન્ય'નો પર્યાય છે, એમાં સંશય નથી. હે મુને! શિવસૂત્રમાં એ કહેવામાં આવ્યું છે કે 'ચૈતન્યમ્ આત્મા' અર્થાત્ આત્મા (બ્રહ્મ અથવા પરમાત્મા) ચૈતન્યરૂપ છે. ચૈતન્ય-શબ્દથી એ સૂચિત થાય છે કે જેમાં વિશ્વનું સંપૂર્ણ જ્ઞાન તથા સ્વતંત્રતાપૂર્વક જગતના નિર્માણની ક્રિયા સ્વભાવતઃ વિદ્યમાન છે. એને જ આત્મા અથવા પરમાત્મા કહ્યો છે. આ પ્રકારે મેં અહીં શિવસૂત્રોની વાખ્યા જ કરી છે.

'જ્ઞાનં બન્ધઃ' આ બીજું શિવસૂત્ર છે. આમાં પશુવર્ગ (જીવસમુદાય)નું લક્ષણ બતાવાયું છે. આ સૂત્રમાં આદિ પદ 'જ્ઞાનમ્' દ્વારા કિંચિન્માત્ર જ્ઞાન અને ક્રિયાનું હોવું જ જીવનું લક્ષણ કહેવાયું છે. આ જ્ઞાન અને ક્રિયા પરાશક્તિનું પ્રથમ સ્પંદન છે. કૃષ્ણ યજુર્વેદની શ્વેતાશ્વતર શાખાનું અધ્યયન કરનારા વિદ્વાનોએ 'સ્વાભાવિકી જ્ઞાન બલક્રિયા ચ'* એ શ્રુતિ દ્વારા આ જ પરાશક્તિનું પ્રસન્નતાપૂર્વક ઉલ્લેખન કર્યું છે. ભગવાન શંકરની ત્રણ દૃષ્ટિ મનાય છે–જ્ઞાન, ક્રિયા અને ઇચ્છારૂપ એ ત્રણે દૃષ્ટિ જીવોના મનમાં સ્થિત થઈ ઇન્દ્રિયગોચર દેહમાં પ્રવેશ કરીને જીવરૂપ થઈ સદા 'જાણતી' અને 'કરતી' (જ્ઞાન-ક્રિયા) છે. તેથી આ દૃષ્ટિત્રયરૂપ જીવ આત્મા (મહેશ્વર)નું સ્વરૂપ જ છે, એવો નિશ્ચિત સિદ્ધાંત છે.

હવે હું જગતપ્રપંચની સાથે પ્રણવની એકતાનો બોધ કરનારા પ્રપંચાર્થનું વર્ણન કરીશ.

---

* આ શ્રુતિ શ્વેતાશ્વતરોપનિષદ (૬।૮)ની છે. એનો પૂરો પાઠ આ પ્રમાણે છે—

ન તસ્ય કાર્યં કરણં ચ વિદ્યતે ન તત્સમશ્ચાભ્યધિકશ્ચ દૃશ્યતે । પરાસ્ય શક્તિર્વિવિધૈવ શ્રૂયતે સ્વાભાવિકી જ્ઞાનબલક્રિયા ચ ॥

દેહ ઔર ઇન્દ્રિય સે ઉનકા હૈ સંબંધ નહીં કોઈ । અધિક કહાં, ઉનકે સમ ભી તો દીખ રહા ન કહીં કોઈ ॥

જ્ઞાનરૂપ, બલરૂપ, ક્રિયામય ઉનકી પરાશક્તિ ભારી । વિવિધ રૂપ મેં સુની ગઈ હૈ, સ્વાભાવિક ઉનમેં સારી ॥

'ओमितीदं सर्वम्' (તૈત્તિરીય. ૧-૮-૧) અર્થાત્ આ પ્રત્યક્ષ જણાતું સમસ્ત જગત ઓંકાર છે. આ સનાતન શ્રુતિનું કથન છે. આનાથી પ્રણવ અને જગતની એકતાનું સૂચન થાય છે. 'तस्माद्वा' (તૈત્તિરીય. ૨-૧) આ વાક્યથી આરંભ કરીને તૈત્તિરીય શ્રુતિએ સંસારની સૃષ્ટિના ક્રમનું વર્ણન કર્યું છે. હે વામદેવ! એને હું તમારા સ્નેહવશ કહી રહ્યો છું, સાંભળો. શિવ-શક્તિનો સંયોગ જ પરમાત્મા છે, એ જ્ઞાની પુરુષોનો નિશ્ચિત મત છે. શિવની જે પરાશક્તિ છે, એનાથી જ ચિચ્છક્તિ પ્રગટ થાય છે. આનંદશક્તિથી ઇચ્છા-શક્તિનો ઉદ્ભવ થયો છે, ઇચ્છા-શક્તિથી જ્ઞાનશક્તિ અને જ્ઞાનશક્તિથી પાંચમી ક્રિયાશક્તિ પ્રગટ થઈ છે. હે મુને! એમનાથી જ નિવૃત્તિ આદિ કલાઓ ઉત્પન્ન થઈ છે. ચિચ્છક્તિથી નાદ અને આનંદશક્તિથી બિંદુનું પ્રાગટ્ય બતાવ્યું છે. ઇચ્છાશક્તિથી મકાર પ્રગટ થયો છે. જ્ઞાન-શક્તિથી પાંચમો સ્વર ઉકાર ઉત્પન્ન થયો છે અને ક્રિયાશક્તિથી અકારની ઉત્પત્તિ થઈ છે. હે મુનીશ્વર! આ પ્રકારે મેં તમને પ્રણવની ઉત્પત્તિ બતલાવી છે.

હવે ઈશાનાદિ પંચબ્રહ્મની ઉત્પત્તિનું વર્ણન સાંભળો. શિવથી ઈશાન ઉત્પન્ન થયા છે, ઈશાનથી તત્પુરુષનો પ્રાદુર્ભાવ થયો છે, તત્પુરુષથી અઘોરનો અને અઘોરથી વામદેવનો અને વામદેવથી સદ્યોજાતનું પ્રાગટ્ય થયું છે. આ આદિ અક્ષર પ્રણવથી જ મૂળભૂત પાંચ સ્વર અને તેત્રીશ વ્યંજનરૂપે આડત્રીશ અક્ષરોનો પ્રાદુર્ભાવ થયો છે. હવે કલાઓની ઉત્પત્તિનો ક્રમ સાંભળો. ઈશાનથી શાન્ત્યાતીતા કલા ઉત્પન્ન થઈ છે. તત્પુરુષથી શાન્તિકલા, અઘોરથી વિદ્યાકલા, વામદેવથી પ્રતિષ્ઠાકલા અને સદ્યોજાતથી નિવૃત્તિકલાની ઉત્પત્તિ થઈ છે. ઈશાનથી ચિચ્છક્તિ-દ્વારા મિથુનપંચકની ઉત્પત્તિ થાય છે. અનુગ્રહ, તિરોભાવ, સંહાર, સ્થિતિ અને સૃષ્ટિ—એ પાંચેય કૃત્યોનો હેતુ હોવાને કારણે એને પંચક કહે છે. આ વાત તત્ત્વદર્શી જ્ઞાની મુનિઓએ કહી છે. વાચ્ય-વાચકના સંબંધથી એમનામાં મિથુનત્ત્વની પ્રાપ્તિ થઈ છે. કલાવર્ણરૂપ આ પંચકમાં ભૂતપંચકની ગણના છે. હે મુનિશ્રેષ્ઠ! આકાશ આદિના ક્રમથી આ પાંચેય મિથુનોની ઉત્પત્તિ થઈ છે. એમાં પહેલું મિથુન છે આકાશ, બીજું વાયુ, ત્રીજું અગ્નિ, ચોથું જળ અને પાંચમું પૃથ્વી છે. એમાં આકાશથી લઈને પૃથ્વી સુધી ભૂતોનું જેવું સ્વરૂપ બતાવાયું છે, તે સાંભળો. આકાશમાં એકમાત્ર શબ્દ જ ગુણ છે; વાયુમાં શબ્દ અને સ્પર્શ બે ગુણ છે; અગ્નિમાં શબ્દ, સ્પર્શ અને રૂપ એ ત્રણ ગુણ છે એટલે કે આ ત્રણ ગુણોની પ્રધાનતા છે; જળમાં શબ્દ, સ્પર્શ, રૂપ અને રસ એ ચાર ગુણ મનાયા છે તથા પૃથ્વી શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ—એ પાંચ ગુણોથી સંપન્ન છે. આ જ ભૂતોનું વ્યાપકત્વ કહેવાયું છે, અર્થાત્ શબ્દ-આદિ ગુણો દ્વારા આકાશ. આદિ ભૂત વાયુ-આદિ પરવર્તી ભૂતોમાં કેવી રીતે વ્યાપક છે, એ બતલાવ્યું છે. આથી વિપરીત ગંધ-આદિ ગુણોના ક્રમથી તે ભૂત પૂર્વવર્તી ભૂતોથી વ્યાપ્ય છે અર્થાત્ ગંધ ગુણવાળી પૃથ્વી જળનો અને રસગુણવાળું જલ અગ્નિનું વ્યાપ્ય છે, ઇત્યાદિ રૂપે એમની વ્યાપ્યતાને સમજવી જોઈએ. પાંચ ભૂતોનો આ વિસ્તાર જ 'પ્રપંચ' કહેવાય છે. સર્વસમષ્ટિનો જે આત્મા છે, એનું જ નામ 'વિરાટ્' છે અને પૃથ્વી તત્ત્વથી લઈને ક્રમશઃ શિવતત્ત્વ સુધી જે તત્ત્વોનો સમુદાય છે, તે જ 'બ્રહ્માંડ' છે. તે ક્રમશઃ તત્ત્વસમૂહમાં લીન થતાં છેવટે સૌના જીવનભૂત પરમેશ્વરમાં જ લયને

પ્રાપ્ત થાય છે અને સૃષ્ટિકાલમાં ફરી શક્તિ દ્વારા નીકળીને સ્થૂળ પ્રપંચરૂપે પ્રલયકાળપર્યંત સુખપૂર્વક સ્થિત રહે છે.

પોતાની ઇચ્છાથી સૃષ્ટિ માટે તૈયાર થયેલો મહેશ્વરનો જે પ્રથમ પરિસ્પંદ છે, એને 'શિવતત્ત્વ' કહે છે. આ જ ઇચ્છાશક્તિ તત્ત્વ છે; કેમકે સંપૂર્ણ કૃત્યોમાં એનું જ અનુવર્તન થાય છે. હે મુનીશ્વર! જ્ઞાન અને ક્રિયા—એ બે શક્તિઓમાં જ્યારે જ્ઞાનની અધિકતા હોય ત્યારે એને સદાશિવતત્ત્વ સમજવું જોઈએ; જ્યારે ક્રિયાશક્તિનો ઉદ્રેક હોય ત્યારે એને મહેશ્વરતત્ત્વ જાણવું જોઈએ તથા જ્યારે જ્ઞાન અને ક્રિયા બંને શક્તિઓ, સમાન હોય ત્યારે ત્યાં શુદ્ધ વિદ્યાત્મક તત્ત્વ સમજવું જોઈએ. સમસ્ત ભાવપદાર્થ પરમેશ્વરના અંગભૂત જ છે; તથાપિ એમાં જે ભેદબુદ્ધિ થાય છે, એનું નામ માયા-તત્ત્વ છે. જ્યારે શિવ પરમ પરમ ઐશ્વર્યશાળી રૂપને માયાથી નિગૃહીત કરીને સંપૂર્ણ પદાર્થોને ગ્રહણ કરવા લાગે છે, ત્યારે એનું નામ 'પુરુષ' થાય છે. 'તત્સૃષ્ટ્વા તદેવાનુપ્રાવિશત્' (એ શરીરને રચીને સ્વયં એમાં પ્રવિષ્ટ થઈ ગયો) એ શ્રુતિએ એના એ જ સ્વરૂપનું પ્રતિપાદન કર્યું છે અથવા એ જ તત્ત્વનું પ્રતિપાદન કરવા માટે ઉક્ત શ્રુતિનો પ્રાદુર્ભાવ થયો છે. આ જ પુરુષ માયાથી મોહિત થઈને સંસારી (સંસારબંધનમાં બંધાયેલો) પશુ કહેવાય છે. શિવતત્ત્વના જ્ઞાનથી શૂન્ય હોવાને કારણે એની બુદ્ધિ વિવિધ કર્મોમાં આસક્ત થઈને મૂઢતાને પ્રાપ્ત થઈ જાય છે. આ જગત શિવથી અભિન્ન નથી જાણતો તથા પોતાને પણ શિવથી ભિન્ન જ જાણે છે. હે પ્રભો! જો શિવથી પોતાની તથા જગતની અભિન્નતાનો બોધ થઈ જાય તો આ પશુ(જીવ)ને મોહનું બંધન ન પ્રાપ્ત થાય. જેવી ઇન્દ્રજાળ-વિદ્યાનો જામકાર (બાજીગર)ને એની રચેલી અદ્‌ભુત વસ્તુઓના વિષયમાં મોહ અથવા ભ્રમ થતો નથી, એ જ રીતે જ્ઞાનયોગીને પણ મોહ-ભ્રમ થતા નથી. ગુરુના ઉપદેશ દ્વારા પોતાના ઐશ્વર્યનો બોધ પ્રાપ્ત થઈ ગયા પછી તે ચિદાનંદઘન શિવરૂપ જ થઈ જાય છે.

શિવની પાંચ શક્તિઓ છે : ૧—સર્વકર્તૃત્વરૂપા, ૨—સર્વતત્ત્વરૂપા, ૩—પૂર્ણત્વરૂપા, ૪—નિત્યત્વરૂપા અને ૫—વ્યાપકત્વરૂપા. જીવની પાંચ કલાઓ છે. ૧—કલા, ૨—વિદ્યા, ૩—રાગ, ૪—કાલ અને ૫—નિયતિ. આને કલાપંચક કહે છે. જે અહીં પાંચ તત્ત્વોરૂપે પ્રગટ થાય છે, એનું નામ 'કલા' છે. જે થોડું થોડું કર્તૃત્વમાં હેતુ બને છે અને કોઈ તત્ત્વનું સાધન હોય છે અને કલાનું નામ છે 'વિદ્યા.' જે વિષયોમાં આસક્તિ પેદા કરનારી છે, એ કલાનું નામ 'રાગ' છે. જે ભાવપદાર્થો અને પ્રકાશોનો ભાસનાત્મકરૂપે ક્રમશઃ અવચ્છેદક થઈને સંપૂર્ણ ભૂતોનો આદિ કહેવાય છે, તે જ 'કાલ' છે. આ મારું કર્તવ્ય છે અને આ નથી—એ પ્રકારે નિયંત્રણ કરનારીને વિભુની શક્તિ છે, એનું નામ 'નિયતિ' છે. એના આક્ષેપથી જીવનું પતન થાય છે. આ પાંચેય જીવના સ્વરૂપને આચ્છાદિત કરનારાં આવરણ છે. એટલા માટે 'પંચકંચુક' કહેવાય છે. એના નિવારણ માટે અંતરંગ સાધનની આવશ્યકતા છે.

(અધ્યાય ૧૫-૧૬)

*

મહાવાક્યોના અર્થ પર વિચાર તથા સંન્યાસીઓના યોગપટ્ટના પ્રકાર

સ્કંદજી કહે છે–હે મુને! હવે મહાવાક્ય પ્રસ્તુત કરવામાં આવે છે.*

૧. પ્રજ્ઞાનં બ્રહ્મ (ઐતરેય. ૩/૩ તથા આત્મ પ્ર. ૧)
૨. અહં બ્રહ્માસ્મિ (બૃહદારણ્યક. ૧-૪-૧૦)
૩. તત્ત્વમસિ (છા. ઉ. ૫. ૮થી ૧૬ સુધી)
૪. અયમાત્મા બ્રહ્મ (માંડુક્ય ૨; બૃહ. ૨-૫-૧૯)
૫. ઈશાવાસ્યમિદં સર્વમ્ (ઈશા. ૧)
૬. પ્રાણોઽસ્મિ (કૌષી. ૩)
૭. પ્રજ્ઞાનાત્મા (કૌષી. ૩)
૮. યદેહ તદમુત્ર તદન્વિહ (કઠ. ૨-૧-૧૦)
૯. અન્યદેવ તદ્વિદિતાદથો અવિદિતાદધિ (કેન. ૧-૩)
૧૦. એષ તં આત્માન્તર્યામ્યમૃતઃ (બૃહ. ૩-૭-૩-૨૩)
૧૧. સ યશ્ચાયં પુરુષો યશ્ચાસાવાદિત્યે સ એકઃ (તૈતિ. ૨-૮)
૧૨. અહમસ્મિ પરં બ્રહ્મ પરાત્પરમ્
૧૩. વેદશાસ્ત્રગુરુણાં તું સ્વયમાનંદલક્ષણમ્
૧૪. સર્વભૂતસ્થિતં બ્રહ્મ તદેવાહં ન સંશયઃ
૧૫. તત્ત્વસ્ય પ્રાણોઽહમસ્મિ પૃથિવ્યાઃ પ્રાણોઽહમસ્મિ
૧૬. અપાં ચ પ્રાણોઽહમસ્મિ તેજસશ્ચ પ્રાણોઽહમસ્મિ
૧૭. વાયોશ્ચ પ્રાણોઽહમસ્મિ આકાશસ્ય પ્રાણોઽહમસ્મિ
૧૮. ત્રિગુણસ્ય પ્રાણોઽહસ્મિ
૧૯. સર્વોઽહં સર્વાત્મકો સંસારી યદ્ભૂતં યચ્ચ ભવ્યં યદ્વર્તમાનં સર્વાત્મકત્વાક્ અદ્વિતીયોઽહમ્
૨૦. સર્વં ખલ્વિદં બ્રહ્મ (છાં. ૩-૧૪-૧)
૨૧. સર્વોઽહં વિમુક્તોઽહમ્
૨૨. યોઽસૌ સોઽહં હંસઃ સોઽહમસ્તિ.

આ પ્રકારે સર્વત્ર ચિંતન કરે. હવે આ મહાવાક્યોના ભાવાર્થ કહે છે. 'પ્રજ્ઞાનં બ્રહ્મ'નો વાક્યાર્થ પહેલેથી જ સમજાવી દીધો છે. (હવે 'અહં બ્રહ્માસ્મિ'નો અર્થ બતાવાઈ રહ્યો છે) શક્તિસ્વરૂપ અથવા શક્તિયુક્ત પરમેશ્વર જ 'અહમ્' પદના અર્થભૂત છે. 'અકાર' સર્વ

---

* આ વાક્યોના સામાન્ય અર્થ આમ સમજવા જોઈએ. ૧. બ્રહ્મ ઉત્કૃષ્ટ જ્ઞાનસ્વરૂપ અથવા ચૈતન્યરૂપ છે. ૨. તે બ્રહ્મ હું છું. ૩. તે બ્રહ્મ તું છે. ૪. આ આત્મા બ્રહ્મ છે. ૫. આ બધું ઈશ્વરથી વ્યાપ્ત છે. ૬. હું પ્રાણ છું. ૭. પ્રજ્ઞાનસ્વરૂપ છું. ૮. જે પરબ્રહ્મ અહીં છે તે જ ત્યાં (પરલોકમાં) પણ છે; જે ત્યાં છે, એ જ અહીં (આ લોકમાં) પણ છે. ૯. તે બ્રહ્મવિદિત (જ્ઞાત વસ્તુઓ)થી ભિન્ન છે અને અવિદિત (અજ્ઞાત)થી પણ ઉપર છે. ૧૦. એ તમારો આત્મા અંતર્યામી અમૃત છે. ૧૧. તે જે આ પુરુષમાં છે અને તે જે આ આદિત્યમાં છે, એક જ છે. ૧૨. હું પરાપરસ્વરૂપ પરાત્પર પરબ્રહ્મ છું. ૧૩. વેદ, શાસ્ત્ર અને ગુરુજનોનાં વચનોથી સ્વયં જ હૃદયનાં આનંદસ્વરૂપ બ્રહ્મનો અનુભવ થવા લાગે છે. ૧૪. જે સંપૂર્ણ ભૂતોમાં સ્થિત છે, એ જ બ્રહ્મ હું છું—એમાં સંશય નથી. ૧૫. હું તત્ત્વનો પ્રાણ છું, પૃથ્વીનો પ્રાણ છું. ૧૬. હું જળનો પ્રાણ છું, તેજનો પ્રાણ છું. ૧૭. વાયુનો પ્રાણ છું, આકાશનો પ્રાણ છું. ૧૮. હું ત્રિગુણનો પ્રાણ છું. ૧૯. હું સર્વ છું, સર્વરૂપ છું, સંસારી જીવાત્મા છું, જે ભૂત, વર્તમાન અને ભવિષ્ય છે, એ બધું મારું જ સ્વરૂપ હોવાને કારણે હું અદ્વિતીય પરમાત્મા છું. ૨૦. આ બધું નિશ્ચય જ બ્રહ્મ છે. ૨૧. હું સર્વરૂપ છું, મુક્ત છું. ૨૨. જે તે છે એ જ હું છું. હું તે જ છું અને તે જ હું છું.

વર્ણોનો અગ્રગણ્ય, પરમ પ્રકાશ શિવરૂપ છે. 'હકાર' વ્યોમસ્વરૂપ હોવાને કારણે એનું શક્તિરૂપે વર્ણન કરવામાં આવ્યું છે. શિવ અને શક્તિના સંયોગથી સદા આનંદ ઉદિત થાય છે. 'મકાર' એ જ આનંદનો બોધક છે. 'બ્રહ્મ' શબ્દથી શિવશક્તિની સર્વરૂપતા સ્પષ્ટ જ સૂચિત થાય છે. પહેલાં જ આ વાતનો ઉપદેશ કરવામાં આવ્યો છે કે તે શક્તિમાન પરમેશ્વર હું છું એવી ભાવના કરવી જોઈએ. (હવે તત્ત્વમસિનો અર્થ કહે છે) 'તત્ત્વમસિ' આ વાક્યમાં તત્પદનો એ જ અર્થ છે, જે 'સોઽહમસ્મિ'માં 'સઃ' પદનો અર્થ બતાવવામાં આવ્યો છે અર્થાત્ તત્પદ શક્ત્યાત્મક પરમેશ્વરનો જ વાચક છે, નહિતર 'સોઽહમ્' એ વાક્યમાં વિપરીત અર્થની ભાવના થઈ શકે છે. કેમકે 'અહમ્' પદ પુલ્લિંગ છે, તેથી 'સઃ'ની સાથે એનો અન્વય થઈ જશે, પરંતુ 'તત્' પદ નપુંસક છે અને 'ત્વમ્' પુલ્લિંગ, તેથી પરસ્પરવિરોધી લિંગ હોવાને કારણે એ બંનેમાં અન્વય ન થઈ શકે. જ્યારે બંનેનો અર્થ 'શક્તિમાન પરમેશ્વર' થશે. ત્યારે અર્થમાં સમાનલિંગતા હોવાથી અન્વયમાં અનુપપત્તિ નહીં થાય. જો આવું ન માનવામાં આવે તો સ્ત્રીપુરુષરૂપ જગતનું કારણ પણ કોઈ બીજા પ્રકારનું હશે. એટલા માટે 'સોઽહમસ્મિ'નો 'સઃ' અને 'તત્ત્વમસિ'ન 'તત્' એ બંને સમાનાર્થક છે. આ મહાવાક્યોના ઉપદેશથી એક જ અર્થની ભાવનાનું વિધાન છે.

(હવે 'અયમાત્મા બ્રહ્મ'નો અર્થ બતાવવામાં આવે છે) 'અયમાત્મા બ્રહ્મ' એ વાક્યમાં 'અયમ્' અને 'આત્મા' એ બંને પદ પુલ્લિંગરૂપ છે. તેથી અહીં અન્વયમાં વાંધો નથી. 'અયમ્' શક્તિમાન પરમેશ્વરરૂપ આત્મા બ્રહ્મ છે—આ એ વાક્યનું તાત્પર્ય છે. (હવે 'ઈશાવાસ્યમિદં સર્વમ્'નો ભાવાર્થ બતાવી રહ્યા છે) પરમેશ્વરથી રક્ષણીય હોવાને કારણે આ સંપૂર્ણ જગત એમનાથી વ્યાપ્ત છે. (હવે 'પ્રાણોઽસ્મિ', 'પ્રજ્ઞાનાત્મા' અને 'યદેવેહ તદમુત્ર. એ વાક્યોના અર્થ પર વિચાર કરવામાં આવે છે). હું પ્રજ્ઞાનસ્વરૂપ પ્રાણ છું. અહીં પ્રાણ શબ્દ પરમેશ્વરનો વાચક છે. જે અહીં છે તે જ ત્યાં છે—એવું ચિંતન કરે. અહીં 'યત્, તત્'નો અર્થ ક્રમશઃ યઃ અને સઃ છે અર્થાત્ જે પરમાત્મા અહીં છે, તે જ પરમાત્મા ત્યાં છે—આવું સિદ્ધાંતપક્ષનું અવલંબન કરનારા વિદ્વાનોએ કહ્યું છે. ઉપર્યુક્ત વાક્યમાં 'યદમુત્ર તદન્વિહ' એ વાક્યાંશનો ભાવ એ છે કે 'યોઽમુત્ર સ ઇદ સ્થિતઃ' અર્થાત્ જે પરમાત્મા ત્યાં પરલોકમાં સ્થિત છે, તે જ અહીં (આ લોકમાં) પણ સ્થિત છે. આ રીતે વિદ્વાનોને પહેલાંની જેમ જ પરમપુરુષ પરમાત્મારૂપ અર્થ અહીં અભીષ્ટ છે.

(હવે 'અન્યદેવ તદ્વિદિતાદધો અવિદિતતાદધિ' એ વાક્ય પર વિચાર કરે છે). હે મુને! 'અન્યદેવ તદ્વિદિતાક્ષો અવિદિતાદધો' આ વાક્યમાં જે પ્રકારે ફળની પણ વિપરીતતાની ભાવના થાય છે, એ અહીં બતાવું છું. સાંભળો. 'વિદિતાત્' આ પદ 'અયથાવિદિતાત્'ના એમના જ એ સમસ્ત ઉત્કૃષ્ટ ગુણો સાથે નિત્ય સંબંધ છે. આપણા અને પારકાના 'ભેદસતાત્'ના અર્થમાં પ્રવૃત્ત થઈ શકે છે. તે વિદિતથી ભિન્ન છે અર્થાત્ અસમ્યગ્રૂપે જ્ઞાત છે, તેનાથી ભિન્ન છે. આ જ પ્રકારે જે યથાવતરૂપે વિદિત નથી, એનાથી પણ પૃથક્ છે. આ કથનથી એ નિશ્ચિત

થાય છે કે મુક્તિરૂપ ફળની સિદ્ધિ માટે કોઈ બીજું જ તત્ત્વ છે, જે વિદિતાવિદિતથી પર છે. પરંતુ જે આત્મા છે, તે સર્વરૂપ છે, તે કશાયથી પણ અન્ય ન હોઈ શકે. તેથી આત્મા અથવા બ્રહ્મ આદિ પદ પૂર્વવત્ શક્તિમાન પરમેશ્વર શિવનું જ બોધક છે, એમ માનવું જોઈએ.

(હવે 'એષ ત આત્મા' તથા 'યશ્ચાયં પુરુષે' એ બે વાક્યોના અર્થ પર વિચાર કરવામાં આવે છે). આ તમારો અંતર્યામી આત્મા છે, જે સ્વયં જ અમૃત સ્વરૂપ શિવ છે. આ જે પુરુષમાં શંભુ છે એ જ સૂર્યમાં પણ સ્થિત છે. એ બંનેમાં કોઈ ભેદ નથી. જે પુરુષમાં છે તે જ આદિત્યમાં છે. એ બંનેમાં પૃથકતા નથી. તે એક જ તત્ત્વ છે. એને જ સર્વરૂપ કહે છે. પુરુષ અને આદિત્ય—આ બંને ઉપાધિઓથી યુક્ત જે અર્થ કરવામાં આવે છે, તે ઔપચારિક છે. એ શંભુનાથને બધી શ્રુતિઓ હિરણ્યમય બતાવે છે. 'હિરણ્યવાહને નમઃ' એમાં જે બાહુ શબ્દ છે, તે બધાં જ અંગોનું ઉપલક્ષણ છે. અન્યથા એને હિરણ્યપતિ કહેવું કોઈ પણ રીતે-કોઈ પણ યત્નથી સંભવ નથી થતું. છાંદોગ્ય-ઉપનિષદમાં જે આ શ્રુતિ છે—'ય એષોઽન્તરાદિત્યે હિરણ્મયઃ પુરુષો દૃશ્યતે હિરણ્યશ્મશ્રુર્હિરણ્યકેશ આ પ્રણખાત્ સર્વ એવ સુવર્ણઃ' (છાંદોગ્ય. ૧-૬-૬) એ દ્વારા આદિત્ય-મંડલાન્તર્ગત પુરુષને સુવર્ણમય દાઢી-મૂછોવાળો, સુવર્ણ-સદૃશ કેશવાળો તથા નખથી લઈને કેશાગ્રભાગ-પર્યંત આખોય સુવર્ણમય પ્રકાશમય જ બતાવાયો છે. તેથી તે હિરણ્યમય પુરુષ સાક્ષાત્ શંભુ જ છે.

હવે 'અહમસ્મિ પરં બ્રહ્મ પરાપરપરાત્પરમ્' એ વાક્યનું તાત્પર્ય બતાવું છું, સાંભળો. 'અહમ્' પદના અર્થભૂત સત્યાત્મા શિવ જ બતાવ્યા છે, એ જ શિવ હું છું, એવી વાક્યાર્થયોજના અવશ્ય થાય છે. એમને સૌથી ઉત્કૃષ્ટ અને સર્વસ્વરૂપ પરબ્રહ્મ કહ્યા છે. એના ત્રણ ભેદ છે : પર, અપર અને પરાત્પર. રુદ્ર, બ્રહ્મા અને વિષ્ણુ—એ ત્રણ દેવતા શ્રુતિએ જ બતાવ્યા છે. એ જ ક્રમશઃ પર, અપર અને પરાત્પરરૂપ છે. એ ત્રણેથી પણ જે શ્રેષ્ઠ દેવતા છે, તે શંભુ 'પરબ્રહ્મ' શબ્દથી કહ્યા ગયા છે.

વેદ, શાસ્ત્ર અને ગુરુનાં વચનોનો અભ્યાસથી શિષ્યના હૃદયમાં સ્વયં જ પૂર્ણાનંદમય શંભુનો પ્રાદુર્ભાવ થાય છે. સંપૂર્ણ ભૂતોના હૃદયમાં બિરાજમાન શંભુ બ્રહ્મરૂપ જ છે. એ જ હું છું, એમાં સંશય નથી હું શિવ જ સંપૂર્ણ તત્ત્વસમુદાયનો પ્રાણ છું.

આવું કહીને સ્કંદજી ફરી કહે છે—હે મુને! મેં શિવ આત્મતત્ત્વ, વિદ્યાતત્ત્વ અને શિવતત્ત્વ-આ ત્રણેનો પ્રાણ છું. પૃથ્વી આદિનો પણ પ્રાણ છું. પૃથ્વી આદિના ગુણો સુધીનું ગ્રહણ થવાથી એ સમજી લો કે ત્યાં બધાં જ આત્મતત્ત્વ ગૃહીત થઈ ગયાં. પછી બધાનું ગ્રહણ વિદ્યાતત્ત્વ અને શિવતત્ત્વનું પણ ગ્રહણ કરાય છે. આ સર્વ તત્ત્વોનો પ્રાણ હું છું. હું સર્વ છું, સર્વાત્મક છું, જીવનો પણ અંતર્યામી હોવાથી એનો પણ જીવ (આત્મા) છું. જે ભૂત, વર્તમાન અને ભવિષ્યકાળ છે, તે બધું મારું સ્વરૂપ હોવાને કારણે હું જ છું. 'સર્વો વૈ રુદ્રઃ' (બધું જ રુદ્ર જ છે) એ શ્રુતિ સાક્ષાત્ શિવના મુખથી પ્રગટ થઈ છે. અતઃ શિવ જ સર્વરૂપ છે, કેમકે એમનો જ આ સમસ્ત ઉત્કૃષ્ટ ગુણો સાથે નિત્ય સંબંધ છે. આપણું અને પારકું એવો ભેદથી રહિત હોવાને

કારણે હું જ અદ્વિતીય આત્મા છું. 'સર્વં ખલ્વિદં બ્રહ્મ' એ વાક્યનો અર્થ પહેલાં બતાવી ગયા છીએ. હું ભાવરૂપ કારણે પૂર્ણ છું. નિત્યમુક્ત પણ હું જ છું. પશુ (જીવ) મારી કૃપાથી મુક્ત થઈને મારા સ્વરૂપને પ્રાપ્ત થાય છે. જે સર્વાત્મક શંભુ છે, એ જ હું છું. હું શિવરૂપ છું. હે વામદેવ! આ પ્રકારે સંપૂર્ણ વાક્યોનો અર્થ ભગવાન શિવ જ બતાવ્યા છે.* ઈશાવાસ્યોપનિષદની શ્રુતિનાં બે વાક્યો દ્વારા પ્રતિપાદિત અર્થ સાક્ષાત્ શિવની એકતાનું જ્ઞાન પ્રદાન કરનારા થાય છે. ગુરુ માટે જરૂરી છે કે શિષ્યોને એનો આદરપૂર્વક ઉપદેશ કરે.

ગુરુ માટે એ ઉચિત છે કે આધારસહિત શંખને લઈને અસ્ત્ર-મંત્ર (ફટ્)થી તથા ભસ્મ દ્વારા એની શુદ્ધિ કરીને એને પોતાની સામે ચોખંડું કે ચતુષ્કોણ મંડપમાં સ્થાપિત કરે, પછી ઓંકારનું ઉચ્ચારણ કરીને ગંધ વગેરે દ્વારા એ શંખની પૂજા કરે. એને વસ્ત્ર લપેટી દે અને સુગંધિત જળ ભરીને પ્રણવનો ઉચ્ચાર કરતાં એનું પૂજન કરે. તત્પશ્ચાત્ સાત વાર પ્રણવ દ્વારા શંખને અભિમંત્રિત કરીને શિષ્યને કહે–'હે શિષ્ય! જે થોડું ઘણુંય અંતર કરે છે–ભેદભાવ રાખે છે, તે ભયનો ભાગી થાય છે. આ શ્રુતિનો સિદ્ધાંત બતાવ્યો છે, એટલે તમે તમારા ચિત્તને સ્થિર કરીને નિર્ભય થઈ જાઓ.* આવું કહીને ગુરુ સ્વયં મહાદેવજીનું ધ્યાન કરતાં એમના જ રૂપે શિષ્યનું અર્ચન કરે. શિષ્યના આસનની પૂજા કરીને એમાં શિવનું આસન અને શિવની મૂર્તિની ભાવના કરે. પછી માથાથી પગ સુધી 'સદ્યોજાતાદિ' પાંચ મંત્રનો ન્યાસ કરીને મસ્તક, મુખ અને કલાઓના ભેદથી પ્રણવની કલાઓનો પણ ન્યાસ કરે. શિષ્યના શરીરમાં આડત્રીશ પ્રણવની કલાઓનો ન્યાસ કરીને એના માથા પર શિવનું આવાહન કરે. ત્યાર પછી સ્થાપની આદિ મુદ્રાઓનું પ્રદર્શન કરે. પછી અંગન્યાસ કરીને આસનપૂર્વક ષોડશ ઉપચારોની કલ્પના કરે. ખીરનું નૈવેદ્ય અર્પણ કરીને 'ૐ સ્વાહા'નું ઉચ્ચારણ કરે. કોગળા અને આચમન કરાવે. અર્ઘ્ય વગેરે આપીને ક્રમશઃ ધૂપ-દીપ વગેરે સમર્પિત કરે. શિવનાં આઠ નામથી પૂજન કરીને વેદોના પારંગત બ્રાહ્મણોની સાથે 'બ્રહ્મવિદાપ્નોતિ પરમ્' ઇત્યાદિ બ્રહ્માનંદવલ્લીના મંત્રોને તથા 'ભૃગુર્વૈ વારુણિઃ' ઇત્યાદિ ભૃગુવલ્લીના મંત્રો ભણે. તત્પશ્ચાત્ 'યો દેવાનાં પ્રથમં પુરસ્તાત્'–(૧૦/૩)થી લઈને 'તસ્ય પ્રકૃતિલીનસ્ય યઃ પરઃ સ મહેશ્વરઃ' (૧૦/૮) સુધી

---

* તત્ત્વયોશ્ચાસ્મ્યહં પ્રાજ્ઞઃ સર્વઃ સર્વાત્મકોઽહમ્ । જીવસ્ય ચાન્તર્યામિત્વાજ્જીવોઽહં તસ્ય સર્વદા ॥
યદ્ ભૂતં યચ્ચ ભવ્યં યદ્ ભવિષ્યત્ સર્વમેવ ચ । મન્મયત્વાદહં સર્વઃ સર્વો વૈ રુદ્ર ઇત્યપિ ॥
શ્રુતિરાહ મુને સા હિ સાક્ષાચ્છિવમુખોદ્ગતા । સર્વાત્મા પરમૈશ્વર્યૈર્નિત્યસમન્વયાત્ ॥
સ્વસ્માત્ પરાત્મવિચ્છાદ્વિતીયોઽહમેવ હિ । સર્વં ખલ્વિદં બ્રહ્મેતિ વાક્યાર્થઃ પૂર્વમીરિતઃ ॥
પૂર્ણોઽહં ભાવરૂપત્વાન્નિત્યમુક્તોઽહમેવ હિ । પશવો મત્પ્રસાદેન મુક્તા મદ્ભાવમાસ્થિતાઃ ॥
યોઽસૌ સર્વાત્મકઃ શંભુસ્સોઽહં હંત શિવોઽસ્મ્યહમ્ । ઇતિ વૈ સર્વવાક્યાર્થો વામદેવ શિવોદિતઃ ॥
(શિ.પુ.કૈ.સં. ૧૯/૨૬-૩૧)

* યસ્ત્વન્તરં કિંચિદપિ કુરુતેઽન્યસ્ય ભીતિભાક્ । ઇત્યાહ શ્રુતિસત્તત્ત્વં દુષ્ટાત્મા ગતભીર્ભવ ॥
(શિ.પુ.કૈ.સં. ૧૯/૩૫-૩૬)

મહાનારાયણોપનિષદના મંત્રોનો પાઠ કરે. એ પછી શિષ્યની સામે કલ્હાર (પુષ્પવિશેષ) વગેરેની બનેલી માળા લઈને ઊભા રહેલા ગુરુ શિવનિર્મિત પાંચાક્ષિક (શિવસંબંધી) સિદ્ધ સ્કંદનો ધીરે-ધીરે જપ કરે. અનુકૂળ ચિત્તથી પૂર્ણોઽહમ્' એ મંત્ર સુધીનો જપ કરીને ગુરુ એ માળાને શિષ્યના ગળામાં પહેરાવી દે. ત્યાર પછી લલાટમાં. તિલક લગાવીને સંપ્રદાય અનુસાર એના સર્વાંગમાં વિધિવત્ ચંદનનો લેપ કરાવે. ત્યાર પછી ગુરુ પ્રસન્નતાપૂર્વક શ્રીપાદ્યુક્ત નામ પાડીને શિષ્યને છત્ર અને ચરણપાદુકા અર્પિત કરે. એને વ્યાખ્યાન કરવાનો અને આવશ્યક કર્મ માટે ગુર્વાસન (ગુરુનું આસન) ગ્રહણ કરવાનો અધિકાર આપે. પછી ગુરુ પોતાને એ શિવરૂપી શિષ્ય પર અનુગ્રહ કરીને કહે—'તું સદા સમાધિસ્થ રહીને 'હું શિવ છું' એ પ્રકારની ભાવના કરતો રહે. આમ કહીને તે સ્વયં શિવને નમસ્કાર કરે. એ સમયે શિષ્ય ઊઠીને ગુરુને નમસ્કાર કરે. પછી સંપ્રદાયની મર્યાદા અનુસાર બીજા લોકો પણ એને નમસ્કાર કરે. પોતાના ગુરુના ગુરુને અને એમના શિષ્યોને પણ મસ્તક નમાવીને નમસ્કાર કરે.

આ રીતે નમસ્કાર કરીને સુશીલ શિષ્ય જ્યારે મૌન અને વિનીતભાવથી ગુરુ સામે ખડો થઈ જાય ત્યારે ગુરુ સ્વયં એને આ પ્રકારે ઉપદેશ આપે—'હે બેટા! આજથી તું સમસ્ત લોકો પર અનુગ્રહ કરતો રહે. જો કોઈ શિષ્ય થવા માટે આવે તો પહેલાં એની પરીક્ષા કરી લેવી, પછી શાસ્ત્રવિધિ અનુસાર એને શિષ્ય બનાવજે. રાગ વગેરે દોષોનો ત્યાગ કરીને નિરંતર શિવનું ચિંતન કર્યા કરવું. શ્રેષ્ઠ સંપ્રદાયના સિદ્ધ પુરુષોનો સંગ કરવો, બીજાનો નહીં. પ્રાણ પર સંકટ આવી જાય તોયે શિવનું પૂજન કર્યા વિના ક્યારેય ભોજન ન કરવું. ગુરુભક્તિનો આશ્રય લઈ સુખી રહો.*

હે મુનીશ્વર વામદેવ! તમારા સ્નેહવશ અત્યંત ગોપનીય હોવા છતાં પણ મેં તમને આ યોગપટ્ટનો પ્રકાર તમને બનાવ્યો છે. આવું કહીને સ્કંદે યતિઓ પર કૃપા કરીને એમને સંન્યાસીઓના ક્ષૌર અને સ્નાનવિધિનું વર્ણન કર્યું.

(અધ્યાય ૧૭-૧૯)

*

યતિના અન્ત્યેષ્ટિકર્મની દશાહપર્યંત વિધિનું વર્ણન

વામદેવજી બોલ્યા—જે મુક્ત યતિ છે, એના શરીરનું દાહકર્મ થતું નથી. મરવા પર શરીરને દાટી દેવાય છે, એવું મેં સાંભળ્યું છે. હે મારા ગુરુ કાર્તિકેય! આપ પ્રસન્નતાપૂર્વક યતિઓના એ અન્ત્યેષ્ટિ કર્મનું મને વર્ણન કરી બતાવો, કેમકે બ્રહ્મ લોકમાં આપના સિવાય બીજું કોઈ આ વિષયનું વર્ણન કરનારું છે નહીં. હે ભગવન્! હે શંકરનંદન! જે પૂર્ણબ્રહ્મમાં

---

* રાગાદિદોષાન્ સંત્યજ્ય શિવધ્યાન પરો ભવ। સન્તંપ્રદાયસં સિદ્ધં સંગં કુરુ ન ચેતરૈઃ॥
અનન્યપરો શિવં જાતુ મા ભુંક્ષ્વાત્મપ્રાણસંક્ષયમ્। ગુરુભક્તિ સમાસ્થાય સુખી ભવ સુખી ભવ॥
(શિ.પુ.કૈ.સં. ૧૯/૫૨/૪૫)

અહંભાવનો આશ્રય લઈને દેહના પાંજરામાંથી મુક્ત થઈ ગયા છે તથા જે ઉપાસનાને માર્ગે શરીરબંધનથી મુક્ત થઈને પરમાત્માને પ્રાપ્ત થયા છે, એમની ગતિમાં શું અંતર છે—એ બતાવો. હે પ્રભો! હું આપનો શિષ્ય છું, એટલા માટે સારી રીતે વિચાર કરીને પ્રસન્નતાપૂર્વક મારી સામે આ વિષયનું વર્ણન કરો.

સ્કંદે કહ્યું—જો કોઈ યતિ સમાધિસ્થ થઈને શિવના ચિંતનપૂર્વક પોતાના શરીરનો પરિત્યાગ કરે છે; તે જો મહાન ધીર હોય તો પરિપૂર્ણ શિવરૂપ થઈ જાય છે; પરંતુ યદિ કોઈ અધીરચિત્ત હોવાને કારણે સમાધિલાભ ન પામી શકે તો એને માટે ઉપાય બતાવું છું, સાવધાન થઈને સાંભળો. વેદાંત-શાસ્ત્રનાં વાક્યોથી જે જ્ઞાતા, જ્ઞાન અને જ્ઞેય—એ ત્રણ પદાર્થોનું પરિજ્ઞાન થાય છે, એને ગુરુમુખે સાંભળીને યતિ યમ-નિયમ આદિરૂપ યોગનો અભ્યાસ કરે. એ કરતાં કરતાં તે સારી રીતે શિવના ધ્યાનમાં તત્પર રહે. હે મુને! એણે નિત્ય નિયમપૂર્વક પ્રણવ જપ અને અર્થચિંતનમાં મનને પરોવી રાખવું જોઈએ. હે મુને! જો દેહની દુર્બળતાને કારણે ધીરતા ધારણ કરવામાં અસમર્થ યતિ નિષ્કામભાવથી શિવનું સ્મરણ કરીને પોતાના જીર્ણ શરીરને છોડી દે તો ભગવાન સદાશિવના અનુગ્રહથી નંદીના મોકલેલા વિખ્યાત પાંચ આતિવાહિક દેવતા આવે છે. એમાંથી કોઈ તો અગ્નિનો અભિમાની, કોઈ જ્યોતિ; પુંજસ્વરૂપ, કોઈ દિનાભિમાની, કોઈ શુકલ પક્ષાભિમાની અને કોઈ ઉત્તરાયણના અભિમાની હોય છે. એ પાંચેય બધાં પ્રાણીઓ ઉપર અનુગ્રહ કરવામાં તત્પર રહે છે. આ જ રીતે ધૂમાભિમાની, તેમનો અભિમાની, રાત્રિનો અભિમાની, કૃષ્ણ પક્ષનો અભિમાની અને દક્ષિણાયનનો અભિમાની—એ બધાં મળીને પાંચ થાય છે. એ પાંચેય વિખ્યાત દેવતા દક્ષિણ માર્ગમાં પ્રખ્યાત છે. હે મહામુને વામદેવ! હવે તમે એ બધા દેવતાઓની વૃત્તિનું વર્ણન સાંભળો. કર્મના અનુષ્ઠાનમાં લાગેલા જીવોને સાથે લઈને પાંચ દેવતા એમના પુણ્યવશ સ્વર્ગલોકે જાય છે અને ત્યાં યથોક્ત ભોગોનો ઉપભોગ કરીને પુણ્ય ક્ષીણ થતાં પુનઃ મનુષ્યલોકમાં આવે તથા પૂર્વવત્ જન્મ ગ્રહણ કરે છે.

આ સિવાય જે ઉત્તર માર્ગના પાંચ દેવતા છે, તે ભૂતલથી લઈને ઊર્ધ્વલોક સુધીના માર્ગને પાંચ ભાગોમાં વહેંચીને યતિને સાથે લઈને ક્રમશઃ અગ્નિ આદિના માર્ગમાં થઈને સદાશિવના ધામમાં પહોંચે છે, ત્યાં દેવાધિદેવ મહાદેવના ચરણોમાં પ્રણામ કરીને લોકાનુગ્રહ કર્મમાં જ લગાડેલાં એ અનુગ્રહકાર દેવતા એ સદાશિવની પાછળ ખડા થઈ જાય છે. યતિને આવેલો જોઈને સદાશિવ જો તે વિરક્ત હોય તો એને મહામંત્રના તાત્પર્યનો ઉપદેશ આપે છે અને ગણપતિના પદ પર અભિષિક્ત કરીને પોતાના જેવું જ શરીર આપે છે. આ પ્રકારે સર્વેશ્વર સર્વનિયંતા ભગવાન શંકર એના પર અનુગ્રહ કરે છે. એને અનુગૃહીત કરીને નિશ્ચલ સમાધિ આપે છે. પોતાના પ્રત્યે દાસ્યભાવની ફલસ્વરૂપા તથા સૂર્ય આદિનાં કાર્ય કરવાની શક્તિરૂપા એવી સિદ્ધિઓ આપે છે, જે ક્યાંય પણ અવરુદ્ધ થતી નથી. સાથે જ તે જગદ્‌ગુરુ શંકર એ યતિને એ પરમ મુક્તિ આપે છે, જે બ્રહ્માજીનું આયુ સમાપ્ત થાય છતાં પણ પુનરાવૃત્તિના ચક્કરથી દૂર રહે છે. માટે આ જ સમષ્ટિમાન સંપૂર્ણ ઐશ્વર્યથી યુક્ત પદ છે અને આ જ મોક્ષનો

રાજમાર્ગ છે, એવો વેદાંતશાસ્ત્રનો નિશ્ચય છે.

જે સમયે યતિ મરણાસન્ન (મરણપથારીએ) હોય શરીરથી શિથિલ થઈ જાય, એ સમયે એ શ્રેષ્ઠ સંપ્રદાયવાળા બીજા યતિની અનુકૂળતાની ભાવના લઈને એની ચારે બાજુએ ખડા થઈ જાય. એ બધા ત્યાં ક્રમશઃ પ્રણવ આદિ વાક્યોનો ઉપદેશ દે અને એના તાત્પર્યની સાવધાની તથા પ્રસન્નતા સાથે સુસ્પષ્ટ વર્ણન કરે તથા જ્યાં સુધી એના પ્રાણોનો લય ન થાય ત્યાં સુધી નિર્ગુણ પરમજ્યોતિઃ સ્વરૂપ સદાશિવનું એને નિરંતર સ્મરણ કરાવતા રહે. બધા યતિઓનું અહીં સમાનરૂપે સંસ્કારક્રમ બતાવાઈ રહ્યો છે, સંન્યાસી બધાં કર્મોનો ત્યાગ કરીને ભગવાન શિવનો આશ્રય ગ્રહણ કરી લે છે. એટલા માટે એમના શરીરનો દાહ-સંસ્કાર થતો નથી અને એ ન થવાથી એમની દુર્ગતિ થતી નથી. સંન્યાસીના શરીરને દૂષિત કરનાર રાજાનું રાજ્ય નષ્ટ થઈ જાય છે, એ ગામમાં રહેનારા લોકો અત્યંત દુઃખી થઈ જાય છે. એટલા માટે એ દોષનો પરિહાર કરવા માટે શાંતિનું વિધાન બતાવવામાં આવ્યું છે, એ સમયે 'નમ ઈરિણ્યાય'થી લઈને 'નમ અમીવકેભ્યઃ' સુધીના મંત્રનો વિનીતચિત્ત થઈને જપ કરવો. પછી અંતે ઓંકારનો જપ કરતાં કરતાં માટીથી દેવયજનની* પૂર્તિ કરે. હે મુનીશ્વર! આવું કરવાથી દોષની શાંતિ થઈ જાય છે.

(હવે સંન્યાસીના શબની સંસ્કાર-વિધિ બતાવે છે) પુત્ર અથવા શિષ્ય વગેરે માટે જરૂરી છે કે યતિના શરીરનો યથોચિત રીતિથી ઉત્તમ સંસ્કાર કરે. હે બ્રહ્મન્! હું કૃપાપૂર્વક સંસ્કાર-વિધિ બતાવી રહ્યો છું, સાવધાન થઈને સાંભળો. પહેલાં યતિના શરીરને શુદ્ધ જળથી સ્નાન કરાવીને પુષ્ટ આદિથી એની પૂજા કરો. પૂજનને સમયે શ્રીરુદ્રસંબંધ ચમકાધ્યાય અને નમકાધ્યાયનો પાઠ કરીને રુદ્રસૂલીનું ઉચ્ચારણ કરો. એમની આગળ શંખની સ્થાપના કરીને શંખસ્થ જળથી યતિના શરીરનો અભિષેક કરો. મસ્તક પર પુષ્પ રાખીને પ્રણવ દ્વારા એનું માર્જન કરો. પહેલાનું કૌપીન ઇત્યાદિ દૂર કરીને નવીન કૌપીન આદિ ધારણ કરાવો. પછી વિધિપૂર્વક એનાં બધાં અંગોમાં ભસ્મ લગાવો. વિધિવત્ ત્રિપુંડ્ર લગાવીને તિલક કરો. પછી ફૂલો અને માળાઓથી એ શરીરને અલંકૃત કરો. છાતી, કંઠ, મસ્તક, બાંહ, કાંડું અને કાનોમાં ક્રમશઃ રુદ્રાક્ષની માળાનાં આભૂષણ મંત્રોચ્ચારપૂર્વક ધારણ કરાવીને એ બધાં અંગોને સુશોભિત કરો. પછી ધૂપ આપીને એ શરીરને ઉઠાવો અને વિમાન (પાલખી) ઉપર રાખીને ઈશાનાદિ પંચબ્રહ્મમય રમણીય રથ પર સ્થાપિત કરે. આદિમાં ઓંકારથી યુક્ત પાંચ સદ્યોજ્જતાદિ બ્રહ્મમંત્રોનો ઉચ્ચાર કરીને સુગંધિત પુષ્પો અને માળાઓથી એ રથને સુસજ્જિત કરો. પછી નૃત્ય, વાદ્ય તથા બ્રાહ્મણોના વેદમંત્રોચ્ચારણના ધ્વનિ સાથે ગામની પ્રદક્ષિણા કરતાં કરતાં એ પ્રેમને બહાર લઈ જાય.

તદનંતર સાથે ગયેલા એ બધા યતિ ગામની પૂર્વ અથવા ઉત્તર દિશામાં પવિત્ર સ્થાનમાં કોઈ પવિત્ર વૃક્ષની પાસે દેવયજન (ખાડો) ખોદે. એની લંબાઈ સંન્યાસીના દંડ જેટલી જ હોવી જોઈએ. પછી પ્રણવ તથા વ્યાહૃતિ-મંત્રોથી એ સ્થાનનું પ્રોક્ષણ કરીને ત્યાં

* સંન્યાસીના શરીરને દાટવા માટે જે ખાડો ખોદવામાં આવે છે, એને 'દેવયજન' કહે છે.

ક્રમશઃ શમીનાં પાન અને ફૂલ પાથરો. એની ઉપર ઉત્તરાગ્ર કુશ પાથરો અને એના પર યોગપીઠ રાખે. એના ઉપર પહેલાં કુશ પાથરે, કુશ ઉપર મૃગચર્મ તથા એની પણ ઉપર વસ્ત્ર પાથરીને પ્રણવસહિત સદ્યોજાતાદિ પંચબ્રહ્મમંત્રોનો પાઠ કરો અને પંચગવ્ય દ્વારા એ શબનું પ્રોક્ષણ કરે. તત્પશ્ચાત્ રુદ્રસૂક્ત અને પ્રણવનું ઉચ્ચારણ કરતાં કરતાં શંખના જળથી એનો અભિષેક કરે અને એમના મસ્તક પર ફૂલ પધરાવે. શિષ્ય વગેરે સંસ્કારકર્તા પુરુષ ત્યાં ગયેલા મૃત યતિને અનુકૂળ ભાવ રાખતાં શિવનું ચિંતન કરતો રહે. તદનંતર ૐકારનું ઉચ્ચારણ અને સ્વસ્તિવાચન કરીને એ શબને ઉઠાવીને ખાડાની અંદર યોગાસન પર એ રીતે બેસાડે કે જેથી એમનું મુખ પૂર્વ દિશા તરફ રહે. પછી ચંદન-પુષ્પથી અલંકૃત કરીને એ ધૂપ અને ગુગળની સુગંધ આપે. એ પછી 'વિષ્ણો! હવ્યમિદં રક્ષસ્વ' એવું કહીને એના જમણા હાથમાં દંડ આપે અને 'પ્રજાપતે ન ત્વદેતાન્યન્યો.' (શુ. યજુ. ૨૩/૬૫) એ મંત્ર ભણીને ડાબા હાથમાં જળસહિત કમંડળ અર્પિત કરે. પછી 'બ્રહ્મ યજ્ઞાનં પ્રથમં. (શુ. યજુ. ૧૩/૩) એ મંત્રથી એમના મસ્તકનો સ્પર્શ કરીને બંને ભ્રમરોના સ્પર્શપૂર્વક રુદ્રસૂક્તનો જપ કરે. તત્પશ્ચાત્ 'મા નો મહાન્તમુત' (શુ. યજુ. ૧૬/૧૫) વગેરે ચાર મંત્રો ભણીને નાળિયેર દ્વારા યતિના શબના મસ્તકનું ભેદન કરે. એ પછી ખાડાને સમતલ-સપાટી કરી દેવી. પછી એ સ્થાનનો સ્પર્શ કરીને અનન્યચિત્તથી પાંચ બ્રહ્મમંત્રનો જપ કરે. તદનંતર 'યો દેવાનાં પ્રથમં પુરસ્તાત્' (૧૦-૩)થી લઈને 'તસ્ય પ્રકૃતિલીનસ્ય યઃ પરઃ સ મહેશ્વરઃ (૧૦-૮) સુધી મહાનારાયણોપનિષદના મંત્રોનો જપ કરીને સંસારરૂપી રોગના ભેષજ, સર્વજ્ઞ, સ્વતંત્ર, તથા સૌ પર અનુગ્રહ કરનારા ઉમાસહિત મહાદેવજીનું ચિંતન અને પૂજન કરે. (પૂજનની વિધિ આ પ્રમાણે છે).

એક હાથ ઊંચો બે હાથ લાંબો પહોળો એક પીઠનું માટી દ્વારા નિર્માણ કરો. પછી એને છાણથી લેપન કરો. તે પીઠ ચોખંડી હોવી જોઈએ—એના મધ્યભાગમાં ઉમા-મહેશ્વરનું સ્થાપન કરીને ગંધ, અક્ષત, સુગંધિત પુષ્પ, બિલ્વપત્ર અને તુલસીદલથી એની પૂજા કરો. તત્પશ્ચાત્ પ્રણવથી ધૂપ અને દીપ નિવેદિત કરે. પછી દૂધ અને હવિષ્યનું નૈવેદ્ય લગાવીને પાંચ વાર પરિક્રમા કરીને નમસ્કાર કરે. પછી બાર વાર પ્રણવનો જપ કરીને પ્રણામ કરે. તદનંતર (બ્રહ્મીભૂત યતિની તૃપ્તિ માટે નારાયણપૂજન, બલિદાન, ઘૃતદીપ-દાનનો સંકલ્પ કરીને ખાડા ઉપર મૃણ્મય લિંગ બનાવીને પુરુષસૂક્તથી પૂજા કરીને ઘૃતમિશ્રિત પાયસની બલિ આપે. ઘીનો દીપ પ્રગટાવીને પાયસ બલિને પાણીમાં છોડી દે.) તત્પશ્ચાત્ દિશાવિદિશાઓના ક્રમથી પ્રણવના ઉચ્ચારણપૂર્વક 'ૐ બ્રહ્મણે નમઃ' એ મંત્રથી બ્રહ્મીભૂત યતિને માટે શંખથી આઠ વાર અર્ઘ્યજલ આપે. આ રીતે દશ દિવસ સુધી કરતા રહેવું જોઈએ. હે મુનિશ્રેષ્ઠ! આ દશાહ સુધીની વિધિ તમને બતાવી. હવે યતિઓની એકાદશાહની વિધિ સાંભળો. (અધ્યાય ૨૦-૨૧)

*

યતિને માટે એકાદશાહ-કૃત્યનું વર્ણન

સ્કંદજી કહે છે—હે વામદેવ! યતિના એકાદશાહ પ્રાપ્ત થવા પર જે વિધિ બતાવી ગઈ છે, એનું હું તમારા સ્નેહવશ વર્ણન કરું છું. માટીની વેદિ બનાવીને સમ્માર્જન અને ઉપલેપન કરે. તત્પશ્ચાત્ પુણ્યાહવાચનપૂર્વક પ્રોક્ષણ કરીને પશ્ચિમથી લઈને પૂર્વ તરફ પાંચ મંડળ બનાવે અને સ્વયં શ્રાદ્ધકર્તા ઉત્તરાભિમુખ બેસીને કાર્ય કરે. પ્રાદેશમાત્ર (અંગૂઠાના ટેરવાથી આગળની આંગળી સુધી) લાંબું-પહોળું ચોખ્ખું મંડળ બનાવીને એના મધ્યભાગમાં બિન્દુ, એની ઉપર ત્રિકોણ મંડળ, અને એની ઉપર ષટ્કોણ મંડળ અને એની પણ ઉપર ગોળ મંડળ બનાવે. પછી પોતાની સામે શંખની સ્થાપના કરીને પૂજાને માટે બતાવેલી પદ્ધતિના ક્રમથી આચમન, પ્રાણાયામ અને સંકલ્પ કરીને પૂર્વોક્ત પાંચ આતિવાહિક દેવતાઓના દેવેશ્વરી દેવીઓના રૂપમાં પૂજન કરે. ઉત્તર બાજુ આસનને માટે કુશ પાથરીને જલનો સ્પર્શ કરે. પશ્ચિમથી શરૂ કરીને પૂર્વપર્યંત જે મંડળ બતાવ્યાં છે, એની અંદર પીઠના રૂપમાં પુષ્પ રાખે અને એ પુષ્પો પર ક્રમશઃ ઉક્ત પાંચ દેવીઓનું આવાહન કરે. પહેલાં અગ્નિ પુંજસ્વરૂપિણી આતિવાહિક દેવીનું આવાહન કરતાં આ પ્રકારે કહે—'ૐ હ્રીં અગ્નિરૂપામાતિવાહિકદેવતામ્ આવાહયામિ નમઃ' આ રીતે સર્વત્ર વાક્યયોજના અને ભાવના કરે. આ રીતે પાંચેય દેવીઓનું આવાહન કરીને પ્રત્યેકને માટે આદરપૂર્વક સ્થાપના આદિ મુદ્રાઓનું પ્રદર્શન કરે. તત્પશ્ચાત્ હ્રાં હ્રીં હ્રૂં હ્રૈં હ્રઃ એ બીજમંત્રો દ્વારા ષડંગન્યાસ અને કરન્યાસ કરે. એ પછી એ દેવીઓનું આ પ્રકારે ધ્યાન કરવું જોઈએ. એ બધાંને ચાર-ચાર હાથ છે. એમાંથી બે હાથમાં તે પાશ અને અંકુશ ધારણ કરે છે તથા બાકીના બે હાથમાં અભય અને વરદ મુદ્રાઓ છે. એમની અંગકાંતિ ચંદ્રકાન્તમણિ જેવી છે. લાલ વીંટી-વેઢની પ્રભાથી એમણે સંપૂર્ણ દિશાઓનાં મુખ-મંડળને રંગી દીધાં છે. તે લાલ વસ્ત્ર ધારણ કરે છે. એમના હાથ અને પગ કમળ સમાન શોભે છે. ત્રણ નેત્રોથી સુશોભિત મુખરૂપી પૂર્ણચંદ્રમાની છટાથી તે મનને મોહી લે છે. માણેક-નિર્મિત મુગટોથી ઉદ્ભાસિત ચંદ્રલેખા એમના સીમન્તને (સેંથાને) વિભૂષિત કરી રહી છે. ગાલ પર રત્નમય કુંડળ ઝળહળી રહ્યાં છે. એમનાં ઉરોજ (સ્તન) પિન અને ઉન્નત છે. હાર, કેયૂર, કડાં અને કંદોરાની લડીઓથી વિભૂષિત હોવાને કારણે તે બહુ જ મનોહારિણી જણાય છે. એમનો કટિભાગ કૃશ અને નિતંબ સ્થૂળ છે. એમનાં અંગ લાલ રંગનાં દિવ્ય વસ્ત્રોથી આચ્છાદિત છે. ચરણારવિંદમાં માણેક નિર્મિત નૂપુર-ઝાંઝરનો ઝણકાર થયા કરે છે. પગની આંગળિયાઓમાં વરેણ્યાંની પંક્તિ અત્યંત સુંદર અને મનોહર છે.

જો અનુગ્રહ મડદાની જેમ મૂર્તિમાન હોય તો એનાથી શી સિદ્ધિ થઈ શકે છે. એટલા માટે તે દેવીઓ મહેશ્વરની જેમ શક્ત્યાત્મક મૂર્તિવાળા અનુગ્રહથી સંપન્ન છે. તેથી તેમના અનુગ્રહથી બધું જ સિદ્ધ થઈ શકે છે. બધા જ ઉપર અનુગ્રહ કરનારા ભગવાન શિવે જ એ પાંચેય મૂર્તિઓનો સ્વીકાર કર્યો છે. એટલા માટે તે દિવ્ય, સંપૂર્ણ કાર્ય કરવામાં સમર્થ તથા પરમ અનુગ્રહમાં તત્પર છે. આ રીતે એ બધાં અનુગ્રહપરાયણ

કલ્યાણમયી દેવીઓનું ધ્યાન કરીને એમને માટે શંખસ્થ જળનાં બિંદુઓ દ્વારા પગમાં પાદ્ય, હાથમાં આચમન તથા મસ્તક પર અર્ઘ્ય આપવો જોઈએ. ત્યાર પછી શંખના જલબિંદુઓથી સ્નાન કર્મ સંપન્ન કરાવવું જોઈએ. સ્નાન પછી દિવ્ય લાલ રંગનાં વસ્ત્ર અને ઉત્તરીય અર્પિત કરે. બહુમૂલ્ય મુગટ અને આભૂષણ આપે (એ વસ્તુઓના અભાવમાં મન દ્વારા ભાવના કરીને એ અર્પિત કરવાં જોઈએ). ત્યાર બાદ સુગંધિત ચંદન, અત્યંત સુંદર અક્ષત તથા ઉત્તમ ગંધથી યુક્ત મનોહર ફૂલ ચઢાવવાં. અત્યંત સુગંધિત ધૂપ અને ઘીનો દીપક પણ નિવેદિત કરે. આ વસ્તુઓનું અર્પણ કરતી વખતે આરંભમાં 'ઓં હ્રીં'નો પ્રયોગ કરવો અને પછી 'સમર્પયામિ નમઃ' બોલવું જોઈએ. જેમકે, ઓં હ્રીં અગ્ન્યાદિરૂપાભ્યઃ પંચદેવીભ્યઃ દીપં સમર્પયામિ નમઃ' આ રીતે અન્ય ઉપચારો અર્પિત કરતી વખતે વાક્યયોજના કરી લેવી જોઈએ.

દીપસમર્પણ પછી હાથ જોડીને પ્રત્યેક દેવી માટે પૃથક્ પૃથક્ કેળનાં પાન પર પૂરેપૂરાં સુવાસિત નૈવેદ્ય રાખે. તે નૈવેદ્ય ઘી, સાકર અને મધમિશ્રિત ખીર, પૂઆ, કેળાં અને ગોળ વગેરેના રૂપમાં હોવાં જોઈએ. 'ભૂર્ભુવઃ સ્વઃ' બોલીને એનું પ્રોક્ષણ કરવું જોઈએ અને સંસ્કાર કરવા જોઈએ. પછી 'ઓં હ્રીં સ્વાહા નૈવેદ્યં નિવેદયામિ નમઃ' બોલીને નૈવેદ્ય-સમર્પણ કર્યા પછી 'ઓં હ્રીં નૈવેદ્યાન્તે આચમનાર્થં પાનીયં સમર્પયામિ નમઃ' કહીને બહુ પ્રેમથી જળ અર્પિત કરો. હે મુનિશ્રેષ્ઠ! ત્યાર પછી પ્રસન્નતાપૂર્વક નૈવેદ્યને પૂર્વ દિશામાં મૂકી દે અને એ સ્થાનને શુદ્ધ કરીને કોગળા, આચમન તથા અર્ઘ્ય માટે જળ આપો. પછી તાંબૂલ, ધૂપ અને દીપ આપીને પરિક્રમા અને નમસ્કાર કરીને મસ્તક પર હાથ જોડીને બધી દેવીઓને આ પ્રકારે પ્રાર્થના કરવી–'હે શ્રીમાતાઓ! આપ અત્યંત પ્રસન્ન હો, શિવપદની અભિલાષા રાખનારા આ યતિને પરમેશ્વરના ચરણારવિંદોમાં મૂકી દો અને એટલા માટે આપની સ્વીકૃતિ આપો.' આ પ્રકારે પ્રાર્થના કરીને એ બધાં એ જેવી રીતે આવ્યાં હતાં, એવી જ રીતે વિદાય આપીને વિસર્જન કરી દો. એમનો પ્રસાદ લઈને કુમારિકાઓને વહેંચી દો અથવા ગાયોને ખવરાવી દો અથવા જલમાં પધરાવી દો. આ સિવાય બીજે ક્યાંય કોઈ પણ પ્રકારે ન નાખો.

અહીં પાર્વણ કરે. પર્વસંબંધ કાર્ય કરો. યતિને માટે ક્યાંય પણ એકોદિષ્ટ શ્રાદ્ધનું વિધાન નથી. અહીં પાર્વણ-શ્રાદ્ધને માટે જે નિયમ છે, એ હું બતાવી રહ્યો છું. હે મુનિશ્રેષ્ઠ! તમે એ સાંભળો. એથી કલ્યાણની પ્રાપ્તિ થશે. શ્રાદ્ધકર્તા પુરુષ સ્નાન કરીને પ્રાણાયામ કરે. યજ્ઞોપવીત પહેરીને સાવધાન થઈને હાથમાં પવિત્રી ધારણ કરીને દેશ-કાળનું કીર્તન કર્યા પછી 'હું આ પુણ્યતિથિએ પાર્વણ-શ્રાદ્ધ કરીશ.' આ રીતે સંકલ્પ કરે. સંકલ્પ પછી ઉત્તર દિશામાં આસન માટે ઉત્તમ કુશ પાથરે. પછી જળનો સ્પર્શ કરે. એ આસન પર દૃઢતાપૂર્વક ઉત્તમ વ્રતનું પાલન કરનાર ચાર શિવભક્ત બ્રાહ્મણોને બોલાવીને ભક્તિભાવથી બેસાડે. એ બ્રાહ્મણ ઉબટન લગાવીને સ્નાન કરેલા હોવા જોઈએ. એમાંથી એક બ્રાહ્મણને કહે–'આપ વિશ્વદેવને માટે અહીં શ્રાદ્ધ ગ્રહણ કરવાની કૃપા કરો' એવી જ રીતે બીજાને આત્મા માટે, ત્રીજાને અંતરાત્મા માટે અને ચોથાને પરમાત્માને માટે શ્રાદ્ધ ગ્રહણ કરવાની પ્રાર્થના કરીને શ્રાદ્ધકર્તા યતિ શ્રદ્ધા અને

આદરપૂર્વક એ બધાંનું યથોચિતરૂપે વરણ કરે. પછી એ બધાંના પગ ધોઈને એમને પૂર્વાભિમુખ બેસાડવા અને ગંધ વગેરેથી અલંકૃત કરીને શિવસંમુખ ભોજન કરાવે. ત્યારપછી છાણથી ભૂમિને લીપીને પૂર્વાગ્ર કુશ પાથરે અને પ્રાણાયામપૂર્વક પિંડદાન માટે સંકલ્પ કરે અને ત્રણ મંડળોની પૂજા કરે. તે પછી પહેલા પિંડને હાથમાં લઈને 'આત્મને ઇમં પિંડં દદામિ' એવું કહીને એ પિંડને પ્રથમ મંડળમાં આપી દે. ત્યાર પછી બીજા પિંડને 'અંતરાત્માને ઇમં પિંડં દદામિ' કહીને બીજા મંડળમાં આપી દે. પછી ત્રીજા પિંડને 'પરમાત્મને ઇદં પિંડં દદામિ' કહીને ત્રીજા મંડળમાં અર્પિત કરે. આ રીતે ભક્તિભાવથી વિધિપૂર્વક પિંડ અને કુશોદક આપે. ત્યાર પછી ઊઠીને પરિક્રમા અને નમસ્કાર કરે. તદનંતર બ્રાહ્મણોને વિધિવત્ દક્ષિણા આપે. એ જ સ્થળે અને એ જ દિવસે નારાયણબલિ કરે. રક્ષાને માટે જ સર્વત્ર શ્રીવિષ્ણુની પૂજાનું વિધાન છે. તેથી વિષ્ણુની મહાપૂજા કરે અને ખીરનું નૈવેદ્ય કરે. એ પછી વેદોના પારંગત બાર વિદ્વાન બ્રાહ્મણોને બોલાવીને કેશવ વગેરે નામ-મંત્રો દ્વારા ગંધ, પુષ્પ અને અક્ષત વગેરેથી એમની પૂજા કરે. એમને માટે વિધિપૂર્વક જોડા, છત્રી અને વસ્ત્ર વગેરે આપે. અત્યંત ભક્તિથી જાતજાતનાં શુભવચન કહીને એમને સંતુષ્ટ કરે. પછી પૂર્વાગ્ર કુશ પાથરીને 'ૐ ભૂઃ સ્વાહા, ૐ ભુવઃ સ્વાહા, ૐ સુવઃ સ્વાહા' આવું ઉચ્ચારણ કરીને પૃથ્વી પર ખીરની બલિ આપે. હે મુનીશ્વર! આ મેં એકાદશાની વિધિ બતાવી છે. હવે દ્વાદશાહની વિધિ બતાવું છું. આદરપૂર્વક સાંભળો.

(અધ્યાય ૨૨)

*

યતિના દ્વાદશાહ-કૃત્યનું વર્ણન, સ્કંદ અને વામદેવનું કૈલાસ પર્વત પર જવું તથા સૂતજી દ્વારા આ સંહિતાનો ઉપસંહાર

સ્કંદજી કહે છે—હે વામદેવ! બારમે દિવસે પ્રાતઃકાળે ઊઠીને શ્રાદ્ધકર્તા પુરુષ સ્નાન અને નિત્યકર્મ કરીને શિવભક્તો, યતિઓ અથવા શિવ પ્રત્યે પ્રેમ રાખનારા બ્રાહ્મણોને* નિમંત્રિત કરે. મધ્યાહ્ન કાળમાં સ્નાન કરીને પવિત્ર થયેલા એ બ્રાહ્મણોને બોલાવીને ભક્તિભાવથી વિધિપૂર્વક જાતજાતનાં સ્વાદિષ્ટ અન્ન ભોજન કરાવે. પછી પરમેશ્વર પાસે બેસાડીને પંચાવરણ-પદ્ધતિથી એમનું પૂજન કરે. ત્યારબાદ મૌન ભાવથી પ્રાણાયામ કરીને દેશ-કાળ વગેરેનું કીર્તનપૂર્વક મહાન સંકલ્પની પ્રણાલી અનુસાર સંકલ્પ કરતાં કરતાં 'અસ્મદ્‌ગુરોરિહ પૂજાં કરિષ્યે' (હું મારા ગુરુની અહીં પૂજા કરીશ') આવું કહીને કુશનો સ્પર્શ કરે. પછી બ્રાહ્મણોના પગ ધોઈને આચમન કરીને શ્રાદ્ધ કર્તા મૌન રહે અને ભસ્મથી

* ધર્મસિન્ધુ અનુસાર સોળ બ્રાહ્મણોને નિમંત્રિત કરવા જોઈએ. એમાંથી ચાર તો ગુરુ, પરમગુરુ, પરમેષ્ઠિ ગુરુ અને પરાત્પરગુરુ માટે હોય છે અને બાર બ્રાહ્મણોની કેશવાદિ નામોથી પૂજા થાય છે, પરંતુ આ પુરાણમાં આપેલા વર્ણન અનુસાર બાર બ્રાહ્મણોને નિમંત્રિત કરવા આવશ્યક છે.

વિભૂષિત એ બ્રાહ્મણોને પૂર્વાભિમુખ આસનો પર બેસાડે. ત્યાં સદાશિવ આદિના ક્રમથી આઠ બ્રાહ્મણોનું બહુ આદરપૂર્વક ચિંતન કરે અર્થાત્ એમને સદાશિવ આદિનું સ્વરૂપ માને. હે મુને! અન્ય ચાર બ્રાહ્મણોનું પણ ચાર ગુરુઓ રૂપે ચિંતન કરે. ચારે ગુરુ આ છે : ગુરુ, પરમ ગુરુ, પરાત્પર ગુરુ અને પરમેષ્ઠિ ગુરુ. પરમેષ્ઠિ ગુરુનું એમાં ઉમાસહિત મહેશ્વરની ભાવના કરતાં ચિંતન કરે. પોતાના ગુરુનું નામ લઈને ધ્યાન કરે. એ બધા માટે 'ઇદં આસનમ્' આવું કહીને પૃથક્ પૃથક્ આસન રાખે. આદિમાં પ્રણવ, વચમાં દ્વિતીયાન્ત ગુરુ તથા અંતે 'આવાહયામિ નમઃ' બોલીને આવાહન કરે. યથા– 'ૐ અમુકનામાનં ગુરું આવાહયામિ નમઃ। ૐ પરમગુરુમ્ આવાહયામિ નમઃ। ૐ પરાત્પરગુરુમ્ આવાહયામિ નમઃ। ૐ પરમેષ્ઠિ ગુરુમ્ આવાહયામિ નમઃ। ૐ પરમેષ્ઠી ગુરુમ્ આવાહયામિ નમઃ। આ પ્રકારે આવાહન કરીને અર્ઘોદક (અર્ઘમાં રાખેલા જળથી) પાદ્ય, આચમન અને અર્ઘ્ય નિવેદિત કરે. પછી વસ્ત્ર, ગંધ અને અક્ષત આપીને 'ૐ ગુરવે નમઃ' ઇત્યાદિ રૂપે ગુરુઓને તથા 'ૐ સદાશિવાય નમઃ' ઇત્યાદિ રૂપે આઠ નામોના ઉચ્ચારણપૂર્વક આઠ અન્ય બ્રાહ્મણોને સુગંધિત ફૂલોથી અલંકૃત કરે. ત્યારપછી ધૂપ, દીપ આપીને 'કૃતમિદં સકલમારાધનં સંપૂર્ણમસ્તુ (કરેલી આ આરાધના પૂર્ણરૂપે સફળ થાઓ)' એવું કહીને ઊભા થઈને નમસ્કાર કરે. ત્યાર પછી કેળાનાં પત્તામાં, પાત્રરૂપમાં પાથરીને જળથી શુદ્ધ કરીને એના પર શુદ્ધ અન્ન, ખીર, પૂઆ, દાળ અને શાક વગેરે વાનગીઓ પીરસીને કેળાં, નાળિયેર અને ગોળ પાત્ર રાખે. પાત્રોને રાખવા માટે આસન પણ અલગ અલગ આપે. એ આસનોનું ક્રમશઃ પ્રોક્ષણ કરીને એમને યથાસ્થાને રાખે. પછી ભોજનપાત્રનું પણ પ્રોક્ષણ અને અભિષેક કરીને હાથથી એનો સ્પર્શ કરતાં કહે–'વિષ્ણો! હવ્યમિદં રક્ષસ્વ (હે વિષ્ણો! આ હવિષ્યને આપ સુરક્ષિત રાખો.)' પછી ઊઠીને એ બ્રાહ્મણોને પીવા માટે જલ આપીને એમને આ પ્રકારે પ્રાર્થે– 'સદાશિવાદયો મે પ્રીતા વરદા ભવન્તુ (સદાશિવ વગેરે મુજ પર પ્રસન્ન થઈ અભીષ્ટ વરદાન દેનારા થાય.)'

એ પછી 'યે દેવ' (શુ. યજુ. ૧૭/૧૩-૧૪) વગેરે મંત્રોનું ઉચ્ચારણ કરીને અક્ષતસહિત આ અન્નનો ત્યાગ કરે. પછી નમસ્કાર કરીને ઊઠે અને 'સર્વત્રાકૃતમસ્તુ।' એવું કહીને બ્રાહ્મણોને સંતુષ્ટ કરીને 'ગણાનાં ત્વા' (શુ. યજુ. ૨૩/૧૯) એ મંત્રનો પહેલો પાઠ કરીને ચારે વેદોમાં આદિમંત્રોનો, રુદ્રાધ્યાયનો, ચમકાધ્યાયનો, રુદ્રસૂક્તનો તથા સદ્યોજાતાદિ પાંચ બ્રહ્મમંત્રોનો પાઠ કરે. બ્રાહ્મણ-ભોજનના અંતમાં પાત્ર યથાસંભવ મંત્ર બોલે અને અક્ષત છોડે, પછી આચમન આદિ જલ આપે. હાથ, પગ અને મુખ ધોવા માટે પાત્ર જલ અર્પિત કરે. આચમન પછી બધા બ્રાહ્મણોને સુખપૂર્વક આસનો પર બેસાડીને શુદ્ધ જળ આપ્યા પછી મુખશુદ્ધિ માટે યથોચિત કપૂર વગેરેથી યુક્ત તાંબૂલ અર્પિત કરે. પછી દક્ષિણા, ચરણપાદુકા, આસન, છત્રી, પંખા, બાજોઠ અને વાંસની છડી આપીને પરિક્રમા અને નમસ્કાર દ્વારા એ બ્રાહ્મણોને સંતુષ્ટ કરે તથા એમની પાસેથી આશીર્વાદ લે. પુનઃ પ્રણામ કરીને ગુરુ પ્રત્યે અવિચલ ભક્તિ માટે પ્રાર્થના કરે. ત્યારપછી વિસર્જનની ભાવનાથી કહે–'સદાશિવાદયઃ પ્રીતા યથાસુખં ગચ્છન્તુ' (સદાશિવ આદિ સંતુષ્ટ થઈને સુખપૂવક અહીંથી પધારો) આ પ્રકારે વિદાય કરીને દરવાજા સુધી પાછળ પાછળ જાય. પછી એ રોકે ત્યારે આગળ

ન જતાં પાછા આવી જવું. પાછા આવીને દ્વાર પર બેઠેલા બ્રાહ્મણો, બન્ધુજનો, દીનો અને અનાથોની સાથે સ્વયં પણ ભોજન કરીને સુખપૂર્વક રહે. આવું કરવાથી એમાં ક્યાંય પણ વિકૃતિ નથી થઈ શકતી. આ બધું સત્ય છે, સત્ય છે અને વારંવાર સત્ય છે. આ પ્રકારે પ્રતિવર્ષ ગુરુની ઉત્તમ આરાધના કરનારો શિષ્ય આ લોકમા મહાન ભોગોનો ઉપભોગ કરીને અંતે શિવલોકની પ્રાપ્તિ કરી લે છે.

હે મુને! આ સાક્ષાત્ ભગવાન શિવનું કહેલું ઉત્તમ રહસ્ય છે, જે વેદાન્તના સિદ્ધાંતથી નિશ્ચિત કરેલું છે. તમે મારી પાસેથી જે કાંઈ સાંભળ્યું છે, એને વિદ્વાન પુરુષ તમારો જ મત કહેશે. તેથી યતિ આ માર્ગે ચાલીને 'શિવોઽહમસ્મિ' (હું શિવ છું) એ રીતે આત્મસ્વરૂપ શિવની ભાવના કરતાં કરતાં શિવરૂપ થઈ જાય છે.

સૂતજી કહે છે—આ પ્રકારે મુનીશ્વર વામદેવને ઉપદેશ આપી દિવ્ય જ્ઞાનદાતા ગુરુ દેવેશ્વર કાર્તિકેય પિતા-માતાના સર્વદેવવંદિત ચરણારવિન્દોનું ચિંતન કરતાં કરતાં અનેક શિખરોથી આવૃત્ત શોભાશાળી અને પરમ આશ્ચર્યમય કૈલાસશિખરે ચાલ્યા ગયા. શ્રેષ્ઠ શિષ્યોસહિત વામદેવ પણ મયૂરવાહન કાર્તિકેયને પ્રણામ કરીને શીઘ્ર જ પરમ અદ્‌ભુત કૈલાસશિખર પર જઈ પહોંચ્યા અને મહાદેવજીની નિકટ જઈને એમણે ઉમાસહિત મહેશ્વરને માયાનાશક મોક્ષદાયક ચરણોનાં દર્શન કર્યાં. પછી ભક્તિભાવથી પોતાનાં બધાં અંગ ભગવાન શિવને સમર્પિત કરીને, તે શરીરનું ભાન વિસરી ગયા અને એમની નિકટમાં દંડની જેમ પડી ગયા અને વારંવાર ઊઠી ઊઠીને નમસ્કાર કરવા લાગ્યા. ત્યાર બાદ વિવિધ પ્રકારનાં સ્તોત્રો દ્વારા, જે વેદો અને આગમોમાં રસથી પૂર્ણ હતાં, જગદંબા અને પુત્રસહિત પરમેશ્વર શિવનું સ્તવન કરવા લાગ્યા. એ પછી દેવી પાર્વતી અને મહાદેવજીનાં ચરણારવિંદોને પોતાના મસ્તક પર રાખીને એમનો પૂર્ણ અનુગ્રહ પ્રાપ્ત કરીને તે ત્યાં જ સુખપૂર્વક રહેવા લાગ્યા. તમે બધા ઋષિ પણ આ પ્રકારે પ્રણવના અર્થભૂત મહેશ્વરનું તથા વેદોનું ગોપનીય રહસ્ય, વેદસર્વસ્વ અને મોક્ષદાયક તારક મંત્ર ૐકારનું જ્ઞાન પ્રાપ્ત કરીને અહીં સુખેથી રહો તથા વિશ્વનાથજીનાં ચરણોમાં સાયુજ્યરૂપ અનુપમ અને ઉત્તમ મુક્તિનું ચિંતન કર્યા કરો. હવે હું ગુરુદેવની સેવા માટે બદરિકાશ્રમ તીર્થમાં જઈશ. તમને પુનઃ મારી સાથે સંભાષણનો અને સત્સંગનો અવસર પ્રાપ્ત થાઓ.

(અધ્યાય-૨૩)

*

॥ કૈલાસસંહિતા સંપૂર્ણ ॥

*

વાયવીયસંહિતા (પૂર્વખંડ)

પ્રયાગમાં ઋષિઓ દ્વારા સમ્માનિત સૂતજી દ્વારા કથાનો આરંભ, વિદ્યાસ્થાનો અને પુરાણોનો પરિચય તથા વાયુસંહિતાનો પ્રારંભ

વ્યાસ ઉવાચ —

નમઃ શિવાય સોમાય સગણાય સસૂનવે ।
પ્રધાનપુરુષેશાય સર્ગસ્થિત્યન્તહેતવે ॥
શક્તિરપ્રતિમા યસ્ય ઐશ્વર્યં ચાપિ સર્વગમ્ ।
સ્વામિત્વં ચ વિભુત્વં ચ સ્વભાવં સમ્પ્રચક્ષતે ॥
તમજં વિશ્વકર્માણં શાશ્વતં શિવમવ્યયમ્ ।
મહાદેવં મહાત્માનં વ્રજામિ શરણં શિવમ્ ॥

વ્યાસજી કહે છે—જે જગતની સૃષ્ટિ, પાલન અને સંહારના હેતુ તથા પ્રકૃતિ અને પુરુષના ઈશ્વર છે, એ પ્રમથગણ, પુત્રદ્વય તથા ઉમાસહિત ભગવાન શિવને નમસ્કાર છે. જેમની શક્તિની ક્યાંય તુલના નથી, જેનું ઐશ્વર્ય સર્વત્ર વ્યાપક છે તથા સ્વામિત્વ અને વિભુત્વ જેનો સ્વભાવ કહેવાય છે, એ વિશ્વસ્રષ્ટા, સનાતન, અજન્મા, અવિનાશી, મહાન દેવ, મંગલમય પરમાત્મા શિવનું હું શરણું લઉં છું.

જે ધર્મનું ક્ષેત્ર અને મહાન તીર્થ છે, જ્યાં ગંગા અને યમુનાનો સંગમ થયો છે તથા જે બ્રહ્મલોકનો માર્ગ છે, એ પ્રયાગમાં શુદ્ધ હૃદયવાળા સત્યવ્રતપરાયણ મહાતેજસ્વી અને મહાભાગ મુનિઓએ એક મહાન યજ્ઞનું આયોજન કર્યું. ત્યાં ક્લેશરહિત કર્મ કરનારા એ મહાત્માઓના યજ્ઞના સમાચાર સાંભળીને નિપુણ કથાવાચક, ત્રિકાલવેત્તા, ઉત્તમ નીતિના જ્ઞાતા તથા કાન્તદર્શી વિદ્વાન પૌરાણિક શિરોમણિ સૂતજી એ સ્થાન પર આવ્યા. સૂતજીને આવતા જોઈ મુનિઓનું મન પ્રસન્નતાથી ખિલી ઊઠ્યું. એમણે એમની પાસે સાંત્વનાપૂર્ણ મધુર વાતો કહીને એમની યથાયોગ્ય પૂજા કરી. મુનિઓ દ્વારા થયેલી એ પૂજાને ગ્રહણ કરીને સૂતજીએ એમની પ્રેરણાથી પોતાને માટે બતાવેલું ઉપયુક્ત આસન સ્વીકાર્યું. એ સમયે મહર્ષિઓએ અનુકૂળ વચનો દ્વારા એમનો સત્કાર કરતાં એમને અત્યંત અભિમુખ કરીને આ વાત કહી.

ઋષિ બોલ્યા—હે શિવભક્તશિરોમણિ મહાબુદ્ધિમાન મહાભાગ રોમહર્ષણજી! આપ સર્વજ્ઞ છો. અમારા મહાન સૌભાગ્યથી અહીં પધાર્યા છો. ત્રણે લોકમાં એવી કોઈ વાત નથી, જે આપને વિદિત ન હોય. આપ તો ભાગ્યવશ અહીં આવી પહોંચ્યા છો, અમને દર્શન આપવા સ્વયં પધાર્યા છો. તેથી હવે અમારું કોઈ કલ્યાણ કર્યા વિના આપને અહીંથી વ્યર્થ ન જવું જોઈએ. એટલા માટે આપ અમને શીઘ્ર જ એ પવિત્ર પુરાણ સંભળાવો, જે અત્યંત શ્રવણીય, ઉત્તમ કથા અને જ્ઞાનથી યુક્ત હોય અને વેદાન્તના સાર સર્વસ્વથી સંપન્ન હોય. વેદવાદી મુનિઓએ જ્યારે આ પ્રકારે પ્રાર્થના કરી, ત્યારે સૂતજીએ મધુર, ન્યાયયુક્ત અને શુભ-વચનોમાં એમને આ પ્રમાણે ઉત્તર આપ્યો.

સૂતજીએ કહ્યું—હે મહર્ષિઓ! તમે મારો સત્કાર કર્યો અને મુજ પર કૃપા કરી છે, એવી દશામાં આપથી પ્રેરિત થઈને મેં આપની સમક્ષ મહર્ષિઓ દ્વારા સમ્માનિત પુરાણનું સારી પેઠે પ્રવચન કેમ નહીં કરું. હવે હું મહાદેવજી, દેવી પાર્વતી! કુમારસ્કંદ ગણેશજી, નંદી તથા

સત્યવતીકુમાર સાક્ષાત્ ભગવાન વ્યાસને પ્રણામ કરીને પરમ પવિત્ર વેદતુલ્ય પુરાણની કથા કહીશ, જે શિવતત્ત્વના જ્ઞાનના સાગર છે અને ભોગ અને મોક્ષરૂપી ફળ આપનાર સાક્ષાત્ સાધન છે. વિદ્યાનાં સંપૂર્ણ સ્થાનોનો, પુરાણોની સંખ્યાનો અને એમની ઉત્પત્તિનું વિવરણ આપી રહ્યો છું. આપ સૌ લોકો મારી પાસેથી આ વિષયને ધ્યાનપૂર્વક સાંભળો. છ વેદાંગ, ચાર વેદ, મીમાંસા, વિસ્તૃત ન્યાયશાસ્ત્ર, પુરાણ અને ધર્મશાસ્ત્ર—એ ચૌદ વિદ્યાઓ છે. એની સાથે આયુર્વેદ, ધનુર્વેદ, ગંધર્વવેદ અને ઉત્તમ અર્થશાસ્ત્ર પણ ગણી લેવામાં આવે તો આ વિદ્યાઓ અઢાર થઈ જાય છે. આ અઢાર વિદ્યાઓના માર્ગ એકબીજાથી ભિન્ન છે. એ સર્વના નિર્માતા ત્રિકાલદર્શી વિદ્વાન સાક્ષાત્ ભગવાન શૂલપાણિ શિવ છે, એવું શ્રુતિનું કથન છે. સંપૂર્ણ જગતના સ્વામી એ ભગવાન શિવને જ્યારે સમસ્ત સંસારની સૃષ્ટિ કરવાની ઇચ્છા થઈ, ત્યારે એમણે સૌથી પહેલાં પોતાના સનાતન પુત્ર સાક્ષાત્ બ્રહ્માજીને ઉત્પન્ન કર્યા અને પોતાના એ પ્રથમ પુત્ર, વિશ્વયોનિ બ્રહ્માને પરમેશ્વર શિવે જગતની સૃષ્ટિનું જ્ઞાન પ્રાપ્ત કરવા માટે પહેલાં આ બધી વિદ્યાઓ આપી. એ પછી એમણે પાલન કરવા માટે ભગવાન શ્રીહરિને નિયુક્ત કર્યા અને જગતની રક્ષા માટે શક્તિ પ્રદાન કરી. એ ભગવાન વિષ્ણુ બ્રહ્માજીના પણ પાલક છે. બ્રહ્માજી વિદ્યા પ્રાપ્ત કરીને જ્યારે પ્રજાની સૃષ્ટિના વિસ્તાર કાર્યમાં લાગી ગયા ત્યારે એમણે સંપૂર્ણ શાસ્ત્રોમાં પહેલાં પુરાણનું જ સ્મરણ કર્યું અને એમને પ્રકાશમાં પણ તે જ લાવ્યા. પુરાણોના પ્રગટ થયા પછી એમનાં ચાર મુખોથી ચારે વેદોનો પ્રાદુર્ભાવ થયો. પછી એમના જ મુખથી સંપૂર્ણ શાસ્ત્રોની પ્રવૃત્તિ થઈ.

દ્વાપરમાં ભગવાન શ્રીહરિ સત્યવતીના ગર્ભથી એવી જ રીતે પ્રગટ થયા, જેવી રીતે અરણિથી આગ પ્રગટ થાય છે. એ સમયે એમનું નામ શ્રીકૃષ્ણદ્વૈપાયન થયું. હે મુનીશ્વર! શ્રીકૃષ્ણદ્વૈપાયને વેદોનો સંક્ષેપ કરીને એમને ચાર ભાગોમાં વિભક્ત કર્યો. આ ચાર ભાગોમાં વેદોનો વ્યાસ (વિસ્તાર) કરવાથી તે લોકોમાં વેદવ્યાસ નામે વિખ્યાત થયા. આ જ રીતે એમણે પુરાણોનો સંક્ષેપ કરીને ચાર લાખ શ્લોકોમાં સીમિત કર્યો. આજે પણ દેવલોકમાં પુરાણોનો વિસ્તાર સો કોટિ શ્લોકોમાં છે. જે દ્વિજ છએ છ અંગો અને ઉપનિષદસહિત ચારેય વેદોને જાણે છે, પરંતુ પુરાણો જાણતો નથી, તે શ્રેષ્ઠ વિદ્વાન નથી થઈ શકતો. ઇતિહાસ અને પુરાણોથી વેદની વ્યાખ્યા કરે. જેનું જ્ઞાન બહુ જ ઓછું છે અર્થાત્ જે પૌરાણિક જ્ઞાનથી શૂન્ય છે, એવા પુરુષથી વેદ એમ વિચારીને ડરે છે કે આ મારા પર પ્રહાર કરશે. સર્ગ, પ્રતિસર્ગ, વંશ, મન્વંતર અને વંશાનુચરિત એ પુરાણનાં પાંચ લક્ષણો છે. નાનાં અને મોટાં એવા ભેદથી અઢાર પુરાણો કહેવાયાં છે :

૧. બ્રહ્મપુરાણ, ૨. પદ્મપુરાણ, ૩. વિષ્ણુપુરાણ, ૪. શિવપુરાણ, ૫. ભાગવતપુરાણ, ૬. ભવિષ્યપુરાણ, ૭. નારદપુરાણ, ૮. માર્કંડેયપુરાણ, ૯. અગ્નિપુરાણ, ૧૦. બ્રહ્મવૈવર્તપુરાણ, ૧૧. લિંગપુરાણ, ૧૨. વારાહપુરાણ, ૧૩. સ્કંદપુરાણ, ૧૪. વામનપુરાણ ૧૫. કૂર્મપુરાણ ૧૬. મત્સ્યપુરાણ, ૧૭. ગરુડપુરાણ અને ૧૮. બ્રહ્માંડપુરાણ.

આ પુરાણોનો પવિત્ર ક્રમ છે. એમાં શિવપુરાણ ચોથું છે, જે ભગવાન શિવસંબંધી છે

અને સર્વ મનોરથોનું સાધક છે. આ ગ્રંથની શ્લોક સંખ્યા એક લાખ છે અને એ બાર સંહિતાઓમાં વિભક્ત છે. એનું નિર્માણ સાક્ષાત્ ભગવાન શિવે જ કર્યું છે. એમાં ધર્મ પ્રતિષ્ઠિત છે. વેદ વ્યાસે આ એક લાખ શ્લોકવાળા શિવપુરાણનો સંક્ષેપ કરીને ચોવીશ હજાર શ્લોકોનો કરી દીધો છે. એમાં સાત સંહિતાઓ છે—પહેલી વિદ્યેશ્વરસંહિતા, બીજી રુદ્રસંહિતા, ત્રીજી શતરુદ્રસંહિતા, ચોથી કોટિરુદ્રસંહિતા, પાંચમી ઉમાસંહિતા, છઠ્ઠી કૈલાસસંહિતા અને સાતમી વાયવીયસંહિતા. આ પ્રકારે એમાં સાત સંહિતાઓ છે. વિદ્યેશ્વરસંહિતામાં બે હજાર, રુદ્રસંહિતામાં દશ હજાર પાંચ સો, શતરુદ્રસંહિતામાં બે હજાર એક સો અંશી, કોટિરુદ્રસંહિતામાં બે હજાર બસો ચાલીશ, ઉમાસંહિતામાં એક હજાર આઠસો ચાલીશ, કૈલાસસંહિતામાં એક હજાર બસો ચાલીસ અને વાયવીયસંહિતામાં ચાર હજાર શ્લોક છે. આ પરમ પવિત્ર શિવપુરાણને આપ લોકોએ સાંભળ્યું છે. કેવળ ચાર હજાર શ્લોકોની વાયવીય સંહિતા રહી ગઈ છે, જે બે ભાગોથી યુક્ત છે. એનું વર્ણન હું કરીશ. જે વેદોના વિદ્વાન ન હોય, એણે આ ઉત્તમ શાસ્ત્રનું વર્ણન ન કરવું જોઈએ. જે પુરાણોને ન જાણતો હોય અને જેને પુરાણો પર શ્રદ્ધા ન હોય એણે પણ આની કથા ન કરવી જોઈએ. જે ભગવાન શિવનો ભક્ત હોય, શિવોક્ત ધર્મનું પાલન કરતો હોય અને દોષદૃષ્ટિરહિત હોય એણે તપાસેલા-સમજેલા શિષ્યને જ આનો ઉપદેશ આપવો જોઈએ. જેમની કૃપાથી મને પુરાણસંહિતાનું જ્ઞાન છે, એ અમિતતેજસ્વી ભગવાન વ્યાસને નમસ્કાર છે. (અધ્યાય ૧)

*

ઋષિઓનું બ્રહ્માજી પાસે જઈને એમની સ્તુતિ કરીને એમની પાસેથી પરમપુરુષના વિષયમાં પ્રશ્ન કરવો અને બ્રહ્માજીનું આનંદમગ્ન થઈને 'રુદ્ર' કહીને ઉત્તર આપવો

સૂતજી કહે છે—હે મહર્ષિઓ! પહેલાં અનેક કલ્પો વારંવાર વીતી ગયા પછી સુદીર્ઘકાલ પછી જ્યારે આ વર્તમાનકલ્પ ઉપસ્થિત થયો અને સૃષ્ટિનું કાર્ય શરૂ થયું, જ્યારે જીવિકા-સાધક કર્મ—કૃષિ, ગોરક્ષા અને વાણિજ્યની પ્રતિષ્ઠા થઈ તથા પ્રજાવર્ગના લોકો સજાગ અને સચેત થઈ ગયા, ત્યારે છ કુળોમાં ઉત્પન્ન થયેલા મહર્ષિઓમાં પરસ્પર ચર્ચા છેડાઈ ગઈ. 'આ પરબ્રહ્મ છે અથવા નથી.' આ પ્રકારે એમનામાં મહાન વિવાદ થવા લાગ્યો—પરંતુ પરમ તત્ત્વનું નિરૂપણ અત્યંત કઠણ હોવાને કારણે એ સમયે ત્યાં કશો નિશ્ચય ન થઈ શક્યો. ત્યારે તે બધા લોકો જગત-સ્રષ્ટા અવિનાશી બ્રહ્માજીનાં દર્શન કરવા માટે એ સ્થાન પર ગયા, જ્યાં દેવતાઓ અને અસુરોનાં મુખે પોતાની સ્તુતિ સાંભળતા બ્રહ્માજી બિરાજમાન હતા. દેવતાઓ અને દાનવોથી ભરેલા સુંદર રમણીય મેરુ શિખર ઉપર, જ્યાં સિદ્ધ અને ચારણ પરસ્પર વાતો કરી રહ્યા હતા, યક્ષ અને ગંધર્વ સદા રહે છે, વિહંગોનો કલરવ સંભળાયા કરે છે, મણિ અને મૂંગા (પરવાળાં) જેની શોભા વધારે છે તથા નિકુંજ, કંદરાઓ અને નાની ગુફાઓ અને અનેકાનેક નિર્ઝર જેને સુશોભિત કરે છે. એક

બ્રહ્મવન નામે પ્રસિદ્ધ વન છે. એમાં વિવિધ પ્રકારનાં વન્ય પશુઓ મોટી સંખ્યામાં રહે છે. એની લંબાઈ સો યોજન છે અને પહોળાઈ દશ જોજનની છે. એની અંદર એક રમણીય સરોવર છે, જે સુસ્વાદુ નિર્મળ જળથી ભરેલું રહે છે. ત્યાંના રમણીય પુષ્પયિત વૃક્ષો પર મતવાલા ભમરાઓ ભમ્યા કરે છે. એ વનમાં એક મનોહર અને વિશાળ નગર છે, જે પ્રાતઃકાળે સૂર્યની જેમ પ્રકાશિત થતું રહે છે. ત્યાં દુર્ધર્ષ શક્તિથી યુક્ત બલાભિમાની દૈત્ય, દાનવ તથા રાક્ષસોનો નિવાસ છે. આ નગર તપાવેલા સુવર્ણનું બનેલું હોય એવું જણાતું હતું. એની ચાર દીવાલો અને ખાસ દરવાજો બહુ ઊંચો હતો. નાના બુરજો, ઢાળવાળી છત અને આવાસસ્થાનો તથા સેંકડો ગલીઓ એ નગરની મોટી શોભા છે. એ બહુ વિચિત્ર બહુમૂલ્ય મણિઓથી ગગનચુંબી હતું અને કેટલાય કરોડ વિશાળ ભવનોથી અલંકૃત છે.

એ નગરમાં પ્રજાપતિ બ્રહ્મા પોતાના સભાસદો સાથે નિવાસ કરે છે. ત્યાં જઈને મુનિઓએ સાક્ષાત્ લોકપિતામહ બ્રહ્માજીને જોયા. દેવર્ષિઓનો સમુદાય એમની સેવામાં બેઠો હતો. એમની અંગકાંતિ શુદ્ધ સુવર્ણ સમાન હતી. તે સર્વ આભૂષણોથી વિભૂષિત હતા. એમનું મુખ પ્રસન્ન હતું, તેમાંથી સૌમ્ય ભાવ પ્રગટ થઈ રહ્યો હતો. એમનાં નેત્ર કમલદલની જેમ વિશાળ હતાં. દિવ્ય કાંતિથી સંપન્ન, દિવ્ય ગંધ અને અનુલેપનથી અર્ચિત-ચર્ચિત, દિવ્ય શ્વેત વસ્ત્રોથી સુશોભિત તથા દિવ્ય માળાઓથી વિભૂષિત બ્રહ્માજીનાં ચરણારવિન્દોની વંદના સુરેન્દ્ર, અસુરેન્દ્ર અને યોગીન્દ્ર પણ કરતા હતા. જેવી રીતે પ્રભા દિવાકરની સેવા કરે છે, એ જ રીતે સમસ્ત શુભ લક્ષણોથી યુક્ત સાક્ષાત્ સરસ્વતી દેવી હાથમાં ચામર લઈને એમની સેવા કરી રહ્યાં હતાં, એથી એમની બહુ મોટી શોભા થઈ રહી હતી.

બ્રહ્માજીનાં દર્શન કરીને એ બધા જ મહર્ષિઓનાં મુખ અને નેત્રો ખિલી ઊઠ્યાં. એમણે મસ્તક પર અંજલિ બાંધીને એ સુરશ્રેષ્ઠની સ્તુતિ કરી.

ઋષિ બોલ્યા—હે સંસારની સૃષ્ટિ, પાલન અને સંહારના હેતુ ત્રણ રૂપ ધારણ કરનારા આપ પુરાણપુરુષ પરમાત્મા બ્રહ્માને નમસ્કાર હો. પ્રકૃતિ જેમનું શરીર છે, જે પ્રકૃતિમાં ક્ષોભ ઉત્પન્ન કરનારા છો, તથા પ્રકૃતિરૂપમાં ત્રેવીશ વિકારોથી યુક્ત હોવા છતાં પણ જે વાસ્તવમાં નિર્વિકાર છે, એ બ્રહ્મદેવને નમસ્કાર છે. બ્રહ્માંડ જેનો દેહ છે તો પણ જે બ્રહ્માંડના ઉદરમાં નિવાસ કરે છે તથા ત્યાં રહીને જેનાં કાર્ય અને કરણ સમ્યક્ રૂપે સિદ્ધ થાય છે, એ બ્રહ્માજીને નમસ્કાર છે. જે સર્વલોક સ્વરૂપ તથા સમસ્ત લોકોના સ્રષ્ટા છો, જે સંપૂર્ણ જીવોના શરીર સાથે સંયોગ અને વિયોગ

કરાવવામાં હેતુ-કારણ છે, એ બ્રહ્માજીને નમસ્કાર છે. હે નાથ! હે પિતામહ! આપથી જ સંપૂર્ણ જગતની સૃષ્ટિ, પાલન અને સંહાર થાય છે, તથાપિ માયાથી આવૃત્ત હોવાને કારણે અમે આપને જાણી શકતા નથી.

સૂતજી કહે છે—એ મહાભાગ મહર્ષિઓ દ્વારા આ પ્રમાણે સ્તુતિ થવાથી બ્રહ્માજી એ મુનિઓને આહ્લાદ પ્રદાન કરતાં ગંભીર વાણીમાં આ પ્રમાણે બોલ્યા.

બ્રહ્માજીએ કહ્યું—હે મહાન સત્ત્વગુણથી સંપન્ન મહાભાગ મહાતેજસ્વી મહર્ષિઓ! તમે બધા લોકો એકસાથે અહીં શા માટે આવ્યા છો?

બ્રહ્માજીના આ પ્રકારે પૂછવા પર બ્રહ્મવેત્તાઓમાં શ્રેષ્ઠ એ બધા મુનિઓએ હાથ જોડીને વિનયભરી વાણીમાં કહ્યું.

મુનિ બોલ્યા—હે ભગવન્! અમે બધા અજ્ઞાનના મહાન અંધકારથી આવૃત્ત થઈને શરીર પુલકિત થઈ ગયું અને એ હાથ જોડી ખિન્ન થઈ રહ્યા છીએ. પરસ્પર વિવાદ કરતાં બોલ્યા. પણ અમને પરમતત્ત્વનો સાક્ષાત્કાર નથી થઈ રહ્યો. આપ સંપૂર્ણ જગતનું ધારણ-પોષણ કરનારા તથા સમસ્ત કારણોના કારણ છો. હે નાથ! અહીં કોઈ એવી વસ્તુ નથી, જે આપને વિદિત ન હોય, કોણ એવો પુરુષ છે, જે સંપૂર્ણ જીવોથી પુરાતન, અંતર્યામી, ઉત્કૃષ્ટ વિશુદ્ધ પરિપૂર્ણ અને સનાતન પરમેશ્વર છે? કોણ પોતાના અદ્‌ભુત ક્રિયાકલાપો દ્વારા સૌપ્રથમ સંસારની સૃષ્ટિ કરે છે? હે મહાપ્રાજ્ઞ! અમારા આ સંદેહનું નિવારણ કરવા માટે આપ અમને પરમાર્થતત્ત્વનો ઉપદેશ આપો. (અધ્યાય ૨)

મુનિઓના આ પ્રકારે પૂછવા પર બ્રહ્માજીનાં નેત્ર આશ્ચર્યથી ખિલી ઊઠ્યાં. તે દેવતાઓ, દાનવો અને મુનિઓની નિકટ ખડા થઈ ગયા અને ચિરકાલ સુધી ધ્યાનમગ્ન થઈને 'રુદ્ર' એવું કહીને આનંદવિભોર થઈ ગયા. એમનું આખું

*

બ્રહ્માજી દ્વારા પરમતત્ત્વના રૂપમાં ભગવાન શિવની જ મહત્તાનું પ્રતિપાદન, એમની કૃપાને જ સર્વ સાધનોનું ફળ બતાવ્યું તથા એમની આજ્ઞાથી બધા મુનિઓનું નૈમિષારણ્યમાં આવવું

બ્રહ્માજીએ કહ્યું—હે મુનિઓ! જેને મેળવ્યા વગર મનસહિત વાણી પરત આવે છે, જેના આનંદમય સ્વરૂપનો અનુભવ કરનારો પુરુષ ક્યારેય ક્યારેય કોઈનાથી ડરતો નથી, જેનાથી સંપૂર્ણ ભૂતો અને ઇન્દ્રિયો સાથે બ્રહ્મા, વિષ્ણુ, રુદ્ર અને ઇન્દ્રપૂર્વક આ સમસ્ત જગત પહેલાં પ્રગટ થાય છે, જે કારણોના પણ સ્રષ્ટા અને વિચારક પરમ કારણ છે, જેના વગર કોઈનાથી પણ ક્યારેય જગતની ઉત્પત્તિ નથી થતી,* સંપૂર્ણ ઐશ્વર્યોથી સંપન્ન હોવાને કારણે જે સ્વયં જ સર્વેશ્વર નામ

* યતો વાચો નિવર્તન્તે અપ્રાપ્ય મનસા સહ। આનંદં બ્રહ્મણો વિદ્વાન્ ન બિભેતિ કુતશ્ચન્॥
યસ્માત્ સર્વમિદં બ્રહ્મવિષ્ણ્વાદ્રેન્દ્રપૂર્વકમ્। સહ ભૂતેન્દ્રિયૈઃ સર્વૈઃ પ્રથમં સમ્પ્રસૂયતે॥
કારણાનાં ચ યો ધાતા ધાતા પરમકારણમ્। ન સમ્પ્રસૂયતેઽન્યસ્માત્ કુતશ્ચન કદાચન॥
(શિ.પુ.વા.સં.પ્ર.ખં. ૩/૧-૩)

ધારણ કરે છે, સર્વ મુમુક્ષુ જે શંભુનું પોતાના હૃદય-આકાશની અંદર ધ્યાન કરે છે, જેમણે સૌથી પહેલાં મને જ પોતાના પુત્રરૂપે ઉત્પન્ન કર્યા અને મને જ સંપૂર્ણ વેદોનું જ્ઞાન આપ્યું, જેમના કૃપા-પ્રસાદથી મેં આ પ્રજાપતિનું પદ પ્રાપ્ત કર્યું છે, જે ઈશ્વર એકલા જ વૃક્ષની જેમ નિશ્ચલ ભાવથી પ્રકાશમાન આકાશમાં બિરાજમાન છે, જે પરમપુરુષ પરમાત્માથી આ સંપૂર્ણ જગત પરિપૂર્ણ છે, જે એકલા જ ઘણાબધા નિષ્ક્રિય જીવોના શાસક અને એમને સક્રિયતા પ્રદાન કરનારા છે, જે મહેશ્વર એકબીજાને અનેક રૂપોમાં પરિણત કરી દે છે, જે સૌનું શાસન કરનારા ઈશ્વર આ જીવોસહિત આ સમસ્ત લોકોને વશમાં રાખે છે, સર્વરૂપોમાં એક માત્ર ભગવાન રુદ્ર જ તો છે, બીજું કોઈ નથી, જે સદાયે મનુષ્યોના હૃદયમાં સારી રીતે પ્રવિષ્ટ થઈને સ્થિત છે, જે સ્વયં વિશ્વને જોતા હોવા છતાં પણ બીજાઓને કદાપિ લક્ષિત થતા નથી અને સદા સમસ્ત જગતના અધિષ્ઠાતા છે, જે અનંત શક્તિશાળી એક માત્ર ભગવાન રુદ્ર કાલથી મુક્ત સમસ્ત કારણો પર પણ શાસન કરે છે, જેમને માટે ન દિવસ છે ન રાત્રિ છે, જેમના સમાન કોઈ નથી, પછી અધિક તો હોઈ જ શી રીતે શકે, જેમની જ્ઞાન, બલ અને ક્રિયા રૂપ પરાશક્તિ સ્વાભાવિક અને નિત્ય છે.* જે આ ક્ષર (વિનાશશીલ), અવ્યક્ત (પ્રકૃતિ) પર તથા અમૃતસ્વરૂપ અક્ષર (અવિનાશી) જીવાત્મા પર શાસન કરે છે, એનું નિરંતર ધ્યાન કરવાથી, મનને એમાં પરોવી રાખવાથી તથા એમના જ તત્ત્વની ભાવના કરતાં એમાં જ તન્મય રહેવાથી જીવ અંતે એમને જ પામે છે. પછી તો બધી જ માયા આપોઆપ દૂર થઈ જાય છે. એમની પાસે ન તો વીજળી પ્રકાશ કરે છે અને ન સૂર્ય તથા ચંદ્ર પણ પોતાની પ્રભા ફેલાવે છે, અપિતુ એમના જ પ્રકાશથી આ સંપૂર્ણ જગત પ્રકાશિત થાય છે. એવું સનાતન શ્રુતિનું કથન છે+ એક માત્ર મહાદેવ મહેશ્વરને જ પોતાના આરાધ્ય માનવા જોઈએ. એમનાથી શ્રેષ્ઠ બીજું કોઈ પદ ઉપલબ્ધ થતું નથી. એ સ્વયં જ સર્વના આદિ છે, કિન્તુ એમનો નથી તો આદિ અને નથી તો અંત. એ સ્વભાવથી જ નિર્મલ, સ્વતંત્ર, પરિપૂર્ણ, સ્વેચ્છાધીન તથા ચરાચરરૂપ છે. એમનું શરીર અપ્રાકૃતિક (દિવ્ય) છે. આ શ્રીમાન્ મહેશ્વર લક્ષ્ય અને લક્ષણથી રહિત છે. એ નિત્યમુક્ત થઈને સૌને બંધનથી મુક્ત કરનારા છે. કાળની સીમાથી પર રહીને કાળને પ્રેરિત કરનારા છે.+ એ સૌની ઉપર નિવાસ કરે છે. પોતે જ સર્વના આવાસસ્થાન છે, સર્વજ્ઞ છે તથા છ પ્રકારના અધ્વા (માર્ગ)થી યુક્ત આ સંપૂર્ણ જગતના પાલક છે. ઉત્તરોત્તર ઉત્કૃષ્ટ ભૂતોથી એ પરમ ઉત્કૃષ્ટ છે. એનાથી વધીને બીજો કોઈ છે જ નહીં. અનંત આનંદરાશિરૂપી મકરંદનું

---

* ન યસ્ય દિવસો રાત્રિર્ન ક્ષમાનો ન ચાધિકઃ। સ્વાભાવિકી પરાશક્તિર્નિત્યા જ્ઞાનક્રિયે અપિ॥
(શિ.પુ.વા.સં.પુ.ખં. ૩-૧૧)

+ યસ્મિન્ન ભાસતે વિદ્યુન્ન સૂર્યો ન ચ ચંદ્રમા। યસ્ય ભાસા વિભાત્યેતન્નિત્યેષા તાવતી શ્રુતિઃ॥
(શિ.પુ.વા.સ.પુ.ખં. ૩-૧૪)

+ અપ્રાકૃતવપુઃ શ્રીમાન્ લક્ષ્યલક્ષણવર્જિતઃ। અયં મુક્તો મોચકશ્ચ ચકાલઃ કાલચોદકઃ॥
(શિ.પુ.વા.સં.પુ.ખં. ૩-૧૭)

પાન કરનારા મધુવ્રત (ભ્રમર) છે. અખંડ બ્રહ્માંડોને મસળીને મૃત્પિંડ જેવો કરી દેવાની કલામાં પંડિત છે. ઉદારતા, વીરતા, ગંભીરતા અને મધુરતાના મહાસાગર છે. એમના સમાન પણ કોઈ જ વસ્તુ નથી, પછી એમનાથી વધીને તો થઈ જ શી રીતે શકે. એ ઉપમારહિત છે. સમસ્ત પ્રાણીઓના રાજાધિરાજના રૂપે બિરાજમાન છે. એ જ સૃષ્ટિના પ્રારંભમાં પોતાના અદ્‌ભુત ક્રિયાકલાપ દ્વારા સંપૂર્ણ જગતની સૃષ્ટિ કરે છે અને અંતકાળે આ ફરી એમાં જ લીન થઈ જશે. બધાં જ પ્રાણી એમના જ વશમાં છે. એ જ સૌને વિભિન્ન કાર્યોમાં નિયુક્ત કરનારા છે. પરાભક્તિથી એમનાં દર્શન થાય છે, અન્ય કોઈ પણ પ્રકારે, ક્યારેય દર્શન થતાં નથી.

વ્રત, સંપૂર્ણ દાન, તપસ્યા અને નિયમ— આ બધાં સાધનોને પૂર્વકાળમાં સત્પુરુષોએ ભાવશુદ્ધિ તથા અનુરાગની ઉત્પત્તિ માટે જ બતાવ્યાં હતાં, એમાં સંશય નથી. હું, ભગવાન વિષ્ણુ, રુદ્રદેવ અને બીજા બીજા દેવતાઓ અને અસુર આજે પણ ઉગ્ર તપસ્યા દ્વારા એમનાં જ દર્શનની ઇચ્છા રાખે છે. ધર્મભ્રષ્ટ, મૂઢ, દુષ્ટ અને ધૃણિત આચાર-વિચારવાળા લોકોને એમનાં દર્શન થવાં અસંભવ છે. ભક્તજન અંદર અને બહાર પણ એમનું જ પૂજન અને ધ્યાન કરે છે. આ રૂપ ત્રણ પ્રકારનું છે : સ્થૂળ, સૂક્ષ્મ અને આ બંનેથી પરે. અમે બધા દેવતા આદિ જે રૂપને પ્રત્યક્ષ જોઈએ છીએ, તે સ્થૂળ છે. સૂક્ષ્મરૂપનું દર્શન કેવળ યોગીઓને જ થાય છે અને એનાથી પણ પરે જે નિત્ય, જ્ઞાન સ્વરૂપ અને આનંદમય તથા અવિનાશી ભગવત્સ્વરૂપ છે, તે એમાં નિષ્ઠા રાખનારા ભજનપરાયણ ભક્તોની જ દૃષ્ટિમાં આવે છે. ભગવદ્‌વ્રતનો આશ્રય લેનારા ભક્ત જ એને જોઈ શકે છે. આ વિષયમાં અધિક કહેવાથી શો લાભ, ગુહ્યથી પણ ગુહ્યતર અને ઉત્કૃષ્ટ સાધન છે. ભગવાન શિવ પ્રત્યે ભક્તિ. જે આ ભક્તિથી યુક્ત છે, તે સંસારબંધનથી મુક્ત થઈ જાય છે—એમાં સંદેહ નથી. એ ભક્તિ ભગવાન શિવની કૃપાથી જ ઉપલબ્ધ થાય છે અને એમની કૃપા પણ ભક્તિથી જ સંભવ થાય છે—આ રીતે એ બંને એકબીજાને આશ્રિત છે—બરાબર એવી જ રીતે જાણે અંકુરથી બીજ, બીજથી અંકુર થાય છે. જીવને ભગવત્કૃપાથી જ સર્વત્ર સિદ્ધિઓ મળે છે. સંપૂર્ણ સાધનોથી અંતે ભગવાનની કૃપા જ સાધ્ય છે. અંતઃકરણની શુદ્ધિ અથવા પ્રસાદનું સાધન છે ધર્મ અને એ ધર્મનું સ્વરૂપ વેદ દ્વારા પ્રતિપાદિત થયું છે. વેદોના અભ્યાસથી પહેલાં પુણ્ય અને પાપમાં સમતા આવે છે, એ સમતાથી પ્રસાદ (પ્રસન્નતા અથવા અંતઃશુદ્ધિ)નો સંપર્ક પ્રાપ્ત થાય છે અને એનાથી ધર્મની વૃદ્ધિ થાય છે. ધર્મની વૃદ્ધિથી પશુના (જીવને) પાપોનો ક્ષય થાય છે. આ રીતે પાપ ક્ષીણ થઈ ગયાં છે એ જીવને અનેક જન્મોના અભ્યાસથી ક્રમશઃ ઉમા-મહેશ્વરના તત્ત્વનું જ્ઞાન થાય છે અને એના હૃદયમાં એમના પ્રત્યે ભક્તિનો ઉદય થાય છે. એ ભક્તિભાવને અનુરૂપ જ મહેશ્વરના કૃપાપ્રસાદનો ઉદ્રેક થાય છે. એ પ્રસાદથી કર્મોનો ત્યાગ થાય છે. કર્મોના ત્યાગનો અભિપ્રાય એમનાં ફળના ત્યાગમાં છે. કર્મોનો સ્વરૂપતઃ ત્યાગ સાથે સંબંધ નથી. અતઃ એ સિદ્ધ થયું કે કર્મફળના ત્યાગથી શિવધર્મમાં મંગલમયી પ્રવૃત્તિ થાય છે.

એટલા માટે શિવનો કૃપાપ્રસાદ પ્રાપ્ત

કરવાના ઉદ્દેશ્યથી તમે બધા લોકો પોતાનાં સ્ત્રી-બાળકો અને અગ્નિઓની સાથે વાણી અને મનના દોષોથી રહિત થઈને એક માત્ર ભગવાન શિવનું જ ધ્યાન ધરતા રહો. એમનામાં જ નિષ્ઠા રાખીને એમના ભજનમાં તત્પર થઈ જાઓ. એમનામાં જ મન પરોવીને એમને જ આશ્રયે રહો. બધાં જ કાર્યો કરતી વેળાએ મનથી એમનું જ ચિંતન કર્યા કરો. એક હજાર દિવ્ય વર્ષો સુધી દીર્ઘકાલિક યજ્ઞનો આરંભ કરીને એને પૂર્ણ કરો. યજ્ઞના અંતમાં મંત્ર દ્વારા આવાહન કરવાથી સાક્ષાત્ વાયુદેવતા ત્યાં પધારશે. પછી તે જ તમારા સૌનાં કલ્યાણનું સાધન બતાવશે. ઉપાય બતાવશે. ત્યારપછી તમે બધા લોકો પરમ સુંદર પુણ્યમયી વારાણસીપુરીમાં જજો, જ્યાં પિનાકપાણિ શ્રીમાન ભગવાન વિશ્વનાથ ભક્તજનો પર અનુગ્રહ કરવા માટે દેવી પાર્વતી સાથે સદા વિહાર કરે છે. હે દ્વિજોત્તમો! ત્યાં તમને બહુ મોટું આશ્ચર્ય જોવા મળશે. એ આશ્ચર્યને જોઈને તમે પછી મારી પાસે આવજો, ત્યારે હું તમને મોક્ષનો ઉપાય બતાવીશ. એ ઉપાયથી એક જ જન્મમાં મુક્તિ તમારા હાથમાં આવી જશે, જે અનેક જન્મોનાં સંસારબંધનથી છુટકારો અપાવનારી હશે. આ મેં મનોમય ચક્રનું નિર્માણ કર્યું છે. એ ચક્રને હું અહીંથી છોડું છું. જ્યાં જઈને એની નેમિ (પૈંડાનો ઘેરાવ, ધરી પરિધ) વિશીર્ણ થઈ જાય. તૂટ-ફૂટ થઈ જાય, એ જ તપસ્યા માટે શુભ દેશ છે.

આવું કહીને પિતામહ બ્રહ્માએ એ સૂર્યતુલ્ય તેજસ્વી મનોમય ચક્ર તરફ જોયું અને મહાદેવજીને પ્રણામ કરીને એને છોડી દીધું. એ બધા બ્રાહ્મણ એ લોકનાથ બ્રહ્માજીને પ્રણામ કરીને એ સ્થાન માટે ચાલ્યા ગયા. જ્યાં એ ચક્રની નેમિ જીર્ણશીર્ણ થઈ જવાની હતી. બ્રહ્માજીનું ફેંકેલું તે સુંદર ચક્ર મનોહર શિલાખંડોથી યુક્ત અને નિર્મલ તથા સ્વાદિષ્ટ જળથી પૂર્ણ કોઈ વનમાં પડ્યું. એ ચક્રની નેમિ શીર્ણ હોવાથી તે મુનિપૂજિત વન નૈમિષ નામે વિખ્યાત થયું. અનેક યક્ષ, ગંધર્વ અને વિદ્યાધર ત્યાં આવીને રહેવા લાગ્યા—પૂર્વકાળમાં જગતની સૃષ્ટિની ઇચ્છા રાખનારા વિશ્વસ્રષ્ટા અને ગાર્હપત્ય અગ્નિના ઉપાસક બ્રહ્મજ્ઞ પ્રજાપતિઓએ ત્યાં જ દિવ્ય યજ્ઞનો આરંભ કર્યો હતો. ત્યાં જ શબ્દશાસ્ત્ર, અર્થશાસ્ત્ર તથા ન્યાયશાસ્ત્રના જ્ઞાતા

વિદ્વાન મહર્ષિઓએ શક્તિ, જ્ઞાન અને ક્રિયાયોગ દ્વારા શાસ્ત્રીય વિધિનું અનુષ્ઠાન કર્યું હતું. એ જ સ્થાન પર વેદવેત્તા સદા વાદ અને જલ્પના બાળથી યુક્ત વચનો દ્વારા અતિવાદ કરનારા વેદબહિષ્કૃત નાસ્તિકોને પરાહત તથા પરાજિત કરતા હતા. ત્યારથી નૈમિષારણ્ય ઋષિઓને માટે તપસ્યાનું સ્થાન બની ગયું હતું. સ્ફટિકમણિમય

પર્વતની શિલાઓમાં ઝરતાં અમૃત સમાન મધુર અને સ્વચ્છ જળને કારણે તે ખૂબ જ રમણીય પ્રતીત થતું હતું. ત્યાં ઘણું કરીને અત્યંત રસીલાં ફળ આપનારાં વૃક્ષો છે તથા એ વનમાં હિંસક જીવ-જંતુઓનો અભાવ છે.

(અધ્યાય ૩)

*

નૈમિષારણ્યમાં દીર્ઘસત્રને અંતે મુનિઓની પાસે વાયુદેવતાઓનું આગમન, એમનો સત્કાર તથા ઋષિઓના પૂછવા પર વાયુ દ્વારા પશુ, પાશ અને પશુપતિનું તાત્ત્વિક વિવેચન

સૂતજી કહે છે—હે મુનીશ્વરો! એ સમયે ઉત્તમ વ્રતનું પાલન કરનારા એ મહાભાગ મહર્ષિઓએ એ દેશમાં મહાદેવજીની આરાધના કરતાં એક મહાન યજ્ઞનું આયોજન કર્યું. એ યજ્ઞનો જ્યારે આરંભ થયો, ત્યારે મહર્ષિઓને સર્વથા આશ્ચર્યજનક જણાયો. તદનંતર સમય વીતતાં જ્યારે પ્રચુર દક્ષિણાઓથી યુક્ત તે યજ્ઞ સમાપ્ત થયો, ત્યારે બ્રહ્માજીની આજ્ઞાથી વાયુદેવ સ્વયં ત્યાં પધાર્યા. એમને પધારેલા જોઈને દીર્ઘકાલિક યજ્ઞનું અનુષ્ઠાન કરનારા એ મુનિ બ્રહ્માજીની વાત યાદ કરીને અનુપમ હર્ષનો અનુભવ કરવા લાગ્યા. એ બધાએ ઊઠીને આકાશજન્મા વાયુદેવતાને પ્રણામ કર્યા અને એમને બેસવા માટે એક સોનાનું બનાવેલું આસન આપ્યું. વાયુદેવતા એ આસન પર બેઠા. મુનિઓએ એમની વિધિવત્ પૂજા કરી. તદનંતર એ સૌનું અભિનંદન કરીને તે કુશળ-મંગળ પૂછવા લાગ્યા.

વાયુદેવતા બોલ્યા—હે બ્રાહ્મણો! આ મહાન યજ્ઞનું અનુષ્ઠાન પૂર્ણ થતાં સુધીમાં તમે બધા કુશળ તો છો ને? યજ્ઞહન્તા દેવદ્રોહી દૈત્યોએ કોઈ વિઘ્ન-બાધા તો નથી પહોંચાડ્યાં ને? તમારે કોઈ પણ પ્રકારનું પ્રાયશ્ચિત્ત તો કરવું પડ્યું નથી ને? તમારા યજ્ઞમાં કોઈ દોષ તો નથી આવ્યો ને? શું તમે લોકોએ સ્તોત્ર અને શસ્ત્રગ્રહો દ્વારા દેવતાઓના તથા પિતૃકર્મો દ્વારા પિતરોનું સારી રીતે પૂજન કરીને યજ્ઞવિધિનું અનુષ્ઠાન તો સારી પેઠે સંપન્ન કર્યું છે ને? આ મહાયજ્ઞની સમાપ્તિ થઈ જવા પર હવે આપ લોકો શું કરવા ચાહો છો?

મુનિઓએ કહ્યું—હે પ્રભો! અમારા કલ્યાણની વૃદ્ધિ માટે જ્યારે આપ સ્વયં અહીં

પધાર્યા છો, ત્યારે હવે અમે સર્વ પ્રકારે કુશળ-મંગળમાં જ છીએ. અમારી તપસ્યા પણ ઉત્તમ થશે. હવે પહેલાંનું વૃત્તાંત સાંભળો. અમારાં હૃદય અજ્ઞાન અંધકારથી આક્રાન્ત થઈ ગયાં હતાં, ત્યારે અમે વિજ્ઞાનની પ્રાપ્તિ માટે પૂર્વકાલમાં પ્રજાપતિની ઉપાસના કરી. શરણાગતવત્સલ પ્રજાપતિએ અમ શરણાગતો પર કૃપા કરીને આ પ્રકારે કહ્યું—'હે બ્રાહ્મણો! રુદ્રદેવ સૌથી શ્રેષ્ઠ છે. એ જ પરમ કારણ છે. એમને તર્કથી જાણી શકાતા નથી. ભક્તિમાન પુરુષ જ એમના સ્વરૂપને ઠીક ઠીક જોઈ-સમજી શકે છે. ભક્તિ પણ એમની કૃપાથી જ મળે છે અને એ કૃપાથી જ પરમાનંદની પ્રાપ્તિ થાય છે. તેથી એમનો કૃપાપ્રસાદ પ્રાપ્ત કરવા માટે તમે લોકો નૈમિષારણ્યમાં યજ્ઞનું આયોજન કરો. દીર્ઘકાળ સુધી ચાલનારા આ યજ્ઞ દ્વારા પરમ કારણ રુદ્રદેવની આરાધના કરો. યજ્ઞના અંતમાં એ રુદ્રદેવના કૃપા-પ્રસાદથી વાયુદેવતા ત્યાં પધારશે. એમને મુખે ત્યાં તમને જ્ઞાનલાભ થશે અને એમનાથી કલ્યાણની પ્રાપ્તિ થશે.' હે મહાભાગ! એવો આદેશ દઈને પરમેષ્ઠીએ અમને બધાને અહીં મોકલ્યા. અમે આ દેશમાં આપના આગમનની પ્રતીક્ષા કરતાં એક હજાર દિવ્ય વર્ષો સુધી દીર્ઘકાલિક યજ્ઞમાં, અનુષ્ઠાનમાં લાગ્યા રહ્યા. તેથી આ સમયે આપના આગમન સિવાય અમારે માટે બીજી કોઈ પ્રાર્થનીય વસ્તુ નથી.

સુદીર્ઘકાળથી યજ્ઞાનુષ્ઠાનમાં લાગેલા એ મહર્ષિઓનો એ પુરાતન વૃત્તાંત સાંભળીને વાયુદેવ મનમાં જ મનમાં પ્રસન્ન થયા અને મુનિઓથી ઘેરાઈને ત્યાં બેસી રહ્યા. પછી એ સૌના પૂછવા પર એમના ભક્તિભાવની વૃદ્ધિ માટે એમણે ભગવાન શંકરના સૃષ્ટિ વગેરે ઐશ્વર્યને સંક્ષેપમાં બતાવ્યાં.

નૈમિષારણ્યના ઋષિઓએ પૂછ્યું—હે દેવ! આપે ઈશ્વરવિષયક જ્ઞાન કેવી રીતે પ્રાપ્ત કર્યું? તથા આપ અવ્યક્તજન્મા બ્રહ્માજીના શિષ્ય કયા પ્રકારે થયા?

વાયુદેવતા બોલ્યા—હે મહર્ષિઓ! ઓગણીસમા કલ્પનું નામ શ્વેતલોહિતકલ્પ સમજવું જોઈએ. એ જ કલ્પમાં ચતુર્મુખ બ્રહ્માએ સૃષ્ટિની કામનાથી તપસ્યા કરી. એમની એ તીવ્ર તપસ્યાથી સંતુષ્ટ થઈ સ્વયં એમના પિતા દેવદેવ મહેશ્વરે એમને દર્શન આપ્યાં. તે દિવ્ય કુમાર-અવસ્થાથી યુક્ત રૂપ ધારણ કરીને રૂપવાનોમાં શ્રેષ્ઠ શ્વેત નામના મુનિ થઈને દિવ્ય વાણી બોલતાં એમની સામે ઉપસ્થિત થયા. વેદોના અધિપતિ તથા સૌના પાલક પિતા મહેશ્વરનાં દર્શન કરીને ગાયત્રી સહિત બ્રહ્માજીએ એમને પ્રણામ કર્યા અને એમની પાસેથી ઉત્તમ જ્ઞાન મેળવ્યું. જ્ઞાન મેળવીને વિશ્વકર્મા ચતુર્મુખ સંપૂર્ણ ચરાચર ભૂતોની સૃષ્ટિ કરવા લાગ્યા. સાક્ષાત્ પરમેશ્વર શિવ પાસેથી સાંભળીને બ્રહ્માજીએ અમૃતસ્વરૂપ જ્ઞાન પ્રાપ્ત કર્યું હતું, એટલા માટે મેં તપસ્યાના બળથી એમને જ મુખે એ જ્ઞાનને ઉપલબ્ધ કર્યું.

મુનિઓએ પૂછ્યું—આપે એ કયું જ્ઞાન પ્રાપ્ત કર્યું છે, જે સત્યથી પણ પરમ સત્ય અને શુભ છે તથા જેમાં ઉત્તમ નિષ્ઠા રાખીને પુરુષ પરમાનંદને પ્રાપ્ત કરી લે છે?

વાયુદેવતા બોલ્યા—'હે મહર્ષિઓ! મેં પૂર્વકાળમાં પશુ-પાશ અને પશુપતિનું જે જ્ઞાન પ્રાપ્ત કર્યું હતું, સુખ ચાહનારા પુરુષે એમાં જ ઊંચી નિષ્ઠા રાખવી જોઈએ. અજ્ઞાનથી ઉત્પન્ન

દુઃખ જ્ઞાનથી દૂર થાય છે. વસ્તુના વિવેકનું નામ જ્ઞાન છે. વસ્તુના ત્રણ ભેદ માનવામાં આવે છે : જડ (પ્રકૃતિ), એમના (જીવ) અને એ બંનેના નિયંત (પરમેશ્વર). આ ત્રણેને ક્રમથી પાશ, પશુ અને પશુપતિ કહે છે. તત્ત્વજ્ઞ પુરુષ પ્રાયઃ આ ત્રણે તત્ત્વોને ક્ષર, અક્ષર તથા એ બંનેથી અતીત કહે છે. અક્ષર જ પશુ કહેવાય છે. ક્ષર તત્ત્વનું નામ પાશ તથા ક્ષર અને અક્ષર બંનેથી પર જે પરમતત્ત્વ છે, એને જ પતિ અથવા પશુપતિ કહે છે. પ્રકૃતિને જ ક્ષર કહેવામાં આવી છે, પુરુષ(જીવ)ને જ અક્ષર કહે છે અને જે આ બંનેને પ્રેરિત કરે છે, તે ક્ષર અને અક્ષર બંનેથી ભિન્ન તત્ત્વ પરમેશ્વર કહેવાય છે. માયાનું જ નામ પ્રકૃતિ છે. પુરુષ એ માયાથી આવૃત્ત છે. મળ અને કર્મ દ્વારા પ્રકૃતિનો પુરુષ સાથે સંબંધ થાય છે. શિવ જ આ બંનેના પ્રેરક ઈશ્વર છે. માયા મહેશ્વરની શક્તિ છે. ચિત્સ્વરૂપ જીવ એ માયાથી આવૃત્ત છે. ચેતન જીવને આચ્છાદિત કરનાર અજ્ઞાનમય પાશ જ મળ કહેવાય છે. એનાથી શુદ્ધ થઈ જવાથી જીવ સ્વતઃ શિવ થઈ જાય છે. તે વિશુદ્ધ જ શિવતત્ત્વ છે.'

મુનિઓએ પૂછ્યું—સર્વવ્યાપી ચેતનને માયા કયા હેતુથી આવૃત્ત કરે છે? શા માટે પુરુષને આવરણ પ્રાપ્ત થાય છે? અને કયા ઉપાયથી એનું નિવારણ થાય છે?

વાયુદેવતા બોલ્યા—વ્યાપક તત્ત્વને પણ આંશિક આવરણ પ્રાપ્ત થાય છે; કેમકે કલા વગેરે પણ વ્યાપક છે. ભોગને માટે કરેલું કર્મ જ એ આવરણમાં કારણ છે. મળનો નાશ થવાથી તે આવરણ દૂર થઈ જાય છે. કલા, વિદ્યા, રાગ, કાળ અને નિયતિ—એમને જ કલા કહે છે. કર્મફળનો જે ઉપભોગ કરે છે એનું જ નામ પુરુષ (જીવ) છે. કર્મ બે પ્રકારનાં છે. પુણ્યકર્મ અને પાપકર્મ. પુણ્યકર્મનું ફળ સુખ અને પાપકર્મનું ફળ દુઃખ છે. કર્મ અનાદિ છે અને ફળનો ઉપભોગ કરી લીધા પછી એનો અંત થઈ જાય છે. જોકે જડ કર્મનો ચેતન આત્મા સાથે કશોયે સંબંધ નથી, તેમ છતાં અજ્ઞાનવશ જીવે એને પોતામાં માની રાખ્યો છે. ભોગ કર્મનો વિનાશ કરનારો છે, પ્રકૃતિને ભોગ્ય કહે છે અને ભોગનું સાધન છે શરીર. બાહ્ય ઇંન્દ્રિયો અને અંતઃકરણ એનાં દ્વાર છે. અતિશય ભક્તિભાવથી ઉપલબ્ધ થયેલા મહેશ્વરના કૃપાપ્રસાદથી મળનો નાશ થાય છે અને મળનો નાશ થતાં પુરુષ નિર્મલ થઈ જાય છે—શિવ સમાન થઈ જાય છે. વિદ્યા પુરુષની જ્ઞાનશક્તિને અને કલા એની ક્રિયાશક્તિને અભિવ્યક્ત કરનારી છે. રાગ ભોગ્ય વસ્તુને માટે ક્રિયામાં પ્રવૃત્ત કરનારો થાય છે. કાલ એમાં અવચ્છેદક થાય છે અને નિમિત્ત એને નિયંત્રણમાં રાખનાર હોય છે. અવ્યક્તરૂપ જે કારણ છે, તે ત્રિગુણમય છે; એનાથી જ જડ જગતની ઉત્પત્તિ થાય છે અને એમાં જ એનો લય થાય છે. તત્ત્વચિંતક પુરુષ એ અવ્યક્તને જ પ્રધાન અને પ્રકૃતિ કહે છે. સત્ત્વ, રજ અને તમ—એ ત્રણે ગુણો પ્રકૃતિથી પ્રગટ થાય છે; તલમાં તેલની જેમ એ પ્રકૃતિમાં સૂક્ષ્મરૂપે વિદ્યમાન રહે છે. સુખ અને એનો હેતુ સંક્ષેપમાં સાત્ત્વિક કહેવાય છે; દુઃખ અને એનો હેતુ રાજસનાં કાર્ય છે તથા જડતા અને મોહ—એ તમોગુણનાં કાર્ય છે. સાત્ત્વિકી વૃત્તિ ઊર્ધ્વ તરફ લઈ જનારી છે, તામસી વૃત્તિ અધોગતિમાં નાખનારી છે તથા રાજસી વૃત્તિ મધ્યમ સ્થિતિમાં રાખનારી છે. પાંચ તન્માત્રાઓ, પાંચ ભૂત, પાંચ

જ્ઞાનેન્દ્રિયો, પાંચ કર્મેન્દ્રિયો અને પ્રધાન (ચિત્ત), મહત્તત્ત્વ (બુદ્ધિ), અહંકાર અને મન એ ચાર અંતઃકરણ—બધાં મળીને ચોવીશ તત્ત્વો થાય છે. આ પ્રકારે સંક્ષેપથી જ વિકારસહિત અવ્યક્ત (પ્રકૃતિ)નું વર્ણન કરવામાં આવ્યું છે. કારણ-અવસ્થામાં રહેવાને કારણે એને અવ્યક્ત કહે છે અને શરીર વગેરેના રૂપે જ્યારે એ કાર્યાવસ્થાને પ્રાપ્ત થાય છે ત્યારે એની 'વ્યક્ત' સંજ્ઞા થાય છે—ઠીક એના જેવું જ જેમ કે કારણ અવસ્થામાં સ્થિત હોવાને કારણે 'માટી' કહેવાય છે તે જ કાર્યાવસ્થામાં 'ઘટ' (ઘડો) વગેરે નામ ધારણ કરે છે. જેવી રીતે ઘડો વગેરે કાર્ય માટી વગેરે કારણથી અધિક ભિન્ન નથી, એવી જ રીતે શરીર વ્યક્ત પદાર્થ અવ્યક્તથી અધિક ભિન્ન નથી. એટલા માટે એક માત્ર અવ્યક્ત જ કારણ, કરણ, એના આધારભૂત શરીર તથા ભોગ્ય વસ્તુ છે, બીજું કોઈ નહીં.

મુનિઓએ પૂછ્યું—હે પ્રભો! બુદ્ધિ, ઇન્દ્રિય અને શરીરથી અધિક (વ્યતિરિક્ત) કોઈ આત્મા નામની વસ્તુની વાસ્તવિક સ્થિતિ ક્યાં છે?

વાયુદેવતા બોલ્યા—હે મહર્ષિઓ! સર્વવ્યાપી ચેતનનું બુદ્ધિ, ઇન્દ્રિય અને શરીરથી પાર્થક્ય અવશ્ય છે. આત્મા નામનો પદાર્થ નિશ્ચય જ વિદ્યમાન છે; પરંતુ એની સત્તામાં કોઈ હેતુની ઉપલબ્ધિ બહુ જ કઠણ છે. સત્પુરુષ બુદ્ધિ, ઇન્દ્રિય અને શરીરને આત્મા નથી માનતા, કેમકે સ્મૃતિ (બુદ્ધિનું જ્ઞાન) અનિયત છે તથા એને સંપૂર્ણ શરીરનો એકસાથે અનુભવ થતો નથી. એટલા માટે વેદોમાં અને વેદાંતમાં આત્માને પૂર્વાનુભૂત વિષયોનો સ્મરણકર્તા, સંપૂર્ણ જ્ઞેય પદાર્થોમાં વ્યાપક તથા અંતર્યામી કહેવાય છે. એ ન તો સ્ત્રી છે, ન પુરુષ છે અને ન તો નપુંસક પણ છે. નથી તો ઉપર, નથી તો આજુબાજુ, નથી તો નીચે અને નથી કોઈ પણ સ્થાન-વિશેષમાં. એ સંપૂર્ણ ચલ શરીરોમાં અવિચલ, નિરાકાર અને અવિનાશીરૂપે સ્થિત છે. જ્ઞાની પુરુષ નિરંતર વિચાર કરવાથી એ આત્મતત્ત્વનો સાક્ષાત્કાર કરી શકે છે.*

પુરુષનું જે તે શરીર કહેવાયું છે, એનાથી વધારે અશુદ્ધ, પરાધીન, દુઃખમય અને અસ્થિર બીજી કોઈ વસ્તુ નથી. શરીર જ બધી વિપત્તિઓનું મૂળ કારણ છે. એનાથી યુક્ત પુરુષ પોતાનાં કર્મ અનુસાર સુખી, દુઃખી અને મૂઢ થાય છે.+ જેવી રીતે પાણીથી સીંચેલું ખેતર અંકુર ઉત્પન્ન કરે છે, એ જ રીતે અજ્ઞાનથી આપ્લાવિત થયેલું કર્મ નૂતન શરીરને જન્મ આપે છે. આ શરીર અત્યંત દુઃખોનું આલય મનાય છે. એનું મૃત્યુ સુનિશ્ચિત મનાય છે, અનિવાર્ય મૃત્યુ થાય જ છે. ભૂતકાળમાં કેટલાંય શરીર નષ્ટ થઈ ગયાં અને ભવિષ્યકાળમાં હજારો શરીર આવવાનાં છે, એ બધાં આવી આવીને જ્યારે જીર્ણ-શીર્ણ થઈ જાય છે, ત્યારે પુરુષ એમને છોડી દે છે. કોઈ પણ જીવાત્મા કોઈ

---

* ન ચ સ્ત્રી ન પુમાનેષ ન ચૈવાપિ નપુંસકઃ। નૈવાધ્વં નાપિ તિર્યક્ ચ નાસ્તિત્વન્ન કુતશ્ચન॥
અશરીરં શરીરેષુ ચલેષુ સ્થાનુમવ્યયમ્। સદા પશ્યતિ તં ધીરો નરઃ પ્રત્યક્ષદર્શનાત્॥
(શિ.પુ.વા.સં.પૂ.ખં. ૫૬૮૮-૮૯)

+ યચ્છરીરમિદં પ્રોક્તં પુરુષસ્ય તતઃ પરમ્। અનુભવાર્થં દુઃખસ્યૈવ ન ચ સ્થિતે॥
વિપદાં બીજભૂતેન પુરુષસ્તેન સંયુતઃ। મૃતો દુઃખી ચ મૂઢશ્ચ ભવતિ સ્વેન કર્મણા॥
(શિ.પુ.વા.સં.પૂ.ખ. ૫૮૫૫-૫૬)

પણ શરીરમાં અનંતકાળ સુધી રહેવાનો અવસર પામતો જ નથી. અહીં સ્ત્રીઓ, પુત્રો અને બંધુ-બાંધવોથી જે મિલન થાય છે, તે વટેમાર્ગુઓને માર્ગમાં મળેલા બીજા મુસાફરોના સમાગમ જેવું જ છે. જેવી રીતે મહાસાગરમાં એક લાકડું ક્યાંકથી અને બીજું લાકડું બીજે ક્યાંકથી વહીને આવે છે, એ બંને લાકડાં ક્યાંક થોડી વાર મળી જાય છે અને મળીને પાછાં અલગ પડી જાય છે. એવી જ રીતે પ્રાણીઓનો આ સમાગમ પણ સંયોગ-વિયોગ યુક્ત છે.* બ્રહ્માજીથી લઈને સ્થાવર પ્રાણીઓ સુધી બધા જીવ પશુ કહેવાયા છે. એ બધાં જ પશુઓને માટે જ આ દૃષ્ટાંત અથવા દર્શન-શાસ્ત્ર કહેવાયું છે. આ જીવ પાશમાં બંધાય છે અને સુખદુઃખ ભોગવે છે, એટલા માટે જ 'પશુ' કહેવાય છે. એ ઈશ્વરની લીલાનાં સાધન-ભૂત છે, એવું જ્ઞાની મહાત્માઓ કહે છે.

(અધ્યાય ૪-૫)

*

મહેશ્વરની મહત્તાનું પ્રતિપાદન

વાયુદેવતા કહે છે—હે મહર્ષિઓ! આ વિશ્વનું નિર્માણ કરનારો કોઈ પતિ છે, જે અનંત રમણીય ગુણોનો આશ્રય કહેવાય છે. તે જ પશુઓને પાશથી મુક્ત કરનારો છે, એના વગર સંસારની સૃષ્ટિ કેવી રીતે થઈ શકે છે; કેમકે પશુ અજ્ઞાની અને પાશ અચેતન છે, પ્રધાન પરમાણુ વગેરે જેટલાં જડ તત્ત્વ છે, એ સર્વના કર્તા તે પતિ જ છે. આ વાત સ્વયં સમજમાં આવી જાય છે. કોઈ પણ બુદ્ધિમાન અથવા ચેતન કારણ વગર આ જડ તત્ત્વોનું નિર્માણ કેવી રીતે સંભવે. પશુ, પાશ અને પતિ જો વાસ્તવમાં પૃથક્ પૃથક્ સ્વરૂપ છે એને જાણીને જ બ્રહ્મવેત્તા પુરુષ યોનિથી મુક્ત થાય છે. ક્ષર અને અક્ષર—એ બંને એકબીજાથી સંયુક્ત હોય છે. પતિ અથવા મહેશ્વર જ વ્યક્તાવ્યક્ત જગતનું ભરણ-પોષણ કરે છે. એ જ જગતને બંધનથી છોડાવનાર છે. ભોક્તા, ભોગ્ય અને પ્રેરક—એ ત્રણ જ તત્ત્વ જાણવાયોગ્ય છે. વિજ્ઞ પુરુષોને માટે આનાથી ભિન્ન કોઈ વસ્તુ જાણવાયોગ્ય નથી. સૃષ્ટિના આરંભમાં એક જ રુદ્રદેવ વિદ્યમાન રહે છે, બીજું કોઈ હોતું જ નથી. એ જ આ જગતની સૃષ્ટિ કરીને એની રક્ષા કરે છે અને અંતે સર્વનો સંહાર કરી દે છે. એમને બધી બાજુએ નેત્ર છે, બધી બાજુએ મુખ છે, બધી બાજુએ ભુજાઓ છે અને બધી જ બાજુએ ચરણ છે. એ જ સૌથી પહેલાં દેવતાઓમાં બ્રહ્માજીને ઉત્પન્ન કરે છે. શ્રુતિ કહે છે કે 'રુદ્રદેવ સૌથી શ્રેષ્ઠ મહાન ઋષિ છે. હું એ મહાન અમૃતસ્વરૂપ અવિનાશી પુરુષ પરમેશ્વરને જાણું છું. એમની અંગકાન્તિ સૂર્ય

---

* નૈવાસ્ત્ર ભવિતા કશ્ચિન્નાસૌ ભવતિ કસ્યચિત્ । યદિ સંગમ એવાયં દારૈઃ પુત્રૈશ્ચ બન્ધુભિઃ ॥
યથા કાષ્ઠં ચ કાષ્ઠં ચ સમેયાતાં મહાર્ણવે । સમેત્ય ચ વ્યપેયાતાં તદ્વદ્ ભૂતસમાગમઃ ॥
(વિ.પુ.પા.સ.પુ.ખં. ૫/૫૮-૫૯)

સમાન છે. એ પ્રભુ અજ્ઞાન-અંધકારથી પર બિરાજમાન છે.* એ પરમાત્માથી પર બીજી કોઈ વસ્તુ નથી. એનાથી અત્યંત સૂક્ષ્મ અને એનાથી અધિક મહાન કશું જ નથી. એમનાથી જ આ આખું જગત પરિપૂર્ણ છે. એમને બધી જ બાજુએ હાથ, પગ, નેત્ર, મસ્તક, મુખ અને કાન છે. એ લોકોમાં સૌને વ્યાપીને સ્થિત છે. તે સંપૂર્ણ ઇન્દ્રિયોના વિષયોને જાણનાર છે, પરંતુ વાસ્તવમાં તે સર્વ ઇન્દ્રિયો રહિત છે. સૌના સ્વામી, શાસક, શરણદાતા અને સુહૃદ્ છે. એ નેત્ર વિના પણ દેખે છે, કાન વિના સાંભળે છે. એ સૌને જાણે છે, પરંતુ કોઈ એમને પૂર્ણરૂપે જાણનારું નથી. એમને પરમ પુરુષ કહે છે. એ અણુથી પણ અત્યંત અણુ અને મહાનથી પણ પરમ મહાન છે. એ અવિનાશી મહેશ્વર આ જીવની હૃદયગુફામાં નિવાસ કરે છે.+

એકસાથે રહેનારાં બે પક્ષી એક જ વૃક્ષ બંને ગૂઢભાવે સ્થિત છે. વિનાશશીલ જડવર્ગને (શરીર)નો આશ્રય લઈ રહે છે. એમાંનું એક જ અર્થી અવિદ્યા કહી છે અને અવિનાશી જીવને તો એ વૃક્ષના કર્મરૂપ ફળનો સ્વાદ લે છે, વિદ્યા નામ આપવામાં આવ્યું છે, જે એ બંને ઉપભોગ કરે છે, પરંતુ બીજું એ વૃક્ષના ફળનો ઉપભોગ ન કરતાં માત્ર જોયા કરે છે.+ જીવાત્મા આ વૃક્ષ પ્રત્યે આસક્તિમાં ડૂબેલો છે, તેથી મોહિત થઈને શોક કરતો રહે છે. એ જ્યારે ત્યારે ભગવત્કૃપાથી ભક્તિસેવિત પરમ કારણરૂપ પરમેશ્વરનો અને એના મહિમાનો સાક્ષાત્કાર કરી લે છે, શોકરહિત થઈ સુખી થઈ જાય છે. છંદ, યજ્ઞ, ક્રતુ તથા ભૂત, વર્તમાન અને ભવિષ્ય સંપૂર્ણ વિશ્વને એ માયાવી રચે છે અને માયાથી જ એમાં પ્રવિષ્ટ થઈને રહે છે. પ્રકૃતિને જ માયા સમજવી જોઈએ અને મહેશ્વર જ તે માયાવી છે.* એ વિશ્વકર્મા મહેશ્વર જ પરમ દેવતા પરમાત્મા છે, જે સૌના હૃદયમાં બિરાજમાન છે. એમને જાણીને જ પુરુષ આનંદમય અમૃતનો અનુભવ કરે છે. બ્રહ્માથી પણ શ્રેષ્ઠ, અસીમ અને અવિનાશી પરમાત્મામાં વિદ્યા અને અવિદ્યા

---

* વિશ્વસ્માદધિકો રુદ્રો મહર્ષિરિતિ હિ શ્રુતિઃ ॥
વેદાહમેતં પુરુષં મહાન્તમમૃતં ધ્રુવમ્ । આદિત્યવર્ણં તમસઃ પરસ્તાત્સંસ્થિતં પ્રભુમ્ ॥
(શિ.પુ.વા.સં.પૂ.ખં. ૬/૧૭-૧૮)

+ સર્વતઃ પાણિપાદોઽયં સર્વતોઽક્ષિશિરોમુખઃ । સર્વતઃ શ્રુતિમાંલ્લોકે સર્વમાવૃત્ય તિષ્ઠતિ ॥
સર્વેન્દ્રિયગુણાભાસઃ સર્વેન્દ્રિયવિવર્જિતઃ । સર્વસ્ય પ્રભુરીશાનઃ સર્વસ્ય શરણં સુહૃત્ ॥
અચક્ષુરપિ યઃ પશ્યત્યકર્ણોઽપિ શૃણોતિ યઃ । સર્વં વેત્તિ ન ચૈવાસ્ય તમાહુઃ પુરુષં પરમ્ ॥
અણોરણીયાન્મહતો મહીયાનયમવ્યયઃ । ગુહાયાં નિહિતોઽપિ જન્તોરસ્ય મહેશ્વરઃ ॥
(શિ.પુ.વા.સં.પૂ.ખં. ૬/૨૧-૨૪)

+ દ્વૌ સુપર્ણૌ સયુજૌ સમાનં વૃક્ષમાસ્થિતૌ । એકોઽત્તિપિપ્પલં સ્વાદ્વનશ્નન્ અપરોઽભિચાકશીતિ ॥
(શિ.પુ.વા.સં.પૂ.ખં. ૬/૩૦)

* છંદાંસિ યજ્ઞાઃ ક્રતવો ભૂતં ભવ્યમેવ ચ ।
માયાવિનં સૃજત્યસ્મિન્નિતરો માયયા પરઃ । માયાં તુ પ્રકૃતિં વિદ્યાન્માયિનં તુ મહેશ્વરમ્ ॥
(શિ.પુ.વા.સં.પૂ.ખં. ૬/૩૨-૩૩)

વિદ્યા અને અવિદ્યા પર શાસન કરે છે, તે મહેશ્વર એમનાથી સર્વથા ભિન્ન-વિલક્ષણ છે. એ પ્રતાપી મહેશ્વર આ જગતમાં સમષ્ટિભૂત અને ઇન્દ્રિયવર્ગ રૂપ એક-એક જાળને અનેક પ્રકારે રચીને એનો વિસ્તાર કરે છે. પછી અંતે સંહાર કરીને સૌને અનેકથી એકમાં પરિણત કરી દે છે તથા પુનઃ સૃષ્ટિકાળમાં સૌની પૂર્વવત્ રચના કરીને સૌ પર આધિપત્ય કરે છે. જેવી રીતે સૂર્ય એકલો જ ઉપર-નીચે, આજુ-બાજુની દિશાઓને પ્રકાશિત કરતાં સ્વયં પણ દેદીપ્યમાન થાય છે, એવી જ રીતે એ ભજનીય પરમાત્મા એકલા જ સમસ્ત કારણરૂપ પૃથ્વી વગેરે તત્ત્વોનું નિયમન કરે છે. શ્રદ્ધા અને ભક્તિના ભાવથી પ્રાપ્ત થવા યોગ્ય, આશ્રયરહિત કહેવાનારા, જગતની ઉત્પત્તિ અને સંહાર કરનારા, કલ્યાણ સ્વરૂપ અને સોળ કલાઓની રચના કરી એ મહાદેવને જે જાણે છે, તે શરીરનાં બંધનોને સદાને માટે ત્યાગી દે છે અર્થાત્ જન્મ-મૃત્યુના ચક્કરથી છૂટી જાય છે.

એ જ પરમેશ્વર ત્રણ કાળથી પર, નિષ્કલ, સર્વજ્ઞ, ત્રિગુણાદીશ્વર અને સાક્ષાત્પરબ્રહ્મ-પરાત્પર બ્રહ્મ છે. સંપૂર્ણ વિશ્વ એમનું રૂપ છે. એ સૌની ઉત્પત્તિના કારણ થઈને પણ સ્વયં અજન્મા છે, સ્તુતિને યોગ્ય છે, પ્રજાઓના પાલક છે, દેવતાઓના પણ દેવતા છે, સંપૂર્ણ જગતને માટે પૂજનીય છે. પોતાના હૃદયમાં વિરાજમાન એ પરમેશ્વરની અમે ઉપાસના કરીએ છીએ. જે કાળ વગેરેથી પર, જેનાથી આ સંપૂર્ણ પ્રપંચ પ્રગટ થાય છે, જે ધર્મના પાલક, પાપના નાશક, ભોગોના સ્વામી તથા સંપૂર્ણ વિશ્વના ધામ છે, જે ઈશ્વરોના પણ પરમ મહેશ્વર, દેવતાઓના પણ પરમ દેવતા તથા પતિઓના પણ પરમપતિ છે, એ ભુવનેશ્વરોના પણ ઈશ્વર મહાદેવને અમે સૌથી પર જાણીએ છીએ. એમને શરીરરૂપ કાર્ય અને ઇન્દ્રિયો તથા મનરૂપી કારણ નથી, એમના સમાન અને એમનાથી અધિક આ જગતમાં કોઈ પણ દેખાતું નથી. જ્ઞાન, બળ અને ક્રિયારૂપ એમની સ્વાભાવિક પરાશક્તિ વેદોમાં વિવિધ પ્રકારે સાંભળવામાં આવી છે. એ જ શક્તિઓથી આ સંપૂર્ણ વિશ્વની રચના થઈ છે. એમનો કોઈ સ્વામી નથી, એમને ન તો કોઈ નિશ્ચિત ચિહ્ન છે, અને ન તો એમના પર કોઈનું શાસન છે. એ સમસ્ત કારણોના પણ કારણ થઈને જ, એમના અધીશ્વર પણ છે. એમનું કોઈ જન્મદાતા નથી, જન્મ નથી, જન્મના હેતુ માયા-મલ આદિ હેતુયે નથી. એ એક જ સંપૂર્ણ વિશ્વમાં, સમસ્ત ભૂતોમાં ગુહ્યરૂપે વ્યાપ્ત છે. તે જ સર્વભૂતોનો અંતરાત્મા અને ધર્માધ્યક્ષ કહેવાય છે. તે સર્વભૂતોમાં રહેલા છે, સર્વના દ્રષ્ટા, સાક્ષી, ચેતન અને નિર્ગુણ છે. તે એક છે, વશી છે, અનેકો વિવશાત્મા નિષ્ક્રિય પુરુષોને વશમાં કરનાર છે. તે નિત્યોના નિત્ય, ચેતનોના ચેતન છે. તે એક છે, કામનારહિત છે અને ઘણા બધા લોકોની કામના પૂર્ણ કરનારા ઈશ્વર છે. સાંખ્ય અને યોગ અર્થાત્ જ્ઞાનયોગ અને નિષ્કામ કર્મયોગથી પ્રાપ્ત કરવા યોગ્ય સૌના કારણરૂપ એ જગદીશ્વર પરમદેવને જાણીને જીવ સંપૂર્ણ પાશ (બંધન)થી મુક્ત થઈ જાય છે. તે સંપૂર્ણ વિશ્વના સ્રષ્ટા, સર્વજ્ઞ, સ્વયં જ પોતાના પ્રાગટ્યના હેતુ, જ્ઞાનસ્વરૂપ, કાળના પણ સ્રષ્ટા, સંપૂર્ણ દિવ્ય ગુણોથી સંપન્ન, પ્રકૃતિ અને જીવાત્માના સ્વામી, સમસ્ત ગુણોના શાસક, સંસારબંધનથી છોડાવનાર

છો. જે પરમ દેવે સૌથી પહેલાં બ્રહ્માજીને ઉત્પન્ન કર્યા અને સ્વયં એમને વેદોનું જ્ઞાન આપ્યું, પોતાના સ્વરૂપવિષયક બુદ્ધિને પ્રસન્ન (વિકસિત) કરનારા એ પરમેશ્વર શિવને જાણીને હું સંસાર-બંધનથી છૂટવા માટે એમને શરણે જાઉં છું.*

આ વેદાન્ત-શાસ્ત્રનું પરમ ગોપનીય જ્ઞાન છે; પૂર્વકાળમાં મને એનો ઉપદેશ થયો હતો. મેં બહુ ભારે સૌભાગ્યથી જ બ્રહ્માજીના મુખે આ જ્ઞાન મેળવ્યું હતું. જે શમ-દમથી રહિત હોય, એને આ પરમ ઉત્તમ જ્ઞાનનો ઉપદેશ ન આપવો જોઈએ. જે પોતાનો પુત્ર, સદાચારી અને શિષ્ય ન હોય તો એને પણ જ્ઞાન ન આપવું જોઈએ. જેની પરમ દેવ પરમેશ્વરમાં પરમ ભક્તિ હોય, જેવી રીતે પરમેશ્વરમાં છે તેવી જ ગુરુમાં પણ હોય એ મહાત્મા પુરુષના હૃદયમાં આ બતાવેલ રહસ્યમય અર્થ પ્રકાશિત થાય છે.+ માટે સંક્ષેપમાં આ સિદ્ધાંતની વાત સાંભળો. ભગવાન શિવ પ્રકૃતિ અને પુરુષથી પર છે. એ જ સૃષ્ટિકાળમાં જગતને રચે છે અને સંહારકાળમાં પુનઃ સૌને આત્મસાત્ કરી લે છે.

(અધ્યાય ૬)

*

* પરસ્ત્રિકાલાદકલઃ સ એવ પરમેશ્વરઃ । સર્વવિત્ ત્રિગુણાધીશો બ્રહ્મ સાક્ષાત્ પરાત્પરઃ ॥
તં વિશ્વરૂપમભવં ભવમીડ્યં પ્રજાપતિમ્ । દેવદેવં જગત્પુજ્યં સ્વચિત્તસ્થમુપાસ્મહે ॥
કાલાદિભિઃ પરો યસ્માત્ પ્રપંચઃ પરિવર્તતે । ધર્માવહં પાપનુદં ભોગેશં વિશ્વધામ ચ ॥
તમીશ્વરાણાં પરમં મહેશ્વરં તં દેવતાનાં પરમં ચ દૈવતમ્ । પતિં પતીનાં પરમં પરસ્તાદ્વિદામ દેવં ભુવનેશ્વરેશ્વરમ્ ॥
ન તસ્ય વિદ્યતે કાર્યં કારણં ચ ન વિદ્યતે । ન તત્સમોઽધિકશ્ચાપિ ક્વચિજ્જગતિ દૃશ્યતે ॥
પરાસ્ય વિવિધા શક્તિઃ શ્રુતૌ સ્વાભાવિકી શ્રુતા । જ્ઞાનં બલં ક્રિયા ચૈવ યાભ્યો વિશ્વમિદં કૃતમ્ ॥
ન તસ્યાસ્તિ પતિઃ કશ્ચિન્નૈવ લિંગં ન ચેહિતા । કારણં કારણાનાં ચ સ તેષામધિપાધિપઃ ॥
ન ચાસ્ય જનિતા કશ્ચિન્ન ચ જન્મ કૃતશ્ચન । ન જન્મહેતવસ્તદ્વન્મરણમાપદાદિ સંજ્ઞકાઃ ॥
સ એકઃ સર્વભૂતેષુ ગૂઢો વ્યાપ્તશ્ચ વિશ્વતઃ । સર્વભૂતાન્તરાત્મા ચ ધર્માધ્યક્ષઃ સ કથ્યતે ॥
સર્વભૂતાધિવાસશ્ચ સાક્ષી ચેતા ચ નિર્ગુણઃ । એકો વશી નિષ્ક્રિયાણાં બહૂનાં વિવશાત્મનામ્ ॥
નિત્યાનામપ્યસૌ નિત્યશ્ચેતનાનાં ચ ચેતનઃ । એકો બહૂનાં યઃ કામાન્ કામાનીશઃ પ્રયચ્છતિ ॥
સાંખ્યયોગાધિગમ્યં યત્ કારણં જગતાં પતિમ્ । જ્ઞાત્વા દેવં પશુઃ પાશૈઃ સર્વૈરેવ વિમુચ્યતે ॥
વિશ્વકૃદ્ વિશ્વવિત્ સ્વાત્મયોનિજ્ઞઃ કાલકૃત્ ગુણી । પ્રધાનઃ ક્ષેત્રજ્ઞપતિર્ગુણેશઃ પાશમોચકઃ ॥
બ્રહ્માણં વિદધે પૂર્વં વેદાંશ્ચોપાદિશત્સ્વયમ્ । યો દેવસ્તમહં બુદ્ધ્યા સ્વાત્મબુદ્ધિપ્રસાદતઃ ॥
મુમુક્ષુરસ્માત્ સંસારાત્ પ્રપદ્યે શરણં શિવમ્ ॥

(શિ.પુ.વા.સં.પૂ.ખં. ૬/૫૫-૬૮ ૧/૨)

+ યસ્ય દેવે પરા ભક્તિર્યથા દેવે તથા ગુરૌ । તસ્યૈતે કથિતા હ્યર્થાઃ પ્રકાશન્તે મહાત્મનઃ ॥

(શિ.પુ.વા.સં.પૂ.ખં. ૬/૭૫)

બ્રહ્માજીની મૂર્ચ્છા, એમના મુખથી રુદ્રદેવનું પ્રાગટ્ય, સપ્રાણ થયેલા બ્રહ્માજી દ્વારા આઠ નામોથી મહેશ્વરની સ્તુતિ તથા રુદ્રની આજ્ઞાથી બ્રહ્મા દ્વારા સૃષ્ટિ-રચના

તદનંતર કાલમહિમા, પ્રલય, બ્રહ્માંડની સ્થિતિ તથા સર્ગ આદિનું વર્ણન કરીને વાયુદેવતાએ કહ્યું—પહેલાં બ્રહ્માજીએ પાંચ માનસપુત્રો ઉત્પન્ન કર્યા, જે એમના જેવા જ હતા. એમનાં નામ આ પ્રકારે છે : સનક, સનંદન, વિદ્વાન સનાતન, ઋભુ અને સનત્કુમાર. એ બધાયે યોગી, વીતરાગ અને ઈર્ષ્યાદોષથી રહિત હતા. એ સૌનું મન ઈશ્વરના ચિંતનમાં લાગ્યું રહેતું હતું. એટલે એમણે સૃષ્ટિરચનાની ઇચ્છા ન કરી. સૃષ્ટિથી વિરત થઈ સનક આદિ મહાત્મા જ્યારે ચાલ્યા ગયા, ત્યારે બ્રહ્માજીએ પુનઃ સૃષ્ટિની ઇચ્છાથી બહુ ભારે તપસ્યા કરી. આ રીતે દીર્ઘકાળ સુધી તપસ્યા કરવા છતાંય જ્યારે કોઈ કાર્ય ન બન્યું, ત્યારે એમના મનમાં દુઃખ થયું. એ દુઃખથી ક્રોધ પ્રગટ થયો. ક્રોધાવિષ્ટ થવાથી બ્રહ્માજીના બંને નેત્રોમાંથી અશ્રુબિંદુઓ સરવા લાગ્યાં. આ અશ્રુબિંદુઓથી ભૂત-પ્રેત ઉત્પન્ન થયાં. અશ્રુથી ઉત્પન્ન થયેલાં બધાં ભૂતપ્રેતોને જોઈને બ્રહ્માજીએ પોતાની નિંદા કરી. એ સમયે ક્રોધ અને મોહને કારણે એમને મૂર્ચ્છા આવી ગઈ. ક્રોધથી આવિષ્ટ થયેલા પ્રજાપતિએ મૂર્ચ્છિત થવા સાથે પોતાના પ્રાણ છોડી દીધા. ત્યારે પ્રાણોના સ્વામી ભગવાન નીલલોહિત રુદ્ર અનુપમ કૃપાપ્રસાદ પ્રગટ કરવા માટે બ્રહ્માજીના મુખથી ત્યાં પ્રગટ થયા. એ જગદીશ્વર પ્રભુએ પોતાને અગિયારરૂપે પ્રગટ કર્યા. મહાદેવજીએ પોતાના તે મહામના અગિયાર સ્વરૂપોને કહ્યું—'હે બચ્ચો! મેં લોક પર અનુગ્રહ કરવા માટે તમારા લોકોની સૃષ્ટિ કરી છે, તેથી તમે આળસરહિત થઈને સંપૂર્ણ લોકની સ્થાપના, હિતસાધન તથા પ્રજા-સંતાની વૃદ્ધિ માટે પ્રયત્ન કરો.'

મહેશ્વરના આમ કહેવા પર તે રડવા લાગ્યા અને આમ તેમ દોડવા લાગ્યા. રડવાને કારણે અને દોડવાને કારણે એમનું નામ 'રુદ્ર' થયું. જે રુદ્ર છે તે નિશ્ચય જ પ્રાણ છે અને જે પ્રાણ છે, તે મહાત્મા રુદ્ર છે. ત્યારપછી બ્રહ્મપુત્ર મહેશ્વરે દયા કરીને મરી ગયેલા દેવતા પરમેષ્ઠી બ્રહ્માજીને પુનઃ પ્રાણ દાન કર્યું. બ્રહ્માજીના શરીરમાં પ્રાણસંચાર થતાં રુદ્રદેવનું મુખ પ્રસન્નતાથી ખિલી ઊઠ્યું. એ વિશ્વનાથે બ્રહ્માજીને આ ઉત્તમ વાત કરી—'હે ઉત્તમ વ્રતનું પાલન કરનાર જગદ્‌ગુરુ મહાભાગ વિરિંચ! ડરો નહિ. ડરો નહિ. મેં તમારા પ્રાણોને નૂતન જીવન પ્રદાન કર્યું છે, તેથી હવે સુખથી ઊઠો.' સ્વપ્નમાં સાંભળેલા વાક્યની જેમ એ મનોહર વચનને સાંભળીને બ્રહ્માજીએ પ્રફુલ્લ કમળ સમાન સુંદર નેત્રો દ્વારા ધીરેથી ભગવાન હર તરફ જોયું. એમના પ્રાણ પૂર્વવત્ આવી ગયા હતા. હવે બ્રહ્માજીએ બંને હાથ જોડીને સ્નેહયુક્ત ગંભીર વાણીમાં એમને કહ્યું, 'હે પ્રભો! આપ દર્શન માત્રથી મારા મનને આનંદ પ્રદાન કરી રહ્યા છો; તેથી બતાવો, આપ કોણ છો? જે સંપૂર્ણ જગતના રૂપમાં સ્થિત છે, શું એ જ ભગવાન

આપ અગિયારરૂપે પ્રગટ થયા છો?'

એમની આ બધી વાત સાંભળીને દેવતાઓના સ્વામી મહેશ્વર પોતાના પરમ સુખદાયક કરકમળો દ્વારા બ્રહ્માજીનો સ્પર્શ કરતાં બોલ્યાં—'હે દેવ! તમને જ્ઞાત હોવું જોઈએ કે હું પરમાત્મા છું અને આ સમયે તમારો પુત્ર થઈને પ્રગટ થયો છું. આ જે અગિયાર રુદ્ર છે, તે તમારી સુરક્ષા માટે અહીં આવ્યા છે. તેથી તમે મારા અનુગ્રહથી આ તીવ્ર મૂર્ચ્છાને છોડો, જાગો, ઊઠો અને પૂર્વવત્ પ્રજાની સૃષ્ટિ કરો.'

ભગવાન શિવના આમ કહેવા પર બ્રહ્માજીના મનમાં બહુ પ્રસન્નતા થઈ. એ વિશ્વાત્માએ આઠ નામ દ્વારા પરમેશ્વર શિવનું સ્તવન કર્યું.

બ્રહ્માજી બોલ્યા—હે ભગવન્! હે રુદ્ર! આપનું તેજ અસંખ્ય સૂર્યો સમાન અનંત છે. આપને નમસ્કાર છે. રસસ્વરૂપ અને જલમય વિગ્રહવાળા આપ ભવદેવતાને નમસ્કાર છે. નંદી અને સુરભિ (કામધેનુ) એ બંને આપનાં સ્વરૂપ છે. આપ પૃથ્વીરૂપધારી શર્વને નમસ્કાર છે. સ્પર્શમય વાયુરૂપવાળા આપને નમસ્કાર છે. તમે જ વસુરૂપધારી ઈશ છો. આપને નમસ્કાર છે, અત્યંત તેજસ્વી અગ્નિરૂપ આપ પશુપતિને નમસ્કાર છે. શબ્દતન્માત્રાથી યુક્ત આકાશરૂપધારી આપ ભીમદેવને નમસ્કાર છે. ઉગ્રરૂપવાળા યજમાન મૂર્તિ આપને નમસ્કાર હો. સોમરૂપ આપ અમૃતમૂર્તિ મહાદેવજીને નમસ્કાર છે. આ રીતે આઠ મૂર્તિ અને આઠ નામવાળા આપ ભગવાન શિવને મારા નમસ્કાર છે.*

આ પ્રકારે વિશ્વનાથ મહાદેવજીની સ્તુતિ કરીને લોકપિતામહ બ્રહ્માએ પ્રણામપૂર્વક એમને પ્રાર્થના કરી—'ભૂત, ભવિષ્ય અને વર્તમાનના સ્વામી મારા પુત્ર ભગવાન મહેશ્વર! હે કામનાશન! આપ સૃષ્ટિને માટે મારા શરીરમાંથી ઉત્પન્ન થયા છો; એટલે હે જગત્પ્રભો! આ મહાન કાર્યમાં સંલગ્ન થયેલા મને બ્રહ્માને આપ સર્વત્ર સહાયતા કરો અને સ્વયં પણ પ્રજાની સૃષ્ટિ કરો.'

બ્રહ્માજીએ આ પ્રકારે પ્રાર્થના કરી ત્યારે કલ્યાણકારી, ત્રિપુરનાશક રુદ્રદેવે 'બહુ સારુ' કહીને એમની વાત માની લીધી. તદનંતર પ્રસન્ન થયેલા મહાદેવજીનાં અભિનંદન કરીને સૃષ્ટિ માટે એમની આજ્ઞા મેળવીને ભગવાન બ્રહ્માએ અન્યાન્ય પ્રજાઓની સૃષ્ટિ કરવાનો આરંભ કર્યો. એમણે પોતાના મનથી જ મરીચિ, ભૃગુ, અંગિરા, પુલસ્ત્ય, પુલહ, ક્રતુ અત્રિ અને વશિષ્ઠની સૃષ્ટિ કરી. આ બધા બ્રહ્માજીના પુત્ર કહેવાય છે. ધર્મ, સંકલ્પ અને રુદ્રની સાથે એમની સંખ્યા બાર થાય છે. એ બધા પુરાણ ગૃહસ્થ છે. દેવગણોસહિત એમના બાર દિવ્ય

---

* બ્રહ્મોવાચ—
નમસ્તે ભગવન્ રુદ્ર ભાસ્કરામિતતેજસે । નમો ભવાય દેવાય રસાયામ્બુમયાત્મને ॥
શર્વાય ક્ષિતિરૂપાય નન્દીસુરભયે નમઃ । ઈશાય વસવે તુભ્યં નમઃ સ્પર્શમયાત્મને ॥
પશૂનાં પતયે ચૈવ પાવકાયાતિતેજસે । ભીમાય વ્યોમરૂપાય શબ્દમાત્રાય તે નમઃ ॥
ઉગ્રાયોગ્રસ્વરૂપાય યજમાનાત્મને નમઃ । મહાશિવાય સોમાય નમસ્ત્વમૃતમૂર્તયે ॥
(શિ.પુ.વા.સં.પૂ.ખં. ૧૨/૪૧-૪૪)

વંશ કહેવાયા છે. જે પ્રજાવાન, ક્રિયાવાન તથા મહર્ષિઓથી અલંકૃત છે. તત્પશ્ચાત્ જલપર સ્થિત થયેલા રુદ્રસહિત બ્રહ્માજીએ દેવાતાઓ, અસુરો, પિતરો અને મનુષ્યોની સૃષ્ટિ કરવાનો વિચાર કર્યો. બ્રહ્માજીએ સૃષ્ટિ માટે સમાધિસ્થ થઈને પોતાના ચિત્તને એકાગ્ર કર્યું. ત્યાર પછી મુખમાંથી દેવતાઓ. કૂખથી પિતરો, કટિના આગલા ભાગથી અસુરો અને પ્રજનનેન્દ્રિય (લિંગ)થી બધા મનુષ્યોને ઉત્પન્ન કર્યો. એમના ગુદાસ્થાનથી રાક્ષસ ઉત્પન્ન થયા, જે સદા ભૂખથી વ્યાકુળ રહે છે. એમનામાં તમોગુણ અને રજોગુણની પ્રધાનતા હોય છે. તે રાત્રે વિચરે છે અને બળવાન હોય છે. સાપ, યક્ષ, ભૂત અને ગંધર્વ એ પણ બ્રહ્માજીનાં અંગોમાંથી ઉત્પન્ન થયા. એમના પક્ષભાગમાંથી પક્ષી થયાં. વક્ષઃસ્થળથી અજંગમ (સ્થાવર) પ્રાણીઓનો જન્મ થયો. મુખથી બકરાં અને પાર્શ્વભાગથી ભુજંગમોની ઉત્પત્તિ થઈ. બંને પગથી ઘોડાઓ, હાથી, શરભ, નીલગાય, મૃગ, ઊંટ, ખચ્ચર, ન્યંકુ નામનો મૃગ તથા પશુજાતિનાં અન્યાન્ય પ્રાણીઓ ઉત્પન્ન થયાં. રોમાવલિથી ઔષધીઓ અને ફળ-મૂળનું પ્રાગટ્ય થયું. બ્રહ્માજીના પૂર્વવર્તી મુખથી ગાયત્રી છંદ, ત્રિવૃત્ સોમ, રથન્તર સામ અને અગ્નિષ્ટોમ નામના યજ્ઞની ઉત્પત્તિ થઈ. એમના દક્ષિણ મુખથી યજુર્વેદ, ત્રિષ્ટુપ છંદ, પંચદશ સ્તોમ, બૃહત્સામ અને ઉક્થ નામના યજ્ઞની ઉત્પત્તિ થઈ. એમણે પોતાના પશ્ચિમ મુખથી સામવેદ, જગતી છંદ, સપ્તદશ સ્તોમ, વૈરૂપ્ય સામ અને અતિરાત્ર નામના યજ્ઞને પ્રગટ કર્યો. એમના ઉત્તરવર્તી મુખથી એકવીશ સ્તોમ, અથર્વવેદ, આપ્તોર્યામ નામનો યમ, અનુષ્ટુપ્ છંદ અને વૈરાજ નામના સામનો પ્રાદુર્ભાવ થયો. એમનાં અંગોથી બીજાં પણ ઘણાંબધાં નાનાં મોટાં પ્રાણી ઉત્પન્ન થયાં, એમણે યક્ષ, પિશાચ, ગંધર્વ, અપ્સરાઓનો સમુદાય, મનુષ્ય કિન્નર, રાક્ષસ, પશુ, પક્ષી, મૃગ અને સર્પ આદિ સંપૂર્ણ નિત્ય અને અનિત્ય સ્થાવર-જંગમ જગતની રચના કરી. એમાંથી જેમણે જેવાં કર્મ પૂર્વ કલ્પમાં અપનાવ્યાં હતાં. પુનઃ પુનઃ સૃષ્ટિ થવા પર ફરી એ જ કર્મો અપનાવ્યાં. એ સમયે તે પૂર્વ ભાવનાથી ભાવિત થઈને હિંસા-અહિંસા યુક્ત મૃદુ-કઠોર, ધર્મ-અધર્મ તથા સત્ય અને મિથ્યા કર્મોને અપનાવતા હતા; કેમકે પહેલાંની વાસનાને અનુકૂળ કર્મ જ એમને સારાં લાગે છે.

આ પ્રકારે વિધાતાએ જ સ્વયં ઇન્દ્રિયોના વિષય, ભૂત અને શરીર વગેરેમાં વિભિન્નતા અને વ્યવહારની સૃષ્ટિ કરી છે. એ પિતામહે કલ્પના આરંભમાં દેવતા વગેરે પ્રાણીઓનાં નામ, રૂપ તથા કાર્ય-વિસ્તારને વેદોક્ત વર્ણન અનુસાર જ નિશ્ચિત કર્યા છે. ઋષિઓનાં નામ તથા જીવિકા-સાધક કર્મ પણ એમણે વેદો અનુસાર જ નિર્દિષ્ટ કર્યાં. પોતાની રાત વ્યતીત થઈ જાય ત્યારે અજન્મા બ્રહ્માએ સ્વરચિત પ્રાણીઓને એ જ નામ અને કર્મ આપ્યાં, જે પૂર્વકલ્પમાં એમને પ્રાપ્ત હતાં. જે પ્રકારે ભિન્ન-ભિન્ન ઋતુઓનું પુનઃ પુનઃ આવવું, એમનાં ચિહ્નો અને નામરૂપ આદિ પૂર્વવત્ રહે છે, એ જ પ્રકારે યુગાદિ કાળમાં પણ એમનો પૂર્વભાવ જ દૃષ્ટિગોચર થાય છે. આ પ્રકારે સ્વયંભૂ બ્રહ્માજીની લોકસૃષ્ટિ એમનાં જ વિભિન્ન અંગોથી પ્રગટ થઈ છે. મહત્થી લઈને વિશેષપર્યંત બધું

જ પ્રકૃતિનો વિકાર છે. આ પ્રાકૃત જગત ચંદ્રમા અને સૂર્યની પ્રભાથી ઉદ્ભાસિત, ગ્રહ અને નક્ષત્રોથી મંડિત, નદીઓ, પર્વતો તથા સમુદ્રોથી અલંકૃત જાતજાતનાં રમણીય નગરો અને સમૃદ્ધિશાળી જનપદોથી સુશોભિત થઈ છે. એને જ બ્રહ્માજીનું વન અથવા બ્રહ્મવૃક્ષ કહે છે.

એ બ્રહ્મવનમાં અવ્યક્ત અને સર્વજ્ઞ બ્રહ્મા વિચરે છે. તે સનાતન બ્રહ્મવૃક્ષ અવ્યક્તરૂપી બીજથી પ્રગટ અને ઈશ્વરના અનુગ્રહ પર સ્થિત છે. બુદ્ધિ એનું થડ અને મોટી મોટી ડાળીઓ છે. ઇન્દ્રિયો અંદરનાં પોલાણ છે. મહાભૂત એની સીમા છે. વિશેષ પદાર્થ એનાં નિર્મળ પાન છે. ધર્મ અને અધર્મ એનાં સુંદર ફૂલ છે. એમાં સુખ અને દુઃખરૂપી ફલ લાગે છે, તથા એ સંપૂર્ણ ભૂતોનાં જીવનનો સહારો છે. બ્રાહ્મણલોકો દ્યુલોકને એમનું મસ્તક, આકાશને નાભિ, ચંદ્રમા અને સૂર્યને નેત્ર, દિશાઓને કાન અને પૃથ્વીને પગ બતાવે છે. એ અચિન્ત્યસ્વરૂપ મહેશ્વર જ સર્વ ભૂતોના નિર્માતા છે. એમના મુખથી બ્રાહ્મણ પ્રગટ થયા. વક્ષઃસ્થળ ઉપલા ભાગથી ક્ષત્રિયોની ઉત્પત્તિ થઈ છે. બંને જાંઘોથી વૈશ્ય અને પગથી શૂદ્રો ઉત્પન્ન થયા છે. આ રીતે એમનાં અંગોથી જ સંપૂર્ણ વર્ણોનો પ્રાદુર્ભાવ થયો છે.

(અધ્યાય ૭-૧૨)

*

ભગવાન રુદ્રનું બ્રહ્માજીના મુખે પ્રગટ થવાનું રહસ્ય, રુદ્રના મહામહિમ સ્વરૂપનું વર્ણન, એમના દ્વારા રુદ્રગણોની સૃષ્ટિ તથા બ્રહ્માજીના રોકવાથી એમનું સૃષ્ટિથી વિરત થવું

ઋષિ બોલ્યા—હે પ્રભો! આપે ચતુર્મુખ બ્રહ્માના મુખથી પરમાત્મા રુદ્રદેવની સૃષ્ટિ બનાવી છે. એ વિષયમાં અમને સંશય થાય છે. જે પ્રલય કાળમાં કુપિત થઈને બ્રહ્મા, વિષ્ણુ અને અગ્નિસહિત સમસ્ત લોકોનો સંહાર કરી દે છે, જેમને બ્રહ્મા અને વિષ્ણુ ભયથી પ્રણામ કરે છે, જે લોકકલ્યાણકારી મહેશ્વરના વશમાં એ બંને સદાયે રહે છે, જે મહાદેવજીએ પૂર્વકાળમાં બ્રહ્મા અને વિષ્ણુને પોતાના શરીરથી પ્રગટ કર્યા હતા, જે પ્રભુ સદાયે એ બંનેના યોગક્ષેમનો નિર્વાહ કરનારા છે, તે આદિદેવ પુરાતન પુરુષ ભગવાન રુદ્ર અવ્યક્તજન્મા બ્રહ્માના પુત્ર શી રીતે થઈ ગયા? હે તાત! ભગવાન બ્રહ્માએ મુનિઓને જેવી વાત બતાવી હતી, તે બધી આપ માંડીને સારી રીતે કહો. ભગવાન શિવના ઉત્તમ યશનું શ્રવણ કરવા માટે અમારા હૃદયમાં ભારે શ્રદ્ધા છે.

વાયુદેવતાએ કહ્યું—હે બ્રાહ્મણો! તમે બધા લોકો જિજ્ઞાસામાં કુશળ છો, તેથી તમે આ બહુ જ ઉચિત પ્રશ્ન કર્યો છે. મેં પણ પૂર્વકાળમાં પિતામહ બ્રહ્માજી સમક્ષ આ જ પ્રશ્ન કર્યો હતો. એના ઉત્તરમાં પિતામહે મને જે કાંઈ કહ્યું હતું, એ જ હું તમને બતાવીશ. જેવી રીતે રુદ્રદેવ ઉત્પન્ન થયા અને પછી જે પ્રકારે બ્રહ્મા અને વિષ્ણુની પરસ્પર ઉત્પત્તિ થઈ એ બધા વિષય સંભળાવી રહ્યો છું. બ્રહ્મા, વિષ્ણુ અને રુદ્ર -

એ ત્રણેય કારણાત્મા છે. તે ક્રમશઃ જગતની સૃષ્ટિ, પાલન અને સંહારના હેતુ છે અને સાક્ષાત્ મહેશ્વરથી પ્રગટ થયા છે. એમનામાં પરમ ઐશ્વર્ય વિદ્યમાન છે. એ પરમેશ્વરથી ભાવિત અને એમની શક્તિથી અધિષ્ઠિત થઈને સદા એમના કાર્યમાં સમર્થ થાય છે. પૂર્વકાળમાં પિતા મહેશ્વરે જ એ ત્રણેને ત્રણ કર્મોમાં નિયુક્ત કર્યા હતા. બ્રહ્મા સૃષ્ટિ કાર્યમાં, વિષ્ણુ રક્ષણ કાર્યમાં રુદ્રની સંહારકાર્યમાં નિયુક્તિ થઈ હતી. કલ્પાન્તરમાં પરમેશ્વર શિવના પ્રસાદથી રુદ્રદેવે બ્રહ્મા અને નારાયણની સૃષ્ટિ કરી હતી. આ રીતે બીજા કલ્પમાં જગન્મય બ્રહ્માએ રુદ્ર અને વિષ્ણુને ઉત્પન્ન કર્યા હતા. પછી કલ્પાન્તરમાં ભગવાન વિષ્ણુએ પણ રુદ્ર તથા બ્રહ્માની સૃષ્ટિ કરી હતી. આ રીતે પુનઃ બ્રહ્માએ નારાયણની અને રુદ્રદેવે બ્રહ્માની સૃષ્ટિ કરી. આ પ્રકારે વિભિન્ન કલ્પોમાં બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ્વર પરસ્પર ઉત્પન્ન થાય છે અને એક-બીજાનું હિત ચાહે છે. તે તે કલ્પોના વૃત્તાંતને લઈને મહર્ષિગણ એમના પ્રભાવનું વર્ણન કર્યા કરે છે.

પ્રત્યેક કલ્પમાં ભગવાન રુદ્રના આવિર્ભાવનાં જે કારણ છે, એ બતાવી રહ્યો છું. એમના જ પ્રાદુર્ભાવથી બ્રહ્માજીની સૃષ્ટિનો પ્રવાહ અવિચ્છિન્નરૂપે ચાલતો રહે છે. બ્રહ્માંડથી ઉત્પન્ન થનારા બ્રહ્મા પ્રત્યેક કલ્પમાં પ્રજાની સૃષ્ટિ કરીને પ્રાણીઓની વૃદ્ધિ ન થવાથી જ્યારે અત્યંત દુઃખી થઈ મૂર્ચ્છિત થઈ જાય છે, ત્યારે એમનાં દુઃખોની શાંતિ અને પ્રજાવર્ગની વૃદ્ધિ માટે તે તે કલ્પોમાં રુદ્રગણોના સ્વામી કાલસ્વરૂપ નીલ-લોહિત મહેશ્વર રુદ્ર પોતાના કારણભૂત પરમેશ્વરની આજ્ઞાથી બ્રહ્માજીના પુત્ર થઈને એમના પર અનુગ્રહ કરે છે. તે જ તેજોરાશિ, અનામય, અનાદિ, અનંત, ધાતા, ભૂતસંહારક અને સર્વવ્યાપી ભગવાન ઈશ પરમ ઐશ્વર્યથી સંયુક્ત, પરમેશ્વરથી ભાવિત અને સદાયે એમની જ શક્તિથી અધિષ્ઠિત થઈ એમનાં ચિહ્ન ધારણ કરે છે. એમના નામથી પ્રસિદ્ધ થઈ એમના સમાન રૂપ ધારણ કરીને એમનાં કાર્ય કરવામાં સમર્થ થાય છે. એમનો આખો વ્યવહાર એ જ પરમેશ્વરની સમાન જ હોય છે. એ એમની આજ્ઞાના પાલક છે. હજારો સૂર્ય સમાન એમનું તેજ છે. તે અર્ધચન્દ્રને આભૂષણરૂપે ધારણ કરે છે. એમના હાર, બાજુબંધ અને કડાં સર્પમય છે. એ મુંજની મેખલા ધારણ કરે છે. જલંધર, વિરિંચ અને ઈન્દ્ર એમની સેવામાં ખડે પગે રહે છે. હાથમાં કપાલ-ખંડ એમની શોભા વધારે છે. ગંગાનાં ઊંચાં મોજાં એમના પિંગળ વર્ણવાળા કેશ અને મુખને ભીંજવે છે. એમનો કૈલાસ પર્વતના વિભિન્ન ટેકરા-પ્રદેશો તૂટી ગયેલી દાઢવાળા સિંહ આદિ વન્ય પશુઓથી આક્રાન્ત છે. એમના ડાબા કાનની પાસે ગોળાકાર કુંડળ ઝગમગી રહ્યાં છે. તે મહાન વૃષભ પર સવારી કરે છે. એમની વાણી મહાન મેઘની ગર્જના સમાન ગંભીર છે. કાંતિ પ્રચંડ અગ્નિ સમાન ઉદ્દીપ્ત છે અને બલ-પરાક્રમ પણ મહાન છે. આ રીતે બ્રહ્મપુત્ર મહેશ્વરનું વિશાળ રૂપ બહુ ભયાનક છે. એ બ્રહ્માજીએ વિજ્ઞાન આપીને સૃષ્ટિકાર્યમાં એમની સહાયતા કરે છે. તેથી રુદ્રના કૃપાપ્રસાદથી પ્રત્યેક કલ્પમાં પ્રજાપતિની પ્રજાસૃષ્ટિ પ્રવાહરૂપે નિત્ય બની રહે છે.

એક સમયે બ્રહ્માજીએ ભગવાન નીલ લોહિત રુદ્ર પાસે સૃષ્ટિ કરવાની પ્રાર્થના કરી.

ત્યારે ભગવાન રુદ્રે માનસિક સંકલ્પ દ્વારા ઘણાબધા પુરુષોની સૃષ્ટિ કરી. એ બધાય એમના જેવા જ હતા. બધાએ જટાજૂટ ધારણ કરી રાખ્યાં હતાં. બધા નિર્ભય, નીલકંઠ અને ત્રિનેત્ર હતા. જરા અને મૃત્યુ એમની પાસે પહોંચી ન શકે. ચમકતાં શૂળ એમનાં શ્રેષ્ઠ આયુધ હતાં. એ રુદ્રગણોએ સંપૂર્ણ ચૌદે જીવનોને આચ્છાદિત કરી લીધાં હતાં. એ વિવિધ રુદ્રોને જોઈને પિતામહે રુદ્રદેવને કહ્યું—'હે દેવદેવેશ્વર! આપને નમસ્કાર છે. આપ એવી પ્રજાની સૃષ્ટિ ન કરો, આપનું કલ્યાણ હો. હવે બીજી પ્રજાઓની સૃષ્ટિ કરો, જે મરણધર્મવાળી હોય.'

બ્રહ્માજીના આમ કહેવા પર પરમેશ્વર રુદ્ર એમને હસતાં હસતાં કહેવા લાગ્યા - 'મારી સૃષ્ટિ એવી નહીં હોય. અશુભ પ્રજાની સૃષ્ટિ તમે જ કરો.' બ્રહ્માને આવું કહીને ભગવાન રુદ્ર એ રુદ્રગણો સાથે પ્રજાસૃષ્ટિના કાર્યથી નિવૃત્ત થઈ ગયા. (અધ્યાય ૧૩-૧૪)

*

બ્રહ્માજી દ્વારા અર્ધનારીશ્વરરૂપની સ્તુતિ તથા એ સ્તોત્રનો મહિમા

વાયુદેવ કહે છે—જ્યારે ફરી બ્રહ્માજીની રચેલી પ્રજા વધી ન શકી, ત્યારે એમણે પુનઃ મૈથુની સૃષ્ટિ કરવાનો વિચાર કર્યો. એ પહેલાં ઈશ્વરથી નારીઓનો સમુદાય પ્રગટ થયો ન હતો. એટલા માટે ત્યાં સુધી પિતામહ મૈથુની સૃષ્ટિ કરી શક્યા ન હતા. ત્યારે એમણે મનમાં એવા વિચારને સ્થાન આપ્યું, જે નિશ્ચિતરૂપે એમના મનોરથની સિદ્ધિમાં સહાયક થાય, એમણે વિચાર્યું કે પ્રજાની વૃદ્ધિ માટે પરમેશ્વરને જ પૂછવું જોઈએ; કેમકે એમની કૃપા વિના આ પ્રજાઓ વધી નહીં શકે. આવું વિચારીને વિશ્વાત્મા બ્રહ્માએ તપસ્યા કરવાની તૈયારી કરી. ત્યારે જે આદ્યા, અનંતા, લોકભાવિની, સૂક્ષ્મતરા, શુદ્ધા, ભાવગમ્યા, મનોહરા, નિર્ગુણા, નિષ્પ્રપંચા, નિષ્કલા, નિત્યા તથા સદા ઈશ્વર પાસે રહેનારાં જે એમની પરમા શક્તિ છે, એમનાથી યુક્ત ભગવાન ત્રિલોચનનું પોતાના હૃદયમાં ચિંતન કરતાં બ્રહ્માજી બહુ ભારે તપસ્યા કરવા લાગ્યા. તીવ્ર તપસ્યામાં લાગેલા પરમેષ્ઠી બ્રહ્મા પર એમના પિતા મહાદેવજી થોડા જ સમયમાં સંતુષ્ટ થઈ ગયા. તદનંતર અનિર્વચનીય અંશથી કોઈ અદ્‌ભુત મૂર્તિમાં આવિષ્ટ થઈને ભગવાન મહાદેવ અર્ધા શરીરે નારી અને અર્ધા શરીરે ઈશ્વર થઈને સ્વયં બ્રહ્માજી પાસે ગયા. એ

સર્વવ્યાપી, સર્વકાંઈ આપનારા, સત્-અસત્થી રહિત, સમસ્ત ઉપમાઓથી શૂન્ય, શરણાગતવત્સલ અને સનાતન શિવને દંડવત્ પ્રણામ કરીને બ્રહ્માજી ઊઠ્યા અને હાથ જોડીને મહાદેવજી તથા મહાદેવી પાર્વતીની સ્તુતિ કરવા લાગ્યા.

બ્રહ્મા બોલ્યા—હે દેવ! હે મહાદેવ! આપનો જય હો. હે ઈશ્વર! હે મહેશ્વર! આપનો જય હો. હે સર્વગુણશ્રેષ્ઠ શિવ! આપનો જય હો. હે સંપૂર્ણ દેવતાઓના સ્વામી શંકર! આપનો જય હો. પ્રકૃતિરૂપિણી કલ્યાણમયી ઉમે! આપનો જય હો. હે પ્રકૃતિની નાયિકે! આપનો જય હો. હે પ્રકૃતિથી દૂર રહેનારાં દેવી! આપનો જય હો. હે પ્રકૃતિ સુન્દરિ! આપનો જય હો. હે અમોઘ મહામાયા અને સફળ મનોરથવાળા દેવ! આપનો જય હો. જય હો. અમોઘ મહાલીલા અને ક્યારેય વ્યર્થ ન જવાવાળા મહાબલથી યુક્ત હે પરમેશ્વર! આપનો જય હો. જય હો. સંપૂર્ણ જગતની માતા ઉમે! આપનો જય હો. જય હો. હે વિશ્વજગન્મયે! આપનો જય હો. હે વિશ્વજગદ્ધાત્રિ! આપનો જય હો. હે સમસ્ત-સંસારની સખી-સહાયકે! આપનો જય હો. હે પ્રભો! આપનાં ઐશ્વર્ય તથા ધામ બંને સનાતન છે. આપની જય હો, જય હો. આપનું રૂપ અને અનુચર-વર્ગ પણ આપની જેમ જ સનાતન છે. આપનો જય હો, જય હો. પોતાનાં ત્રણે રૂપો દ્વારા ત્રણે લોકોનું નિર્માણ, પાલન અને સંહાર કરનારાં હે દેવી! આપનો જય હો, જય હો, જય હો. ત્રણે લોકો અથવા આત્મા, અંતરાત્મા અને પરમાત્મા ત્રણે આત્માની હે નાયિકે! આપની જય હો. હે પ્રભો! જગતનાં કારણ તત્ત્વોનો પ્રાદુર્ભાવ અને વિસ્તાર આપની કૃપાદૃષ્ટિને જ અધીન છે, આપનો જય હો. પ્રલયકાળમાં આપની ઉપેક્ષાયુક્ત કટાક્ષપૂર્ણ દૃષ્ટિથી જે ભયાનક આગ પ્રગટ થાય છે, એ દ્વારા આખું જગત, ભૌતિક જગત ભસ્મ થઈ જાય છે. આપનો જય હો.

હે દેવી! આપના સ્વરૂપનું સમ્યક્ જ્ઞાન દેવતા વગેરે માટે પણ અસંભવ છે. આપનો જય હો. આપ આત્મતત્ત્વના સૂક્ષ્મ જ્ઞાનથી પ્રકાશિત થાઓ છો. આપનો જય હો. હે ઈશ્વરિ! આપે સ્થૂળ આત્મશક્તિથી ચરાચર જગતને વ્યાપ્ત કરી રાખ્યું છે. આપનો જય હો, જય હો. હે પ્રભો! વિશ્વનાં તત્ત્વોનો સમુદાય અનેક અને એકરૂપે આપના જ આધાર પર સ્થિત છે. આપનો જય હો. આપના શ્રેષ્ઠ સેવકોનો સમૂહ મોટા મોટા અસુરોનાં મસ્તક પર પગ રાખે છે. આપનો જય હો. શરણાગતોની રક્ષા કરવામાં અતિશય સમર્થ હે પરમેશ્વરિ! આપનો જય હો. સંસારરૂપી વિષવૃક્ષના ઊગનારા અંકુરોનું ઉન્મૂલન કરનારાં હે ઉમે! આપનો જય હો. પ્રાદેશિક ઐશ્વર્ય, વીર્ય અને શૌર્યનો વિસ્તાર કરનારા હે દેવ! આપનો જય હો. વિશ્વથી પરે વિદ્યમાન હે દેવ! આપે પોતાના વૈભવથી બીજાઓના વૈભવને તિરસ્કૃત કરી દીધો છે. આપની જય હો. પંચવિધ મોક્ષરૂપ પુરુષાર્થના પ્રયોગ દ્વારા પરમાનંદમય અમૃતની પ્રાપ્તિ કરાવનારા હે પરમેશ્વર! આપનો જય હો. પંચવિધ પુરુષાર્થના વિજ્ઞાનરૂપ અમૃતથી પરિપૂર્ણ સ્તોત્ર સ્વરૂપિણી હે પરમેશ્વરિ! આપનો જય હો. અત્યંત ભયાનક સંસારરૂપી મહારોગને દૂર કરનારા હે વૈદ્યશિરોમણિ! આપનો જય હો. અનાદિ કર્મમલ

અને અજ્ઞાનરૂપી અંધકારરાશિને દૂર કરનારાં ચંદ્રિકા રૂપિણી શિવે! આપનો જય હો. ત્રિપુરનો વિનાશ કરવા માટે કાલાગ્નિ સ્વરૂપ હે મહાદેવ! આપનો જય હો. હે ત્રિપુરભૈરવિ! આપનો જય હો. ત્રણે ગુણોથી મુક્ત હે મહેશ્વર! આપનો જય હો. ત્રણે ગુણોનું મર્દન કરનારાં હે મહેશ્વરિ! આપનો જય હો. હે આદિ સર્વજ્ઞ! આપનો જય હો. સર્વને જ્ઞાન દેનારાં હે દેવી! આપનો જય હો. પ્રચુર દિવ્ય અંગોથી સુશોભિત હે દેવ! આપનો જય હો. મનોવાંછિત વસ્તુ દેનારાં હે દેવી! આપનો જય હો. હે ભગવન્! હે દેવ! ક્યાં તો આપનું ઉત્કૃષ્ટ ધામ અને ક્યાં મારી તુચ્છ વાણી, તથાપિ ભક્તિભાવથી પ્રલાપ કરતા મને સેવકના અપરાધને આપ ક્ષમા કરી દેજો."

આ રીતે સુંદર ઉક્તિઓ દ્વારા ભગવાન રુદ્ર અને દેવીનું એકસાથે ગુણગાન કરીને ચતુર્મુખ બ્રહ્માએ રુદ્ર અને રુદ્રાણીને વારંવાર નમસ્કાર કર્યા. બ્રહ્માજી દ્વારા પઠિત આ પવિત્ર અને ઉત્તમ અર્ધ નારીશ્વર-સ્તોત્ર શિવ તથા પાર્વતીના હર્ષને વધારનારું છે. જે ભક્તિપૂર્વક જે કોઈ પણ ગુરુની શિક્ષાથી આ સ્તોત્રનો પાઠ કરે છે, તે શિવ અને પાર્વતીને પ્રસન્ન કરવાને કારણે પોતાના અભીષ્ટ ફળને પ્રાપ્ત કરી લે છે. જે સમસ્ત ભુવનોનાં પ્રાણીઓને ઉત્પન્ન કરનારાં છે, જેમનો વિગ્રહ જન્મ અને મૃત્યુથી રહિત છે તથા શરીર ધારણ કરીને સ્થિત છે, એ કલ્યાણકારી ભગવાન શિવ અને શિવાને હું પ્રણામ કરું છું.

(અધ્યાય-૧૫)

*

* અર્થોવાચ—

જય દેવ મહાદેવ જયેશ્વર મહેશ્વર । જય સર્વગુણશ્રેષ્ઠ જય સર્વસુરાધિપ ॥
જય પ્રકૃતિ કલ્યાણિ જય પ્રકૃતિનાયિકે । જય પ્રકૃતિહૂરે ત્વં જય પ્રકૃતિસુન્દરિ ॥
જયામોઘમહાનાથ જયામોઘમનોરમ । જયામોઘમહાલીલ જયામોઘમહાબલ ॥
જય વિશ્વજગન્માતર્જય વિશ્વજગન્મયિ । જય વિશ્વજગદ્ધાત્રિ જય વિશ્વજગત્સખિ ॥
જય શાશ્વતિ કૈવર્યે જય શાશ્વતિકાલગ । જય શાશ્વતિકાકાર જય શાશ્વતિ કાનુગ ॥
જયાત્મત્રયનિર્માત્રિજયાત્મત્રયકારિણિ । જયાત્મત્રયસંહર્ત્રિ જયાત્મત્રયનાયિકે ॥
જયાવલોકનાયત્ત જગત્કારણભૂતયા । જયાપેક્ષાકટાક્ષોત્થસુતલુપ્તલુકતલૌતિક ॥
જય દેવાધિદેવેયે સ્વાત્મસૂક્ષ્મદયોજ્જ્વલે । જય સ્થૂલતનુશક્ત્યેશો જય વ્યાપ્ત ચરાચરે ॥
જય નાનૈકવિન્યસ્તવિચિત્રત્યસમુચ્ચ । જયસ્તુરશિરોનિષ્ક શ્રેષ્ઠાનુગકદમ્બક ॥
જયોપાશ્રિતસંરક્ષાસંવિધાનપટીયસિ । જયોન્મૂલિતસંસાર વિષવૃક્ષાંકુરોદ્ગમે ॥
જય પ્રાદેશિકૈશ્વર્યરીર્યસૌર્યવિજૃમ્ભ । જય વિશ્વવલિમૃત નિરસ્ત પર વૈભવ ॥
જય પ્રકીર્તયેયાર્થપ્રયોનપરમ્મૃત । જય પેયાપેવિજ્ઞાનસુપારસ્તોત્ર સ્વરૂપિણિ ॥
જયાતિપોરસંસારમહારોગનિષગ્વર । જયાગાદિનિલાજ્ઞાન તમઃ પટલચન્દ્રિકે ॥
જય ત્રિપુરમાલાઢ્યે જય ત્રિપુરભૈરવિ । જય ત્રિગુણનિર્મુક્ત જયત્રિગુણમર્દિનિ ॥
જય પ્રથમ સર્વજ્ઞ જય સર્વજ્ઞમોદિકે । જય પ્રચુરદિવ્યાંગ જય પ્રાર્થિતદાયિનિ ॥
ક્વ દેવ તે પરં ધામ ક્વ ચ તુચ્છે ગિરં મમ । તથાપિ ભક્તિભાવેન પ્રલપન્તં ક્ષમસ્વ મામ્ ॥

(શિ.પુ.વા.સં.પૂ.ખં. ૧૫/૧૬થી ૩૧)

મહાદેવજીના શરીરમાંથી દેવીનું પ્રાગટ્ય અને દેવીના ભ્રૂમધ્યભાગમાંથી શક્તિનો પાદુર્ભાવ

વાયુદેવતા કહે છે—તદનંતર મહાદેવજી મહામેઘની ગર્જના સમી મધુર-ગંભીર, મંગલદાયિની અને મનોહર વાણીમાં બોલ્યા—'હે બ્રહ્મન્! તમે આ સમયે પ્રજાજનોની વૃદ્ધિ માટે જ તપસ્યા કરી છે. તમારી આ તપસ્યાથી હું સંતુષ્ટ છું અને તમને અભીષ્ટ વરદાન આપું છું.' આ પ્રકારે પરમ ઉદાર અને સ્વભાવતઃ મધુર વચન કહીને દેવેશ્વર હરે પોતાના શરીરના ડાબા ભાગથી દેવી રુદ્રાણીને પ્રગટ કર્યાં. જે દિવ્ય ગુણસંપન્ના દેવીને બ્રહ્મવેત્તા પુરુષ પરમાત્મા શિવની પરાશક્તિ કહે છે તથા જેમનામાં જન્મ, મૃત્યુ અને જરા વગેરેનો વિકારોનો પ્રવેશ નથી, તે ભવાની એ સમયે શિવના અંગમાંથી પ્રગટ થયાં. જેમનો પરમભાવ દેવતાઓને પણ જ્ઞાત નથી, એ સમસ્ત દેવતાઓનાં પણ અધિશ્વરી દેવી પોતાના સ્વામીના અંગથી પ્રગટ થયાં. એ સર્વલોક-મહેશ્વરી પરમેશ્વરીને જોઈને વિરાટ્ પુરુષ બ્રહ્માએ પ્રણામ કર્યા અને એ સર્વજ્ઞા, સર્વવ્યાપિની, સૂક્ષ્મા, સદસદ્ભાવથી રહિત અને પોતાની પ્રભાથી આ સંપૂર્ણ જગતને પ્રકાશિત કરનારાં પરાશક્તિ મહાદેવીની આ પ્રકારે પ્રાર્થના કરી.

બ્રહ્માજી બોલ્યા—સર્વજગન્મયી હે દેવી! મહાદેવજીએ સૌથી પહેલાં મને ઉત્પન્ન કર્યો અને પ્રજાની સૃષ્ટિના કાર્યમાં લગાડ્યો. એમની આજ્ઞાથી હું સમસ્ત જગતની સૃષ્ટિ કરું છું. કિંતુ હે દેવી! મારા માનસિક સંકલ્પથી રચાયેલા દેવતા આદિ સમસ્ત પ્રાણી વારંવાર સૃષ્ટિ કરવાથી પણ વધી નથી રહ્યા. તેથી હવે હું મૈથુની સૃષ્ટિ કરીને જ પોતાની આખી પ્રજાને વધારવા ચાહું છું. આપના પહેલાં નારીકુળનો પ્રાદુર્ભાવ થયો જ નથી. એટલા માટે નારીકુળની સૃષ્ટિ કરવા માટે મુજમાં શક્તિ નથી, સંપૂર્ણ શક્તિઓનો આવિર્ભાવ આપથી જ થાય છે. તેથી સર્વત્ર સૌને બધી જ પ્રકારની શક્તિ દેનારાં આપ વરદાયિની માયા દેવેશ્વરીને જ પ્રાર્થના કરું છું, સંસારભયને દૂર કરનારાં સર્વવ્યાપિની હે દેવી! આ ચરાચર જગતની વૃદ્ધિ માટે આપ

પોતાના એક અંશથી મારા પુત્ર દક્ષની પુત્રી થઈ જાઓ.

બ્રહ્મયોનિ બ્રહ્માની આ પ્રકારની યાચના કરવા પર દેવી રુદ્રાણીએ પોતાની ભ્રમરોના મધ્ય ભાગમાંથી પોતાના સમાન કાંતિમયી એક શક્તિ પ્રગટ કરી. એને જોઈને દેવદેવેશ્વર હરે હસતાં હસતાં કહ્યું—'તમે તપસ્યા દ્વારા બ્રહ્માજીની

આરાધના કરીને એમનો મનોરથ પૂર્ણ કરો.' પરમેશ્વર શિવની આ આજ્ઞાને શિરોધાર્ય કરીને તે દેવી બ્રહ્માજીની પ્રાર્થના અનુસાર દક્ષની પુત્રી થઈ ગઈ. આ રીતે બ્રહ્માજીએ બ્રહ્મરૂપિણી અનુપમ શક્તિ આપીને દેવી શિવા મહાદેવજીના શરીરમાં સમાઈ ગયાં. પછી મહાદેવજી પણ અંતર્ધાન થઈ ગયા. ત્યારથી આ જગતની અંદર સ્ત્રીજાતિમાં ભોગ પ્રતિષ્ઠિત થયો અને મૈથુન દ્વારા પ્રજાની સૃષ્ટિનું કાર્ય ચાલવા લાગ્યું. હે મુનિવરો! આથી બ્રહ્માજીને પણ આનંદ અને સંતોષ પ્રાપ્ત થયા. દેવી પાસેથી શક્તિનો પ્રાદુર્ભાવનો આખો પ્રસંગ મેં તમને કહી સંભળાવ્યો. પ્રાણીઓના સૃષ્ટિ પ્રસંગમાં આ વિષયનું વર્ણન કરવામાં આવ્યું. આ પુણ્યની વૃદ્ધિ કરનાર છે, તેથી અવશ્ય સાંભળવાયોગ્ય છે. જે પ્રતિદિન દેવીથી શક્તિના પ્રાદુર્ભાવની આ કથાનું કીર્તન કરે છે, એને સર્વ પ્રકારનું પુણ્ય પ્રાપ્ત થાય છે તથા જે શુભલક્ષણ પુત્ર પામે છે.

(અધ્યાય-૧૬)

*

ભગવાન શિવનું પાર્વતી તથા પાર્ષદો સાથે મંદરાચલ પર જઈને રહેવું, શુંભ-નિશુંભના વધ માટે બ્રહ્માજીની પ્રાર્થનાથી શિવનું પાર્વતીને 'કાલી' કહીને કુપિત કરવી અને કાલીનું "ગૌરી" થવા માટે તપસ્યા નિમિત્ત જવાની આજ્ઞા માગવી

વાયુદેવતા કહે છે—આ રીતે મહાદેવજી પાસેથી જ સનાતન પરાશક્તિ મેળવીને પ્રજાપતિ બ્રહ્મા મૈથુની સૃષ્ટિ કરવાની ઇચ્છા લઈને સ્વયં પણ અર્ધા શરીરથી અદ્‌ભુત નારી અને અર્ધા શરીરથી પુરુષ થઈ ગયા. અર્ધા શરીરથી જે નારી ઉત્પન્ન થઈ, તે એમનાથી શતરૂપા જ પ્રગટ થયાં હતાં. બ્રહ્માજીએ પોતાના અર્ધા પુરુષ શરીરથી વિરાટને ઉત્પન્ન કર્યા. એ વિરાટ પુરુષ જ સ્વાયંભુવ મનુ કહેવાયા. દેવી શતરૂપાએ અત્યંત દુષ્કર તપસ્યા કરીને ઉદ્દીપ્ત યશવાળા મનુને પતિરૂપે પ્રાપ્ત કર્યા.

એ પછી મનુનો વંશ તથા દક્ષ યજ્ઞ-ધ્વંસ વગેરે પ્રસંગ સંભળાવીને વાયુદેવતાએ એ બતાવ્યું કે ભગવાન શંકરે દક્ષ તથા દેવતાઓના અપરાધ ક્ષમા કરી દીધા.

ત્યાર બાદ ઋષિઓએ પૂછ્યું—હે પ્રભો! પોતાના ગણો તથા દેવો સાથે અંતર્ધાન થઈને ભગવાન શિવ ક્યાં ગયા, ક્યાં રહ્યા અને શું કરીને વિરત થયા?

વાયુદેવ બોલ્યા—હે મહર્ષિઓ! પર્વતોમાં શ્રેષ્ઠ અને વિચિત્ર કંદરાઓથી સુશોભિત જે પરમ સુંદર મંદરાચલ છે, તે જ પોતાની તપસ્યાના પ્રભાવથી દેવાધિદેવ મહાદેવજીનું પ્રિય નિવાસસ્થાન થયું. એણે પાર્વતી અને શિવને પોતાના મસ્તક પર ભાર વહેવા બહુ ભારે તપ કર્યું હતું અને દીર્ઘકાળ બાદ એને એમનાં ચરણારવિન્દોના સ્પર્શનું સુખ પ્રાપ્ત થયું હતું. એ પર્વતના સૌંદર્યનું વિસ્તારપૂર્વક વર્ણન

કરવા હજારો મુખોથી કરોડો વર્ષોમાં પણ ન થઈ શકે. એની સામે સમસ્ત પર્વતોનું સૌંદર્ય તુચ્છ થઈ જાય છે. એટલા માટે મહાદેવજીએ દેવીનું પ્રિય કરવાની ઇચ્છાથી આ અત્યંત રમણીય પર્વતને પોતાનું અંતઃપુર બનાવી લીધું હતું. આ સર્વશ્રેષ્ઠ પર્વતનું સ્મરણ કરીને રૈભ્ય આશ્રમ પાસે સ્થિત થયેલ અંબિકાસહિત ભગવાન ત્રિલોચન ત્યાંથી અંતર્ધાન થઈને ચાલ્યા ગયા. મંદરાચલના ઉદ્યાનમાં પહોંચીને દેવીસહિત મહેશ્વર ત્યાંની રમણીય તથા દિવ્ય અંતઃપુર ભૂમિઓમાં રમણ કરવા લાગ્યા.

જ્યારે આ રીતે થોડો સમય વીતી ગયો અને બ્રહ્માજીની મૈથુની સૃષ્ટિ દ્વારા જ્યારે પ્રજાઓમાં વૃદ્ધિ થઈ ગઈ, ત્યારે શુંભ અને નિશુંભ નામના બે દૈત્યો ઉત્પન્ન થયા. એ પરસ્પર ભાઈ હતા. એમના તપોબળથી પ્રભાવિત થઈને પરમેષ્ઠીએ બંને ભાઈઓને એ વરદાન આપેલું કે, 'આ જગતનો કોઈ પણ પુરુષ તને મારી શકે નહીં.' એ બંનેએ બ્રહ્માજીને એ પ્રાર્થના કરી હતી કે, 'પાર્વતી દેવીના અંશથી જે અયોનિજા કન્યા ઉત્પન્ન થાય, જેને પુરુષનો સ્પર્શ તથા રતિ પ્રાપ્ત ન થયાં હોય અને જે અલંધ્ય પરાક્રમથી સંપન્ન હોય, એના પ્રત્યે કામભાવથી પીડિત થવાથી અમે યુદ્ધમાં એને જ હાથે માર્યા જઈએ.' એમની એ પ્રાર્થના પર બ્રહ્માજીએ 'તથાસ્તુ' કહીને સ્વીકૃતિ આપી દીધી. ત્યારથી યુદ્ધમાં ઇન્દ્ર વગેરે દેવતાઓને જીતીને એ બંનેએ જગતને અનીતિપૂર્વક વેદોનો સ્વાધ્યાય અને વષટ્કાર(યજ્ઞ) વગેરેથી રહિત કરી દીધું. ત્યારે બ્રહ્માજીએ એ બંનેના વધને માટે દેવેશ્વર શિવને પ્રાર્થના કરી—'હે પ્રભો! આપ એકાંતમાં દેવીની નિંદા કરીને પણ ગમે તેમ કરીને એમને ક્રોધ કરાવો અને એમના રૂપ-રંગની નિંદાથી ઉત્પન્ન થઈ, કામભાવથી રહિત, કુમારી સ્વરૂપા શક્તિને શુંભ અને નિશુંભના વધ માટે દેવતાઓને અર્પિત કરો.'

બ્રહ્માજીની આ રીતની પ્રાર્થનાથી ભગવાન નીલલોહિત રુદ્ર એકાંતમાં પાર્વતીની નિંદા કરતાં હસીને બોલ્યા - 'તું તો કાલી છે' ત્યારે સુંદર વર્ણવાળાં દેવી પાર્વતી પોતે શ્યામવર્ણનાં છે એવો આક્ષેપ સાંભળીને કુપિત થઈ ગયાં અને પતિદેવને હસીને સમાધાનરહિત વાણી દ્વારા બોલ્યાં.

દેવીએ કહ્યું—હે પ્રભો! જો આપને મારા આ કાળા રંગ ઉપર પ્રેમ નથી તો આટલા લાંબા સમયથી તમારી શિક્ષાનું આપ દમન શા માટે કરતા રહ્યા? કોઈ સ્ત્રી કેટલીય સર્વાંગ-સુંદરી કેમ ન હોય, જો એના પર પતિનો અનુરાગ ન થયો તો અન્ય સમસ્ત ગુણો સાથે એનો જન્મ લેવો જ વ્યર્થ થઈ જાય છે. સ્ત્રીઓની આ દૃષ્ટિ જ પતિના ભોગનું પ્રધાન અંગ છે. જો એનાથી એ વંચિત રહી ગઈ તો એનો બીજે ક્યાં ઉપયોગ થઈ શકવાનો હતો? એટલા માટે આપે એકાંતમાં જેની નિંદા કરી છે, એ વર્ણનો ત્યાગ કરીને હું બીજો વર્ણ ગ્રહણ કરીશ અથવા સ્વયં જ નહીં રહું.

આવું કહીને દેવી પાર્વતી ચાલ્યાં ગયાં થઈ ગયાં અને તપસ્યા માટે દૃઢ નિશ્ચય કરીને ગદ્‌ગદ કંઠે જવાની આજ્ઞા માગી.

આ પ્રકાર પ્રેમ ભંગ થવાથી ભયભીત થઈને ભૂતનાથ ભગવાન શિવ સ્વયં ભવાનીને પ્રણામ કરતાં બોલ્યા—

ભગવાન શિવે કહ્યું—હે પ્રિયે! મેં ક્રીડા અથવા મનોવિનોદ માટે જ આ વાત કહી છે. મારા આ અભિપ્રાય જ જાણીને તમે કુપિત શા માટે થઈ ગયાં? જો તમારા ઉપર જ મારો પ્રેમ નહીં હોય તો બીજા કોના પર હોઈ શકે! તમે આ જગતની માતા છો તથા હું પિતા તથા અધિપતિ છું પછી તમારા ઉપર મારો પ્રેમ ન હોય એ શી રીતે સંભવી શકે. આપણા બેનો એ પ્રેમ પણ શું કામદેવની પ્રેરણાથી થયો છે, કદાપિ નહીં, કેમકે કામદેવની ઉત્પત્તિથી પણ પહેલાં જ જગતની ઉત્પત્તિ થઈ છે. કામદેવની સૃષ્ટિ તો મેં સાધારણ લોકોની રતિ માટે કરી છે. કામદેવ મને સાધારણ દેવતા સમાન માનીને મારો થોડો-થોડો તિરસ્કાર કરવા લાગ્યો હતો, તેથી મેં એને ભસ્મ કરી દીધો. આપણા બંનેનો આ લીલાવિહાર પણ જગતની રક્ષા માટે જ છે, માટે એ જ કારણે મેં તમારા પ્રત્યે પરિહાસયુક્ત વાત કહી હતી. મારા આ કથનની સત્યતા તમે શીઘ્ર જ જાણી શકશો.

દેવીએ કહ્યું—હે ભગવન્! પતિના પ્યારથી વંચિત થઈ જવાથી નારી પોતાના પ્રાણનો પણ પરિત્યાગ કરી દેતી નથી, તે કુલાંગના અને શુભલક્ષણા હોવા છતાં પણ સત્પુરુષો દ્વારા નિંદિત જ જવાય છે. મારું શરીર ગૌર વર્ણનું નથી, એ વાતને લઈને તમને બહુ ખેદ થાય છે, નહીં તો ક્રીડા અથવા પરિહાસમાં પણ તમે મને 'કાળી-કલૂટી' કહો એ કેવી રીતે સંભવે - મારું કાળાપણું આપને પ્રિય નથી, એટલા માટે તો સત્પુરુષો દ્વારા પણ નિંદિત છે; તેથી તપસ્યા દ્વારા એનો ત્યાગ કર્યા વિના હવે હું અહીં નહીં રહી શકું.

શિવ બોલ્યા—જો તમારી શ્યામતાને લઈને તમને આ રીતે સંતાપ થઈ રહ્યો છે તો એ માટે તપસ્યા કરવાની શી જરૂર છે? તમે મારી અથવા તમારી પોતાની ઇચ્છા માત્રથી બીજા વર્ણથી યુકત થઈ જાઓ.

દેવીએ કહ્યું—આપની પાસેથી હું રંગનું પરિવર્તન નથી ચાહતી. સ્વયં પણ એ બદલવા સંકલ્પ નથી કરી શકતી. હવે તો તપસ્યા દ્વારા બ્રહ્માજીની આરાધના કરીને જ હું શીઘ્ર ગૌરી થઈ જઈશ.

શિવ બોલ્યા—હે મહાદેવી! પૂર્વકાળમાં મારી જ કૃપાથી બ્રહ્માને બ્રહ્મપદની પ્રાપ્તિ થઈ હતી. તેથી તપસ્યા દ્વારા એમને બોલાવીને તમે શું કરશો?

દેવીએ કહ્યું—એમાં સંદેહ નથી કે બ્રહ્મા વગેરે સમસ્ત દેવતાઓને આપની પાસેથી જ પદોની પ્રાપ્તિ થઈ છે, તથાપિ આપની આજ્ઞા મેળવીને હું તપસ્યા દ્વારા બ્રહ્માજીની આરાધના કરીને જ મારું અભીષ્ટ સિદ્ધ કરવા ચાહું છું. પૂર્વકાળમાં જ્યારે હું સતીના નામથી દક્ષની પુત્રી થઈ હતી, ત્યારે તપસ્યા દ્વારા જ મેં આપ જગદીશ્વરને પતિરૂપે પ્રાપ્ત કર્યા હતા. આ પ્રકારે આજે પણ તપસ્યા દ્વારા પ્રભુ બ્રહ્માને સંતુષ્ટ કરીને ગૌરી થવા ચાહું છું. એવું કરવામાં શો દોષ છે? એ તો કહો.

મહાદેવીના આવા કથન પર વામદેવ હસતાં હસતાં ચૂપ રહી ગયા. દેવતાઓનું કાર્ય સિદ્ધ કરવાની ઇચ્છાથી એમણે દેવીને રોકવા માટે કંઈ ન કરી. (અધ્યાય ૧૭-૨૪)

*

પાર્વતીની તપસ્યા, એક વાઘ પર એમની કૃપા, બ્રહ્માજીનું એમની પાસે આવવું, દેવી સાથે એમનો વાર્તાલાપ, દેવી દ્વારા કાળી ત્વચાનો ત્યાગ, એમનાથી કૃષ્ણવર્ણા કુંવારી કન્યાના રૂપે ઉત્પન્ન થયેલી કૌશિકી દ્વારા શુંભ-નિશુંભનો વધ

વાયુદેવ કહે છે—'હે મહર્ષિઓ! તદનંતર પતિવ્રતા માતા પાર્વતી પતિની પરિક્રમા કરીને એમના વિયોગથી થનારા દુઃખને કોઈ પણ પ્રકારે રોકીને હિમાલય પર્વત પર ચાલ્યાં ગયાં. એમણે પહેલાં સખીઓ સાથે જે સ્થાન પર તપ કર્યું હતું, એ સ્થાન સાથે એમને મમતા થઈ ગઈ. તેથી ફરી એમણે એ જ સ્થાનની પસંદગી કરી. તદનંતર માતા-પિતાને ઘેર જઈ એમનાં દર્શન અને પ્રણામ કરીને એમણે બધા સમાચાર કહ્યા, એમની આજ્ઞા લઈને એમણે બધાં ઘરેણાં કાઢી નાખ્યાં અને પછી તપોવનમાં જઈ સ્નાન પછી તપસ્વીનો પરમ પાવન વેશ ધારણ કરીને અત્યંત તીવ્ર અને પરમ દુષ્કર તપસ્યા કરવાનો સંકલ્પ કર્યો. તે મનમાં ને મનમાં સદા પતિના ચરણારવિંદોનું ચિંતન કરતાં કોઈ લૌકિક લિંગમાં એમનું ધ્યાન કરીને પૂજનની બાહ્ય વિધિ અનુસાર જંગલનાં ફળ-ફૂલ વગેરે ઉપકરણો દ્વારા ત્રણે સમયે એમનું પૂજન કરતાં હતાં. ભગવાન શંકર જ બ્રહ્માનું રૂપ ધારણ કરીને મારી તપસ્યાનું ફળ મને આપશે.' એવો દૃઢ વિશ્વાસ રાખીને તે પ્રતિદિન તપસ્યામાં લાગ્યાં રહેતાં. આ રીતે જ્યારે તપસ્યા કરતાં કરતાં બહુ સમય વીતી ગયો, ત્યારે એક દિવસ એમની પાસે કોઈ બહુ મોટો વાઘ જોવામાં આવ્યો. એ દુષ્ટભાવથી ત્યાં આવ્યો હતો. પાર્વતીજીની પાસ આવતાં જ એ દુરાત્માનું શરીર જડવત્ થઈ ગયું. તે એમની સમીપ ચિત્રલિખિત - જેવો દેખાવા લાગ્યો. દુષ્ટભાવથી પાસે આવેલા એ વાઘને જોઈને પણ દેવી પાર્વતી સાધારણ નારીની જેમ સ્વભાવથી વિચલિત ન થયાં. એ વાઘનાં બધાં જ અંગો જકડાઈ ગયાં. તે ભૂખથી અત્યંત પીડિત હતો અને એવું વિચારીને કે 'આ જ મારું ભોજન છે' નિરંતર દેવી સામે જોઈ રહ્યો. દેવીની સામે ઊભો તે એમની ઉપાસના-જેવું કરવા લાગ્યો. આ બાજુ દેવીના હૃદયમાં સદા એ જ ભાવ થતો કે આ વાઘ મારો જ ઉપાસક છે, દુષ્ટ વન-જંતુઓથી મારી રક્ષા કરનારો છે. આવું વિચારીને તે એના પર કૃપા કરવા લાગ્યાં. એમની કૃપાથી એના ત્રણે પ્રકારના મળ તત્કાળ નષ્ટ થઈ ગયા. પછી તો એ વાઘને સહસા દેવીના સ્વરૂપનો બોધ થયો, એની ભૂખ મટી ગઈ અને એનાં અંગોની જડતા પણ દૂર થઈ ગઈ. સાથે જ એની જન્મસિદ્ધ દુષ્ટતા નષ્ટ થઈ ગઈ અને નિરંતર તૃપ્તિ રહેવા લાગી. એ સમયે ઉત્કૃષ્ટ રૂપે પોતાની કૃતાર્થતાનો અનુભવ કરીને તે તત્કાળ ભક્ત બની ગયો. હવે તે અન્ય દુષ્ટ જંતુઓનો ભગાડતો તપોવનમાં વિચરણ કરવા માંડ્યો. આ બાજુ દેવીની તપસ્યા વધી અને તીવ્રથી તીવ્રતર થઈ ગઈ.

દેવતા શુંભ વગેરે દૈત્યોના દુરાગ્રહથી દુઃખી થઈને બ્રહ્માજીના શરણે ગયા. એમણે શત્રુપીડાજનિત પોતાના દુઃખનું એમને નિવેદન

કર્યું. શુંભ અને નિશુંભ વરદાનના અભિમાનથી દેવતાઓને જે જે દુઃખ આપતા હતા, એ બધું સાંભળીને બ્રહ્માજીને એમના પર બહુ દયા આવી. એમણે દૈત્ય વધ માટે ભગવાન શંકર સાથે થયેલી વાતચીતનું સ્મરણ કરીને દેવતાઓની સાથે દેવીના તપોવન જાગ્રી પ્રસ્થાન કર્યું. ત્યાં સુરશ્રેષ્ઠ બ્રહ્માએ ઉત્તમ તપમાં પરિનિષ્ઠિત પરમેશ્વરી પાર્વતીને જોયાં. તે સંપૂર્ણ જગતની પ્રતિષ્ઠા-જેવાં જણાતાં હતાં. પોતાના, શ્રીહરિના તથા રુદ્રદેવતાના પણ જન્મદાતા પિતા મહામહેશ્વરનાં ભાર્યા આર્યા જગન્માતા ગિરિરાજનંદિની પાર્વતીજીને બ્રહ્માજીએ પ્રણામ કર્યા.

દેવગણોની સાથે બ્રહ્માજીને આવેલા જોઈને દેવીએ એમને યોગ્ય અર્ઘ્ય આપીને સ્વાગત વગેરે દ્વારા એમનો સત્કાર કર્યો. બદલામાં એમનો પણ સત્કાર અને અભિનંદન કરીને બ્રહ્માજી જાણે અજાણ્યા હોય તેવી રીતે દેવીની તપસ્યાનું કારણ પૂછવા લાગ્યા.

બ્રહ્માજી બોલ્યા—હે દેવી! આ તીવ્ર તપસ્યા દ્વારા આપ અહીં કયા અભીષ્ટ મનોરથની સિદ્ધિ કરવા ચાહો છો? તપસ્યાનાં સંપૂર્ણ ફળોની સિદ્ધિ તો આપને જ અધીન છે. જે સમસ્ત લોકોના સ્વામી છે, એ પરમેશ્વરને પતિરૂપે પ્રાપ્ત કરીને આપે તપસ્યાનાં સંપૂર્ણ ફળ પ્રાપ્ત કરી લીધાં છે અથવા આ બધો જ ક્રિયાકલાપ આપનો લીલાવિલાસ છે. પરંતુ આશ્ચર્યની વાત તો એ છે કે આપ આટલા દિવસોથી મહાદેવજીના વિરહનું કષ્ટ કેવી રીતે સહી રહ્યાં છો?

દેવીએ કહ્યું—હે બ્રહ્મન્! જ્યારે સૃષ્ટિના આદિ કાળમાં મહાદેવજીથી આપની ઉત્પત્તિ વિશે કહેવાય છે, ત્યારે સમસ્ત પ્રજાઓમાં પ્રથમ હોવાને કારણે તમે મારા જ્યેષ્ઠ પુત્ર થાઓ છો. પછી જ્યારે પ્રજાની વૃદ્ધિ માટે આપના લલાટથી ભગવાન શિવનો પ્રાદુર્ભાવ થયો, ત્યારે આપ મારા પતિના પિતા અને મારા સસરા થવાને કારણે ગુરુજનોની કોટિમાં આવી જાઓ છો અને જ્યારે હું એ વિચારું છું કે સ્વયં મારા પિતા ગિરિરાજ હિમાલય આપના પુત્ર છે, ત્યારે આપ મારા સાક્ષાત્ પિતામહ લાગો છો. હે પિતામહ! આ રીતે આપ લોકયાત્રાના વિધાતા છો. અંતઃપુરમાં પતિની સાથે જે વૃત્તાંત થયો છે, એને હું આપની સામે કેવી રીતે કહી શકીશ? તેથી બહુ કહેવાથી શો લાભ? મારા શરીરમાં જે આ કાળાપણું છે, એને સાત્ત્વિક વિધિથી છોડીને હું ગૌરવર્ણા બનવા ચાહું છું.

બ્રહ્માજી બોલ્યા—હે દેવી! આટલા જ પ્રયોજન માટે આપે આવું કઠોર તપ શા માટે કર્યું? શું એને માટે આપની ઇચ્છા માત્ર જ પર્યાપ્ત ન હતી? અથવા આ આપની એક લીલા જ છે. હે જગન્માતઃ! આપની લીલા પણ લોકહિત માટે જ હોય છે. તેથી આપ એ દ્વારા મારા એક અભીષ્ટ ફળની સિદ્ધિ કરો. નિશુંભ અને શુંભ નામના બે દૈત્ય છે, એમને મેં વરદાન આપી રાખ્યું છે. એનાથી એમનો ઘમંડ બહુ વધી ગયો છે અને એ દેવતાઓને સતાવે છે, એ બંનેને આપના જ હાથે માર્યા જવાનું વરદાન પ્રાપ્ત છે, તેથી હવે વિલંબ કરવાથી કોઈ લાભ નથી. આપ ક્ષણભર માટે સુસ્થિર થઈ જાઓ. આપના દ્વારા જે શક્તિ રચી, અથવા છોડી જશે, તે જ એ બંનેનો માટે મૃત્યુ થઈ જશે.

બ્રહ્માજીનો આ પ્રકારે પ્રાર્થના સાંભળીને

ગિરિરાજકુમારી દેવી પાર્વતી સહસા પોતાની કાળી ત્વચાના આવરણને ઉતારીને ગૌરવર્ણા થઈ ગયાં. ત્વચા કોશ (કાળું ત્વચામય આવરણ) રૂપે છોડી ગયેલી જે એમની શક્તિ હતી એનું નામ 'કૌશિકી' થયું. તે કાળા મેઘ સમાન કાંતિવાળી કૃષ્ણવર્ણા કન્યા થઈ ગઈ. દેવીની આ માયામયી શક્તિ જ યોગનિદ્રા અને વૈષ્ણવી કહેવાય છે. એમને આઠ મોટી મોટી ભુજાઓ હતી. એમણે હાથમાં શંખ, ચક્ર, અને ત્રિશૂળ વગેરે આયુધો ધારણ કરી રાખ્યાં હતાં. એ દેવીનાં ત્રણ રૂપ છે—સૌમ્ય, ઘોર અને મિશ્ર. તે ત્રણ નેત્રોથી યુક્ત હતાં. એમણે મસ્તક પર અર્ધચંદ્રનો મુગટ ધારણ કરી રાખ્યો હતો. એમને પુરુષનો સ્પર્શ અને રતિનો યોગ પ્રાપ્ત ન હતો અને તે અત્યંત સુંદર હતાં. દેવીએ પોતાની આ સનાતન શક્તિને બ્રહ્માજીના હાથમાં આપી દીધાં. તે જ દૈત્યપ્રવર શુંભ અને નિશુંભનો વધ કરનારાં થયાં. એ સમયે પ્રસન્ન થયેલા બ્રહ્માજીએ એ પરાશક્તિને સવારી માટે એક પ્રબળ સિંહ પ્રદાન કર્યો, જે એમની સાથે સાથે જ આવ્યો હતો. એ દેવીને રહેવા માટે બ્રહ્માજીએ વિંધ્યગિરિ પર વાસસ્થાન આપ્યું અને ત્યાં વિવિધ પ્રકારના ઉપચારોથી એમનું પૂજન કર્યું. વિશ્વકર્મા બ્રહ્મા દ્વારા સન્માનિત થયેલાં એ શક્તિ પોતાનાં માતા ગૌરીને અને બ્રહ્માજીને ક્રમશઃ પ્રણામ કરીને પોતાનાં જ અંગોથી ઉત્પન્ન અને પોતાના સમાન જ શક્તિશાળીની બહુસંખ્યક શક્તિઓને સાથે લઈને દૈત્યરાજ શુંભ અને નિશુંભને મારવા માટે તૈયાર થઈને વિન્ધ્યપર્વત પર ચાલ્યાં ગયાં. એમણે રણભૂમિમાં એ બંને દૈત્યરાજોને મારી નાખ્યા. એ યુદ્ધનું અન્યત્ર વર્ણન થઈ ગયું છે, એટલે એની વિસ્તૃત કથા અહીં કહી નથી. બીજાં સ્થળોએથી એનું અનુમાન કરી લેવું. હવે હું પ્રસ્તુત પ્રસંગનું વર્ણન કરું છું.

(અધ્યાય-૨૫)

*

ગૌરી દેવી વાઘને પોતાની સાથે લઈ જવા માટે બ્રહ્માજી પાસે આજ્ઞા માગે છે, બ્રહ્માજી એને દુષ્કર્મી બતાવીને રોકે, દેવીનો શરણાગતભાવનો પરિત્યાગ કરવાનો ઈન્કાર, બ્રહ્માજી દેવીની મહત્તા બતાવીને અનુમતિ આપે છે અને દેવીનું માતાપિતાને મળીને મંદરાચલે જવું

વાયુદેવતા કહે છે—કૌશિકીને ઉત્પન્ન કરીને બ્રહ્માજીના હાથમાં સોંપીને ગૌરીદેવીએ પ્રત્યુપકાર માટે પિતામહને કહ્યું.

દેવી બોલ્યાં—શું આપે મારા આશ્રમમાં રહેનારા આ વાઘને જોયો છે? એણે દુષ્ટ જંતુઓથી તપોવનમાં મારી રક્ષા કરી છે. એ મારામાં પોતાનું મન પરોવીને અનન્યભાવથી મારું ભજન કરતો રહે છે, તેથી એની રક્ષા સિવાય બીજું કોઈ મારું પ્રિય કાર્ય નથી. એ મારા અંતઃપુરમાં વિચરણ કરશે. ભગવાન શંકર એને પ્રસન્નતાપૂર્વક ગણેશ્વર પદનું પ્રદાન કરશે. હું એને આગળ કરીને સખીઓ સાથે અહીંથી જવા ચાહું છું. એટલા માટે આપ મને આજ્ઞા આપો, કેમકે આ પ્રજાપતિ છે.

દેવીના આવા કથન પર એમને ભલાંભોળાં જાણીને મંદસ્મિત કરીને હસતાં હસતાં બ્રહ્માજીએ

એ વાઘની પુરાણી ક્રૂરતાપૂર્ણ દુષ્કૃત્યો બતાવતાં એની દુષ્ટતાનું વર્ણન કરવા લાગ્યા.

બ્રહ્માજીએ કહ્યું—હે દેવી! ક્યાં તો પશુઓમાં ક્રૂર વાઘ અને ક્યાં આપની મંગલમયી કૃપા—આ વિષધર સાપના મુખમાં અમૃત શા માટે રેડો છો? આ કેવળ વાઘના રૂપમાં રહેનારો કોઈ દુષ્ટ નિશાચર છે. એણે ઘણીબધી ગાયો અને તપસ્વી બ્રાહ્મણોનું ભક્ષણ કર્યું છે. એ સૌને ઇચ્છા અનુસાર તાપ આપીને મનપસંદ રૂપ ધારણ કરીને વિચરણ કરે છે. તેથી એને એનાં પાપકર્મોનું ફળ અવશ્ય ભોગવવું જોઈએ. આવા દુષ્ટો પર આપને કૃપા કરવાની શી જરૂર છે? આ સ્વભાવથી જ કલુષિત ચિત્તવાળા દુષ્ટ જીવનું દેવીને શું કામ છે?

દેવી બોલ્યાં—આપે જે કાંઈ કહ્યું છે, તે બધું ઠીક છે. એ ભલે એવો જ રહ્યો, તેમ છતાં મારે શરણે આવેલો છે. તેથી હું એનો ત્યાગ ન કરી શકું. મારે એનો ત્યાગ ન કરવો જોઈએ.

બ્રહ્માજીએ કહ્યું—હે દેવી! એની આપના પ્રત્યે ભક્તિ છે, એ વાતને જાણ્યા વિના જ મેં આપની સમક્ષ એના પૂર્વચરિત્રનું વર્ણન કર્યું છે. જો એની અંદર ભક્તિ છે તો અગાઉનાં પાપોથી એનું શું બગડવાનું છે; કેમકે આપના ભક્તનો ક્યારેય નાશ થતો નથી. જે આપની આજ્ઞાનું પાલન નથી કરતા, તે પુણ્યકર્મી થઈને પણ શું કરશે. હે દેવી! તમે જ અજન્મા, બુદ્ધિમતી, પુરાતન શક્તિ અને પરમેશ્વરી છો. બધાંનાં જ બંધ અને મોક્ષની વ્યવસ્થા આપને જ આધીન છે. આપના સિવાય પરાશક્તિ કોણ છે? આપના વગર કોને કર્મજનિત સિદ્ધિ પ્રાપ્ત થઈ શકે છે? તમે જ અસંખ્ય રુદ્રોની વિવિધ શક્તિ છો. શક્તિરહિત કર્તા કામ કરવામાં કઈ સફળતા પ્રાપ્ત કરશે? ભગવાન વિષ્ણુને, મને તથા અન્ય દેવતા, દાનવ અને રાક્ષસોને તે તે ઐશ્વર્યોની પ્રાપ્તિ થવામાં આપની આજ્ઞા જ કારણ છે. અસંખ્ય બ્રહ્મા, વિષ્ણુ અને રુદ્ર, જે આપની આજ્ઞાનું પાલન કરનારા છે, તે ભૂતકાળમાં પણ છે અને ભવિષ્યમાં પણ હશે જ. હે દેવેશ્વરિ! આપની આરાધના કર્યા વિના અમે બધા શ્રેષ્ઠ દેવતા પણ ધર્મ વગેરે ચાર પુરુષાર્થોની પ્રાપ્તિ નથી કરી શકતા. આપના સંકલ્પથી બ્રહ્મત્વ અને સ્થાવરત્વનો તત્કાળ વ્યત્યાસ (ફેરબદલ) પણ થઈ જાય છે, અર્થાત્ બહત્તા સ્થાવર (વૃક્ષ વગેરે) થઈ જાય છે અને સ્થાવર બ્રહ્મા, કેમકે પુણ્ય અને પાપનાં ફળોની વ્યવસ્થા આપે જ કરી છે. તમે જ જગતના સ્વામી પરમાત્મા શિવનાં અનાદિ, અમધ્ય અને અનંત વગેરે સનાતન શક્તિ છો. આપ સંપૂર્ણ લોકયાત્રાનો નિર્વાહ કરવા માટે કોઈ અદ્‌ભુત મૂર્તિમાં આવિષ્ટ થઈને વિવિધ પ્રકારના ભાવોથી ક્રીડા કરો છો. ભલા, આપને ઠીક ઠીક રીતે કોણ જાણે છે. તેથી આ પાપાચારી વાઘ પણ આજે આપની કૃપાથી પરમ સિદ્ધિ પ્રાપ્ત કરે, એમાં કોણ બાધક થઈ શકે છે.

આ પ્રકારે એમના પરમ તત્ત્વનું સ્મરણ કરાવીને બ્રહ્માજીએ જ્યારે ઉચિત પ્રાર્થના કરી, ત્યારે ગૌરીદેવી તપસ્યાથી નિવૃત્ત થયાં. તદનંતર દેવીની આજ્ઞા લઈને બ્રહ્માજી અંતર્ધાન થઈ ગયા. પછી દેવીએ પોતાના વિયોગને ન સહી શકનારાં માતા-પિતા મૈના અને હિમવાન્‌નાં દર્શન કરીને એમને પ્રણામ કર્યા તથા એમને વિવિધ પ્રકારનાં આશ્વાસન આપ્યાં. ત્યારબાદ

દેવીએ તપસ્યાનાં પ્રેમી તપોવનનાં વૃક્ષો જોયાં. તે એમની સામે ફૂલોની વર્ષા કરી રહ્યાં હતાં. એવું જણાતું હતું, જાણે એમનાથી થનારા વિયોગના શોકથી પીડિત થઈને એ અશ્રુ વરસાવી રહ્યાં હોય. પોતાની શાખાઓ પર બેઠેલાં પક્ષીઓના કલરવ નિમિત્તે જાણે કે એ વ્યાકુળતાયુક્ત વિવિધ પ્રકારે દીનતાપૂર્ણ વિલાપ કરી રહ્યાં છે. ત્યાર પછી પતિનાં દર્શન માટે ઉતાવળાં થઈને એ વાઘને પોતાના ઔરસ (કાયત્સરના પુત્ર) પુત્રની જેમ સ્નેહથી આગળ કરીને સખીઓ સાથે વાતચીત કરતાં કરતાં અને દેહની દિવ્ય પ્રભાથી દશે દિશાઓને ઉદ્દિપ્ત કરતાં તે ગૌરીદેવી મંદરાચલે ચાલ્યાં ગયાં, જ્યાં સંપૂર્ણ જગતના આધાર, સ્રષ્ટા, પાલક અને સંહારક પતિદેવ મહેશ્વર બિરાજમાન હતા.

(અધ્યાય ૨૬)

*

મંદરાચલ પર ગૌરીદેવીનું સ્વાગત, મહાદેવજી દ્વારા એમનો અને પોતાના ઉત્કૃષ્ટ સ્વરૂપ અને અવિચ્છેદ્ય સંબંધ પર પ્રકાશ અને દેવીની સાથે આવેલા વાઘને એમનો ગણાધ્યક્ષ બનાવીને અંત:પુરના દ્વાર પર સોમનન્દી નામે પ્રતિષ્ઠિત કરવો

ઋષિઓએ પૂછ્યું—પોતાના શરીરને દિવ્ય ગૌરવર્ણથી યુક્ત બનાવીને ગિરિરાજકુમારી પાર્વતીએ જ્યારે મંદરાચલ પ્રદેશમાં પ્રવેશ કર્યો, ત્યારે તે પોતાના પતિને કેવી રીતે મળી? પ્રવેશકાળમાં એમના ભવનદ્વાર પર રહેનાર ગણેશ્વરોએ શું કર્યું તથા મહાદેવજીને પણ એમને જોઈને એ સમયે એમની સાથે કેવો વર્તાવ કર્યો?

વાયુદેવતાએ કહ્યું—જે પ્રેમગર્ભિત રસ દ્વારા અનુરાગી પુરુષોના મનનું હરણ થઈ જાય છે, એ પરમ રસનું ઠીક ઠીક વર્ણન કરવું અસંભવ છે. દ્વારપાલ ખૂબ જ ઉતાવળે રાહ જોતા હતા. એમની સાથે મહાદેવજી પણ દેવીના આગમન માટે ઉત્સુક હતા. જ્યારે તે ભવનમાં પ્રવેશ કરવા લાગ્યાં, ત્યારે શંકિત થઈ એ એ પ્રેમજનિત ભાવોથી તે એમની તરફ જોવા લાગ્યા. દેવી પણ એમની તરફ અને એ જ ભાવોથી જોઈ રહ્યાં હતાં. એ સમયે એ ભવનમાં રહેનારા શ્રેષ્ઠ પાર્ષદોએ દેવીની વંદના કરી. પછી દેવીએ વિનયયુક્ત વાણી દ્વારા ભગવાન ત્રિલોચનને પ્રણામ કર્યા. એ પ્રણામ કરીને હજુ તો ઊઠ્યાં પણ નથી કે પરમેશ્વરે એમને બંને હાથે પકડીને બહુ જ આનંદપૂર્વક હૃદય સાથે લગાવી લીધાં. પછી મંદ હાસ્ય સાથે તે એકીટસે નેત્રોથી એમના મુખ-ચંદ્રની સુધાનું જાણે કે પાન કરવા લાગ્યા. પછી એમની સાથે વાતચીત કરવા માટે એમણે પહેલાં પોતાના તરફથી વાર્તા શરૂ કરી.

દેવાધિદેવ મહાદેવજી બોલ્યા—હે સર્વાંગસુંદરિ પ્રિયે! શું તમારી તે મનોદશા દૂર થઈ ગઈ, જે રહેતાં તમારા કોપનો કારણે મને અનુનય-વિનયનો કોઈ પણ ઉપાય સૂઝ્યો નહીં. જો સાધારણ લોકોની જેમ આપણા બંનેમાં પણ

એકબીજાના અપ્રિયનું કારણ વિદ્યમાન છે, ત્યારે તો આ ચરાચર જગતનો નાશ જ થયો સમજવો જોઈએ. હું અગ્નિના મસ્તક પર સ્થિત છું અને તમે સોમના. આપણા બંનેથી તો આ અગ્નિસોમાત્મક જગત પ્રતિષ્ઠિત છે. જગતના હિત માટે સ્વેચ્છાથી શરીર ધારણ કરીને વિચરનારાં આપણા બંનેના વિયોગમાં આ જગત નિરાધાર થઈ જશે. એમાં શાસ્ત્ર અને યુક્તિથી નિશ્ચિત કરેલો બીજો હેતુ પણ છે. આ સ્થાવર-જંગમ જગત વાણી અને અર્થમય જ છે. તમે સાક્ષાત્ વાણીમય અમૃત છો અને હું અર્થમય પરમ ઉત્તમ અમૃત છું. આ બંને અમૃત એકબીજાથી અલગ કેવી રીતે થઈ શકે છે. તમે મારા સ્વરૂપનો બોધ કરાવનાર વિદ્યા છો અને હું તમારા આપેલા વિશ્વાસપૂર્ણ બોધથી જાણવાયોગ્ય પરમાત્મા છું. આપણે બંને ક્રમશઃ વિદ્યાત્મા અને વેદ્યાત્મા છીએ, પછી આપણામાં વિયોગ થવો સંભવી જ કેવી રીતે શકે. હું પોતાના પ્રયત્નથી જગતની સૃષ્ટિ અને સંહાર નથી કરતો. એક માત્ર આજ્ઞાથી જ સૌની સૃષ્ટિ અને સંહાર ઉપલબ્ધ થાય છે. આ અત્યંત ગૌરવપૂર્ણ આજ્ઞા તમે જ છો. ઐશ્વર્યનો એક માત્ર સાર આજ્ઞા (શાસન) છે, કેમકે તે જ સ્વતંત્રતાનું લક્ષણ છે. આજ્ઞાથી વિયુક્ત થવાથી મારું ઐશ્વર્ય કેવું થશે. આપણે લોકોનું એક-બીજાથી અલગ રહેવું ક્યારેય સંભવ જ નથી. દેવતાઓના કાર્યની સિદ્ધિના ઉદ્દેશ્યથી જ મેં એ દિવસે લીલાપૂર્વક વ્યંગ્ય વચન કહ્યાં હતાં. તમને તો આ વાતની ખબર જ ન હતી. તમે અજ્ઞાત હતાં. પછી તમે કુપિત કેવી રીતે થઈ ગયાં. તેથી એમ જ કહેવું પડે કે તમે મારા પર પણ ક્રોધ કર્યો હતો, તે ત્રિલોકીની રક્ષા માટે જ હતો; કેમકે તમારામાં એવી કોઈ વાત નથી, જે જગતનાં પ્રાણીઓનું અનર્થ કરનારી હોય.

આ રીતે પ્રિય વચન બોલનારા સાક્ષાત્ પરમેશ્વર શિવ પ્રત્યે શૃંગાર રસના સારભૂત પ્રાકૃતિક ભાવોની જન્મભૂમિ દેવી પાર્વતી પોતાના પતિની કહેલી એ મનોહર વાત સાંભળીને એને સત્ય જાણીને, મંદસ્મિત સાથે લજ્જાવશ કોઈ ઉત્તર આપી શક્યાં નહીં. કેવળ કૌશિકીના યશનું વર્ણન છોડીને બીજું કશું એમણે કહ્યું નહીં. દેવીએ કૌશિકી વિશે જે કાંઈ કહ્યું તેનું વર્ણન કરું છું.

દેવી બોલ્યાં—'હે ભગવન્! મેં જે કૌશિકીની સૃષ્ટિ કરી છે, એને શું આપે નથી જોયું? આવી

કન્યા ન તો આ લોકમાં થઈ છે અને ભવિષ્યમાં થાય પણ નહીં.' આમ કહીને દેવીએ એનો વિંધ્યપર્વત પર નિવાસ કરવા અંગે અને સમરાંગણમાં શુંભ અને નિશુંભનો વધ કરીને

એમના પર વિજય મેળવવાનો પ્રસંગ સંભળાવીને એમના બલ-પરાક્રમનું વર્ણન કર્યું. સાથે જ એ પણ બતાવ્યું કે તે ઉપાસના કરનારા લોકોને સદા પ્રત્યક્ષ ફળ આપે છે તથા નિરંતર લોકોની સેવા કર્યા કરે છે. આ વિષયમાં બ્રહ્માજી આપને જરૂરી વાતો બતાવશે.

એ સમયે આ રીતે વાતચીત કરતાં દેવીની આજ્ઞાથી જ એક સખીએ એ વાઘને લાવીને સામે ખડો કરી દીધો. એને જોઈને દેવી કહેવા લાગ્યાં—'હે દેવ! આ વાઘ હું આપને માટે ભેટ તરીકે લાવી છું. આપ એને જુઓ. આના જેવો મારો કોઈ ઉપાસક બીજો છે જ નહિ. આ વાઘે જ દુષ્ટ જંતુઓના સમૂહથી મારા તપોવનની રક્ષા કરી હતી. આ મારો અત્યંત ભક્ત છે અને પોતાના રક્ષણાત્મક કાર્યથી મારો વિશ્વાસપાત્ર બની ગયો છે. મારી પ્રસન્નતા માટે તે પોતાનો દેશ છોડીને અહીં આવ્યો છે. હે મહેશ્વર! જો મારા આવવાથી આપને પ્રસન્નતા થઈ છે અને જો આપ મને અત્યંત પ્રેમ કરતા હો તો હું ચાહું છું કે આ નંદીની આજ્ઞાથી મારા અંતઃપુરના દ્વાર પર અન્ય રક્ષકોની સાથે એમનાં જ ચિહ્ન ધારણ કરીને સદા રહે.'

વાયુદેવ કહે છે—દેવીનાં આ મધુર છેવટે પ્રેમ વધારનાર શુભ વચનને સાંભળીને મહાદેવજીએ કહ્યું—'હું બહુ જ પ્રસન્ન છું.' પછી તો તે વાઘ એ જ ક્ષણે લચકતી સુવર્ણજડિત નેતરની છડી, રત્નોથી જડિત વિચિત્ર કવચ, સર્પ જેવી આકૃતિવાળી છરી અને રક્ષકોચિત વેશ ધારણ કરીને ગણાધ્યક્ષના પદ પર પ્રતિષ્ઠિત દેખાયો. એણે ઉમાસહિત મહાદેવ અને નન્દીને આનંદિત કર્યા. એટલા માટે સોમનંદી નામે વિખ્યાત થયો. આ પ્રકારે દેવીનું પ્રિય કાર્ય કરીને ચંદ્રાર્ધભૂષણ મહાદેવજીએ એને રત્નભૂષિત દિવ્ય આભૂષણોથી ભૂષિત કર્યો. ચંદ્રભૂષણ ભગવાન શિવે સર્વમનોહારિણી ગૌરી દેવીને પલંગ પર બેસાડીને એ સમયે સુંદર અલંકારોથી સ્વયં જ એમનો શૃંગાર કર્યો.

(અધ્યાય ૨૭)

*

અગ્નિ અને સોમના સ્વરૂપનું વિવેચન તથા જગતની અગ્નિષોમાત્મકતાનું પ્રતિપાદન

ઋષિઓએ પૂછ્યું—હે પ્રભો! પાર્વતીદેવીનું સમાધાન કરતાં મહાદેવજીએ આ વાત કેમ કહી કે 'સંપૂર્ણ વિશ્વ અગ્નિષોમાત્મક અને વાગર્થાત્મક છે. ઐશ્વર્યનો સાર એક માત્ર આજ્ઞા જ છે અને તે આજ્ઞા તમે જ છો? તેથી આ વિષયમાં અમે ક્રમશઃ યથાર્થ વાત સાંભળવા ચાહીએ છીએ.

વાયુદેવ બોલ્યા—હે મહર્ષિઓ! રુદ્રદેવનું જે ઘોર તેજોમય શરીર છે, એને અગ્નિ કહે છે અને અમૃતમય સોમ શક્તિનું સ્વરૂપ છે; કેમકે શક્તિનું શરીર શાંતિકારક છે. જે અમૃત છે, તે પ્રતિષ્ઠા નામક કલા છે અને જે તેજ છે, તે સાક્ષાત્ વિદ્યા નામની કલા છે. સંપૂર્ણ સૂક્ષ્મ ભૂતોમાં એ બંને રસ અને તેજ છે. તેજની વૃત્તિ બે પ્રકારની છે. એક સૂર્યરૂપા છે અને બીજી અગ્નિરૂપા છે. એ જ રીતે રસવૃત્તિ પણ બે પ્રકારની છે. એક સોમરૂપિણી અને બીજી

જલરૂપિણી. તેજ વિદ્યુત (વીજળી) વગેરે રૂપે ઉપલબ્ધ થાય છે તથા રસ, મધુર આદિ રૂપે - તેજ અને રસના ભેદોએ જ આ ચરાચર જગતને ધારણ કરી રાખ્યું છે. અગ્નિથી અમૃતની ઉત્પત્તિ થાય છે અને અમૃતસ્વરૂપ ઘીથી અગ્નિની વૃદ્ધિ થાય છે, તેથી અગ્નિ અને સોમને આપેલી આહુતિ જગત માટે હિતકારક હોય છે. શસ્ય-સંપત્તિ (અનાજ-ફળ ઇત્યાદિ સંપત્તિ) હવિષ્યનું ઉત્પાદન કરે છે. વર્ષા શસ્યને વધારે છે. આ રીતે વર્ષાથી જ હવિષ્યનો પ્રાદુર્ભાવ થાય છે, જેથી આ અગ્નિષોમાત્મક જગત ટકી રહ્યું છે. અગ્નિ ત્યાં સુધી ઉપર તરફ પ્રજ્વલિત થાય છે, જ્યાં સુધી સોમ-સંબંધી પરમ અમૃત વિદ્યમાન છે; અને જ્યાં સુધી અગ્નિનું સ્થાન છે, ત્યાં સુધી સોમ સંબંધી અમૃત નીચે ઝરે છે. એટલે જ કાલાગ્નિ નીચે છે અને શક્તિ ઉપર છે. જ્યાં સુધી અગ્નિ છે, એની ગતિ ઉપર તરફ જ છે અને જલનું જે આપ્લાવન છે, એની ગતિ નીચે તરફ હોય છે. આધારશક્તિએ આ ઊર્ધ્વ કાલાગ્નિને ધારણ કરી રાખ્યો છે તથા નિમ્નગામી સોમ શિવ-શક્તિના આધાર પર પ્રતિષ્ઠિત છે. શિવ ઉપર છે અને શક્તિ નીચે છે તથા શક્તિ ઉપર છે અને શિવ નીચે છે. આ પ્રકારે શિવ અને શક્તિએ અહીં સર્વ કાંઈને વ્યાપ્ત કરી રાખ્યું છે. વારંવાર અગ્નિ દ્વારા સળગી ઊઠેલું જગત ભસ્મસાત્ થઈ જાય છે. આ અગ્નિનું વીર્ય છે. ભસ્મને જ અગ્નિનું વીર્ય કહે છે. જે આ પ્રકારે ભસ્મના શ્રેષ્ઠ સ્વરૂપને જાણીને 'અગ્નિઃ' ઇત્યાદિ મંત્રો દ્વારા ભસ્મથી સ્નાન કરે છે, તે બંધાયેલો જીવ પાશથી મુક્ત થઈ જાય છે. અગ્નિવીર્યસ્વરૂપ ભસ્મને સોમે અયોગ-યુક્તિ દ્વારા ફરી આપ્લાવિત કર્યો; એટલા માટે તે પ્રકૃતિના અધિકારમાં ચાલ્યો ગયો. જો યોગયુક્તિથી શાક્ત અમૃતવર્ષા દ્વારા એ ભસ્મનું બધી બાજુ પ્લાવન થઈ જાય તો તે પ્રકૃતિના અધિકારોને નિવૃત્ત કરી દે છે. તેથી આ રીતનું અમૃતપ્લાવન સદા મૃત્યુ પર વિજય મેળવવા જ થાય છે. શિવાગ્નિ સાથે શક્તિસંબંધી અમૃતનો સ્પર્શ થવાથી જેણે અમૃતનું આપ્લાવન પ્રાપ્ત કરી લીધું છે, એનું મૃત્યુ શી રીતે થઈ શકે છે. જે અગ્નિના આ ગુહ્ય સ્વરૂપને તથા પૂર્વોક્ત અમૃતપ્લાવનને સારી રીતે જાણે છે તે અગ્નિષોમાત્મક જગતનો ત્યાગ કરીને ફરીથી અહીં જન્મ લેતો નથી. જે શિવાગ્નિથી શરીરને દગ્ધ કરીને (બાળીને) શક્તિસ્વરૂપ સોમામૃતથી યોગમાર્ગ દ્વારા એને આપ્લાવિત કરે છે, તે અમૃતસ્વરૂપ થઈ જાય છે. આ અભિપ્રાયને હૃદયમાં ધારણ કરીને મહાદેવજીએ સંપૂર્ણ જગતને અગ્નિષોમાત્મક કહ્યું હતું. એમનું આ કથન સર્વથા ઉચિત છે. (અધ્યાય ૨૮)

*

જગત 'વાણી અને અર્થરૂપ' છે—એનું પ્રતિપાદન

વાયુદેવતા કહે છે—હે મહર્ષિઓ! હવે એ બતાવી રહ્યો છું કે જગતની વાગર્થાત્મકતાની સિદ્ધિ કેવી રીતે કરવામાં આવી છે. છ અધ્વાઓ (માર્ગો)નું સમ્યક્ જ્ઞાન હું સંક્ષેપમાં કરાવી રહ્યો છું, વિસ્તારથી નહીં. કોઈ પણ એવો અર્થ નથી, જે વગર શબ્દનો હોય અને કોઈ પણ એવો શબ્દ નથી જે વગર અર્થનો હોય. તેથી સમયાનુસાર બધા શબ્દ સંપૂર્ણ અર્થોના બોધક

હોય છે. પ્રકૃતિનું આ પરિણામ શબ્દભાવના અને અર્થભાવનાના ભેદે કરીને બે પ્રકારનું છે. એને પરમાત્મા શિવ અને પાર્વતીની પ્રાકૃત મૂર્તિ કહે છે. એમની જે શબ્દમયી વિભૂતિ છે, એને વિદ્વાનો ત્રણ પ્રકારની બતાવે છે—સ્થૂળા, સૂક્ષ્મા અને પરા, સ્થૂળા એ છે જે કાનથી પ્રત્યક્ષ સંભળાય છે; જે કેવળ ચિંતનમાં આવે છે. તે સૂક્ષ્મા કહેવાઈ છે અને જે ચિંતનની પણ સીમાથી પરે છે, એને પરા કહેવાઈ છે. તે શક્તિસ્વરૂપા છે. એ જ શિવતત્ત્વને આશ્રિત રહેનારી, પરાશક્તિ કહેવાય છે. જ્ઞાનશક્તિના સંયોગથી એ જ ઇચ્છાથી ઉપોદ્બલિકા (એને દૃઢ કરનારી) થાય છે. તે સંપૂર્ણ શક્તિઓની સમષ્ટિરૂપા છે. એ જ શક્તિતત્ત્વના નામે વિખ્યાત થઈ સમસ્ત કાર્યસમૂહની મૂળ પ્રકૃતિ મનાય છે. એને જ કુંડલિની કહેવાઈ છે. તે જ વિશુદ્ધાધ્વપરા માયા છે. તે સ્વરૂપતઃ વિભાગરહિત હોવા છતાં છ અધ્વાઓ (માર્ગો)ના રૂપે વિસ્તાર પામી છે. એ છ અધ્વાઓમાં ત્રણ તો શબ્દરૂપ છે અને ત્રણ અર્થરૂપ બતાવાય છે. બધા પુરુષોને આત્મશુદ્ધિને અનુરૂપ સંપૂર્ણ તત્ત્વોના વિભાગથી લય અને ભોગનો અધિકાર પ્રાપ્ત થાય છે. એ સંપૂર્ણ તત્ત્વકલાઓ દ્વારા યથાયોગ્ય પ્રાપ્ત છે. પરાપ્રકૃતિના જે આદિમાં પાંચ પ્રકારનાં પરિણામ થાય છે, તે જ નિવૃત્તિ આદિ કલાઓ છે. મંત્રાધ્વા, પદાધ્વા અને વર્ણાધ્વા—એ ત્રણ અધ્વા શબ્દ સાથે સંબંધ રાખે છે અને ભુવનાધ્વા, તત્ત્વાધ્વા અને કલાધ્વા—એ ત્રણે અર્થ સાથે સંબંધ ધરાવે છે. એ બધામાં પણ પરસ્પર વ્યાપ્ય-વ્યાપક ભાવ બતાવાય છે. સંપૂર્ણ મંત્ર પદોથી વ્યાપ્ત છે; કેમકે તે વાક્યરૂપ છે. સંપૂર્ણ પદો પણ વર્ણોથી વ્યાપ્ત છે; કેમકે વિદ્વાન પુરુષ વર્ણોના સમૂહને જ પદ કહે છે. એ વર્ણ પણ ભુવનોથી વ્યાપ્ત છે; કેમકે એમાં જ એમની ઉપલબ્ધિ થાય છે. ભુવન પણ તત્ત્વોના સમૂહ દ્વારા બહાર-અંદર વ્યાપ્ત છે; કેમકે એમની ઉત્પત્તિ જ તત્ત્વોથી થયેલી છે. એ કારણભૂત તત્ત્વોથી જ એમનો આરંભ થયો છે. અનેક ભુવન એની અંદરથી જ પ્રગટ થયાં છે. એમાંનાં કેટલાંક તો પુરાણોમાં પ્રસિદ્ધ છે. અન્ય ભુવનોનું જ્ઞાન શિવ-સંબંધી આગમથી પ્રાપ્ત કરી લેવું જોઈએ. કેટલાંક તત્ત્વો સાંખ્ય અને યોગશાસ્ત્રમાં પણ પ્રસિદ્ધ છે.

શિવશાસ્ત્રમાં પ્રસિદ્ધ તથા બીજાં બીજાં જે તત્ત્વ છે, તે બધાં કલાઓ દ્વારા યથાયોગ્ય વ્યાપ્ત છે. પરા પ્રકૃતિનાં જે આદિકાળમાં પાંચ પરિણામ થયાં, એ જ નિવૃત્તિ આદિ કલાઓ છે. એ પાંચ કલાઓ ઉત્તરોત્તર તત્ત્વોથી વ્યાપ્ત છે. તેથી પરા શક્તિ સર્વત્ર વ્યાપક છે. તે વિભાગરહિત થઈને પણ છ અધ્વાઓ રૂપે વિભક્ત છે. શક્તિથી લઈને પૃથ્વીપર્યંત સંપૂર્ણ તત્ત્વોનો પ્રાદુર્ભાવ શિવતત્ત્વથી થયો છે. તેથી જેવી રીતે ઘડો વગેરે માટીથી વ્યાપ્ત છે, એવી જ રીતે એ બધાં તત્ત્વ એક માત્ર શિવથી જ વ્યાપ્ત છે. જે છ અધ્વોથી પ્રાપ્ત થવાનું છે, તે જ શિવનું પરમ ધામ છે. પાંચ તત્ત્વોના શોધનથી વ્યાપિકા અને અવ્યાપિકા શક્તિ જણાય છે. નિવૃત્તિકલા દ્વારા રુદ્રલોક પર્યંત બ્રહ્માંડની સ્થિતિનું શોધન થાય છે. પ્રતિષ્ઠા કલા દ્વારા એનાથી પણ ઉપર જ્યાં સુધી અવ્યક્તની સીમા છે, ત્યાં સુધીની શોધ કરી શકાય છે. મધ્યવર્તિની વિદ્યા કલા દ્વારા એનાથી પણ ઉપર વિદ્યેશ્વરપર્યંત સ્થાનનું શોધન થાય છે. શાંતિકલા દ્વારા એનાથી પણ ઉપરના સ્થાનનું તથા

શાન્ત્યતીતા કલા દ્વારા અધ્વાના અંત સુધીનું શોધન થઈ જાય છે. એને જ 'પરમ વ્યોમ' કહેવાય છે.

આ પાંચ તત્ત્વ બતાવ્યાં છે, જેનાથી સંપૂર્ણ જગત વ્યાપ્ત છે. ત્યાં સાધકે આ બધું કાંઈ જોઈ લેવું જોઈએ; જે અધ્વાની વ્યાપ્તિને ન જાણીને શોધન કરવા ચાહે છે, તે શુદ્ધિથી વંચિત રહી જાય છે, એ ફળ મેળવી શકતો નથી. એનો આખો પરિશ્રમ વ્યર્થ, કેવળ નરકની જ પ્રાપ્તિ કરાવનાર થાય છે. શક્તિપાતનો સંયોગ થયા વગર તત્ત્વોનું ઠીક-ઠીક જ્ઞાન થઈ શકતું નથી. એમની વ્યાપ્તિ અને વૃદ્ધિનું જ્ઞાન પણ અસંભવ છે. શિવની જે ચિત્સ્વરૂપા પરમેશ્વરી પરાશક્તિ છે, તે જ આજ્ઞા છે. એ કારણરૂપા આજ્ઞાના સહયોગથી જ શિવ સંપૂર્ણ શિવના અધિષ્ઠાતા થાય છે. વિચારદૃષ્ટિએ જોવામાં આવે તો આત્મામાં તો ક્યારેય વિકાર થતો જ નથી. આ પ્રતીતિ માયામાત્ર છે. ન તો કોઈ બંધન છે અને ન તો એ બંધનથી છુટકારો અપાવનારી કોઈ મુક્તિ છે. શિવની જે અવ્યભિચારિણી પરાશક્તિ છે, તે જ સંપૂર્ણ ઐશ્વર્યથી પરાકાષ્ઠા છે. તે એમના સમાન ધર્મવાળી છે, અને વિશેષતઃ એમના એ વિલક્ષણ ભાવોથી યુક્ત છે. એ જ શક્તિની સાથે શિવ ગૃહસ્થ બનેલા છે અને તે પણ સદા એ શિવજીની સાથે જ ગૃહિણી બનીને રહે છે. જે પ્રકૃતિ-જન્ય જગતરૂપ કાર્ય છે, એ જ એ શિવ-દંપતીનું સંતાન છે. શિવકર્તા છે અને શક્તિ કારણ. આ જ એ બંનેનો ભેદ છે. વાસ્તવમાં તો એક માત્ર સાક્ષાત્ શિવ જ બે રૂપોમાં સ્થિત છે. કેટલાક લોકોનું કહેવું છે કે સ્ત્રી અને પુરુષરૂપમાં જ એમનો ભેદ છે. અન્ય લોકો કહે છે કે પરાશક્તિ શિવમાં નિત્ય સમવેત છે. જેવી રીતે પ્રભા સૂર્યથી ભિન્ન નથી, એજ પ્રકારે ચિત્સ્વરૂપિણી પરાશક્તિ શિવથી અભિન્ન જ છે. આ જ સિદ્ધાંત છે. તેથી શિવ જ પરમ કારણ છે, એમની આજ્ઞા જ પરમેશ્વરી છે. એનાથી જ પ્રેરિત થઈને શિવની અવિનાશી મૂળ પ્રકૃતિ કાર્યભેદથી માયામાયા, માયા અને ત્રિગુણાત્મક પ્રકૃતિ—એ ત્રણ રૂપોમાં સ્થિત થઈ છ અધ્વાઓને પ્રગટ કરે છે. તે છ પ્રકારના અધ્વા વાગર્થમય છે, તે જ જગતરૂપે સ્થિત છે; બધાં જ શાસ્ત્રસમૂહ આ જ ભાવનું વિસ્તારથી પ્રતિપાદન કરે છે.

(અધ્યાય ૨૯)

*

ઋષિઓના પ્રશ્નનો ઉત્તર આપતા વાયુદેવ દ્વારા શિવના સ્વતંત્ર અને સર્વાનુગ્રાહક સ્વરૂપનું પ્રતિપાદન

તદનંતર ઋષિઓએ કેટલાંય કારણ બતાવીને પૂછ્યું—હે વાયુદેવ! જો શિવ સદા શાન્તભાવથી રહીને જ બધા ઉપર અનુગ્રહ કરે છે તો બધાંની અભિલાષાઓ એકસાથે જ પૂર્ણ કેમ નથી કરી દેતા? જે સર્વ કાંઈ કરવામાં સમર્થ છે, તે સૌને એકસાથે જ બંધન-મુક્ત કેમ નથી કરી શકતા? જો કહો કે અનાદિકાળથી ચાલી આવેલાં બધાંનાં વિચિત્ર કર્મ અલગ અલગ છે, તેથી સૌને એકસમાન ફળ મળી શકતું નથી, તો એ ઠીક નથી, કારણ કે એ કર્મ પણ ઈશ્વરનાં

જ કરાવ્યાં થાય છે. આ વિષયમાં બહુ કહેવાથી શો લાભ. ઉપર્યુક્ત રૂપે વિભિન્ન યુક્તિઓ દ્વારા ફેલાવી ગયેલી નાસ્તિકતા જે પ્રકારે શીઘ્ર જ નિવૃત્ત થઈ જાય એવો ઉપદેશ આપો.

વાયુદેવતાએ કહ્યું—હે બ્રાહ્મણો! લોકોએ યુક્તિઓથી પ્રેરિત થઈને જે સંશય ઉપસ્થિત કર્યો છે, તે ઉચિત જ છે; કેમકે કોઈ પણ વાતને જાણવાની ઇચ્છા અથવા તત્ત્વજ્ઞાન માટે ઉઠાવેલો પ્રશ્ન સાધુબુદ્ધિ પુરુષોમાં નાસ્તિકતાનું ઉત્પાદન નથી કરી શકતો. હું આ વિષયમાં એવાં પ્રમાણ પ્રસ્તુત કરીશ, જે સત્પુરુષોના મોહને દૂર કરશે. અસત્ પુરુષોનો જે અન્યથા ભાવ હોય છે, એમાં પ્રભુ શિવની કૃપાનો અભાવ જ કારણ હોય છે. પરિપૂર્ણ પરમાત્મા શિવના અનુગ્રહ વગર કશું પણ કર્તવ્ય નથી, એવો નિશ્ચય કરવામાં આવ્યો છે. પરાનુગ્રહ કર્મમાં સ્વભાવ જ પર્યાપ્ત (પૂર્ણતઃ સમર્થ) છે, અન્યથા નિઃસ્વભાવ પુરુષ કોઈના પર પણ અનુગ્રહ નથી કરી શકતો—પશુ અને પાશરૂપ આખું જગત જ પર કહેવામાં આવ્યું છે. તે અનુગ્રહનું પાત્ર છે. પરને અનુગૃહીત કરવાને માટે પતિની આજ્ઞાનો સમન્વય આવશ્યક છે. પતિ આજ્ઞા આપનારા છે, એ જ સદા બધાં પર અનુગ્રહ કરે છે. એ અનુગ્રહને માટે જ આજ્ઞારૂપ અર્થને સ્વીકારવાથી શિવ પરતંત્ર કેવી રીતે કહી શકાય. અનુગ્રહની અપેક્ષા ન રાખીને કોઈ પણ અનુગ્રહ સિદ્ધ થઈ શકતો નથી. તેથી સ્વતંત્ર-શબ્દના અર્થની અપેક્ષા ન રાખવી જ અનુગ્રહનું લક્ષણ છે. જે અનુગ્રાહ્ય છે, તે પરતંત્ર મનાય છે, કેમકે પતિના અનુગ્રહ વિના એને ભોગ અને મોક્ષની પ્રાપ્તિ થતી નથી. જે મૂર્ત્યાત્મા છે, તે પણ અનુગ્રહનું પાત્ર છે, કેમકે એમનાથી પણ શિવની આજ્ઞાની નિવૃત્તિ થતી નથી—તે પણ શિવની આજ્ઞાથી બહાર નથી. અહીં કોઈ એવી વસ્તુ નથી, જે શિવની આજ્ઞાને અધીન ન હોય. સકલ (સગુણ અથવા સાકાર) હોવા પર પણ જેના દ્વારા અમે નિષ્કલ (નિર્ગુણ અથવા નિરાકાર) શિવની પ્રાપ્તિ થાય છે, એ મૂર્તિ અથવા લિંગના રૂપે સાક્ષાત્ શિવ જ બિરાજે છે. તે 'શિવની મૂર્તિ છે' આ વાત તો ઉપચારથી કહેવાય છે. જે સાક્ષાત્ નિષ્કલ તથા પરમ કારણરૂપ શિવ છે, તે કોઈના દ્વારા પણ સાકાર અનુભવથી ઉપલક્ષિત નથી થતા, એવી વાત નથી. અહીં પ્રમાણગમ્ય હોવું એમના સ્વભાવનું ઉપપાદક નથી, પ્રમાણ અથવા પ્રતીક માત્રથી અપેક્ષા-બુદ્ધિનો ઉદય થતો નથી. એ પરમ તત્ત્વના ઉપલક્ષણ માત્ર છે, એ સિવાય એમનો બીજો કોઈ અભિપ્રાય નથી. કોઈ ને કોઈ મૂર્તિ જ આત્માનું સાક્ષાત્ ઉપલક્ષણ હોય છે. 'શિવની મૂર્તિ છે' એ કથનનો અભિપ્રાય એ છે કે એ મૂર્તિના રૂપમાં પરમ શિવ બિરાજમાન છે. મૂર્તિ એમનું ઉપલક્ષણ છે. જેવી રીતે લાકડા વગેરેનું આલંબન લીધા વિના કેવળ અગ્નિ ક્યાંય ઉપલબ્ધ થતો નથી, એ જ પ્રકારે શિવ પણ મૂર્ત્યાત્મામાં આરૂઢ થયા વિના ઉપલબ્ધ થતા નથી. આ જ વસ્તુસ્થિતિ છે. જેવી રીતે કોઈના એ કહેવાથી કે 'તમે આગ લઈ આવો' એના દ્વારા સળગતું લાકડું વગેરે સિવાય સાક્ષાત્ અગ્નિ લાવી શકાય નહીં, એ જ પ્રકારે શિવનું પૂજન પણ મૂર્તિરૂપે જ થઈ શકે છે, અન્યથા નહીં. એટલા માટે પૂજા વગેરેમાં 'મૂર્ત્યાત્મા'ની પરિકલ્પના થાય છે; કેમકે મૂર્ત્યાત્મા પ્રત્યે જે કાંઈ કરવામાં આવે છે, તે સાક્ષાત્ શિવ પ્રત્યે જ કરવામાં આવ્યું છે એવું જ મનાયું છે. લિંગ વગેરેમાં વિશેષતઃ

અર્ચાવિગ્રહમાં જે પૂજનકૃત્ય થાય છે, તે ભગવાન શિવનું જ પૂજન છે, તે મૂર્તિઓનાં રૂપે શિવની ભાવના કરીને જ આપણે લોકો શિવની જ ઉપાસના કરીએ છીએ. જેવી રીતે પરમેષ્ઠી શિવ મૂર્ત્યાત્મા પર અનુગ્રહ કરે છે, એ જ પ્રકારે મૂર્ત્યાત્મામાં સ્થિત શિવ આપણા પર-પશુઓ પર અનુગ્રહ કરે છે. પરમેષ્ઠી શિવે લોકો પર અનુગ્રહ કરવા માટે જ સદાશિવ વગેરે સંપૂર્ણ મૂર્ત્યાત્માઓને અધિષ્ઠિત—પોતાની આજ્ઞામાં રાખીને અનુગૃહીત કર્યા છે.

ભગવાન શિવ સૌ પર અનુગ્રહ જ કરે છે, કોઈનો નિગ્રહ કરતા નથી, કેમકે નિગ્રહ કરનારા લોકોમાં જે દોષ હોય છે, તે શિવમાં અસંભવ છે. બ્રહ્મા વગેરે પ્રત્યે જે નિગ્રહ જોવામાં આવે છે, તે પણ શ્રીકંઠમૂર્તિ શિવ દ્વારા લોકહિત માટે જ થયા હતા. વિદ્વાનોની દૃષ્ટિમાં નિગ્રહ પણ સ્વરૂપથી દૂષિત નથી. (જ્યારે તે રાગ-દ્વેષથી પ્રેરિત થઈને કરવામાં આવે, ત્યારે જ નિંદનીય માનવામાં આવે છે). એટલા માટે દંડનીય અપરાધીઓને રાજાઓ તરફથી મળેલા દંડની પ્રશંસા થાય છે. જો સાધુની રક્ષા કરવી હોય તો અસાધુનું નિવારણ કરવું જ પડે. પહેલાં સામ વગેરે ત્રણ ઉપાયોથી અસાધુના નિવારણનો પ્રયત્ન કરવામાં આવે છે. જો આ પ્રયત્ન સફળ ન થયો તો અંતે ચોથો ઉપાય દંડ છે તેનો જ આશ્રય લેવામાં આવે છે. આ દંડાંત અનુશાસન લોકહિત માટે જ કરવું જોઈએ. આ જ એના ઔચિત્યને પરિલક્ષિત કરાવે છે. જો અનુશાસન આથી વિપરીત હોય તો એને અહિતકર કહે છે. જે સદા હિતમાં જ લાગ્યા રહેનારા છે, એમણે ઈશ્વરનું દૃષ્ટાંત પોતાની સામે રાખવું જોઈએ. (ઈશ્વર કેવળ દુષ્ટોને જ દંડ આપે છે, એટલા માટે નિર્દોષ કહેવાય છે). તેથી જે દુષ્ટોને દંડ આપે છે તે એ નિગ્રહ-કર્મને લઈને સત્પુરુષો દ્વારા લાંછિત કેવી રીતે કરી શકાય. લોકમાં જ્યાં ક્યાં પણ નિગ્રહ થાય છે, તે જો વિદ્વેષપૂર્વક ન હોય, તો જ શ્રેષ્ઠ મનાય છે. જે પિતા પુત્રને દંડ આપીને એને અધિક શિક્ષિત બનાવે છે, એ પુત્રથી દ્વેષ નથી કરતો.

શિવની આજ્ઞાનું પાલન જ હિત છે ને જે હિત છે, તે જ એમનો અનુગ્રહ છે. તેથી સૌને હિતમાં નિયુક્ત કરનારા શિવ બધા પર અનુગ્રહ કરનારા કહેવાયા છે. જો ઉપકાર-શબ્દનો અર્થ છે, એને પણ અનુગ્રહ જ કહેવાય છે; કેમકે ઉપકાર પણ હિતરૂપ જ હોય છે. માટે સૌનો ઉપકાર કરનારા શિવ સર્વાનુગ્રાહક છે. શિવ દ્વારા જડ-ચેતન બધું સદા હિતમાં જ નિયુક્ત છે. પરંતુ સૌને જો એકસાથે અને સમાન હિતની ઉપલબ્ધિ નથી હોતી, એમાં એમનો સ્વભાવ જ પ્રતિબંધક છે. જેવી રીતે સૂર્ય પોતાનાં કિરણો દ્વારા બધાં જ કમળોને વિકાસ માટે પ્રેરિત કરે છે, પરંતુ તે કમળો પોતપોતાના સ્વભાવ અનુસાર એકસાથે અને એક સમાન વિકસિત થતાં નથી, સ્વભાવ પણ પદાર્થોના ભાવિ અર્થનું કારણ છે, કિન્તુ તે નષ્ટ થતા જતા અર્થને કર્તાઓને માટે સિદ્ધ કરી શકે નહીં. જેવી રીતે અગ્નિનો સંયોગ સુવર્ણને જ ઓગાળે છે, કોલસાને કે અંગારાને નહીં, એવી જ રીતે ભગવાન શિવ પરિપક્વ મળવાળા પશુઓને જ બંધનમુક્ત કરે છે, બીજાને નહીં. જે વસ્તુ જેવી હોવી જોઈએ, તેવી તે સ્વયં નથી બનતી—તેવી બનવા માટે કર્તાની ભાવનાનો સહયોગ હોવો આવશ્યક છે. કર્તાની ભાવના વગર એવું

થવું સંભવ નથી, તેથી કર્તા સદા સ્વતંત્ર હોય છે.

બધા પર અનુગ્રહ કરનારા શિવ જેવી રીતે સ્વભાવથી જ નિર્મલ છે, એવી જ રીતે 'જીવ' સંજ્ઞા ધારણ કરનાર આત્મા સ્વભાવતઃ મલિન હોય છે. જો આવી વાત ન હોત તો તે જીવ કેમ નિયમપૂર્વક સંસારમાં ભટકત અને શિવ શા માટે સંસાર-બંધનથી પરે રહેતા-વિદ્વાન પુરુષ કર્મ અને માયાના બંધનને જ જીવનો 'સંસાર' કહે છે. આ બંધન જીવને જ પ્રાપ્ત થાય છે, શિવને નહીં. એમાં કારણ છે જીવનો સ્વાભાવિક મળ. તે કારણભૂત મળ જીવનો પોતાનો સ્વભાવ જ છે, આગંતુક નથી. જો આગંતુક હોત તો કોઈને પણ કોઈ પણ કારણે બંધન પ્રાપ્ત થઈ જાત. જો આ હેતુ છે. તે એક છે; કેમકે બધા જીવોનો સ્વભાવ એક જેવો છે. યદ્યપિ બધામાં એક જેવો જ આત્મભાવ છે, તો પણ મળનો પરિપાક અને અપરિપાકને કારણે કેટલાક જીવબદ્ધ છે અને કેટલાક જીવ કેટલાંક બંધનોથી મુક્ત છે. બદ્ધ જીવોમાં પણ કેટલાક લોકો લય અને ભોગના અધિકાર અનુસાર ઉત્કૃષ્ટ અને નિકૃષ્ટ થઈને જ્ઞાન અને ઐશ્વર્ય વગેરેની વિષમતાને પ્રાપ્ત થાય છે, અર્થાત્ કેટલાક લોકો અધિક જ્ઞાન અને ઐશ્વર્યથી યુક્ત હોય છે અને કેટલાક લોકો થોડું ઓછું જ્ઞાન અને ઐશ્વર્યથી યુક્ત હોય છે. કોઈ મૂર્ત્યાત્મા હોય છે અને કોઈ સાક્ષાત્ શિવની સમીપે જ વિચરણ કરનારા હોય છે. મૂર્ત્યાત્માઓમાં કોઈ તો શિવસ્વરૂપ થઈને છએ અધ્વાઓની ઉપર સ્થિત હોય છે, કોઈ અધ્વાના મધ્યભાગમાં મહેશ્વર થઈને રહે છે અને કોઈ નિમ્નભાગમાં રુદ્રરૂપે સ્થિત થાય છે. શિવ સમીપવર્તી સ્વરૂપમાં પણ માયાથી પરે હોવાને કારણે ઉત્કૃષ્ટ, મધ્યમ અને નિકૃષ્ટ ભેદથી ત્રણે શ્રેણીઓ હોય છે—ત્યાં નિમ્ન સ્થાનમાં આત્માની સ્થિતિ છે, મધ્ય સ્થાનમાં અંતરાત્માની સ્થિતિ છે અને જે સૌથી ઉત્કૃષ્ટ શ્રેણીનું સ્થાન છે, એમાં પરમાત્માની સ્થિતિ છે. આ જ ક્રમશઃ બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ્વર કહેવાય છે. કોઈ વસ્તુ (જીવ) પરમાત્મપદનો આશ્રય લેનાર હોય છે, કોઈ અંતરાત્મપદ પર અને આત્મપદ પર પ્રતિષ્ઠિત હોય છે.

ભગવાન શિવ તો અનાયાસ જ સમસ્ત પશુઓને બંધનમાંથી મુક્ત કરવામાં સમર્થ છે. પછી તે એમને બંધનમાં નાખી રાખીને શા માટે દુઃખ આપે છે?—એવો વિચાર અથવા સંદેહ ન કરવો જોઈએ; કારણકે આખો સંસાર દુઃખરૂપ જ છે, એવો વિચારવાનોનો નિશ્ચિત સિદ્ધાંત છે. જે સ્વભાવતઃ દુઃખમય છે, તે દુઃખરહિત કેવી રીતે થઈ શકે છે. સ્વભાવમાં ઊલટ-ફેર નથી થઈ શકતો. વૈદની દવાથી રોગ અરોગ નથી થતો. તે રોગપીડિત મનુષ્યને પોતાની દવાથી સુખપૂર્વક ઉદ્ધાર કરી દે છે. એ જ પ્રકારે જે સ્વભાવતઃ મલિન અને સ્વભાવથી જ દુઃખી છે, એ પશુઓને પોતાની આજ્ઞારૂપી ઔષધિ આપીને શિવ દુઃખથી છોડાવે છે. રોગ હોવામાં વૈદ કારણ નથી, પરંતુ સંસારની ઉત્પત્તિમાં શિવ કારણ છે, તેથી રોગ અને વૈદ્યના દૃષ્ટાંતથી શિવ અને સંસારની દૃષ્ટાંતમાં સમાનતા નથી—એટલા માટે એ દ્વારા શિવ પર દોષારોપણ કરી શકાય નહીં. જ્યારે દુઃખ સ્વભાવસિદ્ધ છે, ત્યારે શિવ એના કારણ કેવી રીતે હોઈ શકે છે. જીવોમાં જે સ્વાભાવિક મળ છે, તે જ એમને સંસારચક્રમાં નાખે છે. સંસારનાં કારણભૂત જે મળ—અચેતન માયા વગેરે છે, તે શિવનું સાંનિધ્ય પ્રાપ્ત કર્યા

વિના સ્વયં ચેષ્ટાશીલ ન થઈ શકે. જેવી રીતે ચુંબક મણિ લોઢાનું સાંનિધ્ય મેળવીને જ ઉપકારક થાય છે—લોખંડને ખેંચે છે એ જ પ્રકારે શિવ પણ જડ માયા વગેરેનું સાંનિધ્ય મેળવીને જ એને ઉપકારક થાય છે. એને સચેષ્ટ બનાવે છે. એના વિદ્યમાન સાંનિધ્યને અકારણ હટાવી શકાતું નથી. તેથી જગત માટે જે સદા અજ્ઞાત છે, તે શિવ જ એના અધિષ્ઠાતા છે. શિવ વગર અહીં કોઈ પણ પ્રવૃત્ત (ચેષ્ટાશીલ) હોતું નથી, એમની આજ્ઞા વગેરે એક પત્તું પણ હાલતું નથી. એમનાથી પ્રેરિત થઈને જ આ આખું જગત વિભિન્ન પ્રકારની ચેષ્ટાઓ કરે છે, તથાપિ તે શિવ કયારેય મોહિત થતા નથી. એમની આજ્ઞારૂપિણી જે શક્તિ છે, તે જ સર્વનું નિયંત્રણ કરે છે. બધી દિશાઓ તરફ એનાં મુખ છે. એણે જ સદા આ સંપૂર્ણ દૃશ્યપ્રપંચનો વિસ્તાર કર્યો છે, તથાપિ તેના દોષથી શિવ દૂષિત થતા નથી. જે દુર્બુદ્ધિ માનવ આથી વિપરીત માન્યતા રાખે છે, તે નષ્ટ થઈ જાય છે. શિવની શક્તિના વૈભવથી જ સંસાર ચાલે છે, તો પણ શિવ દૂષિત થતા નથી.

આ જ સમયે આકાશથી શરીર-રહિત વાણી સંભળાઈ—'સત્યં ઓમ્ અમૃતં સૌમ્યમ્'* આ પદોનું ત્યાં સ્પષ્ટ ઉચ્ચારણ થયું, એને સાંભળીને બધા લોકો ખૂબ પ્રસન્ન થયા. એમના સમસ્ત સંશયોનું નિવારણ થઈ ગયું તથા એ મુનિઓએ વિસ્મિત થઈને પવનદેવને પ્રણામ કર્યા. આ રીતે એ મુનિઓને સંદેહરહિત કરીને વાયુદેવે એ ન માન્યું કે એમને પૂર્ણ જ્ઞાન થઈ ગયું છે. 'એમનું જ્ઞાન હજુ પ્રતિષ્ઠિત થયું નથી' એવું સમજીને જ તે આ પ્રકારે બોલ્યા.

વાયુદેવતાએ કહ્યું—હે મુનિઓ! પરોક્ષ અને અપરોક્ષ ભેદથી જ્ઞાન બે પ્રકારનું માનવામાં આવ્યું છે. પરોક્ષ જ્ઞાનને અસ્થિર કહેવાય છે અને અપરોક્ષ જ્ઞાનને સુસ્થિર કહેવાય છે. યુક્તિપૂર્ણ ઉપદેશથી જે જ્ઞાન થાય છે, એને વિદ્વાન પુરુષ પરોક્ષ કહે છે. તે જ શ્રેષ્ઠ અનુષ્ઠાનથી અપરોક્ષ થઈ જશે. અપરોક્ષ જ્ઞાન વિના મોક્ષ થતો જ નથી એવો નિશ્ચય કરીને તમે લોકો આળસરહિત થઈને શ્રેષ્ઠ અનુષ્ઠાનની સિદ્ધિ માટે પ્રયત્ન કરો.

(અધ્યાય ૩૨)

*

પરમ ધર્મનું પ્રતિપાદન, શૈવાગમ અનુસાર પાશુપત જ્ઞાન તથા એનાં સાધનોનું વર્ણન

ઋષિઓએ પૂછ્યું—હે વાયુદેવ! એવું કયું શ્રેષ્ઠ અનુષ્ઠાન છે, જે મોક્ષરૂપ જ્ઞાનને અપરોક્ષ કરી દે છે? એને અને એનાં સાધનોને આજે આપ અમને બતાવવાની કૃપા કરો.

વાયુએ કહ્યું—ભગવાન શિવનો બતાવેલો જે પરમ ધર્મ છે, એને જ શ્રેષ્ઠ અનુષ્ઠાન કહે છે. એ સિદ્ધ થઈ ગયા પછી સાક્ષાત્ મોક્ષદાયક શિવ અપરોક્ષ થઈ જાય છે. તે પરમધર્મ પાંચ પર્વોને કારણે પાંચ પ્રકારનાં જાણવાં જોઈએ. એ પર્વોનાં નામ છે : ક્રિયા, તપ, જપ, ધ્યાન

* આ પદોનો સમ્મિલિત અર્થ આ પ્રકારે છે : સા, એ સત્ય છે, અમૃતમય છે અને સૌમ્ય છે.

અને જ્ઞાન. એ ઉત્તરોત્તર શ્રેષ્ઠ છે, એ ઉત્કૃષ્ટ સાધનોથી સિદ્ધ થયેલો ધર્મ પરમ ધર્મ મનાય છે. જ્યાં પરોક્ષ જ્ઞાન પણ અપરોક્ષ જ્ઞાન થઈને મોક્ષદાયક થાય છે. વૈદિક ધર્મ બે પ્રકારના બતાવ્યા છે : પરમ અને અપરમ. ધર્મ-શબ્દથી પ્રતિપાદ્ય અર્થમાં અમારે માટે શ્રુતિ જ પ્રમાણ છે. યોગપર્યંત જે પરમ ધર્મ છે, તે શ્રુતિઓને શિરોભૂત ઉપનિષદમાં વર્ણિત છે અને જે અપરમ ધર્મ છે, તે એની અપેક્ષાએ નીચે શ્રુતિના મુખ-ભાગથી અર્થાત્ સંહિતા-મંત્રો દ્વારા પ્રતિપાદિત થયો છે. જેમાં પશુ (બદ્ધ) જીવોનો અધિકાર નથી, તે વેદાંતવર્ણિત ધર્મ 'પરમ ધર્મ' મનાય છે. એથી ભિન્ન જે યજ્ઞ-યાગાદિ છે, એમાં સૌનો અધિકાર હોવાથી તે સાધારણ અથવા 'અપરમ ધર્મ' કહેવાય છે. જે અપરમ ધર્મ છે, તે જ પરમ ધર્મનું સાધન છે. ધર્મશાસ્ત્ર આદિ દ્વારા એનું સમ્યક્ રૂપે વિસ્તારપૂર્વક સાંગોપાંગ નિરૂપણ થયું છે. ભગવાન શિવ દ્વારા પ્રતિપાદિત જે પરમ ધર્મ છે, એનું જ નામ શ્રેષ્ઠ અનુષ્ઠાન છે. ઇતિહાસ અને પુરાણો દ્વારા એનો કોઈ પ્રકારે વિસ્તાર થયો છે. પરંતુ શૈવ-શાસ્ત્રો દ્વારા એના વિસ્તારનું સાંગોપાંગ નિરૂપણ થયું છે. ત્યાં જ એમના સ્વરૂપનું સમ્યક્રૂપે પ્રતિપાદન થયું છે. સાથે જ એના સંસ્કાર અને અધિકાર પણ સમ્યક્રૂપે વિસ્તારપૂર્વક બતાવ્યા છે. શૈવ-આગમના બે ભેદ છે : શ્રૌત અને અશ્રૌત. જે શ્રુતિના સારતત્ત્વથી સંપન્ન છે તે શ્રૌત છે અને જે સ્વતંત્ર છે તે અશ્રૌત મનાય છે. સ્વતંત્ર શૈવાગમ પહેલાં દશ પ્રકારનો હતો અને પછી અઢાર પ્રકારનો થયો. તે કાયિકા વગેરે સંજ્ઞાઓથી સિદ્ધ થઈને સિદ્ધાંત નામ ધારણ કરે છે. શ્રુતિસારમય જે શૈવ-શાસ્ત્ર છે, એનો વિસ્તાર સો કરોડ શ્લોકોમાં કરવામાં આવ્યો છે. એમાં જ ઉત્કૃષ્ટ 'પાશુપત-વ્રત' અને 'પાશુપત-જ્ઞાન'નું વર્ણન થયું છે. યુગ યુગમાં થનારા શિષ્યોએ એને ઉપદેશ આપવા માટે ભગવાન શિવ સ્વયં જ યોગાચાર્યરૂપે જ્યાં-ત્યાં અવતીર્ણ થઈને એનો પ્રચાર કરે છે.

આ શૈવ-શાસ્ત્રનો સંક્ષેપ કરીને એના સિદ્ધાંતનું પ્રવચન કરનારા મુખ્યતઃ ચાર મહર્ષિઓ છે : રુરુ, દધીચ, અગસ્ત્ય અને મહાયશસ્વી ઉપમન્યુ. એમને સંહિતાઓના પ્રવર્તક 'પાશુપત' જાણવા જોઈએ. એમની સંતાન-પરંપરામાં સેંકડો-હજારો ગુરુજન થઈ ગયા છે. પાશુપત સિદ્ધાંતમાં જે પરમધર્મ બતાવ્યો છે, તે ચર્યા* વગેરે ચાર પદોનાં કારણે ચાર પ્રકારના માન્યા છે. એ ચારેમાં જે પાશુપત યોગ છે તે દૃઢતાપૂર્વક શિવનો સાક્ષાત્કાર કરાવનારો છે. એટલા માટે પાશુપતયોગ જ શ્રેષ્ઠ અનુષ્ઠાન મનાયું છે. એમાં પણ બ્રહ્માજીને જે ઉપાય બતાવ્યો છે, એનું વર્ણન કરવામાં આવે છે. ભગવાન શિવ દ્વારા પરિકલ્પિત જે 'નામાષ્ટકમય યોગ' છે, એના દ્વારા 'શૈવી પ્રજ્ઞા'નો ઉદય થાય છે. એ પ્રજ્ઞા દ્વારા પુરુષ શીઘ્ર જ સુસ્થિર પરમ જ્ઞાન પ્રાપ્ત કરી લે છે. જેના હૃદયમાં તે જ્ઞાન પ્રતિષ્ઠિત થઈ જાય છે, એના ઉપર ભગવાન શિવ પ્રસન્ન થાય છે. એમના કૃપા-પ્રસાદથી એ પરમ યોગ સિદ્ધ થાય છે, જે શિવનાં અપરોક્ષ દર્શન કરાવે છે. શિવના અપરોક્ષ જ્ઞાનથી સંસાર-બંધનનું કારણ દૂર થઈ જાય છે. આ પ્રકારે સંસારથી

* ચર્યા, વિદ્યા, ક્રિયા અને યોગ—એ ચાર પાદ છે.

મુક્ત થયેલો પુરુષ શિવ-સમાન થઈ જાય છે. આ બ્રહ્માજીનો બતાવેલ ઉપાય છે. એનું જ પૃથક્ વર્ણન કરે છે. શિવ, મહેશ્વર, રુદ્ર, વિષ્ણુ, પિતામહ (બ્રહ્મા), સંસારવૈદ્ય, સર્વજ્ઞ અને પરમાત્મા આ આઠ મુખ્ય નામ છે. એ આઠેય મુખ્ય નામ શિવનાં પ્રતિપાદક છે. એમાંથી આદિ પાંચ નામ ક્રમશઃ શાન્ત્યતીતા વગેરે પાંચ કલાઓ સાથે સંબંધ છે અને એ પાંચ ઉપાધિઓને ગ્રહણ કરવાથી સદાશિવ વગેરેના બોધક થાય છે. ઉપાધિની નિવૃત્તિ થવા પર ભેદોની નિવૃત્તિ થઈ જાય છે. એ પદ જ નિત્ય છે. પરંતુ એ પદ પર પ્રતિષ્ઠિત થનાર અનિત્ય કહેવાયા છે. પદોનું પરિવર્તન થવાથી પદવાળો પુરુષ મુક્ત થઈ જાય છે. પરિવર્તન અનંતર પુનઃ બીજા આત્માઓને એ પદની પ્રાપ્તિ બતાવવામાં આવી છે, અને એમના જ તે આદિ પાંચ નામ નિયત થાય છે. ઉપાદાન આદિ યોગથી અન્ય ત્રણ નામ (સંસારવૈદ્ય, સર્વજ્ઞ અને પરમાત્મા) પણ ત્રિવિધ ઉપાધિનું પ્રતિપાદન કરતાં શિવમાં જ અનુગત થાય છે.

અનાદિ મળનો સંસર્ગ એમનામાં પહેલાંથી જ નથી તથા તે સ્વભાવતઃ અત્યંત શુદ્ધ સ્વરૂપ છે, તેથી 'શિવ' કહેવાય છે અથવા તે ઈશ્વર સમસ્ત કલ્યાણમય ગુણોનો એક માત્ર ઘનીભૂત વિગ્રહ છે. એટલા માટે શિવતત્ત્વના અર્થે જાણનારા શ્રેષ્ઠ મહાત્મા એમને શિવ કહે છે. ત્રેવીશ તત્ત્વોથી પરે જે પ્રકૃતિ બતાવી છે, એનાથી પણ પરે પરચીશમા તત્ત્વના સ્થાનમાં પુરુષને બતાવ્યો છે, જેને વેદ વગેરેમાં ઓંકારરૂપ કહ્યો છે. ઓંકાર અને પુરુષમાં વાચ્ય-વાચક ભાવ સંબંધ છે. એના યથાર્થ સ્વરૂપનું જ્ઞાન એક માત્ર વેદથી જ થાય છે. તે જ વેદાંતમાં પ્રતિષ્ઠિત છે. પરંતુ તે પ્રકૃતિથી સંયુક્ત છે; તેથી એનાથી પણ પરે જે પરમ પુરુષ છે એનું નામ મહેશ્વર છે; કેમકે પ્રકૃતિ અને પુરુષ બંનેની પ્રવૃત્તિ એને અધીન છે અથવા આ જે અવિનાશી ત્રિગુણમય તત્ત્વ છે, એને પ્રકૃતિ સમજવી જોઈએ. આ પ્રકૃતિને માયા કહે છે. આ માયા જેની શક્તિ છે, એ માયાપતિનું નામ 'મહેશ્વર' છે. મહેશ્વરના સંબંધથી જે માયા અથવા પ્રકૃતિમાં ક્ષોભ ઉત્પન્ન કરે છે, તે અનંત અથવા વિષ્ણુ કહેવાય છે. તે જ કાલાત્મા અને પરમાત્મા વગેરે નામોથી સંબોધાય છે. એમને જ સ્થૂળ અને સૂક્ષ્મરૂપ પણ કહ્યા છે. દુઃખ અથવા દુઃખના હેતુનું નામ 'સત્' છે. જે પ્રભુ એનું દ્રાવણ કરે છે—એને ભગાડી મૂકે છે, એ પરમ કારણ શિવને સાધુપુરુષ 'રુદ્ર' કહે છે. કલા, કાલ વગેરે તત્ત્વોને લઈને ભૂતોમાં પૃથ્વી પર્યંત છત્રીસ* તત્ત્વ છે એનાથી જ શરીર બને છે. એ શરીર, ઇન્દ્રિય આદિમાં જે તંદ્રારહિત થઈ વ્યાપકરૂપે સ્થિત છે તે ભગવાન શિવ 'રુદ્ર' કહેવાયા છે. જગતના પિતારૂપ જે મૂર્યાત્મા છે, એ સર્વના પિતારૂપે ભગવાન શિવ જ બિરાજમાન છે; તેથી તે 'પિતામહ' કહેવાયા છે. જેવી રીતે રોગનું નિદાન જાણનાર વૈદ્ય તદનુકૂલ ઉપાયો અને દવાઓથી રોગ દૂર કરી દે છે, એવી જ રીતે ઈશ્વર લયયોગાધિકારથી સદા જડ મૂળસહિત સંસાર-રોગની નિવૃત્તિ કરે છે; તેથી સંપૂર્ણ

* કલા, કાલ, નિયતિ, વિદ્યા, રાગ, પ્રકૃતિ અને ગુણ—એ સાત તત્ત્વ, પંચતન્માત્રા, દશ ઇન્દ્રિયો, ચાર અંતઃકરણવૃત્તિ, પાંચ શબ્દાદિ વિષય તથા આકાશ, વાયુ, તેજ, જલ અને અગ્નિ એ છત્રીશ તત્ત્વ છે.

તત્ત્વોના જ્ઞાતા વિદ્વાન એમને 'સંસારવૈદ્ય' કહે છે. દશ વિષયોના જ્ઞાન માટે દશ ઇનિદ્રયો હોવા છતાં પણ જીવ ત્રણે કાળમાં થનાર સ્થૂળ-સૂક્ષ્મ પદાર્થોને પૂર્ણરૂપે નથી જાણતો, કેમકે માયાએ જ એમને મળથી આવૃત્ત કરી દીધા છે. પરંતુ ભગવાન સદાશિવ સંપૂર્ણ વિષયોના જ્ઞાનથી સાધનભૂત ઇન્દ્રિયાદિક ન હોવા છતાં જે વસ્તુ જે રૂપમાં સ્થિત છે, એને એ જ રૂપે ઠીક ઠીક જાણે છે, એટલા માટે તે સર્વજ્ઞ કહેવાય છે. જે આ સર્વ ઉત્તમ ગુણોથી નિત્ય સંયુક્ત હોવાને કારણે સર્વના આત્મા છે, જેમને માટે પોતાનાથી અતિરિક્ત બીજા કોઈ આત્માની સત્તા નથી, એ ભગવાન શિવ સ્વયં જ 'પરમાત્મા' છે.

આચાર્યની કૃપાથી આ આઠેય નામોનો અર્થસહિત ઉપદેશ મેળવીને શિવ આદિ પાંચ નામો દ્વારા નિવૃત્તિ આદિ પાંચ કલાઓની ગ્રંથિકાઓનું ક્રમશઃ છેદન અને ગુણ અનુસાર શોધન કરીને ગુણિત, ઉદ્‌ઘાતયુક્ત અને અનિરુદ્ધ પ્રાણો દ્વારા હૃદય, કંઠ, તાલુ, ભ્રૂમધ્ય અને બ્રહ્મરન્ધ્રથી યુક્ત પુર્યષ્ટકનું ભેદન કરીને સુષુમ્ણા નાડી દ્વારા પોતાના આત્માને સહસ્રાર ચક્રની અંદર લઈ જાય. એનો વર્ણ શુભ્રવર્ણ છે. તે તરુણ સૂર્યની જેમ રક્તવર્ણ કેસર દ્વારા રંજિત અને અધોમુખ છે. એનાં પચાશ દળોમાં સ્થિત 'અ'થી લઈને 'ક્ષ' સુધી સબિન્દુ અક્ષર-કર્ણિકાની વચમાં ગોળાકાર ચંદ્રમંડળ છે. આ ચંદ્રમંડળ છત્રાકારમાં સ્થિત છે. એણે એક ઊર્ધ્વમુખ દ્વાદશ-દળ કમળને આવૃત્ત કરી રાખ્યું છે. એ કમળની કર્ણિકામાં વીજળીની જેમ અકથાદિ ત્રિકોણ યંત્ર છે. આ યંત્રની ચારે બાજુએ સુધાસાગર હોવાને કારણે તે મણિદ્વીપના આકારનો થઈ ગયો છે. એ દ્વીપની મધ્યમાં મણિપીઠ છે. એની વચમાં નાદ-બિંદુની ઉપર હંસપીઠ છે. એની ઉપર પરમ શિવ બિરાજમાન છે. ઉક્ત ચંદ્રમંડળ ઉપર શિવના તેજમાં પોતાના આત્માને સંયુક્ત કરે. આ પ્રકારે જીવને શિવમાં લીન કરીને શાક્ત અમૃતવર્ષા દ્વારા પોતાના શરીરને અભિષિક્ત થતો હોવાની ભાવના કરે. તત્પશ્ચાત્ અમૃતમય વિગ્રહવાળા પોતાના આત્માને બ્રહ્મરંધ્રથી ઉતારીને હૃદયમાં દ્વાદશ-દળ કમળની અંદર સ્થિત ચંદ્રમાથી પરે શ્વેત કમળ પર અર્ધનારીશ્વર રૂપે બિરાજમાન મનોહર આકૃતિવાળા નિર્મલ દેવ ભક્તવત્સલ મહાદેવનું ચિંતન કરે. એમની અંગકાંતિ શુદ્ધ સ્ફટિક મણિની જેમ ઉજ્જ્વળ છે. તે શીતળ પ્રભાથી યુક્ત અને પ્રસન્ન છે. આ પ્રકારે મનમાં ને મનમાં ધ્યાન કરીને શાંતચિત્ત થયેલો મનુષ્ય શિવનાં આઠ નામો દ્વારા જ ભાવમય પુષ્પોથી એમની પૂજા કરે. પૂજનના અંતે પુનઃ પ્રાણાયામ કરીને ચિત્તને સારીપેઠે એકાગ્ર રાખીને શિવ-નામાષ્ટકનો જપ કરે. પછી ભાવના દ્વારા નાભિમાં આઠ આહુતિઓનો હવન કરીને પૂર્ણાહુતિ અને નમસ્કારપૂર્વક આઠ ફૂલ ચઢાવીને અંતિમ અર્ચના પૂરી કરીને ચાંગળામાં (હથેળીમાં) લીધેલા જળની જેમ પોતાની જાતને શિવનાં ચરણોમાં સમર્પિત કરી દે. આ પ્રકારે કરવાથી શીઘ્ર જ મંગલમય પાશુપત જ્ઞાનની પ્રાપ્તિ થઈ જાય છે અને સાધક એ જ્ઞાનની સુસ્થિરતા પામી લે છે. સાથે જ તે પરમ ઉત્તમ પાશુપત-વ્રત અને પરમ યોગને મેળવીને મુક્ત થઈ જાય છે એમાં સંશય નથી.

(અધ્યાય ૩૨)

પાશુપત-વ્રતની વિધિ અને મહિમા તથા ભસ્મધારણની મહત્તા

ઋષિ બોલ્યા—હે ભગવન્! અમે પરમ ઉત્તમ પાશુપત-વ્રતને સાંભળવા ચાહીએ છીએ, જેનું અનુષ્ઠાન કરીને બ્રહ્મા આદિ બધા દેવતા પાશુપત મનાયા છે.

વાયુદેવતાએ કહ્યું—હું તમને બધા લોકોને ગોપનીય પાશુપત-વ્રતનું રહસ્ય બતાવી રહ્યો છું, જેનું અથર્વશીર્ષમાં વર્ણન છે તથા જે બધાં પાપોનો નાશ કરનારું છે. ચિત્રાથી યુક્ત પૌર્ણમાસી આને માટે ઉત્તમ કાલ છે. શિવ દ્વારા અનુગૃહીત સ્થાન જ એને માટે ઉત્તમ દેશ છે અથવા ક્ષેત્ર, બગીચો વગેરે તથા વનપ્રાન્ત પણ શુભ અને પ્રશસ્ત દેશ છે. પહેલાં ત્રયોદશીને દિવસે સારી રીતે સ્નાન કરીને નિત્યકર્મ સંપન્ન કરી લે. પછી પોતાના આચાર્યની આજ્ઞા લઈને એમનું પૂજન કરે, નમસ્કાર કરીને વ્રતના અંગરૂપ દેવતાઓની વિશેષ પૂજા કરે. ઉપાસકે સ્વયં શ્વેત વસ્ત્ર, શ્વેત યજ્ઞોપવીત, શ્વેત પુષ્પ અને શ્વેત ચંદન ધારણ કરવાં જોઈએ. તે કુશના આસન પર બેસીને હાથમાં મુઠ્ઠીભર કુશ લઈ પૂર્વ અથવા ઉત્તર તરફ મુખ કરીને ત્રણ પ્રાણાયામ કર્યા પછી ભગવાન શિવ અને દેવી પાર્વતીનું ધ્યાન કરે. પછી એ સંકલ્પ કરે કે હું શિવશાસ્ત્રોમાં બતાવેલી વિધિ અનુસાર આ પાશુપત-વ્રત કરીશ. તે જ્યાં સુધી શરીર પડી ન જાય ત્યાં સુધી અથવા બાર, છ અથવા ત્રણ વર્ષ માટે અથવા બાર, છ, ત્રણ માસ અથવા એક માસ માટે અથવા બાર, છ, ત્રણ દિવસ અથવા એક દિવસના આ વ્રતની દીક્ષા લે. સંકલ્પ કરીને વિરજા હોમ માટે વિધિવત્ અગ્નિની સ્થાપના કરીને ક્રમશઃ ઘી, સમિધા અને ચરુથી હવન કરે. તત્પશ્ચાત્ તત્ત્વોની શુદ્ધિના ઉપદેશથી ફરી મૂળમંત્ર દ્વારા એ સમિધા આદિ સામગ્રીની જ આહુતિ આપે. એ સમયે તે વારંવાર આ ચિંતન કરે કે 'મારા શરીરમાં જે આ તત્ત્વો છે, તે બધાં શુદ્ધ થઈ જાય' એ તત્ત્વોનાં નામ આ પ્રકારે છે—પાંચ ભૂત, એની પંચ તન્માત્રાઓ, પાંચ જ્ઞાનેન્દ્રિયો, પાંચ કર્મેન્દ્રિયો, પાંચ વિષય, ત્વચા વગેરે સાત ધાતુ, પ્રાણ આદિ પાંચ વાયુ, મન, બુદ્ધિ, અહંકાર, પ્રકૃતિ, રાગ, વિદ્યા, કલા, નિયતિ, કાલ, માયા, શુદ્ધ વિદ્યા, મહેશ્વર, સદાશિવ, શક્તિતત્ત્વ અને શિવતત્ત્વ—એ ક્રમશઃ તત્ત્વ કહ્યાં છે.

વિરજ મંત્રોથી આહુતિ કરીને હોતા રજોગુણરહિત શુદ્ધ થઈ જાય છે. પછી શિવનો અનુગ્રહ મેળવીને તે જ્ઞાનવાન થાય છે. તદનંતર છાણ લાવીને એની પિંડી બનાવે. પછી એને મંત્ર દ્વારા અભિમંત્રિત કરીને અગ્નિમાં પધરાવી દે. એ પછી એનું પ્રોક્ષણ કરીને એ દિવસે વ્રતી કેવળ હવિષ્ય ખાઈને રહે. જ્યારે રાત વીતીને પ્રભાત આવે, ત્યારે ચતુર્દશીમાં પુનઃ પૂર્વોક્ત બધાં કૃત્ય કરે. એ દિવસે શેષ સમય નિરાહાર રહીને જ પસાર કરે. પછી પૂર્ણિમાએ પ્રાતઃકાલે આ જ રીતે હોમપર્યંત કર્મ કરીને રુદ્રાગ્નિનો ઉપસંહાર કરે. તદનંતર યત્નપૂર્વક એમાંથી ભસ્મ ગ્રહણ કરે. એ પછી સાધક ચાહે જટા રાખી લે અથવા મૂંડન કરાવી લે અથવા ચાહે તો માથા પર શિખા ધારણ કરે. એ પછી સ્નાન કરીને જો તે લોકલજ્જાથી ઉપર ઉઠી ગયો હોય

તો દિગંબર થઈ જાય અથવા ગેરુઆ-વસ્ત્ર, મૃગચર્મ અને ફાટેલાં-પુરાણાં ચીંથરાં જ ધારણ કરી લે. એક વસ્ત્ર ધારણ કરે યા વલ્કલ પહેરીને રહે. કટિમાં મેખલા ધારણ કરીને હાથમા દંડ લે. તદનંતર બંને પગ ધોઈને આચમન કરે. ચિરજાગ્નિથી પ્રગટ થયેલી ભસ્મને એકત્ર કરીને 'અગ્નિરિતિ ભસ્મ' ઇત્યાદિ છ અથર્વવેદીય મંત્રો દ્વારા એને પોતાના શરીરે લગાડે. મસ્તકથી લઈને પગ સુધી બધાં જ અંગો પર સારી રીતે ચોળી લે. આ જ ક્રમથી પ્રણવ યા શિવમંત્ર દ્વારા સર્વાંગમાં ભસ્મ લગાવીને 'ત્र्यायુષમ' ઇત્યાદિ મંત્રોથી લલાટ વગેરે અંગોમાં ત્રિપુંડ્રની રચના કરે. આ રીતે શિવભાવને પ્રાપ્ત થઈને શિવયોગનું આચરણ કરે. ત્રણે સંધ્યાઓને સમયે આવું જ કરવું જોઈએ. આ જ 'પાશુપત-વ્રત' છે, જે ભોગ અને મોક્ષ આપનાર છે. આ જીવોના પશુભાવને નિવૃત્ત કરી દે છે. આ પ્રકારે પાશુપતવ્રતના અનુષ્ઠાન દ્વારા પશુત્વનો પરિત્યાગ કરીને લિંગમૂર્તિ સનાતન મહાદેવજીનું પૂજન કરવું જોઈએ. જો વૈભવ હોય તો સોનાનું અષ્ટદલ કમળ બનાવે, જેમાં નવ પ્રકારનાં રત્ન જડેલાં હોય. એમાં કર્ણિકા અને કેસર પણ હોય. આવા કમળને ભગવાનનું આસન બનાવે. ધનનો અભાવ હોય તો લાલ અથવા સફેદ કમળના ફૂલનું આસન અર્પિત કરે. તે પણ જો ન મળે તો કેવળ ભાવનામય કમળ સમર્પિત કરે.

એ કમળની કર્ણિકામાં પીઠિકાસહિત નાના-શા સ્ફટિક મણિમય લિંગની સ્થાપના કરીને ક્રમશઃ વિધિપૂર્વક એનું પૂજન કરે. એ લિંગનું શોધન કરીને પહેલાં શાસ્ત્રીય વિધિ અનુસાર એની સ્થાપના કરી લેવી જોઈએ. પછી આસન આપીને પંચમુખના પ્રકારથી મૂર્તિની કલ્પના કરીને પંચગવ્ય વગેરેથી પૂર્ણ, પોતાના વૈભવ અનુસાર, સંગૃહીત ભરેલા સુવર્ણનિર્મિત કળશોથી એ મૂર્તિને સ્નાન કરાવે. પછી સુગંધિત દ્રવ્ય, ચંદન અને કંકુ વગેરેથી વેદીસહિત ભૂષણભૂષિત શિવલિંગનું અનુલેપન કરીને બિલ્વપત્ર, લાલ કમળ, શ્વેત કમળ, નીલ કમળ, અન્યાન્ય સુગંધિત પુષ્પ, પવિત્ર અને ઉત્તમ પત્ર તથા દૂર્વા અને અક્ષત વગેરે વિચિત્ર ઉપચાર ચઢાવીને યથાપ્રાપ્ત સામગ્રી દ્વારા મહાપૂજનની વિધિથી એમાં મૂર્તિની અભ્યર્ચના કરે. પછી ધૂપ, દીપ અને નૈવેદ્ય નિવેદિત કરે. આ રીતે ભગવાન શિવને ઉત્તમ વસ્ત્ર નિવેદિત કરીને પોતાનું કલ્યાણ કરે. **એ વ્રતમાં વિશેષતઃ એ બધી જ વસ્તુઓ આપવી જોઈએ, જે પોતાને અધિક પ્રિય હોય, શ્રેષ્ઠ હોય અને ન્યાયપૂર્વક ઉપાર્જિત થયેલી હોય,** બિલ્વપત્ર, ઉત્પલ અને કમળોની સંખ્યા એક એક હજારની હોવી જોઈએ. અન્ય પત્રો અને ફૂલોમાંથી પ્રત્યેકની સંખ્યા એક સો આઠ હોવી જોઈએ. આ સામગ્રીમાં પણ બિલ્વપત્રને વિશેષ યત્નપૂર્વક એકઠાં કરવાં. એને ભૂલથી પણ રહી ન જાય તે જોવું. સોનાનું બનેલું એક જ કમળ એક હજાર કમળોથી શ્રેષ્ઠ મનાયું છે. નીલકમળ વિશે પણ આ જ વાત છે. આ બધું બિલ્વપત્ર જેટલું જ મહત્ત્વ ધરાવે છે. અન્ય પુષ્પો માટે કોઈ નિયમ નથી. એ જેટલાં મળે, તેટલાં ચઢાવવાં જોઈએ. અષ્ટાંગ અર્ઘ્ય ઉત્તમ મનાયો છે. ધૂપ અને આલેપ (ચંદન) વિશે પણ વિશેષ વાત એ જ છે. 'વામદેવ' નામના મુખમાં ચંદન, 'તત્પુરુષ' નામના મુખમાં હરિતાલ અને 'ઈશાન' નામના મુખમાં ભસ્મ લગાડવી જોઈએ.

કોઈ કોઈ ભસ્મથી જગાએ આલેપનું વિધાન કરે છે. બીજા પ્રકારના ધૂપના વિધાનથી કેટલાક લોકો પ્રસિદ્ધ ધૂપનો નિષેધ કરે છે. 'અઘોર' નામના મુખને માટે સફેદ અગરુનો ધૂપ દેવો જોઈએ. 'તત્પુરુષ' નામના મુખને માટે કૃષ્ણ અગરુના ધૂપનું વિધાન છે. 'વામદેવ'ને માટે ગુગુળ, 'સદ્યોજાત' મુખ માટે સૌગંધિક તથા 'ઈશાન' માટે પદ્મ ઉશીર (ખસ) વગેરે ધૂપનો વિશેષ પ્રયોગ કરવો જોઈએ. સાકર, મધ, કપૂર, કપિલા ગાયનું ઘી, ચંદનનો ચૂરો તથા અગરુનું લાકડું વગેરેનું ચૂર્ણ—આ બધાંને મેળવીને જે ધૂપ તૈયાર કરવામાં આવે છે, એને બધાને માટે સામાન્યરૂપે ઉપયોગ માટે યોગ્ય મનાય છે. કપૂરની બત્તી અને ઘીનો દીપક પ્રગટાવીને દીપમાળા આપવી જોઈએ. ત્યાર પછી પ્રત્યેક મુખ માટે પૃથક્-પૃથક્ અર્ઘ્ય અને આચમન આપવાનું વિધાન છે.

પ્રથમ આવરણમાં ગણેશ અને કાર્તિકેયની પૂજા કરવી જોઈએ. એમની સાથે જ બાહ્ય અંગોની પણ પૂજા કરી લેવી જોઈએ. પ્રથમ આવરણની પૂજા થઈ જાય પછી બીજા આવરણમાં ચક્રવર્તી વિઘ્નેશ્વરોનું પૂજન કરવું જોઈએ. તૃતીય આવરણમાં ભવ વગેરે અષ્ટમૂર્તિઓની પૂજાનું વિધાન છે. ત્યાં મહાદેવ આદિ એકાદશ મૂર્તિઓનું પૂજન પણ જરૂરી છે. ચોથા આવરણમાં બધા જ ગણેશ્વર પૂજનીય છે. પાંચમા આવરણમાં કમળના બાહ્ય ભાગમાં ક્રમશઃ દશ દિક્પાલો, અનેક અસ્ત્ર અને અનુચરોની ક્રમશઃ પૂજા કરવી જોઈએ. ત્યાં જ બ્રહ્માના માનસપુત્રોની, સમસ્ત જ્યોતિર્ગણોની, બધાં જ દેવી-દેવતાઓની, બધાં જ આકાશચારીઓની, પાતાળવાસીઓની અખિલ મુનીશ્વરોની, યોગીઓની, બધા યજ્ઞોની, દ્વાદશ સૂર્યોની, માતૃકાઓની, ગણોસહિત ક્ષેત્રપાલોની અને સમસ્ત ચરાચર જગતની પૂજા કરવી જોઈએ. આ સર્વને શંકરની વિભૂતિ માનીને શિવની પ્રસન્નતા માટે જ એમનું પૂજન કરવું ઉચિત છે.

આ પ્રકારે આવરણ-પૂજા પછી પરમેશ્વર શિવનું પૂજન કરીને એમને ભક્તિપૂર્વક ઘી અને ખાનપાનની વાનગી મનોહર હવિષ્યનું નિવેદન કરવું જોઈએ. મુખશુદ્ધિ માટે જરૂરી ઉપકરણોથી તાંબૂલ આપીને વિવિધ પ્રકારનાં ફૂલોથી પુનઃ ઈષ્ટદેવનો શણગાર કરવો. આરતી કરવી. તત્પશ્ચાત્ શેષ કૃત્ય પૂરાં કરવાં. પ્યાલા તથા ઉપકારક સામગ્રીસહિત શય્યા સમર્પિત કરવી જોઈએ. શૈયા ઉપર ચંદ્રમા સમાન ચમકીલો હાર આપવો. રાજોચિત મનોહર વસ્તુઓ બધી રીતે સંચિત કરી દે. સ્વયં પૂજન કરે, બીજાઓની પાસે કરાવે તથા પ્રત્યેક પૂજનમાં આહુતિ આપે. એ પછી સ્તુતિ, પ્રાર્થના અને જપ કરીને પંચાક્ષરી વિદ્યાને જપે. પરિક્રમા અને પ્રણામ કરીને પોતાની જાતને સમર્પિત કરી દેવી. તદનંતર ઈષ્ટદેવની સામે જ ગુરુ અને બ્રાહ્મણની પૂજા કરે. એ પછી અર્ઘ્ય અને આઠ ફૂલ આપીને પૂજિત લિંગ અથવા મૂર્તિમાંથી દેવતાનું વિસર્જન કરે. પછી અગ્નિદેવનું પણ વિસર્જન કરીને પૂજા સમાપ્ત કરે. મનુષ્ય માટે એ જરૂરી છે કે પ્રતિદિવસ આ જ પ્રકારે પૂર્વોક્તરૂપે સેવા કરે. પૂજનના અંતમાં સુવર્ણમય કમળ તથા અન્ય બધાં ઉપકરણોસહિત એ શિવલિંગને ગુરુના હાથમાં આપી દે અથવા શિવાલયમાં સ્થાપિત કરી દે. ગુરુઓ, બ્રાહ્મણો તથા વિશેષતઃ

વ્રતધારીઓની પૂજા કરીને સામર્થ્ય હોય તો ભક્ત બ્રાહ્મણો તથા દીનો અને અનાથોને પણ સંતુષ્ટ કરે. સ્વયં ઉપવાસમાં અસમર્થ હોવાથી ફળ-મૂળ ખાઈને અથવા દૂધ પીને રહે અથવા ભિક્ષાન્નભોજી થાય અથવા એક સમય ભોજન કરે. રાત્રે પ્રતિદિન પરિમિત ભોજન કરે અને પવિત્ર ભાવથી ભૂમિ-શયન કરે. ભસ્મ પર, તૃણ પર અથવા ચીર પર યા મૃગચર્મ પર શયન કરે. પ્રતિદિન બ્રહ્મચર્યનું પાલન કરીને જ આ વ્રતનું અનુષ્ઠાન કરે. જો શક્તિ હોય તો રવિવારને દિવસે, આર્દ્રનક્ષત્રમાં, બંને પક્ષાયી પૂર્ણિમા અને અમાસે, આઠમે તથા ચૌદશે ઉપવાસ કરે. મન, વાણી અને ક્રિયા દ્વારા સંપૂર્ણ પ્રયત્નથી પાખંડી, પતિત, રજસ્વલા સ્ત્રી, સૂતકમાં પડેલા લોકો તથા અત્યંજ વગેરેના સંપર્કનો ત્યાગ કરે. નિરંતર ક્ષમા, દાન, દયા સત્યભાષણ અને અહિંસામાં તત્પર રહે. સંતુષ્ટ અને શાંત રહીને જપ અને ધ્યાનમાં લાગ્યો રહે. ત્રણે કાળ સ્નાન કરે અથવા ભસ્મ-સ્નાન કરી લે. મન, વાણી અને ક્રિયા દ્વારા વિશેષ પૂજા કર્યા કરે. આ વિષયમાં અધિક કહેવાથી શો લાભ? વ્રતધારી પુરુષ ક્યારેય અશુભ આચરણ ન કરે. પ્રમાદવશ જો એવું આચરણ થઈ જાય તો એના ગુરુ-લાઘવનો વિચાર કરીને એના દોષોનું નિવારણ કરવા માટે પૂજા, હોમ અને જપ વગેરે દ્વારા ઉચિત પ્રાયશ્ચિત્ત કરે. વ્રતની સમાપ્તિપર્યંત ભૂલથી પણ અશુભ આચરણ ન કરે. સંપત્તિ હોય તો તે અનુસાર ગોદાન, વૃષોત્સર્ગ (ખૂબ (પશુ) દાન આપવું) અને પૂજન કરે. ભક્ત પુરુષ નિષ્કામભાવથી શિવની પ્રીતિ માટે જ સર્વ કાંઈ કરે. આ સંક્ષેપમાં વ્રતની વિધિ કહી ગઈ છે.

હવે શાસ્ત્ર-અનુસાર પ્રત્યેક માસમાં જે વિશેષ કૃત્ય છે, એ બતાવું છું. વૈશાખ માસમાં હીરાનું બનેલું શિવલિંગ હોય તેનું પૂજન કરવું. જેઠ માસમાં મરકતમણિમય શિવલિંગની પૂજા કરવી ઉચિત છે. આષાઢ માસમાં મોતીના બનેલા શિવલિંગને પૂજનીય સમજો. શ્રાવણ માસમાં નીલમના બનાવેલ શિવલિંગનું પૂજન યોગ્ય છે. ભાદરવામાં પૂજન માટે પદ્મરાગ મણિમય શિવલિંગ ઉત્તમ મનાયું છે. આસો માસમાં ગોમેદમણિના શિવલિંગનું પૂજન ઉત્તમ છે. કારતક માસમાં પરવાળાનું શિવલિંગ અને માગસર માસમાં વૈદૂર્યમણિનું શિવલિંગ પૂજન થવું જોઈએ તેવું વિધાન છે. પોષ માસમાં પુષ્પરાગ (પોખરાજ) મણિ તથા માઘ માસમાં સૂર્યકાન્ત મણિના લિંગનું પૂજન કરવું જોઈએ. ફાગણ માસમાં ચંદ્રકાન્ત મણિ અને ચૈત્રમાં સૂર્યકાન્તમણિના બનેલા શિવલિંગના પૂજનની વિધિ છે અથવા રત્નો ન મળવા પર બધા જ માસમાં સુવર્ણમય લિંગનું જ પૂજન કરવું જોઈએ. સુવર્ણના અભાવમાં ચાંદી, તાંબુ, પથ્થર, માટી લોહ અથવા બીજી કોઈ વસ્તુ જે સુલભ હોય, તેનું લિંગ બનાવી લેવું જોઈએ અથવા પોતાની રુચિ અનુસાર સર્વગન્ધમય લિંગનું નિર્માણ કરે. વ્રતની સમાપ્તિ સમયે નિત્ય કર્મ પૂર્ણ કરીને પૂર્વવત્ વિશેષ પૂજા અને હવન કરીને પશ્ચાત્ આચાર્યનું તથા વિશેષતઃ વ્રતધારી બ્રાહ્મણોનું પૂજન કરે. પછી આચાર્યની આજ્ઞા લઈ પૂર્વ અથવા ઉત્તર દિશા તરફ મુખ કરીને કુશાસન પર બેસવું. હાથમાં કુશ લઈને, પ્રાણાયામ કરીને, 'સામ્બસદાશિવ'નું ધ્યાન કરતાં

કરતાં યથાશક્તિ મૂલમંત્રનો જપ કરે. પછી પૂર્વવત્ આજ્ઞા લઈ, હાથ જોડી નમસ્કાર કરીને કહે—'હે ભગવન્! હવે હું આપની આજ્ઞાથી આ વ્રતનો ઉત્સર્ગ (છોડું છું) કરું છું.' આમ કહીને શિવલિંગના મૂળ ભાગમાં ઉત્તર દિશા તરફ કુશનો ત્યાગ કરે. તદનંતર દંડ, ચીર, જટા અને મેખલાનો પણ ત્યાગ કરી દે. ત્યારપછી વિધિપૂર્વક આચમન કરીને પંચાક્ષર-મંત્રનો જપ કરે.

જો આત્યંતિક દીક્ષા ગ્રહણ કરીને પોતાના શરીરનો અંત થતાં સુધી શાંતભાવથી આ વ્રતનું અનુષ્ઠાન કરે છે, તે 'નૈષ્ઠિક વ્રતી' કહેવાય છે. એને સર્વ આશ્રમોથી ઊર્ધ્વ જાણીને મહાપાશુપત જાણવો જોઈએ. તે જ તપસ્વી પુરુષોમાં શ્રેષ્ઠ છે અને એ જ મહાન વ્રતધારી છે. જે બાર દિવસો સુધી પ્રતિદિન વિધિપૂર્વક આ વ્રતનું અનુષ્ઠાન કરે છે, તે પણ નૈષ્ઠિક તુલ્ય જ છે; કેમકે એણે તીવ્ર વ્રતનો આશ્રય લીધો છે. જે પોતાના શરીર પર ઘી લગાવીને વ્રતના બધા નિયમોમાં તત્પર થઈને બે-ત્રણ દિવસ એક દિવસ પણ આ વ્રતનું અનુષ્ઠાન કરે છે, તે પણ કોઈ નૈષ્ઠિક જ છે. જે નિષ્કામ થઈને પોતાનું પરમ કર્તવ્ય માનીને પોતાની જાતને શિવનાં ચરણોમાં સમર્પિત કરીને આ ઉત્તમ વ્રતનું સદા અનુષ્ઠાન કરે છે, એના સમાન ક્યાંય કોઈ નથી. વિદ્વાન બ્રાહ્મણ ભસ્મ લગાવીને મહાપાતકજનિત અત્યંત દારુણ પાપોથી પણ તત્કાળ છૂટી જાય છે, એમાં સંશય નથી. રુદ્રાગ્નિનું જે સૌથી ઉત્તમ વીર્ય (બળ) છે, તે જ ભસ્મ કહેવાય છે. તેથી જે બધા જ સમયે ભસ્મ લગાવી રાખે છે, તે વીર્યવાન મનાય છે. ભસ્મમાં નિષ્ઠા રાખનારા પુરુષના બધા દોષએ ભસ્માગ્નિના સંયોગથી દગ્ધ થઈને નષ્ટ થઈ જાય છે. જેનું શરીર ભસ્મસ્નાનથી વિશુદ્ધ છે, તે ભસ્મનિષ્ઠ કહેવાય છે. જેનાં બધાં અંગોમાં ભસ્મ લગાડેલી છે, જે ભસ્મથી પ્રકાશમાન છે, જેણે ભસ્મમય ત્રિપુંડ્ર લગાવી રાખ્યું છે તથા જે ભસ્મથી સ્નાન કરે છે એ ભસ્મનિષ્ઠ મનાય છે. ભૂત, પ્રેત, પિશાચ તથા અત્યંત દુઃસહ રોગ પણ ભસ્મનિષ્ઠની નિકટતાથી દૂર ભાગે છે, એમાં સંશય નથી. એ શરીરને ભાસિત કરે છે, એટલા માટે 'ભાસિત' કહેવાય છે તથા પાપનું ભક્ષણ કરે છે તે કારણે એનું નામ 'ભસ્મ' છે. ભૂતિ (ઐશ્વર્ય) કારક હોવાથી એને 'ભૂતિ' અથવા 'વિભૂતિ' પણ કહે છે. વિભૂતિ રક્ષા કરનારી છે, તેથી તેનું નામ 'રક્ષા' પણ છે. ભસ્મના માહાત્મ્ય વિશે અહીં શું વધારે કહી શકાય. ભસ્મથી સ્નાન કરનાર વ્રતી પુરુષ સાક્ષાત્ મહેશ્વરદેવ કહેવાય છે. આ પરમેશ્વર (રુદ્રાગ્નિ) સંબંધી ભસ્મ શિવભક્તો માટે બહુ ભારે અસ્ત્ર છે; કેમકે એણે ધૌમ્ય મુનિના મોટા ભાઈ ઉપમન્યુના તપમાં આવેલી આપત્તિઓનું નિવારણ કર્યું હતું; તેથી સર્વથા પ્રયત્ન કરીને પાશુપત-વ્રતનું અનુષ્ઠાન કરીને તે પછી હવન સંબંધી ભસ્મનો ધન સમાન સંગ્રહ કરીને સદા ભસ્મસ્નાનમાં તત્પર રહેવું જોઈએ.

(અધ્યાય ૩૩)

*

બાળક ઉપમન્યુને દૂધ માટે દુઃખી જોઈને માતા એને શિવની આરાધના માટે પ્રેરણા આપે છે તથા ઉપમન્યુની તીવ્ર તપસ્યા

ઋષિઓએ પૂછ્યું—હે પ્રભો! ધૌમ્યના મોટા ભાઈ ઉપમન્યુ જ્યારે નાના બાળક હતા, ત્યારે એમણે દૂધને માટે તપસ્યા કરી હતી અને ભગવાન શિવે પ્રસન્ન થઈને એમને ક્ષીરસાગરનું પ્રદાન કર્યું હતું. પરંતુ શૈશવ અવસ્થામાં એમને શિવ-શાસ્ત્રના પ્રવચનની શક્તિ કેવી રીતે પ્રાપ્ત થઈ અથવા તે કેવી રીતે શિવના સત્સ્વરૂપને જાણીને તપસ્યામાં નિરત થયા? તપશ્ચરણ પર્વમાં એમને ભસ્મ વિજ્ઞાનની પ્રાપ્તિ કેવી રીતે થઈ, જેથી જે રુદ્રાગ્નિનું ઉત્તમ વીર્ય છે, એ આત્મરક્ષક ભસ્મને એમણે પ્રાપ્ત કરી?

વાયુદેવે કહ્યું—હે મહર્ષિઓ! જેમણે એ તપ કર્યું હતું, તે ઉપમન્યુ કોઈ સાધારણ બાળક ન હતા, પરમ બુદ્ધિમાન મુનિવર વ્યાઘ્રપાદના પુત્ર હતા. એમણે જન્માંતરમાં જ સિદ્ધિ પ્રાપ્ત થઈ ગઈ હતી. પરંતુ કોઈ કારણવશ તે પોતાના પદથી ચ્યુત થઈ ગયા—યોગભ્રષ્ટ થઈ ગયા. તેથી ભાગ્યવશ જન્મ લઈને તે મુનિકુમાર થયા.

એક સમયની વાત છે, એ પોતાના મામાના આશ્રમમાં એમને પીવા માટે બહુ થોડું દૂધ મળ્યું. એમના મામાનો છોકરો પોતાની ઇચ્છા અનુસાર ગરમ ગરમ દૂધ પીને એમની સામે ઊભો—માતુલપુત્રને આ અવસ્થામાં જોઈને વ્યાઘ્રપાદકુમાર ઉપમન્યુના મનમાં ઈર્ષ્યા થઈ અને તે પોતાની મા પાસે જઈને બહુ પ્રેમથી બોલ્યા—'હે માતાઃ! હે મહાભાગે! હે તપસ્વિનિ! મને અત્યંત સ્વાદિષ્ટ ગરમ ગરમ ગાયનું દૂધ આપો. હું થોડું તો પીવાનો નથી.'

દીકરાની આ વાત સાંભળીને વ્યાઘ્રપાદની પત્ની તપસ્વિની માતાના મનમાં એ સમયે બહુ દુઃખ થયું. એણે પુત્રને બહુ આદર સાથે છાતી સરસો ચાંપી લીધો અને પ્રેમપૂર્વક લાડ-પ્યાર કરીને પોતાની નિર્ધનતાનું સ્મરણ થઈ આવવાથી તે દુઃખી થઈને વિલાપ કરવા લાગી. મહાતેજસ્વી બાળક ઉપમન્યુ વારંવાર દૂધને યાદ કરીને રડતી માતાને કહેવા લાગ્યા—'મા, દૂધ આપ, દૂધ આપ.' બાળકની આ હઠને જાણીને એ તપસ્વિની બ્રાહ્મણ-પત્નીએ એની હઠના નિવારણ માટે એક સુંદર ઉપાય કર્યો. એણે સ્વયં ઉંછ-વૃત્તિથી કેટલાંક બીજોનો સંગ્રહ કર્યો હતો. એ બીજોને જોઈને એણે તત્કાલ તે ઉઠાવી લીધાં અને દળીને પાણીમાં ભેળવી દીધાં. પછી મીઠી વાણીમાં બોલ્યાં—'આવો, આવો મારા લાલ' એમ કહીને બાળકને શાંત કરીને હૃદય સાથે લગાવી લીધો અને દુઃખથી પીડિત થઈને એમણે કૃત્રિમ દૂધ એના હાથમાં આપી દીધું. માતાના આપેલા એ બનાવટી દૂધને પીને બાળક અત્યંત વ્યાકુળ થઈ ગયો અને બોલ્યો—'મા, આ દૂધ નથી' ત્યારે તે બહુ જ દુઃખી થઈ ગઈ અને પુત્રનું મસ્તક સૂંઘીને પોતાના બંને હાથથી એનાં કમલસદૃશ નેત્ર લૂછીને બોલી—'બેટા, આપણી પાસે બધી વસ્તુઓનો અભાવ હોવાને કારણે દરિદ્રતાવશ મેં અભાગણીએ દળેલાં બીને પાણીમાં હલાવીને તને મિથ્યા દૂધ આપ્યું હતું. તે 'દૂધ નથી આપ્યું' એવું કહીને રડતાં રડતાં મને વારંવાર દુઃખી કરે છે. કિન્તુ ભગવાન શિવની કૃપા વિના તારે

માટે ક્યાંય દૂધ નથી. ભક્તિપૂર્વક માતા પાર્વતી અને અનુચરોસહિત ભગવાન શિવનાં ચરણારવિંદોમાં જે કાંઈ સમર્પિત કર્યું હોય, તે સંપૂર્ણ સંપત્તિનું કારણ હોય છે. મહાદેવજી ધન દેનારા છે. આ સમયે આપણે લોકોએ એમની આરાધના કરી નથી. તે ભગવાન જ સકામ પુરુષોને એમની ઇચ્છા અનુસાર ફળ દેનારા છે. આપણે લોકોએ આજ પહેલાં ક્યારેય ધનની કામનાથી ભગવાન શિવની પૂજા કરી નથી. તેથી આપણે દરિદ્ર થઈ ગયાં છીએ અને એ જ કારણ છે કે તારે માટે દૂધ મળી રહ્યું નથી. હે બેટા! **પૂર્વજન્મમાં ભગવાન શિવ અથવા વિષ્ણુના ઉદ્દેશ્યથી જે કાંઈ કરવામાં આવે છે, તે જ વર્તમાન જન્મમાં મળે છે, બીજું કશું નહીં.***

ઉપમન્યુ બોલ્યા—માં! જો માતા પાર્વતીસહિત ભગવાન શિવ વિદ્યમાન છે, તો આજથી શોક કરવો વ્યર્થ છે. હે મહાભાગા! હવે શોક છોડો, બધું જ મંગલમય જ થશે. મા! આજે મારી વાત સાંભળી લો. જો ક્યાંય કદાચ મહાદેવજી છે, તો હું વિલંબથી અથવા શીઘ્ર જ એમની પાસેથી ક્ષીરસાગર માગી લાવીશ.

વાયુદેવતા કહે છે—મહાબુદ્ધિમાન બાળકની આ વાત સાંભળીને એની મનસ્વિની માતા એ સમયે બહુ પ્રસન્ન થયાં અને આ પ્રમાણે બોલ્યાં.

માતાએ કહ્યું—બેટા! તેં બહુ જ સારો વિચાર કર્યો છે. તારો આ વિચાર મારી પ્રસન્નતાને વધારનારો છે. હવે તું વિલંબ ન કર. સામ્બસદાશિવનું ભજન કર. અન્ય દેવતાઓને છોડીને મન, વાણી, અને ક્રિયા દ્વારા ભક્તિભાવની સાથે પાર્ષદગણોસહિત એ જ સામ્બસદાશિવનું ભજન કર. 'નમઃ શિવાય' આ મંત્ર એ દેવાધિદેવ વરદાયક શિવનો સાક્ષાત્ વાચક મનાય છે. પ્રણવસહિત જે બીજા સાત કરોડ મહામંત્ર છે, એ બધા આમાં જ લીન થાય છે અને ફરી એમાંથી જ પ્રગટે છે. આ મંત્ર બીજા બધા મંત્રોથી પ્રબળ છે. એ જ સર્વની રક્ષા કરવામાં સમર્થ છે; માટે બીજની ઇચ્છા ન કરવી જોઈએ. એટલે તું બીજા મંત્રોનો ત્યાગ કરીને કેવળ પંચાક્ષરના જપમાં જ લાગી જા. આ મંત્ર જેવો જીભ પર આવશે કે તરત જ અહીં કશું જ દુર્લભ નહીં રહી જાય. આ ઉત્તમ ભસ્મ જેને મેં તમારા પિતાજી પાસેથી પ્રાપ્ત કરી છે, તે વિરજા હોમના અગ્નિથી સિદ્ધ કરેલી છે, તેથી મોટામાં મોટી આપત્તિઓના નિવારણમાં ખપ લાગશે. મેં તમને જે પંચાક્ષર મંત્ર બતાવ્યો છે, એને મારી આજ્ઞાથી ગ્રહણ કરો. એના જપથી શીઘ્ર તારી રક્ષા થશે.

વાયુદેવતા કહે છે—આ પ્રકારે આજ્ઞા આપીને અને 'તમારું કલ્યાણ થાઓ' એવું કહીને માતાએ પુત્રને વિદાય આપી-મુનિ ઉપમન્યુએ એ આજ્ઞા શિરોધાર્ય કરીને એમનાં ચરણોમાં પ્રણામ કર્યા અને તપસ્યા માટે જવાની તૈયારી કરી. એ સમયે માતાએ આશીર્વાદ આપતાં કહ્યું—'બધા દેવતા તમારું મંગળ કરો.' માતાની આજ્ઞા મેળવીને એ બાળકે દુષ્કર તપસ્યાનો આરંભ કર્યો. હિમાલય પર્વતના એક શિખર પર જઈને ઉપમન્યુ એકાગ્રચિત્ત થઈને કેવળ વાયુ પીને રહેવા લાગ્યા. એમણે આઠ

---

* પૂર્વજન્મનિ મહદ્ધ્યં શિવમુદ્દિશ્ય વૈસુત। તદેવ લભ્યતે નાન્યદ્ વિષ્ણુમુદ્દિશ્ય વા પ્રભુમ્॥
(શિ.પુ.વા.સં.પૂ.ખં. ૩૪/૩૨)

ઈંટોનું એક મંદિર બનાવીને એમાં માટીના શિવલિંગની સ્થાપના કરી. એમાં માતા પાર્વતી તથા ગણોસહિત અવિનાશી મહાદેવજીનું આવાહન કરીને ભક્તિભાવથી પંચાક્ષર-મંત્રથી જ વનનાં પત્ર-પુષ્પ આદિ ઉપચારોથી એમની પૂજા કરતાં કરતાં ચિરકાળ સુધી ઉત્તમ તપસ્યામાં લાગ્યા રહ્યા. એ એકાંકી કૃશકાય બાળક દ્વિજવર ઉપમન્યુને શિવમાં મન લગાવીને તપસ્યા કરતાં જોઈ મરીચિના શાપથી પિશાચ ભાવને પ્રાપ્ત થયેલા કેટલાક મુનિઓએ પોતાના રાક્ષસ સ્વભાવથી સતાવવા લાગ્યા અને એમના તપમાં વિઘ્ન નાખવાનો આરંભ કર્યો. એમના દ્વારા સતાવ્યા છતાં પણ ઉપમન્યુ ગમે તેમ કરીને તપમાં જ લાગ્યા રહ્યા અને સદા 'નમઃ શિવાય'નો આર્તનાદની જેમ જોરજોરથી ઉચ્ચારણ કરતા રહ્યા. એ શબ્દને સાંભળતાં જ એમની તપસ્યામાં વિઘ્ન કરનારા તે મુનિ એ બાળકને સતાવવાનું છોડીને એમની સેવામાં લાગી ગયા. બ્રાહ્મપુત્ર બાળક મહાત્મા ઉપમન્યુની એ તપસ્યાથી સંપૂર્ણ ચરાચર જગત પ્રદીપ્ત અને સંતપ્ત થઈ ગયું.

(અધ્યાય ૩૪)

*

ભગવાન શંકરનું ઈન્દ્રરૂપ ધારણ કરીને ઉપમન્યુના ભક્તિભાવની પરીક્ષા લેવી, એમને ક્ષીરસાગર વગેરે આપીને ઘણાંબધાં વરદાનો આપવાં અને પોતાનો પુત્ર માનીને પાર્વતીના હાથમાં સોંપવા, કૃતાર્થ થયેલા ઉપમન્યુનું પોતાની માતા પાસે પરત આવવું

તદનંતર ભગવાન વિષ્ણુના અનુરોધ પર શ્રીશિવજીએ પહેલાં ઈન્દ્રનું રૂપ ધારણ કરીને ઉપમન્યુ પાસે જવાનો વિચાર કર્યો. પછી શ્વેત ઐરાવત પર આરૂઢ થઈને સ્વયં દેવરાજ ઈન્દ્રનું શરીર ગ્રહણ કરીને ભગવાન સદાશિવ દેવતા, અસુર, સિદ્ધ તથા મોટા મોટા નાગ સાથે ઉપમન્યુ મુનિના આશ્રમ તરફ ચાલ્યા. એ સમયે તે ઐરાવત પોતાની સૂંઢમાં શ્વેતચામર લઈને શચીસહિત દિવ્ય-રૂપમાળા દેવરાજ ઈન્દ્રને હવા નાખી રહ્યો હતો અને પોતાની સૂંઢમાં શ્વેત છત્ર લઈને એમના પર ધરીને ચાલી રહ્યો હતો. ઈન્દ્રનું રૂપ ધારણ કરેલ ઉમાસહિત ભગવાન સદાશિવ એ શ્વેત છત્રથી એવી રીતે સુશોભિત થઈ રહ્યા હતા, જેવી રીતે ઉદિત પૂર્ણ ચંદ્રમંડળથી

મંદરાચલ શોભાયમાન થાય છે. આ રીતે ઈન્દ્રના સ્વરૂપનો આશ્રય લઈ પરમેશ્વર શિવ ઉપમન્યુના એ આશ્રમ પર પોતાના એ ભક્ત પર અનુગ્રહ માટે જઈ પહોંચ્યા. ઈન્દ્રરૂપધારી પરમેશ્વર શિવને આવેલા જોઈ મુનિઓમાં શ્રેષ્ઠ ઉપમન્યુ મુનિએ મસ્તક નમાવીને પ્રણામ કર્યા અને આ પ્રકારે કહ્યું—'હે દેવેશ્વર! હે જગન્નાથ! હે ભગવન્! હે દેવશિરોમણે! આપ સ્વયં અહીં પધાર્યા, એથી મારો આશ્રમ પવિત્ર થઈ ગયો.'

ઈન્દ્રરૂપધારી શિવ બોલ્યા—હે ઉત્તમ વ્રતનું પાલન કરનારા ધૌમ્યના મોટા ભાઈ મહામુને ઉપમન્યો! હું તમારી આ તપસ્યાથી બહુ સંતુષ્ટ છું. તમે વરદાન માગો, હું તમને સંપૂર્ણ અભીષ્ટ વસ્તુઓનું પ્રદાન કરીશ.

વાયુદેવતા કહે છે—એ ઈન્દ્રદેવના આવા કહેવા પર એ સમયે મુનિપ્રવર ઉપમન્યુએ હાથ જોડીને કહ્યું—'હે ભગવન્! હું ભગવાન શિવની ભક્તિ માગું છું.' આ સાંભળીને ઈન્દ્રે કહ્યું—'શું તમે મને જાણતા નથી! હું સમસ્ત દેવતાઓનો પાલક અને ત્રણે લોકોનો અધિપતિ ઈન્દ્ર છું. બધા દેવતા મને નમસ્કાર કરે છે. હે બ્રહ્મર્ષે! મારા ભક્ત થઈ જાઓ. સદા મારી જ પૂજા કરો. તમારું કલ્યાણ હો. હું તમને બધું જ આપીશ. નિર્ગુણ રુદ્રને છોડી દો. એ નિર્ગુણ રુદ્રથી તમારું કયું કાર્ય સિદ્ધ થશે, જે દેવતાઓની પંક્તિથી બહાર થઈને પિશાચભાવને પ્રાપ્ત થઈ ગયો છે.'

વાયુદેવતા કહે છે—આ સાંભળીને પંચાક્ષર-મંત્રનો જપ કરતાં કરતાં એ મુનિ ઉપમન્યુ ઈન્દ્રને પોતાના ધર્મમાં વિઘ્ન નાખવા આવેલા જાણી, બોલ્યા.

ઉપમન્યુએ કહ્યું—યદ્યપિ તમે ભગવાન શિવની નિંદામાં તત્પર છો, તથાપિ આ પ્રસંગમાં પરમાત્મા મહાદેવજીની નિર્ગુણતા બતાવીને તમે સ્વયં જ એમનું સંપૂર્ણ મહત્ત્વ સ્પષ્ટ રૂપે કહી દીધું છે. તમે જાણતા નથી કે ભગવાન રુદ્ર સંપૂર્ણ દેવેશ્વરોના પણ ઈશ્વર છે. બ્રહ્મા, વિષ્ણુ અને મહેશના પણ જનક છે તથા પ્રકૃતિથી પરે છે. બ્રહ્મવાદી લોક એમને જ સત્-અસત્, વ્યક્ત-અવ્યક્ત તથા નિત્ય એક અને અનેક કહે છે. તેથી હું એમની પાસેથી જ વરદાન માગીશ. જે યુક્તિવાદથી પરે તથા સાંખ્ય અને યોગના સારભૂત અર્થનું જ્ઞાન પ્રદાન કરનારા છે, તત્ત્વજ્ઞાની પુરુષ ઉત્કૃષ્ટ જ્ઞાનીને જેમની ઉપાસના કરે છે, એ ભગવાન શિવ પાસે જ વરદાન માગીશ. હે દેવાધમ! દૂધને માટે જે મારી ઇચ્છા છે, તે ભલેને એમનેમ રહી જાય; પરંતુ શિવાસ્ત્ર દ્વારા તમારો વધ કરીને હું પોતાના આ શરીરનો ત્યાગ કરી દઈશ.

વાયુદેવતા કહે છે—આવું કહીને સ્વયં મરી જવાનો નિર્ણય કરીને ઉપમન્યુ દૂધની પણ ઇચ્છા છોડીને ઈન્દ્રનો વધ કરવા માટે તૈયાર થઈ ગયા. એ સમયે અઘોર અસ્ત્રથી અભિમંત્રિત ઘોર ભસ્મને લઈને મુનિએ ઈન્દ્રના ઉદ્દેશ્યથી છોડી દીધી અને બહુ જોરથી સિંહનાદ કર્યો. પછી શંભુનાં યુગલ ચરણારવિન્દોનું ચિંતન કરતાં કરતાં તે પોતાના દેહને દગ્ધ કરવા માટે તૈયાર થઈ ગયા અને આગ્નેયી ધારણા ધારણ કરીને સ્થિત થયા.

બ્રાહ્મણ ઉપમન્યુ જ્યારે આ પ્રકારે સ્થિત થયા ત્યારે ભગદેવતાના નેત્રનો નાશ કરનારા ભગવાન શિવ યોગીએ ઉપમન્યુની એ ધારણાને પોતાની સૌમ્યદૃષ્ટિથી રોકી લીધી. એમણે છોડેલા એ અઘોરાસ્ત્રને નંદીશ્વરની આજ્ઞાથી શિવવલ્લભ

નંદીએ વચમાં જ પકડી લીધું. તત્પશ્ચાત્ પરમેશ્વર શિવે પોતાના બાલેન્દુશેખરરૂપને ધારણ કરી લીધું અને બ્રાહ્મણ ઉપમન્યુને એ બતાવ્યું. એટલું જ નહિ, એ પ્રભુએ એ મુનિને સહસ્ર ક્ષીરસાગર, સુધાસાગર, દધિ વગેરેના સાગર, ઘીનો સમુદ્ર, ફળોના રસનો સમુદ્ર તથા ભક્ષ્ય-ભોજ્ય પદાર્થોના સમુદ્રનાં દર્શન કરાવ્યાં અને પૂઆનો પહાડ ખડો કરીને દેખાડી દીધો. આવી જ રીતે દેવી પાર્વતી સાથે મહાદેવજી ત્યાં વૃષભ પર આરૂઢ જણાયા. તે પોતાના ગણાધ્યક્ષો તથા ત્રિશૂળ વગેરે દિવ્યસ્ત્રોથી ઘેરાયેલા હતા. દેવલોકમાં દુન્દુભીઓ વાગવા લાગી, આકાશમાંથી ફૂલોની વર્ષા થવા લાગી તથા વિષ્ણુ, બ્રહ્મા અને ઇન્દ્ર વગેરે દેવતાઓથી દશે દિશાઓ આચ્છાદિત થઈ ગઈ.

એ સમયે ઉપમન્યુ આનંદસાગરની લહેરોથી ઘેરાયેલા હતા, તે ભક્તિવિનમ્ર ચિત્તથી પૃથ્વી પર દંડની જેમ પડી ગયા. એ સમયે ત્યાં મંદસ્મિત કરતા ભગવાન શિવ—'અહીં આવો, અહીં આવો' કહીને એમને બોલાવ્યા અને એમનું મસ્તક સૂંઘીને અનેક વરદાન આપ્યાં.

શિવ બોલ્યા—હે વત્સ! તમે પોતાના ભાઈબંધુઓ સાથે સદા ઇચ્છાનુસાર ભક્ષ્ય-ભોજ્ય પદાર્થોનો ઉપભોગ કરો. દુઃખથી છૂટીને સર્વદા સુખી રહો. તમારા હૃદયમાં મારા પ્રત્યે ભક્તિ સદા બની રહો. હે મહાભાગ ઉપમન્યો! આ પાર્વતીદેવી તમારાં માતા છે. આજે મેં તમને પોતાનો પુત્ર બનાવી લીધો છે અને તમારે માટે ક્ષીરસાગરનું પ્રદાન કરું છું. કેવળ દૂધનો જ નહીં, મધ, દહીં, અન્ન, ઘી, ભાત તથા ફળ વગેરેના રસના પણ સાગર તમને આપી દીધા. આ પૂઆઓનો પહાડ તથા ભક્ષ્ય-ભોજ્ય પદાર્થોનો સાગર મેં તમને સમર્પિત કરી દીધો. હે મહામુને! આ બધું ગ્રહણ કરો. આજથી હું મહાદેવ તમારો પિતા છું અને જગદંબા ઉમા તમારી માતા છે. મેં તમને અમરત્વ તથા ગણપતિનું સનાતન પદનું પ્રદાન કર્યું છે. હવે તમારા મનમાં જે બીજી બીજી અભિલાષાઓ હોય, એ સર્વને તમે ખૂબ જ પ્રસન્નતાની સાથે વરદાનના રૂપે માગો. હું સંતુષ્ટ છું. એટલા માટે તે બધું જ આપીશ. આ વિષયમાં કોઈ અન્યથા વિચાર ન કરવો જોઈએ.

વાયુદેવતા કહે છે—આવું કહીને મહાદેવજીએ એમને બંને હાથે પકડીને છાતી સરસા ચાંપ્યા અને મસ્તક સૂંઘીને આમ કહેતાં દેવીના ખોળામાં આપી દીધા કે આ તમારો પુત્ર છે. દેવીએ કાર્તિકેયની જેમ એમના મસ્તક પર પોતાનો કરકમળ સ્થાપ્યો અને એમને અવિનાશી કુમારપદ પ્રદાન કર્યું. ક્ષીરસાગરે પણ

સાકારરૂપ ધારણ કરીને એમના હાથમાં અનશ્વર પિંડીભૂત સ્વાદિષ્ટ દૂધ સમર્પિત કર્યું. તત્પશ્ચાત્ પાર્વતીદેવીએ સંતુષ્ટચિત્ત થઈને એમને યોગજનિત ઐશ્વર્ય, સદા સંતોષ, અવિનાશિની બ્રહ્મવિદ્યા અને ઉત્તમ સમૃદ્ધિ પ્રદાન કરી. તદનંતર એમના તપોમય તેજને જોઈને પ્રસન્નચિત્ત થયેલા શંભુએ ઉપમન્યુ મુનિને પુનઃ દિવ્ય વરદાન આપ્યાં. પાશુપત-વ્રત, પાશુપત જ્ઞાન, તાત્ત્વિક વ્રતયોગ તથા ચિરકાલ સુધી એના પ્રવચનની પરમ પટુતા એમને પ્રદાન કરી. ભગવાન શિવ અને શિવા પાસેથી દિવ્ય વરદાન તથા નિત્યકુમારત્વ મેળવીને તે પ્રમુદિત થઈ ગયા. એ પછી પ્રસન્ન ચિત્ત થઈને પ્રણામ કરીને હાથ જોડીને બ્રાહ્મણ ઉપમન્યુએ દેવદેવ મહેશ્વર પાસેથી આ વરદાન માગ્યું.

ઉપમન્યુ બોલ્યા—હે દેવદેવેશ્વર! પ્રસન્ન થાઓ. હે પરમેશ્વર! પ્રસન્ન થાઓ અને મને આપની પરમ દિવ્ય અને અવ્યભિચારિણી ભક્તિ આપો. હે મહાદેવ! મારા પોતાના જે સગાંસંબંધી છે, એમનામાં મારી શ્રદ્ધા સદા બની રહે એવું વરદાન આપો. સાથે જ, આપનું દાસત્વ, ઉત્કૃષ્ટ સ્નેહ અને નિત્ય સામીપ્ય પ્રદાન કરો.

આવું કહીને પ્રસન્ન થયેલા દ્વિજશ્રેષ્ઠ ઉપમન્યુએ હર્ષ ગદ્‌ગદ વાણી દ્વારા મહાદેવજીનું સ્તવન કર્યું.

ઉપમન્યુ બોલ્યા—હે દેવદેવ! હે મહાદેવ! હે શરણાગતવત્સલ! હે કરુણાસિન્ધો, હે સામ્બસદાશિવ! આપ સદા મુજ પર પ્રસન્ન થઈ જાઓ.

વાયુદેવ કહે છે—એમના આવા કથન પર સર્વને વરદાન આપનારા પ્રસન્નાત્મા મહાદેવે મુનિવર ઉપમન્યુને આ પ્રકારે ઉત્તર આપ્યો.

શિવ બોલ્યા—હે વત્સ ઉપમન્યો! હું તમારા પર સંતુષ્ટ છું. એટલા માટે મેં તમને બધું જ આપી દીધું છે. હે બ્રહ્મર્ષે! તમે મારા સુદૃઢ ભક્ત છો; કેમકે આ વિષયમાં મેં તમારી પરીક્ષા કરી લીધી છે. તમે અજર-અમર, દુઃખરહિત, યશસ્વી, તેજસ્વી અને દિવ્ય જ્ઞાનથી સંપન્ન થાઓ. હે દ્વિજશ્રેષ્ઠ! તમારા બંધુબાંધવ, કુળ તથા ગોત્ર સદા અક્ષય રહેશે. મારા પ્રત્યે તમારી ભક્તિ સદા બની રહેશે. હે વિપ્રવર! હું તમારા આશ્રમમાં નિત્ય નિવાસ કરીશ. તમે મારી પાસે સાનંદ વિચરણ કરી શકશો.

આવું કહીને ઉપમન્યુને અભીષ્ટ-મનોવાંછિત વરદાન આપીને કરોડો સૂર્ય સમાન તેજસ્વી ભગવાન મહેશ્વર ત્યાં અંતર્ધાન થઈ ગયા. એ શ્રેષ્ઠ પરમેશ્વર પાસેથી ઉત્તમ વરદાન મેળવીને ઉપમન્યુનું હૃદય ખિલી ઊઠ્યું. એમને બહુ સુખ મળ્યું અને તે પોતાની જન્મદાયિની માતાના સ્થાન ચાલ્યા ગયા.

(અધ્યાય ૩૫)

*

॥ વાયવીયસંહિતાનો પૂર્વખંડ સંપૂર્ણ ॥

*

વાયવીયસંહિતા (ઉત્તરખંડ)

ઋષિઓના પૂછવા પર વાયુદેવનું શ્રીકૃષ્ણ અને ઉપમન્યુના મિલનનો પ્રસંગ સંભળાવવો, શ્રીકૃષ્ણને ઉપમન્યુ પાસેથી જ્ઞાનનો લાભ અને ભગવાન શંકરથી પુત્રનો લાભ

સૂત ઉવાચ

નમઃ સમસ્તસંસારચક્રભ્રમણહેતવે ।
ગૌરીકુચતટદ્વન્દ્વકુંકુમાંકિતવક્ષસે ॥

સૂતજી કહે છે—જે સમસ્ત સંસારચક્રના પરિભ્રમણમાં કારણરૂપ છે તથા ગૌરીનાં યુગલ ઉરોજોમાં લાગેલા કેસરથી જેમનું વક્ષઃસ્થળ અંકિત છે, એ ભગવાન ઉમાવલ્લભ શિવને નમસ્કાર છે.

ઉપમન્યુને ભગવાન શંકરનો કૃપાપ્રસાદ પ્રાપ્ત થવાનો પ્રસંગ સંભળાવીને મધ્યાહ્નકાળમાં નિત્ય નિયમના ઉદ્દેશ્યથી વાયુદેવ કથા બંધ કરીને ઊઠી ગયા, ત્યારે નૈમિષારણ્યનિવાસી અન્ય ઋષિ પણ 'હવે અમુક વાત પૂછવી છે' એવો નિશ્ચય કરીને ઊઠ્યા અને પ્રતિદિનની જેમ પોતાનાં તાત્કાલિક નિત્યકર્મ પૂરાં કરીને ભગવાન વાયુદેવને આવેલા જોઈને ફરીથી આવીને એમની પાસે બેસી ગયા. નિયમ સમાપ્ત થયા પછી જ્યારે આકાશજન્મા વાયુદેવ મુનિઓની સભામાં નિશ્ચિત ઉત્તમ આસન પર બિરાજમાન થઈ ગયા—સુખપૂર્વક બેસી ગયા, ત્યારે તે લોકવન્દિત પવનદેવ પરમેશ્વરની શ્રીસંપન્ન વિભૂતિનું મનમાં ને મનમાં ચિંતન કરીને આ પ્રકારે બોલ્યા—'હું એ સર્વજ્ઞ અને અપરાજિત મહાન દેવ શંકરનું શરણ લઉં છું, જેમની વિભૂતિ આ સમસ્ત ચરાચર જગતરૂપે ફેલાયેલી છે.'

એમની શુભ વાણીને સાંભળીને તે નિષ્પાપ ઋષિ ભગવાનની વિભૂતિનું વિસ્તારપૂર્વક વર્ણન સાંભળવા માટે આ ઉત્તમ વચન બોલ્યા.

ઋષિઓએ કહ્યું—હે ભગવન્! આપે મહાત્મા ઉપમન્યુનું ચરિત્ર સંભળાવ્યું, જેથી એ જ્ઞાત થયું કે એમણે કેવળ દૂધને લીધે તપસ્યા કરીને પણ પરમેશ્વર શિવથી બધું જ પ્રાપ્ત કરી લીધું. અમે પહેલાંથી જ સાંભળી રાખ્યું છે કે અનાયાસ જ મહાન કર્મ કરનારા વસુદેવનંદન ભગવાન શ્રીકૃષ્ણ કોઈ એક વખતે પૌષ્યના મોટા ભાઈ ઉપમન્યુને મળ્યા હતા અને એમની

પ્રેરણાથી પાશુપત-વ્રતનું અનુષ્ઠાન કરીને એમણે પરમ જ્ઞાન પ્રાપ્ત કરી લીધું હતું, તેથી આપ એ બતાવો કે ભગવાન શ્રીકૃષ્ણે પરમ ઉત્તમ પાશુપતજ્ઞાન કેવી રીતે પ્રાપ્ત કર્યું.

વાયુદેવ બોલ્યા—પોતાની સ્વેચ્છાથી અવતીર્ણ થનાર હોવા છતાં પણ સનાતન વાસુદેવે માનવ શરીરની નિંદા જેવું કરતાં લોકસંગ્રહને માટે શરીરની શુદ્ધિ કરી હતી. તે પુત્ર-પ્રાપ્તિ નિમિત્તે તપ કરવાને માટે એ મહામુનિના આશ્રમે ગયા હતા, જ્યાં ઘણા બધા મુનિ ઉપમન્યુજીનાં દર્શન કરી રહ્યા હતા. ભગવાન શ્રીકૃષ્ણે પણ ત્યાં જઈને એમનાં દર્શન કર્યાં. એમનાં બધાં અંગો ભસ્મથી ઉજ્જ્વળ જણાતાં હતાં. મસ્તક ત્રિપુંડ્રથી અંકિત હતું. રુદ્રાક્ષની માળા જ એમનું આભૂષણ હતું, તે જટામંડલથી મંડિત હતા. શાસ્ત્રોથી વેદની જેમ તે પોતાના શિષ્યભૂત મહર્ષિઓથી ઘેરાયેલા હતા અને શિવજીના ધ્યાનમાં તત્પર થઈને શાંતભાવથી બેઠા હતા. એ મહાતેજસ્વી ઉપમન્યુનાં દર્શન કરીને શ્રીકૃષ્ણે એમને નમસ્કાર કર્યા. એ સમયે એમના સંપૂર્ણ શરીરમાં રોમાંચ થઈ ગયો. શ્રીકૃષ્ણે બહુ આદર સાથે મુનિની ત્રણ વાર પરિક્રમા કરી. પછી અત્યંત પ્રસન્નતાની સાથે મસ્તક નમાવીને હાથ જોડીને એમનું સ્તવન કર્યું. તદનંતર ઉપમન્યુએ વિધિપૂર્વક 'અગ્નિરિતિ ભસ્મ' વગેરે મંત્રોથી શ્રીકૃષ્ણના શરીર પર ભસ્મ લગાવીને એમને બાર માસનું સાક્ષાત્ પાશુપત-વ્રત કરાવ્યું. તત્પશ્ચાત્ મુનિએ એમને ઉત્તમ જ્ઞાન પ્રદાન કર્યું. એ જ સમયથી ઉત્તમ વ્રતનું પાલન કરનારા સંપૂર્ણ દિવ્ય પાશુપત મુનિ એ શ્રીકૃષ્ણને ચારે બાજુ ઘેરીને એમની પાસે બેસી રહેવા લાગ્યા. પછી ગુરુની આજ્ઞાથી પરમ શક્તિમાન શ્રીકૃષ્ણે પુત્રને માટે સામ્બ શિવની આરાધનાનો ઉદ્દેશ્ય મનમાં લઈને તપસ્યા કરી. એ તપસ્યાથી સંતુષ્ટ થઈ એક વર્ષ પછી પાર્ષદોસહિત સામ્બ શિવે એમને દર્શન આપ્યાં. શ્રીકૃષ્ણને વરદાન આપવા માટે પ્રગટ થયેલ સુંદર અંગવાળા મહાદેવજીને હાથ જોડીને પ્રણામ કર્યા અને એમની સ્તુતિ પણ કરી. ગણોસહિત સામ્બ સદાશિવનું સ્તવન કરીને શ્રીકૃષ્ણે પોતાને માટે એક પુત્ર પ્રાપ્ત કર્યો. તે પુત્ર તપસ્યાથી સંતુષ્ટ ચિત્ત સાક્ષાત્ શિવે શ્રીવિષ્ણુને આપ્યો હતો. કેમકે સામ્બ શિવે એમને પોતાનો પુત્ર પ્રદાન કર્યો, એટલા માટે શ્રીકૃષ્ણે જામ્બવન્તકુમારનું નામ સામ્બ જ રાખ્યું. આ પ્રકારે અમિતપરાક્રમી શ્રીકૃષ્ણને મહર્ષિ ઉપમન્યુથી જ્ઞાન-લાભ અને ભગવાન શંકરથી પુત્રલાભ થયો. આ રીતે આ આખો પ્રસંગ મેં પૂરેપૂરો કહી સંભળાવ્યો. જે પ્રતિદિન આજે કહેશે-સાંભળશે, તે ભગવાન વિષ્ણુનું જ્ઞાન મેળવીને એમની સાથે જ આનંદિત થાય છે.

(અધ્યાય ૧)

*

ઉપમન્યુ દ્વારા શ્રીકૃષ્ણને પાશુપત જ્ઞાનનો ઉપદેશ

ઋષિઓએ પૂછ્યું—પાશુપત-જ્ઞાન શું છે? ભગવાન શિવ પશુપતિ કેવી રીતે થયા? અને અનાયાસ જ મહાન કર્મ કરનારા ભગવાન શ્રીકૃષ્ણે ઉપમન્યુ પાસેથી કયા પ્રકારનો પ્રશ્ન

કર્યો હતો? હે વાયુદેવ! આપ સાક્ષાત્ શંકરસ્વરૂપ છો, એટલે આ બધી વાતો સમજાવો. ત્રણે લોકોમાં આપ જેવો બીજો કોઈ વક્તા આ વાતો બતાવવામાં સમર્થ નથી.

સૂતજી કહે છે—એ મહર્ષિઓની આ વાત સાંભળીને વાયુદેવે ભગવાન શંકરનું સ્મરણ કરીને આ પ્રકારે ઉત્તર આપવાનું શરૂ કર્યું.

વાયુદેવ બોલ્યા—હે મહર્ષિઓ! પૂર્વકાળમાં શ્રીકૃષ્ણરૂપધારી ભગવાન વિષ્ણુએ પોતાના આસન પર બેઠેલા મહર્ષિ ઉપમન્યુને, એમને પ્રણામ કરીને ન્યાયપૂર્વક આમ પ્રશ્ન કર્યો.

શ્રીકૃષ્ણે કહ્યું—હે ભગવન્! મહાદેવજીએ દેવી પાર્વતીને જે દિવ્ય પાશુપત જ્ઞાન તથા પોતાની સંપૂર્ણ વિભૂતિનો ઉપદેશ આપ્યો હતો, હું એ જ સાંભળાવવા ચાહું છું. મહાદેવજી પશુપતિ કેવી રીતે થયા? પશુ કોને કહેવાય? તે પશુને કયા પાશમાં બાંધવામાં આવે છે અને પછી કઈ રીતે એ પાશથી મુક્ત થાય છે?

મહાત્મા શ્રીકૃષ્ણના આ પ્રમાણે પૂછવા પર શ્રીમાન ઉપમન્યુએ મહાદેવજી તથા દેવી પાર્વતીને પ્રણામ કરીને એમના પ્રશ્નને અનુસાર ઉત્તર દેવો શરૂ કર્યો.

ઉપમન્યુ બોલ્યા—હે દેવકીનંદન! બ્રહ્માજીથી લઈને સ્થાવરપર્યંત જે પણ સંસારને વશવર્તી ચરાચર પ્રાણી છે, તે બધાંય ભગવાન શિવનાં પશુ કહેવાય છે અને એમના પતિ હોવાને કારણે દેવેશ્વર શિવને પશુપતિ કહેવામાં આવ્યા છે. એ પશુપતિ પોતાનાં પશુઓને મળ અને માયા વગેરે પાશોથી બાંધે છે અને ભક્તિપૂર્વક એમના દ્વારા આરાધિત થવા પર તે સ્વયં જ એમને પાશોથી મુક્ત કરે છે. જે ચોવીશ તત્ત્વો છે, તે માયાનાં કાર્ય અને ગુણ છે. એ જ વિષય કહેવાય છે, જીવો (પશુઓ)ને બાંધનારા

એ જ પાશ છે. આ પાશો દ્વારા બ્રહ્માથી માંડીને કીટ પર્યંત સમસ્ત પશુઓને બાંધીને મહેશ્વર પશુપતિ દેવ એમની પાસેથી પોતાનાં કાર્ય કરાવે છે. એ મહેશ્વરની આજ્ઞાથી પ્રકૃતિ પુરુષોચિત બુદ્ધિને જન્મ આપે છે. બુદ્ધિ અહંકારને પ્રગટ કરે છે તથા અહંકાર કલ્યાણદાયી દેવાધિદેવ શિવની આજ્ઞાથી અગિયાર ઇન્દ્રિયો અને પાંચ તન્માત્રાઓને ઉત્પન્ન કરે છે. તન્માત્રાઓ પણ એ જ મહેશ્વરના મહાન શાસનથી પ્રેરિત થઈ ક્રમશઃ પાંચ મહાભૂતોને ઉત્પન્ન કરે છે, તે બધાં મહાભૂતો શિવની આજ્ઞાથી બ્રહ્માથી માંડીને તૃણપર્યંત દેહધારીઓ માટે દેહની સૃષ્ટિ કરે છે, બુદ્ધિ કર્તવ્યનો નિશ્ચય કરે છે અને અહંકાર અભિમાન કરે છે. ચિત્ત ચેતવણી ઉચ્ચારે છે અને મન સંકલ્પ-વિકલ્પ કરે છે, શ્રવણ વગેરે ઇન્દ્રિયો

પૃથક્ પૃથક્ શબ્દ વગેરે વિષયોને ગ્રહણ કરે છે. તે મહાદેવજીના આજ્ઞાબળથી કેવળ પોતાના જ વિષયોને ગ્રહણ કરે છે. વાક્ વગેરે કર્મેન્દ્રિઓ કહેવાય છે અને શિવની ઇચ્છાથી પોતાને માટે નિયત કર્મ જ કરે છે, બીજું કશું નહીં. શબ્દ વગેરે જણાય છે અને બોલવું વગેરે કર્મ કરવામાં આવે છે. એ બધાં માટે ભગવાન શંકરની ગુરુતર આજ્ઞાનું ઉલ્લંઘન કરવું અસંભવ છે. પરમેશ્વર શિવના શાસનથી જ આકાશ સર્વવ્યાપી થઈને સમસ્ત પ્રાણીઓને અવકાશ પ્રદાન કરે છે, વાયુતત્ત્વ પ્રાણ વગેરે નામભેદો દ્વારા બહાર-અંદરના સંપૂર્ણ જગતને ધારણ કરે છે. અગ્નિતત્ત્વ દેવતાઓને માટે હવ્ય અને કવ્ય (પિંડ) ભોજ્ય પિતરો માટે કવ્ય પહોંચાડે છે. સાથે જ મનુષ્યો માટે પાક વગેરેનું પણ કાર્ય કરે છે. જલ સૌને જીવન આપે છે અને પૃથ્વી સંપૂર્ણ જગતને સદા ધારણ કરી રાખે છે.

શિવની આજ્ઞા સંપૂર્ણ દેવતાઓ માટે અલંઘનીય છે. એમનાથી જ પ્રેરિત થઈને દેવરાજ ઇન્દ્ર દેવતાઓનું પાલન, દૈત્યોનું દમન અને ત્રણે લોકોનું સંરક્ષણ કરે છે. વરુણદેવ સદા જલતત્ત્વનું પાલન અને સંરક્ષણનું કાર્ય સંભાળે છે. સાથે જ દંડનીય પ્રાણીઓને પોતાના પાશો દ્વારા બાંધી લે છે. ધનના સ્વામી યક્ષરાજ કુબેર પ્રાણીઓને એમને પુણ્યને અનુરૂપ સદા ધન આપે છે અને ઉત્તમ બુદ્ધિવાળા પુરુષોને સંપત્તિની સાથે સાથે જ્ઞાન પણ પ્રદાન કરે છે. ઈશ્વર અસાધુ પુરુષોનો નિગ્રહ કરે છે તથા શેષનાગ શિવની જ આજ્ઞાથી પોતાના મસ્તક પર પૃથ્વી ધારણ કરે છે. એ શેષને શ્રીહરિની તામસી રૌદ્રમૂર્તિ કહે છે, જે જગતનો પ્રલય કરનારી છે. બ્રહ્માજી શિવની આજ્ઞાથી સંપૂર્ણ જગતની સૃષ્ટિ કરે છે તથા પોતાની અન્ય મૂર્તિઓ દ્વારા પાલન અને સંહારનું કાર્ય પણ કરે છે. ભગવાન વિષ્ણુ પોતાની ત્રિવિધ મૂર્તિઓ દ્વારા વિશ્વનું પાલન, સર્જન અને સંહાર પણ કરે છે. વિશ્વાત્મા ભગવાન હર પળ ત્રણ રૂપોમાં વિભક્ત થઈને સંપૂર્ણ જગતનો સંહાર, સૃષ્ટિ અને રક્ષણ કરે છે. કાળ સૌને ઉત્પન્ન કરે છે. તે પ્રજાની સૃષ્ટિ કરે છે અને તે જ વિશ્વનું પાલન કરે છે. આ બધું તે મહાકાલની આજ્ઞાથી પ્રેરિત થઈને જ કરે છે. ભગવાન સૂર્ય એમની જ આજ્ઞાથી પોતાના ત્રણ અંશો દ્વારા જગતનું પાલન કરે, પોતાનાં કિરણો દ્વારા વૃષ્ટિ માટે આદેશ દે અને સ્વયં જ આકાશમાં મેઘ બનીને વરસે છે. ચંદ્રભૂષણ શિવનું શાસન માનીને જ ચંદ્રમા ઔષધીઓનું પોષણ અને પ્રાણીઓને આહ્લાદિત કરે છે. સાથે જ દેવતાઓને પોતાની અમૃતમયી કલાઓનું પાન કરવા દે છે. આદિત્ય, વસુ, રુદ્ર, અશ્વિનીકુમાર, મરુદ્ગણ, આકાશચારી ઋષિ, સિદ્ધ, નાગગણ, મનુષ્ય, મૃગ, પશુ, પક્ષી, કીટ વગેરે સ્થાવર પ્રાણી, નદીઓ, સમુદ્રો, પર્વત વન, સરોવર, અંગોસહિત વેદ, શાસ્ત્ર, મંત્ર, વૈદિક સ્તોત્ર અને યજ્ઞ વગેરે કાલાગ્નિથી લઈને શિવપર્યંત ભુવન, એમના અધિપતિ, અસંખ્ય બ્રહ્માંડ, એમનાં આવરણ, વર્તમાન, ભૂત અને ભવિષ્ય, દિશા-વિદિશાઓ, કલા વગેરે કાલના ભિન્ન ભિન્ન ભેદ તથા જે કાંઈ પણ આ જગતમાં જોવા-સાંભળવા મળે છે, તે બધું ભગવાન શંકરની આજ્ઞાના બળે જ ટકેલું છે.

એમની આજ્ઞાના બળથી જ અહીં પૃથ્વી, પર્વત, મેઘ, સમુદ્ર, નક્ષત્રગણ, ઇન્દ્રાદિ દેવતા, સ્થાવર, જંગમ અથવા જડ અને ચેતન સર્વની સ્થિતિ છે. (અધ્યાય ૨)

*

ભગવાન શિવની બ્રહ્મા વગેરે પંચમૂર્તિઓ, ઈશાન આદિ બ્રહ્મમૂર્તિઓ તથા પૃથ્વી અને શર્વ વગેરે અષ્ટમૂર્તિઓના પરિચય અને સર્વવ્યાપકતાનું વર્ણન

ઉપમન્યુ કહે છે—હે શ્રીકૃષ્ણ! મહેશ્વર પરમાત્મા શિવની મૂર્તિઓથી આ સંપૂર્ણ ચરાચર જગત કેવી રીતે વ્યાપ્ત છે, એ સાંભળો. બ્રહ્મા, વિષ્ણુ, રુદ્ર, મહેશાન તથા સદાશિવ—એ પરમેશ્વરની પાંચ મૂર્તિઓ જાણવી જોઈએ, જેથી આ સંપૂર્ણ વિશ્વ વિસ્તારને પ્રાપ્ત થયું છે. એ સિવાય બીજાં પણ એમનાં પાંચ શરીર છે, જેને પંચ-બ્રહ્મ (મંત્ર) કહે છે. આ જગતમાં કોઈ પણ એવી વસ્તુ નથી, જે આ મૂર્તિઓમાં વ્યાપ્ત ન હોય. ઈશાન, પુરુષ, અઘોર, વામદેવ અને સદ્યોજાત—એ મહાદેવજીની વિખ્યાત પાંચ બ્રહ્મમૂર્તિઓ છે. એમાં જે ઈશાન નામની એમની આદિ શ્રેષ્ઠતમ મૂર્તિ છે, તે પ્રકૃતિના સાક્ષાત્ ભોક્તા ક્ષેત્રજ્ઞને વ્યાપ્ત કરીને સ્થિત છે. મૂર્તિમાન પ્રભુ શિવની જે તત્પુરુષ નામની મૂર્તિ છે, તે ગુણોના આશ્રયરૂપ ભોગ્ય અવ્યક્ત (પ્રકૃતિ)માં અધિષ્ઠિત છે. પિનાકપાણિ મહેશ્વરની જે અત્યંત પૂજિત અઘોર નામની મૂર્તિ છે, ને ધર્મ આદિ આઠ અંગોથી યુક્ત બુદ્ધિતત્ત્વને પોતાનું અધિષ્ઠાન બનાવે છે. વિધાતા મહાદેવની વામદેવ નામની મૂર્તિને આગમવેત્તા વિદ્વાન અહંકારની અધિષ્ઠાત્રી બતાવે છે. બુદ્ધિમાન પુરુષ અમિત-તેજસ્વી શિવની સદ્યોજાત નામની મૂર્તિ મનની અધિષ્ઠાત્રી કહે છે. વિદ્વાન પુરુષ ભગવાન શિવની ઈશાન નામની મૂર્તિને શ્રવણેન્દ્રિય, વાણી, શબ્દ અને વ્યાપક આકાશતત્ત્વની સ્વામિની માને છે. પુરાણોના અર્થજ્ઞાનમાં નિપુણ સમસ્ત વિદ્વાનોએ મહેશ્વરના તત્પુરુષ નામના વિગ્રહને ત્વચા, હાથ, સ્પર્શ અને વાયુતત્ત્વના સ્વામી સમજ્યા છે. મનીષી મુનિ શિવની અઘોર નામની મૂર્તિને નેત્ર, પગ, રૂપ અને અગ્નિ-તત્ત્વની અધિષ્ઠાત્રી બતાવે છે. ભગવાન શિવનાં ચરણોમાં અનુરાગ રાખનારા મહાત્મા પુરુષ એમની વામદેવ નામની મૂર્તિને રસના, પાયુ, રસ અને જલતત્ત્વની સ્વામિની સમજે છે અને સદ્યોજાત નામની મૂર્તિને તે ઘ્રાણેન્દ્રિય, ઉપસ્થ, ગંધ અને પૃથ્વી-તત્ત્વની અધિષ્ઠાત્રી કહે છે, મહાદેવજી આ પાંચેય મૂર્તિઓ કલ્યાણનો એકમાત્ર હેતુ છે. કલ્યાણકામી પુરુષોને એમની સદાય યત્નપૂર્વક વંદના કરવી જોઈએ. એ દેવાધિદેવ મહાદેવજીની આઠ મૂર્તિઓ છે, તત્સ્વરૂપ જ આ જગત છે. એ આઠ મૂર્તિઓમાં આ વિશ્વ એવી જ રીતે ઓતપ્રોત ભાવથી સ્થિત છે, જેવી રીતે સુતરમાં મણકા પરોવેલા હોય છે.

શર્વ, ભવ, રુદ્ર, ઉગ્ર, ભીમ પશુપતિ, ઈશા-

અને મહાદેવ—એ શિવની વિખ્યાત આઠ મૂર્તિઓ છે. મહેશ્વરની આ શર્વ વગેરે આઠ મૂર્તિઓથી ક્રમશઃ ભૂમિ, જલ, અગ્નિ, વાયુ, ક્ષેત્રજ્ઞ, સૂર્ય અને ચંદ્રમા અધિષ્ઠિત થાય છે. એમની પૃથ્વીમયી મૂર્તિ સંપૂર્ણ ચરાચર જગતને ધારણ કરે છે. એના અધિષ્ઠાતાઓનું નામ શર્વ છે. એટલા માટે તે શિવની 'શાર્વી' મૂર્તિ કહેવાય છે. આ જ શાસ્ત્રનો નિર્ણય છે. એમની જલમયી મૂર્તિ સમસ્ત જગતને માટે જીવનદાયિની છે. જલ પરમાત્મા ભવની મૂર્તિ છે, તેથી એને 'ભાવિ' કહે છે. શિવની તેજોમયી શુભમૂર્તિ વિશ્વની અંદર અને બહાર વ્યાપ્ત થઈને સ્થિત છે. એ ઘોરરૂપિણી મૂર્તિનું નામ રુદ્ર છે, તેથી તે 'રૌદ્રી' કહેવાય છે. ભગવાન શિવ વાયુરૂપે સ્વયં ગતિશીલ હોય છે અને આ જગતને ગતિશીલ બનાવે છે. સાથે જ તે એનું ભરણ-પોષણ પણ કરે છે. વાયુ ભગવાન ઉગ્રની મૂર્તિ છે; તેથી સાધુપુરુષ તેને 'ઔગ્રી' કહે છે. ભગવાન ભીમની આકાશરૂપિણી મૂર્તિ સૌને અવકાશ આપનારી, સર્વવ્યાપિની તથા ભૂતસમુદાયની ભેદિકા છે. તે ભીમ નામથી પ્રસિદ્ધ છે (તેથી તેને 'ભૈમી' મૂર્તિ પણ કહે છે) સંપૂર્ણ નેત્રોમાં નિવાસ કરનારી તથા સંપૂર્ણ આત્માઓની અધિષ્ઠાત્રી શિવમૂર્તિને 'પશુપતિ' મૂર્તિ સમજવી જોઈએ. તે પશુઓના પાશોનો ઉચ્છેદ કરનારી છે. મહેશ્વરની જે 'ઈશાન' નામની મૂર્તિ છે, તે જ દિવાકર (સૂર્ય) નામ ધારણ કરીને સંપૂર્ણ જગતને પ્રકાશિત કરતી આકાશમાં વિચરે છે. જેનાં કિરણોમાં અમૃતભર્યું છે અને જે સંપૂર્ણ વિશ્વને એ અમૃતથી આપ્યાયિત કરે છે, તે ચંદ્રદેવ ભગવાન શિવના મહાદેવ નામક વિગ્રહ છે; તેથી એમને 'મહાદેવ' મૂર્તિ કહે છે. આ જે આઠમી મૂર્તિ છે, તે પરમાત્મા શિવનું સાક્ષાત્ સ્વરૂપ છે તથા અન્ય બધી મૂર્તિઓનાં વ્યાપક છે, એટલા માટે આ સંપૂર્ણ વિશ્વ શિવરૂપ જ છે. જેવી રીતે વૃક્ષના મૂળમાં પાણી રેડવાથી એની શાખાઓ પુષ્ટ થાય છે, એવી જ રીતે ભગવાન શિવની પૂજાથી એમના સ્વરૂપભૂત જગતનું પોષણ થાય છે. એટલા માટે બધાંને અભયદાન આપવું, બધાં ઉપર અનુગ્રહ કરવો અને સૌનો ઉપકાર કરવો—એ શિવનું આરાધન મનાયું છે. જેવી રીતે આ જગતમાં પોતાના પુત્ર-પૌત્રાદિક પ્રસન્ન રહેવાથી પિતા-પિતામહ વગેરેને પ્રસન્નતા થાય છે, એવી જ રીતે સંપૂર્ણ જગતની પ્રસન્નતાથી ભગવાન શંકર પ્રસન્ન થાય છે. જો કોઈ પણ દેહધારીને દંડ આપવામાં આવે છે તો એ દ્વારા અષ્ટમૂર્તિધારી શિવનું જ અનિષ્ટ થાય છે, એમાં સંશય નથી. આઠ મૂર્તિઓના રૂપમાં સંપૂર્ણ વિશ્વને વ્યાપ્ત કરીને સ્થિત થયેલા ભગવાન શિવનું તમે સર્વ પ્રકારે ભજન કરો; કેમકે રુદ્રદેવ સૌના પરમ કારણ છે. (અધ્યાય ૩)

*

શિવ અને શિવાની વિભૂતિઓનું વર્ણન

શ્રીકૃષ્ણે પૂછ્યું—હે ભગવન્! અમિત તેજસ્વી ભગવાન શિવની મૂર્તિઓએ આ સંપૂર્ણ જગતને જેવી રીતે વ્યાપ્ત કરી રાખ્યું છે, તે બધું મેં સાંભળ્યું. હવે મને એ જાણવાની ઇચ્છા

છે કે પરમેશ્વરી શિવા અને પરમેશ્વર શિવનું યથાર્થ સ્વરૂપ શું છે, એ બંનેએ સ્ત્રી અને પુરુષ આ જગતને કેવી રીતે વ્યાપ્ત કરી રાખ્યું છે?

ઉપમન્યુ બોલ્યા—હે દેવકીનંદન! હું શિવા અને શિવનાં શ્રીસંપન્ન ઐશ્વર્યનું અને એ બંનેનાં યથાર્થ સ્વરૂપોનાં સંક્ષેપમાં વર્ણન કરીશ. વિસ્તારપૂર્વક આ વિષયનું વર્ણન તો ભગવાન પણ ન કરી શકે. સાક્ષાત્ મહાદેવી પાર્વતી શક્તિ છે અને મહાદેવજી શક્તિમાન. એ બંનેની વિભૂતિનું લેશમાત્ર જ આ સંપૂર્ણ ચરાચર જગતના રૂપમાં સ્થિત છે. અહીં કોઈ વસ્તુ જડરૂપે છે અને કોઈ વસ્તુ ચેતનરૂપે. એ બંને ક્રમશઃ શુદ્ધ, અશુદ્ધ તથા પર અને અપર કહેવાય છે. જે ચિન્મંડળ જડમંડળની સાથે સંયુક્ત થઈને સંસારમાં ભટકી રહ્યું છે, તે જ અશુદ્ધ અને અપર કહેવાય છે. એનાથી ભિન્ન જે જડનાં બંધનથી મુક્ત છે, તે પર અને શુદ્ધ કહેવાય છે. અપર અને પર ચિદચિત્સ્વરૂપ છે, એમના પર સ્વભાવતઃ શિવ અને શિવાનું સ્વામિત્વ છે. શિવા અને શિવના જ વશમાં આ વિશ્વ છે. વિશ્વના વશમાં શિવા અને શિવ નથી. આ જગત શિવ અને શિવાના શાસનમાં છે, એટલા માટે એ બંને એના ઈશ્વર અથવા વિશ્વેશ્વર કહેવાય છે. જેવા શિવ છે, એવાં જ શિવાદેવી છે, તથા જેવાં શિવાદેવી છે, તેવા જ શિવ છે. જેવી રીતે ચંદ્રમા અને એની ચાંદનીમાં કોઈ અંતર નથી, એ જ પ્રકારે શિવ અને શિવામાં કોઈ અંતર ન સમજવું. જેવી રીતે ચંદ્રિકા વગર આ ચંદ્રમા સુશોભિત નથી થતા એવી રીતે શિવ વિદ્યમાન હોવા છતાં શક્તિ વગર સુશોભિત નથી થતા. જેવી રીતે આ સૂર્યદેવ ક્યારેય પ્રભા વગર નથી રહેતા અને પ્રભા પણ એ સૂર્યદેવ વગર નથી રહેતી, નિરંતર એમને જ આશ્રયે રહે છે, એવી જ રીતે શક્તિ અને શક્તિમાનને સદા એકબીજાની અપેક્ષા હોય છે. ન તો શિવ વગર શક્તિ રહી શકે છે અને ન તો શક્તિ વગર શિવ રહી શકે છે.* જેના દ્વારા શિવ સદા દેહધારીઓને ભોગ અને મોક્ષ આપવામાં સમર્થ થાય છે, તે આદિ અદ્વિતીય ચિન્મયી પરાશક્તિ શિવને જ આશ્રિત છે. જ્ઞાની પુરુષ એ જ શક્તિને સર્વેશ્વર પરમાત્મા શિવને અનુરૂપ તે તે અલૌકિક ગુણોને કારણે એમની સહધર્મિણી કહે છે. તે જ શિવની ઇચ્છાથી વિભાગપૂર્વક વિવિધ પ્રકારનાં વિશ્વોની રચના કરે છે. તે શક્તિ મૂલપ્રકૃતિ, માયા અને ત્રિગુણા—ત્રણ પ્રકારની બતાવી છે, એ શક્તિરૂપિણી શિવાએ જ આ જગતનો વિસ્તાર કર્યો છે. વ્યવહારભેદથી શક્તિઓના એક-બે, સો, હજાર અને બહુસંખ્યક ભેદ થઈ જાય છે.

શિવની ઇચ્છાથી પરાશક્તિ શિવતત્ત્વની સાથે એકતાને પ્રાપ્ત થાય છે. ત્યારથી કલ્પ વગેરેના આદિમાં એ જ પ્રકારે સૃષ્ટિનો પ્રાદુર્ભાવ થાય છે, જેવી રીતે તલમાંથી તેલનો પ્રાદુર્ભાવ થાય છે. તદનંતર શક્તિમાનથી શક્તિમાં

---

* ચંદ્રો ન ખલુ ભાત્યેષ યથા ચન્દ્રિકયા વિના । ન ભાતિ વિદ્યમાનોઽપિ તથા શક્ત્યા વિના શિવઃ ॥
પ્રભયા હિ વિના યદ્વદ્ભાનુરેવ ન વિદ્યતે । પ્રભા ચ ભાનુના તેન સૂતરાં તદ્વદાશ્રયા ॥
એવં પરસ્પરાપેક્ષા શક્તિશક્તિમતોઃ સ્થિતા । ન શિવેન વિના શક્તિર્ન શક્ત્યા ચ વિના શિવઃ ॥
(શિ.પુ.વા.સં.ઉ.ખં. ૪/૧૦-૧૨)

ક્રિયામયી શક્તિ પ્રગટ થાય છે. એના વિક્ષુબ્ધ થવાથી આદિકાળમાં પહેલાં નાદની ઉત્પત્તિ થઈ. પછી નાદથી બિંદુની ઉત્પત્તિ થઈ અને બિંદુથી સદાશિવ દેવનું પ્રાગટ્ય થયું. એ સદાશિવથી મહેશ્વર પ્રગટ થયા અને મહેશ્વરથી શુદ્ધ વિદ્યા. તે વાણીની ઈશ્વરી છે. આ પ્રકારે ત્રિશૂલધારી મહેશ્વરથી વાગીશ્વરી નામની શક્તિનો પ્રાદુર્ભાવ થયો, જે વર્ણો (અક્ષરો)ના રૂપે વિસ્તારને પ્રાપ્ત થાય છે અને માતૃકા કહેવાય છે. તદનંતર અનંતના સમાવેશથી માયાએ કાળ, નિયતિ, કળા અને વિદ્યાની સૃષ્ટિ કરી. કલાથી રાહુ તથા પુરુષ થયા. પછી માયાથી જ ત્રિગુણાત્મિકા અવ્યક્ત પ્રકૃતિ થઈ. એ ત્રિગુણાત્મક અવ્યક્તથી ત્રણ ગુણો પૃથક્ પૃથક્ પ્રગટ થયા. એમનાં નામ છે—સત્ત્વ, રજ અને તમ; એમનાથી આ સંપૂર્ણ જગત વ્યાપ્ત છે. ગુણોમાં ક્ષોભ થવાથી એમાંથી ગુણેશ નામની ત્રણ મૂર્તિઓ પ્રગટ થઈ. સાથે જ 'મહત્' વગેરે તત્ત્વોનો ક્રમશઃ પ્રાદુર્ભાવ થયો. એમનાથી જ શિવની આજ્ઞા અનુસાર અસંખ્ય અંડ-પિંડ પ્રગટ થાય છે, જે અનંત આદિ વિદ્યેશ્વર ચક્રવર્તીઓમાં અધિષ્ઠિત છે. શરીરાન્તના ભેદથી શક્તિના ઘણા બધા ભેદ કહેવાયા છે—સ્થૂળ અને સૂક્ષ્મના ભેદથી એમનાં અનેક રૂપ જાણવાં જોઈએ. રુદ્રની શક્તિ રૌદ્રી, વિષ્ણુની વૈષ્ણવી, બ્રહ્માની બ્રહ્માણી અને ઈન્દ્રની ઈન્દ્રાણી કહેવાય છે. અહીં વધારે કહેવાથી શો લાભ—જેને વિશ્વ કહેવાય છે, તે એ જ પ્રકારે શક્ત્યાત્માથી વ્યાપ્ત છે, જેવી રીતે શરીર અંતરાત્માથી વ્યાપ્ત છે. તેથી સંપૂર્ણ સ્થાવરજંગમાત્મક જગત શક્તિમય છે. આ પરાશક્તિ પરમાત્મા શિવની કલા કહેવાય છે. એ જ રીતે પરાશક્તિ ઈશ્વરની ઇચ્છા અનુસાર ચાલીને ચરાચર જગતની સૃષ્ટિ કરે છે, એવો વિજ્ઞ પુરુષોનો નિશ્ચય છે. જ્ઞાન, ક્રિયા અને ઇચ્છા—પોતાની આ ત્રણ શક્તિઓ દ્વારા શક્તિમાન ઈશ્વર સદા સંપૂર્ણ વિશ્વને વ્યાપ્ત કરીને સ્થિત છે. આ એ પ્રકારે હો અને આ એ પ્રકારે ન હો—એ રીતે કાર્યોનું નિયમન કરનારી મહેશ્વરની ઇચ્છાશક્તિ નિત્ય છે. એમની જે જ્ઞાનશક્તિ છે, તે બુદ્ધિરૂપ થઈને કાર્ય, કરણ, કારણ અને પ્રયોજનનો ઠીક ઠીક નિશ્ચય કરે છે; તથા શિવની જે ક્રિયાશક્તિ છે, જે સંકલ્પરૂપિણી થઈને એમનાં ઇચ્છા અને નિશ્ચયને અનુસાર કાર્યરૂપ સંપૂર્ણ જગતની ક્ષણભરમાં કલ્પના કરી દે છે. આ પ્રકારે ત્રણે શક્તિઓથી જગતનું ઉત્થાન થાય છે. પ્રસવ-ધર્મવાળી જે શક્તિ છે, તે પરાશક્તિથી પ્રેરિત થઈને જ સંપૂર્ણ જગતની સૃષ્ટિ કરે છે. આ રીતે શક્તિઓના સંયોગથી શિવ શક્તિમાન કહેવાય છે. શક્તિ અને શક્તિમાન પ્રગટ હોવાને કારણે આ જગત શાકત અને શૈવ કહેવાય છે. જેવી રીતે માતા-પિતા વિના પુત્રનો જન્મ થતો નથી, એ જ પ્રકારે ભવ અને ભવાની વગર આ ચરાચર જગતની ઉત્પત્તિ થતી નથી. સ્ત્રી અને પુરુષથી પ્રગટેલું જગત સ્ત્રી અને પુરુષરૂપ જ છે; આ સ્ત્રી અને પુરુષની વિભૂતિ છે, તેથી સ્ત્રી અને પુરુષથી અધિષ્ઠિત છે. એમાં શક્તિમાન પુરુષરૂપ શિવ તો પરમાત્મા કહેવાય છે અને સ્ત્રીરૂપિણી શિવા એમની પરાશક્તિ કહેવાય છે. શિવ સદાશિવ કહેવાયા અને શિવા મનોન્મની કહેવાઈ. શિવને મહેશ્વર જાણવા જોઈએ અને શિવા માયા કહેવાય છે. પરમેશ્વર

શિવ પુરુષ છે અને પરમેશ્વરી શિવા પ્રકૃતિ છે. મહેશ્વર શિવ રુદ્ર છે અને એમની વલ્લભા શિવાદેવી રુદ્રાણી કહેવાય છે. વિશ્વેશ્વર દેવ વિષ્ણુ છે અને એમની પ્રિયા લક્ષ્મી છે. જ્યારે સૃષ્ટિકર્તા શિવ બ્રહ્મા કહેવાય છે ત્યારે એમની પ્રિયાને બ્રહ્માણી કહે છે. ભગવાન શિવ ભાસ્કર છે અને ભગવતી શિવા પ્રભા. કામનાશન શિવ મહેન્દ્ર છે અને ગિરિરાજનંદિની ઉમા શચી. મહાદેવજી અગ્નિ છે અને એમની અર્ધાંગિની ઉમા સ્વાહા. ભગવાન ત્રિલોચન યમ છે અને ગિરિરાજનંદિની ઉમા યમ પ્રિયા. ભગવાન શંકર નિર્ઋતિ છે અને પાર્વતી નૈર્ઋતી. ભગવાન રુદ્ર વરુણ છે અને પાર્વતી વારુણી. ચંદ્રશેખર શિવ વાયુ છે અને પાર્વતી વાયુપ્રિયા. શિવ યક્ષ છે અને પાર્વતી ઋદ્ધિ. ચંદ્રાર્ધશેખર શિવ ચંદ્રમા છે અને રુદ્રવલ્લભા ઉમા રોહિણી. પરમેશ્વર શિવ ઈશાન છે અને પરમેશ્વરી શિવા એમની પત્ની. નાગરાજ અનંતને વલયરૂપે ધારણ કરનારા ભગવાન શંકર અનંત છે અને એમની વલ્લભા શિવા અનંતા. કાલશત્રુ શિવ કાલાગ્નિરુદ્ર છે અને કાલી કાલાનીકપ્રિયા છે. જેનું બીજું નામ પુરુષ છે એવા સ્વાયંભુવ મનુના રૂપમાં સાક્ષાત્ શંભુ જ છે અને શિવપ્રિયા ઉમા શતરૂપા છે. સાક્ષાત્ મહાદેવ દક્ષ છે અને પરમેશ્વરી પાર્વતી પ્રસૂતિ, ભગવાન ભવ રુચિ છે અને ભવાનીને જ વિદ્વાન પુરુષ આકૂતિ કહે છે. મહાદેવજી ભૃગુ છે અને પાર્વતી ખ્યાતિ. ભગવાન રુદ્ર મરીચિ છે અને શિવવલ્લભા સંભૂતિ. ભગવાન ગંગાધર અંગિરા છે અને સાક્ષાત્ ઉમા સ્મૃતિ. ચંદ્રમૌલિ પુલસ્ત્ય છે અને પાર્વતી પ્રીત. ત્રિપુરનાશક શિવ પુલહ છે અને પાર્વતી જ એમની પ્રિયા છે. યજ્ઞવિધ્વંસી શિવ ક્રતુ કહેવાયા છે અને એમની પ્રિયા પાર્વતી સંનતિ, ભગવાન શિવ અત્રિ છે અને સાક્ષાત્ ઉમા અનસૂયા. કાલહન્તા શિવ કશ્યપ છે અને મહેશ્વરી ઉમા દેવમાતા અદિતિ. કામનાશન શિવ વસિષ્ઠ છે અને સાક્ષાત્ દેવી પાર્વતી અરુંધતી. ભગવાન શંકર સંસારના બધા પુરુષ છે અને મહેશ્વરી શિવા જ સંપૂર્ણ સ્ત્રીઓ. તેથી બધાં સ્ત્રીપુરુષો એમની વિભૂતિઓ છે.

ભગવાન શિવ વિષયી છે અને પરમેશ્વરી ઉમા વિષય. જે કાંઈ સાંભળવામાં આવે છે તે બધું ઉમાનું રૂપ છે અને શ્રોતા સાક્ષાત્ ભગવાન શંકર છે. જેના વિષયમાં પ્રશ્ન અથવા જિજ્ઞાસા થાય છે, એ સમસ્ત વસ્તુ સમુદાયનું રૂપ શંકરવલ્લભા શિવા સ્વયં ધારણ કરે છે તથા પૂછનારા જે પુરુષ છે, તે બાલચંદ્રશેખર વિશ્વાત્મા શિવરૂપ જ છે. ભવવલ્લભા ઉમા જ દ્રષ્ટવ્ય વસ્તુઓનું રૂપ ધારણ કરે છે અને દ્રષ્ટા પુરુષના રૂપમાં શશિખંડમૌલિ ભગવાન વિશ્વનાથ જ સર્વ કાંઈ દેખે છે. સંપૂર્ણ રસની રાશિ મહાદેવી છે અને એ રસનું આસ્વાદન કરનારા મંગલમય મહાદેવ છે. પ્રેમસમૂહ પાર્વતી છે અને પ્રિયતમ વિષયભોગી શિવ છે. દેવી મહેશ્વરી સદા મંતવ્ય વસ્તુઓનું સ્વરૂપ ધારણ કરે છે અને વિશ્વાત્મા મહેશ્વર એ વસ્તુઓના મંતા (મનન કરનારા છે). ભવવલ્લભા પાર્વતી બોદ્ધવ્ય (જાણવા યોગ્ય) વસ્તુઓનું રૂપ ધારણ કરે છે અને શિશુ-શશિશેખર ભગવાન મહાદેવ જ એ વસ્તુઓના જ્ઞાતા છે. સામર્થ્યશાલી ભગવાન પિનાકી સંપૂર્ણ પ્રાણીઓના પ્રાણ છે અને સર્વના પ્રાણોની સ્થિતિ જલરૂપિણી માતા પાર્વતી છે. ત્રિપુરાન્તક

પશુપતિની પ્રાણવલ્લભા પાર્વતીદેવી જ્યારે ક્ષેત્રનું સ્વરૂપ ધારણ કરે છે, ત્યારે કાળના પણ કાળ ભગવાન મહાકાળ ક્ષેત્રજ્ઞરૂપે સ્થિત થાય છે. શૂલધારી મહાદેવજી દિવસ છે તો શૂલપાણિપ્રિયા પાર્વતી રાત્રિ. કલ્યાણકારી મહાદેવજી આકાશ છે અને શંકરપ્રિયા પાર્વતી પૃથિવી. ભગવાન મહેશ્વર સમુદ્ર છે તો ગિરિરાજ-કન્યા શિવા એની તટભૂમિ છે. વૃષભધ્વજ મહાદેવ વૃક્ષ છે, તો વિશ્વેશ્વરપ્રિયા ઉમા એના પર ફેલાઈ જનાર લતા છે. ભગવાન ત્રિપુરનાશક મહાદેવ સંપૂર્ણ પુલિંગરૂપને સ્વયં ધારણ કરે છે અને મહાદેવ-મનોરમા દેવી શિવા બધા સ્ત્રીલિંગરૂપ ધારણ કરે છે. શિવવલ્લભા શિવા સમસ્ત શબ્દ-જાળનું રૂપ ધારણ કરે છે અને બાલેન્દુશેખર શિવ સંપૂર્ણ અર્થનું. જે જે પદાર્થની જે જે શક્તિ કહેવાઈ છે, તે તે શક્તિ તો વિશ્વેશ્વરી દેવી શિવા છે અને તે તે સંપૂર્ણ પદાર્થ સાક્ષાત્ મહેશ્વર છે. જે સૌથી પરે છે, જે પવિત્ર છે, જે પુણ્યમય છે તથા જે મંગલરૂપ છે, તે તે વસ્તુને મહાભાગ મહાત્માઓએ એ બંને શિવ-પાર્વતીના તેજથી વિસ્તારને પ્રાપ્ત થયેલી બતાવી છે.

જેવી રીતે સળગતા દીપકની શિખા આખાયે ઘરને પ્રકાશિત કરે છે, એવી જ રીતે શિવ-પાર્વતીનું જ આ તેજ વ્યાપ્ત થઈને સંપૂર્ણજગતને પ્રકાશ આપી રહ્યું છે. એ બંને શિવા અને શિવ સ્વરૂપ છે, સર્વનું કલ્યાણ કરનારાં છે. તેથી સદાયે એ બંનેનું પૂજન, નમન અને ચિંતન કરવું જોઈએ.

હે શ્રીકૃષ્ણ! આજે મેં તમારી સમક્ષ પોતાની બુદ્ધિ અનુસાર પરમેશ્વર શિવા અને શિવના યથાર્થ સ્વરૂપનું વર્ણન કર્યું છે, પરંતુ ઇયત્તાપૂર્વક નહીં. (સીમા, હદ, મર્યાદા) અર્થાત્ આ વર્ણનથી એ ન માની લેવી જોઈએ. એ બંનેનું યથાર્થરૂપનું પૂર્ણતઃ વર્ણન થઈ ગયું; કેમકે એમના સ્વરૂપની ઇયત્તા (સીમા) નથી. જે સમસ્ત મહાપુરુષોના પણ મનની સીમાથી પરે છે, પરમેશ્વર શિવ અને શિવાના એ યથાર્થ સ્વરૂપનું વર્ણન કેવી રીતે થઈ શકે. જેમણે પોતાના ચિત્તને મહેશ્વરના ચરણોમાં અર્પિત કરી દીધું છે તથા જે એમના અનન્ય ભક્ત છે, એમના જ મનમાં એ આવે છે અને એમની જ બુદ્ધિમાં આરૂઢ થાય છે. બીજાઓની બુદ્ધિમાં તે આરૂઢ થતા નથી. અહીં મેં જે વિભૂતિનું વર્ણન કર્યું છે, તે પ્રાકૃત છે, એટલા માટે અપરા મનાય છે. એથી ભિન્ન જે અપ્રાકૃત અને પરા વિભૂતિ છે, તે ગુહ્ય છે. એમના ગુહ્ય રહસ્યને જાણનારા પુરુષો જ એમને જાણે છે. પરમેશ્વરની આ અપ્રાકૃત પરા વિભૂતિ તે છે, જ્યાંથી મન અને ઇન્દ્રિયોસહિત વાણી પાછી વળે છે. પરમેશ્વરની તે જ વિભૂતિ અહીં પરમ ધામ છે, તે જ અહીં પરમગતિ છે અને અહીં તે જ પરાકાષ્ઠા છે* જે પોતાના શ્વાસ અને ઇન્દ્રિયો પર વિજય મેળવી ચૂક્યા છે, તે યોગીજન જ એને મેળવવાનો પ્રયત્ન કરે છે. શિવા અને શિવની આ વિભૂતિ સંસારરૂપી વિષધર સર્પના ડસવાથી મૃત્યુને અધીન થયેલા માનવોને માટે

---

* યતો વાચો નિવર્તન્તે મનસા સેન્દ્રિયૈઃ સહ। અપ્રાકૃતા પરા ચૈષા વિભૂતિઃ પારમેશ્વરીઃ॥
સૈષેહ પરમં ધામ સૈષેહ પરમા ગતિઃ। સૈષેહ પરમા કાષ્ઠા વિભૂતિઃ પરમેષ્ઠિનઃ॥
(શિ.પુ.વા.સં.ઉ.ખં. ૪૭૬-૭૭)

સંજીવની ઔષધી છે. એને જાણનારા પુરુષ કોઈથી પણ ભયભીત થતા નથી. જે આ પરા અને અપરા વિભૂતિને ઠીક ઠીક રીતે જાણી લે છે તે અપરા વિભૂતિને ઓળંગીને પરા વિભૂતિનો અનુભવ કરવા લાગે છે.

હે શ્રીકૃષ્ણ! આ તમને પરમાત્મા શિવ અને પાર્વતીના યથાર્થ સ્વરૂપનું ગોપનીય હોવા છતાં પણ વર્ણન કરવામાં આવ્યું છે, કેમકે તમે ભગવાન શિવની ભક્તિને યોગ્ય છો. જો શિષ્ય ન હોય, શિવના ઉપાસક ન હોય અને ભક્ત પણ ન હોય, એવા લોકોને ક્યારેય શિવપાર્વતીની આ વિભૂતિનો ઉપદેશ ન આપવો જોઈએ. આ વેદની આજ્ઞા છે. તેથી અત્યંત કલ્યાણમય હે શ્રીકૃષ્ણ! તમે બીજાઓને એવો ઉપદેશ ન દેશો. જે તમારા જેવા યોગ્ય પુરુષ હોય, એમને જ કહેજો, નહિતર મૌન જ રાખજો. જે અંદરથી પવિત્ર હોય, શિવભક્ત અને વિશ્વાસી હોય, તે જો આનું કીર્તન કરે તો મનોવાંછિત ફળનો ભાગી થાય છે. જો પહેલેનાં પ્રબળ પ્રતિબંધક કર્મો દ્વારા પ્રથમ વાર ફળની પ્રાપ્તિમાં બાધા પડે તો પણ વારંવાર સાધનનો અભ્યાસ કરવો જોઈએ. આવું કરનારા પુરુષને માટે અહીં કશુંયે દુર્લભ નથી.

(અધ્યાય ૪)

*

પરમેશ્વર શિવના યથાર્થ સ્વરૂપનું વિવેચન તથા એમના શરણે જવાથી જીવના કલ્યાણનું કથન

ઉપમન્યુ કહે છે—હે યદુનંદન! આ ચરાચર જગત દેવાધિદેવ મહાદેવજીનું સ્વરૂપ છે. પરંતુ પશુ (જીવ) ભારે પાશથી બંધાયેલા હોવાને કારણે જગતને આ રૂપમાં નથી જાણતા. મહર્ષિગણ એ પરમેશ્વર શિવના નિર્વિકલ્પ પરમભાવને ન જાણીને એ એકનું જ અનેક રૂપોમાં વર્ણન કરે છે—કોઈ એ પરમતત્ત્વને અપર બ્રહ્મરૂપ કહે છે, કોઈ પરબ્રહ્મરૂપ બતાવે છે અને કોઈ આદિ-અંતથી રહિત ઉત્કૃષ્ટ મહાદેવસ્વરૂપ કહે છે. પંચમહાભૂત, ઇંન્દ્રિય, અંતઃકરણ તથા પ્રાકૃત વિષયરૂપ જડ તત્ત્વને અપર બ્રહ્મ કહેવાય છે. એથી ભિન્ન સમષ્ટિ ચૈતન્યનું નામ પરબ્રહ્મ છે. બૃહત્ અને વ્યાપક હોવાને કારણે એને બ્રહ્મ કહે છે. હે પ્રભો! વેદો અને બ્રહ્માજીના અધિપતિ પરબ્રહ્મ પરમાત્મા શિવનાં તે પર અને અપર બે રૂપ છે. કેટલાક લોકો મહેશ્વર શિવને વિદ્યાવિદ્યાસ્વરૂપી કહે છે. એમાં વિદ્યા ચેતના છે અને અવિદ્યા અચેતના છે. આ વિદ્યાવિદ્યારૂપ વિશ્વ જગદ્‌ગુરુ ભગવાન શિવનું રૂપ જ છે, એમાં સંદેહ નથી, કેમકે વિશ્વ એમના વશમાં છે. ભ્રાન્તિ, વિદ્યા તથા પરાવિદ્યા અથવા પરમતત્ત્વ—એ શિવનાં ત્રણ ઉત્કૃષ્ટ રૂપ મનાયાં છે. પદાર્થોના વિષયમાં જે અનેક પ્રકારની અસત્ય ધારણાઓ છે, એને ભ્રાન્તિ કહે છે. યથાર્થ ધારણા અથવા જ્ઞાનનું નામ વિદ્યા છે તથા જે વિકલ્પરહિત પરમ જ્ઞાન છે, એને પરમ તત્ત્વ કહે છે. પરમ તત્ત્વ જ સત્ છે, એથી વિપરીત અસત્ કહેવાય. સત્ અને અસત્

બંનેના પતિ હોવાને કારણે શિવ સદસત્પતિ કહેવાય છે. અન્ય મહર્ષિઓએ ક્ષર, અક્ષર અને એ બંનેથી પરે પરમ તત્ત્વનું પ્રતિપાદન કર્યું છે. સંપૂર્ણ ભૂત ક્ષર છે અને જીવાત્મા અક્ષર કહેવાય છે. એ બંને પરમેશ્વરનાં રૂપ છે; કેમકે એમને અધીન છે. શાંતસ્વરૂપ શિવ એ બંનેથી પરે છે, તેથી ક્ષરાક્ષરપર કહેવાય છે. કેટલાક મહર્ષિઓ પરમ કારણરૂપ શિવને સમષ્ટિ-વ્યષ્ટિ સ્વરૂપ તથા સમષ્ટિ અને વ્યષ્ટિનું કારણ કહે છે. અવ્યક્તને સમષ્ટિ કહે છે અને વ્યક્તને વ્યષ્ટિ કહે છે. એ બંને પરમેશ્વર શિવનાં જ રૂપ છે, કેમકે, એમની જ ઇચ્છાથી પ્રવૃત્ત થાય છે. એ બંનેના કારણરૂપથી સ્થિત ભગવાન શિવ પરમ કારણ છે. તેથી કારણવેત્તા જ્ઞાની પુરુષ એમને સમષ્ટિ-વ્યષ્ટિનું કારણ બતાવે છે. કેટલાક લોકો પરમેશ્વરને જાતિ-વ્યક્તિરૂપ કહે છે. જેનું શરીરમાં પણ અનુવર્તન હોય, તે જાતિ કહેવાય છે. શરીરની જાતિને આશ્રિત રહેનારી જે વ્યાવૃત્તિ છે, જે દ્વારા જાતિભાવનાનું આચ્છાદન અને વૈયક્તિક ભાવનાનું પ્રકાશન થાય છે એનું નામ વ્યક્તિ છે. જાતિ અને વ્યક્તિ બંને જ ભગવાન શિવની આજ્ઞાથી પરિપાલિત છે, તેથી એ મહાદેવજીને જાતિવ્યક્તિસ્વરૂપ કહેવાયા છે.

કોઈ કોઈ શિવને પ્રધાન, પુરુષ, વ્યક્ત અને કાલરૂપ કહે છે. પ્રકૃતિનું નામ જ પ્રધાન છે. જીવાત્માને જ ક્ષેત્રજ્ઞ કહે છે. ત્રેવીશ તત્ત્વોને મનીષી પુરુષો વ્યક્ત કહ્યાં છે અને કાર્ય-પ્રપંચના પરિણામના એકમાત્ર કારણ છે, એનું નામ કાલ છે. ભગવાન શિવ આ સૌના ઈશ્વર, પાલક, ધારણકર્તા, પ્રવર્તક, નિવર્તક અને તિરોભાવના એક માત્ર હેતુ છે. તે સ્વયં પ્રકાશ અને અજન્મા છે. એટલા માટે એ મહેશ્વરને પ્રધાન, પુરુષ, વ્યક્ત અને કાલરૂપ કહ્યા છે. કારણ, નેતા, અધિપતિ અને ધાતા બતાવ્યા છે. કેટલાક લોકો વિરાટ્ અને હિરણ્યગર્ભ રૂપ બતાવે છે. જે સંપૂર્ણ લોકોની સૃષ્ટિના હેતુ છે, એમનું નામ હિરણ્યગર્ભ છે અને વિશ્વરૂપને વિરાટ કહે છે, જ્ઞાની પુરુષ શિવને અંતર્યામી અને પરમ પુરુષ કહે છે. બીજા લોકો એમને પ્રાજ્ઞ, તૈજસ અને વિશ્વરૂપ બતાવે છે. કોઈ એમને તુરીયરૂપ માને છે અને કોઈ સૌમ્યરૂપ કેટલાય વિદ્વાનોનું કથન છે કે તે જ માતા, માન, મેય અને મિતિરૂપ છે. અન્ય લોક કર્તા, ક્રિયા, કાર્ય, કરણ અને કારણરૂપ કહે છે. બીજા જ્ઞાની એમને જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિરૂપ બતાવે છે. કોઈ ભગવાન શિવને તુરીયરૂપ કહે છે તો કોઈ તુરીયાતીત. કોઈ નિર્ગુણ બતાવે છે, કોઈ સગુણ. કોઈ સંસારી કહે છે, કોઈ અસંસારી. કોઈ સ્વતંત્ર માને છે, કોઈ અસ્વતંત્ર. કોઈ એમને ઘોર સમજે છે, કોઈ સૌમ્ય. કોઈ રાગવાન કહે છે, કોઈ વીતરાગ; કોઈ નિષ્ક્રિય બતાવે છે, કોઈ સક્રિય. કેટલાકના કથન અનુસાર તે નિરિન્દ્રિય છે તો કોઈના મનમાં સેન્દ્રિય છે. એક એમને ધ્રુવ કહે છે, તો બીજા અધ્રુવ; કોઈ એમને સાકાર બતાવે છે તો કોઈ નિરાકાર. કોઈના મનમાં એ અદૃશ્ય છે તો કોઈના મનમાં દૃશ્ય છે. કોઈ એમને વર્ણનીય માને છે તો કોઈ અનિર્વચનીય. કોઈના મનમાં શબ્દ સ્વરૂપ છે તો કોઈના મને શબ્દાતીત; કોઈ એમને ચિંતનનો વિષય માને છે તો કોઈ એમને અચિંત્ય સમજે છે. બીજા લોકોનું કહેવું છે તે જ્ઞાનસ્વરૂપ છે, કોઈ એમને વિજ્ઞાનની સંજ્ઞા આપે છે—કોઈના મનમાં તે જ્ઞેય છે અને કોઈના મનમાં અજ્ઞેય છે. કોઈ એમને પર બતાવે છે તો કોઈ અપર. આ રીતે

એમના વિષયમાં વિવિધ પ્રકારની કલ્પનાઓ થાય છે. આ વિવિધ પ્રીતિઓને કારણે મુનિજન એ પરમેશ્વરના યથાર્થ સ્વરૂપનો નિશ્ચય નથી કરી શકતા. જે સર્વભાવથી એમને શરણે આવી ગયા છે, તે જ એ પરમ કારણ શિવને વગર યત્ને જે જાણી શકે છે. જ્યાં સુધી પશુ (જીવ), જેમના બીજા કોઈ ઈશ્વર નથી એ સર્વેશ્વર, સર્વજ્ઞ, પુરાણપુરુષ તથા ત્રણે લોકોના શાસક શિવને નથી જોતા, ત્યાં સુધી તે પાશોથી બદ્ધ થઈને આ દુઃખમય સંસાર-ચક્રમાં ગાડીના પૈડાંની નેમિ-સમાન ફર્યા જ કરે છે. જ્યારે આ દ્રષ્ટા જીવાત્મા સૌના શાસક, બ્રહ્માના પણ આદિકારણ, સંપૂર્ણ જગતના રચયિતા, સુવર્ણોપમ, દિવ્ય પ્રકાશસ્વરૂપ પરમ પુરુષનો સાક્ષાત્કાર કરી લે છે, ત્યારે પુણ્ય અને પાપ બંને સારી રીતે હટાવીને નિર્મલ થયેલો તે જ્ઞાની મહાત્મા સર્વોત્તમ સમતાને પ્રાપ્ત કરી લે છે.

(અધ્યાય ૫)

*

શિવના શુદ્ધ, બુદ્ધ, મુક્ત, સર્વમય, સર્વવ્યાપક અને સર્વાતીત સ્વરૂપનું અને એમની પ્રણવરૂપતાનું પ્રતિપાદન

ઉપમન્યુ કહે છે—હે યદુનંદન! શિવને ન તો આણવ મલનુંય બંધન પ્રાપ્ત છે, ન કર્મ અને ન માયાનું પણ બંધન છે. પ્રાકૃત, બૌદ્ધ, અહંકાર, મન, ચિત્ત, ઇન્દ્રિય, તન્માત્રા અને પંચભૂતસંબંધી પણ કોઈ બંધન એમને સ્પર્શી પણ ન શકે. અમિત તેજસ્વી શંભુને ન કાલ, ન કલા, ન વિદ્યા, ન નિયતિ, ન રાગ, ન દ્વેષ રૂપ બંધન પ્રાપ્ત છે. એમનામાં ન તો કર્મ છે, ન એ કર્મોનો પરિપાક છે, ન એના ફળસ્વરૂપ સુખ અને દુઃખ છે, ન તો એમનો વાસનાઓ સાથે સંબંધ છે, ન કર્મના સંસ્કારોથી સંબંધ છે. ભૂત, ભવિષ્ય અને વર્તમાન ભોગો તથા એમના સંસ્કારો સાથે પણ એમનો સંપર્ક નથી. ન એમનું કોઈ કારણ છે, ન કર્તા. નથી તો આદિ, નથી અંત અને નથી મધ્ય. કર્મ નથી, કરણ નથી; નથી તો કર્તવ્ય અને નથી તો અકર્તવ્ય. એનો ન કોઈ બંધુ છે, ન અબંધુ; ન નિયંતા છે, ન પ્રેરક; ન પતિ છે, ન ગુરુ છે અને ન તો ત્રાતાયે છે. એમનાથી અધિકની ચર્ચા કોણ કરે, એમના સમાન પણ કોઈ નથી, ન તો એમનો જન્મ થાય છે, ન તો મરણ થાય છે. એમને માટે કોઈ વસ્તુ ન તો વાંછિત છે અને નથી તો અવાંછિત. એમને નથી વિધિ કે નથી નિષેધ. ન બંધન છે, ન મુક્તિ છે. જે જે અકલ્યાણકારી દોષ છે તે એમનામાં ક્યારેય નથી રહેતા. પરંતુ સંપૂર્ણ કલ્યાણકારી ગુણ એમનામાં સદા રહે છે; કેમકે શિવ સાક્ષાત્ પરમાત્મા છે, તે શિવ પોતાની શક્તિઓ દ્વારા આ સંપૂર્ણ જગતમાં વ્યાપ્ત થઈને પોતાના સ્વભાવથી ચ્યુત ન થતાં સદાયે સ્થિત રહે છે; એટલા માટે એમને સ્થાણુ કહે છે. આ સંપૂર્ણ ચરાચર જગત શિવથી અધિષ્ઠિત છે; તેથી ભગવાન શિવ સર્વરૂપ મનાય છે. જે આવું જાણે છે, તે ક્યારેય મોહમાં પડતો નથી.

રુદ્ર સર્વરૂપ છે. એમને નમસ્કાર છે. તે સત્સ્વરૂપ, પરમ મહાન પુરુષ, હિરણ્યબાહુ, ભગવાન, હિરણ્યપતિ, ઈશ્વર, અંબિકાપતિ, ઈશાન, પિનાકપાણિ તથા વૃષભવાહન છે. એક

માત્ર રુદ્ર જ પરબ્રહ્મ પરમાત્મા છે, તે જ કૃષ્ણ-પિંગલ વર્ણવાળા પુરુષ છે. તે હૃદયની અંદર કમળના મધ્ય ભાગમાં કેશના અગ્રભાગની જેમ સૂક્ષ્મસ્વરૂપે ચિંતન કરવા યોગ્ય છે. એમના કેશ સોનેરી રંગના છે. નેત્ર કમળની જેમ સુંદર છે. અંગકાન્તિ અરુણ અને તામ્રવર્ણી છે. તે સુવર્ણમય નીલકંઠ દેવ સદા વિચરતા રહે છે. એમને સૌમ્ય, ઘોર, મિશ્ર, અક્ષર, અમૃત અને અવ્યય કહેવાય છે. તે પુરુષવિશેષ પરમેશ્વર ભગવાન શિવ કાળના પણ કાળ છે. ચેતન અને અચેતનથી પર છે. આ પ્રપંચથી પણ પરાત્પર છે. શિવમાં એવું જ્ઞાન અને ઐશ્વર્ય જોવાય છે કે એથી વધીને જ્ઞાન અને ઐશ્વર્ય ક્યાંય અન્યત્ર નથી. મનીષી પુરુષોએ ભગવાન શિવને લોકમાં સૌથી અધિક ઐશ્વર્યશાળી પદ પર પ્રતિષ્ઠિત કર્યા છે. પ્રત્યેક કલ્પમાં ઉત્પન્ન થઈને એક સીમિત કાળ સુધી રહેનારા બ્રહ્માઓના આદિકાળમાં વિસ્તારપૂર્વક શાસ્ત્રોનો ઉપદેશ આપનારા ભગવાન શિવ જ છે. એક સીમિત કાળ સુધી રહેનારા ગુરુઓના પણ ગુરુ પણ તે જ છે. તે સર્વેશ્વર સદા બધાંયના ગુરુ છે. કાળની સીમા એમને સ્પર્શી શકતી નથી. એમની શુદ્ધ સ્વાભાવિક શક્તિ સૌથી વધારે છે. એમને અનુપમ જ્ઞાન અને નિત્ય અક્ષય શરીર પ્રાપ્ત છે. એમના ઐશ્વર્યની કોઈ તુલના નથી. એમનું સુખ અક્ષય અને બળ અનંત છે. એમનામાં અસીમ તેજ, પ્રભાવ, પરાક્રમ, ક્ષમા અને કરુણા ભરેલી છે, તે નિત્ય પરિપૂર્ણ છે. એમને સૃષ્ટિ વગેરેથી પોતાને માટે કોઈ પ્રયોજન નથી. બીજાઓ ઉપર પરમ અનુગ્રહ જ એમનાં સમસ્ત કર્મોનું ફળ છે. પ્રણવ એ પરમાત્મા શિવના વાચક છે. શિવ, રુદ્ર વગેરે નામોમાં પ્રણવ જ સૌથી ઉત્કૃષ્ટ મનાય છે. પ્રણવવાચ્ય શંભુનું ચિંતન અને જપથી જે સિદ્ધિ પ્રાપ્ત થાય છે તે પરાસિદ્ધિ છે, એમાં સંશય નથી.

એટલા માટે શાસ્ત્રોના પારંગત વિદ્વાન વાચ્ય-વાચકની એકતા સ્વીકાર કરતાં મહાદેવજીને પ્રણવરૂપ કહે છે. માંડૂક્ય ઉપનિષદમાં પ્રણવની ચાર માત્રાઓ બતાવેલી છે. અકાર, ઉકાર, મકાર અને નાદ. અકારને ઋગ્વેદ કહે છે. ઉકાર યજુર્વેદ કહેવાય છે, મકાર સામવેદ છે અને નાદ અથર્વવેદની શ્રુતિ છે. અકાર મહાબીજ છે, તે રજોગુણ તથા સૃષ્ટિકર્તા બ્રહ્મા છે. ઉકાર પ્રકૃતિરૂપા યોનિ છે તે સત્ત્વગુણ તથા પાલનકર્તા શ્રીહરિ છે. મકાર જીવાત્મા અને બીજ છે, તે તમોગુણ તથા સંહાર-કર્તા રુદ્ર છે. નાદ પરમ પુરુષ પરમેશ્વર છે, તે નિર્ગુણ અને નિષ્ક્રિય શિવ છે. આ પ્રકારે પ્રણવ પોતાની ત્રણે માત્રાઓ દ્વારા જ ત્રણ રૂપોમાં આ જગતનું પ્રતિપાદન કરીને પોતાની અર્ધમાત્રા (નાદ) દ્વારા શિવસ્વરૂપનો બોધ કરાવે છે. જેનાથી શ્રેષ્ઠ બીજું કશું જ નથી. જેનાથી કોઈ વધારે નથી એટલે કે ન તો અધિક સૂક્ષ્મ છે અને ન તો અધિક મહાન જ છે તથા જે એકલા જ વૃક્ષની જેમ નિશ્ચલભાવથી પ્રકાશમય આકાશમાં સ્થિત છે, એ પરમ પુરુષ પરમેશ્વર શિવથી આ સંપૂર્ણ જગત પરિપૂર્ણ છે.* (અધ્યાય-૬)

*

* યસ્માત્પરં નાપરમસ્તિ કિંચિદ્ યસ્માન્નાણીયો ન જ્યાયોઽસ્તિ કિંચિત્ ।
વૃક્ષ ઇવ સ્તબ્ધો દિવિ તિષ્ઠત્યેકસ્તેનેદં પૂર્ણં પુરુષેણ સર્વમ્ ॥
(શિ.પુ.વા.સં.ઉ.ખં. ૬।૩૧, આ મંત્ર અક્ષરશઃ (૩।૯) શ્વેતાશ્વતર ઉપનિષદમાં છે.)

પરમેશ્વરની શક્તિનો ઋષિઓ દ્વારા સાક્ષાત્કાર, શિવના પ્રસાદથી પ્રાણીઓની મુક્તિ, શિવની સેવા-ભક્તિ તથા પાંચ પ્રકારના શિવ-ધર્મનું વર્ણન

ઉપમન્યુ કહે છે—પરમેશ્વર શિવની સ્વાભાવિક શક્તિ વિદ્યા છે, જે સૌથી વિલક્ષણ છે. તે એક હોવા છતાં પણ અનેકરૂપે ભાસિત થાય છે. જેવી રીતે સૂર્યની પ્રભા એક હોવા છતાં પણ અનેક રૂપોમાં પ્રકાશિત થાય છે. એ વિદ્યા-શક્તિથી ઇચ્છા, જ્ઞાન, ક્રિયા અને માયા વગેરે અનેક શક્તિઓ ઉત્પન્ન થઈ છે, ઠીક એવી જ રીતે જેવી રીતે અગ્નિમાંથી ઘણાબધા તણખા (ચિનગારીઓ) પ્રગટ થાય છે. એનાથી જ સદાશિવ અને ઈશ્વર વગેરે તથા વિદ્યા અને વિદ્યેશ્વર આદિ પુરુષ પણ પ્રગટ થયા છે. પરાત્પર પ્રકૃતિ પણ એનાથી જ ઉત્પન્ન થઈ છે. મહત્ત્વથી લઈને વિશેષપર્યંત બધા વિકાર તથા અજ (બ્રહ્મા) વગેરે મૂર્તિઓ પણ એનાથી જ પ્રગટ થઈ છે. એમના સિવાય જે અન્ય વસ્તુઓ છે, તે સર્વ પણ એ શક્તિનાં જ કાર્ય છે એમાં સંશય નથી. તે શક્તિ સર્વવ્યાપિની, સૂક્ષ્મા તથા જ્ઞાનાનંદરૂપિણી છે. એનાથી જ શીતાંશુભૂષણ ભગવાન શિવ શક્તિમાન કહેવાય છે. શક્તિમાન—શિવ વેદ્ય છે અનેશક્તિરૂપિણી શિવા વિદ્યા છે, તે શક્તિરૂપા શિવા જ પ્રજ્ઞા, શ્રુતિ, સ્મૃતિ, ધૃતિ, સ્થિતિ, નિષ્ઠા, જ્ઞાનશક્તિ, ઇચ્છાશક્તિ, કર્મશક્તિ, આજ્ઞાશક્તિ, પરબ્રહ્મ, પરા અને અપરા નામની બે વિદ્યાઓ, શુદ્ધ વિદ્યા અને શુદ્ધ કલા છે, કેમકે સર્વ કાંઈ શક્તિનું જ કાર્ય છે. માયા, પ્રકૃતિ, જીવ, વિકાર, વિકૃતિ, અસત્ અને સત્ વગેરે જે કાંઈ ઉપલબ્ધ થાય છે, તે બધું જ તે શક્તિથી જ વ્યાપ્ત છે.

તે શક્તિરૂપિણી શિવા દેવી માયા દ્વારા સમસ્ત ચરાચર બ્રહ્માંડને અનાયાસ જ મોહમાં નાખી દે છે અને લીલાપૂર્વક એને બંધન (મોહનાં બંધનથી) મુક્ત પણ કરી દે છે. આ શક્તિના સત્યાવીશ પ્રકાર છે, સત્યાવીશ પ્રકારવાળી આ શક્તિ સાથે સર્વેશ્વર શિવ સંપૂર્ણ વિશ્વને વ્યાપ્ત કરીને સ્થિત છે. એમનાં ચરણોમાં મુક્તિ બિરાજે છે. પૂર્વકાળની વાત છે, સંસારબંધનમાંથી છૂટવાની ઇચ્છાવાળા કેટલાક બ્રહ્મવાદી મુનિઓના મનમાં આ સંશય થયો. એ પરસ્પર મળીને યથાર્થરૂપે વિચાર કરવા લાગ્યા—આ જગતનું કારણ શું છે? અમે શેનાથી ઉત્પન્ન થયા છીએ અને શેમાં-શાથી જીવન ધારણ કરીએ છીએ? અમારી પ્રતિષ્ઠા ક્યાં છે? અમારા અધિષ્ઠાતા કોણ છે? અમે કોના સહયોગથી સદા સુખમાં અને દુઃખમાં રહીએ છીએ? કોણે આ વિશ્વની અલંઘનીય વ્યવસ્થા કરી છે? જો કહીએ કે કાલ, સ્વભાવ, નિયતિ (નિશ્ચિત ફળ આપનારું કર્મ) અને યદૃચ્છા (આકસ્મિક ઘટના) આમાં કારણ છે તો આ કથન યુક્તિસંગત નથી જણાતું. પાંચે મહાભૂત તથા જીવાત્મા પણ કારણ નથી. આ સર્વનો સંયોગ તથા અન્ય કોઈ પણ કારણ નથી, કેમકે આ કાલ આદિ અચેતન છે. જીવાત્માના ચેતન હોવાથી પણ તે સુખદુઃખથી અભિભૂત તથા અસમર્થ હોવાથી આ જગતનું કારણ બની શકે નહીં. તેથી કયું કારણ છે, એનો વિચાર કરવો જોઈએ. આ પ્રકારે અંદરોઅંદર વિચાર કરવા પર

જ્યારે તે યુક્તિઓ દ્વારા કોઈ પણ નિર્ણય સુધી ન પહોંચી શક્યા, ત્યારે એમણે ધ્યાનયોગમાં સ્થિત થઈને પરમેશ્વરની સ્વરૂપભૂતા અચિંત્ય શક્તિનો સાક્ષાત્કાર કર્યો, જે પોતાના જ ગુણોથી સત્ત્વ, રજ અને તમથી ઢંકાયેલી છે તથા એ ત્રણે ગુણોથી પર છે. પરમેશ્વરની તે સાક્ષાત્ શક્તિ સમસ્ત પાશોનો વિચ્છેદ કરનારી છે. એના દ્વારા બંધન કપાઈ જવાથી જીવ પોતાની દિવ્ય દૃષ્ટિથી એ સર્વકારણ કારણ શક્તિમાન મહાદેવજીનાં દર્શન કરવા લાગે છે, જે કાલથી લઈને જીવાત્મા સુધી પૂર્વોક્ત સમસ્ત કારણો પર તથા સંપૂર્ણ વિશ્વ પર પોતાની આ શક્તિ દ્વારા જ શાસન કરે છે. તે પરમાત્મા અપ્રમેય છે. તદનંતર પરમેશ્વરનો પ્રસાદ-યોગ, પરમ-યોગ તથા સુદૃઢ ભક્તિયોગ દ્વારા એ મુનિઓએ દિવ્ય ગતિ પ્રાપ્ત કરી લીધી.

હે શ્રીકૃષ્ણ! જે પોતાના હૃદયમાં શક્તિસહિત ભગવાન શિવનાં દર્શન કરે છે, એમને જ સનાતન શાંતિ પ્રાપ્ત થાય છે, બીજાઓને નહીં, એ શ્રુતિનું કથન છે. શક્તિમાનનો શક્તિથી ક્યારેય વિયોગ થતો નથી. તેથી શક્તિ અને શક્તિમાન બંનેના તાદાત્મ્યથી પરમાનંદની પ્રાપ્તિ થાય છે. મુક્તિની પ્રાપ્તિમાં નિશ્ચય જ જ્ઞાન અને કર્મનો કોઈ ક્રમ વિવક્ષિત નથી, જ્યારે શિવ અને શક્તિની કૃપા થઈ જાય છે, ત્યારે તે મુક્તિ હાથમાં આવી જાય છે. દેવતા, દાનવ, પશુ, પક્ષી તથા કીડા-મંકોડા પણ એમની કૃપાથી મુક્ત થઈ જાય છે. ગર્ભમાં રહેલ બચ્ચું, જન્મતું બાળક, શિશુ, તરુણ, વૃદ્ધ, મુમૂર્ષુ, (મરવાની ઇચ્છાવાળો), સ્વર્ગવાસી, નારકી, પતિત, ધર્માત્મા, પંડિત અથવા મૂર્ખ સામ્બસદાશિવની કૃપા થવાથી તત્કાળ મુક્ત થઈ જાય છે, એમાં સંશય નથી—પરમેશ્વર પોતાની સ્વાભાવિક કરુણાથી અયોગ્ય ભક્તોના પણ વિવિધ મળોને દૂર કરીને એમના ઉપર કૃપા કરે છે, એમાં સંદેહ નથી. ભગવાનની કૃપાથી જ ભક્તિ થાય છે અને ભક્તિથી એમની કૃપા થાય છે. અવસ્થાભેદનો વિચાર કરીને વિદ્વાન પુરુષ આ વિષયમાં મોહિત થતા નથી. કૃપાપ્રસાદપૂર્વક જે આ ભક્તિ થાય છે, તે ભોગ અને મોક્ષ બંનેની પ્રાપ્તિ કરાવનારી હોય છે. એને મનુષ્ય એક જન્મમાં પ્રાપ્ત કરી શકતો નથી. અનેક જન્મો સુધી શ્રૌત-સ્માર્ત કર્મોનું અનુષ્ઠાન કરીને સિદ્ધ થયેલા વિરક્ત અને જ્ઞાનસંપન્ન પુરુષો પર મહેશ્વર પ્રસન્ન થાય છે અને કૃપા કરે છે. દેવેશ્વર શિવના પ્રસન્ન થવા પર એ પશુ (જીવ)માં બુદ્ધિપૂર્વક થોડી-શી ભક્તિનો ઉદય થાય છે, ત્યારે તે અનુભવ કરવા લાગે છે કે ભગવાન શિવ મારા સ્વામી છે. પછી તપસ્યાપૂર્વક તે વિવિધ પ્રકારના શૈવધર્મોના પાલનમાં સંલગ્ન થઈ જાય છે. એ ધર્મોના પાલનમાં વારંવાર લાગ્યા રહેવાથી હૃદયમાં પરાભક્તિનો પ્રાદુર્ભાવ થાય છે. એ પરાભક્તિથી પરમેશ્વરનો પરમ પ્રસાદ ઉપલબ્ધ થાય છે. પ્રસાદથી સંપૂર્ણ પાપથી છુટકારો મળી જવાથી પરમાનંદની પ્રાપ્તિ થાય છે, જે મનુષ્યનો ભગવાન શિવમાં થોડો પણ ભક્તિભાવ છે, તે ત્રણ જન્મો પછી અવશ્ય મુક્ત થઈ જાય છે. એને આ સંસારમાં યોનિયંત્રની પીડા સહન કરવી પડતી નથી. સાંગા (અંગસહિત) અને અનંગા (અંગરહિત) જે સેવા છે, એને જ ભક્તિ કહે છે—એના ફરી પાછા ત્રણ ભેદ થાય છે—માનસિક, વાચિક અને શારીરિક, શિવના રૂપ આદિનું ચિંતન છે, એને માનસિક સેવા કહે છે, જપ વગેરે વાચિક સેવા છે અને પૂજન વગેરે કર્મ શારીરિક

સેવા છે. આ ત્રિવિધ સાધનોથી સંપન્ન થનારી જે આ સેવા છે, એને 'શિવધર્મ' પણ કહે છે. પરમાત્મા શિવે પાંચ પ્રકારના શિવધર્મ બતાવ્યા છે—તપ, કર્મ, જપ, ધ્યાન અને જ્ઞાન. લિંગપૂજન વગેરેને 'કર્મ' કહે છે. ચાંદ્રાયણ વગેરે વ્રતનું નામ 'તપ' છે. વાચિક, ઉપાંશુ અને માનસ—ત્રણ પ્રકારનો જે શિવ-મંત્રનો અભ્યાસ (આવૃત્તિ) છે, એને જ 'જપ' કહે છે, શિવનું ચિંતન જ 'ધ્યાન' કહેવાય છે તથા શિવસંબંધી આગમોમાં જે જ્ઞાનનું વર્ણન છે, એને જ અહીં 'જ્ઞાન' શબ્દથી કહેવાયું છે. શ્રીકંઠ શિવે શિવા પ્રતિ જે જ્ઞાનનો ઉપદેશ કર્યો છે, તે જ શિવાગમ છે. શિવના આશ્રિત જે ભક્તિજન છે, એમના પર કૃપા કરીને કલ્યાણના એકમાત્ર સાધક એવા આ જ્ઞાનનો ઉપદેશ કરવામાં આવ્યો છે, તેથી કલ્યાણકામી બુદ્ધિમાન પુરુષને માટે જરૂરી છે કે જે પરમ કારણ શિવમાં ભક્તિને વધારે તથા વિષયાસક્તિનો ત્યાગ કરે.

(અધ્યાય ૭)

*

શિવ-જ્ઞાન, શિવની ઉપાસનાથી દેવતાઓને એમનાં દર્શન, સૂર્યદેવમાં શિવની પૂજા કરીને અર્ઘ્યદાનની વિધિ તથા વ્યાસાવતારોનું વર્ણન

શ્રીકૃષ્ણ બોલ્યા—હે ભગવન્! હવે હું એ શિવજ્ઞાન સાંભળવા ચાહું છું, જે વેદોનું સારતત્ત્વ છે તથા જેને ભગવાન શિવે પોતાના શરણાગત ભક્તોની મુક્તિ માટે કહ્યું છે. પ્રભુ શિવની પૂજા કેવી રીતે કરી શકાય? પૂજા વગેરેમાં કોનો અધિકાર છે? હે ઉત્તમ વ્રતનું પાલન કરનાર મુનીશ્વર! આ બધું વિસ્તારપૂર્વક બતાવો.

ઉપમન્યુએ કહ્યું—ભગવાન શિવે જે વેદોક્ત જ્ઞાનનો સંક્ષેપ કરીને કહ્યું છે, તે જ શૈવ-જ્ઞાન છે. તે નિંદા-સ્તુતિ વગેરેથી રહિત તથા શ્રવણમાત્રથી જ પોતાનામાં વિશ્વાસ ઉત્પન્ન કરનારું છે. આ દિવ્ય જ્ઞાન ગુરુની કૃપાથી પ્રાપ્ત થાય છે અને અનાયાસ જ મોક્ષ આપનાર છે. હું એને સંક્ષેપમાં જ બતાવીશ, કેમકે એનું વિસ્તારપૂર્વક વર્ણન કોઈ કરી જ નથી શકતું. પૂર્વકાળમાં મહેશ્વર શિવ સૃષ્ટિની ઇચ્છા કરીને સત્કાર્ય-કારણોથી નિયુક્ત થઈને સ્વયં જ અવ્યક્તથી વ્યક્તરૂપે પ્રગટ થયા—એ સમયે જ્ઞાનસ્વરૂપ વિશ્વનાથે દેવતાઓમાં સર્વપ્રથમ દેવતા વેદપતિ બ્રહ્માજીને ઉત્પન્ન કર્યા. બ્રહ્માએ ઉત્પન્ન થઈને પોતાના પિતા મહાદેવને જોયા તથા બ્રહ્માજીના જનક મહાદેવજીએ ઉત્પન્ન થયેલા બ્રહ્મા તરફ સ્નેહપૂર્ણ દૃષ્ટિથી જોયું અને એમને સૃષ્ટિ રચવાની આજ્ઞા આપી. રુદ્રદેવની કૃપાદૃષ્ટિથી જોવાયા તેથી સૃષ્ટિના સામર્થ્યથી યુક્ત થઈને એ બ્રહ્મદેવે સમસ્ત સંસારની રચના કરી અને પૃથક્ પૃથક્ વર્ણો અને આશ્રમોની વ્યવસ્થા કરી. એમણે યજ્ઞ માટે સોમની સૃષ્ટિ કરી. સોમથી દ્યુલોકનો પ્રાદુર્ભાવ થયો. પછી પૃથ્વી, અગ્નિ, સૂર્ય, યજ્ઞમય વિષ્ણુ અને શચીપતિ ઇન્દ્ર પ્રગટ થયા. એ બધા તથા અન્ય દેવતાઓ રુદ્રાધ્યાય ભણીને—પાઠ કરીને—રુદ્રદેવની સ્તુતિ કરવા લાગ્યા. ત્યારે ભગવાન મહેશ્વર પોતાની લીલા પ્રગટ કરવા માટે એ સૌનું જ્ઞાન હરીને પ્રસન્ન મુખથી એ દેવતાઓ સામે ખડા થઈ ગયા.

ત્યારે દેવતાઓએ મોહિત થઈને એમને પૂછ્યું—'આપ કોણ છો?' ભગવાન રુદ્ર બોલ્યા—'હે શ્રેષ્ઠ દેવતાઓ! સૌથી પહેલાં હું જ હતો. આ સમયે પણ સર્વત્ર હું જ છું અને ભવિષ્યમાં પણ હું જ રહીશ. મારા સિવાય બીજું કોઈ છે જ નહીં. હું પણ પોતાના તેજથી સંપૂર્ણ જગતને તૃપ્ત કરું છું. મારાથી વધારે કોઈ નથી અને મારા સમાન કોઈ નથી. જે મને જાણે છે, તે મુક્ત થઈ જાય છે.* આવું કહીને ભગવાન રુદ્ર ત્યાં અંતર્ધાન થઈ ગયા. જ્યારે દેવતાઓએ એ મહેશ્વરને ન જોયા, ત્યારે સામવેદના મંત્રો દ્વારા એમની સ્તુતિ કરવા લાગ્યા. અથર્વશીર્ષમાં વર્ણિત પાશુપત-વ્રતને ગ્રહણ કરીને એ અમરગણોએ પોતાનાં સંપૂર્ણ અંગોમાં ભસ્મ ચોળી દીધી. આ જોઈને એમના ઉપર કૃપા કરવા માટે પશુપતિ મહાદેવ પોતાના ગણો અને ઉમા સાથે એમની પાસે આવ્યા. પ્રાણાયામ દ્વારા શ્વાસને જીતીને નિદ્રારહિત અને નિષ્પાપ થયેલા યોગીજન પોતાના હૃદયમાં જેમનું દર્શન કરે છે, એ જ મહાદેવને એ દેવેશ્વરોએ ત્યાં જોયા. જેને ઈશ્વરની ઇચ્છાનું અનુસરણ કરનારી પરાશક્તિ કહે છે, એ વામલોચના ભવાનીને પણ એમણે વામદેવ મહેશ્વરના વામભાગમાં બિરાજમાન જોયાં. જે સંસારને છોડીને શિવના પરમ પદને પ્રાપ્ત કરી ચૂક્યા છે તથા જે નિત્ય સિદ્ધ છે, એ ગણેશ્વરોનાં પણ દર્શન દેવતાઓએ કર્યાં. તત્પશ્ચાત્ દેવતા મહેશ્વરસંબંધી વૈદિક અને પૌરાણિક દિવ્ય સ્તોત્રો દ્વારા દેવીસહિત મહેશ્વરની સ્તુતિ કરવા લાગ્યા ત્યારે વૃષભધ્વજ મહાદેવજી પણ એ દેવતાઓ તરફ કૃપાપૂર્વક જોઈને અત્યંત પ્રસન્ન થઈને સ્વભાવતઃ મધુર વાણીમાં બોલ્યા—'હું તમારા લોકો પર બહુ સંતુષ્ટ છું.' એ પ્રાર્થનીય અને પૂજ્યતમ ભગવાન વૃષભધ્વજને અત્યંત પ્રસન્નચિત્ત જાણીને દેવતાઓને પ્રણામ કરીને આદરપૂર્વક એમને પૂછ્યું.

દેવતા બોલ્યા—હે ભગવન્! આ ભૂતલ પર કયા માર્ગથી આપની પૂજા થવી જોઈએ અને એ પૂજામાં કોનો અધિકાર છે? એ ઠીક ઠીક બતાવવાની કૃપા કરો.

ત્યારે દેવેશ્વર શિવે દેવી તરફ સ્મિત કરતાં જોઈને અને પરમ ઘોર સૂર્યમય સ્વરૂપને દેખાડ્યું. એમનું તે સ્વરૂપ સંપૂર્ણ ઐશ્વર્યગુણોથી સંપન્ન, સર્વતેજોમય, સર્વોત્કૃષ્ટ તથા શક્તિઓ, મૂર્તિઓ, અંગો, ગ્રહો અને દેવતાઓથી ઘેરાયેલા હતા. એમને આઠ ભુજાઓ અને ચાર મુખો હતાં. એમનો અર્ધો ભાગ નારી રૂપે હતો. એ અદ્‌ભુત આકૃતિવાળા આશ્ચર્યજનક સ્વરૂપને જોતાં જ બધા દેવતા એ જાણી ગયા કે સૂર્યદેવ, પાર્વતીદેવી, ચંદ્રમા, આકાશ, વાયુ, તેજ, જલ, પૃથ્વી તથા શેષ પદાર્થ પણ શિવ-સ્વરૂપ જ છે. સંપૂર્ણ ચરાચર જગત શિવમય જ છે. પરસ્પર આવું કહીને એમણે ભગવાન સૂર્યને અર્ઘ્ય આપ્યો અને નમસ્કાર કર્યા. અર્ઘ્ય આપતી વખતે તે આ પ્રકારે બોલ્યા—'જેનો વર્ણ સિંદૂર સમાન

---

* सोऽब्रवीद् भगवान रुद्रो ब्रह्मैकः पुरातनः। आसं प्रथममेवाहं वर्तामि च सुरोत्तमाः॥
भविष्यामि च मत्तोऽन्यो व्यतिरिक्तो न कश्चन।
अहमेव जगत्सर्वं तर्पयामि स्वतेजसा। मत्तोऽधिकः समो नास्ति मां यो वेद स मुच्यते॥
(शि.पु.वा.सं.उ.खं. ८/१५-१७)

છે અને મંડળ સુંદર છે, જે સુવર્ણ સમાન કાન્તિમાન આભૂષણોથી વિભૂષિત છે, જેનાં નેત્ર કમળ સમાન છે, જેના હાથમાં પણ કમળ છે, જે બ્રહ્મા, ઇન્દ્ર અને નારાયણના પણ કારણ છે, એ ભગવાનને નમસ્કાર છે.* આવું કહીને ઉત્તમ રત્નોથી પૂર્ણ સુવર્ણ, કુંકુમ, કુશ અને પુષ્પથી જલ સોનાના પાત્રમાં લઈને એ દેવેશ્વરને અર્ઘ્ય આપીને કહેવા લાગ્યા—'હે ભગવન્! આપ પ્રસન્ન હો. આપ સૌના આદિ કારણ છો તમે જ રુદ્ર, વિષ્ણુ, બ્રહ્મા અને સૂર્યરૂપ છો. ગણોસહિત આપ શાંત શિવને નમસ્કાર છે.'+

જે એકાગ્રચિત્ત થઈ સૂર્યમંડળમાં શિવનું પૂજન કરીને પ્રાતઃકાલે, મધ્યાહ્નકાળે અને સાયંકાલે એમને ઉત્તમ અર્ઘ્ય આપે છે, પ્રણામ કરે છે અને આ શ્રવણસુખદ શ્લોકોને વાંચે છે, એને માટે કશુંય દુર્લભ નથી. જો તે ભક્ત હોય તો અવશ્ય જ મુક્ત થઈ જાય છે. એટલા માટે પ્રતિદિન શિવરૂપી સૂર્યનું પૂજન કરવું જોઈએ. ધર્મ, અર્થ, કામ અને મોક્ષ માટે મન, વાણી અને ક્રિયા દ્વારા એમની આરાધના કરવી જોઈએ.

તત્પશ્ચાત્ મંડળમાં બિરાજમાન મહેશ્વર દેવતાઓ તરફ જોઈને અને એમને સંપૂર્ણ શાસ્ત્રોમાં શ્રેષ્ઠ શિવ-શાસ્ત્ર આપીને ત્યાં જ અંતર્ધાન થઈ ગયા. એ શાસ્ત્રમાં શિવપૂજાનો અધિકાર બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્યોને અપાયો છે. આ જાણીને દેવેશ્વર શિવને પ્રણામ કરીને દેવતા જેવા આવ્યા હતા, તેવા જ ચાલ્યા ગયા. તદનંતર દીર્ઘકાલ પછી જ્યારે તે શાસ્ત્ર લુપ્ત થઈ ગયું, ત્યારે ભગવાન શંકરના ખોળામાં બેઠેલાં મહેશ્વરી શિવાએ પતિદેવને એ વિશે પૂછ્યું. ત્યારે દેવીથી પ્રેરિત થયેલા ચંદ્રભૂષણ મહાદેવે વેદોનો સાર કાઢીને સંપૂર્ણ આગમોમાં શ્રેષ્ઠ શાસ્ત્રનો ઉપદેશ કર્યો, પછી એ પરમેશ્વરની આજ્ઞાથી મેં, ગુરુદેવ અગસ્ત્યે અને મહર્ષિ દધીચિએ પણ લોકોમાં એ શાસ્ત્રનો પ્રચાર કર્યો. શૂલપાણિ મહાદેવ સ્વયં પણ યુગે-યુગે અવતાર લઈને પોતાનાં આશ્રિતજનોની મુક્તિ માટે જ્ઞાનનો પ્રસાર કરે છે. ઋભુ, સત્ય, ભાર્ગવ, અંગિરા, સવિતા, મૃત્યુ, ઇન્દ્ર, મુનિવર વસિષ્ઠ, સારસ્વત, ત્રિધામા, મુનિશ્રેષ્ઠ ત્રિવૃત, શતતેજા, સાક્ષાત્ ધર્મસ્વરૂપ નારાયણ, સ્વરક્ષ, બુદ્ધિમાન આરુણિ, કૃતંજય, ભરદ્વાજ, શ્રેષ્ઠ વિદ્વાન ગૌતમ, વાચઃશ્રવા મુનિ, પવિત્ર સૂક્ષ્મણાયણિ, ભૃગુવિન્દુ મુનિ, કૃષ્ણ, શક્તિ, શાક્તેય (પરાશર), ઉત્તર જાતૂકર્ણ્ય અને સાક્ષાત્ નારાયણસ્વરૂપ કૃષ્ણ દ્વૈપાયન મુનિ—એ બધા વ્યાસાવતાર છે, હવે ક્રમશઃ કલ્પયોગેશ્વરોનું વર્ણન સાંભળો. લિંગપુરાણમાં દ્વાપરના અંતમાં થનારા ઉત્તમ વ્રતધારી વ્યાસાવતાર તથા યોગાચાર્યાવતારોનું વર્ણન છે. ભગવાન શિવના શિષ્યોમાં પણ જે પ્રસિદ્ધ છે, એનું વર્ણન છે. એ અવતારોમાં ભગવાનના મુખ્યરૂપે ચાર મહાતેજસ્વી શિષ્ય

---

* સિન્દૂરવર્ણાય સુમંડલાય સુવર્ણવર્ણાંબરધારણાય તુભ્યમ્ । પદ્મપ્રનેત્રાય સપંકજાય બ્રહ્મેન્દ્રનારાયણકારણાય ॥
(શિ.પુ.વા.સં.ઉ.ખં. ૮/૩૨)

+ પ્રદત્તમાદાય સહેમપાત્રં પ્રશસ્તમર્ઘં ભગવન્ પ્રસીદ નમઃ શિવાય શાન્તાય સગણાયાહિહેતવે ।
રુદ્રાય વિષ્ણવે તુભ્યં બ્રહ્મણે સૂર્યમૂર્તયે ॥
(શિ.પુ.વા.સં.ઉ.ખં. ૮/૩૩-૪)

થાય છે. પછી એમના સેંકડો, હજારો શિષ્યો-પ્રશિષ્યો થઈ જાય છે. લોકમાં એમના ઉપદેશ અનુસાર ભગવાન શિવની આજ્ઞા પાલન કરનારા વગેરે દ્વારા ભક્તિથી અત્યંત ભાવિત થઈને ભાગ્યવાન પુરુષ મુક્ત થઈ જાય છે.

(અધ્યાય ૮)

*

શિવના અવતાર, યોગાચાર્યો તથા એમના શિષ્યોની નામાવલી

શ્રીકૃષ્ણ બોલ્યા—હે ભગવન્! સમસ્ત યુગાવર્તોમાં યોગાચાર્યના વ્યાજથી (નિમિત્તથી) ભગવાન શંકરના જે અવતાર થાય છે અને એ અવતારોના જે શિષ્યો થાય છે, એ સૌનું વર્ણન કરો.

ઉપમન્યુએ કહ્યું—શ્વેત, સુતાર, મદન, સુહોત્ર, કંકગૌલાક્ષિ, મહામાયાવી જૈગીષવ્ય, દધિવાહ, ઋષિવાહ, ઋષભ મુનિ, ઉગ્ર, અત્રિ, સુપાલક, ગૌતમ, વેદશિરા મુનિ, ગોકર્ણ, ગુહાવાસી, શિખંડી, જટામાલી, અટ્ટહાસ, દારુક, લાંગુલી, મહાકાલ, શૂલી, દંડી, મુંડીશ, સહિષ્ણુ, સોમશર્મા અને ન કુલીશ્વર—એ વારાહ કલ્પના આ સાતમા મન્વન્તરમાં યુગક્રમથી અઠ્ઠાવીસ યોગાચાર્યો પ્રગટ થયા છે. એમાંથી પ્રત્યેકના શાંતચિત્તવાળા ચાર-ચાર શિષ્ય થયા છે, જે શ્વેતથી લઈને રુષ્યપર્યંત બતાવાયા છે. હું એમનું ક્રમશઃ વર્ણન કરું છું, સાંભળો. શ્વેત, શ્વેતશિખ, શ્વેતાશ્વ, શ્વેતલોહિત, દુન્દુભિ, શતરૂપ, ઋચીક, કેતુમાન, વિકોશ, વિકેશ, વિપાશ, પાપનાશન, સુમુખ, દુર્મુખ, દુર્ગમ, દુરતિક્રમ, સનત્કુમાર, સનક, સનંદન, સનાતન, સુધામા, વિરજા, શંખ, અંડજ, સારસ્વત, મેઘ, મેઘવાહ, સુવાહક, કપિલ, આસુરિ, પંચશિખ, વાષ્કલ, પરાશર, ગર્ગ, ભાર્ગવ, અંગિરા, બલબંધુ, નિરામિત્ર, કેતુશૃંગ, તપોધન, લંબોદર, લંબ, લંબાત્મા, લંબકેશક, સર્વજ્ઞ, સમબુદ્ધિ, સાધ્ય, સિદ્ધિ, સુધામા, કશ્યપ, વસિષ્ઠ, વિરજા, અત્રિ, ઉગ્ર, ગુરુશ્રેષ્ઠ, શ્રવણ, શ્રવિષ્ઠક, કુક્ષિ, કુલબાહુ, કુશરીર, કુનેત્રક, કાશ્યપ, ઉશના, અવન, બૃહસ્પતિ, ઉતથ્ય, વામદેવ, મહાકાલ, મહાનિલ, વાચઃશ્રવા, સુવીર, શ્યાવક, યતીશ્વર, હિરણ્યનાભ, કૌશલ્ય, લોકાક્ષિ, કુથુમિ, સુમન્તુ, જૈમિની, કુબન્ધ, કુશકંધર, પ્લક્ષ, દાર્ભાયણિ, કેતુમાન, ગૌતમ, ભલ્લવી, મધુપિંગ, શ્વેતકેતુ, ઉશિજ, બૃહદશ્વ, દેવલ, કવિ, શાલિહોત્ર, સુવેષ, યુવનાશ્વ, શરદ્વસુ, છગલ, કુંભકર્ણ, કુંભ, પ્રબાહુક, ઉલૂક, વિદ્યુત, શમ્બૂક, આશ્વલાયન, અક્ષપાદ, કણાદ, ઉલૂક, વત્સ, કુશિક, ગર્ગ, મિત્રક અને રુષ્ય—એ યોગાચાર્યરૂપી મહેશ્વરના શિષ્ય છે. એમની સંખ્યા એકસો બાર છે. એ બધાયે સિદ્ધ પાશુપત છે. એમનું શરીર ભસ્મથી વિભૂષિત રહે છે. એ સંપૂર્ણ શાસ્ત્રોના તત્ત્વજ્ઞ, વેદ અને વેદાંગોના પારંગત વિદ્વાન, શિવાશ્રમમાં અનુરક્ત, શિવજ્ઞાનપરાયણ, બધા જ પ્રકારની આસક્તિઓથી મુક્ત, એકમાત્ર ભગવાન શિવમાં જ મનને લગાડી રાખનાર, સંપૂર્ણ દ્વન્દ્વોને સહનારા, ધીર, સર્વભૂતહિતકારી, સરળ, કોમળ, સ્વસ્થ, ક્રોધશૂન્ય અને જિતેન્દ્રિય હોય છે. રુદ્રાક્ષની માળા જ એમનું આભૂષણ છે. એમના મસ્તક ત્રિપુંડ્રથી અંકિત હોય છે. એમાંના

કેટલાક તો શિખારૂપે જટા ધારણ કરે છે. કોઈના બધા વાળ જ જટારૂપ હોય છે. કોઈ કોઈ એવાયે હોય છે જે જટા નથી રાખતા અને કેટલાય સદા માથું મૂંડન કરાવેલું જ રાખે છે. તે ઘણું કરીને ફળ-મૂળનો જ આહાર કરે છે. પ્રાણાયામ સાધનમાં તત્પર હોય છે. 'હું શિવનો છું' એ અભિમાનથી યુક્ત હોય છે. સદાશિવના ચિંતનમાં જ લાગ્યા રહે છે. એમણે સંસારરૂપી વિષવૃક્ષના અંકુરને મથી કાઢ્યો છે. તે સદા પરમધામમાં જવા માટે જ કટિબદ્ધ હોય છે. જે યોગાચાર્યોસહિત આ શિષ્યોને જાણી-માનીને સદાશિવની આરાધના કરે છે, તે શિવનું સાયુજ્ય પ્રાપ્ત કરી લે છે. એમાં કોઈ અન્યથા વિચાર કરવો ન જોઈએ. (અધ્યાય ૯)

*

ભગવાન શિવ પ્રત્યે શ્રદ્ધા-ભક્તિની આવશ્યકતાનું પ્રતિપાદન, શિવધર્મના ચાર પાદનું વર્ણન અને જ્ઞાનયોગનાં સાધનો તથા શિવધર્મના અધિકારીઓનું નિરૂપણ, શિવપૂજનના અનેક પ્રકાર અને અનન્યચિત્તથી ભજનનો મહિમા

તદનંતર શ્રીકૃષ્ણના પ્રશ્ન પૂછવા પર ઉપમન્યુ મંદરાચલ પર ઘટિત થયેલ શિવ-પાર્વતી સંવાદને પ્રસ્તુત કરતાં બોલ્યાં—હે શ્રીકૃષ્ણ! એક સમયે દેવી પાર્વતીએ ભગવાન શિવને પૂછ્યું—'હે મહાદેવ! જે આત્મતત્ત્વ વગેરેના સાધનમાં નથી લાગ્યા તથા જેમનું અંતઃકરણ પવિત્ર અને વશીભૂત નથી, એવા મંદમતિ, મર્ત્યલોકવાસી જીવાત્માઓના વશમાં આપ કયા ઉપાયથી થઈ શકો છો?'

મહાદેવજી બોલ્યા—હે દેવી! જો સાધકના મનમાં શ્રદ્ધાભક્તિ ન હોય તો પૂજનકર્મ, તપસ્યા, જપ, આસન વગેરે જ્ઞાન તથા અન્ય સાધનથી પણ હું એમને વશીભૂત થતો નથી. જો મનુષ્યની મારામાં શ્રદ્ધા હોય તો જે કોઈ પણ હેતુથી હું એના વશમાં આવી જાઉં છું. પછી તો તે મારાં દર્શન, સ્પર્શ, પૂજન અને મારી સાથે સંભાષણ પણ કરી શકે છે. તેથી જે મને વશમાં કરવા ચાહે, તેણે પહેલાં મારા પ્રતિ શ્રદ્ધા કરવી જોઈએ. શ્રદ્ધા જ સ્વધર્મનો હેતુ છે અને તે જ આ લોકમાં વર્ણાશ્રમી પુરુષોની રક્ષા કરનારી છે. જે માનવ પોતાના વર્ણાશ્રમ ધર્મના પાલનમાં લાગેલો રહે છે, એની જ મારામાં શ્રદ્ધા થાય છે, બીજાની નહીં. વર્ણાશ્રમી પુરુષોનો સંપૂર્ણ ધર્મ વેદોથી સિદ્ધ છે. પૂર્વકાળમાં બ્રહ્માજીએ મારી આજ્ઞા લઈને એનું વર્ણન કર્યું હતું. બ્રહ્માજીનો બતાવેલો તે ધર્મ અધિક ધન દ્વારા સાધ્ય છે તથા અનેક પ્રકારના ક્રિયાકલાપથી યુક્ત હોય છે. એનાથી મળનારું ફળ મોટે ભાગે અક્ષય નથી તથા ધનના અનુષ્ઠાનમાં અનેક પ્રકારના કલેશ અને આયાસ કરવા પડે છે. એ મહાન ધર્મથી પરમ દુર્લભ શ્રદ્ધા મેળવીને જ વર્ણાશ્રમી મનુષ્ય અનન્યભાવથી મારે શરણે આવી જાય છે, એમને સુખદ માર્ગે ધર્મ, અર્થ કામ અને મોક્ષ પ્રાપ્ત થઈ જાય છે. વર્ણાશ્રમ સંબંધી આચારની સૃષ્ટિ મેં જ વારંવાર કરી છે. એમાં ભક્તિભાવ રાખીને જે મારા થઈ

જાય છે, એ વર્ણાશ્રમીઓનો મારી ઉપાસનામાં અધિકાર છે, બીજાઓનો નહીં, આ મારી નિશ્ચિત આજ્ઞા છે. મારી આજ્ઞા અનુસાર ધર્મ માર્ગે ચાલનાર વર્ણાશ્રમી પુરુષ મારે શરણે આવીને મારા કૃપા-પ્રસાદથી મળ અને માયા વગેરે પાશોથી મુક્ત થઈ જાય છે તથા મારા પુનરાવૃત્તિરહિત ધામમાં પહોંચીને મારું ઉત્તમ સામર્થ્ય પ્રાપ્ત કરીને પરમાનંદમાં નિમગ્ન થઈ જાય છે. એટલા માટે મારા બતાવેલા વર્ણધર્મને મેળવીને અથવા ન મેળવીને પણ જે મારે શરણે આવે છે, મારો ભક્ત બને છે, તે સ્વયં પોતાના આત્માનો ઉદ્ધાર કરી લે છે. આ કોટિ કોટિ ગણો અધિક અલબ્ધ-લાભ છે, માટે મારા મુખથી પ્રતિપાદિત વર્ણધર્મનું પાલન અવશ્ય કરવું જોઈએ.

જે મોક્ષમાર્ગથી અલગ થઈને બીજી કોઈ વસ્તુ માટે શ્રમ કરે છે, એને માટે એ જ સૌથી મોટી હાનિ છે, એ જ મોટી ત્રુટિ છે, એ જ મોહ છે એ જ અંધતા અને મૂકતા છે.* હે દેવેશ્વરિ! મારો જે સનાતન ધર્મ છે, તે ચાર ચરણોથી યુક્ત બતાવેલો છે. એ ચરણોમાં નામ છે; જ્ઞાન, ક્રિયા, ચર્યા અને યોગ. પશુ, પાશ અને પતિનું જ્ઞાન જ જ્ઞાન કહેવાય છે. ગુરુને અધીન જે વિધિપૂર્વક પદાર્થશોધનનું કાર્ય થાય છે, એને ક્રિયા કહે છે. મારા દ્વારા વિહિત વર્ણાશ્રમપ્રયુક્ત જે મારું પૂજન વગેરે ધર્મ છે, એના આચરણનું નામ ચર્યા છે. મારા બતાવેલા માર્ગથી જ મારામાં સુસ્થિરભાવથી ચિત્ત લગાડનાર સાધક દ્વારા જે અંતઃકરણની અન્ય વૃત્તિઓનો નિરોધ કરવામાં આવે છે તેને યોગ કહે છે. હે દેવી! ચિત્તને નિર્મલ અને પ્રસન્ન બનાવવું તે અશ્વમેધ યજ્ઞોના સમૂહથી પણ શ્રેષ્ઠ છે; કેમકે તે મુક્તિ આપનાર છે. વિષયભોગની ઇચ્છા રાખનારા લોકો માટે આ 'મનઃ પ્રસાદ' દુર્લભ છે. જેણે યમ અને નિયમ દ્વારા ઇન્દ્રિયસમુદાય પર વિજય પ્રાપ્ત કરી લીધો છે, એ વિરક્ત પુરુષ માટે જ યોગને સુલભ બતાવવામાં આવ્યો છે. યોગ પૂર્વ પાપને હરી લેનારો છે. વૈરાગ્યથી જ્ઞાન થાય છે અને જ્ઞાનથી યોગ. યોગજ્ઞ પુરુષ પતિત હોય તો પણ મુક્ત થઈ જાય છે, એમાં સંશય નથી.

બધાં પ્રાણીઓ પર દયા કરવી જોઈએ. સદા અહિંસાધર્મનું પાલન બધાંને માટે ઉચિત છે. જ્ઞાનનો સંગ્રહ પણ આવશ્યક છે. સત્ય બોલવું, ચોરીથી દૂર રહેવું, ઈશ્વર અને પરલોક પર વિશ્વાસ રાખવો, મારામાં શ્રદ્ધા કરવી, ઇન્દ્રિયોને સંયમમાં રાખવી, વેદશાસ્ત્રોનું પઠન-પાઠન, યજ્ઞ કરવો અને કરાવવો, મારું ચિંતન કરવું, ઈશ્વર પ્રત્યે અનુરાગ રાખવો અને સદા જ્ઞાનશીલ હોવું બ્રાહ્મણો માટે નિતાંત આવશ્યક છે. જે બ્રાહ્મણ જ્ઞાનયોગની સિદ્ધિ માટે સદા આ પ્રકારે ઉપર્યુક્ત ધર્મનું પાલન કરે છે, તે શીઘ્ર જ વિજ્ઞાન પ્રાપ્ત કરીને યોગને પણ સિદ્ધ કરી લે છે. હે પ્રિયે! જ્ઞાની પુરુષ જ્ઞાનાગ્નિ દ્વારા આ કર્મમય શરીરને ક્ષણભરમાં દગ્ધ કરીને મારા પ્રસાદથી યોગનો જ્ઞાતા થઈને કર્મબંધનથી છુટકારો પામે છે. પુણ્યપાપમય જે કર્મ છે, એને મોક્ષ પ્રતિબંધક કહ્યા છે; એટલા માટે યોગી

---

* સા હાનિસ્તન્મહચ્છિદ્રં સ મોહઃ સાંધમૂકતા। યદન્યત્ર શ્રમં કુર્યાન્મોક્ષમાર્ગબહિષ્કૃતઃ ॥ (શિ.પુ.વા.સં.ઉ.ખં. ૧૦/૨૯)

પુરુષ યોગ દ્વારા પુણ્યાપુણ્યનો પરિત્યાગ કરી દે. ફળની કામનાથી પ્રેરક થઈને કર્મ કરવાથી જ મનુષ્ય બંધનમાં પડે છે, કેવળ કર્મ કરવા માત્રથી નહીં; તેથી કર્મના ફળનો ત્યાગ કરી દેવો જોઈએ. હે પ્રિયે! પહેલાં કર્મમય યજ્ઞ દ્વારા બહાર મારી પૂજા કરીને પછી જ્ઞાનયોગમાં તત્પર થઈને સાધક યોગનો અભ્યાસ કરે. કર્મયજ્ઞથી મારા યથાર્થ સ્વરૂપનો બોધ પ્રાપ્ત થઈ ગયા પછી જીવ યોગયુક્ત થઈને મારા યજનથી વિરત થઈ જાય છે. એ સમયે તે માટી, પથ્થર અને સુવર્ણમાં પણ સમભાવ રાખે છે. જે મારો ભક્ત નિત્યયુક્ત અને એકાગ્રચિત્ત થઈને જ્ઞાનયજ્ઞમાં તત્પર રહે છે, તે મુનિઓમાં શ્રેષ્ઠ અને યોગી થઈને મારા સાયુજ્યને પામે છે. જે વર્ણાશ્રમી પુરુષ મનથી વિરક્ત નથી, તે મારો આશ્રય લઈને જ્ઞાન, ચર્યા અને ક્રિયા—એ ત્રણેમાં પ્રવૃત્ત થવાનો અધિકારી છે, એમના અનુષ્ઠાનની યોગ્યતા રાખે છે. મારું પૂજન બે પ્રકારનું છે—બાહ્ય અને આભ્યંતર. એ જ રીતે મન, વાણી અને શરીર—આ ત્રિવિધ સાધનોના ભેદથી મારું ભજન ત્રણ પ્રકારનું કહેવાય છે. તપ, કર્મ, જપ, ધ્યાન અને જ્ઞાન—એ મારાં ભજનનાં પાંચ સ્વરૂપ છે; તેથી સાધુપુરુષ અને પાંચ પ્રકારનાં પણ કહે છે. મૂર્તિ વગેરેમાં જે મારું પૂજન વગેરે થાય છે, જેને બીજા લોકો જાણી લે છે, તે બાહ્ય પૂજન અથવા ભજન કહેવાય છે તથા એ જ ભજન-પૂજન જ્યારે મન દ્વારા થવાથી માત્ર પોતાના જ અનુભવનો વિષય થાય છે, ત્યારે 'આભ્યંતર' કહેવાય છે. મારામાં જ લાગી રહેલું ચિત્ત જ 'મન' કહેવાય છે. સામાન્યતઃ મન માત્રને અહીં મન નથી કહેવાયું. આ જ રીતે વાણી મારા નામના જપ અને કીર્તનમાં લાગી રહે છે, તે જ 'વાણી' કહેવાને યોગ્ય છે, બીજી નહીં અને જે મારા શાસ્ત્રમાં બતાવેલા ત્રિપુંડ્ર વગેરે ચિહ્નોથી અંકિત છે અને નિરંતર મારી સેવા-પૂજામાં રત રહે છે, તે જ શરીર 'શરીર' છે, બીજું નહીં. મારી પૂજાને જ 'કર્મ' માનવું જોઈએ. બહાર જે યજ્ઞ વગેરે થાય છે, એને 'કર્મ' નથી કહેતા. મારે લીધે શરીરને સૂકવી દેવું તે જ 'તપ' છે, કૃચ્છ્ર-ચાંદ્રાયણ વગેરેનું અનુષ્ઠાન નહીં. પંચાક્ષર-મંત્રની આવૃત્તિ, પ્રણવનો અભ્યાસ તથા રુદ્રાધ્યાય આદિનો વારંવાર પાઠ જ અહીં જપ કહેવાય છે, વેદાધ્યયન વગેરે નહીં. મારા સ્વરૂપનું ચિંતન-સ્મરણ જ 'ધ્યાન' છે. આત્મા વગેરે માટે કરેલી સમાધિ નહીં. મારા આગમોના અર્થને સારી પેઠે જાણવા એ જ 'જ્ઞાન' છે, બીજી કોઈ વસ્તુને કે તેના અર્થને સમજવું તે જ્ઞાન નહીં.

હે દેવી! પૂર્વવાસના વશ બાહ્ય અથવા આભ્યંતર જે પૂજનમાં મનનો અનુરાગ હોય, એમાં જ દૃઢ નિષ્ઠા રાખવી જોઈએ. બાહ્ય પૂજનથી આભ્યંતર પૂજન સો ગણું અધિક શ્રેષ્ઠ છે; કેમકે એમાં દોષોનું મિશ્રણ નહીં થાય તથા પ્રત્યક્ષ દેખાનારા દોષોની પણ ત્યાં સંભાવના નથી રહેતી-અંદરની શુદ્ધિને જ શુદ્ધિ સમજવી જોઈએ. બહારની શુદ્ધિને શુદ્ધિ નથી કહેતા. જે આંતરિક શુદ્ધિથી રહિત છે, તે બહારની શુદ્ધિ હોવા છતાં અશુદ્ધ જ છે. હે દેવી! બાહ્ય અને આભ્યંતર બંને પ્રકારનું ભજન ભાવ (અનુરાગ) પૂર્વક જ થવું જોઈએ, ભાવ વગર નહીં. ભાવરહિત ભજન તો એકમાત્ર વિપ્રલંભ (છલના)નું જ કારણ હોય છે. હું તો સદાયે કૃતકૃત્ય અને પવિત્ર છું, મનુષ્ય મને શું કરવાના છે? એમના દ્વારા કરેલાં બાહ્ય અથવા આભ્યંતર

પૂજનમાં એમનો જે ભાવ (પ્રેમ) છે, એને જ હું ગ્રહણ કરું છું. હે દેવી! ક્રિયાનો એકમાત્ર આત્મા ભાવ જ છે. તે જ મારો સનાતન ધર્મ છે. મન, વાણી અને કર્મ દ્વારા ક્યાંય પણ કિંચિન્માત્ર ફળની ઇચ્છા ન રાખીને જ ક્રિયા કરવી જોઈએ. હે દેવેશ્વરિ! ફળનો ઉદ્દેશ્ય રાખીને મારો આશ્રય લઘુ થઈ જાય છે; કેમકે ફલાર્થીને જો ફળ ન મળે તો તે મને છોડી પણ શકે છે. હે સતી-સાધ્વી દેવી! ફલાર્થી હોવાથી પણ જે સાધકનું ચિત્ત મુજમાં જ પ્રતિષ્ઠિત છે, એને એના ભાવને અનુસાર ફળ હું અવશ્ય આપી દઉં છું. જેનું મન ફળની ઇચ્છા ન રાખીને જ મુજમાં લાગેલું હોય, પરંતુ પાછળથી એ ફળ ચાહવા લાગે છે, તે ભક્ત પણ મને પ્રિય છે. જે પૂર્વસંસ્કારવશ જ ફલાફલની ચિંતા ન કરીને વિવશ થઈ મારું શરણું લે છે, એ ભક્ત મને અધિક પ્રિય છે. હે પરમેશ્વરિ! એ ભક્તોને માટે મારી પ્રાપ્તિથી વધારે બીજો કોઈ વાસ્તવિક લાભ નથી તથા મારે માટે પણ એવા ભક્તોની પ્રાપ્તિથી વધારે બીજો કોઈ લાભ નથી. મુજમાં સમર્પિત થયેલો એમનો ભાવ મારા અનુગ્રહથી જ એમને માનો કે બળપૂર્વક નિર્વાણરૂપ ફળનું પ્રદાન કરે છે.

જેમણે પોતાના ચિત્તને મારામાં સમર્પિત કરી દીધું છે, તેથી જે મારા અનન્ય ભક્ત છે, એ મહાત્મા પુરુષ જ મારા ધર્મના અધિકારી છે. એમનાં આઠ લક્ષણ બતાવેલાં છે. મારા ભક્તજનો પ્રત્યે સ્નેહ, મારી પૂજાનું અનુમોદન, સ્વયંની પણ મારા પૂજનમાં પ્રવૃત્તિ, મારે લીધે જ શારીરિક ચેષ્ટાઓનું થવું, મારી કથા સાંભળવામાં ભક્તિભાવ, કથા સાંભળતી વખતે સ્વર, નેત્ર અને અંગોમાં વિકાર થવો, વારંવાર મારી સ્મૃતિ અને સદા મારે આશ્રિત રહીને જ જીવન-નિર્વાહ કરવો—આ આઠ પ્રકારનાં ચિહ્ન જો કોઈ મ્લેચ્છમાં પણ હોય તો તે વિપ્રશિરોમણિ શ્રીમાન મુનિ છે. તે સંન્યાસી છે અને તે જ પંડિત છે. જે મારો ભક્ત નથી, તે ચારેય વેદોનો વિદ્વાન હોય તો પણ મને પ્રિય નથી. પરંતુ જે મારો ભક્ત છે, તે ચાંડાળ હોય તો પણ પ્રિય છે. એને ઉપહાર આપવો જોઈએ. એની પાસેથી પ્રસાદ ગ્રહણ કરવો જોઈએ તથા તે મારા સમાન જ પૂજનીય છે. જે ભક્તિભાવથી મને પત્ર, પુષ્પ ફૂલ અથવા જલ સમર્પિત કરે છે, એને માટે હું અદૃશ્ય નથી અને તે પણ ક્યારેય મારી દૃષ્ટિથી દૂર નથી થતો.*

(અધ્યાય ૧૦)

*

વર્ણાશ્રમ-ધર્મ તથા નારી-ધર્મનું વર્ણન; શિવનાં ભજન, ચિંતન અને જ્ઞાનની મહત્તાનું પ્રતિપાદન

મહાદેવજી કહે છે—હે દેવેશ્વરિ! હવે હું અધિકારી, વિદ્વાન અને શ્રેષ્ઠ બ્રાહ્મણ-ભક્તોને માટે સંક્ષેપથી વર્ણ-ધર્મનું વર્ણન કરું છું. ત્રણે કાળમાં સ્નાન, અગ્નિહોત્ર, વિધિવત્ શિવલિંગ-

* ન મે પ્રિયશ્ચતુર્વેદી મદ્ભક્તઃ શ્વપચોઽપિ યઃ। તસ્મૈ દેયં તતો ગ્રાહ્યં સ ચ પૂજ્યો યથા હ્યહમ્॥
પત્રં પુષ્પં ફલં તોયં યો મે ભક્ત્યા પ્રયચ્છતિ। તદહં ન પ્રણશ્યામિ સ ચ મે ન પ્રણશ્યતિ॥
(શિ.પુ.વા.સં.ઉ.ખં. ૧૦/૭૧/૭૨)

પૂજન, દાન, ઈશ્વર-પ્રેમ, સદા અને સર્વત્ર દયા, સત્ય-ભાષણ, સંતોષ, આસ્તિકતા, કોઈ પણ જીવની હિંસા ન કરવી, લજ્જા, શ્રદ્ધા, અધ્યયન, યોગ, નિરંતર અધ્યાપન, વ્યાખ્યાન, બ્રહ્મચર્ય, ઉપદેશ-શ્રવણ, તપસ્યા, ક્ષમા, શૌચ, શિખા-ધારણ, યજ્ઞોપવીત-ધારણ પાદુકા ધારણ કરવી, દુપટ્ટો લગાવવો, નિષિદ્ધ-વસ્તુનું સેવન ન કરવું, રુદ્રાક્ષની માળા પહેરવી, પ્રત્યેક પર્વમાં વિશેષતઃ ચતુર્દશીએ શિવ-પૂજા કરવી, બ્રહ્મકૂર્ચનું[1] પાન, પ્રત્યેક માસમાં બ્રહ્મકૂર્ચથી વિધિપૂર્વક મને સ્નાન કરાવીને મારું વિશેષરૂપે પૂજન કરવું, સંપૂર્ણ ક્રિયાન્નનો ત્યાગ, શ્રાદ્ધાન્નનો પરિત્યાગ, વાસી અન્ન તથા વિશેષતઃ યાવક(કુલ્થી અથવા બોરો ધાન)નો ત્યાગ, મદ્ય અને મદ્યની ગંધનો ત્યાગ, શિવને નિવેદિત (ચંડેશ્વરનો ભાગ) નૈવેદ્યનો ત્યાગ—આ બધા વર્ણોના સામાન્ય ધર્મ છે, બ્રાહ્મણોને માટે વિશેષ ધર્મ આ છે—ક્ષમા, શાંતિ, સંતોષ સત્ય અસ્તેય (ચોરી ન કરવી), બ્રહ્મચર્ય, શિવજ્ઞાન, વૈરાગ્ય, ભસ્મ-સેવન અને બધી જ આસક્તિઓથી નિવૃત્તિ આ દશ ધર્મોને બ્રાહ્મણોના વિશેષ ધર્મ કહ્યા છે.

હવે યોગીઓ (યતિઓ)નાં લક્ષણ બતાવાય છે. દિવસમાં ભિક્ષાન્ન ભોજન એમનો વિશેષ ધર્મ છે. આ વાનપ્રસ્થ આશ્રમવાળા માટે પણ

---

૧. પારાશરસ્મૃતિના અગિયારમા અધ્યાયમાં બ્રહ્મકૂર્ચનું વર્ણન આ રીતે છે :

ગોમૂત્રં ગોમયં ક્ષીરં દધિ સર્પિઃ કુશોદકમ્ । નિર્દિષ્ટં પંચગવ્યં ચ પવિત્રં પાપશોધનમ્ ॥ ૨૯॥
ગોમૂત્રં કૃષ્ણવર્ણાયાઃ શ્વેતાયાશ્ચૈવ ગોમયમ્ । પયશ્ચ તામ્રવર્ણાયા રક્તાયા ગૃહ્યતે દધિ ॥ ૩૦॥
કપિલાયાઃ પૃતં ગ્રાહ્યં સર્વં કાપિલમેવ વા । મૂત્રમેકપલં દદ્યાદંગુષ્ઠાર્દ્ધં તુ ગોમયમ્ ॥ ૩૧॥
ક્ષીરં સપ્તપલં દદ્યાદ્દધિ ત્રિપલમુચ્યતે । પૃતમેકપલં દદ્યાત્ પલમેકં કુશોદકમ્ ॥ ૩૨॥
ગાયત્ર્યાઽઽદાય ગોમૂત્રં ગન્ધદ્વારેતિ ગોમયમ્ । આપ્યાયસ્વેતિ ચ ક્ષીરં દધિક્રાવ્ણસ્તથા દધિ ॥ ૩૩॥
તેજોઽસિ શુક્રમિત્યાજ્યં દેવસ્ય ત્વા કુશોદકમ્ । પંચગવ્યમૃચાપૂતં સ્થાપયેદગ્નિસંનિધૌ ॥ ૩૪॥
આપો હિ ષ્ઠેતિ ચાલોડ્ય મા નસ્તોકેતિ મન્ત્રયત્ । સપ્તાવરાસ્તુ યે દર્ભા અચ્છિન્નાગ્રાઃ શુકત્વિષઃ ॥ ૩૫॥
એતૈરુદ્ધત્ય હોતવ્યં પંચગવ્યં યથાવિધિ । ઈરાવતી ઈદં વિષ્ણુર્માનસ્તોકેતિ સંવતી ॥ ૩૬॥
એતાભિશ્ચૈવ હોતવ્યં હુતશેષં પિબેદ્ દ્વિજઃ । આલોડ્ય પ્રણવેનૈવ નિર્મથ્ય પ્રણવેન તુ ॥ ૩૭॥
ઉદ્ધૃત્ય પ્રણવેનૈવ પિબેચ્ચ પ્રણવેન તુ । યત્ત્વગસ્થિગતં પાપં દેહે તિષ્ઠતિ દેહિનામ્ ॥ ૩૮॥
બ્રહ્મકૂર્ચં દહેત્સર્વં યથૈવાગ્નિરિવેન્ધનમ્ । પવિત્રં ત્રિષુ લોકેષુ દેવતાભિરધિષ્ઠિતમ્ ॥ ૩૯॥

'ગોમૂત્ર, છાણ, દૂધ, દહીં, ઘી અને કુશાનું જલ—એ પવિત્ર અને પાપનાશક 'પંચગવ્ય' કહેવાય છે. (કુશોદકમિશ્રિત પંચગવ્ય જ બ્રહ્મકૂર્ચ કહેવાય છે). બ્રહ્મકૂર્ચનું વિધાન કરનારા માટે ઉચિત છે કે કાળી ગાયનું ગોમૂત્ર, સફેદ ગાયનું છાણ, તાંબાના રંગની ગાયનું દૂધ, લાલ ગાયનું દહીં અને કપિલ ગાયનું ઘી અથવા કપિલ ગાયનું જ ગોમૂત્ર વગેરે પાંચે વસ્તુ લાવે; ૧ પલ ગોમૂત્ર, અર્ધા અંગૂઠા ભર છાણ, ૭ પલ દૂધ, ૩ પલ દહીં, ૧ પલ ઘી અને ૧ પલ કુશાનું જલ ગ્રહણ કરે. 'ગાયત્રી' મંત્રથી ગોમૂત્ર વગેરેને ચલાવે, 'મા નસ્તોકે' મંત્રથી ગોમૂત્ર 'ગન્ધ દ્વારા' મંત્રથી છાણ, 'આપ્યાયસ્વ' મંત્રથી દૂધ, 'દધિક્રાવ્ણ મંત્રથી દહીં, 'તેજોઽસિ શુક' મંત્રથી ઘી અને 'દેવસ્ય ત્વા' મંત્રથી કુશાનું જલ ગ્રહણ કરવું; આ પ્રકારે ઋચાઓથી પવિત્ર કરેલા પંચગવ્યને અગ્નિની પાસે રાખે, મૂકે. 'આપો હિ ષ્ઠા' મંત્રથી અભિમંત્રિત કરે (મથે) 'ઈરાવતી', 'ઈદં વિષ્ણુ' 'મા નસ્તોકે' અને 'શંવતી' આ ઋચાઓ દ્વારા અગ્રભાગથી યુક્ત ૭ હરિત કુશાઓથી પંચગવ્યનો હોમ કરે; હોમથી વધેલું પંચગવ્યને ઓંકાર ભણીને મેળવો, ઓંકારનું ઉચ્ચારણ કરીને મથો, ઓંકાર ભણીને ઉઠાવો અને ઓંકારનું ઉચ્ચારણ કરીને દ્વિજ પીએ - જેવી રીતે અગ્નિ લાકડાને જલાવે છે, તેવી જ રીતે બ્રહ્મકૂર્ચ મનુષ્યોની ત્વચા અને હાડમાં ટકેલા પાપને સળગાવી દે છે. દેવતાઓથી અધિષ્ઠિત હોવાને કારણે બ્રહ્મકૂર્ચ ત્રણે લોકોમાં પવિત્ર થયું છે. (૨૯-૩૦)

એમની સમાન જ અભીષ્ટ છે. આ બધાએ તથા બ્રહ્મચારીઓએ રાત્રે ભોજન કરવું ન જોઈએ. ભણવું, યજ્ઞ કરાવવો અને દાન લેવું—એનું વિધાન મેં વિશેષતઃ ક્ષત્રિય અને વૈશ્ય માટે નથી કર્યું. મારા આશ્રયમાં રહેનારા રાજાઓ અથવા ક્ષત્રિઓ માટે થોડામાં ધર્મ-સંગ્રહ આ પ્રકારે થાય છે. બધા વર્ણોની રક્ષા, યુદ્ધમાં શત્રુઓનો વધ, દુષ્ટ પક્ષીઓ, મૃગો તથા દુરાચારી મનુષ્યોનું દમન કરવું, બધા લોકો પર વિશ્વાસ ન કરવો, કેવળ શિવયોગીઓ પર વિશ્વાસ કરવો, ઋતુકાળમાં જ સ્ત્રીસંસર્ગ કરવો, સેનાનું સંરક્ષણ, ગુપ્તચરને મોકલીને લોકમાં ઘટિત થનારા સમાચારો જાણવા, સદા અસ્ત્ર ધારણ કરવું તથા ભસ્મમય કંચુક (વસ્ત્ર, બખ્તર) ધારણ કરવો. ગોરક્ષા, વાણિજ્ય અને કૃષિ—એ વૈશ્યના ધર્મ છે. શૂદ્રેતરવર્ણ—બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્યની સેવા શૂદ્રનો ધર્મ છે. બાગ લગાડવો, મારાં તીર્થોની યાત્રા કરવી, પોતાની ધર્મપત્ની સાથે જ સમાગમ કરવો તે ગૃહસ્થ માટે વિહિત ધર્મ છે. વનવાસીઓ, યતિઓ અને બ્રહ્મચારીઓ માટે બ્રહ્મચર્યનું પાલન મુખ્ય ધર્મ છે. સ્ત્રીઓ માટે પતિની સેવા એ જ સનાતન ધર્મ છે, બીજો નહીં. હે કલ્યાણિ! જો પતિની આજ્ઞા હોય તો નારી મારું પૂજન કરી શકે છે. જો સ્ત્રી પતિની સેવા છોડીને વ્રતમાં તત્પર થતી હોય તો તે નરકમાં જાય છે. આ વિષયમાં વિચાર કરવાની આવશ્યકતા નથી.

હવે હું વિધવા સ્ત્રીઓના સનાતન ધર્મનું વર્ણન કરીશ. વ્રત, દાન, તપ, શૌચ, ભૂમિ-શયન, કેવળ રાત્રે જ ભોજન, સદા બ્રહ્મચર્ય વ્રતનું પાલન, ભસ્મ અથવા જલથી સ્નાન, શાંતિ, મૌન, ક્ષમા, વિધિપૂર્વક બધા જીવોને અન્નનું વિતરણ, આઠમ, ચૌદશ, પૂર્ણિમા તથા વિશેષતઃ એકાદશીએ વિધિવત્ ઉપવાસ અને મારું પૂજન—એ વિધવા સ્ત્રીઓના ધર્મ છે. હે દેવી! આ પ્રકારે મેં સંક્ષેપમાં પોતાના આશ્રમનું સેવન કરનારા બ્રાહ્મણો, ક્ષત્રિઓ, વૈશ્યો, સંન્યાસીઓ તથા વાનપ્રસ્થીઓ તથા ગૃહસ્થોના ધર્મોનું વર્ણન કર્યું. સાથે જ શૂદ્રો અને નારીઓને માટે પણ આ સનાતન ધર્મનો ઉપદેશ આપ્યો. હે દેવેશ્વરિ! તમારે સદા મારું ધ્યાન અને મારા ષડક્ષર-મંત્રનો જપ કરવો જોઈએ. આ જ સંપૂર્ણ વેદોક્ત ધર્મ છે અને આ જ ધર્મ તથા અર્થનો સંગ્રહ છે.

લોકમાં જે મનુષ્ય પોતાની ઇચ્છાથી મારા વિગ્રહની સેવાનું વ્રત ધારણ કરેલ છે, પૂર્વજન્મની સેવાના સંસ્કારથી યુક્ત હોવાને કારણે ભાવાતિરેકથી સંપન્ન છે, તે સ્ત્રી વગેરે વિષયોમાં અનુરક્ત હોય અથવા વિરક્ત હોય, પાપોથી એ જ રીતે લિપ્ત થતા નથી, જેવી રીતે જલથી કમળનું પત્તું-પાન લિપ્ત થતું નથી. મારા પ્રસાદથી વિશુદ્ધ થયેલા એ વિવેકી પુરુષોને મારા સ્વરૂપનું જ્ઞાન થઈ જાય છે. પછી એમને માટે કર્તવ્યાકર્તવ્યનો વિધિ-નિષેધ રહેતો નથી. સમાધિ તથા શરણાગતિ પણ જરૂરી રહેતી નથી. જેમકે મારે માટે કોઈ વિધિ-નિષેધ નથી, એવી જ રીતે એમને માટે પણ નથી. પરિપૂર્ણ હોવાને કારણે મારે માટે કશું સાધ્ય નથી, એ જ પ્રકારે એ કૃતકૃત્ય જ્ઞાનયોગીઓ માટે પણ કોઈ કર્તવ્ય રહી જતું નથી. તે મારા ભક્તોના હિત માટે માનવભાવનો આશ્રય લઈને ભૂતલ પર સ્થિત છે. એમને રુદ્રલોકથી પરિભ્રષ્ટ રુદ્ર જ સમજવા

જોઈએ, એમાં સંશય નથી. જેવી રીતે મારી આજ્ઞા બ્રહ્મા વગેરે દેવતાઓને કાર્યમાં પ્રવૃત્ત કરનારી બને છે, એવી જ રીતે એ શિવયોગીઓની આજ્ઞા પણ અન્ય મનુષ્યોને કર્તવ્ય-કર્મમાં લગાડનારી છે. તે મારી આજ્ઞાના આધાર છે. એમનામાં અતિશય સદ્‌ભાવ પણ છે. એટલે એમનાં દર્શન કરવા માત્રથી સર્વ પાપનો નાશ થઈ જાય છે તથા પ્રશસ્ત ફળની પ્રાપ્તિને સૂચિત કરનારા વિશ્વાસ પણ વૃદ્ધિ થાય છે. જે પુરુષોનો મારામાં અનુરાગ છે, એમને એ વાતોનું પણ જ્ઞાન થઈ જાય છે, જે પહેલાં ક્યારેય એમણે જોઈ, સાંભળી કે અનુભવી પણ ન હોય. એમનામાં અકસ્માત્ કંપ, સ્વેદ, અશ્રુપાત, કંઠમાં સ્વરવિકાર તથા આનંદ વગેરે ભાવોનો વારંવાર ઉદય થવા માંડે છે. એ બધાં લક્ષણ એમનામાં ક્યારેક એક એક કરીને અલગ પ્રગટ થાય છે અને ક્યારેક સંપૂર્ણ ભાવોનો એકસાથે ઉદય થવા માંડે છે. ક્યારેય અલગ ન થનારા આ મંદ, મધ્યમ અને ઉત્તમ ભાવો દ્વારા એ શ્રેષ્ઠ પુરુષોની ઓળખાણ કરી લેવી જોઈએ.

જ્યારે લોખંડ આગમાં તપીને લાલઘૂમ થઈ જાય છે, ત્યારે તે કેવળ લોખંડ નથી રહી જતું, એવું જ મારું સાંનિધ્ય પ્રાપ્ત થવાથી તે કેવળ મનુષ્ય નથી રહી જતા—તે મુજ સ્વરૂપ બની જાય છે. હાથ, પગ વગેરે સાધર્મ્યથી માનવ-શરીર ધારણ કરવા છતાં પણ તે વાસ્તવમાં રુદ્ર છે. એમને પ્રાકૃત મનુષ્ય સમજીને વિદ્વાન પુરુષે એમની અવહેલના ન કરવી જોઈએ—જે મૂઢચિત્ત માનવ એમની અવહેલના કરે છે. તે પોતાનું આયુષ્ય, લક્ષ્મી, કુળ અને શીલનો ત્યાગ કરીને નરકમાં પડે છે અથવા બહુ કહેવાથી શો લાભ? ગમે તે ઉપાયે મુજમાં ચિત્ત લગાડી દેવું તે કલ્યાણની પ્રાપ્તિનું એકમાત્ર સાધન છે.

ઉપમન્યુ કહે છે—આ પ્રકારે પરમાત્મા શ્રીકંઠનાથ શિવે ત્રણે લોકોના હિત માટે જ્ઞાનના સારભૂત અર્થનો સંગ્રહ પ્રગટ કર્યો છે. સંપૂર્ણ વેદશાસ્ત્ર, ઇતિહાસ, પુરાણ અને વિદ્યાઓ આ વિજ્ઞાન-સંગ્રહની જ વિસ્તૃત વ્યાખ્યાઓ છે. જ્ઞાન, જ્ઞેય, અનુષ્ઠેય, અધિકાર, સાધન અને સાધ્ય—એ છ અર્થોનો જ આ સંક્ષિપ્ત સંગ્રહ બતાવ્યો છે. હે શ્રીકૃષ્ણ! જે શિવ અને શિવાસંબંધી જ્ઞાનામૃતથી તૃપ્ત છે, અને એમની ભક્તિથી સંપન્ન છે, એમને માટે અંદર-બહાર કશુંય કર્તવ્ય શેષ નથી. એટલા માટે ક્રમશઃ બાહ્ય અને આભ્યંતર કર્મનો ત્યાગ કરીને જ્ઞાનથી જ્ઞેયનો સાક્ષાત્કાર કરીને પછી આ સાધનભૂત જ્ઞાનને પણ છોડી દે. જો ચિત્ત શિવમાં એકાગ્ર નથી તો કર્મ કરવાથી પણ શો લાભ? અને જો ચિત્ત એકાગ્ર જ છે તો કર્મ કરવાની આવશ્યકતા શી છે? તેથી બહાર અને અંદરનાં કર્મ કરે કે ન કરે જે કોઈ ઉપાયથી ભગવાન શિવમાં ચિત્ત પરોવે. જેનું ચિત્ત ભગવાન શિવમાં લાગેલું છે અને જેમની બુદ્ધિ સુસ્થિર છે, એવા સત્પુરુષોને ઇહલોકમાં અને પરલોકમાં પણ સર્વત્ર પરમાનંદની પ્રાપ્તિ થાય છે. અહીં 'ॐ નમઃ શિવાય' એ મંત્રથી સર્વ સિદ્ધિઓ સુલભ થાય છે તેથી પરાવર વિભૂતિ (ઉત્તમ-મધ્યમ ઐશ્વર્ય)ની પ્રાપ્તિ માટે આ મંત્રનું જ્ઞાન પ્રાપ્ત કરવું જોઈએ.

(અધ્યાય ૧૧)

*

પંચાક્ષર-મંત્રના માહાત્મ્યનું વર્ણન

શ્રીકૃષ્ણ બોલ્યા—હે સર્વજ્ઞ મહર્ષિ પ્રવર! આપ સંપૂર્ણ જ્ઞાનના મહાસાગર છો. હવે હું આપના મુખે પંચાક્ષરમંત્રના માહાત્મ્યનું તત્ત્વતઃ વર્ણન સાંભળવા ચાહું છું.

ઉપમન્યુએ કહ્યું—હે દેવકીનંદન! પંચાક્ષર-મંત્રના માહાત્મ્યને વિસ્તારપૂર્વક કહેવા-વર્ણવવા તો સો કરોડ વર્ષોમાં પણ તે ન થઈ શકે, તેથી સંક્ષેપમાં એનો મહિમા સાંભળો—વેદમાં તથા શૈવાગમમાં બંને જગાએ આ ષડક્ષર (પ્રણવસહિત પંચાક્ષર) મંત્ર સમસ્ત શિવભક્તોને સંપૂર્ણ અર્થનો સાધક કહેવામાં આવ્યો છે. આ મંત્રમાં અક્ષર તો થોડા જ છે, પરંતુ એ મહાન અર્થથી સંપન્ન છે. તે વેદનું સારતત્ત્વ છે. મોક્ષ આપનાર છે, શિવની આજ્ઞાથી સિદ્ધ છે, સંદેહશૂન્ય છે તથા શિવસ્વરૂપ વાક્ય છે. એ વિવિધ પ્રકારની સિદ્ધિઓથી યુક્ત, દિવ્ય, લોકોના મનને પ્રસન્ન અને નિર્મળ કરનારો, સુનિશ્ચિત અર્થવાળો (અથવા નિશ્ચય જ મનોરથને પૂર્ણ કરનારો) તથા પરમેશ્વરનું ગંભીર વચન છે. આ મંત્રનું મુખથી સુખપૂર્વક ઉચ્ચારણ થાય છે. સર્વજ્ઞ શિવે સંપૂર્ણ દેહધારીઓના બધા જ મનોરથની સિદ્ધિ માટે આ 'ૐ નમઃ શિવાય' મંત્રનું પ્રતિપાદન કર્યું છે. આ આદિ ષડક્ષર-મંત્ર સંપૂર્ણ વિદ્યાઓ (મંત્રો)નું બીજ (મૂળ) છે. જેવી વડના ટેટામાં મહાન વૃક્ષ છુપાઈને રહ્યું છે, એવી જ રીતે અત્યંત સૂક્ષ્મ હોવાથી પણ આ મંત્રને મહાન અર્થથી પરિપૂર્ણ સમજવો જોઈએ.

'ૐ' આ એકાક્ષર-મંત્રમાં ત્રણે ગુણોથી અતીત, સર્વજ્ઞ, સર્વકર્તા, દ્યુતિમાન, સર્વ વ્યાપ્ત પ્રભુ શિવ પ્રતિષ્ઠિત છે. ઈશાન વગેરે જે સૂક્ષ્મ એકાક્ષરરૂપ બ્રહ્મ છે, એ બધું 'નમઃ શિવાય' એ મંત્રમાં ક્રમશઃ સ્થિત છે. સૂક્ષ્મ ષડક્ષર-મંત્રમાં પંચબ્રહ્મરૂપધારી સાક્ષાત્ ભગવાન શિવ સ્વભાવતઃ વાચ્ય-વાચકભાવથી બિરાજમાન છે. અપ્રમેય હોવાને કારણે શિવ વાચ્ય છે અને મંત્ર એનો વાચક છે. શિવ અને મંત્રનો વાચ્ય-વાચક ભાવ અનાદિકાળથી ચાલ્યો આવે છે. જેવી રીતે આ ઘોર સંસારસાગર અનાદિકાળથી પ્રવૃત્ત છે તેવી જ રીતે સંસારથી છોડાવનાર ભગવાન શિવ પણ અનાદિકાળથી જ નિત્ય બિરાજમાન છે. જેવી રીતે ઔષધ રોગનો સ્વભાવતઃ શત્રુ છે, એ જ પ્રકારે ભગવાન શિવ સંસારદોષોના સ્વાભાવિક શત્રુ મનાયા છે. જો એ ભગવાન વિશ્વનાથ ન હોય તો આ જગત્ અંધકારમય થઈ જાત, કેમકે પ્રકૃતિ જડ છે અને જીવાત્મા અજ્ઞાની છે. અતઃ એમને પ્રકાશ આપનાર પરમાત્મા જ છે. પ્રકૃતિથી લઈને પરમાણુ-પર્યંત જે કાંઈ જડરૂપ તત્ત્વ છે, તે કોઈ બુદ્ધિમાન (ચેતન) કારણ વગર 'કર્તા' નથી જણાયા. જીવોને માટે ધર્મ કરવાનું અને અધર્મથી બચવાનું—એવો ઉપદેશ અપાય છે. એમાં બંધન અને મોક્ષ પણ જોવા મળે છે. અતઃ વિચાર કરવાથી સર્વજ્ઞ પરમાત્મા શિવ સિવાય પ્રાણીઓના આદિસર્ગની સિદ્ધિ થતી નથી. જેવી રીતે રોગી વૈદ્ય વગર સુખથી રહિત થઈને કલેશ પામે છે, એવી જ રીતે સર્વજ્ઞ શિવનો આશ્રય ન લઈને સંસારી જીવ વિવિધ પ્રકારના કલેશ ભોગવે છે.

તેથી એ સિદ્ધ થયું કે જીવોનો સંસાર-સાગરથી ઉદ્ધાર કરનારા સ્વામી અનાદિ સર્વજ્ઞ પરિપૂર્ણ સદાશિવ જ વિદ્યમાન છે. તે પ્રભુ

આદિ, મધ્ય અને અંતથી રહિત છે. સ્વભાવથી જ નિર્મળ છે તથા સર્વજ્ઞ અને પરિપૂર્ણ છે. એમને શિવ નામે જાણવા જોઈએ. શિવાગમમાં એમના સ્વરૂપનું વિશદરૂપે વર્ણન છે. આ પંચાક્ષર-મંત્ર એમનું અભિધાન (વાચક) છે અને શિવ અભિધેય (વાચ્ય) છે. અભિધાન અને અભિધેય (વાચ્ય અને વાચક) રૂપ હોવાને કારણે પરમશિવસ્વરૂપ આ મંત્ર 'સિદ્ધ' મનાયો છે. 'ૐ નમઃ શિવાય' આ જે ષડક્ષર શિવવાક્ય છે, એટલું જ શિવજ્ઞાન છે અને એટલું જ પરમપદ છે. આ શિવનું વિધિ-વાક્ય છે, અર્થવાદ નથી. આ એ જ શિવનું સ્વરૂપ છે, જે સર્વજ્ઞ, પરિપૂર્ણ અને સ્વભાવતઃ નિર્મલ છે.

જે સમસ્ત લોકો પર અનુગ્રહ કરનારા છે, એ ભગવાન જૂઠું કેવી રીતે કહી શકે? જે સર્વજ્ઞ છે, તે તો મંત્રથી જેટલું ફળ મળી શકે, એટલું પૂરેપૂરું બતાવશે. પરંતુ જે રાગ અને અજ્ઞાન વગેરે દોષોથી ગ્રસ્ત છે, એ જ જૂઠી વાત કહે છે. તે રાગ અને અજ્ઞાન વગેરે દોષો ઈશ્વરમાં નથી, તેથી ઈશ્વર કેવી રીતે જૂઠું બોલી શકે? જેમનો સંપૂર્ણ દોષોથી ક્યારેય પરિચય જ નથી થયો, એ સર્વજ્ઞ શિવે જે નિર્મલ વાક્ય— પંચાક્ષર-મંત્રનું પ્રણયન કર્યું છે તે પ્રમાણભૂત જ છે, એમાં સંશય નથી. એટલા માટે વિદ્વાન પુરુષ માટે એ જરૂરી છે કે તે ઈશ્વરનાં વચનો પર શ્રદ્ધા કરે. યથાર્થ પુણ્ય-પાપના વિષયમાં ઈશ્વરનાં વચનો પર શ્રદ્ધા ન રાખનારા પુરુષ નરકમાં જાય છે, શાંત સ્વભાવવાળા શ્રેષ્ઠ મુનિઓએ પણ સ્વર્ગ અને મોક્ષની સિદ્ધિ માટે જે સુંદર વાત કહી છે, એને સુભાષિત સમજવું જોઈએ. જે વાક્ય રાગ, દ્વેષ, અસત્ય, કામ, ક્રોધ અને તૃષ્ણાનું અનુસરણ કરનારું હોય તે નરકનો હેતુ હોવાને કારણે દુર્ભાષિત કહેવાય છે.* અવિદ્યા અને રાગથી યુક્ત વાક્ય જન્મ-મરણરૂપ સંસાર-કલેશની પ્રાપ્તિમાં કારણ હોય છે. તેથી કોમલ, લલિત અથવા સંસ્કૃત (સંસ્કારયુક્ત) હોય તો પણ એનાથી શો લાભ? જેને સાંભળીને કલ્યાણની પ્રાપ્તિ થાય તથા રાગ વગેરે દોષોનો નાશ થઈ જાય, તે વાક્ય સુંદર શબ્દાવલીથી યુક્ત ન પણ હોય તોય શોભન અને સમજવા યોગ્ય છે. મંત્રોની સંખ્યા બહુ હોવા પર પણ જે વિમલ ષડક્ષર-મંત્રનું નિર્માણ સર્વજ્ઞ શિવે કર્યું છે, એના સમાન બીજો કોઈ મંત્ર નથી.

ષડક્ષર-મંત્રમાં છ અંગો સહિત સંપૂર્ણ વેદ અને શાસ્ત્ર વિદ્યમાન છે; તેથી એના સમાન બીજો કોઈ મંત્ર ક્યાંય નથી. સાત કરોડ મહામંત્રો અને અનેકાનેક ઉપમંત્રોથી આ ષડક્ષર-મંત્ર એવી જ રીતે ભિન્ન છે, જેવી રીતે વૃત્તિથી સૂત્ર. જેટલાં શિવજ્ઞાન છે અને જે જે વિદ્યાસ્થાન છે, એ સર્વ ષડક્ષર-મંત્ર રૂપી સૂત્રનાં સંક્ષિપ્ત ભાષ્ય છે. જેના હૃદયમાં 'ૐ નમઃ શિવાય' આ ષડક્ષર-મંત્ર પ્રતિષ્ઠિત છે, એને બીજા બહુસંખ્યક મંત્રો અને એનાં વિસ્તૃત શાસ્ત્રો સાથે શું પ્રયોજન છે? જેણે 'ૐ નમઃ શિવાય' આ મંત્રનો જપ દૃઢતાપૂર્વક અપનાવી લીધો છે,

---

* રાગદ્વેષાનૃતક્રોધકામતૃષ્ણાનુસારિ યત્ । વાક્યં નિરર્થહેતુત્વાત્તદ્ દુર્ભાષિતમુચ્યતે ॥
(શિ.પુ.વા.સં.ઉ.ખ. ૧૨;૨૭)

એણે સંપૂર્ણ શાસ્ત્રો ભણી લીધાં છે અને સમસ્ત શુભકૃત્યોનું અનુષ્ઠાન પૂરું કરી લીધું છે. આદિમાં 'નમઃ' પદથી યુક્ત 'શિવાય' એ ત્રણ અક્ષર જેની જિહ્વાના અગ્રભાગ પર વિદ્યમાન છે, એનું જીવન સફળ થઈ ગયું. પંચાક્ષર-મંત્રના જપમાં રત પુરુષ જો પંડિત, મૂર્ખ, અંત્યજ અથવા અધમ પાત્ર હોય તો તે પાપપંજરથી મુક્ત થઈ જાય છે. (અધ્યાય-૧૨)

*

પંચાક્ષર-મંત્રનો મહિમા, એમાં સમસ્ત વાઙ્મયની સ્થિતિ, એની ઉપદેશ પરંપરા, દેવીરૂપા પંચાક્ષર-વિદ્યાનું ધ્યાન, એના સમસ્ત અને વ્યસ્ત અક્ષરોના ઋષિ, છંદ, દેવતા, બીજ, શક્તિ તથા અંગન્યાસ વગેરેનો વિચાર

દેવી બોલ્યાં—હે મહેશ્વર! દુર્જય, દુર્લંઘ્ય અને ક્લુષિત કલિકાલમાં જ્યારે આખો સંસાર ધર્મથી વિમુખ થઈને પાપમય અંધકારથી આચ્છાદિત થઈ જશે, વર્ણ અને આશ્રમ સંબંધી આચાર નષ્ટ થઈ જશે, ધર્મસંકટ ઉપસ્થિત થશે, સૌનો અધિકાર સંદિગ્ધ, અનિશ્ચિત અને વિપરીત થઈ જશે. એ સમયે ઉપદેશની પ્રણાલી નષ્ટ થઈ જશે અને ગુરુ-શિષ્યની પરંપરા પણ જતી રહેશે, આવી પરિસ્થિતિમાં આપના ભક્ત કયા ઉપાયથી મુક્ત થઈ શકે છે?

મહાદેવજીએ કહ્યું—હે દેવી! કલિકાલના મનુષ્ય મારી પરમ મનોરમ પંચાક્ષરી વિદ્યાનો આશ્રય લઈને ભક્તિથી ભાવિતચિત્ત થઈને સંસાર-બંધનથી મુક્ત થઈ જાય છે. જે અકથનીય અને અચિંતનીય છે—એ માનસિક, વાચિક અને શારીરિક દોષોથી જે દૂષિત, કૃતઘ્ન, નિર્દય, છલ કરનાર, લોભી અને કુટિલચિત્ત છે, એ મનુષ્ય પણ મુજમાં મન પરોવીને મારી પંચાક્ષરી વિદ્યાનો જપ કરશે, એમને માટે તે વિદ્યા જ સંસારભયથી તારનારી થશે. હે દેવી! મેં વારંવાર પ્રતિજ્ઞાપૂર્વક એ વાત કહી છે કે ભૂતલ પર પતિત થયેલો ભક્ત પાત્ર આ પંચાક્ષરી વિદ્યા દ્વારા બંધનથી મુક્ત થઈ જાય છે.

દેવી બોલ્યાં—જો મનુષ્ય પતિત થઈને સર્વથા કર્મ કરવા યોગ્ય ન રહી જાય તો એના દ્વારા કરેલું કર્મ નરકની પ્રાપ્તિ કરાવનાર થાય છે. એ દશામાં પતિત માનવ આ વિદ્યા દ્વારા કેવી રીતે મુક્ત થઈ શકે છે?

મહાદેવજી કહ્યું—હે સુન્દરિ! તમે બહુ જ ઠીક વાત પૂછી છે. હવે એનો ઉત્તર સાંભળો. પહેલાં મેં આ વિષયને ગોપનીય સમજીને હજુ સુધી પ્રગટ કર્યો નહોતો. જો પતિત મનુષ્ય મોહવશ (અન્ય) મંત્રોના ઉચ્ચારણપૂર્વક મારું પૂજન કરે તો નિઃસંદેહ એ નરકગામી થઈ શકે છે. પરંતુ પંચાક્ષર-મંત્ર માટે એવો કોઈ પ્રતિબંધ નથી. જે કેવળ જલ પીને અને હવા ખાઈને તપ કરે છે તથા બીજા લોકો વિવિધ પ્રકારનાં વ્રતો દ્વારા પોતાના શરીરને સૂકવે છે, એમને

આ વ્રતો દ્વારા મારા લોકની પ્રાપ્તિ થતી નથી. પરંતુ જે ભક્તિપૂર્વક પંચાક્ષર-મંત્રથી જ એક વાર મારું પૂજન કરી લે છે, તે પણ આ મંત્રના જ પ્રતાપથી મારા ધામમાં પહોંચી જાય છે. એટલા માટે તપ, યજ્ઞ, વ્રત અને નિયમ પંચાક્ષર દ્વારા મારા પૂજનની કરોડની કલાની સમાન પણ નથી. કોઈ બદ્ધ હોય અથવા મુક્ત હોય, જે પંચાક્ષર-મંત્ર દ્વારા મારું પૂજન કરે છે, તે અવશ્ય જ સંસાર-પાશથી છુટકારો મેળવે છે. હે દેવી! ઈશાન આદિ પાંચ બ્રહ્મ જેનાં અંગ છે, એ ષડક્ષર અથવા પંચાક્ષર-મંત્ર દ્વારા જે ભક્તિભાવથી મારું પૂજન કરે છે, તે મુક્ત થઈ જાય છે. કોઈ પતિત હોય કે અપતિત, તે આ પંચાક્ષર-દ્વારા મારું પૂજન કરે. મારો ભક્ત પંચાક્ષર-મંત્રનો ઉપદેશ ગુરુ પાસેથી લઈ લે યા ન લે, તે ક્રોધને જીતીને આ મંત્ર દ્વારા મારી પૂજા કર્યા કરે. જેણે મંત્રની દીક્ષા નથી લીધી, એની અપેક્ષા દીક્ષા લેનારો પુરુષ કોટિ-કોટિ ગણો અધિક મનાયો છે. તેથી હે દેવી! દીક્ષા લઈને જે આ મંત્રથી મારું પૂજન કરવું જોઈએ. જે આ મંત્રની દીક્ષા લઈને મૈત્રી, મુદિતા (કરુણા, ઉપેક્ષા) વગેરે ગુણોથી યુક્ત તથા બ્રહ્મચર્ય પરાયણ થઈને ભક્તિભાવથી મારું પૂજન કરે છે, તે મારી સમતા પ્રાપ્ત કરી લે છે. આ વિષયમાં અધિક કહેવાથી શો લાભ? મારા પંચાક્ષર-મંત્રમાં બધા ભક્તોને અધિકાર છે, તેથી જ તે શ્રેષ્ઠતર મંત્ર છે. પંચાક્ષરના પ્રભાવથી જ લોક, વેદ, મહર્ષિ, સનાતન ધર્મ, દેવતા તથા આ સંપૂર્ણ જગટ કરી રહ્યું છે.

હે દેવી! પ્રલયકાળે જ્યારે ચરાચર જગત નષ્ટ થઈ જાય છે અને સમગ્ર પ્રપંચ પ્રકૃતિમાં મળીને ત્યાં જ લીન થઈ જાય છે, ત્યારે હું એકલો જ સ્થિત રહું છું, બીજું કોઈ ક્યાંય રહેતું નથી. એ સમયે સમસ્ત દેવતા અને શાસ્ત્ર પંચાક્ષર-મંત્રમાં સ્થિત રહે છે. તેથી મારી શક્તિથી પાલિત હોવાને કારણે તે નષ્ટ થતાં નથી. તદનંતર મુજથી જ પ્રકૃતિ અને પુરુષના ભેદથી યુક્ત સૃષ્ટિ થાય છે. તત્પશ્ચાત્ ત્રિગુણાત્મક મૂર્તિઓનો સંહાર કરનાર અવાંતર પ્રલય થાય છે. એ પ્રલયકાળમાં ભગવાન નારાયણ દેવ માયામય શરીરનો આશ્રય લઈ જલની અંદર શેષશૈયા પર શયન કરે છે. એમના નાભિકમળથી પંચમુખ બ્રહ્માજીનો જન્મ થાય છે. બ્રહ્માજી ત્રણે લોકોની સૃષ્ટિ કરવા ચાહે છે; પરંતુ કોઈ સહાયક ન હોવાથી એ સૃષ્ટિ કરી શકતા નહોતા. ત્યારે એમણે પહેલાં અમિત તેજસ્વી દશ મહર્ષિઓની સૃષ્ટિ કરી, જે એમના માનસપુત્રો કહેવાયા. એ પુત્રોની સિદ્ધિ વધારવા માટે પિતામહ બ્રહ્માએ મને કહ્યું—હે મહાદેવ! હે મહેશ્વર! મારા પુત્રોને શક્તિનું પ્રદાન કરો. એમની આ પ્રકારની પ્રાર્થના કરવાથી પાંચ મુખ ધારણ કરનારા મેં બ્રહ્માજી પ્રતિ પ્રત્યેક મુખથી એક એક અક્ષરના ક્રમથી પાંચ અક્ષરોનો ઉપદેશ કર્યો. લોકપિતામહ બ્રહ્માજીએ પણ પોતાનાં પાંચ મુખો દ્વારા ક્રમશઃ એ પાંચે અક્ષરોને ગ્રહણ કર્યા અને વાચ્ય-વાચક ભાવથી મુજ મહેશ્વરને જાણ્યા-મંત્રના પ્રયોગને જાણીને પ્રજાપતિએ વિધિવત્ એને સિદ્ધ કર્યો. તત્પશ્ચાત્ એમણે પોતાના પુત્રોને યથાવત્ રૂપે એ મંત્રનો અને એના અર્થનો પણ ઉપદેશ કર્યો. સાક્ષાત્ લોકપિતામહ

ા પાસેથી મે મંત્રને મેળવીને મારી
ાધનાની ઇચ્છા રાખનારા એ મુનિઓએ
ની બતાવેલી પદ્ધતિથી એ મંત્રનો જપ કરતાં
ાં મેરુના રમણીય શિખર પર મુંજવાન પર્વત
એક સહસ્ર દિવ્ય વર્ષો સુધી તીવ્ર તપસ્યા
તે લોકસૃષ્ટિ માટે અત્યંત ઉત્સુક હતા.
ે વાયુ પીને કઠોર તપસ્યામાં લાગી ગયા.
એમની તપસ્યા ચાલી રહી હતી, તે
ાન મુંજવાન પર્વત સદાયે મને પ્રિય છે અને
ભક્તોએ નિરંતર એની રક્ષા કરી છે.
એ ઋષિઓની ભક્તિ જોઈને મેં એમને
ાલ દર્શન આપ્યાં અને એ આર્ય ઋષિઓને
ક્ષર-મંત્રના ઋષિ, દેવતા, બીજ, શક્તિ,
ક ષડંગન્યાસ, દિગ્બંધન અને વિનિયોગ -
બધી વાતોનું પૂર્ણરૂપે જ્ઞાન કરાવ્યું. સંસારની
વધે એ માટે મેં એમને મંત્રની બધી
ઓ બતાવી ત્યારે તે એ મંત્રના માહાત્મ્યથી
યામાં ઘણા વધી ગયા અને દેવતાઓ,
ો તથા મનુષ્યોની સૃષ્ટિનો સારી પેઠે
ાર કરવા લાગ્યા.

હવે આ ઉત્તમ વિદ્યા પંચાક્ષરીના સ્વરૂપનું
ન કરવામાં આવે છે. આદિમાં 'નમઃ' પદનો
ન કરવો જોઈએ. એ પછી 'શિવાય' પદનો.
જ તે પંચાક્ષરી વિદ્યા છે, જે સમસ્ત
ઓની શિરમોર છે તથા સંપૂર્ણ શબ્દ
યની બીજરૂપિણી છે. આ વિદ્યા પહેલાં
પહેલાં મારા જ મુખે નીકળી; એટલા માટે મારા
જ સ્વરૂપનું પ્રતિપાદન કરનારી છે. એનું એક
દેવીરૂપે ધ્યાન કરવું જોઈએ. એ દેવીની અંગકાંતિ
તપાવેલા સુવર્ણ સમાન છે. એમનાં પીન પયોધર
ઉપર ઊઠેલાં છે. એ ચાર ભુજાઓ અને ત્રણ
નેત્રોથી સુશોભિત છે. એમના મસ્તક પર
બાલચંદ્રમાનો મુગટ છે. બે હાથમાં પદ્મ અને
ઉત્પલ છે. અન્ય બે હાથમાં વરદ અને અભયની
મુદ્રા છે. મુખાકૃતિ સૌમ્ય છે. એ સમસ્ત શુભ-
લક્ષણોથી સંપન્ન અને સંપૂર્ણ આભૂષણોથી
વિભૂષિત છે. શ્વેત કમળના આસન પર
બિરાજમાન છે. એમના કાળા-કાળા વાંકડિયા
કેશ બહુ જ શોભે છે. એમનાં અંગોમાં પાંચ
પ્રકારના વર્ણ છે. જેની રશ્મિઓ પ્રકાશિત થઈ
રહી છે. એ વર્ણ છે : પીત, કૃષ્ણ, ધૂમ્ર, સ્વર્ણિમ
અને રક્ત - આ વર્ણોનો જો પૃથક્ પૃથક્ પ્રયોગ
થાય તો એમને બિંદુ અને નાદથી વિભૂષિત
કરવા જોઈએ. બિંદુની આકૃતિ અર્ધચંદ્ર-સમાન
છે અને નાદની આકૃતિ દીપશિખા સમાન છે.
હે સુમુખિ! આમ તો આ મંત્રના બધા જ અક્ષરો
બીજરૂપ છે, તથાપિ એમાં બીજા અક્ષરને આ
મંત્રનું બીજ સમજવું જોઈએ. દીર્ઘસ્વરપૂર્વક જે
ચોથો વર્ણ છે અને કીલક અને પાંચમા વર્ણને
શક્તિ સમજવી જોઈએ. આ મંત્રના વામદેવ
ઋષિ છે અને પંક્તિ છંદ છે. હે વરાનને! હું
શિવ જ આ મંત્ર દેવતા છું."

'ૐ અસ્ય શ્રીશિવપંચાક્ષરી મંત્રસ્ય વામદેવ ઋષિઃ, પંક્તિશ્છંદઃ, શિવો દેવતા, મં બીજમ્, યં શક્તિઃ, વાં કીલકં, સદાશિવકૃપાપ્રસાદોપલબ્ધિપૂર્વકમખિલ પુરુષાર્થ સિદ્ધયે જપે વિનિયોગઃ' 'શિવપુરાણના આ વર્ણન અનુસાર આજ વિનિયોગ-વાક્ય છે. મંત્ર-મહાર્ણવ વગેરેમાં જે વિનિયોગ આપ્યો છે, એમાં 'ૐ' બીજમ્, 'નમઃ' શક્તિઃ અને 'શિવાય' ીતિ કીલકમ્ એટલું અંતર છે.

હે વરારોહે! ગૌતમ, અત્રિ, વિશ્વામિત્ર, અંગિરા અને ભારદ્વાજ એ નકાર આદિ વર્ણોના ઋષિ મનાયા છે. ગાયત્રી, અનુષ્ટુપ, ત્રિષ્ટુપ, બૃહતી અને વિરાટ્-એ ક્રમશઃ પાંચે અક્ષરોના છંદ છે. ઈન્દ્ર, રુદ્ર, વિષ્ણુ, બ્રહ્મા અને સ્કંદ-એ ક્રમશઃ એ અક્ષરોના દેવતા છે. હે વરાનને! મારાં પૂર્વ વગેરે ચાર દિશાઓના તથા ઉપરના-પાંચે મુખ આ નકાર વગેરે અક્ષરોનાં ક્રમશઃ સ્થાન છે. ષડક્ષર-મંત્રનો પહેલો અક્ષર ઉદાત્ત છે. બીજો અને ચોથો પણ ઉદાત્ત છે. પાંચમો સ્વરિત છે અને ત્રીજો અક્ષર અનુદાત્ત છે એમ માનવામાં આવે છે. આ પંચાક્ષર-મંત્રના મૂલવિદ્યા, શિવ, શૈવ, સૂત્ર તથા પંચાક્ષર નામ જાણો. શૈવ (શિવસંબંધી) બીજ પ્રણવ મારું વિશાળ હૃદય છે. નકાર મસ્તક કહેવાય છે, મકાર શિખા છે, 'શિ' કવચ છે, 'વા' નેત્ર છે અને 'ય' કાર અસ્ત્ર છે. આ વર્ણોના અંતમાં અંગોના ચતુર્થ્યન્તરૂપની સાથે ક્રમશઃ નમઃ સ્વાહા, વષટ્, હુમ્, વૌષટ્ અને ફટ્ જોડવાથી અંગન્યાસ થાય છે.*

હે દેવી! થોડા ભેદ સાથે આ તમારો પણ મૂલ-મંત્ર છે. એ પંચાક્ષર-મંત્રમાં જે પાંચમો વર્ણ 'ય' છે, એને બારમા સ્વરથી વિભૂષિત કરવામાં આવે છે, અર્થાત્ 'નમઃ શિવાય'ને બદલે 'નમઃ શિવાયૈ' કહેવાથી આ દેવીનો મૂળમંત્ર બની જાય છે. તેથી સાધકને માટે જરૂરી છે કે તે આ મંત્રથી મન, વાણી અને શરીરના ભેદથી અમારા બંનેનું પૂજન, જપ અને હોમ વગેરે કરે. (મન વગેરેના ભેદથી આ પૂજન ત્રણ પ્રકારનું હોય છે—માનસિક, વાચિક અને શારીરિક). હે દેવી! જેવી જેની સમજ હોય, જેને જેટલો સમય મળી શકે, જેની જેવી બુદ્ધિ, શક્તિ, સંપત્તિ, ઉત્સાહ અને યોગ્યતા તથા પ્રીતિ હોય એને અનુસાર તે શાસ્ત્રવિધિથી જ્યારે કોઈ વખત, ગમે ત્યાં અથવા ગમે તે સાધન દ્વારા મારી પૂજા કરી શકે છે. એણે કરેલી એ પૂજા એને અવશ્ય મોક્ષની પ્રાપ્તિ કરાવી દે છે. હે સુન્દરિ! મારામાં મન લગાવીને જે કોઈ ક્રમ અથવા વ્યુત્ક્રમ કર્યો હોય, તે કલ્યાણકારી અને મને પ્રિય થાય છે. તથાપિ જે મારા ભક્ત છે અને કર્મ કરવામાં અત્યંત વિવશ (અસમર્થ) નથી થઈ ગયા, એમને માટે બધાં શાસ્ત્રોમાં મેં જ નિયમ બનાવ્યા છે. એ નિયમનું એમણે પાલન કરવું જોઈએ. હવે હું પહેલાં મંત્ર-દીક્ષા લેવાનું શુભ વિધાન બતાવી રહ્યો છું, જેના વગર મંત્રજપ નિષ્ફળ થાય છે અને જેના હોવાથી જપ-કર્મ અવશ્ય સફળ થાય છે.

(અધ્યાય-૧૩)

*

* અંગન્યાસ - વાક્ય પ્રયોગ આમ સમજવો જોઈએ—ૐ ઙૐ હૃદયાય નમઃ, ૐ નં શિરસે સ્વાહા, ૐ મં શિખાયે વષટ્, ૐ શિં કવચાય હુમ, ૐ વાં નેત્રત્રયાય વૌષટ્ ૐ યં અસ્ત્રાય ફટ્ ઇતિ હૃદયાદિ ષડંગન્યાસઃ। આ રીતે કરન્યાસનો પ્રયોગ છે. જેમકે ૐ ઙૐ અંગુષ્ઠાભ્યાં નમઃ, ૐ નં તર્જનીભ્યાં નમઃ, ૐ મં મધ્યમાભ્યાં નમઃ, ૐ શિં અનામિકાભ્યાં નમઃ, ૐ વાં કનિષ્ઠિકાભ્યાં નમઃ, ૐ યં કરતલકરપૃષ્ઠાભ્યાં નમઃ। વિનિયોગમાં જે ઋષિ આદિ આવ્યા છે. એમનો ન્યાસ આ પ્રમાણે સમજવો—ૐ વામદેવાર્ષયે નમઃ શિરસિ, પંક્તિરછન્દસે નમઃ મુખે, શિવદેવતાયૈ નમઃ હૃદયે, મં બીજાય નમઃ ગુહ્યે, યં શક્તયે નમઃ પાદયો, વાં કીલકાય નમઃ નાભૌ, વિનિયોગાય નમઃ સર્વાંગે.

ગુરુ પાસેથી મંત્ર લેવાની તથા એના જપની વિધિ, તથા એનો મહિમા, મંત્રની ગણના માટે વિભિન્ન મહત્ત્વ તથા આંગળીઓના ઉપયોગનું વર્ણન, જપ તથા દિશા જપમાં વર્જનીય વાતો, સદાચારનું મ પ્રશંસા તથા પંચાક્ષર-મંત્રની વિશેષતા

(મહાદેવજી કહે છે)—હે વરાનને! આજ્ઞાહીન, ક્રિયાહીન, શ્રદ્ધાહીન તથા વિધિના પાલનાર્થ આવશ્યક દક્ષિણાથી હીન જે જપ કરવામાં આવે છે, તે સદા નિષ્ફળ થાય છે. મારો સ્વરૂપભૂત મંત્ર જો આજ્ઞાસિદ્ધ, ક્રિયાસિદ્ધ, શ્રદ્ધાસિદ્ધ હોવાની સાથે જ દક્ષિણાથી પણ યુક્ત હોય તો એની સિદ્ધિ થાય છે અને એનાથી મહાન ફળ મળે છે. શિષ્ય માટે એ જરૂરી છે કે તે પહેલાં તત્ત્વવેત્તા આચાર્ય, જપશીલ, સદ્‌ગુણસંપન્ન ધ્યાનયોગપરાયણ અને બ્રાહ્મણ ગુરુની સેવામાં ઉપસ્થિત થાય, મનમાં શુદ્ધ ભાવ રાખીને પ્રયત્નપૂર્વક એમને સંતુષ્ટ કરે. બ્રાહ્મણ સાધક પોતાનાં મન, વાણી, શરીર અને ધનથી આચાર્યનું પૂજન કરે. તે જો વૈભવ હોય તો ગુરુને ભક્તિભાવથી હાથી, ઘોડા, રથ, રત્ન ક્ષેત્ર અને ગૃહ વગેરે અર્પિત કરે. જો તે પોતાને માટે સિદ્ધિ ચાહતો હોય તો તેણે ધનના દાનમાં કૃપણતા ન કરવી. તદનંતર બધી સામગ્રીસહિત પોતાની જાતને ગુરુની સેવામાં અર્પિત કરી દેવી.

આ પ્રકારે યથાશક્તિ નિશ્ચલભાવથી ગુરુની વિધિવત્ પૂજા કરીને તે ગુરુ પાસેથી મંત્ર અને જ્ઞાનનો ઉપદેશ ક્રમશઃ ગ્રહણ કરે. આ રીતે સંતુષ્ટ થયેલા ગુરુ એક વર્ષ સુધી એમ ગુરુની સેવામાં અહંકારરહિત હો કરીને શુદ્ધ થઈ ગ માટે પૂર્ણ કળશમ મંત્રશુદ્ધ જલથી સ માળા, વસ્ત્ર અને સુંદર વેશભૂષાથી શિષ્યથી બ્રાહ્મણો બ્રાહ્મણોની પૂજા ક કિનારે, ગોશાળામ પવિત્ર સ્થાનમાં આ આવે ત્યારે શુભ સર્વદોષરહિત શુભ શિષ્યને અનુગ્રહપૂર્વ આપે. એકાંત સ્ થઈને ઉચ્ચ સ્વરે મંત્રનો શિષ્ય પા ઉચ્ચારણ કરાવીને આપે—'તમારું શોભન હો, પ્રિય અને આજ્ઞા આપે

મંત્ર અને આજ્ઞા મેળવી છે. શિષ્ય એકાગ્રચિત્ત થઈને સંકલ્પ કરીને પુરશ્ચરણપૂર્વક પ્રતિદિન એ મંત્રનો જપ કરતો રહે. તે જ્યાં સુધી જીવે, ત્યાં સુધી અનન્યભાવથી તત્પરતાપૂર્વક નિત્ય એક હજાર આઠ મંત્રોનો જપ કર્યા કરે. જે આવું કરે છે તે પરમ ગતિને પ્રાપ્ત થાય છે. જે પ્રતિદિન સંયમથી રહીને કેવળ રાત્રે જ ભોજન કરે છે અને મંત્રના જેટલા અક્ષર છે, એટલા લાખના ચાર ગણા જપ આદરપૂર્વક પૂરા કરી દે છે તે 'પૌરશ્ચરણિક' કહેવાય છે, જે પુરશ્ચરણ કરીને પ્રતિદિન જપ કરતો રહે છે. એના સમાન આ લોકમાં બીજું કોઈ નથી. તે સિદ્ધિદાયક સિદ્ધ થઈ જાય છે.

સાધક માટે જરૂરી છે કે તે શુદ્ધ દેશમાં સ્નાન કરીને સુંદર આસન બાંધીને પોતાના હૃદયમાં તમારી સાથે મુજ શિવનું અને પોતાના ગુરુનું ચિંતન કરતાં કરતાં ઉત્તર અથવા પૂર્વ તરફ મુખ કરીને મૌન ભાવથી બેસે, ચિત્તને એકાગ્ર કરે તથા દહન-પ્લાવન વગેરે દ્વારા પાંચ તત્ત્વોનું શોધન કરીને મંત્રના ન્યાસ વગેરે કરે. એ પછી સકલી-કરણની ક્રિયા સંપન્ન કરીને પ્રાણ અને અપાનનું નિયમન કરતાં અમે બંનેનું સ્વરૂપનું ધ્યાન કરે અને વિદ્યાસ્થાન પોતાને રૂપ, ઋષિ, છંદ, દેવતા, બીજ, શક્તિ તથા મંત્રના વાચ્યાર્થરૂપ મુજ પરમેશ્વરનું સ્મરણ કરીને પંચાક્ષરીનો જપ કરે. માનસ જપ ઉત્તમ છે, ઉપાંશુ જપ મધ્યમ છે તથા વાચિક જપ એથી પણ નિમ્નકોટિનો મનાય છે—એવું આગમાર્થવિશારદ વિદ્વાનોનું કથન છે. જે ઊંચા-નીચા સ્વરથી યુક્ત તથા સ્પષ્ટ અને અસ્પષ્ટ પદો અને અક્ષરો સાથે મંત્રનો વાણી દ્વારા ઉચ્ચારણ કરે છે એને 'વાચિક' કહેવાય છે જે જપમાં કેવળ જિહ્વા જ હાલે છે અથવા બહુ જ ધીમા સ્વરથી અક્ષરોનું ઉચ્ચારણ થાય છે તથા જે બીજાના કાનમાં પડવા છતાં પણ એમને સંભળાય નહીં, એવા જપને 'ઉપાંશુ' કહે છે. જે જપમાં અક્ષર-પંક્તિના એક વર્ણથી બીજા વર્ણનો, એક પદથી બીજા પદનો તથા શબ્દ અને અર્થનું મન દ્વારા વારંવાર ચિંતનમાત્ર થાય છે, તે 'માનસ' જપ કહેવાય છે. વાચિક જપ એકગણું ફળ આપે છે, ઉપાંશુ જપ સો ગણું ફળ આપે છે એવું કહેવાય છે, માનસ જપનું ફળ હજારગણું કહેવાય છે તથા સગર્ભ જપ એનાથી પણ સોગણું અધિક ફળ આપે છે. પ્રાણાયામપૂર્વક જે જપ થાય છે, એને 'સગર્ભ' જપ કહે છે. અગર્ભ જપમાં પણ આદિ અને અંતમાં પ્રાણાયામ કરતી વખતે ચાલીશ વાર મંત્રનું સ્મરણ કરી લે છે. જે આમ કરવામાં અસમર્થ હોય, તે પોતાની શક્તિ અનુસાર જેટલા થઈ શકે, એટલા જ મંત્રોનો માનસિક જપ કરી લે. પાંચ, ત્રણ અથવા એક વાર અગર્ભ અથવા સગર્ભ પ્રાણાયામ કરે. આ બંનેમાં સગર્ભ પ્રાણાયામ શ્રેષ્ઠ મનાયો છે. સગર્ભની અપેક્ષાએ પણ ધ્યાન સહિત જપ હજારગણું ફળ આપનાર કહેવાય છે. આ પાંચ પ્રકારના જપમાંથી કોઈ પણ જપ પોતાની શક્તિ અનુસાર કરવો જોઈએ.

આંગળીથી જપની ગણના કરવી એકગણી મનાય છે, રોમાથી ગણના કરવી તે આઠગણી ઉત્તમ ગણાય છે. પુત્રજીવ (જિયાપોતા)નાં બીજોની માળાથી ગણના કરવાથી જપનું દશગણું ફળ મળે છે. શંખના મણકાથી સોગણું, મૂંગા

(પરવાળાં)થી હજારગણું, સ્ફટિક મણિની માળાથી દશ હજારગણું, મોતીની માળાથી લાખગણું, પદ્માક્ષથી દશ લાખગણું, અને સુવર્ણના બનેલા મણકાની માળાથી ગણના કરવાથી કોટિગણું અધિક ફળ બતાવ્યું છે. કુશની ગાંઠથી તથા રુદ્રાક્ષથી ગણના કરવાથી અનંતગણા ફળની પ્રાપ્તિ થાય છે. ત્રીસ રુદ્રાક્ષના દાણાથી બનાવેલી માળા જપ-કર્મમાં ધન દેનારી ગણાય છે. સત્યાવીશ દાણાની માળા પુષ્ટિદાયિની અને પચ્ચીશ દાણાની માળા મુક્તિદાયિની થાય છે. પંદર રુદ્રાક્ષની માળા અભિચાર કર્મમાં ફળદાયક હોય છે. જપકર્મમાં અંગૂઠાને મોક્ષદાયક સમજવો જોઈએ. અને તર્જનીને શત્રુનાશક! મધ્યમા ધન આપે છે અને અનામિકા શાંતિ પ્રદાન કરે છે. એક સો આઠ દાણાની માળા ઉત્તમોત્તમ મનાય છે. સો દાણાની માળા ઉત્તમ અને પચાશ દાણાની માળા મધ્યમ હોય છે. ચોપન દાણાની માળા મનોહારિણી અને શ્રેષ્ઠ કહેવાય છે. સાધક આ જાતની માળાથી જપ કરે. એ જપ કોઈને બતાવવો નહીં. કનિષ્ઠિકા આંગળી (છેલ્લી આંગળી) અક્ષરઘ્ની (જપના ફળને ક્ષરિત નષ્ટ ન કરનારી) મનાય છે; એટલા માટે જપકર્મમાં શુભ છે. બીજી આંગળીઓની સાથે અંગૂઠા દ્વારા જપ કરવો જોઈએ; કેમકે અંગૂઠા વગર કરેલો જપ નિષ્ફળ હોય છે.

ઘરમાં કરેલો જપ સમાન અથવા એકગણું ફળ આપે છે. ગોશાળામાં એનું ફળ સોગણું થાય છે, પવિત્ર વન કે ઉદ્યાનમાં કરેલા જપનું ફળ હજારગણું હોય છે. પવિત્ર પર્વત પર દશહજારગણું નદીના તટ પર લાખગણું, દેવાલયમાં કોટિગણું અને મારી નિકટ (શિવસંનિધિ) કરેલો જપ અનન્તગણું રૂપ આપે છે એમ કહેવાય છે. સૂર્ય, અગ્નિ, ગુરુ, ચંદ્રમા, દીપક, જલ, બ્રાહ્મણ અને ગાયો સમીપે કરેલો જપ શ્રેષ્ઠ છે. પૂર્વાભિમુખ કરેલો જપ વશીકરણમાં અને દક્ષિણાભિમુખ જપ અભિચાર-કર્મમાં સફળતા પ્રદાન કરનારો છે. પશ્ચિમાભિમુખ જપને ધનદાયક જાણવો અને ઉત્તરાભિમુખ જપ શાંતિદાયક હોય છે. સૂર્ય, અગ્નિ, બ્રાહ્મણ, દેવતા તથા અન્ય શ્રેષ્ઠ પુરુષો સમીપ એમની તરફ પીઠ કરીને જપ ન કરવો જોઈએ, માથા પર પાઘડી રાખીને, ઝભ્ભો પહેરીને, નગ્ન થઈને, બાલ ખોલીને ગળામાં કપડું લપેટીને, અશુદ્ધ હાથ લઈને, સંપૂર્ણ શરીરથી અશુદ્ધ રહીને તથા વિલાપ કરતાં કરતાં ક્યારેય જપ ન કરવો જોઈએ. જપ કરતી વખતે, ક્રોધ, મદ, છીંક આવી, થૂંકવું, બગાશું આવું તથા કૃતઘ્ન અને નીચ પુરુષ તરફ જોવું વર્જિત છે. જો ક્યારેક એવું બની જાય તો આચમન કરે અથવા પાર્વતી સહિત શિવનું સ્મરણ કરે અથવા ગ્રહ-નક્ષત્રોનાં દર્શન કરે અથવા પ્રાણાયામ કરી લે.

વગર આસન પર બેસીને, સૂઈને-આડા પડીને ચાલતાં ચાલતાં અથવા ઊભા રહીને જપ ન કરે. ગલીમાં અથવા સડક પર, અપવિત્ર સ્થાનમાં અથવા અંધારામાં પણ જપ ન કરે. બંને પગ ફેલાવીને કુક્કુટ આસન પર બેસીને, સવારી અથવા ખાટલા પર ચઢીને અથવા ચિંતાથી વ્યાકુળ થઈને જપ ન કરે. જો શક્તિ હોય તો આ બધા નિયમોનું પાલન કરતાં જપ કરે અને અશક્ત પુરુષ યથાશક્તિ જપ કરે. આ વિષયમાં વધારે કહેવાથી શો લાભ? સંક્ષેપમાં મારી આ વાત સાંભળો. સદાચારી

મનુષ્ય જપ અને ધ્યાન કરીને કલ્યાણનો ભાગી થાય છે. આચાર પરમ ધર્મ છે, આચાર ઉત્તમ ધન છે, આચાર શ્રેષ્ઠ વિદ્યા છે અને આચાર જ પરમ ગતિ છે. આચારહીન પુરુષ સંસારમાં નિંદિત થાય છે અને પરલોકમાં પણ સુખ પ્રાપ્ત કરતો નથી. તેથી સૌએ આચારવાન થવું જોઈએ.* વેદજ્ઞ વિદ્વાનોએ વેદશાસ્ત્રના કથનાનુસાર જે વર્ણને માટે જે કર્મ વિહિત બતાવ્યું છે, એ વર્ણના પુરુષે એ જ કર્મનું સમ્યક્ આચરણ કરવું જોઈએ, એ જ એનો સદાચાર છે, બીજો નહીં. સત્પુરુષોએ એનું આચરણ કર્યું છે; એટલા જ માટે સદાચાર કહેવાય છે. એ સદાચારનું મૂળ કારણ આસ્તિકતા છે. જો મનુષ્ય આસ્તિક હોય તો પ્રમાદ વગેરેને કારણે સદાચારથી ભ્રષ્ટ થઈ જવા છતાં પણ દૂષિત થતો નથી. તેથી સદા આસ્તિકતાનો સહારો લેવો જોઈએ. જેવી રીતે આ લોકમાં સત્કર્મ કરવાથી સુખ મળે છે અને દુષ્કર્મ કરવાથી દુઃખ થાય છે, એવી જ રીતે પરલોકમાં પણ થાય છે, આ વિશ્વાસને આસ્તિકતા કહે છે.

સદાચારથી હીન, પતિત અને અત્યંજનો ઉદ્ધાર કરવા માટે કલિયુગમાં પંચાક્ષર-મંત્રથી અધિકો બીજો કોઈ ઉપાય નથી. ચાલતાં-ફરતાં, ઊભા રહેતાં અથવા સ્વેચ્છાનુસાર કર્મ કરતાં અપવિત્ર કે પવિત્ર પુરુષના જપ કરવાથી પણ આ મંત્ર નિષ્ફળ થતો નથી. અંત્યજ, મૂર્ખ, મૂઢ, પતિત, મર્યાદારહિત અને નીચને માટે પણ આ મંત્ર નિષ્ફળ થતો નથી. કોઈ પણ અવસ્થામાં પડેલો મનુષ્ય પણ, જો મારામાં ઉત્તમ ભક્તિભાવ રાખતો હોય, તો એને માટે આ મંત્ર નિઃસંદેહ સિદ્ધ થશે જ, પરંતુ બીજા કોઈને માટે તે સિદ્ધ થઈ શકતો નથી. હે પ્રિયે! આ મંત્ર માટે લગ્ન, તિથિ, નક્ષત્ર, વાર અને યોગ વગેરેનો વધારે વિચાર અપેક્ષિત નથી. આ મંત્ર ક્યારેય સુપ્ત થતો નથી, સદા જાગ્રત જ રહે છે. આ મહામંત્ર ક્યારેય કોઈનો શત્રુ નથી થતો. એ સદા સુસિદ્ધ, સિદ્ધ અથવા સાધ્ય જ રહે, સિદ્ધ ગુરુના ઉપદેશથી પ્રાપ્ત થયેલો મંત્ર સુસિદ્ધ કહેવાય છે. અસિદ્ધ ગુરુનો પણ આપેલો મંત્ર સિદ્ધ કહેવાય છે, જે કેવળ પરંપરાથી પ્રાપ્ત થયો છે. કોઈ ગુરુ પાસે ઉપદેશપૂર્વક નથી મળ્યો. તે મંત્ર સાધ્ય હોય છે. જે મુજમાં, મંત્રમાં અને ગુરુમાં અતિશય શ્રદ્ધા રાખનારા છે, એમણે મળેલા મંત્ર કોઈ ગુરુ દ્વારા સાધિત હોય કે અસાધિત હોય, સિદ્ધ થઈને જ રહે છે, એમાં સંશય નથી. એટલા માટે અધિકારીની દૃષ્ટિએ વિઘ્નયુક્ત થનારા બીજા મંત્રોને છોડીને વિદ્વાન પુરુષ સાક્ષાત્ પરમા વિદ્યા પંચાક્ષરીની આશ્રય લે. બીજા મંત્રોના સિદ્ધ થઈ જવાથી આ મંત્ર સિદ્ધ થતો નથી. પરંતુ આ મહામંત્રના સિદ્ધ થઈ જવાથી બીજા મંત્રો અવશ્ય સિદ્ધ થઈ જાય છે. હે મહેશ્વરિ! જેવી રીતે અન્ય દેવતાઓની પ્રાપ્તિ થવા છતાં પણ હું પ્રાપ્ત થતો નથી, પરંતુ મારી પ્રાપ્તિ થઈ ગયા પછી બધા દેવતા પ્રાપ્ત થઈ

---

* આચારઃ પરમો ધર્મ આચારઃ પરમં ધનમ્। આચારઃ પરમા વિદ્યા આચારઃ પરમા ગતિઃ॥
આચારહીનઃ પુરુષો લોકે ભવતિ નિન્દિતઃ। પરત્ર ચ સુખી ન સ્યાત્તસ્માદાચારવાન્ ભવેત્॥
(શિ.પુ.વા.સં.ઉ.ખં. ૧૪/૫૫-૫૬)

જાય છે, એ જ ન્યાય આ બધા મંત્રો માટે પણ છે. બધા મંત્રોના જે દોષ છે, તે આ મંત્રમાં સંભવતા નથી; કેમકે આ મંત્ર જાતિ આદિની અપેક્ષા ન રાખીને પ્રવૃત્ત થાય છે. તથાપિ નાનાં નાનાં તુચ્છ ફળોને માટે આ મંત્રનો વિનિયોગ ન કરવો જોઈએ; કેમકે આ મંત્ર મહાન ફળ આપનારો છે.

ઉપમન્યુ કહે છે—હે યદુનંદન! આ પ્રકારે ત્રિશૂલધારી મહાદેવજીએ ત્રણે લોકોના હિત માટે સાક્ષાત્ મહાદેવી પાર્વતીને આ પંચાક્ષર-મંત્રની વિધિ કહી હતી, જે એકાગ્રચિત્ત થઈ, ભક્તિભાવથી આ પ્રસંગને સાંભળે છે અથવા સંભળાવે છે, તે સર્વ પાપથી મુક્ત થઈને પરમ ગતિને પ્રાપ્ત થાય છે. (અધ્યાય-૧૪)

*

ત્રિવિધ દીક્ષાનું નિરૂપણ, શક્તિપાતની, આવશ્યકતા તથા એનાં લક્ષણોનું વર્ણન, ગુરુનું મહત્ત્વ, જ્ઞાની ગુરુથી જ મોક્ષની પ્રાપ્તિ તથા ગુરુ દ્વારા શિષ્યની પરીક્ષા

શ્રીકૃષ્ણ બોલ્યા—હે ભગવન્! આપે મંત્રનું માહાત્મ્ય તથા એના પ્રયોગનું વિધાન બતાવ્યું, જે સાક્ષાત્ વેદ-તુલ્ય છે. હવે હું ઉત્તમ શિવ-સંસ્કારની સાંભળવા ચાહું છું, જેને મંત્ર-ગ્રહણના પ્રસંગમાં-પ્રકરણમાં આપે થોડી સૂચિત કરી હતી, એ વાતને હું ભૂલ્યો નથી.

ઉપમન્યુએ કહ્યું—સારું, હું તમને શિવ દ્વારા કથિત પરમ પવિત્ર સંસ્કારનું વિધાન બતાવી રહ્યો છું, જે સમસ્ત પાપનું શોધન કરનારું છે. મનુષ્ય જેના પ્રભાવથી પૂજા વગેરેમાં ઉત્તમ અધિકાર પ્રાપ્ત કરી લે છે, એ ષડધ્વશોધન કર્મને સંસ્કાર કહે છે. સંસ્કાર અર્થાત્ શુદ્ધિ કરવાથી જ એનું નામ સંસ્કાર છે. એ વિજ્ઞાન આપે છે અને પાશબંધનને ક્ષીણ કરે છે. એટલા માટે આ સંસ્કારને જ દીક્ષા પણ કહે છે. શિવ-શાસ્ત્રમાં શિવને 'શાંભવી', 'શાક્તી' અને 'માંત્રી' ત્રણ પ્રકારની દીક્ષાનો ઉપદેશ થયો છે. ગુરુના દૃષ્ટિપાત માત્રથી, સ્પર્શથી તથા સંભાષણથી પણ જીવને જે તત્કાળ પાશોનો નાશ કરનારી સંજ્ઞા સમ્યક્ બુદ્ધિ પ્રાપ્ત થાય છે તે જ શાંભવી દીક્ષા કહેવાય છે. એ દીક્ષાના પણ બે ભેદ છે; તીવ્રા અને તીવ્રતરા. પાશોના ક્ષીણ થવામાં જે શીઘ્રતા અથવા મંદતા થાય છે એના જ ભેદથી આ બે ભેદ થયા છે. જે દીક્ષામાં તત્કાલ સિદ્ધિ અથવા શાંતિ પ્રાપ્ત થાય છે તે જ તીવ્રતરા મનાય છે. જીવિત પુરુષનાં પાપનું અત્યંત શોધન કરનારી જે દીક્ષા છે, એને તીવ્રા કહે છે. ગુરુ યોગમાર્ગથી શિષ્યના શરીરમાં પ્રવેશ કરીને જ્ઞાનદૃષ્ટિથી જે જ્ઞાનવતી દીક્ષા આપે છે, તે શાક્તી કહેવાય છે. ક્રિયાવતી દીક્ષાને માંત્રી દીક્ષા કહેવાય છે. એમાં પહેલાં હોમકુંડ અને યજ્ઞમંડપનું નિર્માણ થાય છે. પછી ગુરુ બહારથી મંદ અથવા મંદતર ઉદ્દેશ્યને લઈને શિષ્યનો સંસ્કાર કરે છે. શક્તિપાતને અનુસાર શિષ્ય ગુરુના અનુગ્રહનો ભાજન થાય છે, પાત્ર બને છે. શૈવ-ધર્મનું અનુસરણ શક્તિપાતમૂલક

છે; તેથી સંક્ષેપથી એ વિષયમાં નિવેદન કરવામાં આવે છે. જે શિષ્યમાં ગુરુની શક્તિનો પાત નથી થયો, એમાં શુદ્ધિ આવતી નથી તથા એમાં ન તો વિદ્યા, ન શિવાચાર, ન મુક્તિ અને ન તો સિદ્ધિઓ જ હોય છે; તેથી પ્રચુર શક્તિપાતનાં લક્ષણો જોઈને ગુરુ જ્ઞાન અથવા ક્રિયા દ્વારા શિષ્યનું શોધન કરે છે. જો મોહવશ આનાથી વિપરીત આચરણ કરે છે તો તે દુર્બુદ્ધિ નષ્ટ થઈ જાય છે; તેથી ગુરુ બધી જ રીતે શિષ્યનું પરીક્ષણ કરે. ઉત્કૃષ્ટ બોધ અને આનંદની પ્રાપ્તિ જ શક્તિપાતનું લક્ષણ છે; કેમકે તે પરમાશક્તિ પ્રબોધાનંદરૂપિણી છે જ. આનંદ અને બોધનું લક્ષણ છે અંતઃકરણમાં (સાત્ત્વિક) વિકાર. જ્યારે અંતઃકરણ દ્રવિત થાય છે, ત્યારે બાહ્ય શરીરમાં કંપ, રોમાંચ, સ્વરવિકાર[1] નેત્રવિકાર[2] અને અંગવિકાર[3] પ્રગટ થાય છે.

શિષ્ય પણ શિવપૂજન વગેરેમાં ગુરુનો સંપર્ક પ્રાપ્ત કરીને અથવા એમની સાથે રહીને એમનામાં પ્રગટ થનારાં એ લક્ષણોથી ગુરુની પરીક્ષા કરે. શિષ્ય ગુરુનો શિક્ષણીય હોય છે અને એમનો ગુરુ પ્રત્યે ગૌરવનો ભાવ હોય છે. એટલા માટે સર્વથા પ્રયત્ન કરીને શિષ્ય એવું આચરણ કરે, જે ગુરુના ગૌરવને અનુરૂપ હોય. જે ગુરુ છે તે શિવ કહેવાય છે અને જે શિવ છે તેમને ગુરુ કહેવાય છે. વિદ્યાના આકારમાં શિવ જ ગુરુ બનીને બિરાજમાન છે. જેવા શિવ છે, એવી વિદ્યા છે અને જેવી વિદ્યા છે તેવા ગુરુ છે. શિવ, વિદ્યા અને પૂજનનું સમાન ફળ છે. શિવ સર્વદેવાત અને ગુરુ સર્વમંત્રમય છે. તેથી સંપૂર્ણ ગુરુની આજ્ઞા શિરોધાર્ય કરવી જોઈએ મનુષ્ય પોતાનું કલ્યાણ ચાહતો હોય બુદ્ધિમાન હોય તો તે ગુરુ પ્રત્યે મન, અને ક્રિયા દ્વારા ક્યારેય મિથ્યાચાર ક વર્તાવ ન કરે. ગુરુ આજ્ઞા આપે કે ન શિષ્ય સદા એમનું હિત અને પ્રિય કરે. સામે અને પીઠ પાછળ પણ એમનું ક કર્યા કરે. આવા આચારથી યુક્ત ગુરુભક્ત સદા મનમાં ઉત્સાહ રાખનારો જે ગુરુ કાર્ય કરનારો શિષ્ય છે, તે જ શૈવ ઉપદેશોનો અધિકારી છે. જો ગુરુ ગુ વિદ્વાન, પરમાનંદના પ્રકાશક, તત્ત્વવેત્તા શિવ-ભક્ત છે તો તે જ મુક્તિ આપના બીજા નહીં. જ્ઞાન ઉત્પન્ન કરના પરમાનંદજનિત તત્ત્વ છે, એને જેણે જાણ્ છે, તે જ આનંદનો સાક્ષાત્કાર કરાવી જ્ઞાનરહિત નામમાત્રનો ગુરુ આવું કરી નથી.

નૌકાઓ એકબીજાને પાર લગાવી પરંતુ એક પથ્થર બીજા પથ્થરને તારી શકે નામમાત્રના ગુરુ નામમાત્રની જ મુક્તિ કરાવી શકે. જેમને તત્ત્વજ્ઞાન છે, તે મુક્ત થઈને બીજાઓને પણ મુક્ત કરા

વિના 'આત્મા'નો અનુભવ થશે?" જે આત્માનુભવથી હીન છે તે પશુ છે. પશુની પ્રેરણાથી કોઈ પશુત્વને ઓળંગી શકે નહિ; તેથી તત્ત્વજ્ઞ પુરુષ જ 'મુક્ત' અને 'મોચક' થઈ શકે છે, અજ્ઞ નહીં. સમસ્ત શુભ લક્ષણોથી યુક્ત, સંપૂર્ણ શાસ્ત્રોના જ્ઞાતા તથા સર્વ પ્રકારના ઉપાય-વિધાનના જાણકાર હોવાથી પણ જે તત્ત્વજ્ઞાનથી હીન છે, એનું જીવન નિષ્ફળ છે, જે પુરુષની અનુભવપર્યંત બુદ્ધિતત્ત્વના અનુસંધાનમાં પ્રવૃત્ત હોય છે, એનાં દર્શન, સ્પર્શ વગેરેથી પરમાનંદની પ્રાપ્તિ થાય છે. તેથી જેના સંપર્કથી જ ઉત્કૃષ્ટ બોધસ્વરૂપ આનંદની પ્રાપ્તિ સંભવ હોય, બુદ્ધિમાન પુરુષ એને જ ગુરુ તરીકે પસંદ કરે, બીજાને નહિ. યોગ્ય ગુરુનો જ્યાં સુધી સારી રીતે પરિચય ન થાય, જ્ઞાન ન થાય, ત્યાં સુધી વિનયાચારચતુર મુમુક્ષુ સાથે એમની નિરંતર સેવા કરવી જોઈએ. એમનો સારી રીતે જ્ઞાન-સમ્યક્ પરિચય થઈ ગયા પછી એમનામાં સુસ્થિર ભક્તિ કરે. જ્યાં સુધી તત્ત્વનો બોધ પ્રાપ્ત ન થાય, થઈ જાય, ત્યાં સુધી નિરંતર ગુરુ-સેવનમાં લાગ્યા રહેવું. તત્ત્વને ક્યારેય ન છોડવું અને કોઈ પણ પ્રકારે તેની ઉપેક્ષા કરવી નહીં. જેની પાસે એક વર્ષ સુધી રહેવા છતાં પણ શિષ્યને થોડો પણ આનંદ અને પ્રબોધની ઉપલબ્ધિ ન થાય, તે શિષ્ય એમને છોડીને બીજા ગુરુનો આશ્રય લે.

બ્રાહ્મણજાતીય શિષ્યની એ
કરે. ક્ષત્રિય શિષ્યની બે વર્ષ
ત્રણ વર્ષ પરીક્ષા કરે. પ્ર
નાખીને સેવા કરવા, અધિક
અનુકૂળ-પ્રતિકૂળ આદેશ
જાતિવાળાઓને નાનાં
નાનાઓને મોટા કામમાં લ
અને સહનશીલતાની પરીક્ષા
વગેરે કરવા છતાં પણ જે
નથી, તે જ સંયમી, શુદ્ધ તથ
યોગ્ય છે. જે કોઈની હિંસ
પ્રત્યે દયાળુ હોય, સદા હૃદ
બધાં કાર્યો કરવા તૈયાર હો
બુદ્ધિમાન અને સ્પર્ધારહિત
બોલનાર સરળ, કોમળ,
સુસ્થિરચિત્ત, શૌચાચારથી
ભક્ત હોય, એવા
દ્વિજાતીયોને મન, વાણી, શ
યથોચિત રીતિથી શુદ્ધ ક
કરાવવો જોઈએ. આ શાસ્ત્રો
સંસ્કાર કર્મમાં નારીના અ
શિવભક્ત હોય તો પતિની
સંસ્કારની અધિકારિણી
અનુમતિથી વિધવા સ્ત્રી અ
કન્યાનો શિવ-સંસ્કારમાં
પતિ તો અને વર્ણસંકરો

કારણ શિવમાં સ્વાભાવિક અનુરાગ રાખતા હોય તો શિવચરણોદક લઈને પોતાનાં પાપની શુદ્ધિ કરે. (અધ્યાય-૧૫)

*

સમય-સંસ્કાર અથવા સમયાચાર દીક્ષાની વિધિ

ઉપમન્યુ કહે છે—હે યદુનંદન! વિવિધ પ્રકારના દોષોથી રહિત શુદ્ધ સ્થાન અને પવિત્ર દિવસમાં ગુરુ પહેલાં શિષ્યનો 'સમય' નામક સંસ્કાર કરે, ગંધ, વર્ણ અને રસ વગેરેથી વિધિપૂર્વક ભૂમિની પરીક્ષા કરીને વાસ્તુશાસ્ત્રમાં બનાવેલી પદ્ધતિથી ત્યાં મંડપ નિર્માણ કરે. મંડપની વચમાં વેદી બનાવીને આઠે દિશાઓમાં નાના નાના કુંડ બનાવે. પછી ઈશાન કોણમાં અથવા પશ્ચિમ દિશામાં પ્રધાન કુંડનું નિર્માણ કરે. એક જ પ્રધાનકુંડ બનાવીને ચંદરવો, ધ્વજ તથા અનેક પ્રકારની બહુસંખ્યક માળાઓથી એને શણગારે ત્યાર પછી વેદીના મધ્યભાગમાં શુભ લક્ષણોથી યુક્ત મંડળ બનાવે. લાલ રંગના સુવર્ણ વગેરે ચૂર્ણથી મંડલ બનાવવો જોઈએ. મંડલ એવો હોય કે એમાં ઈશ્વરનું આવાહન કરી શકાય. નિર્ધન મનુષ્ય સિંદૂર તથા અગહની તથા તિન્ની (ખડધાન્ય, વગર છડેલા ચોખા)ના ચૂર્ણથી મંડલ બનાવે. એ મંડલમાં એક યા બે હાથનું શ્વેત અથવા લાલ કમળ બનાવે. એક હાથના કમળની કર્ણિકા આઠ આંગળની હોવી જોઈએ. એનું કેસર ચાર આંગળમાં હોય અને બાકીના ભાગમાં અષ્ટદલ વગેરેની રચના કરે, કલ્પના કરે. બે હાથના કમળની કર્ણિકા એક હાથવાળાથી બમણી હોવી જોઈએ. ઉક્ત વેદી અથવા મંડલના ઈશાન કોણમાં પુનઃ એક વેદી પર એક હાથ અથવા અર્ધા હાથનો મંડળ બનાવે અને એને શોભાજનક સામગ્રીથી સુશોભિત કરે. ત્યાર પછી ડાંગર, ચોખા, સરસવ, તલ ફૂલ અને કુશથી એ મંડળને આચ્છાદિત કરે અને એની ઉપર શુભલક્ષણથી યુક્ત શિવકળશની સ્થાપના કરે. તે કળશ, સોનું, ચાંદી કે તાંબુ અથવા માટીનો હોવો જોઈએ. એના ઉપર ગંધ, પુષ્પ, અક્ષત, કુશ અને દૂર્વાંકુર રાખવામાં આવે, એના કંઠમાં સૂતર લપેટવામાં આવે, અને બે નવાં વસ્ત્રોથી આચ્છાદિત કરવો જોઈએ. એમાં શુદ્ધ જલ ભરી દેવું જોઈએ. કળશની અંદર એક મુઠ્ઠી કુશ-અગ્રભાગ ઉપર રહે એમ ગોઠવી દેવો. સુવર્ણ વગેરે દ્રવ્ય પધરાવવું અને કળશને ઉપરથી ઢાંકી દેવો. એ આસનરૂપ કમળના ઉત્તર દળમાં સૂત્ર વગેરે વિના ઝારી અથવા નાળચાવાળો લોટો, વર્ધની (વિશિષ્ટ જલપાત્ર), શંખ, ચક્ર અને કમલદલ વગેરે સામગ્રીનો સંગ્રહ કરીને રાખવો. ઉક્ત આસનમંડળના અગ્રભાગમાં ચંદનમિશ્રિત જલથી ભરેલી વર્ધની અસ્ત્રરાજને માટે રાખે. પછી મંડળના પૂર્વભાગમાં પૂર્વવત્ મંત્રયુક્ત કળશની સ્થાપના કરીને શિવની વિધિવત્ મહાપૂજાનો આરંભ કરે.

સમુદ્ર અથવા નદી-કિનારે, ગોશાળામાં પર્વતના શિખર ઉપર, દેવાલયમાં અથવા ઘરમાં અથવા કોઈ પણ મનોહર સ્થાનમાં મંડપ વગેરે

બનાવ્યા વગર પૂર્વોક્ત બધાં કાર્યો કરે. પછી પૂર્વવત્ મંડળ અને અગ્નિની વેદી બનાવીને ગુરુ પ્રસન્નમુખે પૂજા-ભવનમાં પ્રવેશ કરે. ત્યાં સર્વ પ્રકારનાં મંગલ કૃત્યોનું સંપાદન કરીને નિત્યકર્મના અનુષ્ઠાનપૂર્વક મંડળના મધ્યભાગમાં મહેશ્વરની મહાપૂજા કરીને તે પછી પુનઃ શિવકળશ પર શિવનું આવાહન-પૂજન કરે. પશ્ચિમાભિમુખ યજ્ઞરક્ષક ઈશ્વરનું ધ્યાન કરીને અસ્ત્રરાજની વર્ધનીમાં દક્ષિણ તરફ ઈશ્વરના અસ્ત્રની પૂજા કરે. પછી મંત્રયુક્ત કળશમાં મંત્ર તથા મુદ્રા વગેરેનો ન્યાસ કરીને મંત્રવિશારદ ગુરુ મંત્ર-ત્યાગ કરે. એ પછી દેશિક શિરોમણિ ગુરુ પ્રધાન કુંડમાં શિવ-અગ્નિની સ્થાપના કરે અને એમાં હોમ કરે. સાથે જ બીજા બ્રાહ્મણો પણ ચારે બાજુથી એમાં આહુતિ આપે. આચાર્યથી અર્ધા અથવા પા ભાગ હોમનું એમને માટે વિધાન છે. આચાર્યશિરોમણિએ પ્રધાનકુંડમાં જ હવન કરવો જોઈએ. બીજા લોકોએ સ્વાધ્યાય, સ્તોત્ર અને મંગલપાઠ કરવો જોઈએ. અન્ય શિવભક્ત પણ ત્યાં વિધિવત્ જપ કરે. નૃત્ય, ગીત, વાદ્ય અને અન્ય મંગલ કૃત્ય પણ થવાં જોઈએ. સદસ્યોનું વિધિવત્ પૂજન, પુણ્યાહવાચન તથા પુનઃ ભગવાન શંકરનું પૂજન સંપન્ન કરીને શિષ્ય પર અનુગ્રહ કરવાની ઇચ્છાથી, મનમાં ઇચ્છા કરીને, આચાર્ય મહાદેવજીને આ પ્રકારે પ્રાર્થના કરે.

પ્રસીદ દેવદેવેશ દેહમાવિશ્ય મામકમ્।
વિમોચયૈનં વિશ્વેશ ઘૃણયા ચ ઘૃણાનિધે॥

'હે દેવદેવેશ્વર! પ્રસન્ન થાઓ. હે વિશ્વનાથ! હે દયાનિધે! મારા શરીરમાં પ્રવેશ કરીને આપ કૃપાપૂર્વક આ શિષ્યને બંધનમુક્ત કરાવો.'

ત્યાર પછી 'હું એવું જ કરીશ' આ પ્રકારે ઇષ્ટદેવની અનુમતિ મેળવીને ગુરુ શિષ્યને, જેણે ઉપવાસ કર્યો હોય અથવા હવિષ્ય ભોજન કર્યું હોય, તેને પોતાની નિકટ બોલાવે. તે શિષ્ય એક વખત ભોજન કરનાર હોય અને વિરક્ત હોય. સ્નાન કરીને પ્રાતઃકાળનાં કૃત્યો પૂરાં કરી રહ્યો હોય. મંગલ-કૃત્યનું સંપાદન કરીને પ્રણવનો જપ અને મહાદેવજીનું ધ્યાન કરી રહ્યો હોય. એને પશ્ચિમ અથવા દક્ષિણ દ્વારની સામે કુશના આસન પર ઉત્તર બાજુ મુખ કરીને બેસાડે અને ગુરુ સ્વયં પૂર્વની તરફ મુખ કરીને ઊભા રહે. શિષ્ય મુખ ઊંચું કરીને હાથ જોડી લે. ગુરુ પ્રોક્ષણીના જલથી શિષ્યનું પ્રોક્ષણ કરીને એના મસ્તક પર અસ્ત્રમુદ્રા દ્વારા ફૂલ ફેંકીને મારે. પછી અભિમંત્રિત નૂતન વસ્ત્ર-અર્ધા દુપટ્ટાથી એની આંખો બાંધી દો. એ પછી શિષ્યને દરવાજાથી મંડળની અંદર પ્રવેશ કરાવે. શિષ્ય પણ ગુસ્સાથી પ્રેરિત થઈને શંકરજીની ત્રણ વાર પ્રદક્ષિણા કરે. એ પછી પ્રભુને સુવર્ણમિશ્રિત પુષ્પાંજલિ ચઢાવીને પૂર્વ અથવા ઉત્તર તરફ મુખ કરીને દંડની જેમ પડીને સાષ્ટાંગ પ્રણામ કરે. ત્યાર પછી મૂલમંત્રથી ગુરુ શિષ્યનું પ્રોક્ષણ કરીને પૂર્વવત્ અસ્ત્રમંત્ર દ્વારા એના મસ્તક પર ફૂલથી તાડન કરીને તે પછી નેત્ર-બંધન ખોલી દે. શિષ્ય પુનઃ મંડળની તરફ જોઈને હાથ જોડીને પ્રભુને પ્રણામ કરે. એ પછી શિવસ્વરૂપ આચાર્ય શિષ્યને મંડળના દક્ષિણે પોતાના ડાબા ભાગમાં કુશના આસન પર બેસાડે અને મહાદેવજીની આરાધના કરીને એના મસ્તક પર શિવનો વરદ હાથ રાખે. 'હું

શિવ છું' એ અભિમાનથી યુક્ત ગુરુ શિવના તેજથી સંપન્ન પોતાના હાથને શિષ્યના માથા પર રાખે અને શિવમંત્રનું ઉચ્ચારણ કરે. એ જ હાથથી શિષ્યનાં સંપૂર્ણ અંગોનો સ્પર્શ કરે. શિષ્ય પણ આચાર્યરૂપમાં ઉપસ્થિત થયેલા ઈશ્વરને પૃથ્વી પર પડીને સાષ્ટાંગ પ્રણામ કરે. ત્યાર બાદ, જ્યારે શિષ્ય શિવ-અગ્નિમાં મહાદેવજીની વિધિવત્ પૂજા કરીને ત્રણ આહુતિ આપીને પૂરી કરી લે, ત્યારે ગુરુ પુનઃ પૂર્વવત્ શિષ્યને પોતાની પાસે બેસાડી લે. કુશના અગ્ર ભાગથી એનો સ્પર્શ કરતાં વિદ્યા અથવા મંત્ર દ્વારા પોતાની જાતને એની અંદર આવિષ્ટ કરે.

ત્યાર પછી મહાદેવજીને પ્રણામ કરીને નાડી-સંધાન કરે. પછી શિવ-શાસ્ત્રમાં બતાવેલા માર્ગથી પ્રાણનું નિષ્ક્રમણ કરીને શિષ્યના શરીરમાં પ્રવેશની ભાવના કરે, સાથે જ મંત્રોનું પણ તર્પણ કરે. મૂલમંત્રના તર્પણ માટે એના જ ઉચ્ચારણપૂર્વક દશ આહુતિ આપવી જોઈએ. પણ અંગોના તર્પણ માટે અંગ-મંત્રો દ્વારા જ ક્રમશઃ ત્રણ આહુતિ આપે. એ પછી પૂર્ણાહુતિ આપીને મંત્રવેત્તા ગુરુ પ્રાયશ્ચિત્તને નિમિત્તે પુનઃ અગ્નિમાં દશ આહુતિ આપે. પછી દેવેશ્વર શિવનું પૂજન કરીને સમ્યક્ આચમન અને હવન કર્યા પછી યથોચિત રીતિથી જાતિતઃ વૈશ્યનો ઉદ્ધાર કરે. ભાવના દ્વારા એના વૈશ્યત્વનો નિકાલ કરીને એમાં ક્ષત્રિયત્વની ઉત્પત્તિ કરે પછી એ જ રીતે ક્ષત્રિયત્વનો પણ ઉદ્ધાર કરીને ગુરુ એમાં બ્રાહ્મણત્વની ઉદ્ભાવના કરે. આ પ્રણાલીથી જાતિતઃ ક્ષત્રિયનો પણ ઉદ્ધાર કરીને બ્રાહ્મણ બનાવે. પછી એ બંને શિષ્યોમાં રુદ્રત્વની ઉત્પત્તિ કરે. જે જાતિથી જ બ્રાહ્મણ છે, એ શિષ્યમાં કેવળ રુદ્રત્વની જ સ્થાપના કરે. પછી શિષ્યનું પ્રોક્ષણ અને તાડન કરીને એને અગ્નિના તણખા સમાન પ્રકાશમાન શિવસ્વરૂપ આત્માને નાડીથી ગુરુ-મંત્રોચ્ચારણપૂર્વક વાયુનું રેચન (નિઃસારણ) કરે. વાયુનું નિઃસારણ કરીને એ નાડી દ્વારા જ શિષ્યના હૃદયમાં તે સ્વયં પ્રવેશ કરે. પ્રવેશ કરીને એના ચૈતન્યના નીલ બિંદુ સમાન ચિંતન કરે, સાથે જ એ ભાવના કરે કે મારા તેજથી આના બધા જ મળ નષ્ટ થઈ ગયા અને તે પૂર્ણતઃ પ્રકાશિત થઈ રહ્યો છે. એ પછી એ જીવ-ચૈતન્યને લઈને નાડીથી સંહારમુદ્રા અને પૂરક પ્રાણાયામ દ્વારા પોતાના આત્મા સાથે એકીભૂત કરવા માટે એમાં નિવિષ્ટ કરે. પછી રેચકની જેમજ કુંભક દ્વારા એ જ નાડીથી એ જીવ-ચૈતન્યને ત્યાંથી લઈને શિષ્યના હૃદયમાં સ્થાપિત કરી દે. ત્યાર પછી શિષ્યનો સ્પર્શ કરીને શિવથી ઉપલબ્ધ થયેલા યજ્ઞોપવીત એને આપીને ગુરુ ત્રણ વાર આહુતિ આપીને પૂર્ણાહુતિ હોમ કરે. ત્યાર બાદ આરાધ્યદેવના દક્ષિણ ભાગમાં શિષ્યને કુશ તથા ફૂલથી આચ્છાદિત કરીને શ્રેષ્ઠ આસન પર બેસાડીને એનું મુખ ઉત્તર તરફ કરીને એને સ્વસ્તિકાસનમાં સ્થિત કરે. શિષ્ય ગુરુ તરફ હાથ જોડી રાખે. ગુરુ સ્વયં પૂર્વાભિમુખ થઈ એક શ્રેષ્ઠ આસન પર ઊભા રહે અને પહેલેથી જ સ્થાપનાપૂર્વક સિદ્ધ કરેલ પૂર્ણ ઘરને લઈને શિવનું ધ્યાન કરતાં કરતાં મંત્રપાઠ તથા માંગલિક વાદ્યોના ધ્વનિ સાથે શિષ્યનો અભિષેક કરે. તદનંતર શિષ્ય એ અભિષેક જલને લૂછીને શ્વેત-વસ્ત્ર ધારણ કરે, આચમન કરીને અલંકૃત

થઈને હાથ જોડીને મંડપમાં જાય. ત્યારે ગુરુ પહેલાંની જેમ એને કુશાસન પર બેસાડીને મંડળમાં મહાદેવજીની પૂજા કરીને કરન્યાસ કરે. એ પછી મનમાં ને મનમાં મહાદેવજીનું ધ્યાન કરતાં બંને હાથમાં ભસ્મ લઈ શિષ્યનાં અંગો પર લગાડે અને શિવ-મંત્રનું ઉચ્ચારણ કરે.

ત્યાર પછી શિવાચાર્ય માતૃકાન્યાસને માર્ગે શિષ્યનું દહન-પ્લાવનાદિ સકલીકરણ કરીને એના મસ્તક પર શિવના આસનનું ધ્યાન કરીને ત્યાં શિવનું આવાહન કરીને યથોચિત રીતિથી એમની માનસિક પૂજા કરે. ત્યાર બાદ હાથ જોડીને મહાદેવજીની પ્રાર્થના કરે—'હે પ્રભો! આપ નિત્ય અહીં બિરાજમાન થાઓ.' આ રીતે પ્રાર્થના કરીને મનમાં ને મનમાં એ ભાવના કરે કે શિષ્ય ભગવાન શંકરના તેજથી પ્રકાશિત થઈ રહ્યો છે. એ પછી પુનઃ શિવની પૂજા કરીને શિવારૂપિણી શૈવી આજ્ઞા પ્રાપ્ત કરીને ગુરુ શિષ્યના કાનમાં ધીરે ધીરે શિવ-મંત્રનું ઉચ્ચારણ કરે. શિષ્ય હાથ જોડીને એ મંત્રને સાંભળીને એમાં જ મન પરોવીને શિવાચાર્યની આજ્ઞા અનુસાર ધીરે ધીરે એની આવૃત્તિ કરે. પછી મંત્ર-જ્ઞાનકુશળ આચાર્ય શાકતમંત્રનો ઉપદેશ આપે. એનું સુખપૂર્વક ઉચ્ચારણ કરાવીને શિષ્ય પ્રત્યે મંગલકામના કરે. તત્પશ્ચાત્ સંક્ષેપથી વાચ્ય-વાચક યોગ અનુસાર ઈશ્વરરૂપ મંત્રનો ઉપદેશ આપીને યોગાસનની શિક્ષા આપે. તદનંતર શિષ્ય ગુરુની આજ્ઞાથી શિવ, અગ્નિ તથા ગુરુસમીપે ભક્તિભાવથી નીચે લખેલાં દીક્ષાવાક્યોનું ઉચ્ચારણ કરે—

વરં પ્રાણપરિત્યાગશ્છેદનં શિરસોઽપિ વા।
ન ત્વનભ્યર્ચ્ય ભુંજીય ભગવન્તં ત્રિલોચનમ્॥

'મારે માટે પ્રાણોનો પરિત્યાગ કરી દેવો સારો હશે અથવા માથું કપાવી નાખવું પણ સારું હશે, પરંતુ હું ભગવાન ત્રિલોચનની પૂજા કર્યા વિના કોઈ દિવસ ભોજન નહીં કરી શકું?'

જ્યાં સુધી મોહ દૂર ન થાય, ત્યાં સુધી તે ભગવાન શિવમાં જ નિષ્ઠા રાખીને એમને આશરે જ રહીને નિયમપૂર્વક એમની જ આરાધના કરતો રહે. પછી ભગવાન શિવ જ એને યોગક્ષેમ પ્રદાન કરે છે. આવું કરવાથી એ શિષ્યનું નામ 'સમય' થશે. એને શિવાશ્રમમાં રહેવાનો અધિકાર પ્રાપ્ત થશે. ત્યાં રહેનારા શિષ્યોને ગુરુની આજ્ઞાનું પાલન કરતાં સદા એમના વશમાં રહેવું જોઈએ. એ પછી ગુરુ કરન્યાસ કરીને પોતાના હાથે ભસ્મ લઈને મૂલમંત્રનું ઉચ્ચારણ કરતાં એને ભસ્મ તથા રુદ્રાક્ષને અભિમંત્રિત કરીને શિષ્યના હાથમાં આપી દે. સાથે જ મહાદેવજીની પ્રતિમા અથવા ગૂઢ શરીર (લિંગ) અને યથાસંભવ પૂજા, હોમ, જપ અને ધ્યાનનાં સાધન પણ આપે. પછી તે શિષ્ય પણ શિવાચાર્યથી પ્રાપ્ત થયેલી એ વસ્તુઓને એમની જ આજ્ઞાથી બહુ આદર સાથે ગ્રહણ કરે. એમની આજ્ઞાનું ઉલ્લંઘન ન કરે. આચાર્ય પાસેથી પ્રાપ્ત થયેલી બધી વસ્તુઓને ભક્તિભાવથી માથા પર રાખીને લઈ જાય અને એમની રક્ષા કરે. પોતાની રુચિ અનુસાર મઠમાં યા ઘરમાં શંકરજીની પૂજા કરતો રહે, તે પછી ગુરુભક્તિ, શ્રદ્ધા અને બુદ્ધિ અનુસાર શિષ્યને શિવાચાર્યની શિક્ષા આપે. શિવાચાર્યે સમયાચારના વિષયમાં જે કહ્યું હોય, જે આજ્ઞા આપી હોય તથા બીજું પણ કશું કહ્યું—બતાવ્યું હોય એ સૌને શિષ્ય શિરોધાર્ય કરે. ગુરુના આદેશથી જ

તે શિવાગમનું ગ્રહણ, પઠન અને શ્રવણ કરે, ન તો પોતાની ઇચ્છાથી અને ન તો બીજા કોઈની ઇચ્છાથી કે બીજાની પ્રેરણાથી—આ પ્રકારે મેં સંક્ષેપમાં સમયાખ્યા-સંસ્કાર-સમયાચારની દીક્ષાનું વર્ણન કર્યું છે. એ મનુષ્યને સાક્ષાત્ શિવધામની પ્રાપ્તિ કરાવવા માટે ઉત્તમ સાધન છે

(અધ્યાય-૧૬)

*

ષડધ્વશોધનની વિધિ

ઉપમન્યુ કહે છે—હે યદુનંદન! એ પછી ગુરુ શિષ્યની યોગ્યતા જોઈને એનાં સંપૂર્ણ બંધનોની નિવૃત્તિ માટે ષડધ્વશોધન કરે. કલા, તત્ત્વ, ભુવન, વર્ણ, પદ અને મંત્ર - આજ સંક્ષેપથી છ અધ્વા કહેવાય છે. નિવૃત્તિ* વગેરે જે પાંચ કલાઓ છે એને વિદ્વાન પુરુષ કલાધ્વા કહે છે. અન્ય પાંચ અધ્વા આ પાંચે કલાઓથી વ્યાપ્ત છે. શિવતત્ત્વથી લઈને ભૂમિપર્યંત જે છવ્વીશ તત્ત્વ છે, એમને 'તત્ત્વાધ્વા' કહે છે. આ અધ્વા શુદ્ધ અને અશુદ્ધના ભેદથી બે પ્રકારના છે. આધારથી લઈને ઉન્મના સુધી 'ભુવનાધ્વા' કહેવાય છે. આ ભેદ અને ઉપભેદોને છોડીને સાઠ છે. રુદ્રસ્વરૂપ જે પચાશ વર્ણ છે, એમને 'વર્ણાધ્વા'ની સંજ્ઞા અપાઈ છે-પદોને 'પદાધ્વા' કહે છે, જેના અનેક ભેદો છે. બધા પ્રકારના ઉપમંત્રોથી 'મંત્રાધ્વા' થાય છે, જે પરમ વિદ્યાથી વ્યાપ્ત છે. જેવી રીતે તત્ત્વનાયક શિવની તત્ત્વોમાં ગણના થતી નથી, એ જ રીતે એ મંત્રનાયક મહેશ્વરની મંત્રાધ્વામાં ગણના થતી નથી. કલાધ્વા વ્યાપક છે અને અન્ય અધ્વા વ્યાપ્ય છે. જે આ વાતને ઠીક ઠીક નથી જાણતો, તે અધ્વશોધનનો અધિકારી નથી. જેણે છ પ્રકારના અધ્વાનું રૂપ નથી જાણ્યું, તે એમના વ્યાપ્ય-વ્યાપક ભાવને સમજી જ નથી શકતો. એટલા માટે અધ્વાઓના સ્વરૂપ તથા એમના વ્યાપ્ય-વ્યાપક ભાવને ઠીક ઠીક જાણીને જ અધ્વશોધન કરવું જોઈએ.

પૂર્વવત્ કુંડ અને મંડલનિર્માણનું કાર્ય ત્યાં કરીને પૂર્વ દિશામાં બે હાથ લાંબો-પહોળો કળશમંડલ બનાવે. ત્યાર પછી શિવાચાર્ય શિષ્યસહિત સ્નાન અને નિત્યકર્મ કરીને મંડલમાં પ્રવિષ્ટ થઈને પહેલાંની જેમ જ શિવપૂજા કરે. પછી ત્યાં લગભગ ચાર શેર ચોખાથી તૈયાર કરેલી ખીરમાંથી અર્ધનું પ્રભુને નૈવેદ્ય કરી દે અને બાકીની ખીરને હોમ માટે રાખી મૂકે. પૂર્વ દિશા તરફ બનેલા અનેક રંગોથી અલંકૃત મંડલમાં ગુરુ પાંચ કળશોની સ્થાપના કરે. ચારને તો ચારે દિશાઓમાં રાખે અને એકને મધ્યભાગમાં. એ કળશો ઉપર મૂલમંત્રના 'નમઃ શિવાય' એ પાંચે અક્ષરોને બિંદુ અને નાદથી યુક્ત કરીને એમના દ્વારા કલ્પવિધિના જ્ઞાતા ગુરુ ઈશાન વગેરે બ્રહ્મોની સ્થાપના કરે. મધ્યવર્તી કળશ પર 'ૐ નં ઈશાનાય નમઃ ઈશાનં સ્થાપયામિ' બોલીને ઈશાનની સ્થાપના

---

* નિવૃત્તિ, પ્રતિષ્ઠા, વિદ્યા, શાંતિ અને શાન્ત્યતીતા - એ પાંચ કલાઓ છે.

કરવી. પૂર્વવતી કળશ પર 'ૐ મં તત્પુરુષાય નમઃ તત્પુરુષં સ્થાપયામિ' કહીને તત્પુરુષની, દક્ષિણ કળશ પર 'ૐ શિં અઘોરાય નમઃ અઘોરં સ્થાપયામિ' બોલીને અઘોરની, વામ યા ઉત્તર ભાગમાં રાખેલા કળશ પર 'ૐ વાં વામદેવાય નમઃ વામદેવં સ્થાપયામિ' કહીને વામદેવની તથા પશ્ચિમના કળશ પર 'ૐ યં સદ્યોજાતાય નમઃ સદ્યોજાતં સ્થાપયામિ' કહીને સદ્યોજાતની સ્થાપના કરવી. તદનંતર રક્ષાવિધાન કરીને મુદ્રા બાંધીને ક્લેશોને અભિમંત્રિત કરવા. એ પછી પૂર્વવત્ શિવાગ્નિમાં હોમનો આરંભ કરે. પહેલાં હોમને માટે જે અર્ધી ખીર રાખેલી હતી, એનો હવન કરીને શેષભાગ શિષ્યને ખાવા માટે આપી દે. પહેલાંની જેમ મંત્રોનું તર્પણાંત કર્મ કરીને પૂર્ણાહુતિ હોમ કર્યા પછી પ્રદીપન કર્મ કરે. પ્રદીપન કર્મમાં 'ૐ હું નમઃ શિવાય ફટ્ સ્વાહા'નું ઉચ્ચારણ કરીને ક્રમશઃ હૃદય આદિ અંગોને ત્રણ ત્રણ આહુતિ આપવી જોઈએ. (અંગોમાં હૃદય, મસ્તક, શિખા, કવચ, નેત્રત્રય અને અસ્ત્ર એ છની ગણના છે) એમાંથી એક એક અંગને ત્રણ-ત્રણ વાર મંત્ર ભણીને ત્રણ ત્રણ આહુતિ આપવી જોઈએ. આ સૌના સ્વરૂપનું તેજસ્વીરૂપમાં ચિંતન કરવું જોઈએ. એ પછી બ્રાહ્મણની કુમારી કન્યા દ્વારા કાંતેલા સફેદ સુતરને એક વાર ત્રણ વળ દઈને પુનઃ ત્રિગુણ કરે. પછી એ સૂત્રને અભિમંત્રિત કરીને એક છેડો શિષ્યની શિખાના અગ્રભાગમાં બાંધી દે. શિષ્ય માથું ઊંચું કરીને ખડો થઈ જાય. એ અવસ્થામાં તે સૂત્ર એના પગના અંગૂઠા સુધી લટકતું રહે. દોરાને આવી રીતે લટકાવીને એમાં સુષુમ્ણા નાડીનું સંયોજન કરે. પછી મંત્રજ્ઞ ગુરુ શાંત મુદ્રા સાથે મૂલમંત્રથી ત્રણ આહુતિનો હોમ કરીને એ નાડીને લઈને એ સૂત્રમાં સ્થાપિત કરે પછી પૂર્વવત્ ફૂલ ફેંકીને શિષ્યના હૃદયમાં તાડન કરે અને એની પાસેથી ચૈતન્યને લઈને બાર આહુતિ પછી શિવને નિવેદિત કરીને એ લટકતા સૂત્રને એક સૂત સાથે જોડે અને 'હું ફટ્' મંત્રથી રક્ષા કરીને એ દોરાને શિષ્યના શરીરમાં લપેટી દે. પછી એવી ભાવના કરે કે શિષ્યનું શરીર મૂલત્રયમય પાશ છે, ભોગ અને ભોગત્વ જ એનું લક્ષણ છે, આ વિષય ઇન્દ્રિય અને દેહ વગેરેના જનક છે.

તદનંતર શાન્ત્યતીતા વગેરે પાંચ કલાઓને, જે આકાશ આદિ તત્ત્વરૂપિણી છે, એ સૂત્રમાં એમનાં નામ લઈ લઈને જોડવાં જોઈએ. યથા -

'વ્યોમરૂપિણીં' શાન્ત્યતીતકલાં યોજયામિ, વાયુરૂપિણીં શાંતિકલાં યોજયામિ, તેજોરૂપિણીં વિદ્યાકલાં યોજયામિ, જલરૂપિણીં પ્રતિષ્ઠાકલાં યોજયામિ, પૃથ્વીરૂપિણીં નિવૃત્તિકલાં યોજયામિ' ઇતિ.

આ રીતે આ કલાઓનું યોજન કરીને એમના નામના અંતમાં 'નમઃ' જોડીને એમની પૂજા કરે. યથા-'શાન્ત્યતીત-કલાયૈ નમઃ, શાંતિકલાયૈ નમઃ' ઇત્યાદિ અથવા આકાશ-આદિકના બીજભૂત (હં યં રં વં લં) મંત્રો દ્વારા યા પંચાક્ષરના પાંચ અક્ષરોમાં નાદ-બિન્દુનો યોગ કરીને બીજરૂપ-થયેલા એ મંત્રાક્ષરો દ્વારા ક્રમશઃ પૂર્વોક્ત કાર્ય કરીને તત્ત્વ આદિમાં મલ-આદિ પાશોની વ્યાપ્તિનું ચિંતન કરે. આ રીતે ગણ આદિ પાશોમાં પણ કલાઓની વ્યાપ્તિ દેખે. પછી આહુતિ કરીને એ કલાઓને સંદીપિત કરે. તદનંતર શિષ્યના મસ્તક પર તાડન કરીને

એના શરીર પર લપેટેલા સૂત્રને મૂલમંત્રના ઉચ્ચારણપૂર્વક શાન્ત્યતીત પદમાં અંકિત કરે. આ પ્રકારે ક્રમશઃ શાંત્યતીતથી માંડીને નિવૃત્તિકલાપર્યંત પૂર્વોક્ત કાર્ય કરીને ત્રણ આહુતિ આપીને મંડળમાં પુનઃ શિવનું પૂજન કરે. એ પછી દેવતાના દક્ષિણ ભાગમાં શિષ્યને કુશયુક્ત આસન પર મંડલમાં ઉત્તરાભિમુખ બેસાડીને ગુરુ હોમાવશિષ્ટ ચરુ એને આપી દે. ગુરુના આપેલા એ ચરુને શિષ્ય આદરપૂર્વક ગ્રહણ કરે અને શિવનું નામ લઈને એ ખાઈ જાય. પછી બે વાર આચમન કરીને શિવમંત્રનું ઉચ્ચારણ કરે. એ પછી ગુરુ બીજા મંડલમાં શિષ્યને પંચગવ્ય આપે. શિષ્ય પણ પોતાની શક્તિ અનુસાર એને પીને બે વાર આચમન કરીને શિવનું સ્મરણ કરે. એ પછી ગુરુ શિષ્યને મંડલમાં પૂર્વવત્ બેસાડીને શાસ્ત્રોક્ત લક્ષણથી યુક્ત દંતધાવન આપે. (દાંત સાફ કરવા તથા મુખશુદ્ધિ માટે આપે તે દંતધાવન) શિષ્ય પૂર્વ કે ઉત્તર તરફ મુખ કરીને બેસે અને મૌન થઈને એ દાતણના કોમલ અગ્રભાગ દ્વારા પોતાના દાંત સાફ કરે. પછી એ દાતણને ધોઈને ફેંકી દે અને કોગળા કરીને હાથ-મોં ધોઈને શિવનું સ્મરણ કરે. પછી ગુરુની આજ્ઞા મેળવીને શિષ્ય હાથ જોડીને શિવમંડલમાં પ્રવેશ કરે. તે ફેંકેલા દાતણને જો ગુરુએ પૂર્વ, ઉત્તર અથવા પશ્ચિમ દિશામાં પોતાની સામે જોઈ લે તો મંગલ છે; અન્યથા અન્ય દિશામાં જોવાથી અમંગળ થાય છે. જો નિન્દિત દિશામાં એ જોઈ જાય તો એના દોષની શાંતિ માટે ગુરુ મૂલમંત્રથી એક સો આઠ અથવા ચોપન આહુતિનો હોમ કરે. તત્પશ્ચાત્ શિષ્યનો સ્પર્શ કરીને એના કાનમાં 'શિવ' નામનો જપ કરીને મહાદેવજીના દક્ષિણ ભાગમાં શિષ્યને બેસાડે. ત્યાં નૂતન વસ્ત્ર પર પાથરેલા કુશને અભિમંત્રિત આસન પર પવિત્ર થયેલો શિષ્ય મનમાં ને મનમાં શિવનું ધ્યાન કરતાં પૂર્વની બાજુ ઓશીકું મૂકીને રાત્રે ઊંઘે. શિખામાં સૂત્ર બાંધેલા એ શિષ્યની શિખાને શિખાથી બાંધીને ગુરુ નૂતન-વસ્ત્ર દ્વારા હુંકાર ઉચ્ચારણ કરીને એને ઢાંકી દે. પછી શિષ્યની ચારે બાજુએ ભસ્મ, તલ અને સરસવથી ત્રણ રેખાઓ ખેંચીને ફટ્ મંત્રનો જપ કરીને રેખાના બાહ્ય ભાગમાં દિક્પાલો માટે બલિ આપે. શિષ્ય પણ ઉપવાસપૂર્વક ત્યાં જ રાત્રે ઊંઘી રહે અને સવાર થતાં ઊઠીને પોતે જોયેલાં સ્વપ્નની વાત ગુરુને બતાવે.

(અધ્યાય-૧૭)

*

ષડધ્વશોધનની વિધિ

ઉપમન્યુ કહે છે—હે યદુનંદન! તદનંતર ગુરુની આજ્ઞા લઈને શિષ્ય સ્નાન વગેરે સંપૂર્ણ કર્મને સમાપ્ત કરીને શિવનું ચિંતન કરતો હાથ જોડીને શિવમંડલ સમીપે જાય. એ પછી પૂજા સિવાય પહેલા દિવસનાં શેષ બધાં કૃત્ય નેત્રબંધનપર્યંત કરી લીધા પછી ગુરુ એને મંડલનાં દર્શન કરાવે. આંખે પાટા બાંધેલા રહેવા છતાં શિષ્ય કેટલાંક ફૂલ વિખેરે. જ્યાં પણ તે ફૂલ પડે, ત્યાં જ તેને ઉપદેશ આપે. પછી પૂર્વવત્ એને નિર્માલ્ય મંડળમાં લઈ જઈને ઈશાન દેવની

પૂજા કરાવે અને શિવાગ્નિમાં હવન કરાવે. જો શિષ્યએ દુઃસ્વપ્ન જોયું હોય તો એ દોષની શાંતિ માટે સો કે પચાશ વાર મૂલમંત્રથી અગ્નિમાં આહુતિ આપે. ત્યાર બાદ શિખામાં બાંધેલ દોરાને પૂર્વવત્ લટકાવીને આધારશક્તિની પૂજાથી લઈને નિવૃત્તિ કલા સંબંધી વાગીશ્વરી-પૂજનપર્યંત બધાં કાર્ય હોમપૂર્વક કરે.

આ પછી નિવૃત્તિ કલામાં વ્યાપક સતી વાગીશ્વરીને પ્રણામ કરીને મંડલમાં મહાદેવજીના પૂજન-પૂર્વક ત્રણ આહુતિ આપે. શિષ્યને એક જ સમયે સંપૂર્ણ યોનિઓમાં પ્રાપ્ત કરાવાની ભાવના કરે. પછી શિષ્યના સૂત્રમય શરીરમાં તાડન-પ્રોક્ષણ વગેરે કરીને એના આત્મચૈતન્યને લઈને દ્વાદશાન્તમાં નિવેદન કરે. પછી ત્યાંથી પણ એને લઈને આચાર્ય મૂલમંત્રથી શાસ્ત્રોકત મુદ્રા દ્વારા માનસિક ભાવનાથી એક જ સાથે સંપૂર્ણ યોનિઓમાં સંયુક્ત કરે. દેવતાઓની આઠ જાતિઓ છે, તિર્યક્-યોનિ (પશુ-પક્ષીઓ)ની પાંચ અને મનુષ્યની એક જાતિ છે. આ પ્રકારે કુલ ચૌદ યોનિઓ છે. એ બધામાં શિષ્યને એકસાથે પ્રવેશ કરાવવા માટે ગુરુ મનમાં ને મનમાં ભાવના દ્વારા શિષ્યના આત્માને યથોચિત રીતિથી વાગીશ્વરીના ગર્ભમાં નિવિષ્ટ કરે. વાગીશ્વરીના ગર્ભની સિદ્ધિ માટે મહાદેવજીનું પૂજન, પ્રણામ અને એમને નિમિત્તે હવન કરીને એ ચિંતન કરે કે યથાવત્રૂપથી તે ગર્ભ સિદ્ધ થઈ ગયો. સિદ્ધ થયેલા ગર્ભની ઉત્પત્તિ, કર્માનુવૃત્તિ, સરલતા, ભોગપ્રાપ્તિ, અને પરા પ્રીતિનું ચિંતન કરે. તત્પશ્ચાત્ એ જીવના ઉદ્ધાર તથા જાતિ, આયુ અને ભોગના સંસ્કારની સિદ્ધિ માટે ત્રણ આહુતિનો હવન કરીને શ્રેષ્ઠ ગુરુ મહાદેવજીને પ્રાર્થના કરે. ભોકતૃત્વવિષયક આસક્તિ (અથવા ભોકતૃતા અને વિષયાસક્તિ) રૂપ મળના નિવારણપૂર્વક શિષ્યના શરીરનું શોધન કરીને એના ત્રિવિધ પાશનો ઉચ્છેદ કરી દે. કપટ અથવા માયાથી બંધાયેલા શિષ્યના પાશનું અત્યંત ભેદન કરીને એના ચૈતન્યને કેવળ સ્વચ્છ માને. પછી અગ્નિમાં પૂર્ણાહુતિ આપીને બ્રહ્માનું પૂજન કરે. બ્રહ્મા માટે ત્રણ આહુતિ આપીને એમને શિવની આજ્ઞા સંભળાવે—

પિતામહ ત્વયા નાસ્ય યાતુઃ શૈવં પરં પદમ્।
પ્રતિબન્ધો વિધાતવ્યઃ શૈવાજ્ઞૈષા ગરીયસી॥

'હે પિતામહ! આ જીવ શિવના પરમપદે જનારો છે. તમારે વિઘ્ન કરવાનું નથી. આ ભગવાન શિવની ગુરુતર આજ્ઞા છે.'

બ્રહ્માજીને શિવનો આ આદેશ સંભળાવીને એમની વિધિવત્ પૂજા અને વિસર્જન કરીને મહાદેવજીની અર્ચના કરે અને એમને માટે ત્રણ આહુતિ આપે. તત્પશ્ચાત્ નિવૃત્તિ દ્વારા શુદ્ધ થયેલા શિષ્યના આત્માનો પૂર્વવત્ ઉદ્ધાર કરીને પોતાનો આત્મા અને સૂત્રમાં સ્થાપિત કરીને વાગીશનું પૂજન કરે. એમને માટે ત્રણ આહુતિ આપે અને પ્રણામ કરીને વિસર્જન કરી દે. ત્યાર પછી નિવૃત્ત પુરુષ પ્રતિષ્ઠાકલા સાથે સાંનિધ્ય સ્થાપિત કરે. એ સમયે એક વાર પૂજા કરીને ત્રણ આહુતિ આપે અને શિષ્યના આત્માના પ્રતિષ્ઠાકાળમાં પ્રવેશની ભાવના કરે. એ પછી પ્રતિષ્ઠાનું આવાહન કરીને પૂર્વોકત સંપૂર્ણ કાર્ય સંપન્ન કર્યા પછી એમાં વ્યાપક વાગીશ્વરીદેવીનું ધ્યાન કરે. એમની કાંતિ પૂર્ણ ચંદ્રમંડલ સમાન છે. ધ્યાન પછી શેષ કાર્ય પૂર્વવત્ કરે.

તદનંતર ભગવાન વિષ્ણુને પરમાત્મા શિવની આજ્ઞા સંભળાવે. પછી એમનું પણ વિસર્જન

વગેરે શેષ કૃત્ય પૂર્ણ કરીને પ્રતિષ્ઠાનો વિદ્યાથી સંયોગ કરે. એમાં પણ પૂર્વવત્ બધાં કાર્ય કરે. સાથે જ એમાં વ્યાપ્ત વાગીશ્વરી દેવીનું ચિંતન-પૂજન તથા પ્રજ્વલિત અગ્નિમાં પૂર્ણાહોમાન્ત બધાં કર્મ ક્રમશઃ સંપન્ન કરીને પૂર્વવત્ નીલરુદ્રનું આવાહન અને પૂજન વગેરે કરે. પછી પૂર્વોક્ત રીતિથી એમને પણ શિવની આજ્ઞા સંભળાવી દે. ત્યાર પછી એમનું પણ વિસર્જન કરીને શિષ્યની દોષશાંતિ માટે વિદ્યાકલાને લઈને એની વ્યાપ્તિનું અવલોકન કરે અને એમાં વ્યાપિકા વાગીશ્વરીદેવીનું પૂર્વવત્ ધ્યાન કરે. એમની આકૃતિ પ્રાતઃકાલના સૂર્યની જેમ અરુણ રંગની છે અને એ દશે દિશાઓને ઉદ્ભાસિત કરી રહ્યાં છે. આ પ્રકારે ધ્યાન કરીને બાકીનાં કાર્ય પૂર્વવત્ કરે. પછી મહેશ્વરદેવનું આવાહન પૂજન અને એમના ઉદ્દેશ્યથી હવન કરીને મનમાં ને મનમાં શિવની પૂર્વોક્ત આજ્ઞા સંભળાવે. તત્પશ્ચાત્ મહેશ્વરનું વિસર્જન કરીને અન્ય શાંતિકલાને શાંત્યતીતા કલા સુધી પહોંચાડીને એની વ્યાપકતાનું અવલોકન કરે. એના સ્વરૂપમાં વ્યાપક વાગીશ્વરીદેવીનું ચિંતન કરે. એમનું સ્વરૂપ આકાશમંડલ સમાન વ્યાપક છે. આ રીતે ધ્યાન કરીને પૂર્ણાહુતિ - હોમપર્યંત આખું કાર્ય પૂર્વવત્ કરે. શેષ કાર્યની પૂર્તિ કરીને સદાશિવની વિધિવત્ પૂજા કરે અને એમને પણ અમિત પરાક્રમી શંભુની આજ્ઞા સંભળાવી દે. પછી ત્યાં પણ પૂર્વવત્ શિષ્યના મસ્તક પર શિવની પૂજા કરીને એ વાગીશ્વરી દેવને પ્રણામ કરે અને એમનું વિસર્જન કરી દે.

તદનંતર શિવ-મંત્રથી પૂર્વવત્ શિષ્યના મસ્તકનું પ્રોક્ષણ કરીને આવું ચિંતન કરે કે શાન્ત્યતીતાકલાનો શિવ-મંત્રમાં વિલય થઈ ગયો. છ એ અધ્વાઓથી પરે જે શિવની સર્વાધ્વવ્યાપિની પરાશક્તિ છે, તે કરોડો સૂર્ય સમાન તેજસ્વિની છે, એવું એના સ્વરૂપનું ધ્યાન કરે. પછી એ શક્તિની આગળ શુદ્ધ સ્ફટિક સમાન નિર્મળ થયેલા શિષ્યને લઈ આવીને બેસાડે અને આચાર્ય કાતરને ધોઈને શિવ-શાસ્ત્રમાં બતાવેલી પદ્ધતિ અનુસાર સૂત્રસહિત એની શિખાનું છેદન કરે. એ શિખાને પહેલાં છાણમાં રાખીને પછી 'ૐ નમઃ શિવાય વૌષટ્'નું ઉચ્ચારણ કરીને એનો શિવાગ્નિમાં હવન કરી દે. પછી કાતર ધોઈને રાખી મૂકે અને શિષ્યની ચેતનાને એના શરીરમાં પાછી આણી દે. એ પછી જ્યારે શિષ્ય સ્નાન, આચમન અને સ્વસ્તિવાચન કરી લે, ત્યારે એને મંડલની નિકટ લઈ જાય અને શિવને દંડવત્ પ્રણામ કરીને ક્રિયાલોપજનિત દોષની શુદ્ધિ માટે યથોચિત રીતે પૂજા કરે. ત્યાર પછી વાચક મંત્રનું ધીરે ધીરે ઉચ્ચારણ કરીને અગ્નિમાં ત્રણ આહુતિ આપે. પછી મંત્રવૈકલ્યજનિત દોષની શુદ્ધિ માટે દેવેશ્વર શિવનું પૂજન કરીને મંત્રનું માનસિક ઉચ્ચારણ કરીને અગ્નિમાં ત્રણ આહુતિ આપે. ત્યાં મંડલમાં બિરાજમાન અમ્બા પાર્વતી સહિત શંભુની સમારાધના કરીને ત્રણ આહુતિનો હવન કરીને પછી ગુરુ હાથ જોડીને આ રીતે પ્રાર્થના કરે–

ભગવંસ્ત્વત્પ્રસાદેન શુદ્ધિરસ્ય પડધ્વનઃ।
કૃતા તસ્માત્પરં ધામ ગમયૈનં તવાવ્યયમ્ ॥

'હે ભગવન્! આપની કૃપાથી આ શિષ્યની પડધ્વશુદ્ધિ કરવામાં આવી છે; તેથી હવે આપ એને પોતાના અવિનાશી પરમધામમાં પહોંચાડો.'

આ રીતે ભગવાન પાસે પ્રાર્થના કરીને નાડીસંધાનપૂર્વક પૂર્વવત્ પૂર્ણાહુતિ-હોમપર્યંત

કર્મનું સંપાદન કરીને ભૂતશુદ્ધિ કરે. સ્થિરતત્વ (પૃથ્વી) અસ્થિર તત્ત્વ(વાયુ), શીતતત્ત્વ (જલ), ઉષ્ણતત્ત્વ (અગ્નિ) તથા વ્યાપકતા અને એકતારૂપ આકાશ તત્ત્વનું ભૂતશુદ્ધિ કર્મમાં ચિંતન કરે. આ ચિંતન એ ભૂતોની શુદ્ધિના ઉદ્દેશ્યથી જ કરવું જોઈએ. ભૂતોની ગ્રંથિઓનું છેદન કરીને એમના અધિપતિઓ અથવા અધિષ્ઠાતા દેવતાઓ સહિત એમના ત્યાગપૂર્વક સ્થિતિયોગ દ્વારા એમને પરમ શિવમાં નિયોજિત કરે. આ રીતે શિષ્યના શરીરનું શોધન કરીને ભાવના દ્વારા એને દગ્ધ કરે. પછી એની રાખને ભાવના દ્વારા જ અમૃતકણોથી આપ્લાવિત કરે. ત્યાર બાદ એમાં આત્માની સ્થાપના કરીને એના વિશુદ્ધ અધ્વમય શરીરનું નિર્માણ કરે. એમાં પહેલાં સંપૂર્ણ અધ્વોમાં વ્યાપક શુદ્ધ શાન્ત્યતીતા કલાનો શિષ્યના મસ્તક ઉપર ન્યાસ કરે. પછી શાંતિકલાનો મુખમાં, વિદ્યાકલાનો ગળાથી માંડીને નાભિ સુધીના ભાગમાં, પ્રતિષ્ઠાકલાનો એનાથી પણ નીચેના અંગોમાં ચિંતન કરે. તદનંતર, પોતાનાં બીજો સહિત સૂત્રમંત્રનો ન્યાસ કરીને સંપૂર્ણ અંગોસહિત શિષ્યને શિષ્યસ્વરૂપ સમજે. પછી એના હૃદયકમલમાં મહાદેવજીનું આવાહન કરીને પૂજન કરે. ગુરુ માટે ઉચિત છે કે શિષ્યમાં ભગવાન શિવના સ્વરૂપની નિત્ય ઉપસ્થિતિ માનીને શિવના તેજથી તેજસ્વી થયેલા એ શિષ્યની અગ્નિમા વગેરે ગુણોનું પણ ચિંતન કરે. પછી ભગવાન શિવને 'આપ પ્રસન્ન થાઓ' એવું કહીને અગ્નિમાં ત્રણ આહુતિ આપે. આ રીતે પુનઃ શિષ્ય માટે નિમ્નાંકિત ગુણોનું જ ઉપપાદન કરે. સર્વજ્ઞતા, તૃપ્તિ, આદિ-અંતરહિત બોધ, અલુપ્તશક્તિમત્તા, સ્વતંત્રતા અને અનંત શક્તિ-આ ગુણોની એમાં ભાવના કરે.

એ પછી મહાદેવજી પાસેથી આજ્ઞા લઈને એ દેવેશ્વરનું મનમાં ને મનમાં ચિંતન કરતાં સદ્યોજાત વગેરે કળશો દ્વારા શિષ્યનો અભિષેક કરે. ત્યાર પછી શિષ્યને પોતાની પાસે બેસાડીને પૂર્વવત્ શિવની અર્ચના કરીને એમની આજ્ઞા લે. એ શિષ્યને શૈવી-વિદ્યાનો ઉપદેશ કરે. એ શૈવીવિદ્યાના આદિમાં ઓંકાર હોય. તે આ ઓંકારથી સંપુટિત થઈ અને એના અંતમાં નમઃ લગાડેલું હોય. તે વિદ્યા શિવ અને શક્તિ બંનેથી સંયુક્ત હોય. યથા ૐ ૐ નમઃ શિવાય ૐ નમઃ આ રીતે શક્તિ-વિદ્યાનો પણ ઉપદેશ કરે યથા ૐ ૐ નમઃ શિવાયૈ ૐ નમઃ આ વિદ્યાઓની સાથે ઋષિ, છંદ, દેવતા, શિવા અને શિવની શિવરૂપતા, આવરણ-પૂજા તથા શિવસંબંધી આસનોનો પણ ઉપદેશ આપે. ત્યાર પછી દેવેશ્વર શિવનું પુનઃ પૂજન કરીને કહે— 'હે ભગવન્! મેં જે કાંઈ કર્યું છે, તે બધાને આપ સુકૃતરૂપ કરી દો.' આ રીતે ભગવાન શિવ પાસે નિવેદન કરવું જોઈએ. ત્યારબાદ શિષ્યસહિત ગુરુ પૃથ્વી પર દંડની જેમ પડીને મહાદેવજીને પ્રણામ કરે. પ્રણામ પછી એ મંડળથી અને અગ્નિથી પણ એમનું વિસર્જન કરી દે. એ પછી સમસ્ત પૂજનીય સદસ્યોનું ક્રમશઃ પૂજન કરવું જોઈએ. સદસ્યો અને ઋત્વિઓની પોતાના વૈભવ અનુસાર સેવા કરવી જોઈએ. સાધક જો કલ્યાણ ચાહતો હોય તો ધન ખર્ચ કરવામાં કંજૂસાઈ ન કરે.

(અધ્યાય-૧૮)

*

સાધક-સંસ્કાર અને મંત્ર-માહાત્મ્યનું વર્ણન

ઉપમન્યુ કહે છે—હે યદુનંદન! હવે શું સાધક-સંસ્કાર અને મંત્ર-માહાત્મ્યનું વર્ણન કરીશ. આ વાતની સૂચના હું પહેલાં આપી ચૂક્યો છું. પૂર્વવત્ મંડલમાં કળશ પર સ્થાપિત મહાદેવજીની પૂજા કર્યા પછી હવન કરે. પછી ઉઘાડે માથે શિષ્યને એ મંડલની પાસે બેસાડે, ભૂમિ પર બેસાડે. પૂર્ણાહુતિ હોમ પર્યંત બધાં કાર્ય પૂર્વવત્ કરીને મૂલમંત્રથી સો આહુતિ આપે. શ્રેષ્ઠ ગુરુ કળશોમાંથી મૂલમંત્રના ઉચ્ચારણપૂર્વક તર્પણ કરીને સંદીપન કર્મ કરે. પછી ક્રમશઃ પૂર્વોક્ત કર્મોનું સંપાદન કરીને અભિષેક કરે. ત્યાર પછી ગુરુ શિષ્યને ઉત્તમ મંત્ર આપે, ત્યાં વિદ્યોપદેશાન્ત બધાં કાર્ય વિસ્તારપૂર્વક સંપાદિત કરીને પુષ્પયુક્ત જલથી શિષ્યના હાથ પર શૈવી વિદ્યા સમર્પિત કરે અને આ પ્રકારે કહે—

તવૈહિકામુષ્મિકયોઃ સર્વસિદ્ધિફલપ્રદઃ।
ભવત્વેષ મહામંત્ર પ્રસાદાત્પરમેષ્ઠિનઃ॥

'હે સૌમ્ય! આ મહામંત્ર પરમેશ્વર શિવની કૃપા-પ્રસાદથી તમારે માટે ઐહલૌકિક તથા પારલૌકિક સંપૂર્ણ સિદ્ધિઓના ફળને આપનારો થાઓ.'

આવું કહીને મહાદેવજીની પૂજા કરીને એમની આજ્ઞા લઈને ગુરુ સાધકને સાધન અને શિવયોગનો ઉપદેશ દે છે. ગુરુના એ ઉપદેશને સાંભળીને મંત્રસાધક શિષ્ય એમની સામે જ વિનિયોગ કરીને મંત્ર-સાધનનો આરંભ કરે. મૂલમંત્રના સાધનને પુરશ્ચરણ કહે છે; કેમકે વિનિયોગ નામનું કર્મ સૌથી પહેલાં આચરણમાં લાવવા યોગ્ય છે. આ જ પુરશ્ચરણ શબ્દની વ્યુત્પત્તિ છે. મુમુક્ષુ માટે મંત્રસાધન અત્યંત કર્તવ્ય છે; કેમકે કરેલું મંત્ર-સાધન આ લોક અને પરલોકમાં સાધક માટે કલ્યાણદાયક હોય છે.

શુભ દિન અને શુભ દેશમાં નિર્દોષ સમયમાં દાંત અને નખ સાફ કરીને સારી રીતે સ્નાન કરે. પૂર્વાહ્ણકાલિક કૃત્ય પૂર્ણ કરીને યથાપ્રાપ્ત ગંધ, પુષ્પમાળા તથા આભૂષણોથી અલંકૃત થઈને, માથા પર પાઘડી રાખીને, દુપટ્ટો ઓઢીને પૂર્વતઃ શ્વેત વસ્ત્ર ધારણ કરીને દેવાલયમાં, ઘરમાં અથવા કોઈ પવિત્ર અથવા મનોહર દેશમાં પહેલાંથી જ અભ્યાસમાં ઉપયોગી થયેલ સુખાસનમાં બેસીને શિવશાસ્ત્રોક્ત પદ્ધતિ અનુસાર પોતાના શરીરને શિવરૂપ બનાવે. પછી દેવેશ્વર નકુલીશ્વર શિવનું પૂજન કરીને એમને ખીરનું નૈવેદ્ય અર્પિત કરે. ક્રમશઃ એમની પૂજા પૂરી કરીને એ પ્રભુને પ્રણામ કરે અને એમના મુખથી આજ્ઞા મેળવીને એક કરોડ, અર્ધો કરોડ અથવા પા કરોડ શિવમંત્રનો જપ કરે અથવા વીશ લાખ કે દશ લાખ જપ કરે. એ પછી સદા ખીર અને ક્ષાર મીઠારહિત અન્ય પદાર્થનું દિવસ-રાતમાં કેવળ એક વાર ભોજન કરે. અહિંસા, ક્ષમા, શમ(મનોનિગ્રહ), દમ (ઇન્દ્રિય સંયમ)નું પાલન કર્યા કરે. ખીર ન મળે તો ફળ, મૂળ વગેરેનું ભોજન કરે. ભગવાન શિવે નિમ્નાંકિત ભોજ્ય પદાર્થોનું વિધાન કર્યું છે, જે ઉત્તરોત્તર શ્રેષ્ઠ છે. પહેલાં તો ચરુભક્ષણ કરવા યોગ્ય છે. એ પછી સત્તુના કણ, જવના લોટનો હલવો, શાક, દૂધ, દહીં, ઘી, મૂળ, ફળ અને જળ-એ આહાર

માટે વિહિત છે. આ ભક્ષ્યભોજ્ય વગેરે પદાર્થોને મૂલમંત્રથી અભિમંત્રિત કરીને પ્રતિદિન મૌનભાવે ભોજન કરવું. આ સાધનમાં વિશેષરૂપે આવું કરવાનું વિધાન છે. વ્રતી માટે જરૂરી છે કે એક સો આઠ મંત્રથી અભિમંત્રિત કરેલ પવિત્ર જલથી સ્નાન કરે અથવા નદી-નદના જલને યથાશક્તિ મંત્રજપ દ્વારા અભિમંત્રિત કરીને પોતાના શરીરનું પ્રોક્ષણ કરી લે, પ્રતિદિન તર્પણ કરે અને શિવાગ્નિમાં આહુતિ આપે. હવનીય પદાર્થ સાત, પાંચ અથવા ત્રણ દ્રવ્યોના મિશ્રણથી તૈયાર કરે અથવા કેવળ ઘીની જ આહુતિ આપે.

જે શિવભક્ત સાધક આ પ્રકારે ભક્તિભાવથી શિવની સાધના અથવા આરાધના કરે છે, એને માટે આ લોક અને પરલોકમાં કશુંયે દુર્લભ નથી અથવા પ્રતિદિન ભોજન કર્યા વગર જ એકાગ્રચિત્ત થઈ એક હજાર મંત્રનો જપ કર્યા કરે. મંત્રસાધના વગર પણ જે આવું કરે છે એને ન તો કશું દુર્લભ છે અને ક્યાંય તેનું અમંગલ થતું નથી. તે આ લોકમાં વિદ્યા, લક્ષ્મી તથા સુખ મેળવીને અંતે મોક્ષ પ્રાપ્ત કરી લે છે. સાધન, વિનિયોગ તથા નિત્ય નૈમિત્તિક કર્મમાં ક્રમશઃ જલથી, મંત્રથી અને ભસ્મથી પણ સ્નાન કરીને પવિત્ર શિખા બાંધીને યજ્ઞોપવીત ધારણ કરીને કુશની પવિત્રી હાથમાં લઈને લલાટમાં ત્રિપુંડ્ર લગાવીને રુદ્રાક્ષની માળા લઈને પંચાક્ષર-મંત્રનો જપ કરવો જોઈએ.

(અધ્યાય-૧૮)

*

યોગ્ય શિષ્યની આચાર્યપદ પર અભિષેકનું વર્ણન તથા સંસ્કારના વિવિધ પ્રકારોનો નિર્દેશ

ઉપમન્યુ કહે છે—હે યદુનંદન! જેનો આ પ્રકારે સંસ્કાર કરવામાં આવેલો હોય અને જેણે પાશુપત-વ્રતનું અનુષ્ઠાન પૂરું કરી લીધું હોય, તે શિષ્ય જો યોગ્ય હોય તો ગુરુ એનો આચાર્યપદ પર અભિષેક કરે, યોગ્યતા ન હોય તો ન કરે. આ અભિષેકને માટે પૂર્વવત્ મંડલ બનાવીને પરમેશ્વર શિવની પૂજા કરે. પછી પૂર્વવત્ પાંચ કળશની સ્થાપના કરે. એમાંના ચાર તો ચારે દિશાઓમાં હોય અને પાંચમો મધ્યમાં હોય. પૂર્વવાળા કળશ પર નિવૃત્તિ કલાનો, પશ્ચિમના કળશ પર પ્રતિષ્ઠાકલાનો દક્ષિણ કળશ પર વિદ્યાકલાનો, ઉત્તર કળશ પર શાંતિકલાનો અને મધ્યવર્તી કળશ પર શાન્ત્યતીતા કલાનો ન્યાસ કરીને એમાં રક્ષા આદિનું વિધાન કરીને ધેનુમુદ્રા બાંધીને કળશોને અભિમંત્રિત કરીને પૂર્વવત્ પૂર્ણાહુતિપર્યંત હોમ કરે. પછી ઊઘાડે માથે શિષ્યને મંડળમાં લઈ આવીને ગુરુમંત્રોનું તર્પણ આદિ કરે અને પૂર્ણાહુતિપર્યંત હવન અને પૂજન કરીને પૂર્વવત્ દેવેશ્વરની આજ્ઞા લઈને શિષ્યને અભિષેક માટે ઊંચે આસને બેસાડે. પહેલાં સકલીકરણની ક્રિયા કરીને પંચકલારૂપી શિષ્યના શરીરમાં મંત્રનો ન્યાસ કરે. પછી એ શિષ્યને બાંધીને શિવને સોંપી દે. ત્યાર પછી નિવૃત્તિકલા વગેરેથી યુક્ત કળશોને ક્રમશઃ ઉઠાવીને શિષ્યનો શિવમંત્રથી અભિષેક કરે. અંતે મધ્યવર્તી કળશના જલથી

અભિષેક કરવો જોઈએ એ પછી શિવભાવને પ્રાપ્ત થયેલ આચાર્ય શિષ્યના મસ્તક પર શિવહસ્ત* રાખે અને એને શિવાચાર્યની સંજ્ઞા આપો. તદનંતર એને વસ્ત્રાભૂષણોથી અલંકૃત કરીને શિવમંડળમાં મહાદેવજીની આરાધના કરીને એકસો આઠ આહુતિ અને પૂર્ણાહુતિ આપે. પછી દેવેશ્વરની પૂજા અને ભૂતલ પર સાષ્ટાંગ પ્રણામ કરીને ગુરુ મસ્તક પર હાથ જોડીને ભગવાન શિવને આમ નિવેદન કરે—

ભગવંસ્ત્વત્પ્રસાદેન દેશિકોઽયં મયા કૃતઃ।
અનુગ્રહ્ય ત્વયા દેવ દિવ્યાજ્ઞાસ્મૈ પ્રદીયતામ્ ॥

'હે ભગવન્! આપની કૃપાથી મેં આ યોગ્ય શિષ્યને આચાર્ય બનાવી દીધો છે. હે દેવ! હવે આપ અનુગ્રહ કરીને આને દિવ્ય આજ્ઞાનું પ્રદાન કરો.' આ પ્રકારે કહીને ગુરુ શિષ્યની સાથે પુનઃ શિવને પ્રણામ કરે અને દિવ્ય શિવ-શાસ્ત્રનું શિવની જેમ જ પૂજન કરે. એ પછી શિવની આજ્ઞા લઈને આચાર્ય પોતાના એ શિષ્યને પોતાના બંને હાથથી શિવ-સંબંધી જ્ઞાનનું પુસ્તક આપે. તે એ શિવાગમ વિદ્યાને મસ્તક ઉપર રાખીને પછી એને વિદ્યાસન પર રાખે અને યથોચિત રીતિથી પ્રણામ કરીને એની પૂજા કરે. ત્યાર બાદ ગુરુ એને રાજોચિત ચિહ્ન પ્રદાન કરે, કેમકે આચાર્યપદવીને પ્રાપ્ત થઈને પુરુષ રાજ્ય મેળવવાને માટે પણ યોગ્ય છે.

ત્યાર પછી ગુરુ એને પૂર્વાચાર્યો દ્વારા આચરિત શિવ-શાસ્ત્રોક્ત આચારનું અનુશાસન કરે, જેથી સર્વ લોકોમાં સન્માન થાય છે. 'આચાર્ય' પદવીને પ્રાપ્ત થયેલ પુરુષ શિવશાસ્ત્રોક્ત લક્ષણો અનુસાર યત્નપૂર્વક શિષ્યોની પરીક્ષા કરીને એમના સંસ્કાર કર્યા પછી એમને શિવજ્ઞાનનો ઉપદેશ આપે છે. આ રીતે તે વગર કોઈ આયાસે શૌચ, ક્ષમા, દયા, અસ્પૃહા (કામનાત્યાગ) તથા અનસૂયા (ઈર્ષ્યાત્યાગ) વગેરે ગુણો યત્નપૂર્વક પોતામાં સંઘરે છે. આ રીતે એ શિષ્યને આદેશ આપીને મંડળથી શિવનું શિવકળશોનું તથા અગ્નિ વગેરેનું વિસર્જન કરીને તે સદસ્યોનું પૂજન (દક્ષિણા વગેરેથી સત્કાર) કરે.

અથવા, પોતાના ગણોસહિત ગુરુ એકસાથે જ બધા સંસ્કાર કરે. જ્યાં બે કે ત્રણ સંસ્કારોનો પ્રયોગ કરવાનો હોય, ત્યાંને માટે વિધિનો ઉપદેશ કરવામાં આવે છે—ત્યાં આદિમાં જ અધ્વશુદ્ધિ-પ્રકરણમાં કહ્યા અનુસાર કળશોની સ્થાપના કરે. અભિષેક સિવાય સમયાચાર દીક્ષાનાં બધાં કર્મ કરીને શિવનું પૂજન અને અધ્વશોધન કરે. અધ્વશુદ્ધિ થઈ ગયા પછી મહાદેવજી પૂજા કરે. એ પછી હવન અને મંત્ર-તર્પણ કરીને દીપન-કર્મ કરે તથા મહેશ્વરની આજ્ઞા લે. શિષ્યના હાથમાં મંત્રસમર્પણપૂર્વક શેષ કાર્ય પૂર્ણ કરે.

અથવા સંપૂર્ણ મંત્ર-સંસ્કારનું ક્રમશઃ અનુચિંતન કરીને ગુરુ અભિષેક-પર્યંત અધ્વશુદ્ધિનું કાર્ય સંપન્ન કરે. ત્યાં શાન્ત્યતીતા આદિ કલાઓ

---

* ગુરુ પહેલાં પોતાના જમણા હાથ પર સુગંધ દ્રવ્ય દ્વારા મંડળનું નિર્માણ કરે, પછી તે એના પર વિધિપૂર્વક ભગવાન શિવની પૂજા કરે. આ પ્રકારે તે 'શિવહસ્ત' થઈ જાય છે. 'હું સ્વયં પરં શિવ છું.' આવો નિશ્ચય કરીને શ્રી ગુરુદેવ અસંદિગ્ધ ચિત્તથી શિષ્યના માથાનો સ્પર્શ કરે છે. એ 'શિવહસ્ત'ના સ્પર્શમાત્રથી શિષ્યનું શિવત્વ અભિવ્યક્ત થઈ જાય છે.

માટે જે વિધિનું અનુષ્ઠાન કરવામાં આવ્યું છે. તે આખું વિધાન ત્રણ તત્ત્વોની શુદ્ધિ માટે પણ કર્તવ્ય છે. શિવ-તત્ત્વ, વિદ્યા-તત્ત્વ અને આત્મ-તત્ત્વ એ ત્રણ તત્ત્વ કહેવાયાં છે. શક્તિમાં પહેલાં શિવનું, પછી વિદ્યાનું અને એ પછી એના આત્માને આવિર્ભાવ થયો છે. શિવથી 'શાન્ત્યતીતાધ્વા' વ્યાપ્ત છે. એનાથી 'શાંતિકલાધ્વા', એનાથી 'વિદ્યાકલાધ્વા' વિદ્યાથી પરિશિષ્ટ' પ્રતિષ્ઠાકલાધ્વા' અને એનાથી 'નિવૃત્તિકલાધ્વા' વ્યાપ્ત છે. શિવશાસ્ત્રના પારંગત મનીષી પુરુષ મંત્રમૂલક શાંભવ (શૈવ) સંસ્કારને દુર્લભ માનીને શાક્તસંસ્કારનું પ્રતિપાદન કરે છે. હે શ્રીકૃષ્ણ! આ પ્રકારે મેં તમને સંપૂર્ણ ચુતર્વિધ સંસ્કારકર્મનું વર્ણન કરી બતાવ્યું છે. હવે બીજું શું સાંભળવા ચાહો છો?

(અધ્યાય-૨૦)

*

અન્તર્યાગ અથવા માનસિક પૂજાવિધિનું વર્ણન

તદનંતર શ્રીકૃષ્ણના પૂછવા પર નિત્ય-નૈમિત્તિક કર્મ તથા ન્યાસનું વર્ણન કર્યા પછી ઉપમન્યુ બોલ્યા—હવે હું પૂજાના વિધાનનું સંક્ષેપમાં વર્ણન કરું છું. આને શિવશાસ્ત્રમાં શિવે શિવા પ્રત્યે કહ્યું છે. મનુષ્ય અગ્નિહોત્રપર્યંત અન્તર્યાગનું અનુષ્ઠાન કર્યા પછી બહિર્યાગ (બાહ્યપૂજન) કરે. (એની વિધિ આ પ્રકારે છે—) અન્તર્યાગમાં પહેલાં પૂજાદ્રવ્યોને મનથી કલ્પિત અને શુદ્ધ કરીને ગણેશજીનું વિધિપૂર્વક ચિંતન અને પૂજન કરે. ત્યાર પછી દક્ષિણ અને ઉત્તર ભાગમાં ક્રમશઃ નંદીશ્વર અને સુયશાની આરાધના કરીને વિદ્વાન પુરુષ ઉત્તમ આસનની કલ્પના કરે. સિંહાસન, યોગાસન અથવા ત્રણે તત્ત્વોથી યુક્ત નિર્મલ પદ્માસનની ભાવના કરે. એની ઉપર સર્વ મનોહર સામ્બશિવનું ધ્યાન કરે. તે શિવ સમસ્ત શુભ લક્ષણોથી યુક્ત અને સંપૂર્ણ અવયવોથી શોભાયમાન છે. એ સૌથી વધારે છે, અધિક છે અને સમસ્ત આભૂષણો એમની શોભા વધારે છે. એમના હાથ-પગ લાલ છે. એમનું મંદસ્મિત કરતું મુખ કુન્દ અને ચંદ્રમાની જેમ શોભા પામે છે. એમની અંગકાંતિ શુદ્ધ સ્ફટિકની જેમ નિર્મલ છે. ત્રણ નેત્ર પ્રફુલ્લ કમલની જેમ સુંદર છે. ચાર ભુજાઓ, ઉત્તમ અંગ અને મનોહર ચંદ્રકલાનો મુગટ ધારણ કરેલા ભગવાન હર પોતાના બે હાથમાં વરદ તથા અભયની મુદ્રા ધારણ કરે છે અને બાકીના બે હાથમાં મૃગમુદ્રા અને ટંક (પરશુ) રાખે છે. એમના કાંડા પર સર્પની માળા કડાનું કામ આપે છે. ગળામાં મનોહર નીલચિહ્ન શોભિત છે, એની ક્યાંય કોઈ ઉપમા નથી. તે પોતાના અનુગામી સેવકો તથા આવશ્યક ઉપકરણો સાથે બિરાજમાન છે.

આ રીતે ધ્યાન કરીને એમના વામભાગમાં મહેશ્વરી શિવાનું ચિંતન કરે. શિવાની અંગકાંતિ પ્રફુલ્લ કમલદલ સમાન પરમ સુંદર છે. એમનાં નેત્ર મોટાં મોટાં છે. મુખ પૂર્ણ ચંદ્રમા સમાન સુશોભિત છે. મસ્તક પર કાળા વાંકડિયા કેશ શોભે છે. તે નીલ ઉત્પલદલ સમાન કાંતિમયી છે. મસ્તક પર અર્ધચંદ્ર મુગટ ધારણ કરે છે. એમનાં પીન પયોધર અત્યંત ગોળ, ઘનીભૂત,

ઊંચાં અને સ્નિગ્ધ છે. શરીરનો મધ્યભાગ કૃશ છે. નિતંબ-ભાગ સ્થૂળ છે, તેમણે ઝીણાં પીળાં વસ્ત્ર ધારણ કર્યાં છે. સંપૂર્ણ આભૂષણ એમની શોભા વધારે છે. લલાટ પર લાગેલું સુંદર તિલક એમની શોભામાં, સૌંદર્યમાં વધારે ખીલી ઊઠે છે. વિચિત્ર ફૂલોની માલાથી ગુંફિત કેશપાશ એમની શોભા વધારે છે. એમની આકૃતિ બધી બાજુથી સુંદર અને સુડોળ છે. મુખ લજ્જાથી થોડું થોડું નમેલું છે. તે જમણા હાથમાં શોભાશાળી સુવર્ણમય કમળ ધારણ કરે છે અને બીજા હાથને દંડની જેમ સિંહાસન પર રાખીને એનો સહારો લઈ એ મહાન આસન પર બેઠેલાં છે. શિવાદેવી સમસ્ત પાશોનું છેદન કરનારાં સાક્ષાત્ સચ્ચિદાનંદસ્વરૂપિણી છે. આ પ્રકારે મહાદેવ અને મહાદેવીનું ધ્યાન કરીને શુભ અને શ્રેષ્ઠ આસન પર સંપૂર્ણ ઉપચારોથી યુક્ત ભાવમય પુષ્પો દ્વારા એમનું પૂજન કરે.

અથવા ઉપર્યુક્ત વર્ણન અનુસાર પ્રભુ શિવની એક મૂર્તિ બનાવી લેવી, એનું નામ શિવ અથવા સદાશિવ હોય. બીજી મૂર્તિ શિવાની હોવી જોઈએ. એનું નામ માહેશ્વરી પદ્મવિંશકા અથવા 'શ્રીકણ્ઠ' હો. પછી પોતાના જ શરીરની જેમ મૂર્તિમાં મંત્રન્યાસ વગેરે કરીને એ મૂર્તિમાં સત્-અસત્થી પરે મૂર્તિમાન પરમ શિવનું ધ્યાન કરે. એ પછી બાહ્ય પૂજનના ક્રમથી જ મનથી પૂજા સંપાદિત કરે. ત્યાર પછી સમિધા અને ઘી વગેરેથી નાભિમાં હોમની ભાવના કરે. તદનંતર ભ્રૂમધ્યમાં શુદ્ધ દીપશિખા સમાન આકારવાળા જ્યોતિર્મય શિવનું ધ્યાન કરે. આ રીતે પોતાના અંગમાં અથવા સ્વતંત્રવિગ્રહમાં શુભ ધ્યાન યોગ દ્વારા અગ્નિમાં હોમ પર્યંત આખું પૂજન કરવું જોઈએ. આ વિધિ સર્વત્ર સમાન જ છે. આ રીતે ધ્યાનમય આરાધનાનો આખો ક્રમ સમાપ્ત કરીને મહાદેવજીનું શિવલિંગમાં વેદી પર અથવા અગ્નિમાં પૂજન કરે. (અધ્યાય ૨૧-૨૩)

*

શિવપૂજનની વિધિ

ઉપમન્યુ કહે છે—હે યદુનંદન! વિશુદ્ધિને માટે મૂલમંત્રથી ગંધ, ચંદનમિશ્રિત જલ દ્વારા પૂજા સ્થાનનું પ્રોક્ષણ કરવું જોઈએ. એ પછી ફૂલ વેરે. અસ્ત્ર-મંત્ર (ફટ્)નું ઉચ્ચારણ કરીને વિઘ્નોને તગેડી મૂકે. પછી કવચ-મંત્ર (હુમ્)થી પૂજાસ્થાનને બધી બાજુથી અવગુંઠિત કરે. અસ્ત્રમંત્રનો સંપૂર્ણ દિશાઓમાં ન્યાસ કરીને પૂજાભૂમિની કલ્પના કરે. ત્યાં બધે જ કુશ પાથરી દે અને પ્રોક્ષણ વગેરે દ્વારા એ ભૂમિનું પ્રક્ષાલન કરે. પૂજા સંબંધી સમસ્ત પાત્રોનું શોધન કરીને દ્રવ્ય શુદ્ધિ કરે. પ્રોક્ષણીપાત્ર, અર્ઘ્યપાત્ર, પાદ્યપાત્ર અને આચમનીય પાત્ર - એ ચારેનું પ્રક્ષાલન, પ્રોક્ષણ અને વીક્ષણ કરીને એમાં શુભ જલ રેડે અને જેટલાં મળી શકે એ બધાં પવિત્ર દ્રવ્યો એમાં મૂકી દે. પંચરત્ન, ચાંદી, સોનું, ગંધ, પુષ્પ, અક્ષત વગેરે તથા ફળ, પલ્લવ અને કુશ-આ બધાં અનેક પ્રકારનાં પુણ્ય દ્રવ્ય છે. સ્નાન અને પીવાના પાણીમાં વિશેષરૂપે સુગંધ વગેરે અને શીતલ, મનોજ્ઞ પુષ્પ વગેરે પધરાવે. પાદ્યપાત્રમાં ખસ અને ચંદન પધરાવવાં જોઈએ.

આચમનીયપાત્રમાં વિશેષતઃ જાયફળ, કંકોલ, કપૂર, સહિજન (શોભાંજન-સરગવો), અને તમાલનું ચૂર્ણ નાખવું જોઈએ. એલચી બધાં જ પાત્રોમાં નાખવાની વસ્તુ છે. કપૂર, ચંદન, કુશાગ્રભાગ, અક્ષત જવ, તલ, ઘી, સરસવ, ફૂલ અને ભસ્મ-આ સર્વને અર્ઘ્યપાત્રમાં પધરાવવાં જોઈએ. કુશ, ફૂલ, જવ, ડાંગર સરગવો, તમાલ અને ભસ્મ-એ સૌનું પ્રોક્ષણીપાત્રમાં પ્રક્ષેપન કરવું જોઈએ. સર્વત્ર મંત્રન્યાસ કરીને કવચ-મંત્રથી પ્રત્યેક પાત્રને બહારથી આવેષ્ટિત કરવું જોઈએ-ત્યાર પછી અસ્ત્ર-મંત્રથી એની રક્ષા કરીને ધેનુમુદ્રા દેખાડવી-પૂજાની બધી સામગ્રી બધાં દ્રવ્યોને પ્રોક્ષણીપાત્રના જલથી મૂલમંત્રથી પ્રોક્ષણ કરીને વિધિવત્ શોધન કરે. શ્રેષ્ઠ સાધક માટે એ જરૂરી છે કે વધારે પાત્રો ન મળવા પર બધાં કર્મોમાં એકમાત્ર પ્રોક્ષણીપાત્રને જ સંપાદિત કરીને રાખે અને એના જલથી સામાન્યતઃ અર્ઘ્ય વગેરે આપે. ત્યાર પછી મંડપના દક્ષિણ દ્વાર ભાગમાં ભક્ષ્ય-ભોજ્ય આદિના ક્રમથી વિધિપૂર્વક વિનાયકદેવની પૂજા કરીને અંતઃપુરના સ્વામી સાક્ષાત્ નન્દીની સારી રીતે પૂજા કરે. એમની અંગકાંતિ સુવર્ણમય પર્વત સમાન છે. સંપૂર્ણ આભૂષણ એમની શોભા વધારે છે. મસ્તક પર બાલચંદ્રનો મુગટ સુશોભિત હોય છે, એમની મૂર્તિ સૌમ્ય છે. તે ત્રણ નેત્ર અને ચાર ભુજાઓથી યુક્ત છે. એમના એક હાથમાં ચમકતું ત્રિશૂલ, બીજામાં મૃગી, ત્રીજામાં ટંક અને ચોથામાં તીક્ષ્ણ સોટી છે, નેતરની સોટી છે. એમના મુખની કાંતિ ચંદ્રમંડલસમાન ઉજ્જ્વળ છે. મુખ વાનર જેવું છે.

દ્વારના ઉત્તર પાર્શ્વમાં એમની પત્ની સુયશા છે, જે મરુદ્ગણોની કન્યા છે. તે ઉત્તમ વ્રતનું પાલન કરનારાં છે અને પાર્વતીજીના ચરણોનો શણગાર કરવામાં લાગ્યાં રહે છે. એમનું પૂજન કરીને પરમેશ્વર શિવના ભવનની અંદર પ્રવેશ કરે અને એ દ્રવ્યોથી શિવલિંગનું પૂજન કરીને નિર્માલ્યને ત્યાંથી હટાવી દે. ત્યાર પછી ફૂલ ધોઈને શિવલિંગના મસ્તક પર એની શુદ્ધિ માટે રાખે. પછી હાથમાં ફૂલ લઈને યથાશક્તિ મંત્ર જપે આનાથી મંત્રની શુદ્ધિ થાય છે. ઈશાન કોણમાં ચંડીની આરાધના કરીને એમને પૂર્વોક્ત નિર્માલ્ય અર્પિત કરે. તત્પશ્ચાત્ ઈષ્ટદેવ માટે આસનની કલ્પના કરે. ક્રમશઃ આધાર આદિનું ધ્યાન કરે—કલ્યાણમયી આધારશક્તિ ભૂતલ પર બિરાજમાન છે અને એમની અંગકાંતિ શ્યામ છે. આ પ્રકારે એમના સ્વરૂપનું ચિંતન કરવું. એમની ઉપર કેશર ચઢાવીને સર્પાકાર અનંત બેઠા છે, જેમની અંગકાંતિ ઉજ્જ્વળ છે. તે પાંચ ફેણથી યુક્ત છે અને જાણે કે આકાશને ચાટે છે. અનંતની ઉપર ભદ્રાસન છે, જેના ચારે પાયામાં સિંહની આકૃતિ બનેલી છે. એ ચાર પાયાને ક્રમશઃ ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ઐશ્વર્યરૂપ છે. ધર્મ નામનો પાયો આગ્નેય કોણમાં છે અને એનો રંગ સફેદ છે—જ્ઞાન નામનો પાયો નૈર્ઋત્ય કોણમાં છે અને એનાં રંગ લાલ છે. વૈરાગ્ય વાયવ્ય કોણમાં છે અને એનો રંગ પીળો છે તથા ઐશ્વર્ય ઈશાન કોણમાં છે અને એનો વર્ણ શ્યામ છે. અધર્મ આદિ એ આસનના પૂર્વાદિ ભાગમાં ક્રમશઃ સ્થિત છે અર્થાત્ અધર્મ પૂર્વમાં, અજ્ઞાન દક્ષિણમાં, અવૈરાગ્ય પશ્ચિમમાં અને અનૈશ્વર્ય ઉત્તરમાં છે. એમનાં અંગ રાજાવર્ત મણિ સમાન છે. એવી ભાવના કરવી જોઈએ.

આ ભદ્રાસનને ઉપરથી આચ્છાદિત કરનાર શ્વેત નિર્મલ પદ્મમય આસન છે. અણિમા વગેરે આઠ ઐશ્વર્ય-ગુણ જ એ કમળનાં આઠ દળ છે; વામદેવ આદિ રુદ્ર પોતાની વામા આદિ શક્તિઓ સાથે એ કમળના કેસર છે. તે મનોમની વગેરે અન્તઃશક્તિઓ જ બીજ છે, અપર વૈરાગ્ય કર્ણિકા છે, શિવસ્વરૂપ જ્ઞાન નાલ છે, શિવધર્મ કંદ છે, કર્ણિકાની ઉપર ત્રણ મંડલ (ચંદ્રમંડલ, સૂર્યમંડલ અને વહ્નિમંડલ) છે અને એ મંડલોની ઉપર આત્મતત્ત્વ, વિદ્યાતત્ત્વ અને શિવતત્ત્વરૂપ ત્રિવિધ આસન છે એ બધાં આસનો પર વિચિત્ર પાથરણાંથી આચ્છાદિત એક સુખદ દિવ્ય આસનની કલ્પના કરે, જે શુદ્ધ વિદ્યાથી અત્યંત પ્રકાશમાન હો. આસન પછી આવાહન, સ્થાપન, સંનિરોધન, નિરીક્ષણ અને નમસ્કાર કરે. આ સૌની પૃથક્-પૃથક્ મુદ્રાઓ બાંધીને દેખાડે.*

ત્યાર પછી પાદ્ય, આચમન, અર્ઘ્ય (સ્નાનીય, વસ્ત્ર, યજ્ઞોપવીત), ગંધ, પુષ્પ, દીપ, (નૈવેદ્ય) અને તાંબુલ આપીને શિવા અને શિવને શયન કરાવે અથવા, ઉપર્યુક્ત રૂપે આસન અને મૂર્તિની કલ્પના કરીને મૂલમંત્ર અને અન્ય ઈશાન આદિ બ્રહ્મમંત્રો દ્વારા સકલીકરણની ક્રિયા કરીને દેવી પાર્વતી સહિત પરમ કારુણિક શિવનું આવાહન કરે. ભગવાન શિવની અંગકાંતિ શુદ્ધ સ્ફટિક સમાન ઉજ્જ્વળ છે. તે નિશ્ચલ, અવિનાશી, સમસ્ત લોકોનું પરમ કારણ, સર્વલોક સ્વરૂપ, સૌની બહાર-અંદર વિદ્યમાન, સર્વવ્યાપી, અણુથી જ અણુ અને મહાનથી પણ મહાન છે. ભક્તોને અનાયાસ જ દર્શન આપે છે. સૌના ઈશ્વર અને અવ્યય છે. બ્રહ્મા, ઇન્દ્ર, વિષ્ણુ તથા રુદ્ર વગેરે દેવતાઓને પણ અગોચર છે. સંપૂર્ણ વેદોનું સારતત્ત્વ છે. વિદ્વાનોના પણ દૃષ્ટિપથમાં આવતા નથી. આદિ, મધ્ય અને અંતથી રહિત છે. ભવરોગથી ગ્રસ્ત પ્રાણીઓ માટે ઔષધરૂપ છે. શિવતત્ત્વરૂપે વિખ્યાત છે. સૌનું કલ્યાણ કરવા માટે જગતમાં સુસ્થિર શિવલિંગરૂપે વિદ્યમાન છે.

આવી ભાવના કરીને ભક્તિભાવથી ગંધ, ધૂપ, દીપ, પુષ્પ અને નૈવેદ્ય - આ પાંચ ઉપચારો દ્વારા ઉત્તમ શિવલિંગનું પૂજન કરે. પરમાત્મા મહેશ્વર શિવની લિંગમયી મૂર્તિના સ્નાનકાલમાં જય-જયકાર આદિ શબ્દ અને મંગલપાઠ કરે. પંચગવ્ય, ઘી, દૂધ, દહીં, મધ અને શર્કરા સાથે ફળ-મૂળના સારતત્ત્વથી, તલ, સરસવ, સતૂ (સાથવો)ના ઉબટનથી, જવ આદિના ઉત્તમ બીજોથી, અડદ વગેરે ચૂર્ણથી તથા લોટ વગેરેનું આલેપન કરીને ગરમ પાણીથી શિવલિંગને નવડાવવું. લેપ અને ગંધના નિવારણ માટે બિલ્વપત્ર ઘસે. પછી જલથી નવડાવી જે ચક્રવર્તી

---

* બંને હાથની અંજલિ બનાવી અનામિકા આંગળીના મૂલપર્વ પર અંગૂઠો લગાવી દેવો તે 'આવાહન' મુદ્રા છે. આ જ આવાહન મુદ્રાને અધોમુખ કરી દેવાય તો તે 'સ્થાપન' મુદ્રા થઈ જાય છે. જો મુઠ્ઠીની અંદર અંગૂઠો નાખી દેવામાં આવે અને બંને હાથની મુઠ્ઠી સંયુક્ત કરી દેવાય તો તે 'સંનિરોધન' મુદ્રા કહેવાય. બંને મુઠ્ઠીઓને ઉત્તમ કરી દેવાથી 'સમ્મુખીકરણ' નામની મુદ્રા થાય. એને જ અહીં 'નિરીક્ષણ' નામે કહી છે. શરીરને દંડની જેમ દેવતા સામે નાખી દેવું, મુખ નીચેની બાજુ રાખવું અને બંને હાથ દેવતા તરફ ફેલાવવા-સાષ્ટાંગ પ્રણામની આ ક્રિયાને જ અહીં 'નમસ્કાર' મુદ્રા કહી છે.

સમ્રાટ માટે ઉપયોગી ઉપચારોથી (અર્થાત્ સુગંધિત તેલ-ફુલેલ વગેરે દ્વારા) સેવા કરે. સુગંધયુક્ત આમળાં, હળદર પણ ક્રમશઃ અર્પિત કરે. આ બધી વસ્તુઓથી શિવલિંગ અથવા શિવમૂર્તિને સારી રીતે શોધન કરીને ચંદનમિશ્રિત જલ, કુશ-પુષ્પ યુક્ત જલ, સુવર્ણ અને રત્નયુક્ત જલ તથા મંત્રસિદ્ધ જલથી ક્રમશઃ સ્નાન કરાવવું. આ બધાં દ્રવ્યોનું મળવું સંભવ ન બને તો યથાસંભવ સંગૃહીત વસ્તુઓ યુક્ત જલ દ્વારા અથવા કેવલ મંત્રાભિમંત્રિત જલ દ્વારા શિવજીને સ્નાન કરાવે. કળશ, શંખ અને વર્ધની તથા કુશ અને પુષ્પ યુક્ત હાથના જલથી મંત્રોચ્ચારણપૂર્વક ઈષ્ટ દેવતાને સ્નાન કરાવે એ જરૂરી છે. પવમાનસૂક્ત, રુદ્રસૂક્ત, નીલરુદ્રસૂક્ત, ત્વરિતમંત્ર, લિંગસૂક્ત, આદિસૂક્ત, અથર્વશીર્ષ, ઋગ્વેદ, સામવેદ તથા શિવસંબંધી ઈશાન આદિ પંચ-બ્રહ્મમંત્ર, શિવમંત્ર તથા પ્રણવથી દેવદેવેશ્વર શિવને સ્નાન કરાવવું.

જેવી રીતે મહાદેવજીને સ્નાન કરાવો, એવી જ રીતે મહાદેવી પાર્વતીને પણ સ્નાન આદિ કરાવવાં જોઈએ. એ બંનેમાં કોઈ અંતર નથી, કેમકે એ બંને સર્વથા સમાન છે. પહેલાં મહાદેવજીના ઉદ્દેશ્યથી ક્રિયા કરીને પછી દેવીને માટે એ જ દેવાધિદેવના આદેશથી બધું કરે. અર્ધનારીશ્વરની પૂજા કરવી હોય તો એમાં પૂર્વાપરનો વિચાર નથી. અતઃ એમાં મહાદેવ અને મહાદેવીની સાથે સાથે પૂજા થતી રહે છે. શિવલિંગમાં અથવા અન્યત્ર મૂર્તિ આદિમાં અર્ધનારીશ્વરની ભાવનાથી બધા ઉપચારોનો શિવ અને શિવા માટે એકસાથે જ ઉપયોગ થાય છે. પવિત્ર સુગંધિત જળથી શિવલિંગનો અભિષેક કરીને એને વસ્ત્રથી લોહવું-લૂછવું. પછી નૂતન વસ્ત્ર અને યજ્ઞોપવીત ચઢાવવાં. તત્પશ્ચાત્ પાદ્ય, આચમન, અર્ઘ્ય, ગંધ, પુષ્પ, આભૂષણ, ધૂપ, દીપ, નૈવેદ્ય, પેયજલ, મુખશુદ્ધિ, પુનરાચમન, મુખવાસ તથા સંપૂર્ણ રત્નોથી જડિત સુંદર મુગટ, આભૂષણ, વિવિધ પ્રકારની પવિત્ર પુષ્પમાળાઓ, છત્ર, ચામર, વ્યજન, તાડનો પંખો, અને દર્પણ આપીને સર્વ પ્રકારના મંગલમય વાદ્યધ્વનિઓ સાથે ઈષ્ટદેવની નીરાજના (આરતી) કરે. એ સમયે ગીત અને નૃત્ય વગેરેની સાથે જયજયકાર પણ થવો જોઈએ. સોનું, ચાંદી, તાંબુ અથવા માટીના સુંદર પાત્રમાં કમલ વગેરે શોભાયમાન ફૂલ રાખે. કમળનાં બીજ તથા દહીં, અક્ષત વગેરે પણ નાખી દે. ત્રિશૂલ, શંખ, બે કમળ, નન્દ્યાવર્ત નામનો શંખ વિશેષ, સૂકાં છાણાંની આગ, શ્રીવત્સ, સ્વસ્તિક, દર્પણ, વજ્ર તથા અગ્નિ આદિથી ચિહ્નિત પાત્રમાં આઠ દીપક રાખે. તે આઠેઆઠ દિશાઓમાં રહે. અને એક નવમો દીપક મધ્યભાગમાં રાખે. આ નવે દીપકોમાં વામા આદિ નવ શક્તિઓનું પૂજન કરે. પછી કવચ-મંત્રથી આચ્છાદન અને અસ્ત્રમંત્રથી બધી બાજુ સંરક્ષણ કરીને ધેનુમુદ્રા બતાવીને બંને હાથે પાત્રને ઉપર ઉઠાવે અથવા પાત્રમાં ક્રમશઃ પાંચ દીપ રાખે. ચારને ચારે ખૂણામાં અને એકને વચમાં સ્થાપિત કરે. તત્પશ્ચાત્ એ પાત્રને ઊંચકીને શિવલિંગ અથવા શિવમૂર્તિ વગેરે ઉપર ક્રમશઃ ત્રણ વાર પ્રદક્ષિણ ક્રમથી ફેરવે. ઘૂમાવે અને મૂલમંત્રનો ઉચ્ચાર કરતા રહે. તદનંતર મસ્તક પર અર્ઘ્ય અને સુગંધિત ભસ્મ ચઢાવે. પછી પુષ્પાંજલિ આપીને ઉપહારનું નિવેદન કરે. એ પછી જલ આપીને

આચમન કરાવે. પછી સુગંધિત દ્રવ્યોથી યુક્ત પાંચ તાંબુલ ભેટ કરે. ત્યાર પછી પ્રોક્ષણીય પદાર્થોનું પ્રોક્ષણ કરીને નૃત્ય અને ગીત વગેરેનું આયોજન કરે. લિંગ અથવા મૂર્તિ વગેરેમાં શિવ તથા પાર્વતીનું ચિંતન કરતાં યથાશક્તિ શિવમંત્રનો જપ કરે. જપ પછી પ્રદક્ષિણા, નમસ્કાર, સ્તુતિપાઠ, આત્મસમર્પણ તથા કાર્યનું વિનયપૂર્વક વિજ્ઞાપન કરે. પછી અર્ઘ્ય અને પુષ્પાંજલિ આપીને વિધિવત્ મુદ્રા બાંધીને ઇષ્ટદેવ પાસે ત્રુટિઓ માટે ક્ષમા-પ્રાર્થના કરે. ત્યાર પછી મૂર્તિ સહિત દેવતાનું વિસર્જન કરીને પોતાના હૃદયમાં એનું ચિંતન કરે. પાદ્યથી લઈને મુખવાસપર્યંત પૂજન કરવું જોઈએ અથવા અર્ઘ્ય આદિથી પૂજનનો આરંભ કરવો જોઈએ અથવા અધિક સંકટની સ્થિતિમાં પ્રેમપૂર્વક કેવળ ફૂલમાત્ર ચઢાવી દેવું જોઈએ. પ્રેમપૂર્વક ફૂલમાત્ર ચઢાવી દેવાથી પણ પરમ ધર્મનું સંપાદન થઈ જાય છે. જ્યાં સુધી પ્રાણ રહે શિવનું પૂજન કર્યા વિના ભોજન ન કરે.

(અધ્યાય ૨૪)

*

શિવપૂજાની વિશેષ વિધિ તથા શિવભક્તિનો મહિમા

ઉપમન્યુ કહે છે—હે યદુનંદન! દીપદાન પછી અને નૈવેદ્ય-નિવેદન પહેલાં આવરણ પૂજા કરવી જોઈએ અથવા આરતીનો સમય થાય ત્યારે આવરણ-પૂજા કરે - ત્યાં શિવ અથવા શિવાના પ્રથમ આવરણમાં ઈશાનથી લઈને 'સદ્યોજાતપર્યંત' તથા હૃદયથી લઈને અસ્ત્રપર્યંત પૂજન કરે.* ઈશાનમાં, પૂર્વભાગમાં, દક્ષિણમાં, ઉત્તરમાં, પશ્ચિમમાં, આગ્નેય કોણમાં, ઈશાન કોણમાં, નૈર્ઋત્ય કોણમાં, વાયવ્ય કોણમાં, ફરી ઈશાન કોણમાં ત્યાર પછી ચારે દિશાઓમાં ગર્ભાવરણ અથવા મંત્રસંઘાતની પૂજા બતાવવામાં આવી છે અથવા હૃદયથી લઈને અસ્ત્રપર્યંત અંગોની પૂજા કરે. એના બાહ્ય ભાગમાં પૂર્વ દિશામાં ઇન્દ્રનું દક્ષિણ દિશામાં યમનું, પશ્ચિમ દિશામાં વરુણનું, ઉત્તર દિશામાં કુબેરનું, ઈશાન કોણમાં ઈશાનનું, અગ્નિ કોણમાં અગ્નિનું, નૈર્ઋત્ય કોણમાં નિર્ઋતિનું વાયવ્ય કોણમાં વાયુનું, નૈર્ઋત્ય અને પશ્ચિમની વચમાં અનંત અથવા વિષ્ણુનું, તથા ઈશાન અને પૂર્વની વચ્ચે બ્રહ્માજીનું પૂજન કરે. કમલના બાહ્ય ભાગમાં વજ્રથી લઈને કમલપર્યંત લોકેશ્વરોનાં સુપ્રસિદ્ધ આયુધોનું પૂર્વાદિ દિશાઓમાં ક્રમશઃ પૂજન કરે. એનું ધ્યાન રાખવું જોઈએ કે સમસ્ત આવરણ દેવતા સુખપૂર્વક બેસીને મહાદેવ અને મહાદેવીની તરફ બંને હાથ જોડીને જોતા રહે. પછી બધાં જ આવરણ દેવતાઓને પ્રણામ કરીને 'નમઃ' પદયુક્ત પોતપોતાના નામથી પુષ્પોચ્ચાર સમર્પણપૂર્વક એમનું ક્રમશઃ પૂજન કરો. (યથા ઇન્દ્રાય નમઃ પુષ્પં સમર્પયામિ ઇત્યાદિ) આ રીતે ગર્ભાવરણનું પણ પોતાના આવરણ સંબંધી

* અર્થાત્
ઈશાન, તત્પુરુષ, અઘોર, વામદેવ અને સદ્યોજાત—એ પાંચ મૂર્તિઓનું તથા હૃદય, મસ્તક, શિખા, કવચ, નેત્ર અને અસ્ત્ર—એ અંગોનું પૂજન કરવું જોઈએ.

મંત્રથી પૂજન કરે. યોગ, ધ્યાન, હોમ, જપ, બાહ્ય અથવા આભ્યંતરમાં પણ દેવતાનું પૂજન કરવું જોઈએ. આ જ રીતે એમને માટે છ પ્રકારની હવિ પણ આપવી જોઈએ—કોઈ એક શુદ્ધ અન્નમાંથી બનાવેલો, મગમિશ્રિત અન્ન અથવા મગની ખીચડી, ખીર, દધિમિશ્રિત અન્ન, ગોળનું બનાવેલું પકવાન તથા મધથી તરબોળ ભોજ્ય પદાર્થ. આમાંથી એક અથવા અનેક હવિષ્યને વિવિધ પ્રકારનાં વ્યંજનો (વાનગી)થી સંયુક્ત તથા ગોળ અથવા ખાંડથી સંપન્ન કરીને નૈવેદ્યરૂપે અર્પિત કરવું જોઈએ. સાથે જ માખણ તથા ઉત્તમ દહીં પણ પીરસવું જોઈએ. પૂઆ વગેરે અનેક પ્રકારના ભક્ષ્ય પદાર્થ અને સ્વાદિષ્ટ ફળ આપવાં જોઈએ. લાલ ચંદન અને પુષ્પવાસિત અત્યંત શીતલ જલ અર્પિત કરવું જોઈએ. મુખશુદ્ધિ માટે મધુર એલાયચીના રસથી યુક્ત સોપારીના ટુકડા, કાથો વગેરેથી યુક્ત સોનેરી રંગનાં પીળાં પાનનાં પત્તાથી બનેલું બીડું, શિલાજીતનું ચૂર્ણ, સફેદ ચૂનો, જે વધારે સૂકો અથવા દૂષિત ન હોય, કપૂર, કંકોલ, નૂતન અને સુંદર જાયફળ વગેરે અર્પિત કરવાં જોઈએ. આલેપન માટે ચંદનનું મૂળ કાષ્ઠ અથવા એનો ચૂરો, કસ્તૂરી, કુંકુમ, મૃગમદાત્મક રસ હોવા જોઈએ. ફૂલ એ જ ચઢાવવાં જોઈએ જે સુગંધિત, પવિત્ર અને સુંદર હોય. ગંધરહિત, ઉત્કટ ગંધવાળાં, દૂષિત, વાસી અને આપોઆપ ખરી પડેલાં ફૂલ શિવના પૂજનમાં ન અપાય. કોમલ વસ્ત્ર જ ચઢાવવું જોઈએ. ભૂષણોમાં વિશેષતઃ એ જ અર્પિત કરવાં જોઈએ. જે સોનાનાં બનેલાં હોય તથા વિદ્યુત્‌મંડલ સમાન ચમકતાં હોય, આ બધી વસ્તુઓ કપૂર, ગુગળ, અગરુ અને ચંદનથી ભૂષિત તથા પુષ્પસમૂહોથી સુવાસિત હોવી જોઈએ. ચંદન, અગરુ, કપૂર, સુગંધિત કાષ્ઠ તથા ગુગળનું ચૂર્ણ, ઘી અને મધથી બનેલો ધૂપ ઉત્તમ મનાય છે.

કપિલા ગાયના અત્યંત સુગંધિત ઘીથી પ્રતિદિન પ્રગટાવેલો કર્પૂરયુક્ત દીપ શ્રેષ્ઠ મનાય છે. પંચગવ્ય, મધુર અને કપિલા ગાયનું દૂધ, દહીં અને ઘી-એ સર્વ ભગવાન શંકરના સ્નાન અને પાન માટે અભીષ્ટ (ઇચ્છિત) છે. હાથી દાંતનું બનેલું ભદ્રાસન, જે સુવર્ણ અને રત્નોથી જડેલું હોય, શિવ માટે શ્રેષ્ઠ કહેવાય છે. એ આસનો પર વિચિત્ર પાથરણાં, કોમળ ગાદલાં અને તકિયા હોવા જોઈએ. એ સિવાય બીજી પણ ઘણીબધી નાની-મોટી સુંદર અને સુખદ શૈયાઓ હોવી જોઈએ. સમુદ્રગામિની નદી અને નદથી લાવેલા તથા કપડાથી ગાળીને રાખેલા શીતલ જલથી ભગવાનને સ્નાન કરાવવું અને પીવા માટે શ્રેષ્ઠ મનાય છે. ચંદ્રમા સમાન ઉજ્જ્વળ છત્ર, જે મોતીઓની લડીથી સુશોભિત, નવરત્નજડિત, દિવ્ય અને સુવર્ણમય દંડથી મનોહર હોય, ભગવાન શિવની સેવામાં અર્પિત કરવા યોગ્ય છે. સુવર્ણભૂષિત બે શ્વેત ચામર, જે રત્નમય દંડથી શોભાયમાન હોય તથા બે રાજહંસોના આકારવાળા હોવાં જોઈએ, તે શિવની સેવામાં આપવા યોગ્ય છે. સુંદર અને સ્નિગ્ધ દર્પણ, જે દિવ્ય ગંધથી અનુલિપ્ત, બધી બાજુથી રત્નો દ્વારા આચ્છાદિત તથા સુંદર હીરાથી વિભૂષિત હોય તે ભગવાન શંકરને અર્પિત કરવું જોઈએ. એમના પૂજનમાં હંસ, કુન્દ અને ચંદ્રમા સમાન ઉજ્જ્વળ અને ગંભીર ધ્વનિ કરનારા શંખનો ઉપયોગ કરવો જોઈએ,

જેના મુખ અને પૃષ્ઠ ભાગ આદિમાં રત્ન અને સુવર્ણ જડેલાં હોય. શંખ સિવાય પણ વિવિધ પ્રકારના ધ્વનિ કરનાર સુંદર કાહલ (એક પ્રકારનું વિશેષ વાદ્ય), જે સુવર્ણનિર્મિત તથા મોતીથી અલંકૃત હોય, તે વગાડવાં જોઈએ. એ ઉપરાંત ભેરી, મૃદંગ, મુરજ, તિમિચ્છ અને પટહ વગેરે વાજાં પણ જે સમુદ્રની ગર્જના સમાન ધ્વનિ કરનાર હોય તે યત્નપૂર્વક ભેગાં કરી રાખવાં જોઈએ. પૂજાનાં બધાં પાત્ર અને ભાંડ પણ સોનાનાં જ બનાવવાં જોઈએ. પરમાત્મા મહેશ્વર શિવનું મંદિર રાજમહેલ સમાન બનાવવું જોઈએ, જે શિલ્પશાસ્ત્રમાં બનાવેલાં લક્ષણો અનુસાર હોય. તે ઊંચી ચાર દીવાલોથી ઘેરાયેલું હોય. એનું ગોપુર એટલું ઊંચું હોય કે તે પર્વતાકાર જણાય. તે અનેક પ્રકારનાં રત્નોથી આચ્છાદિત હોય. એના દરવાજાનાં દ્વાર સોનાનાં બનેલાં હોવાં જોઈએ. એના મંદિરના મંડપમાં તપાવેલા સોના તથા સેંકડો રત્નો થાંભલા લાગેલા હોય. ચંદરવામાં મોતીની સેરો હોવી જોઈએ. દરવાજાના દ્વારમાં પરવાળાં લાગેલાં હોવાં જોઈએ. મંદિરનું શિખર સોનાના બનેલા દિવ્ય કળશાકાર મુગટોથી અલંકૃત અને અસ્ત્રરાજ ત્રિશૂલથી ચિહ્નિત હોય.

ન્યાયોપાર્જિત દ્રવ્યથી ભક્તિપૂર્વક મહાદેવજીની પૂજા કરવી જોઈએ. જો કોઈ અન્યાયથી ઉપાર્જિત દ્રવ્યથી પણ ભક્તિપૂર્વક શિવજીની પૂજા કરે છે તો એને કોઈ પણ પાપ નથી લાગતું, કેમકે ભગવાન તો ભાવને વશીભૂત છે. ન્યાયોપાર્જિત ધનથી પણ જો કોઈ ભક્તિ વગર પૂજન કરે તો એને તેનું ફળ મળતું નથી; કેમકે પૂજાની સફળતામાં ભક્તિ જ કારણ છે. ભક્તિથી પોતાના વૈભવ અનુસાર ભગવાન શિવના ઉદ્દેશ્યથી જે કાંઈ કરવામાં આવે તે થોડું હોય કે વધારે, કરનાર ધનવાન હોય કે દરિદ્ર બંનેનું સમાન ફળ છે. જેની પાસે બહુ થોડું ધન છે, તે માનવ ભક્તિભાવથી પ્રેરિત થઈને ભગવાન શિવનું પૂજન કરી શકે છે, પરંતુ મહાન વૈભવશાળી પણ જો ભક્તિહીન હોય તો એણે શિવનું પૂજન ન કરવું જોઈએ. શિવ પ્રત્યે ભક્તિહીન પુરુષ જો પોતાનું સર્વસ્વ પણ આપી દે તો એનાથી તે શિવ-આરાધનાના ફળનો ભાગી થતો નથી; કેમકે આરાધનામાં ભક્તિ જ કારણ છે.* શિવ પ્રત્યે ભક્તિ છોડીને કોઈ અત્યંત ઉગ્ર તપસ્યાઓ અને સંપૂર્ણ મહાયજ્ઞોથી પણ દિવ્ય શિવધામમાં નથી જઈ શકાતું. તેથી હે શ્રીકૃષ્ણ! સર્વત્ર પરમેશ્વર શિવના આરાધનમાં જ ભક્તિનું મહત્ત્વ છે. આ ગુહ્યથી પણ ગુહ્યતર વાત છે. એમાં સંદેહ નથી.

પાપના મહાસાગરને પાર કરવા માટે ભગવાન શિવની ભક્તિ નૌકા સમાન છે. એટલા માટે જે ભક્તિભાવથી યુક્ત છે, એને રજોગુણ અને તમોગુણથી શી હાનિ થઈ શકે છે? હે શ્રીકૃષ્ણ! અત્યંજ, અધમ, મૂર્ખ અથવા પતિત મનુષ્ય પણ જો ભગવાન શિવને શરણે જતો

---

* ભક્ત્યા પ્રચોદિતઃ કુર્યાદલ્પવિત્તોઽપિ માનવઃ । મહાવિભવસારોઽપિ ન કુર્યાદ્ ભક્તિ વર્જિતઃ ॥
સર્વસ્વમપિ યો દદ્યાચ્છિવે ભક્તિ વિવર્જિતઃ । ન તેન ફલભાક્ સ સ્યાદ્ ભક્તિરેવાત્ર કારણમ્ ॥
(શિ.પુ.વા.સં.ઉ.ખં. ૨૫/૫૧-૫૨)

રહે તો એ સમસ્ત દેવતાઓ અને અસુરોને પૂજા કરે; કેમકે અભક્તોને ક્યાંય પણ ફળ માટે પણ પૂજનીય થઈ જાય છે. તેથી મળતું નથી.

સર્વથા પ્રયત્ન કરીને ભક્તિભાવથી જ શિવની (અધ્યાય-૨૫)

*

પંચાક્ષર-મંત્રના જપ તથા ભગવાન શિવનાં ભજન-પૂજનનો મહિમા, અગ્નિકાર્ય માટે કુંડ અને વેદી આદિના સંસ્કાર, શિવાગ્નિની સ્થાપના અને એના સંસ્કાર, હોમ, પૂર્ણાહુતિ, ભસ્મનો સંગ્રહ અને રક્ષણની વિધિ તથા હવનાન્તમાં થનારાં કૃત્યોનું વર્ણન

ઉપમન્યુ કહે છે—હે યદુનંદન! કોઈ બહુ ભારે પાપ કરીને પણ ભક્તિભાવથી પંચાક્ષર-મંત્ર દ્વારા જો દેવેશ્વર શિવનું પૂજન કરે તો તે એ પાપથી મુક્ત થઈ જાય છે. જે ભક્તિભાવથી પંચાક્ષર-મંત્ર દ્વારા એક જ વાર શિવનું પૂજન કરી લે છે, તે પણ શિવમંત્રના ગૌરવવશ શિવધામમાં પહોંચી જાય છે. જે મૂઢ દુર્લભ માનવ-જન્મ મેળવીને ભગવાન શિવની અર્ચના નથી કરતો, એનો જન્મ નિષ્ફળ છે; કેમકે તે મોક્ષનો સાધક નથી હોતો. જો દુર્લભ માનવ-જન્મ મેળવીને પિનાકપાણિ મહાદેવજીની આરાધના કરે છે, એમનો જ જન્મ સફળ છે અને તે જ કૃતાર્થ અને શ્રેષ્ઠ મનુષ્ય છે. જે ભગવાન શિવની ભક્તિમાં તત્પર રહે છે, જેનું ચિત્ત ભગવાન શિવ સાથે પ્રસન્ન થાય છે તથા જે સદાયે ભગવાન શિવના ચિંતનમાં લાગ્યા રહે છે, તે ક્યારેય દુઃખના ભાગી થતા નથી.* મનોહર ભવન, હાવ, ભાવ, વિલાસથી વિભૂષિત તરુણી સ્ત્રીઓ અને જેનાથી પૂર્ણ તૃપ્તિ થઈ જાય, એટલું ધન-એ બધું ભગવાન શિવની આરાધનાનું ફળ છે. જે દેવલોકમાં મહાન ભોગ અને રાજ્ય ચાહે છે, તે સદા શિવનાં ચરણારવિન્દોનું ચિંતન કરે છે. સૌભાગ્ય, કાંતિમાન્ રૂપ, બલ, ત્યાગ, દયાભાવ, શૂરતા અને વિશ્વમાં વિખ્યાતિ—આ બધી વાતો ભગવાન શિવની પૂજા કરનારા લોકો માટે સુલભ હોય છે. એટલા માટે જે પોતાનું કલ્યાણ ચાહતા હોય તેમણે બધું જ છોડીને કેવળ ભગવાન શિવમાં મન લગાડી એમની આરાધના કરવી જોઈએ. જીવન ખૂબ જ ઝડપભેર જઈ રહ્યું છે, રોગ તીવ્ર ગતિથી પાસે આવી રહ્યા છે, એટલે સૌએ પિનાકપાણિ મહાદેવજીની પૂજા કરવી જોઈએ, જ્યાં સુધી મૃત્યુ નથી આવી જતું જ્યાં સુધી વૃદ્ધાવસ્થાનું આક્રમણ થતું નથી અને જ્યાં સુધી

---

* દુર્લભં પ્રાપ્ય માનુષ્યં યેઽર્ચયન્તિ પિનાકિનમ્ ।
તેષાં હિ સફલં જન્મ કૃતાર્થાસ્તે નરોત્તમાઃ । ભવભક્તિપરા યે ચ ભવપ્રણત ચેતસઃ ॥
ભવસંસ્મરણોદ્યુક્તા ન તે દુઃખસ્ય ભાગિનઃ॥

(શિ.પુ.વા.સં.ઉ.ખ. ૨૬/૧૫-૧૬)

ઇન્દ્રિયોની શક્તિ ક્ષીણ થઈ જતી નથી, ત્યાં સુધીમાં ભગવાન શંકરની આરાધના કરી લો. ભગવાન શિવની આરાધના સમાન બીજો કોઈ ધર્મ ત્રણે લોકમાં નથી."*

હવે હું અગ્નિકાર્યનું વર્ણન કરીશ. કુંડમાં, સ્થંડિલ પર, વેદીમાં, લોઢાના હવનપાત્રમાં અથવા નૂતન સુંદર માટીના પાત્રમાં વિધિપૂર્વક અગ્નિની સ્થાપના કરીને એનો સંસ્કાર કરે. ત્યાર પછી ત્યાં મહાદેવજીની આરાધના કરીને હોમકાર્યનો આરંભ કરે. કુંડ બે અથવા એક હાથ લાંબો-પહોળો હોવો જોઈએ. વેદીને ગોળ અથવા ચોરસ બનાવવી જોઈએ. સાથે જ મંડલ પણ બનાવવાં આવશ્યક છે. કુંડ વિસ્તૃત અને ઊંડો હોવો જોઈએ. એના મધ્યભાગમાં અષ્ટદલ કમલ અંકિત કરે. એ બે અથવા ચાર આંગળ ઊંચો હોવો જોઈએ. કુંડની અંદર બે વેંતની ઊંચાઈ પર નાભિની સ્થિતિ બતાવી છે. મધ્યમા આંગળીના મધ્યમ અને ઉત્તમ પર્વ બરાબર મધ્યભાગ યા કટિભાગ જાણવો જોઈએ. સાપુપુરુષ ચોવીશ આંગળ બરાબર એક હાથનું પરિમાણ બતાવે છે. કુંડની ત્રણ, બે, યા એક મેખલા (કંદોરો) હોવી જોઈએ. આ મેખલાઓનું એવી રીતે નિર્માણ કરે, જેથી કુંડની શોભા વધે. સુંદર અને ચીકણી યોનિ બનાવે, જેની આકૃતિ પીપળના પાન જેવી અથવા હાથીના અપરોષ્ઠ જેવી હોય; કુંડના દક્ષિણ અથવા પશ્ચિમ ભાગમાં મેખલાની વચ્ચોવચ સુંદર યોનિનું નિર્માણ કરવું જોઈએ; જે મેખલાથી થોડી નીચે હોય. એનો અગ્રભાગ કુંડ તરફ હોય તથા એ મેખલાને થોડે દૂર છોડીને બનાવેલી હોય. વેદીને માટે ઊંચાઈનો કોઈ નિયમ નથી. તે માટી અથવા રેતીની હોવી જોઈએ. ગાયનું છાણ અથવા જલથી મંડલ બનાવવું જોઈએ. પાત્રનું પરિમાણ બતાવ્યું નથી. કુંડ અને માટીની વેદીને છાણ અને જલથી લીપવાં જોઈએ. પાત્રને ધોઈને તપાવીને અને અન્ય વસ્તુઓનું જલથી પ્રોક્ષણ કરે. પોતપોતાના ગૃહ્યસૂત્રમાં બતાવ્યા પ્રમાણેની વિધિ અનુસાર કુંડમાં અને વેદી પર ઉલ્લેખન (રેખા) કરે. (રેખાઓ પર મૃત્તિકા લઈને ઈશાન કોણમાં ફેંકી દે.) પછી અગ્નિના એ આસનના કુશો અને પુષ્પો દ્વારા જલથી પ્રોક્ષણ કરે. તત્પશ્ચાત્ પૂજન અને હવન માટે બધાં પ્રકારનાં દ્રવ્યોનો સંગ્રહ કરે. ધોવાયોગ્ય વસ્તુઓને ધોઈને પ્રોક્ષણીના જલથી એમનું પ્રોક્ષણ કરીને એમને શુદ્ધ કરે. એ પછી સૂર્યકાંતમણિથી પ્રગટ, કાષ્ઠથી ઉત્પન્ન, ક્ષોત્રિયની અગ્નિશાળામાં સંચિત અથવા બીજા કોઈ ઉત્તમ અગ્નિને આધારસહિત લઈ આવે. એને કુંડ અથવા વેદી પર ત્રણ વાર પ્રદક્ષિણક્રમથી ફેરવીને અગ્નિબીજ (રં)નું ઉચ્ચારણ કરીને એ અગ્નિને ઉક્ત કુંડ યા વેદી આસન પર સ્થાપિત કરી દે. કુંડમાં સ્થાપિત કરવો હોય તો યોનિમાર્ગથી અગ્નિનું આધાન કરે અને વેદી પર પોતાની સામે જ અગ્નિની સ્થાપના કરે. યોનિપ્રદેશની પાસે સ્થિત વિદ્વાન પુરુષ સમસ્ત

---

* ત્વરિતં જીવિતં યાતિ ત્વરિતં યાતિ યૌવનમ્ ॥
ત્વરિતં વ્યાધિરભ્યેતિ તસ્માત્પૂજય વિનાયકમ્ ॥ યાવન્નાયાતિ નરકં યાવન્નાક્રમતે જરા ॥
યાવન્નેન્દ્રિયવૈકલ્યં તાવત્પૂજય શંકરમ્ । ન શિવાર્ચનતુલ્યોઽસ્તિ ધર્મોઽન્યો ભુવનત્રયે ॥
(શિ.પુ.વા.સ.ઉ.ખં. ૨૬/૨૧-૨૩)

કુંડને અગ્નિથી સંયુક્ત કરે. સાથે જ એ ભાવના કરે કે પોતાની નાભિની અંદર જે અગ્નિદેવ બિરાજમાન છે, તે જ નાભિરન્ધ્રથી ચિનગારીના રૂપે નીકળીને બાહ્ય અગ્નિમાં મંડલાકાર થઈને લીન થયો છે. અગ્નિ પર સમિધા રાખવાથી લઈને ઘીના સંસ્કાર પર્યંત આખું કાર્ય મંત્રજ્ઞ પુરુષ પોતાના ગૃહ્યસૂત્રમાં બતાવેલા ક્રમથી મૂલમંત્ર દ્વારા સંપન્ન કરે. તદનંતર શિવમૂર્તિની પૂજા કરીને દક્ષિણ બાજુમાં મંત્ર-ન્યાસ કરે અને ઘીમાં ધેનુમુદ્રાનું પ્રદર્શન કરે. સ્રુક અને સ્રુવા- એ બંને ધાતુના બનેલા હોય તો ગ્રહણ કરવા યોગ્ય છે, પરંતુ કાંસુ, લોખંડ અને સીસું-વગેરેના બનેલા, સ્રુક્ અને સ્રુવા ન ગ્રહણ કરવા જોઈએ. અથવા યજ્ઞસંબંધી કાષ્ઠના બનેલા સ્રુક્ અને સ્રુવા ગ્રાહ્ય છે. સ્મૃતિ યા શિવશાસ્ત્રમાં જે વિહિત હોય, તે પણ ગ્રાહ્ય છે અથવા ખદિરવૃક્ષ (પલાસ અથવા ગૂલર) વગેરેમાં છિદ્રરહિત વચલાં બે પત્તાં લઈને અને કુશથી લૂછી નાખે અને પછી અગ્નિમાં તપાવીને ફરી એનું પ્રોક્ષણ કરે. આ જ પત્તાં જે સ્રુક્ અને સ્રુવાનું રૂપ આપે અને એ દ્વારા ઘી ઉઠાવે અને પોતાના ગૃહ્યસૂત્રમાં બતાવેલા ક્રમથી શિવબીજ (ૐ) સહિત આઠ બીજાક્ષરો દ્વારા અગ્નિમાં આહુતિ આપે - આથી અગ્નિનો સંસ્કાર સંપન્ન થાય છે. તે બીજ આ પ્રકારે છે - ભ્રુંભું સ્તું ભ્રું શું પું કું હું આ સાત છે. એમાં શિવબીજ (ૐ)ને સમ્મિલિત કરી લેવાથી આઠ બીજાક્ષર થાય છે. ઉપર્યુક્ત સાત બીજ ક્રમશઃ અગ્નિની સાત જિહ્વાઓનો છે. એમની મધ્યમા જિહ્વાનું નામ બહુરૂપા છે એની ત્રણ શિખાઓ છે. એમાંથી એક શિખા દક્ષિણમાં અને બીજી વામ (ઉત્તર)માં પ્રજ્વલિત થાય છે. અને વચલી શિખા વચમાં જ પ્રકાશિત થાય છે. ઈશાન કોણમાં જે જિહ્વા છે, એનું નામ હિરણ્યા છે. પૂર્વ દિશામાં વિદ્યમાન જિહ્વા કનકા નામે પ્રસિદ્ધ છે. અગ્નિ કોણમાં રક્તા, નૈર્ઋત્ય કોણમાં કૃષ્ણા અને વાયવ્ય કોણમાં સુપ્રભા નામની જિહ્વા પ્રકાશિત થાય છે. આ સિવાય પણ પશ્ચિમમાં જે જિહ્વા પ્રજ્વલિત થાય છે એનું નામ મરુત્ છે. આ સર્વની પ્રભા પોતપોતાના નામને અનુરૂપ છે. પોતપોતાના બીજના અનંતર ક્રમશઃ એમનાં નામ લેવાં જોઈએ અને નામનાં અંતમાં સ્વાહાનો પ્રયોગ કરવો જોઈએ. આ રીતે જે જિહ્વામંત્ર* બને છે, એ દ્વારા ક્રમશઃ પ્રત્યેક જિહ્વા માટે એક એક ઘીની આહુતિ આપે, પરંતુ મધ્યમાની ત્રણ જિહ્વા માટે ત્રણ આહુતિ આપે. કુંડના મધ્યભાગમાં 'રં વહ્નયે સ્વાહા' બોલીને ત્રણ આહુતિ આપે—આ આહુતિઓ ઘી અથવા સમિધાથી આપવી જોઈએ. આહુતિ આપ્યા પછી અગ્નિમાં જલ સેચન કરે. આવું કરવાથી તે અગ્નિ ભગવાન શિવનો થઈ જાય છે. પછી એમાં શિવના આસનનું ચિંતન કરે અને ત્યાં અર્ધનારીશ્વર ભગવાન શિવનું આવાહન કરીને પૂજન કરે. પાદ્ય-અર્ઘ્ય વગેરેથી લઈને દીપદાન પર્યંત પૂજન કરીને અગ્નિનું જલથી પ્રોક્ષણ કરે. તત્પશ્ચાત્ સમિધાઓની આહુતિ આપે. એ સમિધાઓ પલાસની યા ગૂલર વગેરે બીજા

* ઓં ભ્રું ત્રિશિખાયૈ બહુરૂપાયૈ સ્વાહા (દક્ષિણે મધ્યે ઉત્તરે ચ) ૩ । ઓં સ્તું હિરણ્યાયૈ સ્વાહા (ઐશાન્યૈ) ૧ । ઓં ભ્રું કનકાયૈ સ્વાહા (પૂર્વસ્યામ્) ૧ । ઓં શું રક્તાયૈ સ્વાહા (આગ્નેય્યામ્) ૧ । ઓં પું કૃષ્ણાયૈ સ્વાહા (નૈર્ઋત્યામ્) ૧ । ઓં કું સુપ્રભાયૈ સ્વાહા (પશ્ચિમાયામ્) ૧ । ઓં હું મરુજ્જિહ્વાયૈ સ્વાહા (વાયવ્યે) ૧ ।

યજ્ઞિય વૃક્ષની હોવી જોઈએ. એમની લંબાઈ બાર આંગળની હોવી જોઈએ. સમિધાઓ વાંકી ન હોવી જોઈએ. સ્વતઃ સૂકી થયેલી પણ ન હોય. એનાં છોડાં કાઢેલાં ન હોય. એમના પર કોઈ પણ પ્રકારનો ઘા, ચોટ ન હોય. બધી સમિધાઓ એક જેવી હોવી જોઈએ. દશ આંગળ લાંબી સમિધાઓ પણ હવન માટે વિહિત છે. એની મોટાઈ કનિષ્ઠિકા આંગળી સમાન હોવી જોઈએ અથવા પ્રાદેશમાત્ર (અંગૂઠાથી લઈને તર્જની પર્યંત) લાંબી સમિધાઓ લાવવી જોઈએ. જો ઉપર્યુક્ત સમિધાઓ ન મળે તો જે મળી શકે, એ બધાથી હવન કરવો જોઈએ, સમિધા-હવન પછી ઘીની આહુતિ આપે. ઘીની ધારા દૂર્વાદલ સમાન પાતળી અને ચાર આંગળ લાંબી હોવી જોઈએ. એ પછી અન્નની આહુતિ આપવી જોઈએ, જેનો પ્રત્યેક ગ્રાસ સોળ સોળ માશા બરાબર હોય. લાવા (લાજા-ધાણી), સરસવ, જવ અને તલ (આઠ રત) આ બધામાં ઘી ભેળવીને યથાસંભવ ભક્ષ્ય, લેહ્ય અને ચોષ્ય પણ મિશ્રિત કરે તથા એ સૌની યથાશક્તિ દશ, પાંચ યા ત્રણ આહુતિ આપે અથવા એક જ આહુતિ આપે. સુવાથી, સમિધાથી, સ્રુક્થી અથવા હાથથી આહુતિ આપવી જોઈએ. એમાં પણ દિવ્ય તીર્થથી અથવા ઋષિતીર્થથી આહુતિ આપવાનું વિધાન છે; જો ઉપર્યુક્ત બધાં દ્રવ્ય ન મળે તો કોઈ પણ એક દ્રવ્યથી શ્રદ્ધાપૂર્વક આહુતિ આપવી જોઈએ. પ્રાયશ્ચિત્ત માટે મંત્રથી અભિમંત્રિત કરીને ત્રણ આહુતિ આપે. પછી હોમાવશિષ્ટ ઘીથી સ્રુક્ને ભરીને એના અગ્રભાગમાં ફૂલ રાખીને એને દર્ભ સહિત અધોમુખ સ્રુવાથી ઢાંકી દે. એ પછી ઊભા થઈને એને અંજલિમાં લઈને 'ૐ નમઃ શિવાય વૌષટ્'નું ઉચ્ચારણ કરીને જવતુલ્ય ઘીની ધારાની આહુતિ આપે. આ પ્રકારે પૂર્ણાહુતિ કરીને અગ્નિમાં પૂર્વવત્ જલનો છાંટો નાખે. ત્યાર પછી દેવેશ્વર શિવનું વિસર્જન કરીને અગ્નિની રક્ષા કરે. પછી અગ્નિનું પણ વિસર્જન કરીને ભાવના દ્વારા નાભિમાં સ્થાપિત કરીને નિત્ય યજન કરે.

અથવા શિવ-શાસ્ત્રમાં દર્શાવેલી પદ્ધતિ અનુસાર વાગીશ્વરીના ગર્ભથી પ્રગટ થયેલા અગ્નિદેવને લાવીને વિધિવત્ સંસ્કાર કરીને એમનું પૂજન કરે. પછી સમિધાનું આધાન કરીને બધી બાજુએ પરિધિઓનું નિર્માણ કરે. એ પછી બે બે પાત્ર રાખીને શિવનું યજન કરીને પ્રોક્ષણીપાત્રનું શોધન કરે. એ પાત્રના જલથી પૂર્વોક્ત વસ્તુઓનું પ્રોક્ષણ કરીને જલથી ભરેલા પ્રણીતાપાત્રને ઈશાન કોણમાં રાખે ઘીના સંસ્કાર સુધી બધાં કાર્ય કરીને સ્રુક્ અને સ્રુવાનું સંશોધન કરે. ત્યાર પછી શિવ દ્વારા માતા વાગીશ્વરીનું ગર્ભાધાન, પુંસવન અને સીમન્તોન્નયન સંસ્કાર કરીને પ્રત્યેક સંસ્કાર નિમિત્ત પૃથક્ પૃથક્ આહુતિ આપે. ગર્ભથી અગ્નિ ઉત્પન્ન થવાની ભાવના કરે. એમને ત્રણ પગ, સાત હાથ, ચાર શિંગડાં અને બે મસ્તક છે, મધુ સમાન પિંગલવર્ણવાળાં ત્રણ નેત્ર છે. માથા પર જટાજૂટ અને ચંદ્રમાનો મુગટ છે. એમની અંગકાંતિ લાલ છે. લાલ રંગનાં જ વસ્ત્ર, ચંદન, માળા અને આભૂષણ એમની શોભા વધારે છે. બધાં લક્ષણોથી સંપન્ન, યજ્ઞોપવીતધારી તથા ત્રિગુણ મેખલાથી યુક્ત છે. એમના જમણા હાથોમાં શક્તિ છે, સ્રુક્ અને સ્રુવા છે, એમના ડાબા

હાથોમાં તોમર (ગદા), તાડનો પંખો અને ઘીથી ભરેલું પાત્ર છે. આ આકૃતિમાં ઉત્પન્ન થયેલા અગ્નિદેવનું ધ્યાન કરીને એમનો 'જાતકર્મ' સંસ્કાર કરે. ત્યાર પછી નાલચ્છેદન કરીને સૂતકની શુદ્ધિ કરે. પછી આહુતિ આપીને એ શિવસંબંધી અગ્નિનું નામ રુચિ રાખે. એ પછી માતા-પિતાનું વિસર્જન કરીને ચૂડાકર્મ અને ઉપનયનથી માંડીને આપ્તોર્યામપર્યંત સંસ્કાર કરે.* ત્યાર પછી ઘૃતધારા વગેરેનો હોમ કરીને સ્વિષ્ટકૃત હોમ કરે. એ પછી 'રં' બીજનું ઉચ્ચારણ કરીને અગ્નિ ઉપર જલના છાંટા નાખે. પછી બ્રહ્મા, વિષ્ણુ, શિવ, ઈશ, લોકેશ્વરગણ અને એમનાં અસ્ત્રોનું બધી બાજુએ ક્રમશઃ પૂજન કરીને ધૂપ, દીપ વગેરેની સિદ્ધિ માટે અગ્નિને અલગ કાઢીને કર્મવિધિનો જ્ઞાતાપુરુષ પુનઃ ઘૃતયુક્ત પૂર્વોક્ત હોમ-દ્રવ્ય તૈયાર કરીને અગ્નિમાં આસનની કલ્પના (ભાવના) કરે અને એના પર પૂર્વવત્ મહાદેવ અને મહાદેવીનું આવાહન, પૂજન કરીને પૂર્ણાહુતિપર્યંત બધાં કાર્ય સંપન્ન કરે.

અથવા પોતાના આશ્રમને માટે શાસ્ત્રવિહિત અગ્નિહોત્રકર્મ કરીને એને ભગવાન શિવને સમર્પિત કરે. શિવાશ્રમી પુરુષ આ બધી વાતોને સમજીને હોમ-કર્મ કરે. એને માટે બીજી કોઈ વિધિ નથી. શિવાગ્નિભસ્મ સંગ્રહણીય છે. અગ્નિહોત્રકર્મની ભસ્મ પાત્ર સંગ્રહ કરવા યોગ્ય છે. વૈવાહિક અગ્નિની ભસ્મ પાત્ર જો પરિપક્વ, પવિત્ર અને સુગંધિત હોય, તો એનો સંગ્રહ કરી રાખવો જોઈએ. કપિલા ગાયનું તે છાણ, જે હાથમાં અદ્ધર ઝીલી લીધું હોય, તે ઉત્તમ મનાય છે. જો તે વધારે ભીનું અથવા વધારે કડક ન હોય, દુર્ગંધયુક્ત અને સૂકું ન હોય તો સારું મનાય છે. જો તે પૃથ્વી પર પડી ગયું હોય તો એમાંથી ઉપરનો અને નીચેનો ભાગ છોડી વચલો ભાગ લઈ લેવો. એ ગોબરનો પિંડ બનાવીને એને શિવાગ્નિ વગેરેમાં મૂલમંત્રના ઉચ્ચારણપૂર્વક છોડી દેવો. જ્યારે તે પાકી જાય, ત્યારે એને કાઢી લેવો. એમાં જેટલું અર્ધપાક્યું હોય, કાચું હોય - એ જે ભાગ બહુ જ અધિક પાકી ગયો હોય, એને પણ છોડીને શ્વેત ભસ્મ લઈ લે અને એને વાટીને ચૂર્ણ બનાવી લે. એ પછી એને ભસ્મ રાખવાના પાત્રમાં રાખી મૂકે. ભસ્મપાત્ર ધાતુનું, લાકડાનું માટીનું, પથ્થરનું અથવા કોઈ બીજી વસ્તુનું બનાવી લેવું જોઈએ. તે દેખાવમાં સુંદર હોવું જોઈએ. એમાં રાખેલી ભસ્મને ધનની જેમ કોઈ શુભ, શુદ્ધ અને સમતલ સ્થાનમાં રાખવી. કોઈ અયોગ્ય કે અપવિત્રના હાથમાં ભસ્મ ન આપવી. નીચે અપવિત્ર સ્થાનમાં પણ ન નાખવી. નીચેનાં અંગોથી એનો સ્પર્શ ન કરવો. ભસ્મની ન તો ઉપેક્ષા કરવી જોઈએ કે ન ઓળંગવી જોઈએ. શાસ્ત્રોક્ત સમય પર એ પાત્રમાંથી ભસ્મ લઈને મંત્રોચ્ચારણપૂર્વક પોતાના લલાટ વગેરેમાં લગાડે. બીજા સમયમાં એનો ઉપયોગ ન કરે અને અયોગ્ય વ્યક્તિઓના

---

* ઉપનયનથી આપ્તોર્યામ પર્યન્ત સંસ્કારોની નામાવલી આ પ્રકારે છે—ઉપનયન, વ્રતાદેશ, સમાવર્તન, વિવાહ, ઉપાકર્મ, ઉત્સર્જન, (સાત પાક-યજ્ઞ) હુત, પ્રહુત, આહુત, સૂલગવ, અષ્ટકાહોમ, અન્વષ્ટકાપાક, અષ્ટકાહોમ, (સાત હવિર્યજ્ઞ-સંસ્થા-) અગ્ન્યાધાન, અગ્નિહોત્ર, દર્શપૂર્ણમાસ, ચાતુર્માસ્ય, આગ્રયણેષ્ટિ, નિરૂઢપશુબન્ધ, સૌત્રામણિ, (સાત સોમયજ્ઞ-સંસ્થા) અગ્નિષ્ટોમ, અત્યગ્નિષ્ટોમ, ઉક્થ્ય, ષોડશી વાજપેય, અતિરાત્ર, આપ્તોર્યામ.

હાથમાં ન આપે. ભગવાન શિવનું વિસર્જન ન થયું હોય, ત્યારે જ ભસ્મનો સંગ્રહ કરી લેવો, કેમકે વિસર્જન પછી એના ઉપર ચંડનો અધિકાર થઈ જાય છે.

જ્યારે અગ્નિકાર્ય સંપન્ન કરી લેવામાં આવે, ત્યારે શિવશાસ્ત્રોક્ત માર્ગથી અથવા પોતાના ગૃહ્યસૂત્રમાં બતાવેલી વિધિથી બલિકર્મ કરે. તદનંતર સારી રીતે લીપેલું પોતેલું મંડલ હોય તેમાં વિદ્યાસનને પાથરવું, તે પછી વિદ્યાકોશની સ્થાપના કરીને ક્રમશઃ પુષ્પ વગેરેથી યજન કરે. વિદ્યાની સામે ગુરુનું પણ મંડલ બનાવીને ત્યાં શ્રેષ્ઠ આસન રાખે અને એના પર પુષ્પ વગેરે દ્વારા ગુરુની પૂજા કરે. તદનંતર પૂજનીય પુરુષોની પૂજા કરે, ભૂખ્યાંને ભોજન કરાવે. એ પછી સ્વયં સુખપૂર્વક શુદ્ધ અન્નનું ભોજન કરે. તે અન્ન તત્કાલ ભગવાન શિવને નિવેદિત કરેલું હોય અથવા એમનો પ્રસાદ હોય. એને આત્મશુદ્ધિ માટે શ્રદ્ધાપૂર્વક ભોજન કરે. જે અન્ન ચંડને સમર્પિત હોય, એને લોભવશ ગ્રહણ ન કરે. ગંધ અને પુષ્પમાલા વગેરે જે વસ્તુઓ છે, એમને માટે પણ આ વિધિ સમાન જ છે અર્થાત્ ચંડનો ભાગ હોવાથી એને ગ્રહણ ન કરવો. ત્યાં વિદ્વાન પુરુષ 'હું જ શિવ છું' એવી બુદ્ધિ ન કરે. ભોજન અને આચમન કરીને મનમાં ને મનમાં ચિંતન કરતાં મૂલમંત્રનું ઉચ્ચારણ કરે. બાકીનો સમય શિવશાસ્ત્રની કથાના શ્રવણ વગેરે યોગ્ય કાર્યોમાં પસાર કરે. રાતનો પ્રથમ પ્રહર વીતી જાય પછી મનોહર પૂજા કરીને શિવ અને શિવા માટે એક પરમ સુંદર શૈયા પ્રસ્તુત કરે. એ સાથે ભક્ષ્ય, ભોજ્ય, વસ્ત્ર, ચંદન અને પુષ્પમાળા વગેરે પણ રાખી મૂકે. મનથી અને ક્રિયા દ્વારા પણ બધી સુંદર વ્યવસ્થા કરીને પવિત્ર થઈને મહાદેવજી અને મહાદેવજીનાં ચરણો પાસે શયન કરે. જો ઉપાસક ગૃહસ્થ હોય તો ત્યાં પોતાની પત્ની સાથે શયન કરે. જો ગૃહસ્થ ન હોય તો તે એકલો જ શયન કરે. ઉષઃકાલ આવ્યો જાણીને મનમાં ને મનમાં પાર્વતીદેવી તથા પાર્ષદોસહિત અવિનાશી ભગવાન શિવને પ્રણામ કરીને દેશકાલોચિત કાર્ય તથા શૌચ વગેરે કૃત્ય પૂર્ણ કરે. પછી યથાશક્તિ શંખ વગેરે વાદ્યોના દિવ્ય ધ્વનિથી મહાદેવ અને મહાદેવીને જગાડે. એ પછી એ સમયે ખિલેલાં પરમ સુગંધિત પુષ્પો દ્વારા શિવા અને શિવની પૂજા કરીને પૂર્વોક્ત કાર્યનો આરંભ કરે.

(અધ્યાય-૨૭)

*

કામ્ય કર્મના પ્રસંગમાં શક્તિ સહિત પંચમુખ મહાદેવની પૂજાના વિધાનનું વર્ણન

તદનંતર શિવાશ્રમ સેવીઓ માટે નૈમિત્તિક કર્મની વિધિ બતાવીને ઉપમન્યુજીએ કહ્યું— હે યદુનંદન! હવે હું કામ્ય કર્મનું વર્ણન કરીશ, જે આલોક અને પરલોકમાં પણ ફળ આપનારાં છે. શૈવો તથા માહેશ્વરોએ ક્રમશઃ અંદર અને બહાર આને કરવું જોઈએ. જેવી રીતે શિવ અને મહેશ્વરમાં અહીં અત્યંત ભેદ નથી, એવી જ રીતે શૈવો અને માહેશ્વરોમાં પણ અધિક ભેદ

નથી. જે મનુષ્ય શિવને આશ્રિત રહીને જ્ઞાનયજ્ઞમાં તત્પર હોય છે, તે શૈવ કહેવાય છે અને જે શિવાશ્રિત ભક્ત ભૂતલ પર કર્મયજ્ઞમાં સંલગ્ન રહે છે, તે મહાન ઈશ્વરનું યજન કરવાને કારણે માહેશ્વર કહેવાયા છે. એટલા માટે જ્ઞાનયોગી શૈવોએ પોતાની અંદર ભગવાન દ્વારા કર્મનું અનુષ્ઠાન કરવું જોઈએ અને કર્મપરાયણ માહેશ્વરોએ બહાર વિહિત દ્રવ્યો તથા ઉપકરણો દ્વારા એનું સંપાદન કરવું જોઈએ. આગળ બતાવેલાં કર્મના પ્રયોગમાં એમને માટે કોઈ બંધ નથી.

ગંધ, વર્ણ અને રસ વગેરે દ્વારા વિધિપૂર્વક ભૂમિની પરીક્ષા કરીને મનોઽભિલષિત સ્થાન પર આકાશમાં ચંદરવો તાણી દેવો અને એ સ્થાનને સારી પેઠે લીપી-પોતીને દર્પણ સમાન સ્વચ્છ બનાવી દેવું. ત્યાર પછી શાસ્ત્રોક્ત માર્ગથી ત્યાં પહેલાં પૂર્વ દિશાની કલ્પના કરે. એ દિશામાં એકબે હાથનું મંડલ બનાવે એ મંડલમાં સુંદર અષ્ટદલ કમલ અંકિત કરે. કમળમાં કર્ણિકા હોવી જરૂરી છે. યથાસંભવ સંચિત રત્ન અને સુવર્ણ વગેરેના ચૂર્ણથી એનું નિર્માણ કરે. તે અત્યંત શોભાયમાન તથા પાંચ આવરણોથી યુક્ત હોય. કમલનાં આઠ દલોમાં ક્રમથી અણિમા વગેરે આઠ સિદ્ધિઓની કલ્પના કરે તથા એમના કેસરોમાં શક્તિસહિત વામદેવ આદિ આઠ રુદ્રોની પૂર્વાદિ દલના ક્રમથી સ્થાપિત કરે. કમલની કર્ણિકામાં વૈરાગ્યને સ્થાન આપે તથા બીજોમાં નવશક્તિઓની સ્થાપના કરે. કમલના કંદમાં શિવ-સંબંધી ધર્મ અને નાલમાં શિવસંબંધી જ્ઞાનની ભાવના કરે. કર્ણિકાની ઉપર અગ્નિમંડલ, સૂર્યમંડલ અને ચંદ્રમંડલની ભાવના કરે. આ મંડલોની ઉપર શિવતત્ત્વ, વિદ્યાતત્ત્વ અને આત્મતત્ત્વનું ચિંતન કરે. સંપૂર્ણ કમલાસન પર સુખપૂર્વક બિરાજમાન અને વિવિધ પ્રકારનાં પુષ્પોથી અલંકૃત, પાંચ આવરણોસહિત ભગવાન શિવનું માતા પાર્વતીની સાથે પૂજન કરે. એમની અંગકાંતિ શુદ્ધ સ્ફટિકમણિ સમાન ઉજ્જ્વળ છે. તે સતત પ્રસન્ન રહે છે. એમની પ્રભા શીતલ છે. મસ્તક પર વિદ્યુત્‌મંડલ સમાન ચમકતી જટારૂપ મુગટ એમની શોભા વધારે છે. તેમણે વ્યાઘ્રચર્મ ધારણ કર્યું છે. એમના મુખારવિંદ પર મંદ સ્મિતની છટા છવાઈ ગઈ છે. એમના હાથની હથેળીઓ અને પગનાં તળિયાં લાલ કમલ સમાન અરુણ પ્રભાથી ઉદ્‌ભાસિત છે. તે ભગવાન શિવ સમસ્ત શુભલક્ષણોથી સંપન્ન અને સર્વ પ્રકારનાં આભૂષણોથી વિભૂષિત છે. એમના હાથમાં ઉત્તમોત્તમ દિવ્ય આયુધ શોભી રહ્યાં છે અને અંગોમાં દિવ્ય ચંદનનો લેપ લગાવેલો છે. એમને પાંચ મુખ અને દશ ભુજાઓ છે. અર્ધચંદ્ર એમની શિખાનો મણિ છે. એમનું પૂર્વવર્તી મુખ પ્રાતઃકાળના સૂર્યની જેમ અરુણ પ્રભાથી ઉદ્‌ભાસિત અને સૌમ્ય છે. એમાં ત્રણ નેત્રરૂપી કમળ ખિલેલાં છે તથા મસ્તક પર બાલચંદ્રમાનો મુગટ શોભે છે. દક્ષિણ મુખ નીલ જલધર (વાદળ) સમાન શ્યામ પ્રભાથી ભાસિત થાય છે એમની ભ્રમરો વાંકી છે. તે દેખાવમાં ભયાનક છે. એમાં ગોળાકાર લાલ-લાલ આંખો દૃષ્ટિગોચર થાય છે. દાઢોને કારણે તે મુખ વિકરાળ જણાય છે. એમનો પરાભવ કરવો કોઈને માટે પણ કઠિન છે. એમના અધરપલ્લવ ફરકતા રહે છે, ફરકયા કરે છે. ઉત્તરવર્તી મુખ પરવાળાની જેમ

લાલ છે. કાળા કાળા કેશપાશ એમની શોભા વધારે છે. એમાં વિભ્રમવિલાસથી યુક્ત ત્રણ નેત્ર છે અને એમનું મસ્તક અર્ધચંદ્રમય મુગટથી વિભૂષિત છે. ભગવાન શિવનું પશ્ચિમ મુખ પૂર્ણ ચંદ્રમા સમાન ઉજ્જવળ તથા ત્રણ નેત્રોથી પ્રકાશમાન છે. એમનું મસ્તક ચંદ્રલેખાની શોભા ધારણ કરે છે...

તે મુખ દેખાવમાં સૌમ્ય છે અને મંદ સ્મિતની શોભાથી ઉપાસકોનાં મન મોહી લે છે. એમનું પાંચમું મુખ સ્ફટિક મણિ સમાન નિર્મળ, ચંદ્રલેખાથી સમુજ્જ્વલ, અત્યંત સૌમ્ય તથા ત્રણ પ્રફુલ્લ નેત્ર કમળોથી પ્રકાશમાન છે.

ભગવાન શિવ પોતાના જમણા હાથમાં શૂલ, વજ્ર, ખડ્ગ અને અગ્નિ ધારણ કરીને એ સૌની પ્રભાથી પ્રકાશિત થાય છે તથા ડાબા હાથમાં નાગ, બાણ, ઘંટા, પાશ તથા અંકુશ એમની શોભા વધારે છે. પગથી લઈને ઘૂંટણ સુધીનો ભાગ નિવૃત્તિકલાથી સંબદ્ધ છે. એની ઉપર નાભિ સુધીનો ભાગ પ્રતિષ્ઠાકલાથી કંઠ સુધીનો ભાગ વિદ્યાકલાથી, લલાટ સુધીનો ભાગ શાંતિકલાથી અને એથી પણ ઉપરનો ભાગ શાન્ત્યતીતા કલાથી સંયુક્ત છે. આ પ્રકારે તે પંચધ્વવ્યાપી તથા સાક્ષાત્ પંચકલામય શરીરધારી છે. ઈશાનમંત્ર એમનો મુગટ છે. તત્પુરુષમન્ત્ર એ પુરાતન દેવનું મુખ છે. અઘોરમંત્ર હૃદય છે, વામદેવમંત્ર એ મહેશ્વરનો ગુહ્ય ભાગ છે અને સદ્યોજાતમંત્ર એમનાં યુગલ ચરણ છે. એમની મૂર્તિ આડત્રીશ કલામયી છે* પરમેશ્વર શિવનો વિગ્રહ માતૃકા (વર્ણમાલા-) મય, પંચબ્રહ્મ (ઈશાનઃ સર્વવિદ્યાનામ્ ઇત્યાદિ પાંચ મંત્ર,) મય, પ્રણવમય, તથા હંસશક્તિથી સંપન્ન છે. ઇચ્છા શક્તિ એમના અંગમાં આરૂઢ છે, જ્ઞાન શક્તિ દક્ષિણ ભાગમાં છે, તથા ક્રિયાશક્તિ વામભાગમાં બિરાજમાન છે. તે ત્રિતત્ત્વમય છે. અર્થાત્ આત્મતત્ત્વ, વિદ્યાતત્ત્વ, અને શિવતત્ત્વ એમનાં સ્વરૂપ છે. તે સદાશિવ સાક્ષાત્ વિદ્યામૂર્તિ છે. આ પ્રકારે એમનું ધ્યાન કરવું જોઈએ.

મૂલમંત્રથી મૂર્તિની કલ્પના અને સકલીકરણની ક્રિયા કરીને મૂલમંત્રથી જ યથોચિત રીતિથી ક્રમશઃ પાદ્ય આદિ વિશેષાર્ઘ્યપર્યંત પૂજન કરે. પછી પરાશક્તિની સાથે સાક્ષાત્ મૂર્તિમાન શિવનું પૂર્વોક્ત મૂર્તિમાં આવાહન કરીને સદસદ્વ્યક્તિ રહિત પરમેશ્વર મહાદેવનું ગંધ આદિ પંચોપચારથી પૂજન કરે. પાંચ બ્રહ્મમંત્રોથી, છ અંગમંત્રોથી, માતૃકામંત્રથી, પ્રણવથી, શક્તિયુક્ત શિવમંત્રથી, શાંત તથા અન્ય વેદમંત્રોથી અથવા કેવળ શિવમંત્રથી એ પરમ દેવનું પૂજન કરે. પાદ્યથી લઈને મુખશુદ્ધિપર્યંત પૂજન સંપન્ન કરીને ઇષ્ટદેવનું વિસર્જન કર્યા વગર જ ક્રમશઃ પાંચ આવરણોની પૂજા આરંભ કરે.

(અધ્યાય ૨૮-૨૯)

*

* કલા, કાલ, નિયતિ, વિદ્યા, રાગ, પ્રકૃતિ અને ગુણ-એ સાતત્ત્વ, પંચભૂત, પંચતન્માત્રા, દશ ઇન્દ્રિયો, ચાર અંતઃકરણ અને પાંચ શબ્દાદિ વિષય—એ છત્રીશ તત્ત્વ છે. આ બધાં તત્ત્વ જીવના શરીરમાં હોય છે. પરમેશ્વરના શરીરને શાક્ત શક્તિસ્વરૂપ અને ચિન્મય) તથા મંત્રમય કહેવાય છે. આ બંને તત્ત્વોને જોડી લેવાથી આડત્રીશ કલાઓ થાય છે. સમસ્ત જડ-ચેતન પરમેશ્વરનું સ્વરૂપ હોવાથી મૂર્તિને આડત્રીસ કલામયી બતાવી છે. અથવા પાંચ સ્વર અને તેત્રીશ વ્યંજનરૂપ હોવાથી એમના શરીરને આડત્રીશ કલામય કહેવાયું છે.

આવરણપૂજાની વિસ્તૃત વિધિ તથા ઉક્ત વિધિથી પૂજનના મહિમાનું વર્ણન

ઉપમન્યુ કહે છે—હે યદુનંદન! પહેલાં
ા અને શિવના જમણે ડાબે ભાગે ક્રમશઃ
શ અને કાર્તિકેયનું ગંધ આદિ પાંચ ઉપચારો
પૂજન કરે. પછી એ સૌનું ચારે બાજુ
ાનથી લઈને સદ્યોજાતપર્યંત પાંચ
મૂર્તિઓનું શક્તિસહિત ક્રમશઃ પૂજન કરવું.
પ્રથમ આવરણમાં કરવાનું પૂજન છે. આ
વરણમાં હૃદય આદિ છ અંગો તથા શિવ
શિવાનું અગ્નિકોણથી લઈને પૂર્વ દિશા
ત આઠ દિશાઓમાં પૂજન કરે. ત્યાં જ વામા
દિ શક્તિઓની સાથે વામ આદિ આઠ
ની પૂર્વ આદિ દિશાઓમાં ક્રમશઃ પૂજા કરે.
પૂજન વૈકલ્પિક છે. હે યદુનંદન! આ મેં
ને પ્રથમ આવરણનું વર્ણન કરી બતાવ્યું.
હવે પ્રેમપૂર્વક બીજા આવરણનું વર્ણન
ામાં આવે છે, શ્રદ્ધાપૂર્વક સાંભળો. પૂર્વ
ાવાળા દળમાં અનંતનું અને એમના વામ
ામાં એમની શક્તિનું પૂજન કરે. દક્ષિણ
ાવાળા દળમાં શક્તિ સહિત સૂક્ષ્મદેવની પૂજા
પશ્ચિમ દિશાના દળમાં શક્તિ સહિત
ોત્તમનું ઉત્તર દિશાના દળમાં શક્તિયુક્ત
નેત્રના, ઈશાન કોણવાળા દલમાં એકરુદ્ર
એમની શક્તિનું, અગ્નિકોણવાળા દળમાં
ૂર્તિ અને એમની શક્તિનું તથા
ત્યકોણવાળા દળમાં શક્તિ સહિત શિખંડીશનું
ન કરે. સમસ્ત ચક્રવર્તીઓની પણ દ્વિતીય
વરણમાં જ પૂજા કરવી જોઈએ. ત્રીજા
વરણમાં શક્તિ સહિત અષ્ટમૂર્તિઓનું પૂર્વ
દિ આઠે દિશાઓમાં ક્રમશઃ પૂજન કરે. ભવ,
, ઈશાન, રુદ્ર, પશુપતિ, ઉગ્ર, ભીમ અને
મહાદેવ—એ ક્રમશઃ આઠ મૂર્તિઓ છે. એ પછી
એ જ આવરણમાં શક્તિઓ સહિત મહાદેવ
વગેરે અગિયાર મૂર્તિઓની પૂજા કરવી જોઈએ.
મહાદેવ, શિવ, રુદ્ર, શંકર, નીલલોહિત ઈશાન,
વિજય, ભીમ, દેવદેવ, ભવોદ્ભવ તથા કપર્દીશ
(યા કપાલીશ) એ અગિયાર મૂર્તિઓ છે.
એમાંથી જે પ્રથમ આઠ મૂર્તિઓ છે, એમનું
અગ્નિકોણવાળા દળથી લઈને પૂર્વ દિશાપર્યંત
આઠ દિશાઓમાં પૂજન કરવું જોઈએ. દેવદેવને
પૂર્વ દિશાના દલમાં સ્થાપિત અને પૂજિત કરે
અને ઈશાનનું પુનઃ અગ્નિ કોણમાં સ્થાપન-
પૂજન કરે. પછી મેં બંનેની વચમાં ભવોદ્ભવની
પૂજા કરે અને એમના પણ કપાલીશ અથવા
કપર્દીશનું સ્થાપન-પૂજન કરવું જોઈએ. એ
તૃતીય આવરણમાં ફરી વૃષભરાજનું પૂર્વમાં,
નંદીનું દક્ષિણમાં, મહાકાલનું ઉત્તરમાં, શાસ્તાનું
અગ્નિકોણનાં દલમાં, માતૃકાઓનું દક્ષિણ દિશાના
દળમાં, ગણેશજીનું નૈઋત્યકોણના દલમાં,
કાર્તિકેયનું પશ્ચિમ દલમાં, જયેષ્ઠાનું વાયવ્યકોણના
દલમાં, ગૌરીનું ઉત્તરદલમાં, ચંડનું ઈશાન
કોણમાં તથા શાસ્તા અને નંદીશ્વરની વચમાં
મુનીન્દ્ર વૃષભનું યજન કરે. મહાકાલના
ઉત્તરભાગમાં પિંગલનું શાસ્તા અને માતૃકાઓની
વચમાં ભૃંગીશ્વરનું માતૃકાઓ તથા ગણેશજીની
વચમાં વીરભદ્રનું, સ્કંદ અને ગણેશજી વચમાં,
સરસ્વતી દેવીનું જયેષ્ઠા અને કાર્તિકેયની વચમાં
શિવચરણોની અર્ચના કરનારી શ્રીદેવીનું, જયેષ્ઠા
અને ગણામ્બા (ગૌરી)ની વચમાં મહામોટાનું
પૂજા કરે ગણામ્બા અને ચંડની વચમાં દુર્ગાદેવીની
પૂજા કરે. આ જ આવરણમાં પુનઃ શિવના

અનુચરવર્ગની પૂજા કરે. આ અનુચર વર્ગમાં રુદ્રગણ, પ્રથમગણ અને ભૂતગણ આવે છે આ સૌનાં વિવિધ રૂપ છે અને આ બધા જ પોતાની શક્તિઓ સાથે છે. એ પછી એકાગ્રચિત્ત થઈને શિવાના સખીવર્ગનું ધ્યાન અને પૂજન કરવું જોઈએ. આ પ્રકારે તૃતીય આવરણના દેવતાઓનું વિસ્તારપૂર્વક પૂજન થઈ ગયા પછી એના બાહ્ય ભાગમાં ચતુર્થ આવરણનું ચિંતન અને પૂજન કરે. પૂર્વદલમાં સૂર્યનું, દક્ષિણદલમાં ચતુર્મુખ બ્રહ્માનું, પશ્ચિમદલમાં રુદ્રનું અને ઉત્તર દિશાના દલમાં ભગવાન વિષ્ણુનું પૂજન કરે. આ ચારે દેવતાઓમાં પણ જુદાં જુદાં આવરણ છે. એમના પ્રથમ આવરણમાં છએ અંગો તથા દીપ્તા વગેરે શક્તિઓની પૂજા કરવી જોઈએ. દીપ્તા, સૂક્ષ્મા, જયા, ભદ્રા, વિભૂતિ, વિમલા, અમોઘા અને વિદ્યુતા - એમની ક્રમશઃ પૂર્વ આદિ આઠ દિશાઓમાં સ્થિતિ છે. દ્વિતીય આવરણમાં પૂર્વથી લઈને ઉત્તર સુધી ક્રમશઃ ચાર મૂર્તિઓની અને એમના પછી એમની શક્તિઓની પૂજા કરે. આદિત્ય, ભાસ્કર; ભાનુ અને રવિ એ ચાર મૂર્તિઓ ક્રમશઃ પૂર્વ-આદિ ચાર દિશાઓનાં પૂજનીય છે. ત્યાર પછી અર્ક, બ્રહ્મા, રુદ્ર તથા વિષ્ણુ - એ ચાર મૂર્તિઓ પણ પૂર્વ આદિ દિશાઓમાં પૂજનીય છે. પૂર્વ દિશામાં વિસ્તરા, દક્ષિણમાં સુતરા, પશ્ચિમમાં બોધિની અને ઉત્તરમાં આપ્યાયિનીની પૂજા કરે - ઈશાન કોણમાં ઉષાની, અગ્નિ કોણમાં પ્રભાની, નૈર્ઋત્ય કોણમાં પ્રાજ્ઞાની અને વાયવ્ય કોણમાં સંધ્યાની પૂજા કરે. આ રીતે દ્વિતીય આવરણમાં આ સૌની સ્થાપના કરીને વિધિવત પૂજા કરવી જોઈએ.

તૃતીય આવરણમાં સોમ, મંગલ, બુદ્ધિમાનોમાં શ્રેષ્ઠ બુધ, વિશાલબુદ્ધિ બૃહસ્પતિ, તેજોનિધિ શુક્ર, શનૈશ્ચર અને ધૂમ્રવર્ણવાળા ભયંકર રાહુ-કેતુનું પૂર્વાદિ દિશાઓમાં પૂજન કરે અથવા દ્વિતીય આવરણમાં દ્વાદશ આદિત્યોની પૂજા કરવી જોઈએ અને તૃતીય આવરણમાં દ્વાદશ રાશિઓની પૂજા કરવી જોઈએ. એના બાહ્ય ભાગમાં સાત સાત ગણોની બધી બાજુએ પૂજા કરવી જોઈએ. ઋષિઓ, દેવતાઓ, ગંધર્વો, નાગો, અપ્સરાઓ, ગ્રામિણીઓ, યક્ષો, યાતુર્ધાનો સાત છંદોમય અશ્વો તથા વાલખિલ્યોનું પૂજન કરે. આ રીતે તૃતીય આવરણમાં સૂર્યદેવનું પૂજન કરીને તે પછી ત્રણ આવરણો સહિત બ્રહ્માજીનું પૂજન કરે.

પૂર્વ દિશામાં હિરણ્યગર્ભનું, દક્ષિણમાં વિરાટનું પશ્ચિમ દિશામાં કાળનું અને ઉત્તર દિશામાં પુરુષનું પૂજન કરે. હિરણ્યગર્ભ નામના જે પહેલા બ્રહ્મા છે, એમની અંગકાંતિ કમળ સમાન છે, કાળ જન્મથી જ અંજન સમાન કાળા છે અને પુરુષ સ્ફટિકમણિ સમાન નિર્મલ છે. ત્રિગુણ, રાજસ, તામસ અને સાત્ત્વિક એ ચારે પણ પૂર્વ આદિ દિશાના ક્રમથી પ્રથમ આવરણમાં જ સ્થિત છે.

દ્વિતીય આવરણમાં પૂર્વ આદિ દિશાઓના દલમાં ક્રમશઃ સનત્કુમાર, સનક, સનંદન અને સનાતનનું પૂજન કરવું જોઈએ. ત્યાર પછી ત્રીજા આવરણમાં અગિયાર પ્રજાપતિઓનું પૂજન કરે. એમાંથી પ્રથમ આઠનું તો પૂર્વ આદિ આઠ દિશાઓમાં પૂજન કરે. પછી બાકી ત્રણનું પૂર્વ આદિના ક્રમથી અર્થાત્ પૂર્વ, દક્ષિણ અને પશ્ચિમમાં પૂજન કરે. દક્ષ, રુચિ, ભૃગુ, મરીચિ, અંગિરા, પુલસ્ત્ય, પુલહ, ક્રતુ, અત્રિ, કશ્યપ અને વસિષ્ઠ-એ અગિયાર વિખ્યાત પ્રજાપતિ છે. એમની સાથે એમની પત્નીઓનું પૂજન કરવું

જોઈએ. પ્રસૂતિ, આકૂતિ, ખ્યાતિ, સંભૂતિ, ધૃતિ, સ્મૃતિ, ક્ષમા, સંનતિ, અનસૂયા, દેવમાતા અદિત તથા અરુન્ધતી—આ બધી ઋષિપત્નીઓ, સદા શિવપૂજન પરાયણા, કાન્તિમતી અને પ્રિયદર્શના (પરમ સુંદરી) છે. અથવા પ્રથમ આવરણમાં ચારે વેદોનું પૂજન કરે, પછી દ્વિતીય આવરણમાં ઇતિહાસ-પુરાણોની અર્ચના કરે તથા તૃતીય આવરણમાં ધર્મશાસ્ત્ર સહિત સંપૂર્ણ વૈદિક વિદ્યાઓનું બધી બાજુથી પૂજન કરવું જોઈએ. ચાર વેદોનું પૂર્વ આદિ ચાર દિશાઓના પૂજવા જોઈએ, અન્ય ગ્રંથોને પોતાની રુચિ અનુસાર આઠ અથવા ચાર ભાગમાં વહેંચીને બધી જ બાજુએથી એમની પૂજા કરવી જોઈએ. આ પ્રકારે દક્ષિણમાં ત્રણ આવરણોથી યુક્ત બ્રહ્માજીની પૂજા કરીને પશ્ચિમમાં આવરણ સહિત રુદ્રનું પૂજન કરે.

ઈશાન આદિ પાંચ બ્રહ્મ અને હૃદય આદિ છ અંગોને રુદ્રદેવનું પ્રથમ આવરણ કહે છે. દ્વિતીય આવરણ વિદ્યેશ્વરમય* છે. તૃતીય આવરણમાં ભેદ છે. તેથી એનું વર્ણન કરવામાં આવે છે એ આવરણમાં પૂર્વાદિ દિશાઓના ક્રમથી ત્રિગુણાદિ ચાર મૂર્તિઓની પૂજા કરવી જોઈએ. પૂર્વ દિશામાં પૂર્ણરૂપ શિવ નામના મહાદેવ પૂજિત થાય છે, એમની 'ત્રિગુણ' સંજ્ઞા છે. (કેમકે એ ત્રિગુણાત્મક જગતના આશ્રય છે), દક્ષિણ દિશામાં 'રાજસ' પુરુષના નામથી પ્રસિદ્ધ સૃષ્ટિકર્તા બ્રહ્માનું પૂજન કરવામાં આવે છે, એ 'ભવ' કહેવાય છે. પશ્ચિમ દિશામાં 'તામસ' પુરુષ અગ્નિની પૂજા થાય છે, એમને જ સંહારકારી હર કહ્યા છે. ઉત્તર દિશામાં 'સાત્ત્વિક' પુરુષ સુખદાયક વિષ્ણુનું પૂજન કરવામાં આવે છે. એ જ વિશ્વપાલક 'મૃડ' છે. આ પ્રકારે પશ્ચિમ ભાગમાં શંભુના શિવરૂપનું જે પચ્ચીશ તત્ત્વોના સાક્ષી છવ્વીશમું+ તત્ત્વ છે, પૂજન કરીને ઉત્તર દિશામાં ભગવાન વિષ્ણુનું પૂજન કરવું જોઈએ.

એમના પ્રથમ આવરણમાં વાસુદેવને પૂર્વમાં, અનિરુદ્ધને દક્ષિણમાં, પ્રદ્યુમ્નને પશ્ચિમમાં અને સંકર્ષણને ઉત્તર ભાગમાં સ્થાપિત કરીને પૂજા કરવી જોઈએ. આ પ્રથમ આવરણ બતાવ્યું. હવે દ્વિતીય શુભ આવરણ બતાવાય છે. મત્સ્ય, કૂર્મ, વરાહ, નરસિંહ, વામન, ત્રણમાંથી એક રામ, આપશ્રી શ્રીકૃષ્ણ અને હયગ્રીવ એ દ્વિતીય આવરણમાં પૂજિત થાઓ છો. તૃતીય આવરણમાં પૂર્વભાગમાં ચક્રની પૂજા કરે, દક્ષિણમાં ગમે ત્યાં પ્રતિહત ન થનાર નારાયણાસ્ત્રનું યજન કરે, પશ્ચિમનાં પાંચજન્યનું અને ઉત્તરમાં શાર્ઙ્ગધનુષની પૂજા કરે. આ રીતે ત્રણ આવરણોથી યુક્ત સાક્ષાત્ વિશ્વનાયક પરમ હરિ મહાવિષ્ણુની, જે સદા સર્વત્ર વ્યાપક છે, મૂર્તિમાં ભાવના કરીને પૂજા કરે. આ રીતે વિષ્ણુના ચતુર્વ્યૂહ, ક્રમથી ચાર મૂર્તિઓનું પૂજન કરીને ક્રમશઃ એમની ચાર શક્તિઓનું પૂજન કરે—પ્રભાનું અગ્નિકોણમાં, સરસ્વતીનું નૈર્ઋત્ય કોણમાં, ગણામ્બિકાનું વાયવ્ય

---

* પાશુપત-દર્શનમાં વિદ્યેશ્વરોની સંખ્યા આઠ કહી છે. એમનાં નામ આ પ્રમાણે છેઃ અનંત, સૂક્ષ્મ, શિવોત્તમ, એકનેત્ર, એકરુદ્ર, ત્રિમૂર્તિ, શ્રીકંઠ અને શિખંડી. એમને ક્રમશઃ પૂર્વ આદિ દિશાઓમાં સ્થાપિત કરીને એમની પૂજા કરે. દ્વિતીય આવરણમાં એમની પૂજા બતાવી છે.

+ સાંખ્યોક્ત ૨૪ પ્રાકૃત તત્ત્વોના સાક્ષી જીવને પચ્ચીશમું તત્ત્વ કહેવાય છે; જે આથી પણ પરે છે, તે સર્વસાક્ષી પરમાત્મા શિવ છવ્વીશમાં તત્ત્વરૂપ છે.

કોણમાં તથા લક્ષ્મીનું ઈશાન કોણમાં પૂજન કરે. આ જ પ્રકારે ભાનુ આદિ મૂર્તિઓ અને એમની શક્તિઓનું પૂજન કરીને એ જ આવરણમાં લોકેશ્વરોની પૂજા કરે. એમનાં નામ આ પ્રમાણે છે : ઈન્દ્ર, અગ્નિ, યમ, નિર્ઋતિ, વરુણ વાયુ, સોમ, કુબેર તથા ઈશાન, આ પ્રકારે ચોથા આવરણની વિધિપૂર્વક પૂજા સંપન્ન કરીને બાહ્ય ભાગમાં મહેશ્વરનાં આયુધોની અર્ચના કરે. ઈશાન કોણમાં તેજસ્વી ત્રિશૂલની, પૂર્વ દિશામાં વજ્રની, અગ્નિ કોણમાં પરશુની, દક્ષિણમાં બાણની, નૈર્ઋત્ય કોણમાં ખડ્ગની, પશ્ચિમમાં પાશની, વાયવ્ય કોણમાં અંકુશની અને ઉત્તર દિશામાં પિનાકની પૂજા કરે. તત્પશ્ચાત્ પશ્ચિમાભિમુખ રૌદ્રરૂપધારી ક્ષેત્રપાલનું અર્ચન કરે.

આ રીતે પંચમ આવરણની પૂજાનું સંપાદન કરીને સમસ્ત આવરણ દેવતાઓના બાહ્ય ભાગમાં અથવા પાંચમા આવરણમાં જ માતૃકાઓ સહિત મહાવૃષભ નન્દિકેશ્વરનું પૂર્વ દિશામાં પૂજન કરે. તદનંતર સમસ્ત દેવયોનિઓની ચારે બાજુથી અર્ચના કરે. આ સિવાય જે આકાશમાં વિચરણ કરનારા ઋષિ, સિદ્ધ, દૈત્ય, યક્ષ, રાક્ષસ, અનંત આદિ નાગરાજ, એ એ નાગેશ્વરોના કુલમાં ઉત્પન્ન થયેલ અન્ય નાગ, ડાકિની, ભૂત, વેતાળ, પ્રેત અને ભૈરવોના નાયક, વિવિધ યોનિઓમાં ઉત્પન્ન થયેલા અન્ય પાતાલવાસી જીવ, નદી, સમુદ્ર, પર્વત, વન, સરોવર, પશુ, પક્ષી, વૃક્ષ, કીટ વગેરે ક્ષુદ્ર યોનિઓના જીવ, મનુષ્ય, વિવિધ પ્રકારના આકારવાળા મૃગ, ક્ષુદ્ર જંતુ, બ્રહ્માંડની અંદરના લોક, કોટિ કોટિ બ્રહ્માંડ, બ્રહ્માંડની બહાર અસંખ્ય ભુવન અને એમના અધીશ્વર તથા દશે દિશાઓમાં સ્થિત બ્રહ્માંડના આધારભૂત રુદ્ર છે અને ગુણજનિત, માયાજનિત, શક્તિજનિત તથા એથી પણ પરે જે કાંઈ પણ શબ્દવાચ્ય જડ-ચેતનાત્મક પ્રપંચ છે, એ સૌને શિવા અને શિવના પાર્શ્વભાગમાં સ્થિત જાણીને એમનું સામાન્ય રૂપે યજન કરે. એ બધા લોકો હાથ જોડીને મંદ સ્મિતયુક્ત મુખથી સુશોભિત થયેલા પ્રેમપૂર્વક મહાદેવ અને મહાદેવીનાં દર્શન કરી રહ્યાં છે, એવું ચિંતન કરવું જોઈએ. આ રીતે આવરણ-પૂજા સંપન્ન કરીને વિક્ષેપની શાંતિ માટે પુનઃ દેવેશ્વર શિવની અર્ચના કરીને પંચાક્ષર-મંત્રનો જપ કરે. તદનંતર શિવ અને પાર્વતી સામે ઉત્તમ વ્યંજનોથી યુક્ત તથા અમૃત સમાન મધુર, શુદ્ધ અને મનોહર મહાચરુ નૈવેદ્યનું નિવેદન કરે. આ મહાચરુ બત્રીશ આઢક (લગભગ ત્રણ મણ અને આઠ શેર) આઢકનો હોય તો ઉત્તમ છે અને ઓછામાં ઓછો એક આઢક (ચાર શેર)નો હોય તો નિમ્ન શ્રેણીનો મનાય છે. પોતાના વૈભવ અનુસાર જેટલું થઈ શકે, મહાચરુ તૈયાર કરીને એને શ્રદ્ધાપૂર્વક નિવેદિત કરે. તદનંતર જલ અને તાંબૂલ-એલાયચી વગેરે નિવેદિત કરીને આરતી ઉતારીને બાકીની પૂજા સમાપ્ત કરે. યાગના ઉપયોગમાં આવનારાં દ્રવ્ય, ભોજન, વસ્ત્ર વગેરેને ઉત્તમ શ્રેણીના જ તૈયાર કરાવીને આપવાં. ભક્તિમાન પુરુષ વૈભવ હોવા છતાં ધન-વ્યય કરવામાં કંજૂસાઈ ન કરે. જે શઠ અથવા કંજૂસ છે અને પૂજા પ્રત્યે ઉપેક્ષાની ભાવના રાખે છે, તે જો કૃપણતાવશ કર્મને કોઈ અંગથી હીન કરી દે તો એનાં તે કામ્ય કર્મ સફળ થતાં નથી, એવું સત્પુરુષોનું કથન છે.

એટલા માટે મનુષ્ય જો ફલસિદ્ધિનો ઉત્સુક હોય તો ઉપેક્ષાભાવને છોડીને સંપૂર્ણ અંગોના યોગથી કામ્ય કર્મોનું સંપાદન કરે. આ રીતે પૂજા સમાપ્ત કરીને મહાદેવ અને મહાદેવીને પ્રણામ કરે. પછી ભક્તિભાવથી મનને એકાગ્ર કરીને સ્તુતિપાઠ કરે. સ્તુતિ પછી સાધક ઉત્સુકતાપૂર્વક ઓછામાં ઓછું એક સો આઠ વાર અને સંભવ હોય તો એક હજારથી વધારે પંચાક્ષરી વિદ્યાનો જપ કરે. તત્પશ્ચાત્ વિદ્યા અને ગુરુની પૂજા કરીને પોતાના અભ્યુદય અને શ્રદ્ધા અનુસાર યજ્ઞમંડપના સદસ્યોનું પણ પૂજન કરે. પછી આવરણોસહિત દેવેશ્વર શિવનું વિસર્જન કરીને યજ્ઞનાં ઉપકરણો સહિત આખું મંડળ ગુરુને અથવા શિવચરણાશ્રિત ભક્તોને આપી દે. અથવા એને શિવના જ ઉદ્દેશ્યથી શિવના ક્ષેત્રમાં સમર્પિત કરી દે. અથવા સમસ્ત આવરણ-દેવતાઓનું યથોચિત રીતિથી પૂજન કરીને સાત પ્રકારનાં હોમ દ્રવ્યો દ્વારા શિવાગ્નિમાં ઇષ્ટદેવતાનું ભજન કરે.

આ ત્રણે લોકોમાં વિખ્યાત યોગેશ્વર નામનો યોગ છે. એનાથી વધારે કોઈ યોગ ત્રિભુવનમાં ક્યાંય નથી. સંસારમાં એવી કોઈ વસ્તુ નથી, જે આનાથી સાધ્ય ન હોય. આ લોકમાં મળનારું કોઈ ફળ હોય અથવા પરલોકમાં, આ દ્વારા બધું જ સુલભ છે, આ આનું ફલ નથી, એવું કોઈ નિયંત્રણ કરી શકાય નહિ; કેમકે સંપૂર્ણ શ્રેયોરૂપ સાધ્યનું આ શ્રેષ્ઠ સાધન છે. આમ નિશ્ચિતરૂપે કહી શકાય કે પુરુષ જે કોઈ ફળ ચાહે તે બધું આ ચિંતામણિ સમાન આનાથી પ્રાપ્ત થઈ જાય છે. તથાપિ કોઈ ક્ષુદ્ર ફળના ઉદ્દેશ્યથી આનો પ્રયોગ ન કરવો જોઈએ; કેમકે કોઈ મહાનથી લઘુ ફળની ઇચ્છા રાખનારો પુરુષ સ્વયં લઘુતર થઈ જાય છે. મહાદેવજીના ઉદ્દેશ્યથી મહાન અથવા અલ્પ જે કાંઈ કર્મ થાય. તે બધું સિદ્ધ થાય છે. અતઃ એમના ઉદ્દેશ્યથી કર્મનો પ્રયોગ કરવો જોઈએ. શત્રુ અને મૃત્યુ પર વિજય મેળવવો વગેરે જે ફળ બીજાઓથી સિદ્ધ થનાર નથી, એ જ લૌકિક અથવા પારલૌકિક ફળો માટે વિદ્વાન પુરુષ આનો પ્રયોગ કરે. મહાપાતકમાં, મહાન રોગથી ભય વગેરેમાં તથા દુર્ભિક્ષ વગેરેમાં જો શાંતિ કરવાની આવશ્યકતા હોય તો આનાથી શાંતિ કરે. અધિક વધારે ને વધારે વાતો કરવાથી શો લાભ? આ યોગને મહેશ્વર શિવે શૈવોને માટે બહુ ભારે આપત્તિના નિવારણ કરનાર પોતાનું આગવું અસ્ત્ર કહ્યું છે. અતઃ આથી વધારે અહીં કોઈ આપણું રક્ષક નથી, એવું સમજીને આ કર્મનો પ્રયોગ કરનારો પુરુષ શુભ ફળનો ભાગી થાય છે. જે પ્રતિદિન પવિત્ર અને એકાગ્રચિત્ત થઈને સ્તોત્રમાત્રનો પાઠ કરે છે, તે પણ અભીષ્ટ પ્રયોજનનો અષ્ટમાંશ ફળનો ભાગીદાર બને છે. જે અર્થનું અનુસંધાન કરીને પૂર્ણિમા, અષ્ટમી અથવા ચૌદશે ઉપવાસપૂર્વક સ્તોત્રનો પાઠ કરે છે, એને અર્ધું અભીષ્ટ ફળ પ્રાપ્ત થઈ જાય છે. જે અર્થનું અનુસંધાન કરતાં કરતાં લગાતાર એક માસ સુધી સ્તોત્રનો પાઠ કરે છે અને પૂર્ણિમા અષ્ટમી અને ચતુર્દશીને દિવસે વ્રત રાખે છે, તે સંપૂર્ણ મનોવાંછિત અભીષ્ટ ફળની ભાગી થાય છે.

(અધ્યાય-૩૦)

*

ત બધા દેવતાઓની સ્તુતિ તથા એમની પૂર્તિ અને મંગલની કામના

નિરંજન નિરાધાર જય નિષ્કારણોદયા
નિરંતરપરાનંદ જય નિવૃત્તિકારણ॥ ૫॥

નિરંજન (નિર્મલ), આધારરહિત તથા વગર કારણે પ્રગટ થનારા શિવ! આપનો જય હો. હે નિરંતર પરમાનંદમય! શાંતિ અને સુખના કારણ આપનો જય હો॥ ૫॥

જયાતિપરમૈશ્વર્ય જયાતિકરુણાસ્પદા
જય સ્વતંત્રસર્વસ્વ જયાસદૃશ વૈભવ॥ ૬॥

અતિશય ઉત્કૃષ્ટ ઐશ્વર્યથી સુશોભિત તથા અત્યંત કરુણાના આધાર! આપનો જય હો. હે પ્રભો! આપનું સર્વ કાંઈ સ્વતંત્ર છે તથા આપના વૈભવની કયાંય સમતા નથી; આપનો જય હો, જય હો.॥ ૬॥

જયાવૃતમહાવિશ્વ જયાનાવૃત કેનચિત્
જયોત્તર સમસ્તસ્ય જયત્વન્તનિરન્તર॥ ૭॥

આપે વિરાટ વિશ્વને વ્યાપ્ત કરી રાખ્યું છે, પરંતુ આપ કોઈનાથી પણ વ્યાપ્ત નથી. આપનો જય હો, જય હો. આપ સૌથી ઉત્કૃષ્ટ છો, કિન્તુ આપથી શ્રેષ્ઠ કોઈ છે જ નહીં. આપનો જય હો, જય હો ॥ ૭॥

જયાદ્ભુત જયાક્ષુદ્ર જયાક્ષત જયાવ્યયા
જયામેય જયામાય જયાભવ જયામલ॥ ૮॥

આપ અદ્‌ભુત છો. આપનો જય હો. આપ અક્ષુદ્ર (મહાન) છો, આપનો જય હો. આપ અક્ષત (નિર્વિકાર) છો, આપનો જય હો. આપ અવિનાશી છો, આપનો જય હો. અપ્રમેય પરમાત્મન્! આપની જય હો. જય હો. હે માયારહિત મહેશ્વર! આપનો જય હો.

મહાભુજ મહાસાર મહાગુણ મહાકથા।
મહાબલ મહામાય મહારસ મહારથા॥ ૯॥

હે મહાબાહો! મહાસાર! મહાગુણ! મહતી કીર્તિકથાથી યુક્ત! મહાબલી! મહામાયાવી! મહાન રસિક તથા મહારથ, આપનો જય હો.॥ ૯॥

નમઃ પરમદેવાય નમઃ પરમહેતવે।
નમઃ શિવાય શાન્તાય નમઃ શિવતરાય તે॥ ૧૦॥

આપ પરમ આરાધ્યને નમસ્કાર હો. આપ પરમકારણને નમસ્કાર છે. શાંત શિવને નમસ્કાર છે અને આપ પરમ કલ્યાણમય પ્રભુને નમસ્કાર છે॥ ૧૦॥

ત્વદધીનમિદં કૃત્સ્નં જગદ્ધિ સસુરાસુરમ્॥ ૧૧॥
અતસ્ત્વદ્વિહિતામાજ્ઞાં ક્ષમતે કોઽતિવર્તિતુમ્॥ ૧૨॥

દેવતાઓ અને અસુરો સહિત આ સંપૂર્ણ જગત આપને અધીન છે. અતઃ આપની આજ્ઞાનું ઉલ્લંઘન કરવામાં કોણ સમર્થ થઈ શકે છે.॥ ૧૧-૧૨॥

અયં પુનર્જનો નિત્ય ભવદેક સમાશ્રયઃ।
ભવાનતોઽનુગૃહ્યાસ્મૈ પ્રાર્થિતં સમ્પ્રયચ્છતુ॥ ૧૩॥

હે સનાતન દેવ! આ સેવક એકમાત્ર આપને જ આશ્રિત છે, તેથી આપ એના પર અનુગ્રહ કરીને એને એની પ્રાર્થિત વસ્તુનું પ્રદાન કરો.॥ ૧૩॥

જયામ્બિકે જગન્માતર્જય સર્વજગન્મયિ।
જયાનવધિકૈશ્વર્યે જયાનુપમવિગ્રહે॥ ૧૪॥

અંબિકે જગન્માતઃ આપનો જય હો. સર્વજગન્માયિ! આપનો જય હો. હે અસીમ ઐશ્વર્યશાલિનિ! આપનો જય હો. આપના શ્રીવિગ્રહની ક્યાંય ઉપમા નથી, આપનો જય હો॥ ૧૪॥

જય વાઙ્મનસાતીતે જયાચિદ્ધ્વાન્તભંજિકે।
જય જન્મજરાહીને જય કાલોત્તરોત્તરે॥ ૧૫॥

મન, વાણીથી અતીત શિવે! આપનો જય હો. અજ્ઞાનરૂપી અંધકારનું ભંજન કરનારાં દેવી! આપનો જય હો. જન્મ અને જરા (વૃદ્ધાવસ્થા)થી રહિત હે ઉમે! આપની જય હો. જન્મ અને જરા (વૃદ્ધાવસ્થા)થી રહિત હે ઉમે! આપની જય હો. કાલથી પણ અતિશય ઉત્કૃષ્ટ શક્તિવાળાં દુર્ગે! આપનો જય હો॥ ૧૫॥

જયાનેકવિધાનસ્થે જય વિશ્વેશ્વરપ્રિયે।
જય વિશ્વસુરારાધ્યે જય વિશ્વવિજૃંભિણિ॥ ૧૬॥

અનેક પ્રકારનાં વિધાનોમાં સ્થિત પરમેશ્વરિ! આપનો જય હો. વિશ્વનાથપ્રિયે! આપની જય હો. સમસ્ત દેવતાઓની આરાધનીયા દેવી, આપનો જય હો. સંપૂર્ણ વિશ્વનો વિસ્તાર કરનારાં જગદંબિકે! આપનો જય હો.॥ ૧૬॥

જય મંગલદિવ્યાંગિ જય મંગલદીપિકે।
જય મંગલચારિત્રે જય મંગલદાયિનિ॥ ૧૭॥

મંગલમય દિવ્ય અંગોવાળાં દેવી! આપનો જય હો. મંગલને પ્રકાશિત કરનારાં! આપનો જય હો. મંગલમય ચરિત્રવાળાં સર્વમંગલે! આપનો જય હો. મંગલદાયિનિ! આપનો જય હો.॥ ૧૭॥

નમઃ પરમકલ્યાણગુણસંચયમૂર્તયે।
ત્વત્તઃ ખલુ સમુત્પન્નં જગત્ત્વય્યેવ લીયતે॥ ૧૮॥

પરમ કલ્યાણમય ગુણોની આપ મૂર્તિ છો, આપને નમસ્કાર હો. સંપૂર્ણ જગત આપથી જ ઉત્પન્ન થયું છે, તેથી આપમાં જ લીન થશે.॥ ૧૮॥

ત્વદ્વિનાતઃ ફલં દાતુમીશ્વરોઽપિ ન શક્નુયાત્।
જન્મપ્રભૃતિ દેવેશિ જનોઽયં ત્વદુપાશ્રિતઃ॥ ૧૯॥
અતોઽસ્ય તવ ભક્તસ્ય નિર્વર્તય મનોરથમ્।

હે દેવેશ્વરિ! તેથી આપના વગર ઈશ્વર પણ ફળ આપવામાં સમર્થ નથી શકતા. આ જન જન્મકાલથી જ આપને શરણે આવ્યો છે. અતઃ

દેવી! આપ પોતાના આ ભક્ત મનોરથ સિદ્ધ કરો.॥ ૧૯—½॥

પંચવક્ત્રો દશભુજઃ શુદ્ધસ્ફટિકસંનિભઃ।
વર્ણબ્રહ્મકલાદેહો દેવઃ સકલ નિષ્કલઃ॥ ૨૦॥
શિવમૂર્તિસમારૂઢઃ શાન્ત્યતીતઃ સદાશિવઃ।
ભક્ત્યા મયાર્ચિતો મહ્યં પ્રાર્થિતં શં પ્રયચ્છતુ॥ ૨૧॥

હે પ્રભો! આપને પાંચ મુખ અને દશ ભુજાઓ છે. આપની અંગકાંતિ શુદ્ધ સ્ફટિકમણિ સમાન નિર્મળ છે. વર્ણ, બ્રહ્મ અને કલા આપના વિગ્રહરૂપ છે. આપ સકલ અને નિષ્કલ દેવતા છો. શિવમૂર્તિમાં સદા વ્યાપ્ત રહેનારા છે. શાન્ત્યતીત પદમાં બિરાજમાન સદાશિવ આપ જ છો. મેં ભક્તિભાવથી આપની અર્ચના કરી છે. આપ મને પ્રાર્થિત કલ્યાણનું પ્રદાન કરો.॥ ૨૦-૨૧॥

સદાશિવાંકામારૂઢા શક્તિરિચ્છા શિવાત્મયા।
જનની સર્વલોકાનાં પ્રયચ્છતુ મનોરથમ્॥ ૨૨॥

સદા શિવના અંકમાં આરૂઢ, ઇચ્છાશક્તિરૂપા, સર્વલોકજનની શિવા મને મનોવાંછિત વસ્તુનું પ્રદાન કરો.॥ ૨૨॥

શિવયોર્દયિતૌ પુત્રૌ દેવૌ હેરમ્બષણ્મુખૌ।
શિવાનુભાવૌ સર્વજ્ઞૌ શિવજ્ઞાનામૃતાશિનૌ॥ ૨૩॥
તૃપ્તૌ પરસ્પરં સ્નિગ્ધૌ શિવાભ્યાં નિત્ય સત્કૃતૌ।
સત્કૃતૌ ચ સદા દેવૌ બ્રહ્માદ્યૈસ્ત્રિદશૈરપિ॥ ૨૪॥
સર્વલોકપરિત્રાણં કર્તુમભ્યુદિતૌ સદા।
સ્વેચ્છાવતારં કુર્વન્તૌ સ્વાંશભેદૈરનેકશઃ॥ ૨૫॥
તાવિમૌ શિવયોઃ પાર્શ્વે નિત્યમિત્થં મયાર્ચિતૌ।
તયોરાજ્ઞાં પુરસ્કૃત્ય પ્રાર્થિતં મે પ્રયચ્છતામ્॥ ૨૬॥

શિવ અને પાર્વતીના પ્રિય પુત્ર, શિવ સમાન પ્રભાવશાળી સર્વજ્ઞ તથા શિવજ્ઞાનામૃતનું પાન કરીને તૃપ્ત રહેનારા દેવતા ગણેશ અને કાર્તિકેય પરસ્પર સ્નેહ રાખે છે. શિવા અને શિવ બંનેથી સત્કૃત છે. બ્રહ્મા વગેરે દેવતા પણ આ બંને દેવોનો સર્વથા સત્કાર કરે છે. આ બંને ભાઈ નિરંતર સંપૂર્ણ લોકોની રક્ષા કરવા તૈયાર રહે છે અને પોતાના વિભિન્ન અંશો દ્વારા અનેક વાર સ્વેચ્છાપૂર્વક અવતાર ધારણ કરે છે. એ જ આ બંને બંધુ શિવ અને શિવાના પાર્શ્વભાગમાં મારા દ્વારા આ પ્રકારે પૂજિત થઈને એ બંનેની આજ્ઞા લઈને પ્રતિદિન મને પ્રાર્થિત વસ્તુનું પ્રદાન કરો.॥ ૨૩-૨૬॥

શુદ્ધસ્ફટિક સંકાશમીશાનાખ્યં સદાશિવમ્।
મૂર્ધ્નોભિમાનિની મૂર્તિઃ શિવસ્ય પરમાત્મનઃ॥ ૨૭॥
શિવાર્ચનરતં શાન્તં શાન્ત્યતીતં ખમાસ્થિતમ્।
પંચાક્ષરાન્તિમં બીજં કલાભિઃ પંચભિર્યુતમ્॥ ૨૮॥
પ્રથમાવરણે પૂર્વં શક્ત્યા સહ સમર્ચિતમ્।
પવિત્રં પરમં બ્રહ્મ પ્રાર્થિતં મે પ્રયચ્છતુ॥ ૨૯॥

જે સ્ફટિકમણિ સમાન નિર્મલ, ઈશાન નામે પ્રસિદ્ધ અને સદા કલ્યાણસ્વરૂપ છે, પરમાત્મા શિવની મૂર્ધાભિમાનિની મૂર્તિ છે, શિવાર્ચનમાં રત, શાંત, શાન્ત્યતીત કલામાં પ્રતિષ્ઠિત. આકાશ મંડલમાં સ્થિત શિવ-પંચાક્ષરનું અંતિમ બીજ-સ્વરૂપ, પાંચ કલાઓથી યુક્ત અને પ્રથમ આવરણમાં સૌથી પહેલાં શક્તિની સાથે પૂજિત છે, તે પવિત્ર પરબ્રહ્મ અને મારી અભીષ્ટ વસ્તુનું પ્રદાન કરે॥ ૨૭-૨૯॥

બાલસૂર્યપ્રતીકાશં પુરુષાખ્યં પુરાતનમ્।
પૂર્વવક્ત્રાભિમાનં ચ શિવસ્ય પરમેષ્ઠિનઃ॥ ૩૦॥
શાન્ત્યાત્મકં મરુત્સંસ્થં શંભો પાદાર્ચને રતમ્।
પ્રથમં શિવબીજેષુ કલાસુ છ ચતુષ્કલમ્॥ ૩૧॥
પૂર્વભાગે મયા ભક્ત્યા શક્ત્યા સહ સમર્ચિતમ્।
પવિત્રં પરમં બ્રહ્મ પ્રાર્થિતં મે પ્રયચ્છતુ॥ ૩૨॥

જે પ્રાતઃકાલે સૂર્યની જેમ અરુણ પ્રભાથી યુક્ત, પુરાતન, તત્પુરુષ નામથી વિખ્યાત, પરમેષ્ઠી શિવના પૂર્વવર્તી મુખના અભિમાની,

શાંતિ કલાસ્વરૂપ અથવા શાંતિકલામાં પ્રતિષ્ઠિત, વાયુમંડળમાં સ્થિત, શિવ-ચરણ પરાયણ, શિવના બીજોમાં પ્રથમ અને કલાઓમાં ચાર કલાઓથી યુક્ત છે, મેં પૂર્વ દિશામાં ભક્તિભાવથી શક્તિ સહિત જેનું પૂજન કર્યું છે, તે પવિત્ર પરબ્રહ્મ શિવ મારી પ્રાર્થનાને સફળ કરે.॥ ૩૦-૩૨॥

અંજનાદિપ્રતીકાશમઘોરં ઘોરવિગ્રહમ્।
દેવસ્ય દક્ષિણં વક્ત્રં દેવદેવપદાર્ચકમ્॥ ૩૩॥
વિદ્યાપદં સમારૂઢં વહ્નિમંડલમધ્યગમ્।
દ્વિતીયં શિવબીજેષુ કલાસ્વષ્ટકલાન્વિતમ્॥ ૩૪॥
શંભોર્દક્ષિણદિગ્ભાગે શક્ત્યાસહ સમર્ચિતમ્।
પવિત્રં પરમં બ્રહ્મ પ્રાર્થિતં મેં પ્રયચ્છતુ॥ ૩૫॥

જે અંજન વગેરેની સમાન શ્યામ, ઘોર શરીરવાળા અને અઘોર નામથી પ્રસિદ્ધ છે, મહાદેવજીના દક્ષિણ મુખના અભિમાની તથા દેવાધિદેવ શિવનાં ચરણોનો પૂજક છે, વિદ્યાકલા પર આરૂઢ અને અગ્નિમંડલની મધ્યમાં બિરાજમાન છે, શિવ બીજોમાં દ્વિતીય તથા કલાઓમાં અષ્ટકલાયુક્ત અને ભગવાન શિવના દક્ષિણ ભાગમાં શક્તિ સાથે પૂજિત છે, તે પવિત્ર પરબ્રહ્મ મને મારી અભીષ્ટ વસ્તુનું પ્રદાન કરે.॥ ૩૩-૩૫॥

કુંકુમક્ષોદસંકાશં વામાખ્યં વરવેષધૃક્।
વક્ત્રમુત્તરમીશસ્યં પ્રતિષ્ઠિયાં પ્રતિષ્ઠિતમ॥ ૩૬॥
વારિમંડલમધ્યસ્યં મહાદેવાર્ચને રતમ્।
તુરીયં શિવબીજેષુ ત્રયોદશકલાન્વિતમ્॥ ૩૭॥
દેવસ્યોત્તરદિગ્ભાગે શક્ત્યા સહ સમર્ચિતમ્।
પવિત્રં પરમં બ્રહ્મ પ્રાર્થિતં એ પ્રયચ્છતુ॥ ૩૮॥

પ્રતિષ્ઠિત છે, જલના મંડલમાં બિર
મહાદેવજીની અર્ચનામાં તત્પર છે,
ચતુર્થ અને તેર કલાઓથી યુક
મહાદેવજીના ઉત્તરભાગમાં શક્તિ
થયા છે, તે પરમ પવિત્ર પરબ્રહ્મ
પૂર્ણ કરે.॥ ૩૬-૩૮॥

શંખકુન્દેન્દુધવલં સદ્યાખ્યં સૌમ્યલ
શિવસ્ય પશ્ચિમં વક્ત્રં શિવપાદાર્ચને
નિવૃત્તિપદનિષ્ઠં ચ પૃથિવ્યાં સમવ
તૃતીયં શિવબીજેષુ કલાભિરાષ્ટભિ
દેવસ્ય પશ્ચિમે ભાગે શક્ત્યાસહ સમ
પવિત્રં પરમં બ્રહ્મ પ્રાર્થિતં મે પ્ર

જે શંખ, કુન્દ અને ચંદ્રમા
સૌમ્ય તથા સદ્યોન્નત નામે વિખ્યાત
શિવના પશ્ચિમ મુખના અભિ
શિવચરણોની અર્ચનામાં રત છે,
પ્રતિષ્ઠિત તથા પૃથ્વીમંડલમાં સ્થિ
બીજોમાં તૃતીય આઠ કલાઓથી
મહાદેવજીના પશ્ચિમ ભાગમાં શક્તિ
થયા છે, તે પરમ પવિત્ર પરબ્રહ
પ્રાર્થિત વસ્તુનું પ્રદાન કરે.॥ ૩૯-
શિવસ્ય તુ શિવાયાશ્ચ હૃન્મૂર્ત્તૌ શિવ
તયોરાજ્ઞાં પુરસ્કૃત્ય તે યે કામં પ્રયચ

શિવ અને શિવાની હૃદયરૂ
શિવભાવથી ભાવિત થઈ એ બં
શિરોધાર્ય કરીને મારો મનોરથ પૂર્ત્ત
શિવસ્ય ચ શિવાયાશ્ચ શિખામૂર્ત્તૌ શિ
સત્કૃત્ય શિવયોરાજ્ઞાં તે મે કામં પ્રયચ

શિવસ્ય શિવાયાશ્ચ વર્મણા શિવભાવિતે।
સત્કૃત્ય શિવયોરાજ્ઞાં તે મે કામં પ્રયચ્છતામ્॥ ૪૪॥

શિવ અને શિવાની કવચરૂપા મૂર્તિઓ શિવાભાવથી ભાવિત થઈને શિવ-પાર્વતીની આજ્ઞાનો સત્કાર કરીને મારી કામના સફળ કરો.॥ ૪૪॥

શિવસ્ય ચ શિવાયાશ્ચ નેત્રમૂર્તી શિવાશ્રિતે।
સત્કૃત્ય શિવયોરાજ્ઞાં તે મે કામં પ્રયચ્છતામ્॥ ૪૫॥

શિવ અને શિવાની નેત્રરૂપા મૂર્તિઓ શિવને આશ્રિત રહીને એ બંનેની આજ્ઞા શિરોધાર્ય કરીને મને મારા મનોરથ પ્રદાન કરો.॥ ૪૫॥

અસ્ત્રમૂર્તી ચ શિવયોર્નિત્યમર્ચનતત્પરે।
સત્કૃત્ય શિવયોરાજ્ઞાં તે મે કામં પ્રયચ્છતામ્॥ ૪૬॥

શિવા અને શિવાની અસ્ત્રરૂપા મૂર્તિઓ નિત્ય એ બંનેના અર્ચનમાં તત્પર રહી એમની આજ્ઞાનો સત્કાર કરતાં મારી અભીષ્ટ વસ્તુ પ્રદાન કરે.॥ ૪૬॥

વામો જ્યેષ્ઠસ્તથા રુદ્રઃ કાલો વિકરણસ્તથા।
બલો વિકરણશ્ચૈવ બલપ્રમથનઃ પરઃ॥ ૪૭॥
સર્વભૂતસ્ય દમનસ્તાદૃશાશ્ચાષ્ટશક્તયઃ।
પ્રાર્થિતં મે પ્રયચ્છન્તુ શિવયોરેવ શાસનાત્॥ ૪૮॥

વામ, જ્યેષ્ઠ, રુદ્ર, કાલ, વિકરણ, બલવિકરણ, બલપ્રમથન તથા સર્વભૂતદમન—એ આઠ શિવમૂર્તિઓ તથા એમની એવી જ આઠ શક્તિઓ—વામા, જ્યેષ્ઠા, રુદ્રાણી, કાલી, વિકરણી, બલવિકરણી, બલપ્રમથની તથા સર્વભૂતદમની—એ બધું શિવ અને શિવાના જ શાસનથી મને પ્રાર્થિત વસ્તુનું પ્રદાન કરે. ॥ ૪૭-૪૮॥

અથાનન્તશ્ચ સૂક્ષ્મશ્ચ શિવશ્ચાપ્યેકનેત્રકઃ।
એકરુદ્રસ્ત્રિમૂર્તિશ્ચ શ્રીકણ્ઠશ્ચ શિખણ્ડિકઃ॥ ૪૯॥
તથાષ્ટૌ શક્તયસ્તેષાં દ્વિતીયાવરણેઽર્ચિતાઃ।
તે મે કામં પ્રયચ્છન્તુ શિવયોરેવ શાસનાત્॥ ૫૦॥

અનંત, સૂક્ષ્મ, શિવ (અથવા શિવોત્તમ), એકનેત્ર, એકરુદ્ર, ત્રિમૂર્તિ, શ્રીકંઠ અને શિખંડી-એ આઠ વિદ્યેશ્વર તથા એમની એવી જ આઠ શક્તિઓ—અનંતા, સૂક્ષ્મા, શિવા (અથવા શિવોત્તમા), એકનેત્રા, એકરુદ્રા, ત્રિમૂર્તિ, શ્રીકંઠી અને શિખંડિની, જેમની દ્વિતીય આવરણમાં પૂજા થઈ છે, શિવા અને શિવના જ શાસનથી મારી મનઃકામના પૂર્ણ કરે. ॥ ૪૯-૫૦॥

ભવાદ્યા મૂર્તયશ્ચાષ્ટૌ તાસામપિ ચ શક્તયઃ।
મહાદેવાદયશ્ચાન્યે તૃતીયાવરણે સ્થિતાઃ॥ ૫૧॥
શક્તિભિઃ સહિતાઃ સર્વે તૃતીયાવરણે સ્થિતાઃ।
સત્કૃત્ય શિવયોરાજ્ઞાં દિશન્તુ ફલમીપ્સિતમ્॥ ૫૨॥

ભવ વગેરે આઠ મૂર્તિઓ અને એમની શક્તિઓ તથા શક્તિઓ સહિત મહાદેવ વગેરે અગિયાર મૂર્તિઓ, જેમની સ્થિતિ ત્રીજા આવરણમાં છે, શિવ અને પાર્વતીની આજ્ઞા શિરોધાર્ય કરીને મને અભીષ્ટ ફળ પ્રદાન કરે.॥ ૫૧-૫૨॥

વૃષરાજો મહાતેજા મહામેઘસમસ્વનઃ।
મેરુમન્દરકૈલાસહિમાદ્રિશિખરોપમઃ॥ ૫૩॥
સિતાભ્રશિખરાકારકકુદા પરિશોભિતઃ।
મહાભોગીન્દ્રકલ્પેન વાલેન ચ વિરાજિતઃ॥ ૫૪॥
રક્તાસ્યશૃઙ્ગચરણો રક્તપ્રાયવિલોચનઃ।
પીવરોન્નતસર્વાઙ્ગઃ સુચારુગમનોજ્જ્વલઃ॥ ૫૫॥
પ્રશસ્તલક્ષણઃ શ્રીમાન્ પ્રજ્વલન્મણિભૂષણઃ।
શિવપ્રિયઃ શિવાસક્તઃ શિવયોર્વહનઃ॥ ૫૬॥
તથા તચ્ચરણન્યાસપવિતાપરવિગ્રહઃ।
ગોરાજપુરુષઃ શ્રીમાઙ્ શ્રીમચ્છૂલવરાયુધઃ।
તયોરાજ્ઞાં પુરસ્કૃત્ય સ મે કામં પ્રયચ્છતુ॥ ૫૭॥

જે વૃષભોના રાજા મહાતેજસ્વી, મહાનમેઘ સમાન શબ્દ કરનારા, મેરુ, મન્દરાચલ, કૈલાસ અને હિમાલયના શિખરની જેમ ઊંચા અને ઉજ્જવળ વર્ણવાળા છે, શ્વેત વાદળોના શિખરની

જેમ ઊંચા ककुदથી (શિખર બળદની ખૂંધ, ઉત્તમ, મુખ્ય વગેરે અર્થ) શોભે છે, મહાનાગરાજ (શેષ)ના શરીરની જેમ પૂછડી જેની શોભા વધારે છે, જેનાં મુખ, શિંગડું, અને પગ પણ લાલ છે, નેત્ર પણ ઘણું કરીને લાલ છે, જેનાં બધાં અંગ મોટાં અને ઉન્નત છે, જે પોતાની મનોહર ચાલથી બહુ શોભા પામે છે, જેમનામાં ઉત્તમ લક્ષણ વિદ્યમાન છે, જે ચમકીલાં મણિમય આભૂષણોથી વિભૂષિત છે અને અત્યંત દીપ્તિમાન જણાય છે, જે ભગવાન શિવને પ્રિય છે અને શિવમાં જ અનુરક્ત રહે છે, શિવ અને શિવા બંનેના જે ધ્વજ અને વાહન છે તથા એમના ચરણોના સ્પર્શથી જેનો પૃષ્ઠભાગ પરમ પવિત્ર થઈ ગયો છે, જે ગાયોના રાજપુરુષ છે, તે શ્રેષ્ઠ અને ચમકતું ત્રિશૂલ ધારણ કરનારા નંદિકેશ્વર વૃષભ શિવ અને શિવાની આજ્ઞા શિરોધાર્ય કરીને મને અભીષ્ટ વસ્તુ પ્રદાન કરે.॥ ૫૨-૫૭॥

नन्दीश्वरो महातेजा नगेन्द्रतनयात्मजा।
सनारायणकैर्देवैर्नित्यमभ्यर्च्य वन्दितः॥ ५८॥
शर्वस्यान्तः पुरद्वारि साद्धं परिजनैः स्थित।
सर्वेश्वरसमप्रख्यः सर्वासुरविमर्दनः॥ ५९॥
सर्वेषां शिवधर्माणामध्यक्षत्वेऽभिषेचितः।
शिवप्रियः शिवासक्तः श्रीमच्छूलवरायुधः॥ ६०॥
शिवाश्रितेषु संसक्तस्त्वनुरक्तश्च तैरपि।
सत्कृत्य शिवयोराज्ञां स मे कामं प्रयच्छतु॥ ६१॥

જે ગિરિરાજનંદિની પાર્વતી માટે પુત્રતુલ્ય પ્રિય છે, શ્રીવિષ્ણુ વગેરે દેવતાઓ દ્વારા નિત્યપૂજિત અને વંદિત છે, ભગવાન શંકરના અંતઃપુરના દ્વાર પર પરિજનો સાથે ઊભા રહે છે, સર્વેશ્વર શિવની જેમ જ તેજસ્વી છે તથા સમસ્ત અસુરોને કચડી દેવાની શક્તિ ધરાવે છે, શિવ ધર્મનું પાલન કરનારા સંપૂર્ણ શિવભોક્તાના અધ્યક્ષપદ પર જેમનો અભિષેક થયો છે, જે ભગવાન શિવના પ્રિય, શિવમાં જ અનુરક્ત તથા તેજસ્વી ત્રિશૂલ નામનું શ્રેષ્ઠ આયુધ ધારણ કરનારા છે, ભગવાન શિવના શરણાગત ભક્તો પર જેમનો સ્નેહ છે તથા શિવભક્તોનો પણ જેમનામાં અનુરાગ છે, તે મહાતેજસ્વી નંદીશ્વર શિવ અને પાર્વતીની આજ્ઞાને શિરોધાર્ય કરીને મને મનોવાંછિત વસ્તુ પ્રદાન કરે.॥ ૫૮-૬૧॥

महाकालो महाबाहुर्महादेव ईवापरः।
महादेवाश्रितानां तु नित्यमेवाभिरक्षतु॥ ६२॥

બીજા મહાદેવજી સમાન મહાતેજસ્વી મહાબાહુ મહાકાલ મહાદેવજીને શરણાગત ભક્તોની નિત્ય જ રક્ષા કરે.॥ ૬૨॥

शिवप्रियः शिवासक्तः शिवयोरर्चकः सदा॥ ६३॥
सत्कृत्य शिवयोराज्ञां स मे दिशतु काङ्क्षितम्॥ ६३॥

તે ભગવાન શિવના પ્રિય છે, ભગવાન શિવમાં એમની આસક્તિ છે તથા જે સદાયે શિવપાર્વતીના પૂજક છે, એટલા માટે શિવા અને શિવની આજ્ઞાનો આદર કરીને મને મનોવાંછિત વસ્તુ પ્રદાન કરે.॥ ૬૩॥

सर्वशास्त्रार्थतत्त्वज्ञः शास्ता विष्णोः परा तनुः।
महामोहात्मतनयो मधुमांसासवप्रियः।
तयोराज्ञां पुरस्कृत्य स मे कामं प्रयच्छतु॥ ६४॥

જે સંપૂર્ણ શાસ્ત્રોના તાત્ત્વિક અર્થના જ્ઞાતા, ભગવાન વિષ્ણુના બીજા સ્વરૂપ, સૌના શાસક તથા મહામોહાત્મા કદ્રૂના પુત્ર છે, મધુ અને ફળનો ગર્ભ અને આસવ જેમને પ્રિય છે, તે નાગરાજ ભગવાન શેષ ભગવાન શિવ અને પાર્વતીની આજ્ઞાને સામે રાખીને મારી ઇચ્છાને પૂર્ણ કરે.॥ ૬૪॥

ब्रह्माणी चैव माहेशी कौमारी वैष्णवी तथा।
वाराही चैव माहेन्द्री चामुण्डा चण्डविक्रमा॥ ६५॥

એતા વૈ માતરઃ સપ્ત સર્વલોકસ્ય માતરઃ।
પ્રાર્થિતં મે પ્રયચ્છન્તુ પરમેશ્વરશાસનાત્॥ ૬૬॥

બ્રહ્માણી, માહેશ્વરી, કૌમારી, વૈષ્ણવી, વારાહી, માહેન્દ્રી તથા પ્રચંડ પરાક્રમશાલિની ચામુંડા દેવી-એ સર્વલોકજનની સાત માતાઓ પરમેશ્વર શિવના આદેશથી મારી પ્રાર્થિત વસ્તુ પ્રધાન કરે.॥ ૬૫-૫૫॥

મત્તમાતઙ્ગવદનો ગઙ્ગોમાશંકરાત્મજઃ।
આકાશદેહો દિગ્બાહુઃ સોમસૂર્યાગ્નિલોચનઃ॥ ૬૭॥
એરાવતાદિભિર્દિવ્યૈર્દિગ્ગજૈર્નિત્યમર્ચિતઃ।
શિવજ્ઞાનમદોદ્ભિન્નભિદશાનામવિઘ્નકૃત્॥ ૬૮॥
વિઘ્નકૃચ્ચાસુરાદીનાં વિઘ્નેશઃ શિવભાવિતઃ।
સત્કૃત્ય શિવયોરાજ્ઞાં સ મે દિશતુ કાઙ્ક્ષિતમ્॥ ૬૯॥

જેમને મતવાલા હાથી જેવું મુખ છે; જે ગંગા, ઉમા અને શિવના પુત્ર છે, આકાશ જેમનું શરીર છે, દિશાઓ ભુજાઓ છે તથા ચંદ્રમા, સૂર્ય અને અગ્નિ જેનાં ત્રણ નેત્ર છે; ઐરાવત વગેરે દિવ્ય દિગ્ગજ જેની નિત્ય પૂજા કરે છે, જેના મસ્તકેથી શિવજ્ઞાનમય મદની ધારા વહેતી રહેતી હોય છે, જે દેવતાઓનાં વિઘ્નોનું નિવારણ કરે અને અસુર વગેરેનાં કાર્યોમાં વિઘ્ન નાખે, તે વિઘ્નરાજ ગણેશ શિવથી ભાવિત થઈ શિવા અને શિવની આજ્ઞા શિરોધાર્ય કરીને મારા મનોરથ પ્રદાન કરે॥ ૬૭-૬૯॥

ષણ્મુખઃ શિવસમ્ભૂતઃ શક્તિવજ્રધરઃ પ્રભુઃ।
અગ્નેશ્ચ તનયો દેવો હ્યપર્ણાતનયઃ પુનઃ॥ ૭૦॥
ગઙ્ગાયાશ્ચ ગણામ્બાયાઃ કૃત્તિકાનાં તથૈવ ચ।
વિશાખેન ચ શાખેન નૈગમેયેન ચાવૃતઃ॥ ૭૧॥
ઇન્દ્રજિચ્ચેન્દ્રસેનાનીસ્તારકાસુરજિત્તથા।
શૈલાનાં મેરુમુખ્યાનાં વેધકશ્ચ સ્વતેજસા॥ ૭૨॥
તપ્તચામીકરપ્રખ્યઃ શતપત્રદલેક્ષણઃ।
કુમારઃ સુકુમારાણાં રુપોદાહરણં મહત્॥ ૭૩॥
શિવપ્રિયઃ શિવાસક્તઃ શિવપાદાર્ચકઃ સદા।
સત્કૃત્ય શિવયોરાજ્ઞાં સ મે દિશતુ કાઙ્ક્ષિતમ્॥ ૭૪॥

જેમને છ મુખ છે, ભગવાન શિવથી જેમની ઉત્પત્તિ થઈ છે, જે શક્તિ અને વજ્ર ધારણ કરનારા પ્રભુ છે, અગ્નિના પુત્ર તથા અપર્ણા (શિવા)ના બાળક છે; ગંગા, ગણામ્બા તથા કૃત્તિકાઓના પણ પુત્ર છે; વિશાખ, શાખ અને નૈગમેય-એ ત્રણે ભાઈઓથી જે સદા ઘેરાયેલા રહે છે, જે ઇન્દ્ર વિજયી, ઇન્દ્રના સેનાપતિ તથા તારકાસુરને પરાસ્ત કરનારા છે; જેમણે પોતાની શક્તિથી મેરુ વગેરે પર્વતોને છેદી નાખ્યા છે, જેમની અંગકાંતિ તપાવેલા સુવર્ણસમાન છે, નેત્ર પ્રફુલ્લ કમળ સમાન સુંદર છે, કુમાર નામે જેમની પ્રસિદ્ધિ છે, જે સુકુમારોના રૂપથી સૌથી મોટું ઉદાહરણ છે; શિવના પ્રિય, શિવમાં અનુરક્ત તથા શિવ-ચરણોની નિત્ય અર્ચના કરનારા છે; સ્કંદ, શિવ અને શિવાની આજ્ઞા શિરોધાર્ય કરીને મને મનોવાંછિત વસ્તુઓ આપો.॥ ૭૦-૭૪॥

જયેષ્ઠા વરિષ્ઠા વરદા શિવયોર્યજને રતા।
તયોરાજ્ઞાં પુરસ્કૃત્ય સા મે દિશતુ કાઙ્ક્ષિતમ્॥ ૭૫॥

સર્વશ્રેષ્ઠ અને વરદાયિની જયેષ્ઠા દેવી, જે સદા ભગવાન શિવ અને પાર્વતીના પૂજનમાં લાગી રહ્યાં છે, એ બંનેની આજ્ઞા માનીને મને મનોવાંછિત વસ્તુ પ્રદાન કરે.॥ ૭૫॥

ત્રૈલોક્યવન્દિતા સાક્ષાદૂલ્કાકારા ગણામ્બિકા।
જગત્સૃષ્ટિવિવૃદ્ધ્યર્થં બ્રહ્મણાભ્યર્થિતા શિવાત્॥ ૭૬॥
શિવાયાઃ પ્રવિલક્તાયા ભ્રુવોરન્તરનિસ્સૃતા।
દાક્ષાયણી સતી મેના તથા હૈમવતી ઘુમા॥ ૭૭॥
કૌશિકયાશ્ચૈવ જનની ભદ્રકાલ્યાસ્તથૈવ ચ।
અપર્ણાયાશ્ચ જનની પાટલાયાસ્તથૈવ ચ॥ ૭૮॥
શિવાર્ચનરતા નિત્યં રુદ્રાણી રુદ્રવલ્લભા।
સત્કૃત્ય શિવયોરાજ્ઞાં સા મે દિશતુ કાઙ્ક્ષિતમ્॥ ૭૯॥

દિવાકરષડઙ્ગાનિ દીપ્તાદ્યાશ્ચાષ્ટશક્તયઃ॥ ૧૦૨॥
આદિત્યો ભાસ્કરો ભાનૂ રવિશ્ચેત્યનુપૂર્વશઃ।
અર્કો બ્રહ્મા તથા રુદ્રો વિષ્ણુશ્ચાદિત્યમૂર્તયઃ॥ ૧૦૩॥
વિસ્તરા સુતરા બોધિન્યાપ્યાયિન્યપરાઃ પુનઃ।
ઉષા પ્રભા તથા પ્રાજ્ઞા સંધ્યા ચેત્યપિ શક્તયઃ॥ ૧૦૪॥
સોમાદિકેતુપર્યન્તા ગ્રહાશ્ચ શિવભાવિતાઃ।
શિવયોરાજ્ઞયા નુન્ના મઙ્ગલં પ્રદિશન્તુ મે॥ ૧૦૫॥
અથ વા દ્વાદશાદિત્યાસ્તથા દ્વાદશ શક્તયઃ।
ઋષયો દેવગન્ધર્વાઃ પન્નગાપ્સરસાં ગણાઃ॥ ૧૦૬॥
ગ્રામણ્યશ્ચ તથા યક્ષા રાક્ષસાશ્ચ સુરાસ્તથા।
સપ્ત સપ્તગણાશ્ચૈતે સપ્તચ્છન્દોમયા હયાઃ॥ ૧૦૭॥
વાલખિલ્યાદયશ્ચૈવ સર્વે શિવપદાર્ચકાઃ।
સત્કૃત્ય શિવયોરાજ્ઞાં મઙ્ગલં પ્રદિશન્તુ મે॥ ૧૦૮॥

સૂર્યદેવ સાથે સંબંધ રાખનારાં છએ છ અંગ, એમની દીપ્તા આદિ આઠ શક્તિઓ; આદિત્ય, ભાસ્કર, ભાનુ, રિવ, અર્ક, બ્રહ્મા, રુદ્ર તથા વિષ્ણુ-એ આઠ આદિત્યમૂર્તિઓ અને એમની વિસ્તરા, સુતરા, બોધિની, આપ્યાયિની તથા એ ઉપરાંત ઉષા, પ્રભા, પ્રાજ્ઞા અને સંધ્યાએ શક્તિઓ; ચંદ્રમાથી લઈને કેતુપર્યંત શિવભાવિત ગ્રહ, બાર આદિત્ય, એમની બાર શક્તિઓ તથા ઋષિ, દેવતા, ગંધર્વ, નાગ, અપ્સરાઓનો સમૂહ, ગ્રામણી (અગુવા), યક્ષ, રાક્ષસ-એ સાત-સાત સંખ્યાવાળા ગણ, સાત છંદોમય અશ્વ, વાલખિલ્ય આદિ મુનિ એ બધાયે ભગવાન શિવના ચરણારવિંદોની અર્ચના કરનારા છે. આ લોકો શિવ અને પાર્વતીની આજ્ઞાનો આદર કરીને મને મંગલ પ્રદાન કરે.॥ ૧૦૨-૧૦૮॥

બ્રહ્માથ દેવદેવસ્ય મૂર્તિર્ભૂમણ્ડલાધિપઃ।
ચતુઃષષ્ટિગુણૈશ્વર્યો બુદ્ધિતત્ત્વે પ્રતિષ્ઠિત॥ ૧૦૯॥
નિર્ગુણો ગુણસંકીર્ણસ્તથૈવ ગુણકેવલઃ।
અવિકારાત્મકો દેવસ્તતઃ સાધારણ પુરઃ॥ ૧૧૦॥
અસાધારણકર્મા ચ સૃષ્ટિસ્થિતિલયક્રમાત્।
એવં ત્રિધા ચતુર્ધા ચ વિભક્તઃ પઞ્ચધા પુનઃ॥ ૧૧૧॥
ચતુર્થાવરણે શમ્ભોઃ પૂજિતશ્ચ સહાનુગૈઃ।
શિવપ્રિયઃ શિવાસક્તઃ શિવપાદાર્ચને રતઃ॥ ૧૧૨॥
સત્કૃત્ય શિવયોરાજ્ઞાં સ મે દિશતુ મઙ્ગલમ્।

બ્રહ્માજી દેવાધિદેવ મહાદેવજીની મૂર્તિ છે. ભૂમંડલના અધિપતિ છે. ચોસઠ ગુણોના ઐશ્વર્યથી યુક્ત છે અને બુદ્ધિતત્ત્વમાં ગુણોથી સંપન્ન છે, સદ્‌ગુણ-સમૂહરૂપ છે, નિર્વિકાર દેવતા છે. એમની સામે બીજા બધા લોકો સાધારણ છે. સૃષ્ટિ, પાલન અને સંહારના ક્રમથી એમનાં બધાં કર્મ અસાધારણ છે. આ રીતે એ ત્રણ, ચાર અને પાંચ આવરણો અથવા સ્વરૂપોમાં વિભક્ત છે ભગવાન શિવના ચોથા આવરણમાં અનુચરો સહિત એમની પૂજા થઈ છે; એ શિવના પ્રિય, શિવમાં જ આસક્ત તથા શિવનાં ચરણારવિન્દોની અર્ચનામાં તત્પર છે; એવા બ્રહ્મદેવ શિવા અને શિવની આજ્ઞાનો સત્કાર કરીને મને મંગલ પ્રદાન કરે.॥ ૧૦૯ થી ૧૧૨ ½॥

હિરણ્યગર્ભો લોકેશો વિરાટ્ કાલશ્ચ પૂરુષઃ॥ ૧૧૩॥
સનત્કુમારઃ સનકઃ સનન્દશ્ચ સનાતનઃ।
પ્રજાનાં પતયશ્ચૈવ દક્ષાદ્યા બ્રહ્મસૂનવઃ॥ ૧૧૪॥
એકાદશ સપત્નીકા ધર્મઃ સંકલ્પ એવ ચ।
શિવાર્ચનરતાશ્ચૈતે શિવભક્તિપરાયણાઃ॥ ૧૧૫॥
શિવાજ્ઞાવશગાઃ સર્વે દિશન્તુ મમ મઙ્ગલમ્।

હિરણ્યગર્ભ, લોકેશ, વિરાટ્ કાલપુરુષ, સનત્કુમાર, સનક, સનન્દન, સનાતન, દક્ષ વગેરે બ્રહ્મપુત્ર, અગિયાર પ્રજાપતિ અને એમની પત્નીઓ, ધર્મ તથા સંકલ્પ એ બધાયે શિવની અર્ચનામાં તત્પર રહેનારા અને શિવભક્તિપરાયણ છે, અતઃ શિવની આજ્ઞાથી અધીન થઈ મુજને મંગલ પ્રદાન કરે.॥ ૧૧૩ થી ૧૧૫ ½॥

ચત્વારશ્ચ તથા વેદાઃ સેતિહાસપુરાણકાઃ॥ ૧૧૬॥
ધર્મશાસ્ત્રાણિ વિદ્યાભિર્વૈદિકીભિઃ સમન્વિતાઃ।
પરસ્પરાવિરુદ્ધાર્થાઃ શિવપ્રકૃતિપાદકાઃ॥ ૧૧૭॥
સત્કૃત્ય શિવયોરાજ્ઞાં મઙ્ગલં પ્રદિશન્તુ મે।

ચાર વેદ, ઇતિહાસ, પુરાણ, ધર્મશાસ્ત્ર અને વૈદિક વિદ્યાઓ-એ બધાં એકમાત્ર શિવનું સ્વરૂપ પ્રતિપાદન કરનારાં છે; તેથી એમનું તાત્પર્ય એકબીજાની વિરુદ્ધ નથી. એ બધા શિવ અને શિવાની આજ્ઞા શિરોધાર્ય કરીને મારું મંગલ પ્રદાન કરે.॥ ૧૧૬ થી ૧૧૭ ½॥

અથ રુદ્રો મહાદેવઃ શમ્ભોર્મૂર્તિર્ગરીયસી॥ ૧૧૮॥
વાહ્નેયમણ્ડલાધીશઃ પૌરુષૈશ્વર્યવાન્ પ્રભુઃ।
શિવાભિમાનસમ્પન્નો નિર્ગુણસ્ત્રિગુણાત્મકઃ॥ ૧૧૯॥
કેવલં સાત્ત્વિકશ્ચાપિ રાજસશ્ચૈવ તામસઃ।
અવિકારરતઃ પૂર્વં તતસ્તુ સમવિક્રિયઃ॥ ૧૨૦॥
અસાધારણકર્મા ચ સૃષ્ટ્યાદિકરણાત્પૃથક્।
બ્રહ્મણોઽપિ શિરશ્છેત્તા જનકસ્તસ્ય તત્સુતઃ॥ ૧૨૧॥
જનકસ્તનયશ્ચાપિ વિષ્ણોરપિ નિયામકઃ।
બોધકશ્ચ તયોર્નિત્યમનુગ્રહકરઃ પ્રભુઃ॥ ૧૨૨॥
અણ્ડસ્યાન્તર્બહિર્વર્તી રુદ્રો લોકદ્વયાધિપઃ।
શિવપ્રિયઃ શિવાસક્તઃ શિવપાદાર્ચને રતઃ॥ ૧૨૩॥
શિવસ્યાજ્ઞાં પુરસ્કૃત્ય સ મે દિશતુ મઙ્ગલમ્।

મહાદેવ રુદ્ર શંભુની સૌથી ગરિષ્ઠ મૂર્તિ છે. તે અગ્નિમંડળના અધીશ્વર છે. સમસ્ત પુરુષાર્થો અને ઐશ્વર્યોથી સંપન્ન છે, સર્વસમર્થ છે. એમનામાં શિવતત્ત્વનું અભિમાન જાગ્રત છે. તે નિર્ગુણ હોવા છતાં પણ ત્રિગુણરૂપ છે. કેવળ સાત્ત્વિક, રાજસ અને તામસ પણ છે. એ પહેલાંથી જ નિર્વિકાર છે. બધું જ એમની સૃષ્ટિ છે. સૃષ્ટિ, પાલન અને સંહાર કરવાને કારણે એમનું કર્મ અસાધારણ મનાય છે. એ બ્રહ્માજીનું પણ મસ્તક છેદન કરનારા છે. બ્રહ્માજીના પિતા અને પુત્ર પણ છે. આ રીતે વિષ્ણુના પણ જનક છે અને પુત્ર છે તથા તેમને નિયંત્રણમાં રાખનારા છે. આ એ બંને બ્રહ્મા અને વિષ્ણુને જ્ઞાન આપનારા છે તથા નિત્ય એમના ઉપર અનુગ્રહ રાખનારા છે. એ પ્રભુ બ્રહ્માંડની અંદર અને બહાર પણ વ્યાપ્ત છે તથા આલોક અને પરલોક—બંને લોકોના અધિપતિ રુદ્ર છે. એ શિવના પ્રિય છે, શિવમાં જ આસક્ત તથા શિવનાં જ ચરણારવિન્દોની અર્ચનામાં તત્પર છે, તેથી શિવની આજ્ઞાને સામે રાખીને મારું મંગલ કરે.॥ ૧૧૮ થી ૧૨૩ ½॥

તસ્ય બ્રહ્મ ષડઙ્ગાનિ વિદ્યેશાનાં તથાષ્ટકમ્॥ ૧૨૪॥
ચત્વારો મૂર્તિભેદાશ્ચ શિવપૂર્વાઃ શિવાર્ચકાઃ।
શિવો ભવો હરશ્ચૈવ મૃડશ્ચૈવ તથાપરઃ।
શિવસ્યાજ્ઞાં પુરસ્કૃત્ય મઙ્ગલં પ્રદિશન્તુ મે॥ ૧૨૫॥

ભગવાન શંકરના સ્વરૂપભૂત ઈશાનાદિ બ્રહ્મ, હૃદયાદિ છ અંગ, આઠ વિદ્યેશ્વર, શિવ આદિ ચાર મૂર્તિભેદ—શિવ, ભવ, હર અને મૃડ એ બધાયે શિવના પૂજક છે. એ લોકો શિવની આજ્ઞાને શિરોધાર્ય કરીને અને મંગલ પ્રદાન કરે.॥ ૧૨૪-૧૨૫॥

અથ વિષ્ણુર્મહેશસ્ય શિવસ્યૈવ પરા તનુઃ।
વારિતત્ત્વાધિપઃ સાક્ષાદવ્યક્તપદસંસ્થિતઃ॥ ૧૨૬॥
નિર્ગુણઃ સત્ત્વબહુલસ્તથૈવ ગુણકેવલઃ।
અવિકારાભિમાની ચ ત્રિસાધારણવિક્રિયઃ॥ ૧૨૭॥
અસાધારણકર્મા ચ સૃષ્ટ્યાદિકરણાત્પૃથક્।
દક્ષિણાઙ્ગભવેનાપિ સ્પર્ધમાનઃ સ્વયમ્ભુવા॥ ૧૨૮॥
આદ્યેન બ્રહ્મણા સાક્ષાત્સૃષ્ટઃ સ્રષ્ટા ચ તસ્ય તુ।
અણ્ડસ્યાન્તર્બહિર્વર્તી વિષ્ણુર્લોકદ્વયાધિપઃ॥ ૧૨૯॥
અસુરાન્તકરશ્ચક્રી શાકસ્યાપિ તથાનુજઃ।
પ્રાદુર્ભૂતશ્ચ દક્ષસ્ય ભૃગુશાપચ્છલાદિહ॥ ૧૩૦॥
ભૂભારનિગ્રહાર્થાય સ્વેચ્છયાવાતરત્ ક્ષિતૌ।
અપ્રમેયબલો માયી માયયા મોહયઞ્જગત્॥ ૧૩૧॥

મૂર્તિં કૃત્વા મહાવિષ્ણું સદાવિષ્ણુમથાપિ વા।
વૈષ્ણવૈઃ પૂજિતો નિત્યં મૂર્તિત્રયમયાસને॥ ૧૩૨॥
શિવપ્રિયઃ શિવાસક્તઃ શિવપાદાર્ચને રતઃ।
શિવસ્યાજ્ઞાં પુરસ્કૃત્ય સ મે દિશતુ મઙ્ગલમ્॥ ૧૩૩॥

ભગવાન વિષ્ણુ મહેશ્વર શિવનું જ ઉત્કૃષ્ટ સ્વરૂપ છે. તે જલતત્ત્વના અધિપતિ અને સાક્ષાત્ અવ્યક્ત પદ પર પ્રતિષ્ઠિત છે. પ્રાકૃત ગુણોથી રહિત છે. એમનામાં દિવ્ય સત્ત્વગુણની પ્રધાનતા છે, તથા એ વિશુદ્ધ ગુણસ્વરૂપ છે. એમનામાં નિર્વિકાર રૂપતાનું અભિમાન છે. સાધારણતયા ત્રણે લોકો એમની કૃતિ છે. સૃષ્ટિ, પાલન વગેરે કરવાને કારણે એમનાં કર્મ અસાધારણ છે. તે રુદ્રના દક્ષિણ-અંગથી પ્રગટ થયેલા સ્વયંભૂની સાથે એક સમયે સ્પર્ધા કરી ચૂક્યા છે. સાક્ષાત્ આદિબ્રહ્મા દ્વારા ઉત્પાદિત થઈને પણ તે એમના પણ ઉત્પાદક છે. બ્રહ્માંડની અંદર અને બહાર વ્યાપ્ત છે. એટલા માટે વિષ્ણુ કહેવાય છે. બંને લોકોના અધિપતિ છે. અસુરોનો અંત કરનારા, ચક્રધારી તથા ઇન્દ્રના પણ નાના ભાઈ છે. દશ અવતાર-વિગ્રહોના રૂપમાં અહીં પ્રગટ થયા છે. ભૃગુના શાપને બહાને પૃથ્વીનો ભાર ઉતારવા માટે એમણે સ્વેચ્છાથી આ ભૂતલ પર અવતાર લીધો છે. એમનું બલ અપ્રમેય છે. તે માયાવી છે અને પોતાની માયાથી જગતને મોહિત કરે છે, એમણે મહાવિષ્ણુ અથવા સદાવિષ્ણુનું રૂપ ધારણ કરીને ત્રિમૂર્તિમય આસન પર વૈષ્ણવો દ્વારા નિત્યપૂજા પ્રાપ્ત કરી છે. તે શિવના પ્રિય છે, શિવમાં જ આસક્ત તથા શિવનાં ચરણોની અર્ચનામાં તત્પર છે. તે શિવની આજ્ઞા શિરોધાર્ય કરીને મને મંગલનું પ્રદાન કરો.॥ ૧૨૬-૧૩૩॥

વાસુદેવોઽનિરુદ્ધશ્ચ પ્રદ્યુમ્નશ્ચ તતઃ પરઃ।
સંકર્ષણઃ સમાખ્યાતશ્ચતસ્રો મૂર્તયો હરેઃ॥ ૧૩૪॥
મત્સ્યઃ કૂર્મો વરાહશ્ચ નારસિંહોઽથ વામનઃ।
રામત્રયં તથા કૃષ્ણો વિષ્ણુસ્તુરગવક્ત્રકઃ॥ ૧૩૫॥
ચક્રં નારાયણસ્યાસ્ત્રં પાઞ્ચજન્યં ચ શાર્ઙ્ગકમ્।
સત્કૃત્ય શિવયોરાજ્ઞાં મઙ્ગલં પ્રદિશન્તુ મે॥ ૧૩૬॥

વાસુદેવ, અનિરુદ્ધ, પ્રદ્યુમ્ન તથા સંકર્ષણ-એ શ્રીહરિની ચાર વિખ્યાત મૂર્તિઓ (વ્યૂહ) છે. મત્સ્ય, કૂર્મ, વરાહ, નૃસિંહ, વામન, પરશુરામ, રામ, બલરામ, શ્રીકૃષ્ણ, વિષ્ણુ, હયગ્રીવ, ચક્ર, નારાયણાસ્ત્ર, પાંચજન્ય અને શાર્ઙ્ગધનુષ—એ બધાંય શિવ અને શિવાની આજ્ઞાનો સત્કાર કરીને મને મંગલ પ્રદાન કરો.॥ ૧૩૪-૧૩૬॥

પ્રભા સરસ્વતી ગૌરી લક્ષ્મીશ્ચ શિવભાવિતા।
શિવયોઃ શાસનાદેતા મઙ્ગલં પ્રદિશન્તુ મે॥ ૧૩૭॥

પ્રભા, સરસ્વતી, ગૌરી તથા શિવ પ્રતિ ભક્તિભાવ રાખનારાં લક્ષ્મી-એ શિવ અને શિવાના આદેશથી મારું મંગલ કરે॥ ૧૩૭॥

ઇન્દ્રોઽગ્નિશ્ચ યમશ્ચૈવ નિર્ઋતિર્વરુણસ્તથા।
વાયુઃ સોમઃ કુબેરશ્ચ તથેશાનસ્ત્રિશૂલભૃક્॥ ૧૩૮॥
સર્વે શિવાર્ચનરતાઃ શિવસદ્ભાવભાવિતાઃ।
સત્કૃત્ય શિવયોરાજ્ઞાં મઙ્ગલં પ્રદિશન્તુ મે॥ ૧૩૯॥

ઇન્દ્ર, અગ્નિ, યમ, નિર્ઋતિ, વરુણ, વાયુ, સોમ, કુબેર તથા ત્રિશૂલધારી ઈશાન - એ બધાય શિવ સદ્ભાવથી ભાવિત થઈને શિવાર્ચનમાં તત્પર રહે છે. એ શિવ અને શિવાની આજ્ઞાનો આદર માનીને મને મંગલ પ્રદાન કરે.॥ ૧૩૮-૧૩૯॥

ત્રિશૂલમથ વજ્રં ચ તથા પરશુસાયકૌ।
ખડ્ગપાશાઙ્કુશાશ્ચૈવ પિનાકશ્ચાઽનુત્તમઃ॥ ૧૪૦॥
દિવ્યાયુધાનિ દેવસ્ય દેવ્યાશ્ચૈતાનિ નિત્યશઃ।
સત્કૃત્ય શિવયોરાજ્ઞાં રક્ષાં કુર્વન્તુ મે સદા॥ ૧૪૧॥

ત્રિશૂલ, વજ્ર, પરશુ, બાણ, ખડ્ગ પાશ, અંકુશ અને શ્રેષ્ઠ આયુધ પિનાક - એ મહાદેવ

તથા મહાદેવીનાં દિવ્ય આયુધ શિવ અને શિવાની આજ્ઞાના નિત્ય સત્કાર કરીને સદા મારી રક્ષા કરો.॥ ૧૪૦-૧૪૧॥

વૃષરૂપધરો દેવઃ સૌરભેયો મહાબલઃ।
વડવાખ્યાનલસ્પર્દ્ધી પઞ્ચગોમાતૃભિર્વૃતઃ॥ ૧૪૨॥
વાહનત્વમનુપ્રાપ્તસ્તપસા પરમેશયોઃ।
તયોરાજ્ઞાં પુરસ્કૃત્ય સ મે કામં પ્રયચ્છતુ॥ ૧૪૩॥

વૃષભરૂપધારી દેવ, જે સુરભિના મહાબલી પુત્ર છે, વડવાનલ સાથે હોડમાં ઊતરે છે, પાંચ ગાયમાતાથી ઘેરાયેલા રહે છે અને પોતાની તપસ્યાના પ્રભાવથી પરમેશ્વર શિવ અને પરમેશ્વરી શિવાના વાહન થાય છે, એ બંનેની આજ્ઞા શિરોધાર્ય કરીને મારી ઇચ્છા પૂર્ણ કરે.॥ ૧૪૨-૧૪૩॥

નન્દા સુનન્દા સુરભિઃ સુશીલા સુમનાસ્તથા।
પઞ્ચ ગોમાતરસ્ત્વેતાઃ શિવલોકે વ્યવસ્થિતાઃ॥ ૧૪૪॥
શિવભક્તિપરા નિત્યં શિવાર્ચનપરાયણાઃ।
શિવયોઃ શાસનાદેવ દિશન્તુ મમ વાઞ્છિતમ્॥ ૧૪૫॥

નંદા, સુનંદા, સુરભિ, સુશીલા અને સુમના-એ પાંચ ગોમાતાઓ સદા શિવલોકમાં નિવાસ કરે છે. એ બધી યે નિત્ય શિવાર્ચનમાં રત રહે છે અને શિવભક્તિ પરાયણા છે, તેથી શિવ અને શિવાના આદેશથી જ મારી ઇચ્છાની પૂર્તિ કરે.॥ ૧૪૪-૧૪૫॥

ક્ષેત્રપાલો મહાતેજા નીલજીમૂતસંનિભઃ।
દંષ્ટ્રાકરાલવદનઃ સ્ફુરદ્રક્તાધરોજ્જ્વલઃ॥ ૧૪૬॥
રક્તોર્ધ્વમૂર્દ્ધજઃ શ્રીમાન્ ભ્રુકુટીકુટિલેક્ષણઃ।
રક્તવૃત્તત્રિનયનઃ શશિપન્નગભૂષણઃ॥ ૧૪૭॥
નગ્નસ્ત્રિશૂલાપાશાસિકપાલોદ્યતપાણિકઃ ।
ભૈરવો ભૈરવૈઃ સિદ્ધૈર્યોગિનીભિશ્ચ સંવૃતઃ॥ ૧૪૮॥
ક્ષેત્રે ક્ષેત્રસમાસીનઃ સ્થિતો યો રક્ષકઃ સતામ્।
શિવપ્રણામપરમઃ શિવસદ્ભાવભાવિતઃ॥ ૧૪૯॥
શિવાશ્રિતાન્ વિશેષેણ રક્ષન્ પુત્રાનિવૌરસાન્।
સત્કૃત્ય શિવયોરાજ્ઞાં સ મે દિશતુ મઙ્ગલમ્॥ ૧૫૦॥

ક્ષેત્રપાલ મહાન તેજસ્વી છે, એમની અંગકાંતિ નીલ મેઘ જેવી છે અને મુખ દાઢોને કારણે વિકરાળ જણાય છે. એમના લાલ લાલ હોઠ ફરક્યા કરે છે, જેથી એમની શોભા વધી જાય છે, એમના માથાના વાળ પણ લાલ અને ઉપર ઊઠેલા છે. તે તેજસ્વી છે, એમની ભ્રમરો તથા આંખો પણ વક્ર છે. તે લાલ અને ગોળાકાર ત્રણ નેત્ર ધારણ કરે છે. ચંદ્રમા અને સર્પ એમનાં આભૂષણ છે. તે સદા વસ્ત્રરહિત જ રહે છે તથા એમના હાથમાં ત્રિશૂલ, પાશ, ખડ્ગ અને કપાલ ઉઠાવેલાં રહે છે. તે ભૈરવ છે અને ભૈરવો, સિદ્ધો તથા યોગિનીઓથી ઘેરાયેલા રહે છે. પ્રત્યેક ક્ષેત્રમાં એમની સ્થિતિ છે. તે ત્યાં સત્પુરુષોના રક્ષક થઈને રહે છે. એમનું મસ્તક સદા શિવનાં ચરણોમાં નમેલું હોય છે, તે સદા શિવના સદ્ભાવથી ભાવિત છે તથા શિવના શરણાગત ભક્તોની ઔરસ પુત્રોની જેમ વિશેષ રક્ષા કરે છે. આવા પ્રભાવશાળી ક્ષેત્રપાલ શિવ અને શિવાની આજ્ઞાનો સત્કાર કરતાં મને મંગલ પ્રદાન કરે.॥ ૧૪૬-૧૫૦॥

તાલજઙ્ઘાદયસ્તસ્ય પ્રથમાવરણેઽર્ચિતાઃ।
સત્કૃત્ય શિવયોરાજ્ઞાં ચત્વારઃ સમવન્તુ મામ્॥ ૧૫૧॥

તાલજંઘ વગેરે શિવના પ્રથમ આવરણમાં પૂજિત થયા છે, એ ચારે દેવતાઓ શિવની આજ્ઞાનો આદર કરીને મારી રક્ષા કરે.॥ ૧૫૧॥

ભૈરવાદ્યાશ્ચ યે ચાન્યે સમન્તાત્તસ્ય વેષ્ટિતાઃ।
તેઽપિ મામનુગૃહ્ણન્તુ શિવશાસનગૌરવાત્॥ ૧૫૨॥

જે ભૈરવ વગેરે તથા બીજા લોકો શિવને બધી બાજુએથી ઘેરીને સ્થિત છે, તે પણ શિવના

આદેશનું ગૌરવ કરીને મુજ પર અનુગ્રહ કરે.॥ ૧૫૨॥

નારદાદ્યાશ્ચ મુનયો દિવ્યા દેવૈશ્ચ પૂજિતાઃ।
સાધ્યા નાગાશ્ચ યે દેવા જનલોકનિવાસિનઃ॥ ૧૫૩॥
વિનિર્વૃત્તાધિકારાશ્ચ મહર્લોકનિવાસિનઃ।
સપ્તર્ષયસ્તથાન્યે વૈ વૈમાનિકગણૈઃ સહ॥ ૧૫૪॥
સર્વે શિવાર્ચનરતાઃ શિવાજ્ઞાવશવર્તિનઃ।
શિવયોરાજ્ઞયા મહ્યં દિશન્તુ સમકાઙ્ક્ષિતમ્॥ ૧૫૫॥

નારદ આદિ દેવપૂજિત દિવ્ય મુનિ, સાધ્ય, નાગ, જન લોકનિવાસી દેવતા, વિશેષાધિકારથી સંપન્ન મહર્લોક-નિવાસી, સપ્તર્ષિ તથા અન્ય વૈમાનિકગણ સદાશિવની અર્ચનામાં તત્પર રહે છે. એ બધા શિવની આજ્ઞાને અધીન છે, તેથી શિવા અને શિવની આજ્ઞાથી મને મનોવાંછિત વસ્તુ પ્રદાન કરે.॥ ૧૫૩-૧૫૫॥

ગન્ધર્વાદ્યાઃ પિશાચાન્તાશ્ચતસ્રો દેવયોનયઃ।
સિદ્ધા વિદ્યાધરાદ્યાશ્ચ યેઽપિ ચાન્યે નભશ્ચરાઃ॥ ૧૫૬॥
અસુરા રાક્ષસાશ્ચૈવ પાતાલતલવાસિનઃ।
અનન્તાદ્યાશ્ચ નાગેન્દ્ર વૈનતેયાદયો દ્વિજાઃ॥ ૧૫૭॥
કૂષ્માણ્ડાઃ પ્રેતવેતાલા ગ્રહા ભૂતગણાઃ પરે।
ડાકિન્યશ્ચાપિ યોગિન્યઃ શાકિન્યશ્ચાપિ તાદૃશાઃ॥ ૧૫૮॥
ક્ષેત્રારામગૃહાદીનિ તીર્થાન્યાયતનાનિ ચ।
દ્વીપાઃ સમુદ્રા નદ્યશ્ચ નદાશ્ચાન્યે સરાંસિ ચ॥ ૧૫૯॥
ગિરયશ્ચ સુમેર્વાદ્યાઃ કાનનાનિ સમન્તતઃ।
પશવઃ પક્ષિણો વૃક્ષાઃ કૃમિકીટાદયો મૃગાઃ॥ ૧૬૦॥
ભુવનાન્યપિ સર્વાણિ ભુવનાનામધીશ્વરાઃ।
અણ્ડાન્યાવરણૈઃ સાર્દ્ધં માસાશ્ચ દશ દિગ્ગજાઃ॥ ૧૬૧॥
વર્ણાઃ પદાનિ મન્ત્રાશ્ચ તત્ત્વાન્યપિ સહાધિપૈઃ।
બ્રહ્માણ્ડધારકા રુદ્ર રુદ્રાશ્ચાન્યે સશક્તિકાઃ॥ ૧૬૨॥
યચ્ચ કિંચિજ્જગત્યસ્મિન્દૃષ્ટં ચાનુમિતં શ્રુતમ્।
સર્વં કામં પ્રયચ્છન્તુ શિવયોરેવ શાસનાત્॥ ૧૬૩॥

ગંધર્વોથી લઈને પિશાચપર્યન્ત જે ચાર દેવયોનિઓ છે, જે સિદ્ધો, વિદ્યાધર, અન્ય આકાશચારી, અસુર, રાક્ષસ, પાતાલ તલવાસી અનંત આદિનાગરાજ, ગરુડ આદિ દિવ્ય પક્ષી, કૂષ્માંડ, પ્રેત, વેતાલ, ગ્રહ, ભૂતગણ, ડાકિનીઓ, યોગિનીઓ, શાકિનીઓ તથા એના જેવી જ બીજી સ્ત્રીઓ, ક્ષેત્ર, આરામ (બગીચો), ગૃહ વગેરે તીર્થ, દેવમંદિર, દ્વીપ, સમુદ્ર, નદીઓ, નદ, સરોવર, સુમેરુ વગેરે પર્વત, બધે ફેલાયેલાં વનો, પશુ, પક્ષી, વૃક્ષ, કૃમિ, કીટ વગેરે, મૃગ, સમસ્ત ભુવન, ભુવનેશ્વર, આવરણો સહિત બ્રહ્માંડ, બાર માસ, દશ દિગ્ગજ વર્ણ, પદ, મંત્ર, તત્ત્વ, એના અધિપતિ, બ્રહ્માંડધારક રુદ્ર, અન્ય રુદ્ર અને તેમની શક્તિઓ તથા આ જગતમાં જે કાંઈ પણ જણાય છે, સંભળાય છે, અનુમાન કરાય છે. તે બધું જ શિવા અને શિવની આજ્ઞાથી મારા મનોરથ પૂર્ણ કરે.॥ ૧૫૬-૧૬૩॥

અથ વિદ્યા પરા શૈવી પશુપાશવિમોચિની।
પઞ્ચાર્થસંહિતા દિવ્યા પશુવિદ્યાભહિષ્કૃતા॥ ૧૬૪॥
શાસ્ત્રં ચ શિવધર્માખ્યં ધર્માખ્યં ચ તદુત્તરમ્।
શૈવાખ્યં શિવધર્માખ્યં પુરાણં શ્રુતિસમ્મિતમ્॥ ૧૬૫॥
શૈવાગમાશ્ચ યે ચાન્યે કામિકાદ્યાશ્ચતુર્વિધાઃ।
શિવાભ્યામવિશેષેણ ઉત્કૃત્યેહ સમર્ચિતા॥ ૧૬૬॥
તાભ્યામેવ સમાજ્ઞાતા મમાભિપ્રેતસિદ્ધયે।
કર્મેદમનુમન્યન્તાં સફલં સાધ્વનુષ્ઠિતમ્॥ ૧૬૭॥

જે પંચ-પુરુષાર્થ સ્વરૂપા હોવાથી પંચાર્થા કહેવાય છે, જેનું સ્વરૂપ દિવ્ય છે તથા જે પશુવિદ્યાની કોટિથી બહાર છે, તે પશુઓને પાશથી મુક્ત કરાવનારી શૈવી પરા વિદ્યા, શિવધર્મશાસ્ત્ર, શૈવધર્મ, શ્રુતિસમ્મત શિવસંજ્ઞકપુરાણ, શૈવાગમ તથા ધર્મ-કામાદિ ચતુર્વિધ પુરુષાર્થ, જેને શિવ અને શિવા સમાન જ માનીને એમને સમાન પૂજા અપાઈ છે, એ

બંનેની આજ્ઞા લઈને મારા અભીષ્ટની સિદ્ધિ માટે આ કર્મનું અનુમોદન કરે, એને સફળ અને સુસંપન્ન ઘોષિત કરે.॥ ૧૬૪-૧૬૭॥

શ્વેતાદ્યા નકુલીશાન્તાઃ સશિષ્યાશ્ચાપિ દેશિકાઃ।
તત્સંતતીયા ગુરવો વિશેષાદ્ ગુરવો મમ॥ ૧૬૮॥
શૈવા માહેશ્વરાશ્ચૈવ જ્ઞાનકર્મપરાયણાઃ।
કર્મેદમનુમન્યન્તાં સફલં સાધ્વનુષ્ઠિતમ્॥ ૧૬૯॥

શ્વેતથી લઈને નકુલીશપર્યંત, શિષ્યસહિત, આચાર્યગણ, એમની સંતાન પરંપરામાં ઉત્પન્ન ગુરુજન, વિશેષતઃ મારા ગુરુ, શૈવ, માહેશ્વર, જે જ્ઞાન અને કર્મમાં તત્પર રહેનારા છે, મારા આ કર્મને સફળ અને સુસંપન્ન માને.॥ ૧૬૮-૧૬૯॥

લૌકિકા બ્રાહ્મણાઃ સર્વે ક્ષત્રિયાશ્ચવિશઃક્રમાત્।
વેદવેદાઙ્ગતત્ત્વજ્ઞાઃ સર્વશાસ્ત્રવિશારદાઃ॥ ૧૭૦॥
સાંખ્યા વૈશેષિકાશ્ચૈવ યૌગા નૈયાયિકા નરાઃ।
સૌરા બ્રાહ્માસ્તથા રૌદ્રા વૈષ્ણવાશ્ચાપરે નરાઃ॥ ૧૭૧॥
શિષ્ટાઃ સર્વે વિશિષ્ટાશ્ચ શિવશાસનયન્ત્રિતાઃ।
કર્મેદમનુમન્યન્તાં મમાભિપ્રેતસાધકમ્॥ ૧૭૨॥

લૌકિક બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય, વેદવેદાંગોના તત્ત્વજ્ઞ વિદ્વાન, સર્વશાસ્ત્રકુશળ, સાંખ્યવેત્તા, વૈશેષિક, યોગશાસ્ત્રના આચાર્ય, નૈયાયિક, સૂર્યોપાસક, બ્રહ્મોપાસક, શૈવ, વૈષ્ણવ તથા અન્ય સર્વે શિષ્ટ અને વિશિષ્ટ પુરુષ શિવની આજ્ઞાને અધીન થઈને મારા આ કર્મને અભીષ્ટ-સાધક માને.॥ ૧૭૦-૧૭૨॥

શૈવાઃ સિદ્ધાન્તમાર્ગસ્થાઃ શૈવાઃ પાશુપતાસ્તથા।
શૈવા મહાવ્રતધરાઃ શૈવાઃ કાપાલિકાઃ પરે॥ ૧૭૩॥
શિવાજ્ઞાપાલકાઃ પૂજ્યા મમાપિ શિવશાસનાત્।
સર્વે મામનુગૃહ્ણન્તુ શંસન્તુ સફલક્રિયામ્॥ ૧૭૪॥

સિદ્ધાંત માર્ગી શૈવ, પાશુપત શૈવ, મહાવ્રતધારી શૈવ, તથા અન્ય કાપાલિક શૈવ-એ બધાય શિવની આજ્ઞાના પાલક તથા મારા પણ પૂજ્ય છે. તેથી શિવની આજ્ઞાથી આ સૌનો મુજ પર અનુગ્રહ હો અને તે આ કાર્યને સફળ ઘોષિત કરે.॥ ૧૭૩-૧૭૪॥

દક્ષિણજ્ઞાનનિષ્ઠાશ્ચ દક્ષિણોત્તરમાર્ગગાઃ।
અવિરોધેન વર્તન્તાં મન્ત્રં શ્રેયોઽર્થિનો મમ॥ ૧૭૫॥

જે દક્ષિણાચારના જ્ઞાનમાં પરિનિષ્ઠ તથા દક્ષિણાચારના ઉત્કૃષ્ટ માર્ગ પર ચાલનારા છે, તે પરસ્પર વિરોધ ન રાખીને મંત્ર જપ કરે અને મારા કલ્યાણકારી હો.॥ ૧૭૫॥

નાસ્તિકાશ્ચ શઠાશ્ચૈવ કૃતઘ્નાશ્ચૈવ તામસાઃ।
પાષણ્ડાશ્ચાતિપાપાશ્ચ વર્તન્તાં દૂરતો મમ॥ ૧૭૬॥
બહુભિઃ કિં સ્તુતૈરત્ર યેઽપિ કેઽપિ ચિદાસ્તિકાઃ।
સર્વે માગનુગૃહ્ણન્તુ સન્તઃ શંસન્તુ મઙ્ગલમ્॥ ૧૭૭॥

નાસ્તિક, શઠ, કૃતઘ્ન, તામસ, પાખંડી અને અતિ પાપી પ્રાણી મારાથી દૂર જ રહો. અહીં ઘણાબધાની સ્તુતિથી શો લાભ? જે કોઈ પણ આસ્તિક સંત છે, તે મુજ પર અનુગ્રહ કરે અને મારું મંગલ થાઓ એવો આશીર્વાદ આપો.॥ ૧૭૬-૧૭૭॥

નમઃ શિવાય સામ્બાય સસુતાયાદિહેતવે।
પઞ્ચાવરણરૂપેણ પ્રપઞ્ચેનાવૃતાય તે॥ ૧૭૮॥

જે પંચાવરણરૂપી પ્રપંચથી ઘેરાયેલા છે અને સૌના આદિકારણ છે, એ આપ પુત્રસહિત સામ્બ સદાશિવને મારા નમસ્કાર છે.॥ ૧૭૮॥

ઇત્યુક્ત્વા દણ્ડવદ્ભૂમૌ પ્રણિપત્ય શિવંશિવામ્।
જપેત્પઞ્ચાક્ષરીં વિદ્યામષ્ટોત્તરશતાવરામ્॥ ૧૭૯॥
તથૈવ શક્તિવિદ્યાં ચ જપિત્વા તત્સમર્પણમ્।
કૃત્વા તં સમયિત્વેશં પૂજાશેષં સમાપયેત્॥ ૧૮૦॥

આવું કહીને શિવ અને શિવાના ઉદ્દેશ્યથી ભૂમિ પર દંડની જેમ પડીને પ્રણામ કરે અને ઓછામાં ઓછું એક સો આઠ વાર પંચાક્ષરી વિદ્યાનો જપ કરે. આ જ પ્રકારે શક્તિવિદ્યા (ઓં

નમઃ શિવાયૈ)નો જપ કરીને એનું સમર્પણ કરે અને મહાદેવજી પાસે ક્ષમા માગીને શેષ પૂજાની સમાપ્તિ કરે.॥ ૧૭૯-૧૮૦॥

એતત્પુણ્યતમં સ્તોત્રં શિવયોર્હૃદયંગમમ્।
સર્વાભીષ્ટપ્રદં સાક્ષાદ્ભક્તિમુક્ત્યેકસાધનમ્॥ ૧૮૧॥

આ પરમ પુણ્યમય સ્તોત્ર શિવ અને શિવાના હૃદયને અત્યંત પ્રિય છે, સંપૂર્ણ મનોરથોને આપનારું છે અને ભોગ તથા મોક્ષનું એકમાત્ર સાક્ષાત્ સાધન છે॥ ૧૮૧॥

ય ઇદં કીર્તયેન્નિત્યં શૃણુયાદ્વા સમાહિતઃ।
સ વિધૂયાશુ પાપાનિ શિવસાયુજ્યમાપ્નુયાત્॥ ૧૮૨॥

જે એકાગ્ર ચિત્ત થઈને પ્રતિદિન આનું કીર્તન અથવા શ્રવણ કરે છે, તે સર્વ પાપોને શીઘ્ર જ ધોઈ નાખે છે, વહેડાવી દે છે અને ભગવાન શિવનું સાયુજ્ય પ્રાપ્ત કરી લે છે.॥ ૧૮૨॥

ગોઘ્નશ્ચૈવ કૃતઘ્નશ્ચ વીરહા ભ્રૂણહાપિ વા।
શરણાગતઘાતી ચ મિત્રવિશ્રમ્ભઘાતકઃ॥ ૧૮૩॥
દુષ્ટપાપસમાચારો માતૃહા પિતૃહાપિ વા।
સ્તવેનાનેન જપ્તેન તત્તત્પાપાત્ પ્રમુચ્યતે॥ ૧૮૪॥

જે ગો-હત્યારો, કૃતઘ્ન, વીરઘાતી, ગર્ભસ્થ શિશુની હત્યા કરનારો, શરણાગતનો વધ કરનારો અને મિત્ર પ્રત્યે વિશ્વાસઘાતી છે, દુરાચાર અને પાપાચારમાં જ લાગ્યો રહે છે તથા માતાપિતાનો પણ ઘાતક છે, તે પણ આ સ્તોત્રના જપથી તત્કાલ પાપમુક્ત થઈ જાય છે.॥ ૧૮૩-૧૮૪॥

દુઃસ્વપ્રાદિમહાનર્થસૂચકેષુ ભયેષુ ચ।
યદિ સંકીર્તયેદેતન્ન તતોઽનર્થભાગ્ભવેત્॥ ૧૮૫॥

દુઃસ્વપ્ન વગેરે મહાન અનર્થસૂચક ભય ઉપસ્થિત થવા પર જો મનુષ્ય આ સ્તોત્રનુ કરે તો તે કદાપિ અનર્થનો ભાગી થતો ન શકતો નથી.

આયુરારોગ્યમૈશ્વર્યં યચ્ચાન્યદપિ વાઞ્છિતમ્।
સ્તોત્રસ્યાસ્ય જપે તિષ્ઠંસ્તત્સર્વં લભતે નરઃ॥

આયુ, આરોગ્ય, ઐશ્વર્ય તથા બીજી મનોવાંછિત વસ્તુ છે, એ સર્વને આ જપમાં સંલગ્ન રહેનાર પુરુષ પ્રાપ્ત છે.॥ ૧૮૬॥

અસમ્પૂજ્ય શિવં સ્તોત્રજપાત્ફલમુદાહૃતમ્।
સમ્પૂજ્ય ચ જપે તસ્ય ફલં વક્તું ન શક્યતે॥

શિવની પૂર્વોક્ત પૂજા ન કરીને કેવ કરવાથી જે ફળ મળે છે, એ અહીં બત પરંતુ શિવની પૂજા કરીને આ સ્તોત્ર કરવાથી જે ફળ મળે છે, એનું તો વર્ણન શકાતું નથી.॥ ૧૮૭॥

આસ્તામિયં ફલાવાપ્તિરસ્મિન્ સંકીર્તિતે સતિ।
સાર્દ્ધમમ્બિકયા દેવઃ શ્રુત્વૈવ દિવિ તિષ્ઠતિ॥
તસ્માન્નભસિ સમ્પૂજ્ય દેવદેવં સહોમયા।
કૃતાઞ્જલિપુટસ્તિષ્ઠન્ સ્તોત્રમેતદુદીરયેત્॥

આ ફળની પ્રાપ્તિ અલગ રહે. આ કીર્તન કરવાથી એને સાંભળવાથી જ પાર્વતીસહિત મહાદેવજી આકાશમાં આવી થઈ જાય છે. અતઃ એ સમયે ઉમાસહિત મહાદેવની આકાશમાં પૂજા કરીને બંને જોડીને ખડા થઈ જાઓ અને આ સ્તોત્ર કરો.॥ ૧૮૮-૧૮૯॥

(અધ્યા

ઐહિક ફળ દેનાર કર્મો અને એમની વિધિનું વર્ણન, શિવપૂજનની વિધિ, શાંતિ-પુષ્ટિ વગેરે વિવિધ કામ્ય કર્મોમાં વિભિન્ન હવનીય પદાર્થોના ઉપયોગનું વિધાન

ઉપમન્યુ કહે છે—હે શ્રીકૃષ્ણ! આ મેં તમને આલોક અને પરલોકમાં સિદ્ધિ પ્રદાન કરનારો ક્રમ બતાવ્યો છે, જે ઉત્તમ તો છે જ, એમાં ક્રિયા, જપ, તપ અને ધ્યાનનો સમુચ્ચય પણ છે. હવે હું શિવ-ભક્તોને માટે અહીં ફળ આપનારું પૂજન, હોમ, જપ, ધ્યાન, તપ અને દાનમય મહાન કર્મનું વર્ણન કરું છું. મંત્રાર્થના શ્રેષ્ઠ જ્ઞાતાએ જાણવું જોઈએ કે એ પહેલાં મંત્ર સિદ્ધ કરે, અન્યથા ઇષ્ટસિદ્ધિકારક કર્મ પણ ફલદ થતું નથી. મંત્ર સિદ્ધિ કરી લેવાથી પણ, જે કર્મનું ફળ કોઈ પ્રબળ અદૃષ્ટને કારણે પ્રતિબદ્ધ હોય, એને વિદ્વાન પુરુષ સહસા ન કરે. એ પ્રતિબંધકનું અહીં નિવારણ થઈ શકે છે. કર્મ કરવા પહેલાં શુકન વગેરે કરીને એની પરીક્ષા કરી લે અને પ્રતિબંધકને જાણી લઈને એને દૂર કરવાનો પ્રયત્ન કરે. જે મનુષ્ય આવું ન કરીને મોહવશ ઐહિક ફળ દેનારું કર્મનું અનુષ્ઠાન કરે છે, તે એ ફળનો ભાગી બનતો નથી અને જગતમાં ઉપહાસને પાત્ર બને છે. જે પુરુષને વિશ્વાસ ન હોય, તે ઐહિક ફળ આપનાર કર્મનું અનુષ્ઠાન ક્યારેય ન કરે; કેમકે એના મનમાં શ્રદ્ધા જ નથી રહેતી અને શ્રદ્ધાહીન પુરુષને એ કર્મનું ફળ મળતું નથી. કરેલું કર્મ નિષ્ફળ થઈ જાય તો પણ એમાં દેવતાનો કોઈ અપરાધ નથી; કેમકે શાસ્ત્રોક્ત વિધિથી ઠીક ઠીક કર્મ કરનાર પુરુષોને અહીં ફળની પ્રાપ્તિ જોવા મળે છે. જેણે મંત્રને સિદ્ધ કરી લીધો છે, પ્રતિબંધકને દૂર કરી દીધો છે, મંત્ર પર વિશ્વાસ રાખતો હોય અને મનમાં શ્રદ્ધાથી યુક્ત હોય, તે સાધક કર્મ કરવા પર એના ફળને અવશ્ય પામે છે. એ કર્મના ફળની પ્રાપ્તિ માટે બ્રહ્મચર્યપરાયણ હોવું જોઈએ. રાત્રે હવિષ્ય ભોજન કરે, ખીર અથવા ફળ ખાઈને રહે, હિંસા વગેરે જે નિષિદ્ધ કર્મ છે, એમને મનથી પણ ન કરે, સદા પોતાના શરીરમાં ભસ્મ લગાવે, સુંદર પવિત્ર વેશભૂષા ધારણ કરે અને પવિત્ર રહે.

આ પ્રકારે આચારવાન થઈને પોતાને અનુકૂળ શુભ દિવસે પુષ્પમાલા વગેરેથી અલંકૃત પૂર્વલક્ષણવાળા સ્થાનમાં એક હાથ ભૂમિને છાણથી લીપીને ત્યાં પાથરેલા ભદ્રાસન પર કમલ અંકિત કરે, જે પોતાના તેજથી પ્રકાશમાન હોય, તે તપાવેલા સુવર્ણ સમાન રંગવાળું હોય, એમાં આઠદલ હોય અને કેસર પણ તેમાં હોય. મધ્યભાગમાં કર્ણિકાથી યુક્ત અને સંપૂર્ણ રત્નોથી અલંકૃત હોય, એમાં પોતાના આકાર જેવી જ નાલ હોવી જોઈએ. આમ તો સ્વર્ણનિર્મિત કમળ ઉપર સમ્યક્-વિધિથી મનમાં ને મનમાં અણિમા આદિ બધી સિદ્ધિઓની ભાવના કરે. પછી તે ઉપર રત્નનું સોનાનું અથવા સ્ફટિક મણિનું ઉત્તમ લક્ષણોથી યુક્ત વેદીસહિત શિવલિંગ સ્થાપિત કરીને એમાં વિધિપૂર્વક પાયદીસહિત અવિનાશી સામ્બ સદાશિવનું આવાહન-પૂજન કરે. પછી ત્યાં સાકાર ભગવાન મહેશ્વરની ભાવનામયી મૂર્તિનું નિર્માણ કરે, જેને ચાર

ભુજાઓ અને ચાર મુખ હોય. તે બધાં આભૂષણોથી વિભૂષિત હોય, એને વ્યાઘ્રચર્મ પહેરાવેલું હોય, એના મુખ પર મંદ મંદ સ્મિતની છટા છવાયેલી હોય, પોતાના બે હાથમાં વરદ અને અભય મુદ્રા ધારણ કરેલી હોય અને શેષ બે હાથમાં મૃગ મુદ્રા અને ટંક લઈ રાખ્યાં હોય, અથવા ઉપાસકની રુચિ અનુસાર અષ્ટભુજા મૂર્તિની ભાવના કરવી જોઈએ. એ દશામાં તે મૂર્તિ પોતાના જમણા ચાર હાથમાં ત્રિશૂલ, પરશુ, ખડ્ગ અને વજ્ર રાખેલાં હોય અને ડાબા ચાર હાથમાં પાશ, અંકુશ, ખેટ અને નાગ ધારણ કરેલ હોય. એની અંગકાંતિ પ્રાતઃકાલના સૂર્યની જેમ લાલ હોય અને તે પોતાના પ્રત્યેક મુખમાં ત્રણ ત્રણ નેત્રોવાળી હોય. એ મૂર્તિનું પૂર્વવર્તી મુખ સૌમ્ય તથા પોતાની આકૃતિને અનુરૂપ જ કાન્તિમાન છે. દક્ષિણાવર્તીમુખ નીલ મેઘ સમાન શ્યામ અને દેખાવમાં ભયંકર છે. ઉત્તરવર્તી મુખ પરવાળાં સમાન લાલ છે અને માથાની નીલી કેશજાલ એની શોભા વધારતી હોય. પશ્ચિમવર્તી મુખ પૂર્ણ ચંદ્રમા સમાન ઉજ્જ્વળ, સૌમ્ય અને ચંદ્રકલાધારી છે. એ શિવમૂર્તિના ખોળામાં પરાશક્તિ માહેશ્વરી શિવા આરૂઢ છે. એમની અવસ્થા સોળ વર્ષ-શી છે. એ સૌનું મન મોહી લે તેવાં છે અને મહાલક્ષ્મી નામે વિખ્યાત છે.

આ પ્રકારે ભાવનામયી મૂર્તિનું નિર્માણ અને સકલીકરણ કરીને એમાં મૂર્તિમાન પરમ કારણ શિવનું આવાહન અને પૂજન કરે. ત્યાં સ્નાન કરાવવા માટે કપિલા ગાયનું પંચગવ્ય અને પંચામૃતનો સંગ્રહ કરે. વિશેષતઃ ચૂર્ણ અને બીજ પાત્ર એકત્ર કરે. પછી પૂર્વ દિશામાં મંડલ બનાવીને એને રત્નચૂર્ણ વગેરેથી અલંકૃત કરીને કમલની કર્ણિકામાં ઈશાન-કળશની સ્થાપના કરે. તત્પશ્ચાત્ એની ચારે તરફ સદ્યોજાત આદિ મૂર્તિઓના કળશોની સ્થાપના કરે. ત્યાર પછી પૂર્વ-આદિ આઠ દિશાઓમાં ક્રમશઃ વિદ્યેશ્વરના આઠ કળશોની સ્થાપના કરીને એ બધાને તીર્થના જલથી ભરી દેવા જોઈએ અને કળશના કંઠમાં સૂત્ર લપેટી દેવું. પછી એની અંદર પવિત્ર દ્રવ્યો પધરાવવાં અને પછી મંત્ર અને વિધિ સાથે સાડી અથવા ધોતી વગેરે વસ્ત્રથી એ બધા કળશોને ચારે બાજુથી આચ્છાદિત કરી દે. તદનંતર મંત્રોચ્ચારણપૂર્વક એ સૌમાં મંત્રન્યાસ કરીને સ્નાનનો સમય આવે ત્યારે સર્વ પ્રકારે માંગલિક શબ્દો અને વાદ્યોની સાથે પંચગવ્ય આદિ દ્વારા પરમેશ્વર શિવને સ્નાન કરાવે. કુશોદક, સ્વર્ણોદક અને રત્નોદક વગેરેને - જો ગંધ, પુષ્પ વગેરેથી વાસિત અને મંત્રસિદ્ધ હોય. ક્રમશઃ લઈ લઈને મંત્રોચ્ચારણપૂર્વક એનાથી મહેશ્વરને સ્નાન કરાવે. પછી ગંધ, પુષ્પ અને દીપ વગેરેનું નિવેદિત કરીને પૂજા કર્મ સંપન્ન કરે. આલેપન કે ઉપટન ઓછામાં ઓછું એક પળ અને વધારેમાં વધારે અગિયાર પળ હોવું જોઈએ. સુંદર સુવર્ણમય અને રત્નમય પુષ્પ અર્પિત કરે. સુગંધિત નીલ કમલ, નીલ કુમુદ, અનેકશઃ બિલ્વપત્ર, લાલ કમલ અને શ્વેત કમલ પણ શંભુને ચઢાવે. કાલાગરુના ધૂપને કપૂર, ઘી અને ગૂગળથી યુક્ત કરીને નિવેદિત કરે. કપિલા ગાયના ઘીથી યુક્ત દીપકમાં કપૂરની બત્તી બનાવીને રાખવી અને પ્રગટાવીને દેવતા સન્મુખ ધરવી. ઈશાનાદિ પાંચ બ્રહ્મની, છયે અંગોની અને પાંચ આવરણોની પૂજા કરવી જોઈએ. દૂધમાં તૈયાર કરેલા પદાર્થ નૈવેદ્ય-રૂપે નિવેદનીય

છે અને ઘીથી યુક્ત મહાચરુનો પણ ભોગ લગાડવો જોઈએ. પાટલ, ઉત્પલ અને કમલ વગેરેથી સુવાસિત જલ પીવા માટે આપવું. પાંચ પ્રકારની સુગંધથી યુક્ત તથા સારી રીતે તૈયાર કરેલું તાંબુલ મુખશુદ્ધિ માટે અર્પિત કરવું જોઈએ. સુવર્ણ અને રત્નોમાં બનેલાં આભૂષણ, વિવિધ પ્રકારનાં રંગવાળાં નવાં ઝીણાં વસ્ત્ર, જે દર્શનીય હોય, ઇષ્ટદેવને આપવાં જોઈએ. એ સમયે ગીત, વાદ્ય અને કીર્તન વગેરે પણ કરવાં જોઈએ.

મૂલમંત્રના એક લાખ જપ કરવા જોઈએ. પૂજા ઓછામાં ઓછી એક વાર નહીં, તો બેત્રણ વાર કરવી જોઈએ; કેમકે અધિકનું ફલ પણ અધિક હોય છે. હોમ સામગ્રી માટે જેટલાં દ્રવ્ય હોય, એમાંથી પ્રત્યેક દ્રવ્યની ઓછામાં ઓછી દશ અને વધારેમાં વધારે સો આહુતિ આપવી જોઈએ. મારણ અને ઉચ્ચાટન વગેરેમાં શિવના ઘોરરૂપનું ચિંતન કરવું જોઈએ. શાંતિકર્મ અથવા પૌષ્ટિક કર્મ કરતી વખતે શિવલિંગમાં, શિવાગ્નિમાં તથા અન્ય પ્રતિમાઓમાં શિવના સૌમ્યરૂપનું ધ્યાન કરવું જોઈએ. મારણ આદિ કર્મોમાં લોખંડના બનેલા સ્રુક્ અને સ્રુવાનો ઉપયોગ કરવો જોઈએ. અન્ય શાંતિ આદિ કર્મોમાં સ્રુક્ અને સ્રુવા બનાવવા જોઈએ. મૃત્યુ પર વિજય મેળવવા ઘી, દૂધમાં મેળવેલી દૂર્વાથી, મધથી, ઘીયુક્ત ચરુથી અથવા કેવલ દૂધથી પણ હવન કરવો જોઈએ તથા રોગોની શાંતિ માટે તલની આહુતિ આપવી જોઈએ. સમૃદ્ધિની ઇચ્છા રાખનારા પુરુષ મહાન દારિદ્રયની શાંતિ માટે ઘી, દૂધ અથવા કેવળ કમલનાં ફૂલોથી હોમ કરે. વશીકરણના ઇચ્છુક પુરુષ ઘીયુક્ત જાતિ પુષ્પ (ચમેલી અથવા માલતીનાં ફલ)થી હવન કરે. દ્વિજો માટે એ જરૂરી છે કે ઘી અને કરવીર પુષ્પોથી આહુતિ આપીને આકર્ષણનો પ્રયોગ કરે. તેલની આહુતિ ઉચ્ચાટન અને મધની આહુતિથી સ્તંભન કર્મ કરે. સરસવની આહુતિથી પણ સ્તંભન કરી શકાય છે. વડનાં બીજ (ટેટા) અને તલની આહુતિ દ્વારા મારણ અને ઉચ્ચાટન કરે. નાળિયેરના તેલ (કોપરેલ)ની આહુતિ આપીને વિદ્વેષણ કર્મ કરે. રોહીનાં બીજની આહુતિ આપીને બંધનનો તથા લાલ સરસવથી મિશ્રિત થયેલ સંપૂર્ણ હોમ-દ્રવ્યોથી સેના-સ્તંભનનો પ્રયોગ કરે.

અભિચાર કર્મમાં હસ્તચાલિત યંત્રથી તૈયાર કરેલા તેલની આહુતિ આપવી જોઈએ. કુટકીની ભૂસી, કપાસનો ડોડો તથા તૈલમિશ્રિત સરસવની પણ આહુતિ આપી શકાય. દૂધની આહુતિ જવર શાંત કરનારી છે. તથા સૌભાગ્યરૂપ ફળ પ્રદાન કરનારી છે. મધ, ઘી અને દહીંને પરસ્પર મેળવીને એમનાથી દૂધ અને ચોખા અથવા કેવળ દૂધથી કરેલો હોમ સંપૂર્ણ સિદ્ધિઓ આપનારો હોય છે. સાત સમિધા વગેરેથી શાંતિક અથવા પૌષ્ટિક કર્મ પણ કરે. વિશેષતઃ દ્રવ્યો દ્વારા હોમ કરવા પર વશ્ય અને આકર્ષણનો સિદ્ધિ થાય છે. બિલ્વપત્રના હવનથી વશીકરણ અને આકર્ષણની સાધક અને લક્ષ્મીની પ્રાપ્તિ કરાવનારો છે. સાથે જ તે શત્રુ ઉપર વિજય પ્રદાન કરાવે છે. શાંતિકાર્યમાં પલાશ અને ખેર વગેરેની સમિધાનો હોમ કરવો જોઈએ. ક્રૂરતાપૂર્ણ કર્મમાં કનેર અને આકની સમિધા હોવી જોઈએ લડાઈ-ઝઘડામાં કાંટાળાં વૃક્ષોની સમિધાનો હવન કરવો જોઈએ. શાંતિ અને પુષ્ટિકર્મ વિશેષતઃ

શાંતચિત્ત પુરુષ જ કરે. જે નિર્દય અને ક્રોધી હોય, એને જ આભિચારિક કર્મમાં પ્રવૃત્ત થવું જોઈએ. તે પણ એ દશામાં, જ્યારે કે દુરવસ્થા ચરમ સીમાએ પહોંચી ગઈ હોય અને એના નિવારણનો બીજો કોઈ ઉપાય રહી ન ગયો હોય, આતતાયીને નષ્ટ કરવાના ઉદ્દેશ્યથી આભિચારિક કર્મ કરવું જોઈએ. પોતાના રાષ્ટ્રપતિને હાનિ કરવાના ઉદ્દેશ્યથી આભિચારિક કર્મ કદાપિ ન કરવું જોઈએ. જો કોઈ આસ્તિક, પરમ ધર્માત્મા અને માનનીય પુરુષ હોય અને એનાથી ક્યારે આતતાયીપણાનું કાર્ય થઈ જાય. તો પણ એને નષ્ટ કરવાના ઉદ્દેશ્યથી આભિચારિક કર્મનો પ્રયોગ ન કરવો જોઈએ. જો કોઈ પણ મન, વાણી અને ક્રિયા દ્વારા ભગવાન શિવનો આશ્રિત હોય, એના તથા રાષ્ટ્રપતિના ઉદ્દેશ્યથી પણ આભિચારિક કર્મ કરીને મનુષ્ય શીઘ્ર જ પતિત થઈ જાય છે. એટલા માટે કોઈ પણ પુરુષ જો પોતાને માટે સુખ ચાહતો હોય, તો રાષ્ટ્રપાલક રાજાની અને શિવભક્તની અભિચાર આદિ દ્વારા હિંસા ન કરે. બીજા કોઈના ઉદ્દેશ્યથી પણ મારણ આદિનો પ્રયોગ કર્યા પછી પશ્ચાત્તાપથી યુક્ત થઈને પ્રાયશ્ચિત્ત કરવું જોઈએ.

નિર્ધન યા ધનવાન પુરુષ પણ બાણલિંગ (નર્મદાથી પ્રગટ થયેલું શિવલિંગ) ઋષિઓ દ્વારા સ્થાપિત લિંગ અથવા વૈદિક લિંગમાં શંકરની પૂજા કરે. જ્યાં આવા લિંગનો અભાવ હોય ત્યાં સુવર્ણ અને રત્નના બનેલા શિવલિંગમાં પૂજા કરવી જોઈએ. જો સુવર્ણ અને રત્નોના ઉપાર્જનની શક્તિ ન હોય તો મનથી જ ભાવનામયી મૂર્તિનું કલ્પના કરવી
અને કોઈ
પોતાની શક્તિ
અવશ્ય ફલ
અનુષ્ઠાન ક
બે-ત્રણ વાર
સર્વથા ફળ
આવેલું જે સ
તે બધું ગુ
ઉપરાંત દક્ષિ
ન લેવા ચા
સમર્પિત કરી
એમના સિવા
જો પુરુષ ગુ
યથાશક્તિ પ
જ આચરણ
ન જ લે.
ઉત્તમ દ્રવ્ય
મનોવાંછિત
વિચાર ન
શિવલિંગને
એની ઇચ્છા
સ્વયં નિત્ય
પ્રેરણાથી બી
કર્મનું શાસ્ત્ર
અનુષ્ઠાન ક
વંચિત રહેતો
બીજી શી

તથાપિ

મોતના મોંમાં પડીને પણ મનુષ્ય વગર કોઈ વિઘ્નબાધાએ મુક્ત થઈ જાય છે. અત્યંત કૃપણ પણ ઉદાર અને નિર્ધન પણ કુબેર સમાન થઈ જાય છે. કુરૂપ પણ કામદેવ સમાન અને વૃદ્ધ પણ જવાન થઈ જાય છે. શત્રુ ક્ષણભરમાં મિત્ર અને વિરોધી પણ કિંકર થઈ જાય છે. અમૃત વિષ જેવું અને વિષ અમૃત જેવું થઈ જાય છે. સમુદ્ર પણ સ્થળ, અને સ્થળ પણ સમુદ્રવત થઈ જાય છે. ખાડો પહાડ-જેવો ઊંચો અને પર્વત પણ ખાડા જેટલો થઈ જાય છે. અગ્નિ સરોવરની સમાન શીતલ અને સરોવર પણ અગ્નિની જેમ દાહક બની જાય છે. ઉદ્યાન જંગલ બની જાય છે અને જંગલ ઉદ્યાન થઈ જાય છે. ક્ષુદ્ર મૃગ સિંહ સમાન શૌર્યશાળી અને સિંહ પણ ક્રીડામૃગ સમાન આજ્ઞા-પાલક થઈ જાય છે. સ્ત્રીઓ અભિસારિકા બની જાય છે, વધારે પ્રેમ કરવા માંડે છે અને લક્ષ્મી સુસ્થિર થઈ જાય છે. વાણી ઇચ્છા અનુસાર દાસી બની જાય છે અને કીર્તિ ગણિકા સમાન સર્વત્ર ગામિની થઈ જાય છે. બુદ્ધિ સ્વેચ્છા અનુસાર વિચરણ કરનારી અને મન હીરાને છેદી દે એવી સૂક્ષ્મ સો બની જાય છે. શક્તિ વાવાઝોડા જે થઈ જાય છે અને બળ મત્ત ગજરા પરાક્રમશાળી થાય છે. શત્રુ-પક્ષના ઉ કાર્ય સ્તબ્ધ થઈ જાય છે તથા શત્રુઓ સુહૃદ્‌ગણ એમને માટે શત્રુપક્ષ સમાન છે. શત્રુ બંધુબાંધવ સહિત જીવતો-જી જેવાં થઈ જાય છે અને સિદ્ધપુ આપત્તિમાં પડીને પણ અરિષ્ટરહિત (સ થઈ જાય છે. અમરત્વ-જેવું પ્રાપ્ત ક એણે ખાધેલી અપથ્ય વસ્તુ પણ સદા રસાયણનું કામ આપે છે. નિરંતર રતિ કરવા છતાં તે નવો જ બની રહે છે વગેરેની બધી વાતો હાથ પર રાખેલ જેવી પ્રત્યક્ષ દેખાય છે. અણિમા વગેરે પણ ઇચ્છા કરતાં જ ફળ આપવા માં વિષયમાં વધારે કહેવાથી શો લાભ, સંપાદન કરી લેવાથી સંપૂર્ણ કામાર્થ સિ કોઈ પણ વસ્તુ એવી નથી જે અલ

(અ

*

પારલૌકિક ફળ દેનારાં કર્મ-શિવલિંગ-મહાવ્રતની વિધિ અને મહિમાનું વર્ણન

ઉપમન્યુ કહે છે—હે યદુનંદન! હવે હું કેવળ પરલોકમાં ફળ આપનારાં કર્મની વિધિ બતાવીશ. ત્રણે લોકમાં આ સમાન બીજું કોઈ કર્મ નથી. આ વિધિ અતિશય પુણ્યયુક્ત છે અને સંપૂર્ણ દેવતાઓએ આનું અનુષ્ઠાન કર્યું છે. બ્રહ્મા, વિષ્ણુ, રુદ્ર, ઇન્દ્ર વગેરે લોકપાલ, સૂર્ય આદિ નવગ્રહ, વિશ્વામિત્ર અને વસિષ્ઠ વગેરે બ્રહ્મવેત્તા મહર્ષિ, શ્વેત, અગસ્ત્ય, દ અમારા જેવા શિવભક્ત, નંદીશ્વર, અને ભૃંગીશ વગેરે ગણેશ્વર, પાતાલવ શેષ આદિ મહાનાગ, સિદ્ધ, યક્ષ, ગંધ ભૂત અને પિશાચ આ સૌએ પોતપો પ્રાપ્ત કરવા માટે આ વિધિનું અનુ છે. આ વિધિથી જ બીજા દેવતા દેવત

થયા છે. આ જ વિધિથી બ્રહ્માને બ્રહ્મત્વ, વિષ્ણુને વિષ્ણુત્વ, રુદ્રને રુદ્રત્વ, ઇન્દ્રને ઇન્દ્રત્વ અને ગણેશને ગણેશત્વની પ્રાપ્તિ થઈ છે.

શ્વેતચંદનયુક્ત જલથી લિંગસ્વરૂપ શિવ અને શિવાને સ્નાન કરાવીને પ્રફુલ્લ શ્વેત કમળો દ્વારા એમનું પૂજન કરે. પછી એમનાં ચરણોમાં પ્રણામ કરીને ત્યાં જ લીપી-થાપીને ભૂમિ પર સુંદર શુભ લક્ષણ પદ્માસન બનાવીને રાખે. ધન હોય તો પોતાની શક્તિ અનુસાર સોનું યા રત્ન વગેરેનું પદ્માસન બનાવવું જોઈએ. કમલના કેસરોની મધ્ય ભાગમાં અંગૂઠા બરાબર નાના-શા સુંદર શિવલિંગની સ્થાપના કરે. ને સર્વગંધમય અને સુંદર હોવું જોઈએ. એને દક્ષિણ ભાગમાં સ્થાપિત કરીને બિલ્વપત્રો દ્વારા એની પૂજા કરે. પછી એના દક્ષિણ ભાગમાં અગરુ, પશ્ચિમ ભાગમાં મૈનસિલ (એક ધાતુ દવાના કામની), ઉત્તર ભાગમાં ચંદન અને પૂર્વ ભાગમાં હરિતાલ (હરતાલ) ચઢાવે. પછી સુંદર સુગંધિત વિચિત્ર પુષ્પો દ્વારા પૂજા કરે. બધી બાજુ કાળું અગરુ અને ગુગળનો ધૂપ આપે. અત્યંત ઝીણાં અને નિર્મલ વસ્ત્ર નિવેદિત કરે. ઘીમિશ્રિત ખીરનો ભોગ લગાડે. ઘીનો દીપક પ્રગટાવી રાખે. મંત્રોચ્ચારપૂર્વક સર્વ કાંઈ ચઢાવીને પરિક્રમા કરે. ભક્તિભાવથી દેવેશ્વર શિવને પ્રણામ કરીને એમની સ્તુતિ કરે અને અંતે ત્રુટિઓ માટે ક્ષમા-પ્રાર્થના કરે. તત્પશ્ચાત્ શિવપંચાક્ષર-મંત્રથી સંપૂર્ણ ઉપહારોસહિત તે શિવલિંગ શિવને સમર્પિત કરે અને સ્વયં દક્ષિણામૂર્તિનો આશ્રય લે. જે આ પ્રકારે પંચગંધમય શુભ લિંગની નિત્ય અર્ચના કરે છે, તે બધાં પાપથી મુક્ત થઈને શિવલોકમાં પ્રતિષ્ઠિત થાય છે. આ શિવલિંગ-મહાવ્રત સર્વ વ્રતોમાં ઉત્તમ અને ગોપનીય છે. તમે ભગવાન શંકરના ભક્ત છો; એટલા માટે તમારી પાસે એનું વર્ણન કર્યું છે. ગમે તેને આનો ઉપદેશ ન કરવો જોઈએ. કેવળ શિવભક્તોને જ આનો ઉપદેશ આપવો જોઈએ. પ્રાચીન કાળમાં ભગવાન શિવે જ આ વ્રતનો ઉપદેશ આપ્યો હતો.

તદનંતર લિંગની કારણરૂપતા તથા લિંગ-પ્રતિષ્ઠા અને પૂજાની વ્યાખ્યા કરીને ઉપમન્યુએ કહ્યું—હે યદુનંદન! જો કોઈ સ્થાપિત શિવલિંગ ન મળે તો શિવના સ્થાનભૂત જલ, અગ્નિ, સૂર્ય તથા આકાશમાં શિવનું પૂજન કરવું જોઈએ.

(અધ્યાય ૩૩-૩૬)

*

યોગના અનેક ભેદ, એનાં આઠ અને છ અંગોનું વિવેચન યમ, નિયમ, આસન, પ્રાણાયામ, દશવિધ પ્રાણોને જીતવાનો મહિમા, પ્રત્યાહાર, ધારણા, ધ્યાન અને સમાધિનું નિરૂપણ

શ્રીકૃષ્ણે કહ્યું—હે ભગવન્! આપે જ્ઞાન, ક્રિયા અને ચર્યાનો સંક્ષેપ સાર ઉદ્ધૃત કરીને મને સંભળાવ્યો છે. આ બધું શ્રુતિસમાન આદરણીય છે અને મેં ધ્યાનપૂર્વક સાંભળ્યું છે. હવે હું અધિકાર, અંગ, વિવિધ અને પ્રયોજનસહિત પરમદુર્લભ યોગનું વર્ણન સાંભળવા ચાહું છું. જો યોગ વગેરેનો

અભ્યાસ કરવા પહેલાં જ મૃત્યુ થઈ જાય તો મનુષ્ય આત્મઘાતી થાય છે; અતઃ આપ યોગનું કોઈ એવું સાધન બતાવો કે જેને શીઘ્ર સિદ્ધ કરી શકાય, જેથી મનુષ્યને આત્મઘાતી ન બનવું પડે. યોગનું એ અનુષ્ઠાન, એનું કારણ, એને માટેનો ઉપર્યુક્ત સમય, સાધન અને એના ભેદોનું તારતમ્ય શું છે?

ઉપમન્યુ બોલ્યા—હે શ્રીકૃષ્ણ! તમે બધા પ્રશ્નોના તારતમ્યના જ્ઞાતા છો. તમારો આ પ્રશ્ન બહુ જ ઉચિત છે. તેથી હું આ વાતો પર પ્રકાશ પાડીશ. તમે એકાગ્રચિત્ત થઈને સાંભળો. જેની બીજી વૃત્તિઓનો નિરોધ થઈ ગયો છે, એવા ચિત્તની ભગવાન શિવમાં જે નિશ્ચલ વૃત્તિ છે એને જ સંક્ષેપમાં 'યોગ' કહે છે. આ યોગ પાંચ પ્રકારનો છે. મંત્રયોગ, સ્પર્શયોગ, ભાવયોગ, અભાવયોગ અને મહાયોગ મંત્રજપના અભ્યાસવશ મંત્રના વાચ્યાર્થમાં સ્થિત થઈ વિક્ષેપરહિત જે મનની વૃત્તિ છે, એનું નામ 'મંત્રયોગ' છે. મનની એ જ વૃત્તિ જ્યારે પ્રાણાયામને પ્રધાનતા આપે તો એનું નામ 'સ્પર્શયોગ' થાય છે. એ જ સ્પર્શયોગ જ્યારે મંત્રના સ્પર્શથી રહિત હોય તો 'ભાવયોગ' કહેવાય છે. જેનાથી સંપૂર્ણ વિશ્વના રૂપમાત્રના અવયવ વિલીન (તિરોહિત) થઈ જાય છે, એને 'અભાવયોગ' કહેવાયો છે; કેમકે એ સમયે સદ્વસ્તુનું પણ ભાન નથી હોતું. જેનાથી એક માત્ર ઉપાધિશૂન્ય શિવસ્વભાવનું ચિંતન કરવામાં આવે છે અને મનની વૃત્તિ શિવમયી થઈ જાય છે, એને 'મહાયોગ' કહે છે.

જોયેલા અને સાંભળેલા લૌકિક અને પારલૌકિક વિષયો તરફથી જેનું મન વિરક્ત થઈ ગયું છે, એનો જ યોગમાં અધિકાર છે, બીજા કોઈનોય નહીં. લૌકિક અને પારલૌકિક બંને વિષયોના દોષો અને ઈશ્વરના ગુણોનું સદાય દર્શન કરવાથી મન વિરક્ત થાય છે. પ્રાયઃ બધા યોગ્ય આઠ અથવા છ અંગોથી યુક્ત હોય છે. યમ, નિયમ, સ્વસ્તિક આદિ આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધારણા, ધ્યાન અને સમાધિ—એ વિદ્વાનોએ યોગનાં આઠ અંગો ગણાવ્યાં—બતાવ્યાં છે. આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધારણા, ધ્યાન અને સમાધિ-એ થોડામાં યોગનાં છ લક્ષણ છે. શિવ-શાસ્ત્રમાં એનાં પૃથક્ પૃથક્ લક્ષણ બનાવ્યાં છે. અન્ય શિવાગમોમાં, વિશેષતઃ કામિક આદિમાં, યોગ-શાસ્ત્રોમાં અને કોઈ કોઈ પુરાણોમાં પણ એ લક્ષણોનું વર્ણન છે. અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ - એને સત્પુરુષોએ યમ કહ્યા છે. એ જ પ્રકારે યમ પાંચ અવયવોના યોગથી યુક્ત છે. શૌચ, સંતોષ, તપ, જપ (સ્વાધ્યાય) અને પ્રણિધાન એ પાંચ ભેદોથી યુક્ત બીજાં યોગાંગોને નિયમ કહેવાય છે. તાત્પર્ય એ છે કે નિયમ પોતાના અંશોના ભેદથી પાંચ પ્રકારના છે. આસનના આઠ ભેદ કહ્યા છેઃ સ્વસ્તિક આસન, પદ્માસન, અર્ધચંદ્રાસન, વીરાસન, યોગાસન, પ્રસાધિતાસન, પર્યંકાસન અને પોતાની રુચિનું આસન. પોતાના શરીરમાં પ્રગટ થયેલો જે વાયુ છે, એને પ્રાણ કહે છે. એને રોકવો એ જ એનો આયામ છે. એ પ્રાણાયામના ત્રણ ભેદો કહ્યા છે : રેચક, પૂરક અને કુંભક. નાકના એક છિદ્રને દબાવીને યા બંધ કરીને બીજાથી ઉદરસ્થિત વાયુને બહાર કાઢવો. આ ક્રિયાને રેચક કહેવાય છે. પછી બીજા નાસિકા-છિદ્રથી બાહ્ય વાયુથી શરીરને ધમણની જેમ ભરી લે. એમાં વાયુને પૂરવાની ક્રિયા હોવાને કારણે એને 'પૂરક' કહે છે. જ્યારે સાધક અંદરના

વાયુને ન તો છોડે છે અને ન તો બહારના વાયુને ગ્રહણ કરે છે, કેવળ ભરેલા ઘડાની જેમ અવિચલભાવથી સ્થિત રહે છે, ત્યારે એ પ્રાણાયામને 'કુંભક' નામ અપાય છે. યોગના સાધક માટે એ જરૂરી છે કે એ રેચક વગેરે ત્રણે પ્રાણાયામોને ન તો બહુ જલદી જલદી કરે અને ન તો ઘણી વાર પછી કરે. સાધનાને માટે તૈયાર થઈ ક્રમયોગથી એનો અભ્યાસ કરે.

રેચકઆદિમાંનાડીશોધનપૂર્વકજોપ્રાણાયામનો અભ્યાસકરવામાંઆવે,એનેસ્વેચ્છાથીઉત્કર્ષપર્યંત કરતા રહેવું જોઈએ—આવાત યોગશાસ્ત્રમાં બતાવી છે. કનિષ્ઠ આદિના ક્રમથી પ્રાણાયામ ચાર પ્રકારના કહેવાય છે. માત્રા અને ગુણોના વિભાગથી - તારતમ્યથી આ ભેદ બને છે. ચાર ભેદોમાંથી જે કન્યક અથવા કનિષ્ઠ પ્રાણાયામ છે, આ પ્રથમ ઉદ્ઘાત* કહેવાય છે, એમાં બાર માત્રાઓ હોય છે. મધ્યમ પ્રાણાયામ દ્વિતીય ઉદ્ઘાત છે, એમાં ચોવીશ માત્રાઓ હોય છે. ઉત્તમ શ્રેણીનો પ્રાણાયામ ત્રીજો ઉદ્ઘાત છે, એમાં છત્રીશ માત્રાઓ હોય છે. એનાથી પણ શ્રેષ્ઠ જે સર્વોત્કૃષ્ટ ચતુર્થ[1] પ્રાણાયામ છે, તે શરીરમાં સ્વેદ (પરસેવો) અને કમ્પ વગેરે પેદા કરે છે.

યોગીની અંદર આનંદજનિત રોમાંચ, નેત્રોથી અશ્રુપાત, જલ્પ, ભ્રાન્તિ અને મૂર્છા વગેરે ભાવ પ્રગટ થાય છે. ઘૂંટણની ચારે બાજુએ પ્રદક્ષિણા-ક્રમથી ન બહુ જલદી અને ન બહુ ધીરે-ધીરે ચપટી વગાડે. ઘૂંટણની એક પરિક્રમામાં જેટલી વાર ચપટી વગાડે છે એ સમયનું માન એક માત્રા છે. માત્રાઓને ક્રમશઃ જાણવી જોઈએ. ઉદ્ઘાત ક્રમ-યોગથી નાડી શોધનપૂર્વક પ્રાણાયામ કરવો જોઈએ. પ્રાણાયામના બે ભેદ બતાવ્યા છે—અગર્ભ અને સગર્ભ-જપ અને ધ્યાન વગર કરેલો પ્રાણાયામ 'અગર્ભ' કહેવાય છે. જપ અને ધ્યાનના સહયોગપૂર્વક થનાર પ્રાણાયામને 'સગર્ભ' કહે છે. અગર્ભથી સગર્ભ પ્રાણાયામ સો ગણો અધિક ઉત્તમ છે. એટલા માટે યોગીજન પ્રાયઃ સગર્ભ પ્રાણાયામ કર્યા કરે છે. પ્રાણવિજયથી જ શરીરના વાયુઓ પર વિજય મેળવી શકાય છે. પ્રાણ, અપાન, સમાન, ઉદાન, વ્યાન, નાગ, કૂર્મ કૃકલ, દેવદત્ત અને ધનંજય એ દશ પ્રાણવાયુ છે. પ્રાણ પ્રયાણ કરે છે, એટલે એને 'પ્રાણ' કહે છે. જે કાંઈ ભોજનરૂપે લેવાય છે, એને જે વાયુ નીચે લઈ જાય છે. એને 'અપાન' કહે છે. જે વાયુ સંપૂર્ણ અંગોને વધારતો એમાં વ્યાપ્ત રહે છે, એનું નામ 'વ્યાન' છે. જે વાયુ મર્મસ્થાનોને ઉદ્વેજિત કરે છે એને 'ઉદાન' સંજ્ઞા આપી છે. જે વાયુ બધાં અંગોને સમભાવથી લઈને ચાલે છે, તે પોતાના એ સમનયન રૂપ કર્મથી 'સમાન' કહેવાય છે. મુખથી કશું ખાવું હોય એમાં જે વાયુ છે તે 'નાગ' કહેવાય છે. આંખ ખોલવાના વ્યાપારમાં 'કૂર્મ' નામના વાયુની સ્થિતિ છે. છીંકમાં 'કૃકલ' અને બગાસામાં 'દેવદત્ત' નામના વાયુની સ્થિતિ છે. 'ધનંજય' નામનો વાયુ સંપૂર્ણ શરીરમાં

---

* ઉદ્ઘાતનો અર્થ નાભિમૂલની પ્રેરણા પામેલ વાયુનું મસ્તકમાં હણાઈ જવું છે. આ પ્રાણાયામમાં રેચક, કુંભક અને પૂરકનું પરિજ્ઞાન છે.

૧ યોગસૂત્રમાં ચતુર્થ પ્રાણાયામના પરિણામ આ પ્રકાર આપવામાં આવ્યા છે. 'બાહ્યાભ્યન્તર વિષયાક્ષેપી ચતુર્થઃ' અર્થાત્ બાહ્ય અને આભ્યંતર વિષયોને ઉવેખી દેનાર પ્રાણાયામ ચોથો છે.

વ્યાપીને રહે છે. એ મૃત શરીરને પણ છોડતો નથી. ક્રમથી અભ્યાસમાં લાવેલો આ પ્રાણાયામ જ્યારે ઉચિત પ્રમાણ અથવા માત્રાથી યુક્ત થઈ જાય છે, ત્યારે તે કર્તાના બધા દોષોને દગ્ધ કરી દે છે અને એના શરીરની રક્ષા કરે છે.

પ્રાણ ઉપર વિજય પ્રાપ્ત થઈ જાય તો એનાથી પ્રગટ થનારાં ચિહ્નોને સારી પેઠે જુઓ. પહેલી વાત તો એ થાય છે કે વિષ્ઠા, મૂત્ર અને કફની માત્રા ઘટવા માંડે છે, વધારે ભોજન કરવાની શક્તિ થઈ જાય છે અને શ્વાસ વિલંબથી ચાલે છે. શરીર હલકું થઈ જાય છે. શીઘ્ર ચાલવાની શક્તિ પ્રગટ થાય છે. હૃદયમાં ઉત્સાહ વધે છે. સ્વરમાં મીઠાશ આવે છે. સમસ્ત રોગોનો નાશ થઈ જાય છે. બલ, તેજ અને સૌંદર્યની વૃદ્ધિ થાય છે. ધૃતિ, મેધા, યુવાપણું, સ્થિરતા અને પ્રસન્નતા આવે છે. તપ, પ્રાયશ્ચિત્ત, યજ્ઞ, દાન, અને વ્રત વગેરે જેટલાં પણ સાધન છે - એ પ્રાણાયામની સોળમી કલાને પણ બરાબર નથી. પોતપોતાના વિષયમાં આસક્ત થયેલી ઇન્દ્રિયોને ત્યાંથી અળગી કરીને પોતાની અંદર નિગૃહીત કરે છે, એ સાધનને 'પ્રત્યાહાર' કહે છે. મન અને ઇન્દ્રિયો જ મનુષ્યને સ્વર્ગમાં તથા નરકમાં લઈ જનારી છે. જો એમને વશમાં રખાય તો તે સ્વર્ગની પ્રાપ્તિ કરાવે છે અને વિષયો તરફ ખૂલી છોડી દેવાય તો એ નરકમાં ધકેલી દે છે. એટલા માટે સુખની ઇચ્છા રાખનાર બુદ્ધિમાન પુરુષ માટે એ જરૂરી છે કે તે જ્ઞાન-વૈરાગ્યનો આશ્રય લઈને ઇન્દ્રિયરૂપી ઘોડાઓને શીઘ્ર જ કાબૂમાં કરીને સ્વયં જ આત્માનો ઉદ્ધાર કરે.

ચિત્તને કોઈ સ્થાન-વિશેષમાં બાંધવું—કોઈ ધ્યેયવિશેષમાં સ્થિર કરવું-એ જ સંક્ષેપમાં 'ધારણા'નું સ્વરૂપ છે. એકમાત્ર શિવ જ સ્થાન છે, બીજું નહીં; કેમકે બીજાં સ્થાનોમાં ત્રિવિધ દોષ વિદ્યમાન છે. કોઈ ચોક્કસ નિયમિત કાળ સુધી સ્થાનસ્વરૂપ શિવમાં સ્થાપિત થયેલું મન જ્યારે લક્ષ્યથી ચ્યુત ન થાય તો ધારણાની સિદ્ધિ સમજવી જોઈએ, અન્યથા નહીં. મન પહેલાં ધારણાથી જ સ્થિર થાય છે, એટલા માટે ધારણાના અભ્યાસથી મનને ધીર બનાવો. હવે ધ્યાનની વ્યાખ્યા કરે છે. ધ્યાનમાં 'ધ્યૈ ચિન્તાયામ્' એ ધાતુ માનવામાં આવે છે. આ ધાતુથી લ્યુટ્ પ્રત્યય કરવાથી 'ધ્યાન' (શબ્દની) સિદ્ધિ થાય છે; અતઃ વિક્ષેપરહિત ચિત્તથી જો શિવનું વારંવાર ચિંતન કરવામાં આવે, એનું જ નામ 'ધ્યાન' છે. ધ્યેયમાં સ્થિત થયેલા ચિત્તની જે ધ્યેયાકાર વૃત્તિ થાય છે અને વચમાં બીજી વૃત્તિ અંતર નથી નાખતી એ ધ્યેયાકાર વૃત્તિનું પ્રવાહરૂપે બની રહેવું તે 'ધ્યાન' કહેવાય છે. બીજી બધી વસ્તુઓને છોડીને કેવળ કલ્યાણકારી પરમદેવ દેવેશ્વર શિવનું જ ધ્યાન કરવું જોઈએ. એ જ સૌના પરમ ધ્યેય છે. આ અથર્વવેદની શ્રુતિનો અંતિમ નિર્ણય છે. આ પ્રકારે શિવાદેવી પણ પરમ ધ્યેય છે. એ બંને શિવા અને શિવ સંપૂર્ણ ભૂતોમાં વ્યાપ્ત છે. શ્રુતિ, સ્મૃતિ અને શાસ્ત્રો પાસેથી એ સાંભળવા માળ્યું છે કે શિવા અને શિવ... સર્વવ્યાપક, સર્વદા ઉદિત, સર્વજ્ઞ અને વિવિધ રૂપોમાં નિરંતર ધ્યાન કરવા યોગ્ય છે. આ ધ્યાનનાં બે પ્રયોજન જાણવાં જોઈએ. પહેલું છે મોક્ષ અને બીજું પ્રયોજન છે અણિમા વગેરે સિદ્ધિઓની ઉપલબ્ધિ. ધ્યાતા, ધ્યાન, ધ્યેય અને ધ્યાન-પ્રયોજન એ ચારેને સારી પેઠે જાણીને

યોગવેત્તા પુરુષ યોગનો અભ્યાસ કરે. જે જ્ઞાન અને વૈરાગ્યથી સંપન્ન, શ્રદ્ધાળુ, ક્ષમાશીલ, મમતારહિત તથા સદા ઉત્સાહ રાખનારો છે, એવો જ પુરુષ ધ્યાતા કહેવાય છે, અર્થાત્ એ જ ધ્યાન કરવામાં સફળ થાય છે.

સાધકને માટે જરૂરી છે કે જપથી થાકી જવાથી ફરી પછી ધ્યાન કરે અને ધ્યાનથી થાકી જાય તો પુનઃ જપ કરે. આ રીતે જપ અને ધ્યાનમાં લાગેલા પુરુષનો યોગ જલદી સિદ્ધ થાય છે. બાર પ્રાણાયામોની એક ધારણા થાય છે, બાર ધારણાઓનું એક ધ્યાન થાય છે અને બાર ધ્યાનની એક સમાધિ કહેવાય છે. સમાધિને યોગનું અંતિમ અંગ કહેવાય છે. સમાધિથી સર્વત્ર બુદ્ધિનો પ્રકાશ ફેલાય છે. જે ધ્યાનમાં કેવળ ધ્યેય જ અર્થરૂપે ભાસે છે, ધ્યાતા નિશ્ચલ મહાસાગર સમાન સ્થિર ભાવથી સ્થિત રહે છે અને ધ્યાન સ્વરૂપથી શૂન્ય—જેવો થઈ જાય છે એને 'સમાધિ' કહે છે. જે યોગી ધ્યેયમાં ચિત્ત લગાડીને સુસ્થિર ભાવથી એને જોતો રહે અને હોલવાયેલી આગ સમાન શાંત રહે છે, તે 'સમાધિસ્થ' કહેવાય છે. તે ન તો સાંભળે છે, ન તો સૂંઘે છે, નથી બોલતો, નથી દેખાતો, નથી સ્પર્શનો અનુભવ કરતો અને નથી તો મનથી સંકલ્પ-વિકલ્પ કરતો, ન તો એમાં અભિમાનની વૃત્તિનો ઉદય થાય છે અને ન તો તે બુદ્ધિ દ્વારા કશું સમજે છે. કેવળ કાષ્ઠની જેમ સ્થિત રહે છે. આ રીતે શિવમાં લીનચિત્ત થયેલા યોગીને સમાધિસ્થ કહેવાય છે. જેવી રીતે વાયુરહિત સ્થાનમાં રાખેલો દીપક ક્યારેય હાલતો નથી, એવી જ રીતે સમાધિનિષ્ઠ શુદ્ધ ચિત્ત યોગી પણ એ સમાધિથી ક્યારેય વિચલિત થતો નથી. સુસ્થિરભાવો સ્થિત રહે છે. આ પ્રકારે ઉત્તમ યોગનો અભ્યાસ કરનારા યોગીના બધાય અંતરાય શીઘ્ર નષ્ટ થઈ જાય છે અને સંપૂર્ણ વિઘ્ન પણ ધીરે ધીરે દૂર થઈ જાય છે. (અધ્યાય ૩૭)

*

યોગમાર્ગનાં વિઘ્ન, સિદ્ધિ-સૂચક ઉપસર્ગ તથા પૃથ્વીથી લઈને બુદ્ધિતત્ત્વપર્યંત ઐશ્વર્યગુણોનું વર્ણન, શિવ-શિવાના ધ્યાનનો મહિમા

ઉપમન્યુ કહે છે—હે શ્રીકૃષ્ણ! આલસ્ય, દૌર્મનસ્ય અને વિષય લોલુપતા—એ દશ યોગ-તીવ્ર વ્યાધિઓ, પ્રમાદ, સ્થાન-સંશય, સાધનમાં લાગેલા પુરુષો માટે યોગમાર્ગનાં વિઘ્ન અનવસ્થિતચિત્તતા, અશ્રદ્ધા, ભ્રાન્તિદર્શન, દુઃખ, કહ્યાં છે.* યોગીઓનાં શરીરમાં અને ચિત્તમાં

---

* યોગદર્શન, સમાધિપાદના ૩૦મા સૂત્રમાં નવ પ્રકારના ચિત્તવિક્ષેપોને યોગના અંતરાય બતાવ્યા છે અને ૩૧મા સૂત્રમાં પાંચ 'વિક્ષેપસહભૂ' સંજ્ઞક વિઘ્ન નામના પ્રતિબંધક કહ્યા છે. કિંતુ અહીં શિવપુરાણમાં દશ પ્રકારના અંતરાય બતાવ્યા છે. એમાં યોગદર્શનકથિત 'અલબ્ધભૂમિકત્વ'ને છોડી દેવામાં આવ્યો છે અને 'વિક્ષેપસહભૂ'માં પરિગણિત દુઃખ નામે દૌર્મનસ્યને સમ્મિલિત કરી લીધો છે. યોગસૂત્રમાં 'સ્થાન અને સંશય' બે પૃથક્-પૃથક્ અંતરાય છે અને અહીં 'સ્થાન-સંશય' નામથી એક જ અંતરાય માન્યો છે; સાથે જ આ પુરાણમાં 'અશ્રદ્ધા'ને પણ એક અંતરાયરૂપે ગણવામાં આવ્યો છે.

જે અલસતાનો ભાવ આવે છે એને જ અહીં 'આલસ્ય' કહે છે. વાત, પિત્ત અને કફ આ ધાતુઓની વિષમતાથી જે દોષ ઉત્પન્ન થાય છે, એમને 'વ્યાધિ' કહે છે. કર્મદોષથી આ વ્યાધિઓની ઉત્પત્તિ થાય છે. અસાવધાનીને કારણે યોગનાં સાધનો ન થઈ શકવાં તે 'પ્રમાદ' છે. 'આ છે કે નથી' એ પ્રકારે ઉભયકોટિથી આક્રાન્ત થયેલા જ્ઞાનનું નામ 'સ્થાન-સંશય' છે. મનનું ક્યાંય સ્થિર ન થવું એ જ અનવસ્થિતચિત્તતા (ચિત્તની અસ્થિરતા) છે. યોગમાર્ગમાં ભાવરહિત (અનુરાગશૂન્ય) જે મનની વૃત્તિ છે, એને જ 'અશ્રદ્ધા' કહે છે. વિપરીત ભાવનાથી યુક્ત બુદ્ધિને 'ભ્રાન્તિ' કહે છે. દુઃખ કહે છે કષ્ટને—એના ત્રણ ભેદ છે; આધ્યાત્મિક, આધિભૌતિક અને આધિદૈવિક, મનુષ્યનાં ચિત્તનું જે અજ્ઞાનજનિત દુઃખ છે, એને આધ્યાત્મિક દુઃખ સમજવું જોઈએ. પૂર્વકૃત કર્મોના પરિણામથી શરીરમાં જે રોગ વગેરે ઉત્પન્ન થાય છે, એ મને આધિભૌતિક દુઃખ કહેવાય છે. વિદ્યુત્પાત (વીજળી પડવી), અસ્ત્ર-શસ્ત્ર અને ઝેર વગેરેથી જે કષ્ટ પ્રાપ્ત થાય છે, એને આધિદૈવિક દુઃખ કહે છે. ઇચ્છા પર આઘાત પહોંચે અને તેથી મનમાં જે ક્ષોભ થાય છે એનું જ નામ છે 'દૌર્મનસ્ય'. વિચિત્ર વિષયોમાં જે સુખનો ભ્રમ છે, તે જ 'વિષયલોલુપતા' છે.

યોગપરાયણ યોગીનાં આ વિઘ્નો શાંત થઈ જાય પછી જે 'દિવ્ય ઉપસર્ગ' (વિઘ્ન) પ્રાપ્ત થાય છે, તે સિદ્ધિનાં સૂચક છે. પ્રતિભા, શ્રવણ, વાર્તા, દર્શન, આસ્વાદ અને વેદના—આ છ પ્રકારની સિદ્ધિઓ 'ઉપસર્ગ' કહેવાય છે, જે યોગશક્તિના અભ્યુદયમાં કારણ હોય છે. જે પદાર્થ અત્યંત સૂક્ષ્મ હોય, કોઈના આચ્છાદન (ઓટ) હેઠળ હોય, ભૂતકાળમાં રહ્યો હોય, બહુ દૂર હોય અથવા ભવિષ્યમાં થનાર હોય, એનો ઠીક ઠીક પ્રતિભાસ (જ્ઞાન) થઈ જવું 'પ્રતિભા' કહેવાય છે. સાંભળવાનો પ્રયત્ન ન કરવા છતાં સંપૂર્ણ શબ્દો સંભળાય તેને 'શ્રવણ' કહેવાય છે. સમસ્ત દેહધારીઓની વાતોને સમજી લેવી 'વાર્તા' કહેવાય છે. દિવ્ય પદાર્થો વગર પ્રયત્ન કર્યે દેખાયા કરે તેને 'દર્શન' કહેવાય છે, દિવ્ય રસોનો સ્વાદ પ્રાપ્ત થવો તે 'આસ્વાદ' કહેવાય છે, અંતઃકરણ દ્વારા દિવ્ય સ્પર્શોનો તથા બ્રહ્મલોક સુધીના ગંધ આદિ દિવ્ય ભોગોનો અનુભવ 'વેદના' નામે વિખ્યાત છે.

સિદ્ધ યોગીની પાસે સ્વયં જ રત્ન ઉપસ્થિત થઈ જાય છે અને ઘણીબધી વસ્તુઓ આપે છે. મુખથી ઇચ્છા અનુસાર વિવિધ પ્રકારની મધુર વાણી નીકળે છે. સર્વ પ્રકારનાં રસાયણ અને દિવ્ય ઔષધિઓ સિદ્ધ થઈ જાય છે. દેવાંગનાઓ આ યોગીને પ્રણામ કરીને મનોવાંછિત વસ્તુઓ આપે છે. યોગસિદ્ધિના એક દેશનો પણ સાક્ષાત્કાર થઈ જાય તો મોક્ષમાં મન લાગી જાય છે—આ મેં જેવું જોયું અને અનુભવ્યું, એ જ પ્રકારે મોક્ષ પણ થઈ શકે છે. કૃશતા, સ્થૂળતા બાલ્યાવસ્થા, વૃદ્ધાવસ્થા, યુવાવસ્થા, વિવિધ જાતિનાં સ્વરૂપ; પૃથ્વી, જલ, અગ્નિ અને વાયુ—આ ચાર તત્ત્વોના શરીરને ધારણ કરવું, નિત્ય અપાર્થિવ અને મનોહર ગંધને ગ્રહણ કરવી—એ પાર્થિવ ઐશ્વર્યના આઠ ગુણ ગણાવ્યા છે.

જલમાં નિવાસ કરવો, પૃથ્વી પર જ જલનું નીકળી આવવું, ઇચ્છા કરતાં જ વગર કોઈ

આતુરતા સ્વયં સમુદ્રને પણ પી જવામાં સમર્થ હોવું, આ સંસારમાં જ્યાં ચાહે ત્યાં જલનાં દર્શન થવાં, ઘડો વગેરે વગર હાથમાં જ જલરાશિ ધારણ કરવી, જે વિરસ વસ્તુ પણ ખાવાની ઇચ્છા હોય એનું તત્કાળ સ-રસ થઈ જવું, જલ, તેજ અને વાયુ—આ ત્રણે તત્ત્વોનાં શરીરને ધારણ કરવું તથા દેહના ફોલ્લા, ઝીણી ફોલ્લી અને ઘા વગેરેથી રહિત થવું—પાર્થિવ ઐશ્વર્યના આઠ ગુણોને મેળવીને એ સોળ જલીય ઐશ્વર્યના અદ્‌ભુત ગુણ છે.

શરીરથી અગ્નિ પ્રગટ કરવો, અગ્નિના તાપથી દાઝવાનો ભય દૂર થઈ જવો, જો ઇચ્છા હોય તો વગર કોઈ પ્રયત્ને આ જગતને જલાવીને ભસ્મ કરી દેવાની શક્તિ હોવી, પાણીની ઉપર અગ્નિ સ્થાપિત કરી દેવો, હાથમાં આગ ધારણ કરવી, સૃષ્ટિને સળગાવીને પછી એને જેમની તેમ કરી દેવાની ક્ષમતા હોવી, મુખમાં જ અન્ન વગેરેને પચાવી લેવું તથા તેજ અને વાયુ—બે જ તત્ત્વોથી શરીર રચી લેવું—એ આઠ ગુણ જલીય ઐશ્વર્યના ઉપર્યુક્ત સોળ ગુણો સાથે જોડવાથી ચોવીશ થાય છે. આ ચોવીશ તૈજસ ઐશ્વર્યના ગુણ કહેવાય છે. મન સમાન વેગશાળી થવું, પ્રાણીઓની અંદર ક્ષણભરમાં પ્રવેશ કરી જવો, વગર પ્રયત્ને જ પર્વત વગેરે મહાન ભારને ઉઠાવી લેવો, ભારે થઈ જવું, હલકા થઈ જવું, હાથમાં વાયુને પકડી લેવો, આંગળીના અગ્રભાગના ટકોરાથી ચોટ્યો-ભૂમિને પણ કંપિત કરી દેવી, એક માત્ર વાયુતત્ત્વથી જ શરીરનું નિર્માણ કરી લેવું—એ આ ગુણ તૈજસ ઐશ્વર્યના ચોવીશ ગુણો સાથે બત્રીશ થઈ જાય છે. વિદ્વાનોએ વાયુસંબંધી ઐશ્વર્યના આ બત્રીશ ગુણ સ્વીકાર્યા છે. શરીરની છાયા ન હોવી, ઇન્દ્રિયો દેખાય નહીં, આકાશમાં ઇચ્છા અનુસાર વિચરણ કરવું, ઇન્દ્રિયોના સંપૂર્ણ વિષયોનો સમન્વય હોવો—આકાશને ઓળંગવું, પોતાના શરીરમાં એનો નિવેશ કરવો, આકાશને પિંડની જેમ ઠોસ-નક્કર બનાવી દેવું અને નિરાકાર હોવું—એ આઠ ગુણ અગ્નિના બત્રીશ ગુણો મળીને ચાલીસ થાય છે. આ ચાલીસ જ વાયુસંબંધી ઐશ્વર્યના ગુણ છે. આ જ સંપૂર્ણ ઇન્દ્રિયોનું ઐશ્વર્ય છે, આને જ 'ઐન્દ્ર' અને 'આમ્બર' (આકાશ સંબંધી) ઐશ્વર્ય પણ કહે છે.

ઇચ્છા અનુસાર બધી વસ્તુઓની ઉપલબ્ધિ, જ્યાં ચાહે ત્યાં તે નીકળી આવવી, સૌને અભિભૂત કરી દેવા, સંપૂર્ણ ગુપ્ત અર્થનું દર્શન થવું, કર્મ અનુરૂપ નિર્માણ કરવું, સૌને વશમાં કરી લેવા, સદા પ્રિય વસ્તુનાં જ દર્શન થવાં અને એક જ સ્થાનથી સંપૂર્ણ સંસાર જણાય—એ આઠ ગુણ પૂર્વોક્ત ઇન્દ્રિયસંબંધી ઐશ્વર્યગુણો મળીને અડતાલીસ થાય છે. ચાંદ્રમસ ઐશ્વર્ય આ અડતાલીસ ગુણોથી યુક્ત કહેવાય છે. એ પહેલાંના ઐશ્વર્યથી અધિક ગુણવાળો છે. એને 'માનસ ઐશ્વર્ય' પણ કહે છે. છેદવું, ટીપવું, બાંધવું, ખોલવું, સંસારના વશમાં રહેનારાં સમસ્ત પ્રાણીઓને ગ્રહણ કરવાં બધાંને પ્રસન્ન રાખવા, મેળવવું, મૃત્યુને જીતવું તથા કાલ ઉપર વિજય મેળવવો—એ બધું અહંકારસંબંધી ઐશ્વર્યનો અંતર્ગત છે. અહંકારિક ઐશ્વર્યને જ 'પ્રાજાપત્ય' પણ કહે છે. ચાંદ્રમસ ઐશ્વર્યના ગુણોની સાથે આના આઠ ગુણ મેળવી દેવાથી છપ્પન થાય છે. મહાન આત્મિમાનિક ઐશ્વર્યના

આ જ છપ્પન ગુણ છે. સંકલ્પ માત્રથી સૃષ્ટિ-રચના કરવી, પાલન કરવું, સંહાર કરવો, સૌની ઉપર પોતાનો અધિકાર સ્થાપિત કરવો, પ્રાણીઓના ચિત્તને પ્રેરિત કરવું, સૌથી અનુપમ હોવું, આ જગતથી પૃથક્ નવા સંસારની રચના કરી લેવી તથા શુભને અશુભ અને અશુભને શુભ કરી દેવું—એ 'બૌદ્ધ ઐશ્વર્ય' છે. પ્રાજાપત્ય ઐશ્વર્યના ગુણોને ભેગા કરીને આના ચોસઠ ગુણ થાય છે. આ બૌદ્ધ ઐશ્વર્યને 'બ્રાહ્મ ઐશ્વર્ય' પણ કહે છે. આથી આ ઉત્કૃષ્ટ છે ગૌણ ઐશ્વર્ય, જેને પ્રાકૃત પણ કહે છે. એનું જ નામ 'વૈષ્ણવ ઐશ્વર્ય' છે. ત્રણે લોકોનું પાલન એની જ અંતર્ગત છે. એ સંપૂર્ણ વૈષ્ણવ-પદને ન તો બ્રહ્મા કહી શકે છે અને ન તો બીજા કોઈ એનું પૂર્ણતયા વર્ણન કરી શકે છે. એને જ પૌરુષપદ પણ કહે છે. ગૌણ અને પૌરુષપદથી ઉત્કૃષ્ટ ગણપતિપદ છે. એને જ ઈશ્વરપદ પણ કહે છે. એ પદનું કિંચિત્ જ્ઞાન શ્રીવિષ્ણુને છે. બીજા લોકો એને નથી જાણી શકતા એ બધી વિજ્ઞાન સિદ્ધિઓ ઔપસર્ગિક છે. એમને પરમ વૈરાગ્ય દ્વારા પ્રયત્નપૂર્વક રોકવી જોઈએ. આ અશુદ્ધ પ્રાતિભાસિક ગુણોમાં જેમનું ચિત્ત આસક્તિ છે, એટલે સંપૂર્ણ કામનાઓને પૂર્ણ કરનારા નિર્ભય પર ઐશ્વર્ય સિદ્ધ થતું નથી.

એટલા માટે દેવતા, અસુર અને રાજાઓના ગુણો તથા ભોગોને જે તરાપલા સમાન છોડી દે છે, ત્યાગ કરી દે છે, એને જ ઉત્કૃષ્ટ યોગસિદ્ધિ પ્રાપ્ત થાય છે. અથવા એ જગત પર અનુગ્રહ કરવાની ઇચ્છા હોય તો તે યોગસિદ્ધ મુનિ ઇચ્છા અનુસાર વિચરે, આ જીવનમાં ગુણો અને ભોગોનો ઉપભોગ કરીને અંતે એને મોક્ષની પ્રાપ્તિ થશે.

હવે હું યોગના પ્રયોગનું વર્ણન કરીશ. એકાગ્રચિત્ત થઈને સાંભળો. શુભ કાળ હોય, શુભદેશ હોય, ભગવાન શિવનું ક્ષેત્ર હોય, એકાંત સ્થાન હોય, જીવજંતુ ન રહેતાં હોય અને બીજા કોઈ વિઘ્નની સંભાવના ન હોય, એવા સ્થાનમાં સુંદર ભૂમિને લીપીપોતીને ગંધ અને ધૂપથી સુવાસિત કરીને ત્યાં પુષ્પો બિછાવી દો. ચંદરવો વગેરે બાંધીને એને વિચિત્ર રીતે સજાવી દો તથા ત્યાં કુશ, પુષ્પ, સમિધા, જલ, ફલ અને મૂલની સુવિધા હોય. પછી ત્યાં યોગનો અભ્યાસ કરે. અગ્નિ પાસે, જલની સમીપે અને સૂકાં પત્તાંના ઢગલા પર યોગાભ્યાસ ન કરવો જોઈએ. જ્યાં ડાંસ અને મચ્છરો ભરેલાં હોય, સાપ અને હિંસક જંતુઓની અધિકતા હોય, દુષ્ટ પશુ નિવાસ કરતાં હોય, ભયની સંભાવના હોય તથા જે દુષ્ટોથી ઘેરાયેલો હોય એવા પ્રદેશમાં પણ યોગાભ્યાસ ન કરવો જોઈએ. સ્મશાનમાં ચૈત્યવૃક્ષની નીચે, સાપના દર પાસે, જીર્ણશીર્ણ ઘરમાં, ચોરામાં, ચાર રસ્તે, નદી-નદ અને સમુદ્રના તટ પર, ગલી અથવા સડકની વચ્ચે, ઉજ્જડ ઉદ્યાનમાં, ગોષ્ઠ વગેરેમાં અનિષ્ટકારી અને નિંદિત સ્થાનમાં પણ યોગાભ્યાસ ન કરવો, જ્યારે શરીરમાં અજીર્ણ-અપચાનું કષ્ટ હોય, ખાટા ઓડકાર આવતા હોય, વિષ્ઠા અને મૂત્રથી શરીર દૂષિત હોય, શરદી થઈ હોય અથવા અતિસારનો પ્રકોપ હોય, અધિક ભોજન કરેલું હોય અથવા અધિક પરિશ્રમને કારણે થાક લાગ્યો હોય ત્યારે, જ્યારે મનુષ્ય અત્યંત ચિંતાથી વ્યાકુળ હોય ત્યારે, અધિક ભૂખ-તરસ પજવતી હોય ત્યારે, ગુરુજનોના કાર્યોમાં વ્યસ્ત હોય ત્યારે, એવી

અવસ્થામાં પણ યોગાભ્યાસ ન કરવો જોઈએ.

જેના આહાર-વિહાર ઉચિત અને પરિમિત હોય, જે કર્મમાં યથાયોગ્ય સમુચિત ચેષ્ટા કરતો હોય તથા જે ઉચિત સમયે સૂતો-જાગતો હોય અને સર્વથા આયાસરહિત હોય એણે જ યોગાભ્યાસમાં તત્પર રહેવું જોઈએ. આસન મુલાયમ, સુંદર, વિસ્તૃત અને બધી બાજુથી બરાબર હોવું જોઈએ અને પવિત્ર હોવું જોઈએ. પદ્માસન અને સ્વસ્તિકાસન વગેરે જે યૌગિક આસનો છે, એ પર પણ અભ્યાસ કરવો જોઈએ. પોતાના આચાર્યપર્યંત ગુરુજનોની પરંપરાને ક્રમશઃ પ્રણામ કરીને ગળું-ડોક, મસ્તક અને છાતીને સીધી ટટ્ટાર રાખે. હોઠ અને નેત્ર જોરથી બીડેલાં ન હોય. માથું થોડું થોડું ઊંચું હોય. દાંતોથી દાંતોનો સ્પર્શ ન કરે. દાંતના અગ્રભાગમાં સ્થિત થયેલી જીભને અવિચલ ભાવથી રાખો, એડીઓથી બંને અંડકોશ તથા પ્રજનનેન્દ્રિયની રક્ષાપૂર્વક બંને જાંઘોની ઉપર કોઈ પણ પન્ન વગર પોતાની બંને ભુજાઓ રાખો. પછી જમણા હાથના પૃષ્ઠભાગને ડાબા હાથની હથેળી પર રાખીને ધીરે ધીરે પીઠને ઊંચી કરો અને છાતીને આગળ કરીને સુસ્થિર કરતાં નાસિકાના અગ્રભાગ દૃષ્ટિ જમાવો. અન્ય દિશાઓ તરફ દૃષ્ટિપાત ન કરો. પ્રાણનો સંચાર રોકીને પાષાણવત્ નિશ્ચલ થઈ જાઓ. પોતાના શરીરની અંદર માનસ-મંદિરમાં હૃદય-કમલના આસન પર પાર્વતી-સહિત ભગવાન શિવનું ચિંતન કરીને ધ્યાન-યજ્ઞ દ્વારા એમનું પૂજન કરો.

મૂલાધારચક્રમાં, નાસિકાના અગ્રભાગમાં, નાભિમાં, કંઠમાં, તાલુનાં બંને છિદ્રોમાં, ભ્રમરના મધ્ય ભાગમાં, દ્વારદેશમાં, લલાટમાં અથવા મસ્તકમાં શિવનું ચિંતન કરે. શિવા અને શિવ માટે યથોચિત રીતિથી ઉત્તમ આસનની કલ્પના કરીને ત્યાં સાવરણ અથવા નિરાવરણ શિવનું સ્મરણ કરે. દ્વિદલ ચતુર્દલ, ષડ્દલ, દશદલ, દ્વાદશદલ અથવા ષોડશદલ કમલના આસન પર બિરાજમાન શિવનું વિધિવત્ સ્મરણ કરવું જોઈએ. બંને ભ્રમરોની વચ્ચે દ્વિદલ કમલ છે, જે વિદ્યુત સમાન પ્રકાશમાન છે. ભ્રૂમધ્યમાં જે કમલ છે, તેની ક્રમશઃ દક્ષિણે તથા ઉત્તરે બે પત્તાં છે, જે વિદ્યુત જેમ દીપ્તિમાન છે. એમાં બે વર્ણ 'હ' અને 'ક્ષ' અંકિત છે. ષોડશ કમલનાં પત્તાં સોળ સ્વરૂપ છે જેમાં 'અ'થી લઈને 'અઃ' સુધીના અક્ષર ક્રમશઃ અંકિત છે. આ જે કમલ છે, એની નાળના મૂળ ભાગથી બાર દલ પ્રસ્ફુટિત થયાં છે, જેમાં 'ક'થી લઈને 'ઠ' સુધી બાર અક્ષર ક્રમશઃ અંકિત છે. સૂર્ય સમાન પ્રકાશમાન આ કમલની અંદર દ્વાદશ દલોનું પોતાના હૃદયની અંદર ધ્યાન કરવું જોઈએ. તત્પશ્ચાત્ ગાયના દૂધ સમાન ઉજ્જ્વળ દશદલોનું ચિંતન કરે એમાં ક્રમશઃ 'ડ'થી લઈને 'ફ' સુધીના અક્ષર અંકિત છે. એ પછી નીચેની બાજુએ કમલનાં છ દલ છે, જેમાં 'બ'થી લઈને 'લ' સુધીના અક્ષરો અંકિત છે. આ કમલની કાંતિ ધૂમરહિત અંગારા સમાન છે. મૂલાધારમાં જે કમળ છે, એની કાન્તિ સુવર્ણ સમાન છે. એમાં ક્રમશઃ 'વ'થી લઈને 'સ' સુધીના ચાર અક્ષર ચાર દલરૂપે સ્થિત છે. આ કમળોમાંથી જેમાંય પોતાનું મન રમી જાય એમાં મહાદેવ અને મહાદેવીનું પોતાની ધીરબુદ્ધિથી ચિંતન કરે. એમનું સ્વરૂપ અંગૂઠા બરાબર, નિર્મલ અને બધી બાજુથી દીપ્તિમાન છે અથવા તે શુદ્ધ દીપશિખા

સમાન આકારવાળું છે અને પોતાની શક્તિથી પૂર્ણતઃ મંડિત છે અથવા ચંદ્રલેખા યા તારા સમાનરૂપવાળા છે અથવા તે જાડા ચોખાની અણી અથવા કમલનાલથી નીકળનાર તાંતણા સમાન છે. કંદબના ગોલક અથવા ઝાકળના કણ સાથે પણ એની ઉપમા આપી શકાય છે. તે રૂપ પૃથ્વી વગેરે તત્ત્વો પર વિજય પ્રાપ્ત કરાવનાર છે. ધ્યાન કરનાર પુરુષ જે તત્ત્વ પર વિજય મેળવવાની ઇચ્છા રાખતો હોય, એ જ તત્ત્વના અધિપતિની સ્થૂળ મૂર્તિનું ચિંતન કરે. બ્રહ્માથી લઈને સદાશિવપર્યંત તથા ભવ વગેરે આઠ મૂર્તિઓ જ શિવશાસ્ત્રમાં શિવની સ્થૂળ મૂર્તિઓ નિશ્ચિત કરવામાં આવી છે. મુનિશ્વરોએ એમને ઘોર, શાંત અને મિશ્ર એમ ત્રણ પ્રકારી બતાવી છે. ફળની આશા ન રાખનારા ધ્યાન-કુશળ પુરુષોએ એમનું ચિંતન કરવું જોઈએ. જો ઘોર મૂર્તિઓનું ચિંતન કરવામાં આવે તો તે શીઘ્ર જ પાપ અને રોગનો નાશ કરે છે. મિશ્ર મૂર્તિઓમાં શિવનું ચિંતન કરવાથી ચિરકાલમાં સિદ્ધિ પ્રાપ્ત થાય છે અને સૌમ્યમૂર્તિમાં શિવનું ધ્યાન કરવામાં આવે તો સિદ્ધિ પ્રાપ્ત કરવામાં નથી તો અધિક શીઘ્રતા થતી કે નથી તો અધિક વિલંબ થતો. સૌમ્યમૂર્તિમાં ધ્યાન કરવાથી વિશેષતઃ મુક્તિ, શાંત અને શુદ્ધબુદ્ધિ પ્રાપ્ત થાય છે. ક્રમશઃ બધી સિદ્ધિઓ પ્રાપ્ત થાય છે, એમાં સંશય નહીં. (અધ્યાય ૩૫)

*

ધ્યાન અને એનો મહિમા, યોગધર્મ તથા શિવયોગીનું મહત્ત્વ, શિવભક્ત અથવા શિવને માટે પ્રાણ આપવા અથવા શિવક્ષેત્રમાં મરણથી તત્કાલ મોક્ષ-લાભનું કથન

ઉપમન્યુ કહે છે—હે શ્રીકૃષ્ણ! શ્રીકંઠનાથનું સ્મરણ કરનારા લોકોના સંપૂર્ણ મનોરથોની સિદ્ધિ તત્કાલ થઈ જાય છે, એવું જાણીને કેટલાક યોગી એમનું ધ્યાન અવશ્ય કરે છે. કેટલાક લોકો મનની સ્થિરતા માટે સ્થૂળરૂપનું ધ્યાન કરે છે. સ્થૂળરૂપના ચિંતનમાં લાગીને જ્યારે ચિત્ત નિશ્ચલ થઈ જાય છે, ત્યારે સૂક્ષ્મરૂપમાં તે સ્થિર થાય છે. ભગવાન શિવનું ચિંતન કરવાથી બધી સિદ્ધિઓ પ્રત્યક્ષ સિદ્ધ થઈ જાય છે. અન્ય મૂર્તિઓનું ધ્યાન કરતા હો છતાં પણ શિવરૂપનું અવશ્ય ચિંતન કરવું જોઈએ. જે જે રૂપમાં મનની સ્થિરતા લક્ષિત થતી હોય, એનું એનું વારંવાર ધ્યાન કરતાં રહેવું જોઈએ. ધ્યાન પહેલાં સવિષય હોય છે, પછી નિર્વિષય થાય છે—એવું વિદ્વાન પુરુષોનું કથન છે. આ વિષયમાં કેટલાક સત્પુરુષોનો મત છે. કોઈ પણ ધ્યાન નિર્વિષય હોતું જ નથી. બુદ્ધિની જ કોઈ પ્રવાહરૂપા સંતતિ 'ધ્યાન' કહેવાય છે, એટલા માટે નિર્વિષય બુદ્ધિ કેવળ-નિર્ગુણ નિરાકાર બ્રહ્મમાં જ પ્રવૃત્ત થાય છે.

તેથી સવિષય ધ્યાન પ્રાતઃકાલનાં સૂર્યનાં કિરણો સમાન જ્યોતિનો આશ્રય લેનારું છે. તથા

નિર્વિષય ધ્યાન સૂક્ષ્મતત્ત્વનું અવલંબન લેનારું છે. આ બે સિવાય બીજું કોઈ ધ્યાન વાસ્તવમાં નથી અથવા સવિશેષ ધ્યાન સાકાર સ્વરૂપનું અવલંબન કરનારું છે તથા નિરાકાર સ્વરૂપનો જે બોધ અથવા અનુભવ છે, તે જ નિર્વિષય ધ્યાન મનાયું છે. આ સવિષય ધ્યાન અને નિર્વિષય ધ્યાન જ ક્રમશઃ સબીજ અને નિર્બીજ કહેવાય છે. નિરાકારનો આશ્રય લેવાથી એને નિર્બીજ અને સાકારનો આશ્રય લેવાથી સબીજની સંજ્ઞા અપાય છે. તેથી પહેલાં સવિષય યા સબીજ ધ્યાન કરીને અંતે સર્વ પ્રકારની સિદ્ધિ માટે નિર્વિષય યા નિર્બીજ ધ્યાન કરવું જોઈએ. પ્રાણાયામ કરવાથી ક્રમશઃ શાંતિ વગેરે દિવ્ય સિદ્ધિઓ સિદ્ધ થાય છે. એમનાં નામ છે : શાંતિ, પ્રશાંતિ, દીપ્તિ અને પ્રસાદ. સમસ્ત આપદાઓના શમનને જ શાંતિ કહે છે. તમ (અજ્ઞાન)નો બહારથી અને અંદરથી નાશ એ જ પ્રશાંતિ છે. બહાર અને અંદર જે જ્ઞાનનો પ્રકાશ છે, એનું જ નામ દીપ્તિ છે તથા બુદ્ધિની જે સ્વસ્થતા (આત્મનિષ્ઠતા) છે, એને જ પ્રસાદ કહે છે. બાહ્ય અને આભ્યંતરરહિત જે સમસ્ત કરણ છે, તે બુદ્ધિના પ્રસાદથી શીઘ્ર જ પ્રસન્ન (નિર્મલ) થઈ જાય છે.

ધ્યાતા, ધ્યાન, ધ્યેય અને ધ્યાન-પ્રયોજન—એ ચારને જાણીને ધ્યાન કરનાર પુરુષ જ ધ્યાન કરે. જે જ્ઞાન અને વૈરાગ્યથી સંપન્ન હોય, સદા શાંતચિત્ત રહેતો હોય, શ્રદ્ધાળુ હોય અને જેની બુદ્ધિ પ્રસાદગુણ યુક્ત હોય એવા પુરુષને જ, સાધકને જ, સત્પુરુષોએ ધ્યાતા કહ્યો છે. 'ધ્યૈ ચિંતાયામ્' એ ધાતુ છે. એનો અર્થ થાય છે ચિંતન. ભગવાન શિવનું વારંવાર ચિંતન જ ધ્યાન કહેવાય છે. જેવી રીતે થોડોયે પણ યોગાભ્યાસ પાપનો નાશ કરી દે છે, એવી જ રીતે ક્ષણમાત્ર પણ ધ્યાન કરનારા પુરુષનાં બધાં પાપ નષ્ટ થઈ જાય છે. શ્રદ્ધાપૂર્વક, વિક્ષેપરહિત ચિત્તથી પરમેશ્વરનું જે ચિંતન છે એનું જ નામ 'ધ્યાન' છે. બુદ્ધિના પ્રવાહરૂપ ધ્યાનનું જે આલંબન કે આશ્રય છે, એને જ સાધુપુરુષો 'ધ્યેય' કહે છે. સ્વયં સામ્બ સદાશિવ જ એ ધ્યેય છે. મોક્ષ-સુખનો પૂર્ણ અનુભવ અને અણિમા વગેરે ઐશ્વર્યની ઉપલબ્ધિએ પૂર્ણ શિવધ્યાનનાં સાક્ષાત્ પ્રયોજન કહેવાયા છે. ધ્યાનથી સૌખ્ય અને મોક્ષ બંનેની પ્રાપ્તિ થાય છે. એટલા માટે મનુષ્યએ બધું છોડીને ધ્યાનમાં લાગી જવું જોઈએ. ધ્યાન વગર જ્ઞાન થતું નથી અને જેણે યોગનું સાધન કર્યું નથી, એનું ધ્યાન સિદ્ધ થતું નથી. જેને જ્ઞાન અને ધ્યાન બંને પ્રાપ્ત છે એણે ભવસાગર પાર કરી લીધો. સમસ્ત ઉપાધિઓથી રહિત, નિર્મલ જ્ઞાન અને એકાગ્રતાપૂર્ણ ધ્યાન—એ યોગાભ્યાસયુક્ત યોગીને જ સિદ્ધ થાય છે. જેનાં બધાં પાપ નષ્ટ થઈ ગયાં છે, એમની જ બુદ્ધિ જ્ઞાન અને ધ્યાનમાં લાગે છે. જેમની બુદ્ધિ પાપથી દૂષિત છે, એમને માટે જ્ઞાન અને ધ્યાનની વાત પણ અત્યંત દુર્લભ છે. જેવી રીતે પ્રજ્વલિત થયેલો અગ્નિ સૂકાં અને ભીનાં લાકડાંને પણ સળગાવી દે છે, એવી જ રીતે ધ્યાન-અગ્નિ શુભ અને અશુભ કર્મને ક્ષણભરમાં બાળી દે છે. જેવી રીતે ઘણો નાનો દીવો પણ મહાન અંધકારનો નાશ કરી દે છે, એવી જ રીતે થોડોએ યોગાભ્યાસ પણ મહાન પાપનો વિનાશ કરી દે છે. શ્રદ્ધાપૂર્વક ક્ષણભર પણ પરમેશ્વરનું ધ્યાન કરનાર પુરુષને જે મહાન

શ્રેય પ્રાપ્ત થાય છે, એનો ક્યાંયે અંત નથી.*

ધ્યાન સમાન કોઈ તીર્થ નથી, ધ્યાન સમાન કોઈ તપ નથી અને ધ્યાન સમાન કોઈ યજ્ઞ નથી; એટલે ધ્યાન અવશ્ય કરે.* પોતાનો આત્મા અને પરમાત્માનો બોધ પ્રાપ્ત કરવાને કારણે યોગીજળ કેવળ જલથી ભરેલ તીર્થો અને પથ્થર-માટીથી બનેલી દેવમૂર્તિઓનો આશ્રય નથી લેતા (તે આત્મતીર્થમાં જ અવગાહન કરે છે અને આત્મદેવના જ ભજનમાં લાગ્યા રહે છે). જેવી રીતે અયોગી પુરુષો માટી અને લાકડાની બનેલી સ્થૂળ મૂર્તિઓનો પ્રત્યક્ષ થાય છે, એવી જ રીતે યોગીઓને ઈશ્વરના સૂક્ષ્મ સ્વરૂપનાં પ્રત્યક્ષ દર્શન થાય છે. જેવી રીતે રાજાને પોતાના અંતઃપુરમાં વિચરનારા સ્વજન અને પરિજન પ્રિય હોય છે અને બહારના લોકો એટલા પ્રિય નથી હતા, એવી જ રીતે ભગવાન શંકરને અંતઃકરણમાં ધ્યાન લગાડનારા ભક્ત જ અધિક પ્રિય છે, બાહ્ય ઉપચારોનો આશ્રય લેનારા કર્મકાંડી નહીં. જેવી રીતે લોકોમાં એ જોવા મળે છે કે બહારના લોકો રાજાના ભવનમાં રાજકીય પુરુષોચિત ફળનો ઉપભોગ નથી કરી શકતા, કેવળ અંતઃપુરના લોકો જ એ ફળના ભાગી હોય છે, એ જ પ્રકારે અહીં બાહ્ય કર્મી પુરુષ એ ફળને પામતા નથી, જે ધ્યાનયોગીઓને સુલભ હોય છે.

જ્ઞાનયોગની સાધના માટે તૈયાર થયેલો પુરુષ જો વચમાં જ મરી જાય તો પણ તે યોગ માટે પ્રયત્ન કરવા માત્રથી જ રુદ્રલોકમાં જાય છે, જશે. ત્યાં દિવ્ય સુખનો ઉપભોગ કરીને તે ફરી યોગીઓના કુળમાં જન્મ લેશે અને પુનઃ જ્ઞાનયોગને મેળવીને સંસારસાગરે ઓળંગી, તરી જશે. યોગનો જિજ્ઞાસુ પુરુષ પણ જે ગતિને પામે છે, એને યજ્ઞકર્તા સંપૂર્ણ મહાયજ્ઞોનું અનુષ્ઠાન કરીને પણ નથી પામતો. કરોડો વેદવેત્તા દ્વિજોની પૂજા કરવાથી જે ફળ મળે છે, તે ફળ એક શિવયોગીને ભિક્ષા આપવા માત્રથી પ્રાપ્ત થઈ જાય છે. યજ્ઞ, અગ્નિહોત્ર, દાન, તીર્થસેવન અને હોમ—આ બધાં પુણ્યકર્મોના અનુષ્ઠાનથી જે ફળ મળે છે, તે બધાં ફળ શિવયોગીઓને અન્ન આપવામાત્રથી પ્રાપ્ત થઈ જાય છે. જે મૂઢ માનવ શિવયોગીઓની નિંદા કરે છે, તે શ્રોતાઓસહિત નરકે જાય છે અને પ્રલયકાળ સુધી ત્યાં જ રહે છે. શ્રોતા હોય તો જ કોઈ શિવયોગીઓની નિંદાનો વક્તા હોઈ શકે છે, એટલે મહાપુરુષોના મનમાં નિંદા સાંભળનારો પણ મહાન પાપી અને દંડનીય છે. જે લોકો સદા ભક્તિભાવથી શિવયોગીઓની સેવા કરે છે, તે મહાન ભોગ પામે છે અને અંતે શિવયોગની પણ ઉપલબ્ધિ કરી લે છે. એટલા માટે ભોગાર્થી મનુષ્યો માટે એ જરૂરી છે કે તે રહેવાનું સ્થાન,

---

* યથા વહ્નિર્મહાદીપ્તઃ પુરુષગ્રં ન નિર્દહેત્। તથા સુભાશુભં કર્મ જ્ઞાનાગ્નિર્દહતિ ક્ષણાત્॥
ધ્યાનતઃ સદૃશમાત્રં વા ન્યૂનતા ન્યૂનમેવ વા। ન્યૂનતા સૂનકર્તૃત્વમાપ્નોતિ નૈવ સિદ્ધિતે॥
(શિવપુરાણસંહિતા, જ્ઞાનયોગ, ૨૦)

* નાસ્તિ ધ્યાનસમં તીર્થં નાસ્તિ ધ્યાન સમં તપઃ। નાસ્તિ ધ્યાનસમો યજ્ઞસ્તસ્માદ્ધ્યાનં સમાચરેત્॥
(શિવપુરાણસંહિતા, જ્ઞાનયોગ)

પાન-પાન, શૈયા અને ઓઢવા-પાથરવાની સામગ્રી આપીને સદા શિવયોગીઓનો સત્કાર કરે. યોગધર્મ સસાર-અત્યંત પ્રબળ છે, તેથી પાપરૂપી મગદળથી એમનું ભેદન થઈ શકતું નથી. યોગધર્મ અને મગદળમાં એટલું જ અંતર સમજવું જોઈએ જેટલું વજ્ર અને તંદુલ (ચોખા) છે; તેથી યોગીજન પાપ ને તાપસમૂહથી એવી જ રીતે લિપ્ત થતો નથી. જેવી રીતે કમળનું પત્તું પાણીથી લિપ્ત થતું નથી.

શિવયોગપરાયણ મુનિ જે દેશમાં નિત્ય-નિવાસ કરે છે, તે દેશ પણ પવિત્ર થઈ જાય છે. પછી એની પવિત્રતાના વિષયમાં તો કહેવાનું જ શું? તેથી ચતુર અને વિદ્વાન પુરુષ બધાં કૃત્યોને છોડીને સંપૂર્ણ દુઃખોથી છુટકારો મેળવવા માટે શિવયોગનો અભ્યાસ કરે. જેનું યોગફળ સિદ્ધ થઈ ગયું છે, તે યોગી યથેષ્ટ ભોગોને ભોગવી સમસ્ત લોકોની હિતકામનાથી સંસારમાં વિચરે અથવા પોતાના સ્થાન પર જ રહેવું અથવા વિષયસુખને અત્યંત તુચ્છ સમજીને છોડી દે અને વૈરાગ્યયોગથી સ્વેચ્છાપૂર્વક કર્મોનો પરિત્યાગ કરી દે. જે મનુષ્ય ઘણાંબધાં અરિષ્ટને જોઈને પોતાના મૃત્યુને નિકટમાં જાણી લે, એણે યોગ-અનુષ્ઠાનમાં સંલગ્ન થઈને શિવક્ષેત્રનો આશ્રય લેવો જોઈએ. તે મનુષ્ય જો ધીરચિત્ત થઈને ત્યાં જ નિવાસ કરતો રહે તો રોગ વગર પણ સ્વયં જ પ્રાણોનો પરિત્યાગ કરી શકે છે. અનશન (ઉપવાસ) કરીને, શિવાગ્નિમાં શરીરની આહુતિ આપીને અથવા શિવતીર્થમાં અવગાહન (સ્નાન) કરતાં પોતાના શરીરને એ જ જલમાં નાખીને શિવશાસ્ત્રોક્ત વિધિથી જે પોતાના પ્રાણોનો ત્યાગ કરે છે, તે તત્કાળ મુક્ત થઈ જાય છે—એમાં અન્યથા વિચાર કરવાની આવશ્યકતા નથી અથવા જે રોગ વગેરેથી વિવશ થઈને શિવક્ષેત્રનું શરણ લે છે, એનું પાત્ર જો ત્યાં જ મૃત્યુ થઈ જાય તો એ પણ એ જ પ્રકારે મુક્ત થઈ જાય છે. એમાં સંશય નથી. એટલા માટે લોકો અનશન વગેરેથી શિવક્ષેત્રમાં શ્રેષ્ઠ મરણની કામના કરે છે; કેમકે શાસ્ત્ર પર વિશ્વાસ કરીને ધીર થયેલા મનથી એમના દ્વારા આ પ્રકારનું મૃત્યુ સ્વીકારાય છે. જે શિવને માટે અથવા શિવભક્તો માટે પ્રાણ ત્યાગ કરે છે, એના સમાન બીજો કોઈ મનુષ્ય મુક્તિ-માર્ગ પર સ્થિત નથી. આ કારણે આ સંસાર-મંડળથી એની શીઘ્ર મુક્તિ થઈ જાય છે. આમાંના કોઈ પણ ઉપાયનું કોઈ પણ પ્રકારે અવલંબન કરીને અથવા વિધિવત્ મડ્યશુદ્ધિને પ્રાપ્ત થઈને જો કોઈ મનુષ્ય મૃત્યુ પામે તો એનું અન્ય પશુ-પ્રાણીઓ સમાન ઔર્ધ્વદૈહિક સંસ્કાર ન કરવા જોઈએ. વિશેષતઃ એના પુત્ર વગેરેને એના મરણથી અશૌચની પ્રાપ્તિ થતી નથી. એવા પુરુષના મૃત શરીરને જમીનમાં દાટી દે અથવા પવિત્ર અગ્નિથી સળગાવી દે અથવા શિવસ્વરૂપજળમાં પધરાવી દે અથવા લાકડાનો ટુકડો કે માટીના ઢેફાની જેમ ગમે ત્યાં ફેંકી દે, એ બધું એને માટે બરાબર છે. જો આવા પુરુષના ઉદ્દેશ્યથી પણ કોઈ કર્મ કરવાની ઇચ્છા હોય તો બીજાઓનું કલ્યાણ જ કરે અને પોતાની શક્તિ અનુસાર શિવભક્તોને તૃપ્ત કરે. એમના ધનને શિવભક્ત જ ગ્રહણ કરે. જો એની સંતતિ શિવભક્ત હોય તો તે પણ ગ્રહણ કરી શકે

છે. જો આવું સંભવ ન હોય તો એનું ધન ભગવાન શિવને સમર્પિત કરી દે. પરંતુ એની પશુ-સંતતિ (શિવભક્તિહીન સંતાન) એ ધનને ગ્રહણ ન કરે. (અધ્યાય ૩૯)

*

વાયુદેવનું અંતર્ધાન થવું, ઋષિઓનું સરસ્વતીમાં અવભૃથ-સ્નાન અને કાશીમાં દિવ્ય તેજનાં દર્શન કરીને બ્રહ્માજી પાસે જવું, બ્રહ્માજીએ એમને સિદ્ધિ-પ્રાપ્તિની સૂચના આપીને મેરુના કુમારશિખર પર મોકલવા

સૂતજી કહે છે—આ પ્રકારે ક્રોધને જીતનારા ઉપમન્યુ પાસેથી યદુકુલનંદન શ્રીકૃષ્ણે જે જ્ઞાનયોગ પ્રાપ્ત કર્યો હતો, એનું પ્રણતભાવથી બેઠેલા એ મુનિઓને ઉપદેશ આપીને આત્મદર્શી વાયુદેવ સાયંકાલે આકાશમાં અંતર્ધાન થઈ ગયા. તદનંતર પ્રાતઃકાલે નૈમિષારણ્યના સમસ્ત તપસ્વી મુનિ સત્રના અંતે અવભૃથ-સ્નાન કરવા તૈયાર થયા. એ સમયે બ્રહ્માજીના આદેશથી સાક્ષાત્ સરસ્વતીદેવી સ્વાદિષ્ટ જળથી ભરેલી સ્વચ્છ સુંદર નદીના રૂપે ત્યાં વહેવા લાગ્યાં. સરસ્વતી નદીને ઉપસ્થિત જોઈને મુનિ મનમાં ને મનમાં બહુ પ્રસન્ન થયા. એમણે સત્ર સમાપ્ત કરીને એમાં અવગાહન (સ્નાન)નો આરંભ કર્યો. એ નદીનાં મંગલમય જલથી દેવતા વગેરેનું તર્પણ કરીને પૂર્વવૃત્તાંતનું સ્મરણ કરીને એ બધા વારાણસીપુરી તરફ ચાલવા લાગ્યા. એ સમયે હિમાલયનાં ચરણોથી નીકળીને દક્ષિણ તરફ વહેનારી ભાગીરથીનાં દર્શન કરીને એ ઋષિમુનિઓએ એમાં સ્નાન કર્યું અને ભાગીરથીના જ કિનારાનો માર્ગ પકડીને તે આગળ વધ્યા. તદનંતર વારાણસીમાં પહોંચીને એ સૌને બહુ પ્રસન્નતા થઈ. ત્યાં ઉત્તરવાહિની ગંગામાં સ્નાન કરીને એમણે અવિમુક્તેશ્વર લિંગના દર્શન કર્યાં અને વિધિપૂર્વક પૂજન કર્યું. પૂજન કરીને જ્યારે એ ચાલવા તૈયાર થયા ત્યારે તેમણે આકાશમાં એક દિવ્ય અને પરમ અદ્‌ભુત પ્રકાશમાન તેજ જોયું, જે કરોડો સૂર્ય સમાન જણાતું હતું. એણે પોતાની પ્રભાથી સંપૂર્ણ દિગંતને વ્યાપ્ત કરી લીધું હતું. તદનંતર જેમણે પોતાના શરીર પર ભસ્મ લગાડી રાખી હતી, તે સેંકડો સિદ્ધ પાશુપત મુનિ નિકટ જઈને એ તેજમાં લીન થઈ ગયા. એ તપસ્વી મહાત્માઓને આ પ્રકારે લીન થઈ ગયા પછી તે તેજ તત્કાલ અદૃશ્ય થઈ ગયું. એ એક અદ્‌ભુત-શી ઘટના ઘટિત થઈ ગઈ. એ મહાન આશ્ચર્યને જોઈને તે નૈમિષારણ્યના નિવાસી મહર્ષિ 'આ શું છે?' એ વાતને જાણ્યા વગર બ્રહ્મવન તરફ ચાલ્યા ગયા.

એમના જતાં પહેલાં જ લોકપાવન પવનદેવ ત્યાં જઈ પહોંચ્યા. એણે નૈમિષારણ્યવાસી ઋષિઓને જે પ્રકારે સાક્ષાત્કાર થયો, જેવી રીતે એમની સાથે વાતચીત થઈ, એ ઋષિઓની શુદ્ધબુદ્ધિ જે પ્રકારે પાર્ષદોસહિત સામ્બ સદાશિવમાં લાગી હતી અને જે પ્રકારે એ યજ્ઞપરાયણ

ઋષિઓનો તે દીર્ઘકાલિક યજ્ઞ પૂરો થયો હતો, એ બધી વાતો જગત્સ્રષ્ટા બ્રહ્મયોનિ બ્રહ્માજીને બતાવી. પછી પોતાના કાર્ય માટે એમની પાસેથી આજ્ઞા લઈને તે પોતાના નગરમાં ચાલ્યા ગયા. તદનંતર પોતાના સ્થાન પર બેઠેલા બ્રહ્માજી ગાયનની કલામાં પરસ્પર સ્પર્ધા રાખવા અને વિવાદ કરનારા તુમ્બુરુ અને નારદજીની ગાનજનિત રસનું આસ્વાદન કરતાં ત્યાં મધ્યસ્થતા કરવા લાગ્યા. એ સમયે તે ગંધર્વો અને અપ્સરાઓથી સેવિત થઈને સુખપૂર્વક બેઠા હતા. એ વેળાએ કોઈ બહારની વ્યક્તિને ત્યાં જવાનો અવસર મળતો ન હતો. એટલા માટે જ્યારે નૈમિષારણ્યનિવાસી મુનિ ત્યાં પહોંચ્યા, ત્યારે દ્વારપાલોને એમને દ્વાર પર જ રોકી દીધા. એ મુનિ બ્રહ્મભવનથી બહાર પાર્શ્વભાગમાં બેસી ગયા. આ બાજુ સંગીત-ગોષ્ઠીમાં નારદે તુમ્બુરુની સમાનતા પ્રાપ્ત કરી. ત્યારે પરમેષ્ઠી બ્રહ્મા એમને તુમ્બુરુ સાથે રહેવાની આજ્ઞા આપી અને એ પારસ્પરિક સ્પર્ધાને છોડીને તુમ્બુરના પરમ મિત્ર બની ગયા. તત્પશ્ચાત ગંધર્વો અને અપ્સરાઓથી ઘેરાયેલા નારદ નકુલેશ્વર મહાદેવને વીણાગાન સંભળાવીને સંતુષ્ટ કરવા માટે તુમ્બુરુની સાથે બ્રહ્મભવનથી એ જ પ્રકારે નીકળ્યા, જેવી રીતે મેઘોની ઘટામાંથી સૂર્યદેવ બહાર નીકળે છે.

એ સમયે મુનિવર નારદને જોઈને એ છ કુલોમાં ઉત્પન્ન થયેલા ઋષિઓએ પ્રણામ કર્યા અને બહુ આદર સાથે બ્રહ્માજીને મળવાનો અવસર પૂછ્યો. નારદજીનું ચિત્ત બીજી બાજુ લાગેલું હતું. એ બહુ ઉતાવળમાં હતા. તેથી એમના પૂછવા પર બોલ્યા—'આ જ અવસર છે, આપ લોકો અંદર જાઓ? આવું કહીને તે ચાલ્યા ગયા. તદનંતર દ્વારપાલોએ એ ઋષિઓના આગમનની સૂચના આપી. એમની આજ્ઞા મેળવીને એ બધા એકસાથે બ્રહ્માજીના ભવનમાં પ્રવિષ્ટ થયા. અંદર જઈને એમણે દૂરથી જ દંડની જેમ પૃથ્વી પર પડીને બ્રહ્માજીને પ્રણામ કર્યા. પછી એમનો આદેશ મેળવીને તે ઋષિ એમની પાસે ગયા અને ચારે બાજુએથી એમને ઘેરીને બેઠા. એમને ત્યાં બેઠેલા જોઈને કમલાસન બ્રહ્માએ એમના કુશળ-સમાચાર પૂછ્યા અને કહ્યું કે મને તમારા લોકોનો સંપૂર્ણ વૃત્તાંત જ્ઞાત છે; કેમકે વાયુદેવે જ અહીં સર્વ કાંઈ કહ્યું છે. હવે તમે બતાવો કે જ્યારે વાયુદેવ તમને કથા સંભળાવીને અદૃશ્ય થઈ ગયા, ત્યારે તમે શું કર્યું?

દેવેશ્વર બ્રહ્માના આ પ્રકારે પૂછવા પર એ મુનિઓએ અવભૃથ-સ્નાન પછી ગંગાતીર્થમાં જવું, વારાણસીની યાત્રા કરી, ત્યાં દેવેશ્વરો દ્વારા સ્થાપિત શિવલિંગો અને અવિમુક્તેશ્વર લિંગનાં દર્શન-પૂજન કરવાં. આકાશમાં મહાન તેજઃપુંજનું દેખાવું, કેટલાક મહર્ષિઓનું એમાં લીન થઈ જવું તથા ફરી એ તેજનું અદૃશ્ય થઈ જવું વગેરે વાતો બ્રહ્માજીને વિસ્તારપૂર્વક વારંવાર પ્રણામ કરીને કહી. સાથે જ એ પણ બતાવ્યું કે 'અમે અમારા મનમાં બહુ જ વિચાર કર્યો પણ એ તેજને ઠીક ઠીક ન જાણી શક્યા.' મુનિઓનું કથન સાંભળીને વિશ્વસ્રષ્ટા ચતુર્મુખ બ્રહ્માજીએ સહેજ મસ્તક હલાવીને ગંભીર વાણીમાં કહ્યું—'હે મહર્ષિઓ! તમને પરમ ઉત્તમ પારલૌકિક સિદ્ધિ પ્રાપ્ત થવાનો અવસર આવી રહ્યો છે. તમે દીર્ઘકાલિક સત્ર દ્વારા ચિરકાળ સુધી પ્રભુની

ટલા માટે તે પ્રસન્ન થઈને
ા કરવા ઉત્સુક છે. એ
ઃ ઘટના ઘટિત થઈ છે,
થાય છે. તમે વારાણસીમાં
ોતિમાન દિવ્ય તેજ જોયું
તર્મય લિંગ જ હતું, એને
સમજો. એ તેજમાં શ્રોત
પાલન કરનારા મુનિ, જે
ઠા રાખનારા હતા અને
કરી ચુક્યા હતા, તે લીન
ને સ્વસ્થ અને મુક્ત થઈ
તમને પણ શીઘ્ર જ મુક્તિ
ા જોયેલા એ તેજથી એ
તમારે માટે આ એ જ
ઉપસ્થિત થઈ ગયો છે.
ણ શિખર પર, જ્યાં
યાં મારા પુત્ર સનત્કુમાર,
નિવાસ કરે છે. તે
ય નંદીના આગમનની

ે, સનત્કુમાર અજ્ઞાનવશ
ોના શિરોમણિ માનવા
વિનીત થઈ ગયા હતા.
ઈ એક સમયે પરમેશ્વર
પણ ઉચિત અભ્યુત્થાન
ત્કાર કરવો) સત્કાર ન
ન પર નિર્ભય બેસી જ
પરાધથી કુપિત થઈને

ત્યારે એમને માટે મને બહુ શોક થયો અને
મેં દીર્ઘકાલ સુધી મહાદેવ અને મહાદેવીની
ઉપાસના કરીને નંદીને પણ બહુ અનુનય વિનય
કર્યાં. આ પ્રકારે પ્રયત્ન કરીને કોઈ પણ રીતે
એમને ઊંટની યોનિથી છુટકારો અપાવ્યો અને
એમને પૂર્વવત્ સનત્કુમાર-રૂપની પ્રાપ્તિ કરાવી.
એ સમયે મહાદેવજીએ મંદ સ્મિત સાથે પોતાના
ગણાધ્યક્ષ નંદીને કહ્યું—'હે અનઘ! સનત્કુમાર
મુનિએ મારી જ અવહેલના કરીને પોતાનો એવો
જ અહંકાર પ્રગટ કર્યો હતો, તેથી તમે એમની
મારા યથાર્થ સ્વરૂપનો ઉપદેશ આપો. બ્રહ્માજીના
જ્યેષ્ઠ પુત્ર મૂઢની જેમ મારું સ્મરણ કરી રહ્યા
છે, તેથી મેં જ એમને તમને શિષ્યરૂપે આપ્યા
છે; તમારી પાસેથી ઉપદેશ મેળવીને તે મારા
જ્ઞાનના પ્રવર્તક થશે અને એ જ તમારો
ધર્માધ્યક્ષના પદ પર અભિષેક કરશે.'

મહાદેવજીના આવા કહેવા પર સમસ્ત
ભૂતગણોના અધ્યક્ષ નંદીએ પ્રાતઃકાલે મસ્તક
નમાવીને સ્વામીની એ આજ્ઞા શિરોધાર્ય કરી
તથા સનત્કુમાર પણ મારી આજ્ઞાથી આ
ગણરાજ નંદીને પ્રસન્ન કરવા મેરુ પર દુષ્કર
તપસ્યા કરી રહ્યા છે. ગણાધ્યક્ષ નંદીના
સમાગમથી પહેલાં જ તમે લોકો સનત્કુમારને
મળો; કેમકે એમના પર કૃપા કરવાને માટે જ
નંદી શીઘ્ર ત્યાં આવશે.

વિશ્વયોનિ બ્રહ્માના આ પ્રકારનો શીઘ્ર
આદેશ આપીને મોકલવા પર તે મુનિ મેરુ
પર્વતના દક્ષિણવર્તી કુમાર-શિખર પર ગયા.

-સરોવરના તટ પર મુનિઓનું સનત્કુમારજીને
ા નંદીનું ત્યાં પહોંચવું અને દૃષ્ટિપાતમાત્રથી
ને જ્ઞાનયોગનો ઉપદેશ કરીને ચાલ્યા જવું,
ણનો મહિમા તથા ગ્રંથનો ઉપસંહાર

પર્વત પર સાગર
, જેનું નામ સ્કંદ-
સ્વાદિષ્ટ, શીતલ,
તે સરોવર બધી
ંડો દ્વારા સંગઠિત
બધી ઋતુઓમાં
અને આચ્છાદિત
ાર, ઉત્પલ, કુમુદ
ન શોભા પામે છે
ક્યા કરે છે, જેથી
ાશ જ ભૂમિ પર
ક ઊતરવા-ચઢવા
છે. ત્યાંની ભૂમિ
. આઠે દિશાઓ
ા પાર્શ્વો રહ્યું છે.
ા માટે નીચે ઊતરે
નીકળતા હોય છે.
અને ઉદ્ઘોષણા
હેરીને, માથા પર
માથું મુંડાવીને,
્યથી વિમલ અને
નકુમારો બધાએ,
સુંદર કળશમાં,

શિષ્ટ પુરુષ જલમાં સ્નાન કરતા જોવા મળે છે. એ સરોવરના કિનારેની શિલાઓ પર તલ, અક્ષત, ફૂલ અને પધરાવેલાં પવિત્રક દૃષ્ટિગોચર થાય છે. ત્યાં સ્થાન સ્થાન પર અનેક પ્રકારની પુષ્પબલિ વગેરે અપાય છે. કેટલાક લોકો સૂર્યને અર્ઘ્ય આપે છે અને કેટલાક લોકો વેદી પર બેસીને પૂજન વગેરે કરે છે.

એ સરોવરના ઉત્તર તટ પર એક કલ્પવૃક્ષ નીચે હીરાની શિલાથી બનેલી વેદી પર કોમલ મૃગચર્મ પાથરીને સદા બાલરૂપધારી સનત્કુમારજી બેઠા હતા. તે પોતાની અવિચલ સમાધિથી એ જ સમયે ઉપરત થયા હતા. એ સમયે યોગીશ્વર પણ એમની પૂજા કરતા હતા. નૈમિષારણ્યના મુનિઓએ ત્યાં સનત્કુમારજીનાં દર્શન કર્યાં, એમનાં ચરણોમાં મસ્તક નમાવ્યું અને એમની આસપાસ બેસી ગયા. સનત્કુમારજીના પૂછવા પર એ ઋષિઓએ એમને જ્યાં પોતાના આગમનનું કારણ બતાવવાનું આરંભ કર્યું, ત્યાં જ આકાશમાં દુન્દુભિઓનો તુમુલ નાદ સંભળાવા માંડ્યો. એ જ સમયે સૂર્ય સમાન તેજસ્વી એક વિમાન દૃષ્ટિગોચર થયું, જે અસંખ્ય ગણેશ્વરો દ્વારા ચારે બાજુથી ઘેરાયેલું હતું. એમાં અપ્સરાઓ તથા રુદ્રકન્યાઓ પણ હતી. ત્યાં મૃદંગ, ઢોલ

ચારણ અને કિન્નર નાચતા, ગાતા અને વાજાં વગાડતા એ વિમાનને બધી બાજુથી ઘેરીને ચાલતા હતા, એમાં વૃષભ-ચિહ્નથી યુક્ત અને પરવાળાંના દંડથી વિભૂષિત ધ્વજા-પતાકા ફરકી રહી હતી, જે એના ગોપુરની શોભા વધારતી હતી. એ વિમાનના મધ્ય ભાગમાં બે ચામર વચ્ચે ચંદ્રમા સમાન ઉજ્જ્વળ મણિમય દંડવાળા શુદ્ધ છત્ર નીચે દિવ્ય સિંહાસન પર શિલાદપુત્ર નંદી દેવી સુયશાની સાથે બેઠા હતા. તે પોતાની કાંતિથી, શરીરથી અને ત્રણ નેત્રોથી ખૂબ શોભા પામી રહ્યા હતા. ભગવાન શંકરને આવશ્યક કાર્યોની સૂચના આપનારા તે નંદી માનો જગતસ્રષ્ટા શિવના અબંધનીય આદેશનું મૂર્તિમાન સ્વરૂપ થઈને ત્યાં આવ્યા હતા; અથવા એમના રૂપમાં માનો સાક્ષાત્ શંભુનો સંપૂર્ણ અનુગ્રહ જ સાકારરૂપ ધારણ કરીને સૌની સામે ઉપસ્થિત થયો હતો. શોભાશાળી શ્રેષ્ઠ ત્રિશૂલ જ એમનું આયુધ છે. તે વિશ્વેશ્વર ગણોના અધ્યક્ષ છે અને બીજા વિશ્વનાથ સમાન શક્તિશાળી છે. એમનામાં વિશ્વસ્રષ્ટા વિધાતાઓના પણ નિગ્રહ અને અનુગ્રહ કરવાની શક્તિ છે. એમને ચાર ભુજાઓ છે. અંગેઅંગથી ઉદારતા સૂચિત થાય છે, તે ચંદ્રલેખાથી વિભૂષિત છે. કંઠમાં નાગ અને મસ્તક પર ચંદ્રમા એમા અલંકાર છે, તે સાકાર ઐશ્વર્ય અને સક્રિય સામર્થ્યના સ્વરૂપ-શા જણાય છે.

એમને જોઈને ઋષિઓ સહિત બ્રહ્મપુત્ર સનત્કુમારનું મુખ પ્રસન્નતાથી ખિલી ઊઠ્યું અને એમને આત્મસમર્પણ—જેવું કરતાં બદ્ધ થઈ ગયા. એટલામાં જ તે વિમાન ધરતી પર આવ્યું. સનત્કુમારે દેવનંદીને સાષ્ટાંગ પ્રણામ કરીને એમની સ્તુતિ કરી અને મુનિઓનો પરિચય આપતાં બોલ્યા—'આ છ કુળમાં ઉત્પન્ન ઋષિ છે, જે નૈમિષારણ્યમાં દીર્ઘકાલથી સત્રનું અનુષ્ઠાન કરતા હતા. બ્રહ્માજીના આદેશથી આપનાં દર્શન કરવા માટે આ લોકો પહેલેથી જ અહીં આવ્યા છે.' બ્રહ્મપુત્ર સનત્કુમારનું આ કથન સાંભળીને નંદીએ દૃષ્ટિપાત માત્રથી એ સૌના પાશોને તત્કાલ કાપી નાખ્યા અને ઈશ્વરીય શૈવધર્મ અને જ્ઞાનયોગનો ઉપદેશ આપીને તે ફરી મહાદેવજી પાસે ચાલ્યા ગયા. સનત્કુમારે તે સમસ્ત જ્ઞાન સાક્ષાત્ મારા ગુરુ વ્યાસને આપ્યું અને પૂજનીય વ્યાસજીએ મને સંક્ષેપમાં બધું જ બતાવ્યું. ત્રિપુરારિ શિવના આ પુરાણરત્નનો ઉપદેશ વેદને ન જાણનારા લોકોને ન આપવો જોઈએ, જે ભક્ત અને શિષ્ય ન હોય, એને તથા નાસ્તિકોને પણ આનો ઉપદેશ ન આપવો જોઈએ. જો મોહવશ આ અનધિકારીઓને આનો ઉપદેશ અપાઈ ગયો તો તે નરક પ્રદાન કરે છે. જો લોકોએ સેવાનુગત માર્ગથી આ પુરાણનો ઉપદેશ આપ્યો, લીધો, ભણ્યા-વાંચ્યો અથવા સાંભળ્યો છે, એમને આ સુખ અને ધર્મ આદિ ત્રિવર્ગ પ્રદાન કરે છે અને અંતે નિશ્ચય જ મોક્ષ આપે છે. આ પૌરાણિક માર્ગના સંબંધથી આપ લોકોએ અને મેં એકબીજા પર ઉપકાર કર્યો છે; તેથી હું સફળ મનોરથ થઈને જઈ રહ્યો છું. આપણા સૌનું સર્વ પ્રકારે મંગલ હો.

સૂતજીનું આશીર્વાદ આપીને ચાલ્યા જવું અને પ્રયાગમાં એ મહાયજ્ઞનું પૂર્ણ થઈ જવા પર તે સદાચારી મુનિ વિષય-કલુષિત કલિકાલના આવવાથી કાશીની આસપાસ નિવાસ કરવા લાગ્યા. તદનંતર પશુ-પાશથી છૂટવાની ઇચ્છાથી એ બધાએ પૂર્ણતયા પાશુપતવ્રતનું અનુષ્ઠાન કર્યું અને સંપૂર્ણ જ્ઞેય અને સમાધિ પર અધિકાર કરીને

તે અનિંદ્ય મહર્ષિ પરમાનંદને પ્રાપ્ત થઈ ગયા.

વ્યાસ ઉવાચ

એતચ્છિવપુરાણં હિ સમાપ્તં હિતમાદરાત્ ।
પઠિતવ્યં પ્રયત્નેન શ્રોતવ્યં ચ તથૈવ હિ ॥
નાસ્તિકાય ન વક્તવ્યમશ્રદ્ધાય શઠાય ચ ।
અભક્તાય મહેશસ્ય તથા ધર્મધ્વજાય ચ ॥
એનચ્છ્રુત્વા હ્યેકવારં ભવેત્ પાપં હિ ભસ્મસાત્ ।
અભક્તો ભક્તિમાપ્નોતિ ભક્તો ભક્તિસમૃદ્ધિભાક્ ॥
પુનઃ શ્રુતે ચ સદ્ભક્તિર્મુક્તિઃ સ્યાચ્ચ શ્રુતે પુનઃ ।
તસ્માત્ પુનઃ પુનશ્ચૈવ શ્રોતવ્યં હિ મુમુક્ષુભિઃ ॥
પંચાવૃત્તીઃ પ્રકર્તવ્યા પુરાણસ્યાસ્ય સદ્ધિયા ।
પરં ફલં સમુદ્દિશ્ય તત્પ્રાપ્નોતિ ન સંશયઃ ॥
પુરાતનાશ્ચ રાજાનો વિપ્રા વૈશ્યાશ્ચ સત્તમાઃ ।
સપ્તકૃત્વસ્તદાવૃત્યાલભન્ત શિવદર્શનમ્ ॥
શ્રોષ્યત્યધાપિ યશ્ચેદં માનવો ભક્તિતત્પરઃ ।
ઇહ ભુક્ત્વાખિલાન્ ભોગાનન્તે મુક્તિં લભેચ્ચ સઃ ॥
એતચ્છિવપુરાણં હિ શિવસ્યાતિપ્રિયં પરમ્ ।
ભુક્તિમુક્તિપ્રદં શ્રેષ્ઠસમ્મિતં ભક્તિવર્ધનમ્ ॥
એતચ્છિવપુરાણસ્ય વક્તુઃ શ્રોતુશ્ચ સર્વદા ।
સગણઃ સસુતઃ સામ્બઃ શં કરોતુ સ શંકરઃ ॥
(શિ.પુ.વા.સં.ઉ.ખં. ૪૧;૪૩-૫૧)

વ્યાસજી કહે છે—આ શિવપુરાણ પૂરું થયું. આ હિતકર પુરાણને બહુ આદર અને પ્રયત્નથી ભણવું તથા સાંભળવું જોઈએ. નાસ્તિક, શ્રદ્ધાહીન, શઠ, મહેશ્વર પ્રત્યે ભક્તિથી રહિત તથા ધર્મધ્વજી (પાખંડી)ને આનો ઉપદેશ ન આપવો જોઈએ. આનું એક વાર શ્રવણ કરવાથી જ બધાં પાપ ભસ્મ થઈ જાય છે. ભક્તિહીન ભક્તિ પામે છે અને ભક્ત ભક્તિની સમૃદ્ધિનો ભાગી બને છે. બીજી વાર શ્રવણ કરવાથી ઉત્તમ ભક્તિ અને ત્રીજી વાર સાંભળવાથી મુક્તિ સુલભ થઈ જાય છે. એટલા માટે મુમુક્ષુ પુરુષોએ વારંવાર આનું શ્રવણ કરવું જોઈએ. કોઈ પણ ઉત્તમ ફળ પામવા માટે શુદ્ધ-બુદ્ધિથી આ પુરાણની પાંચ આવૃત્તિ કરવી જોઈએ. આવું કરવાથી મનુષ્ય એ ફળને પ્રાપ્ત કરી લે છે, એમાં સંશય નથી. પ્રાચીન કાળના રાજાઓ, બ્રાહ્મણો તથા શ્રેષ્ઠ વૈશ્યોએ આની સાત આવૃત્તિ કરીને શિવનાં સાક્ષાત્ દર્શન પ્રાપ્ત કર્યાં છે. જે મનુષ્ય ભક્તિપરાયણ થઈને આનું શ્રવણ કરશે, તે પણ આલોકમાં સંપૂર્ણ ભોગોનો ઉપભોગ કરીને અને અંતે મોક્ષ પ્રાપ્ત કરી લેશે. આ શ્રેષ્ઠ શિવપુરાણ ભગવાન શિવને અત્યંત પ્રિય છે. આ વેદતુલ્ય માનનીય, ભોગ અને મોક્ષ આપનારું તથા ભક્તિભાવ વધારનારું છે. પોતાના પ્રમથગણો, બંને પુત્રો તથા દેવી પાર્વતીજીની સાથે ભગવાન શંકર આ પુરાણના વક્તા અને શ્રોતાનું સદા કલ્યાણ કરો. (અધ્યાય ૪૧)

*

॥ વાયવીયસંહિતા સંપૂર્ણ ॥

*

॥ શિવપુરાણ સંપૂર્ણ ॥